श्रीमद्भागवत

इति श्रीमद्भागवत महापुराणेऽष्टादशसाहस्र्यां
संहितायां वैयासिक्यां द्वादशस्कंधः
समाप्त.



॥ શ્રી ॥

— શુક મુખામૃત —

શ્રીમદ્ભાગવત્‌સંહિતા.

(ભાષાન્તર.)

સુંદરમાં સુંદર સ્કંધે સ્કંધનાં ને

શ્રી નાથજી બાવાના

ચિત્ર સાથે

શુદ્ધ અને સરલ ભાષાના અને બીજા પુષ્કળ ફેરફાર સાથે

છાપી પ્રસિદ્ધ કર્ત્તા

હરિભાઈ દલપતરામ પટેલ—અમદાવાદ.

—સોલ એજન્ટ—

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર,

૨૬૩૦ પાનકોર નાકા—અમદાવાદ.

દ્વિતિય આવૃત્તિ   પ્રત ૨૨૦૦

સંવત ૧૯૭૦   સને ૧૯૧૪

અમદાવાદ—કાળુપુર વનમાળી વાંકાની પોળમાં **હરિભાઈ દલપતરામે**
પોતાના '**ગ્રન્થોદય**' પ્રેસમાં છાપી

— o —

મૂલ્ય રૂ. ૩-૮-૦.

પ્રસ્તાવના.

ભક્તિમાર્ગનો આ મેરુ ગ્રંથ, એટલો બધો પ્રસિદ્ધ અને ભક્તોમાં, વિદ્વાનોમાં તથા વૈષ્ણવ સંપ્રદાયમાં એટલો બધો માન્ય અને જાણીતો છે કે દીવાકરને જેમ દીપની ન હોય, તેમ આને પ્રસ્તાવનાની પણ જરૂર નથી; છતા લોકની રૂઢિને અનુસારી કંઈક આમુખ કરવું જોઈએ, એવા હેતુથી જણાવીશું કે, આ મહાપુરાણ 'શુકમુખામૃત' છે, અને ખરેખર સંસાર સર્પના ડંશમાથી બચવા ઇચ્છતા ભક્તોને એક સંજીવનૌષધ રૂપ છે. ઓતપ્રોત ભક્તિરસથી ભરેલું હોવા ઉપરાંત આમા વેદ, વેદાંગ, ઉપનિષદ, દર્શનશાસ્ત્રો, ધર્મશાસ્ત્રો, રામાયણ અને ભારતાદિક ઇતિહાસ, તથા અન્ય પુરાણો માત્રનું રહસ્ય કથાના પ્રસંગોને શોભાવે તે પ્રમાણે આપેલું છે. આ જ્ઞાનસંહિતાના વખાણ એટલે ખાલી મણિમાર્જન નહિ કરતા, તેમાં જે ભક્તિમાર્ગનું પદેપદ પ્રતિપાદન અને સંવર્દ્ધન કરેલું છે, તે ભક્તિમાર્ગની પ્રાચીનતા ઉપર ઇતિહાસ દૃષ્ટ્યા કંઈક બોલીને પ્રસ્તાવના સમાપ્ત કરીશું, તો તે વધારે ઉપયુક્ત કર્યું ગણાશે.

આપણા પ્રાચીનતર વાઙ્મય ઉપરથી જણાય છે કે, ભક્તિમાર્ગના પહેલા પ્રવર્તક નારદ મુનિ છે, અને ભગવાન નારાયણે પોતેજ તેમને એ માર્ગનો બોધ કર્યો હતો વાસુદેવ પરમાત્મા, સંકર્ષણ–જીવાત્મા, પ્રદ્યુમ્ન–મન અને અનિરુદ્ધ–અહંકાર, એવી ઉપમાવાળી પરંપરાથી ઉપનિષદો પછી તરતજ ભગવાનની ભક્તિનો માર્ગ નીકળ્યો હતો ઈ. સ. પૂર્વે લગભગ છસેં વર્ષ ઉપર તે પંજાબની ઉત્તરે અને તેની આસપાસ જામી પણ ગયો હતો. વેદના ઉપાસના કાંડમાથી તેનું બીજ નીકળી તેનું સંવર્ધન થયેલું માનવામા આવે છે ઇ. સ. પૂર્વે ચોથા શતકમાં પાણિની મુનિ થયા એમ અર્વાચીનો કહે છે અને તેમના પછી મહાભાષ્યકાર અને યોગ શાસ્ત્રના બનાવનાર પતંજલિ થયા, એમા સંશય નથી. પાણિનીના અને પતંજલિના ગ્રંથોમાં વાસુદેવની ઉપાસનાના ઇસારા છે અને તે કાળે અર્થાત્ ઇ. સ. પૂર્વે વાસુદેવની ભક્તિનો પ્રચાર એટલો બધો વધી ગયો હતો કે, તે તરફના યવનો પણ તેમા ભળ્યા હતા. થોડાજ વર્ષ ઉપર મળી આવેલા બેસનગરના લેખ ઉપરથી જણાય છે કે, એક ગ્રીક્યવને વાસુદેવને એક ગરુડ ધ્વજ અર્પણ કરતા એ લેખ લખાવ્યો હતો. શિલાલેખી આવા પુરાવાઓ ઉપરથી પુરવાર થાય છે કે, ઇ. સ. પૂર્વે ભાગવત ધર્મ બહુ જામ્યો હતો અને લોકો આજનીજ માફક તેમાં મગ્ન હતા.

પશ્ચિમ તરફના કેટલાક વિદ્વાનો એવું બતાવવાનો યત્ન કરે છે કે, ભક્તિનો માર્ગ ખ્રિસ્તી ધર્મ ઉપરથી પૂર્વમા આવેલો છે. ઉપર જણાવેલા પુરાવાઓથી તેમનો એ પ્રયત્ન નિર્મૂળ થાય છે. આર્યોમા અતિ પ્રાચીનકાળથી ભક્તિનું માહાત્મ્ય ચાલુ હોવાનું સિદ્ધ થાય છે. વેદમાં જે સ્તુતિઓ છે તે ભક્તિનોજ બોધ કરે છે અને ઉપાસનાકાંડ તેનું પરિણત રૂપ દેખાડે છે. બૌદ્ધ અને જૈન ધર્મની પણ પહેલા તેનો ઉદય થયો હતો, પરંતુ [illegible] સાથે તેને વધારે સામ્ય રહેલું, એટલે વૈદિક ધર્મથી જુદા પડેલા અભિપ્રાયવાળા [illegible] તેની મોટા વિસ્તાર ઉપર પ્રગતિ થયેલી નહિ હોય, એમ કદાપિ કહેવાય, છતાં એમ કહેવું તેને વધારે શોભાપ્રદ છે કે, જે નવીન માર્ગો આસ્તિક્ય બુદ્ધિ રહિત હતા, તે માર્ગોના શૈથિલ્યની સાથેજ ભક્તિ દ્વિગુણિત બળથી ઉછળી આખા દેશમા પ્રસરી ગઇ હતી અને અન્ય ધર્મવાળાઓએ તેના બીજ પોતાના ધર્મમા લીધા હતા.

ભક્તિધર્મ વેદમૂલક છે એમા હવે કોઇને કંઈ શંકા રહી નથી, કારણ કે, વેદમા સ્તુતિઓ છે તે, તે પછી ઉપનિષદ અને આરણ્યકોમા જે પરમાત્માનું અનુસંધાન છે તે, અને તે બાદ ગીતામા જે ઉપાસનાથી બ્રહ્મૈકય સાધ્યુ છે તે, બધી પરંપરા ભક્તિનીજ પોષક છે અને તે પછીના કાળમા પણ ભક્તિએજ મુખ્ય સ્થાન લીધેલુ જણાય છે. ભક્તિ જેવો સહેલો તેવોજ ઉદાર માર્ગ છે, અને તેના દ્વાર દરેકને માટે હમેશ ખુલ્લાં રાખેલા હોવાનું આપણે તેના લાંબા ઇતિહાસ ઉપર દૃષ્ટિ નાખતા સ્પષ્ટ જોઇ શકીએ છીએ. વૈદિક કર્મોમા શુદ્ધ બ્રાહ્મણત્વની અને જ્ઞાનમા અધિકારની જે મુખ્ય અગત્ય છે તેમાનુ કશુ ભક્તિમાર્ગમાં પ્રતિબંધકારક થાય તેવુ નથી. એક બાળક, એક વૃદ્ધ, એક સ્ત્રી કે પુરુષ, એક રાજા કે રંક અને એક શુદ્ધ બ્રાહ્મણ કે એક ચાડાળ પણ, એક સરખી રીતે ભક્તિને માર્ગે ભગવાનને ભજવાને યોગ્ય ગણાય છે, અને તેને પરમ કૃપાળુ પરમેશ્વરનુ ધામ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે ભક્તિ માર્ગ, અતિપ્રાચીન, ઇશ્વર ઉપર પરમ આસ્તિક્ય બુદ્ધિના તત્ત્વવાળો અને સર્વને સુલભ હોઇ બહુ લોકપ્રિય થઇ પડેલો છે. આ શ્રીમદ્‌ભાગવત તેના મુખ્ય અને માન્ય ગ્રંથ હોવાથી આખા હિંદમા પ્રસિદ્ધ છે. આ ગ્રંથ વિદ્વાનોનો, અવિદ્વાનોનો, સંસારીઓનો અને વૈરાગીઓનો, સર્વનો ઉપકારક ગ્રંથ છે, એટલુજ નહિ, પરંતુ બ્રાહ્મણો અને ભક્તોનુ તો શ્રીમદ્‌ભાગવત ઐહિક અને પારલૌકિક ઉભય રીતે નિરંતર કલ્યાણજ કરનારો ગ્રંથ છે.

પુરુષોત્તમ–ભાગવત–અંગ.

વેદમા ભગવાન પુરુષને બાર અંગવાળા કહ્યા છે અને આ ભાગવત પણ તે પુરાણ પુરૂષોત્તમ રૂપ છે, માટે તેને પણ બાર સ્કંધ છે. પહેલા અને બીજા સ્કંધને બે ચરણ, ત્રીજા અને ચોથા સ્કંધને બે બાહુમૂળ, પાચમા અને છઠ્ઠા સ્કંધને બે થાપા, સાતમા અને બારમા સ્કંધને જમણા અને ડાબા બે હાથ, આઠમા અને નવમાને બે સ્તન, દશમસ્કંધને હૃદય અને એકાદશ સ્કંધને ભગવાન વિરાટ પુરૂષના મસ્તકરૂપ ગણી, પુરૂષના મુખ્ય બાર અંગનુ શ્રીમદ્‌ભાગવત સાથે સામ્ય કરેલુ છે

દ્વાદશલીલા ને દ્વાદશ સ્કંધ.

શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કંધમા અધિકારીનુ, બીજામા સાધનોનુ, ત્રીજામા સર્ગનુ, ચોથામા વિસર્ગનુ, પાચમામા સ્થાનનુ, છઠ્ઠામા પોષણનુ, સાતમામા ઉતિનુ, આઠમામાં મન્વંતરનુ, નવમામા ઇશાનુકથાનુ, દશમામા નિરોધનુ, અગિયારમામા મુક્તિનુ અને બારમા–દ્વાદશ સ્કંધમા આશ્રયનુ નિરૂપણ કરી ભગવાનની બારસ્કંધમા બારે લીલાઓનો વિસ્તાર વર્ણવેલો છે.

આ શ્રીમદ્‌ભાગવતનું માહાત્મ્ય બહુ મોટુ છે. તેનુ 'પદ્મપુરાણ' માનુ આખુ જ માહાત્મ્ય આની સાથે આપેલુ છે તો પછી વિશેષ વિસ્તાર કરવાનુ અહીં કંઈ ખાસ કારણ નથી.

સંવત ૧૯૭૮ ચૈત્ર રામનવમી

લી.

હરિભાઇ દલપતરામ પટેલ.

श्रीमद्भागवत भाषान्तरनी अनुक्रमणिका.

दशमस्कंध—उत्तरार्द्ध.

एकादशस्कंध.

દ્વાદશસ્કંધ.

શ્રીમદ્ભાગવતમાં આપેલાં ચિત્રોનું દર્શન.

श्रीमद्वेदव्यासविरचित

श्रीमद्भागवत

माहात्म्य.

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર.



ભક્તિ અને નારદ.

अथ

श्रीमद्भागवतमाहात्म्य

ભાષાન્તર.

અધ્યાય ૧ લો.

નારદ ને ભક્તિનો મેળાપ

यं प्रव्रजत मनुपेतमपेतकृत्यं द्वैपायनो विरहकातर आजुहाव ।

'पुत्रेति' तन्मयतयातरवोभिनेदुस्तं सर्वभूतहृदयंमुनिमानतोस्मि ॥ १ ॥

જેમને ઉપવીત દેવાએલું ન હતું અને જેમને કંઇ કર્મ કરાવાએલું ન હ. એવા તેમને (શુકદેવને) દોડી જતા જોઇને દ્વૈપાયન વ્યાસે વિરહકાતર થઇ 'પુત્ર!' એમ કહીને બોલાવ્યા ત્યારે વનમાં વૃક્ષોએ જેમની મય થઇ જઇને ઉ આપ્યો હતો એવા સર્વ ભૂતના હૃદય રૂપ મુનિ-શુકદેવજીને હું નમન કરૂં છું. નૈમિષારણ્યમાં સુખથી બેઠેલા મતિમાન સૂતને પ્રણામ કરીને કથામૃત પાન કરવાની ઇચ્છાવાળા શૌનકે નીચે પ્રમાણે પૂછયું. ૨

શૌનક પૂછે છે કે-હે સૂતપુરાણી, અજ્ઞાન રૂપી અંધકારનો વિધ્વંશ કરવાને સૂર્ય જેવી કાન્તિવાળા તમે મને આનંદદાયક અને રસાયનરૂપ કથાઓનો સાર સંભળાવો. ૩ ભકિત, જ્ઞાન અને વૈરાગ્યથી પ્રાપ્ત થયેલો વિવેક કેમ વધે? જ્ઞાન કેવી રીતે વૃદ્ધિ પામે? અને વૈષ્ણવજન કયા પ્રકારે માયાના મોહથી છુટે? ૪ આ મહા ઘોર કળિથી સંસારીઓ અસુરપણાને પામેલા છે તે કલેશથી ગ્રસિત જીવોનો ઉદ્ધાર થવા કયા કર્મ કરવાં જોઇએ? ૫ જે પવિત્રમાં પવિત્ર, કલ્યાણકારી અને સર્વ પ્રકારે કૃષ્ણભકિતને ઉત્પન્ન કરનારૂં સર્વોત્તમ સાધન હોય તે આપ મને કહો? ૬ ચિન્તામણિ પ્રસન્ન થઇ સુખ આપે છે, ઇન્દ્ર પ્રસન્ન થઇ સંપત્તિ આપે છે અને ગુરૂ તો પ્રસન્ન થઈ યોગીઓને દુર્લભ એવું વૈકુંઠ આપે છે. ૭

સૂતપુરાણી કહે છે કે-હે શૌનક મુનિ! તમારા મનમા પ્રેમ છે તો હું પૂર્ણ વિચાર કરી સર્વ સિદ્ધાન્તોનો સિદ્ધાન્ત, સંસારના કલેશને નાશ કરનાર, અને આનંદ આપનાર જે સાધન છે તે તમને કહીશ. ૮ ભકિત વર્ધક શ્રીકૃષ્ણચંદ્રના સંતોષનો હેતુ હું તમને કહું તે તમે એકાગ્ર ચિત્તથી શ્રવણ કરો. ૯ કાળરૂપી સર્પના શ્વાસના ત્રાસથી મુક્ત થવાને ભાગવત શાસ્ત્ર આ કળિયુગમાં શ્રીશુકદેવજીએ કહેલું છે. ૧૦ મનની શુદ્ધિ કરનાર અને આનંદદાયક એથી અધિક બીજું કંઇ નથી. અનેક જન્મનાં પુણ્યથી વૈષ્ણવોને શ્રીમદ્ ભાગવતની પ્રાપ્તિ થાયછે. ૧૧ પરીક્ષિત રાજાને શૃંગીમુનિએ શાપ દીધાથી

મોટા મોટા મહર્ષિઓની સભામાં આવી શ્રી શુકદેવજીએ જ્યારે શ્રીમદ્ ભાગવતની કથા કહેવાનો પ્રારંભ કર્યો ત્યારે દેવતાઓએ અમૃતનો કળશ ત્યાં લાવીને મુકયો અને ૧૨ પોતાનું કાર્ય સાધવામા કુશળ અને પ્રસિદ્ધ એવા દેવતાઓ શુકદેવજીને પ્રણામ કરીને બોલ્યા કે, હે મહારાજ ! કથા રૂપી અમૃત અમને આપો, અને તેના બદલામાં આ અમૃતનો ઘડો લ્યો. ૧૩ અમારી ઈચ્છા એવી છે કે, આપ રાજા પરીક્ષિતને અમૃત પીવરાવો અને તેના બદલામાં અમે શ્રીમદ્ ભાગવત રૂપી અમૃતનું પાન કરીએ. ૧૪ દેવતાઓનાં વચન સાંભળી-કયા તુચ્છ અમૃત અને કયાં કળિ મલ ટાળક શ્રીમદ્ ભાગવતની કથા, કયાં કાચ અને કયાં ચિન્તામણિ, કયાં કિંશુક અને કયાં પારિજાતક–એમ કહી શુકદેવજી હસ્યા. ૧૫ વળી તેમને અભકત જાણી ભક્તિ મુક્તિદાયક શ્રીમદ્ ભાગવત રૂપી અમૃત તેમણે આપ્યું નહિ. ૧૬ પછી પરીક્ષિત રાજાનો મોક્ષ થવાથી બ્રહ્મા અત્યન્ત પ્રસન્ન થયા, અને સત્યલોકમા કાંટો બાંધી સર્વ સાધનો અને શ્રીમદ્ ભાગવતની તુલા કરવાનું ઠરાવ્યું. ૧૭ શ્રીમદ્ ભાગવતનું ગૌરવ સર્વ સાધનોથી વધ્યું ત્યારે સર્વને મોટો વિસ્મય થયો. ૧૮ શ્રીમદ્ ભાગવતને ભગવાનનું સ્વરૂપ સમજી સર્વેએ કહ્યુ કે, આ મોક્ષદાયક શાસ્ત્ર ભણવાથી તથા શ્રવણ કરવાથી તત્કાળ વૈકુંઠમા વાસ થાય છે. ૧૯ સાત દિવસ શ્રવણ કરવાથી મોક્ષ આપનાર એવું શ્રીમદ્ ભાગવત પૂર્વે સનકાદિકોએ નારદને કહ્યું હતું. ૨૦ નારદે બ્રહ્મા પાસેથી શ્રવણ કર્યું હતું અને સનત્કુમારોએ તેમને સપ્તાહ સાંભળવાનો વિધિ પણ કહ્યો હતો. ૨૧

શૌનક પૂછે છે કે-હે સૂતપુરાણી ! એ નિરંતર અટન કરનાર નારદ એક સ્થાનમાં બે ઘડી પણ રહેતા નથી તો પછી સપ્તાહ પારાયણનો વિધિ તેમણે કેમ શ્રવણ કર્યો ? અને સનત્કુમારોનો અને તેમનો સમાગમ કેવી રીતે થયો ?

સૂત કહે છે કે-હે શૌનક ! તમે સાવધાન થઇ એ કથા સાંભળો. શુકદેવજીએ પોતાનો અન્તરંગ શિષ્ય ગણી મને જે કંઇ કહેલુ છે તે તમે સાભળો. ૨૩ એકવાર બદ્રિકાશ્રમમાં સનક-સનન્દન-સનાતન ને સનત્કુમાર સત્સંગાર્થે એકઠા થયા હતા અને ત્યા તેઓએ નારદને જોયા હતા.

સનકાદિકોએ તેમને પૂછયું કે-હે નારદ! આપ ઉદાસ કેમ છો ? શા માટે ચિંતા કરો છો ? અને અહીંથી ઉતાવળા ઉતાવળા કયાં જાઓ છો? ૨૫ તમે એવા જણાઓ છો કે જાણે દ્રવ્ય જતું રહ્યુ હોય, વા કઇ અદ્ભુત થયુ હોય તમે ખિન્ન લાગો છો તમે જે સદા મુક્ત સંગ છો તેમને ચિંતા થવી ઘટતી નથી માટે અમને આનું કારણ કહો. ૨૬

નારદ કહે છે—હે મહાભાગ્ય ! હું ભૂલોકને સર્વથી ઉત્તમ ધારી પુષ્કર, પ્રયાગ, કાશી, ગોદાવરી ગયાજી ૨૭ હરિક્ષેત્ર, કુરૂક્ષેત્ર, શ્રીરંગ અને સેતુબન્ધના તિર્થોમાં ફર્યો, ૨૮ પણ પૃથ્વી ઉપર કોઈ સ્થળે મનને સતોષ આપનારી ને કલ્યાણકારક વાત સાભળી નહિ. અધર્મ સહાયક કળિએ પૃથ્વીને દુઃખી કરી છે. ૨૯ સત્ય, તપ, શૌચ અને દયાનો લોપ થયો છે. અસત્યવાદી અને પેટભરા લોકો સર્વત્ર વ્યાપી રહ્યા છે. લોકો આળસુ, કુબુદ્ધિ, મંદભાગી, પાખંડી, રોગી, કુમાર્ગી અને સ્ત્રીજીત થયા છે તથા સંતજનો પાખંડી બન્યા છે, તેમ વૈરાગીઓ ઘરબારી થયા છે ૩૧ જ્યા ત્યા સ્ત્રીઓનું ચલણ થયુ છે, સાળા સલાહ આપે છે દ્રવ્ય માટે કન્યાવિક્રય થાય છે અને સ્ત્રી પુરૂષોમાં કલેશ થયા કરે છે.૩૨ આશ્રમ, તિર્થો, મઠ અને મંદિરમા અપવિત્રતા પ્રવર્તવા માડી છે, દેવતાઓના મંદિરો યવનોએ નાશ કરી નાખ્યાં

છે. યોગીઓ, સિદ્ધો, જ્ઞાનીઓ અને સત્‌ક્રિયા કરનારનો લોપ થયો છે. કાળરૂપી અગ્નિમાં સર્વ સારાં સાધન નાશ પામ્યા છે. ૩૪ આ કળિયુગમાં લોકો રાંધેલું અન્ન વેચે છે, બ્રાહ્મણો વેદ વેચે છે અને સ્ત્રીઓ કુમાર્ગે ચાલે છે ૩૫ આ પ્રમાણે કળિનાં દુઃખ અને દોષ જોતો અને પૃથ્વીમા ફરતો ફરતો હું યમુનાના કિનારા ઉપર ગયો કે જ્યા શ્રીકૃષ્ણે અનેક પ્રકારની લીલાઓ કરી હતી. ૩૬ હે મુનીશ્વરો ! ત્યા એક અલૌકિક આશ્ચર્ય મારા જોવામા આવ્યું જે હું આપને કહું છું. હે મુનિ ! ત્યા એક તરૂણ સ્ત્રીને અત્યંત શોચ કરતી મેં જોઇ ૩૭ તેની પાસે બે વૃદ્ધ મનુષ્ય પડયા પડયા લાંબા લાબા શ્વાસ લેતા હતા, તે તેમની સેવા કરતી સમજાવતી અને પાસે બેસી રૂદન કરતી હતી. ૩૮ સહાયતા માટે તે વાટ જોઇ રહી હતી. હજારો સ્ત્રીઓ તેને પવન ઢોળતી હતી અને વારંવાર સમજાવતી હતી. ૩૯ તેની આવી આશ્ચર્યકારક દશા જોઇ હું તેની પાસે ગયો, એટલે તે ઉઠી અને વ્યાકુળ જેવી ગદ્‌ગદ વાણીએ નીચે પ્રમાણે બોલી. ૪૦

તે સ્ત્રી બોલી કે—હે કૃપાસિન્ધુ ! મારી પાસે બેસી મારૂ દુઃખ ટાળો, કારણ કે આપનાં દર્શન સાંસારિક જીવોનાં દુઃખ દૂર કરનારાં છે. ૪૧ આપનાં અમૃત જેવા વચનથી મારા દુઃખની શાન્તિ થશે, કારણ કે જયારે પૂર્વ જન્મનાં પુણ્યનો ઉદય થાય ત્યારેજ આપના જેવા સાધુઓનાં દર્શન થાય છે. ૪૨

નારદ કહે છે કે—હે દેવિ! તું કોણ છે? અને આટલી બધી દુઃખી કેમ છે? આ બે જણ કોણ છે, અને તારી પાસે બેઠેલી કમળ જેવા નેત્રવાળી આ સ્ત્રીઓ કોણ છે? તારા દુઃખનું કારણ તું સવિસ્તર મને કહે. ? ૪૩

તે સ્ત્રી બોલી કે—હે ભકતવત્સલ ! હું ભકિત છું ને મારૂં નામ વિખ્યાત છે. આ બે જ્ઞાન અને વૈરાગ્ય નામે મારા પુત્રો છે. કાળ પ્રભાવે આ બે જણ વૃદ્ધ થઇ ગયા છે ને હાલ તેમનો આદરસત્કાર કરનાર જગતમાં કોઇ નથી. આ જે સ્ત્રીઓ મારી પાસે બેસી આસ્વાસન આપે છે તે ગંગા, યમુના અને સરસ્વતી આદિ નદીઓ છે, ને તે સ્ત્રીઓનાં રૂપ ધારણ કરી મારી સેવા કરવા બેઠેલી છે. આ રીતે દેવતાઓ મારી સેવા કરે છે પરંતુ તેમની સેવાથી મારૂ ચિત્ત શાન્ત થતું નથી. ૪૫ હે તપોધન ! મારી કર્મકથા મોટી છે પણ તે શ્રવણ કરવા જેવી છે માટે સાંભળો. ૪૬ દ્રવિડ દેશમાં મારો જન્મ થયો, કર્ણાટકમાં જોબન આવ્યું, મહારાષ્ટ્રમાં ભરણપોષણ થયું પરંતુ ગુજરાતમાં વૃદ્ધાવસ્થાએ મને ઘેરી લીધી. ૪૭ ગુજરાતમાં ભયંકર કળિયુગના યોગે મારાં અંગ શિથિલ થઇ ગયાં ને કળિને લીધે દુર્બળ થઇ જઇ ઘણા સમયથી હું આ બે પુત્રો સહિત દુર્દશામાં પડી છું. ૪૮ પછી પૃથ્વી ઉપર ફરતી ફરતી જયારે હું વૃન્દાવનમાં આવી ત્યારે પાછી તરૂણ થઇ પણ આ બે મારા પુત્રો પરિશ્રમથી દુઃખી અને અચેત થઇ પડેલા છે અને તેમનામાં વાત કરવાનું પણ સામર્થ્ય રહ્યું નથી. હવે આ સ્થાનનો ત્યાગ કરી હું વિદેશમાં જાઉં છું.૫૦ મારા પુત્રો વૃદ્ધ થઇ ગયા એ મહા દુઃખથી હું દુઃખી છું, કારણ કે હું તરૂણ છું ને મારા પુત્રો વૃદ્ધ થઇ ગયા છે.૫૧ અમે ત્રણે સદા સાથેજ રહીએ છીએ છતાં આવું વિપરીત કેમ થયું ? માતા વૃદ્ધ અને પુત્રો તરૂણ એ તો યોગ્ય છે, પરંતુ આ તો મહા વિપરીત કે, માતા તરૂણ અને પુત્રો વૃદ્ધ ! પર આ મહા આશ્ચર્યથી હું મારા દેહનો શોક કરૂં છું માટે હે નારદ ! આનું કારણ શું તે કહો ? ૫૩

નારદજી—હે નિષ્પાપ ભકિત ! હું યોગબળથી સર્વ વિચારૂં છું ને તું ખેદ ન કર, પરમાત્મા શ્રીકૃષ્ણ તારૂં કલ્યાણ કરશે. ૫૪

સૂત કહે છે કે—ક્ષણ માત્રમાં સર્વ વિચારી લઇ નારદ મુનિએ કહ્યું કે—હે દેવિ ! સાવધાન થા. આ સમયે બધે કળિયુગ વર્ત્તી

રહ્યો છે, ૫૫ તેથી સદાચાર, યોગમાર્ગ, સત્ય અને તપનો લોપ થયો છે, અને મનુષ્યો અસુરપણાને પામ્યાં છે. લોકોમાં ઠગાઈ અને દુરાચાર ચાલે છે. ૫૬ આ કાળમાં સંત જન દુઃખ પામે છે, કપટી, કુછંદી સુખી રહે છે, અને જ્ઞાની ધૈર્ય રાખે છે. ૫૭ આ કરાલ કળિકાળમાં પૃથ્વી ઉપર પ્રતિ દિવસ પાપનો ભાર વધતો જાય છે અને મને સર્વત્ર પાપના દાથિઓ ને દુઃખજ દેખાય છે. ૫૮ હાલ કોઇ મનુષ્ય તને દેખતો નથી, અને તારા પુત્રો તરફ પણ કોઈ દૃષ્ટિ કરતું નથી. પુત્ર, સ્ત્રી ને દ્રવ્યની મમતાથી સઉ કોઇ અન્ધ થયું છે અને તારો સત્કાર કોઇ કરતું નથી તેથી તું અશક્ત દુર્બળ, વૃદ્ધા થઇ ગઇ છે. ૫૯ તારી તરૂણાવસ્થા થઈ તેનું કારણ આ વૃંદાવન છે, કે જ્યાં ભકિત સદોદિત આનંદથી નૃત્ય કરે છે. ૬૦ અહીં તારા અનુરાગી લોક છે એથી તુ તરૂણ થઇ પરંતુ અહીં તારા આ બે પુત્રોનું ગ્રાહક કોઇ નથી. જો કે તેમની જરા નથી ગઇ પણ બીજા સ્થળ કરતા અહીં તેમને વિશેષ આરામ છે; કારણ કે બીજે સ્થળે તો અહર્નિશ તેમની આંખો મિંચાતી નહિ પરંતુ આ સ્થળે તેઓ શાન્તિથી સુતેલા છે.

ભકિત–હે નારદ ! આવા મહા પાપી કળિયુગને પરીક્ષિત રાજાએ કેમ અહીં રહેવા દીધો ? કળિયુગની પ્રવૃત્તિ થતા સર્વ સત્ય સાર કયાં ચાલ્યો ગયો ? ૬૨ અને ભગવાન આ અધર્મની કેમ ઉપેક્ષા કરે છે ? તે કૃપા કરીને મને કહો ૬૩

નારદ–હે ભકિત! તું પ્રેમથી શ્રવણ કર. જ્યારે શ્રીકૃષ્ણચંદ્ર પૃથ્વીનો ત્યાગ કરી પોતાના ધામમા ગયા ત્યારે કળિયુગે સંસારમા પ્રવેશ કર્યો. ૬૫ જ્યારે દિગ્વિજયના સમયમાં પરીક્ષિત રાજાએ કળિયુગને જોયો ત્યારે તે તેને મારવા તત્પર થયા પણ તે દીન બની શરણે પડયો. રાજાએ વિચાર કર્યો કે, મારે આને મારવો યોગ્ય નથી. ૬૬ કળિકાળ અનેકદોષો વાળો છતાં તેમાં એક ગુણ જોઇ પરીક્ષિતે તેને છોડી દીધો, કારણ કે બીજા યુગોમાં તપ, યોગ, સમાધિ, યજ્ઞ અને દાન કરવાથી પણ જે ફળ નથી થતું, તે ફળ કળિકાળમાં ભકિતથી થાય છે. ૬૭ આ કાળમા એક ભકિતજ સાધન છે. જ્ઞાન, વૈરાગ્ય જેમાં નિઃસત્વ છે એવા કળિયુગને જોઇ મનુષ્યોએ ભાવથી ભકિત કરવી જોઇએ. કળિયુગમાં સાધારણ કામ નથી થઇ શકતાં, કારણ પૃથ્વી ઉપર પદાર્થહીન, વીર્યહીન અને બુદ્ધિહીન મનુષ્યો ઉત્પન્ન થાય છે. ૬૯ બ્રાહ્મણોએ દ્રવ્યની આશાએ ઘેર ઘેર જઇ મનુષ્યની આગળ કથા કહેવાનો આરંભ કર્યો તેથી કથાનું ફળ જતું રહ્યુ છે. ૭૦ મોટા મોટા ભયંકર અત્યાચારી, કુકર્મી, પાપી અને પાખંડી લોકો થયા ત્યારથી તિર્થોનું માહાત્મ્ય ઘટી ગયું છે. ૭૧ જેનું ચિત્ત કામ, ક્રોધ, લોભ અને મોહથી અત્યન્ત વ્યાકુળ હોય એવા લોક જુઠા તપ કરવા લાગ્યા, તેથી તપનો અર્થ વ્યર્થ થયો. ૭૨ મનને ન જીતવાથી લોભ, દંભ અને પાખંડનોઆશ્રય કરવાથી, અને શાસ્ત્ર પુરાણના અનાભ્યાસથી, ધ્યાનયોગનુ ફળ ગયું અને જ્ઞાનમા મૂઢ તથા વિષયમા મસ્ત માણસો થયા છે. ૭૪ વૈષ્ણવોનો જે શ્રેષ્ઠ સમ્પ્રદાય છે તે કયાહી જોવામાં આવતો નથી. ધર્તતાથી સર્વ પદાર્થોનાં તત્વ જતા રહ્યા છે. આ કલિધર્મ પ્રવર્ત્યાનું દુષ્ટ ફળ સત્પુરૂષોને વેઠવું પડે છે. ૭૬

સૂત—હે શૌનક! આ પ્રમાણે નારદજીનાં વચન સાંભળી અત્યંત વિસ્મય પામીને ભક્તિ નીચે પ્રમાણે બોલી.

ભકિત–હે દેવર્ષિ! તમે મોટા ભાગ્યશાળી છો, મારા ભાગ્યોદયથીજ આપ અત્રે પધાર્યા છો. સાધુઓના દર્શન સર્વ સિદ્ધિને આપનારા છે. ૭૮ જગતમાં જેણે તમારી અનુપમ વચન રચનાને શ્રવણ કરી હોય તેને ધન્ય છે. કયાધુના પુત્ર પ્રહ્લાદે આપની કૃ-

પાથી માયાનો ત્યાગ કર્યો અને જેની કૃપાથી ધ્રુવને અચળપદ મળ્યું એ સર્વ કલ્યાણોના કરનાર બ્રહ્માના પુત્ર હું તમને વારંવાર નમસ્કાર કરૂં છું. ૭૯

जयाति जगति मायां यस्य कायाधवस्ते ।
वचनरचनमेक केवलं चाकलय्य ॥
ध्रुवपदमपियातो यत्कृपातो ध्रुवोऽयं ।
सकलकुशल पात्रं ब्रह्मपुत्रं नतोस्मि ॥७९॥

इतिश्री पद्मपुराणे उत्तरखंडे श्रीभागवत माहात्म्ये प्रथमोध्यायः ॥

અધ્યાય ૨ જો.

સનકાદિક અને નારદનો સંવાદ.

नारद उवाच

वृथा खेदयसे बाले अहो चिंतातुरा कथम् ।
श्री .ष्णचरणांभोजं स्मरदुखं गमिष्यति ॥१॥

નારદ કહે છે કે—હે બાળા ! શા માટે વૃથા ખેદ કરેછો? અને કેમ ચિંતાતુર રહેછો? શ્રીકૃષ્ણના ચરણારવિન્દનું સ્મરણ કર એટલે દુઃખ એની મેળેજ નિવૃત્ત થઇ જશે. ૧ જેણે કૌરવોના મહા સંકટથી દ્રૌપદીને બચાવ્યાં હતા અને જેણે ગોપીઓનું રક્ષણ કર્યું હતું તે શ્રી કૃષ્ણ કયાંય ગયા નથી. ૨ હે ભકિત ! ભગવાનને તું પ્રાણુથી પણ અધિક પ્રિય છે અને તારા બોલાવ્યા ભગવાન નીચને ઘેર પણ જાય છે. ૩ સત્ય, ત્રેતા અને દ્વાપર યુગમાં જ્ઞાન, વૈરાગ્ય ને મુકિતના સાધન હતા પણ કળિયુગમા તો કેવળ ભકિતથીજ મુકિત મળે છે. ૪ આ કળિકાળમાં લોકોના કલ્યાણાર્થે કયો ઉપાય કરવો જોઇએ ? એવો વિચાર કરી તેમણે નિશ્ચય કરેલો છે કે—આ યુગમા ભકિત વગર લોકોનું કલ્યાણ થતું નથી માટે હે સુંદરિ ! પોતાના નિજ સ્વરૂપે તેમણે તને ઉત્પન્ન કરેલી છે. જ્યારે તેં ભગવાન વાસુદેવની સન્મુખ હાથ જોડી વિનતી કરી કે, હે વૈકુંઠનાથ ! મને શી આજ્ઞા છે ? ત્યારે તેમણે તને કહ્યું કે,—“ તું મારા ભકત લોકોનું પોષણ કર.” ૬ તેં પણ તે આજ્ઞાનો સ્વીકાર કર્યો અને ભગવાન તેથી પ્રસન્ન થયા, અને તારી સેવા માટે મુકિત નામની દાસી અને જ્ઞાન, વૈરાગ્ય નામના બે દાસ આપ્યા. ૭ તારૂં મુખ્ય સ્થાન વૈકુંઠ છે. ત્યાં તું તારા સાક્ષાત સ્વરૂપથી ભકતોનું પોષણ કરે છે. પૃથ્વીમાં ભકતોનું પોષણ કરવા તું છાયા રૂપ ધારણ કરી રહેલી છે. ૮ મુકિત અને જ્ઞાન વૈરાગ્યને સાથે લેઈ તું મૃત્યુ લોકમાં આવી અને સત્યયુગ, ત્રેતા તથા દ્વાપરયુગ પર્યંત તારો સર્વત્ર સત્કાર થયો. ૯ આ કળિયુગમા પાખંડનો ફેલાવો થતાં તું પીડાથી ક્ષીણ થઇ ગઇ, એટલે મુકિત વૈકુંઠમાં ચાલી ગઈ છે, ૧૦ પરંતુ જે વખતે તું તેને યાદ કરશે તેજ ક્ષણે તે તારી પાસે આવીને ઉભી રહેશે. આ જ્ઞાન વૈરાગ્ય તારા પુત્રો થઈ સાથે રહ્યા છે. ૧૧ કળિકાળમાં લોકોએ ત્યાગ કરવાથી તેઓ અત્યંત વૃદ્ધ થઇ ગયા છે પરંતુ તું કંઇ ચિંતા કે શોચ કરતી નહિ, તેનો ઉપાય હું શોધું છું. ૧૨ હે ભકિત ! એક રીતે કળિયુગના જેવો ઉત્તમ યુગ બીજો કોઇ નથી, હું આ યુગમાં તને ઘેરઘેર સ્થાપિત કરીશ. ૧૩ સર્વ ધર્મનો પરાભવ કરી મહોત્સવોને આગળ કરી જો હું સંસારમાં તારો પ્રચાર ન કરૂં તો પરમેશ્વરનો દાસ નહિ. ૧૪ કળિમાં તારા પ્રેમી જીવ દુરાચારી પણ હશે, છતાં દેવમંદિરમાં જઇ નિર્ભય થઇ ભગવત્પદને પ્રાપ્ત થઈજશે. ૧૫ જેના મનમાં પ્રેમલક્ષણા ભકિત હશે તે પુરૂષ પાપી અને કુકર્મી હશે તોપણ તારે લીધે વૈકુંઠવાસ પામશે. ૧૬ જેના મનમાં ભકિત છે તેનો પરાભવ કરવો તો દૂર રહ્યો, પણ તેને ભૂત, પિશાચ, રાક્ષસ કિંવા દૈત્ય પણ અડી કે પીડી શકતા નથી. ૧૭ ભગવાન જેવા ભક્તિને વશ છે તેવા તપ, વેદ, અને બીજાકોઇ કર્મને વશ નથી અને એનું પ્રમાણ ગોપીઓ છે. ૧૮ જ્યારે હજારો પૂર્વ જન્મનાં પુણ્યો એકત્ર થાય છે ત્યારે મનુષ્યને ભક્તિ ઉત્પન્ન થાય છે. કળિયુગમાં ભક્તિજ મુખ્ય

છે, ભક્તિથી ભગવાન પ્રાપ્ત થાય છે. ૧૯ ભકિતનો કે ભકતજનોનો જે દ્રોહ કરેછે તે ત્રણે લોકમાં દુઃખી થાય છે. ભકિતની નિંદા કરવાથી દુર્વાસા દુઃખી થયા હતા. ૨૦ તિર્થ વ્રત, જપ, તપ, અને ત્યાગની કંઇ આવશ્યકતા નથી, કારણ કે એક ભકિતજ મુકિતને આપનારી છે માટે કથા વાર્ત્તા પણ એવી સાભળવી કે, જેથી ભકિતની પ્રાપ્તિ થાય. ૨૧

સૂત કહે છે કે-આ પ્રમાણે નારદના મુખથી પોતાની સ્તુતિ અને માહાત્મ્યને સાભળીને ભકિત સન્તુષ્ટ થઇ અને નારદને નીચે પ્રમાણે કહેવા લાગી. ૨૨

ભકિત—હે દેવર્ષિ ! તમને ધન્ય છે. તમારી મારામાં નિશ્ચલ પ્રીતિ છે, તેથી હું સદા તમારા હૃદયમાં રહીશ.૨૩ હે મહાત્મા ! આપે કૃપા કરી મારૂં દુઃખ દૂર કર્યું પરંતુ હવે આ જ્ઞાન અને વૈરાગ્યને સચેત કરો ૨૪

સૂત કહે છે કે-હે શૌનક ! ભકિતના વચન સાંભળી નારદજી હાથથી જ્ઞાન વૈરાગ્યને હલાવી સચેત કરવા લાગ્યા ૨૫ પણ જ્ઞાન વૈરાગ્ય જાગૃત થયા નહિ તેથી ઉંચે સ્વરે કાનમાં કહેવા લાગ્યા કે, અરે જ્ઞાન ! શીઘ્ર જાગૃત થા. અરે વૈરાગ્ય ! શીઘ્ર ઉઠ. ૨૬ વેદ વચન જ્યારે સંભળાવ્યાં ત્યારે તેઓ ઉઠયા પરંતુ આંખ ઉઘાડી નહિ. આળસને લીધે બગાસાં ખાઇ પુનઃ સુકા લાકડાંની પેઠે પૃથ્વી ઉપર પડી રહ્યા. ૨૮ તેમને ક્ષુધાથી ક્ષીણ જોઇ નારદ ચિંતા કરવા લાગ્યા કે, હવે શો ઉપાય કરૂં. ૨૯ અહો ! આમની આ નિદ્રા કેવીરીતે જાય? અને આ અતિશય જર્જરપણું શાથી મટે ? હે શૌનક ! આમ ચિંતા કરતા નારદજીએ પછી ભગવાનનું સ્મરણ કર્યું. ૩૦ ભગવાનનું સ્મરણ કરતા આકાશવાણી થઇ કે—"હે નારદ ! ચિંતા ન કરો, ઉદ્યમ કરો, તમારો ઉદ્યમ સફળ થશે.—" ૩૧ હે નારદ ! સત્કર્મ કરો, સાધુઓને પૂછો, તે તમને સત્કર્મ બતાવશે. ૩૨ સત્કર્મ કરશો ત્યારે તેમની નિદ્રા અને વૃદ્ધત્વ ચાલ્યાં જશે અને સર્વ સ્થળે ભકિત ફેલાશે. ૩૩ આ પ્રકારે સ્પષ્ટ આકાશવાણી થઇ તે સર્વ લોકોએ સાંભળી અને નારદજી તો તે સાભળીને વિસ્મયજ થયા.

નારદ-આકાશવાણીએ જે ઉપાય બતાવ્યો તે તો ગુપ્ત બતાવ્યો, પણ હવે તેનો શો ઉપાય કરવો કે જેથી કાર્ય સિદ્ધ થાય. ૩૫ સત્પુરૂષો કયા મળે કે જેથી આકાશવાણીએ જે ઉપાય બતાવ્યો તે હું કરી શકું. ૩૬

સૂત કહે છે કે-પછી એજ વિચારમાં નિમગ્ન થઇ ભકિત, જ્ઞાન અને વૈરાગ્યને તે સ્થાન ઉપર મૂકી નારદજી કોઇ મહાત્માની શોધ માટે તિર્થોમા જઇ ઋષિઓને પૂછવા લાગ્યા. ૩૭ સર્વેએ તેમનું વૃતાન્ત શ્રવણ કર્યું પણ કોઇએ નિશ્ચય પૂર્વક પ્રત્યુત્તર આપ્યો નહિ. કેટલાક બોલ્યા કે સત્પુરૂષ મળવો દુર્લભ છે મહાત્માનો પત્તો લાગવો અશકય છે.૩૮ કેટલાક મૌન રહ્યા અને કેટલાક ત્યાથી ચાલી નિકળ્યા. ૩૯ લોકો એક બીજામા વાતો કરવા લાગ્યા કે-જ્યારે વેદ, વેદાન્ત વાકય, અને ગીતા પાઠથી પણ ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય સચેત ન થયા ત્યારે હવે અન્ય ઉપાય નથી. જયારે નારદને કંઇ ઉપાય ન સૂઝયો ત્યારે શું થવાનું છે ? ૪૧ આ પ્રમાણે સર્વ મુનિઓએ નારદજીના પ્રશ્નનો ઊહાપોહ કરી કહ્યું કે આ બનવું અશકય છે ૪૨ નારદ ચિંતાતુર થઇ બદ્રિકાશ્રમમા આવી અહીં તપ કરીશ: એવો નિશ્ચય કરી બેઠા. ત્યાં સૂર્યના સમાન તેજવાળા સનત્કુમારોને જોઇ નારદ પછી તેમને કહેવા લાગ્યા. ૪૪

નારદ—હે સનત્કુમારો ! હવે મારા પ્રારબ્ધનો ઉદય થયો, કારણ કે મને આપનો સમાગમ થયો. હું જે આપને પૂછું છું તેનો કૃપા કરી ઉત્તર આપો ૪૫ આપ સર્વ બુદ્ધિમાન બહુશ્રુત અને પૂર્વજોના પણ પૂર્વજો છતાં પાંચ વર્ષના બાળક જેટલી અવ-

સ્થાવાળા યોગી છો. ૪૬ વૈકુંઠમાં નિવાસ કરો છો, નિરંતર ભગવાનનું કીર્ત્તન કરો છો અને પરમાત્માના ગુણાનુવાદથીજ જીવનનો નિર્વાહ કરો છો, તથા ભગવાનની લીલારૂપ અમૃતનું પાન કર્યા કરો છો ૪૭ સર્વદા હરિ-શરણમ્ એવાં વચનનું રટન કરોછો તેથી કાળ પ્રેરિત જરા તમને બાધ કરતી નથી. ભ્રકુટી ચડાવવા માત્રથી નારાયણના "જય વિજય" નામના દ્વારપાળો પૃથ્વીમાં દૈત્ય થયા અને આપની કૃપાથી પુનઃ વૈકુંઠ ધામને પામ્યા. ૪૯ મારાં અહોભાગ્ય કે આપનાં દર્શન થયા અને હવે દયાપરાયણ આપ મારી ઉપર દયા કરો ૫૦ આકાશવાણીએ મને જે સાધન બતાવ્યું છે તે શું ? અને તેનું અનુષ્ઠાન મારે શી રીતે કરવું ? તે આપ મને કહો ૫૧ ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યને સુખ થાય અને પ્રેમપૂર્વક એ ત્રણે પૃથ્વી ઉપર સ્થાપિત થાય એવું મને બતાવો.

સનત્કુમારો–હે નારદ ! તમે કોઇ પ્રકારની ચિન્તા ન કરો, કારણ કે એનો ઉપાય તો સિદ્ધ અને સુખ સાધ્ય છે ૫૩ હે નારદ ! તમને ધન્ય છે. તમે વિરકત પુરૂષોના શિરોમણિ છો, ભગવાનના ભકતોમા અગ્રણી અને મોટા યોગી છો. ૫૪ તમે ભગવદ્ભક્ત હોઇ ભકિતનું સ્થાપન કરો, એમા કંઈ આશ્ચર્ય નથી કારણ કે શ્રીકૃષ્ણના ભકતોનું તો એ કામજ છે. ૫૫ ઋષિઓએ લોકમાં અનેક માર્ગ ચલાવેલા છે પરંતુ તે કષ્ટ-સાધ્ય હોવા છતાં માત્ર સ્વર્ગ દેનારજ છે ૫૬ હે નારદ ! વૈકુંઠનો માર્ગ તો એકલી ભકિતજ ખુલ્લો કરે છે. આકાશવાણીએ તમને સત્કર્મ સૂચવ્યુ છે તે પ્રસન્ન ચિત્તે શ્રવણ કરો. ૫૮ જે દ્રવ્યયજ્ઞ, તપયજ્ઞ, યોગ યજ્ઞ, સ્વાધ્યાયયજ્ઞ, ને જ્ઞાનયજ્ઞ છે, તે કર્મોના સૂચક છે તેમાં વિદ્વાન લોકોએ સત્કર્મનો સૂચક તો જ્ઞાનયજ્ઞને કહ્યો છે, એ જ્ઞાનયજ્ઞ શુકદેવે શ્રીમદ્ ભાગવતના કથારૂપે કહેલો છે.

૬૦ શ્રીમદ્ ભાગવત સાંભળવાથી ભકિત, જ્ઞાન અને વૈરાગ્ય વૃદ્ધિ પામે છે અને જ્ઞાન વૈરાગ્યનું દુઃખ મટી ભકિત સુખી થાયછે. ૬૧ જેમ સિંહના શબ્દથી વરૂ નાશી જાય છે તેમ શ્રીમદ્ ભાગવતના ધ્વનિથી સર્વ પાપો નિવૃત્ત થાય છે અને જ્ઞાન વૈરાગ્યની સાથે ભકિત પછી ઘેરેઘેર પ્રત્યેક મનુષ્યમાં વ્યાપી રહે છે. ૬૪

નારદ કહે છે કે– હું વેદ, વેદાન્ત અને ગીતાપાઠ કરી ચુકયો તોપણ ભકિત, જ્ઞાન અને વૈરાગ્ય ન ઉઠયાં, તો હવે શ્રીમદ્ ભાગવતની કથાથી શું સચેત થશે ? શું શ્રીમદ્ ભાગવતની કથામાં શ્લોકે શ્લોક અને પદે પદ વેદાર્થજ દર્શાવ્યો છે. ૬૫ હે શરણાગત ઉપર કૃપા કરનાર ! આપનું દર્શન અમોઘ છે અને આપનું જ્ઞાન પણ અમોઘ છે માટે કૃપા કરી મારો આ સંદેહ દૂર કરો. ૬૬

સનત્કુમારોએ કહ્યું કે–શ્રીમદ્ ભાગવતની કથા વેદ અને વેદનાં શિર્ષરૂપ ઉપનિષદોનો સાર લઈ બનાવેલી છે. એ કથા સર્વોત્તમ છે કારણ કે, વૃક્ષના કરતાં ફળ મધુર હોય છે. ૬૭ વૃક્ષમાં મૂળથી લઈ અગ્ર સુધી રસ રહે છે પરંતુ સ્વાદ વૃક્ષમાં આવતો નથી માત્ર ફળમા આવે છે. ૬૮ જેમ દૂધમાં ઘી વ્યાપીને રહેલું છે છતાં સર્વત્ર તેનો સ્વાદ આવતો નથી. ૬૯ જેમ શેલડીમા મૂળથી અગ્ર સુધી મધુર રસ વ્યાપીને રહેલોછે પરંતુ સાકરનો સ્વાદ તેનાથી ભિન્ન છે, એ પ્રમાણે શ્રીમદ્ ભાગવત વેદ રૂપ કલ્પવૃક્ષનું ફળ હોવાથી તેનો સ્વાદ ભિન્ન છે. ૭૦ શ્રીમદ્ ભાગવત નામનું પુરાણ વેદ તુલ્ય છે, અને ભકિત, જ્ઞાન તથા વૈરાગ્યને સ્થાપન કરવાને સુદામ પ્રવર્ત્તાવેલું છે. ૭૧ વેદાન્ત, અને વેદમાં અતિ નિપુણ તથા ગીતાના કર્ત્તા વેદ વ્યાસ પણ જ્યારે અજ્ઞાનરૂપીસાગરમાં મોહિત થવાથી પરિતાપ કરતા હતા ત્યારે તેમને ચતુઃશ્લોકી ભાગવત કે જે ભગવાને બ્રહ્માને કહ્યું હતું અને બ્ર-

હ્માએ તમને આપ્યું હતું તે સાંભળી તથા મનન કરી વેદવ્યાસની સર્વ મોહમાયા નિવૃત્ત થઈ હતી. ૭૩ હે નારદ! તમે એ વાતને જાણો છો છતાં તમારા મનમાં આ શંકા કેમ થઈ? આ શ્રીમદ્ ભાગવત એવું છે કે જે કોઇ તે સાંભળે તેનાં સર્વ દુઃખો અને શોક નાશ પામે. ૭૪

નારદ કહે છે કે-જેના દર્શનથી સંસારના દુઃખ રૂપી દાવાનળથી દુઃખી જીવોનાં સર્વ દુઃખો અને અશુભ નિવૃત્ત થઇ જાય છે. શેષના મુખથી કહેવાતી કથા રૂપી અમૃતનું પાન કરનાર આપને હું પ્રેમલક્ષણા ભકિતના પ્રકાશ માટે શરણ આવ્યો છું. ૭૫ જયારે બહુ જન્મોથી ઉપાર્જન કરેલા પુણ્યથી ભાગ્યોદય થાય ત્યારેજ પુરૂષને સત્સંગતિ થાયછે અને સત્સંગથી અજ્ઞાન જનિત મોહથી ઉત્પન્ન થયેલા મદ રૂપી અંધકારનો નાશ થઇ જાય છે, અને જયારે અંધકાર-અજ્ઞાનનો નાશ થાય છે ત્યારેજ વિવેક ઉત્પન્ન થાય છે. ૭૬

भाग्योदयेन बहुजन्मसमार्जितेन
सत्संगमं च लभते पुरुषो यदा वै ।
अज्ञानहेतुकृत मोहमदांधकार
नाशं विधाय हि तदोदयते विवेकः ॥७६॥

इतिश्रीपद्मपुराणे उत्तरखंडेश्रीभागवत
माहात्म्येद्वितीयोध्यायः ॥

અધ્યાય ૩ જો.

ભકિતના કષ્ટનું નિવારણ.

नारदउवाच

ज्ञानयज्ञं करिष्यामि शुकशास्त्रकथोज्वलम् ।
भक्तिज्ञानविरागाणां स्थापनार्थं प्रयत्नतः ॥१॥

નારદ કહે છે કે-હવે હું ભકિત, જ્ઞાન અને વૈરાગ્યના સંસ્થાપનને અર્થે પ્રયત્ન પૂર્વક શુકશાસ્ત્રની કથાથી ઉજવાય એવો જ્ઞાનયજ્ઞ કરીશ. ૧ હે મહાત્માઓ! પહેલાં તો જ્ઞાનયજ્ઞ કયાં કરવો તે સ્થાન બતાવો. વેદના જાણનાર હોવાથી આપ વળી શુકશાસ્ત્રનો સર્વ મહિમા મને કહો. ૨ શ્રીમદ્ ભાગવતની કથા કેટલા દિવસ સાંભળવી જોઇએ અને કેવી રીતે સાંભળવી જોઈએ તે પણ કહો? ૩

સનત્કુમારો કહે છે કે—હે નારદ! તમે ઘણા નમ્ર અને વિવેકી છો માટે સાંભળો. હરિદ્વાર પાસે આનંદ નામે ગંગાજીના ઘાટ ઉપર ઘણા મહાર્ષિઓ રહે છે. દેવતાઓ અને સિધ્ધો ત્યાં નિવાસ કરે છે. અનેક પ્રકારનાં વૃક્ષ અને લતાથી તે વ્યાપ્ત છે. કંચન જેવાં નિર્મળ જળ ત્યાં વહે છે ને જે જીવ એ ભૂમિમાં રહે છે તેના મનમાં જરા પણ વેરભાવ રહેતો નથી, તે એકાન્ત સ્થળ છે માટે ત્યાં જઇ જ્ઞાનયજ્ઞ કરો. ત્યાં જે કથા થશે તે અપૂર્વ રસ ઉત્પન્ન કરશે. ૭ ભકિતને કહો કે તે પણ વૃદ્ધ અને નિર્બળ જ્ઞાન વૈરાગ્ય પુત્રોને લઇ ત્યાં આવે ૮ તમે નહિ કહેવરાવો તોપણ તે આવશે કારણ કે જ્યા શ્રીમદ્ ભાગવતની કથા થાય છે ત્યાં ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણે હંમેશ જાય છે અને કથા શ્રવણ કરી પ્રફૂલ્લ થાય છે.

સૂત કહે છ કે—નારદને લઈ સનત્કુમારો કથામૃતનુ પાન કરવા પવિત્ર ગંગાજીના તટ ઉપર ગયા. ૧૦ જ્યારે સનત્કુમારો ગંગાજીના તટ ઉપર ગયા ત્યારે ભૂર્લોકમાં સ્વર્ગમાં અને બ્રહ્મલોકમાં મહા કોલાહલ થયો. ૧૧ જેઓ ભકિત રસના ભોગી હતા તેઓ કથામૃતનું પાન કરવાને સર્વથી પહેલાં ત્યાં ગયા. ૧૨ એ વૈષ્ણવોમાંના થોડાંક નામ સાંભળોઃ—ભૃગુ, વસિષ્ઠ, ચ્યવન, મેધાતિથિ, દેવળ, દેવરાત, પરશુરામ, વિશ્વામિત્ર, શાલ, માર્કંડેય દત્તાત્રેય, પિપ્લાદ, વ્યાસ, પરાશર, છાયાશુક, જાજલિ અને જન્હુ. બીજા પણ ઘણા વૈષ્ણવો પુત્ર શિષ્યો અને સ્ત્રીઓને લઇ પ્રેમથી ત્યાં ગયા. ૧૩-૧૪ વેદ, મંત્ર, તંત્ર, પુરાણ અને છ શાસ્ત્ર એ સર્વ ત્યાં આવ્યાં. ૧૫ ગંગાદિ નદિયો પુષ્કર આદિ સરોવરો, કાશી આદિ ક્ષેત્રો, દશો દિશાઓ, દંડક આદિ

વનો, નાગ આદિ સર્પો ગંધર્વ અને કિન્નર પણ ત્યાં આવ્યાં, અને જેઓ સ્વાભિમાનથી ન હતાં આવ્યાં તેમને ભૃગુ બોલાવી લાવ્યા. ૧૬ નારદે જ્ઞાનયજ્ઞની દિક્ષા લઇ સનત્કુમારોને ઉત્તમ આસન આપ્યું. ભગવાનના ભક્ત એવા સનત્કુમારો તે ઉપર વિરાજતાં સર્વ લોકોએ પ્રણામ કર્યા. ૧૮ પછી વૈષ્ણવ, વિરક્ત, સંન્યાસી અને બ્રહ્મચારી સર્વ સનત્કુમારની સામે બેઠા અને નારદ તેમની સામે બેઠા. ૧૯ એક તરફ ઋષિઓ બીજી તરફ દેવતાઓ ત્રીજી તરફ વેદ અને ઉપનિષદો તથા ચોથી બાજુએ તીર્થો બેઠી. ૨૦ જય શબ્દ, નમઃ શબ્દ અને શંખનાદ થયા, ગુલાલ ઉડયું અને પુષ્પોની વૃષ્ટિ થઇ. વળી દેવતાઓ વિમાનમાં રહ્યે રહ્યે ઉપરથી કલ્પવૃક્ષોનાં પુષ્પ વરસાવવા લાગ્યા. ૨૨

સૂત કહે છે કે—આ પ્રમાણે સર્વ શ્રોતાઓ એકચિત્ત થઇને બેઠા પછી સનત્કુમારોએ નારદજીને સંબોધીને આ પ્રમાણે શ્રીમદ્ ભાગવત માહાત્મ્યની કથા કહેવા માંડી ૨૩

સનકાદિક કહે છે કે—હે નારદ! અમે તમને શુકશાસ્ત્રનું જે માહાત્મ્ય કહીએ તે તમે સાંભળો. આ માહાત્મ્ય સાંભળવાથી મુક્તિ હાથેળીમાં સ્થિત થાય છે. ૨૪ શ્રીમદ્ ભાગવતની કથા સર્વદા સાંભળવી જોઇએ કે—જેથી ભગવાન હૃદયમાં વસે. ૨૫ શુકદેવજી અને પરીક્ષિત રાજાના સંવાદ રૂપી આ શ્રીમદ્ ભાગવતના બાર સ્કંધ અને અઢાર હજાર શ્લોક છે. ૨૬ યોગીઓને બ્રહ્મ પ્રાપ્ત કરનારૂ આ શાસ્ત્ર ક્યારે અને કયાં થયું એ વિષયમાં અમને સંદેહ નથી આ પુરાણ શું પ્રથમથીજ છે? કે પછી થયું? અને જો પછી થયુ તો ક્યારે થયું? ૫૩

સૂત કહે છે કે—જ્યારે ભગવાન આ લોકને તજી પોતાના ધામમાં પધાર્યા ત્યારે એકાદશ સ્કંધ સાંભળવાથી જ્ઞાન પ્રાપ્ત થયા છતાં પણ ઉદ્ધવે આ પ્રકારનાં વચન કહ્યાં હતાં.

ઉદ્ધવ કહે છે કે—હે ગોવિંદ! આપ ભકતોનાં કાર્ય કરી હવે નિજ ધામમાં પધારો છો પરંતુ મારા મનમાં એક મોટી શંકા છે તે ટાળી મને સંતોષ આપો. જયારે ઘોર કળિયુગ આવશે સર્વ લોક દુષ્ટ થઇ જશે અને તેમની સંગતથી સજ્જન પણ ઉગ્ર થશે, ૫૬ ત્યારે પાપના ભારથી પીડાયેલી ગૌ રૂપી પૃથ્વી કોને શરણે જશે? હે કમળનયન! આપ વગર બીજું કોઇ એનું રક્ષણ નહિ કરે. ૫૭ હે ભકતવત્સલ! આપ ભકત ઉપર કૃપા કરીને આ લોકમાં રહો. આપ ચૈતન્યમય અને અલૌકિક સ્વરૂપ છતાં પણ ભકતોને માટે લૌકિક રૂપ ધારણ કરી પ્રગટ થાઓ છો. ૫૮ આપના વિયોગથી ભકતોનો નિર્વાહ કેમ થશે? નિર્ગુણની ઉપાસનામાં મહા કષ્ટ છે. ૫૯ પ્રભાસ ક્ષેત્રમાં ઉદ્ધવજીનો આ પ્રશ્ન સાંભળી ભગવાને વિચાર કર્યો કે—ભક્તોના આલંબનને માટે હું હવે શું કરૂં. ૬૦ તેમણે પછી પોતાનું તેજ શ્રીમદ્ ભાગવતમાં મૂકયુ તેથી હજી પણ શ્રીકૃષ્ણ ભાગવત રૂપી સમુદ્રમાં ગુપ્ત રીતે વિરાજે છે ૬૧ શ્રીમદ્ ભાગવત ભગવાનની વાણીમય મૂર્તિ છે એનું શ્રવણ પઠન અને દર્શન પ્રાણીઓનાં પાપોનો નાશ કરેછે. ૬૨ એ સર્વથી સપ્તાહનું શ્રવણ મોટુ સાધન મનાય છે. કળિયુગમાં સર્વ સાધનનો ત્યાગ કરી આનોજ આશ્રય લેવો તે ઉત્તમ છે. ૬૩ દુઃખ દરિદ્રતા, દુર્ભાગ્ય અને પાપના ક્ષય માટે તથા કામ અને ક્રોધને જીતવા માટે કળિયુગમાં ભક્તિ એજ મુખ્ય ધર્મ છે. ૬૪ ભગવાનની માયાને તરી જવી એ દેવતાઓને પણ દુર્લભ છ તો મનુષ્યોની શી વાત? માયામાંથી છુટવાને સપ્તાહ શ્રવણ કરવી તે ઉત્તમોત્તમ સાધન છે.

સૂત કહે છે—કે હે શૌનક! ઋષિઓ આ પ્રમાણે સપ્તાહનો મહિમા કહી રહ્યા હતા એટલામાં સભામાં એક કૌતુક થયું તે સાંભળો. ૬૬ ભક્તિ પોતાના પુત્રોને લઇ હે શ્રી

કૃષ્ણ! હે ગોવિંદ! હે મુરારી! હે નાથ! એવો ઉચ્ચાર કરતી કરતી આવી. ૬૭ ભાગવતના અર્થને ભૂષણ રૂપ વેષવાળી તેને જોઈ સર્વ સભાસદો બોલ્યા કે આ ભકિત શી રીતે અહીં આવી? સનત્કુમારોએ કહ્યું કે ભકિત જે હાલ અહીં આવી છે તે માત્ર કથા સાંભળવા માટેજ આવી છે સનત્કુમારોના વચન સાંભળી પ્રણુત એવી ભકિતએ પોતાના પુત્રોની સાથે આમ કહ્યું.

ભકિત કહે છે–જો કે હું કળિકાળના પ્રભાવે નષ્ટ થઈ ગઇ છું તોપણ આપે મને કથા રસ પાઈ પુષ્ટ કરી છે. હું હવે કયા રહું મને રહેવાનું સ્થાન બતાવો? ૭૦

સનત્કુમાર કહે છે–ભગવાનના જેવું સ્વરૂપ ધારણ કરનારી અને ભવના રોગ શાન્ત કરનારી હે પ્રેમલક્ષણા ભકિત! તું ધૈર્ય ધારણ કરી ભગવાનના જે ભકતો હોય તેમના હૃદયમાં જઇ રહે. વૈષ્ણવોના હૃદયમંદિરના આશ્રયથી કળિકાળના દોષ તારી સામે જોઈ શકશે નહિ. એ પ્રમાણે આજ્ઞા થતાં ભકિત ભકતોનાં હૃદયમાં જઇને રહી. ૭૨ નિર્ધન અને દરિદ્રી છતાં જેના હૃદયમા ભકિત છે તે ત્રણે લોકમાં મોટો ભાગ્યશાળી છે કારણ કે જેના મનમાં ભકિત રૂપી ભગવાનના ચરણનું આસ્પદ છે તેના હૃદયમાં ભગવાન સદા વાસ કરે છે. ૭૩ બ્રહ્માત્મક એવા આ ભાગવત શાસ્ત્રનો પૃથ્વી ઉપર કેવો મહિમા છે તેનુ વિશેષ કથન શું કરીએ માત્ર એટલુંજ કહેવું બસ છે કે, તેના આશ્રયથી શ્રોતા અને વકતા બેઉ શ્રી કૃષ્ણ સ્વરૂપતાને પામે છે અને અન્ય ધર્મોની તેને જરૂર રહેતી નથી. ૭૪

ब्रूमोऽत्र ते किमधिकं महिमानमेवं ।
ब्र[illegible]ात्मकस्य भुवि भागवताभिधस्य ॥
यत्संश्रयान्निगदितं लभते सुवक्ता ।
श्रोतापि [illegible]ष्णसमतामलमन्यधर्मैः ॥७४॥
इतिश्री पद्म[illegible]राणे उत्तरखंडे श्रीभागवत
[illegible]हात्म्ये तृतीयोऽध्यायः ॥

અધ્યાય ૪ થો.

પુત્રાર્થી બ્રાહ્મણની કથા.

सूत उवाच

अथ वैष्णवचित्तेषु दृष्ट्वा भक्तिमलौकिकीम् ।
निजलोकं परित्यज्य भगवान् [illegible]क्तवत्सलः ॥१॥

સૂત કહે છે કે-વૈષ્ણવોના મનમાં અલૌકિક ભકિત જોઇ પોતાના લોકને છોડી ભકતવત્સલ ભગવાન્ ત્યાં પધાર્યા. ૧ તે વનમાળા ધારણ કરેલ ઘનસ્યામ પીળાં પીતાંબર પહેરેલ સુંદર સ્વરૂપ કટિમેખલાવાળા સુંદર મકરાકૃત કુંડળ તથા મુકુટવાળા હતા. ૨ લલિત મનોહર મૂર્તિવાળા સુંદર કૌસ્તુભ મણિ જેમના હૃદયમાં વિરાજમાન છે એવા કોટિ કામદેવના સમાન સુંદર છબીવાળા હરિચંદન ચર્ચેલ પરમાનંદ સ્વરૂપ ભગવાન પછી પોતાના ભકત લોકોના હૃદય કમળમા આવી વસ્યા. ૪ વૈકુંઠમાં રહેનાર ઉદ્ધવ આદિ વૈષ્ણવો પણ કથા શ્રવણ કરવા ગુપ્ત રૂપથી ત્યા આવીને બેઠા ૫ તે સમયે જયજયકાર થઇ રહ્યો, અલૌકિક ભક્તિરસ જામ્યો. પુષ્પવૃષ્ટિ થઇ તથા વારવાર શંખ ધ્વનિ થવા લાગ્યા ૬ જે મનુષ્ય અને દેવતાઓ ત્યાં બેઠા હતા તે સર્વ પોતાનાં શરીર, ઘર અને આત્માને ભૂલી ગયા. તે લોકાની એવી અવસ્થા જોઇ નારદજીએ કહ્યું કે, હે મુનીશ્વરો! સપ્તાહ શ્રવણ ના આ અલૌકિક મહિમા મેં આજજ જોયો અહો! અહીં જે પામર પશુ પક્ષી આદિ બેઠાંછે તે પણ નિષ્પાપ લાગે છે તો પછી અન્યની તો વાતજ શી? ૮ હું નિશ્ચય કરીને કહું છુ કે મનુષ્ય લોકમાં ચિત્ત શુદ્ધિ માટે આથી વિશેષ બીજું કંઇ સાધન નથી ભાગવત સમાન પાપ નાશ કરનારૂં બીજું કઇ નથી. ૯ હે સનત્કુમારો! સપ્તાહ યજ્ઞથી કોણ પવિત્ર નથી થતું? આપ દયાળુ પુરૂષોએ જગતનું કલ્યાણ વિચારી આ કોઇ નવો અને અલૌકિક માર્ગ પ્રક-

શિત કરેલો લાગે છે. ૧૦

સનત્કુમારો કહે છે કે—જે મનુષ્ય પાપી દુરાચારી, કુમાર્ગે ચાલનાર, ક્રોધ રૂપી અગ્નિથી દગ્ધ કુટિલ અને કામી હોય તે પણ સપ્તાહથી પાવન થઇ જાય છે. ૧૧ જે મનુષ્ય સત્ય રહિત પિતાનો દ્રોહી તૃષ્ણાથી વ્યાપ્ત આશ્રમના ધર્મોથી રહિત દાંભિક, મત્સર વાળો અને હિંસક હોય તે પણ કળિયુગમાં સપ્તાહ શ્રવણ કરવાથી પવિત્ર થાય છે. ૧૨ જે મનુષ્ય પાચ પાપોથી ભરેલો ને કપટી હોય ક્રૂર વા પિશાચ જેવો હોય, બ્રાહ્મણના દ્રવ્યથી દ્રવ્યવાન તથા વ્યભિચારી હોય તે પણ પવિત્ર થાય છે. ૧૩ મન, વચન અને કાયાથી પાપજ કરનાર પારકા ધનથી પુષ્ટ મલિન મનનો દુષ્ટ હોય તે પણ પવિત્ર થાય છે. ૧૪ એક પ્રાચીન ઇતિહાસ આના દૃષ્ટાંતમાં કહું તે સાભળો. તુંગભદ્રા નદીના તટ ઉપર પ્રથમ એક ઉત્તમ નગર હતું. ત્યાં ચારે વર્ણ પોત પોતાના ધર્મમાં વર્તતી હતી. ૧૬ એ નગરમાં શ્રૌત અને સ્માર્ત કર્મોમાં વિચક્ષણ જાણે બીજો સૂર્ય હોય એવો આત્મદેવ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો.૧૭ તે ભિક્ષુક છતાં મહા ધનાઢ્ય હતો. તેની સ્ત્રીનું નામ ધુંધુલિ હતું તે કુલીન પતિવ્રતા ને સત્યવાદી હતી, પણ આગ્રહી અને સ્વભાવે ઉગ્ર હતી. ૧૯ તે બન્ને સ્ત્રી—પુરૂષ પ્રેમથી પોતાનો ઘર સંસાર ચલાવતાં હતાં, પણ પુત્ર ન હોવાથી અર્થ, કામ અને ઘર આદિ કશું તેમને પ્રિય લાગતું નહિ. ૨૦ સતાન પ્રાપ્તિ અર્થે તેઓએ ધર્મ કરવાનો પ્રારંભ કર્યો, અને દીન જનોને ગૌદાન, પૃથ્વીદાન, સુવર્ણદાન અને વસ્ત્રદાન દેવા લાગ્યાં. ૨૧ ધર્મ કરતાં કરતાં તેઓએ અર્ધું ધન આપી દીધું પણ પુત્ર કે પુત્રી ન થઇ. ૨૨ પછી એક દિવસ દુઃખનો માર્યો તે ઘર છોડી વનમાં ચાલ્યો ગયો અને મધ્યાહ્નકાળ થયો ત્યારે એક તળાવ ઉપર પહોંચ્યો.૨૩ દુઃખી બ્રાહ્મણ જળ પીને ત્યાં બેઠો એટલામાં એક સંન્યાસી ત્યાં આવ્યો ૨૪ તેને જોઇ બ્રાહ્મણ પાસે ગયો અને પ્રણામ કરી તેની સામે ઉભો રહ્યો. ૨૫

સંન્યાસી કહે છે કે—હે બ્રાહ્મણ ! કેમ ખિન્ન લાગે છે? કેમ ચિંતાતુર છે? તારા દુઃખનું જે કારણ હોય તે મને કહે.

બ્રાહ્મણ કહે છે કે—હે ઋષિ ! મારાં પૂર્વ જન્મનાં પાપનું દુઃખ હું ભોગવું છું તે શું કહું? મારા પૂર્વજો ઉનું પાણી પીએ છે. પાણી ગરમ થવાનું કારણ એ છે કે, હું જે જળ આપું છું તે તેઓ પીએ છે, અને શોકગ્રસ્ત થઇ જાય છે કે—હાલ તો અમને આ જળ મળે છે પરંતુ તેના પછી સંતાન ન હોવાથી અમને જળ મળશે નહિ, એ દુઃખથી તેઓ જે નિઃશ્વાસ નાંખે છે તેથી મારૂં આપેલું જળ પણ ગરમ થઇ જાયછે. ૨૭ મેં આપેલાં દાનને દેવતાઓ અને બ્રાહ્મણો પ્રેમથી લેતા નથી, તેથી દુઃખી થઇ મરવાને હું અહીં આવ્યો છું. ૨૮ જેને સંતાન નથી તે પુરૂષને ધિઃક્કાર છે, પ્રજા વિનાના ઘરને ધિઃક્કાર છે સંતાન રહિત પુરૂષના દ્રવ્યને ધિઃક્કાર છે અને સંતાન વિનાના કુળને પણ ધિઃક્કાર છે. ૨૯ જે ગાયનું હું પાલન કરૂં છું તે ગાય પણ વાંઝણી છે, જે વૃક્ષને હું વાવું છું તે વૃક્ષ પણ ફળતાં નથી. ૩૦ જે ફળ મારે ઘેર આવે છે તે ફળ પણ શુષ્ક થઇ જાય છે તો એવો ભાગ્યહીન, સન્તાનહીન જે હું તેને જીવવાનું શું પ્રયોજન છે? ૩૧ આવાં વચન કહીને બ્રાહ્મણ સંન્યાસી પાસે બેસી ઉંચા સ્વરથી રોવા લાગ્યો તેથી તે મહાત્માના મનમાં કરૂણા આવી. ૩૨ બ્રાહ્મણના લલાટની અક્ષરમાળા વાંચી તેણે પછી બ્રાહ્મણને નીચે પ્રમાણે કહ્યું. ૩૩

સંન્યાસી કહે છે—હે વિપ્ર ! તું પુત્ર અજ્ઞાનનો ત્યાગ કર કારણ કે કર્મની ગતિ બળવાનછે. હે બ્રાહ્મણ ! અજ્ઞાન મૂલક ખોટી સંસાર વાસનાનો ત્યાગ કર.૩૪ મેં તારી કર્મ લેખા વાંચી

તેમાં સાત જન્મ પર્યંત પુત્ર સુખલખ્યું નથી. ૩૫ જો! સન્તાનથી પૂર્વે સગર અને અંગહાદિ મોટા મોટા મહાત્માઓ દુઃખ પામ્યા છે. પુત્ર પૌત્રાદિકથી શું વધારે છે? સંસાર સ્વપ્ન જેવો છે કોઇ કોઇનો બાપ કે પુત્ર નથી સર્વ પોત પોતાના પ્રયોજનનાં સંગી છે. અન્ત સમયે પરમેશ્વરના ભજન વિના કંઈ કામ આવતું નથી અને પુત્રાદિકમાં મન લગાડવાથી નારાયણનું ભજન થતું નથી. પુત્રાદિકની મમતામાં ફસાવાથી નરક ભોગવવું પડે છે માટે હે બ્રાહ્મણ! તું પુત્રાદિકની આશાનો ત્યાગ કરી સંન્યાસ ધારણ કર કે જેથી તેને સર્વદા સુખ મળે. ૩૬

બ્રાહ્મણ કહે છે—હે કૃપાસિન્ધુ! જ્ઞાન ધ્યાન અને વિવેકનું મારે કામ નથી? મારે તો ગમે તેમ કરીને એક પુત્ર જોઇએ છીએ તે આપો નહિ તો હું મરીશ. ૩૭ પુત્રાદિક વગર આ સંસાર વૃથા છે. પુત્ર રહિત સંન્યાસ પણ મને તો શુષ્ક જણાય છે. જે ગૃહસ્થને પુત્ર પૌત્રાદિ છે તે ગૃહસ્થને હું સંન્યાસીની અપેક્ષાએ સુખી સમજું છું. ૩૮ બ્રાહ્મણનો આવો દુરાગ્રહ જોઇ યોગીએ કહ્યું કે હે બ્રાહ્મણ' જો વિધિના અંક મટાડવા જતા ચિત્રકેતુની દુર્દશા થઈ હતી માટે પ્રારબ્ધનું અતિક્રમણ કરવા ન જવું. ૩૯ જો તું પુત્ર ઉત્પન્ન કરીશ તોપણ દૈવથી હતોદ્યમ પુરૂષની માફક તું સુખી થઇશ નહિ. વૃથા હઠ ન કર, તું યાચક છે એથી હું વિશેષ શું કહું? ૪૦

બ્રાહ્મણે કહ્યું કે—આપ જે કહોછો તે બધું મને બાણ જેવું વિષમ લાગે છે અને બીજી વાર્તા મારા મનમાં રૂચતી નથી. આપ કૃપા કરી એવો ઉપાય બતાવો કે જેથી મને પુત્ર થાય. બ્રાહ્મણનો અત્યંત દુરાગ્રહ જોઇ સંન્યાસીએ તેને એક ફળ આપ્યું અને કહ્યું કે લે, આ ફળ તું તારી સ્રીને ખવરાવજે, પ્રભુ ઇચ્છા હશે તો તેને એક પુત્ર થશે. ૪૧ સ્રીને કહેજે કે એક વર્ષ પર્યંત સત્ય શૌચ અને દયા રાખે, દાનાદિ ક્રિયા કરે અને એક વાર ભોજન કરે, જા તને એક પુત્ર થશે. ૪૨ પછી ઘેર આવી બ્રાહ્મણે તે ફળ સ્રીના હાથમાં આપ્યું અને પોતે બહાર ગયો. ૪૩ પેલી સ્રી તે ફળ લઇ સખિયો આગળ ગઇ ને કહેવા લાગી કે, સખી, મને તો મહા ચિંતા થાય છે. ૪૪ જો ફળ હું ખાઉં તો ગર્ભ રહે અન્ન ખવાય નહિ અને શરીર અશક્ત થઈ જાય ને શક્તિ ઘટવાથી ઘરનું કામ થાય નહિ. દૈવયોગે કદાચ ગામમાં ધાડ પડેતો ગર્ભવતી દોડાય નહિ. જનન સમે ગર્ભ આડો આવે તો તો મોતજ થાય અને પ્રસવ મહા મોટું દુઃખ છે. ૩૭ કદાચિત મારૂં સામર્થ્ય ઘટી જાય તે વખતે નણંદ ઘરમાંથી દ્રવ્ય લઇ જાય તો પછી કેમ થાય? અને વળી સત્ય શૌચ આદિનો નિયમ પાળવો તે પણ મહા કઠણ છે. ૪૮ પ્રસવ થયા પછી બાળકનું લાલન પાલન કરવું પણ કઠણ છે, હું તો જાણું છું કે જે સ્રી વન્ધ્યા કે વિધવા હોય તે સર્વ પ્રકારે સુખી જાણવી. ૪૯ આમ ધારી તેણે તે ફળ ખાધું નહિ અને તેના પતિએ પૂછયું ત્યારે કહ્યુ કે ખાધું. ૫૦ એક દિવસ ધુંધુલીની બેન તેને ઘેર આવી ત્યારે સર્વ વૃતાન્ત તેને કહી પોતે જુઠું બોલેલી તેની ચિતા જણાવી. તેની બેને કહ્યું કે તું ચિંતા ન કર, મને દહાડા છે એટલે બાળક થશે તે લાવી હું તને આપીશ. ૫૨ પણ ત્યાં સુધી તું ગર્ભનું બહાનું કરી કોઇ ગુપ્ત સ્થળમાં ગર્ભિણી થઇ સુખથી રહે મારા લોભી પતિને કંઇક દ્રવ્ય આપીશ એટલે તે પોતાનું બાળક તને આપશે. ૫૩ હું લોકમાં એવી વાત પ્રસિદ્ધ કરીશ કે છ માસનો અધુરો ગર્ભ પડી ગયો. પછી તારે ઘેર આવી બાળકનું હું પોષણ કર્યા કરીશ ૫૪ અને આ ફળ છે તેની પરીક્ષાને માટે તે ગાયને ખવરાવી દે. બેનનાં આવાં વચન સાંભળી ધુંધીએ તે પ્રમાણે ગોઠવણ કરી. ૫૫ તેની

બેનને પુત્ર થયો તે તેના લોભી પતિએ એકાન્તમાં જઇ ધુંધલીને આપ્યો. ૫૬ ધુંધુલીએ પોતાના પતિને વધામણી કહેવરાવી કે મને પુત્ર થયો છે. એ વાત સાંભળી તેના પતિને અને તેના બંધુવર્ગને આનંદ થયો. ૫૭ આત્મદેવે પુત્રની વધાઇમાં બ્રાહ્મણોને દાન આપ્યાં અને બાળકને જાતકર્મ સંસ્કાર કર્યો તથા નાના પ્રકારનાં મંગળ કરાવરાવ્યાં. ૫૮ ધુંધુલીએ વળી પતિને કહેવરાવ્યુ કે—મને ધાવણ આવતું નથી અને બીજાના દૂધથી હું મારા પુત્રને શી રીતે ઉછેરૂ ? ૫૯ હાલમાં મારી બેનને પુત્ર થઇ દૈવ યોગે મરી ગયો છે તો તેને અહીં બોલાવી ઘરમાં રાખો એ ધવરાવશે. ૬૦ પુત્રની રક્ષા માટે આત્મદેવે તેવી વ્યવસ્થા કરી. ધુંધુલીએ તે બાળકનું નામ ધુંધુકારી પાડયું. ૬૧ ત્રણ માસ પછી પેલી ગાયને એવો પુત્ર થયો કે જેનાં સર્વ અંગ સંપૂર્ણ મનોહર, દિવ્ય, નિર્મળ અને કાન્તિવાળાં હતાં. ૬૨ તે વત્સ બાળકને જોઇ બ્રાહ્મણે તેને સંસ્કાર કર્યા. ગાયને પુત્ર થયો એવી વાત સાંભળી મનુષ્યોને મહા આશ્ચર્ય થયું અને કેટલાક લોક તો તેને જોવાને આવ્યા. ૬૩ લોકોએ કહ્યું કે અહો ! આત્મદેવનો કેવો ભાગ્યોદય થયો કે તેને પુત્ર થયો, એટલુંજ નહિ પરંતુ તેની ગાયને પણ પુત્ર થયો. ૬૪ આ વાતનું રહસ્ય દૈવયોગે કોઇના જાણવામાં આવ્યુ નહિ. ગાયથી ઉત્પન્ન થયેલા બાળકના કાન ગાય જેવા હોવાથી આત્મદેવે તેનું નામ ગોકર્ણ પાડયું. ૬૫ બન્ને મોટા થયા. ગોકર્ણ મહા જ્ઞાની થતો જણાયો અને ધુંધુકારી મહા દુષ્ટ નીવડયો. ૬૬ ધુંધુકારી એવો ભ્રષ્ટ થયો કે સ્નાન, શૌચ કે ક્રિયા કંઇ પણ આચાર કરે નહિ. અભક્ષ્યભક્ષક અને ચાંડાળના હાથનું ભોજન કરે એવો થયો વળી તે ચોર, સર્વનો દ્વેષી, પારકા ઘરમાં અગ્નિ મૂકનારો અને એવો ક્રૂર કે કોઇકનાં બાળકને રમાડવા લઇજઇ કુવામાં નાંખી દે, હત્યારો, શસ્ત્રધારી, દીન અને અંધને દુઃખ દેનારો, ચાંડાળો સાથે સ્નેહ કરનારો અને પાસ રાખી પંખી મારનારો થયો કુછંદમાં પડી પોતાના પિતાનું સર્વ ધન તેણે ઉડાવી દીધું અને એક દિવસ માતા પિતાને મારી ઘરનાં વાસણ લઇ ગયો. તે સમયે બિચારો દીન, ધન હીન તેનો પિતા મોટેથી રોવા લાગ્યો કે હાય ! કુપુત્ર કરતાં તો વાંઝીઆ રહેવું એ સારૂ, કારણ કે કુપુત્ર મહા દુઃખદાયી થઇ પડે છે. ૭૧ હવે શું કરૂં ? કયાં જાઉં ? મારા દુઃખને કોણ દૂર કરે ? આ પ્રમાણે આત્મદેવને રૂદન કરતો જોઇ ગોકર્ણે તેની પાસે જઇ ખુબ સમજાવ્યો. ૭૩ ગોકર્ણે કહ્યું કે, પિતાજી ! સંસાર કેવળ અસાર છે, દુઃખનો સમુદ્ર અને મોહ કરનાર છે, એમાં કોનો પુત્ર ? અને કોનાં ધન માલ ? સંસારમાં સ્નેહવાળા મનુષ્યો અહર્નિશ બળ્યા કરેછે ૭૪ ઇંદ્રને કે મોટા ચક્રવર્ત્તીને પણ સંસાર કર્યે સુખ નથી સુખ તો વિરક્ત મુનિને મળે છે, પીતાજી! અજ્ઞાનનો ત્યાગ કરો કારણ કે અજ્ઞાનથી નરકમાં પડાય છે. આ શરીર એક દિવસ પડવાનું છે માટે સર્વ પરિગ્રહનો ત્યાગ કરી વનમાં જાઓ. ૭૬ ગોકર્ણનાં વચન સાંભળી વનમાં જાવાની ઇચ્છાવાળા આત્મદેવે તેને કહ્યું કે—હે પુત્ર ! હું વનમાં જઇ શું કરૂં ? તે મને કહે, હે દયાનિધિ ! હું મારાં કર્મોથી અંધારા કુવામાં પડયો છું અને સ્નેહરૂપી પાસથી બંધાયલો છું હું દુઃખીઆનો તું ઉદ્ધાર કર.

ગોકર્ણ કહેછે—હે પિતાજી! આપ હાડકાં માંસ અને રૂધિરથી બનેલા આ શરીરમાં "હું છું" એવું જે હુંપદ રાખો છો તેનો ત્યાગ કરો અને સ્ત્રી પુત્રાદિક "મારાં છે" એવી જે મમતા રાખોછો તેનો ત્યાગ કરો. આ જગતને ક્ષણભંગુર જાણી વૈરાગ્યમાં પ્રીતિ બાંધી ભગવાનની ભક્તિમાં નિષ્ઠા રાખો. ૭૯ નિરંતર ધર્મનું સેવન કરો. લૌકિક ધર્મનો ત્યાગ કરો, સાધુજનોની સેવા કરો,

કામની તૃષ્ણાનો ત્યાગ કરો, અને પારકા ગુણ દોષમાંથી દૃષ્ટિને ખેંચી ભગવત્સેવા અને કથા રસનું નિરંતર પાન કરો. ૮૦ આ પ્રકારે વૈરાગ્ય અને સદ્ બોધનાં વચન સાંભળી આત્મદેવ સાઠ વર્ષથી વિશેષ અવસ્થા થએલી હોવાથી બુદ્ધિને સ્થિર કરી વનમાં જઈ નિરંતર ભગવાનની સેવા અને દશમસ્કંધનો પાઠ કરી શ્રી કૃષ્ણ ભગવાનના ચરણકમળને પામ્યો. ૮૧

एवं सुतोक्तिवशतोऽपि गृहं विहाय
यातो वनं स्थिरमतिर्गतषष्टिवर्षः ।
युक्तो हरेरनुदिनं परिचर्ययासो
श्रीकृष्णमाप नियतं दशमस्य पाठात् ॥८१॥

इतिश्री पद्मपुराणे उत्तरखंडे श्रीभागवत माहात्म्ये चतुर्थोध्यायः

અધ્યાય ૫ મો.

ગોકર્ણ ગુણ વર્ણન.

सूत उवाच

पितर्युपरते तेन जननी ताडिता भृशम् ।
कविर्त्तांतिष्ठतेश्रुहिहनिष्येलत्तयानचेत् ॥१॥

સૂત કહે છે કે–પિતાના મરણ પછી ધુંધુકારીએ માતાને ખુબ મારીને કહ્યું કે ધન બતાવ નહિ તો લાતથી મારી નાખીશ. ૧ ધુંધુકારીના ત્રાસને લીધે દુઃખી થઈ ધુંધુલી કુવામાં પડી મરણ પામી. ૨ માતા પિતાના મરણ પછી યોગ ધારણ કરી ગોકર્ણ તિર્થ યાત્રા કરવાને ચાલી નીકળ્યો; કારણ કે તે પરમ જ્ઞાની હતો, તેને મન કંઇ સુખ કે દુઃખ ન હતું, ને તેનો કોઇ વેરી કે બન્ધુ ન હતો ૩ ધુંધુકારીએ ઘરમા પાચ કુલટાઓ રાખી તેમના ભરણપોષણ માટે અનેક ઉગ્ર કામ કર્યાં હતાં. ગમે ત્યાથી આભૂષણ લાવો એવી એક દિવસ એ કુલટાઓએ માગણી કરી ત્યારે ધુંધુકારી ધન લેવા ઘરથી બહાર નિકળ્યો. ૫ જ્યાં ત્યાથી ચોરી કરી દ્રવ્ય એકઠું કરી લાવ્યો અને કુલટાઓને સારાં સારાં વસ્ત્ર અને આભૂષણ કરાવ્યાં. ૬ ધુંધુકારી પાસે પુષ્કળ દ્રવ્ય જોઇ કુલટાઓએ રાત્રિએ વિચાર કર્યો કે આ નિત્ય ચોરી કરે છે માટે કોઇક દિવસ રાજા તેને પકડશે અને તેનું દ્રવ્ય લઈ લેશે તથા તેને મારી નાંખશે, તો પછી આપણે શા માટે દ્રવ્ય અર્થે એને ન મારી નાંખીએ? ૮ એને મારી દ્રવ્ય લઇ ગમે ત્યા દૂર ચાલ્યાં જઇએ તો સારૂં. આ પ્રમાણે કુલટાઓએ નિશ્ચય કરી સુનેલા ધુંધુકારીને દોરડાથી બાંધ્યો ૯ ગળામાં ફાંસી નાંખી તેને મારવા માંડયો પણ તે તરત મુઓ નહિ. ૧૦ પછી તેઓએ બળતા અંગારા લાવી તેના મુખમાં ભર્યા. અગ્નિની જ્વાળાની અત્યંત અસહ્ય વેદનાથી વ્યાકુળ થઈ તે મરી ગયો. ૧૧ સ્ત્રીઓએ તેના શરીરને ખાડો ખોદી દાટી દીધું તેથી એ વાત કોઇના જાણવામાં આવી નહી. ૧૨ જ્યારે લોકોએ પૂછ્યું કે ધુંધુકારી કયાં ગયો ? ત્યારે તેઓએ કહ્યું કે, તે તો રળવાને દૂર દેશ ગયેલો છે.

સનત્કુમાર કહે છે કે–હે નારદ! નઠારી સ્ત્રીનો વિશ્વાસ કરવો નહિ એટલુ જ નહિ પરંતુ દુષ્ટ સ્ત્રિનો વિશ્વાસ કરવો નહિ કારણ કે જેઓ કુલટાઓનો વિશ્વાસ કરે છે તેઓ દુઃખી થાય છે. ૧૪ દુષ્ટ સ્ત્રિયોનાં વચન અમૃત સરખાં હોય છે પરંતુ તેમનું હૃદય છરીની ધારના જેવું તિક્ષ્ણ હોય છે. ૧૫ તેઓ ધન લઇ ત્યાથી ચાલી ગઇ ને ધુંધુકારી કુકર્મને લીધે મહા પ્રેત થયો ૧૬ વાયુરૂપ ધારણ કરી તે દશે દિશાઓમાં ફરવા લાગ્યો શરદી અને તાપથી મહા કલેશ પામવા લાગ્યો તેને ખાવાને તેમજ પીવાને કઇ પણ મળતું નહિ. ૧૭ તેને કોઇનું શરણ મળતું નહિ તે મહા દુઃખી થઇ "હા દૈવ!" એમ વારંવાર પોકાર કર્યા કરતો. કેટલાક દિવસ પછી લોકોના કહેવાથી ગોકર્ણના જાણવાણું આવ્યું કે, ધુંધુકારી મરી ગયો છે, ૧૮ ત્યારે તેણે તેને અ-

નાથ જાણી ગયાજીમાં શ્રાદ્ધ કર્યું અને પછી જ્યાં પોતે ગયો ત્યાં તેનુ શ્રાદ્ધ કરતો રહ્યો. એ પ્રમાણે ફરતા ફરતા ગોકર્ણ પોતાના શહેરમા આવ્યો. રાત્રીએ આવેલો તેથી કોઈના જાણવામાં ન હતું ને ગોકર્ણ પોતે પણ ધુંધુકારી પ્રેત થયો છે એવું જાણતો ન હતો. ૨૦ ધુંધુકારીએ પોતાના બંધુને ઘરનાઆગણામા સૂતેલો જોઇ અડધી રાતે મહા ભયંકર રૂપ દેખાડયું. ૨૧ તે એકવાર ઘેટો, એકવાર હાથી, એકવાર પાડો, એકવાર ઇન્દ્ર, અને એકવાર અગ્નિ થઇ વળી પાછો ફરીને પુરૂષ થઇ ગયો. ૨૨ આ વિપરીત બનાવ જોઇ ધીરજ ધારણ કરી ગોકર્ણે નિશ્ચય કર્યો કે, આ કોઇ દુર્ગતિ પામેલો પ્રેત છે. એ કોણ હશે એમ વિચારી ગોકર્ણે તેને આ પ્રમાણે કહ્યું. ૨૩

ગોકર્ણ કહે છે કે—રાત્રિમા આવાં મહા ભયંકર રૂપ ધારણ કરનારો તું કોણ છે અને તારી આવી દુર્ગતિ કેમ થઇ છે તે તુ મને કહે, તું પ્રેત છે પિશાચ છે કે રાક્ષસ છે? ૨૪

સૂત કહે છે કે—ગોકર્ણના પૂછવાથી પ્રેત એકવાર તો બહુજ બૂમો પાડી રડયો પણ પછી બોલી શકયો નહિ. ૨૫ ગોકર્ણે અંજલિમાં જળ લઇ તેની ઉપર છાંટયું તેથી થોડું પાપ ઘટતાં તે આ પ્રમાણે કહેવા લાગ્યો.

પ્રેત કહે છે કે—હું તારો ભાઇ છું. ધુંધુકારી મારૂં નામ છે. પોતાનાજ દોષથી મેં સર્વ બ્રાહ્મણત્વ ગુમાવ્યું છે. ૨૭ હું મહા અજ્ઞાની હતો તેથી મારાં કુકર્મોની સંખ્યા નથી. હુ હિંસા કર્યા કરતો તેમાથી છેવટ મને ફાંસી દઇ મારી નાંખવામાં આવ્યો તેથી પ્રેત થયો છું. હું મારાં કુકર્મનાં ફળ સહન કરૂંછું. મારા પ્રારબ્ધે મને બીજું તો કાંઇ મળતુ નથી પણ વાયુ ભક્ષણ કરી રહેવું પડેછે માટે હે ભાઇ! મને આ કલેશથી મુક્ત કર.

ગોકર્ણ કહે છે કે—તારે માટે મેં વિધિ પૂર્વક ગયાજીમાં શ્રાદ્ધ કર્યું છતાં પણ તારી મુક્તિ થઈ નહી તેથી ખરેખર હુ બહુ આશ્ચર્ય પામુ છું. ૩૧ જો ગયા શ્રાદ્ધથી તારી મુક્તિ ન થઇ તો હવે બીજો ઉપાય નથી. હે પ્રેત! હવે હું શું કરૂં તે તુંજ મને કહે.

પ્રેત કહે છે કે—તમે સો ગયા શ્રાદ્ધ કરશો તોપણ મારી મુક્તિ થવાની નથી માટે હવે કોઇ બીજો ઉપાય શોધી કાઢો. ૩૩

સનકાદિક કહે છે કે—આ પ્રમાણે પ્રેતનાં વચન સાભળી ગોકર્ણ બહુજ આશ્ચર્ય પામ્યો. તેણે તેને કહ્યું કે જો તારી ગતિ સો ગયાજી શ્રાદ્ધ કરવાથી પણ નહિ થાય તો પછી તારી ગતિ કેવી રીતે થશે? ૩૪ હે પ્રેત! હાલ તો તું તારે સ્થળે જા. હું વિચાર કરી તારી મુક્તિ માટે કાંઇને કાંઇ કરીશ. ૩૫ ધુંધુકારી ગોકર્ણની આજ્ઞાથી પછી પોતાને સ્થળે ગયો. ગોકર્ણે આખી રાત તેને માટે ઉપાય શોધ્યા પરંતુ કંઈ સમજવામાં આવ્યું નહિ. ૩૬ બીજે દિવસે પ્રભાતે ગોકર્ણને આવેલો જાણી લોકો મળવા આવ્યા. ગોકર્ણે તેમની આગળ સર્વ વૃત્તાન્ત કહ્યો. ૩૭ મોટા મોટા વિદ્વાન યોગી જ્ઞાની અને બ્રહ્મવાદી લોકોએ એ વાતનો વિચાર કર્યો અને શાસ્ત્રો જોયાં પરંતુ પ્રેતનો ઉદ્ધાર કરે એવું કંઇ જણાયું નહિ. કોઈએ કહ્યું કે એની મુક્તિનો ઉપાય સૂર્યનારાયણ બતાવે તો થઇ શકે. ગોકર્ણે પછી સૂર્યના રથને અટકાવ્યો અને કહ્યું કે, હે જગતના સાક્ષી! હું આપને નમસ્કાર કરૂં છું. મારા ભાઇની મુક્તિ માટે કંઇક ઉપાય બતાવો. ૪૦ સૂર્યે કહ્યું કે શ્રીમદ્ ભાગવતથી તારા ભાઇને ગતિ મળશે માટે તેને સપ્તાહ પરાયણ સંભળાવ. ૪૧ સૂર્યનાં વચન સાંભળી સર્વ લોકોએ કહ્યું કે એ કથા અવશ્ય કરવી જોઈએ. ગોકર્ણે નિશ્ચય પૂર્વક સપ્તાહ વાંચવાની તૈયારી કરી અને તે સાંભળવા દેશ દેશાન્તરથી પુષ્કળ મનુષ્યો આવ્યાં ૪૩ પાપ નિવૃત્ત થવાને ઘણાક લંગડા, આંધળા, વૃદ્ધ અને મંદ પુરૂષ ત્યાં આવ્યા. એ સમાજ એવો મોટો થયો કે દેવતાઓ પણ તેને જોઇને વિસ્મય પામવા

લાગ્યા. ૪૪ જ્યારે ગોકર્ણ આસન ઉપર બેસી કથા કહેવા લાગ્યા ત્યારે પ્રેત પણ ત્યાં આવ્યો. ૪૫ સાત ગાંઠોવાળો એક લાંબો વાંસ ત્યાં પડયો હતો તેમાં પેસી તે સપ્તાહ સાંભળવાને બેઠો. ૪૬ પ્રેત વાયુ રૂપ હતો તેથી તેની સ્થિતિ એક સ્થળે થવી અશક્ય હતી એટલે તે વાંસની અંદર પેઠો ગોકર્ણ વૈષ્ણવ બ્રાહ્મણોને શ્રોતા બનાવી પ્રથમ સ્કંધથી સ્પષ્ટ રીતિથી વ્યાખ્યાન કરવા લાગ્યો જ્યારે સંધ્યા સમય થયો ને કથાની સમાપ્તિ થઈ ત્યારે સર્વ લોકો ના દેખતા તે વાંસની એક ગાંઠ ફાટી, બીજે દિવસે સાયંકાળે બીજી ગાંઠ ફાટી, ત્રીજે દિવસે ત્રીજી ગાંઠ ફાટી, એમ સાત દિવસમા તે વાંસની સાતે ગાંઠો ફાટી ગઈ અને પ્રેતને મુકિત મળી. ૫૦ શ્રીમદ ભાગવતના બાર સ્કંધના શ્રવણથી ધુંધુકારીનું પ્રેતત્વ જતું રહ્યું. સપ્તાહ સાંભળવાથી તે તુળસીની માળાથી શોભાયમાન દિવ્ય પુરૂષ બની ગયો ૫૧ પીળા પીતાંબર પહેરી ઘનશ્યામ કાન્તિ વાળો તે મુકુટ અને કુંડળ ધારણ કરી ભગવાનનો પાર્ષદ બની પોતાના ભાઈ ગોકર્ણને પ્રણામ કરી બોલ્યોકે હે બંધુ! આપે કૃપા કરી મને મુકત કર્યો ધન્ય છે શ્રીમદ્ ભાગવતની કથાને કે જેથી મારા પ્રેતત્વનો નાશ થયો ૫૩ ધન્ય છે સપ્તાહને કે જેથી મને વૈકુંઠની પ્રાપ્તિ થઈ. સપ્તાહનુ શ્રવણ એવું છે કે જેથી સર્વ પાપનો નાશ થઈ જાય છે. જેમ અગ્નિમા સુકા અને લીલા સર્વ લાકડા બળી જાય છે તેમ સપ્તાહના શ્રવણથી લીલાં સુકાં મન વચન અને કર્મથી કરેલાં હલકા અને ભારે સર્વ પ્રકારના પાપ નાશ પામે છે. ભારતવર્ષમા વિદ્વાનોએ વેદની સભામાં કહ્યું છે કે, જન્મ પામી જેણે સપ્તાહ શ્રવણ કરી નથી તેનો જન્મ વ્યર્થ છે. ૫૭ જેણે મનુષ્ય જન્મ પામી શ્રીમદ્ ભાગવતની કથા સાંભળ્યા વગર પોતાના અનિત્ય શરીરનેજ માત્ર વધાર્યું હોય તેને ધિક્કાર છે. ૫૮ આ શરીર એ શું વસ્તુ છે? અસ્થિના જેમાં ટેકા છે, નસોથી જે બંધાયેલું છે, માંસ અને રૂધિરથી ભરેલું છે, ત્વચાથી ઢંકાયેલું છે, દુર્ગંધીથી જે યુક્ત છે અને મળ મૂત્રનું સ્થળ છે. ૫૯ જરા, શોક, વિષાદ વગેરે દુઃખોનું સ્થાન છે, રોગોનું ઘર છે, તથા આતુર, પુરાય નહિ એવું, રક્ષણ કરવાને અશકય, દુષ્ટ, દોષવાળું અને ક્ષણભંગુર છે. ૬૦ આ અનિત્ય અપવિત્ર શરીરથી અવિચળ ફળ મળી શકે છે તો મનુષ્ય શા માટે પોતાનું અભિષ્ટ સિદ્ધ કરતા નથી. ૬૧ અન્ન કે જે સવારનુ રાંધેલું સાંજે બગડી જાય છે તેના રસથી પુષ્ટ થયેલું આ શરીર શી રીતે સ્થિર રહેશે? ૬૨ સપ્તાહ સાંભળવાથી પુણ્ય થાય છે અને પાપના દોષ દૂર કરવાનું તે સર્વોત્તમ સાધન છે. ૬૩ જે કથા સાંભળતા નથી તે જળના પરપોટાની પેઠે અને જંતુઓમાં મચ્છરની પેઠે કેવળ મરવાનેજ જન્મે છે. ૬૪ જ્યારે જડ સુકા વાંસની ગાંઠો ફાટીગઈ ત્યારે ચિત્તની ગ્રંથીઓ છૂટી જાય તેમાં શું આશ્ચર્ય! ૬૫ સપ્તાહ શ્રવણથી હૃદયની ગ્રંથીઓ છૂટી જાય છે સર્વ સંશય નાશ પામે છે, અને કર્મ ક્ષીણ થઈ જાય છે. ૬૬ સંસાર રૂપી કાદવના લેપને ધોવાને આ કથા રૂપી તિર્થ બહુજ ઉત્તમ અને મુક્તિ પ્રદ છે. ૬૭ પાર્ષદ રૂપ પ્રેત આમ કહી રહ્યો એટલે વૈકુંઠવાસી દેવતાઓની સાથે વિમાન તેને લેવાને આવ્યું. ૬૮ સર્વ લોકોના દેખતાં ધુંધુકારી વિમાનમાં બેઠો તેને જોઈ ગોકર્ણે વિમાનમાં બેઠેલા પાર્ષદોને આ પ્રમાણે પૂછયું. ૬૯

ગોકર્ણ કહે છે કે–શુદ્ધ અંતઃકરણવાળા શ્રોતાઓ તો અહીં બહુ છે છતા તમે એકજ વિમાન કેમ લાવ્યા? ૭૦ આ સર્વ શ્રોતાઓએ સપ્તાહ સાંભળી છે તો તેના ફળમાં ભેદ કેમ પડયો? ૭૧

પાર્ષદો કહે છે કે–સાંભળવાના અંતરથી ફળમાં ફેર પડે છે. સપ્તાહ બધાએ સાં-

ભળી પણ મનન કર્યું નહિ તેથી ફળભેદ થયો. ૭૨ આ પ્રેતે સાત દિવસ ઉપવાસ કરી એક ચિત્ત થઇ કથા સાંભળીને તેનું મનન પણ કર્યું અને આ લોકોએ સાંભળ્યુ તો ખરૂં પણ મનન આદિ કંઇ કર્યું નહિ. ૭૩ જ્ઞાન અદૃઢ હોવાથી નકામું છે, શાસ્ત્રનું શ્રવણ પ્રમાદથી કર્યું હોયતો નકામું છે. સંદેહ રહે તો મંત્ર નકામા છે. ચિત્ત વ્યગ્ર હોય તો જપ નકામા છે. ૭૪ દેશ વૈષ્ણવ વગર નકામો છે, શ્રાદ્ધ પાત્ર વગર વ્યર્થ છે, વેદ ભણેલા બ્રાહ્મણ વગર દાન નકામું છે, અને અનાચારથી કુળ નકામું છે. ૭૫ હે ગોકર્ણ! ગુરૂનાં વચનમાં વિશ્વાસ પોતામાં દૈન્ય ભાવના દોષોનો જય, અને કથામાં નિશ્ચળ બુદ્ધિ ઈત્યાદિ હોય તોજ યથાર્થ ફળ મળે છે. હવે જ્યારે તમે ફરીને કથા સંભળાવશો ત્યારે આ સર્વ શ્રોતાઓ વૈકુંઠ પામશે. ૭૭ હે ગોકર્ણ! તમનેતો ભગવાન પોતાનો ગોલોક આપશે એમ કહી પાર્ષદો વૈકુંઠ તરફ ચાલી ગયા. ૭૮ શ્રાવણ માસમાં ગોકર્ણે પુનઃ બીજી વાર સપ્તાહનો આરંભ કર્યો ત્યારે લોકોએ ધ્યાન પૂર્વક શ્રવણ કરી મનન કર્યું. ૭૯ હે નારદ! એ સમાપ્ત થઇ ત્યારે જે બનાવ બન્યો તે શ્રવણ કરો. ભગવાન પોતાના ભક્તોને લઇ વિમાનો સાથે ત્યાં આવ્યા. ૮૦ જય જયકાર શબ્દ અને નમઃ શબ્દથી સભા ગાજી ઉઠી અને ભગવાને પાચજન્ય નામનો શંખ વગાડયો. ૮૧ ગોકર્ણને ભગવાને છાતી સાથે લગાડી પોતાના સમાન બનાવ્યો બીજા શ્રોતાઓને પીળાં પીતામ્બર અને કિરીટ કુંડળ ધારણ કરેલા પોતાના પાર્ષદ બનાવ્યા તે ગામમાં ચાંડાળથી લઇ જેટલા જીવ હતા તે સર્વને ગોકર્ણની કૃપાથી વૈકુંઠ મળ્યું. કથા શ્રવણ કરી અતિ પ્રસન્ન થયેલા ભક્તવત્સલ ભગવાન ગોકર્ણને લઇ ગોલોકમા પધાર્યા.૮૫ જેમ પૂર્વકાળમા શ્રી રામચંદ્રજી અયોધ્યા વાસીઓને પોતાના લોકમાં લઈ ગયા હતા તેમ શ્રીકૃષ્ણ ભગવાન પણ યોગીજનને દુર્લભ એવા ગોલોકમાં તેમને લઇ ગયા. ૮૬ જ્યાં સૂર્ય ચંદ્ર અને સિદ્ધોની પણ ગતિ નથી તે લોકને શ્રીમદ્ ભાગવતના પ્રભાવે તેઓ પ્રાપ્ત થયા. ૮૭ આ સપ્તાહ યજ્ઞના તાત્કાલિક ફળનો મહિમા તે હું તમને શું કહું? જેણે ગોકર્ણના મુખથી એક ચિત્તે કથામૃત પીધું તે પુનઃ ગર્ભવાસમા આવ્યા નહિ. ૮૮ જે ગતિ સપ્તાહ યજ્ઞ સાભળવાથી મળે છે તે ગતિ વાયુ જળ અને પાદડાં ખાવાથી દેહ દમન કરવાથી ઉગ્ર તપ કરવાથી કિંવા યોગ સાધવાથી પણ મળતી નથી.૮૯ આ પવિત્ર ઇતિહાસનો બ્રહ્માનંદથી પરિપ્લુત શાડિલ્ય મુનિ ચિત્રકુટ ઉપર વિરાજી પાઠ કર્યા કરે છે. આ આખ્યાન પરમ પવિત્ર છે અને તે શ્રવણ કરવાથી પાપોનો નાશ થાય છે. શ્રાદ્ધમાં જો આનો પાઠ કરવામા આવે તો પિતૃઓ અત્યંત તૃપ્ત થાય છે અને નિત્ય પાઠ કરવાથી મોક્ષ મળે છે. ૯૦

आख्यानमेतत्परमपवित्रं
श्रुतं सकृद्वै विदहेदघौघम् ।
श्राद्धे प्रयुक्तं पितृतृप्तिमावहे
न्नित्यं सुपाठादपुनर्भवं च ॥ ९०

इतिश्रीपद्मपुराणेउत्तरखंडेश्रीभागवत
माहात्म्ये पंचमोध्यायः ॥

અધ્યાય ૬ ઠ્ઠો.

સપ્તાહ શ્રવણનો વિધિ.

कुमारा उचुः

अथ ते संप्रवक्ष्यामः सप्ताहश्रवणे विधिम् ।
सहायैर्वसुभिश्चैवप्रायःसाध्योविधिःस्मृतः॥१॥

સનત્કુમારોએ કહ્યુ કે—હવે અમે સપ્તાહ શ્રવણ કરવાનો વિધિ કહીએ છીએ. આ વિધિ સહાયથી અને દ્રવ્યથી થાય છે. ૧ એ માટે જ્યોતિષીઓને બોલાવી મુહુર્ત જોઇ વિવાહના જેવો ઉત્સવ કરવો જોઇએ. ૨ આષાઢ, શ્રાવણ, ભાદ્રપદ, આશ્વિન, કાર્તિક કે માગસર એ છ માસમાં સપ્તાહનો આરંભ

કરવો અને બીજા મહિનાઓનો ત્યાગ કરવો. ઉદ્યમી પુરૂષોને સહાયતા માટે રાખવા. ૪ દેશદેશાન્તરમાં ભાવથી કંકોતરીઓ મોકલી આમાહ યજ્ઞ માટે સ્નેહીઓને આમંત્રવા.૫ જે કથા અને કીર્તનથી દૂર હોય તેને તથા સ્ત્રી શુદ્રાદિકને પણ ખબર આપવી કે જેથી તેમને પણ બોધ થાય. ૬ સાત રાત્રિ પર્યંત અતિ દુર્લભ સત્પુરૂષોનો સમાજ ભરવો અને અપૂર્વ રસમય શ્રીમદ્ ભાગવતની કથા કરવી. ૭–૮ જે પ્રેમી અને રસિક પુરૂષોને કથા અમૃત પીવાની ઇચ્છા હોય તેમને આમંત્રવા. ૯ જો કદાપિ સાત દિવસનો અવકાશ ન મળે તો એક દિવસ તો જરૂર બોલાવવા કારણ કે એક ક્ષણ પણ અતિ દુર્લભ છે. ૧૦ આ પ્રમાણે મહા વિનયથી લોકોને આમંત્રણ કરવું અને જે આવે તેમને ઉતરવા માટે નિવાસ સ્થાન તૈયાર રાખવાં. ૧૧ કથાનું સ્થળ તિર્થમાં રાખવું. જો સર્વ જાતની સગવડ હોય અને સ્થળ વિશાળ હોય તો ઘરમા તૈયારી કરવી. ઘરમા જે સર સામાન હોય તે સર્વ એક ખુણામા રાખી ઘરને વાળી ઝાડી સ્વચ્છ કરીને લિંપવું. ૧૩ ઓછામાં ઓછા પાંચ હાથ લાંબા કેળના થાભલાથી શોભાયમાન ઉંચો કથામ ડપ બનાવવો.૧૪ કેળના થાંભલાને ફળ પુષ્પ અને પાદડાથી સુશોભિત કરવા તથા ચારે બાજુએ ચ દરવા બાંધી તેની ઉપર ધ્વજા પતાકા ચઢાવીને, સર્વ પ્રકારની શોભા કરવી. ૧૫ સવિસ્તર સાત લોક જેવી બેઠકો બનાવી તેમા વિરક્ત ને બ્રાહ્મણોને બોલાવી બેસાડવા. પ્રથમ સર્વને માટે આસન નાખવા પછી વક્તાને માટે સુશોભિત આસન બિછાવવું. ૧૭ જો વક્તા ઉત્તર તરફ મુખ કરી બેસે તો શ્રોતાઓએ પૂર્વાભિમુખે બેસવું અને જો વક્તા પુર્વાભિ મુખે બેસે તો શ્રોતાએ ઉત્તરાભિમુખે બેસવું. ૧૮ પૂજ્ય અને પૂજકની વચમા પૂર્વ દિશા રહેવી જોઇએ કારણ કે શ્રોતાઓ માટે દેશ કાળ આદિને જાણનાર લોકોએ શાસ્ત્રમાં આવો નિયમ કહેલો છે. ૧૯ વક્તા એવો જોઇએ કે જે વિરક્ત વૈષ્ણવ વેદ અને શાસ્ત્રમા નિપુણ ધીર કેવળ નિસ્પૃહ અને જાતે બ્રાહ્મણ હોય. જે લોક અનેક પ્રકારના ધર્મથી ભ્રમિત થઇ ગયેલા હોય જે પરતંત્ર અને પાખ ડી હોય તે ચાહે તેવા પંડિત હોય તોપણ તેમને શ્રીમદ્ ભાગવતની કથા કહેવાને બેસાડવા નહિ. ૨૧ વક્તાની પાસે તેને સહાયતા માટે એક તેવોજ બીજો પંડિત બેસાડવો કે જે સ શય કાપી લોકોને સમજાવવામાં મહા વિચક્ષણ હોય. વક્તાએ એમ કરવું જોઇએ કે વ્રત ધારણ કરતા પહેલાં ક્ષૌર કરાવવું અને સદા અરૂણોદય વખતે શૌચ અને સ્નાન આદિ કાર્યથી પરવારવું. ૨૩ સંધ્યા આહ્નિક નિત્યકર્મ પણ સંક્ષેપથી કરી વિઘ્ન નિવૃત્તિ અર્થે પહેલા ગણપતિનું પૂજન કરવું. ૨૪ પૂર્વજોને તૃપ્ત કરી શરીર શુદ્ધિ માટે પ્રાયશ્ચિત કરવું. મંડળ બનાવી ભગવાનની મૂર્ત્તિ તેમા સ્થાપન કરવી ૨૫ શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરી પ્રદક્ષિણા અને નમસ્કાર કર્યા પછી પૂજાની સમાપ્તિમા સ્તુતિ કરવી. હે કરૂણાનિધિ! સંસાર સાગરમાં ડુબેલા કર્મજનિત અજ્ઞાનથી અંધ એવા મારો ઉપર દયા કરી મારો ઉદ્ધાર કરો. ધૂપ દીપ સહિત પ્રીતિથી વિધિ પૂર્વક પૂજા કરી શ્રીફળ હાથમા લઇ પ્રસન્ન ચિત્તે સ્તુતિ કરવી કે, હે નાથ! આ શ્રીમદ્ ભાગવત આપનુંજ સ્વરૂપ છે, આ સાક્ષાત શ્રીકૃષ્ણની મૂર્તિ છે, મેં આ સ સાર સાગરમાથી પાર ઉતરવા આપ રૂપ શ્રીમદ્ ભાગવતનું શરણ લીધેલું છે. આપ મારા મનોરથ સર્વ પ્રકારે સફળ કરો. હે કેશવ! હું આપનો દાસ છું તે મારો મનોરથ નિર્વિઘ્ને પાર પાડો ૩૧ આ પ્રમાણે દીન વચને વક્તાનું પૂજન કરવું. પછી વસ્ત્રાભૂષણથી ભૂષિત કરી પૂજાના અંતમાં સ્તુતિ કરવી કે, ૩૨ હે શુકરૂપ પ્રબોધના જાણ,

હે સર્વ શાસ્ત્ર વિશારદ ! આ કથાને પ્રકાશ કરી મારા અજ્ઞાનનો નાશ કરો. ૩૩ પછી કલ્યાણાર્થે તેની સામે ખુશીથી નિયમ ધારણ કરવો, એ નિયમ સાત દિવસ માટે લેવો. ૩૪ કથામાં વિઘ્ન ન આવે તે માટે પાંચ બ્રાહ્મણોને વરૂણીમાં વરાવવા અને તેઓ પાસે દ્વાદશાક્ષર મંત્રનો જપ કરાવવો. ૩૫ બ્રાહ્મણ વૈષ્ણવ અને બીજા જે કીર્તન કરનાર હોય તેમને નમસ્કાર કરી પૂજા કર્યા પછી આજ્ઞા લઈ આસન ઉપર બેસવું. ૩૬ જે મનુષ્ય સાત દિવસ પર્યંત લોક ધન દ્રવ્ય ઘર અને પુત્રાદિની ચિંતાનો ત્યાગ કરી શુદ્ધ મનથી એક ચિત્તે કથા શ્રવણ કરે છે તેને ઉત્તમ ફળ મળે છે. ૩૭ બુદ્ધિમાન વક્તાએ સૂર્યોદયથી કથાનો પ્રારંભ કરી ધીરા કંઠથી સાડા ત્રણ પહોર સુધી કથા કરવી તેમાં મધ્યાન્હે બે ઘડી વિરામ કરવો. કથાના વિરામ વખતે વૈષ્ણવ લોકોએ કીર્તન કરવાં. જે પુરૂષ કથાથીજ પ્રયોજન રાખે છે તેણે મળ મૂત્રના જય માટે હવિષ્યાન્નનુ ભોજન કરવું. ૪૦ જો શક્તિ હોય તો સાત દિવસ ઉપવાસ કરવો અને જો ઉપવાસનુ સામર્થ્ય ન હોય તો ઘી વા દૂધ પી કથા સાભળવી. ફળાહાર કે એક વખત ભોજન કરી કથા સાંભળતાં વિઘ્ન ન આવે ને સુખથી સંભળાય એવી યોજના કરવી. ૪૨ જો ઉપવાસ કરવાથી કથા શ્રવણમાં વિઘ્ન આવતું હોય તો ઉપવાસ કરતાં ભોજન કરવું એ ઉત્તમછે

હે નારદ ! હવે સપ્તાહ શ્રવણ કરનારના નિયમ કહું તે સાંભળો. જેને વિષ્ણુની દિક્ષા ન હોય તેને કથા સાંભળવાનો અધિકાર નથી. ૪૪ કથા ચાલે ત્યા સુધી બ્રહ્મચર્ય પાળવું, પૃથ્વી ઉપર શયન કરવું અને પત્રાવલીમાં ભોજન કરવુ ૪૫ ચોળા, મધ, મઠ, તેલ, ભારે અનાજ, અને દુષ્ટ થયેલા પદાર્થોનો ત્યાગ કરવો ૪૬ કામ, ક્રોધ, મદ, માન, મત્સર, લોભ. દંભ, મોહ અને દ્વેષ ત્યાગ કરવો ૪૭ વેદ, વૈષ્ણવ, બ્રાહ્મણ, ગુરૂ, ગાય, સ્ત્રી, રાજા, અને મહા પુરૂષની નિંદા કરવી નહિ. ૪૮ રજસ્વલા, ચંડાળ, મ્લેચ્છ, પતિત, સંસ્કાર રહિત, બ્રહ્મદ્વેષી, અને વેદ બાહ્ય માણસની સાથે બોલવું નહિ. ૪૯ સત્ય, પવિત્રતા, દયા, મૌન. સરળતા અને વિનય રાખવો. ૫૦ દરિદ્રી, રોગી, મંદભાગી, પાપકર્મી, વાઝીઆ અને મુમુક્ષુએ અવશ્ય કથા શ્રવણ કરવી. ૫૧ જેને સ્ત્રી ધર્મ પ્રાપ્ત થતો ન હોય, જે વંઝા કે કાકવંઝા હોય અને જેને સંતાન થઇને મરી જતાં હોય એવી સ્ત્રીઓએ તો આ સપ્તાહ જરૂર સાંભળવી. અધિકારીઓએ વિધિ પૂર્વક કથા સાંભળવી કે જેથી અક્ષય ફળ મળે છે. આ કથા અતિ ઉત્તમ, દિવ્ય અને હજારો યજ્ઞનું ફળ આપે છે. ૫૩ આ પ્રમાણે નિયમ ધારણ કરી કથા શ્રવણ કર્યા પછી ઉદ્યાપન કરવું. ઉદ્યાપનનો વિધિ જન્માષ્ટમીના વ્રતના ઉદ્યાપન જેવો છે વ્રતનુ યથાર્થ ફળ ઉદ્યાપન કરવાથી મળે છે. ૫૪ જે નિષ્કંચન ભગવદ્ ભક્ત હોય તેને માટે ઉદ્યાપનની વિશેષ આવશ્યક્તા નથી કારણ કે, જે નિષ્કામ છે તે માત્ર કથા શ્રવણ કરવાથીજ પાવન થાય છે. ૫૫ આ પ્રમાણે સપ્તાહ યજ્ઞની સમાપ્તિ થઇ જાય ત્યારે શ્રોતાઓએ ભક્તિથી વ્યાસનું તથા પુસ્તકનું પૂજન કરવું ૫૬ શ્રોતાઓને પ્રસાદ, તુળસી અને માળાઓ આપવી, મૃદંગ અને તાલ આદિક વાજાંઓની સાથે કીર્તન કરવાં. ૫૭ જય શબ્દ, નમઃ શબ્દ, અને શંખના શબ્દ કરાવવા. બ્રાહ્મણો અને યાચકોને ધન તથા અન્ન આપવુ . ૫૮ જો શ્રોતા વિરક્ત હોય તો બીજે દિવસ ગીતા વાચવી. જો શ્રોતા ગૃહસ્થ હોય તો કર્મની શાન્તિ માટે હોમ કરવો. ૫૯ હોમ કરનારે દશમ સ્કંધનો એક એક શ્લોક બોલી વિધિ પૂર્વક દૂધ, મધ, ઘી, તલ અને અન્નાદિકનો હોમ કરવો. ૬૦ એકાગ્ર ચિત્તે ગાયત્રી મંત્રથી હોમ કરવો કારણ કે, ગાયત્રી મંત્ર પરમ તત્વ રૂપ હોઇ, શ્રીમદ્ ભાગવત ગાયત્રી મંત્ર રૂપ છે. ૬૧ જો હોમ કરવાની

શક્તિ ન હોય તો દોષના પરિહાર માટે હોમના પદાર્થો આપવા. ૬૨ ન્યૂનાધિક દોષની શાન્તિ માટે વિષ્ણુ સહસ્ર નામનો પાઠ કરાવવો કારણ કે, તેના પાઠથી સર્વ સફળ થાય છે, એથી બીજું એકે સાધન નથી. ૬૩ વ્રતની સંપૂર્ણ સિદ્ધિ માટે બાર બ્રાહ્મણોને દૂધપાકનું ભોજન કરાવવું અને સુવર્ણ તથા ગાયનું દાન દેવું. ૬૪ જો શક્તિ હોય તો બાર મહોર સુવર્ણનું સિંહાસન કરાવી તે ઉપર સુંદર અક્ષરથી લખેલા શ્રીમદ્ ભાગવતના પુસ્તકને મૂકવું. ૬૫ પછી આવાહન આદિ ઉપચારોથી પૂજા કરી ભેટ ધરી વસ્ત્રાભૂષણ અને ગંધ આદિથી સ્થિર ચિત્ત આચાર્યનું પૂજન કરવું અને પછી વક્તાને દાનમાં આપવું. શ્રીમદ્ ભાગવતનું દાન કરનાર સંસારના બંધનથી મુક્ત થાય છે. જો આ વિધિ કરવામાં આવે તો સર્વ પાપ નિવૃત્ત થાય છે. વિધિ પૂર્વક શ્રવણ કરવાથી શ્રીમદ્ ભાગવત નામનું પુરાણ ઉત્તમ ફળ આપે છે અને ધર્મ અર્થ કામ તથા મોક્ષ સિદ્ધ થાયછે

સનત્કુમારો કહે છે કે–હે નારદ! આ પ્રમાણે સર્વ વિધિ તમને કહ્યો, હવે શું શ્રવણ કરવાની ઇચ્છા છે? શ્રીમદ્ ભાગવત સાંભળવાથી ભોગ અને મોક્ષ બેઉ પ્રાપ્ત થાય છે.

સુત કહે છે કે–એ મહાત્માઓએ ભોગ અને મોક્ષ આપનારી તથા સર્વ પાપ હરનારી શ્રીમદ્ ભાગવતની કથા કહી. ૭૦ સર્વ પ્રાણી માત્રે શાન્ત ચિત્તથી સપ્તાહ શ્રવણ કર્યા પછી યથાવિધિ પુરૂષોત્તમ ભગવાનની સ્તુતિ કરવી. એ સમય જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિ એ ત્રણે પરમાનંદ પામ્યા અને પ્રિય લાગે એવી તરૂણાવસ્થા તેમને પ્રાપ્ત થઇ પોતાનો મનોરથ સફળ થવાથી નારદજી કૃતાર્થ થયા તેમ પરમાનંદ પ્રાપ્ત થવાથી મુનિના સર્વાંગ પુલકિત થયા. આ પ્રકારે કથા શ્રવણ કરી નારદજી પરમ પ્રસન્ન થયા અને હાથ જોડી પ્રેમથી તેમને આમ કહેવા લાગ્યા. ૭૪

નારદજી કહે છે કે–આપ દયાળુ મહાત્માઓએ મારા ઉપર બહુ કૃપા કરી. આપની કૃપાથી હું આજ ધન્ય છું. આજ સર્વ પાપને હરનાર શ્રી હરિ મને મળ્યા. ૭૫ હે તપોધનો! કથા શ્રવણને સર્વ ધર્મ કરતાં હું ઉત્તમ માનું છું કારણ કે, એના શ્રવણથી શ્રીકૃષ્ણ ભગવાન મળે છે. ૭૬

સૂત કહે છે કે–વૈષ્ણવોમા ઉત્તમ નારદજી આ પ્રમાણે કહેતા હતા એટલામાં ફરતા ફરતા યોગી જનોના ઇશ્વર એવા શ્રી શુકદેવજી ત્યા પધાર્યા. ૭૭ સોળ વર્ષની જેમની અવસ્થા છે, જ્ઞાન સાગરની વૃદ્ધિને ઉભરાવનાર જે ચંદ્રમા રૂપ છે અને જે નિજ લાભથી સદા પૂર્ણ છે તે વ્યાસના પુત્ર પ્રીતિથી ધીમા ધીમા શ્રીમદ્ ભાગવતનો પાઠ કરતા કરતા કથાના અંતમા ત્યા પધાર્યા. અત્યુત્તમ તેજવાળા શુકદેવજીને જોઇ સર્વ સભાસદો ઉભા થયા અને પ્રીતિ પૂર્વક તેમને આસન આપ્યું. નારદજીએ ભક્તિથી પૂજન કર્યું ત્યાર પછી સુખ પૂર્વક બેસી તેમણે કહ્યું કે, જે હુ નિર્મળ વાણી કહું તે શ્રવણ કરો. હે રસિક ભાવવાળા ભક્તજનો! શુકના મુખથી પૃથ્વીમાં પડેલ વેદરૂપી કલ્પ વૃક્ષના ફળ રૂપી ભાગવત કે જે અમૃત રસથી ભરેલું છે, તે વિદેહ મુક્તિ થતા સુધી વારંવાર શ્રવણ કરવું. ૮૦ પુરાણોમા તિલક રૂપ, શ્રીમદ્ ભાગવત વૈષ્ણવોનું ધન છે, જેમાં પરમહંસત્વ દેનાર જ્ઞાનનું નિરૂપણ કરવામાં આવેલું છે, તથા જેમા જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિ સહિત નિષ્કામ કર્મ કરવાનું કહેલું છે. ભક્તિ પૂર્વક શ્રવણ કરનાર તથા પાઠ કરનાર પુરૂષ મુક્ત થઈ જાય છે. ૮૧ શ્રીમન્નારાયણે નિર્માણ કરેલા આ ભાગવત પુરાણમાં મત્સરતા રહિત સત્પુરૂષોના ફલાભિસંધાનરહિત ઉત્તમ ધર્મ નિરૂપણ કરવામાં આવેલો છે. આ શાસ્ત્રમાં વસ્તુભૂત વસ્તુ પરબ્રહ્મ એજ વેદ્ય પદાર્થ છે, તેના શ્રવણથી અધ્યાત્મ,

અધિભૂત અને અધિદૈવ એ ત્રણે તાપ શાંત થાય છે. શ્રીમદ્ ભાગવત શ્રવણ કરવાથી જેટલી ત્વરાથી ભગવાન પ્રાપ્ત થાય છે તેટલા બીજાં શાસ્ત્રથી પ્રાપ્ત થતા નથી. ભગવત પ્રાપ્તિ થવીએ તો શ્રીમદ્ ભાગવતના શ્રવણથી થાય છે પરંતુ શ્રવણની ઇચ્છા પુણ્ય વિના થતી નથી. ૮૨ સ્વર્ગ, સત્યલોક, કૈલાસ, કે વૈકુંઠમાં પણ આ રસ નથી માટે ભાવથી આ ભાગવતના રસનું પાન કરવું.

સૂતજી કહે છે કે–શુકદેવજી આ પ્રમાણે કહેતા હતા તેટલામા પ્રલ્હાદ બલિ, ઉદ્ધવ અને અર્જુન આદિ ભકતો સહ ભગવાન ત્યા પ્રકટ થયા. નારદજીએ તેમની સઉની પૂજા કરી મોટા આસન ઉપર પ્રસન્નતાથી વિરાજમાન થએલા ભગવાનનાં દર્શન કરી વૈષ્ણવો કીર્તન કરવા લાગ્યા, કીર્તનનો નાદ સાંભળીને બ્રહ્મા અને ભવાનીને લઇ મહાદેવજી ત્યાં પધાર્યા. ૮૫ ત્યાં કીર્તન કરતી વખતે પ્રલ્હાદ તાળ બજાવતા હતા, ઉદ્ધવે મંજીરા લીધા હતા, નારદ વીણા વગાડતા હતા, સ્વર વિદ્યામાં કુશળ હોવાથી અર્જુન આલાપ કરતા હતા, ઇંદ્ર મૃદંગ બજાવતા હતા, સનત્કુમાર જય જયકાર કરી રહ્યા હતા અને રસની રચનાથી શ્રી શુકદેવજી અગ્રગણ્ય થઇ ભકિતભાવ બતાવતા હતા. ૮૬ ભક્તિ જ્ઞાન અને વૈરાગ્ય એ ત્રણે નટની પેઠે નૃત્ય કરતાં હતાં. આ અલૌકિક કીર્તન સાંભળી ભગવાન પ્રસન્ન થઇ બોલ્યા કે, હે વૈષ્ણવો ! તમે મારી પાસે વરદાન માગો, હું તમારી કથા અને તમારા કીર્તનથી પ્રસન્ન થયો છું. ભગવાનનાં વચન સાભળી ભકિતથી ભરપૂર ચિત્તવાળા વૈષ્ણવોએ કહ્યું કે જ્યાં સપ્તાહ કથા થાય ત્યાં આપ આપના સર્વ ભકતો સહિત પ્રયત્નથી અવશ્ય પધાર્યા કરો અમારો એ મનોરથ પૂર્ણ થવો જોઇએ. ભગવાન “ તથાસ્તુ ” કહીને અંતર્ધ્યાન થઇ ગયા. પછી નારદજીએ શુક આદિ યોગીશ્વરો તથા તપસ્વીઓનાં ચરણોમાં પ્રણામ કર્યા. સર્વ લોક કથામૃત પીવાથી મોહ રહિત અને પ્રસન્ન ચિત્ત થઇ પોત પોતાને સ્થાને ગયા. ૯૦ તે વખતે શ્રી શુકદેવજીએ પોતાના શાસ્ત્રમાં પુત્રોની સાથે નિર્ગુણ ભકિતની સ્થાપના કરી, એથી વૈષ્ણવો શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કરે છે. જે લોક દારિદ્રય અને દુઃખના તાપથી તપી રહેલા હોય માયારૂપી પિશાચ જેને મરડી રહ્યો હોય જે ભવસાગરમાં પડેલા હોય તેમના કલ્યાણાર્થે આ શ્રીમદ્ ભાગવત હંમેશ ગર્જના કરે છે ૯૨

શૌનક કહે છે કે–આ શ્રીમદ્ ભાગવત શુકદેવજીએ રાજા પરીક્ષિતને કયારે સંભળાવ્યું હતું ? ગોકર્ણે કયારે કહ્યું ? અને સનત્કુમારોએ નારદજીને કયારે કહ્યું એ મારો સંદેહ દૂર કરો ૯૩

સૂત કહે છે કે–શ્રીકૃષ્ણ ભગવાનના વૈકુંઠ પધાર્યા પછી કળિયુગનાં ત્રીસ વર્ષ ગયાં ત્યારે ભાદરવા મહિનાના શુકલ પક્ષમાં નવમીને દિવસે શુકદેવજીએ કથાનો આરંભ કર્યો હતો. ૯૪ પરીક્ષિત રાજાએ કથા સાંભળી તે પછી કળિયુગના બસેં વર્ષ ગયાં ત્યારે આષાઢ માસની નવમીને દિવસે ગોકર્ણે કથા કરી. ગોકર્ણે કથા કર્યાને ત્રીસ વર્ષ થયાં ત્યારે કાર્તિક માસની શુકલ નવમીને દિવસે સનત્કુમારોએ કથાનો પ્રારંભ કર્યો. ૯૬ હે અનઘ! તમે પૂછ્યું હતું કે કળિયુગમાં સંસારનું દુઃખ ટાળનારો કયો ઉપાય છે તે સર્વ મેં કહ્યુ. કળિયુગમાં શ્રીમદ્ ભાગવતની કથાજ શ્રેષ્ઠ છે. ૯૭ હે સત્પુરૂષો! જો તમે તમારૂં કલ્યાણ ઇચ્છતા હો તો, આ શ્રીમદ્ ભાગવતની કથા કે જે સકળ પાપને નાશ કરનારી, મુક્તિનું કારણ અને ભકિતનો વિકાશ કરાવનારી છે તેનું નિરંતર શ્રવણ કરવું. આ જગતમાં લોક સંબંધી ચિંતન અને તેઓના સેવનથી શું વળવાનું છે? હાથમાં પાસવાળા પોતાના દૂતને જોઇ યમરાજ તેના કાનમાં

કહે છે કે હે દૂત! જે ભાગવતની કથા સાંભળનાર હોય તેનાથી દૂર રહેજે કારણ કે, હું બીજા લોકોનો પ્રભુ છું વૈષ્ણવોનો નથી. વૈષ્ણવોના પ્રભુ તો શ્રીકૃષ્ણ છે. ૯૯ હે વિષયરૂપ વિષના સંગથી વ્યાકુળ બુદ્ધિવાળા જનો ! આ અસાર સંસારમાં મોક્ષને માટે ઓછામાં ઓછી અર્ધ ઘડી પણ ભાગવત રૂપી અમૃતનું પાન કરો. હે મનુષ્યો ! કુત્સિત વાર્ત્તાલાપવાળા કુમાર્ગમાં તમે વ્યર્થ શા માટે ભમો છો? ભાગવત શ્રવણથી પરીક્ષિતને મુકિત મળી તે પ્રત્યક્ષ છે. ૧૦૦ રમના પ્રવાહની વચ્ચે વિરાજમાન શુકદેવજીએ કહેલી કથાને જે મનુષ્ય પાઠ કરે છે તે ભગવદ્ રૂપ થઇ જાય છે. ૧૦૧ શાસ્ત્ર સમૂહને જોઇ આ પ્રકારે પરમ શુદ્ધ અને સર્વ સિદ્ધાન્તોથી સિદ્ધ જે સત્ય છે તે મેં તમને કહ્યું. જગતમાં શ્રીમદ્ ભાગવતની કથાથી ઉત્તમ બીજું કંઇ નથી માટે પરમ સુખ પામવા માટે તમે બાર સ્કંધે યુકત ભાગવતનું શ્રવણ કરો. જે મનુષ્ય આ કથાને ભકિત પૂર્વક જિતેન્દ્રિય રહી શ્રવણ કરે છે અથવા શુદ્ધ વૈષ્ણવને સંભળાવે છે તે બે ઉત્તમ વિધિ કરવાના કારણથી યથાર્થ ફળ પામે છે અને તેમને ત્રણે લોકમાં કંઇ અસાધ્ય રહેતુ નથી. ૧૦૩

एतां यो नियततया शृणोति भक्त्या
यश्चैनां कथयति शुद्ध वैष्णवाग्रे ।
तौ सम्यग्विधिकरणात्फलं लभेते
याथार्थ्यान्नहि भुवने किमप्यसाध्यम् ॥ १०३॥

इतिश्रीपद्मपुराणेउत्तरखंडेश्रीभागवत
माहात्म्ये षष्ठमोऽध्यायः

श्रीमद्वेदव्यासविरचित

श्रीमद्भागवत

भाषान्तर.

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર.



પરીક્ષિત શમીકના ગળામાં સર્પ નાખે છે

By Lakshmi Art

अथ

श्रीमद्भागवतभाषान्तर

प्रथमस्कंध.

અધ્યાય ૧ લો.*

નૈમિષેયોપાખ્યાન.

મંગળાચરણ ×

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्
तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः ॥
तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गो मृषा
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥१॥

જેનાથી જગતની ઉત્પત્તિ સ્થિતિ ને લય થાય છે, ઘટમાં મૃતિકાની માફક અને કુંડળાદિમાં સુવર્ણની માફક કાર્ય રૂપી પ્રપંચમાં જે કારણ રૂપે વ્યાપ્ત હોવા છતાં મિથ્યા કાર્યથી ભિન્ન છે, જે સર્વ શક્તિ, સ્વયંપ્રકાશ અને જ્ઞાન સ્વરૂપ છે, વેદનું જે રહસ્ય વિદ્વાનો પણ જાણી શકતા નથી તે રહસ્ય જેણે આદિ કવિ(બ્રહ્મા)ને અંતર્યામીપણે અંતરમાં ઉતાર્યું હતું એવા, મૃગજળ અસત્ય હોવા છતાં કિરણ ઝાળથી જેમ સત્ય ભાસે છે, સ્થિર જળમાં જેમ કાચની અને કાચમાં જેમ જળની ખોટી ભ્રાંતિ થવા છતાં તે તે કારણોથી તે સત્ય લાગે છે તેમ સર્વના અધિષ્ઠાન રૂપ બ્રહ્મમાં ત્રણ ગુણોના કાર્ય રૂપ ભૂત સૃષ્ટિ, ઇંદ્રિય સૃષ્ટિ અને દેવ સૃષ્ટિ કલ્પિત હોવા છતાં પણ સત્ય જેવી લાગે છે એવા, જેણે પોતાની જ્ઞાન સ્વરૂપતાથી માયાનો નાશ કરેલો છે તથા જે ત્રણે કાળમાં એકજ સ્વરૂપે વિદ્યમાન રહે છે એવા પરબ્રહ્મનું અમે ધ્યાન ધરીએ છીએ. પ્રથમ જેને મહા મુનિ નારાયણે સંક્ષેપમાં બનાવ્યું હતું અને પાછળથી ભગવાન વેદ

---

* આ પહેલા અધ્યાયમાં અધિકારી, વિષય પ્રયોજન અને સંબંધ એ અનુબંધ ચતુષ્ટય કહ્યા પછી કથાના આમુખ રૂપે શૌનકે સૂતપૌરાણિકને છ પ્રશ્નો કરેલા આવે છે.

× પહેલા ત્રણ શ્લોકથી મંગળાચરણ કરવામાં આવ્યું છે ગાયત્રી મંત્રના અર્થ સાથે જેનો આરંભ થાય જેમાં વૃત્રાસુરના વધની કથા હોય જેમાં બાર સ્કંધ અને અઢાર હજાર શ્લોક હોય તે ભાગવત કહેવાય છે. આમાં બાદરાયણકૃત વેદાંત સૂત્રના બીજા સૂત્રથી પહેલા શ્લોકનો આરંભ કરેલો છે અને ગાયત્રી મંત્રના છેલ્લા ચરણથી શ્લોક પૂરો કરી નિર્ગુણ બ્રહ્મના ધ્યાનથી મંગળ કરેલું છે. આ શ્રીમદ્ ભાગવતમાં બ્રહ્મ વિદ્યા દર્શાવેલી છે એટલું જ નહિ પરંતુ ભક્તિનું સર્વત્ર પ્રતિપાદન કરેલું હોવાથી તે વેદ અને સર્વ શાસ્ત્રોના દોહન રૂપ બનેલું છે એટલે બીજા બધાં પુરાણોમાં આની શ્રેષ્ઠતા છે.

વ્યાસે જેનો વિસ્તાર કરેલો છે એવું તથા જેમાં ભૂતદયા ધરનાર ને નિર્મત્સર પુરૂષોને માટે સર્વોત્તમ એવો ઈશ્વરની ભકિત કરવાનો ધર્મ નિરૂપણ કરેલો છે તેમજ જેમાં જગત માયા અને જીવાત્માના ભાવ રહિત પરમાત્માનું સત્ય સ્વરૂપ દર્શાવેલું છે એવું આ શ્રીમદ્ ભાગવત ભકિત પરાયણ માણસોના અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ એ ત્રણ તાપને નિવૃત્ત કરનારૂં મહા પુરાણ છે. કર્મ અને ઉપાસનાદિનું નિરૂપણ કરનારાં બીજાં પુસ્તકોથી હૃદયમાં આત્માની પ્રતીતિ થતા જ્યારે વાર લાગે છે ત્યારે આ શ્રીમદ્ ભાગવત તો વાંચતાં અને સાંભળતા વાંતજ હૃદયમાં આત્માની પ્રતીતિ કરાવી દે છે. વેદ રૂપી કલ્પવૃક્ષના ફળ જેવું આ શ્રીમદ્ ભાગવત પ્રથમ વૈકુંઠમાં હતું. નારદ મુનિએ ત્યાંથી લાવી તે મને આપ્યું હતું અને મેં તે શુકદેવજીને આપ્યું હતું. શુકના મુખથી ઓટાયલું ફળ જેમ સુમધુર હોય છે તેમ આ શ્રીમદ્ ભાગવત પણ શુકદેવજીના મુખથી કહેવાએલુ હોવાને લીધે અત્યંત મધુર બનેલું છે, તેથી કરીને હે ભક્તિ રસિકજનો! જ્યા સુધી તમારો મોક્ષ થાય નહિ ત્યાં સુધી આનું નિરંતર પાન કર્યા કરો. ૩

શૌનકના છ પ્રશ્નો.

એકવાર નૈમિષારણ્યમા* સ્વર્ગ મેળવવાને માટે હજાર વર્ષ સુધી ચાલે એવો યજ્ઞ કરવાને શૌનકાદિક ઋષિઓ એકઠા થએલા હતા એવામાં એક દિવસ સવારના સૂત પૌરાણિક ત્યાં ગયા અને તેઓ સત્કાર પૂર્વક આસન ઉપર બેઠા તે પછી નિત્ય નૈમિત્તિક હોમથી પરવારેલા મુનિ મંડળે તેમને પૂછયું કે, હે નિષ્પાપ સૂત! મહા ભારત, ઈતિહાસ પુરાણો અને ધર્મ શાસ્ત્રો તમે ભણ્યાછો એટલુંજ નહિ પરંતુ તેનાં વારંવાર વ્યાખાનો પણ કરો છો. વળી ભગવાન વ્યાસ અને આત્મ જ્ઞાની ઋષિ મુનિઓની કૃપાથી તેનાં રહસ્યો પણ જાણો છો તેથી હે આયુષ્યમાન! અમે તમને નીચે પ્રમાણે કેટલાક પ્રશ્ન પૂછી તેનું સત્ય રહસ્ય સાંભળવા ઈચ્છીએ છીએ. હે સૂત! ઇતિહાસ, પુરાણ અને ધર્મ શાસ્રોમાંથી જે શ્રેય સાધન તમને સારામાં સારૂં જણાયું હોય તે તમે અમને કહો. આ કળિયુગમાં મનુષ્યો અલ્પ આયુષ્યનાજ નહિ પરંતુ આળસુ મંદમતિ ઓછા ભાગ્યવાળા અને વ્યાધિ ગ્રસ્ત થયા છે. હે સાધો! જેમા ઘણાં કર્મ બતાવેલાં છે એવાં જુદા જુદા મતનાં ઘણાં શાસ્ત્રો છે માટે તે સર્વમાથી આપે જે સાર રૂપ સત્ય વસ્તુને શોધી કાઢી હોય તે જિજ્ઞાસુ એવા અમોને તમે સંભળાવો કે જેથી અમારી બુદ્ધિ પણ નિર્મળ થાય. હે સૂત! વસુદેવ અને દેવકીજીથી ભકતોના પાલક એવા ભગવાન જન્મ્યા હતા તે કથા આપ સારી રીતે જાણુતા હોવાથી ભકિત અને સેવા કરવાની ઇચ્છાવાળા અમને સવિસ્તર તમો કહી સંભળાવો.

કૃષ્ણાવતારની પવિત્ર કથાઓ અમને સંભળાવો કારણ કે ભગવાનનો અવતાર પ્રાણીઓના પાલન તથા વધારા માટે થાય છે. જન્મ મરણને વશ એવા પ્રાણીઓ જો શ્રી ભગવાનના અવતારનું કીર્તન કરે તો દુઃખદાયી એવા જન્મ મરણના ફેરામાંથી પણ બચી જાય છે. અવિદ્યાનું અજ્ઞાન અને અજ્ઞા-

* એકવાર મોટા મોટા ઋષિઓએ એકઠા થઈ બ્રહ્માને પૂછયું કે જે અત્યત પવિત્ર સ્થળ હોય તે અમને બતાવો કે જેથી ત્યા જઈ અમે તપ હોમ વગેરે ધર્મ ક્રિયાઓ કરીએ પછી બ્રહ્માએ એક મનોમય ચક્ર બનાવી તેને ગતિમા મૂકયુ અને ઋષિઓને કહ્યુ કે 'આ ચક્રની પાછળ પાછળ જાઓ જે પ્રદેશમા મનોમય ચક્ર અટકે તે પ્રદેશને અતિ પવિત્ર જાણજો અને ત્યા તમો જપ તપ અને યજ્ઞાદિ જે ધર્મ ક્રિયાઓ કરવી હોય તે કરજો' ઋષિઓ તે ચક્રની પાછળ ગયા તે જ્યા અટકયુ ત્યા રહીને યજ્ઞાદિ કાર્ય કરવા લાગ્યા એ પુણ્ય ક્ષેત્ર કહેવાયુ અને ઋષિઓ પછી જ્યારે કઇ પુણ્ય કામ કરવુ હોય ત્યારે ત્યાજ એકઠા થવા માંડયા તેથી નૈમિષારણ્ય એવુ તે સ્થળનુ નામ પડયુ.

નનો ભય પરમાત્માના કીર્તનથી જતો રહેછે. ગંગાજળ તો ઘણો વખત સેવ્યું હોય તોજ પવિત્ર કરે છે પરંતુ ભક્તિ પરાયણ અને ક્ષમા વૃત્તિવાળા મુનિઓના ચરણની સેવા તો તત્કાળ પવિત્ર કરેછે ત્યારે એવો કોણ હોય કે જે કળિયુગના દોષને દૂર કરનારા શ્રીકૃષ્ણ ભગવાનનાં યશોગાનને ન સાંભળે? નારદ જેવા દેવર્ષિઓ અને બ્રહ્મર્ષિઓએ પણ અવતારથી બ્રહ્મા અને રૂદ્રની મૂર્તિઓને ધારણ કરનાર ભગવાનના અવતારોનાં યશોગાન અને કીર્તનો કરેલાં છે માટે હે સૂત! અમને તે સંભળાવો. જે પોતાની માયાથી ઇચ્છા પ્રમાણે બ્રહ્માદિકની મૂર્તિને ધારણ કરે છે એવા ભગવાન વિષ્ણુના પવિત્ર અવતારોની કથાઓ અમને તમે કહો ઉજવળ કીર્તિવાળા ભગવાનનાં પરાક્રમોની કથાઓ સાંભળતા અમે તૃપ્ત થતા નથી અને જેમ જેમ સાંભળતા જઇએ છીએ તેમ તેમ વધારે અને વધારે સાંભળવાની ઇચ્છા થતી જાય છે માયાવડે મનુષ્ય અવતાર લઇ ગુપ્ત રહેલા શ્રીકૃષ્ણ ભગવાને વૃંદાવનમા તેમના બંધુની સાથે જે પરાક્રમો અને બાળ લીલાઓ કર્યા હોય તે તમે અમને સંભળાવો. કલિકાળ આવેલો છે તેથી યજ્ઞ કરવાને નિમિત્તે અમે પવિત્ર એવા આ ક્ષેત્રમાં શ્રીકૃષ્ણ ભગવાનના ચરિત્રની કથાઓ સાભળવાને માટેજ એકઠા થયા છીએ. તરવાને મુશ્કેલ એવો મહા સાગર તરવા ઇચ્છનારને કુશળ કર્ણધારનો મેળાપ થાય તેમ વિવેકાદિક સત્વને હરી લેનાર આ કલિકાળને તરવાની ઇચ્છાવાળા અમને દૈવેજ સહાય થઇ તમારો મેળાપ કરાવ્યો છે, માટે ધર્મનું રક્ષણ કરનાર યોગેશ્વર એવા ભગવાન વેદ અને બ્રાહ્મણોના રક્ષક શ્રીકૃષ્ણ હમણાં સ્વધામ ગએલા છે ત્યારે ધર્મ કોને શરણે જઇ રહ્યો છે તે કૃપા કરીને અમને કહો

ब्रूहि योगेश्वरे कृष्णे ब्रह्मण्ये धर्मवर्मणि
स्वां काष्ठामधुनोपेते धर्मः कं शरणं गतः॥
इतिश्रीमद्भागवतेमहापुराणेप्रथमस्कन्धे
प्रथमोऽध्यायः

અધ્યાય ૨ જો.*

શૌનકના છ પ્રશ્નોના ઉત્તર.

व्यास उवाच

इति सप्रश्नसंहृष्टो विप्राणां रौमहर्षणिः
प्रतिपूज्य वचस्तेषां प्रवक्तुमुपचक्रमे ॥

વ્યાસ કહે છે કે-શૌનકના ઉત્તમ પ્રશ્નોથી પ્રસન્ન થયેલા રોમહર્ષણના પુત્ર ઉગ્રશ્રવા સૂતે તેમનાં વચનને માન્ય રાખી નીચે પ્રમાણે કહેવા માંડયું.

સૂત—ઉપનયનના સંસ્કાર માટે આચાર્ય પાસે નહિ ગયેલા અને કર્તવ્ય કર્મ કંઇ જ રહેલા ન હતા એવા શુકદેવજી જ્યારે સંસારનો ત્યાગ કરીને વનમાં ચાલી નીકળ્યા ત્યારે પુત્રના વિયોગથી વ્યાકુળ થઇ વ્યાસે 'હે પુત્ર હે પુત્ર!' એ પ્રમાણે ઉંચા સ્વરથી શુકદેવજીને બોલાવ્યા તેજ સમે મુનિમય વનનાં વૃક્ષોએ ઉત્તર આપ્યો કે, "કોણ કોનો પુત્ર છે? મોહથી ભરેલો આ તો અસાર સંસાર છે" આવો ઉત્તર આપનાર તે સર્વ પ્રાણીઓના અંતરાત્મા રૂપ મુનિને હું પ્રણામ કરૂં છું. ૨ સંસાર રૂપી ગાઢ અજ્ઞાન અંધકારને ઉજાળવાની ઇચ્છાવાળા સંસારી જીવો ઉપર દયા કરી અસાધારણ પ્રતાપવાળું, શ્રુતિઓના સારથી ભરપુર સર્વથી શ્રેષ્ઠ અને આત્મજ્ઞાનને દીવાની પેઠે સાક્ષાત્ પ્રકાશ કરનારૂં તથા પુરાણોમા ઉત્તમ એવું ભાગવત પુરાણ જેમણે રચ્યું છે તે મુનિઓના ગુરૂ શુકદેવજીને હું શરણે જાઉ છું. નારાયણ ભગ-

*શૌનકાદિ મુનિગણોએ પહેલા અધ્યાયમા છ પ્રશ્નો પૂછ્યા હતા, તેમા પહેલો પ્રશ્ન અવિનાશી સત્સાધન શું તે, બીજો સર્વ શાસ્ત્રનો સાર શોધીને કહો તે ત્રીજો શ્રીકૃષ્ણ વસુદેવની સ્ત્રી દેવકીના ગર્ભમા શા માટે અવતર્યા તે, ચોથો તેના સઘળા ચરિત્ર કહો તે પાચમો શ્રીહરિના અવતારોની કથા કહો તે અને છઠ્ઠો તે ઈશ્વર જ્યારે અંતર્ધાન થયા ત્યારે ધર્મ કોને શરણ ગયો તે છે આ છ પ્રશ્નમાના ચાર પ્રશ્નનો ઉત્તર સૂત આ બીજા અધ્યાયમા આપે છે

વાન ને નરમાં ઉત્તમ એવા નર ભગવાનને તથા સરસ્વતીને અને વ્યાસને નમસ્કાર કરીને ગ્રંથનો આરંભ કરીએ છીએ.૪ હે મુનિઓ! લોકનું કલ્યાણ કરનારો પ્રશ્ન તમે મને પૂછયો તેથી મારૂં મન પ્રસન્ન થાય છે. તેજ પુરૂષોનો પરમ ધર્મ છે કે, જે ધર્મવડે અતીન્દ્રિય પરમાત્મામાં ફલાનુસંધાન રહિત (નિશ્ચલ) દૃઢ ભકિત થાય છે તથા તે ભકિતવડે આત્મા પ્રસન્ન થાય છે. ભગવાન વાસુદેવનો ભકિતયોગ વૈરાગ્યને અને શુષ્ક તર્ક કરતા ઉપનિષદના જ્ઞાનને ઉત્પન્ન કરે છે. ૭ સારી રીતે આચરાતો ધર્મ જો પુરૂષોને ભગવાનની કથામાં પ્રેમ ઉપજાવે નહિ તો તેને કેવળ શ્રમ રૂપ જાણવો કારણ કે, મોક્ષને માટે કર વામાં આવતા ફલાનુસંધાન વિનાના નિષ્કામ ધર્મનું ફળ લૌકિક સ્ત્રી, ધન, પુત્ર વગેરે પદાર્થો માટે નથી. ધનાદિકને માટે ધર્માચરણ કરવુ નહિ. તેમ જ ધર્મ એ જ જેનું મુખ્ય કાર્ય છે એવા અર્થનું ફળ ભોગાદિક નથી પણ ધર્માદિ કર્મ કરવા તેજ છે ધનનો ઉપયોગ ઉપભોગમા નહિ પરંતુ દાનાદિકમા કરવો. ૯ ભોગનું ફળ ઇંદ્રિયોને પ્રસન્ન અને તૃપ્ત કરવામાં નથી પરંતુ શરીરનો નિર્વાહ કરવામાં છે જેટલા અન્નથી શરીર ટકી રહે તેટલુંજ અન્ન ખાવું ઇંદ્રિયોને સુખી રાખવા માટે નાના પ્રકારના ભોગો કરવા નહિ તેમજ જીવવાનું ફળ પણ આ જગતમાં કર્મો કરીને મેળવેલા પુષ્પ ચન્દન, વનિતા વગેરે પદાર્થો ભોગવવામાં નથી પરંતુ તત્ત્વજ્ઞાનની જિજ્ઞાસા કરવામાજ રહેલું છે. ૧૦ તત્ત્વને જાણનારાઓ અદ્વય એવા જ્ઞાનને તત્ત્વ કહે છે, ઉપનિષદમા તે બ્રહ્મ કહેવાયછે, ધર્મશાસ્ત્રમાં પરમાત્માના નામથી ઓળખાય છે અને પુરાણમાં ભગવાન કહેવાયછે. વેદાંતશાસ્ત્ર શ્રવણ કરવાથી પ્રાપ્ત થયેલી જ્ઞાન તથા વૈરાગ્યવાળી ભકિતથીજ મુનિઓ આત્મામા તત્વ દેખે છે માટે વર્ણ તથા આશ્રમના વિભાગ પ્રમાણે પુરૂષોથી પળાતા ધર્મનું ફળ ભગવાનને આરાધવા એ જ છે. ૧૩ ભકિત રહિત ધર્મ માત્ર મિથ્યા પરિશ્રમ રૂપ છે. મનને એકાગ્ર કરીને ભગવાનની લીલાની કથાઓ નિરંતર શ્રવણ કરવી, તેમના નામનું કીર્તન કરવું, ધ્યાન ધરવું અને પૂજન કરવું. ૧૪ ધ્યાનરૂપી ખડગથી વિવેકી જનો કર્મની દૃઢતર ગ્રંથિઓને કાપી નાંખે છે તો પછી ભગવાનની કથામાં કોણ પ્રેમ કરે નહિ? ૧૫ હે બ્રાહ્મણો! પવિત્ર તિર્થોના સેવનથી તથા મહાત્મા જનની સેવા કરવાથી મનુષ્યને ભગવાનની કથા ઉપર શ્રદ્ધા થાય છે, પછી શ્રવણની ઇચ્છા થાય છે તે પછી જેના નામનું શ્રવણ તથા કીર્તન પવિત્ર છે એવા સત્પુરૂષોને વશ શ્રીકૃષ્ણ પોતાની કથાનું શ્રવણ કરનારા ભકતોના હૃદયમાં વાસ કરી તેની કામાદિક વાસનાનો નાશ કરે છે. ૧૭ ભગવદ્ભકતોની અથવા તો ભાગવત શાસ્ત્રની સેવા કરવાથી જ્યારે સર્વ અકલ્યાણનો નાશ થાય છે ત્યારે પવિત્ર કીર્તિવાળા ભગવાન ઉપર મનુષ્યની અચળ ભક્તિ થાય છે ૧૮ જ્યારે ભગવાન ઉપર દૃઢતર ભકિત થાય છે ત્યારે રજોગુણથી ઉત્પન્ન થનારા કામાદિથી મન પરાભવ ન પામતાં સત્વ ગુણમાં પ્રસન્ન રહે છે. ૧૯ આ પ્રમાણે ભગવાનની ભકિતના યોગથી મન પ્રસન્ન થાય છે અને તેથી સંસારની વાસનાઓ ઘટે ત્યારે પ્રસન્ન મનવાળા સંગ રહિત પુરૂષને ભગવાનના તત્વનું જ્ઞાન થાય છે અને તત્વજ્ઞાન થયા પછી આત્મસ્વરૂપી ઇશ્વરનો સાક્ષાત્કાર થઇને અહંકારનો નાશ થાય છે, ૨૧ માટે વિવેકી જનો નિત્ય ભગવાન વાસુદેવની ઉપર પરમ હર્ષથી મનને નિર્મળ કરનારી ભકિત રાખેછે. ૨૨ સત્વ, રજ, તમ, એ ત્રણ માયાના ગુણ છે. એ ત્રણ ગુણવાળા પરમ પુરૂષ ભગવાન આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા નાશ કરવા માટે હરિ બ્રહ્મા અને હર એવાં ત્રણ રૂપો ધારણ કરે છે. સત્વ

ગુણવાળા શરીરને ધારણ કરનારા ભગવાનથી મનુષ્યોને શ્રેયસ્કર ફળજ મળેછે. લાકડામાં-થી જેમ ધુમાડો નીકળે છે અને તેમાંથી ત્રણ વેદાત્મક અગ્નિ ઉત્પન્ન થાય છે તેમ તમો ગુણમાંથી પરબ્રહ્મનું જ્ઞાન થાય છે ૨૪ માટે પૂર્વે અતીન્દ્રિય એવા ભગવાનને મુનિઓ ભજતા હતા અને જેઓ તે મુનિઓને અનુસરે છે તેઓનું કલ્યાણ થાય છે. ૨૫ મોક્ષની ઇચ્છાવાળા ઈર્ષ્યા રહિત ભગવાનના ભક્તો ભયંકર રૂપવાળા ભૂપતિઓને મૂકીને બીજા દેવતાઓની નિન્દા ન કરતાં નારાયણની શાંત મૂર્તિને ભજે છે. ૨૬ રજો ગુણ અને ત-મો ગુણની પ્રકૃતિવાળા અને તેથીજ પિતૃઓ તથા ભૂતોના સમાન સ્વભાવ વાળા પુરૂષો લક્ષ્મી તથા બીજા ઐશ્વર્યની ઇચ્છાથી પિ તરોને તથા ભૂતોને ભજે છે. સર્વ શાસ્ત્રોમાં તાત્પર્ય રૂપે જણાતા વાસુદેવ મોક્ષ આપનાર છે. ૨૭ વેદો વાસુદેવ રૂપ છે, યજ્ઞો વાસુદેવ રૂપ છે, યોગશાસ્ત્રો વાસુદેવ રૂપ છે, ક્રિયાકાંડ વાસુદેવ રૂપ છે, ૨૮ જ્ઞાનશાસ્ત્ર વાસુદેવ રૂપ છે, તપ વાસુદેવ રૂપછે, ધર્મશાસ્ત્ર વાસુદેવ રૂપ છે તથા સ્વર્ગાદિકની ગતિ પણ વાસુદેવ રૂપ છે. ૨૯ તેજ વ્યાપક અને નિર્ગુણ બ્રહ્મ હોવા છતાં પોતાની કાર્ય કારણ રૂપ ગુણાત્મિકા મા યાથી પ્રથમ આ જગતને સરજે છે. ૩૦ પછી માયાથી ઉત્પન્ન થયેલા આકાશાદિક ગુણોમાં પ્રવેશ કરી જાણે ગુણવાળાં હોય એવા ભાસે છે પણ વસ્તુતાએ તેવાં નથી કારણ કે તે ચૈતન્ય શક્તિવડે અત્યંત પ્રકાશમાન છે પોતાને ઉત્પન્ન કરનારા કાષ્ટમાં જેમ ગર્ભ રૂપે અગ્નિ છે પરંતુ કાષ્ટના ભેદે કરીને નાના પ્રકારનો ભાસે છે તેમ વિશ્વના આત્મા રૂપ ભગવાન એકજ છે પરંતુ સ્થાવર જંગમાત્મક પ્રાણી-ઓમાં જીવ રૂપે રહેવાથી વિવિધ પ્રકારના ભાસે છે. ૩૨ ભગવાન પંચમાભૂત શબ્દ સ્પર્શઆદિક તન્માત્રાઓ ઇન્દ્રિયો અને અં-તઃકરણ ગુણના કાર્યોથી પોતે નિર્માણ કરેલાં સ્વેદજ, અંડજ, ઉદ્ભિજ્જ અને જરાયુજ, એમ ચાર પ્રકારનાં પ્રાણીઓમાં રહીને તે તે જીવને અનુકૂલ આવતા તેના ગુણોને ઇચ્છા પ્રમાણે ભોગવે છે. ૩૨ જગતની રક્ષા કરનારા દેવતાઓ, પશુઓ અને મનુષ્યોમા નાના પ્રકારની લીલાથી અવતારો લઇને સત્વગુણી અવતારથી તેજ ભગવાન લોકોનું રક્ષણ કરેછે.

भावयत्येश सत्वेन लोकान्वै लोकभावनः।
लीलावतारानुरतो देवतिर्यङ्नरादिषु॥३३॥

इतिश्रीमद्भागवतेमहापुराणेप्रथमस्कंधे
द्वितीयोऽध्यायः

અધ્યાય ૩ જો.*

ભગવાનના અવતારોની કથાઓ.

सूत उवाच

जगृहे पौरुषं रूप भगवान्मह [illegible]भिः
संभूतं षोडशकलामादौ लोकऽसिसृक्षया ॥१

સૂત કહે છે કે-ઇશ્વરે સૃષ્ટિના પ્રારં-ભમાં લોકોને ઉત્પન્ન કરવાની ઇચ્છાથી મહ-ત્તત્ત્વ અહંકાર પંચતન્માત્રાઓ ઇંદ્રિયો અને પંચ મહાભૂત રૂપી સોળ કળાવાળું પુરૂષનું રૂપ ધારણ કર્યું અને તે પછી જળમાં શયન કરી યોગનિદ્રા લેવા લાગ્યા. તેમના નાભિ કમળમાંથી પ્રજાપતિઓના સ્વામી બ્રહ્મા ઉત્પન્ન થયા. જેના અવયવનાં સ્થાનોમાંથી જુદા જુદા લોકોનો વિસ્તાર કલ્પેલોછે એવા ભગવાનનું સ્વરૂપ રજો ગુણાદિકથી રહિત હો-વાને લીધે શુદ્ધ સત્વગુણી અને સર્વોત્કૃષ્ટ છે. પરમાત્માના હજારો ચરણ, હજારો સાથળ, હજારો હાથ અને હજારો મુખથી અદ્ભુત દેખાતાં તેમજ હજારો મસ્તક, હજારો કાન, હજારો નાસિકા, હજારો મુગટ, હજારો વસ્ત્રો અને હજારો કુંડળથી શોભાયમાન રૂપને યોગીઓ જ્ઞાનદૃષ્ટિથી જુએ છે. ૪ આ સ્વરૂપ

*આ ત્રીજા અધ્યાયમા અવતાર કથાના પ્રશ્નના ઉત્તર તથા પુરૂષાદિક અવતારોનુ અને તે તે અવતારોના ચરિત્રોનુ વર્ણન કરવામા આવશે.

આદિ નારાયણનું છે અને પ્રલય કાળે અનેક અવતારોને લય પામવાનું તે સ્થાન છે. સર્વ જગત તેમાં લય પામે છે. અવતારો અને જગતને ઉત્પન્ન થવાનું તે બીજ છે. અવિનાશી જે આદિ નારાયણના અંશના અંશમાંથી દેવતાઓ પશુ પક્ષીઓ તથા મનુષ્યો સરજાય છે. ૫ જે ભગવાને પુરૂષાવતાર લીધો હતો તેજ પરમાત્માએ પ્રથમ બ્રહ્માથી સનકાદિક કુમારોનો અવતાર લઇ બ્રાહ્મણ થઇ દુઃખથી પાળી શકાય એવું અખણ્ડિત બ્રહ્મચર્ય વ્રત પાળ્યું હતું. બીજે અવતારે જગતની ઉત્પત્તિ માટે રસાતળમા ગયેલી પૃથ્વીનો ઉદ્ધાર કરવાને યજ્ઞના સ્વામી શ્રીહરીએ વરાહના શરીરને ધારણ કર્યું હતું. ૭ ત્રીજે અવતારે તે પરમાત્માએ ઋષિના જન્મમાં નારદનો અવતાર લઇ બીજાઓને નારદ પંચરાત્ર શીખવ્યું હતું, કે જેથી કરીને કર્મો નિષ્કર્મતાને પામે છે. ચોથે અવતારે ભગવાને ધર્મની સ્રીથી નર અને નારાયણ નામના ઋષિઓ રૂપે જન્મીને અંતઃકરણને શાંતિ આપનારૂં અને કોઇથી પણ કરી શકાય નહિ તેવુ તપ કર્યું હતું. ૯ કપિલ તરીકે પંચમ અવતાર ધારણ કરીને સિદ્ધ પુરૂષોના પોતે ઈશ્વર થઇ આસુરી બ્રાહ્મણને સાંખ્યશાસ્ત્ર શીખવ્યું હતું કે જેમાં તત્ત્વોના સમૂહનો નિર્ણય કરેલો છે. ૧૦ અત્રિ ઋષિની પ્રાર્થના ઉપરથી અત્રિને ત્યાં પુત્ર થઇને છઠો અવતાર લીધો અને અલર્ક રાજાને તથા પ્રહ્લાદાદિક ભક્તજનોને આત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો. ૧૧ રુચિ ઋષિથી આકૂતિ નામની સ્રીમાં સાતમો યજ્ઞાવતાર ધારણ કરીને યામ વગેરે પુત્રો જેમાં મુખ્ય હતા એવા દેવતાઓની સાથે રહીને સ્વાયંભૂ મન્વતરનું પાલન કર્યું હતું. ૧૨ આઠમે અવતારે નાભિ રાજાની મેરી દેવી નામની સ્રીથી ઉરૂક્રમ ઋષભદેવ થઈને જનમ્યા અને ધીર મનુષ્યો અને ચારે આશ્રમો જેને નમે છે એવો પરમ હંસત્વનો માર્ગ દેખાડયો. ૧૩ નવમો અવતાર પૃથુરાજાનો ધારણ કરીને પૃથ્વીમાંથી ઔષધિઓનું દોહન કરી લોકપ્રિય થયા. ચાક્ષુષ મન્વતરમા જ્યારે સમુદ્રો એકઠા થવાથી પ્રલય થયો ત્યારે મત્સ્યાવતાર ધારણ કરીને પૃથ્વી રૂપી નૌકામા વૈવસ્વત મનુને બેસાડી તેમની રક્ષા કરી. ૧૫ અગીયારમે અવતારે દેવો અને દાનવો જ્યારે સમુદ્ર મથન કરવા લાગ્યા ત્યારે મોટા કાચબાનું રૂપ ધારણ કરી પીઠ ઉપર મંદરાચલને રાખ્યો. ૧૬ બારમો અવતાર ધન્વંતરીનો ધારણ કરીને અમૃત આણ્યુ. તેરમો અવતાર મોહિનીનો ધારણ કરીને દાનવોને મોહિત કરી દેવતાઓને અમૃત પાયું ૧૭ ચૌદમો નૃસિંહાવતાર ધારણ કરી વાસફાડો જેમ નખથી એરકાને ચીરી નાંખે તેમ હિરણ્યકશિપુને ચીરી નાખ્યો. ૧૮ પંદરમો વામનાવતાર ધારણ કરી બળિ રાજાના યજ્ઞમા જઇ તેની પાસેથી સ્વર્ગ લેવાની ઇચ્છાથી ત્રણ પગલા પૃથ્વી માગી. ૧૯ સોળમે અવતારે ક્ષત્રિયોને બ્રાહ્મણોનો દ્રોહ કરતા જોઇને પરશુરામાવતાર ધારણ કર્યો અને ક્રોધાયમાન થઇ એકવીસ વાર પૃથ્વીને નક્ષત્રિય કરી. ૨૦ સત્તરમે અવતારે પરાશરથી સત્યવતીને પેટ અવતરી પુરૂષોને અલ્પ બુદ્ધિવાળા જોઇ વેદ રૂપી વૃક્ષની શાખાઓ કરી વ્યાસ કહેવાયા. ૨૧ અઢારમે અવતારે દેવતાનું કાર્ય કરવાની ઇચ્છાથી રામાવતાર ધારણ કરી સમુદ્રનિગ્રહ વગેરે પરાક્રમો કર્યા. ૨૨ ઓગણીસમે અને વીસમે અવતારે રામ તથા કૃષ્ણ એવાં નામથી વૃષ્ણિકુળમાં અવતાર લઇને ભુમિનો ભાર ઉતાર્યો. ૨૩ ત્યાર પછી કળિયુગની પ્રવૃત્તિ થવાથી અસુરોનું બળ વધવાથી તેમને મોહ પમાડવા ભગવાન કિકટ દેશમાં આવેલા કપિલ પ્રદેશમા અજનના પુત્ર થઇને બુદ્ધને નામે અવતાર ધરશે એ એકવીસમો અવતાર જાણવો. ૨૪ ત્યાર પછી કળિને અંતે રાજાઓ ચોર જેવા થઈ જશે, ત્યારે જગત્પતિ પરમે-

શ્વર વિષ્ણુયશાને ત્યાં કલ્કિને નામે છેલ્લો અવતાર લેશે અને *તે બાવીસમો અવતાર ગણાશે ૨૫ મોટા સરોવરમાથી જેમ હજારો ઝરણાં નીકળે તેમ સત્વ ગુણવાળા શ્રીહરીના અસંખ્ય અવતારો યુગે યુગે થાય છે. ૨૬ ઋષિઓ મનુઓ દેવતાઓ, મહા બળવાળા મનુના પુત્રો તથા પ્રજાપતિઓ વગેરે ભગવાનની કળાઓ છે. ૨૭ આ અવતારોમાં કેટલાક અંશ રૂપ અને કેટલાક કળા રૂપ થાય છે પરંતુ શ્રીકૃષ્ણ તો સાક્ષાત્ નારાયણનો અવતાર છે. દાનવોથી પીડાતા લોકોને અવતારો ધરી ભગવાન યુગે યુગે સુખી કરે છે. ૨૮ જે પુરૂષ ભગવાનના અવતારોને સાંજ સવાર ભક્તિથી ગાય છે તે દુઃખથી મુક્ત થાય છે. ૨૯ જીવાત્માનું વાસ્તવિક રીતે રૂપ નથી તે તો જ્ઞાન રૂપ છે છતાં ભગવાનની માયાના મહત્તત્વ આદિ ગુણોથી જીવના સ્થૂલ શરીરનો આત્મામા આરોપ કરી શરીર જ આત્મા છે એમ માનવામા આવે છે. ૩૦ મેઘમંડળો વાયુના આધારે વર્તે છે પરંતુ અજ્ઞાની તેને આકાશને આધારે રહેલાં માની તેનો જેમ આકાશમાં આરોપ કરે છે તથા ધુસરતા ધુળમા છે પરંતુ તે ધુળ ઉડે છે તેથી અજ્ઞાની લોકો વાયુમા જેમ ધુસરતાનો આરોપ કરે છે તેમજ અવિવેકી પુરૂષો દ્રષ્ટા રૂપે આત્માનો દૃશ્યાદિક ધર્મવાળા દેહાદિકમાં આરોપ કરે છે. ૩૧ જેમ સ્થૂલ શરીરનો તેઓ આત્મામાં આરોપ કરે છે તેમ સૂક્ષ્મ શરીરનો પણ આત્મામા આરોપ કરે છે. સૂક્ષ્મ શરીર સ્થૂલ શરીરની પેઠે હાથ પગ વગેરે આકારવાળુ નથી તેમ તે સ્થૂલ શરીરની પેઠે દેખાતું પણ નથી તેમજ ઇન્દ્રાદિ દેવતાઓની પેઠે સાંભળવા થી પણ જાણી શકાતું નથી છતાં સૂક્ષ્મ શરીરને આત્માની ઉપાધિ હોવાથી તે જીવ કહેવાય છે અને તે સૂક્ષ્મ શરીરથી જન્મ મરણ વિગેરે થયા કરે છે. ૩૨ સ્થૂલને સૂક્ષ્મ શરીરનો અવિદ્યાથી આત્મામાં આરોપ કરી બંને આત્મજ્ઞાનવડે તથા શ્રવણ મનનાદિ ભક્તિથી જ્યારે દૂર થાય છે ત્યારેજ જીવ જ્ઞાનમય પરબ્રહ્મ થાય છે. ૩૩ જ્યારે અવિદ્યાથી આવરણ અને વિક્ષેપ+ કરનારી સર્વજ્ઞ એવી પરમેશ્વરની માયા બ્રહ્મવિદ્યાથી દૂર થાય છે ત્યારે જીવ બ્રહ્મના સ્વરૂપને પામે છે અને તત્ત્વવેત્તાઓ કહે છે કે ત્યારેજ તે પોતાના પરમાનંદ રૂપ મહિમામાં પ્રકાશે છે. આ પ્રમાણે અકર્તા અજન્મા અને અંતર્યામી એવા ઇશ્વરના વેદમાં ગુપ્ત રહેલા જન્મોને અને કર્મોને વિવેકી પુરૂષો ગાય છે. ૩૫ અમોઘ લીલાઓ કરનારા પરમેશ્વર આ વિશ્વને સરજે છે પાળે છે અને લય કરે છે પરંતુ પોતે એક રૂપે રહે છે. સ્વતંત્ર અને ઇન્દ્રિયોના નિયંતા એવા પરમાત્મા પ્રાણીઓમા રહીને છ ઇંદ્રિયોના છ વિષયોને દૂરથી ગંધની પેઠે ગ્રહણ કરે છે. ૩૬ મૂર્ખ મનુષ્ય જેમ નટના રૂપને પારખી શકતો નથી તેમ કુબુદ્ધિવાળો કોઇ પણ મનુષ્ય કર્તાદિ કુશળતાવાળો હોવા છતાં મન અને વચનથી રૂપોનો તથા નામોનો વિસ્તાર કરતા એવા પરબ્રહ્મની લીલાને જાણી શકતો નથી, પરંતુ જે મનુષ્ય માયા રહિત, અવિચ્છિન્ન અનુકૂલતાથી ભગવાનનાં ચરણારવિન્દને સેવે છે તે ચક્રપાણિ મહા પરાક્રમી અને પરબ્રહ્મ રૂપ એવા પરમાત્માના પદને પામે છે. અખિલ લોકના નાથ એવા વાસુદેવ ભગવાનમાં હે ભક્ત ! તમે આ પ્રમાણે એકાંતિક ભક્તિભાવ રાખો કે જે ભાવથી ભયંકર એવો જન્મમરણનો ફેરો ટળી જાય. પવિત્ર કીર્તિ વાળા પરમાત્માનું જેમાં ચરિત્ર છે અને જે વેદ સમાન છે એવું આ શ્રીમદ્ ભાગવત ભગવાન વેદવ્યાસે રચેલું છે. ૪૦ સંપત્તિ

* આ બાવીસમા અવતાર સાથે પહેલા ધર્મ તથા મનુ, એ બે અવતારો ગણતા ચોવીસ અવતાર થાય છે

\+ આ જગતને ઉત્પન્ન કરવું તે વિક્ષેપ.

આપનારૂં કલ્યાણ કરનારૂં ને દસ લક્ષણોવાળું હોવાથી મહા પુરાણમાં ગણાતું તથા સર્વ વેદ અને ઇતિહાસમાંથી સાર લઇને બનાવેલું આ પુરાણ આત્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ એવા પોતાના પુત્રને વ્યાસે ભણાવ્યુ હતું. શુકજીએ "મરણ સુધી ભોજન લઇશ નહિ," એવો નિયમ લઇને ગંગાના તીર ઉપર ઋષિ મંડળોથી વિંટાઇને બેઠેલા પરીક્ષિત નામના રાજાને આ સંભળાવ્યુ હતું. શ્રીકૃષ્ણ ભગવાન ધર્મ તથા જ્ઞાન આદિની સાથે પોતાના ધામમા પધાર્યા પછી આ કળિયુગમા લોકો અજ્ઞાનથી આધળા થઇ ગયા તેઓને માટે આ પુરાણ રૂપી સૂર્યનો ઉદય થયો છે. ૪૩ હે બ્રાહ્મણો! મહા તેજસ્વી અને વિપ્રર્ષિ એવા શુકદેવજી પુરાણની કથા કહેતા હતા ત્યાં બેસીને તેમના અનુગ્રહથી તેમની પાસેથી હું પણ આ કથા ભણ્યો છું માટે જે પ્રમાણે આને ભણ્યો છુ તથા મારી જેવી બુદ્ધિ છે તે પ્રમાણે હું તમને પણ સંભળાવીશ.

अह चाध्यगम तत्र निविष्टस्तावनुग्रहात्।
सोऽहं वः श्रावयिष्यामि यथाऽधीतं यथामति

इतिश्रीमद्भागवतेमहापुराणेप्रथमस्कंधे
तृतियोध्यायः

અધ્યાય ૪ થો.

વ્યાસને ભાગવત રચવા થયેલી ઇચ્છા.

व्यास उवाच

इति ब्रुवाणं संस्तूय मुनीनां दीर्घसत्रिणाम्॥
वृद्धः कुलपतिः सूत बह्वचः शौनकोऽब्रवीत्

વ્યાસ કહે છે કે—એ પ્રમાણે કથા કહેતા સૂતના વખાણ કરીને લાંબો કાળ ચાલે એવો યજ્ઞ કરવાને એકઠા થએલા મુનિઓ વચ્ચે વૃદ્ધ સર્વના સ્વામી ઋગ્વેદી એવા શૌનક સૂતને પૂછવા લાગ્યા કે—હે સૂત! હે વક્તાઓમા શ્રેષ્ઠ! ભગવાન શુકદેવજીએ જે ભાગવતની પૂર્વે કથા કહી હતી તે પવિત્ર કથા અમને કહો. ૨ આ સંહિતા કયા યુગમા કયે ઠેકાણે ને કયારે પ્રવૃત્ત થઇ તથા વ્યાસે કોની પ્રેરણાથી આ સંહિતા રચી? ૩ તેમના પુત્ર શુકદેવજી મહા યોગી અને સમ દૃષ્ટિવાળા છે, ભેદ રહિત છે, જેમની બુદ્ધિ બ્રહ્મમા લાગેલી છે પોતે માયારહિત છતાં પોતાના આત્મસ્વરૂપને બીજાની પાસે પ્રગટ ન કરતાં મૂઢ જેવા દેખાય છે ૪ તે મહાત્મા શુકદેવજી જ્યારે વનમાં ગયા ત્યારે વ્યાસ મહારાજ પુત્રની પાછળ તેમને ભેટવા દોડયા. શુકદેવજી નગ્ન દોડયા જતા હતા અને વ્યાસે વસ્ત્રો પહેર્યાં હતા છતાં વ્યાસને જોઇને જલક્રીડા કરતી અપ્સરાઓએ લાજથી વસ્ત્રો પહેરી લીધા પરંતુ આગળ જતા શુકને નગ્ન જોયા છતાં પણ વસ્ત્રો પહેર્યાં નહિ, તે આશ્ચર્ય જોઇને અપ્સરાઓને કારણ પૂછયું ત્યારે તેઓ બોલી કે 'આ સ્ત્રી છે, આ પુરૂષ છે,' એવો ભેદ તમને છે પરંતુ તમારા પુત્રને નથી માટે તમને જોઇને વસ્ત્રો પહેર્યાં અને તમાર. પુત્રને જોઇને વસ્ત્રો પહેર્યાં નહિ. ૫ આવા ભેદ રહિત શુકદેવજી ગાંડા મુંગા અને જડ મનુષ્યની પેઠે ફરતા ફરતા કુરૂ દેશના જાંગલ પ્રાંતમાં ગયા ત્યારે લોકોએ તેમને કેવી રીતે ઓળખ્યા? તે હસ્તિનાપુર કેમ ગયા? ૬ વળી હે તાત! મહા ભાગ્યશાળી મુનિ ગૃહસ્થાશ્રમીઓના ઘરને પવિત્ર કરતા તેમના ઘરમાં ગાય દોહોવાય તેટલો વખત જ ભિક્ષાની વાટ જોતા ઉભા રહે છે અર્થાત વિશેષ કાળ કોઇને ત્યાં નહિ ગાળનારા મુનિની સાથે પાડવોના પૌત્ર રાજર્ષિ પરીક્ષિત રાજાને કેવી રીતે સંવાદ થયો કે જે સંવાદમાં શુકદેવજીએ શ્રીમદ્ ભાગવતની કથા કરી. હે સૂત! વૃદ્ધ પુરૂષો અભિમન્યુના પુત્ર પરીક્ષિત રાજાને ભગવદ્ ભક્તોમાં શ્રેષ્ઠ ગણે છે માટે તેમનો આશ્ચર્યકારક જન્મ તથા કર્મો અમને કહો. ૯ પાંડવોના

* આ ચોથા અ[illegible]મા તા[illegible] [illegible] છતા વેદાર્થનુ જ્ઞાન હોવા છતા વ્યાસને અસંતોષ રહેલો તેથી ભાગવત રચ્યુ એ [illegible] કહેવામા આવશે

માનમાં વધારો કરનારા તે રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી શા માટે મરણ પર્યંત અનશન વ્રત ધારણ કરી ગંગાના તીર ઉપર બેઠા હતા ? ૧૦ હે સૂત! શત્રુઓ પોતાના હિત માટે પ્રત્યક્ષ રીતે ધનો લાવીને, જે રાજાના પગમાં અર્પણ કરીને નમતા હતા એવા શૂરવીર અને જુવાન રાજાએ પ્રાણની સાથે પણ ત્યાગ કરી શકાય નહિ એવી રાજ્ય લક્ષ્મીનો ત્યાગ કરવાની કેમ ઇચ્છા કરી ? ૧૧ જે મનુષ્યો ભગવાનના ભક્તો છે તેઓ પોતાના સ્વાર્થ માટે જીવતા નથી પરંતુ તેઓ તો લોકના કલ્યાણ માટે સંપત્તિ માટે અને ઐશ્વર્યને માટે જીવે છે ત્યારે આ રાજાએ વૈરાગ્ય પામીને પારકાનું હિત કરનારા તથા પરને આશ્રય આપનારા પોતાના દેહનો શા માટે ત્યાગ કર્યો ? ૧૨ અત્રે મેં આપને જે કંઇ પ્રશ્ન કર્યો તેનો આપ ઉત્તર આપો. તમે વેદ વિના સર્વ શાસ્ત્રમાં પારંગત છો એવું હું માનું છું. ૧૩

સૂત બોલ્યા—હે શૌનક ! યુગના ફેરફારમાં જ્યારે ત્રીજો દ્વાપર યુગ આવ્યો ત્યારે પરાશરથી સત્યવતીમાં હરિની કળામાથી વ્યાસ જનમ્યા હતા. ૧૪ એક દિવસ સરસ્વતી નદીના પવિત્ર જળમાં સ્નાન સંધ્યા આહ્નિક કર્મ કરી વેદવ્યાસ એકાત સ્થળમાં બેઠા હતા ૧૫ અને દિવ્ય દૃષ્ટિથી ભૂત ભવિષ્યને જાણનારા તે મુનિ, અવ્યક્ત વેગવાળા કાળે કરીને યુગે યુગે પૃથ્વી ઉપર યુગના ધર્મોમાં થયેલા સંકરત્વને જોઇને તથા અવ્યક્ત વેગવાળા કાળે કરેલા શરીરાદિક પદાર્થોની શક્તિના ઘટાડાને જોઈને તથા મનુષ્યોને શ્રદ્ધાહીન ધર્મ વિનાના દુષ્ટ બુદ્ધિવાળા અને દુષ્ટ ભાગ્યવાળા જોઇને, સર્વે વર્ણોનું તથા આશ્રમોનું જેવી રીતે હિત થાય તેવા ઉપાયોનો વિચાર કરતા હતા. ચાર ઋત્વિજ અને ચાર હોતાથી કરવામાં આવતું જે વૈદિક કર્મ પ્રજાને શુદ્ધ કરનારૂં છે. તે ઉપરથી યજ્ઞોનો વિસ્તાર કરવા માટે તેમણે એક વેદમાંથી ચાર વેદ કર્યા. ૧૯ એટલે ઋક્, યજુષ્, સામ અને અથર્વણ નામના ચાર વેદો રચ્યા અને ઇતિહાસ તથા પુરાણ, પાંચમો વેદ કહેવાય છે તે પણ રચ્યાં. ૨૦ વેદોમાથી ઋગ્વેદને પૈલ ભણ્યા, સામ વેદને જૈમિની ભણ્યા, વૈશંપાયન યજુર્વેદમાં પારંગત થયા. ૨૧ વળી અભિચારાદિક દારૂણ કર્મમાં પ્રવૃત્ત થયેલા ભયંકર સ્વભાવવાળા સુમંતુ મુનિ અથર્વ વેદમા તથા આંગિરસ નામના મુનિ મંત્રોમા પારંગત થયા અને મારા પિતા રોમહર્ષણ ઇતિહાસ તથા પુરાણોમાં વ્યુત્પન્ન થયા. ૨૨ તે સર્વ ઋષિઓએ પોત પોતાના અધીત વેદોના અનેક વિભાગો કર્યા અને તે શિષ્યો પ્રશિષ્યો અને તેઓના શિષ્યોદ્વારા ઘણી શાખાવાળા બનાવ્યા. ૨૩ પૂર્વે જે વેદોને બુદ્ધિશાળી લોકો ભણી શકતા હતા તે વેદોને મંદ બુદ્ધિવાળા લોકો પણ જે પ્રમાણે ભણી શકે તેવી રીતે દીન ઉપરની પ્રીતિથી વ્યાસે સરલ કર્યા. ૨૪ સ્ત્રી શુદ્ર તથા ત્રણ વર્ણમાં જે નીચ લોકો છે, તેમને વેદ સાંભળવાનો અધિકાર નથી તેથી તેઓ પોતાનું કલ્યાણ કરનારા સાધનોને જાણતા નથી. તેઓનું આ લોકમાં આ રીતે કલ્યાણ થાય એવો વિચાર કરીને તેઓના ઉપર કૃપા કરીને વ્યાસે ભારત* રચ્યું. ૨૫ હે બ્રાહ્મણો ! આ પ્રમાણે નિરંતર સર્વ કર્મોથી પ્રાણીઓનું કલ્યાણ કરવા માટે પ્રવૃત થયા છતા પણ વ્યાસજીનું મન જ્યારે પ્રસન્ન થયું નહિ ત્યારે કિંચિત પ્રસન્ન મનના ધર્મવેત્તા વ્યાસ મુનિ સરસ્વતી નદીના તીર ઉપર એકાંતમાં બેસીને મનમાં ખેદ થવાનું કારણ વિચારતા આ પ્રમાણે બોલ્યા. ૨૭ મેં વ્રત ધારણ કરીને વેદોને ગુરૂઓને તથા અગ્નિને નિષ્કપટ બુદ્ધિથી પૂજ્યા છે તેમ તેઓની આજ્ઞા પણ નિષ્કપટ ભાવથી

*ભારત નામનું આખ્યાન ઈતિહાસમા ગણાય છે.

માન્ય કરી છે. ૨૮ વળી ભારત રચીને વેદનો અર્થ દર્શાવ્યો છે જે આખ્યાનમાંથી સ્ત્રી શુદ્ર અને નીચ જાતિના દ્વિજ વર્ગો પોત પોતાનાં ધર્માદિકને જાણી શકે છે. ૨૯ વળી મારા દેહમાં રહેલો જીવ પણ વસ્તુતાએ સંપૂર્ણ છે અને વેદનું શ્રવણ તથા અધ્યયન કરવાથી તેજસ્વી એવા મહાત્મા પુરૂષોમાં પણ શ્રેષ્ઠ છે છતાં ખેદની વાત છે કે, તેને પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું ન હોય એમ લાગે છે. ૩૦ મેં શું પરમ હંસોને પ્રિય એવા ભગવદ્ભકતોના ધર્મો બહુધા નિરૂપણ કર્યા નથી, કે જે ધર્મો ભગવાનને બહુંજ પ્રિય છે. ૩૧ આ પ્રમાણે વેદવ્યાસ પોતાના આત્માને સ્વસ્વરૂપના જ્ઞાનથી રહિત માનીને ખેદ કરતા બેઠેલા હતા એવામાં નારદજી ત્યાં પધાર્યા. ૩૨ વ્યાસે ઉભા થઈને સત્કાર કર્યો અને પછી દેવતાઓએ પૂજેલા તે ઋષિની શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે તેમણે પૂજા કરી. ૩૩

तमभिज्ञाय सहसा प्रत्युत्थायागतं मुनिः
पूजयामास विधिवन्नारदं सुरपूजितम् ॥३३॥

इतिश्रीमद्भागवतेमहापुराणेप्रथमस्कंधे चतुर्थोध्यायः

અધ્યાય ૫ મો.

ભક્તિ-હરિકીર્તનની મહત્તા.

सूत उवाच

अथ तं सुखमासीन उपासीनं बृहच्छ्रवाः॥
देवर्षिः प्राह विप्रर्षि वीणापाणिः स्मयन्निव

સૂત કહે છે કે-ત્યાર પછી મોટી કીર્તિવાળા અને હાથમાં વીણાવાળા દેવર્ષિ નારદજી સુખથી બેઠા અને મંદ હાસ્ય કરતા હોય તેમ હસીને વિપ્રર્ષિ એવા વ્યાસ પ્રત્યે બોલ્યા કે, હે મહાભાગ! હે પરાશરના પુત્ર! તમારો શરીરાભિમાની આત્મા શરીરથી પ્રસન્ન છે કે કેમ? તેમજ મનનો અભિમાની આત્મા મનવડે પ્રસન્ન છે કે નહિ? ૨ તમે જાણવા યોગ્ય ધર્માદિક વિષયો બહુ સારી રીતે જાણેલા છે અને તે પ્રમાણે કર્યું પણ છે કારણ કે તમે ધર્માદિક સર્વ અર્થથી ભરેલો અને તેને લીધે મહા આશ્ચર્યકારક ભારત નામનો ઇતિહાસ બનાવ્યો છે. વળી તમે સનાતન બ્રહ્મ સ્વરૂપને પણ જાણ્યું છે, તેમજ તેને પ્રાપ્ત પણ કર્યું છે તથાપિ હે પ્રભુ! તમે અકૃતાર્થ પુરૂષની પેઠે શોક કરો છો તેનું કારણ મને કહો?

વ્યાસે કહ્યું કે-હે નારદ! તમે જે કહ્યું તે સર્વ મારામાં છે તથાપિ મારો આત્મા સંતુષ્ટ થયો નથી. અમે બ્રહ્માના પુત્ર અને અગાધ બોધવાળા આપને શારીર અને માનસ આત્માના અસંતોષનું કારણ શું હશે તે પૂછીએ છીએ કારણ કે તે અમારા જાણવામાં આવતું નથી. ૫ આપનું અગાધ જ્ઞાન છે, આપ સર્વ રહસ્યને જાણો છો, કેમકે આપે પુરાતન એવા પુરૂષની ઉપાસના કરેલી છે. જે પુરાણ પુરૂષ સર્વ કાર્યના તથા કારણના નિયંતા છે અને સંકલ્પ માત્રમાં ગુણોથી આ વિશ્વને સરજે છે પાળે છે તથા તેનું ભક્ષણ કરે છે. ૬ તમે સૂર્યની પેઠે ત્રણે લોકમાં ફરતા વાયુની પેઠે સર્વના અંતરમાં રહેતા બુદ્ધિની વૃત્તિના સાક્ષી જેવા છો માટે ધર્મ તથા યોગવડે પરબ્રહ્મના પારને પામેલા છો સ્વાધ્યાયના નિયમોથી વેદના પારને પામેલો જે હું તેને બાકી રહેલું હોય તે આજ કહો.૭

નારદ કહે છે કે-તમે ભગવાનના નિર્મળ યશ ગાયા નથી અર્થાત્ તે વિના સર્વ વર્ણવ્યું છે. જે ધર્માદિકના જ્ઞાનથી ભગવાન પ્રસન્ન થતા નથી તે ધર્માદિકના જ્ઞાનને હું અપૂર્ણ માનું છું. હે મુનિ! તમે જેવા ધર્મ અને અર્થને વર્ણવ્યા તેવો ભગવાન્ વાસુદેવનો મહિમા વર્ણવ્યો નથી. ૯ જગતને પાવન કરનારા હરિગુણનું વર્ણન કરતું ન હોય તેવું વાક્ય કાકતીર્થ જેવું છે અને હંસો કમળ વન મુકી

* આ પાચમા અધ્યાયમા વ્યાસના મનને પ્રસન્ન કરવા માટે હરિકીર્તન મોટું છે એવો નારદે તેમને ઉપદેશ કરેલો છે.

જેમ કાક સ્થાનમાં ક્રીડા કરતા નથી તેમ સત્વગુણી મનવાળા ને પરબ્રહ્મમાં સ્થિતિ કરનારા પરમહંસો પણ તેમા આનંદ પામતા નથી. જે રચના મનુષ્યોનાં પાતકોનો નાશ કરે છે તેજ યુક્ત વાક્યરચના છે; જે વાણીના પ્રયોગમા ઉત્તમ પ્રકારની રચના હોય, જેના પ્રત્યેક શ્લોક ભગવાનના યશોવડે અંકિત થયેલા હોય એવાં પવિત્ર ગ્રંથનને મહાત્મા પુરૂષો સાંભળે છે, બીજા શ્રોતાઓ મળે તો તેમને સંભળાવે છે તથા તેનું કીર્તન કરે છે તેમને ધન્ય છે. ઉપાધિ મટાડનારૂ બ્રહ્મજ્ઞાન પણ ભક્તિ વિનાનું હોય તો શોભતું નથી. દુઃખોથી ભરેલા કામ્ય અને નિષ્કામ કર્મો ઇશ્વરને અર્પણ કરેલા ન હોય તો તે શોભતાં નથી ? ૧૨ હે મહાભાગ ! તમે યથાર્થ બુદ્ધિવાળા ઉજ્વળ યશવાળા સત્ય પરાયણ અને સ્વાધ્યાયાદિક વ્રત સંપન્ન છો માટે સંસારના બંધનમાંથી છુટવા સારૂ *સમાધિ વડે ઉરૂક્રમ એવા ભગવાનના ચરિત્રોનું વર્ણન કરો. ૧૩ જે પુરૂષ અનંત લીલા કરનારા ભગવાનની લીલા તરફ દૃષ્ટિ ન કરતાં બીજા વિષયોમા દૃષ્ટિ રાખે છે અને પરમાત્માની લીલાને ગાતો નથી પરંતુ બીજા વિષયોનો વિચાર કરવાથી સ્ફુરી આવેલાં રૂપો અને નામોથી તેની બુદ્ધિ વ્યાકુળ થઇ જાય છે અને પવનના આઘાતથી ખરાબા ઉપર ચઢી ગયેલું વહાણ જેમ નિયત સ્થાને જતું નથી તેમ તેની બુદ્ધિ કોઈ સ્થાનને પામતી નથી. ૧૪ સ્વાભાવિક રીતેજ નિન્દિત એવા કામ્યકર્મો ઉપર મનુષ્યની પ્રીતિ હોય છે તેથી મનુષ્યને ધર્મ, અર્થાદિક કામ્યકર્મોનો ઉપદેશ કરવો યુક્ત નથી કારણ કે આપણા વાક્ય ઉપરથી પ્રાકૃત મનુષ્ય આજ મુખ્ય ધર્મ છે એમ માને છે. તે એમ સમજતો નથી કે વ્યાસજીએ તો કામ્યકર્મ કરવાનો નિષેધ કર્યો છે. ૧૫ કામ્યકર્મો કરતાં કોઇક બુદ્ધિશાળી પુરૂષ વ્યાપક, દેશાતીત ને કાલાતીત એવા પરમાત્માના નિર્વિકલ્પક સુખ રૂપ સ્વરૂપને જાણી શકે છે, માટે દેહાદિકના અભિમાનવાળા અને સત્વાદિ ગુણોથી જગતમાં પ્રવૃત્તિ કરનારા પુરૂષની પાસે દેશ અને કાળથી પણ પર એવા પરમાત્માની લીલાનું વર્ણન કરવું યુક્ત છે. ૧૬ કોઇ પણ પુરૂષ સ્વધર્મનો ત્યાગ કરી હરિના ચરણારવિંદનું ભજન કરવા માંડે અને ભજન કરતાં કરતાં સિદ્ધ ભક્ત થયા વિના વચ્ચેજ તેમાંથી ભ્રષ્ટ થાય અથવા તો મરી જાય તો હરકોઇ સ્થાનમાં ધારો કે નીચ જાતમાં પણ તે ભક્તિ રસિક મનુષ્યનું કલ્યાણ થતું નથી. સ્વધર્મરત છતાં પરમાત્માને નહિ ભજનારા કંઇ ફળ મેળવતા નથી ૧૭ માટે શ્રીહરિની ભક્તિ કરવી એજ યોગ્ય છે. આ લોકની ઉપર બ્રહ્મ લોક છે અને નીચે સ્થાવર લોક છે. બ્રહ્મલોકથી માંડીને સ્થાવર લોક પર્યંત ફરનારને જે વસ્તુ નથી મળતી તે વસ્તુ મેળવવાનો પ્રયત્ન કરવો એ વિદ્વાનનું કર્ત્તવ્ય છે, જેમ પૂર્વ જન્મના કર્મો પ્રમાણે દુઃખો પોતાની મેળે આવી મળે છે, તેમ નરકાદિકમાં પણ વિષયો તો એની મેળે આવી મળે છે અને માટે યત્ન કરવો પડતો નથી. ૧૮

જે માણસ મુકુંદ ભગવાનના ચરણારવિંદને સેવે છે તે કદી કર્મમાર્ગમાં આસક્તિવાળા મનુષ્યની પેઠે જન્મ મરણના ફેરામાં ફરતો નથી. ભગવાનના ચરણારવિંદના આલિંગનને સંભારી તે ફરીને તેનો ત્યાગ કરવાની ઇચ્છા કરતો નથી કારણ કે, તેને સત્યસ્વરૂપનો આગ્રહ દૃઢ થાય છે. ૧૯ આ જગત્ પરમેશ્વર રૂપ છે અને ઇશ્વર તેનાથી જુદા છે અથવા તો આ જગત ભગવાન રૂપ છે અને જીવ પણ ભગવાનનું રૂપ છે. જે ભગવાન આ જગતને ઉત્પન્ન કરે છે, પાળે છે અને તેનો સંહાર કરે છે, તે ઇશ્વરને હે વ્યાસજી ! તમે પોતે જાણો છો છતાં મેં તમને ભગવાનનું

* ચિત્તની એકાગ્રતાવડે

એક સામાન્ય સ્વરૂપ આથી જણાવ્યું છે. હે અમોઘ દૃષ્ટિવાળા! તમે પોતે તમારા આત્માને જગતના કલ્યાણ માટે ઉત્પન્ન થયેલા ઇશ્વર રૂપ જાણો કારણ કે, તે પુરાણ પુરૂષ પરમાત્માના અંશરૂપ છે. હવે તમે પ્રતાપી ભગવાનનાં પરાક્રમોને પ્રકટ કરો. ૨૧ ઉત્તમ કીર્તિવાળા પરમાત્માના ગુણો વર્ણવવા એજ પુરૂષને તપશ્ચર્યાનું, શાસ્ત્રાભ્યાસનું, યજ્ઞ યાગ કરવાનું, વેદાભ્યાસ કરવાનું, શાસ્ત્રના અભ્યાસથી થયેલી વ્યુત્પત્તિનું અને દાનનું અવિનાશી ફળ છે એવું વિવેકી જનો કહે છે.

હે મુનિ! હું પૂર્વે વેદજ્ઞ બ્રાહ્મણની દાસીને પેટ જનમ્યો હતો. મારી માતાએ મને બાલ્યાવસ્થામાં યોગીઓની સેવા કરવા મૂક્યો હતો. તેઓ ચોમાસામાં એક સ્થાનમાંજ રહેતા હતા. ૨૩ હું બાળક જેવા છતાં મારામાં સ્વાભાવિક ચપળતા ન હતી. હું જિતેન્દ્રિય રહેતો હતો. જે તે ખાતો નહિ રમકડાને અડકતો નહિ યોગીઓને અનુકૂળ રહેતો તેઓની સેવા કરતો અને કામ જેટલુ જ બોલતો. એ યોગીઓ જો કે સમાન દૃષ્ટિવાળા હતા તોપણ મારા ઉપર દયા રાખતા. હું તે બ્રાહ્મણ સંન્યાસીઓની આજ્ઞા લઇ એકવાર ઉચ્છિષ્ટ ભોજન કરતો અને એ પ્રમાણે વર્તવાથી મારાં પાતકો નાશ પામ્યાં હતાં. આ પ્રમાણે યોગીયોની સેવા કરતાં કરતાં મારૂં મન શુદ્ધ થયું તથા મને ભગવદ્ ભજનમા પ્રીતિ થઇ. ૨૫ યોગીઓ નિરંતર શ્રીકૃષ્ણ ભગવાનની લીલાની કથાઓ કરતા અને હું તેમના અનુગ્રહથી સાંભળતો. હે વ્યાસજી! હું શ્રદ્ધાથી કથાઓ સાંભળતો હતો તેથી પવિત્ર કીર્તિવાળા પરમાત્મામાં મને પ્રીતિ ઉત્પન્ન થયેલી છે.

હે મુનિ! જ્યારે મને ભક્તિ ઉપર પ્રીતિ થઇ ત્યારે મોટી કીર્તિવાળા પરમેશ્વર ઉપર શ્રદ્ધા ચોંટી મારી પોતાની અવિદ્યાથી બ્રહ્મમાં મેં જે સ્થૂલ સૂક્ષ્મ દેહની કલ્પના કરી હતી તે મારી પોતાની ભૂલ છે એમ મને પછી સમજાયું.* યોગીઓ વર્ષા ઋતુમાં તથા શરદ ઋતુમાં શ્રીહરિના યશ ગાતા તે હું ત્રણે વખતે સાંભળતો તેથી મને બુદ્ધિના રજોગુણનો અને તમોગુણનો નાશ કરનારી શુદ્ધ હરિ ભક્તિ પ્રાપ્ત થઈ. ૨૮ પછી જ્યારે દીનવત્સલ એવા તે યોગીઓ જવાને તૈયાર થયા ત્યારે તેઓએ ઉપર કહ્યા પ્રમાણે જેને જ્ઞાન પ્રાપ્ત થયું હતું એવા પ્રેમાળ વિનયવાળા પાપ રહિત શ્રદ્ધાળુ, જિતેન્દ્રિય અને અનુચર જેવા મારી ઉપર કૃપા કરી ભગવાને કહેલું ગુહ્યતમ જ્ઞાન મને કહ્યું. ૩૦ જે જ્ઞાનવડે હું ભગવાન જગતકર્તા વાસુદેવના પ્રભાવને સમજ્યો. તે જાણવાથી પુરૂષો ઈશ્વરના પદને પામેછે ૩૧ માટે હે બ્રહ્મન! સર્વના નિયંતા અને સ્વસ્વરૂપમાં સંપૂર્ણ રીતે રહેલા એવા ભગવાનમાં જો કર્મ અર્પણ કર્યું હોય તો તે અધ્યાત્મ અધિદૈવ અને અધિભૂત ત્રણે તાપ ટાળે છે. હે વ્યાસજી? પ્રાણીઓને જેથી રોગ થાય છે તે પદાર્થ રોગને મટાડી શકતો નથી પરંતુ બીજા પદાર્થોની સાથે મિશ્ર કરેલો હોય તો તેજ રોગને મટાડી શકે છે. ૩૩

આ પ્રમાણે સર્વ કર્મો મનુષ્યને જન્મ મરણ ધર્મવાળો સંસાર આપનારાં છે પરંતુ જો તે ઇશ્વરાર્પણ કરવામાં આવે તો ભોગની નિવૃત્તિ કરવાને સમર્થ થઇ શકે છે. ૩૪ આ જગતમાં ભગવાનને પ્રસન્ન કરનારૂં જે કર્મ કરવામાં આવે છે તે કર્મ ભક્તિ યોગવાળું હોવાથી ભગવાનના તત્ત્વને દર્શાવનારૂં શુદ્ધ જ્ઞાન ઉત્પન્ન કરે છે. જીવ જ્યારે ભગવાનની આજ્ઞાને અનુસાર સર્વ કર્મો ઇશ્વરાર્પણ કરે છે ત્યારે તે શ્રીકૃષ્ણનો દૃઢ અનુરાગી થઈને તેમના ગુણ તથા નામોનું કીર્તન અને સ્મરણ

* પ્રથમ મહાપુરૂષની સેવા, તેથી મહાત્માની કૃપા, તેથી પરમાત્મા સબંધી ધર્મ ઉપર શ્રદ્ધા, તેથી ભગવાનની કથાનુ શ્રવણ અને કથા શ્રવણથી ભગવાન ઉપર પ્રીતિ થાય છે. ભગવાન ઉપર પ્રીતિ થવાથી સ્થુલ સુક્ષ્મ દેહનુ જ્ઞાન અને તેથી આત્મજ્ઞાન થાય છે, તેથી ભગવાન ઉપર દૃઢ ભક્તિ રહે છે,

કરે છે. ૩૬ વાસુદેવ રૂપ એવા ભગવાનનું અમે ધ્યાન ધરીએ છીએ, પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ અને સંકર્ષણ મૂર્તિ રૂપ પરમાત્માને નમસ્કાર છે. ૩૭ આ પ્રમાણે પરમ પુરૂષની મૂર્તિઓનાં નામો લઇને નિરાકાર તથા મંત્રમૂર્તિવાળા યજ્ઞપુરૂષને જે ભજે છે તે યથાર્થ જ્ઞાની થાય છે. ૩૮ હે બ્રહ્મન્! હું આ પ્રમાણે વર્તતો તેથી નારદ મારા ઉપદેશને યથાર્થ રીતે પામ્યો છે. એમ જાણીને શ્રીકૃષ્ણ ભગવાને મને જ્ઞાન ઐશ્વર્ય તથા ભક્તિ આપી તે માટે હે બહુશ્રુત વ્યાસ! તમે પણ સમર્થ એવા ઇશ્વરના પ્રખ્યાત યશને ગાઓ કે જે સાંભળવાથી પંડિતોની જિજ્ઞાસા પૂર્ણ થાય. ઇશ્વરના ગુણાનુવાદ ગાયા વિના વારંવાર દુઃખોથી પીડા પામતાં પ્રાણીઓના કલેશો મટતા નથી એવું વિદ્વાનોનું કહેવું છે.

त्वमप्यदभ्रश्रुतविश्रुतं विभोः
समाप्यते येन विदां बुभुत्सितम्
प्रख्याहि दुःखैर्मुहुरर्दितात्मनां
यत्क्लेशनिर्वाणमुशन्ति नान्यथा ॥४०

इतिश्रीमद्भागवतेमहापुराणेप्रथमस्कंधे
पंचमोध्यायः

અધ્યાય ૬ ઠ્ઠો.*

નારદનું પૂર્વકલ્પનું વૃતાંત.

सूत उवाच

एवं निशम्य भगवान्देवर्षेर्जन्म कर्म च ।
भूयः पप्रच्छ तं ब्रह्मन्व्यासः सत्यवतीसुतः

સૂત કહે છે—હે બ્રહ્મન! ઉપર કહ્યા પ્રમાણે દેવર્ષિ નારદનો જન્મ તથા કર્મો સાંભળી સત્યવતીના પુત્ર ભગવાન વેદવ્યાસે ફરીને પ્રશ્ન કર્યો કે—હે નારદ! તમને જ્ઞાનોપદેશ કરનારા તે ભિક્ષુકો દૂર દેશમાં ગયા ત્યારે તમે બાળક હતા તેથી પછી શું કર્યું? ૨ હે બ્રહ્માના પુત્ર! તમે બાકી રહેલું આયુષ્ય કેવી રીતે ગાળ્યું અને કાળ આવ્યો ત્યારે કલેવરનો કેવી રીતે ત્યાગ કર્યો? હે દેવશ્રેષ્ઠ! નારદ! આ કાળ જે સર્વ જગતનો નાશકર્ત્તા છે તે તમારી પૂર્વ કલ્પની સ્મૃતિનો કેમ નાશ કરતો નથી. ૪

નારદ બોલ્યા કે—મને જ્ઞાનોપદેશ કરનારા સંન્યાસીઓ દૂર દેશમાં ગયા ત્યારે હું પહેલી અવસ્થામાં હતો અને મેં તે પછી આ પ્રમાણે કર્યું. ૫ હું મારી માતાને એકનો એક પુત્ર હતો. તે અજ્ઞાન હોઈ કોઇને ત્યાં દાસી રહેલી હતી. મારી ઉપર તેને અત્યંત પ્રીતિ હતી તેમ મારે પણ તેના વિના બીજો આધાર ન હતો તેથી તે બિચારી મારૂં યોગક્ષેમ કરવાની નિરંતર ઇચ્છા કરતી હતી પરંતુ પરાધીન હોવાથી તેમ કરી શકતી ન હતી, પુતળી જેમ દોરીને આધીન હોય છે તેમ આ જગત ઇશ્વરને આધીન છે. તેની ઇચ્છા વિના કોઇ કંઇ કરી શકતું નથી. ૭ હું પાંચ વર્ષની અવસ્થાનો બાળક હતો તેથી મને દિશા દેશ કે કાળનું જ્ઞાન ન હતું. હું માતાના સ્નેહ બંધનમાંથી "ક્યારે છુંટું?" એમ થતું હતું. એક દિવસ મારી મા ગાય દોહવા ઘરમાંથી નિકળી ત્યારે તેના પગ તળે સર્પ આવ્યો. તે તેને કરડયો તેથી તે મરણ પામી. ૯ તેનું મરણ થયું ત્યારે હું ભક્તોનું કલ્યાણ ઈચ્છનારા પ્રભુનો મારા ઉપર અનુગ્રહ થયો એમ માનવા લાગ્યો. સમૃદ્ધિવાળા દેશો રાજધાનીનાં નગરો ગામો અને રત્નોની ખાણો ખેડુતનાં ગામો પહાડી ગામો વિશાળ વનો ઉપવનો અનેક જાતની ધાતુઓથી શોભાયમાન હાથીઓએ ભાંગી નાંખેલી શાખાનાં વૃક્ષો મોટા મોટા પર્વતો ને પવિત્ર તથા નિર્મળ પાણીવાળાં જલાશયોને વિચિત્ર શબ્દો કરતાં પક્ષીઓના શબ્દોથી ઉડી આમ તેમ ગણગણાટ કરીને ભમતા ભમરાઓથી મનોહર તલાવડીઓ જોતો જોતો આગળ ગયો એટલામાં

* આ છઠ્ઠા અધ્યાયમા વ્યાસને ખાતરી કરવા માટે નારદ પૂર્વજન્મમા શ્રીકૃષ્ણની કથાનુ કીર્તન કરવાથી પોતાનુ જે સદ્ભાગ્ય થયુ હતુ તે કહે છે.

એક મહા વન મારી દૃષ્ટિએ પડયું. આ મહા વન ઉંચા દર્ભ અને નક્કર તથા પોલા વાંસોથી અત્યંત ઘાડું સહન થઇ ન શકે તેવું ભયંકર અને સર્પ, ઘુવડ તથા શિયાળોને ક્રીડા કરવાના આંગણા જેવું હતું. ૧૪ મારૂં શરીર પરિશ્રમને લીધે થાકી ગયું હતું તેમ તરસ અને ભૂખ પણ લાગી હતી. એક નદીમાં સ્નાન આચમન કરી જલપાન કરી માર્ગના શ્રમને મેં દૂર કર્યો. ૧૫ તે પછી હું તે નિર્જનવનના એક પીંપળાના ઝાડ તળે બેઠો અને બ્રાહ્મણો પાસેથી જેપ્રમાણે પરમાત્માનું સ્વરૂપ સાભળ્યું હતું તે પ્રમાણે હૃદયમાં રહેલા પરમાત્માનું ધ્યાન ધરવા લાગ્યો. ૧૬ ભક્તિથી જીતેલા મનવડે પરમાત્માના ચરણારવિંદનું ધ્યાન ધરતાં પ્રભુનાં દર્શનની ઉત્કંઠાથી આંખમાં ઝળઝળીયાં આવી ગયાંને શ્રીહરિ મારા હૃદયમાં પ્રગટ થયા. ૧૭ પ્રેમના અત્યંત ઉભરાથી રોમાંચ થયો અને સુખના અનુભવથી પરમાનંદમાં હું લીન થઇ ગયો. હે મુનિ! આત્મા અને પરમાત્મા બંનેને એક રૂપ જોઈ કેટલીએક વાર સુધી ભગવાનના મનોહર રૂપને જોઈ રહ્યો. તે રૂપ મારા જોવામાં આવ્યું નહિ એટલે વિહ્વલતાથી એકાએક ધ્યાનમાંથી જાગ્રત થયો ૧૯ અને પરમાત્માના સ્વરૂપનાં દર્શન કરવાની ઇચ્છાથી ફરી મનને સ્થિર કરી હૃદયમા જોવા લાગ્યો તોપણ જોવામાં આવ્યું નહિ, તેથી અતૃપ્ત અને આતુર જેવો થઈ ગયો. ૨૦

આ રીતે હું તે નિર્જન વનમાં પરમાત્માનાં દર્શન માટે યત્ન કરતો હતો એટલામાં વાણીથી જેનું વર્ણન થઇ શકે નહિ એવા ઇશ્વર જાણે મારા શોકને સમાવતા હોય તેમ ગંભીર ને મધુર વાણીથી મને કહેવા લાગ્યા કે તું આ જન્મમા અને આ લોકમાં મારાં દર્શન કરવાને યોગ્ય નથી કારણ કે, જેમના કામ ક્રોધાદિ શમ્યાં નથી એવા અપકવ–કુયોગીઓને મારાં દર્શન દુર્લભ છે, ૨૨ છતાં હે દોષ રહિત! મેં તને મારૂં જે રૂપ એકવાર બતાવ્યું તે રૂપ પ્રેમ થવા માટે દેખાડયું છે. મારી ઉપર પ્રેમ રાખનારો સાધુ પુરૂષ ધીરે ધીરે હૃદયની સર્વ કામનાઓનો ત્યાગ કરેછે. ૨૩ મહા પુરૂષની ઘણા દિવસ સેવા કરવાથી તને મારી ઉપર દૃઢ ભક્તિ થઈ છે. હવે તું આ નિંદિત લોકનો ત્યાગ કરી મારા પાર્ષદપણાને પામીશ ૨૪ અને મારામાં દૃઢ કરેલી તારી આ ભક્તિ કોઇ પણ રીતે ભ્રષ્ટ થશે નહિ તથા મારા અનુગ્રહથી પ્રજાની ઉત્પત્તિમાં તથા સંહારમાં પણ તારી સ્મૃતિ નાશ પામશે નહિ ને તને પૂર્વ જન્મનું સ્મરણ રહેશે. ૨૫ આકાશની પેઠે સર્વત્ર વ્યાપી રહેલું સમીપ છતાં જાણી શકાય નહિ એવું શરીર રહિત, તથા સર્વનું નિયંતા એવું મહા ભૂત રૂપી ભગવાનનું સ્વરૂપ અદૃશ્ય થયું એટલે કૃપાપાત્ર એવા મેં તે મોટામાં મોટા દેવને મસ્તક નમાવીને પ્રણામ કર્યા. ૨૬ પછી લોકલજ્જા મૂકી અનંત ભગવાનનાં ગુપ્ત નામનો પાઠ કરતો અને તેનાં ગુહ્ય ચરિત્રોનું સ્મરણ કરતો હું મનમાં સંતોષ પામી સ્પૃહા રહિત થઇને પૃથ્વી ઉપર ફરવા લાગ્યો. મદ તથા મત્સરને દૂર કરી 'કયારે આ પાંચભૌતિક દેહ પડે' એવી ઇચ્છા કરવા લાગ્યો. ૨૭ હે બ્રહ્મન! મે આ પ્રમાણે શ્રીકૃષ્ણમાં ભક્તિ બુદ્ધિ જોડી તેથી મારૂં મન પણ પછી નિર્મળ થયું. વિજળી જેમ સુદામ પર્વત ઉપર ઝબકવા માડે તેમ કાળ મારી સામે આવ્યો ૨૮ અને ભગવાને પૂર્વે કહેલા શુદ્ધ સત્વગુણી પાર્ષદના શરીરમાં મને જોડી દીધો. પ્રારબ્ધ કર્મના ભોગો સમાપ્ત થવાથી પછી મારો પાંચભૌતિક દેહ પડી ગયો. ૨૯

તે પછી કલ્પને અંતે ભગવાન જ્યારે ત્રણે લોકને લઇ સમુદ્રના જળમાં સૂતા ત્યારે બ્રહ્માના બહાર નિકળતા અને અંદર પેસતા નિઃશ્વાસની સાથે હું તેમના શરીરમાં પેશી ગયો. ૩૦ હજાર યુગ વીતી ગયા પછી બ્રહ્માએ

જાગ્રત થઇ આ જગતને સરજવાની ઇચ્છા કરી. હું અને મરિચીમિશ્ર વગેરે ઋષિઓ તે વખતે બ્રહ્માની ઇન્દ્રિયોમાંથી ઉત્પન્ન થયા. ૩૧ હું અખણ્ડિત બ્રહ્મચર્ય ધારણ કરી વિષ્ણુના અનુગ્રહથી હવે ત્રણે લોકમાં ફરૂં છું, મારી ગતિ કોઇ ઠેકાણે અટકતી નથી. સ્વર બ્રહ્મ અર્થાત્ સપ્ત સ્વરથી શોભાયમાન ઇશ્વરદત્ત આ વીણાને વગાડી હરિકથા કરતો કરતો હું સર્વ ઠેકાણે ફર્યા કરૂં છું.૩૩ જેમનાં ચરણારવિંદમાંથી ગંગાજી પ્રગટ થએલાં છે એવા શ્રીકૃષ્ણ ભગવાનની લીલાઓને જ્યારે હું ગાઉં છું, ત્યારે તે જાણે બોલાવ્યા હોય તેમ મારા હૃદયમાં પ્રગટ થાય છે. વારંવાર કામનાથી તથા લોભની વાસનાથી જેમનું મન આતુર હોય એવા મનુષ્યોને શ્રીહરિનાં ચરિત્રો સંસાર સાગર તરવાને નૌકારૂપ થાય છે. ૩૫ વાસનાઓ તથા લોભથી હણાયલા મનુષ્યનું મન ભગવાનની ભક્તિ કરવાથી જેવું શુદ્ધ થાય છે તેવું શમ દમાદિકથી પણ શુદ્ધ થતું નથી. ૩૬ હે વ્યાસ! તમે તમારા મનને સંતોષ આપનારૂં કારણ મારા જન્મોનું અને કર્મોનું જે કંઇ રહસ્ય પૂછ્યું તે સર્વ મેં તમને અથેતિ કહ્યું.

સૂત બોલ્યા—ભગવાન નારદ સત્યવતીના પુત્ર વ્યાસની સાથે આ પ્રમાણે વાત કરી આજ્ઞા લઇ વીણા વગાડતા વગાડતા પછી ત્યાંથી ચાલી ગયા. અહો દેવર્ષિ નારદને ધન્ય છે કે જે શાર્ઙ્ગ ધનુષને ધારણ કરનાર ઇશ્વરના ચરિત્રોનું વીણાથી ગાન કરતા તથા મનમાં પ્રસન્ન થતા થતા આતુર એવા આ જગતને રમાડે છે. ૩૯

अहो देवर्षिर्धन्योऽयं यत्कीर्तिं शार्ङ्गधन्वनः
गायन्माद्य[illegible]रतन्त्र्या रमयत्यातुरं जगत्

इतिश्रीम[illegible]ागवतेमहा[illegible]ाणेप्रथमस्कंधे
षष्ठोऽध्यायः

અધ્યાય ૭ મો.*

વ્યાસે ભાગવત રચી શુકને ભણાવ્યું.

शौनक उवाच

निर्गते नारदे सूत भगवान्बादरायणः।
श्रुतवांस्तदभिप्रेतं ततः किमकरोद्विभुः॥१॥

શૌનક પૂછે છે કે—હે સૂત! નારદના ગયા પછી ભગવાન બાદરાયણે તેમનો અભિપ્રાય જાણી લઇને શું કર્યું? ૧ સૂત બોલ્યા કે—હે શૌનક! બ્રાહ્મણોથી સેવાતી સરસ્વતી નામની નદીના પશ્ચિમ તટ ઉપર શમ્યાપ્રાસ નામનો આશ્રમ છે. બોરડીના સમૂહથી શોભાયમાન તે આશ્રમમાં બેસી જળનું આચમન લઇ મનને સ્થિર કરી તે ત્યાં ધ્યાન ધરવા લાગ્યા. ભક્તિના યોગથી નિર્મળ થએલા અને સારી પેઠે દૃઢ થયેલા મનમાં પ્રથમ તો તેમણે ઇશ્વરનાં દર્શન કર્યાં અને તે પછી તેમને આશ્રયે રહેલી માયાને જોઇ. માયાથી મુગ્ધ જીવ ત્રણ ગુણોથી જુદો છતાં પોતાને ત્રિગુણાત્મક માને છે અને તેના અભિમાનથી 'હું કર્તા છું, હું ભોક્તા છું' ઇત્યાદિક અનર્થને પામે છે. આ સર્વ જોયા પછી ભગવાનની ભક્તિ કરવાથી અનર્થનો નાશ થાય છે તે પણ જોયું અને પછી અજ્ઞાની લોકોને માટે શ્રીમદ્ ભાગવત નામની સંહિતા રચી. ૬ જે સંહિતા સાંભળવાથી મહા પુરૂષ એવા શ્રીકૃષ્ણ ઉપર શોક, મોહ તથા ઘરડપણનો નાશ કરનારી ભક્તિ ઉત્પન્ન થાય છે. ૭ ભાગવત સંહિતા રચીને નિવૃત્તિ સુખમાં સદા મગ્ન રહેતા વ્યાસે પોતાના પુત્ર શુકદેવને શોધી કાઢી તેને તે ભણાવી. ૮ શૌનક પૂછે છે કે, શુકદેવજી નિવૃત્તિ સુખમાં મગ્ન રહેતા તેમને કોઇ પણ

* આ સાતમા અધ્યાયમા ભાગવત સાંભળનાર પરીક્ષિત રાજાનો જન્મ અને પાંડવોના નિરપરાધી બાળકોનો અશ્વત્થામાએ કરેલો વધ તથા તેમને કરેલી શિક્ષાની કથા કહેવામાં આવશે.

વિષયની સ્પૃહા ન હતી અને આત્મારામ હતા છતાં આવી મોટી સંહિતા શી રીતે ભણ્યા?

સૂત કહે છે–આત્મારામ મુનિઓ કામ ક્રોધ આદિક અહંકાર રહિત હોય છે, તોપણ ફલાનુસંધાન રહિત ભક્તિ કરે છે. ભગવાનના ગુણો આત્મારામ મુનિઓને આકર્ષણ કરે એવા છે. ૧૦ શ્રીહરિના ગુણોથી જેની બુદ્ધિ આકર્ષાઇ હતી એવા શુકદેવજી જે વૈષ્ણવ જનને બહુ જ પ્રિય હતા તે આ શ્રીમદ્ભાગવત રૂપી આખ્યાનને ભણ્યા. ૧૧

હવે હું તમને શ્રીકૃષ્ણ ભગવાનની કથાનો ઉદય થાય તેમ રાજર્ષિ પરીક્ષિતનો જન્મ તેમનાં કર્મ મૃત્યુ અને પાંડુના પુત્રોનો મહા પ્રવાસ કહું છું. ૧૨ જ્યારે કૌરવો અને પાંડવોના યોદ્ધાઓ યુદ્ધમા મરણ પામ્યા અને ભીમસેનની ગદાથી દુર્યોધનની બન્ને સાથળ ભાંગી ગઇ ત્યારે–આમ કરવાથી હિત થશે–એવો વિચાર કરી અશ્વત્થામાએ દ્રૌપદીના ઉંઘેલા બાળકોના માથાં કાપી નાંખ્યાં. દુર્યોધનનું અશુભ કરનારા નિન્દાપાત્ર અશ્વત્થામાના આ કર્મની લોકો અદ્યાપિ નિન્દા કરે છે. ૧૪ બાળકોનું મરણ સાંભળી દ્રૌપદી અત્યંત સંતાપ કરવા લાગ્યાં. તેમની આંખો આંસુથી ભરાઇ ગઈ. અર્જુન તેમને શાંત કરવા બોલ્યા કે–હે દ્રૌપદી! ગાંડીવ ધનુષના બાણોથી આતતાયી એવા એ બ્રાહ્મણનું મસ્તક કાપી હમણાં તમારી પાસે લાવું છું તેની ઉપર બેસીને જ્યારે તમે સ્નાન કરશો ત્યારે હું શોકાશ્રુને લુછીશ. ૧૬ આ પ્રમાણે દ્રૌપદીને શાંત કરી ભગવાન જેના મિત્ર તથા સારથિ હતા અને જેની ધ્વજામાં હનૂમાન વાનર છે એવા અર્જુન કવચ ધારણ કરી તથા હાથમાં મોટું ધનુષ લઇ રથમા બેઠા અને ગુરૂપુત્ર પાછળ દોડયા. ૧૭ બાળહત્યાથી ખિન્ન થએલા અશ્વત્થામા રથમાં બેસીને પોતાની પાછળ આવતા અર્જુનને જોઇ શંકરના ભયથી જેમ સૂર્ય નાઠા હતા *તેમ નાસવા લાગ્યા. ૧૮ જ્યારે તેમણે પોતાનું કોઈ પણ શરણ દીઠું નહિ ને રથના ઘોડા થાકી ગયેલા જણાયા ત્યારે બ્રહ્માસ્ત્રને પોતાનું રક્ષણ કરનાર માન્યું. ૧૯ અશ્વત્થામા તે અસ્ત્રનો ઉપસંહાર જાણતા ન હતા તોપણ તેમણે પ્રાણ સંકટ આવી પડવાથી જળનું આચમન લઇ તે સાંધ્યું. ૨૦ એ અસ્ત્રનું પ્રચણ્ડ તેજ સર્વ દિશાઓમાં ફેલાઇ ગયું. અર્જુન તે અસ્ત્રને લીધે પોતા ઉપર આવી પડેલા પ્રાણસંકટને જોઈ શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૨૧

અર્જુન કહે છે કે–હે કૃષ્ણ! તમે સંસારનાં જન્મ મરણાદિક દુઃખોથી બળતાં પ્રાણીઓના તાપને દૂર કરનાર છો. ૨૨ તમે આદિપુરૂષ ને માયાથી પર હોવાને લીધે સાક્ષાત ઇશ્વર છો. પોતાની ચૈતન્ય શક્તિથી માયાનો પરાભવ કરી કૈવલ્ય રૂપ આત્મામાં રહેલા છો. તમેજ માયાનો પરાભવ કરી રહેલા છો. તમે માયાથી જેમનું મન મોહિત થયેલું છે એવા જીવલોકનું પોનાના પરાક્રમ વડે ધર્માદિક રૂપથી કલ્યાણ કરો છો. ૨૪ તમારો અવતાર પૃથ્વીનો ભાર ઉતારવા થયો છે અને પોનાના એકાન્તિક ભકતોને વારંવાર ધ્યાન કરવા યોગ્ય છો. ૨૫ હે દેવના દેવ! ચારે તરફ ફેલાઈ ગયેલું આ તેજ શાનું છે અને તે કયાંથી આપણી સન્મુખ આવે છે? તે હું જાણતો નથી. ૨૬

શ્રીભગવાન બોલ્યા કે–આ બ્રહ્માસ્ત્ર છે અને દ્રોણના પુત્રે પ્રાણસંકટ આવી પડવાથી તે મૂકેલું છે, એ તેનો ઉપસંહાર જાણતો નથી.

* વામન પુરાણમા એવી એક કથા છે કે, વિદ્યુન્માલી નામનો શંકરનો ભકત એક રાક્ષસ હતો. શંકરે તેને સોનાનું વિમાન આપ્યું હતું તેમા બેસી તે સૂર્યની પાછળ પડયો હતો. તેણે વિમાનના પ્રકાશથી સર્વત્ર દિવસ કરી મૂકયો હતો. સૂર્યે પોતાના તેજવડે વિમાનને ઓગાળી નાખ્યું. શંકરને તેથી કોપ ચડયો અને તેની પાછળ દોડયા એટલે સૂર્ય ભયથી નાઠા.

૨૭ આ અસ્રને શાન્ત કરનારૂં બ્રહ્માસ્ર વિના બીજું કોઇ પણ અસ્ર નથી અને તું તે જાણે છે માટે બ્રહ્માસ્ર મૂકીને એના તેજથી બ્રહ્માસ્રના ઉત્કટ તેજનો નાશ કર. ૨૮

સૂત કહે છે—ભગવાનનું કહેવું સાંભળીને શત્રુનો નાશ કરનાર અર્જુને આચમન લઇ શ્રીકૃષ્ણની પરિક્રમા કરી બ્રહ્માસ્રની સામે બ્રહ્માસ્ર મૂક્યું. શંકરના મુખમાંથી નીકળેલો અગ્નિ અને સૂર્ય એકઠા મળવાથી જેમ બન્નેનું તેજ વૃદ્ધિ પામે તેમ બાણોથી વિંટાયલાં બન્ને અસ્રોનું તેજ પરસ્પર એકઠું મળી પૃથ્વી આકાશ અને અંતરીક્ષને છાઇ રહ્યું. ૩૦ તે બે અસ્રોના ત્રણે લોકને તપાવતા તેજને જોઇ સઘળી પ્રજા આ તો પ્રલયાગ્નિ હશે એમ માનવા લાગી. પ્રજાનો તથા ત્રણે લોકનો વિનાશ થતો જોઈને તથા ભગવાન શ્રીકૃષ્ણનો મનોગત વિચાર જાણીને અર્જુને બન્ને બ્રહ્માસ્રોને પાછાં ખેંચી લીધાં. ૩૨ પછી ભયંકર કર્મ કરનાર ગૌતમીના પુત્ર અશ્વત્થામાને પકડી અર્જુને યજ્ઞમાં જેમ દોરીથી પશુને બાંધે તેમ બાંધ્યા.

અર્જુન તેને છાવણીમાં લઈ જવાની તૈયારી કરતા હતા એટલામાં ભગવાને કહ્યું કે—હે પાર્થ ! આનું રક્ષણ કરવું ઘટિત નથી. આ અધમ બ્રાહ્મણને મારી નાંખ, કારણ કે રાતે નિદ્રાવશ થયેલા તારા નિરપરાધી બાળકોને આણે મારી નાંખ્યા છે. ૩૫ શાસ્રમાં કહ્યું છે કે મદિરાદિકથી મત્ત થયેલો હોય ભાન વિનાનો હોય, ભૂત કે વાયુ પ્રકોપથી ગાંડો થઈ ગયેલો હોય, નિદ્રામાં હોય, જે બાળક હોય જે સ્રી હોય જે જડ થઇ ગયો હોય, જે શરણાગત હોય, જે રથ વિનાનો હોય અને જે ભયભીત હોય તેને ધર્મજ્ઞ પુરૂષે મારવો નહિ. ૩૬ જે નિર્દય ખળ બીજાને હણી પોતાના દેહને પોષનાર હોય તેવાને મારી નાંખવો જોઇએ, કારણ કે તેમ કરવાથી મોટા અપરાધો કરીને નરકમાં પડતો તે બચે છે. ૩૭ વળી તેં મારા સાંભળતાં પાંચાળીની આગળ એવી પ્રતિજ્ઞા લીધી છે કે, હે માનિનિ ! જેણે તારા પુત્રો માર્યા છે તેના મસ્તકને હું તારી પાસે લાવીશ. ૩૮ હે વીર ! આ અધમ બ્રાહ્મણે પોતાના રાજાનું અશુભ કર્યું છે એટલે તે આતતાયી તથા બંધુજનને હણનાર હોઈ વધને યોગ્ય છે. ૩૯

આ પ્રમાણે શ્રીકૃષ્ણે અર્જુનની પરીક્ષા કરવા કહ્યું પરંતુ અર્જુને પોતાના પુત્રને મારનાર છતાં પણ તેને ગુરૂપુત્ર જાણીને હણ્યો નહિ. પછી શ્રીકૃષ્ણ જેના પ્રિય સખા અને સારથી હતા એવો અર્જુન અશ્વત્થામાને લઈ છાવણીમાં આવ્યો અને મરેલા પુત્રોને રડતી એવી પોતાની પ્રિયા આગળ તેને હાજર કર્યો. ૪૧ પશુની પેઠે દોરીથી બાંધીને આણેલા નિંદિત કર્મ કરવાથી નીચુ મુખ કરીને ઉભા રહેલા તથા કૌરવ વંશનું અશુભ કરનારા ગુરૂના પુત્ર અશ્વત્થામાને જોઇ કોમળ હૃદયનાં દ્રૌપદીએ પ્રણામ કર્યો. ૪૨ ગુરૂના પુત્રને બાંધીને લાવ્યા તે સતી દ્રૌપદી સહન કરી શકયાં નહિ. છોડીદો છોડીદો—બ્રાહ્મણ તો નિરંતર અવધ્ય છે માટે છોડીદો, એમ તેમણે કહ્યું. ૪૩ તમે જેમના અનુગ્રહથી ગુપ્ત મંત્રની સાથે ધનુર્વેદ તથા અસ્રના પ્રયોગ અને ઉપસંહારની વિદ્યાઓ ભણ્યા છો ૪૪ તેજ આ ભગવાન દ્રોણાચાર્ય હમણાં પુત્ર રૂપે વિદ્યમાન છે અને ભગવતી કૃપી તો હજી જીવતાં છે. દ્રોણાચાર્યનાં સ્રી પોતાને વીરપુત્ર હોવાથી દ્રોણાચાર્યની પાછળ સતી થયાં નથી, ૪૫ માટે હે ધર્મવેત્તા ! મહા ભાગ્યશાળી એવા આપને હાથે ગુરૂનું કુળ નાશ પામે તે યોગ્ય નથી, પરંતુ આપને તો વારંવાર તે પૂજવા યોગ્ય છે. મારા પુત્રો મરી ગયાથી હું જેમ આતુર થઈ વારંવાર અશ્રુઓ પાડી રડું છું, તેમ પતિને જ દેવ તુલ્ય માનનારાં અશ્વત્થામાની માતા ભગવતી ગૌતમી રડે નહિ તેમ કરો. ૪૭ જે મૂર્ખ રાજાઓ બ્રાહ્મ-

ણના કુળને કોપાવે છે તેમના કુળને સપરિવાર શોકાતુર થઇ નાશ પામવું પડે છે.

સૂત કહે છે કે–હે બ્રાહ્મણો! આ પ્રમાણે દ્રૌપદીનું ધર્મયુક્ત ન્યાયી દયાવાળું સત્ય અને સદ્ભાવ વાળું વચન સાંભળી ધર્મરાજાએ તેમનાં વખાણ કર્યાં. ૪૯ તેમ નકુળ, સહદેવ, સાત્યકી, ધનંજય ને દેવકી પુત્ર ભગવાન સર્વેએ દ્રૌપદીનાં વખાણ કર્યાં. ૫૦ એ વચન સાંભળી ભીમસેને ક્રોધ કરી કહ્યું કે–આને મારવો એ કલ્યાણકારક જ છે. કારણ કે જેણે નિદ્રાવશ થયેલા બાળક છોકરાઓને પોતાના સ્વાર્થ માટે માર્યા નથી તેમ પોતાના રાજાના હિત માટે પણ માર્યા નથી કિંતુ કેવળ વૃથા જ મારી નાંખ્યા છે. ચાર ભુજાવાળા ભગવાન ભીમનું ને દ્રૌપદીનું કહેવું સાંભળી પ્રતાપી અર્જુનના મુખ તરફ જોઇ હસીને આ પ્રમાણે બોલ્યા. ૫૨

શ્રીકૃષ્ણે કહ્યું કે–બ્રાહ્મણ અધમ હોય તોપણ તેને મારવો ઉચિત નથી પરંતુ આતતાયી મારવા યોગ્ય છે. આ રીતે ધર્મ શાસ્ત્રોમાં બન્નેય આજ્ઞાઓ છે માટે મારી આજ્ઞાને પાળો. ૫૩ દ્રૌપદીને શાંત પાડતી વખતે તેં જે વચન આપ્યું છે તે વચનને પણ સત્ય કર અને ભીમસેન પાંચાળી તથા મને ગમતું પણ કર. ૫૪ શ્રીકૃષ્ણના આ પ્રમાણે કહેવાથી અર્જુને તરવારથી અશ્વત્થામાના માથાના મણિને શિખા સાથે કાપી લીધો. ૫૫ તેજહીન માથાના મણિથી રહિત અને બાળહત્યા કરવાથી નિસ્તેજ થઇ ગયેલા અશ્વત્થામાને બંધનમાંથી મુક્ત કરી છાવણીમાંથી પણ કાઢી મૂક્યા. ૫૬ આમ કરવાનું કારણ એ હતું કે મ[illegible] [illegible]ડાવવુ, સર્વ ધન લઇ લેવું તથા સ્થાનથી બહિષ્કાર કરવો એ અધમ બ્રાહ્મણોને વધની શિક્ષા બરોબર છે તેમને દેહાન્ત દંડની શિક્ષા કરવામાં આવતી નથી. પુત્ર શોકથી આતુર થયેલાં દ્રૌપદી પાંડવો અને બીજા સર્વે તે પછી મરણ પામેલાઓને લઇ જવાની વગેરે દેહાંત ક્રિયાઓ કરવામાં ગુંથાયાં. ૫૮

पुत्रशोकातुराः सर्वपा[illegible] [illegible]ः स कृष्णया ।
स्वानां[illegible]तानांयत्कृत्यंच [illegible]निर्ह[illegible]म् ॥

[illegible]तिश्रीमद्भागवतेमहा[illegible]राणप्रथमस्कंध
सप्तमोध्याय:

અધ્યાય ૮ મો.*

પરીક્ષિતની રક્ષા.

सूत उवाच

अथ ते संपरेतानां स्वाना[illegible] ।
दातुं सकृष्णा गङ्गायां पुरस्कृत्य ययुः स्त्रियः॥

સૂત કહે છે કે–પછી મૃત્યુ પામેલા અને ઉદકની ઇચ્છાવાળા પુત્રોને હાથાંજલિ આપવા દ્રૌપદીને આગળ કરી સર્વે સ્ત્રીઓ ગંગાના કિનારા ઉપર ગઇ ૧ અને મરી ગયેલા પુત્રોને હાથાંજલિ આપી અત્યંત વિલાપ કરી શ્રીહરિનાં ચરણારવિંદની રજથી પવિત્ર થયેલા ગંગાના જળમાં સર્વેએ સ્નાન કર્યું. ૨ મુનિઓની સાથે આવેલા શ્રીકૃષ્ણ ભગવાને ધૃતરાષ્ટ્ર રાજાને, ધર્મરાજાને, તેમના ભાઇઓને, પુત્રના શોકથી અતિ દુઃખી થયેલાં ગાંધારીને, કુંતાજી તથા દ્રૌપદીને તેમજ કુટુંબીઓના નાશથી ખિન્ન થયેલાં સર્વેને–પ્રાણીઓમાં કાળની ગતિ અટકાવી શકાય નહિ તેવી છે–એવું કહીને શાન્ત કર્યાં. ૪ દ્રૌપદીના કેશ ખેંચવાથી જેમનું આયુષ્ય નાશ પામ્યું હતું એવા દુષ્ટ રાજાઓને મારી નાંખી દુર્યોધનાદિક કપટી રાજાઓએ હરી લીધેલું યુધિષ્ઠિરનું રાજ્ય તેમને પાછું અપાવી તથા ઉત્તમ સામ[illegible] ત્રણ અશ્વમેધ નામના યજ્ઞો કરાવી ઇન્દ્રના જે[illegible] તેમના પવિત્ર યશને જગતમાં ફેલાવ્યો. સત્કાર પામેલા વ્યાસાદિક વિપ્રોએ શ્રીકૃષ્ણની પૂજા કર્યા પછી પાંડવોની આજ્ઞા

* આઠમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને કોપાયમાન થયેલા અશ્વત્થામાના અસ્ત્રથી પરીક્ષિતની રક્ષા કરી તેથી કુંતાજીએ તેમની સ્તુતિ કરી તે કથા કહી છે.

ભાઈ સાત્યકી અને ઉદ્ધવજીની સાથે દ્વારકા જવાનો વિચાર કરીને જેવા રથમાં બેસતા હતા તેવામાં શ્રીકૃષ્ણે ભયભીત થયેલી ઉત્તરા કુમારીને પોતાની સામે દોડી આવતી જોઈ.૮ ઉત્તરાએ શ્રીકૃષ્ણ ભગવાનની પાસે આવી પ્રાર્થના કરી કે, હે મહાયોગી! હે દેવના દેવ! હે જગત્પતિ! મારી રક્ષા કરો. તમારા વિના જગતમાં બીજું કોઇ સ્થાનક ભય વિનાનું નથી, કારણ કે લોકમાં પરસ્પર કલહ ચાલે છે. ૯ હે ઈશ્વર! મારી પાછળ તીક્ષ્ણ ધારવાળું બાણ વેગથી આવે છે માટે હે કૃષ્ણ! મારૂં અને મારા ગર્ભનું આપ રક્ષણ કરો. ૧૦

સૂત કહે છે કે–હે શૌનક! ભક્તવત્સલ એવા ભગવાન તરત સમજી ગયા કે, જગતને પાંડવ વિનાનું કરવા માટે અશ્વત્થામાએ મૂકેલું તે બ્રહ્માસ્ત્રજ હશે.૧૧ હે મુનિશ્રેષ્ઠ! પછી પાંડવોએ પાંચ જ્વલંત બાણોને સામે આવતાં જોઇ હાથમાં અસ્ત્ર લીધાં. ૧૨ પોતાના એકાન્તિક ભકતોનું અનિવાર્ય દુઃખ જોઇ સમર્થ એવા ભગવાને સુદર્શન નામના પોતાના અસ્ત્રથી ભક્ત એવા પાંડવોની રક્ષા કરી, ૧૩ અને સર્વ પ્રાણીઓના આત્મા રૂપ તથા યોગેશ્વર એવા ભગવાને અંતઃકરણમાં રહીને કુરૂકુળની વૃદ્ધિ માટે ઉત્તરાના ગર્ભને ઢાંકી દીધો. ૧૪ તે અસ્ત્ર બ્રહ્માસ્ત્ર હતું, પાછું ફરે નહિ એવું હતું તથા તેની સામે કંઇ ઉપાય ચાલે નહિ તેમ હતું, તોપણ હે શૌનક! વિષ્ણુના તેજને લીધે તે શાન્ત થઇ ગયું. ૧૫ આશ્ચર્યજનક સર્વ વસ્તુઓથી ભરપૂર એવા પરમાત્મામાં આ વાત આશ્ચર્યકારક બની એમ તમારે જાણવું નહિ, કારણ કે, જન્મ રહિત એવા ઇશ્વર સર્વને પાળે છે, સરજે છે તથા સંહાર પણ કરે છે. ૧૬

બ્રહ્માસ્ત્રથી મુક્ત થયેલા પોતાના પૌત્રને જોઇ દ્રૌપદીની સાથે કુંતાએ દ્વારકા જવાને તૈયાર થયેલા શ્રીકૃષ્ણ ભગવાનની પછી આ પ્રમાણે સ્તુતિ કરી. આદિ પુરૂષ, માયાથી પર સર્વ પ્રાણીઓની બહાર તથા અંદર રહ્યા છતાં જણાય નહિ એવા માયા રૂપી પટથી ઢંકાયલા ઇંદ્રિયોનું જ્ઞાન જેનાથી ઉતરતું છે તથા અવિનાશી એવા આપને ભક્તિયોગથી અજાણી એવી હું નમસ્કાર કરૂં છું. ૧૮ અજ્ઞાની મનુષ્ય જેમ વેશ ધારી નટને ઓળખી શકતો નથી તેમ દેહાભિમાની પુરૂષ પણ આપને ઓળખી શકતો નથી. ૧૯ આત્મા અને અનાત્માના વિવેકવાળા શાસ્ત્રનું મનન કરનારા અને નિર્મળ અંતઃકરણના પુરૂષો પણ આપને ઓળખી શકતા નથી તો પછી અમે સ્ત્રીઓ તે આપનો ભક્તિયોગ સાધવા આપને કેવી રીતે ઓળખી શકીએ? ૨૦ શ્રીકૃષ્ણ, વસુદેવના પુત્ર, નંદરાયના કુમાર તથા વેદ અને ગાયનું રક્ષણ કરનાર આપને હું નમસ્કાર કરૂં છું. ૨૧ જેમની નાભિમાં કમળ છે, જેમણે કમળની માળા ધારણ કરેલી છે, જેમનાં નેત્ર કમળના જેવાં પ્રફુલ્લિત છે તથા જેમના ચરણમાં કમળનું ચિન્હ છે એવા આપને નમસ્કાર છે. ૨૨ હે હૃષીકેશ! ખળ એવા કંસે ઘણા દિવસ સુધી કારાગ્રહમાં રાખેલાં ને પુત્રોના મરણથી શોકાતુર થયેલાં દેવકીજીને આપે છોડાવ્યાં હતાં પણ મને તો આપે વારંવાર દુઃખોના સમૂહમાંથી મુક્ત કરી છે. ૨૩ હે હરિ! આપે ઝેરથી મોટા અગ્નિમાંથી રાક્ષસના ભયથી જુગારીઓની સભામાંથી વનવાસના કષ્ટમાંથી પ્રત્યેક રણસંગ્રામમાંથી અનેક મહારથીઓના અસ્ત્રોથી તથા છેવટ અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી પણ મારી રક્ષા કરી મને દુઃખ મુક્ત કરી છે. ૨૪

હે જગત ગુરૂ! અમને જ્યાં ત્યાં નિત્ય વિપત્તિઓ આવે છે પણ હવે વિપત્તિઓમાં ફરીને સંસારનાં જન્મમરણ રૂપી દુઃખો જોવાં ન પડે એવાં આપનાં દર્શન થયાં છે. ૨૫ સારા કુળમાં જન્મ, પ્રભુતા, શાસ્ત્રાભ્યાસ ને લક્ષ્મીથી જેનો મદ વધેલો હોય એવો પુરૂષ કામના રહિત ભકતોના જાણવામાં આવેલું આપનુ

નામ લેવાને યોગ્ય નથી. ૨૬ કામના રહિત ભક્તજનના ધન રૂપ, ધર્મ, અર્થ ને કામ રૂપી ગુણ વૃત્તિઓ જેની નિવૃત્ત થયેલી છે એવા આત્માના આનંદમાં રમણ કરનારા, શાન્ત અને મોક્ષના પતિ એવા આપને નમસ્કાર હો. ૨૭ હું તમને કાળમૂર્ત્તિ માનું છું કારણ કે, તમે સર્વના નિયંતા છો. આદિ તથા અંત વિનાના છો સમર્થ છો ચારે તરફ વિચરો છો તથા ભૂતોમાં પરસ્પર જે કલેશ થાય છે તેનો આપ તોડ લાવો છો, પરંતુ તમારામાં જરા પણ વિષમપણું આવતું નથી. ૨૮ હે ભગવાન! તમે તમારી લીલાને આધીન થઇ મનુષ્યના જેવું આચરણ કરો છો પરંતુ આપનાં કર્તવ્યને કોઈ જાણી શકતું નથી. આપને કોઇ પ્રિય નથી તેમ કોઇ શત્રુ મિત્ર નથી માટે જે મનુષ્યો તમને નિગ્રહ કરનારા માને છે તે કોઇ પણ રીતે સંભવતું નથી. હે વિશ્વાત્મન! તમે અજન્મા છો, પશુ આદિકમાં વરાહ વગેરે, મનુષ્યોમાં રામ વગેરે ઋષિઓમાં નર નારાયણ વગેરે તથા જલ જંતુઓમાં મત્સ્ય વગેરે તમારા જન્મો થયા છે. આપ અકર્તા છો છતાં દુષ્ટનો સંહાર સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ વગેરે આપનાં કર્મો જોવામાં આવે છે. ૩૦ તમે જ્યારે માંખણની ગોળી ફોડી નાંખી ત્યારે યશોદાજીએ તમને બાંધવાને દામણું લીધું હતું. તમે આસુઓની ધારાથી ધોવાઈ ગયેલાં અંજનવાળું મુખ નીચું કરીને 'મને મારશે,' એવી બીકથી સામે ઉભા હતા તે સમયની આપની બાળલીલા મને મોહિત કરે છે. આપનાથી ભય પોતે બીહે છે. કેટલાક કહે છે કે, પવિત્ર અને પ્રિય યુધિષ્ઠિર રાજાની કીર્તિને અથવા પવિત્ર યશવાળા યદુ રાજાની કીર્તિને વધારવા મલયાચળમાં જેમ ચંદન ઉત્પન્ન થાય તેમ અજન્મા આપ યદુના વંશમાં જનમ્યા છો. ૩૨ કેટલાક એમ કહે છે કે, વસુદેવની સ્ત્રી દેવકીને વિષે તેમના પૂર્વ જન્મની પ્રાર્થનાથી આ જગતનું કલ્યાણ કરવા અને દૈત્યોનો નાશ કરવા માટે અજન્મા એવા આપ પુત્ર રૂપે જનમ્યા છો. કેટલાએક વળી એમ કહે છે કે, સમુદ્રમાં બહુ ભારથી ડગમગતા વહાણની માફક બહુ ભારથી પીડાતી આ પૃથ્વીનો ભાર ઉતારવાને બ્રહ્માની પ્રાર્થના ઉપરથી આપ જનમ્યા છો. ૩૪ કેટલાએક કહે છે કે, આ જગતમાં પરમાનંદની અજ્ઞાન રૂપી અવિદ્યાથી થયેલી કામના અને કામનાથી થયેલાં કર્મોથી કલેશ પામતા મનુષ્યોની અવિદ્યાની નિવૃત્તિ અર્થે સાંભળવા યોગ્ય અને સંભાળવા યોગ્ય ચરિત્રો કરવા માટે આપ આ લોકમા ઉત્પન્ન થયા છો. ૩૫

હે શ્રીકૃષ્ણ! જે મનુષ્યો તમારી લીલાને સાંભળે છે ગાય છે અને બીજાને સંભળાવે છે તેનુ સ્મરણ કરે છે તથા બીજો કોઈ ગાતો હોય તેને ધન્યવાદ આપે છે તેઓ અલ્પ કાળમા સંસારના જન્મ મરણ રૂપી ફેરાને ટાળનારાં તમારાં ચરણારવિંદને પામે છે.૩૬ પોતાની ઇચ્છાને પૂર્ણ કરનારા તમારાં સગાં સંબંધી અને તમારી પાછળ જીવન આળનારાં એવાં જે અમો તેમને તમે શું આજે ત્યાગ કરવાની ઇચ્છા કરો છો? અમોએ રાજાઓનો અપરાધ કર્યો છે અને અમને તમારાં ચરણારવિંદ વિના બીજો એકકે આશ્રય નથી માટે આપ અમને તજવા યોગ્ય નથી.૩૭ હે શ્રીકૃષ્ણ! ઇદ્રિયોનો સ્વામી જીવ જતો રહે ત્યારે જેમ ઈન્દ્રિયોનાં નામ અને રૂપ કંઈ જ રહેતું નથી, તેમ આપનાં દર્શન જો અમને થાય નહિ અને આપ અમારા તરફ દૃષ્ટિ કરો નહિ તો યાદવોની સાથે અમારી પ્રખ્યાતિ અને સંપત્તિ કશા લેખામાં ગણાય નહિ. શંખ, ચક્ર, ગદા તે પદ્મ આદિ આપનાં લક્ષણોથી લાંછિત થયેલાં ચરણોથી અંકિત થયેલી આ પૃથ્વી હમણાં જેમ શોભે છે તેમ તમારા ગયા પછી શોભશે નહિ. ૩૯ વળી આ સારી સંગતિ વાળા દેશો અને આ

આરી રીતે પાકેલી ઔષધિઓ લતાઓ વનો પર્વતો નદીઓ અને સમુદ્રો તમારી કૃપાદૃષ્ટિથી વૃદ્ધિ પામે છે. હે વિશ્વના આત્મા! હે વિશ્વમૂર્તિ! મને મારા પોતાના પાંડવો તથા યાદવો ઉપર દૃઢતર સ્નેહ લાગેલો છે એ સ્નેહપાશને આપ કાપો. ૪૧ હે મધુપતિ! ગંગા જેમ પૂરને ન ગણુગારતાં સાગરની સાથે સ્નેહ કરે છે તેમ મારી મતિ બીજા વિષયમાં ન જતાં નિરંતર તમારાં ચરણ કમળમાં રમે છે. હે અર્જુનના મિત્રા હે પૃથ્વીનો દ્રોહ કરનાર રાજાના વંશનો નાશ કરવામાં અગ્નિતુલ્ય! હે ગાય, બ્રાહ્મણ અને દેવની પીડા હરવા માટે અવતાર ધરનાર યોગેશ્વર! આપને મારા નમસ્કાર છે. ૪૩

સૂત કહે છે કે—આ પ્રમાણે કુંતાએ મધુર પદોથી શ્રીકૃષ્ણનો મહિમા ગાયો તે પછી વૈકુંઠપતિ શ્રીકૃષ્ણ માયાથી જાણે મોહિત કરતા હોય તેમ મંદ હસ્યા ૪૪ અને પછી પાછા હસ્તિનાપુરમાં આવ્યા અને સુભદ્રા પ્રમુખ સ્ત્રીઓની રજા લઇ દ્વારકા જવાની ઇચ્છા કરી, પરંતુ યુધિષ્ઠિરે કેટલોક સમય અત્રે રહો એવી પ્રાર્થના કરીને અટકાવ્યા. ૪૫ ઇશ્વરના અભિપ્રાયને નહિ જાણનારા વ્યાસ વગેરેએ અને અદ્ભુત કર્મ કરનારા શ્રીકૃષ્ણે યુધિષ્ઠિરને ઇતિહાસો સંભળાવી ઉપદેશ આપ્યો તોપણ શોકાતુર થયેલા યુધિષ્ઠિર શાંત થયા નહિ. ૪૬ હે બ્રાહ્મણો! અજ્ઞાનતાને લીધે સ્નેહ અને મોહને વશ થયેલા યુધિષ્ઠિરરાજા સગાં સંબંધીઓના નાશનો વિચાર કરીને બોલ્યા કે—અરેરે! દુષ્ટાત્મા એવો જે હું તેના હૃદયમાં કેટલું બધું અજ્ઞાન છે? મેં આ પારકા દેહને માટે ઘણી અક્ષૌહિણી સેનાનો નાશ કરાવ્યો. હું બાળકોનો બ્રાહ્મણોનો સબંધીઓનો મિત્રોનો કાકાઓનો ગુરૂઓનો તથા ભાઇઓનો દ્રોહ કરનારો થયો માટે કરોડ વર્ષે પણ મારી મુક્તિ થશે નહિ ૪૯ પ્રજાનું પોષણ કરનારા રાજાએ ધર્મયુદ્ધમાં પોતાની પ્રજાને દુઃખ દેનારા શત્રુ રાજાઓનો નાશ કરવો એ પાપ નથી એવું ધર્મશાસ્ત્રનું વચન મને બોધ કરી શકતું નથી કેમ કે, દુર્યોધન ધર્મથી પ્રજાનું પાલન કરતો હતો તેને મેં રાજ્યલોભથી માર્યો છે. જેમના પતિઓને મેં મારી નાંખ્યા છે અને જેમનું મેં અશુભ કર્યું છે એવી સ્ત્રીઓની મારી ઉપર જે હાય લાગીછે તે તથા મહા પાપને હું આ ગૃહસ્થાશ્રનાં કર્મોથી દૂર કરવા સમર્થ નથી. ૫૧ જેમ કાદવથી કાદવ ધોવાતો નથી અને થોડી મદિરાના પાનથી થયેલો દોષ જેમ ઘણી મદિરા પીવાથી મટાડી શકાતો નથી તેમ જેમાં બુદ્ધિપૂર્વક ઘણું કરીને પ્રાણીઓની હિંસા કરવામાં આવે છે એવા યજ્ઞોથી પ્રમાદથી થયેલી પ્રાણીઓની એક પણ હિંસાને મટાડી શકાતી નથી. ૫૨

યથા પઙ્કેન પઙ્કામ્ભઃ સુરયા વા સુરાકૃતમ્ ॥
ભૂતહત્યાં તથૈવૈકાં ન યજ્ઞૈર્માષ્ટુર્મર્હતિ ॥૫૨॥

ઇતિશ્રીમદ્ભાગવતેમહાપુરાણેપ્રથમસ્કન્ધે અષ્ટમોઽધ્યાયઃ

અધ્યાય ૯ મો.*

ભીષ્મનું ધર્મ નિરૂપણ.

સૂત ઉવાચ

ઇતિ ભીતઃ પ્રજાદ્રોહાત્સર્વધર્મવિવિત્સયા ॥
તતો વિનશનં પ્રગાદ્યત્ર દેવવ્રતોઽપતત્ ॥૧॥

સૂત કહે છે—હે શૌનક! આ પ્રમાણે પ્રજાનો દ્રોહ કરવાથી ભય પામેલા ધર્મરાજા સર્વ ધર્મો જાણવાની ઇચ્છાથી જ્યાં આગળ ભીષ્મપિતામહ પડયા હતા, તે કુરૂક્ષેત્રમાં ગયા. ૧ હે બ્રાહ્મણો! તે સમયે સઘળા ભાઇઓ વ્યાસ તથા ધૌમ્ય આદિ સુવર્ણના સાજથી શણગારેલા ઉત્તમ ઘોડાઓવાળા રથોમાં બેસીને તેમની પાછળ કુરૂક્ષેત્રમાં ગયા. ૨

* આ નવમા અધ્યાયમા યુધિષ્ઠિરને ભીષ્મે કહેલુ સર્વ ધર્મનુ નિરૂપણ તથા ભીષ્મે કરેલી શ્રી કૃષ્ણની સ્તુતિ તથા ભીષ્મનો મોક્ષ કહેવાશે.

ભગવાન શ્રીકૃષ્ણ પણ અર્જુનની સાથે રથમાં બેસી ત્યાં ગયા. રાજાઓથી પરિવૃત્ત ભીષ્મ ગુહ્યકોથી વિંટાયલા કુબેરની માફક શોભવા લાગ્યા. પૃથ્વી ઉપર પડેલા ભીષ્મ પિતામહ આકાશમાંથી પડેલા દેવ જેવા દેખાતા હતા તેમને જોઈ શ્રીકૃષ્ણે ને પાંડવોએ પ્રણામ કર્યા. ૪ હે ઋષિશ્રેષ્ઠ! બ્રહ્મર્ષિઓ, દેવર્ષિઓ અને રાજર્ષિઓ, ભરતવંશમાં શ્રેષ્ઠ એવા ભીષ્મને જોવા તે વખતે ત્યાં આવ્યા હતા. હે બ્રહ્મન! પર્વત, નારદ, ધૌમ્ય, ભગવાન બાદરાયણ, બૃહદશ્વ, ભરદ્વાજ, પરશુરામ ૬ વશિષ્ઠ ઇંદ્ર પ્રમદ, ત્રિત, ગૃત્સમદ, અસિત, કક્ષીવાન, ગૌતમ, અત્રિ, કૌશિક, સુદર્શન શુકદેવ કશ્યપ અને બૃહસ્પતિ વિગેરે નિર્મળ મનના મુનિઓ પોતાના શિષ્યોની સાથે ત્યાં આવ્યા. તે સર્વને એકઠા થએલા જોઇ ધર્મજ્ઞ તથા દેશ કાળના વિભાગને જાણનારા ભીષ્મે ઉઠવાની શક્તિ નહિ હોવાથી મન અને વાણીથી સત્કાર કર્યો. ૯ પછી શ્રીકૃષ્ણના પ્રભાવને જાણનારા ભીષ્મે તેમને જગતના ઈશ્વર છતાં માયાદેહ લઇ પોતાની સન્મુખ ઉભેલા જોઇ મન અને વાણીથી પૂજા કરી.૧૯ ભીષ્મપિતામહે પ્રેમા શ્રુઓથી રૂંધાયલી દૃષ્ટિથી પાસે ઉભેલા વિનયવાન પાંડુના પુત્રો તરફ જોઇ કહ્યું કે હે પાંડવો! તમે ધર્મના જાણ છો બ્રાહ્મણનો ધર્મનો તથા ભગવાનનો આશ્રય કરનારા છો તેથી દુઃખમાં રહેવા યોગ્ય નથી છતાં દુઃખમાં રહો છો તે બહુ ખેદની વાત છે. ૧૨ પાંડુના મરણ પછી નાનાં છોકરાંવાળાં કુન્તાવહુએ તમારે માટે બહુ દુઃખો સહન કર્યા છે. ૧૩ વાયુને આધીન વાદળાંની માફક લોકપાલ સાથે લોકો જેમને આધીન રહેલા છે એવા તમોને દુઃખ પડયું એ સર્વ કાળની લીલા છે એમ હું માનું છું. ૧૩ જો એમ ન હોય તો જ્યાં ધર્મપુત્ર યુધિષ્ઠિર રાજા જ્યાં ગદાધર ભીમસેન જ્યાં ધનુર્ધારી અર્જુન જ્યાં ગાંડીવ જેવું ધનુષ અને જ્યાં શ્રીકૃષ્ણ જેવા મિત્ર હોય ત્યાં વિપત્તિ ક્યાંથી આવે? ૧૫ હે રાજા! કોઇ પણ પુરૂષ શ્રીકૃષ્ણનાં કર્તવ્યને જાણતો નથી કારણ કે, જેમનાં કર્તવ્યને જાણવા જતાં કવિઓ પણ મોહ પામે છે. ૧૬ હે યુધિષ્ઠિર! સર્વ દૈવાધીન છે એમ માની ઈશ્વરને માથે રાખી આ અનાથ પ્રજાનું પાલન કરો. ૧૭ હે રાજા! આ સાક્ષાત્ આદિ પુરૂષ નારાયણ તેમની માયાથી લોકોને મોહિત કરી વૃષ્ણીઓમાં ગુપ્ત રહેલા છે. ૧૮ ભગવાન શિવ, નારદ અને કપિલ આદિ ઋષિઓ આ શ્રીકૃષ્ણ ભગવાનના ગુપ્ત પ્રભાવ જાણે છે. ૧૯ તમે જેમને મામાના પુત્ર પ્રિયમિત્ર તથા સંબંધી માનો છો તથા જેમને મંત્રી, દૂત તથા સ્નેહથી સારથિ કર્યા હતા તે સર્વાત્મા, સમદૃષ્ટિવાળા, સ્વપર ભેદ રહિત અહંકાર રહિત ને રાગ દ્વેષ રહિત એવા પરમાત્મા છે અને તેમને ઉંચા નીચા કામથી કદી મતિવૈષમ્ય થતું નથી એવા આ શ્રીકૃષ્ણ ઉદાર ભાવવાળા છે.

હે રાજન! તે સમદૃષ્ટિવાળા છે તોપણ તેમની પોતાના ભક્તોપર કેવી કૃપા છે તે જુઓ. હું પ્રાણત્યાગ કરવાને તૈયાર થયો ત્યારે શ્રીકૃષ્ણે મને દર્શન આપ્યાં. ૨૨ યોગી પોતાના કલેવરનો ત્યાગ કરતી વેળા જો ભગવાનમાં મનને સ્થિર કરીને વાણીથી તેમના નામનું કીર્ત્તન કરે છે તો, કામનામાંથી તથા નાના પ્રકારનાં કર્મોમાંથી તે મુક્ત થાય છે. દેવના દેવ ભગવાનનું મુખકમલ હાસ્યવડે તથા રાતાં નેત્રવડે શોભે છે. ધ્યાન કરવા યોગ્ય ચાર ભુજાવાળા ભગવાન શ્રીકૃષ્ણ હું આ શરીરનો જ્યાં સુધી ત્યાગ કરૂં ત્યાં સુધી ઉભા રહો એવી હું પ્રાર્થના કરૂં છું. ૨૪

સૂત કહે છે—તે સાંભળીને યુધિષ્ઠિર રાજાએ ઋષિઓના સાંભળતાં બાણશય્યામાં સૂતેલા ભીષ્મપિતામહને અનેક જાતના ધર્મો પૂછયા. ૨૫ હે મુનિ! વર્ણધર્મ, આશ્રમધર્મ વૈરાગ્ય અને રાગ રૂપી ઉપાધિથી નિવૃત્તિ

અને પ્રવૃત્તિ રૂપ સંસાર વ્યવહારના સાધારણ ધર્મો દાનધર્મ રાજ્યધર્મ, અનેક પ્રકારના મોક્ષધર્મો સ્ત્રીધર્મ અને વિસ્તારથી વર્ણવેલા આશ્રમના ધર્મો અર્થ કામ અને મોક્ષ, જે પ્રમાણે નાના પ્રકારનાં આખ્યાનોમાં અને ઇતિહાસોમાં વર્ણવ્યા છે તે પ્રમાણે તત્ત્વવેત્તા ભીષ્મે તેમની આગળ વર્ણવી બતાવ્યા.૨૮ આ પ્રમાણે ભીષ્મ પિતામહ ધર્મ કહેતા હતા એટલામાં સ્વતંત્ર મૃત્યુવાળા યોગીને પ્રિય એવો ઉત્તરાયણ કાળ આવ્યો, એટલે હજારો રથીઓના નાયક એવા ભીષ્મ બોલતા બંધ થયા પણ આંખો ઉઘાડી રાખીને પીતાંબરથી શોભાયમાનઆદિ પુરૂષ ચાર ભુજાવાળા અને પોતાની સન્મુખ ઉભેલા શ્રીકૃષ્ણમાં સંસારની વાસનાથી રહિત થયેલા મનને પરોવ્યું. ૩૦ ભગવાનમાં આ પ્રમાણે મનની શુદ્ધ ધારણા પરોવાથી જેનાં સર્વ પાપો નાશ થયાં છે અને શ્રીકૃષ્ણ ભગવાનની કૃપાથી જેનો શ્રમ પણ ટળી ગયો છે તથા જેમની સર્વ ઇન્દ્રિયોની વૃત્તિઓ ભ્રમ રહિત થઇ ગઈ છે એવા ભીષ્મ, દેહનો ત્યાગ કરતી વેળાએ જનાર્દન એવા શ્રીકૃષ્ણ ભગવાનની આ રીતે સ્તુતિ કરવા લાગ્યા.

ભીષ્મ સ્તુતિ કરવા લાગ્યા કે—જે ઇશ્વર પોતાના પરમાનંદ સ્વરૂપમાં રહેલા છે ક્રીડા કરવા માટે જે યોગમાયાથી સંસારની ઉત્પત્તિ કરે છે તે યોગમાયાનો આશ્રય કરનારા પરમ મહત્તાવાળા ભગવાનને વિષે હું નાના પ્રકારના ધર્માદિકના ઉપાયથી મનને સ્થિર કરનારી અને તૃષ્ણા રહિત મારી બુદ્ધિને અર્પણ કરૂં છું. ૩૨ ત્રણ ભુવનમાં સુંદર તમાલ જેવા શ્યામ રંગનાં ને સૂર્યનાં કિરણ જેવાં પીળાં વસ્ત્ર ધારણ કરનાર કાકપક્ષથી ઢંકાઇ ગયેલા મુખકમળવાળા સુંદર શરીરને ધારણ કરનાર અર્જુનના મિત્ર તથા સારથિ એવા શ્રીકૃષ્ણમાં મારી ફલાનુસંધાન રહિત ભક્તિ થાઓ.૩૩ યુદ્ધમાં ઘોડાઓથી ઉડેલી રજથી ધુસર થઇ ગયેલા અને આમ તેમ ઉડતા કેશોથી પરસેવાનાં બિંદુઓ વિખરાઇ જવાથી જેમનું મુખકમળ શોભતું હતું એવા તથા યુદ્ધમાં મારાં તીક્ષ્ણ બાણોથી જેમના શરીરની ચામડી ચીરાઇ જતી હતી તથા જેમનું કવચ તૂટી જતું હતું એવા શ્રીકૃષ્ણમાં મારૂં મન વાસ કરો. ૩૪ પોતાના મિત્ર અર્જુનનાં વચન સાંભળીને તરત પોતાના અને શત્રુઓના સૈન્યની વચ્ચે રથને ઉભો રાખીને ઉભા રહેલા અને કાળદૃષ્ટિથી શત્રુઓના આયુષ્યને હરી લેતા એવા અર્જુનના મિત્ર શ્રીકૃષ્ણમાં મારી પ્રીતિ થાઓ. ૩૫ દૂર ઉભેલી સેનાના મોખરા ઉપર ઉભેલા ભીષ્માદિકને જોઇને દોષબુદ્ધિથી આને મારૂં તો પાપ લાગે તેવા વિચારથી પોતાનાં સગાં સબંધીઓનો નાશ કરતાં અટકી ગયેલા અર્જુનની વૈરાગ્ય બુદ્ધિને જેમણે આત્મવિદ્યાનો ઉપદેશ કરી નિવૃત્ત કરી હતી એવા પરમાત્માનાં ચરણમાં મારી પ્રીતિ થાઓ.

હું રણ ઉપર શસ્ત્ર ધારણ કરીશ નહિ એવી પ્રતિજ્ઞાનો ભંગ કરીને પ્રતિજ્ઞાને સત્ય કરવા માટે રથમાં બેઠા હતા ત્યાંથી એકાએક નીચે ઉતરી હાથમાં રથનું પૈડું લઇ પૃથ્વીને કંપાવતા અને વેગમાં આવવાથી જેના ખભા ઉપરથી ઉત્તરીય વસ્ત્ર પડી ગયું હતું એવા શ્રીકૃષ્ણ ભગવાન સિંહ જેમ હાથીને મારવા માટે દોડે તેમ મારી તરફ દોડયા ત્યારે મેં હશીને તીક્ષ્ણ બાણો માર્યાં તેથી જેમનું કવચ છિન્ન છિન્ન થઇ ગયું અને તે લોહી લોહાણ થઈ ગયા. અર્જુને તેમને આવતા અટકાવ્યા છતાં બલાત્કારથી મને આતતાયીને મારવાને માટે આવ્યા હતા તે મુકુંદ ભગવાનને વિષે મારી ગતિ હો. અર્જુનના રથનું રક્ષણ કરનારા હાથમાં પરોણી તથા ઘોડાની રાશોને લેઇ રથ ઉપર બેઠેલા અને સારથિની શોભાથી શોભતા ભગવાનમાં મરવાની ઇચ્છાવાળો જે હું તેની પ્રીતિ થાઓ. ભગવાનના દર્શને કરીને આ યુદ્ધમાં મરેલા યોદ્ધાઓ તેમના સમાન રૂપને પામેલા છે,

૩૯ સુંદર ગતિ મનોહર વિલાસ મધુર હસવું અને પ્રેમપૂર્વક જોવું વિગેરેથી બહુ માન આપવાને લીધે મદમાં આંધળી થઈ ગયેલી ગોપિકાઓ જે શ્રીકૃષ્ણનાં ગોવર્ધન ધારણ વગેરે ચરિત્રોને અનુકરણ કરતી પ્રત્યક્ષ રીતે જેમના સ્વરૂપને પામી હતી તે ભગવાનમાં મારી પ્રીતિ થાઓ. ૪૦ યુધિષ્ઠિર રાજાના રાજસૂય યજ્ઞમાં મોટા મોટા મુનિઓ તથા રાજાઓની સભા વચ્ચે મુનિઓ અને રાજાઓએ અહો શું રૂપ! શો મહિમા! એમ આશ્ચર્યથી જોવાતા જે ભગવાન પૂજાને પામ્યા હતા તે વિશ્વના આત્મા રૂપ ભગવાન મારી દૃષ્ટિ આગળ આવીને ઉભા છે તેથી મારાં અહોભાગ્ય છે. ૪૧ સૂર્ય એક છે છતાં પ્રાણીઓની પ્રત્યેક દૃષ્ટિએ જેમ અનેક રૂપો દેખાય છે તેમ પોતે નિર્માણ કરેલાં પ્રાણીઓના પ્રત્યેક હૃદયમાં એક અધિષ્ઠાન રૂપે રહેલા છતાં ઇશ્વર અનેક રૂપે દેખાય છે, તે જન્મરહિત ઈશ્વરને જેનો ભેદ તથા મોહ ટળી ગયેલો છે એવો હું પ્રાપ્ત થયો છું.

સૂત કહે છે કે—આ પ્રમાણે મન વાણી અને દૃષ્ટિની વૃત્તિથી ભગવાન એવા શ્રીકૃષ્ણમાં આત્માને જોડીને ભીષ્મપિતામહ મરણ પામ્યા. તેમનો નિઃશ્વાસ બહાર નહિ નિકળતાં અંતરમાં સમાઇ ગયો. ૪૩ ભીષ્મને ઉપાધિ રહિત પરબ્રહ્મમા મળી ગયેલા જોઇ પક્ષીઓ જેમ બોલતાં બધ થઇ જાય તેમ સઘળાં સંબંધીઓ બોલતાં બધ થઈ ગયાં અને દેવતા તથા મનુષ્યોએ વગાડેલાં નગારાંના નાદ થવા લાગ્યા. રાજાઓમાં ઈર્ષ્યા વિનાના રાજાઓ વખાણ કરવા લાગ્યા અને આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઇ. ૪૫ હે શૌનક! મરણ પામેલા તે ભીષ્મની સ્મશાનમા લઇ જવા વિગેરે ક્રિયાઓ યુધિષ્ઠિર રાજાએ કરાવી અને શોક કર્યો. ૪૬ પછી પ્રસન્ન થયેલા મુનિઓએ વેદોક્ત ગુપ્ત નામથી શ્રીકૃષ્ણની સ્તુતિ કરી અને શ્રીકૃષ્ણનું હૃદયમાં ધ્યાન કરતા તેઓ પોતપોતાના આશ્રમમાં ગયા. ૪૭ યુધિષ્ઠિરે શ્રીકૃષ્ણની સાથે હસ્તિનાપુરમાં આવી કાકાને તથા તપસ્વિની ગાંધારીને શાન્ત કર્યાં. ૪૮ તે બાદ ધૃતરાષ્ટ્રની અનુમતિથી અને શ્રીકૃષ્ણના અનુમોદનથી સમર્થ એવા ધર્મરાજા ધર્મથી બાપદાદાનું રાજ્ય ચલાવવા લાગ્યા. ૪૯

पिता वा[illegible]मतो राजा वासुदेवानुमोदितः।
चकार राज्यं धर्मेण पि[illegible]तामहं विभुः॥ ४९॥

इतिश्रीमद्भागवतेमहा[illegible]राणे [illegible]
न[illegible]ध्यायः

અધ્યાય ૧૦ મો.*

શ્રીકૃષ્ણનું દ્વારકા ગમન.

शौनक उवाच

हत्वा स्वरिक्थस्पृध आततायिनो
युधिष्ठिरो धर्मभृतां वरिष्ठः।
सहानुजैः प्रत्यवरुद्धभोजनः
कथं प्रवृत्तः किमकारषीत्ततः॥ १॥

શૌનકે પૂછ્યું કે—પછી પોતપોતાના ધનની સ્પૃહાવાળા આતતાયીઓને મારવાથી શોક પામેલા ધર્મિઓમાં વરિષ્ઠ એવા યુધિષ્ઠિરે પોતાના બંધુઓ સાથે કેવી રીત રાજ્ય કર્યું તે કહો?

સૂત કહે છે કે—વિશ્વ માત્રનું રક્ષણ કરનાર શ્રીહરિએ કુરૂવનમાં લાગેલા દાવાનળથી બળી ગયેલા વંશને પરીક્ષિત રાજાની રક્ષા કરીને પુનઃ અંકુરિત કર્યો અને યુધિષ્ઠિરને રાજ્ય ઉપર બેસાડીને ભગવાન શ્રીકૃષ્ણ પ્રસન્ન થયા. ૨ ત્યાર પછી ભીષ્મે કહેલા અને ભગવાને અનુમોદેલા ધર્મને સાંભળીને આ જગત પરમેશ્વરને આધીન છે સ્વતંત્ર નથી, એવા વિશેષ જ્ઞાનથી હું કર્તા ભોક્તા નથી, એમ માની ભગવાનનો આશ્રય કરનારા અને પોતાના ભાઇઓથી સેવતા યુધિષ્ઠિર રાજા ઇન્દ્રની પેઠે સમુદ્ર સુધી પૃથ્વીનું પાલન કરવા

* આ દશમા અધ્યાયમાં કાર્ય કરીને સ્ત્રીઓથી સ્તુતિ કરાતા શ્રીકૃષ્ણ હસ્તિનાપુરમાંથી દ્વારિકા ગયા એ કથા કહેવાશે.

હતા. ૩ તેમના રાજ્ય સમયમાં યથાકાળ વરસાદ વરસતો હતો, પૃથ્વી સર્વ કામનાઓ પૂરતી હતી, અને મોટાં આંચળવાળી ગાયો ગમાણને દૂધથી રેલ છેલ કરી મૂકતી હતી. ૪ નદીઓ સમુદ્રો વનસ્પતિઓ અને લતાઓ સહિત પર્વતો તથા સર્વ ઓષધિઓ ઋતુ ઋતુમાં ફળ આપતી હતી. ૫ યુધિષ્ઠિર રાજા રાજ્ય કરતા હતા તે વખતે પ્રાણીઓને ક્યાંહી દૈવથી પ્રાણીઓથી કે મનથી આધિ વ્યાધિ કે ઉપાધિ થતા ન હતા. ૬ સગાં સંબંધીઓનો શોક દૂર કરવા તથા સુભદ્રાને સારૂ લગાડવાની ઇચ્છાથી કેટલાક મહિના શ્રીકૃષ્ણ હસ્તિનાપુરમાં રહ્યા અને પછી યુધિષ્ઠિર રાજાને પ્રણામ કરી તેમની આજ્ઞા લઇ દ્વારકા જવા નીકળ્યા. એ વખતે કેટલાએક તેમને ભેટયા અને કેટલાક નાના સંબંધીઓ નમ્યા. ૮ સુભદ્રા દ્રૌપદી કુન્તાજી વિરાટરાજાની પુત્રી ઉત્તરા ગાંધારી ધૃતરાષ્ટ્ર યુયુત્સુ કૃપાચાર્ય નકુલ સહદેવ ભીમ ધૌમ્ય ને સત્યવતી વિગેરે સ્ત્રીઓ અને સંબંધીઓ શ્રીકૃષ્ણનો વિરહ સહન કરી શક્યાં નહિ. ૧૦ વિદ્વાન પુરૂષ સત્સંગ કરવા માટે સ્ત્રી પુત્ર આદિ વિષય રૂપ દુસ્સંગનો ત્યાગ કરી સત્પુરૂષોથી ગવાતા ભગવાનના મનોહર યશને એકવાર જો સાંભળે છે તો પછી તે કદી તજી દેતા નથી. ૧૧ ભગવાનનાં દર્શન સ્પર્શ ભાષણ સૂવું બેસવું તથા જમવું ઈત્યાદિક વર્તનમાં બુદ્ધિને અર્પણ કરનારા પાંડવો તેમનો વિરહ કેમ સહન કરી શકે? ૧૨ શ્રીકૃષ્ણ ભગવાનની સાથે સ્નેહ બંધનથી બંધાયલા અને શ્રીકૃષ્ણની પાછળજ જેમનું ચિત્ત દોડયા કરતું હતું એવા પાંડવો અનિમેષ નેત્રોથી શ્રીકૃષ્ણને જોવા લાગ્યા. ત્યારે દેવકીપુત્ર શ્રીકૃષ્ણ ભગવાન ઘરમાંથી બહાર નિકળ્યા ત્યારે ભાઇઓ એવા પાંડવોની સ્ત્રીઓની આંખોમાં ઉત્સાહથી આંસુ આવી ગયાં પરંતુ અશુભ થાય એમ ધારીને તેઓએ તે રોકી રાખ્યાં. ૧૪ તે સમયે મૃદંગ શંખ ભેરી ઢોલ નગારાં ગૌમુખ ઘુઘરીઓ આનક ઘંટા આદિ વાજીંત્રો વાગ્યાં. જેમનાં નેત્રોમાં પ્રેમ લજ્જા અને હાસ્ય દેખાતું હતું એવી કુરૂ દેશની સ્ત્રીઓએ શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કરવાની ઇચ્છાથી મહેલની અગાસી ઉપર ચઢી પુષ્પથી તેમને વધાવ્યા. ૧૬ આ વખતે નિદ્રાનો વિજય કરનાર અને શ્રીકૃષ્ણના અતિ પ્રિય મિત્ર એવા અર્જુને મોતીની માળાથી શોભાયમાન અને રત્ન જડેલા દાંડાવાળું ધોળું છત્ર શ્રીકૃષ્ણ ઉપર ધર્યું. ૧૭ ઉદ્ધવ તથા સાત્યકી અદ્દભુત એવાં બે ચામરો ઢોળવા લાગ્યા અને પુષ્પોથી વધાવાતા મથુરાપતિ શ્રીકૃષ્ણ માર્ગમા શોભવા લાગ્યા. ૧૮ નિર્ગુણ એટલે માયા રહિત અને ગુણાત્મક એટલે માયાથી દેહને ધારણ કરનાર પરમેશ્વરને બ્રાહ્મણોએ આપેલા આશીર્વાદો જ્યાં ત્યાં સંભાળાવા લાગ્યા. ૧૯ શ્રીકૃષ્ણ ઉપર મોહી પડેલી કૌરવ રાજાના નગરની સ્ત્રીઓ વચ્ચે સર્વના કાનને મનોહર લાગે તેવું આ પ્રમાણે પરસ્પર ભાષણ થવા લાગ્યું. ૨૦ પૂર્વે સત્વાદિ ગુણો જ્યારે ક્ષોભ પામ્યા ન હતા અને પ્રલય વેળાએ જીવની ઉપાધિભૂત સત્વાદિ ગુણની શક્તિઓ પરમાત્મામાં લય પામી હતી તેમ જગતના જીવો પણ પરમાત્મામાં લય થયા ત્યારે જે એક પુરાણ પુરૂષ પ્રપંચ વિનિર્મુક્ત રહીને પોતાના સ્વરૂપમાં વિદ્યમાન રહ્યા હતા તે જ પુરાણ પુરૂષ આ શ્રીકૃષ્ણ ભગવાન પોતે છે. ૨૧ નામ તથા રૂપ રહિત જીવોનાં નામ તથા રૂપ બનાવવાની ઇચ્છાથી વેદને રચનાર એવા જેમણે પોતાની કાળ શક્તિએ પ્રેરેલી પોતાના અંશભૂત જીવોને મોહ પમાડનારી અને સૃષ્ટિ સરજવાની ઇચ્છાવાળી માયાનો ફરીને આશ્રય કર્યો હતો તેજ આ શ્રીકૃષ્ણ છે. ૨૨ જિતેંદ્રિય અને પ્રાણવાયુને વશ કરનારા યોગીઓ ભક્તિથી નિર્મળ થયેલી બુદ્ધિવડે આ લોકમાં જેમના સ્વરૂપને ધ્યાય છે તે જ આ શ્રીકૃષ્ણ

ભગવાન આપણી સાંસારિક, બુદ્ધિને નિર્મળ કરવાને યોગ્ય છે. હે સખિ! વેદમાં અને વેદની રહસ્ય વસ્તુને નિરૂપણ કરનારા જે ભક્ત પુરૂષો—ઇશ્વર એક છે અને તે પોતાની લીલાથી જગતને સરજે છે પાળે છે અને સંહારે છે, છતાં તેમાં બંધાતા નથી—એવી પરમાત્માની સત્ય કથાને ગાય છે તે શ્રીકૃષ્ણ પોતેજ છે. ૨૪ હે સખિ! તમોગુણી બુદ્ધિવાળા રાજાઓ અધર્મથી આજીવિકા કરવા માંડે છે ત્યારે અવશ્ય આ ભગવાન જગતની રક્ષા કરવા સારૂ શુદ્ધ એવા સત્વગુણોનાં રૂપોને ધારણ કરીને યુગે યુગે ઐશ્વર્યને સત્ય પ્રતિજ્ઞાને યથાર્થોપદેશને ભક્ત ઉપર દયાળુતાને અને યશસ્વી એવાં અદ્ભુત કર્મોને પ્રગટ કરે છે. ૨૫ યાદવનું કુળ સર્વથા માનને યોગ્ય છે અને મધુવન પણ અત્યંત પુણ્યવાન ક્ષેત્રોમાંનું એક ક્ષેત્ર છે કારણ કે, પુરૂષોમાં ઉત્તમ એવા આ લક્ષ્મીપતિ શ્રીકૃષ્ણ ભગવાન પોતાના જન્મવડે તેને દીપાવે છે તથા આમ તેમ ફરીને સર્વનો સત્કાર કરે છે. ૨૬ અત્યંત આશ્ચર્યની વાર્તા તો એ છે કે, દ્વારકાપુરી સ્વર્ગના યશનો પણ તિરસ્કાર કરી પૃથ્વીના પવિત્ર યશનો વિસ્તાર કરે છે. જ્યાંની પ્રજા નિરંતર અનુગ્રહથી હાસ્યપૂર્વક દૃષ્ટિ કરનારા પોતાના સ્વામી શ્રીકૃષ્ણનાં દર્શન કર્યા કરે છે. ૨૭ શ્રીકૃષ્ણનું પાણિગ્રહણ કરનારી સ્ત્રીઓએ વ્રત સ્નાન અને હોમાદિક કરી પરમાત્માને પૂજેલા જણાય છે કારણ કે, જે અધરામૃતમાં અંતઃકરણ વળગી રહેવાથી વ્રજની સુન્દરીઓ મોહ પામી હતી તે જ અધરામૃતનું એ સ્ત્રીઓ નિત્ય પાન કરે છે. ૨૮ જેમણે પરાક્રમ રૂપી મૂલ્યથી સ્વયંવરમાં શિશુપાળ વગેરે બળવાન રાજાઓનો નાશ કરીને હરી આણેલી પ્રદ્યુમ્ન સાંબ અને અંબની માતાઓ રુક્મિણી જામ્બવતી અને નાગ્નજિતી વિગેરે સ્ત્રીઓ તથા ભૌમાસુરનો વધ કરીને હરી આણેલી જે હજારો સ્ત્રીઓ છે તે સર્વ સ્ત્રીઓ પરાધીન અને પવિત્રતા વિનાના સ્ત્રીપણાને શોભાવે છે કારણ કે કમળ જેવાં નેત્રવાળા પોતાના સ્વામી ભગવાન મધુર ભાષણો કરીને અથવા તો પારિજાતક વગેરે પ્રિય વસ્તુઓ આણી આપીને તેમનાં હૃદયને આનંદ આપે છે તથા કોઈ પણ દિવસ તેમના ઘરમાંથી બહાર જતા નથી. ૩૦

આ પ્રમાણે અન્યોન્ય ભાષણ કરતી નાગરીઓ તરફ હાસ્યપૂર્વક નિહાળી તેમને પ્રસન્ન કરતા કરતા શ્રીકૃષ્ણ ભગવાન નગરમાંથી બહાર નિકળ્યા. અજાતશત્રુ યુધિષ્ઠિરે શત્રુઓથી શંકા પામીને સ્નેહને લીધે મધુસૂદન એવા શ્રીકૃષ્ણ પરમાત્માની રક્ષા સારૂ ચતુરંગિણી સેનાને તેમની સાથે મોકલી. ૩૨ શ્રીકૃષ્ણનો વિરહ થવાથી ખિન્ન થઇ ગયેલા પાંડવો ઘણે દૂર સુધી વળાવવા ગયા. શ્રીકૃષ્ણ ભગવાન પોતાની ઉપર બહુજ સ્નેહ ધરાવનારા અને ઘણે દૂર સુધી વળાવવા આવેલા પાંડવોને પાછા વાળી ઉદ્ધવાદિક પ્રિય જનોની સાથે દ્વારકા તરફ સિધાવ્યા. ૩૪ હે શૌનક! કુરૂ જાંગલ પાંચાલ યમુનાના તીર ઉપરનો સૂરસેન બ્રહ્માવર્ત કુરૂક્ષેત્ર મત્સ્ય સારસ્વત તથા મરૂધન્વ વગેરે ઘણાક દેશોને ઓલંગીને સૌવીર તેમજ આભીર દેશને ઓલંગી આનર્તમાં ગયા. હે શૌનક! એ સઘળા દૂર દેશોને ઓલંગવાથી ઘોડાઓ થાકી ગયા હતા. ભગવાન જે જે દેશમાં ગયા ત્યાંના લોકોએ તેમને ભેટો અર્પણ કરી. આ રીતે શ્રીકૃષ્ણ ભગવાન પશ્ચિમ દિશામાં આવ્યા ત્યારે સાયંકાળ થયો હતો તેથી રથમાંથી નીચે ઉતરી જળાશય ઉપર જઇ સાયંસંધ્યા કરી. ૩૬

तत्र तत्र ह तत्रत्यैर्हरिः प्रत्युद्यतार्हणः ॥
सायं भेजे दिशं पश्चाद्गविष्ठो गां गतस्तदा ॥

इति श्रीमद्भागवते महापुराणे प्रथमस्कंधे
दशमोऽध्यायः

અધ્યાય ૧૧ મો.*

દ્વારકામાં પધરામણી.

सूतउवाच

न तान्सउपव्रज्यस्वृद्धाञ्जनपदान्स्वकान् ।
ध्मा दरवरंतेषां विषादं शमयन्निव ॥ १ ॥

સૂત કહે છે કે—હે શૌનક! તે પછી પોતાના સંપૂર્ણ સમૃદ્ધિવાળા આનર્ત નામના દેશમાં આવેલા દ્વારકાના સીમાડા ઉપર આવીને શ્રીકૃષ્ણે તે દેશના રહેવાસીઓના ખેદને શાંત કરતા હોય તેમ પાંચજન્ય નાન નો શંખ વગાડયો. ધોળા પેટવાળો તે શંખ શ્રીકૃષ્ણ પોતાના કરકમળમાં રાખીને વગડાતા હતા તેથી તેમના ઓષ્ઠની લાલાશથી રાતા રંગનો દેખાતો હતો એટલે રાતા કમળના સમૂહમાં બોલતા રાજહંસના જેવો લાગતો હતો. ૨ જગતના ભયને પણ ભય આપનારો તે નાદ સાંભળીને દ્વારકાની સર્વ પ્રજા પોતાના સ્વામીનાં દર્શન કરવાને સામે ગઇ. ૩ શ્રીકૃષ્ણ પોતે આત્મારામ તથા પરમાનંદ સ્વરૂપના લાભથી સર્વદા પૂર્ણ કામનાવાળા હતા તોપણ સર્વ પ્રજાએ આદરભાવથી સૂર્યને જેમ દીવો અર્પણ કરવામાં આવે તેમ ભગવાનને ભેટો અર્પણ કરી અને પ્રેમથી જેમનું મુખ પ્રસન્ન દેખાતું હતું એવી પ્રજા પુત્રો જેમ પોતાનું રક્ષણ કરનાર પિતાની પાસે પ્રસન્ન મુખ કરીને કાલું કાલું બોલે તેમ હર્ષથી ગળગળી વાણીથી સર્વના સંબંધી તથા સર્વ જગતનું રક્ષણ કરનાર એવા ભગવાનને કહેવા લાગી કે—હે નાથ! બ્રહ્મા બ્રહ્માના પુત્ર સનકાદિક તથા ઇન્દ્રથી વંદાતાં આપનાં ચરણારવિંદને અમે નિત્ય નમસ્કાર કરીએ છીએ. જે ચરણારવિંદ આ જગતમાં ક્ષેમને ઈચ્છનારા લોકોને ઉત્તમ આશ્રયસ્થાન છે કારણ કે જ્યાં બ્રહ્માદિકના પ્રભુ એવા કાળનું પણ બળ ચાલતું નથી. ૬ હે જગતને ઉત્પન્ન કરનાર પ્રભુ! આપ અમારૂં કલ્યાણ કરો, આપ અમારાં માતા પિતા સુહૃદ અને પતિ છો તથા સદગુરૂ અને પરમ દૈવત રૂપ છો. આપને જ અનુસરવાથી અમે કૃતાર્થ થયા છીએ. ૭ અમે આપનાથીજ સનાથ છીએ કારણ કે દેવતાઓને દુર્લભ અને પ્રેમભાવથી મંદ હાસ્ય સાથે સ્નેહ ભરેલી દૃષ્ટિવાળું જેમાં મુખ છે એવું સર્વાંગ સુંદર આપનું સ્વરૂપ અમે હમણાં જોઈએ છીએ. ૮ હે કમળનયન! આપ જ્યારે અમારો ત્યાગ કરી સંબંધીઓને મળવાની ઇચ્છાથી હસ્તિનાપુર ગયા ત્યારે સૂર્ય ન દેખાવાથી અંધારાને લીધે આંખને જેમ એક ક્ષણ પણ એક કરોડ વર્ષ જેવી થઈ પડે છે તેમ આપના વિના અમોને એક ક્ષણ એક કરોડ વર્ષ જેવી થઇ પડી હતી. ૯ ભક્તવત્સલ ભગવાન પ્રજાએ કહેલી આ સર્વ વાણીને તથા બીજી વાતોને સાંભળી આદરવાળી દૃષ્ટિથી સર્વના ઉપર અનુગ્રહ કરતા દ્વારકા નગરમાં પેઠા. ૧૦ આ નગરી સામાન્ય ન હતી, નાગો જેમ ભોગવતી નામની પાતાળની નગરીનું રક્ષણ કરે છે તેમ શ્રીકૃષ્ણના જેવા બળવાળા મધુ ભોજ દાશાર્હ અર્હ કુકુર અંધક અને વૃષ્ણિ કુળના પુરૂષો તેનું રક્ષણ કરતા હતા. ૧૧ સર્વ ઋતુઓમાં સર્વ પ્રકારનાં ફૂલ ફળના વૈભવવાળાં પવિત્ર વૃક્ષો તથા લતા મંડપો જેમાં આવી રહેલાં હતાં એવા આશ્રમો ઉદ્યાનો ઉપવનો અને આરામોથી ઘેરાયલાં સરોવરથી તે શોભતી હતી. ૧૨ નગરીના દરવાજા ઉપર ઘરના બારણા આગળ તથા રસ્તાઓ ઉપર ઉત્સવ માટે તોરણો બાંધ્યાં હતાં અને ગરૂડ વગેરેના ચિહ્નવાળી ધ્વજાઓ તથા વિજયના યંત્રો આલેખેલી પતાકાઓના ઓથ છાયાથી સૂર્યનાં કિરણો

* આ અગિયારમા અધ્યાયમાં આનર્ત દેશના લોકોએ સ્તુતિ કરાતા શ્રીકૃષ્ણનો દ્વારકામાં પ્રવેશ અને પત્નીઓના પતિ શ્રીકૃષ્ણની પ્રીતિનું સારી રીતે વર્ણન આપવામાં આવશે.

ઉંકાઈ જઈ નગરીમાં બધે છાંયો થઈ રહ્યો હતો. વળી રાજમાર્ગો શેરીઓ બજારો અને ચોટાંને વાળીને સાફ કર્યા હતાં તથા સુગંધી જળ છાંટીને ફળ ફૂલ અક્ષત તથા અંકુરો બધે વેરવામાં આવ્યાં હતાં.૧૪ સર્વના ઘરને બારણે બારણે દહી અક્ષત ફળ શેલડી પાણીના ઘડાઓ બલિદાનો ધુપ તથા દીવાઓ મૂકીને શોભા કરેલી હતી.૧૫ શ્રીકૃષ્ણ ભગવાન દ્વારકામાં પધારે છે એવા સમાચાર સાંભળીને ઉદાર મનના વસુદેવ અક્રૂર ઉગ્રસેન અદ્‌ભુત પરાક્રમી બળદેવ ૧૬ પ્રદ્યુમ્ન ચારૂદેષ્ણ જાંબવતીનો પુત્ર સાંબ વગેરે સર્વ હર્ષ તથા આનંદના આવેશમાં સૂવા બેસવાનો તથા ભોજનનો ત્યાગ કરીને ૧૭ મંગળ નિમિત્ત એક મોટા હાથીને શણગારી તેને આગળ કરી પુષ્પ આદિક મંગળ વસ્તુઓ જેમના હાથમાં હતી એવા બ્રાહ્મણોની સાથે રથોમાં બેસીને શંખ તથા તુરીના શબ્દોથી અને વેદમંત્રોના પાઠોથી આદર આપતા ને પ્રસન્ન થતા શ્રીકૃષ્ણની સામે ગયા હતા. નગરજનો અત્યંત આનંદમાં આવી ગયા હતા. ૧૮ કુંડળોની કાંતિથી શોભાયમાન વાર સ્ત્રીઓ શ્રીકૃષ્ણનાં દર્શન કરવાની ઉત્કંઠાથી વાહનોમાં બેશી સામે ગઇ હતી.૧૯ નટ-નર્તક ગંધર્વ સૂત માગધ અને બંદિજનો સ્તુતિ કરતા શ્રીકૃષ્ણની સામે જવા નીકળ્યા અને પવિત્ર કીર્તિવાળા યાદવોનાં ચરિત્રો ગાવા લાગ્યા.૨૦ સામા આવેલા બાંધવો તથા નગરવાસીઓ સાથે ઘટતી રીતે ભાષણાદિક કરી તથા મળી ભગવાને સર્વેને યથોચિત માન આપ્યું. ૨૧ મળવા આવેલા લોકોમાંથી કેટલાકનો મસ્તક નમાવીને સત્કાર કર્યો, કેટલાકનો નમસ્કાર કરીને સત્કાર કર્યો, કોઇને ભેટીને માન આપ્યું, કોઇને હાથ ઝાલીને માન આપ્યું, કોઇને ઇચ્છિત વરદાન આપીને સન્માન કર્યું તથા ચાંડાલ પર્યંત સુધીમાં મનુષ્યોને અભય આપીને માન આપ્યું. ૨૨ તે પછી ગુરૂજનોના બ્રાહ્મણોના ને બંદીજનોના આશીર્વાદને ગ્રહણ કરતા કરતા તે પુરમાં પેઠા.૨૩ હે શૌનક ! શ્રીકૃષ્ણ જેવા રાજમાર્ગ ઉપર આવ્યા કે દ્વારકાની કુલીન સ્ત્રીઓ દર્શન માટે હવેલીઓની અગાશીઓ ઉપર ચઢી. ૨૪ દ્વારકાવાસી સ્ત્રીઓ જો કે નિરંતર શ્રીકૃષ્ણ ભગવાનને જોતી હતી તો પણ તેઓનાં નેત્ર તૃપ્ત થતાં ન હતાં કારણ કે જેમનું વક્ષઃસ્થલ લક્ષ્મીજીનું નિવાસસ્થાન હતું, જેમનું મુખ સર્વ પ્રાણીઓનાં નેત્રોને સૌન્દર્યામૃત પીવાનું પાન પાત્ર બનેલું હતું જેમની ભુજાઓ સર્વ લોકપાળોનું નિવાસસ્થાન હતું અને જેમના ચરણકમળ ભગવદ્ભજન કરનારાઓનું નિવાસસ્થાન હતું એવા શ્રીકૃષ્ણ રાજમાર્ગે થઇને જતા હતા તે વખતે માર્ગમાં તેમની ઉપર શ્વેતછત્ર ધરેલું હતું અને બંને બાજુ ઉપર ચમરો ઢોળાતાં હતાં તેથી તે શોભતા હતા. ઉપરથી પુષ્પની વૃષ્ટિ થતી હતી. આ વેળા શ્વેતછત્ર ધોળાં ચમરો પીતાંબર તથા વનમાળાથી અદ્‌ભુત શોભા થઈ રહી હતી. જો મેઘની ઉપર સૂર્યબિંબ બન્ને બાજુ ચંદ્રનાં મંડળો આસપાસ નક્ષત્રમાળાઓ અને તેની વચ્ચે ઇંદ્રધનુષ તથા સ્થિર વિજળીનું તેજ આવી રહે તો તે શોભાની કાંઇક ઉપમાને પહોંચે. ૨૭

આ પ્રમાણે ઘરના બારણા આગળ આવી પહોંચ્યા એટલે દેવકી વગેરે માતાઓએ ઓવારણાં લીધા. શ્રીકૃષ્ણ હર્ષથી દેવકી પ્રમુખ સાતે માતાઓને મસ્તક નમાવીને પગે લાગ્યા. ૨૮ પછી સ્નેહને લીધે જેમને પાનો ચઢયો હતો એવી તે માતાઓએ શ્રીકૃષ્ણને બહુ વહાલ બતાવ્યું. માતાઓને મળ્યા પછી શ્રીકૃષ્ણ સર્વ પ્રકારના વૈભવવાળા પોતાના ઘરમાં ગયા જ્યાં આગળ તેમની સ્ત્રીઓના સોળ હજાર એકસો ને આઠ ઓરડા હતા. દેશાટન કરીને પાછા આવેલા સ્વામીને જોતાં તે સર્વ સ્ત્રીઓના મનમાં ઘણોજ આ-

વાંક થયો. પ્રોષિતભર્તૃકા એવી તેઓ દૂરથી પોતાના સ્વામીને જોઈ ઉભી થઇ ને સ્નેહથી મુખ જોવા લાગી. તે સર્વ સ્ત્રીઓનો અભિપ્રાય ગંભીર હતો. તેઓએ આગંતુક પતિને તેમનાં દર્શન થયાની અગાઉ બુદ્ધિદ્વારા આલિંગન કર્યું, પછી જ્યારે દૃષ્ટિગોચર થયા ત્યારે દૃષ્ટિદ્વારા ભેટ લીધી પાસે આવ્યા ત્યારે પુત્રદ્વારા ભેટ લીધી અને પછી પોતે તેમને પ્રત્યક્ષ મળી. તે સ્ત્રીઓએ જો કે લજ્જાને લીધે હર્ષાશ્રુઓને અટકાવ્યાં પરંતુ હે શૌનક! પરાધીન થઈ જવાથી જરાક આનંદાશ્રુ ખરી પડયાં. શ્રીકૃષ્ણ ભગવાન જો કે સર્વદા તેઓની પાસેજ રહેતા હતા અને નિર્જન સ્થાનમાં ગુહ્ય વાત કરતા હતા તોપણ તેમની સ્ત્રીઓને તેમનાં ચરણારવિંદો ક્ષણે ક્ષણે નવાં નવાં લાગતાં હતાં. એવી તે કયી સ્ત્રી હોય કે જે શ્રીભગવાનનાં ચરણારવિંદની સેવાથી વિરામ પામે ? લક્ષ્મી સ્વભાવથીજ ચંચળ છે તોપણ કોઇ દિવસ તેમનાં ચરણારવિંદનો ત્યાગ કરતાં નથી. ૩૩ જે સઘળા રાજાઓએ પૃથ્વીના ભાર માટે જન્મ ગ્રહણ કરી હાથી ઘોડા રથ ને પાળા રૂપી અક્ષૌહિણી સેનાથી સર્વ ઠેકાણે પોતપોતાના પ્રભાવનો વિસ્તાર કરેલો હતો તે રાજાઓની વચ્ચે શ્રીકૃષ્ણ ભગવાને અસ્ત્ર ગ્રહણ કર્યા વિના જ પરસ્પર વૈર ઉત્પન્ન કરાવી વાયુ જેમ વાંસોને પરસ્પર ઘસાવી તે દ્વારાઅગ્નિ ઉત્પન્ન કરી એક બીજાને બાળી નાંખીને શાંત થાય તેમ તેઓમાં પરસ્પર સંહાર કરાવીને શ્રીકૃષ્ણ પોતે શાન્ત થયા હતા. ૩૪ શ્રીકૃષ્ણ ભગવાન પોતાની માયાથી આ મનુષ્ય લોકમાં અવતાર લઇ જેમ પ્રાકૃત મનુષ્ય રમે તેમ લીલાઓ કરતા સ્ત્રીઓના ગંભીર અભિપ્રાયને જણાવનારાં નિર્મળ હાસ્ય તથા લજ્જાળુ દૃષ્ટિથી શ્રીમહાદેવે મોહ પામી પિનાક ધનુષનો ત્યાગ કર્યો હતો તો પછી યુવાવસ્થાવાળી સ્ત્રીઓ પોતાની ચેષ્ટાઓથી ભગવાનના મનને ક્ષોભ પમાડે એમાં શી નવાઇ. ભગવાન વસ્તુતાએ વિષય રહિત છે તોપણ અજ્ઞાની મનુષ્ય અજ્ઞાનને લીધે પોતાના સરખાપણાથી તેમને સદા કર્મમાં મચી રહેલા જોઈ તેમને પણ કર્માસક્ત મનુષ્ય માને છે કારણ કે તે તત્ત્વવસ્તુને જાણતો નથી. ૩૭ દેહનો આશ્રય કરીને રહેલી બુદ્ધિ જેમ દેહમાં રહેલા ગુણો સાથે જોડાય છે અથવા તો બુદ્ધિ આત્માનો આશ્રય કરીને રહેલી છે છતાં આત્માના આનંદાદિક ગુણો સાથે જોડાતી નથી તેમ પરમાત્મા માયાના ગુણોની સાથે કોઈ પણ દિવસ જોડાતા નથી એજ ઇશ્વરનું મોટું ઐશ્વર્ય છે. ૩૮ જેમ અહંકારની વૃત્તિઓ ક્ષેત્રજ્ઞને આધીન માને છે તેમ જ પતિના મહિમાને નહિ જાણનારી મૂઢ સ્ત્રીઓ તેમને પોતાને આધીન માનતી ને તે એકાંતમાં પોતાને અનુસરનારા છે એમ જાણતી. ૩૯

तं मेनिरेऽबला मूढाः स्त्रैणं चानुव्रतं रहः।
अप्रमाणविदो भर्तुरीश्वरं मतयो यथा ।३९।

इतिश्रीमद्भागवतेमहापुराणेप्रथमस्कंधे
एकादशोऽध्यायः

અધ્યાય ૧૨ મો.*

પરીક્ષિતનો જન્મ અને તેમનું ભવિષ્ય.

शौनक उवाच

अश्वत्थाम्नोपसृष्टेन ब्रह्मशीर्ष्णोरुतेजसा ॥
उत्तराया हतो गर्भ ईशेनाजीवितः पुनः ॥१॥

શૌનક પૂછે છે કે—હે સૂત ! અશ્વત્થામાએ મૂકેલા બ્રહ્માસ્ત્રથી ઉત્તરાના ગર્ભને નાશ પામતો ભગવાને ફરીને જીવતો કર્યો હતો તે મહા બુદ્ધિશાળી રાજાનો જન્મ તથા કર્મો અમને કહો શુકદેવે જેમને જ્ઞાન આપ્યું હતું તે રાજા કેવી રીતે મરણ પામ્યા તથા મરણ પછી તેમનું શું થયું તે અમને સાંભ-

* બારમા અધ્યાયમા પરીક્ષિતની કથાના પ્રસંગને લઇ અશ્વત્થામાને શિક્ષા થઈ ત્યાથી અધુરો રહેલો તેમના જન્મચરિત્રનો ભાગ કહેવાશે.

ળવાની ઇચ્છા છે માટે અમો શ્રદ્ધાળુઓને તે કથા કહો ? ૩

સૂત બોલ્યા કે—શ્રીકૃષ્ણનાં ચરણારવિંદની સેવાથી સર્વ પ્રકારની કામનાઓ અને સ્પૃહા છોડી દઈ ધર્મરાજા પોતાના બાળકની માફક પ્રજાને રંજન કરીને રાજ્ય કરવા લાગ્યા હે શૌનક ! સંપત્તિઓ તેથી કરેલા યજ્ઞો યજ્ઞથી મેળવેલા સ્વર્ગાદિક લોકો ભાઇઓ જંબુદ્વીપનું આધિપત્ય અને સ્વર્ગ સુધી પહોંચેલો યશ એ સર્વ યુધિષ્ઠિર રાજાને પ્રાપ્ત થયું હતું. ૫ હે બ્રાહ્મણો ! આ પ્રમાણે દેવોથી પણ ઇચ્છાતા વૈભવો યુધિષ્ઠિરને હતા તોપણ ભૂખ્યા મનુષ્યને જેમ પુષ્પની માળા વગેરે પદાર્થો ગમતા નથી તેમ તે વૈભવો તેમને પ્રિય લાગતા ન હતા. ધર્મરાજાનું મન શ્રીકૃષ્ણ ભગવાનમાં આસક્ત હતું. હે શૌનક ! માતાના ગર્ભમાં રહેલા વીર પુરૂષે બ્રહ્માસ્ત્રના તાપથી બળતાં બળતાં જે અવર્ણ્ય પુરૂષને દીઠો હતો તેનું શરીર અંગુઠા જેવડું અને તેજોમય હતું. તેણે મસ્તક ઉપર ચળકતા સુવર્ણનો મુગટ ધારણ કર્યો હતો તેનું રૂપ અત્યંત સુંદર હતું શરીર શ્યામ રંગનું હતું તેણે શરીર ઉપર વિજળીના જેવાં પીળાં વસ્ત્રો પહેર્યાં હતાં અને તે વિકાર રહિત હતો. ૮ વળી શોભાયમાન ચાર ભુજાવાળા કાનમાં તપ્ત સોનાનાં કુંડળોવાળા બ્રહ્માસ્ત્ર ઉપરના ક્રોધથી લાલ આંખોવાળા, હાથમાં ગદાવાળા અને સૂર્ય જેમ ઝાકળને વિખેરી નાંખે તેમ પોતાના પ્રભાવથી બ્રહ્માસ્ત્રના તેજનો નાશ કરતા હતા. પરીક્ષિત આ પુરૂષને પોતાની સામે ઉભેલા જોઈ વિચાર કરવા લાગ્યા કે—અહો! આ કોણ હશે? ૧૦ તે આ પ્રમાણે વિચાર કરતા હતા એવામાં ધર્મનું રક્ષણ કરનારા અને અમાપ સ્વરૂપવાળા શ્રીહરિ બ્રહ્માસ્ત્રનો નાશ કરી દશ મહીનાના ગર્ભના દેખતાં ત્યાંજ અંતર્ધ્યાન થઇ ગયા. ૧૧ ત્યાર પછી શુભ ફળ આપનારા સઘળા અનુકૂળ ગ્રહો જ્યારે આકાશમાં ઉદય પામ્યા જ્યારે સર્વ ગુણની ઉત્તરોત્તર વૃદ્ધિ સૂચવનારૂં શુભ લગ્ન આવ્યું ત્યારે પાંડવના જેવા બળવાન પરીક્ષિત રાજા જાણે પાંડુરાજા ફરીને જનમ્યા હોય તેમ જન્મ પામ્યા. ૧૨ પુત્રને ત્યાં પુત્ર જન્મ થવાથી યુધિષ્ઠિર રાજાએ મનમાં પ્રસન્ન થઇ ધૌમ્ય અને કૃપાચાર્ય વગેરે બ્રાહ્મણોદ્વારા પુણ્યાહવાચન કરાવી તેને જાતકર્મ કર્યું. ૧૩ દાનના કાળને જાણનારા તે રાજાએ પુત્રનો જન્મ જે કાળે થયો તે કાળમાંજ બ્રાહ્મણોને સોનું ગાય ભૂમિ ગામ ઉત્તમ હાથીઓ ઘોડાઓ તથા પુષ્કળ અન્ન આપ્યાં. ૧૪ +બ્રાહ્મણો દાન લઈને પ્રસન્ન થયા અને વિનયસંપન્ન ધર્મરાજાને કહેવા લાગ્યા કે, હે પુરૂવંશમાં શ્રેષ્ઠ ! શુદ્ધ એવા પુરૂ વંશની પ્રજાના તંતુ રૂપ આ બાળક કોઈથી પણ વારી શકાશે નહિ એવા દૈવયોગથી તૂટી જતો હતો પરંતુ આપના ઉપર અનુગ્રહ કરવા માટે ભગવાન વિષ્ણુએ આની રક્ષા કરી છે. ૧૬ જગતમાં આ વૃત્ત વિષ્ણુરાત એવે નામે પ્રખ્યાત થશે. આ કુંવર મોટી કીર્તિવાળો ગુણોથી પ્રતિષ્ઠાવાળો અને ભગવાનનો ભક્ત થશે એમા સંદેહ નથી. ૧૭

યુધિષ્ઠિરે પૂછયું કે—હે શ્રેષ્ઠ બ્રાહ્મણો! પવિત્ર કીર્તિવાળા અમારા વંશના મહાત્મા રાજર્ષિઓએ જેમ સારી કીર્તિ સંપાદન કરીને ધન્યવાદ મેળવ્યો હતો, તેમ આ પુત્ર ઉત્તમ કીર્તિ તથા ધન્યવાદોથી અમારા વંશના પવિત્ર કીર્તિવાળા મહાત્મા રાજર્ષિઓને અનુસરશે કે કેમ ? ૧૮

બ્રાહ્મણોએ કહ્યું કે—હે મહારાજ! આ પુત્ર સાક્ષાત્ મનુના પુત્ર ઇક્ષ્વાકુની પેઠે પ્રજાનું પાલન કરશે. દશરથ રાજાના પુત્ર રામચંદ્રની પેઠે બ્રાહ્મણોનું હિત કરશે તથા સત્ય પ્રતિ-

---

+ यावन्न छिद्यते नालं त[illegible]ति सूतकं ।
छिन्ने नाले ततःपश्चात् सूतकं तु विधीयते ॥

જ્યા સુધી નાળ કાપવામા આવતો નથી, ત્યા સુધી સૂતક લાગતુ નથી, નાળ કાપ્યા પછી સૂતક લાગે છે. તેથી નાળ કાપ્યા પહેલાં બ્રાહ્મણોને દાન આપ્યા હતાં.

જ્ઞાવાળો થશે. ૧૯ ઉશીનર દેશના અધિપતિ શિબિ રાજાના જેવો દાતા અને શરણાગતનું રક્ષણ કરનાર નીવડશે. ભરત રાજાની પેઠે યજ્ઞ કરનારાઓના યશને તથા પોતાની જ્ઞાતિના યશને વધારશે. ૨૦ ધનુર્ધારી યોદ્ધાઓમાં અગ્રણી અર્જુન તથા સહસ્રાર્જુનના જેવો થશે, અગ્નિની પેઠે કોઈનાથી સહન ન થઈ શકે એવો અને સમુદ્રના જેવો દુસ્તર થશે. ૨૧ સિંહની પેઠે મહા પરાક્રમી હિમાચળની પેઠે સેવવા યોગ્ય પૃથ્વીની પેઠે ક્ષમાશીલ ને માતા પિતાની પેઠે પ્રેમથી સર્વનુ પાલન કરનાર થશે. ૨૨ સમદૃષ્ટિમાં બ્રહ્માના જેવો પ્રસન્ન થવામાં મહાદેવના જેવો અને લક્ષ્મીનો આશ્રય જેમ શ્રીહરિ છે તેમ પ્રાણીઓના આશ્રય જેવો થશે. વળી સર્વ પ્રકારના સદ્દગુણોથી શ્રીકૃષ્ણના જેવી કીર્તિવાળો ર તિદેવના જેવો ઉદાર યયા તિના જેવો ધાર્મિક બળિરાજા જેવો ધૈર્યવાન પ્રહ્લાદની પેઠે શ્રીકૃષ્ણ ઉપર ઉત્તમ ભક્તિવાળો ઘણા અશ્વમેધ યજ્ઞો કરનારો ને વૃદ્ધજનોની સેવા કરનારો થશે. ૨૫ જન્મેજય વગેરે રાજર્ષિઓને ઉત્પન્ન કરશે આડે માર્ગે ચાલ નારા દુષ્ટજનોને તેમજ કળિને શિક્ષા કરશે બ્રાહ્મણના પુત્રે પ્રેરેલા તક્ષક નાગથી પો તાનું મૃત્યુ થનાર છે એવું જાણીને રાજપાટ છોડી દઈ સંસારનો ત્યાગ કરી વિરક્ત થઇ શ્રીહરિનાં ચરણારવિંદનું છેલ્લી વારે વળી તે ભજન કરશે. ૨૭ હે યુધિષ્ઠિર ! વ્યાસના પુત્ર શુકદેવજીની પાસે આત્માનું રહસ્ય જાણી કલેવરને ગગામાં નાંખી દઈ જ્યાં કયાંયથી પણ કદો ભય નથી એવા પરમાત્માના ધામને પામશે. ૨૮

જ્યોતિષની વિદ્યામાં કુશળ એવા બ્રાહ્મણો ઉપર પ્રમાણે પરીક્ષિત રાજાનું ભવિષ્ય ધમ રાજાને કહી ઉત્તમ પ્રકારની ભેટો લેઇ તથા પૂજાને ગ્રહણ કરી પોતપોતાને ઘેર ગયા, ત્યાર પછી લોકોમાં વિખ્યાત એવો તે રાજા માતાના ગર્ભમાં જોયેલા પુરૂષને સંભારી આ જગતમાં દેખાતા સર્વ પુરૂષોની પરીક્ષા કરવા લાગ્યો. "આ મેં ગર્ભમાં જોયેલો પુરૂષ હશે કે નહિ?" એવું ચિંત્વન કર્યા કરવાથી તે જગતમાં પરીક્ષિતના નામથી પ્રખ્યાત થયો. ૩૦ પંદર કળાઓથી શુકલ પક્ષમાં પૂરાતો ચંદ્રમા જેમ દિન દિન પ્રત્યે વધતો જાય તેમ યુધિષ્ઠિર વગેરેએ ચોસઠ કાળાઓથી પૂરાતો રાજપુત્ર પરીક્ષિત દહાડે દહાડે મોટો થવા લાગ્યો. ૩૧ સંબંધીઓને મારવાથી જે પાતક લાગ્યું હતું તે પાપનો નાશ કરવાની ઇચ્છાથી ધર્મરાજાએ પ્રજાના કરના તથા દંડના ધન વિના બીજા ધનમાંથી અશ્વમેધ યજ્ઞ કરવાનો વિચાર કર્યો. કરને દંડનું ધન તો પરિજનના પોષણમાંજ પૂરૂં થઇ રહેતું હતું અને તે વિના અન્ય માર્ગે યુધિષ્ઠિર રાજાને ધનની આવક ન હતી, તેથી શું કરવું તેનો વિચાર કરવા લાગ્યા. ૩૨ તેમનો અભિપ્રાય જાણી શ્રીકૃષ્ણે તેમના ભાઇઓને ઉત્તર દિશામાં ધન લેવા માટે મોકલ્યા. તેઓ ઉત્તર દિશામાંથી મરૂત રાજાના યજ્ઞમાં નાંખી દીધેલાં સોનાનાં પાત્રો વગેરે ઘણુંક ધન લઇ આવ્યાં. ૩૩ તે ધનમાંથી યજ્ઞની સર્વ સામગ્રીઓ તૈયાર કરી સંબંધીઓના સંહાર રૂપી પાપથી ભય પામેલા ધર્મના પુત્ર યુધિષ્ઠિર રાજાએ ત્રણ અશ્વમેધ યજ્ઞો કરી શ્રીહરિનું પૂજન કર્યું. ૩૪ યુધિષ્ઠિર રાજાએ ભગવાનને યજ્ઞમાં આમંત્ર્યા હતા તે બ્રાહ્મણોદ્વારા યુધિષ્ઠિર રાજાનો યજ્ઞ પૂરો થયા પછી સંબંધીઓને સારૂ લગાડવાની ઇચ્છાથી કેટલાક મહિના ત્યાં રહ્યા. ૩૫ તે પછી હે બ્રાહ્મણો! યુધિષ્ઠિર રાજા દ્રૌપદી અને તેમના ભાઇઓની અનુમતિ લઇ શ્રીકૃષ્ણ અર્જુન તથા યાદવોને તેડી દ્વારકાં ગયા. ૩૬

ततो राजाभ्यनुज्ञातः कृष्णया सह [illegible]।
ययौ द्वारवतीं ब्रह्मन्सार्जुनो य [illegible]॥ ३६ ॥

इतिश्रीम[illegible]मह[illegible]णेप्रथमस्कंधे
द्वादशोध्यायः

અધ્યાય ૧૩ મો.‡

ધૃતરાષ્ટ્રનું વાનપ્રસ્થ થવું.

સૂત ઉવાચ

विदुरस्तीर्थयात्रायां मैत्रेयादात्मनो गतिम्॥
ज्ञात्वागाद्धास्तिनपुरं तयावाप्तविवित्सितः

સૂત કહે છે કે–હે શૌનક! વિદુર તીર્થયાત્રામાં મૈત્રેય મુનિની પાસેથી પોતાની આત્મગતિ અને જાણવા યોગ્ય તત્ત્વવસ્તુ જાણીને હસ્તિનાપુર ગયા, ૧ વિદુરે મૈત્રેય મુનિની આગળ કર્મયોગ અને વ્રતાદિકવિષે જે પ્રશ્નો કર્યા તેમાંના ત્રણ ચાર પ્રશ્નોના ઉત્તરથી તેમને શ્રીકૃષ્ણની ઉપર ભક્તિ થઈને તે કૃતાર્થ થયા. તેમણે બીજા પ્રશ્નોનો ઉત્તર સાંભળવાની ઇચ્છા રાખી નહિ. ૨ હે શૌનક! વિદુરજીને તીર્થયાત્રા કરી આવેલા જોઇ ધર્મપુત્ર યુધિષ્ઠિર, તેમના નાના ભાઇઓ ભીમાદિક, ધૃતરાષ્ટ્ર, યુયુત્સુ, સંજય, કુંતી, ગાંધારી, દ્રૌપદી, સુભદ્રા, ઉત્તરા, તથા પાંડુ રાજાના સંબંધીઓ અને બીજાં પુત્રો સહિત સ્ત્રીઓ મૂર્છાથી પ્રાણ જતા રહ્યા પછી જેમ હાથ પગ વગેરે શરીરના અવયવો શિથિલ પડી જાય અને પાછો પ્રાણ આવે એટલે જેમ સ્વસ્થ થાય તેમ વિદુરના જવાથી સર્વે મૂર્છિત થયાં હતાં તે વિદુરના આવવાથી પાછાં હર્ષ પામીને તેમની સામે ગયાં. ૪ ઘણા દિવસના વિરહ પછી મળવાની ઉત્કંઠાને લીધે આતુર થયેલા તે સર્વે, ઘટતી રીતે પ્રણામ કરીને મળ્યાં અને આનંદનાં અશ્રુઓ પાડવા લાગ્યાં. ૫ તે પછી વિદુરજી આસન ઉપર બેઠા એટલે યુધિષ્ઠિર રાજાએ પૂજા કરી. વિદુરજી ભોજન કરીને વિશ્રાંતિ લેવા માટે આનંદથી આસન ઉપર બેઠા ત્યારે યુધિષ્ઠિર રાજાએ વિનયથી પ્રણામ કર્યો અને ત્યાં આગળ બેઠેલાઓના સાંભળતાં પૂછ્યું કે, આપ અમને સંભારો છો? પક્ષીઓ જેમ પોતાની પાંખની છાયાથી પોતાનાં બચ્ચાંને ઉછેરે છે તેમ અમે તમારા પક્ષપાતની છાયા નીચે ઉછર્યા છીએ. તમે અમને ને અમારી માતાને ઝેર તથા અગ્નિની વિપત્તિઓમાંથી બચાવ્યાં છે. તમે પૃથ્વીની યાત્રા કરતાં કેવી રીતે દેહનું પોષણ કર્યું તથા પૃથ્વી ઉપર કયાં કયાં મુખ્ય તીર્થોની યાત્રા કરી. તમારા સરખા ભગવદ્ ભક્તો પોતે જ તીર્થ રૂપ છે, તે મલીન મનુષ્યના સંબંધથી મલીન થયેલાં તીર્થોને પણ પોતાના અંતઃકરણમાં રહેલા શ્રીપરમાત્માવડે પવિત્ર કરે છે.૧૦ હે તાત! શ્રી કૃષ્ણ જેમના દેવતા છે એવા સર્વે યાદવો અમારા સંબંધીઓ છે તેમને તમે દીઠા હતા અથવા તેમનું વૃત્તાંત તમારા સાભળવામાં આવ્યું હતું? તેઓ પોતાની નગરી દ્વારકામાં ખુશી તો છે?

આ પ્રમાણે ધર્મરાજાએ વિદુરને પૂછયું એટલે વિદુરજીએ જે જે ઠેકાણે જે જે બાબતોનો અનુભવ કર્યો હતો તે તે સર્વ ક્રમવાર વર્ણવી બતાવ્યું. માત્ર યાદવના સંહારની વાત કહી નહિ. ૧૨ દૈવયોગથી આવી પડેલી આપત્તિને મનુષ્યો સહન કરી શકતા નથી, એમ ધારીને દયાળુ એવા વિદુરે તે વાત કહી નહિ કારણ કે, તે દુઃખીઆને જોવાને પણ અસમર્થ હતા. દેવતાની પેઠે જેમનો સત્કાર કરવામાં આવ્યો હતો એવા વિદુરે ધૃતરાષ્ટ્રનું કલ્યાણ કરવા આ ઉપદેશ આપ્યો અને સગાં સંબંધીઓને પ્રસન્ન કરતા કેટલોક સમય ત્યાં આગળ રહ્યા. ૧૩-૧૪ વિદુર શૂદ્ર હતા તેથી તેમને તત્વજ્ઞાન આપવાનો અધિકાર ન હતો એવી શંકા કોઇને થશે પરંતુ તે ખરેખર શૂદ્ર ન હતા, પરન્તુ યમરાજ હતા અને તેમને † માંડવ્ય ઋષિના શાપથી સો વર્ષ

‡ યુધિષ્ઠિર રાજાએ મહા પ્રસ્થાન કર્યું હતુ તે કહેવા માટે આ તેરમા અધ્યાયમા વિદુરના ઉપદેશથી ધૃતરાષ્ટ્ર રાજા ઘરમાથી હિમાચળ તરફ ચાલી નીકળ્યા, તે કથા કહેવાશે.

† કોઈ એક રાજાના કેટલાક નોકરો ચોરની શોધ કરતા માંડવ્ય મુની તપ કરતા હતા ત્યા ગયા. ચોરો હાથ લાગતા ઋષિને પણ બાંધી રાજા પાસે લઈ ગયા. રાજાની આજ્ઞાથી સર્વેને શુળીપર ચઢાવી દીધા. મુની

સુધી શુદ્રજાતિને ધારણ કરવી પડી હતી. યમલોકમાં તે પોતે પાપીઓને તેમના પાપના પ્રમાણમાં ઘટતી શિક્ષા કરતા હતા. ૧૫ યુધિષ્ઠિર રાજા રાજ્ય સંપાદન કર્યા પછી વંશ વધારનારા પૌત્ર પરીક્ષિતને જોઇ લોકપાલના જેવી કાંતિવાળા ભાઇઓની સાથે ચક્રવર્તી-નૃપતિના ઉપભોગમાં કાળ ગાળવા લાગ્યા. આ પ્રમાણે ગૃહસ્થાશ્રમમાં રહેલા અને ઘરનાં કામકાજ કરવાથી ગાફલ થઇ ગયેલા પાંડવોને ખબર પડે નહિ તેમ તેમનું આયુષ્ય પૂર્ણ થઇ રહેવા આવ્યું ૧૭ તે જાણીને વિદુરે ધૃતરાષ્ટ્ર રાજાને કહ્યું કે—હે રાજા ! હવે ભય પાસે આવી લાગ્યો છે તે તરફ દૃષ્ટિ કરો અને ઘરમાંથી ઝટ બહાર નીકળો. ૧૮ હે પ્રભો ! આલોકમાં જેને પાછો વાળવાનો ઉપાય કદી થઇ શકતો નથી તે જ આપણા સર્વનો સંહારકર્તા ભગવાન કાળ આપણી સામે આવીને ઉભો રહ્યો છે. જે કાળથી ગળાયેલાં મનુષ્યને ઘણા પ્રિય એવા પ્રાણોનો પણ તરત વિયોગ થાય છે, ત્યારે બીજાં ધનાદિકનો વિયોગ થાય તેમાં શું આશ્ચર્ય ? તમારા પિતા ભાઇઓ સંબંધીઓ અને પુત્રો સૌ નાશ પામ્યા, તમારૂં આયુષ્ય પૂરૂં થઇ રહેવા આવ્યું છે અને તમારો દેહ વૃદ્ધાવસ્થાથી જર્જરિત થઇ ગયો છે તોપણ હજી તમે પારકા ઘરમાં રહો છો. ૨૧ અરેરે ! પ્રાણીને જીવવાની આશા કેવી હોય છે જીવવાની આશાથી તમે આ ભીમસેને આપેલા પિણ્ડને કુતરાની પેઠે ગ્રહણ કરો છો. ૨૨ તમે જેમને લાક્ષાભવનમાં બાળી દીધા હતા જેમને ઝેર આપ્યું હતું, જેમનું રાજ્ય લઇ લીધું હતું તથા જેમનું ધન છીનવી લીધું હતું તે પાંડવોએ આપેલા અન્ન ઉપર રહેલા પ્રાણનું હવે તમને શું પ્રયોજન છે ?

આ પ્રમાણે દીનતા ધારણ કરીને જીવવાની ઇચ્છાવાળા અને સંસારમાંથી મુક્તિને નહિ ઇચ્છતા એવા આપનું આ શરીર વૃદ્ધાવસ્થાથી ખળભળી ગયું છે. તે પહેરેલાં લુગડાંની પેઠે દિવસે દિવસે ઘસાતું જાયછે માટે હવે તમે વાનપ્રસ્થ થાઓ. ૨૪ અભિમાન રહિત થઇ વૈરાગ્ય પામેલો સંસારના બંધનમાંથી મુકત થયેલો તથા જેની ગતિ કોઇના જાણવામાં આવતી નથી એવો જે પુરૂષ ઘર અને ધર્માદિક સ્વાર્થનો ત્યાગ કરેછે તેજ ધીર પુરૂષ કહેવાય છે. ૨૫ જેને પોતાની મેળે અથવા તો પારકા ઉપદેશથી વૈરાગ્ય થયો હોય એવો જ્ઞાની પુરૂષ શ્રીહરિને હૃદયમાં ધારણ કરી ઘરમાથી વનમાં ચાલ્યો જાય તોજ જ્ઞાની કહેવાય છે ૨૬ તમે પોતાના મનુષ્યો પણ જાણે નહિ તેમ અહીંથી ઉત્તર દિશા તરફ જાઓ કારણ કે, હવે ધૈર્ય આદિક ગુણોનો નાશ કરનારો કળિકાળ આવ્યો છે. ૨૭ આ પ્રમાણે વિદુરે અજમીઢના પુત્ર આંધળા ધૃતરાષ્ટ્રને ઉપદેશ કર્યો એટલે વિદુરે જેમને મોક્ષનો માર્ગ દર્શાવ્યો હતો એવા તે પોતાના કુટુંબીઓ ઉપર દૃઢ રીતે બંધાયલી સ્નેહ સાંકળને કાપી ઘરમાંથી ચાલી નિકળ્યા. ૨૮ સુબળ રાજાનાં પુત્રી સદ્ગુણશાળી પતિવ્રતા ગાંધારી પણ યુદ્ધમાં પડતો માર જેમ કાયરને દુઃખ આપે છે પરન્તુ શૂરવીરોને આપતો નથી તેમ હિમને લીધે દુઃખ આપનાર છતાં પરમહંસોને આનંદ આપનારા હિમાચળ તરફ જતા પોતાના પતિની પાછળ ઘર તજીને ચાલી નીકળ્યાં. ૨૯

યુધિષ્ઠિર રાજા સંધ્યાવંદન વગેરે કર્મ કરી અગ્નિમાં હોમ આપી તલ, ગાય, ભૂમિ અને સુવર્ણથી બ્રાહ્મણોનો સત્કાર કરીને ગુરુવંદન કરવા માટે ઘરમાં ગયા તો ધૃતરાષ્ટ્રને વિદુરને કે ગાંધારીને દીઠાં નહિ. ૩૦

ધર્મરાજા પાસે જઈ કોપ કરીને બોલ્યા કે; મને શા માટે શૂળીએ ચઢાવ્યો ? યમે કહ્યું કે, તમે બાલ્યાવસ્થામાં રમતા રમતા તીડને દર્ભની અણીથી વિન્ધ્યું તે સાંભળી માડવ્યે શાપ દીધો કે; હું બાળક અવસ્થામા અજાણ્યો હતો. છતાં તમે મને મોટો દણ્ડ કર્યો તેથી તમે શૂદ્ર જાતિમા અવતરશો.

યુધિષ્ઠિર રાજાનું મન ખિન્ન થઇ ગયું અને તેમણે સંજયને પૂછ્યું કે—હે સંજય! આંખે આંધળા વૃદ્ધ અને મારા પિતા સમાન કાકા ક્યાં ગયા? ૩૧ પુત્રો મરી જવાથી આતુર થયેલાં માતા તુલ્ય મારાં કાકી કયાં ગયાં? અને અમારા પરમ સ્નેહી કાકા વિદુરજી ક્યાં ગયા? પુત્રો મરી જવાથી દુઃખી થયેલા મારા કાકા ધૃતરાષ્ટ્ર હું કૃતઘ્નીનાં ઉપર અપરાધની શંકા લાવીને મારાં કાકીની સાથે ગંગામાં તો પડયા નથી? ૩૨ હે સંજય! અમારા પિતા પાંડુ રાજા જયારે મરણ પામ્યા ત્યારે અમે બાળક હતા. તે વેળા અમને સર્વ સંબંધીઓને અમારા કાકા ધૃતરાષ્ટ્ર તથા વિદુરજીએ મોટાં કષ્ટોમાંથી બચાવીને ઉછેર્યા છે તે અહીંથી આજ કયાં ગયા?

સૂત કહે છે કે—હે શૌનક! સ્નેહની વ્યાકુળતાથી અને ધૃતરાષ્ટ્રના વિયોગથી દુર્બળ થઇ ગયેલો સંજય તેમને નહિ દેખવાથી અત્યંત દુઃખી થયો અને કંઇ બોલી શકયો નહિ. ૩૪ અશ્રુઓ લુછી બુદ્ધિથી ધીરજ લઇ ધૃતરાષ્ટ્રનું સ્મરણ કરતો તે પછી બોલ્યો કે—હે કુરુકુલનંદન! હું તમારા કાકા ધૃતરાષ્ટ્ર વિદુર તથા ગાંધારીના ગમન સંબંધી કંઇ જાણતો નથી. તેમણે મને પણ છેતર્યો છે. ૩૬ આ પ્રમાણે કહી સંજયે કેટલીક વાર વલોપાત કર્યો એટલામાં તુંબરુ ઋષિની સાથે ભગવાન નારદ ત્યાં આગળ આવ્યા. ધર્મરાજા ઉભા થઇ તેમની સામે ગયા અને પ્રણામ કરી પૂજા કરતા હોય તેમ વિનતિ કરીને બોલ્યા કે, હે ભગવાન! મારા બન્ને કાકાઓ તથા પુત્રો મરી જવાથી દુઃખી થયેલાં મારાં માતા તુલ્ય તપસ્વિની કાકી ગાંધારી કયાં હશે? હું તેમનું ઠેકાણું જાણતો નથી માટે હોડા વિનાના સાગરમાં જેમ નાવિક પાર દેખાડે તેમ આપ આ અપાર શોક સાગરનો અંત અમને દેખાડો. મુનિમાં શ્રેષ્ટ એવા ભગવાન નારદ બોલ્યા કે—હે રાજન! આ જગત ઇશ્વરને આધીન છે માટે તમે કોઈનો પણ શોક કરો નહિ. લોકપાલ સહિત આ સર્વ લોકો જે પરમાત્માને બલિદાન આપે છે તે ઇશ્વર પ્રાણીઓને એકઠાં કરે છે અને તે જ પાછાં વિખુટાં પાડે છે. ૪૦ નાથેલા અને દોરીથી બાંધેલા બળદો જેમ પોતાના ધણીને વશ રહી તેનું કાર્ય કરે છે તેમ ઇશ્વરની કર્તવ્યાકર્તવ્ય ને દર્શાવનારી વેદવાણી રૂપી નાથથી નાથેલાં અને વર્ણ તથા આશ્રમ ધર્મ રૂપી દોરીથી બધાયલાં સર્વે મનુષ્યો ઇશ્વરને આધીન રહી વર્તે છે. આ જગતમાં જેમ રમકડાંનું એકઠું થવું અને જુદું પડવું એ રમનારાની ઇચ્છાનુસાર થાય છે, તેમ મનુષ્યોનું એકઠું થવું ને જુદું પડવું એ ઇશ્વરની ઈચ્છાનુસાર થાય છે. ૪૨ તમે મનુષ્યને નિત્ય જીવ રૂપે માનતા હો અથવા તો દેહ રૂપે અનિત્ય માનતા હો અથવા શુદ્ધ અનિર્વચનીય બ્રહ્મ રૂપે નિત્ય અથવા તો અનિત્ય માનતા હો, અથવા ચૈતન્યને લીધે નિત્ય અને જડને લીધે અનિત્ય એમ ઉભય રૂપે માનતા હો તોપણ એ ચારે પક્ષમાં તમારા મોહથી થયેલા સ્નેહ સિવાય બીજા કોઇ કારણથી તેમનો શોક કરવો નહિ તમે જે શોક કરો છો તે સ્નેહથી જ કરો છો અને તે સ્નેહ અજ્ઞાનથી થયેલો છે માટે હે યુધિષ્ઠિર! તે અનાથ અને ગરીબ ધૃતરાષ્ટ્ર મારા વિના વનમાં કેમ રહી શકશે? કેમ આજીવિકા ચલાવશે? એવી અજ્ઞાનતાને લીધે થયેલી વિકળતાનો તમે ત્યાગ કરો. ૪૪ અજગરથી ગળાયેલો પુરૂષ જેમ બીજાનું રક્ષણ કરી શકતો નથી તેમ કાળ, કર્મ અને ગુણને આધીન રહેલો તથા પાંચ ભૂતોથી ઉત્પન્ન થયેલો આ દેહ પણ બીજાનું રક્ષણ કરી શકતો નથી. ૪૫

હાથ પગવાળાં પ્રાણીઓની હાથ પગ વિનાનાં પ્રાણીઓ આજીવિકા છે, ચોપગાં પ્રાણીઓની પગ વિનાનાં પ્રાણીઓ આજી-

વિકા છે અને મોટાં પ્રાણીઓની નાનાં પ્રાણીઓ આજીવિકા છે. આ પ્રમાણે જીવની આજીવિકા જીવ જ છે, અર્થાત્ સર્વ જીવ જીવનું ભક્ષણ કરીને જ જીવે છે. ૪૬ હે રાજન ! હાથવાળાં અથવા હાથ વિનાનાં પ્રાણીથી ભરેલું આ જગત પોતાની મેળે સર્વના સાક્ષી એવા શ્રીભગવાનનું જ સ્વરૂપ છે અને તે ભગવાન ભોક્તાઓના આત્મા રૂપ છે, તે પ્રાણીઓની અંદર અને બહાર ભોક્તા રૂપે અને ભોગ્ય રૂપે ભાસે છે. માયા શક્તિ દ્વારા દેવ મનુષ્ય પક્ષી વગેરેના દેહ ધારણ કરીને અનેક રૂપે ભાસે છે. ૪૭ હે મહારાજ! તે જ પ્રાણીઓને ઉત્પન્ન કરનાર ભગવાન દૈત્યોનો નાશ કરવા પૃથ્વી ઉપર કાળ રૂપે અવતરે છે. હાલ તેમણે દેવતાઓનું કાર્ય સિદ્ધ કર્યું છે અને બાકી રહેલું કાર્ય કરીને પછી ભગવાન સ્વધામમાં પધારશે. જ્યાં સુધી તે લોકમાં છે ત્યાંસુધી તમે જે થાય તે જુઓ.૪૯ ધૃતરાષ્ટ્ર રાજા વિદુર અને ગાંધારીની સાથે હિમાલયના દક્ષિણ ભાગ ઉપર આવેલા ઋષિઓના આશ્રમમાં છે. ૫૦ જે આશ્રમમાં ઋષિઓને પ્રસન્ન કરવા ગંગાજી પૃથક્ પૃથક્ સાત પ્રવાહે અર્થાત્ મરીચિ ગંગા, અત્રિ ગંગા વગેરે નામોથી વહે છે તે તીર્થ સપ્તશ્રોત કહેવાય છે. ૫૧ હે રાજા ! તારા કાકા તે તીર્થમાં ત્રણે કાળ સ્નાન કરીને શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે હોમ કરે છે, પાણીનો આહાર કરી શાન્ત મનથી રહે છે અને તેમની પુત્ર ધન તથા સ્વર્ગ સંબંધી ઇચ્છાઓ શાન્ત થઈ ગઇ છે. ૫૨ તેમણે આસનનો શ્વાસનો ઇન્દ્રિયોનો તથા મનનો વિજય કર્યો છે. આસન પ્રાણાયામ અને પ્રત્યાહાર એ ત્રણ યોગનાં અંગ સિદ્ધ કર્યાં છે. તેમના સત્વ રજ અને તમો ગુણ રૂપી દોષો નાશ પામ્યા છે. તે ધારણા તથા ધ્યાનયોગ પણ સિદ્ધ કરી બેઠા છે. ૫૩ તેમણે દેહના અભિમાની અહંકાર રૂપી મનને સ્થૂલ દેહથી જુદું પાડી વિશેષ જ્ઞાનમય એવા જીવાત્મામાં લય કર્યો છે. હું દેહનો અભિમાની અહંકાર નથી પરંતુ જીવ છું એમ જાણ્યું છે, તથા જીવાત્માને જીવાત્માપણાના અંશમાંથી જુદો પાડી તેનો ક્ષેત્રજ્ઞમાં લય કર્યો છે. હું જીવ નથી પણ દ્રષ્ટા છું એમ જાણ્યું છે. સર્વના દ્રષ્ટા આત્માને દ્રષ્ટાપણાના અંશમાંથી જુદો પાડી જેમ ઘડાના આકાશને ઘડાની ઉપાધિથી જુદું પાડીને મહા આકાશમાં સમાવી દેવામાં આવે તેમ તેમણે આધાર રૂપ પરબ્રહ્મમાં એકતા કરી છે. હું આત્મા નથી પણ પરબ્રહ્મ છું એમ જાણ્યું છે. ૫૪ હે રાજન ! તેમણે આ પ્રમાણે સિદ્ધિઓ મેળવી છે તેથી તેમને કોઈ પણ દિવસ વ્યુત્થાન થશે નહિ. અંદરના ગુણોનો ક્ષોભ થવાથી અથવા તો બહારની ઇન્દ્રિયોના વિષયથીજ વ્યુત્થાન થાય છે પણ તે બન્ને તેમને નથી. માયાના સર્વ ગુણોની વાસના મટી જવાથી ગુણના ક્ષોભ દ્વારા વ્યુત્થાનનો સંભવ નથી અને ચક્ષુષાદિ ઇન્દ્રિયો તથા મન એ સર્વને રૂંધી લીધેલા હોવાથી બહારની ઇંદ્રિયોથી પણ ક્ષોભ થવાનો ભય નથી. તેમનો આહાર તથા ઇન્દ્રિયોથી વિષયોનું ગ્રહણ બેઉ બંધ પડયાં છે. તે હમણાં પર્વતની પેઠે સ્થિર થઇને બેઠા છે. ૫૫ તમારા કાકા ધૃતરાષ્ટ્રે સર્વ કાર્યોનો ત્યાગ કર્યો છે તે તેમને કોઈ પ્રકારનું વિઘ્ન થવું જોઇએ નહિ. હે રાજન! તમને દર્શન કરવાની ઇચ્છા હોય તો તે પણ વ્યર્થ છે કારણ કે તે આજથી પાંચમે દહાડે એમનો દેહ છૂટશે. ૫૬ જ્યારે યોગાગ્નિ સહિત ગાર્હપત્યાગ્નિથી પતિનો દેહ પર્ણશાળા સાથે ભડભડ બળવા માંડશે ત્યારે પર્ણશાળાની બહાર ઉભેલાં પતિવ્રતા ગાંધારી પતિની પાછળ તે જ અગ્નિમાં પ્રવેશ કરશે. ૫૭ હે કુરુનંદન! વિદુર આશ્ચર્યજનક એવી તે વાત સાંભળીને પ્રસન્ન થશે તથા ત્યાંથી તીર્થયાત્રા કરવા જશે. ૫૮ આ પ્રમાણે કહી નારદ તુંબરૂની સાથે

સ્વર્ગ તરફ પધાર્યા અને યુધિષ્ઠિરે તેમનાં વચન સ્વીકારી શોકનો ત્યાગ કર્યો. ૫૯

इत्युक्त्वाऽथारुहत्स्वर्गं नारदः सहतुंबरुः ॥
युधिष्ठिरो वचस्तस्य हृदि कृत्वाऽजहाच्छुचः ॥

इति श्रीमद्भागवते महापुराणे प्रथमस्कंधे त्रयोदशोऽध्यायः ॥

અધ્યાય ૧૪ મો.*

શ્રીકૃષ્ણનું સ્વધામગમન.

સૂત ઉવાચ.

संप्रस्थिते द्वारकायां जिष्णौ बंधुदिदृक्षया ॥
ज्ञातुं च पुण्यश्लोकस्य कृष्णस्य च विचेष्टितम् ॥

સૂત કહે છે કે–હે શૌનક ! પવિત્ર કીર્તિવાળા શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્ર જાણવા અને સંબંધીઓને મળવા અર્જુન દ્વારકા ગયા હતા તે કેટલાક મહીનાઓ થઇ જવા છતાં પણ પાછા આવ્યા ન હતા એવામાં યુધિષ્ઠિર રાજાને ભયંકર ઉત્પાતો જણાવા લાગ્યા. જેમાં સર્વ ઋતુઓના ધર્મો પલટાઇ ગયા હતા એવા કાળની ભયંકર ગતિ અર્થાત એક ઋતુનાં ફળ ફૂલ બીજી ઋતુઓમાં થતાં જણાયાં. લોકો ક્રોધી લોભી અને અસત્યવાદી થવા લાગ્યા. વ્યવહારમાં બહુધા કપટ જણાવા માંડયું. સ્નેહ શઠતાથી ભરેલો જણાયો અને પિતા–માતા સગાં–સંબંધીઓ ભાઈ–ભાંડુઓ અને પતિ–પત્ની વચ્ચે કજીઆ થતા જણાયા. ૪ યુધિષ્ઠિર રાજા પોતાના રાજ્યસમયમાં અત્યંત અશુભસૂચક આ અપશુકનો જોઇ તથા મનુષ્યોની પ્રકૃતિ લોભાદિક અધર્મવાળી થયેલી જોઇ ભીમને કહેવા લાગ્યા કે–હે ભીમ ! આપણે પવિત્ર કીર્તિવાળા શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરિત્ર જાણવા તથા સંબંધીઓનાં દર્શન કરવા અર્જુનને દ્વારકા મોકલ્યો છે. ૬ તેને દ્વારકા ગયે સાત મહીના થઇ ગયા છતાં તે હજી કેમ આવ્યો નહિ ૭ " શ્રીકૃષ્ણ ભગવાન ક્રીડા કરવામાં સાધનભૂત મનુષ્યના શરીરને જ્યાં સુધી ત્યાગ કરવાની ઇચ્છા કરે નહિ ત્યાં સુધી તમે સર્વ જોયા કરો. એમ દેવર્ષિ નારદે કહ્યું તે સમય શું આવી લાગ્યો ? ૮ જે શ્રીકૃષ્ણની કૃપાથી આપણને સંપત્તિ મળી રાજ્ય મળ્યું સ્ત્રીઓ મળી પ્રાણ બચ્યા કુળવાન કહેવાયા પુત્ર પૌત્રાદિક થયા શત્રુઓનો પરાજય થયો અને દેશો મળ્યા તે ભગવાનને સ્વધામમાં પધારવાનો સમય શું આવ્યો છે? હે ભીમ ! આકાશમાં પૃથ્વી ઉપર અને શરીરમાં ભયંકર ઉત્પાતો થાય છે તે ભય સમીપમાં હોવાનું સૂચવે છે. ૧૦ અરેરે ! મારો ડાબો ઉરૂ, ડાબી આંખ અને ડાબો બાહુ ફરકે છે, હૃદય કંપે છે. શિયાળો મુખમાંથી અગ્નિ ઝરતી સૂર્યના સામું જોઇ રડે છે અને હે ભીમ ! કુતરાં પણ નિડરની પેઠે મારી સામું મોઢું કરીને રડે છે. ૧૨ ગાય વગેરે ઉત્તમ પશુઓ મારે ડાબે પડખે ઉતરે છે અને ગધેડા વગેરે અપવિત્ર પશુઓ જમણે પડખે જાય છે. મારાં વાહનોને હું રડતાં જોઉં છું. ૧૩ મૃત્યુસૂચક કપોત કુત્સિત શબ્દોએ કરી હૃદયને કંપાવતો વિશ્વને ઉજ્જડ કરવાની ઇચ્છા કરે છે. ઘૂડ કાગડાઓ નિદ્રાનો ત્યાગ કરીને કઠોરશબ્દથી જગતને નિર્જન કરવાની ઇચ્છા કરે છે. ૧૪ દિશાઓ ભૂખરી થઇ સૂર્યની આસપાસ કુડાળાં વળે છે. પૃથ્વી કમ્પે છે મેઘ વગર ગર્જનાઓ તથા વિજળીઓનો પાત થાય છે. ૧૫ વાયુ ચારે તરફ ધૂળ ઉડાડીને કઠોર રીતે વાય છે, મેઘો લોહી ઓકાવે છે. ૧૬ સૂર્યનારાયણ નિસ્તેજ લાગે છે, આકાશમાં ગ્રહોની વચ્ચે યુદ્ધ થાય છે ભૂતોની સાથે રહેલા રુદ્રના ગણોથી પૃથ્વી તથા આકાશ બળતા હોય એવાં દેખાય છે. ૧૭ નદીઓ મહા નદીઓ તથા તળાવો ખળભળી રહ્યાં છે મનુષ્યોના મન ક્ષોભ પામ્યા છે તથા અગ્નિ ઘીથી પણ સળગતો

* આ ચૌદમા અધ્યાયમા યુધિષ્ઠિર રાજા ઉત્પાતો જોઇને શંકાશીલ થયા તથા તેમણે અર્જુનની પાસેથી દ્વારકાવાસી શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વધામમા પધારવા સંબંધી વૃત્તાંત સાંભળ્યું તે કથા કહેવાશે.

નથી માટે આ ભયંકર કાળ અનિષ્ટ કરશે. ૧૮ વાછડાં માને ધાવતાં નથી, માતાઓના સ્તનમાંથી દૂધ આવતું નથી, વ્રજમાં ગાયો આંસુ લાવી રૂવે છે ને બળદો ઉદાસ લાગે છે. ૧૯ દેવતાની મૂર્તિઓ રડતી હોય, તેઓના શરીરમાં પરસેવો આવી ગયો હોય અને એક ઠેકાણેથી ખસીને બીજે ઠેકાણે ગઇ હોય એવી દેખાય છે. દેશો નગરો ગામડાં ઉદ્યાનો ખાણો તથા આશ્રમો શોભા રહિત થઇ ગયા છે. હે ભીમ ! હું આ મહા ઉત્પાતોથી માનું છું કે, પૃથિવી ખરેખર કલિના આસમાં આવી હોય અને શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણારવિન્દ વગરની થઇ હોય એમ બધું સૌભાગ્ય નષ્ટ થયું છે.

હે બ્રાહ્મણો ! આ પ્રમાણે અપશુકનો જોવાથી યુધિષ્ઠિર મનમાં સંતાપ કરતા હતા એટલામાં અર્જુન દ્વારકાથી આવી પહોચ્યા. ૨૨ યુધિષ્ઠિરના ચરણમાં પ્રણામ કરી નેત્ર માંથી અશ્રુ પાડવા લાગ્યા. યુધિષ્ઠિરને અર્જુન પૂર્વના કરતાં જુદાજ પ્રકારનો લાગ્યો, તેને આતુર થયેલો, નીચું મુખ રાખીને રડતો અને કાંતિ રહિત થયેલો જોઇને મનનાં ખિન્ન થયા અને નારદનું વચન સંભારી સર્વ સંબંધીઓની વચ્ચે તેને આ પ્રમાણે પૂછવા લાગ્યા.

યુધિષ્ઠિરે પૂછયું કે–હે ભાઈ! દ્વારકામાં આપણા સંબંધી મધુકુળ ભોજકુળ દશાર્હકુળ સાત્વતકુળ અંધકકુળ અને વૃષ્ણિકુળનાં મનુષ્યો કુશળ છે? ૨૫ આપણા વડવા સૂરસેન કુશળ છે ? વસુદેવ મામા અને તેમના નાના ભાઇઓ કુશળ છે? ૨૫ વસુદેવ મામાની દેવકી પ્રમુખ સાત રાણીઓ જે બેનો થાયછે તે તથા તેમના પુત્રની વહુઓ વગેરે કુશળ છે ? ૨૭ ઉગ્રસેન કે જેનો દીકરો અતિ દુષ્ટ હતો તે કેવા છે ? તેમના નાના ભાઈ દેવક, કૃતવર્મા સહિત હૃદિક, અક્રૂર, જયંત, ગદ સારણ તથા શત્રુજિત વગેરે કુશળ છે ? સાત્વત કુળના સ્વામી ભગવાન બળદેવ કુશળ છે ? વૃષ્ણિ કુળમાં મહારથી એવા પ્રદ્યુમ્ન યુદ્ધમાં મહા વેગવાળા અનિરૂદ્ધ સુષેણ, ચારૂદેષ્ણ, જામ્બવતીના પુત્ર સાંબ અને બીજા શ્રીકૃષ્ણના પુત્રોમાં શ્રેષ્ઠ એવા ઋષભ વગેરે પરિવાર સાથે કુશળ છે? ૩૧ ભગવાનના સેવક શ્રુતદેવ, ઉદ્ધવ સુનંદ તથા નંદ પ્રમુખ ઉત્તમ ઉત્તમ સાત્વત કુળના પુરૂષો કુશળ છે? ૩૨ શ્રીકૃષ્ણ અને બળદેવના આશ્રયી તથા આપણી ઉપર સ્નેહ રાખનારા બીજા સર્વે લોકો કુશળ છે? ભક્તવત્સલ અને સદા ગો બ્રાહ્મણોનું હિત કરનાર ભગવાન શ્રીકૃષ્ણ પોતાના નગરમાં સુધર્મા સભામાં સંબંધીઓથી વિંટાઇને સુખેથી બિરાજે છે. તે આદિ પુરૂષ કે જેમના બળદેવ મિત્ર છે તે લોકની ઉત્પત્તિ અને લોકોના કલ્યાણ માટે યદુકુળ રૂપી મહાસાગરમાં સુખથી વાસ કરીને રહેલા છે ? ૩૫ ભગવાન શ્રીકૃષ્ણના બાહુ રૂપી દંડોથી રક્ષાતી દ્વારકા પુરીમાં યાદવો માનથી વૈકુંઠપતિના સેવકોની પેઠે પરમાનંદમાં વિહાર કરે છે. ૩૬ વળી ભગવાનના ચરણારવિંદની સેવા રૂપી મુખ્ય કર્મથી સત્યભામા વગેરે સોળ હજાર સ્ત્રીઓ તેમના બાહુબળથી યુદ્ધમાં દેવોને હરાવીને ઇંદ્રાણીઓને ઘટે એવા ભોગ ભોગવવા યોગ્ય પારિજાતિક આદિને હરી લેઇ ઉત્તમ દૈવી ભોગો ભોગવે છે. ૩૭ શ્રીકૃષ્ણના બાહુ રૂપી દંડના પ્રભાવને લીધે જીવનારા મહા બળવાળા યાદવો ચોતરફથી નિર્ભય થઇ મોટા દેવતાઓને યોગ્ય એવી સુધર્મા નામની સભા કે, જે સભાને બળાત્કારથી ભેટ તરીકે સ્વર્ગલોકમાંથી આણેલી છે તેમાં વારંવાર ફર્યા કરે છે. ૩૮ વળી તારૂં શરીર સારૂં છે, કારણ કે મને તું નિસ્તેજ જણાય છે. હે તાત ! ઘણા દિવસ ત્યાં રહ્યો તેથી તારૂં કોઇએ અપમાન તો નથી કર્યું ? ૩૯ અથવા તો સંબંધીઓએ પ્રેમ વિનાના કઠોર શબ્દો કહીને તારો અનાદર કર્યો છે ? અથવા તો કોઇ અર્થીએ તારી પાસે

અર્થના કરતાં તેને તેં આપીશ એમ કહ્યું તો નથી? અથવા તો કોઇને 'કંઇક આપીશ' એમ કહી તેને આશા આપી તેં પ્રતિજ્ઞા કરેલી વસ્તુ શું યાચકને આપી નથી? ૪૦ અથવા તો તું પૂર્વે શરણાગતને આશ્રય આપતો હતો તેથી હમણાં તારે શરણે આવેલા બ્રાહ્મણ, બાળક, ગાય, વૃદ્ધ, રોગી, સ્ત્રી અથવા તો બીજાં કોઈ પ્રાણીઓનો શું તેં દ્રોહ કર્યો છે? ૪૧ અથવા રસ્તામાં તારા કરતાં ઉત્તમ કે તારા કરતાં અધમ પુરૂષે તારો પરાજય કર્યો છે? ૪૨ અથવા તો પ્રથમ જમાડવા યોગ્ય બાળક અથવા વૃદ્ધ મનુષ્યોને જમાડયા વિના તું જમ્યો છે? અથવા નિંદા કરવા યોગ્ય અઘટિત કાર્ય તેં કર્યું છે? ૪૩ અથવા તો હે અર્જુન! સદા પ્રિયતમ અને બીજા હૃદય રૂપ મારા ભાઇ શ્રીકૃષ્ણ વિનાનો હું એકલો થઇ ગયો છું એમ તું માને છે? તે વિના બીજાં કોઇ પણ કારણથી તારા મનમાં પીડા થવાનો સંભવ નથી માટે તારી પીડાનું જે કંઇ કારણ હોય તે કહે. ૪૪

कच्चित्प्रेष्ठतमेनाथ हृदयेनात्मबन्धुना ।
शून्योऽस्मि रहितो नित्यं मन्यसे
तेऽन्यथा न रुक् ॥ ४४ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेप्रथमस्कंधे
चतुर्दशोध्यायः

અધ્યાય ૧૫ મો.¶

પાંડવોનું હિમાલય જવું.

सूतउवाच

एवं कृष्णसखः कृष्णो भ्राता राज्ञा विकल्पितः
नानाशंकास्पदं रूपं कृष्णविश्लेषकर्शितः॥१॥

સૂત કહે છે કે-હે શૌનક! આ પ્રમાણે અનેક પ્રકારની શંકા ઉપજાવે એવું અર્જુનનું રૂપ જોઈને યુધિષ્ઠિર રાજાએ શ્રીકૃષ્ણના મિત્ર અને શ્રીકૃષ્ણના વિયોગથી ખિન્ન થઇ ગયેલા અર્જુનને પ્રશ્નો કર્યા ત્યારે શ્રીહરિના વિરહજન્ય શોકથી જેનું મુખકમળ તથા હૃદયકમળ સૂકાઈ ગયાં હતાં એવો નિસ્તેજ અર્જુન સમર્થ એવા શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ થવાથી યુધિષ્ઠિરના પ્રશ્નોનો ઉત્તર આપી શકયો નહિ. ૨ પછી મહા કષ્ટથી શોકને દબાવી આંખમાં આવેલાં શોકાશ્રુઓ તેણે હાથથી લૂછી નાંખ્યાં. શ્રીકૃષ્ણ દૃષ્ટિથી દૂર થયા હતા તેથી અત્યંત પ્રેમોત્કંઠા ને લીધે તે વ્યાકુળ થઇ ગયો. ૩ શ્રીકૃષ્ણે સારથી આદિક કાર્યમાં પોતાના હિતૈષી થઈ કરેલી સહાયને સંભારીને રડતો ગળગળી વાણીથી તે પછી ધર્મરાજાને આ પ્રમાણે કહેવા લાગ્યો. ૪

અર્જુન કહેછે-હે મહારાજ! બંધુના રૂપમાં રહેલા શ્રીકૃષ્ણ ભગવાને ખરેખર મને છેતર્યો છે કારણ કે, મને છેતરીને દેવતાઓને પણ આશ્ચર્ય પમાડનારા, મારા મોટા તેજને તેમણે હરી લીધું છે. ૫ હે રાજન! આપણા પિતા વગેરે પ્રિય મનુષ્યો પ્રાણ જતાં જેમ પ્રેતના નામથી બોલાય છે તેમ જેમના ક્ષણ માત્ર વિયોગથી પણ આ સર્વ લોક અપ્રિય લાગે એવું થયું છે જે શ્રીકૃષ્ણ ભગવાનના આશ્રયથી મેં દ્રુપદ રાજાને ઘેર સ્વયંવરમાં એકઠા મળેલા રાજાઓના તેજને હરણ કર્યું હતું અને પછી ધનુષમાં બાણને યોજી યંત્ર ઉપર ફરતા મત્સ્તને વીંધી નાંખ્યો હતો અને સર્વે રાજાઓને હરાવી દ્રૌપદીને મેળવ્યાં હતાં. ૭ આશ્ચર્યની વાત તો આ છે કે, જે ભગવાનના સમીપપણાથી મેં એકાએક દેવગણની સાથે રહેલા ઇંદ્રનો પણ પરાજય કરી ખાંડવ વન અગ્નિને આપ્યું હતું અને ખાંડવ વનના દાહમાંથી ઉગરેલા મયદાનવ પાસેથી આપણે અદ્ભુત કારીગળીવાળી સુધર્મા નામની સભા મેળવી હતી તથા રાજાઓ તમારા રાજસૂય યજ્ઞમાં ભેટો લાવ્યા હતા. જે ભગવાનના પ્રભાવથી દશ હજાર હાથીના જેટલી શક્તિ-

¶ આ પંદરમા અધ્યાયમા કળિનો આરંભ થયેલો જોઇ ધર્મરાજ યુધિષ્ઠિર પરીક્ષિતને રાજ્ય ગાદી આપી બંધુઓ સહિત હિમાળે ગયા એ કથા કહેવાશે.

[illegible] તથા મહા બળવાન ભીમસેને જરાસંધને મારી ભૈરવના યજ્ઞમાં બલિદાન દેવા ગિરિવ્રજમાં કેદ કરેલા રાજાઓને જેમણે મુક્ત કર્યા હતા. એ રાજાઓ પછી રાજસૂય યજ્ઞમાં ભેટ લઇ આવ્યા હતા ૯ વળી રાજસૂય યજ્ઞને કહેરીને મહાભિષેક કરવાથી સુંદર દેખાતાં દ્રૌપદીના કેશપાશને દુઃશાસન વગેરે દુષ્ટ મનુષ્યોએ જ્યારે ખેંચ્યા ત્યારે દ્રૌપદીએ સ્મરણ કરવાથી જે શ્રીકૃષ્ણ ત્યાં પધાર્યા હતા. તે વેળા અશ્રુઓથી ભીંજાયલાં મુખવાળાં દ્રૌપદીએ તેમના ચરણમાં પડીને પ્રણામ કર્યા હતા અને શ્રીકૃષ્ણે દ્રૌપદીના કેશને ખેંચનાર તે દુષ્ટોની સ્ત્રીઓને કેશ વિનાની કરી હતી ૧૦ વળી જે દુર્વાસા* દસ હજાર શિષ્યોની પંક્તિમાં પ્રથમ ભોજન કરતા હતા તે દુર્વાસાને શત્રુ દુર્યોધને તેમની દ્વારા પાંડવોને શાપ અપાવવા માટે અતિથિ તરીકે મોકલ્યા હતા તે દુર્વાસા ઋષિથી આવનારાં દુરંત દુઃખમાંથી જે ભગવાને વનમાં પધારીને અક્ષય પાત્રમાં બાકી રહેલા શાકને આરોગી આપણું રક્ષણ કર્યું હતું અને શાકનું એક પાંદડું ખાવાથી પાણીમાં સ્નાન કરતા દુર્વાસા આદિ મુનિગણોએ ત્રણ લોકને તૃપ્ત માન્યા હતા. જે ભગવાનના પ્રતાપ બળથી મેં યુદ્ધમાં શંકરને વિસ્મય પમાડ્યા હતા અને તેમણે મને પોતાનું પાશુપતાસ્ત્ર આપ્યું હતું તથા બીજા લોકપાળોએ પોતપોતાનાં અસ્ત્ર આપ્યાં હતાં. હું આ જ શરીરથી ઇન્દ્રના ભવનમાં મહત્તાવાળા ઇન્દ્રાસનના અર્ધ ભાગ ઉપર બેસવાને ભાગ્યશાળી થયો હતો. હું સ્વર્ગમાં રહેલો હતો એવામાં ઇન્દ્રાદિક દેવતાઓએ નિવાતકવચ નામના દૈત્યનો નાશ કરવા માટે ગાંડીવ ધનુષધારી તથા શ્રીકૃષ્ણના બળથી બળવાળા મારા ભુજદંડનો આશ્રય કર્યો હતો. હે ધર્મરાજા! તે મહા સમર્થ પુરૂષ શ્રીકૃષ્ણે આજ મને છેતર્યો છે. ૧૩ જ્યારે કૌરવો ઉત્તર રાજાની ગાયો વાળી જવાને આવ્યા ત્યારે ભીષ્મ આદિક મગરમચ્છો હોવાથી તરી ન શકાય એવી અપાર કૌરવની સેનાને જે શ્રીકૃષ્ણ ભગવાનની સહાયતાથી હું એકલોજ રથથી તરીને પાર પહોંચ્યો હતો અને શત્રુઓ ગાયોના ટોળાને વાળી જતા હતા તેને પાછું વાળી લાવ્યો હતો. શત્રુઓને મોહનાસ્ત્રથી મોહિત કરી તેમના માથા ઉપરથી મુકુટોના મણિઓરૂપી

* એક દિવસ દુર્યોધને દુર્વાસા મુનિનો અતિથિ સત્કાર કર્યો. તે ઉપરથી મુનિ સંતુષ્ટ થઇ તેને વરદાન દેવાને તૈયાર થયા. દુર્યોધને મનમાં વિચાર કર્યો કે, "આ મુનિ અત્યંત ક્રોધી છે, તે શાપ આપે તો પાંડવોનો અવશ્ય નાશ થાય." આ પ્રમાણે મનમાં વિચાર કરી મુનિને એવી પ્રાર્થના કરી કે, હે મુનિસત્તમ! મને બીજા કોઈ વરદાનનું પ્રયોજન નથી. માત્ર એક ઇચ્છા છે તે એ કે, યુધિષ્ઠિર જે અમારા કુળમાં મુખ્ય ગણાય છે તેને ત્યાં આપે દસ હજાર શિષ્યની સાથે અતિથિ થવું, પરંતુ દ્રૌપદી ભૂખી ન રહે તેટલા માટે તે જમી રહ્યા પછી તેને ઘેર જવું. દુર્વાસા, દુર્યોધનના કહેવા પ્રમાણે યુધિષ્ઠિર રાજાને ઘેર ગયા. યુધિષ્ઠિર રાજાએ અત્યંત, આદરપૂર્વક તેમનો સત્કાર કર્યો અને કહ્યું કે, મધ્યાહ્નનું કર્મ કરી જમવા પધારો. દુર્વાસા શિષ્ય સહિત જળાશય ઉપર ગયા અને અઘમર્ષણ કરવા માટે જળમાં ઉતર્યા. દ્રૌપદી પોતાનું ભોજન થયા પછી આવેલા આ સઘળા અતિથિઓને જોઈ ચિંતાતુર થઈ ગયાં અને શ્રીકૃષ્ણનું સ્મરણ કરતાં ભક્તવત્સલ ભગવાન દ્રૌપદીની પાસે આવ્યા. દ્રૌપદીએ સર્વ વૃત્તાંત નિવેદન કર્યું એટલે ભગવાન બોલ્યા, "દ્રૌપદી, હું ભુખ્યો છું, માટે મને પ્રથમ જમાડ." દ્રૌપદીએ અત્યંત શરમાઇને કહ્યું કે, "મહારાજ! સૂર્યે આપેલી થાળીમાં મારૂં ભોજન થતા સુધી અખુટ અન્ન રહે છે પરંતુ હું સર્વેને જમાડીને જમી છું એટલે હવે તેમાં અન્ન નથી." શ્રીકૃષ્ણે અત્યંત આગ્રહથી અન્નપાત્રને લાવવા કહ્યું એટલે દ્રૌપદીએ તે પાત્ર લાવીને પાસે ધર્યું. તેમાં કાંઠા ઉપર એક શાકનું પાંદડું ચોટેલું હતું તે ખાઇને શ્રીકૃષ્ણ બોલ્યા કે, "આ ભોજનથી વિશ્વાત્મા તૃપ્ત થાઓ." ભગવાને જે શાક પત્રનું ભોજન કર્યું તેથી ત્રણે લોક તૃપ્ત થયા અને દુર્વાસા તથા તેના શિષ્યો કંઠપર્યન્ત તૃપ્ત થયા. પછી શ્રીકૃષ્ણે ભીમસેનને મુનિ સમુદાયને બોલાવવા મોકલ્યા, પરન્તુ દુર્વાસા મુનિ તો તૃપ્ત થયા, તેથી દસ હજાર માણસ માટે રાંધેલું અન્ન પડ્યું રહેશે એવી બીકથી બારોબાર નાસી ગયા.

પુષ્કળ ધન પાછું હરી લાવ્યો હતો. ૧૪ જે ભગવાને મારા સારથિ રૂપ થઇ મોટાં મોટા રાજાઓના રથમંડળોથી શોભાયમાન ભીષ્મ કર્ણ દ્રોણગુરૂ તથા શલ્યની સેનાઓમાં રહેલા રથોના અને પાયદળોના સેનાપતિઓ ભીષ્મ વગેરે રાજાઓની સામે દૃષ્ટિ કરીને તેઓનાં આયુષ્યને ઉત્સાહ શક્તિને બળને તથા શસ્રાદિકનાં કૌશલ્યને હરી લીધાં હતાં. ૧૫ મને પોતાની બન્ને ભુજાઓમાં રાખ્યો હતો તેથી દ્રોણગુરૂ ભીષ્મ કર્ણ અશ્વત્થામા ત્રિગર્ત શલ સૈંધવ તથા બાહ્‌લિક વગેરે રાજાઓએ મારેલાં નિષ્ફળ જાય નહિ એવા મહિમાવાળાં શસ્રો, મારો પરાભવ કરી શકયાં ન હતાં. આવા શ્રીકૃષ્ણ ભગવાનથી હું છેતરાયો છું. ૧૬ મોક્ષ માટે મહાપુરૂષો જે ભગવાનનાં ચરણારવિન્દને સેવે છે તે મુક્તિ આપનાર ઇશ્વરને મેં દુષ્ટ બુદ્ધિને લીધે સારથિપણું કરવાને માટે માગી લીધા હતા. વળી જ્યારે મારા ઘોડાઓ તૃષાતુર થઈને થાકી ગયા અને હું રથમાંથી નીચે ઉતર્યો ત્યારે શત્રુઓ રથમાં બેઠા હતા તે પણ જે ભગવાનના પ્રભાવથી મૂઢ બુદ્ધિવાળા થઇ મને શસ્રનો પ્રહાર કરી શકયા ન હતા.૧૭ હે યુધિષ્ઠિર રાજા! ભગવાનનાં ગંભીર મધુર અને હાસ્યવડે મનોહર એવાં નમ્ર વચનો તથા પ્રસંગ ઉપર હે પાર્થ! હે કુરૂનંદન! ઇત્યાદિ મધુર વચનોને જ્યારે હું સંભારૂં છું ત્યારે મારૂં મન ભરાઈ આવે છે. ૧૮ સૂવું, બેસવું, ફરવું હરવું પોતાના ગુણની પ્રશંસા કરવી, જમવું વગેરે સર્વ કાર્યો આમારાં બન્નેનાં એક સાથે જ થતાં હતાં, કોઇ દિવસ જો તેમ થતું નહિ તો હું ભગવાનને “અરે વયસ્ય! તમે શું સત્યવાદી છો?” એમ વક્રોક્તિમાં કહીને હસતો હતો, પરંતુ મિત્ર જેમ મિત્રનો અને પિતા જેમ પુત્રનો અપરાધ સહન કરે, તેમ મારા સર્વ અપરાધને સહન કર્યા હતા. ૧૯ હે રાજેન્દ્ર! આજે હું તે મિત્ર વિનાનો થઇ રહ્યો છું, મારૂં હૃદય શૂન્ય થઇ ગયું છે. હું શ્રીકૃષ્ણની સોળ હજાર સ્રીઓનું રસ્તામાં રક્ષણ કરતો હતો, એટલામાં દુષ્ટ ગોવાળીઆઓએ નિર્બળ સ્રીઓની પેઠે મારો પરાજય કર્યો. ૨૦ મારૂં તે જ ધનુષ છે, તે જ બાણ છે, તે જ રથ છે, તે જ ઘોડાઓ છે, સઘળું તેનું તે જ છે હું તે જ રથી છું અને તે સઘળું હોવાથી રાજાઓ મને નમસ્કાર કરે છે પરંતુ મંત્રવિધિથી રાખમા હોમેલું દ્રવ્ય જેમ કંઇ પણ ફળ આપતું નથી, અત્યંત પ્રસન્ન થયેલા માયાવીની પાસેથી મળેલું ધન જેમ કંઇ ફળ આપતું નથી તથા ઉખર જમીનમાં વાવેલું બીજ જેમ કંઇ ફળ આપતું નથી, તેમ શ્રીકૃષ્ણના વિયોગને લીધે મને કશું ગોઠતું નથી. હે રાજા! દ્વારકાપુરીમાંના આપણા સંબંધીઓના સમાચાર સાંભળો. બ્રાહ્મણના શાપથી મૂઢ થઇ પિષ્ટની મદિરા પી, મદમત્ત થઇ એક બીજાને ઓળખતા ન હોય તેમ હાથમાં પાન લઇ પરસ્પર લઢીને તેઓ મરણ પામ્યા છે, માત્ર ચાર પાંચ જણ બાકી રહ્યા છે. ૨૩ કુરૂકુળનો સંહાર શ્રીકૃષ્ણની ઇચ્છાથીજ થયો છે, કારણ કે, તે જ પ્રાણી માત્રનું પાલન ને નાશ કરનાર છે.૨૪ જલચરોમાં જેમ મોટાં પ્રાણી મગરમચ્છ વગેરે નાનાં પ્રાણીઓ માછલા વગેરેને ગળી જાય છે, બળવાન જેમ દુર્બળને હરાવે છે તેમ શ્રીકૃષ્ણે બળવાન અને મોટા યાદવોને બળવાળા તથા મોટા બીજા યાદવોની સાથે લઢાવીને પૃથ્વીનો ભાર ઉતાર્યો છે. ૨૬ હું જ્યારે દેશ કાળને અનુકૂળ, અર્થથી ભરપૂર મનના તાપને શાંત કરનાર ભગવાનનાં વચનો સંભારૂં છું ત્યારે ખિન્ન થાઉં છું. ૨૭

આ પ્રમાણે અત્યંત ગાઢ પ્રેમને લીધે શ્રીકૃષ્ણનું સ્મરણ કરવાથી અર્જુનની બુદ્ધિ શોક રહિત થઇ. શ્રીકૃષ્ણના ચરણારવિંદનું ધ્યાન કરવાથી ભક્તિના વેગમાં વધારો થયો

અને અર્જુનની બુદ્ધિના કામાદિક સર્વ દોષો નાશ થયા. ૨૯ ભગવાને કુરૂક્ષેત્રના સંગ્રામમાં ગીતા સંબંધી જે ઉત્તમ જ્ઞાન આપ્યું હતું તે કેટલાક કાળને લીધે, કેટલાંએક કર્માને લીધે તથા વિષયવાંછના રૂપ અજ્ઞાનને લીધે વિસરી જવાયું હતું, તે જ્ઞાન અર્જુનને સાંભરી આવ્યું. ૩૦ તેને વેદાંત શ્રવણથી "अहं ब्रह्मास्मि" એવું જે બ્રહ્મજ્ઞાન થયું તેથી અવિદ્યાનો નાશ થયો. અવિદ્યાનો નાશ થવાથી સત્વાદિક ગુણોનો નાશ થયો, ને ગુણનાં કાર્યભૂત જે લિંગ શરીર હતું તે પણ રહ્યું નહિ. આ પ્રમાણે લિંગ શરીરનો લય થયા પછી જે સ્થૂલ શરીર રહેલુ હતું તે પણ નાશ પામ્યું. દેહાભિમાન નાશ પામતાં તેનો દ્વૈતભ્રમ ટળી ગયો અને શોક દૂર થયો. ૩૧

આ પ્રમાણે અર્જુનની પાસેથી ભગવાનનું સ્વધામમા પધારવું તથા યાદવ વંશનો સંહાર સાંભળી યુધિષ્ઠિર રાજાએ મનને સ્થિર કર્યું અને સ્વર્ગના માર્ગ પ્રત્યે જવાનો નિશ્ચય કર્યો. ૩૨ કુન્તાજી અર્જુનના મુખથી યાદવોનો સંહાર તથા ભગવાનનું સ્વધામ ગમન સાંભળીને, અતીંદ્રિય એવા ભગવાનને વિષે ભક્તિથી મનને જોડી સંસારથી વિરામ પામ્યાં. ૩૩ એક કાંટો લઇને તેનાથી બીજો કાંટો કાઢી તેનો જેમ ત્યાગ કરવામાં આવે છે તેમ અજન્મા ભગવાને ભકતોને માટે જે શરીરથી પૃથ્વીનો ભાર ઉતાર્યો હતો તે શરીરનો ત્યાગ કર્યો કારણ કે, ભગવાનને પૃથ્વી ઉપર ભારભૂત શરીર તથા યાદવ વંશમાં થયેલું શરીર બન્ને સમાન હતાં. ૩૪ નટ જેમ જુદાં જુદાં રૂપો ધારણ કરે છે અને તેનો ત્યાગ કરે છે, તેમ શ્રીહરિ પણ મત્સ્ય વગેરે અનેક રૂપો ધારણ કરે છે અને તેનો ત્યાગ કરે છે. શ્રીકૃષ્ણે જે શરીરથી પૃથ્વીનો ભાર ઉતાર્યો હતો તે શરીરનો ત્યાગ કર્યો. ૩૫ શ્રીકૃષ્ણ ભગવાન કે જેની ઉત્તમ કથા સાંભળવા યોગ્ય છે તેમણે જ્યારથી પોતાના દેહથી આ લોકનો ત્યાગ કર્યો છે, ત્યારથી અવિવેકી જનોને અધર્મને માર્ગે દોરનારો કળિયુગ, જે પૂર્વે અંશરૂપે પેઠો હતો તે હમણાં ચારે તરફ ફેલાઇ ગયો છે. ૩૬ વિવેકી યુધિષ્ઠિરે નગરમાં દેશમાં તથા પ્રત્યેક ઘરોમાં લોભ, અસત્ય, કપટ તથા હિંસા વગેરે અધર્મની સેના સાથે કળિનો પ્રચાર થયેલો જોયો. ત્યારે સ્વર્ગને માર્ગે જવા માટે મહા પ્રસ્થાનનો વેશ ધારણ કર્યો. ૩૭ તે પછી ગુણોવડે પોતાના જ જેવા અને વિનયવંત પૌત્ર પરીક્ષિતને ચક્રવર્તી એવા યુધિષ્ઠિર રાજાએ હસ્તિનાપુરમાં સમુદ્ર પર્યંત પૃથ્વીના પતિ રૂપે રાજ્યાભિષેક કર્યો. ૩૮ તેમજ મથુરામાં પણ અનિરૂદ્ધના પુત્ર વજ્રને શૂરસેન દેશનો અધિપતિ કર્યો અને પછી પ્રાજાપત્યેષ્ટિ કરીને ધર્મરાજાએ અગ્નિનું પાન કર્યું ૩૯ અને ત્યાં આગળ પોતાનાં રેશમી વસ્રો તથા કડાં વગેરે સર્વ આભૂષણોને શરીર ઉપરથી ઉતારી નાંખ્યાં. અહંતા, મમતાનો ત્યાગ કર્યો. ત્યાર પછી તેમણે વાગાદિક ઇન્દ્રિયોનો મનમાં, મનનો પ્રાણમાં, પ્રાણનો અપાનમાં અને મલાદિકના ઉત્સર્ગની સાથે અપાનનો મૃત્યુમાં અર્થાત્ મૃત્યુની અધિદેવતામાં અને મૃત્યુનો પંચમહાભૂતમાં લય કર્યો. ૪૧ ત્યાર પછી પંચમહાભૂતનો સત્વાદિક ત્રણ ગુણમાં હોમ કરીને, ત્રણ ગુણનો અવિદ્યામાં મુનિવ્રત કરનાર યુધિષ્ઠિરે લય કર્યો. ત્યાર પછી સમસ્ત અધ્યારોપમાં કારણભૂત એવી અવિદ્યાનો જીવમાં લય કર્યો અને તે જીવનો કુટસ્થ એવા પરબ્રહ્મમાં લય કર્યો. ૪૨

આ પ્રમાણે જ્ઞાનદ્વારા આત્મસ્વરૂપને સિદ્ધ કરી, ચીથરાં પહેરી આહારનો ત્યાગ કરી, મૌન થઇ, છુટા કેશ મૂકીને જડ, ઉન્મત્ત તથા પિશાચના જેવું પોતાનું રૂપ દેખાડતા કોઇની પણ વાટ જોયા વિના તથા બહેરાની પેઠે કોઇનું પણ કહેવું ધ્યાનમાં

લીધા વિના મનમાં પરમાત્માનું ધ્યાન કરતા કરતા ધર્મશાળી મહાત્મા પુરૂષોએ પૂર્વે સેવેલી એવી ઉત્તર દિશા તરફ ગયા; જે દિશામાં ગયેલો મનુષ્ય પાછો જગતમાં આવતો નથી. ૪૪ તેમના ભાઈઓએ જોયું તો પૃથ્વી ઉપર સર્વ પ્રજામા અધર્મના મિત્ર કળિએ પ્રવેશ કર્યો હતો તેથી તેઓ પણ ઉત્તર દિશા તરફ જવાનો નિશ્ચય કરી ઘરમાથી બ્હાર નીકળી ધર્મરાજાની પાછળ ઉત્તર દિશા તરફ ચાલ્યા. ધર્મ અને અર્થ આદિક પુરૂષાર્થને સારી રીતે સાધનારા પાંડવો શ્રીકૃષ્ણના ચરણારવિન્દને પોતાનું આત્યંતિક શરણ માની મનમાં ધ્યાન કરવા લાગ્યા ૪૬ ભગવાનના ધ્યાનથી તેમની ભક્તિમા વૃદ્ધિ થઇ અને બુદ્ધિ શુદ્ધ થઇ. તે પછી પાપ રહિત શુદ્ધ અન્તઃકરણવાળા પાંડવોએ ઉત્તમ એવા શ્રી નારાયણના ચરણારવિન્દમાં એકાગ્ર બુદ્ધિ કરીને દુષ્ટ વિષયી પુરૂષો જે ગતિને પામી શકે નહિ તેવી પાપ રહિત અને શુદ્ધ બુદ્ધિ વાળા પુરૂષોએ જ પામવા યોગ્ય ગતિને પાસ કરી. ૪૮ આત્મજ્ઞાની વિદુર પણ તીર્થયાત્રા કરતા કરતા પ્રભાસમા ગયા અને ત્યાં દેહનો ત્યાગ કરી શ્રીકૃષ્ણમાં લીન થયા અને તેડવા માટે આવેલા પિતૃઓની સાથે પોતાના અધિકાર ઉપર ગયા. ૪૯ પોતાના સ્વામી કામનાની દરકાર ન કરતાં ચાલ્યા ગયા તેથી દ્રૌપદી પણ શ્રીકૃષ્ણ ભગવાનને વિષે એકાગ્રતાથી બુદ્ધિ જોડીને તેમને પામ્યાં. ૫૦ જે મનુષ્યો ભગવાનને પ્રિય એવા પાંડવોનાં આ પવિત્ર તથા અત્યંત કલ્યાણકારક મહા પ્રસ્થાનને શ્રદ્ધાથી સાંભળે છે તે પરમાત્માની ભક્તિ મેળવીને સિદ્ધિ પામે છે.

य: श्रद्धयैतद्भगवत्प्रियाणां
पांडो: सुतानामिति संप्रयाणम् ।
शृणोत्यलं स्वस्त्ययनं पवित्रं
लब्ध्वा हरौ भक्तिमुपैति सिध्धिम् ॥५१॥

इतिश्रीमद्भागवतेमहा_राणप्रथमस्कंधे
पंचदशोध्याय:

અધ્યાય ૧૬ મો.‡

ધર્મ અને પૃથ્વીનો સંવાદ.

सूत उवाच

तत: परीक्षिद्द्विजवर्यशि_ या
महीं म_ाभागवत: शशास ह ।
यथा हि सूत्यामभिजातकोविदा:
समादिशन्विप्र महद्गुणस्तथा ॥१

સૂત કહે છે કે—હે શૈનક! પછી બ્રાહ્મણોએ જન્મ સમયે જે પ્રમાણે ભવિષ્ય ભાખ્યું હતું તે પ્રમાણે મહા ઉત્તમ ગુણશાળી ભગવાનના ભક્ત પરીક્ષિત રાજા ઉત્તમ બ્રાહ્મણોના ઉપદેશ પ્રમાણે પૃથ્વીનું રાજ્ય કરવા લાગ્યા. ૧ તે ઉત્તરની ઈરાવતી નામની કન્યાને પરણ્યા હતા તેમને જનમેજય વગેરે ચાર પુત્રો હતા ૨ ગંગાજીના તીર ઉપર કૃપાચાર્યને ગુરૂ કરી તેમણે ત્રણ અશ્વમેધ યજ્ઞો કર્યા હતા. તે વીર રાજાએ દિગ્વિજય કરતાં કોઇ એક દિવસે રાજાનાં ચિન્હ ધારણ કરેલા શૂદ્ર કળિયુગને ગાય તથા બળદને પાટુ મારતાં દીઠો એટલે તેને પકડયો. ૪

શૌનક કહે છે કે—પરીક્ષિત રાજાએ દિગ્વિજયમાં કળિને કેમ પકડયો તથા રાજાનાં ચિન્હ ધારણ કરનારો તે કોણ હતો અને કેમ ગાયને પાટુ મારતો હતો. ૫ જો તેમાં શ્રીકૃષ્ણની કથા આવતી હોય તો તે અમને કહો શ્રીકૃષ્ણના ચરણારવિન્દની ભક્તિ કરનારાઓને બીજી કથા સાંભળવાનું શું પ્રયોજન છે? મિથ્યા વાતથી મનુષ્યના આયુષ્યનો વ્યર્થ લય થાય છે.૬ હે સૂત! અલ્પ આયુષ્યવાળા અને મરણ ધર્મોવાળા છતાં જેઓ મોક્ષની ઇચ્છાવાળા છે તેમનેજ આ અમારા પશુહિંસાત્મક નહિ એવા યજ્ઞમાં બોલાવ્યા છે, તે કામ રૂપી ભગવાન જ્યાં સુધી

‡ આ સોળમા અધ્યાયમા ભૂમિ અને ધર્મ કળિથી ખિન્ન થઇને પરસ્પર વાત કરતા હતા, એટલામાં ત્યાં આગળ તેની રક્ષા કરનારા પરીક્ષિત રાજાનું આગમન થયું, તે કથા કહેવાશે.

અહીં છે ત્યાં સુધી કોઇ પણ મરણ પામશે નહિ ૭ માટે યમરાજાને મહર્ષિઓએ બોલાવ્યા છે. સર્વે મનુષ્યોએ ઉદ્વેગ રહિત થઇ શ્રીહરિની લીલા રૂપી અમૃતનું પાન કરવું. આશ્ચર્યની વાત છે કે, આ મનુષ્ય લોકમાં હરિકથા રૂપી અમૃતનું પાન નિર્ભયતાથી થઇ શકે છે. ૮ આયુષ્ય અલ્પ છે ને તે પણ વળી રાત્રિએ નિંદ્રામાં અને દિવસે કામોમાં વૃથા વહી જાય છે. ૯

સૂત કહે છે કે—હે શૌનક! યુદ્ધમાં કુશળ એવા પરીક્ષિત રાજા જ્યારે કુરૂ તથા જાંગલ દેશમાં રહેતા હતા ત્યારે કલિનો પ્રચાર થાય છે એવી અપ્રિય વાર્તા તેમના સાંભળવામાં આવી. કાળા ઘોડાઓ જોડેલા, શણગારેલા અને સિંહના ચિન્હવાળી ધ્વજાવાળા રથમાં બેસીને મોટી સેના લઇ તે દિગ્વિજય કરવાને નિકળ્યા. ૧૧ તેમણે ભદ્રાશ્વ, કેતુમાલ, ભારત, ઉત્તર કુરૂ તથા કિંપુરૂષ આદિ દેશોને જીતી ત્યાંના રાજાઓની પાસેથી કર લીધો. ૧૨ પોતે જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાંના લોકોના મુખથી શ્રીકૃષ્ણનો મહિમા સાંભળ્યો. અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રના તેજમાંથી પોતાનું રક્ષણ, યાદવોનો તથા પાંડવોનો સ્નેહ અને શ્રીકૃષ્ણમાં ભક્તિ, ઇત્યાદિ તેમના સાંભળવામાં આવ્યું. ૧૪ પરીક્ષિત રાજા એ મહિમા સાંભળી બહુ સંતુષ્ટ થયા પ્રીતિથી તેમનાં નેત્ર પ્રફુલ્લિત થયાં અને ઉદાર મનના તે રાજાએ પોતાના પૂર્વજોનું યશોગાન કરનારા લોકોને ઇચ્છાનુસાર ઉત્તમ વસ્ત્રો સુવર્ણ અને મોતીના હારો આપ્યા. ૧૫ લોકોમાંથી તેમણે સાંભળ્યું કે, ભગવાનને પૃથ્વી ઉપર રહેનારા સર્વ લોકો પ્રણામ કરે છે. પોતાની ઉપર ભક્તિ રાખનારા પાંડવોનું સારથિપણું, સભામાં અધ્યક્ષપણું પાર્ષદપણું તેઓના મનને અનુસરવું મિત્રતા કરવી, દૂતત્વ કરવું, તરવાર લઇ તેઓની રક્ષા કરવી, તેઓની સ્તુતિ કરવી તથા તેઓને પ્રણામ કરવા વગેરે ભક્તિનાં કામ તેમણે કર્યાં છે. આ વાત સાંભળી પરીક્ષિતની ભગવાનના ચરણારવિંદ ઉપર અધિક ભક્તિ થઈ. ૧૬ આ પ્રમાણે પરીક્ષિત રાજા દરરોજ પૂર્વજોની વૃત્તિને અનુસરીને ચાલતા હતા એટલામાં એક આશ્ચર્યકારક વૃત્તાંત બન્યો, તે સાંભળો. ૧૮ એક ચરણથી ચાલતો ધર્મમૂર્તિ બળદ, બાળક મરી ગયાથી રડતી માતાની પેઠે ગાયનું રૂપ ધારણ કરનારી નિસ્તેજ પૃથ્વીનું આંસુવાળું મુખ જોઇને, તેને આ પ્રમાણે પૂછતો જણાયો.

ધર્મે પૂછયું કે—હે કલ્યાણિ! તમારૂં શરીર બહારથી રોગી જણાતું નથી તથાપિ તમારી કાન્તિ નાશ થઇ છે અને મુખ કરમાઈ ગયેલું છે, તેથી મને લાગે છે કે, તમને કાંઇક માનસિક પીડા છે. હે માતા! તમે કોઇ સંબંધીનો શોક કરો છો? ૨૦ ચાર ચરણમાં ત્રણ ચરણથી રહિત જે હું, તેનો તમે શોક કરો છો? અથવા ભવિષ્યમાં શુદ્ર વધશે એમ માનીને શોક કરો છો અથવા યજ્ઞની ક્રિયાઓ ન કરવાથી દેવતાઓને યજ્ઞના ભાગ મળતા બંધ થયા છે તેનો શોક કરો છો, વરસાદ ન વરસવાથી પીડાતી પ્રજાનો શોક કરો છો? ૨૧ અથવા હે પૃથ્વી! પતિઓથી ન રક્ષાતી સ્ત્રીઓનો શોક કરો છો અથવા તો માત પિતાઓ બાળકોનું પોષણ કરતાં નથી પણ પિશાચોની પેઠે તેઓને દુઃખ દે છે, તેનો શોક કરો છો? અથવા કુકર્મ કરનારા બ્રાહ્મણના કુળમાં રહેલી શુદ્ધ વિદ્યાનો શોક કરો છો? અથવા બ્રાહ્મણોનું રક્ષણ નહિ કરનારા રાજાઓના ઘરમાં ઉત્તમ બ્રાહ્મણોને સેવા કરતા જોઇને શોક કરો છો? ૨૨ અથવા કલિથી ભરપૂર ક્ષત્રિયોનો શોક કરો છો? અથવા ક્ષત્રિયોએ અધમ સ્થિતિમાં નાખી મૂકેલા દેશોનો શોક કરો છો? અથવા સર્વ લોકોને ગમે ત્યાં ભોજન કરતાં, નહિ છાજતાં વસ્ત્રો પહેરતાં, ઇચ્છાનુસાર ન્હાતાં ને અસદ્ વર્તને વર્તતા જોઇ શોક કરો છો? ૨૩ હે માતા!

આ પૃથ્વીનો ઘણો ભાર ઉતારવા માટે અવતાર લેનારા શ્રીકૃષ્ણ ભગવાન સ્વધામમાં પધાર્યા તેમનાં પવિત્ર ચરિત્રો સંભારીને શોક કરો છો ? ૨૪ દેવ પૂજિત તમારા કયા મનોહરત્વને કાળે હરી લીધું છે કે જેથી તમે આવાં થઇ ગયાં છો ? તમારી પીડાનું કારણ મને કહો. ૨૫

પૃથ્વી બોલ્યાં—હે ધર્મ ! તમે મને જે પૂછો છો તે સર્વ તમે જાણો છો તથાપિ તમને કહું છું. તમે પૂર્વે જેના પ્રભાવથી ચાર ચર ભુવડે લોકોને સુખ આપતા તે સત્ય, શૌચ, દયા, ક્ષમા, દાન, સંતોષ, સરલતા, શમ, દમ તપ, સમતાપણું ઉપરતિ શ્રુત, ૨૭ આત્મજ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય, શૌર્ય, પ્રભાવ, બળ, કાર્યાકાર્ય વિચાર, સ્વતંત્રતા, ક્રિયા કુશળતા સૌંદર્ય ધૈર્ય, કોમળતા, ૨૮ પ્રતિભાશક્તિ, વિનય, સુસ્વભાવ, મનોબળ, જ્ઞાનેંદ્રિયોનું બળ તથા કર્મદ્રિયોનું બળ, ગાંભીર્ય સ્થૈર્ય, શ્રદ્ધા કીર્ત્તિ પૂજ્યતા તથા નિરભિમાનીપણું વગેરે ઓગણચાલીશ ધર્મો તથા બ્રહ્મણ્ય, શરણ્ય, વિગેરે સોળ ગુણો, જે પરમાત્મામાં નિત્ય સ્વાભાવિક રીતેજ રહેલા છે, તે કોઈ પણ દિવસે નાશ પામનારા નથી તથા મહત્તાની ઈચ્છાવાળા પુરૂષો નિત્ય જે ગુણોની ઇચ્છા રાખે છે તે મહા ગુણના ધામ અને લક્ષ્મીના નિવાસભૂત શ્રીભગવાન હમણા સ્વધામમાં પધારવાથી આ લોક તે વિનાનો થઇ ગયો છે અને પાપી કળિયુગ પ્રવર્ત્યો છે તેનો હું શોક કરૂં છું. ૩૧ મારો પોતાનો, દેવતામા ઉત્તમ એવા તમારો દેવતાઓનો પિતરોનો, ઋષિઓનો, સત્પુરૂષોનો વર્ણોનો તથા આશ્રમોનો શોક કરૂં છું. ૩૨ હે ધર્મ! બ્રહ્માદિક દેવતાઓએ લક્ષ્મીને પ્રસન્ન કરવા ઘણાં વર્ષ સુધી તપશ્ચર્યા કરી હતી. મોટા મોટા દેવોએ જેમનો આશ્રય કર્યો છે એવાં લક્ષ્મીજી કમળના નિવાસને છોડી શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણ સેવે છે. ૩૩ ભગવાનનાં કમળ, વજ્ર, અંકુશ અને ધ્વજાનાં ચિન્હો વાળાં શોભાયમાન ચરણારવિંદથી મારૂં શરીર શોભતું હતું અને હું ભગવાનથી સંપત્તિ સંપાદન કરીને ત્રણ લોક કરતાં વિશેષ શોભતી હતી, પરંતુ મને જ્યારે તે સંપત્તિને માટે ગર્વ થયો ત્યારે તેનો નાશ થયો. ૩૪ અસુરવંશી રાજાઓની અસંખ્ય સેનાનો મારી ઉપર ભાર હતો, તેનો પણ સ્વતંત્ર એવા ભગવાને નાશ કર્યો હતો તથા તમે પણ ત્રણ પગ ભાગી જવાથી દુઃખી હતા તે તમને પણ પોતાના બળથી ચાર ચરણવાળા બનાવી સુખી કરવાની ઇચ્છાથી યાદવ કુળમાં જનમ્યા હતા ૩૫ શ્રીપુરૂષોત્તમ ભગવાનનો વિરહ કોણ સહન કરી શકે? જેમણે સ્નેહથી મંદ હાસ્યથી અને મધુર ભાષણોથી સર્વની ધીરજ અને ગર્વને હરી લીધો હતા તથા જેમના આવજાવ કરતા ચરણારવિંદના સ્પર્શથી સર્વને સારૂ લાગતું હતું. ૩૬ આ પ્રમાણે પૃથ્વી તથા ધર્મ વચ્ચે વાતચિત થતી હતી એટલામા પરીક્ષિત રાજા પૂર્વ દિશામાં વહેતી સરસ્વતીના તીર ઉપર જઈ પહોચ્યા. ૩૭

तयोरेव कथयतोःपृथिवीधर्मयोस्त । ।
परीक्षिन्नामराजर्षिःप्राप्तःप्राचीसरस्वतीम् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेप्रथमस्कंधे
षोडशोध्यायः

અધ્યાય ૧૭ મો.[†]

પરીક્ષિતે કલિયુગને કરેલી શિક્ષા.

सूत उवाच

तत्र गोमिथुनं राजा हन्यमानमनाथवत् ।
दंडहस्तं च वृषलं ददृशे नृपलांछनम् ॥१॥

સૂત કહે છે કે—હે શૌનક ! પરીક્ષિત રાજાએ રાજાના ચિન્હવાળા કોઇ એક શુદ્રને હાથમા લાકડી લઇ અનાથની પેઠે ગોમિથુ-

† આ સત્તરમા અધ્યાયમા પરીક્ષિત રાજા મહા પરાક્રમી હતા, તો પણ તેમને આશ્ચર્યજનક વૈરાગ્ય થયો, તે દર્શાવવા તેમણે કળિને કરેલી શિક્ષા કહેવામાં આવશ

નને મારતો જોયો. ૧ કમળના જેવો ધોળો બળદ શુદ્રના મારથી ભયભીત થઇ એક પગ ઉપર ઉભો રહી દુઃખથી કંપતો હતો. ૨ હોમમાં ઉપયોગી દ્રવ આપનારી ભૂખને લીધે દુબળી થઇ ગયેલી એક ગરીબડી ગાયને પણ તેમણે ત્યા દીઠી. તેને પણ તે શુદ્ર પાટુ મારતો હતો. ૩ સુવર્ણના સાજવાળા રથમાં બેઠેલા પરીક્ષિત રાજાએ ધનુષ ચઢાવી મેઘના જેવી ગભીર વાણીથી રાજાનો વેશ ધરનાર શુદ્ર કલિને પૂછયું કે મારા તાબામા રહેલા આ લોકમા ગાયને મારનારો તું કોણ છે? તું નટની પેઠે રાજાના વેશમા છે પરંતુ શુદ્રનું કામ કરે છે. ૫ શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનની સાથે સ્વધામમાં પધાર્યા પછી આ નિરપરાધી પ્રાણીઓને તું કેમ મારે છે અને કોણ છે? પછી બળદના તરફ જોઇને તેને પૂછયું કે—કમળના જેવા ધોળા રંગના તમે ત્રણ પગ વિનાના છો અને એક પગે ચાલો છો તેથી મને સંતાપ થાય છે. તમે બળદના રૂપમાં શું કોઈ દેવ છો? ૭ પૌરવ વંશના રાજાઓ ના ભુજથી રક્ષાયેલા ભૂતળ ઉપર તમારા વિના કોઇ પણ પ્રાણીઓની આખમાંથી અશ્રુ પડતાં નથી. ૮ હે ગાયના પુત્ર! તમે શોક કરો નહિ તમારો ભય દૂર થશે. હે ગૌમાતા! તમે પણ રડો નહિ કારણ કે ખળ લોકોને શિક્ષા કરનારો હું બેઠો છું ત્યાં સુધી તમારૂં અશુભ થશે નહિ. ૯ જેના દેશમાં દુષ્ટ લોકોથી પ્રજાને પીડા થાય તે રાજાની કીર્તિ, આયુષ્ય, ભાગ્ય અને પરલોક ગતિ નાશ પામે છે. ૧૦ દુઃખથી પીડાતાં દીન પ્રાણીઓની પીડાનો નાશ કરવો, એ રાજાઓનો પરમ ધર્મ છે માટે હું આ પ્રાણીઓનો દ્રોહ કરનારા દુષ્ટ શુદ્રોનો નાશ કરીશ. ૧૧ હે નન્દિનીના પુત્ર બળદ! તમારે ચાર પગ હતા તેમાંથી ત્રણ કોણે કાપી નાંખ્યા? જે રાજાઓ શ્રીકૃષ્ણના ભક્ત છે, તેમના રાજ્યમાં તમારા જેવા દુઃખી હોવા જોઇએ નહિ. ૧૨ હે બળદ! તમે સદ્ગુણી અને નિરપરાધી છો, તમારા પગ કોણે કાપી નાંખ્યા તે કહો. પાંડુ વંશની કીર્તિને કલંક લગાડનારો તે કોણ છે. ૧૩ જે મનુષ્ય નિરપરાધી પ્રાણીને વૃથા દુઃખ દે છે તેને સર્વ ઠેકાણે ભય રહે છે અને તેવા દુષ્ટ લોકોને શિક્ષા કરવાથી સત્પુરૂષોનું કલ્યાણ થાય છે. ૧૪ મારા દેશમાં જે મનુષ્ય નિરંકુશ થઇ નિરપરાધી પ્રાણીઓને દુઃખ આપી અપરાધ કરે તે દેવતા હોય તો પણ હું તેનો બાજુબંધ સાથે હાથ કાપી નાખું. ૧૫ આ જગતમા પોતાના ધર્મ પ્રમાણે વર્તનારી પ્રજાનું પાલન કરવું તથા આપત્તિ વગર સ્વધર્મનો ત્યાગ કરનારા બીજા દુષ્ટોને શાસ્ત્રાનુસાર શિક્ષા કરવી એ રાજાનો મુખ્ય ધર્મ છે. ૧૬

ધર્મ બોલ્યા કે—દુઃખી મનુષ્યોને અભય વચન આપવું, એ તમને પાંડવ વંશજોને યોગ્ય છે કારણ કે પાંડવોના ગુણથો શ્રીકૃષ્ણે દૂત સારથી વગેરે તેમના કામ કર્યા હતાં. ૧૭ હે પુરૂષમા શ્રેષ્ટ પરીક્ષિત! તમે પૂછો છો કે તમને કોણે દુઃખ દીધું? તેના ઉત્તરમા કહું છું કે પ્રાણીઓને દુઃખ થવામાં કારણભૂત કોણ છે? તે અમે જાણતા નથી કારણ કે વાદીઓના વિવિધ વાદોથી અમારી બુદ્ધિ એક નિશ્ચય ઉપર આવતી નથી પરંતુ મોહિત થઇ ગઇ છે. ૧૮ કેટલાક યોગીઓ કહે છે કે, પ્રાણીઓ પોતેજ પોતાને સુખ દુઃખમાં નાખે છે. બીજાઓ કહે છે કે ગ્રહ દેવતાઓ પીડે છે. મીમાંસકો કહે છે કે કર્મ દુઃખ દેનારૂં છે અને કેટલાક નાસ્તિકો કહે છે કે, સુખ દુઃખમાં સ્વભાવ કારણ છે અર્થાત્ પોતાની મેળેજ સુખ દુઃખ ઉત્પન્ન થાય છે. ૧૯ હે રાજર્ષિ! કોઇ કોઇ ઇશ્વર વાદીઓનો એવો મત છે કે, ઇદ્રિયો અને મનથી અગોચર એવા ઇશ્વરથી સુખ દુઃખ

થાય છે. આ પ્રમાણે ભિન્ન ભિન્ન મત હોવાથી અમારાં સુખ દુઃખનું જે કારણ હોય, તે બુદ્ધિથી શોધી કાઢો. ૨૦ હે ઉત્તમ બ્રાહ્મણ શૌનક ! આ પ્રમાણે ધર્મે કહ્યા પછી ચક્રવર્તિ રાજાએ મનને સ્થિર કરી વિચાર કર્યો એટલે દુઃખનું કારણ જાણવામા આવ્યું.

રાજાએ પૂછ્યું કે–હે ધર્મવેત્તા ! તમે એ ધર્મની વાત કહો છો અને તેથીજ તમે ધર્મની મૂર્તિ હોઇ હમણા બળદનું રૂપ ધારણ કર્યું છે. અધર્મ કરનારને જે સ્થાન મળે છે તેજ સ્થાન અધર્મની સુચના કરનારને પણ મળે છે. ૨૨ ઈશ્વરની માયાની ગતિને પ્રાણીઓના મન અને વાણી જાણી શકતા નથી. ૨૩ હે ધર્મ ! તમારા તપ, શૌચ, દયા અને સત્ય, એ ચાર ચરણ કહ્યા તેમાંથી પ હેલા ત્રણ ચરણો ગર્વ, આસક્તિ તથા મદ, એ ત્રણ અધર્મના અંશે ભાગી નાંખ્યા છે. ૨૪ હે ધર્મ ! હવે તમને માત્ર સત્ય રૂપી એક પગ રહ્યો છે જેનાથી તમે તમારો નિર્વાહ કરી શકો છો અને તે ચરણથી મનુષ્ય આપને મેળવી શકે છે પરંતુ તે ચરણને પણ અસત્યથી વધેલો આ અધર્મ કલિયુગ કાપી લેવાની ઇચ્છા કરે છે. † ૨૫ જે ભગવાને એક બીજા વચ્ચે યુદ્ધ કરાવી આ પૃથ્વીને ભારમાંથી મુક્ત કરી છે તથા ચારે તરફ પોતાના ચરણો મૂકીને મંગળ કર્યું છે તે પૃથ્વીનો હમણાં ભગવાને ત્યાગ કર્યો તેથી "રાજાનો વેશ ધરનાર ગૌબ્રાહ્મણના હિંસક થયા છે" સદગુણશાળી પૃથ્વીમાતા અભાગિણીની પેઠે આંખમાં આંસુ લાવીને શોક કરે છે. ૨૭ આવી રીતે ધર્મને તથા પૃથ્વીને તેના મનની વાર્તા કહીને શાંત કર્યા અને પછી મહારથી પરીક્ષિત રાજાએ અધર્મને ફેલાવનારા કળિયુગને મારવા ખડગ લીધું ૨૮ પોતાને મારવાની ઇચ્છાવાળા તે રાજાને જોઈ કલિ ભયથી વિહ્વળ બની ગયો અને રાજ ચિન્હનો ત્યાગ કરી પરીક્ષિત રાજાના ચરણમાં પડયો. ૨૯ કલિને પગમાં પડેલો જોઈ દીનવત્સલ શરણાગતના રક્ષક તથા સત્કીર્તિને યોગ્ય એવા પરીક્ષિત રાજાએ માર્યો નહિ પરંતુ આ પ્રમાણે કહ્યું. ૩૦

રાજા કહે છે કે–અમે મહાવીર અર્જુનના યશને ધારણ કરીએ છીએ તેમની પાસે તું બે હાથ જોડીને શરણે આવ્યો માટે તને અમારાથી ભય નથી પરંતુ તારે આ દેશમાં રહેવું નહિ, કારણ કે, તું અધર્મનો બંધુ છે. ૩૧ તું રાજાના શરીરમાં પેઠો કે તારી પાછળ લોભ, અસત્ય, ચોરી, દુર્જનતા, સ્વધર્મત્યાગ, દરિદ્રતા, કપટ, કલહ, દંભ વગેરે અધર્મ પણ પેસે છે. હે અધર્મના બંધુ ! આ સત્ય તથા ધર્મને રહેવા યોગ્ય બ્રહ્માવર્ત દેશમા યજ્ઞના વિસ્તારને જાણનારા વિદ્વાનો યજ્ઞોથી, યજ્ઞેશ્વર ભગવાનનું યજન કરે છે ત્યા તારે રહેવુ નહિ. ૩૩ વળી જે દેશમા લોકો યજ્ઞમૂર્તિ શ્રીહરિનું યજ્ઞોથી યજન કરે છે અને પવન જેમ પ્રાણ રૂપે સર્વ પ્રાણીઓની અંદર તથા બહાર રહેલો છે, તેમ જ શ્રીહરિ સ્થાવર અને જંગમ રૂપ જગતમાં અંદર તથા બહાર રહેલા છે, તે યજ્ઞોથી આરાધાતા ભગવાન, આરાધના કરનારાઓનું કલ્યાણ કરી મનોરથોને સફળ કરે છે. ૩૪

સૂત કહે છે કે–આ પ્રમાણે પરીક્ષિત રાજાએ કહ્યું તે સાંભળી કળિએ હાથમા રહેલા દંડને ઉગામીને ઉભેલા પરીક્ષિત રાજાને આ પ્રમાણે કહ્યું. ૩૫ હે ચક્રવર્તી રાજા ! હું તમારી આજ્ઞાથી જ્યાં નિવાસ કરીશ ત્યા તમને ધનુષ્ય ને બાણ ધારણ કરીને આવેલા

† સત્યયુગમા તપ, શૌચ, દયા અને સત્ય એ ચાર ચરણોથી ધર્મ સંપૂર્ણ હતો ત્રેતાયુગમા ચાર ચરણમાથી મદવડે તપના ચતુર્થાંશ નાશ થાય છે, સંસાર સંગવડે શૌચનો ચતુર્થાંશ નાશ થાય છે મદવડે દયાનો ચતુર્થાંશ નાશ થાય છે અને અસત્યવડે સત્યનો ચતુર્થાંશ નાશ થાય છે દ્વાપરયુગમા એ સર્વનો અર્ધ ભાગ નાશ થાય છે અને કળિયુગમા એક ચતુર્થાંશજ બાકી રહે

જોઈશ ૩૬ માટે હે ધર્મવંતોમાં શ્રેષ્ઠ! તમે મને રહેવા માટે સ્થાનક આપો કે જ્યાં હું તમારી આજ્ઞા પાળતો નિશ્ચળ થઈને રહું. ૩૭

સૂત કહે છે કે—કલિએ સ્થાન માટે પ્રાર્થના કરી ત્યારે રાજાએ દ્યૂત મદ્યાદિકનું પાન સ્ત્રી તથા હિંસા તેને આપ્યા. એ ચાર સ્થાનકોમાં ચાર પ્રકારનો અધર્મ રહેલો છે ૩૮ કળિએ બીજી વાર રહેવાના સ્થાનની માગણી કરવાથી પરીક્ષિત રાજાએ તેને રહેવા માટે સુવર્ણ આપ્યું આથી અસત્ય મદને દુર્ગુણ રજોગુણથી થનારી હિંસા અને પાચમું વૈર, આ પાચ સ્થાનકો પણ તેમણે કળિને આપ્યા. ૩૯ અધર્મનો મૂળભૂત કળિ ઉત્તરાના પુત્ર પરીક્ષિતે આપેલા એ પાચ સ્થાનોમા રહેવા લાગ્યો. જે પુરૂષને પોતાની રક્ષા કરવાની ઈચ્છા હોય તેણે કોઈ પણ દિવસ એ પાંચ વસ્તુઓને સેવવી નહિ. તેમાં પણ ધર્મશીલ પુરૂષે લોકનું પાલન કરનારા રાજાએ તથા ગુરૂએ તો ખાસ કરીને તે સેવવી જ નહિ. ૪૧ તે પછી પરીક્ષિતે બળદ (ધર્મ) ના તપ શૌચ અને દયા, એ ત્રણ ચરણો ભાગી ગયા હતા તે ફરીને સાધ્યા. પૃથ્વીની આગનાવાસના કરીને તેને સારી સંપત્તિવાળી કરી. ૪૨ વનમા જવાની ઇચ્છાવાળા તે પોતાના દાદા યુધિષ્ઠિરે આપેલા રાજ્યાસન ઉપર બિરાજ્યા અને મહા ભાગ્યશાળી તથા કીર્તિવાળા ચક્રવર્તી રાજા કૌરવની રાજ્યલક્ષ્મીથી સેવાતા હસ્તિનાપુરમા રાજ્ય કરવા લાગ્યા. ૪૪

હે મુનિસત્તમ! અભિમન્યુના પુત્ર રાજા પરીક્ષિતનો આવો પ્રભાવ હતો. એ રાજા હમણાં પૃથ્વીનું પાલન કરે છે તેથી તમે નિર્વિઘ્ને યજ્ઞ કરવા માટે દીક્ષા લેવાને સમર્થ થયા છો. ૪૫

इत्थं भूतानुभावोऽयमभिमन्युसुतो नृपः।
यस्य पालयतः क्षोणीं यूयं सत्राय दीक्षिताः॥

इतिश्रीमद्भागवतेमहापुराणेप्रथमस्कंधे सप्तदशोऽध्यायः

અધ્યાય ૧૮ મો.‡

પરીક્ષિતને થયેલો શાપ.

સૂત उवाच.

यो वै द्रौण्यस्त्रविप्लुष्टो न मातुरुदरे मृतः।
अनुग्रहाद्भगवतः कृष्णस्याद्भुतकर्मणः॥ १॥

સૂત કહે છે કે—માતાના ઉદરમાં અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી પરીક્ષિત રાજા બળતા હતા છતા અદ્ભુત કર્મવાળા ભગવાનની કૃપાથી જીવતા રહ્યા હતા. ૧ તેમણે ભગવાનમા પોતાનું અંતઃકરણ અર્પણ કર્યું હતું તેથી જ બ્રાહ્મણના શાપથી કરડવાને તૈયાર થયેલા તક્ષક નાગ રૂપી મહા ભયંકર મૃત્યુથી મોહ પામ્યા ન હતા. ૨ શુકદેવજીના શિષ્ય થઈ, પરમાત્માના તત્ત્વને જાણીને, સંસારની સર્વ વાસનાનો ત્યાગ કરી તેમણે ગંગામાં પોતાના દેહને વિસર્જન કર્યો હતો. ૩ તેમને મોહ થયો નહિ તેમાં આશ્ચર્ય નથી કારણ કે, શ્રીકૃષ્ણની કથા કરનાર કથા અમૃતનું પાન કરનાર તથા તેમના જ ચરણારવિંદનું સ્મરણ કરનાર મનુષ્યોને અંતકાળે પણ મોહ થતો નથી. ૪ આ પૃથ્વી ઉપર ઉક્ત ગુણવાળો તે ચક્રવર્તી રાજા—અભિમન્યુનો પુત્ર પરીક્ષિત રાજ્ય કરે છે ત્યાં સુધી કળિ જો કે પૃથ્વી ઉપર સર્વત્ર પ્રસરેલો છે તોપણ તે પોતાનો પ્રભાવ ચલાવવાને સમર્થ થતો નથી. ૫ શ્રીકૃષ્ણ ભગવાને જે દિવસથી આ પૃથ્વીનો ત્યાગ કર્યો છે ત્યારથી જ અધર્મથી ઉત્પન્ન થયેલો કળિયુગ સર્વત્ર ફેલાયો છે. ૬ પરીક્ષિત રાજા ગુણને ગ્રહણ કરનાર ભ્રમરાની પેઠે કળિનો દ્વેષ કરતા નથી પરંતુ ગુણ ગ્રહણ કરે છે. તે ગુણ એ છે કે આ કળિમાં પુણ્ય કર્મોનો મનમાં સંકલ્પ કર્યો હોય તોપણ તે તત્કાળ ફળ આપે

‡ આ અઢારમા અધ્યાયમા પરીક્ષિત રાજાને બ્રાહ્મણના શાપ થશે અને તે શાપ અદ્ભુત વૈરાગ્ય આવવાથી તેમને ઉલટો અનુગ્રહ રૂપ થઈ પડશે તે કથા કહેવાશે

છે. પાપકર્મો તો કર્યા છતાં તરતને તરત અશુભ ફળ આપતાં નથી. કળિનો આ ગુણ જોઈને પરીક્ષિતે તેનો નાશ કર્યો નહિ ૭ કળિયુગ શૂરવીર છે છતાં ધીર પુરૂષથી ડરે છે માટે તેનાથી શું થવાનું છે? માત્ર તે અધીર અને અસાવધાનની ઉપર સાવધ થઈને વરૂની માફક તૂટી પડે છે. ૮ તમે મને વાસુદેવની કથાવાળું આખ્યાન પૂછ્યું તે ઉપરથી મે પરીક્ષિત રાજાનું આ પવિત્ર ચરિત્ર તમારી આગળ વર્ણવી બતાવ્યું. ૯ હે ઋષિયો! કીર્તન કરવા યોગ્ય અનેક કર્મવાળા ભગવાનના ગુણ અને પરાક્રમોની જે જે કથાઓ છે તે પુરૂષોએ સાભળવી જોઇએ. ૧૦

ઋષિયો બોલ્યા કે–હે શાંત ગુણવાળા સૂત! તમો ઘણા વર્ષો જીવો. શ્રીકૃષ્ણના નિર્મળ યશ અમને કહો છો તે અમને મોક્ષ આપનારા છે ૧૧ અમે યજ્ઞ કર્મ આરભી બેઠા છીએ, પરંતુ તેમા બહુધા કોઇ અંશ અપૂર્ણ રહેવાથી તે સફળ થશે કે કેમ, તેનો વિશ્વાસ નથી. હમણાં તો યજ્ઞની ધૂણીથી અમારાં શરીર ધૂમાડિયા જેવાં થઇ ગયા છે, તેમાં ગોવિંદના ચરણારવિદના મધુર રસનું પાન કરાવો. ૧૨ હે સૂત! ભગવાનના ભક્તની સાથે અતિ અલ્પ કાળ પણ જે સગ થાય છે, તે સત્સંગની સાથે અમે સ્વર્ગની તેમ જ મોક્ષની તુલના કરતા નથી, ત્યારે મૃત્યુ ધર્મવાળા મનુષ્યોના તુચ્છ રાજ્યની સાથે તો તુલના કરાયજ નહિ. ૧૩ ભગવાન શ્રીકૃષ્ણ મહાત્મા પુરૂષોના એકાત અને પરમ આશ્રય છે. શકર અને બ્રહ્મા પ્રમુખ જે યોગીશ્વરો છે તેઓ તેમના કલ્યાણકારક ગુણોના પારને પામ્યા નથી. ભગવાનની કથા સાભળવાથી કયો રસજ્ઞ પુરૂષ તૃપ્ત થાય છે હે વિદ્વાન સૂત! અમારામા તમે ભગવાનના ભક્ત છો માટે અમે મહાત્મા પુરૂષોના એકાંત તથા પરમ આશ્રય રૂપ શ્રીહરિનું ઉદાર અને શુદ્ધ ચરિત્ર સાંભળવાની ઇચ્છા રાખીએ છીએ, તેથી આપ અમને કહો. ૧૫ શ્રીશુકદવે કહેલા ભાગવત રૂપી જ્ઞ નથી ભગવાનના ભક્ત પરીક્ષિત રાજા, જેનુ મોક્ષ નામ છે એવા ગરૂડધ્વજ શ્રીકૃષ્ણના ચરણકમળને પ્રાપ્ત થયા ૧૬ આ અદ્ભુત ભક્તિયોગવાળું ભગવાનના ચરિત્રોથી ભરપૂર ભગવદ્ભક્તોને પ્રિય તથા પરમ પવિત્ર પરીક્ષિત રાજાના ચરિત્રવાળું આખ્યાન શ્રીમદ્ભાગવત અમને સ્પષ્ટ રીતે સંભળાવો ૧૭

સૂત કહે છે કે–અહો! અમે પ્રતિલોમ જાતિના છીએ તોપણ વૃદ્ધોના આદરસત્કારથી આજે અમારો જન્મ સફળ થયો છે કારણ કે, મહાત્માઓની સાથે થયેલો સંભાષણ રૂપી સબંધ પણ નીચ કુળમા જન્મવા સંબંધી માનસિક પીડાને મટાડે છે; ૧૮ ત્યારે જે ભગવાન અપાર શક્તિવાળા છે અને મોટા ગુણવાળા હોવાથી જેને અનંત કહે છે તે મહાત્મા જનોના એકાન્ત આશ્રય રૂપ ભગવાનનું નામ લેનારાની માનસિક પીડા દૂર થાય એમા શુ કહેવું? ૧૯ લક્ષ્મી પોતાની ઇચ્છા રાખનારા બ્રહ્માદિક દેવતાઓનો ત્યાગ કરીને ગુણોમા જેના સમાન કોઇ પણ નથી તેમ જેનાથી અધિક પણ કોઈ નથી એવા વિષ્ણુ પોતાની ઇચ્છા કરતા નથી છતા પણ તેમના ચરણની રજને સેવે છે–આટલી સૂચના જ ભગવાનના સબંધમા બસ છે. ૨૦ વળી જે ભગવાનના ચરણકમળના નખમાથી નીકળ્યા છતાં પણ બ્રહ્માએ અર્ઘ રૂપે અર્પણ કરેલું ગંગાજળ શિવ સહિત જગતને પવિત્ર કરે છે. શ્રીભગવાન વિના આ જગતમાં બીજા કોણ એ પદના અર્થવાળો, અર્થાત સર્વે ઐશ્વર્યસંપન્ન છે. ૨૧ ભગવાન ઉપર પ્રીતિ ધરાવનારા ધીર પુરૂષો તરત જ દેહાદિકમા રહેલી અહંતા મમતાનો ત્યાગ કરીને છેલ્લી પરમહંસની દશાને પામે છે, કે જે દશામા સ્વાભાવિક રીતે જ દયા તથા શાતિ રહેલાં છે. ૨૨ પક્ષીઓ

જેમ વિશાળ આકાશમા પોતાની શક્તિ પ્રમાણે ઉડે છે તેમ વિદ્વાનો પણ પોતાની બુદ્ધિની શક્તિને અનુસાર વિષ્ણુની લીલાને વર્ણવે છે માટે, હે વેદમૂર્તિઓ! આપે મને પ્રશ્ન કર્યો તો મારામા જેટલુ જ્ઞાન છે તેટલું હું તમને કહુ તે સાભળો. ૨૩

એક દિવસ પરીક્ષિત રાજા ધનુષ બાણ લઈ વનમાં મૃગયા કરવા ગયા મૃગોની પાછળ દોડવાથી તે થાકી ગયા અને ક્ષુધા તથા તૃષા લાગી. ૨૪ ચારે તરફ જોયુ પણ ક્યાંહી જલાશય જણાયુ નહિ, માત્ર એક ઋષિનો આશ્રમ જોવામા આવ્યો. આશ્રમમા ગયા ત્યા શમિક ઋષિને દીઠા. તે નેત્રો મીંચી એકાગ્ર ચિત્તે સમાધિમા લીન થયેલા હતા. ૨૫ મુનિયે ઇન્દ્રિયો પ્રાણ મન અને વૃત્તિને રૂંધી આત્મસ્વરૂપમા બેઠા હતી તેથી જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણે અવસ્થાથી પર જે ચોથી સમાધિ અવસ્થા તેને પામેલા તે બ્રહ્મરૂપ તથા વિકાર રહિત થયા હતા. ૨૬ છુટી ગયેલી જટાથી તથા રુરુ નામના મૃગચર્મથી ઢકાયેલા તેમને જોઈ રાજાએ પાસે જઈ જળ માગ્યું ૨૭ ઋષિ સમાધિમા બેઠા હતા તેથી કોણ આવ્યુ તે તેમણે જાણ્યું નહિ. અતિથીને બેસવાને આસન સારી જગ્યા અર્ઘ કે પ્રિય વચન એમાંના કશાથી રાજાનો સત્કાર થયો નહિ. રાજા પોતાનું અપમાન થયું એવુ માનીને કોપાયમાન થયો ૨૮ હે શૌનક! પરીક્ષિત રાજા ભૂખ તથા તૃષાથી બહુ જ પીડાયેલા હતા તેથી કાઇ પણ દિવસ નહિ થયેલો એવો મત્સર તથા ક્રોધ તેમને ઉત્પન્ન થયો. ૨૯ ક્રોધથી ધનુષની અણીવને એક મુએલા સર્પને ઉપાડી તેમણે ઋષિના કંઠમા નાખ્યો અને આશ્રમમાંથી બહાર નિકળી હસ્તિનાપુર તરફ ગયા. ઇન્દ્રિયોની સર્વવૃત્તિને રૂંધી નેત્રો બંધ કરી ખરી સમાધિમા બેઠા છે કે નીચ ક્ષત્રિયોથી શું થઇ શકવાનુ છે એમ ધારીને ખોટી સમાધિમા બેઠા છે, તે જાણવાની ઇચ્છાથી રાજાએ મરેલો સર્પ તેમના ગળામાં નાંખ્યો હતો. ૩૧ પછી તે શમિક ઋષિનો મહા તેજસ્વી પુત્ર છોકરાઓની સાથે રમતો હતો તે પોતાના પિતાને પરીક્ષિત રાજાએ દુઃખી કર્યા છે એવું સાભળીને બાળકોના મંડળમા આ પ્રમાણે બોલ્યો. ૩૨ અરેરે!! કાગડાઓની પેઠે પુષ્ટ થયેલા રાજાઓનો અધર્મ તો જુઓ! દાસો પોતાના સ્વામીનું જેમ ભૂડું કરે છે તેમ દ્વારપાળ કુતરાઓ પોતાના સ્વામીનું બૂરૂ કરતા શરમાય છે? ૩૩ બ્રાહ્મણોએ નીચ ક્ષત્રિયોને દ્વારપાળ બનાવેલા છે, તે દ્વારપાળો બ્રાહ્મણના ઘરમાં પેસીને અન્ન ખાવાને કેવી રીતે યોગ્ય થાય? ૩૪ અવળે માર્ગે ચાલનારા દુષ્ટોને શિક્ષા કરનાર શ્રીકૃષ્ણ ભગવાન સ્વધામ પધાર્યા પછી જેઓ મર્યાદાનો ભંગ કરીને અધર્મને માર્ગે વર્તે છે તેમને આજે હું શિક્ષા કરીશ.

આ પ્રમાણે પોતાના મિત્રોને કહીને રોષથી લાલચોળ આંખોવાળા તે ઋષિપુત્ર શૃંગીએ કૌશિકી નદીના જળનું આચમન લઇ એવો શાપ દીધો કે-૩૬ જે કુલાંગારે મર્યાદાનુ ઉલ્લંઘન કરીને મારા પિતાના કંઠમા મરેલો સર્પ નાખ્યો છે તે મારા પિતાનો અપરાધી મારા કહેવાથી પ્રેરાયેલા તક્ષક નાગથી આજથી સાતમે દિવસે કરડાશે. ૩૭ પછી આશ્રમમાં આવીને જોયુ તો પિતાના કંઠમા સર્પનું મૃત શરીર જોવામા આવ્યું. તે જોઇને ઋષિકુમાર દુઃખથી આતુર થઇ મોટેથી રડવા લાગ્યો. ૩૮ પુત્રના રોવાથી અંગીરાના પુત્ર શમિકે નેત્રો ઉઘાડીને જોયું તો પોતાના કંઠમા મરેલો સર્પ દીઠો. ૩૯ તેને બહાર કાઢી નાંખીને ઋષિએ પૂછ્યું કે-હે વત્સ! તું કેમ રડે છે? કોણે તારો અપરાધ કર્યો છે? તેણે સર્વ વાત પિતાને નિવેદન કરી. ૪૦ શાપ દેવાને યોગ્ય નહિ એવા રાજાને શાપ દીધો છે એવું સાંભળી

ઋષિએ પુત્રને ધન્યવાદ આપ્યો નહિ પણ ખિન્ન થઈ કહ્યું કે અરે અજ્ઞાની! તેં તો મહા પાપનું કામ કર્યું કારણ કે નાના અપરાધ માટે બહુ મોટી શિક્ષા કરી. ૪૧ સહન થઇ શકે નહિ એવા જેના પ્રભાવથી રક્ષાયેલી પ્રજા સર્વ તરફથી નિર્ભય થઇ સુખથી રહે છે એવા વિષ્ણુ રૂપે પ્રખ્યાતિ પામેલા રાજાને તારે મનુષ્યોની સમાન ગણવા ઘટિત ન હતું. ૪૨ હે વત્સ! ચક્રપાણિ ભગવાનજ રાજા કહેવાય છે. જો પૃથ્વી ઉપર રાજા રૂપી ભગવાન હોય નહિ તો આ જગત ચોરોથી ભરપૂર થઇ જાય અને રક્ષકના અભાવથી ઘેટાના ટોળાંની પેઠે એક ક્ષણમા નાશ પામે. ૪૩ આ લોકોનો રક્ષક રાજા નાશ પામતા પ્રજાના ધનનું, ચોર લોકો હરણ કરશે તેનું પાપ આપણને લાગશે. રાજાના અભાવે જેમાં ઘણા ચોર છે એવાં મનુષ્યો પરસ્પર એક બીજાનો નાશ કરે છે, એક બીજાને ગાળો ભાડે છે, એક બીજાના ઢોર ઢાખર, સ્ત્રીઓ તથા ધન હરી લે છે. વળી એવા સમયમાં મનુષ્યોનો સદાચાર, વર્ણ અને આશ્રમનો વૈદિક ધર્મ નાશ પામે છે. તે પછી ધનમાં તથા વિષયોમાં મનુષ્યો કુતરાની અને વાનરોની પેઠે વર્ણસંકર થઇ જાય છે ૪૫ ધર્મરક્ષક, ચક્રવર્તી, પવિત્ર કાંતિવાળો ભગવાનનો પરમ ભક્ત, અશ્વમેધ યજ્ઞ કરનારો રાજર્ષિ પરીક્ષિત ક્ષુધા તૃષા અને માર્ગના શ્રમથી પીડાયેલો હોઇ આવા શાપને યોગ્ય ન હતો ૪૬ પોતાના પાપ રહિત દાસ ઉપર આ કાચી બુદ્ધિના બાળકે પાપ કર્યું છે. તે પાપને માટે સર્વના આત્મા રૂપ ભગવાન ક્ષમા કરવાને યોગ્ય છે. ૪૭ પરીક્ષિત ભક્તજન છે. ભગવાનના ભકતોની નિન્દા કરી હોય, તેઓને છેતર્યા હોય, તિરસ્કાર કર્યો હોય, અથવા માર્યા હોય, તોપણ તેઓ શક્તિમાન છતાં પણ તિરસ્કારાદિક કરનારાનું ભુંડું કરતા નથી. ૪૮

આ પ્રમાણે પુત્રે ભક્તજન પરીક્ષિત રાજાનો અપરાધ કર્યો, તેથી તે મહામુનિને સંતાપ થયો પરંતુ રાજાએ પોતાને જે અપરાધ કર્યો હતો તે ગણકાર્યો નહિ ૪૯ બીજા માણસો આ લોકમાં સાધુ પુરૂષોને દુઃખ થાય એવું કરે તોપણ આત્મા છે તે ગુણાગુણ રહિત હોવાથી સાધુઓ તેથી સુખ દુઃખ માનતા નથી.

प्रायशः साधवो लोके परैर्द्वन्द्वेषु योजिताः ।
न व्यथन्ति न हृष्यन्ति यत आत्माऽगुणाश्रयः ५०
इति श्रीमद्भागवते महापुराणे प्रथमस्कंधे
अष्टादशोऽध्यायः ॥

અધ્યાય ૧૯ મો.*

પરીક્ષિતનો પશ્ચાતાપ.

सूत उवाच

महीपतिस्त्वथ तत्कर्म गर्ह्यं
विचिन्तयन्नात्मकृतं सुदुर्मनाः ।
अहो मया नीचमनार्यवत्कृतं
निरागसि ब्रह्मणि गूढतेजसि ॥ १ ॥

સૂત કહે છે કે–હે શૌનક! તે પછી પોતે કરેલા નિન્દિત કર્મનો વિચાર કરીને રાજા ખિન્ન થયા અને પશ્ચાતાપ કરતા બોલ્યા કે, "અરેરે! મે નિરપરાધી અને સમાધિસ્થ બ્રાહ્મણનો અનાર્ય પુરૂષની પેઠે મોટો અપરાધ કર્યો છે. ૧ ઋષિ ઇશ્વરનું સ્વરૂપ હતા તેમનો અપરાધ કરવાથી મને અલ્પ કાળમા મહા ભયંકર દુઃખ આવી પડશે. હું પ્રાર્થના કરૂં છું કે, મારા પુત્રાદિકને તે દુઃખ ન થતાં મને પોતાને થજો મારા પાપનું પ્રાયશ્ચિત થાઓ કે જેથી હુ પોતે હવે પ્રકટ રીતે આવું નિન્દિત કર્મ કરૂં નહિ ૨ કોપાયમાન થએલા

* આ આગળીમમા અ ધ્યયમા શમિકના કંઠમા પોતે મુકેલો સર્પ ન જ્યો હતો તેને માટે પરીક્ષિત પશ્ચાતાપ કરતા હતા, એટલામા ઋષિના પુત્રથી પોતાને તક્ષક નાગ કરડશે આવો શાપ થયો છે, એ સાંભળીને, પરીક્ષિત તે શાપને અનુગ્રહ રૂપ માની, ગંગાના તીર ઉપર અનશન વ્રત લઇને, મુનિના મણ્ડળમા બેઠા એટલામાં શુકદેવજી ત્યાં પધાર્યા તે કથા કહેવાશે.

બ્રાહ્મણ હું પાપીનું રાજ્ય, બળ તથા ધનથી ભરપૂર ભંડારોને આજે જ બાળી નાખો કે, જેથી મને પુનઃ બ્રાહ્મણ દેવ તથા ગાય ઉપર દુષ્ટ બુદ્ધિ થાય નહિ. ૩ રાજા આ પ્રમાણે સંતાપ કરતા હતા એટલામાં શમિક ઋષિએ મોકલેલા ગારમુખ નામના એક શિષ્યે આવીને કહ્યું કે, "હે મહારાજ! મુનિકુમાર શૃંગીના શાપથી આજથી સાતમે દિવસે તક્ષક નાગના ડંખથી તમારૂં મૃત્યુ થશે." એ સાભળી રાજાએ વિચાર કર્યો કે, હું વિષયાસક્ત છું મને અલ્પ કાળમાં આવી મળનાર તક્ષક નાગનો ડંશ વિષયાદિક ઉપર વૈરાગ્ય કરાવશે.

પછી આ લોક તથા પરલોક સંબંધી જે વિષયો ત્યાગ કરવા યોગ્ય છે તે રાજાએ ડંશ થયાની અગાઉજ ત્યાગ કરવા યોગ્ય માન્યા. તેમાંથી આસક્તિ છોડી દઈ શ્રીકૃષ્ણ ભગવાનની સેવાને અધિક માનતા પરીક્ષિત રાજા અનશન વ્રત લઇ ગંગા નદીના તીર ઉપર જઈ બેઠા. ૫ ગંગા નદી શોભાયમાન તુલસીની સાથે મળેલા શ્રીકૃષ્ણના ચરણની રેણુના સ્પર્શથી અત્યુત્તમ જળને વહે છે અને લોકપાળ સહિત સર્વ લોકના આંતર તથા બાહ્ય દેહાદિકને પવિત્ર કરે છે તેથી મરવાને તૈયાર થયેલો કયો પુરૂષ તેને સેવે નહિ? ૬

સૂત કહે છે—હે શૌનક! પાંડુના વંશમા જન્મેલા પરીક્ષિત રાજા, આ પ્રમાણે ગંગાના તીર ઉપર જઇ અનશન વ્રતને લઇ બેઠા, સર્વે સંગોનો ત્યાગ કરી શાત થયા અને બીજા વિષયોમાં મનને ન જવા દેતા અનન્ય ભાવથી શ્રીકૃષ્ણ ભગવાનના ચરણારવિંન્દનું ધ્યાન ધરવા લાગ્યા. ૭ ત્રણ લોકને પવિત્ર કરનાર મહા પ્રતાપી મુનિઓ પોતપોતાના શિષ્યો સાથે તીર્થયાત્રા કરતા કરતા ત્યા આગળ આવ્યા. સત્પુરૂષો ઘણું કરી તીર્થ યાત્રાના નિમિત્તથી પોતે જ તીર્થોને પવિત્ર કરે છે, કારણ કે, તેઓ પોતે જ તીર્થ રૂપ છે. અત્રિ, વશિષ્ઠ, ચ્યવન, શરદ્વાન, અરિષ્ટનેમી, ભૃગુ, અંગીરા, પરાશર, ગાધિપુત્ર વિશ્વામિત્ર, ઉતથ્ય, ઇંદ્રપ્રમદ, ઇધ્મવાહ, મેધાતિથિ, દેવલ, આર્ષ્ટિષેણ, ભારદ્વાજ, ગૌતમ, પિપ્પલાદ, મૈત્રેય, ઔર્વ, કણ્વ, કુંભયોનિ, અગસ્ત્ય, વેદવ્યાસ, નારદ તથા બીજા દેવર્ષિ બ્રહ્મર્ષિ અને અરૂણુદિક રાજર્ષિ ત્યાં એકઠા થયા. અનેક દેશના ઋષિઓ એકઠા મળ્યા તેમાથી મુખ્ય મુખ્ય ઋષિઓની રાજાએ પૂજા કરી, મસ્તક નમાવી પ્રણામ કર્યા ૧૧ સર્વે ઋષિઓ આસન ઉપર બેઠા એટલે રાજા પુનઃ પ્રણામ કરી બે હાથ જોડી તેઓની આગળ ઉભા રહ્યા અને શાંત મનથી પોતાનું જે કર્તવ્ય હતું તે જણાવવા લાગ્યા. ૧૨

રાજા કહે છે—અરે! મારી પેઠે નિન્દિત કર્મ કરનારૂં રાજાઓનું કુળ બ્રાહ્મણોના પગ ધોયેલા પાણી નાંખવાના સ્થાનથી પણ દૂર રહેવા યોગ્ય છે, છતાં પણ આપ મહાત્માઓ અમારાં આચરણો જોયા છતાં પણ અનુગ્રહ કરો છો તેથી રાજાઓમાં અમે પોતાને ભાગ્યશાળી માનીએ છીએ. ૧૩ હું કર્મ કરતો તથા નિરંતર સંસારમાં આસક્ત રહેતો હતો તેથી તમે મારા ઉપર અનુગ્રહ કરવા માટે કર્મ તથા કારણના નિયંતા એવા ભગવાન બ્રાહ્મણના શાપ રૂપે વૈરાગ્યનું કારણ થયા છો, જે શાપથી ગૃહસ્થાશ્રમમાં આસક્ત થયેલો મનુષ્ય વિકૃતિ પામે છે. ૧૪ હે બ્રાહ્મણો! ધર્મ ઉપર શ્રદ્ધા રાખનારો હું તમારે તથા ગંગાને શરણે આવ્યો છું એમ તમે જાણો. બ્રાહ્મણે મોકલેલો માયાવી તક્ષક મને ભલે કરડો અને તમે મારી આગળ ભગવાન વિષ્ણુની કથાઓનું ભલે ગાન કરો. ૧૫ મારી તમને એટલીજ પ્રાર્થના છે કે, હવે પછી હું જે જે જન્મ ધરૂં તે તે જન્મમાં અનંત ભગવાન વિષે મારી પ્રીતિ થાઓ. ભગવાનનો જ આશ્રય કરનારા એવા મહાત્મા જનોનો મને પ્રસંગ પડો તથા સર્વ પ્રાણીઓની

સાથે મિત્રતા થાઓ! હે બ્રાહ્મણો! તમને સર્વને હું નમસ્કાર કરૂં છું, તમે મારા ઉપર અનુગ્રહ કરો. ૧૬ આ પ્રમાણે દૃઢ નિશ્ચય કરીને, તે ધીર રાજા રાજ્યનો ભાર પોતાના પુત્ર ઉપર નાખી ગંગા નદીના દક્ષિણ તીર ઉપર જઇ પૂર્વ દિશા તરફ જેના અગ્ર ભાગ હતા એવા દર્ભો ઉપર ઉત્તર દિશા તરફ મુખ કરીને બેઠા. ૧૭ અનશન વ્રત લઇ જ્યારે તે ગંગાને તીરે બેઠા ત્યારે આકાશમા રહેલા દેવલોકે પ્રશંસા કરી પુષ્પોની વૃષ્ટિ કરી તથા દેવ દુંદુભિ વાગવા માંડયાં. ૧૮ ત્યા આગળ જે મહર્ષિઓ એકઠા થયા હતા અને પ્રજાનો અનુગ્રહ કરવો એજ જેમનો સ્વભાવ તથા બળ હતું તેઓ તમે "બહુ સારૂ કર્યું" એવું કહેવા લાગ્યા. શ્રીકૃષ્ણ ભગવાનના ગુણોથી શોભાયમાન પરીક્ષિત રાજાને તેઓ કહેવા લાગ્યા કે, ૧૯ હે રાજર્ષિશ્રેષ્ઠ! પાડુના વંશમાં જન્મેલા અને શ્રીકૃષ્ણના ભક્ત એવા આપમા આવાં આચરણો હોય એમાં કંઇ આશ્ચર્ય નથી. તમારી પૂર્વે યુધિષ્ઠિરાદિક રાજાઓએ ભગવાનની સમીપમા રહેવાની ઇચ્છાથી રાજમુગટની સાથે સિંહાસનનો ત્યાગ કર્યો હતો. તેઓ વિચાર કરવા લાગ્યા કે-આ ભગવદ્ભક્તમાં મુખ્ય પરીક્ષિત આ શરીરનો ત્યાગ કરીને રજોગુણ રહિત તથા શોક રહિત ઉત્તમ લોકમાં જાય ત્યા સુધી આપણે સર્વેએ અહિયાંજ રહેવું. ૨૧ ઋષિઓનું આવુ પક્ષપાત રહિત અમૃતરસથી ભરપૂર ગંભીર અર્થવાળું, યથાર્થ વચન સાભળીને, પરીક્ષિત રાજા નમ્ર થયા અને ભગવાનના ચરિત્રો સાંભળવાની ઇચ્છાથી તેઓને પ્રમાણ કરીને યોગ્યતાથી બોલ્યા કે-૨૨ ત્રણ લોકની ઉપર સત્ય લોકમા ચારે વેદો જેમ મૂર્તિમાન છે તેમ તમે સર્વ ચારે તરફથી અહિયા એકઠા થયા છો. તમોને આ લોક સંબધી તથા પરલોક સંબંધી કાંઇ પ્રયોજન હોય એવું લાગતું નથી. કેવળ બીજાનો અનુગ્રહ કરવો એજ આપનું પ્રયોજન છે પરન્તુ તેમા પણ તમારે કાંઇ સ્વાર્થ રહેલો નથી કારણ કે, પરનો અનુગ્રહ કરવો એનો આપનો સ્વભાવજ છે ૨૩ હે બ્રાહ્મણો! હું વિશ્વાસ રાખીને તમને પૂછવા યોગ્ય એક પ્રશ્ન પૂછું છું કે, કર્તવ્ય કર્મમાં સર્વ અવસ્થા વિષે, અને તેમા પણ વિશેષ કરીને મરવાને તૈયાર થઈ રહેલા પુરૂષે, કયુ શુદ્ધ કાર્ય કરવું, તે ઉપર તમે સર્વ એકઠા મળી વિચાર કરી યોગ્ય લાગે તે મને કહો. ત્યા બેઠેલા મુનિઓએ જૂદાં જૂદા કર્તવ્યો બતાવ્યા એટલામાં ભગવાન વ્યાસપુત્ર શુકદેવ નિરપેક્ષ થઇ યદૃચ્છાથી પૃથ્વીઉપર ફરતા ફરતા ત્યા આવી ચઢયા. તેમના શરીર ઉપરથી તે કોઇ પણ આશ્રમમા હોય એવુ જોવામા આવતું ન હતું. તે કેવળ આત્માનંદના લાભથી સતુષ્ટ હતા, કેટલીક સ્ત્રીઓ તથા બાળકોથી તે પરિવૃત્ત હોઈ એક † અવધુતના વેશમા હતા. ૨૫ તેમની અવસ્થા સોળ વર્ષની હતી, તેમના હાથ, પગ, જઘા ભુજા, ખભા, કપોળ તથા શરીર કોમળ હતા તેમની આંખો સુદર અને વિશાળ હતી નાક ઉપડતું હતું, બને કાન સરખા હતા, મુખ સુંદર ભ્રકુટિઓથી શોભતુ હતુ, ગળુ શખની પેઠે ત્રણ રેખાથી અંકિત હતુ ૨૬ જત્રુનો (કંઠાસ્થિ) ભાગ માંસથી ભરેલો હોવાથી દેખાતો ન હતો, છાતીનો ભાગ વિશાળ તથા ઉન્નત હતો, નાભી ગોળાકાર હતી અને ઉદર ઉપર ત્રિવલ્લી હતી. વળી તેમણે દિશાઓ રૂપી વસ્ત્રો ધારણ કર્યા હતા. માથાના કેશ આસપાસ ફેલાઈ ગયા હતા. બને બાહુ ઘુંટણ સુધી લાંબા હતા ને તે ઉત્તમ દેવતા જેવી કાંતિવાળા હતા. ૨૭ શરીરે શ્યામ રંગના ઉત્તમ પ્રકારના યૌવનથી શરીરની જે શોભા થઇ રહી હતી તેનાથી તથા મનોહર હાસ્યથી સ્ત્રીઓના મનને હરણ

† લોકોએ અપમાન કરેલ નહી ગણનારા ત્યાગી મનુષ્યને અવધૂત કહે છે

કરતા હતા.

આ પ્રમાણે જો કે તે મુનિનું તેજ ગુપ્ત હતું તથાપિ મુનિગણો તેમનાં લક્ષણ જાણતા હતા તેથી તેમને આવતા જોઇ આસન ઉપરથી ઉભા થયા. ૨૮ પરીક્ષિતે અતિથિ એવા શુકદેવજીની મસ્તક નમાવી પૂજા કરી. શુકને જોઇ અજ્ઞાની સ્ત્રીઓ તથા છોકરા ત્યાંથી નાશી ગયા, શુકદેવજી મોટા આસન ઉપર બેઠા અને રાજાએ સત્કાર કર્યો ૨૯ બ્રહ્મર્ષિઓ, રાજર્ષિઓ તથા દેવર્ષિઓના સમુદાયથી વિંટાયલા મહાત્મા શુક ગ્રહ તથા નક્ષત્ર મંડળથી વિંટાયલા ચંદ્રની પેઠે શોભવા લાગ્યા. ૩૦ ભગવદભક્ત પરીક્ષિત રાજા શાંત મનના અગાધ બુદ્ધિશાળી શુક આસન ઉપર બેઠા પછી તેમની પાસે જઈ પ્રણામ કરી બે હાથ જોડીને મધુર તથા સત્ય વાણીથી આમ કહેવા લાગ્ય :–

પરીક્ષિત કહે છે કે–હે બ્રાહ્મણ ! અમે નીચ ક્ષત્રિયો છીએ તોપણ આજ સત્પુરૂષોએ સેવવા યોગ્ય થયા છીએ અને તમે કૃપા કરી અતિથિ રૂપે અત્રે પધારી અમને પવિત્ર કર્યા છે. ૩૨ જેમના સ્મરણથી પુરૂષોના ઘર પાવન થાય છે તેવા મહાત્માઓનાં દર્શન સ્પર્શ અર્ઘ આસન પ્રદાન વગેરેથી ઘર બાર પવિત્ર થાય તેમા શુ આશ્ચર્ય ? ૩૩ હે મહાયોગિ ! વિષ્ણુના સામીપ્યથી જેમ દૈત્યોનો નાશ થાય છે તેમ તમારા સાન્નિધ્યથી પુરૂષોનાં પાતકો નાશ પામે છે. ૩૪ પાડવો જેને પ્રિય હતા એવા શ્રીકૃષ્ણ આજે મારા ઉપર પ્રસન્ન થયા છે કારણ કે ફોઇના પુત્રોનું પ્રિય કરવા માટે જેના ગોત્રમા હું જન્મેલો છું તેમનું બંધુકૃત્ય થયું છે. ૩૫ શ્રીકૃષ્ણની મારા ઉપર કૃપા છે માટે ઇચ્છા હોય તે માગો એમ ઉદારતાથી કહેતા તથા જેમની ગતિ જાણવામા આવતી નથી એવા સિદ્ધ પુરૂષના દર્શન કરવાને તૈયાર થયેલા મારા જેવા મનુષ્યને તે છેવટની ઘડીએ ક્યાંથી થાય ? ૩૬ માટે યોગીઓના પરમ ગુરૂ એવા આપને હું પૂછુ છું કે મરવાને તૈયાર થયેલા પુરૂષે આ જગતમાં સર્વથા જે કંઈ કરવા યોગ્ય હોય તથા જેથી સદ્‌ગતિ થતી હોય તે મને કહો. ૩૭ હે પ્રભુ ! મરણ વેળા મનુષ્યોએ જે સાંભળવા જેવું હોય, જે જપવા જેવું હોય, જે સંભારવા જેવું હોય, જે ભજવા જેવું હોય, તથા જે કરવાનો નિષેધ કર્યો હોય તે સર્વ મને કહો. ૩૮ હે બ્રહ્મન્ ! ગૃહસ્થોના ઘરમાં કોઈ વાર ગાય દોવાય એટલી વાર જ આપની સ્થિતિ જોવામાં આવે છે. ૩૯

સૂત કહે છે કે–હે શૌનક ! પરીક્ષિત રાજાએ મધુર વાણીથી શુકદેવજી સાથે સંભાષણ કરી આ પ્રમાણે પ્રશ્ન કર્યો એટલે શ્રુતિ સ્મૃતિમાં કહેલા ધર્મને જાણનારા ભગવાન શુકદેવજીએ આ પ્રમાણે ઉત્તર આપ્યો.

एवमाभावितःपृष्टःसराज्ञाश्लक्ष्णयागिरा।
प्रत्यभाषत धर्मज्ञोभगवान् बादरायणिः४०

इतिश्रीमद्भागवतेमहापुराणेप्रथमस्कंधे
एकोनविंसतितमोध्यायः

प्रथमस्कंध संपूर्ण.

श्रीमद्वेदव्यासविरचित

श्रीमद्भागवत

द्वितीयस्कंध.

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર.



શુકદેવજી કથા કહે છે.

The Lakshmi Art, Bombay

अथ

श्रीमद्भागवतभाषान्तर

द्वितीयस्कंध.

અધ્યાય ૧ લો.*

ઇશ્વરના સ્વરૂપની ધારણા.

શ્રીશુક ઉવાચ-વરીયાનેષ તે પ્રશ્નઃ કૃતો લોકહિતં નૃપ ॥
आत्मवित्समत. पुंसां श्रोतव्यादिषु यः परः ॥ १ ॥

શ્રીશુકદેવજી કહે છે કે-હે રાજા! તમે જે પ્રશ્ન કર્યો તે ઉત્તમોત્તમ છે કારણ કે, તેમાં લોકનું હિત સમાયેલું છે. આત્મજ્ઞાનીઓએ માન્ય કરેલો અને પુરૂષોને સાંભળવા જેવા વિષયોમાં તમારો પ્રશ્ન ઉત્તમ છે. ૧ હે રાજેન્દ્ર! સંસારમાં આસક્ત થવાથી પાંચ પ્રકારની હિંસા કરવામા તત્પર મનુષ્યો કદી આત્મતત્ત્વનો વિચાર કરતા નથી. સંસારી મનુષ્યોને સાભળવા યોગ્ય હજારો વિષયો છે ૨ પરંતુ તેમનું આયુષ્ય રાત્રે નિદ્રામા અથવા સંસાર વ્યવહારમાં વ્યર્થ ચાલ્યું જાય છે અને દિવસે ધન સંપાદન કરવાના ઉદ્યમમા અથવા તો કુટુંબનું ભરણ પોષણ કરવામા વહી જાય છે. ૩ હે રાજા! શરીર પુત્ર, સ્ત્રી વગેરે નાશવંત હોવાથી વસ્તુતાએ ખોટાં છે તથા પિતા, પિતામહ વગેરેનું મૃત્યુ પોતે જોવા છતા પણ ઘરમાં આસક્ત થયેલો પુરૂષ જાણે દેખતો ન હોય તેમ વર્તે છે, ૪ માટે હે રાજન! જે મનુષ્યને મોક્ષની ઈચ્છા હોય તેણે સર્વના આત્મા સર્વના નિયંતા અને જન્મ મરણ રૂપી બંધનને કાપનાર ભગવાનનું શ્રવણ કીર્તન તથા મનન કરવું. ૫ સ્વધર્મમા નિષ્ઠા રાખવાથી આત્મા અનાત્માના વિવેકથી અને અષ્ટાંગ યોગના અભ્યાસથી ભગવાનનું સ્મરણ કરવું એ જ પુરૂષોને મનુષ્ય જન્મનો ઉત્તમ લાભ છે. ૬ મુનિઓ ઘણું કરીને વિધિ તથા નિષેધથી નિવૃત્તિ પામીને નિર્ગુણ બ્રહ્મમા સ્થિતિ કરે છે અને શ્રીહરિના ગુણોનું ગાન કરીને કલ્લોલ કરે છે. ૭ હું આપની આગળ જે પુરાણ કહું છું તેનું નામ ભાગવત છે. તે વેદ સમાન છે અને હું તે પુરાણ દ્વાપરના અંતમા અને કળિના પ્રવેશ વખતે મારા પિતા વેદવ્યાસ પાસેથી ભણ્યો છું. ૮ હું નિર્ગુણ બ્રહ્મમા સ્થિતિ કરીને રહ્યો છું છતાં હે રાજર્ષિ! પવિત્ર કીર્તિવાળા ભગવાનની લીલામા મારૂં મન આકર્ષાવાથી હું આ

* આ પહેલા અધ્યાયમા કીર્તન, શ્રવણ આદિ દ્વારા ભગવાનના મૂળ સ્વરૂપમા મનની ધારણા કરવાની તથા વિરાટ એવા મહાપુરૂષના ભિન્ન ભિન્ન અવયવોની કલ્પના કહેવાશે

ભાગવત ભણ્યો છું ૯ અને તે તમને કહીશ કારણ કે તમે ભગવાનના મોટા ભક્ત છો અને ભાગવતમા શ્રદ્ધા રાખનારાઓને મુકુંદ ભગવાનમાં નિષ્કામ ભક્તિ થાય છે ૧૦ હે રાજન! શ્રીહરિના નામનુ કીર્તન મનુષ્યોને જે ફળની ઈચ્છા હોય તે ફળનું સાધન છે. મુમુક્ષુ જનોને મોક્ષ આપનારૂ અભયની ઇચ્છાવાળાઓને નિર્ભયત્વ આપનારૂં તથા યોગીઓને યોગનું સાધન અને જ્ઞાનીઓને જ્ઞાનનું સાધન આપનારૂ તેજ છે એમ શાસ્ત્રમાં નિશ્ચય કર્યો છે. આયુષ્ય ઘણુ થોડું બાકી રહ્યું છે એમ વિચારીને તમે શોક કરશો મા. મોહમય મદિરાથી મત્ત થયેલા મનુષ્યને ઘણાં વર્ષો અજાણતા વહી જાય છે તેથી તેને શું ફળ થાય છે? બે ઘડી પણ જો ‘જાણતાં જાય’ એટલે કે તે વૃથા જાય છે એમ જાણવામા આવે તો તે ઉત્તમ છે કારણ કે તેથી કલ્યાણને માટે પ્રયત્ન કરી શકાય છે. ૧૨ પૂર્વે† ખટ્વાંગ નામનો એક રાજર્ષિ હતો તે પોતાનુ આયુષ્ય બે ઘડીનું છે એમ જાણીને બે ઘડીમા પણ પૃથ્વી ઉપરના સર્વે વિષયોનો ત્યાગ કરી અભય રૂપ શ્રીહરિને શરણે ગયો હતો. ૧૩ હે રાજન! તમારે તો હજી સાત દિવસ જીવવાનું બાકી છે માટે પરલોક સંબંધી જે સાધન હોય તે સર્વ સાધી લો. ૧૪ અંતકાળ આવે ત્યારે પુરૂષે ભય રહિત થઇ વૈરાગ્ય રૂપી શસ્ત્રથી દૈહિક સુખની ઇચ્છાને તથા તેની પાછળ રહેલાં સ્ત્રી પુત્રાદિકના સ્નેહબંધનને કાપી નાખવું જોઇએ. ૧૫

હે રાજન! અંતકાળ આવે ત્યારે ધીર પુરૂષે ઘરનો ત્યાગ કરી વનમાં જઇ પવિત્ર તીર્થમા સ્નાન કરવું અને પછી એકાંત સ્થળમા શાસ્ત્રમા કહ્યા પ્રમાણે આસન વાળી તેની ઉપર બેસવુ. ૧૬ તે પછી મનમાં અ, ઉ, મ, એ ત્રણ માત્રાવડે ગુંથાયેલા બ્રહ્મવાચક પ્રણવ-ૐકારનો જપ કરવો. સર્વ ઇંદ્રિયોને પોતપોતાના વિષયોમાંથી પાછી વાળવા માટે પ્રણવને ન વિસારતાં પ્રાણાયામ કરી મનને નિયમમા રાખવું. ૧૭ મનદ્વારા સર્વ ઇંદ્રિયોને તેના વિષયોમાથી વાળી લેવી. તે પછી નિશ્ચયાત્મિકા બુદ્ધિને પોતાનો સારથિ કરી જો પુન કર્મની વાસનાઓથી મન સાંસારિક વિષયમા જાય તો તેને બુદ્ધિદ્વારા ભગવાનના સ્વરૂપ રૂપી ઉત્તમ વિષયમાં જોડવુ. ૧૮ તે પછી ભગવાનના કર અને ચરણ આદિ એક એક અવયવનું એકાગ્ર મનથી ધ્યાન ધરવુ અને તે તે અવયવોનું ધ્યાન કરતા અંતે વિષય રહિત થયેલા મનને સમાધિસ્થ પરમાનંદ રૂપ કરીને પછી કોઈ પણ વિષયને સંભારવો નહિ. મન જેમા રહેવાથી શાંતિ પામે છે તેને વિષ્ણુનું પરમ ધામ કહે છે ૧૯ જો પોતાનુ મન રજોગુણથી ક્ષોભ પામે અને તમોગુણથી મૂઢ થઇ જાય તો ધીર પુરૂષે ધારણાથી તેને નિયમમા રાખવુ કારણ કે ધારણા રજો ગુણના તથા તમોગુણના દોષોનો નાશ કરે છે. ૨૦ ધારણા કરવાથી સુખ રૂપી વિષયનું અવલોકન કરનારા યોગીને શીઘ્ર ભક્તિયોગ સિદ્ધ થાય છે.

રાજાએ પૂછયું કે—હે બ્રહ્મન? મનની ધારણા કેવી રીતે કરવી, શામા મનની ધારણા કરવી અને કેવી ધારણા પુરૂષના મનના દોષોને ટાળે છે? ૨૨

શુકદેવજીએ કહ્યુ કે—આસનના નિયમ દ્વારા આસનનો વિજય કરીને પ્રાણાયામથી પ્રાણ વાયુનો વિજય કરી સર્વ ઇંદ્રિયોનું દમન કરી સર્વ સંગનો ત્યાગ કરવો. તે પછી બુદ્ધિથી ભગવાનના સ્થૂલ સ્વરૂપમા મન જોડવુ.

† પૂર્વે ખટ્વાંગ નામના એક રાજા હતા, તેણે દેવતાઓના પક્ષમાં દૈત્યોનો પરાજય કર્યો હતો, દેવોએ પ્રસન્ન થઈ તેને કહ્યું કે, વર માગો ત્યારે ગાજાએ કહ્યું કે, પ્રથમ તો મારું આયુષ્ય કહો ... તે મને કહો દેવતાઓ બોલ્યા — આયુષ્ય તો બે ઘડી છે ... સાંભળીને ખટ્વાંગ રાજા ... ઉપર ગયો અને શ્રીહરિને શરણે જઈ મુક્તિ પામ્યા

ભગવાનને વિરાટ દેહ સ્થૂલોમા પરમ સ્થલ રૂપ છે. ભગવાનના વિરાટ સ્થૂલ રૂપમા ભૂત ભવિષ્ય અને વર્તમાન કાર્યો રૂપી આ વિશ્વ દેખાય છે. એ પચાસ કરોડ યોજન જેવડો બ્રહ્માંડ રૂપી વિરાટ દેહ પૃથ્વી પાણી તેજ વાયુ આકાશ અહંકારતથા મહત્તત્ત્વ, એ સાત આવરણથી ઢંકાયેલો છે, એ ધારણાને વિષય નથી પણ તેમાં જે વૈરાટ પુરૂષ બિરાજે છે તે જીવોને નિયંતા છે અને તે ધારણા કરવાની વસ્તુ છે. ૨૫ પાતાળને, એ વિશ્વસ્ત્રષ્ટા વિરાટ પુરૂષના પગના તળિયા કહે છે રસાતળને તેમના પગની પાની તથા ફણા કહે છે મહાતળને તેમના ચરણની ઘુંટી કહે છે અને તલ તથા અતલને તેમની બે જાંઘો કહે છે. ૨૬ સુતલને વિશ્વમૂર્તિ ભગવાનના બે ઘુંટણ કહે છે અને આકાશને પરમાત્માનું નાભિ સરોવર કહે છે. ૨૭ સ્વર્ગને વિશ્વમૂર્તિ ભગવાનની છાતી મહર્લોકને તેમનો કંઠ જનલોકને તેમનું મુખ તપલોકને આદિ પુરૂષનુ લલાટ તથા સત્યલોકને હજાર મસ્તકવાળા વિરાટ ભગવાનના મસ્તકો કહે છે. ૨૭ ઇંદ્રાદિક દેવોને ભગવાનની ભુજાઓ દિશાઓને ભગવાનના કાનના ગોલક શબ્દને વિરાટ પુરૂષની કર્ણેન્દ્રિયો અશ્વિની કુમારને પરમાત્માની નાસિકા ગંધને તેમની ઘ્રાણેન્દ્રિય તથા પ્રજ્વલતા અગ્નિને ભગવાનનું મુખ કહે છે. ૨૯ અંતરીક્ષ એ વિષ્ણુ ભગવાનની આંખ છે સૂર્ય એ ચક્ષુપઇન્દ્રિય છે રાત્રિ દિવસ, એ વિષ્ણુની પાંપણ છે. બ્રહ્માનું સ્થાન એ તેમને ભ્રુભંગ છે. પ્રાણી, એ તેમનું તાળવું છે તથા રસ એ જ તેમની જીભ છે. ૩૦ યમને તેમની દાઢ પુત્રાદિક ઉપર થયેલા સ્નેહને તેમના દાંતો મનુષ્યોને મોહ ઉત્પન્ન કરનારી માયાને ભગવાનનું હસવું તથા અપાર સૃષ્ટિ રચનાને તેમને કટાક્ષપાત કહે છે. ૩૧ વિરાટ પુરૂષનો ઉપરનો ઓઠ લજ્જા અને નીચેનો ઓઠ લાભ ગણાય છે. ધર્મ માર્ગ એમના સ્તન અને અધર્મ માર્ગ તેમનો વાસો, પ્રજાપતિ તેમનુ મેઢ્ર, મિત્રાવરૂણ તેમના વૃષણ સમુદ્રો તેમનુ પેટ અને પર્વતો તેમના શરીરનાં હાડકાંઓને સમૂહ ગણાય છે. ૩૨ હે રાજેન્દ્ર ! સર્વ નદીઓ તેમની નાડીઓ સર્વ વૃક્ષો તેમનાં રૂંવાં અનંત વિર્યવાળો વાયુ તેમનો નિઃશ્વાસ કાળ તેમની ગતિ અને સર્વ પ્રાણીઓને ગુણાનુસારી સંસાર એ તેમનું કર્મ--ક્રીડા સ્થાન કહેવાય છે. ૩૩ હે રાજન ! સર્વ મેઘમંડળને વ્યાપક વિરાટ ભગવાનના કેશ, સંધ્યાકાળને તેમનાં વસ્ત્ર અવ્યક્ત અર્થાત્ પ્રધાન છે તેને તેમનું હૃદય અને પ્રસિદ્ધ ચંદ્રમાને તેમનું મન કહે છે–એ મન સર્વ વિકારને ભંડાર છે. ૩૪ હે રાજન ! પંડિતો મહત્તત્ત્વને સર્વના આત્મા વિરાટ પુરૂષનું ચિત્ત અને શ્રીરૂદ્રને અહંકારતત્ત્વ કહે છે. ઘોડાઓ ખચ્ચરો ઊંટ હાથીઓ વગેરેને નખો કહે છે. સર્વ મૃગો અને પશુઓ, વિરાટ પ્રભુને શ્રોણીભાગ ગણાય છે. ૩૫ પક્ષીઓ વિરાટ ભગવાનની ઉત્તમ પ્રતિની કારીગિરીની કુશળતા ગણાય છે. મનુ તેમની બુદ્ધિ મનુષ્ય તેમનું નિવાસ સ્થાન ગંધર્વ, વિદ્યાધર, ચારણ અને અપ્સરાગણ, તેમના સ્વરોનુ સ્મરણ અસુર લોકનું સૈન્ય, એ વિરાટ ભગવાનનું શારીરબળ. ૩૬ બ્રાહ્મણો એ તેમનું મુખ, ક્ષત્રિયો એ તેમની ભુજાઓ, વૈશ્યજાતિ તેમના ઉરૂ અને શુદ્રજાતિ તેમના ચરણ છે. અનેક નામધારી પ્રજાના વસુ, રૂદ્ર વગેરે દેવગણોથી યુક્ત તથા હવિસ્સાધ્ય યજ્ઞાદિકોને પ્રયોગ એ વિરાટ પુરૂષનું અતિ આવશ્યક કર્મ છે. ૩૭ ઇશ્વરના શરીરના જે જુદા જુદા અવયવો મેં તમને કહ્યા તે આ પ્રમાણે છે. ભગવાનના મહા સ્થૂલ દેહમા મુમુક્ષુ લોકો પોતપોતાની બુદ્ધિથી મનની ધારણા બાંધે છે કારણ કે એ સ્થલ દેહની બહાર કંઇ પણ નથી. ૩૮ હે રાજન ! સ્વપ્નમા જેમ કોઇ કોઈ વાર જીવ અનેક દેહની કલ્પના કરી તે તે દેહની ઇંદ્રિયોદ્વારા

સર્વ વસ્તુનું અવલોકન કરે છે તેમ વિરાટ-મૂર્તિ ભગવાન પણ સર્વ જીવની બુદ્ધિથી-વૃત્તિથી સર્વનો અનુભવ કરે છે અને તે સર્વના અંતરાત્મા છે, તેથી યોગીઓએ ત્રણ કાળમા વિદ્યમાન રહેનારા આનંદના ભંડાર રૂપ ભગવાનમા મનને સ્થિર કરીને તેમનું ભજન કરવું કે જેથી સંસારમાં જન્મ મરણ થાય એવા વિષયોમાં બંધાવું પડે નહિ. ૩૯

स सर्वधीवृत्त्यनुभूतसर्व
आत्मा यथा स्वप्नजनेक्षितैकः ।
तं सत्यमानन्दनिधिं भजेत
नान्यत्र सज्जेद्यत आत्मपातः ॥३९॥

इतिश्रीमद्भागवतेमहापुराणेद्वितीयस्कन्धे
प्रथमोऽध्यायः

અધ્યાય ૨ જો.†

સ્થૂલથી સૂક્ષ્મની ધારણા.

શ્રીશુક ઉવાચ.

एवं पुरा धारणयात्मयोनि
र्नष्टां स्मृतिं प्रत्यवरुध्य तुष्टात् ।
तथा ससर्जेदममोघदृष्टि
र्यथाप्ययात्प्राग्व्यवसायबुद्धिः ॥ १ ॥

શ્રીશુકદેવજી કહે છે કે પૂર્વ બ્રહ્માએ મનની ધારણાથી ભગવાનને પ્રસન્ન કર્યા હતા અને તેમના પ્રસાદથી પ્રલય સમયે નાશ પામેલી સૃષ્ટિની રચના કરવાની સ્મૃતિને મેળવી હતી સ્થિર બુદ્ધિવાળા તથા સફળ જ્ઞાનવાળા બ્રહ્માએ પ્રલય થયા પહેલા જેવી સૃષ્ટિ હતી તેવી જ ફરીને રચી હતી ૧ શબ્દ બ્રહ્મનો વેદના કર્મોના ફળો બતાવવાનો એવો માર્ગ છે કે જેમા દર્શાવેલા અર્થ વિનાનાં સ્વર્ગાદિકના નામો સાભળીને સાધક મનુષ્યની બુદ્ધિ તે તે લોકોમા જવાની ઇચ્છા કરે છે, પરંતુ સુખની વાસનાથી નિદ્રા કરતો પુરૂષ જેમ સ્વપ્નમા સુખને દેખે છે પરંતુ વસ્તુતાએ તેનો ઉપભોગ કરી શકતો નથી તેમ માયિક કર્મમાર્ગમા ભ્રમણ કરના મનુષ્યો કર્મથી પ્રાપ્ત થયેલા તે તે લોકોમા ભટકે છે, પરંતુ ત્યા તેમને વિનાશી એવું પૂર્ણ સુખ મળતુ નથી જ્ઞાની મનુષ્યે નામ માત્ર સંસારના ભોગ્ય પદાર્થોમાથી જેટલા પદાર્થોથી શરીરનો નિર્વાહ થાય તેટલા પદાર્થો માટેજ પ્રયત્ન કરવો પરંતુ તેમા સુખ નથી એમ જાણી તેમા આસક્ત થવુ નહિ શરીરના નિર્વાહ માટે જોઇના પદાર્થો પ્રયત્ન વિના મળી શકતા હોય તો તે મેળવવા પરિશ્રમ કરવો એ વ્યર્થ છે એમ જાણી તેને માટે પ્રયત્ન કરવો નહિ ૩ હે મહારાજ! શરીરના નિર્વાહ માટે અનેક ભોગ્ય પદાર્થો પ્રયત્ન વિના પણ મળી શકે છે કારણ કે, સુવાને માટે પૃથ્વી છે, તો પછી શય્યા માટે શ્રમ લેવાની શી જરૂર છે? બે હાથ પોતાને સ્વાધીન છે તો પછી ઓસીકાનુ શું પ્રયોજન છે? અંજલી સ્વાધીન છે તો પછી જુદા જુદા ઘણા વાસણોનુ શુ પ્રયોજન છે? દિશા અને વલ્કલ વગેરે છે તો પછી વસ્રોનું શું પ્રયોજન છે? ૪ ટાઢ તડકાથી શરીરની રક્ષા માટે વસ્રો જોઈએ તો શુ માર્ગમા જુના ચીથરા નથી? શરીરના નિર્વાહ માટે જો અન્ન જોઇએ તો બીજાનુ પોષણ કરનારા વૃક્ષો ફળ તથા ફૂલરૂપી ભિક્ષા શુ નથી આપતા? તૃષાની નિવૃત્તિ માટે જળની ઇચ્છા હોય તો પાણીથી ભરેલી નદીઓ શુ સુકાઇ ગઇ છે? રહેવા માટે ઘર જોઇએ તો શુ પર્વતની ગુફાઓ કોઇએ રોકેલી છે? ઉપર કહેલી વસ્તુઓ આપણને મળે નહિ તોપણ અજિત ભગવાન શુ પોતાને શરણે આવેલાનું રક્ષણ કરતા નથી?

આ પ્રમાણે યાચના કર્યા વગર શરીરનો નિર્વાહ થાય છે છતા ધનના મદથી આંધળા બની ગયેલા પુરૂષોની તમે શા માટે સેવા કરો છો? ૫ ઉપર કહ્યા પ્રમાણે વિરક્ત

† આ બીજા અ[illegible]ામા પરમેશ્વરના [illegible]પની ધારણા કરવાથી [illegible]ના મનને [illegible]ના [illegible] સર્વના [illegible] ઈશ્વરમા કેમ લગાડવુ તે [illegible] કહેવાગે

એવા સ્વસ્વરૂપનો નિશ્ચય કરી આત્માના અનુભવથી થયેલા આનંદથી નિવૃત્તિને પામેલા પુરૂષે પોતાના હૃદયમા પોતાની મેળે પ્રકાશતા આત્મા રૂપ હોવાથી પ્રિય લાગતા સત્ય સ્વરૂપનું ભજન કરવા યોગ્ય ગુણવાળા તથા નિત્ય એવા પરમાત્માને ભજવા, કે જેથી સંસારનાં જન્મ મરણને આપનારી અવિદ્યા નાશ પામે. ૬ આવા શ્રીહરિના ભજનનો અનાદર કરી વિષયની ચિંતાથી વેતરણીમા પડેલા અને પોતાના કર્મથી ત્રણ પ્રકારના તાપને સહન કરતા મનુષ્યોને જોવા છતા પણ કર્મજડ પુરૂષો વિના બીજો કયો પુરૂષ શ્રીહરિના ભજનનો અનાદર કરી મિથ્યા વિષયોની ચિંતા કરે કેટલાક પોતાના શરીરના ¶ પ્રાદેશ જેટલા પહોળા હૃદયમા સૂક્ષ્મ આકારથી રહેલા ચાર ભુજાવાળા અને તેમા કમળ શંખ ચક્ર અને ગદાને ધારણ કરનાર મહા પુરૂષ ભગવાનને કલ્પી તેમને ભજે છે. ૮ મનમા શ્રીહરિનું ધ્યાન કરનારા પુરૂષે પ્રસન્ન વદનવાળા કમળના જેવા વિશાળ નેત્રવાળા કદંબના પીળા તંતુના જેવા પીળાં વસ્ત્રને ધારણ કરનારા શોભાયમાન મોટા રત્નથી જડેલા સુવર્ણના બાજુબંધવાળા ચળકતા મોટા રત્નોથી જડેલા મુગટ તથા કાનમા પહેરેલા કુંડળોથી શોભાયમાન યોગીશ્વરોએ પ્રફુલ્લિત હૃદયકમળની કલિકા રૂપી મંદિરમા જેના ચરણકમળને સ્થાપન કરેલું છે એવા લક્ષ્મીના ચિન્હવાળા કંઠમા કૌસ્તુભ મણિને ધારણ કરનારા તથા નિત્ય પ્રફુલ્લિત શોભાવાળી વનમાળાથી શોભાયમાન વિંટીથી નુપૂરથી તથા કડા વગેરે આભરણોથી શણગારેલા તેલ લગાડવાથી કોમળ અને નિર્મળ કાળા રંગના લાબા કેશથી મનોહર લાગતા અને મલપતા મુખથી મનોહર દેખાતા ઉદારતા અને લીલા સાથે હસીને દૃષ્ટિ કરવાથી ભ્રકુટીના વિકારોથી ભક્તોની ઉપર ઘણા અનુગ્રહો કરનારા તથા વિચાર કરવાથી હૃદયસ્થ થતા એવા સમર્થ ભગવાનની મૂર્તિની ચંચળ મન સ્થિર થાય ત્યાં સુધી ધારણા કરવી. ૧૨ તે પછી ભગવાનના ચરણથી લઈ હાસ્ય પર્યંત પ્રત્યેક અંગનું પ્રયત્ન વિના ભગવાનના અંગો મનમા સ્ફુરે તેમ બુદ્ધિથી ધ્યાન ધરવું

આ પ્રમાણે જે જે અંગ મનમાં દૃઢ થતું જાય તે તે અંગને છોડી દઇ જઘા વગેરે બીજા અંગોનું ધ્યાન કરવું. તેમ કરવાથી બુદ્ધિ શુદ્ધ થઇને નિશ્ચળ થાય છે ૧૩ જ્યા સુધી બ્રહ્માદિક દેવતાઓ જેનાથી ઉતરતા છે એવા વિશ્વના ઇશ્વર ચૈતન્યઘન ભગવાનમાં પ્રેમલક્ષણા ભક્તિ થાય નહિ ત્યાં સુધી પુરૂષે નિત્ય પોતાનું નિત્યકર્મ કર્યા પછી નિયમમા તત્પર રહી વિરાટ્ પુરૂષના સ્વરૂપનું ધ્યાન ધરવું. ૧૪ હે રાજન ! યોગ સાધનારા પુરૂષને જો આ દેહનો ત્યાગ કરવાની ઇચ્છા હોય તો તેણે પવિત્ર ક્ષેત્રનો તથા ઉત્તરાયણ કાળનો વિચાર ન કરતા સુખકારી સ્થિર આસન વાળી મનથી પ્રાણાયામ કરી પ્રાણની ગતિને રોકવી. ૧૫ તે પછી નિર્મળ એવી પોતાની બુદ્ધિથી મનને નિયમમાં લાવી બુદ્ધિનો ક્ષેત્રજ્ઞમા, અર્થાત બુદ્ધિ આદિકના દ્રષ્ટા એવા જીવમાં લય કરવો. પછી ક્ષેત્રજ્ઞનો શુદ્ધ આત્મામા લય કરવો અને તે શુદ્ધ આત્માનો પરબ્રહ્મના સ્વરૂપમાં લય કરવો અર્થાત્ હું બ્રહ્મ છુ, એવી ભાવના કરવી અને પછી જેને શાન્તિ [illegible] છે [illegible] ધા- યોગીએ સર્વ કાર્યમાથી વિરા[illegible] કે યોગીઓ બ્રહ્મરૂપ [illegible]યા પછી કૃતકૃત્ય છે. ૧૬ આત્મસ્વરૂપ પ્રાપ્ત થય[illegible] પછી દેતાઓનો પરમ પ્રભુ કાળ પણ તને [illegible] શકતો નથી ત્યારે જગતને નિયમમાં રાખનારા દેવતાઓ તેને શું કરી શકે? જ્યારે દેવતાઓનું કંઈ પણ ચાલતું નથી ત્યારે

¶ અંગુઠા અને તર્જની વચ્ચેનો અંતર તે પ્રાદેશ માત્ર કહેવાય છે

બીજા પ્રાણીઓની તો વાત જ શી કરવી? સત્વ, રજ, તમ, અહંકાર, મહતત્વ તથા પ્રકૃતિ ઇત્યાદિક જગતના કારણો પણ આત્માની ઉત્પત્તિ વગેરે કરી શકતા નથી. ૧૭ આત્મા વિના વસ્તુ માત્રને આ તો ઇશ્વર નથી, આ તો ઈશ્વર નથી, એવું માની સર્વ વસ્તુનો ત્યાગ કરવાની ઇચ્છાવાળા આત્મજ્ઞાની યોગીઓ દેહાદિકમાથી આત્મબુદ્ધિનો ત્યાગ કરી શ્રીવિષ્ણુના ચરણારવિંદનુ હ્રદયમા સંસ્થાપન કરે છે. તેમની પરમાત્મા વિના બીજા વિષયમાં પ્રીતિ જ થતી નથી અને તેઓ વિષ્ણુપદને સર્વના કરતા શ્રેષ્ઠ માને છે.

આ પ્રમાણે શાસ્ત્રીય જ્ઞાનના બળથી જેની વિષયવાસના નાશ પામેલી છે એવા ને બ્રહ્મ રૂપ થયેલા મુનિએ ઉપાધિમાંથી ક્રમે ક્રમે મુક્ત થવું. તે પછી પોતાના પગની પાનીવર્તી મૂળાધારને એટલે ગુદાના દ્વારને રૂંધી સ્થિરતા રાખી નાભિ આદિક છ* સ્થાનમાથી પ્રાણવાયુને ઉંચે ચઢાવવો. ૧૯ નાભિપ્રદેશમા આવેલા મણિપુર ચક્રમાથી પ્રાણવાયુને હ્રદયમા રહેલા અનાહત ચક્રમાં લઇ જઈ મુનિએ ઉદાન વાયુની ગતિથી પ્રાણવાયુને વક્ષ સ્થળમા અર્થાત કંઠ પ્રદેશની નીચેના ભાગમા રહેલા વિશુદ્ધિ ચક્રમા લઇ જવો તે પછી આગળના ભાગમા પ્રાણને નિકળી જવાના ઘણાં સ્થાનો હોવાથી યોગીએ મનને સ્થિર કરી બુદ્ધિથી ધીરે ધીરે તેને પોતાના તાળવાના મૂળમા—એટલે વિશુદ્ધિ ચક્રના આગલા ભાગમા લઇ જવો. ૨૦ ત્યાથી બે ભ્રકુટીની વચ્ચે આજ્ઞા ચક્રમા પ્રાણને લઇ જવો આ વખતે પ્રાણને જવાના જે સાત માર્ગ છે તે બંધ કરવા અને પ્રાણવાયુને વિશુદ્ધિ ચક્રની ઉપર લઇ જઇ બન્ને ભ્રકુટીની વચ્ચે રહેલા આજ્ઞાચક્રમાં સ્થાપન કરવો. યોગીને જો કોઇ પણ પ્રકારના ભોગની ઈચ્છા ન હોય તો તેણે તે ઠેકાણે એક ઘડીભર ઉભા રહેવુ અને પછી અકુંઠિત જ્ઞાનવાળા તથા બ્રહ્મ રૂપ થયેલા તે યોગીએ પ્રાણને બ્રહ્મરંધ્રમા લઇ જવો અને પછી દેહનો ત્યાગ કરવા બ્રહ્મરંધ્રને ભેદી નાખી દેહનો તથા ઇન્દ્રિયોનો પણ ત્યાગ કરવો ૨૧ હે રાજન! યોગીને જો સદ્યોમુક્તિની ઇચ્છા ન હોય પણ ગુણના સમુદાય રૂપ આ બ્રહ્માંડમાં આવેલા બ્રહ્મલોકમા જવાની ઇચ્છા હોય અથવા તો અષ્ટ મહાસિદ્ધિવાળા આકાશચારી સિદ્ધ લોકોના વિહાર સ્થાનમા જવાની ઇચ્છા હોય તો પૂર્વે કહેલા દેહત્યાગને સમે મન તથા સર્વ ઇંદ્રિયોનો ત્યાગ ન કરતા તે તે લોકોના ભોગ ભોગવવા માટે મન તથા ઇંદ્રિયોની સાથે તે તે લોકમા જવુ. ૨૨ કર્મની ગતિ જેમ પરિચ્છિન્ન છે તેમ યોગની ગતિ પરિચ્છિન્ન નથી. પવનમા જેમનું લિંગશરીર રહેલુ છે એવા યોગીશ્વરો ત્રણ લોકની અંદર તથા બહાર ગમે તે સ્થાનમા જઇ શકે છે. ઉપાસના, ભગવદ્દ્ધર્મ અષ્ટાંગયોગ અને જ્ઞાનને સેવનારાઓની જે ગતિ થાય છે તે ગતિને મનુષ્યો કર્મોથી પામતા નથી. ૨૩ જેને સદ્યોમુક્તિની ઇચ્છા નથી તે કર્મમાર્ગી યોગી મરણ પછી આકાશમાર્ગ થઇ બ્રહ્મલોકોના માર્ગ રૂપી તેજસ્વી એવી સુષુમ્ણા નામની નાડીથી અગ્નિના અભિમાની વૈશ્વાનર દેવતાને પામે છે દોષ રહિત થઇ મસ્તકમા રહેલા શ્રીહરિ સંબંધી તારા રૂપ શૈશુમાર નામનુ જ્યોતિશ્ચક્ર—જેમા નારાયણ ભગવાન બીરાજે છે ત્યા આગળ જાય છે અને પછી સૂર્યાદિક સર્વ ગ્રહોના તથા નક્ષત્રાદિકના આશ્રયભૂત એવા વિષ્ણુના શિશુમાર નામના ચક્રને ઓળંગીને અત્યંત સૂક્ષ્મ એવા રજોગુણ રહિત લિંગ શરીરથી એકલો બીજાઓ જેને નમે છે એવા બ્રહ્મવેત્તાઓના સ્થાન રૂપ મહર્લોકમાં જાય છે. ત્યા આગળ કલ્પાયુષ્યવાળા ભૃગુ વગેરે દેવતાઓ આનંદમા ક્રીડા

---

* નાભિ, હ્રદય, વક્ષ સ્થળ, તાળવાનુ મૂળ, ભ્રકુટીને મધ્યભાગ અને બ્રહ્મરંધ્ર એ છ સ્થાન છે

કરે છે. ૨૫ ત્યાં એ યોગી એક કલ્પ પર્યંત રહે છે. કલ્પ પૂરો થવા આવે ત્યારે શેષ ભગવાનના મુખના અગ્નિથી આખા વિશ્વને બળતું જોઈ જેમાં સિદ્ધેશ્વરોએ સેવેલા વિમાનો છે તથા જે પરાર્ધ્ધ કાળપર્યંત રહેનારા બ્રહ્મલોકમાં જાય છે. ૨૬ ત્યાં આગળ શોક જરા મૃત્યુ દુઃખ તથા ભય એમાંનું કંઇજ હોતુ નથી. માત્ર પરમાત્માના ધ્યાન માર્ગથી અજાણ્યા પુરૂષોને દુરંત દુઃખથી ભરેલાં જન્મ મરણ થાય છે તે જોઇ તેમના ઉપર દયા આવવાથી યોગીને મનમા સંતાપ થાય છે, તે વિના બીજું કંઇ દુઃખ ત્યા નથી. ૨૭ પછી તે યોગી 'પૃથ્વી આદિક આવરણો હું કેમ ભેદી શકીશ ?' એવી શંકાથી રહિત થઇ બ્રહ્મલોકમાથી પૃથ્વી ઉપર જઈ સમીપમા રહેલા જળ રૂપ થાય છે અને ધીમે ધીમે જળનો ઉપભોગ કરી અગ્નિ રૂપ થાય છે, તે પછી તેજ રૂપ થઈને વાયુ રૂપ થાય છે અને તેનો ઉપભોગ પૂરો થયા પછી વાયુના રૂપમાંથી વ્યાપકતાથી પરમાત્માના સ્વરૂપને જણાવનારા આકાશના સ્વરૂપને પ્રાપ્ત થાય છે.‡ ૨૮ તે પછી તે યોગી ઘ્રાણેન્દ્રિયના અધિષ્ઠાતા દેવતાથી ગંધને ગ્રહણ કરે છે, જિહ્વા ઇન્દ્રિયના અધિષ્ઠાતા દેવતાથી રસને પામે છે ચક્ષુરિન્દ્રિયના અધિષ્ઠાતા દેવતાથી રૂપને પામે છે ત્વચા ઇન્દ્રિયના અધિષ્ઠાતા દેવતાથી સ્પર્શને છે. અનુભવે શ્રોત્ર ઈંદ્રિયના અધિષ્ઠાતા દેવતાથી શબ્દને સાંભળે છે અને તે તે કર્મેન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતાથી પોતપોતાની ક્રિયા કરે છે. ૨૯ યોગીઓ સૂક્ષ્મભૂતોના સ્થાન રૂપ તામસ અહંકારને પામે છે તથા ઇંદ્રિયોના લયના સ્થાન રૂપ રાજસ અહંકારને પામે છે તથા મન અને ઇંદ્રિય આદિકના દેવતાઓને લય થવાના સ્થાન રૂપ છઠ્ઠા સાત્વિક અહંકારને પામે છે. આ પ્રમાણે ત્રણ ગુણમય છઠ્ઠા આવરણ રૂપ અહંકારને પ્રાપ્ત થઇ તેની સાથે વિજ્ઞાન તત્ત્વને પામે છે. તે પછી સર્વ ગુણોને લય થવાના સ્થાન રૂપ પ્રધાનને પામે છે. ૩૦ પ્રકૃતિ રૂપ થયેલો યોગી આનંદ રૂપ થઇ ઉપાધિઓનો નાશ થયા પછી છ વિકાર રહિત આનંદ મૂર્તિ એવા પરમાત્માને પામે છે. હે રાજન ! જે પુરૂષ ભગવાનની આ ગતિને પામે છે તે પુરૂષ ફરીને આ સસારના જન્મ મરણ રૂપ પાશમા બધાતો નથી. ૩૧ આ સદ્યોમુક્તિના જે માર્ગો તમે મને પૂછયા હતા તે બંને માર્ગો વેદમાં કહેલા છે તથા સનાતન છે. પૂર્વે બ્રહ્માએ ભગવાન વાસુદેવની આરાધના કરી તેમને આ માર્ગો પૂછયા હતા, તે ઉપરથી તેમણે બ્રહ્માને આ જ માર્ગો બતાવ્યા હતા. ૩૨ સાંસારિક પુરૂષોને મોક્ષ આપનારા બીજા ઘણા માર્ગો છે તથાપિ આ સંસારમાં જન્મેલા સંસારીને આ માર્ગ વિના બીજા સુખ રૂપ નિર્વિઘ્ન માર્ગો નથી, કારણ કે એ માર્ગે ચાલવાથી વાસુદેવ ભગવાન ઉપર ભક્તિ થાય છે. ૩૩ ભગવાન બ્રહ્માએ એકાગ્ર ચિત્ત કરી ત્રણ વાર સમગ્ર દેવોને વિચારી જે માર્ગે ભગવાન ઉપર ભક્તિ થાય તે માર્ગ શ્રેષ્ઠ છે એવો નિશ્ચય કર્યો હતો. ૩૪ જે વસ્તુનો અનુભવ હોય તેની ઉપર પ્રેમ થાય પરંતુ ન અનુભવેલા ઇશ્વર ઉપર પ્રેમ કેમ થાય ? તેના ઉત્તરમાં કહેવાનું કે જડ પદાર્થોનો પ્રકાશ તેના દ્રષ્ટા વિના સંભવતો નથી. જડ પદાર્થોના પ્રકાશ ઉપ-

‡ ઈશ્વરમા રહેલી માયાના માંહે એક અંશમાથી મહત્તત્વ થાય છે તેના અંશમાથી અહંકાર, તેના અંશમાથી અરૂપ એવું આકાશ થાય છે આકાશના અંશમાથી સ્પર્શતન્માત્રાદ્વારા વાયુ થાય છે. વાયુના અંશમાથી રૂપતન્માત્રાદ્વારા તેજ થાય છે, તેજના અંશમાથી રસતન્માત્રાદ્વારા પાણી થાય છે, પાણીના અંશમાથી ગંધતન્માત્રાદ્વારા પૃથ્વી થાય છે, અને એ પાંચ ભૂતો એકઠા મળ્યા પછી, ચૌદ ભુવન રૂપ વિરાટ શરીર થાય છે તે પચાસ કરોડ યોજન વિશાળ છે અને તેનું પ્રથમ આવરણ ભૂમિનું છે તે [illegible] કરોડ યોજન વિશાળ છે કેટલાક તેને પચાસકરોડ યોજનનું પણ કહે છે જળ વગેરેના ઉત્તરોત્તર જે જે આવરણો છે, તે પ્રથમના દસ દસ ગણા મોટા છે, અને આઠમું આવરણ પ્રકૃતિનું છે, તે વ્યાપક છે

રથી તેના દ્રષ્ટાનો પ્રકાશ કલ્પી શકાય છે. આને અર્થાપત્તિ પ્રમાણ કહે છે તથા બુદ્ધિ આદિક કર્તાને આધીન રહીને કામ કરે છે કારણ કે તે ઇંદ્રિયો છે. જેમ કુઠારાદિ હથિયાર ચેતનને આધિન રહીને કામ કરે છે તેમ આને અનુમાન પ્રમાણ કહે છે. અર્થાપત્તિ તથા અનુમાન ઉપરથી સર્વે પ્રાણીઓએ ભગવાન એવા શ્રીહરિનો અંતર્યામીપણાથી અનુભવ કરેલો છે માટે તેમના ઉપર પ્રેમ થાય છે. ૩૫ હે રાજા! મનુષ્યોએ સર્વ ઠેકાણે સર્વ પ્રકારે ભગવાન શ્રીહરિનાં ચરિત્રોને શ્રવણ કરવાં તેનું કીર્તન કરવું તથા સ્મરણ કરવું. ૩૬ શ્રીહરિ મહાત્મા પુરૂષોના આત્મસ્વરૂપને પ્રકાશ કરનારા છે. જેઓ તેમની કથા રૂપી અમૃતને કાન રૂપી પડિયાઓમા ભરીને પાન કરે છે તેઓ વિષયોની વાસનાથી મલીન થયેલા પોતાના અંતઃકરણને પવિત્ર કરે છે અને શ્રીવિષ્ણુના ચરણારવિંદની સમીપમાં જાય છે. ૩૭

पिबंति ये भागवत आत्मनः सतां
कथामृतं श्रवणपुटेषु संभृतम् ॥
पुनन्ति ते विषयविदूषिताशयं
व्रजन्ति तच्चरणसरोरुहांतिकम् ॥३७॥

इतिश्रीमद्भागवतेमहापुराणेद्वितीयस्कंधे
द्वितीयोऽध्यायः

અધ્યાય ૩ જો.†

ભક્તિનું માહાત્મ્ય.

श्रीशुकउवाच

एवमेतन्निगदितं पृष्टवान् यद्भवान्मम ॥
नृणां यन्म्रियमाणानां मनुष्येषु मनीषिणाम्

શુકદેવજી કહે છે કે—હે મહારાજ! તમે મને પૂછ્યું હતું કે, મરવાને તૈયાર થયેલા બુદ્ધિશાળી માણસે શું કરવું, તેથી મેં તમને જે કહેવાનું હતું તે કહ્યું. જીવને કદાચિત દૈવયોગથી મનુષ્યોમા અવતાર આવે છે અને તેમાં પણ દૈવયોગથી જે બુદ્ધિશાળી હોય તેજ તમારી પેઠે મરવાને તૈયાર થયો હોય તો વિશેષે કરી શ્રીહરિનાં પવિત્ર ચરિત્ર સાંભળવાની ઇચ્છા કરે છે. ૧ મનુષ્યોમાં ભિન્ન ભિન્ન કામનાઓ હોય છે. જેને બ્રહ્મતેજની કામના હોય તેણે બ્રહ્માનું યજન કરવું જેને ઇંદ્રિયોની શક્તિ વધારવાની કામના હોય તેણે ઇંદ્રનું યજન કરવું જેને સંતાનની કામના હોય તેણે દક્ષ આદિ પ્રજાપતિઓનું યજન કરવું જેને લક્ષ્મી મેળવવાની કામના હોય તેણે દુર્ગાદેવીનું યજન કરવું જેને તેજની કામના હોય તેણે અગ્નિનું યજન કરવું ધનની કામનાવાળાએ આઠ વસુઓનું યજન કરવું. પરાક્રમની કામનાવાળાએ રૂદ્રોનું યજન કરવું. ૩ અન્નાદિકની કામનાવાળાએ અદિતિનું સ્વર્ગની કામનાવાળાએ આદિત્યનું રાજ્યની કામનાવાળાએ સત્તાવિસ વિશ્વેદેવતાઓનું અને દેશમા રહેનારી પ્રજાને સ્વાધીન કરવાની કામનાવાળા રાજાએ સાધ્ય નામના દેવતાઓનું યજન કરવું. ૪ આયુષ્યની કામનાવાળાએ અશ્વિનિકુમારોનું પુષ્ટિની કામનાવાળાએ પૃથ્વી દેવીનું પ્રતિષ્ઠાની કામનાવાળા પુરૂષે લોકોની માતા રૂપ આકાશ તથા પૃથ્વીનું રૂપની કામનાવાળાએ ગંધર્વનું સ્ત્રીની કામનાવાળાએ ઉર્વશી અપ્સરાનું અને સર્વના અધિપતિપણાની કામનાવાળાએ બ્રહ્માનું યજન કરવું. ૬ યશની કામનાવાળાએ યશ રૂપ ભગવાનનું ધનના ભંડારની કામનાવાળાએ વરૂણનું વિદ્યાની કામનાવાળાએ શંકરનું સ્ત્રી પુરૂષ વચ્ચે પરસ્પર પ્રેમની ઇચ્છાવાળાએ ઉમાદેવીનું ધર્મની કામનાવાળા મનુષ્યે ઉત્તમ કીર્તિવાળા ભગવાનનું વંશવૃદ્ધિની કામનાવાળા પુરૂષે પિતૃદેવનું રક્ષાની કામનાવાળા પુરૂષે યક્ષોનું, બળની કામનાવાળાએ વાયુ નામના ઓગ-

† આ ત્રીજા અધ્યાયમા શુકદેવજીના મુખથી વિષ્ણુની ભકિત સર્વ કરતા શ્રેષ્ઠ છે, એનુ સાંભળીને રાજા પરીક્ષિતને અધિક ભકિત થઇ તથા ભગવાનના ચરિત્રો સાભળવામા તેમને આદર થયો.

બ્રુપચાસ દેવતાઓનું, રાજ્યની કામનાવાળા પુરૂષે ચૌદ મનુઓનું, શત્રુઓને મારવાની કામનાવાળાએ રાક્ષસોનું, ભોગની કામનાવાળા પુરૂષે ચંદ્રનું અને વૈરાગ્યની કામનાવાળા પુરૂષે માયા રહિત પરમ પુરૂષનુ યજન કરવું. ૯ જે કામના વિનાનો હોય, સ્વર્ગની કામનાવાળો હોય, અથવા તો મોક્ષની કામના વાળો હોય તેણે ઉદાર બુદ્ધિ રાખીને તીવ્ર ભક્તિયોગથી ઉપાધિ રહિત શ્રીપરમેશ્વરનું યજન કરવું. હે રાજન! ઈંદ્રાદિક દેવતાઓનું યજન કરનારા તે તે પુરૂષોને તે તે દેવતાઓના યજનનું મુખ્ય ફળ એટલુંજ મળે છે કે ભગવાનની ભક્તિથી તેમને શ્રદ્ધા ઉત્પન્ન થાય છે ને તે વિના બીજું સર્વ તેમને તુચ્છ લાગે છે. ૧૧ શ્રીહરિની કથા અલોકિક છે. જે કથામાં રાગ દ્વેષાદિક ઉત્પન્ન કરનારૂં તત્વ નહિ પણ શુદ્ધ જ્ઞાન રહેલું છે તેથી વિષયોમાં વૈરાગ્ય ઉપજાવનારી ચિત્તની પ્રસન્નતા તથા મોક્ષ આપનાર ભક્તિમાર્ગ રહેલો છે એવી શ્રીહરિની કથાઓનું શ્રવણ કરવાને લીધે નિવૃત્તિ સુખ પામેલો પુરૂષ શ્રીહરિની કથાઓમા પ્રીતિ રાખે છે.

શૌનક કહે છે કે—આ પ્રમાણે શુકદેવનું કહેલું સાંભળીને ભરતવંશમાં શ્રેષ્ઠ એવા પરીક્ષિત રાજાએ પરબ્રહ્મનું દર્શન કરનારા અને વેદમાં પારંગત એવા તેમને પુનઃ બીજું શુ પૂછ્યું હતું તે હે સૂત! અમને સાંભળવાની ઈચ્છા છે માટે કહો, કારણ કે સત્પુરૂષોની સભામાં પરિણામે જેમાં ભગવાનની કથાઓ હોય એવી કથાઓજ થાય છે. ૧૪ પાંડવોનો પૌત્ર મહારથી પરીક્ષિત રાજા મોટો ભગવદ ભક્ત હતો. તેણે બાળક અવસ્થામાં રમકડાં સાથે રમતાં પણ શ્રીકૃષ્ણની પૂજા રૂપી ક્રીડાને અંગીકાર કરી હતી અને શુકદેવજી પણ વાસુદેવના ભક્ત હતા માટે તે બન્નેનો સંવાદ અમને કહો. સત્પુરૂષના સમાગમમાં કીર્તિવાળા ભગવાનના ગુણોને લીધે કથાઓ થાય છે. ૧૬ સૂર્યના ઉદયથી આરંભી અસ્ત થતા સુધી જે ક્ષણ ઉત્તમ કીર્તિવાળા ભગવાનની કથામાં જાય છે તેજ આયુષ્યને ઉપયોગી ને ધન્ય મનાય છે! ૧૭ કેવળ જીવન ધારણ કરવું અથવા શ્વાસોચ્છ્વાસ લેવો એ કંઇ મનુષ્યના આયુષ્યનું ફળ નથી. એમ તો નિર્જીવ વૃક્ષો જીવે છે ધમણો શ્વાસ લે છે તથા પશુઓ બધા આહાર વિહાર પણ કરે છે. ૧૮ શ્રીકૃષ્ણનું નામ જેના કાનમાં કોઇ દિવસ પડતું નથી તે પુરૂષ પશુ, કુતરાં, ભુંડ ને ગધેડાં કરતાં પણ નપાટ છે. ૧૯ જે પુરૂષના કાન રૂપી પડીઆઓ ભગવાનનાં પરાક્રમનું પાન કરતા નથી તે દરના જેવા જાણવા અને હે સૂત! જે પુરૂષની દુષ્ટ જીભ કીર્તિવાળા ભગવાનની કથાઓનું ગાન કરતી નથી તે પુરૂષની જીભને દેડકાની જીભ જેવી જાણવી. ૨૦ મુગટથી શોભાયમાન છતાં જેનું મસ્તક મુકુંદ ભગવાનને નમતું નથી તે મુગટ કેવળ ભાર રૂપ જાણવો. જે હાથ સુવર્ણનાં કડાંથી શોભાયમાન હોવા છતાં ભગવાનની સેવા કરતા ન હોય તે ભાર રૂપ જાણવા. મનુષ્યોનાં જે નેત્રો વિષ્ણુની પ્રતિમાનાં દર્શન કરતાં ન હોય તેને મોર પીછના ચાંલ્લા જેવાં જાણવાં. મનુષ્યના જે ચરણો ચાલીને ભગવાનના મંદિરમાં જતા ન હોય તે ચરણોને વૃક્ષના મૂળ જેવા સમજવા. ૨૨ જે મનુષ્ય કોઇ દિવસ ભગવાનના ચરણારવિંદની રજને પ્રાપ્ત થતો નથી તેને જીવતો મુંએલા જેવો જાણવો. જે મનુષ્ય શ્રીવિષ્ણુના ચરણમાં લાગેલા તુળસીના ગંધને સુંઘીને તેનું અનુમોદન કરતો નથી તેને શ્વાસ લેવા છતાં પણ શબ સમાન જાણવો. શ્રીહરિ ભગવાનનાં નામો લેવાથી જેમની આંખમાં આંસુ આવતાં નથી, શરીરમાં રોમાચ થતો નથી તથા બીજો વિકાર થતો નથી તેના હૃદયને પત્થરના જેવું સમજવું. ૨૪ હે સૂત! તમે અમારા મનને

અનુકૂળ પડતું કહો છો તો હવે વ્યાસના પુત્ર ભગવદ્ભક્તોમાં ઉત્તમ અને આત્મવિદ્યામાં કુશળ એવા શુકદેવજીએ પરીક્ષિત રાજાના વિવેક પૂર્વક પૂછવાથી તે રાજાને જે કંઇ કહ્યું હોય તે અમને પણ કહો. ૨૫

अथाभिधे ह्यंगमनोनकूलं
प्रभाषसे भागवतप्रधानः ।
यदाह वैयासकिरात्मविद्या
विशारदो-पति साधु पृष्टः ॥ २५

इतिश्रीमद्भागवतेमहापुराणेद्वितीयस्कंधे
तृतीयोध्यायः

અધ્યાય ૪ થો.*

સૃષ્ટિ રચનાની કથા.

सूतउवाच

वैयासकेरितिवचस्तत्त्वनिश्चयमात्मनः ।
उपधार्य मतिं कृष्ण औत्तरेयःसतीं व्यधात्

સૂત કહે છે કે–હે શૌનક! જેમાં આત્માના સ્વરૂપનો નિશ્ચય કરેલો હતો એવું વ્યાસના પુત્ર શુકદેવજીનું ઉપર પ્રમાણે વચન સાંભળીને ઉત્તરાના પુત્ર પરીક્ષિત રાજાએ શ્રીકૃષ્ણ ભગવાન ઉપર પોતાની દૃઢ ભક્તિ બાંધી હતી. પોતાનો દેહ સ્ત્રી પુત્ર ઘર પશુ ધન બંધુઓ અને વિશાળ એવા રાજ્યમાં થયેલી દૃઢ મમતાને નિત્યને માટે ત્યજી દીધી હતી. ૨ હે શૌનક! શ્રીકૃષ્ણનો મહિમા સાંભળવામાં શ્રદ્ધાવાળા તથા ઉદાર મનવાળા પરીક્ષિત રાજાએ 'પોતાનું મૃત્યુ પાસે આવ્યુ છે' એમ સમજીને ધર્મ અર્થ તથા કામ સંબંધી કર્મોનો ત્યાગ કર્યો અને વાસુદેવ ભગવાન ઉપર દૃઢ આત્મભાવને પામેલા તે રાજાએ તમે મને જે પ્રશ્ન પૂછો છો તેજ શ્રીહરિની લીલા સંબંધી પ્રશ્ન પૂછયો હતો.

પરીક્ષિત રાજા પૂછે છે કે–હે શુકદેવજી! સર્વજ્ઞ એવા આપનુ વચન ઉત્તમ છે કારણ કે આપ મને શ્રીહરિ પરમાત્માની કથાઓ કહો છો તેથી મારૂં અજ્ઞાન નાશ પામતું જાય છે. ૫ હું પુનઃ એવી ઇચ્છા રાખું છું કે અનંત શક્તિવાળા પરમ પુરૂષ ભગવાન ક્રીડા કરવા માટે તથા પોતાના સ્વરૂપમય બ્રહ્માદિકને રમાડવા માટે પોતાની માયાવડે મોટા દેવોથી પણ જાણી શકાય નહિ એવા આ જગતને કેવી રીતે સરજે છે, કેવી રીતે પાલન કરે છે તથા કેવી રીતે તેનો પાછો સંહાર કરે છે. અને કેવી કેવી ભક્તિનો આશ્રય કરીને આ જગતને એક રૂપે તથા અનેક રૂપે ઉત્પન્ન કરે છે તે કહો. ૭ હે બ્રહ્મન! અદ્ભુત પરાક્રમવાળા શ્રીહરિનું ચરિત્ર મહા જ્ઞાનીઓથી પણ જાણી શકાય નહિ એવું છે. ૮ અદ્વૈત એવા પુરૂષ રૂપ ભગવાન કર્મો કરવાને એક વખતેજ માયાના ગુણોને ગ્રહણ કરે છે કે બ્રહ્માદિક અવતારો ધારણ કર્યા પછી માયાના ગુણોને ગ્રહણ કરે છે? ૯ મને આ બાબત સંદેહ છે માટે આપ તે દૂર કરો કારણ કે તમે વેદમા નિપુણ છો અને અનુભવવડે પરબ્રહ્મના જ્ઞાનમાં કુશળ થયેલા છો. ૧૦

સૂત કહે છે કે–આ પ્રમાણે પરીક્ષિત રાજાએ શ્રીહરિના ગુણો કહેવા માટે વિનંતિ કરી તે ઉપરથી શુકદેવજીએ ઇન્દ્રિયોના સ્વામી એવા પરમાત્માનું ધ્યાન ધરી આ પ્રમાણે પ્રત્યુત્તર આપવા માંડયો.

શુકદેવજી કહે છે કે–જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા લય રૂપી લીલા કરવા માટે સાત્વિક, રાજસ અને તામસ એવી માયાની ત્રણ પ્રકારની શકિતને ગ્રહણ કરનારા સર્વ પ્રાણીઓના અંતર્યામી અને તેને લીધેજ ઇન્દ્રિયાદિકથી જાણવામાં નથી આવતો માર્ગ જેનો એવા અપાર મહિમાવાળા સર્વ કરતાં શ્રેષ્ઠ પુરૂષ રૂપી ભગવાનને હું નમું છું. ૧૨ ધર્મનિષ્ઠ એવા સત્પુરૂષોના પાપનો નાશ કરનાર અધર્મીઓનો સંહાર કરનાર સંપૂર્ણ

* આ ચોથા અધ્યાયમા પરીક્ષિતે ભગવાનના સૃષ્ટિ રચના વગેરે ચરિત્રો પૂછ્યા હતા તે બ્રહ્મા તથા તેમના પુત્ર નારદના સંવાદ રૂપે શુકદેવજી કહેછે.

સત્વ મૂર્તિયુક્ત, આત્મનિષ્ઠાવાળા પરમહંસના આશ્રમમાં રહેલા પુરૂષોએ જડ વસ્તુનો ત્યાગ કરીને શોધવા યોગ્ય એવા આત્મતત્વને આપનારા ભગવાનને ફરીને નમું છું. ૧૩ ભક્તજનોનું પાલન કરનારા, ભક્તિહીન યોગીઓથી જેની દિશા દૂર છે એવા જેના સમાન તેમજ અધિક કોઈ નથી એવા ઐશ્વર્યથી સ્વસ્વરૂપ રૂપ પરબ્રહ્મમા વિહાર કરનાર ભગવાનને મારા વારંવાર નમસ્કાર છે. ૧૪ જેમનું કીર્તન સ્મરણ દર્શન વંદન શ્રવણ તથા પૂજન લોકોનાં પાપોનો તત્કાલ નાશ કરે છે તે કલ્યાણ કીર્તિવાળા પરમાત્માને વારંવાર નમસ્કાર છે. ૧૫ વિવેકી જનો જેમનાં ચરણારવિંદનો આશ્રય કરીને આ લોકનાં તથા પરલોકનાં સુખમાથી મનની આસક્તિને ખેંચી લઇ પરિશ્રમ વિના પર બ્રહ્મની ગતિને પામે છે એવા કલ્યાણકારી યશવાળા ભગવાનને વારંવાર નમસ્કાર કરૂં છું. ૧૬ તપસ્વીઓ દાતાઓ યશસ્વીઓ યોગીઓ મંત્રનો જપ કરનારાઓ તથા સદાચારશીલ પુરૂષો પોતાનાં તપ આદિ કર્મો જેમને અર્પણ કર્યા વિના ક્ષેમ પામતા નથી તે કલ્યાણકારી યશવાળા ભગવાનને હું વારંવાર નમસ્કાર કરૂં છું. ૧૭ કિરાત હૂણ આંધ્ર પુલિંદ પુલ્કસ આહીર, કંક, યવન તથા ખસ વગેરે નીચ જાતિના લોકો તથા બીજા પણ કેટલાક નીચ લોકો જે ભગવાનના ભકતોનો આશ્રય કરીને પાપ રહિત થાય છે તે ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ૧૮ ધીર પુરૂષોના આત્મા ઋક્ યજુષ અને સામ વેદ રૂપ ધર્મમૂર્તિ, તપોમૂર્તિ તથા કપટ રહિત બ્રહ્મા અને શંકર વગેરે ભકતો જેમના સ્વરૂપને જાણી શકે છે એવા ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૧૯ લક્ષ્મીના પતિ યજ્ઞના પતિ પ્રજાના પતિ બુધ્ધિના પતિ લોકના પતિ પૃથ્વીના પતિ તથા અંધક વૃષ્ણિ અને સાત્વત કુળનું પાલન કરનાર અધિપતિ તથા સત્પુરૂષોના પતિ એવા ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૨૦ જ્ઞાની પુરૂષો જેમના ચરણારવિંદના ધ્યાન રૂપી સમાધિથી બુધ્ધિને શુદ્ધ કરી આત્મસ્વરૂપનાં દર્શન કરે છે, પંડિતો પોતપોતાની ગતિ પ્રમાણે જેને સગુણ નિર્ગુણ કહે છે તે ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૨૧ પૂર્વ કલ્પના આરંભમાં જે ભગવાને બ્રહ્માના હૃદયમાં સૃષ્ટિ રચવા સંબંધી પ્રેરણા કરી હતી તે ઉપરથી શિક્ષામા કહેલાં લક્ષણોવાળાં વેદમૂર્તિ સરસ્વતી જે બ્રહ્માના મુખમાથી પ્રગટ થયાં હતાં તે જ્ઞાન આપનારાઓમાં શ્રેષ્ઠ ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૨૨ જે સર્વવ્યાપક, પરમપુરૂષ પંચ મહા ભૂતોદ્વારા આ સર્વ શરીરને રચીને તેમાં જીવ રૂપે વાસ કરે છે તે પુરૂષના નામથી જગતમા પ્રખ્યાત છે તથા સોળ પદાર્થોને ચેતન કરનાર અન્તર્યામીપણાથી અગિયાર ઇન્દ્રિયો અને પંચ મહા ભૂતો રૂપ સોળ કળાનો પ્રકાશ કરે છે તે ભગવાન મારી વાણીને રસાલંકારથી શોભાવો. ૨૩ ભકતો જેમના મુખકમળમાંથી નીકળતા જ્ઞાનમય મકરંદનું પાન કરે છે તે અપાર તેજવાળા વાસુદેવ સ્વરૂપ શ્રીવેદવ્યાસને હું નમું છું. ૨૪ હે રાજન! આ કથા પૂર્વે નારદે બ્રહ્માને પૂછી હતી તે ઉપરથી ઉત્પત્તિ સમયે જેનામાં વેદો રહેલા હતા એવા બ્રહ્માએ નારદને કહી હતી.

एतदेवात्मभू राजन् नारदाय विपृच्छते ।
वेदगर्भोऽभ्यधात्साक्षाद्यदाह हरिरात्मनः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणे द्वितीयस्कंधे चतुर्थोध्यायः

અધ્યાય ૫ મો.

વિરાટમાં વિશ્વ રચના.

नारद उवाच

देवदेव नमस्तेऽस्तु भूतभावन पूर्वज ।
तद्विजानीहि यज्ज्ञानमात्मतत्त्वनिदर्शनं ।

* નારદના પૂછવાથી બ્રહ્માએ વિરાટ રૂપમા કેવી રીતે વિશ્વ રચના થએલી છે તે આ પાચમા અધ્યાયમા કહ્યું છે.

નારદ પૂછે છે કે—હે દેવના દેવ ! હે અનાદિ બ્રહ્મા ! હું તમને નમસ્કાર કરૂં છું. જે જ્ઞાન આત્મતત્વને દર્શાવનારૂં હોય તે મને હવે સંભળાવો. ૧ હે પ્રભો ! આ જગત જેનાથી પ્રકાશ પામતું હોય જેનો આશ્રય કરીને રહેલું હોય, જેણે સરજ્યું હોય જેને વિષે અંતે લય પામતું હોય જેને આધીન હોય તથા જેનું જેવું સ્વરૂપ હોય તે સર્વ આપ મને યથાર્થ રીતે કહો. ૨ તમે આ સર્વ વાર્તા જાણો છો અને જે થયેલું છે જે થનારૂં છે અને જે થાય છે, તે સર્વના આપ પ્રભુ છો કારણ કે આપે આ વિશ્વનો ઉત્તમ એવા જ્ઞાનતત્વથી હાથેલીમાં રહેલા આંબળાની પેઠે નિશ્ચય કરેલો છે. ૩ તમેજ સ્વતંત્ર પ્રભુ છો એ પ્રમાણે હું જાણતો હતો. પરંતુ તમારી મહા તપશ્ચર્યા વગેરે જોઇ તમારી ઉપર પણ બીજો કોઇ પ્રભુ છે એવી મને શંકા ઉત્પન્ન થઇ છે તેથી પૂછું છું કે આપને કોણ જ્ઞાન આપનારો છે ? આપને કોનો આધાર છે ? આપ કોને આધીન છો ? આપનું સ્વરૂપ કેવું છે ? કરોળીઓ જેમ પોતાની શક્તિએ કરી લાળમાંથી તંતુઓ કાઢીને જાળ બાંધે છે તેમ તમે એકલાજ પોતાની શક્તિએ કરી માયાથી પંચ મહાભૂતોથી સ્થાવર જંગમ રૂપ આ જગતને સૃજો છો અને પોતેજ તેનું પાલન કરો છો છતાં આપને કંઈ પણ પરિશ્રમ પહોચતો નથી. ૫ આ જગતમાં ઉત્તમ મધ્યમ તથા કનિષ્ઠ વસ્તુઓ અને તેમાં પણ મનુષ્યાદિક નામવાળી દ્વિપદત્વાદિક રૂપવાળી તથા ધોળા પીળા રંગવાળી જાણવામાં આવતી સ્થૂલ તથા સૂક્ષ્મ કોઇ પણ વસ્તુ બીજાથી ઉત્પન્ન થઇ હોય એમ હું માનતો નથી. ૬ આપે મનને એકાગ્ર કરી મોટું તપ કર્યું તેથી અમને મોહ થાય છે અને બીજો દેવ હોવાની શંકા ઉત્પન્ન થાય છે ૭ માટે હે સર્વજ્ઞ ! હે સર્વના ઈશ્વર ! મારા સર્વ પ્રશ્નોનો એવી રીતે ઉત્તર આપો કે જેથી મને યથાર્થ જ્ઞાન થાય. ૮

બ્રહ્મા કહે છે કે—હે વત્સ ! તારો આ પ્રશ્ન ઉત્તમ છે કારણ કે તે માર્ગે તેં મને ભગવાનનાં પરાક્રમો કહેવાને પ્રેર્યો છે. ૯ તું મને ઈશ્વર કહે છે તે તારૂં કહેવું ખોટું નથી કારણ કે એ ઇશ્વરને લીધેજ મારો આવો પ્રભાવ છે. ઇશ્વરને તું જાણતો નથી તેથીજ એમ કહે છે. ૧૦ જેમ સૂર્ય અગ્નિ ચંદ્ર નક્ષત્ર ગ્રહ તથા તારાઓ ચૈતન્ય રૂપ પરમાત્માએ પ્રકાશ કરેલી વસ્તુઓને પ્રકાશિત કરે છે તેમ હું પણ સ્વયં પ્રકાશ રૂપ પરમાત્માના આ જગતને પ્રકાશ કરૂં છું. ૧૧ વાસુદેવ રૂપ ભગવાનને હું નમસ્કાર કરૂં છું ને તેમનું ધ્યાન ધરૂં છું. જેમની જીતી શકાય નહિ એવી માયાથી મોહિત થયેલા પુરૂષો મને જગતનો ગુરૂ કહે છે. ૧૨ મારૂં કપટ મારા સ્વામી જાણે છે એમ સમજીને જે માયા પરમાત્માની દૃષ્ટિએ ચડતાં પણ શરમાય છે તે માયાથી મોહિત થયેલા દુષ્ટ બુદ્ધિવાળા પુરૂષો દેહાભિમાનથી 'હું તથા મારૂં' એમ કહે છે. ૧૩ જગતના ઉપાદાન કારણ રૂપ પંચ મહા ભૂતોના જન્મનાં કારણ રૂપ કર્મો કર્મોને ક્ષોભ પમાડનારો કાળ, સ્વભાવ તથા ભોક્તા રૂપ જીવ એ સર્વ વાસુદેવ ભગવાનથી ભિન્ન નથી કેમકે કારણ વિના કાર્ય ઉત્પન્ન થતું નથી અને એ સર્વનું કારણ પરમાત્મા પોતેજ છે તે સર્વમાં રહેલા છે. ૧૪ વેદો નારાયણથી ઉત્પન્ન થયા છે, દેવતાઓ નારાયણના અંગમાંથી ઉત્પન્ન થયા છે સ્વર્ગાદિક લોક નારાયણના આનંદના અંશભૂત છે અને યજ્ઞો પણ નારાયણમાંથીજ ઉત્પન્ન થએલા છે. ૧૫ પ્રાણાયામ વગેરે નારાયણ પરાયણ છે તપ નારાયણ પરાયણ છે ને તેથી સાધ્ય એવું જ્ઞાન પણ નારાયણ પરાયણ છે જ્ઞાનથી સાધ્ય મોક્ષ પણ નારાયણ પરાયણ છે માટે પદાર્થ માત્ર નારાયણ રૂપજ છે. ૧૬

હે નારદ! તે દ્રષ્ટા સર્વના સાક્ષી છે, ઇશ્વર છે, સર્વ કાર્યમાં વ્યાપી રહેલા છે તથા સર્વના અંતર્યામી છે અને તેમણે મને ઉત્પન્ન કર્યો છે. હું તેમની દૃષ્ટિની પ્રેરણાથી તેમણે સૃજવાને યોગ્ય એવા જગતને સૃજુ છું. ૧૭ પ્રભુ નિર્ગુણ છે પરંતુ તેમણે જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા લય કરવાને માયાથી ત્રણ ગુણોને ગ્રહણ કર્યા છે. ૧૮ પંચ મહાભૂતો ઇન્દ્રિયોના અભિમાની દેવતાઓ તથા ઇન્દ્રિયોના કારણભૂત ત્રણ ગુણો કાર્ય કારણ તથા અધિભૂત અધ્યાત્મ અને અધિદૈવમાં અભિમાન ઉત્પન્ન કરાવી નિત્ય મુક્ત એવા જીવને તે સંસારની ઘટમાળમાં ફેરવે છે. ૧૯ હે બ્રહ્મન ! માયાને સ્વાધીન રાખનારા ભગવાન અધોક્ષજ અતીન્દ્રિય પુરૂષ સર્વના તથા મારા સ્વામી છે. જે ભગવાન જીવોને ઉપાધિ રૂપે આવરણ કરનારા ત્રણ ગુણોથી જાણવામાં આવતા નથી તેમના ભક્તોજ તેમનાં તત્વને જાણે છે. ૨૦ માયાના ઇશ્વર ભગવાને અનેક પ્રકારે થવાની ઇચ્છાથી સૃષ્ટિ સૃજવાની ઇચ્છાથી પોતાની માયાથી પોતાને વિષે અકસ્માત પ્રાપ્ત થયેલા કાળને કર્મને તથા સ્વભાવને ગ્રહણ કરેલાં છે. ૨૧ ભગવાનમાં રહેલા કાળથી ગુણમાં ક્ષોભ થયો એટલે સત્વ રજ તથા તમ એ ત્રણ ગુણો સમભાવને મૂકી છુટા પડયા. પછી સ્વભાવથી તે ગુણો રૂપાંતર પામ્યા એટલે કર્મથી મહત્તત્વ ઉત્પન્ન થયું. ૨૨ રજોગુણથી તથા સત્વગુણથી વૃદ્ધિ પામેલું મહતત્વ વિકાર પામતાં તેમાંથી તમોગુણ પ્રધાન દ્રવ્ય જ્ઞાન તથા ક્રિયા સ્વરૂપ અધિભૂત અધિદેવ અને અધ્યાત્મ રૂપ એક તત્વ ઉત્પન્ન થયું. ૨૩ અહંકાર વિકાર પામીને સાત્વિક અહંકાર, રાજસ અહંકાર અને તામસ અહંકાર એવા ત્રણ ભેદ થયા, તામસ અહંકારમાં પાંચ મહાભૂતો ઉત્પન્ન કરવાની શક્તિ છે, રાજસ અહંકારમાં ઇન્દ્રિયોને ઉત્પન્ન કરવાની શક્તિ છે તથા સાત્વિક અહંકારમાં ઇંદ્રિયોના અધિષ્ઠાતા દેવતાઓને ઉત્પન્ન કરવાની શક્તિ છે. ૨૪ ભૂતના આદિમાં રહેલો તામસ અહંકાર વિકાર પામવાથી આકાશ થાય છે. તે તેનું સૂક્ષ્મ રૂપ છે તથા શબ્દ તેનો ગુણ છે. શબ્દ દ્રષ્ટા તથા દૃશ્ય વસ્તુને જણાવનારો છે. ૨૫ આકાશ વિકાર પામતાં તેમાંથી સ્પર્શ ગુણવાળો વાયુ ઉત્પન્ન થાય છે અને કારણ રૂપે તેને આકાશ સાથે સંબંધ હોવાથી વાયુમાં શબ્દગુણ આવે છે. પ્રાણ ઓજ સહ તથા બળનું અર્થાત દેહબળ ઇંદ્રિયબળ મન બળ તથા શરીરબળ એ સર્વનું કારણ છે. ઇશ્વરમાં રહેલા કાળ કર્મ અને સ્વભાવને લીધે વાયુ વિકાર પામતાં તેમાંથી તેજ ઉત્પન્ન થાય છે. તેનો સ્વાભાવિક ગુણ રૂપ છે. વાયુ અને આકાશ એ તેજનાં કારણ હોવાથી તેમાં વાયુના તથા આકાશના સ્પર્શ અને શબ્દ ગુણો પણ રહેલા છે. ૨૭ તેજ વિકાર પામતાં તેમાંથી જળ ઉત્પન્ન થાય છે. તેનો સ્વાભાવિક ગુણ રસ છે અને તેમાં તેજ વાયુ તથા આકાશ કારણ હોવાથી રૂપ સ્પર્શ તથા શબ્દ ગુણો રહેલા છે. ૨૮ જળ વિકાર પામતાં તેમાંથી ગંધ ગુણવાળી પૃથ્વી ઉત્પન્ન થાય છે. એમા જળ તેજ વાયુ તથા આકાશ કારણ હોવાથી રસ રૂપ સ્પર્શ તથા શબ્દગુણ રહેલા છે. સાત્વિક અહંકાર વિકાર પામતાં તેમાંથી મન તથા તેનો અધિષ્ઠાતા ચંદ્ર ઉત્પન્ન થાય છે તેમાંથી દિશાઓ વાયુ સૂર્ય વરૂણ અશ્વિનીકુમાર અગ્નિ ઇંદ્ર ઉપેંદ્ર મિત્ર તથા પ્રજાપતિ એ દશ ઇંદ્રિયોના દેવતાઓ ઉત્પન્ન થાય છે. એમાં પ્રથમ પાંચ જ્ઞાનેન્દ્રિયના અધિષ્ઠાતાઓ છે અને બીજા પાંચ કર્મેન્દ્રિયના અધિષ્ઠાતાઓ છે. જ્ઞાનની શક્તિ બુદ્ધિ તથા ક્રિયાની શક્તિએ પ્રાણ છે. રાજસ અહંકાર વિકાર પામતાં તેમાંથી જ્ઞાન તથા ક્રિયાના વિશેષ સ્વરૂપવાળી દસ ઇંદ્રિયો

ઉત્પન્ન થઈ છે. એમાં શ્રોત્ર ત્વચા ઘ્રાણ નેત્ર અને જીભ એ પાંચ જ્ઞાનેન્દ્રિયો છે અને વાણી હાથ પગ ગુહ્યેંદ્રિય તથા ગુદાસ્થાન એ પાંચ કર્મેન્દ્રિયો છે. ૩૧ હે નારદ ! પંચ મહાભૂતો દશ ઇંદ્રિયો મન અને સત્વાદિક ત્રણ ગુણો એ જ્યારે જુદા જુદા હોય છે ત્યારે સૃષ્ટિ ઉત્પન્ન કરવાને સમર્થ થઈ શકતા નથી. પરંતુ જ્યારે તેઓ ભગવાનની શક્તિની પ્રેરણાથી પરસ્પર એકઠા થાય છે ત્યારે મુખ્યત્વ અને ગૌણત્વને લઈ સમષ્ટિ તથા વ્યષ્ટિરૂપ આ બ્રહ્માંડને ઉત્પન્ન કરે છે. હજારો વર્ષ વીત્યા પછી પરમાત્માએ પાણીમાં રહેલા બ્રહ્માંડ રૂપ સ્થૂલ શરીરને કાળ કર્મ તથા સ્વભાવનો આશ્રય કરીને સજીવન કર્યું હતું, અને તેજ પુરૂષ જળમાં રહેલા જગત રૂપી ઇંડાંને ભેદી તેમાંથી હજારો સાથળવાળા હજારો ચરણવાળા હજારો ભુજાવાળા હજારો નેત્રોવાળા હજારો મુખ તથા મસ્તકવાળા થઈ બહાર નીકળ્યા હતા. ૩૫

વિદ્વાનો જેના શરીરના અવયવોમા ચૌદ લોકની કલ્પના કરે છે તે કલ્પના આ પ્રમાણે છે. કમ્મરથી ચરણ સુધી નીચેના ભાગમાં સાત લોકોની કલ્પના છે અને જાંઘ વગેરે ઉપરના ભાગમાં ઉપરના સાત લોકોની કલ્પના છે. ૩૬ ચાર વર્ણ વિરાટ પુરૂષથી ઉત્પન્ન થયેલ છે. બ્રાહ્મણો વિરાટ પુરૂષના મુખમાંથી થયા છે ક્ષત્રિયો બાહુઓમાથી વૈશ્યો સાથળમાંથી અને શુદ્રો વિરાટ ભગવાનના ચરણમાથી ઉત્પન્ન થયા છે. ૩૭ પરમેશ્વરના ચરણમાં ભૂર્લોકની કલ્પના કરેલી છે નાભિમા ભુવર્લોકની હૃદયમાં સ્વર્ગલોકની છાતીમાં મહર્લોકની કંઠમાં જનલોકની શણદ કરતા બે ઓષ્ઠમાં તપોલોકની અને મસ્તકમા સત્યલોકની કલ્પના કરેલી છે. તે સનાતન બ્રહ્મલોક અથવા વૈકુંઠ લોક મગજમાં છે વ્યાપક એવા વિરાટ પુરૂષની કમ્મરમાં અતલની કલ્પના કરેલી છે, સાથળમાં વિતલની બે ઘુંટણમાં શુદ્ધ સુતલની અને બે જંઘામાં તલાતલની કલ્પના કરેલી છે. ૪૦ બે ઘુંટીમાં મહાતલની ચરણના બે ફણામાં રસાતલની અને પગના તળિયામાં પાતાલ લોકની કલ્પના કરેલી છે. આ પ્રમાણે વિરાટ પુરૂષ સર્વ લોકમય છે. ૪૧ વિરાટ પુરૂષના બે ચરણમાં ભૂર્લોકની કલ્પના કરેલી છે, તેમની નાભીમાં ભુવર્લોકની કલ્પના કરેલી છે અને મસ્તકમાં સ્વર્ગલોકની કલ્પના કરેલી છે. આ પ્રમાણે ત્રણ લોકની તેમનામાં કલ્પના કરેલી છે.

भूर्लोकः कल्पितः पद्भ्यां
भुवर्लोकोऽस्य नाभितः ।
स्वर्लोकः कल्पितो मूर्ध्ना
इति वा लोककल्पनाः ॥ ४२ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेद्वितीयस्कंधे
पंचमोध्याय:

અધ્યાય ૬ ઠ્ઠો.†

વિરાટ વિભૂતિઓ–પુરૂષસૂકતનો અર્થ.

ब्रह्मोवाच

वाचांवन्हेर्मुखं क्षेत्रं छंदसां सप्त धातवः ।
हव्यकव्यामृतान्नानां जिह्वा सर्वरस[illegible] च ।१

બ્રહ્મા કહે છે કે–હે નારદ ! વિરાટ પુરૂષની વિભૂતિની કેટલીક કથા કહું. વિરાટ પુરૂષનું મુખ વાણીનું તથા તેના અધિષ્ઠાતા અગ્નિદેવનું ઉત્પત્તિ સ્થાન છે તેમની ત્વચા વિગેરે સાત ધાતુઓ ગાયત્રી વગેરે છંદોનું ઉત્પતિ સ્થાન છે તેની જિહ્વા, હવ્ય † કવ્યનું, મનુષ્યોના અન્નનું અને મધુર અમ્લ વગેરે રસોનુ ઉત્પત્તિ સ્થાન છે; ૧ વિરાટ પુરૂષની નાસિકા સર્વ પ્રાણોનું તથા વાયુઓનું મુખ્ય ઉત્પત્તિ સ્થાન છે તેમની ઘ્રાણેન્દ્રિય

‡ અધ્યાત્મ આદિકના ભેદથી વિરાટ સ્વરૂપની વિભૂતિઓ આ અધ્યાયમા કહેવામા આવશે અને આગલા અધ્યાયમા કહેલી કથાને પુરૂષસુક્તથી વિસ્તારવામા આવશે † હવ્ય-દેવતાઓને ઉદ્દેશીને આપવામા આવતુ અન્ન અને કવ્ય-પિતૃઓને ઉદ્દેશીને આપવામા આવતુ જે અન્ન તે

સામાન્ય તથા વિશેષ ગંધનું અશ્વિનીકુમારોનું તથા ઓષધિઓનું ઉત્પત્તિ સ્થાન છે. ૨ રૂપનું તથા તેજનું ઉત્પત્તિસ્થાન વિરાટ્ પુરૂષનાં નેત્ર છે. સૂર્યનું તથા આકાશનું ઉત્પત્તિ સ્થાન વિરાટ પુરૂષનાં નેત્રના બે ગોળક છે. દિશાઓનું તથા તીર્થોનું ઉત્પત્તિ સ્થાન તેમના બે કાન છે. આકાશ તથા શબ્દનું ઉત્પત્તિ સ્થાન પણ તેજ છે. તેમનું શરીર સર્વ વસ્તુઓના સાગરનું તથા સૌન્દર્યનું ઉત્પત્તિસ્થાન છે. ૩ તેમની ત્વચા સ્પર્શગુણનું વાયુનું તથા સર્વ પ્રકારના યજ્ઞનું ઉત્પત્તિ સ્થાન છે. તેમના કેશ સર્વ વૃક્ષોનું વનસ્પતિઓનું તથા જેનાથી યજ્ઞ થઇ શકે એવાં વૃક્ષોનું ઉત્પત્તિસ્થાન છે. ૪ તેમના કેશમાંથી મેઘ દાઢીમાંથી વિજળી અને હાથ પગના નખમાંથી પથરા અને લોઢું વગેરે ઉત્પન્ન થયેલાં છે. તેમના બાહુઓ લોકપાલોનું ઉત્પત્તિ સ્થાન છે—જે લોકપાળ ઘણું કરીને જગતનું પાલન કરે છે. ૫ વિરાટ પુરૂષનું તાળવું ભૂર્લોક, ભૂવર્લોક તથા સ્વર્ગલોકનું ઉત્પત્તિ સ્થાન છે અને ભગવાનના ચરણ ક્ષેમનું શરણનું તથા સર્વ કામનાઓનાં વરદાનનું ઉત્પત્તિ સ્થાન છે. ૬ વિરાટ પુરૂષ પાણીનું વરસાદનું તથા પ્રજાપતિનું ઉત્પત્તિસ્થાન છે તેમજ ઉપસ્થ ઇંદ્રિય આનંદનું ઉત્પત્તિસ્થાન છે. ૭ હે નારદ ! વિરાટ પુરૂષની પાયુઇંદ્રિય યમનું મિત્રનું તથા મળત્યાગનું ઉત્પત્તિ સ્થાન છે. તે ઇંદ્રિયને રહેવાનું સ્થાન જે ગુદા તે હિંસાનું દરિદ્રતાનું મૃત્યુનું તથા નરકનું ઉત્પત્તિસ્થાન છે. વિરાટનો વાંસો પરાભવનું અધર્મનું તથા અજ્ઞાનનું ઉત્પત્તિસ્થાન છે. તેમની નાડીઓ નદીઓનું ઉત્પત્તિસ્થાન છે અને તેમનાં અસ્થિ પર્વતોનું ઉત્પત્તિસ્થાન છે. ૯ પ્રકૃતિનું અન્નાદિકના રસનું સમુદ્રનું તથા પ્રાણીઓને લય થવાનું સ્થાન વિરાટ પુરૂષનું પેટ છે અને હૃદય સર્વ લિંગદેહનું ઉત્પત્તિ સ્થાન છે; ૧૦

હે નારદ ! વિરાટ પુરૂષનું ચિત્ત ધર્મનું મારૂં શિવનું તારૂં સનક આદિ ઋષિ કુમારોનું બુદ્ધિનું તથા સત્વગુણનું ઉત્પત્તિસ્થાન છે. ૧૧ હું તું શંકર પ્રથમ ઉત્પન્ન થયેલા સનકાદિક કુમારો મરીચિમિશ્ર વગેરે મુનિઓ દેવ દૈત્ય મનુષ્ય નાગ ખેચર પક્ષીઓ હરણ પેટે ચાલનારાં સર્પ આદિ પ્રાણીઓ ગંધર્વો અપ્સરાઓ યક્ષો રાક્ષસો ભૂતગણો સર્પો પશુઓ પિતૃઓ સિદ્ધો વિદ્યાધરો ચારણો વૃક્ષો અનેક જળચરો સ્થળચરો તથા આકાશચારી જીવો ગ્રહો નક્ષત્રો કેતુઓ તારાઓ વિજળી મેઘ ભૂત ભવિષ્ય તથા વર્તમાન રૂપ આ સર્વ દૃશ્યમાન પ્રપંચ વિરાટ પુરૂષરૂપ છે. એનાથી ભિન્ન કોઇ પણ વસ્તુ નથી. વિરાટ પુરૂષે આખા વિશ્વને વ્યાપી લીધેલું છે. જેટલા અંશમાં જગત છે તેથી અધિક અંશ જગતના સ્પર્શથી રહિત છે. ૧૫ સૂર્ય જેમ બહારથી સર્વ વસ્તુઓનો પ્રકાશ કરે છે તેમ વિરાટ પુરૂષ પણ બ્રહ્માંડને પ્રકાશ કરતો બ્રહ્માંડની અંદરના તથા બહારના સર્વ પદાર્થોને પ્રકાશિત કરે છે. ૧૬ વિરાટ પુરૂષ જન્મ મરણને આપનારાં કર્મનાં ફળોને ઉલ્લંઘન કરી રહેલો છે માટે તે કેવળ સર્વાત્મા છે એટલુંજ નહિ પરંતુ તે નિજાનંદના તથા અભયના સ્થાન રૂપ છે.

હે નારદ ! વિશ્વાત્મક પુરૂષ આ પ્રમાણે જોતાં નિત્ય મુક્ત થઈ શકે નહિ એવી શંકા કરવી નહિ કારણ કે, તેમની વિભૂતિઓ અપાર છે. વિરાટ પુરૂષ નિર્મળ એવા નિજાનંદના સ્વામી છે. ૧૭ જ્ઞાનીઓ કહે છે કે, ભૂર્લોક ભૂવર્લોક તથા તથા સ્વર્ગલોક જેના અંશ છે એવા ભગવાનના અંશભૂત લોકોમાં સર્વ જીવો રહે છે અને ભગવાને તે ત્રણે લોકની ઉપર આવેલા મહર્લોકની પણ ઉપર જનલોકમાં તપલોકમાં તથા સત્ય લોકમાં અનુક્રમે અમૃત ક્ષેમ તથા મોક્ષ સુખને રાખેલાં છે. ત્રણ લોકમાંથી જનલોકમાં નૈષ્ઠિક

બ્રહ્મચારી જાય છે તપલોકમાં વાનપ્રસ્થ જાય છે અને બ્રહ્મલોકમાં સંન્યાસીઓ જાય છે. એ સર્વનો પુનઃ જન્મ થતો નથી. ત્રણ આ શ્રમો વિરાટ ભગવાનના ત્રણ અંશ રૂપ છે. તે ત્રણે લોકની બહાર છે પરંતુ બ્રહ્મચર્ય રહિત ગૃહસ્થાશ્રમ ત્રણ લોકની અંદર છે. ૧૯ અનેક પ્રકારની સૃષ્ટિ સુજવા ગમન કરનારો ક્ષેત્રજ્ઞ ભોગ તથા મોક્ષને સાધનભૂત કર્મ તથા ઉપાસના બન્ને માર્ગ ઉપર જાય છે. પુરૂષ કર્મ રૂપી અવિદ્યા અને ઉપાસના રૂપી વિદ્યા એ બન્નેનો અધિકારી છે. ૨૦ જેથી આ બ્રહ્માંડ ઉત્પન્ન થયું છે અને જેથી પાંચ ઇન્દ્રિયો તથા ગુણ સ્વરૂપ વિરાટ ઉત્પન્ન થયું છે તે ઈશ્વર સૂર્ય જેમ કિરણે દ્વારા પોતાના બિંબને પ્રકાશ કરવાની સાથે કિરણોથી બહાર પણ પ્રકાશ કરે છે તેમ વિરાટ દેહની બહાર તથા બ્રહ્માંડની બહાર પણ પ્રકાશ કરે છે. ૨૧ જ્યારે હું તે મહાત્મા પુરૂષના નાભિકમળમાંથી ઉત્પન્ન થયો ત્યારે તેના અવયવ વિના બીજે ઠેકાણે યજ્ઞની સામગ્રી જોવામાં આવી નહિ. ૨૨ યજ્ઞની સામગ્રીઓ તૈયાર કરવા હું તૈયાર થયો અને યજ્ઞને ઉપયોગી એવાં પશુઓ યજ્ઞસ્તંભો દર્ભો વનસ્પતિઓ પવિત્ર યજ્ઞભૂમિ બહુ ગુણવાળો વસંત આદિકાળ, ૨૩ યજ્ઞનાં પાત્રો ધાન્યો ઘૃતાદિક ચીકણા પદાર્થો મધુરા ખાટા ખારા વગેરે છ રસો લોહ વગેરે ધાતુઓ માટી પાણી ઋગ્વેદ યજુર્વેદ સામવેદ હોતા અધ્વર્યુ વગેરેનાં કર્મો ૨૪ જ્યોતિષ્ટોમ વગેરે યજ્ઞનાં નામો સ્વાહાકાર સ્વધાકાર વગેરે મંત્રો દક્ષિણા વ્રત દેવતાઓને ગમતા કલ્પ (કર્મની પદ્ધતિઓ), સંકલ્પ ૨૫ વિષ્ણુ ધ્રુવ વગેરે ગતિઓ દેવતાઓનું ધ્યાન પ્રાયશ્ચિત્ત તથા સમર્પણ આદિ સર્વ યજ્ઞ સામગ્રી મેં વિરાટ પુરૂષના અવયવોમાંથી તૈયાર કરી. તે સામગ્રીથી તે જ યજ્ઞ પુરૂષનું મેં યજન કર્યું ૨૭ તે પછી મરીચિમિશ્ર વગેરે નવ બંધુઓ—પ્રજાપતિઓએ જિતેંદ્રિય થઈ ઇંદ્ર આદિક દેવરૂપે પ્રગટ એવા મહા પુરૂષનું યજ્ઞ દ્વારા પૂજન કર્યું. ૨૮ કેટલોએક કાળ વીત્યા પછી મનુઓએ બીજા ઋષિઓએ દૈત્યોએ અને મનુષ્યોએ યજ્ઞોથી તે જ વ્યાપક પુરૂષનું યજન કર્યું. ૨૯ આવા અધિષ્ઠાન રૂપ ભગવાન નારાયણમાં આ સર્વ જગત્ રહેલું છે. ભગવાન પોતે સૃષ્ટિની પૂર્વે નિર્ગુણ હોય છે છતાં માયાથી અનેક ગુણોને ધારણ કરે છે. ૩૦ હું તેમની જ આજ્ઞાથી સૃષ્ટિ રચું છું શંકર સંહાર કરે છે તથા માયાવી ભગવાન વિષ્ણુનું રૂપ લઈ પાલન કરે છે. ૩૧ હે નારદ ! આ રીતે મેં તારા પ્રશ્નોનો ઉત્તર આપ્યો. કાર્ય તથા કારણ રૂપ આ સૃષ્ટિ ભગવાનના સ્વરૂપથી ભિન્ન નથી. ૩૨ મેં ભક્તિભર હૃદયથી ભગવાનનું ધ્યાન ધર્યું તેથી મારી વાણી અસત્ય થતી નથી. મારો સંકલ્પ મિથ્યા થતો નથી તથા મારી ઇંદ્રિયોની વૃત્તિઓ ઉન્માર્ગે જતી નથી. ૩૩ હું વેદમૂર્તિ તથા તપોમૂર્તિ છું પ્રજાપતિઓ મને પ્રણામ કરે છે અને હું તેમનો અધિપતિ છું છતાં મારો જન્મ કોનાથી થયો તે જાણવા માટે મેં યોગ ધારણ કરી મનને એકાગ્ર કરી વિચાર કર્યો પરંતુ જાણી શકાયું નહિ ત્યારે બીજાની શી વાત કરવી ? ૩૪ આકાશ જેમ પોતાના આધારને જાણી શકતું નથી તેમ ઇશ્વર પોતાની માયાને જાણી શકતા નથી ત્યારે બીજાઓ ક્યાંથી જાણી શકે? શરણાગત લોકોના સંસારને ટાળનાર મંગળરૂપ અને કલ્યાણકારી પરમેશ્વરના ચરણને હું નમું છું. ૩૫ હે નારદ ! હું મરીચિ તમે તથા શંકર જેમનાં સત્ય સ્વરૂપને જાણી શકતા નથી ત્યારે બીજા દેવતાઓ ક્યાંથી જાણી શકે ? પરમાત્માની માયાથી મોહિત થયેલા આપણે આપણા જ્ઞાન પ્રમાણે એટલું જ જાણીએ છીએ કે, આ પ્રપંચ રૂપી વિશ્વ ભગવાનની માયાથી ઉત્પન્ન થયેલું છે. ૩૬ ભગવાનના અવતારનાં ચરિત્રો આપણે આ-

…ઓ પરંતુ યથાર્થ જાણી શકતા નથી. ૩૮ અજન્મા અને આદિ પુરૂષ ભગવાન પોતે પ્રત્યેક કલ્પના આરંભમાં પોતા રૂપી આ જગતને પોતામાં સૃજે છે પાળે છે તથા સંહાર કરે છે. કર્તા, અધિકરણ, સાધન અને કર્મ, ઇશ્વર પોતે જ છે. ઇશ્વર ઉપાધિરહિત, સત્ય, અદ્વિતીય, જ્ઞાનમૂર્તિ, સર્વેના અંતર્યામી અને તેથી સંદેહ વિનાના છે. તે ગુણરહિત અને સદા સ્થિર છે. જન્મ મરણ વિનાના સદા પરિપૂર્ણ નિત્ય અને અદ્વૈત છે. દ્વૈત પ્રતીતિને સમયે પણ તે વસ્તુમા અદ્વૈતરૂપે ભાસે છે. ૩૯ હે નારદ! મુનિઓના દેહ, ઇંદ્રિયો અને મન જ્યારે નિર્મળ થાય છે ત્યારે તે પરમાત્માના સ્વરૂપને જાણે છે. દુષ્ટોના કુતર્કોથી પરમાત્માનું સ્વરૂપ પરાભવ પામે છે ત્યારે તે દેખાતું બંધ પડે છે. ૪૦ પરબ્રહ્મ ભગવાનનો પ્રથમ પુરૂષાવતાર થાય છે ત્યાર પછી કાળ, સ્વભાવ, કાર્ય કારણરૂપ પ્રકૃતિ, મહત્તત્વ, મહદ્ભુતો, અહંકારતત્વ, સત્વાદિક ગુણો, ઇંદ્રિયો, વિરાટ શરીર, વિરાટ શરીરના અભિમાની પુરૂષ, સ્થાવર જંગમ રૂપ વિરાટનું વ્યષ્ટિ શરીર ૪૧ હું, શંકર, વિષ્ણુ દક્ષાદિક પ્રજાપતિઓ, દેવર્ષિઓ, સ્વર્ગના અધિપતિઓ, ભુવર્લોકના અધિપતિઓ, મનુષ્ય લોકના અધિપતિઓ, પાતાલાદિકના અધિપતીઓ, ૪૨ જેઓ ગંધર્વોના, વિદ્યાધરોના, ચારણોના, યક્ષોના, રાક્ષસોના, સર્પોના અને નાગોના અધિપતિઓ છે તથા જેઓ ઋષિઓના અધિપતિઓ, પિતૃઓના અધિપતિઓ, દૈત્ય—દાનવોના અધિપતિઓ, સિદ્ધોના અધિપતિઓ તથા બીજા પ્રેતના, પિશાચના, ભૂતના, કુષ્માંડના, જળચરોના, પશુના તથા પક્ષીઓના અધિપતિઓ છે, ૪૩ તથા જગતમાં જે કંઇ ઐશ્વર્યવાળું, તેજસ્વી, મન તથા ઇંદ્રિયોની શક્તિ વાળું, ક્ષમાસંપન્ન, સંપત્તિવાળું. બુદ્ધિવાળું અદ્ભુત વર્ણવાળું તથા જે રૂપવાન અને રૂપરહિત છે તે સર્વ પરમાત્માની વિભૂતિઓ રૂપ છે. હે નારદ! વ્યાપક એવા પરબ્રહ્મ ભગવાનના જે મુખ્ય વરાહ આદિક અવતારો છે તે હું તમને અનુક્રમે કહીશ માટે તમે કાનના મળનો નાશ કરનારા લીલા અવતારો રૂપી અમૃતનું કાન રૂપી પડીઆથી પાન કરો. ૪૫

प्राधान्यतो यानृष आमनन्ति
लीलावतारान्पुरुषस्य भूम्नः ।
आपीयतां कर्णकषायशोषा
ननुक्रमिष्ये त इमान्सुपेशान् ॥ ४५ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणे द्वितीयस्कंधे षष्ठोध्यायः

અધ્યાય ૭ મો.*

લીલા અવતારોનાં કર્મો.

ब्रह्मोवाच.

यत्रोद्यतः क्षितितलोद्धरणाय बिभ्रत्
क्रौडीं तनुं सकलयज्ञमयीमनन्तः ।
अंतर्महार्णव उपागतमादिदैत्यं
तंदंष्ट्रयाद्रिमिव वज्रधरो ददार ॥ १ ॥

બ્રહ્મા કહે છે—હે નારદ! જ્યારે અનન્ત ભગવાન પૃથ્વીને પાણીમાંથી બહાર કાઢવા સર્વજ્ઞ રૂપી વરાહનું શરીર ધારણ કરીને તૈયાર થયા ત્યારે સાગરમાં રહેલા અને દૈત્ય એવા નામથી પ્રખ્યાત થયેલા હિરણ્યાક્ષને ઇન્દ્ર જેમ વજ્રથી પર્વતોને ચીરી નાંખે તેમ દાઢોથી ચીરી નાંખ્યો હતો. ૧ રુચિ નામના પ્રજાપતિથી આકુતિમાં સુયજ્ઞ નામના પુત્ર થઇને અવતર્યા હતા, તેમને હરિના નામથી બોલાવતા હતા. ૨ હે નારદ! ભગવાન કર્દમ ઋષિને ઘેર દેવહૂતિને વિષે નવ બેનોની સાથે કપિલને નામે ઉત્પન્ન થયા હતા અને પોતાની માતાને પરબ્રહ્મનો ઉપદેશ કર્યો હતો—જે આત્મવિદ્યાથી દેવહૂતિ તેજ

* આ સાતમા અધ્યાયમાં બ્રહ્મા નારદને ઇશ્વરના વરાહાદિક અવતારો; તેનાં કર્મો, પ્રયોજનો તથા ગુણોની સાથે ભગવાનના લીલારૂપી અવતારો સંભળાવશે.

જન્મમાં આત્મસ્વરૂપને પામી કપિલની ગતિને પામ્યાં હતાં. ૩ અત્રિએ પુત્રની કામનાથી ભગવાનને પ્રસન્ન કર્યાથી ભગવાને તેમને કહ્યું હતું કે, 'હું મારો આત્મા જ તને આપું છું.' પછી પોતે તેને ત્યાં અવતરીને દત્તાત્રયને નામે પ્રખ્યાત થયા હતા. ભગવાનના ચરણકમળના પરાગથી પવિત્ર દેહવાળા યદુ તથા સહસ્રાર્જુન વગેરે રાજાઓ ભોગ તથા મોક્ષરૂપી યોગ સંપત્તિઓને પામ્યા હતા. ૪ હે નારદ! બહુ પ્રકારના લોકો કરવાની ઇચ્છાથી સૃષ્ટિના આરંભમાં અખણ્ડિત એવું તપ મેં કર્યું હતું. મારા તપથી શ્રીહરિ સનત્કુમાર સનક સનંદન સનાતન નામના ચાર ઋષિ રૂપે અવતર્યા હતા. તેઓની પૂર્વે કલ્પનો પ્રલય થવાથી તે સમયનું જે આત્મજ્ઞાન નાશ થયું હતું તેનો પુનઃ સર્વને સારી રીતે ઉપદેશ કર્યો હતો તે સાંભળવાથી મુનિઓને આત્માનો સાક્ષાત્કાર થયો હતો. ૫ દક્ષની પુત્રી અને ધર્મની મૂર્તિમાં નર અને નારાયણ એવી બે મૂર્તિ રૂપે ભગવાન તે પછી અવતર્યા હતા. તેમના તપનો પ્રભાવ અસાધારણ હતો. કામદેવની સેના રૂપી અપ્સરાઓ ભગવાન નારાયણથી ઉત્પન્ન થયેલી ઉર્વશી આદિક અપ્સરાઓ પણ તેના નિયમોનો ભંગ કરી શકી ન હતી. ૬ શંકર વગેરે ક્રોધદૃષ્ટિથી કામને બાળે છે પરંતુ પોતાને બાળનારા અસહ્ય ક્રોધને બાળી શકતા નથી. ક્રોધ નરનારાયણના નિર્મળ મનમાં પ્રવેશ કરતાં બીહે છે ત્યારે કામ તો તેમના મનમાં કેવી રીતે પ્રવેશ કરે? ૭ ઉત્તાનપાદ રાજાની સમક્ષમાં ધ્રુવ ઓરમાન માતાના મહેણાથી બાળક છતાં તપશ્ચર્યા કરવા વનમાં ગયા હતા. ભગવાને ધ્રુવ ઉપર પ્રસન્ન થઇ તેને અવિચળ સ્થાન આપ્યું હતું એ સ્થાનની નીચે રહેલા સપ્તર્ષિઓ તથા ઉપર રહેલા ભૃગુ વગેરે ઋષિઓ તેમની સ્તુતિ કરે છે. ૮

વેન રાજા જ્યારે અવળે માર્ગે ચાલવા લાગ્યો ત્યારે બ્રાહ્મણોએ શાપ દઈને તેનું પૌરૂષ અને ઐશ્વર્ય બાળીને ભસ્મ કરી નાંખ્યાં. ઋષિઓની યાચનાથી ભગવાને પૃથુ નામનો અવતાર ધારણ કરી વેનનો ઉદ્ધાર કરી પુત્રપણાને સાર્થક કર્યું હતું, તથા પૃથ્વીમાંથી અન્નાદિક વસ્તુઓને દોહી હતી. ૯ વળી ભગવાન નાભિ રાજાની રાણી સુદેવી, જેનું બીજું નામ મરૂદેવી હતું તેને પેટે ઋષભ દેવને નામે પુત્ર થઇને અવતર્યા હતા અને સમદૃષ્ટિવાળા તે નિત્ય જડની માફક સમાધિ દશામાં ફર્યા કરતા હતા સ્વ સ્વરૂપમાં સ્થિતિ કરીને રહેલા એવા તેમની સર્વ ઇન્દ્રિયો વિષયવાસના રહિત હતી, કારણ કે તેમની સર્વમાંથી આસક્તિ ઉઠી ગઇ હતી. ઋષિઓ આ દશાને પરમહંસદશા કહે છે. ૧૦ મારા યજ્ઞમાં સુવર્ણના જેવા ચળકતા રંગવાળા વેદમૂર્તિ અને સર્વદેવમય યજ્ઞપુરૂષ હયગ્રીવ રૂપે પ્રકટ થયા હતા તે વખતે શ્વાસ લેતા નાકમાંથી મનોહર એવી વેદવાણી ઉત્પન્ન થઇ હતી ૧૧ પ્રલય વેળા જે ભગવાન પૃથ્વી રૂપ હોવાથી સર્વ જીવસમૂહના આશ્રય જેવા હતા તે મત્સ્યાવતાર ધારણ કરનારા ભગવાનનાં મનુને દર્શન થયા હતાં, અને મારા મુખમાંથી મહા ભયંકર એવા પ્રલયના પાણીમાં પડી ગયેલા વેદોને લઈને તેમણે હર્ષથી તે પાણીમાં વિહાર કર્યો હતો. ૧૨ દેવતાઓ તથા દૈત્યોના અધિપતિઓ અમૃત માટે ક્ષીરસાગરનું મથન કરતા હતા, તે સમયે ભગવાને કાચબાનું રૂપ ધારણ કરી પીઠ ઉપર મંદરને ધારણ કર્યો હતો. તે વેળા પર્વતના ઘસારાથી પીઠ ઉપરની ખરજ મટી હતી, તેથી તેમને નિદ્રાનો આનંદ મળ્યો હતો. ૧૩ ભગવાને દેવતાઓને મહા ભય આપનારૂં હાસ્યવાળું ચંચળ ભ્રુકુટીવાળું મોટી દાઢોવાળું તથા ભયંકર મુખવાળું નૃસિંહનું રૂપ ધારણ કરી ગદા લઇ આવે

આવતા અને પાસે આવીને ઉછળતા દૈત્યના રાજા હિરણ્યકશિપુને પોતાની સાથળ ઉપર નાખી ચીરી નાંખ્યો હતો. ૧૪ સરોવરની અંદર છુપાઈ રહેલા મહા બળવાળા મગરે યૂથપતિ હાથીનો પગ પકડી રાખ્યો ત્યારે આતુર થઈ ગયેલો તે હાથી, પોતાની સુંઢમાં કમળ લઈને હે આદિ પુરૂષ ! હે હરિ ! આ પ્રમાણે બોલીને શ્રીહરિને બોલાવવા લાગ્યો. ૧૫ તે વખતે ગજેંદ્રનું વચન સાંભળી જાણવામાં આવે નહિ એવા તથા ગરૂડના ખભા ઉપર બિરાજેલા ચક્રપાણિએ ત્યાં પધારી પેલા મગરના મુખને ચીરી નાંખ્યું અને કૃપાથી તેની સુંઢને પકડી તે શરણાગત હાથીને સરોવરમાંથી બહાર કાઢયો.

યજ્ઞના અધિષ્ઠાતા વિષ્ણુ અદિતિના બાર પુત્રોમા સૌથી નાના હતા, તથાપિ ગુણમાં તેમના કરતાં ચઢિયાતા હતા કારણ કે, સર્વ લોકોને તેમણે ત્રણ પગલાંથી આવરી લીધા હતા વામનાવતારધારી ભગવાને ત્રણ પગલાં પૃથ્વી માગવાને બહાને આખી પૃથ્વી હરી લીધી હતી. જે પુરૂષ ધર્મને માર્ગે ચાલતો હોય તેને સમર્થ પુરૂષો પણ યાચના વિના પદભ્રષ્ટ કરી શકતા નથી. ૧૭ હે નારદ ! બલિ રાજાએ ભગવાનના ચરણનું જળ પોતાના મસ્તક ઉપર ચઢાવ્યું અને શુક્રાચાર્યે વાર્યા છતાં પોતે સ્વીકાર કરેલા ભૂમિદાન વિના બીજી કંઇ પણ ઇચ્છા કરી નહિ. મસ્તક નમાવીને ત્રીજું ચરણ મૂકવા માટે શ્રીહરિને પોતાનો દેહ અર્પણ કર્યો હતો.૧૮ હે નારદ ! તારી વૃદ્ધિ પામેલી ભક્તિથી પ્રસન્ન થઈ ભગવાને હંસનો અવતાર લઈ પોતાનો તથા આત્મસ્વરૂપનો પ્રકાશ કરનારા ભાગવત શાસ્ત્રનો તને સારી રીતે ઉપદેશ કર્યો હતો, અને એ જ્ઞાનને, વાસુદેવનો આશ્રય કરનારા ભક્તજનો શ્રમ વિના જાણે છે. ૧૯ ભગવાન મન્વંતરાવતારમાં મનુવંશના પાલક થઇને, દશે દિશામાં સુદર્શન ચક્રની પેઠે પાછા ફરે નહિ એવા પોતાના પ્રભાવને ધારણ કરતા હતા, અને એ મનુએ દુષ્ટ રાજાઓને શિક્ષા કરી હતી અને પોતાનાં ચરિત્રોવડે પોતાની મનોહર કીર્તિને ત્રણ લોકની ઉપર આવેલા સત્યલોક સુધી ફેલાવી હતી. ૨૦ ભગવાન ધન્વંતરી પોતાના નામથી જ મહા રોગીઓના રોગનો નાશ કરે છે તથા જે દેવતાઓનું અમર આયુષ્ય કરવાથી જગતમાં કીર્તિ રૂપે રહેલા છે તથા પૂર્વે દૈત્યોએ જેમનો યજ્ઞમાં ભાગ અટકાવ્યો હતો, તે ભાગ જેમણે ફરીથી મેળવ્યો હતો તે આ લોકમાં અવતાર લઇ સર્વને આયુર્વેદનો ઉપદેશ કરીને તેનો વિસ્તાર કરે છે.૨૧ જગતમાં ક્ષત્રિયનું કુળ જગતના ક્ષય માટે દૈવે વધારેલુ હતું. તે બ્રાહ્મણોનો દ્રોહ કરતું હતું, વેદના માર્ગથી વિરૂદ્ધ હતું પાપી કામો કરવાથી નરકની પીડા ભોગવવા આતુર થઇ રહેલું હતું તથા પૃથ્વી ઉપર કાંટા સમાન હતું, તેનો નાશ કરવાને ભગવાને ઉગ્ર પરાક્રમી મહાત્મા પરશુરામનો અવતાર લઈ પોતાની તીક્ષ્ણ ફરશીથી એકવીસ વાર પૃથ્વીને નક્ષત્રિય કરી હતી. ૨૨

હે નારદ ! ભગવાન આપણી ઉપર કૃપા કરવા ઇક્ષ્વાકુના વંશમાં ભરતાદિક અંશોની સાથે શ્રીરામ રૂપે અવતર્યા હતા અને પિતાની આજ્ઞામાં રહી પોતાનાં પત્ની સીતા તથા નાના ભાઇ લક્ષ્મણ સાથે વનમાં ગયા હતા. એમની સાથે વિરોધ કરીને દશ મસ્તકવાળો રાવણ મરણ પામ્યો હતો ૨૩ ત્રિપુરારિ શંકરે જેમ ત્રિપુરને બાળવાની ઇચ્છા કરી હતી તેમ રામાવતારમાં શ્રીરામે પણ શત્રુના નગરને બાળવાની ઇચ્છા કરી હતી જ્યારે તે લંકા તરફ જવા લાગ્યા ત્યારે સમુદ્રે રામને માર્ગ આપ્યો નહિ. સીતાવિયોગી રામે સમુદ્ર ઉપર ક્રોધ કર્યો તેથી સમુદ્રનાં સર્વ અંગો ભય લાગવાથી કંપવા લાગ્યાં. દૂર રહેલાં સીતાના વિયોગથી વૃદ્ધિ

પામેલા રોષને લીધે સમુદ્રમાં રહેલા મગર સર્પ તથા ગ્રુડ વગેરે જળચરનો સમૂહ બળવા લાગ્યો અને સાગરે રામને માર્ગ આપ્યો. ૨૪ રાવણ ઇંદ્રની સાથે યુદ્ધ કરવા તૈયાર થયો ત્યારે રાવણની છાતીમાં ઇંદ્રના વાહન ઐરાવતે પોતાના દંતુશળ માર્યા તેથી તે તુટી જઇને દિશાઓમાં પડયા. પ્રકાશ પામતી એવી દિશાઓના પાલન કરનારા અને શત્રુઓની સેનામાં ઘુમતા શ્રીરામ સતી સીતાનું હરણ કરનારા રાવણને 'મારા જેવો બીજો બળવાન કોણ છે ?' આવા અભિમાનને લીધે જે હસવું આવ્યું હતું તે હાસ્યને તેના પ્રાણ સાથે ધનુષનો ટંકાર કરીને હરી લેશે. ૨૫

દૈત્યોની સેનાના ભારથી પીડા પામતી પૃથ્વીના કષ્ટને દૂર કરવા કાળા કેશવાળા ભગવાન શ્રીકૃષ્ણ પોતાના અંશરૂપ બળદેવની સાથે અવતાર ધારણ કરશે અને જેનો માર્ગ જાણવામાં આવ્યો નથી એવા તે પોતાના મહિમાને દર્શાવનારાં કાર્યો કરશે. ૨૬ હે નારદ ! શ્રીકૃષ્ણ સાક્ષાત ભગવાન થશે એમાં જરા પણ સંદેહ નથી. જો તેમ ન હોય તો બાળક અવસ્થામાં પુતનાના પ્રાણ હરણ કરવા, ત્રણ મહિનાની અવસ્થામાં પગની પાટુ મારીને ગાડાને ઉંધુ નાંખી દેવું તથા રિખતાં રિખતાં આકાશનો સ્પર્શ કરનારાં યમલાર્જુનનાં બે ઝાડ વચ્ચે પેશીને તેમને મૂળમાંથી ઉખાડી નાખવાં એ કેમ બને ? ૨૭ વ્રજમાં યમુનાના ઝેરી ધરાનું ઝેરી પાણી પીને મરણતુલ્ય થઇ ગયેલાં ઢોરોને તથા ગોવાળીઆઓને અનુગ્રહ દૃષ્ટિરૂપી અમૃતની વૃષ્ટિથી જીવાડશે અને યમુનામાં વિહાર કરતા શ્રીકૃષ્ણ યમુનાના કાલિંદી નામના ધરાને વિષ વિનાનો કરવા માટે ઝેરની અત્યંત ઉગ્રતાથી ચંચળ જીભવાળા કાલીય નાગને ધરામાંથી બહાર કાઢી મૂકશે. ૨૮ કાલીય નાગને નાથશે તે દિવસે રાત્રિએ ગોપી, બાળક, ગાયો અને વાછડાં સઘળાં યમુના નદીના તીર ઉપર આવેલાં અને ઉનાળાના તાપથી સુકાઇ ગયેલાં વનમાં નિદ્રાધીન થશે, તે વખતે વન અગ્નિથી ચારે તરફ બળવા માંડશે ત્યારે જેના મરણનો સમય નજદીક આવી ચડેલો છે એવાં વ્રજવાસીઓને આંખો મીંચાવીને અજ્ઞાત પરાક્રમવાળા ભગવાન શ્રીકૃષ્ણ બળદેવની સાથે રહીને, વ્રજવાસીઓનો દાવાનલમાંથી ઉદ્ધાર કરશે. વળી શ્રીકૃષ્ણની માતા યશોદા પુત્રને બાંધવા માટે જે દામડું લેશે તે દામડું ટુંકું પડશે તથા શ્રીકૃષ્ણ બગાસું ખાશે ત્યારે યશોદા તેમના મુખમાં ચૌદ લોકને જોઇ શંકાશીલ થશે, પણ પછી તેમને બાળક શ્રીકૃષ્ણના ઇશ્વરપણાનું જ્ઞાન થશે, તે કાર્ય પણ દેવતાના જેવુંજ છે. ૩૦ શ્રીકૃષ્ણ નંદરાયને વરૂણ દેવના પાશના ભયમાંથી મુક્ત કરશે. મયના પુત્ર વ્યોમાસુરે ગુફામાં પૂરેલા ગોવાળીઆઓને છુટા કરશે તથા દિવસે કામકાજ કરવામાં જોડાયેલા હોવાથી, થાકી ગયેલા અને તેથી રાત્રે નિદ્રાવશ થયેલા આખા ગોકુળને વૈકુંઠ લોકમાં લઇ જશે અને તેનાં દર્શન કરાવશે, તે કાર્ય પણ દેવતાના જેવુંજ છે. ૩૧ વળી નંદ વગેરે ગોવાળીઆઓ ઇન્દ્રનો યજ્ઞ બંધ કરીને તેના યજ્ઞમાં વિઘ્ન કરશે, ત્યારે ઇન્દ્રદેવ વ્રજનો નાશ કરવા માટે રાત દિવસ મુસલધારે વ્રજ ઉપર જળ વરસાવશે, તે સમયે દયાને લીધે પશુઓનું રક્ષણ કરવાની ઇચ્છાથી સાત વર્ષની ઉમ્મરના શ્રીકૃષ્ણ સાત દિવસ સુધી એક હાથ ઉપર ગોવર્ધન પર્વતને બિલાડાના ટોપની માફક ધરી રાખશે. ૩૨ વળી ચંદ્રનાં કિરણોથી અજવાળી રાત્રિએ વૃંદાવનમાં રાસક્રીડા કરવાને તૈયાર થયેલા શ્રીકૃષ્ણ ભગવાન મનોહર પદવાળા અને લાંબા આલાપવાળા બંસીના નાદથી ગોપિકાઓને કામોન્માદ ઉત્પન કરશે, તે વેળા

કુબેરનો સેવક શંખચુડ તે સ્ત્રીઓને હરી જશે. એ સમે શ્રીકૃષ્ણ તે દૈત્યના મસ્તકને કાપી નાંખશે. ૩૩ પ્રલંબાસુર, ગર્દભાસુર, બકાસુર, કેશી, અરિષ્ટ, ચાણુર વગેરે મલ્લ, કુવલયાપીડ હાથી, કંસ, કાળયવન, નરકાસુર, પોંડ્રક વાસુદેવ વગેરે તથા બીજા શાલ્વ દ્વિવિદ વાનર, બલ્વલ, દંતવક્ત્ર સાત બળદો શંબરાસુર, વિદુરથ, રૂક્‌મી તથા રણમાં ધનુષ ધારણ કરનારા અને યુદ્ધમાં પોતાનાં વખાણ કરનારા, કાંબોજ, મત્સ્ય, કુરૂ, કૈકય, સંજય વગેરે દેશના રાજાઓમાં શ્રીકૃષ્ણ, બળદેવ, ભીમસેન, અર્જુન આદિક દ્વારા નાશ કરાવશે અને તે રાજાઓ શ્રીકૃષ્ણના ધામમાં જશે આ તેમનું સર્વ કર્મ દેવતાના જેવું છે. ૩૫

વળી કાળ વીતતાં, ટુંકી બુદ્ધિવાળાં તથા અલ્પ આયુષ્યવાળાં મનુષ્યો, વેદનો પાર પામી શકશે નહિ એવો વિચાર કરી ભગવાન, યુગ યુગ પ્રત્યે સત્યવતી નામની સ્ત્રીથી વેદવ્યાસ રૂપે પ્રગટ થઇ વેદ રૂપી વૃક્ષનો અનેક શાખાઓમાં વિભાગ કરશે. ૩૬ દેવતાઓના શત્રુઓ જેઓ વેદમાર્ગે ચાલનારા છે તેઓ મયદાનવે બનાવી આપેલાં, અદૃશ્ય ફરતાં અને અત્યંત વેગવાળાં ત્રણ નગરમાં બેસી જ્યારે લોકોનો સંહાર કરવા માંડશે ત્યારે ભગવાન દૈત્યોની મતિને મોહ કરનારો તથા લલચાવનારો વેશ ધારણ કરીને તેઓને પાખંડી ધર્મનો બહુ બહુ ઉપદેશ કરશે. ૩૭ વળી જ્યારે કલિયુગને અંતે ઉત્તમ મનુષ્યોના ઘરમાં શ્રીહરિ ભગવાનની કથાઓ નહિ થાય બ્રાહ્મણ, ક્ષત્રિય તથા વૈશ્યો પાખંડી થશે, શુદ્રો રાજાઓ થશે, અને જે સમયે કોઈ ઠેકાણે, સ્વાહા, સ્વધા, વષટ્ એવી વાણી સંભળાશે નહિ, દેવ તથા પિતૃનાં કાર્ય બંધ પડશે ત્યારે કાળને શિક્ષા કરનારા ભગવાન કલ્કિરૂપે અવતાર ધારણ કરશે. ૩૮ સૃષ્ટિના ઉત્પત્તિ કાળમાં હું (બ્રહ્મા), ઋષિઓ તથા નવ પ્રજાપતિઓ તપ કરતા હતા. સૃષ્ટિની સ્થિતિ સમયે ધર્મ વિષ્ણુ મનુ દેવતાઓ તથા રાજાઓ હતા અને સંહાર સમયે અધર્મ, અધર્મનો સંહાર કરનારા રૂદ્ર, ક્રોધવશ સર્પો તથા અસુર વગેરે હોય છે. એ સર્વે મહા શક્તિવાળા પરમેશ્વરની માયાની વિભૂતિઓ છે. ૩૯ જે વિદ્વાન પૃથ્વીના રજકણોને ગણનારો હોય એવો કયો વિદ્વાન વિષ્ણુ ભગવાનનાં પરાક્રમોની ગણના કરી શકે છે? વિષ્ણુ ભગવાન ત્રિવિક્રમાવતાર ધારણ કરી પોતાના અકુંઠિત વેગથી દોડયા હતા, ત્યારે પ્રકૃતિના આવરણથી માંડીને છેક સત્યલોક સુધી સર્વ લોકો કંપી ઉઠયા હતા, ત્યારે તેમણે સત્યલોક પર્યંત સર્વ લોકને સ્થિર કર્યા હતા. ૪૦ ભગવાનની માયાના બળનો છેડો હું તથા આ તારા મોટા ભાઇ મુનિઓ પણ જાણતા નથી, ત્યારે બીજાઓ કયાંથી જાણે? હજાર મુખવાળા આદિદેવ શેષનાગ પોતાનાં હજાર મુખથી ભગવાનના ગુણોને ગાય છે, છતાં ભગવાનના ગુણના પારને પામ્યા નથી. ૪૧ અનંત ગુણવાળા ભગવાન જેઓના ઉપર કૃપા કરે તે પુરૂષો નિષ્કપટ ભક્તિથી જો ભગવાનનાં ચરણારવિંદનો આશ્રય કરે તો તે પુરૂષો ઇશ્વરની માયાને તરી જાય અને તેઓને કુતરાં તથા શિયાળને ભક્ષણ કરવા યોગ્ય આ શરીર ઉપર અહંતા મમતા રૂપ બુદ્ધિ થતી નથી. ૪૨

હે નારદ! પરમેશ્વરની યોગમાયાને હું તું ભગવાનનો ભક્ત પ્રલ્હાદ સ્વાયંભુ મનુ તેમની સ્ત્રી, તેમના પુત્રો, પ્રાચીનબર્હિષ રાજા, ઋભુ, અંગ રાજા ધ્રુવ, ૪૩ ઇક્ષ્વાકુ, પુરૂરવા, મુચકુંદ, વિદેહ રાજા, ગાધિ, રઘુ, અંબરીષ, સગર, ગય, નહુષ પ્રમુખ રાજાઓ તથા માંધાતા, અલર્ક, શતધન્વા, અનુ, રંતિદેવ, ભીષ્મ, બલિ, અમૂર્તરય, દિલીપ, ૪૪ સૌભરી, ઉત્તંક, શિબિ, દેવલ, પિપ્પલાદ,

સારસ્વત, ઉદ્ધવ, પરાશર, ભૂરિષેણુ વિભીષણ, હનૂમાન, શુકદેવ, અર્જુન, આર્ષ્ટિષેણ, વિદુર, શ્રુતદેવ વગેરે મહાત્મા પુરૂષો, ભગવાનની માયાને જાણવાથી તેમના પારને પામે છે. સ્ત્રી, શુદ્ર, હૂણ અને ભિલ્લ વગેરે પાપી જીવો તથા પક્ષીઓ પણ જો અદ્ભુત ગતિવાળા ભગવાનના ભકતના જેવાં સારાં આચરણવાળા હોય તો તેઓ ભગવાનની માયાને જાણે તથા તરી જાય છે, ત્યારે જેઓ ભગવાનમાં મનની ધારણા કરનારા છે તેઓ ભગવાનની માયાને જાણે તથા તરી જાય તેમાં શું આશ્ચર્ય છે. ૪૬ મુનિગણો જેને પરબ્રહ્મ કહે છે તે ભગવાનનું સ્વરૂપ નિત્ય સુખરૂપ છે. શોકરહિત કાર્ય તથા કારણથી જુદું તથા જ્ઞાતારૂપ છે. જ્યાં વાણી પહોંચી શકતી નથી. તેમ ઘણા સાધનોથી સિદ્ધ થતી એવી ક્રિયાનું ફળ પણ જ્યાં પહોંચતું નથી, જે પરમાત્માની સન્મુખ ઉભા રહેતાં માયા પણ દૂર નાશી જાય છે, તથા કોઈ દરિદ્ર મનુષ્ય જેમ સમૃદ્ધિવાળો થયા પછી દરિદ્રાવસ્થામા સંગ્રહ કરી મૂકેલા કુવા વગેરે ખોદવાનાં કોશ કોદાળી વગેરે હથીઆરોનો ત્યાગ કરે છે, તેમ યતિ લોકો પણ નિત્ય સાથે રહેનારા મનને ઉપર કહેલા તે પરમાત્મા વિષે સારી રીતે સ્થિર કરીને પછી અભેદ જ્ઞાનનાં સર્વ સાધનોનો ત્યાગ કરે છે. ૪૮ જે ભગવાનથી મહત્તત્વ આદિક પદાર્થોના સંયોગથી થતા જગતની પ્રસિદ્ધ રીતે ઉત્પત્તિ થાય છે તથા પૃથ્વી આદિક પાંચ ભૂતોના વિયોગ થાય છે ત્યારે તેની પાછળ શરીરનો નાશ થયા છતાં પણ જે અજન્મા આત્માનો આકાશની પેઠે નાશ થતો નથી તે પ્રત્યેક તત્ત્વ રૂપ અભેદમૂર્તિ પરમાત્મા કર્મોનાં ફળ આપનારા છે. ૪૯ હે નારદ! વિશ્વને પ્રગટ કરનારા ભગવાનનું સ્વરૂપ મેં તમારી આગળ ટુંકામાં કહ્યું. કારણ રૂપ આ પ્રપંચ શ્રીહરિથી જુદો નથી પરંતુ શ્રીહરિ તે કાર્ય રૂપ પ્રપંચથી જુદા છે. ૫૦ જે ભાગવત મને ભગવાને કહ્યું હતું તે તથા તે ભગવાનની વિભૂતિઓનો સંગ્રહ મેં તને કહ્યો, હવે તું તેનો જગતમાં વિસ્તાર કર. ૫૧ સર્વના આધારભૂત શ્રીહરિ ભગવાન વિષે મનુષ્યોની જે પ્રમાણે ભક્તિ થાય તે પ્રમાણે વિચાર કરીને તેનું વર્ણન કર, શ્રીહરિની લીલાને આગળ કરી તેનું વર્ણન કંર. ૫૨ જે મનુષ્ય ભગવાનની માયાશ્રિત લીલાનું નિત્ય વર્ણન કરે છે તેનાં નિત્ય વખાણ કરે છે અને શ્રદ્ધાપૂર્વક તેમની લીલાઓને સાંભળે છે તેનો આત્મા માયાથી કદી મોહ પામતો નથી. ૫૩

मायां वर्णयतोऽमुष्य ईश्वरस्यानुमोदतः ।
शृण्वतः श्रद्धया नित्यं माययात्मा न मुह्यति ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेद्वितीयस्कंधे सप्तमोऽध्यायः

અધ્યાય ૮ મો.*

આત્માનો દેહ સાથે સંબંધ.

राजोवाच

ब्रह्मणा प्रेरितो ब्रह्मन् गुण[illegible] जल्पना
यस्मै यस्मै यथा प्राह नारदो देवदर्शनः ॥

રાજાએ પૂછ્યું કે—હે શુકદેવજી! નિર્ગુણ ભગવાનના ગુણો વર્ણવવા માટે પ્રેરેલા અને દેવતાના જેવા પવિત્ર દર્શનવાળા નારદે, જેને જેને જે પ્રમાણે શ્રીહરિની કથા કહી હોય તેજ પ્રમાણે હુ તે સર્વ સાંભળવાની ઇચ્છા રાખું છું, કારણ કે અદ્ભુત પરાક્રમવાળા ભગવાનની કથાઓ લોકનું ઉત્તમ પ્રકારનું મંગળ કરનારી છે. હે મહાભાગ! શ્રીહરિની કથાઓ મને કહો કે જેથી હું સર્વના આત્મા રૂપ શ્રીકૃષ્ણ ઉપર સંસારની વાસના રહિત થયેલા મનને સ્થિર કરી આ મિથ્યા

*આ આઠમા અધ્યાયમા પરીક્ષિત રાજાએ જીવ તથા ઈશ્વરને દેહનો સબંધ કેવી રીતે થાય છે તે વિષે શંકા કરીને ઘણા પ્રશ્નો પૂછ્યા હતા તેની; તથા પુરાણના ઘણા જાણવા યોગ્ય પ્રશ્નો પૂછ્યા હતા તેની કથા કહી છે.

દેહનો ત્યાગ કરું. ૩ જે મનુષ્ય નિત્ય શ્રદ્ધાથી શ્રીહરિનાં ચરિત્રો સાંભળે છે તેમજ ગાય છે તેના હૃદયમાં થોડા સમયમાં ભગવાન વસેછે. ૪ શરદ્ ઋતુ જેમ પાણીના દોષ દૂર કરીને જળને નિર્મળ કરે છે, તેમ ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ભકતજનોના કાનનાં છિદ્ર તેના હૃદયકમળમાં પ્રવેશ કરી હમેશ પાવન કરે છે. ૫ ત્યાર પછી પ્રવાસ કરનારો મનુષ્ય જેમ પોતાને ઘેર આવ્યા પછી સર્વ દુઃખોમાંથી મુકત થઇ ઘરનો ત્યાગ કરતો નથી તેમ શ્રીકૃષ્ણના ચરણને પ્રાપ્ત થવાથી સર્વ પ્રકારના કલેશમાંથી મુકત થયેલો અને નિર્મળ મનનો પુરૂષ શ્રીકૃષ્ણના ચરણકમળને છોડતો નથી. ૬ હે શુકદેવજી ! પાંચ ભૂતોના સંબંધરહિત આત્માનો પંચ મહાભૂતોથી જે દેહ બંધાય છે તે કારણ વિના બંધાય છે કે કોઇ કારણથી બંધાય છે, તે તમે જે રીતે જાણતા હો તે રીતે મને કહો. જેના નાભિકમળમાંથી સર્વ લોકની રચનાવાળું કમળ ઉત્પન્ન થયું હતું ને ભગવાનના અવયવો પણ પ્રાકૃત મનુષ્યોના જુદા જુદા અને જેટલા પરિમિત અવયવો છે તેટલાજ જુદા જુદા અવયવો તથા જુદા જુદા વિભાગો તમે મને ગણાવ્યા, ત્યારે ઇશ્વરમા મનુષ્યના કરતાં વિશેષ શું તે કહો. ૮ ઇશ્વરના નાભિકમળ માંથી ઉત્પન્ન થયેલા અને સર્વ પ્રાણીઓના આત્માભૂત બ્રહ્મા જેના અનુગ્રહથી પ્રાણીઓને સૃજે છે અને જેના અનુગ્રહથી પરમાત્માના રૂપને જાણે છે તથા જેનાથી જગતની ઉત્પતિ સ્થિતિ અને લય થાય છે, એવા માયાથી પર ઇશ્વર અને સર્વના અંતર્યામી પુરૂષ ભગવાન પોતાની માયાનો ત્યાગ કરી જે રૂપનો આશ્રય કરીને શયન કરે છે તે રૂપ પણ યથાર્થ રીતે મને કહો. ૧૦ હે પ્રભો ! વિરાટ પુરૂષના અવયવોમાંથી પૂર્વે લોકપાળ સહિત લોકોની કલ્પના કરી છે, તેમજ લોકપાળ સહિત લોકોથી ભગવાનના અવયવોની કલ્પના કરેલી છે, એમ બન્ને વાત તમારા મુખથી મેં સાંભળી છે એ બન્નેમાં યથાર્થ શું છે તે નિશ્ચય કરીને મને કહો. ૧૧ મહા પ્રલય અને અવાંતર પ્રલયનું કેટલું પ્રમાણ છે, ભૂત, ભવિષ્ય અને વર્તમાન શબ્દોથી બોલાતા કાળનું માપ કેવી રીતે કરવું, સ્થૂલ શરીરના અભિમાની એવા મનુષ્યોનું પિતૃઓનું તથા દેવતાઓનું આયુષ્ય કેટલું છે. ૧૨ કાળની નાની તથા મોટી જે ગતિ જાણવામાં આવે છે તે કેવી છે તથા કર્મથી પ્રાપ્ત થાય એવાં કયાં કયાં સ્થાનો છે અને તે કેવાં છે ? ૧૩ વળી સત્વ રજ અને તમ એ ત્રણ ગુણોના પરિણામ રૂપ દેવતા આદિકનાં શરીરોની ઇચ્છા વાળા જે જીવો છે તેઓને કયા કયા પરિણામમાં કેવા કેવા કર્મના સમુદાયની જરૂર છે અને કયા કયા કર્મથી કયા કયા દેવતા વગેરેના શરીરનો લાભ થાય છે. ૧૪ પૃથ્વી પાતાળ દિશા આકાશ ગ્રહ નક્ષત્ર પર્વત નદી સમુદ્ર અને દ્વીપ વગેરેમાં વસનારાં પ્રાણીઓ કેવી રીતે ઉત્પન્ન થાય છે ? ૧૫ આ બ્રહ્માંડકોશ અંદરથી તથા બહારથી વિસ્તારમાં કેવડો છે તે કહો તથા મહા પુરૂષોનાં ચરિત્રો અને ચારવર્ણના તથા ચાર આશ્રમના ધર્મો પણ કહો. ૧૬ ભગવાનના અવતારોનું અતિ આશ્ચર્યકારક ચરિત્ર યુગ યુગનું માપ યુગ યુગના ધર્મો ૧૭ મનુષ્યોના સાધારણ તથા વિશેષ ધર્મો જેવા હોય તેવા તથા જુદા જુદા વ્યવસાયીઓના રાજર્ષિઓના તથા આપત્તિ સમયમાં આજીવિકા કરનારાં પ્રાણીઓના જેવા ધર્મો હોય તેવા કહો. ૧૮ તેમજ પ્રકૃતિ વગેરે તત્વોની સંખ્યા તેનું સ્વરૂપ તે તે કાર્ય ઉપરથી તેનું સ્વરૂપ દેવતાઓના પૂજનનો વિધિ આઠ અંગવાળા યોગનો વિધિ તથા આત્મજ્ઞાનનો વિધિ કહો. ૧૯ યોગીશ્વરોની અણિમાદિક ઐશ્વર્યદ્વારા અર્ચિરાદિક માર્ગે થતી ગતિઓ

યોગીઓનાં લિંગ શરીરનો પ્રલય તથા ઋક્, યજુષ્ અને સામ આદિક વેદો આયુર્વેદ આદિ ઉપવેદો, ધર્મશાસ્ત્રો, ઈતિહાસો અને પુરાણોનું સ્વરૂપ કહો. ૨૦ સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયનું સ્વરૂપ અને ઇષ્ટાપૂર્ત વગેરે કર્મો તથા અગ્નિહોત્રાદિક કામ્ય કર્મોનો તેમજ ધર્મ અર્થ અને કામના વિરોધ રહિત જે વિધિ હોય તે કહો. ૨૧ જેમની ઉપાધિ નાશ પામેલી છે એવા જીવોની ઉત્પત્તિ પાખંડ ધર્મની ઉત્પત્તિ આત્માને થતા બંધ તથા મોક્ષ અને તેનું બંધ તથા મોક્ષથી ભિન્ન સ્વરૂપમાં રહેવું, એ સર્વ મને કહો. ૨૨ સ્વતંત્ર એવા ભગવાન પોતાની માયાથી જે પ્રમાણે ક્રીડા કરે છે તથા વ્યાપક એવા ભગવાન પ્રલય સમયે જે પ્રમાણે પોતાની માયાનો ત્યાગ કરીને સાક્ષીની પેઠે જગતથી અળગા થઇ જાય છે તે કહો. ૨૩ હે મુનિ! આ સર્વ હું આપને પૂછું છું માટે આપ મને શરણાગતને તે સર્વ ક્રમ પ્રમાણે યથાર્થ રીતે કહેવાને યોગ્ય છો. ૨૪ આ સર્વ વૃત્તાંત આપ યથાર્થ રીતે જાણો છો કારણ કે બ્રહ્માએ નારદને પૂછયું હતું અને નારદે તમને કહ્યુ હતુ તેથી તમને જ્ઞાન થયેલું છે. તમારા વિના બીજા જે લોકો છે તે તત્વવેત્તા નથી. તેઓ તો પોતાના પૂર્વજોએ જે જે કર્મો કર્યા છે તે તે કર્મો કરે છે વિશેષ જાણતા નથી. ૨૫ હે બ્રહ્મન! હું આપના વાક્યરૂપી સાગરમાંથી નીકળેલા ભગવાનની કીર્તિરૂપી અમૃતનું પાન કરૂં છું તેથી કોપાયમાન થયેલા બ્રાહ્મણના શાપથી તથા અનશન વ્રત કરવાથી પણ મારો જીવ વ્યાકુળ થતો નથી, તેમ ભગવાનની કથાઓ વગર બીજા સાંસારિક વિષયોમાં મને પ્રીતિ પણ થતી નથી. ૨૬

સૂત કહે છે—આ પ્રમાણે પરીક્ષિત રાજાએ ભગવાનની કથાઓ કહેવાની પ્રેરણા કરી તેથી શુકદેવજી બહુજ પ્રસન્ન થયા. ૨૭ અને આગળ થઇ ગયેલા બ્રહ્મકલ્પમાં ભગવાને બ્રહ્માને કહેલું વેદના સમાન ભાગવત નામનું પુરાણ પરીક્ષિત રાજાને સંભળાવવા માંડ્યું. ૨૮ પાંડુના વંશમાં શ્રેષ્ઠ એવા પરીક્ષિત રાજાએ જે જે પ્રશ્નો કર્યા હતા તે તે સર્વ પ્રશ્નોનો ઉત્તર ક્રમવાર કહેવા માટે શુકદેવજીએ પછી શ્રીમદ્ભાગવતનો આરંભ કર્યો.

यद्यत्परीक्षितर्षभः पांडूनाम् पृच्छति ॥
आनुपूर्व्येण तत्सर्वमाख्यातु पचक्रम ॥२९॥

इतिश्रीमद्भागवतेमहापुराणेद्वितीयस्कंधे
अष्टमोध्यायः

અધ્યાય ૯ મો.†

વૈકુંઠમાં બ્રહ્મા.

श्रीशुक उवाच

आत्ममायामृते राजन्परस्यानुभवात्मनः ॥
न घटेतार्थसंबंधः स्वप्नद्रष्टुरिवांजसा ॥१॥

શુકદેવજી કહે છે કે—હે પરીક્ષિત રાજા! સ્વપ્ન જોનારા જીવને જેમ સ્વપ્ન અને દેહનો સબંધ, સ્વસ્વરૂપના અજ્ઞાન વિના સંભવતો નથી તેમ જ્ઞાન સ્વરૂપ અને સર્વથી પર એવા આત્માને પરમાત્માની માયા વિના યથાર્થ રીતે પોતાના દેહ સાથે સંબંધ સંભવતો નથી. ૧ આત્મા પરમાત્માની અનંત રૂપવાળી માયાથી દેવ મનુષ્ય વગેરે અનેક રૂપોને ગ્રહણ કરીને અનેક રૂપે તે પ્રકાશે છે ને માયાના કાર્યરૂપ પોતે તે શરીરોમાં આસક્ત થઇ તેમા હું અને મારૂં એવું અભિમાન લે છે. ૨ પરંતુ જીવ જ્યારે પ્રકૃતિ અને પુરૂષથી પર એવા પોતાના સ્વયંપ્રકાશ સ્વરૂપમાં ક્રીડા કરે છે ત્યારે તે મોહથી મુક્ત થઇ ‘આ મારૂં તથા આ હું’ એવી દ્વૈતબુદ્ધિનો ત્યાગ કરી પાછો પોતાના પૂર્ણ

† આ નવમા અધ્યાયમા પરીક્ષિતના પ્રશ્નના ઉત્તર આપવા માટે ભગવાને બ્રહ્માને કહેલું શ્રીમદ્ભાગવત શુકદેવજી તેમને સંભળાવે છે.



વૈકુંઠમા સનત્કુમારો

સ્વરૂપમાં નિવાસ કરે છે. ૩ આત્મતત્વના જ્ઞાન માટે બ્રહ્માએ નિષ્કપટ તપશ્ચર્યા કરી ત્યારે તેમની તપશ્ચર્યાથી પ્રસન્ન થયેલા ભગવાને તેમને પોતાનું ચૈતન્યઘન સ્વરૂપ દેખાડી જીવને જેથી તત્વજ્ઞાન થાય એવું જે તપ બતાવ્યું હતુ તે તપનું સ્વરૂપ હું તને કહું તે સાભળ. ૪ જગતના પરમ ગુરૂ ભગવાન બ્રહ્મા પોતાના કમલાસન ઉપર બેસીને જગત ઉત્પન્ન કરવાની ઇચ્છાથી વિચાર કરવા લાગ્યા પરંતુ તેથી જગતની રચના થઇ શકે એવો કોઇ સત્ય વિચાર તેમને સ્ફુર્યો નહિ. ૫ આ પ્રમાણે સૃષ્ટિ રચના માટે વિચાર કરતાં કરતા એક દિવસ બ્રહ્માએ સ્પર્શ અક્ષરોમાંનો સોળમો તથા એકવીસમો અક્ષર એટલે તપ એવા બે અક્ષરોને પાણીમાંથી બે વાર ઉચ્ચારતા સાંભળ્યા. ૬

હે રાજન! આ તપ નિષ્કિંચન પુરૂષોનું ધન કહેવાય છે. 'तप तप' ' તપ કર, તપ કર" આવો પાણીમાંથી શબ્દ થયો તે સાંભળીને તેનો વક્તા કોણ હશે તે જાણવા માટે બ્રહ્માએ દિશાઓ તરફ દૃષ્ટિ કરવા માંડી પરંતુ કોઇ જોવામાં આવ્યું નહિ, એટલે પોતાના આસન ઉપર બેસીને જાણે કોઇએ પ્રત્યક્ષ તપ કરવાનો ઉપદેશ કર્યો હોય એમ તેમણે 'તપ પોતાને હિતકારી છે,' એવું માનીને તપશ્ચર્યા કરવાનો વિચાર કર્યો. ૭ પછી તપ શબ્દનો અર્થ જાણવામાં સફળ જ્ઞાનવાળા પ્રાણ મન જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયોનો વિજય કરનારા તપશ્ચર્યા કરનારાઓમાં મહા તપસ્વી એવા બ્રહ્માએ મનની વૃત્તિને એકાગ્ર કરી દેવતાનાં હજાર વર્ષ સુધી સર્વ લોકોને પ્રકાશ કરનારૂં તપ કર્યું.

આ પ્રમાણે તપ કરવાથી ભગવાને પ્રસન્ન થઈ જેનાથી બીજો કોઇ લોક ઉત્તમ નથી, જ્યાં કલેશ મોહ તથા ભય નથી તથા આત્મતત્વને જાણનારા જ્ઞાની પુરૂષો જેની સ્તુતિ કરે છે એવો વૈકુંઠ લોક બ્રહ્માને દેખાડયો. ૯ જેમાં રજોગુણ તમોગુણ તથા રજ અને તમથી મિશ્રિત એવો સત્વગુણ પણ નથી, જેમાં કાળનું પરાક્રમ ચાલી શકતું નથી જ્યાં માયાનો વાસ પણ નથી જે લોકમાં દેવતા અને દાનવોથી પૂજાયેલા ભગવાનના પાર્ષદો રહે છે-તેઓ શુદ્ધ તથા શ્યામ રંગના છે કમળના જેવાં વિશાળ તથા શ્યામ નેત્રવાળા છે પીતાંબરધારી છે મનોહર કાંતિવાળા છે શરીરે અતિ સુકુમાર છે ૧૦ ચાર ભુજાવાળા છે કંઠમાં કાંતિવાળા ઉત્તમ મણિઓથી જડેલાં માદળીયાં ધારણ કરેલા ને કાંતિવાળા છે પ્રવાળ વૈદુર્યમણિ અને કમળના દડ જેવા કાતિવાળા છે મસ્તકો ઉપર મુગટો તથા કંઠમાં માળાઓ પહેરે છે. ૧૧ જે લોક મહાત્મા પુરૂષોનાં અનંત પ્રકાશ મારતાં વિમાનોની પંક્તિઓથી સુશોભિત થઇ રહ્યો છે તથા ઉત્તમ પ્રકારની સ્ત્રીઓની કાંતિથી દીપી રહેવાથી વિજળી સાથે રહેલી મેઘની પંક્તિઓ આકાશમાં હોય ત્યારે તેનાથી જેમ આકાશ શોભે તેમ શોભે છે. ૧૨ જે લોકમાં હિંદોળામાં બેઠેલાં લક્ષ્મીજી શ્રીવિષ્ણુના ચરણની અનેક પ્રકારે સેવા કરે છે તે સમયે તેમના યશને ભમરાઓ ગાય છે તેથી લક્ષ્મીજી જાણે શ્રીહરિનાં કર્મોને ગાતાં હોય એવાં દેખાય છે. ૧૩ વૈકુંઠ લોકમાં સર્વ ભક્તજનોના પતિ લક્ષ્મીના પતિ યજ્ઞના પતિ જગતના પતિ તથા પોતાના પાર્ષદોમાં મુખ્ય એવા સુનંદ, નંદ, પ્રબળ તથા અર્હણ આદિકોથી સેવાતા વ્યાપક અને ૧૪ ભક્તજનોની ઉપર કૃપા કરવાને તત્પર, દર્શન કરનારાઓને દૃષ્ટિથી આનંદ ઉપજાવનારા મનોહર હાસ્યવાળા તથા રાતાં નેત્રવાળા મુખથી શોભાયમાન મુગટ તથા કુંડળધારી ચાર ભુજાવાળા પીતાંબરધારી વક્ષઃસ્થલમાં લક્ષ્મીના લાંછનવાળા અતિ ઉત્તમ સિંહાસન ઉપર બીરાજેલા, પ્રકૃતિ

પુરૂષ મહત્તત્વ અને અહંકાર એ ચાર, પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેન્દ્રિય, અગીયારમું મન તથા પાંચ મહાભૂતો એ સોળ તત્વ તથા પાંચ તન્માત્રાઓ સર્વ મળીને પચીસ શક્તિથી વિંટાયેલા માયાથી પર યોગીઓમાં આગંતુક હોવાથી નાશવંત અને પોતાને વિષે સ્વાભાવિક રીતે રહેલા ઐશ્વર્યાદિથી સંપન્ન છતાં પોતાનાજ સ્વરૂપમાં વિલાસ કરનારા અને એટલા માટેજ ઇશ્વર એવા શ્રીવિષ્ણુનાં બ્રહ્માને દર્શન થયા. ૧૬ તેમનાં દર્શનથી થયેલા આનંદે બ્રહ્માનું હૃદય હર્ષથી ભરપૂર થઇ ગયું. શરીર ઉપર રોમાચ થયો. પ્રેમાતિશયને લીધે આંખમા આંસુ આવી ગયાં અને વિશ્વને સૃજનારા બ્રહ્માએ જ્ઞાનમાર્ગથી મેળવી શકાય એવાં ભગવાનનાં ચરણારવિંદને પછી પ્રણામ કર્યા.૧૭ પ્રસન્ન મનવાળા ભગવાને પ્રજા ઉત્પન્ન કરવાના કાર્યમા પોતાની આજ્ઞા પાળવાને યોગ્ય પોતાની પાસે આવેલા અને તપાદિકથી પોતાને પ્રસન્ન કરનારા બ્રહ્માને હાથથી સ્પર્શ કરીને મંદ હાસ્યવડે શોભાયમાન એવી વેદ વાણીથી પછી આ પ્રમાણે કહેવા માડયું.

શ્રીભગવાન બોલ્યા કે—હે બ્રહ્મા ! તમે જગત ઉત્પન્ન કરવાની ઇચ્છાથી તપ કરી મને પ્રસન્ન કર્યો છે. યોગીઓ મને પ્રસન્ન કરી શકતા નથી. ૧૯ હે બ્રહ્મા ! તમારૂં કલ્યાણ થાઓ ! વરને આપનાર જે હું તેની પાસે તમે ઇચ્છા પ્રમાણે વર માગી લ્યો. પુરૂષને મારાં દર્શન થતાં સુધી જ ફળને માટે પરિશ્રમ કરવો પડે છે.૨૦ તમને મારા લોકનાં દર્શન થયાં એ મારી ઇચ્છાનો પ્રભાવ જાણવો કારણ કે, તમે એકાંતમાં 'તપ, તપ' એવું મારૂં કહેવું સાંભળીને ઉત્તમ તપ કર્યું છે.૨૧ તમે જ્યારે સૃષ્ટિ રૂપી કાર્ય કરવાથી મુંઝાયા ત્યારે મેં જ તમને તપનો ઉપદેશ કર્યો હતો. તપ એ મારૂં સાક્ષાત હૃદય છે અને હું તપનો આત્મા છું. ૨૨ હું તપથી જગતને સૃજું છું તપથી તેને ગળી જાઉં છું અને તપથી પોષણ કરૂં છું તપ છે એજ મારી મહા પ્રબળ શક્તિછે.

બ્રહ્મા કહે છે કે—હે ભગવાન ! સર્વ પ્રાણીઓના અધિષ્ઠાતા તથા બુદ્ધિમાં રહેલા આપ અવિચ્છિન્ન એવા ઉત્તમ જ્ઞાનથી પ્રાણીઓનાં કર્તવ્યને જાણો છો. ૨૪ તથાપિ હે નાથ ! રૂપ રહિત એવા આપના સ્થૂલ તથા સૂક્ષ્મ એવા બે રૂપને હું જાણું એવી તમારી પાસે મારી યાચના છે તે તમે પરિપૂર્ણ કરો ૨૫ હે માધવ ! તમે પોતે તમારી માયાથી બ્રહ્માદિક નાના પ્રકારના રૂપો ધારણ કરી પોતાની માયાના સંબંધથી અનેક પ્રકારની શક્તિવાળા આ જગતને અનેક રૂપે સૃજનાર પાળનાર તથા સંહાર કરનાર છો. સત્ય સંકલ્પવાળા તમે ક્રીડા કરો છો અને કરોળીઓ જેમ પોતાની લાળથી જાળ બનાવે તેમ તમે માયાથી તમારા પોતાના સ્વરૂપને ઢાંકો છો તે સંબંધી જ્ઞાન તમે મને આપો ૨૭ હું આળસ રહિત થઇ તમારી આજ્ઞાનુ પાલન કરીશ કારણ કે, આપના અનુગ્રહથી સૃષ્ટિની રચના કરવા છતા હું અહંકારાદિકથી બંધાઇશ નહિ. ૨૮ હે ભગવાન ! મિત્ર જેમ પોતાના મિત્રનો સત્કાર કરે, તેમ તમે હાથનો સ્પર્શ કરીને મારો સત્કાર કર્યો છે માટે હું જ્યા સુધી પ્રજાની સૃષ્ટિ કરવા રૂપી આપની સેવામાં સાવધાનતાથી રહી ઉત્તમ મધ્યમ અને કનિષ્ઠ જાતિનાં પ્રાણીઓને ઉત્પન્ન કરૂં ત્યા સુધી હું પણ એક સ્વતંત્ર સૃષ્ટિ કર્તા પુરૂષ છું એવો અભિમાની ઉત્કટ મદ મને ન થાય !

બ્રહ્માને ઉપદેશ.

ભગવાન બોલ્યા કે—હે બ્રહ્મા ! હું તમને ભક્તિ અનુભવ સાથે મારા ખરા સ્વરૂપનું જ્ઞાન તથા તેનાં સાધનો કહું છું તે તમે સાંભળો. ૩૦ મારૂ જેવું સ્વરૂપ જેવી સત્તા તથા જેવાં રૂપો ગુણો અને કર્મો છે તે સર્વનું મારા અનુગ્રહથી તમને યથાર્થ રીતે જ્ઞાન થાઓ ! ૩૧ હે બ્રહ્મા ! આ સૃષ્ટિની પૂર્વે

હું જ હતો. તે વખતે સ્થૂલ તથા સૂક્ષ્મ રૂપ પ્રપંચ અને તેનું કારણ માયા વગેરે બીજું કંઈ જ ન હતું. સૃષ્ટિની પછી પણ હું જ રહું છું, જગતમાં જે આ પ્રપંચ દેખાય છે તે હું જ છું તથા પ્રલય થયા પછી જે વસ્તુ શેષ રહે છે તે પણ હુંજ છું. હું અનાદિ, અનંત અને અદ્વિતીય હોવાથી પૂર્ણ સ્વરૂપ છું. ૩૨ જે વસ્તુ વસ્તુતાએ ખરી ન હોય તે વસ્તુની પ્રતીતિ થવી અને જે વસ્તુ ખરી હોય તોપણ દેખાય નહિ તે મારી માયા જાણવી. જેમકે ચંદ્રમા એક છે બે નથી છતાં આંખના વિકારથી બે દેખાય છે તેમજ આ જગત વસ્તુતાએ અસત્ય છતા સત્ય જેવું ભાસે છે. ગ્રહોમાં જેમ રાહુ એક ગ્રહ હોવા છતાં દેખાતો નથી તેમ આત્મા સર્વનો સાક્ષી હોવા છતાં માયાથી આચ્છાદિત હોવાને લીધે દેખાતો નથી. ૩૩ જેમ પંચમહાભૂતો સૃષ્ટિ સૃજ્યા પછી ભૌતિક પદાર્થોમાં ઉત્તમ મધ્યમ દેશમા પ્રવેશ કરીને રહેલા હોય તેમ દેખાય છે કારણ કે તેઓમા એવું જોવામાં આવે છે પરંતુ તેઓ દેહાદિકના કારણ રૂપ હોવાથી પાછળથી તેઓમાં પ્રવેશ કરીને રહ્યા હોય તેમ નથી. હું આ ભૌતિક પદાર્થોમા પાછળથી પ્રવેશ કરી રહ્યો નથી પરંતુ તેના કારણ રૂપે પ્રથમથી જ તેમાં પ્રવેશ કરીને રહેલો છું. ૩૪ હવે આત્માના સ્વરૂપને જાણવાની ઇચ્છાવાળા પુરૂષે એટલું જ જાણવા જેવું છે કે, ‡અન્વય તથા વ્યતિરેકથી સર્વ ઠેકાણે જે રહે છે તેને આત્મા જાણવો. ૩૫ હે બ્રહ્મા! તમે પરમ સમાધિથી એકાગ્ર મને મારા આ મતને અનુસરો કે જેથી વિવિધ પ્રકારની સૃષ્ટિ રચતી વેળાએ "હું સ્વતંત્ર કર્તા છું" એવો તમને કોઇ દિવસ મોહ થાય નહિ.

શુકદેવજી કહે છે કે—અજન્મા એવા ભગવાન શ્રીહરિ આ પ્રમાણે મનુષ્યોના અધિપતિ એવા બ્રહ્માને ઉપદેશ કરી તેમના દેખતાંજ અંતર્ધાન થઇ ગયા. ૩૭ પ્રત્યક્ષ જોવામાં આવેલા શ્રીહરિ અદૃશ્ય થયા એટલે સર્વ પ્રાણીમય એવા બ્રહ્માએ બે હાથ જોડી પ્રણામ કર્યા અને પ્રથમ કલ્પમાં જેવું આ વિશ્વ હતું તેવું ફરીને ઉત્પન્ન કર્યું.૩૭ ધર્મનું પાલન કરનારા પ્રજાપતિ બ્રહ્મા એક દિવસ પ્રજાના કલ્યાણની ઇચ્છાથી સ્વાર્થ સિદ્ધ કરવાને યમ નિયમ પાળવા લાગ્યા. હે રાજા! દક્ષાદિક બીજા પુત્રો કરતાં અતિ પ્રિય બ્રહ્માની આજ્ઞા પાળનારા મહા મુનિ તથા મહા ભગવદ્ભક્ત એવા નારદે માયાના અધિપતિ વિષ્ણુની માયા જાણવાની ઇચ્છાથી શીળ, વિનય તથા ઇંદ્રિયનિગ્રહથી બ્રહ્માની સેવા કરી તેમને પ્રસન્ન કર્યા. ૪૧ હે રાજા! લોક પિતામહ બ્રહ્માને પ્રસન્ન થયેલા જોઇ તમે મને જે પ્રશ્ન પૂછો છો તે પ્રશ્ન દેવર્ષિ નારદે પણ પૂછયો. ૪૨ તે ઉપરથી પ્રાણીઓને સૃજનારા બ્રહ્માએ પ્રસન્ન થઇ ભગવાને પોતાને જે ચતુઃશ્લોકી ભાગવત કહ્યું હતું તે દસ વસ્તુને પ્રતિપાદન કરનારૂ શ્રીમદ્ભાગવત નારદને કહી સંભળાવ્યું. નારદે સરસ્વતી નદીના તીર ઉપર બેસી પરબ્રહ્મનું ધ્યાન કરતા અપાર તેજવાળા વેદવ્યાસ મુનિને કહ્યું કે જેની પાસેથી હું તે ભણ્યો છું.૪૪ હે પરીક્ષિત! તમે પ્રશ્ન કર્યો કે, આ વિશ્વ વિરાટ પુરૂષથી કેવી રીતે ઉત્પન્ન થયું? તથા બીજા પણ જે પ્રશ્નો તમે પૂછયા તે સર્વ પ્રશ્નોનો હું તમને ચતુઃશ્લોકી ભાગવતની વ્યાખ્યાદ્વારા હવે ઉત્તર આપું છું.

यदुताह त्वया पृष्टो वैराजात्पुरुषादिदम् ।
यथासीत्तदुपाख्यास्ये प्रश्नानन्यांश्च कृत्स्नशः

इतिश्रीमद्भागवतेमहापुराणेद्वितीयस्कंधे
नवमोऽध्यायः

‡ કાર્યમાં કારણ રૂપે અનુવૃત્તિ તેનું નામ અન્વય અને કારણ અવસ્થામા કાર્યથી પૃથગત્વ તેનું નામ વ્યતિરેક. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણ અવસ્થાઓ છે, તેમાં આત્માની સાક્ષી રૂપે પ્રતીતિ થાય છે, તેથી તેમાં આત્માનો અન્વય છે અને સમાધિ દશામાં માત્ર આત્માની જ પ્રતીતિ થાય છે, પરંતુ પેલી ત્રણ અવસ્થાની પ્રતીતિ થતી નથી, તેથી તે વ્યતિરેક છે. આ પ્રમાણે ઈશ્વર સર્વત્ર અન્વય વ્યતિરેક રૂપે છે.

અધ્યાય ૧૦ મો.*

ભાગવતનાં દસ લક્ષણો.

શ્રીશુક ઉવાચ

अत्र सर्गो विसर्गश्च स्थानं पोषणमूतयः ॥
मन्वंतरेशानुकथा निरोधो मुक्तिराश्रयः॥१

શુકદેવજી કહે છે કે-હે રાજન્! શ્રીમદ્ભાગવતમાં આ પ્રમાણે દસ વિષયો પ્રતિપાદન કરેલા છે સર્ગ વિસર્ગ સ્થાન પોષણ ઉતિ મન્વંતર ઇશાનુકથા નિરોધ મુક્તિ તથા આશ્રય. ૧ એમાં દસમો વિષય જે આશ્રય છે તેનું યથાર્થ જ્ઞાન થવા મહાત્મા પુરૂષો સ્તુતિ આદિક ભાગોમા પ્રત્યક્ષ શ્રુતિ વડે તથા જુદા જુદા આખ્યાન ભાગમા તાત્પર્ય વૃત્તિથી નવ પદાર્થોના સ્વરૂપનું વર્ણન કરે છે. ૨ પરમેશ્વરથી સત્વ રજ અને તમ એ ત્રણ માયાના ગુણો પરિણામ પામીને તેમાંથી પાંચ મહાભૂતો પાચ તન્માત્રાઓ ઇન્દ્રિયો મહત્તત્વ અને અહંકાર એ સર્વની ઉત્પત્તિ થવાથી તેને સર્ગ કહે છે. વિરાટ દેહના અભિમાનીએ કરેલી સ્થાવર જંગમાત્મક સૃષ્ટિને વિસર્ગ કહે છે. સૃજેલાં પ્રાણીઓને તેઓની મર્યાદામાં રાખવાથી ભગવાનનો જે વિજય થાય છે તેને સ્થિતિ કહે છે. પોતાના ભક્તો ઉપર ભગવાનનો જે અનુગ્રહ તેને પોષણ કહે છે. ભગવાનના અનુગ્રહ પાત્ર ઉત્તમ ઉત્તમ મન્વંતરોના અધિપતિઓનો ઉત્તમ પ્રકારનો જે ધર્મ તેને મન્વંતર કહે છે. નાના પ્રકારના કર્મની વાસનાઓને ઉતિ કહે છે. ૪ શ્રીહરિના અવતારનાં ચરિત્રોથી તથા તેમના ભક્તોનાં આખ્યાનોથી વૃદ્ધિ પામેલી કથાઓને ઇશાનુકથા કહે છે. ૫ શ્રીહરિ યોગનિદ્રા કરે કે તેની પાછળ જીવનું પોતાની શક્તિઓ અને ઉપાધિઓ સાથે પરમાત્મામાં જે લય થઇ જવું તેને નિરોધ કહે છે. અન્યથા રૂપનો અવિદ્યાદ્વારા પોતાને વિષે આરોપિત કરેલા 'હું કર્તા, હું ભોક્તા' વગેરે રૂપનો ત્યાગ કરી પોતાના સ્વરૂપમાં રહેવું એટલે 'હું કર્તા, ભોક્તા નથી પણ શુદ્ધ બ્રહ્મ છું' એમ જાણવું તેને મુક્તિ કહે છે. ૬ જે પરમેશ્વરથી આ જગતની ઉત્પત્તિ અને નાશ થાય છે તથા જેનાથી તે બંનેનું સ્વરૂપ જાણવામાં આવે છે તે પરબ્રહ્મને આશ્રય કહે છે અને તે પરબ્રહ્મ અથવા તો પરમાત્મા એમ કહેવાય છે. ૭ જે† ચક્ષુરાદિક ઇન્દ્રિયોનો અભિમાની દ્રષ્ટા જીવ અધ્યાત્મિક કહેવાય છે, તેજ આધિદૈવિક એટલે ચક્ષુરાદિક ઇંદ્રિયોના અધિષ્ઠાતા સૂર્ય રૂપ કહેવાય છે. એક સ્વરૂપમાં અધ્યાત્મ તથા અધિદૈવ એ બન્ને ભેદને જુદા જણાવનારો ચક્ષુરાદિક ઇંદ્રિયના ગોલક આદિથી જાણવામા આવતો જે દેહ તેનુ નામ આધિભૌતિક જાણવું ઇંદ્રિયોના દેવતાઓ અધિદૈવ કહેવાય છે અને દેહાદિક દૃશ્ય પદાર્થો અધિભૂત કહેવાય છે. ૮ આ ત્રણ વસ્તુમા જ્યારે એકનો અભાવ હોય ત્યારે બીજી વસ્તુઓ સિદ્ધ થઇ શકતી નથી. જેમકે દૃશ્ય એવા દેહાદિક પદાર્થ ન હોય તો જેનાથી દેહાદિકની પ્રતીતિ થાય છે એવી ઇન્દ્રિયો સિદ્ધ થાય નહિ અને તેનો દ્રષ્ટા પણ સિદ્ધ થાય નહિ. તેમજ દૃશ્ય દેહાદિક વિના ઇંદ્રિયોની પ્રવૃત્તિથી જાણવામાં આવતા ઇન્દ્રિયોના અધિષ્ઠાતા દેવ સૂર્યાદિક પણ સિદ્ધ થાય નહિ, તેમ સૂર્યાદિક વિના અધ્યાત્મ રૂપ ઇંદ્રિયોની પણ પ્રવૃત્તિ થાય નહિ તેમજ ઇંદ્રિયોના અધિષ્ઠાતા દેવ સૂર્યાદિક ન હોય તો દેહાદિક દૃશ્ય પદાર્થો પણ સિદ્ધ થાય નહિ. આ પ્રમાણે ત્રણે પદાર્થો એક બીજાની અપેક્ષા રાખે છે અને તેઓ

* આ દસમા અધ્યાયમા શ્રીશુકદેવજીએ શ્રીમદ્ભાગવતની વ્યાખ્યાદ્વારાજ પરીક્ષિત રાજાના પ્રશ્નોનો સ્ફુટ રીતે ઉત્તર આપવાનો આરંભ કરેલો છે.

† આશ્રય રૂપ પરમાત્માના સ્વરૂપને અપરોક્ષાનુભવથી સ્પષ્ટ કરવાને અધ્યાત્મ આદિના વિચાર બતાવ્યા છે.

એકબીજાથી સિદ્ધ થઇ શકે છે, માટે તે આત્માથી ભિન્ન છે પરંતુ એ ત્રણને એટલે ઇન્દ્રિયોને ઇન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતાઓને અને દૃશ્ય દેહાદિક પદાર્થોને જે સાક્ષીરૂપે જોનાર આશ્રય રૂપ આત્મા છે તે સ્વતંત્ર છે તેને બીજા કોઇનો આશ્રય નથી.૯ વિરાટ પુરૂષ સૃષ્ટિના આરંભમાં અંડને ભેદીને જ્યારે બહાર નીકળ્યા ત્યારે તેમણે પોતાને રહેવાના સ્થાનની ઇચ્છાથી પવિત્ર એવું જળ ઉત્પન્ન કર્યું.૧૦ નરના શરીરમાંથી ઉત્પન્નથયું માટે તે નાર કહેવાયું. આ પ્રમાણે પોતે ઉત્પન્ન કરેલા જળમાં એક હજાર વર્ષ સુધી તેઓ રહ્યા તેથી નારાયણ એવા નામે પ્રખ્યાત થયા. ૧૧ દ્રવ્ય અર્થાત્ પૃથ્વી આદિક ઉપાદાન સામગ્રી, કર્મ જન્મમા નિમિત્તભૂત કાળ સ્વભાવ અને જીવ જે પરમાત્માના અનુગ્રહથી ક્રિયા કરવાને સમર્થ થાય છે અને જેમની ઉપેક્ષાથી ક્રિયા કરી શકતા નથી ૧૨ તે અદ્વિતીય પરમેશ્વર અનેક રૂપે થવાની ઇચ્છાથી યોગરૂપ શયામાથી જાગ્રત થયા અને સમર્થ એવા તે ઇશ્વરે પોતાની માયાથી સુવર્ણની પેંઠ પ્રકાશ પ્રસારતા પોતાના દેહને અધિદૈવ, અધ્યાત્મ અને અધિભૂત એમ ત્રણ પ્રકારે ઉત્પન્ન કર્યો. હવે તે પુરૂષ રૂપ ભગવાનનો એક દેહ ત્રણ પ્રકારે કેમ ભેદ પામ્યો તે સાભળ. ૧૪ શરીરની અંદરના આકાશમાં પુરૂષ જ્યારે ક્રિયાશક્તિથી નાના પ્રકારની ચેષ્ટા કરવા માંડે છે ત્યારે ને ચિદાકાશમાં ઇંદ્રિયોની શક્તિ મનની શક્તિ અને દેહની શક્ત ઉત્પન્ન કરે છે. પછી શક્તિરૂપ સૂક્ષ્મ સ્વરૂપથી સૂત્રાત્મા નામનો મુખ્ય પ્રાણ ઉત્પન્ન થાય છે. એ સર્વનો જીવંત પ્રાણ છે. ૧૫ રાજાના સેવકો જેમ રાજાના વ્યવહારને અનુસરે છે તેમ ઇંદ્રિયો મહા પ્રાણની સૂચના પ્રમાણે ક્રિયા કરે છે. પ્રાણની ક્રિયા બંધ પડવાથી પોતે ક્રિયા કરતી નથી. ૧૬ આ રીતે સર્વને ક્રિયામાં પ્રેરણા કરનાર પ્રાણથી વિરાટના શરીરમાં ભૂખ તરસ વગેરે ઉત્પન્ન થાયછે. તે પછી તરસ્યા તથા ભૂખ્યા થયેલા વિરાટ પુરૂષને પ્રથમ મુખ ઉત્પન્ન થાય છે. મુખમાંથી તાળવું તાળવામાં જીભ્હા ઇંદ્રિય ઉત્પન્ન થઇ પછી જિહ્વાથી જણાય એવો નાના પ્રકારનો રસ રૂપ વિષય ઉત્પન્ન થઇ તેના દેવતા વરૂણ બને છે. પછી વિરાટ પુરૂષને બોલવાની ઇચ્છા થતાં તેમના મુખમાંથી અગ્નિદેવ ઉત્પન્ન થયા, વાણી નામની ઇંદ્રિય થઇ અને વાચા રૂપી વિષય ઉત્પન્ન થયો. શબ્દનો ઉચ્ચાર અગ્નિદેવતા વિના થઇ શકતો નથી. પાણીમાં બુડેલો મનુષ્ય વાક્ઇદ્રિયવાળો હોવા છતાં અગ્નિને પાણી સાથે વિરોધ હોવાથી પાણીમાં શબ્દનો ઉચ્ચાર કરી શકતો નથી. ૧૯ વિરાટ પુરૂષમાં પ્રાણ વાયુ અત્યંત વહાવા લાગતાંતેને નાસિકાનાં બે છિદ્રો થયાં. ત્યાર પછી ગંધને ગ્રહણ કરવાની ઇચ્છા કરતા વિરાટની નાસિકામાં ગધ વિષય વાયુ નામની દેવતા ઉત્પન્ન થઇ તેથી ઘ્રાણ નામની ઇંદ્રિય ઉત્પન્ન થઇ.૨૦ જ્યારે જગત અધકારથી આચ્છાદિત હતું ત્યારે પોતાના દેહને અને બીજા પદાર્થોને જોવાની ઇચ્છા થતાં વિરાટ પુરૂષને નેત્રના બે ગોલક અને તેના સર્વ દેવતા ઉત્પન્ન થયા તથા ચક્ષુ રૂપ ઇંદ્રિય ઉત્પન્ન થઇ અને રૂપ તેનો વિષય બન્યો ૨૧ વિરાટ પુરૂષને વેદોએ બોધ કરતાં પોતાનું સ્વરૂપ સાભળવાની ઇચ્છા થઇ ત્યારે તેમને કાનનાં બે ગોલક ઉત્પન્ન થયાં તેમાં દિશા નામના દેવતા અને શ્રોત્ર નામની ઇંદ્રિય અને તેનાથી શ્રવણ થઇ શકે તેવો શબ્દ વિષય થયો. ૨૨ જ્યારે વિરાટ પુરૂષને વસ્તુનું કોમળપણું, કઠોરપણું, હળવાપણું, ભારેપણું, ઉષ્ણુતા, શીતળતા વગેરે જાણવાની ઇચ્છા થઇ ત્યારે તેના શરીરમાં ત્વચા ઉત્પન્ન થઇ તેમાં ત્વચા ઇંદ્રિય થઇ અને તેના અધિષ્ઠાતા વૃક્ષ લતા શબ્દથી બોલતા વાયુરૂપ દેવતા

થયા. તે વાયુ ત્વચાની અંદર તથા બહાર બહાર રહેલો છે અને ત્વચાથી સ્પર્શ નામના ગુણને ગ્રહણ કરે છે. ૨૩ વિરાટ પુરૂષને જ્યારે અનેક જાતનાં કર્મો કરવાની ઇચ્છા થઇ ત્યારે તેમને બે હાથ ઉત્પન્ન થયા. તે બન્ને હાથમાં બળ રૂપ ઇન્દ્રિય ઉત્પન્ન થઇ તેના દેવતા ઇન્દ્ર થયા અને ગ્રહણ કરવું એ તેનો વ્યાપાર થયો. તે વ્યાપાર બળને તથા તેના અધિષ્ઠાતા દેવ ઇંદ્રને આધીન છે. ૨૪ વિરાટ પુરૂષને ઇચ્છિત ગતિએ જવાની ઇચ્છા થઇ ત્યારે તેમને બે ચરણો ઉત્પન્ન થયાં. તે ચરણોની સાથે વિષ્ણુ પોતે તેમના અધિષ્ઠાતા દેવ થઇને રહ્યા. તેમા ચલન શક્તિ ઇન્દ્રિય ઉત્પન્ન થઇ અને મનુષ્યોથી ચલન ક્રિયાવડે મેળવી શકાય તેવું હુતદ્રવ્ય એ તેનો વિષય થયો. ચલન શક્તિ રૂપ ઇન્દ્રિય તથા તેના દેવતા ઇન્દ્ર એ બન્ને વિષ્ણુનો આશ્રય કરીને રહેલા છે. ૨૫ તે વિરાટ પુરૂષને પ્રજા પ્રેમ અને સ્વર્ગની ઇચ્છા થતા ઉપસ્થ ઇંદ્રિય ઉત્પન્ન થઇ અને તેના અધિષ્ઠાતા દેવ પ્રજાપતિ થયા. તે ઉપસ્થ ઇન્દ્રિયને અને તેના દેવતા પ્રજાપતિને આધીન એવું કામ સંબંધી સુખ ઉત્પન્ન થયુ. ૨૬ વળી વિરાટ પુરૂષને અન્નનો મળત્યાગ કરવાની ઇચ્છા થતા ગુદા ઉત્પન્ન થઇ તેમા પાયુ નામની ઇન્દ્રિય ઉત્પન્ન થઇ અને તેના દેવતા મિત્ર થયા. પાયુ ઇન્દ્રિયના તથા તેના દેવતાના આશ્રયે મળનો ત્યાગ થાય છે.૨૭ વિરાટ પુરૂષને એક શરીર ત્યાગ કરીને બીજાં શરીરો ગ્રહણ કરવાની ઇચ્છા થઇ ત્યારે નાભિદ્વાર ઉત્પન્ન થયું અને ત્યા અપાન એટલે બીજા દેહમાં જવાના સાધનભૂત વાયુ તથા તેના દેવતા મૃત્યુ ઉત્પન્ન થયા. મરણ એ મૃત્યુ દેવનો તથા અપાન વાયુનો આશ્રય કરીને રહે છે. ૨૮ વિરાટ પુરૂષને અન્ન તથા પાનાદિક ગ્રહણ કરવાની ઇચ્છા થઇ ત્યારે તેને પેટ આંતરડા તથા નાડીઓ ઉત્પન્ન થઇ. નાડીઓના દેવ નદીઓ પેટના તથા આંતરડાંના દેવ સમુદ્રો ઉત્પન્ન થયા. તુષ્ટિ અર્થાત ઉદર પોષણ અને પુષ્ટિ રસના પોષણદ્વારા શરીરની સ્થૂલતા એ બન્ને વિષયો આંતરડાં તથા નાડીઓનો આશ્રય કરીને રહ્યા છે. ૨૯ જ્યારે વિરાટ પુરૂષને પોતાની માયાનુ ધ્યાન કરવાની ઇચ્છા થઇ ત્યારે હૃદય ઉત્પન્ન થયું, પછી તેમાં મન ઉત્પન્ન થયું મનના દેવતા ચંદ્ર અને તેનો વિષય સંકલ્પ તથા તેથી ઉત્પન્ન થતી અભિલાષા ઉત્પન્ન થઇ. ૩૦

દેહની સ્થૂલ ત્વચા તથા તેના ઉપર રહેલી સૂક્ષ્મ ચામડી માસ લોહી મદ મજ્જા અને હાડકા એ સાત ધાતુઓ, ભૂમિ, જળ તથા તેજ એ ત્રણ વસ્તુમાથી ઉત્પન્ન થયા છે. આકાશ જળ અને વાયુ એ ત્રણથી પ્રાણવાયુની ઉત્પત્તિ થઇ છે. ૩૧ ઇન્દ્રિયો વિષય તરફ દોડે છે અને શબ્દાદિક વિષયો અહંકારથી સુંદર દેખાય છે, પરંતુ તેઓ વસ્તુતાએ સુંદર નથી, મન એ સર્વ વિકારોનું સ્વરૂપ છે અને બુદ્ધિ નજરે દેખાતી વસ્તુના ખરા સ્વરૂપનો નિશ્ચય કરનારી છે; પરતુ વસ્તુના ખરા સ્વરૂપને ગ્રહણ કરી શકતી નથી. ૩૨ હે પરીક્ષિત રાજા ! આ પ્રમાણે મે તમને ભગવાનનુ સ્થૂલ રૂપ કહ્યું, જે સ્થૂલ રૂપ બહારના પ્રદેશમા પૃથ્વી આદિ આઠ આવરણોથી વિંટાયલું છે. ૩૩ સ્થૂલ સ્વરૂપનું વર્ણન કર્યુ તેથી ભિન્ન એક સૂક્ષ્મમા સૂક્ષ્મ રૂપ લિંગ શરીર છે જે સ્થૂલ શરીરનું કારણ છે, ઇન્દ્રિયાદિકથી ગ્રહણ થઇ શકે નહિ તેવું છે સ્વભાવ રહિત છે ઉત્પત્તિ સ્થિતિ તથા ક્ષય વિનાનું અને સદા એકરૂપ છે. તે જન્મ વગેરે છ વિકારોથી રહિત છે. તેથી તેને વાણી તથા મન પહોચી શકતાં નથી. ૩૪ હે રાજા ! ભગવાનના આ સ્થૂલ તથા સૂક્ષ્મ બન્ને રૂપનું તમારી પાસે મેં વર્ણન કર્યું પરંતુ એ બન્નેય રૂપ ભગવાન

વિષે માયાથી કલ્પેલાં છે માટે વિદ્વાનો તે બન્ને રૂપને ખરા રૂપે ગ્રહણ કરતા નથી. પરમાત્મા ભગવાન વસ્તુતાએ ક્રિયા રહિત છે છતાં માયાથી બ્રહ્માનું રૂપ ધારણ કરી સર્વ વ્યાપારમાં વર્તે છે. વાચકરૂપે શબ્દ સમૂહને તથા વાચ્ય રૂપે રૂપોને અને ક્રિયાને સૃજે છે પ્રજાપતિ મનુ દેવતા ઋષિઓ જુદા જુદા પિતૃગણો સિદ્ધ ચારણ ગંધર્વ વિદ્યાધર અસુરો ગુહ્યકો ૩૭ કિન્નરો અપ્સરાઓ નાગો સર્પો કિંપુરૂષો ઉરગો માતૃકાઓ રાક્ષસો પિશાચો ભૂતો પ્રેતો વિનાયકો ૩૮ અને કુષ્માંડ ઉન્મત્ત વેતાલ યાતુધાન ગ્રહો પક્ષીઓ મૃગ પશુ પેટે ચાલનારાં પ્રાણીઓ તથા બીજાં જળચર સ્થળચર અને આકાશચારી પ્રાણીઓ વગેરે સર્વે સ્થાવર તથા જંગમ રૂપે બે પ્રકારનાં છે. જરાયુજ અંડજ સ્વેદજ તથા ઉદ્ભિજ્જ એમ ચાર પ્રકારના બીજાં છે. તે સર્વને પરમાત્મા સૃજે છે પુણ્યોથી દેવતાદિકમા જન્મવુ એ ઉત્તમ ગતિ ગણાય છે. પુણ્ય અને પાપ એમ મિશ્ર કર્મથી મનુષ્યમા અવતરવું તે મધ્યમ ગતિ ગણાય છે અને પાપથી નરકમા અવતરવું એ અધમ ગતિ ગણાય છે. આ પ્રમાણે કર્મની ત્રણ ગતિ કહેલી છે ૪૦ સત્વ રજ અને તમ એ ત્રણ ગુણથી દેવતામાં મનુષ્યમાં અને નારકી જીવોમાં જન્મ થાય છે. આ રીતે ત્રણ પ્રકારની ગતિ છે. હે રાજન! તે ત્રણ ગુણોમાં એક એક ગુણ બીજા બબ્બે ગુણો સાથે મળે ત્યારે કર્મનાં ફળ રૂપ તે પ્રત્યેક ગતિના ત્રણ ત્રણ ભેદ થાય છે. રજોગુણ મિશ્ર સાત્વિક ભેદ, તમોગુણ મિશ્ર સાત્વિક ભેદ અને શુદ્ધ સાત્વિક ભેદ સત્વગુણ મિશ્ર તામસ ભેદ રજોગુણ મિશ્ર તામસ ભેદ અને શુદ્ધ તામસ ભેદ તથા સત્વગુણ મિશ્ર રાજસ ભેદ તમોગુણ મિશ્ર રાજસ ભેદ તથા શુદ્ધ રાજસભેદ એમ અવાંતરે નવ પ્રકારના ભેદ છે. ૪૧ જગતના ઉત્પન્ન કર્તા ભગવાન પશુ મનુષ્ય અને દેવતાઓમાં ધર્મ રૂપ અવતાર ધારણ કરીને આ જગતનું પાલન અને પોષણ કરે છે. ૪૨ કાલાગ્નિ એવું રૂદ્ર રૂપ ધારણ કરીને વાયુ જેમ વાદળાંના સમૂહનો નાશ કરે તેમ તે પોતે ઉત્પન્ન કરેલા જગતનો પ્રલય કાળે નાશ કરે છે. ૪૩

હે રાજન! અનુપમ એવા ઐશ્વર્યસંપન્ન ભગવાનનું સ્રષ્ટા પાલક તથા સંહારકર્તા રૂપે મેં વર્ણન કર્યું પરંતુ વિવેકી પુરૂષો શુદ્ધ અમાયિક એવા પરમાત્માને કર્તૃત્વાદિ રૂપે જોવાને યોગ્ય નથી ૪૪ પરમાત્માથી આકાશ ઉત્પન્ન થઇ તેમાંથી આ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. એ શ્રુતિ વાકયનું જગતની ઉત્પતિ આદિકમાં પરમેશ્વરનું કર્તૃત્વાદિક પ્રતિપાદન કરવામાં તાત્પર્ય નથી પરંતુ તેનો નિષેધ કરવામાં તાત્પર્ય છે. શ્રુતિઓ નિષેધાત્મક છે. પરમાત્મામાં જે કર્તૃત્વાદિકનો આરોપ છે તે તો માયાથી અધ્યાસિત છે પરંતુ વસ્તુતાએ નથી ઇશ્વર માયાથી અનેક રૂપ ધારણ કરે છે. ૪૫ તમારા પૂછવા ઉપરથી મેં તમને આ અવાંતર પ્રલયની સાથે મહાપ્રલય કહી સંભળાવ્યો. મહા પ્રલયમાં પ્રાકૃત મહત્તત્વાદિની સૃષ્ટિ અને અવાન્તર પ્રલયમાં વૈકૃત સ્થાવરાદિકની સૃષ્ટિ બીજા મહા કલ્પાદિકની સાથે ગણાય છે.૪૬ કાળનું સ્થૂલ તથા સૂક્ષ્મ માપ કલ્પનું સ્વરૂપ તથા તેનું શરીર એટલે વિભાગ રૂપ અવાંતર કલ્પ તથા મન્વંતર વગેરેના વિભાગો હવે આગલા સ્કંધમાં વિસ્તારથી કહીશ હમણાં પાદ્મ કલ્પની કથા કહું તે સાંભળો. ૪૭

શૌનક કહે છે—હે સૂત! આપે અમને આગળ કહ્યું હતું કે ભગવદભકતોમાં ઉત્તમ વિદુરજી ત્યાગ કરી શકાય નહિ એવાં સગાં સંબંધીઓનો ત્યાગ કરી પૃથ્વી ઉપર આવેલાં તીર્થોમાં યાત્રા કરવા ગયા હતા ૪૮ તેમને મૈત્રેયની સાથે આત્મજ્ઞાન સંબંધી સંવાદ કયાં આગળ થયો હતો? અને વિદુ-

સ્ના પ્રશ્ન ઉપરથી ભગવાન મૈત્રેયે તેમને કયું તત્ત્વ કહ્યું હતું ? ૪૯ વિદુરે બંધુઓનો ત્યાગ કર્યો તેનું શું કારણ અને ફરીને તે શા માટે હસ્તિનાપુર ગયા ? હે સૌમ્ય ! એ સર્વ વિદુરનું ચરિત્ર અમને કહો. ૫૦

સૂત કહે છે કે—પરીક્ષિત રાજાના પૂછવાથી મહા મુનિ શુકદેવજીએ રાજાના પ્રશ્નો અનુસાર તેમને જે જે ઉત્તરો આપ્યા તે હું હવે તમને કહું તે સાવધાન થઇને સાંભળો.

राजा परीक्षिता पृष्टो यदवोचन्महामुनिः
तद्वोऽभिधास्ये शृणुत राज्ञः प्रश्नानुसारतः

इतिश्रीमद्भागवतेमहापुराणेद्वितीयस्कंधे
दशमोध्यायः

द्वितीयस्कंध सम्पूर्ण.

श्रीमद्वेदव्यासविरचित

श्रीमद्भागवत

तृतीयस्कंध.

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર.



પૃથ્વીનિ ઉદ્ધારના

[illegible]

अथ

श्रीमद्भागवतभाषान्तर

तृतीयस्कंध.

અધ્યાય ૧ લો.*

વિદુર અને ઉદ્ધવનો સંવાદ.

श्रीशुक उवाच-एवमेतत्पुरा पृष्टो मैत्रेयो भगवान्किल ।
क्षत्रा वनं प्रविष्टेन त्यक्त्वा स्वगृहमृद्धिमत् ॥

શુકદેવજી કહે છે કે-હે રાજન ! પોતાના ઋદ્ધિમાન ઘરનો ત્યાગ કરીને વનમા ગએલા વિદુરજીએ પૂર્વે આવોજ પ્રશ્ન ભગવાન મૈત્રેયને પૂછયો હતો. પરીક્ષિતે કહ્યું કે વિદુરજીને ભગવાન મૈત્રેયની સાથે કયા આગળ અને કયારે સંવાદ થયો હતો ? એ અમને સંભળાવો. નિર્મળ અંત કરણવાળા વિદુરના ઉત્તમ પ્રશ્નમાં થોડા અર્થનો લાભ સમાયેલો નથી કારણ કે તે પ્રશ્નને સારા મનુષ્યોએ અનુમોદન આપ્યું હતું.

સૂત કહે છે કે-આ પ્રમાણે પરીક્ષિત રાજાના પૂછવાથી જ્ઞાનવાળા શુક મુનિ મનમા પ્રસન્ન થઇ "સાંભળો" એમ વિદુરજીના પ્રત્યે બોલ્યા.

શુકદેવજી કહે છે કે-હે રાજન ! જેની વિવેક દૃષ્ટિ અધર્મને લીધે નાશ પામી હતી એવા તથા પોતાના દુષ્ટ પુત્રોનું પોષણ કરનારા ધૃતરાષ્ટ્ર રાજાએ પિતા વગરના પોતાના નાના ભાઈ પાંડુના પુત્રોને લાક્ષાભવનમા બાળી મૂકયા જ્યારે મહા કષ્ટથી રૂદન કરતાં આસુઓથી ધોવાતા હરિચંદનવાળા પટ્ટરાણી દ્રૌપદીના સભામા કેશ ખેંચવારૂપી પોતાના પુત્રનું નિંદ્ય કર્મ જોવા છતા ધૃતરાષ્ટ્રે અટકાવ્યું નહિ. ૭ જ્યારે દુર્યોધને અધર્મથી જુગારમાં જીતેલા અને કેવળ સત્યનો આશ્રય કરનારા સંત યુધિષ્ઠિર રાજા વનમાં જઇ પાછા આવ્યા અને તેમણે ઠરાવ પ્રમાણે રાજ્યનો ભાગ માગ્યો, પરંતુ ધૃતરાષ્ટ્ર રાજાએ તે આપ્યો નહિ. ૮ વળી જ્યારે યુધિષ્ઠિરે વિષ્ટિ માટે મોકલેલા શ્રીકૃષ્ણે સભા વચ્ચે ભીષ્માદિકને અમૃતના જેવા વચનો કહ્યાં છતાં જેનું પુણ્ય નાશ પામેલું હતું એવા ધૃતરાષ્ટ્ર રાજાએ માન્ય રાખ્યાં નહિ. ૯ જ્યારે ધૃતરાષ્ટ્રે બોલાવવાથી તેમના રાજમહેલમા ગયા અને ત્યાં રાજકાજની ગુપ્ત સલાહ પૂછી તેથી મંત્ર જાણનારાઓમાં શ્રેષ્ઠ એવા વિદુરે જે વિચાર આપ્યો તેને મંત્રીઓ

---

* આ અધ્યાયમા મરવાને તૈયાર થયેલા બધુંઓને મૂકી વિદુર યાત્રાર્થે નિકળી પડ્યા ત્યા તેમને ઉદ્ધવ સાથે જે સવાદ થયો તે કથા કહેવામાં આવશે

'વિદુર વાક્ય' કહે છે. ૧૦ હે ધૃતરાષ્ટ્ર ! તમારાજ, અપરાધને લીધે ભીમસેન મહા રોષથી નિઃશ્વાસ નાંખ્યા કરે છે તેની તમે પણ તેનાથી ડરો છો. તમારા અસહ્ય અપરાધને અજાતશત્રુ સહન કરે છે તો તમે પણ રાજ્યનો ભાગ તેને પાછો આપો. ૧૧ તમે એવો ગર્વ રાખતા હશો કે મારે તેમના જેવા ઘણા પુત્રો છે તો તે ગર્વ વ્યર્થ છે કારણ કે સર્વ રાજાઓનો વિજય કરનારા અને જેની સાથે બ્રાહ્મણ તથા ઇન્દ્રાદિક દેવતાઓ રહે છે એવા યાદવોના પૂજ્ય ભગવાન મુકુંદે પાંડવોને આશ્રય આપેલો છે. બીજે કયાંહી ગયા નથી પરંતુ પોતાની નગરીમાંજ તે બિરાજે છે માટે રાજ્યભાગ આપો.૧૨ વળી તમે પુત્ર માનીને જેનું પોષણ કરો છો જે શ્રીકૃષ્ણનો દ્વેષ કરે છે જે શ્રીકૃષ્ણથી અવળો ચાલે છે અને જે લક્ષ્મી રહિત થયો છે તે દુર્યોધન તમારા ઘરમા દોષ રૂપે દાખલ થયો છે તેને કુળના કલ્યાણને માટે ઘરમાં કાઢી મૂકો.૧૩

આ પ્રમાણે વિદુરે કહ્યુ તે સમયે ક્રોધની વૃદ્ધિ થવાથી જેનો ઓષ્ટ ફરકતો હતો એવો અને કર્ણ દુ શાસન ને શકુનિ જેની સાથે રહેલા હતા એવો દુર્યોધન વિદુરનો તિરસ્કાર કરીને બોલ્યો કે, આ દાસી પુત્રને અહીં કોણે બોલાવ્યો છે ? તે મારૂં અન્ન ખાઈને પુષ્ટ થયેલો હોવા છતા મારી સાથે શત્રુતા રાખે છે, અને શત્રુના કાર્યો સાધે છે માટે જીવતા જીવતજ તેને નગરમાથી કાઢી મૂકો. ૧૫ દુર્યોધને વડા બંધુની સન્મુખ બાણની પેઠે કાનમા પ્રવેશ કરતા તીક્ષ્ણ વચનોથી વિદુરના મર્મ ભાગોને વીધી નાખ્યા છતાં પણ ભગવાનની માયાને મોટી માનનારા વિદુરને કંઈ પણ દુ ખ લાગ્યું નહિ. પોતાનું ધનુષ ધૃતરાષ્ટ્ર રાજાના રાજભવનને ટોલે ભરવી તે ત્યાથી ચાલી ગયા.૧૬ કૌરવોએ પુણ્યથી સંપાદાન કરેલા વિદુરજી હસ્તિનાપુરથી નીકળી ભગવાન સહસ્ર મૂર્તિ પૃથ્વી ઉપર બ્રહ્મા રૂદ્ર વગેરે અનેક મૂર્તિ ધારણ કરીને જે જે તીર્થમાં બિરાજેલા હતા તે તે શ્રીહરિનાં પવિત્ર તીર્થોમા પુણ્ય કરવાની ઇચ્છાથી ફરવા નીકળી પડયા. ૧૭ નગરોમાં પવિત્ર ઉપવાનોમા પર્વતોમાં કુંજોમાં નિર્મળ જળવાળી નદીઓમા તળાવોમાં ભગવાનની મૂર્તિઓથી શોભાયમાન તિર્થોમા તથા ક્ષેત્રોમા તે ફરવા લાગ્યા ૧૮ પૃથ્વીની યાત્રા કરતા પણ તે પવિત્ર રીતે ઉત્તમ પ્રકારની આજીવિકા ચલાવતા અનેક તીર્થોમા સ્નાન કરતા હતા. નિરંતર પૃથ્વી ઉપર સૂ-ા અવધૂતનો વેશ તેમણે ધારણ કર્યો હતો તેથી પોતાનાં મનુષ્યો પણ તેમને ઓળખી શકતા ન હતા તે ફરતા ફરતા શ્રી હરિને સંતુષ્ટ કરનારા વ્રતો કરવા લાગ્યા.૧૯ ભરતખંડમા ચારે દિશાએ ફરતા ફરતા તે જ્યારે પ્રભાસ ગયા ત્યારે યુધિષ્ઠિર રાજા શ્રી કૃષ્ણની સહાયતાથી જેમા પોતાનુ સૈન્ય હતું તથા જેમાં માત્ર રાજચિહ્ન તરીકે એક જ રૌપ્ય છત્ર ધરાય છે એવી આખી પૃથ્વીનું રાજ્ય કરતા હતા. ૨૦ વિદુરે પ્રભાસમા સાભળ્યુ કે પરસ્પર ઘસાવાને લીધે વાસમાથી ઉત્પન્ન થયેલા અગ્નિથી જેમ વન બળી જાય તેમ એક બીજાની ઈર્ષ્યા કરવાથી પોતાના સબંધી કૌરવોનો વિનાશ થયો છે તે સાભળીને વિદુર શોક કરતા છાનામાના પશ્ચિમ દિશા તરફ સરસ્વતી નદીના તીર ભણી ચાલી નીકળ્યા. ૨૧ સરસ્વતી નદીના તીર ઉપર શુક્રાચાર્ય મનુ પૃથુ અગ્નિ અસિત વાયુ સુદાસ ગય કાર્તિકસ્વામી અને શ્રાદ્ધદેવનાં નામથી પ્રસિદ્ધ એવાં તીર્થોની સેવા કરવા લાગ્યા ૨૨ આ પૃથ્વી ઉપર બ્રાહ્મણોએ તથા દેવતાઓએ કરેલા ચક્રનાં ચિન્હવાળા તથા સોનાના કળશોથી સુશોભિત મંદિરવાળા વિષ્ણુના અનેક ક્ષેત્રોમાં તથા તીર્થોમાં ફર્યા. તે પછી વિદુર સમૃદ્ધિવાળા સૌરાષ્ટ દેશ સૌવીર દેશ મત્સ્ય દેશ

કુરૂ દેશ અને જાંગાલ દેશ ઓલંગીને યમુના નદીના તીર ઉપર ગયા ત્યારે ત્યાં તેમને ઉદ્ધવજી મળ્યા ૨૪ તેમણે ભગવાનના સેવક શાંત સ્વભાવવાળા પૂર્વ જન્મને વિષે નીતિશાસ્ત્રમાં બૃહસ્પતિના જેવા પ્રખ્યાત ઉદ્ધવજીને આલિંગન આપી ભગવાનથી પોષણ પામતા પોતાના સંબધીઓના આ પ્રમાણે કુશળ સમાચાર પૂછયા.

હે ઉદ્ધવ! નાભિકમળમાંથી જન્મેલા બ્રહ્માની પ્રાર્થના ઉપરથી પૃથ્વી ઉપર અવતરેલા અને પૃથ્વીનું કુશળ કરીને સર્વને આનંદ આપનાર પુરાણ પુરૂષ એવા રામ તથા શ્રીકૃષ્ણ ભગવાન કુશળ છે? ૨૬ હે ઉદ્ધવ! જે ઉદાર વાસુદેવ બેનના વરોને સંતુષ્ટ કરવાની સાથે બેનોને પણ પિતાની પેઠે પસલી તરિકે અનેક ઉત્તમ પદાર્થો આપીને સંતુષ્ટ કરે છે તે આપણા કૌરવોના બનેવી તથા પરમ સ્નેહી વસુદેવ સુખી છે. હે ઉદ્ધવ! પૂર્વ જન્મે કામનો અવતાર હતો અને રૂક્મિણી બ્રાહ્મણોની આરાધના કરીને શ્રીકૃષ્ણથી જે પુત્રને પ્રાપ્ત થયા છે તે યાદવોના સેનાપતિ શૂરવીર પ્રદ્યુમ્ન સુખી છે. ૨૮ કમળ જેવા નેત્રવાળા શ્રીકૃષ્ણે રાજ્યાસનની આશા વગર જેને રાજ્યાસન ઉપર બેસાર્યા તે સાત્વત વૃષ્ણિ ભાજ તથા દશાર્હ કુળના યાદવોના અધિપતિ સુખી છે. ૨૯ હે ઉદ્ધવ! જેને પૂર્વે પાર્વતીએ પુત્ર તરિકે ગર્ભમા ધારણ કર્યા હતા તે કાર્તિકસ્વામી રૂપી પરાક્રમી પુત્રને જાબવતીએ વ્રત કરીને જન્મ આપ્યો છે, તે ભગવાનના જેવા ગુણવાળા મહારથીઓમા અગ્રેસર ગણાતા સાંબ કુમાર સારા છે. ૩૦ જે અર્જુનની પાસે ધનુર્વિદ્યાનું રહસ્ય ભણ્યા છે તથા જેણે ભગવાનની સેવા કરીને યોગીઓને કષ્ટથી મળે એવી ગતિ મેળવી છે તે સાત્યકી કુશળ છે. ૩૧ પ્રેમથી અધીરા થયેલા અક્રૂર શ્રીકૃષ્ણના ચરણથી અંકિત થયેલા માર્ગની રજમાં આળોટતા હતા તે પાપરહિત ભગવાનના ભકત શ્વફલ્કના પુત્ર વિવેકી અક્રૂર કુશળ છે. ૩૨ ઋક્ યજુષ્ તથા સામ એ ત્રણ વેદે જેમ યજ્ઞના વિસ્તારવાળા અર્થને ધારણ કર્યા હતા અને દેવતાની માતા અદિતિની પેઠે જેને શ્રીહરિ રૂપી પ્રજા છે એવા ભોજ કુળમા ઉત્પન્ન થયેલાં દેવક રાજાનાં પુત્રી દેવકીજી કુશળ છે. ૩૩ ભક્તજનોની કામના પૂરનાર વેદો જેને મનની પ્રવૃત્તિ કરાવનારા ચાર પ્રકારના અંતઃકરણના ચોથા તત્વરૂપ અધિદૈવ રૂપ અને શબ્દની ઉત્પત્તિના કારણ રૂપ કહે છે તે ભગવાન અનિરૂદ્ધ સુખી છે. ૩૪ વળી હે ઉદ્ધવ! બીજા જે પોતાના આત્માના સ્વામી એવા શ્રીકૃષ્ણને અનન્ય ભક્તિથી અનુસરે છે તે હૃદિક અભિમન્યુ ચારૂદેષ્ણ તથા ગદ આદિ યાદવો ક્ષેમ કુશળ છે. ૩૫ ધર્મરાજાની સભામા વારંવાર વિજય કરવાથી સંપાદન કરેલી વિજયલક્ષ્મી જોઇને દુર્યોધન સંતાપ પામ્યો હતો, તે ધર્મમૂર્તિ ધર્મરાજા પોતાના બાહુરૂપ અર્જુન તથા શ્રીકૃષ્ણની સહાયતાથી ધર્મવડે ધર્મની મર્યાદાનું પાલન કરે છે. ૩૬ ગદાનો અનેક રીતે ઉપયોગ કરનારા ભીમસેનના ચરણના પ્રહારને પૃથ્વી પણ સહન કરી શકતી ન હતી તે અપરાધીઓના તરફ સર્પની પેઠે અત્યંત ક્રોધ કરનારા ભીમે પોતાનો લાંબા કાળનો રોષ શું છોડી દીધો છે. ૩૭ બાણના સમૂહથી ઢંકાઈ ગયેલા અને માયાવડે ભિલ્લનું રૂપ ધારણ કરવાથી ઓળખાય નહિ એવા શંકર જેના ઉપર પ્રસન્ન થયા હતા તે, રથોના સમૂહોનું રક્ષણ કરનારા અને અતિરથીઓમાં યશસ્વી ગાંડીવ ધનુષ ધરનાર અર્જુન પોતાના શત્રુઓનો સંહાર કરી કુશળતાથી બેઠા છે. ૩૮ પાંપણોથી જેમ બે આંખો ઢંકાયેલી હોય તેમ કુંતાના પુત્રોથી ઢંકાયેલા માદ્રીના પુત્ર નકુળ તથા સહદેવ ગરૂડ જેમ ઇંદ્રના મુખમાંથી અમૃત હરી લે તેમ પોતાના

શત્રુ દુર્યોધન પાસેથી યુદ્ધમાં રાજ્ય હરી લઈને આનંદમા વિહાર કરે છે. ૩૯ જે શૂરવીરે એકલાએ રથમા બેસી માત્ર ધનુષ્યની સહાયતા લઇને ચારે દિશાઓનો વિજય કર્યો હતો તે રાજર્ષિશ્રેષ્ઠ પાંડુરાજા વિના પણ કુંતાજી માત્ર પોતાના પુત્રોને માટે જીવે છે ૪૦ હે ઉદ્ધવ ! જેણે પોતાના ભાઇનો દ્રોહ કર્યો હતો તથા જેણે પોતાના પુત્રોના કહેવા પ્રમાણે ચાલી પોતાના નગરમાથી કાઢી મૂકયો હતો તે અધોગતિએ જનારા ધૃતરાષ્ટ્ર રાજાનો હું શોક કરૂં છું. ૪૧ અને તે હું મનુષ્યના જેવા વેશથી મનુષ્યોની ચિત્તવૃત્તિને ચળાવતા સર્વના વિધાતા શ્રી હરિના પ્રસાદથી તેમના મહિમાનું દર્શન કરતો કરતો આશ્ચર્ય રહિત બીજો કોઇ ઓળખે નહિ તેમ આ પૃથ્વી ઉપર ફરૂં છું ૪૨ વિદ્યાના ધનના અને કુળના મદથી આડે માર્ગે ચાલનારા અને વારવાર સેનાઓના ભારથી પૃથ્વીને ડોલાવતા રાજાઓનો નાશ કરવા માટે ભગવાન શ્રીકૃષ્ણે શરણાગતને પીડા હરવાની ઇચ્છાથી આજ દિવસ સુધી કૌરવોના અપરાધને ખરેખર સહન કર્યા હતા. ૪૩ અજન્મા ભગવાનનો જન્મ તથા અકર્તા ભગવાનના કર્મો આડે માર્ગે ચાલનારા મનુષ્યોને કર્મ માર્ગમા પ્રવૃત્તિ કરાવવા માટે છે. જો તેમ ન હોય તો બીજો કોણ માયાના ગુણના સંબંધ વિનાનો પુરૂષ કર્મોના વિસ્તારને તથા દેહને ધારણ કરવાને યોગ્ય છે ? ૪૪ હે મિત્ર ! શરણાગત એવા સર્વ લોકપાળોના તથા પોતાની આજ્ઞામા રહેનારા બીજા મનુષ્યોના કાર્ય કરવા યદુવંશમા અવતાર લેનારા અજન્મા અને પવિત્ર કીર્તિવાળા શ્રીકૃષ્ણની કથા મને કહો.૪૫

तस्य प्रपन्नाखिललोकपाना
मवस्थितानामनुशासने स्वे ।
अर्थाय जातस्य यदुष्वजस्य
वार्तां सखे कीर्तय तीर्थकीर्तेः ॥४५॥

इतिश्रीमद्भागवतेमहा पुराणेतृतीयस्कंधे
प्रथमोध्यायः

અધ્યાય ૨ જો.*

ઉદ્ધવનું પરિદેવન.

શ્રીશુક ઉવાચ

इति भागवतः पृष्टः क्षत्त्रा वार्तां प्रियाश्रयाम्।
प्रतिवक्तुं न चोत्सेह औत्कंठ्यात्स्मारितेश्वरः

શુકદેવજી કહે છે કે–આ પ્રમાણે જેમાં શ્રીકૃષ્ણની કથાઓ છે એવી વાર્તા વિદુરે ઉદ્ધવને પૂછી એટલે તેમને ઉત્કંઠાને લીધે ભગવાન સાભરી આવ્યા અને કંઈ પ્રત્યુત્તર આપી શકાયો નહિ. ૧ ઉધ્ધવ તેમના અનુપમ ભક્ત હતા તે જયારે પાચ વર્ષના હતા ત્યારે માતાજી ખાવાને બોલાવતા પરંતુ તે બાળલીલાથી શ્રીકૃષ્ણની સેવા કરતા હતા તેથી ભોજનની દરકાર રાખતા ન હતા. ૨ તે શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરી મોટા થયા હતા. પોતાના સ્વામી ભગવાનના ચરણારવિન્દનું સ્મરણ કરતા ઉધ્ધવને વિદુરે તેમની લીલા પૂછી પણ તે મરણ પામવાથી ઉધ્ધવથી કહેવાઇ નહિ તે એક મુહુર્ત સુધી મૌન રહ્યા પછી શ્રીકૃષ્ણના ચરણામૃતથી અત્યંત નિવૃત્તિ સુખનો અનુભવ લઈ તીવ્ર એવા ભક્તિયોગથી ભગવાનના ચરણામૃતમાં ડુબી ગયા, તેમના સર્વ અંગો રોમાચિત થઈ ગયા આંખોમાથી અશ્રુઓ ટપકવા લાગ્યાં અને ભગવાન ઉપર થયેલા પ્રેમ પ્રવાહમાં લીન થઇ ગયા વિદુરે તેમને કૃતકૃત્ય માન્યા. પછી ઉધ્ધવ ધીરે ધીરે ભગવાનના લોકમાથી પાછા મનુષ્ય લોકમા આવ્યા અને ભગવાનમાં લય થયેલી મનોવૃત્તિને પાછી સાંસારિક વિષયોમા ઉતારી. યદુકુળના સંહાર વગેરે શ્રી હરિનાં ચતુરાઈ ભરેલાં કર્મો સંભારી આનંદ પામી વિદુરજી આ પ્રમાણે કહેવા લાગ્યા.

ઉધ્ધવ કહે છે કે–શ્રીકૃષ્ણ રૂપી સૂર્ય અસ્ત થયા પછી કાળ રૂપી મહા સર્પે ગળા-

* આ અધ્યાયમા વિજોગી ઉદ્ધવ શ્રીકૃષ્ણ ભગવાનના બાલ્ય ચરિત્રોને સંભારીને શોક કરે છે.

થેલાં અને સંપત્તિ હીન થયેલાં આપણા ઘરોમાં હવે હું કુશળતાની શી વાર્તા કરૂં. આ જગત ભાગ્યહીન છે અને તેમાં યાદવો તો વધારે ભાગ્યહીન છે, કારણ કે ક્ષીરસાગરનાં મત્સ્ય ક્ષીર સાગરમાં જન્મેલા ચંદ્રને આ કોઇ સુંદર જલચર છે એમ જાણે છે પરંતુ તેના સત્ય સ્વરૂપને જાણતા નથી તેમ ભગવાનની સાથે રહેનારા યાદવો તેમના પરમાર્થ સ્વરૂપને જાણતા ન હતા. ૮ મનના ગુપ્ત અભિપ્રાયને જાણનારા મહા પ્રૌઢ તથા એક ઠેકાણે રહેનારા યાદવો પ્રાણી માત્રના નિવાસ રૂપ શ્રીકૃષ્ણને ઓળખતા ન હતા. ૯ જે યાદવો ભગવાનની માયાથી મુગ્ધ થઇ આ આપણા બંધુ છે એવું કહેતા હતા તથા જે શિશુપાળ આદિક દુષ્ટ જનો વેરને લીધે શ્રીકૃષ્ણની નિંદા કરતા હતા તેમનાં વાક્યોથી આત્મારૂપી પરમાત્મા વિષેજ અર્પણ કરેલી મારા જેવા પુરૂષોની બુદ્ધિ ભ્રમિત થતી નથી. ૧૦ મનુષ્યની લીલા કરવામા ઉપયોગી પોતાને એકવાર આશ્ચર્ય ઉપજાવનારૂ સૌભાગ્ય સંપત્તિની સીમા રૂપ તથા આભૂષણને શોભાવે એવા અંગોવાળું જે રૂપ માયાનું બળ દેખાડવા માટે ભગવાને ધારણ કર્યું હતું તથા ધર્મરાજાના રાજસૂય યજ્ઞમાં જેમના નેત્રને સંતોષ આપનારૂં રૂપ જોઇને ત્રણે લોકે એમ માન્યું હતું કે બ્રહ્માએ મનુષ્ય લોકની સૃષ્ટિ રચી પોતાની કુશળતા વાપરી નાંખી છે. જેમના હાસ્ય વિનોદથી રાજક્રીડાથી અને લીલા પૂર્ણ અવલોકનથી જેમણે શ્રીકૃષ્ણ તરફથી માન મેળવેલું હતું એવી વ્રજની સ્ત્રીઓ ભગવાનને જતા જોઇ ઘરનાં કામકાજ અધુરા મૂકી ઉભી રહેતી હતી તેજ શ્રીકૃષ્ણ ભગવાને અધુરાં તપ કરવાથી અસંતુષ્ટ દૃષ્ટિવાળા મનુષ્યોને જોવા યોગ્ય પોતાનું અનુપમ સ્વરૂપ દેખાડી હમણાં પાછું હરી લીધું છે જ્યારે પોતાની બીજી ક્રૂરમૂર્તિરૂપ દૈત્યોએ તથા રાક્ષસોએ શાંત મૂર્તિ રૂપ દેવતાઓને પીડવા માંડયા ત્યારે ભગવાનને દયા ઉત્પન્ન થઇ અને ભૂત તથા ભવિષ્યના સ્વામી પોતે અજન્મા હતા તોપણ કાષ્ઠમાં નિત્ય રહેલો અગ્નિ જેમ પ્રગટ થાય તેમ મહત્તત્વ રૂપી સાધારણ કાર્યની સાથે પ્રગટ થયા હતા. ૧૫ પોતે અજન્મા હતા તોપણ તેમણે વસુદેવના ઘરમા જન્મવાનું ચરિત્ર કર્યું હતું. અપાર પરાક્રમવાળા છતાં શત્રુના ભયથી બીતા હોય તેમ તેમણે વ્રજમા વાસ કર્યો હતો અને કાલયવનાદિકના ભયથી બીતા હોય તેમ મથુરા નગરીમાંથી નાશી ગયા હતા. એ સર્વ શ્રીકૃષ્ણના ચરિત્રો મને હમણાં ખેદ ઉપજાવે છે. ૧૬ બળદેવને શ્રીકૃષ્ણ ભગવાને કંસનો નાશ કર્યા પછી માતા પિતાના ચરણારવિંદમાં પ્રણામ કરી કહ્યું હતું કે, હે તાત ! હે માત ! અમે કંસથી બહુજ બીતા હતા તેથી તમારી સેવા કરી શકયા નથી માટે તમે અમારા અપરાધ ક્ષમા કરી પ્રસન્ન થાઓ. શ્રીકૃષ્ણનાં વિવેક ભરેલા એ વચનો સંભારતાં મારૂં હૃદય ભરાઇ આવે છે. ૧૭ શ્રીકૃષ્ણના ચરણારવિંદની પરાગનો વાસ લીધા પછી કોણ તેનો ત્યાગ કરે ? જે પરમાત્માએ પોતાની ભ્રકુટીલતા રૂપી કાળથી ભૂમિનો ભાર ઉતાર્યો હતો. ૧૮ હે વિદુર ! શિશુપાળ રાજસૂય યજ્ઞમાં શ્રીકૃષ્ણનો દ્વેષ કરતો હતો છતા યોગીઓ ઉત્તમ યોગથી જે ગતિને મેળવવાની ઇચ્છા કરે છે તે ગતિને તે પામ્યો હતો. શ્રીકૃષ્ણના વિરહને કોણ સહન કરે ? ૧૯ શૂરવીર રાજાઓ રણ ઉપર નેત્રોને આનંદ આપનાર શ્રીકૃષ્ણનાં મુખારવિંદનું નેત્રોથી પાન કરીને અર્જુનના બાણથી પવિત્ર થયેલા તેમના ધામને પામ્યા હતા. ૨૦ વળી જે શ્રીકૃષ્ણ ભગવાન પોતે કોઇના સમાન નથી પરંતુ સર્વ કરતાં શ્રેષ્ટ છે. ત્રણ લોકના સ્વામી અને પરમાનંદ સ્વરૂપની સંપત્તિથી સમસ્ત વૈભવને પ્રાપ્ત થયેલા

તથા બલિ આપનારા પૂર્વના લોકપાળો પોતાના મુગટની અણીથી જેમના પાદપીઠની પૂજા કરે છે એવા શ્રીકૃષ્ણ ભગવાન હે વિદુર! રાજ્યાસન ઉપર બેઠેલા ઉગ્રસેન રાજાની આગળ ઉભા રહીને હે રાજન! આજ્ઞા કરો એમ કહેવા લાગ્યા. તે તેમનું કૈંકર્ય આપણુ ભૃત્યવર્ગને સંપૂર્ણ રીતે ખેદ ઉપજાવે છે. ૨૨ પૂતનાએ પોતાના સ્તન ઉપર મહા ભયંકર ઝેર ચોપડી શ્રીકૃષ્ણને મારવાની ઇચ્છાથી તેમને ધવરાવ્યા છતા તે સદ્ગતિને પામી હતી. આવા દયાળુને છોડીને બીજા તે કયા પુરૂષને શરણે જઇએ? ૨૩ હું તો અસુરોને મોટા ભગવદ્ભક્ત માનું છું કારણ કે તેમનું મન ક્રોધાવિષ્ટ હોવાથી ત્રણ લોકના નાથ એવા ઇશ્વરમાંજ આસક્ત રહે છે. જેમણે રણમાં સુદર્શન ચક્રને ધારણ કરનાર શ્રીકૃષ્ણ બિરાજેલા હતા એવા કશ્યપના પુત્ર ગરૂડને પોતાની સન્મુખ આવતા જેયા હતા. ૨૪ શ્રીકૃષ્ણ ભગવાન બ્રહ્માની પ્રાર્થનાથી પૃથ્વીનો ભાર ઉતારી તેમનુ કલ્યાણ કરવાની ઇચ્છાથી કંસના કારાગારમા વસુદેવની સ્ત્રી દેવકીથી ઉત્પન્ન થયા હતા. ૨૫ પછી તેમના પિતા કંસથી ડરી તેમને નંદના વ્રજમા મૂકી આવ્યા હતા, ત્યા શ્રીકૃષ્ણ પોતાનું તેજ ગૂઢ રાખીને બળદેવજી સાથે અગીયાર વર્ષ સુધી રહ્યા હતા ૨૬ ત્યા સમર્થ એવા શ્રીકૃષ્ણ શબ્દો કરતાં પક્ષીઓથી જેનાં વૃક્ષો સરાઇ ગયા હતા એવા યમુનાના ઉપવનમા વાછડાં ચારતા ગોપના બાળકોથી વિંટાઇને વિહાર કરતા હતા.૨૭ જાણે રડતા હોય તથા હસતા હોય તેમ વર્તતા ને મુગ્ધ એવાં સિંહનાં બચ્ચાંની પેઠે આડુ અવળું જેતા વ્રજવાસીઓને જેવા યોગ્ય બાળચેષ્ટાઓ કરી બતાવતા. લક્ષ્મીના નિવાસ રૂપ શ્રીકૃષ્ણ ધોળી ગાયો અને બળદોવાળાં ગોધનને યમુનાના તીર ઉપર ચરાવતા વાસળી વગાડી પોતાની પાછળ આવેલા ગોવાળિયાઓને રમાડતા હતા. ૨૯ ઇચ્છાનુસારરૂપ ધારણ કરનારા માયાવી પુરૂષો કંસ મોકલતો તેમને બાળક જેમ તૃણના બનાવેલા સિંહાદિકને ભાગી નાખે તેમ તે મારી નાંખતા હતા. ૩૦ પછી યમુનામાં રહેલા કાલીય નામના સર્પરાજથી ઝેરી થયેલું પાણી પીને મરણ પામેલા ગોવાળિયાઓને તથા ગાયોને જીવતી કરી ઝેર વિનાનું શુદ્ધ થયેલું યમુનાનું પાણી સર્વેને પાયુ હતું. ૩૧ સમૃદ્ધિવાળા નંદરાયની લક્ષ્મીનો ઉત્તમ ઉપયોગ કરવાની ઇચ્છાથી તથા અત્યંત સંપતિવાળા ઇંદ્રના માનનો ભંગ કરવાની ઇચ્છાથી, સમર્થ એવા શ્રીકૃષ્ણે ઉત્તમ બ્રાહ્મણાદ્વારા ગોવાળિયાઓના રાજા નંદરાયની પાસે જેમા ગાયોનુ પૂજન કરવામાં આવે છે એવો ગોયજ્ઞ કરાવ્યો હતો. ૩૨ તે ઉપરથી ઇન્દ્ર રાજા પોતાનું અપમાન થવાને લીધે વ્રજ ઉપર મૂશળધાર પાણી વરસાવવા લાગ્યો. વ્રજ અતિ ગભરાઇ ગયુ ત્યારે શ્રીકૃષ્ણે વ્રજની ઉપર અનુગ્રહ કરીને ગોવર્ધન પર્વતને છત્ર બનાવી તેનાથી વ્રજનું રક્ષણ કર્યું હતું. ૩૩ શરદ ઋતુના ચંદ્રમાના કિરણોથી ગૌર થયેલા રાત્રિના આરંભને અભિનંદન આપતા સ્ત્રીઓના મંડળમાં આભૂષણ રૂપ શ્રીકૃષ્ણ મધુર પદવાળા ગીત ગાતા રાસ રમ્યા હતા. ૩૪

शरच्छशिकरैर्मृष्टं मानयन् रजनीमुखम्
गायन् कलपदं रेमे स्त्रीणां मडलमंडनः ३४

इतिश्रीमद्भागवतेमहापुराणेतृतीयस्कंधे
द्वितीयोध्यायः

અધ્યાય ૩ જો.*

મથુરા અને દ્વારકાનાં પરાક્રમો.

उध्धव उवाच

ततः स आगत्य पुरं स्वपित्रो-
श्चिकीर्षया शं बलदेवसंयुतः ।

* આ અધ્યાયમા શ્રીકૃષ્ણના મથુરા તથા દ્વારકામા કરેલા પરાક્રમો વર્ણવવામા આવે છે

निपात्य तुंगाद्रिपुयूथनाथं हतं
व्यकर्षद्व्यसु गौजसोर्व्याम् ॥

ઉધ્ધવ કહે છે કે-હે વિદુર! પછી શ્રી કૃષ્ણ ભગવાન માતાપિતાને સુખી કરવાની ઇચ્છાથી બળદેવજી સાથે મથુરા ગયા અને ઉંચી રંગભૂમિ ઉપરથી શત્રુઓના અધિપતિ કંસને પૃથ્વી ઉપર પાડયો તથા મરણ પામેલા તેને બળથી પૃથ્વી ઉપર ઘસરડયો. ૧ પછી સાંદીપનિ ગુરૂ પાસેથી એક વાર જ કહેલો સંપૂર્ણ વેદ વિસ્તાર સાથે ભણ્યા હતા અને પંચજન નામના દૈત્યે ગુરૂ સાંદીપનિના પુત્રને મારી નાખ્યો હતો તેથી તે પુત્રની શોધ માટે તે દૈત્યનું પેટ ચીરીને જોયું તો પુત્ર મળ્યો નહિ તેથી યમરાજા પાસે જઇ ત્યાંથી તે મરેલા પુત્રને લાવી તેને સજીવન કરી ગુરૂને ગુરૂદક્ષિણા આપી ૨ ભીષ્મક રાજાની કન્યા રૂક્મિણીના સ્વયંવરમા ઘણા રાજાઓ તેમનુ પાણિગ્રહણ કરવા આવ્યા હતા તેમના દેખતા તેમના મસ્તક ઉપર પગ દઇને ગરૂડ જેમ પોતાનો ભાગ લઇ જાય તેમ રૂક્મિણી સાથે ગંધર્વવિવાહથી પાણિગ્રહણ કરવાની ઇચ્છાથી તેમને હરી ગયા ૩ વળી નાગ્નજીતીના સ્વયંવરમા સાત સાઢનાં નાક છેદી તેમા નાથ પહેરાવી નાગ્નજીતી નામની કન્યાને પરણ્યા. સાત સાઢને નાથરૂપી કર્મથી રાજાઓ માનભંગ થયા છતા પણ તે કન્યા ઉપર આસક્ત થયેલા અજ્ઞાની રાજાઓ તે કન્યાઓનું હરણ કરવા માટે શસ્ત્રો ધારણ કરીને સામા થયા શ્રીકૃષ્ણે તેમનાં આયુધોથી નાશ કર્યો અને પોતે અક્ષત રહ્યા પોતાને જરા પણ હાનિ થઇ નહિ. ૪ શ્રીકૃષ્ણ અદિતિના કુંડળ આપવા માટે સ્વર્ગમાં ગયા ત્યારે પોતે સ્વતંત્ર હતા છતાં પણ જાણે સ્ત્રીને આધીન હોય તેમ સત્યભામાને રાજી રાખવા પારિજાતક નામનું વૃક્ષ પૃથ્વી ઉપર લાવ્યા હતા. જે વૃક્ષને માટે વજ્રધારી ઇંદ્ર સ્ત્રીની પ્રેરણાથી ક્રોધાંધ થઇ પોતાના દેવગણો સાથે શ્રીકૃષ્ણની પાછળ દોડયો હતો કારણ કે એ ખરેખર સ્ત્રીઓનો એક ક્રીડામૃગ હતો. ૫ રણભૂમિ ઉપર ભૂમિનો પુત્ર નરકાસુર પોતાના શરીરથી આકાશને ગળવા તૈયાર થયો ત્યારે શ્રીકૃષ્ણે સુદર્શન ચક્રથી તેને મારી નાંખ્યો તે તે જોઇને પૃથિવીએ બહુજ વિનયપૂર્વક પ્રાર્થના કરી એટલે તેના પુત્ર ભગદત્તને બાકીનું રાજ્ય આપી શ્રીકૃષ્ણ નરકાસુરના અંતઃપુરમા પેઠા. ૬ ભૌમાસુરે અનેક રાજકન્યાઓને બલાત્કારથી હરી આણી હતી. તે રાજકન્યાઓ આર્ત મનુષ્યના બંધુ રૂપ શ્રીહરિને જોઇ ઉભા થઇ ઉત્તમ પ્રકારના હર્ષ લજ્જા ને પ્રેમ સાથે અવલોકન કરી તેમને પોતાના પતિ તરીકે ગ્રહણ કર્યા. ૭

પછી શ્રીકૃષ્ણે પોતાની માયાથી તે સ્ત્રીઓને યોગ્ય એવું રૂપ ધારણ કર્યું અને જુદા જુદા ઘરમા એક જ મુહુર્તમાં શાસ્ત્રોક્ત વિધિથી તે સર્વનું પાણિગ્રહણ કર્યું. ૮ પોતાની માયાને અનેક પ્રકારે વિસ્તાર કરવાની ઇચ્છાથી તે સ્ત્રીઓમાંની પ્રત્યેક સ્ત્રીને વિષે સર્વ રીતે પોતાને મળતા ગુણવાળા દશ દશ પુત્રો ઉત્પન્ન કર્યા. ૯ વળી કાળયવન, જરાસંધ શાલ્વ વગેરે રાજાઓએ સેનાદ્વારા મથુરા નગરી ઉપર ઘેરો ઘાલ્યો તે સમયે ભગવાને પોતે મુચુકુંદ ભીમસેનદ્વારા તેમનો નાશ કરાવી પોતાના મનુષ્યોને અલૌકિક યશ અપાવ્યો હતો. ૧૦ શંબરાસુર મુર બલ્વલ તથા બીજા દંતવક્ત્ર વગેરેમાંથી કેટલાએકને પોતે માર્યા હતા તથા કેટલાએકને બીજા દ્વારા મરાવી નંખાવ્યા હતા. ૧૧ પાંડુના તથા ધૃતરાષ્ટ્રના પુત્રોના પક્ષમાં આવેલા હજારો રાજાઓનો ભારતના યુદ્ધમાં સંહાર કરાવ્યો હતો. તેમની સેના નાની ન હતી. તેઓ કુરૂક્ષેત્રમાં આવ્યા તે વેળા સેનાના ભારથી સમસ્ત ભૂમિ ધ્રુજી ગઈ હતી. ૧૨ કર્ણ દુઃશાસન તથા શકુનિની દુષ્ટ

સલાહના પરિણામથી જેની રાજ્યલક્ષ્મી તથા આયુષ્ય નાશ પામ્યું હતું અને ભીમે રણમાં ગદા મારી જેની સાથળો જર્જર કરી હતી, એવા સુયોધનને રણભૂમિ ઉપર સેવકો સાથે મરણ પામી સુતેલો જોયો તો પણ તેઓ સંતોષ પામ્યા નહિ.
૧૩ પણ તે એમ વિચાર કરવા લાગ્યા કે દ્રોણ ભીમ અર્જુન તથા ભીમસેનને નિમિત્ત કરીને પૃથ્વીનો જે અઢાર અક્ષૌહિણીનો મોટો ભાર હતો તે ભાર ઉતાર્યો પરંતુ તે શી ગણત્રીમા છે? કારણ કે હજી તો મારા અંશભૂત પ્રદ્યુમ્ન પાસે સહન થઇ શકે નહિ એવું યાદવોનું અસંખ્ય સૈન્ય છે.
૧૪ યાદવો જ્યારે મદિરાના મદથી રાતાં નેત્રવાળા થઇને પરસ્પર લઢશે ત્યારે તેમનો સંહાર થશે માટે યાદવોને મારવાનો આજ ઉપાય છે, બીજો ઉપાય નથી. યાદવો જો કે પરસ્પર સંપીને રહે છે છતાં પણ હું જ્યારે વિરોધ કરાવવાને તૈયાર થઇશ ત્યારે તેઓ પોતે માંહોમાંહે લઢીને નાશ પામશે.
૧૫ આમ વિચાર કરીને ભગવાને ધર્મના પુત્ર યુધિષ્ઠિરને તેમના પોતાના રાજ્યાસન ઉપર બેસાર્યા અને સ્નેહી સંબંધીઓને સત્પુરૂષોનો માર્ગ દેખાડીને રાજી કર્યા.
૧૬ અભિમન્યુએ શાસ્ત્ર પ્રમાણે ઉત્તરા કુંવરીના ઉદરમા વંશ રૂપ ગર્ભ મૂક્યો હતો પાંડુના તે અશ્વત્થામાના અસ્ત્રથી છિન્નભિન્ન થઇ ગયો
૧૭ પરંતુ ભગવાને તેને પાછો સજીવન કર્યો. સમર્થ એવા ભગવાને યુધિષ્ઠિર રાજાની પાસે ત્રણ અશ્વમેધ યજ્ઞો કરાવ્યા હતા અને તે ધર્મરાજા પણ શ્રીકૃષ્ણને અનુસરીને બંધુઓ સાથે પૃથ્વીનું પાલન કરવા લાગ્યા.
૧૮ વિશ્વના આત્મા શ્રીકૃષ્ણ ભગવાન લોક તથા વેદના માર્ગને અનુસરવા લાગ્યા અને પ્રકૃતિ પુરૂષના વિવેકને લીધે સાંસારિક વિષયમાં આસક્ત ન થતાં દ્વારકાંપુરીમા રહીને અનેક પ્રકારના વૈભવો ભોગવવા લાગ્યા.
૧૯ સ્નેહ ભરેલી તથા મદ હાસ્યવાળી દૃષ્ટિથી અમૃતના જેવી મીઠી વાણીથી નિર્દોષ ચરિત્રોથી અને લક્ષ્મીના નિવાસ રૂપ પોતાના દેહવડે આ લોકને પરલોકને તથા યાદવોને નિરંતર રમાડતા તથા રાત્રિએ જેમને સમય મળેલો છે એવી સ્ત્રીઓ ઉપર ક્ષણિક પ્રેમ રાખનારા ભગવાન તેમને વિહાર કરાવતા.
૨૧ એ પ્રમાણે ઘણા વર્ષો વીતિ ગયા પછી ભગવાનને ગૃહધર્મો ઉપર અપ્રીતિ થઇ.
૨૨ જ્યારે શ્રીકૃષ્ણ જેવાને સ્વાધીન એવા કામભોગ ઉપર અભાવ થયો ત્યારે દૈવને આધીન રહેલો અને ભક્તિથી યોગેશ્વર એવા શ્રીકૃષ્ણની સેવા કરનારો કયો પુરૂષ દૈવને આધીન એવા વિષય ભોગના સાધનો ઉપર વિશ્વાસ રાખે.
૨૩ એક સમયે દ્વારકામાં યદુ તથા ભોજ કુળના બાળકોએ રમતાં રમતા ઋષિઓને કોપાવ્યા તેથી ભગવાનના અભિપ્રાયને જાણનારા તે ઋષિઓએ પેલા યાદવના કુમારોને શાપ દીધો.
૨૪ ત્યાર પછી કેટલાએક મહિના વીત્યા બાદ ભગવાનની માયાથી મોહિત થયેલા વૃષ્ણિ ભોજ અંધક વગેરે કુળના પુરૂષો રથોમાં બેસીને રાજી થતા થતા પ્રભાસપાટણ ગયા.
૨૫ ત્યા પવિત્ર જળમા નાહી પિતૃ ઋષિ તથા દેવતાઓનું સરસ્વતીના જળવડે તર્પણ કરી બ્રાહ્મણોને ઘણા ગુણવાળી ગાયો આપી
૨૬ સુવર્ણ રૂપું શય્યા વસ્ત્રો મૃગચર્મ ઉનનાં વસ્ત્રો વાહનો રથો હાથીઓ કન્યાઓ આજીવિકા ચાલે એટલી ભૂમિ તથા બહુ રસવાળું અન્ન વગેરે શ્રદ્ધાપૂર્વક શુદ્ધ બ્રાહ્મણોને આપ્યું. પછી ગાય તથા બ્રાહ્મણને માટે જેમના પ્રાણ હતા એવા શૂરવીર યાદવો પૃથ્વી ઉપર મસ્તક મૂકી બ્રાહ્મણોને નમ્યા.

अन्नं चोरुरसं तेभ्यो दत्त्वा भगवदर्पणम्
गोविप्रार्थासवः शूराः प्रणेमुर्भुवि मूर्धभिः

इति श्रीमद्भागवतेमहापुराणेतृतीयस्कंधे
तृतीयोध्यायः

અધ્યાય ૪ થો.†

વિદુર ને મૈત્રેયનો સમાગમ.

उध्धव उवाच

अथ ते तद्-ज्ञाताभुक्त्वा पीत्वा च वारुणीम्
तया वि॑ंशितज्ञाना दुरुक्तैर्मर्म पस्पृशुः

ઉદ્ધવ કહે છે કે—યાદવો બ્રાહ્મણોની આજ્ઞા લેઇ જમ્યા તે પછી પિષ્ટની મદિરા પી બુદ્ધિહીન થઇને દુષ્ટ વચનોથી એક બીજાનાં મર્મ સ્થાનને ભેદવા લાગ્યા. ૧ સૂર્યનારાયણ અસ્ત થવા આવ્યા હતા તે સમયે વંસ જેમ પરસ્પર ઘસાવાથી નાશ પામે તેમ પિષ્ટની મદિરાના પાનથી યાદવો પરસ્પર લઢીને નાશ પામવા લાગ્યા. ૨ ભગવાન શ્રીકૃષ્ણ આ પોતાની માયાની ગતિ છે એવું ધારીને સરસ્વતી નદીના તીર ઉપર જઇ જળનું આચમન લઇ ઝાડને થડ આઢેલીને બેઠા.૩ શરણાગતની પીડાને હરનાર શ્રીહરિએ પોતાના કુળનો ક્ષય કરવાની ઇચ્છાથી મને કહ્યું કે—તું બદરિકાશ્રમમાં જા.૪ હે વિદુર! હું ભગવાનના અભિપ્રાયને જાણતો હતો પણ હું તેમની પાછળ ગયો કારણ કે મારા સ્વામીનો વિયોગ સહન કરવાને હું અસમર્થ હતો. ૫ હું શ્રીકૃષ્ણની શોધ કરતો આમતેમ ફરવા લાગ્યો એટલામાં લક્ષ્મીના નિવાસસ્થાન આશ્રયરહિત છતાં સરસ્વતી નદીના તીર ઉપર આશ્રય કરનાર નવીન મેઘના જેવા શ્યામ રંગવાળા શુધ્ધ સત્વગુણી શાંતમૂર્તિ રાતાં નેત્રવાળા ચાર ભુજાવાળા અને પીળું રેશમી વસ્ત્ર ધારણ કરનારા વિષયનો ત્યાગ કરનારા છતાં પણ શરીરે હૃષ્ટપુષ્ટ એવા શ્રીકૃષ્ણ એકલા ડાબા સાથળ ઉપર જમણા ચરણારવિંદને ચઢાવી એક નાના પીપળાને થડ અઢેલીને બેઠા હતા તેમનાં મેં દર્શન કર્યાં. ૮ એટલામાં વ્યાસજીના સ્નેહી તથા મિત્ર અને ભગવાનના મહાભક્ત તથા સિધ્ધ એવા મૈત્રેય પૃથિવી ઉપર ફરતા ફરતા દૈવેચ્છાથી ત્યા આગળ આવી ચઢયા. ૯ ભક્તિથી ભગવાન ઉપર પ્રેમ ધરાવનાર મુનિએ હર્ષ તથા ભક્તિથી મસ્તક નમાવી ભગવાનને પ્રણામ કર્યા. તે પછી ભગવાન મુનિના સાંભળતા પ્રેમ સહિત હાસ્યવાળી દૃષ્ટિથી મારા શ્રમને દૂર કરતા હોય તેમ મને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૧૦

શ્રીભગવાન બોલ્યા કે—હે ઉદ્ધવ! તમારા મનમાં જે ઇચ્છા છે તે હું જાણું છું. તમે જેની ઇચ્છા કરો છો તે બીજાઓને દુર્લભ છે, છતા હું તમારી ઇચ્છા પૂર્ણ કરીશ, કારણ કે તમે પૂર્વે પ્રજાપતિઓના તથા વસુઓના યજ્ઞમાં મને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી મારૂં યજન કર્યું હતું.૧૧ આ જન્મમાં મેં તમારા ઉપર અનુગ્રહ કર્યો તેથી હવે તમારો જન્મ સર્વ જન્મોમાં છેલ્લો છે તથા હું એકાંતમાં બેસી આ મનુષ્ય લોકનો ત્યાગ કરૂં છું તે સમયે તમે નિર્મળ ભક્તિથી મારૂં દર્શન કર્યું, તે બહુ સારૂં કર્યું. ૧૨ પૂર્વે પદ્મકલ્પ નામની પ્રથમ સૃષ્ટિમાં મેં નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માને ઉત્તમ એવા જ્ઞાનનો ઉપદેશ કર્યો હતો કે જે જ્ઞાનથી મારા મહિમાનું ભાન થાય છે તથા વિવેકી મનુષ્યો જેને 'શ્રીમદ્‌ભાગવત' એમ કહે છે તે હું તમને કહીશ. ૧૩

આ પ્રમાણે શ્રીકૃષ્ણે કહ્યું એટલે ક્ષણે ક્ષણે પરમ પુરૂષ એવા તેમના અનુગ્રહનું પાત્ર તથા પ્રેમને લીધે જેના શરીર ઉપર રોમાંચ થયાં હતાં એવો હું લોકનો ત્યાગ કરી બે હાથ જોડી ગદ્‌ગદ વાણીએ તેમને કહેવા લાગ્યો કે— ૧૪ હે ઇશ! તમારા ચરણકમળને સેવનાર પુરૂષોને આ લોકમાં ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થોમાંથી કયો પુરૂષાર્થ નથી મળતો. હે ભગવાન! હું તો તમારા ચરણારવિંદની સેવા

† આ અધ્યાયમા વિદુર મૈત્રેય પાસે આત્મજ્ઞાન મેળવવાને ગયા તેની કથા છે.

કરવામાં આતુર છું તેથી કોઇ પણ પુરૂષાર્થની વાંચ્છા કરતો નથી. ૧૫ આપ ઇચ્છા રહિત છો છતાં આપનાં કર્મો, આપ જન્મ રહિત છો છતાં આપના જન્મો, આપ કાળમૂર્તિ છો છતાં આપે કરેલો દ્વારકાનો આશ્રય અને શત્રુઓના ભયથી નાસવું તથા પોતાના આત્મામાંજ આનંદ માનનારા છતા આપનો અનેક સ્ત્રીઓની સાથે ગૃહસ્થાશ્રમ આદિ આપનાં ચરિત્રો સાંભળી જ્ઞાનીઓની બુદ્ધિ સંશયથી મોહમા પડે છે. ૧૬ હે પ્રભો ! તમે અનાદિ કાળથી અકુંઠિત અને અખંડ એવા ઉત્તમ આત્મજ્ઞાનવાળા હોવા છતાં ગુપ્ત વિચારોમાં સાવધાન થઇ મને બોલાવી મૂર્ખ મનુષ્યોની પેઠે પ્રશ્ન પૂછતા હતા તે વાત હે દેવ ! મારા મનને મોહ કરતી હોય એવી લાગે છે. ૧૭ હે કૃષ્ણ ! આપ ભગવાને પોતાના ગુપ્ત તત્વને પ્રકાશ કરનારૂં સર્વ ઉત્તમ જ્ઞાન બ્રહ્માને કહ્યુ હતું તે જ્ઞાન જો મારાથી ગ્રહણ કરી શકાય એવું હોય તો મને કહો. જે જ્ઞાનથી અમે શ્રમ વગર સંસારના દુઃખને તરી જઇએ. ૧૮ આ પ્રમાણે મારા હૃદયનો અભિપ્રાય મેં ભગવાનને નિવેદન કર્યો એટલે કમળ જેવા નેત્રવાળા તેમણે પોતાનું સત્ય સ્વરૂપ મને કહ્યુ. ૧૯ મેં ગુરૂમુર્તિ ભગવાનના ચરણકમળની આરાધના કરી. પરમાર્થ રૂપ આત્મજ્ઞાનનો માર્ગ જાણ્યો અને તેમના ચરણમાં પ્રણામ કરી પ્રદક્ષિણા કરી તેમના વિયોગથી આતુર હતું ચિત્ત જેનું એવો હું ફરતો ફરતો પછી અત્રે આવ્યો. ૨૦ હે પ્રભો ! હું ભગવાનના દર્શનના આનંદનો અંત આવવાથી બહુ ખિન્ન થયો છું. હવે હું ભગવાનને પ્રિય એવા બદરિકાશ્રમ માં જઇશ. ૨૧ જ્યા લોકોનો અનુગ્રહ કરનાર ભગવાન નર અને નારાયણ નામના ઋષિ પરને પીડા ન થાય એવું તથા કલ્પ જેની અવધિ છે એવું મહા તીવ્ર તપ કરે છે.

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે ઉધ્ધવને મુખે સગાં સંબંધીઓનું સહન થાય નહિ એવું મરણ સાંભળી જ્ઞાનનિપુણ વિદુરે જ્ઞાનથી શોકને શમાવી કૌરવોમા શ્રેષ્ઠ ભગવદ્ભકતોમાં મોટા અને શ્રીકૃષ્ણના સેવકોમાં મુખ્ય એવા ઉધ્ધવને આ પ્રમાણે કહ્યું ૨૪

વિદુર કહે છે કે—હે ઉધ્ધવ ! યોગેશ્વર એવા શ્રીકૃષ્ણે આત્માના ગુહ્યતત્વને પ્રકાશ કરનારૂં જે જ્ઞાન તમને કહ્યુ તે તમારે મને કહેવું જોઇએ, કારણ કે વિષ્ણુના ભકતો પોતાના દાસના કાર્ય સાધવા તત્પર રહેછે. ૨૫ ઉધ્ધવે કહ્યું કે—હે વિદુર ! મનુષ્ય લોકનો ત્યાગ કરવાની ઇચ્છાવાળા ભગવાને તમારે માટે મારી સમક્ષ મૈત્રેયને ઉપદેશ કર્યો હતો તેથી તમારે તત્વજ્ઞાન સારૂં મૈત્રેયની આરાધના કરવી જોઇએ. ૨૬

શુકદેવજી કહે છે કે—હે પરીક્ષિત રાજા! આ પ્રમાણે વિદુરની સાથે વિશ્વમુર્તિ ભગવાનના ગુણોની કથા રૂપી અમૃતનું પાન કરવાથી જેના સર્વ તાપ ટળી ગયા હતા એવા ઉદ્ધવજી યમુનાના તીર ઉપર એક રાત્રિ એક ક્ષણની પેઠે ગાળી બીજે દિવસે ત્યાંથી ચાલી નીકળ્યા. ૨૭

પરીક્ષિતે પૂછયું કે—મહા રથીઓના અને યુથપતિઓના યુથપતિ એવા વૃષ્ણિ અને ભોજવંશના રાજાઓ મરણ પામ્યા અને ત્રણ લોકના અધિપતિ એવા શ્રીહરિએ માનવ દેહનો ત્યાગ કર્યો છતાં ઉદ્ધવ કેમ જીવતા રહ્યા તે કહો. ૨૮

શુકદેવજી કહે છે કે—સફળ ઇચ્છાવાળા ભગવાને બ્રાહ્મણોના શાપનું તો માત્ર બહાનુંજ કાઢ્યુ હતું, પરંતુ કાળને લીધે પોતાના કુળનો સંહાર કરાવી નાંખ્યો અને પછી દેહ ત્યાગ કરવા તૈયાર થયેલા શ્રીકૃષ્ણે વિચાર કર્યો કે, ૨૯ હું જ્યારે આ લોકનો ત્યાગ કરીશ ત્યારે મારામા રહેલું જ્ઞાન આપવાને યોગ્ય ઉદ્ધવજ બાકી રહેશે. ઉદ્ધવ મારા કરતા જરા પણ ઉતરતા નથી કારણ

કે તે વિષય વાસનાથી વિકાર પામતા નથી તેથી મારૂં જ્ઞાન લોકોને ગ્રહણ કરાવવા ભલે તે પૃથ્વી ઉપર રહે. ૩૧ આવો વિચાર કરી વેદને ઉત્પન્ન કરનારા અને ત્રણ લોકના ગુરૂ એવા શ્રીકૃષ્ણે ઉદ્ધવને બદરિકાશ્રમ જવાની આજ્ઞા આપી. બદરિકાશ્રમ જઈ સમાધિથી તેઓ શ્રીહરિનું આરાધન કરવા લાગ્યા. ૩૨ વિદુરે માત્ર લીલા કરવા માટે શરીરને ધારણ કરનાર પરમાત્મા શ્રીકૃષ્ણનાં પ્રશંસા કરવા યોગ્ય કર્મો અને ધીર પુરૂષોના ધૈર્યને વધારનારો અને પશુની પેઠે અધીર મનના પુરૂષોથી બની શકે નહિ એવો શ્રીકૃષ્ણે કરેલો દેહત્યાગ આ સર્વ ઉદ્ધવ પાસેથી સાંભળ્યું. શ્રીકૃષ્ણે મનમાં પોતાને સંભાર્યા તે સર્વેના વિચાર કરીને ભગવદ્ભક્ત ઉદ્ધવ ત્યાંથી ગયા. પછી વિદુર પ્રેમથી ગદગદ થઇ ગયા. ભરતવંશમા શ્રેષ્ઠ એવા સિદ્ધ પુરૂષ વિદુર યમુના નદીથી નીકળ્યા અને કેટલાએક દિવસે તેમના મુખ આગળ આવી પહોચ્યા જ્યાં મિત્રના પુત્ર મૈત્રેય મુનિ બેઠા હતા તેમને મળ્યા.

कालिद्याः कतिभिः सिध्ध अहोभिर्भरतर्षभः
प्रापद्यत स्वःसरितं यत्र मित्रासुतो मुनिः

इतिश्रीमद्भागवतेमहापुराणेतृतीयस्कधे
चतुर्थोध्यायः

અધ્યાય ૫ મો.

મહત્તત્વાદિકની સૃષ્ટિ.

श्रीशुक उवाच

द्वारि द्युनद्या ऋषभः कुरूणां
मैत्रेयमासीनमगाधबोधम् ।
क्षत्तोपसृत्याच्युतभावशुद्धः
पप्रच्छ सौशील्यगुणाभितृप्तः ॥

શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા! કૌરવોમાં ઉત્તમ ભગવાન ઉપર ભાવ હોવાથી શુદ્ધ તથા મૈત્રેયના સરલતા દયા ગુણો જોઇ સંતુષ્ટ થયેલા વિદુર હરદ્વારમાં બિરાજેલા અગાધ જ્ઞાનવાળા મૈત્રેયની પાસે વિનયથી જઇને તેમને પૂછવા લાગ્યા.૧ હે મુનિરાજ! પ્રાણીઓ સુખને માટે અનેક પ્રકારનાં કર્મો કરે છે પરંતુ તે કર્મોથી સુખને અથવા દુઃખની શાંતિને પામતા નથી સામા કર્મોથી દુંખ પામે છે માટે આ દુઃખમય સંસારમાં મનુષ્યોને જે કર્મ કરવાં યોગ્ય હોય તે ઐશ્વર્ય સંપન્ન એવા આપ મને કહો. ૨ પૂર્વ જન્મનાં કર્મને લીધે ભગવાનથી વિમુખ થયેલા અને અધર્માચરણ કરવાથી અત્યંત દુઃખ પામતા મનુષ્યોનો અનુગ્રહ કરવા આ લોકમા કલ્યાણ કરનાર આપના જેવા ભગવાનના ભકતો અવશ્ય પૃથ્વી ઉપર વિચર્યા કરે છે. ૩ હે સંત જનોમાં શ્રેષ્ઠ મૈત્રેય! મને કલ્યાણનો માર્ગ દેખાડો કે જે માર્ગે આરાધેલા ભગવાન ભક્તિથી પવિત્ર થયેલા પુરૂષોના હૃદયમાં વાસ કરીને આત્માના પ્રત્યક્ષ જ્ઞાનની સાથે વેદસિદ્ધ અનાદિ જ્ઞાન આપે છે. ૪ ત્રણ લોકના અધિપતિ એવા ભગવાન શ્રીહરિ પોતાની સ્વતંત્રતા પ્રમાણે અવતાર ધારણ કરી જે જે કર્મો કરે છે તે તથા ક્રિયા રહિત પરમાત્માએ પૂર્વે આ જગતને જે રીતે સૃજ્યું હતું તે અને જે પ્રમાણે આ જગતની સ્થિતિ બાંધી તેને આજીવિકા કરી આપી હતી તે સર્વ મને કહો. ૫ સર્વ પ્રકારની વૃત્તિયોથી નિવૃત થઇ ફરી આ જગતને પોતાના હૃદયાકાશમાં સ્થાપન કરી ભગવાન કેવી રીતે માયામાં રહે છે તથા યોગેશ્વરના અધિપતિ એવા ભગવાન સૃષ્ટિ થયા પછી પાછળથી તેમા પ્રવેશ કરી કેવી રીતે બ્રહ્માદિક જેવાં બહુ રૂપ ધારી થાય છે તે કહો. ૬ માયાથી વિહાર કરતા પરમેશ્વર બ્રાહ્મણ ગાય અને દેવતાઓના કલ્યાણ માટે અનેક પ્રકારના અવતારો

---

* આ અધ્યાયમા ભગવાનની લીલા સબંધી વિદુરે પ્રશ્નો પૂછ્યા તે ઉપરથી મૈત્રેયે મહત્તત્વ આદિની સૃષ્ટિ વર્ણવી તે અને તેમાંગે કરેલી પરમેશ્વરની સ્તુતિ કથા છે

ધારણ કરીને અનેક કર્મો કરે છે તે પવિત્ર કીર્તિવાળા પુરૂષોના મુગટરૂપ ભગવાનના ચરિત્ર રૂપી અમૃતનું અમે પાન કરીએ છીએ છતાં અમારૂં મન તૃપ્ત થતું નથી. ૭ લોક પાળોના અધિપતિ ભગવાને લોકપાલો સાથે જુદા પ્રદેશોને તથા લોકાલોક નામના પર્વતની બહારના પ્રદેશોને જે જુદાં જુદાં તત્વોથી રચ્યાં હોય તે તત્વો મને કહો કારણ કે જે લોકોમાં સર્વ પ્રાણીઓનો ભિન્ન ભિન્ન સમૂહ તથા તેનાં જુદાં જુદાં કર્મનો અધિકાર જોવામાં આવે છે. ૮ હે બ્રાહ્મણ શ્રેષ્ઠ! સ્વતઃ સિદ્ધ અને વિશ્વને સૃજનાર ભગવાન નારાયણે જે પ્રજાના સ્વભાવનો કર્મોનો રૂપનો તથા નામનો જે ભેદ કર્યો હોય તે પ્રમાણે અમને વર્ણવી બતાવો. ૯ હે ભગવાન! મેં વેદવ્યાસના મુખથી ત્રણ વર્ણના તથા શુદ્રના ધર્મો સાંભળ્યા છે તે તુચ્છ સુખ આપનાર સાંસારિક ધર્મો સાંભળીને અમે તૃપ્ત થયા છીએ માત્ર તેમાં વર્ણવેલી શ્રીકૃષ્ણની અમૃતધારા જેવી કથા સાભળતાં અમને તૃપ્તિ થતી નથી. ૧૦ તમારી સભાઓમા નારદાદિકે ગાયેલા શ્રીકૃષ્ણ ભગવાનના પવિત્ર ગુણાનુવાદથી કયો મનુષ્ય તૃપ્તિ પામે છે? જે ભગવાનનું નામ મનુષ્યના કાનમા ગયું હોય તે જન્મ મરણરૂપી સંસારને આપનારી સ્ત્રી પુત્રાદિક ઉપરની પ્રીતિને તજી દે છે. જન્મ મરણની જાળમાથી તે છૂટે છે. ૧૧ તમારા મિત્ર ભગવાન વેદવ્યાસે ભગવાનના ગુણો ગાવાની ઇચ્છાથી મહાભારત રચેલું છે તેમાં અર્થ કામ વગેરેના વર્ણનો કરી મનુષ્યોની મતિને ભગવાનની કથા તરફ વાળી તેમા અત્યંત આસકત કરાવેલી છે. ૧૨ શ્રદ્ધાળુ પુરૂષની ભગવાનના ગુણમાં આસકત થયેલી બુદ્ધિ વધતાં વધતા આગળ ઉપર બીજા વિષયોમાં વૈરાગ્ય ઉત્પન્ન કરે છે અને પછી શ્રીહરિના ચરણારવિંદની તેને અવિચ્છિન્ન સ્મૃતિ થવાથી નિવૃત્તિ પામે છે અને તેનાં સર્વ દુઃખોનો નાશ થાય છે. ૧૩ પરંતુ ભારતના તાત્પર્યને નહિ જાણનારા અને પોતાના પાપને લીધે શ્રીહરિની કથાથી વિમુખ થયેલા હોવાથી શોક કરવા યોગ્ય પુરૂષોને શોક કરવા યોગ્ય અજ્ઞાની પુરૂષોનો હું શોક કરૂં છું અને અખંડ ગતિવાળા ભગવાન કાળ વાણી દેહ તથા મનનો વ્યર્થ ઉપયોગ કરનાર તે પુરૂષોનાં આયુષ્યને હરી લે છે. ૧૪ હે મૈત્રેય! ભ્રમર જેમ પુષ્પોમાંથી સારરૂપ રસને ગ્રહણ કરે છે તેમ હે આર્તબંધો! પવિત્ર કીર્તિવાળા અને કલ્યાણ કરનાર ભગવાનની સારભૂત કથાઓને બીજી કથાઓમાંથી ગ્રહણ કરી જગતના કલ્યાણ માટે આપ મને કહો. ૧૫ ભગવાને જગતની ઉત્પત્તિ સ્થિતિ અને સંહાર કરવા માટે માયા નામની શક્તિને ગ્રહણ કરી અનેક અવતારો લઇ જે જે અમાનુષિક કર્મો કર્યા હોય તે સર્વ મને કહો. ૧૬

શુકદેવજી કહે છે કે–આ પ્રમાણે મનુષ્યોના કલ્યાણ માટે ભગવાન વિદુરે કૌષારવ એવા મૈત્રેય મુનિને પૂછયું ત્યારે મૈત્રેય તેમને બહુ માન આપી બોલ્યા કે–હે મહાત્મા વિદુર! લોકના ઉપર અનુગ્રહ કરનાર અને પ્રસ ગોપાત જગતમા પોતાની કીર્તિને ફેલાવનાર ભગવાનના ભકત એવા તમે જે પ્રશ્ન કર્યો તે સારો છે. ૧૮ હે વિદુર! તમે વેદવ્યાસથી ઉત્પન્ન થયા છો માટે તમે શ્રી હરિ સંબંધી જે પ્રશ્નો પૂછયા તેમાં કાંઈ આશ્ચર્ય નથી. તમે અનન્ય ભક્તિથી સમર્થ એવા શ્રીહરિ ભગવાનને ગ્રહણ કર્યા છે ૧૯ તમે પ્રજાને નિયમમાં રાખનાર ભગવાન યમરાજા છો અને માણ્ડવ્ય ઋષિના શાપથી તેમના ભાઈ વિચિત્રવીર્યની સ્ત્રી તરીકે રહેલી દાસીને પેટે ઉત્પન્ન થયા છો. ૨૦ વળી આપ શ્રીકૃષ્ણ ભગવાનને તથા તેમના પાર્ષદોને પણ વહાલા છો. ભગવાને સ્વધામ જતાં તમને જ્ઞાનોપદેશ દેવાની મને આજ્ઞા કરી

૨૧ માટે હું યોગમાયાથી વૃદ્ધિ પામેલી અને જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લય કરનારી ભગવાનની લીલાઓ યથાનુક્રમે તમને વર્ણવી સંભળાવીશ. ૨૨ આ સૃષ્ટિની ઉત્પત્તિ થઇ ન હતી ત્યારે પોતાને એકલા રહેવાની ઇચ્છા થવાથી જે દ્રષ્ટા અને દૃશ્ય એમ અનેક રૂપે જાણવામાં આવતા તે જીવોના પરમ સ્વરૂપ સમર્થ એવા પરમાત્મા એકજ હતા. તે સમયે દ્રષ્ટા દૃશ્ય વગેરે કોઇ પણ વસ્તુ ન હતી. ૨૩ દ્રષ્ટા રૂપ પરમાત્માજ પ્રકાશ કરતા હતા. તેમણે બીજો દૃશ્ય પદાર્થ દીઠો નહિ ત્યારે જેમની માયિક શક્તિઓ લય પામી હતી પણ જેમની ચૈતન્ય શક્તિ જાગ્રત હતી એવા પરમાત્માએ પોતાના આત્માને અસદ્રૂપ માન્યો. ૨૪ દ્રષ્ટા પરમાત્માની દ્રષ્ટા અને દૃશ્યનું અનુસંધાન કરાવનારી અને કાર્ય તથા કારણ રૂપ શક્તિનું નામ માયા છે. હે વિદુર! માયારૂપી શક્તિથી વ્યાપક એવા પરમેશ્વરે આ જગત ઉત્પન્ન કરેલું છે. ૨૫ ચૈતન્ય શક્તિવાળા પરમાત્માએ પોતાના અંશભૂત અને પ્રકૃતિના અધિષ્ઠાતા પુરૂષ રૂપે કાળશક્તિથી ક્ષોભ પામેલા ગુણવાળી માયામા પોતાનું સત્વ ને મિથ્યાભાસ મૂક્યો છે. ૨૬ પછી કાળે પ્રેરેલા અવ્યક્તથી એટલે માયાથી પોતાના દેહમાં રહેલા જગતને પ્રકાશ કરનારા અજ્ઞાનનો નાશ કરનારૂં અને જ્ઞાનસ્વરૂપ મહત્તત્વ ઉત્પન્ન થયું. ૨૭ મહત્તત્વ ચિદાભાસ ગુણ અને કાળ એ ત્રણને આધીન સર્વના અધ્યક્ષ એવા ભગવાનનેતે દૃષ્ટિગોચર થયું. આ સૃષ્ટિ સૃજવાની ઇચ્છાથી પોતાના સ્વરૂપને વિકારવાળું કર્યું. ૨૮ મહત્તત્વ વિકાર પામતાં તેમાંથી અહંકારતત્વ ઉત્પન્ન થયું જે અહંકાર કાર્યનો કારણનો અને કર્તાનો આશ્રય છે, કારણ કે અહંકાર પાંચ ભૂતો ઇંદ્રિયો અને મન એ ત્રણના વિકારવાળો છે. ૨૯ અહંકાર સાત્વિક રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારનો છે. વૈકારિક અહંકારમાંથી મન ઉત્પન્ન થાય છે. જેનાથી શબ્દાદિક જણાય છે એવા ઇંદ્રિયોના અધિષ્ઠાતા દેવતાઓ વૈકારિક અહંકારમાંથી એટલે સાત્વિક અહંકારથી ઉત્પન્ન થાય છે.

જ્ઞાનેંદ્રિયો અને કર્મેન્દ્રિયો બન્ને રાજસ અહંકારમાંથી ઉત્પત્તિ થાય છે. તામસ અહંકાર વિકાર પામતાં તેમાંથી સૂક્ષ્મભૂત એટલે શબ્દ ઉત્પન્ન થઇ જે તેનું આશ્રયસ્થાન આકાશ તે સિદ્ધ થાય છે. ૩૧ પછી ભગવાને કાળ અને માયાના અંશ રૂપે આકાશ તરફ દૃષ્ટિ કરી એટલે આકાશમાંથી સ્પર્શ ઉત્પન્ન થયો અને તે પછી વિકાર પામ્યો એટલે તેમાંથી વાયુની ઉત્પત્તિ થઇ. આકાશમાંથી સ્પર્શ રૂપી તન્માત્રાદ્વારા વાયુનો જન્મ થયો. ૩૨ તે પછી મહા બળવાળો વાયુ આકાશની સાથે વિકાર પામતાં તેમાંથી રૂપતન્માત્રાદ્વારા તેજની ઉત્પત્તિ થઈ. તેજ સર્વ લોકને પ્રકાશ કરનારૂં છે ૩૩ ત્યાર પછી તેજ વાયુની સાથે એકઠું થઇ ભગવાનની દૃષ્ટિથી વિકાર પામ્યું. તેમાંથી કાળ માયા અને ચિદાભાસના યોગથી રસ રૂપ ગુણવાળું જળ ઉત્પન્ન થયું. ૩૪ તે પછી તેજની સાથે રહેલા જળે પરબ્રહ્મની દૃષ્ટિથી વિકાર પામતાં કાળ માયા અને ચિદાભાસના યોગથી ગંધગુણવાળી પૃથ્વીને ઉત્પન્ન કરી. ૩૫ હે વિદુર! આકાશાદિક પંચ મહા ભૂતોમાં એકેક પછીના તત્વોમાં પૂર્વ પૂર્વનાં તત્વો કારણ રૂપે રહે છે તેથી પૂર્વ પૂર્વ તત્વોના કરતાં પછી પછીનાં તત્વોના સંખ્યાનુસાર અધિક ગુણો જાણવા. જેમ કે આકાશની સાથે બીજા કોઇ પણ ભૂતનો સંબંધ નથી માટે તેનો માત્ર એક શબ્દજ ગુણ છે. વાયુની સાથે આકાશનો કારણરૂપે સંબંધ છે તેથી વાયુનો અસાધારણ ગુણ સ્પર્શ છે તથા પૂર્વનાં તત્વમાંથી ઉતરી આવેલો શબ્દ એમ બે ગુણો તેમાં રહેલા છે. તેજને

વાયુ તથા આકાશનો સંબંધ હોવાથી સ્પર્શ તથા શબ્દ એ બે ગુણો આગંતુક છે અને તેજનો અસાધારણ ગુણ રૂપ છે. પાણીને તેજ વાયુ તથા આકાશનો કારણ રૂપે સંબંધ હોવાથી રૂપ સ્પર્શ તથા શબ્દ ગુણો આગંતુક છે; તેમનો અસાધારણ ગુણ રસ છે. પૃથ્વી જળ તેજ વાયુ તથા આકાશનો કારણરૂપે સંબંધ હોવાથી તેમા રસ રૂપ સ્પર્શ તથા શબ્દ એ ગુણો આગંતુક છે અને પૃથ્વીનો અસાધારણ ગુણ ગંધ છે. ૩૬ હે મહાશય ! ઉક્ત મહત્તત્ત્વાદિકના અભિમાની દેવતાઓ કાળ એટલે વિકાર માયા એટલે વિક્ષેપ અને અંશ એટલે ચેતના વગેરે ગુણો એ સર્વને ધારણ કરે છે અને તે વિષ્ણુ ભગવાનના અંશભૂત છે. તે સર્વે સમાન હોવાથી એક બીજાથી-એક એકથી જુદા રહેવાને લીધે તેઓ ક્રિયા કરવામાં સમર્થ ન હતા એટલે તેઓએ બે હાથ જોડી વ્યાપક એવા પરમેશ્વરની આ પ્રમાણે સ્તુતિ કરી. ૩૭

દેવતાઓ સ્તુતિ કરે છે-હે દેવ ! શરણાગતના તાપને શાંત કરવામાં છત્ર સમાન આપના ચરણારવિન્દને અમે નમીએ છીએ. તમારા ચરણના મૂળનો આશ્રય કરનારા સંન્યાસીઓ સંસારના દુઃખોને પરિશ્રમ વિના ફેડી શકે છે. ૩૮ હે પિતા ! હે ઇશ્વર ! આ સંસારમાં અધ્યાત્મ અધિભૂત અને અધિદૈવ નામના ત્રણ તાપોથી પીડાતા મનુષ્યો અંતઃકરણથી સુખ પામતા નથી માટે હે ભગવાન ! અમે તમારી સદ્વિદ્યાવાળા ચરણની છાયાનો આશ્રય કરીએ છીએ કે જેથી અમને સર્વદા જ્ઞાનનો લાભ થાય. ૩૯ ઋષિઓ સંસારના વિષયોથી રહિત એવા શુદ્ધ અંત કરણમા તમારૂં મુખકમળ જેનો માળો છે એવા વેદરૂપી પક્ષીઓદ્વારા તમને શોધે છે. વળી પવિત્ર ચરણારત્રિ દવાળા આપના ચરણને અમે શરણે આવ્યા છીએ. આપનાં ચરણારવિદ પ્રાણીઓના પાતકને દૂર કરનારાં ગંગાજીના ઉત્પત્તિસ્થાન રૂપ છે. તમારા ચરણારવિંદ ઉપર શ્રદ્ધા રાખવાથી તેમજ શ્રવણથી થયેલી ભક્તિથી શુદ્ધ એવા અંત કરણમાં આપનું ધ્યાન કરવાથી જ્ઞાન અને વૈરાગ્ય મેળવી તેના બળથી મનુષ્યો ધીર થાય છે. તમારા ચરણારવિંદના પીઠ આગળ અમે શરણે આવ્યા છીએ. ૪૧ હે પરમેશ્વર ! જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા લય કરવા માટે નાના પ્રકારના અવતાર ધારણ કરનાર આપના ચરણારવિંદને અમે સર્વે શરણે આવ્યા છીએ. આપના ચરણારવિંદનું સ્મરણ કરવાથી ભક્તજનોને અભયદાન મળે છે. ૪૨ ઉપકરણોની સાથે આ દેહ અને ઘર મિથ્યા છે છતાં પણ તેના ઉપર આ મારૂં આ હું છું એવો જેમને દુરાગ્રહ બંધાય છે તે પુરૂષોના શરીરમા આપ સાક્ષી રૂપે વાસ કરો છો તોપણ તેનાથી તમારા ચરણારવિંદ ઘણાંજ દૂર રહે છે. આપનાં ચરણારવિંદને હે ભગવન ! અમે સેવીએ છીએ. ૪૩ હે મહા કીર્તિવાળા ઇશ્વર! જેમનું મન બહિર્મુખ એવી ઇંદ્રિયોથી વિષયાદિકમા ફર્યા કરે છે તે પુરૂષો તમારા અવતારોની લીલાવાળી કથાઓનું ગાન કરવાથી શોભાયમાન એવા ભક્તજનોને દેખતા નથી. ૪૪ હે દેવ ! તમારી કથાઓ રૂપી અમૃતના પાનથી વૃદ્ધિ પામેલી ભક્તિથી જેમનું અંત કરણ શુદ્ધ થયેલું છે એવા પુરૂષો વૈરાગ્યના ફળ રૂપ ઉત્તમ જ્ઞાનને સંપાદન કરી જે રીતે પરિશ્રમ વિના વૈકુંઠ લોકમાં જાય છે, ૪૫ તે રીતે ધીર પુરૂષો પણ તમારામા નનને સ્થિર કરી સમાધિયોગના બળથી બળવાન એવી માયાનો પરાજય કરી આપ પુરાણપુરૂષને પામે છે પરંતુ તેમને મહા મહેનતે મોક્ષ મળે છે. તમારી સેવાથી તમારા ગુણાનુવાદો સાભળવાથી તથા તમારૂં મનન કરવાથી પરિશ્રમ વિના મોક્ષ પ્રાપ્ત થાય છે. ૪૬ હે આદિપુરૂષ ! અમે તમારા છીએ અને

તમે જગતની રચના કરવાની ઇચ્છાથી અમને ત્રણ ગુણોમાંથી ઉત્પન્ન કર્યા છે અને અમારા ભિન્ન ભિન્ન સ્વભાવ હોવાથી અમે સર્વે જુદા રહીએ છીએ તેથી આપની ક્રીડાને સાધનભૂત બ્રહ્માંડ રચવાના ઉપસ્કરણ અર્પણ કરવાને સમર્થ નથી. ૪૭ હે અજન્મા હરિ! અમે તે સમયે તમને જે પ્રમાણે સર્વ બળિદાન અર્પણ કરી શકીએ તથા અમે જે પ્રમાણે અન્નનો ઉપભોગ કરી શકીએ અને જે સ્થાનમાં રહેલા સર્વ જીવો નિર્વિઘ્ન રીતે તમને તથા અમને બન્નેને બલિદાન અર્પણ કરીને પોતે અન્નનો આહાર કરે, તે પ્રમાણે કરવા સારૂ અમને શકિતની સાથે આપનું જ્ઞાન આપો. ૪૮ આપે અમારા તથા કાર્યોપાધિવાળા આ સર્વે જીવોની આજીવિકા અવશ્ય ઉપજાવવી જોઇએ કારણ કે કારણ સહિત એવા અમારા તથા સર્વે દેવતાઓના આદિ કારણ રૂપ આપ છો તથા વિકાર રહિત છો અધિષ્ઠાતા દેવ છો અને પુરાણ પુરૂષ છો. હે દેવ! અજન્મા એવા તમેજ સત્વાદિક ગુણની અને જન્માદિકમાં નિમિત્તભૂત કર્મોના કારણ રૂપ અનાદિ માયામા મહત્તત્ત્વ રૂપી સત્વ મૂકો છો. ૪૯ હે આત્મસ્વરૂપ! અમે અને મહત્તત્ત્વ વગેરે સૌ જે કાર્ય કરવા માટે ઉત્પન્ન થયાં હોઇએ તે તમારૂં શું કામ કરીએ તે કહો? સૃષ્ટિ કરવી હોય તો અમને શકિત સાથે આપનું અખંડ જ્ઞાન આપો કે જે જ્ઞાનશકિતદ્વારા તથા ક્રિયાશકિતદ્વારા અમે તમારા અનુગ્રહને પાત્ર થઇ આ સૃષ્ટિની રચના કરવા માટે સમર્થ થઇએ. ૫૦

ततो वय सत्प्रमुखा यदर्थे
बभूविमात्मन् करवाम किं ते ।
त्वं नः स्वचक्षुः परिदेहि शक्त्या
देव क्रियार्थे यदनुग्रहाणाम् ॥ ५० ॥
इतिश्रीमद्भागवतेमहा[illegible]तृतीयस्कंधे
पंचमोऽध्यायः

અધ્યાય ૬ ઠ્ઠો.*

અધ્યાત્મ અધિદેવને અધિતભૂત સ્વરૂપ.

ऋषिरुवाच.

इति तासां स्व[illegible]सः
प्रसुप्तलोकतंत्राणां निशम्य गतिमीश्वरः॥१॥

મૈત્રેય કહે છે કે—જેમા જીવોનાં પોતાનાં સાધનો સૂક્ષ્મ રૂપે રહેલાં છે એવી ઇશ્વરની પોતાની શક્તિ રૂપ મહત્તત્ત્વ વગેરે જુદાં જુદાં હોવાથી વિશ્વની રચના કરવાને સમર્થ થતા નથી. ભગવાન તેમની આવી સ્થિતિ જોઇને કાળદ્વારા જાગૃત થનારી શક્તિનો—માયાનો આશ્રય કરીને ઉરૂક્રમ એવા ભગવાને અંતર્યામીપણાથી એક જ વખત તે ત્રેવીસ તત્ત્વોમાં મહત્તત્ત્વ અહંકાર તત્ત્વ પાંચ ભૂતો પાચ તન્માત્રાઓ અને અગિયાર ઇંદ્રિયો એમ ત્રેવીસ તત્ત્વોના સમુદાયમાં પ્રવેશ કર્યો. ૨ ભગવાને ક્રિયાશક્તિ દ્વારા એ સર્વે તત્ત્વોમાં પ્રવેશ કર્યા પછી તે તત્ત્વોની ક્રિયા અથવા તો જીવોના અદૃષ્ટો, જે માયામાં લીન હતાં તે સર્વને જાગૃત કર્યા અને તે સર્વ તત્ત્વો ભિન્નભિન્ન હતા તેમને એક સાથે જોડ્યાં. તે પછી તે મહત્તત્ત્વ આદિક ત્રેવીસ તત્ત્વો ક્રિયાશક્તિદ્વારા જાગૃત થયા પછી પરમેશ્વરની પ્રેરણાથી તેમણે વિરાટ્ દેહને ઉત્પન્ન કર્યો. ૪ વિશ્વને સૃજનારો મહત્તત્ત્વ આદિ સઘળો સમુદાય પોતાને વિષે પ્રવેશ કરનારી પરમેશ્વરના સંબંધથી પરસ્પર એકઠો થઇને પોતાના અંશથી વિરાટ્ દેહના આકારમાં પરિણામ પામ્યો. જે વિરાટ્ દેહમાં સ્થાવર—જંગમાત્મક સર્વ લોક રહેલા છે. ૫ અધિપુરૂષને નામે પ્રખ્યાત હિરણ્યમય પુરૂષ હજાર વર્ષ સુધી પોતાની સાથે શયન કરનારા જીવસમૂહની સાથે બ્રહ્માંડની અંદર રહેલા

* આ અધ્યાયમા મહત્તત્ત્વાદિકમાં પ્રવેશ કરી તે દ્વારા પ્રભુએ કરેલી વિરાટ શરીરની ઉત્પત્તિ અને આધ્યાત્મ તથા અધિભૂતના સ્વરૂપ વર્ણવેલા છે.

પાણીમાં રહે છે. ૬ તે ઉપર કહેલાં સર્વ તત્વોનાં કાર્ય રૂપ વિરાટ મૂર્તિએ જ્ઞાનશક્તિ ક્રિયાશક્તિ અને આત્મશક્તિ સંપન્ન થઇને એક રૂપે દશ રૂપે તથા ત્રણ રૂપે આત્માના વિભાગ કર્યા. જ્ઞાનશક્તિદ્વારા હૃદયાવચ્છિન્ન ચૈતન્ય સ્વરૂપે એક પ્રકારના થયા. ક્રિયાશક્તિદ્વારા પ્રાણસ્વરૂપે દસ પ્રકારના એટલે પ્રાણ અપાન સમાન ઉદાન વ્યાન નાગ કૂર્મ કૃકલ દેવદત્ત અને ધનંજય એમ દસ પ્રકારના થયા. આત્મશક્તિદ્વારા એટલે ભોક્તૃત્વ સ્વરૂપે અધ્યાત્મ અધિદૈવ તથા અધિભૂતના ભેદે કરીને ત્રણ પ્રકારના થયા. ૭ વિરાટનો અભિમાની પુરૂષ સર્વ પ્રાણીઓનો આત્મા છે અને પરમાત્માનો પહેલો અવતાર છે કારણ કે સમસ્ત સૃષ્ટિ તેના અંશમાંથી ઉત્પન્ન થઇ છે અને તે પરમાત્માના અંશ રૂપ છે. જેમા આ સર્વ પ્રાણી સમુદાય જોવામાં આવે છે તે વિરાટ પુરૂષ આત્મશક્તિદ્વારા અધ્યાત્મ અધિદૈવ તથા અધિભૂત એ ત્રણની સાથે રહેવાથી ત્રણ પ્રકારના છે. ક્રિયાશક્તિદ્વારા પ્રાણાદિક સ્વરૂપ હોવાથી દશ પ્રકારના છે અને જ્ઞાનશક્તિદ્વારા હૃદયાવચ્છિન્ન ચૈતન્ય સ્વરૂપ હોવાથી એક પ્રકારના છે. ૯ અંતર્યામી એવા પરમ પુરૂષે વિશ્વને સૃજનારાં મહત્તત્ત્વાદિકની વિજ્ઞપ્તિને ધ્યાનમાં લઈ વિવિધ વ્યવહારના લાભ માટે પોતાના તેજથી વિરાટ દેહને પ્રકાશિત કર્યો. ૧૦ હે વિદુર! વિચાર કરતાં વિરાટ દેહમાં તત્વોને રહેવાનાં કેટલાંક સ્થાનો થયાં તે હું તમને કહું તે હવે સાંભળો. ૧૧

વિરાટ પુરૂષને પ્રથમ મુખ થયું, તે સ્થાનમાં લોકપાળ અગ્નિ પોતાની શક્તિ વાણીની સાથે આવીને વસ્યા, જે વાણીને લીધે જીવ શબ્દનો ઉચ્ચાર કરી શકે છે.૧૨ ત્યાર પછી શ્રીહરિ રૂપ વિરાટને તાળવું થયું, તે સ્થાનમાં લોકપાળ વરૂણ પોતાની જિહ્વા ઈંદ્રિય નામની શક્તિ સાથે આવીને વસ્યા જે ઈંદ્રિયથી જીવ છ રસનો અનુભવ લઈ શકે છે. ૧૩ ત્યાર પછી વિરાટ પુરૂષને બે નાસિકાનાં દ્વાર ઉત્પન્ન થયાં, તે સ્થાનમાં અશ્વિનીકુમાર ઘ્રાણેંદ્રિય નામની શક્તિ સાથે આવીને વસ્યા જેથી જીવને ગંધનું જ્ઞાન થાય છે. ૧૪ વિરાટ પુરૂષને બે આંખો ઉત્પન્ન થઇ તેમાં લોકપાળ વિશ્વકર્મા ચક્ષુરિંદ્રિય નામની શક્તિ સાથે આવીને વસ્યા જે ઈંદ્રિયથી જીવને રૂપનું જ્ઞાન થાય છે. ૧૫ ત્યાર પછી વિરાટને ત્વચા ઉત્પન્ન થઇ તેમાં લોકપાળ વાયુએ પ્રાણશક્તિ સાથે પ્રવેશ કર્યો તેથી જીવને સ્પર્શનું જ્ઞાન થાય છે.૧૬ વિરાટ ભગવાનને બે કાન ઉત્પન્ન થયા તેમાં દિશાએ પોતાની શ્રોત્ર ઇન્દ્રિયની સાથે પ્રવેશ કર્યો તેથી તે શબ્દ સાંભળી શકે છે. ૧૭ ત્યાર પછી તેને ત્વચા ઉત્પન્ન થઇ તેમાં સર્વ ઔષધિઓએ પોતપોતાના અંશોની સાથે પ્રવેશ કર્યો જેથી જીવ ખણજ તથા સ્પર્શથી થતાં સુખ દુ:ખનો અનુભવ કરે છે ૧૮ વિરાટ પુરૂષમા પ્રજાપતિએ પોતાના અંશ રૂપે વાસ કર્યો તે ઉપસ્થ ઇંદ્રિયથી વિષયાનંદનો અનુભવ થાય છે. ૧૯ વિરાટ પુરૂષને ગુદા ઉત્પન્ન થઈ તેમાં લોકપાળ મિત્રદેવે પોતાની પાયુ ઈંદ્રિયની સાથે પ્રવેશ કર્યો તેથી મળનો ત્યાગ થાય છે. ૨૦ પછી તેને બે હાથ ઉત્પન્ન થયા તેમા સ્વર્ગના પતિ ઈંદ્ર પોતાની વેચવું લેવું વગેરે શક્તિની સાથે રહે છે તેથી પોતાની આજીવિકા ચલાવી શકે છે. ૨૧ તે પછી વિરાટ પુરૂષને બે પગ ઉત્પન્ન થયા તેમાં વિષ્ણુએ પોતાની ગતિરૂપી શક્તિ સાથે પ્રવેશ કર્યો તેથી જીવ ચલન વલન કરી શકે છે. ૨૨ ત્યાર પછી વિરાટ પુરૂષને બુદ્ધિતત્વ ઉત્પન્ન થયું, તે સ્થાનમાં બૃહસ્પતિએ પોતાની જ્ઞાનશક્તિ સાથે પ્રવેશ કર્યો જેથી જાણવા યોગ્ય વિષયનું તેને જ્ઞાન થાય છે.૨૩ વિરાટ પુરૂષને હૃદય ઉત્પન્ન થયું તે સ્થાનમાં ચંદ્રે મનની સાથે પ્રવેશ કર્યો જે મનથી

જીવ સંકલ્પ વિકલ્પરૂપી વિકારને પામે છે. ૨૪ વિરાટ પુરૂષને અહંકાર ઉત્પન્ન થયો તે સ્થાનમાં રૂદ્રદેવે અભિમાન સાથે પ્રવેશ કર્યો જે અભિમાનથી જીવ સઘળી ક્રિયાઓ કરે છે. ૨૫ પછી વિરાટ પુરૂષને ચિત્ત ઉત્પન્ન થયું અને તેમાં બ્રહ્માએ ચેતના-શક્તિથી પ્રવેશ કર્યો જેથી જીવને વિજ્ઞાનનો અનુભવ થાય છે. ૨૬ મસ્તકમાંથી સ્વર્ગ બે ચરણુમાંથી પૃથ્વી અને નાભિમાંથી આકાશ ઉત્પન્ન થયું જેમાં ત્રણુ ગુણુના પરિણામ રૂપ દેવો મનુષ્યો વગેરે જોવામા આવે છે. ૨૭ દેવતાઓ સત્વગુણુના આધિક્યને લીધે સ્વર્ગમાં જઈને વસ્યા મનુષ્યો તથા તેના ઉપયોગમાં આવતાં ગાય ઘોડા વગેરે પ્રાણીઓ રજોગુણના વધારાથી પૃથ્વી ઉપર આવીને વસ્યાં. ૨૮ તથા રૂદ્રના પાર્ષદો ભૂતાદિક સર્વ તમોગુણુના આધિક્યને લીધે આકાશ તથા પૃથ્વીના મધ્ય ભાગમા આવેલા ભગવાનના નાભિરૂપ અંતરિક્ષમાં રહ્યા. ૨૯ હે કૌરવ ! વિરાટ પુરૂષના મુખ માંથી વેદ અને બ્રાહ્મણુ ઉત્પન્ન થયા. બ્રાહ્મણુ પરમાત્માના મુખમાંથી ઉત્પન્ન થવાને લીધે ચારે વર્ણુમાં મુખ્ય તથા ગુરૂ ગણાય છે. ૩૦ વિરાટ પુરૂષના બાહુઓથી પાલન રૂપી આજીવિકા કરનારી ક્ષત્રિય જાતિ ઉત્પન્ન થઈ. વિરાટના બાહુથી ઉત્પન્ન થયેલી તથા વિષ્ણુના અંશ રૂપ ક્ષત્રિય જાતિ ચારે વર્ણુની રક્ષા કરે છે. ૩૧ વિરાટ ભગવાનની સાથળમાંથી લોકોની આજીવિકામાં ઉપયોગી એવી ખેતીવાડી કરનારી વૈશ્ય જાતિ ઉત્પન્ન થઇ. ભગવાનની સાથળમાથી ઉત્પન્ન થયેલી વૈશ્ય જાતિ પોતાના કાર્યથી લોકોની આજી-વિકા સિદ્ધ કરે છે. ૩૨ તેમના બે ચરણુમાં થી સેવા ધર્મ માટે શૂદ્રજાતિ ઉત્પન્ન થઇ છે. આ પ્રમાણે સેવા કરવા માટે થયેલી શૂદ્ર જાતિની સેવા કરવી એ આજીવિકા છે, તેની સેવાવૃત્તિથી ભગવાન પ્રસન્ન થાય છે.

૩૩ વળી ચારે વર્ણો પોતાના ધર્મ પ્રમાણે શ્રદ્ધાથી અંતઃકરણુને શુદ્ધ કરવા માટે પોતાના ગુરૂ શ્રીહરિનું યજન કરે છે કારણુ કે ભગવાન ગુરૂ હોવાથી ઉત્પન્ન કરનારા અને વૃત્તિ બાંધી આપનારા હોવાથી આરા-ધનને યોગ્ય છે. એ તેઓનો મુખ્ય ધર્મ છે. ૩૪ હે વિદુર ! કાળ કર્મ તથા સ્વભાવ રૂપી શક્તિવાળા ભગવાનનું વિરાટ રૂપ તેમની યોગમાયાના પ્રભાવથી ઉત્પન્ન થયું છે. તેનું સંપૂર્ણ રીતે વર્ણન થવું શક્ય નથી ૩૫ તોપણુ હે વિદુર ! બીજા વિષયોનું વર્ણન કરવાથી અપવિત્ર થયેલી વાણીને પ-વિત્ર કરવાને સાંભળ્યા પ્રમાણે તથા મારી બુદ્ધિ પ્રમાણે હું તમારી આગળ શ્રીહરિના યશ ગાઇશ ૩૬ પવિત્ર કીર્તિવાળા પુરૂષોના મુગટ રૂપી ભગવાનના ગુણ ગાવા એ પુરૂષોની વાણીનો મુખ્ય લાભ છે તથા વિદ્વાનોએ ગાયેલી ભગવાનની કથા રૂપી અમૃતથી કા-નને ભરી દેવા એ કાનની સાર્થકતા છે એમ મહાત્માઓ કહે છે. ૩૭ હે વિદુર ! આદિ કવિ બ્રહ્મા પણુ એક હજાર વર્ષ સુધી સમાધિ ચઢાવી તેનાથી પરિપક્વ થયેલી બુદ્ધિથી ભગવાનનો મહિમા આટલો છે એમ શું જાણી-ને કહી શક્યા નથી ? ૩૮ ભગવાનની માયા માયાવી પુરૂષોને મોહ કરનારી છે કારણુ કે, ભગવાન પોતે પણુ પોતાની માયાની ગતિને જાણુતા નથી તો બીજાઓ કેમ જાણી શકે. હે વિદુર ! જે ભગવાનને જાણવા માટે પ્રવૃત્ત થયેલી વાણી મન સાથે તેમને શોધતાં તે ન મળવાથી પાછી ફરે છે, તેમ અહંકારના અધિષ્ઠાતા રૂદ્ર ઇંદ્રિયોના અધિષ્ઠાતા દેવતા અને બીજાઓ પણુ જેમને જાણી શકતા નથી તે દુર્જ્ઞેય ભગવાનને હું નમસ્કાર કરૂં છું.

यतोऽप्राप्य निवर्तन्ते वाचश्च मनसा सह।
अहं चान्य इमे देवास्तस्मै भगवते नमः॥४०॥

इतिश्रीमद्भागवतेमहापुराणे तृतीयस्कंधे
षष्ठोऽध्यायः

અધ્યાય ૭ મો.‡

અવિદ્યાથી જીવેશ્વરનો ભેદ.

श्रीशुक उवाच.

एवं ब्रुवाणं मैत्रेयं द्वैपायनसुतो बुधः ।
प्रीणयन्निव भारत्या विदुर प्रत्यभाषत॥१॥

શુકદેવજી બોલ્યા કે—હે રાજન! આ પ્રમાણે મૈત્રેયે કહ્યું એટલે દ્વૈપાયનના પુત્ર વિદુર મૈત્રેયને પ્રસન્ન કરે એવી મધુર વાણીએ આ પ્રમાણે પૂછવા લાગ્યા.

વિદુર—હે બ્રહ્મન! ચૈતન્યસ્વરૂપ નિષ્ક્રિય ને નિર્ગુણ હોવાથી બ્રહ્માને ક્રિયા સાથે અને ગુણો સાથે સંબંધ નથી. કદી એમ માનીએ કે લીલાથી ગુણ સાથે અને ક્રિયા સાથે સંબંધ છે તો લીલાદ્વારા નિર્ગુણ અને નિષ્ક્રિય ભગવાનમાં કેવી રીતે ગુણોનો અને ક્રિયાનો સંબંધ સંભવે? ૨ હે મુનિ! બાળકની માફક ભગવાનની લીલાયુકિત સિદ્ધ થઇ શકે નહિ, કારણ કે બાળકની રમતમાં જે પ્રવૃત્તિ થાય છે તેનું કારણ તેની ઇચ્છા તથા કોઇ બીજી વસ્તુ અથવા પ્રેરણા હોય છે, પરંતુ ઇશ્વર તો પૂર્ણકામ છે. તેમને કોઇપણ જાતની ઇચ્છા કે વાસના નથી એટલે તેમને કેવી રીતે ઇચ્છા થાય? તે સદા સંગ રહિત અને તેથી જ અદ્વિતીય છે. તેમને ક્રીડા કરવાની કેવી રીતે ઇચ્છા થાય? ૩ ભગવાન નારાયણ જીવને કર્તૃત્વ ભોકતૃત્વાદિક રૂપે મોહ ઉત્પન્ન કરનારી જે ગુણરૂપ માયાથી આ વિશ્વને ઉત્પન્ન કરે છે માયાવડે પાળે છે તથા તેનો ફરીને નાશ કરે છે. ૪ જે જીવ છે તે પરબ્રહ્મ રૂપ છે. જીવ સર્વ વ્યાપક હોવાથી દીપપ્રભાની પેઠે તેનો દેશથી લોપ થતો નથી, નિત્ય હોવાથી વીજળીની પેઠે તેનો કોઇ પણ કાળે નાશ થતો નથી તેમ અવિકારી હોવાથી સ્મૃતિની પેઠે અવસ્થાથી પણ નાશ થતો નથી. સત્સ્વરૂપ હોવાથી સ્વપ્નની પેઠે તેનો નાશ થતો નથી. અદ્વિતીય રૂપ હોવાથી ઘટાદિકની પેઠે નાશ કરી શકાતો નથી. આ પ્રમાણે દેશાદિકથી જેમની જ્ઞાનશકિતનો નાશ થતો નથી એવા અખંડ જ્ઞાનશકિતવાળા પરમાત્મા રૂપ જીવાત્માને અવિદ્યા સાથે કેવી રીતે સંબંધ ઘટે? ૫ તે જીવાત્મા સર્વ શરીરમાં ભોકતા રૂપે રહેલો હોવા છતા વસ્તુતાએ બ્રહ્મ રૂપ છે તેથી આનંદ વગેરેનો નાશ ને કર્મોથી થતો કલેશ તેમને કેમ સંભવે? કારણ કે તેમને કર્મની સાથે સંબંધ હોય તો ઇશ્વરમાં પણ તેનો સંબંધ ઘટે. હે મૈત્રેય! આ જ્ઞાનરૂપી સંકટમાં ગોથા ખાતું મારૂં મન ખેદ પામે છે માટે હે વિભો! આપ મારા મનના સંદેહને દૂર કરો. ૭

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે પરમાત્માના તત્ત્વ સ્વરૂપને જાણવાની ઇચ્છાવાળા વિદુરે મૈત્રેય ઋષિને પૂછયું એટલે ગર્વ રહિત મૈત્રેય જ્ઞાનનો ગર્વ દર્શાવતા હોય તેમ વિદુરને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૮

મૈત્રેય બોલ્યા કે—હે વિદુર! માયારહિત પરમેશ્વરને માયાનુ બંધન છે તથા કૃપણતાનો સંબંધ છે એવો તર્ક કરવો એ પણ ભગવાનની એક માયા છે, જે માયા તર્કવડે તેનાથી વિરૂદ્ધ છે. જેમ સ્વપ્નને જોનાર પુરૂષને મસ્તક કપાયા વગર સ્વપ્નમા પોતાનું મસ્તક કપાયું હોય એવો મિથ્યા ભાસ થાયછે તેમ જીવને પણ બંધન તથા કૃપણતા વસ્તુતાએ મિથ્યા છે તોપણ માયાથી સાચાં હોય તેમ જણાય છે. ૧૦ દેહના બંધનાદિક ધર્મો જીવમા છે પરંતુ ઇશ્વરમાં નથી. જેમ ચંદ્રમાનું મંડળ જળમાં પ્રતિબિંબ રૂપે પડતું હોય ત્યારે કંપનાદિક ધર્મો જો કે ખરી રીતે ચંદ્રના બિંબમા પાણીની ઉપાધિથી દેખાય છે પરંતુ આકાશમાં રહેલા ચન્દ્રમાના બિંબમાં દેખાતા નથી તેમ અનાત્મ દેહાદિકના ધર્મ વસ્તુતાએ મિથ્યા છે

‡ આ અધ્યાયમા વિદુર જીવાત્માને કવી રીતે અવિદ્યાનો સંબંધ થાય છે એવું પૂછે છે અને ઋષિ તેમને વિશેષ વિજ્ઞાનનો ઉપદેશ આપે છે

તે દેહાભિમાની જીવમાં જોવામાં આવે છે પરંતુ દેહાભિમાન રહિત ઈશ્વરમાં જોવામાં આવતા નથી. ૧૧ આત્મામાં થયેલું દેહાભિમાન નિવૃત્તિ ધર્મથી વાસુદેવની કૃપાથી તથા ભગવાનના ભકિતયોગથી ધીરેધીરે દૂર થાય છે. ૧૨ જ્યારે દ્રષ્ટારૂપ પરમાત્મામા મનુષ્યની ઇંદ્રિયો લય પામે છે ત્યારે નિદ્રા વશ થયેલા પુરૂષના સર્વ કલેશો દૂર થાય છે તેમ તેના સર્વ કલેશો દૂર થાય છે. ૧૩ પરમાત્માના ગુણો ગાવાથી તથા સાંભળવાથી જ્યારે સર્વ કલેશો નાશ પામે છે ત્યારે ભગવાનના ચરણારવિંદના પરાગની સેવામા પ્રેમ કર્યો હોય તો કલેશ નાશ પામે એમા શું કહેવું ? ૧૪

વિદુર કહે છે કે—હે ભગવાન! ઈશ્વર અને જીવ એ બન્ને જ્ઞાન સ્વરૂપ છે તેમા ઇશ્વરને કર્તાપણુ અને જીવને સંસાર એવી વિષમતા કેમ હશે? તેનો મને જે સંશય હતો તે તમારાં યુકિતયુકત વચનોથી દૂર થયો. હે ભગવન ! મારૂં મન ઇશ્વરની સ્વતંત્રતામા અને જીવની પરતંત્રતામા સારી પેઠે જાણીતું થયું છે. ૧૫ જેમ સ્વપ્નમાં મસ્તક કપાવું એવો મિથ્યાભ્યાસ થાય છે, તેમ જીવના સ્વરૂપને આવરણ કરનારી ઇશ્વરની માયાને લીધે જીવમા દીનતા બંધન વગેરે જોવામા આવે છે, તે પણ મિથ્યા અને નિર્મૂળ ભાસે છે એવું તમે કહ્યુ તે યુકતજ છે, કારણ કે આ વિશ્વનું મૂળ સ્વરૂપના અજ્ઞાનની બહાર નથી. ૧૬ હે મુનિ ! હું અલ્પજ્ઞ છું તેથી મને પ્રથમ સંશય ઉત્પન્ન થયો હતો. અલ્પજ્ઞને સંશય થવો એ સહજ છે. આ લોકમાં જે મનુષ્ય અત્યંત મૂઢ એટલે દેહાદિકમાં અત્યંત આસકત છે તથા જે મનુષ્ય પ્રકૃતિથી પર એવા પરમાત્માને પામ્યો છે તે બન્ને મનુષ્યને સંશયજન્ય કલેશ થતા નથી પણ તે બન્ને જણ સુખમાં જીવન ગુજારે છે. જે પુરૂષ દુઃખને લીધે સંસારનો ત્યાગ કરવાની ઇચ્છા કરે એ પણ સ્વસ્વરૂપાનંદના અભાવથી તેને તજી શકતો નથી તે પુરૂષ કલેશ પામ્યા કરે છે. ૧૭ આ સંસાર કેવળ મિથ્યાજ પ્રતીત થાય છે એવો હવે મેં નિશ્ચય કર્યો છે અને હવે તમારા ચરણની સેવાથી હું તે મિથ્યા પ્રતીતિને દૂર કરૂં છું. ૧૮ તમારા જેવા ભગવદભકતની સેવા કરવાથી મધુ દૈત્યના શત્રુ અને નિર્વિકાર એવા ભગવાનના ચરણમાં જન્મ મરણાદિક દુઃખનો નાશ કરનારી તીવ્ર પ્રેમભકિત થાય છે. ૧૯ વૈકુંઠ લોકની પ્રાપ્તિ કરાવનારા ભકત જનોની સેવા કરવી એ અલ્પ તપવાળા પુરૂષોને દુર્લભ છે, કારણ કે જે ભગવદભકતના સંગમાં જનાર્દન એવા દેવના દેવ ભગવાનની નિત્ય કીર્તિ ગવાય છે ૨૦ સમર્થ એવા ભગવાને પૂર્વે મહત્તત્વાદિકોને ઇંદ્રિયોની સાથે અનુક્રમે સૃજ્યાં હતા અને તેમાંથી વિરાટ દેહ સૃજીને પોતે તેમાં દાખલ થયા હતા. ૨૧ જે હજાર ચરણ હજાર ઉરૂ અને હજાર બાહુવાળા ભગવાનને આદિ પુરૂષ કહે છે અને તે વિરાટના રૂપમાં આ સર્વે લોકો યથાવકાશ રહે છે. ૨૨ આપે કહ્યું હતું કે વિરાટ પુરૂષમાં દશ પ્રકારનો પ્રાણ ઇન્દ્રિયોના વિષયો અને તેના દેવતાઓ રહે છે તથા સહ ઓજ અને બળ એમ ત્રણ ભેદવાળો દશ પ્રકારનો પ્રાણ જેમાં છે તથા જેનાથી બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણો પણ અનુક્રમે ઉત્પન્ન થાય છે તે મેં જાણ્યું. હવે આપ અમને વિરાટ પુરૂષની વિભૂતિ કહો. ૨૩

જે વિભૂતિ વિષે વિચિત્ર આકારવાળી પ્રજાઓ પોતાના પુત્ર પૌત્ર પ્રપૌત્ર તથા ગોત્રજોથી વિંટાઇને રહી છે અને જે પ્રજાથી આ વિશ્વ વ્યાપ્ત થયેલું છે. ૨૪ પ્રજાપતિઓના પણ પતિ એવા બ્રહ્માએ કયા કયા પ્રજાપતિઓને પૂર્વે ઉત્પન્ન કર્યા હતા ? નવ પ્રકારની સૃષ્ટિને તેના ભેદ સાથે કેવી રીતે

ઉત્પન્ન કરી હતી? અને મન્વંતરના અધિપતિ એવા કયા કયા મનુઓને ઉત્પન્ન કર્યા હતા તે કહો. ૨૫ હે મૈત્રેય ! એ મનુઓના વંશોનાં અને તેમના વંશજોનાં ચરિત્રો કહી સંભળાવો. જે લોકો પૃથ્વીની ઉપર તથા નીચે રહેલા છે તેમની રચના કેવી રીતની છે તે કહો. ભૂર્લોકનું પ્રમાણ બતાવો પક્ષી મનુષ્ય દેવતા તથા પેટે ચાલનારાં પ્રાણીઓની સૃષ્ટિનો વિભાગ તથા જરાયુજ સ્વદેજ અંડજ અને ઉદ્ભિજ્જ જાતિનાં પ્રાણીઓની સૃષ્ટિના વિભાગો પણ અમને કહો. ૨૭ માયાના ત્રણ ગુણનો આશ્રય કરીને અવતાર ધારણ કરનારા જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લય કરનારા અને જગતનો આશ્રય કરનાર ભગવાનનાં ઉત્તમ પ્રકારનાં પરાક્રમો અમને કહો. ૨૮ ચિન્હ આચાર તથા શમ દમાદિક સ્વભાવની સાથે વર્ણ વિભાગ અને આશ્રમવિભાગ કહો. ઋષિઓના જન્મ કર્મો અને વેદના વિભાગો કહો. ૨૯ હે પ્રભો ! યજ્ઞનો વિસ્તાર કહો, યોગનો માર્ગ કહો, જ્ઞાન જ્ઞાનનાં સાધનો તથા કપિલનું સાંખ્ય શાસ્ત્ર પણ સંભળાવો. ૩૦ પાખંડીઓના માર્ગની વિષમ પ્રવૃત્તિ, નીચ જાતિના લોકોએ ઉત્તમ વર્ણની સ્ત્રીમાં ઉત્પન્ન કરેલી પ્રજાનું વર્ણન જીવને ગુણ તથા કર્મને લીધે જેટલી અને જે જે ગતિઓ મળતી હોય તે, ૩૧ ધર્મ અર્થ કામ અને મોક્ષનાં પરસ્પર વિરોધ રહિત સાધનો વ્યાપારની જુદી જુદી રીતિ અને રાજધર્મની જુદી જુદી નીતિ શાસ્ત્ર શ્રવણ કરવાની જુદી જુદી રીત, ૩૨ શ્રાદ્ધના વિધિ પિતૃઓની ઉત્પત્તિ, ગ્રહ નક્ષત્ર અને તારાઓની કાળચક્રમાં સ્થિતિ, ૩૩ દાનનું ફળ તપનું ફળ યજ્ઞનું ફળ વાવ કુવા આદિ નવાણ ખોદાવવાનું ફળ પ્રવાસે ગએલા મનુષ્યનો જે ધર્મ હોય તે તથા આપત્તિમાં પુરૂષનો જે ધર્મ હોય તે ૩૪ અને ધર્મના સ્રષ્ટા ભગવાન જેવા ધર્મોથી પ્રસન્ન થતા હોય તેવા ધર્મો તથા જેઓના ઉપર જનાર્દન ભગવાન પ્રસન્ન થાય છે તેવા દૈવી જીવો એ સર્વ હે મૈત્રેય ! વિસ્તારથી કહો. ૩૫ ગરીબ ઉપર વત્સલતા રાખનાર ગુરૂઓ પોતાની સેવા કરનાર શિષ્યોને તથા પુત્રોને તેમના પૂછ્યા વગર પણ રહસ્ય કહે છે. ૩૬ હે ભગવન ! તત્ત્વોનો કેટલા પ્રકારનો પ્રલય થાય છે ? અને પ્રલય થયા પછી સેવકો જેમ નિદ્રાધીન રાજાની સેવા કરે છે તેમ કેટલાં તત્ત્વો જળમાં શયન કરનારા પરમાત્માની સેવા કરે છે ? અને કેટલાં તત્ત્વો તેમની પાછળ શયન કરે છે ? ૩૭ જીવનું સ્વરૂપ તથા પરમેશ્વરનું સ્વરૂપ કેવું છે ? ઉપનિષદમાં કહેલું અભેદ જ્ઞાન કેવું છે ? તથા ગુરુ શિષ્યના ધર્મો શા છે ? ૩૮ હે મૈત્રેય ! વિદ્વાનોએ તે સર્વનાં જે સાધનો કહ્યાં હોય તે સાધનો મને કહો. ગુરુ વિના પોતાની મેળે પુરુષોને ભકિત જ્ઞાન તથા વૈરાગ્ય કેરી રીતે થાય. ૩૯. ? અવિદ્યાથી જેનું જ્ઞાન નાશ પામેલું છે એવો હું શ્રીહરિના ચરિત્રો જાણવા માટે તમને આ પ્રશ્નો પૂછું છું, આપ મને એ પ્રશ્નોના ઉત્તરો આપો. ૪૦ વેદો યજ્ઞો તપો અને દાનો, ઇત્યાદિથી જીવને મોક્ષ રૂપી અભય દાન આપવું એ તેની સોળમી કળાને પણ પહોચતાં નથી. ૪૧

શુકદેવજી કહે છે—આ પ્રમાણે કુરુ વંશમાં ઉત્તમ એવા વિદુરે પુરાણમાં રહેલા જાણવા યોગ્ય વિષયો મૈત્રેયને પૂછ્યા એટલે અત્યંત હર્ષાન્વિત ભગવાનની કથા કહેવાની જેમને પ્રેરણા કરવામાં આવી હતી એવા મૈત્રેય મુખ મલકાવીને આ પ્રમાણે બોલ્યા.

स इत्थमापृष्टपुराणकल्पः
कुरुप्रधानेन मुनिप्रधानः।
प्रवृद्धहर्षो भगवत्कथायां
संनोदितस्तं प्रहसन्निवाह ॥४२॥

इतिश्रीमद्भागवतेमहापुराणेतृतीयस्कंधे
सप्तमोऽध्यायः

અધ્યાય ૮ મો.

બ્રહ્માની ઉત્પત્તિ.

मैत्रेयउवाच

सत्सेवनीयो बत पूरुवंशो
यल्लोकपालो भगवत्प्रधानः ॥
बभूविथेहाजितकीर्तिमालां
पदे पदे नूतनयस्यभिक्ष्णम् ॥ १ ॥

મૈત્રેય કહે છે કે—પૂરૂનો વંશ મહા પુરૂષોએ સેવવા યોગ્ય છે કારણ કે ભગવાનનેજ મુખ્ય ગણનારા આપ તેના વંશમાં જન્મ્યા છો. તમે અજીત એવા ભગવાનની કીર્તિમાળાને ક્ષણે ક્ષણે નવી કરો છો. ૧ મનુષ્યો તુચ્છ એવાં સાંસારિક સુખોને અર્થે મોટાં દુઃખ સહે છે. તેમના દુઃખોને દૂર કરવા હું ભાગવત નામનું પુરાણુ જગતમા પ્રવર્તાવું છું. આ પુરાણુ સાક્ષાત ભગવાન સંકર્ષણે સનત્કુમારાદિકને સંભળાવ્યું હતું. ૨ એકવાર વાસુદેવ ભગવાનના તત્વને જાણુવાને સનત્કુમાર વગેરે મુનિઓ પાતાળ લોકમાં બિરાજતા પોતાના આશ્રયરૂપ અને પરમાનંદ સ્વરૂપ વાસુદેવ ભગવાનની ઉત્તમ રીતે પૂજા કરતા અંતરમાં લીન કરેલાં નેત્ર કમળરૂપી કોશને સનત્કુમાર આદિ મુનિઓના ઉપદેશ માટે જરા ઉઘાડતા તથા હજારો મુગટમાં જડેલા ઉત્તમ મણિઓના પ્રકાશથી જેમની હજારો ફેણો શોભતી હતી એવા આદિ પુરૂષ ભગવાન સંકર્ષણની પાસે ગયા અને નાગકન્યાઓ પતિ મેળવવાની ઇચ્છાથી પ્રેમ સહિત નાના પ્રકારનાં બલિદાનો તથા પૂજનના ઉપચારોથી જેમના ચરણકમળના પાદપીઠનું પૂજન કરવા તત્પર થઈ હતી તે ચરણકમળના પાદપીઠનો ગંગાજળથી ભીંજાયલા જટાજુટથી સ્પર્શ કર્યો અને પછી સંકર્ષણનું ચરિત્ર જાણુનાર કુમારો પ્રેમને લીધે વચ્ચે પડદો પડે તેવી રીતે ગળગળા વચનથી વારંવાર તેમનાં ચરિત્રો ગાઈને તેમને ભગવાનની કથા પૂછવા લાગ્યા. મહા સામર્થ્યવાળા ભગવાન સંકર્ષણે નિવૃત્તિ ધર્મમાં આસક્તિવાળા સનત્કુમારોને આ શ્રીમદ્ભાગવત કહ્યું અને હે વિદુર! સાખ્યાયનના પૂછવાથી સનત્કુમારોએ વ્રત ધારણ કરનાર સાખ્યાયન ઋષિને કહી સંભળાવ્યુ. ૭ પરમહંસનો ધર્મ પાળવામાં મુખ્ય એવા સાખ્યાયન ઋષિએ ભગવાનની વિભૂતિઓનું વર્ણન કરવાની ઇચ્છાથી પોતાને અનુકૂલ અમારા ગુરૂ પરાશર તથા બૃહસ્પતિને ભાગવત પુરાણુ સંભળાવ્યું હતું. ૮ ત્યાર પછી †પુલસ્ત્યે જેને પુરાણુ પ્રસિદ્ધ કરવાનું વરદાન આપેલું હતું એવા દયાળુ પરાશર મુનિએ આ આદિ પુરાણુ ભાગવત મને કહ્યું તેજ પુરાણુ હે વત્સ! હું શ્રદ્ધાવાળા તથા મને અનુસરનારા એવા તને કહું છું. ૯ આ વિશ્વ પ્રલય સમયે જ્યારે મહા સાગરના એકાકાર થયેલા પાણીમાં ડુબી ગયું હતું ત્યારે જેમની ચૈતન્ય શક્તિ જાગૃત હતી એવા સ્વરૂપના આનંદમાં મગ્ન રહેનારા તથા ક્રિયા રહિત એવા ભગવાન પોતે એકલાજ શેષની શય્યામાં પોઢયા હતા અને નિદ્રાના મિષથી નેત્રો મીંચી ગયા હતા. ૧૦ અગ્નિ જેમ પોતાનો પ્રકાશ રોકી કાષ્ટમાં ગુપ્ત રહે છે તેમ પોતાના દેહમાંજ શબ્દ સ્પર્શ રૂપ રસ તથા ગંધ એ સૂક્ષ્મ ભૂતોને ધારણ કરનાર અને સૃષ્ટિ સૃજતી વેળા પોતાની કાળ

* આ અધ્યાયમા શેષશાયી ભગવાનની નાભિમાથી બ્રહ્મા ઉત્પન્ન થયા, તે ભગવાનને ઓળખતા નહતા અને ગુચવાતા હતા તેથી તપ કર એવુ સાભળી તપ કરવા લાગ્યા તે કથા કહેવાશે

† પરાશરના પિતાને રાક્ષસ ખાઈ ગયો હતો, તે ઉપરથી પરાશરે રાક્ષસ યજ્ઞ કરવાનો આરંભ કર્યો હતો તે વાતની વસિષ્ટને ખબર પડી એટલે તેમણુ પરાશરને યજ્ઞ કરતા અટકાવ્યા અને પુલસ્ત્યના પુત્રો મરતા બચ્યા તેથી સંતુષ્ટ થઇ પુલસ્ત્યે પરાશરને વર આપ્યો કે, તમે પુરાણવકતા થશો વિષ્ણુ પુરાણ. ૧-૧

શક્તિને પ્રેરણા કરનારા શેષશાયી ભગવાન પોતાના નિવાસ રૂપ મહા સાગરના જળમા પોઢી રહ્યા. ૧૧

ભગવાન પોતાની કાળ નામની શક્તિ થી સર્વ ક્રિયાકલાપને સ્વાધીન કરી ચૈતન્ય શક્તિ સાથે સત્ય દ્વાપર ત્રેતા અને કળિ એમ ચાર યુગ સુધી પ્રલયસમુદ્રના જળમાં પોઢી રહ્યા. ભગવાને જોયું તો પોતાના દેહમાં સર્વ લોકોને લીન થયેલા જોયા. ૧૨ શેષશાયી ભગવાને લોકની રચના કરવા માટે સૂક્ષ્મ પદાર્થનો વિચાર કર્યો એટલે તે અત્યંત સૂક્ષ્મ પદાર્થ કળાને અનુકૂળ એવા રજોગુણથી ક્ષોભ પામી સ્થલ સૃષ્ટિ કરવા માટે તેમના નાભિકમળમાથી ઉત્પન્ન થયો. ૧૩ પ્રાણીઓનાં અદૃષ્ટને જાગ્રત કરનાર કાળથી જે સૂક્ષ્મ પદાર્થ એકાએક કમળના કોશરૂપે પ્રગટ થયો. તે વિષ્ણુથી ઉત્પન્ન થયો હતો અને તે કમળકોશ સૂર્યની પેઠે પોતાના તેજથી સાગરના વિશાળ જળને પ્રકાશ આપતો હતો ૧૪ ત્યાર પછી વિષ્ણુ કે જેમનાથી સર્વ પદાર્થોને પ્રકાશ કરનારૂ લોકાત્મક કમળ ઉત્પન્ન થયુ હતું તેમણે તે કમળમાં પ્રવેશ કર્યો એટલે તે કમળમાંથી વેદમય વિધાતા બ્રહ્મા પોતે ઉત્પન્ન થયા જેમને લોકો સ્વયંભુ કહે છે. ૧૫ કમળના કળીમાં બેઠેલા બ્રહ્માએ કોઈ પણ લોકને દીઠો નહિ એટલે તેમણે પોતાની ડોક ચારે દિશામાં ફેરવી અને નેત્રો ઉઘાડી દિશાઓ તરફ જોયું તેથી ચાર મુખ થયાં. ૧૬ પછી કમળ ઉપર બેઠેલા બ્રહ્માએ બહુ વાર વિચાર કર્યો પરતુ પ્રલય સમયના પવનથી ઉછળતા અને મોટા મોજાવાળા મહા સાગરના પાણીમાંથી ઉત્પન્ન થયેલા લોકાત્મક કમળને તથા પોતાના સ્વરૂપને યથાર્થ જાણી શકયા નહિ. ૧૭ બ્રહ્મા વિચાર કરવા લાગ્યા કે હું જે આ કમળ ઉપર બેઠો છું, તે કોણ છું ? આ એકજ કમળ પાણીમા કયાંથી ઉત્પન્ન થયું. વળી આ કમળ પાણીમા જેને આધારે રહેલું હશે તે નીચેના ભાગમાં કોઇ સત્ય વસ્તુ હશેજ.

આ પ્રમાણે વિચાર કરીને અજન્મા એવા બ્રહ્મા કાંટાવાળા કમળના નાળનાં મૂળને શોધવા માટે નીચે ઉતર્યા અને પાણીમાં પ્રવેશ કર્યો પરંતુ કમળનુ મૂળ જણાયું નહિ. ૧૯ હે વિદુર! કમળના નાળમાં ગાઢ અંધારાની વચ્ચે પોતાના મૂળ કારણનો શોધ કરતાં કરતા બ્રહ્માને સો વર્ષ જેટલો કાળ વીતી ગયો આ કાળ અજન્મા ભગવાનના સુદર્શન ચક્ર રૂપ ગણાય છે અને દેહધારીઓને ભય ઉત્પન્ન કરતો તેમનાં આયુષ્યનો નાશ કરે છે. ૨૦ આ પ્રમાણે શોધ કરવા છતા જ્યારે પોતાનો મનોરથ પાર પડયો નહિ ત્યારે બ્રહ્મા ફરીને કમલની ઉપર જઇ બેઠા અને પ્રાણાયામથી ધીરે ધીરે શ્વાસને રોકી ચિત્તનો નિરોધ કરીને સમાધિયોગ ધારણ કર્યો ૨૧ તે યોગ સો વર્ષે સિદ્ધ થતાં બ્રહ્માને ઉત્તમ પ્રકારનું નિશ્ચયાત્મક જ્ઞાન ઉપજ્યું અને પૂર્વે સો વર્ષ સુધી શોધ કરતા પણ જેના દર્શન થયા ન હતાં તે પરમાત્માને પોતે પોતાના હૃદયમા પ્રગટ થયેલા જોયા. ૨૨ ફેણરૂપી છત્રના ઉપર આવી રહેલા મુગટ મણિઓની કાંતિથી ઝળઝળાટ પ્રકાશમારતા પ્રલય પયોધિના પાણીમાં કમળના જેવા ગૌર વર્ણના શેષના વિશાળ શરીર રૂપી શય્યા ઉપર ભગવાન એકલા પુરૂષરૂપે પોઢેલા તેમણે જોયા ૨૩ તે પોતાની અતિ લાવણ્યતાથી મરકત મણિના પર્વતની શોભાનો તિરસ્કાર કરતા હતા. મરકત મણિનો પર્વત સંધ્યાકાળનાં વાદળા રૂપી કટિમેખલારૂપ થતો હતો, ભગવાનનાં પીળાં વસ્ત્ર તે પર્વતના સંધ્યા કાળનાં વાદળાની શોભાનો તિરસ્કાર કરતા હતા વળી તે પર્વત ઉપર સુવર્ણના હજારો શિખરો હતાં તેથી તે પર્વત વિશેષ શોભતો હતો. ભગવાનના

મુગટમાં જડેલાં રત્નો તે શોભાનો તિરસ્કાર કરતાં હતાં. તે પર્વત ને રત્નો જળની ધારા ઔષધિ તથા પુષ્પો વનમાળા રૂપે શોભતાં હતાં. વાંસ બાહુની જગાએ તથા વૃક્ષો ચરણને ઠેકાણે શોભતાં હતાં વિરાટ ભગવાનનાં રત્ન મોતી તુલસી અને પુષ્પોની માળા તેમની વનમાળાનો તિરસ્કાર કરતાં હતા અને ભગવાનની ભુજાઓ તથા ચરણો અત્યંત શોભાથી તે પર્વતની કૃત્રિમ ભુજાઓનો તથા ચરણોનો તિરસ્કાર કરતા હતા તેમનું શરીર લંબાઈમાં તથા પહોળાઈમા માપ વિનાનું હતું તેથી તેમના દેહમા ત્રણ લોકનો સમાવેશ થઈ રહેલો હતો શરીર વિચિત્ર પ્રકારનાં દિવ્ય આભૂષણોને તથા વસ્ત્રોને શોભા આપનારૂં હતું છતા તેમણે શરીર ઉપર અનેક પ્રકારનાં દિવ્ય આભૂષણો તથા વસ્ત્રે પહેર્યાં હતા ૨૫ પોતાની ઇષ્ટ કામના માટે શુદ્ધ એવા વેદમાર્ગોથી સેવા કરનાર પુરૂષોની કામના પૂરનાર તથા નખરૂપી ચદ્રમાના કિરણોથી વ્યાપ્ત થયેલી આંગળીઓ રૂપી સુંદર પાંદડાવાળા ચરણકમળની કૃપાથી ભક્તજનોને દર્શન કરાવતા હતા ૨૬ વળી લોકની પીડાને હરનાર હાસ્યથી તથા દીપી નીકળેલાં ચળકતા કુંડળોથી શોભાયમાન લાલ બિંબફળના જેવા રાતા ઓષ્ટથી તથા સુંદર નાસિકાવાળા અને ભ્રકુટીવાળા મુખથી સર્વને માન આપતા હોય એવા તેઓ દેખાતા હતા ૨૭ કદંબના કેસર જેવા પીળાં વસ્ત્રોથી તથા કટિમેખલાથી તેમનો નિતંબપ્રદેશ અલંકૃત હતો શ્રીવત્સથી યુક્ત એવુ તેમનું વક્ષઃસ્થળ, વક્ષઃસ્થળને અતિ પ્રિય એવા અમૂલ્ય હારથી તે શોભતું હતુ. ૨૮ વળી તે પરમ પુરૂષ ઉત્તમ પ્રકારના ચંદનના વૃક્ષની પેઠે શોભતા હતા કારણ કે મહા મૂલ્યવાળા બાજુબંધ વગેરે આભૂષણોથી તથા ઉત્તમોત્તમ મણિઓથી તેમના શાખા રૂપી હજારો બાહુઓ ભરપૂર હતા. ચંદન વૃક્ષની શાખાઓ જેમ બાજુબંધાદિના સમાન ફળ તથા પુષ્પોથી ભરપૂર હોય અને જેમ શોભે તેમ ભગવાનના બાહુઓ સુંદર બાજુબધાદિક આભૂષણોથી શોભતા હતા. ચંદનનું મૂળ જેમ અવ્યક્ત અર્થાત એકાએક જાણવામાં આવતું નથી તેમ ભગવાનનું મૂળ પણ નીચેના ભાગમાં રહેલું અવ્યક્ત છે. ચંદનના ઝાડની શાખાઓ ઉપર જેમ સર્પો વીંટાઇ રહે છે તેમ પરમાત્માના સ્કંધ ઉપર પણ સર્પરાજ શેષની ફણાઓ વીંટાયલી હતી. ૨૯ વળી તે પુરૂષ મોટા પર્વતની પેઠે બિરાજતા હતા. પર્વત ઉપર જેમ સ્થાવર જંગમ પ્રાણીઓ વસે છે તમ તેમના શરીરમાં પણ ચરાચર સર્વ જગત વાસ કરે છે. પર્વત ઉપર સર્વ સર્પો વાસ કરે છે તે ઉપરથી તેને સર્વ લોકો સર્પબંધુ કહે છે, તેમ ભગવાન પણ સર્પરાજ અનંતના બંધુ છે. મૈનાક વગેરે કેટલાએક સમુદ્રના પાણીમાં ડુબી ગયા છે તેમ આ પુરૂષ પણ પ્રલય સમયે સાગરના જળમાં ડુબી જાય છે. મુખ્ય મુખ્ય પર્વતોનાં શિખરો સુવર્ણના છે તેમ ભગવાનનાં મસ્તકોના મુગટો સુવર્ણના શિખરો જેવા શોભે છે અને પર્વતોના કોઇ કોઈ મુખ્ય સ્થાનમાં મુખ્ય મુખ્ય રત્નો પ્રગટ થતાં દેખાય છે તેમ ભગવાનની મૂર્તિમાં કૌસ્તુભમણિ સ્પષ્ટતાથી દેખાય છે. ૩૦

બ્રહ્માએ શ્રીહરિને પર્વત વગેરેના સમાન જોઇને મનમાં દૃઢ નિશ્ચય કર્યો કે આજ ભગવાન શ્રીહરિ છે. તેમના કંઠમાં કીર્તિરૂપી લાંબી વનમાળા હતી. વેદરૂપી ભમરાઓ તેની આસપાસ વીંટાઇને ગુંજારવ કરી રહ્યા હતા તથી તે બહુજ દીપતી હતી. સૂર્ય ચંદ્ર વાયુ તથા અગ્નિ જે સ્થાનમાં પ્રવેશ કરી શકતા નથી અને જેમની કાંતિ ત્રણ લોકમાં વ્યાપ્ત છે એવા સુદર્શન ચક્ર વગેરે શસ્ત્રો તેમનું રક્ષણ કરવા માટે ચારે દિશાઓમાં

ફરતાં હતાં તેથી તે પરમાત્મા શ્રીહરિ અત્યંત દુર્લભ હતા. ૩૧ જગતના વિધાતા બ્રહ્માએ જે સમયે ભગવાન શ્રીહરિનાં દર્શન કર્યાં તેજ સમયે લોકોને સૃજવા ઉપર દૃષ્ટિ કરીને જોયું તો તેમણે શેષશાયી ભગવાનના નાભિસરોવરમાં થયેલું કમળ પોતાનો દેહ જળ વાયુ તથા આકાશ આદિભૂતોને દીઠા. તે વિના બીજી કોઈ પણ વસ્તુ તેમના જોવામાં આવી નહિ. ૩૨ પછી રજોગુણવાળા બ્રહ્માએ પ્રજા સૃજવાની ઇચ્છાથી જોયું તો સૃષ્ટિના કારણભૂત એવી માત્ર પાંચજ વસ્તુઓ જણાઈ. અવ્યક્ત માર્ગ એટલે જાણવામા આવે નહિ એવો જેનો માર્ગ છે એવા પરમાત્મામાં મનને દૃઢ કરી સૃષ્ટિ કરવા તરફ જેમનું લક્ષ છે એવા બ્રહ્મા આ પ્રમાણે પરમાત્માની સ્તુતિ કરવા લાગ્યા.

स कर्मबीज जरसोपरक्तः
प्रजाः सिसृक्षन्निवदेव दृष्ट्वा।
अस्तौद्विसर्गाभिमुखस्तमीड्य
मव्यक्तवर्त्मन्यभिवशितात्मा ॥३३॥

इतिश्रीमद्भागवतेमहापुराणेतृतीयस्कंधे
अष्टमोध्यायः

અધ્યાય ૯ મો.*

શેષશાયી ભગવાનની સ્તુતિ.

ब्रह्मोवाच

जातोसि मेऽद्य सुचिरान्ननु देहभाजां
न ज्ञायते भगवतो गतिरित्यवद्य ।
नान्यत्त्वदस्ति भगवन्नपि तन्न शुद्धं
मायागुणव्यतिकराद्यदुरुर्विभासि ॥१॥

બ્રહ્મા સ્તુતિ કરે છે-હે ભગવન ! ઘણા કાળ સુધી ઉપાસના કર્યાથી આજે મેં આપને ઓળખ્યા દેહધારીઓ આપ ભગવાનની ગતિને જાણતા નથી. હે ભગવન ! તમારા વિના બીજું કંઈ અહીં છેજ નહિ અને જે વસ્તુ અસ્તિત્વરૂપે ભાસે છે તે પણ શુદ્ધ સત્ય વસ્તુ નથી પરંતુ માયાનો ભાસ છે. તમે એક છો છતાં માયાના સંબંધથી અનેક રૂપે ભાસો છો. વળી નિત્ય એવી ચૈતન્ય શક્તિથી પ્રગટ થવાથી ગુણરહિત એવા આપનું રૂપ આપે પૂર્વે ભકતજનના અનુગ્રહ માટે ગ્રહણ કર્યું હતું. અવતારોને ઉત્પન્ન થવાના તે બીજરૂપ છે. આપના નાભિકમળરૂપી નાળમાથી હુ ઉત્પન્ન થયો છું. ૨ હે પરમાત્મા! તમારૂં આવરણ રહિત અખંડ તેજવાળું આનંદસ્વરૂપ ભેદરહિત અને જગતને ઉત્પન્ન કરનારૂં હોવાથી જગતથી જુદું અને પાંચ મહાભૂતોને તથા ઇન્દ્રિયોને ઉત્પન્ન કરનારૂં જે રૂપ છે તેનાથી જુદું ભિન્ન કોઇ પણ રૂપ મારા જોવામા આવતું નથી માટે હું આપના સ્વરૂપનો આશ્રય કરૂં છું. ૩ આપે કલ્યાણ કરવા માટે અમને ઉપાસકોને ધ્યાનમાં તો આજ રૂપ દેખાડયું હતું તથા જેમને કુતર્ક કરનારા દુષ્ટોનો પ્રસંગ છે એવા નરકમાં જનારા લોકો જેનો આદર કરતા નથી એવા આપ ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ. ૪ જેઓ વેદરૂપી પવને આણેલી આપના ચરણારવિંદની સુગંધને ગ્રહણ કરે છે તથા જેઓ પરમ ભક્તિથી આપનાં ચરણોનો આશ્રય કરે છે એવા ભક્તજનોના હૃદયમાથી હે નાથ ! તમે કોઇ દિવસ દૂર થતા નથી. ૫ મનુષ્ય જ્યાં સુધી આપના ચરણનો આશ્રય કરતા નથી ત્યાં સુધી તેને ધન ગૃહ તથા સંબંધીને લીધે ભય શોક કામ પરાભવ અને મહાલોભ થયા કરે છે તથા ત્યાં સુધીજ તેને સર્વ પીડાના મૂળભૂત “ મારૂં, તારૂં ” એવો ખોટો દુરાગ્રહ થાય છે. જે પુરૂષો સર્વ અશુભનો નાશ કરનાર આપના કીર્તન અને શ્રવણ આદિકને કરે છે તેમને ધન્ય છે અને જે દીન પુરૂષો લોભને વશ થયેલા મનને લીધે ઇચ્છિત

* આ અધ્યાયમા સૃષ્ટિ રચવાની ઇચ્છાથી મહાસાગરમા દુખી થતા બ્રહ્માએ તપશ્ચર્યાથી પરમાત્માને પ્રસન્ન કરી તેમની જે સ્તુતિ કરી હતી તે ગા કહેવાશે

સુખના અલ્પ ભાગને મેળવવા નિરંતર પાપી કર્મો કરે છે તેમની બુદ્ધિ તેમના મંદભાગ્યથી હણાએલી છે એમ જાણવું. ૭ હે ભગવન ! ક્ષુધાથી તૃષાથી વાત પિત્ત અને કફથી તાઢ તડકાથી વાયુ અને વરસાદથી કામાગ્નિથી તથા અટકાવી શકાય નહિ એવા ઉગ્ર ક્રોધથી પ્રજાને વારંવાર પીડા પામતી જોઈ હે ઉરૂક્રમ ! મારૂં મન બહુ ખેદ પામે છે. ૮ હે ઇશ ! મનુષ્ય જ્યાં સુધી ઇંદ્રિયો અને વિષયોરૂપ માયાના બળવાળી દ્વૈતબુદ્ધિથી વર્તે છે ત્યાં સુધી તેને વ્યર્થ છતાં કર્મનાં ફળ અને કષ્ટો આપનારો જન્મ મરણરૂપ આ સંસાર મટતો નથી. ૯ હે દેવ ! ઋષિઓ પણ જો આપનાં શ્રવણ અને કીર્તન આદિ સત્સંગથી વિમુખ રહે છે તો દિવસે સાંસારિક વિષયોમાં અથડાવાથી તેમની ઇન્દ્રિયો ખિન્ન થઇ રહે છે. રાત્રે નિંદ્રાધીન થયા હોય ત્યારે પણ તેમને સ્વપ્નમાં અનેક મનોરથો થવાને લીધે વારંવાર નિંદ્રા ભંગ થાય છે, તેમ ધનાર્જન માટે આરંભેલો ઉદ્યોગ પણ દૈવથી નાશ પામે છે અને તેઓ આ લોકમાં જન્મ મરણ રૂપી સંસારને પામ્યા કરે છે. ૧૦

હે નાથ ! શાસ્ત્રના શ્રવણથી જેમનો માર્ગ જાણવામાં આવે છે એવા ભકિતયોગથી નિર્મળ થયેલા હૃદયમાં આપ સર્વદા બિરાજો છો. ભકત લોકો મનમાં તમારા જે જે સ્વરૂપનું ધ્યાન ધરે છે તે તે સ્વરૂપને તમે સત્પુરૂષોના અનુગ્રહ માટે ધારણ કરો છો. ૧૧ સર્વ પ્રાણીઓમાં અંતર્યામી રૂપે રહેલા અને સર્વના મિત્ર એવા આપ દુર્જન પુરૂષોને અલભ્ય એવી સર્વ પ્રાણીઓ ઉપર કરવા યોગ્ય દયાથી જેવા પ્રસન્ન થાઓ છો તેવા મનમાં અનેક કામનાવાળા દેવતાઓ પુષ્પ ધુપ દીપ વગેરે મોટા મોટા ઉપચારોથી તમારી સેવા કરે છે તેથી પણ તમે પ્રસન્ન થતા નથી. ૧૨ યજ્ઞ વગેરે અનેક કર્મો કરવાથી દાન દેવાથી કષ્ટવાળી તપશ્ચર્યા કરવાથી અને વ્રત કરવાથી આપ ભગવાનની આરાધના કરવી એજ પુરૂષોને કર્મનું ઉત્તમ ફળ છે. તમારામાં અર્પણ કરેલો ધર્મ કોઇ પણ દિવસ નાશ પામતો નથી. કામના માટે કરેલાં ધર્મ કર્મ જેમ ફળ આપીને નાશ પામે છે તેમ આપને અર્પણ કરેલું ધર્મ કર્મ નાશ પામતું નથી. ૧૩ નિત્ય સ્વસ્વરૂપના ચૈતન્યમય પ્રકાશથી જેનો ભેદ તથા મોહ નાશ પામેલો છે એવા જ્ઞાનનોજ આશ્રય કરનારા પરમાત્માને નમસ્કાર હો. આ જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા પ્રલય કરવામાં કારણભૂત જે માયા તેના વિલાસ માટે ક્રીડા કરનારા એવા આપ ઇશ્વરને અમે નમસ્કાર કરીએ છીએ. ૧૪ જે મનુષ્યો મરણ સમયે પરવશ દશામાં પણ આપના અવતાર સૂચવનારાં નામોને ગાય છે તે અનેક જન્મનાં પાપોથી મુકત થઇ આવરણ રહિત પરબ્રહ્મને પામે છે. અજન્મા ભગવાનને હું શરણે જાઉં છું. ૧૫ હે ભગવન ! તમે એક ભુવનવૃક્ષ રૂપ છો. સૃષ્ટિની પૂર્વે તમે એકજ હતા પરન્તુ પછી તે રચવા માટે પોતાના મૂળ અધિષ્ઠાનરૂપ પ્રકૃતિને ભેદીને સત્વ રજ અને તમ એમ ત્રણે ગુણમાં વહેંચાઇ ગયા અને આ જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા લય કરવા માટે બ્રહ્મા વિષ્ણુ તથા રૂદ્ર એવી ત્રણ શાખાવાળા થઈ વધવા લાગ્યા. ભુવનદ્રુમને ત્રણ શાખાઓ હતી અને પ્રત્યેકને મરીચિ મુનિ અને મનુ વગેરે બીજી અનંત શાખા પ્રશાખાઓ ફુટી નીકળી હતી. હે પ્રભો ! ભુવનદ્રુમ રૂપ જે આપ તેમને હું નમસ્કાર કરૂં છું. ૧૬ મનુષ્યોલોકવિરૂદ્ધ ધર્મમાં આસકત થઇ તમે પોતે ઉપદેશ કરેલા તમારાં પૂજન અને સેવનરૂપી કર્મમાં નિષ્ક્રિય રહે છે એટલામાં તો બળવાન કાળ તેમના જીવનની આશાને તોડી નાંખે છે. મહા બળવાન કાળ મૂર્તિ રૂપ આપને હું નમસ્કાર કરૂં છું. જે

સ્થાનક બે પરાર્દ્ધ વર્ષ સુધી અચળ રહે છે અને સર્વ લોકો જેને નમસ્કાર કરે છે તે સ્થાનમાં હું બેઠો છું છતાં હું એ મહા કાળથી ડરૂં છું. વળી મેં તમને પામવાની ઈચ્છાથી ઘણા યજ્ઞો કરી ઘણાં વર્ષો સુધી તપશ્ચર્યા કરી હતી. યજ્ઞના અધિષ્ઠાતા ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ૧૮ તમને સ્વસ્વરૂપના આનંદના અનુભવથીજ વિષય સુખનો વસ્તુતાએ સંબંધ નથી છતા તમે પોતે કરેલી ધર્મમર્યાદાનું રક્ષણ કરવાની ઇચ્છાથી સ્વેચ્છાએ પક્ષી મનુષ્ય અને દેવાદિક જીવજાતિના શરીર ધારણ કરીને ક્રીડા કરો છો. એવા આપ ભગવાનને હું નમસ્કાર કરું છું. ૧૯ તમે પોતે નિંદ્રામાં કારણરૂપ અને પાંચ વૃત્તિવાળી અવિદ્યાના સંબંધથી દૂર છો છતાં પણ સર્વ લોકવ્યવહારને પોતાના ઉદરમાં ધારણ કરી ભયંકર મોજાઓની માળાવાળા સમુદ્રના જળમાં પોઢી અવિવેકી મનુષ્યોને નિદ્રાનુ સુખ દર્શાવતા નિદ્રાને અનુકૂળ સ્પર્શવાળી શેષના શરીરરૂપી શય્યા ઉપર પોઢો છો. ૨૦ હે પ્રભો ! જેના અનુગ્રહથી હુ નાભિકમળમાંથી ત્રણ લોકોનો ઉપકાર કરવાને ઉત્પન્ન થયો તે આપના ઉદરમાં ત્રણે લોકો રહેલા છે અને આપ યોગાનેદ્રા પછી શ્યામકમળ સરખાં નેત્રને ઉઘાડો છો તે તમને નમસ્કાર કરૂં છું. ૨૧

આ પ્રમાણે સ્તુતિ કર્યા પછી બ્રહ્મા પ્રાર્થના કરવા લાગ્યા કે, સર્વ જગતના મિત્ર સર્વ વસ્તુમાં વ્યાપક અને સર્વના અંતર્યામી એવા ભગવાન છે. તે પોતાના જે જ્ઞાનથી તથા ઐશ્વર્યથી આ જગતને સુખી કરે છે તે જ્ઞાન તથા ઐશ્વર્યનીજ ભગવાન મારી બુદ્ધિમાં પ્રેરણા કરો કે જેથી હું આ જગતને પૂર્વની પેઠે સજવાને શક્તિમાન થાઉં. એ પ્રભુ પ્રણત મનુષ્યોને પ્રિય છે તેથી પ્રણામ કરનારા મનુષ્યની કામના પૂર્ણ કરે છે તેથી હુ પ્રણામ કરીને આપની પ્રાર્થના કરૂં છું ૨૨ શરણાગતને વરદાન આપનાર ભગવાન પોતાની લક્ષ્મીરૂપી શકિતથી ગુણાવતાર ધારણ કરી જે જે ચરિત્રો કરશે તે ભગવાનને વિષે ભગવાનના પરાક્રમ રૂપી આ જગતને હુ સૃજુંછું. મારા ચિત્તને એવી રીતે સદ્બુદ્ધિમાં જોડો કે જેથી જગત સૃજવા છતાં મારી કર્મમાં આસકિત થાય નહિ તથા હુ વૈષમ્યાદિક પાપનો ત્યાગ કરૂં. ૨૩ જળમા શયન કરનાર અનંત શકિતવાળા જે ભગવાનના નાભિસરોવરમાથી હું મહત્તત્વનો અભિમાની દેવ ઉત્પન્ન થયો તે ભગવાનના વિચિત્ર રૂપનું વર્ણન કરતા મારી વેદ સંબંધી વાણીનો ઉચ્ચાર અટકશો મા ૨૪ આ પ્રમાણે સ્તુતિ કરીને બ્રહ્મા વળી બોલ્યા કે અપાર દયાવાળા પુરાણ પુરૂષ એવા આપ વૃદ્ધિ પામેલા પ્રેમ સાથે મંદ મંદ હસતા નેત્રરૂપી કમળને જરા ઉઘાડીને ઉભા થાઓ અને જગતને ઉત્પન્ન કરવા માટે તથા મારા ઉપર અનુગ્રહ કરવા સારૂ મધુર વાણીથી અમારા ખેદને દૂર કરો. ૨૫

મૈત્રેય કહે છે કે–હે વિદુર ! આ પ્રમાણે બ્રહ્મા તપ ઉપાસના તથા સમાધિ યોગથી પોતાને ઉત્પન્ન કરનાર પરમાત્માનાં દર્શન કરી મન તથા વાણી જ્યાં સુધી પહોચ્યાં ત્યા સુધી તેમની સ્તુતિ કરીને ખિન્ન પુરુષની પેઠે વિરામ પામ્યા. ૨૬ મધુસૂદન ભગવાન લોકોને રચવા સંબંધી જ્ઞાન માટે પોતાનો ખેદ કરતા બ્રહ્માના મનનો અભિપ્રાય સમજી તેમના સંતાપને શાંત કરતા હોય તેમ પ્રલયજળથી ખિન્ન અંતઃકરણવાળા બ્રહ્મા પ્રત્યે આ પ્રમાણે બોલ્યા. ૨૮

શ્રી ભગવાને કહ્યું કે–હે વેદગર્ભ બ્રહ્મા ! તમો ખિન્ન થઈને આળસ કરો મા. સૃષ્ટિ રચવા માટે ઉદ્યમ કરો, તમે મારી પાસે જેને માટે પ્રાર્થના કરો છો તે મેં પ્રથમથી

જ સિદ્ધ કરી રાખ્યું છે. ૨૯ હે બ્રહ્મન! તમે ફરીને તપશ્ચર્યા કરો તથા મારે આધીન એવા જ્ઞાનને ગ્રહણ કરો. તમે તપ અને જ્ઞાનથી હૃદયમાં આવરણ વિનાના સર્વ લોકોને દેખશો. ૩૦ મારી ઉપર ભક્તિવાળા તથા સાવધ થયેલા તમે પોતાને વિષે અને આ લોકોને વિષે મને વ્યાપી રહેલો જોશો. વળી હે બ્રહ્મન! મારામા સર્વ લોકોને તથા જીવોને રહેલા જોશો. ૩૧ મનુષ્યો કાષ્ઠમાં જેમ અગ્નિને વ્યાપેલો જુવે છે તેમ જે મને સર્વ પ્રાણીઓમાં વ્યાપી રહેલો જુવે છે ત્યારેજ તે પોતાનાં દુઃખોનો ત્યાગ કરે છે ૩૨ જીવાત્મા જ્યારે પંચ મહાભૂત ઇંદ્રિયો તથા તેના વિષયોથી રહિત એવા જીવ રૂપ શુદ્ધ ત્વં પદાર્થને પોતાના આત્મારૂપ તત્પદાર્થ રૂપ મારી સાથે એક રૂપ થયેલો જુવે છે ત્યારે મોક્ષને પામે છે. ૩૩ તમે અનેક પ્રકારના કર્મોના વિસ્તારથી ઘણી જાતની સૃષ્ટિ રચવાની ઇચ્છાવાળા છો તો તમારું તે સૃષ્ટિ રચવામાં મન મોહ પામશે નહિ. મારો તમારા ઉપર અગાધ અનુગ્રહ છે.૩૪ હે બ્રહ્મન! તમારું મન મારા ઉપર દૃઢ પ્રેમથી બંધાયેલું છે માટે તમે પ્રજાને સૃજશો તોપણ પાપી એવો રજોગુણ તમને બંધન કરશે નહિ. ૩૫ હું દેહધારી પ્રાણીઓથી જાણવામા આવું એવો નથી છતાં તમે મને આજે જાણ્યો તમે મને પંચ મહાભૂત ઇંદ્રિયો અને અંતઃકરણથી રહિત માનો છો ૩૬ તમે મને શોધવા માટે કમળના નાળદ્વારા પાણીમાં નીચે ઉતર્યા અને મૂળની શોધ કરવા લાગ્યા પરંતુ કંઇ પત્તો લાગ્યો નહિ ત્યારે બહાર આવ્યા અને આનો આધાર હોવો જોઇએ, પરંતુ કંઇ પણ જોવામાં આવતું નથી માટે આધાર હશે કે કેમ? એવા સંદેહમા પડયા તે વખતેજ મેં તમને તમારા અંતઃકરણમાં મારા સ્વરૂપના દર્શન કરાવ્યાં. ૩૭ તમે જેમાં મારી કથાનો અભ્યુદય છે એવી મારી સ્તુતિ કરી અને તમારી તપ ઉપર જે નિષ્ઠા થઇ તે મારો અનુગ્રહ તમારે માનવો. ૩૮ હું ગુણવાળો પ્રતીત થાઉં છું છતાં તમે જગતને બનાવવાની ઇચ્છાથી મારી નિર્ગુણ રૂપે સ્તુતિ કરી તેથી હું તમારા ઉપર બહુજ પ્રસન્ન થયો છું. તમારું કલ્યાણ થાઓ ૩૯ જે મનુષ્ય નિત્ય આ સ્તોત્રથી મારી સ્તુતિ કરીને મને ભજશે તેના ઉપર સર્વ ઉત્તમ પ્રકારની કામનાઓ પૂરનારો હું પ્રસન્ન થઇશ. ૪૦ વાવ કુવા ખોદાવવા દેવમંદિરો બંધાવવાં તપશ્ચર્યાઓ કરવી યજ્ઞો દાનો અને યોગ સમાધિ કરવી એ સર્વ સાધનોથી સંપાદન કરવા યોગ્ય જે ઉત્તમ ફળ તે મારી પ્રીતિ છે એમ તત્વવેત્તાઓનું માનવું છે. ૪૧ હે ધાતા! હું અહંકારોપાધિવાળા જીવોનો આત્મા છું માટે શરીરાદિક બીજા પ્રિય પદાર્થો કરતાં પણ વધારે પ્રિય છું તથા નિર્દોષ છુ તેથી સર્વે મારા ઉપર પ્રીતિ કરે છે કારણ કે બીજા પદાર્થો ઉપર જે પ્રેમ બંધાય છે તે પ્રેમ મારે માટે હોય છે. ૪૨ તમે પણ મારા ભક્તજ છો તો હવે મારાથી ઉત્પન્ન થયેલા તથા સર્વ વેદમય એવા તમે ત્રણ લોકને તથા જે પ્રજા મારામાં સૂક્ષ્મરૂપે લય પામે છે તેને પૂર્વ કલ્પની માફક સૃજો.

મૈત્રેય બોલ્યા કે–હે વિદુર! માયાના તથા જીવના નિયંતા એવા પદ્મનાભ ભગવાન જગતને ઉત્પન્ન કરનાર બ્રહ્માને કરવા યોગ્ય જગતને આ પ્રમાણે ઉત્પન્ન કરવું એવું કહીને પોતાને રૂપે એટલે નારાયણ રૂપે અંતર્ધાન થયા. ૪૪

तस्मा एवं जगत्स्रष्ट्रे प्रधानपुरुषेश्वरः ।
व्यज्येदं स्वेन रुपेण कंजनाभस्तिरो दधे ४४

इतिश्रीमद्भागवतेमहा पुराणेतृतीयस्कंधे
नवमोध्यायः

અધ્યાય ૧૦ મો.†

પ્રાકૃતિક સૃષ્ટિના પ્રકાર.

विदुर उवाच

[illegible] भगवति ब्रह्मा लोकपितामः ।
प्रजाः ससर्ज कतिधा दैहिकीर्मानसीर्वि[illegible]ः॥

વિદુર પૂછે છે કે–ભગવાન નારાયણ અંતર્ધાન થયા પછી સર્વ લોકના પિતામહ એવા બ્રહ્માએ પોતાના દેહમાંથી તથા મનમાંથી કેટલાક પ્રકારની પ્રજા ઉપજાવી. હે બહુ જ્ઞાનવાળા મૈત્રેય ! મેં તમને પૂર્વે જે જે વિષયોના પ્રશ્નો પૂછ્યા હતા તે સર્વનો અનુક્રમથી ઉત્તર આપો અને મારા સર્વ સંશયોને દૂર કરો. ૨

સૂત કહે છે કે–હે શૌનક ! આ પ્રમાણે વિદુરે મૈત્રેયને ઉત્તર આપવાની વિનંતી કરી એટલે મુનિએ પ્રસન્ન થઈ પોતાના હૃદયમાં રહેલા તે સર્વ પ્રશ્નોનો વિદુરને આ પ્રમાણે ઉત્તર આપવા માંડયો.

મૈત્રેય બોલ્યા કે–ભગવાન અજન્મા એવા નારાયણે બ્રહ્માને જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે બ્રહ્માએ પરમાત્મા પર પોતાનું ચિત્ત લગાડી દેવતાઓનાં સો વર્ષ સુધી તપ કર્યું. ૪ પછી કમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માએ પ્રલય કાળને લીધે અત્યંત તીક્ષ્ણતાથી વાતા પવનથી પોતે જેના ઉપર બેઠા હતા તે કમળને અને પાણીને કંપતું દીઠું. વૃદ્ધિ પામતા તપથી તથા પોતાનામાં રહેલી વિદ્યાવડે જેનું જ્ઞાનબળ વૃદ્ધિ પામ્યું હતું એવા બ્રહ્મા વાયુને પાણીની સાથે પી ગયા. ૬ પોતાના આધારરૂપ કમળને છેક આકાશ સુધી વ્યાપેલું જોઈ હું પૂર્વ કલ્પમાં લીન થઈ ગયેલા લોકોની ફરીને આ કમળમાંથી રચના કરીશ, એ પ્રમાણે તેમણે વિચાર કર્યો. ૭ ભગવાને જેને સૃષ્ટિરૂપી કાર્યમાં પ્રેરણા કરી હતી એવા બ્રહ્માએ કમળના કોશમાં પેસીને જેમાં ચૌદ લોકની કલ્પના થઈ શકે એમ હતું તથા જેમાં અનંત લોકની કલ્પના થઈ શકે તેમ પણ હતું એવા તે કમળમાંથી ભૂર્લોક ભુવર્લોક તથા સ્વર્ગલોક એમ ત્રણ લોકના વિભાગ કર્યા. ૯ આ જે ત્રણ લોક છે તે નિરંતર ઉત્પન્ન થતાં પ્રાણીઓનાં ભોગ્ય સ્થાનો છે તેની રચના તમને કહી, પરંતુ સત્યલોક તપલોક અને જનલોકની તે પ્રમાણે પ્રતિ દિવસ સૃષ્ટિ થતી નથી માટે તે નિષ્કામ ધર્મનાં ફળ છે તે અવિનાશી છે ત્રણ લોક કામ્ય કર્મનાં ફળ છે અને કલ્પે કલ્પે તેની ઉત્પત્તિ તથા નાશ થયા કરે છે પરંતુ સત્યાદિક લોક નિષ્કામ કર્મનાં ફળ છે. તેઓનો દ્વિપરાર્ધ કાળ સુધી વિનાશ થતો નથી અને બે પરાર્ધ કાળ પછી તેના રહેવાસીઓ મુક્તિ પામે છે માટે આ ત્રણ લોક સત્યાદિક લોક જેવા નથી.

વિદુર કહે છે કે–હે બ્રહ્મન ! તમે અનેક રૂપધારી અને અદ્ભુત કર્મ કરનાર શ્રીહરિનું કાળ નામનું જે રૂપ કહ્યું હતું તે રૂપ, હે પ્રભો ! મને વર્ણવીને સંભળાવો. ૧૦

મૈત્રેય કહે છે–સત્વાદિક ગુણનું મહત્તત્ત્વાદિકરૂપે જે પરિણામ થાય છે તે પરિણામદ્વારા જે જણાય તેનું નામ કાળ, પરંતુ તે કાળ વસ્તુતાએ આકાર વિનાનો તથા આદિ અને અંત રહિત છે. પુરૂષ રૂપ ભગવાને તે કાળ જેમાં નિમિત છે એવા પોતાના રૂપમાંથી શ્રમ વિના સહજમાં જ કાળને નિમિત્ત કરી બ્રહ્માંડ ઉપજાવેલું છે. વિશ્વ વિષ્ણુની માયાથી વિનાશ પામી બ્રહ્મ રૂપે જ રહ્યું હતું, તેનાથી જુદુ નહતું પરંતુ ઇશ્વરે જેની મૂર્તિ સ્પષ્ટ દેખાતી નથી એવા કાળથી તેને બ્રહ્મથી જુદુ દેખાય તેમ ફરીને પ્રકાશ કર્યું. ૧૨ આ જગત હમણાં જેમ કાળને આધીન છે તેમ પૂર્વે પણ હતું અને હવે પછી પણ કાળને

† આ અધ્યાયમા વિદુરે કાળ વિષે પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપતા બ્રહ્માથી ઉત્પન્ન થયેલી પ્રાકૃતિક સૃષ્ટિનું વર્ણન થશે.

આધીન જ રહેશે. જગતની રચના નવ પ્રકારની છે. તે વિના પ્રાકૃત અને વૈકૃત સૃષ્ટિ છે તે દશમી સૃષ્ટિ છે. ૧૩ આ જગતનો કાળે કરીને અને ગુણોએ કરીને ત્રણ પ્રકારનો પ્રલય થાય છે. કાળથી જે પ્રલય થાય છે તે નિત્ય પ્રલય કહેવાય છે. સંકર્ષણાદિકના મુખના અગ્નિથી જે પ્રલય થાય છે તે નૈમિત્તિક પ્રલય કહેવાય છે અને પોત પોતાના કાર્યનો ગ્રાસ કરનારા ગુણોદ્વારા જે પ્રલય થાય છે તે પ્રાકૃત પ્રલય કહેવાય છે.

આ પ્રમાણે ત્રણ પ્રકારનો પ્રલય છે. નવ પ્રકારની જે સૃષ્ટિ કહી તેમાંની પહેલી મહત્તત્ત્વની છે. એ સૃષ્ટિમા શ્રીહરિથી ગુણો પરિણામને પામે છે. ૧૪ બીજી સૃષ્ટિ અહંકારની છે તેમાં મહાભૂતો જ્ઞાનેંદ્રિયો અને કર્મેંદ્રિયો ઉત્પન્ન થાય છે. ત્રીજી પંચ મહાભૂતોની છે તેમાં દ્રવ્યને ઉત્પન્ન કરનારી સૂક્ષ્મ એવી તન્માત્રાઓ એટલે શબ્દ સ્પર્શ રૂપ રસ અને ગંધ ઉત્પન્ન થાય છે. ૧૫ ચોથી ઇંદ્રિયની છે અને તેમા જ્ઞાનેંદ્રિયો તથા કર્મેંદ્રિયોની ઉત્પત્તિ થાય છે. પાંચમી વૈકારિક દેવતાઓની રચના છે. એમાં ઇંદ્રિયો દેવતાઓ તથા મન ઉત્પન્ન થાય છે. ૧૬ હે પ્રભો ! છઠ્ઠી તામસી છે તે જીવને આવરણ તથા વિક્ષેપ કરાવનારી છે. હવે વૈકૃત સૃષ્ટિ કહું તે સાંભળો. ૧૭ જેમાં મન ધારણ કરવાથી ભગવાન જન્મ મરણને હરે છે એવા રજો ગુણને સેવનારા ભગવાનની એ લીલા છે માટે ઉદ્વેગ ત્યજીને તમારે તે સાંભળવી જોઇએ. સાતમી મુખ્ય સૃષ્ટિ સ્થાવરોની છે અને તે છ પ્રકારની છે. ૧૮ વનસ્પતિ ઔષધિ લતા વાંસ વિરૂધ તથા વૃક્ષો. આ સૃષ્ટિનો આહાર તથા સંસાર ઉંચો થાય છે. તે ગૂઢ ચૈતન્યવાળી છે બહારના સ્પર્શને જાણતી નથી અને અવ્યવસ્થિત પરિણામ આદિક અનેક ભેદવાળી છે. ૧૯ આઠમી પક્ષીઓની છે અને તે અઠ્ઠાવીશ પ્રકારની માનેલી છે. તે પક્ષીઓ અજ્ઞાની તમો ગુણવાળાં સુંઘવા ઉપરથી પદાર્થને જાણનારાં અને અંતઃકરણના જ્ઞાન રહિત છે. ૨૦ હે વિદુર ! બળદ બકરો પાડો કૃષ્ણમૃગ વરાહ રોઝ રૂરૂ જાતના મૃગો ઘેટાં તથા ઉંટ વગેરે પશુઓને બે ખરીવાળાં કહેલાં છે. ૨૧ ગધેડો ઘોડો ખચ્ચર ગૌરમૃગ શરભ અને ચમરી ગાય એટલાં એક ખરીવાળાં પ્રાણી છે. પાંચ નખવાળાં પશુઓમા કુતરો શિયાળ વરૂ વાઘ બિલાડું શશલું, સિંહ વાનર હાથી કાચબો ચંદનઘો ને મગ્ઘર વગેરે જળચર પ્રાણીઓ ૨૩ ગીધ શકરો કુકડો મોર હંસ સારસ ચક્રવાક કાગડો ને ઘૂડ વગેરે પક્ષીઓ છે. ૨૪ હે વિદુર ! પૃથ્વી ઉપર નીચેના ભાગથી આહાર તથા સંચાર કરનારી નવમી મનુષ્યોની સૃષ્ટિ છે. તે એક પ્રકારની છે અને તેમાંના મનુષ્યો અધિક રજો ગુણવાળા હોઇ કર્મ કરવામા તત્પર તથા દુઃખમાં સુખ માનનાર છે. ૨૫ સ્થાવર તિર્યક્ તથા મનુષ્યોની સૃષ્ટિ એ ત્રણેય સૃષ્ટિ વૈકૃત અને દેવતાઓની સૃષ્ટિ અવૈકૃત ગણાય છે. જે વૈકારિક સૃષ્ટિ કહી તેમાં સનત્કુમાર વગેરે દેવતાઓ દેવત રૂપે પ્રાકૃત અને મનુષ્ય રૂપે વૈકૃત સૃષ્ટિવાળા એમ બે રૂપવાળા કહેવાય છે. વૈકૃત દેવસૃષ્ટિ આઠ પ્રકારની છે તે આ પ્રમાણે છે. † દેવતા પિતૃઓ અસુરો ગંધર્વો અપ્સરાઓ યક્ષો રાક્ષસો અને ચારણો. ભૂત પ્રેત પિશાચ વિદ્યાધરો અને કિન્નર વગેરે અર્દ્ધ દેવતાઓ તેમાં છે. આ દશ પ્રકારની સૃષ્ટિઓ તમને કહી. તે જગતને સૃજનાર બ્રહ્માએ રચેલી છે. ૨૮ હવે વંશોની અને મન્વન્તરોની કથા કહીશું. રજો ગુણવાળા અને સ્વયંભૂ

† દેવતાઓની, પિતૃઓની અને અસુરોની, એમ ત્રણ સૃષ્ટિ, ગંધર્વ અપ્સરાની એક સૃષ્ટિ; યક્ષ, રાક્ષસની એક સૃષ્ટિ; ભુત, પ્રેત અને પિશાચની એક સૃષ્ટિ; સિદ્ધ, ચારણ તથા વિદ્યાધરોની એક સૃષ્ટિ અને કિન્નર વગેરેની એક સૃષ્ટિ; આ આઠ સૃષ્ટિ દેવ સૃષ્ટિ કહેવાય છે. શ્રીધરસ્વામી

એવા સફળ સંકલ્પવાળા ભગવાન શ્રી હરિ પોતે જ પોતાથી પોતાના આત્માને બ્રહ્માંડ રૂપે સૃજે છે. ૩૦

एवं रजः प्लुतः स्रष्टा कल्पादिष्वात्मभूर्हरिः
सृजत्यमोघसंकल्प आत्मैवात्मानमात्मना॥

इति श्रीभा...गवते महापुराणे तृतीयस्कंधे
दशमोध्यायः

અધ્યાય ૧૧ મો.†

કાળની ગણના.

मैत्रेय उवाच

चरमः सद्विशेषाणामनेकोऽसंयुतः सदा।
परमाणुः स विज्ञेयो नृणामैक्यभ्रमो यतः १

મૈત્રેય કહે છે કે–હે વિદુર ! હવે કાળનું સ્વરૂપ કહું તે સાંભળો. પૃથ્વી આદિ કાર્ય રૂપ પદાર્થોના ભાગોનો છેલ્લો ભાગ જેમાથી બીજો વિભાગ થઇ શકે નહિ એવા ભાગ અને કાર્યની દશાએ પહોંચ્યો ન હોય તથા બીજા સાથે જોડાયો ન હોય તે ભાગને પરમાણુ જાણવો. કાર્યનો અને સમુદાયનો નાશ થયા છતાં પરમાણુનો નાશ થતો નથી. પરમાણુના અસ્તિત્વમાં પ્રમાણ શું તેનો ઉત્તર એજ કે પરમાણુઓ એકઠા થવાથી એક અવયવ બને છે એવી વ્યાવહારિક મનુષ્યોને જે બુદ્ધિ થાય છે તે યુકત છે. પૃથ્વી આદિ કાર્ય રૂપ પદાર્થોના ભાગનો છેલ્લો ભાગ જે પરમાણુ તે પોતાની અવસ્થામાં રહેલો હોય એવા પરમાણુઓનું જે ઐકય તેને પરમ મહાન જાણવો. તે પરમ મહાન અનેક ધર્મથી રહિત છે તથા પરસ્પર ભિન્ન નથી. તેમા વિશેષ ધર્મનો કે ભિન્નતાનો સંભવ નથી. ૨ જેમ સ્થૂલ સૂક્ષ્મ તથા મધ્યમ પરિણામવાળા પદાર્થનું અનુમાન કર્યું તેમ પરમાણુ આદિક પદાર્થ જેટલા પ્રદેશમાં પડેલા હોય તેટલા પ્રદેશને ઓલંગતાં સૂર્યને જેટલો કાળ થાય તે ઉપરથી સૂક્ષ્મ સ્થૂલ ને મધ્યમવાળા કાળનું અનુમાન થઇ શકે છે. કાળ હરિની શકિત છે જગત ઉત્પન્ન કરવામાં કુશળ છે, અવ્યકત છે અને વ્યકતનો ભોકતા છે. ૩ જે કાળ પ્રપંચના પરમાણુની અવસ્થાનો ઉપભોગ કરે છે તેને પરમાણુ કાળ કહે છે. જેટલા પ્રદેશમાં પરમાણુ હોય તેટલા પ્રદેશને ઉલ્લંઘન કરતાં સૂર્યને જેટલો કાળ લાગે તેને પરમાણુ કાળ કહે છે. જે કાળ પ્રપંચની સર્વ અવસ્થાનો ઉપભોગ કરે તેને પરમ મહાન કાળ કહે છે. સૂર્ય બાર રાશિના ચક્રરૂપી ભુવનકોશને જેટલા સમયમા ઉલ્લંઘન કરે તેટલા સમયને પરમ મહાન કાળ એટલે સંવત્સર રૂપ સ્થૂલકાળ કહે છે. આ કાળદ્વારા યુગ મન્વંતર આદિક ક્રમે કરીને બે પરાર્ધ્ધ સુધીનો ભેદ થાય છે. ૪ બે પરમાણુનો એક અણુ થાય છે, ત્રણ અણુનો એક ત્રસરેણુ થાય છે. તે ત્રસરેણુ હળવા હોવાથી જાળીઆમાંથી ઘરની અંદર પડતા સૂર્યના કિરણોમા આકાશની તરફ ઉડતા દેખાય છે. ૫ ત્રસરેણુને ભોગવનારો જે કાળ તેને ત્રુટિકાળ સો ત્રુટિનો એક વેધ અને ત્રણ વેધનો એક લવ, ત્રણ લવનો એક નિમેષ ત્રણ નિમેષનો એક ક્ષણ, પાચ ક્ષણની એક કાષ્ઠા અને પંદર કાષ્ઠાનો એક લઘુ કહેવાય છે ૭ પંદર લઘુની એક નાડી અથવા ઘડી કહેવાય છે અને બે નાડીનો એક મુહુર્ત છ અથવા સાત મુહુર્તનો એક પ્રહર અને તે લૌકિક રાત્રિ દિવસનો ચોથો ભાગ જણાય છે તાંબાના છ પળના વાસણમા માસા ભાર સોનાની એક શળીથી કાણું પાડીને પાત્રને પાણીના વાસણમા તરતું મૂકવું. તે વાસણમા શેર પાણી ભરાય એટલા કાળને એક ઘડી કહે છે. મનુષ્યનાં દિવસ ને રાત્રિ બન્ને ચાર ચાર પ્રહરના હોય છે. પંદર દિવસનો એક પક્ષ થાય છે. પક્ષમાં એકનું નામ શુકલ અને બીજાનું નામ કૃષ્ણપક્ષ છે.

† આ અધ્યાયમા પરમાણુ વગેરે કાળનું તથા યુગ મન્વંતર આદિકથી લઇને કલ્પ પર્યંતની ગણના કહેવાય છે

બે પક્ષ મળીને એક માસ થાય છે. માસ પિતૃઓનો એક દિવસ રાત્રિ ગણાય છે. બે મહિનાની એક ઋતુ અને છ મહિનાનો એક અયન થાય છે. અયન બે છે, દક્ષિણાયન અને ઉત્તરાયન. ૧૧ તે બે અયન મળીને દેવતાઓનો એક રાત્રિ દિવસ ગણાય છે. બે અયન અથવા બાર માસ મળીને મનુષ્યોનું એક વર્ષ થાય છે. મનુષ્યોનું ઘણામાં ઘણું આયુષ્ય એવાં સો વર્ષનુ વેદમા કહેલું છે.૧૨ કાળરૂપ વ્યાપક ભગવાન સૂર્યનારાયણ ચંદ્રાદિક ગ્રહ અશ્વિની આદિક નક્ષત્રો તથા બીજા તારામંડળ રૂપી સમૂહમા રહે છે પરમાણુ નામના કાળથી માડીને સંવત્સરના પાંચ ભેદ છે. સંવત્સર, પરિવત્સર, ઇડાવત્સર, અનુવત્સર અને વત્સર. * તેજો મંડળ રૂપી ભગવાન સૂર્યનારાયણ પોતાની કાળ નામની શક્તિથી બીજમા રહેલી અંકુર ઉત્પન્ન કરનારી શક્તિને અનેક રૂપે ઉત્પન્ન થવા પ્રેરણા કરે છે. વિષયાસકત મનનું હરણ કરી તેને વૈરાગ્ય ઉત્પન્ન કરે છે તથા યજ્ઞ કરનારા યજમાનોને યજ્ઞદ્વારા સ્વર્ગાદિકનું ફળ અપાવે છે. તે પાંચ સંવત્સરને પ્રવૃત્તિ કરાવનારા ભગવાન સૂર્યની લોકો પૂજા કરેછે.

વિદુર કહે છે કે—હે મહારાજ! પિતૃઓનું દેવતાઓનું તથા મનુષ્યોનું પોતપોતાના ભાવિ પ્રમાણે ઘણામાં ઘણુ સો વર્ષનું આયુષ્ય છે એવું તમે કહ્યું તે મેં સાંભળ્યું. હવે જે જ્ઞાનીઓ ત્રણ લોકની બહાર રહેતા હોય તેમનું આયુષ્ય મને કહો. તમે ભગવાન કાળની ગતિને જાણો છો કારણ કે ધીર એવા જ્ઞાની પુરૂષો યોગાભ્યાસથી સિદ્ધ કરેલી જ્ઞાનદૃષ્ટિથી આખા વિશ્વને દેખે છે. ૧૭

મૈત્રેય કહે છે કે—સંધ્યા તથા સંધ્યાંસ મળી સત્ય ત્રેતા દ્વાપર અને કલિયુગ એવા ચાર યુગોથી દેવતાનાં બાર હજાર વર્ષો થાય છે એવું શાસ્ત્રમાં કહેલું છે. ૧૮ ચારસેં વર્ષ સંધ્યાનાં ચારસેં વર્ષ સંધ્યાંશનાં અને ચાર હજાર વષ બીજાં દેવતાનાં એમ ચાર હજાર અને આઠસેં વર્ષનો સત્યયુગ છે. ત્રણસેં વર્ષ સંધ્યાનાં ત્રણસેં વર્ષ સંધ્યાંશનાં અને ત્રણ હજાર વર્ષ બીજાં એમ ત્રણ હજાર અને છસેં વર્ષનો ત્રેતાયુગ છે. બસેં વર્ષ સંધ્યાનાં, બસેં વર્ષ સંધ્યાંશનાં ને બે હજાર વર્ષ બીજાં, એમ બે હજાર અને ચારસેં વર્ષનો દ્વાપર છે. તેમજ એક હજાર ને બારસેં વરસનો કલિયુગ છે. ૧૯ યુગના આરંભમાં સંધ્યા હોય છે તથા અંતમાં સંધ્યાંશ હોય છે. સેંકડોની સંખ્યાવાળા બન્ને સમયની વચ્ચેના સમયને કાલવેત્તાઓ યુગ કાળ કહે છે અને તે યુગોમાં ભિન્ન ભિન્ન વર્ણાશ્રમ ધર્મની સ્થાપના કરવામાં આવે છે તથા તે પ્રમાણે વર્ણો અને આશ્રમોવાળા વર્તે છે. સત્યયુગમાં ધર્મ ચારે ચરણથી સંપૂર્ણ રીતે રહેલો રહે છે. પછી અધર્મની વૃદ્ધિ થવાથી બીજા યુગોમાં ધર્મનો એક એક ચરણ ઓછો થતો જાય છે. ૨૧ હે તાત! ત્રણ લોકથી બહાર આવેલા મહર્લોકથી માંડીને બ્રહ્મલોક સુધીમાં ચાર હજાર યુગનો એક દિવસ અને રાત્રિ પણ તેટલીજ ગણાય છે. એ બ્રહ્માનાં રાત્રિ દિવસ કહેવાય છે, તેમાં રાત્રે વિશ્વને સૃજનારા બ્રહ્મા નિદ્રા કરે છે.૨૨ રાત્રિ વીત્યા પછી પ્રભાતમાં બ્રહ્મા પાછા લોકની સૃષ્ટિ કરે છે. ભગવાન બ્રહ્માના એક દિવસનો ચૌદ

* સૌર બાર્હસ્પત્ય, સાવન, ચંદ્ર અને નક્ષત્ર એમ પાંચ પ્રકારના વર્ષો છે સુદિ ૧ થી વદી અમાસ સુધીના દિવસો તે એક માસ એવી રીતે ચૈત્રથી ફાલ્ગુન સુધી બારે માસ અને તેના ૩૫૪ દિવસનું એક ચાંદ્રવર્ષ થાય છે તેનાજ પ્રભવ, વિભવ વગેરે નામો છે મેષાદિક બાર સંક્રાંતિ સૂર્યે ભોગવતા ૩૬૫ દિવસે જે વર્ષ પુરૂ થાય તેને સૌરવર્ષ કહે છે ૩૬૦ દિવસનું જે વર્ષ તેને સાવનવર્ષ કહે છે બાર નાક્ષત્ર થવાથી જે વર્ષ થાય છે તેને નાક્ષત્રવર્ષ કહે છે અને તેના દિવસો ૩૨૪ છે બૃહસ્પતિ, મેષાદિક બાર રાશિઓમાથી એક એક રાશિને ભોગ વાથી જે વર્ષ થાય છે તેને બૃહસ્પત્ય વર્ષ કહે છે અને તેના દિવસ ૩૬૧ છે ચાંદ્ર વર્ષોમા ત્રણ વર્ષે એક અધિક માસ આવે છે.

મનુઓ ઉપભોગ કરે છે. બ્રહ્માના એક દિવસમાં ચૌદ મનુઓ થાય છે. ૨૩

પ્રત્યેક મનુઓ ઇકોતેર ચોકડી કરતાં કંઈક અધિક કાળ સુધી પોતાનો અમલ ચલાવે છે અને તે મન્વંતરોમાં તેમના વંશજ રાજાઓ સપ્તર્ષિઓ દેવતાઓ ઇંદ્રો અને તેઓને અનુસરનારા ગંધર્વો સાથે ઉત્પન્ન થાય છે.૨૪ જેમાં ત્રણ લોકની ઉત્પત્તિ થાય છે એવી બ્રહ્માની નૈત્યિક લોકસૃષ્ટિ છે તેમાં પક્ષીઓ મનુષ્યો પિતરો અને દેવતાઓનો કર્માનુસાર જન્મ થાય છે. ૨૫ તે તે મન્વંતરોમા ભગવાન સત્વગુણ ધારણ કરીને પોતાની મૂર્તિરૂપ મનુ આદિક રાજાઓથી પોતાના પરાક્રમનો પ્રકાશ કરી આ જગતનું પાલન કરે છે. ૨૬ રાત્રિ પડે ત્યારે કાળે કરીને જેમાં અખિલ વિશ્વ લય પામે છે એવા ભગવાન શ્રીહરિ પોતાના પરાક્રમને સંકેલી તમોગુણના લેશને ગ્રહણ કરી ક્રિયા રહિત થાય છે. ૨૭ આ પ્રમાણે બ્રાહ્મી રાત્રિ આવે છે ત્યારે સૂર્ય તથા ચંદ્ર સહિત ભૂર્લોક ભુવર્લોક ને સ્વર્ગલોક એમ ત્રણે લોકોનો તે પરમાત્મામાં લય થાય છે. ૨૮ જ્યારે ભગવાનની શક્તિરૂપ ગણાતા સંકર્ષણના મુખના અગ્નિથી આ ત્રણ લોક બળવા માડે છે ત્યારે અગ્નિના તાપને ભૃગુ આદિક ઋષિઓ ગભરાઇને મહર્લોકમાંથી જનલોકમાં જાય છે. ૨૯ પછી આખું જગત બળીને નિર્ધૂમ અગ્નિ રૂપ થઇ રહે છે પછી ભયંકર ખળભળાટ કરનારા પ્રચંડ પવનો વહાવાથી ઉછળતા મોટા મોટા મોજાવાળા સાગરો પ્રલય વેળા વૃદ્ધિ પામીને ત્રણે લોકને પાણીમાં સમાવી દે છે. ૩૦ ભગવાન શ્રીહરિ પ્રલયપયોધિના પાણીમાં શેષશય્યા ઉપર યોગ નિદ્રાથી નેત્રો મીંચી પોઢે છે. જન લોકના રહેવાસીઓ પછી તેમની સ્તુતિ કરે છે. ૩૧

આ પ્રમાણે કાળની ગતિવાળાં દિવસ રાત્રિ મળીને સો વર્ષ થાય છે અને તે બ્રહ્માનું પૂર્ણ આયુષ્ય ગણાય છે. હમણાં બ્રહ્માનું અર્ધ આયુષ્ય વ્યતીત થયું છે. ૩૨ બ્રહ્માનાં અર્ધ આયુષ્યને અર્થાત પચાસ વર્ષને પરાર્ધ કહેવાય છે, તેમાં પૂર્વ પરાર્ધ ચાલ્યો ગયો છે અને હવે બીજો પરાર્ધ ચાલે છે. ૩૩ પહેલા પરાર્ધના આરંભમાં બ્રાહ્મ નામનો મોટો કલ્પ હતો, જે કલ્પમાં બ્રહ્માની ઉત્પતિ થઇ હતી અને તેને શબ્દબ્રહ્મ કહેતા હતા. બ્રાહ્મકલ્પના અંતમાં બીજો એક કલ્પ થયો હતો, જેને પાદ્મકલ્પ કહેતા હતા. એ કલ્પમાં ભગવાનના નાભિસરોવરમાંથી લોકોની રચના થઇ શકે એવું કમળ ઉત્પન્ન થયું હતું. ૩૫ હે ભારત ! આ બીજા પરાર્ધનો પહેલો શ્વેતવારાહ કલ્પ હાલ ચાલે છે. આ કલ્પમાં હરિએ વરાહનો અવતાર ધારણ કર્યો હતો.૩૬ આ બે પરાર્ધ નામનો જે કાળ છે તે કાર્યોપાધિ રહિત અનંત અનાદિ અને જગતના કારણરૂપ ઇશ્વરના એક નિમેષ જેટલો ગણાય છે. ૩૭ પરમાણુથી માંડીને બે પરાર્ધ સુધીનો જે કાળ કહ્યો છે તે સર્વવ્યાપક એવા પરમાત્માનો અંત આણવાને સમર્થ થતો નથી પરંતુ તે દેહ અને ગૃહ વિષે અભિમાનવાળા પ્રાણીઓનો સંહાર કરવાને સમર્થ થાય છે. ૩૮ માયા મહત્તત્વ અને પાંચ તન્માત્રાઓ એ આઠ પ્રકૃતિ સાથે મળેલી દશ ઇંદ્રિયો મન તથા પાચ મહાભૂતો એ શોળ વિકારોથી આ બ્રહ્માંડ રચાયેલું છે. તે અંદરના ભાગમાં પચાસ કરોડ યોજનના વિસ્તારવાળું છે અને બહારના ભાગમાં પૃથ્વી આદિક સાત પડથી વિંટાયેલું છે. ૩૯ જે પૃથ્વી આદિક પડો બ્રહ્માંડના માપના પ્રમાણમા એક એકના કરતાં ઉત્તરોત્તર દશ દશ ગણાં મોટાં છે. આવું મોટું બ્રહ્માંડ જેના શરીરમાં પેસતી વેળા પરમાણુના જેવડું દેખાય છે અને આવા બીજાં કરોડો બ્રહ્માંડો પરમાત્માના દેહમાં રહેલાં દેખાય છે. ૪૦ પરમાત્માને

સર્વ કારણોનું કારણ અવિનાશી બ્રહ્મ તથા પુરૂષરૂપ મહાત્મા વિષ્ણુનું સાક્ષાત પરમ સ્વરૂપ કહેલું છે. ૪૧

तदाहुरक्षरं ब्रह्म सर्वकारण कारणम् ।
विष्णोर्धाम परं साक्षात्पुरुषस्य महात्मनः
इतिश्रीमद्भागवतेमहापुराणेतृतीयस्कन्धे
एकादशोध्यायः

અધ્યાય ૧૨ મો. ‡

માનસિક સૃષ્ટિ.

मैत्रेय उवाच

इति ते वर्णितः क्षतः कालाख्यः परमात्मनः
महिमा वेदगर्भोऽथ यथाऽस्राक्षीन्निबोध मे

મૈત્રેય કહે છે કે—હે વિદુર ! મેં તમારી આગળ આ રીતે ભગવાન કાળમૂર્તિનો મહિમા વર્ણવી સંભળાવ્યો. હવે જેના ઉદરનાં વેદ હતા એવા બ્રહ્માએ આ સૃષ્ટિને કેવી રીતે ઉત્પન્ન કરી તે કથા કહું તે ધ્યાનથી સાંભળો ૧ આદિકર્તા બ્રહ્માએ પ્રથમ તમ મોહ મહામોહ તામિસ્ર તથા અંધતામિસ્ર એવી પાચ પ્રકારની અવિદ્યાની વૃત્તિઓ બનાવી આને પંચપર્વા † અવિદ્યા કહેવામાં આવે છે ૨ આ પાપી સૃષ્ટિને જોઇને બ્રહ્માએ તેને બહુ ઉત્તમ માની નહિ અને ફરીને ભગવાનનું ધ્યાન ધરી પવિત્ર થયેલા મનથી બીજી સનક સનંદન સનાતન તથા સનત્કુમારરૂપ સૃષ્ટિ રચી. એમાં જે મુનિઓ થયા હતા તે ક્રિયા રહિત તથા અસ્ખલિત બ્રહ્મચર્યવાળા થયા હતા. ૪ સ્વયંભુ એવા બ્રહ્માએ તે પુત્રોને કહ્યું કે—હે પુત્રો ! તમે પ્રજાને સૃજો પરંતુ ભગવાનમાં નિષ્ઠાવાળા અને મોક્ષ ધર્મની ઇચ્છાવાળા હોવાથી તેઓએ સૃષ્ટિ કરવાની ઇચ્છા કરી નહિ. ૫ આ રીતે પુત્રોએ પિતાની આજ્ઞા ન માની તથા તેમનું અપમાન કર્યું તે ઉપરથી બ્રહ્માને બહુજ ક્રોધ ચઢયો અને તેમણે જ્ઞાનદૃષ્ટિથી ક્રોધને રોકવાનો યત્ન કર્યો પણ અટકયો નહિ. બ્રહ્માની બન્ને ભ્રકુટીની વચ્ચેથી તરત નીલલોહિત એક પુત્ર ઉત્પન્ન થયો. તે દેવતાઓના વડા બંધુ ભગવાન શિવ હતા. તેમણે રૂદન કરતાં કરતાં કહ્યું કે, હે બ્રહ્મદેવ ! હે જગદગુરો ! મારૂં નામ પાડો તથા મને રહેવાને સ્થાન આપો. ૮ કમળમાંથી ઉત્પન્ન થયેલા ભગવાન બ્રહ્માએ તેનું વચન સાંભળીને તેનું કહેવું માન્ય કર્યું અને કલ્યાણકારી વાણીથી બોલ્યા કે તું રડ માં, હું તારૂં નામ પાડી સ્થાન આપું છું. ૯ હે દેવશ્રેષ્ઠ ! તું ખિન્ન થયેલા બાળકની પેઠે રડયો. તેથી સર્વે લોકો તને રૂદ્ર કહેશે. ૧૦ હૃદય ઇન્દ્રિયો પ્રાણ આકાશ વાયુ અગ્નિ પાણી પૃથ્વી સૂર્ય ચન્દ્ર તથા તપ એટલાં સ્થાનો મેં તારે માટે પ્રથમથી રાખ્યાં છે. ૧૧ મન્યુ મનુષ્ય મહિનસ મહાન શિવ ક્રતુધ્વજ ઉગ્રરેતા ભવ કાળ વામદેવ અને ધૃતવ્રત એમ અગિયાર તારાં નામ પડશે. ૧૨ હે રૂદ્ર ! ધી વૃત્તિ ઉશના ઉમા નિયુત સર્પિષ ઇલા અંબિકા ઇરાવતી સુધા અને દીક્ષા નામની અગિયાર તારી સ્ત્રીઓ થશે અને તે રૂદ્રાણીઓ કહેવાશે. તું તારી સ્ત્રીઓની સાથે એટલાં નામો અને સ્થાનોને ગ્રહણ કર અને સ્ત્રીઓમાંથી ઘણી પ્રજાઓ સૃજ. હે વત્સ ! તું પ્રજાપતિ થા. ૧૪

આ પ્રમાણે લોકના ગુરૂ એવા બ્રહ્માએ ભગવાન નીલલોહિતને કહ્યું એટલે તેમણે પોતાના બળ આકૃતિ તથા સ્વભાવથી પોતાના જેવી પ્રજા સૃજી. ક્રોધી ભયંકર કાળા અને રાતા વર્ણવાળી ભૂત પ્રેત આદિની પ્રજા

‡ આ અધ્યાયમા સનત્કુમાર વગેરે માનસી સૃષ્ટિ વૃદ્ધિ પામી નહિ તેથી માનસી સૃષ્ટિની કથા કહી છે

† વિષ્ણુતત્રમા કહ્યુ છે કે—સ્વસ્વરૂપનુ અજ્ઞાન તે તમ અતઃકરણનો વિભ્રમ તે મોહ, સાસારિક વિષયસુખની ઇચ્છા તે મહામોહ ભોગના સાધનો નાશ થવાથી "હુ મરી ગયો વિગેરે બુદ્ધિ થવી" તે અધતામિસ્ર અને વિષયેચ્છા પુરી ન થવાથી થતો ક્રોધ, એ તામિસ્ર કહેવાય છે આ પાચ પર્વવાળી અવિદ્યા મહાત્મા ઇશ્વરથી ઉત્પન્ન થઇ છે

શ્રીધરસ્વામી.

તેમનાથી થઇ. ૧૫ આ રીતે રૂદ્ર ભગવાને સૃજેલી પ્રજાઓ ચારે તરફ જગતને ગળવા લાગી. તે પ્રજાનાં અસંખ્ય ટોળા જોઈને પ્રજાપતિ બ્રહ્મા ભયમાં અને શંકામાં પડયા ૧૬ તેમણે રૂદ્રને કહ્યું કે હે દેવશ્રેષ્ઠ! તમારી આ ભયંકર પ્રજા સર્વને ભય ઉપજાવે છે માટે આવી ક્રૂર પ્રજા સૃજવી બંધ કરો. ૧૭ સર્વ પ્રાણીઓને સુખ આપનારૂં તપ કરો કે જેથી તમારૂં કલ્યાણ થાય. તમે તપશ્ચર્યાથી પ્રથમની પેઠે આ વિશ્વને સૃજશો. ૧૮ આ લોકમા પ્રકાશ રૂપ સર્વ પ્રાણીઓનાં અંતઃકરણમાં સાક્ષીરૂપે રહેનાર અને ઈંદ્રિયથી અગોચર એવા ભગવાનને પુરૂષ તપશ્ચર્યાથી પામે છે. ૧૯

મૈત્રેય કહે છે કે—આ પ્રમાણે બ્રહ્માએ આજ્ઞા કરી એટલે તેમની પ્રદક્ષિણા કરી બહુ સારૂં એમ કહી રૂદ્ર તપ કરવા વનમાં ગયા. ૨૦ ભગવાનની શક્તિને ધારણ કરનાર ભગવાન બ્રહ્મા સૃષ્ટિ કરવાનો વિચાર કરતા હતા એટલામાં તેમના શરીરમાંથી દશ પુત્રો ઉત્પન્ન થયા. એ પુત્રો લોકની સૃષ્ટિ કરવામાં કારણરૂપ હતા. ૨૧ મરીચિ અત્રિ અંગિરા પુલસ્ત્ય પુલહ ક્રતુ ભૃગુ વસિષ્ઠ દક્ષ અને દશમા નારદ. તેમાં નારદ સ્વયંભુ બ્રહ્મા ના ખોળામાંથી ઉત્પન્ન થયા. દક્ષ અંગુઠામાથી ઉત્પન્ન થયા, વસિષ્ઠ પ્રાણમાંથી ઉત્પન્ન થયા ભૃગુ ત્વચામાથી ઉત્પન્ન થયા, ક્રતુ હાથમાંથી ઉત્પન્ન થયા. ૨૩ પુલહ નાભિમાથી ઉત્પન્ન થયા, પુલસ્ત્ય કાનમાંથી ઉત્પન્ન થયા, અંગિરા મુખમાંથી ઉત્પન્ન થયા, અત્રિ એ નેત્રમાંથી ઉત્પન્ન થયા અને મરીચિ મનમાંથી ઉત્પન્ન થયા હતા ૨૫ ધર્મ બ્રહ્માના જમણા સ્તનમાથી ઉત્પન્ન થયા જેમાં ભગવાન નારાયણ પોતે રહે છે. અધર્મ તેમની પીઠમાંથી ઉત્પન્ન થયો જેથી લોકે ને ભયંકર એવું મૃત્યુ આવે છે. ૨૫ કામ બ્રહ્માના હૃદયમાંથી ઉત્પન્ન થયો ક્રોધ તેમની ભ્રુકુટીમાંથી ઉત્પન્ન થયો, લોભ નીચલા ઓષ્ઠથી ઉત્પન્ન થયો, મુખમાંથી વાણી ઉત્પન્ન થઇ, ઉપસ્થ ઈંદ્રિયમાંથી સમુદ્રો ઉત્પન્ન થયા અને ગુદામાંથી પાપનો આશ્રય કરનારો નિઋતિ ઉત્પન્ન થયો. ૨૬ બ્રહ્માની છાયામાંથી દેવહુતિના પતિ કર્દમ ઋષિ ઉત્પન્ન થયા અને તેમના મનમાંથી અને દેહમાથી જગત ઉત્પન્ન થયું. ૨૭ હે વિદુર! જગત ઉત્પન્ન કર્યા પછી બ્રહ્મા પણ તેમણે ઉત્પન્ન કરેલા કામની જાળમાં ફસાયા અને અનીતિનું કાર્ય કરવા તત્પર થયા તેમને અનીતિને માર્ગે જતા અટકાવવા તેમના પુત્રોએ શીખામણ દીધી અને કહ્યુ કે હે જગદગુરૂ! જેનાં આચરણને અનુસરનારા લોકો સુખી થાય છે એવા મહા તેજસ્વી પુરૂષોને આવું કામ અપયશ અપાવે છે. ૩૧ જે ભગવાને પોતાના ઉદરમાં રહેલા આ જગતને પોતાના તેજથી બહાર પ્રગટ કર્યું છે તે ભગવાનને હું નમસ્કાર કરૂં છું, કારણ કે તે ધર્મની રક્ષા કરવાને યોગ્ય છે. ૩૨ પોતાનીજ સન્મુખ પોતાના પુત્ર પ્રજાપતિઓને ઉપર પ્રમાણે ઉપદેશવાળી વાણી બોલતા જોઇ બ્રહ્માએ શરમાઇ જઈ પોતાના શરીરનો ત્યાગ કર્યો તે ભયંકર શરીરને દિશાઓએ ગ્રહણ કર્યું જેથી ઝાકળ તથા અંધારૂં ઉત્પન્ન થયાં. ત્યાર પછી બ્રહ્મા વિચાર કરવા લાગ્યા કે પૂર્વે જેમ સૃષ્ટિમાં લોકો પરસ્પર એકઠા મળીને રહેતા હતા તેમ હળી મળીને સાથે રહેનારા લોકોને હુ ફરીને કેવી રીતે ઉત્પન્ન કરૂં. આમ વિચાર કરતા કરતાં બ્રહ્માનાં ચાર મુખોમાંથી ચાર વેદો ઉત્પન્ન થયા ૩૪ હોતા વગેરે ચાર ઋત્વિઓનાં કર્મ યજ્ઞનો વિસ્તાર ઉપદેશ ન્યાય ધર્મનાં ચાર ચરણ તથા ચાર આશ્રમ અને તેની આજીવિકા પણ બ્રહ્માના મુખમાથી ઉત્પન્ન થયાં ૩૫

વિદુરે પૂછ્યું કે—હે તપોધન! પ્રજાપતિઓના પતિ એવા બ્રહ્માએ વેદ વગેરેને

પોતાના મુખમાંથી સૃજ્યા પરંતુ જે જે મુખમાંથી જે જે વેદ થયા હોય તે બધું વિસ્તારથી મને કહો.

મૈત્રેય બોલ્યા કે–બ્રહ્માએ પૂર્વ દિશા તરફના મુખમાંથી ઋગ્વેદ પશ્ચિમ દિશા તરફના મુખમાંથી યજુર્વેદ ઉત્તર દિશા તરફના મુખમાંથી સામવેદ અને દક્ષિણ દિશા તરફના મુખમાંથી અથર્વ વેદ ઉત્પન્ન કર્યો. શસ્ત્ર ઈજ્યા સ્તુતિ સ્તોત્ર અને પ્રાયશ્ચિત એ પણ તેમણે અનુક્રમે બનાવ્યાં ૩૭ બ્રહ્માએ પોતાના પૂર્વ દક્ષિણ પશ્ચિમ અને ઉત્તર દિશાના મુખથી અનુક્રમે આયુર્વેદ ધનુર્વેદ ગાંધર્વવેદ તથા વિશ્વકર્માનું શાસ્ત્ર એ ચાર ઉપવેદો ઉત્પન્ન કર્યા. ૩૮ ત્યાર પછી ઇશ્વર અને સર્વજ્ઞ એવા બ્રહ્માએ સર્વે મુખમાંથી પાંચમા વેદ રૂપી ઇતિહાસો તથા પુરાણોને રચ્યાં. ૩૯ તે પછી ષોડશી તથા ઉકથ્ય નામના યજ્ઞો પૂર્વ તરફના મુખમાંથી બનાવ્યા. આપ્તોર્યામ તથા અગ્નિષ્ટોમ દક્ષિણ મુખમાથી કર્યા અને વાજપેય અને ગોસવને ઉત્તર તરફના મુખમાંથી બનાવ્યા. ૪૦ ઉપરાત વિદ્યા દાન તપ તથા સત્ય એવા ચાર ચરણોને તથા બ્રહ્મચર્ય ગૃહસ્થ વાનપ્રસ્થ અને સંન્યસ્ત એવા ચાર આશ્રમોને સંખ્યા પ્રમાણે પૂર્વાદિ મુખથી આજીવિકાની સાથે ઉત્પન્ન કર્યા. ૪૧ સાવિત્ર વ્રત પ્રાજાપત્ય વ્રત બ્રાહ્મવ્રત અને બૃહદ્વ્રત એવા ચાર પ્રકારનાં વ્રત નિર્માણ કર્યા. વાર્તા એટલે શાસ્ત્રને અનુકૂળ ખેતી વગેરે કરીને આજીવિકા કરવી. સંચયવૃત્તિ એટલે યજ્ઞ કરાવીને તથા વિદ્યાભ્યાસ કરાવીને આજીવિકા ચલાવવી, શાલીનવૃત્તિ એટલે માગ્યા વિના જે વસ્તુઓ મળે તેના ઉપર નિર્વાહ કરવો અને શિલોઞ્છવૃત્તિ એટલે ખેતરમાથી દાણા વીણી લાવી આજીવિકા કરવી. એ ચાર ગૃહસ્થોની આજીવિકાઓ બ્રહ્માના પૂર્વાદિક મુખોમાંથી ઉત્પન્ન થયેલીછે. વૈખાનસ એટલે ખેતી વિના પાકેલાં વનધાન્ય ઉપર આજીવિકા કરનાર. વાલખિલ્ય એટલે નવું અન્ન મળતાંવાંતજ પ્રથમ સંગ્રહ કરેલા અન્નનો ત્યાગ કરનાર ઓદુંબર એટલે પ્રભાતમાં ઉઠીને પ્રથમ જે દિશા તરફ દૃષ્ટિ જાય તે દિશામાંથી ફળો લાવીને તેના ઉપર આજીવિકા કરનાર તથા ફેનપ એટલે પોતાની મેળે પડેલા ફલાદિક ઉપર આજીવિકા કરનાર. એ ચાર ગૃહસ્થાશ્રમમાં રહીને વનમાં વસનારના ચાર વિભાગ બ્રહ્માના પૂર્વાદિક મુખમાંથી ઉત્પન્ન થયાછે. વળી કુટીચક એટલે પોતાના આશ્રમ પ્રમાણે કર્મ કરનાર બહુદક એટલે કર્મને ગૌણ માનનારા અને જ્ઞાનને પ્રધાન માનનાર, હંસ એટલે જ્ઞાનના અભ્યાસમાં જોડાયેલા અને નિષ્ક્રિય એટલે સર્વ કર્મોનો ત્યાગ કરીને તત્વને સંપાદન કરનાર, એ ચાર સંન્યાસીઓ બ્રહ્માના પૂર્વાદિક મુખમાંથી ઉત્પન્ન થયા. ૪૩ આન્વિક્ષી એટલે અધ્યાત્મ જ્ઞાનની વિદ્યા ત્રયી એટલે ધર્મના સાધનરૂપ વિદ્યા વાર્તા એટલે કાર્ય સંપાદન કરવાના ઉપાયરૂપ વિદ્યા તથા દંડનીતિ એટલે ધન સંપાદન કરવાના સાધનભૂત વિદ્યા. એ ચાર વિદ્યાઓ તથા ભૂર ભૂવર સ્વર તથા મહર એ ચાર વ્યાહૃતિઓ બ્રહ્માના પૂર્વાદિક મુખમાંથી અનુક્રમે ઉત્પન્ન થઈ છે. ૐકાર બ્રહ્માના હૃદયાકાશમાંથી ઉત્પન્ન થયો.૪૪ બ્રહ્માનાં રૂવાંમાંથી ઉષ્ણિક છંદ ઉત્પન્ન થયો, સર્વ વ્યાપક એવા બ્રહ્માની ત્વચામાંથી ગાયત્રી છંદ ઉત્પન્ન થયો, તેમના માસમાથી ત્રિષ્ટુપ્ છંદ અને અસ્થિમાંથી જગતી છંદ ઉત્પન્ન થયો ૪૫ મજ્જામાંથી પંક્તિ છંદ ઉત્પન્ન થયો અને પ્રાણમાંથી બૃહતી છંદ ઉત્પન્ન થયો. સ્પર્શ નામનો અક્ષર તેમનો જીવ ગણાય છે અને સ્વર તેમનું શરીર કહેવાયછે. ૪૬ ઉષ્મા અક્ષરોને તેમની ઈંદ્રિયો કહેછે, અંતસ્થ અક્ષરોને બળ કહે છે ભગવાન પ્રજાપતિએ તેમના વિહારમાંથી સાત સ્વરો

ઉત્પન્ન કર્યા છે. ૪૭ હે તાત ! તે બ્રહ્મ શબ્દમૂર્તિ છે અને વૈખરીવાણી રૂપ અને પ્રણુવ રૂપ છે. તે પ્રણુવાત્મક બ્રહ્માથી પરિપૂર્ણ સ્વરૂપવાળા પરમાત્મા અનેક પ્રકારની શક્તિ સાથે એટલે ઇંદ્રાદિકરૂપે ભાસે છે. ૪૮ તેમણે પ્રથમ જે શરીર ધારણ કર્યું હતું તેનો ત્યાગ કરવાથી તે તમ અને ઝાકળ રૂપ થઇ ગયું. તેમણે બીજા દેહને ધારણ કર્યો અને સૃષ્ટિ કરવાની ઇચ્છા કરી. હે કૌરવ ! પોતાના પુત્રો ઋષિઓ મહા પરાક્રમી હતા તથાપિ તેમની પ્રજાનો વિસ્તાર થયો નહિ તેથી ફરીને તેઓ મનમાં વિચાર કરવા લાગ્યા કે અહો હું નિત્ય સૃષ્ટિના કાર્યમાં મંડયો રહ્યો છું છતાં મારી આ પ્રજા વૃદ્ધિ પામતી નથી માટે દૈવ જ વિઘાતક છે.

આ પ્રમાણે યોગ્ય કર્મ કરનાર ભગવાન વિરંચી વિચાર કરવા અને સદભાગ્યના ઉદયની વાટ જોતા હતા, એટલામા તેમના શરીરના બે ભાગ થયા. એક પુરૂષ તથા બીજી સ્ત્રી. એને લોકો કાર્ય કહે છે. આજે બે જુદાં જુદાં રૂપો થયાં તેને સ્ત્રી પુરૂષનું યુગ્મ કહેવામાં આવે છે. એમા જે પુરૂષ થયો ને સ્વાયંભુવ નામના સ્વયંપ્રકાશ મનુ થયા અને જે સ્ત્રી થઇ તે શતરૂપા નામની તે મહાત્માની પટ્ટરાણી બની. ૫૩ ત્યારથી સંસાર ધર્મથી પ્રજા વધવા માંડી અને મનુએ શતરૂપાથી પાંચ પુત્રોને ઉત્પન્ન કર્યા. ૫૪ હે ભારત ! તેના પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામના બે પુત્રો થયા અને હે સત્તમ ! આકૃતિ દેવહુતિ તથા પ્રસૂતિ તે ત્રણ કન્યાઓ ઉત્પન્ન થઇ. ૫૫ રૂચિને આકૃતિ આપી કર્દમને દેવહુતિ આપી અને દક્ષની વેરે પ્રસૂતિનાં લગ્ન કર્યા. એ કન્યાઓની સંતતિથી આખું જગત પછી ભરાઈ ગયું. ૫૬

आकूतिं रुचये प्रादात्कर्दमाय तु मध्यमाम्
दक्षायादात्प्रसूतिं च यत आपूरितं जगत् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेतृतीयस्कंधे बारमोध्यायः

અધ્યાય ૧૩ મો.

વરાહ અને હિરણ્યાક્ષ.

શ્રીશુક ઉવાચ

निशम्य वाचं वदतो मुनेः ्ण्यतमां नृप ।
भूयः पप्रच्छ कौरव्यो वासुदेवकथादृतः ॥ १

શુકદેવજી કહે છે–હે રાજન ! કથા કહેતાં મૈત્રેયની અત્યંત પવિત્ર વાણી સાભળીને ભગવાનની કથામાં આદરવાળા વિદુરે ફરીને આ પ્રમાણે પ્રશ્ન કર્યો ૧

વિદુર પૂછે છે–હે મુનિ ! બ્રહ્માના પ્રિય પુત્ર ચક્રવર્તી સ્વાયંભુવ મનુએ પોતાની પ્રિય પત્નીને મેળવ્યા પછી શું કર્યું ? ૨ હે મુનિશ્રેષ્ઠ મૈત્રેય ! મને શ્રદ્ધાળુને તે આદિ રાજા રાજર્ષિ સ્વાયંભુવ મનુનું ચરિત્ર કહો. કારણ કે, તે રાજા ભગવાનના ભક્ત હતા. ૩ વિદ્વાનોએ કહ્યું છે કે, જેમના હૃદયમાં શ્રીહરિનું સ્થાન છે એવા ભક્તજનોના ગુણો સાભળવા એજ પુરૂષોને મહા શ્રમથી કરેલા શાસ્ત્ર શ્રવણનું ફળ છે. ૪

શુકદેવજી કહે છે–સહસ્ર મસ્તકવાળા ભગવાનનાં ચરણારવિંદ ખોળામાં ધારણ કરનારા વિવેકી વિદુરે આ પ્રમાણે પ્રશ્ન પૂછયો એટલે ભગવાનની કથામાં પ્રેરણા થવાથી જેને હર્ષનાં રોમાંચ થયાં હતાં એવા મુનિ મૈત્રેય નારદના પ્રત્યે બોલ્યા. ૫

મૈત્રેય કહે છે–જ્યારે સ્વાયંભુવ મનુ પોતાની ભાર્યા સાથે ઉત્પન્ન થયા ત્યારે તેમણે બે હાથ જોડી બ્રહ્માને પ્રણામ કરીને આ પ્રમાણે કહ્યું. ૬ હે સ્તુતિ કરવા યોગ્ય બ્રહ્મા ! તમે સર્વ પ્રાણીઓને જન્મ આપનાર અને આજીવિકા કરી આપનારા પિતા છો. અમે તમારી પ્રજા છીએ છતાં અમારાથી તમારી સેવા થતી નથી. અમે તમારી કેવી રીતે સેવા કરીએ તે કહો. ૭ હે બ્રહ્મદેવ ! તમને અમે નમન કરીએ છીએ. અમને અમારાથી બની શકે એવાં કામની આજ્ઞા કરો કે જે

કાર્ય કરીને આ લોકમાં અમારો યશ વધે અને પરલોકમાં ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય.

બ્રહ્મા કહે છે—હે તાત! હું તમારી ઉપર પ્રસન્ન થયો છું અને તમારૂં બન્નેનું કલ્યાણ થાઓ. તેં પોતે નિષ્કપટ અંતઃકરણથી મને કહ્યું કે—મહારાજ મને કામ કરવાની આજ્ઞા આપો. ૯ હે વીર! આ પ્રમાણે પુત્રોએ પિતાની સેવા કરવી જોઇએ અને અભિમાન રહિત થઇ સાવધાન રહી યથાશક્તિ તેની આજ્ઞા પાળવી જોઇએ. ૧૦ તું આ શતરૂપા નામની સ્ત્રીથી ગુણમાં તારા જેવા જ પુત્રોને ઉત્પન્ન કરી ધર્મથી પૃથ્વીનું પાલન કર અને યજ્ઞોથી ભગવાનનું યજન કર. ૧૧ હે રાજા! પ્રજાની રક્ષા કરવાથી મારી ઉત્તમ સેવા થાય છે અને પ્રજાનું પાલન કરવાથી હૃષીકેશ ભગવાન તારા ઉપર અવશ્ય પ્રસન્ન થશે. ૧૨ જે મનુષ્યોને યજ્ઞમૂર્તિ ભગવાન જનાર્દન પ્રસન્ન થતા નથી તેમનાં જપ તપ તથા સર્વ શ્રમ વ્યર્થ જાય છે તે મનુષ્ય પોતે પોતાના આત્માનો અનાદર કરે છે. ૧૩

મનુ બોલ્યા—હે બ્રહ્મદેવ! હું આપની આજ્ઞામાં રહીશ માટે હે પ્રભો! આપ મારે માટે અને મારી પ્રજાને માટે અહીંઆં સ્થાન બનાવો. ૧૪ સર્વ પ્રાણીઓનું નિવાસસ્થાન જે પૃથ્વી તે હાલ મહા સાગરના પાણીમાં બુડી ગઇ છે તેનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કરો. ૧૫

મૈત્રેય કહે છે કે—મનુનાં વચન સાંભળી પરમેષ્ઠી એવા બ્રહ્માએ પૃથ્વીને પાણીમાં બૂડેલી જોઇને ઘણીવાર સુધી વિચાર કર્યો કે આને સમુદ્રમાંથી કેવી રીતે બહાર કાઢવી. ૧૬ હું સૃષ્ટિ સૃજવાને તૈયાર થયો એટલામાં પાણીએ પૃથ્વીને ડુબાડી દીધી. તે પછી હું જે ઇશ્વરના હૃદયમાંથી ઉત્પન્ન થયો તે ઇશ્વર મારી ઇચ્છા પાર પાડો એવો વિચાર કરૂં છું એટલામાં તો હે પાપ રહિત! બ્રહ્માના નાકમાંથી અંગુઠા જેવડું વરાહનું એક બચ્ચું નીકળ્યું. હે ભરતવંશી રાજા! બ્રહ્મા વરાહના બચ્ચાને જુવે છે એટલામાં તે હાથીના જેવડું થઇ ગયું. ૧૯ મરીચિ વગેરે ઋષિઓ બ્રાહ્મણો સનત્કુમાર સ્વાયંભુવ મનુ તથા બ્રહ્મા સર્વ તે વરાહરૂપને જોઇ અનેક પ્રકારના વિચાર કરવા લાગ્યા. ૨૦ વરાહના રૂપમાં આ તે શું કોઇ દિવ્ય પ્રાણી હશે? મહા આશ્ચર્યની વાત છે કે, તે મારા નાકમાંથી નીકળ્યું ૨૧ અને તે જ્યારે મારા નાકમાંથી બહાર નીકળ્યું ત્યારે અંગુઠાના ટેરવા જેવડું હતું તે એક ક્ષણમાં મોટી શિલાના જેવડું થઈ ગયું. શું આ યજ્ઞમૂર્તિ ભગવાન વરાહના રૂપમાં મારા મનમાં વિસ્મય ઉપજાવતા હશે. ૨૨

આ પ્રમાણે બ્રહ્મા પોતાના પુત્રોની સાથે વિચાર કરતા હતા એટલામાં મોટા પર્વતના જેવા વ્યાપક શ્રીહરિ ભગવાને મોટી ગર્જના કરી બ્રહ્માને તથા બીજા ઉત્તમ બ્રાહ્મણોને પ્રસન્ન કર્યા અને પોતાની ગર્જનાથી દિશાઓને ગજાવી. ૨૪ માયાથી સૂકરનો અવતાર ધારણ કરનાર ભગવાનની પોતાના ખેદને શમાવનારી ગર્જના સાંભળી જનલોક તપ લોક અને સત્યલોકના રહેવાસી મુનિઓ ત્રણે વેદના પવિત્ર મંત્રોથી તેમની સ્તુતિ કરવા લાગ્યા. ૨૫ વેદોથી જેનું સ્વરૂપ વખણાય છે એવા ભગવાન વરાહ ફરીને ગર્જના કરી હસ્તીના જેવી રમત કરતા પાણીમાં પેઠા. ૨૬ એ સમયે ઉંચું પૂછડું કરી આકાશમાં ફરતા કઠોર શરીરવાળા કેશાળીને ધુણાવતા રુવાં ઉભાં કરી ખરીઓના પ્રહારથી વાદળાંને વિખેરી નાંખનારા ધોળી દાઢવાળા પ્રકાશ રૂપ દૃષ્ટિવાળા ને પૃથ્વીનો ઉદ્ધાર કરનાર ભગવાન વરાહ શોભતા હતા. ૨૭ ભગવાન પોતે યજ્ઞાંગમૂર્તિ હતા તોપણ વરાહના રૂપમાં રહેલા હોવાથી પશુની પેઠે પૃથ્વી શોધવા માટે નાસિકાથી પૃથ્વીનો માર્ગ સૂંઘવા લાગ્યા. કોમળ વાણીથી સ્તુતિ કરતા બ્રાહ્મણોને જોઈ તે પાણીમાં પેઠા. ૨૮ ભગવાનનાં અંગો વજ્રના પર્વત જેવાં કઠોર હતાં,

તેમના જબરા આઘાતથી સમુદ્રના પાણીમાં આવર્ત પડી ગયો તેથી જાણે પોતાનું પેટ ચીરાઈ જવાથી ખિન્ન થયો હોય તેમ સમુદ્ર પોતાના તરંગો રૂપી બાહુઓને પહોળા કરી આતુર જનની પેઠે આક્રંદ કરવા લાગ્યો અને હે યજ્ઞેશ્વર ભગવન ! મારું રક્ષણ કરો એવી બુમો પાડતો હોય તેમ ગાજવા લાગ્યો. ૨૯ પ્રાતઃ મધ્યાહ્ન તથા સાયં એમ ત્રણ સવન રૂપ યજ્ઞમૂર્તિ વરાહ ભગવાન પાર વિનાના પાણીનો પાર આવે તેમ બાણના જેવી તીક્ષ્ણ ધારવાળી ખરીઓથી પાણીને કાપતા અંદર ઉતર્યા. ત્યાં આગળ રસાતળમાં પૂર્વે પોતે સમુદ્રમાં સૂતી વેળાએ પોતાના ઉદરમાં સર્વ જીવના આધારભૂત પૃથ્વીને ધારણ કરી હતી તેને દીઠી. ૩૦ ડૂબેલી પૃથ્વીને પોતાની દાઢવતી બહાર ખેંચીં રસાતળમાંથી પોતે બહાર નીકળ્યા તે વખતે તે બહુજ શોભતા હતા. અસહ્ય પરાક્રમવાળો હિરણ્યાક્ષ હાથમાં ગદા લઇ તેમની સામે થયો અને તેમને મારવા લાગ્યો એટલે સિંહ જેમ રમત માત્રમાં હાથીનો સંહાર કરે તેમ સુદર્શન ચક્રથી અત્યંત ક્રોધવાળા વરાહ ભગવાને રમત માત્રમાં તે દૈત્યને મારી નાંખ્યો. ૩૧ ગેરુવાળી પૃથ્વી ખોદવાથી જેમ હાથીના દંતુશળ અને ગંડસ્થળ રાતાં થાય તેમ તેના લોહીથી ભગવાનનું મુખ અને ગંડસ્થળ રાતાં થયાં. ૩૨ હે વિદુર ! તમાલ જેવા શ્યામ રંગના વરાહ ભગવાનને ધોળી દાઢની અણી ઉપર પૃથ્વીને ઉપાડી હાથીની રમત પેઠે પાણીમાંથી બહાર નીકળતા જોઇ બ્રહ્માદિક દેવતાઓ વેદના સૂક્તોથી તેમની સ્તુતિ કરવા લાગ્યા. ૩૩

ઋષિઓ સ્તુતિ કરે છે—હે અજિત ! હે યજ્ઞથી યજવા અને સેવવા યોગ્ય ! આપનો સર્વત્ર વિજય થયો છે. યજ્ઞરૂપી પોતાના શરીરને ચારે તરફ ધુણાવતા આપને અમારા નમસ્કાર છે. જેમનાં રોમાંચનાં છિદ્રોમાં યજ્ઞો સમાયેલા છે એવા અને કારણ માટે વરાહનું રૂપ ધારણ કરનાર આપને નમસ્કાર છે. ૩૪ હે દેવ ! આપનું યજ્ઞાત્મક રૂપ ખરેખર પાપી જનોના જોવામાં આવતું નથી. જેની ત્વચામાં ગાયત્રી છંદો રહેલા છે જેનાં રૂંવાંમાં દર્ભ રહેલો છે નેત્રમાં અમૃત રહેલું છે ચરણમાં હોતા ઉદ્‌ગાતા અધ્વર્યુ અને બ્રહ્માદિ ઋત્વિજોનાં કર્મો રહેલાં છે. ૩૫ જેના મુખના અગ્ર ભાગમાં સ્રુચ નામનું યજ્ઞપાત્ર રહેલું છે જેના નાકના છિદ્રમાં સ્રુવ રહેલો છે ઇડા—એક યજ્ઞ પાત્ર ઉદરમાં રહેલું છે ચમસ સોમરસ પાત્રો જેના કાનના છિદ્રમાં રહેલાં છે પ્રાશિત્ર એટલે બ્રહ્માનો ભાગ મૂકવાનું પાત્ર જેના મુખમાં રહેલું છે, ગ્રહ નામના સોમરસનાં પાત્રો જેના મુખની અંદરના ભાગમાં રહેલાં છે અને હે ભગવન ! અગ્નિહોત્ર છે તેજ જેનું ચાવવું છે. ૩૬ વારંવાર પ્રગટ થવું એ જેની દીક્ષા છે. ઉપસદ્ નામની ત્રણ ઇષ્ટિઓ જેની ગ્રીવા છે પ્રાયણીય અને ઉદયનીય એ ઇષ્ટિ તે દાઢો છે. ઉપસદ્ ઇષ્ટિઓમાં પ્રથમ યજન કરવામાં આવતો મહારસ જેની જીભ છે હોમ વિનાનો અગ્નિ ને ઉપાસનાગ્નિ યજ્ઞમૂર્તિનુ મસ્તક છે અને ઇષ્ટકા ચયન એ પ્રાણ છે. ૩૭ પ્રાતઃસવન ત્રણ સવન આપની બાળ તરૂણ ને વૃદ્ધાવસ્થા છે. અગ્નિષ્ટોમ અત્યગ્નિષ્ટોમ ઉક્થ્ય ષોડશી વાજપેય અતિરાત્ર અને આપ્તોર્યામ એ સાત યજ્ઞના વિભાગો હે દેવ ! આપના શરીરમા રહેલી ત્વચા રસ લોહી માંસ વગેરે સાત ધાતુઓ છે. સર્વે યજ્ઞો જેના શરીરના સાંધાઓ છે તથા સોમ રસવાળા અને સોમરસ વિનાના સર્વ યજ્ઞો આપનું ઇષ્ટિ બંધન છે. ૩૮ સર્વ મંત્ર દેવતા અને દ્રવ્ય રૂપ સર્વ સ્વરૂપ, ક્રિયારૂપ અને વૈરાગ્ય ભક્તિથી કરેલા મનના વિજયથી સાક્ષાત્કાર કરેલા જ્ઞાનરૂપ એવા આપ વિદ્યાગુરૂને અમે વારંવાર નમન કરીએ છીએ. ૩૯ હે ભગવન ! પાણીમાંથી

નીકળતાં તમે દાઢની અણી ઉપર ધારણ કરેલી આ પર્વત સહિત પૃથ્વી મદમસ્ત હાથીએ દાંત ઉપર ધારણ કરેલી કમલિની જેમ શોભે તેમ શોભે છે. ૪૦ કુલાચળ પર્વત જેમ પોતાના શિખર ઉપરના મેઘમંડળથી શોભે તેમ દાંતવડે ધારણ કરેલા પૃથ્વી મંડળથી ત્રણ વેદાત્મક વરાહનું શરીર શોભતું હતું. ૪૧ હે મહારાજ ! તમે આ જગતના પિતા છો અને પૃથ્વી તમારી આ છે માટે તે જગતની માતા છે. તમે સ્થાવર જંગમ જગતના નિવાસ માટે પૃથ્વીને સારી રીતે સ્થાપન કરો. અમે તે ઉપર રહીને તમારી સાથે રહેલાં પૂજ્ય દેવીને નમસ્કાર કરીશું યાજ્ઞિકો જેમ મંત્રદ્વારા અરણિમાંથી અગ્નિ ઉપજાવે તેમ આપે જળમાંથી પૃથ્વીને ઉદ્ધાર્યાં છે. તમે આ કાર્ય અતિ દુષ્કર કર્યું. હે પ્રભો ! રસાતળમાં ઉતરી ગયેલી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો તે કાર્ય આપ વિના બીજો કોણ કરી શકે ? વિશ્વને આશ્ચર્ય ઉપજાવનારા આપમાં આ કામ આશ્ચર્યજનક નથી કારણ કે આપે જ અતિ વિસ્મયકારક વિશ્વ માયાથી સર્જ્યું છે. ૪૩ હે ઈશ્વર ! તમે પોતાનું વેદમય શરીર ધુણાવીને કેશાળીની શિખાઓથી ઉડાડેલાં પાણીનાં ટીપાંથી જનલોક તપલોક અને સત્યલોકના વાસીઓને ભીંજવી અત્યંત પવિત્ર કર્યા છે. ૪૪ જે મનુષ્ય અપાર કર્મવાળા આપના કર્મોને પાર પામવાની ઇચ્છા કરે તે મનુષ્ય નષ્ટ બુદ્ધિવાળો જાણવો. હે ભગવન ! આખું વિશ્વ આપની યોગમાયાના ગુણથી મોહિત થયેલું છે તેનું કલ્યાણ કરો. ૪૫

મૈત્રેય કહે છે—આ પ્રમાણે બ્રહ્મવાદી મુનિઓએ વરાહ ભગવાનની સ્તુતિ કર્યા પછી સર્વના રક્ષક વરાહ ભગવાને પૃથ્વીને નીચે મૂકી. ૪૬ વિશ્વકસેન અને પ્રજાના પતિ એવા શ્રીહરિ રસાતળમાંથી રમત માત્રમાં કાઢેલી પૃથ્વીને પાણી ઉપર મૂકીને ત્યાંથી ગયા. ૪૭ જેનાં ગાવા યોગ્ય માયાવી ચરિતો છે એવા બુદ્ધિના મળનો નાશ કરનાર શ્રીહરિની કલ્યાણકારક ને મનોહર એવી કથાને જે ભક્તિથી સાંભળે અથવા બીજાને સંભળાવે તેની ઉપર ભગવાન પ્રસન્ન થાય છે. ૪૮ જ્યારે સર્વ આશીર્વાદના સ્વામી ભગવાન શ્રી હરિ પ્રસન્ન થાય ત્યારે શું દુર્લભ રહે છે. પછી તુચ્છ એવા વિષય સુખોનું પ્રયોજન રહેતું નથી કારણ કે ઇતર આશાઓનો ત્યાગ કરીને કેવળ ભગવાનનું જ ભજન કરનારા પુરુષોના હૃદયમાં વાસ કરીને પરમાત્મા પોતે તેમને પોતાના પરમ પદનો લાભ કરાવે છે. ૪૯ પુરૂષાર્થના સારથી ભરેલી ભગવાનની સંસારનો ભય ટાળનારી પુરાણ કથાઓ પશુ વિના એવો તે કયો માણસ હોય કે જે કર્ણોથી સાંભળે નહિ. ૫૦

को नामलोके पुरुषार्थसार-
वित्पुराकथानां भगवत्कथासुधाम् ॥
आपीय कर्णाञ्जलिभिर्भवाप -
हो विरज्येत विना नरेतरः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणे तृतीयस्कंधे त्रयोदशोध्यायः

અધ્યાય ૧૪ મો.*

દિતિ અને કશ્યપનો સંવાદ.

श्रीशुक उवाच-

निशम्य [illegible] गोपयाणतां हरेः
कथां [illegible] कारण [illegible] करात्मनः ।
पुनः स पप्रच्छ त[illegible] कृतांजलिर्न
चातितृप्तो विदुरो धृतव्रतः ॥ १ ॥

શુકદેવજી કહે છે કે—હે રાજન્ ! પૃથ્વીના ઉદ્ધારાદિકના કારણ માટે વરાહરૂપ ધારણ કરનાર ભગવાનની કૌષારવિ મુનિ મૈત્રેયે વર્ણવેલી કથા સાંભળીને [illegible] બહુ આતુરતા [illegible] વ્રતધારી વિદુર હાથ જોડી ફરી તેમને આ પ્રમાણે પૂછવા લાગ્યા.

* આ અધ્યાયમાં કશ્યપે દિતિએ [illegible] કર્યો તેથી [illegible] પરિણામ આવ્યું તે આ [illegible].

૬ વિદુરે પૂછયું કે—હે મુનિશ્રેષ્ઠ ! યજ્ઞમૂર્તિ શ્રીહરિએ હિરણ્યાક્ષનો નાશ કરી રમત માત્રમાં પોતાની દાઢથી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો પણ ભગવાનને દૈત્યના રાજા હિરણ્યાક્ષની સાથે શા માટે યુદ્ધ થયું હતું તે વિસ્તારથી મને કહો. ૭

મૈત્રેય બોલ્યા કે—હે વિદુર ! મનુષ્યોને મૃત્યુના પાશમાંથી મુક્ત કરનારી શ્રીહરિના અવતારની કથાઓ સંબંધી પ્રશ્નો તમે પૂછો છો તેથી તમારો બહુ ભાવ હોય એમ જણાય છે. ૪ નારદ મુનિએ ગાયેલી કથાથી ઉત્તાનપાદ રાજાનો પુત્ર બાળક હતો પરંતુ મૃત્યુના માથા ઉપર પગ દઇ વિષ્ણુપદને પામ્યો હતો. તમે મને જે પૂછો છો તે ઇતિહાસ પૂર્વે દેવના દેવ બ્રહ્માએ દેવતાઓના પૂછવાથી તેમને વર્ણવી બતાવ્યો હતો. એ ઇતિહાસ મેં પણ પૂર્વે સાંભળ્યો હતો.

હે વિદુર ! એક દિવસ સંતાનની ઇચ્છાવાળાં અને કામથી પીડાયેલાં દક્ષ પ્રજાપતિનાં પુત્રી દિતિ સુર્યાસ્ત સમયે યજ્ઞમૂર્તિ અગ્નિદેવનું દૂધથી યજન કરી યજ્ઞશાળામાં એકાગ્ર ચિત્તથી બેઠેલા મરીચિ ઋષિના પુત્ર કશ્યપની પાસે જઇ બોલ્યાં કે—હે વિદ્વન ! મદોન્મત હાથી જેમ કેળને ઉખાડી નાંખે તેમ આ કામદેવ તમારે માટે મને દીનને પીડે છે ૯ માટે પુત્રવાળી સોકયોની સંપત્તિઓથી હું બળી મરૂં છું તેની ઉપર અનુગ્રહ કરો. ૧૦ જે સ્ત્રીઓને પતિનું માન મળે છે તથા તમારા જેવા પતિ જે સ્ત્રીઓમાં પ્રજારૂપે ઉત્પન્ન થાય છે તે સ્ત્રીઓનો યશ લોકમાં ગવાય છે. ૧૧ અમારા પિતા દક્ષપ્રજાપતિએ અમને પૂછયું હતું કે તમે કેવા વરને વરશો ? ૧૨ પુત્રીઓના મનનો અભિપ્રાય જાણીને તમારા સ્વભાવને અનુકૂળ તમારી સાથે મારો વિવાહ કર્યો. ૧૩ હવે મારી મનકામના પૂર્ણ કરો. હે સમર્થપુરૂષ ! દુઃખી મનુષ્યોનું મહાપુરૂષો પાસે શરણે જવું વ્યર્થ જતું નથી. ૧૪ દિતિએ બહુ બહુ પ્રાર્થના કરી ત્યારે કશ્યપે તેને સમજણ આપતાં કહ્યું કે—૧૫ હે સ્ત્રી ! તું જેની ઇચ્છા રાખે છે તે ઇચ્છાને હું પૂર્ણ કરીશ કારણ કે જેનાથી ધર્મ અર્થ અને કામ એ ત્રણ પુરૂષાર્થની સિદ્ધિ થાય એવી સ્ત્રીની કામના કોણ પૂર્ણ ન કરે ? ૧૬ પુરૂષ જેમ નૌકાથી સમુદ્રને તરે છે તેમજ સ્ત્રીવાળો પુરૂષ બ્રહ્મચર્યાદિક આશ્રમોવાળા સંસાર સમુદ્રને તરે છે. હે માનિનિ ! કલ્યાણની કામનાવાળા પુરૂષનું સ્ત્રી અર્ધાંગ છે, પુરૂષ પોતાના ઘરનો સર્વ ભાર તેને સોંપી નિશ્ચિંતપણે ફરે છે. ૧૮ રાજા જેમ કિલ્લાનો આશ્રય કરી લુટારૂ ને ચોર જેવા શત્રુઓને જીતે તેમજ અમે સ્ત્રીનો આશ્રય કરી બ્રહ્મચર્યાદિક આશ્રમોથી જીતી શકાય નહિ એવા ઇંદ્રિયરૂપી શત્રુઓને જીતીએ છીએ માટે હે ગૃહેશ્વરિ ! હું સંપૂર્ણ આયુષ્યવડે પણ અનેક ઉપકાર કરનારી એવી તારા જેવી સ્ત્રીના ઉપકારનો બદલો વાળવાને સમર્થ નથી. ૨૦ પુત્રોત્પત્તિ માટે તારી જે કામના છે તે હું પૂર્ણ કરીશ. આ સંધ્યાકાળની વેળા ઘણીજ ભયંકર અને અશુભ છે. આ સમયે શંકરના અનુચર બધે ફરે છે. ૨૨ હે ગુણવંતી ! સંધ્યાકાળે પ્રાણીઓને ઉત્પન્ન કરનારા ભગવાન શંકર બળદ ઉપર બેસી ફરવા નીકળે છે. ૨૩ જેનો જટાસમૂહ સ્મશાનમાં વાતા વંટોળીયા વાયુવડે ઉડેલી ધૂળથી ધુસરો વિખરાઇ ગયેલો તથા પ્રકાશમાન છે, જેનો નિર્મળ તથા સોનાના જેવો ગોરો દેહ ભસ્મથી લાંચ્છિત રહે છે, એવા શંકર કે જે તારા દીએર થાય તે ચંદ્ર સૂર્ય તથા અગ્નિરૂપી ત્રણ નેત્રથી જુવે છે માટે આ સમયે તેવો વ્યવહાર કરવો અયુક્ત છે. જેને આ લોકમાં કોઇ પોતાનો મનુષ્ય અથવા પારકો મનુષ્ય નથી તેમ જેને કોઇ અતિ આદર આપવા યોગ્ય અથવા નિંદા કરવા યોગ્ય નથી, વળી જેણે સંપૂર્ણ રીતે

ભોગવીને નિર્માલ્યવત ગણી ચરણથી દૂર ફેંકી નાંખેલી વિભૂતિની અમે આરાધના કરવાની આશા રાખીએ છીએ. ૨૫ અવિદ્યા રૂપી પડદો ભેદવાની ઇચ્છાવાળા વિદ્વાન પુરૂષો જેનાં નિર્દોષ ચરિતની સ્તુતિ કરે છે અને જેના સમાન તેમજ જેનાથી અધિક બીજો કોઇ પણ નથી એવા સત્પુરૂષોની ગતિરૂપ શંકર પોતે પિશાચોની સાથે વિહાર કરે છે. ૨૬ જે પુરૂષો વસ્ત્ર પુષ્પ આભૂષણો અને ચંદન આદિ લેપથી કુતરાં વગેરેના ભોજન રૂપ પોતાના શરીરને આત્મારૂપ માનીને લાડ લડાવે છે એવા પરમાત્માના અભિપ્રાયને નહિ જાણનારા ભાગ્યહીન લોકો પોતાના સ્વરૂપાનંદમાં મગ્ન રહેનાર મહાદેવનાં આચરણની ચેષ્ટા કરે છે. ૨૭ બ્રહ્મા આદિ દેવતાઓ જેણે કરેલી મર્યાદાને પાળે છે જે આ વિશ્વના કારણભૂત છે અને આ વિશ્વ તથા માયા જેમની આજ્ઞામાં રહે છે તે મહાદેવ પિશાચની માફક આચરણ કરે છે.

મૈત્રેય કહે છે કે—આ પ્રમાણે જણાવ્યા છતાં દિતિએ માન્યું નહિ. તેનો નિષિદ્ધ કર્મમાં અતિ આગ્રહ જોઇ કશ્યપ દેવને પ્રણામ કરી તેની ઇચ્છાને વશ થયા. કાર્ય પૂર્ણ થયા પછી સ્નાન કરી પ્રાણાયામ કર્યો અને મૌન ધારણ કરીને શુદ્ધ અને સત્વમૂર્તિ જ્યોતિર્મય અને સનાતન એવા બ્રહ્મનું ધ્યાન અને જપ કરવા લાગ્યા. ૩૧ હે વિદુર ! પછી દિતિ નિંદિત કર્મથી શરમાતાં કશ્યપની પાસે જઇ નીચું મુખ કરી આ રીતે કહેવા લાગ્યાં

દિતિ—હે બ્રહ્મન ! મેં જેનો અપરાધ કર્યો છે એવા રૂદ્રદેવ સર્વ પ્રાણીઓના પતિ છે. તે ભૂતોના સ્વામી મહાદેવ મારા આ ગર્ભનો નાશ કરશો મા. ૩૩ દુઃખનો નાશ કરનાર ઉલ્લંઘન થઇ શકે નહિ એવી આજ્ઞા વાળા સકામ પુરૂષોને ફળ આપનારા તથા નિષ્કામોનું કલ્યાણ કરનારા વસ્તુતાએ દંડનો ત્યાગ કરનારા છતાં દુષ્ટોને દંડ દેનારા અને સંહાર વેળાએ ક્રોધ સ્વરૂપ ધારણ કરનારા મહાદેવને હું નમન કરૂં છું. ૩૪ અનુગ્રહ કરનારા સતીના પતિ ને મારા બનેવી એવા ભગવાન શંકર નિર્દય પુરૂષોને દયા કરવા યોગ્ય એવાં અમ સ્ત્રી જાતિ ઉપર પ્રસન્ન થાઓ. ૩૫

મૈત્રેય કહે છે કે—હે વિદુર ! પ્રજાપતિ કશ્યપ સંધ્યાવંદનાદિક સાયંકાળનો નિયમ પૂર્ણ કરી પોતાની ભાર્યા જે પોતાના પુત્રને આ લોકનું તથા પરલોકનું સુખ થવાની આશા રાખતી હતી તેને કહેવા લાગ્યા કે—હે કલ્યાણિ ! તારા મનની અપવિત્રતાને લીધે સંધ્યાકાળરૂપી દુષ્ટ સમયને લીધે મારી આજ્ઞા ઉલ્લંઘન કરવાને લીધે અને રૂદ્રના સેવકોનો અપરાધ કરવાને લીધે તારા ઉદરમાં અધમ અને દુષ્ટ એવા બે પુત્રો ઉત્પન્ન થશે અને તે લોકપાળ સહિત આ ત્રણે લોકને દુઃખી કરશે. જ્યારે ચારે તરફથી નિરપરાધી દીન પ્રાણીઓનો સંહાર થશે સ્ત્રીઓનું હરણ થવા માંડશે અને અનેક ઉપદ્રવોથી મહાત્મા પુરૂષો જ્યારે કોપી ઉઠશે ત્યારે ભગવાન ક્રોધાન્વિત થઇને અવતાર ધારણ કરશે અને ઇંદ્ર જેમ પર્વતોની પાંખોનો છેદ કરે તેમ તારા પુત્રોનો નાશ કરશે.

દિતિ બોલ્યાં કે—હે સમર્થ ! ભગવાનથી મારા બન્ને પુત્રોનો ભલે નાશ થાય પરંતુ કોપાયમાન થયેલા બ્રાહ્મણોથી નાશ ન થાઓ. કારણ કે નારકી જીવો બ્રાહ્મણોના શાપથી બળી ગયેલાં પ્રાણીઓ ઉપર અને પ્રાણી માત્રને ભય આપનારા પ્રાણીઓ ઉપર અનુગ્રહ કરતા નથી. તેમ જે જે જાતિમાં તે અવતાર લે છે તે તે જાતિના પ્રાણીઓ તેની ઉપર અનુગ્રહ કરતા નથી. ૪૨

કશ્યપ કહે છે કે—હે સ્ત્રી ! દુષ્ટ કામને માટે તને હવે પશ્ચાત્તાપ થયો અને શું કરવા યોગ્ય હતું અને કરવા યોગ્ય ન હતું એવો વિચાર આવ્યો તથા તું હવે ભગવા-

નનું માન રાખે છે અને શંકરને વિષે બહુ આદર બતાવે છે તો તારા પૌત્રોમાંથી એક પુત્ર સત્પુરુષોમાં માન્ય થશે અને મનુષ્યો ભગવાનના યશની સાથે તેના શુદ્ધ યશને ગાશે. ૪૪ સુવર્ણકાર જેમ સુવર્ણને શુદ્ધ કરે છે તેમ મહાત્મા પુરુષો તારા પૌત્રના સ્વભાવ જેવો સ્વભાવ કરવા માટે મિત્રતા આદિક ઉપાયોથી પોતાના આત્માને શુદ્ધ કરશે. ૪૫ ભગવાનની સત્તારૂપ આ વિશ્વ જે પરમેશ્વરની કૃપાથી ઉત્પન્ન થાય છે તે આત્માના સાક્ષી ભગવાન અનન્ય ભક્તિવડે તેની ઉપર પ્રસન્ન થશે. ૪૬ મહા ભગવદીય મહાનુભાવ વાળો અને મહા પુરુષોમાં સર્વથી શ્રેષ્ઠ ગણાય એવો તારો પૌત્ર વૃદ્ધિ પામેલી ભક્તિ વડે શુદ્ધ થયેલા અંતઃકરણમાં ભગવાનને ધારણ કરી દેહાદિકના અભિમાનનો ત્યાગ કરશે. ૪૭ તે શિયળવાળો ગુણનો ભંડાર પરની સંપત્તિથી પ્રસન્ન થનાર, દુઃખીઓનાં દુઃખ જોઇને દુઃખી થનાર શત્રુરહિત અને ચંદ્રમા જેમ ઉનાળાના તાપને ટાળે તેમ જગતના શોકને હરણ કરનાર થશે.૪૮ કમળના જેવાં નેત્રવાળા પોતાના ભક્તોની ઇચ્છાથી વારંવાર અવતાર ધારણ કરનાર લક્ષ્મીરૂપ સ્ત્રીના સ્વરૂપ તથા તેજસ્વી કુંડળોથી જેમનું મુખ શોભે છે એવા ભગવાનનાં તે પોતાના હૃદયકમળમાં દર્શન કરશે

મૈત્રેયે કહ્યું કે–પૌતાનો પુત્ર ભગવદ્ભક્ત થશે એવું સાંભળીને તથા બે પુત્રો શ્રીકૃષ્ણને હાથે મરાતાં સદ્ગતિને પામશે એવું જાણીને ભગવતી દિતિ પ્રસન્ન થયાં ૫૦

श्रुत्वा भागवतं पौत्रममोदत दितिर्भृशम् ।
पुत्रयोश्च वधं कृष्णाद्विदित्वासीन्महामनाः ॥

इतिश्रीमद्भागवतमहापुराणेतृतीयस्कंधे
चतुर्दशोऽध्यायः

અધ્યાય ૧૫ મો.*

જયવિજયને સનત્કુમારોનો શાપ.

મૈત્રેય ઉવાચ

प्राजापत्यं तु तत्तेजः परतेजोहनं दितिः ।
दधार वर्षाणि शतं शङ्कमाना सुरार्दनात् ॥

મૈત્રેય કહે છે–દેવતાઓને પીડા થવાની શંકાથી દિતિએ બીજાના તેજને નાશ કરનારૂં કશ્યપનું તેજ સો વર્ષ સુધી ધારણ કર્યું તેથી લોકમાં અંધારૂં થયું અને નિસ્તેજ થઇ ગયેલા ઇંદ્રાદિક લોકપાળોએ એ વાત બ્રહ્માને નિવેદન કરી. ૨

દેવો–હે વિભો ! અમે જે અંધારાથી ભય પામ્યા છીએ તે અંધારાને આપ જાણો છો. આપથી કોઇ પણ વસ્તુ અજાણી નથી કારણ કે કાળ પણ આપના જ્ઞાનના વિસ્તારને બાધ કરી શકતો નથી. ૩ હે દેવ ! તમે સ્થૂલ તેમજ સૂક્ષ્મ બંનેના અભિપ્રાયને જાણનાર છો. વિજ્ઞાન તમારૂં બળ છે માયાથી તમે શરીરને ધારણ કરો છો રજોગુણને ગ્રહણ કરનાર છો અને જગતના કારણ રૂપ અથવા જેની ઉત્પત્તિ જાણવામાં આવતી નથી એવા તમને નમન છે. ૫ જીવોને ઉત્પન્ન કરનાર જેને વિષે સૂત્રમાં વસ્ત્રની પેઠે જગત ઓતપ્રોત છે એવા કાર્ય અને કારણ રૂપ હોવા છતાં તેનાથી પર એવા આપને જેઓ નિષ્કામ ભક્તિથી ભજે છે જેમને યોગાભ્યાસ સારી રીતે પકવ થયેલો છે જેમણે શ્વાસ ઇંદ્રિય અને અંતઃકરણને વશ કરેલું છે તથા જેમણે આપનો અનુગ્રહ મેળવ્યો છે તેમને કોઇથી પણ પરાભવ મળતો નથી. ૭ દોરથી બાંધેલી ગાયોની માફક જેની વાણીને આધીન રહેલી પ્રજાઓ જેમને બલિદાન આપે

* આ અધ્યાયમાં નિસ્તેજ થઈ ગયેલા દેવોને બ્રહ્માએ તેનું કારણ પુછયું તે ઉપરથી વૈકુંઠમાં વસતા ભગવાનના દ્વારપાળને સનત્કુમારોએ શાપ દીધો તે હિરણ્યાક્ષ, હિરણ્યકશિપુ રૂપે જન્મ ધરનાર આ અંધકારનું કારણ એવી છે કથા કહેવાસે.

છે તે પ્રાણ રૂપ આપને અમે પ્રણામ કરીએ છીએ.૮ હે પરમેશ્વર ! અંધારાને લીધે રાત્રિ કે દિવસની ખબર નહિ પડવાથી અમારાં કર્મો લુપ્ત થયાં છે. આપ અમારૂં કલ્યાણ કરો અને દયાની દ્રષ્ટિથી શરણાગત એવા અમારી ઉપર કૃપા કરો. હે દેવ ! દિતિનો ગર્ભ સર્વ દિશાઓને નિસ્તેજ કરતો કાષ્ઠમાં જેમ અગ્નિ વૃદ્ધિ પામે તેમ વધતો જાય છે. ૧૦

મૈત્રેય કહે છે કે—હે વિદુર ! પછી ભગવાન બ્રહ્મા મધુર વાણીથી દેવોને આ પ્રમાણે કહેવા લાગ્યા.

બ્રહ્મા કહે છે કે—મારા મનમાંથી ઉત્પન્ન થયેલા તમારા પૂર્વજ સનકાદિક કુમારો લૈકિક સુખમાં ઇચ્છા રહિત થઇને આકાશ માર્ગે લોકોમાં ફરતા હતા ૧૨ તેઓ એક વાર ફરતા ફરતા નિર્મળ અંતઃકરણવાળા ભગવાન વિષ્ણુનો વૈકુંઠ લોક, કે જેને સર્વ લોકો નમસ્કાર કરે છે તે લોકમાં ગયા. ૧૩ વૈકુંઠ લોકમાં નિષ્કામ ધર્મથી ભગવાનનું આરાધન કરનારા અને ભગવાનના જેવાં શરીરવાળા પુરૂષો વસે છે. ૧૪ વેદાંતથી જાણી શકાય એવા ધર્મમૂર્તિ આદિ પુરૂષ ભગવાન રજોગુણ રહિત અને શુદ્ધ એવા સત્વગુણી શરીરને ધારણ કરીને પોતાના ભકત એવા જે અમે તેમનું સ્મરણ કરે છે. ૧૫ વૈકુંઠ લોકમાં સર્વ ઋતુઓની તથા ફળફૂલની સમૃદ્ધિવાળાં અને સર્વની કામના પુરનારાં વૃક્ષોથી શોભાયમાન તથા મૂર્તિમાન મોક્ષ સુખના જેવું આનંદ આપનારૂં નૈશ્રેયસ નામનું એક વન છે ૧૨ એ વનમાં પાણીની અંદર ખીલી રહેલી રસ ભરેલી વાસંતિક લતાઓની સુગંધથી વિમાનમાં બેસીને ફરનારાં સ્ત્રી પુરૂષોની મનોવૃત્તિ ચંચળ થઇ જાય છે, છતાં તેઓ વાસંતિક લતાના સુગંધને લાવનારા પવનોનો અનાદર કરી લોકના પાપનો નાશ કરનારા વિશ્વંભર ભગવાનનાં ચરિતોને ગાય છે. ૧૭ તે વનમાં ભમરાઓના નાથ કે જ્યારે હરિકથાની પેઠે ઊંચે સ્વરે ગુંજારવ કરે છે ત્યારે પારાવત કોયલ સારસ ચકવાક બપૈયા હંસ પોપટ તેતર અને મોર આદિ પક્ષીઓનો કોલાહલ ક્ષણ માત્ર વિરામ પામે છે. ૧૮ ભગવાને સર્વનો ત્યાગ કરી તુળસીને આભરણ રૂપે અંગીકાર કર્યા છે અને તેના સુગંધની પ્રશંસા કરી છે ત્યારથી મંદાર તિલકવૃક્ષ રાત્રિ વિકાસી કમળો ચંપા પુન્નાગ નાગકેસર બોરસળી કમળ અને પારિજાત વગેરે વૃક્ષો સુગંધી છતાં તુળસીના તપને ધન્ય છે એમ કહે છે. ૧૯ વૈકુંઠ લોક જે માત્ર શ્રીહરિનાં ચરણારવિંદને પ્રણામ કરવાથી જ જોવામાં આવે છે તે વૈદુર્ય મણિથી અને મરકત મણિથી જડેલાં સુવર્ણનાં વિમાનોથી ભરપૂર છે તે લોકમાં મોટાં નિતંબવાળી તથા મંદ મંદ હાસ્યથી શોભાયમાન મુખવાળી સ્ત્રીઓ વસે છે, પરંતુ તે સ્ત્રીઓ શ્રીકૃષ્ણને વિષે જેમનું દૃઢ મન લાગેલું છે એવા ભકતજનોને ઉપહાસ વગેરેનાં વચનોથી મોહ ઉત્પન્ન કરી શકતી નથી. ૨૦ વળી જેની કૃપા સંપાદન કરવા માટે બ્રહ્મા આદિક દેવતાઓ પ્રયત્ન કરે છે અને જેણે પોતાનો ચંચળતા રૂપી દોષ ત્યાગ કરેલો છે એવાં સુંદર રૂપ ધારણ કરનારાં લક્ષ્મીજી ચરણમાં પહેરેલાં ઝાંઝરોનો ઝણકાર કરતાં સુવર્ણથી જડેલી સ્ફટિક મણિની ભીતવાળા વિષ્ણુના મંદિરમાં પોતાનાં ક્રીડા કરવાના કમળથી જાણે વાસીદું વાળતાં હોય એવાં દેખાય છે. ૨૧ વૈકુંઠલોકમાં લક્ષ્મીજી જ્યારે સખીઓથી વિંટાઇને પોતાના વનમાં તુળસીવડે ભગવાનની પૂજા કરે છે ત્યારે પરવાળાના કાંઠાવાળી અને નિર્મળ જળથી ભરેલી વાવોમાં સુંદર વાળવાળા તથા ઉન્નત નાસિકાવાળા પોતાના મુખનો પડછાયો જોઇને શરમાય છે. ૨૨ આવો અલૌકિક વૈકુંઠલોક છે. જેઓ પાપનો નાશ કરનારી ભગવાનની

સૃષ્ટિ આદિક લીલાની કથાનો ત્યાગ કરી સાર વિનાની અને બુદ્ધિને ભ્રષ્ટ કરનારી કામાદિક સંબંધી કુકથાઓ સાંભળે છે તેઓ વૈકુંઠમાં જઇ શકતા નથી. જે ભાગ્યહીન પુરૂષો તે સાર વિનાની કુકથાઓ સાંભળે છે તેમનાં પુણ્યને હરી લઇ તે પુરૂષોને શરણ વિનાના નરકમા નાખે છે, વિષયાધીન મનુષ્ય વૈકુંઠલોકમાં જઈ શકતા નથી. ૨૩ તેમ જ અમારા જેવા દેવો પણ જે ઈચ્છા રાખે છે અને મનુષ્ય ધર્મ સાથે આત્મજ્ઞાન મેળવી શકાય છે, તે મનુષ્યમા જન્મ પામ્યા છતા જેઓ ભગવાનની વિસ્તારવાળી માયાથી મોહ પામીને ભગવાનનું આરાધન કરતા નથી તેઓ વૈકુંઠમાં જતા નથી. ૨૪ દેવોમાં શ્રેષ્ઠ શ્રીહરિની સેવા કરવાથી યમરાજ જેનાથી દૂર રહે છે જેમનું આચરણ ઈચ્છવા યોગ્ય છે અને શ્રીહરિના ઉત્તમ યશને પરસ્પર ગાવાને પ્રેમ ધરાવવાથી જેઓ પરવશ થઈ જાય છે તેથી જેમની આંખમા આનંદાશ્રુઓ આવી જાય છે ને જેમના શરીર ઉપર રૂ વા ઉભા થાય છે એવા ભક્તજનો અમારી ઉપર રહેલા વૈકુંઠલોકમાં જાય છે. ૨૫ વિશ્વના ગુરૂ શ્રીહરિ ભગવાન જેમાં વાસ કરે છે, જે સર્વ જગતમા વંદન કરવા યોગ્ય છે જે અલૌકિક લોક છે ઉત્તમોત્તમ દેવતાઓનાં વિચિત્ર વિમાનોથી જેમાં ઝળઝળાટ પ્રકાશ થઇ રહ્યો છે એવા અપૂર્વ વૈકુંઠલોકમાં સનકાદિક મુનિઓ અષ્ટાગ યોગના પ્રભાવથી ગયા અને તેને જોઈને અથાગ આનંદ પામ્યા. ૨૬ તેઓ ત્યા જઇને વૈકુંઠલોકની શોભા જોવામા આસક્ત ન થતા શ્રી ધામમાં ગયા કે જ્યાં સમાન અવસ્થાવાળા બે દેવતાઓ ઉભા હતા. તેઓએ હાથમાં ગદા ધારણ કરી હતી, ઉંચી કીંમતના બાજુબંધો કુંડળો તથા મુગટો વગેરે આભૂષણોથી તેઓ અલંકૃત હતા. ૨૭ શ્યામ રંગની ચાર ભુજાઓ વચ્ચે મદમત્ત ભમરાવાળી વનમાળાઓ કંઠમાં લટકતી રાખી હતી તેનાથી તેઓ શોભાતા હતા. વાકી ભ્રકુટીવડે ચઢેલાં નસકોરાંથી અને રાતી આંખોથી મુખ ઉપર જરા ક્રોધને દર્શાવતા હતા. ૨૮ એ બન્ને દ્વારપાળોના દેખતાં તેમને પૂછ્યા વિના સનત્કુમારો અંદર પેઠા કારણ કે તે મુનિઓ પોતાની સમાન દૃષ્ટિને લીધે વિશ્વમાં અટકયા વગર નિઃશંક થઈને ફરે છે ૨૯ નગ્ન રહેનારા, આત્મતત્ત્વને જાણનારા અને વૃદ્ધ છતાં પાંચ વર્ષ જેવડા દેખાતા સનકાદિક ચાર કુમારોને રજા વિના અંદર જતા જોઈને ભગવાનના ભાવથી ઉલટા સ્વભાવવાળા કુમારોનું ઉપહાસ કરી અટકાવવાને યોગ્ય નહિ એવા કુમારોને છડી વતી અંદર જતા અટકાવ્યા. ૩૦ ભગવાનના તે બે પ્રતિહારીઓએ દેવતાઓના દેખતા તેઓને અટકાવ્યા કે, તેઓ ક્રોધ કરવાને અયોગ્ય હતા છતા અત્યંત પ્રિય એવા ભગવાનનાં દર્શન કરવાની ઈચ્છાનો ભંગ થવાથી ક્રોધાન્વિત થવાને લીધે આ પ્રમાણે બોલ્યા. ૩૧

મુનિઓ બોલ્યા—અરે ! ભગવાનની મોટી સેવા કરી વૈકુંઠલોકમા આવીને વસનારા અને સમાન દૃષ્ટિવાળા લોકમાં તમારો આવો વિષમ સ્વભાવ, એટલે અમુકને આવવા દેવા તથા અમુકને આવવા દેવા નહિ, એવી વિષમ દૃષ્ટિ કેમ છે ? સ્વામીની રક્ષા કરવી એ સેવકનો ધર્મ છે છતાં તમને બન્નેને પોતાની પેઠે બીજાઓ પણ કપટી હશે એવી રીતની શંકા કેમ થઈ ? અહીં ભગવદ્ભક્ત વિના બીજું કોઈ પણ આવતું નથી અને ભગવાન સ્વભાવે શાંત તથા કલંક રહિત છે છતા તમને આવી શંકા થઇ માટે તમે બન્ને કેવળ ધૂર્ત છો. ૩૨ સર્વ વિશ્વને ઉદરમાં ધારણ કરનાર ભગવાન વિષે ધીર પુરૂષો પોતાનો ભેદભાવ માનતા નથી પરંતુ મહાકાશમાં જેમ મહાકાશને

જુવે છે, તેમજ પરમાત્મામાં પોતાને જુવે છે. સામાન્ય રાજાને જેમ બીજાનો ભય હોય તેમ અમને શ્રીહરિના ઉદરથી ભિન્ન ગણીને દેવનો વેશ ધારણ કરનારા તમે બન્ને જણાએ દ્વૈતબુદ્ધિને લીધે થનારા ભયનો શ્રીહરિમાં આરોપ કર્યો તેનું કારણ શું? ૩૩ પરમ પુરૂષ એવા વૈકુંઠનાથના સેવક તમો બન્ને મંદ બુદ્ધિવાળાનું આ અપરાધમાં કેવી રીતે હિત કરવું? તે ઉપર અમે વિચાર કરીએ છીએ. આમ કહી વિચાર કરીને કુમારો બોલ્યા કે—તમે આ પરમાત્માથી બીજા છો એવી ભેદદૃષ્ટિ કરી માટે જ્યાં આગળ ભેદદૃષ્ટિ કરનાર કામ ક્રોધ અને લોભ એ ત્રણ શત્રુઓ હોય તે લોકોમાં જઈ પડો. તેઓનું એવું ભયંકર ભાષણ સાંભળીને તથા બ્રાહ્મણોનો શાપ શસ્ત્રોના સમૂહથી પણ વારી શકાય નહિ એવો છે એમ જાણીને ઋષિઓનો અપરાધ કરવામાં બહુ ડરતા એવા શ્રીહરિના સેવકોએ અત્યંત ભયથી હાથ જોડીને સાષ્ટાંગ દંડવત કર્યા અને બોલ્યા કે, ૩૫ આપે પાપ કરનારા અમને જે દંડ કર્યો તે ઠીક કર્યું અને ને શિક્ષા અમને ભલે થઇ કારણ કે તે ઈશ્વરની આજ્ઞાને ઉલ્લંઘન કરવાથી થયેલા સર્વ પાપને હરશે પરંતુ અમે નીચ મૂઢજાતિમા જ્યાં જ્યાં અવતરીએ ત્યાં ત્યાં તમારી કૃપાથી થયેલા લેશ માત્ર પશ્ચાતાપવડે ભગવાનનાં સ્મરણનો નાશ કરાવનારો મોહ અમને થશો મા. ૩૬ આ પ્રમાણે કોલાહલ થયો તે સાંભળીને પોતાના સેવકોએ મહાત્મા પુરૂષોનો અપરાધ કર્યો છે એવુ શ્રીહરિએ જાણ્યું, એટલે જેમની નાભિમા કમળ છે એવા આર્ય લોકોનાં મનને હરણ કરનારા ભગવાન વિષ્ણુ લક્ષ્મી સાથે પરમહંસ એવા મહા મુનિઓને યોગ્ય ચરણોથી ચાલતા ચાલતા તે સ્થાન ઉપર પધાર્યા. ૩૭ પોતાના સેવકોએ ચાલવામાં ઉપયોગી એવાં છત્ર પાદુકા વગેરે વસ્તુઓ જેમને આણી આપ્યાં છે તથા હંસના જેવા શ્વેતરંગના બે પંખાના શીતળ પવનવડે હાલતાં શ્વેત છત્રરૂપી ચંદ્રનાં મોતીની શેરો રૂપી કિરણોમાંથી જેના ઉપર જળના કણ વરસે છે તથા જે ભગવાન પોતાની સમાધિના ફળ રૂપ છે તે સાક્ષાત વિષ્ણુ ભગવાન ત્યાં આગળ પધાર્યા અને સનત્કુમારાદિક કુમારોએ તેમનાં દર્શન કર્યાં. ૩૮ ત્યાર પછી પોતાના દ્વારપાળ તથા સનત્કુમારાદિક મુનિઓ ઉપર કૃપા કરવામાં પ્રસન્ન મુખવાળા ઇચ્છા કરવા યોગ્ય ગુણોના સ્થાનક પ્રેમપૂર્ણ દૃષ્ટિથી ભક્તોના હૃદયને સુખ આપનારા શ્યામ રંગની વિશાળ છાતી ઉપર શોભતાં શ્રીવત્સનાં ચિન્હની શોભાથી ભૂર્લોકથી માંડીને તપલોક સુધીના સાત લોકની ઉપર મુગટ મણિની પેઠે રહેલા પોતાના વૈકુંઠ લોકને શોભા આપનારા પીતાંબરવડે ઢંકાયેલા મોટા નિતંબ ઉપર શોભાયમાન કટિ મેખળાવાળા ભમરાઓથી ભરેલી વનમાળાથી શોભાયમાન સુંદર કાંડાઓમાં કડાંને ધારણ કરનારા એક હાથ ગરૂડના ખભા ઉપર રાખનારા તથા બીજા હાથથી રમતમાં કમળને ફેરવતા. ૪૦ વિજળીઓનો તિરસ્કાર કરે એવા મકરાકાર કુંડળોને શોભા આપનારાં ગંડસ્થળોવાળા ને ઉન્નત નાસિકાવાળા મુખથી શોભતા મણિ જડેલા મુગટવાળા ભુજદંડોની વચ્ચે શોભાયમાન અમૂલ્ય હારથી તથા કંઠમાં રહેલા કૌસ્તુભ મણિથી શોભતા ૪૧ ભગવાનની સુંદરતા આગળ 'હું સર્વ સૌંદર્યનો ભંડાર છું.' એવો લક્ષ્મીનો ગર્વ વિનાશ પામ્યો છે એ રીતે ભક્તજનોએ જેને માટે પોતાના મનમાં વિચાર કરેલો છે એવા અપાર સૌંદર્યવાન મારે માટે શંકરને માટે તથા તમારે માટે અવતાર ધારણ કરનાર ભગવાનનાં દર્શન કરી દર્શન કર્યા છતાં જેમનાં નેત્રો તૃપ્તિ પામ્યાં ન હતાં

એવા સનત્કુમાર વગેરે મુનિઓએ હર્ષથી મસ્તકો નમાવીને ભગવાનને પ્રણામ કર્યા. ૪૨ મુનિઓ જો કે બ્રહ્માનંદનો અનુભવ કરનાર હતા પણ કમળ જેવા નેત્રવાળા ભગવાનના વનમાળાના ગંધવાળા વાયુએ નાસિકાના છિદ્રદ્વારા અંતરમાં પ્રવેશ કરી બ્રહ્માનંદનો અનુભવ કરનાર મુનિઓના મનમાં આનંદ ઉત્પન્ન કર્યો. ૪૩ તે પ્રથમ ઉંચી દૃષ્ટિ કરીને પરવાળા જેવા રાતા રંગના ઓષ્ઠ જેમાં છે તથા મધુર હાસ્યવાળા અને શ્યામ કમળના જેવા કોમળ ને રાતા રંગવાળા ભગવાનનાં મુખારવિંદની સામે જોઇ પોતાનો મનોરથ પૂરો થયા છતા નખરૂપી રાતા મણિ જેમાં છે એવા ભગવાનના ચરણારવિંદનાં દર્શન કરીને વારંવાર તેનું ધ્યાન ધરવા લાગ્યા. ૪૪ યોગમાર્ગોથી ભગવાનના સ્વરૂપને શોધનારા યોગી પુરૂષોને ધ્યાન કરવા યોગ્ય તત્ત્વવેત્તાઓએ બહુ જ આદર કરવા યોગ્ય નેત્રોને આનંદ આપનારા અને બીજાઓને મળે નહિ એવી સ્વાભાવિક અણિમા વગેરે સિદ્ધિઓવાળા પુરાણ પુરૂષના સ્વરૂપને દેખાડતા ભગવાનની સનત્કુમારો નીચે પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. ૪૫

સનત્કુમારો સ્તુતિ કરે છે કે—હે અનંત ભગવન્! આપ સર્વ મનુષ્યોના હૃદયમા બિરાજમાન છો તેમ છતા દુરાત્માઓના જાણવામા આવતા નથી. આપ હમણાંજ અમારા જોવામા પ્રત્યક્ષ આવ્યા અને તમારાથી ઉત્પન્ન થયેલા બ્રહ્માએ જયારથી તમારા ગુણાનુવાદ ગાયા ત્યારથીજ તમે અમારા અંતરમા પ્રવેશ કરીને રહ્યા છો ૪૬ હે ભગવન! તમારી કૃપાથી દૃઢ થયેલી શ્રવણાદિક નવ પ્રકારની ભકિત જાણવાથી અભિમાન રહિત તથા રાગ—દ્વેષ રહિત મુનિઓ પોતાના અંતઃકરણમા જે આત્મસ્વરૂપને જાણે છે તે પરમ આત્મસ્વરૂપ આપ વારંવાર શુદ્ધ અને સત્વગુણી મૂર્તિથી ભક્ત જનોને પ્રસન્ન કરો છો એમ અમે માનીએ છીએ. ૪૭ હે ભગવન! આપનો યશ રમણીયતાને લીધે તથા પવિત્રતાથી કીર્તન કરવા યોગ્ય છે. જે કુશળ મહાત્માઓ આપની કથાના રસને જાણનારા અને આપના ચરણનો આશ્રય કરનારા છે તેઓ તો આપના મોક્ષરૂપી પ્રસાદને પણ ગણતા નથી ત્યારે તમારી કરડી નજરથી જેમાં ભય રહેલો છે એવા ઇંદ્રાદિકના પદને તો કેમ જ ગણે? ૪૮ હે ભગવન! પૂર્વે તો અમારાં પાપો કંઇ પણ ન હતા પરંતુ તમારા પાર્ષદોને શાપ દેવાથી અમે પાપી થયા છીએ. હવે જેમ અમારૂં ચિત્ત ભ્રમરની પેઠે આપના ચરણમા રમે ગુણરહિત છતા તુળસી જેમ આપના ચરણના સંબંધથી શોભે તેમ અમારી વાણી પણ તમારા ચરણની શોભાથીજ શોભે અને અમારા કાનના છિદ્રો તમારા ગુણગણોથી પૂરાય તો ભલે અમારાં પાપોથી અમારો નરકમા જન્મ થાય તો તે નરકને પણ અમે ઉત્તમ ગણીએ. ૪૯ હે ભગવન! આપે જે આ રૂપ પ્રગટ કર્યું છે, તેનાં દર્શન કરીને અમારી દૃષ્ટિ સફળ થઇ છે. હે પ્રભો! તમે ઇંદ્રિયાધીન મનુષ્યોને દર્શન આપતા નથી પરંતુ અમારી આગળ આ પ્રમાણે પ્રગટ થયા તેથી અમે તમને નમસ્કાર કરીએ છીએ. ૫૦

प्रादुश्चकर्थ यदिदं पुरुहूतरूपं
तेनेश निर्वृतिमवापुरलं दृशो नः।
तस्मा इदं भगवते नम इद्विधेम
योऽनात्मनां दुरुदयो भगवान् प्रतीतः॥

इतिश्रीमद्भागवतेमहापुराणेतृतीयस्कंधे
पंचदशमोऽध्यायः

અધ્યાય ૧૬ મો.‡

જયવિજયના શાપનો અનુગ્રહ.

ब्रह्मोवाच

इति तद्‌गृणतां तेषां मुनीनां योगधर्मिणाम्
प्रतिनन्द्य जगादेदं विकुण्ठनिलयो विभु ।१।

બ્રહ્મા કહે છે કે—આ પ્રમાણે પોતાની સ્તુતિ કરતા અને યોગમાર્ગે ચાલનારા મુનિઓનાં વચન સાભળી વૈકુંઠવાસી ભગવાન વિષ્ણુ આ પ્રમાણે બોલ્યા. ૧

ભગવાન બોલ્યા કે—મારા આ જય વિજય નામના પાર્ષદોએ તમારૂં અપમાન કરીને મોટો અપરાધ કર્યો છે મારા ભકત એવા તમે તેમને જે દંડ કીધો તેજ દંડને મારા પાર્ષદોએ તમો દેતતાઓનો અપરાધ કર્યો તેથી હું માન્ય રાખું છું. ૩ તેને માટે તમને આજે પ્રસન્ન કરૂં છું કારણ કે બ્રહ્મણ એ મારૂં પરમ દૈવત છે અને મારા સેવકો એ તમારૂં જે અપમાન કર્યું તે અપમાન મેં પોતેજ કર્યા બરોબર છે. સેવક અપરાધ કરે તે ઉપરથી લોકો અમુક પુરૂષના સેવકે અપરાધ કર્યો એમ કહે છે અને તે અપવાદ સ્વામીની કીર્તિનો નાશ કરે છે.૫ જેનો અમૃતના જેવો નિર્મળ યશ શ્રવણ કરવાથી ચંડાળ પર્યંત આખા વિશ્વને પવિત્ર કરે છે. હું વૈકુઠવાસી કયાંહી પરભવ ન પામું એવો કહેવાઉં છું તે સર્વ પવિત્ર કીર્તિ મેં તમારાથી સંપાદન કરી છે. મારો બાહુ જો તમારાથી વિરૂદ્ધ હોય તો તેને હું કાપી નાંખું. તમારી સેવાથી મારા ચરણની રજ પવિત્ર થયેલી છે. હું સર્વના પાપોને નાશ કરૂં છું. મેં સદાચાર સંપાદન કર્યો છે ને લક્ષ્મીની જરા પણ દૃષ્ટિ પોતાની ઉપર પડે તેને માટે બ્રહ્માદિક દેવતાઓ અનેક નિયમો ધારણ કરે છે તે લક્ષ્મીમા હું વિરક્ત રહું તોપણ તે મને તજતી નથી. આ સર્વ આપ બ્રાહ્મણોના ચરણની સેવાનું ફળ છે. મને કર્મનાં ફળ અર્પણ કરીને સંતુષ્ટ થયેલા તથા કપટનાં ઘીવાળા અન્નના કોળીઆ ભરતા બ્રાહ્મણોના મુખદ્વારા જેવો હું બળિદાન ગ્રહણ કરૂં છું તેવો યજ્ઞમા યજમાનના પુરોડાશ અગ્નિના મુખદ્વારા ગ્રહણ કરતો નથી. જેનું ચરણોદક દેવ સાથે આખા વિશ્વને પવિત્ર કરે છે જેની યોગમાયાની વિભૂતિ અખંડ તથા પરાભવ પામે નહિ એવી છે એવો હું બ્રાહ્મણોનાં ચરણાવિંદની રજને મુગટ ઉપર ધારણ કરૂં છું. બ્રાહ્મણો મારો અપરાધ કરે તોપણ તેમનો અપરાધ સહન કરૂં છું. ૨૯ ઉત્તમ બ્રાહ્મણો દૂઝણી ગાયો ને નિરાધાર પ્રાણીઓ એ મારાં અંગ છે. પાપો કરવાથી જેમનું જ્ઞાન નાશ પામ્યું છે એવા અજ્ઞાની લોકો તેમને મારાથી ભિન્ન ગણે તેઓને સર્પના જેવાં ક્રોધવાળાં યમરાજનાં ગીધ પક્ષીઓ ક્રોધથી ફોલી ખાય છે. ૧૦ જેઓ તીક્ષ્ણ વચન બોલનારા બ્રાહ્મણોને મારા સમાન ગણી મનમાં પ્રસન્ન થઈ હસતે મુખે પૂજા કરે છે ને સત્પુત્ર જેમ ક્રોધાતુર પિતાની મધુર વાણીથી સ્તુતિ કરે તેમ જેઓ મધુર વાણીથી તેમની સ્તુતિ કરે છે તથા હું જેમ ભૃગુને અને તમને પ્રેમથી બોલાવું છું તેમ જેઓ બ્રાહ્મણોને પ્રેમથી બોલાવે છે તેઓ મને વશ કરે છે. સ્વામીના અભિપ્રાયને ન જાણનારા જય અને વિજય તમારા અપરાધનું ફળ ભોગવી પાછા મને પ્રાપ્ત થાય અને મારા અનુચરોને મારી સાથે થયેલો વિયોગ થોડા સમયમાં પૂરો થાય એમ કરો કે જેથી હું તમારો ઉપકાર થયો એમ માનીશ. ૧૨

બ્રહ્મા કહે છે—આ પ્રમાણે ભગવાનની મનોહર અને વેદમંત્રના પ્રવાહ જેવી વાણી સાંભળી સપના વિષ જેવા ક્રોધથી મુનિઓ શાંત થયા નહિ. થોડા અક્ષરવાળી અને

‡ આ અધ્યાયમા શ્રીહરિએ શાન્ત કરેલા મનકાદિક પશ્ચાત્તાપસી અનુર પામેલા મુનિઓ પ્રતિહારીઓ ઉપર અનુગ્રહ કયો તે કથા કહેવાશે.

વિશેષ અર્થથી ગંભીર એવી ભગવાનની વાણીનો તે વિચાર કરવા લાગ્યા. તે આપણી સ્તુતિ કરે છે અથવા નિંદા કરે છે અથવા આપણે કરેલા દંડમાંથી કંઇ ઓછું કરે છે. ભગવાનનું કર્તવ્ય શું છે તે તેઓ સમજી શકયા નહિ. ૧૪ છેવટે જ્યારે તેઓએ જોયું કે ભગવાન આપણી પ્રશંસા કરે છે ત્યારે તેઓનાં શરીરમાં રોમાચ થયાં અને તેઓ બે હાથ જોડીને યોગમાયાથી પોતાના પરમૈશ્વર્યના ઉદયને પ્રગટ કરનાર ભગવાનને આ પ્રમાણે કહેવા લાગ્યા ૧૫

ઋષિઓએ કહ્યું કે–હે દેવ! આપ સર્વના ઇશ્વર છો. "મારા સેવકોએ કરેલો અપરાધ મેં કર્યો એમ કહો છો અને તેમના ઉપર તમે કરેલો અનુગ્રહ મારા ઉપર અનુગ્રહ કર્યો એમ જણાવો છો તેથી હે ભગવન! આપનું શું કર્તવ્ય છે? તે અમે જાણી શકતા નથી. ૧૬ હે પ્રભો! બ્રાહ્મણનું રક્ષણ કરનાર એવા આપનું બ્રાહ્મણો પરમ દૈવત છે અને દેવતાઓને પૂજવા યોગ્ય એવા બ્રાહ્મણોના તમે આત્મા છો. ૧૭ તમારાથી સનાતન ધર્મની ઉત્પત્તિ થાય છે અને તમે અવતારો ધારણ કરી ધર્મનું રક્ષણ કરોછો. આપ ધર્મનું ઉત્તમોત્તમ અને વિકાર રહિત ફળ આપનાર છો ૧૮ યોગી લોકો જેના અનુગ્રહથી નિવૃત્તિ પામી શ્રમ વિના જન્મ મરણના બંધનને તરી જાય છે તેની ઉપર બીજાઓ અનુગ્રહ કરે એ સંભવિત નથી? ૧૯ લક્ષ્મીની ઇચ્છાવાળા લોકો પોતાના મસ્તક ઉપર જેમનાં ચરણની રજને ધારણ કરે છે તે લક્ષ્મીજી ભાગ્યશાળી પુરૂષો જેમનાં ચરણમાં તુલસીની નવી માળાઓ અર્પણ કરે છે ૨૦ એવા ભમરાના નિવાસસ્થાનરૂપ ચરણ ઉપર આસકત થયા હોય તેમ ક્ષણે ક્ષણે આપની સેવા કરે છે. ૨૧ જે લક્ષ્મી અત્યંત શુદ્ધ એવાં ચરિત્રોથી તમારાં ચરણપદને સંપાદન કરવા તમારી સેવા કરે છે પણ આપને પરમ ભગવદ ભકતોનો પ્રસંગ હોવાથી આપ તેમને અતિ આદર આપતા નથી તે તમે બ્રાહ્મણોના ચાલવાથી પવિત્ર થયેલા માર્ગોની ધૂળથી ને શ્રીવત્સનાં ચિન્હથી પવિત્ર થાઓ છો. તમે ભજવા યોગ્ય સર્વ ગુણના આધાર છો છતા શા માટે તે બંને આભૂષણોને ધારણ કરો છો. હે મહારાજ! તમો બ્રાહ્મણોની સેવાથી મારાં ચરણની રજ પવિત્ર મનાય છે, એ સઘળું લોકો અમને માન આપે એટલા માટે આપ કહો છો. ૨૨ હે ભગવન! આપ ધર્મમૂર્તિ છો. આપ તપ પવિત્રતા ને દયા એ ત્રણ ચરણવડે બ્રાહ્મણ અને દેવતાઓના પ્રયોજન માટે સ્થાવર જંગમાત્મક જગતનું રક્ષણ કરો છો માટે આપના તે ત્રણ ચરણનો નાશ કરનાર અમારા રજોગુણ તથા તમોગુણને સત્વગુણી શરીરથી નાશ કરો. ૨૩ હે દેવ! ધર્મમૂર્તિ એવા આપેજ રક્ષણ કરવા યોગ્ય ઉત્તમ બ્રહ્મણોના કુળની આપ આ રીતે પૂજા કરીને જો મધુર તથા સત્ય વાણીથી રક્ષા કરશો નહિ તો તમારો કલ્યાણકારી વેદમાર્ગ વિનાશ પામશે. મહા પુરૂષ જે જે આચરણ કરે તેને જ લોકો પ્રમાણ કહે છે. તમે મહાપુરૂષ છો તેથી જો તે પ્રમાણે રક્ષણ કરશો નહિ તો બીજા પણ તે પ્રમાણે રક્ષણ કરશે નહિ. ૨૪ તમે તત્વના ભંડાર તમે મનુષ્યોનું કલ્યાણ કરવાની ઇચ્છાવાળા તમે પોતાની શક્તિથી શત્રુઓનો નાશ કર્યો છે. તમને વેદમાર્ગની રક્ષા કરવી એ ઇષ્ટ છે તમે ત્રણ લોકના અધિપતિ છો અને વિશ્વના ભર્તા છો છતાં બ્રાહ્મણોને પ્રણામ કરો છો તેમાં આપના તેજની હાનિ થતી નથી પરંતુ તે તો તમારો વિનોદ છે. ૨૫ હે પ્રભો! જય અને વિજય નામના પાર્ષદોને આપ કોઇ બીજા દંડ દેવાની ઇચ્છા કરતા હો અથવા તો તેમની કંઇક અધિક આજીવિકા કરવા ધારતા હો તો તે અમને માન્ય છે. અમે

આ નિરપરાધી જય વિજયને શાપ દીધો માટે અમને દંડ દ્યો ૨૬

ભગવાન બોલ્યા કે -ક્રોધાવેશથી વૃદ્ધિ પામેલી ચિત્તની એકાગ્રતાથી દૃઢ યોગાભ્યાસ કરનાર જય ને વિજય દૈત્યત્વ ભોગવી પાછા મારી પાસે આવશે. હે બ્રાહ્મણો ! તમે જે શાપ દીધો તે શાપ મેં નિર્માણ કર્યો છે એમ નક્કી જાણવું. ૨૭

બ્રહ્મા કહે છે કે–હે દેવતાઓ ! પછી મુનિઓએ નેત્રને આનંદ આપનાર વૈકુંઠ લોકનાં અને સ્વયંપ્રકાશ એવા ભગવાનનાં દર્શન કર્યા. ૨૮ ભગવાનને પ્રદક્ષિણા કરી તેમને પ્રણામ કર્યા અને આજ્ઞા લઇ મનમાં હર્ષ પામતા તથા તેમના ઐશ્વર્યની પ્રશંસા કરતા કરતા ગયા. ૨૯ ભગવાને પોતાના દ્વારપાળોને કહ્યું કે તમે ડરશો મા હું સમર્થ છું છતાં બ્રાહ્મણનો શાપ મિથ્યા કરવાની મારી ઇચ્છા નથી. ૩૦ હું જ્યારે યોગનિદ્રામાં હતો ત્યારે રમાને તમે અટકાવી હતી. તેણે ગુસ્સે થઇ તમોને "બ્રાહ્મણ શાપ દેશે." એવું કહ્યું હતું ૩૧ તમે વૈરભાવે એકાગ્ર મન કરશો તો તેથી થેડા સમયમાં શાપ ભોગવી પાછા મારી પાસે આવશો. ૩૨ આ પ્રમાણે બન્ને દ્વારપાળોને કહી ભગવાન વિમાનની પંક્તિઓથી શોભાયમાન સર્વ કરતા શ્રેષ્ઠ એવી શોભાથી સુંદર નિજ મંદિરમાં ગયા. પેલા જય ને વિજય કોઇથી વારી શકાય નહિ એવા બ્રાહ્મણોના શાપને લીધે નિસ્તેજ અને ગર્વ રહિત થઇ વૈકુંઠલોકમાંથી નીચે પડયા ૩૪ હે દેવતાઓ ! જ્યારે તે બન્નેને વૈકુંઠલોકમાંથી નીચે પડતા જોયા ત્યારે મોટા વિમાનમાં બેઠેલા ગણોએ કકલાણ કરી મૂકયું પછી શ્રીહરિના પાર્ષદોનો કશ્યપના ભયંકર તેજરૂપે દિતિના ગર્ભમા પ્રવેશ થયો. ૩૬ તે બન્ને અસુરોના તેજથી તમારૂં તેજ નિસ્તેજ થયું છે પણ ભગવાનની એવી ઇચ્છા છે. ૩૭ જગતની ઉત્પત્તિ સ્થિતિ ને લય કરનાર જે સર્વના આદિ પુરૂષ છે યોગેશ્વરો પણ જેમની યોગ માયાના પારને પામ્યા નથી તે ભગવાન કલ્યાણ કરશે. ભગવાને જે કાર્ય કરવા ધાર્યું હોય તેમાં આપણો વિચાર કંઇ કામ આવતો નથી.

विश्वस्य यः स्थितिलयोद्भवहेतुराद्यो
योगेश्वरैरपि दुरत्ययथोगमायः ।
क्षेम विधास्यति स नो भगवांस्त्र्यधीशस्त-
त्रास्मदीयविमृशेन कियानिहार्थः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेतृतीयस्कंधे षोडशोऽध्याय.

અધ્યાય ૧૭ મો.‡

હિરણ્યાક્ષ ને હિરણ્યકશિપુનો જન્મ.

मैत्रेय उवाच

निशम्यात्मभुवा गीतं कारणं शंकयोज्झिताः
ततः सर्वे न्यवर्तन्त त्रिदिवाय दिवौकसः १

મૈત્રેય કહે છે કે–બ્રહ્માએ અંધારૂં થવાનું કારણ કહ્યું તે સાંભળીને દેવતાઓ શંકા મુકત થઇ સ્વર્ગમાં ગયા. ૧ દિતિ પતિની આજ્ઞાથી પોતાના પુત્રોથી લોકોને ભય થવાની શંકા કરવા લાગ્યાં અને તેમણે સો વર્ષ પૂરાં થયા પછી બે પુત્રોને જન્મ આપ્યો. ૨ જ્યારે તે જનમ્યા ત્યારે સ્વર્ગમાં પૃથ્વીમાં અને અંતરિક્ષમાં ભયંકર ઉત્પાતો થયા. ૩ પર્વતો સાથે પૃથ્વી કંપવા લાગી સર્વ દિશાઓ બળવા લાગી ઉલ્કાપાતની સાથે વજ્રનો પાત થવા લાગ્યો, પીડાકારક ધુમકેતુઓનો ઉદય થયો ૪ વંટોળીઓ વાયુ જેની સેના છે અને ધૂળ જેની ધ્વજાને ઠેકાણે છે એવો મહાતીક્ષ્ણ પવન મોટમોટાં વૃક્ષોને જડમૂળથી ઉખાડી નાંખતો વારંવાર ફૂફવાડા મારતો વહાવા લાગ્યો. ૫ ચમકતી વિજળીવાળા ને ચારે તરફ અંધારૂં ફેલાવ-

‡ આ અધ્યાયમાં હિરણ્યાક્ષ તથા હિરણ્યકશિપુની લોકોને ભય ઉપજાવનારી જન્મની કથા તથા દિગ્વિજયમા હિરણ્યાક્ષનાં અદ્ભુત પરાક્રમની કથા છે.

નારા મેઘોથી સૂર્યાદિક ગ્રહો દેખાતા બંધ થયા. પૃથ્વી ઉપર એકેએક સ્થાનક દેખાતું બંધ પડ્યું. ૯ સમુદ્ર ગર્જના કરવા લાગ્યો મોજા ઉંચા ઉછળવા લાગ્યા જળચર પ્રાણીઓ ખળભળવા લાગ્યા. વાવ કુવા વગેરે નવાણુ કમળો સાથે શુષ્ક થઇ ગયા અને નદીઓ ખળભળવા માંડી ૭ રાહુએ ગળેલા ચંદ્ર તથા સૂર્યની આસપાસ કુંડાળા પડવા લાગ્યા વાદળાં વિના વજ્રના જેવા કડાકા થવા લાગ્યા પર્વતની ગુફાઓમા રથ ચાલતો હોય એવા ઘડઘડાડ શબ્દો સંભળાવા લાગ્યા ૮ ગામડામા શિયાળો મુખમાથી તીક્ષ્ણ અગ્નિ કાઢવા લાગી ને વરૂઓ અને ઘુવડના શબ્દોની સાથે અમંગળ શબ્દો કરવા લાગી. કુતરા જ્યાં ત્યા રડવા લાગ્યા.

હે વિદુર! ઉન્મત ગધેડા તીક્ષ્ણ ખરીઓ પૃથ્વી ઉપર પછાડવા લાગ્યા ને ભૂકતાં ભૂકતાં ટોળાબંધ નાસવા લાગ્યા ૧૧ પક્ષીઓ ગધેડાના શબ્દોથી ત્રાસ પામી ચીચીં કરતાં માળામાથી ઉડી ગયા. ગાયો ભયભીત થઇ ગઇ અને દૂધને ઠેકાણે લોહી ઝરવા લાગ્યાં. દેવતાઓની મૂર્તિઓ રડવા લાગી અને ઝાડ પવનના આઘાત વિના પૃથ્વી ઉપર પડવા લાગ્યા ૧૩ મંગળ વગેરે ક્રૂર ગ્રહો બુધ ગુરૂ વગેરે કોમળ ગ્રહને ઓળંગવા લાગ્યા અને તેમની વચ્ચે યુદ્ધ થવા લાગ્યું. ૧૪ આ ઉત્પાતોને તથા બીજા મોટા ઉત્પાતોને જોઇ સનકાદિક વિના બીજી સર્વ પ્રજા આના કારણને જાણી શકી નહિ તેથી ભય પામીને વિશ્વનો પ્રલય થશે એવું જણાયું ૧૫ બે દૈત્યો જેઓ પ્રથમથી જ પરાક્રમમા પ્રખ્યાત હતા તેઓ પર્વતોની પેઠે પત્થરના જેવી કાયાથી વધવા લાગ્યા. ૧૬ તેમણે માથે પહેરેલા સુવર્ણના મુગટોની અણી આકાશને અડકતી હતી બન્નેનાં શરીરની સ્થૂલતાએ દિશાઓને રોકી દીધી. બાજુબંધથી શોભતા તેઓ ડગલે ડગલે પૃથ્વીને ડગમગાવતા હતા અને સુંદર કંદોરાવાળી કમ્મરથી સૂર્યને ઓળંઘીને ઉભા રહ્યા. ૧૭ પ્રજાપતિ કશ્યપે તે બન્નેના હિરણ્યકશિપુ ને હિરણ્યાક્ષ એવા નામ પાડ્યાં જે પ્રથમ ઉત્પન્ન થયો હતો તેને લોકો હિરણ્યકશિપુ કહેતા અને દિતિએ જેને પછી જન્મ આપ્યો હતો તેને લોકો હિરણ્યાક્ષ કહેતા હતા. ૧૮ બ્રહ્માના વરદાનથી હિરણ્યકશિપુ કોઇનાથી મરે નહિ એવો થયો તેણે ઉદ્ધત થઇ બાહુથી લોકપાળોની સાથે ત્રણે લોકને આધીન કર્યા. તેનો નાનો ભાઇ હિરણ્યાક્ષ જે જ્યેષ્ઠબંધુને પ્રિય હતો અને તેનુ હિત કરનારો હતો તે લડવાની ઇચ્છાથી ગદા લઇને યુદ્ધ શોધતો શોધતો સ્વર્ગમાં ગયો. ૨૦ તેનો વેગ દુઃસહ હતો. તેણે પગમાં પહેરેલા સુવર્ણના નપુરો ઝણઝણાટ શબ્દ કરતાં હતા, કંઠમા વૈજયંતી નામની માળા હતી ને ખભા ઉપર મોટી ગદા મૂકેલી હતી. શાર્ય વીર્ય અને મદને લીધે તે ગર્વિષ્ઠ થઈ પડ્યો હતો નિરંકુશ ને સર્વત્ર નિર્ભય હિરણ્યાક્ષને જોઈ સર્પો જેમ ગરૂડને જોઈ ભયથી નાશી જાય તેમ દેવતાઓ નાશી ગયા. ૨૨ પોતાના તેજથી ઇંદ્રાદિક દેવતાઓને નાશી ગયેલા જોઇ તેઓને મદમત્ત તથા બળહીન ગણી કાઢી તે મોટી ગર્જના કરવા લાગ્યો. ૨૩ પછી બળવાન હાથી મદમત્ત થઇ ક્રીડા કરવા જેમ સમુદ્રમા પ્રવેશ કરે તેમ હિરણ્યાક્ષ ત્યાથી ભયંકર ગર્જનાવાળા ગંભીર મહાસાગરમા પેઠો. ૨૪ તે જેવો સાગરમાં પેઠો કે તરત જળજંતુઓ ભયભીત થઇ માર્યા વિના તેના તેજથી મરી ગયા. ૨૫ મહાબળવાન દૈત્યરાજ લોઢાની ગદાથી મહાસાગરના મોજા કાપતો કાપતો ઘણા વર્ષ સુધી મહાસાગરમા ફર્યો અને હે તાત! ફરતાં ફરતા વરૂણની વિભાવરીમાં જઇ પહોચ્યો. ત્યા પાતાલ લોકના પાલક જળચળ પ્રાણીઓના રાજા એવા વરૂણનું ઉપહાસ્ય કરવા

મુખ મલકાવી નીચ પુરૂષની પેઠે કહેવા લાગ્યો કે, હે અધિરાજ! તમે મને અહીંયા યુદ્ધ આપો. ૨૭ તમે મોટા લોકપાળ છો. તમારો યશ મોટો છે. જે ઉન્મત્તો મદને લીધે પોતાને શૂરવીર માને છે તેઓના પરાક્રમોનો તમે નાશ કરનાર છો. હે પ્રભો! તમે પૂર્વે જગતમાં સર્વ દૈત્ય અને દાનવોને હરાવી રાજસૂય યજ્ઞ કર્યો હતો.

આ રીતે મહા મદમત્ત શત્રુએ ભગવાન વરૂણ દેવનું બહુ જ ઉપહાસ્ય કર્યું તેથી વરૂણને કોપ ચઢયો. તે પોતાની બુદ્ધિથી ઉપજેલા કોપને શાંત કરી બોલ્યા કે, અમે તો હવે શાંતિ પામ્યા છીએ. ૨૯ હે દૈત્યરાજ! રણ ઉપર યુદ્ધ વિદ્યામાં નિપુણ એવા તમને પુરાણપુરૂષ વિના બીજો કોઇ પ્રસન્ન કરે એવો નથી. તમારા જેવા મનસ્વી પુરૂષો જેની સ્તુતિ કરે છે તે ભગવાન મનોવાંછિત પૂરશે. ૩૦ તે વીર પુરૂષને રણભૂમિ ઉપર ભેટયા પછી ગર્વરહિત થઈ કુતરાઓથી વિંટાઈને રણશય્યામા તમે શયન કરશો. જે ભગવાન તમારા જેવા દુષ્ટોનો નાશ કરવા ને સત્પુરૂષોના ઉપર અનુગ્રહ કરવાની ઈચ્છાથી અવતારો ધારણ કરે છે. ૩૧

तं वीरमारादभिपद्य विस्मयः
शयिष्यसे वीरशये श्वभिर्वृतः ।
यस्त्वद्विधानामसतां प्रशान्तये
रूपाणि धत्ते सदनुग्रहेच्छया ॥३१॥

इति श्रीमद्भागवते महापुराणे तृतीयस्कन्धे
सप्तदशोऽध्यायः

અધ્યાય ૧૮ મો.*

હિરણ્યાક્ષ ને વરાહનું દ્વંદ્વયુદ્ધ.

मैत्रेय उवाच.

तदेवमाकर्ण्य जलेशभाषितं
महामनास्तद्विगणय्य दुर्मदः ।
हरेर्विदित्वा गतिमङ्ग नारदाद्
रसातलं निर्विविशे त्वरान्वितः ॥१॥

મૈત્રેય કહે છે કે—હે વિદુર! આ પ્રમાણે વરૂણનું કહેલું સાંભળી મોટા મનવાળો તે મદને લીધે "તું કુતરાઓથી વિંટાઇને રણશય્યામાં શયન કરીશ." એવા વરૂણનાં વચનનો તિરસ્કાર કરી નારદ પાસે ગયો અને ત્યાંથી ભગવાનના નિવાસસ્થાનને જાણી રસાતળમાં ગયો ૧ રસાતળમાં તેણે જય મેળવનાર ધરાને ધારણ કરનાર આગલી દાઢની અણી ઉપર પૃથ્વીને સારી રીતે ધારણ કરીને બહાર નીકળતા રાતી શોભાયમાન આંખવડે તેજને ઝાખું પાડતા વરાહ ભગવાનને દીઠા. તેમની ચેષ્ટા કરીને તે બોલ્યો કે, આ તો વનગોચર પાણીમાં ફરનારો વરાહ છે. ૨ ઉપહાસ્ય કર્યા પછી તે વરાહ પ્રત્યે બોલ્યો કે, હે અજ્ઞાની! આ પૃથ્વી તો બ્રહ્માએ પાતાળવાસી એવા અમને આપેલી છે માટે તું એને છોડી દે. હે સૂકરના જેવી આકૃતિવાળા! તું આ પૃથ્વી સાથે મારી દૃષ્ટિ આગળથી કુશળ ક્ષેમ જઇ શકીશ નહિ. ૩ કપટથી પરોક્ષમાં વિજય કરનારો તું અસુરોનો નાશ કરે છે માટે અમારો નાશ કરવા સારૂ શત્રુઓએ તેને ઉછેર્યો છે.[1] હે મુઢ! તું યોગમાયાના બળવાળો હોઇશ પરંતુ તારામાં થોડુ જ સામર્થ્ય છે. હું તારો નાશ કરીને

---

* આ અધ્યાયમા હિરણ્યાક્ષ તથા પૃથ્વીનો ઉદ્ધાર કરનાર વરાહ ભગવાન વચ્ચે દેવતાઓને પણ ક્ષોભ કરે એવા મહા યુદ્ધની કથા છે

૧ આ પ્રમાણે આશ્ચર્યથી હસીને કહ્યું કે હે દેવતાઓના ઉત્તમ! તમે લીલા કરવાને સૂકર જાતિના અવતાર ધારણ કર્યો છે તેમ મારૂ અપમાન કરી આ [illegible] ને પ્રકટ કર્યા તથાપિ હે સર્વજ્ઞ! આપ [illegible] અને અમને પાતાળવાસીઓને બ્રહ્માએ આ [illegible] આપેલી છે તે કૃપા કરીને અહીં રહેવા દ્યો તમે [illegible] યોગમાયાથી અસુરોનો સંહાર [illegible] વિજય [illegible] દેવતાઓએ તમારો આશ્રય કર્યો છે આપ યોગમાયાના બળવાળા છો તે સર્વનું બળ આપના બળથી ઉતરતું છે હું મારા હૃદયમા તમને ધારણ કરી સાંસારિક દુઃખથી છુટીશ કારણ કે જેઓ આપનું સ્મરણ કરે છે તે પુરૂષોના કુટુંબીઓને તમે મુક્તિ આપો છો આવો વ્યાજ અર્થ આમા છે.

મારા સંબંધીઓના શોકને ટાળીશ. મારી ગદાથી તારૂં માથું ભાગી જશે અને તું મરી જઈશ ત્યારે તને બળિદાન આપનાર ઋષિઓ ને દેવતાઓ ઉદ્યમ રહિત થઈ પડશે. ૫ આ પ્રમાણે દુષ્ટ વચન રૂપી તોમરોના પ્રહારથી ખિન્ન થયેલા વરાહ ભગવાન દાઢના અગ્ર ભાગ ઉપર રહેલી પૃથ્વીને ભયભીત જોઈ મગરે પીડેલો હાથી જેમ હાથણી સાથે પાણીમાંથી બહાર નીકળે તેમ સમુદ્રના પાણીમાંથી બહાર નીકળ્યા. ૬ સુવર્ણના જેવા પીળા કેશવાળો અને ભયંકર દાઢવાળો તે દૈત્ય મગરમચ્છ જેમ હાથીની પાછળ દોડે તેમ પાણીમાથી બહાર નીકળતા ભગવાનની પાછળ દોડયો અને ગર્જના કરી બોલ્યો કે, દુષ્ટ પુરૂષોને કશુંએ કામ નિંદાપાત્ર નથી.[1] વરાહાવતાર ધારી ભગવાને પાણીની ઉપર પૃથ્વીને મૂકી અને તેમાં પોતાની આધારશક્તિ ઉમેરી. બ્રહ્માએ તેમની સ્તુતિ કરી અને દેવતાઓએ પુષ્પોની વૃષ્ટિ કરી. પોતાની પાછળ પડેલા મોટી ગદાવાળા, કવચધારી અને દુષ્ટ વચનો કહેતા એવા તે દૈત્યને અત્યંત કોપાયમાન થયેલા ભગવાને કહ્યું કે—હે હિરણ્યાક્ષ ! તારૂં કહેવું ખરૂં છે. અમે વરાહ છીએ તથાપિ તારા જેવાને શોધ્યા કરીએ છીએ. તું મૃત્યુના બંધનોથી બંધાયેલો છે વીર પુરૂષો તારા બકબકાટને ગણગારતા નથી. ૧૦ અમે પાતાળવાસી લોકોની થાપણરૂપ પૃથ્વીને હરણ કરનાર છીએ. તેં ગદા મારીને અમને નસાડી મૂકયા તોપણ તારી સામે રણભૂમિપર આવીને ઉભા છીએ કારણ કે બળવાનની સાથે વૈર ઉત્પન્ન કરી કયાં જઈએ? ૧૧ તું પાયદળનો મોટો યુથાધિપતિ વિચાર કર્યા વિના અમારૂં અકલ્યાણ કરવા યત્ન કરી તારા સંબંધીના શોકને દૂર કર. જે પુરૂષ પોતાની પ્રતિજ્ઞાને સંપૂર્ણ કરતો નથી તે અધમ છે.

મૈત્રેય કહે છે કે—હે વિદુર ! અમે વરાહ છીએ, એવા વચનો કહીને ભગવાને તેનો તિરસ્કાર કર્યો તથા અમે પાતાળવાસી લોકોની થાપણ હરનારા છીએ એવાં વચનો કહીને ક્રોધથી તેનું ઉપહાસ કર્યું તેથી મહાસર્પ જેમ બાળક ઉપર કોપ કરે તેમ ભગવાનથી રમાડાતા દૈત્યે ભયંકર ક્રોધ કર્યો. ૧૩ ક્રોધાવેશમાં આવી જઈ નિઃશ્વાસ નાંખતાં ક્રોધથી તેની ઇન્દ્રિયો ચંચળ થઈ ગઈ અને તે દૈત્યે ભગવાનની પાસે જઇ વેગથી તેમને ગદાનો પ્રહાર કર્યો. ૧૪ તે વખતે યોગાભ્યાસી જેમ યોગથી કાળને છેતરે તેમ શત્રુ એવા હિરણ્યાક્ષે છાતી ઉપર મારેલી ગદાના વેગને ભગવાને વાંકા વળીને નિષ્ફળ કર્યો. ૧૫ દૈત્ય વળી ક્રોધથી પોતાના ઓષ્ઠને રીસભેર ચીસતો પોતાની ગદાને ઉપાડી આમતેમ ફેરવવા લાગ્યો તે જોઈને શ્રીહરિ તેની સામે દોડયા ૧૬ પછી પ્રભુએ શત્રુની જમણી ભૃગુટી ઉપર ગદાનો પ્રહાર કર્યો. યુદ્ધકુશળ હિરણ્યાક્ષે પોતાની ગદાવડે તેની ગદાના પોતાની પાસે આવ્યા પહેલાં જ કડકા કરી નાખ્યા. ૧૭ આ પ્રમાણે શ્રીહરિ

૧ મારી ગદાવડે તમારૂં મસ્તક ભાગી જશે નહિ અને તમે કુશળ રહ્યા તે માટે તમને જેઓ બળિદાન આપે છે તે બકનો ઋષિઓ અને દેવો અન્ન વિના સુખા થશે ઇ. પ્રહાર એવા શત્રુઓના દુષ્ટ વચનરૂપી તોમરાથી પીડા પામતા બ્રહ્મા અ દિ દે ને તેઇન સ્થાથી પીડતા અને દેવતાઓની પીડાને સહન કરનારા ભગવાન દાઢની આગી ઉપર રહેલી પૃથ્વીને ભયભીત થયેલી જોઈ હાથી જેમ હાથણી સાથે જળાશયમાથી બહાર નિકળે તેમ બહાર નિકળ્યા પીળા કેશવાળો અને ભયંકર દાઢવાળો તે દૈત્ય જેમ હાથીની પાછળ મગર દોડે તેમ ભગવાનની પાછળ દોડયો અને બોલ્યો કે ભગવાન કૃપાળુ હોવાથી પૃથ્વીનું રક્ષણ કરવા નાસી ગયા, તે નિંદાપાત્ર કાર્ય નથી લોકોના ઉપકાર માટે પૃથ્વીનો ઉદ્ધાર કરનાર ભગવાનની પાછળ દોડ્યો તે અયોગ્ય છે, એમ માનનો દૈત્ય બોલ્યો કે કવળ સ્નાર્થ પરાયણ એવા અમે નિંદ્ય છીએ વગેરે આમા ગૂઢાર્થ છે.

તથા હિરણ્યાક્ષ વિજયની ઇચ્છાથી ક્રોધાવેશમાં મોટી ગદાઓ લઇ પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. ૧૮ તે બન્ને એક બીજાને હરાવવાની સ્પર્ધા કરતા તીક્ષ્ણ ગદાના પ્રહારથી લોહીલુહાણ થઇ ગયા. ક્ષતમાંથી ઝરતા લોહીનો ગંધ આવવાથી જેમનો ક્રોધ વૃદ્ધિ પામ્યો હતો એવા અને વિજયની ઇચ્છાથી ગદાયુદ્ધનાં દાવ પેચ ખેલતા તે બન્નેનું પૃથ્વી માટે થતું યુદ્ધ બે સાંઢના યુદ્ધ જેવું લાગતું હતું. ૧૯ હે વિદુર! પૃથ્વીને માટે પરસ્પર યુદ્ધ કરતા હિરણ્યાક્ષ દૈત્યનું અને માયાવડે વરાહાવતાર ધારણ કરનાર યજ્ઞમૂર્તિ મહાત્મા શ્રીહરિનું યુદ્ધ જોવાની ઇચ્છાવાળા ભગવાન બ્રહ્મા ઋષિઓને સાથે લઇને ત્યાં ગયા, ૨૦ અને હિરણ્યાક્ષ દૈત્યને શૂરવીર ભય રહિત વૈર વાળનાર અને અજિત પરાક્રમવાળો જોઇ હજારો ઋષિઓના નિયંતા ભગવાન બ્રહ્માએ આદિ વરાહ નારાયણને આ પ્રમાણે કહ્યું.

બ્રહ્માએ કહ્યું કે—હે દેવ દેવ! હિરણ્યાક્ષ આપને શરણે આવનારા દેવતાઓનો બ્રાહ્મણોનો ગાયોનો અને નિરપરાધી પ્રાણીઓનો અપરાધ અને અશુભ કરનાર મોટો શત્રુ છે. તેણે મારા તરફથી વર મેળવ્યો છે જગતમાં તેની સમાન બીજું કોઈ નથી. તે કંટક રૂપ હિરણ્યાક્ષ ત્રાસ આપતો સર્વ લોકમાં ફર્યા કરે છે. હે દેવ! બાળક જેમ સર્પને રમાડે તેમ તમે અહંકારી દુષ્ટ અને નિરંકુશ હિરણ્યાક્ષને રમાડો માં. ૨૪ હે દેવ! ભયંકર દૈત્ય બળવાન થાય નહિ એટલામાં આપ પોતાની માયાનો આશ્રય કરી આ પાપમૂર્તિનો નાશ કરો. ૨૫ હે પ્રભો! લોકોનો નાશ કરનારો મહા ભયંકર સંધ્યાકાળ થતો આવે છે માટે તમે દેવતાઓને નિષ્કંટક કરો હમણાં અભિજિત યોગ પણ થોડો બાકી રહ્યો છે તેટલામાં તમે શુદ્ધ અંતઃકરણવાળા એવા જે અમે, તેમનું કલ્યાણ કરવા કોઇથી મારી શકાય નહિ એવા હિરણ્યાક્ષનો નાશ કરો. હિરણ્યાક્ષ પોતે જ તેના મૃત્યુ રૂપે નિર્માણ થયેલા આપને પ્રાપ્ત થયો એ બહુ સારૂં થયું. હવે તમે પરાક્રમ કરી યુદ્ધમાં એનો નાશ કરી સર્વ લોકોને સુખી કરો.

दिष्ट्या त्वां विहितं मृत्युमयमासादितः स्वयम्
विक्रम्यैनं मृधे हत्वा लोकानाधेहि शर्मणि ।

इतिश्रीमद्भागवतमहापुराणतृतीयस्कंधे
अष्टादशोऽध्यायः

અધ્યાય ૧૯ મો.*

હિરણ્યાક્ષનો નાશ.

मैत्रेय उवाच

अवधार्य विरिंचस्य निर्व्यलीकामृतं वचः ।
प्रहस्य प्रेमगर्भेण तदपांगेन सोऽग्रहीत् ॥१॥

મૈત્રેય કહે છે—બ્રહ્માનું નિષ્કપટ અમૃત જેવું વચન ધ્યાનમાં લઇ હું કાલાત્મા છું છતાં મને તે મુહુર્તના બળનો ઉપદેશ કરે છે એમ જાણી ભગવાને હસીને તે વચનને માન્ય કર્યું. ૧ પછી પોતાની આગળ નિર્ભય થઇને ફરતા અસુરને બ્રહ્માની નાસિકામાંથી ઉત્પન્ન થયેલા વરાહ ભગવાને ઓ ઉપર ગદા મારી એટલે તે દૈત્યે પોતાની ગદાથી ભગવાનની ગદાને પ્રહાર કર્યો તેથી તે ગદા ભગવાનના હાથમાંથી પડી ગઇ અને દૈત્યનું પરાક્રમ ઝળકી ઉઠયું. ભગવાનને તેને મારવાનો સમય મળ્યો હતો, તથાપિ તેમણે યુદ્ધધર્મને માન આપી દુષ્ટ એવા તેને ગદા મારી નહિ છતાં તે ભગવાનને કોપાયમાન કરવા લાગ્યો. ૪ ભગવાનના હાથમાંથી ગદા જેવી પડી કે, ચારે તરફ હાહાકાર થઇ ગયો. ભગવાને દૈત્યના યુદ્ધકર્મને માન આપ્યું અને સુદર્શન ચક્રને સંભાળ્યું એટલે તે ત્યાં હાજર થયું. ૫ ભગવાન પોતાને જોઇને ભયભીત થયેલા સુદર્શન ચક્રને ધારણ કરી પાર્ષદોમાં મુખ્ય એવા દિતિના અધમ પુત્ર

* આ અધ્યાયમાં વરાહ ભગવાનને બ્રહ્માદિકની પ્રાર્થના ઉપરથી મહાયુદ્ધમાં હિરણ્યાક્ષનો વધ કર્યો તે કથા કહેવાશે.

હિરણ્યાક્ષ સાથે લઢવા લાગ્યા. આ સમયે યુદ્ધ કરતા ભગવાનના પ્રભાવને નહિ જાણનારા દેવતાઓ ત્યાં આગળ ચારે તરફથી આ પ્રમાણે અનેક રીતે કહેવા લાગ્યા કે, તમારૂં કલ્યાણ થાઓ, તમે આ દૈત્યનો નાશ કરો. ૬ એટલામાં તો કમળ જેવાં નેત્રવાળા ભગવાનને ચક્ર ધારણ કરી પોતાની સન્મુખ ઉભેલા જોઇને દૈત્યની ઇંદ્રિયો ક્રોધથી ચલાયમાન થઇ ગઇ. તેણે નિઃશ્વાસ નાંખી ક્રોધથી પોતાના નીચલા ઓષ્ઠને ડસ્યો. ૭ પછી જાણે બાળી દેતો હોય તેમ ભયંકર દાઢવાળા તે દૈત્યે બે નેત્રવડે ભગવાનની સામું જોઇને કુદકો માર્યો અને તારૂં મોત આવ્યું છે એવું કહી શ્રીહરિને ગદાનો પ્રહાર કર્યો. ૮ હે સાધુપુરૂષ ! યજ્ઞમૂર્તિ ભગવાન વરાહે પવન વેગે પોતાની સામે આવતી ગદાને પગની લાત મારી દૂર ઉરાડી મૂકી. ૯ અને કહ્યું કે તું આયુધ ગ્રહણ કર અને યુદ્ધ માટે ઉદ્યમ કર, કારણ કે વિજયની તને ઇચ્છા છે. તેણે ફરીને ભગવાન ઉપર ગદા ફેંકી અને મોટી ગર્જના કરી. ૧૦ ભગવાન તેની ગદાને આવતી જોઇ શાંતિથી ઉભા રહ્યા અને ગરૂડ જેમ પાસે આવતી નાગણને પકડે તેમ તેમણે રમત માત્રમા દૈત્યની ગદાને પકડી લીધી. ૧૧

આ પ્રમાણે દૈત્યનું પોતાનું પરાક્રમ નાશ થયા પછી માન તથા તેજ રહિત થયેલો તે વરાહ ભગવાન તેને ગદા આપવા લાગ્યા પરંતુ તેણે ગદા લેવાની ઇચ્છા બતાવી નહિ. ૧૨ જેમ કોઈ અભિચાર કરતો હોય તેમ તેણે વરાહાવતાર યજ્ઞમૂર્તિ ભગવાનને મારવા બળબળતા અગ્નિની પેઠે બીજાને બાળવા આતુર એવા ત્રણ ફળવાળા ત્રિશૂળને ગ્રહણ કર્યું. ૧૩ ગરૂડે ત્યાગ કરેલા એક પીછાને જેમ ઇન્દ્રે વજ્રથી કાપી નાંખ્યું હતું તેમ તે દૈત્યના મહા યોદ્ધાએ બળથી ફેંકેલા આકાશમા ચળકાટ કરતા તથા ઘણી જ કાંતિવાળા ત્રિશૂળને ભગવાને ચક્રવડે કાપી નાંખ્યું. ૧૪ ભગવાનના તીક્ષ્ણ ધારવાળા ચક્રે પોતાના ત્રિશૂળના કટકા કરી નાંખ્યા તેથી તે બહુજ કોપી ઉઠયો અને સામે આવીને ભગવાનની વિશાળ છાતી ઉપર મુષ્ટિનો પ્રહાર કરીને ગર્જના કરતો અંતર્ધાન થઇ ગયો. ૧૫ હે વિદુર ! તેણે વરાહ ભગવાનને મુષ્ટિનો પ્રહાર કર્યો છતાં પુષ્પની માળાનો પ્રહાર કરવાથી હાથી જેમ ડગતો નથી તેમ ભગવાન પણ ડગ્યા નહિ. ૧૬ પછી તે યોગમાયાના અધિપતિ એવા ભગવાનની ઉપર અનેક રીતે માયા કરવા લાગ્યો. માયા જોઇને ભયભીત થયેલી પ્રજા જગતના પ્રલયનો ભય રાખવા લાગી. ૧૭ તે સમે પ્રચંડ પવનો વાવા લાગ્યા, દિશાઓમાંથી પથ્થરો પડવા લાગ્યા. ૧૮ વિજળીવાળાં વાદળાંના સમૂહોથી નક્ષત્રગણો દેખાતા બંધ થયા. આકાશમાથી પરૂ વાળ લોહી વિષ્ઠા મૂત્ર અને હાડકાં પડવા લાગ્યાં. ૧૯ હે વિદુર ! પર્વતો નાના પ્રકારનાં આયુધો વરસાવતા હોય એવા દેખાવા લાગ્યા, રાક્ષસીઓ હાથમા ત્રિશૂળ લઈ છુટા કેશ મૂકી ચોતરફ ફરવા લાગી. ૨૦ આતતાયી યક્ષો રાક્ષસો પાળાઓ ઘોડા રથો અને હાથીઓના સ્વારો "મારો મારો" એવી અત્યંત ભયંકર વાણી બોલવા લાગ્યા. ૨૧ તે વખતે ત્રણ સવન જેના ચરણ છે એવા ભગવાને દૈત્યે પ્રકટ કરેલી આસુરી માયાઓનો વિનાશ કરનારૂં સુદર્શન ચક્ર મૂક્યું. ૨૨ પતિની આજ્ઞાને સંભારતા દિતિના હૃદયમાં કંપ થયો અને તેમના સ્તનમાંથી લોહીની ધારા વહેવા લાગી. ૨૩ સર્વ માયા વિનાશ પામ્યા પછી તે દૈત્ય ફરીને વરાહ ભગવાનની પાસે ગયો અને સર્વના અંતરમાં ને બહાર રહેનાર ભગવાનને પોતાના બે બાહુઓથી દાબવા લાગ્યો. ૨૪ પછી ઈંદ્ર જેમ વૃત્રાસુરને મારે તેમ ભગવાનને વજ્ર જેવી

કઠોર મુષ્ટિનો પ્રહાર કરનાર તે દૈત્યના કંઠના મૂળમાં મુષ્ટિનો પ્રહાર કર્યો. ૨૫ આ પ્રમાણે વિશ્વવિજયી ભગવાને પ્રહાર કરવાથી તે દૈત્યનું શરીર ભમવા લાગ્યું તેની આંખો બહાર નીકળી પડી હાથ પગ અને માથાના કેશ વીખરાઈ ગયા. મોટો પર્વત જેમ પૃથ્વી ઉપર ઢળી પડે તેમ તે પૃથ્વી ઉપર ઢળી પડયો. ૨૬ જેનું તેજ નાશ પામ્યું ન હતું એવા ભયંકર દાઢવાળા અને જેણે ક્રોધથી ઓઠ પીસ્યો હતો એવા દૈત્યને ભૂમિ ઉપર પડેલો જોઈ બ્રહ્મા અને દેવતાઓ ત્યાં ગયા અને તેની પ્રશંસા કરતા બોલ્યા કે અહો કયો મનુષ્ય આવા ઉત્તમ મરણને પામે ? ૨૭ અસત્ય એવા શરીરમાથી છૂટવાની ઇચ્છાને લીધે યોગીઓ યોગસમાધિથી જેમનું ધ્યાન ધરે છે તે ભગવાનના ચરણથી હણાયેલા નીચ દૈત્યે તેમના મુખનાં દર્શન કરતાં કરતાં જ પોતાના શરીરનો ત્યાગ કર્યો. ૨૮ જય ને વિજય જે ભગવાનના બે પાર્ષદો હતા અને સનત્કુમારોના શાપથી અસદ્ગતિને પામ્યા હતા તે કેટલાક જન્મો પછી ફરીને પોતાના સ્થાનમાં પાછા જશે. ૨૯ ભગવાનની તરફ ફરીને દેવો બોલ્યા કે-હે દેવ ! સર્વ યજ્ઞના મૂળ કારણરૂપ અને જગતની સ્થિતિ માટે નિર્મળ એવી સત્વમૂર્તિ ધારણ કરનાર આપને અમારા નમસ્કાર છે. ત્રણ જગતને પીડા કરનાર આ દૈત્યને આપે માર્યો તે બહુ સારૂં થયું. હે ઇશ્વર ! અમે તમારાં ચરણની ભક્તિવડે નિશ્ચિંત થયા છીએ.

મૈત્રેય કહે છે કે-આ પ્રમાણે આદિ વરાહ શ્રીહરિ અસહ્ય પરાક્રમવાળા હિરણ્યાક્ષને મારી બ્રહ્માદિક દેવતાઓથી સ્તુતિ કરાતા જેમાં અખંડ આનંદ છે એવા પોતાના લોકમાં ગયા. ૩૧ હે વિદુર ! ભગવાનને ઉદાર પરાક્રમવાળા હિરણ્યાક્ષને મહાયુદ્ધમાં રમતા હોય તેમ માર્યો તે અને વરાહ અવતાર ધારણ કરનાર શ્રીહરિનું ચરિત્ર જે પ્રમાણે ગુરૂએ મને કહ્યું હતું તે પ્રમાણે મેં તને કહી સંભળાવ્યું. ૩૨

સૂત કહે છે કે-હે શૌનક ! આ પ્રમાણે મૈત્રેયે કહેલી ભગવાનની કથા સાંભળી ભગવાનના ભકત વિદુર પરમઆનંદ પામ્યા. ૩૩ પવિત્ર કીર્તિવાળા અને ઉત્તમ યશસ્વી પુરૂષોનાં ચરિતો સાંભળી જ્યારે આનંદ થાય છે ત્યારે જેમના હૃદયમાં શ્રીવત્સનું ચિન્હ છે એવા ભગવાનનાં ચરિત્રો સાંભળીને આનંદ થાય એમાં શું આશ્ચર્ય ? ૩૪ જેમણે મગરે પકડેલા અને પોતાનાં ચરણારવિંદનું ધ્યાન કરતા ગજેન્દ્રને રૂદન કરતી હાથણીના દેખતાં કષ્ટમાંથી છોડાવ્યો હતો ૩૫ તે ભગવાનનું શરણ લેનારા, સરલ પ્રકૃતિના મનુષ્યોએ સુખથી આરાધી શકાય એવા અને દુષ્ટ પુરૂષોથી સેવી શકાય નહિ એવા ભગવાનને સેવવા. ૩૬ હે બ્રાહ્મણો ! પૃથ્વીનો ઉધ્ધાર કરવા માટે વરાહાવતાર ધારણ કરનારા ભગવાનને હિરણ્યાક્ષના વધમાં જે મહા અદ્ભુત લીલા કરી હતી તેને જે કોઈ મનુષ્ય સાંભળે તે બ્રહ્મહત્યામાંથી છૂટે છે. ૩૭ હે વિદુર ! સ્વર્ગાદિક લોક આપનારૂં અત્યંત પવિત્ર યશ આપનારૂં આયુષ્ય સુખ પ્રાણ ને ઇંદ્રિયોનું રક્ષણ કરનારૂં અને યુધ્ધમાં શૌર્ય વધારનારૂં આ વરાહાવતારનું ચરિત્ર જેઓ સાંભળે છે તેઓ શ્રીકૃષ્ણ ભગવાનને પામે છે. ૩૮

एतन्महापुण्यमलं पवित्रं धन्यं
यशस्यं पदमा[illegible]र्याशिषाम् ।
प्राणेन्द्रियाणां युधि शौर्यवर्धनं
नारायणोऽन्ते गतिरंग शृण्वताम् ॥३८॥

इतिश्रीमद्भागवतमहा[illegible]राणे [illegible]तीयस्कंधे
एकोनविंशतमोध्यायः

અધ્યાય ૨૦ મો.[†]

મનુના વંશનો વિસ્તાર.

शौनक उवाच

महीं प्रतिष्ठामध्यस्य सौते स्वायंभुवो मनुः ।
कान्यन्वतिष्ठद्द्वाराणि मार्गायावरजन्मनाम् ॥

શૌનક કહે છે—હે સૂત! પૃથ્વી રૂપી સ્થાનને મેળવી સ્વાયંભુવ મનુએ પ્રલય સમે ઇશ્વરમાં લીન થઇ નવા જન્મને ધારણ કરનાર પ્રાણીઓને પાછા બહાર કાઢવા કેવા ઉપાયો કર્યા—નવીન પ્રાણીઓને કેવી રીતે ઉપજાવ્યા તે કહો. ૧ વિદુર ભગવદ્‌ભક્ત અને શ્રીકૃષ્ણના એકાંતિક મિત્ર હતા કારણ કે પોતાના વડા બંધુ ધૃતરાષ્ટ્ર રાજાએ શ્રીકૃષ્ણની સલાહ માની નહિ તેથી જેણે પુત્રો સાથે પોતાના વડા ભાઇને પાપી ગણીને ત્યાગ કર્યો હતો. ૨ વ્યાસના પુત્ર હતા છતાં મોટાઇમાં વ્યાસના જેવા હતા. સર્વ ભાવથી શ્રીકૃષ્ણનો આશ્રય કર્યો હતો અને શ્રીકૃષ્ણમાં પરાયણ રહેનારા ભકતોને અનુસરતા હતા. ૩ તે તીર્થોની સેવાથી પાપ રહિત થયેલા વિદુરે કુશાવર્તમાં બેઠેલા મહાતત્ત્વવેત્તા મૈત્રેયની પાસે જઇ તેમને શું પૂછ્યું હતું? તે મને કહો. હે સૂત! સંવાદ કરતા વિદુર તથા મૈત્રેય વચ્ચે ચાલેલી ભગવાનના ચરણારવિંદની નિર્મળ કથા ગંગાની પેઠે પાપનો નાશ કરનારી છે. ૫ કીર્તન કરવા યોગ્ય અને ઉદાર ચરિત્રવાળા ભગવાનની જે જે કથાઓ હોય તે તે અમને કહો. હરિ લીલા રૂપી અમૃતનું પાન કરનારો કયો રસજ્ઞ પુરૂષ ધરાય છે. હરિકથા સાંભળવા માટે સૌ કોઈ આશા રાખે છે. ૬ આ પ્રમાણે નૈમિષારણ્યવાસી ઋષિઓએ પ્રશ્ન કર્યો એટલે ભગવાનમાં મનને અર્પણ કરનારા રોમહર્ષણના પુત્ર સૂતે હે મુનિઓ! સાંભળો એમ તેમને સંબોધીને કથા કહેવા માંડી. ૭

સૂત કહે છે—ભગવાને પોતાની માયાથી વરાહનો અવતાર ધારણ કરીને રસાતળમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો તે લીલાને અને અપમાનથી હિરણ્યાક્ષને માર્યો તે કથા સાંભળીને પ્રસન્ન થયેલા ભરતવંશી વિદુરે મૈત્રેયને પછી નીચે પ્રમાણે પૂછ્યુ.

વિદુરે કહ્યું કે—હે બ્રહ્મન! પ્રજાપતિ બ્રહ્માએ પોતાની સૃષ્ટિમાં પ્રથમ પ્રજાપતિઓને ઉત્પન્ન કર્યા પછી કયી સૃષ્ટિનો આરંભ કર્યો હતો તે કથા મને કહો. બ્રહ્માથી ઉત્પન્ન થયેલા મરીચિમિશ્ર વગેરે બ્રાહ્મણોએ ને સ્વાયંભુવ મનુએ બ્રહ્માની આજ્ઞાથી જગતને કેવી રીતે રચ્યું. ૧૦ મરીચિમિશ્ર વગેરે ઋષિઓએ સૃષ્ટિ રચતાં સ્ત્રીઓની સહાયતાથી શું આ જગતને રચ્યુ હતું કે સ્વતંત્ર રીતે રચ્યું હતું અથવા સર્વેએ એકઠા મળીને રચ્યું હતું? ૧૧

મૈત્રેય કહે છે—પ્રાણીઓના જાણવામાં આવે નહિ એવાં અદૃષ્ટોથી અને પ્રકૃતિના અધિષ્ઠાતા કાળથી વિકાર પામેલા ભગવાનના ત્રણ ગુણમાંથી પ્રથમ મહત્તત્ત્વ ઉત્પન્ન થયું. ૧૨ પછી રજોગુણ જેમાં મુખ્ય છે એવા દૈવે પ્રેરેલા મહત્તત્ત્વમાંથી સાત્વિક રાજસ અને તામસ એવો ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થયો અને તે અહંકારે પાંચ તન્માત્રા પાંચ મહાભૂતો પાંચ જ્ઞાનેંદ્રિયો પાંચ કર્મેન્દ્રિયો તથા તે તે ઇંદ્રિયોના દેવતાઓ એમ પાંચ વસ્તુઓ ઉત્પન્ન કરી. ૧૩ તેઓ પ્રત્યેક એક બીજાથી ભિન્ન ભિન્ન હોવાને લીધે બ્રહ્માંડને ઉપજાવી શકયાં નહિ. પછી દૈવેચ્છાને લીધે તેઓએ એકઠા મળી આ બ્રહ્માંડ રૂપી સુવર્ણના ઇંડાને ઉત્પન્ન કર્યું. ૧૪ આત્મા વિનાનો બ્રહ્માંડનો ગોળો સમુદ્રના પાણી ઉપર તરવા લાગ્યો. ઈશ્વર તે ગોળામાં એક હજાર વર્ષ સુધી રહ્યા. ૧૫ ભગવાનની નાભિમાંથી સર્વ જીવોને

† આ અધ્યાયમા માનવવંશની કથા પુનરપિ ચાલુ કરવાને સૃષ્ટિની ઉત્પત્તિ વગેરેથી આરંભાતી કથા કહેનારી.

રહેવાનું સ્થાન હજાર સૂર્યના જેવું ઘણું કાંતિવાળું એક કમળ ઉત્પન્ન થયું. તેમાંથી સ્વયંપ્રકાશ બ્રહ્મા ઉત્પન્ન થયા. ૧૬ જે ભગવાન જળમાં શયન કરે છે તે ભગવાનની પ્રેરણાથી બ્રહ્માએ પૂર્વે જે પ્રમાણે સૃષ્ટિ હતી તે પ્રમાણે નામ તથા રૂપ વગેરે ભેદવાળી નવી સૃષ્ટિ રચી. ૧૭ બ્રહ્માએ પ્રથમ માયાવડે તમ મોહ મહામોહ તામિસ્ર અને અંધતામિસ્ર એમ પાંચ વૃત્તિવાળી અવિદ્યા ઉત્પન્ન કરી. આ અજ્ઞાનમય પોતાની કાયા પોતાને ગમી નહિ તેથી તેનો પછી ત્યાગ કર્યો. તે ત્યાગ કરેલી કાયા રાત્રીરૂપ થઇ તેમાંથી ક્ષુધા તૃષા વગેરે ઉત્પન્ન થયા તેમને યક્ષોએ અને રાક્ષસોએ ગ્રહણ કર્યા. ૧૯ ક્ષુધા અને તૃષાથી પીડાયેલા યક્ષો અને રાક્ષસો બ્રહ્માની તરફ દોડયા અને ક્ષુધા તથા તૃષાથી પીડા પામતા તે યક્ષો તથા રાક્ષસો બોલ્યા કે, 'એની રક્ષા કરો માં, એને ખાઇ જાઓ.' ૨૦ તે સાંભળી બ્રહ્મા ગભરાઈને તેમની પ્રત્યે બોલ્યા કે મને ખાશો માં, મારી રક્ષા કરો. અરે તમો યક્ષો તથા રાક્ષસો મારી પ્રજા થયા છો ૨૧ તેજસ્વી કાંતિવડે પ્રકાશમાન એવા બ્રહ્માએ પોતાના પ્રકાશમાન શરીરમાંથી જે જે સાત્વિક દેવોની મુખ્યત્વે કરીને સૃષ્ટિ કરી હતી તે કાંતિવાળું શરીર ત્યાગ કર્યું તેમાંથી દિવસ થયો. દેવોએ તે પ્રકાશમાન દિવસને ગ્રહણ કર્યો. બ્રહ્માએ પોતાની જાઘમાંથી અતિ લંપટ એવા દૈત્યોને ઉત્પન્ન કર્યા પરંતુ તે પણ તેમની પાછળ દોડયા. ૨૩ બ્રહ્મા તેમને આવતા જોઈ હસ્યા પરંતુ અસુરો લાજ મૂકી તેમની પાછળ દોડયા તેથી તે ક્રોધાયમાન થયા. ૨૪ શરણાગતનું દુઃખ દૂર કરનાર ભક્તોના અનુગ્રહ માટે તેમની ઈચ્છાનુસાર રૂપો લેનાર ને વરદાન આપનાર એવા શ્રીહરિની પાસે જઇને તે કહેવા લાગ્યા કે ૨૫ "હે પરમાત્મન! મારી રક્ષા કરો. મેં તમારી આજ્ઞાથી આ પ્રજાઓને બનાવી પરંતુ તે મનેજ મારવા આવી છે. ૨૬ હે ઈશ્વર! તમે દુઃખી લોકનું દુઃખ ફેડનાર અને જેઓ તમારા ચરણનો આશ્રય કરનાર નથી તેમને તમે દુઃખ દેનાર છો. ૨૭ બ્રહ્માની આર્તપ્રાર્થના સાંભળી ભગવાને બ્રહ્માનું દુઃખ ધ્યાનમાં લઇને તેમને કહ્યું કે તું તારા પોતાના ભયંકર શરીરનો ત્યાગ કર. બ્રહ્માએ તરતજ શરીરને ત્યાગ કર્યું. ૨૮ તેમણે ત્યાગ કરેલા શરીરમાંથી સંધ્યા ઉત્પન્ન થઇ તે ઝાંઝરોથી ઝણઝણાટ કરતી મદથી વિહ્વળ નેત્રવાળી કટિમેખલાવડે શોભતાં રંગીન વસ્ત્રવડે ઢંકાયેલી કમ્મરવાળી ઉન્નત ઉરજવાળી સુંદર નાસિકાવાળી મનોહર દાંતવાળી મધુર હાસ્યવાળી લીલાથી અવલોકન કરનારી લજ્જાથી વારંવાર શરીરને ઢાંકતી અંબોડાવાળી સંધ્યાને હે વિદુર! સર્વે અસુરો ઉત્તમ પ્રમદા જાણી તેની ઉપર મોહિત થઇ ગયા, ૩૧ અને કહેવા લાગ્યા કે અહો આ સ્ત્રીનું રૂપ કેવું છે? એની ધીરજ કેવી છે? એની નવી અવસ્થા કેવી છે? આપણે તેની ઉપર આસક્ત થયા છીએ છતાં તે કામના રહિત હોય એમ આપણી સામે ચાલી આવે છે. ૩૨

આ પ્રમાણે તરૂણ સ્ત્રીના રૂપમાં રહેલી સંધ્યાને માટે અનેક તર્કો કરનારા અસુરો તેનો સત્કાર કરી વિવેકથી તેને પૂછવા લાગ્યા કે–૩૩ હે સ્ત્રી! તું કોણ છે કોની સ્ત્રી થાય છે અને અહીંઆં આવવાનું શું પ્રયોજન છે? હે કોપવતી સ્ત્રી! તારે રૂપરૂપી અમુલ્ય વસ્તુ વેચવાની છે, તે અમને ન આપતાં ભાગ્યહીન એવા અમને તું શા માટે દુઃખી કરે છે. ૩૪ તું ગમે તે જાતની હો અને ગમે તે કુળની હો તેનું અમને કંઈ પ્રયોજન નથી તારાં દર્શન થયાં તે ઘણુ જ સારૂં થયું. હે સ્ત્રી! તું વારંવાર નીચે પડતા દડાને હાથે વતી ઉંચે ઉછાળે છે તેથી તારા ચરણકમળ એક ઠેકાણે સ્થિર રહેતા નથી, તારી નિર્મળ દૃષ્ટિ શાંત હોય તેમ દેખાય છે. તારો અં-

જોડો મનોહર છે ૩૬ આ પ્રમાણે કહી મૂઢ બુદ્ધિ અસુરોએ પ્રમદા જેવું આચરણ કરતી અને મનને લોભાવતી સાયં સંધ્યાને ગ્રહણ કરી. ૩૭ પછી ગંભીર અભિપ્રાયથી હસીને ભગવાન બ્રહ્માએ પોતે પોતાને સુંઘતી એવી કાંતિમાંથી ગંધર્વોના અને અપ્સરાઓના ગણો ઉત્પન્ન કર્યા. ૩૮ તે પછી ચંદ્રના જેવા પ્રકાશમાન પ્રિય શરીરને બ્રહ્માએ ત્યાગ કર્યું. પ્રભામય તે શરીરને વિશ્વાવસુ પ્રમુખ ગંધર્વોએ પ્રેમથી ગ્રહણ કર્યું ૩૯ ત્યારપછી ભગવાન બ્રહ્મા પોતાના આળસમાથી ભૂતોને અને પિશાચોને ઉત્પન્ન કરી તેમને નગ્ન તથા છૂટા કેશવાળા જોઇ પોતાની બન્ને આંખો મીંચી ગયા. ૪૦ તે આળસમય શરીરનો ત્યાગ કર્યો એટલે ભૂત અને પિશાચોએ બ્રહ્માએ ત્યાગ કરેલાં તે આલસ્ય શરીરને ગ્રહણ કર્યું. જેવડે પ્રાણીઓની ઇંદ્રિયો પોતાનો વિષય ગ્રહણ કરી શકતી નથી તેને નિંદ્રા કહે છે અને જે દેહ ઇંદ્રિયોની શિથિલતાથી ઉચ્છિષ્ટ થયેલા પ્રાણીઓને ભ્રાંત કરે છે તેને ઉન્માદ કહે છે. આલસ્ય જૃંભા નિદ્રા અને ઉન્માદ એ ચાર શરીરને ભૂત પિશાચોએ ગ્રહણ કર્યા અને તેમાથી તેમનાં શરીરની ઉત્પત્તિ થઇ. ૪૧ પછી પોતાના આત્માને બળવાન માનતા અજન્મા બ્રહ્માએ પરોક્ષરૂપે સાધ્ય દેવોના ગણોને તથા પિતૃઓના ગણોને ઉત્પન્ન કર્યા. ૪૨ પિતૃગણે પોતાને ઉત્પન્ન કરનારા બ્રહ્માના અદૃશ્ય રૂપને ગ્રહણ કર્યું. કર્મ કરવામાં કુશળ એવા વિદ્વાનો તે અદૃશ્યરૂપ ધારણ કરનારા સાધ્ય દેવતાઓને અને પિતૃઓને હવ્ય તથા કવ્ય આપે છે. ૪૩ બ્રહ્માએ પોતાના તિરોધાન રૂપમાથી સિધ્ધોને તથા વિદ્યાધરોને ઉત્પન્ન કર્યા અને તેમને પોતાના અંતર્ધાન નામનો અદ્ભુત દેહ અર્પણ કર્યો. ૪૪ પોતાના પ્રતિબિંબને જોઇને તેનો સત્કાર કરનાર સમર્થ એવા ભગવાન બ્રહ્માએ પોતે પોતાના પ્રતિબિંબથી કિન્નરો સાથે કિંપુરૂષોને ઉત્પન્ન કર્યા અને તે દેહનો પણ ત્યાગ કર્યો. ૪૫ બ્રહ્માએ જે સ્વરૂપનો ત્યાગ કર્યો તે સ્વરૂપને પ્રભાતમાં બ્રહ્માનાં પરાક્રમોથી બ્રહ્માનો ગુણાનુવાદ ગાનારા કિન્નરો તથા કિંપુરૂષોએ આ પુરૂષરૂપ જોડાં થઈને ગ્રહણ કર્યું ૪૬ પછી ભગવાન બ્રહ્માએ હાથ પગ વગેરે અવયવવાળા દેહયુક્ત થઇને જોયું કે મારી સૃષ્ટિ વૃદ્ધિ પામતી નથી તેથી પોતે બહુ ચિંતાતુર થઈ લાબા પગ કરીને સૂતા અને ક્રોધથી પોતાના શરીરનો ત્યાગ કર્યો. ૪૭ હે વિદુર! ત્યાગ કરેલા શરીરમાંથી જે કેશો નીચે ખરી પડયા તેમાથી અહિ જાતના સર્પો ઉત્પન્ન થયા. બ્રહ્માએ દેહ ત્યાગ કરતાં શરીરને લાંબુ ટુંકુ કર્યું હતું તેથી તેમાંથી ઉત્પન્ન થયેલા સર્પો અતિ વેગવાળા ફણાઓને લીધે વિશાળ કાંધવાળા અને ક્રૂર સ્વભાવના થયા. ૪૮ બ્રહ્માએ લોકોને ઉત્પન્ન કર્યા ત્યારે પોતાના આત્માને કૃતકૃત્ય માન્યો. પોતાના પુરૂષનો દેહ તે મનુઓને આપ્યો. તે પછી પૂર્વે જેમને ઉત્પન્ન કર્યા હતા તેઓ મનુઓને જોઇને પ્રજાપતિનાં વખાણ કરવા લાગ્યા. ૫૦ તે બોલ્યા—હે જગતના સ્રષ્ટા! તમે મનુઓને સર્જ્યા એ બહુ જ સારૂં કર્યું કારણ કે, જે મનુઓની સૃષ્ટિમાં અગ્નિહોત્ર આદિ વેદક્રિયાઓ થશે અને અમે તેઓની સાથે રહીને યજ્ઞનાં બળિદાનોને લઇશું. ૫૧ તપ ઉપાસના યોગ અને સમાધિ સંપન્ન ઇંદ્રિયોને વશ કરનાર એવા બ્રહ્માએ પોતાને પ્રિય એવી ઋષિઓની પ્રજાને સૃજી અને સમાધિ યોગ ઐશ્વર્ય તપ ઉપાસના અને વૈરાગ્ય જેમાં રહેલો છે એવા પોતાના દેહના પ્રત્યેક ભાગ તે ઋષિઓને વહેંચી આપ્યા.

तेभ्यश्चैकैकशः स्वस्य देहस्यांशमदा जः ।
यत्तत्समाधियोगर्द्धितपोविद्याविरक्तिमत् ॥

इतिश्रीमद्भागवते महापुराणे तृतीयस्कंधे
विंशतोध्यायः

અધ્યાય ૨૧ મો.†

કર્દમે કરેલી બ્રહ્માની સ્તુતિ.

विदुर उवाच

स्वायंभुवस्य च मनोर्वंशः परमसंमतः ।
कथ्यतां भगवन्यत्र मैथुनेनैधिरे प्रजाः ॥१॥

વિદુરે પૂછ્યું કે–હે મૈત્રેય! જે સ્વાયંભુવ મનુના વંશમાં પ્રજાની વૃદ્ધિ થઇ તે સ્વાયંભુવ મનુનો મહા માન્ય વંશ વિસ્તારથી મને કહો. ૧ સ્વાયંભુવ મનુને પ્રિયવ્રત તથા ઉત્તાનપાદ નામના બે પુત્રો હતા. તે બન્ને રાજધર્મ પ્રમાણે સાત દ્વીપવાળી પૃથ્વીનું પાલન કરતા હતા. ૨ હે બ્રહ્મન! સ્વાયંભુવ મનુને દેવહૂતિ નામની એક સુંદર પુત્રી હતી. તે પ્રજાપતિ કર્દમની પત્ની થાય એમ તમે મને કહ્યું હતું. ૩ મહાયોગી કર્દમે યોગવિદ્યા જાણનારાં તે દેવહૂતિમા કેટલાં સંતાનો ઉત્પન્ન કર્યાં તે સાંભળવાની મને ઇચ્છા છે. હે બ્રહ્મન! બ્રહ્માના પુત્ર ભગવાન રૂચિએ અને દક્ષ પ્રજાપતિએ મનુની પુત્રી આકૂતિ અને પ્રસૂતિની સાથે પરણીને જે પ્રજા વધારી તે મને કહો.

મૈત્રેયે કહ્યું કે–બ્રહ્માએ કર્દમને જણાવ્યું કે પ્રજાની વૃદ્ધિ કરો, તેથી સરસ્વતી નદીના તીર ઉપર જઇને તેમણે દશ હજાર વર્ષ સુધી તપ કર્યું. તપશ્ચર્યામાં કર્દમ સમાધિની સાથે શરણાગતને વરદાન આપનાર ભગવાન શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરવા લાગ્યા. ૭ હે વિદુર! સત્યયુગમાં તપશ્ચર્યા કરવાથી કમળ જેવાં નેત્રવાળા ભગવાન પ્રસન્ન થયા અને કેવળ શબ્દથી જ જાણવામા આવતા પરબ્રહ્મ તેમને પ્રત્યક્ષ દર્શન આપ્યાં. ૮ પરબ્રહ્મ સત્વ મૂર્તિ હતા સૂર્યની પેઠે ઝળઝળાટ પ્રકાશતા હતા કંઠમાં સૂર્ય વિકાશી તથા ચંદ્રવિકાશી શ્વેત કમળની તથા બીજાં કમળોની તેમણે માળા પહેરી હતી શ્રીમુખ ઉપર સુંદર તથા શ્યામ રંગના કેશોનો સમૂહ આવી રહેલો હતો, શરીર ઉપર સ્વચ્છ વસ્ત્ર ધારણ કર્યાં હતાં માથે મુગટ કાનમાં કુંડળો અને હાથમાં શંખ ચક્ર ગદા અને શ્વેત પદ્મ ધારણ કર્યાં હતાં. તેમનું મંદ મંદ હસવું ને બોલવું મનોહારી હતું. તેમણે પોતાનાં ચરણારવિંદો ગરૂડના ખભા ઉપર ધર્યાં હતાં, વક્ષસ્થળમાં લક્ષ્મીનું ચિહ્ન હતું કંઠમાં કૌસ્તુભમણિ ધારણ કર્યો હતો. પ્રત્યક્ષ થયેલા આવા ભગવાનનાં દર્શન કરીને કર્દમ ઋષિને આનંદ થયો. પછી જેમનો મનોરથ પૂર્ણ થયો હતો તથા જેમનો સ્વભાવ ને મન પ્રેમાળ હતાં એવા કર્દમ ઋષિએ તેમને દંડવત પ્રણામ કર્યા અને બે હાથ જોડીને નીચે પ્રમાણે સ્તુતિ કરી.

કર્દમ ઋષિ કૃત સ્તુતિ–હે ભગવન! ઉત્તરોત્તર ઉત્તમતાને સંપાદન કરનાર અનેક જન્મોથી જેમનો યોગ સિદ્ધ થયો છે એવા યોગીઓ જેમનાં દર્શનની ઇચ્છા રાખે છે એવા આપ સર્વ પ્રાણીઓના નિવાસ રૂપ છો આપનાં દર્શનથી આજે અમારાં નેત્રો સફળ થયા એ હર્ષની વાત છે. ૧૩ હે ઇશ્વર! જેઓ વિષયોના અલ્પ સુખને માટે સંસારસિંધુમાથી વહાણની પેઠે તારનારાં આપનાં ચરણારવિંદને સેવે છે તેમને તમે તે તે કામનાઓ આપો છો પરંતુ લોકોની બુદ્ધિ તમારી માયાથી નાશ થયેલી સમજવી કારણ કે તે વિષયો નરકમાં પણ મળે છે. ૧૪ હે મહારાજ! સકામ પુરૂષોને નિંદનાર હું પણ વિષય વાસનાવાળો હોઇ સમાન સ્વભાવવાળી તથા ગૃહસ્થાશ્રમમાં ધર્મ અર્થ અને કામના પૂરનારી સ્ત્રીને પરણવાની ઇચ્છા રાખું છું. કામનાની આશાથી કલ્પવૃક્ષના જેવાં પુરૂષાર્થના મૂળરૂપ આપનાં ચરણને શરણે આવ્યો છું. ૧૫ હે અધીશ્વર!

† આ અધ્યાયમા તપ અને વિદ્યાથી પ્રસન્ન થયેલા વિષ્ણુએ મનુની પુત્રી દેવહુતિ સાથે કર્દમનો વિવાહ યોજ્યો એ કથા કહેવાશે.

આપ પ્રજાપતિનાં વચન રૂપી દોરીમાં વિષયાધીન જીવલોક પશુની પેઠે બંધાયલો છે. હે ધર્મમૂર્તિ ! હું પણ એ લોકોને અનુસરનારો છું માટે કાલમૂર્તિ એવા આપને બલિદાન આપું છું. કર્મરૂપી તમારી આજ્ઞાને અનુસરી પરણવાની ઇચ્છા રાખું છું. ૧૬ પરંતુ જેઓએ વિષયાસક્ત લોકોનો અને વિવેક છતાં પણ તેઓને અનુસરનારા મારા જેવા પશુઓનો અનાદર કરીને તમારાં ચરણ રૂપી છત્રનો આશ્રય કર્યો છે તેઓએ પરસ્પરમાં તમારા ગુણોની કથારૂપી મીઠા અમૃતનું પાન કરીને દેહના ક્ષુધા તૃષા વગેરે ધર્મોનો નાશ કર્યો છે. તેઓ પરમાનંદનો અનુભવ લે છે. ૧૭ હે ભગવન ! આપનું જે કાળચક્ર પરબ્રહ્મ રૂપી ધરી ઉપર ફર્યા કરે છે તેના મળ માસ સાથે તેર મહિનાઓ તેર આરા ત્રણસો સાઠ દિવસો તેની અણીઓ છ ઋતુઓ તેના પાટા ઘડી પળ વગેરે તેની અનંત ધારો શિયાળો ઉનાળો ને ચોમાસું એ ત્રણ તેની નાભિ અને તેનો વેગ ભયંકર છે. તમારૂં કાળચક્ર સર્વ જગતનો નાશ કરતું દોડયું જાય છે પરંતુ તે તમારા ઉપર કહેલા ભકતોનાં આયુષ્યને હરણ કરતું નથી. ૧૮ પોતે એકલા છો છતા જગત સૃજવાની ઇચ્છાથી પોતાને વિષે ગ્રહણ કરેલી બીજી યોગમાયાથી પોતાની સત્વાદિક શક્તિઓથી કરોળીઆની પેઠે આ જગતને સૃજો છો પાળો છો અને ગળી જાઓ છો. ૧૯ હે અધીશ્વર ! આપ અમારા જેવા ભકતોને માયાથી શબ્દાદિક વિષયસુખ આપો છો. આપને તે પ્રિય નથી તોપણ ઝંનાર. અનુગ્રહને માટે આપો છો. આપ જ્યારે માયાથી દેહ ધારણ કરી શોભાયમાન તુળસીની માળાથી અલંકૃત થઇ પ્રત્યક્ષરૂપે જોવામાં આવ્યા ત્યારે તેનાથી ભોગ તથા મોક્ષ બન્ને મળવાં જોઇએ. ૨૦ હે ભગવન ! તમારા તત્વ સ્વરૂપનું જ્ઞાન થવાથી કર્મના ફળનો ભોગ નાશ પામે છે. તમે માયાથી આ વિશ્વ રચનાનું સર્વદા આવર્તન કર્યા કરો છો. આપ મનુષ્યની કામનાને પૂર્ણ કરો છો તેથી સકામને નિષ્કામ બન્ને વૃત્તિવાળા આપને નમે છે અને આપ તેમને ભોગ અને મોક્ષ આપો છો. આવા ગુણવાળા આપને હું નિરંતર પ્રણામ કરૂં છું. ૨૧

મૈત્રેય બોલ્યા–આ પ્રમાણે નિષ્કપટ ભાવથી કર્દમે ભગવાનની સ્તુતિ કરી એટલે ગરૂડની ઉપર બેઠેલા અને પ્રેમ અને હાસ્ય ભરેલી દૃષ્ટિ કરવાથી જેની ભ્રૃકુટિઓ કંપતી હતી એવા શ્રીહરિએ અમૃતના જેવા મધુર વચનથી આ પ્રમાણે કહ્યું. ૨૨

શ્રીભગવાન બોલ્યા–હે ઋષિ ! તમે જ પોતાના નિયમોથી જે કાર્ય માટે મારી સેવા કરી છે તે તમારા હૃદયનો ભાવ જાણી મેં તેને માટે યોજના કરી છે. હે પ્રજાપતિ ! મનને એકાગ્ર કરનારા પુરૂષો મારી આરાધના કરે છે અને તેઓની આરાધના કદી વ્યર્થ જતી નથી. તમારા જેવાની આરાધના વ્યર્થ જાય જ નિહ. ૨૪ પ્રજાપતિના પુત્ર પ્રખ્યાત સદાચારવાળા ચક્રવર્તી મનુ મહારાજ હમણા બ્રહ્માવર્તમા રહી સાત સાગરવાળી પૃથ્વીનું પાલન કરે છે. ૨૫ તે ધર્મ નિપુણ રાજર્ષિ મનુ તમારાં દર્શન કરવાની ઇચ્છાથી પરમ દિવસે પોતાની પટ્ટરાણી શતરૂપા સાથે અહીં આવશે. ૨૬ હે પ્રભો ! અવસ્થામા આવેલી સારા સ્વભાવવાળી ગુણવતી પોતાની જે પુત્રી પતિની શોધ કરે છે તે પુત્રી તમને યોગ્યતાવાળા વરને અર્પણ કરશે. ૨૭ હે બ્રાહ્મણ ! તમારૂં મન આટલાં વર્ષો સુધી જે કન્યામાં આસક્ત હતું તે રાજકન્યા તમારી સેવા કરશે. ૨૮ અને તે રાજકન્યા તમારાથી ગર્ભ ધારણ કરીને નવ સંતાનોને જન્મ આપશે તથા ઋષિઓ તમારી કન્યાઓમાથી વગર શ્રમે પુત્રોને ઉત્પન્ન કરશે. ૨૯ તે પછી શુદ્ધ અને સત્વગુણી તમે મારી

આજ્ઞાને સારી રીતે પાળી મારામાં સર્વ કર્મના ફળો અર્પણ કરી છેવટે મને પામશો. ૩૦ તમે ગૃહસ્થાશ્રમથી જીવો ઉપર દયા કરીને અને સંન્યાસાશ્રમથી અભય દાન આપીને બ્રહ્મજ્ઞાન પામશો અને તમારા સ્વરૂપને જગત સાથે મારામા દેખશો અને મને તમારા પોતાના સ્વરૂપમાં દેખશો. ૩૧ હે મહા મુનિ! હું અંશાવતારથી તમારા ઘરમાં તમારી સ્ત્રી દેવહૂતિમાં અવતાર લઈને સાંખ્યશાસ્ત્રની સંહિતા રચીશ. ૩૨

મૈત્રેય કહે છે—હે વિદુર! આ પ્રમાણે કર્દમને કહી તેના દેખતાં સર્વ સિદ્ધેશ્વરો જેના વૈકુંઠ માર્ગની સ્તુતિ કરે છે એવા અંતર્વૃત્તિથી જાણવામા આવતા ભગવાન ગરૂડની પાંખોએ સ્પષ્ટ રીતે ઉચ્ચારાતા સામવેદના મંત્રોને સાંભળતા સાંભળતા સરસ્વતી નદીથી વિંટાયલા બિંદુ સરોવર ઉપર થઇ પોતાના ધામમા પધાર્યા ૩૪ આ પ્રમાણે શુદ્ધ સત્વગુણી ભગવાન ત્યાથી પધાર્યા પછી ભગવાન કર્દમ ઋષિ ભગવાને કહેલા કાળની વાટ જોતા બિંદુ સરોવરમાં રહ્યા. ૩૫ એટલામા મનુ મહારાજા શતરૂપા અને દેવહૂતિ સાથે સુવર્ણના સાજવાળા રથ મા બેસી વર શોધતા શોધતા ત્યા આવ્યા. ૩૬ હે વિદુર! ભગવાને કર્દમ ઋષિને જે દિવસ કહ્યો હતો તે દિવસે શાંત સ્વભાવ-વાળાકર્દમ મુનિના આશ્રમમાં તે આવ્યા.૩૭ શરણે આવેલા પ્રાણી ઉપર કરેલી કૃપાથી અત્યંત ઉભરાઇ જતા ભગવાનના નેત્રોમાથી જે ઠેકાણે અશ્રુઓના બિંદુઓ પડયા હતા તે સ્થાન બિંદુ સરોવર કહેવાય છે. ૩૮ તે બિંદુ સરોવર સરસ્વતી નદીની નજીક આ-વેલું છે મનુષ્યને કલ્યાણકારી પવિત્ર અને અમૃત જેવા મીઠા પાણીથી ભરેલું રહે છે. મહર્ષિગણો તેની સેવા કરે છે. ૩૯ પવિત્ર વૃક્ષોના અને લતાઓના સમૂહોથી તે પરિવૃત્ત છે. એવાં પવિત્ર પશુ પક્ષીઓથી ભરપૂર રહે છે સર્વ ઋતુઓનાં પુષ્પો તથા ફળોથી ભરપૂર રહે છે. વનની શોભાથી શોભી રહે છે ૪૦ મદમત્ત ભમરાઓના ગણોથી મુખર રહે છે મદમત્ત ભમરાઓના વિલાસોથી મનોહર લાગે છે, મદમત્ત મયૂરોરૂપી નટની પેઠે ત્યા નૃત્ય કરે છે મદમત્ત કોયલો ટૌકા કરીને એક બીજાને બોલાવે છે. ૪૧ કદંબ ચંપાઓ આસોપાલવ કરંજ બોરસળી અસન મોગરો મંદાર પુન્નાગ અને આંબાના નાના નાના રોપાઓથી તે સરોવર શોભી રહેલું છે. ૪૨ વળી તે કારંડવ હંસ ટીટોડી જળકુકડી સારસ ચક્રવાક અને ચકોર પક્ષી-ઓના મધુર શબ્દોથી ગાજી રહે છે. ૪૩ તેમજ હરિણો સૂવરો સાહુડીઓ રોઝો હાથીઓ ગોપુચ્છો સિંહો વાનરો નોળીઆઓ અને કસ્તૂરી મૃગોથી ચારે તરફવિંટાયેલું રહે છે. ૪૪ આવા ઉત્તમ તીર્થમાં આદિ રાજા મનુ પુત્રીની સાથે આવ્યા અને બ્રહ્મચર્યના અગ્નિમા હોમ આપીને બેઠેલા કર્દમ ઋષિને મળ્યા. તે ઋષિએ ઘણા કાળ સુધી તપશ્ચર્યા કરી હતી તેથી તેમના શરીરમાં ઉગ્ર યોગ વાસ કરીને રહ્યો હતો, તેમનું શરીર બહુ જ દીપી રહ્યું હતું. ભગવાનના પ્રેમ સહિત કટાક્ષો પડવાથી અને તેનાભાષણ રૂપી ચંદ્રની કળાના અમૃતનુ પાન કરવાથી બહુ દુર્બળ દેખાતા ન હતા. શરીરે ઉન્નત હતા તેમના નેત્રો કમળના જેવાં હતા માથે જટા હતી ફાટેલાં વસ્ત્રો પહેર્યા હતા અને શુદ્ધ ન કરેલા મણિના જેવા મલીન દેખાતા હતા. ૪૭ તે પછી પર્ણશા-ળામાં આવેલા અને સન્મુખમાં પ્રણામ કરતા આદિ રાજાને કર્દમ મુનિએ આશી-ર્વાદ દીધો ને તેમની યોગ્યતા પ્રમાણે પૂજા કરીને સત્કાર કર્યો. ૪૮ તે પછી કર્દમ મુનિ ભગવાનની આજ્ઞા સંભારીને તથા પૂજા સત્કાર ગ્રહણ કરીને સાવધાનતાથી બેઠેલા મનુને પ્રસન્ન કરતા કોમળ અને મધુર વાણીથી આ પ્રમાણે કહેવા લાગ્યા. ૪૯ હે

મહારાજા! આપનું ફરવું સત્પુરૂષોના રક્ષણ અર્થે અને નીચ લોકોના નાશને માટે છે કારણ કે, તમે ભગવાનની પાલન કરનારી શક્તિ છો. હે પ્રભુ! વળી તમે જુદાં જુદાં કાર્ય કરની વખતે સૂર્ય ચન્દ્ર અગ્નિ ઇંદ્ર વાયુ યમ ધર્મ અને વરૂણના રૂપ ધારણ કરો છો એવા શુદ્ધ સત્વગુણી આપ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ૫૧ તમે ઘણા મણિઓથી જડેલા વિજય રથમાં બેશી મહા સેનાને સાથે લઇ પોતાની સેનાના પગથી ખોદાઇ ગયેલા પૃથ્વીના મંડળને કંપાવતા અને રથવડે તથા ધનુષના પ્રચંડ ટંકારવથી દુષ્ટ લોકોને ત્રાસ આપતા સૂર્યની પેઠે જો પૃથ્વી ઉપર ફરો નહિ તો તે જ સમયે હે રાજા! ભગવાને બાંધેલી ચાર આશ્રમની મર્યાદાઓ દુષ્ટ લોકો તોડી નાખે. ૫૪ વળી તમે નિશ્ચિંત થઇને બેશી રહો તો નિરંકુશ એવા લાલચુ લોકોને લીધે અધર્મનો વધારો થાય અને દુષ્ટોથી દુ:ખી થતું આ જગત વિનાશ પામે, ૫૫ માટે આપ સર્વત્ર વિચરો છો તથાપિ હે વીર! હું તમને પૂછું છું કે આપ શા માટે અત્રે પધાર્યા છો. આપ જે કાર્ય માટે આવ્યા હો તે કાર્ય કહો અમે નિષ્કપટ હૃદયથી તે સ્વીકારીશું. ૫૬

अथापि पृच्छे त्वां वीर यदर्थं त्वमिहागत:।
तद्वयं निर्व्यलीकेन प्रतिपद्यामहे हृदा ॥५६॥

इतिश्रीमद्भागवतेमहापुराणेतृतीयस्कंधे
एकविंशोध्याय:

અધ્યાય ૨૨ મો.‡

દેવહૂતિ અને કર્દમનાં લગ્ન.

मैत्रेय उवाच

एवमाविष्कृताशेषगुणकर्मोदयो मुनिम्।
सव्रीड इव तं सम्राडुपारतमुवाच ह ॥१॥

‡ આ બાવીશમા અધ્યાયમાં વિષ્ણુએ કર્દમ મુનિને જે પ્રમાણે કહ્યું હતું, તે પ્રમાણે મનુ મહારાજાએ પોતાની પુત્રી દેવહૂતિના કર્દમની સાથે લગ્ન કર્યાં, એ કથા કહેવાશે

મૈત્રેય કહે છે—આ પ્રમાણે કર્દમે પોતાના સમસ્ત ગુણો અને કર્મોની મહત્તાની સ્તુતિ કરી તે સાંભળીને જાણે લજવાતા હોય તેમ ચક્રવર્તી એવા સ્વાયંભુવ મનુ કર્દમ મુનિને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૧

મનુ બોલ્યા—વેદમય પરમાત્માએ વેદની રક્ષા કરવા માટે જિતેન્દ્રિય તપ વિદ્યા અને યોગાભ્યાસવાળા તમને બ્રાહ્મણ લોકોને પોતાના મુખમાથી ઉત્પન્ન કર્યા છે. તમારી રક્ષા કરવા માટે હજાર ચરણવાળા પરમાત્માએ પોતાના હજારો હાથમાંથી ક્ષત્રિયોને ઉત્પન્ન કર્યા છે. બ્રાહ્મણો પરમાત્માનું હૃદય છે અને ક્ષત્રિયો તેનું અંગ છે, ૩ એટલા માટે બ્રાહ્મણ તથા ક્ષત્રિયો પરસ્પર એક બીજાની રક્ષા કરે છે અને અવિનાશી ને કાર્ય કારણ રૂપ જે પરમાત્મા છે તે બ્રાહ્મણ ક્ષત્રિય બંને જાતિની રક્ષા કરે છે. ૪ હે ભગવન! તમારાં દર્શન કરવાથી મારા સર્વે સંશયો નાશ પામ્યા છે. આપ ભગવાને પ્રેમથી મને રાજધર્મ કહ્યો તે મેં સાંભળ્યો. ૫ વિષયી પુરૂષોને જેના દર્શન દુર્લભ છે એવા આપના મેં ચરણની પવિત્ર રજનો મારા મસ્તકથી સ્પર્શ કર્યો એ પણ બહુ જ સારૂં થયું. ૬ તમે મને ઉપદેશ આપ્યો અને મારા ઉપર મોટો અનુગ્રહ કર્યો એ બહુ સારૂં કર્યું. વળી ઉઘાડા કાનથી તમારી મધુરી વાણી સાંભળી તે પણ બહુ સારૂં થયું ૭ હું પુત્રીના સ્નેહથી મનમાં મુંઝાઉં છું. વળી દીન છું માટે હે મુનિ! આપે કૃપા કરીને મારી વિનતિ સાંભળવી જોઇએ. ૮ આ મારી પુત્રી છે જે પ્રિયવ્રત અને ઉત્તાનપાદની બેન થાય છે, તેનું નામ દેવહૂતિ છે અને તે નાની અવસ્થાવાળા સારા સ્વભાવવાળા તથા ગુણસંપન્ન પતિને શોધે છે. તેણે જ્યારે નારદની પાસેથી તમારા સ્વભાવ વિદ્યા રૂપ અવસ્થા અને ગુણો સાંભળ્યાં ત્યારથી તેણે તમારી સાથે પરણવાનો

નિશ્ચય કર્યો છે. ૧૦ હે બ્રાહ્મણ શ્રેષ્ઠ ! હું આ શ્રદ્ધાથી તમને આપું છું તેને ગ્રહણ કરો. આ કન્યા તમને ગૃહસ્થાશ્રમના સર્વ કર્મમાં સંપૂર્ણ રીતે અનુકૂલ થઇ પડશે. ૧૧ જેણે વિષયનો સંગ ત્યાગ કર્યો હોય તેને પણ જો વિષયો પોતાની મેળે જઇ મળે તો તેણે તેનો અનાદર કરવો જોઇએ નહિ. વિષયાસક્ત પુરૂષને કામનાઓ જઈ મળે તો તેનાથી કેમ ના પાડી શકાય ? ૧૨ વળી જે મનુષ્ય કંઇ આપવાને સામા આવેલાનો અનાદર કરીને પછી કૃપણ મનુષ્યની પાસે યાચના કરે તેનો ઊજ્જવલ યશ નાશ પામે છે અને તેનું માન ઘટી જાય છે ૧૩ હે વિદ્વન ! મારા સાંભળવામા આવ્યું છે કે, તમે વિવાહ કરવા માટે તૈયાર થયા છો તેથી હું તમને મારી કન્યા આપું છુ તેને શાસ્ત્રોક્ત અવધિ પર્યંત બ્રહ્મચર્ય વ્રત પાળનાર આપ ગ્રહણ કરો. ૧૪

કર્દમ બોલ્યા કે–તમારૂ કથન સત્ય છે, મને પરણવાની ઇચ્છા છે અને તમારી પુત્રીનું કયાંહી વાગ્દાન થયું નથી એટલે અમારા બન્નેનો અનુકૂળ એવો આ વિવાહ બહુજ યુક્ત છે. ૧૫ હે રાજા! વેદમાં જે પ્રમાણે કહ્યુ છે તે પ્રમાણે તમારી પુત્રીની કામના પૂર્ણ થશે. વળી જે કન્યા પોતાના શરીરના લાવણ્યથી આભૂષણની કાંતિનો પણ તિરસ્કાર કરે એવી છે તેનો કોણ આદર કરી શકે. ૧૬ વળી નુપુરથી ઝણઝણાટ કરતાં ચરણોથી મનોહર દેખાતી તમારી પુત્રી મહેલની અગાસીમાં દડે રમતી હતી અને તેની દૃષ્ટિ દડામાં લીન હતી તે વખતે વિશ્વાવસુ નામનો ગંધર્વ વિમાનમાં બેસીને આકાશ માર્ગે જતો હતો તે તેને જોઈને મોહ પામ્યો. ૧૭ વળી જે, સ્ત્રીઓમાં રત્ન રૂપ છે જેઓએ લક્ષ્મીનાં ચરણ સેવ્યાં નથી તેઓને જેનાં દર્શન પણ દુર્લભ છે જે મનુની પુત્રી છે અને ઉત્તાનપાદની જે બેન થાય છે એવી ઉત્તમ રાજકન્યા પરણવા માટે સામી આવે તો કયો સમજુ મનુષ્ય તેનો સ્વીકાર ન કરે ? ૧૮ હું તમારી સાથે ધર્મથી બંધાઉ છું કે મારાથી તેને સંતાન થશે ત્યા સુધી હું આ સદ્ગુણી સ્ત્રી સાથે સંસારવ્યવહાર ચલાવીશ, ત્યાર પછી હું સાક્ષાત્ ભગવાને કહેલા અને જ્ઞાનમાં મુખ્ય ગણાતા એવા અહિંસક ધર્મો પાળવાની ઇચ્છા કરીશ. ૧૯ આ વિચિત્ર જગત જેનાથી ઉત્પન્ન થયું છે જેનામાં રહેલું છે તથા અંતે જેમાં લય પામે છે એવા પ્રજાપતિઓના પણ પતિ ભગવાન અનતની આજ્ઞા મને માન્ય છે. ભગવાને મારા જેવાને ત્રણ ઋણ પસ્તાવ્યા પછી સંન્યાસ ગ્રહણ કરવો એમ કહેલું છે. ૨૦

મૈત્રેય કહે છે કે–હે વિદુર ! કર્દમ મુનિ આમ કહી મૌન રહ્યા ને મનમાં પદ્મનાભ એવા ભગવાનનું સ્મરણ કરવા લાગ્યા, તે સમયે મંદ હાસ્યથી શોભતા મુખને જોઇને દેવહૂતિનું મન લલચાયું. ૨૧ પછી પોતાની પટરાણીનો અને પુત્રીનો સ્ફુટ અભિપ્રાય જાણી પ્રસન્ન થયેલા મનુએ અનેક ગુણ સંપન્ન કર્દમ મુનિની સાથે તેના સમાન ગુણવાળી પુત્રીનાં લગ્ન કર્યાં. ૨૨ મહારાણી શતરૂપાએ તે લગ્ન પ્રસંગે વરકન્યા બન્નેને મૂલ્યવાન આભૂષણો વસ્ત્રો અને બીજો ઉપસ્કર પહેરામણીમાં આપ્યો. ૨૩ મનુ રાજા યોગ્ય વરને કન્યા પરણાવવાથી નિશ્ચિંત થયા. તેમને વિદાય કરતી વેળાએ ગળગળા થઇ ગયા, અને ભવિષ્યમાં થનારો પુત્રીનો વિયોગ સહન કરી શકયા નહિ. રડી પડયા અને આંખમાથી વારંવાર ગળતાં અશ્રુઓથી દેવહૂતિનુ મસ્તક ભીનું થયું. મહા મુનિની આજ્ઞા લઈને મનુ સ્ત્રી સાથે રથમાં બેશી રાજ્યનાં સર્વ મનુષ્યોની સાથે પોતાના નગર તરફ પાછા વળ્યા. ૨૬ માર્ગે જતાં જતાં ઋષિમંડળને સુખકારિણી સરસ્વતી નદીના સુંદર

તીર ઉપર આવેલા ક્ષમાવંત ઋષિઓના આશ્રમોનો વૈભવ જોયો. ૨૭ પોતાના રાજા આવે છે એવું સાંભળીને આનંદમા આવેલી બ્રહ્માવર્તની પ્રજા નગરમાથી બહાર નીકળી ગીત ગાતી સ્તુતિ કરતી અને વાદિત્રો વગાડતી સામે ગઇ. ૨૮ બ્રહ્માવર્તમા બર્હિષ્મતી નામની એક પુરી હતી જે સર્વ સંપત્તિથી ભરપૂર તથા જ્યા આગળ યજ્ઞમૂર્તિ વરાહ ભગવાને પોતાનુ શરીર ધ્રુણાવતા તેમાથી રુવાંએ ખરી પડયાં હતા, ૨૯ તે નિત્ય લીલા રંગના દર્ભ અને કાસ નામના તૃણ રૂપે ઉગ્યા હતા અને ઋષિઓએ તે દર્ભોવડે અને કાસોથી યજ્ઞમાં વિઘ્ન કરનારા દૈત્યોનો નાશ કરીને યજ્ઞમૂર્તિ ભગવાનનુ યજન કર્યું હતું. ૩૦ મહાત્મા મનુ રાજાએ પવિત્ર તૃણ પૃથ્વી ઉપર પાથરીને જેની કૃપાથી પોતાને રાજ્ય મળ્યુ હતુ તે યજ્ઞપુરૂષ ભગવાનનું પોતે યજન કર્યું. ૩૧ આવા વભવવાળી બર્હિષ્મતી નામની નગરીમા મનુ મહારાજા સ્ત્રી સહિત પેઠા અને ત્રણે તાપને ટાળનારા પોતાના રાજમહેલમા રહી સ્ત્રી તથા સંતાનોની સાથે ધર્મ, અર્થ અને કામમાં વિરોધ આવે નહિ તેમ સંસારના વભવો ભોગવવા લાગ્યા. ૩૨ પ્રભાતમા નિરંતર દેવના ગવૈયાઓ અપ્સરાઓ સાથે મુનિની ઉત્તમ કીર્તિ ગાતા હતા, તથાપિ તે મુનિ પોતે એકાગ્ર મનવડે ભગવાનની કથા સાભળતા હતા. ૩૩ સ્વાયંભુવ મનુ યોગની સર્વ સિદ્ધિઓ વરેલી હતી છતાં ભગવાન પરાયણ રહેતા હતા. મનુને વિષયો જરા પણ ચલાયમાન કરી શકતા ન હતા. ૩૪ તેમને ભગવાનની કથા સાભળતા ધ્યાન કરતા રચના કરતાં અને કથા કહેતા પોતાના આયુષ્યનો કોઇ પણ પ્રહર નિષ્ફળ જતો નહિ. સર્વ કાળ ભગવત્સ્મરણમા જતો હતો. ૩૫ આવી રીતે ભગવાનની કથાના પ્રસંગથી ત્રણ અવસ્થાનો પરાજય કરનાર સ્વાયંભુવ મનુએ પોતાનો ઇકોતેર યુગ જેટલો સમય ગાળી મુક્યો. ૩૬ હે વિદુર! શરીર સંબંધી દુઃખો માનસિક દુઃખો અંતરિક્ષનાં દુઃખો શત્રુનાં દુઃખો ટાઢ તડકાનાં દુઃખો ભગવાનના ભક્તને કેમ બાધ કરી શકે? મનુ ખરેખર ભગવદ્ભક્ત હતા. ૩૭ સર્વ પ્રાણીઓનું હિત કરનાર મહાત્મા મનુએ મુનિઓના પૂછવા ઉપરથી મનુષ્યોના, વર્ણના અને આશ્રમના અનેક પ્રકારના ધર્મો કહ્યા હતા, ૩૮ એ સ્તુતિ કરવા યોગ્ય આદિ મહારાજાનુ અદ્ભુત ચરિત તમને કહ્યુ. હવે તેમની પુત્રી દેવહૂતિનો મહિમા કહુ તે સાભળો. ૪૯

एतत्ते आदिराजस्य मनोश्चरितमद्भुतम् ॥
वर्णितं वर्णनीयस्य तदपत्योदयं शृणु ॥३९॥

इतिश्रीमद्भागवतेमहापुराणेतृतीयस्कंधे
द्वाविंशोध्यायः

અધ્યાય ૨૩ મો.

દેવહૂતિ ને કર્દમના વિમાનમાં વિહાર.

मैत्रेय उवाच.

पितृभ्यां प्रस्थिते साध्वी पतिमिंगितकोविदा।
नित्यं पर्यचरत्प्रीत्या भवानीव भवं प्रभुम्॥१॥

મૈત્રેય કહે છે કે—માતા પિતાના ગયા પછી પતિવ્રતા પતિના મનના ગઢ અભિપ્રાય જાણનારા દેવહૂતિ પાર્વતી જેમ શંકરને સેવે તેમ પ્રીતિથી પતિની સવા કરવા લાગ્યા. ૧ હે વિદુર ! કામનો કપટનો દ્વેષનો લોભનો દુરાચરણનો અને મદનો ત્યાગ કરી સાવધ ને તત્પર રહીને વિશ્વાસથી પવિત્રતાથી માનથી જિતેંદ્રિય રહી સેવાથી સ્નેહથી ને મધુર વાણીથી મહા તેજસ્વી એવા કર્દમ મુનિને પ્રસન્ન કર્યા. ૩ દેવને પણ એકવાર ફેરવી શકે એવા કર્દમની પાસેથી મોટા વૈભવની ઇચ્છા રાખતા તેમની સેવા કરતા અને ઘણા

* આ અધ્યાયના કર્દમ મુનિએ યોગ વિદ્યાથી બનાવેલા સર્વ સંપત્તિવાળા અને ઇચ્છાનુસાર આકાશના ગમન કરનારા વિમાનમા દેવહૂતિ સાથે જે વિહાર કર્યો તે વર્ણવ્યો

કાળ સુધી નિયમ પાળવાથી અત્યંત દુર્બળ અને શક્તિહીન થયેલા તેમને જોઇ, કર્દમ ખિન્ન થયા અને પ્રીતિથી ગળગળી વાણીએ આમ કહેવા લાગ્યા. ૫

કર્દમ કહે છે કે-હે રાજકન્યા ! સન્માન આપનારી જે તું તેની સેવા અને ભક્તિથી હું પ્રસન્ન થયો છું. મનુષ્યોને પોતાનો દેહ અત્યત પ્રિય હોય છે. તે સુખ ભોગવવાનું સાધન છે. મારે માટે તેં એ દેહને દુર્બળ કરવામા જરાએ કચાસ રાખી નથી. ૬ મે સ્વધર્મમા પરાયણ રહી તપ સમાધિ અને ઉપાસનામા મનની એકાગ્રતાથી દિવ્ય વૈભવો મેળવ્યા છે, તે ભય રહિત અને શોક રહિત વૈભવોને તે પણ મારી સેવા કરીને સ્વાધીન કર્યા છે. હુ તને દિવ્યદૃષ્ટિ આપું છું તેનાથી તુ તે વૈભવોને જો. ૭ આવા મોટા વૈભવોની પાસે ભગવાનની ભ્રુકુટીના ચાલવા માત્રમાં જેની સર્વ રચના નાશ પામે છે એવા બીજા વૈભ વોની તો વાત જ શી કરવી ! તુ પતિવ્રતા-ના પ્રભાવથી સિદ્ધ છે માટે હવે મનુષ્યોને રાજાનુ અભિમાન રાખવા છતા મળવા દુર્લભ એવા દિવ્ય વૈભવોને ભોગવ. ૮ સર્વ યોગ-સિદ્ધિઓમા અને તેની ઉપાસનાઓમા કુશળ એવા પતિને આ પ્રમાણે બોલતા સાભળી તે ચિંતા રહિત થયા અને વિનય તથા પ્રેમથી વિહ્વલ વાણીએ જરા લાજથી મંદ હસતા હસતાં બોલ્યા કે-તમે અમોઘ એવી યોગસિ-દ્ધિના અધિપતિ છો. તમારી પાસે સર્વ વૈભવ છે પરતુ તમે પ્રથમ જેમ ધાર્યુ હતુ તેમ એકવાર મને તમારો પ્રસંગ પટાવો. મહાત્મા પુરૂષોથી સતાન થાય એ સતી સ્ત્રીઓનો મનોરથ હોય છે. ખાનપાન સ્થાન વગેરે સાધનો તૈયાર કરો પછી તમે જેનો કામ જાગ્રત કરેલો છે એવી હું તેનો આ દેહ કૃશ થઈ ગયો છે તેને પ્રફૂલ્લ બનાવો વિહારને યોગ્ય સ્થાન સારૂ પણ વિચાર કરો. ૧૧

મૈત્રેય કહે છે-હે વિદુર ! પછી કર્દમ મુનિએ પત્નીનું પ્રિય કરવાની ઈચ્છાથી યોગસિદ્ધિનો આશ્રય કરી ગગન મંડળમાં ગમન કરનારૂં એક દિવ્ય વિમાન બનાવ્યું. તે સર્વ પ્રકારની કામના પૂરનારૂં બન્યું. દિવ્ય વૈભવવાળું સર્વ જાતનાં રત્નોથી ભર-પૂર ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી સર્વ સમૃદ્ધિઓ-વાળું મણિના સ્તંભોથી શોભતું ૧૩ દિવ્ય વસ્તુઓથી શોભતું સર્વ સમયમાં સુખકારી વિચિત્ર એવી ધ્વજાઓથી તથા મોટી પતાકાઓથી શોભતું હતું. ૧૪ ભમ-રાઓ ગુંજારવ કરતા હતા એવી વિવિધ પુષ્પોની માળાઓથી સુતરાઉ અને રેશમી વસ્ત્રોથી તે શોભાયમાન હતું. ૧૫ તેમાં ઉ-પરા ઉપરી માળો તળાઇવાળા પલંગો પં-ખાઓ અને આસનો ગોઠવેલાં હતાં. ૧૬ વળી તે વિમાનના પ્રત્યેક ખડમાં અનેક પ્રકારની કારીગરી કરેલી હતી તેથી તે બહુજ શોભતું હતું. તેમાં ઈદ્રનીલમણિની ભૂમિ તથા પરવાળાંની બેઠકો હતી. ૧૭ પરવાળાના ઉબરાઓ હતા, હીરા જડેલાં બારણાં હતાં, ઈદ્રનીલમણિથી બનાવેલાં શિખરો ઉપર સોનાના કળશો ચઢાવેલા હતા. ૧૮ હીરાની ભીંતમા જડેલાં ઉત્તમ માણેકો નેત્રની માફક ચળકતાં હતાં, અનેક જાતના ચંદરવા અને મોઘા મૂલનાં સોનાના તોરણો લટકી રહેલાં હતાં. ૧૯ હંસ તથા પારેવાંનાં ટોળાં બનાવટી હંસ ને પારેવાને સજાતીય માની તેમના ઉપર ચઢી ચઢીને શબ્દ કરતાં હતાં. ૨૦ વિહાર કરવાની જગાઓ શયનમંદિરો આગણા અને ઉપવનો તેમાં બનાવેલાં હતાં. વૈભવોથી ભરપૂર તે વિમાન આશ્ચર્ય પમાડે એવું હતું. ૨૧ આવા અલૌકિક વિહાર વિમાનને અયોગ્ય મલિન શરીરને લીધે અને દાસીઓના અભાવને લીધે દેવહૂતિ જરા ખિન્ન જણાયાં એટલે સર્વ પ્રાણીઓના અ-ભિપ્રાયને જાણનાર કર્દમ ઋષિ તેમને કહેવા લાગ્યા કે-તું આ સરોવરમાં સ્નાન કરી

વિમાનમાં બેસ, કારણ કે આ તીર્થ ભગવાને બનાવેલું છે અને તે મનુષ્યોના મનોરથો પૂર્ણ કરે છે. ૨૩ કમળ જેવાં નેત્રવાળાં દેવહૂતિ પતિનું વચન સાંભળી મલીન વસ્ત્રવાળાં ગુંચવાઈ ગયેલા કેશવાળાં મેલથી મલીન થયેલાં અંગવાળાં તેમાં સ્નાન કરવાને ઉતર્યા ૨૫ સરોવરની અંદર એક ઘરમાં હજાર દાસીઓને બેઠેલી તેમણે જોઈ. તે સર્વ કિશોર વયની હતી અને તેમનું શરીર કમળના જેવું સુગંધીદાર હતું. તેઓ દેવહૂતિને જોઇ બે હાથ જોડી એકાએક ઉભી થઈ બોલી કે, અમે તમારી દાસીઓ છીએ. તમે અમને આજ્ઞા કરો. અમે તમારૂં શું કામ કરીએ? ૨૭ હે વિદુર ! તે કન્યાઓએ સુગંધીદાર પાણીથી ને મનસ્વિની સ્ત્રીને નવરાવી અને નિર્મળ તથા નવાં વસ્ત્રો મોંઘા મૂલનાં ગમતાં આભૂષણો સર્વ ગુણવાળું અન્ન અને અમૃતના જેવા મીઠા અને મદ ચઢાવનારા રસો આપ્યા. ૨૯ તે સર્વનો ઉપયોગ કર્યા પછી દેવહૂતિએ દર્પણમાં પોતાના શરીરને જોયું તો પુષ્પની માળાવાળું સ્વચ્છ વસ્ત્રવાળું મંગળસૂચક વેશવાળું અને દાસીઓથી પરિવૃત જોયું. ૩૦ દાસીઓએ શરીરને સારી પેઠે નવરાવ્યું હતું, સ્નાન કરવાથી મસ્તક સ્વચ્છ થયું હતું, શરીર સર્વ પ્રકારનાં આભૂષણોથી શોભતું હતું, નિતંબ ઉપર રત્નોએ જડેલી સુવર્ણની કટિમેખલા મોંઘા મૂલના હારો સુંદર દાંત ભૃકુટી સ્નેહ ભરેલાં કટાક્ષવાળી તથા કમળના કોશની સાથે સ્પર્ધા કરનારી દૃષ્ટિ કાળા કેશો અને બધી શોભા બની રહી હતી. ૩૩ આ પ્રમાણે પોતાનું અલૌકિક સ્વરૂપ જોઇને દેવહૂતિએ પોતાના પ્રિયપતિ ઋષિશ્રેષ્ઠ કર્દમને સંભર્યા એટલામા જ્યાં આગળ તે પ્રજાપતિ ઉભા હતા ત્યાંજ પોતે પેલી દાસીઓ સાથે ખડા થઇ ગયાં. ૩૪ દેવહૂતિ પોતાને પોતાના પતિની સમક્ષમાં હજાર સ્ત્રીઓથી વિંટાયલાં જોઇ આ શું એમ આશ્ચર્યમાં પડી ગયાં. ૩૫ હે વિદુર ! સ્નાન કરીને શુદ્ધ થયેલાં નવ વધૂની પેઠે શોભતાં અલૌકિક મુગ્ધ રૂપને ધારણ કરનારાં હજારો અનુચરોથી સેવાતાં મનોહર વસ્ત્રોવાળાં દેવહૂતિને જોઇ તે પ્રસન્ન થયા, અને તેમને વિમાનમાં બેસાડ્યાં ૩૭ જેની સ્વતંત્રતાનો નાશ થયો નથી એવા પ્રેમવાળા ચંચળ નેત્રવાળી હજાર વિદ્યાધરીઓથી સેવાતા અને પ્રિયાની સાથે વિમાનમાં બેઠેલા કર્દમ આકાશમાં તારાઓથી વિંટાયેલા ઉઘડી ગયેલી કમલિનીના ગણોથી સેવાતા અને મનોહર દેખાતા પૂર્ણ ચંદ્રની પેઠે શોભવા લાગ્યા ૩૮

આ પ્રમાણે વિમાનમાં બેસીને ફરતા સિદ્ધ પુરૂષોથી સ્તુતિ કરાતા અને સ્ત્રીમંડળમા રહેલા કર્દમ મુનિએ કામદેવને ઉત્તેજન આપનારી શીતળ અને સુગંધી પવનથી મનોહર લાગતી ગંગા નદીના ઘોષ પડવાથી જ્યાં આગળ વિચિત્ર શબ્દો થાય છે એવી, આઠ લોકપાળોના વિહાર કરવાના સ્થાનરૂપ મેરૂ પર્વતની ગુફામાં જઇને કુબેરની પેઠે ઘણા કાળ સુધી વિહાર કર્યો. ૩૯ પછી ત્યાંથી આગળ જઇને પ્રિયા ઉપર પ્રેમાસક્ત થયેલા કર્દમમુનિએ વૈશ્રંભક સુરસન નંદન પુષ્પભદ્રક અને ચૈત્રરથ નામના દેવતાઓના ઉદ્યાનોમાં અને માનસ સરોવરમાં વિહાર કર્યો. ૪૦ ઇચ્છાનુસાર આકાશમા ફરનારા જળઝળાટ પ્રકાશમાન મોટા વિમાનમા બેશીને પવનની પેઠે લોકમા ફરતા કર્દમ વિમાનચારી દેવતાઓ કરતાં પણ અધિક થયા. ૪૧ જેઓ સંસારનાં દુઃખોને મટાડનારા પવિત્ર આચરણવાળા શ્રીભગવાનના ચરણનો આશ્રય કરે છે, તે ધીરપુરૂષોને શું દુર્લભ રહે છે? ૪૨ મહાયોગી કર્દમ દ્વીપ ખંડ વગેરે રચનાથી જેટલામા પૃથ્વીનુ મંડળ હતું તે સર્વ અતિ

આશ્ચર્યકારક ભૂમંડળ પોતાની સ્ત્રીને દેખાડીને પાછા પોતાના આશ્રમમાં આવ્યા. ૪૩ પોતાના સ્વરૂપના નવ વિભાગ કરીને સુરક્રીડા કરવાને ઉત્કંઠાવાળાં મનુનાં પુત્રી દેવહૂતિ સાથે બધે ફર્યા. આમ વિહાર કરતાં તેમણે ઘણાં વર્ષોને મુહૂર્તની માફક ગુજાર્યાં ૪૪ તે વિમાનમાં પતિની સાથે રહેલાં દેવહૂતિ ક્રીડામાં કાળ ઘણો વીતી ગયો તે જાણી શકયાં નહિ. ૪૫ આ પ્રમાણે તે સ્ત્રી પુરૂષને યોગસિદ્ધિના પ્રભાવથી ઇચ્છાનુસાર વિહાર કરતાં સો વર્ષ અલ્પ કાળની પેઠે વીતી ગયા, ૪૬ દેવહૂતિને પોતાનું અર્ધ અંગ માનનાર, તેમના સર્વ સંકલ્પને જાણનાર અને આત્મજ્ઞાની એવા વ્યાપક મુનિએ પોતાના નવ સ્વરૂપ કરીને આરાધન કર્યું ૪૭ ત્યાર પછી દેવહૂતિએ એક જ દિવસમાં નવ કન્યાઓને જન્મ આપ્યો. તે સર્વ કન્યાઓ સર્વાંગ સુંદર અને રાતા કમળના કોશ જેવી હતી. ૪૮ આ પ્રમાણે કન્યાઓનો જન્મ થયા પછી મુનિ સંન્યાસ ધારણ કરશે એવું સમજી ઉપરથી ઉપરથી મંદ હસતા પરંતુ મનમાં અત્યંત ગભરાતાં અને ખિન્ન થતા મણિ જેવા નખવડે શોભતા ચરણથી પૃથ્વીને ખોતરતાં મનોહર દેહવાળા દેવહૂતિ નીચું મુખ કરી, આંસુ ખાળી ધીરી મધુર વાણીથી આમ કહેવા લાગ્યાં. હે ભગવન ! આપે મને જે વચન આપ્યું. હતું, તે સર્વ આપે સંપૂર્ણ રીતે પાળ્યું તથાપિ મને શરણાગતને અભય દાન દેવું એ આપને ઉચિત છે. હે બ્રહ્મન! તમારી દીકરીઓને પોતાની મેળે જ પોતાની સમાન પતિ શોધી કાઢવા પડે તે ઠીક નહિ. વળી તમે સંન્યાસ લઇને વનમાં પધારો તે પછી મને જ્ઞાનોપદેશ કરીને શોક દૂર કરવા માટે એક પુત્ર હોવો જોઈએ. ૫૨ હે સ્વામીનાથ ! વિષયોના પ્રસંગમાં મેં પરમાત્મા સંબંધી વિચાર કર્યો નથી અને આટલો બધો કાળ વિષયમાં કાઢયો છે. હવે જે કાળ ગયો તેટલાથી જ બસ છે. ૫૩ 'આપ બ્રહ્મવેત્તા છો,' આવો આપનો મહા પ્રભાવ ન જાણતાં મેં તો કેવળ વિષયસુખમાં આસક્ત થઇને આપનો પ્રસંગ કર્યો છે તથાપિ તે પ્રસંગ હવે મને અભયકારક નીવડે એવી મારી પ્રાર્થના છે. ૫૪ અજ્ઞાનને લીધે પણ જે અસત્પુરૂષનો સંગ કર્યો હોય તો તે સંસારનું કારણ થઇ પડે છે અને સત્પુરૂષોનો સંગ કર્યો હોય તો તે વૈરાગ્યનું કારણ થઇ પડે છે. ૫૫ જે મનુષ્યનું કોઇ કામ ધર્મને માટે ન હોય ધર્મદ્વારા વૈરાગ્યને માટે ન હોય અને વૈરાગ્યદ્વારા ભગવાનની સેવા માટે ન હોય તો તે મનુષ્યને જીવતાં જ મુવો સમજવો. ૫૬ હું ભગવાનની માયાથી ખરેખર અત્યંત છેતરાઇ છું કારણ કે મુક્તિ આપનારા આપને પ્રાપ્ત થયા છતા મેં સંસારનાં જન્મમરણનાં બંધનમાંથી છૂટવાની ઇચ્છા કરી નથી. ૫૭

साहं भगवतो नूनं वंचिता मायया दृढम्।
यस्त्वां विमुक्तिदं प्राप्य न मुमुक्षेय बंधनात्॥

इतिश्रीमद्भागवतेमहापुराणेतृतीयस्कंधे
त्रयोविंशोऽध्यायः

અધ્યાય ૨૪ મો.‡

મહાત્મા કપિલનો જન્મ.

मैत्रेय उवाच

निर्वेदवादिनीमेवं मनोर्दुहितरं मुनिः।
दयालुः शालिनीमाह शुक्लाभिव्याहृतं स्मरन्

મૈત્રેય કહે છે—આ પ્રમાણે ખિન્નતાપૂર્વક બોલતાં પ્રશંસા કરવા યોગ્ય મનુની પુત્રીને દયાળુ મુનિ શુદ્ધ અને સત્વગુણી ભગવાને કહેલું વચન કહેવા લાગ્યા. ૧

ઋષિ કહે છે—હે રાજપુત્રિ ! તમે આ પ્રમાણે ખેદ કર મા, કારણ કે અવિનાશી ભગવાન થોડા દિવસમાં તમારા ગર્ભથી અવતાર લેવાના છે. તમે પતિવ્રતા છો ને તમારૂં

‡ આ અધ્યાયમા કપિલનો જન્મ તથા ત્રણ ઋણમાથી મુક્ત થયા પછી, પુત્ર અને પત્નીની આજ્ઞા લઇને, મુનિએ લીધેલો સન્યાસ કહેવાશે.

કલ્યાણ થાઓ ઇંદ્રિયોના નિગ્રહથી નિયમોથી તપથી ધનનાં દાનોથી શ્રદ્ધાથી ઇશ્વરનું ભજન કરો. કારણ કે, તમારી આરાધનાથી શુદ્ધ સત્વગુણી ભગવાન પુત્રરૂપે અવતરી મારા યશનો વિસ્તાર કરશે અને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરી તમારી દેહાભિમાનજનિત ગાંઠને કાપી નાંખશે. ૪

મૈત્રેય કહે છે—દેવહૂતિએ પ્રજાપતિના વચન ઉપર ઘણા માનથી સારી રીતે વિશ્વાસ રાખીને અવિનાશી તથા સર્વના ગુરૂ એવા પરમ પુરૂષની સેવા કરવા માંડી. ૫ કેટલોક કાળ વીતી ગયા પછી કાષ્ટમાથી જેમ અગ્નિ ઉત્પન્ન થાય તેમ ભગવાન મધુસૂદન દેવહૂતિના ઉદરમાંથી ઉત્પન્ન થયા. ૬ કપિલદેવના જન્મ સમયે આકાશમા વાદિંત્રો વાગ્યા, ગર્જના કરતા મેઘમંડળો પાણી વરસાવવા લાગ્યા ગંધર્વો મહિમા ગાવા લાગ્યા. અપ્સરાઓ હર્ષથી નૃત્ય કરવા લાગી, આકાશમાથી દેવતાઓએ પુષ્પોની વૃષ્ટિ કરી સર્વે દિશાઓ અને પવિત્ર જલાશયો નિર્મળ થઇ ગયાં, મનુષ્યોનાં મન પ્રસન્ન થયાં, અને ભગવાન બ્રહ્મા મરીચિ વગેરે ઋષિઓની સાથે સરસ્વતી નદીથી વિંટાયલા કર્દમના આશ્રમમા ગયા. ૯ હે વિદુર! ભગવાન પરબ્રહ્મ, જેમા તત્વોની ગણતરી છે એવા સાંખ્ય શાસ્ત્રનો વિસ્તાર કરવા શુદ્ધ સત્વગુણના અંશ સાથે ઉત્પન્ન થયા. પછી સ્વતંસિદ્ધ જ્ઞાનવાળા બ્રહ્માએ શુદ્ધ અંતઃકરણથી ભગવાનના કર્તવ્યનો સત્કાર કર્યો અને કર્દમને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૧૧

બ્રહ્મા કહે છે—હે તાત! તેં કપટ વિના મારી સેવા કરી છે કારણ કે હે પુત્ર! તેં મારૂં માન રાખી મારી આજ્ઞાને પાળી છે. ૧૨ પિતાની મોટાઇને લીધે 'બહુ સારૂં તેમ કરીશ,' પિતાના વચનને માન આપવું આટલી તો પુત્રોએ સેવા કરવી જોઇએ જ. ૧૩ હે પુત્ર! તારી આ પુત્રીઓ પોતાના વંશદ્વારા સૃષ્ટિને અનેક પ્રકારે વધારશે. ૧૪ તમે મરીચિ વગેરે મુખ્ય મુખ્ય ઋષિઓને કન્યાના સ્વભાવ પ્રમાણે અને કન્યાની ઇચ્છા પ્રમાણે આજે કન્યાદાન આપો અને જગતમા તમારો યશ ફેલાવો. ૧૫ હે મુનિ! આદિ પુરૂષ ભગવાન કપિલ પોતાની માયાથી પ્રાણીઓની સર્વ કામના પૂરનાર દેહને ધારણ કરીને અવતર્યા છે, તે હિરણ્ય જેવા કેશવાળા કમળ જેવા નેત્રવાળા અને જેનાં ચરણારવિંદમા કમળના ચિહ્ન છે એવા ભગવાન શાસ્ત્રોક્ત જ્ઞાનના ઉપાયથી તથા અપરોક્ષ જ્ઞાનના ઉપાયથી તારા કર્મોની દૃઢતર વાસનાનો નાશ કરશે. ૧૭ હે મનુની પુત્રી! તમારે પેટે અવતરેલા કૈટભ દૈત્યનો નાશ કરનાર કપિલ અવિદ્યારૂપી હૃદયની ગ્રંથિનો ઉચ્છેદ કરી પૃથ્વી ઉપર ફરશે. વળી તે સિદ્ધ પુરૂષોના મંડળનો અધિપતિ થશે. સાંખ્ય શાસ્ત્રના આચાર્યોમા મુખ્ય ગણાશે તમારી કીર્તિ વધારશે અને જગતમાં કપિલ એવા નામથી પ્રસિદ્ધ થશે. ૧૯

મૈત્રેય કહે છે—હે વિદુર! આ પ્રમાણે કર્દમ અને દેવહૂતિ બન્નેનું આશ્વાસન કરી જગતના સ્રષ્ટા બ્રહ્મા હંસ ઉપર ચઢી નારદ અને સનક વગેરે ચાર કુમારોની સાથે સત્યલોકમાં ગયા. પછી બ્રહ્માએ જેમને પ્રેરણા કરી હતી એવા કર્દમે બ્રહ્માના કહેવા પ્રમાણે પ્રજાપતિઓને પુત્રીઓ પરણાવી. ૨૧ મરીચિને કલા નામની પુત્રી પરણાવી અત્રિને અનસૂયા પરણાવી અંગિરાને શ્રદ્ધા પરણાવી પુલસ્ત્યને હવિર્ભૂ પરણાવી. ૨૨ પુલહને યોગ્યતાવાળી ગતિ પરણાવી ક્રતુને સતી એવી ક્રિયા પરણાવી ભૃગુને ખ્યાતિ પરણાવી, વસિષ્ઠને અરૂંધતી પરણાવી ૨૩ અથર્વાને શાંતિ નામની કન્યા પરણાવી જે શાંતિ નામના દેવતાવડે સમૃદ્ધિવાળો યજ્ઞ કરવામાં આવે છે. આ પ્રમાણે ઉત્તમ બ્રાહ્મણોની સાથે પુત્રીઓને પરણાવી પુત્રીઓનો અને જમા-

ઈઓનો સારી રીતે સત્કાર કરી તેમને સં-તુષ્ટ કર્યા. ૨૪ પછી પરણેલા ઋષિઓ કર્દમની આજ્ઞા લઇ હર્ષ પામતા પોતાના આશ્રમ ભણી ગયા. ૨૫ પછી કર્દમ દેવોમાં શ્રેષ્ઠ એવા વિષ્ણુને પોતાને ત્યાં અવતર્યા જાણી એકાંતમાં તેમની પાસે જઇ પ્રણામ કરીને કહેવા લાગ્યા. ૨૬ આ લોકમાં પોતાનાં પાપોથી નરકમાં સડબડતા પ્રાણીઓ ઉપર દેવતાઓ ઘણે કાલે પ્રસન્ન થાય છે. ૨૭ સંન્યાસીઓ એકાંતમાં રહીને ઘણા જન્મે સિદ્ધ થયેલા ઉત્તમ ભક્તોમાં એકાગ્ર મન કરી જે ભગવાનનાં ચરણારવિંદના દર્શન કરવા માટે પ્રયત્ન કરે છે ૨૮ તે ભગવાન આજે મારી લઘુતા ન ગણુગારી સંસારી એવા મારા ઘરમાં અવતર્યા છે. આપ ભકતોના પક્ષનું પોષણ કરનારા છો.૨૯ ભકતોનું માન વધારનારા આપ જ્ઞાનોપદેશ કરવાની ઈચ્છાથી તથા પોતાનું વાકય સત્ય કરવા માટે મારા ઘરમાં અવતર્યા છો. ૩૦ હે ભગવન! તમે પ્રાકૃત રૂપ રહિત છો છતાં તમારાં ચતુર્ભુજ આદિક જે અલૌકિક રૂપો છે તે રૂપો તમને યોગ્ય છે અને તે રૂપો મનુષ્યાકૃતિનાં છતાં તમારા ભકતોને પ્રિય લાગે છે. ૩૧ વિદ્વાનોએ તત્વ જાણુવાની ઇચ્છાથી નિત્ય જેમનાં ચરણ મૂકવાનું પાદપીઠ પ્રણામ કરવા યોગ્ય છે તથા જે ઐશ્વર્ય વૈરાગ્ય યશ જ્ઞાન અને લક્ષ્મીથી પરિપૂર્ણ છે એવા આપને હું શરણે આવ્યો છું. ૩૨ સર્વ શક્તિ તમારા સ્વાધીન હોવાથી તમે પરમેશ્વરરૂપ છો. પ્રકૃતિની મૂર્તિ છો તેના અધિષ્ઠાતા પુરૂષ છો મહત્તત્ત્વરૂપ છો ગુણુને ક્ષોભ કરનારા કાળ મૂર્તિ રૂપ અહંકાર છો લોકરૂપ તથા લોકોના પાલક રૂપ છો. આત્માના અનુભવથી જેને વિષે સર્વ પ્રપંચનો લય થાય છે એવા આપ સર્વજ્ઞ કપિલદેવને હુ શરણે આવ્યો છું. ૩૩ પ્રજાપતિ એવા આપની પાસે આજ્ઞા માગુ છું કે આપના જેવા પુત્રવડે હું ત્રણ જાતના ઋણુમાંથી મુકત થયો છું માટે હવે હું સંન્યાસ ધારણ કરી શોક રહિત થઇ હૃદયમાં તમારૂં ધ્યાન કરતો કરતો પૃથ્વી ઉપર ફરીશ. ૩૪

કપિલે કહ્યુ કે—હે મુનિસત્તમ! વૈદિક તથા લૌકિક સંબંધી મારૂં જે કહેવું છે તે લોકોને માન્ય છે માટે મેં તમને જે વચન આપ્યું હતું તે વચન સત્ય કરવા માટે હું પ્રગટ થયો છું. ૩૫ આ સંસારમાં દુષ્ટ વાસનામાંથી છૂટવાની ઇચ્છા રાખનારાઓને આત્મવિચાર કરવામાં માન્ય ઠરેલાં તત્ત્વોની રચનાનું વ્યાખ્યાન કરવા માટે જગતમાં મારો જન્મ થયો છે. ૩૬ આ આત્મજ્ઞાનનો માર્ગ અનાદિ કાળનો અને ઘણો સૂક્ષ્મ છે ઘણા કાળથી તે ઝાંખો પડી ગયો હતો તે પાછો ચાલુ કરવા માટે મેં આ દેહ ધારણ કર્યો છે, ૩૭ હું તમને જવાની આજ્ઞા આપું છું તમે જાઓ અને હું પણ અહીં રહેવા માટે આપની આજ્ઞા માગું છું. તમે સર્વ કર્મો મારે વિષે અર્પણ કરજો, ને જન્મમરણુમાંથી મુક્ત થઈ સ્વસ્વરૂપને જાણવા માટે મારી સેવા કરજો. ૩૮ તમે જો પોતાના મનથી સર્વ પ્રાણીઓના અંતર્યામી અને સ્વયંપ્રકાશ એવા પરમાત્મા રૂપ મને તમારા પોતાને વિષેજ જોશો તો શોક રહિત થઇને મોક્ષ પામશો. ૩૯ હું મારી માતાને સર્વ કર્મોનો નાશ કરનારી બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરીશ કે જેથી તે જન્મમરણુના ભયથી મુક્ત થાય. ૪૦

મૈત્રેય કહે છે કે—આ પ્રમાણે કપિલ દેવનાં વચન સાંભળી કર્દમ પ્રજાપતિ તેમની પ્રદક્ષિણા કરી વનમાં ગયા૪૧ અને અહિંસા વ્રત ધારણ કરીને આત્મસ્વરૂપ ઉપર નિષ્ઠા રાખી આસક્તિ છોડી દઇ અગ્નિહોત્રનો અને ઘરનો ત્યાગ કરી પૃથ્વી ઉપર ફરવા લાગ્યા. ૪૨ તેમણે કાર્ય કારણુથી પર ગુણુનો પ્રકાશ કરનાર નિર્ગુણ ને એકાગ્ર વૃત્તિથી સાંક્ષાત્કાર

કરેલા એવા પરબ્રહ્મમાં પોતાના મનને જોડયું. ૪૩ અહંતા મમતા ને સુખ દુઃખાદિકથી રહિત થઇ ભેદબુદ્ધિનો ત્યાગ કરી સર્વને પોતાના જેવા જોવા લાગ્યા. શાંત મહા સાગરની પેઠે શાંત થઈ પરમ ભક્તિભાવથી સર્વજ્ઞ અને સર્વમાં આત્મરૂપે રહેલા ભગવાનમાં લીન થઈ સંસારનાં કર્મબંધનોથી મુક્ત થયા. ૪૫ આત્મસ્વરૂપનું જ્ઞાન થયા પછી સર્વ પ્રાણીઓમાં ભગવાન પરમાત્માને તે જોવા લાગ્યા અને પરમાત્મા એવા ભગવાનમાં સર્વ પ્રાણીઓને જોવા લાગ્યા. ૪૬ આ પ્રમાણે ઇચ્છા—દ્વેષથી રહિત થયેલા સર્વત્ર પરબ્રહ્મરૂપે દૃષ્ટિ કરતા અને ભગવાનની ભક્તિ કરતા કર્દમ મુનિ ભગવાનની ગતિને પામ્યા. ૪૭

इच्छाद्वेषविहीनेन सर्वत्र समचेतसा ।
भगवद्भक्तियुक्तेन प्राप्ता भागवती गतिः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेतृतीयस्कंधे
चतुर्विंशोऽध्यायः

અધ્યાય ૨૫ મો.‡

દેવહૂતિને જ્ઞાન જિજ્ઞાસા.

શૌનક ઉવાચ

कपिलस्तत्त्वसंख्याता भगवानात्ममायया ।
जातः स्वयमजः साक्षादात्मप्रज्ञप्तये नृणाम् ॥

શૌનકે પૂછયું કે—હે સૂત! ભગવાન અજન્મા છે તેમ છતા મનુષ્યોને આત્મજ્ઞાન આપવા માયાથી તત્ત્વોની જેમાં ગણતરી છે એવા સાંખ્યશાસ્ત્ર કર્તા કપિલ મુનિ રૂપે અવતર્યા હતા. પુરૂષમાં વૃદ્ધ સર્વ યોગીઓમા શ્રેષ્ઠ ને શ્રવણ કરવાથી વધારે જાણવામાં આવનાર ભગવાનની કીર્તિ સાંભળી છે છતાં મારી ઇંદ્રિયો તૃપ્ત થતી નથી. ૨ તે ઇચ્છાનુસાર દેહને ધારણ કરનાર ભગવાન પોતાની માયાથી જે જે કર્મો કરે છે તે તે પ્રશંસા કરવા યોગ્ય ચરિત્રો મને તમે સંભળાવો. ૩

સૂત બોલ્યા કે—તમે જેમ મને આત્મવિદ્યાનું કથન કરવાની પ્રેરણા કરો છો તેમ વિદુરે વ્યાસના મિત્ર મૈત્રેય ઋષિને અધ્યાત્મવિદ્યા પ્રબોધવા પ્રેર્યા હતા તેથી તેમણે પ્રસન્ન થઇ વિદુરને આ પ્રમાણે કહ્યું હતું.

મૈત્રેય કહે છે—હે વિદુર! પિતા સંન્યાસ લઇને વનમાં ગયા તે પછી માતાનું હિત કરવાની ઇચ્છાને લીધે ભગવાન કપિલદેવ બિંદુ સરોવર ઉપર રહેવા લાગ્યા. ૫ બ્રહ્માનાં વચન સંભારી કર્મના સંબંધથી રહિત તથા તત્ત્વના માર્ગનો પાર દેખાડનારા પોતાના પુત્ર ભગવાન કપિલ જ્યાં બેઠા હતા ત્યાં જઈને દેવહૂતિએ પૂછયું કે—હે વત્સ! દુષ્ટ એવા ઇંદ્રિયોના વિષયોની ઇચ્છાથી હું અત્યંત શ્રમિત થઇ ગઇ છું અને તે વિષયોની સેવા કરતાં કરતાં અજ્ઞાન રૂપી ગાઢ અંધારામાં ડૂબી ગઇ છું. આજે ઘણા જન્મોને અંતે તારા અનુગ્રહથી તરીને પાર જઈ શકાય નહિ એવા ગાઢ અંધારાના પારને પહોંચાડનારૂં તું પુત્ર રૂપી રત્ન મને પ્રાપ્ત થયું છે. ૮ તું આદિ ભગવાન છે મનુષ્યોનો ઇશ્વર છે અને અજ્ઞાનથી આંધળા થયેલા મનુષ્યો માટે સૂર્યની પેઠે એક દૃષ્ટિ રૂપે પ્રગટ થયો છે. ૯ માટે હવે હે પુત્ર! આ દેહમાં 'હું તથા મારૂં' એવો જે ખોટો દુરાગ્રહ બંધાય છે તે દૂર થાય એવું તત્ત્વ મને બતાવ. ૧૦ તું પ્રભુ શરણાગતનું રક્ષણ કરનાર પોતાના દાસના સંસાર રૂપી વૃક્ષને કાપી નાખનાર અને સત્ય ધર્મવેત્તાઓમાં શ્રેષ્ઠ છે. હું પ્રકૃતિ તથા પુરૂષનું સ્વરૂપ જાણવાની ઇચ્છાથી તારે શરણે આવી છું.

મૈત્રેય કહે છે—આ પ્રમાણે પુરૂષોને મોક્ષમાં પ્રીતિ વધારનારી પોતાની માતાની જિજ્ઞાસા જોઇ મનમાં તેને અભિનંદન આપીને આત્મજ્ઞાની સત્પુરૂષોની ગતિ રૂપ

‡ આ અધ્યાયમા સંસારના બંધનમાથી મુક્ત થવા દેવહૂતિ કપિલને પ્રશ્ન પૂછે છે અને કપિલ તેમને ભક્તિનુ લક્ષણ કહે છે

અને જરા હસવાથી જેમનું મુખ શોભતું હતું એવા ભગવાન કપિલદેવ આ પ્રમાણે બોલ્યા.

કપિલ કહે છે—હે માતાજી! આધ્યાત્મિક એટલે બ્રહ્મવિદ્યામાં નિષ્ઠા રાખવાથી પુરૂષોનું કલ્યાણ થાય છે એવો મારો મત છે કારણ કે, બ્રહ્મવિદ્યામાં તમામ દુઃખનો અત્યંત અભાવ રહેલો છે. ૧૨ પૂર્વે સર્વાંગે સંપૂર્ણ એવો બ્રહ્મવિદ્યા સંબંધી ઉપાય સાંભળવાની ઇચ્છાવાળા ઋષિઓને મે જે ઉપાય કહી સંભળાવ્યો હતો તે ઉપાય હે માતાજી! હમણાં તમને પણ કહું છું. મનજ આ જીવને બંધન અને મુકિત આપનારૂં છે એમ શાસ્ત્રકારોએ માનેલું છે. ચિત્ત જો વિષયોમા જાય તો તે બંધનકારક થઇ પડે છે અને પરમાત્માને પરાયણ થાય તો મુકિતદાયક થાય છે. ૧૫ જ્યારે "હું" અને "આ મારૂં" એવા અભિમાનથી થયેલી કામનાના મળોથી મુકત થઇને શુદ્ધ અને સુખ—દુઃખ રહિત સમતાવાળો પુરૂષ થાય છે, ૧૬ ત્યારે જ્ઞાન વૈરાગ્ય અને ભકિતવાળું ચિત્ત પ્રકૃતિથી પર ભેદ રહિત સ્વયંપ્રકાશ સૂક્ષ્મ ઉદાસીન એક સ્વરૂપ અને આત્મસ્વરૂપ પરમાત્માને અખંડ રૂપે જુવે છે. ૧૮ યોગીઓને પરબ્રહ્મની પ્રાપ્તિ માટે સર્વ જગત રૂપ ભગવાનની ભકિત કરવી એજ ઉત્તમ ઉપાય છે એ વિના બીજો કોઈ પણ ઉપાય કલ્યાણકારી નથી જ. ૧૯ વિષયોનો સંગ કરવો, એ તૂટે નહિ એવો આત્માને લાગેલો એક પાશ છે, પરંતુ તે પ્રસંગ જો સાધુઓની સાથે કર્યો હોય તો તે મોક્ષનું દ્વાર છે. ૨૦ સુખ દુઃખ સહન કરનારા દયાશીળ સર્વ પ્રાણીઓની સાથે સ્નેહ રાખનારા શત્રુ વિનાના શાંત શાસ્ત્ર પ્રમાણે વર્તનારા સારો સ્વભાવ એજ ભૂષણ છે એવું માનનારા ૨૧ મારામાં એકાંત ભાવથી દૃઢ ભકિતવાળા મારે માટે સર્વ કર્મનો ત્યાગ કરનારા પોતાનાં મનુષ્યોની સાથે અને બંધુઓની સાથે સ્નેહ નહિ રાખનારા નિત્ય મારી કથા સાંભળનારા મારૂં વર્ણન કરનારા અને મારામાં મનને જોડનારા સત્પુરૂષોને અધ્યાત્મ વગેરે વિવિધ તાપો દુઃખ દેતા નથી. ૨૨ હે માતા! સાધુ પુરૂષો સર્વ પ્રકારના સંગથી મુકત છે, તેમનો સંગ ઇચ્છવા યોગ્ય છે કારણ કે સાધુ પુરૂષો મનુષ્યના વિષય સંગના દોષનો નાશ કરે છે. ૨૪ સત્પુરૂષોના પ્રસંગમાં મારા પરાક્રમને જણાવનારી તથા હૃદય અને કાનને રસાયન રૂપ મારી કથાઓ સાંભળવામાં આવે છે અને તે કથાઓ સાંભળવાથી અવિદ્યાની નિવૃત્તિ થાય છે અને તેથી મળે એવા શ્રીહરિ ઉપર શ્રદ્ધા રતિ અને ભકિત ઉપજે છે. ૨૫ મારી સૃષ્ટિ રચના વગેરે લીલાનું મનન કરવાથી ઉત્પન્ન થયેલી ભકિતથી પુરૂષને ઐહિક તથા પારલૌકિક વિષયોમા વૈરાગ્ય ઉત્પન્ન થાય છે અને પછી તે વૈરાગ્યના ઉપાયથી યોગધારણ કરી યોગના સરલ ઉપાયોથી મનનો નિરોધ કરવાનો પ્રયત્ન થાય છે. ૨૬ વિષયોની સેવા ન કરવાથી વૈરાગ્યવડે વધેલા જ્ઞાનથી યોગથી તથા મારામાં અર્પણ કરેલી ભકિતથી સર્વમાં આત્મારૂપે રહેલા મને મારા ભકતો પામે છે.

દેવહૂતિએ પૂછયું કે—તમારા ઉપર કેવી ભકિત રાખવી? અને હું જે સ્રી જાતિ છું તેણે કેવી ભકિત કરવી કે જે ભકિતથી હું શ્રમ વિના મોક્ષ રૂપ પરમાર્થને પામું. ૨૮ તમને પ્રાપ્ત કરાવનારો જે યોગ તમે મને કહ્યો તે હે નિર્વાણ મૂર્તિ! કેવો અને કેટલાં અંગ વાળો છે? કે જે યોગથી તત્ત્વજ્ઞાન થાય. ૨૯ હે હરિ! આ સર્વ મને સપ્રમાણ કહો, હું અજ્ઞાન સ્રી જાતિ છું. જે ઉપાયથી અને આપના અનુગ્રહ વિના જાણી શકાય નહિ એવા વિષયને સુખથી સમજી શકું. ૩૦

મૈત્રેય કહે છે કે—હે વિદુર! આ પ્રમાણે અભિપ્રાય જાણી પોતે જેમના શરીરમાંથી જનમ્યા હતા એવી માતા ઉપર કપિલને સ્નેહ ઉત્પન્ન થયો અને તેમણે જેમાં તત્ત્વો,

નો અનુક્રમ કહેલો છે અને જેને વિદ્વાનો સાંખ્ય શાસ્ત્ર અથવા પરમાણુનું તત્વ શાસ્ત્ર કહે છે તે સાંખ્ય શાસ્ત્રનું જ્ઞાન ભક્તિનો વિસ્તાર તથા યોગનો વિસ્તાર કહ્યો.૩૧

કપિલદેવ બોલ્યા કે—વિષયો ગ્રહણુ કરવા ઉપરથી જાણુવામાં આવતી અને વેદોક્ત કર્મ કરનારી વિકાર રહિત ઇંદ્રિયોની વૃત્તિને સત્વગુણી ભગવાનમાં આરોપવી તેનું નામ નિર્નિમિત ભક્તિ. તે ભક્તિને સિદ્ધિ કરતાં પણુ શ્રેષ્ઠ સમજવી. જે ભક્તિ જઠરાગ્નિ જેમ ખાધેલા પદાર્થને પચાવે છે તેમ લિંગ શરીરનો નાશ કરે છે, પરંતુ જેઓ મારા ચરણુની સેવામાં પ્રીતિ ધરાવનારા અને મારે માટે જ ક્રિયા કરનારા છે, મારી સાયુજ્ય મુક્તિને ઇચ્છતા નથી પરંતુ તેઓ મારાં પરાક્રમોની પ્રશંસા કરે છે. ૩૪ હે માતાજી! મહાત્મા પુરુષો પ્રસન્ન મુખવાળા રાતા નેત્રવાળા અને વરદાન આપનાર અલૌકિક અને મનોહર એવાં મારાં રૂપોનાં દર્શન કરે છે. તેઓની સાથે મનોહર વાણીથી વાતચીત કરે છે. ૩૫ અને તે જોવા યોગ્ય સુંદર અવયવવાળાં ઉદાર વિલાસ કરનારાં, મનોહર હાસ્ય કરનારાં મધુરતાથી જોનારાં તથા મધુર ભાષણુ કરનારાં રૂપોએ જેના મનને અને પ્રાણુને મુગ્ધ કરી મૂકયા હોય એવા ભક્તજનો મુક્તિની ઇચ્છા કરતા નથી, તોપણુ મારી ભક્તિ તેમને મુક્તિ આપે છે. ૩૬ અવિદ્યા દૂર થયા પછી તેઓ સત્યલોકાદિકમાં મળતી મારી માયાની ભોગ સંપત્તિઓને ભક્તિ કરવાથી તેની પાછળ મળતી અણિમા આદિક આઠ સિદ્ધિઓને તથા વૈકુંઠ લોકની કલ્યાણુકારી સંપત્તિને ઇચ્છતા નથી તેઓ પરમાત્માના વૈકુંઠ લોકમાં સંપત્તિઓને ભોગવે છે. ૩૭ હું જેમને આત્માના જેવો પ્રિય છું પુત્રના જેવો પ્રીતિપાત્ર છું મિત્રના જેવો વિશ્વાસપાત્ર છું ગુરુના જેવો ઉપદેશ કરનારો છું સંબંધીઓના જેવો હિતકારી છું અને ઇષ્ટદેવના જેવો પૂજ્ય છું. આ પ્રમાણે સર્વ ભાવથી જેઓ મારી સેવા કરનારા છે તે ભક્ત પુરૂષો કોઇ દિવસ દુઃખી થતા નથી, તેમ મારૂં કાળચક્ર તેમનો નાશ કરતું નથી. ૩૮ આ લોક તથા પરલોકમાં ગતિ કરનારો દેહ દેહની પાછળ રહેલાં સ્ત્રી પુત્રો ધન પશુઓ અને ઘર સર્વનો બીજા પદાર્થોનો જેઓ ત્યાગ કરીને અનન્ય ભક્તિથી સર્વત્ર વ્યાપક એવા મને ભજે છે, તેઓનો હું સંસારમાંથી ઉદ્ધાર કરૂં છું. ૪૦ હું પ્રકૃતિ તથા પુરૂષનો સ્વામિ છું અને સર્વ પ્રાણીઓનો આત્મા છું. મારો આશ્રય કર્યા વિના સંસારનો તિવ્ર ભય ટળતો નથી. ૪૧ પવન મારા ભયથી વાય છે સૂર્ય મારા ભયથી તપે છે ઇંદ્ર દેવ મારા ભયથી પાણી વરસાવે છે અગ્નિ મારા ભયથી જગતને બાળે છે મૃત્યુ મારા ભયથી જગતમાં ફરે છે. ૪૨ વળી યોગીઓ કલ્યાણુ માટે જ્ઞાન તથા વૈરાગ્ય વાળા ભક્તિયોગથી મારાં સર્વત્ર નિર્ભય ચરણારવિંદનો આશ્રય કરે છે. ૪૩ આ જગતમાં પુરૂષોના કલ્યાણુનો ઉદય કરવાનું સાધન એટલું જ છે કે પુરૂષે તિવ્ર ભક્તિ યોગથી મારામાં મનને અર્પણુ કરીને સ્થિર રહેવું. ૪૪.

एतावानेव कोकेऽस्मिन् पुंसां निश्रेयसोदयः।
तीव्रेण भक्तियोगेन मनो मय्यर्पितं स्थिरम् ॥
इतिश्रीम[illegible]गवतेमहा[illegible]राणेतृतीयस्कंधे
पंचविंशोऽध्यायः

અધ્યાય ૨૬ મો.‡

સાંખ્ય—પદાર્થોની ઉત્પત્તિ.

श्रीभगवानुवाच

अथ ते संप्रवक्ष्यामि तत्त्वानां लक्षणं पृथक्।
यद्विदित्वा विमुच्येत पुरुषः प्राकृतैर्गुणैः॥

ભગવાન બોલ્યા—હે માતુશ્રી ! હવે હું

‡ આ અધ્યાયમા પ્રકૃતિ અને પુરૂષ જુદા છે અને સાખ્ય પ્રમાણે સર્વ પદાર્થોમા ભિન્ન લક્ષણો છે તથા સર્વ પદાર્થો સ્વભાવથી ઉત્પન્ન થાય છે.

તમને જુદાં જુદાં તત્ત્વોનાં લક્ષણો કહીશ જે તત્ત્વોના જ્ઞાનથી પુરૂષ પ્રકૃતિના ગુણોથી મુકત થાય છે. હૃદયની ગાંઠ તોડનારૂં ને આત્માનાં દર્શન કરાવનારૂં જે જ્ઞાન પુરૂષને મોક્ષ આપનારૂં કહેવાય છે તે જ્ઞાન હું તમને કહું છું. ૨ જે આત્મા છે તે પુરૂષ કહેવાય છે અને તે પુરૂષ આદિ રહિત-અનાદિ છે ગુણરહિત છે પ્રકૃતિથી ભિન્ન છે સર્વત્ર વ્યાપક છે સ્વયંજ્યોતિ છે અને તેનાથી આ જગત વ્યાપ્ત થયેલું છે. ૩ સર્વત્ર વ્યાપક પુરૂષે દૈવેચ્છાથી પોતાના પાસે આવેલી સૂક્ષ્મ તથા ત્રણ ગુણવાળી ભગવાનની માયાને રમત માત્રમાં ગ્રહણ કરી. ૪ તે પછી તે પ્રકૃતિને ગુણોથી અનેક પ્રકારની અને ગુણના જેવી જ પ્રજાને સૃજતી જોઈ તે સ્વસ્વરૂપના જ્ઞાનને ઢાંકી દેનારી માયાથી તે પુરૂષ મોહિત થઇ ગયો. ૫ દેહની ઇંદ્રિયો સર્વ કર્મો કરે છે છતાં ઉપર કહ્યા પ્રમાણે પ્રકૃતિના અધ્યાસથી પુરૂષ પોતામા કર્તાપણું માને છે ૬ અને હું કર્તા છું, એવું અભિમાન કરવાથી પોતે અકર્તા છે છતાં કર્મ બ ધનમા પડે છે. પોતે સ્વતંત્ર અને સર્વનો સાક્ષી છતા કર્મ બંધ નથી પરતંત્રતાને પામે છે અને સુખસ્વરૂપ હોવા છતાં જન્મ-મરણ રૂપ સંસારમાં અવતરે છે. ૭ પુરૂષ પોતાને દેહ ઇંદ્રિય અને તેના અધિષ્ઠાતા દેવતા રૂપ માને છે તેનું કારણ માત્ર પ્રકૃતિ જ છે દેહ જડ છે છતાં તે સુખ દુઃખનો ઉપભોગ કરે છે. તે પ્રકૃતિથી પર એવા પુરૂષની સેવા કરે છે. ૮

દેવહૂતિ-હે પુરુષોત્તમ! તમે દેહાભિમાની જીવનું અને તેના કારણભૂત પ્રકૃતિનું લક્ષણ કહ્યું. હવે સ્થૂલ સૂક્ષ્મરૂપ પ્રપંચ જેનું સ્વરૂપ છે એવા જગતને ઉત્પન્ન કરનારા પ્રકૃતિપુરૂષનુ સ્વરૂપ કહો. ૯

કપિલ કહે છે કે-એકરૂપ છતાં સર્વ કાર્યના આશ્રયભૂત મૂળરૂપ અને જે પ્રધાન તત્ત્વ ત્રિગુણાત્મક હોવાથી બ્રહ્મસ્વરૂપ નથી, મહત્તત્ત્વાદિક રૂપ નથી કાલાદિક નથી અને નિત્ય હોવાથી જીવરૂપ પણ નથી. ૧૦ પાંચ પાચ ચાર અને દશ એમ ચોવીશ તત્ત્વોનો સમુદાય તે પ્રકૃતિનું કાર્ય છે. ૧૧ પૃથ્વી પાણી તેજ વાયુ અને આકાશ એ પાંચ મહાભૂતો ને ગંધ રસ રૂપ સ્પર્શ ને શબ્દ એ પાંચ તેની તન્માત્રાઓ ૧૨ કાન ત્વચા નેત્ર જીભ નાક વાણી હાથ પગ ઉપસ્થ ને ગુદા એ દશ ઇંદ્રિયો ૧૩ અને મન બુદ્ધિ અહંકાર ને ચિત્ત એ ચાર અંતઃકરણ મળી બાર ભેદો કલ્પેલા છે. ૧૪ સગુણ બ્રહ્મનો જે વિસ્તાર કહ્યો તે તત્ત્વવેત્તાઓએ પાડેલો છે પ્રકૃતિની અવસ્થા રૂપ કાળ એ પચીશમું તત્ત્વ છે. ૧૫ હે માતા! કાળ ઇશ્વરનો પ્રભાવ છે અને માયાને આધીન થયેલા ને અહંકારથી 'આ દેહરૂપ હું છું, એમ માનનાર મૂર્ખને કાળનો ભય લાગે છે. જેમાં ત્રણ ગુણની સમાનતા છે એવી ભેદરહિત પ્રકૃતિ પણ કાળથી વિકાર પામે છે માટે કાળ મહા સમર્થ છે. કાલાત્મા ભગવાન પોતાની માયાથી સર્વ પ્રાણીઓના દેહમાં જીવરૂપે વ્યાપી રહેલા છે અને બહાર પણ કાળરૂપે રહેલા છે. અદૃષ્ટોથી જેના ગુણો ક્ષોભ પામ્યા હતા એવી પ્રકૃતિમાં ચૈતન્યરૂપી બીજથી પ્રકૃતિએ ઘણા પ્રકારવાળું મહત્તત્ત્વ ઉત્પન્ન થાય છે. મહત્તત્ત્વ લય ને વિક્ષેપ રહિત જગતનો પ્રથમઅંકુર છે તેણે પોતાનામાં સૂક્ષ્મ રૂપે રહેલા અહંકારાદિક પ્રપંચ સમૂહને રચતી વેળાએ પોતાના તેજથી આત્મરૂપને ઢાંકનારા તમો ગુણના ભાગનો નાશ કર્યો. ૨૦ જે સત્વગુણી છે સ્વચ્છ છે રાગદ્વેશ રહિત છે ભગવાનની પ્રાપ્તિ કરાવનારૂં છે તથા જેને વાસુદેવ કહે છે તે ચિત્ત મહત્તત્ત્વનું સ્વરૂપ છે. ૨૧ પૃથ્વીની સાથે સંબંધ થતા પહેલાં પાણીનો સ્વભાવ જેમ સ્વચ્છ મધુર ને શાંત હોય તેમ બીજા પદાર્થોની સાથે સંબંધ થતા પહેલાં ચિત્તની વૃત્તિઓ સ્વચ્છ વિકાર

રહિત ને શાંત હોય છે. ૨૨ પછી ભગવાનની શક્તિથી ઉત્પન્ન થયેલું મહત્તત્ત્વ વિકાર પામતાં તેમાંથી ક્રિયા શક્તિવાળો સાત્વિક રાજસ ને તામસ એમ ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થાય છે. જે અહંકારથી મન ઇંદ્રિયો તેના દેવતાઓ અને પાંચ મહાભૂતો ઉત્પન્ન થયેલાં છે. ૨૪ પાંચ મહાભૂતો ઇંદ્રિયો તેના દેવતાઓ અને મન એ સર્વ તત્ત્વરૂપ અહંકારને ભગવાન સંકર્ષણ કહે છે. ૨૫ ઇંદ્રિયોના દેવતાઓ ઇંદ્રિયોને તેના ગોલકો અથવા તો શાંતતા ભયંકરના અને મૂઢતા એ અહંકારનું સ્વરૂપ છે. ૨૬ તે પછી સાત્વિક અહંકાર વિકાર પામતાં તેમાંથી મન ઉત્પન્ન થાય છે. મનના સંકલ્પ ને વિકલ્પથી કામનાઓ ઉત્પન્ન થાય છે. ૨૭ મન સર્વે ઇંદ્રિયોને સ્વાધીનમાં રાખનારૂં શરદ્ ઋતુના કમળ જેવા શ્યામ રંગનું અને યોગીઓએ ધીરે ધીરે આરાધના કરવા યોગ્ય છે. ૨૮ હે માતા ! રાજસ અહંકાર વિકાર પામતાં તેમાથી બુદ્ધિતત્ત્વ ઉત્પન્ન થાય છે. પદાર્થોનું યથાર્થ જ્ઞાન થવું અને ઇંદ્રિયોને સહાયતા મળવી એ બુદ્ધિનું યથાર્થ સ્વરૂપ છે. ૨૯ સંશય વિપર્યય નિશ્ચય સ્મૃતિ ને નિદ્રા એ સર્વ બુદ્ધિની વૃત્તિઓ છે બુદ્ધિનુ લક્ષણ આવું છે. ૩૦ રાજસ અહંકારમાંથી ક્રિયા શિક્ત વાળો પ્રાણ તથા જ્ઞાન શક્તિવાળી બુદ્ધિ ઉત્પન્ન થાય છે કારણ કે પ્રાણની ક્રિયા શક્તિ છે ને બુદ્ધિની વિજ્ઞાનરૂપ શક્તિ છે. ૩૧ ભગવાનની શક્તિની પ્રેરણાથી તામસ અહંકાર વિકાર પામતાં તેમાથી શબ્દ તન્માત્રાવાળું આકાશ ઉત્પન્ન થયું અને શબ્દને ગ્રહણ કરનારી શ્રોત્ર ઇંદ્રિય ઉત્પન્ન થઇ. ૩૨ શબ્દ અર્થનો વાચક છે ભીંત પાછળ રહીને બોલનારા મનુષ્યની ઓળખાણ કરાવનારો અને આકાશનું સૂક્ષ્મ સ્વરૂપ છે. આ પ્રમાણે વિદ્વાનો શબ્દનું લક્ષણ કહે છે. ૩૩ આકાશ એ સર્વ પ્રાણીઓને અવકાશ આપે છે. બહાર અને અંદર એવા વ્યવહારવાળું ને નાડી આદિકના છિદ્રદ્વારા પ્રાણ ઇંદ્રિયો તથા મનને આશ્રય આપનારૂં છે. આવુ આકાશનું કાર્ય ને લક્ષણ છે. ૩૪ શબ્દ જેનું સૂક્ષ્મ શરીર છે એવું આકાશ કાળનો ગતિવડે વિકાર પામતાં તેમાંથી સ્પર્શ તન્માત્રા થઇ તે પછી વાયુ અને ત્વચા ઉત્પન્ન થયા. ત્વચાદ્વારા સ્પર્શ જ્ઞાન થાય છે, ૩૫ કોમળતા કાઠિન્ય શીતલતા અને ઉષ્ણતા એ સ્પર્શનું સ્વરૂપ છે અને પવનનું સૂક્ષ્મ રૂપ છે. ૩૬ ઝાડ વગેરેની શાખાઓને હલાવવી જુદા પડેલા પદાર્થોને એકઠા કરવા તથા ગંધવાળા પદાર્થોને નાક પ્રત્યે શીતળતા આદિક ગુણવાળા દ્રવ્યને સ્પર્શ પ્રત્યે તથા શબ્દને કાન પ્રત્યે લઇ જવા અને સર્વ ઇંદ્રિયોને તેના કર્મો કરવાનું બળ આપવું એ વાયુનું કર્મ ને લક્ષણ છે. ૩૭ જીવોનાં અદૃષ્ટને લીધે સ્પર્શ જેનું સૂક્ષ્મ રૂપ છે એવો વાયુ વિકાર પામતાં તેમાંથી રૂપ ઉત્પન્ન થયું તેમાંથી તેજ તથા રૂપને ગ્રહણ કરનારી ચક્ષુ ઇંદ્રિય થઇ. ૩૮ હે માતા ! રૂપ જેની તન્માત્રા છે એવા તેજનું કાર્ય તથા લક્ષણ એવું છે કે પદાર્થોને આકાર આપવો. ઘટપટ દ્રવ્યના વિશેષ અર્થને જણાવવો ને દ્રવ્યની પરિણામરૂપે પ્રતીતિ કરવી એ તેનું અસાધારણ લક્ષણ છે. ૩૯ પદાર્થોનો પ્રકાશ કરવો તંદુલાદિકને પકવવા ક્ષુધા પિપાસાદ્વારા ભોજનને પાન કરાવવું ટાઢ દૂર કરવી તથા ભીની વસ્તુને સૂકવવી ઇત્યાદિ તેજની વૃત્તિઓ છે. ૪૦ રૂપ જેનું સૂક્ષ્મ સ્વરૂપ છે એવું તેજ જીવોનાં અદૃષ્ટોથી વિકાર પામતા તેમાંથી રસ માત્રાવાળું જળ ઉત્પન્ન થયું અને રસને ગ્રહણ કરનારી જીભ ઉત્પન્ન થઇ. ૪૧ એ રસ પ્રથમ એકજ હતો પરંતુ પોતાના સંસર્ગી પદાર્થોના વિકારને લીધે કષાય મધુર કડવો તીખો ખાટો તથા ખારો એ પ્રમાણે છ પ્રકારનો થયો. ૪૨ ભીંજાવવું પીંડરૂપે કરવું તૃપ્તિ કરવી જીવા

હવું તૃષાથી થયેલી વિહ્વળતા મટાડવી, કોમળ કરવું તાપને ઘટાડવો કુવા આદિક જળાશયમાંથી ન કાઢવા છતાં વારંવાર બહાર નીકળવું એ સર્વ જળનાં લક્ષણો છે. ૪૩ જીવના અદૃષ્ટની પ્રેરણાથી રસ જેવું સૂક્ષ્મ-રૂપ છે એવું જળ વિકાર પામતાં તેમાંથી ગંધ તન્માત્રા ઉત્પન્ન થઈ અને તેમાંથી પૃથ્વી અને તેમાંથી ગંધને ગ્રહણ કરનારી ઘ્રાણ ઇંન્દ્રિય ઉત્પન્ન થઈ. ૪૪ ગંધ જો કે એકજ છે છતાં સંબંધમાં આવેલા પદાર્થોના ક્ષોભને લીધે મિશ્રિત દુર્ગંધ સુગંધ શાંતગંધ ઉગ્રગંધ વગેરે જુદી જુદી રીતે ભેદ પામેલી છે. ૪૫ બ્રહ્માનું પ્રતિમારૂપે સાકાર પ્રતિપાદન કરવું જલાદિકથી વિલક્ષણ રીતે બીજાના આશ્રયની દરકાર કર્યા વિના સ્વતંત્ર રીતે રહેવું, જલાદિકને ધારણ કરવું, આકાશાદિક પદાર્થોને આ ઘટાકાશ, આ મઠાકાશ એ રીતે માપવાં અને સર્વ પ્રાણીઓને અને તેમના સ્ત્રી પુરૂષ વગેરે ગુણોને પ્રગટ કરવા એ પૃથ્વીનાં મુખ્ય લક્ષણ છે. ૪૬

આકાશનો અસાધારણ ગુણ શબ્દ જેનો વિષય છે, તે શ્રોત્ર વાયુનો અસાધારણ સ્પર્શ છે એ જેનો વિષય છે તે ત્વચા. ૪૭ તેજનો અસાધારણ ગુણ રૂપ છે એ જેનો વિષય છે તે નેત્ર, પાણીનો અસાધારણ ગુણ રસ છે અને તે જેનો વિષય છે તે રસના. પૃથ્વીનો અસાધારણ ગુણ ગંધ છે અને એ જેનો વિષય છે તે ઘ્રાણ કહેવાય છે. ૪૮ કાર્યની પરંપરાએ કારણની સાથે સંબંધ હોવાથી કારણના ગુણો કાર્યમાં જોવામાં આવે છે તેથી આકાશાદિકના શબ્દસ્પર્શ રૂપ રસ વગેરે ગુણો પૃથ્વીમાં જોવામાં આવે છે. આકાશનો મુખ્ય ગુણ શબ્દ છે વાયુનો મુખ્ય ગુણ સ્પર્શ છે તેજનો મુખ્ય ગુણ રૂપ છે અને આકાશની સાથે વાયુને કારણરૂપે સંબંધ હોવાથી તેમાં શબ્દ ગુણ પણ છે. તેજમા મુખ્ય ગુણ રૂપ છે અને ઉપરથી શબ્દ તથા સ્પર્શ બે ગુણો ઉતરી આવ્યા છે. જળમાં મુખ્ય ગુણ રસ છે અને ઉપરથી શબ્દ સ્પર્શ અને રૂપ એ ત્રણ ગુણો આવેલા છે; પૃથ્વીમાં મુખ્ય ગુણ ગંધ છે અને ઉપરથી ચાર ગુણો આવેલા છે. ૪૯ મહત્તત્ત્વ આદિક સર્વ તત્વો એકઠાં થઈને રહેતાં ન હતાં પરંતુ જુદાં જુદાં રહેતાં હતાં. તે પછી જગતના આદિ કારણ ભગવાન શ્રીહરિ કાળ કર્મ તથા ગુણ યુક્ત થઇને તેમાં પેઠા. ૫૦ ઈશ્વરે તેમાં પ્રવેશ કર્યો કે તે સર્વે તત્વો એકઠાં થયાં અને તેમાંથી એક ચેતના વિનાનું ઇંડુ ઉત્પન્ન થયું, જે ઇંડામાંથી વિરાટ પુરૂષ પ્રગટ થયા. ૫૧ તે જળ તેજ વાયુ આકાશ અહંકાર ને મહત્તત્વથી વિંટાઇને રહેલું હતું. ઉપરના ભાગમા પ્રધાન તત્વ વિંટાઈને રહેલું હતું. એ ઇંડામાં શ્રી ભગવાનની મૂર્તિરૂપ ચૌદ ભુવન વિસ્તાર પામીને રહેલાં હતાં. પર મહાદેવ એવા શ્રીહરિ તે જળમાં રહેલા સુવર્ણના ઇંડામાં ઉભા થયા અને ઉદાસીન ભાવ ત્યાગ કરી તે ઇંડા ઉપર પોતાનું બળ અજમાવીને તેમાં તેમણે અનેક કાણાં પાડયાં. ૫૩ પ્રથમ તે ઇંડાને મુખ થયું તે પછી તેને વાણી થઇ અને પછી વાણીરૂપ ઇંદ્રિયની સાથે અગ્નિ દેવ ઉત્પન્ન થયા. ત્યાર પછી તેને નાસિકા ઉત્પન્ન થઇ અને પછી પ્રાણદેવતા સાથે ઘ્રાણ ઇંદ્રિય ઉત્પન્ન થઇ. ૫૪ તે પછી પ્રાણયુક્ત વાયુ ઉત્પન્ન થયો તે પછી બન્ને નેત્રના ગોલકો ઉત્પન્ન થયા અને પછી તેમાં સૂર્ય દેવતા સાથે ચક્ષુ ઇંદ્રિય ઉત્પન્ન થઇ. પછી બે કાન થયા અને તેમાં દિશાના દેવતાઓની સાથે શ્રોત્ર ઇંદ્રિય ઉત્પન્ન થઇ. ૫૫ વિરાટને ત્વચા ઉત્પન્ન થઈ જેનાં રૂવાં દાઢી વાળ ઇંદ્રિયો થઇ અને ઔષધિઓ દેવતા થઇ. તે પછી તેને ઉપસ્થને ગુદા ઉત્પન્ન થયાં તેમાંથી ઇંદ્રિય ને જગતને ભય આપનારો મૃત્યુદેવ ઉત્પન્ન થયો. ૫૭ તે પછી બે બાહુઓ તેની ઇંદ્રિય બળના દેવતાઓ થયા. પછી બે ચર-

ગે ઉત્પન્ન થયા તેમાં ગતિ ઇંદ્રિય થઇ અને તેના દેવતા વિષ્ણુ થયા. ૫૮ પછી નાડીઓ ઉત્પન્ન થઇ તેમાં રુધિરરૂપી ઇંદ્રિયો થઇ અને નદીઓ તેની દેવતા થઇ. પછી પેટ ઉત્પન્ન થયું અને તેની ક્ષુધા તથા તૃષા ઇન્દ્રિયો થઈ અને સમુદ્ર તેના દેવતા બન્યા. પછી હૃદય ઉત્પન્ન થયું તેમાં મનરૂપી ઇન્દ્રિય ઉત્પન્ન થઇ ૬૦ અને મનના દેવતા ચંદ્રમા થયા, તે પછી તેને બુદ્ધિ ઇન્દ્રિય ઉત્પન્ન થઇ અને તેના દેવ બ્રહ્મા થયા. તે પછી અહંકાર પછી ચિત્ત ઇન્દ્રિય થઇ અને તેના દેવતા ક્ષેત્રજ્ઞ થયા. ૬૧

આ પ્રમાણે ઇન્દ્રિયો અને દેવતાઓ ઉત્પન્ન થયા તેમ છતાં પણ તેઓ જ્યારે વિરાટ પુરૂષને ઉઠાડવાને શક્તિમાન થયા નહિ ત્યારે તેમણે વિરાટને ઉઠાડવા અનુક્રમે પોતપોતાની ઇન્દ્રિયોના ગોલકમા પ્રવેશ કર્યો. ૬૨ અગ્નિએ વાણીની સાથે મુખમાં પ્રવેશ કર્યો તોપણ વિરાટ પુરુષ ઉઠયો નહિ વાયુએ ઘ્રાણેંદ્રિયની સાથે નાકમા પ્રવેશ કર્યો તોપણ વિરાટ પુરૂષ ઉઠયો નહિ. ૬૩ સૂર્ય ચક્ષુ ઇન્દ્રિયની સાથે નેત્ર ગોલકમા પ્રવેશ કર્યો તોપણ વિરાટ પુરૂષ ઉઠયો નહિ દિશાઓએ શ્રોત્ર ઇન્દ્રિયની સાથે કાનમા પ્રવેશ કર્યો તોપણ વિરાટ પુરુષ ઉઠયો નહિ. ૬૪ ઔષધિઓએ રુંવા સાથે ત્વચામાં પ્રવેશ કર્યો તોપણ વિરાટ પુરૂષ ઉઠયો નહિ જળે રેતસની સાથે ઉપસ્થમા પ્રવેશ કર્યો તોપણ વિરાટ પુરૂષ ઉઠયો નહિ. ૬૫ મૃત્યુએ અપાન ઇન્દ્રિયની સાથે ગુદામાં પ્રવેશ કર્યો તોપણ વિરાટ પુરુષ ઉઠયો નહિ ઇન્દ્ર બળની સાથે બાહુમા પેઠો તોપણ વિરાટ પુરુષ ઉઠયો નહિ. ૬૬ વિષ્ણુ ગતિની સાથે ચરણમાં પેઠા તોપણ વિરાટ પુરુષ ઉઠયો નહિ તે પછી નદીઓ લોહીની સાથે નાડીમાં પેઠી તોપણ વિરાટ પુરુષ ઉઠયો નહિ. ૬૭ સમુદ્રે ક્ષુધા તૃષા સાથે ઉદરમા પ્રવેશ કર્યો તોપણ વિરાટ પુરૂષ ઉઠયો નહિ પછી ચંદ્રમાએ મન સાથે તેના હૃદયમા પ્રવેશ કર્યો તોપણ વિરાટ પુરૂષ ઉઠયો નહિ. ૬૮ બ્રહ્માએ બુદ્ધિની સાથે તેના હૃદયમા પ્રવેશ કર્યો તોપણ વિરાટ પુરુષ ઉઠયો નહિ રુદ્રે અભિમાન સાથે હૃદયમાં પ્રવેશ કર્યો તોપણ વિરાટ પુરૂષ ઉઠયો નહિ ૬૯ છેવટે ક્ષેત્રજ્ઞે ચિત્તની સાથે તેના હૃદયમાં પ્રવેશ કર્યો ત્યારે વિરાટ પુરૂષ પાણીમાથી ઉભો થયો. ૭૦ નિદ્રાવશ થયેલા પુરૂષને જેમ જીવ વિના પ્રાણ ઇંદ્રિયો મન તથા બુદ્ધિ પોતાના બળથી ઉઠાડી શકતા નથી તેમ ઉપર કહેલા દેવતાઓ ઇંદ્રિયો જીવ વિના વિરાટ પુરૂષને ઉઠાડી શકયા નહિ પરંતુ જીવ આવ્યા પછી વિરાટ પુરૂષ ઉઠયો. ૭૧ ક્ષેત્રજ્ઞ પરમાત્મા આ કાર્ય કારણના સમુદાય રૂપ દેહમા રહેલા છે માટે પરમાત્માની પ્રથમ ભક્તિ કરવી. તેમની ભક્તિ કરવાથી વસ્તુ માત્રમા વૈરાગ્ય થાય છે અને ત્યાર પછી યોગમા બુદ્ધિ થાય છે તેથી ચિત્તની એકાગ્રતા થાય છે અને ચિત્તની એકાગ્રતાથી જે જ્ઞાન થાય છે તે જ્ઞાનવડે સર્વ પદાર્થોનુ વિવેચન કરીને પરમાત્માનું સ્મરણ કરવું. ૭૨

तमस्मिन् प्रत्यगात्मानं
धिया योगप्रवृत्तया ।
भक्त्या विरक्त्या ज्ञानेन
विविच्यात्मनि चिंतयेत्

इतिश्रीमद्भागवतेमहा:पुराणेतृतीयस्कंधे
षड्विंशोध्यायः

અધ્યાય ૨૭ મો.*

પ્રકૃતિ પુરૂષનો વિવેક.

श्रीभगवानुवाच

प्रकृतिस्थोपि पुरुषो नाज्यते प्राकृतैर्गुणैः ।
अविकारादकर्तृत्वान्निर्गुणत्वाज्जलार्कवत् १

કપિલ બોલ્યા કે—હે માતુશ્રી ! પરમાત્મા

* આ અધ્યાયમા ઘણા સાધનોથી પુરૂષ અને પ્રકૃતિનો વિવેક કરી બતાવે છે કે જે વિવેકથી મનુષ્યને મોક્ષ મળે છે.

આ દેહમાં રહેલા છે તોપણ તે નિર્ગુણ હોવાથી અને અકર્તા હોવાથી સર્વ વિકારથી રહિત છે. જળમાં પડતા પ્રતિબિંબ સાથે જેમ સૂર્યને લાગતું વળગતું નથી તેમ પ્રકૃતિના સુખદુઃખાદિક ગુણોથી આત્માને કંઇ લાગતું વળગતું નથી. ૧ જ્યારે પ્રકૃતિના સુખ દુઃખાદિક ગુણોમાં આસક્ત થાય છે ત્યારે જીવ અહંકારથી મૂઢ બની 'હું કર્તા છું' એવું અભિમાન લે છે. ૨ અભિમાનથી પરાધીન થયેલો પુરુષ માયાના સંગમાં કરેલા કર્મના દોષોથી સારી નરતી ને વિવિધ પશુ પક્ષી તથા મનુષ્યાદિની જાતિમાં–જન્મ લઇ સંસારમાં પડે છે અને તે સમયે તેને કોઇ પણ અવસ્થામાં નિવૃત્તિ સુખ મળતું નથી. સંસારના સર્વ પદાર્થો મિથ્યા હોવાથી સંસાર ખોટો છે તોપણ તે મટતો નથી. વિષયનું ધ્યાન કરતાં સ્વપ્નમાં જો કે સર્વ વસ્તુ ખરી નથી હોતી તોપણ મનુષ્યને અનર્થની પ્રાપ્તિ થાય છે તેની માફક આ સંસાર ખોટો હોવા છતાં જીવને અનર્થની પ્રાપ્તિ થાય છે. ૪ સંસારના માર્ગમાંથી મુક્ત થવાની ઇચ્છાવાળા પુરૂષે ઇંદ્રિયોના વિષયરૂપ માર્ગમાં આસક્ત થયેલા ચિત્તને ભક્તિયોગથી અને વૈરાગ્યથી ધીરે ધીરે વશ કરવું જોઇએ. ૫ સમાધિ પ્રાણાયામાદિક યોગ માર્ગોદ્વારા ચિત્તને વારંવાર એકાગ્ર કરવું શ્રદ્ધા સંપન્ન થઇને નિષ્કપટ એવો ભક્તિભાવ રાખવો મારી કથા શ્રવણ કરવી ૬ સર્વ પ્રાણીઓ ઉપર સમદૃષ્ટિ રાખવી વેરનો ત્યાગ કરવો સંગનો ત્યાગ કરવો બ્રહ્મચર્ય પાળવું મૌન રાખવું ઇશ્વરાર્ચન પૂર્વક દૃઢ રહી સ્વધર્મ પાળવો. ૭ પ્રયત્ન વિના જે વસ્તુ મળે તેમાં સંતુષ્ટ રહેવું અલ્પ આહાર કરવો મારૂં મનન કરવું એકાંતવાસ કરવો શાંત રહેવું સર્વ પ્રાણીઓ સાથે સ્નેહભાવ રાખવો કૃપાળુ થવું ધૈર્ય રાખવું. ૮ દેહની પાછળ લાગેલાં સ્ત્રી પુત્ર ઘર વગેરેમાં 'હું અને આ મારૂં' એવી મમતા રાખવી નહિ અને જે જ્ઞાનથી પ્રકૃતિ તથા પુરૂષનું તત્વ જાણવામાં આવે તે જ્ઞાન સંપાદન કરવું. ૯ ઉત્તમ જ્ઞાનવડે બુદ્ધિની જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા દૂર થાય છે. વિષયની ચિંતા નિવૃત્ત થાય છે અને પુરૂષ આત્મદર્શી થઇ નેત્રમા રહેલા સૂર્યદ્વારા જેમ આકાશમાં રહેલા સૂર્યને જુવે તેમ અહંકાર વિશિષ્ટ આત્મદ્વારા શુદ્ધ આત્માનાં દર્શન કરી ૧૦ મિથ્યા ભૂત અહંકારમાંથી સદ્રૂપે ભાસતા નિરૂપાધિક બ્રહ્મને જુવે છે. પરબ્રહ્મ શુદ્ધ છે જીવના સ્વરૂપથી ભિન્ન છે કાર્ય કારણરૂપ પ્રધાનના બંધુ છે તથા મહત્તત્વાદિક કાર્યના પ્રકાશક છે કાર્ય કારણ સર્વમાં ઓતપ્રોત રહેલા છે. અહંકાર વિશિષ્ટ આત્માદ્વારા શુદ્ધ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે એમાં સંશય નથી. જેમ આકાશમાં રહેલા સૂર્યનું પ્રતિબિંબ પાણીમાં પડે છે અને પાણીનું પ્રતિબિંબ ભીંત ઉપર પડે છે ત્યાં ઘરના એક ખુણામાં ઉભેલો પુરૂષ ભીંત ઉપર પડેલા પ્રતિબિંબ ઉપરથી પાણીમાં પડેલા સૂર્યના પ્રતિબિંબને જુવે છે, અને પાણીમાં પડેલા સૂર્યના પ્રતિબિંબ ઉપરથી આકાશમાં રહેલા સત્ય સૂર્યને જુવે છે ૧૨ એવી રીતે જ જેમાં આત્માનું પ્રતિબિંબ પડે છે એવાં દેહ ઇંદ્રિયો તથા મન એ ત્રણથી જેમાં પરમાત્માનું પ્રતિબિંબ પડેલું છે એવો ત્રિગુણાત્મક અહંકાર જોવામાં આવે છે અને બ્રહ્મનો જેમાં આભાસ છે એવા અહંકાર દ્વારા પરમાર્થ જ્ઞાન રૂપ આત્માનાં દર્શન થાય છે. ૧૩ આત્મા જે શુદ્ધ અને પરમાર્થ જ્ઞાનસ્વરૂપ છે, તે સદા અનુભવમાં આવે છે. સુષુપ્તિ અવસ્થામાં નિદ્રાને લીધે પંચ મહાભૂતો તન્માત્રાઓ ઇંદ્રિયો મન ને બુદ્ધિ વગેરે અજ્ઞાનમાં લય પામે છે ત્યારે આત્મા નિદ્રારહિત ને અહંકાર રહિત થઈ પોતાના સ્વરૂપને પામે છે. ૧૪ આત્મા દ્રષ્ટા રૂપે રહે છે અને પોતાની ઉપાધિ રૂપ અહંકારનો નાશ થવાથી પોતાનો નાશ

ન હોવા છતાં પણ જાણે પોતાનો નાશ થયો હોય એમ માને છે. ઉપાધિનો નાશ થવાથી પોતાનો નાશ થવાનું જે જ્ઞાન થવું તે અસંભવિત નથી. જેમ કોઇ ધનવાન મનુષ્ય પોતાનું ધન નાશ પામે ત્યારે પોતાને મરી ગયો માને છે તેમ આત્મા પણ અહંકારનો નાશ થવાથી પોતાનો નાશ થયો હોય એવું માને છે.૧૫ વિવેકી મનુષ્ય ઉપર કહ્યા પ્રમાણે વિચાર કરી સારાસારનું તત્વ ગ્રહણ કરીને પરમાત્માને પામે છે-જે પરમાત્મા કાર્ય કારણના સમુદાય રૂપ આ દેહના પ્રકાશક અને આશ્રયરૂપ છે.

દેવહૂતિએ પૂછયું કે–હે બ્રહ્મન ! પ્રકૃતિ કોઇ પણ વાર પુરૂષ વિના નાના પ્રકારના દેહ ઇંદ્રિય આદિરૂપે પરિણામ પામતી હોય એવું જોવામા આવતું નથી અને પ્રકૃતિ વિના પુરૂષનું સ્વરૂપ પણ જોવામાં આવતું નથી, આમ એક બીજાને એક બીજાનો આશ્રય હોવાથી બન્ને નિત્ય છે એમ કેમ ન કહેવાય ? કારણ કે પ્રકૃતિ કોઇ પણ વાર પુરૂષનો ત્યાગ કરતી નથી. ૧૭ જેમ પૃથ્વી અને ગંધ એક બીજા વિના રહી શકતા નથી અથવા પાણી અને રસ એ બેમાં જેમ એકના અભાવથી બીજાનો અભાવ થઇ જાય છે તેમ પુરૂષ અને પ્રકૃતિ જુદા રહેતા નથી. ૧૮ પ્રકૃતિના દેહાદિક ગુણોનો આશ્રય કરવાથી પુરૂષ અકર્ત્તા હોવા છતા કર્મનુ ફળ પ્રાપ્ત કરે છે તેથી પ્રકૃતિના ગુણો જ્યાં સુધી વિદ્યમાન હોય ત્યાં સુધી પુરૂષ ગુણોમાથી કેવી રીતે મુક્ત થાય ? ૧૯ કોઇ વાર તત્વોનો વિચાર કરવાથી કોઇ પુરૂષને સંસારનો ભય નિવૃત થઈ જાય છે તોપણ તે ભયના કારણભૂત પ્રકૃતિ દૂર ન થવાથી તે જેવો ને તેવોજ ઉભો રહે છે. ૨૦

કપિલ–હે માતાજી ! નિષ્કામ એવો સ્વધર્મ નિર્મળ અંતઃકરણે ઘણા દિવસ સુધી મારી કથા સાંભળવાથી ઉત્પન્ન થયેલી ભક્તિ સ્વસ્વરૂપને દેખાડનારૂં યથાર્થ જ્ઞાન પ્રબળ વૈરાગ્ય તપોયુક્ત વૈરાગ્ય અને ચિત્તની એકાગ્રતા એ સર્વ સાધનોદ્વારા રાત્રિ દિવસ પુરૂષથી પ્રકૃતિ જ્યારે પરાભવ પામે છે ત્યારે ધીરે ધીરે અગ્નિને ઉત્પન્ન કરનારી અરણીની માફક તે અદૃશ્ય થઈ જાય છે. ૨૩ આ પ્રમાણે પ્રકૃતિનો તિરોભાવ થયા પછી ફરીને તે ઉત્પન્ન થતી નથી અને જેનો ભોગ ભોગવી લીધો છે અને નિરંતર જેના ઉપર દોષ દૃષ્ટિ કરીને ત્યાગ કરવામાં આવેલો છે એવી પ્રકૃતિ સ્વતંત્ર અને સ્વસ્વરૂપના આનંદમાં રહેલા પુરૂષનુ અશુભ કરી શકતી નથી. ૨૪ સ્વપ્ન જેમ નિદ્રાવશ થયેલા મનુષ્યને ભ્રમમાં ફેરવે છે પરંતુ જાગ્રત મનુષ્યને સ્વજ્ઞાન સંસ્કારને લીધે સ્મરણમા આવતુ હોય તોપણ મોહિત કરી શકતું નથી, તેમ તત્વવેત્તા ને મારામાં મનને જોડનાર આત્મારામ પુરૂષને પ્રકૃતિ મોહ કરી શકતી નથી. ૨૬ મારો ભક્ત જ્યારે ઘણા જન્મમાં લાંબા કાળસુધી આત્મજ્ઞાનમા તત્પર રહે છે ત્યારે તેને બ્રહ્મલોક સુધીની સર્વ વસ્તુઓ ઉપર વૈરાગ્ય આવે છે અને મારા મોટા પ્રસાદથી તેને આત્માનું જ્ઞાન થાય છે. જ્યારે આત્માનું જ્ઞાન થાય છે ત્યારે તેના સર્વ સંશયો ટળી જાય છે. તે યોગી લિંગ શરીરનો નાશ થતા મોક્ષ નામના અનુપમ આનંદને પામે છે. જ્યાં આગળ જવાથી યોગીને સંસારમાં પાછાં જન્મ મરણ ધારણ કરવા પડતા નથી. ૨૯ હે માતાજી ! યોગથી વૃદ્ધિ પામનારી ને તે વિના વૃદ્ધિ નહિ પામનારી અણિમાદિક અષ્ટ સિદ્ધિઓ તે યોગસિદ્ધ ભક્તને મોહિત કરવા મથે છે તોપણ જો તેનું ચિત્ત તેમા આસક્ત થતું નથી તો તેને મારા સ્વરૂપનાં અવશ્ય પ્રાપ્તિ થાય છે જે પ્રાપ્તિ થવાથી તેની આગળ મૃત્યુનું કંઇ ચાલી શકતું નથી.

यदा न योगोपचितासु चेतो
मायासु सिद्धस्य विसज्जतंग ।

अनन्यहेतुष्वथ मे गतिः
स्यादात्यन्ति ो यत्र न मृत्युहासः ।३०।

इतिश्रीमद्भागवतेमहापुराणेतृतीयस्कंधे
सप्तविंशोध्यायः

અધ્યાય ૨૮ મો†

યોગથી સ્વરૂપ જ્ઞાન.

श्रीभगवानुवाच

योगस्य लक्षणं वक्ष्ये सबीजस्य नृपात्मजे ।
मनो येनैव विधिना प्रसन्नं याति सत्पथम् १

કપિલ કહે છે કે—હે માતાજી ! હવે હુ તમને જેના અનુષ્ઠાનથી મન પ્રસન્ન થઇ સન્માર્ગે જાય છે એવા સબીજ યોગનું લક્ષણ કહું છુ. ૧ શક્તિ પ્રમાણે સ્વધર્મ પાળવો અધર્મથી દૂર રહેવુ દૈવયોગે જે મળે તેટલાથી સંતોષ માનવો આત્મજ્ઞાની પુરૂષોના ચરણોનુ સેવન કરવું ધર્મ અર્થ અને કામના સંબંધી કર્મોમાથી નિવૃત્ત થવુ મોક્ષ ધર્મ ઉપર પ્રીતિ રાખવી અલ્પ આહાર કરવો નિત્ય એકાંતમાં નિર્ભય સ્થાનમા રહેવું ૩ કોઇને પીડા કરવી નહિ સત્ય બોલવુ ચોરી કરવી નહિ પોતાને જેટલું ઉપયોગી હોય તેટલુ ગ્રહણ કરવુ એથી વિશેષ વસ્તુનો સંગ્રહ કરવો નહિ બ્રહ્મચર્ય પાળવું તપશ્ચર્યા કરવી પવિત્ર રહેવું પોતાનો સ્વાધ્યાય કરવો ભગવાનની સેવા કરવી ૪ મૌન રહેવું ઉત્તમ આસનનો અભ્યાસ કરી તેને સાધી સ્થિરતા સંપાદન કરવી ધીરે ધીરે પ્રાણાયામ કરીને પ્રાણનો વિજય કરવો અને મનદ્વારા ઇંદ્રિયોને વિષયોમાંથી ખેંચી લઇ હૃદયમાં લાવવી. ૫ મૂલાધાર વગેરે પ્રાણનાં સ્થાનોમાંથી એકમાં મનની સાથે પ્રાણને ધારણ કરવો ભગવાનની લીલાનું ધ્યાન ધરવું અને મનને બ્રહ્માકાર બનાવવું. ૬ આ પ્રમાણે વ્રતાદિક ઉપાયો કરીને નીચ માર્ગમાં પ્રવૃત થયેલા મનને ધીરે ધીરે બુદ્ધિથી વશ કરવું. પ્રાણાયામથી પ્રાણને વશ કરવો આસનનો ત્યાગ કરવો ૭ અને સ્થિરતાથી બેસવાનો અભ્યાસ કરીને આસનને સાધી લઇ પવિત્ર જગા ઉપર બેસવું. સ્વસ્તિકાસન વાળી ટટાર બેસવુ અને પ્રાણાયામનો અભ્યાસ કરવો. ૮ પૂરક કુંભક અને રેચકથી અથવા તો વિપરીત ક્રમથી એટલે રેચક કુંભક અને પૂરકથી પ્રાણના માર્ગને શુદ્ધ કરવો કે જેથી ચિત્ત સ્થિર થઇ ફરીને ચંચળ થાય નહિ ૯ આ પ્રમાણે પ્રાણનો વિજય કરનાર યોગીનું ચિત્ત અલ્પકાળમાં વાયુથી પ્રદીપ્ત થયેલા અગ્નિથી તપાવેલું સોનું જેમ નિર્મળ થાય તેમ નિર્મળ થાય છે. ૧૦ સમાધિમા ચાર કાર્યો સમાયેલા છે. પ્રાણાયામ ધારણા પ્રત્યાહાર અને ધ્યાન. યોગીએ પ્રાણાયામ કરીને વાત પિત્ત વગેરે દોષોને દૂર કરવા ધારણાથી પાપોનો નાશ કરવો પ્રત્યાહારથી વિષયોની આસક્તિને દૂર કરવી અને ધ્યાનથી રાગદ્વેષાદિક ગુણોનો ત્યાગ કરવો. ૧૧ યોગ સાધનાથી જ્યારે મન નિર્મળ અને સ્થિર થાય ત્યારે નાકની દાંડી ઉપર દૃષ્ટિ રાખી ભગવાનની મૂર્તિનું ધ્યાન ધરવું.

જેનું મુખારવિંદ પ્રસન્ન છે જેનું શરીર કાળા કમળના પત્ર જેવું શ્યામ છે જે પોતાની ચાર ભુજાઓમા શંખ ચક્ર ગદા અને પદ્મ ધારણ કરે છે ૧૩ જેણે શોભાયમાન કમલના તંતુ જેવાં પીળાં રેશમી વસ્ત્ર પહેરેલા છે. જેના વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિન્હ છે જેણે કંઠમા શોભાયમાન કૌસ્તુભમણિ ધારણ કર્યો છે ૧૪ જેણે મદમત્ત ભમરાઓથી ગુંજારવ કરતી વનમાળા પહેરેલી છે, જેણે મોઘા મૂલના હાર કડાં મુગટ બાજુબંધ અને ઝાંઝર પહેરેલાં છે. ૧૫ કંદોરાની શોભાથી જેનો નિતંબ ભાગ શોભી રહેલો છે જે હૃદયમાં રહેલા કમલાસનમાં બિરાજે છે જે અત્યંત દેખાવડા અને શાંત છે જે મનને

† આ અધ્યાયમા યોગ અને તેનુ અનુષ્ઠાન કેવી રીતે કરવાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે તેનુ વિવેચન કરવામા આવેલુ છે

અને નેત્રને આનંદ આપે છે ૧૬ જે ભકતોને મનોહર દર્શન આપે છે અને સર્વ લોકો જેને નિત્ય નમસ્કાર કરે છે જે કિશોવસ્થામાં રહેલા છે જે સેવકો ઉપર અનુગ્રહ કરવા માટે આતુર રહે છે. ૧૭ જેનો યશ કીર્તન કરવા યોગ્ય અને પવિત્ર છે જે બલિ વગેરે પવિત્ર કીર્તિવાળા પુરૂષોની કીર્તિને વધારે છે અને જેની લીલા પ્રેક્ષણીય છે એવા અંતર્યામી ભગવાનનાં ઉભેલાં ચાલતાં બેઠેલાં સુતેલાં અથવા બુદ્ધિમાં વાસ કરનારાં સર્વ સ્વરૂપનું શુદ્ધ ભાવવાળા મનથી જ્યાં સુધી તેમાંથી મન ડગે નહિ ત્યાં સુધી ધ્યાન ધરવું. ૧૯ ભગવાનના સર્વ અવયવોમાં વ્યાપી કહેલું મન 'ભગવાનના રૂપમાં દૃઢતર લાગી રહેલું છે,' એમ જાણ્યા પછી મુનિએ ભગવાનના એક એક અંગમાં મનને જોડવું અને તે તે અંગને સિદ્ધ કરતા જવું. ૨૦ પરંતુ ધ્યાતાએ ધ્યાન ધરતી વેળા પ્રથમ ભગવાનના ચરણારવિંદનું ધ્યાન ધરવું કે જે ચરણારવિંદ વજ્ર અંકુશ ધ્વજા અને કમળના ચિન્હથી લાંછિત છે અને ઉંચા રાતા રંગના શોભતા નખમંડળની પ્રભાથી મહાત્મા જનના હૃદયના અજ્ઞાનનો નાશ કરે છે. ૨૧ જે ધ્યાન કરનારા ભક્તજનોના મનમાં રહેલા પાપરૂપી પર્વત ઉપર વજ્ર તુલ્ય છે એવાં ભગવાનનાં ચરણારવિંદનું ઘણી વાર સુધી ધ્યાન ધરવું. ૨૨ કમળ જેવાં નેત્રવાળા દેવતાઓથી વંદાતાં અને સર્વને ઉત્પન્ન કરનારાં બ્રહ્માનાં માતા લક્ષ્મીજીએ પોતાના સાથળ ઉપર ધારણ કરીને કરપલ્લવની પ્રભાથી લડાવેલા અજન્મા ભગવાનના બે ઘૂંટણનું હૃદયમા ધ્યાન ધરવું ગરૂડ ઉપર બિરાજેલા બળના ભંડારરૂપ સુંદર કાંતિવાળા ભગવાન ની બે સાથળનું ધ્યાન ધરવું. ઘૂંટી સુધી લટકતા પીતાંબરથી ઢંકાયેલા કંદોરાની સેરો સાથે અડકીને રહેલા ભગવાનના નિતંબ પ્રદેશનું ધ્યાન ધરવું. ૨૪ પછી અનેક લોકના સ્થાન રૂપ ઉદર ઉપર રહેલા ભગવાનની નાભીરૂપી ધરોનું ધ્યાન ધરવું કે જે ધરોમાં પૂર્વે સ્વયંભૂ બ્રહ્માના સ્થાનરૂપ સર્વ લોકાત્મક કમળ ઉત્પન્ન થયું હતું સ્વચ્છ હારની કાંતિથી ગૌર દેખાતા ઉત્તમ નીલમણિના જેવા મહા લક્ષ્મીના નિવાસસ્થાન રૂપ પુરૂષોના મનને અને નેત્રને પરમ સુખ આપનાર એવા ભગવાનનાં વક્ષઃસ્થળનું ધ્યાન ધરવું. સર્વ લોકોથી વંદાતા ભગવાનના કંઠનું હૃદયમાં ધ્યાન ધરવું કે જે કંઠ શોભા માટે ધારણ કરેલા કૌસ્તુભમણિને અધિક શોભા આપે છે. ૨૬ સમુદ્રમથન વેળા મંદરાચળ પર્વતના ફરવાથી જેમાં પહેરેલાં કડાં ઘસાઇને ઉજ્જવલ થયેલા છે અને જેમાં લોકપાળો રહે છે એવા ભગવાનના બે બાહુઓનુ ધ્યાન ધરવું. તે પછી અસહ્ય તેજવાળા હજાર આરાવાળા ચક્રનું અને ભગવાનના હસ્તકમળમાં રાજહંસની પેઠે શોભતા શંખનું ધ્યાન કરવું. ૨૭ શત્રુઓના શરીરમાથી ઝરતા લોહીથી રકત ભગવાનની કૌમોદકી ગદાનું ધ્યાન ધરવું ભ્રમરમંડળોના ગુંજારવોથી ગણગણી ઉઠેલી ભગવાનની માયાનુ સ્મરણ કરવું ભગવાનના કંઠમા રહેલા જીવના શુદ્ધ તત્ત્વરૂપ કૌસ્તુભમણિનુ ધ્યાન ધરવું. ૨૮ ધ્યાન કર્યા પછી ભકતોના ઉપર દયાબુદ્ધિથી સાકાર રૂપ ધારણ કરનાર ભગવાનનું મુખારવિંદ કે જેમા ચળકતાં મકરાકાર કુંડળોના ચાલવાથી કપોલનો ભાગ ઉજ્જવલ દેખાય છે ઉન્નત અને સુંદર નાસિકા છે અને મનોહર ભ્રકુટી છે એવા મનમાં પ્રકટ થતા ભગવાનના મુખારવિંદનું સાવધ થઇને ધ્યાન ધરવું, જે મુખારવિંદ શોભાયમાન છે પોતાની શોભાથી ભમરાઓથી સેવાય છે વાંકડીયા કેશના જથાઓથી વિંટાયલું છે અને મનોહર નેત્રવાળું છે તેથી પોતાની શોભાવડે ભમરાઓએ સેવાતાં અને લક્ષ્મીના નિવાસ રૂપ કમળનો તિરસ્કાર કરે છે. ૩૦ અધિક

કૃપાવાળા મહા ભયંકર એવા ત્રણ તાપનો નાશ કરવા માટે નેત્રથી મૂકેલા મંદ હાસ્ય વાળા અને મોટા પ્રસાદવાળા કટાક્ષનું મનમાં ભાવનાથી ધ્યાન ધરવું ૩૧ પ્રણામ કરનાર સર્વ લોકોના તીવ્ર શોકાશ્રુના સાગરનું શોષણ કરનારા શ્રીહરિના મહા ઉદાર હાસ્યનું ધ્યાન ધરવું અને તે પછી મુનિઓને મોહ કરવા માટે પોતાની માયાથી ચઢાવેલાં ભગવાનનાં ભ્રુકુટીમ ડળનું ધ્યાન ધરવું ૩૨ પોતાના હૃદયાકાશમાં જણાયેલા વિષ્ણુ ભગવાનનું પ્રયત્ન વિના ધ્યાનમા આવતું સ્ફુટ હાસ્ય કે જે હાસ્યને લીધે નીચેના ઓષ્ઠની કાંતિ પડવાથી મોગરાની કળિયોના જેવા દેખાતા નાના નાના દાંતોની પંક્તિ રાતી હોય એવી દેખાય છે તેનું ધ્યાન કરવું. પ્રેમ રસથી ભીંની થયેલી ભક્તિથી તેમા જ ચિત્તને પરોવી તેના વિના બીજા કોઇ પણ પદાર્થને જોવાની ઇચ્છા કરવી નહિ. ૩૩

આ પ્રમાણે સબીજ યોગથી ભગવાનના આલંબન યોગથી–ભગવાન શ્રીહરિમા પ્રેમ થાય છે અને તેથી ભક્તિ થાય છે તેને લીધે હૃદય પીગળી જાય છે હર્ષથી રૂવા ઉભાં થાય છે ઉત્કંઠાથી આંખમાં અશ્રુઓ આવી જાય છે ત્યારે ભગવાનને ગ્રહણ કરવામાં માછલાને પકડવાના આંકડાના જેવા ચિત્તને ધીરે ધીરે ભગવાનના ધ્યાનથી ઉતારે છે. ૩૪ જ્યારે મન ભગવાનનું ધ્યાન ધરવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેને કોઇનો આશ્રય રહેતો નથી કારણ કે ચિત્ત ધ્યેયના સંબંધ વિના કેવળ ધ્યાતા થઇ શકતું નથી. આ પ્રમાણે પરમાનંદનો અનુભવ થવાથી ચિત્ત બીજા વિષય ઉપરથી ઉતરી જાય છે અને જેમ દીવાની શિખા તેલ અને દીવેટ વિનાની હોવાથી ઠરી જાય છે તેમ યોગીનું ચિત્ત એકાએક પરબ્રહ્મમાં લય પામે છે. યોગાભ્યાસી પુરૂષ એ અવસ્થામાં દેહાદિકની ઉપાધિરહિત થઇને ધ્યાતા–ધ્યેયના વિભાગ રહિત અખંડ એવા પોતાના આત્માને સર્વમાં વ્યાપ્ત જુવે છે. ૩૫ ભગવદ્ભક્ત યોગી યોગાભ્યાસથી સંપાદન કરેલી અવિદ્યા રહિત અને પાછી ઉત્પન્ન થાય નહિ એવી મનની છેલ્લી નિવૃત્તિથી પુરૂષાર્થ તથા સાંસારિક સુખ દુઃખ રહિત એવા પોતાના પરમાનંદમાં સ્થિતિ કરે છે અને પૂર્વે સુખ દુઃખના હેતુભૂત જે ભોક્તાપણાને જોતો હતો તે પછી પ્રકૃતિના કાર્યરૂપને જાણવાથી અવિદ્યાજન્ય અહંકારમાં ભોક્તાપણું રહેલું છે એવું માને છે. ૩૬ મદિરાના મદથી આંધળો થયેલો પુરૂષ કેડ ઉપર પહેરેલું વસ્ત્ર ખસી ગયું છે કે નથી ખસી ગયું તે જેમ જાણતો નથી તેમ ઉપર કહેલા લક્ષણવાળો સિદ્ધયોગી પ્રારબ્ધ કર્મને લીધે આસન ઉપરથી પોતાનો દેહ ઉઠે છે ઉઠીને બીજે ઠેકાણે જાય છે અને ત્યાંથી ફરીને પાછો સ્થાન ઉપર આવે છે તોપણ કશું જાણતો નથી તે પોતાના સત્ય સ્વરૂપને પ્રાપ્ત થાય છે. ૩૭ દૈવને અધીન રહેલો યોગીનો દેહ જ્યા સુધી પોતાને ઉત્પન્ન કરનારૂં કર્મ હોય ત્યાં સુધી ઇંદ્રિયો જીવે છે પરંતુ તે જ્યારે સમાધિ પર્યંત યોગને સંપાદન કરે છે અને આત્મસ્વરૂપને જાણે છે ત્યારે ફરીને સ્વપ્નના દેહ જેવા પુત્રાદિક સહિત પોતાના દેહને જાણતો નથી, ૩૮ પુરૂષ જેમ સ્નેહને લીધે પોતાના માનેલા પુત્રથી અને ધનથી જુદો છે તેમ પોતાના માનેલા દેહાદિકથી પણ જુદો છે. ૩૯ જેમ અત્યંત અવિવેકીજનો ધુમાડાથી અગ્નિને જુદો જુએ છે તેમ પંચ મહાભૂતાદિકથી ઇંદ્રિયોથી અંતઃકરણથી મહત્તત્વથી દ્રષ્ટા જીવ જુદો છે અને જીવથી પરબ્રહ્મ ભગવાન જુદા છે એમ જુએ છે પરંતુ પરમાત્માથી કોઇ પણ વસ્તુ જુદી નથી ૪૧ સ્થાવર જંગમાત્મક ઘટપટાદિક સર્વ પદાર્થોમાં જેમ પૃથ્વી આદિ પંચ મહાભૂતો જોવામાં આવે છે અને પંચ મહાભૂતોમાં જેમ સર્વ પદાર્થો જોવામાં આવે છે,

તેમ વિદ્વાન મનુષ્યે અભેદ દૃષ્ટિથી સ્થાવર જંગમાત્મક સર્વમાં પોતાના આત્માને જોવો અને પોતાનામાં સર્વ સ્થાવર જંગમાત્મક પંચ મહાભૂતોને જોવાં. ૪૨ અગ્નિ જેમ એક જ છે તોપણ કાષ્ઠના લાંબા ટુંકાપણાને લીધે અનેક પ્રકારનો દેખાય છે તેમ આત્મા એકજ છે તથાપિ પ્રત્યેક દેહના જુદા જુદા ગુણોને લીધે જુદા જુદા સ્વરૂપવાળો જણાય છે. ૪૩ જીવને બંધનકારક વિષ્ણુની શક્તિ રૂપ સત અસતરૂપ તથા જાણવામા આવે નહિ એવી પ્રકૃતિને યોગીઓ ભગવાનની કૃપાથી જીતી લઇ પોતાના સત્ય સ્વરૂપ માં રહે છે. ૪૪

तस्मादिमां स्वां प्रकृतिं दैवीं सदसदात्मिकाम्
दुर्विभाव्यां पराभाव्य स्वरूपेणावतिष्ठते ॥
इतिश्रीमद्भागवतेमहापुराणेतृतीयस्कंधे
अष्टाविंशोध्यायः

અધ્યાય ૨૯ મો.*

ભક્તિ યોગના વિવિધ પ્રકારો.

देवहूतिरुवाच

लक्षणं म[illegible]नां प्रकृतेः पुरुषस्य च
स्वरूपं लक्ष्यतेऽमीषां येन तत्पारमार्थिकम् ॥

દેવહૂતિએ પૂછ્યું કે–હે પુત્ર ! મહદાદિક તત્વનું પ્રકૃતિનું અને પુરૂષનું ખરૂ સ્વરૂપ જેથી જણાય એવું લક્ષણ સાંખ્ય શાસ્ત્રમાં જે પ્રમાણે વર્ણવેલું તે પ્રમાણે તમે મને કહ્યું પરંતુ આ સર્વ કહેવાનું પ્રયોજન ભક્તિયોગ છે માટે હવે મને ભક્તિયોગનો માર્ગ બતાવો. જીવોનો અનેક જાતિમા જન્મ અને મરણ થાય છે ને પણ કહો, કે જે સાભળવાથી મનુષ્યને સર્વ વિષયો ઉપર વૈરાગ્ય આવે ૩ અને બ્રહ્માદિકના નિયંતા મહા પ્રતાપી અને પ્રભુરૂપ કાળનું સ્વરૂપ કહો કે જે કાળના ભયથી લોકો પુણ્ય કર્મ કરે છે ૪ અજ્ઞાનને લીધે દેહાદિકમા અભિમાન રાખનાર કર્મમા આસક્તિ રાખનારી બુદ્ધિથી થાકી ગયેલા અને તેને લીધે સંસારરૂપી ગાઢ અંધારામાં નિદ્રાવશ થયેલા લોકોને જગાડવા યોગનો પ્રકાશ કરનાર સૂર્યરૂપ આપ પ્રગટ થયા છો. ૫ મૈત્રેય કહે છે–હે કુરૂ શ્રેષ્ઠ વિદુરજી ! મહામુનિ કપિલ માતાનાં આવાં વચન સાભળી પ્રસન્ન થયા અને દયાતુર થઈને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૬

કપિલ કહે છે–હે માતાજી ! ઘણા માર્ગોને લીધે ભક્તિ માર્ગ ઘણા પ્રકારનો તેમ સ્વભાવરૂપી સત્વ રજ અને તમની ભિન્ન ભિન્ન વૃત્તિઓથી પુરૂષોના મનમા પૃથકત્વાળો ભાસે છે. પુરૂષોના સંકલ્પો ગુણ પ્રમાણે ભિન્ન ભિન્ન હોય છે. ૭ જેઓ કોઇને પીડા કરવાના વિચારથી અથવા પરનો ઉત્કર્ષ સહન ન થવાથી ક્રોધ કરી ભેદદૃષ્ટિથી પ્રતિમાદિકમાં મારી પૂજા કરે છે તેઓ ત્રણ જાતના તામસી ભકત કહેવાય છે ૮ જેઓ વિષયોની ઇચ્છાથી અથવા તો ઐશ્વર્યની ઇચ્છાથી ભેદ રાખીને પ્રતિમાદિકમાં મારૂં પૂજન કરે છે તેઓ ત્રણ પ્રકારના રજોગુણી ભકત કહેવાય છે. ૯ પાપ નાશ કરવા કર્મો અર્પણ કરીને ઈશ્વરને પ્રસન્ન કરવા ઈશ્વરનુ યજન કરવું જોઇએ તે વિના કર્મા નિષ્ફળ છે. ભેદદૃષ્ટિ રાખીને જેઓ મારી મૂર્તિ વગેરેમા ભક્તિ કરે છે તે ત્રણ પ્રકારના સત્વગુણી ભકત કહેવાય છે. મારા ગુણો સાભળતાજ ગંગાજળની માફક સાગરના તરફ અવિચ્છિન્ન ગતિ થાય છે તેમ સર્વના અંતર્યામી રૂપ જે હું પુરૂષોત્તમ તેમા મનુષ્યના મનની અવિચ્છિન્ન ગતિ થાય છે તેને નિર્ગુણ ભક્તિ સમજવી નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ આ છે. જે ભકિત નિનિમિત અને અસ્ખલિત હોય છે. મારી નિર્ગુણ ભક્તિ કરનાર મનુષ્યો કેવળ મારી ભક્તિ કરવાની ઇચ્છાથી હું તેમને સાલોક્ય સાષ્ટિ સામીપ્ય સારૂપ્ય અને એકત્વ આપું છુ તોપણ તેઓ મારી સેવા વિના બીજું

* આ અધ્યાયમા ભક્તિયોગના વિવિધ પ્રકારો અને વૈરાગ્ય માટે જન્મમરણની કથાઓ કહેવાના

કંઇ પણ લેતા નથી ૧૩ અને તે નિર્ગુણ ભકિતયોગ કહેવાય છે. જે ભકિતયોગથી મનુષ્ય ત્રિગુણાત્મક સંસારનો ત્યાગ કરીને પરબ્રહ્મને પામે છે ૧૪

શ્રદ્ધાદિકની સાથે નિત્ય નૈમિત્તક સ્વધર્મ પાળવો જેમાં બહુ હિંસા ન હોય એવી નિષ્કામ ક્રિયાઓ કરવી મારી પ્રતિમાનાં દર્શન કરવાં તેનો સ્પર્શ કરવો તેની પૂજા કરવી સ્તુતિ કરવી અને પ્રણામ કરવા, પ્રાણી માત્રમા મારી ભાવના કરવી વૈરાગ્ય રાખવો મહાત્મા પુરૂષોને બહુજ માન આપવું દીન ઉપર દયા કરવી પોતાના સમાન સાથે મિત્રતા કરવી યમ–નિયમ પાળવા જ્ઞાન આપનારા શાસ્ત્રો સાંભળવા મારૂ નામ લેવું સરળતા રાખવી અને સાધુ પુરૂષોનો સંગ કરવો ૧૮ આટલા ગુણો ધારણ કરવાથી મારા ભકતનું અંત કરણ સંપૂર્ણ રીતે શુદ્ધ થાય છે અને પુરુષનું શુદ્ધ અંત કરણ મારા ગુણો સાંભળવા માત્રથીજ મારા પ્રત્યે પરિશ્રમ વિના આવે છે ૧૯ પવન જેને એક ઠેકાણેથી બીજે ઠેકાણે ખેંચી જાય છે તે ગંધ જેમ પોતાના સ્થાનકમાથી નાસિકાની પાસે પોતાની મેળે આવે છે તેમ વિકાર રહિત અને ભકિત યોગમા પરાયણ થયેલું મન મારા સ્વરૂપની પાસે આવે છે ૨૦ હું સર્વ પ્રાણીઓમાં સદા અંતર્યામી રૂપે રહેલો છું છતાં મનુષ્ય મારી અવજ્ઞા કરીને મૂર્તિની પૂજા કરે તો તે વ્યર્થ પ્રયત્ન કરે છે એમ જાણવું. ૨૧ હું કે જે સર્વ પ્રાણીઓમાં આત્મારૂપ ઈશ્વરરૂપે રહું છું તેની ઉપેક્ષા કરીને જે મનુષ્ય મૂર્ખત્વથી મૂર્તિમાં મારી પૂજા કરે છે તે રાખમાજ ઘી હોમે છે ૨૨ સર્વના દેહમા રહેનાર જે હું તેનો દ્વેષ કરનાર અભિમાની ભેદદૃષ્ટિવાળા અને પ્રાણીઓની ઉપર વૈર કરનાર મનુષ્યનું ચિત્ત મૂર્તિપૂજા કર્યા છતાં શાંતિ પામતું નથી. ૨૩ હે માતાજી! મનુષ્ય નાના મોટા પદાર્થોની સામગ્રી બનાવી તેનાથી મારી મૂર્તિની સેવા કરતો હોય તોપણ તે જો પ્રાણીઓની નિંદા કરતો હોય તો હું તેના ઉપર પ્રસન્ન થતો નથી. ૨૪ મનુષ્ય જ્યા સુધી સર્વ પ્રાણીઓમાં વાસ કરનારા પરમાત્માને પોતાના હૃદયમાં રહેલા છે એમ જાણતો નથી ત્યાં સુધી તેણે પોતાના વર્ણને અનુસરતાં કર્મો કરીને પ્રતિમા વગેરેમાં ઇશ્વરનું પૂજન કરવું. ૨૫ જે મનુષ્ય પોતામા અને પારકામાં જરા પણ અંતર રાખે છે તે ભેદદૃષ્ટિવાળા મનુષ્યને હું મૃત્યુરૂપે ભયંકર ભય ઉત્પન્ન કરૂં છું. ૨૬ સર્વ પ્રાણીઓમાં અંતર્યામી રૂપે વાસ કરનારો જે હું તેની દાન માન મૈત્રી અને સમદૃષ્ટિથી પૂજા કરવી. હે માતાજી! અચેતન જીવોના કરતા ચેતન જીવો શ્રેષ્ઠ છે તેના કરતા પ્રાણધારી જીવો શ્રેષ્ઠ છે તેના કરતાં ચિત્તની વૃત્તિવાળા જીવો ઉત્તમ છે તેના કરતા ઇંદ્રિયોની વૃત્તિવાળા જીવો ઉત્તમ છે તેઓમાં પણ સ્પર્શ જ્ઞાનવાળા ઉત્તમ છે તેમના કરતાં રસ જાણનારા ઉત્તમ છે તેમના કરતાં ગંધ જાણનારા ઉત્તમ છે, તેમના કરતા શબ્દ જાણનારા ઉત્તમ છે, ૨૯ તેઓમાં પણ રૂપના વિભાગ જાણનારા ઉત્તમ છે. તેમના કરતા બે તરફ દાંતવાળા જીવો ઉત્તમ છે, તેમના કરતાં ઘણા પગવાળા ઉત્તમ છે, તેમના કરતાં ચાર પગાવાળાં શ્રેષ્ઠ છે ને તેઓમા મનુષ્યો શ્રેષ્ઠ છે એમ જાણવું. ૩૦ મનુષ્યોમાં ચાર વર્ણો શ્રેષ્ઠ છે તેઓમાં બ્રાહ્મણો શ્રેષ્ઠ છે, બ્રાહ્મણોમાં પણ વેદ જાણનારો શ્રેષ્ઠ છે અને તેના કરતાં પણ વેદના અર્થને જાણનારા શ્રેષ્ઠ છે ૩૧ અર્થ જાણનારા કરતાં વેદના વાકયોનો અને પદનો અર્થ વિચારીને સંશય ટાળનાર શ્રેષ્ઠ છે. તેના કરતાં પણ સ્વકર્મ કરનારો શ્રેષ્ઠ છે અને તેના કરતાં નિષ્કામ કર્મ કરનારો તથા સર્વનો સંગત્યાગ કરનારો શ્રેષ્ઠ છે. ૩૨ તેના કરતાં જેણે મારે વિષે સર્વ કર્મ તેનાં ફળ તથા દેહ અર્પણ

કર્યો છે તથા જે મારા રૂપ જ છે તે શ્રેષ્ઠ છે. મારામાં દેહને તથા સર્વ કર્મને અર્પણ કર નાર કર્તાપણાના અભિમાનથી રહિત અને સમદૃષ્ટિવાળા પુરૂષ વિના હું બીજા કોઇને પણ ઉત્તમ જોતો નથી.

ભગવાન સર્વ પ્રાણીઓમાં અંતર્યામી તથી વાસ કરીને રહેલા છે એમ જાણીને સૌએ સર્વ પ્રાણીઓને અંતઃકરણ પૂર્વક બહુ માન આપી પ્રણામ કરવા. ૩૪ ભક્તિ યોગ અને અષ્ટાંગયોગ એમ બન્ને યોગ મેં તમને કહ્યા જે બે યોગમાંથી એક યોગ સે વવાથી પુરુષ પરમાત્માને પામે છે ૩૫ સર્વના નિયંતા પ્રકૃતિ પુરુષ રૂપ અને તેના થી ભિન્ન એવા ભગવાન પરબ્રહ્મનું આ રૂપ દૈવ રૂપ કહેવાય છે અને તેની પ્રેરણાથી પ્રા ણીઓ નાના પ્રકારની જાતિઓને પામે છે ૩૭ વસ્તુઓમાં ફેરફાર કરનારું ભગવાનનુ જે દિવ્યરૂપ છે તે કાળ નામનું કહેવાય છે ૩૭ સર્વના આશ્રયભૂત અને યજ્ઞના ફળદાતા જે ભગવાન પ્રાણીઓની અંદર પ્રવેશ કરીને પ્રાણીઓથી જ પ્રાણીઓનો નાશ કરે છે તે સૌને વશ કરનારાઓમા મુખ્ય વિષ્ણુ ભગ વાન કાળ કહેવાય છે. ૩૮ તે કાળમૂર્તિ ભગ- વાનને કોઇ પ્રિય નથી કોઇ શત્રુ નથી તેમ કોઇ બંધુ પણ નથી તે કાળમૂર્તિ ભગવાન સાવધાન થઇને ગાફલ રહેનારા મનુષ્યોમા પ્રવેશ કરી તેમનો નાશ કરે છે. ૩૯ જેના ભયથી પવન વાય છે જેના ભયથી સૂર્ય તપે છે જેના ભયથી તારામંડળ પ્રકાશે છે ૪૦ જેના ભયથી ઔષધિઓની સાથે લતાઓ પોતપોતાના સમય પ્રમાણે પુષ્પો અને ફળો ઉત્પન્ન કરે છે, ૪૧ જેના ભયથી નદી- ઓ પાણી વહે છે, જેના ભયથી મહા સાગર મર્યાદા મૂકતો નથી જેના ભયથી અગ્નિ પ્ર કાશે છે અને જેના ભયથી પૃથ્વી પર્વતોની સાથે સાગરમાં ડુબી ન જતાં ઉપર તરે છે. ૪૨ જે કાળની આજ્ઞાથી આકાશ સર્વ પદા- ર્થોને રહેવાનો અવકાશ આપે છે અને મહ- ત્તત્વ પોતાના દેહને સાત આવરણવાળા લોકરૂપે વિસ્તારે છે. ૪૩ જેમના અધીનમાં આ સ્થાવર જંગમ સર્વ જગત છે એવા બ્રહ્મા વિષ્ણુ અને રૂદ્ર જે કાળના ભયથી વારંવાર જગતની ઉત્પતિ સ્થિતિ અને લયનાં કર્મો કર્યા કરે છે ૪૪ તે કાળ અંતરહિત છે છતાં સર્વનો નાશ કરે છે પોતે અનાદિ છે છતાં સર્વના આદિ કર્તા છે અવિનાશી છે એક પદાર્થથી બીજા પદાર્થોને ઉત્પન્ન કરે છે અને એક મારનારાથી બીજા મારનારનો નાશ કરે છે. ૪૫

सोनंतान्तेकरः कालोऽनादिरादिकृदव्ययः।
जनं जनेन जनयन् मारयन् मृत्युनांतकम्॥
इतिश्रीमद्भागवतेमहापुराणे तृतीयस्कंधे
ऊनत्रिंशोध्यायः

અધ્યાય ૩૦ મો.‡

કામાસકત પુરૂષોની તામસી ગતિ.

कपिल उवाच

तस्यैतस्य जनो नूनं नायं वेदोरुविक्रमम्।
काल्यमानोपि बलिनो वायोरिव घनावलिः॥

કપિલ કહે છે કે—વાદળાંની પંક્તિ જેમ બળવાન વાયુને ગણગારતી નથી તેમ મનુ- ષ્ય બળવાન કાળના પરાક્રમને જાણતો નથી. ૧ દુઃખ સહન કરીને મનુષ્ય જે જે વસ્તુને મેળવે છે તે સર્વનો કાળ નાશ કરે છે અને પછી મનુષ્ય તેનો શોક કરે છે. ૨ સ્ત્રી પુ- ત્રાદિક રહિત આ દેહ નાશવંત હોવા છતાં તેના સંબધમાં આવેલાં ઘર ક્ષેત્ર ધન વગેરે ને દુષ્ટબુદ્ધવાળો મનુષ્ય મોહથી નિત્ય માને છે અને તેનો વિયોગ થતા તેને શોક થાય છે. ૩ આ જગતમાં જીવ જે જાતિમાં અવ- તરે છે તેમાં સુખ માને છે તેથી તેને જન્મ ઉપર અભાવ થતો નથી. ૪ નરકમાં પડયો

‡ આ અધ્યાયમાં દેહપુત્ર સ્ત્રી દેહ વગેરેને લાડ લડાવવામા વ્યાકુળ મનવાળા કામી મનુષ્યોની પાપથી તામસી અધોગતિ થાય છે તે કથા કહેવાય છે

હોય તોપણ જીવ નારકી સુખ મળવાને લીધે તે નારકી દેહ ત્યાગ કરવાની ઇચ્છા કરતો નથી. ૫ દેહ સ્ત્રી પુત્ર ઘર પશુ ધન અને બંધુઓમાં મનની દૃઢ આસક્તિ બંધાવાથી તે પોતાના આત્માને કૃતાર્થ માને છે. ૬ સ્ત્રી પુત્રાદિકના ભરણ પોષણની ચિંતાથી જેનાં સર્વ અંગો બળતાં હોય એવો દુર્બુદ્ધિ મૂઢ મનુષ્ય નિત્ય પાપ કર્મ કર્યા કરે છે. ૭ સ્ત્રીઓ ખરાબ હોવા છતાં તેઓએ એકાંતમાં રચેલી માયાથી ને કાલું કાલું બોલતાં બાળકોનાં મધુર ભાષણોથી પુરૂષનું મન તે સ્ત્રી પુત્રાદિક તરફ ખેંચાય છે. ૮ વળી જેમાં કુડ કપટ રહેલાં છે તથા જેમાં દુઃખો છે એવા ઘરમાં રહેનારો ગૃહસ્થ દુઃખો દૂર કરવાના ઉપાયો કરતો તેમાં સુખ માની લે છે. ૯ બીજાઓને મોટી પીડા કરી ચારે તરફથી ધન સંપાદન કરી તેમનું પોષણ કરે છે, તેમને ખાતાં બાકી રહેલા ઉપર પોતાની આજીવિકા કરે છે અને અંતે તેમનું પોષણ કરતાં પોતે વિપત્તિમાં પડે છે. ૧૦ પોતે આરંભેલી આજીવિકા વારંવાર તૂટી જાય તોપણ લોભવશ થયેલો પુરૂષ શકિત રહિત થઇ પારકા ધનની ઇચ્છા કરે છે. ૧૧ કુટુંબનું ભરણપોષણ કરવાને અશકત થઇ પડેલો પુરૂષ જે જે ઉદ્યમ કરે છે તેમાં નિષ્ફળ જાય છે અને નિરુપાય થતાં તેની બુદ્ધિ નાશ પામે છે. તે પછી તે મનુષ્ય ચિંતા કરતો કરતો નિશ્વાસ નાંખ્યા કરે છે. ૧૨

આ પ્રમાણે જ્યારે પુરૂષ પોતાના કુટુંબનું ભરણપોષણ કરવાને અશક્ત થાય છે ત્યારે ખેડુતો જેમ અશકત થઇ પડેલા ઘરડા બળદને લેખવતા નથી તેમ અશકત થઇ પડેલા પુરૂષને સ્ત્રી પુત્રાદિક પ્રથમના જેવો આદર આપતાં નથી. આટ આટલું થયા છતાં પુરૂષ વૈરાગ્ય પામતો નથી. ઘરડપણને લીધે તેનું રૂપ બગડી જાય છે અને આખરે ઘરમાં પડી રહી મરવાને તૈયાર થાય છે. અશક્ત થઇ પડેલો પુરૂષ અપમાનથી નાંખેલા ટુકડાને કુતરાની પેઠે ખાય છે. રોગથી તેનું શરીર ઘેરાઇ જાય છે. અહાર કરી શકતો નથી અને કામકાજ પણ થોડું થાય છે. ૧૫ વાયુ ઉંચો ચાલવાથી આંખો બહાર નીકળી પડે છે. નાડીઓ કફથી રૂંધાઈ જાય છે શરીર ઉધરસથી અને શ્વાસથી થાકી જાય છે, ગળામાં ખરખરો બોલે છે. ૧૬ આખર કાળ પાશને આધીન થઇ મરણ પથારીએ પડે છે. શોક કરતા સંબંધીઓ તેને વિંટાઇ વળે છે અને બોલાવે છે તોપણ બોલતો નથી. ૧૭ આ પ્રમાણે કુટુંબના ભરણપોષણમાં લાગેલા ઇંદ્રયાધીન મનુષ્યની બુધ્ધિ નાશ પામે છે અને પોતાના કુંટુંબીઓને રડતાં મૂકી મરી જાય છે. ૧૮ તે સમયે યમના નિર્દય દૂતો આવી ક્રોધથી પેલા જીવની તરફ દૃષ્ટિ કરે છે. તે યમના દૂતોને જોઇ ડરી જાય છે તથા તેનાં મળમૂત્ર છૂટી જાય છે. ૧૯ પછી રાજાના સીપાઇઓ જેમ અપરાધીને પકડી લઇ જાય તેમ યમના દૂતો યમલોકની પીડા ભોગવવા તેને નરકમાં નાંખવા પરાણે તેના ગળામાં પાશ નાંખી તેને બાંધીને યમલોકમાં લઇ જાય છે. ૨૦ રસ્તે જતાં યમના દૂતો તેનો તિરસ્કાર કરે છે, તેનું હૃદય ભેદાઈ જાય છે અને તે કંપવા માંડે છે. યમલોકના માર્ગમાં કુતરા તેને ફાડી ખાય છે. તે વખતે તે આતુર થઈ પોતાના પાપને સંભારે છે. ૨૧ માર્ગમાં જીવ ભૂખ તથા તરસથી વ્યાકુળ થઈ જાય છે, ધખધખતી રેતીવાળા માર્ગમાં સૂર્યના તાપથી દાવાનળથી તથા પવનના ઝપાટાથી તે પીડા પામે છે. તેના વાંસામાં ચાબૂકનો માર પડે છે અને તે અશકત થયા છતાં તેને આશ્રય વિનાના અને પાણી વિનાના માર્ગમાં મહા કષ્ટથી ચાલવું પડે છે. ૨૨ માર્ગમાં ચાલતાં ચાલતાં તે જીવ થાકી જાય છે જ્યાં ત્યાં પડી જાય છે મૂર્છિત થાય છે અને ફરીને પાછો ઉભો થાય છે. આ રીતે યમના

દૂતો તે પાપીને તેના અજ્ઞાનને લીધે અંધકારવાળા પાપને માર્ગે યમલોકમાં લઇ જાય છે. ૨૩ યમના દૂતો તે જીવને ત્રણ મુહૂર્તમાં અથવા તો બે મુહૂર્તમાં નવાણુ હજાર યોજનનો માર્ગ ચલાવી આગળ ઘસડી જાય છે અને તે યમલોકમાં રહી ત્યાંનાં દુઃખો ભોગવે છે. ૨૪ યમદૂતો ત્યાં તેના શરીરને લાકડાં ખડકીને સળગાવી દે છે. કોઇ ઠેકાણે પોતે કાપેલું અથવા તો પારકાએ કાપી આપેલું પોતાનું માંસ તેને ખાવું પડે છે. ૨૫ યમ લોકમાં કુતરા અને ગીધ પક્ષીઓ તે જીવતા જીવના શરીરમાંથી આંતરડાંને બહાર ખેંચી કાઢે છે. સર્પ વિંછી મચ્છર વગેરે તેને કરડે છે, ૨૬ તે જીવના શરીરના કડકે કડકા કરવામાં આવે છે. હાથી વગેરેની પાસે દૂતો તેને કચરાવે છે પર્વતનાં શિખરો ઉપરથી નીચે નાંખી દે છે, પાણીમાં ડુબાડે છે ખાડામાં ઉતારીને પૂરે છે. ૨૭ પાપી જીવો તામિસ્ર અંધતામિસ્ર અને રૌરવ વગેરે નરકોમાં પીડા ભોગવે છે કારણ કે તેમને માટે તે દુઃખો નિર્માણ કરેલાં હોય છે. ૨૮ હે માતાજી! સ્વર્ગ તથા નરક આજ લોકમા છે એવું વિદ્વાનો કહે છે અને જે નરકની પીડાઓ છે તે આ-લોકમાં પણ જોવામા આવે છે. ૨૯ કુટુંબનું પોષણ કરનારો અથવા પોતાનું પેટ ભરનારો મનુષ્ય પોતાના દેહને અને કુટુંબને બંનેને આ જગતમાં મૂકી મરણ પામે છે અને પછી કર્મ પ્રમાણે તેનું ફળ ભોગવે છે. ૩૦ જીવ પ્રાણીઓનો દ્રોહ કરી પોષણ કરેલો પોતાનો દેહ આલોકમા ત્યાગ કરી પાપનો પોટલો માથે લઇ માત્ર એકલો જ નરકમાં પડે છે. ૩૧ કુટુંબનું પોષણ કરતા દૈવને લીધે આવી મળેલા પાપને ભોગવે છે અને નિર્ધન થઇ પડેલા મનુષ્યની માફક દુઃખી થાય છે, માટે જે જીવ કેવળ અધર્મથી પોતાના કુટુંબનું ભરણ પોષણ કરવાની ઉત્કંઠા ધરાવે તે જીવ અંધતામિસ્ર નામના છેલ્લા નરકમાં પડે છે. ૩૩ ત્યાં નરકમાં જેટલી નરકની પીડાઓ છે તે પીડાઓ અનુક્રમે ભોગવી પવિત્ર થઇને પાછો મનુષ્ય લોકમાં આવે છે. ૩૪

अधस्तान्नरलोकस्य यावतीर्यातनादयः।
क्रमशः समनुक्रम्य पुनरत्राव्रजेच्छुचिः ३४

इतिश्रीमद्भागवतेमहापुराणेतृतीयस्कंधे
त्रिंशोध्यायः

અધ્યાય ૩૧ મો.‡

ગર્ભવાસની યાતના.

श्रीभगवानुवाच:

कर्मणा दैवनेत्रेण जंतुर्देहोपपत्तये।
स्त्रियाःप्रविष्ट उदरं पुंसो रेतःकणाश्रयः १

કપિલ કહે છે કે—હે માતા! ઇશ્વરે પ્રેરલા પૂર્વ જન્મના કર્મને લીધે જીવ શરીર ધારણ કરવા ગર્ભવાસને પ્રાપ્ત થાય છે ૧ અને ત્યાં આગળ એક રાત્રિ વીત્યા પછી તે લોહીની સાથે મળીને કણ રૂપ થાય છે. પાંચ રાત્રિ પછી પરપોટા જેવો થાય છે દસ દિવસ પછી બોરના જેવી માંસની પેસી બંધાય છે અને તે જો પક્ષી વગેરેમાં હોય તો તેનું ઇંડુ બંધાય છે. ૨ એક મહિને માથું બે મહિના પછી હાથ પગ ત્રણ મહિને નખ રૂંવાં મર્મસ્થળ આદિ ઉત્પન્ન થાય છે. ચાર મહિને સાત ધાતુઓ બધાંય છે પાંચ મહિને તેને ભૂખ તરસ લાગવા માંડે છે, છ મહિને જીવ ઓરથી વિંટાઇ પેટની જમણી કુખમાં ફરકવા માંડે છે અને માતાએ ખાધેલા અન્નોથી ને રસોથી તેની ધાતુઓમાં વધારો થાય છે. જીવ જેમા અસંખ્યાત જીવડા હોય એવા અને અરુચિ ઉત્પન્ન કરનાર વિષ્ઠા ને મૂત્રના ખાડામાં સૂઈ રહે છે, ૫ તેનું શરીર કોમળ હોવાથી શરીરમાં રહેનાર ભૂખ્યા કીડા ચટકા મારી તેના શરીરને છીદ્ર પાડી નાખે છે. તે વારંવાર મહા દુઃખી થાય છે. ૬ માતાના

‡ આ અધ્યાયમા જીવનો આ લોકમા મનુષ્યાવતાર રૂપી રીતે ગુણી અવતાર થાય છે એ કથા કહેવાશે.

આવામાં આવતા કડવા તીખા ઉના ખારા લુખા અને ખાટા વગેરે ઉગ્ર પદાર્થો અડક વાથી જીવના આખા શરીરમાં પીડા થાય છે. ૭ જીવ ઉપરના ભાગમા ઓરથી ને આંતરડાંથી વિંટાયલો હોય છે તથા તેની પીઠ અને ડોક વાંકી વળી ગયેલી હોય છે. મસ્તક પેટમાં ઘાલી તે ગર્ભમાં પડયો રહે છે. ૮ પાંજરામાં પૂરેલા પક્ષીની પેઠે તે અંગોને ફેરવી શકતો નથી શ્વાસ લઇ શકતો નથી અને ઘણા દિવસ સુધી ગર્ભમાં રહેતા જન્માંતરોમાં કરેલાં કર્મોને સંભારતો નથી. ૯ સાતમે મહિને જીવને જ્ઞાન થતાં તે દુઃખથી ધ્રુજે છે અને તે વિષ્ઠાના કીડાના જેવો પ્રસવ કરનાર પવનને લીધે એક ઠેકાણે રહી શકતો નથી પણ પેટમાં ફર્યા કરે છે. ૧૦ દુઃખી થતો ફરી વાર ગર્ભમા વાસ કરવાને માટે ભય પામતો અને સાત ધાતુઓથી વિંટાયલો તે બે હાથ જોડીને જેમણે પોતાને ઉદરમાં નાખેલો છે એવા પરમાત્માની આ પ્રમાણે પ્રાર્થના કરે છે. ૧

ગર્ભની સ્તુતિ—શરણાગત એવા જગતની રક્ષા કરવાને પોતાની ઈચ્છાથી અવતાર ધારણ કરનાર શ્રીકૃષ્ણનાં સર્વત્ર નિર્ભય અને પૃથ્વી ઉપર ચાલતાં ચરણાર વિંદને હુ શરણે પડયો છું. જે ભગવાને મને આવી ગર્ભવાસ રૂપી ઘાટીના દર્શન કરાવ્યાં માતાના ઉદરમાં પાંચ મહાભૂત દશ ઇંદ્રિયો અને અંતઃકરણરૂપ માયાનો આશ્રય કરીને જાણે હુ કર્મોથી બંધાઇ ગયો હોઉં એવી રીતે રહ્યો. હુ ધખધખતા હૃદયમા જણાતા શુધ્ધ વિકાર વિનાના અને અખંડ જ્ઞાનમૂર્તિ પ્રભુને નમું છું ૧૩ હુ પાંચ ભૂતોથી બનેલા શરીરમાં ઢંકાયેલો છુ કારણ કે હુ તે શરીરથી રહિત શુધ્ધ છું. હું ઈંદ્રિય સત્વાદિ ગુણો વિષયો ને ચિદાભાસરૂપે રહેલો છું શરીરવડે જેનો મહિમા અખંડ છે એવા પ્રકૃતિ—પુરૂષના નિયંતા અને સર્વજ્ઞ એવા પરમાત્માને પ્રણામ કરૂંછું. ૧૪ સ્વસ્વરૂપના સ્મરણે જેની માયા નાશ પામે છે એવો અને કર્મોથી બંધાયેલો તે સંસાર માર્ગમાં ઘણા કષ્ટથી ભટકતો પરમાત્માના અનુગ્રહ વિના બીજી કયી રીતે ફરીને સ્વરૂપને પામે. ૧૫ મને હમણાં ત્રણ કાળનું જ્ઞાન આપનાર કોણ છે ? તે જ્ઞાન આપનાર સ્થાવર જંગમાત્મક જગતમાં અંતર્યામીરૂપે રહેલો એક ઈશ્વર જ છે જીવની પદવીને અનુસરનાર અમે ત્રણ તાપ નિવારવા ઈશ્વરનું ભજન કરીએ છીએ. માતાના શરીર રૂપી ગુફામાં લોહી વિષ્ટા ને મૂત્રના ખાડામાં પડેલા શરીરથી બહુજ દુઃખી અને તેમાથી નીકળવા મહિનાઓની ગણતરી કરતા દીનબુધ્ધિના ગર્ભને હે ભગવન ! તમે નરકના ખાડામાથી કયારે ઉધ્ધારશો ? ૧૭ હે ઇશ્વર જે મહા દયાળુએ દશ મહિનાના પ્રાણીને આવું જ્ઞાન આપ્યું છે તે દીનના નાથ એવા આપ પોતાના કરેલા ઉપકારથી પ્રસન્ન થજો કારણ કે આપના ઉપકારનો બદલો કયો પુરૂષ હાથ જોડયા સિવાય બીજી રીતે વાળી શકે ? ૧૮ પશુ પક્ષી આદિ જીવ માત્ર સુખ દુઃખને જાણે છે પણ હું તો શમદમાદિક ધારી છું તથા જ્ઞાનથી ભોકતા પુરૂષની પેઠે અપરોક્ષ દેખાતા પુરાણ પુરૂષને શરીરની બહાર ને અંદર પરિપૂર્ણ રીતે જોઉં છું. ૧૯ હે ભગવન ! હુ ઘણા દુઃખદાયી ગર્ભવાસમા છું છતાં બહાર નીકળવાની ઇચ્છા કરતો નથી કારણ કે ગર્ભની બહાર સંસાર રૂપી અંધારા કુવામાં પડેલા જીવને આપની માયા વળગે છે તેની પાછળ દેહાભિમાન થાય છે અને તેની પાછળ સ્ત્રી પુત્રાદિકનો સમુદાય વિંટાઇ વળે છે. ૨૦ હે પ્રભુ ! હું ગર્ભમાં રહીને ધીરજથી આપના ચરણારવિંદને હૃદયમાં ધારણ કરીશ. બુધ્ધિરૂપી સારથિથી હું મારા આત્માનો સંસારમાંથી ઉધ્ધાર કરીશ કે જેથી ગર્ભવાસ કરવા રૂપી દુઃખ ફરીને પ્રાપ્ત થાય નહિ. ૨૧ .

કપિલ કહે છે–હે માતાજી! આ પ્રમાણે વિચાર કરીને સ્તુતિ કરતા દશ મહિનાના જીવને ઉદરમાંથી બહાર કાઢવા માટે પ્રસૂતિનો પવન ઉંધો નાંખીને બહારના ભાગ તરફ ધકેલે છે. ૨૨ જીવ પવનના ઠેલાથી આતુર થઈ જાય છે, શ્વાસ લેતો બંધ પડી જાય છે સ્મૃતિ ભૂલી જાય છે અને નીચું મસ્તક કરીને મહા દુઃખે ઉદરમાંથી બહાર નીકળે છે. ૨૩ ભૂમિ ઉપર લોહીમાં તથા મૂત્રમાં પડયો રહે છે. નરકના કીડાની પેઠે જમીન ઉપર આળોટે છે તથા જ્ઞાનનો નાશ થવાથી વિપરીત ગતિને પામી બહુજ રડ્યા કરે છે. ૨૪ પારકી ઈચ્છાને નહિ જાણનાર મનુષ્યો તે જીવનું પોષણ કરે છે અને જીવ પોતાને ન ગમતી વસ્તુ મળે તોપણ તેની ના કહી શકતો નથી. ૨૫ માખીઓ તથા માંકણ વગેરેથી દુષિત થયેલા અપવિત્ર ખાટલામાં સુવાડેલો તે પોતાના શરીરને ખંજ વાળી શકતો નથી. તેમ ઉઠી બેસી પણ શકતો નથી. ૨૬ ઘણા કીડાઓ જેમ એક કીડાને વીંટાઇ વળીને કરડે તેમ ડાંસ મચ્છર ને માકણ વગેરે જીવ રડતા જ્ઞાન વિનાના અને આળી ચામડીવાળા જીવને ડંખે છે. આ પ્રમાણે બાલ્યાવસ્થાનાં દુઃખો ભોગવ્યા પછી પોગંડ અવસ્થામાં વિદ્યાભ્યાસ વગેરેનાં કષ્ટો સહન કરી જીવ મોટો થાય છે ત્યારે ઇચ્છિત વસ્તુ ન મળવાથી ક્રોધાવેશમાં આવે છે ૨૮ દેહની સાથે અભિમાન ને ક્રોધ પણ વધતા જાય છે. વિષયાધીન જીવ પોતાનો નાશ કરવા બીજા વિષયાસક્ત મનુષ્યની સાથે લડાઇ કરે છે. ૨૯ પાંચ ભૂતોથી ઉત્પન્ન થયેલા શરીરનો મિથ્યા મોહ રાખી મૂર્ખ અને દુર્બુધ્ધિવાળો તે પ્રાણી ' હું અને આ મારૂં' એવો મમત કર્યા કરે છે. ૩૦

આ પ્રમાણે અવિદ્યા ને કર્મથી બંધાયેલો દેહ વારંવાર કલેશ આપતો જનમ્યા મર્યા કરે છે અને જીવ તેને માટે કર્મો કરાવે છે. જે કર્મોથી બંધાઇને જન્મ મરણરૂપી સંસારમાં ભટકયા કરે છે. ૩૧ મનુષ્યના અવતારમાં પણ જીવ એ ઉદ્યમ કરનાર નીચ લોકો સાથે સંગ કરી તેમના માર્ગમાં રહીને ક્રીડા કરે તો પ્રથમની પેઠે પાછો નરકમાં પડે છે. ૩૨ જેમના સંગથી સત્ય શૌચ દયા મૌન બુધ્ધિ લક્ષ્મી લજ્જા યશ ક્ષમા શમ અને સામર્થ્યનો નાશ થાય છે તે ઉપર કહેલા ક્ષમા વિનાના મૂઢ દેહને આત્મા માનનાર તથા સ્ત્રીઓની પાસે રમકડા રૂપ થઇ રહેનાર નીચ જનનો સંગ કરવો નહિ. સ્ત્રીઓના અને તેમના સંગીઓના સંગથી જેવો મોહ અને બંધ થાય છે તેવો બીજા કશાથી થતો નથી. ૩૫ માયાનું બળ બહુ છે માયા દિશાઓનો વિજય કરનાર વીર લોકોને પોતાની ભ્રુકુટીના મરોડથી પોતાના પગ તળે કચરી નાંખે છે. યોગસિધ્ધિના સામા પારને પામવાની ઇચ્છા રાખનાર તથા મારી સેવા કરવાથી જેમને આત્મજ્ઞાન થયેલું હોય એવા પુરૂષોએ કોઇ પણ દિવસ કામનો સંગ કરવો નહિ, કારણ કે સ્ત્રીઓ યોગીને માટે નરકનું દ્વાર કહેવાય છે. ૩૯ માયા ધીરે ધીરે પાસે આવતી હોવા છતાં અજ્ઞાની જીવ તેને ઓળખતા નથી, મોહિત જીવ ધન સંતાન ને ઘર તેનેજ માને છે પરંતુ પારધીનું ગમન જેમ હરણનું મૃત્યુ નિપજાવે છે તેમ માયા સ્ત્રી દૈવયોગથી પતિ છોકરાં તથા ઘરના રૂપમાં આવી મળેલું મનુષ્યનું મૃત્યુ સમજવું ૪૨ ઉપાધિ રૂપ લિંગ શરીરથી જીવ એક અવતારમાંથી બીજામાં જાય છે અને તે અવતારના કર્મોનો ઉપભોગ કરતાં સદાય બીજાં કર્મો કર્યા કરે છે. ૪૩ લિંગ શરીર અને તેને અનુસરનારાં પાંચ ભૂતો ઇંદ્રિયો ને મનના વિકારરૂપ સ્થૂલ શરીર જ્યારે કર્મ કરવાને અયોગ્ય થાય છે ત્યારે મરણ થયું કહેવાય છે. કાર્ય કરવાની યોગ્યતા આવતાં જન્મ થયો કહેવાય છે. ૪૪ પૃથ્વી પાણી તેજ વાયુ આકાશ વગેરેને સા-

ક્ષાત્કાર કરનારો ભોગાયતન રૂપ સ્થૂલ દેહ જ્યારે દ્રવ્યનાં રૂપાદિક જોવાને અયોગ્ય થાય છે ત્યારે તેનું મરણ થયું કહેવાય છે કારણ કે તેનું આત્માભિમાન શમી જાય છે અને તેથી દેહનો નાશ થાય છે. જ્યારે પંચ ભૌતિક સ્થૂલ દેહથી પદાર્થો જોવામાં આવે છે ત્યારે 'આજ હું છું' એવા અભિમાનને લીધે દેહનો જન્મ થયો કહેવાય છે. ૪૫ જ્યારે નેત્રનાં ગોલક-કાચને કમળાના દોષથી વસ્તુનું ખરૂં રૂપ વિપરીત દેખાય છે ત્યારે ચક્ષુ ઇંદ્રિય દ્રવ્યનાં રૂપાદિક જોવા અયોગ્ય થઇ પડે છે અને જ્યારે નેત્ર ગોલક ને નેત્રેન્દ્રિય બન્ને રૂપાદિક જોવાને અયોગ્ય થાય છે ત્યારે દ્રષ્ટા એવા જીવમાંથી પણ જોવાની યોગ્યતાનો નાશ થાય છે.

આ પ્રમાણે સ્થૂલ દેહ પોતાનું કામ કરી શકતો નથી ત્યારે લિંગદેહ પોતાનું કામ કરવા અયોગ્ય થાય છે તેને મરણ કહે છે. જીવનો વસ્તુતાએ વિનાશ થતો નથી. ૪૬ વસ્તુતાએ જીવનો જન્મ ને મરણ થતું નથી એમ સમજીને ધીર પુરૂષે મરણથી ભય પામવો નહિ. સુખ દુઃખાદિક પ્રારબ્ધાધીન છે એમ માનીને દીનતા બતાવવી નહિ તેમ પુત્રાદિક નાશવંત છે એમ જાણીને તેમાં આસક્તિ રાખવી નહિ પરંતુ આ જીવ અદાહ્ય અને અછેદ્ય છે એવું જીવનું સ્વરૂપ જાણીને સંસારના સર્વ પદાર્થો ઉપરથી આસક્તિ છોડી દેવી. ૪૭ યથાર્થ વિચાર કરનારી અને યોગ તથા વૈરાગ્યને ધારણ કરનારી યથાર્થ બુદ્ધિથી માયાથી રચાયેલા મિથ્યા સંસારમાંથી દેહના અભિમાનનો ત્યાગ કરીને રહેવું. ૪૮

सम्यग्दर्शनया बुद्धया योगवैराग्ययुक्तया ।
मायाविरचिते लोके चरेन्न्यस्य कलेवरं ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेतृतीयस्कंधे
एकत्रिंशोध्यायः

અધ્યાય ૩૨ મો.‡

જન્મ મરણની ઘટમાળ.

कपिल उवाच

अथ यो गृहमेधीयान्धर्मानेवावसन् गृहे ।
काममर्थं च धर्मान् स्वान् दोग्धि भूयः पिपर्तितान् ॥ १ ॥

કપિલે કહ્યું કે—જે પુરૂષ ઘરમાં રહીને ગૃહસ્થાશ્રમના ધર્મો પાળતાં તે ધર્મોમાંથી કામનાને અને ધનાદિકને સંપાદન કરે છે અને પાછા ભોગ અને ધનાદિકને માટે તે ધર્મોને સેવે છે તે પુરૂષ કામનાને લીધે મૂઢ હોવાથી ભગવાનના આરાધન રૂપી ધર્મથી વિમુખ થાય છે અને શ્રદ્ધા સંપન્ન થઇ યજ્ઞોથી દેવતાઓ અને પિતૃઓ ઉપર થયેલી શ્રદ્ધાથી જડ બુદ્ધિ પિતૃ અને દેવતાઓની આરાધના રૂપી વ્રત પાળતાં ચંદ્રલોકમાં જાય છે. ત્યાં આગળ અમૃતનું પાન કરીને પાછો આ લોકમા આવે છે. ૩ ગૃહસ્થાશ્રમીઓએ સંપાદન કરેલા તે લોકો જ્યારે અનંત એવા શ્રીહરિ શેષશય્યામાં પોઢે છે ત્યારે લય પામે છે. ૪ જે ધીરપુરૂષો કામના માટે ધનાદિકને માટે સ્વધર્માચરણ કરીને તેમાંથી કામાદિકનો લાભ લેતા નથી. તેઓ આસક્તિ વિનાનાં કર્મો ઇશ્વરાર્પણ કરનારા શાંત શુદ્ધ ચિત્તવાળા નિવૃત્તિવાળા ધર્મ ઉપર પ્રેમ રાખનારા મમતા રહિત અને અહંકાર રહિત પુરૂષ સ્વધર્મ રૂપ સત્વ ગુણને લીધે ચિત્તને શુદ્ધ કરીને સૂર્ય દ્વારમાંથી સર્વતો વ્યાપક પર અને અપરના સ્વામી સર્વના ઉપાદાન કારણ અને આ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લય કરનાર પરમાત્માને પામે છે. ૭ બ્રહ્માને પરમેશ્વર જાણીને તેમની ઉપાસના કરનાર લોકો બે પરાર્દ્ધ વર્ષ પૂરાં થયા પછી

‡ આ અધ્યાયમા સત્વગુણી ધર્મો પાળવાથી જીવની ઉપરના લોકોમા ગતિ થાય છે અને ત્યાંથી પુણ્ય ક્ષય થતા પાછી આ લોકમાં ગતિ થાય છે એમ જન્મોની ઘડમાળ ચાલ્યા કરે છે તે કથા કહેશે.

બ્રહ્માનો લય થાય છે માટે તે પ્રલય જેટલાં વર્ષ સુધી બ્રહ્મલોકમાં રહે છે. ૮ ત્રણ ગુણાત્મક શરીરધારી બ્રહ્મા તેમનાં સો વર્ષનો સમય યથાર્થ ભોગવ્યા પછી પૃથ્વી જળ તેજ વાયુ મન ઇંદ્રિયો વિષયો અને પ્રાણીઓ વગેરેથી વિંટાયેલા બ્રહ્માંડનો પ્રલય કરવાની ઇચ્છાથી જ્યારે ઇશ્વરમાં પ્રવેશ કરે છે ત્યારે ઉપરના લોકમાં જઈને બ્રહ્માના દેહમાં પેઠેલા પ્રાણ વાયુને તથા મનને જિતનારા વૈરાગ્યવાળા યોગીઓ બ્રહ્માની સાથે જ પરમાનંદરૂપ સર્વત્ર વ્યાપક પુરાણપુરૂષ અને સર્વના કારણ રૂપ એવા પરમાત્માને પામે છે, પરંતુ બ્રહ્માની પહેલાં પરમાત્માને પામી શકતા નથી કારણ કે ત્યા સુધી તેમને દેહાભિમાન હોય છે. ૧૦

હે માતાજી ! સર્વ પ્રાણીઓના હૃદય કમળમાં વાસ કરનાર અને જેનો પ્રભાવ તમે સાંભળ્યો છે એવા ભગવાનને તમે પ્રેમથી શરણે જાઓ. મરીચિમિશ્ર ઋષિઓ સનત્કુમાર વગેરે યોગીશ્વરો યોગમાર્ગ ચલાવનાર સિદ્ધલોકો અને સ્થાવર જંગમ જગતના આદિદેવ બ્રહ્મા નિષ્કામ કર્મ કર્યા છતાં કર્તૃત્વને લીધે ભેદદૃષ્ટિ કરે છે અને દેહમાં આત્માનું અભિમાન ધરે છે તો તેઓ એક વખતે જ્ઞાન અને ઐશ્વર્ય ગુણસંપન્ન પુરૂષ શ્રેષ્ઠ એવા પરબ્રહ્મને પામે છે તોપણ દેહાભિમાન અને કર્તૃત્વના દોષને લીધે પાછા સૃષ્ટિ સમયે જ્યારે કાળમૂર્ત્તિ ઇશ્વરની પ્રેરણાથી સત્વાદિક ગુણો પરિણામ પામે છે ત્યારે પાછા જેવા ને તેવા જ આલોકમાં જન્મે છે, ૧૪ કર્મ કરનારા ધર્મથી નિર્માણ થયેલા પરમેષ્ઠી સંબંધી ઐશ્વર્યને સેવીને જ્યારે સૃષ્ટિ સમયે સત્વાદિક ગુણો પરિણામ પામે છે ત્યારે પાછા આલોકમાં આવે છે. ૧૫ જેઓ આ લોકમાં આસક્તિ રાખે છે કર્મો ઉપર શ્રદ્ધા રાખે છે નિત્ય સકામ કર્મો અને સંધ્યાવંદન વગેરે સર્વ નિત્ય કર્મો કરે છે રજો ગુણથી વિક્ષિપ્ત મનવાળા છે કામનામાં આસક્ત થયેલા છે ઇંદ્રિયાધીન છે જેમનું મન ઘરમાં ચોંટી રહેલું છે જેઓ મધુદૈત્યનો નાશ કરનારા છે જેમના ગાવા યોગ્ય પરાક્રમ છે એવા અને જેમનું જ્ઞાન સંસારનો નાશ કરે છે એવા ભગવાનની કથાથી વિમુખ થઈને ધર્મના અને અર્થના કામમાં મચ્યા રહે છે અને જેઓ અચ્યુત ભગવાનની કથા રૂપી અમૃતનો ત્યાગ કરી ભુંડ જેમ અપવિત્રનું ભક્ષણ કરે તેમ દુષ્ટ લોકોની કથાઓનું શ્રવણ કરે છે જેઓ દૈવથી ખરેખરા હણાયેલા છે તથા ગર્ભાધાનથી માંડીને મરણ સુધીની ક્રિયા કરનારા છે તેઓ સૂર્યથી દક્ષિણ માર્ગે થઇ પિતૃ લોકમા જાય છે અને પાછા પોતાના વંશમા પ્રજા રૂપે જનમે છે. ૨૦ હે માતા ! તેઓ પ્રથમ પિતૃ લોકમાં રહી પોતાના પુણ્યોના ફળો ભોગવે છે અને પુણ્યો ક્ષીણ થયા પછી દૈવો તેમનાં સુખ સાધનોનો નાશ કરે છે. તેઓ પરાધીન થઈ પાછા આ લોકમાં આવે છે. ૨૧ હે માતાજી ! તમે સર્વ ભાવથી અને ભગવાનના ગુણોનો આશ્રય કરનારી ભક્તિથી જેમના ચરણારવિંદ ભજવા યોગ્ય છે એવા પરમેશ્વરનું સેવન કરો કારણ કે વાસુદેવમાં જોડેલો ભક્તિયોગ વૈરાગ્યને તથા બ્રહ્મરૂપનું જ્ઞાન ઉત્પન્ન કરે છે. ૨૩ સર્વ વિષયો બ્રહ્મરૂપ હોવાથી સમાન છે. તેઓમા ઇંદ્રિયોની વૃત્તિદ્વારા ' આ પ્રિય છે અને આ અપ્રિય છે,' એવી વિષમતા ભક્તના ચિત્તમા થતી નથી. તે પોતે સર્વમાં સમાન રીતે રહેલા સંગ રહિત જ્ઞાનસ્વરૂપ ત્યાગ કરવા યોગ્ય તથા ગ્રહણ કરવા યોગ્ય વિષયથી ભિન્ન એવા પોતાના આત્માને પરબ્રહ્મ રૂપે થયેલો માને છે. ૨૫ જે પરબ્રહ્મ જ્ઞાન સ્વરૂપ છે પરમાત્મા રૂપ છે તે ઈશ્વર છે તે એક જ ભગવાન પોતે જીવ વિષયો તથા ઇંદ્રિયો રૂપે બને છે. ૨૬ આ જગતમાં યોગીને સંપૂર્ણ યોગદ્વારા એટલું

જ વાંછિત ફળ મેળવવાનું છે કે, જે ફળ પ્રાપ્ત થવાથી સંસારનો સર્વ સંગ ટળી જાય છે. ૨૭ પરબ્રહ્મ એક જ્ઞાનરૂપ છે નિર્ગુણ છે તોપણ બહિર્મુખ એવા ઇંદ્રિયોદ્વારા ભ્રાંતિને લીધે શબ્દાદિક ધર્મવાળા અનેક પદાર્થરૂપે જાણવામાં આવે છે. ૨૮ પરમાત્મા પહેલાં એકજ હતા પાછળથી મહત્તત્વરૂપે થયા પછી ત્રણ પ્રકારના અહંકાર રૂપે થયા બાદ પાંચ મહાભૂત રૂપે થયા અગીયાર ઇંદ્રિય રૂપે ને છેલ્લે જીવરૂપે થયા. જીવના શરીરરૂપ જગત જે મહત્તત્વાદિક વગેરેમાંથી ઉત્પન્ન થયુ છે ૨૯ શ્રદ્ધા ભક્તિ વૈરાગ્ય નિત્ય યોગાભ્યાસ કરવાથી જેનું મન એકાગ્ર થયેલુ છે એવો સંગ રહિત પુરૂષ પરબ્રહ્મને પામે છે. ૩૦ હે માતાજી! આ પ્રમાણે પરબ્રહ્મનાં દર્શન કરાવનારૂં જ્ઞાન મેં તમને કહ્યુ જે જ્ઞાનથી પ્રકૃતિ અને પુરૂષના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે. ૩૧ નિર્ગુણ જ્ઞાનયોગ તથા નિર્ગુણ એવો ભકિતયોગ એ બન્નેનુ પ્રયોજન એકજ છે. જેમ રૂપ રસ વગેરે ઘણા ગુણવાળો એકજ પદાર્થ અનેક માર્ગવાળી ઇંદ્રિયોદ્વારા અનેક પ્રકારનો જણાય છે. જેમ ગોળ રૂપમાં રાતો દેખાય છે ખાતાં મધુર લાગે છે અને અડકતાં શીતળ સ્પર્શવાળો જણાય છે તેમ ભગવાન પણ વસ્તુતાએ એક જ છે પરંતુ શાસ્ત્રના માર્ગોદ્વારા અનેક રૂપે જોવામા ને જાણવામાં આવે છે. ૩૩ વાવકુવા ખોદાવવા યજ્ઞયાગાદિક કરવા દાન આપવાં તપશ્ચર્યા કરવી વેદપાઠ કરવો વેદના અર્થનો વિચાર કરવો આત્મા તથા ઇંદ્રિયોનો વિજય કરવો કર્મોનો ત્યાગ કરવો ૩૪ અનેક અંગવાળો યોગાભ્યાસ કરવો ભકિતયોગ સેવવો નિવૃત્તિવાળો નિષ્કામ ધર્મ સેવવો પ્રવૃતિવાળો સકામ ધર્મ સેવવો આત્મતત્વનું જ્ઞાન મેળવવું અને દૃઢ વૈરાગ્ય ધારણ કરવો એ સર્વ માર્ગોદ્વારા એક જ સ્વયંપ્રકાશ ભગવાન સગુણ કિંવા નિર્ગુણ રૂપે જાણવામાં આવે છે, ૩૬ મેં તમને ભક્તિયોગનું ચાર પ્રકારનું સ્વરૂપ અને જણાય નહિ તે રીતે પ્રાણીઓમાં ફરનારા કાળનું સ્વરૂપ કહી બતાવ્યું. ૩૭ જીવને અજ્ઞાનને લીધે અને કર્મને લીધે અનેક જાતિઓમાં જન્મો ધરવા પડે છે. હે માતાજી! જે જાતિઓમાં પ્રવેશ કરવાથી જીવ પોતાના સ્વરૂપને ભૂલી જાય છે. ૩૮ જે મનુષ્ય બીજાને ઉદ્વેગ કરનાર હોય નમ્રતા રહિત હોય અભિમાની હોય દુરાચરણી હોય ધર્મનો ઢોંગ કરનારો હોય ચંચળ ચિત્તવાળો હોય ઘરમાં આસક્તિ ધરાવનારો હોય મારો ભકત ન હોય અથવા તો મારા ભકતનો દ્વેષ કરનારો હોય તેને આ જ્ઞાનનો ઉપદેશ કરવો નહિ. ૪૦ શ્રદ્ધાળુને ભકતને વિનયીને ઇર્ષ્યારહિતને પ્રાણીઓ સાથે મિત્રતા કરનારને સેવામાં પ્રીતિ રાખનારને, સ્પષ્ટ વૈરાગ્યવાળાને શાંતપ્રકૃતિના મનુષ્યને મત્સર વિનાના મનુષ્યને પવિત્ર મનુષ્યને અને જેને હું પ્રિયમાં પ્રિય હોઉં એવા ભકત મનુષ્યને આ જ્ઞાનનો ઉપદેશ કરવો. જે પુરૂષ મારામાં ચિત્ત રાખીને શ્રદ્ધાપૂર્વક એકવાર પણ આ ઉપદેશ સાંભળે તે મારી પદવીને પામે છે. ૪૨

य इदं शृणुयादम्ब श्रद्धया पुरुषः सकृत्।
यो वाऽभिधत्ते मच्चित्तः स ह्येति पदवीं च मे

इतिश्रीमद्भागवतेमहापुराणेतृतीयस्कंधे
द्वात्रिंशोध्यायः

અધ્યાય ૩૩ મો[†]

ભગવતી દેવહૂતિની મુકિત.

मैत्रेय उवाच:

एवं निशम्य कपिलस्य वचो जनित्री
सा कर्दमस्य दयिता किल देवहूतिः।
विस्रस्तमोहपटला तमभिप्रणम्य
तुष्टाव तत्त्वविषयांकितसिद्धिभूमिम् ॥१॥

મૈત્રેય કહે છે કે–હે વિદુર! કપિલ દે-

[†] આ અધ્યાયમા કપિલદેવના ઉપદેશથી દેવહૂતિને જ્ઞાન થયું અને તેમની જીવન્મુક્તિ થઇ એ પ્રસંગની કથા કહેવામા આવશે.

નનાં વચન સાંભળી ભગવતી દેવહૂતિનાં મોહ રૂપી પડળ ઉતરી ગયાં અને સાંખ્યશાસ્ત્રના પ્રવર્તાવનાર ભગવાન કપિલદેવને પ્રણામ કરી તેમની સ્તુતિ કરવા લાગ્યાં ૧

દેવહૂતિ–હે ભગવન! આપના ઉદરના નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્માએ જળની અંદર સુતેલાં પંચ મહાભૂત ઇંદ્રિયો તેના વિષયો અહંકારમય ગુણના પ્રવાહવાળા સર્વના બીજ રૂપ આપના શરીરનું કેવળ ધ્યાન કર્યું હતું, પરંતુ તેનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં ન હતાં. ૨ આપ સત્ય સંકલ્પવાળા છો સ્વતંત્ર છો અને તમારી હજારો શક્તિઓ વિચારમાં આવે નહિ એવી છે એ તમે ગુણના પ્રવાહ રૂપે જીવને ભોગ આપવા જગતની ઉત્પત્તિ આદિક કરો છો પરંતુ તમે પોતે કરતા નથી. તમારી માયા તે કરે છે કારણ કે તમે ક્રિયા રહિત છો. ૩ હે પ્રભો! પ્રલયકાળે વિશ્વ જેના ઉદરમાં રહેલું હતું અને જે ભગવાન માયાથી બાળકનું રૂપ ધારણ કરી એકલાજ પોતાના પગનો અંગુઠો ધાવતા વડના પાંદડામાં પોઢયા હતા તે તમે મારા ઉદરમાં શી રીતે આવ્યા? ૪ હે વિભો! તમે સર્વ તંત્ર છો તમે પાપીઓનો નાશ કરવા તથા તમારી આજ્ઞા પાળનારાઓનું કલ્યાણ કરવા માટે જેમ વરાહ વગેરે અવતારો ધારણ કરો છો તેમ આ અવતાર લોકને આત્મજ્ઞાનનો માર્ગ દેખાડવા ધારણ કર્યો છે. ૫ હે ભગવન! ચંડાળ પણ કોઇ વાર આપનું શ્રવણ કરવાથી કીર્તન કરવાથી આપને પ્રણામ કરવાથી અને આપનું સ્મરણ કરવાથી પવિત્ર થાય છે. જેમની જીભના ટેરવા ઉપર તમારૂં નામ રહેલું હોય એવો ચંડાળ તમારા નામને લીધે મોટો ગણાય છે માટે જે મહાત્માઓ તમારા નામનું રટણ કરે છે તેઓએ તપ કર્યું તેઓએ હોમ હવન કર્યાં તેઓએ તીર્થમા સ્નાન કર્યું અને તેઓએ વેદના પાઠ કર્યા એમ સમજવું. ૭ આવા પરમપુરૂષ અંતર્વૃત્તિદ્વારા ધ્યાન કરવા યોગ્ય પોતાના સ્વરૂપના પ્રકાશથી સંસારના બંધનને તોડનારા તથા જેના ઉદરમાં વેદ રહેલા છે એવા બ્રહ્મભૂત અને વિષ્ણુરૂપ આપ કપિલ દેવને હું પ્રણામ કરૂં છું. ૮

મૈત્રેય કહેછે કે–હે વિદુર! આ પ્રમાણે દેવહૂતિએ કપિલ નામના પરમ પુરૂષ ભગવાનની સ્તુતિ કરી એટલે માતા ઉપર પ્રેમ ધરાવનારા ભગવાન કપિલે ગંભીર વાણીથી માતાને આ પ્રમાણે કહ્યું. ૯

કપિલ–હે માતાજી! આ સરલ માર્ગ મેં તમને કહી સંભળાવ્યો. આ માર્ગે જવાથી તમે થોડા કાળમાં જીવન્મુક્તિ મેળવશો. ૧૦ બ્રહ્મવાદીઓએ સેવેલા મારા આ સિદ્ધાત ઉપર શ્રદ્ધા રાખજો કે જેથી તમે અજન્મા એવા મને પામશો. જેઓ મારા આ સિદ્ધાંતને જાણતા નથી તેઓ જન્મ મરણને પામે છે. ૧૧

મૈત્રેય કહે છે કે–આ પ્રમાણે ભગવાન કપિલ પોતાની માતા દેવહૂતિને આત્મસ્વરૂપનો ઉપદેશ કરી પોતાની બ્રહ્મવાદિની માતાની આજ્ઞા લઇ ત્યાંથી ચાલી નીકળ્યા. ૧૨ દેવહૂતિ પુત્રે કહેલી યોગની વિધિ પ્રમાણે સરસ્વતી નદીના મુગટ રૂપ બિંદુસર નામના આશ્રમમાં રહી સાવધ થઇને યોગાભ્યાસ કરવા લાગ્યાં. ૧૩ ત્રણવાર નહાવાથી તેમના વાંકડીયા કેશ પીળા થઇ પરસ્પર ગુંચાઈને જટા જેવા થઇ ગયા. શરીર તપ કરવાથી દુર્બળ થઇ ગયું. ૧૪ દેવહૂતિનું ગૃહસ્થાશ્રમનું સુખ પ્રજાપતિ કર્દમના તપથી અને યોગસિદ્ધિથી વૃદ્ધિ પામેલું હતું અને જે સુખને દેવતાઓ ઇચ્છતા હતા. ૧૫ જેમના વૈભવમાં દૂધના ફીણ જેવી શ્વેત અને સોનાના સામાનવાળી હાથી દાંતની શય્યાઓ હતી, કોમળ બીછાનાવાળાં સુવર્ણનાં આસનો હતાં ૧૬ મોટા મરકત મણિથી જડેલી સ્વચ્છ સ્ફટિક મણિની ભીંતિમાં ઉત્તમ સ્ત્રીઓ

ના પ્રતિબિંબ સાથે રત્નના દીવાઓ ઝળઝળાટ પ્રકાશી રહેતા હતા. ૧૭ ઘણાં દેવતાઇ વૃક્ષોનાં પુષ્પોથી ઘરમાંનું ઉપવન મનોહર લાગતું હતું અને પક્ષીઓનાં જોડાં શબ્દ કરતાં તથા મદમત્ત ભમરા ગુંજારવ કરતા હતા. ૧૮ કમળના સુગંધથી મઘમઘી રહેલી વાપિકાઓમાં દેવહૂતિ ઉતરતાં કર્દમ તેમને મન વાંચ્છિત ફળ આપતા ત્યારે દેવતાઓના સેવકો તે વિષેનું વર્ણન કરતા હતા. ૧૯ ઇંદ્રની સ્ત્રીઓ જેના ગૃહસ્થાશ્રમના સુખની ઇચ્છા કરતી હતી એવાં ઉત્તમ સુખનો દેવહૂતિએ ત્યાગ કરી દીધો તોપણ તેમના મનમાં શોક થયો નહિ; પરંતુ ઇશ્વર રૂપ પુત્રનો વિયોગ થવાથી દેવહૂતિને શોક થયો. ૨૦ પતિ વનમાં ગયા પછી પુત્ર વનમાં ગયો તેથી પ્રિય વત્સના જવાથી જેમ ગાય ખિન્ન થાય તેમ દેવહૂતિ જો કે જ્ઞાની હતાં તેમ છતાં પુત્ર ઉપરની પ્રીતિને લીધે ખિન્ન થયાં.

હે વિદુર ! પુત્ર રૂપ ભગવાન કપિલદેવનું તે ધ્યાન ધરવા લાગ્યાં. ધ્યાન કરવાથી થોડા કાળમાં દેવહૂતિ એવા ઉત્તમ વૈભવવાળા સંસાર ઉપર ઉદાસ થઇ ગયાં અને પુત્રે ધ્યાન કરવા યોગ્ય જે ભગવાનનું સ્વરૂપ કહ્યું હતું તે પ્રસન્ન વદનવાળા આત્મસ્વરૂપ સર્વ વ્યાપક સ્વાનુભવથી માયાના ગુણના સંબંધ રહિત પરમાત્માનું ભક્તિના પ્રવાહવડે પ્રબળ વૈરાગ્યવડે યોગ્ય આહાર વિહારથી બ્રહ્મ સ્વરૂપતા આપનારા જ્ઞાનવડે તથા શુદ્ધ મન વડે ધ્યાન ધરવા લાગ્યાં. પ્રથમ ભગવાનના સમસ્ત સ્વરૂપનું ધ્યાન ધરવા માંડયું અને તે ધ્યાન દ્દઢ થયા પછી પ્રત્યેક અંગનું ધ્યાન કરવા માંડયું. ૨૫ ધ્યાન કરવાથી સર્વ જીવના આશ્રયરૂપ ભગવાન પરબ્રહ્મવિષે બુદ્ધિ સ્થિર થઇ તેમનું જીવપણું દૂર થયું ક્લેશો નાશ પામ્યા અને જીવન્મુક્તનું સુખ મળ્યું. ૨૬ જ્યારે તેમની સમાધિ નિત્ય અવિચ્છિન્ન ચાલવા માંડી ત્યારે મનની વૃત્તિ બ્રહ્માકાર થવાથી દેહાદિકની ભ્રાંતિ દૂર થઇ ગઇ અને જેમ જાગ્રત થયેલો મનુષ્ય સ્વપ્નમાં જોયેલા પદાર્થને વિસરી જાય તેમ તે પોતાના દેહને વિસરી ગયાં. દેહ અલ્પ પોષણ મળવા છતાં દુર્બળ થયો ન હતો અને અગ્નિના જેવો લાગતો હતો. ૨૮ દેવહૂતિનું મન વાસુદેવ ભગવાનમાં પરોવાએલું રહેતું. પ્રારબ્ધને લીધે રક્ષાયેલાં તેમનાં તપ અને યોગમય શરીર ઉપરથી વસ્ત્ર ખસી જતાં અને માથાના કેશ છૂટા થઇ જતા તોપણ તેમને દેહનું ભાન રહેતું ન હતું. ૨૯ કપિલ મુનિએ કહેલા જ્ઞાનમાર્ગદ્વારા દેવહૂતિ નિત્ય મુક્ત પરમાત્મા ભગવાન બ્રહ્મને પ્રાપ્ત થયાં. ૩૦ જે ઠેકાણે દેવહૂતિ બ્રહ્મત્વ પામ્યાં તે મહા પવિત્ર ક્ષેત્ર લોકમાં ' સિદ્ધપદ ' ના નામથી ઓળખાય છે. ૩૧ હે વિદુર ! યોગાભ્યાસથી જેના મલનો નાશ થયો હતો એવું દેવહૂતિનું શરીર જળાશયમાં ઉત્તમ સિદ્ધિને આપનારી નદી રૂપ થઇ ગયું. ૩૨ મહાયોગી કપિલદેવ આશ્રમમાંથી નીકળ્યા તે વેળાએ સિદ્ધ ચારણ ગંધર્વ મુનિ અને અપ્સરાઓ તેમની સ્તુતિ કરવા લાગ્યાં અને તે ઇશાન ખુણા તરફ ગયા. ત્યાં સમુદ્રે તેમનો સત્કાર કરીને સ્થાન આપ્યું ૩૪ સાંખ્યાચાર્યો જેમની સ્તુતિ કરે છે એવા કપિલ ભગવાન ત્રણે લોકની શાંતિ માટે ત્યાં યોગધારણ કરીને સમાધિમાં બેઠા. તમે મને જે કથા પૂછી હતી તે કથામાં કપિલ અને દેવહૂતિનો પવિત્ર સંવાદ તમને કહ્યો. ૩૬ જે મનુષ્ય આત્મજ્ઞાનની પ્રાપ્તિના ઉપાયોમાં કપિલ મુનિનો મત વિચારે છે અને બીજાને સંભળાવે છે તેની ભગવાન ઉપર ભક્તિ થાય છે અને તે ભગવાનના ચરણારવિંદને પામે છે. ૩૭

य इदमनुशृणोति योऽभिधत्ते
कपिलमुनेर्मतमात्मयोगगुह्यम् ।
भगवति कृतधीः सुपर्णकेतावुपलभते
भगवत्पदारविन्दम् ॥ ३७ ॥

इतिश्रीमद्भागवतमहापुराणेतृतीयस्कंधे
त्रयस्त्रिंशोऽध्यायः

तृतीयस्कंध संपूर्ण.

श्रीमद्वेदव्यासविरचित

श्रीमद्भागवत

चतुर्थस्कंध.

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર.



ધ્રુવ આગળ ભગવાનનું પ્રાગટ્ય

The Lakshmi Art, Bombay

अथ

श्रीमद्भागवतभाषान्तर

चतुर्थस्कंध.

અધ્યાય ૧ લો.*

મનુની કન્યાઓનો વંશ.

મૈત્રેય उवाच:—मनोस्तु शतरूपायां तिस्रः कन्याश्च जज्ञिरे
आकूतिर्देवहूतिश्च प्रसूतिरिति विश्रुता : १ ॥

મૈત્રેય કહે છે કે—સ્વાયંભુવ મનુને શતરૂપા નામની રાણીથી આકૂતિ દેવહૂતિ અને પ્રસૂતિ નામની ત્રણ કન્યાઓ થઇ હતી. ૧ આકૃતિને ભાઇ હતા તોપણ મનુએ શતરૂપાના કહેવાથી રૂચિ ઋષિને તે †પુત્રિકાધર્મની રીતે પરણાવી હતી. ૨ બ્રહ્મ તેજવાળા રૂચિ ઋષિએ તેમાં પરમેશ્વરના ધ્યાનથી એક જોડકું—એક પુત્ર અને એક પુત્રી ઉત્પન્ન કરી. તેમાં જે પુત્ર હતો તે સાક્ષાત્ યજ્ઞમૂર્તિ ભગવાન હતો અને જે કન્યા હતી તે ભગવાનની સાથે સદા રહેનારી દક્ષિણા નામની લક્ષ્મીના અંશ રૂપ પુત્રી હતી. ૪ પોતાની કન્યાના પુત્રને સ્વાયંભુવ મનુ પોતાને ઘેર લઇ ગયા અને રૂચિએ આનંદ પૂર્વક દક્ષિણા નામની કન્યાને પોતાને ત્યાં રાખી. ત્યાર પછી દક્ષિણા નામની તે કન્યાનું યજ્ઞપતિ ભગવાને પાણિગ્રહણ કર્યું, અને પ્રસન્ન થઇ તેનાથી બાર પુત્ર ઉત્પન્ન કર્યા. ૬ તોષ પ્રતોષ સંતોષ ભદ્ર શાન્તિ ઇડસ્પતિઇધ્મ કવિ વિભુ સ્વહ્ન સુદેવ અને રોચન. એ સ્વાયંભુવ મન્વન્તરમાં તુષિત નામના દેવતાઓ થયા. મરીચિ આદિ સપ્તર્ષિ થયા અને યજ્ઞ ભગવાન ઇન્દ્ર થયા. ૮ મનુને પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામે બે પરાક્રમી પુત્રો હતા. તેમના પૌત્ર અને પ્રપૌત્રના વંશજોએ પૃથ્વીનું પાલન કર્યું. ૯ સ્વાયંભુવ મનુએ દેવહૂતિને કર્દમ સાથે પરણાવી હતી તેનું ચરિત આપે શ્રવણ કર્યુ છે. ૧૦ ભગવાન મનુએ બ્રહ્માના પુત્ર દક્ષને પોતાની પ્રસૂતિ નામની કન્યા પરણાવી. પ્રસૂતિનો વંશ ત્રણે લોકમાં વિસ્તરેલો છે. ૧૧ નવ બ્રહ્મર્ષિઓની સ્ત્રીઓ જે કર્દમની કન્યાઓ થતી હતી તે હું તમને કહી ગયો છું, તેમની વંશ પરંપરા હું તમને કહું તે

---

* આ અધ્યાયમા મનુની કન્યાઓના જુદા જુદા વંશો કહેવામા આવશે, અને તેમા યજ્ઞાદિ મૂર્તિઓ દ્વારા ભગવાનના અવતારની કથા કહેવાશે આ ચતુર્થ સ્કન્ધમા વિસર્ગ વર્ણન છે. વિસર્ગ ઈશ્વરાધીન છે બ્રહ્મા મન્વાદિકોએ કરીને વિસર્ગ થાય છે

† જે કન્યાને ભાઇ ન હોય, તેને ઘરેણા કાપડા પહેરાવી પરણાવતી વેળાએ પ્રતિજ્ઞા થાય છે કે, ભાઇ વગરની અને આભૂષણ વસ્ત્રથી ભૂષિત એવી કન્યા અમે તમને આપીએ છીએ, માટે આથી જે પુત્ર થશે તે અમારો છે, એ પ્રતિજ્ઞાને પુત્રિકાધર્મ કહે છે

હવે સાંભળો. ૧૨ મરીચિની સ્ત્રી કર્દમની કન્યા કલાને કશ્યપ અને પૂર્ણિમા નામનાં બે સંતાન થયા જેથી જગત પરિપૂર્ણ થયું. ૧૩ પૂર્ણિમાના વિરજ અને વિશ્વગ નામે બે પુત્રો અને દેવકુલ્યા નામની કન્યા થઇ, જે વિષ્ણુ ભગવાનની કૃપાએ જન્માંતરમાં આકાશ ગંગા થઇ. ૧૪ અત્રિની સ્ત્રી અનસૂયાને દત્ત દુર્વાસા અને ચંદ્ર નામના વિષ્ણુ મહેશ અને બ્રહ્માના અંશથી ઉત્પન્ન થએલા મોટા તપસ્વી અને મોટી કીર્તિવાળા ત્રણ પુત્રો થયા. ૧૫

વિદુર કહે છે કે–હે ગુરૂ ! અત્રિ ઋષિના ઘરમાં ઉત્પત્તિ સ્થિતિ અને સંહાર કરનાર એવા ત્રણે દેવ શું કાર્ય કરવાની ઈચ્છાથી પ્રકટ થયા તે કથા મને કહો. ૧૬

મૈત્રેય કહે છે કે–બ્રહ્મવેત્તાઓમા શ્રેષ્ઠ અત્રિને બ્રહ્માએ સૃષ્ટિ રચવા પ્રેરણા કરી ત્યારે તે અનસૂયાને લઇ તપ કરવાને કુલાચલ પર્વત ઉપર ઋક્ષ તીર્થ આગળ ગયા. ૧૭ પુષ્પના ગુચ્છ જેમાં લટકી રહ્યા હતા એવાં પલાશ અને આસોપાલવના વનની શોભા જ્યાં હતી અને નિર્વિધ્યા નામની નદીનાં નિર્મળ ઝરણાંનો નાદ જ્યા થઇ રહ્યો હતો એવા પર્વતમાં પવનનું ભક્ષણ કરી પ્રાણાયામથી મનને રોકી સો વર્ષ સુધી એક પગે ઉભા રહી તેઓ તપ કરવા લાગ્યા. તે આ પ્રમાણે ધ્યાન કરતા હતા કે–જે જગતના ઇશ્વર છે તેમને હું શરણે છું અને મને તેમના જેવો પુત્ર થાઓ. ૨૦ મુનિના મસ્તકમાથી પ્રાણાયમથી વૃદ્ધિ પામેલો અગ્નિ બહાર નીકળી ત્રણે લોકને તપાવવા લાગ્યો. ત્રણે લોકને તપાયમાન જોઇ બ્રહ્મા વિષ્ણુ અને મહેશ તેમના આશ્રમમાં ગયા. અપ્સરાઓ મુનિ ગંધર્વ સિદ્ધ વિદ્યાધર અને ઉરગ તેમના યશ ગાવા લાગ્યાં. ૨૧–૨૨ એ દેવોના પ્રકટ થવાના સંબંધથી મુનિનું સઘળું પાપ મુકત થઇ ગયું તોપણ અત્રિ મુનિએ એક પગે ઉભા રહી તેમનાં દર્શન કર્યાં. ૨૩ દંડવત પ્રણામ કરી હાથ જોડી નંદી હંસ અને ગરૂડ ઉપર બિરાજેલા પોતપોતાનાં આયુધ ત્રિશૂળ કમંડલુ અને ચક્ર આદિ ચિહ્ન ધારણ કરનાર ત્રણેની તેગણે પૂજા કરી પ્રેમથી કૃપાયુક્ત દૃષ્ટિ અને હસતા મુખે પોતાના ઉપર તેમને પ્રસન્ન જાણી તેજથી અંજાઇ જવાથી આંખો મીંચી દીધી. ૨૫ ચિત્તને તે ત્રણ દેવોમાં લગાડી હાથ જોડી મધુર અને ગંભીર વાણીથી સર્વ લોકોમા મોટા એવા ત્રણ દેવોની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.

અત્રિ–જગતની ઉત્પત્તિ સ્થિતિ અને સંહારને માટે વિભાગ કરેલા માયાના ગુણોથી જે યુગે યુગે શરીર ધારણ કરે છે તે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર, હુ આપ ત્રણેને વારંવાર પ્રણામ કરૂ છું. તમોમાથી મેં જેને બોલાવેલા તે કોણ એ તમારે મને કહેવું જોઇએ. ૨૭ અનેક ઉપચારોથી પુત્ર થવા માટે એક દેવતાનું ચિત્તથી મેં ધ્યાન ધર્યું હતું છતા મનુષ્યોના મનમાં ન આવો એવા આપ ત્રણે દેવ કેમ અત્રે પધાર્યા ? મારી ઉપર કૃપા કરીને કહો કે આપ મને શુ ફળ આપશો ?

મૈત્રેય કહે છે કે–અત્રિ મુનિના વચન સાભળી હે વિદુર ! હસીને મધુર વાણીથી તેઓ ઋષિને કહેવા લાગ્યા કે–હે બ્રહ્મન ! સત્ય સંકલ્પ આપે જેવો સંકલ્પ કર્યો તેવુજ થવું જોઇએ એમા ફરક પડવો જોઇએ નહિ. આપ જેનું ધ્યાન ધરો છો તે અમે છીએ. ૩૦ હે મુનિ ! અમારા અંશથી તમને ત્રણ પુત્રો થશે અને તે તમારા વંશનો વિસ્તાર કરશે અને આપનું કલ્યાણ થશે. ૩૧

મૈત્રેય કહે છે કે–અત્રિને મન વાંચ્છિત વર આપી તેમના દેખતાને અંતર્ધાન થઇ ગયા. ૩૨ પછી તેમને ઘેર બ્રહ્માના અંશથી ચંદ્રમા વિષ્ણુના અંશથી દત્તાત્રય અને શંકરના અંશથી દુર્વાસા પુત્ર થઇને જન્મ્યા. હવે અંગિરાનાં સંતાનોની કથા સાંભળો. ૩૩

અંગિરાની શ્રદ્ધા નામની સ્ત્રીએ સિનીવાલી, કુહૂ રાકા અને અનુમતિ નામની ચાર કન્યાઓને જન્મ આપ્યો. * ૩૪ અંગિરાને બે પુત્રો થયા તેમાં એક ઉતથ્ય અને બીજો બ્રહ્મજ્ઞાની બૃહસ્પતિ થયો કે જે સ્વારોચિષ મન્વન્તરમાં પ્રસિદ્ધ થયો હતો. ૩૫ પછી પુલસ્ત્ય ઉત્પન્ન થયા જે પૂર્વ જન્મમાં જઠરાગ્નિ હતા, પુલસ્ત્યને બીજો મહા તપસ્વી વિશ્રવા નામનો પુત્ર થયો. ૩૬ વિશ્રવાને ઇડવિડા નામની સ્ત્રીથી યક્ષોના પતિ કુબેર થયા અને બીજી સ્ત્રી કેશિનીથી રાવણ કુંભકર્ણ અને વિભીષણ એ ત્રણ પુત્રો થયા. ૩૭ હે વિદુર ! પુલહની ગતિ નામની સ્ત્રીમા કર્મ શ્રેષ્ઠ વરીયાસ અને સહિષ્ણુ નામના ત્રણ પુત્ર થયા ૩૮ ક્રતુને ક્રિયા નામની સ્ત્રીમા બ્રહ્મ તેજથી દેદિપ્યમાન સાઠ હજાર વાલખિલ્ય નામના પુત્રો ઉત્પન્ન થયા. ૩૯ વસિષ્ઠને ઉર્જા નામની સ્ત્રીથી ચિત્રકેતુ આદિ નિર્મળ સાત પુત્રો થયા. ૪૦ ચિત્રકેતુ સુરોચિ વિરજા મિત્ર ઉલ્બણ વસુભૃદ્યાન અને દ્યુમાન એ સાત ઋષિ થયા, અને બીજી સ્ત્રીથી શક્તિ—આદિ પુત્રો થયા. ૪૧ અથર્વા ઋષિની સ્ત્રી ચિતિને દધ્યંજ નામે તપસ્વી પુત્ર થયો, કે જેને પાછળથી ઘોડાનું મસ્તક ચોટાડયું હતું. ૪૦ ભૃગુને ખ્યાતિથી ધાતા અને વિધાતા નામના બે પુત્રો અને ભગવત્પરાયણ લક્ષ્મી થયા ૪૩ મેરૂએ ધાતા અને વિધાતાને પોતાની આયતિ અને નિયતિ નામની બે કન્યાઓ પરણાવી, ધાતાને આયતિમા મૃકંડ નામનો પુત્ર થયો અને વિધતાને નિયતિમાં પ્રાણ નામનો પુત્ર થયો. ૪૪ મૃકંડના માર્કંડેય અને પ્રાણના વેદશિરા થયા. ભૃગુને કવિ નામના પુત્ર થયા અને કવિને ભગવાન ઉશના થયા. ૪૫ હે વિદુર ! તેમણે આ પ્રમાણે પ્રજાની વૃદ્ધિ કરી. કર્દમની કન્યાઓનાં સંતાન મેં આપને કહ્યાં, જે મનુષ્ય શ્રદ્ધા પૂર્વક આનું શ્રવણ કરેછે તેનાં પાપોનો નાશ થાય છે. ૪૬ બ્રહ્માના પુત્ર દક્ષે પ્રસૂતિનું પાણિગ્રહણ કર્યું હતું. દક્ષે પ્રસૂતિમાં નિર્મળ નેત્રવાળી સોળ કન્યાઓ ઉત્પન્ન કરી. તે સોળ કન્યાઓમાંથી તેર ધર્મને એક અગ્નિને એક સંયત અથવા મિલિત એવા સર્વ પિતૃઓને અને એક સંસારનાં બંધન કાપનારા ભગવાન શિવને પરણાવી હતી. ૪૮ શ્રદ્ધા મૈત્રી દયા શાન્તિ તુષ્ટિપુષ્ટિ ક્રિયા ઉન્નતિ બુદ્ધિ મેધા તિતિક્ષા હ્રી અને મૂર્તિ એ ધર્મની સ્ત્રીયો થઈ. શ્રદ્ધાને શુભ નામનો પુત્ર થયો મૈત્રીને પ્રસાદ દયાને અભય શાન્તિને સુખ તુષ્ટિને મદ પુષ્ટિને સ્મય ક્રિયાને યોગ ઉન્નતિને દર્પ બુદ્ધિને અર્થ મેધાને સ્મૃતિ તિતિક્ષાને ક્ષેમ હ્રીને પ્રશ્રય અને સર્વ ગુણોની ઉત્પત્તિ રૂપ મૂર્તિને નર અને નારાયણ નામના બે પુત્રો થયા. તે સમે દિશાઓ પવન નદીયો અને પર્વત હસી રહ્યાં સ્વર્ગમાં વાજાં વાગવા લાગ્યાં પુષ્પોની વૃષ્ટિ થઇ. ૫૩ મુનિ લોકો પ્રસન્ન થઇ સ્તુતિ કરવા લાગ્યા ગંધર્વ અને કિન્નરો ગાવા લાગ્યા. અપ્સરાઓ નૃત્ય કરવા લાગી અને બ્રહ્માદિક દેવતાઓ સ્તુતિ કરવા લાગ્યા.

દેવતાઓ સ્તુતિ કરવા લાગ્યા કે—જે ભગવાને પોતાની માયાથી આ જગતને રચ્યું છે ને પોતાના આત્માને પ્રકાશિત કરવા જેણે આજ ધર્મના ઘરમાં જન્મ લીધો છે તે પરમ પુરૂષ ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ. ૫૫ શાસ્ત્રદ્વારા જેના સ્વરૂપનો વિચાર થઇ શકે એવા ભગવાન જગતની મર્યાદા માટે સત્વ ગુણથી રચેલ અમારા લોકો સામે બહુજ કરૂણાયુક્ત અને લક્ષ્મીના નિવાસ ભૂત કમળથી અધિક શોભાવાળી દૃષ્ટિ કરીને જુઓ. ૫૬ આ પ્રમાણે દેવતાઓએ સ્તુતિ કરી ત્યારે નર—નારાયણ દેવતાઓ સામે જોઇ પૂજન સ્વીકારી ગંધમાદન પર્વત ઉપર ગયા. ૫૭

* જે અમાવાસ્યાને દહાડે થોડો ચંદ્ર દેખાય તે સિનીવાળી, અને જરા પણ ચંદ્ર ન દેખાય તે કુહુ પૂર્ણચંદ્રવાળી પૂર્ણિમા તે રાકા. અને જરા ઓછા ચંદ્રવાળી પૂર્ણિમા અનુમતિ કહેવાય છે.

ભૂમિનો ભાર ઉતરાવવા તે પ્રકટ થયા તેમાં નર અંશથી કુરૂ કુળમાં અર્જુન અને નારાયણના અંશથી યદુ કુળમાં શ્રીકૃષ્ણ રૂપે પ્રકટ થયા. ૫૯ અગ્નિને સ્વાહા નામની સ્ત્રીથી પાવક પવમાન અને શુચિ એ ત્રણ પુત્ર થયા. ૫૯ એ ત્રણમાંથી પીસ્તાલીશ પુત્રો થયા, તે સર્વ મળી ઓગણપચાસ અગ્નિ થયા. વૈદિક કર્મ રૂપ યજ્ઞમાં બ્રહ્મવાદી લોક જેનું નામ લઇ અગ્નિ દેવતા સંબંધી ઇષ્ટિયો કરે છે તે સર્વ અગ્નિઓ જાણવા. ૬૦ અગ્નિ શ્વાતા બર્હિષ્પદ સોમ્ય અને આજ્ય એ પિતૃગણ છે, કેટલાક સાગ્નિ કહેવાય છે, અને કેટલાક અનગ્નિ કહેવાય છે, એ સર્વ વચ્ચે દક્ષની એકજ કન્યા સ્વધાને વયુના અને ધારિણી નામની બે કન્યાઓ થઇ. એ જ્ઞાન અને વિજ્ઞાનને જાણતી હતી. ૬૩ મહાદેવની સ્ત્રી સતી પોતાના સમાન શીલ ગુણવાળા શ્રીશંકરને ભજતા હતાં. સતીનો પિતા દક્ષ પ્રતિકૂળ ચાલવા લાગ્યો ત્યારે સતીએ ક્રોધ કરી યોગ ધારણ કરી નાની અવસ્થામાજ પોતાના શરીરનો ત્યાગ કર્યો. ૬૫

पितर्य प्रतिरूपेस्वे भवाया नागसेरुषा ॥
अमौवेवोऽऽस्मनाऽऽत्मानमजहाद्योगसंयुता

इति श्री ...ागवतेमहा...राणेच...र्थस्कंधे
प्रथमोध्याय:

અધ્યાય ૨ જો.†

દક્ષ અને શંકર વચ્ચે કટુતા.

विदुर उवाच

भवे शीलवतां श्रेष्ठे दक्षो दुहितृवत्सल: ॥
वि...वमकरात्कस्मादनादृत्याऽऽत्मजांसतीम्

વિદુરે પૂછ્યું કે—શીલવાનોમા શ્રેષ્ઠ શંકર સાથે પોતાની કન્યા ઉપર પ્રેમ રાખનાર દક્ષે શા માટે દ્વેષ રાખ્યો હતો? શાન્તિ રૂપ ચરાચરના ગુરૂ દ્વેષ રહિત જગતને પૂજ્ય ત્રિલોકનાથ આત્મારામ સુરાધીશ શંકર સાથે દક્ષે શા માટે દ્વેષ કર્યો? ૨ હે બ્રહ્મન! જમાઇ અને સસરા વચ્ચે એવો દ્વેષ શાથી થયો કે જે દ્વેષથી સતીએ પોતાના પ્રાણનો ત્યાગ કર્યો એ કથા આપ મને કહો. ૩

મૈત્રેય કહે છે કે—પ્રથમ પ્રજાપતિયોના યજ્ઞમાં મોટા મોટા ઋષિ તથા અનુચરો સહિત સર્વ દેવગણ મુનિ અને અગ્નિ એકઠા થયા હતા. એ સભાનો અંધકાર નાશ કરતા અને સૂર્યના જેવી કાન્તિવાળા દક્ષને આવતા જોઇ અગ્નિ સહિત સર્વ પોતપોતાના આસનો ઉપરથી ઉભા થયા, કારણ કે દક્ષના તેજથી સર્વ ક્ષોભ પામ્યા. એક બ્રહ્મા અને બીજા શંકર પોતાના આસન ઉપરથી ઉઠયા નહિ. ૬ સર્વેએ દક્ષનો સત્કાર કર્યો અને તે જગત ગુરૂ એવા બ્રહ્માને નમસ્કાર કરી બેઠા. ૭ શંકર ત્યા બેઠા હતા તેમને જોઇ દક્ષે વિચાર કર્યો કે આણે મારૂં અપમાન કર્યું કારણ કે મને જોઇ તે ઉઠયો નહિ. પછી જાણે હમણાંજ બાળી નાખશે એવાં કોપ યુકત નેત્ર કરી તે બોલ્યા કે—હે દેવતાઓ! અને અગ્નિ સહિત બ્રહ્મર્ષિઓ અજ્ઞાન અને મત્સર ભાવનો ત્યાગ કરી હું જે સત્પુરૂષોના સદાચાર કહું તે શ્રવણ કરો. આ શિવને જરા પણ લાજ નથી. નિર્લજે લોકપાળોના યશને કલંક લગાડયું છે. આ અભિમાનીએ સજ્જનોએ ચલાવેલા માર્ગ અને આચરણને દૂષિત કર્યાં છે. આ મારો જમાઇ શિવ મારા શિષ્યત્વને યોગ્ય છે કારણ કે બ્રાહ્મણ અને અગ્નિના સન્મુખ ગાયત્રી સમાન મારી કન્યાનું સાધુની પેઠે તેણે પાણિગ્રહણ કર્યું છે. ૧૧ આ વાનર જેવી આંખોવાળો મૃગ જેવી મારી દીકરી સાથે પરણ્યો છે, તેથી તેણે મારી સામા ઉઠીને ઉભું થવું જોઇએ, અને પ્રણામ કરવા જોઇએ, એવો જે હું તેને સત્કાર આપ્યો તો રહ્યો પણ વાણીથી પણ ભાવ પૂર્વક બોલાવ્યો નહી.

† આ અધ્યાયમા શ[illegible]દક્ષ પ્રજાપતિ વચ્ચે પ્રજાપતિયોના યજ્ઞમા જે કલહ થયો તે કથા કહેવાશે

આ [1]ક્રિયાહીન, [2]અપવિત્ર, મર્યાદા તોડનાર અને [3]અભિમાનીને હું મારી કન્યા પરણાવવા [4]ઇચ્છતો ન હતો પરંતુ [5]શુદ્રને જેમ વેદ વાણી આપવામાં આવે તેમ મેં આને કન્યાદાન દીધું.૧૩ એ સ્મશાનોમાં પ્રેત અને ભૂતગણો સાથે [6]ઉન્મત્તની પેઠે નાગો છૂટા કેશે ઘડીમાં હસતો ને ઘડીમા રોતો ફર્યા કરે છે ૧૪ ચિતાની ભસ્મ ચોળી મનુષ્યોની ખોપરીઓની માળા અને હાડકાનાં ઘરેણા પહેરી ફર્યા કરે છે, એનું શિવ એવું નામ છે પણ તે [7]અશિવ છે. પોતે જાતે મત્ત છે અને મત્ત લોકોજ એને પ્રિય છે, તમોગુણવાળાઓ અને ભૂતોનો આ પતિ છે. અરેરે! આ ભૂત પ્રેતના પતિ [8]આચાર ભ્રષ્ટ [9]દુષ્ટ ચિત્તવાળાને મેં [10]બ્રહ્માના કહેવાથી મારી કન્યા આપી તે ખોટું કર્યું. ૧૬

મૈત્રેય કહે છે કે—હે વિદુર! સભામાં શંકર પ્રતિકૂળ વર્ત્યા ન હતા તોપણ ઉપર પ્રમાણે નિંદા કરી દક્ષે જળનું આચમન લઇ ક્રોધયુકત થઇ શાપ દીધો કે—દેવગણમાં નીચ આ શંકરને દેવતાઓના યજ્ઞમાં ઇંદ્ર વિષ્ણુ આદિ દેવતાઓ સાથે ભાગ મળશે નહિ. ૧૮ હે વિદુર! દક્ષ શાપ દઇ ક્રોધાવેશમાં ત્યાંથી ઉઠીને પોતાને ઘેર ગયા. ૧૯ આવી રીતે મહાદેવને દક્ષે શાપ દીધો તેથી તેમના નંદીશ્વરે રોષે લાલ નેત્ર કરી દક્ષને અતિ દારૂણ શાપ દીધો અને જે બ્રાહ્મણોએ દક્ષના નહિ બોલવા યોગ્ય વચનોને અનુમોદન આપ્યું હતું તેમને પણ શાપ દીધો. ૨૦ કોઇનો દ્રોહ ન કરનાર ભગવાન શિવનો આ મનુષ્ય શરીરને શ્રેષ્ઠ સમજી જે મૂર્ખ દ્રોહ કરે છે તે ભેદદર્શી પુરૂષ તત્ત્વથી વિમુખ થશે. ૨૧ જેઓ કપટ કર્મમાં પરમ પ્રવીણ ઘરોમાં સંસારના વિષય સુખની ઇચ્છાએ આસકત છે વેદના પ્રરોચક વચનોથી નષ્ટ બુદ્ધિ થઇ કર્મને મુખ્ય ધર્મ માને છે જીવને ઇશ્વર માનનારી બુદ્ધિથી આત્મતત્વને નહિ જાણનાર પશુ સમાન ઇશ્વરની ગતિ ભૂલી જઇ કામી બને છે તેનું મોઢું બોકડાનું થશે. ૨૩ દક્ષ કર્મમય અવિદ્યામાં તત્વ વિદ્યા છે એવી બુદ્ધિ રાખે છે માટે તે જડ છે અને જે લોક મહાદેવનું અપમાન કરનાર દક્ષને અનુસરનારા છે તેઓ સંસારમાં જન્મ મરણ પામ્યા કરે છે. ૨૪ જેની વાણી પુષ્પના જેવી બહુજ સુગંધ આપનાર ચિત્તને પ્રસન્ન કરનાર છે એવી વેદ વાણીમાં મોહ કરાવનાર મધ જેવાં મીઠાં વચનથી મૂર્ખોનાં મન મોહિત થઇ રહેલાં છે એવા હરદ્વેષી લોક મોહને પ્રાપ્ત થઇ કર્મમાં આસક્ત રહેજો. ૨૫ ભક્ષ્ય અભક્ષ્યના વિચાર રહિત કેવળ પેટ ભરવાને વિદ્યા તપ તથા વ્રતને ધારણ કરનાર ધન ઇંદ્રિયો અને શરીરનું સ્મરણ કરનાર બ્રાહ્મણો આ જગતમાં યાચક થઇ ફરજો. ૨૬ નંદીશ્વરે

૧ શિવ પરબ્રહ્મરૂપ હોવાથી ક્રિયા જેનામા લુપ્ત છે એથી ક્રિપાહીન ૨ એથી પવિત્ર કોઈ નથી તેથી અ અને પવિત્ર અર્થાત બીજો કોઇ પવિત્ર નથી ૩ જેને માન નથી, તથા જેણે ધર્મ મર્યાદા રૂપ સેતુને તોડયો નથી. ૪ તે પરમેશ્વરને મારી પ્રાકૃત કન્યા શી રીતે યોગ્ય ગણાય, એ લાજથી દેવાની ઈચ્છા ન કરતા પણ મે તેના ઉત્તમ સબંધના લોભથી મારી કન્યા આપી ૫ આ દૃષ્ટાન્ત કેવળ અયોગ્યતાને માટે છે, હીનતા માટે નથી, જેમ કોઇ–ધનના લોભથી શુદ્રને વેદ ભણાવે, તેમ હું સબંધ લોભ સમજ્યો ૬ સ્મશાનમા રહેવાનુ વગરે જે કહ્યુ તે કેવળ વિડમ્બના માત્ર છે, કારણ કે દક્ષે ઉન્મત્ત સરખા કહેલ છે. ઉન્મત્ત નથી કહેલ, જેમ કે–કાઈ કહે કે બ્રાહ્મણ સદૃશ લાવો, તો તેથી જણાય છે કે–બ્રાહ્મણને નહિ, પણ બ્રાહ્મણ સમાન અન્ય ક્ષાત્રિય આદિને બોલાવે છે ૭ અશિવ એટલે સામાન્ય અર્થ તો અકલ્યાણકારી, પણ ગુઢાર્થ શિવ એટલે કલ્યાણ અને અ એટલે નહિ અર્થાત કલ્યાણમય ઇશ્વર આથી બીજો નથી ૮ આચારનષ્ટ એટલે નષ્ટાની પણ શુદ્ધિ જેથી થાય છે એવા ૯ દુષ્ટ ચિત્તવાળાની ઉપર પણ દયા રાખનાર છે, અર્થાત દુષ્ટામા પણ દયા યુકત જેનું મન રહે છે. ૧૦ બ્રહ્માજીના વચનથી લાજ અને બહુ ભારી સૂર્યને માટે જેમ દીવો, તેમ આ પરમેશ્વરને મે મારી કન્યા આપી છે

આ પ્રમાણે બ્રાહ્મણ કુળને શાપ દીધો તેને સાંભળી ભૃગુએ પાછો વળી ન શકે તેવો શાપ રૂપ બ્રહ્મદંડ તેની સામે ચલાવ્યો કે—જે શિવજીનું વ્રત ધારણ કરે અને જે તેને અનુસરનારા હોય તે સારાં શાસ્ત્રોથી ઉલટા ચાલનાર પાખંડી થશે. ૨૮ આચાર ભ્રષ્ટ થઇ મૂઢ બુદ્ધિવાળા તે લોક જટા ભસ્મ ધારણ કરી શિવજીની દીક્ષામાં પ્રવેશ કરશે, કે—જ્યાં મદિરા પવિત્ર ગણાય છે. ૨૯ મનુની મર્યાદાને ધારણ કરનાર વેદ અને બ્રાહ્મણોની નિંદા કરનાર પાખંડનો આશ્રય કરનાર થશે. ૩૦ લોકોનું કલ્યાણ કરનાર સનાતન વેદ માર્ગ છે કારણકે તે માર્ગે ઋષિયો જાય છે. ૩૧ સત્પુરૂષોના સનાતન માર્ગ રૂપ પરમ શુદ્ધ વેદની નિન્દા કરીને પાખંડમા પડશે જ્યાં ભૂત પ્રેતનો પતિ હોય.

મૈત્રેય કહે છે કે—ભૃગુ ઋષિ આ પ્રમાણે શાપ દેવા લાગ્યા ત્યારે ભગવાન શંકર જરા ઉદાસ [1] થઇ પોતાના અનુચરો સહિત તે સભામાંથી ઉઠી કૈલાસ ગયા. ૩૩ હે વિદુર! પ્રજાપતિયો પણ જેમાં વિષ્ણુ ભગવાનનું યજન થતું હતું એવા તે યજ્ઞને હજાર વર્ષે સંપૂર્ણ કરીને પછી પ્રયાગમા અવભૃથ સ્નાન કરી શુદ્ધ સ્વરૂપ થઇ પોતપોતાને ધામે ગયા.

पितर्य प्रतिरूपेस्वे भवाया नागसेरुषा।
अप्रौढैवाऽऽस्मनाऽऽस्मानमजहाद्योगस[ं]युता॥

इतिश्रीमद्भागवते म[हापुराणे च]तुर्थस्कंधे द्वितीयोध्यायः

અધ્યાય ૩ જો.‡

દક્ષના યજ્ઞમાં સતીનું ગમન.

विदुर उवाच

भवे शीलवतां श्रेष्ठे दक्षो दुहितृवत्सलः।

[1] શાપના સર્વને હાનિ થઈ તેથી ઉદાસ થયા, અને જેના ઉપર ભગવાનનો અનુગ્રહ હશે, તેઓને હાનિ નહિ થાય, એ કારણથી ખેદ સ્પષ્ટ દેખાડયો નહિ.

‡ આ અધ્યાયમા સતી પિતાને ત્યા યજ્ઞોત્સવમાં જવાને તૈયાર થયા પરંતુ શંકરે નીતિ યુક્ત વચનો કહી અટકાવ્યા, એ કથા કહેવાશે

[वि]द्वेषमकरोत्कस्मादनादृत्याऽऽत्मजां सतीम्॥

મૈત્રેય કહે છે કે—આ પ્રમાણે દ્વેષ કરતાં સસરા જમાઇને ઘણો કાળ થઇ ગયો. ૧ જ્યારે પરમેષ્ટી બ્રહ્માએ સર્વ પ્રજાપતિઓના અધિપતિ પદે દક્ષને અભિષેક કર્યો ત્યારે તેમને ગર્વ થયો. ૨ દક્ષે અભિમાનથી સર્વ બ્રહ્મવાદિયોનો તિરસ્કાર કરી વાજપેય નામનો યજ્ઞ કરી બૃહસ્પતિસવ નામના ઉત્તમ યજ્ઞનો આરંભ કર્યો. ૩ તે યજ્ઞમાં બ્રહ્મર્ષિ દેવર્ષિ પિતૃગણ તથા દેવતાઓ તેમની સ્ત્રિયો સાથે ગયા અને દક્ષે સર્વનો સત્કાર કર્યો. ૪ પોત પોતામાં વાતો કરતા આકાશ માર્ગે જતા દેવતાઓના મુખથી પિતાને ત્યા યજ્ઞ છે એવું સાંભળી તથા ગળામાં પદક પહેરી સારાં વસ્ત્રો ધારણ કરી ચંચળ નેત્રવાળી ઉજ્વળ કુંડળોથી શોભાયમાન ઉપદેવ—ગંધર્વોની સુંદર સ્ત્રિયોને ચારે બાજુથી વિમાનમાં બેસી કૈલાસ પાસેથી જતી જોઇ સતી મહાદેવજીને ઉત્સાહથી કહેવા લાગ્યાં કે—આપના સસરા પ્રજાપતિ દક્ષને ઘેર યજ્ઞ મહોત્સવ થાય છે માટે જો આપની ઇચ્છા હોય તો આપણે પણ ત્યાં જઇએ. દેવતાઓ હજી ત્યાં જાય છે. ૮ યજ્ઞમા મારી બેનો ધામધુમથી આવશે. સમ્બંધીઓનાં દર્શનની ઇચ્છાથી હું પણ ત્યાં જઇ માતા પિતાએ આપેલાં વસ્ત્રાલંકારનો સ્વીકાર કરવા ઇચ્છું છું. ૯ હે શિવ! પતિ સહિત મારી બેનોને માસીઓને સ્નેહ ભરેલા અંતઃકરણવાળી મારી માતાને અને ઋષિ લોકથી કરતા ઉત્તમ યજ્ઞને હું જોવા ઇચ્છું છું કારણ કે મારા મનમાં સમ્બન્ધીઓને મળવાની બહુ ઉત્કંઠા છે ૧૦ હે અજન્મા! આ આશ્ચર્ય રૂપ ત્રિગુણાત્મક જગત આપમાં આપની માયાથી ભાસે છે તેથી આપને આશ્ચર્ય નથી લાગતું તોપણ હું કે—જે આપનાં તત્ત્વને ન જાણનારી સ્ત્રી છું તે કૃપણ થઇ મારી જન્મભૂમિ જોવાની ઇચ્છા

શકું છું. ૧૧ આપ જુવો આ દેવની સ્ત્રિયો ટોળે ટોળાં મળી શૃંગાર ધારણ કરી જાય છે. હે નીલકંઠ! જેનાં હંસ કરતાં પણ વિશેષ ઉજ્વળ વિમાનોના જવાથી આકાશ છવાઇ રહ્યું છે. ૧૨ પિતાને ત્યાં ઉત્સવ છે એવું શ્રવણ કરી કન્યાનું મન લલચાયા વગર કેમ રહે? મિત્ર પતિ ગુરૂ અને પિતા એમને ઘેર તો વગર બોલાવે પણ જવું જોઇએ. ૧૩ હે દેવ! મારી ઉપર કૃપા કરો અને મારો મનોરથ પૂરો. આપ મહાજ્ઞાની છો તોપણ મારી ઉપર દયા કરી મને આપની અર્ધાંગના બનાવી છે તેથી હું આપને પ્રાર્થના કરૂં છું કે મારા પિતાને ત્યાં ચાલો.

મૈત્રેય કહે છે કે—આ પ્રમાણે સતીએ શિવની પ્રાર્થના કરી ત્યારે પ્રજાપતિઓની સમક્ષ દક્ષ પ્રજાપતિએ જે મર્મચ્છેદક વાગ બાણ માર્યા હતાં તેનું સ્મરણ કરી સર્વના સુહૃદ અને પ્રિય શંકર આ પ્રમાણે બોલ્યા.

શંકરે કહ્યું કે—હે શોભને! બંધુને ઘેર વગર બોલાવે પણ જવાની રીત છે તે ખરૂં પણ તે કયારે કે જ્યારે સંબંધીઓની દૃષ્ટિ બળવાન દેહાભિમાનથી અને ક્રોધથી દૂષિત ન હોય ત્યારે. ૧૬ વિદ્યા તપ ધન સુંદર શરીર અવસ્થા અને કુળ એ બધું સત્પુરૂષોમાં ગુણ રૂપે છે અને નીચ પુરૂષોમાં દોષ રૂપે છે એથી વિવેકનો નાશ થવાથી અને અભિમાનથી આંધળા અને અનમ્ર પુરૂષ મહાત્મા પુરૂષોના તેજને સહી શકતા નથી. ૧૭ અસ્થિર ચિત્ત લોકોને સંબંધી સમજી તેમના ઘર સામુ જોવું જોઇએ નહિ કારણકે—તે લોકો પોતાને ઘેર આવેલા લોકોને કુટિલ બુદ્ધિથી ક્રોધયુક્ત ભ્રૂકુટી ચડાવેલી આંખથી જોયા કરે છે. ૧૮ કુટિલ બુદ્ધિ સંબંધિયોનાં દુર્વચનોથી જેવી પીડા થાય છે તેવી પીડા શત્રુઓએ બાણ મારી અંગ વિંધી નાખ્યાં હોય તોપણ થતી નથી કારણ કે જેને બાણ વાગ્યાં હોય તેને તો નિદ્રા આવી શકે છે પરંતુ દુર્વચનથી જે મર્મસ્થળ વિંધાયેલું હોય તે તપાયમાન હૃદયથી રાત દિવસ તપ્યા કરે છે. ૧૯ હે શુભાનને! ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દક્ષ પ્રજાપતિને સર્વ કન્યાઓમાં તમે પ્રિય અને માન્ય છો એ વાત ખરી તોપણ તે પિતાથી તમને માન મળશે નહિ કારણ કે મારા સંબંધથી દક્ષને મહા પરિતાપ થયો છે. ૨૦ નિરહંકાર પુરૂષોની પવિત્ર કીર્તિ જોઇને મનમાં અગ્નિ ઉઠવાથી આતુર ચિત્ત પુરૂષ તેની ઉત્તમ પદવીને પહોચી શકતા નથી, જેમ દૈત્ય ભગવાનનો દ્વેષ કરે છે તેમ તેઓ દ્વેષ કર્યા કરે છે. ૨૧ હે સતી! વિદ્વાનો પરસ્પર ઉઠીને ઉભા થાય છે, વિનય અને નમસ્કાર કરે છે, પરંતુ તે અંતર્યામી પરમાત્માને માટેજ અંતઃકરણથી કરવામાં આવે છે દેહાભિમાનથી પુરૂષ માટે નહિ. ૨૨ જે ઇંદ્રિયોથી અગોચર છે, તેમનું હું નમસ્કાર દ્વારા સેવન કરૂં છું. ૨૩ જો કે દક્ષ તમારા પિતા તોપણ મારા શત્રુ છે તેથી તેમની અને તેમના પક્ષપાતિઓની તરફ તમારે જોવું જોઇએ નહિ. મારો કાંઇ પણ અપરાધ નહતો તેમ છતાં પ્રજાપતિઓના યજ્ઞમાં દુર્વચનથી તેમણે મારો તિરસ્કાર કર્યો. ૨૪ જો તમે મારૂં વચન નહિ માનતાં ત્યાં જશો તો તમારૂં કદી કલ્યાણ નહિ થાય કારણકે જે પ્રતિષ્ઠિત છે તેનું સંબંધી તરફથી અપમાન થાય તો તેમાંથી મરણ રૂપ પરિણામ આવે છે. ૨૫

यदिव्रजिष्यतिहय मद्वचो
मद्रं भवत्या नतनो भविष्यति ।
सभावितस्य स्वजनात्पराभवो
यदास सद्यो मरणाय कल्पते ॥ २५ ॥

इतिश्रीमद्भागवतमहापुराणेच. र्थस्कन्धे
तृतीयोध्यायः

અધ્યાય ૪ થો.†

સતીનું બળી મરવું.

मैत्रेय उवाच

एतावदुक्त्वा विरराम शंकरः
पत्न्यंगनाशं ह्युभयत्र चिंतयन् ।
सुहृद्दिदृक्षुः परिशंकिता भवान्निष्क्रामती
निर्विशती द्विधाऽऽसता ॥१॥

મૈત્રેય કહે છે કે—આ પ્રમાણે પત્નીના શરીરનો નાશ શોચતા શંકર આમ કહી મૌન રહ્યા અને બાંધવોને મળવાની ઇચ્છા વાળાં સતી બહાર જાય અને ભયથી પાછાં આવે એવી સ્થિતિમાં પડયાં. ૧ બંધુને જોવાની અને મળવાની ઇચ્છામાં વિઘ્ન આવવાથી તે ઉદાસ થઇ ગયાં સ્નેહથી રડવા લાગ્યાં, અને જેમના નેત્રોમાંથી જળની ધારા ચાલી રહી હતી એવાં તે ક્રોધથી કંપવા લાગ્યાં. જેમના જેવો બીજો કોઈ પુરૂષ નથી એવા શંકરને જાણે ભસ્મ કરતાં હોય એવાં જણાવા લાગ્યાં. ૨ પછી શોક અને ક્રોધથી નિઃશ્વાસ નાખી સ્ત્રી સ્વભાવથી સતી, જેમને મહાદેવે પ્રેમથી પોતાનું અર્ધું અંગ આપી દીધું હતું તે પિતાને ત્યા જવાને નીકળ્યાં. ૩ સતીને એકલાંજ ઉતાવળાં ઉતાવળાં જતાં જોઈ પાર્ષદો અને યક્ષોની સાથે મણિમાન અને મદ આદિ અનુચરો નંદીશ્વરને આગળ કરી તેમની પાછળ ગયા. ૪ સતીને નંદીકેશ્વર ઉપર બેસાડી મૈના ગેંદ દર્પણ કમળ શ્વેત છત્ર પંખા અને માળા આદિથી શોભાયમાન તેઓ ગીત ગાતા અને દુંદુભિ શંખ વેણુ આદિ વગાડતા ચાલ્યા.૫ ચારે બાજુથી વેદના મંત્રોના ઉચ્ચારથી યજ્ઞ સંબંધી પશુહિંસા જેમા થતી હતી અને જ્યા બ્રાહ્મણો અને દેવતાઓ બેઠા હતા જ્યાં માટી લાકડાં લોઢું સોનું દર્ભ અને ચર્મનાં પાત્રો શોભી રહ્યાં હતાં એવા યજ્ઞ મંડપમાં ૬ સતીને જોયા છતાં યજ્ઞ કર્તા દક્ષના ભયથી બેનો અને માતા સિવાય બીજા કોઇએ આદર આપ્યો નહિ કારણ કે દક્ષે તેમને બોલાવ્યાં ન હતાં મા અને બેનો પ્રેમાશ્રુથી ગળગળાં થઇ ગયાં અને આનંદથી મળ્યાં. ૭ પિતાથી અવમાનિત સતીએ માતા અને માસિયોના આદર ભાવનું ગ્રહણ કર્યું અને બેનોએ જે વાત કહી તે પણ સાંભળી. જેમા શંકરનો ભાગ ન હતો અને જેમાં પિતાએ સમર્થ શિવજીનો અપરાધ કર્યો હતો એવા યજ્ઞને જોઇ જગદીશ્વરી સતી ક્રોધથી ત્રણ લોકને ભસ્મ કરતાં હોય તેમ કોપી ઉઠયાં. ૯ દેવી સતી દક્ષને મારવા માટે ઉઠેલા ભૂત ગણોને વારી શિવ દ્વેષી અને કર્મ માર્ગના અભ્યાસથી અભિમાની દક્ષને સર્વ જગતના સાંભળતાં ક્રોધને લીધે ગંભીર વાણીથી આ પ્રમાણે કહેવા લાગ્યાં.

સતી બોલ્યાં કે—સર્વ શરીર ધારીઓના પ્રિય આત્મા સર્વ રૂપ અચિંત્ય રૂપ ચિદાનંદ અને નિર્વૈર શિવ કે જેનાથી કોઇ અધિક નથી ને જેને કોઇ પ્રિય કે અપ્રિય નથી એવાની સાથે તમારા વગર બીજો કોણ વૈર રાખે? ૧૧ હે દ્વિજ! બીજાના ગુણોમા સાધુ દોષ ગ્રહણ કરતા નથી. નિંદક નીચ મનુષ્ય થોડા ગુણોને બહુ કરી બતાવે છે અને મધ્યમ પુરૂષ પોતાના જ્ઞાનથી યથાસ્થિત ગુણ દોષ ગ્રહણ કરે છે અને જે સત્પુરૂષ છે તે ગુણનેજ ગ્રહણ કરે છે, દોષ ઉપર ધ્યાન આપતા નથી. થોડા ગુણોને પણ અધિક માંને છે પણ અરે તમે તેમનો અપરાધ કર્યો છે. ૧૨ દેહને આત્મા માનનાર નીચ પુરૂષ સર્વદા ઈર્ષાથી મહાત્માઓની નિંદા કરે છે, કારણ કે મહાત્મા પુરૂષોના ચરણારવિંદની રજથી હીન દુષ્ટ લોકોને માટે નિંદાજ ઉ-

† આ અધ્યાયમા પતિને મૂકીને પિતાને ઘેર ગયા, ત્યા દક્ષે અપમાન કર્યું, ત્યાંર સતીએ ક્રોધથી તેનુ અપમાન કરી, યજ્ઞમા શરીરનો ત્યાગ કર્યો, એ કથા કહેવારો.

ચિત છે. ૧૩ જેનું "‡શિવ" એ બે અક્ષરનું નામ એક વાર પણ ઉચ્ચારણ કરવામાં આવે તો સર્વ પાપોનો નાશ થઇ જાય એવા પવિત્ર કીર્તિ અને જેમની આજ્ઞાને કોઇ ઉલ્લંઘન કરી શકતું નથી એવા શિવનો તમે દ્વેષ કરો છો. અહા! એ તો મહા અમંગળ રૂપ છે તમારૂં કલ્યાણ નહિ થાય. ૧૪ કૈલાસ પતિ શિવના પદ પંકજની બ્રહ્મરસ સંબંધી મકરંદને ઇચ્છનાર મહાત્માઓના મનરૂપી ભ્રમરની પંક્તિ સેવન કરે છે અને જેનાં ચરણ કમળ સકામ પુરૂષોના મનોરથ પૂર્ણ કરે છે એવા શિવનો તમે દ્રોહ કરો છો.૧૫ એ શિવને તમે અશિવ કહો છો. તમારા વગર બ્રહ્માદિક તેને નથી જાણતા? શ્મશાનમાં જટા વિસ્તારી ચિતાની ભસ્મ ચોળી મનુષ્યોની ખોપરીની માળા ધારણ કરી ભૂતગણોને સાથે લઇ પિશાચો સાથે સ્મશાનમાં વાસ કરે છે તોપણ તેમના ચરણકમળની રજ બ્રહ્માદિક પોતાના મસ્તક ઉપર ચઢાવે છે. ૧૬ ધર્મ રક્ષક શંકરની જ્યાં નિંદા થાય ત્યાંથી જો પોતાનામા મારવાની કે મરવાની શક્તિ હોય તો કાન બંધ કરી ચાલ્યા જવું અને સામર્થ્ય હોય તો અકલ્યાણ ઉચરનારી તેની જીહ્વાને બળાત્કારે ખેંચી પ્રાણનો ત્યાગ કરવો એજ ધર્મ છે. ૧૭ નીલકંઠના નિંદક તમારા શરીરથી ઉત્પન્ન થયેલો આ દેહ હું ધારણ નહિ કરૂં કારણ કે ભૂલથી ખાધેલું નિંદિત અન્ન ઓકી નાંખવુંજ યોગ્ય ગણાય છે. ૧૮ સ્વરૂપમાં મગ્ન મહા મુનિની મતિ વિધિ નિષેધ રૂપ વેદવાદોનું અનુસરણ કરતી નથી, જેમ દેવ અને મનુષ્યોની ગતિ ભિન્ન છે તેથી પ્રવૃત્તિ નિવૃત્તિ માર્ગ રૂપ સ્વધર્મમાં સ્થિત થઇ પરધર્મ વા પર પુરૂષની નિંદા કરવી જોઇએ નહિ. ૧૯ મુનિયોએ બે માર્ગ બનાવેલા છે, પ્રવૃત્તિ માર્ગમા અગ્નિહોત્રાદિક કરવાં અને નિવૃત્તિમાં શીલ શમ દમાદિ સત્યભાષણ રાગ અને વૈરાગનો આશ્રય કરવો જોઇએ. વેદમાં આ તથ્ય કહ્યું છે, અને જે મનુષ્ય તે કરે તે પરસ્પર વિરોધી થઇ જાય છે. શિવ પરબ્રહ્મ ઇશ્વર છે તે ગમે તો ઇશ્વરની આજ્ઞા માને વા ન માને પણ તે ઉપર વેદની આજ્ઞા નથી.૨૦ હે પિતા! જે પદવી અમને પ્રાપ્ત છે તે તમને કદી પણ મળવાની નથી કારણ કે અમારી ઇચ્છા માત્રથીજ અણિમાદિક સિદ્ધિયો ઉત્પન્ન થાય છે. જેનું મોટા મોટા બ્રહ્મજ્ઞાની અને યોગીઓ સેવન કરે છે, જે અજ્ઞાશ્રયી યજ્ઞશાળામાં હવન કરી ધુમ સેવન કરે છે તેને પ્રાપ્ત થતી નથી. અમારી પદવી એવી છે કે જેનાં ચિહ્ન પ્રકટ છે, અવધુત લોક તેની સેવા કરે છે. ૨૧ અરે શિવ અપરાધી! તમારાથી જે આ મારો દેહ ઉત્પન્ન થયો છે, તે દેહનું મારે કાંઇ પ્રયોજન નથી કારણ તે દુર્જનના નામથી મને લજ્જા આવે છે, મહાત્માના અપરાધથી જે જન્મ છે તે જન્મને ધિઃકાર છે. ૨૨ ભગવાન વૃષભધ્વજ કદાપિ હસતાં બોલે કે હે દક્ષસુતે! એમ કહી તમારા સંબંધનું નામ દે ત્યારે મને મહા કલેશ થાય માટે અધમ શરીર જે તમારાથી ઉત્પન્ન થયેલું છે તેનો હું હમણાંજ અહીં ત્યાગ કરૂંછું.

મૈત્રેય કહે છે કે–હે વિદુર! આ પ્રમાણે દક્ષને કહી ઉત્તર દિશા તરફ પૃથ્વી ઉપર બેસી પીળાં પીતાંબર પહેરી આચમન લઇ આંખો મીંચી સતી યોગ સાધવા લાગ્યાં.૨૪ નિર્દૂષણ સતી આસન જીતી પ્રાણ તથા અપાન વાયુને સમાન કરી ઉદાન વાયુને નાભિ ચક્રથી ઉઠાવી બુદ્ધિની સાથે હૃદયમાં લાવી ત્યાંથી ઉરસ્થિત ઉદાનને ધીરે ધીરે કંઠ માર્ગે ભ્રકુટીના મધ્યમાં લઇ ગયાં. ૨૫ મહાત્મા જનોને પરમ પૂજ્ય શંકરે જેમને આદર સન્માનથી રાખેલાં એવાં સતી દક્ષ પ્રજાપતિ ઉપર ક્રોધ કરી પોતાના શરીરમાં

‡ શિવ એ નિર્મળ નામ જે આદરથી ઉચ્ચારે છે, તે પુનઃ સંસાર સાગરમા આવતો નથી. મહાદેવ એ નામ કોઇ સાંભળે, વા કહે, તેનો નરકમા તો વાસ થતોજ નથી, એ સત્ય છે.

શ્રી પવન અને અગ્નિને ઉત્પન્ન કરી જગતગુરૂ પોતાના પતિના ચરણારવિંદના મકરંદનું ચિંતન કરતાં નિષ્પાપ સતીએ બીજું કાંઈ પણ જોયું નહિ, તે સમયે સમાધિના અગ્નિથી તેમનો દેહ બળી ગયો. ૨૭ આકાશમાં અને પૃથિવી ઉપર હાહાકાર થઈ ગયો. પશુપતિની પ્રિયા સતીએ દક્ષના અપમાનથી કોપ કરી પ્રાણનો ત્યાગ કર્યો. ૨૮ અહો! જે પ્રજાપતિ દક્ષની ચરાચર જગત પ્રજા છે તેની દુષ્ટતા કેવી કે—જેનું અપમાન કરવાથી વારંવાર માન દેવા યોગ્ય ઉદાર મનવાળી પુત્રી સતીએ દેહનો ત્યાગ કર્યો. ૨૯ તે શિવદ્વેષી બ્રહ્મદ્રોહી અને કઠોર ચિત્તવાળો દક્ષ લોકમાં મહા અપયશનું પાત્ર થયો, કારણ કે પોતાના અપરાધથી મરવાને તૈયાર થયેલી પોતાની કન્યાને તેણે અટકાવી નહિ. ૩૦ આ પ્રમાણે લોકો બોલતા હતા એટલામાં મહાદેવના પાર્ષદો આયુધ લઈ દક્ષને મારવા ઉઠયા. ૩૧ પાર્ષદોને વેગથી આવતા જોઈ ભૃગુ ઋષિએ યજ્ઞનો નાશ થતો અટકાવવાને યજુર્વેદના મંત્રથી દક્ષિણાગ્નિમાં હોમ કર્યો. ૩૨ અધ્વર્યુ ભૃગુના હોમથી તરતજ તપથી અમૃતને પ્રાપ્ત થનાર હજારો રૂભુ નામના દેવતાઓ ઉત્પન્ન થયા. ૩૩ બળતાં લાકડાંથી અને બ્રહ્મતેજથી દેદિપ્યમાન રૂભુ દેવતાઓના મારેલા યક્ષો ભૂતપ્રેત સતી પતિના પાર્ષદ દિશાઓમાં ભાગી ગયા. ૩૪

ताता युधैः सर्वे प्रमथा सहगुह्यकाः
न्यमाना दिशोभे , ज्वाग्नि्र्ब्रह्मतेजसा ।३४।

तिश्रीम . ागवतमहापुराणेचतुर्थस्कंधे
चतुर्थोऽध्यायः

અધ્યાય ૫ મો.‡

વીરભદ્રની ઉત્પત્તિ યજ્ઞનો નાશ

મૈત્રેય उवाच:

भवो भवान्या निधन प्रजापते
ता या अवगम्यनारदा. ।
सैन्यं च तद् ध्वर
मिर्विद्रावित क्रोधमपारमाद्धे ॥ १ ॥

મૈત્રેય કહે છે કે—દક્ષથી અપમાન પામી સતીએ દેહ ત્યાગ કર્યો તે અને રૂભુ દેવતાઓથી પાર્ષદોની સેનાનું ભાગી જવું એ વાત નારદથી શ્રવણ કરી શિવને ક્રોધ ચઢયો ૧ ઓઠ દાબતા ક્રોધ યુક્ત શિવે ભયાનક રૂપથી અટ્ટહાસ અને ગંભીર નાદ કરી વિજળી અને અગ્નિની જવાળા સમાન તેજસ્વી જટાને પૃથ્વી ઉપર પછાડી. ૨ જટામાંથી વીરભદ્ર ઉત્પન્ન થયો. તેનું અતિ ઉંચું શરીર આકાશનો સ્પર્શ કરતું હતું. તેને હજાર હાથ હતા કૃષ્ણ વર્ણ સૂર્યના જેવાં ત્રણ નેત્ર ભયંકર દાઢો બળતા અગ્નિના જેવા કેશ ખોપરીની માળા ધારણ કરેલ અને અનેક આયુધોવાળા વીરભદ્રે પ્રાર્થના કરી કે—હું શું કરૂં ? મને શી આજ્ઞા છે? એવું કહી હાથ જોડી ઉભો ત્યારે ભૂતનાથે આજ્ઞા કરી કે યજ્ઞ સહિત દક્ષનો નાશ કરો. હે રૂદ્ર ભટ! તું મારા પાર્ષદોમા મુખ્ય છે અને મારા અંશથી પ્રકટ થયો છે તેથી દક્ષને મારી શકીશ.

હે વિદુર! કોપાયમાન શંકરની એવી આજ્ઞા પામી સમર્થ દેવતાઓના પણ દેવ શિવની પ્રદક્ષિણા કરી વીરભદ્ર ત્યાંથી ચાલ્યો, એ સમયે અપ્રતિહત વેગથી તે પોતાના આત્માને બીજા મહાબલી લોકોની શક્તિનો નાશ કરવાને સમર્થ સમજતો હતો. નાદ કરતા રૂદ્ર પાર્ષદો જેની પાછળ દોડતા હતા એવા વીરભદ્રે ભયંકર નાદ કર્યો, અને મૃત્યુને પણ મારે એવું ત્રિશૂળ ઉપાડી પગના ઘુઘરાના શબ્દથી દિશાઓને મૂર્છિત કરી નાંખી. ઋત્વિજ યજમાન સભાપતિ બ્રાહ્મણ અને બ્રાહ્મણની સ્ત્રિયો ધૂળ ઉડતી જોઈ વિચાર કરવા લાગી કે—ઉત્તર દિશામાં અંધારૂં થયું છે ? અરે આ ધૂળ ક્યાંથી ઉડતી હશે. વાયુ

‡ આ અધ્યાયમા સતી બળી મુઆ તે વાર્તા સાંભળી મહાદેવજીએ કોપ કરી વીરભદ્રને ઉત્પન્ન કર્યો અને તેણે દક્ષના યજ્ઞનો નાશ કર્યો એ કથા કહેવાશે.

નથી અને ચોર નથી કારણકે ભયંકર દંડને દેનાર રાજા પ્રાચીનબર્હિ હજી જીવતો છે, અને ગાયો લઇ જવાનો સંભવ નથી લોકોનો પ્રલય તો નહિ આવ્યો હોય. ૮ પ્રસૂતિ દક્ષની સ્ત્રી જેમાં મુખ્ય છે એવી સ્ત્રિયો ઉદ્વિગ્ન ચિત્ત થઇ બોલી કે—જે પોતાની કન્યાઓના જોતાં નિરપરાધી પોતાની સુતા સતીનું દક્ષે અપમાન કર્યું તે પાપનું આ ફળ છે. ૯ પ્રલય કાળમાં જટા જૂટને વિંખી પોતાના ત્રિશૂળના અગ્રમાં દિગ્ગજોને પરોવી લે છે, અને અસ્ત્ર ઉપાડેલ ભુજા રૂપ ધ્વજાઓને વિસ્તારી જે મહા અટ્ટહાસ કરે છે કે—જે હાસ્યના કડકડાટ શબ્દથી દિશાઓ ફાટી જાય છે. ૧૦ વિખેરી નાંખેલું છે સર્વ નક્ષત્ર મંડળ જેમણે એવા ક્રોધ વ્યાપ્ત ભ્રૂકુટિથી અને કરાળ દાઢોથી દુઃસહ એવા અસહ્ય તેજવાળા મહાદેવને કોપાયમાન અને અમર્ષ યુક્ત કરી શું બ્રહ્માનું પણ કલ્યાણ થઇ શકે ? ૧૧ આમ ઉદ્વિગ્ન ચિત્તે લોકો વાતો કરતાં હતાં એટલામાં મહાત્મા દક્ષના યજ્ઞમાં ભયસૂચક મહા ઉત્પાત આકાશ અને પૃથ્વી માર્ગે થવા લાગ્યા. ૧૨ હે વિદુર ! એટલામાં અનેક આયુધવાળા કાળા પીળા અને મધરના જેવા ઉદર અને મુખવાળા અનેક પ્રકારના રૂદ્ર ગણોએ જઇ યજ્ઞને ઘેરી લીધો. કેટલાક પાર્ષદોએ પ્રાગ્વંશ અર્થાત્ યજ્ઞશાળાના પૂર્વે પશ્ચિમના સ્તંભમાં લાગેલી અને પૂર્વ પશ્ચિમ જેનો વિસ્તાર હતો એવો જે સ્તંભ તેને તોડી નાખ્યો, કોઇએ પત્નીશાળા કે જે યજ્ઞશાળાની પશ્ચિમે હતી તેને અને બીજાઓએ સભા મંડપ કોઇએ અગ્નિધ્રશાળા, કોઇએ ક્રીડા સ્થાન અને કોઇએ પાક—ભોજનશાળા તોડી નાંખી. ૧૪ કોઇએ યજ્ઞનાં પાત્ર ફોડી નાંખ્યા અને કોઇએ અગ્નિનો નાશ કરી નાંખ્યો, કેટલાક તો યજ્ઞના કુંડમાં મુતરવા લાગ્યા અને કોઇ મેખલાને તોડવા લાગ્યા. ૧૫ કોઇ કોઇ વળી મુનિને મારવા લાગ્યા. કેટલાક સ્ત્રીઓને ડરાવવા લાગ્યા, કેટલાક ઉભેલા અને ભાગતા દેવતાઓને પકડવા લાગ્યા. ૧૬ ભૃગુને મણિમાને બાંધી લીધા, વીરભદ્રે દક્ષને કબજે કર્યા ચંડીશે પૂષાદેવને અને નંદીશ્વરે ભગ દેવતાને પકડી લીધો. ૧૭ પાર્ષદોએ જોઇ જોઇ એવા પત્થર માર્યા કે—જેથી પીડા પામી ઋત્વિજ દેવતા સહિત સભાપતિ સર્વ નાશી ગયા. ૧૮ હાથમાં સરવા છે જેમના એવા ભૃગુ ઋષિની દાઢી વીરભદ્રે ઉખેડી નાખી કારણ કે તે દાઢી દેખાડી સભામાં હસ્યા હતા. ૧૯ ભગ દેવતાને પૃથ્વી ઉપર પછાડી તેનાં નેત્ર કાઢી લીધાં કારણ કે શાપ દેતા દક્ષને તેણે આંખોથી સૂચના કરી હતી. બળભદ્રે જેમ કલિંગ દેશના રાજાના દાંત પાડી નાખ્યા હતા તેમ પૂષાના દાંત પાડી નાખ્યા કારણ કે શંકરને શાપ દેતી વેળાએ તે હસ્યો હતો. ૨૧ દક્ષની છાતી ઉપર ચડીને વીરભદ્ર તીક્ષ્ણ શસ્ત્રથી તેનું માથું કાપવા લાગ્યો તોપણ તે ઝટ કાપી શકાયું નહિ. ૨૨ જ્યારે અસ્ત્રશસ્ત્રથી તેની ચામડી ન કપાઇ ત્યારે તેને અવધ્ય જાણી વીરભદ્રે ઘણો વિચાર કર્યો. ૨૩ પછી જેમ પશુને તેનું ગળું દાબી મારી નાખવામાં આવે તેમ દક્ષ રૂપી પશુનું માથું ચૂંટી લીધું. ૨૪ વીરભદ્રના તે કામને વખાણતા ભૂત પ્રેત અને પિશાચો " સારૂં થયું સારૂં થયું " એમ બોલવા લાગ્યા, અને દક્ષના પક્ષના બીજા બ્રાહ્મણ વગેરે લોકો " ભુંડું થયું " એમ બોલવા લાગ્યા, મહા શોક સંતાપ થઇ રહ્યો. ૨૫ વીરભદ્રે મહા કોપ કરી દક્ષનું મસ્તક દક્ષિણાગ્નિમાં હોમી દીધું. આ પ્રમાણે દેવયજ્ઞનો નાશ કરી તેઓ કૈલાસ ગયા. ૨૬

हावैताच्छरस्त स्मिन् दक्षिणाग्नावमर्षितः।
त वयजनं दग्ध्वा प्रातिष्ठ गुह्य कालय ॥

इतिश्रीमद्भागवतमहा पणेचतुर्थस्कंधे
पचमो ध्यः

અધ્યાય ૬ ઠ્ઠો.*

દક્ષને માટે બ્રહ્માએ કરેલી સ્તુતિ.

મૈત્રેય ઉવાચ

अथ देवगणाः सर्वे रुद्रानीकैः पराजिताः ।
[illegible] निर्भि [illegible] परिघ मुद्गरैः ॥ १ ॥

મૈત્રેય કહે છે કે—ત્યાર પછી શંકરના સૈન્યથી પરાજય પામી અને ત્રિશૂળ પટ્ટિશ ખડ્ગ ગદા પરિઘ અને મુદ્ગર આદિ શસ્ત્રોથી છિન્ન થયેલા દેવતાઓ ભયથી વ્યાકુળ થઇ ઋત્વિજ અને સભાસદોએ બ્રહ્મા પાસે જઇ નમસ્કાર પૂર્વક સર્વ વૃતાંત નિવેદન કર્યું આ વૃત્તાન્ત કમલોદ્ભવ બ્રહ્મા અને વિશ્વાત્મા નારાયણ પ્રથમથી જાણતા હતા તેથી તે યજ્ઞમાં ગયા નહતા. ૩ દેવતાઓનું કહેવું સાંભળી બ્રહ્માએ કહ્યુ કે—જો તેજસ્વી પુરૂષે અપરાધ કર્યો હોય તો જે લોકો પુનઃ તેનો અપરાધ કરવાની ઇચ્છા કરે તેને સારૂં ફળ મળતું નથી. તમે યજ્ઞમાં ભાગ લેનાર મહાદેવને દૂર કર્યા તેથી તમે શુદ્ધ મનથી તેમના ચરણોમાં દંડવત્ કરી તેમને પ્રસન્ન કરો. ૫ વળી તમારે જો અપૂર્ણ રહેલો યજ્ઞ પૂર્ણ કરવો હોય તો દુર્વચનોથી વિંધાયેલ તથા સ્ત્રી રહિત થયેલા શંકર પાસે જઇ ક્ષમા માગો કારણ કે તેમના ક્રોધથી લોકપાળો સહિત ત્રણે લોકોનો નાશ થાય છે. ૬ તેમના તત્વ બળ અને પરાક્રમના પ્રમાણને હું (બ્રહ્મા) જાણતો નથી અને યજ્ઞ ભગવાન પણ જાણતા નથી, અને બીજાં પ્રાણી કે મુનિઓ કોઇ જાણતું નથી, આ પ્રમાણે દેવતાઓને કહી પિત્રીશ્વરોને અને પ્રજાપતિયોને લઈ બ્રહ્મ લોકથી કૈલાસ ઉપર ગયા.

જ્યાં જન્મથી ઔષધિ તપ મંત્રને અને યોગની સિદ્ધિયોવાળા દેવતા કિન્નર ગંધર્વ અને અપ્સરા સદા વાસ કરે છે ૯ જ્યાં અનેક પ્રકારની ધાતુઓથી ચિત્ર વિચિત્ર રંગવાળા પર્વતોનાં શિખરોમાં અનેક પ્રકારના મણિયો છે, અને નાના પ્રકારનાં વૃક્ષ લતા અને ગુચ્છ લટકી રહ્યા હતા અને નાના પ્રકારનાં પશુઓનાં ટોળાં ચરતાં હતાં. ૧૦ નિર્મળ પાણીના ઝરણાં અનેક ગુફાઓ અને શિખર શોભાયમાન હતા અને જ્યાં સિદ્ધ પુરૂષોની સ્ત્રિયો પોતાના પતિ સાથે ક્રીડા કરતી હતી. ૧૧ મયૂર કેકાસ્વર કરતા હતા મદથી અંધ થયેલા ભ્રમરો ગુંજારવ કરી રહ્યા હતા. કોયલ “ કુહૂ ” શબ્દ કરતી હતી પક્ષી કલ્લોલ કરી રહ્યાં હતાં. ૧૨ મન વાંચ્છિત કામના પૂર્ણ કરનારાં વૃક્ષોની શાખાઓ જાણે ઊંચા હાથ કરીને પક્ષિયોને બોલાવતી હતી. હાથીયોથી પર્વત ચાલતો હોય એવું લાગતું હતું. ૧૩ મંદાર પારિજાતક સરલ તમાલ શાલ તાલ કોવિદાર અર્જુન આંબા કંદબ નીપ અશોક નાગકેસર ચંપા ગુલાબ બકુલ કુન્દ કુરૂબક સોનેરી રંગના સો પાખડીવાળાં કમળો, સારી જાતના વાંસો કુબ્જક મલ્લિકા અને માધવીએ કરી ભૂષિત અને પનસ ઉંબરો પીપળા પીપર વડ ભુર્જપત્ર ઔષધિયો સોપારી રાજપૂર જાંબુ ખજુરી આંબળાં અંભેડાં દ્રાક્ષ અને ઇંગુદી આદિ અનેક વૃક્ષોની શોભા થઈ રહી હતી બીજાં પણ અનેક જાતિનાં વૃક્ષોથી તથા વાસ કીચક કુમુદ ઉત્પલ કલ્હાર અને શતપત્ર જાતીના કમળોનાં વનની સમૃદ્ધિ છાઇ રહી હતી. સરોવર ઉપર પક્ષિયોનાં ટોળાં કલ્લોલ કરી રહ્યાં હતા, હરિણ વાનર સૂઅર સિંહ રીંછ રોઝ કસ્તૂરીમૃગ વાઘ અને રૂરૂ જાતના મૃગો તથા પાડાઓ વગેરે ફરી રહ્યા હતા, જેના કાનમાં આતરડાં છે એવાં પશુ, એક પગવાળાં જનાવર ઘોડાના જેવા મુખવાળા જીવ યક્ષ કિન્નર, કેળાંના વનથી ઘેરાયેલા જળાશયોના તટ હતા. સતીએ સ્નાન કરવાથી પવિત્ર

---

* આ અધ્યાયમા બ્રહ્માએ દેવતાઓ સાથે દક્ષાદિકને જીવતા કરવા માટે શંકરની જે સ્તુતિ કરી તે કથા કહેવાશે.

જળવાળો નંદા નામનો ગંગાનો પ્રવાહ જ્યા વહેતો હતો એવા મહાદેવજીના કૈલાસ પર્વતને જોઇ દેવતાઓને વિસ્મય થયો, ૨૨ અને ત્યાં તેઓએ અતિ રમણીય અલકા નામની કુબેરની નગરી જોઇ. સૌગંધિક નામનાં કમળોવાળું સૌગંધિક નામનુ વન પણ જોયું. ભગવાનની ચરણ રજથી અતિ પવિત્ર નંદા અને અલકનંદા નામની બે નદિયો તે નગરની બહાર વહેતી હતી. કામથી વ્યાકુલ થયેલી દેવતાઓની સ્રિયો પોતાનાં વિમાનમાથી ઉતરી ક્રીડા કરતી હતી દેવાંગના જે એ નદિયોમાં સ્નાન કરે છે તેથી તેમના શરીર ઉપરનું નવીન કેસર તેમાં પડવાથી નદિયોનુ જળ પીળા રંગનું સુંગધિત રહ્યા કરે છે, અને તે સુગંધીને લીધે હાથીઓ તરસ વગર પણ તે જળ પીએ છે. ૨૬ જેમ આકાશમાં વિજળી સહિત મેઘ રાજા શોભે તેમ ચાદીનાં સોનાનાં અને અમૂલ્ય રત્નોના વિમાનોમાં બેઠેલી યક્ષોની સ્રિયો ત્યા શોભતી હતી. કુબેરની અલકાનગરી અને સૌગંધિક નામનું વન કે–જેમાં આનંદકારી વિચિત્ર પુષ્પ ફળ અને પાંદડાંવાળા મનોરથ પૂર્ણ કરનારા વૃક્ષ ઉપર કોયલોના ટૌકા થતા હતા ભ્રમર ગુંજાવર કરતા હતા, કમળ વનવાળાં જળાશયો શોભાયમાન થઇ રહ્યાં હતાં ૨૯ વનના હાથીઓનાં ગંડસ્થળ ઘસાવાથી હરિચંદનના વાયુના પ્રભાવે યક્ષોની સ્રિયોના મન હર્ષિત થઇ રહેતાં હતા. ૩૦ વળી જ્યાં વૈડૂર્ય મણિની સીડીવાળી કમળથી શોભાયમાન વાપિકાઓ હતી એવા રાજહંસોને પ્રિય વનનો ત્યાગ કરી કિંપુરૂષ જ્યા આવી રહેલા હતા એવો એ પ્રદેશ જોયા પછી તેઓએ બહુજ સમીપમા એક વડનું મોટું ઝાડ જોયું. ૩૧

તે ઝાડ સો યોજન ઉંચું હતું અને પોણોસો યોજનમાં તેની શાખાઓ વિસ્તાર પામી રહી હતી. તેની ચારે તરફ નિરંતર છાયા રહેતી અને જરા પણ તડકો જણાતો નહિ. ૩૨ તે મહા યોગમય વડ તળે મુમુક્ષુના શરણ રૂપ શિવ બેઠા હતા કે–જે જાણે ક્રોધને તજી કાળ બેઠો હોય એવા દેખાતા હતા. ૩૩ ત્યાં શાન્ત રૂપ સનંદન–આદિ મહા સિદ્ધ શાન્ત સ્વરૂપ મહાદેવની ઉપાસના કરી રહ્યા હતા, અને રાક્ષસો તથા યક્ષોના રાજા કુબેર પણ સેવા કરતા હતા. ૩૪ વિદ્યા તપ અને યોગ માર્ગના પ્રવર્ત્તક જગતના મિત્ર પ્રેમથી જગતનું કલ્યાણ કરનાર સર્વેશ્વર, ૩૫ ભસ્મ દંડ જટા અને મૃગચર્મ ધારણ કરનાર અને સંધ્યા સમયના વાદળની છટા જેવા તે મસ્તક ઉપર ચંદ્રરેખા ધારણ કરનાર છે. ૩૬ દર્ભના આસન ઉપર બિરાજેલા અને નારદજી જે પ્રશ્ન કરે તેનો સત્પુરૂષોના સન્મુખ સનાતન પરબ્રહ્મનો ઉપદેશ કરતા. ૩૭ જમણી સાથળ ઉપર ડાબો પગ રાખી અને ડાબા પગ ઉપર હાથ રાખી કાંડામાં રૂદ્રાક્ષની માળા લઇ તર્ક¶ મુદ્રાથી ઉપલક્ષિત થઇ બેઠેલા હતા. ૩૮ બ્રહ્માનંદમાં એકાગ્ર થઇ તથા યોગપટ્ટ રાખીને બેઠેલા મનનશીલ જ્ઞાની પુરૂષોમાં મુખ્ય મહાદેવજીને લોકપાળ અને મુનિવરોએ હાથ જોડી પ્રણામ કર્યા. ૩૯ મોટા મોટા દેવતા અને દૈત્ય જેમના ચરણ કમળને દંડવત કરે છે એવા શંકર બ્રહ્માને આવતા જોઇ ઉભા થયા અને જેમ વિષ્ણુ–વામને કશ્યપને પ્રણામ કર્યા હતા તેમ શિવે બ્રહ્માને નમસ્કાર કર્યા. ૪૦ એ પ્રમાણે સિદ્ધ લોકો અને મોટા મોટા ઋષિઓ કે–જે મહાદેવ પાસે બેઠા હતા તેઓએ પણ બ્રહ્માને પ્રણામ કર્યા. એ પ્રમાણે જેને સર્વેએ પ્રણામ કર્યા હતા એવા બ્રહ્મા જાણે હસતા હોય તેમ સર્વ લોકોને નમસ્કાર કરવા યોગ્ય ચંદ્રચૂડ શંકરને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૪૧

¶ તર્જનીને અને અંગૂઠાના અગ્રભાગને એકઠા કરી બાકીની આંગળીઓ લાંબી રાખવી તે તર્ક મુદ્રા.

બ્રહ્મા કહે છે કે–હે ઇશ ! હું આપને જાણું છું. આપ જગતના સ્વામી જગતની શક્તિ અને બીજ રૂપ પ્રકૃતિ પુરૂષનાં કારણ અને ભેદ રહિત તથા નિર્વિકાર બ્રહ્મરૂપ છો. ૪૨ હે ભગવન ! સ્વરૂપ ધારી શિવ શક્તિ-રૂપ વિભાગ રહિત પ્રકૃતિ પુરૂષમાં ક્રીડા કરનાર કરોળીઆની પેઠે આ જગતને રચ-નાર પાલન કરનાર અને સંહારનાર એવા તમારી ગતિનો કોઇ પાર પામતું નથી. ધર્મ અર્થને માટે વેદની અને રક્ષા માટે જ દક્ષ દ્વારા તમે યજ્ઞ કરાવ્યો હતો અને જગતની મર્યાદા તમેજ બાધેલી છે કે–જે મર્યાદાને બ્રાહ્મણ લોક નિયમ પૂર્વક પાળે છે. ૪૪ હે મંગળ રૂપ ! શુભ કર્મ કરનારને સ્વર્ગ અને મોક્ષને આપનાર અને અશુભ કર્મ કરનારને નરક અંધતામિસ્રને આપનાર પણ આપ જ છો, છતાં તેમાં કોઇ કોઇને કેમ ઉલટી રીતે ફળ મળે છે. ૪૫ આપના ચરણમાં ચિત્ત રાખ-નાર પ્રાણી માત્રમાં આપને જ જોનાર અને સર્વ જગતને પોતાના સ્વરૂપથી અભિન્ન જોનાર સત્પુરૂષોને ઘણું કરીને અજ્ઞાનિયોની પેઠે ક્રોધથી પરાભવ થઇ શકતો નથી ત્યારે આપની શી વાત. ૪૬ ભેદ બુદ્ધિવાળા કેવળ કર્મમાં જ દૃષ્ટિ રાખનાર અને દુષ્ટ વાસના-વાળા. તથા બીજાની સંપત્તિ જોઇ બળનાર મર્મભેદી પુરૂષ બીજા લોકોને દુર્વચનોથી પીડા કરે છે તોપણ દૈવથી ભ્રષ્ટ એ લોકો મહાત્મા પુરૂષોએ ધર્મ પ્રમાણે મારવા યોગ્ય નથી. ૪૭ ભગવાનની અપાર માયાથી મોહિત થએલા લોક ભેદ બુદ્ધિ રાખે તોપણ મહાત્મા પુરૂષો પોતાની કોમળતાથી એ દૈવેજ કરાવ્યું છે એમ સમજી તેની ઉપર દયા રાખે છે. ૪૮ હે પ્રભુ ! માયાથી હત બુદ્ધિ અને કર્મ-માંજ આસક્ત લોકો ઉપર આવા અપરાધ માટે ક્ષમા રાખો કારણ કે તમારી બુદ્ધિ માયાથી મોહિત થએલી નથી, આપ સર્વજ્ઞ છો. ૪૯ હે પ્રભુ ! આ યજ્ઞ કે–જેમાં યજન કરનાર મૂર્ખ લોકોએ યજ્ઞનું ફળ દેનાર આપને યજ્ઞનો ભાગ ન આપ્યો એથી આપે જેનો વિધ્વંશ કર્યો છે એવા દક્ષના અપૂર્ણ યજ્ઞનો ઉદ્ધાર કરો. ૫૦ યજમાન જીવતો થાય, ભગની આંખો સારી થાય ભૃગુને દાઢી આવે અને પૂષાના દાંત પ્રથમ જેવા થાય. ૫૧ હે મન્યુદેવ ! દેવતાઓ અને ઋત્વિજોના જે અંગ શસ્ત્ર અને પત્થરોથી ભાંગી ગયાં છે તે આપની કૃપાએ પાછાં પ્રથમના જેવાં થાય. ૫૨ હે રૂદ્ર ! હે યજ્ઞના વિધ્વંશક ! જે કાંઇ યજ્ઞમાં અવશેષ રહ્યું હશે તે સર્વ આપનો ભાગ છે એમ આ સર્વ કહે છે માટે તે રૂદ્ર ભાગ આપવાથી આ યજ્ઞ પૂર્ણ થવો જોઇએ. ૫૩

एष ते रुद्रभागोस्तु यदुच्छिष्टोऽध्वरस्यवै ।
यज्ञस्ते रुद्रभागेन कल्पतामद्य यज्ञहन् ॥५२॥
इतिश्रीमद्भागवतेमहापुराणेचतुर्थस्कंधे षष्ठोध्यायः

અધ્યાય ૭ મો.‡

યજ્ઞદેવનું પ્રાકટ્ય ને સ્તુતિ.

मैत्रेय उवाच

इत्यनेनानुनीतेन भवेन परितुष्यता ।
अभ्यधायि महाबाहो प्रहस्य श्रूयतामिति ॥

મૈત્રેય કહે છે કે–હે વિદુર ! આ પ્રમાણે બ્રહ્માએ પ્રાર્થના કરી ત્યારે શંકરે પ્રસન્ન થઇ બ્રહ્માને કહ્યું કે સાંભળોઃ–

મહાદેવજી કહે છે કે–હે બ્રહ્મા ! હું આ મૂર્ખોના અપરાધનું વર્ણન કરતો નથી અને વિચારતો પણ નથી કારણ કે તેઓ ભગવાનની માયાથી મોહિત થએલા છે. મેં તેને યોગ્ય દંડ દીધો છે. દક્ષ પ્રજાપતિનું માથું બળી ગયું છે તેથી તે બકરાના મુખનું થાય અને ભગ દેવતા પોતાના યજ્ઞના ભાગને મિત્ર દેવતાની આંખે જુવે. ૩ પૂષા દેવતા

‡ આ અધ્યાયમા ભગવાન પ્રગટ થવાથી દક્ષ અને મહાદેવજી આદિ સર્વેએ ભગવાનની સ્તુતિ કરી અને દક્ષના યજ્ઞનો પ્રારંભ કરાવ્યો એ કથા કહેવારો.

યજમાનના દંતથી પિષ્ટ ખાય અને બીજા દેવતાઓ કે—જેઓએ મને યજ્ઞનું અવશેષ આપ્યું છે તેમનાં સર્વ અંગ પુનઃ થાય, ૪ પરંતુ જેમનાં અંગ કપાઇ ગયાં છે તેમના બાહુનું કામ દેવવૈદ્ય અશ્વિનીકુમારોના બાહુથી અને હાથોનું કામ પૂષા દેવતાના હાથથી ચાલશે. અધ્વર્યુ અને ઋત્વિજો સારા થશે અને ભૃગુની દાઢી બોકડાના જેવી થશે. ૫

મૈત્રેય કહે છે કે—મહાદેવજીના વચન સાંભળી સર્વ પ્રાણી પ્રસન્ન થયાં. હે વિદુર ! વાહ ! વાહ ! એમ તેઓ સર્વ બોલવા લાગ્યા. ૬ પછી દેવતા અને ઋષિયોએ મહાદેવજીની પ્રાર્થના કરી કે હે શંકર ! અહીં પધારી સર્વ કાર્ય સિદ્ધ કરો, ત્યારે તેમની પ્રાર્થનાથી શંકર બ્રહ્માને લઇ યજ્ઞ ભૂમિ ઉપર આવ્યા. ૭ જે પ્રમાણે ભગવાન શંકરે કહ્યું હતું તે પ્રમાણે કર્યું અને પ્રજાપતિ દક્ષના ધડ ઉપર યજ્ઞ પશુનું મસ્તક ચોંટાડયું. ૮ મહાદેવજીએ તેની સામું જોયું એટલે તે પ્રજાપતિ દક્ષ જાણે નિદ્રામાંથી ઉઠી ઉભા થતા હોય તેમ ઉઠીને ઉભા થયા ને પોતાની સન્મુખ મહાદેવને જોયા. ૯ મહાદેવ સાથે વૈર રાખવાથી તેમનું મન મલિન થયું હતું તોપણ તેમની દૃષ્ટિ પડતાં તેમનું મન શરદ ઋતુના જળ જેવું નિર્મળ થઇ ગયું. ૧૦ દક્ષે મહાદેવની સ્તુતિ કરવાનો મનમાં વિચાર કર્યો પણ પ્રેમને લીધે કાઇ પણ બોલી શકયા નહિ અને પોતાની મરણ પામેલી પુત્રી સતીનું સ્મરણ થઇ આવવાથી નેત્રોમા અશ્રુ આવી ગયાં. ૧૧ પછી મહા કષ્ટથી મનને રોકી પ્રેમથી વિહ્વળ દક્ષ પ્રજાપતિ નિષ્કપટ અંતઃકરણથી મહાદેવની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. ૧૨

દક્ષ—હે ભગવન ! મેં આપનું અપમાન કર્યું હતું તોપણ આપે મારી અપેક્ષા ન કરતાં દંડ દીધો, તે મહા અનુગ્રહ કર્યો. આપ અને વિષ્ણુ ભગવાન જ્યારે તુચ્છ બ્રાહ્મણની પણ ઉપેક્ષા નથી કરતા ત્યારે નિયમ ધારણ કરનાર ઉત્તમ બ્રાહ્મણોની કેમ કરો ? ૧૩ હે પ્રભો ! વેદ અને બ્રહ્મવિદ્યાની રક્ષા કરવા માટે વિદ્યા તપ અને વ્રત ધારણ કરનાર બ્રાહ્મણોને આપે આપના મુખથી ઉત્પન્ન કર્યા છે માટે હે પ્રભુ ! જેમ હાથમાં દંડ લઈને ગોવાળ ગાયોનું પાલન કરે તેમ આપ સર્વ વિપત્તિયોથી બ્રાહ્મણોનું રક્ષણ કરો છો. ૧૪ તત્વજ્ઞાનને નહિ જાણનાર જે હું તેણે સભાના મધ્યમાં દુર્વચન રૂપી બાણોથી આપને દુઃખ દીધું તોપણ તે અપરાધને ન ગણતાં આપે મને મહાત્મા પુરૂષોની નિંદા કરવાથી નરકમાં પડતાં બચાવ્યો તે આપ આપના અનુગ્રહથી સ્વયમેવ પ્રસન્ન થાઓ કારણ કે તેનો બદલો વાળવાને હું સમર્થ નથી. ૧૫

મૈત્રેય કહે છે કે—આ પ્રમાણે દક્ષ પ્રજાપતિએ મહાદેવજીની સ્તુતિ કરી બ્રહ્માની સંમતિથી ઋત્વિજ અને અગ્નિ સહિત યજ્ઞ કર્મનો પ્રારંભ કર્યો. ૧૬ ભૂત—પ્રેતાદિકના સંસર્ગનો દોષ મટાડી યજ્ઞની પ્રવૃત્તિ કરવા સારૂ બ્રાહ્મણોએ ત્રણ કપાલ ઉપર રંધાયેલો પુરોડાશ વિષ્ણુના ઉદ્દેશથી યજ્ઞમાં હોમ્યો. ૧૭ હે વિદુર ! જેણે હવિ લીધું છે એવા અધ્વર્યુની સાથે યજમાન દક્ષ પ્રજાપતિએ શુદ્ધ બુદ્ધિથી પ્રભુનું ધ્યાન કર્યું કે તરત ભગવાન વિષ્ણુ પ્રકટ થયા. ૧૮ જેમની પાંખોમાંથી સામવેદના મંત્રોનો શબ્દ નીકળતો હતો એવા ગરૂડ ઉપર બેસી ભગવાન ત્યાં પધાર્યા તે સમયે તેજથી સર્વ લોકોનાં નેત્ર બંધ થઇ ગયાં, અને દિશાઓ દેદિપ્યમાન થઇ રહી. ૧૯ ઘનશ્યામ વર્ણ પીતાંબર ધારી સુવર્ણની કટિ મેખલા પહેરેલા સૂર્યની કાન્તિ સમાન કિરીટ ધારણ કરી, શ્યામ કેશ ભ્રમરની માફક શોભી રહ્યા હતા એવા મુખવાળા કાનોમાં કુંડળ લટકાવેલાં અને સુવર્ણનાં નાના પ્રકારનાં આભૂષણ પહેરેલા, હાથોમાં શંખ

કમળ ચક્ર બાણુ ધનુષ્ય ગદા ખડ્ગ ધારણ કરવાથી કર્ણેરનાં વૃક્ષ સમાન શેભાયમાન શ્રીભગવાન બહુજ દેદિપ્યમાન લાગતા હતા. વક્ષઃસ્થળમાં લક્ષ્મીને ધારણ કરનાર વનમાળાવાળા ઉદાર હાસ્યયુક્ત અવલોકનની કળાથી વિશ્વને રમણ કરાવતા તે શોભતા હતા, ભગવાનના સ્વરૂપને બે બાજુ રાજહંસની પેઠે પંખા અને ચમર ઢળતા હતાં અને પૂર્ણિમાના ચંદ્ર જેવું શ્વેત છત્ર શોભાને વધારી રહ્યું હતું ૨૧ ભગવાનને બ્રહ્મા ઈન્દ્ર અને મહાદેવ જેમાં મુખ્ય છે એવા દેવતાઓએ ઉઠીને પ્રણામ કર્યા. ૨૨ ભગવાનના તેજથી જેની કાન્તિ ક્ષીણ થઇ ગઇ છે એવા તેઓ મસ્તક ઉપર બે હાથ મૂકી સભ્રમથી ગદ્ગદ્ વાણીએ આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. ૨૩ જો કે તે બ્રહ્માદિ લોકોની મન વાણીની વૃત્તિયો ભગવાનના મહિમાને પહોંચી શકે તેમ ન હતું તોપણુ તેઓએ અનુગ્રહ કરવા માટે સ્વરૂપ ધારણ કરી પધારેલા ભગવાનની સ્તુતિ કરી. ૨૪ યજ્ઞાધીશ વિશ્વને રચનાર બ્રહ્માદિકોના પરમ ગુરૂ અને સુનંદ નંદ આદિ પાર્ષદોથી પરિવૃત ભગવાનની પાસે જઇ દક્ષ પ્રજાપતિએ પૂજાના સામગ્રી અર્પણ કરી. ભગવાને તે પોતાના હસ્તથી ગ્રહણ કરી તેથી પ્રસન્ન થઇ હાથ જોડી દક્ષ પ્રજાપતિએ હર્ષથી આ પ્રમાણે સ્તુતિ કરવા માડી. ૨૫

દક્ષ–જાગૃતાદિ અવસ્થાઓથી રહિત અદ્વિતીય ભય રહિત અને માત્ર પોતાના સ્વરૂપમાં જ રહેનાર શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એક આપ જ છો. આપ માયાનો પરાભવ કરી સ્વતંત્ર હોવા છતા પણુ માયાથી મનુષ્ય દેહનું નાટક કરી તેમાં રહેવાથી જાણે રાગ દ્વેષાદિક આપમાં આવી ગયાં હોય એવા પ્રતીત થાઓ છો. ૨૬

ઋત્વિજોએ સ્તુતિ કરી કે–હે નિરંજન! હે ઉપાધિ રહિત! હે ભગવન! નંદિકેશ્વરના શાપથી કર્મોમાં દુરાગ્રહ રાખનાર અમે ધર્મના ઉત્પાદક અને વેદ પ્રતિપાદ્ય આ યજ્ઞ રૂપ આપના સ્વરૂપને જાણીએ છીએ કે–જેને માટે જુદા જુદા દેવતાઓની વ્યવસ્થા કરેલી છે પરન્તુ તમારા પરમ તત્વને અમે જાણુતા નથી. ૨૭

યજ્ઞના સભાસદોએ સ્તુતિ કરી કે–હે શરણાગત વત્સલ! આ સંસાર રૂપી માર્ગ કે જેમાં કોઇ વિશ્રામનું સ્થળ નથી અનેક કલેશ રૂપ વિષમ સ્થળો છે. સુખ દુઃખાદિ રૂપ અનેક ખાડાઓ છે ખળ પુરૂષ રૂપ ઘાતક પ્રાણીયોનો ભય છે અને શોક રૂપ દાવાનળ જેમા સળગી રહ્યો છે એવા સંસારમાં તૃષ્ણાથી પીડા પામેલો અને વિષય રૂપ ઝાઝવાના પાણીવાળા શરીરનો અને ઘરનો ભાર ઉઠાવતો અજ્ઞાની જીવ સમૂહ આપના ચરણુ રૂપ સ્થાનને કયારે પ્રાપ્ત થશે. ૨૮

મહાદેવે સ્તુતિ કરી કે–હે વરદ! સર્વ વિષયોમા વૈરાગ્યવાળા મુનિ લોકોને શુભ કામનાથી આદર પૂર્વક પૂજવા યોગ્ય આપના ચરણુકમળમા હું મારૂં મન અર્પણુ કરૂં છુ, તેમને આ અજ્ઞાની જીવો જો કે આચાર ભ્રષ્ટ કહે છે તોપણુ તમારી અનુપમ કૃપાએ તે તરફ લક્ષ આપતો નથી. ૨૯

ભૃગુએ સ્તુતિ કરી કે–જેની ગહન †માયાથી જ્ઞાન રહિત થયેલા અને અંધારામાં પડેલા બ્રહ્માદિક દેવતાઓ પણુ જેના તત્વને પોતાનામા રહેવા છતા આજ પર્યંત જાણી શકતા નથી એવા ભકતોના આત્મા અને બંધુરૂપ શ્રીહરિ અમારા ઉપર કૃપા કરો.

બ્રહ્મા સ્તુતિ કરે છે કે–પદાર્થોને ભિન્ન ભિન્ન રીતિથી જાણુનાર ઇન્દ્રિયોથી પુરૂષના જોવામાં જે કાંઇ આવે છે તે આપનું સ્વરૂપ નથી કારણુ કે જ્ઞાન પદાર્થ અને ઇન્દ્રિયોના

† ગીતામા ભગવાને કહ્યુ છે કે-ગુણમયી અને દૈવી એ મારી માયા દુસ્તર્ય છે તોપણુ જે પુરૂષ મારે શરણે આવી રહે છે તે એને તરી જાય છે, દુસ્ત્યય માયાને મારા શરણ વગર તરી શકાતી નથી.

અધિષ્ઠાન રૂપ આપ માયાના પદાર્થોથી કેવળ ભિન્ન છો. ૩૧

ઇન્દ્રે સ્તુતિ કરી કે–હે અચ્યુત! વિશ્વભાવન સંસાર પાળક ચિદાનંદ અસુર વંશ વિધ્વંશ કરનાર! આ શસ્ત્રોવાળા આઠ હાથ વાળું આપનું સ્વરૂપ અનુપપન્ન નથી પણ ઉપપન્ન છે કારણ કે આપનું આ શરીર યોગ્ય જ છે. ૩૨

બ્રાહ્મણપત્નિયોએ સ્તુતિ કરી કે–હે યજ્ઞ સ્વરૂપ! આ યજ્ઞ કેવળ તમારા યજન માટે જ દક્ષ પ્રજાપતિએ કર્યો છે. તમારે તેનો વિધ્વંશ કરવો જોઇએ નહિ. હે કમળનયન! હે શાન્તબુદ્ધે! આ યજ્ઞઉત્સવ હવે સ્મશાન વત મહા અપવિત્ર થઈ ગયો છે માટે તમે તમારી અમૃત દૃષ્ટિથી તેને પવિત્ર કરો ૩૩

ઋષિયોએ સ્તુતિ કરી કે–હે ભગવન! આપની લીલા મહા વિચિત્ર છે તે કોઇના કળવામાં આવતી નથી કારણ કે આપ પોતે કર્મ કરો છો તોપણ તેથી આપ લિપ્ત થતા નથી. આપનું નિર્લેપ રહેવું સંભવે છે કારણ કે–બીજા લોકો સમૃદ્ધિને માટે જેનું ભજન કરે છે તે લક્ષ્મી પણ તમને અનુસરે છે અને આપ તેનો આદર કરતા નથી. ૩૪

સિદ્ધ લોકોએ વળી સ્તુતિ કરી કે–ક્લેશ રૂપ દાવાનળથી બળેલા અને તૃષ્ણાર્થી પીડાયમાન અમારો મન રૂપી હાથી આપની કથા રૂપી શુદ્ધ અમૃતની નદીમા પેસી જવાથી હવે સંસાર રૂપ દાવાનળનું સ્મરણ કરતો નથી. નદીમાંથી તે બહાર નીકળતો નથી પણ જાણે પરબ્રહ્મની સાથે એકત્ર થઇ ગયો હોય એવું પ્રતીત થાય છે. ૩૫

પ્રસૂતિએ કહ્યું કે–હે લક્ષ્મીના નિવાસ રૂપ પરમેશ્વર! આપને મારા નમસ્કાર છે. શ્રી સહિત તમે અમારી રક્ષા કરો. તમારા વગર હે અધીશ! જેમ મસ્તક વગર ધડ શોભતું નથી તેમ કશું શોભતું નથી. આપ લક્ષ્મી સાથે પધાર્યા તે બહુજ સારૂં કર્યું અને હવે અમારા ઉપર કૃપા કરો. ૩૬

લોકપાળોએ સ્તુતિ કરી કે–હે ભૂમન! વિજ્ઞાન રૂપ જ્ઞાન ગુણ પ્રકાશક દૃશ્ય માત્રને જાણનાર પ્રત્યગાત્મા રૂપ અને સર્વદ્રષ્ટા આપ છો. અસત પદાર્થોને ગ્રહણ કરનારી ઇંદ્રિયો તમારૂં સ્વરૂપ જોઇ શકતી નથી કારણ કે આ પંચ મહા ભૂતાત્મક શરીરમાં જે છઠ્ઠા જીવ રૂપથી તમે રહો છો તે આપની માયા જ છે.

યોગેશ્વરોએ સ્તુતિ કરી કે–હે પ્રભો! આપ વિશ્વાત્મા છો અને આપથી જીવ પોતાના આત્માને ભિન્ન સમજતો નથી તેથી અધિક પ્રિય આપને કોઇ નથી. જો કે તેમ છે તોપણ અનન્ય ભક્તિથી જે આપની ઉપાસના કરે છે તેની ઉપર અનુગ્રહ કરો. જગતની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયમાં જીવના અદૃષ્ટથી જેના ગુણો નાના પ્રકારે ભેદવાળા થયેલા છે એવી માયાએ જેના સ્વરૂપમાં બ્રહ્મા વિષ્ણુ અને મહાદેવ આદિ ભિન્ન ભિન્ન ભેદ બુદ્ધિ કરેલી છે પરતુ સ્વરૂપની સ્થિતિ જોતાં જેમાં ભેદની ભ્રાન્તિ ગુણ કે તેનું કારણ કાંઇપણ નથી એવા આપ પરબ્રહ્મને અમે નમસ્કાર કરીએ છીએ.

બ્રહ્માએ સ્તુતિ કરી કે–સત્વ ગુણનો સ્વીકાર કરનાર ધર્માદિકના ઉત્પાદક નિર્ગુણ અને જેના તત્વને હું જાણતો નથી તેમજ બીજો પણ કોઇ જાણતો નથી એવા નિર્ગુણ નિર્વિકારને હું વારંવાર પ્રણામ કરૂં છું. ૪૦

અગ્નિ જેના તેજથી પ્રદીપ્ત થયેલો છે એવો જે હું સારા ઉત્તમ યજ્ઞમાં ઘીથી ભીંજાયેલું હવ્ય દેવતાઓ માટે લઉં છું તે યજ્ઞનું પાલન કરનાર અને પાંચ પ્રકારના યજ્ઞમૂર્ત્તિ, અને પાંચ મંત્રોથી પૂજાતા ભગવાનને હું પ્રણામ કરૂં છું. ૪૧

દેવતાઓ સ્તુતિ કરે છે કે–પૂર્વે પ્રલય કાળમાં આપના રચેલા જગતને પોતાના ઉદરમાં લઈ પ્રલયના જળમાં શેષનાગ રૂપી શય્યા ઉપર જે પોઢયા હતા તેજ આદિ પુરૂષ આપ કે–જેના જ્ઞાન માર્ગનો સિદ્ધ

લોકો વિચાર કરે છે, તે આજ અમને પ્રત્યક્ષ થયા છો, આપ ભક્તોની એવીજ રક્ષા કરો છો. ૪૨ ગંધર્વો—હે દેવ! આપ કે—જેના આ મરીચિ આદિ ઋષિ અને બ્રહ્મા તથા ઇંદ્રાદિ દેવતાઓ અંશના પણ અંશ છે, અને આ અખિલ જગત જેનું રમકડું છે તેને અમે નિરંતર નમસ્કાર કરીએ છીએ. ૪૩ વિદ્યાધરો—સર્વ પુરૂષાર્થને દેનારૂં આ શરીર પામી જે મનુષ્ય આપની માયાને વશ હોય તેમાં મારૂં અને હું એવું અભિમાન રાખી અવળે માર્ગે ચાલનાર પોતાના પુત્ર આદિ તિરસ્કાર કરવા છતાં પણ દુર્બુદ્ધિથી તુચ્છ વિષયોમા તૃષ્ણા રાખતો હોય તે પણ જો આપની કથા રૂપી અમૃતનું પાન કરે તો તેનો સકળ મોહ નાશ પામે છે. ૪૪

બ્રાહ્મણોએ સ્તુતિ કરી કે—યજ્ઞ હવિ અગ્નિ મંત્ર સમિધ દર્ભ પાત્ર સભાસદ ઋત્વિજ યજમાન યજમાનની સ્ત્રી દેવતા અગ્નિહોત્ર સ્વધા સોમ ઘી અને પશુ એ સર્વ આપનાંજ સ્વરૂપ છે. ૪૫ વેદમૂર્ત્તિ! યજ્ઞ અને ક્રતુ રૂપ ગર્જના કરતા વરાહ મૂર્તિ આપ પ્રથમ લીલા પૂર્વક હાથી જેમ કમલિનીને લઇ આવે એમ યોગી જનોથી સ્તુતિ કરાતા રસાતળ પાતાળમાંથી પૃથ્વીને બહાર લઇ આવ્યા છો. ૪૬ આપના દર્શનની ઇચ્છા કરતા અને સત્કર્મથી ભ્રષ્ટ થયેલા જે અમે તેના ઉપર કૃપા કરો. હે યજ્ઞેશ્વર! જ્યા યજ્ઞની અંદર આપના નામનું મનુષ્યોએ ઉચ્ચારણ કર્યું ત્યાં તેજ વેળાએ યજ્ઞનાં વિઘ્ન નાશ પામે છે એવા આપને અમે પ્રણામ કરીએ છીએ.

મૈત્રેય કહે છે કે—હે વિદુર! આ પ્રકારે સર્વ લોક, યજ્ઞના પાળક ભગવાનની સ્તુતિ કરતા હતા ત્યાં મહાદેવે વિધ્વંશ કરેલા યજ્ઞનો દક્ષ પ્રજાપતિએ પાછો આરંભ કર્યો. ૪૮ હે વિદુર! સર્વ રૂપ હોવાથી સર્વ ભાગના ભોક્તા ભગવાન પોતાના ભાગથી જાણે પ્રસન્ન થયા હોય એવું દક્ષને બતાવી આમ કહેવા લાગ્યા. ૪૯

ભગવાન કહે છે કે—જગતનું પરમ કારણ આત્મા ઇશ્વર સાક્ષી સ્વયંપ્રકાશ અને ઉપાધિ રહિત જે હું તેજ બ્રહ્મા અને મહેશ્વર છું એમ તું જાણ. ૫૦ હે વિપ્ર! હુંજ ત્રિગુણાત્મ માયાને ધારણ કરીને જગતની સૃષ્ટિ સ્થિતિ અને પ્રલય કરવા માટે તે તે કાર્યોને યોગ્ય જુદાં જુદાં નામ ધારણ કરૂં છું. ૫૧ કેવળ અદ્વિતીય પરમાત્મા પરબ્રહ્મ જે હું છું તેમા અજ્ઞાની મનુષ્યો બ્રહ્મા રૂદ્ર અને પ્રાણીયોને ભિન્ન ભિન્ન રૂપે જુવે છે. ૫૨ જેમ મનુષ્ય મસ્તક અને ચરણ આદિ પોતાનાં અંગોમાં કોઇ પણ અંગને પારકું સમજતાં નથી તેમ મારો ભક્ત કોઇને પરાયો સમજતો નથી. ૫૩ હે બ્રહ્મના સર્વ પ્રાણી માત્રના આત્મા અને એક રૂપ એવા અમે ત્રણે દેવોમાં જે પુરૂષ ભેદબુદ્ધિ નથી રાખતો તે શાન્તિ પામે છે. ૫૪

મૈત્રેય કહે છે કે—આ પ્રમાણે ભગવાને દક્ષ પ્રજાપતિને ઉપદેશ કર્યો ત્યારે દક્ષે તેના ભાગથી તેમનું પૂજન કરી બીજા દેવતાઓનું પણ મુખ્ય તથા ગૌણ કર્મવડે પૂજન કર્યું. ૫૫ ચિત્તને સાવધાન રાખી યજ્ઞના અવશેષ ભાગથી રૂદ્રનું પૂજન કરી સમાપ્તિ કરવાનાં કર્મથી બીજા સોમપાયીનું પણ પૂજન કર્યું. પછી યજ્ઞ કર્મને સમાપ્ત કરીને ઋત્વિજો સહિત દક્ષ પ્રજાપતિએ અવભૃથ સ્નાન કર્યું. ૫૬ જો કે દક્ષને પોતાના પ્રભાવથીજ સર્વ સિદ્ધિયો મળી ગઈ હતી તોપણ તેને ધર્મમાં બુદ્ધિ રહેવાનું વરદાન આપી દેવતા સ્વર્ગમાં ગયા. ૫૭ આ પ્રકારે દક્ષની પુત્રી સતી પોતાના પ્રથમ શરીરનો ત્યાગ કરી પાછી હિમાચલની સ્ત્રી મેનાના ઉદરથી પ્રગટ થઇ એવું મેં પૂર્વે સાંભળ્યું છે. ૫૮ તે હિમાચલની કન્યા જગદંબા પાર્વતી પ્રલય કાળમાં સૂતેલી શક્તિ જેમ ઇશ્વરને પ્રાપ્ત થાય તેમ પાછી બીજી વેળા પણ મહાદેવ

કે–જે એક વૃત્તિથી ભજન કરનારને મોટા આશ્રય રૂપ છે તેને પ્રાપ્ત થઇ. ૫૯ દક્ષના યજ્ઞનો નાશ કરનાર પરમેશ્વર મહાદેવનું આ ચરિત્ર બૃહસ્પતિના શિષ્ય અને ભગવદ્ભક્ત ઉદ્ધવજીના મુખથી મેં સાંભળ્યું હતું. ૬૦ હે વિદુર! યશ અને આયુષ્યને વધારનાર અને પાપનો નાશ કરનાર મહાદેવનું પરમ પવિત્ર ચરિત્ર જે મનુષ્ય નિત્ય સાંભળે અને બીજાને સંભળાવે છે તે ભગવાનની ભક્તિના પ્રભાવથી સર્વ પાપથી મુક્ત થઇ જાય છે.

इदं पवित्र परमीश चेष्टितं यशस्य
मायुष्य मघौघ मर्षणम्।
योमित्यदाऽऽकर्ण्य नरोऽनुकीर्तये
ध्धुनोत्यघंकौरव भक्तिभावत: ॥६१॥

इतिश्रीमद्भागवतेमहापुराणेचतुर्थस्कधे
सप्तमोध्याय:

અધ્યાય ૮ મો.[†]

ધ્રુવાખ્યાન.

मैत्रेय उवाच

सनकाद्या नारदश्च ऋभुर्हंसोऽरुणिर्यति:
नैते गृहान्ब्रह्मसुता ह्यावसन्नूर्ध्वरेतस: ॥ १

મૈત્રેય કહે છે કે–સનકાદિ ઋષિઓ નારદ ઋભુ હંસ અરૂણિ અને યતિ એ બ્રહ્માના પુત્રો નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. ૧ હે વિદુર! બ્રહ્માના પુત્ર અધર્મને મૃષા નામની સ્ત્રીથી દંભ નામે પુત્ર અને માયા નામે પુત્રી થઇ, એ જોડાને નિર્ઋતિએ ગ્રહણ કર્યું કારણકે તેને પુત્ર ન હતો. ૨ હે મહામતિ! દંભની માયા નામની સ્ત્રીમાં લોભ નામનો પુત્ર અને શઠતા નામની કન્યા થઈ. લોભની નિકૃતિ નામની સ્ત્રીથી ક્રોધ પુત્ર અને હિંસા નામની કન્યા ઉત્પન્ન થઇ, ક્રોધની હિંસા નામની સ્ત્રીમાં કળિ નામનો પુત્ર અને દુરૂક્તિ નામની કન્યા થઈ. ૩ કળિની દુરૂક્તિ નામની સ્ત્રીમાં ભય નામનો પુત્ર અને મત્યુ નામની કન્યા થઇ, ભયની મૃત્યુ નામની સ્ત્રીમાં નિરય નામનો પુત્ર અને યાતના નામની કન્યા થઈ. ૪ હે નિષ્પાપ! મેં ટુંકામાં તમને અધર્મનો વંશ કહી સંભળાવ્યો, એ પવિત્ર વંશને જે ત્રણ વાર સાંભળે તેનાં પાપ નાશ પામે છે. ૫ હે કુરૂકુળનંદન! હવે પવિત્ર કીર્તિ બ્રહ્માના અંશથી ઉત્પન્ન થયેલા સ્વાયંભુવ મનુનો વંશ કહું તે સાંભળો. ૬

શતરૂપાના પતિ સ્વાયંભુવ મનુને વાસુદેવ ભગવાનના અંશથી જગતનું રક્ષણ કરનાર પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામે બે પુત્રો થયા હતા. ઉત્તાનપાદને સુનીતિ અને સુરૂચિ નામની બે રાણીઓ હતી. તેમાં સુરૂચિ ઉપર રાજાનો બહુ પ્રેમ હતો અને ધ્રુવજીની મા સુનીતિ રાજાને પ્રિય નહતી. ૮ એક સમયે રાજા ઉત્તાનપાદ સુરૂચિના પુત્ર ઉત્તમને ખોળામાં બેસાડી રમાડતા હતા એટલામાં ધ્રુવજી ત્યાં જઈ ચઢયા. તેમણે પિતાના ખોળામાં બેસવાનું મન કર્યું. રાજા ઉત્તાનપાદે તેમને બેસાડચા નહિ. ૯ પોતાની સોકયનો પુત્ર રાજાના ખોળામાં બેસવા ઇચ્છતો હતો તે જોઇ બહુજ અભિમાનથી રાજાના સાંભળતાં સુરૂચિએ ઇર્ષા ભરેલાં આવાં વચનો ધ્રુવને કહ્યાં. ૧૦ સુરૂચિ–હે વત્સ! તું રાજાનો પુત્ર છે તોપણ રાજાના આસન ઉપર ચડવા યોગ્ય નથી કારણ કે તને મેં મારા ગર્ભમાં ધારણ કર્યો નથી. ૧૧ અહા! તું બાળ છે એથી તને એ વાતની જરા પણ ખબર નથી કે–તું બીજી સ્ત્રીના ગર્ભથી જનમ્યો છે, એથીજ તું દુર્લભ લ્હાવનો મનોરથ કરે છે. જો તું રાજગાદી ઇચ્છતો હોઉં તો તપથી પરમેશ્વરનું આરાધન કર અને તેમના અનુગ્રહથી મારા ગર્ભમાં આવવાનું સાધન કર.

મૈત્રેય કહે છે કે–માતાની સોકયનાં આવાં દુર્વચનથી વિંધાયેલ ધ્રુવ લાકડીથી મારેલા સાપની પેઠે ક્રોધથી નિઃશ્વાસ નાંખી મૌન

[†] આ અધ્યાયમા અપર માતાના દુર્વચનોનો ચટકો લાગવાથી ધ્રુવજીએ તપ કરી ભગવાનને પ્રસન્ન કર્યા એ કથા કહેવાશે.

રહી પિતાનો ત્યાગ કરી માતાના પાસે ગયો. ૧૪ નીચલો ઓઠ જેનો ફરકી રહ્યો હતો એવા ધ્રુવને નિઃશ્વાસ નાંખતો જોઇ રાણી સુનીતિએ તેને સોકયે જે કઠોર શબ્દ પ્રહાર કર્યો હતો તે પૂછયો. વળી તે વૃત્તાંત અંતઃપુરના લોકોના મુખદ્વારા સાંભળી તે અત્યંત દુઃખી થઇ. ૧૫ દાવાનળની વચમાં રહેલી લતાની પેઠે સુનીતિ ધૈર્ય તજી વિલાપ કરવા લાગી. સોકયનાં વચન સ્મરણ કરતી કમળ જેવાં શોભાયમાન નેત્રોથી તે અશ્રુ પાડવા લાગી. લાંબા ઉંડા શ્વાસ લેતી અને દુઃખનો પાર ન જોતી સુનીતિ પોતાના પુત્ર ધ્રુવને કહેવા લાગી કે—હે તાત! બીજાનો અપરાધ ન જાણુવો કારણ કે જે માણુસ બીજાને દુઃખ દે છે તેને દુઃખ ભોગવવું પડે છે. ૧૭ સુરૂચિએ જે કહ્યું તે સત્ય છે કારણ કે એક તો હું જે અભાગિણી તેને ઉદરે જન્મ લીધો બીજું તું મારૂં દૂધ પી મોટો થયો, કે—જે મને સ્ત્રી તો શું પણ દાસીપણે સ્વીકારવાને પણ રાજા શરમાય છે. ૧૮ હે તાત! માટે એ કટુ વચનને તું મત્સરનો ત્યાગ કરી સહન કર અને જો તને રાજસિંહાસનની ઇચ્છા હોય તો અધોક્ષજના ચરણ કમળનું આરાધન કર ૧૯ જગતની રક્ષા માટે સત્વગુણનું અધિષ્ઠાન જેણે સ્વીકારેલું છે એવા પરમાત્માના ચરણકમળની સેવા કરીને બ્રહ્મા બ્રહ્મપદને પામ્યા હતા કે—જેને મન અને પ્રાણોને વશ કરનાર મુનિ વંદન કરે છે. ૨૦ તેમજ તારા પિતામહ ભગવાન મનુ જે પરમાત્માનું સર્વાતર્યામી દૃષ્ટિથી પુષ્કળ દક્ષિણાવાળા યજ્ઞોથી આરાધન કરી અન્ય ઉપાયથી ન મળે એવા પૃથ્વી સંબંધી સ્વર્ગ સંબંધી અને મોક્ષ સંબંધી સુખને પ્રાપ્ત થયા હતા. હે વત્સ! જેનાં ચરણકમળને મુમુક્ષુ લોકો શોધે છે એવા ભક્તવત્સલ ભગવાનને અનન્ય ભાવવાળા મનમાં સ્થાપિત કરી તું ભજન કર. ૨૨ કમળના પત્ર જેવાં નેત્રવાળા ભગવાન વગર બીજું કોઇ તારૂં દુઃખ મટાડે એવું નથી. હે વત્સ! જેને બ્રહ્માદિક દેવતાઓ શોધે છે એવી લક્ષ્મી પણ કમળ હાથમા લઇ જેને શોધે છે તેનું તું આરાધન કર. ૨૩

મૈત્રેય કહે છે કે—આ પ્રમાણે પ્રયોજનને સિદ્ધ કરનાર ધ્રુવ માતાના વચન સાંભળી બુદ્ધિથી મનને નિયમમાં રાખી પિતાની નગરીમાથી નિકળ્યા. ૨૪ નારદ આ વૃત્તાંત સાંભળી તેને કરવાના ઇષ્ટ વિષયને જાણી વિસ્મિત થઇ પાપ નાશ કરનાર પોતાનો હાથ ધ્રુવના મસ્તક ઉપર ફેરવી બોલ્યા કે—અહો! માનભંગને સહન ન કરનાર ક્ષત્રિયનો પ્રભાવ તો જુવો કે—આ બાળક છે તોપણ અપરમાનાં દુર્વચનને સહન કરે છે?

નારદ કહે છે કે—હે ધ્રુવ! તું હજી બાળક છે તેથી રમત આદિમા આસક્ત હોવાથી તારૂ અપમાન કે માન શુ? ૨૭ જો તને માન વા અપમાનનો વિવેક હોય તો તારે અસંતોષ ન રાખવો કારણ કે જે અસંતોષના હેતુ રૂપ છે તે બધા અજ્ઞાન કલ્પિત છે કોઈ પ્રકારે ભિન્ન નથી, કારણ કે જગતમા જે સુખ દુ ખ છે, તે બધા કર્મોથી પ્રવર્તે છે. ૨૮ હે તાત! ઇશ્વર અનુકૂળ હોય તો ઉદ્યમ સફળ થાય છે, દૈવવશાત જેટલું મળે તેટલામાજ મનુષ્યે સંતોષ રાખવો. ૨૯ માતાએ કહેલા ઉપાયથી જેને તું પ્રસન્ન કરવા ઇચ્છે છે તેનું મનુષ્યો ઉપર પ્રસન્ન થવું હુ તો કઠિન સમજું છું. ૧૦ મુનિ લોક સગ રહિત તીવ્ર યોગ અને સમાધિ કરીને તેના પદને અનેક જન્મોથી શોધ્યા કરે છે તોપણ પામી શકતા નથી. ૩૧ માટે આ બધું નિષ્ફળ છે જ્યારે વૃદ્ધાવસ્થા આવે ત્યારે તું યત્ન કરજે. ૩૨ દૈવે જેટલુ જેને આપ્યું તેટલાથીજ તેણે સુખ દુઃખમા પોતાને સંતુષ્ટ રહેવું. કારણ કે એટલામાંજ જે સંતોષ રાખે છે તે પ્રાણી મોક્ષ પામે છે. ૩૩ જે ગુણમાં અધીક હોય તેને જોઇ પ્રસન્ન રહેવું

જોઈએ પણ ઉલટું અપ્રસન્ન રહેવું નહિ. જે ગુણમાં ન્યૂન હોય તેની ઉપર દયા રાખે, તેનો તિરસ્કાર ન કરે અને જે પોતાનો બરોબરીઓ હોય તેની મિત્રતા રાખે અને ઈર્ષા ન કરે તથા જે એ પ્રમાણે કરે તેનો કોઇ પણ પ્રકારના બળથી પરાભવ થતો નથી. ૩૪

ધ્રુવ કહે છે કે–આપે સુખ દુઃખથી હતચિત્ત મનુષ્યો ઉપર કૃપા કરીને એવો શાન્તિનો પ્રકાર દર્શાવ્યો કે–જે મારા જેવા પુરૂષોને મળવો અતિ કઠિન છે. ૩૫ ક્ષત્રિય સ્વભાવને પ્રાપ્ત થયેલા મારા દુર્વિનિતના હૃદયમાં તે ઠરી શકતો નથી કારણ કે મારૂં હૃદય સુરૂચિનાં દુર્વચનો રૂપી બાણોથી વિદીર્ણ થઇ ગયેલું છે. ૩૬ હે બ્રહ્મન ! જ્યાં મારા પિતા અને બીજા પહોંચ્યા નથી એવા ત્રિલોકીના પદને હુ પહોંચવા ઇચ્છા રાખું છું તેથી જે ઉત્તમ માર્ગ હોય તે મને બતાવો. ૩૭ તમે બ્રહ્માના પુત્ર છો અને જગતના કલ્યાણ માટે વીણા લઇ સૂર્યનારાયણની પેઠે સર્વત્ર ફર્યા કરો છો. ૩૮

મૈત્રેય કહે છે કે–નારદે ધ્રુવનાં વચન સાંભળી પ્રસન્ન થઈ તેને આ પ્રમાણે કહ્યું.

નારદ કહે છે કે–તારી માતાએ જે અર્થનો માર્ગ બતાવ્યો છે તે વાસુદેવ ભગવાન સંબંધી છે માટે મનને તેમાં લગાડી તું હવે ભજન કર. જે મનુષ્ય પોતાનું કલ્યાણ ઇચ્છે તે ધર્મ અર્થ કામ અને મોક્ષને માટે વિષ્ણુ ભગવાનનાં ચરણની સેવા કરે છે, કારણ કે તેજ કલ્યાણનું સાધન છે. ૪૧ હે તાત ! યમુનાના પવિત્ર તટ ઉપર જે પવિત્ર મધુવન નામનું ક્ષેત્ર છે કે–જ્યાં સદા વાસુદેવ બિરાજે છે ત્યાં તું જા અને તપ કર તારૂં કલ્યાણ થશે. ૪૨ એ ક્ષેત્રમાં જઇ યમુનાજીના પવિત્ર જળમાં ત્રણ વાર સ્નાન કરી નિત્ય કર્મથી પરવારી આસનવાળી તપ કર. ૪૩ પૂરક રેચક અને કુંભક એમ ત્રણ પ્રાણાયામથી † પ્રાણ, ઇન્દ્રિયો અને મનના મળને દૂર કરીને ભગવાનનું ધ્યાન કર. ૪૪ કૃપા કરવાને અભિમુખ નિરંતર પ્રસન્ન મુખ અને નેત્રવાળા સુંદર નાસિકા સુંદર ભ્રમર અને સુંદર કપોળથી દેવતાઓ કરતાં પણ અતિ સુંદર તરૂણાવસ્થ શરીરવાળા લાલ ઓઠ અને નેત્રવાળા ભક્તજનોને શરણ રૂપ જેનું શરણ સુખકારી છે એવા કરૂણાના સાગર શ્રીવત્સ ચિહ્નવાળા ઘનશ્યામ વનમાળા ધારણ કરેલ અંતર્યામી શંખ ચક્ર ગદા અને પદ્મે કરી દેદિપ્યમાન ચાર ભુજાવાળા કિરીટ કુંડલ બાજુબંધ અને કંકણને ધારણ કરનાર કૌસ્તુભ પહેરનારા કટિમેખલા ધારણ કરનાર સુવર્ણનાં ઝાંઝરવાળા અતિ સુંદર શાન્ત સ્વરૂપ મન અને નેત્રોને આનંદ આપનાર નખ રૂપી મણિયોની પંક્તિથી શોભાયમાન ભક્ત લોકોના હૃદય કમળની કર્ણિકા રૂપ સ્થાનનું આક્રમણ કરીને ભક્તોના હૃદયમાં વિરાજતા મંદહાસ્ય કરતા પ્રેમ દૃષ્ટિવાળા વરદાન દેનારમાં ઉત્તમ ભગવાનના સ્વરૂપનું પૂર્વોક્ત ધારણાથી સ્થિર થયેલા એકાગ્ર ચિત્તથી ધ્યાન કરવું. હે ધ્રુવ ! આ પ્રમાણે શ્રી ભગવાનના સ્વરૂપનું જે ધ્યાન ધરે છે તે ભગવદ્ ભક્તનું મન પરમાનંદને પામી વિષયોથી નિવૃત્ત થાય છે. ૫૨ હે રાજપુત્ર ! હવે પરમ ગુહ્ય જપ કરવાનો જે મંત્ર તે હું તને આપું છું. જે મનુષ્ય તેનો સાત રાત્રિ જપ કરે છે તે સફળ થાય છે. "ॐ नमो भगवते वासुदेवाय" બુદ્ધિમાને આ *મં-

† પ્રાણ નામના વાયુને જે અભ્યાસથી વશ કરે તે જ પ્રાણાયામ.

"अ उ म एतत्त्रयं मिलित्वा ओमित्यक्षरं भवति। भगो विद्यतेऽस्यास्तीति भगवान् तस्मै भगवते। वसंति भूतान्यस्मिन्निति वासुः दीव्यतीति देवः वासुश्चासौ देवः वासुदेवः स्तस्मै वासुदेवाय नमः ॥ ઉત્પત્તિ, પાલન અને નાશ કર્તા ષડ્ગુણ ઐશ્વર્યવાન ભગવાન સર્વ જીવમાં નિવાસ કરનાર છે.

ત્રથી ભગવાનની અનેક પ્રકારના પૂજાના પદાર્થોથી દેશ અને કાળના વિભાગને જાણી પૂજા કરવી. ૫૪ જળ ફૂલ, ફળ, મૂળ આદિ લઇ અંકુર વસ્ત્ર અને તુળસીથી ભગવાનનું પૂજન કરવું. ૫૫ શિલા આદિની મૂર્ત્તિ બનાવી પૃથ્વી જળ આદિ પૂજાના અધિષ્ઠાનોમાં ભગવાનની પૂજા કરવી. જે ચિત્તમાં ધિરજ રાખે મૌન રહે શાન્તિ રાખે મનન કરે પરિમિત ભોજન કરે ૫૬ અને પવિત્ર કીર્ત્તિવાળા ભગવાન પોતાની ઇચ્છાથી પોતાનો અચિંત્ય માયાથી અવતાર ધારણ કરી જે ચરિત્ર કરે છે તેને હૃદયગત કરી ધ્યાન કર. ૫૭ પૂર્વાચાર્યોએ જેટલા પ્રકારથી ભગવાનની સેવા કહી છે તે પ્રકારથી દ્વાદશાક્ષર મંત્રનો ઉચ્ચાર કરી મંત્ર મૂર્ત્તિ ભગવાનની પૂજા કર, વા આ પ્રમાણે મન વચન અને કર્મથી મનમાં ધ્યાન ધરેલા ભગવાનની ભક્તિવાળી પરિચર્યાથી સેવા કર. ૫૯ નિષ્કપટ ભક્ત લોકોની ભક્તિને વધારનાર શ્રીહરિ ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થોમાંથી જે ફળ ઇચ્છે તે મનવાચ્છિત કલ્યાણકારી ફળ તેને આપે છે. ૬૦ જે મનુષ્ય મુક્ત થવા ઇચ્છે તે ઇન્દ્રિયોની પ્રીતિ અર્થાત વિષયોથી વિરક્ત થઇ ભક્તિ યોગદ્વારા દ્દઢ થયેલા અદ્વિતીય ભાવથી ભજન કરે છે. ૬૧ નારદજીનાં વચન સાભળી તેમને પ્રણામ કરી પ્રદક્ષિણા કરી રાજપુત્ર ધ્રુવ ભગવાનનાં ચરણોથી પાવન મધુવનમાં ગયા. ૬૨ ધ્રુવ તપોવનમાં ગયા ત્યાર પછી નારદ રાજાને ત્યાં ગયા. રાજાએ અર્ઘ આદિ પૂજાના પદાર્થ અર્પણ કરી આસન આપ્યું તે ઉપર સુખ પૂર્વક બેસી રાજાને આમ કહેવા લાગ્યા.

નારદ કહે છે કે–હે રાજા! આપનું મુખ કરમાઇ ગયું છે. આપને એવો મોટો શોચ શું છે? શું આપનો અર્થ સહિત કામ અને ધર્મ પુરૂષાર્થનો નાશ થઇ ગયો છે?

ઉત્તાનપાદ કહે છે–હે બ્રહ્મન! સ્ત્રીને વશ નિર્દય ચિત્ત જે હું તેણે જ્ઞાનવાન અને મહાત્મા પાંચ વર્ષના બાળકને કાઢી મૂકયો છે. ૬૫ હે બ્રહ્મન! કરમાઇ ગયું છે મુખ જેનું એવા થાકીને સૂતેલા અને ભૂખ્યા અનાથ બાળકને વનમાં વ્યાઘ્રાદિ હેરાન કરશે. અહા! હું સ્ત્રીજીત દુષ્ટ કે–જે મેં પ્રેમથી ખોળામાં બેસવા આવેલા બાળકનો તિરસ્કાર કર્યો.

નારદ કહે છે કે–હે રાજન! પુત્રના પ્રભાવને તમે નથી જાણુતા તેથી શોચ કરો છો પરંતુ તમે તેનો શોચ ન કરો કારણ કે તેની રક્ષા પરમેશ્વર કરે છે. હે રાજન! લોકપાળોથી પણ ન બને એવું અતિ દુષ્કર તપ કરીને તે તમારા યશનો વિસ્તાર કરશે. ૬૯

મૈત્રેય કહે છે કે–નારદના વચન સાંભળી ઉત્તાનપાદ રાજલક્ષ્મીનો અનાદર કરી પુત્રનો શોચ કરવા લાગ્યો. ૭૦ ધ્રુવ યમુનામાં સ્નાન કરી સાવધાન થઇ ઉપવાસ કરી એકાગ્રચિત્તે નારદની આજ્ઞા પ્રમાણે ભગવાનનું ભજન કરવા લાગ્યા. ૭૧ ત્રણ ત્રણ રાત્રિના અંતમાં ફળ ખાઇ, દેહની સ્થિતિને અનુસાર ભગવાનનું અર્ચન કરતા ધ્રુવ પહેલે મહિને ફલાહારથી રહ્યા. બીજે મહીને ધ્રુવજીએ છઠ્ઠે છઠે દિવસે પોતાની મેળે પડેલાં તૃણ અને પાંદડાં આદિનો અહાર કરી ભગવાનનું અર્ચન કર્યું. ૭૩ પછી નવમે દિવસે જળ માત્ર ભક્ષણ કરી સમાધિ લગાવી ભગવાનનું અર્ચન કર્યું. પછી બારમે બારમે દિવસે કેવળ પવન ભક્ષણ કરી શ્વાસને રોકી પરમેશ્વરનું ધ્યાન કરી કાળ વ્યતીત કર્યો. ૭૫ પાંચમે મહિને રાજપુત્ર ધ્રુવ શ્વાસને રોકી પરબ્રહ્મનું ધ્યાન કરતા એક પગથી સ્થાણુની પેઠે અચળ થઇ ઉભા રહ્યા. ૭૬ શબ્દાદિ વિષય અને ઇન્દ્રિયો જેમાં શયન કરે છે એવા મનને સર્વમાંથી ખેંચી ભગવાનના સ્વરૂપનું એવું ધ્યાન કરવા લાગ્યા કે–જે સમયે તેમને બીજું કંઇ પણ દેખાતું ન હતું. ૭૭ મહત્તત્વાદિકોના આધાર પ્રકૃતિ અને પુરૂષને

ઈશ્વર પરબ્રહ્મની તેમણે એવી ધારણા કરી તેથી ત્રણે લોક કંપવા લાગ્યા. જ્યારે રાજપુત્ર ધ્રુવ એક પગે ઉભા રહ્યા ત્યારે તેમના અંગુઠાથી દબાયેલી પૃથ્વી જેમ હાથીના બેસવાથી વહાણ આમ તેમ ડોળી અને જમણી તરફ નમી જાય તેમ ધ્રુવના અંગુઠાથી દબાયેલી થોડી એક બાજુ નમી ગઈ. ૭૯ પ્રાણ અને પ્રાણોના દ્વારોને રોકીને આત્મા સાથે અભેદ દૃષ્ટિ કરી વિશ્વાત્મક વિષ્ણુ ભગવાનનું તે ધ્યાન કરવા લાગ્યા ત્યારે સર્વ લોક અને લોકપાળોનો શ્વાસોશ્વાસ રોકાઇ જવાને લીધે અતિ પીડીત થઈ તે ભગવાનને શરણે ગયા

દેવતાઓ કહેવા લાગ્યા કે–હે ભગવન! અમે નથી જાણતા કે–આ ચરાચર સર્વ પ્રાણીના શરીરનો શ્વાસ કેમ રોકાઈ ગયો? શરણ આપનાર જે આપ તેને શરણે અમે આવ્યા છીએ માટે આ સંકટમાંથી અમને મુક્ત કરો. ૮૧

શ્રી ભગવાને કહ્યું કે–તમે ડરો નહિ જે બાળક તપ કરે છે તેને હું દુરત્યય તપથી નિવૃત્ત કરીશ, તમે તમારે સ્થાને ચાલ્યા જાઓ. ઉત્તાનપાદ રાજાનો પુત્ર ધ્રુવ વિશ્વરૂપ મારા સ્વરૂપમાં એકતાને પ્રાપ્ત કરે છે તેથી તમારો શ્વાસ રોકાઇ ગયો છે. ૮૨

मामैष्ट बाल तपसो दुरत्यान्नि-
वर्त्तयिष्ये प्रतियात स्वधाम ।
यतो हिवः प्राण निरोध
आसीदौत्तानपादिर्मयिसंगतात्मा ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेचतुर्थस्कंधे
अष्टमोध्यायः

અધ્યાય ૯ મો.

ધ્રુવે કરેલી સ્તુતિ.

मैत्रेय उवाच
त एव मुत्सन्न भया उरुक्रमे
कृतावनामाः प्रययुस्त्रिविष्टपम् ॥

* આ અધ્યાયમા વાસુદેવ ભગવાનની સ્તુતિ કરી તેમનાથી વરદાન પામી ધ્રુવે પાછા ફરી રાજ્ય કર્યું એ કથા કહેવાશે.

सहस्रशीर्षाऽपिततो गरुत्मता
मधोर्वनं त्वद्दिदृक्षयागतः ॥१॥

મૈત્રેય કહે છે કે–દેવતાઓ આ પ્રમાણે નિર્ભય થઇ વિષ્ણુ પરમાત્માને પ્રણામ કરી સ્વર્ગમાં પધાર્યા અને ભગવાન ગરૂડ ઉપર બેસી પોતાના ભક્ત ધ્રુવને વરદાન આપવા મધુવનમાં ગયા. ૧ ધ્રુવ નેત્ર બંધ કરી ધ્યાનમાં મગ્ન હતા. યોગથી પરિપકવ થયેલી તિવ્ર બુદ્ધિએ કરીને હૃદય કમળના કોશમાં પ્રકાશતા ભગવાનના ચાર ભુજાવાળા સ્વરૂપને જ્યારે હૃદયમાં ન જોયું ત્યારે ધ્રુવ એકાએક ચમકી ઉઠયા અને આંખો ઉઘાડી ચારે દિશામા જોયું તો તે જ સુન્દર શ્રીભગવાનની પ્રત્યક્ષ મૂર્તિ કે જેનું હૃદયમાં ધ્યાન કરી રહ્યા હતા તેજ ભગવાનના સન્મુખ દર્શનથી સંભ્રમ યુક્ત થઈને ધ્રુવ જાણે આંખોથી પી રહ્યા હોય મુખથી તેનું જાણે ચુંબન કરી રહ્યા હોય અને હાથથી જાણે તેનું આલિંગન કરી રહ્યા હોય તેમ લાકડીની પેઠે પૃથ્વી ઉપર પોતાનું શરીર નમાવીને ભગવાનને પ્રણામ કર્યા. ૩ ધ્રુવ ભગવાનના ગુણ વર્ણન કરવાની અભિલાષા રાખતા હતા પણ સ્તુતિ આદિ શી રીતે કરવી તે જાણતા નહતા તેથી મૌન રહ્યા. ધ્રુવના ઉપર કૃપા કરી ભગવાને પોતાનો પાંચજન્ય શંખ વગાડયો. ૪ ભગવાનના પાંચજન્ય શંખનો નાદ થતાં વાર તેજ ભગવાનની આપેલી વેદમય દૈવી વાણી પ્રાપ્ત થવાથી જીવ ઇશ્વરના નિર્ણયને જાણી જ્ઞાન અને વિજ્ઞાન ભક્તિ રસના પ્રેમી ભક્તિભાવથી સર્વ પ્રકારે પ્રકટ છે પ્રયત્ન જેનો એવા ધ્રુવ સ્થાન નિવાસી તે ધ્રુવ વિખ્યાત છે કીર્તિ જેની એવા વાસુદેવ ભગવાનની સ્થિરતાથી સ્તુતિ કરવા લાગ્યા. ૫

ધ્રુવ સ્તુતિ કરે છે–સર્વ શક્તિવાળા પરમેશ્વર મારામાં પ્રવેશ કરી મારી વાણીને અને હાથ પગ કાન અને ત્વચા આદિ ઇન્દ્રિયોને પોતાની ચિત્ત આપને મારા પ્રણામ

છે. ૬ અનેક ગુણોવાળી આપની માયા નામની શક્તિથી મહત્તત્ત્વાદિ જગત રચીને પછી તેમાં પ્રવિષ્ટ થઇને અંતર્યામી એકજ માયાના અસત ગુણ ઇન્દ્રિયાદિકોમાં સ્થિત રહી જેમ કાષ્ટમાં અગ્નિ નાના રૂપે પ્રકાશે છે તેમ દેવતાઓને રૂપે નાના પ્રકારના રૂપ લઈ તમે પ્રકાશો છો. આપથી અતિરિક્ત બીજો કોઈ પણ જ્ઞાન અને કૃપા શકિતનો ધારણ કરનાર નથી. ૭ ભગવાન આપના આપેલા જ્ઞાનથી આપના શરણાગત બ્રહ્મા જેમ સૂતેલો મનુષ્ય જાગ્રત થઇ સર્વ જુવે છે તેમ આ સકલ વિશ્વને જુવે છે. હે આર્તબંધુ ! આપે કરેલા ઉપકારને જાણનાર મુકત જનોનું રક્ષણ કરનાર આપના ચરણને પુરૂષ શી રીતે ભૂલી જાય ૮ જન્મ મરણથી છોડવનાર આપને જે પુરૂષ કામાદિ વિષયાદિ સુખ કર્મોને માટે ભજે છે તે નિઃસંદેહ તમારી માયાથી મોહિત થાય છે કારણ કે કલ્પવૃક્ષના જેવું આપનું પૂજન કરીને તે લોક શબના જેવા દેહે કરીને ઉપભોગની ઇચ્છા કરે છે. વિષય જન્ય સુખ તો પ્રાણીઓને નરકમાં પણ પ્રાપ્ત થઇ શકે છે. ૯ હે નાથ ! શરીર ધારણ કરનારને જે આનંદ તમારાં ચરણારવિન્દના ધ્યાનથી અથવા બ્રાહ્મણોની કથા સાંભળવાથી થાય છે તે બ્રહ્મમાં તો છેજ નહિ તો પછી યમરાજના ખડ્ગ રૂપી કાળથી મરનાર વિમાનમાંથી પડનાર સુરપુરવાસીઓને કયા મળી શકે ૧૦ હે અનંત ! આપની ભકિત કરનાર અત્યંત નિર્મલાંતઃકરણવાળા મહાત્મા પુરૂષોનો સંગ મને મળે, કે—જે સજ્જનોનાં મુખથી તમારા ગુણોની કથા રૂપી અમૃતનું પાન કરવાથી ઉન્મત્ત થઇ આ મહા દુઃખદાયી સંસારનું વિના પ્રયાસે ઉલ્લંઘન કરી જાઉં. ૧૧ હે ઇશ ! હે કમળ નાભ ! જે મનુષ્યો આપનાં ચરણ કમળની સુગંધીના લોભીઓથી સત્સંગ કરે છે તે પોતાના દેહને પણ અતિશય પ્રિય સમજતા નથી અને આ શરીર સંબંધી પુત્ર સુહૃદ ઘર ધન અને દ્રવ્ય તેનું પણ અનુસંધાન રાખતા નથી. ૧૨ હે અજ ! પશુ પક્ષી વૃક્ષ પર્વત દ્વિજ સર્પ દેવ દૈત્ય અને મનુષ્ય આદિથી વ્યાપ્ત અને સત્ અસત્ સહિત મહત્તત્વ આદિ અનેક કારણવાળા વિરાટ સ્વરૂપને હું જાણું છું પરંતુ એથી પર પરમેશ્વરના સ્વરૂપને નથી જાણતો કે—જ્યાં કોઇ વાદવિવાદ કે શબ્દનું પણ પરિબળ ચાલતું નથી. મહા પ્રલય સમયે આ વિશ્વને ઉદરમાં રાખી સર્વ દ્રષ્ટા આપ શેષના ખોળામાં પુરૂષ રૂપે શયન કરો છો. જેના નાભિ કમળમાંથી ઉત્પન્ન થયેલા ભગવાન બ્રહ્મા કર્ણિકામાં બિરાજે છે તે તમને હું વારંવાર પ્રણામ કરૂં છું. ૧૪ મારી અને જીવની સ્વપ્ન આદિ અવસ્થાઓ સમાન છે, તો પછી મારામાં જીવથી શું વિશેષ છે ! એવી શંકાને અવકાશ નથી કેમ કે—આપની જીવથી વિલક્ષણ સ્થિતિ છે. આપ નિત્ય મુકત છો સદા જ્ઞાનવાન છો જીવ તમારી કૃપાથી ઉત્પન્ન થાય છે, આપ શુદ્ધ છો, આપ સર્વજ્ઞ છો, આત્મા છો જડ તેમજ કૂટસ્થ છો, વિકારી છો આપ આદિ પુરૂષ છો, આપ ભગવાન છો, આપ ત્રણે ગુણોના અધીશ તેમજ પરતંત્ર છો બુદ્ધિની તે તે અવસ્થાને અખંડિત ચિત્ત શક્તિથી જાણો છો તથા વિશ્વની સ્થિતિને માટે યજ્ઞના અધિષ્ઠાતા શ્રીવિષ્ણુ રૂપ થયા છો, અને સર્વથી નિરાળા થઇ તમે રહો છો. ૧૫ વિદ્યા આદિ અનેક પ્રકારની વિરૂદ્ધ ગતિવાળી શક્તિયો જેનામાં નિરંતર અકસ્માત પ્રકટ થાય છે, તે વિચિત્ર જગતને ઉત્પન્ન કરનાર અનંત અખંડ અનાદિ નિર્વિકાર અને આનંદમય પરબ્રહ્મને હું શરણે આવ્યો છું. ૧૬ હે ભગવન ! કર્મનું ફળ ગને તો આપજ છો જો કે નિષ્કામપણાથી ભજન કરનાર ભક્ત લોકોને પરમાનંદ મૂર્ત્તિ આપનાં

ચરણકમળજ રાજ્ય આદિ સર્વ સુખ આપનાર છે તોપણ હે પ્રભો ! જેમ નવ પ્રસૂતા ગાય પોતાના વાછડાને દૂધ પીવરાવે છે અને તેની રક્ષા કરે છે તેમ અનુગ્રહ કરવાને તત્પર થઇ હે હરિ ! આપ અમે જે દીન છીએ તેમની સંસારના ભયથી રક્ષા કરો. ૧૭

મૈત્રેય કહે છે કે-સત્ય સંકલ્પ અને બુદ્ધિમાન ધ્રુવે આ પ્રમાણે વાસુદેવ ભગવાનની સ્તુતિ કરી ત્યારે ભક્તવત્સલ ભગવાને આનંદિત થઇ આવાં વચન કહ્યાં. ૧૮

શ્રીભગવાન કહે છે કે-હે રાજપુત્ર ! હું તારા હૃદયના સંકલ્પને જાણુ છું. હે સુવ્રત ! તારૂં કલ્યાણ થશે. હે ધ્રુવ ! જે પ્રકાશમાન ધ્રુવપદને આજ પર્યંત બીજું કોઇ પણ પામ્યું નથી. જે સ્થાનમા ધુરાના બળદોની પેઠે ગ્રહ નક્ષત્ર અને તારાઓનું ચક્ર બંધાઇ રહેલું છે, ત્રણુ લોકનો નાશ થાય તોપણ જેનો નાશ થતો નથી; ધર્મ, અગ્નિ કશ્યપ, ઇંદ્ર, સપ્તર્ષિ અને તારા જેની પ્રદક્ષિણા કરી ભ્રમણ કરે છે, હે ધ્રુવ ! તે અતિ દુર્લભ સર્વદા અચળ ધ્રુવસ્થાન મેં તને આપ્યું. ૨૧ હવે તું તારા નગરમાં જા. તારો પિતા તને રાજ્ય આપી વનમાં જશે અને તું ગંધર્વોથી યુદ્ધ કરીશ તથા તારા મનોરથ સિદ્ધ થશે, અને ધર્માનુસાર બત્રીશ હજાર વર્ષ પર્યંત તું ભૂમંડળનું રાજ્ય કરીશ. ૨૨ તારો ભાઇ મૃગયા કરવા જશે અને ત્યાં મરણુ પામશે, પોતાના પુત્રનું ધ્યાન કરતી તેની માતા તેને શોધવા વનમાં જશે અને જ્યારે તે મળશે નહિ ત્યારે તેનાજ ધ્યાનમાં દાવાનળમાં પડી મરણુ પામશે. ૩૩ તું મહા ચક્રવર્તી થઇ યજન છે પ્રિય જેને એવા મારા પુષ્કળ દક્ષિણાવાળા યજ્ઞોથી યજન કરી ઇંદ્રથી પણ વિશેષ ઐશ્વર્યને પામી નાના ભોગ ભોગવી અંતે મારૂં સ્મરણુ કરીશ. ૨૪ પછી સર્વ જનોને નમસ્કાર કરવા યોગ્ય અને સપ્તર્ષિઓથી પણુ ઉપર મારા પદને પામીશ અને સૌ તારી સ્તુતિ કરશે, તથા જ્યાંથી પુનરાવર્તન નથી એવા ઉત્તમ પદને તું પામીશ. ૨૫

મૈત્રેય કહે છે કે-આ પ્રમાણે ધ્રુવની પૂજા અંગીકાર કરી તથા તેને અવિચલ પદ આપી ગરૂડધ્વજ વાસુદેવ ભગવાન પોતાના નિજધામમા પધાર્યા. ૨૬ જો કે ધ્રુવ વિષ્ણુ ભગવાનના પાદારવિંદની સેવામાં બદ્ધ સંકલ્પ રહેવાથી મોક્ષ રૂપ પોતાની મનોકામનાને પ્રાપ્ત થઇ ગયા હતા તોપણુ પ્રસન્ન ન થયા, ભગવાનનાં દર્શનનો વિયોગ શોચતા અત્યંત દુઃખી થઇ પોતાના નગર તરફ ગયા.

વિદુર કહે છે કે-જે વિષ્ણુ ભગવાનનું પરમ પદ સકામ પુરૂષોને અતિ દુર્લભ છે તે ભગવાનના ચરણુની સેવાથી પ્રાપ્ત કરનાર પદને એકજ જન્મમાં પામીને પુરૂષાર્થ વેત્તા ધ્રુવે પોતાના આત્માને અકૃતાર્થ કેમ માન્યો ? ૩૮

મૈત્રેય કહે છે કે-પોતાની માતાની શોકનાં વાણી રૂપી બાણોથી વિંધાઇ ગયેલું છે હૃદય જેનું એવો ધ્રુવ તે દુર્વચનોનું સ્મરણુ કરતો હતો તેથીજ તેણે મુક્તિ માગી નહિ રાજ્યનોજ અનુરાગ તેનામાં લાગી રહ્યો તેથી સંતાપને પામ્યો. ૨૯

ધ્રુવ કહે છે કે-અનેક જન્મોની સમાધીવડે નૈષ્ઠિક બ્રહ્મચારી સનકાદિક જે પદને પામ્યા નહિ તે હું છ મહિનામાં ભગવાનની પાદચ્છાયાને પ્રાપ્ત થઇ પામ્યો. હું ભેદદૃષ્ટિ સંસારમાં ને સંસારમાં જ રહ્યો. ૩૦ અરે મારી મંદભાગીની અજ્ઞાનતા કેવી કે-સંસારનું છેદન કરનાર ભગવાનનાં ચરણુને પ્રાપ્ત થઈ મેં નાશવાન પદાર્થ માગ્યો. ૩૧ મારા કરતાં નીચે રહેવાના ભયથી દેવતાઓએ મારી બુદ્ધિ દૂષિત કરી, અર્થાત મારી મતિ હરી લીધી. મારી બુદ્ધિ મંદ થવાનું કારણુ એ છે કે-મેં દુરાત્માએ નારદનાં વચન માન્યાં નહિ. ૩૨ જગતમાં મારો વિરોધી બીજો કોઇ ન હતો તોપણુ જેમ

સૂતેલો મનુષ્ય સ્વપ્નમાં પોતાનાથી ભિન્ન અનેક વસ્તુઓ જુવે છે તેમ ભગવાનની માયાને વશ થઈ ભાઈને શત્રુ માની હૃદયના શોકથી હું વૃથા સંતાપને પામ્યો છું. જેનું આયુષ્ય નાશ થઈ ગયેલું છે તેને માટે ચિકિત્સા વ્યર્થ છે, તેમ મેં જે આ માગેલું છે તે કેવળ વૃથા છે કારણ કે—મેં કર્મહીણે વિશ્વાધાર વિશ્વાત્મા જે અનેક જન્મ સુધી તપ કરવાથી અત્યંત કઠિનતાથી પ્રસન્ન થાય છે તે સર્વ શક્તિમાન સંસારના ભયને નાશ કરનાર ભગવાનને મેં પ્રસન્ન કરીને પુનઃ આ નાશવાન સંસારને માગ્યો. ધિક્કાર છે મારી અજ્ઞાનતાને, સર્વ સ્થળે ભાગ્યજ બળવાન છે તપ કે વિદ્યા નથી. ૩૪ ભગવાન તો મને નિજાનંદ આપતા હતા અને પોતાના સમાન બનાવતા હતા પરંતુ પુણ્યહીન જે હું તેણે મૂર્ખતાથી મૂર્ખ બની માન માગ્યું, જેમ નિર્ધન પુરૂષ ચક્રવર્તી રાજાને પ્રસન્ન કરી, ધન ધાન્યનો ત્યાગ કરી ધાન્યનાં ફોતરાં માગે તે પ્રમાણે મેં કર્યું છે. ૩૫

મૈત્રેય કહે છે કે—હે વિદુર! આપના જેવા વાસુદેવ ભગવાનના ચરણારવિંદની સેવા કરનાર દાસ છે તે પરમાત્મા પાસે દાસ્યભાવ વગર બીજો કોઈ પણ પદાર્થ પોતાને માટે ઇચ્છતા નથી કારણ કે યદૃચ્છાથી જે મળે તેથી તે પોતાના મનને સમૃદ્ધ માને છે. ૩૬ નગરની પાસે જ્યારે ધ્રુવ આવ્યા ત્યારે દૂતોદ્વારા રાજાને ધ્રુવ આવ્યાના સમાચાર મળતાં રાજાને વિશ્વાસ આવ્યો નહિ. જેમ મરણ પામેલાના સમાચાર શ્રવણ કરી કોઈ તે ઉપર વિશ્વાસ ન રાખે તેમ ધ્રુવનું આવવું સાંભળી રાજા ઉત્તાનપાદને વિશ્વાસ આવ્યો નહિ કારણ કે હું જે અકલ્યાણ તેનું કલ્યાણ ક્યાંથી થાય? ૩૭ પછી દેવર્ષિ નારદનાં વચન ઉપર વિશ્વાસ રાખી આનંદના વેગથી હર્ષિત થઇ ધ્રુવના આગમનના સમાચાર સાંભળી દૂતોને બહુજ દ્રવ્ય અને હાર ઇત્યાદિ આપ્યાં, અને બ્રાહ્મણ ગુરૂ કુળમાં જે વૃદ્ધ હોય તે મંત્રી સજ્જન અને બંધુ જનોને સાથે લઇને સુવર્ણના રથ ઉત્તમ પ્રકારની સોનેરી કિનખાબની ઝુલો જેના ઉપર નાખી છે એવા શ્યામ કર્ણવાળા ઘોડા જેમાં જોડેલા છે એવા સુંદર રથમાં બેસી વાદિત્ર વગાડતા વેદધ્વનિ કરતા મહારાજા ઉત્તાનપાદ પુત્રનાં દર્શનની ઉત્સુકતાથી નગર બહાર સામા ગયા ૪૦ સુનીતિ અને સુરૂચિ બન્ને ઉત્તાનપાદની રાણીઓ સુવર્ણનાં ભૂષણ પહેરી પાલખીમાં બેસી રાજકુમાર ઉત્તમને સાથે લઈ સામે ગઈ. ૪૧ ઉપવનની સમીપ આવતાં ધ્રુવને જોઇ રાજા રથમાંથી નીચે ઉતરી પ્રેમથી પાસે ગયા ૪૨ અને મનમાં અત્યંત ઉત્કંઠા હોવાથી શ્વાસ લેતા ભગવાનનાં ચરણ સ્પર્શથી જેનાં સર્વ પાપ નાશ પામ્યાં હતાં એવા પોતાના પુત્રને હાથ લાંબો કરી મળ્યા. ૪૩ પછી વારંવાર તેનું મસ્તક સુંઘો જેના મનોરથ સફળ થયા છે એવા ઉત્તાનપાદ રાજાએ અશ્રુએ ધ્રુવને નવરાવ્યા. ૪૪ ધ્રુવજીએ પિતાના ચરણમાં સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. રાજાએ બહુજ પ્રસન્ન થઇ આશીર્વાદ આપ્યો. પછી પિતા સાથે વાતચિત કરી સત્પુરૂષોમાં અગ્રગણ્ય ધ્રુવજીએ સર્વનો સત્કાર પામી પોતાની માતાના પગમા મસ્તક નમાવી પ્રણામ કર્યા. ૪૫ પોતાના પગમાં પડેલા પુત્રને ઉઠાડી પ્રેમાશ્રુ વરસાવતી ગદ્ગદ્ કંઠે સુરૂચિએ કહ્યું કે—હે પુત્ર! તું યુગેયુગ જીવતો રહે. ૪૬ સુરૂચિએ ધ્રુવજી સાથે અત્યંત પ્રીતિ ભરી વાતો કરી. જેની ઉપર ભગવાન મૈત્રી આદિ ગુણોથી પ્રસન્ન થાય છે તેને જેમ જળ નિચાણ તરફ ચાલ્યું જાય છે તેમ પ્રાણી માત્ર નમસ્કાર કરે છે. ૪૭ ઉત્તમ અને ધ્રુવ બે ભાઇઓ પ્રેમથી વિહ્વળ થઇ પરસ્પર ભેટવાથી ખુશી થયા. ૪૮ પછી ધ્રુવજીની માતા સુનીતિએ પોતાના પ્રાણથી પણ

અધિક પ્રિય એવા પુત્રને મળી હૃદયના દાહને શાંત કર્યો, અને અંગના સ્પર્શથી પરમાનંદ પામી સર્વ વિષાદ ત્યજી દીધો. ૪૯ હે વિદુર ! તે સમયે ધ્રુવજીની માતા સુનીતિને પાનો ચઢયો અને નેત્રમાંથી હર્ષાશ્રુ પડયાં તે વેળાએ વીરપુત્રને તે સ્તનથી દૂધની અને નેત્રથી જળની એમ બે ધારાથી વારંવાર સીંચી રહી હતી. ૫૦ સુનીતિની સર્વ લોક પ્રશંસા કરવા લાગ્યા. ભકતોનું દુઃખ હરનાર, સમસ્ત ભૂમંડળનો રક્ષક પાંચ વર્ષનો તારો પુત્ર નગરમાંથી ચાલ્યો ગયો અને ધરણી અને ધર્મનો આધાર પાછો પણ આવ્યો. ભગવાન વાસુદેવ ભકત લોકોના દુઃખ ભંજન ભકત મન રંજન શ્રી કૃષ્ણચંદ્રના ચરણારવિંદનું તે સારી રીતે આરાધન કર્યું. જેનું ધ્યાન કરનાર વીર પુરૂષ મૃત્યુને પણ જીતી લે છે. ૫૨ આ પ્રમાણે સર્વ લોક ધ્રુવ કુમારને વારંવાર લાડ લડાવી રહ્યા હતા અને તેમનું મુખ જોઇ સુખ પામતા હતા ધ્રુવને ઉત્તમ રાજકુમાર સહિત હાથિણી ઉપર બેસાડી રાજા ઉત્તાનપાદે નગરમાં પ્રવેશ કર્યો. સર્વ લોક સ્તુતિ કરતા આગળ ચાલવા લાગ્યા. ૫૩ જ્યાં ત્યાં મરકત મણિનાં તોરણ લટકી રહ્યાં હતાં ધ્વજા પતાકા ફરકી રહેલી હતી કેળના સ્તંભો જ્યા ત્યાં ગોઠવેલા હતા તે પ્રમાણે શ્રીફળ સોપારીનાં નાનાં નાનાં ઝાડ જ્યાં ત્યાં શોભા આપી રહ્યાં હતાં ૫૪ આંબાનાં પાંદડાં વસ્ત્ર માળા અને મોતીના મોટા મોટા હાર જેમાં લટકી રહેલા હતા દરવાજાઓ ઉપર દીવાઓનો ઝગઝગાટ થઇ રહેલો હતો તેના પ્રકાશથી સુવર્ણના કળશ વિજળીની માફક ચમકી રહ્યા હતા ૫૫ નગરનો કિલ્લો કિલ્લાના દરવાજા પ્રત્યેક ઘરો ઉપર સુંદર સુવર્ણની સામગ્રી શોભી રહી હતી અને ચારે તરફથી વિમાનનાં શિખરોની કાન્તિ જેવાં શહેરની અનુપમ શોભા થઈ રહેલી હતી ૫૬ જ્યાં ચોટાં ગલિયો અગાસીઓ અને માર્ગ વાળી ઝાડીને સાફ કર્યા હતા. રસ્તાઓ ઉપર સુગંધમય જળનો છંટકાવ કરવામાં આવ્યો હતો ચંદન શાળ અક્ષત પુષ્પ તંદુલ બળીદાનોની ધુમ સ્થળે સ્થળે મચી રહી હતી, અને સર્વ ભેટ ધરી રહ્યાં હતાં. ૫૭ નગરની સ્ત્રીઓ જ્યાં જ્યાં માર્ગમાં ધ્રુવને જોતી ત્યાં ત્યાં સરસવ અક્ષત દહીં જળ દુર્વા પુષ્પ અને ફળ થાળોમાં ભરી ભરીને અર્પણ કરતી હતી. ૫૮ તે પદાર્થથી ધ્રુવને વધાવતી વત્સલતાથી જે સત્ય આશીર્વાદ દઇ રહી હતી, તે કોકિલ કંઠીનાં મનોહર ગીતોને સાંભળતા સાંભળતા ધ્રુવજીએ પિતાના ઘરમાં પ્રવેશ કર્યો. ૫૯ મણિયોના સમૂહ યુકત મહેલમાં ઉત્તાનપાદે ધ્રુવનું બહુ સન્માન કર્યું. સ્વર્ગમાં જેમ દેવતા વાસ કરે તેમ પિતાના ઘરમાં ધ્રુવ આવીને રહ્યા. ૬૦ જેમાં દૂધના ફીણ જેવી ઉજ્વળ ચાદરો હાથીદાંતના પાયાના પલંગ બિછાવેલા હતા અમૂલ્ય આસનો હતાં, અને સર્વ કાર્યમાં ઉપયોગી વસ્તુઓ સ્થળે સ્થળ ગોઠવવામાં આવી હતી. ૬૧ જ્યાં સ્ફટિક મણિ અને મરકત મણિની ભીંતોમાં સુંદર સ્ત્રીઓની છબીઓ મણિદીપક સાથે શોભી રહી હતી. ૬૨ જ્યાં અતિ સુંદર બાગ બગીચા હતા જેમાં વિચિત્ર કલ્પદ્રુમ જેવાં વૃક્ષો ઉપર રંગ રંગનાં પક્ષીઓનાં જોડાં પોત પોતાની મનોહર બોલી બોલી રહ્યાં હતાં, અને મદમત્ત ભમરો ગુંજારવ કરી રહ્યા હતા. ૬૩ કનકમય વાવો તથા તળાવોમાં નિર્મળ પાણી હિલોળા લઇ રહ્યું હતું, વાવો તથા તળાવોમાં વૈડુર્ય મણિનાં સુંદર પગથીઆં હતાં. પદ્મ કંજ ઉત્પલ કલ્હાર જેમાં ચાર પ્રકારનાં કમળ પ્રસરાવી રહેલાં અને હંસ કારંડવ સારસ બગલા ચકવા ચકવીઓના સમૂહના સમૂહ કલોલ કરી રહ્યા હતા. સુરેન્દ્ર નાગેન્દ્ર અને નરેન્દ્રને જે ઐશ્વર્ય આજ પર્યંત મળ્યું ન હતું તે સર્વ ઐશ્વર્ય ભગવાનની કૃપાથી

ધ્રુવને પ્રાપ્ત થયું હતું. ૬૪ રાજર્ષિ ઉત્તાનપાદ ધ્રુવનો અદ્ભુત પ્રભાવ સાંભળી તથા જોઇ અત્યંત વિસ્મય થયા. ૬૫ ધ્રુવને હરિભક્ત જાણી અને પોતાની વૃદ્ધાવસ્થા થયેલી જોઇ તથા પ્રજા જેનાથી બહુજ પ્રસન્ન હતી એવા ધ્રુવજીને તરૂણ અવસ્થા યુક્ત અને મંત્રીઓની તેમના ઉપર માન્યતા જોઇ મંત્રીઓને બોલાવી રાજા ઉત્તાનપાદે કહ્યું કે અધિકાર તો ઉત્તમ કુમારનો છે કારણ કે તે જ્યેષ્ઠ પુત્ર છે પરંતુ મારા મનમાં એવો વિચાર છે કે રાજ્યપદ ધ્રુવને આપવું કારણ કે ધ્રુવ સર્વગુણ સંપન્ન છે. રાજાનાં વચન સાંભળી સચીવ અને પ્રજા એકદમ બોલી ઉઠી કે–હે પૃથિવીનાથ! આપે બહુજ ઉત્તમ વિચાર્યું છે. આ પ્રમાણે પોતાનો તથા પ્રજાનો એક મત થતાં ધ્રુવને રાજ્ય અધિકાર આપ્યો. ૬૬ રાજા ઉત્તાનપાદ પોતાનો દેહ વૃદ્ધ જાણી સર્વથી વિરક્ત થઇ પોતાના આત્માની ગતિ વિચારી તપ કરવાને વનમાં ગયા.

आत्मानं च प्रवयसमाकलय्य विशांपति ॥
वनं विरक्तःप्रातिष्ठ द्विमृशन्नात्मनोगतिम् ६७

इतिश्रीमद्भागवतमहा पुराणेचतुर्थस्कंधे
नवमोऽध्यायः

અધ્યાય ૧૦ મો.‡

ધ્રુવનાં પરાક્રમો.

मैत्रेय उवाच

प्रजापतेर्दुहितरं शिशुमारस्य वै ध्रुवः ॥
उपयेमे भ्रमिंनाम तत्सुतौ कल्पवत्सरौ ।१।

મૈત્રેય કહે છે કે–ધ્રુવજીએ પ્રજાપતિ શિશુમારની કન્યા ભ્રમિની સાથે લગ્ન કર્યાં હતાં. ભ્રમિમાં કલ્પ અને વત્સર નામે બે પુત્ર ઉત્પન્ન થયા. ૧ મહા બળશાળી ધ્રુવજીને બીજી સ્ત્રી વાયુની કન્યા ઇલા નામે હતી તેમાં ઉત્કળ નામનો પુત્ર તથા સ્ત્રીઓમાં રત્ન રૂપ એક કન્યા થઇ. ૨ ધ્રુવનો ભાઇ ઉત્તમ પરણ્યા પહેલાંજ મૃગયા કરવા ગયો હતો ત્યાં હિમાલય પર્વતમાં એક બલવાન યક્ષના હાથથી મરણ પામ્યો તેથી તેની માતા સુરૂચિ તેની પાછળ શોક કરીને મરણ પામી. ૩ ધ્રુવે સાંભળ્યું કે ઉત્તમ માર્યો ગયો ત્યારે કોપ અને શોચથી વ્યાપ્ત થઇ તે યક્ષોનાં નિવાસસ્થાન અલકાપુરી ઉપર ચડી ગયા. ૪ મહાદેવના અનુચર જેમાં રહે છે એવી ઉત્તર દિશામાં જઇ ધ્રુવે હિમાલયની ગુફામાં અલકાપુરીને જોઇ ૫ પરાક્રમી મોટી ભુજાવાળા ધ્રુવજીએ આકાશ અને દિશાઓને ગજવી મૂકે એવા શંખનો નાદ કર્યો તેથી યક્ષોની સ્ત્રીઓ ચોંકી બહુ ત્રાસ પામી. ૬ ધ્રુવના શંખનાદને ન સહન કરતાં કુબેરના બળવાન યક્ષ ઉપદેવ મહાભટ ગુહ્યક રાક્ષસ ઇત્યાદિ શસ્ત્ર લઇ બહાર નીકળ્યા. પ્રથમ તેઓએ પૃથિવી અને પર્વતો તરફ જોયું જ્યારે કંઇ પણ દૃષ્ટિએ પડ્યું નહિ. ક્રોધાતુર થઇ કુબેર બોલ્યા કે એવો કોણ બળવાન છે કે, જે અમારી સાથે યુદ્ધ કરવા આવે? પછી ધ્રુવને જોઇ આ વીર કોઇ બળવાન અને તેજસ્વી છે કે, જે સિંહ સમાન નિશંક એકલોજ ચાલ્યો આવે છે, ભયનું નામ જાણતો નથી, એમ કહી ધ્રુવજીની સામે ગયા ૭ ધ્રુવજીએ પ્રચંડ ધનુષ્ય હાથમાં લઈ સારથીને કહ્યું કે–ત્વરાથી રથને હાંકી શત્રુની સેનાની સામે ચાલ. આજ આ શત્રુદળને મારી મનની અભિલાષા પૂર્ણ કરીશ. ધ્રુવનાં વચન શ્રવણ કરી સારથીએ રથને એવો દોડાવ્યો કે પવન પણ લજ્જાયમાન થઈ જાય. શત્રુ સામે જઇ ધ્રુવજીએ ધનુષ્યનો ટંકાર કરી યુદ્ધ કરવા માંડ્યું, અને સારથી રથને એવી ચતુરીથી ચારે બાજુ ફેરવતો રહ્યો કે–જાણે ઘનમાં વિદ્યુત દોડતી હોય. જરા વારમાં અહીં તો

‡ આ અધ્યાયમા પોતાના ભાઇ ઉત્તમને મારનાર યક્ષોનો ધ્રુવે અલકાપુરી જઈ નાશ કર્યો વગેરે તેમના પરાક્રમની કથા કહેવારો.

જરા વારમાં તહીં એમ ધ્રુવજીએ ચારે દિશામાં બાણોથી અંધકાર કરી મૂકયો. યક્ષ સૈનિકોને દિશાઓનુ પણ ભાન રહ્યું નહિ કે, પૂર્વ કયી અને પશ્ચિમ દિશા કયી. એક એક યક્ષને ત્રણ ત્રણ બાણ એકજ સમયે ધ્રુવજીએ માર્યાં. ૮ સર્વ યક્ષોના લલાટની વચમાં જ્યારે બાણો વાગ્યાં ત્યારે તેઓ ધ્રુવજીથી પોતાનો પરાજય માની તેમનાં પરાક્રમની પ્રશંસા કરવા લાગ્યા. ૯ ધ્રુવજીની ધીરતા અને વીરતા યક્ષો સહન કરી શકયા નહિ. જેમ સાપને કોઇનો પગ અડકવાથી તે તેને સહન કરતો નથી, તેમ યક્ષોના હૃદયમાં ક્રોધનો દાવાનળ સળગી ઉઠયો અને ક્રોધાવેશમાં આવી ધ્રુવથી બમણા બાણ એટલે છ છ બાણ ચલાવવા લાગ્યા કારણ કે તેમને વિજય મેળવવો હતો. ૧૦ તેઓ પરિઘ ખડ્ગ ત્રિશૂળ પરશુ શક્તિ ઋષ્ટિ ભુશંડી અને વિચિત્ર પાંખોવાળાં બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. ૧૧ એક લાખને ત્રીશ હજાર યક્ષોએ ધ્રુવજીને ઘેરી લીધા અને પોતપોતાના રથમાં બેસીને અત્યંત ક્રોધથી બાણ ફેંકવા લાગ્યા. સારથી તથા ધ્રુવજી ઉપર બાણોની વૃષ્ટિ થઇ ૧૨ તે સમયે શસ્ત્રોનો એવો વરસાદ થયો કે—જે વરસાદની ધારાના પ્રવાહથી ઢંકાયેલો સૂર્ય દેખાતો બંધ પડયો તેમ શસ્ત્રોની ઝડીથી ઢંકાયેલા ઉત્તાનપાદના પુત્ર ધ્રુવ પણ ઢંકાઇ ગયા. ૧૩ તે સમયે સિદ્ધલોક આકાશ ઉપર વિમાનમા બેસી જોઇ રહ્યા હતા તેઓ હાહાકાર કરવા લાગ્યા. અહો ! મનુ વંશનો સૂર્ય પુણ્ય સાગરમાં ડૂબી ગયો ૧૪ જય શબ્દનો ઉચ્ચાર કરી રહેલા યક્ષ લોક રણ ભૂમિમાં નાદ કરી રહેલા હતા એટલામા તો જેમ વાદળમાંથી નીકળીને સૂર્ય દશે દિશામાં પ્રકાશ પાડે તેમ ધ્રુવજીનો રથ શસ્ત્રથી પ્રકાશતો બહાર નીકળ્યો. ૧૫ તે સમયે ધ્રુવે પોતાના દિવ્ય ધનુષ્યનો ટંકાર કરી દ્વેષ અને ખેદને ઉત્પન્ન કરનાર શત્રુઓનાં શસ્ત્રનો જેમ વાયુ મેઘની ઘટાને વિખેરી નાંખે તેમ પોતાનાં બાણોવડે નાશ કર્યો. ૧૬ ધ્રુવના ધનુષ્યથી જે બાણો નીકળતા હતા તે યક્ષોનાં કવચોને ભેદી તેમનાં શરીરની અંદર ઉંડાં પેસી જતાં હતાં. જેમ વજ્ર પર્વતને તોડી અંદર પ્રવેશ કરે તેમ બાણો તેમના ગાત્રમાં પેસતાં હતાં. એક એક બાણ દશ દશ યક્ષોનાં હૃદયને વિદીર્ણ કરી નીકળી જતું હતું, એવાં લાખો બાણ ધ્રુવે યક્ષોને માર્યાં. ૧૭ સોનાંનાં કુંડળ જેમાં ઝુલી રહેલાં છે એવાં હજારો માથાં સુવર્ણમય તાડના વૃક્ષના જેવી સાથળો, કંકણ અને બાજુબંધ જેમાં શોભી રહેલા હતા એવી હજારો ભુજાઓ કાપી નાંખી. ૧૮ હાર કેયૂર મુગટ અને અમૂલ્ય પાઘડીઓથી ઢંકાયેલી વીર પુરૂષોના મનને હરનારી સંગ્રામ ભૂમિ અત્યંત ભયંકર દેખાવા લાગી. ૧૯ ધ્રુવજીનાં તિક્ષ્ણ બાણોથી જેનાં અંગ કપાઇ ગયાં હતાં એવા વીર પુરૂષો રણસ્થળમાં પડયા અને જે મરણથી બચ્યા તેઓ સિંહને જોઇ જેમ હાથીઓનાં ટોળાં નાસે તેમ નાસવા લાગ્યા. એક તરફ યોગિની વ્યાકુળ થઈ ભયાજનક શબ્દ કરતી ફરતી હતી અને શરીરની જરા પણ શુદ્ધ બુદ્ધ વગર કોઇના કેશનું મુંડન થઇ ગયું હતું કોઇના કાન કોઇના દાંત કોઇનાં કપાળ કોઇનાં નાક કોઇની ખોપરી કોઇના હાથ તથા પગ બાણો સાથે આકાશમાં ઉડી રહ્યા હતા, કોઇ સ્થળે રથોના ટુકડા થઇ ગયા હતા, કોઇ સ્થળે હજારો વીર પૃથ્વી ઉપર આળોટતા હતા, સુવેલા હાથી જાણે પર્વત પડયા હોય એવા જણાતા હતા અને રણ ભૂમિમાં ચારે તરફ હાહાકાર થઇ રહ્યો હતો. એવો કોઇ વીર પુરૂષ નહતો કે, જે ધ્રુવજીના બાણોના પ્રવાહને રોકી શકે, કોઇ બાણ પણ ચડાવી શકતા ન હતા, તેમ કોઇ ધ્રુવજીની પાસે પણ જઇ શકતો નહતો, જ્યાં યક્ષોના સમૂહને ધ્રુવજી જોતા ત્યાં એવો મારો ચલા-

વતા હતા કે હાહાકાર થઇ રહેતો હતો, જ્યારે યક્ષોએ પોતાનો પરાજય થયો એમ જાણ્યું ત્યારે સર્વેએ પોતાનું મરણ વિચારી ધ્રુવજી ઉપર એવો ધસારો કર્યો કે, જેમ દીવાની શિખા ઉપર પતંગીઆ પડે. તે સમયે મહા પરાક્રમી ધ્રુવ ધનુષને મંડલાકાર કરી ચારે દિશામા બાણો ફેંકવા માંડીને દશે દિશાઓને આચ્છાદિત કરી નાખી ત્યારે યક્ષોના તેજનો સૂર્ય આથમી ગયો. ૨૦ ધ્રુવજીએ જ્યારે મહા સંગ્રામમાં કોઇ શસ્ત્ર ધારીને સામો ઉભેલો ન જોયો ત્યારે શત્રુની નગરીમાં જવાનો વિચાર કર્યો. પછી મનમા વિચાર કર્યો કે ગુહ્યક લોકો મહા માયાવી છે માટે કંઇ ઉપદ્રવ કરે તેથી હે સારથી ! તારી શું ઇચ્છા છે ? હું નગરમા જાઉં કે ન જાઉં ? સારથીએ કહ્યું કે–હે રાજન ! કદી ભૂલે ચુકે નગરમાં પ્રવેશ કરતા નહિ કારણ કે માયા કરવામા યક્ષ મહા નિપૂણ છે તેથી કાંઇક પણ છળ અવસ્ય કરશે અને જીતેલી બાજી હાથથી જતી રહેશે. ૨૧ ધ્રુવજી આ પ્રમાણે પોતાના સારથી સાથે વાત કરતા હતા અને વૈરિયોના પુનરૂદ્યોગની શંકાથી સાવધાન રહી રથને ઉભો રાખી ઉભા રહ્યા હતા એટલામાં સમુદ્રની ગર્જનાના જેવો શબ્દ સાભળવામા આવ્યો અને ચારે તરફથી ધૂળ ઉડતી જોવામા આવી પવન એવા જોરથી વહાવા લાગ્યો કે જાણે પર્વતોને ઉખેડી નાખશે. ૨૨ એક ક્ષણ ગગન મંડળ મેઘ સમૂહોથી વ્યાપ્ત થઈ ગયું ને ભૂતળમાં અંધકાર થઇ ગયો વીજળીઓને વજ્રપાત થવા લાગ્યા ગર્જનાનો એવો મહા ઘોર શબ્દ થવા લાગ્યો કે જાણે પ્રલય થઈ જશે. હે વિદુર ! ક્ષણ પછી આકાશમાંથી લોહી વરસવા માંડયું. પછી કફ વિષ્ટા મૂત્ર પરૂ મેદ તથા માંસાદિક પદાર્થોનો વરસાદ વરસવા લાગ્યો. ધ્રુવની પાસે આવી માથા વિનાનાં ધડ પડવા લાગ્યાં. ૨૪ આકાશમા એક મહા લાંબો પહોળો પહાડ જોવામાં આવ્યો અને તેમાંથી લાખો પત્થરો પડવા માંડયા. પછી વૃક્ષોની વર્ષા થવા લાગી, ભયંકર અગ્નિના અંગારા પડયા. દિશાઓમાંથી ગદા પરિઘ મુશળ ખડ્ગ અને કુહાડા પડવા લાગ્યા. ફુંફવાટા મારતા સાપ ક્રોધ કરી અગ્નિના સમાન જ્વાળા કાઢતા ધ્રુવજી ઉપર આવવા લાગ્યા, મત્ત હાથી સિંહ વ્યાઘ્ર વરાહ રીંછ અને શ્વાનનાં ટોળા ચારે તરફ દોડવા લાગ્યાં. બબે માથાવાળાં પાંચ માથાવાળાં દશ દશ માથાવાળાં પાચ હાથવાળા દશ હાથવાળા વીશ ભુજાવાળા ત્રણ પગવાળાં છ ચરણવાળાં નવ ચરણવાળાં અને અનેક પ્રકારનાં ભૂત પ્રેત વૈતાળ વગેરે ધસી આવવા લાગ્યાં. ૨૬ સમુદ્ર ભયંકર તરંગો ઉછાળતો ચારે તરફથી ભૂમિને ડબાવતો ઉભરાવા લાગ્યો અને પ્રલય કાળનો મહા ઘોર શબ્દ કરતો વરસાદ થવા માડયો. ૨૭ કાયરોને ભયભીત કરે એવા પ્રકારની અસુરોએ પોતાની માયા રચી. ૨૮ અસુરોએ જ્યારે ધ્રુવજી ઉપર અત્યન્ત દુસ્તર માયાનો પ્રયોગ કર્યો ત્યારે સાત ઋષિયો કૃષ્ણ ભક્ત ધ્રુવને દુઃખી જોઇ આકાશમાથી મંગળ વાચક શબ્દનો ઉચ્ચાર કરવા લાગ્યા.

સપ્તર્ષિઓ બોલ્યા કે–હે ધ્રુવ ! હે ઉત્તાનપાદના કુમાર ! કાંઈ પણ શંકા કરીશ નહિ, શ્રી ગોવિંદનાં ચરણારવિંદમા ધ્યાન લગાડ, તે શાઙ્ગ ધનુષ ધરનાર ભૃત્યોના ભયને હરનાર વાસુદેવ ભગવાન શરણગત પ્રતિપાળ તમારા શત્રુઓનો શીઘ્ર નાશ કરશે. હે ધ્રુવ ! જેનુ નામ લેવાથી વા સાભળવાથી વિના શ્રમે અને વગર ઉપાયે આ સંસારની પાર જવાય છે તે તને સહાય કરશે. ૩૦

औत्तानपादे भगवांस्तव शार्ङ्गधन्वा देवः क्षिणोत्ववनतार्त्ति हरो विपक्षान् । यन्नामधेयमभिधाय निशम्य चौद्धा लोकोऽञ्जसा तरति दुस्तरमंग मृत्युम् ॥ ३० ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेचतुर्थस्कंधे दशमोध्याय:

અધ્યાય ૧૧ મો.†

ધ્રુવને ઉપદેશ.

मैत्रेय उवाच

**निशम्य गदतामेवमृषीणां धनुषिध्रुवः।
संदधेऽस्त्रमुपस्पृश्य यन्नारायण निर्मितम्॥१॥**

મૈત્રેય કહે છે કે–હે વિદુર! સપ્તર્ષિનાં વચન સાંભળી ધ્રુવજીએ આચમન લઈ ધનુષ્યમાં નારાયણાસ્ત્રનું અનુસંધાન કર્યું. ૧ હે વિદુર! એ અસ્ત્રનું સંધાન કરતાં જ યક્ષોએ રચેલી માયા જેમ જ્ઞાનનો ઉદય થતા કલેશોનો નાશ થાય તેમ નાશ પામી. ૨ જ્યારે ધ્રુવે નારાયણાસ્ત્રનો પ્રયોગ કર્યો ત્યારે સુવર્ણના અંત ભાગવાળાં હંસોની પાખ જેવા બાણો જેમ ઉંચા સ્વરવાળા મયૂર વનમાં પ્રવેશ કરે તેમ ધનુષમાથી નીકળી શત્રુઓની સેનામા પ્રવેશ કરવા લાગ્યા. ૩ તિક્ષ્ણ ધારવાળા બાણોથી ઉપદ્રવ યુક્ત થઇ યક્ષ લોક જેમ સર્પ ગરૂડ સામે જાય તેમ ક્રોધ કરી શસ્ત્ર લઇ યુદ્ધમાં જ્યા ત્યાથી ધ્રુવ ઉપર દોડી જવા લાગ્યા. ૪ સંગ્રામમા ધ્રુવના બાણોથી કપાઇ ગયેલાં છે સાથળ ગળા અને વિવિધ અંગ જેમના એવા દોડતા યક્ષોને ધ્રુવે યમ ધામમાં પહોચાડી દીધા કે–જ્યાં સંન્યાસી લોક સૂર્ય મંડળને ભેદીને જાય છે. ૫ ધ્રુવના હાથથી નિરપરાધી યક્ષોને મરતા જોઇ કરૂણા સાગર સ્વાયંભુવ મનુએ આવીને તેમને આવાં વચન કહ્યા. ૬

સ્વાયંભુવ મનુ કહે છે કે–હે પુત્ર! ક્રોધ પાપનું મૂળ હોઇ નરકને આપનારો છે માટે તેનો ત્યાગ કર. વૃથા રોષ કરી નિરપરાધી યક્ષોનો સંહાર ન કર. ૭ હે તાત! યક્ષોને મારવાનો તેં પ્રારંભ કર્યો તે કામ આપણા કુળને ઉચિત નથી. સત્પુરૂષો નિંદા કરે એવું આ કર્મ છે. હે ભ્રાતૃવત્સલ! એક યક્ષના અપરાધથી તેં ઘણા યક્ષોનો નાશ કર્યો. ૯ હૃષીકેશ ભગવાનના ભક્તનું એ કામ નથી કે–જે ઉત્તમ શરીર પામી આત્મજ્ઞાની થઇ પશુની માફક જીવની હિંસા કરે. ૧૦ જેનું આરાધન કરવું અતિ કઠિણ છે એવા સર્વ જીવોના અંતર્યામી હૃષીકેશ ભગવાનનો સર્વ જીવોમાં આત્મભાવ રાખી આરાધન કરવાના પ્રભાવથી તું ભગવાનના પરમપદને પામ્યો છે. ૧૧ તેં ભગવાનનું ધ્યાન કર્યું છે, વૈષ્ણવોમાં શ્રેષ્ઠ છે અને મહાત્મા પુરૂષોના વૃત્તની શિક્ષાને પામ્યો છે છતા તેં આવું નિંદ્ય કર્મ કેમ કર્યું? ૧૨ સર્વના આત્મારૂપ ભગવાન સર્વ પ્રાણીઓ ઉપર ક્ષમા કરૂણા મૈત્રી અને સમભાવ રાખવાથી પ્રસન્ન થાય છે. ૧૩ જ્યારે ભગવાન વાસુદેવ પ્રસન્ન થાય છે ત્યારે પ્રાકૃત ગુણોથી છુટી જીવ જીવન્મુક્ત થઇ બ્રહ્મને પામે છે. ૧૪ ભાઈ આદિ સંબંધ લઇ તારાથી ક્રુર કર્મ ન થાય. દેહાદિ આકારે પંચ મહાભૂતથી આ સર્વ સ્ત્રી પુરૂષ જન્મ લે છે. પિતા ભાઇ અને પુત્રાદિકનો સંબંધ આખરે વૃથા છે. ૧૫

હે રાજન! આ પ્રમાણે સૃષ્ટિ છે, એ પ્રમાણે પાલકના આકારથી પરિણત પાંચ મહાભૂતોથી જગતની સ્થિતિ થાય છે તે પ્રમાણે જ મારનાર દેહના આકારથી પરિણત પાચ મહાભૂતોથી જગતનો સંહાર થાય છે. આ સર્વ પરમાત્માની માયા દ્વારા ગુણોના ક્ષોભથી થાય છે કંઇ પોતાની મેળે થતું નથી. ૧૬ એમા નિર્ગુણ પુરૂષ–ઇશ્વર નિમિત્ત માત્ર છે જે નિમિત્તથી આ કાર્ય–કારણાત્મક જગત ચમકના પત્થરના નિમિત્તે જેમ લોઢું ભ્રમણ કરે છે તેમ ભ્રમણ કરે છે. ૧૭ પરમાત્મા પોતાની કાળ શક્તિથી ગુણોના વિકારદ્વારા સૃષ્ટયાદિ વિષયક શક્તિને વિભક્ત કરી પોતે અકર્ત્તા છતાં જગતને રચે છે અને પોતે હંતા ન છતાં પણ સંહાર કરે છે

† આ અધ્યાયમા યક્ષોનો સંહાર થતો જોઈ સ્વાયંભુવ મનુએ તત્વના ઉપદેશથી ધ્રુવજીને વાર્યા એ કથા કહેવાશે.

એથી જ કહેવાય છે કે ભગવાનની કાળ શક્તિ અવશ્ય અચિંત્ય છે. ૧૮ પિતા આદિ ઉત્પન્ન કરે છે, અને રાજા આદિ પ્રજાનું પાલન કરે છે અને ચોર આદિ મારે છે, તો તેમાં ઈશ્વરનું શું કામ છે? કહે છે કે–પિતા આદિ દ્વારા પુત્રાદિકોને ઉત્પન્ન કરનાર તેજ છે, મૃત્યુદ્વારા ચોરાદિક પાસે મરાવતો તેજ સંહાર કરનાર છે છતાં પોતે અનાદિ અનંત અને અક્ષીણ શક્તિ છે. પિતા આદિ ઉત્પન્ન કરનાર સર્વ સ્વતંત્ર કારણ નથી પણ પરતંત્ર છે, માટે સર્વને નિયંતા અને કારણ એક ઇશ્વરજ છે. પરમાત્મા પ્રજાને સમભાવથી જુવે છે મૃત્યુ રૂપ પરમેશ્વર કાળ રૂપને કોઇ પોતાનો નથી તેમ કોઇ પારકો નથી. અસમર્થ ને અનાથ સર્વ જીવ કર્મોને વશ થઇ કાળના દોડવાથી જેમ પવનથી રજના કણ ઉડી ચાલ્યા જાય તેમ ચાલ્યા જાય છે. ૨૦ જીવના આયુષ્યની હાનિ અને રક્ષા કર્માધીન વાત છે, પરમાત્મા પોતે ઇચ્છાચારી છે એનો કોઇ સમયે ક્ષય કે વૃદ્ધિ નથી. આ પ્રમાણે જીવનુ કર્મ થયા કરે છે. ૨૧ હે નૃપ! આ સંસારની અદ્‌ભુત ઘટના છે, કોઇ કર્મને ઈશ્વર કહે છે, કોઇ સ્વભાવને ઈશ્વર કહે છે કોઈ ભાગ્યને ઇશ્વર કહે છે અને વાત્સ્યાયન આદિ કોઈ કામદેવને ઇશ્વર કહે છે ૨૨ તે અપ્રમેય અવ્યક્ત શક્તિરૂપ અનંત શક્તિઓના ઉત્પન્ન કર્ત્તા ભગવાનની ઇચ્છાને કોઇ જાણી શકતું નથી. તેના જન્મ કર્મના ભેદ જીવને અગમ્મ છે. આ કુબેરના અનુચરોએ તમારા ભાઈને મારેલો નથી કારણ કે મનુષ્યના મરણ તથા જીવનનું કારણ એક ઇશ્વરજ છે. ૨૪ તેજ વિશ્વનો રચનાર તેજ પાલન કરનાર અને તેજ નાશ કરનાર છે. જો કે ઇશ્વર તેવો છે તોપણ અહંકારનો ત્યાગ કરવાથી ગુણ તથા કર્મોથી લિપ્ત થતો નથી. ૨૫ તે કાળ રૂપ ઇશ્વર ભૂતાત્મા ભૂતોનો ઇશ સર્વનો પાળક પોતાની માયા શક્તિએ કરીને યુક્ત થઈને સર્વ જીવોને રચે છે પાળે છે અને સંહારે છે. હે તાત! જે અભક્તોને મૃત્યુરૂપ અને ભક્તોને અમૃત રૂપ છે તે જગત્પરાયણ સર્વાત્માને શરણે તું જા. જેને વિશ્વના રચનાર બ્રહ્મા પણ પહોંચી શકતા નથી. જેમ નાથને વશ બળદ સર્વ સ્થાનમાં ફરી વણજારાને બલિ આપે છે તેમ પ્રજાપતિ પણ ભેટ અર્પણ કરે છે. ૨૭ જ્યારે તું પાંચ વર્ષનો હતો ત્યારે તેં તારી માતાને તજી અપરમાતાનાં વચનોથી મર્મસ્થાનમા છિદ્ર થઈ જવાને લીધે વનમા જઇ પરમાત્માના ચરણકમળનું ધ્યાન કરી તેમના સાક્ષાત દર્શન કર્યા અને ત્રણે લોકના મસ્તક ઉપર જે સર્વોત્તમ સ્થાન છે તે ઉચ્ચપદ મેળવ્યું. ૨૮ હે પુત્ર! આત્માથી વિરોધને દૂર કરીને આત્મામાં સ્થિત નિર્ગુણ એક અક્ષરને આત્મા વિમુક્ત આત્મદર્શીનુ અનુસરણ કર જેમાં આ અસત ભેદ પ્રતીત થાય છે. ૨૯ જ્યારે તું દિવ્ય દૃષ્ટિ કરીને પરમાત્માનુ અનુસરણ કરીશ ત્યારે પૃથક આત્મરૂપ અનંત આનંદ માત્ર વ્યાપક સર્વ શક્તિ જેમા પ્રાપ્ત થાય છે એવા પરમાત્મામાં † પરાભક્તિ થશે. પછી ધીરે ધીરે હું અને મારૂં એ અહંતા મમતારૂપ જે અવિદ્યાની ગાંઠ છે તે છૂટી જશે. ૩૦ હે રાજા! જેમ ઔષધિનું સેવન કરવાથી રોગ શાન્ત થાય છે તેમ ભગવદ્ ભજન કરી ક્રોધને શાન્ત કર, એથી તારૂ કલ્યાણ થશે. ક્રોધ અમંગળનું મૂળ છે. જે પુરૂષ ક્રોધને વશ થાય છે તેને જ્ઞાન રહેતું નથી. તે સર્વને ડરાવે છે માટે જે પોતાના આત્માને અભય ઇચ્છતો હોય તે પ્રાણી ક્રોધથી

† માહાત્મ્ય જાણવાથી સર્વે જગાએથી અધિક અને દૃઢ જે સ્નેહ થાય છે, તેને ભક્તિ એમ કહેછે અને તે ભક્તિથી મુક્તિ થાય છે તે વિના નહિ. મુક્ત પુરૂષોની દૂતિ એક ભક્તિજ છે, ભક્તિનો આશ્રય લઇ મુક્ત થવાય એવી ભક્તિનુ મુક્તિની ઇચ્છાવાળા પુરૂષોએ સદૈવ આરાધન કરવું.

પોતાનું રક્ષણ કરે, કેમકે ક્રોધ બુદ્ધિનો નાશ કરે છે. ૩૨ આ મારા ભાઇને મારનાર છે, એમ ધારી ક્રોધથી તેં યક્ષોનો નાશ કર્યો પરંતુ એથી મહાદેવના મિત્ર કુબેરનો મહા અપરાધ થયો છે. ૩૩ હે વત્સ ! જ્યાં સુધી મહા પુરૂષોના પ્રભાવથી પોતાના કુળનો નાશ ન થાય તે પહેલાં પ્રણામ અને વિનય વચનોથી તેમને તું શીઘ્ર પ્રસન્ન કર. ૩૪ આ પ્રમાણે સ્વાયંભુવ મનુ પોતાના પૌત્ર ધ્રુવને શિખામણ દઇ તેમના પ્રણામ સ્વીકારી સપ્તર્ષિઓ સાથે પોતાના પુર તરફ ગયા.

एवं स्वायभुवः पौत्रमनुशास्य मनुर्ध्रुवम् ।
तेनाभिवंदितःसाकमृषिभिःस्वपुरययौ ।३५

इतिश्रीमद्भागवतेमहापुराणेचतुर्थस्कंधे
एकदशोध्यायः

અધ્યાય ૧૨ મો.‡

ધ્રુવજીએ કરેલો યજ્ઞ.

मैत्रेय उवाच

ध्रुवं निवृत्तं प्रतिबुद्धय वैशसा
दपेतमन्यु भगवान्धनेश्वरः ॥
तत्रागतश्चारणयक्षकिन्निरः
संस्तूयमानोऽभ्यदत्कृतांजलिम् ॥ १ ॥

મૈત્રેય કહે છે કે–ક્રોધનો ત્યાગ કરી હિંસાથી નિવૃત થયેલા ધ્રુવને જોઇ ભગવાન કુબેર ગુહ્યક-યક્ષ અને કિન્નરોથી સ્તુતિ કરાતા ત્યાં આવી હાથ જોડીને ઉભેલા ધ્રુવને આ પ્રમાણે કહેવા લાગ્યા ૧

કુબેર કહે છે કે–હે ક્ષત્રિયનંદન ! હે પાપ રહિત ! હું તારા ઉપર પ્રસન્ન થયો છું કારણ કે તેં તારા દાદાના કહેવાથી ન ત્યજી શકાય એવા ક્રોધનો પણ ત્યાગ કર્યો છે ૨ તેં કાંઇ યક્ષોને માર્યા નથી અને યક્ષોએ તારા ભાઈને માર્યો નથી, સર્વ પ્રાણીઓના જીવન મરણનું કારણ તો માત્ર કાળ છે. "હું અને તું" એવી જે પુરૂષને બુદ્ધિ છે તે સ્વપ્નની માયાના જેવી અજ્ઞાનજન્ય દેહના અનુસંધાનથી અસત્ય છે. જેમ અસત પદાર્થનું ધ્યાન કરવાથી સ્વપ્ન દૃષ્ટાને સત વસ્તુ ભાસે છે, કે જેથી બંધન અને દુઃખ આદિ વિપર્યય થયા કરે છે.૪ હે ધ્રુવ ! તમારૂં કલ્યાણ થશે. તમે તમારા પુરમા જાઓ અને સર્વ પ્રાણીમય છે સ્વરૂપ જેનુ એવા અને ભજનને યોગ્ય છે ચરણ કમળ જેમનાં એવા અને પોતાની ગુણમયી માયાથી યુક્ત અને રહિત તથા સંસારનું છેદન કરનાર અધોક્ષજ ભગવાનનું પ્રાણી માત્રમાં આત્મભાવ રાખીને સંસારની નિવૃત્તિને માટે ભજન કરો.૬ હે નૃપનંદન ! જે તારા મનમાં ઇચ્છા હોય તે સંકોચનો ત્યાગ કરી નિઃશંક થઇ મને કહે કારણ કે તુ વરદાનને યોગ્ય છે. હે નૃપ ! મેં સાંભળ્યું છે કે તું ભગવાન કમળનાભના ચરણારવિંદનો આશ્રિત છે. ૭

મૈત્રેય કહે છે કે–રાજાઓના પણ રાજા કુબેરે જ્યારે પરમાત્માના પરમ ભક્ત મહા વિદ્વાન ધ્રુવને વરદાન માટે પ્રેરણા કરી ત્યારે મહા ભાગવત ધ્રુવે એવું વરદાન માગ્યું કે મારૂં મન કદી પણ હરિમાંથી ચલાયમાન ન થાય, જેથી પુરૂષ આ ન પાર જઈ શકાય એવા સંસારમાંથી યત્ન કર્યા વગર પાર જઇ શકે છે. ૮ ઇડબિડાના પુત્ર કુબેર પ્રસન્ન મનથી ધ્રુવને વરદાન આપી અંતર્ધ્યાન થઇ ગયા અને ધ્રુવ પોતાના નગરમાં ગયા. ૯ પછી અનેક પ્રકારની દક્ષિણાવાળા યજ્ઞોથી યજ્ઞેશનું પૂજન કરી દેવતા સંબંધી કર્મ કરીને સાધ્ય જે ફળ રૂપ કર્મ અને તેના ફળને આપનાર ભગવાનનું યજન તે કરવા લાગ્યા. ૧૦ સર્વના આત્મા તથા સર્વત્ર વ્યાપક અચ્યુત ભગવાનની તીવ્ર ભાવનાવાળી ભક્તિ કરતાં કરતાં પોતાના આત્મામાં અને સર્વ પ્રાણિયોમાં વિરાજમાન એક સર્વ શક્તિમાન ભગવાનને જોવા લાગ્યા.

‡ આ અધ્યાયના કુબેરની પ્રશંસાથી ધ્રુવ પોતાના પુરમા આવી યજ્ઞોથી શ્રીહરિ ભગવાનનુ યજનકરી ધ્રુવપદને પામ્યા એ કથા કહેવાશે.

૧૧ એ પ્રમાણે શીલસંપન્ન અને બ્રાહ્મણોના ભક્ત દીનવત્સલ ધર્મની મર્યાદાના રક્ષક સર્વ શાસ્ત્ર અને શ્રુતિયોના જ્ઞાતા ધ્રુવને સર્વ પ્રજા પોતાના પિતા સમાન માનવા લાગી. ૧૨ ભોગથી પુણ્ય અને યજ્ઞાદિ અનુષ્ઠાનથી પાપને ક્ષીણ કરતાં ધ્રુવે છત્રીશ હજાર વર્ષ પર્યંત ભૂમંડળનું રાજ્ય કર્યું. ૧૩ વશ છે ઇન્દ્રિયો જેની એવા મહાત્મા ધ્રુવે ઘણા વર્ષ પર્યંત ત્રિવર્ગના સાધક કાળને વ્યતીત કરીને પોતાના પુત્રને રાજ્યસિંહાસન આપ્યું. દેહાદિ સકળ જગતને ભગવાનની માયાથી આત્મામાં આરોપાએલાં જાણી સ્વપ્ન અને ગંધર્વનગરના સમાન અવિદ્યા રચિત જાણવા લાગ્યા. ૧૫ તન ધન સ્ત્રી પુત્ર સુહૃદ સેના ઋદ્ધિ ભંડાર અંતઃપુર રમણીય વિહારની ભૂમિઓ અને સમુદ્ર પર્યંત ભૂમંડળનું રાજ્ય એ સર્વને કાળથી નાશ પામનારાં જાણી ધ્રુવ બદરિકાશ્રમ તરફ ગયા. ૧૬ ત્યાં જઇ સર્વ ઇન્દ્રિયોને વિશુદ્ધ કરી શુદ્ધાન્તઃકરણ થઈ પવિત્ર જળમાં સ્નાનાદિક કરી આસન જમાવી વાયુને જીતી મનથી ઇન્દ્રિયોને વશ કરી ભગવાનના સ્વરૂપમાં મન લગાડી બેઠા. પછી ઘણા કાળ પર્યંત તે સ્વરૂપનું ધ્યાન કરતાં ભેદ રહિત થઇ સમાધિમાં સ્થિત પ્રજ્ઞ થઈ સ્થૂલ સ્વરૂપને તજી બ્રહ્મ રૂપ થઇ ગયા ૧૭

શ્રીહરિ ભગવાનની નિરંતર ભક્તિ કરતા એવી ગતિ થઇ કે—નિરંતર આનંદનાં અશ્રુ બિંદુઓના પ્રવાહથી વારંવાર પીડિત થવા લાગ્યા. હૃદય દ્રવીભૂત થઈ ગયું, શરીર પુલકાયમાન થઇ ગયું અર્થાત્ રૂંવાં ઉભાં થયાં અને લિંગ દેહનો ત્યાગ થવાથી પોતાના આત્માનું સ્મરણ રહ્યું નહિ. ૧૮ એ સમયે આકાશમાંથી ઉતરતું એક અનુપમ વિમાન તેમના જોવામાં આવ્યું. જેમ પૂર્ણિમાનો ચંદ્ર ઉદય થઇ દશે દિશાઓને પ્રકાશિત કરે તેમ સર્વ દિશાઓમા તેનો પ્રકાશ પડયો. વિમાનમાં દેવ શ્રેષ્ઠ ભગવાનના બે પાર્ષદ નંદ અને સુનંદ બેઠેલા તેમના જોવામાં આવ્યા. ચાર ભુજાવાળા શ્યામવર્ણ કિશોર અવસ્થાવાળા રાતાં નેત્રોથી શોભાયમાન પીળાં પીતાંબર ધારણ કરેલ કિરીટ હાર બાજુબંધ મકરાકૃત કુંડળ પહેરી હાથમાં ગદા લઇને તેઓ ઉભેલા હતા. તેઓને વિષ્ણુ ભગવાનના પાર્ષદ જાણીને ધ્રુવ ઉઠીને ઉભા થયા અને ચિત્તમાં સંમોહ થઇ જવાને લીધે પૂજાનો વિવેક પણ વિસરી ગયા. ભગવાનના પાર્ષદ જાણી ભગવાનનું નામ ઉચ્ચારણ કરતા બે હાથ જોડી ધ્રુવ તેમને દંડવત પ્રણામ કરવા લાગ્યા. ૨૧ શ્રી વાસુદેવ ભગવાનના ચરણોમાં જેનું મન લાગી રહેલું અને વિનયને લીધે નીચી ડોક કરી હાથ જોડી ઉભેલા એવા ધ્રુવની પાસે જઇને મંદ મંદ હસતા પાર્ષદ સુનંદ અને નંદ તેમને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૨૨

સુનંદ—નંદ કહે છે કે—હે રાજા! તમારૂં કલ્યાણ થાઓ, અમે જે કહીએ તે સાવધાન થઇ સાંભળો. આપે પાંચ વર્ષની બાલ્યાવસ્થામાં મહા તપ કરી ભગવાનને પ્રસન્ન કર્યા તે સર્વ જગતને ધારણ તથા પોષણ કરનાર ધનુષધારી શ્રી નારાયણના અમે પાર્ષદ છીએ, અને તમને ભગવાનના પરમ ધામમાં લઇ જવાને અહીં આવ્યા છીએ. આપે અતિ દુર્જય વિષ્ણુપદને જીતી લીધું છે કે—જેને સાત ઋષિયો પણ પહોંચ્યા નથી, જેને પ્રાપ્ત થવા માટે મોટા મોટા વિવેકી ઋષિયો વિચાર કર્યા કરે છે, તે સ્થાન ઉપર પધારી તમે હવે બેસો કે જેની સૂર્ય ચંદ્રમાદિક ગ્રહ નક્ષત્ર અને તારાગણ પ્રદક્ષિણા કર્યા કરે છે. ૨૫ હે ધ્રુવ! જ્યાં તમારા બાપદાદા પણ પહોંચ્યા નથી અને બીજો પણ કોઇ પહોંચ્યો નથી તે જગત વંદ્ય વિષ્ણુ ભગવાનના પરમ પદમાં તમે નિવાસ કરો. આ વિમાન દેવતાઓના શિરોમણિ શ્રી વિષ્ણુ ભગવાને તમારે માટે મોકલ્યું છે માટે હે આયુષ્મન્! આપ

હવે વિમાનની અંદર પધારો. ૨૭

મૈત્રેય કહે છે કે-ભગવાનને પ્રિય ધ્રુવે પાર્ષદોનાં અમૃત રૂપ વચન સાંભળી સ્નાન કરી નિત્ય કર્મથી પરવારી અલંકાર ધારણ કરી મુનિ લોકોને પ્રણામ કરી વિમાનને પ્રદક્ષિણા કરી પૂજન કર્યા પછી પાર્ષદોને પ્રણામ કરી હિરણ્યમય સ્વરૂપ ધારણ કરી તેમાં બેસવાનો વિચાર કર્યો. ૨૯ તે સમયે મૃત્યુ દેવ આવી ઉભા અને ધ્રુવજીને પ્રણામ કરી કહ્યું કે-હે કૃપાનાથ મહારાજ ! મને અંગીકાર કરો. ધ્રુવે કહ્યું કે-તમે આવી પહોચ્યા તે બહુજ સારૂં થયું. જરા વાર તમે આમાં બેસી જાઓ, એમ કહી ત્યાંજ તેમને બેસાડી મૃત્યુના મસ્તક ઉપર પગ મૂકી મૃત્યુની સામે જ તે અતિ વિચિત્ર વિમાન ઉપર ચઢયા. તે વખતે દુંદુભિ મૃદંગ અને ઢોલ આદિ અનેક પ્રકારના વાજાં વાગ્યા મુખ્ય મુખ્ય ગંધર્વો ગાયન કરવા લાગ્યા, આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઇ. ૩૧ જ્યારે ધ્રુવજી ધ્રુવલોકમાં જવા નીકળ્યા ત્યારે તેમને પોતાની માતા સુનીતિનું સ્મરણ થયું. એ અબળા મારી માતાને છોડી હું સ્વર્ગમા જઇશ નહિ. તે વિચાર વેળાએ તેમનો અપરાધ ક્ષમા કરી ધ્રુવજી બોલ્યા કે-આ બધો સુનીતિનો પ્રભાવ છે. ૩૨ ધ્રુવજીનો નિશ્ચય જાણી દેવશ્રેષ્ઠ સુનંદ-નંદે વિમાનમા બેસી આગળ જતી દેવી સુનીતિને દેખાડયાં. ૩૩ જયાં ત્યાં માર્ગમાં વિમાનો ઉપર બેસી દેવતા ધ્રુવજીની પ્રશંસા કરતા હતા, અને ક્રમ ક્રમથી સર્વ ગ્રહો અને દેવતાઇ પુષ્પની વૃષ્ટિ કરતા હતા. ૩૪ દેવમાર્ગથી ત્રણે લોકનું ઉલ્લંઘન કર્યા પછી તે સપ્તર્ષિને ઉલ્લંઘી સર્વથી ઉપર ધ્રુવ ગતિવાળા વિષ્ણુપદને પ્રાપ્ત થયા. ૩૫ જે વિષ્ણુધામ પોતાની કાન્તિથીજ દેદીપ્યમાન છે અને તેના પ્રકાશથી ત્રણે લોક પ્રકાશે છે તથા જે મનુષ્ય મનુષ્યો ઉપર દયા રાખતા નથી તે ત્યાં જઇ શકતા નથી; કારણ કે અહર્નિશ શુભ કર્મ કરનાર ત્યાં જઈ શકે છે. ૩૬ જેનો સ્વભાવ શાન્ત સમદૃષ્ટિ શુદ્ધ ચિત્ત સર્વ જીવની રક્ષા કરે અને અચ્યુત ભગવાનને પોતાના પ્રિય બાંધવ માને તે લોક વિના પરિશ્રમે પ્રાપ્ત થયા કરે છે તે લોકને ધ્રુવજી પામ્યા. ૩૭ આ પ્રમાણે મહારાજા ઉત્તાનપાદના પુત્ર શ્રી કૃષ્ણચન્દ્ર પરાયણ હોવાથી ત્રિભુવનના ચૂડામણિ થઇ ગયા. ૩૮ હે વિદુર ! ગંભીર વેગવાળુ જ્યોતિષ ચક્ર નિરંતર ફર્યા કરે છે તે પદને ધ્રુવજી પામ્યા. ૩૯ બ્રહ્માના પુત્ર દેવર્ષિ નારદ ધ્રુવનો મહિમા જોઈ વીણા વગાડતા પ્રચેતાના યજ્ઞમાં ભગવત માહાત્મ્યમાં ધ્રુવજીનું ચરિત્ર ત્રણ શ્લોકમાં બનાવી ગાવા લાગ્યા. ૪૦

નારદ કહે છે કે-પતિવ્રતા સુનીતિના પુત્ર ધ્રુવને તપના પ્રભાવે જે પદવી પ્રાપ્ત થઇ તે વેદવાદી બ્રહ્મર્ષિ લોક અનેક ઉપાય કર્યા છતાં પણ પામી શકતા નથી, ત્યારે રાજાઓની તો વાત જ શી ? ૪૧ ધ્રુવજીએ પાંચ વર્ષની અવસ્થામાં પોતાની અપર માતાના વાણી રૂપ બાણોથી વિંધાઈ અને ધકધકતા હૃદયથી વનમાં જઇ મારા ઉપદેશને અનુસરી કે-જે ભગવાન અજીત છતાં પણ ભકતોના ગુણથી હારી જાય છે, તે વિશ્વ વિજયી ભગવાનને પોતાને વશ કરી લીધા. ૪૨ ધ્રુવજીને જે ગતિ મળી છે તે ગતિએ પહોંચવાની ઇચ્છા બીજા ક્ષત્રિયોથી અનેક વર્ષે પણ કરાય તો કરાય, કે-જે ધ્રુવ પાંચ વા છ વર્ષની અવસ્થામાં થોડા દિવસમાં ભગવાનને પ્રસન્ન કરી પામ્યા હતા. ૪૩

મૈત્રેય કહે છે કે-મહા પ્રતાપી કીર્ત્તિમાન મહાત્મા પુરૂષોને પ્રિય ધ્રુવજીનું ચરિત્ર જે આપે મને પૂછયું હતું તે સર્વ વૃત્તાંત મેં આપની આગળ નિવેદન કર્યું. ૪૪ આ ધ્રુવ ચરિત્ર ધન, પુણ્ય, મંગળ, સ્વર્ગ અને ધ્રુવપદને આપનાર અને પાપોનો નાશ કર-

નારૂં હોવાથી પ્રસન્ન કરે એવું છે. ૪૫ જે કોઇ આ ભગવત પ્રિય ચરિત્રને શ્રદ્ધા પૂર્વક સાંભળે છે તેને ભક્તિની પ્રાપ્તિ થાય છે ને ભક્તિથી કલેશ દૂર થાય છે. ૪૬ આ ચરિત્ર સાંભળવાથી જેની ઇચ્છા હોય તે મળે છે, મોટાઇવાળાને મોટાઈ શીળવાળાને શીળતા તેજની ઇચ્છાવાળાને તેજ અને મનસ્વિયોને માન આપનાર છે મનોકામના પૂર્ણ કરનાર છે. ૪૭ પરમ પવિત્ર આત્મા ધ્રુવજીનું આ ઉત્તમ ચરિત્ર પ્રાતઃકાળ અને સાયંકાળ સ્નાન કરીને બ્રાહ્મણોની સભામાં બેસીને સાવધાનતાથી વર્ણન કરવુ અને સાંભળવું. ૪૮ પૂર્ણિમા અમાવાસ્યા દ્વાદશી મિશ્રિત એકાદશી શ્રવણ નક્ષત્ર યુક્ત દિવસ ક્ષય દિવસ વ્યતિપાત સંક્રાન્તિને દિવસે અને રવિવારે જે પુરૂષ નિષ્કામ થઇ ભગવાનના ગુણાનુવાદવાળું આ ચરિત્ર સંભળાવે તેની કોઇ કામના શેષ રહેતી નથી. તે પોતે પોતાના સ્વરૂપમાં સંતુષ્ટ થવાથી સિદ્ધિને પામે છે. ૫૦ જે પુરૂષ અજ્ઞાનિયોને ભગવાનના સન્માર્ગમાં અમૃતરૂપ જ્ઞાનોપદેશ કરે છે તે દયાળુ અને દીન જનોનો ઉદ્ધાર કરનાર પુરૂષ ઉપર દેવતાઓ અનુગ્રહ કરે છે. ૫૧ હે વિદુર! વિખ્યાત અને પવિત્ર કર્મ કરનાર ધ્રુવનું આ ચરિત્ર આજ પર્યંત પ્રસિદ્ધ છે, તે મેં તમને સંભળાવ્યું. ધ્રુવ બાળક અવસ્થામાથીજ રમત રમવાનાં રમકડાં અને માતાના ઘરનો ત્યાગ કરી ભગવતનાં ચરણારવિંદને શરણે થયા હતા, ભગવાનના ચરણ સદા ભકતોની કીર્ત્તિ વધારનાર અને સર્વ સંશયને મટાડનારાં છે. ૫૨

इदं मया तेऽभिहितं कुरुद्वह
ध्रुवस्य विख्यात विशुद्धकर्मणः।
हित्वाऽर्भकः क्रीडनकानिमातुर्गृहं
च विष्णुं शरणं यो जगाम ॥ ६२ ॥
इतिश्रीम[illegible]ागवतमहापुराणेचतुर्थस्कंधे
द्वादशोध्यायः

અધ્યાય ૧૩ મો.‡

અંગ રાજાનો વૈરાગ્ય.

निशम्य कौषारविणोपवर्णितं
ध्रुवस्य वैकुंठपदाधिरोहणम् ।
प्ररूढ भावो भगवत्यधोक्षजेप्रष्टु
पुनस्तं विदुरः प्रचक्रमे ॥ १ ॥

સૂત કહે છે કે-મૈત્રેયે વર્ણવેલું ધ્રુવનું વૈકુંઠ પદાધિરોહણ સાંભળીને ભગવાન અધોક્ષજમા ભાવ ઉત્પન્ન થવાથી વિદુરજીએ પુનઃ મૈત્રેયને નીચે પ્રમાણે પૂછવા માડયું.

વિદુરે પૂછયું કે–હે સુવ્રત! પ્રચેતા કોણ હતો? અને કોનો પુત્ર હતો? તેનું નામ શું? કોના વંશમાં થયો હતો? અને કયા સ્થાનમાં તેણે યજ્ઞ કર્યો? એ સર્વ કથા ભિન્ન ભિન્ન રીતે મને કહો. ૨ મહા ભાગવત બ્રહ્માના પુત્ર દેવર્ષિ નારદ કે–જેનાં દર્શન દેવતાના સમાન હું માનું છું; કારણ કે તેણે ભગવાનની પરિચર્યા વિધિ યોગ ક્રિયાની રીતિ જે પ્રકારે "પંચ રાત્રિ" ગ્રંથમાં કહેલ છે ૩ સ્વધર્મ પાળનાર પ્રચેતાથી પૂજાતા યજ્ઞ પુરૂષ ભગવાનનુંજ નારદજીએ વર્ણન કર્યું છે ૪ હે બ્રહ્મન! જે કાંઇ નારદજીએ ભગવાનની કથા વર્ણન કરી હોય તે આપ મને કહો, કારણ કે ભાગવતની કથા શ્રવણ કરવાની મને અભિલાષા છે. ૫

મૈત્રેય કહે છે કે–પોતાના પુત્ર ઉત્કળને જ્યારે ધ્રુવજી રાજ્ય દઈ વનમાં ગયા ત્યારે ચક્રવર્તીપણાની રાજ્ય લક્ષ્મી અને પિતાના રાજ્યાસનને લેવાની અતિ ઇચ્છા કરી નહિ. ૬ ઉત્કળ જન્મથીજ શાન્ત સગ રહિત સમદૃષ્ટિ અને સર્વ લોકમાં પોતાના સ્વરૂપને અને પોતાના સ્વરૂપમાં સર્વ જગતના જોનાર હતો ૭ બ્રહ્મમાં લીન થઇ તે પોતાના દેહને ભૂલી ગયા, અને જ્ઞાન ૨ માં નિમગ્ન, આનં-

‡ આ અધ્યાયમા ધ્રુવના વંશમા પૃથુરાજાનો જન્મ કહેવા માટે વેનના પિતા અંગપુત્રની દુષ્ટતાથી વૈરાગ્ય પામ્યા એ કથા કહેવાશે.

દમય અને મોક્ષ રૂપ પરબ્રહ્મ પરમાત્માને જાણતા હતા. ૮ અખંડિત યોગ રૂપ અગ્નિથી તેના સર્વ પાપ અને અંતઃકરણની વાસનાઓ નાશ પામી હતી તેથી તે પોતાના સ્વરૂપનું અનુસંધાન કરી પોતાનાથી ભિન્ન બીજું કંઈ પણ તેના જોવામાં આવતું ન હતું. ૯ આત્મજ્ઞાની અને જ્વાળા રહિત અગ્નિના જેવા પ્રકાશમાન ઉત્કળે નગરથી બહાર નીકળી ચાલવા માડ્યું તે સમયે લોકોને તે જડ અંધ બધિર ઉન્મત્ત તથા મૂકના જેવો જોવામાં આવ્યો ૧૦ પછી કુળના વૃદ્ધ પુરૂષો તથા મંત્રિઓએ ઉત્કળને જડ જેવો જાણીને તેના નાના ભાઇ ભ્રમિના પુત્ર વત્સરને રાજ્ય આપ્યું. ૧૧ વત્સરની સ્ત્રી સ્વર્વીથિને પુષ્પાવર્ણ આતિગ્મકેતું ઇષિ ઉર્જ વસુ આદિ છ પુત્ર ઉત્પન્ન થયા. ૧૨ પુષ્પાવર્ણને પ્રભા અને દોષા નામની બે સ્ત્રીઓ હતી તેમાં પ્રભાને પ્રાતર મધ્યાહ્ન અને સાયં એ ત્રણ પુત્ર થયા. ૧૩ દોષાને પ્રદોષ નિશીથ અને વ્યુષ્ટ એ ત્રણ પુત્ર ઉત્પન્ન થયા. વ્યુષ્ટને પુષ્કરિણી નામની સ્ત્રીમાં સર્વ તેજસ નામનો એક પુત્ર થયો. ૧૪ સર્વતેજસની આકૂતિ નામની સ્ત્રીમાં ચક્ષુ નામના મનુ પુત્રરૂપે ઉત્પન્ન થયા. મનુની પટરાણી નડ્વલાએ પુરૂ કુત્સ ત્રિત દ્યુમ્ન સત્યવાન ધૃતવ્રત અગ્નિષ્ટોમ અતિરાત્ર પ્રદ્યુમ્ન શિબિ અને ઉલ્મુક નામના અગીયાર પુત્રોને જન્મ આપ્યો. ૧૬ ઉલ્મુકની પુષ્કરિણી નામની ભાર્યામાં અંગ સુમના ખ્યાતિ ક્રતુ અંગિરા અને ગય નામના છ પુત્ર ઉત્પન્ન થયા. ૧૭ અંગની સુનીથા નામની રાણીમા મહા દારૂણ વેન નામે પુત્ર થયો કે—જેની દુષ્ટતાથી રાજર્ષિ અંગ વૈરાગ્ય લઇને નગરમાંથી ચાલી ગયા. ૧૮ હે વિદુર ! જેની પાસે વાણી રૂપ વજ્ર છે એવા મુનિ લોકોએ શાપ દીધો તેથી વેન મરી ગયો. ૧૯ એ સમયે પૃથ્વી ઉપર કોઇ રાજા ન હતો તેથી પ્રજા ચોરોના ઉપદ્રવથી મહા દુઃખી થવા લાગી. મુનિયોએ પછી વેનના બે જાનુનું મથન કર્યું તેમાંથી નારાયણના અંશથી આદિ રાજા પૃથુ ઉત્પન્ન થયો.

વિદુર કહે છે કે—સુશીલત્વના નિધિરૂપ સજ્જન બ્રાહ્મણોનો સત્કાર કરનાર અને મહાત્મા અંગ રાજાને એવો અહંકારી દુષ્ટ પુત્ર કેમ ઉત્પન્ન થયો કે જેનો અન્યાય જોઇ રાજા વનમા ચાલી ગયો. ૨૧ વેનનો શું અપરાધ હતો કે મુનિઓએ તેને શાપ દીધો ? ૨૨ સાધારણ રીત તો એવી છે કે પ્રજા પાળક રાજા પાપાત્મા હોય તોપણ પ્રજાએ તેનો અનાદર કરવો યોગ્ય નથી કારણ કે રાજા એ આઠ લોકપાળોનો અંશ છે, અને પોતાના સામર્થ્યથી લોકપાળ દેવતાઓની શક્તિ ધારણ કરે છે. ૨૩ હે મુનિ ! રાજા વેનનું ચરિત્ર મને કહો કારણ કે એ ચરિત્ર શ્રવણ કરવાની મને બહુ અભિલાષા છે, અને હું તમારો ભક્ત છું. ૨૪

મૈત્રેય કહે છે કે—રાજર્ષિ અંગરાજાએ અશ્વમેધ યજ્ઞ કર્યો પણ તેમાં વેદવાદી વિપ્રોના આવાહનથી દેવતાઓ આવ્યા નહિ,¶ ત્યારે આશ્ચર્ય પામી બ્રાહ્મણોએ રાજાને કહ્યું કે—હે રાજા ! આપ શ્રદ્ધા સહિત ઉત્તમોત્તમ યજ્ઞના પદાર્થ આપો છો, તેમાં કંઇ પણ દોષ નથી અને તેવીજ રીતે નિયમ પાળનારા અમે જે મંત્ર ભણીએ છીએ તેમાં પણ નિઃસારત્વ જેવું કંઈ નથી, તેમજ હવિના પદાર્થનો અનાદર દેવતાઓએ આજ પર્યંત કદી કરેલો નથી આપના હવિ પદાર્થને દેવતાઓ લેતા નથી તેનું શું કારણ ? કર્મના સાક્ષી રૂપ દેવતાઓ પોત પોતાનો ભાગ લે નહિ એવો તો અણુ માત્ર પણ કોઇ અપરાધ થયેલો હોય એમ અમે જાણતા નથી. ૨૮

¶ રાજા અંગ કામભોગમાં અત્યંત આસક્ત હતા અને પરલોકની ચિંતા કરતા ન હતા, એથી દેવતાઓએ તેમને પુત્રહીન સમજી યજ્ઞભાગ લીધો નહિ બીજા રાજા વિશેષ ધર્માત્મા હતા એ કારણથી પુત્રહીન છતા પણ દેવોએ તેમના યજ્ઞમાં ભાગ લીધો હતો.

મૈત્રેય કહે છે કે—આ પ્રમાણે બ્રાહ્મણોનાં વચન સાંભળી અતિ ઉદાસ અંગ રાજાએ બ્રાહ્મણોની આજ્ઞા લઇ મૌનવ્રતનો ત્યાગ કરી તે વાત સભાસદોને પૂછી. ૨૯ અંગે કહ્યું કે—હે સભાસદો ! દેવતાઓ બોલાવ્યા છતાં આવતા નથી અને પોતાનો ભાગ લેતા નથી એવો દેવતાઓનો મેં શો અપરાધ કર્યો છે ? અને મારાથી શું વ્યતિક્રમ થયેલું છે તે મને સમજાવો.

સભાસદો બોલ્યા કે—હે નરોત્તમ ! આ જન્મમાં આપે કંઇ પાપ કર્યું નથી પરંતુ પૂર્વ જન્મનું એવું પાપ છે કે જેથી આપ સંતાન રહિત છો. કયાંઇ એવો પણ લેખ છે કે—"એક સમય રાજા અંગ બાલ્યાવસ્થામા માનસ સરોવરની સમીપમા ક્રીડા કરવાને ગયા હતા. ત્યા એક તરૂવર ઉપર રાજહંસે પોતાનાં બચ્ચાં માળામાં મૂકયાં હતાં. હંસ હંસિની વનમા ગયાં હતાં એવામા બચ્ચાંમાંથી એક બચ્ચાને રાજા અંગે બાળચેષ્ટાની ચંચળતાથી પકડીને મૂઠીમા દબાવી દીધું. બચ્ચું દબાયાને લીધે મરણ પામ્યું. જ્યારે હંસ તથા હંસિની ત્યા આવ્વાં અને બચ્ચાને ન જોયું ત્યારે અત્યંત વ્યાકુળ થઇ નેત્રોમાં આંસુ લાવી બોલ્યા કે, અમારા પ્રિય બચ્ચાને કોણ લઇ ગયું ? કોઇએ કહ્યુ કે તમારા બચ્ચાને રાજા અંગે મારી નાંખ્યું. હંસ બોલ્યો કે—રાજા અંગે જેવો અમારો વંશ નિર્વંશ કર્યો તેવો બીજા જન્મમાં તેનો વંશ નિર્વંશ જશે. હંસિની બોલી કે—હે સ્વામિ ! આપણ પંખીઓથી શું થવાનું છે? અને રાજાથી તો અનેક પ્રાણીઓનુ પાલન થાય છે માટે તેને આવો કઠિન શાપ દેવો યોગ્ય ન હતો. આપણા કર્મમાં તો દુઃખ ભોગવવાનુ લખ્યું છે પરંતુ રાજાને શા માટે દુ:ખી કર્યો ? હંસિનીની મૃદુ વાણી સાંભળી હંસે વરદાન આપ્યું કે યજ્ઞ પુરૂષની પૂજા કરવાથી રાજાને પુત્ર થશે," માટે હે રાજન ! તમે યજ્ઞ પુરૂષનું પૂજન કરો. ૩૧ હે રાજર્ષિ ! આપ આપને ત્યાં પુત્ર થવાને યત્ન કરો. ભગવાનનું યજન કરો કે જેથી તે આપને પુત્ર આપે. ૩૨ પછી દેવતાઓ પોતપોતાનો ભાગ લઇ લેશે કારણ કે સંતાનને માટે તમે ભગવાનનું યજન કરશો તો તેમા ભગવાન સાથે દેવતાઓ પોતાની મેળે આવશે. ૩૩ પુરૂષ જે જે મનોરથને માટે ભગવાનનું પૂજન કરે છે તે તે ભાવના પ્રમાણે પ્રભુ ફળ તેને આપે છે.

મૈત્રેય કહે છે કે—આ પ્રમાણે જ્યારે સર્વ બ્રાહ્મણોએ નિશ્ચય કર્યો ત્યારે રાજાએ પુત્ર થવાને સર્વ વ્યાપક વિષ્ણુ ભગવાનનો પુત્રાર્થી યજ્ઞ કર્યો. તેનો પુરોડાશ વિષ્ણુ ભગવાનને મળ્યો ત્યારે તે કુંડમાંથી સુવર્ણના એક મોટા થાળમાં પરિપકવ ખીર હાથમાં લઇ બહાર નીકળ્યા. તેમનાં સર્વેએ દર્શન કર્યાં. ૩૬ અતિ આનંદ યુક્ત ઉદાર ચિત્ત રાજા અંગે બ્રાહ્મણોની આજ્ઞાથી તે ખીર તેમના હાથમાંથી પોતાના હાથમાં લીધી અને પછી તેણે તે સુંઘીને પોતાની રાણીને આપી. ૩૭ સુનીથા રાણીએ ખીર ખાધી તેથી તેણે ઋતુ કાળમાં પતિથી ગર્ભને ધારણ કર્યો અને જ્યારે સમય આવ્યો ત્યારે પુત્ર ઉત્પન્ન થયો. ૩૮ તે પુત્ર બાલ્યાવસ્થાથીજ પોતાની માતાનો બાપ મૃત્યુ કે જે અધર્મના અંશથી ઉત્પન્ન થયો હતો તેથી અધર્મી થયો. એના જન્મ સમયે મહા ભયાનક ઉત્પાત થયા અને બ્રાહ્મણોએ તેનું વેન એવું નામ પાડયું. ધનુષ ધારણ કરી તે વનમાં ફરતો હતો અને જે મૃગ, સાધુ અને દીન સામા આવતા તેને કદી પણ છોડતો નહિ. સર્વ કહેતા કે આ નિર્દય વેન છે. જ્યારે મૃગયા કરી ઘેર આવતો ત્યારે પુરવાસીઓને અને બાળકોને બોલાવી પકડીને કોટડીમાં પૂરી મૂકતો, લાત તથા મૂકીથી મારતો અને પુષ્કળ ગાળો દેતો. જ્યારે

પ્રજા વેનને જોતી ત્યારે ત્રાસ પામતી. વેન કોઇના ઘરમાં આગ લગાડતો, કોઇને પકડી કુવામાં નાખી દેતો, કોઇને કુટુંબ સહિત મારી નાખતો, તે જે રસ્તેથી નીકળતો ત્યાં હાહાકાર મચી રહેતો. આમ સંસારમાં ચારે તરફ તેનો ત્રાસ વર્તાઈ રહ્યો હતો. ૪૦ નિર્દય અને અતિક્રૂર વેન રમત રમવાનાં સ્થળમાં પોતાની સમાન વયનાં બાળકોને પશુની પેઠે પકડી મારી નાંખતો. ૪૧ તે મહા નીચ પુત્રના અત્યાચાર જોઇ પિતાએ ઘણી રીતે તેને સમજાવ્યો પણ તે દુષ્ટ સમજ્યો નહિ. જ્યારે તેને શિક્ષા કરવાનુ સામર્થ્ય રાજામાં રહ્યું નહિ ત્યારે અત્યંત દુઃખી થઈ પોતે વિચાર કરવા લાગ્યો કે—જેમને સંતાન નથી તેમણે ભગવાનનું પૂજન ઘણી સારી રીતે કર્યું છે કારણ કે તેઓને દુષ્ટ સંતાનને માટે મહા કઠિન અસહ્ય દુઃખ ભોગવવાં પડતાં નથી. ૪૩ અપયશ મહા અધર્મ સર્વ સાથે વિરોધ તથા અનંત પીડા જેને માટે થાય છે અને જેને માટે દુઃખદાયી ઘરમા રહેવું પડે છે તે પ્રજાના મોહ બંધનને કયો પંડિત પ્રીતિથી સ્વીકારે? ૪૫ હું તો શોક આપનારા સુપુત્ર કરતાં કુપુત્રનેજ ઉત્તમ માનું છું કારણ કે કુપુત્ર હોય તો મનુષ્યને દુઃખી ઘરમાથી વૈરાગ્ય ઉત્પન્ન થાય, અને ગ્લાનિથી ત્યાગ કરવો સુગમ પડે. આ પ્રમાણે વૈરાગ્ય યુકત થઇ અર્ધ રાત્રિએ જ્યારે કોઇ પણ માણસ જોવામાં આવ્યું નહિ ત્યારે પોતાની પત્ની અને વેનની માતા સુનીથાને સુતેલાં મૂકી સર્વ સમૃદ્ધિવાળા ઘરનો ત્યાગ કરી તે એકલોજ વનમાં ચાલ્યો ગયો. ૪૭ જ્યારે પ્રાતઃકાળ થયો અને રાજા અંગ રાજ્ય મંદિરમાં જોવામાં ન આવ્યા ત્યારે પુરોહિત સચિવ અને સંબંધી આદિ લોક તથા પ્રજા પોતાના રાજાને વૈરાગ્યથી નીકળી ગયેલા જાણી મહા શોકથી વ્યાકુળ થઇ અપકવ યોગીઓ જેમ હૃદયની અંદર અંતર્યામી પરમાત્માને શોધેપણુ તે મળે નહિ તેમ પૃથ્વી ઉપર રાજાને શોધવા લાગ્યા, પણ રાજા અંગ કયાંહી મળ્યા નહિ. ૪૮ હે વિદુર! દુષ્ટ પુત્ર સદૈવ દુઃખ દેનાર હોય છે. પુત્રથી કંટાળી વૈરાગ્ય પામેલો અંગ જો કે દૂર ગયો ન હતો તોપણ તેનો પત્તો નહિ મળવાથી લોકોએ નગરમાં પાછા આવી ઋષિયોની સભામા પ્રણામ કરી રોતાં રોતાં રાજાનો પત્તો ન લાગવાની વાત કહી. ૪૯

अलक्षयंतः पदवीं प्रजापते
र्हतोद्यमाः प्रत्युपसृत्य ते पुरीम् ।
ऋषीन्समेतानभिवंद्य साश्रवो ।
न्यवेदयन्पौरव भर्तृविप्लवम् ॥४९॥

इतिश्रीमद्भागवतेमहापुराणेचतुर्थस्कंधे
त्रयोदशोध्यायः

અધ્યાય ૧૪ મો.

વેનનું અધર્માચરણ.

मैत्रेय उवाच

भृग्वादयस्ते मुनयो लोकानां क्षेमद[illegible]ः ।
गोप्तर्यसति वै नृणांपश्यंतःपशुसाम्यताम् ॥

મૈત્રેય કહે છે કે—લોકોના કલ્યાણનો વિચાર કરનારા બ્રહ્મવાદી ભૃગુ આદિ ઋષિયોએ કોઇ પણ રાજા ન હોવાથી મનુષ્યોની પશુ જેવી સ્થિતિ જોઇ વેનની માતા સુનીથાને બોલાવી. મંત્રીઓ તેને રાજ્યાભિષેક કરવા ચાહતા ન હતા તોપણ તેને રાજ્યાભિષેક કર્યો. ૨ અતિ ભયંકર શિક્ષા કરનાર વેનને રાજ્યાસન ઉપર આવેલો સાંભળી સર્પના ભયથી જેમ ઉંદર સંતાઇ જાય તેમ ચોર માત્ર સંતાઇ ગયા. ૩ રાજ્યાસન ઉપર બેઠેલો આઠ લોકપાળોની વિભૂતિથી ગર્વ પામેલો મહા અહંકારી તે પોતે પોતાને ઉત્તમ ને બળવાન માનવા લાગ્યો. મહા અભિમાની

* આ ચૌદમા અધ્યાયમા પુત્રના ત્રાસથી અંગ રાજા વનમા ગયો ત્યારે બ્રાહ્મણોએ વેનને રાજ્ય આપ્યુ અને પછી વેનનો અત્યાચાર જોઈ તેને મારી નાખ્યો એ કથા કહેવાશે.

વેન મહાત્માઓનો તિરસ્કાર કરવા લાગ્યો. નિરંકુશ હાથીની માફક મદાંધ થઈ આકાશ તથા પૃથિવીને કંપાયમાન કરતો તે રથમાં બેસીને પૃથિવી ઉપર ફરવા લાગ્યો. ૫ અભિમાનથી સર્વ પ્રજાને ધર્મ બંધ કરવા દાંડી પિટાવી તેણે જાહેર કર્યું કે હોમ હવન કોઇએ કરવા નહિ, દાન આપવા નહિ અને યજન પણ કરવું નહિ. ૬ વેનનો અત્યાચાર જોઇ લોકોને દુઃખી જાણી દયા માટે સર્વ ઋષિઓ એકઠા થઇ વિચાર કરવા લાગ્યા કે અરે કષ્ટ! તું બે તરફથી લોકોને સતાવવા લાગ્યું. જેમ લાકડું બે બાજુથી બળવા માંડે ત્યારે મધ્યમા રહેલા જીવની બુરી દશા થાય, તેમ હાલ લોકોની બુરી દશા થઇ છે કારણ કે એક તરફ ચોરોનો ભય અને બીજી તરફ આ દુષ્ટ રાજાનો ભય છે. હવે આ મહા દુઃખ શી રીતે ટળે. ૮ રાજા વગર નગરને શૂન્ય સમજી અધર્માચારી વેનને અમે રાજ્યકારભાર સોંપ્યો તો તેથી સર્વને ત્રાસ થાય છે. હવે સર્વનું કલ્યાણ શી રીતે થાય.૯ ભુજંગને દૂધપાઇ પાળતાં તે પ્રથમ પોતાનું પાલન કરનારનેજ ડસે છે, તેમ આ મહા ક્રૂર બુદ્ધિ દુષ્ટ સ્વભાવવાળો વેન સુનીથાના ગર્ભ થકી જનમ્યો છે. ૧૦ તેને સારો જાણી પ્રજાપાળક બનાવ્યો તો તે દુષ્ટ ઉલટો અમારોજ નાશ કરવા બેઠો છે, હવે શું કરવું? અમેજ તેને અમારો રાજા બનાવ્યો માટે ત્યાં જઇ તેને સમજાવીએ કે જેથી અમોને કોઇ દોષ ન દે, તથા આપણે પાપના ભાગી થઇએ નહિ.૧૧ આપણે જાણતા હતા છતા આ દુષ્ટને રાજા બનાવ્યો તો તેને હવે સામ દામથી સમજાવવો. આપણા સમજાવ્યાથી જો નહિ સમજે તો જાણીશું કે તે મહા અધર્મી છે. લોકોના ધિક્કારથી દગ્ધ થયેલા એ દુષ્ટને અમે અમારી શકિતના તેજના પ્રભાવથી ક્ષણ માત્રમાં બાળીને ભસ્મ કરી નાખીશું. ૧૨ આવો વિચાર કરી એક નિશ્ચય થઈ ક્રોધને ગુપ્ત રાખી સર્વ ઋષિઓ તેની પાસે ગયા અને તેને સામ દામ ઇત્યાદિ નીતિનાં વચનોથી શાન્ત કરી આ પ્રમાણે કહેવા લાગ્યા.

હે રાજન! આપનું આયુષ્ય બળ લક્ષ્મી અને કીર્તિ જેથી વધે એવી વાત કહેવા અમે આવ્યા છીએ. ૧૪ પુરૂષને ઉચિત છે કે તનથી મનથી વચનથી અને બુદ્ધિથી ધર્માચરણ કરવું. ધર્માચરણથી શોક રહિત લોકની પ્રાપ્તિ થાય છે અને ત્યા કામના રહિત લોક નિવાસ કરે છે અને સદા આનંદમા રહે છે. ૧૫ પ્રજાના રક્ષણ રૂપ આપનો રાજધર્મ નષ્ટ ન થવો જોઇએ. ધર્મનો નાશ થવાથી રાજા રાજ્યથી ભ્રષ્ટ થાય છે.૧૬ હે રાજન! દુષ્ટ માણસોથી અને ચોરાદિકોથી રાજા પોતાની પ્રજાની રક્ષા કરવા નીમાય છે. શાસ્ત્ર મર્યાદા પ્રમાણે દંડ કરે તો રાજાને આ લોકમાં ને પરલોકમાં પરમાનંદ પ્રાપ્ત થાય છે. જે રાજાના રાજ્યમા ભગવાન યજ્ઞ પુરૂષનું પોતાના વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે પૂજન થાય છે. અને જે રાજા પોતાના રાજધર્મની મર્યાદામા રહે છે તે રાજા ઉપર ભગવાન સર્વ ધર્મ પાળક વિશ્વાત્મા અત્યન્ત પ્રસન્ન થાય છે ૧૯ જગતના અધિપતિયોના પણ અધિપતિ ભગવાન પ્રસન્ન થાય તો પછી તેને કયી વસ્તુ મળવી દુર્લભ છે? લોકપાળ સહિત સર્વ લોક તેના ભયથી તેનો આદર સત્કાર કરી તેને ભેટ અર્પણ કરે છે. ૨૦ હે રાજન! સર્વ લોક દેવતાઓ અને યજ્ઞ જેમા સદા નિવાસ કરે છે એવા વેદત્રયીમય દ્રવ્યમય અને તપોમય ઇશ્વરનું તમારી કુશળતા માટે નાના પ્રકારનાં વિધાનોથી અને વિચિત્ર યજ્ઞોથી પ્રજા સમૃદ્ધિને માટે યજન કરે છે માટે આપ તેમના યજ્ઞને સહાયતા કરવા યોગ્ય છો. ૨૧ હે વીર! આપના દેશમા બ્રાહ્મણ લોકોના યજ્ઞથી શ્રી નારાયણની કળા રૂપ દેવતાઓ સંતુષ્ટ થઇ સર્વને

મનોવાંચ્છિત ફળ આપે છે, માટે દેવતાઓનું અપમાન કરવું યોગ્ય નથી. ૨૨

વેને કહ્યું કે-અધર્મને માનનારા તમે મૂર્ખ લોકો છો કારણકે આજીવિકાને આપનારો જે હું રાજા તેનો ત્યાગ કરી તમે જારપતિની ઉપાસના કરો છો જે મૂર્ખ લોકો રાજા રૂપ ઇશ્વરનો અનાદર કરે છે તે આલોકમા અને પરલોકમા કોઈ સ્થળે સુખ પામતા નથી. યજ્ઞ પુરૂષ ભગવાન કોણ છે? કે જેમા તમારી ભક્તિ છે. અરે મૂર્ખો! જેમ વ્યભિચારિણી સ્ત્રીઓ પોતાના પતિનો ત્યાગ કરી જાર પુરૂષથી પ્રીતિ કરે તેમ તમે પણ જુઠી ભક્તિ કરો છો. ૨૫ બ્રહ્મા વિષ્ણુ શિવ ઇન્દ્ર ઉપેન્દ્ર વાયુ યમ સૂર્ય મેઘ કુબેર ચંદ્રમા પૃથ્વી અગ્નિ કે વરૂણ અને બીજા પણ દેવતાઓ કે-જે વર અને શાપ આપવામાં શૂરા છે તે સર્વ રાજાના શરીરમા વાસ કરે છે કારણ કે રાજા સર્વ દેવમય છે. ૨૭ હે બ્રાહ્મણો! તમે ઈર્ષાનો ત્યાગ કરી યજ્ઞાદિ કર્મથી કેવળ મારૂં જ પૂજન કરો. યજ્ઞ રૂપ હું છું. મને બલિદાન આપો. મારાથી અધિક બીજો કોઈ યજ્ઞ પુરૂષ પૂજન કરવા યોગ્ય નથી. ૨૮

મૈત્રેય કહે છે કે-એ પ્રમાણે તે કુમાર્ગી કુબુદ્ધિ પાપી પાખંડમતવાળા અને સર્વ મંગળથકી ભ્રષ્ટ એવા વેનને બહુજ સમજાવ્યો પણ તે દુષ્ટ નરેશે મુનિયોનો ઉપદેશ સાંભળ્યો નહિ. ૨૯ જ્યારે વેને ઘેર આવેલા બ્રાહ્મણોનો અત્યન્ત અનાદર કર્યો ત્યારે હે વિદુર ' તે બ્રાહ્મણો પોતાનો ઉપદેશ વ્યર્થ જાણી બહુ ગુસ્સે થયા. ૩૦ તેમણે નિશ્ચય કર્યો કે આ પાપીનો સ્વભાવ મહા દારૂણ છે માટે તેને મારવો એ જ ઉત્તમ છે; કારણકે જો આ ચાડાલ જીવતો રહેશે તો અવશ્ય સંસારને ધૂળ કરી નાખશે. ૩૧ આ દુષ્ટ કર્મ કરનાર વેન રાજાઓના ઉત્તમ આસન ઉપર બેસવાને યોગ્ય નથી કારણ કે તે નિર્લજ્જ થઇ યજ્ઞ પુરૂષ ભગવાનની નિન્દા કરી ધર્મનો વિધ્વંશ કરવા ઇચ્છે છે. ૩૨ જે ભગવાને પોતાની કૃપાવડે આને આ પ્રકારનો વૈભવ અને મોટાઇ આપી છે તે ભગવાનની વેન વગર બીજો કોણ નિન્દા કરે? ૩૩ આ પ્રમાણે ક્રોધ યુક્ત થઇ મારી નાખવાનો નિશ્ચય કરી ઋષિયોએ અચ્યુત ભગવાનની નિન્દા કરવાથી હતભાગ્ય વેનને હુંકાર શબ્દનો મારણ પ્રયોગ કરી મારી નાખ્યો ૩૪ આ પ્રમાણે વેનને મારીને સર્વ ઋષિઓ પોત પોતાને આશ્રમે ગયા. વેનના મરણથી શોકવતી સુનીથાએ મંત્ર અને ઔષધિઓના પ્રયોગથી પુત્રના કલેવરની રક્ષા કરાવી તેને રાખી મૂક્યું કારણ કે તે ઋષિયોની વિદ્યા અને યોગને સારી રીતે જાણતી હતી. ૩૫

એક સમયે મુનિયો સરસ્વતીના જળમાં સ્નાન કરી અગ્નિમાં આહુતિ આપી નિશ્ચિંત થઇ નદીના તટ ઉપર બેઠા બેઠા વાર્તાલાપ કરતા હતા એટલામાં જગતને ત્રાસ આપે એવા મોટા મોટા ઉત્પાતો થવા લાગ્યા. તે જોઇ ઋષિયો વિચાર કરવા લાગ્યા કે આ સમયે કોઇ પૃથિવી ઉપર પ્રજાપાળક રાજા નથી એથી કદાચિત આ અનાથ પૃથિવી ઉપર ચોરો ઉપદ્રવ કરતા હશે. ૩૭ મુનિ લોકો આ પ્રમાણે વિચાર કરતા હતા એટલામાં ચોરોનાં ટોળાંને ટોળાં ત્યાં આવી પહોચ્યાં અને દોડાદોડ થવા લાગી. તેમના ઘોડા દોડવાથી ચારે તરફ ધૂળ ઉડતી જોવામા આવી. ૩૮ રાજાના મરણથી લોકોનું દ્રવ્ય ચોરો લુટવા લાગ્યા, પ્રજામા પણ પરસ્પર મારામારી ચોરી અને ખૂન થવા માંડયાં. તે જોઇ મુનિ લોકોએ વિચાર કર્યો કે જો કદાચ આવોજ ઉપદ્રવ ચાલુ રહેશે તો આપણને દોષ લાગશે; કારણ કે જે બ્રાહ્મણ સમદૃષ્ટિ અને શાન્ત હોવા છતાં પણ દુઃખી લોકોનું રક્ષણ નથી કરતો તેનું સર્વ બ્રહ્મતપ ફુટેલા વાસણમાંથી જેમ જળ ઝરી જાય તેમ નાશ પામે છે. ૪૦ આપણે આ ઉપદ્ર-

વને શાન્ત કરી શકીએ છીએ તોપણ રાજર્ષિ અંગનો વંશ નિર્વંશ ન થવો જોઈએ, કારણ કે એ વંશમાં મોટા મોટા પરાક્રમી અને ભગવદ ભક્ત રાજાઓ થતા આવ્યા છે અને હવે પણ થશે. ૪૧ આ પ્રમાણે નિશ્ચય કરી સર્વ ઋષિયો સાથે મળી નગરમાં ગયા અને મંત્રોથી મરેલા મહીપતિ વેનની સાથળનું મથન કરવા લાગ્યા. તેમાંથી એક નાનો કદ રૂપો પુરૂષ ઉત્પન્ન થયો. એ પુરૂષ કાગડા જેવા કૃષ્ણ વર્ણનો હતો. તેના હાથ પગ અને અંગ બહુ જ નાના હતાં. લાંબી દાઢી અને ચપટું નાક હતું, લાલ નેત્ર અને ભૂરા કેશ હતા. ૪૩ તે પુરૂષ દીનજનની પેઠે હાથ જોડી મુનિયોને કહેવા લાગ્યો કે–" મને શી આજ્ઞા છે ?" આ પ્રમાણે જ્યારે તે બોલ્યો ત્યારે હે વિદુર ! "निषीद" અર્થાત બેસી જા એવું તેમણે કહ્યું અને તે ઉપરથી એ પુરૂષનું નામ નિષાદ પડયું. ૪૪ એના વંશના નિષાદ એટલે ભિલ્લ લોક થયા કે જે વન અને પર્વતોમાં રહે છે. અધર્મી વેનના શરીરમાં જે પાપ ભરેલું હતું તે નિષાદ રૂપે બહાર નીકળ્યું અને વેનના શરીરમાં કોઇ પ્રકારનું કલંક રહ્યું નહિ. નિષાદના વંશજોને નગરમાં વાસ કરવાનો અધિકાર નથી તેથી તેઓ પર્વતોની કંદરાઓમાં રહે છે. ૪૫

तस्य वंशास्तु नैषादा गिरिकाननगोचराः ।
येना [illegible]ायमानो वेनकल्मष[illegible]ल्बणम् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेचतुर्थस्कंधे चतुर्दशोध्यायः

અધ્યાય ૧૫ મો.†

પૃથુનો જન્મ અને તેને રાજ્યાભિષેક.

मैत्रेय उवाच

अथ तस्य पुनर्विप्रैरपुत्रस्य महीपतेः ।
बा[हु]भ्यां मथ्यमानाभ्यां मिथुनं समपद्यत ॥

† આ અધ્યાયમા વેનની ભુજાના મથવાથી પૃથુની ઉત્પત્તિ, અને તેનો અભિષેક તથા પૂજા આદિ થઈ, તે કથા કહેવાશે.

મૈત્રેય કહે છે કે–તે પછી મુનિ લોકોએ વેનના જમણા હાથનું મથન કર્યું તેમાંથી એક કન્યા અને એક પુરૂષ ઉત્પન્ન થયો. એ જોડકું પ્રગટ થયેલું જોઇ બ્રહ્મવાદી ઋષિઓ તેને ભગવત કળા જાણી બહુજ પ્રસન્ન થયા.

ઋષિયો બોલ્યા કે–આ પુરૂષ લોકની રક્ષા માટે વિષ્ણુ ભગવાનની કળાથી પ્રગટ થયેલો છે અને આ કન્યા ભગવાનની સાથે સદા રહેનારાં લક્ષ્મીની કળાથી પ્રગટ થઇ છે. ૩ આ જે પુરૂષ છે તે સર્વ રાજાઓમાં આદિરાજા મહા તેજસ્વી પૃથુ એવા નામથી પ્રસિદ્ધ થશે અને જગતમાં પોતાના યશનો વિસ્તાર કરશે. ૪ સારા દાંતવાળી સુંદરી દેવી ગુણ ભૂષણોથી ભૂષિત આ કન્યા અર્ચિ નામની રાણી કાન્તિની કાન્તિને વધારનારી પોતાના પતિ પૃથુની નિત્ય સેવા કરશે. ૫ પૃથુ જગતના રક્ષણ માટે સાક્ષાત વિષ્ણુ ભગવાનનો અંશ પ્રગટ થયેલો છે. શ્રીનારાયણના હૃદયમાં સદા વાસ કરનાર ભગવત પરાયણ શ્રી લક્ષ્મીજીએ આ કન્યા રૂપે અવતાર ધારણ કર્યો છે. ૬

મૈત્રેય કહે છે કે–આ પ્રમાણે બ્રાહ્મણોએ તે જોડકાની પ્રશંસા કરી. ગંધર્વ યશ ગાવા લાગ્યા સિદ્ધ ને દેવો પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા અને દેવાંગનાઓ આનંદથી નાચ કરવા લાગી. આકાશમા શંખ તૂરી મૃદંગ અને દુંદુભિ આદિ અનેક પ્રકારનાં વાદિત્ર વાગવા લાગ્યાં. દેવતા ઋષિ અને પિતૃઓ પ્રસન્ન થયા. ૮ સર્વ લોકપાળ અને શિવને સાથે લેઇ જગત કર્ત્તા એવા બ્રહ્મા દેવતા તથા ઇંદ્રને લઇ ત્યાં પધાર્યા. પછી પૃથુના જમણા હાથમાં ગદાધારી ચક્રનું ચિહ્ન અને પગમાં કમળનાં ચિહ્ન જોઇ બ્રહ્માએ સર્વને કહ્યું કે–આ સાક્ષાત વિષ્ણુ ભગવાનની કળાથી ઉત્પન્ન થયેલો રાજા છે; કારણ કે જેના હાથમાં બીજી રેખાઓથી મળેલું સુદર્શન ચક્ર હોય તેને પરમેશ્વરનો અંશ જાણવો. ૧૦ બ્રહ્મવાદી

બ્રાહ્મણોએ પછી તેના અભિષેકનો ઉદ્યમ કર્યો અને સર્વ લોકો સ્થળે સ્થળથી તેના અભિષેક માટે વસ્તુઓ લાવ્યા. ૧૧ નદિઓ પર્વત સમુદ્ર વૃક્ષ હાથી ગાય પક્ષી મૃગ સ્વર્ગ પૃથ્વી અને સર્વ પ્રાણી ત્યાં ભેટ લાવ્યાં. ૧૨ પૃથુ સ્નાન કરીને સુંદર વસ્ત્રાભૂષણ પહેરી અલંકાર ધારણ કરેલી પોતાની પત્ની અર્ચિની સાથે જાણે બીજો અગ્નિ હોય તેમ પ્રકાશવા લાગ્યો. ૧૩ હે વિદુર! પૃથુ માટે કુબેરે ઉત્તમ સુવર્ણનું સિંહાસન અર્પણ કર્યું અને વરૂણે જેમાંથી સદા શીતળ જળ ટપકતું રહે એવું એક છત્ર અર્પણ કર્યું ૧૪ અત્યંત વિશાળ બે ચામર વાયુએ અર્પણ કર્યા, ધર્મે કીર્ત્તિમય માળા અર્પણ કરી અને ઈંદ્રે કિરીટ અર્પણ કર્યો. યમરાજે દુષ્ટોનો નાશ કરનાર સંયમન નામનો પોતાનો દંડ અર્પણ કર્યો. ૧૫ બ્રહ્માએ બ્રહ્મમય કવચ આપ્યું, સરસ્વતીએ એક હાર અર્પણ કર્યો, શ્રીહરિ ચક્રધરે સુદર્શન ચક્ર અર્પણ કર્યું અને લક્ષ્મીએ અખૂટ લક્ષ્મી આપી. ૧૬ શંકરે ચંદ્ર નામે ખડગ આપ્યું અને પાર્વતીએ શતચંદ્ર નામની ઢાલ આપી. ચંદ્રમાએ અમૃતમય ઘોડા અને ત્વષ્ટાએ એક સુંદર રથ આપ્યો. ૧૭ અગ્નિએ બકરા અને બળદનાં શિંગડામાંથી બનાવેલું ધનુષ અને પૃથિવીએ જેને પહેરી જ્યાં ઇચ્છા થાય ત્યાં જઇ શકાય એવી યોગમય પાદુકાઓ આપી અને આકાશે પ્રતિ દિવસ તાજાં પુષ્પોના હાર આપવા માંડયા. આકાશમાં ફરનાર ખેચરે નાટય સુંદર ગાયન વાજાં અને ગુપ્ત વિદ્યા આપી. ઋષિયોએ આશીર્વાદ આપ્યો અને સમુદ્રે શંખ આપ્યો. સમુદ્ર પર્વત અને નદિઓએ એ મહાત્માને રથનો માર્ગ કરી આપ્યો. માગધ અને બંદીજન સ્તુતિ કરવા લાગ્યા. ૨૦ સ્તુતિ કરનારને પોતાની પાસે ઉભેલા જોઇને મહા પ્રતાપી વેનના પુત્ર પૃથુએ હસતાં હસતાં મેઘ જેવી ગંભીર વાણીથી તેમને આવાં વચન કહ્યાં. ૨૧

પૃથુએ કહ્યું કે–હે સૂત! હજી મારા ગુણ જગતમાં પ્રસિદ્ધ નથી માટે તમે મારી સ્તુતિ શા માટે કરો છો? લોકને જેના ગુણ વિદિત હોય તેની સ્તુતિ કરવી જોઇએ. હે શ્રેષ્ઠ વકતાઓ! જ્યારે કાળાંતરે મારા ગુણ પ્રસિદ્ધ થાય ત્યારે તમે મારી પરોક્ષે પ્રશંસા કરજો. અમે તમારી સ્તુતિ સભ્યોની પ્રેરણાથી કરીએ છીએ એમ તમે કહી શકતા નથી કારણ કે ઉત્તમ શ્લોક પરમેશ્વરના ગુણાનુવાદ પાસે બીજા મનુષ્યના ગુણ સભાસદો ગાતા નથી. ગુણોની સંભાવનાથી અમે તમારી સ્તુતિ કરીએ છીએ એવું એ તમારાથી કહેવાશે નહિ કારણ કે જે મહા પુરૂષોના ગુણ સંપાદન કરી શકાય તે પણ મારામાં નથી. એવા ગુણોની સંભાવના માત્રથી કોણ સ્તુતિ કરાવે? સ્તુતિ કરનારા લોકો સ્તુતિ કરતા હોય તે સમયે સાંભળનારા અને સ્તુતિ કરનારા પોતે પણ મનમાં મશ્કરી કરે કે, આ માણસમાં એવા કયા ગુણ છે? જે સામર્થ્યવાન લજ્જાવાન અને કીર્તિમાન પુરૂષ છે તે પોતાની સ્તુતિ સાંભળવાથી શરમાય છે. પોતાની સ્તુતિથી લજ્જા પામતા મહાત્મા પુરૂષો નિંદ્ય કર્મની પેઠે પોતાનાં વખાણને ધિક્કારે છે. ૨૫ હે માગધો! હજી હું શ્રેષ્ઠ કર્મ કરી લોકમાં વિખ્યાત થયો નથી તે પહેલાં બાળકની પેઠે તમે મારી કીર્તિને ગાઓ તે યોગ્ય નથી. ૨૬

वयं त्वविदिता लोके सूताद्यापि वरीमभिः॥
कर्मभिः कथमात्मानं गापयिष्याम बालवत् । २६

इतिश्रीम[illegible]ागवतमहा[illegible]र्थस्कंधे
पंचदशोध्यायः

અધ્યાય ૧૬ મો.‡

પૃથુરાજાની પ્રશંસા.

મૈત્રેય ઉવાચ

इति ब्रुवाणं नृपतिं गायका मुनि नोदिताः ।
तुष्टुवु स्तुष्ट मनसस्तद्वागमृतसेवया ॥ १ ॥

મૈત્રેય કહે છે કે—પૃથુ રાજાએ પોતાની સ્તુતિનો નિષેધ કર્યો પરંતુ મુનિયોની પ્રેરણાથી સ્તુતિપાઠકો રાજાની વાણી રૂપ અમૃતના સેવનથી પ્રસન્ન ચિત્ત થઈ સ્તુતિ કરવા લાગ્યા. ૧ સૂત માગધ અને બંદીજન કહેવા લાગ્યા કે-આપ સાક્ષાત પરમેશ્વર છો. આપની માયાથી અવતર્યા છો, વેનના અંગથી પ્રગટ થયેલા આપના ગુણ ચરિત્રોનું વર્ણન કરવાને બ્રહ્માદિકોની બુદ્ધિ ભ્રમિત થાય તો પછી આપના મહિમાનું વર્ણન કરવાને અમારૂં સામર્થ્ય શું ? ભગવાનના કળા અવતાર હે પૃથુમૂર્ત્તિ ! આપની કથા રૂપી અમૃતમા આદર થઇ મુનિ લોકોની પ્રેરણાથી તેઓએ યોગબળથી અમારા હૃદયમાં પ્રકાશ કર્યો તે પ્રમાણે તમારા ગુણનું અમે વર્ણન કરીશું. રાજા ધર્મપાલકોમા શ્રેષ્ઠ લોકોને ધર્મમા રાખનારી મર્યાદાની રક્ષા માટે છેને તે તોડનારને દંડ દે છે. આ રાજા એકલોજ પોતાના શરીરમાં સમયે સમયે બે લોકો આલોક તથા પરલોકનું જે પ્રમાણે કલ્યાણ થાય તે પ્રમાણે સર્વ લોકપાળોના દેહોનું પાલન પોષણ અને અનુરંજન કરશે. ૫ સર્વ પ્રાણીઓમાં સમાન રીતે વર્ત્તતો આ રાજા સૂર્ય જેમ આઠ મહિના જળનું શોષણ કરી લઇ ચોમાસાના ચાર મહિનામા પાછું આપે છે તેમ કર લેવાના સમયમાં લોકો પાસેથી ધન લઇ દુષ્કાળ વગેરેમા તેમને તે પાછું આપશે. ૬ જેમ પૃથ્વી સર્વ સંસારનો ભાર વહન કરે છે અને સર્વના અપરાધ ક્ષમા કરે છે તેમ તમો કરજો. જો કદાપિ ઇંદ્ર વર્ષા નહિ કરે તો આ નરદેવ દેહધારી ઇંદ્રના જેવી વર્ષા કરી દુઃખી જનોનું રક્ષણ કરશે. ૭ જેમ ચંદ્રમા પ્રજાને તૃપ્ત કરે છે તેમ આ પૃથુ રાજા પણ પોતાના અનુરાગ સહિત દૃષ્ટિવાળા તથા મંદહાસ્યે કરી સુંદર મુખચંદ્રથી જગતને આનંદ આપશે.૯ જેમ વરૂણનાં સર્વ કાર્ય ગુપ્ત રહે છે તેમ આ પૃથુ સર્વ પ્રકારે સયત મૂર્ત્તિ થશે અને પરિણામ પહેલાં તેના કંઇ પણ કામની ખબર પડશે નહિ. તેના ગંભીર અભિપ્રાયને કોઇ જાણી શકશે નહિ તેનું દ્રવ્ય ગુપ્ત રહેશે અને આ પૃથુ રાજાજ ખરેખર અપાર મહિમાવાળો ગુણોના સાગર રૂપ થશે. ૧૦

વેન રૂપી અરણિનું મથન કરવાથી પ્રગટ થ લો આ પૃથુનો કોઇ પણ શત્રુ તિરસ્કાર કરશે નહિ અને સમીપમાં રહ્યા છતાં પણ જાણે દૂર બેઠેલો હોય તેમ કોઇ શત્રુ મનથી પણ તેને જીતી શકશે નહિ.૧૧ પ્રાણી માત્રના બહારના અને અંદરનાં સર્વ કર્મોને દૂતો દ્વારા તપાસ કરતો આ પૃથુ રાજા જેમ સર્વ જીવોનો અધ્યક્ષ અને આત્મભૂત વાયુ હોય તેમ ઉદાસીન અને સમાન રહેશે. ૧૨ ધર્મના માર્ગમા એવો સત્યવાદી થશે કે અદંડ્યને કદાપિ દંડ દેશે નહિ અને પોતાનો પુત્ર પણ જો શિક્ષા કરવા યોગ્ય હશે તો તેને પણ શિક્ષા કરશે. ૧૩ પૃથુનું અખંડ શાસન માનસાચળ પર્વતથી પૂર્વે જ્યા જ્યાં સુધી ભગવાન ભાસ્કર પોતાના કિરણોથી તપે છે ત્યાં સુધી ચાલશે. ૧૪ પોતાના ચરિત્રોથી લોકોને તે રીઝવશે અને મનને આનંદકારી મનોહર વાકયોથી પ્રજાને આનંદ આપશે. પ્રજા પ્રસન્ન થવાથી "રાજા" એવું તમારૂં નામ પડશે. ૧૫ આ રાજા દૃઢ નિયમવાળો સત્ય પ્રતિજ્ઞાવાળો બ્રાહ્મણોનો ભક્ત વૃદ્ધ પુરૂષોનો સેવક શરણાગત વત્સલ સર્વને માન આપનાર અને દીનદયાળું થશે.૧૬

‡ આ અધ્યાયમા સર્વ લોકપાળોએ જેનો સત્કાર કર્યો હતો એવા પૃથુની રાણી સહિત મુનિ લોકોના કહેવાથી માગધોએ સ્તુતિ કરી એ કથા કહેવારો

પર સ્ત્રીઓને માતા સમાન ગણનારને પોતાની સ્ત્રીને પોતાનું અડધું અંગ સમજનાર પ્રજા ઉપર પિતાના જેવો પ્રેમ રાખનાર અને બ્રહ્મવાદી બ્રાહ્મણોનો દાસ થશે. દેહધારીઓને પોતાના આત્મા જેવો પ્રિય સુહૃદોના આનંદની વૃદ્ધિ કરનાર વૈરાગ્યવાન સત્પુરૂષોનો સમાગમ કરનાર અને દુષ્ટોને દંડ દેનાર થશે. આ રાજામાં સાક્ષાત ત્રિભુવન નાયક નિર્વિકાર ભગવાન પોતે વસેલા છે અને પોતાની કળાથીજ તેમણે અવતાર ધારણ કરેલો છે. આ મહારાજાધિરાજ પૃથુ ઉદયાચળ પર્વતથી લઇ સર્વ ભૂમંડળની સૂર્ય નારાયણ પ્રદક્ષિણા કરે તેમ એકલોજ જયપ્રદ રથમાં બેસી હાથમાં ધનુષ રાખી ભૂમંડળની રક્ષા કરવા માટે ધરાની પ્રદક્ષિણા કરશે ૨૦ આ પૃથુ રાજા જ્યાં જ્યાં જશે ત્યાં ત્યાં લોકપાળો અને રાજાઓ સર્વ તેને ભેટ આપશે. રાજાઓની સ્ત્રીઓ આ આદિરાજને વિષ્ણુ ભગવાનની કળા માની તેના યશ ગાશે.૨૧ વળી પ્રજાની આજીવિકા ઉપજાવી આપનાર આ રાજા ગાય રૂપ ધરાનું દોહન કરશે અને લીલા માત્રથી પોતાના ધનુષની અણીવડે પર્વતોને તોડીને સર્વ પૃથ્વીને ઇન્દ્ર જેમ સમાન કરે તેમ સમાન કરશે. ૨૨ જેમ સિંહ પુછડું ઉંચું કરીને વનમા ફરે અને મૃગ આદિ પ્રાણીઓ નાશી જાય તેમ આ રાજા જ્યારે પોતાના આજગવ ધનુષનો ટંકાર કરી નિર્દ્વંદ્વ થઇ સંગ્રામમાં ફરશે ત્યારે સર્વ દિશાઓમાંથી દુષ્ટ લોકો નાશી જશે. જ્યાં સરસ્વતી નદી પ્રકટ થાય છે ત્યા આ રાજા સો અશ્વમેધ યજ્ઞ કરશે અને છેલ્લો યજ્ઞ ચાલતો હશે તે સમયે ઇન્દ્ર તેના ઘોડાને હરી જશે. ૨૪ તે પોતાના ઘરની પાસે ઉપવનમાં ભગવાન સનત્કુમારને એકલોજ મળી શ્રદ્ધાપૂર્વક ભક્તિથી તેમનું આરાધન કરી સાક્ષાત વાસુદેવ ભગવાનના બ્રહ્મૈક જ્ઞાનને મેળવશે. ૨૫ આ મહા પરાક્રમી પૃથુ રાજાના યશ પ્રજા સ્થળે સ્થળ મધુર વાણીથી ગાશે ત્યારે પોતાના પરાક્રમની વાત પોતાને કાનેજ તે સાંભળશે. ૨૬ પૃથુરાજાની આજ્ઞાનો કોઈ પણ ભંગ કરશે નહિ. સર્વ દિશાઓને જીતી અર્થાત દિગવિજય કરી પોતાના તેજથી સર્વ લોકોના દુઃખને તે દૂર કરશે અને દેવ તથા દાનવોના રાજાઓ જેનો મહા પ્રતાપ ગાય છે એવો આ મહાનુભાવ પૃથ્વીનો પતિ થશે. ૨૭

दिशो विजित्या प्रतिरुद्धचक्रः
स्वतेजसोत्पाटित लोक शल्यः ॥
सुरा ऽरैंद्ररुपगीयमानो
महानुभावो भविता पतिर्भुवः ॥२७॥
इतिश्रीमद्भागवतेमहापुराणेचतुर्थस्कंधे
षोडशोध्यायः

અધ્યાય ૧૭ મો.‡

અણુખેડ–કુંવારી પૃથ્વી.

मैत्रेय उवाच

एवं स भगवान् वैन्यः ख्यापितो गुणकर्मभिः
छंदयामासतान्कामैःप्रति ज्याभिनंद्यच ।१।

મૈત્રેય કહે છે કે–એ પ્રકારે ગુણ અને કર્મથી પ્રખ્યાત પૃથુ રાજાએ સ્તુતિ કરનારાઓને સત્કાર દઈ અને મનકામના પૂર્ણ કરીને પ્રસન્ન કર્યા ૧ બ્રાહ્મણાદિ ચારે વર્ણ નોકર મંત્રી પુરોહિત નગરનાં નર અને નારી દેશના લોકો કારીગરો તથા પ્રજા ઇત્યાદિ સર્વેના તેણે યથાઘટિત સત્કાર કર્યો. ૨

વિદુર પૂછે છે કે–અનેક રૂપ ધરનાર પૃથ્વીએ ગાયનું રૂપ કેમ ધારણ કર્યું ? અને જ્યારે પૃથુએ તેનું દોહન કર્યું ત્યારે તેનો વત્સ કોણ બન્યુ ? દોહવાનું પાત્ર શું હતું ? અને સ્વાભાવિક ઉંચી અને નીચી પૃથ્વીને પૃથુએ સરખી કેમ કરીને કરી? તેના પવિત્ર

‡ આ અધ્યાયમા લોકોની ક્ષુધા શાન્ત કરવા પૃથુએ બીજ ગળી ગયેલી એવી પૃથ્વીનો વધ કરવાનો ઉદ્યોગ કર્યો જેથી કરીને પૃથ્વીએ સ્તુતિ કરી એ કથા કહેવાશે.

યજ્ઞના ઘોડાને ઇન્દ્ર શા માટે હરી ગયો ? ૪ હે બ્રહ્મન ! વેદવાદિયોમાં શ્રેષ્ઠ ! ભગવાન સનત્કુમાર પાસેથી પરમ જ્ઞાનને પામી પૂર્ણ થઈ તે રાજર્ષિ કયી ગતિને પામ્યા ? ૫ શ્રી કૃષ્ણ ભગવાનના બીજા પણ જે જે પુણ્યદા યશ અને પવિત્ર યશ પૃથુની કથાને આશ્રિત હોય તે મને સંભળાવો. વેનના અંગથી ઉત્પન્ન થઇ ભગવાન પૃથુએ પૃથ્વીનું શા માટે દોહન કર્યું ? તે આપ મને કહો.

સૂત કહે છે કે—જ્યારે વિદુરે વાસુદેવ ભગવાનની કથા કહેવાને આ પ્રમાણે પ્રેરણા કરી ત્યારે તેમની પ્રશંસા કરી પ્રસન્ન મનથી મૈત્રેય તે નીચે પ્રમાણે કહેવા લાગ્યા.

મૈત્રેય કહે છે કે—હે વિદુર ! જ્યારે બ્રાહ્મણોએ પૃથુને રાજ્યાભિષેક કર્યો અને મોટો પ્રજાપાળક બનાવ્યો ત્યારે સર્વ ધરા તળ અન્ન રહિત થઇ ગયેલું હતું. સર્વ પ્રજા ક્ષુધાર્ત થઇ પીડાતી હતી પોતાના રાજા પાસે જઇને તે કહેવા લાગી કે—હે રાજન ! અમને ક્ષુધા બહુ પીડે છે. જેમ ઝાડના મધ્યમા રહેલો અગ્નિ વૃક્ષને બાળે છે તેમ જઠરાગ્નિથી અમે સર્વે પીડાઇએ છીએ. હે શરણાગત વત્સલ ! અમે તમારે શરણે આવ્યા છીએ, કારણ કે બ્રાહ્મણોએ આપને અમારા રાજા બનાવ્યા છે. ૧૦ હે પૃથ્વીનાથ ! અમારૂં રક્ષણ કરો, ક્ષુધાથી અમારા પ્રાણ જતા રહેશે માટે અમારા સંરક્ષણ સારૂં આપ એવો ઉપાય કરો કે જેથી અમને અન્ન મળે. હે નરદેવ ! એટલી ઉતાવળથી આ કામ કરો કે જેથી અન્ન વગર અમે મરણ પામીએ નહિ, કારણ કે મુવા પછી અન્ન શા કામનું ? પરમાત્માએ આપને જીવિકાના પતિ અને લોકોના પાળક બનાવ્યા છે. ૧૧

મૈત્રેય કહે છે કે—હે વિદુર ! પ્રજાનો કરૂણાજનક વિલાપ સાભળી પૃથુએ ઘણા સમય સુધી વિચાર કર્યો ત્યારે જણાયું કે, પૃથ્વી અન્નનાં બીજને ગળી ગઇ હતી. ૧૨ આ પ્રમાણે બુદ્ધિથી નિશ્ચય કરી ધનુષ હાથમાં લઇ જેમ ત્રિપુરાસુરને મારવા શિવે ધનુષ ચઢાવ્યું હતું તેમ તેણે પૃથ્વીને મારવા કાળના સમાન ક્રોધ કરી એક બાણ ધનુષ ઉપર ચઢાવ્યું.૧૩ જ્યારે ક્રોધથી રાતાં ચોળ નેત્રવાળો અને ધનુષ ચડાવેલો તેને જોયો ત્યારે પૃથ્વી ભયથી થરથર ધ્રુજવા લાગી અને વ્યાઘ્રની બીકથી જેમ હરિણી નાસે તેમ ગાયનું રૂપ ધારણ કરી ભયભીત થઇને નાઠી. પૃથ્વીને નાસતી જોઇ પૃથુરાજા ક્રોધયુક્ત થઈ રીસ ચઢાવી ધનુષ બાણ લઇ તેની પાછળ પડયો. જ્યાં જ્યાં પૃથ્વી ગઈ ત્યાં ત્યાં રાજા તેની પાછળ ગયો. ૧૫ દિશા વિદિશા ભુર્લોક સ્વર્ગલોક તેની મધ્ય ને અંતરિક્ષમાં જ્યાં જ્યાં તે ગઈ તે તે સ્થાનોમાં પૃથુને શસ્ત્ર લઈ પાછળ આવતો જોયો. સર્વ લોકપાળો તેથી અત્યંત શોકાકુળ થઈ ગયા. ૧૬ જેમ પ્રજા મૃત્યુ સામે થરથર કંપે તેમ પૃથ્વી પણ કંપી ગઇ. જ્યારે કયાંય શરણ ન મળ્યું ત્યારે સંતપ્ત હૃદયથી ઉદ્વિગ્ન થઇ તે પાછી ફરી અને મસ્તક નમાવી પૃથુને કહેવા લાગી કે—હે ધર્મજ્ઞ ! હે શરણાગત પ્રતિપાળક ! આપ સર્વ પ્રાણીઓનું સંરક્ષણ કરવાને નિર્માણ થયા છો તો મારૂં પણ રક્ષણ કરો. ૧૮ નિરપરાધિની અને દીન જે હું તેને શા માટે મારો છો ? આપ ધર્મજ્ઞ છો પછી અબળા એવી જે હુ તેને શી રીતે મારશો ? ૧૯ સ્ત્રી અપરાધ કરે તોપણ સાધારણ લોકો સ્ત્રિયોને પ્રહાર કરતા નથી અને આપ તો દીનવત્સલ છો તો પછી આપ કેમ પ્રહાર કરો.૨૦ જેમાં સર્વ વિશ્વ રહેલું છે એવી દૃઢ વહાણ રૂપી જે હું તેને ભાગીને આ સંસારને અને આપના શરીરને જળમાં શી રીતે ધારણ કરી શકશો ? ૨૧

પૃથુ બોલ્યો કે—હે પૃથ્વી ! તેં મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું એથી હુ તને માર્યા વગર રહીશ નહિ, કારણ કે યજ્ઞમાં તું તારો

ભાગ લે છે અને ધાન્યાદિક ઉપાર્જન કરતી નથી. ૨૨ ગાય રૂપે પ્રતિ દિવસ ઘાસ ચર્યા કરવા છતાં તું દૂધ આપતી નથી. તું દુષ્ટ છે તેથી તને દંડ આપવો અનુચિત નથી. બ્રહ્માનાં રચેલાં સર્વ ઔષધિઓનાં બીજ તેં તારા શરીરમાં રોકી રાખેલાં છે તેને મંદ બુદ્ધિવાળી જે તું તે મારૂં અપમાન કરીને આપતી નથી. ૨૪ મારાં બાણોથી હું તને મારીશ પ્રજા ભૂખથી અતિ પીડા પામે છે તેને તારૂં માંસ ખવરાવી શાન્ત કરીશ. ૨૫ પુરૂષ સ્ત્રી નપુંસક અને પોતાની પ્રશંસા પોતે કરનાર પ્રજાને કલેશ કરાવનાર દયાહીન સાધુઓને દ્રોહ કરનાર અને અધમને મારવો એ રાજાને ધર્મ છે. ૨૬ અરે! કુમતિથી ભરેલી તેં કપટથી ગાયનુ રૂપ ધારણુ કરેલું છે પણ હું તારા કટકા કરી મારા અનુપમ યોગબળના પ્રતાપે પ્રજાને જળ ઉપર ધારણુ કરીશ ૨૭ શું તેં હજી મારો પ્રતાપ જાણ્યો નથી? આ પ્રમાણે ક્રોધમય મહા કરાળ મૂર્તિ પૃથુને જોઇ ધરિણી નમ્ર થઇ પ્રણામ કરી હાથ જોડી થરથર કંપતી આમ કહેવા લાગી. ૨૮

પૃથ્વીએ કહ્યું કે—હે પુરૂષશાર્દૂલ! નાના પ્રકારની માયાએ કરીને શરીર ધારણુ કરનાર આત્મસ્વરૂપના અનુભવથી દૂર રહેનાર દ્રવ્ય ક્રિયા અને કારક સંબંધી અહંકાર રાખનાર અને રાગ દ્વેષાદિ રહિત ધર્મજ્ઞને હું વારંવાર પ્રણામ કરૂં છું. ૨૯ બ્રહ્માએ પોતે ઉત્પન્ન કરેલા જીવોને રહેવા માટે મને રચેલી છે અને પ્રાણી માત્રના આધાર રૂપ બનાવેલી છે. મારી ઉપર જરાયુજ સ્વેદજ અંડજ અને ઉદ્ભિજ એ ચારે પ્રકારના જીવો વાસ કરે છે. તેજ સ્વતંત્ર વિશ્વનાથ આજ હાથમાં ધનુષ બાણ લઇ મને મારવા તૈયાર થયેલા છે તો હું હવે એવા પરમાત્માને છોડી બીજા કોને શરણે જાઉં? ૩૦ જે પરમેશ્વરે જીવ વિષયક પોતાના તર્કમાં ન આવે એવી માયાએ કરીને સૃષ્ટિના આદિમાં આ ચરાચર જગત ઉત્પન્ન કરેલું અને જે હમણાં પોતાની તેજ માયાથી જગતની રક્ષા કરવા ઉદ્યત થયેલા છે તે ધર્મ પરાયણ પરમાત્મા મને કયા પ્રકારે મારવા ઇચ્છો છે? ૩૧ આપની દુર્જય માયાથી વિક્ષિપ્ત ચિત્તવાળા લોકો આપની ઇશ્વરી ચેષ્ટાને જાણી શકતા નથી કે જે પોતે એક છતાં પણ માયાથી અનેક રૂપે આપ સ્વતંત્ર ઇશ્વરે આ વિશ્વ બનાવ્યું અને બ્રહ્માદિદ્વારા પણ ચરાચર જગતને ઉત્પન્ન કરાવ્યું છે. ૩૨ દ્રવ્ય ક્રિયા કારણને ચૈતન્ય આત્માએ કરીને જે પરમેશ્વર મહાભૂત ઇન્દ્રિયો દેવતા બુદ્ધિ અને અહંકાર રૂપે પોતાની શક્તિયોથી આ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને સંહાર કરે છે તથા વૃદ્ધિ પામેલી શક્તિયોને રોકી રાખનાર સર્વના સ્વામી એવા જે પરમ પુરૂષ છે તેમને હું પ્રમાણ કરૂં છું. હે વિભો! આપે આપની માયાવડે રચેલા મહાભૂત ઇન્દ્રિય અંતઃકરણાત્મક આ વિશ્વને ઉત્તમ રીતે સ્થિત કરવા વરાહ રૂપ ધારણ કરી હિરણ્યાક્ષ દૈત્યને મારી રસાતળથી મારો ઉદ્ધાર કર્યો હતો. ૩૪ જળ ઉપર નાવ રૂપથી સ્થિત આધાર ભૂત મારા ઉપર રહેલી પ્રજાનું સંરક્ષણ કરવાની ઇચ્છાથી આજ પૃથુ રૂપે પ્રજાનું સંરક્ષણ કરવાની ઇચ્છાથી તમે પ્રકટ થયા છો. આપ કેવળ દૂધને માટેજ ઉગ્ર બાણ ચડાવી મને મારવા ઇચ્છો એ મહા આશ્ચર્યની વાર્ત્તા કહેવાય? ૩૫ મહારાજ! આપની સંસાર રૂપી માયાથી અમારા જેવા મનુષ્યોની ચિત્ત વૃત્તિ અવશ્ય મોહમાં પડી જાય છે. આપના ભકતોથી પણ જ્યારે જાણી શકતી નથી ત્યારે અમે આપની ચેષ્ટા કેવી રીતે જાણી શકીએ? માટે પરમેશ્વરની પેઠે જીતેન્દ્રિય પુરૂષોના યશ ગાનાર તમારા ભકત લોકોને પણ મારા પ્રણામ છે.

नूनं जनैरीहितमीश्वराणा
मस्मद्विधैस्तद्गुणसर्गमायया ।
न ज्ञायते मोहित चित्तवर्त्मभि-
स्तेभ्योनमो वीरयशस्करेभ्यः ॥ ३६ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेचतुर्थस्कन्धे
सप्तदशोध्यायः

અધ્યાય ૧૮ મો.‡

પૃથુએ કરેલું પૃથ્વીનું દોહન.

मैत्रेय उवाच

इत्थं पृ[illegible]मभिष्टयरुषा प्रस्फुरिताधरम् ।
[illegible]नराहावनिर्भीतासंस्तभ्याऽऽत्मानमात्मना॥

મૈત્રેય કહે છે કે—ક્રોધથી જેનો નીચલો ઓઠ ફરકતો હતો એવા પૃથુ રાજાની સ્તુતિ કરીને ભયભીત પૃથ્વી બુદ્ધિથી મનને સ્થિર કરી પછી કહેવા લાગી. ૧ હે નૃપેન્દ્ર ! આપ ક્રોધને શાન્ત કરો અને મને અભયદાન આપી હું જે વિનતિ કરૂં તે શ્રવણ કરો. જેમ ભ્રમર પુષ્પનો રસ લે તેમ જે બુદ્ધિમાન વિચક્ષણ લોક હોય તે સર્વ વસ્તુનો સાર ગ્રહણ કરી લે છે. ૨ આ લોકમાં અને પરલોકમાં તત્ત્વવેત્તા મુનિઓએ મનુષ્યોના કલ્યાણની સિદ્ધિને માટે ખેતીવાડી અને અગ્નિહોત્રાદિક યોજ્યાં છે અને તેઓએ અનુષ્ટાન કરેલ છે. એ મહાત્મા પુરૂષોએ જે ઉપાયો બતાવ્યા છે તે ઉપાયો પ્રયત્નથી જેઓ શ્રદ્ધા સહિત સારી રીતે સાવધાન થઇ અનુષ્ઠાન કરે છે તે ઉપાયોથી પ્રાપ્ત થવા યોગ્ય પદાર્થોને વિના પરિશ્રમે પ્રાપ્ત કરે છે. ૪ વિદ્વાનોએ બતાવેલા ઉપાયોનો અનાદર કરી બીજી રીતે પોતાની બુદ્ધિથી ઉપાય કરે તેના ઉપાયથી કાર્ય સિદ્ધ થતું નથી. ૫ હે રાજા ! બ્રહ્માએ પ્રથમ જે અન્ન ઉત્પન્ન કર્યું હતું તે વેન આદિ વ્રતહીન દુષ્ટ રાજાઓના ઉપયોગમાં આવતું મેં જોયું. ૬ વળી લોકપાળ આપ જેવા મહાત્માઓએ પણ મારૂં પાલન કર્યું નહિ અને આદર પણ કર્યો નહિ તથા સર્વ દેશ ચોરવાળો થઇ ગયો તેથી યજ્ઞને માટે બીજ રાખવાના હેતુએ હું ઔષધિઓને ગળી ગઇ. લતાઓ ઘણો કાળ થઇ જવાથી હવે મારા શરીરમાં જીર્ણ થઇ ગઇ માટે જે ઉપાય પૂર્વજોએ બતાવેલો છે તે ઉપાય દ્વારા આપ મારામાંથી તે લઇ લ્યો. ૮ હે વીર ! પ્રથમ તો એક વાછડાની કલ્પના કરો, બીજું તેવું જ દોહવાનું પાત્ર ઠરાવો કે જેથી આપની પ્રીતિ પાત્ર હું દુગ્ધમય સર્વ કામનાઓ પૂર્ણ કરૂં. હે મહાબાહુ ! જો આપ પ્રાણિયો માટે મન વાચ્છિત અન્નની ઇચ્છા કરતા હો તો એક દોહનાર પણ ઠરાવો. ૧૦ હે રાજન્ ! આપનું કલ્યાણ થાઓ. હું જે ઉંચી નીચી છું તેને આપ બરાબર કરો કે જેથી વર્ષાઋતુ વ્યતીત થાય તોપણ ઇન્દ્રનું વરસાવેલું જળ મારા ઉપર સરખું રહે. ૧૧ આ પ્રમાણે પૃથ્વીનાં હિતકારી વચન સાંભળી પૃથુરાજાએ મનુને વાછડો બનાવી હાથમા બીજ વગેરે સર્વ ઔષધિઓ દોહી લીધી. પૃથુ રાજાની પેઠે બીજા પંડિતોએ પણ સાર ગ્રહણ કરી લીધો બીજા પ દર જણાએ પૃથુ રાજાએ વશ કરેલી ભૂગાયમાંથી નાના પ્રકારની વસ્તુઓ દોહી લીધી. ૧૩ હે વિદુર! ઋષિયોએ બૃહસ્પતિને વાછડો બનાવી ઇન્દ્રિયો રૂપ પાત્રમા પવિત્ર વેદમય દૂધને દોહ્યું. ૧૪ દેવતાઓએ ઇન્દ્રને વાછડો બનાવી સુવર્ણમય પાત્રમાં અમૃત ઓજ મનશક્તિ અને દેહશક્તિ રૂપ દૂધને દોહ્યું ૧૫ દૈત્ય અને દાનવોએ પ્રહ્લાદને વાછડો બનાવી લોઢાના વાસણમા મદિરા રૂપી દૂધને દોહ્યું. ૧૬ ગંધર્વ અને અપ્સરાઓએ પદ્મમય પાત્રમાં વિશ્વાવસુને વાછડો બનાવી વાક્માધુરી સૌન્દર્ય સહિત ગાયન વિદ્યા રૂપી દૂધ દોહ્યું. ૧૭ શ્રાદ્ધના અધિષ્ઠાતા પિતરોએ અર્યમા નામના પિતૃને વાછડો બનાવી માટીના કાચા વાસણમાં કવ્ય રૂપી દુધને દોહ્યું સિદ્ધ જનોએ ભગવાન કપિલન વત્સ બનાવી અણિમાદિ સિદ્ધિયોનું દોહન કર્યું અને વિદ્યાધર આદિએ આકાશ રૂપી વાસણમાં ખેચરી વિદ્યા રૂપી દૂધને દોહ્યુ. ૧૯ માયાવી કિંપુરૂષ આદિ અર્ધ્ધ દેવોએ મય દૈત્યને વત્સ બનાવી

‡ આ અધ્યાયમા પૃથ્વીના કહેવાથી વત્સ પાત્ર આદિ બનાવી, પૃથુ આદિ સર્વ લોકોએ પોતપોતાનું દૂધ દોહ્યું એ કથા કહેવાશે.

અંતર્ધાન થવાથી અદ્ભુત પ્રકૃતિવાળા પુરૂષોના સંગથી અને સંકલ્પ માત્રથી ઉત્પન્ન થનારી માયાને દોહી કાઢી ૨૦ માંસ ખાનાર યક્ષ રાક્ષસ ભૂત અને પિશાચોએ રૂદ્રને વત્સ બનાવી કપાળમાં રૂધિર રૂપી રસ દોહી લીધો. ૨૧ અહિ સર્પ નાગ અને વીંછી વગેરે ઝેરી જીવોએ તક્ષક નાગને વત્સ બનાવી દર રૂપી પાત્રમા વિષ રૂપી દૂધને દોહ્યુ. ૨૨ પશુઓએ નંદકેશ્વરને વત્સ બનાવી વન પાત્રમા લતા ઘાસ રૂપી દૂધને દોહ્યું. દાઢોવાળાં માંસહારી જાનવરોએ સિંહને વાછડો બનાવી પોતાના શરીર રૂપી પાત્રમા માંસને દોહ્યું અને પક્ષિયોએ ગરૂડને વત્સ બનાવી કીડા અને ફળ આદિ દૂધને દોહ્યું. ૨૪ વૃક્ષોએ વડને વાછડો બનાવી જુદા જુદા રસ મય દૂધને દોહ્યું, પર્વતોએ હિમાલયને વત્સ બનાવી પોતાના શિખર રૂપ પાત્રોમા અનેક ધાતુઓનું દોહન કર્યુ.

આ પ્રમાણે સર્વેએ પોતપોતાનામાં જે અગ્રણી હતો તેને વાછડો બનાવી પોતપોતાના વાસણમા સર્વ કામના પૂર્ણ કરનારી પૃથુએ વશ કરેલી પૃથ્વીથી જુદા જુદા પદાર્થો રૂપી વસ્તુઓ દોહી લીધી. ૨૬ હે વિદુર! આ પ્રમાણે અન્નનું ભોજન કરનાર પૃથુ આદિ સર્વ પુરૂષોએ પાત્ર અને વત્સ આદિને બદલીને પોતપોતાના મનોવાંચ્છિત અન્નને દોહી લીધાં. ૨૭ પછી પૃથુ રાજા પૃથ્વી ઉપર બહુજ પ્રસન્ન થયા અને સર્વ કામના પૂરનારી પૃથ્વીને પોતાની પુત્રી કરી તેના ઉપર બહુ વાત્સલ્ય રાખવા લાગ્યા. ૨૮ રાજાધિરાજ મહાસમર્થ પૃથુએ પોતાના ધનુષની અણીથી પર્વતોનાં શિખરોને ચૂર્ણ કરી ભૂમંડળને ચારે બાજુએ સરખું કર્યું. ૨૯ પછી પ્રજાને પિતા સમાન આજીવિકા આપનાર પૃથુએ પૃથ્વી ઉપર યથાયોગ્ય રહેવા માટે જુદાં જુદાં ગામ પુર નગર અનેક પ્રકારના કિલ્લા આયોના ગોષ્ટ આયર લોકોને રહેવાનાં સ્થાન ખેડુત લોકોનાં ગામ તથા ડુંગરી ગામોની સ્થાપના આદિ અનેક નિવાસની સ્થાપનાઓ કરી. ૩૧ પૃથુ રાજાની પહેલાં આ ધરા ઉપર ગામ અને પુર આદિની રચના ન હતી પરંતુ સઘળા લોકો નિર્ભય થઈ મરજી પ્રમાણે જ્યાં આરામ જોતા ત્યાં રહેતા હતા. ૩૨

प्राकपृथोरिह नैवैषा पुरग्रामादिकल्पना।
यथासुखं वसंतिस्म तत्र तत्राकुतोभयाः

इतिश्रीमद्भागवतेम ापुराणेचतुर्थस्कंधे
अष्टादशोध्यायः

અધ્યાય ૧૯ મો.†

ઇન્દ્ર અને પૃથુનો વિગ્રહ.

मैत्रेय उवाच

अथादीक्षित राजा तु हयमेध शतेन सः।
ब्रह्मावर्ते मनोः क्षेत्रे यत्र प्राचीसरस्वती॥

મૈત્રેય કહે છે કે—પછી પૃથુ રાજાએ જ્યાં સરસ્વતી વહે છે ત્યાં મનુના બ્રહ્માવર્ત ક્ષેત્રમાં સો અશ્વમેધ યજ્ઞ કરવાનો સંકલ્પ કર્યો. ૧ ઇંદ્રે પૃથુનો એ અભિપ્રાય જાણ્યો કે, જો પૃથુ રાજાના સો યજ્ઞ પૂર્ણ થશે તો તે મારૂં ઇંદ્રાસન લઇ લેશે એથી પૃથુ રાજાના યજ્ઞ સંબંધી મહોત્સવને ઇન્દ્ર સહન કરી શકયો નહિ. ૨ પૃથુના યજ્ઞમાં યજ્ઞપતિ સાક્ષાત ભગવાન વાસુદેવ ઈશ્વર સર્વાત્મા સર્વ લોકોના ગુરૂ શ્રી ભગવાન પ્રકટ થયા હતા. ૩ જેની સાથે ચતુરાનન બ્રહ્મા પંચાનન મહાદેવ લોકપાળ અને લોકપાળના અનુચર ઉપસ્થિત થયા હતા. ગંધર્વ મુનિ તથા અપ્સરાઓ તેમના ગુણાનુવાદ ગાઇ રહ્યાં હતાં. સિદ્ધ વિદ્યાધર દૈત્યદાનવ યક્ષ સુનંદ—નંદ આદિ ભગવાનના મુખ્ય પાર્ષદ ભગવાન કપિલ દેવ બ્રહ્માના પુત્ર દેવર્ષિ નારદ દત્તાત્રેય

† આ અધ્યાયમા અશ્વમેધના અંગભૂત ઘોડાને હરી જવાથી પૃથુ રાજા ઇદ્રને મરવા તૈયાર થયા અને બ્રહ્માએ તેમને વાર્યા એ કથા કહેવાશે.

સનકાદિક યોગેશ્વર અને બીજા પણ જે ભગવદ્ભક્ત અને ભગવાનની સેવામા ઉત્સુક હતા તે સર્વ ભગવાનની પાછળ ત્યાં આવ્યા. હે વિદુર! જ્યાં સર્વ કામનાઓ પૂર્ણ કરનારી પૃથ્વી ગાયનું રૂપ ધારણ કરી મહારાજા પૃથુના સર્વ મનોરથ પૂર્ણ કરતી હતી. ૭ નદિયોમાં જળ ને ગાયોમા દહીં ક્ષેત્રોમાં અન્ન અને ગોરસ આદિ સર્વ પદાર્થો થવા લાગ્યા. નાના પ્રકારનાં ઝાડ ને વનસ્પતિ મધને ઝરતાં ફળ આદિ પદાર્થ પ્રકટ કરવા લાગ્યાં. સમુદ્રે રત્નોના સમૂહ આપ્યા, પર્વતોએ ચાર પ્રકારનાં અન્ન ભક્ષ્ય ભોજ્ય ચોષ્ય અને લેહ્ય પ્રકટ કર્યાં લોકપાળો સહિત સર્વેએ રાજાને ભેટ અર્પણ કરી. ૯ આ પ્રમાણે મહારાજા પૃથુના અત્યંત ઉદયવાળા કર્મને જોઇ ઇન્દ્રના મનમાં ઇર્ષા થઇ. પૃથુના કર્મને તે સહન કરી શક્યો નહિ, અને પોતાના મનમાં બહુ જ દુઃખ માનવા લાગ્યો. સ્થળે સ્થળ પૃથુના યશ સાંભળવા માં આવવા લાગ્યા. સિદ્ધ ચારણ ગંધર્વ વગેરે પૃથુના યજ્ઞમાં ગયા. તેઓએ તેના યશનું ગાન કરી બહુ પ્રશંસા કરી. આજ પૃથુના વૈભવ પાસે ઇન્દ્રનો વૈભવ કુચ્છ નથી. આજ આ પૃથુ ત્રણ લોકનો ધણી છે અને ઇન્દ્ર તેના સેવક જેવો છે. લાજને લીધે અભિમાની એવો ઇન્દ્ર પૃથુના યજ્ઞમાં આવ્યો નથી. મુનિયોના મુખથી પણ સુરેન્દ્રે પોતાની નિન્દાનાં વચન સાંભળ્યાં. સુરપતિ બહુ જ નાખુશ થઈ વજ્ર હાથમાં લઇ સભાની વચમાં ગંભીર વાણીથી બોલ્યો કે, ચૌદ ભુવનમાં મારો ઉજ્વળ યશ પ્રકાશી રહ્યો છે. આજ એવો કોણ બળવાન છે કે જે મારા બળની બરાબરી કરી શકે? એક ક્ષુદ્ર ક્ષત્રિય પૃથ્વી ઉપર છે તેને હું સારી રીતે જાણું છું કે તે મહા દુષ્ટ વેનનો પુત્ર છે. વેનને ઋષિયોએ શાપ દઇ ભસ્મ કર્યો હતો તેના મૃત શરીરમાંથી તેનો જન્મ છે. થોડી પ્રભુતા મળી છે તેને તમે પૃથ્વીપતિ કહો છો. પાપી વેનના અંગથી એક કન્યા પણ ઉત્પન્ન થઇ હતી તે પોતાની બેનને તેણે પોતાની પત્ની બનાવી છે અને પ્રજાએ તેના મસ્તક ઉપર છત્ર ધારણ કરી તેને રાજા બનાવ્યો છે. હું આજેજ તેનો યજ્ઞ નાશ કરી તેનું મસ્તક કાપીશ. મારા વજ્રથી તે બચશે નહિ. આ પ્રમાણે કહી ઇન્દ્ર ઐરાવત ઉપર બેસી વજ્ર હાથમાં લઈ અત્યંત ક્રોધથી પૃથુના યજ્ઞનો વિદ્ધંશ કરવા ગયો. એ સમયે પૃથુના નવાણું યજ્ઞ પૂર્ણ થયા હતા અને સોમો યજ્ઞ ચાલતો હતો. યજ્ઞશાળા પાસે આવી યજ્ઞ થતો જોઇ તે મનમાં વિચાર કરવા લાગ્યો કે જો હું આ યજ્ઞમાં વિઘ્ન કરીશ તો મહાવીર યોદ્ધાઓ જે રક્ષણને માટે બેઠા છે તે અવશ્ય મારી સાથે યુદ્ધ કરશે માટે યજ્ઞના ઘોડાનું હરણ કરવું કે જેથી યજ્ઞ ભંગ થાય. યજ્ઞનો ઘોડાજ ન હોય તો પછી યજ્ઞ શું કામનો? અને તેમ થવાથી બ્રહ્મા મહાદેવ વગેરે સર્વ પોત પોતાને સ્થળે ચાલ્યા જશે અને કેવળ પૃથુ એકલો રહેશે જેથી પછી તેને મારવો અશક્ય નથી. આ પ્રમાણે ઇન્દ્રે મનમા વિચાર કર્યો. છેલ્લો સોમો અશ્વમેધ યજ્ઞ કરી પૃથુ ભગવાનનું યજન કરવા લાગ્યા ત્યારે અદેખા ઇન્દ્રે અંતર્ધાન રહી યજ્ઞના ઘોડાનું હરણ કર્યું. ૧૧ તે સમયે ભગવાન અત્રિ ઋષિયે ઇન્દ્રને આકાશ માર્ગે નાસતો જોયો. આ સમયે ઇન્દ્રે અધર્મમાં ધર્મની ભ્રાન્તિ કરાવનાર પાખંડ વેષ ધારણ કર્યો હતો. ૧૨ ઇન્દ્રને જતો જોઈ અત્રિ ઋષિએ મહારથી પૃથુના પુત્રને પ્રેરણા કરી. કોપાયમાન થયેલો પૃથુનો પુત્ર તેની પાછળ દોડયો અને "ઉભો રહે ઉભો રહે" એમ મોટેથી બોલાવા લાગ્યો. ઇન્દ્રને જટા ધારણ કરેલ તથા ભસ્મ ચોળેલો યતિ જોઇ પૃથુના પુત્રે જાણ્યું કે આ કોઈ મૂર્તિમાન ધર્મ છે એથી તેની ઉપર બાણ પ્રયોગ કરવો યુક્ત નથી. જ્યારે પૃથુનો પુત્ર તેનો વધ કરતાં અટક્યો ત્યારે તેના વધ માટે અત્રિ મુનિએ

પુનઃ પ્રેરણા કરી કે—હે તાત ! એને માર, એ તારા પિતાના યજ્ઞનો ભંગ કરનાર દેવતાઓમાં અધમ ઇન્દ્ર છે. ૧૫ અત્રિ ઋષિનાં આવાં વચન સાંભળી જેમ ગીધનો રાજા જટાયુ રાવણની પાછળ દોડયો હતો તેમ તે ઇન્દ્રની પાછળ ક્રોધ કરી દોડયો. ૧૬ ઇન્દ્ર પૃથુના પુત્ર માટે ઘોડાનો તથા રૂપાન્તર સ્વરૂપનો ત્યાગ કરી અંતર્ધાન થઇ ગયો અને પૃથુનો પુત્ર પોતાના ઘોડાને લઇને પિતાના યજ્ઞમાં આવ્યો. ૧૭ હે વિદુર ! મહાત્મા ઋષિયોએ તેના આ અદ્‌ભુત ચરિત્રને જોઇ અને સુરેંદ્રનો પરાજય કરી ઘોડો લઇ આવેલો જોઇ તેનું 'વિજીતાશ્વ' નામ પાડયું ૧૮ ત્યાર પછી સમર્થ ઇન્દ્રે ગાઢ અંધકાર કરી તેમાં ગુપ્ત રહી સોનાની દોરી સહિત ઘોડાને ખીલેથી છોડી લીધો. ૧૯ અત્રિ ઋષિયે આકાશ માર્ગે ત્વરાથી ઇન્દ્રને પુનઃ નાસતો જોઇ પૃથુના પુત્રને તે બતાવી તેની પાછળ મોકલ્યો પણ તે સમયે ઇન્દ્રે મનુષ્યના મસ્તકની ખોપરી તથા ખાટલાનાં ઇસ ઉપળાં ધારણ કર્યાં હતાં તેથી તેને કોઇ ભિખારી ધારી પૃથુના પુત્ર વિજીતાશ્વે માર્યો નહિ. ૨૦ ફરીને અત્રિ મુનિએ ઇન્દ્રના વધ માટે વિજીતાશ્વને પ્રેરણા કરી ત્યારે ક્રોધ કરી તેણે ઇન્દ્ર ઉપર બાણ સાંધ્યું. ઇન્દ્ર ઘોડાને તથા પોતાના પાખંડી રૂપને છોડી અંતર્ધાન થઇ ગયો. ૨૧ શૂરવીર એવો પૃથુનો પુત્ર વિજીતાશ્વ ઘોડાને લઇ પોતાના પિતાના યજ્ઞમાં આવ્યો. ઇન્દ્રે જે પાખંડ વેશ ધારણ કર્યો હતો તે નિન્દનીય રૂપને મૂર્ખ અજ્ઞાની લોકોએ ધર્મ સમજી ગ્રહણ કર્યો. ૨૨ ઘોડાના હરણની ઇચ્છા માટે ઇન્દ્રે જે જે રૂપ ધારણ કર્યાં તે તે બધાં પાંખડ કહેવાય છે, કેમકે પા એટલે પાપ અને ખંડ એટલે નિશાની. ૨૩ પૃથુના યજ્ઞનો વિદ્ધંશ કરવાની ઇચ્છાથી ઘોડાના હરણ માટે ઇન્દ્રે જે જે રૂપ ધારણ કરી કરીને તજી દીધાં તે પાખંડોમાં લોકોની બુદ્ધિ ભમી ગઇ. ઇન્દ્રનાં રૂપો ઉપરથી જૈન બૌદ્ધ અને કાપાલિક વગેરે પાખંડી પંથો ઉત્પન્ન થયા કહેવાય છે. એ પંથોના આચાર્યોને ઉપરના દેખાવમાં સારા અને વાતના મુદ્દા લગાડવામાં કુશળ જોઇ લોકોની બુદ્ધિ તેમાં લાગી. હે વિદુર ! પાખંડીઓનો સંઘ પાપ અને અજ્ઞાનને ઉત્પન્ન કરનાર છે. ૨૫ ઇન્દ્રનો અનર્થ જોઇ તથા આવો દુષ્ટ અભિપ્રાય જાણી ભગવાન પૃથુએ અભિમાની ઇન્દ્ર ઉપર મહા કોપ કરી ધનુષ હાથમાં લઇ બાણ સંભાળ્યું તે સમયે એમ લાગ્યું કે જાણે બ્રહ્માંડના હમણાંજ કડકે કડકા થઇ જશે. હવે દિશાઓ તેથી બળવા લાગી અને સર્વત્ર લાલ જોવામાં આવ્યું. પૃથ્વી કંપવા લાગી ઉલ્કાપાત થવા લાગ્યા સમુદ્રે મર્યાદા મૂકી દિગ્ગજ ગર્જના કરવા લાગ્યા પ્રજા વ્યાકુળ થઇ અને ત્રિભુવનમાં હાહાકાર થઇ રહ્યો.૨૬ અસહ્ય પૃથુરાજનો ઇન્દ્રને મારવાનો અભિપ્રાય જાણી ઋષિયોએ કહ્યું કે—હે મહામતિ ! યજ્ઞમાં પશુના વધ શિવાય બીજાનો વધ કરવો યોગ્ય નથી. ૨૭ જો ઇન્દ્રને મારવાનો જ આપનો વિચાર હોય તો હે નૃપેન્દ્ર ! તમારા યશથી હણાઇ ગયેલી છે કાન્તિ જેની અને આપના અનર્થ નાશક મનોરથના વિદ્ધંશ કરનાર અભિમાની ઇન્દ્રને અમે અમારા પરાક્રમવાળા મંત્રોના બળે અહીં બોલાવીશું અને પછી હે નૃપનંદન ! આપના શત્રુ ઇન્દ્રને બળાત્કારે અગ્નિકુંડમાં હોમીશું. ૨૮ હે વિદુર ! આ પ્રમાણે પોતાના યજમાન પૃથુરાજ સાથે વાત કરી ઋષિયો હાથમાં સરવા લઇ આહુતિ આપવા લાગ્યા એટલામાં બ્રહ્માએ આવી મુનિયોને કહ્યું કે—તમારાથી ઇન્દ્ર ભસ્મ થવા યોગ્ય નથી કારણ કે જે ઇન્દ્રને મારવાની તમારી ઇચ્છા છે તે યજ્ઞરૂપ ભગવાન છે. યજ્ઞ દ્વારા તેનું યજન કરાય છે. તે સર્વ દેવતાઓનું સ્વરૂપ છે

ઇશ્વરનો પરમ મિત્ર છે. બીજું આ યજ્ઞ નામનો સાતમો ઇન્દ્ર સાક્ષાત ભગવાનનો અવતાર છે. ૩૦ હે બ્રાહ્મણો ! ઇન્દ્રનો વધ કરવામાં મહાપાપ છે માટે તમે ઇન્દ્ર સાથે મિત્રતા કરો. ઇન્દ્રે પૃથુના યજ્ઞ વિધ્વંશની ઇચ્છા કરી તેણે પાખંડ વેષ ધારણ કરીને ધર્મનો લોપ કરનાર અધર્મ ચલાવ્યો એટલોજ એનો દોષ છે. મોટી કીર્તિવાળા આ રાજાના સો યજ્ઞોમાં કદી એક ઓછો રહ્યો તો શું ?

આ પ્રમાણે બ્રાહ્મણોને કહી બ્રહ્મા પૃથુને કહે છે કે—હે પૃથો ! તેં ઘણા યજ્ઞ કર્યા. હવે વધારે યજ્ઞ કરવાનું પ્રયોજન નથી. કારણ કે મોક્ષ ધર્મનો તું જાણુ છે તુચ્છ ઇન્દ્ર પદને માટે આટલો પરિશ્રમ શો ? કારણ કે જેના સો યજ્ઞ પૂર્ણ થાય તે ઇંદ્ર થાય. તને ઇંદ્રાસનની જરૂર છે કે મોક્ષની ? જે અક્ષય કીર્તિ આજ પર્યંત સંસારમા વખણાય છે તે સુરેશને સ્વપ્નમાં પણ પ્રાપ્ત થવાની નથી. હે પૃથુરાજ ! ઇન્દ્ર તારૂં સ્વરૂપ છે માટે તું અને સુરેશ બન્ને ભગવાનનુ સ્વરૂપ છો એ વાત પ્રસિદ્ધ છે માટે તારા રૂપ ઇન્દ્ર ઉપર કોપ કરવો તને યોગ્ય નથી તારૂં કલ્યાણ થાઓ. હે મહારાજ! આ યજ્ઞ વિઘ્નની ચિંતા કરો માં અને મારાં વચન સાભળો જે કાર્યનો દૈવ વિનાશ કરે તેનું ચિત્તમાં જે પુરૂષ ધ્યાન કરે છે તે પુરૂષનું મન અતિરોષથી મોહમા પડી શાન્તિ પામતું નથી અને તેના કાર્યની સિદ્ધિએ થતી નથી.૩૪ યજ્ઞ કરવા જતા ઇન્દ્રનાં રચેલાં પાખંડોથી ધર્મમાં ફેરફાર થયો અને દેવતાઓને દુરાગ્રહ બંધાયો માટે આ યજ્ઞ બંધ રાખવો જોઇયે.૩૫ જે ઇન્દ્રે તમારા યજ્ઞનો ઘોડો ચોર્યો અને યજ્ઞ ભંગ કરવા નાના પ્રકારના ઉપદ્રવો કર્યા તે શક્રના રચેલા ચિત્તાકર્ષક નવા નવા પાખંડોથી લોકો ધર્મનો ત્યાગ કરી અધર્મમાં પ્રવૃત થશે તો તે આપના ભાગીદાર આપ થશો માટે ક્રોધનો ત્યાગ કરી આ દીન જનોની સામે દૃષ્ટિ કરો. વૈદિક ધર્મના અભાવે સર્વ વસ્તુ લોપ થઇ તેથી તેના શરીરથી લોકોમાં સાંખ્ય યોગાદિ નાના શાસ્ત્રના અનુરૂપ આપ ભગવદ્ કળા ઉત્પન્ન થયા છો. હે વેણુ વંશોદ્ભવ પૃથો ! ધર્મના સંરક્ષણ અને મહાત્માઓની રક્ષાને માટે આપે અવતાર લીધો છે. ૩૭ હે પ્રજાપતિ ! તમે આ જગતનું કલ્યાણ થાય એવો વિચાર કરી પ્રજાપતિયોના મનોરથ પૂર્ણ કરો. હે પ્રભુ ! પાખંડની જનેતા માયાનો તથા માયા રૂપ પ્રચંડ પાખંડ માર્ગનો નાશ કરો. ૩૮

મૈત્રેય કહે છે કે—આ પ્રમાણે જગત ગુરૂ બ્રહ્માએ રાજાને સમજાવ્યો ત્યારે પૃથુએ યજ્ઞનો આગ્રહ તજી ઇન્દ્ર સાથે સ્નેહ કર્યો. ૩૯ પછી જ્યારે પૃથુ યજ્ઞાંત સમયે દીક્ષાન્ત સ્નાનથી નિવૃત થયા ત્યારે તેમના યજ્ઞમાં વરદાન આપનાર દેવતાઓ તૃપ્ત થયા તેમણે પૃથુને વરદાન આપ્યાં. ૪૦ હે વિદુર ! શ્રદ્ધા પૂર્વક દક્ષિણા મળવાથી સત્ય આશિષવાળા બ્રાહ્મણો પૃથુને સત્કાર આશિર્વાદ દેવા લાગ્યા કે—હે મહાબાહુ ! આપના નિમંત્રણથી પિતૃ દેવતા ઋષિ મનુષ્ય અને અમે સર્વ આવ્યા છિયે તેઓનો આપે દાન અને માનથી સારો સત્કાર કર્યો. છે ૪૨

त्वयाहूता महाबाहो सर्व एव समागताः।
पूजिता दानमानाभ्यां पितृ देवर्षि मानवाः

इतिश्रीमद्भागवतेमहापुराणेचतुर्थस्कंधे
एकोनविंशोध्यायः

અધ્યાય ૨૦ મો.

પૃથુરાજાને ઉપદેશ.

मैत्रेय उवाच

भगवानपि वैकुंठः साकं मघवता विभुः॥
यज्ञैर्यज्ञपतिस्तुष्टो यज्ञ भुक्तमभाषत ॥ १ ॥

મૈત્રેય કહે છે કે—શ્રી ભગવાન્ યજ્ઞપતિ

* આ અધ્યાયમા વિષ્ણુ ભગવાને યજ્ઞમા સાક્ષાત શિખામણ આપી અને વરદાનના પ્રસંગથી પરસ્પર પ્રેમ થયો એ કથા કહેવાશે.

વૈકુંઠનાથ યજ્ઞથી પરિતુષ્ટ થઇ ઇન્દ્રની સમક્ષ આ પ્રમાણે કહેવા લાગ્યા. ૧

શ્રી ભગવાને કહ્યું કે–હે રાજન! ઇન્દ્રે તમારા સો અશ્વમેધ યજ્ઞનો ભંગ કર્યો તે તમારે શરણે છે અને તે પોતાનો અપરાધ તમારી પાસે ક્ષમા કરાવવા ઇચ્છે છે માટે તમે તેનો અપરાધ ક્ષમા કરો.૨ હે રાજન! ઉત્તમ એવા સત્પુરૂષો દ્રોહ કરતા નથી કારણ કે તેઓ સારી રીતે જાણે છે કે–શરીર આત્મા નથી.૪ જ્યારે તમારા જેવા દેવ માયાથી મોહ પામી દ્વેષ કરે ત્યારે ઘણા વર્ષો સુધી કરેલો સત્પુરૂષોનો સમાગમ શાસ્રોનું શ્રવણ અને વૃદ્ધ પુરૂષોની સેવાનું શું ફળ? કેવળ વૃથા પરિશ્રમજ કહેવાય. આ દેહ જન્માવલીઓમા કરેલાં કર્મોથી ઉત્પન્ન થયેલો છે એમ જે કોઈ જાણે છે તે આત્મજ્ઞાની આ ક્ષણ ગંભુર શરીરમાં આસક્ત થતો નથી. ૫ આ શરીરમાં આસક્તિ નહિ રાખનારો કયો જ્ઞાની પુરૂષ આ શરીરથી ઉત્પન્ન થયેલાં પુત્ર ધન તથા ઘરમાં મમતા રાખે છે? ૬ આત્મા એક છે અને શરીર બાલ્ય યુવા અને વાર્ધ ક્યાદિ ભેદથી અનેક પ્રકારના રૂપે દેખાય છે. આત્મા શુદ્ધ ચૈતન્ય છે અને શરીર મલિન છે. આત્મા સ્વયં પ્રકાશ છે અને શરીર જડ છે. આત્મા નિર્ગુણ છે ને શરીર સગુણ છે. આત્મા ગુણોનું આશ્રય સ્થાન છે અને દેહ કારણભૂત ગુણોનો આશ્રય છે. આત્મા સર્વત્ર વ્યાપક છે ને શરીર પરિચ્છિન્ન છે. આત્મા આવરણ રહિત અને શરીર ઘર–દ્વાર અને વસ્રથી આવૃત્ત છે. આત્મા સર્વનો સાક્ષી છે ને શરીર દૃશ્ય છે. આત્મા અદૃશ્ય છે વળી આત્મા સર્વ જીવોથી પર છે. ૭ જે પુરૂષ આ પ્રમાણે પોતાને વિષે રહેલા આત્માને જાણે છે તે બ્રહ્મમા સ્થિત હોવાને લીધે દેહમાં રહેવા છતાં તેના વિકારોથી લિપ્ત થતો નથી. ૮ હે રાજન્! જે મનુષ્ય કામનાનો ત્યાગ કરી શ્રદ્ધા યુક્ત થઇ સ્વધર્મથી ભક્તિ કરે છે તે ધીમે ધીમે આત્મત્વને પામે છે. ૯ જ્યારે મનુષ્યનું ચિત્ત નિર્મળ થાય છે ત્યારે તે ગુણોનો ત્યાગ કરી શાન્તિ પામે છે. ૧૦ આત્મા સર્વથી જુદો અને અવિચળ છતાં પણ દેહ જ્ઞાનેન્દ્રિય કર્મેન્દ્રિય અને ઇન્દ્રિયોના દેવતાઓને અધ્યક્ષ કૂટસ્થ અને તેને જાણનાર મનુષ્ય શુભ ગતિને પામે છે. ૧૧ દ્રવ્ય ક્રિયા કારક અને ચિદાભાસાત્મક પંચભુતો ઇન્દ્રિયો ઇન્દ્રિયોના દેવતાઓ તથા ચિદાભાસથી થયેલો આ દેહ આત્માથી જુદો છે તેથી તેને જન્મ મરણ છે અને જેણે મારાથી પ્રીતિ બાંધી છે એવા જ્ઞાની લોકો સંપત્તિ અને વિપત્તિથી કદી વિકાર પામતા નથી. ૧૨ હે વીર! ઉત્તમ મધ્યમ અને નીચમાં સમદૃષ્ટિવાળા થાઓ અને ઇન્દ્રિયો તથા અંતઃકરણને વશ કરી મંત્રી વગેરેને સાથે રાખી સર્વ લોકની રક્ષા કરો. ૧૩ રાજાનો ધર્મ છે કે પ્રજાનું પાલન કરવું અને તેથીજ કલ્યાણ થાય છે. જે રાજા પ્રીતિ પૂર્વક પ્રજાની રક્ષા કરે છે તે પ્રજાનાં સુકૃતનો છઠ્ઠો ભાગ પામે છે અને જે પ્રજાનું પાલન કરતો નથી અને પ્રજા પાસેથી કર લે છે તે પાપી રાજાનું પુણ્ય પ્રજાને મળે છે અને તે રાજા પ્રજાના પાપનો ભાગી થાય છે. ૧૪ આ પ્રમાણે ઉત્તમ બ્રાહ્મણોની સંમતિથી ધર્મ અર્થ અને કામમાં મુખ્ય અને પ્રસંગ પ્રાપ્ત અર્થ અને કામનું સેવન કરી અંતઃકરણથી કશા ઉપર આસક્ત ન થતાં આ પૃથ્વીની રક્ષા કરવાથી લોક તમારી ઉપર બહુ પ્રસન્ન રહેશે અને અલ્પ કાળમાં સનકાદિક તમારે ઘેર આવશે. ૧૫ હે માનવેન્દ્ર! હું તમારા ગુણ અને શીલને વશ થઈ તમારા ઉપર બહુ પ્રસન્ન થયો છું માટે કંઇક વરદાન માગો. હું યજ્ઞથી તપથી કે યોગાભ્યાસથી પ્રસન્ન થતો નથી કેવળ સમદર્શી પુરૂષોથી પ્રસન્ન થાઉં છું અને તેના હૃદયમાં વાસ કરૂં છું. ૧૬

મૈત્રેય કહે છે કે–જગતના ગુરૂ ભગવાને

પૃથુ રાજાને આ રીતે ઉપદેશ કર્યો ત્યારે તે પ્રેમથી શ્રી ભગવાનનાં ચરણારવિન્દની વન્દના કરી પોતાના દુષ્ટ કર્મથી લજ્જા પામી ઇન્દ્રને મળી મિત્ર થયા ૧૬ પછી વિશ્વાત્મા ભગવાનનું પૃથુએ પૂજન કરી અનેક પ્રકારની ભેટ અર્પણ કરી અને અધિક પ્રેમ યુક્ત ભક્તિવડે ભગવાનના બે ચરણને નમન કર્યું. ૧૯ વૈકુંઠનાથ જવા તૈયાર થયા પરંતુ પોતાના પ્રિય ભક્ત પૃથુ ઉપર કૃપા કરી વિલમ્બ કર્યો. કમળનયન વિષ્ણુ ભગવાન પૃથુની સામું જોઇ પછી ધામમાં ન ગયા. ૨૦ આદિ રાજ પૃથુ હાથ જોડી ઉભા રહ્યા પણ વિષ્ણુને જોઇ ન શકયા કારણ કે નેત્રોમાં જળ ભરાઇ ગયાં. મુખથી વચન નીકળ્યાં નહિ રૂવાં ઉભાં થઇ જવાથી ગદ્ગદ મુખથી બોલાયું નહિ તેથી બેસીને હૃદયમા ધ્યાન ધરવા લાગ્યા. ૨૧ થોડા સમય પછી આસુ લુછી પૃથુ રાજાએ પરમ પુરૂષના દર્શન કર્યા પરંતુ વિષ્ણુ ભગગાનની મનોહર મૂર્તિને જોતાં નેત્રને તૃપ્તિ ન થઇ અને પૃથ્વીને સ્પર્શ કરવાનો દેવ લોકોનો સંપ્રદાય ન છતાં પણ પ્રેમને વશ થઇ ભગવાન પગથી તેનો સ્પર્શ કરી ગરૂડજીની કાંધ ઉપર હાથનો અગ્ર ભાગ ધારણ કરી શોભ્યા એટલે રાજાએ આ પ્રમાણે કહેવા માંડયું. ૨૨

પૃથુ રાજા કહે છે કે—હે વિભો! સર્વ વરદાન દેનાર પરમાત્માને સન્મુખ રાખી બુદ્ધિમાન પુરૂષ શી રીતે વર માગી શકે? બ્રહ્મા થવું કે ઇન્દ્ર થવું વગેરે તુચ્છ વરદાનો તો દેહધારી નરકવાસીઓને પણ પ્રાપ્ત થાય છે માટે હે વિશ્વેશ! એ વર હું આપ પાસે માગતો નથી. ૨૩ હે હૃદયાનંદ! એ વર તો દૂર રાખો. મને મોક્ષની પણ ઇચ્છા નથી કારણ કે મહાત્મા જનોનાં અંતઃકરણમાંથી મુખ દ્વારા નીકળેલો તમારા પદપંકજનો મકરંદ પૂર્ણ થતો નથી તો બ્રહ્માનંદને લઇ હું શું કરૂં? હે નાથ! જો આપ મારા ઉપર પ્રસન્ન હો અને મને વરદાન દેવા ઇચ્છતા હો તો હું વારંવાર એજ વરદાન માગું છું કે આપની કથા શ્રવણ કરવા દશ હજાર કાન મને આપો. ૨૪ હે ઉત્તમશ્લોક! મહાત્મા પુરૂષોના મુખારવિંદથી નીકળતી આપના પદામ્બુજની કથા રૂપ સુધાના કણવાળો પવન વિસ્મૃતિ માર્ગમાં ભૂલા પડેલા કુત્સિત યોગીઓને આત્મજ્ઞાનનું ધ્યાન કરાવે છે માટે હું તો આપની ભક્તિનો અર્થી છું, મને અન્ય વરદાનોનું કામ નથી. ૨૫ મહાત્મા પુરૂષોના સંગમાં જે જે મનુષ્ય એક વાર આપના મંગળદાયક યશને શ્રવણ કરે છે તે ગુણજ્ઞ પુરૂષ આપના ગુણ ગાતાં અટકતો નથી. લક્ષ્મી પણ ત્રણ લોકની મહારાણી તથા સર્વ ગુણોનો સંગ્રહ કરવાની ઇચ્છાથી આપને વરી છે. ૨૬ આપ સર્વ પુરૂષોમાં ઉત્તમ અને ગુણોના નિવાસ રૂપ છો. લક્ષ્મીની પેઠે ઉત્સાહ પૂર્વક હું તમને ભજું છું, જો કે એક જ પતિની એકજ પ્રકારની સેવા કરવાથી અમારા બેમાં કલહ થવાનો ભય છે અને આપ કહેશો કે તમે સેવા કરવાનો પોત પોતાનો સમય નિર્માણ કરો તો કલેશ થશે નહિ પણ હે સ્વામી! સમય વ્યતીત કરવો મહા કઠિન છે. અમારાથી એક ક્ષણ પણ આપનો વિયોગ સહન કરી શકાય તેમ નથી. કયાંય જીવ શરીરથી ભિન્ન થઇ શકે છે? મને ખાતરી છે કે લક્ષ્મીને અને મને કલેશ નહિ થાય કારણ કે મારૂં અને લક્ષ્મીનું ચિત્ત આપના ચરણોમાં એકાગ્ર રહેશે તેથી કલહનો અંકુર ઉત્પન્ન થશે નહિ. ૨૭ હે જગદીશ! જગતજનની લક્ષ્મીના હૃદયેશના ચરણારવિંદની સેવામાં ભાગ લેવાની મારી ઇચ્છા છે તેથી કદાચ વિરોધ થશે તોપણ કંઇ હરકત નહિ કારણ કે આપ દીનવત્સલ છો એથી મારી તુચ્છ સેવાને અધિક કરી માનશો અને આપ આપનાજ સ્વરૂપાનંદમાં રમણ કરો છો તેથી

આપને લક્ષ્મીનું શું પ્રયોજન છે? આપ સમદર્શી છો, ૨૮ અને તેથી આપ કે જે માયાના ગુણોના કાર્યથી રહિત છો તેને નિષ્કામ પુરૂષ જ્ઞાન પ્રાપ્ત થયા પછી પણ ભજે છે. હે ભગવન! આપના ચરણના સ્મરણ શિવાય અન્ય કંઈ પણ પ્રયોજન મહાત્માઓને હોય એવું અમે જોતા નથી. ૨૯ આપનું ભજન કરનાર જે ભકતજન છે તેને આપ વરદાન માગવાનું કહો છો એ આપનું કથન વિશ્વને મોહ કરનારૂં છે કારણ કે આપની વાણી રૂપ દોરીથી લોકો બંધાયલા છે. જો બંધાયેલાં ન હોય તો વારંવાર ફળ ઉપર મોહિત થઇ કર્મ કેમ કરે? ૩૦ હે પરમેશ્વર! આપની માયાએ મનુષ્યને આપના સત્ય સ્વરૂપથી દૂર રાખેલું છે. અજ્ઞાની લોક આપના પરમાનંદ સ્વરૂપને તજી પુત્ર પૌત્રાદિકના સુખની કામના કરે છે. હું કે—જે એ અજ્ઞાની લોકોમાંનો એક છું તેને વરદાન રૂપ ભૂલમાં ન નાંખી પિતા જેમ પ્રાર્થના વગર પણ બાળકનું કલ્યાણ કરે તેમ આપે મારૂં કલ્યાણ કરવું જોઇએ. ૩૧

મૈત્રેય કહે છે કે—આ પ્રકારે પૃથુ રાજાએ વિશ્વનાથ ભગવાનની સ્તુતિ કરી ત્યારે વાસુદેવ ભગવાને તેને કહ્યું કે—હે રાજન! તારી મારા ચરણમાં અધિક પ્રીતિ છે એથી મારી પૂર્ણ ભક્તિની તને પ્રાપ્તિ થશે. મારી ભક્તિ કરવાનો તારો વિચાર બહુ સારો છે કારણકે એવા વિચારથી મનુષ્ય મારી ન તરી શકાય એવી માયાને તરી જાય છે. ૩૨ હે રાજા! હવે તમે સાવધાન થઇ મારી આજ્ઞાનુસાર ચાલો. જે મનુષ્ય મારી આજ્ઞા પ્રમાણે વર્ત્તે છે તેનું સર્વ સ્થળે કલ્યાણ થાય છે. ૩૩

મૈત્રેય કહે છે કે—આ પ્રમાણે પૃથુ રાજાનાં સત્ય વચનોનો સત્કાર કરી તથા તેની ઉપર અનુગ્રહ કરી ભગવાને ત્યાંથી જવા વિચાર કર્યો. ૩૪ દેવતા ઋષિ પિતૃ ગંધર્વ સિદ્ધ ચારણ નાગ કિન્નર અપ્સરા મનુષ્ય પક્ષી અને બીજાં પણ અનેક પ્રાણી કે—જેનો રાજાએ ભગવદ્ બુદ્ધિથી ભક્તિ ભાવ સહિત વાણી ધન અને હાથ જોડવાથી સત્કાર કર્યો હતો તે સર્વ ત્યાંથી પોત પોતાના આશ્રમમાં ગયાં અને ભગવાનના પાર્ષદ પણ ચાલ્યા ગયા. ભગવાન તેનું અને બ્રાહ્મણોનું જાણે મન હરીને જતા હોય તેમ વૈકુંઠમાં પધાર્યા. ૩૭ આત્મ સ્વરૂપના ઉપદેશક જેનો મહિમા જાણવામાં આવતો નથી એવા દેવાધિપતિ દેવ શ્રી વૈકુંઠનાથ અંતર્ધાન થઇ ગયા ત્યારે તેમને નમસ્કાર કરી પૃથુ રાજા પોતાના પુરમાં ગયા. ૩૮

अदृष्टाय नमस्कृत्य नृपः संदर्शितात्मने ।
अव्यक्ताय च देवानां देवाय स्वपुरं ययौ ।

इतिश्रीमद्भागवतेमहापुराणेचतुर्थस्कंधे
विंशोध्यायः

અધ્યાય ૨૧ મો.*

યજ્ઞમાં દેવતાઓને બોધ.

मैत्रेय उवाच

मौक्तिकैः कुसुमस्रग्भि र्दुकूलैः स्वर्णतोरणैः।
महासुरभिभिर्धूपैर्मंडितं तत्र तत्र वै ॥ १ ॥

મૈત્રેય કહે છે કે—હે વિદુર! પૃથુ રાજા નગરમાં ગયા તે સમયે મોતી ફૂલ માળા વસ્ત્ર અને સુવર્ણનાં તોરણોથી નગરને શણગારવામા આવ્યું અને સુગંધી ધૂપથી લોકોએ તેને સુવાસિત કરી મૂકયું, ગલીઓ ચોટાં અને રાજમાર્ગમાં ચંદન અને અગરૂના જળનો છંટકાવ કરવામાં આવ્યો. પુષ્પ અક્ષત ફળ અંકુર તથા દીવા વગેરે મંગળ વસ્તુથી શહેરની અનુપમ શોભા બનાવી. ૨ ફળ અને ફૂલ સહિત કેળના સ્તંભ નાનાં સોપારીનાં ઝાડ અનેક વૃક્ષોનાં પાંદડાં અને માળાઓની શોભા સર્વત્ર થઇ રહી. ૩ ઉજ્વળ કુંડળવડે શોભાયમાન સુંદર કન્યાઓએ તે સમયે દહીં

* આ અધ્યાયમાં મહાયજ્ઞમા દેવતા આદિની મોટી સભા થઈ ત્યા પૃથુ રાજાએ સહુને ઉપદેશ કર્યો એ કથા કહેવાશે.

સાઠી આદિ મંગળ પદાર્થ અને દીપક ફૂલ ફળઆદિ વસ્તુઓ હાથમાં લઇ રાજાને વધાવ્યા. શંખ અને દુંદુભિના શબ્દ થયા બ્રાહ્મણોનો વેદધ્વનિ ચારે તરફ વ્યાપી રહ્યો અને સર્વ લોક પ્રશંસા કરવા લાગ્યા. આ પ્રમાણે સર્વ સમૃદ્ધિ છતાં મનમાં યત્કિંચિત્ પણ અભિમાન ન લાવતાં પૃથુ રાજાએ રાજ્ય મંદિરમાં પ્રવેશ કર્યો. ૫ મહા યશસ્વી પૃથુએ સ્થળે સ્થળથી પ્રજાનો સત્કાર કર્યો અને પ્રસન્ન થઇ પ્રજાને અનેક પ્રકારના પદાર્થો આપ્યા. ૬ દૂષણ રહિત કર્મ કરનાર પૃથુએ આ પ્રમાણે અનેક કામો કરી ભૂમંડળનું પાલન કર્યું અને પોતાના વૃદ્ધિ પામેલા યશને પૃથ્વીમાં વ્યાપ્ત કરી પરમ પદ એટલે મોક્ષને મેળવ્યો. ૭

સૂત કહે છે કે—હે શૌનક ! સર્વ ગુણોએ યુક્ત અને લોકો જેની પ્રશંસા કરતા હતા એવા પૃથુ રાજાની કીર્તિ સાંભળી મૈત્રેયનો સત્કાર કરી ભગવાનના પરમ ભક્ત વિદુર ફરીને તેમને આ પ્રમાણે પૂછવા લાગ્યા. ૮

વિદુરે પૂછયું કે—જેનો બ્રાહ્મણોએ રાજ્યાભિષેક કર્યો હતો અને દેવતાઓએ ઉત્તમ ઉત્તમ પદાર્થ અર્પણ કર્યા હતા અને જેણે વિષ્ણુ ભગવાનનું તેજ ધારણ કરીને પોતાની ભુજાવડે પૃથ્વીને દોહી હતી ૯ તે પૃથુની કીર્તિને કયો જ્ઞાની ન સાંભળે? કારણકે પૃથ્વીના દોહનથીજ સર્વ રાજાને લોક સહિત દેવતાઓને આજ પર્યંત આજીવિકા મળે છે માટે તેમનાં પરમચરિત્ર આપ મને સંભળાવો.

મૈત્રેય કહે છે કે—હે વિદુર ! જે ગંગા અને યમુનાની વચ્ચેનો પ્રદેશ છે ત્યાં નિવાસ કરતો પૃથુ સુખની આસક્તિથી નહિ પરંતુ કરેલાં પુણ્યનો ત્યાગ કરવાની ઇચ્છાથી પ્રારબ્ધ કર્મના નિમિત્તે પછી સુખોનો ભોગ કરવા લાગ્યો. ૧૧ સાત દ્વીપ અને નવ ખંડમાં જેની આજ્ઞા કોઇ ઉલ્લંઘન કરી શકતું નહતું અને સર્વ સંસારમા એકજ દંડદાતા પૃથુ રાજા હતો. બ્રાહ્મણોનો તથા બીજા અચ્યુત ગૌત્રવાળા વૈશ્ણવોનો દંડ તેમણે ન લીધો. બીજે સર્વ સ્થળે પૃથુ રાજાની આજ્ઞા અસ્ખલિત ચાલુ થઇ.

હે વિદુર ! એક સમયે પૃથુ રાજાએ મોટા યજ્ઞની દીક્ષા લીધી અને ત્યાં દેવતા બ્રહ્મર્ષિ મહર્ષિ તથા રાજાઓની સભા મળી. ૧૩ એ સભામાં મોટા મોટા જે યોગ્ય પુરૂષો હતા તે સર્વનું યથાયોગ્ય પૂજન તથા સત્કાર જ્યારે થઇ રહ્યો ત્યારે તારાઓમાં જેમ ચંદ્રમા શોભે તેમ સભાસદોની વચ્ચે રાજા શોભવા લાગ્યા. તે શરીરે ઉંચા હતા તેમના હાથ લાંબા અને ભરેલા હતા વર્ણ ગૌર હતો, કમળ સમાન રાતાં નેત્ર હતા સુંદર નાસિકા મનોહર મુખ ને પ્રકૃતિ શાન્ત હતી. ખભા પુષ્ટ સુંદર દાત તથા તે મંદ મંદ હસતા હતા. ૧૫ વક્ષ:સ્થળ વિશાળ નિતંબો મોટા અને પિંપળાના પાન જેવું તેમનું પેટ હતું. ગોળ ઉંડી નાભીવાળા મહા પરાક્રમી સુવર્ણ જેવી સાથળો અને ઉન્નત પગ હતા. ૧૬ કેશ ઝીણા વાંકા શ્યામ અને સ્નિગ્ધ હતા. શંખના જેવો ચડતો ને ગોળ કંઠ હતો. કામદેવના ધનુષ્ય જેવી ભ્રૂકુટી અર્ધ ચંદ્ર સમાન ત્રિપુંડ્ કપાળમાં શોભતું હતું, અમૂલ્ય રેશમી વસ્ત્ર પહેર્યા હતાં તથા યજ્ઞોપવિત ધારણ કર્યું હતું. ૧૭ સૂક્ષ્મ વસ્ત્રોમાંથી શરીરની સર્વ શોભા પ્રકટ થઇ રહી હતી નિયમને માટે તેમણે આભૂષણોનો ત્યાગ કર્યો હતો કૃષ્ણ મૃગચર્મ ધારણ કર્યું હતું દર્ભ હાથમાં રાખ્યો હતો. આવા તે યજ્ઞ કર્મથી નિશ્ચિન્ત થઇ બેઠા હતા. ૧૮ શરદ ઋતુના પ્રકાશમાન તારાઓની માફક સ્નિગ્ધ અને શાંત શોભાયમાન છે નેત્ર જેના એવા પૃથુ રાજાએ ચારે તરફ દૃષ્ટિ કરી સર્વ સભાસદોના હર્ષને વધાર્યો અને સુંદર વિચિત્ર રચનાવાળું મુનિયોના મનને હરનારૂં કોમળ મધુર અને ગંભીર અર્થવાળું નીચે પ્રમાણેનુ ભા-

ષણુ કર્યું. ૨૦

પૃથુ રાજા બોલ્યા કે—અત્રે પધારેલા સજ્જન સભાસદો તમારૂં કલ્યાણ થાઓ હું જે કહું તે સાંભળો. જે મનુષ્ય ધર્મની જિજ્ઞાસા રાખે તે પોતાના વિચાર સત્પુરૂષોની આગળ પ્રકટ કરે માટે મારા વિચારો હું દર્શાવું છું. ૨૧ પ્રજાનું રક્ષણ કરવું તેની આજીવિકા કરી આપવી અપરાધિયોને દંડ દેવો અને જુદા જુદા નિયમો કરવા એ રાજાનો ધર્મ છે અને તે માટે મને પ્રજાનો રાજા બનાવ્યો છે.૨૨ જો હું યથાર્થ નીતિથી રાજ્ય ચલાવીશ તો જેના ઉપર ઈશ્વર પ્રસન્ન થાય છે તેને તથા વેદાનુસાર ચાલનારને જેમ સર્વ મળેછે તેમ મને મળશે. જે રાજા પ્રજાને ધર્મ આપતો નથી પણ તેની પાસેથી કર લે છે તે રાજા પાપનો ભાગી થઇ પોતાના ઐશ્વર્યથી ભ્રષ્ટ થાય છે.૨૪ હે પ્રજાજનો ! મારૂં પરલોકમા કલ્યાણ થવા માટે ઇશ્વરાર્પણ બુદ્ધિથી તમે સ્વધર્મ પાલન રૂપ તમારૂં કર્ત્તવ્ય કરો. જો દ્વેષનો ત્યાગ કરી વિષ્ણુ ભગવાનની ભક્તિ કરશો તો હું તમારો મહા ઉપકાર માનીશ. ૨૫ તમે આ વાતને અનુમોદન આપો કારણ કે ધર્મના વિષયમાં કર્ત્તાને શિક્ષકને અને સમ્મતિ દેનારને પરલોકમાં સમાન ફળ મળે છે. ૨૬ હે મહાત્માજનો ! કેટલા એક નાસ્તિક છે એટલે ઇશ્વરને માનતા નથી અને કેટલા એક માને છે તથા આ પક્ષ સયુક્તિક પ્રતીત થાય છે કારણકે આ લોકમાં અને પરલોકમાં કોઇ કોઇને અતિ ઉત્તમ સ્થાન અને શરીર પ્રાપ્ત થતું દેખાય છે માટે જો જગતના નિયંતા ઇશ્વર ન હોય તો તે થવું સંભવતું નથી. ૨૭ મનુ ઉત્તાનપાદ ધ્રુવ પ્રિયવ્રત અને અમારા દાદા અંગ બ્રહ્મા મહાદેવ પ્રહ્લાદ બલિરાજા અને અને એવાજ બીજા વિદ્વાન્ અને મહાત્માઓએ સ્વીકારેલું છે કે—કર્મ જડ હોવાથી સ્વયં ફળ દેવાને સમર્થ નથી. કર્મનાં ફળ આપનાર પરમેશ્વર છે.૨૯ વેન ઇશ્વરને માનતા ન હતા અને ધર્મથી વિમોહિત થઈ સ્વર્ગ અને અપવર્ગની નિન્દા કરતા હતા. ધર્મ અર્થ કામ અને મોક્ષ મળવામાં સર્વનો એક સરખો વિચાર કરવામાં આવે તો કર્મ જડ હોવાથી તેનું દાતૃત્વ સિદ્ધ થાય નહિ અને દેવતા પરાધીન છે માટે દેવતા પણ ફળ આપવા યોગ્ય ઠરે નહિ. આ પ્રમાણે બે પુરૂષોનાં સમાન કર્મ હોવાથી પણ તેમના ફળમાં ફેર પડેછે. કોઈ સમયે કર્મ કરવાથી પણ તેનું ફળ મળતું નથી. સ્વતંત્રતાથી કરવા ન કરવા અને બીજી રીતે કરવાનું સામર્થ્ય ધરાવનાર એક પરમેશ્વર છે એવું સિદ્ધ થાય છે. ૩૦ પરમેશ્વરનાં ચરણારવિંદ ઉપર સ્નેહ રાખનાર મહાત્માઓનાં જેમ ગંગાજી મળને દૂર કરે તેમ સાંસારિક તાપથી તપેલા મનુષ્યોની બુદ્ધિના વૃદ્ધિ પામેલા સર્વ જન્મોના મળ તરત દૂર થાય છે. ૩૧ મનના મળ દૂર થઇ જવાથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે અને વૈરાગ્યથી આત્મજ્ઞાન રૂપ બળવાળા પુરૂષ ભગવાનના ચરણમાં રહી પુનઃ દુઃખદાયી સંસારમાં પડતા નથી. ૩૨ માટે સર્વ મનોરથ પૂર્ણ કરનાર ભગવાનનું તમે પોતપોતાનાં કર્મોદ્વારા મન વચન અને કર્મથી ભજન કરો. ભક્તિ કરશો તો અધિકારાનુસાર અવશ્ય સિદ્ધિ મળશે, કારણ કે ભગવાનનાં ચરણ કમળ સર્વ કામનાઓ પૂર્ણ કરે છે. ૩૩ વિષ્ણુ ભગવાન સ્વરૂપથી શુદ્ધ પવિત્ર અને ગુણવાન જ્ઞાનઘન અને નિર્ગુણ છે તોપણ કર્મ માર્ગમાં નાના પ્રકારે યજ્ઞમાં દ્રવ્ય યવ આદિ પદાર્થ ગુણ ક્રિયા મંત્ર અર્થ સંકલ્પ પદાર્થ શક્તિ જ્યોતિષ્ટોમાદિ અને એ સર્વથી થતાં જુદાં જુદાં નામ વાળાં કર્મો એ સર્વ ભગવાનનાંજ સ્વરૂપ છે. યજ્ઞનું ફળ પણ ભગવદ્ રૂપજ છે, કારણકે જેમ અગ્નિ એક હોવા છતાં કાષ્ટના સંયોગથી તેના આકાર પ્રમાણે લાંબો પહોળો અને વાંકો ચૂંકો દેખાય છે તેમ ભગવાન

પ્રધાન કાળ વાસના અને અદૃષ્ટથી બનેલા શરીરમાં વિષયાકાર બુદ્ધિને પામી બુદ્ધિથી અભિવ્યક્ત થનારાં આનંદસ્વરૂપથી યજ્ઞની ફળ રૂપતાથી પ્રતીત થાય છે. ૩૫ આ મારી પ્રજા પૃથ્વીમાં દૃઢ નિયમ ધારણ કરી દેવના દેવ સર્વના ગુરૂ ભગવાનની નિરંતર સ્વધર્મ પાલન રૂપ ભક્તિ કરે તેથી હું માનું છું કે તેઓની મારા ઉપર કૃપા થાય. ૩૬ રાજાઓએ પુષ્કળ સમૃદ્ધિથી વૃદ્ધિ પામેલા રાજતેજનો સમૃદ્ધિ ન છતાં પણ સહન શીળતાથી સુખ દુઃખ આપનાર તથા તપ અને વિદ્યાથી પ્રકાશમાન એવા બ્રાહ્મણોનાં કુળ ઉપર કદી પણ પોતાનો પ્રભાવ પ્રકટ કરવો નહિ. ૩૭ બ્રાહ્મણ્ય અને મહત્પુરૂષોમાં અગ્રગણ્ય પુરાણ પુરૂષ શ્રીહરિ જે બ્રાહ્મણોનાં ચરણારવિંદને નિરંતર અભિવંદન કરવાથી અવિચલ લક્ષ્મી અને જગતને પવિત્ર કરનારી કીર્તિને પામ્યા છે. ૩૮ જેની સેવા કરવાથી સર્વાંતર્યામી સ્વયંપ્રકાશ અને બ્રાહ્મણો ઉપર પ્રીતિ રાખનાર પરમેશ્વર અત્યંત પ્રસન્ન થાય છે તે બ્રાહ્મણોના કુળની તમે બધા સર્વ પ્રકારે નમ્રતા પૂર્વક ધર્મોમાં પ્રીતિ રાખી સેવા કરો. ૩૯ જેની નિરંતર સેવા કરવાથી સ્વયમેવ અંતઃકરણ શુદ્ધ થાય છે તે દ્વારા મનુષ્યને મોક્ષ પ્રાપ્તિ થાય છે તે બ્રાહ્મણોથી અધિક દેવતાઓનું બીજું કયું મુખ છે? ૪૦ ભગવાનની સચેતન મૂર્તિ બ્રાહ્મણ છે એમ વિચારી દેવતાઓનાં નામ લઇ બ્રાહ્મણોના મુખમાં તત્વવેત્તાઓના હાથથી હોમાયેલા પવિત્ર પદાર્થોને અંતર્યામી અને જ્ઞાનઘન ભગવાન સ્વીકારે છે, જડ એવો અગ્નિ કે જે અચેતન છે તેમાં હોમેલા પદાર્થોને અંગીકાર કરતા નથી. ૪૧ હે આર્ય પુરૂષો! દોષ રહિત સનાતન અને જેમાં આ સર્વ જગત આદર્શની પેઠે પ્રકાશે છે એવા વેદને જે બ્રાહ્મણો શ્રદ્ધા તપ સદાચાર મૌન અને જીતેન્દ્રિયપણાથી નિરંતર ધારણ કરે છે અને એકાગ્ર ચિત્તથી તેના અર્થનો વિચાર કરે છે તે બ્રાહ્મણોની ચરણ રજને હું મારા જીવન પર્યંત કિરીટ ઉપર ધારણ કરૂં એવી પ્રાર્થના છે 'કારણ કે એ રજને સદા ધારણ કરનારનાં પાપ નાશ પામે છે અને તેને સર્વ ગુણની પ્રાપ્તિ થાય છે. ૪૩ જે મનુષ્ય ગુણવાન શીલવાન કૃતજ્ઞ અને વૃદ્ધ પુરૂષોના સેવક છે તેનો આ સર્વ સંપત્તિ સ્વયમેવ સ્વીકાર કરે છે માટે હું પ્રાર્થના કરૂં છું કે બ્રાહ્મણ ગાય ભગવાન અને ભગવાનના ભક્ત એ સર્વ મારી ઉપર પ્રસન્ન થાઓ. ૪૪

મૈત્રેય કહે છે કે—પૃથુ રાજાના આ ભાષણથી પિતૃઓ દેવતા બ્રાહ્મણો અને સજ્જન પુરૂષો પ્રસન્ન થઇ ધન્યવાદ આપી સ્તુતિ કરવા લાગ્યા. ૪૫ તેઓ બોલ્યા કે—સુપુત્રથી પરલોક સુધરે છે એ જે વેદ વાક્ય છે તે સત્ય છે કારણ કે બ્રાહ્મણોના શાપ રૂપ દંડથી મરણ પામેલા વેન પૃથુના પ્રતાપે નરકથી ઉદ્ધર્યા. ૪૬ હિરણ્યકશિપુ ભગવાનની નિંદા કરવાથી નરકમાં પડતો હતો પરંતુ પ્રહ્લાદના પ્રભાવથી તરી ગયો હતો. ૪૭ હે વીરવર્ય! પરમેશ્વર આપને ચિરાયુ રાખો કારણ કે આપની સર્વ જગતના પતિ ભગવાનમાં દૃઢ પ્રીતિ છે. ૪૮ હે પવિત્ર કીર્તિવાળા! આજ આપ અમારા સ્વામી થયા એથી અમે મુકુન્દ ભગવાન જ અમારા સ્વામી થયા એવું માનીએ છીએ. કારણ કે આપ અતિશય પવિત્ર કીર્તિ હોઇ વિષ્ણુ ભગવાનની કથા સંભળાવો છો. ૪૯ હે નાથ! આપ આપના આશ્રય તળે રહેલા લોકોને સુબોધ આપો એમાં કંઇ આશ્ચર્ય નથી કારણ કે કરૂણાળુ મહાત્મા પુરૂષોનો તો એ ધર્મ જ છે કે પ્રજા ઉપર પ્રીતિ રાખવી. ૫૦ હે પ્રભુ! અમે કે જે અમારાં પ્રારબ્ધ કર્મોથી નષ્ટ દૃષ્ટિ થઇને આ સંસારમાં ભટકીએ છીએ તેમને આપે આજ

અજ્ઞાનથી બચાવ્યા. ૫૧ બ્રાહ્મણો અને ક્ષત્રિયોમાં પ્રવેશ કરીને પોતાના તેજવડે પ્રજાનું તથા જગતનું પાલન કરનાર અને પ્રજાના હિતકારી સત્વગુણને વધારનાર જે મહાપુરૂષ વિષ્ણુ ભગવાન છે તેને અમે પુનઃ પુનઃ પ્રણામ કરીએ છીએ. ૫૨

नमो विवृद्ध सत्त्वाय पुरुषाय महीयसे।
योऽयं .त्रमाविश्यबिभर्तीदं स्वतेजसा ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेचतुर्थस्कंधे
एकविंशोध्याय:

અધ્યાય ૨૨ મો.§

પૃથુ રાજાને બ્રહ્મોપદેશ.

મૈત્રેય ઉવાચ

जनेषु प्रगृहणत्स्वेवं पृथुं पृथुलविक्रमम् ॥
तत्रोपजग्मुर्मुनयश्चत्वार:सूर्यवर्चस: ॥ १ ॥

મૈત્રેય કહે છે કે—મહા પરાક્રમી પૃથુ રાજાની આ રીતે લોકો પ્રશંસા કરતા હતા તેવામાં સૂર્ય સમાન તેજવાળા ચાર મુનિઓ સનક સનંદન સનાતન અને સનત્કુમાર ત્યાં આવ્યા. ૧ પોતાની કાન્તિથી લોકોનાં પાપ દૂર કરતા આકાશથી ઉતરતા એ સિદ્ધેશ્વરોને રાજાએ તથા પ્રજાએ જોયા અને તેજના પુંજથી તેઓ સનકાદિક છે એમ ઓળખ્યા. તેમના દર્શનથી ઉપરની તરફ ગયેલા પ્રાણને જાણે પાછા લેવા ઇચ્છતા હોય એમ પૃથુ રાજા સભાસદ અને અનુચરો સહિત તેમની સામે ગયા. જેમ જીવાત્મા ગંધાદિક વિષયોની સન્મુખ ઉત્સુકતાથી જાય તેમ તેમને લેવા માટે તે સર્વ સામા ગયા. ૩ મહારાજા પૃથુએ વિનયથી સત્કાર કરી તે ઋષિયોને આસન આપ્યું અર્ઘ્ય આપ્યો અને પછી વિધિ પૂર્વક પૂજા અને સત્કાર કર્યો. ૪ તે ચારે મહાત્માઓનાં ચરણ પખાળી તે જળ મસ્તક ઉપર ચડાવ્યું. પૃથુનાં આચરણો શીલવાન પુરૂષોનાં આચરણોને શોભે એવાં હતાં. ૫ જેમ પોતાના સ્થાન—કુંડમાં અગ્નિ રહે તેમ સુવર્ણના આસન ઉપર બેઠેલા મહાદેવજીના મોટા ભાઈ સનકાદિકોને રાજાએ શ્રદ્ધા અને સંયમ સહિત પ્રસન્ન થઈને આ પ્રમાણે પૂછ્યું.

પૃથુ રાજાએ પૂછ્યું કે—હે કલ્યાણ સ્થિતિવાળા કુમારો! મેં એવું શું શુભ કામ કર્યું કે યોગીજનોને જેમનાં દર્શન દુર્લભ છે એવાં આપનાં દર્શન મને થયાં? ૭ જેના ઉપર બ્રાહ્મણ અને ભક્ત લોકો પ્રસન્ન થાય તેને આલોકમાં તથા પરલોકમાં કયી વાત દુર્લભ છે? ૮ જેમ આ જગતના કારણ રૂપ મહત્તત્વાદિક અથવા મન્વાદિક સર્વના દૃષ્ટા સાક્ષી પરમેશ્વરને નથી જાણતા એવા જગતમાં વિચરતા આપને આલોકો જાણતા નથી. ૯ જે લોકોના ઘરનું જળ આસન ભૂમિ ચાકર અને ઘરના ધણીનો મહાત્મા લોક સ્વીકાર કરે તે નિર્ધન અર્થાત દરિદ્રી હોય તોપણ મહા ભાગ્યશાળી મનુષ્ય છે એમ જાણવું. ૧૦ જે ઘરમા ભક્ત લોકોનાં ચરણ રૂપી તીર્થ નથી તે ઘર સંપૂર્ણ સમૃદ્ધિયોથી પરિપૂર્ણ છતાં પણ સર્પોને રહેવાના વૃક્ષોના દર જેવાં જાણવાં. ૧૧ હે ઉત્તમ બ્રાહ્મણો! આપના નિયમોને બીજા ધીર લોક બાલ્યાવસ્થાથીજ મોક્ષ થવાની ઇચ્છાથી ધારણ કરે છે, એવા જે આપ તેનું પધારવું ભલે થયું. ૧૨ અમે કે જે ઇંદ્રિયાર્થ અર્થાત વિષયોનેજ પુરૂષાર્થ માનનાર અને આ દુઃખમય સંસારમાં પોતાના કર્મોથી પડેલા છીએ તેઓનું આપની કૃપાથીજ કલ્યાણ થાય છે. ૧૩ આપ જેવા આત્મારામ પુરૂષોને તો કુશળ પૂછવું સંભવેજ નહિ કારણ કે આપને કુશળ અને અકુશળ એવી બુદ્ધિની વૃત્તિયોજ નથી. ૧૪ આપ તપસ્વી લોકોના સુહૃદ છો માટે આપનો વિશ્વાસ રાખીને હું આપને પૂછું છું કે આ સંસારમાંથી અમારો કેવી રીતે ઉદ્ધાર

§ આ અધ્યાયમા ભગવાનની આજ્ઞા અનુસાર સનત્કુમારોએ આવી પૃથુ રાજાને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ કર્યો એ કથા કહેવાશે.

થાય ? ૧૫ ધીર પુરૂષોમાં આત્મ સ્વરૂપથી પ્રકાશમાન અને આત્મ સ્વરૂપને પ્રકાશિત કરનાર આપ સાક્ષાત ભગવાનજ છો. આપનું સિદ્ધ રૂપ ધારણ કરીને પૃથિવી ઉપર વિચરવું તે આપના ભકત લોકો ઉપર અનુગ્રહ કરવાને માટેજ છે. ૧૬

મૈત્રેય કહેછે કે—પૃથુ રાજાનો આવો સાર યુક્ત પરિમિત મધુર અને પ્રિય પ્રશ્ન સાંભળી પ્રીતિથી જાણે હસતા હોય તેમ સનત્કુમાર નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૧૭

સનત્કુમારો કહે છે કે—મહારાજ! આપ સર્વ વાત જાણો છો તોપણ પ્રાણી માત્રનું કલ્યાણ ઇચ્છીને આપે આ પ્રશ્ન કરેલો છે, સજ્જનોની બુદ્ધિ આવીજ પરોપકાર પરાયણ હોય છે.૧૮ સજ્જન પુરૂષોનો સમાગમ હંમેશ હિતકારી છે કારણકે તેઓના પ્રશ્નોત્તરથી સર્વ જગતનું કલ્યાણ થાય છે. ૧૯ હે રાજા! તમારા મોક્ષનું સાધન તો થયેલું છે કારણ કે ભગવાનના ચરણારવિંદના ગુણાનુવાદ માં દૃઢ પ્રીતિ થવી એ મોક્ષનું સાધન છે અને તે અતિ દુર્લભ છે. પરમેશ્વર ઉપર ભક્તિ થવાથી અંતઃકરણના કામ રૂપ કષાય અને મળ દૂર થાય છે. ૨૦ શાસ્ત્રોનો સારી રીતે વિચાર કરીને મનુષ્યોના કલ્યાણ માટે એવું સાધન નક્કી કરવામાં આવ્યું છે કે—આત્માથી ભિન્ન પદાર્થમા વૈરાગ્ય થવો અને નિર્ગુણ એટલે અલૌકિક ગુણવાળા આત્મરૂપ પરબ્રહ્મમાં દૃઢ પ્રીતિ થવાનાં સાધન એ છે કે—શ્રદ્ધા રાખવી. ભાગવત ધર્મના આચરણ કરવા આત્મ સ્વરૂપની જિજ્ઞાસા કરવી અધ્યાત્મ યોગમાં નિષ્ટા રાખવી યોગેશ્વરોની ઉપાસના કરવી અને પવિત્ર કીર્તિ શ્રીભગવાનની નિત્ય કથાઓ સાંભળવી. ૨૨ પુરૂષાર્થમાં પરાક્રમ માનનાર તામસી અને ઇન્દ્રિયારામ અર્થાત કામ પુરૂષાર્થમાં નિષ્ટાવાળા રાજસી જીવોની સાથે વાતચિત્ત કરવાની ઇચ્છા પણ ન કરવી. અર્થ અને કામનો પરિગ્રહ ન કરવો એકાન્ત સ્થાનમાં પ્રીતિ રાખવી ભગવાનના ગુણ રૂપ અમૃત પાન વગર પોતાના મનમાં સંતોષ રાખવો. ૨૩ અહિંસા ધારણ કરવી આત્મહિતનું અનુસંધાન કરવું ભગવાનના ચરિત્ર રૂપી ઉત્તમ અમૃતનું પાન કર્યા કરવું.નિષ્કામ યમ નિયમ ધારણ કરવા કોઇની નિન્દા કરવી નહિ ને સુખ દુઃખને સહન કરવાં ૨૪ કાનના આભૂષણ રૂપ ભગવાનના ગુણાનુવાદ સાંભળવા અને પ્રબળ ભક્તિનાં સાધનોથી એ વિના શ્રમે આત્મવ્યતિરિકત સંપૂર્ણ કાર્ય—કારણ રૂપ પદાર્થમાં વૈરાગ્ય ધારણ કરવો. આમ કરવાથી નિર્ગુણ બ્રહ્મમાં પ્રીતિ થાય છે. ગુરૂ સેવા કરનાર પુરૂષને પરમાત્મામા સાચી પ્રીતિ થાય છે ત્યારે અરણીથી ઉત્પન્ન થતા અગ્નિથી અરણીના સમાન જ્ઞાન અને વૈરાગ્યના બળથી તેનું પંચ મહાભૂત રૂપ અથવા અવિદ્યા આદિ પાંચ કલેશ રૂપી શરીરનો અંકુર ઉત્પન્ન નાશ થાય છે.૨૬ લિંગ શરીરનો નાશ થયા પછી તેના કર્તૃત્વ—ભોકતૃત્વાદિ સર્વ ગુણ નિવૃત્ત થઇ જાય છે અને તેના દૃશ્ય દૃષ્ટાના ભેદ કે—જે પ્રથમ પ્રતીત થતા હોય તે દૂર થઇ જાય છે, જેમ જાગ્રત પુરૂષ સ્વપ્ન અવસ્થાના પદાર્થને નથી જોતો તેમ પોતાના સ્વરૂપથી બહારના ઘટાદિક પદાર્થોને અને અંદરના સુખ દુઃખાદિકોને દેખતો નથી. ૨૭ દ્રષ્ટા અને દૃશ્યનો ભેદ કેવળ અંતકરણ થી પ્રતીત થાય છે કારણકે જાગ્રત અને સ્વપ્નમાં અંતઃકરણ હોવાથી પોતે જોનાર અને જોવાના પદાર્થ અને તેનો સંબંધ કરનાર અહંકાર પ્રતીત થાય છે પણ સુષુપ્તિમાં અંતઃકરણ ન હોવાથી કંઇ જોવામા આવતું નથી. ૨૮ દૃષ્ટાન્ત તરીકે જગતમાં જળ અને આદર્શ આદિ પદાર્થ હોય ત્યારે પોતપોતાના પ્રતિબિંબનો ભેદ પ્રતીત થાય છે પરંતુ જો જળ અને આદર્શ આદિ પદાર્થો ન હોય તો તે ભેદ જોવામાં આવતો નથી. ૨૯ આસક્તિ થી વિષયોનું સ્મરણ કરનાર પુરૂષોનું સ્મરણ

ઇન્દ્રિયોને વિષય તરફ ખેંચી લઈ જાય છે અને ઇન્દ્રિયો પછી મનને ખેંચી લઈ જાય છે. મન બુદ્ધિની વિચાર શક્તિને ખેંચી જાય છે. જેમ જળના કિનારા ઉપર ઉગેલો દર્ભ પોતાના મૂળ દ્વારા જળાશયના જળને ખેંચે છે પણ તે વાત અવિવેકી પુરૂષોના લક્ષમાં આવતી નથી, તેમ પૂર્વોક્ત ઇન્દ્રિય આદિકનું ખેંચવાપણુ લક્ષમાં આવતું નથી. ૩૦ બુદ્ધિની વિચાર શક્તિનો નાશ થતાં આગળ પાછળની સ્મરણ શક્તિ પણ નાશ પામે છે અને સ્મરણના નાશથી જ્ઞાનનો નાશ થાય છે. આ પ્રમાણે જેના જ્ઞાનનો નાશ થાય છે તેણે પોતાના આત્માનો નાશ કરેલો છે એમ જ્ઞાની લોકો કહે છે. ૩૧ મનુષ્યને આથી વિશેષ બીજી એકકે સ્વાર્થની હાનિ નથી કે–જે આત્માને માટે સર્વ પ્રિય લાગે છે તે આત્માની ખરાબી કરવી નહિ. ૩૨ અર્થ અને કામની તૃષ્ણા રાખવી એજ મનુષ્યોને માટે સર્વ પુરૂષાર્થોની હાનિ કરનાર છે કારણ કે એ તૃષ્ણા રાખવાથી શાસ્ત્રજન્ય જ્ઞાન અને સ્વરૂપાનુભવ નાશ પામે છે અને તેનો નાશ થવાથી સ્થાવર ભાવને પ્રાપ્ત થવાય છે. ૩૩ જે મનુષ્ય આ ગાઢ અંધકાર રૂપ નરકથી પાર ઉતરવા ઇચ્છતો હોય તે પુરૂષે કોઈનો સંગ કરવો નહિ કારણ કે સંગ ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થની હાનિ કરનાર છે. ૩૪ એ ચારે પુરૂષાર્થોમાં પણ મોક્ષ સર્વોત્તમ પુરૂષાર્થ ગણાય છે; કારણ કે પહેલા ત્રણમાં તો કાળનો ભય રહે છે. ૩૫ સૃષ્ટિમાં આપણાથી બ્રહ્મા પર્યંત જે જે ઉત્પન્ન થયેલું છે તે સર્વના મનોરથોનો કાળ નાશ કરે છે. તેથી યથાર્થ સુખ તો કોઇને મળતુંજ નથી. ૪૬ હે રાજન! અનાત્મ વસ્તુમાં આસક્તિ રાખવાથી અનર્થ થાય છે માટે દેહ ઇન્દ્રિયો પ્રાણ બુદ્ધિ અને અહંકારથી આવૃત્ત સ્થાવર–જંગમ માત્રમાં જે અંતર્યામી રૂપથી પ્રત્યક્ષ તથા દેશ કાળ અને વસ્તુના પ્રમાણથી રહિત થઇ પ્રકાશે છે અને અંતર્વૃત્તિથી જે પ્રતીત થાય છે તે પરબ્રહ્મ હુંજ છું એમ માનો. ૩૭ વિવેક ઉત્પન્ન થવાથી પણ નિવૃત્ત થનાર ઉચ્ચ–નીચ અને કાર્ય–કારણ રૂપ સંસાર કે જે દરમાં સર્પની માફક માયા રૂપે પ્રતીત થાય છે તે પરબ્રહ્મ કે–જે નિત્યમુક્ત શુદ્ધ જ્ઞાન સ્વરૂપ સત્ય અને કર્મોથી મલિન થયેલી માયાનો તિરસ્કાર કરનાર છે તે આપ પરબ્રહ્મને હું શરણે છું. ૩૮ જેના ચરણકમળના પલ્લવ રૂપી આંગળિયોની કાન્તિની ભક્તિ કરવાથી મોટા મોટા મહાત્માઓ દેહાભિમાન રૂપી દૃઢગાંઠને છોડી નાંખે છે. ભમતી ઇન્દ્રિયોને રોકનાર અને મનથી પણ વિષયોની આસક્તિ નહિ રાખનાર યોગીજન જેને છોડી શકતા નથી તે વાસુદેવ ભગવાનનું શરણ લ્યો અને તેમનું ભજન કરો. ૩૯ જેમાં ષડ્વર્ગ રૂપી ગ્રાહ છે એવા આ સંસાર રૂપી સમુદ્રને જે યોગાદિક સાધનોની પરમેશ્વર રૂપી નાવ વગર પાર ઉતરવા ઇચ્છે છે તેને બહુજ પરિશ્રમ પડે છે માટે હે પૃથુરાજા ! તમે ભગવાનનાં ભજવા યોગ્ય ચરણારવિન્દને નૌકા બનાવી આ દુસ્તર અને દુઃખ રૂપ સંસારને તરી જાઓ. ૪૦

મૈત્રેય કહે છે કે–બ્રહ્મવેત્તા અને બ્રહ્માના પુત્ર સનત્કુમારોએ આ પ્રમાણે આત્મ જ્ઞાનનો ઉપદેશ કર્યો ત્યારે પૃથુ રાજા તેમની પ્રશંસા કરીને આ પ્રમાણે કહેવા લાગ્યા.૪૧

પૃથુ રાજા કહે છે કે–હે ભગવન ! દીન વત્સલ શ્રી હરિએ પ્રથમ મારા ઉપર કૃપા કરી હતી. હે બ્રહ્મન ! તેને પરિપૂર્ણ કરવા માટે આપનું અહીં પધારવું થયું ૪૧ અને આપ મહાત્માએ કૃપા કરીને તે સર્વ કાર્ય પરિપૂર્ણ કર્યું આ મારૂં રાજ્ય ને શરીરાદિ જે છે તે સર્વ મહાત્માઓનુંજ છે માટે ગુરૂ દક્ષિણામાં હું આપને શું આપું તે કહો. ૪૩ હે બ્રહ્મન્ ! સ્ત્રી પુત્ર પ્રાણ ઘર ઘરતી સામગ્રી રાજ્ય સેના પૃથ્વી ને ભંડાર સર્વ તમ જેવા

મહાત્માઓનાંજ છે એથી તે ઉપર મારો અધિકાર નથી. હું હવે ગુરૂ દક્ષિણામાં શું આપી શકું ! સેવક જેમ રાજાની વસ્તુ રાજાને આપે તેમ મેં પણ આ સર્વ આપને અર્પણ કરેલું છે. ૪૪ વેદ અને શાસ્ત્ર જ્ઞાતા બ્રાહ્મણજ સેનાપતિ ન્યાયાધીશ અને સર્વ લોકોના અધિપતિપણાને યોગ્ય છે ૪૫ બ્રાહ્મણ પોતાનોજ પદાર્થ ખાય છે પોતાનુંજ પહેરે છે અને પોતાનુંજ આપે છે કારણ કે જે કંઇ છે તે સર્વ બ્રાહ્મણનુંજ છે અને બીજા ક્ષત્રિયાદિક તો બ્રાહ્મણોની કૃપાથી તેઓનું આપેલું રાજય કરે છે તેથી ક્ષત્રિયોને કંઇ આપવાનો અધિકાર નથી.૪૬ આત્મ વિચારમા એક નિશ્ચયવાળા અને વેદને જાણનાર આપે જે બ્રહ્મ જ્ઞાનનો ઉપદેશ કર્યો તેનો આપી શકાય જ નહિ તેમ છતા કદાપિ હું બદલો આપવા ઇચ્છુ તો અવશ્ય હાસ્યને પાત્ર થાઉં, માટે પરમ દયાળુ આપ, કરેલા ઉપકારથીજ મારી ઉપર પ્રસન્ન થાઓ.

મૈત્રેય કહે છે કે–આ પ્રમાણે પૃથુરાજાએ સનત્કુમારોનો સત્કાર કર્યા ત્યારે પૃથુ રાજાના સ્વભાવની પ્રશંસા કરતા સનકાદિક સર્વ લોકો દેખતા આકાશ માર્ગે વિદાય થયા. ૪૮ બ્રહ્મજ્ઞાનથી પ્રકટ થયેલી એકાગ્રતાથી પોતાના સ્વરૂપમા સ્થિત અને મહાત્માઓમાં અગ્રગણ્ય એવા પૃથુ રાજા પછી પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગ્યા. ૪૯ પૃથુ રાજા દેશ કાળ બળ યોગ્યતા અને ધનને અનુસાર કર્મ કરીને સર્વ બ્રહ્માર્પણ કરતા હતા. ૫૦ કર્મોનાં ફળ બ્રહ્માર્પણ કરી કર્મોની આસક્તિનો ત્યાગ કરી પોતાના આત્માને સર્વ કર્મોનો સાક્ષી તથા દેહાદિકથી પર માનતા તે સાવધાન રહી કાર્ય કરતા. ૫૧ તે ઘરમા રહેતા અને રાજ્ય લક્ષ્મીના અધિપતિ હતા, તોપણ નિરંહકાર હોવાથી ઋષિની માફક કોઇ વિષયમાં આસક્ત થતા નહોતા. ૫૨ આ પ્રમાણે અંત.કરણમા જ્ઞાન નિષ્ઠા રાખી લોક સંગ્રહ માટે કર્મનાં આચરણ કરતા. તેમણે અર્ચિ નામની રાણીમાં પોતાના જેવા વિજીતાશ્વ ધૂમ્રકેશ હર્યક્ષ દ્રવિણ અને વૃક નામના પાંચ પુત્રો ઉત્પન્ન કર્યા. પૃથુ રાજા સર્વ લોકપાળોના ગુણોને ધારણ કરતા હતા. ૫૩–૫૪ પોતપોતાના સમયમાં જગતની સૃષ્ટિના સંરક્ષણાર્થે ભગવાનના અવતાર રૂપ પૃથુએ પોતાની વૃત્તિયોથી અને સૌમ્ય ગુણોથી પ્રજાને રંજન કરી ૫૫ એ માટે જાણે બીજા સોમ હોય તેમ પૃથુને "રાજા" નું બીરૂદ મળ્યું. સૂર્ય જેમ આઠ માસ સુધી પૃથ્વી ઉપરનું જળ ખેંચે છે અને ચાતુર્માસમાં પાછું આપે છે, તેમ રાજા પણ સમયે પ્રજા પાસેથી ધન લેતો અને સમય આવતાં પાછું આપતો હતો અને જેમ સૂર્ય સર્વ ઉપર તપે છે તેમ તે સર્વ ઉપર આજ્ઞા કરતો હતો. ૫૬ તેજથી અગ્નિ સમાન દુર્ધર્ષ અને ઇન્દ્ર જેવો તે દુર્જય હતો. ક્ષમામા પૃથ્વી જેવો અને મનુષ્યોને મનવાચ્છિત કામનાઓ દેવામાં સ્વર્ગ જેવો હતો ૫૭ જેમ મેઘ સર્વ જગતને તૃપ્ત કરવા વર્ષા કરે છે તેમ તે મનોવાંછિત પદાર્થ આપી સર્વને તૃપ્ત કરતો હતો. તે સમુદ્ર જેવો ગંભીર અને મેરૂ પર્વત જેવો દૃઢ હતો, ગુપ્તપદાર્થ રાખવામાં વરૂણ જેવો હતો. ૫૯ સર્વ સ્થળે ફરવામા બળ તથા ઓજ વડે વાયુ જેવો હતો તથા અસહ્યપણામાં ભગવાન રૂદ્રના જેવો હતો. ૬૦ રૂપમાં કામદેવના સમાન હિમ્મતમાં સિંહ જેવો મનુષ્યો ઉપર વાત્સલ્ય રાખવામા મનુ જેવો અને પ્રભુપણામા ભગવાન બ્રહ્મા જેવો હતો.૬૧ બ્રહ્મવાદમાં બૃહસ્પતિ જેવો જીતેન્દ્રયપણામાં સાક્ષાત વિષ્ણુ જેવો તથા ગાય બ્રાહ્મણ ગુરૂ ને ભક્ત પર પ્રીતિ રાખનાર હતો, ભક્તિ કરવામાં તથા વિનય સુશીલતા અને પરાર્થ ઉદ્યમમાં સદા પોતાના આત્મા જેવો હતો, અર્થાત એ વાતોમાં કોઇની ઉપમા તેને અપાય નહિ એવો તે હતો. જ્યાં ત્યાં સત્પુરૂષ ત્રણે લોકમાં ઉંચા

સ્વરથી તેની કીર્ત્તિ ગાયા કરતા હતા તેથી તેની કીર્ત્તિ સ્ત્રીઓના સાંભળવામાં આવી હતી અને સત્પુરૂષોમાં તેની કીર્ત્તિ રામચંદ્રજીની કીર્ત્તિના જેવી પ્રખ્યાત હતી. ૬૩

कीर्त्योर्ध्वगीतया पुंभिस्त्रैलोक्ये तत्रतत्रह।
प्रविष्टः कर्णरंध्रेषु स्त्रीणां रामः सतामिव ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेचतुर्थस्कंधे
द्वाविंशोध्याय:

અધ્યાય ૨૩ મો.§

પૃથુ અને અર્ચિનું વૈકુંઠગમન.

मैत्रेय उवाच

द ात्मानं प्रवयसमेकदा वैन्य आत्मवान्
आत्मना वर्धिता शेष स्वानुसर्गः प्रजापतिः॥

મૈત્રેય કહે છે કે—પોતાની રચેલી અન્ન પાણી આદિકની ઉત્પત્તિ અને પુર ગામ આદિની રચનાને વધારનાર અને સમગ્ર સ્થાવર જંગમને આજીવિકા આપનાર સત્પુરૂષોના ધર્મને ધારણ કરનાર અને જીતેન્દ્રિય પ્રજાપતિ પૃથુ રાજા જે પ્રયોજનથી પોત પ્રકટ થયા હતા તે પ્રયોજન પરમેશ્વરની કૃપાનુસાર સિદ્ધ થયા પછી એક સમયે પોતાના મનથી પોતાના શરીરની અવસ્થા જોઇ પ્રજાને શોચ કરતા મૂકી પોતાની સ્ત્રીને લઇ એકલાજ તપ કરવાને વનમાં ગયા. તે સમયે પોતાની કન્યા પૃથ્વી કે—જે વિરહથી જાણે રૂદન કરતી હોય એવી દેખાઇ તેથી તેને (પૃથ્વીને) પોતાના પુત્રોને સોંપી. વનમા જઇને દૃઢ નિયમ ધારણ કરી રાજાએ પ્રથમ જેવો પૃથ્વી દોહન માટે પ્રયત્ન કર્યો હતો તેવો વાનપ્રસ્થ લોકોને પરમ માન્ય ઉગ્ર તપ કરવાનો યત્ન કર્યો. ૪ તે કોઇ દિવસ કંદ મૂળ ખાતા કદી સૂકાં પાંદડાં ખાતા, કેટલાં પખવાડિયાં સુધી કેવળ જળપાન કરતા અને ત્યાર પછી કેવળ પવનનોજ અહાર કરતા. ૫ ઉષ્ણુકાળમાં પંચાગ્નિ તાપતા ચોમાસામાં વર્ષાને સહન કરતા તથા શિશિર ઋતુમાં કંઠ પર્યંત જળમાં રહેતા અને સદા પૃથ્વી ઉપરજ શયન કરતા. ૬ પૃથુ રાજાએ પવનને જીતી શ્રીકૃષ્ણ ભગવાનની આરાધના કરવાની ઇચ્છાથી અતિ ઉત્તમ તપ કર્યું. ૭ ધીરે ધીરે વધતા જતા તપના પ્રભાવે કર્મ નાશ થઈ જવાથી રાજાનું અંતઃકરણ અતિ નિર્મળ થયું. પ્રાણાયામના પ્રભાવથી ષડ્વર્ગ તેમને વશ થયા અને સર્વ બંધન કપાઇ ગયાં. ૮ ભગવાન સનત્કુમારે જે પરમ આધ્યાત્મિક યોગનો ઉપદેશ કર્યો હતો તે ઉપદેશવડે રાજા ભગવાનની આરાધના કરવા લાગ્યા. ૯ શ્રદ્ધાથી ભગવદ્ ધર્મોનું આચરણ કરતાં પૃથુ રાજાને ભગવાન પરબ્રહ્મમાં એક ઇશ્વરની નિષ્ઠાવાળી અનન્ય ભક્તિ થઈ. ૧૦ ભગવાનની ભક્તિ કરવાથી રાજાનું મન શુદ્ધ થવાથી વૈરાગ્ય સહિત જ્ઞાનને પ્રાપ્ત થયું, કે—જે ભગવાનના અનુસ્મરણથી પૂર્ણ થયેલા ભક્તિના પ્રભાવથી તિક્ષ્ણ થયેલા જ્ઞાનથી તેમણે સંભવના આદિ અનેક વિષયોને આશ્રિત રહેલા પોતાના હૃદયની ગાંઠ છોડી નાંખી. ૧૧ દેહાત્મ બુદ્ધિવાળાને દેહ છે તેજ આત્મા છે આવું અભિમાન જે રાજાને હતું તે નાશ થઇ જવાથી સ્વરૂપને પ્રાપ્ત થયેલા અને તપથી પ્રાપ્ત થયેલી સિદ્ધિયોમાં પણ લાલસા રહિત પૃથુ રાજા દેહાભિમાન નાશ પામ્યાથી બ્રહ્મજ્ઞાનમાં શિથિલ પ્રયત્ન થયા, અર્થાત બ્રહ્મજ્ઞાનના પ્રયત્નનો પણ તેમણે ત્યાગ કર્યો. ભગવાનની કથાઓ ઉપર પ્રીતિ કરવામાં આવે નહિ તો સિદ્ધિયોમાં ખલેલ થયા કરે તેથી પૃથુ રાજા ભગવત પ્રીતિ થવા માટે સિદ્ધિયોમાં લલચાયા નહિ. ૧૨ જીવને પરબ્રહ્મમાં જોડીને વીર પુરૂષોમાં શ્રેષ્ઠ પૃથુ રાજા સાક્ષાત બ્રહ્મરૂપ થયા. પછી સમય આવ્યે તેમણે પોતાના શરીરનો ત્યાગ કર્યો. ૧૩ પાનીની એડીથી ગુદાને દાબી મળદ્વારથી વાયુને

§ આ અધ્યાયમા સ્ત્રી સહિત પૃથુ રાજા વાનપ્રસ્થ થઇ તપ ને સમાધિદ્વારા વિમાનમા બેસી વૈકુંઠમાં ગયા એ કથા કહેવાશે.

ઉંચો ચઢાવી પ્રથમ નાભિમાં પછી હૃદયમાં પછી ઉરઃસ્થળમાં અને પછી કંઠ તથા ભ્રકુટીની વચમાં લાવી મુક્તાસન કરી વળી અનુક્રમે તેને બ્રહ્મરંધ્રમાં ચઢાવ્યો. પછી નિઃસ્પૃહ થયેલા પૃથુ રાજાએ દેહગત વાયુને વાયુમાં શરીરના પાર્થિવ ભાગને પૃથ્વીમાં તેજના ભાગને તેજમા છિદ્રોને આકાશમાં અને રસ ભાગને જળમાં પોતપોતાનાં સ્થાન અને વિભાગ પ્રમાણે પંચતત્ત્વોમાં જોડી દીધાં. પછી પૃથ્વીને જળમા જળને તેજમાં તેજને વાયુમાં વાયુને આકાશમા અને મન તથા દેવતાઓને ઇન્દ્રિયોમાં અને ઇન્દ્રિયોને પોતપોતાના વિષયોમા લીન કરી આકાશ અને વિષયોને અહંકારમાં લીન કરી અહંકારને મહત્તત્ત્વમાં લીન કર્યો. ૧૭ સર્વ કાર્યોના નિવાસ રૂપ મહત્તત્ત્વને માયોપાધિક જીવમાં લગાડ્યું. પછી જ્ઞાન અને વૈરાગ્યના બળથી પરબ્રહ્મમાં સ્થિત થઇ પ્રથમ જીવત્વાભિમાન કરાવનાર ઉપાધિ રૂપ અજય્ય માયાનો ત્યાગ–જય કર્યો. ૧૮ તેમની રાણી અર્ચિ કે જે અતિ સુકુમાર અને ચરણથી પૃથ્વીનો સ્પર્શ કરવાને અયોગ્ય હતી તે પણ તેમની પાછળ ગઇ. વનમા પૃથુ જે ધર્મનું અનુષ્ઠાન કરતા તેનું તે પણ અનુષ્ઠાન કરતી અને ઋષિયો જેવી વૃત્તિ એટલે કંદ મૂળ ફળ આદિ ખાઈને પતિની સેવા કરતી તેથી તે બહુજ દુર્બળ થઇ ગઇ હતી. ખાનપાનાદિક તથા ટાઢ તડકાના દુઃખને તે ગણતી ન હતી.૨૦ પરંતુ જ્યારે પૃથુ રાજાના શરીરને તેણે શબ રૂપ જોયું ત્યારે શોક કર્યો. પર્વતના શિખર ઉપર ચિતા ખડકી તે ઉપર રાજાના શરીરને મૂક્યું. ૨૧ પછી પોતે સ્નાન કરી તે સમયને યોગ્ય ક્રિયા કરી પતિને દાહાંજલિ આપી આકાશમાં જોવાને ઉભેલા દેવતાઓને નમસ્કાર કરી અગ્નિને ત્રણ પ્રદક્ષિણા કરી પતિના ચરણનું ધ્યાન ધરી તેજ અગ્નિમાં બળી મુઇ. ૨૨ પતિ એવા પૃથુરાજાની પાછળ તે પતિવ્રતા અર્ચિને સતી થયેલી જોઇ હજારો વરદાન દેનારી દેવાંગનાઓ દેવતાઓ સાથે પ્રશંસા કરવા લાગી. ૨૩ મંદરાચળ પર્વતના શિખર ઉપર ફૂલ વરસાવીં દુંદુભિ વગાડતી તેઓ અર્ચિની સ્તુતિ કરવા લાગી.

દેવાંગનાઓ બોલી કે–અહો ! આ અર્ચિ મહા ભાગ્યશાળી કે તેણે જેમ લક્ષ્મીજી ભગવાનની સેવા કરે તેમ સર્વ પ્રકારે પોતાના પતિ રાજાધિરાજ પૃથુની સેવા કરી. ૨૫ પોતાના અચિંત્ય કર્મના પ્રભાવથી તે આપણને ઉલ્લંઘી પૃથુની પાછળ ઉંચા લોકમા ચાલી ગઇ. ૨૬ પૃથ્વીમા જે મનુષ્ય ચંચળ આયુષ્યને પામી ભગવાનના પદને પ્રાપ્ત કરાવનાર આત્મજ્ઞાનને સિદ્ધ કરે તે મનુષ્યોને કોઈ પણ વસ્તુ દુર્લભ રહેતી નથી.૨૭ મોક્ષદાયક ભકિત મૂકી મનુષ્ય દેહને પામી જે મનુષ્ય વિષયોમા આસક્ત થાય છે તેને ઠગાયલો તથા આત્મદ્રોહી સમજવો. ૨૮

મૈત્રેય કહે છે કે–આ રીતે દેવાંગનાઓ સ્તુતિ કરતી હતી એટલામાં બ્રહ્મજ્ઞાનમાં નિપૂણ ભગવદ્ ભક્ત પૃથુ રાજા જે લોકમાં ગયા હતા તે લોકમાં અર્ચિ પણ ગઇ. ઉદાર મનના આવા પરાક્રમી પૃથુ રાજાનું ચરિત્ર મેં તમને કહ્યુ. આ ચરિત્રને જે મનુષ્ય એકાગ્ર ચિત્તે શ્રદ્ધાથી વાંચે અથવા સાંભળે કે કોઇને સંભળાવે તે તેમના પદને પામે છે. ૩૧ બ્રાહ્મણ હોય તો બ્રહ્મ તેજવાન, ક્ષત્રિય હોય તો પૃથ્વીપતિ, વૈશ્ય ધનાઢ્ય અને શુદ્ર હોય તો તે પવિત્ર થાય છે. ૩૨ જે આ વા પુરૂષ આદર પૂર્વક ત્રણ વાર આ ચરિત્ર શ્રવણ કરે છે તે અપુત્ર હોય તો પુત્રને અને નિર્ધન હોય તો ધનને પામે છે. ૩૩ અપ્રસિદ્ધ પુરૂષની જગતમા આ ચરિત્ર શ્રવણ કરવાથી કીર્ત્તિ વધે છે અને મૂર્ખ પંડિત થાય છે. આ ચરિત્ર મનુષ્યોનું કલ્યાણ કરનાર ને અમંગળતાનો નાશ કરનાર છે. ૩૪ આ ચરિત્ર ધન યશ આયુ અને સ્વર્ગ આપનાર તથા કળિયુ

ગના ભાવનો નાશ કરનાર છે. જે મનુષ્ય ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થને સારી રીતે સિદ્ધ કરવા ઇચ્છતો હોય તેણે આ ચરિત્રને શ્રદ્ધા પૂર્વક શ્રવણ કરવું કારણ કે ચાર પુરૂષાર્થનું તે પરમ સાધન છે. ૩૫ જે રાજા દિગ્‌વિજય કરવાને નીકળે તેણે તે સમયે આ ચરિત્ર સાંભળીને જવુ કે વિજય થાય. પૃથુરાજાને સર્વ રાજાઓ ભેટ અર્પણ કરતા હતા તેમ તેને પણ સર્વે ભેટ લાવી અર્પણ કરે. ૩૬ એ માટે મનુષ્યોએ સર્વ સંગનો ત્યાગ કરી ભગવાનમા નિષ્કામ ભક્તિ રાખી આ પૃથુરાજાના પવિત્ર ચરિત્રને સાંભળવું. ૩૫ હે વિદુર! ભગવાનના માહાત્મ્યને સૂચવનાર આ આખ્યાન મેં તમને કહ્યું માટે જે મનુષ્ય આમાં બુદ્ધિ રાખે છે તેપૃથુની ગતિ પામે છે. ૩૮ જે મનુષ્ય મુક્ત સંગ થઇ આદર પૂર્વક આ ચરિત્રને પ્રતિદિવસ સાંભળે વા સંભળાવે છે તે ભગવાન કે જેના ચરણારવિંદ સંસાર સાગરથી પાર ઉતરવા નૌકા રૂપ છે તેની ઉત્તમ ગતિ–અર્થાત મોક્ષને પામે છે. ૩૯

अनुदिन मिद मादरेण शृण्वन्
पृ[illegible] प्रथयन्वि मुक्तसंगः ।
भगवति भवसिंधु पोतपादे
सचनिपुणां लभते गतिं मनुष्यः ३९॥

इतिश्रीमद्भागवतेमहापुराणेचतुर्थस्कंधे
त्रयोविंशोध्यायः

અધ્યાય ૨૪ મો.†

પ્રચેતાઓની ઉત્પત્તિ.

मैत्रेय उवाच

विजि[illegible]श्वोऽधिराजासीत्पृथुपुत्रः पृथुश्रवाः।
यवीयोभ्योऽददात्काष्ठाभ्रातृभ्योभ्रातृवत्सलः

મૈત્રેય કહે છે કે–હે વિદુર! ત્યારપછી મહા યશસ્વી પૃથુ રાજાનો પુત્ર વિજીતાશ્વ ચક્રવર્તી થયો. તેણે પ્રેમથી પોતાના નાના ભાઇઓને ચારે દિશાઓનું રાજ્ય આપ્યું. ૧ વિજીતાશ્વે હર્યક્ષને પૂર્વ દિશા ધુમ્રકેશને દક્ષિણ વૃકને પશ્ચિમ અને દ્રવિણસને ઉત્તર દિશાનું રાજ્ય આપ્યું.૨ જ્યારે પૃથુ રાજાના અશ્વમેધનો ઘોડો ઇંદ્ર ચોરી ગયો ત્યારે ઇંદ્ર પાસેથી તે પાછો લાવતાં ઇદ્રે તેને અંતર્ધાન થવાની વિદ્યા શીખવી હતી તેથી તેનું નામ અંતર્ધાન પણ પડયું હતું. તેને શિખંડિની નામની સ્ત્રીમાં પાવક પવમાન અને શુચિ નામના ત્રણ પુત્ર થયા.આ ત્રણેને પ્રથમ વશિષ્ઠ ઋષિનો શાપ થયો હતો તેથી વિજીતાશ્વને ત્યાં પુત્ર રૂપે ઉત્પન્ન થયા અને પુનઃ પોતાના પદવીને પામ્યા. અંતર્ધાન રાજા કે જેણે ઇન્દ્ર ઘોડાને ચોરી જાય છે એવું જાણવા છતા પણ તેને માર્યો નહિ તેણે પોતાની બીજી નભસ્વની નામની ભાર્યામાં હવિર્ધાન નામના પુત્રને ઉત્પન્ન કર્યો. ૫ કર દંડ અને દાન આદિ લેવાથી રાજાઓની આજીવિકા બીજાઓને દુઃખદાયી છે એમ ધારી વિજીતાશ્વે લાંબા કાળ પર્યંત યજ્ઞ કરવાના નિમિત્તે આજીવિકાનો ત્યાગ કર્યો. ૬ યજ્ઞમાં પોતાના ભક્ત લોકોના ક્લેશ દૂર કરનાર પરમાત્મા પુરૂષનું એકાગ્ર ચિત્તથી યજન કરતાં તે ઉત્તમ લોકને પામ્યો.૭ હે વિદુર! હવિર્ધાનને હવિર્ધાની નામની સ્ત્રીથી બર્હિષદ ગય શુકલ કૃષ્ણ સત્ય અને જીતવ્રત એ છ પુત્ર ઉત્પન્ન થયા. ૮ હે કુરૂકુળદીપક! હવિર્ધાનનો પુત્ર પ્રજાપતિ બર્હિષત મહા ભાગ્યશાળી અને વૈદિક કર્મકાંડમાં તથા યોગમાં વિચક્ષણ હતો.૯ એ રાજાએ તમામ પૃથ્વીમાં કોઇ સ્થળને યજ્ઞ કર્યા વગરનું રાખ્યું નહિ અને પૂર્વ દિશા તરફ અગ્રભાગવાળા દર્ભોથી તમામ પૃથ્વી તળને ઢાંકી દીધું તેથી તેનું નામ પ્રાચીનબર્હિષ પડયું. ૧૦ બ્રહ્માના કહેવાથી શતદ્રુતિ નામની સમુદ્રની કન્યા સાથે તેણે પાણિગ્રહણ કર્યું, તે અતિ

† આ અધ્યાયમા પૃથુ રાજાના પ્રપૌત્ર પ્રાચીનબર્હિષ્ રાજાના પ્રચેતાઓ નામના પુત્રો થયા અને મહાદેવજીએ તેમને રૂદ્રગીતનો ઉપદેશ કર્યો એ કથા કહેવાશે.

સુંદર કિશોર અવસ્થાવાળી સુંદર શૃંગાર જેણે ધારણ કરેલા એવી વિવાહ વખતે અગ્નિની પ્રદક્ષિણા કરતી હતી તેને જોઇ અગ્નિ જેમ † પોપટી ઉપર આસકત થયા હતા તેમ પ્રાચીનબર્હિષ રાજા પણ આસક્ત થયા. ૧૧ નવ વિવાહિતા શતદ્રુતિએ ચારે તરફ પોતાના ઝાંઝરના ઝમકારથી દેવતા દૈત્ય ગંધર્વ મુનિ સિદ્ધ મનુષ્ય અને નાગ લોકને મોહિત કર્યા હતા. ૧૨ પ્રાચીનબર્હિષ રાજાને તેનાથી દશ પુત્ર થયા અને તે "પ્રચેતાઓ" કહેવાયા. તે દશે એકજ નામવાળા એકજ વ્રતવાળા અને બધા પૂર્ણ ધર્મ પરાયણ હતા.૧૩ સૃષ્ટિ રચવાની જ્યારે તેમના પિતા પ્રાચીનબર્હિષે તેમને આજ્ઞા કરી ત્યારે તેઓ તપ કરવા સમુદ્ર ઉપર ગયા. જળમાં ઉભા રહી દશ હજાર વર્ષ સુધી તેમણે ભગવાનની આરાધના કરી. તેઓ તપ કરવા જતા હતા તે સમયે રસ્તામાં સદાશિવનાં દર્શન થયાં. શંકરે પ્રસન્ન થઇ તેમને જે મંત્રનો તથા પૂજનનો ઉપદેશ કર્યો તે ઉપદેશ પ્રમાણે તેઓ જીતેન્દ્રિય રહી ધ્યાન જપ તથા પૂજન કરવા લાગ્યા. ૧૫

વિદુર કહે છે કે—હે બ્રહ્મન ! પ્રચેતાઓ અને મહાદેવજીનો માર્ગમાં સમાગમ થયો અને પ્રસન્ન થઇ મહાદેવે તેમને જે ઉપદેશ કર્યો તે સારવાળો હશે માટે એ સર્વ કથાનું વર્ણન કરો.૧૬ હે વિપ્રર્ષિ ! વૈરાગ્યવાળા લોકો જે ઇષ્ટદેવનું કેવળ ધ્યાન કરે છે પરંતુ સાક્ષાત્કાર પામતા નથી તે મહાદેવજીનો સમાગમ થવો પ્રાણીઓને અતિ દુર્લભ છે.૧૭

† એક સમયે યજ્ઞમા સપ્તર્ષિયોની સ્ત્રીઓને જોઇ અગ્નિને કામ ઉત્પન્ન થયો ત્યારે તેની સ્ત્રી સ્વાહાએ સાત ઋષિની સ્ત્રી રૂપ થઈ તેને રતિ કરાવી આ રીતે રમાડી અગ્નિનુ વીર્ય પોપટીના રૂપે ઉપાડી મુંજના ભોથામાં રાખ્યુ જેમ પોતાની સ્ત્રી સ્વાહાએ ઋષિની સ્ત્રી રૂપ થઇ અગ્નિને રમાડયા અને અગ્નિએ જાણ્યું કે સપ્તર્ષિઓનીજ સ્ત્રી છે એ પ્રમાણે રમણ કરવાની ઇચ્છા કરતા રાજાને તે પ્રમાણે મોહ થયો

તે સ્વયં આત્મારામ છે તોપણ આ જગતની રચનાનું પાલન કરવા માટે ભયંકર શકિતને સાથે લઇ ફર્યા કરે છે. ૧૮

મૈત્રેય કહે છે કે—હે વિદુર ! પ્રચેતાઓ પિતાની આજ્ઞાને શિર ઉપર ચઢાવી તપ કરવાનો નિશ્ચય કરી પશ્ચિમ દિશા તરફ ગયા. રસ્તામાં સમુદ્રના જેવું એક મોટું લાંબુ અને પહોળું સરોવર આવ્યું. તે મહાત્મા પુરૂષોના મનના જેવા અતિ સ્વચ્છ જળે ભરેલું હતું. જળમાં રહેનાર જળ જંતુ પણ તેમાં બહુ રહેતાં હતાં.૨૦ નીલ કમળ રકત કમળ ઉત્પલ અમ્ભોજ કહ્લાર અને ઇન્દીવર આદિ અનેક જાતનાં રાત્રિ અને દિવસે ઉઘડનારાં કમળો તેમાં ઉત્પન્ન થતાં હતાં. હંસ સારસ ચકવા અને કારંડવ વગેરે પક્ષીઓના કલ્લોલથી તે ગાજી રહ્યું હતું. ૨૧ મદોન્મત્ત ભ્રમરોના ગુંજારવથી લતા ને વૃક્ષોનાં પુષ્પ ખીલી રહ્યા હતાં, ચારે તરફ કમળની રજના પવનથી આનંદ જામી રહેલો હતો. ૨૨ આવા તે ઉત્તમ સરોવરમાં મૃદંગ અને ઢોલ આદિ વાજીંત્રની પાછળ દેવનાઈ મનોહર ગાયન થતું હતું તે સાંભળીને તેઓ વિસ્મય પામ્યા. ૨૩ એટલામાં શ્રી મહાદેવજી પોતાના પાર્ષદો સહિત તેમાંથી નીકળ્યા. શંકરનાં દર્શન તે રાજકુમારોને થયાં. મહાદેવજી પાસે દેવતાના નોકર ગંધર્વ ગાયન કરી રહ્યા હતા. તપેલા સુવર્ણના ઢગ જેવી કાન્તિવાળા નીલકંઠ અને ત્રણ નેત્રવાળા પ્રસન્ન મુખવાળા મહાદેવજીનાં દર્શન કરીને તે રાજકુમારોએ મહા આશ્ચર્ય પામીને પ્રણામ કર્યા ત્યાર પછી શરણાગત પ્રતિપાળક ધર્મવત્સલ દીન જનનાં દુઃખ હરણ કરનાર ભગવાન મહાદેવજીએ ધર્મને જાણનાર અને શીલ સંપન્ન પ્રચેતાઓને કહ્યું કે તમે પ્રાચીન બર્હિષના પુત્ર છો. હું તમારા કર્તવ્ય કર્મને જાણુ છું. તમારી ઉપર કૃપા કરવાને માટે જ મેં તમને દર્શન આપ્યાં છે.૨૭ જે સૂક્ષ્મ

અર્થાત ત્રિગુણ પ્રકૃતિથી વા પુરૂષથી પણ પર એટલે વાસુદેવ ભગવાનનો જે ભકત હોય તે મને પ્રિય છે. ૨૮ જે પુરૂષ પોતાના ધર્મમાં નિષ્ઠા રાખે છે તે સેંકડો જન્મો ધર્યા પછી બ્રહ્મપદને પામે છે, તે કરતાં અધિક પુણ્ય હોય તો તે છેવટે મને પામે છે, અને જે ભગવાનનો પરમ ભકત છે તે તો નિઃસંદેહ માયા રહિત વિષ્ણુના પરમપદને પામે છે. સર્વ દેવતા તથા હુ અવિકારીના અંતમાં પરમેશ્વરના લોકને પામીએ છીએ. હાલ હુ શિવ છતાં અધિકારીની પેઠે વર્તુ છું. ૨૯ તમે સર્વ ભગવદ્ ભકત છો એથી મને વિશેષ પ્રિય છો, અર્થાત મને જેવા ભગવાન પ્રિય છે તેવાજ તમે ભકતો પણ મને પ્રિય છો અને ભકતોને મારા જેવો બીજો કદી પણ કોઈ પ્રિય લાગતો નથી ૩૦ માટે આ પરમ પવિત્ર સર્વ મંગલને આપનાર મોક્ષ દેનાર અને સર્વ વિઘ્નોને શાન્ત કરનાર જે સ્તોત્ર છે તે હુ તમને કહુ છું, તે તમે ચિત્ત લગાડીને સાંભળો અને જેમ બને તેમ એકાન્તમાં બેસી તેનો પાઠ કરો. ૩૧

મૈત્રેય કહે છે કે—હે વિદુર! આ પ્રમાણે પરમદયાળુ ભગવાનના પરમ ભકત પોતાની સામે હાથ જોડી ઉભેલા રાજકુમારોને સ્તોત્રનો ઉપદેશ કરવા લાગ્યા. ૩૨

રૂદ્ર કહે છે કે—હે પ્રભો! આપનો મહિમા મોટા મોટા આત્મજ્ઞાની પુરૂષોને પરમાનંદ આપે છે તો તે આનંદ મને પણ આપવો જોઇએ. જે સદા સિદ્ધિદાયકને મંગળરૂપ છે તેનું આપે સેવન કરેલું છે માટે હું સર્વના આત્માને નમસ્કાર કરૂં છું. ૩૩ જેની નાભિમાં પંચ મહાભૂત ઇંદ્રિયોના આત્મા સર્વાન્તર્યામી સ્વયંપ્રકાશ વાસુદેવ રૂપથી ચિત્તના નિયંતા અને નિર્વિકાર એવા હે ભક્તિ રૂપ! આપને મારા પ્રણામ છે.૩૪ સંકર્ષણ રૂપથી અહંકારને હરનાર સૂક્ષ્મ અને અનંત છો તથા વિશ્વને જ્ઞાન દેનાર યદુકુળના નાયક સર્વાંતર્યામી પ્રદ્યુમ્નને મારા નમસ્કાર છે. ૩૫ સર્વ ઇંદ્રિયોના ઈશ તથા ઇન્દ્રિયોના આત્મા અનિરૂદ્ધને હું પ્રણામ કરૂં છું. આપ સૂર્ય રૂપ ધારણ કરી સમસ્ત ભૂમંડળને આપના તેજથી પ્રકાશિત કરોછો અને આપ પરમ હંસ પૂર્ણ તથા ક્ષય વૃદ્ધિ રહિત છો તેને હું પ્રણામ કરૂં છું. સ્વર્ગ અને મોક્ષના દ્વાર રૂપ તથા સદા પવિત્ર હૃદયમાં વાસ કરનારને હું પ્રણામ કરૂં છું. ચાતુર્હોત્ર કરનાર યજ્ઞના સાધન રૂપ યજ્ઞનો વિસ્તાર કરનાર અને અગ્નિ રૂપ આપને હું પ્રણામ કરૂંછું. ૩૭ પિતૃ અને દેવતાઓને અન્ન દેનાર ત્રણ વેદના પતિ અને યજ્ઞ રૂપ સત્વવાળા ચંદ્ર રૂપ આપને હું વારંવાર નમસ્કાર કરૂં છું. પ્રાણિયોને તૃપ્ત કરનાર અને સર્વ રસમય જળ રૂપ આત્માને હું પ્રણામ કરૂં છું. ૩૮ સર્વ જીવ માત્રના શરીર રૂપ વિરાટ સ્થૂલ ત્રણ ભુવનને પાળનાર મન ઇંદ્રિય અને શરીરના બળરૂપ તથા વાયુરૂપ ઇશ્વરને મારા પ્રણામ છે. ૩૯ અર્થ ચિહ્ન શબ્દ અને ગુણોથી સર્વના નામ રૂપ આકાશરૂપ આત્માને મારા નમસ્કાર છે.૪૦ પ્રવૃત્તિ નિવૃત્તિ માર્ગ પિતૃ કર્મવાળા ધર્મ તથા મૃત્યુ રૂપથી અધર્મના ક્લેશને કાપનારને મારા નમસ્કાર છે. ૪૧ હે ઇશ! કર્મોનાં ફળ આપનાર સર્વજ્ઞ અને મંત્ર રૂપ આપને મારા પ્રણામ છે. ધર્મ રૂપ અખંડ જ્ઞાનવાળા પુરાણ પુરૂષ સાંખ્ય તથા યોગના ઈશ્વર આપને પ્રણામ છે. બૃહત્વાદિ ગુણ વિશિષ્ટ ચૈતન્ય રૂપ પરિપૂર્ણને મારા પ્રણામ છે. કર્તા કર્મ અને કારણ એ ત્રણે શક્તિયો સહિત અહંકારમય રૂદ્ર રૂપ ધારી આનંદમય આત્માને મારા નમસ્કાર છે. અર્થ ચિત્ત ક્રિયા અને શક્તિરૂપ વાણીને નાના પ્રકારે રચનાર બ્રહ્મમૂર્તિ એવા આપને મારા પ્રણામ છે.૪૩ ભક્ત લોકોને અતિ પ્રિય સર્વથી ઇન્દ્રિયોના વિષય વિષયી રૂપ આપના સ્વરૂપનાં અમને

દર્શન આપો કારણ કે અમે નિરંતર તે દર્શનની ઇચ્છા રાખીએ છીએ. ૪૪ વર્ષાકાળના મેઘ સમાન શ્યામ વર્ણ સકળ સૌન્દર્યના આશ્રય સુંદર લાંબી ચાર ભુજાથી શોભાયમાન અત્યંત સુંદર મુખની છબી છે. ૪૫ કમળ કેશની કોમળ પાંખડી અને પલાશ પુષ્પ જેવી શોભાયનાન આખવાળા સુંદર ભ્રમર તથા નાસિકાવાળા મનોહર દાંત તથા કપોળવાળા આંખોની અણીઓ જાણે હસતી હોય એવા કમળના કેસર જેવાં વસ્ત્ર પહેરનાર સ્વચ્છ કુંડળવાળા, ૪૭ મુગટ કંકણ હાર ઝાંઝર અને કટિમેખળા તથા શંખ ચક્ર ગદા અને પદ્મ ધારણ કરનાર વનમાળા કૌસ્તુભમણિવાળા ૪૮ સિંહ જેવા ખભા ઉપર કુંડલ આદિ આભૂષણોની શોભાવાળા કસોટીમાં જેમ સુવર્ણની રેખા શોભે છે તેમ જેના વક્ષઃસ્થળમાં લક્ષ્મી શોભે છે એવા પીપળાના પાંદડા જેવા પેટવાળા પૂરક તથા રેચકવડે શ્વાસોચ્છ્વાસ ચાલવાથી હાલતી ત્રિવલીયોવડે શોભિત જળના ભ્રમર જેવી ગંભીર નાભિ કે જેમાથી વિશ્વની ઉત્પત્તિ થઇ છે અને પુન વિશ્વને તેમાં શમાવનાર શ્યામ વર્ણના કટિ પશ્ચાદ્ ભાગ ઉપર ધરેલા પીતાંબરની સાથે સોનાની કટિમેખળા પહેરનાર તેમજ સરખા અને સુશોભિત ચરણ પીંડિયો સાથળ અને શરદ્ ઋતુના મનાહર કમળ પત્ર જેવી શોભાયમાન કાન્તિવાળા નખોની કાન્તિથી અંતઃકરણના અજ્ઞાનનો નાશ કરનાર ચરણકમળથી પોતાના પ્રિય ભક્ત ધ્રુવ પ્રહ્લાદાદિક ભકતોના ભય દૂર કરનાર આપ આપના મનોહર સ્વરૂપના અમને દર્શન આપો, કારણ કે હે ગુરો ! અમારા જેવા લોકોને માર્ગ દર્શાવનારા આપ છો. ૫૨ જેને પોતાના મલિન આત્માને શુદ્ધ કરવાની ઇચ્છા હોય તેઓએ આપના રૂપનું ધ્યાન કરવુ જોઇએ ને પોતાના ધર્મને છોડવો ન જોઇએ. કારણ કે જે યોગ તથા અભયદાન આપો છો. સ્વર્ગમા રાજ્ય કરનાર જેની ઇચ્છા રાખે એવા અને આત્મવેત્તાઓની ગતિ રૂપ તથા સર્વ પ્રાણિયોને દુર્લભ આપ આપના ભકતોને સુગમ છો. મહાત્માજનોને પણ ભક્તિ મળવી અતિ દુર્લભ છે. એકાન્ત ભક્તિથી દુરારાધ્ય આપની ઉપાસના કરીને તથા આપના મનોહર ચરણારવિંદોના મૂળને છોડીને બીજાં સ્વર્ગાદિક સુખની ઇચ્છા કોણ કરે ? ૫૫ કાળ કે જે પોતાના તેજ અને બળના પ્રભાવથી ભ્રકુટિના ચળવાથી વિશ્વનો વિધ્વંશ કરી શકે છે તે કાળ પણ આપના ચરણ સેવનાર ઉપર આ મારે આધીન છે એવું અભિમાન કરતો નથી. ૫૬ આપના ભક્ત લોકોની સંગતની અર્ધક્ષણની બરાબર હું તો સ્વર્ગને મોક્ષને કે મનુષ્યોના આશીર્વાદને ગણુતો નથી. રાજ્યાદિક સુખ તો તેની આગળ તુચ્છ છે. આપના ચરણારવિંદનું સેવન કરવાથી અને ગંગાજીના સ્નાનથી અને ગંગાજીના જેવાં બહારના તથા અંદરના પાપ નાશ થઇ ગયાં છે તથા સર્વ જીવો ઉપર દયા રાખે છે, નિર્મળ અંતઃકરણ અને શીલ સ્વભાવવાળા મહાત્મા પુરૂષોનો સમાગમ અમને થયા કરે એવા અપના અનુગ્રહને હુ ઇચ્છું છું. ૫૮ સાધુની સેવા કરવાથી જ્યારે ચિત્ત વિષયોથી રહિત અને તમોગુણમાં પ્રવેશ ન કરવાથી શુદ્ધ થાય ત્યારે યોગીને આપનું સ્વરૂપ જોવામાં આવે છે. ૫૯ જે બ્રહ્મમાં આ સર્વ જગત દેખાય છે અને તેમાં બ્રહ્મ દેખાય છે, તે તત્ત્વ પરબ્રહ્મ સર્વમાં વ્યાપક છે. ૬૦ હે મહારાજ ! જેથી ભેદ બુદ્ધિ થયા કરે તે બુદ્ધિમાં ભેદ કરનારી માયા છે પણ તે આપના ઉપર પોતાની કંઇ પણ સત્તા ચલાવી શકતી નથી એવી અનેક રૂપવાળી માયાથી આપ પરમેશ્વર સ્વયંનિર્વિકાર છતાં પણ આ જગતને રચો છો પાલન કરો છો અને લીન કરો છો, જેમાં કંઇ પણ ભેદ બુદ્ધિ નથી સત્યના સમાન પ્રકાશવાન

છે તે સ્વતંત્ર આપને અમે અખંડ પરબ્રહ્મ જાણીએ છીએ. ૬૧ આપ ભિન્ન ભાવ રહિત મહા ભૂત ઇંદ્રિયો અને અંતઃકરણથી જાણવામાં આવતા સાકાર રૂપનું જે યોગીજન શ્રદ્ધા પૂર્વક અનેક પ્રકારની ક્રિયાઓથી મુક્તિને માટે સારી રીતે પૂજન કરે છે તેનેજ અમે વેદ અને શાસ્ત્રમાં વિચક્ષણ સમજીએ છીએ; અર્થાત જે તેને છોડી કેવળ જ્ઞાનમાં પ્રવૃત્ત થાય છે તે વિચક્ષણ નથી. આપ આદિ પુરૂષ છો કારણ કે પ્રલય કાળમા આપની માયા શક્તિ પ્રલયમાં લય થઇ જાય છે અને જગત—સૃષ્ટિના પ્રારંભ કાળમા માયા શક્તિથી જ્યારે આપ સત્વ રજ અને તમોગુણ રૂપથી વિભાગ કરો છો ત્યારે તે વિભાગોમાંથી મહતત્ત્વ અહંકાર આકાશ વાયુ અગ્નિ જળ અને પૃથિવી દેવતા ભૂત ગણ અને બીજા પણ અનેક પદાર્થોના ઢગલા રૂપ આ જગત ઉત્પન્ન થાય છે. ૬૩ આપની શકિતના પ્રભાવથી વિશ્વમાં પ્રવિષ્ટ થઇ આપ આત્માના અંશથી આ વિશ્વ રૂપ પુરમા ચાર પ્રકારના જીવને રચો છો. સ્વેદજ અંડજ જરાયુજ અને ઉદ્ભિજ્જ. એ જીવ પોતાની ઇંદ્રિયોથી ક્ષુદ્ર વિષયોનું સુખ ભોગવે છે.૬૪ તેજ તમે અતિ દુઃસહ અને અતિ પ્રચંડ વેગવાળા કાળ રૂપથી વાયુ જેમ વાદળને ચલાયમાન કરી ખેંચી જાય તેમ પ્રાણિયોને બીજા પ્રાણિયોથી ચલાયમાન કરી ખેંચી લઇ જાઓ છો, પરંતુ એ સર્વને ખેંચનારૂ આપનું કાળ સ્વરૂપ કોઇના લક્ષ્યમાં આવતું નથી. કર્તવ્યાકર્તવ્યથી અસાવધાન રહેનાર લોભી અને વિષયથી લલચાનાર પ્રાણીને સદા સાવધાન રહેનાર કાળ રૂપ આપ લઇ લ્યો છો.૬૬ આપનું ભજન કર્યા વગર જેનું શરીર જીર્ણ થતું જાય એવો માણસ જો સમજુ હોય તો આપના ચરણારવિંદનો ત્યાગ ન કરે ? બ્રહ્મા અને ચૌદ મનુઓએ મરણના ભયથી દૃઢ વિશ્વાસ પૂર્વક સદા ભજાતા હે બ્રહ્મન ! વિશ્વ રૂદ્રના ભયથી ત્રાસ યુક્ત છે તેથીજ અમે તમને નિર્ભય અને શરણ રૂપ ગણીએ છીએ.

રૂદ્ર કહે છે કે—હે રાજકુમારો ! આ રૂદ્ર ગીતનો જપ કરો, સ્વધર્મનું અનુષ્ઠાન કરો ને ભગવાનમાં ચિત્ત પરોવો કે જેથી તમારૂં કલ્યાણ થાય. ૬૯ પોતાના સ્વરૂપમાં તથા સર્વ પ્રાણી માત્રમાં વિરાજમાન પરમાત્માની સ્તુતિ પૂજા તથા ધ્યાન ધરો. ૭૦ આ યોગાદેશ નામના સ્તોત્રનો હમેશ પાઠ અને શ્રદ્ધાથી જપ કરો ૭૧ ભૃગુ આદિ સૃષ્ટિ રચવા ઇચ્છતા પ્રજાપતિઓને બ્રહ્માએ આ મંત્ર બતાવ્યો હતો. ૭૨ બ્રહ્માએ પ્રજાપતિયોને કહ્યું કે—" જગતને રચો " ત્યારે અમે આ મંત્રના જપથી નિષ્પાપ થઇ અનેક પ્રકારની પ્રજા રચવા લાગ્યા. ૭૩ વાસુદેવ ભગવાનનું શરણ લઇ જે પુરૂષ એકાગ્ર ચિત્તથી નિત્ય આ મંત્રનો જપ કરે તેનું કલ્યાણ થાય છે. ૭૪ આ જગતમાં સર્વ કલ્યાણોમાં આ જ્ઞાન સર્વથી કલ્યાણકારી છે. જેને જ્ઞાન રૂપ નૌકા મળી છે તે આ દુઃખરૂપી અપાર સાગરને તરે છે. ૭૫ જે મનુષ્ય શ્રદ્ધા પૂર્વક આ ભગવાનના સ્તોત્રનો પાઠ કરશે તે દુરારાધ્ય વિષ્ણુ ભગવાનને પ્રસન્ન કરશે. જે મનુષ્ય આ સ્તોત્રનો પાઠ કરે તેની ઉપર સર્વ કલ્યાણોના અધિપતિ ભગવાન અત્યંત પ્રસન્ન થાય છે. ભગવત કૃપાથી તે મનુષ્ય જે જે ઇચ્છા કરે છે તે તેને તરત ફલિભૂત થાય છે. જે મનુષ્ય પ્રાતઃકાળે ઉઠી હાથ જોડી શ્રદ્ધાયુકત થઇ આ સ્તોત્રને સાંભળે વા સંભળાવે તે સર્વ કર્મ બંધનોથી મુકત થાય છે. ૭૮ હે રાજકુમારો ! પરમ પુરૂષ પરમાત્માનું આ સ્તોત્ર મેં તમારી પાસે ગાયું તેનો જપ કરો અને એકાગ્ર ચિત્તે તપશ્ચર્યા કરો કે જેથી અંતમાં તમારૂં મનોવાંચ્છિત પૂર્ણ થાય.૭૯

गीतं मयेदं नरदेवनंदनाः
परस्य पुंसः परमात्मनः स्तवम् ।
जपंत एकाग्रधियस्तपोमह
च्चमंत तत्आप्स्यथवांच्छितं ॥७९॥

इतिश्रीमद्भागवतमहापुराणेच० चर्स्कंधे
चतुर्विंशोऽध्यायः

અધ્યાય ૨૫ મો.*

પુરંજનનું રૂપક—આખ્યાન.

मैत्रेय उवाच

इति संदिश्य भगवान् बार्हिषदैरभिपूजितः पश्यतां राजपुत्राणां तत्रैवांतर्दधेहरः ॥१॥

મૈત્રેય કહે છે કે—આ પ્રમાણે શંકરે ઉપદેશ કર્યો ત્યારે પ્રચેતાઓએ તેમની પૂજા કરી. પછી રાજપુત્રોના જોત જોતામા તે ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. ૧ એ સ્તોત્રનો પ્રચેતાઓએ જળમાં રહીને દશ હજાર વર્ષ પર્યંત જપ કરતાં તપશ્ચર્યા કરી. હે વિદુર! પ્રચેતાઓ તો હજી તપશ્ચર્યાજ કરતા હતા એટલામાં કર્મમા અત્યંત આસક્ત એવા પ્રાચીનબર્હિષ રાજાને નારદજીએ આ પ્રમાણે જ્ઞાનોપદેશ કર્યો. ૩

નારદ કહે છે કે—હે રાજા! તમે કર્મ કરી કયા સુખની ઇચ્છા રાખો છો કલ્યાણ તો એજ કહેવાય છે કે જેથી દુઃખનો નાશ અને સુખની પ્રાપ્તિ થાય પણ તે આ કર્મથી પ્રાપ્ત થાય તેમ નથી. ૪

પ્રાચીનબર્હિષે પૂછયું કે—હે મહાભાગ! હું તો કર્મોમાં અતિ આસક્ત બુદ્ધિવાળો છુ તેથી મોક્ષની વાત જાણતો નથી. આપ મને નિર્મળ જ્ઞાનનો ઉપદેશ કરો કે—જેથી કર્મ બંધનથી છૂટી જાઉં.૫ જેમા છળ છિદ્રભેદવાળા ધર્મો છે એવા ઘરોમા સ્ત્રી પુત્ર અને ધનનો પુરૂષાર્થ કરનાર મૂર્ખ સંસારના ફેરામાંજ ફર્યા કરે છે મોક્ષને પામતો નથી.૬

નારદ કહે છે કે—હે પ્રજાપતિ! આપે નિર્દય થઈ યજ્ઞમાં જે હજારો પશુઓનો વધ કર્યો તેઓને જુવો. ૭ સર્વ પશુઓ દુઃખનું સ્મરણ કરતાં તમારી વાટ જુવે છે. જ્યારે તુ મરીશ ત્યારે એ ક્રોધિત થઈ લોહથી ઘડેલા શિંગડાથી તારૂં શરીર વિદીર્ણ કરશે.૮ આના ઉદાહરણ તરીકે એક પુરાતન ઇતિહાસ કહુ તે સાંભળ. ૯

હે રાજા! એક મહા યશસ્વી પુરંજન નામે રાજા હતો જેના કર્તવ્ય કર્મની કોઇને ખબર નથી તથા જેનું નામ કોઇના જાણવામાં નથી એવો એક તેનો મિત્ર હતો. ૧૦ એ રાજા પોતાની રાજધાનીને યોગ્ય નગરીની શોધ કરવાને પૃથ્વી ઉપર ફર્યો પરંતુ મનગમતું સ્થાન કયાહી મળ્યું નહિ ૧૧ વિષય સુખ ભોગવવાની ઇચ્છાવાળા તે રાજાને પૃથ્વીમાં જેટલી નગરીઓ છે તેમાથી એકકે નગરી સુખની પ્રાપ્તિને માટે યોગ્ય જણાઈ નહિ. (મનુષ્ય શરીર શિવાય પશુ અને પક્ષી આદિનાં જે જે શરીર છે તેમાંથી કોઈમાં પણ સર્વ સુખ ભોગવવાની જોગવાઇ નથી તેથી બીજું કોઈ પણ શરીર તેને પસંદ પડયું નહિ.) એક દિવસ તે રાજા ફરતો ફરતો હિમાલય પર્વતની દક્ષિણ તરફના શિખરોમાં ગયો, ત્યા તેણે નવ દરવાજાવાળું એક નગર જોયું. તે નગરમાં કોઈ પણ જાતનો દોષ ન હતો. (મનુષ્ય શરીરમાં એક મુખ બે નાકનાં છિદ્ર બે કાનના છિદ્ર બે આંખનાં છિદ્ર એક ગુદાનું તથા એક શિશ્નનું છિદ્ર એ રીતે નવ દરવાજા છે.) ૧૩ તે નગર કિલ્લા ઉપવન અગાસીઓ ખાઇઓ ઝરૂખાં અને તોરણથી અત્યંત શોભાયમાન હતું. સુવર્ણ રૂપું અને લોહનાં શિખરોવાળા અનેક ઘરોથી તે સર્વત્ર વ્યાપ્ત હતું. (કિલ્લા આદિ અવયવના જે જે ભાગો તે શરીરમાં છે તે ચક્ર છે.) રાજસ્, તામસ્ આદિ સ્વભાવ તે શિખર જાણવાં. ૧૪ એ નગરીના મહેલની ભૂમિ નીલમણિ સ્ફટિકમણિ વૈડૂર્ય મણિ મોતી મરકત મણિ અને માણેકોની બનેલી હતી. (મહેલ એટલે હૃદય સમજવું અને મણિયો એટલે નાડીયો). આ પ્રમાણે એ નગરીની શોભા નાગ લોકોની ભોગવતી નગરીની પેઠે અત્યંત શોભતી હતી. ૧૫ સંસ્થાનો ચોટાં રાજમાર્ગ રમ

* આ અધ્યાયમા આત્માના બુદ્ધિની સંગતથી જે જન્મ મરણાદિક થાય છે, તે વિષય પુરંજન રાજાના ઇતિહાસના રૂપકથી નારદ વર્ણવે છે

ણુભૂમિ ને દુકાનો વિશ્રામસ્થાન ધ્વજાપતાકા અને પરવાળાઓની ઓટલીઓથી તે યુકત હતી. ૧૬ તેની બહાર એક સુંદર ઉપવન હતું. તેમાં દિવ્ય વૃક્ષ અને લતાઓ (ચંદન અને માળા. આદિ પદાર્થ) હતા. જળાશયોમાં પક્ષી અને ભમરાઓના ગુંજારવથી કોલાહલ થઈ રહ્યો હતો. શીતળ ઝરણોના જળકણોને ઉરાડતો અને પુષ્પ સમૂહમા થઇને ત્રણુ તાપને હરનાર પવન આવતો હતો. તલાવડીઓના કાંઠા ઉપરનાં ઝાડોની શાખા અને પાદડાંની શોભા તેમાં પડતી હતી. તે તળાવોમાં કમલિની ખીલી રહેતી તેનો જે પરાગ ઉડતો હતો તેથી સર્વ ભૂમિ સુગંધમય થઇ જતી. ૧૮ જંગલી જનાવરો મૌનવ્રત ધારણુ કરી રહ્યાં હતાં અને નિર્ભય થઈ સાથે ફરતાં હતાં. કોઇ પણુ પ્રકારની ત્યાં બાધા ન હતી. વનરાજીઓમાં કોયલના ટૌકા થતા હતા તેથી એમ જણાતું હતું કે આ ઉપવન પોતાની મધુરવાણીથી ભોગીને આમંત્રે છે. ૧૯ એ વનમા યદચ્છાથી એક ઉત્તમ સ્રી રહેતી (બુદ્ધિ) હતી તે પુરંજન રાજાએ દીઠી. તે સ્રી સાથે દશ નોકર (ઇંદ્રિયો) હતા અને તે નોકરોની સાથે સેકડો સ્રિયો (અનંતવૃત્તિયો) હતી. ૨૦ એક પાચ મસ્તકવાળો નાગ (પ્રાણુ, આપાન, ઉદાન સમાન અને વ્યાન રૂપથી પંચવૃત્તિ પ્રાણાદિક) તે સ્રીનું ચારે તરફથી રક્ષણુ કરતો હતો. કામરૂપી ધારણાવાળી એ સ્રી અવસ્થામા સોળ વર્ષની હતી અને પતિ શોધતી હતી. દાડમની કળીઓ જેવા દાંત શુક જેવી નાસિકા આરસી જેવા સ્વચ્છ સુંદર કપોળ અને ચંદ્રમા જેવું અત્યંત સુંદર તેનું મુખ હતું. (ગંધ રસ ઈત્યાદિકનું જ્ઞાન તેને પરિપૂર્ણુ હતું) ૨૨ પીળાં વસ્ર અને શ્યામ વર્ણુવાળી નાજુક કટીમાં સુવર્ણુની મેખલા ધારણ કરેલી એવી નિતંબથી બહુજ સુંદર ભારે તથા દેવાંગનાની માફક તે ચાલતી હતી. ૨૩ યૌવન અવસ્થાથી પ્રફુલ્લ થયેલી હાથણીની ગતિવાળી તે લજ્જાને લીધે વારંવાર છાતી ઢાકતી હતી. ૨૧ લજ્જાળુ મંદહાસ્યને લીધે અત્યન્ત શોભાયમાન જણાતી હતી, તે ચંચલાક્ષીનાં નેત્રોની અણીઓ રૂપી ભાલાઓથી ઘાયલ થયેલો પુરંજન રાજા તે મૃગનયનીને પૂછવા લાગ્યો કે—હે કમળની પાંખડી જેવાં નેત્રવાળી ! તું કોણુ છે ? કોની પુત્રી છે ? અને હે સતી ! અહીં કયાંથી આવી છે ? હે ભીરૂ ! આ પુરી કોની છે ? આ નગરીના ઉપવનમાં તું શું કરવાને આમ તેમ ફરે છે? તે મને કહે. ૨૬ આ જે અગિયાર યોદ્ધાઓ તારી સાથે છે તે કોણુ છે ? આ યોદ્ધાઓમાં અગિઆરમો મહા બળવાન્ જણાય છે. દશ ઇન્દ્રિય અને અગિયારમું મન તેનું નામ શું છે ? અને જે આ સો સો સ્રીઓ (વૃત્તિઓ) જે તારી સાથે છે તે કોણુ છે ? હે સુભ્રૂ ! તારી આગળ રક્ષા માટે સાપ ચાલે છે તે કોણુ છે ? પતિને શોધવા નીકળેલી સાક્ષાત લક્ષ્મી જેવી તું બ્રહ્મજ્ઞાની શિવને શોધવા નીકળેલી ભવાની કે બ્રહ્માની શોધ કરવા નીકળેલી સરસ્વતી છે ? વિષ્ણુની શોધ માટે નીકળેલી લક્ષ્મી છે ? તું નિયમ યુકત દેખાય છે. હું જાણું છું કે—તારો જે પતિ હશે તેના મનોરથ તારા ચરણુ સ્પર્શથી પરિપૂર્ણુ થયા હશે. જો તું લક્ષ્મી હોય તો કમળનો કોશ કયા પડી ગયો ? ૨૮ હે સુંદર ઉરૂવાળી ! હું ધારૂં છું કે—તું પૂર્વોકત સ્રિયોમાંની કોઈ નથી કારણુકે એ સર્વ દેવાંગનાઓ હોવાથી તેમને પૃથ્વીનો સ્પર્શ સંભવતો નથી. લક્ષ્મી જેમ વિષ્ણુ ભગવાનની સાથે રહી વૈકુણ્ઠને શોભા આપે તેમ હું કે—જે મહા વીર અનેક કર્મ કરનાર સકળ લક્ષણુયુક્ત છું તેની સાથે રહી તું આ નગરીને સુશોભિત કર, કારણુકે મારી સાથે આ પુરીમાં રમણુ કરવા યોગ્ય તુંજ છે. ૨૯ હે શોભને ! તારૂં લાજ ભરેલું મંદ હસવુ તેથી ઉંચી

નીચી થતી ભૂથી પ્રેરણા કરાયેલો મનોભવ તારી દૃષ્ટિનાં તિરછાં પ્રેક્ષણની ઝીણી અણિથી ખંડિત ઇન્દ્રિયવાળો જે હું તેને દુઃખ દે છે માટે મારી ઉપર કૃપા કર. ૩૦ હે મૃદુહાસિની! તારૂં આ મનોહર મુખારવિન્દ ઇન્દુને પણ લજવે એવું છે. સુંદર વાંકી ભમરોવાળું અને સુંદર પુતળીઓવાળી આંખોથી શોભાયમાન લાંબા ને શ્યામ કેશના સમૂહથી ઘેરાયેલું અને કોયલ જેવી મધુર બોલીવાળું છે તેને તું લાજને લીધે મારી સામે ઉંચું કરતી નથી પણ તે ઉંચું કરી મને અમૃત દૃષ્ટિએ નવરાવ. ૩૧

નારદ કહે છે કે—હે વીર! આ પ્રમાણે અધીરની પેઠે પ્રાર્થના કરતા તે પુરંજન રાજાની સામું જોઇ તે સ્ત્રી પણ મોહિત થઇ ગઇ અને હસીને સત્કાર પૂર્વક તેનું કહેવું માની બોલી કે—હે પુરૂષ શ્રેષ્ઠ! મને તથા આપને જે ઉત્પન્ન કરનાર છે તેને તથા આપણાં નામ પાડનારને અને વંશ સ્થાપનારને આપણે પરિપૂર્ણ રીતે જાણતા નથી. ૩૩ હે વીર! હું નથી જાણતી કે કયારથી મારી હયાતી છે હું તો માત્ર એટલુંજ જાણું છું કે હાલ હું આ ઉપવનમાં આવી છું બીજું કંઇ મારા જાણવામાં નથી. હું એટલું પણ કહી શકતી નથી કે આ નગરી કોણે વસાવી અને કોણ તેનો બનાવનાર છે. ૩૪ હે મહારાજ! આ જે અગિયાર પુરૂષ છે તે મારા મિત્ર છે અને જે આ સ્ત્રિયો છે તે મારી સખીઓ છે. જ્યારે હું સૂઈ જાઉં છું ત્યારે આ નાગ મારી નગરીનું રક્ષણ કરવા જાગ્યા કરે છે. ૩૫ હે શત્રુનાશક! આપ જે અહીં આવ્યા તે બહુજ સારૂં કર્યું મને આનંદ થયો. જો આપને સાંસારિક વિષય ભોગવવાની ઇચ્છા હોય તો હું મારા બંધુઓ સહ અને તેઓ સાથે આ સ્ત્રિયો છે તે સર્વને સાથે લઇને આપની સેવામાં રહું. ૨૯ હે વિભો! આ જે નવદ્વારની નગરી છે તેને તમે તમારી પોતાની સમજી તેમાં વિરાજો અને સો વર્ષ પર્યંત હું જે ભોગ આપું તેનું સેવન કરો. (સો વર્ષ એમ કહેવાનું તાત્પર્ય એ કે મનુષ્યના આયુષ્યનું પ્રમાણ સો વર્ષનું છે) ૩૭ આપથી અધિક રસિક શિરોમણિ બીજો કયો પુરૂષ છે? કે જેની સાથે હું રમણ કરૂં? બીજો કોઇ રતિ સુખને જાણતો નથી પંડિત નથી તેમ બીજી જીવનકળામાં વિચક્ષણ નથી. અનિષિદ્ધ વાસનાઓને તજી ચિંતન કરતો પરલોકની ચિંતા કરતો નથી, તેમજ આ લોકની પણ ચિંતા કરતો નથી, (નૈષ્ઠિક બ્રહ્મચારી સ્ત્રી સંબંધી સુખ જાણતા નથી. સંન્યાસી વિષય સુખને તજે છે કામી લોકોને પર લોકની ચિંતા રહેતી નથી. વૈરાગીને આ લોકની ચિંતા રહેતી નથી અને જે મૂર્ખ છે તે પશુ જેવો હોય છે.) ૩૮ આ ગૃહસ્થાશ્રમમા ધર્મ અર્થ કામ—પુત્ર સંબંધી સુખ—મોક્ષ યશ અને શોક તથા રજોગુણ રહિત નિર્મળ સ્વર્ગાદિક લોકો કે જેને સંન્યાસીઓ પણ પામતા નથી તે પમાય છે. (સંન્યાસીઓ મોક્ષના અધિકારી હોવાથી તેમને બીજા સ્વર્ગાદિક લોકો મળતા નથી.) ૩૯ આ જગતમા ગૃહસ્થાશ્રમજ પિત્રીશ્વર દેવતા ઋષિ મનુષ્ય જીવજંતુ અને પ્રાણીઓના જીવને પરમ કલ્યાણકારી આશ્રમ છે એવું વિદ્વાનો કહે છે. ૪૦ હે વીર! વિખ્યાત ઉદાર રૂપવાન અને પ્રિય આપ સમાન પતિ મળે તો મારા જેવી કયી સ્ત્રી આપને પતિ તરીકે ન સ્વીકારે. ૪૧ હે મહાભુજ! આપ દયાથી વૃદ્ધિ પામેલા મંદ હાસ્ય પૂર્વક જોવાથી અનાથ લોકોની પીડા દૂર કરવા માટે આ સંસારમાં ફરો છો. આપના સર્પ સમાન લાંબા બે હાથ ઉપર કયી સ્ત્રીનું મન આસકત ન થાય? ૪૧

નારદ કહે છે કે—હે રાજા! એ પ્રમાણે તે સ્ત્રી—પુરૂષ તે ઠેકાણે પરસ્પર કરાર કરી

તે નગરીમાં રહ્યાં અને સો વર્ષ પર્યંત જીવવાની આશામાં આનંદ કરવા લાગ્યાં. ૪૩ તે નગરીમાં પુરંજન રાજાની કીર્તિ ગાયક લોક જ્યાં ત્યાં ગાવા લાગ્યા. (આમાં જાગ્રત અવસ્થા સંક્ષેપથી સૂચવેલી છે) ઉનાળામા ઘણી સ્ત્રિયો સાથે તળાવમા તે જળક્રીડા કરતો હતો. (આથી સુષુપ્તિ અવસ્થા સૂચવેલ છે.) જુદા જુદા દેશમાં જવા માટે એ નગરીને ઉપર સાત તથા નીચે બે દરવાજા હતા. (મુખ, નાસિકાનાં બે છિદ્ર, બે આંખ, બે કાન, ગુદા અને લિંગ એ નવ છિદ્ર જુદા જુદા વિષય ભોગને માટે છે.) તેમા જે સત્ય ઇશ્વર છે તે કોઇના જાણવામાં નથી. (આત્મા) પાંચ દરવાજા પૂર્વ તરફ એક દક્ષિણ તરફ એક ઉત્તર અને બે પશ્ચિમ તરફ છે. હે રાજા! હવે તેના નામ તમને કહું છું ૪૬ પૂર્વ તરફ ખદ્યોતા અને આવિર્મુખી નામના બે દરવાજા (નેત્ર) છે, તે દરવાજાઓથી પુરંજન રાજા વિભ્રાજિત નામના દેશમાં (રૂપ) દ્યુમાન એટલે (ચક્ષુ ઇન્દ્રિય) મિત્રની સાથે જાય છે. ૪૭ નલિની અને નાલિની નામે (નાક) બે દરવાજાઓથી પુરંજન રાજા અવધૂત (ઘ્રાણ) નામે મિત્ર સાથે સૌરભ નામે (ગંધ) દેશમાં જાય છે. ૪૮ તથા તેજ દિશામા મુખ્યા (મુખ) નામે પાંચમો દરવાજો છે તે દરવાજાથી પુરંજન રાજા આપણ (ભાષણ) અને બહૂદન (અન્ન) નામે બે દેશમાં જાય છે. આપણ દેશમાં જતી વખતે વિપણ નામનો મિત્ર તેની સાથે રહે છે. બહૂદન દેશમાં રસજ્ઞ (રસના) નામનો મિત્ર તેની સાથે રહે છે. ૪૯ એ નગરીમાં દક્ષિણ તરફ પિતૃહૂ (જમણો કાન) નામે દરવાજો છે, એ દરવાજાથી ભોગી રાજા દક્ષિણ પાંચાલ નામના દેશમાં (પ્રવૃત્તિ માર્ગવાળા કર્મ કાંડ વિષયના શાસ્ત્ર) શ્રુતિધર (શ્રોત્ર ઇંદ્રિય) નામના મિત્ર સાથે જાય છે. ૫૦ એ નગરીમાં દેવહૂ (ડાબો કાન) નામનો દરવાજો ઉત્તર તરફ છે એ દરવાજેથી વૈભવી રાજા ઉત્તર પાંચાલ (નિવૃત્તિ શાસ્ત્ર) દેશમાં શ્રુતિધર (શ્રોત્ર ઇન્દ્રિય) નામના મિત્રની સાથે જાય છે. ૫૧ એ નગરીમાં આસુરી (લિંગ) નામે દરવાજો પશ્ચિમ દિશામાં છે એ દરવાજાથી પુરંજન રાજા દુર્મદ નામે મિત્ર (ઉપસ્થઇન્દ્રિય) સાથે ગ્રામક નામે દેશમાં જાય છે. ૫૨ પશ્ચિમ દિશામાં બીજો નિરૃતિ (ગુદા) નામે દરવાજો છે એ દરવાજેથી પુરંજન રાજા લુબ્ધક નામે મિત્રને (પાયુ ઇન્દ્રિય) સાથે લઇ વૈશસ (મળ ત્યાગ) નામના દેશમાં જાય છે. આ નવ દરવાજા ઉપરાન્ત નિર્વાક (પગ) અને પેશસ્કૃત (હાથ) નામના બે દરવાજા બીજા છે; પરંતુ તે સદા બંધ રહે છે તેમાંથી નિર્વાક નામે દરવાજેથી ઇંદ્રિયોનો રાજા પુરંજન ચાલે છે અને બીજા પેશસ્કૃતથી કામ કરે છે. ૫૪ વિષૂચીન (મન) નામે નાજરની સાથે તે જ્યારે પોતાના અંતઃપુર (હૃદય) માં જાય છે ત્યારે સ્ત્રી (બુદ્ધિ) અને પુત્રો (ઇંદ્રિયોના પરિણામ) સંબંધમાં મોહ (તમો ગુણનું કાર્ય) પ્રસાદ (સત્વ ગુણનું કાર્ય) તેને પ્રાપ્ત થાય છે. કર્માસક્ત તે મૂર્ખ રાજા પુરંજન (જીવ) પોતાની સ્ત્રી (બુદ્ધિ) ની ઇચ્છા પ્રમાણે વર્તે છે. તે જ્યારે મદ્યપાન કરે છે ત્યારે પોતે પણ મદ્યપાન કરે છે અને તેના મદથી વિહ્વલ થાય છે. જ્યારે તે ખાય છે ત્યારે પોતે પણ ખાય છે, ૫૭ જ્યારે તે ગાય છે ત્યારે પોતે ગાવા માંડે છે, અને તે રૂદન કરવા માંડે છે તે હસે છે ત્યારે પોતે પણ રડે છે ને હસે છે, અને જો તે બોલે તો પોતે પણ બોલે છે. ૫૮ જ્યારે તે દોડે ત્યારે પોતે દોડવા માંડે છે અને જો તે ઉભી રહે તો પોતે ઉભો રહે છે, જ્યારે તે સૂઈ જાય છે ત્યારે પોતે સૂઈ જાય છે, તે જ્યારે બેસે ત્યારે પોતે તેની પાછળ બેસે છે. ૫૯ તે સાંભળે તે પોતે સાંભળે તે જુવે તે

પોતે જુવે જો તે સુંઘે તો પોતે સુંઘે અને જો તે સ્પર્શ કરે છે તો પોતે પણ સ્પર્શ કરે છે. ૬૦ તે શોક કરે તો શોક કરે તે આનંદ પામે તો પોતે આનંદ પામે અને જ્યારે તે પ્રફુલ્લિત થાય ત્યારે પોતે પણ પ્રફુલ્લિત થાય છે. ૬૧ આ પ્રમાણે સ્ત્રીથી જીતાયેલો અને પોતાના અસંગત્વાદિ સ્વભાવોને ખોઇ બેઠેલો પુરંજન રાજા સ્ત્રીને વશ થઈ પોતાની ઇચ્છા ન છતાં પણ વાનરાની માફક સ્ત્રીને અનુસરતી ચેષ્ટાઓ કરે છે. ૬૨

विप्रलब्धो महिष्यैवं सर्व प्रकृति वंचितः
नच्छन्नु करोत्यज्ञः क्लैब्यात् क्रीडा मृगो यथा॥

इतिश्रीम[illegible]गवतेमहापुराणेचतुर्थस्कंधे
पंचविंशोध्यायः

અધ્યાય ૨૬ મો.†

પુરંજનની સાંસારિક સ્થિતિ.

नारद उवाच

स एकदा महेष्वासो रथं पंचाश्वमाशुगम् ॥
द्वीषं द्विचक्रमेकाक्षं त्रिवेणुं पंचबंधुरम् ॥१०॥

નારદ કહે છે કે—(સ્વપ્ન અવસ્થાનું મૃગયાના રૂપકથી વર્ણન કરે છે.) પુરંજન રાજા એક દિવસ સુવર્ણનું કવચ (રજોગુણ) પહેરી કંચનની સામગ્રીવાળા રથ—(સ્વપ્ન અવસ્થા સંબંધી દેહ) માં બેસી અખૂટ ભાથા (અનંત વાસનાથી ભરેલા અહંકાર) ને સાથે લઇ પંચપ્રસ્થ (પાંચ વિષય રૂપી) નામના વનમાં ગયો. રથનો વેગ ઘણોજ ઉતાવળો હતો. (સ્વપ્નનો દેહ જાગ્રતના દેહ સમાન વિશેષ વાર રહેતો નથી તેથી વેગવાળો કહ્યો) રથમાં પાંચ ઘોડા (પાંચ જ્ઞાનેન્દ્રિય) બે ઇષો (અહંતા ને મમતા) બે પૈડાં (પુણ્ય અને પાપ) એક ધોંસરી (માયા અથવા અજ્ઞાન) ત્રણ ધ્વજાઓ (સત્વ રજ અને તમ) પાંચ દોરડાં (પંચપ્રાણ) એક મુખ્ય દોરી (મન) એક સારથી (બુદ્ધિ) ને રથી બેસવાનું સ્થાન એકજ હતું. (હૃદય) ઊંટડા (શોક અને મોહ) પાંચ પ્રકાર સામગ્રી (પાંચ વિષય) સાત પડદા (સાત ધાતુ) અને પાંચ પ્રકારની ગતિ હતી. (પાંચ કર્મ ઇન્દ્રિય) પુરંજન રાજા એક મોટું ધનુષ્ય (હુંજ કર્ત્તા છું અને હું ભોક્તા છું એવો અભિનિવેશ) ધારણ ક અને દશ સિપાઈ (દશ ઇન્દ્રિય) અને એ જમાદાર (મન) એમ અગિયાર જણને સા લીધા. રાજા પુરંજન ધનુષ્ય (વિષય ભોગમ અભિનિવેશ) બાણ (રાગ દ્વેષાદિક) હાથમ લઇ, રાણી કે—જે ત્યાગ કરવા યોગ્ય ન હ તેને તજી મૃગો (વિષયો) ને મારવા (ભોગ વવા) ની ઈચ્છાથી વનમાં જઇ આખેટ કર લાગ્યો. (વિષય ભોગવવા લાગ્યો) પુરંજ રાજા આસુરી વૃત્તિ ધારણ કરી તીક્ષ્ણ બ ણોથી જંગલમા જંગલી જાનવરોને માર લાગ્યો. ૫ બાળક કેટલેક દિવસે પોતા જાતેજ રમવું છોડી દે તે પ્રમાણે શાસ્ત્ર પ જો મનુષ્યોને ધીરે ધીરે બોધ કરે તો ધી ધીરે છોડી દેવાય પણ એકદમ રોકે તો રોકાય નહિ અને તેથી સારૂં પરિણામ આ નહિ માટે શાસ્ત્રમાં કેટલાક નિયમ ક હિંસાનો સંકોચ કર્યો છે જેથી લોકો કેટલે દિવસે પોતાની મેળે હિંસાથી નિવૃત્ત થા છે. ૬ જેમ શાસ્ત્રમાં હિંસાના નિયમ છે તે બીજા કામોમાં પણ શાસ્ત્રોના નિયમ હોય છે હે રાજેન્દ્ર! એ માટે નિયમોને સમજી ને મનુષ્ય નિયમાનુસાર વર્તે તે નિયમાનુસા કર્મ કરવાથી જ્ઞાની થવાય છે અને જ્ઞાન હોવ થી તેના કોઇપણ પ્રકારના કર્મનો લોપ થ નથી. ૭ નિયમોનું ઉલ્લંઘન કરી કર્મ કરવ માં આવે તો અંતઃકરણની શુદ્ધિ થતી ન અને તેની શુદ્ધિ વગર "હું કર્ત્તા છું" એવ અભિમાનમાં આરૂઢ થઇ બુદ્ધિનો નાશ થવ

† આ અધ્યાયમા મૃગયાના રૂપકથી સ્વપ્ન અવસ્થા તથા જાગ્રત અવસ્થાનું વર્ણન કરી, ઉત્તમ બુદ્ધિના ત્યાગ અને યોગથી પુરંજનની સંસાર સ્થિતિનુ વર્ણન કરવામા આવેલ છે.

થી સંસારના પ્રવાહમાં પડી અધમમાં પણ અધમ નીચ જાતિમાં જીવની ગતિ થાય છે. વનમાં વિચિત્ર પાંખવાળાં બાણોવડે કપાતાં અને દુઃખ પામતાં પ્રાણીઓનો દયાળુ પુરૂષોથી સહન ન થઈ શકે એવો મૃગયામાં નાશ થવા લાગ્યો. ૯ સસલાં સૂવર પાડાઓ રોઝ રૂરૂ નામના મૃગ અને બીજાં પણ પવિત્ર પ્રાણીયોને (જેનું માંસ ધર્મ શાસ્ત્રમાં પવિત્ર મનાય છે તેને) મારતો મારતો પુરંજન રાજા આખરે થાકી ગયો. ૧૦ (સ્વપ્નાવસ્થા વર્ણવી હવે પુનઃ જાગ્રતાવસ્થાનું વર્ણન કરે છે.)

પછી ભૂખ્યો તરસ્યો અને થાકેલો પુરંજન ત્યાંથી પાછો ઘેર ગયો. ઘેર જઈ સ્નાન કરી ભોજન કરીને સૂતો ત્યાં નિદ્રાવશ થવાથી પરિશ્રમ નિવૃત્ત થયો ત્યારે આંખ ઉઘડી ગઇ. પછી સુગંધી પદાર્થ અત્તર ચંદન પુષ્પ અને હારાદિકથી પોતાના શરીરને સુગંધિત અને સુશોભિત કરી વધૂ—સ્ત્રી પાસે ગયો. તૃપ્ત થયેલો પ્રસન્ન અને મહા અભિમાનથી ભરેલો તે કામ વિવશ થઈ અંતઃપુરમાં ગયો. ત્યાં શ્રેષ્ઠ બુદ્ધિવાળી સુમુખી અને ઉત્તમ ઉરૂવાળી રાણી તેના જોવામાં ન આવી. હે પ્રાચીનબર્હિષ! તે સમયે બહુજ ઉદાસ થઇ પોતાની રાણીની સખીઓને રાજાએ પૂછયું કે—તમે અને તમારી બાઈ સાહેબ કુશળ તો છો? જેમ તમે તમારી બાઇ સાહેબ સહિત પ્રથમ આનંદથી ફરતા હતી તેમ આજ કેમ ફરતી નથી અને તેનું શું કારણ છે? તેમજ ઘરમાં ઘર સંબંધી સંપત્તિ જેવી પ્રથમ શોભતી હતી તેવી આજ દેખાતી નથી તેનું શું કારણ ? જે ઘરમાં ઘરની શોભા શુભાનના સ્ત્રી વા સર્વ સુખ આપનારી માતા હોતી નથી તે ઘર પૈડાં વગરના રથ જેવું છે. તેવા ઘરમાં કયો વિદ્વાન પુરૂષ વાસ કરે ? વિના પૈડાના રથમાં કયો ચતુર આરૂઢ થાય ? ૧૫ તે મારી પ્યારી કે—જે મને વખતોવખત મહા દુઃખ રૂપ સમુદ્રમાં ડુબતાં બચાવતી હતી તે હાલ કયાં છે ? જે ક્ષણે ક્ષણે ઉત્તમ પરામર્શ આપી પ્યાર કરી કરી મારા મનને આનંદ ઉપજાવતી હતી તે પતિવ્રતા કયાં છે? કે—જે પગલે પગલે મારી બુદ્ધિને સાવધાન કરતી હતી. ૧૬

સખીઓ બોલી કે—હે નરનાથ! આપની પ્યારી શું કરવા ઇચ્છે છે ? તેની તો અમને ખબર નથી પરંતુ તે આંગણામાં કંઇ પણ પાથર્યા વગર પૃથ્વી ઉપર સૂઇ રહી છે તેને આપ ત્યાં જઇ જુવો. ૧૭

નારદ કહે છે કે—સ્ત્રીના પ્રસંગથી જેનું જ્ઞાન નાશ પામ્યું હતું એવો પુરંજન રાણીને શરીરની શુદ્ધ વગર પૃથ્વી ઉપર પડેલી જોઇ બહુ ખેદ પામ્યો ૧૮ અને મધુર વાણીથી તેની સાંત્વના કરવા લાગ્યો. તેના સમજવામાં આવ્યું નહિ કે તેણે જાણી બુઝીને આ પ્રમાણે કોપ કર્યો છે. ૧૯ વળી સ્ત્રીને પ્રસન્ન કરવામાં ચતુર એવો પુરંજન રાજા ધીમે ધીમે તેને મનાવવા લાગ્યો અને તેના ચરણને અડી પોતાના ખોળામાં બેસાડી આ પ્રમાણે પ્રાર્થના કરવા લાગ્યો. ૨૦

પુરંજન કહે છે કે—હે ચન્દ્રાનને! દાસ અપરાધ કરે ત્યારે તેના સ્વામીનો ધર્મ છે કે—તેને દંડ દે અને જો સ્વામી દંડ ન દે તો જાણવું કે—એ દાસ મંદભાગી છે. ૨૧ સ્વામી પોતાના સેવકોને જે શિક્ષા કરે છે તે દાસે તેની બહુજ કૃપા સમજવી જોઇએ. હે કૃશોદરિ! સ્વામી દંડ કરે તે વખતે સેવક જો મનમાં તે વાતનું દુઃખ લગાડે અને ક્રોધ કરે તો એ સેવકને મૂર્ખ સમજવો કારણ કે તે પોતાના શેઠના હિતેચ્છુપણાને જાણતો નથી. ૨૨ તારૂં મુખારવિન્દ ચન્દ્ર જેવા અનુરાગ ભારથી ભૂષિત લાજથી શોભાયમાન મધુર હાસ્યયુક્ત તિરછા અવલોકનથી અત્યંત મોહક જણાય છે તથા જેના શ્યામ કેશ કપોલ ઉપર પડેલા છે ઉંચી નાસિકા અને મનોહર ભાષણ છે એવા મુખ ઉપરથી

ઘૂંઘટ દૂર કરી એ ચંદ્રવદન તારા પ્રેમીને કેમ દેખાડતી નથી? ૨૩ હે વીરપત્ની! બ્રાહ્મણ કુળ અને ભગવાનના ભક્ત શિવાય કોઇ બીજાએ તારો અપરાધ કર્યો હોય તો કહે તેને હું શિક્ષા કરવાને તૈયાર છું કારણ કે ત્રણ લોકમાં અથવા ત્રણ લોકથી બહાર પણ મારો ભય ન રાખી આનંદમાં રહેનાર કોઇ મનુષ્ય મારા જોવામાં આવતો નથી. ૨૪ આજ પર્યંત તારૂં મુખારવિન્દ હર્ષ રહિત ક્રોધથી ભયંકર પ્રેમ શૂન્ય મારા જોવામા આવ્યું નથી. પાકા બિંબ ફળ જેવા રાતા ચોળ તારા અધર તાંબૂળ નહિ ખાવાથી કુંકુમ સમાન રક્ત કાન્તિ જેમાં દેખાતી નથી એવા પ્રીકા કદી પણ મારા જોવામાં આવ્યા નથી.૨૫ હા! આટલો બધો અપરાધ તો મારાથી થયો નથી, ને અપરાધ થયો છે કે તને વગર પૂછયે વ્યસનમાં આતુર થઇ મૃગયા કરવા ચાલ્યો ગયો. કામદેવના બાણોના વેગથી સર્વ ઐશ્વર્યને તજી ધૈર્ય રહિત થઇ જો પત્નીનો પતિ વારંવાર તેના ચરણમા પડે તો પોતાને વશ પતિની અભિલાષા પૂર્ણ ન કરનાર એવી કયી સ્રી છે કે, જે પોતાના પતિને અનુકૂળ ન થાય. જે કુલીન સ્રી છે તે સદા પોતાના પતિની સેવામાં તન મન ધનથી તત્પર રહે છે.૨૬

तन्मे प्रसीद सुहृदःकृत किल्बिषस्य
स्वैरं गतस्य मृगयां व्यसनातुरस्य ।
का देवर वशगत कुसुमास्त्रवेग
विस्रस्त पौंस्त्वमुशती न भजेत कृत्ये॥२६॥

इतिश्रीमद्भागवतेमहापुराणेचतुर्थस्कंधे
षड्विंशोऽध्याय:

અધ્યાય ૨૭ મો.‡

नारद उवाच

इत्थं पुरंजनं सम्यग् वशमानीय विभ्रमैः॥
पुरंजनी महाराज रेमेरमयती पतिम् ॥१॥

‡ આ અધ્યાયમા સ્રી પુત્રાદિકની આસક્તિથી પોતાના સ્વરૂપને ભૂલી ગયેલા પુરંજન રાજાને કાળ કન્યા આદિના આખ્યાનથી જરા અને રોગ આદિ પ્રાપ્ત થાય છે તે કથા કહેવારો

નારદ કહે છે કે–હે મહારાજ! આ પ્રમાણે પોતાના વિલાસ વિભ્રમથી પુરંજનને સારી રીતે વશ કરીને તે રાણી તેને રમણ કરાવવા લાગી. ૧ હે રાજા! ત્યાર પછી ચંદ્ર સમાન મુખવાળી સુંદર શૃંગારવાળી તે સંતુષ્ટ થઈ પુરંજન પાસે આવી ત્યારે તેણે રાજ મહિષીગણી બહુજ આદર સત્કાર આપ્યો. ૨ રાણીએ જેને આલિંગન આપેલું છે એવો તે રાજા તેને કંઠે લગાવી એકાંતમાં અનુકૂળ ભાષણોથી વિવેક રહિત થઇ તેનું મન પોતાને વશ કરી જ્ઞાન ધ્યાનને તજી તેને સર્વ સાધનરૂપ સમજવા લાગ્યો. દિવસ અને રાત્રિના દુરત્યય કાળના વેગને તે ભૂલી ગયો અને તેની સાથે રહેવા લાગ્યો. ૩ સોહામણીને રસિલી શય્યા ઉપર પોતાની મનરંજનીના હાથનું ઓસીસું બનાવી તે મહાંધ મનસ્વી અને મહા ઉદાર શયન કરી તેને સર્વોત્તમ અત્યન્ત શ્રેષ્ઠ માની પુરંજન રાજા અજ્ઞાનથી રાણીનેજ કેવળ પુરૂષાર્થ રૂપ માની પોતાના સત્ય સ્વરૂપને ભૂલી ગયો અને પોતા પારકાનું ધ્યાન રાખ્યું નહિ. ૪ હે રાજેન્દ્ર! આ પ્રમાણે નિરંતર કામાતુર થઇ રાણી સાથે રમણ કરતાં કરતાં પુરંજન રાજાની તરૂણાવસ્થા અર્ધક્ષણની માફક વ્યતીત થઇ ગઇ. ૫ પુરંજન રાજાએ, એ પ્રમાણે સંસાર ચલાવી રાણીમાં અગિયારસો પુત્ર (અગિયાર ઇન્દ્રિયોના પરિણામ) ઉત્પન્ન કર્યા એટલામા તેનું અર્ધ આયુષ્ય ચાલ્યું ગયું. હે રાજા! પુરંજનને એકસો દશ કન્યા (બુદ્ધિની વૃત્તિયો) ઉત્પન્ન થઇ કે–જે સર્વ માતા પિતાની કીર્તિને વધારનારી અને શીલ તથા ઉદારતા આદિ ગુણોથી સંપન્ન હતી. ૭ ત્યાર પછી પોતાનો વંશ વધારવા માટે પાંચાલ દેશના (શબ્દ–સ્પર્શ આદિ વિષય) અધિપતિ પુરંજને પુત્રોના બીજી સ્રિયો સાથે હિત, અહિત અને કન્યાઓનો પણ તે મને યોગ્ય વર (યોગ્ય

વિષય ભોગો) ની સાથે વિવાહ કર્યો. ૮ પુરંજનના પુત્રોને ત્યાં પ્રત્યેક પુત્રને સો સો પુત્રો (અનેક પ્રકારના કર્મ) ઉત્પન્ન થયા. રાજાનો વંશ પાંચાલ દેશમાં બહુજ વૃદ્ધિ પામ્યો. તેના ઘરના ભંડારમાંથી આજીવિકા કરનાર પુત્રો તથા પૌત્રોમાં તેને મમતા બંધાઇજવાથી પુરંજન રાજા વિષયોમાં બંધાઈ ગયો. ૧૦ હે પ્રાચીનબહર્ષિ! તેણે તારી પેઠે દિક્ષા લઇ અનેક પ્રકારની કામનાઓથી ભયંકર અને પશુ હત્યાવાળા યજ્ઞોથી દેવતાઓ પિતૃઓ અને ભૂતપતિયોનું યજન કર્યું. ૧૧ એ પ્રમાણે પોતાને કલ્યાણકારી કર્મોમા અસાવધાન અને કુટુંબમા આસક્ત પુરંજન રાજાને એવો સમય (વૃદ્ધાવસ્થા) પ્રાપ્ત થયો કે—જે સમયે સ્રિયો ઉપર પ્રીતિ રાખનાર પુરૂષોને પણ તેઓ વિષસમ અપ્રિય લાગે છે. હે મહારાજ! †ચંડવેગ વર્ષ નામનો ગંધર્વ લોકનો રાજા તેની પાસે ત્રણસેં સાઠ બળવાન ગંધર્વ (દિવસ) સેવક હતા. ૧૩ અને ત્રણસેં સાઠ ગંધર્વની સ્ત્રીઓ (રાત્રિયો) હતી જેમા અડધી કાળી અને અડધી ગોરી હતી (કૃષ્ણ પક્ષની તથા શુકલ પક્ષની) જે સદા ગંધર્વો સાથે રહેતી અને ગંધર્વોના જેવીજ બળવાન હતી તે સર્વ ગંધર્વ અને તેની સ્રિયો પરિભ્રમણ કરીને સર્વ સુખ સંપન્ન નગરીને લૂંટયા કરતી. ૧૪ ચંડવેગ ગંધર્વના અનુચર જ્યારે પુરજન રાજાની નગરીને લૂટવા માંડતા ત્યારે તે નગરીનો પાળક પાચ મસ્તકવાળો સાપ (પ્રાણ) સામો થઈ અટકાવતો હતો. ૧૫ નગરીનો અધિષ્ઠાતા નાગ સાતસેં ને વીશ ગંધર્વો (દિવસ અને રાત્રી મળી સાતસેં વીશ) ની એક સો વર્ષ પર્યંત લડે છે ૧૬ ઘણા લોકો સાથે એકલો લડવાથી જ્યારે તે નિર્બળ થઇ ગયો ત્યારે ગભરાયેલા જેવો રાજા પુરંજન પોતાનો દેશ નગર અને બંધુ જનો સાથે બહુજ ચિંતામાં પડયો. ૧૭ પાંચાલ દેશની નગરીમાં તે સુખનો ભોગ કરતો અને પોતાના અનુચરોના આપેલા બલિને ગ્રહણ કરતો હતો. સ્રીને વશ થયેલો તે ભય (મૃત્યુ) પ્રાપ્ત થયા છતાં પણ વિચાર કરતો ન હતો. ૧૮ હે રાજન! એક કાળ કન્યા (વૃદ્ધાવસ્થા) પોતાને યોગ્ય પતિને શોધતી ત્રિલોકમાં ફરતી હતી પરંતુ તેનો કોઇએ સ્વીકાર કર્યો નહિ. ૧૯ આ રીતે તે પોતાના દુષ્ટ ભાગ્યને લીધે જગતમાં દુર્ભગા એવા નામથી પ્રસિદ્ધ થઇ. તેને પૂર્વે પૂરૂ રાજા વર્યા હતા તેથી પ્રસન્ન થઇ તે રાજાને તેણે રાજ્ય આપ્યું હતું. ૨૦ એક સમયે ચારે દિશામાં ફરતી ફરતી તે જ્યારે—હું બ્રહ્મલોકમાંથી ભૂર્લોકમાં આવતો હતો ત્યારે મળી. તે મને જાણતી હતી કે—આ નૈષ્ઠિક બ્રહ્મચારી છે તોપણ કામદેવથી મોહિત થઇ તે મને વરવા આવી અને મને પરણવાનું કહ્યું પરંતુ મેં તેમે અંગીકાર કરી નહિ ત્યારે તેણે કોપ કરી મને શાપ દીધો કે—હે મુનિ! તમે મારી પ્રાર્થનાનો સ્વીકાર ન કર્યો એથી હવે તમે એક સ્થળે રહી શકશો નહિ. (નૈષ્ઠિક બ્રહ્મચારીને વૃદ્ધાવસ્થા કંઈ પણ ઉપદ્રવ કરી શકતી નથી) અને જેને જરા અવસ્થા પ્રાપ્ત થઈ નથી, તે મનુષ્ય એક સ્થળે બેસતો નથી. ૨૨ મને વરવાનો તેનો મનોરથ નષ્ટ થઇ જવાથી તે કાળકન્યા મારા કહેવાથી યવનો (આધિ—વ્યાધિયો) ના રાજા ભયને વરવા માટે ગઈ અને તેને કહ્યું કે—હે વીર ! તું યવનનો રાજા છે તેથી મને બહુજ પ્રિય લાગે છે માટે હું તને વરીશ. પ્રાણીઓ જેઓ તારા ઉપર મનોરથ બાંધે છે તે મનોરથ સિદ્ધ થાય છે. ૨૪ લોક અને શાસ્રની રીત પ્રમાણે જે વસ્તુ આપવી જોઇએ તે વસ્તુ કદાપિ કોઇ આવીને માગે તે સમયે જો તેને તે ન આપે તથા જે વસ્તુ લોક તથા શાસ્રની રીત પ્રમાણે લેવા યોગ્ય હોય તો તે વસ્તુ કોઈ આપવા માંડે તો તે મનુષ્ય મૂર્ખ

† મોચ વેગવાળો.

દુરાગ્રહી અને દોષપાત્ર જાણવા. ૨૫ હે ભદ્ર! મારો તું સ્વીકાર કર કારણ કે હુ તને ઇચ્છું છું. તું મારા ઉપર દયા કર કારણ કે દુ ખી જીવો ઉપર દયા કરવી એજ પુરૂષનો મુખ્ય ધર્મ છે. ૨૬ આ પ્રમાણે કાળકન્યાના વચન સાંભળી યવનનો રાજા ભય કે જે દેવતાઓની સમજમા ન આવે એવી વાત (મરણ) ઇચ્છતો તે હસીને કાળકન્યાને કહેવા લાગ્યો કે હુ જ્ઞાન દૃષ્ટિથી તારે માટે પતિ ઠરાવી ચુકયો છું, તું અમ ગળ રૂપ અને લોકોને અમાનનીય છે તેથી કદાપિ કોઇને પ્રાર્થના કરીશ તો પણ તારો સ્વીકાર કોઇ કરશે નહિ, ૨૮ માટે તુ ગુપ્ત રૂપથી તને કોઇ જાણી ન શકે એ પ્રમાણે લોક (સર્વ શરીર) જે કર્મથી આવા બનેલાં છે તેને પરાણે દબાવીને ભોગવ. સર્વ લોક તારા પતિ થશે અને તુ પણ જાણીશ નહિ કે મને મારી નાખશે, કારણ કે સર્વ લોકોને તું સ્વાધીન કરીશ. મારી સેનાને સાથે લઈ જા અને પ્રજાનો નાશ કર. ૨૯ જ્વર (કાળજ્વર) મારો ભાઈ છે તેમ તું મારી બેન છે. ભયકર સેના સાથે લઇને હું પણ તમારી બેની પાછળ પાછળ આ જગતમા છપી રીતે ફરીશ.

प्रज्वारोय मम भ्राता त्वच मे भगिनी भव
चराम्युभाभ्यांलोकेस्मिन्नव्यक्तोभीमसैनिकः

इतिश्रीमद्भागवतेमहापुराणेचतुर्थस्कंधे
सप्तविंशोध्यायः

અધ્યાય ૨૮ મો.[†]

સ્ત્રીની ચિંતાથી સ્ત્રી થવું.

नारद उवाच

सैनिका भयनाम्नो ये बर्हिष्मान्दिष्टकारिणः
प्रज्वारकालकन्याभ्यां विचेरुरवनीमिमाम् ॥

નારદ કહે છે કે—હે પ્રાચીનબર્હિષ રાજા! ભય નામના યવન રાજાના જે સિપાઈઓ હતા તેઓ ભયની આજ્ઞાથી પ્રજ્વાર તથા કાળકન્યાની સાથે પછો પૃથ્વી ઉપર ફરવા લાગ્યા. ૧ એક દિવસે તેમણે પૃથ્વીના સર્વ વૈભવોથી પરિપૂર્ણ તથા ઘરડા નાગથી રક્ષાયેલી પુરંજનની નગરીને હલ્લો કરી ઘેરી લીધી ૨ અને જેના પરાભવથી પુરૂષ તરત નિર્બળ બની જાય છે એવી તે કાળકન્યા પણ બળાત્કારથી પુરંજનના પુરનો ઉપભોગ કરવા લાગી. ૩ કાળકન્યાને હસ્તગત થયેલી તે નગરીમા યવનો પાછળથી પેસી ગયા ને તેને પીડવા લાગ્યા. ૪ જ્યારે તેઓ પીડા કરવા લાગ્યા ત્યારે મમતાથી આકુળ થયેલો કુટુંબવાળો પુરંજન રાજા અનેક જાતનાં દુ ખો ભોગવવા લાગ્યો.૫ કાળ કન્યાએ આલિંગન કરવાથી પુરંજન સાવ નિસ્તેજ થઇ ગયો, વિષયથી ભરપૂર બુદ્ધિહીન, ઐશ્વર્યથી ભ્રષ્ટ અને કૃપણ થઇ ગયો તથા ગંધર્વોએ અને યવનોએ બલાત્કારથી પોતાની નગરીને તોડીને પાડી નાખી હતી તે જોઇને, ¶ પૌત્રો, ‡ પુત્રો તથા સેવકો અને કાર્યભારીઓ પોતાથી વિરૂદ્ધ થઇ, પોતાનો અનાદર કરતા હતા તે તથા સ્ત્રીને સ્નેહ વિનાની જોઇને, પોતાને કાળકન્યા ગળી ગઈ હતી તે વિચારી તથા † શત્રુઓએ પંચાલ દેશનો નાશ કર્યો હતો તે જોઇને, પુરંજન રાજા ચિંતામા ગરકાવ થઇ ગયો અને વિચાર કરતા પણ તેને કશો ઉપાય સુઝયો નહિ ૮ વિષયોને કાળકન્યાએ નિઃસાર કરી નાખ્યા હતા તોપણ તે વિષયોની ચાહના રાખવાને લીધે દીન બની ગયો હતો, પર લોકથી ભ્રષ્ટ થયો હતો અને પુંત્રાદિકે પણ તેના ઉપરથી સ્નેહ ઉતારી નાખ્યો હતો. તો પુત્રોને તથા સ્રીઓને નાના પ્રકારનાં લાડ લડાવતો હતો. ગંધર્વોએ તથા યવનોએ ચારે તરફથી રૂંધી લીધેલી અને કાળકન્યાએ

† આ અધ્યાયમા વૈદર્ભીનુ આખ્યાન કહીને * પુરંજનને સ્રીની ચિંતા રહેવાથી સ્રીનો અવતાર આવ્યો અને પછી દૈવયોગે તેનો મોક્ષ થયો એ કથા કહેવારો

¶ ઇન્દ્રિયો ‡ ઇન્દ્રિયોના દેવતાઓ † વિઘ્નો.

ઘેરીને પીડેલી તે નગરીને છોડવાની પોતાની ઈચ્છા ન છતાં પણ તે તેનો ત્યાગ કરવાને તૈયાર થયો હતો. ૧૦ હજી ત્યાગ કરવાનો વિચાર કરતો હતો એટલામાં તો ભય નામના રાજાનો મોટો ભાઈ પ્રજ્વાર ત્યાં આવી ચઢયો અને તેણે ભાઇનું હિત કરવાની ઈચ્છાથી તે આખી ¶ નગરીને બાળી દીધી. ૧૧ તે નગરી બળવા માંડી ત્યારે કુટુંબમાં આનંદ માનનારો પુરંજન પોતાની નગરીના લોકો પરિજનો પુત્રાદિકો તથા સ્ત્રીઓની સાથે વિલાપ કરવા લાગ્યો. ૧૨ યવનોએ તે નગરીનાં સ્થાનોને ઘેરી લીધાં, કાળકન્યા તે નગરીને અત્યંત પીડવા લાગી અને પ્રજ્વારે કોટવાળ એવા પાંચ માથાના નાગને પીડવા માંડયો એટલે તે કોટવાળ નાગ બહુજ સંતાપ કરવા લાગ્યો. ૧૩ પુરંજન આવું મહા ભયંકર સંકટ આવી પડવાથી અત્યંત ધ્રુજવા લાગ્યો અને પોતાની રક્ષા કરવાને અશકત થઇ પડયો ત્યારે તેણે અગ્નિથી બળતા વૃક્ષના કોટરમાથી જેમ પક્ષી નાશી જવાની ઈચ્છા કરે તેમ ત્યાંથી નાશવાની ઇચ્છા કરી. ૧૪ તેના શરીરના અવયવો શિથિલ પડી ગયા હતા તેથી તે નાસી શકયો નહિ. પછી જ્યારે ગંધર્વોએ તેનું બળ બીલકુલ લઇ લીધું અને હે રાજા ! શત્રુભૂત એવા યવનોએ જ્યારે તેને પકડી પાડયો ત્યારે તે ‡ દુઃખથી રડવા લાગ્યો.૧૫ દીકરીઓ દીકરાઓ પૌત્રો વહુઓ જમાઇ સેવકો વગેરે તથા પોતાની માલકીનું જે કંઇ બાકી બચી ગયેલું ઘર ભંડાર તથા સરસામાન વગેરે હતુ તેને અહંતા મમતાથી પોતાનું માનીને ઘરમાં સૂતેલો તથા દુષ્ટ બુદ્ધિવાળો પુરંજન જ્યારે પોતાને પોતાની સ્ત્રીનો વિયોગ થવાનો સમય આવ્યો ત્યારે મનમાં એવો વિચાર કરવા લાગ્યો કે અરેરે!! હું જ્યારે મરણ પામીશ ત્યારે આ કુટુંબવાળી તથા બાળકોને માટે શોક કરતી મારી નિરાધાર સ્ત્રી કેવી રીતે પોતાનું જીવન ગાળશે ? ૧૮ હું જ્યાં સુધી ભોજન કરતો નથી ત્યાં સુધી તે પણ ભોજન કરતી નથી, હું નહાતો નથી ત્યાં સુધી તે પણ નહાતી નથી પરંતુ મારી રાહ જોયા કરે છે. હું કોપાયમાન થાઉં છું ત્યારે તે અત્યંત ગભરાય છે, હું તેનો તિરસ્કાર કરૂં છું ત્યારે તે ભયને લીધે મુંગી બેસી રહે છે. ૧૯ હું જ્યારે મુંજાઉં છુ ત્યારે તે મને અજ્ઞાનને સલાહ આપે છે અને પરદેશમા જાઉં છું ત્યારે શોકથી દુર્બળ થઇ જાય છે. પુત્રોવાળી તે મારી સ્ત્રી મારા મરણ પછી કેવી રીને ગૃહ ચલાવશે કે મારા વિયોગથી મરી જશે ?૨૦ અરેરે મારા મરણ પછી આ અનાથ પુત્રો તથા પારકી થાપણ જેવી આ પુત્રીઓ કેવી રીતે સંસારમા જીવન ગાળશે? મારા મરણથી તેઓની સ્થિતિ સાગરમાં ભાંગી પડેલા વહાણના જેવી થઇ પડશે. ૨૧ * પુરંજન રાજા શોક કરવાને અયોગ્ય હતો તોપણ કૃપણની માફક શોક કરવા લાગ્યો. એટલામા ભય નામનો યવનેશ્વર તેને પકડવાનો વિચાર કરીને ત્યા આવ્યો અને તરત યવનો તેને પશુની પેઠે પકડીને પોતાના સ્થાનક ઉપર લઈ ગયો. તેનાં કુટુંબીઓ અત્યંત આતુર થઈ તેને પાછો લાવવાની ઈચ્છાથી શોક કરતાં કરતા તેની પાછળ પાછળ દોડવા લાગ્યાં.૨૩ જ્યારે યવનોના ઘેરાથી મુઝાયલો નાગ પણ તે નગરીને છોડીને નાશી ગયો ત્યારે તેની પાછળ તરતજ વિખરાઇને પંચભૂતરૂપ થઇ ગઇ. ૨૪ બળવાન યવન પુરંજનને બલાત્કારથી ખેંચવા લાગ્યો. તેમ પુરંજન અજ્ઞાનમા ઘેરાઇ ગયો હતો તેથી તેને પોતાનો પ્રથમનો મિત્ર પણ સાંભર્યો નહિ. ૨૫ તે નિર્દય રાજાએ યજ્ઞમાં જે

¶ શરીર. ‡ કંઠમા ઘરડ ઘરડ થવા માંડ્યુ.

* પરબ્રહ્મમુર્તિ હતો માટે તેને શોક કરવા યોગ્ય ન હતો

પશુઓને માર્યા હતાં, તે પશુઓ તેનાં પાપ સંભારીને ક્રોધાયમાન થઇ કુવાડાઓથી તેના કટકા કરવા લાગ્યાં. ૨૬ પુરંજન રાજા સ્રીના સંગથી દૂષિત થયો હતો અને અજ્ઞાન સાગરમાં ડુબી ગયો હતો તેથી તેની સ્મૃતિ પણ નાશ પામી હતી. તેણે ઘણાં વર્ષ સુધી મહા ભયંકર નરકની યાતના ભોગવી. ૨૭ અને તે પછી પોતાની ઉત્તમ ¶ પ્રિયાનું મનમાં સ્મરણ કર્યા કર વાથી વિદર્ભ નામના ‡ શ્રેષ્ઠ રાજાને ઘેર તે ઉત્તમ કન્યા રૂપે અવતર્યો. †વિદર્ભ દેશના રાજાએ પોતાની કન્યાનો સ્વયંવર કર્યો તેમાં એવું પણ કરેલું હતું કે જે અધિક પરાક્રમી હશે તેને રાજકન્યા પરણાવવામા આવશે. સ્વયંવરમાં શત્રુઓને જીતનારો તથા * મલય નામના દક્ષિણ દેશમા મહા ભકતજન ગણાતો + પાડ્ય નામનો રાજા યુદ્ધમાં બીજા ક્ષત્રિય રાજાઓને હરાવીને જે કન્યાનું પણ—પરાક્રમ નક્કી કરવામાં આવ્યું હતું તે વિદર્ભરાજની કન્યાને—પરણ્યો. ૨૯ પાંડય રાજાએ તે સ્રીથી શ્યામ સુંદર નેત્રવાળી એક *પુત્રીને ઉત્પન્ન કરી અને તેનાથી નાના બીજા Sસાત પુત્રો ઉત્પન્ન કર્યા. આ સાત †દ્રવિડ દેશના રાજા થયા. ૩૦ તેઓમાંના પ્રત્યેક પુત્રને સો સો કોટી ‡ પુત્રો ઉત્પન્ન થયા. અર્થાત અપાર પુત્રો થયા જેઓના § વંશજો આ પૃથ્વીનું મન્વંતર કરતાં પણ વિશેષ કાળ સુધી × પાલન કરતા. ૩૧ પાડ્ય રાજાની ¶ નિયમોવાળી પ્રથમ —પુત્રીને અગસ્ત્ય + મુનિ પરણ્યા જે સ્રીથી ** દૃઢચ્યુત નામનો પુત્ર થયો અને તેને ††ઇદ્મવાહ નામનો પુત્ર થયો. પછી રાજર્ષિ એવો પાડય રાજા પોતાના

¶ હવે આ પ્રકરણમા 'સ્રીના ધ્યાનથી સ્રીનો અવતાર આવ્યો તો પતિવ્રતા સ્રીના ધ્યાનથી અને પૂર્વ જન્મના પુણ્ય કર્મથી ધર્મશીલ વિદર્ભરાજાને ઘેર જન્મ થયો ધર્મનિષ્ઠ પિતાના સંગથી શુદ્ધ અંતઃકરણવાળા પુરંજનને મલયધ્વજ નામના ભક્તની સાથે સંબંધ થયો તેથી તેની વિષ્ણુ ઉપર ભક્તિ થઇ અને તેથી વૈરાગ્ય આવ્યો પછી પતિરૂપ ગુરૂની સેવા કરીને ભગવાનની કૃપાથી જ્ઞાન મેળવ્યુ અને તેથી મોક્ષ થયો, એટલી કથા કહેવાની બીજી વાત કથાની શોભા માટે છે તો પણ જેટલી વાત અધ્યાત્મ પક્ષમા મળતી આવશે તેટલી વાતની તેમા યોજના કરવામા આવશે

‡ પ્રજાપાલન તથા યજ્ઞાદિક કરવાથી ક્ષત્રિયો શોભે છે તેમા તે શ્રેષ્ઠ હતો † ઘણા દર્ભનો ઉપયોગ કરનારો સત્કર્મશીલ * મલય દેશ દક્ષિણ દિશામા આવેલો છે અને તે દેશ ધ્વજાની પેઠે દેખાવડો છે તે દેશમા મુખ્યત્વે હરિજન રહે છે તેમા જે ઉત્તમ હોય તે વિષ્ણુભક્ત કહેવાય છે + પંડા એ નિશ્ચયાત્મક બુદ્ધિનુ નામ છે તેને જે પુરૂષ યોગ્ય હોય છે તે પાડય કહેવાય છે તેમજ પાડય એવુ દેશનુ નામ પણ છે

— પહેલા ભવમા પુરંજન અને બીજા ભવમા વિદર્ભની કુવરી થઇને અવતરેલા તે જીવને ભક્તસંગ થયો.

* પુત્રી એટલે ભગવાનની સેવામા રુચિ અને કાળા નેત્રવાળી કહેવાનુ તાત્પર્ય એ છે કે, ભગવાનના સ્વરૂપને દર્શાવનારી હતી S શ્રવણ કીર્તન સ્મરણ ચરણસેવન પૂજન વંદન તથા દાસ્ય એ સાત ભક્તિના પ્રકારને પુત્રો જાણવા, ભક્તિના ભેદ જો કે નવ છે તોપણ તેમા સખાપણુ તથા આત્મનિવેદન એ બેનુ જ્ઞાન 'આત્મા દેહાદિકથી ભિન્ન શુદ્ધ બ્રહ્મ છે' આવુ જ્ઞાન થયા પછી થાય છે અને ભગવાન પણ તે પછી જ તેનો ઉપદેશ કરશે માટે અત્રે સાત લખ્યા છે † દ્રવિડ દેશનુ પાલન શ્રવણાદિક ભક્તિથી જ થઇ શકે છે એ વાત પ્રસિદ્ધ છે ‡ શ્રવણ વગેરેના અનેક ભેદ છે તેને અનેક પુત્રોનુ રૂપ આપ્યુ છે § સંપ્રદાયો × યજ્ઞાદિકમાથી રક્ષણ કરતા ¶ યમનિયમ પાળનારી — ભગવાનની સેવામા પ્રીતિ + મન ** વૈરાગ્યનુ નામ વૈરાગ્ય થવાથી દૃઢ વિષયોમાથી જીવન્મુક્ત થાય છે

†† ઇધ્મ-કાષ્ટ—અને વાહ—વહેનારો, યજ્ઞનુ પવિત્ર કાષ્ટ લઈ જનારો શિષ્ય શાસ્ત્રમા કહેલુ છે કે, ગુરૂની પાસે જવુ ત્યારે ખાલી હાથે જવુ નહિ, પરંતુ કંઈને કંઈ લઇને જ જવુ શ્રુતિ **तद्विज्ञानार्थं सगुरुमेवाभिगच्छेत्समित्पाणिःश्रोत्रियं ब्रह्मनिष्ठं** આત્મસ્વરૂપને જાણવા માટે હાથમા સમિધ લઇને બ્રહ્મનિષ્ઠ વેદવત્તા ગુરૂની પાસે જવુ." ગુરૂની પાસે વૈરાગ્ય થયા વિના જવાનું સૂઝતુ નથી પણ વૈરાગ્ય થયા પછી સૂઝે છે. અહીયા પણ અગસ્ત્યનો—મનનો તથા દૃઢચ્યુત (વૈરાગ્ય)નો સંબંધ કહ્યો છે અને દૃઢચ્યુતનો—વૈરાગ્યનો તથા ઇધ્મવાહને—ગુરૂને શરણે જનારાનો પિતા પુત્રરૂપે વર્ણવ્યો છે ભગવત્સેવામા રૂચિને મનની સ્રી ઠરાવી છે, આ સર્વ વેદાંત પક્ષે રૂપક છે.

પુત્રોને રાજ્ય વહેંચી આપીને શ્રીકૃષ્ણની આરાધના કરવાની ઇચ્છાથી એક મોટા પર્વત ઉપર ગયો. ૩૩ તેની મદ વિઘૂર્ણિત નેત્ર-વાળી રાણી વૈદર્ભી ચંદ્રિકા જેમ ચંદ્રની પાછળ જાય તેમ ઘર બાર પુત્રો તથા નાના પ્રકારના વૈભવોને તજી તેની પાછળ વન-માં ચાલી ગઇ. ૩૪ પાંડ્ય રાજા પર્વત ઉપર જઇને ચંદ્રમસા તામ્રપર્ણી વટોદકા આદિ નદીઓના પવિત્ર જળથી પોતાના અંતઃકરણના તથા બહારના મળને ધોઇ કંદ મૂળ ફલ ફૂલ પાદડાં ને વનસ્પતિ તથા પાણીથી નિર્વાહ ચલાવવા લાગ્યો અને ધીરે ધીરે શરીરને સૂકાવી નાખે એવું તપ કરવા લાગ્યો. સર્વ ઠેકાણે સમદૃષ્ટિ રાખીને તેણે તાઢ તડકો વાત વૃષ્ટિ ભૂખ–તરસ સારૂં નરતું અને સુખ દુઃખ સઉ સહન કર્યા. ૩૭ આ રીતે તે રાજાએ યમ–નિયમ તથા ઉપાસનાથી સર્વ વાસનાનો લય કરી ઇંદ્રિયો પવન તથા ચિત્તને વશ કર્યા. વળી એ રાજાએ પોતાનુ ચિત્ત પરબ્રહ્મમા જોડી દીધું. ૩૮ વનમાં વૃક્ષ નીચે દેવતાઓનાં સો વર્ષ લગી એક ઠેકાણેજ અચળ ઉભા રહી વાસુદેવ ભગવાનની એવી ભક્તિ કરી કે બીજી સર્વ વસ્તુ વિસરાઇ ગઇ. ૩૯ આત્મા દેહાદિકનો પ્રકાશ કરનારો હોવાથી દેહા-દિકથી જુદો છે તેમ અંતઃકરણની વૃત્તિઓ જડ છે તેને આત્મા પ્રકાશ કરે છે માટે તેનાથી પણ આત્મા જુદો છે એવી ખાતરી કરી. વળી સ્વપ્નમા જેમ પોતાનું મસ્તક કપાયું એવું લાગે છે ત્યારે પોતે જેમ તેનાથી પોતાને જુદો જાણે છે તેમ જાગ્રત અવસ્થામાં પણ દેહાદિકથી પોતાને જુદો જાણનારો પાંડ્યરાજા સર્વ વિષયોથી વિરામ પામ્યો. ૪૦ સાક્ષાત ગુરૂ રૂપ શ્રીભગવાને ઉપદેશ કરેલા ચારે તરફ પ્રકાશતા શુદ્ધ જ્ઞાનરૂપી દીવાવડે રાજા, જે *બ્રહ્મ છે તે જ હું છું અને જે હું છું તે જ બ્રહ્મ છે એમ માનવા લાગ્યો; અને છેવટે તે જ્ઞાન પણ એક વ્યવધા-નકારક વૃત્તિ છે એમ સમજી તેનો પણ ત્યાગ કર્યો અને સંસારમાંથી ઉપરામ પામ્યો. વિદર્ભ રાજાની પતિવ્રતા પુત્રી સર્વ વૈભવોનો ત્યાગ કરી પરધર્મને જાણનારા પતિ મલયધ્વજને સેવવા લાગી. ૪૩ તેણે શરીર ઉપર ફાટેલું વસ્ત્ર પહેર્યું વ્રત ઉપવાસથી શરીર ગાળી નાંખ્યું અને માથાના કેશો ગુંચાઇ ગયા હતા અને ઠરી ગયેલા †અગ્નિની પાસે જેમ તેની શિખા શાંત થયેલી હોય તેમ શાંત થયેલા પતિની પાસે શાંત પડી ગયેલી તે રહેતી હતી. ૪૪ પોતાના પ્રિયતમને મરી ગયા જાણતી ન હતી તેથી સારી રી-તના દૃઢ આસનથી બેસીને પ્રથમની પેઠે શબની પણ સેવા કરતી હતી. પતિની સેવા કરતાં કરતાં જ્યારે તેણે પતિના બન્ને ચરણોને ટાઢા પડી ગયેલા જોયા ત્યારે ટોળામાંથી વિખૂટી પડેલી મૃગલીની માફક મનમાં અત્યંત ઉદાસ થઇ. ગભરાટમાં પડીને પોતાના નિરાધાર તથા દુર્બળ દેહનો શોક કરવા લાગી અને અશ્રુઓના પ્રવાહથી પોતાના બંને સ્તનોને ભીંજવતી તે રણવગડામાં રાગ કાઢીને રડવા લાગી. ૪૭ હે રાજર્ષિ! ઉભા થાઓ! ઉઠો! અને આ સમુદ્ર સુધીની પૃથ્વી જે ચોરોથી તથા નીચ ક્ષત્રિયોથી ઘેરાઇ ગઇછે તેની રક્ષા કરો! ૪૮ આ પ્રમાણે વિલાપ કરીને પતિની આજ્ઞામાં રહેનારી દેવી વૈદર્ભી પોતાના પતિના પગમાં પડીને રડવા અને અશ્રુઓ પાડવા લાગી. ૪૯ પછી વૈદર્ભીએ રડતાં રડતાં કાષ્ઠની ચિતા ખડકી તે ઉપર પોતાના પતિના શબને સૂવારી ચિતાને સળગાવી તેની પ્રદક્ષિણા કરી પોતે તેમાં બળી મરવાનો વિચાર કર્યો. ૫૦

* જે બ્રહ્મ તેજ હુ એવુ જ્ઞાન થવાથી શોકનો નાશ થાય છે અને હુ તે જ બ્રહ્મ, એવો નિશ્ચય થવાથી બ્રહ્મનુ અપરોક્ષ જ્ઞાન થાય છે

† લાકડા બળી રહ્યા પછી નિર્ધૂમ અગ્નિની શિખા શાત થાય છે. તેમજ જ્ઞાનાગ્નિથી અવિદ્યાને બાળી નાખ્યા પછી જ્ઞાન શાત પડી જાય છે.

તે વખતે હે રાજન! તેના કોઇ આગલા અને જ્ઞાની બ્રાહ્મણ મિત્રે તેની પાસે આવી મધુર વાણીથી સામનીતિથી ભરેલાં વચનોથી તેને સમજાવીને આમ કહ્યું. ૫૧

બ્રાહ્મણ—હે રાજકન્યા! તું કોણ છે? કોની પુત્રી છે? આ ચિતામાં સૂતેલો પુરૂષ કોણ છે, કે જેને માટે તું બળી મરે છે? તું શું મને મિત્રને ઓળખે છે, કે જેની સાથે તું આગળ ઉપર ફરતો હતો? ૫૨ હે મિત્ર! તું કદાપિ મને ઓળખતો નહિ હોય તોપણ પૂર્વે તું મારો એક મિત્ર હતો જેનું નામ જાણવામાં આવ્યું નહતું એવો મિત્ર હતો. પૂર્વે આપણે બન્ને મિત્રો સાથે રહેતા હતા, પરંતુ તું પૃથ્વીના ભોગમા આસક્ત થઇ મારો ત્યાગ કરીને વિષય સુખો ભોગવવા માટે તેના સ્થાનો શોધવા સારૂ ગયો હતો. ૫૩ હે રાજન! તું અને હું આપણે બંને માન સરોવરમા રહેનારા હંસો અને ખરા મિત્ર છીએ. આપણે હજાર વર્ષ સુધી ઘર વિના જ રહ્યા હતા. પાછળથી હે મિત્ર! તું વિષય સુખની લાલસાથી મારો ત્યાગ કરીને પૃથ્વી ઉપર ગયો. ત્યા કોઇ એક સુંદર સ્ત્રીએ બાંધેલું નગર તારા જોવામા આવ્યું. ૫૫ એ નગરમાં પાચ ભાગ હતા નવ દરવાજા હતા એક તેનું રક્ષણ કરનારો કોટવાલ હતો ત્રણ કોઠાઓ હતા છ વેપારી અને પાચ દુકાનો હતી. તેના મૂળ કારણ પાંચ હતાં અને તેને ઘણી સ્ત્રીઓ હતી. ૫૬ હે રાજન! એમાં પાંચ બાગ કહ્યા તે શબ્દ સ્પર્શ રૂપ રસ અને ગંધ એ પાંચ વિષયો સમજવા. નવ દરવાજા કહ્યા તે બે આંખ બે નાક બે કાન વગેરેનાં નવ છિદ્રોને નવ દરવાજા જાણવા. પ્રાણને તે નગરીનો કોટવાલ જાણવો, તેજ જળ તથા પૃથ્વીને તેના ત્રણ કોઠાઓ જાણવા. શ્રોત ચક્ષુ જિહ્વા ઘ્રાણ તથા ત્વચા એ પાંચ જ્ઞાનેદ્રિય અને છઠ્ઠા મનને છ વેપારી જાણવા. તેઓ જોઇએ તેટલા વિષયો જીવને પૂરા પાડે છે. ૫૭ હાથ પગ વાણી ઉપસ્થ તથા ગુદા આ પાંચ કર્મેન્દ્રિયને પાંચ દુકાનો સમજવી. પૃથ્વી જળ તેજ વાયુ અને આકાશ આ પાંચ મહાભૂતોને શરીરનાં અવિનાશી મૂળ કારણ જાણવાં. બુદ્ધિને તે નગરીની મહારાણી જાણવી. તે નગરીમા પેઠેલો આત્મા બુદ્ધિને વશ થવાથી સ્વસ્વરૂપને હંમેશ ભૂલી જાય છે. તે નગરીમાં પેલી સ્ત્રીએ તારો પરાજય કરીને તને સ્વાધીન કરી લીધો હતો તેથી તું તેની સાથે રહ્યો હતો. સ્વરૂપને ભૂલી ગયો અને તેના સંગથી જ હે જીવ! તું આવી મહા દુ ખદ દશામા આવી પડયો. ૫૯ તું કંઇ વિદર્ભ રાજાની કુંવરી રૂપ નથી તેમ આ શૂરવીર પુરૂષ તારો પતિ નથી. તેમ જે પુરંજનીએ તને નવ દરવાજાવાળી નગરીમાં ગોંધી રાખ્યો હતો તે તું વળી પુરંજનીનો પતિ પણ નથી. ૬૦ તું પૂર્વજન્મમાં પોતાને પુરૂષ માનતો હતો અને હમણા પોતાને બીજા પુરૂષની સ્ત્રી માને છે; પરંતુ તે બંને મિથ્યા છે અને આ તો બધી અટપટી માયાની જાળ છે. આપણે તો શુદ્ધ હંસ રૂપ છીએ. આપણા બનેનુ સત્ય સ્વરૂપ હું કહું તે ધ્યાનથી સાભળ. ૬૧

હે જીવ! હું છુ તેજ તું છે, તું કંઈ બીજો નથી તેમ જ તું છે તેજ હું છુ, તેમાં પણ સંશય નથી. તેના વિવેકનો બુદ્ધિથી જરા વિચાર કર. વિવેકી પુરૂષો તારામાં અને મારામા કોઈ દિવસ કશો ભેદ માનતાજ નથી. ૬૨ દેહ એક રૂપ જ છે તોપણ પુરૂષ જેમ પોતાના દેહને દર્પણમાં મોટો નિર્મળ તથા અસ્થિર જુવે છે, તેમ પારકા પુરૂષના નેત્રની કીકીમા પોતાના દેહને નાનો મલિન તથા ચંચલ દેખે છે. આમ એક જ દેહ બે રીતે દેખાય છે. આપણ બંનેમાં યત્કિંચિત પણ અંતર નથી છતાં મારૂં પ્રતિબિંબ માયામાં પડયું છે તેથી હું મોટો

નિર્મળ તથા સ્થિર દેખાઉં છું અને તારૂં પ્રતિબિંબ અવિદ્યામાં પડ્યું છે તેથી તું નાનો મલિન અને ચંચળ દેખાય છે. હે હંસ! તે સર્વ ધર્મ ઉપાધિને લીધે જોવામાં આવે છે વસ્તુતાએ તારામાં અને મારામાં જરા પણ ભેદ નથી. અરીસાને તથા આંખને દૂર કરતાં જેમ દેહનું ખરૂં સ્વરૂપ દેખાય છે, તેમજ માયાને તથા અવિદ્યાને દૂર કરવાથી આત્માનું શુદ્ધ સ્વરૂપ દૃષ્ટિએ પડે છે.

નારદે કહ્યું કે–ઉપર પ્રમાણે હંસે માનસરોવરના વાસી હંસને સમજાવ્યો ત્યારે તેણે સ્વસ્વરૂપમાં રહીને ઘણી વાર સુધી વિચાર કર્યો. વિષયોની લાલસાથી હંસનો વિયોગ થતાં પ્રથમ જે હું બ્રહ્મ સ્વરૂપ હતો એવી જે સ્મૃતિ નાશ પામી હતી તે તેને પુનરપિ પ્રાપ્ત થઇ. ૬૪

હે પ્રાચીનબર્હિષ્ રાજા! તને આત્મ જ્ઞાનની વાત કહેવાથી તારા સમજવામા તે યથાર્થ રીતે આવત નહિ માટે મેં પુરંજન રાજાના ઇતિહાસના રૂપકથી તને અપરોક્ષ રીતે અધ્યાત્મ જ્ઞાનની આ કુંચી બતાવી છે. કારણ કે આખા વિશ્વના કલ્યાણ કર્ત્તા ભગવાન પરમાત્માને પણ વેદાંતની સમજ દૃષ્ટાંતો દ્વારાજ સમજાવી શકાય છે.

बर्हिष्मन्नेतदध्यात्म पारोक्ष्येण प्रदर्शितम् ।
यत्परोक्षप्रियो देवो भगवान्विश्वभावनः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेचतुर्थस्कंधे
अष्टाविंशोध्यायः

અધ્યાય ૨૯ મો.†

પુરંજન રૂપકની સમજ.

प्राचीनबर्हिः उवाच

भगवंस्ते वचोऽस्माभिर्न सम्यगवगम्यते ।
कवयस्तद्विजानन्ति न वयं कर्ममोहिताः ॥

પ્રાચીનબર્હિષ્ રાજાએ પૂછ્યું કે–હે ભગવન! તમારૂં વચન અમો યથાર્થ રીતે સમજી શકતા નથી. તે વાત વિવેકી જનો સમજી શકે પરંતુ કર્મમોહિત થયેલા અમે તે વાતને સંપૂર્ણ રીતે સમજી શકતા નથી.

નારદ બોલ્યા કે–મેં આ આખ્યાનમાં જે પુરૂષ કહ્યો હતો તેને જીવ જાણવો અને તે પોતાના કર્મોદ્વારા પુરને એટલે શરીરને ઉત્પન્ન કરે છે. શરીરમાં કોઇ પણ એક પગવાળાં કોઇ બે પગવાળાં કોઇ ત્રણ પગવાળા કોઇ ચાર પગવાળાં તથા કોઇ પગ વિનાનાં પણ હોય છે. ૨ તેમાં જે અવિજ્ઞાત નામનો જીવનો મિત્ર કહ્યો હતો તેને ઇશ્વર જાણવો કારણ કે પુરૂષો નામથી ક્રિયાથી તથા ગુણોથી ઇશ્વરને જાણી શકતા નથી માટે તેનું નામ અવિજ્ઞાત રાખ્યું હતું. ૩ જીવને જ્યારે ઇંદ્રિયોના સર્વ પ્રિય વિષયો ભોગવવાની ઇચ્છા થઇ ત્યારે તેણે નવ છિદ્રવાળા બે હાથવાળા અને બે પગવાળા મનુષ્ય દેહને ઉત્તમ માન્યો. ૪ પૂર્વે તમને પુરંજની નામની જે સ્ત્રી કહી હતી તે બુદ્ધિ જાણવી. બુદ્ધિને લીધે જીવ હું તથા મારૂં એવી મમતા કરે છે. જેના અધ્યાસથી જીવ આ દેહમાં રહીને ઇંદ્રિયોદ્વારા વિષયોને ભોગવે છે. ૫ બુદ્ધિના જે મિત્રો કહ્યા હતા તે ઇંદ્રિયો જાણવી. તેમાંની કેટલીક ઇંદ્રિયોથી જ્ઞાન થાય છે અને કેટલીક ઇંદ્રિયોથી કામકાજનો વ્યવહાર થાય છે. ઇંદ્રિયોની વૃત્તિઓને બુદ્ધિની સખીઓ જાણવી અને પાંચ માથાવાળો સર્પ તે પાંચ વૃત્તિઓવાળો પ્રાણ સમજવો. મોટા બળવાળો જે નાયક કહ્યો તેને મન જાણવું અને તે પાંચ જ્ઞાનેંદ્રિય તથા પાંચ કર્મેન્દ્રિય એમ દશ ઇન્દ્રિયનો નાયક ગણાય છે. પંચાલ દેશ એટલે પાંચ વિષયો જાણવા. જેમાં નવ દરવાજાવાળું પુર એટલે નવ કાંણાવાળું શરીર કહેલું છે. બે આંખનાં બે નાકમાં બે કાનનાં એક મુખનું એક શિશ્નનું તથા

† આ અધ્યાયમા પરોક્ષ રીતે કહેલા આખ્યાનનો ઉપસંહાર કરતા જીવને સ્ત્રીના સંગથી સંસારમા જન્મ મરણ અને ભગવાનના સંગથી મુક્તિ મળે છે એ કથા કહી છે.

એક ગુદાનું એમ નવ છિદ્રને નવ દરવાજા જાણવા. જીવ ઈંદ્રિયોને લઈને બબ્બે, દરવાજેથી બહાર જાય છે અને વિષયનો ઉપભોગ કરે છે. બે આંખ બે નાક તથા મુખ એ પાંચને પૂર્વ દિશા તરફના દરવાજા જાણવા. જમણા કાનને દક્ષિણ દિશા તરફનો દરવાજો જાણવો અને ડાબા કાનને ઉત્તર તરફનો દરવાજો જાણવો. ૯ ગુદા તથા શિશ્ન એ બંને નીચેના દ્વારને પશ્ચિમ દિશા તરફના દરવાજા જાણવા. ખદ્યોતા તથા આવિર્મુખ નામના બે દરવાજા કહ્યા તે બંને એક એકની સાથે જોડાયેલાં નેત્ર જાણવાં. જીવ દ્યુમાન નામના મિત્રની સહાયતાથી અર્થાત ચક્ષુરિન્દ્રિયની સહાયતાથી ઉપર કહેલાં બે નેત્ર રૂપી દ્વારમાથી વિભ્રાજીત નામના દેશમાં જાય છે, અર્થાત નાના પ્રકારનાં રૂપને જુવે છે ૧૦ નલિની તથા નાલિના નામના બે દરવાજા નાકના બે છિદ્રો જાણવા અને ગંધને સૌરભ દેશ જાણવો. ઘ્રાણેંદ્રિયને અવધૂત મિત્ર કહ્યો છે. મુખને મુખ્ય દરવાજો જાણવો. વિપણ એટલે વાણી અને રસજ્ઞ એટલે જિહ્વા ઇન્દ્રિય, એ બંનેને એક એકને મિત્ર કહ્યા છે. આપણ દેશને જ્ઞાન પક્ષમાં નાના પ્રકારનું ભાષણ જાણવું અને બહૂદન નામનો દેશ કહ્યો તેને વિધ વિધ પ્રકારનું અન્ન જાણવું. પિતૃહૂ એટલે જમણો કાન અને દેવહૂ એટલે ડાબો કાન જાણવો. ૧૨ દક્ષિણ પાંચાલ દેશને પ્રવૃત્તિ શાસ્ત્ર જાણવું અને ઉત્તર પાંચાલ દેસને નિવૃત્તિ શાસ્ત્ર જાણવું. શ્રુતધર એટલે શ્રવણેન્દ્રિય દ્વારા જીવ પિતૃલોકમાં તથા દેવલોકમાં જાય છે. ૧૩ આસુરી નામનો જે નીચેનો દરવાજો કહ્યો તેને શિશ્ન અને દુર્મદ નામનો જે તેનો મિત્ર કહ્યો તેને ઉપસ્થ ઈંદ્રિય જાણવી. ગ્રામક નામનો મિત્ર કહ્યો તેને પાયુ જાણવો, વૈશસ નામનો દેશ કહ્યો તેને સંસારનાં પામર પ્રાણીનું સંગ સુખ જાણવું તથા નિર્ઋતિ નામના દરવાજાને ગુદા જાણવી. ૧૪ લુબ્ધક નામના દેશને નરક જાણવું અને નિરંતર બંધ બારણાવાળા જે બે દરવાજા કહ્યા તેને હાથ પગ જાણવા. જીવ તે બંને દરવાજામાર્ગે અવજાવ કરે છે તથા કામ કરે છે. ૧૫ હૃદયને અંતઃપુર કહ્યું છે મનને નાજર કહ્યું ને મનના સત્વ રજ તથા તમ નામના ત્રણ ગુણોથી હૃદયમાં રહેલો જીવ મોહને પ્રસાદને તથા હર્ષને પામે છે. ૧૬ બુદ્ધિ જેમ સ્વપ્નમા વિકાર પામે છે અને જાગ્રત અવસ્થામા ઇન્દ્રિયોની પાસે નાના પ્રકારનાં કાર્યો કરાવે છે, તેમ બુદ્ધિના ગુણોમા લિપ્ત થયેલો આત્મા પોતે કેવળ સાક્ષી રૂપ રહે છે, તોપણ જોવું અડકવું વગેરે બુદ્ધિએ કરેલાં કાર્યો પોતે કરેલા હોય એમ માને છે. ૧૭ સ્વપ્નાવસ્થાના દેહને રથ જાણવો, ઇન્દ્રિયોને ઘોડાઓ જાણવા અને વર્ષના વેગને રથની ચાલ જાણવી કેમકે તેના રથનો વેગ પણ વર્ષના વેગની પેઠે અટકે નહિ એવો હોયછે. (વસ્તુતાએ સ્વપ્નાવસ્થામા શરીર આદિકની ઉત્પત્તિ બુદ્ધિમા થાય છે માટે તેની ગતિ બીજે ઠેકાણે થતી નથી.) પાપ તથા પુણ્યને રથના બે પૈડા જાણવાં. ત્રણ ધ્વજાને ત્રણ ગુણ જાણવા. પાચ પ્રાણો સમજવા ૧૮ દોરીને મન જાણવું સારથિ એટલે બુદ્ધિ, બેસવાનું સ્થાન તે હૃદય ધોસરી બાધવાના બે ઉ ટડા તે સુખ તથા દુઃખ, પાચ પ્રકારના પદાર્થો કહ્યા તે પાંચ ઇન્દ્રિયોના વિષયો અને સાત પડદાને સાત ધાતુઓ જાણવી. ૧૯ આકૃતિ એટલે પાચ કર્મેંદ્રિયનું બાહ્ય પરાક્રમ જાણવું. જીવ કર્મેન્દ્રિયોવડે સ્વપ્નાવસ્થામા ઝાંઝવાના જળ જેવા મિથ્યા પદાર્થો તરફ દોડે છે. અગિયાર સિપાઇઓ કહ્યા તે મન સાથે અગિયાર ઇંદ્રિયો જાણવી. મૃગયા કરનારો એટલે પાચ જ્ઞાનેંદ્રિયોથી વિષયોનો ઉપભોગ કરનારો જીવ જાણવો, ૨૦ ચંડવેગ નામના ગંધર્વને વર્ષ જાણવું, કે જેનાથી કાળનુ માપ જાણવામાં આવે છે,

ત્રણુસેં ને સાઠ ગંધર્વો કહ્યા તે વર્ષના ત્રણુસેંને સાઠ દિવસો જાણુવા અને તેટલીજ ગંધર્વ સ્ત્રીઓ કહી છે તે રાત્રિઓ જાણુવી. દિવસો તથા રાત્રિઓ ચોતરફથી પુરંજનના (જીવના) આયુષ્યને હરી લે છે. ૨૧ કાળકન્યાને સાક્ષાત્ જરાવસ્થા જાણુવી કે જેને લોકો ગ્રહણુ કરતા નથી. યવન રાજા તે મૃત્યુ જાણુવો કે જેણે લોકનો નાશ કરવા માટે જરાને બેન કરીને રાખી છે. ૨૨ યવનરાજાના જે અનુચર યવનાદિ કહ્યા તેઓને આધિ તથા વ્યાધિ સમજવા અને પ્રાણીઓને દુઃખ દેવામાં અત્યંત વેગવાળા યવનના ભાઈ પ્રજ્વારને તાવ જાણુવો. એ તાવ તાઢીઓ તથા ચોથીઓ, એમ બે પ્રકારનો છે. આ પ્રમાણે દેવોથી દેહોથી તથા બીજા પ્રાણીઓથી આવનારાં નાનાં પ્રકારના દુઃખોથી પીડા પામતો અને અજ્ઞાનમા ગુંચવાઈ ગયેલો જીવ પોતે નિર્ગુણ છતા પણુ પ્રાણુ ઇંદ્રિયો અને મનના ધર્મોનો પોતાને વિષે ‡અધ્યાસ કરીને ક્ષુદ્ર વિષયોનું મનન કરતો અહંતા મમતાથી કર્મ કરતો સો વર્ષ સુધી દેહમાં રહે છે ૨૫ જીવ પોતે પરબ્રહ્મરૂપ છે તોપણુ તે જ્યારે પરમ ગુરુ ભગવાન પરમાત્માને વિસરી જાય છે, માયાથી ઉત્પન્ન થયેલા આ દેહાદિકમા બંધાય છે અને દેહાભિમાની થઈ દેહને વશ થઇ સાત્વિક રાજસ તથા તામસ કર્મો કરે છે ત્યારે તે પોતાના કર્માનુસાર અવતાર લે છે. ૨૭ સાત્વિક કર્મો કરવાથી કોઇ વખતે પુષ્કળ પ્રકાશવાળા અવતાર પામે છે, રાજસ કર્મો કરવાથી ઘણા શ્રમવાળા કર્મથી ભરેલા અને પરિણામે દુઃખદાયી અવતાર પામે છે અને તામસ કર્મો કરવાથી અજ્ઞાન તથા શોકથી ભયંકર એવા અવતારો પામે છે. ૨૮ એ પ્રમાણે મંદબુદ્ધિવાળો જીવ પોતાનાં કર્મ પ્રમાણે કોઇવાર પુરુષ, કોઇવાર સ્ત્રી, કોઈવાર નપુંસક કોઇવાર દેવતા, કોઈવાર મનુષ્ય તથા કોઇવાર પક્ષી થઈને અવતરે છે ૨૯ અને ભૂખથી ઘેરાયેલો ગરીબ કુતરો જેમ ઘરઘરને બારણે રખડીને ભાગ્ય પ્રમાણે કોઇ ઠેકાણેથી અન્ન તો કોઇ ઠેકાણેથી લાકડીનો માર કે તુચ્છકાર પામે છે તેમ વિષયની ઇચ્છાવાળો જીવ પણુ સ્વર્ગમાં પાતાળમાં અથવા મૃત્યુલોકમાં ઉંચા નીચા જન્મોમાં ભટકતો પ્રારબ્ધ પ્રમાણે સુખદુઃખને પામે છે. ૩૧ દુઃખો દૂર કરવાનો એક પણુ ઉપાય મળતો નથી અને કદાચ ઉપાય પ્રાપ્ત થાય છે તોપણુ દૈવથી પ્રાણીઓથી તથા શરીરથી થતાં દુઃખોમાંના એક દુઃખથી પણુ જીવ છૂટો થઈ શકતો નથી. ૩૨ જેમ કોઇ પુરુષ માથા ઉપર ભારે ભાર ઉંચકીને જતો હોય તે વધારે ભાર લાગવાથી પેલા ભારને માથા ઉપરથી કાંધ ઉપર લઇ લે છે પરંતુ એમ કરવાથી પેલો ભાર કંઇ ઓછો થતો નથી તેમજ સર્વ ઉપાયો દુઃખમય છે માટે તે તે ઉપાયો કરવાથી પણુ પ્રાણી દુઃખમાંથી છૂટો થઈ શકતો નથી. ૩૩ હે નિર્દોષ રાજા ! એક સ્વપ્નમાં આવેલું બીજું સ્વપ્ન જેમ પહેલા સ્વપ્નને મટાડી શકતું નથી, તેમ દુઃખ રૂપ કર્મો પણુ કેવળ કર્મો કરવાથીજ દૂર થતા નથી; કારણુ કે બન્ને કર્મો અવિદ્યાને લીધે પ્રાપ્ત થતાં હોવાથી સમાન છે. ૩૪ જીવ ઉપાધિ રૂપ મનથી સ્વપ્નમાં હોય ત્યાં સુધી તેની સ્વપ્નાવસ્થા દૂર થતી નથી. તેમજ વસ્તુતાએ જોતાં સંસાર મિથ્યા છે તોપણુ વિષયોનું મનન કરનારા જીવનો સંસાર છૂટતો નથી. ૩૫ જે અજ્ઞાનને લીધે પુરુષાર્થરૂપ આત્માને જેમાં અનર્થની પરંપરા સમાયલી છે એવો સંસાર વળગ્યો છે, તે અજ્ઞાનના ગુરુરૂપ પરમાત્માની પરમ ભક્તિ કરવાથીજ નાશ પામે છે. ૩૬ વાસુદેવ એવા ભગવાન માટે સારી રીતે કરેલો ભક્તિ-

‡ હુ પુરૂષ, હુ સ્ત્રી, હુ બ્રાહ્મણુ, હુ ક્ષત્રિય વગેરે દેહાદિકના ધર્મોને આત્મામા આરોપી દેવા તેને અધ્યાસ કહે છે.

યોગ વૈરાગ્ય તથા જ્ઞાનને ઉત્પન્ન કરે છે. ૩૭ હે પ્રાચીનબર્હિષ રાજર્ષિ ! તે ભક્તિ ભગવાનની કથા શ્રવણ કરવાથી થોડા જ સમયમાં મળે છે માટે નિત્ય ભગવાનની કથાને સાંભળનારા શ્રદ્ધાળુ તથા કથાને નિત્ય ભણનારા મનુષ્યને થોડા સમયમાં જ ભગવાન ઉપર ભક્તિયોગ થાય છે. ૩૮ હે રાજા ! જ્યાં આગળ નિર્મળ મનના સદ્‌ગુણી ભગવાનના ભક્તો ભગવાનના ગુણો ગાવામા તથા સાંભળવામાં વ્યગ્ર ચિત્તવાળા થઇને રહેતા હોય ૩૯ તે ઠેકાણે મહાત્મા પુરુષોના મુખમાંથી ભગવાનના ચરિત્રરૂપી અમૃતની નદીઓ ચારે તરફ વહ્યા કરે છે અને જે લોકો અત્યંત તૃષાથી તે નદીઓના જળનું સાવધાન થઇ ખુલ્લા કાનથી પાન કરે છે તે ભક્તિ રસિક લોકોને ભૂખ તરશ ભય શોક અને મોહ બાધ કરતા નથી. ૪૦ પણ જો સત્સંગ કરે નહિ તો ઉપર કહેલા સ્વાભાવિક શોક મોહ વગેરેથી તથા આળસથી ખિન્ન થયેલા લોકોને નિત્ય ભગવાનની કથારૂપી સુધાસાગરમાં પ્રીતિ થતી નથી. ૪૧ સાક્ષાત્ બ્રહ્મ ભગવાન શંકર મનુ દક્ષ વગેરે પ્રજાપતિઓ સનક વગેરે નૈષ્ઠિક બ્રહ્મચારીઓ ૪૨ મરીચિ અત્રિ અંગીરા પુલસ્ત્ય પુલહ ક્રતુ ભૃગુ વસિષ્ઠ હું તથા નારદ એ સર્વ બ્રહ્મવાદીઓ વેદવાણીના વેત્તા છીએ અને તપશ્ચર્યા વિદ્યા તથા સમાધિવડે અદ્યાપિ સુધી સર્વના સાક્ષી પરમેશ્વરને શોધીએ છીએ, તોપણ તેમને કદી પણ જોઈ શક્યા નથી. ૪૪ લોકો અર્થથી પણ પાર પહોંચાય નહિ એવા મહા વિસ્તારવાળા વેદનો અર્થ વિચારે છે તોપણ તેઓ મંત્રોએ પ્રતિપાદન કરેલા ઇન્દ્રાદિકનાં સ્વરૂપોવાળા સાકાર દેવતાઓનું ભજન કરે છે પરંતુ તેઓ પરમાત્માને ઓળખતા નથી. ૪૫ અંતઃકરણમાં સારી રીતે ધ્યાન કરેલા ભગવાન જેના ઉપર અનુગ્રહ કરે છે તે મનુષ્યની લોકલજ્જા તથા કર્મ માર્ગમાં થયેલો આગ્રહ દૂર થાય છે. ૪૬ માટે હે પ્રાચીનબર્હિષ રાજા ! અજ્ઞાનને લીધે પુરુષાર્થ રૂપે દેખાતા યજ્ઞનાં કર્મો માત્ર કાનને જ મીઠાશ આપનાર છે એટલુ જ પરંતુ નહિ પરમ વસ્તુને દેખાનાર છે માટે તે કર્મો ઉપર તમારે પુરુષાર્થ બુદ્ધિ કરવી નહિ. ૪૭ ધૂમાડાથી જેઓની મલિન બુદ્ધિ થયેલી હોય છે એવા જે લોકો કર્મ કરવાં એ જ વેદનું ખરેખરૂં તાત્પર્ય છે એવું કહે છે, તેઓ વેદના ખરા અર્થને જાણતા નથી કારણ કે જેમાં ભગવાન વાસુદેવ રહેલા છે એવા વેદમાં કહેલા સ્વસ્વરૂપ પરમાત્માને તેઓ જાણતા નથી. ૪૮ તું તો મહા મૂર્ખ છે કારણ કે આખી પૃથ્વી ઉપર પૂર્વ દિશા તરફ અણીવાળા દર્ભોને પાથરીને ઘણા પશુઓનો સંહાર કરી હું મોટો યજ્ઞ કરનારો છું એવા અભિમાનમાં તું આવી ગયો છે અને તે અવિવેકતાને લીધે ખરા કર્મને જાણતો નથી પણ ભૂલી ગયો છે. ભગવાન જેથી સંતુષ્ટ થાય તે જ કર્મ અને જેથી ભગવાન ઉપર મન સ્થિર થાય તે જ વિદ્યા જાણવી. ૪૯ ભગવાન શ્રીહરિ પોતે જ સર્વ દેહધારીઓના આત્મા છે, સ્વતંત્ર કારણ છે તથા જગતના ઈશ્વર છે. લોકોને શ્રીહરિના ચરણ પરમ શરણરૂપ છે અને તેથી મનુષ્યોનું આ લોકમાં તથા પરલોકમાં કલ્યાણ થાય છે. ૫૦ જે પરમાત્મા છે તે જ આપણો અત્યંત પ્રિય આત્મા છે અને તેનું ભજન કરવાથી લેશ પણ ભય રહેતો નથી. જે મનુષ્ય આ પ્રમાણે જાણે છે તેને વિદ્વાન જાણવો અને જે વિદ્વાન હોય તે ગુરુ તથા પરમાત્મા ગણાય છે. ૫૧

નારદ કહે છે કે—હે પુરુષશ્રેષ્ઠ રાજા ! તમે જે પ્રશ્ન પૂછ્યો હતો તેનો આ રીતે મેં તમારી આગળ યથાર્થ નિર્ણય બતાવ્યો. હવે હું તમને સારી રીતે નિર્ણય કરેલી ગૂઢ વાત

કહું છું, તે તમે †સાંભળો. ૫૨ ક્ષુદ્ર પદાર્થોનું ભક્ષણ કરનારો ને વનમાં ચરનારો એક મૃગ પુષ્પોની વાડીમાં મૃગલીની સાથે સાથે ફરે છે અને તેની ઉપર આસક્ત થઇ રહ્યો છે. તેના કાન ભમરાઓના ગુંજારવથી લોભાઇ રહેલા છે, તેની આગળ પ્રાણનો નાશ કરનાર વાઘ ઉભા છે તેને ગણુગાર્યા વિના ચાલ્યો ચાલ્યો આગળ જાય છે, પાછળથી પારધીએ મારેલા બાણથી તેની પીઠ ભેદાઇ ગઈ છે એવા મૃગને તું શોધી કાઢ. ૫૩ પરંતુ રાજાના તરફથી નારદના પ્રશ્નનો કંઇ પણ ઉત્તર મળ્યો નહિ ત્યારે નારદ પોતે તેનો ઉત્તર આપવાને બોલ્યા કે તું પોતે જ મૃગરૂપ છે, પુષ્પની પેઠે પરિણામે નીરસ થઇ જનારી સ્ત્રીઓવાળા ઘરમાં સ્ત્રીઓની સાથે તું રહેછે, ફૂલની મધુર સુગંધની પેઠે અત્યંત હલકા કામ્ય કર્મના ફળથી મળતા જિહ્વાના તથા ઉપસ્થ આદિકના અલ્પ સુખને શોધ્યા કરે છે. સ્ત્રીઓની સાથે રહેવાથી તેઓપર તારૂં મન આસક્ત થયેલું છે. ભમરાઓના મધુર ગુંજારવોની પેઠે સ્ત્રીઓનાં અત્યંત મધુર ગાયનોથી તારા કાન લોભાયેલા છે અને આગળ ઉપર રહેલા વાઘની પેઠે દિવસ રાત્રિ પખવાડિયાં વગેરે કાળના વિભાગો તારા આયુષ્યનો નાશ કરે છે, છતાં તેઓને ગણુગાર્યા વિના તું ઘરમાં અનેક ક્રીડાઓ કરે છે કાળરૂપી પારધી છાનોમાનો તારી પાછળ ફરીને ગુપ્ત બાણથી તને વિંધી નાંખે છે. હે રાજા! આ રીતે, તારૂં પોતાનું હૃદય ભેદાઇ ગયેલું છે, તારે વિચાર કરવો

† પુરજનની કથાના મિષથી આત્માને બંધ તથા મોક્ષ થવાની વાર્તા કહી, તો પણ રાજાના મનમા અત્યંત વૈરાગ્ય થયો નહિ, પરંતુ તે પુત્રોના આવવાની વાટ જોવા લાગ્યો, એટલે નારદ ફરીને તે રાજાને મહાભયથી સર્વ શરીરોના કંપ સાથે ઘરમાથી બહાર કાઢવા માટે એક હરિણનુ રૂપક કહેવા લાગ્યા જે સાંભળવાથી રાજાને તીવ્ર વૈરાગ્ય થાય અને તેથી તે સ્વસ્વરૂપને પામે

જોઇએ. હે રાજા! આ પ્રમાણે તારી દશા થએલી છે, તેનો તું પોતે વિચાર કરીને તારા જીવને હૃદયમાં સ્થિર કર અને બહિર્વૃત્તિઓને એક ઠેકાણે રોક, એટલે ઇંદ્રિયોને તેના વિષયોમાં જતી અટકાવ. જેમાં નીચ કામી પુરૂષોની કથાઓ હોય એવા ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર જીવોના આશ્રયરૂપ પરમાત્માને પ્રસન્ન કર અને ક્રમે ક્રમે સર્વ વિષયોમાંથી અળગો થઇ જા. ૫૫

પ્રાચીનબર્હિષ રાજા પૂછે છે કે–હે બ્રહ્મન! આપે જે કહ્યું તે મેં સાંભળ્યું તથા તેનો વિચાર પણ કર્યો. આ વાત ઉપાધ્યાયો જાણતા નથી જો તેઓ જાણતા હોય તો મને શા માટે કહે નહિ? ૫૬ હે મહારાજ નારદ! ઉપાધ્યાયોએ હું આત્મા છું કે નહિ આવો મોટો સંશય આ વિષયમાં નાંખ્યો હતો પરંતુ તે સંશય તમે કાપી નાંખ્યો. હે નારદ! હજી મને તે વિષે એક સંશય રહેલો છે જેમાં ઋષિઓ પણ ગોથાં ખાય છે અને જ્યાં ઇંદ્રિયોની વૃત્તિઓ પણ પહોંચી શકતી નથી. એ મારો સંશય આ પ્રમાણે છે–પુરૂષ આ જગતમા જે દેહવડે કર્મો કરે છે તે દેહને આ લોકમાં જ ત્યાગ કરીને પરલોકમા બીજા દેહથી ભોગવવા યોગ્ય કર્મનાં ફળોને ભોગવે છે. એક દેહે કરેલાં કર્મને બીજા દેહથી ભોગવે છે. આ પ્રમાણે વેદ જાણનારાઓ ઠેકઠેકાણે કહેતા સંભળાય છે તેમ આપે પણ કહ્યું હતું કે પુરંજને એક દેહથી કરેલાં પાપોવડે બીજા જન્મમાં અત્યંત પીડા ભોગવી હતી. આ વિષયમાં કર્તાનો તથા ભોકતાનો દેહ જુદો જુદો હોવાથી જેણે કર્મ કર્યાં હશે તેને ફળ મળશે નહિ અને જેણે કર્મ કર્યાં નહિ હોય તેવો દેહ તેનું ફળ ભોગવશે, આવો પ્રસંગ આવી પડવાથી તે વાત અઘટિત ગણાશે. વળી બીજો સંશય એવો છે કે વેદમાં કહ્યા પ્રમાણે કરેલું કર્મ થોડા કાળ પછી અદૃશ્ય થઇને

જોવામાં આવતું નથી. દૃષ્ટાંત તરીકે ધારો કે જાણે એક યજ્ઞ કરવા માંડયો. તે યજ્ઞ જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી તો તે કર્મ જોવામાં આવે છે પરંતુ યજ્ઞની સમાપ્તિ થયા પછી તેમાંનું કંઇ પણ જોવામા આવતું નથી, તે સર્વ અદૃશ્ય થઇ જાય છે. આમાં કર્મનો નાશ થયા પછી અદૃશ્ય કર્મનાં ફળની આશા રાખવી એ અસંભવિત કેમ નહિ ? ૫૯

નારદ બોલ્યા કે—કર્તા ભોકતાપણું આ સ્થૂલ દેહને નથી પરંતુ લિંગ શરીરને છે. લિંગ શરીરમા મનનું પ્રાધાન્ય મુખ્ય છે. સ્થૂલ શરીરનો નાશ થાય છે તોપણ જેમાં અંતઃકરણ પ્રધાન છે એવા લિંગ શરીરનો નાશ થતો નથી. પુરૂષ જેમાં મન મુખ્ય છે એવા લિંગ શરીરવડે કર્મો કરે છે તેજ લિંગ શરીરવડે પરલોકમાં અથવા તો બીજા જન્મમાં તે તે કર્મોના ફળને ભોગવે છે, અર્થાત કર્તા ભોક્તાપણું લિંગ શરીર (સૂક્ષ્મ શરીર) ને છે સ્થૂલ દેહને નથી અને તે લિંગશરીર સ્થૂલદેહ નાશ પામ્યા છતા પણ નાશ પામતો નથી. ૬૦ જયારે સ્વપ્ન આવે છે ત્યારે જાગ્રદવસ્થાના આ સ્થૂલ દેહનું અભિમાન છૂટી જાય છે અને તેવા જ બીજા કોઇ સ્વપ્નના દેહવડે આપણે સુખદુઃખ ભોગવીએ છીએ પરંતુ તેમાં ખરેખરૂં ભોકતાપણું અંતઃકરણનું છે અને તે અંતઃકરણ જે જાગ્રદવસ્થામા હતું તે જ સ્વપ્નાવસ્થામાં વિદ્યમાન હોય છે અને જાગ્રદવસ્થામા મનને જે કર્મના સંસ્કારો લાગ્યા હોય તેજ સંસ્કારો સ્વપ્નાવસ્થામાં બીજા દેહમાં પણ ભોગવાય છે તેમએક જન્મમાં જે કર્મના સંસ્કારો થયા હોય તેજ કર્મો બીજા જન્મમાં ભોગવાય છે. સ્થૂલ દેહ કર્તા નથી પણ તે એક દ્વારરૂપ છે. 'આ મારા પુત્રો છે,' હું બ્રાહ્મણ છું, હું ક્ષત્રિય છું, આ પ્રમાણે પુરૂષ જે કંઇ બોલે છે તે અંતઃકરણને લીધે બોલે છે અને તે અંતઃકરણવડે જેજે દેહને ધારણ કરે છે એટલે કે જે જે દેહ ઉપર અભિમાન ધરાવે છે તે તે સ્થૂલ દેહથી પુરૂષ કર્મના ફળને ભોગવે છે અને અહંકારથી ગ્રહણ કરેલા કર્મવડે જીવ ફરીને દેહ ધારણ કરે છે. આ રીતે જન્મ થવામા લિંગશરીર કારણ છે તે વિના જન્મ થતો નથી માટે અભિમાની અને મનોવિશિષ્ટ એવા લિંગદેહનું જ કર્તાપણું છે સ્થૂલદેહને તો માત્ર પુત્રાદિકના દેહની પઠે દ્વારપણુજ છે. ૬૨ હે રાજા! તમે કહો છો કે કર્મનો નાશ થવાથી પરલોકમાં તેનું ફળ કેવી રીતે મળે ? તેનો ઉત્તર એવો છે કે જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો પોતપોતાના વિષયોની સાથે સંબંધ ધરાવે છે તોપણ ઇંદ્રિયો એક વખતે જ સઘળી સાથે પોતપોતાના વિષયમા પ્રવૃતિ કરતી નથી. પરંતુ જુદે જુદે વખતે કોઇ વેળા તેઓની પ્રવૃત્તિ જોવામા આવે છે. આ ઉપરથી એવું અનુમાન થાય છે કે તે સર્વ ઇંદ્રિયોની ઉપર અંતઃકરણનો અધિકાર છે. ઇંદ્રિયોની વૃત્તિઓ અંતઃકરણને અનુસરીને પોતાના વિષયોમાં પ્રવૃત થાય છે. એવી રીતે જ અંતઃકરણની વૃત્તિઓ અનંત છે પરંતુ તે સર્વ એક વખતે જ પોતપોતાનાં કર્મ કરતી નથી, પણ તેના ઉપર પૂર્વ જન્મના દેહના કર્મની સત્તા હોય તે તે કર્મોને અનુસરીને ચિત્તવૃત્તિ પોતાના સમય પ્રમાણે કર્મ કરવા માટે પ્રવૃત્ત થાય છે. આ ઉપરથી પૂર્વ જન્મના દેહનું કર્મ દેહની સાથે નાશ પામતું નથી પણ લિંગ શરીરની સાથે રહે છે, એવા અનુમાનથી સિદ્ધ થાય છે કે આ વર્તમાન કાળના દેહે કોઇ દિવસ કોઇ પણ ઠેકાણે જેવી તથા જેવા આકારની વસ્તુ અનુભવેલી ન હોય તેમ સાંભળી પણ ન હોય તેવી વસ્તુ કોઇ વેળા સ્વપ્નાવસ્થામાં અથવા તો મનોરથની અવસ્થામા મનમાં સ્પુરી આવે છે. ૬૪ તે ઉપરથી હે રાજન! જીવ પૂર્વ જન્મનો દેહ

છે તથા વાસનામય લિંગશરીરનો તે બંને દેહની સાથે સંબંધ ધરાવે છે એવો નિશ્ચય કરો; કારણ કે જે વસ્તુ અનુભવમાં આવી ન હોય તે વસ્તુ મનમાં સ્ફુરતી નથી.

હે રાજન ! તારૂં કલ્યાણ થાઓ ! પ્રાણીનો પૂર્વ જન્મ ઉત્તમ જાતિમાં હતો કે નીચ જાતિમાં હતો, તેમ ભવિષ્યકાળમાં ઉત્તમ જાતિમાં જન્મ થશે કે નીચ જાતિમાં જન્મ થશે, એ વાત પ્રાણીનું મન જ ઔદાર્ય, કાર્પણ્ય આદિક પોતાની વૃત્તિઓ ઉપરથી કહી આપે છે કે પૂર્વ જન્મમાં પણ આવો દેહ હતો અને હવે પછી પણ આવો દેહ આવશે. અહીંઆ કેટલાક એવી શંકા કરે છે કે પૂર્વજન્મમાં અનુભવ કરેલી વસ્તુ જ જોવામાં આવતી હોય તો કોઇવાર દેખાવી નહિ જોઇએ તેવી નહિ દીઠેલી અને નહિ જોયેલી વસ્તુ પણ સ્વપ્નમાં દેખાય છે. જેમ કે પર્વત ઉપર સમુદ્ર, દિવસે નક્ષત્રો અને પોતાનો મસ્તકચ્છેદ જણાય છે, તેનું સમાધાન કેવી રીતે કરવું ? તેનો ઉત્તર એવો છે કે, સમુદ્રને પૃથ્વી ઉપર જોયો હતો, નક્ષત્રોને રાત્રે જોયા હતા અને સ્નાન કરતી વેળાએ તેલમાં અથવા તો પાણીમા પોતાનું કપાઇ ગયેલા માથાવાળા શરીરનું પ્રતિબિમ્બ પણ જોયું હતું. માત્ર નિદ્રાના દોષને લીધે ઠેકાણામાં, કાળમા તથા અભ્યંગ ક્રિયામા ફેર પડી ગયો, તેથી ઉલટું દેખાય છે એમ માનવું યોગ્ય છે. પરંતુ નહિ અનુભવેલું જોવામાં આવ્યું આમ તો કહી શકાય જ નહિ. ૬૭ જે મનુષ્ય અત્યંત દરિદ્ર હોય તે પણ સ્વપ્નમાં કોઇવાર પોતાને ચક્રવર્તી જુવે છે, તેમ રાજા પોતાને રંક જુવે છે; કારણ કે ઇંદ્રિયોના સર્વ વિષયો ક્રમ પ્રમાણે એક પછી એક એમ મનમાં આવે છે અને ક્રમવાર ભોગવાયા પછી પાછા જતા રહે છે, આમ થવામાં મન કારણ છે અને તે મન સર્વ મનુષ્યમાં રહેલું છે, કોઈ મન વિનાનો નથી. ૬૮ ઇંદ્રિયોના વિષયો કોઇવાર ક્રમે ક્રમે મનમાં આવે છે ત્યારે કોઇવાર સર્વ વિષયો એક સાથે પણ મનમાં ઉત્પન્ન થાય છે. જેમ કે સત્વગુણવાળું મન વિરાટ ભગવાનનું ધ્યાન કરવા માંડે છે ત્યારે આખું વિશ્વ પોતાના મનમાં સમાયેલું હોય એવું જણાય છે. રાહુ નામનો ગ્રહ જો કે દેખાતો નથી તોપણ તે ચંદ્રમાને જ્યારે ગળે છે ત્યારે જોવામાં આવે છે. આવી રીતે યોગીઓ પોતાના શુદ્ધ અંતઃકરણમાં આખા વિશ્વને એક સમયે જ પ્રત્યક્ષ જુવે છે. ૬૯ આ ઉપરથી સિદ્ધ થાય છે કે સ્થૂલ દેહનો નાશ થયા છતાં પણ લિંગ દેહનો નાશ થતો નથી માટે બીજો કર્તા કે ભોકતા હોય એવો દોષ અત્રે લાગુ પડતો નથી. અહીં કોઇ શંકા કરે કે સ્થૂલદેહ દ્વારા જ લિંગ દેહને કર્તા ભોકતાપણું છે. કેવળ લિંગ શરીરને કર્તા ભોકતાપણું નથી માટે કોઇ વખતે સ્થૂલ દેહ ન હોય ત્યારે જીવને કર્તૃત્વ ભોકતૃત્વ ન રહેવાથી મુકિત મળી જશે તેનું સમાધાન આમ થાય છે કે—બુદ્ધિ મન ઇંદ્રિયો તથા તેના વિષયોના સમૂહરૂપ અનાદિ લિંગશરીર જ્યાં સુધી હોય ત્યાં સુધી જીવને 'હું અને મારૂં' એવી રીતનો સ્થૂલ દેહનો સંબંધ છૂટતો નથી. ૭૦ સુષુપ્તિમાં મૂર્છામાં પુત્રાદિકના વિયોગમાં મૃત્યુમાં તથા તાવમાં ઇંદ્રિયોનો નાશ થવાથી 'હું સ્થૂલદેહ છું' એવો અહંકાર પ્રકાશતો નથી તોપણ સૂક્ષ્મરૂપે રહે છે. ૭૧ તેમજ ગર્ભમાં તથા બાલ્યાવસ્થામા પણ ઇંદ્રિયો અપૂર્ણ હોવાથી તરૂણાવસ્થામાં જેવું અગિયાર ઇંદ્રિયોવડે સ્થૂલદેહનું અભિમાન હોય છે તેવું અભિમાન હોતું નથી. અમાવાસ્યાને દિવસે જેમ ચંદ્રમાનું બિંબ હોવા છતાં પણ તે સ્પષ્ટ દેખાતું નથી તેમ દેહાદિકમાં પણ સમજવું. સ્વપ્નમાં વિષયો હોતા નથી તોપણ તે વિષયોનું ધ્યાન કરનારા પુરૂષને તે જ સ્વપ્નમાં નાના પ્રકા-

રના અનર્થો પ્રાપ્ત થાય છે, તેમ જ વસ્તુતાએ આ સંસાર ખોટો છે તોપણ લિંગદેહ જ્યાં સુધી છે ત્યાં સુધી જીવને સંસાર મટતો નથી. ૭૩ પાંચ તન્માત્રા શબ્દ સ્પર્શ રૂપ રસ ને ગંધ ત્રણ ગુણ સત્ત્વ રજ અને તમ તથા સોળ વિકાર અગિયાર ઇંદ્રિયો તથા પૃથ્વી પાણી વગેરે પાંચ ભૂતો એ સર્વના વિકારથી વિસ્તાર પામેલા આ લિંગશરીરમાં ચૈતન્ય પરમાત્માનો જે આભાસ પડે છે તે જીવના નામથી ઓળખાય છે. ૭૪ જીવ એ લિંગશરીરવડે નાના પ્રકારના દેહોને ધારણ કરે છે અને અનેક દેહોનો ત્યાગ કરે છે. વળી તે લિંગશરીરને લીધે જ જીવ હર્ષ શોક ભય તથા દુઃખને પામે છે. ૭૫ લિંગ શરીર એક દેહને છોડીને બીજા દેહમાં પેઠું ન હોય તેની પૂર્વેજ તેની મુક્તિ થઇ જશે એવી શંકા કરવી નહિ કારણ કે જળમાંકડી જેમ બીજા તૃણને વળગ્યા વગર પ્રથમના તૃણને છોડતી નથી તેમ જ જીવ પણ મરતી વેળા પૂર્વ દેહને ઉત્પન્ન કરનાર કર્મો પૂર્ણ ન થવાથી બીજો દેહ મળ્યો ન હોય ત્યાં સુધી પ્રથમના દેહનું અભિમાન છોડતો નથી. હે મહારાજ ! આ સર્વ પ્રકારનું તાત્પર્ય એ છે કે પ્રાણીઓને સંસારમાં જન્મ મરણનું કારણ મન રહે છે. ૭૭ જીવ ઇંદ્રિયોથી ભોગવેલા વિષયોનું ધ્યાન કરતો કરતો જ્યારે કર્મ કરે છે ત્યારે કર્મ અને અવિદ્યા હોવાથી દેહાદિક જડ પદાર્થ ઉપર અને કર્મમાં તે આસક્તિવાળો થાય છે. ૭૮ એટલા માટે તમે સર્વ બંધનમાંથી મુકત થવા માટે આખા વિશ્વને શ્રીહરિરૂપ જાણીને જે ભગવાનથી આ જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા લય થાય છે તે શ્રીહરિની સર્વ પ્રકારે સેવા કરો. ૭૯

મૈત્રેય કહે છે કે–હે વિદુર ! હરિજનમાં મુખ્ય એવા ભગવાન નારદ ઋષિ ઉપર પ્રમાણે પ્રાચીનબર્હિષ રાજાને જીવનું તથા પરમાત્માનું સ્વરૂપ દર્શાવી તેમની આજ્ઞા લઈને પછી સિદ્ધલોકમાં ગયા. ૮૦ તે પછી પ્રાચીનબર્હિષ નામનો રાજર્ષિ " મારા પુત્રો આવે ત્યારે તેઓને રાજ્યાસન ઉપર બેસારીને પ્રજાની રક્ષા કરવા માટે ઉપદેશ આપજો, " આ પ્રમાણે મંત્રીઓને ભલામણ કરી તપશ્ચર્યા કરવા માટે કપિલના આશ્રમમાં ગયો. ૮૧ ત્યાં આગળ શૂરવીર પ્રાચીનબર્હિષ રાજા સર્વ સંગનો ત્યાગ કરીને મનને એકાગ્ર કરીને ભક્તિથી ગોવિંદ ભગવાનનાં ચરણારવિંદનું ભજન કરવા લાગ્યો અને ભક્તિથી છેવટે ભગવાનના સમાનપણાને પામ્યો, અર્થાત્ મોક્ષ પામ્યો. ૮૨ હે પાપરહિત વિદુર ! દેવર્ષિ એવા નારદે આ અધ્યાત્મ સંબંધી ગૂઢ કથા કહેલી છે. જે મનુષ્ય આ કથાને સંભળાવે છે તથા સાંભળે છે તે બન્ને લિંગશરીરમાંથી મુક્ત થાય છે. ૮૩ આ ભગવાનની કીર્તિથી જગતને પવિત્ર કરનાર અને આત્માને શુદ્ધ કરનાર દેવર્ષિવર્ય નારદના મુખમાંથી નીકળેલાં અને ગાવાથી ઉત્તમ પદ આપનારા આખ્યાનને જે પુરુષ ગાય છે તે પુરુષ સર્વ બંધનમાંથી મુક્ત થઈને આ સંસારમાં આનંદથી વિહાર કરે છે. ૮૪ આ અદ્ભુત તથા ગુપ્ત એવો અધ્યાત્મનો વિષય મેં તમને કહ્યો તે તમે સાંભળ્યો. શ્રવણ કરવાથી પુરુષનું બુદ્ધિકૃત અભિમાન છૂટી જાય છે તથા પરલોકમાં કર્મનાં ફળો કેવી રીતે મળશે એવો સંશય રહેતો નથી. ૮૫

अध्यात्मपारोक्ष्यमिदं मयाधिगतमद्भुतम्
एवं स्त्रियाश्रम: पुंसश्छिन्नोऽमुत्र च संशय:

इतिश्रीम[illegible]ागवतेमहापुराणेचतुर्थस्कंधे
ऊनत्रिंशोऽध्याय:

———

અધ્યાય ૩૦ મો.[†]

પ્રચેતાનો વૃક્ષની કન્યાઓ સાથે વિવાહ

विदुर उवाच

ये त्वयाभिहिता ब्रह्मन् सुताः प्राचीनबर्हिषः।
ते रु[illegible]गीतेन हरिं सिद्धिमा[illegible]ः प्रतोष्य का[illegible] १

વિદુરે પૂછ્યું છે–હે મૈત્રેય ! તમે પ્રાચીનબર્હિષ રાજાના પુત્રો કહ્યા તેઓ રુદ્રના ગીતથી શ્રીહરિને પ્રસન્ન કરીને કયી સિદ્ધિને પામ્યા હતા ? ૧ હે બૃહસ્પતિના શિષ્ય મૈત્રેય ! પ્રચેતાઓ ભગવાન ઉપર પ્રીતિ રાખનાર શંકરની પાસે દૈવેચ્છાથી જઇને તેના અનુગ્રહ પાત્ર થઇ અવશ્ય મોક્ષ પામ્યા હશે પરંતુ મુક્તિ થયા પહેલાં તેમને આ લોકમાં તથા પરલોકમાં કયા પદાર્થો મળ્યા હતા તે કહો. ૨

મૈત્રેય કહે છે કે–પ્રચેતાઓ પિતાની આજ્ઞાને માથે ચઢાવી સમુદ્રમાં પેસીને જપયજ્ઞથી તથા તપશ્ચર્યાથી પરમાત્માને સંતુષ્ટ કરવા લાગ્યા. ૩ તપશ્ચર્યા કરતાં કરતાં તેમને દશ હજાર વર્ષ વીતી ગયાં, એટલે મેઘ જેમ મેરુના શિખર ઉપર બેસે તેમ ગરુડની ઉપર બિરાજેલા પીળુ પીતાંબર ધારણ કરનાર કંઠમાં મણિને ધારણ કરનાર સનાતન ભગવાન શાંત સુંદર કાન્તિવડે તેમના તપના ક્લેશને શાંત કરતા ત્યાં પ્રગટ થયા. ૫ ઝળઝળાટ પ્રકાશતાં સુવર્ણનાં આભૂષણોથી ભગવાનનું મુખ તથા કપોલ શોભતાં હતાં. માથા ઉપર પહેરેલો મુગટ ઝળઝળાટ દીપી રહ્યો હતો, આઠ ભુજાઓમાં તેમણે આઠ આયુધો ધારણ કર્યાં હતાં સેવકો મુનિઓ તથા સુરેન્દ્રો તેમની સેવા કરતા હતા અને ગરુડ તથા કિન્નરો તેમની કીર્તિને ગાતા હતા. ૬ સ્થૂલ તથા વિશાળ આઠ ભુજાઓની વચ્ચે રહેલાં એવાં લક્ષ્મીજીની સ્પર્દ્ધા કરતી શોભાયમાન વનમાળાવડે તે અલંકૃત થયેલા હતા. તે આદિપુરુષ પ્રાચીનબર્હિષના પુત્રો ઉપર દયાદૃષ્ટિ કરીને શરણે આવેલા તે પ્રચેતાઓને મેઘના જેવી ગંભીર વાણીથી નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૭

શ્રીભગવાન બોલ્યા કે–હે રાજપુત્રો ! તમારૂં કલ્યાણ થાઓ. તમે મારી પાસે ઇચ્છા હોય તે વર માંગો. તમે સ્નેહને લીધે કેવળ મારીજ ભક્તિ કરો છો, માટે હું તમારા સ્નેહથી પ્રસન્ન થયો છું. જે મનુષ્ય નિત્ય સંધ્યાકાળે તમને સંભારશે તેને ભાઇઓ ઉપર સારી બુદ્ધિ તથા પ્રાણીઓની ઉપર દયા થશે. ૯ વળી જે લોકો સાવધાન થઇને સાંજ સવાર રુદ્રના ગીતથી મારી સ્તુતિ કરશે તેઓને હું નાના પ્રકારના ઇષ્ટ વરો તથા ઉત્તમ બુદ્ધિ આપીશ. ૧૦ વળી તમે હર્ષમાં આવી જઇને પિતાની આજ્ઞાને ગ્રહણ કરી હતી એટલા માટે તમારી પ્રખ્યાત કીર્તિ આખા જગતમાં ફેલાશે. ૧૧ અને તમારે એક પ્રખ્યાત પુત્ર થશે. જે ગુણોમાં બ્રહ્માથી ઉતરતો નહિ પણ તેના જેવો જ થશે અને જે પુત્ર પોતાનાં પરાક્રમવડે આ ત્રણ લોકને ભરી દેશે. ૧૨ હે રાજકુમારો ! *કંડુને પ્રમ્લોચા નામની સ્રીથી કમળ જેવાં નેત્રવાળી એક કન્યા ઉત્પન્ન થઇ હતી. પ્રમ્લોચાએ તેનો ત્યાગ કરી દીધો હતો તેથી વૃક્ષોએ તે કન્યાને ગ્રહણ કરી લીધી હતી. ૧૩ એ કન્યા ભૂખથી દુર્બળ થઇ ગઇ અને દુઃખથી રડવા લાગી એટલે વૃક્ષોના અધિપતિ ચંદ્રમાએ દયા આવવાથી તેના મુખમાં અમૃતને વર્ષનારી આંગળી ઘાલી. મને અનુકૂળ રહેલા તમારા પિતાએ તમને પ્રજા ઉત્પન્ન કરવા

[†] આ ત્રીસમા અધ્યાયમાં પ્રચેતાએ તપથી ભગવાનને પ્રસન્ન કરી, તેની પાસેથી વર મેળવ્યો અને વૃક્ષની કન્યાને પરણીને સન્તત કરવા લાગ્યા એ કથા કહેવાશે.

* કંડુ ઋષિ તપશ્ચર્યા કરતા હતા, તેના તપમા ભંગ પાડવા માટે ઇંદ્રે પ્રમ્લોચા નામની અપ્સરાને મોકલી હતી, તેની સાથે ક્રીડા કરતાં એક કન્યાનો જન્મ થયો, તેને પ્રમ્લોચા એક વૃક્ષ નીચે મૂકીને નાશી ગઈ હતી.

માટે આજ્ઞા કરી માટે તમે તે સર્વાંગસુંદરી દિવ્ય કન્યાને ઝટ પરણો, વિલંબ ના કરો. ૧૫ તમે સઘળા જેમ એક ધર્મના તથા એક સ્વભાવના છો તેમ જ આ સુંદર કટિવાળી સ્ત્રી પણ તમારા પ્રમાણે સર્વ ધર્મવાળી થઈ તમારા ઉપર મનને અર્પણ કરીને તમારી સર્વની સ્ત્રી થશે. ૧૬ તમે મારા અનુગ્રહથી દેવતાઓનાં હજાર વર્ષ સુધી મહા બળવાન થઈ ને પૃથ્વીના ભોગો ભોગવશો તથા સ્વર્ગના વૈભવો પણ ભોગવશો અને છેવટે તમો આ નરકરૂપી સંસારનાં સુખોથી વૈરાગ્ય લઇ મારી અખંડ ભક્તિ કરવાથી મનની કામ ક્રોધ આદિક વાસનાઓને બાળી નાંખી મારા ધામમાં આવશો. ૧૮ જે પુરૂષો ઘરમાં રહીને પણ કર્મો ઇશ્વરાર્પણ કરે છે અને આઠ પ્રહર મારી કથા વાર્તામાંજ ગાળે છે તેમને ઘરો પણ બંધનકારક થતાં નથી ૧૯ જ્યાં બ્રહ્મવાદીઓ કથા કરે છે ત્યાં આગળ સર્વજ્ઞ તથા પરબ્રહ્મરૂપ શ્રોતાઓના હૃદયમાં હું રોજ નવો નવો પ્રગટ થાઉં છું અને મને પ્રાપ્ત થયેલા લોકો કોઇ દિવસ મોહ શોક તથા હર્ષને પામતા નથી.૨૦

મૈત્રેય કહે છે—આ પ્રમાણે પુરૂષાર્થને આપનાર ભગવાન જનાર્દન કહેતા હતા તેનાં દર્શન કરીને રજોગુણ તથા તમોગુણ રૂપી પાપમાંથી મુક્ત થએલા પ્રચેતાઓ બે હાથ જોડીને પોતાના આત્મરૂપ હોવાથી અત્યંત પ્રિય એવા જનાર્દન ભગવાનની ગદગદિત વાણીવડે સ્તુતિ કરતા આ પ્રમાણે કહેવા લાગ્યા. પ્રચેતાઓ સ્તુતિ કરવા લાગ્યા. કલેશનો નાશ કરનાર મન તથા વચનના વેગ કરતાં પણ અધિક વેગવાળા સર્વ ઇંદ્રિયોથી જાણવામાં ન આવે એવા અને વેદે જેમના ઉદાર ગુણો તથા નામો નિરૂપણ કર્યાં છે એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ. તમે સ્વસ્વરૂપમાં રહેવાથી શુદ્ધ અને શાંત છો તથા મનને લીધે જેમને વિષે મિથ્યા જગતની સ્ફુરણા થાય છે એવા આપને નમસ્કાર કરીએ છીએ. તમે જગતની ઉત્પતિ સ્થિતિ તથા પ્રલય કરવા માટે માયાના ગુણોવડે બ્રહ્માદિક અવતારોને ધારણ કરોછો તે તમને નમસ્કાર કરીએ છીએ. ૨૩ તમે શુદ્ધ સત્ત્વગુણી છો સ્વસ્વરૂપના જ્ઞાનથી અજ્ઞાનનો નાશ કરનાર છો, વાસુદેવ એવા શ્રીકૃષ્ણરૂપ છો તથા સર્વ સાત્વત કુળના અથવા તો ભક્તજનના પ્રભુ છો, તે તમને નમસ્કાર કરીએ છીએ. ૨૪ નાભિને વિષે બ્રહ્માંડરૂપી કમળને ધારણ કરનાર કંઠમાં કમળની માળાને ધારણ કરનાર કમળના જેવા ચરણવાળા આપને નમસ્કાર કરીએ છીએ. હે કમળ જેવાં નેત્રવાળા ભગવાન! તમને પ્રણામ હો. ૨૫ કમળના તંતુ જેવાં પીળાં વસ્ત્રો અને નિર્મળ વસ્ત્રો ધારણ કરનાર આપને નમસ્કાર કરીએ છીએ તથા સર્વ પ્રાણીઓના નિવાસરૂપ અને સર્વના સાક્ષીરૂપ આપને નમસ્કાર કરીએ છીએ. ૨૬ આપ ભગવાને તપશ્ચર્યાથી કલેશ પામેલા જે અમે તેમના સર્વ કલેશનો નાશ કરનારૂં આ રૂપ પ્રગટ કર્યું છે, તેનાથી વિશેષ તે કયી દયા હોય? અર્થાત આપે અમારા ઉપર ઘણી કૃપા કરી એવું અમે માનીએ છીએ. ૨૭ હે અમંગળનો નાશ કરનાર ભગવાન! દીન ઉપર પ્રેમ રાખનાર મહા પુરૂષોએ સમય ઉપર દીન જનોને પોતાના ગણીને તેઓને સંભારવા એટલું જ નહિ પણ મહાપુરૂષોનું કર્તવ્ય છે ૨૮ કારણ કે મહાપુરૂષો દીન જનોને સંભારે છે તેથીજ પ્રાણીઓને શાંતિ થાય છે. તમે તો હલકામાં હલકા પ્રાણીના હૃદયમાં પણ અંતર્યામી રૂપે રહેલા છો માટે તમારા ઉપાસક એવા જે અમે તેમના મનના મનોરથોને તમે કેમ ન જાણો? ૨૯ હે જગત્પતિ! અમને તો જે વરની ઇચ્છા છે તે એ કે મોક્ષનો માર્ગ દેખાડનારા આપ ભગવાન અમારા ઉપર પ્રસન્ન થયા. તેમ જ

સદા સર્વદા પ્રસન્ન રહો. ૩૦ તોપણ હે નાથ! કારણના પણ કારણરૂપ આપની પાસેથી એક વર અમે માગીએ છીએ. આપની વિભૂતિઓનો અંત નથી અને એટલા માટે જ આપ અનંતના નામથી જગતમાં વર્ણવાવ છો ૩૧ પુરૂષ પારિજાતકનું વૃક્ષ મળ્યા પછી જેમ બીજા વૃક્ષનું સેવન કરતો નથી તેમ અમે પણ આપનાં સાક્ષાત ચરણારવિંદને પ્રાપ્ત કરીને હવે કયી વસ્તુ માગીએ? અર્થાત માગવા બેસીએ તો મનોરથોનો પાર આવતો નથી. ૩૨ અમે તમારી પાસેથી માગી લઇએ છીએ કે અમે આ સંસારમાં તમારી માયાથી ઘેરાઇને જ્યાં સુધી અમારાં કર્મોથી ભટકીએ ત્યાં સુધી જન્મે જન્મે અમને તમારા ભકતજનોનો પ્રસંગ પડજો ૩૩ અમે આપના ભકતજનના એક ક્ષણભર થયેલા સંગને પણ સ્વર્ગથી કે મોક્ષથી અધિક ગણીએ છીએ. ત્યારે મનુષ્યોનાં રાજ્યાદિક સુખોની તો વાત જ શી કરવી? ૩૪ જે સત્સંગના પ્રસંગમા તૃષ્ણાને ટાળનારી પવિત્ર હરિકથાઓ થાય પ્રાણીઓની ઉપર પ્રીતિ બંધાય તેમજ જ્યાં આગળ જરા પણ ખેદ થાય નહિ. ૩૫ વળી જ્યાં સંસારસંગનો ત્યાગ કરનાર જે ભકતજનો વારંવાર ઉત્તમ કથાઓમાં સંન્યાસીની ગતિરૂપ સાક્ષાત ભગવાન નારાયણની સ્તુતિ કરે છે, આવા તમારા ભકતો તીર્થોને પણ પવિત્ર કરવાની ઇચ્છાથી પૃથ્વી ઉપર ફર્યા કરે છે તેમનો સત્સંગ સંસારથી ડરેલા પુરૂષને કેમ ન ગમે? ૩૭ હે ભગવન! અમને પણ સત્સંગનો લાભ મળ્યો છે તે એ કે આપના પ્રિયમિત્ર ભગવાન શંકરનો ક્ષણ એક સાક્ષાત સમાગમ થવાથી જન્મ તથા મરણરૂપી અસાધ્ય રોગના ઉત્તમ વૈદ્યરૂપ આપને શરણે આવ્યા છીએ. તમારાં દર્શનમાં શંકરનો સત્સંગ કારણ રૂપ થયો છે. ૩૮ હે પ્રભો! વળી અમે બીજો વર એ માંગીએ છીએ કે અમે જે સ્વાધ્યાય ભણ્યા છીએ ગુરૂ બ્રાહ્મણો તથા વૃદ્ધજનોને નિરંતર સેવીને પ્રસન્ન કર્યા છે મહાત્મા પુરૂષોને મિત્રોને અને ભાઇઓને પ્રણામ કર્યા છે સર્વ પ્રાણીઓની ઇર્ષા કરી નથી પણ તેઓના ઉપર દયા રાખી છે. ૩૯ વળી હે ઇશ! અમે ઘણા કાળ સુધી આહાર કર્યા વિના પાણીની અંદર રહીને જે ઉત્તમ તપશ્ચર્યા કરી છે એ સર્વ કર્મોથી સર્વત્ર વ્યાપક એવા આપ પરમાત્મા સંતોષ પામો એવો વર અમે માગીએ છીએ. ૪૦ મનુ બ્રહ્મા ભગવાન શંકર તથા તપ અને જ્ઞાનથી શુદ્ધ અંતઃકરણવાળા બીજા મહાત્માઓ જેઓ તમારા મહિમાના પારને જાણતા નથી તેઓ પોતાની બુદ્ધિ પ્રમાણે તમારી સ્તુતિ કરે છે. એટલા માટે અમે અજ્ઞાનીઓ પણ તમારી સ્તુતિ કરીએ છીએ. ૪૧ સર્વમાં અંતર્યામીરૂપે સમાન રહેનારા શુદ્ધ સ્વરૂપવાળા પરમ પુરૂષ વાસુદેવ તથા સત્ત્વગુણમય એવા આપ ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ. ૪૨

મૈત્રેય કહે છે કે—આ પ્રમાણે પ્રચેતાઓએ સ્તુતિ કર્યા પછી શરણાગત ઉપર પ્રીતિ રાખનારા ભગવાન શ્રીહરિ પ્રસન્ન થયા અને ' તથાસ્તુ ' એમ કહ્યું. પછી ભગવાનનાં દર્શન કરતાં જેઓનાં નેત્રો તૃપ્ત જ થતાં ન હતાં એવા પ્રચેતાઓ ભગવાન અહીંથી પધારે એમ ઇચ્છતા ન હતા તો પણ મહા પરાક્રમી ભગવાન ત્યાંથી પોતાના ધામમાં પધાર્યા. ૪૩ પછી પ્રચેતાઓ સમુદ્રના પાણીમાંથી બહાર નીકળીને જુવે છે તો જાણે સ્વર્ગને રૂંધી દેવા માટે ઉંચાં વધેલાં હોય તેવાં ઘણાં જ ઉંચાં વધેલાં વૃક્ષોથી આખી પૃથ્વીને †ઢંકાઇ ગયેલી જોઇ તેથી કોપી ઉઠયા.૪૪ હે રાજા! પ્રલય

† પ્રાચીનબર્હિષ વનમા ગયા પછી પાછળ પૃથ્વી ઉપર કોઇ રાજા ન હતો; તેથી ખેતીવાડી બંધ પડી ગયા હતા અને પૃથ્વી વૃક્ષોથી ઢંકાઇ ગઇ હતી.

સમયે જેમ રૂદ્ર કાળાગ્નિથી સર્વને બાળીને ભસ્મ કરે તેમ તે પ્રચેતાઓએ ક્રોધ કરીને પૃથ્વીને વૃક્ષવિનાની કરવા માટે મુખમાંથી પવનની સાથે અગ્નિને પ્રગટ કરીને છૂટો મૂકયો. ૪૫ તે અગ્નિ પવનની સાથે રહીને વૃક્ષોને બાળીને ભસ્મ કરવા લાગ્યો. તે જોઇ પિતામહ (બ્રહ્મા) આવ્યા અને નીતિનાં વચને પ્રાચીનબર્હિષના પુત્રોને સમજાવવા લાગ્યા. ૪૬ અગ્નિમાથી બળતાં વૃક્ષો જે બચી ગયાં હતા તેમણે પ્રચેતાના ભયથી તથા બ્રહ્માના કહેવાથી પોતાની પુત્રી મારિષા આપી ૪૭ પ્રચેતાઓ બ્રહ્માની આજ્ઞાથી તે મારિષા નામની કન્યાને પરણ્યા અને તેમાથી દક્ષ નામનો એક પુત્ર ઉત્પન્ન કર્યો. એ પૂર્વ જન્મમા બ્રહ્માનો પુત્ર હતો તોપણ મહાદેવનુ અપમાન કરવાથી ક્ષત્રિય જાતિમાં ફરીને જનમ્યો હતો. ૪૮ બ્રહ્માથી ઉત્પન્ન થયેલો દેહ કાળે કરીને પડી ગયો અને શાપથી ફરીને પ્રચેતાને ત્યા અવતરેલા તે દક્ષે ચાક્ષુષ નામના મન્વતરમાં ઈશ્વરની પ્રેરણાથી ઈચ્છાનુસાર અનેક પ્રજા ઉત્પન્ન કરી. ૪૯ આ દક્ષ જયારે જનમ્યો ત્યારે તેણે પોતાની કાંતિથી સર્વ તેજસ્વીઓના તેજને ઝાંખાં પાડી નાખ્યા હતા અને તેની કાર્ય કરવામાં નિપુણતા જોઇને લોકો તેને 'દક્ષ' ને નામે બોલાવવા લાગ્યા હતા ૫૦ બ્રહ્માએ તે દક્ષની પ્રજા રૂપ સૃષ્ટિની રક્ષા કરવા ઉપર યોજના કરી. રાજ્યાસન ઉપર તેનો અભિષેક કર્યો અને બીજા સર્વ પ્રજાપતિઓને પણ તેઓના કામ ઉપર નીમી દીધા. ૫૧

तं प्रजासर्गरक्षायामनादिरभिषिच्य च ॥
युयोज युयुजेऽन्यांश्च स वै सर्वप्रजापतीन् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेचतुर्थस्कंधे त्रिंशोध्यायः

અધ્યાય ૩૧ મો.†

પ્રચેતાનો મોક્ષ ને દક્ષને રાજ્ય.

मैत्रेय उवाच

तत उत्पन्नविज्ञाना आश्वधोक्षजभाषितम् ।
स्मरन्त आत्मजे भार्यां विसृज्य प्राव्रजन्गृहात् ॥

મૈત્રેય કહે છે કે—હે નારદ! ત્યાર પછી કેટલોએક કાળ વીતી ગયા પછી પ્રચેતાઓને જ્ઞાન થયું અને ભગવાને કહેલું વચન સાંભરી આવ્યું, તેથી તેઓ પોતાની સ્ત્રીની પુત્રોને ભલામણ કરીને ઘરમાંથી ચાલી નીકળ્યા. ૧ પશ્ચિમ દિશાના સમુદ્રતટ ઉપર જયાં આગળ જાજલિ નામના સિદ્ધ થયા હતા ત્યા આગળ જઈને તેમણે સર્વ પ્રાણીઓમા સમાન આત્મા રહેલો છે એવી બુદ્ધિથી બ્રહ્મજ્ઞાનનો વિચાર કરવાની દીક્ષા લીધી. ૨ પ્રાણને, મનને વચનને તથા દૃષ્ટિને સ્વાધીન કરી દૃઢ આસનવાળી શરીરને શાંત અને સરળ કરીને નિર્મળ એવા પરબ્રહ્મ વિષે મનને જોડીને તેઓ બેઠા. તેઓને દેવ તથા દૈત્યો જેમની સ્તુતિ કરે છે એવા નારદે દીઠા ૩ નારદને આવ્યા જોઇને પ્રચેતાઓ ઉભા થઇ તેમને પ્રણામ કરી તેમનો સત્કાર કરી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પૂજા કરી અને પછી સુખથી આસન ઉપર બેઠેલા તેમને કહેવા લાગ્યા. ૪

પ્રચેતાઓ બોલ્યા કે—હે નારદ મુનિ! તમે ભલે પધાર્યા તમારાં આજે અમને દર્શન થયાં તે સારૂં થયું. હે મહારાજ! સૂર્યની પેઠે આપનું ફરવું જગતનો ભય દૂર કરનારૂં છે ૫ ભગવાન શંકરે તથા વિષ્ણુએ જે તત્ત્વજ્ઞાન કહ્યું છે તે તત્ત્વજ્ઞાન, હે પ્રભો! ઘરમા આસક્ત થવાથી અમે ઘણું કરીને વિસરી ગયા છીએ ૬ તે તત્ત્વાર્થને દેખાડનારૂં આત્મજ્ઞાન અમને દેખાડો. જે આત્મજ્ઞાનથી

† આ અધ્યાયમા પુત્ર દક્ષને રાજ કાજ સોપીને વનમા ગયેલા પ્રચેતાઓ નારદે કહેલા માર્ગથી મુક્તિને પામ્યા એ કથા કહેવાશે

અમે શ્રમ વિના દુસ્તર એવા ભવસાગરને તરી જઇશું. ૭

મૈત્રેય કહે છે કે–આ પ્રમાણે પ્રચેતાઓએ નારદમુનિને પૂછયું એટલે મહા કીર્તિવાળા ભગવાનમાં જેમનું ચિત્ત લાગી રહેલું હતું એવા નારદમુનિ તેમને નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૮

નારદ કહે છે કે–આ જગતમા જે વિશ્વના આત્મારૂપ શ્રીહરિની સેવા કરે છે તે જ મનુષ્યનો જન્મ તેજ કર્મો તેજ આયુષ્ય તેજ મન અને તેજ વચન સફળ જાણવા. ૯ વળી આત્મસ્વરૂપનું યથાર્થ દર્શન કરાવનાર શ્રીહરિની જેમાં સેવા થઈ શકે નહિ તેમજ તેનું જ્ઞાન પણ થાય નહિ તેવા શૌકલ સાવિત્ર તથા યાજ્ઞિક એવા ત્રણ પ્રકારના જન્મનું શું ફળ? વેદોકત કર્મો કરવાથી શું ફળ? તથા દેવોના જેવાં લાંબા આયુષ્યનું શું ફળ? ૧૦ શાસ્ત્રશ્રવણ તપશ્ચર્યા વાણીના વિલાસો તથા ઘણી વાતોનું સ્મરણ રાખવાની શક્તિનું શું પ્રયોજન? નિપુણ બુદ્ધિનું શું પ્રયોજન? બળનું પણ શું પ્રયોજન? તેમ જ ઇન્દ્રિયોના બળનું પણ શું પ્રયોજન? ૧૧ પ્રાણુમય વગેરે યોગોનું સાંખ્યનું સંન્યાસનું વેદાધ્યયનનું તથા બીજાં કલ્યાણુકારક વ્રતો કરવાનુ શું પ્રયોજન? તેનુ કંઇ પણ ફળ નથી. ૧૨ સર્વ ફળોમાં છેલ્લું તથા ખરૂં ફળ આત્મા છે કે જેને લીધે બીજા પદાર્થો ઉપર પ્રીતિ થાય છે અને સર્વ પ્રાણીઓમા જે આત્મા છે તે શ્રીહરિનું રૂપ છે. જે અવિદ્યાનો નાશ કરીને તત્ત્વસ્વરૂપને પ્રકાશ કરે છે અને પરમાનંદરૂપ હોવાથી પ્રિય લાગે છે. ૧૩ ઝાડનાં મૂળને પાણી પાવાથી ઝાડની શાખાઓ ડાળીઓ તથા નાની નાની ડાળીઓ તૃપ્ત થાય છે તથા પ્રાણુને ભોજન કરાવ્યાથી જેમ ઇન્દ્રિયો તૃપ્તિને પામે છે તેમ જ ભગવાનની સેવા કરવાથી આખા વિશ્વનું પૂજન થાય છે. ૧૪ વર્ષા ઋતુમાં વરાળમાંથી જેમ પાણી ઉત્પન્ન થાય છે અને ગ્રીષ્મ ઋતુમાં તે જેમ પાછું સૂર્યમાં પ્રવેશ કરે છે તથા સ્થાવર જંગમ પદાર્થો જેમ પૃથ્વીમાંથી ઉત્પન્ન થઇને પાછાં પૃથ્વીમા સમાઈ જાય છે તેમ જ આ સંસાર ભગવાનમાંથી ઉત્પન્ન થાય છે અને પાછો ભગવાનમાં જ લય પામે છે. ૧૫ તમે કહેશો કે વિશ્વની પરમાત્માથી ઉત્પત્તિ સ્થિતિ તથા લય થાય છે અને તે વિશ્વ પરમાત્મામાં રહેલું છે ત્યારે તો તે પણ ઉપાધિવાળું જ હોવું જોઇએ પરંતુ તેમ નથી. આ વિશ્વ છે તે વિષ્ણુનું ઉપાધિ રહિત સ્વરૂપ છે. સૂર્યની પ્રભા જેમ સૂર્યથી જુદી નથી તેમ જગત ઇશ્વરથી ઉત્પન્ન થયું છે માટે તેનાથી જુદું નથી. વળી એવી શંકા થાય કે આ જગત વિલક્ષણ રીતે કેમ ભાસે છે? તો તેના ઉત્તરમાં એજ કે, આકાશમાં જેમ કોઇ કોઇ વેળા ગંધર્વનગર ભાસે છે તેમ આ આખું વિશ્વ પરમાત્મામાં કોઇવાર જોવામાં આવે છે જાગ્રદવસ્થામાં જેમ સર્વ ઇન્દ્રિયો પ્રકાશ કરે છે અને સુષુપ્તિ અવસ્થામાં તે સર્વ જોવામાં આવતી નથી તેમ અજ્ઞાન દશામાં જગતની પ્રતીતિ થાય છે પરંતુ જ્ઞાન દશામાં જગત જરા પણ જોવામાં આવતું નથી. પાંચ મહાભૂતો ઇન્દ્રિયો તથા તેના દેવતાઓનો પરમાત્માના સ્વરૂપમાં જે ભેદ થયો છે તે પરમાત્માના સ્વરૂપને જાણવાથી દૂર થાય છે. ૧૬ હે રાજાઓ! આકાશમાં જેમ ક્રમવાર વાદળાં ચઢી આવતાં અંધારૂં થઈ જાય અને તે ઉતરતાં અજવાળું થાય તેમ જ પરબ્રહ્મ વિષે સત્વ રજ અને તમ જોવામાં આવે છે અને પાછા તેમાં લય પામે છે. તેમ આ જગતની ઉત્પત્તિ સ્થિતિ વગેરે થાય છે. ૧૭ પરમાત્મા સર્વ જીવોનું કારણ હોવાથી એક, સર્વ પ્રાણીઓના આત્મારૂપ નિમિત્ત કારણ ઉપાદાન કારણ પુરૂષરૂપ પરમેશ્વર તથા પોતાના

પ્રકાશથી સંસારના ભ્રમને દૂર કરનાર છે. તે ભગવાનને પોતાના આત્મારૂપ ગણીને તમે તેમનું શ્રદ્ધાથી ભજન કરો. ૧૮ સર્વ પ્રાણીઓ ઉપર દયા કરવાથી જે કંઇ વસ્તુ મળે તેટલા ઉપર સંતોષ રાખવાથી અને સર્વ ઈન્દ્રિયોને તેના વિષયોમાંથી પાછી ખેંચી લઇ શાંત કરવાથી ભગવાન તરત પ્રસન્ન થાય છે. ૧૯ સર્વ પ્રકારની ઇચ્છાથી રહિત હોવાને લીધે સત્પુરૂષોનાં નિર્મળ અંતઃકરણમાં હંમેશ વૃદ્ધિ પામેલી ભક્તિથી નિમંત્રણ કરાયેલા અવિનાશી ભગવાન પોતે ભક્ત જનને આધીન સમજે છે ને તે હૃદયાકાશની પેઠે ત્યાંથી નીકળી જતા નથી. ૨૦ તેમ જ નિર્ધન તથા ભગવાનને ધન માનનારા ભક્તજનો જેને પ્રિય છે એવા ભક્તિરસને જાણનારા શ્રીહરિ જેઓ શાસ્ત્રના મદથી ધનના મદથી કુળના મદથી તથા મોટામોટા કામના મદથી દીન એવા મહાત્મા પુરૂષોનો તિરસ્કાર કરે છે. તે દુષ્ટ બુદ્ધિવાળાઓની પૂજાને ગ્રહણ કરતા નથી. ૨૧ વળી જે ભગવાન પોતાની મેળે પૂર્ણ કામના વાળા છતાં પણ ભક્તાધીન રહેનારા શ્રીહરિ પોતાની સેવા કરતી લક્ષ્મીને અને લક્ષ્મીની ઇચ્છાવાળા રાજાઓને તથા દેવતાઓને અનુકૂળ રહેતા નથી આવા પરમાત્માનો કૃતજ્ઞ પુરૂષ કેવી રીતે ત્યાગ કરે ? ૨૨

મૈત્રેય કહે છે કે—હે વિદુર ! આ પ્રમાણે બ્રહ્માના પુત્ર નારદમુનિ પ્રચેતાઓને ઉપરની બીજી ભગવાનની કથાઓ સંભળાવીને બ્રહ્મ લોકમાં ગયા. ૨૩ પ્રચેતાઓ પણ નારદના મુખમાંથી નીકળેલો તથા લોકનાં પાપનો નાશ કરનારો શ્રીહરિનો યશ સાંભળી ભગવાનનાં ચરણનું ધ્યાન કરીને ભગવાનની ગતિને પામ્યા. ૨૪ હે વિદુરજી ! તમે મને હરિકીર્તનથી યુક્ત પ્રચેતાઓનો તથા નારદનો સંવાદ પૂછયો હતો તે મેં તમને કહ્યો.

શુકદેવજી કહે છે—હે રાજશ્રેષ્ઠ! પરીક્ષિત રાજા ! આ રીતે તમને સ્વાયંભુવ મનુના પુત્ર ઉત્તાનપાદ રાજાનો વંશ કહ્યો. હવે તમે પ્રિયવ્રત રાજા નારદ મુનિની પાસેથી આત્મ વિદ્યાને સંપાદન કર્યા પછી પૃથ્વીનું રાજ્ય કરીને પુત્રોને પૃથ્વીનું રાજ્ય વહેંચી આપીને ઇશ્વરના ધામમા ગયા. ૨૭ મૈત્રેયે વર્ણવેલી ભગવાનના ગુણાનુવાદને લીધે ઉત્તમ એવી ભગવાનની કથા સાંભળીને વિદુરને અધિક ભક્તિ થઇ તેથી તેની આખમાં અશ્રુઓ આવી ગયાં અને તેણે મુનિના ચરણને મસ્તક ઉપર ધારણ કર્યા અને હરિના ચરણને પોતાના હૃદયમા ધારણ કર્યા. ૨૮

વિદુર બોલ્યા કે—હે મહાયોગી મૈત્રેય ! આપે મનમાં દયા લાવીને જેમાં અકિંચન ગામી હરિ રહેલો છે એવો સંસારનો પાર આજે મને દર્શાવ્યો છે. ૨૯

શુકદેવજી કહે છે—હે પરીક્ષિત રાજા ! જેનું મન શાંત થયું છે એવા વિદુર ઉપર પ્રમાણે કહી મૈત્રેય મુનિને પ્રણામ કરી તેની આજ્ઞા લઇને પોતાનાં સગાં સંબંધીઓને મળવાની ઇચ્છાથી હસ્તિનાપુરમાં ગયા. ૩૦ હે રાજા ! શ્રીહરિને વિષે જેઓએ પોતાનું અંતઃકરણ અર્પણ કરેલુ છે એવા રાજાઓનું ચરિત્ર જે મનુષ્ય સાંભળે તે આયુષ્યને ધનને યશને કલ્યાણને ઉત્તમ ગતિને તથા ઇશ્વરના પદને પામે છે. ૩૧

एतद्यः शृणुयाद्राजन्
राज्ञां हर्यर्पितात्मनाम् ।
आयुर्धनं यशः स्वस्ति
गतिमैश्वर्यमाप्नुयात् ॥ ३१

इतिश्रीमद्भागवतेमहापुराणेचतुर्थस्कंधे
एकोनत्रींशोध्यायः

चतुर्थस्कंध सम्पूर्ण.

श्रीमद्वेदव्यासविरचित

श्रीमद्भागवत

पंचमस्कंध.

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર.



રહૂગણરાજા અને જડભરત.

The Lakshmi Art —Bombay

अथ

श्रीमद्भागवतभाषान्तर

पंचमस्कंध.

અધ્યાય ૧ લો.†

પ્રિયવ્રત રાજાનું રાજ્ય.

राजोवाच-प्रियव्रतो भागवत आत्मारामः कथं मुने।
गृहेऽरमत यन्मूलः कर्मबंधः पराभवः ॥ १॥

પરીક્ષિત રાજાએ પૂછયું કે–હે મુનિ ! ભગવાનના ભક્ત અને આત્મામાંજ આનંદ માનનાર પ્રિયવ્રત શા માટે ઘરમાં રહ્યા હતા કેમકે ઘરને લીધે કર્મનાં બંધનો બંધાઇ સ્વરૂપનો પરાભવ થાય છે. ૧ પ્રિયવ્રત જેવા સંસારનો ત્યાગ કરનાર પુરૂષોને ઘરમાં આસક્તિ થાય તે યોગ્ય નથી. ૨ હે વિપ્રર્ષિ ! પવિત્ર કીર્ત્તિવાળા શ્રીહરિના ચરણની કૃપાથી શાંતચિત્તવાળા પુરૂષોને મનમાં પણ સંસારની ઇચ્છા થતી નથી. ૩ આ ઘરને પુત્રાદિકોમા આસક્તિવાળા પ્રિયવ્રત રાજાને ભગવાન ઉપર ભક્તિ થઇ તેથી તેની મુક્તિ થઇ એમાં મને મોટો સંશય રહેલો છે. ૪

શુકદેવજી કહે છે–પ્રિયવ્રત રાજાને ઘરબાર વગેરેમાં આસક્તિ થઇ ન હતી. પવિત્ર કીર્ત્તિવાળા ભગવાનનાં ચરણારવિંદમાં મનને લગાડનાર મહાત્માઓ કોઇ વિઘ્ન નડ્યા છતાં પરમ હંસોને પ્રિય લાગે એવી પરમાત્માની કથા રૂપી અત્યંત કલ્યાણકારી માર્ગનો ત્યાગ કરતા નથી. ૫ હે રાજન ! પ્રિયવ્રત રાજાએ નારદના ચરણની સેવાથી પ્રયત્ન વિના અપરોક્ષ બ્રહ્મજ્ઞાન સંપાદન કર્યું હતું. એકાગ્ર ચિત્તથી સમાધિના યોગે ભગવાન વાસુદેવ વિના ઇંદ્રિયોની સર્વ ક્રિયાઓ તજી હતી અને સર્વ કર્મનો ત્યાગ કરી પરબ્રહ્મનું મનન કરવાને દીક્ષા લેવાનો વિચાર કર્યો હતો. વેદમાં કહેલા ઉત્તમોત્તમ રાજાને ઘટે એવા સર્વ ગુણો જેમનામાં જોઈએ એવા પિતા સ્વાયંભુવ મનુએ પૃથ્વીનું રાજય આપ્યું. પિતાની આજ્ઞાને માથે ચઢાવવી જોઇએ છતાં રાજ્યાધિકારમાં મિથ્યા પ્રપંચ હોવાથી સ્વસ્વરૂપ વિસરી જવાશે એમ વિચારી તેમણે રાજય લીધું નહિ. ૬ પછી આદિ દેવ બ્રહ્મા જે આ સૃષ્ટિની વૃદ્ધિ કરવાના વિચારથી જગતના અભિપ્રાયને જાણે છે તે સર્વ વેદો તથા મરીચિ વગેરે પોતાના ગુણો સાથે બ્રહ્મલોકથી પૃથ્વી ઉપર ઉતરી આવ્યા. ૭ ચંદ્રમાની પેઠે આકાશમાં પ્રકાશ કરતા તે આવતા હતા. વિમાનોમાં બેઠેલા ઇંદ્રાદિક દેવતાઓ માર્ગે તેમની પૂજા કરવા લાગ્યા. સિદ્ધ

† આ અધ્યાયમા પ્રિયવ્રત રાજાએ કેવી રીતે રાજ્ય કર્યું અને તે પછી તેને કેમ જ્ઞાનનિષ્ઠા થઈ તે કથા છે.

ગંધર્વ સિદ્ધ ચારણ અને મુનિગણો ટોળે મળીને તેમની સ્તુતિ કરવા લાગ્યા અને ગંધમાદન પર્વતની ગુફામાં પ્રકાશ કરતા ત્યાં ગયા. ૮ દેવર્ષિ નારદ સ્વાયંભુવ મનુ તથા પ્રિયવ્રત ત્યાં બેઠા હતા હંસના વાહન ઉપરથી ભગવાન હિરણ્યગર્ભબ્રહ્માને ઓળખી ઉભા થઇ પૂજા કરી અને બે હાથ જોડી સ્તુતિ કરવા માંડી. ૯ હે રાજન ! નારદે બ્રહ્માની પૂજા કરી અને મધુર વાણીથી તેમના ગુણ વર્ણવ્યા. અવતારો અને ઉત્કર્ષની સ્તુતિ કરી. પછી આદિપુરુષ ભગવાન બ્રહ્મા હસ્યા અને હાસ્યપૂર્વક પ્રિયવ્રતને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૧૦

બ્રહ્માએ કહ્યું કે–હે તાત ! હું તને જે વાત કહું તે સત્ય માનજે. પ્રમાણ આવે નહિ એવા દેવ ઉપર દોષબુદ્ધિ કરવી યોગ્ય નથી. અમે શંકર તારા પિતા અને દેવર્ષિ નારદ સઘળા પરાધીન છીએ ને પરમેશ્વરની આજ્ઞાને માથા ઉપર ચઢાવીએ છીએ. ૧૧ કોઇ પણ દેહધારી જીવ તપથી વિદ્યાથી યોગના બળથી ધનથી પોતાથી તથા બીજાના આશ્રયથી પરમેશ્વરની ધારણાને પહોચી વળવા સમર્થ નથી. ૧૨ હે પુત્ર ! બીજો જન્મ ધરવા માટે મરણ માટે કામકાજ કરવા માટે નિરંતર શોક મોહ ભય સુખ તથા દુઃખ ભોગવવા માટે ઇશ્વર જેવો દેહ આપે છે એવા દેહને પ્રાણી પ્રાપ્ત થાયછે. પ્રાણી ઇશ્વરની ધારણામાં ફેરફાર કરી શકતો નથી. ૧૩ હે ભગવાન ! રાજાની શ્રદ્ધા તથા શુદ્ધ ભાવવાળા આપણે જેમ દેહ ધારણ કરવા વગેરેમાં પરાધીન છીએ તેમ જ કર્મ કરવામા પણ પરાધીન છીએ. આપણે જે પરમેશ્વરની વેદવાણીથી અત્યંત દૃઢ એવા ગુણ કર્મથી બંધાયા છીએ અર્થાત બ્રાહ્મણાદિકની જાતિઓમાં દૃઢ અભિમાન કરીને બેઠા છીએ અને નાથેલો બળદ જેમ ખેડુતની મરજી પ્રમાણે કામ કરે છે તેમ આપણે પણ ઇશ્વરની ઇચ્છા પ્રમાણે વર્તીએ છીએ. ૧૪ હે વત્સ ! કામ કરવામાં જેમ પરતંત્ર છીએ તેમ ભોગ ભોગવવામાં પણ પરતંત્ર છીએ. ગુણ તથા કર્મ પ્રમાણે પશુ પક્ષી મનુષ્ય વગેરેને જે દેહ તે આપે છે તે ધારણ કરીને દેખતા મનુષ્યોથી દોરાતા આંધળા જેમ દોરનારની ઇચ્છા પ્રમાણે ટાઢ તડકામાં જઇને ઉભા રહે તેમ આપણે પણ ઇશ્વરે આપેલાં સુખ દુઃખ ભોગવીએ છીએ. ૧૫ આ સર્વ આત્મજ્ઞાનીને નહિ પણ અજ્ઞાનીને હશે એમ નથી, જ્યાં સુધી પ્રારબ્ધ કર્મ હોય ત્યા સુધી કર્મ ભોગવવા જીવન્મુક્ત પુરૂષને પણ દેહ ધારણ કરવો પડે છે. જાગ્રત થયેલા મનુષ્યને સ્વપ્નમાં અનુભવેલા દેહનું જેમ સ્મરણ થાય છે પરંતુ તેમા અભિમાન રહેતું નથી તેમ જીવન્મુક્ત પુરૂષને પણ દેહમાં અભિમાન રહેતું નથી, અને બીજા દેહોને ઉત્પન્ન કરનારા કર્મો પણ કરતો નથી, ને ભોગની વાસના રાખતો નથી.૧૬ સંસારમાં રહીને ભોગ ભોગવવાથી પુરૂષ કેવી રીતે અભિમાનથી છૂટે ? તેમ તેનો મોક્ષ પણ કેમ થાય ? ઘરનો ત્યાગ કરી વનમા રહેવુ યોગ્ય છે એમ તુ ધારતો હોય તો તે પણ યોગ્ય નથી. વિષયાધીન મદમત્ત મનુષ્યને વનમાં પણ સંસાર છોડતો નથી કારણ કે છ ઇંદ્રિયોરૂપી શત્રુઓ ત્યા પણ તેની સાથેજ હોય છે, વિદ્વાન મનુષ્ય જીતેન્દ્રિય તથા આત્માનંદમાં મગ્ન થઇ ઘરમા રહેતો હોય તોપણ ગૃહસ્થાશ્રમ તેને બાધ કરતો નથી. જેને ઇદ્રિયોરૂપી છ શત્રુઓને જીતવાની ઇચ્છા હોય તેણે પ્રથમ ઘરમાં રહેવું અને ઇન્દ્રિયોને આધીન ન થતાં, ધીરે ધીરે તેમને જીતવાનો પ્રયત્ન કરવો. કિલ્લામા રહેલો રાજા જેમ બળવાન શત્રુઓને હરાવે અને શત્રુઓનો નાશ થયા પછી બહાર નીકળી ઇચ્છા પ્રમાણે ફરે તેમ વિદ્વાન મનુષ્યે ધીરે ધીરે ઇન્દ્રિયોનો સંપૂર્ણ પરાજય કરી પછી લોકમાં અથવા

વનમાં ઇચ્છાનુસાર ફરવું. ૧૮ સંસાર રૂપી કિલ્લાનો આશ્રય પ્રાકૃત પુરુષો લે છે, તારા જેવાને માટે તે નથી કારણ કે તેં તો ભગવાનના ચરણકમળના કોશ રૂપી કિલ્લાનો આશ્રમ કર્યો છે અને છ શત્રુઓને જિતેલા છે, માટે તું આ લોકમા ઇશ્વરે આપેલા વૈભવો ભોગવ અને સર્વ સાંસારિક વિષયોનો સંગ છોડી સ્વસ્વરૂપમાં નિષ્ઠાવાળો થા. ૧૯

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે બ્રહ્માએ આજ્ઞા કરવાથી પ્રિયવ્રત રાજાએ પોતે બ્રહ્માથી નાના હતા તેથી ' ઠીક છે ' એમ કહી માથું નમાવી ઘણુજ માનની સાથે તેમની આજ્ઞાને મસ્તક ઉપર ચઢાવી. ૨૦ પછી સ્વાયંભુવ મનુએ ભગવાન બ્રહ્માની યોગ્યતા પ્રમાણે સેવા કરી. પ્રિયવ્રત રાજાને હું યોગથી ભ્રષ્ટ થઇશ, એવી ચિંતાને લીધે બ્રહ્મા ઉપર રોષ આવ્યો નહિ તેમ નારદને મારો પ્રિય શિષ્ય હાથમાંથી ગયો એવો શોક પણ થયો નહિ, પરંતુ બન્ને જણ સમદૃષ્ટિથી બ્રહ્માને જોતા હતા એટલામાં સાંસારિક ખટપટથી ખિન્ન થયેલા બ્રહ્મા પણ નિર્ગુણ બ્રહ્મનું ધ્યાન કરતા કરતા મન તથા વાણીથી અગમ્ય એવા બ્રહ્મલોકમાં ગયા. ૨૧

આ પ્રમાણે બ્રહ્માએ મનોરથ સિદ્ધ કરી આપ્યાથી સ્વાયંભુવ મનુ પણ દેવર્ષિ એવા નારદની સંમતિ પ્રમાણે પુત્રને ભૂમિમંડળની મર્યાદાનું પાલન કરવા રાજ્યાસન ઉપર બેસારી દુસ્તર એવા વિષયીને ઝેરી જળાશય રૂપી માર્ગે જતા બંધ પડયા—વિષયવાસનાથી વિરામ પામ્યા. ૨૨ ઇશ્વરની ઇચ્છાથી કર્મો કરવાનો અધિકાર મળતાં પ્રિયવ્રતે જગતનાં બંધનનો નાશ કરવામા મહા બળવાન એવા આદિ પુરૂષના ચરણારવિંદનું ધ્યાન કરી કરી પોતાના અંતઃકરણના રાગ દ્વેષ અને મનના બળને બાળીને ભસ્મ કર્યા. તે પોતે શુદ્ધ હતા તોપણ બ્રહ્મા આદિક વડીલ જનોની આજ્ઞા પાળીને તેઓના માનમાં વધારો કરતા પૃથ્વીનું રાજ્ય કરવા લાગ્યા. ૨૪ વિશ્વકર્મા નામના પ્રજાપતિની પુત્રી બર્હિષ્મતીને પરણ્યા અને તેને શીલ ગુણ કર્મ રૂપ અને પરાક્રમવાળા દશ પુત્રો અને ઉર્જસ્વી નામની એક કન્યા થઇ. આગ્નીધ્ર ઇધ્મજિહ્વ યજ્ઞબાહુ મહાવીર હિરણ્યરેતા ધૃતપૃષ્ઠ સવન મેધાતિથિ વીતિ હોત્ર અને કવિ તેમનાં નામ પડયાં. કવિ મહાવીર અને સવન બાલ્યાવસ્થાથી બ્રહ્મચારી અને આત્મ વિદ્યાવાન થઇ પરમહંસત્વ પાળવા લાગ્યા. ઉપશમ શીલવાળા તે પરમહંસના આશ્રમમાં રહેવા લાગ્યા અને સર્વ લોકના નિવાસરૂપ સંસારથી ભય પામેલાં પ્રાણીઓને શરણરૂપ ભગવાન વાસુદેવના ચરણારવિંદની ભકિત કરવા લાગ્યા. તપના પ્રભાવથી શુદ્ધ થયેલા તેમના અંતઃકરણમાં ભગવાન વાસુદેવ પ્રત્યક્ષ થયા અને તેઓ દેહાદિકની ઉપાધિનો ત્યાગ કરી સર્વના આત્મારૂપ ભગવાનની સાથે એકતાને પામ્યા. ૨૭ રાજાની બીજી સ્રીથી ઉત્તમ તામસ અને રૈવત નામના પુત્રો થયા. તેઓ ત્રણે મન્વંતરના અધિપતિ થયા. ૨૮

આ પ્રમાણે પોતાને શાંતિકારક પુત્રો થયા પછી અગિયાર અર્બુદ વર્ષો સુધી પ્રિયવ્રત રાજાએ પૃથ્વીનું રાજ્ય કર્યું. જેથી સર્વ પુરૂષાર્થ કોઇ પણ ઠેકાણે અટકતા નથી એવા બળથી ભરેલા ભુજદંડથી ધનુષની દોરી ખેંચીને તેના ટંકારવથી અધર્મી લોકોનો નાશ કર્યો. બર્હિષ્મતી રાણીના વધતા જતા હર્ષથી સામા ઉઠીને ઉભા થવા વગેરે ભાવોથી આદિરસ—શૃંગારરસ ઉદ્દીપન થાય તે પ્રમાણે હાવભાવો દેખાડવાથી લજ્જાને લીધે સંકોચવાળાં હાસ્યથી તથા જોવાથી મનોહર એવી ચેષ્ટા કરવાથી જાણે વિવેકહીન થયા હોય તેવા અને વિષયાસકિતથી પોતે પોતાના આત્મસ્વરૂપને વિસરી ગયા હોય એવા દેખાવા લાગ્યા. ૨૯ ભગવાન સૂર્ય નારાયણ મેરૂ પર્વતની પ્રદક્ષિણા કરતા લોકા

લોક પર્વત સુધી પ્રકાશ કરે છે પરંતુ તે સમે અડધા ભાગને અંધારાથી ઢાંકી દે છે. આ વાત ભગવાનની ઉપાસનાથી સર્વ પુરૂષ કરતાં વધારે પ્રભાવવાળા પ્રિયવ્રતને રૂચી નહિ તેથી રાત્રિને પણ દિવસ કરૂં એવા વિચારથી સૂર્યના રથ જેવા વેગવાળા અને ઝળઝળાટ તેજવાળા રથમાં બેશીને બીજા સૂર્યની પેઠે સાતવાર સૂર્યની પાછળ પૃથ્વી ઉપર ફર્યા. ૩૦ તેમના રથના પૈડાની ધારથી પૃથ્વીમાં એવા ચીલાઓ પડી ગયા કે જેમાંથી સાત સમુદ્રો થયા અને તેના મધ્ય ભાગે સાત સમુદ્રથી વિંટાયેલા પૃથ્વી ઉપરના સાત દ્વીપો થયા. ૩૧ તેનાં નામ જંબૂદ્વીપ પ્લક્ષદ્વીપ શાલ્મલીદ્વીપ કુશદ્વીપ કૌંચદ્વીપ શાકદ્વીપ અને પુષ્કરદ્વીપ પડયાં. પૂર્વ પૂર્વ કરતાં પછી પછીના દ્વીપોના માપો સંખ્યાનુસાર બમણું છે, સમુદ્રોની બહારના ભાગમાં તે આવેલા છે. ૩૨ ક્ષારોદ ઇક્ષુરસોદ સુરોદ ઘૃતોદ ક્ષીરોદ દધિમંડોદ શુદ્ધોદ એ સાત દ્વીપની ખાઈઓ જેવા છે તેમ જ તે દ્વીપ આસપાસ વિંટાઇને રહેલા છે તેને લીધે જેમ પ્રત્યેક સમુદ્રો સાતે દ્વીપોની બહારના ભાગમા અનુક્રમે ફરતા આવેલા હોય તેમ છે. જંબુ આદિક સાત દ્વીપોમાં બર્હિષ્મતી પતિ પ્રિયવ્રત રાજાએ પોતાને અનૂકૂળ રહેનાર આગ્નીધ્ર ઇધ્મજિહ્વ યજ્ઞબાહુ હિરણ્યરેતા ધૃતપૃષ્ઠ મેધાતિથિ તથા વીતિહોત્ર નામના સાત પુત્રોને અનુક્રમે એક એક દ્વીપનું રાજ્ય આપ્યું. ઉર્જસ્વતી નામની પુત્રી શુક્રાચાર્યને પરણાવી. તેને દેવયાની નામે કન્યા થઈ. ભગવાનના ભક્ત આવું પરાક્રમ કરે તેમા કંઇ આશ્ચર્ય નથી. ચંડાળ પણ ભગવાનનું નામ લે તો તે સંસારનાં બંધનમાથી છૂટે છે. ૩૫

આ પ્રમાણે અપાર બળ પરાક્રમવાળો પ્રિયવ્રત રાજા નારદની સેવા કરતા કરતાં આવાં પડેલા રાજ્યાદિક પ્રપંચના સંબંધથી પોતાને દુઃખી માનતો હોય તેમ ખિન્ન રહેવા લાગ્યો. ૩૬ મેં એવું કામ કર્યું કે જેને લીધે ઇંદ્રિયોએ મને મહા ભયંકર એવા વિષયોરૂપી કુવામાં નાંખી દીધો. હવે વિષયોથી હું ધરાઈ રહ્યો. ક્રીડાવાનર જેવા થઇ રહેલા મને ધિક્કાર છે, એમ બોલી આત્માને તુચ્છકારવા લાગ્યો. ૩૭ આ પૃથ્વી પોતાને અનુકુળ રહેલા પુત્રોને ભાગ પ્રમાણે વહેંચી આપી ભગવાનની કૃપાથી મળેલા આત્મજ્ઞાનવડે ભગવાનની લીલાને શ્રવણ કરવાથી જેમનામા ત્યાગ કરવાની શક્તિ હતી અને જેમના મનમાં દૃઢ વૈરાગ્ય થયો હતો એવા પ્રિયવ્રતે પોતે જેની સાથે વૈભવો ભોગવ્યા હતા એવી પટરાણીનો ત્યાગ કર્યો અને ફરીને ભગવાન નારદની વૃત્તિ ધારણ કરી. સંસાર તજીને તે વનમાં ગયો.૩૮ પ્રિયવ્રત રાજાની કીર્તિ માટે આ શ્લોકો હજી પણ ગવાય છેઃ—

प्रियव्रतकृतं कर्म कोऽनुकुर्याद्विनेश्वरम् ।
योनेमिनिम्नैरकरोच्छायां घ्नन्सप्तवारिधीन्॥

પૃથ્વીનું અંધારૂં નહિવત કરવાને ફરતાં જેના રથના પૈડાના ચીલામાંથી સાત સમુદ્રો થયેલા છે એવા પ્રિયવ્રત રાજાએ કરેલાં કર્મ ઇશ્વર વગર બીજા કોનાથી થાય તેમ છે.

भूसंस्थान कृतं येन सरिद्गिरिवनादिभिः ।
सीमा च भूतनिर्वृत्यैद्वीपे द्वीपे विभागशः ॥

જેણે દ્વીપે દ્વીપમા લોકોને નિવૃત્તિથી રહેવા માટે નદીઓ પર્વતો ને વનોથી સરહદ બાંધી આપી પૃથ્વી ઉપર સંસ્થાનો પાડી આપ્યા છતાં પોતે કે જે પરમેશ્વરને અને પ્રજાને બેઉને પ્રિય થઇ પડયો હતો તેણે તો પૃથ્વીના મનુષ્યોના અને દેવતા તેમજ કર્મ અને યોગથી પ્રાપ્ત થયેલા વૈભવોને તુચ્છ ગણી તજી દીધા હતા તે પ્રિયવ્રતની બરાબરી કોનાથી થવાની છે.

भौमं दिव्यं मानुषं च महित्वं [illegible]
यश्चक्रे निरयौपम्यं पुरुषानुजनप्रियः ॥

इतिश्रीमद्भागवतमहा[illegible]राणे [illegible]चमस्कंधे
प्रथमोध्यायः

અધ્યાય ૨ જો.†

આગ્નીધ્ર રાજાનું ચરિત્ર.

श्रीशुक उवाच

एवं पितरि संप्रवृत्ते तदनुशासने
वर्तमान अग्नीध्रो ।
जम्बूद्वीपौकस प्रजा
अ[illegible]वेक्षमाण: पर्यगोपायत् ॥

શુકદેવજી કહે છે–પ્રિયવ્રત વનમા ગયા પછી તેના ઉપદેશ પ્રમાણે વર્તતો આગ્નીધ્ર રાજા ધર્મ ઉપર દૃષ્ટિ રાખી જંબૂદ્વીપની પ્રજાનું પ્રજાની માફક પાલન કરવા લાગ્યો. ૧ એક દિવસે પિતૃલોકમાં જવાની ઇચ્છાથી પુત્રની ઇચ્છા થઇ તેથી ઈંદ્રાદિક દેવતાઓની સ્ત્રીઓનાં વિહાર સ્થાન રૂપ મંદરાચળની ગુફામાં ગયો. ત્યા આગળ પૂજાની સામગ્રીઓ એકઠી કરી એકાગ્ર ચિત્તથી ભગવાન બ્રહ્માનું તપશ્ચર્યાવડે આરાધન કરવા લાગ્યો. ૨ ભગવાન બ્રહ્માએ તેની તપશ્ચર્યા જોઇ દેવ સભામા ગાયન કરતી પૂર્વચિત્તિ નામે અપ્સરાને તેની પાસે મોકલી. ૩ તે ત્યાં જઈ રાજાના આશ્રમની આસપાસ ફરવા લાગી. નાના વૃક્ષોની ડાળીઓ ઉપર ચઢેલી વેલીઓ ને તેની ઉપર બેઠેલાં પક્ષીઓ ત્યા ષડ્જ વગેરે સ્વરનો આલાપ કરી રહ્યાં હતાં, કારંડવ કલહંસ વગેરે પક્ષીઓ કમળોનાં વનોથી ભરપૂર જળાશયોને ગજાવી રહ્યાં હતાં. ૪ પૂર્વચિત્તિ વિલાસપૂર્વક ત્યાં ફરવા લાગી અને પગલે પગલે નેપૂરનો ખણુખણાટ થવા લાગ્યો. તે સાંભળીને રાજા આગ્નીધ્ર સમાધિને લીધે નેત્રો રૂપી બે કમળ મીંચી રહ્યો હતો તે ઉઘાડીને જોવા લાગ્યો. ૫ અપ્સરા આશ્રમની પાસે જ ભમરીની પેઠે પુષ્પોનો વાસ લેતી ઉભી હતી અને દેવતાઓ તથા મનુષ્યોના મનને તથા નેત્રને આનંદ આપનારી ચાલ, વિહાર, લજ્જા, વિનયપૂર્વક જોવું, મધુર સ્વરથી ભાષણ કરવું તથા શરીરના સુંદર અવયવો દેખાડવા વગેરેથી જોનારને કામોત્પત્તિ કરતી હતી. તેના મુખમાંથી અમૃત જેવાં ને આસવના જેવાં અત્યંત માદક મર્મ ભર્યા વચનો નીકળતાં સુગંધી શ્વાસથી મંદાંધ થયેલા ભમરાઓનાં ટોળાં તેની આસપાસ વિંટાઇ ગુણગુણ કરતાં હતાં, ઉતાવળાં પગલાં ભરવાથી તેના સ્તન ને ઓડો તથા કટિમેખલા હાલતાં હતાં. આવી અપ્સરાને જોઇને રાજા ભગવાન કામદેવને આધીન થયો અને જડની પેઠે આ પ્રમાણે કહેવા લાગ્યો. ૬ હે મુનિ શ્રેષ્ઠ! તમે કોણ છો? અને આ પર્વતમાં શું કરવા ઇચ્છો છો? તમે દેવતા રૂપ ભગવાનની માયા હો એવા લાગો છો. તમે શું દોરી વિનાનાં આ બે ધનુષ ધારણ કરો છો? અને આ વનમાં મદમત્ત થયેલા મૃગોને શોધવા નીકળ્યા છો? કમળ જેવા નેત્રરૂપી પિછાંવાળાં વિલાસવડે શાંત દેખાતાં પુંછડા વિના પણ મનોહર લાગતાં, અત્યંત તીક્ષ્ણ ફણાવાળાં આ બાણો વનમાં ફરતા ફરતાં તમે કોના ઉપર છોડો છો? તમે તમારૂં પરાક્રમ અમો જડબુદ્ધિ પ્રાણીઓ ઉપર અજમાવશો નહિ. તમે અમારૂં રક્ષણ કરજો. ૮ આપના શિષ્યો ચારે તરફથી આવીને રહસ્ય સાથે સામના મંત્રોનું ગાન કરે છે તથા તેનાથી નિત્ય ઇશ્વરની સ્તુતિ પણ કરે છે અને ઋષિઓ જેમ વેદની શાખાઓને સેવે તેમ આ સર્વે તમારી શિખામાંથી ખરી પડતી પુષ્પોની વૃષ્ટિને સેવે છે. ૯ હે મહારાજ! તમારા ચરણ રૂપી પિંજરમા રહેલા તેતરની વાણી અમારા સાંભળવામા આવી છે તેનો વક્તા કોણ છે તે જોવામાં આવતો નથી. તમે નિતંબના સુંદર મંડળ ઉપર કદંબના સુંદર મંડળ ઉપર કદંબનાં પુષ્પ જેવી કાંતિ ક્યાંથી મેળવી કે જે પ્રભા ઉપર બળબળતાં ઉંબાડી-

† આ અધ્યાયમા કામી લોકોને રૂચે એવુ આગ્નીધ્ર રાજાનુ ચરિત્ર છે તેને પૂર્વચિત્તિ નામે સ્ત્રીથી નાભિ આદિ પુત્રો થયા.

યાંનું મંડળ દેખાય છે. તમારૂં વલ્કલ કયાં ગયું ? ૧૦ હે બ્રાહ્મણ ! તમારાં આ બે મનોહર શિંગડાંમાં એવું તે શું ભરેલું છે ? તમે કટિથી કેમ કૃશ છો, હે સારા ભાગ્યવાળા ! તમારાં શિંગડા ઉપર આવો સુગંધી અને રાતો લેપ કયાંથી લાગ્યો છે ? કે જે સુગંધવડે તમે મારા આશ્રમને વાસિત કરો છો? ૧૧ તમે તમારો લોક મને દેખાડો, કારણ કે જયાં આગળ લોક આ પ્રમાણે અમારા જેવાના મનને લોભાવનારા અપૂર્વ અવયવો પોતાની છાતી ઉપર ધારણ કરે છે તથા મુખમાં મધુર ભાષણ સાથે અમૃત જેવું મંદહાસ્ય તથા નૃત્યાદિક વિલાસો ધારણ કરે છે. ૧૨ હે મિત્ર! તમે ત્યાં શો આહાર કરીને શરીરનું પોષણ કરો છો ? કે જે ભોજનની યજ્ઞના હવિ જેવી સુગંધ આવે છે. તમે વિષ્ણુની કળા રૂપ છો, કારણ કે તમારા કાનમાં મકરાકાર કુંડળો છે તમારૂં મુખ સુંદર છે કારણ કે તેમાં બે માંછલાં ઉછળે છે. તેમાં દ્વિજમણ્ડળની પંક્તિની શોભા છે અને પડોશમાં ભમરનાં મંડળો ઉડયા કરે છે. તમે આમ તેમ ફરતા તમારા કર કમળવડે આ દડાને દિશાઓમાં ઉછાળો છો, તે દડો મારા ભમતા ચિત્તને વિશેષ ચંચળ બનાવે છે. તમારો આ વાંકો અંબોડો છૂટી ગયો છે તેની તમે કેમ સંભાળ રાખતા નથી ? વળી આ ધૂતારો પવન તમારૂં વસ્ત્ર ઉરાડે છે તેની પણ તમે સંભાળ કેમ રાખતા નથી?૧૪ હે તપોધન ! તપ કરતા તપસ્વીઓના તપમાં વિઘ્ન કરનારૂં આ રૂપ તમે કયાથી મેળવ્યું ? હે મિત્ર ! હવે તમારે મારી સાથે રહીને તપશ્ચર્યા કરવી અથવા જગતનું કલ્યાણ કરનારા ભગવાન બ્રહ્મા શું મારી ઉપર પ્રસન્ન થયા કે તેમણે તમને મારી સ્ત્રી થવાને મોકલ્યાં. ૧૫ હું તો હવે બ્રહ્માએ આપેલા તમને છોડીશજ નહિ. હું તમોને અનુકૂળ છું માટે તમારૂં મન હોય ત્યાં મને લઇ જાઓ અને તમારી સાખીઓ પણ મને અનુકૂળ થાઓ. હરિણીઓ મારા જમણા ભાગ તરફ ઉતરો. ૧૬

શુકદેવજી કહે છે કે—સ્ત્રીઓને વિનવવામા કુશળ વિદ્વાન તથા બુદ્ધિશાળી આગ્નીધ્ર રાજા આ પ્રમાણે વિષયી પુરૂષોમાં નિપુણ કહેવાતી યુક્તિ અને મધુર વાણીથી તે અપ્સરાને માન આપવા લાગ્યો. ૧૭ બુદ્ધિ શીલ રૂપ તરૂણાવસ્થા લક્ષ્મી અને ઉદારતાને લીધે જેનુ મન લોભાયુ છે એવી પૂર્વચિત્તિ જબુદ્વીપના શૂરવીર આગ્નીધ્ર રાજાની સાથે રહીને હજારો વર્ષ સુધી પૃથ્વીના તથા સ્વર્ગના વૈભવો ભોગવવા લાગી. ૧૮ મહારાજા આગ્નીધ્રે તેનાથી નાભિ કિંપુરૂષ ઇલાવૃત્ત રમ્યક હિરણ્યમય કુરૂ ભદ્રાશ્વ તથા કેતુમાલ નામે નવ પુત્રો ઉત્પન્ન કર્યા. ૧૯ એ વર્ષે વર્ષે એક એક પુત્રને જન્મ આપતી હતી. નવ વર્ષે નવ પુત્રોને જન્મ આપી તે પુત્રોને મૂકી પાછી બ્રહ્માની પાસે ગઇ. ૨૦ રાજાના પુત્રો માતાના અનુગ્રહને લીધે જન્મથી જ દૃઢ અંગવાળા તથા બળવાળા થયા. રાજાએ તેમને જંબુદ્વીપના ખડો ભાગ પ્રમાણે વહેંચી આપ્યા. નવ રાજકુમારો પોતાના વિભાગ પ્રમાણે ખંડોનો ઉપભોગ કરવા લાગ્યા. ૨૧ આગ્નીધ્રરાજા કામનો ઉપભોગ કર્યા છતા તૃપ્ત થયો ન હતો અને નિરતર અપ્સરાને અધિક માનતો હતો. વેદોકત કર્મો કરી અપ્સરાના લોકમા ગયો જ્યાં આગળ પિતરો આનંદમાં રહે છે. ૨૨ રાજાના મરણ પછી નવ પુત્રો મેરૂદેવી પ્રતિરૂપા ઉગ્રદંષ્ટ્રી લતા રમ્યા શ્યામા નારી ભદ્રા તથા દેવવીતિ નામની મેરૂપર્વતની નવ કન્યાઓને પરણ્યા. ૨૩

सपरेते पितरि नवभ्रातरो
मेरुदुहितुर्मेरुदेवीं प्रतिरूपामुग्रदंष्ट्रीं ।
लतां रम्यां श्यामां नारींभद्रां
देववीतिमिति संज्ञा नवोदवहन् ॥ २३ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणे पंचमस्कंधे
द्वितीयोध्याय

અધ્યાય ૩ જો. ‡

નાભિ રાજાનું ચરિત્ર.

श्रीशुक उवाच

नाभिरपत्यकामोऽप्रजया मेरुदेव्या ।
भगवन्तं यज्ञपुरुषमवहितात्माऽयजत ॥ १॥

શુકદેવજી કહે છે કે–પુત્રની કામનાવાળા નાભિરાજાએ મનને એકાગ્ર કરી પ્રજારહિત મેરૂદેવીની સાથે રહીને ભગવાન યજ્ઞ પુરૂષનું યજન કરવા માટે યજ્ઞનો આરંભ કર્યો. ૧ ભગવાન જો કે દ્રવ્ય દેશ કાળ મંત્ર ઋત્વિજ દક્ષિણા અને વિધિ વગેરે કર્યા છતાં મળે નહિ એવા છે તોપણ ભકતના મનોરથ પૂરવા તેમનું હૃદય આકર્ષાયું તે ઉપરથી અને ભગવદ્‌ભક્ત ઉપર પ્રેમ હોવાથી ભગવાને રાજાની શ્રદ્ધા તથા શુદ્ધ ભાવ જોઇ પ્રવર્ગ્ય નામના કર્મો ચાલતાં હતાં તે સમયે હૃદયને મનને અને નેત્રને આનંદ આપે એવા મનોહર અવયવવાળું પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું. ૨ તે સ્વરૂપને ચાર ભુજાઓ હતી વર્ણ સુવર્ણના જેવો હતો તેમણે પીતાબર પહેર્યું હતું વક્ષ સ્થળમાં કૌસ્તુભમણિનું ચિહ્‌ન હતું શંખ કમળ વનમાળા ચક્ર કૌસ્તુભમણિ ને ગદા ધારણ કર્યા હતાં. મણિના મુગટ કુંડળ કડાં કટિમેખલા હાર બાજુબંધ તથા ઝાંઝર પહેર્યા હતાં નિર્ધન મનુષ્યો ધનના ભંડારને જોઇને જેમ પ્રસન્ન થાય તેમ ભગવાનનાં દર્શન કરીને પ્રસન્ન થયેલા ઋત્વિજ સભાસદો તથા યજમાનો પ્રસન્ન થયા અને તેમની પૂજા તથા આ રીતે સ્તુતિ કરવા લાગ્યા. ૩

ઋત્વિજોની સ્તુતિ –હે પૂજ્યતમ ! તમે પૂર્ણ છો, આપના દાસ એવા અમે સત્પુરૂષોની શિક્ષા પ્રમાણે આપને નમસ્કાર કરીને પૂજન કરીએ છીએ. સંસાર બુદ્ધિવાળો પુરૂષ આપના સ્વરૂપને નિરૂપણ કરી શકતો નથી. તમે પ્રકૃતિ તથા પુરૂષથી પર છો અને રૂપ નામ તથા આકાર એ તમારામાં નથી. ૪ સર્વ પ્રાણીઓનાં પાપનો નાશ કરનાર કલ્યાણકારી અને ઉત્તમ એવા આપના ગુણ સમુદાયોમાંથી માત્ર એકજ ગુણનું વર્ણન થાય એમ છે. ૫ હે પરમેશ્વર ! તમે મન તથા વાણીથી અગોચર છો. ભક્તજન તમારૂં આરાધન કરી શકે છે, કારણ કે ભક્તજનો પ્રેમપૂર્વક મધુર વાણીથી તમારી સ્તુતિ કરે છે, તેથી તમે પ્રસન્ન થાઓ છો. આ પુષ્કળ સામગ્રીથી ભરપૂર યજ્ઞો કરવાથી આપનું પ્રયોજન પૂર્ણ થતું નથી. ઉત્તમ એવા પુરૂષાર્થો સાક્ષાત્ પરમાનંદ એવા આપ સત્ય સ્વરૂપ છો તો પછી આપને યજ્ઞનું શું પ્રયોજન છે ? હે નાથ ! કામનાની ઇચ્છાવાળા અમોને યજ્ઞ માત્ર આપની આરાધના કરવામાં ઉપયોગી છે. ૮ હે પુરાણ પુરૂષ ! અમે મૂઢ છીએ તથા કલ્યાણ શું તે જાણતા નથી છતા આપ દયાથી અમને પોતાના પરમ મહિમા રૂપ મોક્ષ આપવા પૂજાની ઇચ્છા રાખતા નથી તોપણ જાણે ઇચ્છા રાખતા હો તેમ આ યજ્ઞમાં જોવામાં આવો છો. ૯ હે મહાપુરૂષ ! તમે અમનેવર આપવા પ્રગટ થયા છો, અમે તો માનીએ છીએ કે, આપે રાજર્ષિ નાભિરાજાના યજ્ઞમાં પોતાના ભક્તજનોને દર્શન આપ્યું ત્યારથી જ અમને વર મળી ચૂકયો. કારણ કે વૈરાગ્યને લીધે જેના મનના મળ નાશ પામ્યા છે અને તેટલા માટે જ આપના જેવા સ્વભાવવાળા આત્મારૂપ મુનિઓ આપના કલ્યાણકારી ગુણો ગાય છે, પરંતુ તેમને તમારા પ્રત્યક્ષ દર્શન થતાં નથી. મુનિઓ તમારાં દર્શન કરવા તમારા ગુણાનુવાદનો અભ્યાસ કરે છે. ૧૧ અમે આપનાં દર્શન કરી કૃતાર્થ થયા છીએ, તોપણ માગીએ છીએ કે, અમે જ્યારે સ્ખલન કે બગાસું ખાઇએકે કોઇ બીજી દુર્દશામાં આવી પડીએ

‡ આ અધ્યાયમા નાભિરાજાનુ ચરિત્ર વર્ણવ્યુ છે કે જે નાભિરાજાના યજ્ઞમાથી શ્રીહરિ ઋષભદેવ થઇ અવતર્યા હતા.

કે મરણાવસ્થામાં હોઇએ અથવા પરાધીન હોઇએ ત્યારે સર્વ પાપો નાશ કરનારાં અને ગુણો ઉપરથી ઉત્પન્ન થયેલાં તમારાં નામો અમારી વાણીમાં વાસ કરજો. ૧૨ બીજો એક એ વર પણ માગીએ છીએ કે, આ રાજર્ષિ પુત્રની કામનાવાળા છે અને પ્રજામાં જ પુરુષાર્થ છે એવો તેમને વિશ્વાસ છે માટે જેમ નિર્ધન પુરૂષ ડાંગરનાં ફોતરાં માટે ધનપતિ કુબેરની સેવા કરે તેમ અમારા રાજા સર્વ સુખોના સ્વર્ગના તથા મોક્ષના સ્વામી એવા આપને સંતાન માટે સેવે છે. ૧૩ આ જગતમાં જેણે મહાત્મા પુરૂષોનાં ચરણ સેવ્યાં નથી એવો કયો પુરૂષ કોઇ પણ ઠેકાણે ન હારેલી તથા અતિ અટપટા માર્ગવાળી તમારી માયાથી હાર્યો નથી ? તેમ કયા પુરૂષની બુદ્ધિ ઉપર માયાનું આવરણ આવ્યું નથી. કયા પુરૂષનો સ્વભાવ વિષયો રૂપી ઝેરના વેગથી ઘેરાયલો જ છે. ૧૪ હે અનંત કર્મ કરવાવાળા પરમેશ્વર ! અમે આપને આ કાર્ય કરવા નિમંત્રણ કર્યું છે તેમ છતાં અમે મંદ બુદ્ધિ પુત્રમા પુરૂષાર્થ બુદ્ધિવાળા છીએ માટે તમે સમદ્રષ્ટિથી અમારા અપરાધો સહન કરો. આ પ્રમાણે ઋત્વિજોએ ગદ્યપદ્યાત્મક સ્તોત્રોથી ભગવાનના ચરણમા પ્રણામ કર્યા ત્યારે તે આ પ્રમાણે બોલ્યા. ૧૬

શ્રીભગવાન—હે ઋષિઓ! સત્યવાદી એવા તમોએ આ રાજાને માટે મારા જેવો પુત્ર થાય, એવો અતિ દુર્લભ વર માગ્યો પરંતુ હું એક અદ્વિતીય રૂપ હોવાથી મારા જેવો તો હુ જ છું, બીજો કોઇ મારા જેવો નથી પરંતુ બ્રાહ્મણોનું વચન મિથ્યા થવું ન જોઇએ કારણ કે તે મારૂં મુખ છે માટે મારા જેવો બીજો ન મળવાથી હું પોતે નાભિ રાજાને ઘેર અલ્પ અંશવડે પુત્ર થઇને અવતરીશ. ૧૮

શુકદેવજી કહે છે—આ પ્રમાણે મેરૂદેવીના સાંભળતાં તેમના પતિ નાભિરાજાને વર આપી ભગવાન અંતર્ધાન થયા. ૧૯ હે પરીક્ષિત ! તે જ યજ્ઞમાં ઋષિઓએ સંતુષ્ટ કરેલા ભગવાન વિષ્ણુ નાભિ રાજાનું કલ્યાણ કરવાની ઇચ્છાથી તથા તપસ્વીઓ જ્ઞાનીઓ અને નૈષ્ઠિક બ્રહ્મચારીઓના ધર્મો દર્શાવવાને નાભિરાજાના અંતઃપુરમાં તેમનાં સ્ત્રી મેરૂદેવીના ઉદરથી ઉત્પન્ન થયા.

बर्हिषि तस्मिन्नेव विष्णुदत्त भगवानपरमर्षिभिः प्रसादितो नाभेः प्रियचिकीर्षया तदवरोधायनेमेरुदेव्यांधर्मान्दर्शयितुकामो वातरशनानां श्रमणानामृषीणामूर्ध्वमंथिनां शुक्लया तनुवावततार ॥२०॥

इतिश्रीमद्भागवतेमहापुराणेपंचमस्कंधे तृतीयोध्यायः

અધ્યાય ૪ થો.†

ઋષભદેવની પ્રજા.

श्रीशुक उवाच

अथ ह तमुत्पत्त्यैवाभिव्यज्यमानभगवल्लक्षणं साम्योपशमवैराग्यैश्वर्यमहाविभूतिभिरनुदिनमेधमानानुभावं प्रकृतयः प्रजा ब्राह्मणा देवताश्चावनितलसमवनायातितरां जगृधुः

શુકદેવજી કહે છે કે—નાભિરાજાના પુત્રની ઉત્પત્તિ થઇ ત્યારથીજ તેણે ઉત્તમ લક્ષણ બતાવ્યાં અને ઉપશમ વૈરાગ્ય, ઐશ્વર્ય અને મહા વિભૂતિઓની પ્રતિ દિવસ અભિવૃદ્ધિ જણાવા માંડી તેથી પ્રજા લોક બ્રાહ્મણોને દેવતાઓ તે અવનિતલ ભોગવે એવું ઇચ્છવા લાગ્યા. તેના ઉત્તમ શરીરને લીધે તથા કવિઓએ ગાયેલાં તેનાં તેજ બળ લક્ષ્મી યશ તથા શૌર્યને લીધે તેના પિતાએ ઋષભ (શ્રેષ્ઠ) એવું તેનું નામ પાડયું. ૨ ઇન્દ્રે તેની સાથે સ્પર્ધા કરીને તેના દેશમાં વૃષ્ટિ કરી નહિ ત્યારે યોગેશ્વર એવા તેમણે તેની મૂર્ખતા ઉપર હસીને પોતાની યોગ માયાના બળથી અજનાભ નામના પોતાના

† આ અધ્યાયમા નાભિ રાજાને સો પુત્ર થયા, આનંદથી રાજ્ય કર્યું તથા તેના રાજ્યમા સર્વ પ્રજા સંતોષરૂપી અમૃતથી આનંદમા રહેતી, તે કથા કહેવાશે.

ખંડમાં જળની વૃષ્ટિ કરી. ૩ નાભિ રાજાની બુદ્ધિ માયાને લીધે આ મારો પુત્ર છે એવું માનતી હતી. તે પોતાની ઇચ્છા પ્રમાણે ઉત્તમ પુત્રને પ્રાપ્ત કરીને આનંદના ઉભરાથી વિહ્વળ થઈ ગયા અને પોતાની ઇચ્છાથી મનુષ્યના દેહને ધારણ કરનાર ભગવાન પુરાણ પુરૂષને પ્રેમપૂર્વક ગદગદ વાણીથી હે વત્સ ! એવાં કાલાંઘેલાં નામોથી લાડ લડાવતા પરમ આનંદ પામ્યા. ૪ રાજા પ્રજાના કહેવાને માન્ય કરનાર હતા. તેમણે પ્રજાથી માંડીને કાર્યભારી સુધી સર્વ મનુષ્યોની રૂષભદેવ ઉપર થયેલી પ્રીતિ જોઈ ધર્મની રક્ષા કરવા તેને રાજ્યાભિષેક કર્યો અને બ્રાહ્મણોના ખોળામાં બેસારી મેરૂદેવીની સાથે પોતે બદ્રિકાશ્રમ ગયા. ત્યાં આગળ બીજાને પીડા કરે નહિ એવા તીવ્ર તપવડે તથા સમાધિ યોગવડે નર અને નારાયણ નામની ઉપાસના કરતાં કેટલેક કાળે જીવન્મુક્ત થયા. ૫ હે પરીક્ષિત રાજા ! એ રાજાના સંબંધમાં બે શ્લોકો આ પ્રમાણે જગતમાં ગવાય છે:—

को नु तत्कर्म राजर्षेर्नाभेरन्वाचरेत्पुमान् ।
अपत्यतामगद्यस्य हरिः शुद्धेन कर्मणा ॥

જેના શુદ્ધ કર્મે કરીને ભગવાન હરિ પોતે જેને ત્યાં પુત્ર થઇને જનમ્યા હતા એવા રાજર્ષિ નાભિરાજાના જેવાં કર્મ બીજો કોણ કરનાર છે. ૬

ब्रह्मण्योऽन्यः कुतो नाभेर्विप्रा मंगलपूजिताः
यस्य बर्हिषि यज्ञेशं दर्शयामासुरोजसा ॥

પોતે પૂજેલા બ્રાહ્મણોએ જે રાજાને યજ્ઞ ભગવાનનાં સાક્ષાત દર્શન કરાવ્યાં હતાં તે રાજા વિના બ્રાહ્મણોને બીજો કયો રાજા મળનાર છે. ૭ પછી રૂષભદેવજીએ પોતાના ખંડને આ ક્ષેત્ર કર્મ કરવાનું છે. એમ માની લોકોને ધર્મકર્મનું આચરણ શીખવવા ગુરૂને ઘેર રહીને વિદ્યાભ્યાસ કર્યો અને ગુરૂએ દક્ષિણા લઇને તેને ઘેર જવાની આજ્ઞા આપી. રૂષભદેવ ગૃહસ્થાશ્રમીઓને ગૃહસ્થોના ધર્મો શીખવવા ઇંદ્રની કન્યા જયંતી સાથે પરણ્યા. શ્રુતિ તથા સ્મૃતિમાં કહેલાં કર્મો કરવા લાગ્યા અને પોતાના જેવા સો પુત્રો ઉત્પન્ન કર્યા. ૮ જે પુત્રોમાં વડા તથા ઉત્તમ ગુણવાળા ભરત નામના પુત્ર હતા જેના નામ ઉપરથી આ ખણ્ડ 'ભારતવર્ષ' કહેવાય છે.૯ ભરતથી નાના કુશાવર્ત ઇલાવર્ત બ્રહ્માવર્ત મલય કેતુ ભદ્રસેન ઇંદ્રસ્પૃક વિદર્ભ અને કીકટ નામે નવ પુત્રો હતા. ૧૦ કવિ હરિ અંતરિક્ષ પ્રબુદ્ધ પિપ્પલાયન આવિર્હોત્ર દ્રમિલ ચમસ અને કરભાજન ૧૧ એ નવ સદ્ધર્મનો ઉપદેશ કરનાર અને ભગવદ્ભક્ત હતા. તેમનું ભગવાનના મહિમાથી વૃદ્ધિ પામેલું અને શાંતગુણથી ભરેલા ચરિત્ર આગળ ઉપર વાસુદેવ તથા નારદના સંવાદ રૂપે વર્ણવાશે. ૧૨ બીજા પિતાની આજ્ઞા પાલનાર વિનયવાળા વેદવિદ્યામાં નિપુણ યજ્ઞાદિ કર્મો કરનારા અને શુદ્ધ અંતઃકરણવાળા બ્રાહ્મણો જેવા થયા હતા. ૧૩ ઋષભદેવ સ્વતંત્ર હતા. અનર્થની પરંપરાઓ પોતાની મેળેજ નિરંતર તેમનાથી દૂર રહેતી તે સમદૃષ્ટિવાળા શાંત સર્વ પ્રાણીઓ ઉપર ભાવ રાખનાર તથા મહા દયાળુ હતા. તેમ કેવળ આનંદનો અનુભવ કરનાર ઈશ્વર રૂપ હતા. અનીશ્વરોની પેઠે—પ્રાકૃત મનુષ્યની પેઠે કર્મો કરતા હતા અને કાળે કરીને નાશ પામેલા ધર્મનું આચરણ કરી અજ્ઞાની લોકોને ધર્માચરણ કરતાં શીખવતા હતા. ધર્મ અર્થ યશ પ્રજા વૈભવનો ઉપભોગ તથા મોક્ષનો સંગ્રહ કરી બીજા લોકોને ગૃહસ્થાશ્રમમાં પ્રીતિ કરાવતા હતા. ૧૪ આ જગતમાં મહા પુરૂષો જે જે આચરણ કરે છે તે બીજા લોકોને અનુકરણીય થાય છે. જેમાં સર્વ ધર્મ નિરૂપણ કર્યા છે એવું વેદનું રહસ્ય તે જાણતા હતા તોપણ બ્રાહ્મણોએ બતાવેલા માર્ગ પ્ર-

માણે તથા *સામ આદિક ઉપાયોથી પ્રજાનું પાલન કરતા હતા. ૧૬ તેમણે દ્રવ્ય દેશ કાળ અવસ્થા શ્રદ્ધા ઋત્વિજો (વરણીવાળા બ્રાહ્મણો) તથા જાત જાતના દેવતાઓના ઉદ્દેશોથી ભરપૂર એવા સર્વ યજ્ઞો શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સો સો વખત કર્યા. ૧૭ ભગવદ્ભક્તમાં શ્રેષ્ઠ ઋષભદેવ પ્રજાનું પાલન કરતો હતો ત્યારે કોઇ જેમ આકાશપુષ્પ વગેરે મિથ્યા પદાર્થની ઇચ્છા કરે નહિ તેમ કોઇ પુરૂષો બીજાની પાસેથી કોઇ પણ વસ્તુ લેવાની ઇચ્છા કરતા ન હતા. કોઇ દિવસ કોઇ પારકી વસ્તુ ઉપર દૃષ્ટિ કરતું નહિ. સર્વ કોઇ ક્ષણે ક્ષણે પોતાના રાજા ઉપર અધિકાધિક સ્નેહનો વિકાશ થાય તેવું જ ઇચ્છતું હતું. ૧૮ ઋષભદેવ એક દિવસે ફરતો ફરતો બ્રહ્માવર્ત્ત દેસમાં ગયો અને ત્યાં મોટા મોટા બ્રહ્મર્ષિઓની સભામાં પોતાના પુત્રો જો કે જિતેંદ્રિય હતા તથા શ્રદ્ધા અને વિનયથી સારી રીતે માહીત હતા તોપણ પ્રજાઓ સાંભળતા તેમને ઉપદેશ આપવાના મિષથી નીચે પ્રમાણે કહેવા લાગ્યો. ૧૯

स कदाचिदटमानो भगवानृषभो ब्रह्मावर्त्तगतो ब्रह्मर्षिप्रवरसभायां प्रजानां निशामयंतीनामात्मजानवहितात्मनः प्रश्रयप्रणयभरसुयंत्रितान्प्युपशिक्षयन्निति होवाच ॥ १९ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेपंचमस्कंधे चतुर्थोध्यायः

અધ્યાય ૫ મો.†

ઋષભરાજાનો કુંવરોને ઉપદેશ

ऋषभ उवाच.

नायं देहो देहभाजां नृलोके कष्टान्
कामानर्हते विड्भुजां ये ॥
तपो दिव्यं पुत्रका येन सत्वं शुद्धये-
द्यस्माद्ब्रह्मसौख्यं त्वनंतम् ॥ १ ॥

ઋષભદેવ કહે છે કે-જે દુઃખકારક વિષયોનો અનુભવ ભુંડોને પણ મળે છે. તે દુઃખકારી વિષયો ભોગવવાને મનુષ્ય લોકમાં આ દેહ આવ્યો નથી. હે પુત્રો ! તમે તપ કરો એવું તપ કરો કે જે તપ કરવાથી તમારૂં અંતઃકરણ શુદ્ધ થાય અને શુદ્ધિથી તમને પરબ્રહ્મનું અનંત સુખ મળે. ૧ મહાત્મા પુરૂષોની સેવા એ જ મુક્તિનું દ્વાર છે અને સ્ત્રીઓના સંગીનો સંગ કરવો એ નરકનું દ્વાર છે. જેઓ સમભાવવાળા છે શાંત છે ક્રોધ રહિત છે હૃદયમાં સ્નેહ રાખનારને સદાચારવાળા છે તેમને મહાત્મા જાણવા. ૨ જેઓ પરમેશ્વરની ઉપર પ્રેમ ભકિત રાખી પુરૂષાર્થ કરનાર છે અને દેહના ભરણપોષણ માટે વ્યવહાર કરનાર લોકો ઉપર તથા સ્ત્રી પુત્ર અને ધનવાળાં ઘરો ઉપર પ્રીતિ રાખનાર પોતાના દેહના નિર્વાહ જેટલુ જ પ્રયોજન રાખનાર અને તેથી વધારે સ્પૃહા ન કરનાર હોય તેજ જગતમાં મહાત્મા જાણવા. ૩ ઇંદ્રિયોને માટે જે કર્મ કરે છે તે ભાન વિનાનો થઈ અવશ્ય પાપકર્મમા જોડાય છે. પાપકર્મને લીધે દેહ ઉત્પન્ન થાય છે. આ દેહ મિથ્યા છે છતાં પ્રિય લાગે છે, પણ વારંવાર પાપકર્મ કરવાં એ ઠીક નથી. ૪ જ્યા સુધી પુરૂષ આત્માનું તત્ત્વ જાણવાની ઇચ્છા કરતો નથી ત્યાં સુધી અજ્ઞાનને લીધે સ્વસ્વરૂપનું તેને જ્ઞાન થતું નથી અને જ્યા સુધી ક્રિયાઓ ચાલુ હોય ત્યા સુધી મન કર્મમાં આસકત રહેવાથી જીવને શરીરરૂપી બંધને બંધાવું પડે છે. ૫ જ્યારે અવિદ્યાથી આત્મસ્વરૂપ ઢંકાઇ જાય છે ત્યારે કર્મ મનને વશ કરે છે અને મન પુરૂષને કર્માધીન બનાવે છે માટે જ્યા સુધી વાસુદેવ એવો જે હું તેની ઉપર પ્રીતિ થાય નહિ ત્યા સુધી દેહના બંધનમાથી છૂટાતું

*સામ, દામ, ભેદ તથા દંડ, એ ચાર નીતિના ઉપાયો છે રાજકર્તા તેમને જાણવા જોઇએ સામ એટલે શાંતિથી સમજાવવુ દામ એટલે સમજે નહિ તો લાલચ આપવી ભેદ પાડવો ને તેથી પણ સમજે નહિ તો પછી દંડ દેવો

† આ અધ્યાયમા ઋષભદેવ મોક્ષના ધર્મનો ઉપદેશ કરી પુત્રોને બોધ કર્યો ને સુખદુઃખ સહન કરી પરમહંસત્વ લીધુ એ કથા કહેવારો

નથી. ૬ સ્વાર્થ સાધવામાં મૂઢ એવો વિદ્વાન મનુષ્ય જ્યાં સુધી ઇન્દ્રિયોની ચેષ્ટાઓને મિથ્યા માનતો નથી, ત્યા સુધી તે એકાએક પોતાના સ્વરૂપને વિસરી જઇ અજ્ઞાની બને છે અને જેમા ક્ષુદ્રસુખ મુખ્ય છે એવા સંસારમાં રહી અનંત દુઃખો ભોગવે છે. ૭ પુરૂષ તથા સ્ત્રી પ્રત્યેકને પોતાના દેહનું અભિમાન હોય છે પરંતુ પુરૂષ તથા સ્ત્રી એકઠાં મળીને દંપતી ભાવથી રહેવા માંડે છે ત્યારે તેમની વચ્ચે બીજી નવી અભિમાન રૂપી એક દૃઢ ગાંઠ બંધાય છે, અને તે અભિમાનને લીધે ઘર ક્ષેત્ર પુત્ર સગાં સંબંધી તથા ધનમાં 'હું અને આ મારૂં' એવું મમત્વ આવે છે ૮ મનુષ્ય જ્યારે કર્મથી બંધાયેલી મનરૂપી ગાંઠને શિથિલ કરે છે ત્યારે તે છૂટે છે અને તે પછી અહંકાર ત્યાગ કરી તેમાંથી મુકત થઇ પરમ પદને પામે છે ઇશ્વર ઉપર ભકિત ગુરૂની સેવા તૃષ્ણાનો ત્યાગ સુખ દુઃખાદિકને સહન કરવાં આ લોક દુઃખમય છે એમ જાણવું તત્ત્વ જાણવાની ઇચ્છા કરવી તપશ્ચર્યા સકામ કર્મનો ત્યાગ નિષ્કર્મ કરવાં કથા સાંભળવી ભકતોનો સંગ કરવો ઇશ્વરના ગુણો ગાવા તથા હે પુત્રો! વેરનો ત્યાગ કરવો સર્વ ઉપર સમદૃષ્ટિ રાખવો શાંતિમાં રહેવું આ શરીર ઉપર તથા ઘર ઉપર જે અહંતા મમતા હોય તેનું કારણ જાણવાની ઇચ્છા કરવી, ૧૧ વેદાંતનો અભ્યાસ એકાંત સ્થળમાં વાસ પ્રાણુ ઇન્દ્રિયો તથા મનને વશ કરવાં શ્રદ્ધા રાખવી બ્રહ્મચર્ય પાળવું નિરંતર પોતાનુ કર્તવ્ય કર્મ કર્યા કરવુ વાણીને નિયમમાં રાખવી, ૧૨ સર્વ ઠેકાણે બ્રહ્મ ભાવ હોવા જેવું જ્ઞાન મેળવવું યોગ (સમાધિ) ધૈર્ય પ્રયત્ન અને વિવેક એ પચીસ ઉપાયોવડે અહંકાર રૂપી ઉપાધિનો ત્યાગ કરવો, ૧૩ કર્મો જેમાં વાસ કરે છે એવી તથા અવિદ્યાથી પ્રાપ્ત થયેલી એવી હૃદયની અભિમાન રૂપી ગાંઠને શાસ્ત્રમાં કહેલા ઉપદેશ પ્રમાણે છોડી નાંખવી અને પછી તે ઉપાયોથી પણ અટકવું, અર્થાત તે ઉપાયોનો પણ ત્યાગ કરવો. ૧૪ જો બ્રહ્મ લોકમાં જવાની અને અનુગ્રહ સંપાદન કરવાની ઇચ્છા હોય તો પિતાએ પુત્રોને રાજાએ પ્રજાને અને ગુરૂએ શિષ્યોને ક્રોધ રહિત થઇ ઉપર પ્રમાણે ઉપદેશ આપવો. કર્મમાંજ મૂઢ થઇ ગયેલા અજ્ઞાની લોકને કર્મોમાં જોડવા નહિ, કારણ કે જે મનુષ્ય અજ્ઞાની મનુષ્યને કામ્ય કર્મમાં જોડીને સંસારરૂપી અંધારા કુવામાં નાંખે છે તે પુરૂષ એકે પુરૂષાર્થ પ્રાપ્ત કરતો નથી. ૧૫ મનુષ્ય પોતે પોતાના કલ્યાણને માટે આધળોભીંત થઇ જાય છે કારણ કે તે મૂળ પુરૂષ અત્યંત તૃષ્ણાથી ધનને ઇચ્છે છે. એક બીજાની સાથે વેર કરે છે અને અલ્પ સુખને માટે અનંત દુઃખો ભોગવે છે, પરંતુ પોતે તે દુઃખોને જાણતો નથી. ૧૬ અવિદ્યાના સ્વરૂપને જાણતો હોય એવો કયો વિવેકી પુરૂષ પોતે અવિદ્યામાં ભટકતા અજ્ઞાની પુરૂષને જોઇને દયા લાવતો નથી આંધળો મનુષ્ય અવળે માર્ગે જતો હોય તેને તેજ માર્ગે જવાનું કોણ કહે? ૧૭ જે ગુરૂ સંસારમાં ભટકતા પોતાના શિષ્યને તેમાંથી મુકત કરી શકતો નથી તેને ગુરૂ કહેવો નહિ. જે સંબંધી સસારમાં ભટકતા સંબંધીને મુક્ત કરી શકતો નથી તેને સંબંધી ગણવો નહિ જે પિતા સંસારમાં ભટકતા પોતાના પુત્રને સંસારમાંથી મુકત કરી શકતો નથી તેને પિતા જાણવો નહિ, જે માતા સંસારમાં ભટકતા પુત્રને સંસારમાંથી છોડાવી શકતી નથી તેને માતા ગણવી નહિ, જે દેવ જગતમાં ભટકતા ભકતોને સંસારમાથી મુકત કરી શકતા નથી તેમને દેવ જાણવા નહિ, તેમ જે પતિ સંસારમાં ભટકતી પોતાની ભાર્યાને સંસારમાથી મુકત કરતો નથી તેને પતિ પણ જાણવો નહિ. ૧૮ મેં આ મનુષ્ય શરીર મારી પો-

તાની ઇચ્છાથી ધારણ કર્યું છે તે કોઇ પણ જાણી શકે નહિ એવું છે અને સત્ત્વગુણ એ મારૂં હૃદય છે જેમા ધર્મ રહેલો છે મેં અધર્મને દૂર રાખ્યો છે માટે આર્ય પુરૂષો મને 'ઋષભ' કરીને કહે છે.૧૯ હે પુત્રો! તમે સર્વે મારા સત્વગુણી શરીરમાથી ઉત્પન્ન થયેલા છો માટે મત્સરનો ત્યાગ કરી તમારા બંધુ ભરતની સેવા કરજો. તેની સેવા એજ મારી સેવા સમજવી અને પ્રજાનુ પાલન પોષણ પણ તેજ જાણવુ પ્રાણીઓમા પૃથ્વી-માંથી ઉગનારા ચેતન પદાર્થો અચેતન પદાર્થો કરતાં ઉત્તમ ગણાય છે સ્થાવરોમા પેટે ચા-લનારા સર્પાદિક પ્રાણીઓ ઉત્તમ ગણાય છે, સર્પાદિક પ્રાણીઓમા જ્ઞાનવાળા પશુ વગેરે પ્રાણીઓ ઉત્તમ ગણાય છે, પશુઓ કરતાં મનુષ્યો ઉત્તમ ગણાય છે, મનુષ્યો કરતાં સિદ્ધો ઉત્તમ ગણાય છે તેમના કરતાં દેવ તાના અનુચરો એવા કિન્નર ઉત્તમ ગણાય છે,૨૧ દેવતાઓના અનુચર કિન્નરોના કરતાં દેવો ઉત્તમ ગણાય છે, દવોમા ઇંદ્ર ઉત્તમ ગણાય છે, ઇંદ્ર કરતા બ્રહ્માના પુત્ર દક્ષ વગેરે પ્રજાપતિઓ ઉત્તમ ગણાય છે, તેઓમા શંકર ઉત્તમ છે અને શંકર કરતા બ્રહ્મા ઉત્તમ છે અને બ્રહ્મા કરતા હું ઉત્તમ છુ અને મારા કરતા પણ બ્રાહ્મણો ઉત્તમ છે, કારણ કે હું ઉત્તમ બ્રાહ્મણોનો સેવક છુ અર્થાત ઉત્તમ બ્રાહ્મણોની સેવા કરૂં છુ ૨૨ બીજા કોઇ પણ પ્રાણીને બ્રાહ્મણોની સાથે સર-ખાવી શકાય તેમ નથી. તેમના કરતા કોઇ અધિક નથી શ્રદ્ધા પૂર્વક બ્રાહ્મણોના મુખમા હોમેલા પદાર્થોનો હુ જે પ્રમાણે ઉપભોગ કરૂં છુ તે પ્રમાણે અગ્નિહોત્રમાં હોમેલા પદાર્થેનો પણ હુ ઇચ્છાનુસાર ઉપભોગ કરતો નથી, ૨૩ કારણ કે બ્રાહ્મણોએ આ લોકમા મારા વેદરૂપી પ્રાચીન દેહને ધારણ કરી રાખ્યો છે અને જે બ્રાહ્મણોમા પરમ પવિત્ર એવા સત્વગુણ શમ દમ સત્ય અનુ-ગ્રહ તપ તિતિક્ષા અને સ્વસ્વરૂપનો અનુભવ એ આઠ ગુણો રહેલા છે માટે તેમના કરતાં ઉત્તમ હું કોને ગણું? ૨૪ હું અનંત છું કારણનુ પણ કારણ છું તથા સ્વર્ગ અને મોક્ષનો અધિપતિ છું, તેની પાસેથી પણ જેમને કંઈ માગવાનું હોતું નથી એવા નિષ્કિંચન અને મારી ઉપર ભક્તિભાવ રાખ-નારા ભક્તજનોને બીજાં રાજ્યાદિકનું શું પ્રયોજન છે? ૨૫ હે પુત્રો! તમારે દોષ-દૃષ્ટિ દૂર કરી સ્થાવર જંગમ સર્વ પ્રાણીઓને મારૂ નિવાસસ્થાન જાણી તેમનુ સન્માન કરવુ, કારણ કે તેમને હુ મારૂં પૂજન માનું છુ. ૨૬ મારૂં આરાધન કરવું એ જ મન વચન દૃષ્ટિ તથા બીજી ઇન્દ્રિયોની કામનાનું પ્રત્યક્ષ ફળ છે કારણ કે પુરૂષ ઇન્દ્રિયોના તથા દેહના સર્વ વ્યાપારો મને અર્પણ કર્યા વિના કાળના મહા મોહરૂપી પાશમાંથી છૂટ-વાને સમર્થ થતો નથી ૨૭

શુકદેવજી કહે છે કે—હે પરીક્ષિત! પુત્રો જ્ઞાની હતા પરંતુ ધર્મનો લોકોને ઉપદેશ કરવા મહા પ્રતાપી તથા સર્વના પરમ મિત્ર ઋષભદેવે પોતે પોતાના પુત્રોને ઉપદેશ કર્યો. પછી શાન્ત સ્વભાવવાળા અને કર્મના બંધનમાથી છૂટેલા મોટા મુનિઓને ભક્તિ જ્ઞાન તથા વૈરાગ્યવાળો પરમ હંસપણાનો ધર્મ શીખવવા માટે સો પુત્રોમાના વડા ભગ વાનના ભકતોના સેવક ભરતનો પૃથ્વીની રક્ષા કરવા રાજ્યાસન ઉપર અભિષેક કર્યો. પછી રાજ્યપાટ વગેરે સર્વ સામગ્રીનો ત્યાગ કરી અગ્નિહોત્રનો પોતાને વિષે આરોપ કરી ઉ-ન્મત્ત પુરૂષની પેઠે નગ્ન થઇ છૂટા કેશ મૂકી કેવળ દેહની સાથે જ બ્રહ્માવર્તમાંથી બહાર નીકળી ગયા. ૨૮ અવધૂતના વેશમાં રહેલા ઋષભદેવ લોકોમાં મૂર્ખ આંધળા બહેરા પિશાચ અને ભૂતપ્રેતની પેઠે વર્તવા લાગ્યા. કોઇ બોલાવે તો તેને ઉત્તર ન આપતાં તે મૌન રહેતા ૨૯ નગરો અને ગામડાં ખાણો

ખેડુતનાં ગામો વાડીઓ છાવણીઓ ગાયોનાં સ્થાનકો યાત્રાળુઓના સંઘો પર્વતો વનો તથા આશ્રમો વગેરે ઠેકાણે તથા માર્ગે માર્ગે માખીઓ જેમ વનના હાથીનો તિરસ્કાર કરે તેમ શઠ લોકો ઋષભ દેવને ડરાવવા માટે તિરસ્કાર કરતા મારતા મૂતરતા થુંકતા પથરા મારતા નરક છાંટતા ધૂળ ઉરાડતા તેમના મુખ તરફ અધોવાયુ કાઢતા અને ન કહેવાના વચનો કહેતા પરંતુ તે તેને ગણકારતા નહિ, કારણ કે તે પોતે આત્મા અને અનાત્માના અનુભવવડે પોતાના સ્વરૂપમાં જ રહેતા હતા તેથી તેમને કહેવા માત્રમા જ સત્ય પરંતુ પરિણામે મિથ્યા એવા આ દેહ ઉપર જરા પણ અભિમાન ન હતું તેને લીધે તેનું મન એક અખંડાકાર વૃત્તિમા રહેતું અને તે એકલા જ પૃથ્વી ઉપર ફરતા. ૩૦ તેમના હાથ પગ તથા વક્ષઃસ્થળ અત્યંત સુકોમળ હતાં બે બાહુઓ ઘુંટણ સુધી લાબા હતા, ખભા વિશાળ હતા ગળું મુખ વગેરે અવયવોની રચના મનોહર હતી, સ્વાભાવિક રીતે તે રૂપાળા હતા, હસવાથી તેમનું મુખ મનોહર દેખાતું હતુ, નવા કમળનાં પાદડાં જેવી સુંદર કીકીવાળી રાતી અને વિશાળ આંખોથી તે સુંદર દેખાતા હતા. કપોલ હાથ કંઠ તથા નાસિકા સરખાં અને શોભાયમાન હતાં. તે ગુઢ હાસ્યવાળા મુખની મનોહરતાવડે નગરનારીઓના મનમાં કામદેવને ઉત્પન્ન કરતા હતા. આવા મનોહર છતા ગુંચવાઈને જટારૂપ થઈ ગયેલા પીળા કેશનો સમૂહ મુખ ઉપર લટકતો હતો. શરીરની સંભાળ નહિ લેવાથી બધું શરીર મલીન થઈ ગયું હતુ તેથી જાણે ભૂત વળગ્યું હોય એવા દેખાતા હતા. ૩૧ ઋષભદેવે જોયુ તા જાણ્યુ કે આ લોકો યોગ સાધવામા પ્રત્યક્ષ શત્રુ જેવા છે માટે તે લોકો દૂર રહે છે એટલા માટે મારે અત્યંત ગંદા રહેવું એ ઠીક છ, આવા વિચાર કરીને તેમણે * અજગરનું વ્રત ધારણ કરી સૂતાં સૂતાં ખાવા પીવાની ક્રિયા કરવા માંડી, ખાતાં ખાતાં મૂતરવા લાગ્યા ઝાડે ફરવા લાગ્યા તથા નરકમા આળોટવા મંડયા તેથી તેમનાં સર્વ ગાત્ર વિષ્ઠાથી ખરડાઇ જતા. ૩૨ વિષ્ઠામાંથી દુર્ગંધવાળો પવન નીકળતો હતો. તેણે ચારે તરફ દશ યોજનના દેશને બદબોમય કરી મૂકયો હતો.

આ પ્રમાણે બળદ મૃગ તથા કાગડાની પેઠે ચાલતા ઉભા રહેતા બેસતા સૂતા ખાતા પીતા મળ ત્યાગ કરતા તથા કાગડા બળદ અને મૃગની પેઠે બીજી ક્રિયાઓ કરતા હતા. ૪૪ હે રાજન ! ઋષભદેવ પોતે મોક્ષના પતિ તથા અખંડ એવા ઉત્તમોત્તમ બ્રહ્માનંદના અનુભવી હતા તથાપિ લોકોનો વ્યવહાર ત્યાગ કરવા યોગીઓએ આમ વર્તવું જોઇએ, એમ લોકોને દેખાડવા તે નાના પ્રકારની યોગ ચર્યા કરતા. સર્વ પ્રાણીઓના આત્મરૂપ પરમાત્મા વાસુદેવ ઉપર અભેદ રૂપે રહેવાથી પ્રાકૃત મનુષ્યોની પેઠે દેહાદિકની ઉપાધિવાળા ન હતા પણ તેમાથી મુક્ત હતા તેને લીધે સ્વતઃસિદ્ધ સર્વ પદાર્થોથી પરિપૂર્ણ હતા માટે આકાશમા ઉડવાની ગતિ શરીરનો મનના જેવો વેગ અંતર્ધ્યાન થઇ જવું પારકી કાયામા પ્રવેશ કરવો દૂરની વાર્તા જાણવી તથા દૂરના પદાર્થો ગ્રહણ કરવા વગેરે યોગ સિદ્ધિઓ દૈવેચ્છાથી પ્રાપ્ત થઈ હતી તોપણ હે રાજન ! હૃદયથી તે સિદ્ધિઓનો તેમણે સત્કાર કર્યો ન હતો.

सिद्धसमस्तार्थपरिपूर्णो योगैश्वर्याणि वैहायसमनोजवांतर्धानपरकायप्रवेशदूरश्रवणग्रहणदीनि यदृच्छयोपगतानि नांजसा नृपहृदयेनाभ्यनदत् ३६

इतिश्रीमद्भागवतेमहापुराणेपंचमस्कंधे पंचमोध्याय:

* અજગર વૃત્તિ એટલે જે કંઈ આવી મળ્યુ તે ખાવુ અને ટાઢ તડકો જે હોય તેમા એક ઠેકાણે પડ્યા રહેવુ ખાવાને કિવા સુખને માટે યત્ન જ કરવો નહિ

અધ્યાય ૬ ઠ્ઠો.‡

ઋષભદેવનું નિર્વાણ.

राजोवाच

न नूनं भगव आत्मारामाणां योगसमीरितज्ञानावभर्जितकर्मबीजानामैश्वर्याणि पुनः क्लेशदानि भवितुमर्हन्ति यदृच्छयोपगतानि ॥ १ ॥

રાજાએ પૂછ્યું કે–હે ભગવન્ શુકદેવજી! દૈવેચ્છાથી આવેલી સિદ્ધિઓ કે જેણે કરીને યોગના અભ્યાસથી વૃદ્ધિ પામેલા જ્ઞાનથી કર્મના બીજ રૂપ રાગદ્વેષાદિક બાળી નાખ્યા હતા એવા આત્મારામ યોગીઓને ફરીને અહંતા–મમતા રૂપી ક્લેશ આપવા શક્તિમાન થતી નથી માટે ઋષભદેવે શા માટે તે આવેલી સિદ્ધિઓને સ્વીકારી નહિ ?

શુકદેવજી બોલ્યા કે–મૃગો જેમ પારધિઓનો વિશ્વાસ કરતા નથી તેમ બુદ્ધિશાળી લોકો પણ ચંચળ મનનો વિશ્વાસ કરતા નથી કહ્યુ છે કે અસ્થિર એવા મનનો કોઇએ કદી વિશ્વાસ કરવો નહિ કારણ કે જેની મિત્રતા કરવાથી † સૌભરી વગેરે ઋષિઓનું ઘણા કાળનું તપ નાશ પામ્યું હતુ. ૪ વેશ્યા સ્ત્રી જેમ જાર લોકોને અવકાશ આપી તેમની મારફતે પોતાના પતિનો નાશ કરાવે છે તેમ જે યોગી મનનો વિશ્વાસ કરે છે તે યોગીનું મન પણ કામને તથા તેની પાછળ ફરનારા ક્રોધાદિક શત્રુઓને અવકાશ આપીને તેને યોગમાંથી ભ્રષ્ટ કરે છે.૪ કામ ક્રોધ મદ લોભ શોક મોહ અને ભય વગેરે કર્મના બંધન છે અને એ સર્વનું કારણ મન છે. મનની સાથે વિવેકી પુરૂષે મિત્રતા કરવી નહિ. ૫ ભરત સર્વ લોકપાળોમાં રત્ન રૂપ હતા તોપણ જડની પેઠે અવધૂતના જેવા વિલક્ષણ વેશ ભાષા તથા આચરણોને લીધે તેમનો પ્રભાવ જાણવામા આવતો ન હતો. તેમને જ્યારે પોતા । હનો ત્યાગ કરવાની ઇચ્છા થઇ ત્યારે પોતાના આત્માને અત્યંત અભેદભાવે ઉપાધિ રહિત પરમાત્મા રૂપ જોયો. દેહાભિમાનના સંસ્કારથી મુક્ત થયેલા ઋષભદેવે યોગીઓને દેહત્યાગનો વિધિ શીખવવા તેનો ત્યાગ કર્યો ૯ કુંભારનો ચાક હલાવ્યા વિના પણ પ્રથમના વેગને લીધે જેમ ફર્યા કરે છે તેમ જ દેહને ચલાવનાર અભિમાનાભાસ નિવૃત્ત થયા છતા પણ જીવન્મુક્ત પુરૂષોનો દેહ આવિદ્યાની વાસનાને લીધે ફર્યા કરે છે. ઋષભદેવ લિંગ શરીરથી મુક્ત હતા તોપણ યોગમાયાની વાસનાથી પૃથ્વી ઉપર ફરતા હતા દૈવેચ્છાથી કોંક વેંક કુટક નામના દેશોમા તેઓ જઇ ચઢ્યા અને ત્યાંથી મત્તની માફક છુટા કેશવાળા તથા નવસ્ત્રા મુખમાં પથ્થરનો કોળિયો લઇ ફરવા લાગ્યા કુટકાચળના ઉપવનમા પવનના વેગથી વાંસ કંપી ઉઠ્યા અને તેના પરસ્પર ઘસાવાથી દાવાનળ સળગી ઉઠ્યો તેમા આખરે ઋષભદેવ બળી મુઆ. ૮ ત્યાર પછી કોક વેક અને કુટક દેશનો રાજા અર્હન કળિમા જ્યારે અધર્મની વૃદ્ધિ થવા માડશે ત્યારે તે તે દેશના લોકો પાસેથી ઋષભનું ચરિત્ર સાંભળી તેને શીખી લઇ પ્રાણીઓનાં પૂર્વ સંચિત પાપના ફળને લીધે મોહ પામશે અને પોતાની બુદ્ધિથી સર્વત્ર નિર્ભય એવા વેદધર્મનો ત્યાગ કરી અકલ્યાણ કરનારા પાખંડી પંથને પ્રવર્તાવશે. ૯ જે પાખંડ માર્ગને લીધે નીચ મનુષ્યો કળિયુગમા દેવમાયાથી મોહિત થઇને વેદ તથા ધર્મશાસ્ત્રમા કહેલી પવિત્રતા તથા સદાચારનો ત્યાગ કરશે. પોતાની ઇચ્છાથી નહાવુ નહિ આચમન કરવું નહિ, પવિત્રતા રાખવી નહિ માથાના કેશને ખેંચી નાંખવા

‡ આ અધ્યાયમા જેનુ અભિમાન ગળી ગયુ હતુ એવા ઋષભદેવના દેહત્યાગનો ક્રમ તથા પોતાને બાળતા અગ્નિને જોયા છતા પણ તેના તરફ દષ્ટિ કરી ન હતી તે કથા કહેવારો

† સૌભરી નામના એક તપસ્વી જળમા બેસીને તપશ્ચર્યા કરતા હતા જળમા માછલાનો સંસાર જોઇને સંસારમ તો આસકત થયા હતા

વગેરે દેવતાઓનું અપમાન કરનારા દુષ્ટ નિયમો ગ્રહણ કરશે અને ઘણા અધર્મવાળા કલિવડે ભ્રષ્ટ બુદ્ધિવાળા તે લોકો ઘણું કરીને વેદની બ્રાહ્મણોની યજ્ઞપુરૂષ તથા મહાત્માઓની નિંદા કરશે. ૧૦ વેદથી વિરૂદ્ધ પોતાની ઇચ્છાથી ચલાવેલી પાખંડ ધર્મરૂપી અંધપરંપરા ઉપર વિશ્વાસ રાખવાથી તેઓ પોતાની મેળે જ અંધારા નરકમાં પડશે ૧૧ ભગવાનનો આ અવતાર રજોગુણી લોકોને મોક્ષમાર્ગનો ઉપદેશ કરવાને માટે થયો હતો, તેમનાં પવિત્ર ચરિત્રોને દર્શાવનારા શ્લોકોને લોકો આ પ્રમાણે ગાય છે. ૧૨

अहो भुवं सप्तसमुद्रवत्या
द्वीपेषु वर्षेष्वधिपुण्यमेतत् ।
गायन्ति यत्रत्यजना मुरारेः
कर्माणि भद्राण्यवतारवन्ति ॥ १३ ॥
अहो नु वंशो यशसाऽवदातः
प्रैयव्रतो यत्र पुमान्पुराणः ॥
कृतावतारः पुरुषः स आद्यश्चचार
धर्मं यदकर्महेतुम् ॥ १४ ॥
कोन्वस्य काष्ठामपरोऽनुगच्छेन्मनो
रथेनाप्यभवस्य योगी ॥
यो योगमायाः स्पृहयत्युदस्ता
ह्यसत्तया येन कृतप्रयत्नाः ॥ १५ ॥

આનંદ અને આશ્ચર્ય જેવુ છે કે આ સમુદ્રવાળી પૃથ્વીના સવ દ્વીપોમાં તથા સર્વે ખંડોમાં ભરતખંડ અધિક પુણ્યવાન છે, કારણ કે જે ખંડમાં જન્મેલા લોકો ભગવાનના અવતારનાં કલ્યાણકારી કર્મો ગાય છે ૧૩

આ પ્રિયવ્રત રાજાનો વંશ યશથી કેટલો બધો ઉજ્વળ દેખાય છે. જે વંશમાં આદિ પુરૂષપુરાણ પુરૂષે અવતાર લઇને મોક્ષધર્મ પ્રતિપાદન કર્યો હતો ૧૪ એવો બીજો કયો યોગી છે કે, જે અજન્મા એવા ઋષભદેવને માર્ગે જવાનો મનોરથ પૂર્ણ કરે? કારણ કે બીજા યોગીઓ જે સિદ્ધિઓની ઇચ્છા કરે છે તે સિદ્ધિઓ પોતે ઋષભદેવની પાસે આવવાનુ પ્રયત્ન કરતી હતી તોપણ ઋષભદેવે તેમનો ત્યાગ કર્યો હતો. ૧૫ આ પ્રમાણે સર્વ વેદ લોક દેવ બ્રાહ્મણ તથા ગાયોના પરમ ગુરૂ એવા ભગવાન ઋષભદેવનું જે વિશુદ્ધ ચરિત્ર કહ્યું તે પુરૂષોનાં સર્વ પાપનો નાશ કરનારૂ છે તથા ઉત્તમોત્તમ મંગળ આપનારૂં છે જે મનુષ્ય સાવધ થઇને અનુક્રમે વૃદ્ધિ પામેલી શ્રદ્ધાવડે આ ભગવાનનું ચરિત્ર સાંભળે છે તથા બીજાને સંભળાવે છે, તે શ્રોતા તથા વક્તા બન્નેની ભગવાન વાસુદેવ ઉપર સારી રીતે અનન્ય ભક્તિ થાય છે. ૧૬ વિવેકી પુરૂષો નાના પ્રકારનાં દુઃખથી ભરપૂર એવા સંસારના તાપથી તપી ગયેલા પોતાના આત્માને નિરંતર ભક્તિરસમાં નવરાવે છે અને તેને લીધે જે પરમાનંદ મેળવે છે તે પરમ નિવૃત્તિને લીધે તથા ભગવદીયપણાને લીધે ચારે પુરૂષાર્થને પ્રાપ્ત કરનારા મહાત્માજનો પરમ પુરૂષાર્થરૂપ મોક્ષ મેળવે છે. ભગવાન તમારા કુળના તથા યાદવ કુળના સ્વામી હોઇ ઉપદેશ આપી સંબંધી તથા પાંડવોનું દાસપણુ પણ કરતા હતા, આટ આટલું છતાં પણ ભગવાન મુકુંદ પોતાનું ભજન કરનારાઓને મુક્તિ આપતા નથી પરંતુ કોઇ પણ દિવસ પ્રેમલક્ષણા ભક્તિથી વિમુખ રાખતા નથી, અર્થાત્ ભક્તિ સર્વ કરતાં શ્રેષ્ઠ છે. જે ઋષભદેવ નિત્ય અનુભવેલા સ્વસ્વરૂપના લાભથી તૃષ્ણારહિત હતા તથા દેહાદિકને માટે કરેલા મનોરથોને લીધે કલ્યાણના માર્ગને ઘણા દિવસ થયા ભૂલી ગયેલા અજ્ઞાની લોકો ઉપર કૃપા કરીને જેમણે તેમને આત્માસ્વરૂપનો ઉપદેશ કર્યો હતો તે ભગવાનને હું નમસ્કાર કરૂં છુ. ૧૯

नित्यानुभूतनिजलाभनिवृत्ततृष्णः
श्रेयस्यतद्रचनया चिरसुप्तबुद्धेः ।
लोकस्य यः करुणयाभयमात्मलोक
माख्यान्नमो भगवते ऋषभाय तस्मै ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेपंचमस्कंधे
षष्ठोऽध्यायः

અધ્યાય ૭ મો.‡

ભરતજીની પરમ ભક્તિ.

श्रीशुक उवाच

भरतस्तु महाभागवतो यदा
भगवताऽवनितलपरिपालनाय ।
संचिंतितस्तदनुशासनपर:
पञ्चजनीं विश्वरूपदुहितरमुपयेमे ॥१॥

શુકદેવજી કહે છે કે—જ્યારે ઋષભદેવે મહા ભગવદ્ભક્ત ભરતજીને રાજ્યાસન ઉપર અભિષેક કરવાનો વિચાર કર્યો ત્યારે તે પિતાની આજ્ઞાથી વિશ્વરૂપની પુત્રી પંચજનીને પરણ્યા. ૧ અહંકાર જેમ શબ્દ સ્પર્શ રૂપ રસ અને ગંધને ઉત્પન્ન કરે તેમ તેમણે પોતાના જેવા ગુણવાન પાંચ પુત્રો ઉત્પન્ન કર્યા ૨ તેમનાં નામ સુમતિ રાષ્ટ્રભુત સુદર્શન આવરણ તથા ધુમકેતુ હતાં. આ ખંડ અજનાભ નામનો હતો પણ તે ભરતજીના રાજ્ય સમયથી ભારતવર્ષ કહેવાયો હતો ૩ તે બહુ જ્ઞાની રાજા હતો તેમ પોતાના ધર્મનાં વર્તતો હતો. પોતાના પિતરોની પેઠે પોતપોતાનાં કર્મમાં વર્તતી પ્રજાનું પાલન કરતો, ૪ અને † ચાતુર્હોત્રની વિધિથી નિરંતર શ્રદ્ધાપૂર્વક અગ્નિહોત્ર દર્શ પૂર્ણમાસ્ય ચાતુર્માસ્ય પશુબંધેષ્ટિ તથા સોમયાગનો ‡ પ્રકૃતિ અને ¶ વિકૃતિરૂપ નાના મોટા યજ્ઞો કરીને યજ્ઞ તથા ક્રતુરૂપી ભગવાન યજ્ઞ નારાયણનું યજન કરતો. ૫ જેના અંગોની ક્રિયાઓ કરવામાં આવતી હતી એવા નાના પ્રકારના યજ્ઞો કરતા તેમાંથી ધર્મ નામનું * ક્રિયાનું અપૂર્વ ફળ ઉત્પન્ન થતું હતું તેની સર્વ દેવતાઓને દર્શાવનારા મંત્રોના નિયંતા હોવાથી પરમાત્મારૂપ અને સાક્ષાત ભગવાન વાસુદેવ એવા પરબ્રહ્મમાં ભાવના કરતા હતા અને તે ભાવનાથી જેમના રાગ દ્વેષ રૂપી મળ દૂર થયા હતા એવા યજમાન ભરત અધ્વર્યુ જ્યારે હાથમાં બળિદાન લેતા ત્યારે બળિનો ઉપભોગ કરનાર દેવતાઓનું પરમાત્માના નેત્રાદિક અવયવોને ઠેકાણેજ ધ્યાન કરતા હતા. ૬ પરમાત્માને કર્મો અર્પણ કરવાથી શુદ્ધ અંતઃકરણવાળા ભરતને હૃદયાકાશમાં જણાતા પરબ્રહ્મ રૂપ ભગવાન વાસુદેવ ઉપર વધતા જતા વેગવાળી અત્યંત ભકિત થઇ અને ભગવાનની આકૃતિ મહા પુરૂષના જેવાં સર્વ શ્રેષ્ઠ લક્ષણોથી સંપન્ન હતી. શ્રીવત્સ કૌસ્તુભમણિ વનમાળા ચક્ર શંખ ગદા પદ્મ આદિકથી શોભાયમાન અને નારદાદિક ભક્તજનના હૃદયમાં ચિત્રની પેઠે નિશ્ચળ રહેનાર ભગવાન પુરૂષ રૂપે ભરતને મનમાં દર્શન આપતા. ૭ ઘણા વરસો પછી રાજ્ય ભોગનુ અદૃષ્ટ પુરૂં થવાનો સમય આવ્યો ત્યારે બાપદાદાનું રાજ્ય ભોગવતા તે રાજ્ય ધન પુત્રોને ભાગ પ્રમાણે વહેંચી આપ્યું અને સર્વ સંપત્તિઓથી ભરપુર ઘરનો ત્યાગ કરી તપશ્ચર્યા કરવા પુલહાશ્રમમા ગયા. ૮ ભગવાન શ્રીહરિ પુલહાશ્રમના વિદ્યાધર કુંડમા ભકતજનો ઉપર પ્રીતિ હોવાથી અદ્યાપિ ભકતજનોને તેમની ઇચ્છાનુસાર સ્વસ્વરૂપના દર્શન આપે છે. ૯ છિદ્રવાળાં અને શિલાની અંદર રહેલા ચક્રો નદીઓમાં શ્રેષ્ઠ એવી ગંડકી નદીના આશ્રમોને પવિત્ર કરે છે. પુલહાશ્રમમા ભરતજી એકલા જાત જાતનાં પુષ્પોથી તુળસીથી કંદ મૂળ અને ફળ વગેરે પૂજાની બીજી સામગ્રીઓથી એકાંતમાં

‡ આ અધ્યાયમા ભરતે રાજ્યમા રહીને ઘણા દિવસ યજ્ઞોવડે ભગવાનનુ યજન કર્યું પ્રારબ્ધ કર્મ ક્ષીણ થવા આવ્યા ત્યારે હરિક્ષેત્રમા જઇને ભજન કર્યું

† હોતા ઉદ્ગાતા, અનિરુદ્ધ તથા પ્રતિપ્રસ્થાતા, એ ચાર જે કર્મમા હોય તે ચાતુર્હોત્ર ‡ સર્વ અંગોથી સમ્પૂર્ણ યજ્ઞો ને પ્રકૃતિ ¶ કાંઇક અંગોથી હીન તે વિકૃતિ * યજ્ઞદ્વારા અપૂર્વ ફળ ઉત્પન્ન થાય છે. પ્રભાકર કહે છે કે, યજ્ઞ કર્યા પછી જે સૂક્ષ્મસ્વરૂપ ઉત્પન્ન થાય છે, તેનુ નામ અપૂર્વ બીજા કહે છે કે કાળાતરે ફળને ઉત્પન્ન કરનારી કર્મની શક્તિનુ નામ અપૂર્વ છે

ભગવાનની સેવા કરવા લાગ્યા. વિષયોની ઇચ્છાથી તે નિવૃત્તિ પામ્યા અને શાંતિથી ભરપુર થયા. તે પરમ નિવૃત્તિના સુખને તે પછી પામ થયા ભગવાનની પૂજા કરવાથી વધતા જતા અત્યંત પ્રેમને લીધે ભરતજીનું હૃદય નરમ થયું, હર્ષથી તેમને રોમાંચ થતાં ઉત્કંઠાનાં પ્રેમાશ્રુને લીધે નેત્ર ભરાઇ જતાં; ભગવાનના રાતા ચરણારવિંદનું ધ્યાન ધરવાથી હૃદયમાં ચારે તરફ ફેલાઈ રહેલા પરમાનંદ રૂપી ઉંડા ધરોમાં તેમની બુદ્ધિ મગ્ન રહેવા લાગી ને ભગવાનની પૂજાનુ પણ તેમને ભાન ભુલાવા માંડયું. ૧૨ આ પ્રમાણે ભગવાનની સેવાના નિયમોને પાળતા કર્મ કરવા ત્રણ વખતે નહાતા તેથી ભીની પીળી અને વાંકી વળેલી જટાથી શોભાયમાન ભરતજી પ્રભાતમા સૂર્યમંડળનો ઉદય થતો તે વેળા તેની સન્મુખ ઉભા રહી સૂર્યને પ્રકાશ કરનારી ઋચાવડે સૂર્યના મંડળમા રહેલા હિરણ્યમય ભગવાન શ્રીસૂર્યનારાયણની સ્તુતિ કરતા. ૧૩ પ્રકૃતિથી પર કર્મનું ફળ આપનારા બુદ્ધિને સન્માર્ગે દોરનાર મનથી જગતને સરજનારા અને તે જગતમા અંતર્યામીરૂપે પ્રવેશ કરીને તૃષ્ણાવાળા જીવને ચૈતન્ય શકિત આપનાર સૂર્યદેવતા તેજરૂપી ભગવાન નારાયણ છે તેમને આપણે શરણે જઇએ છીએ. ૧૪

परोरजः सवितुर्जातवेदो वेदस्य
भर्गो मनसेदं जजान ।
सुरेतसादः पुनराविश्य चष्टे हंस
गृध्राणं नृषद्रिं गिरामिमः ॥ १४ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेपंचमस्कंधे
सप्तमोऽध्यायः

અધ્યાય ૮ મો.‡

ભરતના મૃગમાં ભાવનાજન્મ.

श्रीशुक उवाच
एकदा तु महानद्यां
कृताभिषेकनैयाभिकावश्यको।
ब्रह्माक्षरमभिगृणानो
मुहूर्तत्रयमुदकांत उपविवेश ॥१॥

શુકદેવજી કહે છે કે—એક દિવસ ભરતજી નિયમિત ક્રિયા કર્મ કરી લઇ ગંડકી નદીમાં સ્નાન કરી સંધ્યાવંદન વગેરે નિત્ય નિયમથી પરવારી ૐકારનો જપ કરતા તીર ઉપર બેઠા હતા ૧ તેવામાં એક હરિણી જળપાનની ઇચ્છાથી સામે કિનારે આવતી જણાઇ. ૨ તે જેવી જળપાન કરવા જાય છે કે, વનમાંથી એક સિંહે લોકોને ભય ઉપજે એવી ઘોર ગર્જના કરી ૩ સિંહની ગર્જના સાંભળીને સ્વભાવથી બીકણ એવી તે હરિણી ચમકીને આમતેમ જોવા લાગી સિંહના ભયથી તેનું હૃદય અત્યંત વ્યાકુળ થઈ ગયું. દૃષ્ટિ ચારે તરફ ફરવા લાગી અને તૃષા છીપી ન હતી તોપણ એકાએક નદીના સામા તીર ઉપર જવાને કૂદી. તે ગર્ભવતી હતી તેથી કૂદતાં ભયને લીધે તેનો ગર્ભ નીકળી પ્રવાહમાં પડી ગયો. ૫ ગર્ભનું નીકળી પડવું, સામે તીરે જઇ પડવું તથા ભય એ સર્વથી થયેલા ખેદને લીધે આતુર થયેલી અને પોતાના ટોળામાંથી વિખુટી પડેલી તે એક પર્વતની ગુફામાં પેશી ગઇ અને ત્યાં મરણ પામી. ૬ દયાપાત્ર પેલા બચ્ચાને પાણીમાં તણાતું જોઇ માતપિતાએ ત્યાગ કરેલા બાળકને તેનો બંધુ જેમ ઉપાડી લે તેમ રાજર્ષિ ભરતે ઉપાડી લીધું. જેની માતા મરી ગઈ હતી એવા મૃગના બચ્ચાને લઇ તે આશ્રમમાં ગયા. ૭

‡ આ અધ્યાયમા ભરત વિષ્ણુનુ ભજન કરતા હતા એટલામા કોઈ કર્મના અંતરાયથી મૃગના બચ્ચાની રક્ષા કરવામા મન ગયુ તેથી મૃગનો અવતાર લેવો પડયો એ કથા કહેવારો.

મૃગના બચ્ચા ઉપર પોતાના બાળક જેવું અત્યંત વાત્સલ્ય બંધાઇ ગયું. તેને ખવરાવવી પીવરાવી તે મોટું કરવા લાગ્યા વરૂ વગેરે હિંસકોથી તેની રક્ષા કરવા લાગ્યા, ચુંબન વગેરે કરી લાડ લડાવવા લાગ્યા અને પંપાળી તેને પ્રસન્ન કરવા લાગ્યા.

આ પ્રમાણે મૃગના બચ્ચાની સેવા કરવાથી તેની ઉપર એવી આસક્તિ બંધાઈ કે સેવા સ્નાનાદિક કર્મો અને અહિંસાદિક નિયમો એક પછી એક છૂટવા લાગ્યા અને કેટલેક દિવસે સર્વ નિયમો તદન છૂટી ગયા નિયમો છૂટી જતાં ભરતજી આ પ્રમાણે સંતાપ કરવા લાગ્યાઃ—અરેરે, આ બિચારૂં મૃગનું બચ્ચું કાળના વેગથી પોતાના ટોળામાંથી તથા સંબંધીઓથી જુદું પડી મારે શરણે રહ્યું છે અને મને માબાપ ભાઇઓ સબંધી તથા ટોળાંવાળો માની મારી પાછળ ફરે છે. મારા વિના બીજા કોઇને તે ઓળખતું નથી મારી ઉપર અત્યંત વિશ્વાસ રાખે છે, માટે મારે 'મારો સ્વાર્થ નાશ પામશે' એવી દોષદૃષ્ટિ કર્યા વિના શરણે આવેલા આ મૃગના બચ્ચાનું પોષણ પાલન લાલન વગેરે કરવું જોઇએ કારણ કે, હું શરણાગતનો અનાદર કરવાથી લાગતા દોષને જાણું છું. ૯ શાંત સ્વભાવવાળા અને દીન જન ઉપર પ્રેમભાવ રાખનાર સદ્ગુણી આર્ય પુરૂષો આવા વિષયોને માટે મોટા મોટા સ્વાર્થોની પણ દરકાર કરતા નથી ૧૦ મૃગના બચ્ચા ઉપર આસક્તિ રાખી બેસવું ઉઠવું સૂવું ફરવું ઉભા રહેવું ખાવું પીવું આદિ સર્વે ક્રિયાઓ પ્રીતિને લીધે તે બચ્ચાની કરવા લાગ્યા. દર્ભ તૃણ પાંદડા ફળ મૂળ અને પાણી વગેરે લેવા જ્યારે તે વનમા જતા ત્યારે વરૂ અને કુતરાં તે બચ્ચાને મારી તો નહિ નાખે, એવી શંકાથી પોતાની સાથે વનમાં લઇ જતા. ૧૨ રસ્તામાં જતાં તે મુગ્ધભાવને લીધે આડું અવળું ભરાઈ જતું ત્યારે અત્યંત સ્નેહાળ હૃદયવાળા ભરતજી દયાળુપણાથી તેને પોતાના ખભા ઉપર ઉંચકી લેતા ખોળામાં બેસાડી તેને રમાડતા કદી છાતી સાથે લગાડી લગાડીને લાડ લડાવતા અને પરમ આનંદ પામતા હતા. ૧૩ કોઇ કોઇ વાર પૂજા કરતાં વચ્ચે ઉડી ઉઠીને ભરતજી તેને જોતા, હરખાઇને આશીર્વાદ આપતા અને કહેતા કે, 'હે વત્સ ! તારૂં સર્વ ઠેકાણે કલ્યાણ થજો ' ૧૪ જ્યારે તે બચ્ચું જોવામા આવતું નહિ ત્યારે ધનનો નાશ થવાથી કૃપણ મનુષ્યને જેમ સંતાપ થાય તેમ તેમના મનમા અત્યંત સંતાપ થતો, તેના વિયોગથી વિહ્વળ થઇ સંતાપ કરતા ભરતજી અત્યંત તૃષ્ણાથી દયાપૂર્વક તેને માટે શોક કરતા અને મોહને લીધે આ પ્રમાણે કહેતા હતા અરેરે ! દયાપાત્ર ને મા વિનાનું આ બચ્ચુ કે જેણે મારો ભાગ્યહીનનો વિશ્વાસ કર્યો છ તે શુદ્ધહૃદયનું મૃગબાળ ખળ તથા ભિલ્લના જેવી ક્રૂરબુદ્ધિવાળો પુણ્ય રહિત અનાર્ય એવો જે હું તેનો સત્પુરૂષની પેઠે અપરાધ ન ગણકારીને શું પાછો આવશે. ૧૬ હું આ આશ્રમના ઉપવનમાં તેને ઈશ્વરની રક્ષા તળે કોમળ તૃણ ચરતાં ક્ષેમ કુશળ જોઈશ ? ૧૭ વરૂ કુતરાં અથવા બીજું કોઈ ટોળામાં ફરનારૂ કે એકલું ઘાતક પ્રાણી તેને ખાઇ તો નહિ જાય ? ૧૮ સર્વ જગતનું કલ્યાણ કરનાર સૂર્ય નારાયણ આથમવા આવ્યા ત્યાં સુધી તે આવ્યું નહિ. ૧૯ તે જોવા યોગ્ય મૃગના બચ્ચાની રમતગમતોથી મનનો ખેદ નાશ પામતો અને મારી પાસે આવીને મને સુખી કરતું. ૨૦ રમત વેળાએ હુ ખોટી સમાધિ ચઢાવીને આંખો મીંચી રાખતો ત્યારે તે ચકળવકળ આંખો કરતું મારી પાસે આવીને પાણીનાં બિંદુ જેવા કોમળ શિંગડાંની અણીઓથી મને ગિલી કરતું ૨૧ તે જેના ઉપર બળિદાન મૂકેલું હોય એવા દર્ભને મુખથી તાણીને ખાતુ ત્યારે હું તેને હોકારતો તે વેળાએ

તે ઋષિના કુમારની માફક સર્વ ક્રીડા બંધ કરી નિશ્ચલ થઈને બેશી રહે છે. ૨૨ અરેરે ! આ ભાગ્યશાળી પૃથ્વીએ એવું તે શું કર્મ કર્યું હશે કે જેથી આ પૃથ્વી વિનયી એવા કૃષ્ણમૃગના પુત્રની ઝીણી ઝીણી મનોહર સુખકારી અને કેમળ એવી ખરીઓની પંક્તિઓથી મૃગના બચ્ચારૂપી ધન વિનાનો થવાથી આતુર અને કૃપણ એવા મને ધન રૂપ તે મૃગના બચ્ચાના માર્ગને દેખાડે છે અને પોતે પણ સ્વર્ગ તથા મોક્ષની કામનાવાળા દ્વિજ લોકોને ચારે તરફથી આનંદ આપનારી તથા યજ્ઞ કરવાના સ્થાનરૂપ થઇ પડે છે. ૨૩ દીનજન ઉપર દયા કરનાર ભગવાન ચંદ્રમા, જેની મા મરી ગયેલી છે એવા આ મૃગના બાળને પોતાના આશ્રમમાંથી ભૂલું પડેલું છે--તેને પોતાના ખોળામાં લઇને સિંહના ભયમાંથી શું તેની રક્ષા કરતો હશે ? ૨૪ મારા હૃદયરૂપી સ્થળકમળ પુત્રના વિયોગથી થયેલા સંતાપ રૂપી દાવાનળની જ્વાળાઓથી તપ્યા કરે છે માટે એ મૃગબાળ મારી પાસે આવી ટાઢા શાંત અને પ્રેમને લીધે વારંવાર ઝરતા શુંકના અમૃત જેવા છાંટાઓથી શું મને ઠંડક આપશે નહિ ? ૨૫

આ પ્રમાણે અઘટિત મનોરથોથી ભરતજીનું હૃદય વ્યાકુળ થઈ ગયું તેથી તે તપસ્વી યોગી પોતાના પ્રારબ્ધ કર્મને લીધે યોગમાંથી તથા ભગવાનની આરાધનામાંથી ભ્રષ્ટ થયા. જો એમ ન હોય તો જે ભરતે ત્યાગ કરી શકાય નહિ એવા પોતાના પુત્રોનો ત્યાગ કર્યો હતો તેમને મૃગના બચ્ચા ઉપર કેમ આશક્તિ થાય ? આ પ્રમાણે વિઘ્ન આવવાને લીધે યોગાભ્યાસમાંથી ભ્રષ્ટ થયેલા અને મૃગના બચ્ચાનું પાલન પોષણ અને લાલન કરતા પોતાના આત્માની પણ ચિંતા ન કરનારા રાજર્ષિ ભરતને સર્પ જેમ ઉંદરના દર ઉપર આવી ચઢે તેમ ભયંકર વેગવાળો અને પાછો વાળ્યો વળે નહિ તેવો વિકરાળ કાળ પ્રાપ્ત થયો. ૨૬ મરણ સમયે પણ મૃગનું બચ્ચું તેમની પાસે બેસીને પુત્રની પેઠે રડતું હતું તેને જોવાથી ભરતનું મન તેની ઉપર આસક્ત રહ્યું તેથી દેહનો ત્યાગ કરતાં પામર મનુષ્યની માફક ભરતને મૃગનો અવતાર આવ્યો. પૂર્વ જન્મનો દેહ પડી ગયો તોપણ તેમને પૂર્વજન્મનું સ્મરણ રહ્યું. ૨૭ મૃગના અવતારમાં ભરતજી પોતાનો મૃગની જાતિમાં અવતાર થવાનું કારણ ભગવાનની આરાધના કરવાના પ્રભાવથી જાણી મનમાં અત્યંત સંતાપ કરવા લાગ્યા. ૨૮ અરેરે ! હું આત્મજ્ઞાનીઓના માર્ગમાંથી ભ્રષ્ટ થયો. હું સંસારના સર્વ પદાર્થોનો સંગ ત્યાગ કરીને એકાંત એવા પુણ્યક્ષેત્રમાં રહેતો હતો અને મેં ધીરબુદ્ધિથી ઘણા કાળ સુધી એક પળ પણ વ્યર્થ ન જાય એવી રીતે ભગવાનના ચરિત્રનું શ્રવણ મનન અને કીર્તન આરાધન તથા સ્મરણ કરીને ભગવાન વાસુદેવ ઉપર મનને સ્થિર કર્યું હતું, તે ફરીને મારા મૂર્ખનું અધીરનું મન એક મૃગના બચ્ચાની ઉપર ગયું અને તેની ઉપર આસક્તિવાળું થયું. ૨૯ આ પ્રમાણે મનમાં નિરંતર ખેદ કરતા મૃગમાં અવતરેલા ભરતજી મૃગી માતાનો ત્યાગ કરી કાલંજર નામના પર્વતમાંથી જ્યાં આગળ સાલનાં ઘણાં વૃક્ષો હતા તથા શાંત સ્વભાવના મુનિઓને જે સ્થાન પ્રિય હતું એવા પુલહાશ્રમ નામના ક્ષેત્રમા ગયા. ૩૦ તે ક્ષેત્રમાં કાળની વાટ જોતા તે કોઈનો પણ સંગ કરવાથી જન્મમરણ થાય છે એવા વિચારથી કોઇનો પણ સંગ કરવાથી દૂર રહેવા લાગ્યા. એકલાજ તે વનમાં ફરતા સૂકાં પાંદડાં ઘાસ તથા વેલાઓ ખાઇને રહેતા અને મૃગની જાતિમાં અવતાર આવવાના પ્રારબ્ધ કર્મ ક્યારે પૂરાં થશે તેની ગણતરી કરતા. આ પ્રમાણે કેટલાએક દિવસો વીત્યા પછી

તેમણે તીર્થના પાણીથી ભીંજાયલા મૃગના શરીરનો ત્યાગ કર્યો. ૩૧

तस्मिन्नपि कालं प्रतीक्षमाणः संगाच्च भृशमुद्विग्न आत्मसहचरः शुष्कपर्णतृणवीरुधा वर्तमानो मृगत्वनिमित्तावसानमेव गणयन् मृगशरीरं तीर्थोदकक्लिन्नमुत्ससर्ज ॥ ३१ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेपंचमस्कंधे अष्टमोध्यायः

અધ્યાય ૯ મો.†

જડભરત—ભદ્રકાલીને ભોગ.

श्रीशुक उवाच

अथ कस्यचिद्द्विजवरस्यांगिरःप्रवरस्य शमदमतपःस्वाध्यायाध्ययनत्यागसंतोषतितिक्षाप्रश्रयविद्याऽनसूयात्मज्ञानानंदयुक्तस्यात्मसदृशश्रुतशीलाचाररूपौदार्यगुणा नव सोदर्या अंगजा बभूवुर्मिथुनं च यवीयस्यां भार्यायाम् ॥ १ ॥

શુકદેવજી કહે છે કે—હે પરીક્ષિત રાજન! ત્યાર પછી શમ, દમ, તપ, વેદાધ્યયન, દાન, સંતોષ, સહનશીલતા, વિનય ને કર્મ કરવાથી વિદ્યાએ સર્વ ઉપર દયા દેહાદિકથી ભિન્ન આત્મા ભોક્તા છે એવું જ્ઞાન તથા ધર્મની સંપત્તિથી આનંદવાળો કોઇ એક શ્રેષ્ઠ બ્રાહ્મણ અંગિરાના કુળમા જન્મ્યો હતો તેને પોતાની મોટી સ્રીમાં પોતાના જેવાજ શાસ્રાભ્યાસ કરનાર સારા સ્વભાવવાળા આચારવાળા રૂપવાન તથા ઉદાર નવ પુત્રો થયા અને નાની સ્રીમાં એક જોડકું થયું. ૧ તેમાં જે પુરૂષ હતો તે ભરતનો અવતાર હતો, તે પૂર્વજન્મમા રાજર્ષિઓમાં શ્રેષ્ઠ ભરતજી હતા. પછી મૃગમાં જન્મ્યા હતા અને મૃગનુ શરીર પડયા પછી બ્રાહ્મણની જાતિમાં જન્મ્યા. ૨ ભરતજી બ્રાહ્મણના અવતારમાં પોતાના સંબંધીઓનો સંગ કરતાં બહુ જ સંભાળ રાખતા. જેમના ગુણો સાંભળવાથી તથા વિવરણ કરવાથી. કર્મનાં બંધનો છૂટી જાય એવા ભગવાનના ચરણારવિંદનું મનમાં ધ્યાન કરતા અને ભગવાનના અનુગ્રહથી પોતાના પૂર્વ કાળના જન્મોની પરંપરા સાંભરતી હતી તેથી કોઇનો પણ સંગ કરવાથી ફરીને જન્મમરણના ફેરામાં પડવું પડશે એવી બીકથી જગતમાં પોતાના દેહને ઉન્મત્ત જડ આંધળા અને બહેરાના જેવો દેખાડવાનો યત્ન કરતા હતા.૩ તેમની ઉપર પ્રેમ હોવા છતાં તેમના પિતાએ પુત્ર જડ હોવાથી તેને ગૃહસ્થાશ્રમનો અધિકારી નથી એમ ગણી શાસ્રોમાં કહેલા પ્રમાણે સમાવર્તન સુધી સર્વ સંસ્કારો કરવા જનોઈ દીધું અને શૌચ તથા આચમન વગેરે કર્મના નિયમો શીખવ્યા, કારણ કે પિતાએ પુત્રને સદાચાર શીખવવો જોઇએ. ભરત પિતાજી શીખવવાનો મિથ્યા આગ્રહ છોડી દે એટલા માટે આચારમાં વિરૂદ્ધાચરણ કરતા. તેમના પિતાએ વેદ ભણાવવા માટે વ્યાહૃતિઓ સાથે પ્રણવ તથા શિર સહિત ત્રિપદા ગાયત્રી ભણાવવા માંડી, તે ભણતાં ભણતાં ગ્રીષ્મ ને વસંતના ચાર માસ વીતી ગયા તોપણ આવડી નહિ.

આ પ્રમાણે પોતાના રૂપ પુત્ર ઉપર પ્રીતિને લીધે મન લગાડીને પવિત્રતા વેદાધ્યયન વ્રત નિયમ ગુરૂસેવા તેમજ અગ્નિસેવા આદિક બ્રહ્મચારીનાં કર્મો પુત્રને ગમતાં ન હતાં તોપણ પિતાએ શીખવવાં જોઇએ એવા આગ્રહથી પુત્રને શીખવ્યાં. પોતાના પુત્રને પંડિત કરવા રૂપી મનનો મનોરથ સિદ્ધ થયો નહિ. તે ઘરમાં પ્રમાદી થઈ રાત્રિ દિવસ રહેતા હતા એટલામાં કાળે તેમને પોતાને આધીન કર્યા. ૬ તેમની નાની સ્રી પોતાથી ઉત્પન્ન થયેલું જોડકું પોતાની શોકયને સોંપી સતી ધર્મની રીત પ્રમાણે પતિ સાથે બળી

† આ અધ્યાયમા જડ ભરત એવા બ્રાહ્મણરૂપે અવતર્યા તેથી તેમને રાગ દ્વેશ આદિક કંઈ ન હતુ એમ ભદ્રકાલીની પાસે પશુરૂપે ઘસડી ગયા તોપણ વિકાર થયો નહિ, તે કથા કહેવાશે

પૂર્વ. પિતાના મરણ પછી જડભરતના ભાઈઓ જેઓ જડભરતના પ્રભાવથી અજાણ્યા હતા તથા જેઓ બ્રહ્મવિદ્યામાં નહિ પણ કર્મવિદ્યામાં પુરુષાર્થ ન માનનારા હતા તેઓએ 'આ જડબુદ્ધિ જીવ છે,' એમ સમજી તેમને ભણાવવાનો આગ્રહ મૂકી દીધો. પશુના જેવાં પ્રાકૃત મનુષ્યો જ્યારે તેમને ઘેલો ! બહેરો ! કહી બોલાવતા ત્યારે ભરત પણ તેવા શબ્દોથી તેમને પ્રતિઉત્તર આપતા હતા. લોકો તેમની પાસે જ્યારે કામ કરાવતા હતા ત્યારે તેમની ઇચ્છાનુસાર તે કામ કરતા. વેઠ કરીને વૈતરું કરીને માગી લાવીને અથવા દૈવેચ્છાથી થોડું ઘણું મીઠું કે સ્વાદ વિનાનું જે કંઇ અન્ન મળતું તે તેઓ ખાતા પરંતુ ઇંદ્રિયોની પ્રીતિને માટે ખાતા નહિ, નિરંતર બીજાથી ઉત્પન્ન નહિ થયેલા સ્વયંપ્રકાશ. વિશેષે કરીને શુદ્ધ અનુભવમાં આવે એવા પરમાનંદ આત્માની તેમને પ્રાપ્તિ થઇ હતી તેથી તે માન અને અપમાનથી થનારાં સુખ દુઃખમાં દેહાભિમાન કરતા ન હતા. ટાઢ તડકો વાયુ કે વરસાદમાં બળદની પેઠે ઉઘાડે શરીરે રહેતા, તેમનાં અંગો પુષ્ટ અને મજબૂત હતાં. પૃથ્વી ઉપર સુવાથી મર્દન કરવાથી અને નહિ નહાવાથી તેમના શરીર ઉપર મેલ ચઢતો તેથી સાફ નહિ કરેલા મહામણિની પેઠે તેમનું બ્રહ્મતેજ સ્પષ્ટ દેખાતું ન હતું. તે કમ્મર ઉપર એક ફાટેલું કપડું વિંટાળતા અને મેલી જનોઇ પહેરતા તેથી ખરા રૂપને ન જાણનારા લોકો 'બ્રાહ્મણ અધમ બ્રાહ્મણ,' એવા નામથી તેમને બોલાવી અપમાન કરતા. ભરતજી આવા અવધૂત વેશમાં હમેશ ફર્યા કરતા. ૧૦

આ પ્રમાણે ભરતજી કામ કરીને જ્યારે બીજાની પાસેથી આહાર મેળવવા લાગ્યા ત્યારે ત્યારે તેમના ભાઇઓએ શાળના ખેતરમાં ક્યારાઓ ઉપર તેમને કામે રાખ્યા. તે કામ પણ તે ખુશીથી કરવા લાગ્યા. ક્યારામાં કોઇ સરખો તો કોઈ વાંકો અને કોઇ મોટો થઈ જતો તેનું તે ધ્યાન રાખતા ન હતા અને ભાઇઓએ આપેલી ચોખાની કણકી સાળનાં ફોતરાં સડેલા અથવા બળી ગયેલા અન્નોને અમૃત તુલ્ય ગણી ખાતા. ૧૧ એક સમયે કોઇક શૂદ્ર, પુત્રની કામનાથી ભદ્રકાલીને પુરુષપશુનું બળિદાન આપવા તૈયાર થયો હતો. ૧૨ તે ક્રિયા માટે જે પુરુષપશુ દૈવેચ્છાથી બંધનમાંથી છૂટી નાશી ગયો તેને શોધવા તે શૂદ્ર રાજાનાં મનુષ્યો તેની પાછળ પડયાં. અર્ધ રાત્રિનો સમય હતો અને રાત્રિ બહુજ અંધારી હતી તે વખતે પેલો નાશી ગયેલો પુરુષ તો મળ્યો નહિ પરંતુ અકસ્માત્ અંગિરાના પુત્ર જડભરત વીરાસનની ખડી ચોકીથી હરણ તથા સૂવર વગેરે પશુઓથી શાળના ક્યારાઓની રક્ષા કરતા હતા. ૧૩ રાજાના સિપાઇએ તેમનાં સર્વ લક્ષણો નિર્દોષ જોઇ પોતાનું કામ સિદ્ધ થયું એમ માન્યું. તેમને દોરીથી બાંધીને તે લોકો હર્ષભેર ચંડિકાના મંદિરમાં લઇ ગયા. ૧૪ જડભરતને પોતાની રીત પ્રમાણે નવરાવી નવાં વસ્ત્રો પહેરાવ્યાં ઘરેણાં પહેરાવ્યાં શરીરપર ચંદનનો લેપ કર્યો પુષ્પની માળા પહેરાવી અને લલાટમાં તિલક વગેરે કરી શણગાર્યા. ઉત્તમ પ્રકારનાં ભોજનો કરાવ્યાં અને પછી ધૂપ દીપ પુષ્પ શાળની ધાણી જવારા ફળ વગેરે પૂજાની સામગ્રી સાથે હિંસાના વિધિથી ગીત ગાતાં મૃદંગ અને ઢોલના અવાજ સાથે ભદ્રકાળી સન્મુખ અર્પણ કર્યા. ૧૫ પછી શૂદ્રરાજાના પુરોહિતે ધૂપ દીપ વગેરે બળિદાનની સામગ્રી દેવીને અર્પણ કરી પુરુષપશુના લોહીરૂપી આસવથી તૃપ્ત કરવા દેવીના મહા મંત્રથી મંત્રેલી અને સજાવેલી ભયંકર તરવાર હાથમાં લીધી. ૧૬

આ પ્રમાણે રજોગુણી ને તમોગુણી સ્વભાવના ધનના મદથી છકી ગયેલા ને ભગવાનનો જેમાં અંશ છે એવા બ્રાહ્મણના કુળને તુચ્છ ગણીને પોતાની ઇચ્છા પ્રમાણે

ચાલનારા હિંસાને રમત જેવી માનનારા શૂદ્ર લોકો બ્રહ્મસ્વરૂપ બ્રહ્મર્ષિના પુત્ર સર્વ પ્રાણીઓના મિત્ર આપત્કાળે પણ જેની હિંસા કરવાની આજ્ઞા નથી એવા તે બ્રાહ્મણની હિંસા કરવા લાગ્યા. દેવી ભદ્રકાળી અસહ્ય એવા તે બ્રાહ્મણના તેજવડે પોતાનું શરીર બળવા લાગ્યું તેથી મૂર્તિનો ત્યાગ કરી બહાર નીકળ્યાં. ૧૭ અપરાધ સહન ન કરવા રૂપી આવેશના વેગથી શરીરમાં થતા દાહના વેગથી ભ્રુકુટિ ઉંચી ચઢાવી ભયંકર ડાઢો અને રાતી ચોળ આંખોવાળાં તે ભદ્રકાળીનું મુખ મહા ભયંકર દેખાવા લાગ્યું. દેવી આ જગતનો નાશ કરવાની ઇચ્છાવાળાં હોય તેમ મહા ક્રોધથી ખટખટાટ હસતાં પોતાના સ્થાનકમાંથી બહાર આવ્યાં અને તેમનીજ તરવારે મહા પાપી અને દુષ્ટ એવા શૂદ્ર લોકોનાં માથાં છેદી તેઓના ગળામાંથી પડતા અત્યંત ઉના લોહીરૂપી આસવનું પોતાના ભુવાઓની સાથે પાન કરવા લાગ્યાં. દેવી ભદ્રકાળી લોહી પી આસવના અત્યંત પાનથી વિહ્વળ થઇ ગયાં અને પોતાના ભુવાઓની સાથે લાંબો રાગ કાઢીને ગાવા અને નાચવા લાગ્યાં. શૂદ્રોનાં માથાંને ઉંચે ઉછાળી દડાની પેઠે રમત રમવા લાગ્યા.૧૮ આ પ્રમાણે મોટા પુરૂષોનો અભિચાર મંત્રવડે અપરાધ કર્યો હોય તો ને પોતાનું જ બૂરૂં કરે છે. ૧૯ હે વિષ્ણુદત્ત ભગવાનના ભક્ત એવા પરમહંસોને પોતાનું માથું કપાવવાનો સમય આવી પડે તોપણ તેઓ ગભરાતા નથી, કારણકે તેઓ દેહાદિક પદાર્થોને આત્મારૂપ માનનારી હૃદયની દૃઢ ગાંઠથી રહિત માને છે. તે સર્વ પ્રાણીઓના મિત્ર તથા આત્મારૂપ હોય છે વૈર વિનાના હોય છે ભગવાનનાં નિર્ભય ચરણારવિંદના મૂળનો આશ્રય કરનારા અને સાક્ષાત ભગવાન પોતાના સાવધાન રહેનારા કાળરૂપી ચક્રવડે તથા બીજા પદાર્થોવડે તેઓની ચારે તરફથી રક્ષા કરે છે. ૨૦

न वा [illegible]कृतं च संभ्रमः स्वशिरश्छेदन आपतितेऽपिवि[illegible]देहाद्यात्मभाव[illegible]हृदयग्रंथीनां सर्वसत्त्वसुहृदात्मनां निर्वैराणां साक्षाद्भगवताऽनिमिषारिवरायुधेनाप्रमत्तेन तैस्तैर्भावैःपरिरक्ष्यमाणानांतत्पादमूलमकुताश्चिद्भय[illegible]पसृतानांभागवतपरमहंसाना[illegible] ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेपंचमस्कंधे नवमोऽध्यायः

અધ્યાય ૧૦ મો. ‡

રહૂગણ અને જડભરતનો સંવાદ.

श्रीशुक उवाच

अथ सिंधुसौवीरपते रहूगणस्य व्रजत इक्षु[illegible]टे तत्कुलपतिना शिबिकावाहपुरुषान्वेषणसमये दैवेनोपसादितःसद्विजवर उपलब्ध एष पीवा युवा संहननांगो गोखरवद्धुरंवोढुमलमिति पूर्वविष्टिगृहीतैः सह गृहीतः प्रसभमतदर्ह उवाह शिबिकां स महानुभावः ॥ १ ॥

શુકદેવજી કહે છેકે–ત્યાર પછી સિંધુ તથા સૌવીર દેશનો રાજા રહૂગણ તત્ત્વ જિજ્ઞાસાથી કપિલના આશ્રમમાં જતો હતો એટલામાં ઇક્ષુમતી નદીના તીર ઉપર તેની પાલખી ઉપાડનારા ભોઈ લોકોના નાયકને પાલખી ઉપાડનારા બીજા પુરૂષોની શોધ કરવાની જરૂર પડી. બ્રાહ્મણોમાં ઉત્તમ એવા જડભરત દૈવયોગે તેને ત્યાં મળી આવ્યા.શરીરે જાડા તરૂણ અને દૃઢ હોવાથી બળદ તથા ગધેડાની પેઠે ભાર ઉપાડવાને આ સમર્થ છે એમ ધારીને પહેલા વેઠે પકડેલા પુરૂષોની સાથે તેમને પણ બળાત્કારથી વેઠે પકડયા. મહા પ્રતાપી જડભરત પાલખી ઉપાડવાને યોગ્ય ન હતા

‡ આ અધ્યાયમા રહૂગણની પાલખી ઉપાડી ચાલતા રાજાએ તેનો તિરસ્કાર કર્યો અને પોતે કહેલાં તિરસ્કાર વચનોના પ્રત્યુત્તરમા જડભરતને ઓળખી કાઢયા અને પ્રસન્ન કર્યા તે કથા તથા જડભરતે દેખાડેલુ અવિકારીપણુ જડમા અને ચૈતન્યમાં સરખુ હોય છે એ કથા કહેવાશે

તોપણ બીજા પુરૂષોની સાથે તેમને તે ઉપાડવી પડી. જડભરત માર્ગમાં ચાલતાં પગતળે જીવ ચંપાઇ જાય નહિ એટલા માટે એક બાણુ જેટલી જગ્યા જોઇ જોઇને ચાલતા હતા. સર્વ ભોઈઓની ચાલ એક સરખી નહિ રહેવાથી પાલખી વાંકી ચૂકી થઇ જવા લાગી. તે જોઇને રહૂગણુ રાજાએ ભોઇઓને કહ્યું કે હે ભોઈ લોકો! સરખા ચાલો. પાલખી વાંકી થાય છે. ૨ ભોઇ લોકો રાજાનું વચન સાંભળી દંડના ભયથી ગભરાઇ રાજાને વિનતિ કરવા લાગ્યા કે—હે રાજન! અમે સરખા ચાલીએ છીએ. તમારી આજ્ઞા પ્રમાણે વર્તીએ છીએ પાલખીને સારી રીતે ઉપાડીએ છીએ પરંતુ આ નવા પુરૂષને ઉપાડતાં આવડતું નથી તેથી તે વાંકી ચૂકી થઇ જાય છે રાજા રહૂગણે ભોઇ લોકોનું વચન સાંભળી એક સંસર્ગી પુરૂષનો અપરાધ બીજા સર્વ સંસર્ગી પુરૂષોને લાગુ પડે છે તે સ્પષ્ટ જોયું. પછી તે વૃદ્ધ જનોની સેવા કરનારો હતો તોપણ તેની બુદ્ધિ રજોગુણી હતી તેથી જરાક ક્રોધ કરીને રાખમાં ભારેલા અગ્નિની પેઠે જેમનું બ્રહ્મતેજ સ્પષ્ટ દેખાતું નહતું એવા જડભરતને નીચની માફક મશ્કરીમાં કહેવા લાગ્યો કે—તું ખરેખર બહુજ થાકી ગયો છે, કારણ કે તું એકલો જ ઘણા લાંબા માર્ગ સુધી પાલખી ઉપાડીને ચાલ્યો આવે છે, તું બહુ જાડો નથી તારાં અંગો મજબૂત નથી અને તું વૃદ્ધાવસ્થાથી કંટાળી ગયો છે. હે મિત્ર! આ તારા સોબતીઓ કંઇ તારા જેવા નથી. આ પ્રમાણે રાજા રહૂગણે બહુ મશ્કરી કરી તોપણ માયાએ રચેલાં પંચભૂતો ઇંદ્રિયો પુણ્ય—પાપ તથા અંતઃકરણમાંથી બનેલા પોતાના છેલ્લા દેહરૂપી મિથ્યા પ્રતીતિ ભરતને ન હતી અને તે બ્રહ્મસ્વરૂપ થયા હતા તેથી છાનામાના કંઇ પણ ઉત્તર ન આપતાં પ્રથમની માફક પાલખી વહેવા લાગ્યા. ૬ ફરી પોતાની પાલખી વાંકી થઇ તે જોઇ રહૂગણુ રાજા કોપાયમાન થઇને બોલ્યા કે, અરે! આ શું, તું જીવતો છતાં મુવેલા જેવો જણાય છે, કારણ કે મારૂં અપમાન કરીને પોતાના ઉપરીની આજ્ઞાનું તું ઉલ્લંઘન કરે છે. યમરાજા જેમ સર્વ મનુષ્યોને શિક્ષા કરે છે તેમ હું પણ તને શિક્ષા કરીશ કે જેથી તું તારા પોતાના મૂળ સ્વભાવ ઉપર પાછો જઇશ નહિ. ૭ સંબંધ વિનાનું બોલતા રજોગુણ ને તમોગુણવાળા મદવડે ભગવાનના સર્વપ્રિય ભક્તોનો તિરસ્કાર કરનારા પોતાને પંડિત માનનારા યોગીશ્વરોની રીતભાતમાં થોડા પરિચયવાળા અને 'હુ રાજા છુ' એવું અભિમાન ધરાવનારા રહૂગણુ રાજાને ભગવાન બ્રહ્મરૂપે થયેલા સર્વ પ્રાણીઓના મિત્ર આત્મસ્વરૂપ તથા ગર્વ રહિત જડભરતે મુખ મલકાવતા હોય તેમ પ્રસન્ન મુખે નીચે પ્રમાણે કહ્યું. ૮

બ્રાહ્મણ કહે છે કે—હે રાજન! તેં કહ્યું કે, તું થાકી ગયો નથી તે વાત ખરી છે. તેમાં તેં મારી મશ્કરી કરી નથી. હે વીર! ભાર નામનો કોઇ પણ પદાર્થ હોય અને તે જો ઉપાડનારા દેહની સાથે સંબંધ ધરાવતો હોયતો તેં મારૂં ઉપહાસ કર્યું કહેવાય, પરંતુ ભાર અને તેને ઉપાડનારો દેહ શું છે તેનો નિર્ણય થઇ શકતો નથી. મારે તે વસ્તુની સાથે સંબંધ નથી માટે તેં ઉપહાસ કર્યું એમ હુ સમજતો નથી. વળી આ ચાલનારાને પહોંચવા યોગ્ય કોઇ માર્ગ કે સ્થળ હોય અને તેની સાથે મારે સંબંધ હોય તોપણ તેં ઉપહાસ કર્યું એમ માનું પરંતુ તેમ પણ નથી. વિદ્વાનો આત્માને ઉદ્દેશીને તું જાડો છે એમ કહેતા નથી, પરંતુ મૂર્ખો છે એવું કહે છે કારણ કે મહાભૂતના સમુદાય રૂપ દેહને જ પુષ્ટ કહી શકાય છે આત્માને પુષ્ટ કહી શકાતો નથી. જાડાપણું દુર્બળાપણું આધિઓ વ્યાધિઓ ક્ષુધા તૃષા ભય કલેશ ઇચ્છા જરા નિદ્રા ક્રોધ અહંકારજન્યમદ તથા શોક એ સર્વ દેહની સાથે જન્મેલા પુરૂષને છે, કારણ કે

તેને દેહની સાથે સંબંધ છે, પરંતુ હું દેહની સાથે જન્મેલો નહિ હોવાથી અને તેમાંનું કંઇ પણ નથી. હે રાજન્! હું જ કેવળ જીવતો છતાં મુવેલો નથી પરંતુ વિકારવાળું આ સર્વ જગત જીવતું છતાં મુવેલું છે. જગત ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે અને ક્ષણે ક્ષણે નાશ પામે છે. સેવકપણું અને સ્વામીપણું એ અવિચળ રહેતું હોય તો તારે આજ્ઞા કરવી અને મારે તારૂં કામ કરવું યુક્ત છે, પરંતુ સેવ્ય સેવક ભાવ નાશવંત છે. હવે પછી તારૂં રાજ્ય જો નાશ પામે અને મારૂં રાજ્ય થાય તો હું તને આજ્ઞા કરૂં અને તારે મારૂં કામ કરવું પડે.૧૧ 'આ રાજા છે, આ સેવક છે,' એવી ભેદબુદ્ધિનો અવકાશ બીજે ઠેકાણે જોવામાં આવતો નથી. વ્યવહાર દૃષ્ટિનો ત્યાગ કરીને વિચાર કરીએ તો રાજા કોણ અને સેવક કોણ? આ સર્વ વ્યવહાર મિથ્યા છે તોપણ હે રાજન! તું મને આજ્ઞા કર. અમે તારૂં શું કામ કરીએ? ૧૨ હે વીર પુરૂષ! હું ઉન્મત્ત મત્ત અને ઘેલા જેવો લાગું છું. બ્રહ્મસ્વરૂપને પામ્યો છું મને દંડ કરવાથી અથવા શિખામણથી શું ફળ થવાનું છે; કારણ કે જીવન્મુક્ત પુરૂષને અર્થ ને અનર્થ બન્નેની સાથે સંબંધ નથી. હું જીવન્મુક્ત ન હોઉં પરંતુ જડ અને મૂર્ખ હોઉં તોપણ દળેલાને દળવાથી દંડ કે શિખામણ દેવાથી તમને શું લાભ? જડ સ્વભાવના મનુષ્યને શિખામણ દેવાથી અથવા શિક્ષા કરવાથી કંઇ ફાયદો થતો નથી.

શુકદેવજી કહે છે કે—હે પરિક્ષિત રાજા! શાંત સ્વભાવના અને દેહાભિમાન કરાવનારી માયાથી મુક્ત જડભરતજી પ્રારબ્ધ કર્મના ઉપભોગથી કર્મનો ક્ષય કરવા હતા તે રહૂગણની વક્રોક્તિના ઉત્તરો આપી પ્રથમની પેઠે પાલખી ઉપાડીને પાછા ચાલવા લાગ્યા. સિંધુ સૌવીર દેશનો રાજા રહૂગણ જેણે શ્રદ્ધા પૂર્વક તત્વજ્ઞાન લેવાનો અધિકાર પ્રાપ્ત કર્યો હતો તે, ઘણા યોગગ્રંથમાં માન્ય કરેલું અને હૃદયની ગ્રંથિને તોડનારૂં વચન સાંભળી પાલખીમાંથી નીચે ઉતર્યો અને 'હું રાજા છું' એવા ગર્વને તજી જડભરતના ચરણમાં નમી પછી આ પ્રમાણે કહેવા લાગ્યો. ૧૫ તમે ગુપ્ત વેશે ફરનાર કોણ છો? તમે કંઠમાં ઉપવીત ધારણ કરો છો તો કેવા બ્રાહ્મણ છો? શુકદત્તાત્રેય આદિમાં તમે કયા અવધૂત છો? કોના પુત્ર છો? કયાં વસો છો? અને અહીં શા માટે આવ્યા છો? મારૂં કલ્યાણ કરવા અત્રે પધારેલા કપિલદેવ તો નથી. હું ઇંદ્રના વજ્રથી ડરતો નથી મહાદેવના ત્રિશૂળથી ડરતો નથી યમ રાજાના દંડથી ડરતો નથી તેમ અગ્નિ સૂર્ય કિંવા ધનપતિ કુબેરના અસ્ત્રથી પણ ડરતો નથી, પરંતુ બ્રાહ્મણના અપમાનથી ડરૂં છું. સર્વ વિષયોનો ત્યાગ કરનારા અપાર મહિમાવાળા ને જ્ઞાનરૂપી પ્રભાવને ગુપ્ત રાખનારા આપ જડની પેઠે કેમ ફરો છો? હે મહાત્મા અમે આપનાં વચનોને સ્પષ્ટ સમજાય એવી રીતે જાણવા સમર્થ નથી. ૧૭ યોગના ઇશ્વર આત્મતત્વ જાણનારા મુનિઓના પરમ ગુરૂ તથા જ્ઞાનથી કળાથી સંસારમાં અવતરેલા કપિલ ભગવાનને આ સંસારમાં મારૂં શરણ શું છે, તે પૂછવા જાઉં છું.૧૯ તમે ભગવાન કપિલ જ લોક નિરીક્ષા કરવા માટે ગુપ્ત વેશે ફરતા હશો. મંદ બુદ્ધિવાળો અને ઘરમાં બંધાઇ રહેલો પુરૂષ યોગીશ્વરોની ગતિને જાણતો નથી. તમે કહ્યુ કે મને શ્રમ લાગતો નથી પરંતુ તે હું માનતો નથી કારણ કે યુદ્ધાદિક કર્મ કરવાથી મને જે પ્રમાણે પરિશ્રમ થાય છે તેજ પ્રમાણે ભાર ઉપાડવાથી તથા ચાલવાથી તમને પણ પરિશ્રમ થવો જોઇએ. વ્યવહાર માર્ગ જે તમે નિર્મૂળ કહો છો પરંતુ ખોટા ઘડાથી જેમ પાણી લાવી શકાતું નથી તેમ મિથ્યા વ્યવહારથી કામ સિદ્ધ થઇ શકતું નથી. વ્યવહારથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે માટે વ્યવહાર સમૂળ છે. જગત સત્ય છે કારણ કે તેનાથી કાર્યો થઇ શકે છે,

જે અસત્ય હોય તેનાથી કંઈ કાર્ય સિદ્ધ થતું નથી. જેમ ઘડા વિના પાણી લાવી શકાતું નથી.૨૧ તમે કહ્યું કે સ્થૂળતા દુર્બળતા સુખ દુઃખ એ ધર્મો આત્માના નથી પણ દેહના છે તે પણ ઘટતું નથી. કારણ કે તપેલીને તાપ લાગવાથી તપેલીમાં રહેલું દૂધ ગરમ થાય છે અને તાપ લાગવાથી ચોખાની ઉપરનો ભાગ પાકે છે અને ઉપરના ભાગની ગરમીથી અંદરનો ભાગ પાકી જાય છે. દેહને દુઃખ થવાથી તેની અંદર રહેનારી ઇંદ્રિયોને દુઃખ થવાથી પ્રાણને દુઃખ થાય છે પ્રાણને દુઃખ થવાથી મનને દુઃખ થાય છે, અને મનને દુઃખ થવાથી આત્માને પણ સંસારનાં દુઃખો થાય છે. ૨૨ સ્વામીપણું અને સેવકપણું અચલ રહેતું નથી તે વાત ખરી પરંતુ જે વખતે જે રાજા હોય તે પોતાની પ્રજાને શિખામણ આપે છે તથા તેનું પાલન કરે છે. ગાંડાને શિખામણ આપવી અથવા શિક્ષા કરવી એ દળેલાને દળવા જેવું છે પરંતુ તેમ નથી કારણ કે ભગવાનનો ભક્ત પોતાના રાજ્યના નિયમ પ્રમાણે ગાંડાને શિક્ષા કરે છે, તેમાં દળેલું દળવા જેવું કંઇ નથી. રાજા પોતાનો ધર્મ પાળવારૂપી ભગવાનની ભક્તિ કરવાથી પોતાના પાપના સમૂહનો નાશ કરે છે.૨૩ માટે હે દીનબંધુ! મેં રાજાપણાના અભિમાનથી મહાત્માઓનું અપમાન કર્યું તેના ઉપર આપ કૃપાદૃષ્ટિ કરો, કે જેથી હું મહાત્માઓના પાપમાંથી મુક્ત થાઉં.૨૪ આખા જગતમાં મારા જેવો મનુષ્ય તો શું પણ શંકરના જેવો સમર્થ હોય તે પણ મહાત્મા પુરુષનું અપમાન કરે તો નાશ પામે છે. ૨૫

न विक्रिया विश्वसुहृत्सखस्य
साम्येन वीताभिमतेस्तवापि ।
महद्विमानात्स्वकृताद्धि मादृङ्
नङ्क्ष्यत्यदूरादपि शूलपाणेः ॥ २५ ॥

इति श्रीमद्भागवते महापुराणे पंचमस्कंधे
दशमोऽध्यायः

અધ્યાય ૧૧ મો.†

રહૂગણને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ.

ब्राह्मण उवाच

अकोविदः कोविदवादवादान् वदस्यथो
नातिविदां वरिष्ठः ।
न सूरयो हि व्यवहारमेनं
तत्त्वावमर्शेन सहामनन्ति ॥ १ ॥

બ્રાહ્મણ કહે છે કે—તું મૂર્ખ છે છતાં વિદ્વાનના જેવી વાતો કરે છે, પરંતુ તેમ બોલવાથી તું વિદ્વાનમાં શ્રેષ્ઠ ગણાશે નહિ, કારણ કે વિદ્વાનો સ્વામી સેવકના વ્યવહારને સત્ય માનતા નથી. હે રાજન! જેમ લૌકિક વ્યવહાર મિથ્યા છે તેમ વેદમાં કહેલો કર્મ વ્યવહાર પણ આખરે મિથ્યા છે. ગૃહસ્થાશ્રમીઓના યજ્ઞોના વિસ્તાર કહેનારી વિદ્યાઓમાં અધિક શોભતા વેદવાદો વિષે કર્મ માર્ગના જેવો તત્ત્વવાદ ઘણું કરીને પ્રકટ રીતે જોવામાં આવતો નથી. તેમ તત્ત્વવાદના જેવો કર્મ માર્ગ શુદ્ધ અને ઉત્તમ પણ નથી. કર્મ માર્ગમાં હિંસા રહેલી છે ત્યારે તત્ત્વમાર્ગ હિંસાદિક દોષોથી રહિત છે. વળી કર્મ માર્ગ જ્યારે રાગ દ્વેષવાળો છે ત્યારે તત્ત્વમાર્ગ રાગ દ્વેષ રહિત છે. જેમ સ્વપ્નનું સુખ દશ્ય હોવા છતાં પણ મિથ્યા છે તેમ ગૃહસ્થાશ્રમનું સુખ દશ્ય હોવા છતાં પણ મિથ્યા છે.

જેણે સોમનું અનુપાન કર્યું ન હોય તેને વેદવાણી તત્ત્વજ્ઞાન આપવા ઉત્તમ છે તોપણ યથાર્થ જ્ઞાન મળી શકતું નથી. પુરુષનું મન સત્વગુણ રજોગુણ તથા તમોગુણને આધીન રહે ત્યાં સુધી તે નિરંકુશ રહીને જ્ઞાનેંદ્રિયોથી તથા કર્મેન્દ્રિયોથી ધર્મ અધર્મ કર્યા કરે છે. ૪ ધર્મ તથા અધર્મની વાસનાવાળું

† આ અધ્યાયમાં રહૂગણ રાજાએ ક્ષમા પૂછતાં જડભરત નામના યોગીએ તેને પરમ જ્ઞાનનો ઉપદેશ કર્યો તે કથા કહેવાશે

વિષયમાં રંગાયેલું વિષયોથી આડું અવળું ભટકતું કામક્રોધાદિકને આધીન થયેલું તથા પંચભૂત અને અગિયાર ઇંદ્રિયોમાં મુખ્ય ગણાતું એવું મનજ દેવતા મનુષ્ય અને પક્ષીઓ વગેરેના દેહ તથા નામાદિ ધારણ કરેછે અને તે તે દેહોવડે પોતાનું ઉત્તમપણું તથા નીચપણું પ્રગટ કરે છે. ૫ માયાથી જીવની ઉપાધિરૂપ થયેલું અને જીવને સંસારના ચક્રમાં ફેરવનારૂં મન જીવને વળગીને એટલે પોતા રૂપ કરીને ટળે નહિ એવાં તથા સમય પ્રમાણે આવનારાં સુખ દુઃખ તથા મોહ રૂપી ફળ ચારે તરફથી આપ્યા કરે છે. ૬ આ પ્રમાણે જાગ્રત તથા સ્વપ્નરૂપ આ સંસાર મનથી ઉત્પન્ન થયો છે અને મન છે ત્યાં સુધી આત્મા છે. સંસારનો સાક્ષી રૂપે જોનાર છે છતાં અજ્ઞાનથી પોતે પોતાને મન રૂપ ગણીને પોતાનામાં ઉત્તમપણું નીચપણું વગેરે મિથ્યા ધર્મો માની લે છે. આત્માને અધમતા ભરેલું દેહાભિમાન કરાવનારૂં મન છે. તેમાંથી છૂટવા વિવેક વસ્તુને આપનારૂં પણ મન જ છે, ૭ મન વિષયોમાં આસક્ત થયું હોય તો જીવને જન્મ મરણાદિકદુ ખમાં ફેરવે છે અને તે જો વિષયોનો ત્યાગ કરે તો મોક્ષ અપાવે છે, જેમ દીવો ઘી તથા વાટનું ભક્ષણ કરતો હોય ત્યારે તેમાંથી ધુમાડાવાળી શિખા નીકળે છે અને જ્યારે ઘી અને વાટ બળી જાય છે ત્યારે તેજમાં મળી જાય છે; તેમ મન જ્યાં સુધી વિષયોમાં તથા કર્મોમાં આસક્ત રહે છે ત્યાં સુધી અગિયાર વૃત્તિઓ તેમાં જોવામાં આવે છે. વિષયોથી તથા કર્મોથી છૂટું પડે છે ત્યારે બ્રહ્મરૂપ થાય છે. ૮

મનની વૃત્તિઓ અગિઆર છે તેમાં પાંચ ક્રિયા રૂપ પાંચ જ્ઞાનરૂપ અને એક અભિમાન રૂપ છે. હે વીરરાજા! પાચ વિષયો પાંચ કર્મો તથા એક દેહ એ અગિયાર ઉપર કહેલી અગિયાર વૃત્તિઓને રહેવાનાં સ્થાન છે. ૯ તેમાં ગંધ રૂપ સ્પર્શ રસ તથા શબ્દ એ પાંચ વિષયો છે તે જ્ઞાનેંદ્રિયો દ્વારા મનની વૃત્તિઓનાં સ્થાન છે તથા મળત્યાગ ગતિ, ભાષણ આદિ પાંચ કર્મ છે, તે કર્મેન્દ્રિયોદ્વારા મનની વૃત્તિઓનાં સ્થાન છે. અગિયારમું 'આ મારૂં' એમ મનાવનારૂં જે અભિમાન તે મમતા રૂપ મનની વૃત્તિનું સ્થાન છે. કેટલાક વિદ્વાનો કહે છે કે મનની અહંકાર નામે બારમી વૃત્તિ છે અને તે દેહમાં રહે છે, ૧૦ મનની અગિયાર વૃત્તિઓ મુખ્ય છે તોપણ તે વૃત્તિઓના અવાંતર ભેદ પદાર્થ સ્વભાવ સંસ્કાર અદૃષ્ટ તથા કાળને લઇને ઘણા છે. વૃત્તિઓ જીવમાંથી ઉત્પન્ન થાય છે એમ કહેવું મિથ્યા છે કારણ કે જીવ વિકાર રહિત છે, તેમ અન્યોન્ય ઉત્પન્ન થાય છે એમ કહેવું પણ યુકત નથી કારણ કે તેમાં અન્યોન્યાશ્રય નામનો દોષ આવે છે એટલે વૃત્તિઓ કોનાથી ઉત્પન્ન થાય છે તે સિદ્ધ થઇ શકતું નથી- ૧૧

આ પ્રમાણે વિષયોના તથા કર્મના સબંધમા આવ્યાથી મન નાના પ્રકારની વૃત્તિઓનો આશ્રય કરે છે અને જ્યારે વૃત્તિઓનો સંબંધ છૂટી જાય છે ત્યારે તે આત્મતત્ત્વનો આશ્રય કરે છે. જે આત્મા શુદ્ધ રહીને પોતાને અપવિત્ર કરનારા અને માયાએ રચેલા જીવની ઉપાધિરૂપ મનની પ્રવાહરૂપે નિત્ય આવતી વૃત્તિઓને જોયા કરે છે, તે જાગ્રત તથા સ્વપ્ન અવસ્થામાં પ્રત્યક્ષ જોનારો છે અને સુષુપ્તિ અવસ્થામાં ઢંકાયેલો રહે છે. ત્રણે અવસ્થાનો સાક્ષી ક્ષેત્રજ્ઞ આત્મા છે. તે પુરાણ પુરૂષ છે અપરોક્ષ છે, સ્વયં પ્રકાશ છે, અજન્મા છે. બ્રહ્માદિકનો સ્વામી છે તથા ભગવાન નારાયણ તથા વાસુદેવરૂપ છે. તે પોતાની માયા વડે સર્વ જીવને પોતાને સ્વાધીન રાખે છે ૧૩ વાયુ જેમ પ્રાણરૂપ સ્થાવર તથા જંગમમાં પ્રવેશ કરીને તેઓને પોતાના આધીનમાં રાખે છે એવી જ રીતે ક્ષેત્રજ્ઞ

એવા ભગવાન વાસુદેવ પણ આત્મસ્વરૂપથી આખા વિશ્વમાં પ્રવેશ કરીને તેને યથાર્થ નિયમમાં રાખે છે. ૧૪ હે રહૂગણ રાજા! મનુષ્ય સર્વ સંગને અને કામ ક્રોધાદિક છ શત્રુઓનો ત્યાગ કરીને શુદ્ધ જ્ઞાનના ઉદયથી જોવામાં આવતી માયાનો ત્યાગ કરીને જ્યાં સુધી આત્મતત્ત્વને જાણતો નથી ત્યાં સુધી સંસારમાં ફર્યા કરે છે. ૧૫ સ્વરૂપની ઉપાધિરૂપ અને શોક મોહ રાગ લોભ વૈર અને મમતા કરાવનારૂં મન મનુષ્યને સંસારનાં દુઃખો પાડનારૂં છે, મનુષ્ય જ્યાં સુધી તે જાણતો નથી ત્યાં સુધી સંસારમા ફર્યા કરે છે, માટે હે રાજન! મનરૂપી શત્રુની જો ઉપેક્ષા કરવામાં આવે તો ભવિષ્યમાં તે વધી જઇ મહા બળવાન થઇ પડે છે અને આત્માના સ્વરૂપને પણ ભૂલાવી દે છે, માટે સાવધાન થઇ ગુરૂરૂપ શ્રીભગવાનના ચરણની ઉપાસના રૂપી અસ્ત્રથી મન શત્રુનો નાશ કરવો. ૧૭

भ्रातृव्यमेनं तददभ्रवीर्य-
मुपेक्षयाध्येधितमप्रमत्तः ।
गुरो र्हरेश्चरणोपासनास्त्रो
जहिव्यलीकं स्वयमात्ममोषम् ॥१७॥

इतिश्रीमद्भागवतेमहापुराणेपंचमस्कंधे
एकादशोध्यायः

અધ્યાય ૧૨ મો.‡

રહૂગણને ઉપદેશ.

रहूगण उवाच

नमोनमः कारणविग्रहाय
स्वरुपतुच्छीकृतविग्रहाय ।
नमोऽवधूतद्विजबंधुलिंग-
निगूढनित्यानुभवाय तुभ्यम् ॥१॥

રહૂગણ કહે છે—હે યોગેશ્વર! તમે ઇશ્વરમૂર્તિ રૂપ છો પરમાનંદના પ્રકાશથી દેહાદિકને તુચ્છ માનનાર એવા તમને મારા નમસ્કાર છે. ૧ હે મહારાજ! જેમ રોગથી પીડાતા પ્રાણીને ઔષધ અમૃતરૂપ થઇ પડે અને તાપથી આકુળ વ્યાકૂળ થયેલા પુરૂષને શીતળજળ અમૃતરૂપ થાય તેમ હું કે જે આ દુષ્ટ દેહના અભિમાન રૂપી સર્પના કરડવાથી આંધળો થયેલો છું તેને આપના વચનરૂપી ઔષધ અમૃતરૂપ થઈ પડશે. મારા મનમાં જે સંશય છે તેને તો હું પાછળથી પૂછીશ પરંતુ તમે આત્મજ્ઞાનવાળી જે કથા કહી તે હું યથાર્થ રીતે સમજી શકું તે પ્રમાણે કહો. મને તે સાંભળવાની બહુજ ઉત્કંઠા છે. ૩ હે યોગેશ્વર! તમે કહ્યું કે, ભાર ઉપાડવા આદિક ક્રિયા તથા તેનું ફળ પરિશ્રમ વગેરે પ્રત્યક્ષ રીતે સત્ય દેખાય છે અને વ્યવહારમાં કારણરૂપ છે તથાપિ વિચાર કરતાં મિથ્યા છે તે શું? મારા મનનું સમાધન એ બાબતમા થતું નથી. ૪

જડભરત બોલ્યા કે—હે રાજન! પૃથ્વીમાંથી ઉત્પન્ન થયેલા પદાર્થ કોઇ કારણથી પૃથ્વી ઉપર ફરે છે, તે ભાર ઉપાડનાર ભોઇ વગેરેને નામે ઓળખાય છે, અને જે પૃથ્વી ઉપર ચાલતો નથી તે પાષાણાદિકને નામે ઓળખાય છે, તે વિના બીજો કંઇ પણ ભેદ નથી. જડપણાથી પથરાને જેમ ભાર કે પરિશ્રમ કંઇ લાગતું નથી, તેમ ભાર ઉપાડનાર ભોઇને પણ ભાર કે પરિશ્રમ લાગતો હોય અને તે વાત નિરૂપણ થઇ શકતી હોય તો માનવામાં આવે પરંતુ તેમ નથી. અવયવો વિના અવયવીઓનું નિરૂપણ થઇ શકે નહિ માટે પ્રથમ ભાર ઉપાડનાર પૃથ્વીના વિકાર રૂપ ભોઇના શરીરના અવયવોનો વિચાર કરવો જોઈએ. માટીના બનેલા ભોઇના બન્ને પગ ઉપર ઘુંટી છે. ઘુંટી ઉપર પિંડી છે પિંડી ઉપર ઘુંટણ છે ઘુંટણ ઉપર સાથળ છે સાથળ ઉપર કેડ કેડ ઉપર છાતી છાતી ઉપર કંઠ અને કંઠના બન્ને ભાગ ઉપર ખભા છે. ૫ ખભા ઉપર

‡ આ અધ્યાયમા રાજાએ સદેહથી ફરીને પૂછ્યું તે ઉપરથી જડભરતે તેના સર્વ સદેહ દૂર કર્યા એ કથા કહેવામા આવશે.

લાકડાની પાલખી અને પાલખીમાં સૌવીર દેશનો રાજા એવું નામ ધારણ કરનારૂં માટીનું એક પુતળું બેઠું છે. જે પુતળામા હું સિંધુ દેશનો રાજા છું એવા અભિમાનથી ને મહથી જીવ આંધળો થયેલો છે. સર્વ અવયવોમાં કયા અવયવને વધારેપ રિમશ્ર પડે છે એમ કહેવું? અવયવોને ત્યાગ કરતાં એવો કોઇ પણ પદાર્થ રહેતો નથી કે જેને પરિશ્રમ જણાય. પાલખી ઉપાડવા રાંક ભોઇ-ઓને વેઠે પકડયા તેથી તું નિર્દય ગણાયો, છતાં લાજ મૂકીને કહે છે કે, હુતો મનુષ્યોનું રક્ષણ અને પાલન કરનાર રાજા છું. વિવેકી જનોની સભામા તને માન મળશે નહિ. ૭ ઉપરા ઉપરી આવેલા અવયવોનો ભાર નીચે નીચેના અવયવોને લાગેછે પરંતુ તે વાત પણ મિથ્યા છે, કારણ કે એક અવયવથી પદાર્થનો જેમ નિર્ણય થઇ શકતો નથી તેમ અવયવોનો પણ યથાર્થ નિર્ણય થઇ શકતો નથી. સ્થાવર અને જંગમ સર્વ પદાર્થોની ઉત્પત્તિ પૃથ્વીમાંથી થાય છે અને પૃથ્વીમાંજ મળી જાય છે. માત્ર નામથી તેમાં ફેર મનાય છે. નામ માત્રના વ્યવહાર વગર બીજું કોઇ પણ કારણ કાર્ય કરવામા સત્ય હોય એવું અનુમાન થતું નથી. ૮ પૃથ્વીને સત્ય માનવી નહિ કારણ કે પૃથ્વી પણ મિથ્યા છે. તે પોતાના કારણ રૂપ સૂક્ષ્મ પરમાણુઓમા અંતે લય પામે છે. પરમાણુ વિના પૃથ્વી જેવો કોઇ પદાર્થ નથી અને જે પરમાણુઓના સમૂહથી પૃથ્વીની રચના થઇ છે તે માત્ર પૃથ્વીને સિદ્ધ કરવા જેવી કલ્પના જ છે. તેના પરમાણુઓ પણ મિથ્યા છે કારણ કે વિશ્વની પેઠે પરમાણુઓનું પણ ખરૂં કારણ જાણ્યા વિના અજ્ઞાનથી કલ્પી કાઢેલા છે. ૯ આ પ્રમાણે પાતળું જાડું નાનું મોટું કારણ કાર્ય ચેતન તથા જડ એ સર્વ દ્વૈત વસ્તુ દ્રવ્ય સ્વભાવ સંસ્કાર કાળ અને અદૃષ્ટ એ સર્વ મૂળ તત્વ જેનું નામ છે એવી માયામાં થી બનેલાં છે. ૧૦ સત્ય શું? એના ઉત્તરમાં કહેવાનું એ કે, એક જ્ઞાન સ્વરૂપ પરબ્રહ્મ સત્ય છે. જે શુદ્ધ છે એક છે જેની બહાર ને અંદર બીજું કંઇ નથી. જે પરિપૂર્ણ છે જે આત્મારૂપ છે જે વિકાર રહિત છે તેને વિદ્વાનો વાસુદેવ કહે છે. ૧૧ હે રહૂગણ! એ સ્વરૂપનો લાભ પુરૂષને વૈદિક કર્મોથી થતો નથી. પ્રાણીઓને અન્નાદિક આપવાથી સ્વસ્વરૂપનો લાભ થતો નથી, પરોપકાર કરવાથી સ્વસ્વરૂપનો લાભ થતો નથી, વેદાભ્યાસ કરવાથી સ્વસ્વરૂપનો લાભ થતો નથી, જળ અગ્નિ કે સૂર્યની ઉપાસના કરવાથી સ્વસ્વરૂપનો લાભ થતો નથી પરંતુ માત્ર મહા પુરૂષોના ચરણની સેવા કરવાથીજ સ્વસ્વરૂપનો લાભ થાય છે. ૧૨ જે મહાત્મા પુરૂષોના સમાગમમાં વિષયની વાતોનો નાશ કરનારી ભગવાનના ગુણની કથા હોય અને જે કથા સાંભળવાથી મુમુક્ષુને ભગવાન ઉપર સારી બુદ્ધિ થાય તેજ મોક્ષ છે. હું પૂર્વે ભરત નામનો રાજા હતો અને આલોક અને પરલોકની બંધન કરનારી તૃષ્ણાનો ત્યાગ કરી ભગવાનનું આરાધન કરતો હતો, એટલામાં મૃગનો સંગ થવાથી મારૂં કર્ત્તવ્ય નાશ પામ્યું અને હું તે જાતિમાં જનમ્યો. ૧૪ શ્રીકૃષ્ણના પ્રભાવથી મને પૂર્વ જન્મની સ્મૃતિ રહી તેથી હું મનુષ્યોનો સંગ કરતાં બીઉં છું અને એકલોજ ફર્યા કરૂં છું. ૧૫ કોઇનો સંગ નહિ રાખનાર મહાત્મા પુરૂષોનો સંગ કરી સંપાદન કરેલા જ્ઞાનથી મોહનો નાશ કરનારો અને ભગવાનની લીલાને ગાવાથી અને સંભારવાથી સ્વસ્વરૂપનું જેને જ્ઞાન થયેલું છે એવો પુરૂષ સંસારને તરી જઇ શ્રીહરિને પામે છે. ૧૬

तस्मान्नरोऽसंगसुसंगजात
ज्ञानाऽसिनेहैव विवृक्णमोहः।
हरिं तदीहाकथनस्मृतिभ्यां
लब्ध[illegible]तियात्यतिपारमध्वनः॥ १६ ॥

इतिश्रीमद्भागवतेमहा[illegible]राणे[illegible]

द्वादशोध्यायः

અધ્યાય ૧૩ મો.†

ભવાટવીનું વર્ણન.

ब्राह्मण उवाच

दुरत्ययेऽध्वन्यजया निवेशितो
रजस्तमःसत्वविभक्तकर्मदृक् ।
स एष सार्थोऽर्थपरः परिभ्रमन्
भवाटवीं याति न शर्म विंदति ॥१॥

બ્રાહ્મણ કહે છે કે—દુસ્તર એવી પ્રવૃત્તિ-વાળા માર્ગમાં પડેલો રજોગુણ તમોગુણ અને સત્વગુણથી વહેંચાયેલાં કર્મોને કર્તવ્ય સમજનારો જીવલોકરૂપી સંઘ ધન ઉપાર્જન કરવા માટે સંસારરૂપી મહા વનમાં ભટકતાં ક્યાંહી સુખ પામતો નથી. ૧ હે રાજા! તે વનમાં નીચ નાયકવાળા સંગને છ ‡ચોર પરાણે લુંટે છે. વરૂ જેમ ઘેટાંના ટોળામાં પેસી અસાવધાન ઘેટાને ખેંચી જાય છે તેમ ¶શિયાળવાં પણ તે સંઘમાં પેસીને સંઘના અસાવધાન મનુષ્યને ખેંચી જાય છે ૨ સંઘ મોટાં જંગલોમાં ડાંસ તથા મચ્છરોથી પીડા પામે છે. કોઈ ઠેકાણે ગંધર્વનગરને સાચું માને છે. કોઈ ઠેકાણે મોટા વેગવાળાં ઉંબાડીયાં જેવા આકારનાં *પિશાચને લેવાની ઇચ્છા કરે છે; ૩ અને હે રાજન! ઉતારાનું સ્થાન શોધતો જળ તથા ધનની લાલસાથી વનવગડામાં આમ તેમ ચારે તરફ ભટકે છે અને કોઈવાર વંટોળીયાથી ઉડેલી ધૂળવડે ધુસર થયેલી દિશાઓને દેખાતો પણ નથી. તેમ તે મહા વનમાં જોવામાં નહિ આવતાં તમરાંના અવાજોથી તેના કાનમાં પીડા થાય છે. કોઈવાર ઘુવડના કઠોર શબ્દોથી તેનાં અંતઃકરણમાં ખેદ થાય છે અને કોઈવાર તે સંઘ ક્ષુધાથી પીડાતો અપવિત્ર છાયાવાળાં વૃક્ષનો આશ્રય કરે છે. કોઇવાર તૃષાથી મૃગ-જળ પીવા આમ તેમ ફાંફાં મારે છે. કોઈવાર પાણી વિનાની નદીઓમાં ઉતરતાં પડી જવાથી દુઃખ પામે છે. કોઈવાર રસ્તામાં અન્ન ખૂટી જતાં સંઘના લોકો એક બીજાની પાસેથી અન્ન લઇ લે છે. કોઇવાર દાવાનળની પાસે જતાં અગ્નિથી અકળાય જાય છે અને કોઇવાર કોઈ ઠેકાણે મૃત્યુ તેમના પ્રાણ હરી લે છે. કોઈવાર કોઇ ઠેકાણે બળવાન લોકો ધન લઇ લેછે તેથી સંઘ ખિન્ન થઇ જઇ શોક કરે છે અને કોઇવાર ગંધર્વપુરમાં દાખલ થઈને સુખી પુરૂષની પેઠે આનંદ પામે છે. કોઇવાર ચાલતાં ચાલતાં પગમાં કાંટા તથા કાંકરીઓ વાગવાથી કે ખુંચવાથી પર્વત ઉપર ચઢવાની ઈચ્છા કરે છે પરંતુ તે પણ પાર ન પડવાથી ઉદાસ થઈ જાય છે. ક્ષણે ક્ષણે અગ્નિવડે બહુ પીડા પામે છે તથા કુટુંબમાં રહેલો પ્રાણી બીજા મનુષ્ય ઉપર ક્રોધ કરે છે. ૮ કોઇવાર અજગરથી ગળાયેલો પુરૂષ વનમાં નાંખી દીધેલા શબની પેઠે કંઇ પણ જાણતો નથી. વળી કોઈ ઠેકાણે હિંસાવિહારી પ્રાણીઓ કરડે છે ત્યારે આંધળો થઇને ઉંડા તથા આંધરા કુવામા પડીને દુઃખમાં સડબડ્યા કરે છે. કોઇવાર કોઇ ઠેકાણે મધને શોધતાં શોધતાં મધમાખીઓના કરડવાથી પીડા પામે છે. કોઇ વેળા મહા કલેશથી મધને મેળવે છે તો બીજાઓ તેની પાસેથી તે બલા-ત્કારે લઇ લેછે અને તે જો તેઓની સામે થાય છે તો ત્રીજાઓ તેની પાસેથી તે પડાવી લે છે. ૧૦ કોઇવાર તાઢ તડકો વાયુ તથા વરસાદથી પોતાનું રક્ષણ કરવાનો ઉપાય કરવા જાય છે પરંતુ તેમ કરી ન શકવાથી બેસી રહે છે. કોઇવાર પરસ્પર ધનની લેવડ દેવડ કરતાં ખરા ખોટાની ઠગાઇ કરવા જતાં સામાને દ્વેષપાત્ર થઇ પડે છે. ૧૧ કોઇ ઠેકાણે નિર્ધન થઇ પડેલો પુરૂષ ભવરૂપી વનમાં શયન આસન ઉતારાનું સ્થાન કે વાહન રહિત થઈ પડે છે. બીજાઓ પાસેથી

† આ અધ્યાયમા વૈરાગ્ય રહિત પુરૂષની આગળ વૈરાગ્યનું નિરૂપણ કરવુ વ્યર્થ સમજી વૈરાગ્ય દૃઢ કરાવવા ભવાટવીનું વર્ણન કરે છે ‡ છ ઇન્દ્રિયો. ¶ સ્ત્રી પુત્રાદિક * ભૂતના ભડકા જેવુ સોનુ.

માગણી કરતાં પણ તે વસ્તુઓ મળતી નથી તેથી તેને પારકી વસ્તુ લેવાની ઇચ્છા થાય છે અને તેમ કરવા જતાં તેને માથે ચોરી ચઢે છે. ૧૨ પરસ્પરમાં ધનને અદલ બદલ કરવા જતાં વૈરાનુબંધ બંધાય છે. વળી પરસ્પરમાં વિવાહ કરતાં પણ ક્લેશ થાય છે.

આ પ્રમાણે ભવાટવીમાં ફરતાં ફરતાં જીવ સંઘને ઘણાં દુઃખો અને નાણાંની ભીડો પડેછે દ્વેષાદિકથી મરણપ્રાય થાય છે. ૧૩ જે કોઈ મરી જાય તેનો ત્યાગ કરી જે જે જન્મેલાં હોય તેમને સાથે લઇને સંઘ આગળ જાય છે. હે રાજન ! આ પ્રમાણે ફરતાં ફરતાં જ્યાથી તે નીકળ્યો હોય ત્યા આગળ અદ્યાપિ કોઇ પણ સમર્થ પુરૂષ જઇ શકતો નથી. સંસાર રૂપી માર્ગના છેડા રૂપી યોગને કોઇ પુરૂષ પહોંચતો નથી. મનસ્વી તથા દિગ્ગજેન્દ્રોનો પરાજય કરનાર સર્વ પુરૂષો પૃથ્વીને માટે પરસ્પરમાં વૈર ઉભું કરી "આ પૃથ્વી મારી છે," એવો દુરાગ્રહ બાંધી રણમાં લડીને મરી જાય છે, પરંતુ તેઓ વૈર વિનાનો સંન્યાસી જે લોકમા જાય છે તે લોકમા કદી જતા નથી. ૧૫ વનમાં કોઇ ઠેકાણે લતાઓની શાખાઓનો આશ્રય કરીને તેની ઉપર આસકિત ધરે છે અને લતા ઉપર વાસ કરનારાં પક્ષીઓના કલરવો સાભળવાની ઇચ્છા કરે છે કોઇ વાર કોઇ ઠેકાણે સિંહનાં ટોળાથી ત્રાસ પામે છે ત્યારે કોઈ પુરૂષના લોભાવવા ઉપરથી ગરધનો કાગડા તથા ગરઝોની સાથે પ્રેમ કરીને તેઓના ટોળામાં મળી જાય છે ૧૬ તેઓ ઠગી લે છે ત્યારે તેઓને નિષ્ફળ માનીને વળી હંસના ટોળામા જાયછે. હંસનો આચાર ન ગમવાથી વાનરોના ટોળામાં જાય છે અને ત્યા વાનરોની રમત કરવાથી સ્ત્રીઓની સાથે બેસીને એક બીજાનાં મુખ જોવાથી તથા ઇંદ્રિયોના વિષયોમાં રચી પચી રહેવાથી મરણને પણ વિસરી જાય છે. વૃક્ષોની ડાળીઓ ઉપર રમવાની ઇચ્છા કરે છે, સ્ત્રી તથા પુત્રો ઉપર સ્નેહ રાખે છે, રતિસુખને માટે સ્ત્રી આગળ દીન થઇ જાય છે. આ પ્રમાણે સંસારી વ્યવહારમાં વર્તતાં જીવ અંતે બંધાઇ જઈ તેમાંથી છુટી શકતો નથી. કોઇવાર કોઈ ઠેકાણે પ્રમાદ કરવાથી તે પર્વતની ગુફામા પડી જાય છે અને તે ગુફામા રહેનારા હાથીઓના ભયથી લતાને પકડીને ઉભો રહે છે. ૧૮ હે રાજન ! એ આપત્તિમાથી છુટતા પાછો પોતાના ટોળામાં દાખલ થાય છે.

આ પ્રમાણે માયાએ સંસાર રૂપી આ ભયંકર વનમા પ્રાણીને નાખેલો છે અને તે ભટકયા કરે છે પરંતુ મહા કષ્ટ પડવા છતાં કંઇ પણ સમજતો નથી. હે રહૂગણ રાજા ! તને પણ માયાએ ભવાટવીમાં નાંખી દીધો છે માટે તું અભિમાનનો ત્યાગ કરીને સર્વ પ્રાણીઓની સાથે મિત્રતા કર અને સર્વ વિષયો ઉપરથી મનની આસક્તિને ત્યજી શ્રીહરિની સેવાથી સજ કરેલી જ્ઞાન રૂપી તરવાર લઈને આ ભવાટવીના માર્ગને કાપી નાંખ. ૨૦

રહૂગણ બોલ્યો કે—ઓહો સર્વ જન્મોમાં મનુષ્ય જન્મ ઉત્તમછે. સ્વર્ગમાં દેહાદિકવાળા બીજા અવતારો આવે તો તે શા કામના ? કારણ કે તે અવતારોમા ભગવાનની કીર્તિથી મનને શોધનારા આપના જેવા મહાત્મા પુરૂષોનો સમાગમ થતો નથી. ૨૧ તમારા ચરણકમળના પરાગથી પાપ રહિત થયેલો હું અતીંદ્રિય એવા ભગવાનમા ભક્તિવાન થયો તમારા બે ઘડીના સમાગમથી મારો કુતર્કથી દૃઢ થયેલો અવિવેક દૂર થયો છે. હું તમારા જેવા મહાત્માને નમસ્કાર કરૂં છું. શિશુવયનાં બાળકોને નમસ્કાર કરૂં છું. તરૂણ પુરૂષોને નમસ્કાર કરૂં છું તથા બટુક સુધી સર્વને નમસ્કાર કરૂં છું. બ્રહ્મના સ્વરૂપને જાણનારા જેઓ અવધુતના વેશમાં આ પૃથ્વી ઉપર ફરે છે તેઓ રાજાઓનું કલ્યાણ કરે.

શુકદેવજી કહે છે કે—હે પરીક્ષિત રાજા! રહૂગણ રાજાએ પોતાનું અપમાન કર્યું હતું તેમ છતાં પણ મહાનુભાવવાળા અને બ્રહ્મવેત્તા બ્રહ્મર્ષિના પુત્ર જડભરતે પરમ દયાળુતાથી સિંધુ દેશના રાજા રહૂગણને આત્મતત્ત્વનો ઉપદેશ કર્યો અને રાજા રહૂગણે દીનતાથી નમ્ર થઈ જડભરતના ચરણમા પ્રણામ કર્યો. ત્યાર પછી સંપૂર્ણ ભરેલો સાગર જેમ શાંત રહે તેમ જેના અંતઃકરણની ઊર્મિઓ શાંત હતી એવા ભરતજી ત્યાંથી પોતાની ઇચ્છા પ્રમાણે ચાલી ગયા. સિંધુ સૌવીર દેશના રાજા રહૂગણે જડભરતની પાસેથી આત્માનું સત્ય સ્વરૂપ જાણીને અવિદ્યાવડે આત્મસ્વરૂપમા જે દેહ બુદ્ધિ હતી તેનો ત્યાગ કર્યો. હે પરીક્ષિત! ભગવાનનો આશ્રય કરનાર જડભરતનો આશ્રય કરનાર રહૂગણ રાજાનો પ્રભાવ મોટો હતો, અર્થાત્ ભગવાનના ભકતનો આશ્રય કરવાથી દેહાભિમાનનો નાશ થાય છે. ૨૫

પરીક્ષિતે પૂછ્યું કે—હે વૈષ્ણવ! આપે જીવોના સંસાર રૂપી વનના માર્ગનું વર્ણન પરોક્ષ વચનોથી કર્યુ એ બધું ગંભીર વિચારથી ભરેલું છે તોપણ સંસ્કાર વિનાની બુદ્ધિવાળા લોકો તે વિષયને સમજી શકતા નથી માટે સમજવામાં ન આવતા એવા તે વિષયને સાંસારિક વિષયોની સાથે બરાબર રીતે મેળવીને સમજાય તેવી રીતે મને કહો. ૨૬

यो ह वा इह बहुविदा महाभागवत त्वयाऽभिहितः परोक्षेण वचसा जीवलोकभवाध्वा सह्यार्यमनीषया कल्पितविषयो नांजसाव्युत्पन्नलोकसमधिगमः। अथ तदेवैतदुरवगमं समवेतानुकल्पेन निर्दिश्यतामिति ॥२६॥

इतिश्रीमद्भागवतेमहापुराणेपंचमस्कंधे त्रयोदशोध्यायः

અધ્યાય ૧૪ મો.‡

સંસાર રૂપી વનવર્ણન.

स उवाच

य एष देहात्माभिमानिनां सत्वादिगुणविशेषविकल्पितकुशलाकुशलसमवहारविनिर्मितविविधदेहावलिभिर्वियोगसंयोगाद्यनादिसंसारानुभवस्य द्वारभूतेन षडिन्द्रियवर्गेण तस्मिन् दुर्गाध्ववदसुगमेध्वन्यापतित०

શુકદેવજી કહે છે કે—દેહને આત્મા માનનારા જીવોના સત્વાદિક ગુણોથી વહેંચાઈ ગયેલાં સારા નરસાં તથા મિશ્ર કર્મોવડે અનેક દેહ ઉત્પન્ન થાય છે અને અનેક દેહનો નાશ થાય છે. જન્મ મરણાદિક અનાદિ સંસારનો અનુભવ કરવામાં છ ઈંદ્રિયો દ્વારભૂત છે. ઈંદ્રિયોથી તેમજ પરમેશ્વરને આધીન રહેનારી માયાથી જીવલોક અરણ્યના માર્ગની પેઠે અત્યંત વિષમ એવા સંસારરૂપી માર્ગમાં આવી પડેલો છે. વાણીયાનો સંઘ જેમ ધન કમાવાની ઈચ્છાથી બહાર નીકળીને એક ગામથી બીજે ગામ જતાં ભયંકર વનમાં ચાલ્યો જાય, તેમ જીવલોક સ્મશાનની પેઠે સંસારરૂપી અમંગળ વનમાં ચાલ્યો જાય છે અને પોતાના દેહથી કરેલાં કર્મોનાં ફળ ભોગવે છે. રસ્તામાં તેને ઘણાં વિઘ્નો નડે છે. તેના અનેક ઉદ્યોગો વ્યર્થ જાય છે. આટલું થયા છતાં જીવલોક સંસારના તાપને ટાળનારા ગુરૂરૂપ શ્રીભગવાનનાં ચરણારવિંદમાં ભ્રમર જેવા ભક્ત જનોના માર્ગને સેવતા નથી. ભક્તિ માર્ગને અંગીકાર કરતા નથી. ઈંદ્રિયો સંસાર રૂપી વનમાં મહા ચોરનું કામ કરે છે. પરમ પુરૂષ ભગવાનની આરાધના કરવાનો જે ધર્મ છે તે ધર્મ પરલોકમાં કામ લાગે છે, ભગવાનની આરાધના કરવામાં ઉપયોગી એવું અને ઘણા કષ્ટથી

‡ આ અધ્યાયમા આગળ વર્ણવેલી અટવીનું સ્પષ્ટ વ્યાખ્યાન કરતા સંસાર પક્ષમા શિયાળવાં મચ્છર આદિની કલ્પનાનુ સ્પષ્ટીકરણ કરવામાં આવશે.

મેળવેલું પુરૂષનું જે કંઇ ધન હોય તેને ઇંદ્રિય ચોરો જોવું અડકવું સાંભળવું સ્વાદ લેવો સુંઘવું સંકલ્પ વિકલ્પ કરવા ઘરનાં તુચ્છ સુખો ભોગવવાં વગેરે કરાવીને ચોર લોકો જેમ નિર્માલ્ય નાયકવાળા અને અસાવધાન મનના સંઘના ધનને હરી લે છે તેમ કુબુદ્ધિવાળા તથા ઇન્દ્રિયોને આધીન રહેનારા મનુષ્યના ધર્મોપયોગી ધનને લુંટી લે છે. ૨ આ સંસારમાં સ્ત્રી પુત્રાદિક સર્વને નામનાંજ કુટુંબીઓ જાણવાં પરંતુ તેઓ વરૂ અને શિયાળનું કામ કરનારાં છે. વરૂ અને શિયાળવાં જેમ ઘેટાંના લોભી માલીકની ઇચ્છા ન છતાં તેના ઘેટાને ખેંચી જાય છે તેમ લોભી કુટુંબીને ધન આપવાની ઇચ્છા ન છતાં તેનાં સ્ત્રીપુત્રાદિક તેના જોત જોતામાં તેણે રક્ષણ કરેલા ધનને લુંટી લેછે. ૩ પ્રત્યેક વર્ષે ક્ષેત્ર ખેડવામાં આવતું હોય તોપણ તેનાં બીજ બાળી નાખવામાં આવે નહિ તો વાવણી વખતે ફરીને તે ક્ષેત્ર જાળા ઝાંખરાં ઘાસ તથા લતાઓથી જંગલ જેવું થઇ જાય છે. એ પ્રમાણે આ ગૃહસ્થાશ્રમ પણ કર્મનું એક ક્ષેત્ર અને કામનાઓનો કરંડીઓ છે, તેમાંથી કર્મો નાશ પામતાં નથી, કર્પૂરના વાસણમાંથી કર્પૂર ખૂટી જાય તોપણ જેમ તેનો વાસ જતો નથી તેમ વાસના ક્ષીણ થયા વિના કર્મો નાશ પામતા નથી. ૪ આ સંસારમાં રહેલો જીવ ડાંસ અને મચ્છર જેવા મનુષ્યોથી અને બીજાં પક્ષીઓ ચોર અને ઉંદર વગેરેથી દુઃખી થાય છે. તેના ધનરૂપી પ્રાણ બહાર જ હોય છે. તે સંસારના હર કોઈ માર્ગ ઉપર ભટકયા કરે છે. આ સંસાર ગંધર્વનગરની પેઠે મિથ્યા છે છતાં અવિદ્યા વાસના તથા કર્મોવડે રંગાયેલાં મનથી મિથ્યા દૃષ્ટિવાળો જીવ આ સંસારને સત્ય માને છે. વળી સંસારમાં પાન અને ભોજન આદિ વ્યસનમાં આસક્ત થઇ કોઇ ઠેકાણે મૃગજળ જેવા વિષયોની તરફ દોડે છે. કોઇ વેળા તાઢથી પીડાતો પુરૂષ અગ્નિ મેળવવાની ઇચ્છાથી કાતર બની ભૂતના ભડકાને લેવાની ઇચ્છા કરે છે તેમજ પોતાની બુદ્ધિવડે અને રજોગુણવડે ઘેરાવાથી સર્વ દોષના સ્થાનરૂપ તથા અગ્નિથી ઉત્પન્ન થયેલાં સુવર્ણને લેવાની ઇચ્છા કરે છે. ૭ કોઈ દિવસ ઉતારા માટે નિવાસસ્થાન પ્રાણી ધન સંપત્તિ વગેરે અનેક પોતાના નિર્વાહની લાલસાવાળો થઇને આ સંસારરૂપી વનમાં આમ તેમ ફાંફાં મારે છે. કોઈ વેળા વંટોળિયા વાયુના જેવી સ્ત્રીઓ મનુષ્યને ખોળામાં બેસાડે છે; તે સમયે રજોગુણરૂપી ધૂળથી જીવ અંધારી રાત્રિના જેવો અંધારામય થઇ જાય છે. શાસ્ત્રની માર્યાદાનો ભંગ કરે છે અને તેની આંખો તેમજ બુદ્ધિ રજોગુણરૂપી ધૂળથી ભરાઇ જાય છે તેથી મર્યાદાનો ભંગ ન કરનાર સાક્ષી રૂપ દિશાઓના દેવતાઓને પણ વિસરી જાય છે. ૯ કોઇવાર "વિષયો મિથ્યા છે," એવો તેના મનમાં તરંગ આવી જાય છે પરંતુ દેહાભિમાનથી પાછી તેની તે સ્મૃતિ નાશ પામે છે એટલે ભાન વિનાનો થઈ દેહાભિમાનની વૃત્તિવડે મિથ્યા સુખ અને વિષયો ઉપર આસક્તિ રાખે છે. ૧૦ કોઇ વખતે શત્રુઓ અને રાજાઓ પ્રત્યક્ષમાં અથવા તો પરોક્ષમાં ઘુવડ અને તમરાના સ્વરની પેઠે ઘણાં કઠોર અને ઉત્સાહપૂર્વક સંભ્રમ ઉપજાવે એવાં તિરસ્કાર ભરેલા તથા અત્યંત કઠોર વચનો કહે છે તે સાંભળીને જીવના કાનના મૂળમાં અને હૃદયમા અત્યંત વ્યથા થાય છે. ૧૧

આ પ્રમાણે ફરતાં ફરતાં તે જ્યારે પોતાના પૂર્વજન્મનાં પુણ્યોને પુરાં કરી રહે છે ત્યારે જીવતા મુવા સરખા તે પુરૂષો વિષમય દુઃખના કારણ રૂપી અપવિત્ર વૃક્ષો લતાઓ અને ઉંડા કુવાઓની પેઠે આલોકમાં અને પરલોકમા આ ભય કરનાર નથી એમ ધારી જેમનું ધન નિષ્પ્રયોજન છે એવા જીવતે મુવેલા નીચ પુરૂષોની પાસે જાય છે.

૧૨ કોઇવાર નીચ લોકોના પ્રસંગથી ઠગાઇને પાણી વિનાની નદીમા પડવાથી જેમ બંને તરફથી દુઃખ થાય તેમ માથું કુટે છે અને પાછળથી વેદના ભોગવે છે. આલોકમાં અને પરલોકમાં દુઃખદાયી એવા ધર્મ પાળે છે. ૧૩ કોઇ અન્ન વિનાનો પુરૂષ બીજાને પીડા કરતાં પોતાને જ્યારે અન્ન મળતું નથી ત્યારે પિતાને પુત્રોને અથવા તો તેમનુ સાધારણ ધન અને અન્ન જેમની પાસે જોવામાં આવે છે તેમને ખાવાને તૈયાર થાય છે. ૧૪ કોઇવાર દાવાનળની પેઠે પ્રિય પદાર્થ વિનાના અને પરિણામે દુઃખદાયી એવા ઘરમાં વાસ કરીને શોકાનલથી બળતો તે ખેદ કરે છે. કોઇવાર રાજકીય પુરૂષરૂપી રાક્ષસો કાળની ગતિને લીધે પ્રતિકૂળ થઈ તેના ધન રૂપી અતિ પ્રિય પ્રાણોને હરી લે છે ત્યારે જીવ હર્ષાદિકથી રહિત થઈ મડદું બની બેસી રહે છે. ૧૬ કોઇવાર મનોરથવડે મેળવેલા પિતા પિતામહ વગેરે મિથ્યા પદાર્થોને સાચા માનીને સ્વપ્નના આનંદનો અનુભવ કરે છે. ૧૭ કોઇવાર ગૃહસ્થાશ્રમમાં કરવા યોગ્ય વિસ્તારવાળા કર્મ રૂપી પર્વતો ઉપર ચઢવાની ઇચ્છા કરે છે પરંતુ લોકોનાં દુઃખો જોઈ મનમાં ખિન્ન થઇને કાંટા તથા કાંકરાવાળી જગ્યામાં પ્રવેશ કરનાર પુરૂષની પેઠે દુઃખી થાય છે. ૧૮ કોઇવાર સહન થઈ શકે નહિ એવા જઠરાગ્નિથી–ક્ષુધાથી નિર્બળ થઇ જઇ પોતાના કુટુંબ ઉપર અત્યંત ક્રોધ કરે છે. ૧૯ અને કોઇ વાર તેજ પુરૂષને ફરીને નિદ્રારૂપી અજગર ગળી જાય છે ત્યારે તે અંધારા કુવામાં ડુબી જાય છે. ઉજડ વનમા ફેંકી દીધેલા શબની પેઠે બીજું કંઈ પણ જાણતો નથી. ૨૦ કોઇ વેળા દુર્જનરૂપી હિંસક પ્રાણીઓ જ્યારે જીવની ગર્વરૂપી દાઢને તોડી પાડે છે ત્યારે તે એક ક્ષણ પણ નિદ્રા કરી શકતો નથી પણ મનમાં વ્યથા થવાથી જ્ઞાનહીન થઇને આંધળાની પેઠે અંધારા કુવામાં ડુબી જાય છે. ૨૧ વિષયરૂપી મધનાં ટીપાંની શોધ કરતાં પરસ્ત્રી તથા પરદ્રવ્યનું હરણ કરવાથી રાજા અથવા ઉપરી તેને મારી નાંખે છે અને જીવ નરકમાં પડે છે. ૨૨ પ્રવૃત્તિ માર્ગમાં જે કર્મ છે તેને આલોક તથા પરલોકના સંસારની જન્મભૂમિ કહેવામાં આવે છે. જીવ જો તે બંધનમાંથી બચી જાય તો તેની પાસેથી દેવદત્ત તે પદાર્થને લઇ લે છે અને દેવદત્ત પાસેથી તે પદાર્થને વળી વિષ્ણુમિત્ર લઇ લે છે. ૨૪ કોઇ વાર ટાઢ–તડકા વગેરે અનેક આધિદૈવિક આધિભૌતિક તથા આધ્યાત્મિક વગેરે દુઃખો પડે છે, તેનું વારણ કરવા જીવ પ્રયત્ન કરે છે પરંતુ વારણ કરવાને સમર્થ થતો નથી તેથી ખિન્ન થઇ અપાર ચિંતામાં ડુબી જાય છે. ૨૫ કોઇ વાર પરસ્પર લેવડ દેવડ કરવામાં ધનના લોભને લીધે બીજાઓની પાસેથી કોડી જેટલું થોડું અથવા તો તેથી ઓછું ધન લઇ લેવા માટે છળ કપટ કરે છે તેથી બીજાઓને દ્વેષપાત્ર થઇ પડે છે. ૨૬

આ પ્રમાણે આ સંસાર રૂપી વનના માર્ગમાં સુખ દુઃખ રાગ દ્વેષ ભય અભિમાન પ્રમાદ ઉન્માદ શોક મોહ લોભ માત્સર્ય અપમાન ભૂખ તરસ મનની પીડા શરીરની પીડા જન્મ જરા તથા મરણ વગેરે વિઘ્નો નડે છે. ૨૭ ભગવાનની માયારૂપ સ્ત્રી પોતાની ભુજારૂપી લતાથી તેનું આલિંગન કરે છે ત્યારે પુરૂષ વિવેકરૂપી જ્ઞાનથી ભ્રષ્ટ થાય છે અને તેનું હૃદય વિહાર કરવાને ઉપયોગી એવા ઘરનો આરંભ કરવા માટે આકુળ વ્યાકુળ છે. સ્ત્રીનો આશ્રય કરવાથી વળગેલાં પુત્ર પુત્રી વગેરેનાં કાલાં કાલાં વચનોથી તેમના પોતાની તરફ પ્રેમભર જોવાથી નાના પ્રકારની ચેષ્ટાઓ કરવાથી પુરૂષનું હૃદય પરવશ થઇ જાય છે. ઇંદ્રિયાધીન એવો પુરૂષ પોતાના આત્માને સંસારના અંધારા કુવામાં નાંખી દે છે. ૨૮ ભગવાન વિષ્ણુનું

કાલચક્ર જે પરમાણું કાળથી લઇને પરાર્ધ કાળે પૂરૂં થાય છે તથા જે તૃણ અને તુંબડાથી માંડીને બ્રહ્મા પર્યંત સર્વ પ્રાણીઓના આયુષ્યમાં ફેરફાર કરી એમના આયુષ્યને વેગથી હરે છે છતા તેને દૂર કરવાનો ઉપાય કોઇ પણ કરી શકતું નથી. વિષ્ણુના કાળચક્રથી મનમાં ડરીને તેનાથી પોતાની રક્ષા કરવા માટે પુરૂષ ઉપર કહેલું કાલચક્ર જેનુ પોતાનું હથિયાર છે એવા સાક્ષાત્ યજ્ઞપુરૂષ ભગવાનનો જ અનાદર કરી કાગડા ગીધ બગલા તથા બીજી જાતિના પક્ષીઓના જેવા અને આર્યશાસ્ત્રમાં જેમના નામ નથી એવા પાખંડી દેવતાઓને નિર્મૂળ કરનાર પાખંડ શાસ્ત્રની રીત પ્રમાણે સેવવા યોગ્ય માને છે. ૨૯ જ્યારે પોતે ઠગી લીધેલા પાખંડી લોકો પોતાને સારી પેઠે ઠગી લે છે ત્યારે બ્રાહ્મણોના મંડળમાં જઈને વસે છે; પરંતુ ત્યા આગળ ઉપનયન આદિ સંસ્કારો અને શ્રૌત સ્માર્ત કર્મો કરીને યજ્ઞ પુરૂષનું આરાધન કરવારૂપ બ્રાહ્મણોનો સ્વભાવ તેને ગમતો નથી તેથી શૂદ્રના મંડળમાં જાય છે. શૂદ્રજાતિને અપવિત્રપણાને લીધે વેદોક્ત ક્રિયા કરવાનો અધિકાર ન હોવાથી તેઓ વાનરજાતિની પેઠે કેવળ રતિસુખ તથા કુટુંબના ભરણ પોષણરૂપો ધંધો કરે છે, પરંતુ અગ્નિહોત્રાદિક વૈદિક કર્મો કરતા નથી, ૩૦ શૂદ્રજાતિમાં અત્યંત કૃપણ બુદ્ધિવાળો પુરૂષ કોઇ પણ જાતનો પ્રતિબંધ રાખ્યા વિના પોતાની ઇચ્છા પ્રમાણે વિહાર કરે છે તથા એક બીજાનાં પરસ્પર મુખ જોવા વગેરે કર્મો કરીને મરણ સમયને વિસરી જાય છે. ૩૧ ઝાડના જેવા આ લોકના પદાર્થો સાથે રમવાની ઇચ્છા થતાં વાંદરની પેઠે પુત્ર સ્ત્રી ઉપર પ્રીતિ રાખે છે તથા રતિમાં આનંદ માને છે. ૩૨

આ પ્રમાણે સંસારરૂપી અરણ્યના માર્ગમાં સુખ દુઃખાદિક ભોગવે છે, પર્વતની ગુફા જેવા અને મૃત્યુરૂપી હાથીના ભયથી ભરેલા રોગાદિક દુઃખમાં પડે છે. ૩૩ રોગાદિક દુઃખમાં આવી પડેલો જીવ ટાઢ તડકો તેમજ દૈવિક અને ભૌતિક અનેક દુઃખોનું નિવારણ કરવાને અસમર્થ થઇ પડે છે અને અપાર દુઃખદાયી પરિણામવાળી પીડાથી મુંઝાય છે. ૩૪ પરસ્પર વ્યવહાર કરતી વેળા ધન મેળવવાને ધુર્ત વિદ્યા કરીને થોડું ઘણું ધન સંપાદન કરે છે. ૩૫ નિર્ધન થવાથી શય્યા આસન ભોજન વગેરે ઉપભોગો મળતા નથી અને કરેલા મનોરથો વ્યર્થ જાય છે. ત્યારે મનોરથથી ઇચ્છેલી વસ્તુને લેવા યત્ન કરે છે, તેને લીધે અપમાન પામે છે. ૩૬ આ પ્રમાણે પરસ્પરમાં નાણાની લેવડ દેવડના સંબંધથી વૈરાનુબંધ વધી જાય છે છતાં પૂર્વની વાસનાથી પરસ્પરમાં ધનની લેવડ દેવડ કરે છે. ૩૭ સંસાર રૂપી માર્ગમા તે નાના પ્રકારના દુઃખોથી ને ઉપદ્રવોથી પીડા પામીને દુઃખી થાય છે અથવા મરી જાય છે. અનુષંગી મનુષ્યો માર્ગમા જ તેનો ત્યાગ કરીને અને બીજાં નવા નવા જન્મેલાં પ્રાણીને સાથે લઇને તે આગળ ચાલે છે માર્ગમાં જતા શોક કરે છે મૂર્છિત થાય છે ભય પામે છે માહો માંહે વિવાદ કરે છે ગાય છે તથા ભાર ઉપાડીને આગળ ચાલ્યા કરે છે.

આ પ્રમાણે મનુષ્યનો સંઘ જ્યાથી નીકળે છે ત્યાં સત્પુરૂષ વિના બીજો કોઇ પુરૂષ પાછો જતો નથી. ભવાટવીના સુખને સંસારના માર્ગનો છેડો કહે છે. ૩૮ સંસારના પારને ન પામવાનું કારણ એ કે માણસ યોગમાર્ગની શિક્ષાને અનુસરતા નથી. અભિમાનનો ત્યાગ કરી શાંત સ્વભાવ રાખનાર સર્વને અભયદાન આપનાર અને પોતાના મનને વશ કરનાર સંન્યાસીઓ યોગને જાણે છે. ૩૯ રાજર્ષિઓ યજ્ઞો કરે છે દિગ્ગજોનો વિજય કરે છે તથાપિ આ મારી પૃથ્વી છે, એવી મમતા કરી પરસ્પરમાં

વૈર રાખી રણમાં મરણને શરણ થઈ પૃથ્વીને છોડીને ચાલી નીકળે છે. ૪૦ જીવ કર્મ રૂપી લતાનો આશ્રય કરી નરકરૂપી આપત્તિમાંથી છૂટીને સ્વર્ગમાં જાય છે તોપણ પાછો સંસાર રૂપી પ્રપંચમાં પડી બધા વ્યવહાર કરે છે અને મનુષ્યોના સંઘમાં મળી જાય છે. ૪૧ આ પ્રમાણે ભરત રાજાનાં ચરિત્રો ગવાય છે. માખ જેમ મનથી પણ ગરૂડના વેગનો પાર પામી શકે નહિ તેમ કોઇ પણ રાજા ઋષભદેવના પુત્ર મહાત્મા ભરતજીના કર્મનો મનથી પણ પુરો પાર પામવાને સમર્થ નથી. ભરતજીએ ભગવાન ઉપર થયેલી આસક્તિથી ત્યાગ થઈ શકે નહિ એવા અને મનમાં લાગી રહેલાં સ્રી પુત્રાદિક સગાં સંબંધી તથા રાજ્યનો તરુણ અવસ્થામા જ ત્યાગ કર્યો હતો. ૪૩ ત્યાગ કરી શકાય નહિ એવી પૃથ્વીની પુત્રોની પોતાના કુટુંબની સ્રીઓની અને પોતાની ખરેખરી દયા દૃષ્ટિની ઇચ્છા રાખનારી અને ઇંદ્રાદિક દેવતાઓએ નિત્ય ઇચ્છવા યોગ્ય એવી લક્ષ્મીની પણ દરકાર કરી ન હતી. મધુસૂદન એવા ભગવાનની સેવામા આસક્ત મનવાળા પુરૂષોને એ પ્રમાણે વર્તવુ ગમે છે અને મોક્ષ પણ તેમને તુચ્છ પદાર્થ જેવો લાગે છે. ૪૪ યજ્ઞમૂર્તિ ધર્મના સ્વામી ધર્માચરણ કરવામા નિપુણ અષ્ટાંગયોગ સ્વરૂપ જ્ઞાન રૂપી ફળ આપનાર માયાના નિયંતા અને સર્વ જીવના અંતર્યામી એવા નારાયણ ભગવાનને આપણા નમસ્કાર છે.

આ પ્રમાણે ભરતજીએ મૃગના દેહનો ત્યાગ કરતી વેળાએ ધર્મ વચન કહ્યું હતું. ૪૫ ભગવદ્ ભકતોએ જેના ગુણોનો તથા કર્મોનો સત્કાર કરેલો છે એવા ભરત મુનિનું આ ચરિત્ર કલ્યાણકારક આયુષ્ય આપનાર ધન યશ સ્વર્ગ અને મોક્ષ આપનારૂં છે. જે મનુષ્ય આ ચરિત્ર સાંભળે છે વર્ણવે છે તથા મનનપૂર્વક ગ્રહણ કરે છે તે સર્વ ઇષ્ટ પદાર્થોને પામે છે, અને કોઇ પણ વસ્તુ માટે પરની—બીજાની આશા રાખતો નથી. ૪૬

य इदं भागवतसभाजितावदातगुणकर्मणो राजर्षेर्भरतस्यानुचरितं स्वस्त्ययनमायुष्यं धन्यं यशस्यं स्वर्ग्यापवर्ग्यं वानुशृणोत्याख्यास्यति अभिनदति च सर्वा एवाशिष आत्मन आशास्ते न कांचन परत इति ४६

इतिश्रीमद्भागवतेमहापुराणेपंचमस्कंधे
चतुर्दशोऽध्याय:

અધ્યાય ૧૫ મો.†

ભરતવંશના રાજાઓ.

श्रीशुक उवाच.

भरतस्यात्मज: सुमतिर्नामाभिहितो यमु ह वाव केचित्पाखण्डिन ऋषभपदवीमनुवर्तमानं चानार्या अवेदसमाम्नातां देवतां स्वमनीषया पापियस्या कलौ कल्पयिष्यन्ति ।१।

શુકદેવજી કહેછે કે—ભરતને સુમતિ નામે પુત્ર હતો અને તેણે મોટો યજ્ઞ કર્યો હતો છતાં કેટલાએક પાખંડી એવા અનાર્ય લોકોએ પોતાની પાપી બુદ્ધિથી શ્રી ઋષભ દેવજીના માર્ગને અનુસરનારા સુમતિને વેદમાં દેવ જેવો ગણ્યો નથી તથાપિ તેને કળિયુગમાં દેવ (બુદ્ધદેવ) નો અવતાર ઠરાવશે. સુમતિને વૃદ્ધસેના નામની સ્રીમાંથી દેવતાજિત નામે પુત્ર થયો. ૨ દેવતાજિતને આસુરી નામે સ્રીથી દેવદ્યુમ્ન નામે પુત્ર થયો. દેવદ્યુમ્નને ધેનુમતી નામે સ્રીથી પરમેષ્ઠી નામે પુત્ર થયો. પરમેષ્ઠીને સુવર્ચલા નામની સ્રીથી પ્રતીહ નામે પુત્ર થયો. ૩ જેણે ઘણા મનુષ્યોને આત્મવિદ્યાનો ઉપદેશ કરી મહા પુરૂષ એવા શ્રીહરિનો સાક્ષાત્કાર કરાવ્યો હતો. ૪ પ્રતીહથી સુવર્ચલા નામની સ્રીથી પ્રતિહર્ત્તા પ્રસ્તોતા ઉદ્ગાતા થયા ને તેઓ યજ્ઞ વિદ્યામાં કુશળ હતા. પ્રતિહર્ત્તાને સ્તુતિ નામે સ્રીથી અજ તથા ભૂમા નામના બે પુત્રો થયા હતા. ૫ ભૂમાને ઋષિકુલ્યા નામની સ્રીથી ઉદ્ગીથ નામે પુત્ર થયો. ઉદ્ગીથને દેવકુલ્યા નામની

† આ અધ્યાયમા ભરતવંશી રાજાઓનું વર્ણન કરવામા આવેલું છે.

સ્ત્રીથી પ્રસ્તાવ નામનો પુત્ર થયો. પ્રસ્તાવને નિયુત્સા નામની સ્ત્રીથી વિભુ નામે પુત્ર થયો. વિભુને રતિ નામની સ્ત્રીથી પૃથુષેણ નામનો પુત્ર થયો. તેનાથી આકુતિ નામે સ્ત્રીથી નક્ત નામનો પુત્ર થયો. નક્તને દ્રુતિ નામની સ્ત્રીથી ગય નામે પુત્ર થયો.

ગય રાજા રાજર્ષિઓમાં શ્રેષ્ઠ અને ઉદાર કીર્તિવાળો હતો. જગતનું રક્ષણ કરનાર તે સત્વગુણવાળો સ્વસ્વરૂપને ધારણ કરનાર સાક્ષાત્ ભગવાન વિષ્ણુના અંશાવતાર જેવો હતો અને આત્મજ્ઞાન વગેરે લક્ષણોથી મહા પુરૂષની પદવીને પામ્યો હતો. ૬ માયાથી પર રહેતાં મોક્ષ આપનાર એવી પ્રજાનું પાલન પોષણ પ્રજાની પેઠે રક્ષણ અને ઉપદેશ વગેરે રાજધર્મોથી યજ્ઞ યાગ કરવા રૂપી ગૃહસ્થાશ્રમના ધર્મોથી બ્રહ્મવેત્તા પુરૂષોનાં ચરણની સેવાથી મેળવેલા ઉત્તમ ભક્તિયોગથી વારંવાર સંસ્કાર થવાને લીધે તે રાજાની બુદ્ધિ અત્યન્ત નિર્મળ થયેલી હતી. દેહાભિમાનથી રહિત થયેલા તેને અન્તઃકરણમાં પોતાની મેળે પરબ્રહ્મનું યથાર્થ જ્ઞાન થયું હતું, તોપણ તે નિરાભિમાની રહીને પૃથ્વીનું પાલન કરતો હતો. ૭ હે પરીક્ષિત રાજા ! પ્રાચીન ઇતિહાસવેત્તાઓ તેને માટે એક આવી ગાથા ગાય છે. ૮ ' બીજો કયો રાજા ગયરાજાના જેવાં કામ કરવાને સમર્થ છે ? ભગવાનના અંશાવતાર રૂપ ગયરાજા વિના બીજો કયો રાજા યજ્ઞ કરનારો મનસ્વી ધર્મનું રક્ષણ કરનારો લક્ષ્મીવાળો મહા પુરૂષોની સભાનો અધ્યક્ષ અને મહા પુરૂષોનો સેવક છે ? ૯ આશીર્વચનવાળી શ્રદ્ધા મૈત્રી દયા વગેરે દક્ષ પ્રજાપતિની કન્યાઓએ મહા આનંદથી તેને નદીઓનાં પાણીથી અભિષેક કર્યો હતો. તે કામના રહિત હતો તોપણ તેના ગુણરૂપી બાલામાંથી દૂધને ઝરતી પૃથ્વીરૂપી ગાય તેની પ્રજાના સર્વ મનોરથો પૂર્ણ કરતી હતી. ૧૦ તે કામના રહિત હતો તોપણ વેદો તથા વેદોક્ત કર્મો તેની સર્વ કામના પૂર્ણ કરતાં હતાં. સર્વ રાજાઓ તેને કર આપતા અને પાલન તથા દક્ષિણા વગેરેથી તે જેમનો સત્કાર કરતો એવા બ્રાહ્મણો પરલોકમાં પોતાને મળનારા ધર્મના ફળનો છઠ્ઠો ભાગ તેને અર્પણ કરતા ‡ જેમાં ઘણું સોમપાન કરવામાં આવતું હતું એવા ગયરાજાના યજ્ઞમાં ઇંદ્ર સોમનું પાન કરીને પ્રસન્ન થઇ ગયો હતો અને ભગવાન યજ્ઞનારાયણે પોતે શ્રદ્ધાથી અત્યંત શુદ્ધ અને અચળ એવા ભક્તિયોગથી તેણે અર્પણ કરેલા યજ્ઞના ફળને સ્વીકાર્યું હતું. ૧૨ જે ભગવાનને પ્રસન્ન કરવાથી દેવતા પશુ પક્ષી મનુષ્ય લતા વગેરેથી માંડીને બ્રહ્મા પર્યંત આખુ વિશ્વ પ્રસન્ન થાય છે એવા અંતર્યામી ભગવાને પોતે ગયરાજાના યજ્ઞમાં પ્રસન્ન થઇ ' તૃપ્તોસ્મિ ' એમ કહીને પ્રીતિ દેખાડી હતી. ૧૩ ગયરાજાને ગયંતી નામની સ્ત્રીથી ચિત્રરથ સુગાત અને અવરોધન નામે ત્રણ પુત્રો થયા હતા. ચિત્રરથને ઉર્ણાથી સમ્રાજ નામે પુત્ર થયો હતો. ૧૪ સમ્રાજને ઉત્કલા નામની સ્ત્રીથી મરીચિ નામે પુત્ર થયો હતો. મરીચિને બિંદુમતી નામે સ્ત્રીથી બિંદુમાન નામે પુત્ર થયો હતો. બિંદુમાનને સરઘા નામની સ્ત્રીથી મધુ નામે પુત્ર થયો હતો. મધુને સુમના નામની સ્ત્રીથી વીરવ્રત નામનો પુત્ર થયો હતો. વીરવ્રતને ભોજા નામની સ્ત્રીથી મંથુ અને પ્રમંથુ નામે બે પુત્રો થયા હતા. મંથુને સત્યા નામની સ્ત્રીથી ભૌવન નામનો પુત્ર થયો હતો. ભૌવનને દૂષણા નામે સ્ત્રીથી ત્વષ્ટા નામે પુત્ર થયો હતો. ત્વષ્ટાને વિરોચા નામની સ્ત્રીથી વિરજ નામે પુત્ર થયો હતો. વિરજને વિષૂચિ નામે સ્ત્રીથી સો પુત્રો અને

‡ ધર્મશાસ્ત્રોમા કહેલુ છે કે રાજાએ વેપારીઓ અને ખેડુતો પાસેથી તેમની ઉપજનો છઠ્ઠો ભાગ લેવો અને બ્રાહ્મણો ને ઋષિઓ જે સત્કર્મ તેના રાજ્યમા કરે તેના પુણ્યનો છઠ્ઠો ભાગ રાજાને મળે.

એક કન્યા થઇ હતી. પુત્રોમાં શલ્યજીત સર્વ કરતાં મોટો હતો. ૧૫ આ વંશના વખાણ તરીકે આ પ્રમાણે એક ગાથા ગવાય છેઃ— વિષ્ણુ જેમ પોતાની કીર્તિથી દેવતાઓના મંડળને શોભાવે છે તેમ છેલ્લા ઉત્પન્ન થયેલા વિરજ રાજાએ પ્રિયવ્રત રાજાના વંશને શોભાવ્યો હતો. ૧૬

प्रैयव्रतं वंशमिमं विरजश्चरमोद्भवः ।
अकरोदत्यलं कीर्त्या विष्णुःसुरगणं यथा १६

इतिश्रीमद्भागवतेमहापुराणेपचमस्कंधे पंचदशोध्यायः

અધ્યાય ૧૬ મો.†

ભૂગોળનું વર્ણન.

राजोवाच

उक्तस्त्वया भूमण्डलायामविशेषो यावदादित्यस्तपति यत्र चासौ ज्योतिषां गणैश्चन्द्रमा वा सह दृश्यते ॥ १ ॥

પરીક્ષિત રાજાએ પૂછયું કે—હે શુકદેવજી! જેટલા ભૂમંડળમાં સૂર્ય પ્રકાશે છે અને જેટલા ભૂમંડળમાં નક્ષત્રોના ગણ સાથે ભગવાન ચંદ્રમાનાં દર્શન થાય છે તેટલા ભૂમંડળનો વિસ્તાર આપ મને સંભળાવો. ૧ પ્રિયવ્રત રાજાના રથનાં પૈડાંના ઘસારાથી સાત ચીલાઓ પડી જઇ તેમાં સાત સમુદ્રોની રચના થયેલી કહેવાય છે. જે સાત સમુદ્રો ઉપરથી આ પૃથ્વીના સાત દ્વીપની વિશેષ રચના થવા વિષે આપે મને આગળ કેટલુંક કહ્યું છે. હે ભગવન! હું તે સર્વ દ્વીપોને તથા સમુદ્રોને તેનાં માપ અને લક્ષણોની સાથે જાણવાની ઇચ્છા રાખું છું. ૨ કારણ કે પ્રથમ ભગવાનના સગુણ એવા સ્થૂલ રૂપનું સ્વરૂપ જાણ્યું હોય તો પછી અત્યંત સૂક્ષ્મ તથા સ્વયંપ્રકાશ એવા નિર્ગુણ પરબ્રહ્મ વિષે આ મનને સહેજ જોડી શકાય છે. હે ગુરૂ! આ પૃથ્વીનું વર્ણન હવે આપ મને સંભળાવો.

શુકદેવજીએ કહ્યું કે—હે પરીક્ષિત, મહારાજ! મનુષ્ય ભગવાનની માયાના અને ગુણોના અંતને દેવતાઓના આયુષ્ય જેટલે સમયે પણ મન કે વાણીથી પહોંચી શકતો નથી, તો પછી હું ભૂગોળનાં મુખ્ય નામ રૂપ માપ અને લક્ષણોનું વર્ણન શું કરૂં? પહેલો જંબુદ્વીપ છે. તે ભૂમંડળ રૂપી કમળના સાત દ્વીપ રૂપી સાત પત્રની વચ્ચે રહેલા એક પત્ર જેવો છે. તે એક લાખ યોજન વિશાળ છે અને કમળના પત્રની પેઠે સમગોળ છે. ૫ જંબુદ્વીપમાં નવ ખંડો છે. તે પ્રત્યેક ખંડો નવ નવ હજાર યોજન વિસ્તારવાળા છે અને આઠ મર્યાદાના પર્વતોથી વહેંચાઇ ગયેલા છે. ૬ નવ ખંડોની વચ્ચે ઇલાવૃત્ત નામે એક ખંડ છે, જે ખંડની વચ્ચે મેરૂ નામે એક બહુ મોટો પર્વત આવી રહેલો છે. તે સુવર્ણનો છે, એક લાખ યોજન ઉંચો છે અને પૃથ્વી રૂપી કમળની એક કળીના જેવો લાગે છે. મેરૂ પર્વત ઉપરના ભાગમાં બતરીસ હજાર યોજન પહોળો છે અને મૂળના ભાગમાં સોળ હજાર યોજન વિસ્તારવાળો છે, તેટલોજ તે પૃથ્વીની અંદર ગયેલો છે. ૭ ઇલાવૃતની ઉત્તર દિશા તરફ અનુક્રમે નીલ, શ્વેત અને શૃંગવાન નામે ત્રણ પર્વતો આવેલા છે, તે રમ્યક હિરણ્યમય તથા કુરૂ નામના ત્રણ ખંડની સીમા ઉપર છે. પૂર્વ દિશા તરફ તે લાંબા ગયેલા છે. તેના બન્ને ભાગ છેક સમુદ્ર સુધી ગયેલા છે તે બબ્બે હજાર યોજન પહોળા છે. પહેલા કરતાં પછી પછીનો પર્વત લંબાઇમાં અક્કેક કરતાં દશાંશથી કંઇક વિશેષ ઓછો છે. ૮ ઇલાવૃતની દક્ષિણ દિશા તરફ નિષધ હેમકુટ તથા હિમાલય નામના ત્રણ પર્વતો છે. તે ક્રમવાર હરિવર્ષ કિંપુરૂષ અને ભરતખંડની સીમા ઉપર આવેલા છે. તે પૂર્વ દિશામાં લાંબા વધેલા છે. નીલાદિક પર્વતની પેઠે બબ્બે હજાર યોજન લાંબા અને દશ દશ

† આ અધ્યાયમા ભૂગોળનુ વર્ણન કરતા નવ ખંડોની સ્થિતિ અને તેનો પરિઘ વગેરે કહીને પૃથ્વી રૂપી કમળની કળી જેવા મેરૂ પર્વતનું વર્ણન કરેલું છે.

હજાર યોજન ઉંચા છે. ¶ તેમ જ ઇલાવૃતની પશ્ચિમ દિશા તરફ અને પૂર્વ દિશા તરફ માલ્યવાન અને ગંધમાદન નામના બે પર્વતો છે. તે નીલ તથા નિષધ સુધી લાંબા ગયેલા છે. બબ્બે હજાર યોજન સુધી પથરાયલા છે અને કેતુમાલ તથા ભદ્રાશ્વ ખંડની સીમા ઉપર આવેલા છે. ૧૦ મંદર મેરૂમંદર સુપાર્શ્વ કુમુદ વગેરે પર્વતો દશ હજાર યોજન પહોળા ને ઉંચા છે અને મેરૂ પર્વતની ચારે દિશાએ આધાર રૂપે રહેલા છે. ૧૧

એ ચારે પર્વતો ઉપર અનુક્રમે આંબાનું જાંબુનું કદંબનું અને વડનું એમ ચાર મોટા વૃક્ષો આવી રહેલાં છે. તે વૃક્ષો પર્વતની ધ્વજાના જેવાં દેખાય છે અને હજાર યોજન કરતાં કંઇક વધારે ઉંચા છે. તેની શાખાઓનો વિસ્તાર સો સો યોજન લાંબો પહોળો છે. ૧૨ હે ભરતવંશમાં શ્રેષ્ઠ રાજા! તે પર્વત ઉપર દૂધનો, મધનો, શેલડીના રસનો તથા મીઠા પાણીનો એમ ચાર ધરા છે, જેનું જળપાન કરીને યક્ષો સ્વાભાવિક રીતેજ યોગ સિદ્ધિઓ મેળવે છે. ૧૩ ત્યા આગળ નંદન ચૈત્રરથ વૈભ્રાજીક તથા સર્વતોભદ્ર નામના દેવતાઓનાં ઉદ્યાનો છે. ૧૪ જે ઉદ્યાનોમાં યક્ષો જેઓનો મહિમા ગાય છે એવા મોટા મોટા દેવતાઓ તથા દેવાંગનાઓમા શ્રેષ્ઠ એવી મહાદેવીઓ પોતપોતાના પતિની સાથે વિહાર કરે છે. ૧૫ અગિયારસો યોજન ઉંચા એવા દિવ્ય આબાની ટોચ ઉપરથી મંદરાચળ ઉપર અમૃતના જેવી મીઠી તથા પર્વતના શિખર જેવી મોટી કેરીઓ પડે છે. કેરીઓ પડતાવાંત ફાટી જાય છે ને તેમાથી અત્યંત મધુર સ્વાભાવિક રીતે સુગંધીદાર અને રાતોચોળ રસ નીકળી અરૂણોદા નામની નદી રૂપે મંદરાચળના શિખર ઉપરથી નીચે પડી પૂર્વ દિશા તરફ વહે છે. જે રસનું ભક્ષણ કરવાથી પાર્વતીની દાસીઓ તથા યક્ષોની સ્ત્રીઓના મઘમઘતા અવયવોનો સ્પર્શ કરવાથી સુગંધી થયેલો પવન ચારે તરફ સુગંધ ફેલાવે છે. ૧૮ આ પ્રમાણે નાના ઠળીયાવાળા ઘણે ઉંચેથી પડવાને લીધે ફાટી ગયેલા અને હાથીની કાયા જેવા મોટા જાંબુના ફળોના રસમાથી જંબુ નામની નદી વહે છે. તે દશ હજાર યોજન ઉંચા મેરૂમંદર નામે પર્વતના શિખર ઉપરથી પૃથ્વી ઉપર પડી દક્ષિણ દિશા તરફ છેક ઇલાવૃત સુધી પોતાનો પ્રવાહ વહેવરાવે છે. ૧૯ એ જંબુ નદીના બંને તીર ઉપરની માટી જાંબુના રસ સાથે મળી જઇ વાયુ તથા સૂર્યના સંયોગથી પાકીને તેમાથી જાંબુનદ નામનું સુવર્ણ થાય છે. દેવતાઓ તે સુવર્ણના ઘરેણાં પહેરે છે. ૨૦ દેવતાઓ પોતાની સ્ત્રીઓ સાથે મુગટ કડાં કટિસૂત્ર વગેરે આભરણ રૂપે તે સુવર્ણને ધારણ કરે છે. ૨૧ સુપાર્શ્વ નામના પર્વત ઉપર કદંબનું એક મોટું વૃક્ષ છે તેનાં કોટરોમાંથી પાંચ વામ પહોળી પાચ મધની ધારાઓ વહે છે. તે ધારાઓ સુપાર્શ્વ નામે પર્વતના શિખર ઉપરથા નીચે પડી ઇલાવૃત તરફ વહે છે. ૨૨ તેનો ઉપયોગ કરનારી સ્ત્રીઓના મુખમાથી નીકળતો સુગંધી વાયુ ચારે તરફ સો સો યોજનમાં સુગંધ ફેલાવે છે. ૨૩ એવી રીતે કુમુદ પર્વત ઉપર શત વલ્શ નામનો એક વડ છે, તેની શાખાઓમાથી દૂધ દહીં મધ ઘી ગોળ અન્ન વસ્ત્ર શય્યા આસન તથા આભરણ વગેરેના નદો નીચેના ભાગમાં પડે છે. એ સર્વ નદો કામનાને પુરનારા છે અને કુમુદ પર્વત ઉપરથી નીચે પડીને ઉત્તર દિશા તરફ ઇલાવૃતને જોડી દે છે. ૨૪ આ ધરોનું સેવન કરનારી પ્રજાઓને કોઇ પણ દિવસ પળિયાં

¶ આર્યો જે પૂર્વે મેવ પ્રદેશમા રહેતા હતા તે હિમકાળને લીધે રૂશિયામા થઇ કોકેશીઆને માર્ગે પશ્ચિમ તરફથી ઉતરી આવેલા એવુ જે અર્વાચીન શોધકોનુ અનુમાન છે તેને આ વાકયથી ટેકો મળે છે કારણ કે પશ્ચિમ તરફથી આવનાર માણસજ એમ કહે કે તે પર્વત પૂર્વ તરફ લબાયેલો છે

શાક પરસેવો દુર્ગંધી ઘરડપણુ રોગ મૃત્યુ ટાઢ તડકો નિસ્તેજપણું તથા વિઘ્ન વગેરે સંતાપો થતા નથી અને તે જીવતા સુધી સર્વ શ્રેષ્ઠ સુખ ભોગવે છે. ૨૫

કુરંગ કુરર કુસુંભ વૈકંક ત્રિકુટ શિશિર પતંગ રૂચક નિષધ શિનીવાસ કપિલ શંખ વૈડૂર્ય જારૂધી હંસ ઋષભ નાગ કાલંજર તથા નારદ વગેરે વીશ પર્વતો કમળની કળીની આસપાસ જેમ તેના કેસરાં રહેલાં હોય તેમ મેરૂ પર્વતની આસપાસ આવી રહેલા છે. ૨૬ મેરૂ પર્વતની પૂર્વ દિશા તરફ જઠર અને દેવકુટ નામના બે પર્વતો આવેલા છે, તે ઉત્તર દિશા તરફ અઢાર હજાર યોજન લાંબા અને બબ્બે હજાર યોજન પહોળા ને ઉંચા છે એવી રીતે મેરૂની પશ્ચિમ દિશામાં પવન તથા પારિયાત્ર અને દક્ષિણ દિશામાં કૈલાસ તથા કરવીર નામે બબ્બે પર્વતો આવેલા છે અને તે પૂર્વ દિશા તરફ લાંબા વધેલા છે. વળી એ પ્રમાણે મેરૂથી ઉત્તર દિશામાં ત્રિશૃંગ અને મકર નામના બે પર્વતો છે, એ આઠ પર્વતોથી ચારે તરફ ઘેરાયેલો સુવર્ણનો મેરૂ પર્વત અગ્નિની પેઠે શોભે છે. ૨૭ મેરૂ પર્વતની ઉપર વચ્ચેના ભાગમાં ભગવાન બ્રહ્માની દશ હજાર યોજનમાં સમચોરસ એક નગરી છે તે સોનાની છે. ૨૮ બ્રહ્મપુરીની આસપાસ ચારે દિશાઓમાં આઠ લોકપાલોની આઠ નગરીઓ તે તે લોકપાલોની દિશાઓમાં કલ્પેલી છે. તે નગરીઓનાં રૂપ પણ તે તે દેવતાઓના જેવાં છે અને તેમનું પ્રમાણ બ્રહ્માની પુરીના ચોથા ભાગનું છે. ૨૯

तामनुपरितो लोकपालानामष्टानां यथादिशं यथारूपं तुरीयभागेन पुरोष्टावुपक्लृप्ताः २९

इतिश्रीमद्भागवतेमहापुराणेपंचमस्कंधे षोडशोध्यायः

અધ્યાય ૧૭ મો.†

ગંગાનું અવતરણ.

श्रीशुक उवाच

**तत्र भगवतः साक्षाद्यज्ञलिंगस्य विष्णोर्वि-
क्रमतो वामपादांगुष्ठनखनिर्भिन्नोर्ध्वांडकटा-
हविवरेणांतः प्रविष्टा या बाह्यजलधारा
तच्चरणपंकजावनेजनारुणकिंजल्कोपरंजिता
खिलजगदघमलापहोपस्पर्शनाऽमलासाक्षा-
भगवत्पदीत्यनुपलक्षितवचोभिधीयमानाति
महता कालेन युगसहस्रोपलक्षणेन दिवो
मूर्धन्यवततार यत्तद्विष्णुपदमाहुः ॥ १ ॥**

શુકદેવજી કહે છે કે–હે પરીક્ષિત રાજા! યજ્ઞમૂર્તિ ભગવાન વામનજીએ બલિના યજ્ઞમા ત્રણ પગલાં પૃથ્વી ભરતી વખતે મોટું સ્વરૂપ ધારણ કરી જમણા ચરણથી પૃથ્વીને દબાવી ડાબા ચરણને ઉંચો કરતાં અંગુઠાના નખથી બ્રહ્માંડનો ઉપરનો ભાગ તૂટી ગયો હતો. તે છિદ્રદ્વારા બહાર આવરણ રૂપે રહેલા પાણીની ધારા અંદર આવી હતી. તે હજારો યુગ રૂપી મોટો કાળ વીતી ગયા પછી સ્વર્ગની ઉપર આવેલા વિષ્ણુપદ નામે સ્થાનમાં ઉતરી હતી. બહારના જળની ધારા ભગવાનનું ચરણ ધોતાં તેના કેસર સાથે મળીને રાતી થઇ સ્પર્શ કરવાથી આખા જગતના પાપનો નાશ કરનારી અતિ પવિત્ર અને નિર્મળ બની. પ્રથમ સાક્ષાત ભગવત્પદીના નામથી તે ઓળખાતી હતી પરંતુ જુદા જુદા પ્રસંગોવડે જાહ્નવી ભાગીરથી વગેરે નામોથી ઓળખાઇ. ૧ વિષ્ણુપદમાં વાસ કરનાર પરમ ભગવદભક્ત તથા દૃઢ સંકલ્પવાળા ધ્રુવજી જે જળની ધારાને પોતાના કુળદેવ એવા શ્રીવિષ્ણુના ચરણારવિંદનું જળ છે આમ માનીને હજી સુધી આદર સાથે મસ્તક ઉપર ધારણ કરે છે. આ સમયે ક્ષણે

† આ અધ્યાયમાં ગંગાજીનું ચારે દિશામા જવુ તથા ઇલાવૃત નામે ખંડમાં શંકરે સંકર્ષણની કરેલી સેવાની કથા કહેવાયેલી છે.

ક્ષણુ ભગવાનની ભકિતથી તેનું હૃદય અત્યંત ભરાઇ જાય છે. ઉત્કંઠાથી પરાધીન થઇ જતાં નેત્રકમળ મીંચાઇ જાય છે. શરીરે રોમાંચ થાય છે. ધ્રુવની નીચે રહેલા સપ્તર્ષિઓ ગંગાની મહત્તાને જાણે છે તથા સર્વના આત્મારૂપ ભગવાન વાસુદેવ ઉપર ભક્તિ થવાથી બીજા પુરૂષાર્થોનો તથા આત્મજ્ઞાનનો પણુ આદર કરતા નથી. ગંગાજીનો લાભ થવાથી આપણા તપની આત્યંતિક સિદ્ધિ થઇ એમ ધારીને મુમુક્ષુજનો જેમ પ્રત્યક્ષ આવેલી મુકિતને પામે તેમ સન્મુખ આવતાં ગંગાજીને માન સાથે તેઓ પોતાની જટાઓમાં ધારણુ કરે છે. ૩ સપ્તર્ષિઓના સ્થાનમાંથી હજારો વિમાનો ફરવાથી સાંકડા થઈ ગયેલા આકાશથી નીચે ઉતરતાં ચંદ્રમાના મંડળને ભીંજવતાં બ્રહ્માની નગરીમાં પડે છે. ૪ ત્યાં ચાર ભાગમાં વહેંચાઇ જઇ સીતા અલકનંદા ચક્ષુ અને ભદ્રા એવા ચાર નામોથી ચાર દિશાઓમા વહેતી સમુદ્રમાં જઇ મળે છે. ૫ સીતા નામની ધારા બ્રહ્માના સ્થાનમાંથી કેસરાચળ વગેરે પર્વતોનાં શિખરો ઉપરથી નીચે ઉતરી ગંધમાદન પર્વતના શિખરો ઉપર પડે છે અને ત્યાંથી ભદ્રાશ્વખંડના મધ્ય ભાગમા થઇને પૂર્વદિશા તરફ જઈ સમુદ્રને મળે છે. ૬ એ રીતે ચક્ષુ નામની ધારા માલ્યવાન પર્વતના શિખર ઉપરથી કેતુમાલ નામના ખંડ તરફ વહે છે અને ત્યાંથી અશ્રાંત વેગવડે પશ્ચિમ દિશા ભણી વહે છે. ૭ ભદ્રા નામની ધારા મેરૂ પર્વતના શિખર ઉપરથી ઉત્તર દિશા તરફ આવેલા નીલ પર્વતના શિખર ઉપર પડે છે. નીલ પર્વતના શિખર ઉપરથી શ્વેત પર્વતના શિખર ઉપર પડે છે. શ્વેત પર્વતના શિખર ઉપરથી શૃંગવાન નામના પર્વતના શિખર ઉપર પડે છે અને ત્યાંથી નીચે પડી ઉત્તર કુરૂ નામના દેશોમાં વિસ્તાર પામે છે. ત્યાંથી ઉત્તર દિશામાં આવેલા સાગરને જઇ મળે છે. અલકનંદા નામની ધારા બ્રહ્માની નગરીથી દક્ષિણુ દિશા તરફ વહેતી ઘણા પર્વતોને ઓલંગી હેમકુટ નામના પર્વત ઉપર પડી ત્યાથી હેમકુટ પર્વતનાં શિખરોને વેગવડે તાણુતી ભરતખંડમાં વહે છે અને ભરતખંડમા થઇને દક્ષિણુ દિશા તરફ આવેલા સમુદ્રને જઇ મળે છે. જે પુરૂષ આવાં ઉત્તમ ગંગાજીમાં નહાવા જાય છે તે પુરૂષને અશ્વમેધ અને રાજસૂય વગેરે યજ્ઞોનું ફળ મળે છે. ૯

આ પ્રમાણે પ્રત્યેક ખંડોમાં બીજા નદો તથા મેરૂ વગેરે પર્વતોમાંથી ઉત્પન્ન થયેલી સેકડો નદીઓ આવેલી છે. ઉપર કહેલા સર્વ ખંડોમાં ભારતવર્ષ કર્મ કરવાનું ક્ષેત્ર છે. બીજા આઠ ખંડો દેવતાઓને ભોગવતાં બાકી રહેલાં પુણ્યો ભોગવવાનાં સ્થાનો અને પૃથ્વી ઉપરનાં સ્વર્ગ જેવા છે. ૧૦ એ ખંડોમાં મનુષ્યની ગણુતરી પ્રમાણે લોકોનું આયુષ્ય દશ દશ હજાર વર્ષનું છે, તેઓમાં રહેનારા લોકો દેવતા જેવા છે તેઓનું બળ દશ હજાર હાથીના જેટલું છે. તેમનાં શરીર વજ્ર જેવાં મજબુત રહે છે. બળ અવસ્થા અને સુખોથી આનંદમાં આવી ગયેલાં સ્ત્રી પુરૂષનાં જોડાં ત્યાં સુખ ભોગવે છે. આયુષ્યમાં એક વર્ષ બાકી હોય ત્યારે સ્ત્રીઓને ગર્ભ રહે છે તે ખંડોમાં ત્રેતાયુગના જેવો સમય ચાલે છે ૧૨ પોતપોતાના સેવકોના મુખ્ય મુખ્ય સેવકોથી સારી રીતે સત્કાર પામનારા મોટા મોટા દેવલોકો તે ખંડોમાં આવેલા આશ્રમોમાં પર્વતની ગુફાઓ તથા નિર્મળ જળાશયોમાં ઇચ્છાનુસાર જળક્રીડા વગેરે નાના પ્રકારના વિહાર કરે છે. ઋતુ ઋતુનાં પુષ્પો ગુચ્છાઓ ફળો તથા કળીઓથી નીચે નમી પડેલી ડાળીઓ તથા વેલાઓવાળાં વૃક્ષોથી આશ્રમોનાં તથા પર્વતની ગુફાઓનાં વનો અત્યંત શોભાયમાન લાગે છે. નિર્મળ જળાશયો ઉઘડી ગયેલાં જાત જાતનાં નવાં

કમળોની સુગંધથી પ્રસન્ન થયેલા રાજહંસ જળકુકડી કારંડવ સારસ તથા ચક્રવાક વગેરે પક્ષીઓથી તથા જાતજાતના ઘણા ભ્રમરાઓથી મુખર થઈ રહેલાં હોય છે. દેવાંગનાઓના વિલાસોથી અને હસવાથી ત્યાં આગળ વિહાર કરનારા દેવતાઓનાં મન તથા દૃષ્ટિ વિષયાસકત રહે છે. ૧૩ આ નવે ખંડોમાં મહાપુરૂષ એવા ભગવાન નારાયણ પોતાના ભકતોના ઉપર અનુગ્રહ કરવા માટે પોતાની મૂર્તિઓના સમૂહ સાથે હજી સુધી પાસે રહેલા છે. ૧૪ ઇલાવૃતમાં ભગવાન શંકર એક પુરૂષ છે. ત્યાં આગળ બીજો કોઈ પણ પુરૂષ જતો નથી અને જે પુરૂષ જાય છે તે પાર્વતીના શાપને લીધે સ્ત્રી થઈ જાય છે.૧૫ ઇલાવૃત ખંડમાં પાર્વતીની અસંખ્ય દાસીઓ શંકરની સેવા કરે છે. ભગવાન શંકર વાસુદેવ સંકર્ષણ પ્રદ્યુમ્ન તથા અનિરૂદ્ધ એવી ચાર મૂર્તિવાળા ભગવાન મહાપુરૂષની સંકર્ષણને નામે ચોથી તમોગુણી મૂર્તિ કે જેમાંથી પોતાની ઉત્પત્તિ થઇ છે તે મુર્તિનું મનમાં ધ્યાન કરીને તે ધ્યાનદ્વારા મુર્તિને પોતાની પાસે લાવે છે અને નીચેનો મંત્ર ભણી તેમની ભકિત કરે છે. ૧૬

ભગવાન શંકર કહે છે કે—હે મહાપુરૂષ! સર્વ ગુણોને પ્રકાશ કરનાર અનંતને માપમાં આવે નહિ એવા ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ૧૭ હે પરમેશ્વર! તમે સમસ્ત ઐશ્વર્યના આશ્રયરૂપ, ભકતોને પોતાના અત્યંત દયાળુ સ્વરૂપનું દર્શન આપનાર સંસારને ટાળનાર તથા આપનારા છો. જેનું ચરણ એક શરણ રૂપ છે એવા શંકરને હું ભજું છું. ૧૮ આપ જગતને નિયમમાં રાખવા માટે ચારે તરફ જુવો છો, તોપણ ક્રોધના વેગને નહિ જીતનારા લોકોની દૃષ્ટિ જેમ વિષયોથી ને ઇંદ્રિયોથી ઘેરાઇ જાય છે તેમ આપની દૃષ્ટિ વિષયોથી ને ઇંદ્રિયોથી જરા પણ ઘેરાતી નથી. આપને મુકિતની ઇચ્છાવાળો કયો પુરૂષ ભજતો નથી.૧૯ તમે મિથ્યાદૃષ્ટિવાળા પુરૂષને માયાને લીધે મદિરાપાન કરીને મત્ત બની ગયેલા ભયંકર પુરૂષ જેવા લાગો છો. મદિરા અને આસવના પાનથી રાતી આંખવાળા ભયંકર લાગો છો. તમારા ચરણના સ્પર્શથી આતુર થયેલી નાગણીઓ લજ્જાથી તમારૂં પૂજન કરી શકતી નથી. ૨૦ વેદના મંત્રો તમને આ જગતની ઉત્પતિ સ્થિતિ ને લય કરનારા અને ઉત્પત્તિ સ્થિતિ ને લય રહિત એવા અનંત કહે છે. આપનાં હજાર મસ્તકોમાંના કોઇ એક સ્થાનમાં ભૂમંડળ સર્ષપની પેઠે રહેલું છે, તે આપના જાણવામાં નથી. ૨૧ સત્વગુણને આશ્રય આપનાર જે મહતત્ત્વ તે આપના ગુણોથી થયેલો પ્રથમ દેહ છે અને તે દેહમાથી ભગવાન બ્રહ્મા ઉત્પન્ન થાય છે. જે બ્રહ્માથી હું ઉત્પન્ન થયો છું તે હું પોતાની વિભૂતિરૂપ અહંકારવડે દેવતાઓના વર્ગને પાંચ મહાભૂતોને તથા ઇંદ્રિયોના વર્ગને ઉત્પન્ન કરૂં છું. ૨૨ અમે મહત્તત્ત્વ અહંકાર દેવતા પાંચ ભૂતો તથા ઇંદ્રિયો પક્ષીઓ જેમ દોરીથી બંધાઇ રહે તેમજ આપ મહાત્માની ક્રિયા શકિતવડે બંધાઇ રહેલા છીએ. આપના અનુગ્રહથી આ જગતને સરજીએ છીએ. ૨૩ ગુણસૃષ્ટિ રૂપ સંસારમાં મોહિત થયેલો મનુષ્ય આપે નિર્માણ કરેલી તથા કર્મ રૂપી ઝાંઠોવડે બાંધનારી માયાને સહજમાં જાણે છે પરંતુ તેમાંથી પાર ઉતરવાના ઉપાયને કોઇ દિવસ જાણતો નથી. આવા અને જેના સ્વરૂપમાં જગતનો લય અને ઉત્પત્તિ થાય છે એવા આપને હું નમસ્કાર કરૂં છું. ૨૪

यन्निर्मितां कर्ह्यपि कर्मपर्वणीं
मायां जनोय गुणसर्गमोहितः ।
न वेद निस्तारणयोगमंजसा
तस्मै नमस्ते विलयोदयात्मने ॥२४॥

इतिश्रीमद्भागवतेमहा पुराणपंचम स्कंधे
सप्त [illegible]ध्यायः

અધ્યાય ૧૮ મો.‡

ભદ્રાશ્વના દેવો.

શ્રીશુક ઉવાચ

तथा च भद्रश्रवा नाम धर्मसुतस्तत्कुलपतय पुरुषा भद्राश्ववर्षे साक्षाद्भगवतो वासुदेवस्य प्रियां तनुं धर्ममयीं हयग्रीवाभिधानां परमेण समाधिना सन्निधाप्येदमभिगृणंत उपधावन्ति ॥ १ ॥

શુકદેવજી કહે છે કે–હે રાજન ! ભદ્રશ્રવા નામે ધર્મપુત્ર હતો તેના કુળના મુખ્ય પુરૂષો અને ભદ્રાશ્વ નામે ખંડમાં સાક્ષાત ભગવાન વાસુદેવની ધર્મરૂપી હયગ્રીવ નામે પ્રિય મુર્તિનું પરમ સમાધિવડે ધ્યાન કરે છે. તેમને મનમાં ધારણ કરી નીચેનો મંત્ર ભણતા તેઓ હયગ્રીવ ભગવાનની ભકિત કરે છે. ૧

ભદ્રશ્રવા કહે છે કે–અંતઃકરણને શુદ્ધ કરનાર ભગવાન ધર્મમુર્તિને નમસ્કાર કરીએ છીએ. ૨ પુત્રને અથવા તો પિતાને બાળી આવ્યા પછી તેમના ધન ઉપર આજીવિકા કરવાની ઇચ્છા રાખનાર તથા તુચ્છ એવાં સાંસારિક સુખોને ભોગવવા પાપ કરવાની ઇચ્છાવાળા મનુષ્યો સર્વનો નાશ કરનાર કાળને દેખે છે છતાં પોતે દેખતા નથી. ભગવાનની લીલા બહુ વિચિત્ર છે. ૩ વિદ્વાનો શાસ્ત્ર વાંચીને જગતને નાશવંત કહે છે અને આત્મજ્ઞાની યોગીઓ તેને સમાધિમાં પ્રત્યક્ષ જુવે છે. હે પરમેશ્વર ! તેઓ તમારી માયાથી મોહ પામ્યા છે. આપનુ ચરિત્ર અત્યંત આશ્ચર્યજનક હોવાથી બીજો પરિશ્રમ કરવો છોડી આપને હું નમસ્કાર કરૂં છું.૪ અકર્તાને આવરણ રહિત છતા આપ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લય કરોછો તેમાં કંઇ આશ્ચર્ય નથી કારણ કે માયાને લીધે જગતને રચનાર અને સર્વના આત્મારૂપ આપમાં જેમ સૃષ્ટિને ઉત્પન્ન કરવાપણું ઘટે છે તેમ વાસ્તવિક રીતે જોતાં તમે ઉપાધિરહિત છો તમારામાં અકર્તાપણું અને આવરણ રહિતપણું છે. ૫ પ્રલય સમયે દૈત્ય વેદોને લઈ ગયા હતા ને બ્રહ્માની પ્રાર્થના ઉપરથી આપ હયગ્રીવનો અવતાર ધારણ કરી પાતાળમાંથી તે પાછા લાવી બ્રહ્માને આપ્યા હતા. સત્ય સંકલ્પવાળા આપને અમે નમસ્કાર કરીએ છીએ. ૬

હરિવર્ષમાં ભગવાન નૃસિંહરૂપે રહે છે. ભગવાને નૃસિંહનું રૂપ લીધું હતું તેનું કારણ સાતમા સ્કંધમા કહેવાશે. મહાપુરૂષોના ગુણોથી ભરપુર ભગવદ્‌ભકત અનેજેનું આચરણ તથા સ્વભાવ દૈત્ય તથા દાનવના કુળને પવિત્ર કરનારૂં હતું એવા પ્રહલાદ એ ખંડના પુરૂષોની સાથે કામના વિનાની અનન્ય ભકિતથી ભગવાનના અવતારની સેવા કરતા નીચેનો મંત્ર ભણે છે. ૭

તેજના પણ તેજરૂપ ભગવાન નૃસિંહને હું નમસ્કાર કરૂં છું. હે વજ્રના જેવા નખવાળા ! હે વજ્રના જેવી ડાઢોવાળા ! આપ પ્રગટ થાઓ.કર્મની વાસનાઓને બાળી નાખો અજ્ઞાનને ગળી જાઓ અને અંત.કરણમાં અભયરૂપ થાઓ. ૮ જગતનું કલ્યાણ કરો ખળ લોકો પોતાની ખળતાનો ત્યાગ કરી શુદ્ધ થાઓ. પ્રાણીઓ પોતાની સદ્‌બુદ્ધિથી એક બીજાનું કલ્યાણ ઇચ્છો મન શાંતિ વગેરે સદ્‌ગુણોને સેવો અને અમારી તથા બીજા સર્વની બુદ્ધિ નિષ્કામ થઇને અતીંદ્રિય એવા આપમા પ્રવેશ કરો. ૯ અમને કોઈનો સંગ થાઓ મા અને કદાચ સંગ થાઓ તો સ્ત્રીપુત્ર ધન ને બંધુઓનો સંગ ન થાઓ. ભગવાનના ભકતોનોજ સંગ થાઓ. આહારથી પ્રાણનું પોષણ કરીને પ્રસન્ન રહેનારો આત્મજ્ઞાની ભગવદ્‌ભકત જેમ મોક્ષ પામે છે તેમ ઇંદ્રિયોને ભોગ ભોગવાવનારો મોક્ષ

‡ આ અધ્યાયમા મેરૂ પર્વતથી પૂર્વ દિશાનો ક્રમ લઇ ત્રણ ખંડોમા આવેલા અને ઉત્તર દિશામા આવેલા ત્રણે ખંડોમા રહેલા દેવોની ને તેઓના સેવકોની કથા કહેવામા આવલી છે

પામતો નથી. ૧૦ ભગવાનના ભકતોનો સંગ કરવાથી અત્યંત પરાક્રમવાળું ભગવાનનું ચરિત્ર સાંભળવામાં આવે છે. ગંગાદિક તીર્થમાં વારંવાર સ્નાન કરનાર પ્રાણીઓના પાપ રૂપી મળનો નાશ થાય છે. ભગવાનનું પવિત્ર ચરિત્ર સાંભળ્યું હોય તો અજન્મા ભગવાન અંતઃકરણમાં પ્રવેશ કરી શ્રોતાઓના મનના મળનો નાશ કરે છે. ૧૧ જે મનુષ્યની ભગવાનમાં નિષ્કામ ભકિત હોય તેનામાં દેવતાઓ સર્વ સદ્દગુણોની સાથે વાસ કરે છે પરંતુ ભગવાનની ભકિત વિનાના અને ખાલી મનોરથવડે બહારના મિથ્યા વિષય સુખ માટે દોડનારા મનુષ્યને મહાત્માઓના ગુણો કયાંથી પ્રાપ્ત થાય? ૧૨ જળચર માછલાંને જેમ પાણી પ્રિય લાગે છે તેમ મહાત્માઓને ભગવાન શ્રીહરિ જ પ્રિય લાગે છે. મહા પ્રસિદ્ધ મનુષ્ય પણ જો પરમાત્માનો ત્યાગ કરી સ્ત્રી પુત્રાદિકની માયામાં બંધાઈ રહે તો અવસ્થામાં વધારે મોટો ગણાય છે, પરંતુ જ્ઞાનાદિકમાં મોટો ગણાતો નથી. ૧૩ હે લોકો ! તૃષ્ણા રાગ ખેદ ક્રોધ અભિમાન સ્પૃહા ભય દીનતા તથા મનની પીડા એ સર્વનું મૂળ ઘર છે અને તેનાથી સંસારનું જન્મ મરણ રૂપી ચક્ર ચાલ્યા કરે છે માટે તેનો ત્યાગ કરી જેમાં ભય નથી એવા શ્રીનૃસિંહના ચરણારવિંદનું ભજન કરો.

કેતુમાલ નામના ખંડમાં લક્ષ્મીજીને સંવત્સર રૂપ પ્રજાપતિની પુત્રીઓને અને નક્ષત્રોને સારૂ લગાડવાની ઇચ્છાથી ભગવાન શ્રીહરિ વસેલા છે, પ્રજાપતિના પુત્રો તે ખંડના રાજા છે. પ્રજાપતિના પુત્રોની સંખ્યા સો વર્ષના દિવસ અને રાત્રિ જેટલી છે અર્થાત બહોતેર હજાર છે. † ભગવાનના ચક્રના તેજથી મનમાં ખેદ પામતી પ્રજાપતિની પુત્રીઓના ગર્ભ વર્ષને અંતે ચક્રથી વિનાશ પામી પ્રાણ વિનાના થઈને પડી જાય છે. ૧૫ અત્યંત સુંદર ગતિવડે, વિલાસોવડે અને શોભાયમાન મનોહર મંદહાસ્યવડે ઉંચી ચઢેલી સુંદર ભ્રુકુટીવડે મનોહર દેખાતા મુખારવિંદની શોભાવડે, ભગવાન લક્ષ્મીજીને તૃપ્ત રાખે છે. ૧૬ લક્ષ્મીદેવી વર્ષની રાત્રિઓમાં પ્રજાપતિની પુત્રીઓ સાથે તથા વર્ષના દિવસોમાં તેઓના પતિઓની સાથે મનની એકાગ્રતાવડે ભગવાનના માયાવી અવતારની ઉપાસના કરે છે અને તે સમયે લક્ષ્મીનો મંત્ર ભણે છે. ઇંદ્રિયોના સ્વામી એવા આપને હું નમસ્કાર કરૂં છું. સર્વ ઉત્તમ વસ્તુઓથી આપનું સ્વરૂપ જાણવામાં આવે છે. આપ ક્રિયા જ્ઞાન સંકલ્પ નિશ્ચય ને તેમના વિષયોના અધિપતિ છો. અગીયાર ઇંદ્રિયો તથા પાંચ વિષયો આપની કળા છે. તમે વેદોકત કર્મથી મળી શકો છો, તમે અન્નમય છો, અમૃતરૂપ છો, સર્વરૂપ છો અને મન ઇંદ્રિયો તથા શરીરના બળને આપનાર હોવાથી તે તે રૂપ છો. વળી અત્યંત સુંદર એવા આપને આ લોકમાં તથા પરલોકમાં નમસ્કાર હો. ૧૮ સ્ત્રીઓ ઇંદ્રિયોના સ્વતઃપતિ એવા આપની વ્રતોદ્વારા આરાધના કરીને જગતમાં બીજા પતિની આશા કરે છે પરંતુ તે પતિઓ તે સ્ત્રીઓના સંતાનની પ્રિયવસ્તુની ધનની અને આયુષ્યની રક્ષા કરી શકતા નથી કારણ કે તેઓ પરાધીન છે. ૧૯ એવો પતિ હોવો જોઇએ કે જે પોતે સર્વ ઠેકાણેથી નિર્ભય રહે અને ભયાતુર રહેનારાં મનુષ્યોની ચારે તરફથી રક્ષા કરે ને એવા પતિ તો તમે એક જ છો બીજો કોઈ પણ નથી. આપના સ્વરૂપના લાભ કરતાં બીજુ કંઇ અમે અધિક માનતા નથી. જેનું સુખ બીજાને આધીન હોય તે મનુષ્ય સ્વતંત્ર કહેવાતો નથી. સઉ સ્વતંત્ર હોય તો

† બહુ પ્રાચીન કાળમા વર્ષની ગણતરી બાર માસની નહિ પરંતુ પહેલા છ માસની પછી દશ માસની અને છેલ્લે બાર માસની થઇ. જ્યારે છ માસના વર્ષની ગણતરી હતી તે વખતને ઉદ્દેશીને અહીં સો વર્ષના અઢાર હજાર દિવસ રાત્રી ગણાવ્યાં છે.

મંડળેશ્વરોની પેઠે પરસ્પર એક બીજાને ભય રહે તેથી સુખ મળતું નથી. ૨૦ જે સ્ત્રી ઉપર કહેલા ગુણવાળા જે તમે તેમના ચરણારવિંદની પૂજા કરવાની ઇચ્છા કરે છે પરંતુ બીજાં ફળોની વાંછા કરતી નથી તે સ્ત્રી સર્વ કામનાને પામે છે. હે ભગવન! જે સ્ત્રી ફળની આશાથી તમારી પૂજા કરે છે તેને તમે તેનું ઇચ્છેલું ફળ આપો છો અને તે માગેલું ફળ ભોગવ્યા પછી દુઃખ ભોગવે છે. ૨૧ હે ભગવન! જેમની બુદ્ધિ વિષય સુખમાં આસકત થયેલી હોય એવા બ્રહ્મા શંકર દેવ દૈત્ય વગેરે તમને પામવા ભયંકર તપશ્ચર્યા કરે પરંતુ તેઓ તમારા ચરણોનો આશ્રય કર્યા વિના તેમ કરી શકતા નથી. મારૂં હૃદય તમારે વિષે રહેલું છે અને હું તમારે આધીન છું. તમારા ભકતને જોઉં છું, બીજા તરફ દૃષ્ટિ કરતી નથી. ૨૨ હે ભગવન! સત્પુરૂષો પ્રણામ કરે છે એવા આપના જે કરકમળને આપ ભકતોના મસ્તક ઉપર ધરો છો, તે કરકમળ મારા મસ્તક ઉપર ધારણ કરો. હે ભગવન! તમારી મારા ઉપર દૃષ્ટિ છે કારણ કે તમે મને પોતાના વક્ષઃસ્થળમાં ચિહ્ન તરીકે ધારણ કરો છો. ભકતો ઉપર જેવી તમારી કૃપા છે તેવી કૃપા મારા ઉપર નથી. ઇશ્વર એવા આપ માયાવડે જે કરવાની ઇચ્છા કરો છો તેનો વિચાર થઇ શકતો નથી. ૨૩ રમ્યક નામના ખંડમા ભગવાનને ઘણો પ્રિય એવો મત્સ્યાવતાર થયો હતો. જે મત્સ્યાવતારનું રૂપ ભગવાને પૂર્વે તે ખંડના રાજા મનુને બતાવ્યું હતું. મનુ રાજા હજી સુધી મોટા ભકિતયોગવડે મત્સ્ય ભગવાનની આરાધના કરે છે. ૨૪

મનુરાજા કહે છે કે–સર્વ કરતાં શ્રેષ્ઠ સત્વગુણ જેમાં મુખ્ય છે એવા પ્રાણરૂપ મન ઇંદ્રિયો તથા શરીરના બળરૂપ મહા મત્સ્ય એવા આપ ભગવાનને નમસ્કાર હો. ૨૫ વેદરૂપી મોટી ગર્જના કરનારા સર્વ લોકપાળોએ જેના સ્વરૂપને દીઠું નથી એવા આપ જગતની બહાર તથા અંદર ફરો છો અને મનુષ્ય જેમ લાકડાની પુતળીને નચાવે તેમ તમે વિધિ તથા નિષેધને અવલંબીને રહેલા બ્રાહ્મણ ક્ષત્રિય આદિક નામોવડે આ આખા વિશ્વને પોતાના આધીન રાખી નચાવો છો. ૨૬ લોકપાલો દેવતાઓ મત્સર રૂપી જ્વરને લીધે તમારો ત્યાગ કરી એકઠા મળીને આ જગતનું રક્ષણ કરવા પ્રયત્ન કરવા લાગ્યા પરંતુ મનુષ્યો પશુઓ સર્પો અને સ્થાવર વસ્તુ જે કંઇ આ જગતમાં દેખાય છે તેની તેઓ રક્ષા કરી શકયા નહિ. ૨૭ હે અજન્મા! આપ પ્રલય સમયના સમુદ્રમાં ઔષધિઓ અને લતાઓના ભંડાર રૂપ પૃથ્વીને અને મને લઇને ઘણીવાર સુધી ફર્યા જગતના પ્રાણ સમૂહના નિયંતા એવા આપને હું પ્રણામ કરૂં છું. ૨૮

હિરણ્ય નામે ખંડમાં ભગવાને કચ્છપાવતાર ધારણ કર્યો હતો. પિતૃઓના અધિપતિ અર્યમા તે ખંડોના પુરૂષોની સાથે રહીને ભગવાનની પ્રિય મૂર્તિની ઉપાસના કરે છે. સંપૂર્ણ સત્વગુણથી ભરપુર અજ્ઞાત સ્થાનવાળા કચ્છપ રૂપ ભગવાનને હું નમસ્કાર કરૂ છું. કાળવડે અમાપ એવા આપને નમસ્કાર કરૂં છું. સર્વ વ્યાપક એવા આપને નમસ્કાર કરૂ છું. સર્વના આધાર રૂપ એવા કચ્છપને વારંવાર હું નમસ્કાર કરૂં છું. ૩૦ જેની માયાવડે પ્રકાશમાન તથા ઘણાં રૂપોથી નિરૂપણ કરવામાં આવતા પૃથ્વી વગેરે દૃશ્ય પદાર્થો જેનું રૂપ હોય તેમ મિથ્યા જેવા દેખાય છે માટે ઝાંઝવાના પાણીની માફક તેની ગણતરી થઇ શકતી નથી. જેનું નિરૂપણ થઇ શકતું નથી એવા પ્રપંચ રૂપ તેમને હું નમસ્કાર કરૂં છું. ૩૧ જરાયુજ, સ્વેદજ, અંડજ, ઉદ્ભિજ્જ સ્થાવર જંગમ દેવતા ઋષિઓ પિતૃઓ ભૂત ઇંદ્રિયોની સૃષ્ટિ સ્વર્ગ આકાશ પૃથ્વી પર્વતો નદીઓ સાગર દ્વીપ

ગ્રહ તથા નક્ષત્ર વગેરે નામોથી એક તમો જ કહેવાઓ છો; એ સર્વ તમારાં જ નામો છે. તમારાથી કંઈ ભિન્ન નથી. ૩૨ સંખ્યા વિનાના જુદા જુદા ભેદ પાડનારાં નામ રૂપ તથા આકાર જેમાં રહેલાં છે એવા આપના સ્વરૂપવિષે તત્ત્વવેત્તા પંડિતોએ ચોવીસ તત્ત્વોની કલ્પના કરેલી છે, તે સંખ્યાનો ભ્રમ જે તત્ત્વ જ્ઞાનવડે દૂર થાય છે તે પરમાર્થ જ્ઞાનસ્વરૂપ આપને હું નમસ્કાર કરૂં છું. ૩૩

ઉત્તર કુરૂ નામના દેશમાં યજ્ઞમૂર્ત્તિ ભગવાન વરાહનું રૂપ ધારણ કરીને રહેલા છે. પૃથ્વી ઉત્તરકુરૂના રહેવાસીઓની સાથે અવિચ્છિન્ન ભક્તિથી વરાહ ભગવાનને આ પ્રમાણે ભજે છે. મંત્રોથી યથાર્થ રીતે જાણવામાં આવનાર યજ્ઞ તથા ક્રતુરૂપ મહાયજ્ઞો જેના અવયવો છે એવા મહા પુરૂષ વરાહ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. યજ્ઞાદિક કર્મ કરવાથી શુદ્ધ એવા આપને નમસ્કાર કરૂં છું. ૩૫ નિપુણ પુરૂષો અરણીવડે કાષ્ઠમાં રહેલા અગ્નિને જેમ મથન કરીને શોધી કાઢે છે, તેમ નિપુણ વિદ્વાન પુરૂષો કર્મો અને તેનાં ફળોથી જાણવામાં ન આવતા એવા આપના રૂપને જાણવાની ઈચ્છાથી વિવેકરૂપી સાધનવાળા મનથી દેહ અને ઇંદ્રિયો વગેરે પદાર્થોમાંથી આપના સ્વરૂપને શોધી કાઢે છે. તે પ્રમાણે શોધ કરવાથી તમે પોતાના સ્વરૂપને પ્રકટ કરો છો તેથી આપ પરમાત્માને હું નમસ્કાર કરૂં છું. ૩૬ વિષયો ઇંદ્રિયોના વ્યાપારો ઇંદ્રિયોના દેવતાઓ દેહ કાળ અને અહંકાર એટલાં માયાનાં કાર્યો ઉપરથી જેમનું સત્ય સ્વરૂપ જાણવામાં આવે છે એવા તેમજ યમ નિયમાદિકવડે નિશ્ચય બુદ્ધિવાળા લોકો જેના સ્વરૂપમાંથી માયાને લીધે મનાતા નામ અને રૂપનો ત્યાગ કરે છે એવા આપને વારંવાર નમસ્કાર કરૂં છું. ૩૭ સાક્ષીભુત પરમેશ્વરે પોતાને માટે ન ઈચ્છેલા પરંતુ જીવોને માટે ઈચ્છેલા જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા લયને માયા પોતાના ગુણોથી ઉત્પન્ન કરે છે. માયા પોતે જડ છે તોપણ લોઢું ચમકપાણની પાસે હોય ત્યારે જેમ સ્ફુરે છે તેમ તે પરમાત્માની પાસે હોય ત્યારે સર્વ ક્રિયાઓ કરે છે. માયાના ગુણોના તથા જીવોના અદ્રષ્ટના સાક્ષીરૂપ પ્રભુને હું નમસ્કાર કરૂં છું. ૩૮ જગતના આદિ પુરૂષ એવા વરાહ ભગવાન રસાતલ પાતાળમાંથી મને દાઢની અણી ઉપર ચઢાવીને હાથીની પેઠે વિહાર કરતા સમુદ્રમાથી બહાર નીકળ્યા હતા. રણસંગ્રામમાં બીજા હાથી જેવા હિરણ્યાક્ષ નામના દૈત્યનો નાશ કરી નાંખ્યો હતો, એવા સર્વ વ્યાપક આપ વરાહ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ૩૯

प्रमथ्य दैत्यं प्रतिवारणं मृधे यो मां रसाया जगदादिसूकरः ।
कृत्वाग्रदंष्ट्रे निरगादुदन्वतः क्रीडन्निवेभः प्रणतास्मि तं विभुम् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेपंचमस्कंधे
अष्टादशोध्यायः

અધ્યાય ૧૯ મો.†

ભારતવર્ષના દેવતાઓ.

श्रीशुक उवाच

किंपुरुषे वर्षे भगवन्तमादिपुरुषं लक्ष्मणाग्रजं सीताभिरामं तच्चरणसन्निकर्षाभिरतः परमभावतो हनुमान् सहकिंपुरुषैरविरत भक्तिरुपास्ते ॥ १ ॥

શુકદેવજી કહે છે કે–કિંપુરૂષ નામે ખંડમાં રામચંદ્રના ચરણની પાસે રહેવા માટે પ્રીતિ ધરાવનાર હનૂમાન કિંપુરૂષોની સાથે લક્ષ્મણના વડીલ ભાઈ સીતાના પતિ આદિ પુરૂષ એવા રામચંદ્રની અવિચ્છિન્ન ભક્તિથી ઉપાસના કરે છે. ૧ ગંધર્વોએ આર્ષ્ટિષેણની સાથે ગાયેલી પરમ કલ્યાણ કરનારી પોતાના

† આ અધ્યાયમા કિંપુરૂષના તથા ભરતખંડના ઇષ્ટદેવનું અને તેના સેવકોનું નિરૂપણ અને ભરતખંડની મોટાઈ વર્ણવેલી છે.

સ્વામી રામચંદ્રની કથા સાંભળે છે. તે આ પ્રમાણે રામચંદ્રજીની ઉપાસના કરેછે. ઉત્તમ કીર્તિવાળા ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ઉત્તમ લક્ષણોવાળા વ્રતવાળા ભગવાનને હું નમસ્કાર કરૂં છું. મનનો વિજય કરનાર તથા લૌકીક રીતિને અનુસરનાર ભગવાનને હું નમસ્કાર કરૂં છું. સજ્જનતાની પરીક્ષાની કસોટીરૂપ બ્રાહ્મણોનું રક્ષણ કરનાર મહા પુરૂષ શ્રીરામચંદ્રજીને મારા વારંવાર નમસ્કાર છે ૩ જે શુદ્ધ અનુભવ સ્વરૂપ છે અત્યંત શાંત છે સ્વસ્વરૂપના પ્રકાશને લીધે જેમનામાંથી જાગ્રત સ્વપ્ન વગેરે અવસ્થાઓ અસ્ત પામેલી છે, દૃશ્ય દેહાદિક પદાર્થોથી જે જુદા છે જે નામ તથા રૂપથી રહિત છે શુદ્ધ ચિત્તથી જણાય તેવા છે અને જે અહંકારથી રહિત છે તે પરબ્રહ્મને હું નમસ્કાર કરૂં છું. ૪ પ્રભુએ આ લોકમાં મનુષ્યાવતાર લીધો હતો તે કેવળ રાવણનો નાશ કરવા માટે જ લીધો ન હતો પરંતુ મનુષ્યોને 'આ સંસારમાં સ્ત્રી વગેરેના સંગથી જે દુઃખ થાય છે તે દુઃખ દૂર કરી શકાય નહિ તેવું હોય છે' એવો લોકોને ઉપદેશ કરવા માટે લીધો હતો. જો એમ ન હોય તો પોતાના સ્વરૂપમાં રમનારા ભગવાન રામચંદ્રને સીતાથી થયેલા દુઃખો કેમ સંભવે ? ૫ ધીરજવાળા લોકોના આત્મારૂપ અત્યંત સ્નેહી ભગવાન રામચંદ્રજી ત્રણ લોકોમાં કોઈ પણ ઠેકાણે આસકત થયા ન હતા, તે સીતાજીથી થયેલાં દુઃખો ભોગવે નહિ, તેમ લક્ષ્મણનો ત્યાગ પણ કરે નહિ. ૬ કુલીન પિતાથી જન્મ પામી ભગવાન પ્રસન્ન થતા નથી. સુંદર સ્વરૂપથી પ્રસન્ન થતા નથી મધુર એવી વાણીથી સારી બુદ્ધિથી કે ઉત્તમ જાતિથી પ્રસન્ન થતા નથી. વાનરો ઉપર કહેલા ગુણો વિનાના હતા તો પણ રામચં તેમની સાથે મિત્રતા કરી હતી. ૭ સુર અસુર વાનર અથવા તો નર ગમે તે હોય પરંતુ થોડા ભજનને પણ ઘણું કરીને માનનારા શ્રીરામચંદ્રનું સર્વ પ્રકારે ભજન કરવું જોઈએ. જે રામ સર્વ અયોધ્યા વાસીઓને વૈકુંઠમાં લઈ ગયા હતા. ૮ ભરતખંડમાં ભગવાન નારાયણ ગુપ્ત રીતે રહેલા છે. તે એક કલ્પ પુરો થતા સુધી લોકોની ઉપર અનુગ્રહ કરવા વૃદ્ધિ પામેલા ધર્મ જ્ઞાન વૈરાગ્ય ઐશ્વર્ય ને નિરહંકારતાને લીધે આત્માના સ્વરૂપને જણાવનારૂં તપ કરે છે. ભગવાને કહેલા સાંખ્ય તથા યોગની સાથે ભગવાનના પ્રભાવથી ભરેલાં પંચરાત્રનો સાવર્ણિ મનુને ઉપદેશ કરનાર ભગવાન નારદમુનિ વર્ણ તથા આશ્રમના ધર્મોને પાળનારી ભરતખંડની પ્રજાની સાથે પરમ ભકિતભાવથી ભગવાન નરનારાયણને આ પ્રમાણે ભજે છેઃ—

શાંત સ્વભાવવાળા અહંકાર રહિત નિષ્કંચન પુરૂષોના ધન રૂપ ઋષિઓમાં શ્રેષ્ઠ પરમહંસોના પરમ ગુરૂ તથા જ્ઞાનીઓના અધિપતિ એવા ભગવાન નરનારાયણને વારંવાર મારા નમસ્કાર છે. ૧૧ જે ભગવાન આ જગતની ઉત્પતિ વગેરે કરે છે પરંતુ 'હું કર્તા છુ' એવુ અભિમાન કરી તેમાં બંધાતા નથી, પોતે દેહમાં રહેલા છે છતાં દેહના ક્ષુધા પિપાસા વગેરે ધર્મોથી દુઃખી થતા નથી અને દ્રષ્ટા છતાં જેમની દૃષ્ટિને દૃશ્ય પદાર્થો વિકાર કરી શકતા નથી તે સર્વ સંગથી મુક્ત શુદ્ધ અને સર્વના સાક્ષી એવા ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ૧૨ હે યોગેશ્વર! અંતકાળે આ દુષ્ટ દેહનું અભિમાન છોડી દઇ આપના નિર્ગુણ સ્વરૂપમાં ભક્તિવડે મનને ધારણ કરવું એ જ યોગવિદ્યાનું પરમધ્યેય છે, એમ ભગવાન બ્રહ્માએ કહ્યું હતુ. ૧૩ જેમ આ લોકનાં તથા પરલોકનાં સુખોમાં આસકત થયેલો અને પુત્ર સ્ત્રી અને ધનની ચિંતા કરનારો મૂર્ખ મનુષ્ય મરણથી બીહે છે તેમ જો વિદ્વાન્ મનુષ્ય બીતો હોય તો તેણે શાસ્ત્રાદિકમાં કરેલો પ્રયત્ન કેવળ

પરિશ્રમ રૂપ થઇ પડે છે. ૧૪ હે અતીંદ્રિય ! અમારી તમારામાં સહજ વાસના રહે એવો યોગ આપો કે જેથી અમે તમારી માયાએ કરાવેલી અને ઘણા કષ્ટે ભેદી શકાય એવી અહંતા અને મમતાને તરી જઇએ. ૧૫ ભરતખંડમાં ઇલાવ્રતની પેઠે ઘણી નદીઓ તથા ઘણા પર્વતો આવેલાછે મલય મંગલપ્રસ્થ મૈનાક ત્રિકૂટક ઋષભ કૂટક કોલ્લક સહ્ય દેવ ગિરિ ઋષ્યમૂક શ્રીશૈલ વેંકટ મહેંદ્ર વારિધાર વિંધ્ય શુક્તિમાન ઋક્ષગિરિ પારિયાત્ર દ્રોણ ચિત્રકૂટ ગોવર્ધન રૈવતક કકુભ નીલ ગોમુખ ઇંદ્રકીલ કામગિરિ તથા બીજા પર્વતો છે. તેઓની તળાટિયોમાંથી ઉત્પન્ન થયેલા નદો ને નદીઓ અસંખ્યાત છે. ૧૬ ભરત ખંડની પ્રજા નામ લેતાં જ પવિત્ર કરનારી તે નદીઓના જળમાં સ્નાન કરીને પવિત્ર થાય છે. ૧૭ ચંદ્રવશી તામ્રપર્ણી અવટોદા કૃતમાલા વૈહાયસી કાવેરી વેણી પયસ્વિની શર્કરાવતી તુંગભદ્રા કૃષ્ણા વેણ્યા ભીમરથી ગોદાવરી નિર્વિંધ્યા પયોષ્ણી તાપી રેવા સુરસા નર્મદા ચર્મણ્વતી સિંધુ મહાનદી વેદસ્મૃતિ ઋષિકુલ્યા ત્રિસામા કૌશિકી મંદાકિની યમુના સરસ્વતી દૃષદ્વતી ગોમતી સરયૂ રોધસ્વતી સપ્તવતી સુષોમા શતદ્રુ ચંદ્રભાગા મરૂદ્વૃદ્ધા વિતસ્તા અસિકની અને વિશ્વા નદીઓ તથા અંધ અને શોણ નામે બે મોટા નદ છે. ૧૮ જન્મ ધારણ કરનાર પુરૂષો પોતે કરેલાં સાત્વિક રાજસ તથા તામસ કર્મોવડે અનુક્રમે સ્વર્ગમા મર્ત્ય લોકમાં અને નરકમા અનેક અવતારો ધારણ કરે છે. કર્મ પ્રમાણે સર્વ કોઇને સર્વ જાતના અવતારો આવે છે. વર્ણ તથા આશ્રમનો ધર્મ મોક્ષનાં સાધનો તથા મોક્ષનો લાભ એ માત્ર ભરતખંડમાં જ છે બીજા કોઇ દેશમાં નથી ૧૯ રાગાદિકથી રહિત વાણીથી અગોચર અને પોતાનો આશ્રય કરનાર ભગવાન ઉપર નિષ્કામ ભક્તિ થવી એ મોક્ષનું સ્વરૂપ છે. જ્યારે નાના પ્રકારના અવતારો આપનારૂં દેહાભિમાન છૂટી જઈ શ્રીભગવાનના ભક્તની સાથે ઉત્તમ પ્રસંગ થાય છે ત્યારે જ મોક્ષ મળે છે. ૨૦ દેવતાઓ ભરતખંડમાં જન્મેલા પ્રાણીઓને માટે કહે છે કે જેમણે ભરતખંડમાં ભગવાનની સેવામાં ઉપયોગી એવો મનુષ્યાવતાર લીધો છે તેમણે એવું તે શું પુણ્યકર્મ કર્યું હશે ? અથવા ભગવાન પોતે શું તેમની ઉપર પ્રસન્ન થયા હશે ? અમને એવા અવતારની ઇચ્છા થાય છે.૨૧ કોઈનાથી બની શકે નહિ એવા યજ્ઞો કરવાથી તપો કરવાથી વ્રતો કરવાથી ને દાનાદિક કરવાથી તુચ્છ એવા સ્વર્ગનો કદાચ વિજય કર્યો તો પણ તેમા શો લાભ થયો કારણ કે જ્યાં આગળ ઇદ્રિયોને અતિશય સુખ મળવાથી ભગવાનના ચરણારવિંદનું સ્મરણ થતું નથી એટલું જ નહિ પણ તે વિસરી જવાય છે. ૨૨ આ સ્વર્ગમાં અવતાર આવવાથી આપણે એક કલ્પપર્યંત જીવીશું પરંતુ ફરીને આપણો જન્મ થશે માટે એવા જન્મ કરતાં ભરતખંડની ભૂમિમાં અવતાર લઈને અલ્પ સમય આયુષ્ય ભોગવવું એ ઉત્તમ છે. બુદ્ધિશાળી પુરૂષો ભરતખંડમા મનુષ્ય દેહને લીધે એક ક્ષણમાં સર્વ કર્મનો ત્યાગ કરીને શ્રીહરિના અભય એવા ચરણારવિંદને પામે છે. ૨૩ જ્યાં ભગવાનની કથારૂપી અમૃતની નદીઓ વહેતી નથી જ્યાં ભગવાનનો આશ્રય કરનારા ઉત્તમ ભક્તજનો હોતા નથી અને જ્યાં મહા ઉત્સવોવાળી ભગવાન યજ્ઞનારાયણની પૂજાઓ થતી નથી તે સ્થાન કદાપિ બ્રહ્મલોક હોય તોપણ ત્યાં રહેવું જોઇએ નહિ. ૨૪ જે પ્રાણીઓ માત્ર જ્ઞાનને માટે ઉપયોગી ક્રિયાઓ અને ક્રિયાઓને ઉપયોગી પદાર્થોથી ભરપુર મનુષ્યના અવતારને મેળવ્યા છતાં મોક્ષ માટે પ્રયત્ન કરતા નથી તેઓ પારધિના હાથમાંથી છૂટી ગયેલાં પક્ષીઓ જેમ પાછાં ઝાડ ઉપર જઇ વિહાર કરતાં બંધાઇ જાય તેમ તે પ્રાણી

ફરીને બંધન પામે છે. ૨૫ ભરતખંડના લોકોનું ભાગ્ય મોટું છે. જે લોકો શ્રદ્ધાથી યજ્ઞમાં વિવિધ વિધિના વિભાગો પ્રમાણે યથાર્થ મંત્રો ભણીને ચરૂ તથા પુરોડાશ દેવતાઓને અર્પણ કરે છે તે પદાર્થને પૂર્ણ કામનાવાળા તથા જેને ઇંદ્રાદિકનાં જુદાં જુદાં નામોથી ઓળખવામાં આવે છે તે સર્વ કામ નાના સ્વામી પ્રસન્ન થઇને ગ્રહણ કરે છે. ઉપર કહેલા સકામ પુરૂષો કરતાં નિષ્કામ પુરૂષો વધારે ઉત્તમ છે કારણ કે ભગવાનની પાસે યાચના કરનારને ભગવાન તેની ઇચ્છા પ્રમાણે ફળ આપે છે. તે પ્રમાણે યાચના કરવાથી ભગવાન મોક્ષ આપતા નથી કારણ કે એક વસ્તુ માગ્યા પછી ફરીને મનુષ્ય બીજી વસ્તુ પણ માગે છે. જેઓ નિષ્કામ થઇ ભગવાનની સેવા કરે છે તેમની સર્વ ઇચ્છાઓને પરિપૂર્ણ કરનારૂં પોતાનું ચરણપલ્લવ તે આપે છે ૨૭ અમે સ્વર્ગનું સુખ ભોગવ્યું છે, તેમાંથી જે કંઇ બાકી રહ્યું હોય તે ઉત્તમ યજ્ઞના શ્રેષ્ઠ ફળને લીધે સારા વ્યાખ્યાનના અને યજ્ઞયાગાદિકના શ્રેષ્ઠ ફળને લીધે અમારો જન્મ ભરતખંડમાં થાઓ અમને ભગવાનના ચરણનું સ્મરણ રહો કારણ કે જ્યાં પોતાને ભજનારા લોકોનું શ્રીહરિ કલ્યાણ કરે છે ૨૮

શુકદેવજી કહે છે કે—હે પરીક્ષિત રાજા! કેટલાએક વિદ્વાનો જંબુદ્વીપના બીજા આઠ ઉપદ્વીપો છે એવું કહે છે. તે આઠ ઉપદ્વીપો સગરના પુત્રો અશ્વમેધના ઘોડાની શોધ કરવા પૃથ્વીને ચારે તરફથી ખોદતા ખોદતા ગયા તેને લીધે થયેલા છે. ૨૯ તેના નામ સ્વર્ણપ્રસ્થ ચંદ્રશુકલ આવર્તન રમણક મંદર હરિણ પાંચજન્ય સિંહલ અને લંકા. ૩૦ હે પરીક્ષિત! મેં તમારી આગળ ઉપર પ્રમાણે જંબુદ્વીપના ખંડોનો વિસ્તાર મુનિઓના કહેવા પ્રમાણે વર્ણવી બતાવ્યો. ૩૧

एवं तव भारतोत्तम जंबुद्वीपवर्षविभागो यथोपदेशमुपवर्णित इति ॥ ३१ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेपंचमस्कंधे एकोनविंशतितमोध्यायः

અધ્યાય ૨૦ મો.‡

પ્લક્ષાદિ દ્વીપો ને લોકાલોકનું વર્ણન.

श्रीशुक उवाच.

अतः पर प्लक्षादीनां प्रमाणलक्षण-संस्थानतो वर्षविभाग उपवर्ण्यते ॥१॥

શુકદેવજી કહે છે કે—હવે હું પ્લક્ષ વગેરે દ્વીપોના ખંડોના વિભાગોનું પ્રમાણ લક્ષણ અને તેમની સ્થિતિનું વર્ણન કરીશ. ૧ જેમ લાખ યોજનનો મેરૂપર્વત લાખ યોજન વિસ્તારવાળા જંબુદ્વીપથી વિંટાયેલો છે તેમ જંબુદ્વીપ તેના જેવડા ખારા સમુદ્રથી વિંટાયેલો છે. જેમ ઊંડી ખાઇ વનથી વિંટાયલી હોય તેમ ખારો સમુદ્ર પોતાના કરતાં બમણા વિસ્તારવાળા પ્લક્ષદ્વીપથી વિંટાયેલો છે. એ દ્વીપમાં સુવર્ણમય પીપરનું એક ઝાડ છે. તે એક લાખ યોજન ઉંચું છે. તેના નામ ઉપરથી પ્લક્ષદ્વીપ નામ પડેલું છે. તેમાં સાત જિહ્‌વાવાળો અગ્નિદેવ રહે છે. એ દ્વીપનો અધિપતિ પ્રિયવ્રત રાજાનો પુત્ર ઇધ્મજિહ્‌વ હતો તેણે પોતાના દ્વીપના સાત વિભાગ કરી તે જ નામવાળા તેના સાત પુત્રોને વહેંચી આપી પોતે યોગસમાધિવડે આ લોકોનો ત્યાગ કર્યો હતો. ૨ પ્લક્ષદ્વીપમાં શિવ યવયસ શુભ શાંત ક્ષેત્ર અમૃત ને અભય નામે સાત ખંડો છે તેની સરહદે પર્વતો અને નદીઓ પણ સાત છે. મણિકુટ વજ્રકુટ ઇંદ્રસેન જ્યોતિષ્માન સુપર્ણ હિરણ્યષ્ઠીવ ને મેઘમાલ નામે સાત સેતુરૂપ પર્વતો અને અરૂણા ન્રુમ્ણા આંગિરસી સાવિત્રી સુપ્રભાતા ઋતંભરા અને સત્યંભરા નામે સાત નદીઓ છે. એમાં હંસ પતંગ ઉર્ધ્વાયન ને સત્યાંગ નામે ચાર વર્ણ છે. તે લોકો ઉપરની નદીઓમાં નહાય છે તેથી તેમના રજોગુણ ને તમોગુણ દૂર થાય છે તે સર્વ લોકોનું આયુષ્ય હજાર

‡ આ અધ્યાયમા સમુદ્રોની સાથે પ્લક્ષાદિ છ દ્વીપોની સ્થિતિ કહેવામા આવશે તથા લોકાલોક પર્વતનુ બહારથી અને અંદરથી માપ બતાવવામા આવશે.

વર્ષનું છે. પ્રજાનો દેખાવ અને ઉત્પત્તિ દેવના જેવી છે. તે ત્રણ વેદમય અને સ્વર્ગના દ્વારરૂપ ભગવાન સૂર્ય નારાયણનું પૂજન કરે છે. ૪ ધર્મના વેદના શુભ અને અશુભ ફળના અધિષ્ઠાતા તથા પુરાણ પુરૂષ વિષ્ણુરૂપ સૂર્યનારાયણને તે ભજે છે. ૫ પ્લક્ષ દ્વીપ વગેરે પાંચ દ્વીપોમા આયુષ્ય ઇંદ્રિયસુખ શરીરનું બળ મનનું બળ ઇંદ્રિયોનું બળ બુદ્ધિ તથા પરાક્રમ અને સ્વાભાવિક સિદ્ધિઓ સર્વ મનુષ્યોમાં સમાન છે ૬ પ્લક્ષદ્વીપ જેમ પોતાના જેટલા માપવાળા ઇક્ષુ રસના સમુદ્રથી વિંટાયલો છે તેમ તેના કરતા બમણો શાલ્મલી દ્વીપ મદિરાના સમુદ્રથી વિંટાયલો છે ૭ શાલ્મલી દ્વીપમાં એક લાખ યોજન ઉંચું શીમળાનું ઝાડ છે. તેનીપર પક્ષીઓના રાજા ગરૂડનો વાસ છે. તે શીમળાના વૃક્ષ ઉપરથી તેનું શાલ્મલી દ્વીપ એવું નામ પડેલું છે. ૮ તેના અધિપતિ પ્રિયવ્રતના પુત્ર યજ્ઞબાહુ રાજાએ પોતાના સાત પુત્રોને તેમના નામાનુસાર સાત ખંડ વહેંચી આપ્યા હતા. તેમનાં નામ આ પ્રમાણે છે. સુરોચન સૌમનસ્ય રમણક દેવવર્ષ પારિભદ્ર આપ્યાયન ને અવિજ્ઞાત તે ખંડોમા સીમાના સાત પર્વતો અને સાત નદીઓ છે. સ્વરસ શતશૃંગ વામદેવ કુંદ મુકુંદ પુષ્પાવર્ષ તથા સહસ્ત્રશ્રુતિ, એ સાત પર્વતો પ્રખ્યાત છે અને અનુમતિ સિનીવાળી કુહુ રજની નંદા અને રાકા એ સાત નદીઓ છે. ૧૦ શ્રતધર વીર્યધર વસુન્ધર અને ઈષધર નામે ચાર વર્ણ વેદના મંત્રવડે વેદસ્વરૂપ ભગવાન ચંદ્રમાનું યજન કરે છે.

ચંદ્રમાની સ્તુતિ.

શુકલ પક્ષમાં તથા કૃષ્ણ પક્ષમાં પોતાનાં કિરણોથી દેવતાઓને તથા પિતૃઓને અન્ન વહેંચી આપનારને સર્વ પ્રજાના રાજા ચંદ્રમા અમારા સન્મુખ રહો. ૧૨ મદિરાના સમુદ્રથી બહારના ભાગમાં તેના કરતાં બમણો અને ઉપર પ્રમાણે ઘીના સમુદ્રથી વિંટાયલો કુશદ્વીપ છે. એ દ્વીપમાં દેવતાઓએ રોપેલું દર્ભનું એક બોથું છે, તે ઉપરથી એ દ્વીપનું કુશદ્વીપ નામ પડેલું છે. બીજા અગ્નિના જેવું તેજસ્વી દર્ભનું તે બોથું દિશાઓને પ્રકાશિત કરે છે ૧૩ ત્યાંનો રાજા પ્રિયવ્રતનો પુત્ર હિરણ્યરેતા હતો, તેણે એના સાત વિભાગ કરી વસુ વસુદાન દૃઢરૂચિ નાભિગુપ્ત સ્તુત્યવ્રત વિવિક્ત તથા વામદેવ નામે સાત પુત્રોને વહેંચી આપી પોતે તપશ્ચર્યા કરવા ગયો હતો. ૧૪ તેમના ખંડોમાં સીમાના સાત પર્વતો અને સાત નદીઓ છે. તેમાં ચક્ર ચતુઃશૃંગ કપિલ ચિત્રકુટ દેવાનિક ઉર્ધ્વરોમા ને દ્રવિણ પર્વતો છે. રસકુલ્યા મધુકુલ્યા મિત્રવિંદા શ્રુતવિંદા દેવતાર્ભા ઘૃતચ્યુતા ને મંત્રમાલા એ સાત નદીઓ છે, નદીઓના જળથી પવિત્ર થયલા કુશદ્વીપના રહેવાસીઓ કુશળ કોવિદ અભિયુકતને કુલક નામે ચાર વર્ણો અગ્નિ રૂપ ભગવાનનું કર્મની કુશળતાથી પૂજન કરે છે.

હે અગ્નિદેવતા ! તમે સાક્ષાત્ પરબ્રહ્મરૂપ શ્રીહરિને બળિ પહોંચાડનારા છો, ભગવાનના અંગરૂપ દેવતાઓના નામે જે યજન થાય તે તમે પરમાત્માને પહોચાડજો. ૧૭ ઘીના સમુદ્રની બહારના ભાગમાં કુશદ્વીપ જેમ ઘીના સમુદ્રથી ચારે તરફથી વિંટાયલો છે તેમ પોતાના જેટલા વિસ્તારવાળા દૂધના સમુદ્રથી આ ક્રૌંચદ્વીપ ચોતરફથી વિંટાયલો છે. જે દ્વીપમાં ક્રૌંચ નામનો મહા પર્વત છે તેના નામ ઉપરથી તેનું ક્રૌંચ એવું નામ પડયું છે. ૧૮ કાર્તિકસ્વામીએ તેની તલેટીઓના ભાગોને અને કુંજોને તોડી પાડયા હતા તોપણ ભગવાન વરુણ દુગ્ધના સમુદ્રોની છોળોથી તેને ભીંજવી તેનું રક્ષણ કરે છે. ૧૯ ક્રૌંચ દ્વીપમાં પ્રિયવ્રત રાજાનો પુત્ર ઘૃતપૃષ્ઠ રાજ્ય કરતો હતો. તેણે તેના સાત વિભાગ કરી પુત્રોને નામે નામવાળા તે ખં-

ડોમાં રાજ્યાભિષેક કર્યો અને પોતે પરમ કલ્યાણકારક કીર્તિવાળાને સર્વના આત્મારૂપ ભગવાન શ્રીહરિના ચરણારવિંદને શરણે ગયો હતો. ૨૦ આમ મધુરૂહ મેઘપૃષ્ઠ સુધામા ભ્રાજીષ્ઠ લોહિતાર્ણ અને વનસ્પતિ એ ઘૃતપૃષ્ઠના પુત્રો હતા. એ પુત્રોના ખંડોમાં સાત સીમા પર્વતો તથા સાત નદીઓ પ્રખ્યાત છે. તેમા શુકલ વર્ધમાન ભોજન ઉપબર્હિણ નંદ નંદન તથા સર્વતોભદ્ર નામે સાત પર્વતો છે અને અભયા અમૃતૌઘા આર્યકા તીર્થવતી વૃત્તિરૂપવતી પવિત્રવતી ને શુકલા નામે સાત નદીઓ છે. ૨૧ એ નદીઓનાં પવિત્ર અને નિર્મળ જળનો ઉપયોગ કરનારા પુરૂષ ઋષભ દ્રવિણ તથા દેવક નામે તે ખંડના પુરૂષો પૂર્ણ અંજલિવડે જળના દેવ જળમય એવા વરૂણ ભગવાનનું યજન કરે છે. તમે પરમાત્માની પાસેથી પરાક્રમ મેળવ્યું છે અને તમે ત્રણ લોકના પાપને ટાળનારા છો માટે અમે તમારો સ્પર્શ કરીએ છીએ. તમે અમારાં શરીરોને પવિત્ર કરો કારણ કે તમે તમારા સ્વરૂપવડે સર્વ પાપ હરણ કરનારા છો. ૨૩

આ પ્રમાણે પ્રથમ કહેલા દુગ્ધના સમુદ્રની પછી ફરતો શાકદ્વીપ આવેલો છે તેનો વિસ્તાર બતરીશ લાખ યોજનનો છે અને તેટલા લાખ યોજનના દહીંના રસના સમુદ્રથી વિંટાયલો છે, તે દ્વીપમાં શાક નામનું એક વૃક્ષ છે, તેના ઉપરથી તેનું નામ પડ્યું છે. તેની સુગંધ તેને સુગંધવાન કરે છે. ૨૪ ખંડનો અધિપતિ પ્રિયવ્રતનો પુત્ર મેધાતિથિ હતો. તેણે સાત ખંડોનો વિભાગ પાડી પુત્રના નામે નામવાળા તે ખંડોમાં પુરોજવ મનોજવ પવમાન ધૂમ્રાનીક ચિત્રરેફ બહુરૂપ અને વિશ્વાધાર નામે પોતાના પુત્રોને અધિપતિ તરીકે મૂકીને પોતે ભગવાન અનંત ગુણવાળા શ્રીપરમાત્મામાં મનને પરોવીને તપોવનમાં ગયો હતો. ૨૫ એ ખંડોની સીમાના પર્વતો અને નદીઓ સાત સાત છે, તેમા ઇશાન ઉરૂશૃંગ બળભદ્ર શતકેસર સહસ્રાસ્રત દેવપાળ અને મહાનસ એ સાત પર્વતો છે અને અનઘા આયુર્દા ઉભયસ્પૃષ્ટિ અપરાજિતા પંચપદી સહસ્રસ્રોતિ ને નિજધૃતિ એ સાત નદીઓ છે. ૨૬ તે ખંડના વાસી રૂતવ્રત સત્યવ્રત દાનવ્રત તથા અનુવ્રત નામે પુરૂષો પ્રાણાયામવડે રજોગુણથી ને તમોગુણથી રહિત પરમ સમાધિવડે વાયુરૂપ ભગવાનનું યજન કરે છે ૨૭

જે પરમાત્મા પ્રાણ તથા અપાન વગેરે પોતાની વૃત્તિઓથી સર્વ પ્રાણીઓની અંદર પ્રવેશ કરી રક્ષણ કરે છે તથા આખું જગત્ સ્પષ્ટ રીતે જેમના આધીનમા છે એવા સર્વના અંતર્યામી સાક્ષાત્ ભગવાન અમારૂં રક્ષણ કરો. ૨૮ ઉપર પ્રમાણે જ દહીંના રસના સમુદ્ર પછી પુષ્કર નામે દ્વીપ આવેલો છે. દધિસાગર કરતાં તે બમણા વિસ્તારનો છે ને તેની આસપાસ વિંટાયલો છે અને તે પોતાના જેવડા મીઠા જળના સમુદ્રથી બહારના ભાગમાં વિંટાયલો છે જે દ્વીપમાં ભગવાન બ્રહ્મા માટે એક મોટું સુવર્ણનું કમલાસન ગોઠવેલું છે કમળની લાખો પાંખડીઓ અગ્નિની શિખા જેવી છે. ૨૯ તેની વચ્ચે માનસોત્તર નામે પર્વત આગલા તથા પાછલા ખંડની મર્યાદારૂપ છે ને દશ હજાર યોજન ઉંચો અને પહોળો છે. એ પર્વત ઉપર ચાર દિશાઓમાં ઇંદ્રાદિક લોકપાળોનાં ચાર નગર છે અને મેરૂને પરિક્રમા કરતા સૂર્યના રથનું પૈડું માનસોત્તર પર્વત ઉપર દક્ષિણાયન તથા ઉત્તરાયન રૂપે ફર્યા કરે છે. ૩૦ એ દ્વીપનો અધિપતિ પ્રિયવ્રતનો પુત્ર વીતિહોત્ર હતો. તે રમણક તથા ધાતકી નામના પોતાના બે પુત્રોને એ બે ખંડના અધિપતિ બનાવી પોતાના વડા ભાઇઓની પેઠે ભગવાનની સેવામાં લાગી

ગયો હતો. ૩૧ તે ખંડના સર્વ પુરૂષો સકામ કર્મેથી બ્રહ્માનું તેમજ મનુષ્યના કર્મનાં ફળ રૂપ પરબ્રહ્મના સ્વરૂપને જણાવનાર એક પરમેશ્વર ઉપર જેમની નિષ્ઠા છે અને તેને લીધે વસ્તુતાએ અદ્વૈત રૂપ એવા શાંતમૂર્તિ પરમાત્માનું પૂજન કરે છે, તે ભગવાનને અમે પણ નમીએ છીએ.

શુકદેવજી કહે છે કે–મીઠા જળના સમુદ્રની પછી લોકાલોક નામે એક મોટો પર્વત આવેલો છે. લોક તથા અલોક નામના બન્ને લોકનો વિભાગ કરવા માટે તે બન્નેની વચ્ચે તેને ઉભો કરેલો છે. ૩૪ માનસોત્તર અને મેરૂ પર્વતની વચ્ચે જેટલું અંતર છે, તેટલા પ્રમાણની એટલે દોઢ કરોડ અને સાડાસાત લાખ યોજનની બીજી ભૂમિ મીઠા સમુદ્રની પેલી પાર છે. ત્યાં આગળ પ્રાણીઓ વસે છે અને તે પછી બીજી સુવર્ણની ભૂમિ આવે છે, તેનું માપ આઠ કરોડ અને ઓગણુ ચાળીશ લાખ યોજનનું છે. તે દર્પણના જેવું સ્વચ્છ છે. તેમાં કોઇ પણ પદાર્થ નાંખ્યો હોય તો તે કોઇ પણ રીતે પાછો હાથ આવતો નથી તેથી સર્વ પ્રાણીઓ તે ભૂમિનો ત્યાગ કરે છે. ૩૫ લોકાલોક પર્વત વચ્ચે આવવાથી લોક ને અલોકની મર્યાદા થયેલી છે. ૩૬ ઇશ્વરે તે પર્વતને ત્રણ લોકની સીમા ઉપર મૂકેલો છે. જેની અડચણને લીધે સૂર્યથી માંડી છેક ધ્રુવ સુધીના તેજસ્વી પદાર્થોનાં કિરણો જે પેલી તરફના લોકમાં અજવાળું કરે છે, તે કિરણો કોઈ પણ દિવસ પર્વતની બીજી તરફના લોકમાં અજવાળું કરી શકતાં નથી. તે પર્વત પહોળો પણ બહુ છે. વિદ્વાનોએ આ પ્રમાણે લોકાલોકનું માપ લક્ષણ ને સ્થિતિનો નિર્ણય કરેલો છે. લોકાલોક પર્વત પચાસ કરોડની પૃથ્વીના ચોથા ભાગમાં રહેલો છે એટલે મેરૂ પર્વતની ચારે દિશાઓથી સાડા બાર લાખ યોજન દૂર આવેલો છે. ૩૮ સર્વ જગતના ગુરૂ બ્રહ્માએ તેની ઉપર ચારે દિશાઓમાં ઋષભ પુષ્કરચુડ વામન ને અપરાજિત નામે ચાર દિગ્ગજો રાખેલા છે. એ ચાર હાથીઓના આધાર ઉપર સર્વલોકની સ્થિતિ રહેલી છે. ૩૯ પુરૂષ એવા વિભૂતિઓના પતિ ધર્મ જ્ઞાન વૈરાગ્ય ને ઐશ્વર્ય આદિ અષ્ટ મહા સિદ્ધિની મૂર્તિરૂપ સત્વગુણને ધારણ કરનાર વિશ્વકસેન વગેરે મોટા પાર્ષદોથી વિંટાયલા પોતાના ઉત્તમ આયુધોથી શોભતા ભુજદંડવાળા અંતર્યામી ભગવાન દિગ્ગજોની ને વિભૂતિરૂપ ઇંદ્રાદિ લોકપાળોની અનેક પ્રકારની શક્તિઓની વૃદ્ધિ કરવા અને સર્વ લોકોના કલ્યાણને અર્થે લોકાલોક નામના મહા પર્વત ઉપર રહે છે. ૪૦ ભગવાન પોતાની યોગમાયાથી રચેલા અનેક પ્રકારના લોકોના વ્યવહારની રક્ષા કરવા એક કલ્પ સુધી અવતાર લઇ ત્યાં લીલા કરે છે. ૪૧ લોકનો જેટલો વિસ્તાર છે તેટલો અલોકનો વિસ્તાર છે. અલોક લોકાલોકાચળની બહારના ભાગમાં આવેલો છે અને તે અલોકની પેલી તરફ યોગીશ્વરોને મળતી પરમ ગતિનું સ્થાન છે. આકાશ અને ભૂમિની વચ્ચે એટલે બ્રહ્માંડની નીચે અને ઉપરના ભાગની વચ્ચે સૂર્ય ભગવાન છે. સૂર્યની અને બ્રહ્માંડની ઉપરના ગોળાની વચ્ચે પચ્ચીસ કરોડ યોજનનું અંતર છે. તેમ નીચેના ગોળા સાથે પણ પચ્ચીશ કરોડ યોજનનું અંતર છે. ૪૩ ચેતન વિનાના બ્રહ્માંડમાં સૂર્ય વિરાટરૂપે પેઠા હતા તેથી તે માર્તંડને નામે ઓળખાય છે અને સુવર્ણ જેવા પ્રકાશતા બ્રહ્માંડમાંથી ઉત્પન્ન થવાને લીધે હિરણ્યગર્ભ કહેવાય છે ૪૪ સૂર્યથી દિશાઓનો સ્વર્ગનો પૃથ્વીનો મોક્ષનો નરકનો પાતાળનો અને બીજા સર્વ વિભાગોનો ભાગ પડે છે. ૪૫ દેવતા પક્ષીઓ મનુષ્યો સર્પો લતાઓ ને સર્વ જીવોના આત્મા અને મનના અધિષ્ઠાતા ત્યાં આગળ સૂર્યદેવ છે. ૪૬

देवतिर्यङ्मनुष्याणां सरीसृपसवीरुधाम् ।
सर्वजीवनिकायानां सूर्य आत्मा दृगीश्वरः ४६

इतिश्रीमद्भागवतेमहापुराणेपंचमस्कंधे
विंशतितमोऽध्यायः

અધ્યાય ૨૧ મો.†

સૂર્યનું રાશિઓમાં ભ્રમણ.

શ્રીશુક ઉવાચ

एतावानेव भूवलयस्य सन्निवेशः ।
प्रमाणलक्षणतो व्याख्यातः ॥ १ ॥

શુકદેવજી કહે છે કે–ભૂમંડળનું પ્રમાણ અને લક્ષણનો આટલો વિસ્તાર કહ્યો ૧ ભૂમંડળના વિસ્તાર ઉપરથી આકાશમંડળનું માપ કહેવાય છે. ચોળાની દાળમાંની એક દાળથી બીજીનું માપ જાણવામાં આવે છે તેમ ભૂગોળના માપ ઉપરથી ખગોળનું માપ થાય છે. સૂર્યનારાયણ ત્રણે લોકને તપાવે છે. પોતાના પ્રકાશથી ત્રણ લોકને ઉજ્જવળ કરે છે. ઉત્તરાયણ દક્ષિણાયન તથા વૈષુવત નામની મંદ, શીઘ્ર અને સમાન ગતિથી સમય પ્રમાણે ઉપરના, નીચેના તથા સપાટ માર્ગમાં થઇ તે મકર રાશિઓમાં દિવસોને તથા રાત્રિઓને લાંબા ટુંકા તથા સરખા કરે છે. ૩ જ્યારે મેષ તથા તુલા રાશિમાં તે હોય છે ત્યારે દિવસ અને રાત્રિ સરખાં થાય છે. જ્યારે વૃષ મિથુન કર્ક સિંહ ને કન્યા રાશિમા હોય છે ત્યારે દિવસો મોટા અને રાત્રિઓ મહિને મહિને એક ઘડી ઘડી ઓછી થતી જાય છે. ૪ જ્યારે તે વૃશ્ચિક ધન મકર કુંભ અને મીન રાશિઓમાં હોય છે ત્યારે દિવસો નાના અને રાત્રિઓ મોટી થાય છે. ૫ સૂર્ય દક્ષિણાયનમાં આવે ત્યાં સુધી દિવસો વધે છે અને ઉત્તરાયણમાં જાય ત્યાં સુધીમાં રાત્રિઓ વધે છે. ૬ આ પ્રમાણે માનસોત્તર પર્વતને ફરતાં નવ કરોડ અને એકાવન લાખ યોજનનો માર્ગ તે ઓળંગે છે, માનસોત્તર પર્વત ઉપર મેરૂની પૂર્વ દિશામાં દેવધાની નામે ઇંદ્રની પુરી છે, દક્ષિણ દિશામાં યમ રાજાની સંયમની નામે પુરી છે, પશ્ચિમ દિશામાં વરૂણની નિમ્લોચની નામે પુરી છે અને ઉત્તર દિશામાં સોમની વિભાવરી નામે પુરી છે. તે તે પુરીઓમાં સમય પ્રમાણે પ્રાણીઓને પ્રવૃત્તિ માર્ગમાં લગાડનારા સૂર્યોદય મધ્યાહ્‌ન સૂર્યાસ્ત અને મધ્યરાત્ર વગેરે થયા કરે છે. જેઓ મેરૂની દક્ષિણ દિશામાં રહે છે તેઓને ઇંદ્રની પુરીથી ઉદયાદિક થાય છે. જેઓ મેરૂની પશ્ચિમ દિશામાં રહે છે તેઓને યમની પુરીથી ઉદયાદિક થાય છે જેઓ મેરૂની ઉત્તર દિશામાં રહે છે તેઓને વરૂણની પુરીથી ઉદયાદિક થાય છે અને જેઓ મેરૂની પૂર્વ દિશામાં રહે છે તેઓને સોમની પુરીથી ઉદયાદિક થાય છે ૭ મેરૂ પર્વત ઉપર રહેનારા લોકોને સૂર્ય સદા મધ્યાહ્‌ન કાળના જેવો જ તપ્યા કરે છે અને તે નક્ષત્રોની સામે ગતિ કરીને મેરૂને પોતાની ડાબી તરફ રાખી ફરે છે, તોપણ મેરૂ પર્વત પ્રવહ નામના ફરતા જ્યોતિશ્ચક્રને લીધે સૂર્યની જમણી તરફ રહે છે ૮ સૂર્ય જ્યાં આગળ ઉદય પામે છે ત્યાંથી બરાબર સમરેખામાં અસ્ત પામે છે. જ્યા મધ્યાહ્‌ન થાય છે ત્યાંથી બરાબર સમાન રેખામાં મધ્ય રાત્રી થાય છે જેઓ સૂર્યને દેખે છે તેઓ સૂર્ય જ્યારે બરાબર સમરેખામાં આવેલા સામા સ્થાનમા જાય છે ત્યારે તેને દેખતા નથી. ૯ સૂર્ય ઇંદ્રની પુરીમાંથી ચાલે છે તે પંદર ઘડીમાં સવા બે કરોડ સાડા બાર લાખ અને પચીસ હજાર યોજનનો વિસ્તાર કાપે છે. ૧૦ આ પ્રમાણે પંદર ઘડીમાં ઉપર કહ્યા પ્રમાણે માર્ગ વટાવીને યમની પુરીમાંથી વરૂણની પુરીમાં જાય છે ને વરૂણની પુરીમાંથી સોમની પુરીમાં જાય છે ને સોમની પુરીમાંથી પાછા ઇંદ્રની પુરીમાં જાય છે, તેમ જ બીજા સોમ વગેરે ગ્રહો નક્ષત્રોની

† આ અધ્યાયમા નિરંતર કાળ ચક્રવડે ભ્રમણ કરતા ભગવાન સૂર્યનું રાશિઓમા જવુ અને રાશિઓની ગતિ પ્રમાણે લોકની મર્યાદા કહેવામાં આવશે.

સાથે જ્યોતિશ્ચક્રમાં ઉદય પામે છે અને નક્ષત્રોની સાથે તેમનો અસ્ત થાય છે. ૧૧

આ પ્રમાણે વેદ રૂપ સૂર્યનો રથ એક મુહૂર્તમાં ચારે પુરીઓને ફરીને ચોત્રીસ લાખ અને આઠસો યોજનનો વિસ્તાર કાપે છે. ૧૨ સૂર્યના રથનું સંવત્સર રૂપ એક પૈડું બાર આરા (માસ) વાળું છે, ૭ (ઋતુ) પાટાવાળું છે અને ત્રણ (શિયાળો, ઉનાળો અને ચોમાસુ) કુંડળીઓવાળું છે, તેના અક્ષનો—આંકડાનો ઉપરનો ભાગ મેરૂ પર્વતની ઉપર આવેલો છે, જેની અંદર પરોવેલું અને ઘાણીની પેઠે ફરતું સૂર્યના રથનું પૈડું માનસોત્તર નામે પર્વત ઉપર ફર્યા કરે છે. ૧૩ તે અક્ષમાં બીજો અક્ષ છે જે માપમાં પ્રથમના અક્ષનો એક ચતુર્થાંશ છે. તે અક્ષ ઘાણીની પેઠે ફરતો ફરે છે અને તેનો ઉપરનો ભાગ ધ્રુવમાં રહે છે. ૧૪ રથની છત્રી છતરીસ લાખ યોજન લાંબી અને તેના એક ચતુર્થાંશ જેટલી પહોળી છે. સૂર્યના રથની ધોંસરી પણ તેટલી જ મોટી છે, જેમાં વરૂણે જોડેલા ગાયત્રી વગેરે છંદના નામવાળા સાત ઘોડાઓ સૂર્યના રથને ખેંચે છે. ૧૫ સારથિના કામમાં જોડાયેલો સૂર્યનો સારથિ અરૂણ સૂર્યની આગળ બેસે છે તોપણ તેનું મુખ આથમણી દિશા તરફ રહે છે. ૧૬ અંગુઠાના ટેરવા જેટલી કાયાવાળા વાલખિલ્ય નામે સાઠ હજાર ઋષિઓ સૂર્યની આગળ સ્તુતિ કરવા માટે રહે છે. તેઓ સૂર્યની આગળ ઉભા રહી સ્તુતિ કરતા ચાલે છે. ૧૭ બીજા ઋષિઓ ગંધર્વો અપ્સરાઓ નાગો યક્ષો રાક્ષસો અને દેવતાઓ જેઓ એક એક ગણતાં ચૌદ અને બબ્બે ગણતાં સાત સાતના ગણ ગણાય છે, તેઓ જોડું થઇને મહિને મહિને ભિન્ન ભિન્ન નામવાળા સૂર્યનારાયણની વૈદિક કર્મો કરીને સેવા કરે છે. ૧૮ ભૂમંડળનું માપ સાડા નવ કરોડ અને એક લાખ યોજન છે તેમાં સૂર્ય એક ક્ષણમાં બે હજાર યોજન અને બે ગાઉ જેટલો વિસ્તાર કાપતા ફરે છે.

लक्षोत्तरं सार्द्धनवकोटियोजनपरिमंडलं
भुवलयस्य । क्षणेनसगव्यूत्युत्तरं
द्विसहस्रयोजनानि स भुंक्ते ॥१९॥
इतिश्रीमद्भागवतेमहापुराणेपंचमस्कंधे
एकविंशतितमोध्यायः

અધ્યાય ૨૨ મો.†

ગ્રહોની ગતિનાં શુભાશુભ ફળ.

राजोवाच

यदेतद्भगवत आदित्यस्य मेरुं ध्रुवं च प्रदक्षिणेन परिक्रामतो राशीनामभिमुखं प्रचलित चाप्रदक्षिणं भगवतोपवर्णितममुष्वय कथमनु मीमहीति ॥ १ ॥

પરીક્ષિત રાજાએ પૂછયું કે—હે શુકદેવજી ! આપે કહ્યું કે મેરૂ અને ધ્રુવને જમણી તરફ રાખીને ફરનારા ભગવાન સૂર્યનારાયણ રાશિઓની સામે ચાલે છે તેમ જ મેરૂ અને ધ્રુવ પોતાના ડાબા પડખા ઉપર રહે તેમ ચાલે છે, એ પ્રમાણે સૂર્યનુ પરસ્પર વિરૂદ્ધ ચાલવું અમે કેમ માની શકીએ ? ૧

શુકદેવજી કહે છે કે—જ્યારે કુંભારનું ચાક ફરતું હોય ત્યારે તેને આધારે રહેલાં પ્રાણીઓની ગતિ તેની ગતિથી જુદા પ્રકારની હોય છે, કારણ કે તેની જુદી જુદી જગાઓમાં પણ તે રહેલાં જોવામાં આવે છે, તેમજ નક્ષત્રોની રાશિઓ ઉપરથી જાણવામાં આવતું કાળચક્ર જે ધ્રુવની અને મેરૂની જમણી તરફ દોડે છે, તેની સાથે જ તેને આધારે રહેલા સૂર્યાદિક ગ્રહો જો કે ફર્યા કરે છે તોપણ ગ્રહોની ગતિ જુદા પ્રકારની હોય છે કારણ કે તેઓ બીજાં નક્ષત્રોમાં અને બીજી રાશિઓમાં જોવામાં આવે

† આ અધ્યાયમા ચદ્ર શુક્ર વગેરે ગ્રહોના ઉત્તરોત્તર સ્થાનકો કહેવાશે તથા તે તે ગ્રહોની ગતિ ઉપરથી મનુષ્યોને મળતાં શુભાશુભ ફળો કહેવાશે.

છે. કાળચક્રની ગતિને લીધે મેરૂ અને ધ્રુવ તેમના જમણા પડખાપર રહે છે અને તેઓ પોતાની ગતિવડે રાશિઓની સામે ચાલે છે, અને તેથી મેરૂ અને ધ્રુવ તેની ડાબી બાજુએ રહે છે. ૨ ભગવાન સૂર્ય આદિ પુરૂષ ને સાક્ષાત નારાયણ છે. મોટા વિદ્વાનો પણ વેદ વડે તેમને જાણવાની ઇચ્છા કરે છે. તે લોકોના કલ્યાણ માટે વેદ રૂપ તથા જુદા જુદા સમયે કરેલાં કર્મોને લીધે જીવને શુદ્ધ કરનારા પોતાના સ્વરૂપના બાર વિભાગ કરીને વસંત આદિ છ ઋતુઓ બાંધી તેઓમાં પ્રાણીઓના પ્રારબ્ધ પ્રમાણે ટાઢ તડકો વરસાદ વગેરે ધર્મો ઉત્પન્ન કરે છે.૩ વર્ણ અને આશ્રમના આચારને પાળનારા પુરૂષો આ લોકમાં વેદવિદ્યાથી નાનાં મોટાં કર્મોથી ને યોગસાધનાઓથી તેમનું શ્રદ્ધાથી યજન કરતાં પરિશ્રમ વિના કલ્યાણ સંપાદન કરે છે. ૪ સર્વ લોકોના આત્મારૂપ તે આકાશ અને પૃથ્વીની વચ્ચે આવેલાં અંતરિક્ષમાં રહેલા કાળચક્રની મધ્યે રહેલા છે. રાશિઓનાં નામ ઉપરથી જેમનાં નામ પડેલાં છે, એવા વર્ષના અવયવભૂત બાર માસનો ઉપભોગ કરે છે. બે પખવાડીઆનો એક મહિનો ગણાય છે અને એ પિતૃઓનો એક દિવસ અને એક રાત્રિ કહેવાય છે. ચંદ્રના માન પ્રમાણે તે ગણાય છે. સૂર્ય સવા બે નક્ષત્રનો ઉપભોગ કરે ત્યારે એક મહિનો થયો કહેવાય છે અને તે મહિનો સૂર્યના માન પ્રમાણે ગણાય છે. સૂર્ય જેટલા કાળમાં બે રાશિને ભોગવે તેટલો સમય ઋતુ કહેવાય છે.૫ સૂર્ય જેટલા સમયમાં આકાશનો અર્ધ ભાગ ફરે તેટલા કાળને અયન કહે છે.૬ સ્વર્ગ અને પૃથ્વીના મંડળની વચ્ચે આવેલા આકાશ મંડળને જેટલા કાળમાં સૂર્ય ફરી વળે તેટલા સમયને વર્ષ કહે છે. આ વર્ષમાં સૂર્યની ધીમી ઉતાવળી તથા સમાન એવી ત્રણ ગતિઓ થાય છે. વર્ષમાં સૂર્યના પાંચ ભેદો કહેલા છેઃ—સંવત્સર પરિવત્સર ઇડાવત્સર અનુવત્સર અને વત્સર. ૭

ચંદ્રમા સૂર્યનાં કિરણોની ઉપર એક લાખ યોજન દૂર જોવામાં આવે છે અને તેની ગતિ એટલી તો ઉતાવળી છે કે તે એક વર્ષમાં જેટલું ચાલે છે તેટલું ચંદ્રમા બે પખવાડિયામાં ચાલે છે. આદિત્ય જેટલું મહિનામાં ચાલે છે તેટલું ચંદ્રમા સવા બે દિવસમાં ચાલે છે અને રવિ જેટલું એક પખવાડિયામાં ચાલે છે તેટલું ચંદ્રમા એક દિવસમાં ચાલે છે. ૮ જેમાં ચંદ્રમાની કળાઓ પૂર્ણ થતી જાય છે તે શુકલ પક્ષ દેવતાઓનો દિવસ ગણાય છે. જેમાં ચંદ્રમાની કળાઓ ઓછી થતી જાય છે તે કૃષ્ણ પક્ષ પિતૃઓનો દિવસ ગણાય છે. આ પ્રમાણે ચંદ્ર શુકલ પક્ષ અને કૃષ્ણ પક્ષવડે દેવતાઓના અને પિતૃઓના દિવસ તથા રાત્રિઓ નિર્માણ કરે છે. અન્નમય હોવાથી સર્વ જીવોના સમૂહને જીવાડે છે અને તેટલા માટે જ જીવરૂપ ગણાતો ચંદ્ર ત્રીસ મુહૂર્ત એટલે સાઠ ઘડી એક એક નક્ષત્રને ભોગવે છે. ૯ ભગવાન ચંદ્રમા સોળ કળાવાળા છે. મનોમય અન્નમય તથા અમૃતમય છે. દેવતા પિતરો મનુષ્ય ભૂત પશુ પક્ષીઓ સર્પ અને લતાઓને જીવન આપવું અને તૃપ્ત કરવાં એ તેમનો સ્વભાવ હોવાથી તે 'સર્વમય' કહેવાય છે. ૧૦ ચંદ્રમાની ઉપર લાખ યોજન દૂર નક્ષત્રો આવેલાં છે અને ઇશ્વરે કાળચક્રમાં જોડેલાં તે મેરૂપર્વતની પ્રદક્ષિણા કરે છે. અભિજીતની સાથે ગણતાં તે અઠ્ઠાવીસ છે. ૧૧ તેની ઉપર બે લાખ યોજન દૂરથી શુક્રનો તારો જોવામાં આવે છે. રવિની આગળ પાછળ તથા તેની સાથેજ ઉતાવળી ધીમી અને સરખી ગતિવડે તેની માફક તે ફરે છે, એમ ઘણું કરીને તેની ગતિ ઉપરથી જણાય છે. શુક્ર નિત્ય લોકોને અનુકૂળ રહે છે અને જળની વૃષ્ટિને અટકાવનાર ગ્રહને

શાંત કરીને જળની વૃષ્ટિ કરે છે. ૧૨ બુધને પણ શુક્રના જેવો કહેલો છે. બુધ ચંદ્રમાનો પુત્ર થાય છે અને તે શુક્રની ઉપર બે લાખ યોજન દૂર રહેલો છે, તે ઘણું કરીને સર્વ લોકોનું શુભ કરે છે, પરંતુ જ્યારે રવિથી વિખુટો પડે છે ત્યારે પોતાના અતિચારથી વૃથા વાદળાંના તથા અનાવૃષ્ટિના ભયની સૂચના કરે છે. ૧૩ બુધની ઉપર બે લાખ યોજન દૂર મંગળ રહેલો છે. તે જો વક્રગતિથી ચાલતો ન હોય તો ત્રણ ત્રણ પખવાડિયે એક એક રાશિને એમ બાર રાશિઓને ભોગવે છે. તે ગ્રહ ઘણું કરીને અશુભ અને દુઃખ દેનાર છે ૧૪ મંગળ ઉપર બે લાખ યોજન દૂર બૃહસ્પતિ છે તે વક્રગતિથી ચાલતો ન હોય તો ઘણું કરીને એક વર્ષે એક એક રાશિને ભોગવે છે અને તે બ્રાહ્મણના કુળને અનુકૂળ રહે છે ૧૫ બૃહસ્પતિની ઉપર બે લાખ યોજન દૂર શનૈશ્ચર રહેલો છે, તે એક એક રાશિને ત્રીસ ત્રીસ મહિના સુધી ભોગવે છે અને તેટલા જ વર્ષોએ સર્વ ગ્રહોને ફરી રહે છે. તે ઘણું કરીને સર્વને દુઃખી કરે છે. ૧૬ શનૈશ્ચરની ઉપર અગિયાર લાખ યોજન દૂર સપ્તર્ષિઓ રહેલા છે, સપ્તર્ષિઓ જગતનું કલ્યાણ કરતા ભગવાન વિષ્ણુના પરમ ધામરૂપ ધ્રુવની પ્રદક્ષિણા કર્યા કરે છે * ૧૭

तत उत्तरस्मादृषय एकादशलक्ष
योजनांतर उपलभ्यन्ते य एव लोकानां
शम-नुभावयंतो भगवतो विष्णोर्यत्परमं
पदं प्रदक्षिणं प्रक्रमन्ति ॥ १७ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेपंचमस्कंधे
द्वाविंशोध्यायः

* આ બધું ભૂગોળ અને ખગોળનું વર્ણન પૈરાણિક કથાઓને લગતું છે અસલના આર્યો જેઓ ખગોળમા કુશળ હતા તેમનું માનવું આવું ન હતું. અનુવાદક.

અધ્યાય ૨૩ મો.†

જ્યોતિશ્ચક્ર અને ધ્રુવ.

श्रीशुक उवाच.

अथ तस्मात्परतस्त्रयोदशलक्षयोजनांतरतो यत्तद्विष्णोः परमं पदमभिवदन्ति यत्र ह महाभागवतो ध्रुव औत्तानपादिरग्निनेंद्रेण प्रजापतिना कश्यपेन धर्मेण च समकालयुग्भिः सबहुमानं दक्षिणतः क्रियमाण इदानीमपि कल्पजीविनामाजीव्य उपास्ते तस्येहानुभाव उपवर्णितः ॥ १ ॥

શુકદેવજી કહે છે કે—સપ્તર્ષિઓની ઉપર તેર લાખ યોજનને છેટે વિષ્ણુનું પરમ ધામ આવેલું છે જ્યાં ભગવાનના ભક્ત અને પ્રિયવ્રત રાજાના પુત્ર ધ્રુવ રહે છે. કલ્પ સુધી જીવનાર જીવોના આધાર અને એક બીજાની સાથે રહેનાર અગ્નિ ઇંદ્ર પ્રજાપતિ કશ્યપ તથા ધર્મ નક્ષત્ર રૂપે ધ્રુવની પ્રદક્ષિણા કર્યા કરે છે. ધ્રુવનો મહિમા હું આગળ ચતુર્થ સ્કંધમાં જણાવી ગયો છું. ૧ કોઇ દિવસ નહિ અટકનારા અને જેમનો વેગ જાણવામાં આવતો નથી એવા ભગવાન કાળને લીધે ગ્રહ નક્ષત્ર વગેરે સર્વ જ્યોતિશ્ચક્રો ફર્યા કરે છે. ઇશ્વરે તે સર્વ ગ્રહોને તથા નક્ષત્રોને બાંધવા માટે ખીલા રૂપે નિર્માણ કર્યા હોય એવા ધ્રુવ નિત્ય પ્રકાશ કર્યા કરે છે. ૨ જેમ ખળામાં બળદો ધાન્યને છુટું કરે છે તેમ તારાગણો અને નક્ષત્રો વગેરે ઉપર કહેલા કાળચક્રના બહારના ને અંદરના ભાગમાં જોડાઇ વાયુની પ્રેરણાથી ધ્રુવનો આશ્રય કરી એક કલ્પ સુધી ફર્યા કરે છે. વાદળાં અને પક્ષીઓ જેમ પોતપોતાનાં કર્મની સહાયતાથી વાયુને વશ રહી આકાશમાં ઉડયા કરે તેમ પ્રકૃતિ અને પુરૂષના સંયોગથી એક સાથે ગોઠવાયલા અને કર્મ પ્રમાણે જેમની ગતિ નિર્માણ થયેલી છે એવા

† આ અધ્યાયમા જેને આધારે જ્યોતિશ્ચક્ર રહેલું છે એવા ધ્રુવ સ્થાનનું વર્ણન કરવામાં આવશે, શ્રીહરિની બળદના આકામા સ્થિતિ કહેવાશે.

તારાઓ આકાશમાં ફર્યા કરે છે. જ્યોતિશ્ચક્ર વિશાળ આકાશમાં બળદના હાલરાની માફક રહેલું છે. આ પ્રમાણે કેટલાએક પંડિતો જ્યોતિશ્ચક્રનું વર્ણન કરે છે. મસ્તક નીચું કરી શરીરનું કુંડાળું વાળીને બેઠેલા જ્યોતિશ્ચક્ર રૂપી બળદના અગ્રભાગમાં ધ્રુવ રહેલા છે. તેના પુંછડામાં પ્રજાપતિ અગ્નિ ઇંદ્ર અને ધર્મ રહેલા છે. પુંછડાના મૂળમાં ધાતા અને વિધાતા રહેલા છે, કટિમાં સપ્તર્ષિઓ રહેલા છે. જમણી તરફ કુંડાળું વાળીને બેઠેલા તે બળદના જમણા પડખામાં ઉત્તર દિશા તરફ ફરનારાં અભિજિત આદિ નક્ષત્રથી માંડીને પુનર્વસુ સુધીનાં ચૌદ નક્ષત્રો રહેલાં છે અને ડાબા પડખામાં દક્ષિણ દિશા તરફ ફરનારાં પુષ્પ નક્ષત્રથી આદિ લઇ ઉત્તરાષાઢા સુધીનાં ચૌદ નક્ષત્રો રહેલાં છે, જેને લીધે કુંડળની પેઠે જેમનું શરીર ગોળાકાર છે એવા તે નક્ષત્ર રૂપ બળદનાં બન્ને પડખાંના અવયવો સરખી સંખ્યામાં રહેલા છે. અજવીથિ પિતૃયાન બળદની પીઠ ઉપર રહેલી છે અને પેટમાં આકાશગંગા રહેલી છે. ૫ તેના જમણા અને ડાબા નિતંબ ઉપર પુનર્વસુ ને પુષ્પ નક્ષત્રો રહેલાં છે. પાછલા જમણા ને ડાબા પગોમાં આર્દ્રા અને અશ્લેષા નક્ષત્રો રહેલાં છે, તેના જમણા અને ડાબા નાકમાં અભિજિત્ અને ઉત્તરાષાઢા રહેલા છે, જમણી ને ડાબી આંખમાં અનુક્રમે શ્રવણ અને પૂર્વાષાઢા રહેલાં છે. જમણા અને ડાબા કાનમાં ધનિષ્ઠા અને મૂળ નક્ષત્ર રહેલાં છે. ડાબા પડખાના હાડપિંજરોમાં દક્ષિણ દિશા તરફ ગતિ કરનારાં મઘા વગેરે નક્ષત્રો રહેલાં છે, અને તેનાથી સામા સ્થાનમાં એટલે જમણા પડખાના હાડપિંજરોમાં ઉત્તર તરફ ગતિ કરનારાં મૃગશીર્ષ આદિ નક્ષત્રો રહેલાં છે. જમણા અને ડાબા ખભામાં શતભિષા અને જેષ્ઠા રહેલા છે. ૬ ઉપલા હોઠમાં અગસ્તિ નીચેના હોઠમાં યમ મુખમાં મંગળ ઉપસ્થમાં શનૈશ્ચર ખુંધમાં બૃહસ્પતિ વક્ષસ્થળમાં સૂર્ય હૃદયમાં નારાયણ મનમાં ચંદ્રમા નાભિમાં શુક્ર સ્તનમાં અશ્વિનીકુમારો ગળામાં રાહુ સર્વ અંગોમાં કેતુઓ અને રોમમાં સર્વ તારા ગણ રહેલો છે. ૭ આ રીતે ભગવાન વિષ્ણુનું સર્વ દેવતામય રૂપ છે. મનુષ્યે નિરંતર વાણીને નિયમમાં રાખી ભગવાનના રૂપનાં દર્શન કરી નીચેનો મંત્ર ભણીને તેમની સ્તુતિ કરવી. તેજના આશ્રયરૂપ કાળચક્ર રૂપ ને કાળના પતિ એવા મહા પુરૂષને અમે નમસ્કાર કરીએ છીએ ને તેમનું ધ્યાન ધરીએ છીએ ૮ ગ્રહ નક્ષત્ર ને તારાગણ સર્વ દેવતા રૂપ ત્રણ કાળ રૂપ ઉપર કહેલા મંત્રનો જપ કરનારાઓના પાપનો નાશ કરનાર એવા શિશુમાર ચક્રને જો મનુષ્ય ત્રણે કાળ નમસ્કાર કરે અને સંભારે તો મનુષ્યનું તે તે સમય ઉપર થયેલું પાપ નાશ પામે છે ૯

ग्रहर्क्षताराममयमाधिदैविकं पापापहं
मन्त्रकृतां त्रिकालम् ।
नमस्यतः स्मरतो वा त्रिकालं
नश्येत तत्कालजमाशु पापम् ॥ ९ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेपचमस्कंधे
त्रयोविंशोध्यायः

અધ્યાય ૨૪ મો.‡

ગ્રહોનું ને પાતાળોનું વર્ણન.

શ્રીશુક ઉવાચ.

अधस्तात्सवितुर्योजनायुते स्वर्भानु नक्षत्रवच्चरतीत्येके योऽसावमरत्वं ग्रहत्वं चालभत भगवदनुकम्पया स्वयमसुरापसदः सैंहिकेयो ह्यतदर्हस्तस्य तात जन्मकर्माणि चोपरिष्टाद्वक्ष्यामः ॥ १ ॥

શુકદેવજી કહે છે કે—રાહુ સૂર્યની નીચે દશ હજાર યોજન દૂર રહી નક્ષત્રની પેઠે ફરે છે,

‡ આ અધ્યાયમા સૂર્યની નીચે આવેલા રાહુ વગેરેની ક્રમવાર સ્થિતિ કહેવામા આવશે તથા અતલ આદિક સાત પાતાળોની મર્યાદા કહેવામા આવશે.

અસુરોમાં અધમમાં અધમ અને સિંહકાનો પુત્ર રાહુ કે જે અમરપણાને તેમજ ગ્રહપણાને પામ્યો હતો તે ભગવાનની કૃપાથી અમરપણાને તથા ગ્રહપણાને પામ્યો છે.તેના જન્મની અને ચરિત્રોની કથા આગળ અષ્ટમ સ્કંધમાં કહીશું, ૧ આખા જગતને તપાવનાર રવિનું મંડળ વિસ્તારમાં દશ હજાર યોજન છે ચંદ્રનું મંડળ વિસ્તારમાં બાર હજાર યોજન છે અને રાહુનું મંડળ વિસ્તારમાં તેર હજાર યોજન છે રાહુએ અમૃતનું પાન કરતી વેળાએ સૂર્ય અને ચંદ્રની વચ્ચે બેસીને બન્નેને ખૂબ અડચણ કરી હતી.ભગવાન સૂર્ય તથા ચંદ્રમાએ ભગવાનને 'આ રાહુ છે' એમ કહ્યું તેથી તે સૂર્ય અને ચંદ્રની સાથે વૈર રાખે છે અને આમાવાસ્યા અને પૂર્ણિમાને દિવસે તેમને ગ્રસે છે. ૨ ભગવાને બન્નેની રક્ષા કરવા માટે સુદર્શન ચક્ર રાખેલું છે તે વારંવાર ફર્યા કરતા અને અસહ્ય તેજવાળા સુદર્શન ચક્રની સામે બે ઘડી ઉભો રહે છે અને મનમાં ખિન્ન થઈ ત્રાસ પામીને છેટેથીજ પાછો વળી જાય છે. રાહુ સૂર્ય ચંદ્રમાની સામો જેટલી વાર ઉભો રહે છે તેટલા સમયને લોકો 'ગ્રહણ' કહે છે. ૩ તે રાહુની નીચે દશ હજાર યોજન દૂર સિદ્ધ ચારણ ને વિદ્યાધરોના સ્થાનો આવેલાં છે ૪ તેઓની નીચે યક્ષ રાક્ષસ પિશાચ પ્રેત તથા ભૂતગણોને વિહાર કરવાનું સ્થાન અંતરિક્ષમાં આવેલું છે. એ અંતરિક્ષ સુધી પવન જોરથી વાય છે અને વાદળાં જોવામાં આવે છે. ૫ તેઓની નીચે સો યોજન દૂર આ પૃથ્વી આવેલી છે. હંસ ચાસ શકરા અને ગરૂડ વગેરે મોટાં પક્ષીઓ સો યોજન સુધી ઉંચે ઉડી શકે છે. પૃથ્વીના વિભાગોની મર્યાદા જેવી હતી તેવી મેં તમારી આગળ વર્ણવી. હવે પૃથ્વીની નીચેના ભાગોનું વર્ણન કરૂં તે સાંભળો.

પૃથ્વીની નીચે સાત પાતાળ છે. તે પ્રત્યેકની ઉચાઈ અને પહોળાઈ દસ હજાર યોજન છે. સાત પાતાળનાં નામો આ પ્રમાણે છે. અતલ વિતલ સુતલ તલાતલ મહાતલ રસાતલ અને પાતાલ. ૭ પૃથ્વીની ગુફા રૂપી પાતાળોમાં ગૃહસ્થાશ્રમી એવા દૈત્યો દાનવો અને સર્પ સ્વર્ગ કરતાં પણ અધિક સુખ ભોગવે છે. ઐશ્વર્ય આનંદ ને વિભૂતિઓવાળા હોવાથી ઘણી સમૃદ્ધિવાળા ઘરમાં ઉદ્યાનમાં રમવાનાં તથા વિહાર કરવાનાં સ્થાનકોમાં તેઓ સપત્નીક રહેતા બહુ પ્રકારના વિનોદો અને વિહાર કરે છે. ઇશ્વર પણ તેઓની કામના ભંગ કરી શકતા નથી અને તેમનાં સ્ત્રી પુત્ર બંધુ સ્નેહી અને પરિજનો નિત્ય આનંદમાં તથા પ્રણય રસમાં ગુલતાન રહે છે. હે મહારાજ! માયાવી મયદાનવે પાતાળોમાં ઘણી નગરીઓ બાંધેલી છે, તે નગરીઓ અનેક જાતના ઉત્તમોત્તમ મણિઓથી રચેલા વિચિત્ર મંદિરોથી કિલ્લાઓથી દરવાજાઓથી સભાસ્થાનોથી વિશ્રામ સ્થાનકોથી ચોટાંથી અને બીજાં અનેક સ્થાનોથી શોભી રહેલી છે. જેઓની શોભાયમાન બનાવેલી ભૂમિઓ નાગનાં તથા અસુર લોકોનાં દંપતીઓથી કબૂતર પોપટ અને મેંનાઓથી ભરપુર રહે છે. પાતાળના રાજાઓના ઉત્તમ રાજમહાલયોથી તે નગરી શોભી રહેલી છે અને ચારે તરફ ઝળઝળાટ પ્રકાશ મારે છે. ૯ ત્યાં ઉદ્યાનોમાં પુષ્પ ફળ ગુચ્છા અને મનોહર પલ્લવોથી નમી પડેલી સુંદર ડાળીઓવાળાં અને લતાઓથી આલિંગન કરાયેલાં વૃક્ષોની શોભા જોનારને અત્યંત આલ્હાદક લાગે છે. વળી ત્યાં જાતજાતના પક્ષીઓનાં જોડાં રહે છે, નિર્મળ જળથી ભરેલાં જળાશયોની શોભા બહુ રમણિક લાગે છે. માછલાંના ઉછળવાથી તરંગિત થતા પાણીમાં કમલ કુમુદ કુવલય પોયણાં શ્યામ કમળ રાતાં કમળ અને શતપત્ર વગેરેનાં વનોમાં વાસ કરનારાં પક્ષીઓના અખંડ વિહારોને લીધે

અને જાતજાતના મધુર સ્વરાદિકથી ઇંદ્રિયોને આનંદ મળે છે તેથી ત્યાં આગળનાં ઉદ્યાનો સ્વર્ગની શોભા કરતાં પણ અધિક રમણીય લાગે છે. જ્યાં આગળ સૂર્ય વગેરે ન હોવાને લીધે રાત્રિ દિવસ વગેરે કાળના વિભાગોનો ભય રહેતો નથી. ૧૧ વળી ત્યાં મોટમોટા નાગોના મસ્તક મણિઓ સર્વ અંધારાનો નાશ કરે છે. ૧૨ જ્યાં વસનારાં પ્રાણીઓને દિવ્ય ઔષધિઓ રસો રસાયનો અન્ન અને પાનનો ઉપભોગ કરવાથી આધિ વ્યાધિ વળિયાં અને પળિયાં જરાદિક અવસ્થાઓ દેહનું ઝાંખું પડવું પરસેવો અને થાક ઇત્યાદિ કંઇ ઉદ્વેગ વગેરે કદી થતું નથી. ૧૩ ત્યાં વસતા ભાગ્યશાળી લોકોનું ભગવાનના તે જસ્વી સુદર્શન ચક્ર વિના બીજા કોઇથી મૃત્યુ થતું નથી. ૧૪ તે ચક્ર જ્યારે પાતાળમાં પ્રવેશ કરે છે ત્યારે દૈત્યોની સ્ત્રીઓના ગર્ભો ઘણું કરીને સ્રવી જાય છે. અતળ નામે પહેલા પાતાળમાં મયદાનવનો પુત્ર બલાસુર રહે છે. તેણે પાતાળમાં છન્નુ પ્રકારની મા યાઓ કરેલી છે. જેમાંની કેટલીક માયાઓને તો કેટલાએક હજુ સુધી ધારણ કરી રહ્યા છે. એ બલાસુર બગાસું ખાતો હતો તેવામાં તેના મુખમાંથી સ્વૈરિણી કામિની તથા પુંશ્ચલી (અત્યંત ચંચળ મનોવૃત્તિ વાળી) એમ ત્રણ પ્રકારની સ્ત્રીઓ ઉ ત્પન્ન થઇ હતી. એ સ્ત્રીઓ પાતાળમાં રહેલા પુરૂષને સોનાનો રસ પાઇને સમર્થ બનાવે છે અને પછી પોતાના અસાધારણ વિલાસો સાથે અત્યંત પ્રેમ પૂર્વક મંદમંદ હસવાથી પરિહાસવાળા ભાષણ કરવાથી તથા આલિંગન વગેરે કરવાથી પોતાની ઇચ્છા પ્રમાણે રમાડે છે. સોનાના રસનું પાન કરીને પોતાને દશ હજાર હાથીના જેવો બળવાન ગણતો મદાંધ પુરૂષ માને છે કે "હું ઇશ્વર છું, હું સિદ્ધ પુરૂષ છું." ૧૬ અતલની નીચે વિતળ નામના પાતાળમાં પોતાના પાર્ષદ એવા ભૂતગણોથી વિંટાયેલા ભગવાન હાટકેશ્વર પ્રજાપતિની રચેલી સૃષ્ટિમાં વૃદ્ધિ કરવા માટે પાર્વતીની સાથે રહે છે એ મહાદેવના તથા પાર્વતીના વીર્યમાંથી હાટકી નામની એક મહાનદી નીકળેલી છે અને અગ્નિ પવનની પ્રેરણાથી તે બધા સત્વને પી જાય છે અને તેને પાછું કાઢે છે ત્યારે તેમાંથી હાટક નામનું સુવર્ણ થાય છે એ સુવર્ણનાં આભૂષણો દૈત્ય રાજાઓના અંતઃપુરોમાં રહેનારા પુરૂષો અને સુંદર સ્ત્રીઓ પહેરે છે ૧૭ તેની નીચે સુતલ પાતાળમાં પવિત્ર અને ઉદાર કીર્તિવાળો વિરોચનનો પુત્ર બળિરાજા રાજ્ય કરેછે. ભગવાન ઇંદ્રનું હિત કરવાની ઇચ્છાથી અદિતિના ઉદરમાંથી અવતાર લઇને બટુક એવા વામનજી રૂપે થઇને બળિરાજાની પાસેથી ત્રણ લોકનું રાજ્ય હરી લેવા છતાં દયાથી તેને ઉંડા પાતાળમાં રાખ્યો છે. ઇંદ્રાદિકની પાસે ન હોય એવી સમૃદ્ધિવાળી લક્ષ્મી તેની પાસે છે અને તે નિર્ભય થઇને આરાધના કરવા યોગ્ય ભગવાનની સ્વધર્મ પ્રમાણે આરાધના કરતો હમણાં ત્યાં રહે છે ૧૮ સર્વ જીવોના જીવ રૂપ આત્મા રૂપ પરમાત્મા સર્વ જીવના નિયંતા આત્મારામ અત્યંત પવિત્ર અને દાનને પાત્ર એવા ભગવાન વાસુદેવનો લાભ થતાં બલિએ પરમ શ્રદ્ધાથી અને પરમ આદરથી મનને સાવધ કરીને સાક્ષાત્ મોક્ષ આપનાર પૃથ્વીનું જે દાન ભગવાનને આપ્યું હતું તેના ફળ રૂપે પાતાળનું રાજ્ય તેને મળેલું છે, એમ માનવું યોગ્ય નથી. ૧૯ છીંક આવવી રસ્તે જતાં પડી જવું ઠેસ વાગવી વગેરે અવસ્થાઓમાં પરાધીન થયેલો મનુષ્ય એક વાર પણ જો ભગવાનનું નામ લે તો તરત કર્મબંધનને તોડવા માટે મુમુક્ષુજનોને યોગ અને સાંખ્યાદિક સાધનો કરવા માટે અનેક દુઃખોનો અનુભવ કરવો પડે તેવાં કર્મબંધનને તોડી નાખે છે. ૨૦ ભક્તોને તથા આત્મજ્ઞાનીઓને આત્મ-

સ્વરૂપ અને જ્ઞાન આપનાર ભગવાનને આ ત્મસ્વરૂપ માનીને જે ભૂમિદાન તેણે આપ્યું હતું તેનું ફળ એકલું પાતાળનું રાજ્ય જ હોવું જોઇએ નહિ, પરંતુ મોક્ષ હોવો જોઇએ. ૨૪ ખરેખરો વિચાર કરીએ તો ભગવાને બળિ રાજાના ઉપર અનુગ્રહ કર્યો નથી, કારણ કે તેમણે તેને ફરીને આત્મસ્વરૂપ ભૂલાવી દેનારૂં માયાવી ભોગોનું ઐશ્વર્ય આપ્યુ છે. ભગવાનને બળિની પાસેથી રાજ્ય હરી લેવાનો બીજો કોઈ ઉપાય ન મળવાથી ભિક્ષાને મિષે તેનું માત્ર શરીર બાકી રાખીને તેની પાસેથી ત્રણે લોકનું સર્વ રાજ્ય હરી લીધું હતું, અને તેને વરૂણના પાશોથી બાંધીને પર્વતની ગુફાના જેવા પાતાલમાં ચાંપી દીધો હતો ઇંદ્ર ખરેખર વિદ્વાન છતા પોતાનો સ્વાર્થ સાધવામાં પૂર્ણ કુશલ નથી, કારણ કે જેણે એકાંતમાં વિચારો લેવા માટે બૃહસ્પતિને મંત્રી તરીકે રાખ્યા હતા તે ઇંદ્રે સાક્ષાત ભગવાનની પાસેથી માગવા યોગ્ય વસ્તુ ન માગતાં ભગવાન દ્વારા પોતાને માટે ત્રણ લોકનું રાજ્ય જ માગી લીધું પરમાત્માનું દાસપણું માગ્યું નહિ. તે જાણતો નથી કે અત્યંત ગંભીર વેગવાળા મહાન કાળની આગળ એક મન્વંતરમાં ફરી જનારૂં આ ત્રણે લોકનું રાજ્ય તે કંઇ ગણતરીમાં નથી. અમારા પિતામહ પ્રહ્‌લાદ ખરેખરા સ્વાર્થ કુશળ હતા કારણ કે જ્યારે તેમનો પિતા હિરણ્યકશિપુ મરી ગયો ત્યારે ભગવાને તેમને તેના પિતાનું શત્રુરહિત રાજ્ય આપવા માગ્યું, પરંતુ તેમણે તે ભગવાનથી ભિન્ન માનીને લીધું નહિ. ભગવાનનું દાસપણું જ લીધું. ૨૫ જેઓના રાગાદિક દોષ નાશ પામ્યા નથી તથા જેઓના ઉપર ભગવાનનો અનુગ્રહ ઓછો છે એવો અમારા જેવો કયો પુરૂષ પ્રભાવવાળા પ્રહ્‌લાદજીને માર્ગે જવાની હિમ્મત કરે? ૨૬ બળિ પાતાળમાં રહે છે અને ભગવાન જગત ગુરૂ નારાયણ હાથમાં ગદા ધારણ કરી બળિરાજાના બારણા ઉપર પોળીઆ રૂપે ઉભા રહે છે. ભકતજનો ઉપર અંતઃકરણથી દયા કરનાર ભગવાને એક વખત દિગ્વિજય કરતો કરતો રાવણ પાતાલમાં ગયો ત્યારે પગના અંગુઠાની ઠેસ મારીને લાખો યોજન દૂર ફેંકી દીધો દાનવીર બલિરાજાનું ચરિત્ર હવે પછી કહીશું. ૨૭ સુતલની નીચે તલાતલ પાતાળમાં મય નામનો દાનવરાજા રહે છે. તે ત્રણ નગરનો અધિપતિ છે. ભગવાન ત્રિપુરારિ શંકરે ત્રણ લોકનું કલ્યાણ કરવાની ઇચ્છાથી તેનાં ત્રણે પુરોને બાળીને ભસ્મ કરી નાંખ્યાં હતાં અને ફરીને તે દૈત્યે શંકરની કૃપાથી સ્થાન મેળવ્યું હતું. હમણાં તે માયાવીઓનો આચાર્ય મયદાનવ શંકરની રક્ષામાં રહેવાથી સુદર્શન ચક્રના ભયમાંથી મુકત થઇ પૂજાય છે. ૨૮ તળાતળની નીચે મહાતલ પાતાળમાં અનેક મસ્તકવાળા કદ્રુના પુત્ર સર્પોનું એક ક્રોધવશ નામનું મંડળ રહે છે તેઓમાં કુહક તક્ષક કાલિય તથા સુષેણ વગેરે મુખ્ય અને મોટી કાયાવાળા મહાસર્પો રહે છે, તેઓ ભગવાનના વાહન ગરૂડથી નિત્ય ડરતા રહે છે અને કોઇ વેળા પોતાનાં સ્ત્રી પુત્ર સગાં અને કુટુંબના પ્રસંગથી પ્રમત્ત થઇને ફર્યા કરે છે. ૨૯ તેની નીચે રસાતળ પાતાળમાં નિવાતકવચો કાલેયો અને હિરણ્યપુરવાસીઓ એમ ત્રણ વર્ગમાં વહેંચાયલા પણિની નામના દૈત્યો તથા દાનવો રહે છે. તેઓ જન્મથી જ દેવતાઓના શત્રુઓ મહા બળશાળી અને મહા સાહસિક છે. સર્વ લોકમાં મહા પ્રભાવવાળા ભગવાન શ્રીહરિના તેજથી તેઓનાં બલાભિમાન હણાઇ જવાથી સર્પો જેમ રાફડામાં રહે તેમ *તેઓ રસાતળમાં રહે છે. સરમા નામે

* એવી કથા છે કે પણિની નામના અસુરોએ ગાયને સંતાડી દીધી હતી. તેની શોધ કરવા માટે ઈન્દ્રે દેવની કુતરી સરમાને મોકલી; તે કુતરીની સાથે સલાહ કરવાની ઈચ્છાથી પણિની નામના

દેવતાની એક કુતરી ઇંદ્રની દૂતી હતી તેથી તેની મંત્ર રૂપ વાણી સાંભળીને દૈત્યો ઇંદ્રથી ડરે છે. તેની નીચે સાતમા પાતાલ નામના પાતાળમાં મોટી કાયાવાળા તથા મહાક્રોધ વાળા વાસુકિ પ્રમુખ નાગ લોકોના રાજાઓ રહે છે અને તેઓમાં શંખ કુલિક મહાશંખ શ્વેત ધનંજય ધૃતરાષ્ટ્ર, શંખચુડ, કંબલ અશ્વર તથા દેવદત્ત વગેરે મુખ્ય નાગો રહે છે તે સર્પોને પાંચ સાત દશ સો તથા હજાર મસ્તકો છે, અને તેઓની ફેણો ઉપર રહેલા ઝળઝળાટ પ્રકાશવાળા મણિઓ પોતાની કાંતિથી પાતાળમા રહેલા અંધકારનો નાશ કરે છે. ૩૧

महाभोगिनो महामर्षा निवसंति तेषामुह वै पंचसप्तदशशतसहस्रशीर्षाणां फणासु विरचिता महामणयो रोचिष्णवः पाताल-विवरतिमिरनिकरं स्वरोचिषा विधमंति ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेपंचमस्कंधे चतुर्विंशोध्यायः

અધ્યાય ૨૫ મો.‡

શેષની સ્થિતિ—પ્રલયના રૂદ્રો.

श्रीशुक उवाच.

तस्य मूलदेशे त्रिंशद्योजनसहस्रांतर आस्ते या वै कला भगवतस्तामसी समाख्यातानंत इति सात्वतीया द्रष्टृदृश्ययोः संकर्षणमहमित्यभिमानलक्षणं यं संकर्षणमित्याचक्षते ॥

શુકદેવજી કહે છે કે—પાતાળની નીચે ત્રીસ હજાર યોજન દૂર અનંત એવા શેષ નાગ રહે છે શેષ ભગવાનનો તમોગુણી અવતાર કહેવાય છે અહંકારના અધિષ્ઠાતા અને આત્માને તેમજ દેહને એક કરી દેનાર તે પંચરાત્રના સિદ્ધાંત જાણનાર સંકર્ષણના નામે બોલાવે છે. ૧ અનંત મૂર્તિવાળા ને સહસ્ર મસ્તકવાળા શેષનાગની મોટી ફેણો ઉપર રહેલું પૃથ્વીમંડળ સર્ષવના દાણા જેવડું દેખાય છે ૨ પ્રલયકાળે ભૂમંડળનો સંહાર કરવાની ઇચ્છા થતાં ક્રોધથી વાંકી કરેલી અને આમ તેમ ફરતી મનોહર ભ્રૂકુટી વચ્ચેથી ત્રણ નેત્રવાળા સંકર્ષણ નામે અગિયાર રૂદ્રો ત્રણ ફળવાળું ત્રિશૂળ ઉછાળતા બહાર નીકળે છે. ૩ એકાગ્ર ભક્તિયોગથી ઉત્તમ ભકતોની સાથે શેષનાગને પ્રમાણ કરતા નાગ રાજાઓ શેષનાગોના ચરણ કમળના રાતા ને શુદ્ધ નખમણિઓના મંડળમાં ચળકતાં કુંડળોના પ્રભા મંડળને લીધે શોભાયમાન ગંડસ્થળવાળાં પોતાનાં અત્યંત મનોહર મુખોને મનમાં આનંદ પામતા નિહાળે છે. ૪ નાના પ્રકારના મનોરથની આશા રાખનારી નાગરાજની કન્યાઓ જેઓ સુંદર કડાંથી શોભાયમાન શુદ્ધ વિશાળ ધોળા મનોહર ને દેખાવડા શેષનાગની ભુજારૂપી રૂપાના થાંભલાઓને અગર ચંદન ને કેસરના વિલેપનનો લેપ કરીને ખરડાઇ ગયેલી તેમનો સ્પર્શ થવાથી વિકાર પામેલા હૃદયમાં ઉત્પન્ન થયેલા કામદેવના આવેશથી મનોહર અને સુંદર મંદ હાસ્ય કરે છે. નાગરાજની કન્યાઓ પ્રેમ અને મદને લીધે પ્રસન્ન દેખાતાં અને મદથી ઘેરાયલી રાતી આંખોવડે દયા ભરી રીતે જોતા શેષનાગના મુખકમળને લજ્જાથી જુવે છે. ૫ ભગવાન અનંત છે તે ગુણના સાગર અને આદિદેવ છે. લોકોના કલ્યાણ માટે ક્રોધના વેગને રોકીને ત્યાં બેસી રહે છે. ૬ દેવ દૈત્ય નાગ સિદ્ધ વિદ્યાધર ને મુનિગણો તેમનું ધ્યાન ધરે છે. તેમનાં નેત્રો મદને લીધે પ્રસન્ન તથા વિહ્વળ રહે છે. સુંદર ભાષણરૂપી અમૃતવડે

દૈત્યો કહેવા લાગ્યા કે, હે સરમા! તારી શી ઇચ્છા છે? સરમાને સલાહ કરવાની ઇચ્છા ન હતી, તેથી ઈન્દ્રની સ્તુતિ કરતી તેઓને કહેવા લાગી કે, તમે ઇન્દ્રથી મૃત્યુ પામીને ભૂમિ ઉપર ઢળી પડો. આવા વચન સાભળી તેઓ ડરી ગયા.

‡ આ અધ્યાયમાં પાતાળની નીચે શેષનાગની સ્થિતિ કે જ્યા પ્રલયકાળે જગતનો સંહાર કરવાની ઇચ્છાવાળા ભગવાન શેષથી રૂદ્રોની ઉત્પત્તિ થાય છે તે કથા કહેવારો.

પાર્ષદોને તથા દેવતાઓના અધિપતિઓને સંતુષ્ટ કરે છે. શરીર ઉપર કાળાં વસ્ત્ર ધારણ કરે છે, એક કાનમાં કુંડળ ધારણ કરે છે હળના ઉપર અત્યંત સુંદર એવો પોતાનો હાથ મૂકીને બેઠેલા ઈંદ્રનો હાથી જેમ સુવર્ણની માળાને ધારણ કરે તેમ ઉદાર ચરિત્રવાળા શેષનાગ કે જેની કાંતિ કોઈપણ દિવસ કરમાતી નથી એવી નવીન તુળશીના સુગંધ રૂપી મદિરાનો રસ પીને મત્ત થયેલા ભ્રમર મંડળના મધુર ગણુગણાટથી શોભાયમાન એવી પોતાની વૈજયંતી નામની માળાને ધારણ કરે છે. ૭ શેષનાગ પોતાનું ચરિત્ર સાંભળવાથી તથા પોતાનું ધ્યાન કરવાથી મુમુક્ષુ પુરૂષોના હૃદયમાં પ્રવેશ કરીને અનાદિ કર્મવાસનાઓથી ગુંથાયલા અજ્ઞાનમય અને સત્વ રજ અને તમો ગુણથી ભરેલા અભિમાનનો નાશ કરે છે. બ્રહ્માના પુત્ર નારદે બ્રહ્માની સભામાં તુંબરૂની સાથે શેષનાગના પ્રભાવવિષે નીચે પ્રમાણે શ્લોકો ગયા હતા.

સત્વાદિ માયાના ગુણો જેમની કૃપા દૃષ્ટિથી જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા પ્રલય કરવા સમર્થ થાય છે, જેમનું રૂપ અનંત તથા અનાદિ હોવાથી એક છતાં તેમણે પોતાના તે રૂપ વિશે નાના પ્રકારનો પ્રપંચ ઉત્પન્ન કર્યો છે તે પરબ્રહ્મ રૂપ શેષનાગના માર્ગને પુરૂષ કેવી રાતે જાણી શકે ? ૯ પોતાના ભકતજનોનાં મનોને હરણ કરવા માટે જેમણે કરેલી ઉત્તમ લીલાને સર્પ પણ ગ્રહણ કરે છે તથા જેને વિષે આ કાર્ય કારણરૂપ જગત દેખાય છે તે ઉદાર પરાક્રમવાળા ભગવાન શેષે આપણા ઉપર મોટી કૃપા કરીને શુદ્ધ એવું સત્વગુણી સ્વરૂપ ધારણ કર્યું છે. ૧૦ આતુર અથવા તો પાપી મનુષ્ય જેમનું પવિત્ર નામ બીજાની પાસેથી અકસ્માત સાંભળીને તે નામ દુઃખે કરીને કે ઉપહાસથી પોતાની જીભથી બોલે છે તો તે મનુષ્યનાં સર્વ પાપ તરત નાશ પામે છે. મુમુક્ષુ પુરૂષ ભગવાન શેષ વિના બીજા કોને શરણે જાય ? ૧૧ હજાર મસ્તકવાળા શેષ ભગવાનના મસ્તક ઉપર પર્વત નદી સમુદ્ર તથા પ્રાણીઓથી ભરપુર એવું આ ભૂમંડળ એક અણુની માફક રહેલું છે. ભગવાન શેષ અનંત રૂપ હોવાથી અપાર પરાક્રમવાળા અને વ્યાપક છે. તેમનાં પરાક્રમોને કયો પુરૂષ હજાર જીહ્વાથી ગણી શકે ? ૧૨ ઉપર કહ્યા પ્રમાણે પ્રભાવવાળા અપાર પરાક્રમવાળા અને ઘણા ગુણવાળા ભગવાન શેષ પૃથ્વીની નીચે રહે છે અને સ્વતંત્ર એવા ભગવાન જગતના કલ્યાણ માટે દમન કરતા હોય તેમ આ પૃથ્વીને ધારણ કરે છે. ૧૩ સાંસારિક સુખોની ઈચ્છાવાળા મનુષ્યો આ જગતમાં કર્મ પ્રમાણે નિર્માણ થયેલી ગતિઓને પામે છે. તે ગતિઓ મેં તમને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કહી બતાવી. ૧૪ હે રાજા ! પુરૂષના પ્રવૃત્તિ રૂપ ધર્મના ફળ રૂપ નાની મોટી ભિન્ન ભિન્ન આટલી ગતિઓ છે. તે મેં તમને તમારા પૂછવા પ્રમાણે સંભળાવી હવે બીજું શું કહું તે કહો ? ૧૫

एतावतीर्हि राजन् पुंसः प्रवृत्तिलक्षणस्य
धर्मस्य विपाकगतय उच्चावचा।
विसदृशा यथाप्रश्नं व्याचख्ये
किमन्यत्कथयाम इति ॥ १५ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेपंचम स्कंधे
पंचविंशोध्यायः

અધ્યાય ૨૬ મો.†

પાપીઓનું નરકસ્થાન.

राजोवाच

महर्ष एतद्वैचित्र्य लोकस्य कथं ॥ १॥

પરીક્ષિતે પૂછયું કે-હે મહર્ષિ ! લોકોને કર્મનાં સુખ દુઃખાત્મક ફળો મળે છે તેનું શું કારણ ? તે આપ મને કહો. ૧

† આ અધ્યાયમાં યમના દૂતો કર્માનુસાર જ્યાં આગળ પાપીઓને દુઃખ દેવામાં આવે છે, એવા પાતાળની નીચે આવેલા નરકનું વર્ણન કરવામાં આવશે.

શુકદેવજી બોલ્યા કે—કર્મ કર્તા પુરૂષની શ્રદ્ધા ત્રણ પ્રકારની રહે છે. શ્રદ્ધામાં ફેરફાર થવાથી સર્વને કર્મનાં ફળો જુદાં જુદાં મળે છે. કર્મ કરનારને સત્વગુણી શ્રદ્ધાથી સુખ મળે છે, રજોગુણી શ્રદ્ધાથી અસુખ અને દુઃખ અને તમોગુણી શ્રદ્ધાથી મૂઢત્વ પ્રાપ્ત થાય છે. ૨ તેમ જ જેને માટે શાસ્ત્રમાં મના કરેલી છે એવો અધર્મ કરનારા પુરૂષની શ્રદ્ધા વિરૂપ હોય છે તેથી તેને તેના કર્મનું વિલક્ષણ ફળ મળે છે અનાદિ કાળના અજ્ઞાનને લીધે વિષય સેવનારા પુરૂષોનું તેમના ફળરૂપે નરકમાં પતન થાય છે જે હું તમારી આગળ અનુક્રમથી વર્ણવું છું. ૩

પરીક્ષિત—હે ભગવન! નરકો તે શું કોઇ દેશો છે? અને તે ત્રણ લોકની બહાર છે કે અંદર છે વા તેનાથી તદન જુદા છે?

શુકદેવજી બોલ્યા કે—ત્રણ જગતની અંદરજ નરકો છે. દક્ષિણ દિશામાં પૃથ્વીની નીચે અને સમુદ્રની ઉપર તે આવેલા છે દક્ષિણ દિશામાં અગ્નિષ્વાત્તા વગેરે પિતૃગણો પરમ સમાધિ ચઢાવીને પોતાના વંશજોના મનોરથો સફળ થાય એવા શુભ આશીર્વાદ આપતા રહે છે. જ્યાં પોતાના ગણ સાથે રહેતા સૂર્યના પુત્ર ભગવાન પિતૃરાજ ભગવાનની આજ્ઞામાં રહી પોતાના દૂતોએ યમપુરીમાં આણેલા અને મરી ગયેલા એવા જીવને તેમના અપરાધ પ્રમાણે પાપના ફળ રૂપે શિક્ષા કરે છે ૬ કેટલા એક પુરૂષો ત્યાં એકવીસ નરકો છે એવું કહે છે. હે રાજા! નરકોનાં નામો રૂપો ને લક્ષણો હું તમને અનુક્રમથી કહી બતાવું છું. તામિસ્ર અંધતામિસ્ર રૈરવ મહારૈરવ કુંભીપાક કાલસૂત્ર અસિપત્રવન સૂકરમુખ અંધકૂપ કૃમિભોજન સદંશ તપ્તસૂર્મિ વજ્રકંટક શાલ્મલી વૈતરણી પૂયોદ પ્રાણરોધ વિશસન લાલાભક્ષ સારમેયાદન અને અવીચિરયઃપાન. આ એકવીસ નરકો ઉપરાંત બીજાં સાત નરકો કેટલાએક ગણે છે તેનાં નામ આ પ્રમાણેઃ—ક્ષારકર્દમ રક્ષોગણભોજન શૂલપ્રોત દંદશૂક અવટનિરોધન પર્યાવર્તન તથા સૂચીમુખ. આ સાત અધિક ગણતાં અઠ્ઠાવીસ નરકો થાય છે, જે નરકો વિવિધ પ્રકારનાં દુઃખો ભોગવવાનાં સ્થાનકો છે. જે પુરૂષ પર ધનનું છોકરાંનું અને સ્ત્રીનું હરણ કરે છે, તેને યમ રાજાના દૂતો કાળપાશથી બાંધીને બળાત્કારથી તામિસ્ર નામે નરકમાં નાંખે છે. તેમાં લાંઘણથી તરસે મરવાથી દંડુકાઓનો માર પડવાથી તિરસ્કારથી અને યાતનાઓથી પીડા પામતો પ્રાણી મહા દુઃખમાં ઘેરાઇ જઇ મૂર્છિત થાય છે. જે મનુષ્ય કોઇ સ્ત્રીના પતિને છેતરીને તેની સ્ત્રીઓનો ઉપભોગ કરે છે તે મનુષ્યને યમના દૂતો અંધતામિસ્ર નામે નરકમાં નાખે છે. નરકમા નંખાયેલો જીવ નરકની પીડાથી બુદ્ધિહીન અને આંધળો બની જાય છે અને મૂળિયાં કાપતાં મોટા વૃક્ષની જેની દશા થાય તેવી તેની દશા થાય છે. એ નરકને અંધતામિસ્ર કહે છે. ૯ જે મનુષ્ય આ લોકમાં 'આ શરીર રૂપ હું છું ને આ મારૂં છે,' એવી મમતાથી બીજા પ્રાણીઓનો દ્રોહ કરી પોતાના કુટુંબનું પ્રતિદિવસ પોષણ કરે છે તે મનુષ્ય મૃત્યુ પછી તે કુટુંબને આ લોકમાં મૂકી પોતે જ દ્રોહાદિક પાતકને લીધે રૈરવ નામે નરકમાં જઇ પડે છે. જે મનુષ્ય આ લોકમાં પ્રાણીઓને જેવી રીતે રીબાવી રીબાવીને મારે છે તે પ્રમાણે પરલોકમા યમયાતના ભોગવવા ગયેલા તે જીવને પેલા જીવો રૂરૂ નામના પશુનું રૂપ લઇ પાછા મારે છે માટે તેને રૈરવ નામનું નરક કહેલું છે. રુરુ એ સર્પના કરતાં પણ અધિક ક્રૂર પ્રાણીનું નામ છે. ૧૧ જે પુરૂષ પોતાના દેહનું ભરણપોષણ કરે છે તે રૈરવ નરકના જેવા મહારૈરવ નામે નરકમાં પડેછે. માંસાહારી રુરુ નામનાં પશુઓ માંસ માટે ત્યાં તે પુરૂષને મારીનાંખે છે. ૧૨ જે ક્રૂરબુદ્ધિવાળો

મનુષ્ય આ લોકમાં પશુઓને અથવા તો પક્ષીઓને મારે છે તે રાક્ષસોએ નિંદેલા નિર્દય મનુષ્યને યમના દૂતો પરલોકમાં કુંભીપાક નામે નરકમાં ઉકળતા તેલની કઢામાં નાંખીને તળી કાઢે છે. ૧૩ જે મનુષ્ય આ લોકમાં પિતાનો બ્રાહ્મણનો અને વેદોનો દ્રોહ કરે છે તે મનુષ્યને યમના દૂતો મરણ પછી દસ હજાર યોજન જેટલા વિસ્તારવાળા કાળસૂત્ર નામે નરકમાં નાંખે છે. એ નરકની ભૂમિ ત્રાંબાની અને સપાટ છે અને નિત્ય ઉની રહ્યા કરે છે. તેને ઉપરથી સૂર્યનો તાપ લાગે છે અને નીચેથી અગ્નિનો તાપ લાગે છે. નરકમાં પડેલો મનુષ્ય ભૂખ અને તરસને લીધે શરીરની અંદર અને બહારના ભાગમાં બળ્યા કરે છે. પશુના શરીરમાં જેટલા વાળ હોય તેટલા હજાર વર્ષ સુધી તેને નરકમાં રહેવું પડે છે. કોઇવાર તે ઊંઘે છે ચાલે છે, ઉભો રહે છે અને કોઇ સમયે વેદનાથી ચારે તરફ દોડાદોડી કરે છે જે મનુષ્ય આ લોકમાં સુખના સમયમાં પોતાનો વેદધર્મ ત્યાગ કરીને પાખંડ ધર્મમાં જાય છે તેને યમના દૂતો અસિપત્રવન નામના નરકમાં લઇ જઇ ચાબકાથી મારે છે. પ્રાણી વેદનાને લીધે તે વનમાં આમતેમ દોડે છે. બંને તરફ ધારવાળા તાલના વનમાં તરવારના જેવાં પાતરાં તેના શરીર ઉપર પડવાથી તેનાં સર્વ અંગો કપાઈ જાય છે અને "હાય હાય મરી જાઉં છું," એવા બરાડા પાડતો વેદનાથી મૂર્છા ખાઇને પગલે પગલે પડી જાય છે. સ્વધર્મનો ત્યાગ કરનાર મનુષ્ય પાખંડ ધર્મને સ્વીકારવાથી આ પ્રમાણે ફલ ભોગવે છે. ૧૫ આ લોકમાં જે રાજા અથવા તો જે રાજાનો મનુષ્ય શિક્ષા કરવાને અયોગ્ય એવા મનુષ્યને શિક્ષા કરે છે બ્રાહ્મણને દેહાંત દંડની શિક્ષા કરે છે તે મહા પાપી મરી ગયા પછી પરલોકમાં સૂકરમુખ નામે નરકમાં પડે છે. ત્યાં મહાબળવાળા યમના દૂતો આ લોકમાં જેમ કોલમાં શેલડીને પીલે તેમ તે પ્રાણીના અવયવોને પીલે છે. વેદનાથી તે મોટેથી રડવા માંડે છે કોઇવાર દુઃખી થઇ મૂર્છા પામે છે અને જે પ્રમાણે પોતે કેદ કરેલા નિરપરાધી લોકો દુઃખી થયા હોય તે પ્રમાણે તે દુઃખ પામે છે. ૧૬ ઇશ્વરે જેમને "મનુષ્યનું રૂધિરપાન કરવું" વગેરે આજીવિકા બાંધી આપેલી છે તેમ જેઓ પારકી પીડાને જાણતા નથી તેવા માંકણ વગેરે નિરપરાધી પ્રાણીઓને પીડા કરનાર પ્રાણી મરણ પછી પાતકને લીધે પરલોકમાં અંધકૂપ નામે નરકમાં પડે છે. ત્યાં પશુ મૃગ પક્ષી સર્પો મચ્છર જુ માંકણ વગેરે જીવજંતુઓને દુઃખ દીધું હોય તે સર્વ પ્રાણીઓ ચારે તરફથી તેને પીડા કરવા માંડે છે તેને નિદ્રા કે શાંતિ મળતી નથી. તેમ તે એક ઠેકાણે સુખથી બેસી પણ શકતો નથી. જીવ જેમ જીવડા વગેરેના શરીરમાં તરફડ્યા કરે છે તેમ તે અંધારા નરકમાં તરફડ્યા કરે છે. ૧૭ જે મનુષ્ય આ લોકમાં જે કંઈ વસ્તુ પોતાને મળે તેનો વિભાગ પાડયા વિના પોતે એકલોજ તે ખાઈ જાય છે તથા જે પંચ મહાયજ્ઞ પણ કરતો નથી તેને કાગડાના જેવો જાણવો. તે મરી ગયા પછી પરલોકમાં કૃમિભોજન નામે અધમ નરકમાં પડે છે. એક લાખ યોજન ઊંડા કૃમિકુંડની અંદર તે પોતે કીડો થઇ રહે છે. તેમ જ બીજા કીડાઓ તેનું ભક્ષણ કરે છે. જ્યાં સુધી વસ્તુનો વિભાગ પાડ્યા વિના પોતે એકલોજ તે ખાઇ જનારો ને પંચ મહાયજ્ઞ કર્યા વિના ભોજન કરનારો મનુષ્ય ત્યાં સુધી પોતાના તે પાપનું પ્રાયશ્ચિત કરતો નથી ત્યાં સુધી પોતાના આત્માને દુઃખમાં નાંખે છે. ૧૮ આ લોકમાં જે મનુષ્ય પોતાની આપત્તિ સિવાય હોય ત્યારે બ્રાહ્મણની અથવા તો બીજા કોઇની સુવર્ણ રત્ન વગેરે વસ્તુઓને ચોરી લે છે અથવા તો બળાત્કારથી હરી લે છે

મનુષ્ય હે રાજન! મરણ પછી સંદંશ નામે નરકમાં પડે છે અને ત્યાં આગળ યમના દૂતો ધગધગતા અગ્નિમય લોઢાના મોટા સાંણસાઓથી તેની ચામડી ખેંચી નાંખે છે. આ લોકમાં જે પુરૂષ અગમ્ય સ્ત્રીની સાથે ગમન કરે છે અથવા તો જે સ્ત્રી અગમ્ય પુરૂષની સાથે ગમન કરે છે તે બંને તપ્તસૂર્મિ નામના નરકમાં પડે છે. ત્યાં યમના દૂતો તે બંનેને ચાબકાનો માર મારે છે અને પુરૂષને લોઢાની ધગધગતી પુતળીનું આલિંગન કરાવે છે તથા સ્ત્રીને લોઢાના ધગધગતા પુરૂષનું આલિંગન કરાવે છે. ૨૦ જે મનુષ્ય આ લોકમાં પશુ વગેરે પ્રાણીઓની સાથે વ્યભિચાર કરે છે તે મરણ પછી વજ્રકંટક શાલ્મલી નામે નરકમાં જઇ પડે છે અને ત્યાં તે જીવને યમરાજના દૂતો વજ્રના જેવા કાંટાવાળા સીમળાના ઝાડ ઉપર ચઢાવીને નીચેથી ખેંચે છે. કાંટાથી તેનું શરીર ઉઝરડાઇ જાય છે. ૨૧ આ લોકમાં જે રાજાઓ અને રાજાના સેવકો સારા કુલીન હોવા છતાં ધર્મના માર્ગોને તોડી નાખે છે અને મર્યાદાનો લોપ કરે છે તેઓ મરી ગયા પછી વૈતરણી નામની નદીમાં પડે છે. નરકની ખાઇ રૂપ તેમાં જળચરો તેમને બચકાં ભરે છે છતાં તે મરી જતા નથી. પ્રાણો હોવાથી કરેલાં પાપને લીધે નદીમાં તે તણાયા કરે છે. પાપી કર્મને સંભારી તે બહુ સંતાપ કરે છે અને વિષ્ઠા મૂત્ર પરૂ લોહી કેશ નખ હાડકાં મેદ માંસ અને ચરબીની નદીમાં ગોથાં ખાતા પશ્ચાતાપ કર્યા કરે છે. ૨૨ જે પુરૂષો આ લોકમાં શૂદ્ર જાતિની સ્ત્રીને સ્ત્રી કરીને રાખે છે, શૌચ આચાર અને નિયમો પાળતા નથી અને લાજ મૂકીને પશુના જેવાં આચરણ કરે છે તેઓ મરી ગયા પછી પૂયોદ નામના નરકમાં પડે છે. ત્યાં તે અત્યંત ગંદા પદાર્થને ખાય છે. ૨૩ બ્રાહ્મણ વગેરે જે પુરૂષો આ લોકમાં કુતરા અને ગધેડાં પાળે છે મૃગયા કરે છે તથા યજ્ઞ પ્રસંગ વિના મૃગોને મારે છે તેઓ મરી ગયા પછી 'પ્રાણરોધ' નામના નરકમાં પડે છે અને યમના દૂતો તેઓને નિશાન બતાવી બાણોથી વિંધી નાખે છે. ૨૪ જે ઢોંગી પુરૂષો આ લોકમાં ઢોંગથી ભરેલા યજ્ઞોમાં પશુઓની હિંસા કરે છે તેઓ મરણ પછી વિશસન નામના નરકમાં પડે છે. ત્યાં નરકના અધિપતિઓ તેઓને મારીને કાપી નાંખે છે. જે કોઇ દ્વિજવર્ણ કામથી મુગ્ધ બની ગયેલી પોતાની જાતિની સ્ત્રીને રતિવેળા વીર્ય પાય છે તે પુરૂષ મરી ગયા પછી લાલાભક્ષ નામના નરકમાં પડે છે અને ત્યા આગળ યમના દૂતો તેને વીર્યની નદીમાં ડુબાવીને વીર્ય પાય છે. ૨૬ જે ચોરો અગ્નિથી રાજાઓનાં તથા રાજાઓના સેવકોનાં ઘર વગેરે બાળી નાખે છે લોકોને ઝેર ખવરાવે છે, અથવા ગામોને કે સંઘોને લૂટે છે તેઓ મરી ગયા પછી 'સારમેયાદન' નામના નરકમાં પડે છે અને ત્યાં આગળ યમના દૂતરૂપે રહેલા વજ્ર જેવી દાઢવાળા સાતસો અને વીસ કુતરાઓ વેગથી દોડીને તેઓને ફાડી ખાય છે. ૨૭ જે પુરૂષ આ જગતમાં સાક્ષી આપવામાં પદાર્થ અદલબદલ કરવામાં અથવા તો દાન લેવામાં કોઇ પણ રીતે જુઠું બોલે છે તે પુરૂષને મરી ગયા પછી યમના દૂતો સો યોજન ઉંચા પર્વતના શિખર ઉપરથી ઉંધે મસ્તકે આધાર વિનાના 'અવિચિ' નામના નરકમાં નાંખી દે છે. જે નરકમાં પત્થરનું તળીયું પાણીના જેવું દેખાય છે, પરંતુ તેમાં લોઢ આવતા દેખાતા નથી તેથી તેને અવિચિ કહે છે. તે નરકમાં પડવાથી પ્રાણીના શરીરના તલ તલ જેવડા કકડા થઇ જાય છે. પરંતુ તે મરતો નથી. યમદૂતો ફરીને તેને પર્વત ઉપર ચઢાવીને ત્યાંથી પાછો નરકમાં નાખે છે. ૨૮ બ્રાહ્મણ અથવા બ્રાહ્મણી મદિરાનું પાન કરે અથવા બીજા કોઇ વ્રત ધારી ક્ષત્રિય અથવા

વૈશ્ય સોમરસનું પાન કરે તો યમના દૂતો તેઓને ‘ અયઃપાન ’ નામના નરકમાં નાંખે છે અને તેઓની છાતીને પગથી દબાવીને તેમના મુખમાં અગ્નિમાં ઓગાળેલો ગજવેલનો ધગધગતો રસ રેડે છે. ૨૯ જે પુરૂષ પોતે અધમ હોવા છતાં અભિમાનને લીધે પોતાને ઉત્તમ માનીને જન્મ તપ વિદ્યા આચાર વર્ણ અને આશ્રમવાળા ઉત્તમ મનુષ્યોને કશું માન આપતો નથી તેને શબ જેવો જાણવો અને તે મરી ગયા પછી યમના દૂતો તેને ક્ષારકર્દમ નામના નરકમાં ઉંધે માથે નાંખે છે અને ત્યાં તે અપાર દુઃખ ભોગવે છે. ૩૦ જે પુરૂષો આ લોકમાં પુરૂષમેધ યજ્ઞ કરીને ભૈરવાદિકનું યજન કરે છે તેમ જ જે સ્ત્રીઓ પુરૂષ રૂપી પશુનું માંસ ખાય છે તેઓને ‘ રક્ષોગણભોજન ’ નામના નરકમાં નાંખે છે અને ત્યાં જેઓને પશુની પેઠે તેમણે મારેલા હોય તેઓ ઇચ્છાનુસાર રાક્ષસોનું રૂપ લઇ યમલોકમાં તેમને દુઃખ દે છે અને કસાઇઓની પેઠે છરાવતી તેમને કાપીને તેઓનું લોહી પીએ છે નાચે છે અને આ લોકમાં પેલા પુરૂષો જેમ માંસનું ભક્ષણ કરીને પ્રસન્ન થયા હોય તેમ તેઓ પ્રસન્ન થાય છે. ૩૧ જે પુરૂષો આ સંસારમાં ગામમાં અથવા તો અરણ્યમાં નિરપરાધી અને જીવવાની આશા ધરાવનાર પ્રાણીઓને વિશ્વાસજનક ઉપાયોથી વિશ્વાસુ બનાવીને, શૂળીઓમાં અથવા દોરાઓમાં પરોવીને રમકડાની પેઠે દુઃખ દે છે તેઓ મરી ગયા પછી ‘ શૂલપ્રોત ’ નામના નરકમાં પડે છે અને ત્યાં યમના દૂતો તેઓને શૂળોમાં પરોવી દુઃખ દે છે તેઓ ક્ષુધા તથા તૃષાથી બહુ દુઃખી થાય છે, વટાદિ પક્ષીઓ તેમને તીણી ચાંચથી ફોલીને ખાય છે, તે વખતે તેઓ પોતાના પાતકને સંભારે છે. ૩૨ સર્પના જેવા ક્રૂર સ્વભાવવાળા જે પુરૂષો આલોકમાં પ્રાણીઓને દુઃખ દે છે તેઓ મરી ગયા પછી ‘ દંદશુક ’ નામે નરકમાં પડે છે. હે રાજા ! પાંચ મુખના અને સાત મુખના સર્પો તે પાપીઓની પાસે આવી સાપો જેમ ઉંદરોને ગળે તેમ તેમને ગળી જાય છે. ૩૩ જેઓ આલોકમાં અંધારા અને ઉંડા ખાડામાં કોઠિયોમાં ને ગુફા વગેરેમાં પ્રાણીઓને પૂરે છે તેઓ મરી ગયા પછી ‘ અવટનિરોધન ’ નામે નરકમાં પડે છે અને ત્યાં યમના દૂતો તેઓને તેવા જ અંધારા ને ઉંડા ખાડામાં અથવા કોઠી વગેરેમાં ગોંધી રાખીને ઝેરી અગ્નિના ધુમાડાથી ગુંગળાવીને દુઃખી કરે છે. ૩૪ આ લોકમાં જે ગૃહસ્થ વારંવાર ક્રોધાધીન થઇને અભ્યાગતોને અથવા તો અતિથિઓને બાળી દેતો હોય એવી ક્રૂર દૃષ્ટિથી જુવે છે તે પુરૂષ ‘ પર્યાવર્ત્તન ’ નામે નરકમા પડે છે અને ત્યાં ગરજ કાગડા અને વટ વગેરે પક્ષીઓ બલાત્કારથી વજ્રના જેવી ચાંચથી પેલા પાપી દૃષ્ટિવાળા પુરૂષની પાપી આંખોને ફોડી નાંખે છે. ૩૫ જે પુરૂષ ધનનું અભિમાન ધરાવનારો અહંકારી અહંકારને લીધે આડું જોનારો સર્વની શંકા રાખનારો ધન ખર્ચાઇ જવાની બીકથી અથવા તેનો નાશ થવાની બીકથી જેનું હૃદય અને મોંડું સુકાયા કરતું હોય તેવો મનુષ્ય શાંતિ રાખ્યા વિના યક્ષની પેઠે ધનની રક્ષા કર્યા કરે છે તે મનુષ્ય ‘ સૂચીમુખ ’ નામના નરકમાં પડે છે. ધર્મરાજાના દૂતો જેને ધન પેદા કરવા રૂપી અને વૃદ્ધિ કરવા રૂપી પાપ ગ્રહ લાગ્યો હોય એવા ધનના યક્ષ રૂપ પાપી પુરૂષનાં સર્વ અંગોને દરજીની પેઠે દોરાથી સીવી લે છે. ૩૬

આ પ્રમાણે યમલોકમાં સંકડો અને હજારો નરકો છે. અધર્મને માર્ગે ચાલનારા જેમાંના કેટલાકનું અહીં વર્ણન કર્યું છે અને કેટલાકનું વર્ણન કર્યું નથી, તે સર્વે હે રાજન ! વારા ફરતી નરકોમાં પડે છે. તે પ્રમાણે ધર્મને માર્ગે અનુસરનારા લોકો

સ્વર્ગમાં જાય છે અને ફરીને જન્મ લેવા માટે પાપ તથા પુણ્યના શેષભાગથી પાછા મૃત્યુલોકમાં અવતરે છે. ૩૭ નિવૃત્તિ ધર્મનો માર્ગ આગળ કહ્યો છે. બ્રહ્માંડ કોશ આટલો છે. જેને પુરાણમાં ચૌદ પ્રકારનો કહ્યો છે. આ બ્રહ્માંડ જે વર્ણવ્યું તે સાક્ષાત મહા પુરૂષ ભગવાન નારાયણનું સ્થૂલરૂપ છે અને તેની પોતાની માયાના ગુણોથી રચાયલું છે. જે મેં તમારી આગળ હાલ વર્ણવી બતાવ્યું. જે પુરૂષ આદરપૂર્વક ભગવાનના સ્થૂલ રૂપના વર્ણનને ભણે છે સાંભળે છે અને બીજાને સંભળાવે છે તે શ્રદ્ધા અને ભક્તિથી પરમાત્માના ઇંદ્રિયાદિકથી જાણી શકાય નહિ એવા ઉપનિષદોમાં ગાયેલા સત્યરૂપને જાણે છે. ૩૮ સંન્યાસીએ પ્રથમ ભગવાનના સ્થૂલ રૂપનું વર્ણન સાંભળી પછી સૂક્ષ્મ સ્વરૂપને સાંભળવું અને મનને સ્થૂલ રૂપમાં બરાબર દૃઢ કરીને પછી બુદ્ધિવડે મનને ધીરે ધીરે સૂક્ષ્મ રૂપમાં લઇ જવું અને તેને વિષે સ્થિર કરવું. ૩૯ હે રાજા! પૃથ્વી દ્વીપ ખંડ નદીઓ પર્વતો આકાશ સમુદ્રો પાતાળો દિશાઓ નરકો જ્યોતિશ્ચક્ર અને બીજા લોકોની સ્થિતિ કે જે સર્વ જીવ સમૂહોના સ્થાન રૂપ એવા ઇશ્વરનું આશ્ચર્યકારક એક સ્થૂલ રૂપ છે તે મેં તેમને સમજાવ્યું. ૪૦

भूद्वीपवर्षसरिदद्रिनभःसमुद्रपातालदिङ्नरकभागणलोकसंस्था। गीता मया तव नृपाद्भुतमीश्वरस्य स्थूलं वपुः सकलजीवनिकायधाम ॥ ४० ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेपंचमस्कंधे
षड्विंशोऽध्यायः

इतिश्री
पंचमस्कंध सम्पूर्ण.

श्रीमद्वेदव्यासविरचित

श्रीमद्भागवत

षष्ठस्कंध.

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર.



અજામીલ—યમદૂતો અને પાર્ષદો

अथ

श्रीमद्भागवतभाषान्तर

षष्ठस्कंध.

અધ્યાય ૧ લો.†

અજામિલનું આખ્યાન.

राजोवाच—निवृत्तिमार्गः कथित आदौ भगवता यथा ।
क्रमयोगोपलब्धेन ब्रह्मणा यद्संसृतिः ॥ १ ॥

પરીક્ષિત રાજાએ પૂછયું કે-હે શુકદેવજી! આપે પ્રથમ નિવૃત્તિ માર્ગ કહ્યો, કે જે અર્ચિરાદિક માર્ગથી ક્રમ પ્રમાણે બ્રહ્મના પ્રાપ્તિ થાય છે અને બ્રહ્મની સાથે વળી મોક્ષ પણ મેળવાય છે. ૧ હે મુનિ! સ્વર્ગાદિક સુખ આપનારો પ્રવૃત્તિ માર્ગ આપે કહ્યો કે જે માર્ગમાં અવિદ્યાવાળા પુરૂષને ભોગ ભોગવવા માટે વારંવાર દેહ ધરવા પડે છે. ૨ અધર્મથી મળતાં નાના પ્રકારનાં નરકોનું વર્ણન આપે કર્યું અને સ્વાયંભુવ મનુનો પહેલો મન્વંતર પણ કહ્યો. ૩ એ મન્વંતરમાં થયેલા પ્રિયવ્રત અને ઉત્તાનપાદ રાજાનો વંશ અને તેમનાં ચરિત્રો કહ્યાં. દ્વીપો ખંડો સમુદ્રો પર્વતો નદી ઉદ્યાન વનસ્પતિઓ દેશના વિભાગ લક્ષણ ને પ્રમાણ સહિત પૃથ્વીના મંડળની સ્થિતિ જ્યોતિશ્ચક્રની સ્થિતિ અને પાતાળોની સ્થિતિ સર્વ પરમાત્માએ જે પ્રમાણે સર્જેલી છે તે પ્રમાણે તમે મને કહી સંભળાવી. ૫ હે શુકમુનિ! હવે મનુષ્ય અનેક જાતનાં ઉગ્ર દુઃખો દેનારા નરકોમાં પડે નહિ એવો ઉપાય મને કહી સંભળાવો.

શુકદેવજી બોલ્યા કે-જે મનુષ્ય મન વચન અને કાયાથી કરેલાં પાપનું આ લોકમાં મન વચન અને કાયાવડે પ્રાયશ્ચિત કરતો નથી તે મરી ગયા પછી નરકમાં પડે છે જે તીક્ષ્ણ દુઃખવાળાં નરકો હું વર્ણવી ગયો છું. ૭ મૃત્યુ થયાની અગાઉ આલોકમાં પાપનું પ્રાયશ્ચિત કરવા પ્રયત્ન કરવો જોઇએ અને તે પણ દેહ શિથિલ થાય નહિ તે પહેલાં કરવો જોઇએ. ઘણા દિવસો વ્યતીત થયા પછી બમણું પ્રાયશ્ચિત કરવું પડે છે. રોગોનાં નિદાનો જાણનારો વૈદ્ય જેમ રોગોનું ઘણાપણું ને થોડાપણું જોઇ તે પ્રમાણે ઉપાય કરવા માંડે છે તેમ મનુષ્યે પણ પાપના વત્તા ઓછાપણા પ્રમાણે યથાર્થ પ્રાયશ્ચિત કરવું જોઇએ. ૮

પરીક્ષિત-પ્રત્યક્ષ જોવામાં આવતા રાજદંડાદિક ઉપરથી અને શાસ્ત્રદ્વારા સાંભ-

† આ અધ્યાયમાં વિષ્ણુના દૂતોએ પાપીને પાપમાથી છોડાવ્યો અને તેનું પાપ જણાવવા માટે યમના દૂતોએ ધર્માદિકનું લક્ષણ કહ્યું તે કથા કહેવામા આવશે.

જાવામાં આવતા નરકપાતાદિક ઉપરથી મનુષ્ય પાપને પોતાનું અહિત સમજે છે. પરાધીન થઇ પાપનું પ્રાયશ્ચિત કર્યા છતાં ફરીને તે પ્રાણી પાપ કર્મો કરે છે, ત્યારે તેને પ્રાયશ્ચિત કેમ કહી શકાય, કારણ કે તેનાથી પાપ નિર્મૂળ થતું નથી. પ્રાયશ્ચિતથી જો પાપ નિર્મૂળ થતું હોય તો ફરીને પાપના અંકુરનો ઉદય થવો જોઇએ નહિ. ૯ મનુષ્ય એકવાર કરેલા પાપનું પ્રાયશ્ચિત્ત કરે છે છતાં તે ફરીને કોઇ વખતે પાછો પાપમાં પ્રવૃત્ત થાય છે તે ઉપરથી હું તો તે પ્રાયશ્ચિત્તને હસ્તિસ્નાનના જેવું વ્યર્થ ગણું છું.

શુકદેવજી બોલ્યા છે-કે હે રાજન! કૃચ્છ્રાદિક પ્રાયશ્ચિતો કરવાથી પાપનો સમૂળગો નાશ થતો નથી કારણ કે અજ્ઞાની મનુષ્ય પ્રાયશ્ચિતનો અધિકારી હોય છે માટે પ્રાયશ્ચિત કરવાથી પાપ નાશ થાય તોપણ તેના સંસ્કારને લીધે ફરી ફરીને પાપનો અંકુર ફૂટયા કરે છે, માટે મુખ્ય પ્રાયશ્ચિત તો જ્ઞાન કહેવાય છે. ૧૧ સાવધાન રહેનારો મનુષ્ય ધીરે ધીરે જ્ઞાન મેળવે છે પણ બીજો મેળવી શકતો નથી, કારણ કે પથ્ય પ્રમાણે અન્ન ખાનારા મનુષ્યને રોગો જેમ પીડા કરી શકતા નથી તેમ નિયમો પાળનારો મનુષ્ય ધીરે ધીરે તત્ત્વજ્ઞાન મેળવવા સમર્થ થાય છે. ૧૨ અગ્નિ જેમ વાંસના વનને બાળીને ભસ્મ કરી નાંખે છે તેમ શ્રદ્ધાશીલ ધર્મ જાણનારા ધીર પુરૂષો તપવડે બ્રહ્મચર્યવડે શમવડે દમવડે ત્યાગવડે સત્યવડે શૌચવડે યમવડે અને નિયમવડે મન વાણી અને કાયાથી ઉત્પન્ન થયેલાં પાપને બાળીને ભસ્મ કરે છે. ૧૪ કેટલાએક વાસુદેવ ભગવાનનો આશ્રય કરનારા લોકો સૂર્ય જેમ કાંતિથી ઝાકળનો નાશ કરે તેમ કેવળ ભક્તિથી પાપનો નાશ કરે છે. ૧૫ હે રાજન! જ્ઞાન માર્ગ કરતાં ભક્તિ માર્ગ શ્રેષ્ઠ છે કારણ કે ભગવદ્ ભકતોની સેવાથી શ્રીકૃષ્ણ વિષે પોતાના પ્રાણોને અર્પણ કરનારો પુરૂષ જે પ્રમાણે પાપમાંથી છુટે છે તે પ્રમાણે તપ આદિક કરવાથી પાપી માણસ છુટતો નથી. ૧૬ આ ભક્તિ માર્ગ જ જગતમાં ઉત્તમ કલ્યાણકારક અને સર્વ ઠેકાણેથી ભય વિનાનો છે અને તે માર્ગમાં નારાયણમાં પરાયણ રહેનારા ઉત્તમ સ્વભાવના મહાત્મા લોકો વર્તે છે, તેથી જ્ઞાનમાર્ગમાં જેમ એકલા રહેવાનો ભય રહેલો છે અને કર્મમાર્ગમાં જેમ બીજા અભિમાનીઓનો ભય રહેલો છે તેમ ભક્તિમાર્ગમાં કોઇ પણ રીતનો ભય રહેલો નથી. ૧૭ હે રાજેન્દ્ર! પ્રાયશ્ચિતો ગમે તેટલાં કર્યા હોય તોપણ નદીઓ જેમ મદિરાના ઘડાને પવિત્ર કરી શકતી નથી તેમ ભગવાનની ભક્તિ રહિત પુરૂષને પ્રાયશ્ચિતો પવિત્ર કરી શકતા નથી. ૧૮ જે લોકોએ પોતાનું મન ભગવાનના ચરણારવિંદમાં પરોવેલું હોય અને તેના ગુણોમાં પ્રીતિવાળું કર્યું હોય તે લોકો પાપનું પ્રાયશ્ચિત કરી ચુકયા જાણવા. તેઓ સ્વપ્નમાં પણ યમને કે પાશ ધારણ કરનારા તેમના દૂતોને દેખાતા નથી. ૧૯ યમ અને વિષ્ણુ દૂતોના સવાદ રૂપ એક પુરાતન ઇતિહાસ આના દૃષ્ટાંતમાં કહું તે સાંભળો ૨૦

કાન્યકુબ્જ નામે શહેરમાં કોઇ એક અજામિલ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે હલકી જાતની સ્ત્રી સાથે વટલી જઇ સદાચારથી ભ્રષ્ટ થયો હતો ૨૧ હથિયાર પકડવા જુગાર ખેલવો ઠગાઇ કરવી ને ચોરી કરવી વગેરે આર્યોએ ધિક્કારી કાઢેલી આજીવિકાનો આશ્રય કરી તે તેના કુટુંબનુ પોષણ કરતો હતો. અપવિત્ર હતો અને બીજા પ્રાણીઓને દુઃખ દેતો હતો. ૨૨ હે રાજન! આ પ્રમાણે નિર્વાહ કરતાં તથા દાસીના પુત્રોને લાડ લડાવતાં અજામિલનું અઠયાશી વર્ષનું આયુષ્ય થયું પણ તેની તેને જરાએ ખબર રહી નહિ. ૨૩ તેને દસ પુત્રો હતા. તેઓમાં

નાનાનું નામ નારાયણ હતું. તે માતા પિતાને બહુ જ લાડકો હતો. ૨૪ કાલાંકાલાં વચનો બોલનાર તે છોકરા ઉપર તેને બહુ પ્રેમ હતો. પુત્રની રમતો જોઇ તે અત્યંત આનંદ પામતો. બાલકના સ્નેહમાં તે એટલો બધો બંધાઇ ગયો હતો કે પોતે તેને સાથે જમાડતો પાણી પીતાં તેને પણ પાતો અને પોતે કંઇ વસ્તુ ખાય તો તેને પણ ખવરાવતો. આ સર્વ સંસારી માયાને લીધે તે કાળને પણ વિસરી ગયો હતો.

આ પ્રમાણે સંસારનો વ્યવહાર ચલાવતાં મરણનો સમય પાસે આવ્યો ત્યારે તેનું પેલા નારાયણ નામના છોકરા ઉપર મન ગયું તેથી તેનુ ચિંત્વન કરવા લાગ્યો. થોડી વારે વાંકા મુખવાળા તથા ઉભા વાળવાળા મહા ભયંકર ત્રણ પુરૂષો હાથમાં પાશ લઈ તેને લેવા આવ્યા. તેમને જોઇ અજામિલની સર્વ ઇદ્રિયો વ્યાકુળ થઇ ગઇ અને તેણે ગળગળા સાદે ઘાટો પાડી પોતાના નારાયણ નામના પુત્રને બોલાવ્યો. ૨૯ આ પ્રમાણે તેણે શ્રીહરિનુ નામ લીધું તેથી ભગવાનના પાર્ષદો પોતાના સ્વામિનુ નામ સાંભળી એકાએક ત્યાં હાજર થઇ ગયા ૩૦ યમ રાજાના દૂતો જેઓ દાસીના પતિ અજામિલને તેના ખોળિયામાથી બહાર કાઢતા હતા તેમને બળપૂર્વક વિષ્ણુના દૂતોએ વાર્યા ૩૧ યમના દૂતો વિષ્ણુના દૂતોને કહેવા લાગ્યા કે, ધર્મ રાજાની આજ્ઞાને અટકાવનાર તમે કોણ છો ? ૩૨ કોના દૂત છો ? અને કયાથી આવ્યા છો ? તેમજ આને લઇ જવાને શા માટે ના પાડો છો ? તમે શું કોઇ દેવ અથવા ઉપદેવ છો ? કે સિદ્ધ છો ? ૩૩ તમે કોણ છો ? તે અમે જાણુતા નથી. તમારે અમારા ઉપર કોપ કરવો નહિ. તમારી સર્વની આંખો કમળની પાંખડી જેવી છે, તમે રેશમી પીળાં વસ્રો પહેર્યા છે માથે મુગટ કાનમાં કુંડળ અને કંઠમાં શોભાયમાન કમળની માળાઓ ધારણ કરી છે. ૩૪ તમારી સર્વની અવસ્થા તરૂણ છે, ચાર ભુજાઓ છે ધનુષ્ય ભાથા તરવાર ગદા શંખ ચક્ર ને કમળવડે તમે શોભી રહ્યા છો. તમે પોતાની કાંતિવડે દિશાઓને અને લોકોને પ્રકાશિત કરો છો. ધર્મરક્ષક યમરાજના અમે સેવક છીએ તેમને તમે શા માટે રોકો છો ? ૩૬

શુકદેવજી કહે છે કે-આ પ્રમાણે યમના દૂતોએ કહ્યું એટલે ભગવાનના પાર્ષદો હસીને મેઘના જેવી ગંભીર વાણીથી તેમને આ પ્રમાણે કહેવા લાગ્યા ૩૭

વિષ્ણુના દૂતો કહે છે કે-તમે જો ધર્મ રાજાના દૂતો હો તો ધર્મનું જે તત્ત્વ હોય તથા ધર્મનું જે લક્ષણ હોય તે અમને કહો. ૩૮ શિક્ષા કેવી રીતે કરવામાં આવે છે ? શિક્ષાપાત્ર કોણ ગણાય ? અપરાધ કરનાર સર્વ શિક્ષાપાત્ર ગણાય છે ? કે મનુષ્યો જ માત્ર શિક્ષાપાત્ર ગણાય અને મનુષ્યોમાં સર્વ શિક્ષાપાત્ર છે કે થોડા. ૩૯ યમના દૂતો બોલ્યા કે-વેદમાં જે કરવા માટે આજ્ઞા કરેલી હોય તેને ધર્મ જાણવો અને જે કરવા માટે ના પાડેલી હોય તેને અધર્મ જાણવો અને તે વેદ એ સાક્ષાત્ સ્વયંભૂ નારાયણનું સ્વરૂપ છે એવુ અમે સાભળ્યું છે. ૪૦ જે નારાયણ ભગવાને પોતાના સ્વરૂપમાં સત્ત્વ રજ અને તમોગુણ રૂપી પદાર્થો પુરૂષોના શાંતિ વગેરે ગુણો બ્રાહ્મણ વગેરે નામો વેદાધ્યયન વગેરે ક્રિયાઓ ને વર્ણ અને આશ્રમ વગેરે રૂપોનું સારી રીતે વિવેચન કરેલું છે. નારાયણનું યથાર્થ રૂપ વેદ છે. ૪૧ સૂર્ય અગ્નિ આકાશ પવન ગાયો ચંદ્રમા સંધ્યાકાળ દિવસ રાત્રિ દિશાઓ જળ પૃથ્વી કાળ અને ધર્મ એટલાં દેહધારીએ કરેલા પાપ-પુણ્યનાં સાક્ષીઓ છે ૪૨ એ સાક્ષીઓએ જાણેલો અધર્મ શિક્ષાપાત્ર છે. કર્મ કરનાર સર્વ પ્રાણીઓ પોતાના કર્મ પ્રમાણે દંડને પાત્ર થાય છે. ૪૩ હે નિર્દોષ મહા પુરૂષો ! કર્મ કરનારાઓથી

સમય ઉપર પુણ્ય પણ થાય છે અને સમય ઉપર પાપ પણ થાય છે. કર્મ કરનારાઓને ગુણોનો સંગ છે જો કોઇ અકર્તા હોયં તો તેનાથી પાપ કર્મ થાય નહિ પરંતુ તેમ નથી, કારણ કે દેહધારી જીવ કર્મ કર્યા વિના રહેતો નથી અને કર્મ કરે છે ત્યારે તેનાથી પાપ થવાનો પણ સંભવ રહે છે. ૪૪ જે પ્રાણી આલોકમાં જેટલો અને જે પ્રમાણે ધર્મ અથવા તો અધર્મ કરે તે પ્રમાણે પરલોકમાં તે કર્મનું તેટલુ અને તે પ્રમાણે જ ફળ ભોગવે છે. ૪૫ હે ઉત્તમ દેવતાઓ ! આ જન્મમાં જેમ વિચિત્ર ગુણોને લીધે શાત ઘોર અથવા તો મૂઢપણાથી અને સુખ દુ ખ અથવા તો સુખ દુઃખના મિશ્રપણાથી ત્રણ પ્રકારનાં પ્રાણીઓ જોવામા આવે છે તેમજ તેઓ બીજા જન્મમા ત્રણ પ્રકારના હશે એવું અનુમાન થાય છે. ૪૬ વર્તમાન કાળની વસંતાદિક ઋતુ જેમ ભૂતકાળની વસંતાદિક ઋતુઓના ગુણોને તથા ભવિષ્યકાળની વસંતાદિક ઋતુઓના ગુણોને જણાવે છે તેમ વર્તમાન કાળનો જન્મ ભૂતકાળના જન્મના અને ભવિષ્ય કાળના જન્મના ધર્મને તથા અધર્મને જણાવે છે વર્તમાન કાળની ઋતુના ફૂલ ફળનું રૂપ જોઈને તેના ઉપરથી ભૂત અને ભવિષ્ય કાળની ઋતુના ફૂલ ફળનુ અનુમાન થઈ શકે છે તેમ વર્તમાન કાળના ધર્મ અને અધર્મ ઉપરથી ભૂત કાળના તથા ભવિષ્ય કાળના ધર્મ તથા અધર્મનુ અને તેના ફળનું અનુમાન થાય છે. ૪૭ આ ધર્મ તથા અધર્મ જાણવાની રીત બીજાઓને માટે કહેલી છે, પરંતુ યમરાજા તો પોતાની સંયમની નામની પુરીમા બેઠા બેઠા મનથી જ જીવના પૂર્વ જન્મને જાણે છે અને ભવિષ્ય કાળના જન્મને પણ યથાર્થ રીતે જાણે છે કારણ કે તે અજન્મા ભગવાન છે. ૪૮ પરંતુ નિદ્રાને આધીન થયેલો પુરૂષ જેમ સ્વપ્નમાં સ્વપ્નના દેહને દેખે છે પરંતુ જાગ્રદવસ્થાના અથવા તો તેની પૂર્વના સ્વપ્નના દેહને જાણતો નથી તેમ જ અવિદ્યા રૂપી ઉપાધિથી ઘેરાયલો અજ્ઞાની જીવ ઘણા જન્મોની સ્મૃતિ નાશ થવાથી ભૂતકાળના તથા ભવિષ્યકાળના દેહને જાણતો નથી. માત્ર વર્તમાન કાળના દેહને જાણે છે. ૪૯ પાચ કર્મેન્દ્રિયો જેનાથી જીવ પોતાના કાર્ય સાધે છે તથા પાચ જ્ઞાનેન્દ્રિયો પાંચ કર્મેન્દ્રિયો પાંચ શબ્દાદિક વિષયો અને સોળમુ મન એ સર્વ ઉપાધમાં રહેલો એકલો છતા સત્તરમો જીવ પોતે જ્ઞાનેન્દ્રિયોના કર્મેન્દ્રિયોના તથા મનના વિષયોને ભોગવે છે ૫૦ આ પ્રમાણે સોળ કળા વાળુ અને ત્રણ ગુણોથી બનેલું અનાદિ લિંગ શરીર જીવને હર્ષ શોક ભય તથા પીડા કરનારો સંસાર આપ્યા કરે છે ૫૧ છ ઈદ્રિયોને નહિ જીતનારો અજ્ઞાની જીવ કર્મો કરવાની ઇચ્છા કરતો નથી તોપણ લિંગશરીર તેના પાસે કર્મ કરાવે છે અને જીવ કોશેટાના જીવડાની પેઠે કર્મવડે પોતાને ઢાકી દઇને, તેમાથી નીકળવાનો ઉપાય ન સુઝવાથી મુઝાય છે ૫૨ કોઇ પણ જીવ એક ક્ષણવાર પણ કોઈ દિવસ કર્મ કર્યા વિના રહેતો નથી પૂર્વ જન્મના કર્મોના સંસ્કારથી થયેલા રાગદ્વેષાદિક તે પરાધીન જીવની પાસે પરાણે કર્મ કરાવે છે, ૫૩ અને પૂર્વ જન્મનાં અદૃષ્ટને લીધે તે અદૃષ્ટને અનુકૂળ સ્થૂલ તથા સૂક્ષ્મ એવું શરીર ઉત્પન્ન થાય છે અને તેનું શરીર વીર્ય તથા રૂધિર બન્ને સરખા હોવા છતા પણ બળવાન એવી કર્મની વાસનાને લીધે માતા પિતાના જેવું થાય છે. ૫૪ જીવનો આ પ્રમાણે સંસારમાં અવતાર રૂપી ફેરફાર થાય છે તે પ્રકૃતિના સંબંધમાં આવ્યાથી થાય છે. પરંતુ તે ફેરફાર ભગવાનનું ભજન કરવાથી થોડા સમયમાં નાશ પામે છે. ૫૫

આ અજામિલ પ્રથમ તો શાસ્ત્ર પ્રમાણે વર્તનાર અને સારા સ્વભાવનો પુરૂષ હતો.

સદાચારી અને સદ્દગુણનો ભંડાર હતો વ્રતધારી હતો કોમળ મનનો કેળવાયલો સત્યવાદી મંત્રવેત્તા અને પવિત્ર અંતઃકરણ વાળો હતો. ગુરૂ અગ્નિ અતિથિ અને વૃદ્ધોની સેવા કરનારો અહંકાર રહિત સર્વ પ્રાણીઓ સાથે મિત્રતા રાખનારો અને ઇર્ષ્યા રહિત હતો. ૫૭ એક દિવસ તે પિતાની આજ્ઞાથી વનમાં ગયો, ફળ ફૂલ યજ્ઞનાં કાષ્ઠો અને દર્ભ લઇ ત્યાથી પાછો આવતો હતો ત્યારે લોટની મદિરા પીવાથી ઘુમતી આંખોવાળી એક વેશ્યાની સાથે એક કામાતુર શૂદ્રને તેણે લટપટ કરતો દીઠો ૫૯ પેલી સ્ત્રી ગાંડી બની ગઇ હતી તેનો ચણીયો ઢીલો પડી ગયો હતો અને પેલો આચારભ્રષ્ટ શૂદ્ર તેની સાથે નિર્લજ્જ રીતે ક્રીડા કરતો હતો. તેના ગાવાની પાછળ ગાતો હતો હસતો હતો અને કામોદ્દીપન કરનારા ચંદનાદિકના લેપથી લીપેલા બાહુવડે તેણે તેને આલિંગન કર્યું હતું. આ પ્રમાણે તે બન્નેને પોતાની સામે જોઇને અજામિલ એકાએક મોહિત થઇને કામને આધીન થઈ ગયો. ૬૧ તેણે પોતે ધીરજના અને જ્ઞાનના બળથી મનને રોકવા માંડયું પણ કામથી કંપી ઉઠેલા મનનું સમાધાન થયું નહિ ૬૨ તે બન્ને જણાંને જોવાથી ઉત્પન્ન થયેલા કામ રૂપી ઝંડને આધીન થઇ તે ભાન વિનાનો થયો મનમા તે રાંડનું મનન કરવાથી સ્વધર્મથી ભ્રષ્ટ થયો. ૬૩ અજામિલે પોતાના પિતાનું જે ધન હતું તે સર્વ આપી તે રાંડને પ્રસન્ન કરી. તે જે પ્રમાણે પ્રસન્ન થાય તે પ્રમાણે મનોહર એવા સંસારી વૈભવોથી તેને પ્રસન્ન કરવા લાગ્યો. ૬૪ પાપી અને વેશ્યાના કટાક્ષથી વિંધાઇ ગયેલા અજામિલે મોટા કુળમાં જન્મેલી એને મુગ્ધાવસ્થામાં રહેલી સ્ત્રીનો ત્યાગ કર્યો. ૬૫ મંદબુદ્ધિનો અજામિલ જ્યાં ત્યાંથી ન્યાયથી કે અન્યાયથી ધન લાવતો અને તેનું અને તેના કુટુંબનું પોષણ કરતો. ૬૬ શાસ્ત્રનો અનાદર કરી પોતાની ઇચ્છા પ્રમાણે વર્તતો તેથી આર્ય લોકમાં તેની નિંદા થતી. આ પ્રમાણે પાપી જીવન ગાળનારો અપવિત્ર વસ્તુ ખાનારો અજામિલ ઘણા કાળ સુધી આમ વર્ત્યો. ૬૭ પાપ કર્યાં છતાં પાપોનું પ્રાયશ્ચિત ન કરનારા અજામિલને અમે યમરાજાની પાસે લઈ જઇશું. ત્યા આગળ નારકી શિક્ષાથી પાપીઓ પવિત્ર થાય છે. ૬૮

तत एनं दंडपाणेः सकाशं कृतकिल्बिषम् ॥
नेष्यामोऽकृतनिर्वेशं यत्र दंडेन शुद्धयति॥६८

इतिश्रीमद्भागवतेमहापुराणेषष्ठस्कंधे
प्रथमोध्याय:

અધ્યાય ૨ જો.†

અજામિલનું આખ્યાન. (ચાલુ)

श्रीशुक उवाच.

एवं ते भगवद्दूता यमदूताभिभाषितम् ॥
उपधार्याथ तान्राजन् प्रत्याहुर्नयकोविदाः॥

શુકદેવજી કહે છે કે—હે રાજન! ઉપર પ્રમાણે યમના દૂતોનું કહેવું સાંભળીને ન્યાયમા નિપુણ એવા ભગવાનના પાર્ષદો તેઓની પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યા. ૧ અધર્મે ન્યાય કરનારાઓની સભાને ભ્રષ્ટ કરી છે કારણ કે જે સભાઓમાં ન્યાયાધીશો શિક્ષા કરવાને અયોગ્ય અને પાપરહિત એવા પુરૂષોને વૃથા શિક્ષા કરે છે જે ન્યાયાધીશો હોય તે પ્રજાનુ પિતાની પેઠે પાલન કરનારા હોવા જોઇએ, સદ્દગુણી હોવા જોઈએ તથા સમદૃષ્ટિવાળા હોવા જોઇએ. જો તેઓમાં વિષમપણાનો દોષ હોય તો પ્રજા કોને શરણે જાય? ૩ મહાત્મા પુરૂષ જે પ્રમાણે જગતમાં આચરણ કરે તે પ્રમાણે બીજાં મનુષ્યો વર્તે છે. તેઓ જે વસ્તુને માન્ય કરે તેને બીજા લોકો માન્ય કરે છે. ન્યાયાધીશ જો અધર્મ કરવા માંડે તો બીજાઓ પણ તે પ્રમાણે

† આ અધ્યાયમા વિષ્ણુના પાર્ષદો યમના દૂતોને ભગવાનના નામનુ અદ્ભુત માહાત્મ્ય સંભળાવી અજામિલને વિષ્ણુના લોકમા લઇ ગયા એ કથા કહેવાશે.

અધર્મ કરે છે. લોકો જેના ખોળામાં માથું મૂકી નિશ્ચિંત થઇને સૂઇ રહે છે તે મનુષ્ય પોતે પશુની પેઠે ધર્મ અથવા અધર્મને જાણતો ન હોય તો તેને વિશ્વાસઘાતનું પાપ લાગે છે. ૫ પ્રાણીઓને વિશ્વાસપાત્ર ન્યાયાધીશ જો દયાળુ હોય તો તે વિશ્વાસને લીધે પોતાના શરીરને અર્પણ કરનારા ભક્તિવાળા મૂઢ મનુષ્યનો શા માટે દ્રોહ કરે? ૬ અજામિલ કરોડો જન્મનાં પાપોનું પ્રાયશ્ચિત કરી ચુકયો છે, કારણ કે તેણે પરાધીનપણામાં પણ શ્રીહરિનું કલ્યાણકારક નામ ઉચ્ચાર્યું છે. ૭ 'હે નારાયણ! આવ' એ વાકયમાં જો કે ભગવાનનું ચાર અક્ષરવાળું આભાસ માત્ર નામ તે બોલ્યો છે તોપણ એટલાથીજ પાપીના પાપોનું નિવારણ થાય છે. નારાયણ શબ્દમાં ચમત્કાર છે. ૮ ચોર મદિરાપાન કરનારો સાવકી માતાનો સંગ કરનારો અને બીજા જે પાપ કર્મ કરનાર હોય તે સર્વ પાપીઓના પાપોનું શ્રીહરિના નામથી નિવારણ થાય છે. નામ લેવાથી તેને વિષે 'આ મારો છે,' 'મારે તેનું સર્વ ઠેકાણેથી રક્ષણ કરવું યોગ્ય છે' વગેરે ભગવાનનો વિચાર થાય છે. ૧૦ ભગવાનના નામો લેવાથી જે પ્રમાણે પાપી શુદ્ધ થાય છે તે પ્રમાણે વેદ જાણનારા મહાત્માઓએ કહેલા ચાંદ્રાયણ વગેરે વ્રતો કરવાથી પણ પાપીઓ શુદ્ધ થતા નથી. ભગવાનનું નામ લીધું હોય તો તે તેમના ગુણોને જણાવે છે. ૧૧ પાપોનું પ્રાયશ્ચિત્ત કર્યા છતા ફરીને મન દુષ્ટ માર્ગ તરફ જાય છે માટે પ્રાયશ્ચિત પાપોના મૂળોનો ખરેખર નાશ કરનાર કારણ ગણાય નહિ. પાપોનુ નિવારણ કરવાની ઇચ્છાવાળા પુરૂષોને શ્રી હરિના ગુણોનું વર્ણન કરવું એજ પ્રાયશ્ચિત છે એજ ખરેખર ચિત્તને શુદ્ધ કરનારૂં છે. ૧૨ માટે તમે સર્વ પાપોનું પ્રાયશ્ચિત કરનારા અજામિલને લઇ જશો નહિ, કારણ કે તેણે મરતી વેળા ભગવાનનુ નામ લીધું છે. ૧૩ પુત્રાદિકનાં સંકેતવાળા નામ બોલવામાં મશ્કરીમાં ગીતનો રાગ પૂરાવવામા અથવા તો અપમાનમાં પણ શ્રીહરિનું નામ લેવાય તો તે સર્વ પાપનો નાશ કરે છે. પડતી વેળાએ ઠેસ ખાતી વેળાએ આળસ મરડતી વેળાએ સર્પ કરડતી વેળાએ તાવ આવતી વેળાએ તથા લાકડી પથ્થર વગેરેનો માર પડતી વેળાએ પુરૂષ પરાધીન થઇને 'શ્રીહરિ' એવું ભગવાનનુ નામ લે છે તો તે યમલોકનાં દુઃખો ભોગવતો નથી. ૧૫ મહર્ષિઓએ વિચાર કરીને મોટા પ્રાયશ્ચિતો કહ્યાં છે અને નાના પાપોના નાના પ્રાયશ્ચિતો કહ્યાં છે.૧૬ જે પાપોને ઉદ્દેશીને તપશ્ચર્યાદિક દાન અને જપ વગેરે કર્યા હોય તે પાપો તપશ્ચર્યાદિકથી તમામ નાશ પામે છે પરંતુ પાપોનું સંસ્કાર નામનું સૂક્ષ્મ સ્વરૂપ તેથી નાશ પામતુ નથી. તે તો ઇશ્વરના ચરણની સેવાથી નાશ પામે છે ૧૭ જાણતા અથવા તો અજાણતાં ઉત્તમ કીર્તિવાળા ભગવાનનું નામ લીધુ હોય તો અગ્નિ જેમ કાષ્ટને બાળી નાંખે તેમ તે પુરૂષના પાપોને બાળી નાખે છે.૧૮ કોઈ વધારે બળવાળુ ઔષધ દૈવેચ્છાથી શ્રદ્ધા વિના પણ ખવાઇ ગયું હોય તો તે વૈદ્યની પાસેથી તેના ગુણ ન જાણનારા મનુષ્યને પણ પોતાનો ગુણ બતાવે છે, તેમ ભગવાનના નામનો મંત્ર પણ શ્રદ્ધા વિના ભણવામાં આવ્યો હોય તોપણ પોતાના પ્રભાવને નહિ જાણનારા મનુષ્યને પણ પોતાનો પ્રભાવ દર્શાવે છે, અર્થાત્ વસ્તુઓમાં જે શક્તિ રહેલી હોય છે તે શ્રદ્ધાદિકની દરકાર કરતી નથી.

શુકદેવજી બોલ્યા કે—હે રાજન! આ પ્રમાણે વિષ્ણુના દૂતોએ ભગવાન સંબંધી ધર્મનો નિર્ણય કહી તે બ્રાહ્મણને યમ દૂતોથી મુક્ત કરીને દુઃખમાંથી છોડાવ્યો. વિષ્ણુના દૂતોએ કાઢી મૂકેલા યમના દૂતો યમ રાજા પાસે જઇ જે પ્રમાણે બન્યુ હતું તે પ્રમાણે

તેમને સર્વ વાતો કહી. ૨૧ અજામિલ યમના પાશમાંથી છૂટો થયા પછી પાછો નિર્ભય થઈ સ્વસ્થ થયો. તેણે ભગવાનના પાર્ષદોનાં દર્શન કરી પરમ આનંદ પામી મસ્તકવડે ભગવાનના પાર્ષદોને પ્રણામ કર્યા. ૨૨ હે નિર્દોષ રાજન! પછી તે કંઇ કહેવાની ઇચ્છા કરતો હોય એમ લાગવાથી વિષ્ણુના દૂતો તેના દેખતાં ત્યાં આગળથી અંતર્ધાન થઇ ગયા ૨૩ અજામિલ યમના દૂતો પાસેથી વેદમાં કહેલો સગુણ ધર્મ તથા ભગવાનના દૂતોએ કહેલો શુદ્ધ નિર્ગુણ ધર્મ સાંભળી શ્રીહરિનું માહાત્મ્ય સાંભળી ભગવાન ઉપર ભક્તિવાળો થયો. પોતાનું પાપ સાંભરી આવવાથી તેને મહા પશ્ચાત્તાપ થવા લાગ્યો ૨૫ અરે મેં દુષ્ટે મનને આધીન થઇ બહુ જ ભુડું કર્યુ કારણ કે શૂદ્ર જાતિની સ્ત્રીમાં પુત્ર ઉત્પન્ન કરી મેં મારૂં બ્રાહ્મણપણું નાશ કર્યું છે ૨૬ સારા મનુષ્યોએ નિંદી કાઢેલો પાપ કરનારો ને કુળમાં કાજળ રૂપ જે હું તેને ધિક્કાર છે જે મેં મુગ્ધ એવી પતિવ્રતા સ્ત્રીનો અનાદર કરી મદિરાનું પાન કરનારી વેશ્યા સ્ત્રીને ઘરમાં રાખી ૨૭ ઘરડાં અનાથ દુઃખી અને મારા વિના જેનું બીજુ કોઇ પણ સંબંધી નથી એવાં માતાપિતાનો મેં કૃતઘ્નીએ નીચની પેઠે ત્યાગ કર્યો. ૨૮ હવે હુ અત્યંત દારૂણ એવા નરકમા પડીશ, કે જે નરકમા ધર્મનો નાશ કરતા કામી પુરૂષો યમ તરફથી મહા દારૂણ પીડાઓ ભોગવે છે. ૨૯ આ તે શું મને સ્વપ્ન આવ્યું અથવા આ અદ્ભુતકારક વૃત્તાંત મેં શું જાગ્રદવસ્થામાં દીઠું. હાથમાં પાશ ધારણ કરનારા જેઓ હમણાં મને બાંધીને ખેંચતા હતા તેઓ કયા ગયા? ૩૦ પાશોથી બાંધીને નરકમા લઈ જવાતા મને જેમણે છોડાવ્યો તે સિદ્ધ કયાં ગયા ? ૩૧ હું જો કે આ જન્મમાં મોટો પાપી છું તો પણ પૂર્વ જન્મમાં હુ ખરેખર પુણ્યવાન હોઈશ, કારણ કે ઉત્તમ દેવતાઓનાં દર્શન થવાને પૂર્વ જન્મનું મહાપુણ્ય હોવું જોઇએ. આમના દર્શનથી મારૂં મન નિર્મળ થયું છે. ૩૨ જો પૂર્વ જન્મનું મહાપુણ્ય હોય નહિ તો અપવિત્ર અને દાસીનો પતિ હું મરવા પડું તે વખતે મારી જિહ્વા ભગવાનનું પુણ્યનામ લઈ શકે ખરી?૩૩ જુગરી પાપી બ્રાહ્મણપણાંનો નાશ કરનારો અને નિર્લજ્જ હું કયાં અને નારાયણ એવું મંગળકારક શ્રીભગવાનનું નામ કયાં ? હું ચિત્ત ઇદ્રિયો ને પ્રાણવાયુને જીતવા પ્રયત્ન કરીશ કે જેથી ફરીને મારા આત્માને અંધતમ નરકમાં ડૂબવાનો કાળ આવે નહિ.૩૫ અવિદ્યા તૃષ્ણા ને કર્મથી ઉત્પન્ન થયેલા બંધનને છોડી નાંખી સર્વ પ્રાણીઓનો સંબંધી શાંત મિત્રતાવાળો દયાળુ ને ધીરજવાળો થઇને સ્ત્રી રૂપી ભગવાનની માયાવડે ગળાયેલા મારા આત્માને છોડાવીશ કે જે સ્ત્રીએ મને આજ દિવસ સુધી અધમ એવા વાનરાની માફક રમાડયો. ૩૭ દેહાદિક મિથ્યા પદાર્થ ઉપર 'મારૂં અને હુ' એવી મિથ્યા બુદ્ધિને છોડી દઈને સત્ય વસ્તુ ઉપર હું બુદ્ધિ રાખીશ. ભગવાનનાં કીર્તનાદિક કરવાથી શુદ્ધ થયેલાં મનને ભગવાનને વિષે પરોવીશ. ૩૮

શુકદેવજી કહેછે કે—આ પ્રમાણે સત્પુરૂષનો એક ક્ષણ સમાગમ થવાથી અજામિલને ખેદ થયો અને તે પુત્રાદિકના સ્નેહરૂપી સર્વ બધનમાંથી મુક્ત થઇ હરિદ્વારમાં ગયો.૩૯ ત્યાં તેણે દેવમંદિરમાં બેસી યોગ ધારણ કરી સર્વ ઇંદ્રિયોને વિષયોમાંથી ખેચી લઇ મનને આત્મામાં જોડયું. ૪૦ પછી ચિત્તની એકાગ્રતાવડે આત્માને દેહથી અને ઇંદ્રિયોથી જુદો પાડીને પરબ્રહ્મ રૂપ અને અનુભવથી જાણવામાં આવે એવા ભગવાનના સ્વરૂપમાં જોડી દીધો.૪૧ જયારે પરમાત્માના સ્વરૂપમાં બુદ્ધિ સ્થિર થઇ ત્યારે અજામિલે પ્રથમ જોયેલા ચાર પુરૂષોને પોતાની સન્મુખ જોયા. તેમને ઓળખી તેણે પ્રેમથી પ્રણામ કર્યા.૪૨

ભગવાનના પાર્ષદોનાં દર્શન કર્યા પછી પોતાના કલેવરનો ગંગાતીર્થમા ત્યાગ કરીને ભગવાનના પાર્ષદો જેવુંજ રૂપ તેણે ધારણ કર્યું ૪૩ ભગવાનના પાર્ષદોની સાથે સુવર્ણના વિમાનમા બેસીને આકાશ માર્ગે જ્યાં આગળ લક્ષ્મીપતિ વિષ્ણુ બિરાજે છે ત્યા તે ગયો. ૪૪ સર્વ ધર્મોનો નાશ કરનાર દાસીનો પતિ નિંદિત કર્મ કરવાથી ભ્રષ્ટ થયેલો અને યમ નિયમ તોડનારો અજામિલ નરકમાં પડવાની તૈયારીમાં હતો એટલામા ભગવાનનું નામ લઈને તેમાંથી છૂટયો. કર્મનાં બંધનમાથી મુક્ત થવાની ઈચ્છાવાળ પુરૂષોને ભગવાનના કીર્તન વિના બીજું કોઈ પણ કર્મના મૂળને કાપનાર નથી કારણ કે ભગવાનનું કીર્તન કરવાથી મન ફરીને કર્મમા બંધાતુ નથી. પ્રાયશ્ચિતો કરવાથી મન રજોગુણથી મલિન થાય છે. ૪૬ જે મનુષ્ય અજામિલનો પાપ નાશ કરનારો શ્રેષ્ઠ તથા બોધક ઈતિહાસ શ્રદ્ધાથી સાંભળે છે અને ભક્તિથી ગાય છે તે મનુષ્ય જો કે અપવિત્ર હોય તોપણ નરકમાં જતો નથી, તેમ યમના દૂતોની દૃષ્ટિએ પડતો નથી પરંતુ વિષ્ણુલોકમાં પુજાય છે. ૪૭ મરવાને તૈયાર થયેલા અજામિલે પુત્રને બોલાવતા ભગવાનનું નામ લીધું તેથી તે વૈકુંઠમાં ગયો ત્યારે શ્રદ્ધાથી ભગવાનનું નામ લીધુ હોય તો પછી તેનુ શું કહેવું? ૪૮

म्रियमाणो हरेर्नाम गृणन्पुत्रोपचारितं ।
अजामिलोप्यगाद्धाम किंपुनः श्रद्धया गृणन् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेषष्ठस्कंधे द्वितीयोध्यायः

અધ્યાય ૩ જો.†

વૈષ્ણવોની મહત્તા.

राजोवाच.

निशम्य देवः स्वभटोपवर्णितं प्रत्याह किं तान् प्रति धर्मराजः ।
एवं हताज्ञो विहतान् मुरारे र्नैदेशिकैर्यस्य वशे जनोयम् ॥

પરીક્ષિતે પૂછયું કે–હે મહામુનિ! જેની આજ્ઞામા આ સર્વ મનુષ્યો રહે છે એવો યમ રાજા કે જેની આજ્ઞાનો વિષ્ણુના દૂતોએ ભંગ કર્યો હતો, તેણે પોતાના દૂતોએ કહેલું વૃત્તાંત સાંભળીને ભગવાનના દૂતોએ મારીને કાઢી મૂકેલા પોતાના દૂતોને શું કહ્યું તે કહો. ૧ હે ઋષિ! યમ રાજાની આજ્ઞાનો ભંગ કોઈ ઠેકાણેથી થયો હોય એમ અમે સાંભળ્યું નથી તેથી આ વાતમા લોકોને મોટો સંશય પડે તેમ છે. લોકોના સંશયને હે મુનિ! આપ વિના બીજો કોઈ ટાળે તેમ નથી. ૨

શુકદેવજી બોલ્યા કે–હે રાજન! ભગવાનના પાર્ષદોએ યમના દૂતોનો ઉદ્યમ તોડી પાડયો તે ઉપરથી તેઓ સંયમનીના પતિ યમરાજાની પાસે જઈને નીચે પ્રમાણે વિજ્ઞપ્તિ કરવા લાગ્યા. ૩ યમના દૂતો–હે પ્રભુ! સાત્વિક રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારનાં કર્મ કરનારા મનુષ્યોને તે તે કર્મનાં ફળો આપનારા કેટલા ન્યાયાધીશો આ લોકમાં રહે છે? ૪ જો આ લોકમાં શિક્ષા કરનારા ન્યાયાધીશો ઘણા હોય તો કોને સુખ દુઃખ થાય? અને કોને સુખ દુઃખ ન થાય? એક ન્યાયાધીશ હા પાડે અને બીજો ના પાડે તો પરસ્પર વિરૂદ્ધ વિચારને લીધે કોઈને પણ સુખ દુઃખ થાય નહિ, તેમ જ એક બીજા એક બીજાને સંમતિ આપે તોપણ કોઈને સુખ દુઃખ થાય નહિ અને અવ્યવસ્થા થઈ જાય ૫ આ લોકમાં ઘણા કામ કરનારા હોવાથી તેમના ઉપર શિક્ષા કરનારનું અધિપતિપણું ખંડિયા રાજાની પેઠે ગૌણ ગણાય. ૬ તમે એક રાજા તેમજ સર્વ પ્રાણીઓના અધિપતિ છો શિક્ષા કરનાર છો દંડ ધારણ કરનાર છો અને મનુષ્યોનાં પુણ્ય ને પાપનું વિવેચન કરનાર છો, ૭ પણ હમણાં લોકમાં તમારી આજ્ઞા ચાલતી નથી, કારણકે તમારી

† આ અધ્યાયમા યમ રાજાએ વૈષ્ણવોની મહત્તાનુ વર્ણન કરીને પોતાના દૂતોને શાંત કર્યા અને વૈષ્ણવોના દાસ બનાવ્યા એ કથા કહેવાશે.

આજ્ઞાને ચાર અદ્ભુત સિદ્ધ લોકોએ તોડી છે ૮ અમે તમારી આજ્ઞાથી અપરાધીને યમ લોકોના કારાગૃહમાં લઈ આવતા હતા એટલામાં તેઓએ બળાત્કારથી તમારી પાશોને કાપી નાંખી તેમાંથી પાતકીને છોડી મુકાવ્યો. તમે એમાં અમારૂં હિત થાય તેમ માનતા હો તો અમે તમારી પાસેથી તેઓ કોણ હતા તે જાણવાની ઇચ્છા રાખીએ છીએ. અપરાધીએ નારાયણ એવું નામ લીધું તેથી સિદ્ધ લોકો ત્યાં આવ્યા હતા. ૧૦

શુકદેવજી કહે છે કે—પ્રજાને શિક્ષા કરનાર યમરાજાને દૂતોએ આમ પૂછયું એટલે તેમણે પ્રસન્ન થઈ ભગવાનના ચરણકમળનું સ્મરણ કરીને કહ્યુ કે—સ્થાવર જંગમ જગતનો અધિપતિ મારાથી બીજો કોઇ એક છે, જેને વિષે આ વિશ્વ તાંતણામાં વસ્ત્રની પેઠે ઓતપ્રોત રહેલું છે. જેના અંશાવતાર બ્રહ્મા વિષ્ણુ અને રૂદ્રથી આ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય થાય છે. નાથેલા બળદની પેઠે આ વિશ્વ તેમને આધીન રહેલું છે. ૧૨ ગોવાળ જેમ બળદોને બાંધી લે તેમ પરમેશ્વરે વર્ણાશ્રમમાં રહેલા સર્વ લોકોને વેદ વાણીથી બાંધી લીધેલા છે. વર્ણાશ્રમનાં કર્મોથી બંધાયેલાં સર્વ મનુષ્ય ભયભીત થઇ તેમને આધીન રહી વેદોક્ત કર્મ કરે છે અને તેમને બળિદાન આપે છે. હું મહેંદ્ર નિઋતિ વરૂણ ચંદ્રમા અગ્નિ શિવ પવન સૂર્ય બ્રહ્મા અદિતિના પુત્રો વિશ્વેદેવા વસુઓ સાધ્ય દેવતાઓ મરૂદગણો રૂદ્રગણો સિદ્ધ લોકો અને બીજા ભૃગુ આદિ પ્રજાપતિઓ અને દેવતાઓના અધિપતિઓ કે જેઓને રજોગુણ અને તમોગુણ સ્પર્શ કરી શકતા નથી તેઓ અથવા જેઓમાં સત્વગુણ મુખ્ય છે એવા દેવો પરમાત્માની માયામા ગુંથાયેલા હોવાથી પરમાત્માનાં કર્તવ્યને જાણી શકતા નથી તો પછી બીજો કોણ જાણી શકે? ૧૫ રૂપ જેમ પોતાને જોનાર નેત્રને જોઇ શકતું નથી તેમ પ્રાણીઓ સર્વ જીવોના અંતર્યામી ને દ્રષ્ટા એવા પરમાત્માને ઇંદ્રિયોથી મનથી પ્રાણોથી. હૃદયથી કે વાણીથી જાણી શકતા નથી. તે પરમેશ્વર મારાથી ભિન્ન છે. ૧૬ ભગવાન સ્વતંત્ર છે સર્વ કરતાં શ્રેષ્ઠ છે મહાત્મા છે અને માયાના અધિપતિ છે. ભગવાનના મનોહર રૂપવાળા દૂતો આ જગતમાં ફરે છે અને તેમનો રૂપ ગુણ ને સ્વભાવ ઘણું કરીને ભગવાનના જેવો રહે છે. ૧૭ જે ભગવાનના પાર્ષદો દેવતાઓમાં પૂજાય છે ને જેમનાં દર્શન દુર્લભ છે તે મહા આશ્ચર્ય ઉત્પન્ન કરનાર વિષ્ણુના પાર્ષદો ભગવાનની ભક્તિ કરનાર મનુષ્યોની શત્રુઓથી મારાથી અને અગ્નિ આદિક બીજા ઉપદ્રવોથી રક્ષા કરે છે. ૧૮ પાર્ષદોએ પક્ષપાત કર્યો એમ તમારે સમજવું નહિ કારણ કે ઋષિઓ દેવતાઓ અને મોટા સિદ્ધ લોકો પણ ભગવાને નિશ્ચય કરેલા ધર્મને જાણતા નથી ત્યારે મનુષ્યો અસુરો વિદ્યાધરો અને ચારણ વગેરે લોકો કયાથી જાણે ? ૧૯ હે દૂતો ! બ્રહ્મા નારદ સદાશિવ સનત્કુમાર કપિલ મુનિ મનુ પ્રલ્હાદ જનક રાજા ભીષ્મ પિતામહ બળિરાજા શુકદેવજી અને અમે બાર જણ ગુપ્ત શુદ્ધ અને કષ્ટથી જણાય એવા ભગવાનના ધર્મને જાણીએ છીએ, જે ધર્મ જાણીને પ્રાણી મોક્ષ પામે છે. ૨૧ ભગવાનનાં નામો જપવાં અને ભગવાન વિષે ભક્તિ કરવી એટલો જ આલોકમાંના પુરૂષોનો મુખ્મ ધર્મ જાણવો. હે પુત્રો ! ભગવાનનું નામ લેવાનું માહાત્મ્ય મોટું છે. અજામિલ મૃત્યુના પાશમાંથી છુટયો એ તેનુ માહાત્મ્ય જાણવું. ભગવાનના ગુણો કર્મો અને નામો ગાવાથી મનુષ્યોનાં પાતક માત્ર નાશ પામે છે એટલુંજ નહિ પરંતુ મોક્ષ પણ મળે છે. અજામિલ પાપી હતો તોપણ તેણે હે નારાયણ એમ કહી પોતાના પુત્રને* બોલાવ્યો છતાં તેથી તે પાપ રહિત થઇ મોક્ષ પામ્યો. ૨૪ ભગવાનની

માયાથી જેમની બુદ્ધિ મોહિત થયેલી છે અને પુષ્પની પેઠે ઉપરથી મનોહર લાગતા અર્થવાદોથી ભરેલા વેદ . વાદોના આગ્રહને લીધે જડબુદ્ધિવાળા વેદના મ ોટા કર્મમાં જોડાયેલા ઋષિઓ ભગવાનના નામ ો મહિમા જાણતા નથી. ૨૫

આ પ્રમાણે વિચાર કરી બુદ્ધિશાળી લોકો સર્વ પ્રકારે અનંત એવા ભગવાનની ભક્તિ કરે છે માટે ભગવાનના ભ ો મારા દંડને યોગ્ય નથી. જે પાપ હોય તે ને ભગ વાનનું કીર્તન નાશ કરે છે. ૨૬ ભગવાનના ભકતો સમદૃષ્ટિવાળાને ઉત્તમ ગુ ુવાળા હોય . છે. દેવતાઓ અને સિદ્ધ લોકો પ ણ જેમની પવિત્ર ગાથાને ગાય છે, તેઓ ભગવાનની ગદાથી ચારે તરફથી રક્ષાયેલા છે મા ટે તેમની પાસે તમારે જવું નહિ. આપણે અ ને કાળ પણ તેઓને શિક્ષા કરવાને સમર્થ ન થી ૨૭ તમે નિષ્કિંચન અને રસ જાણનારા પરમ હંસોનાં મ ડળો નિત્ય જેનું સેવન ક રે છે એવા પરમાત્માના ચરણ કમળના રસ થી વિમુખ રહેનારા અને નરકના માર્ગરૂપ ઘર ઉપર તૃષ્ણા બાંધી બેઠેલા નીચ મનુષ્યોને મારી પાસે પકડી લાવજો. ૨૮ જેમની જી હ્વા ભગવાનના ગુણ ગાતી નથી, જેમનું ચિત્ત ભગવાનના ચરણારવિંદનું સ્મરણ કરતું નથી, જેમનું મસ્તક ભગવાનને પ્રણામ કરતું નથી તેમ જેઓએ વિષ્ણુનું એક વ્રત પણ કર્યું નથી એવા દુષ્ટ મનુષ્યોને તમે બાંધી લાવજો. હવે તમે મારા દૂતોએ ભગવાનના દૂતોનું અપમાન કરવા રૂપી જે અન્યાય કર્યો તેને માટે ભગવાન પુરાણપુરૂષ નારાયણ મારા ઉપર ક્ષમા કરો એમ ઇચ્છું છું. તમારા ભક્ત એવા અમે તમારા સ્વરૂપને જાણતા નથી તોપણ બે હાથ જોડીને તમારી આગળ ઉભા છીએ મહા પુરૂષે ક્ષમા કરવી ઉચિત છે. અમે તમને સમર્થ પુરૂષને નમસ્કાર કરીએ છીએ, આ રીતે યમરાજે ક્ષમા ઇચ્છી. ૩૦

હે પરીક્ષિત ! જગતમાં મંગળ રૂપ ભગવાનના નામનું કીર્તન મોટા પાપોનું અસાધારણ પ્રાયશ્ચિત જાણવું. ૩૧ ભગવાનનું ઉદાર ચરિત્ર સાંભળનાર તથા ગાનારાઓનો આત્મા ભક્તિથી જે પ્રમાણે શુદ્ધ થાય છે તે પ્રમાણે વ્રતાદિક કરવાથી શુદ્ધ થતો નથી. ૩૨ શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમળના મધનું પાન કરનારો મનુષ્ય દુઃખ દાયી વિષયોનો ત્યાગ કરી તેની પ્રીતિ કરતો નથી. ભકિતહીન પ્રાકૃત મનુષ્ય કામનાઓને આધીન થઈ પોતાનું પાપ ટાળવા પ્રાયશ્ચિત રૂપ કર્મ કરે છે તેથી અંતઃકરણ શુદ્ધ થતું નથી પરંતુ ફરી હસ્તિસ્નાન જેવા તે કર્મથી પાપ થાય છે. ૩૩ યમરાજાના દૂતો યમરાજાએ કહેલો ભગવાનનો મહિમા સાંભળી વિસ્મિત થયા નહિ પરંતુ તેને સત્ય માન્યા, ને ભગવદ્ભક્તોના તરફ દૃષ્ટિ કરવાનું છોડી દીધું ૩૪ ભગવાન અગસ્ત્યે મલયાચળ ઉપર બેસીને શ્રીહરિના ચરણનો સ્પર્શ કરી આ ઇતિહાસ કહ્યો હતો ૩૫

इतिहासमिम गुह्य भगवान् कुभसंभवः
कथयामास मलय आसीनो हरिमर्चयन् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेषष्टस्कंधे
तृतीयोध्यायः

અધ્યાય ૪ થો.‡

હંસગુહ્ય સ્તોત્ર

देवासुरनृणां सर्गो नागानां मृगपक्षिणाम् ।
सामासिकस्त्वया प्रोक्तो यस्तु स्वायंभुवेंतरे

પરીક્ષિત રાજાએ પૂછયું કે—હે મહારાજા! સ્વાયંભુવ મન્વ તરમાં દેવ અસુર મનુષ્ય નાગ મૃગ અને પક્ષીઓની જે સૃષ્ટિ તમે ટુંકામાં મને કહી હતી તેનો વિસ્તાર સાંભળવાની હવે હું ઇચ્છા રાખુ છું. ભગવાન બ્રહ્માએ જે શકિતવડે જે પ્રમાણે સૃષ્ટિની રચના કરી

‡ આ અધ્યાયમા પ્રજાની સૃષ્ટિ કરવા માટે દક્ષે તપવડે અને હંસગુહ્ય નામના સ્તોત્ર વડે હરિની આરાધના કરી તે કથા કહેવાશે

હોય તે શકિત તેની રીત તથા પાછળની સૃષ્ટિને જાણવાની પણ મને ઇચ્છા થઇ છે.

સૂત કહે છે કે–હે મુનિવરો! મહાયોગી શુકદેવજી રાજર્ષિ પરીક્ષિતનો ઉપર પ્રમાણેનો પ્રશ્ન સાભળી તેમની પ્રશસા કરી વળી આ પ્રમાણે કહેવા લાગ્યા

શુકદેવજી કહે છે કે–હે રાજન! જ્યારે પ્રાચીનબર્હિષ નામના રાજાના પ્રચેતા એ નામના દશપુત્રો સમુદ્રમાથી બહાર નિકળ્યા ત્યારે પૃથ્વીને વૃક્ષોથી ઘેરાઇ ગરેલી તેમણે દીઠી. ૪ તપથી જેઓને ક્રોધ વધ્યો હતો એવા પ્રચેતાઓએ વૃક્ષો ઉપર ક્રોધ કરી તેમને બાળી નાખવાની ઇચ્છાથી પોતાના મુખમાથી વાયુ તથા અગ્નિને ઉત્પન્ન કર્યા હે કુરૂવશોત્પન્ન! વાયુ તથા અગ્નિથી ઝાડોને બળતા જોઇ ચદ્રમા ત્યા આગળ આવી તેમના કોપને સમાવતા હોય તેમ આ પ્રમાણે કહેવા લાગ્યા હે મુનિઓ! તમારે વૃક્ષો ઉપર ક્રોધ કરવો જોઇએ નહિ. કારણ કે તમે તો જગતની વૃદ્ધિ કરવાની ઇચ્છાવાળા પ્રજાપતિ છો ૭ પ્રજાપતિઓના પતિ સમર્થ અને અવિનાશી એવા ભગવાને પ્રજાઓને માટે વનસ્પતિઓ અને વૃક્ષો ઉત્પન્ન કર્યા છે સ્થાવર જીવ જગમ જીવોનુ અન્ન છે, પગ વગરના જીવ પગે ચાલનારા જીવોનુ અન્ન છે. હાથવાળા જીવોનુ અન્ન હાથ વિનાના જીવો છે અને બે પગવાળા જીવોનુ અન્ન ચોપગા પશુઓ છે ૯ હે પ્રચેતાઓ! તમારા પિતાએ અને બ્રહ્માએ તમને પ્રજા સરજવાની આજ્ઞા કરેલી હોવા છતા તમે વૃક્ષોને બાળી નાંખવાની ઇચ્છા કરો છો તે તમને યોગ્ય નથી. કોપને શમાવો અને તમારા પિતા પિતામહને પ્રપિતામહોએ સેવેલા ધર્મને સેવો. ૧૧ બાળકોના રક્ષક માતપિતા દૃષ્ટિની રક્ષક પાપણ સ્ત્રીનો રક્ષક તેનો ભર્તા, ભિક્ષુકનો રક્ષક ગૃહસ્થ અજ્ઞાનીનો રક્ષક જ્ઞાની અને પ્રજાનો રક્ષક પ્રજાપતિ ગણાય છે. ૧૨ ભગવાન શ્રીહરિ સર્વ પ્રાણીઓના દેહમા અતરાત્મારૂપે રહેલા હોઇ આખું વિશ્વ ભગવાનનું સ્થાન છે વિશ્વદૃષ્ટિ કરવાથી તમે ભગવાનને સંતુષ્ટ કરશો ૧૩ જે મનુષ્ય આ દેહમા અકસ્માત ઉત્પન્ન થયેલા ભયંકર ક્રોધને આત્મવિચારવડે શમાવી દે છે તે સંસારના બધનમાથી મુક્ત થાય છે. ૧૪ દયાપાત્ર વૃક્ષોને તમે બાળો નહિ. બાકી રહેલા વૃક્ષોનું કલ્યાણ કરો અને આ વૃક્ષોએ ઉછેરેલી ઉત્તમ કન્યાને તમે સ્ત્રી તરીકે ગ્રહણ કરો. ૧૫

હે રાજન! એ પ્રમાણે ચદ્રમા તેમને શાત કરી વૃક્ષોની રૂપવતી કન્યા પ્રચેતાઓને આપીને પોતાના સ્થાનમા ગયા પ્રચેતાઓ ધર્મ પ્રમાણે તે કન્યાને પરણ્યા. ૧૬ પ્રચેતાઓથી તે સ્ત્રીમા દક્ષ નામનો પુત્ર થયો કે જેની પ્રજાના વિસ્તારથી ત્રણે લોકો ભરાઇ ગયેલા છે. પુત્રીઓ ઉપર વહાલવાળા દક્ષ પ્રજાપતિએ જે પ્રમાણે પ્રાણીઓને સરજ્યા તે હવે હું તમને કહું છું. ૧૮ દક્ષ પ્રજાપતિએ પ્રથમ દેવ અસુર મનુષ્ય વગેરે આકાશચારી પૃથ્વીચારી તથા જળચારી પ્રજાને ઉત્પન્ન કરી હતી તે પ્રજાની સૃષ્ટિને વૃદ્ધિ પામતી ન જોઇ દક્ષ પ્રજાપતિ વિંધ્યાચળની પાસેના પર્વતોમા જઇને દુશ્ચર તપશ્ચર્યા કરવા લાગ્યા. ૨૦ ત્યા પાપને હરણ કરનારૂ અઘમર્ષણ નામે ઉત્તમ તીર્થ છે તેમા ત્રણે કાળ સ્નાન કરી પ્રજાપતિ તપશ્ચર્યાવડે ભગવાનને પ્રસન્ન કરવા લાગ્યા.૨૧ પ્રજાપતિએ જે હંસગુહ્ય નામે સ્તોત્રથી ભગવાન અધોક્ષજની સ્તુતિ કરી અને જે સ્તોત્રથી શ્રીહરિ તેમની ઉપર પ્રસન્ન થયા તે સ્તોત્ર હુ તમને કહુ તે સાભળો. ૨૨

દક્ષ સ્તુતિ કરે છે કે–સફળ જ્ઞાનવાળા જીવના અને માયાના નિયંતા દેહાદિકમા તત્વદૃષ્ટિવાળા જીવો જેના સ્વરૂપને જાણતા નથી એવા સવ કરતા શ્રેષ્ઠ સ્વયભુ ભગવાનને હું નમસ્કાર કરૂ છું. ૨૩ રૂપાદિક વિ

ષયો જેમ ચક્ષુરાદિક ઇંદ્રિયોના પ્રકાશને જાણતા નથી તેમ શરીરમાં રહેવા છતાં જીવ પોતાની સાથે રહેતા પ્રપંચના દ્રષ્ટા અને પોતાના મિત્ર એવા અંતર્યામીની મિત્રતાને જાણતો નથી તે મહેશ્વર ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ૨૪ દેહ પ્રાણો ઇંદ્રિય અંતઃકરણ પંચ મહા ભૂતો અને તેમના વ્યવહારિક વિષયો પોતપોતાને જણાવનારી ઇંદ્રિયોને અને તે તે ઇંદ્રિયોના નિયંતા દેવોને જાણતા નથી, પરંતુ જીવ ત્રણેને તેઓના મૂળ ગુણો સાથે જાણે છે. સર્વને જાણવા છતાં સર્વજ્ઞ ભગવાનને તે જાણતો નથી તે અનંત ભગવાનની હું સ્તુતિ કરૂં છુ.૨૫ સમાધિ દશામા જ્યારે સાંસારિક વસ્તુઓનાં દર્શન અને સ્મરણનો નાશ થવાથી નામ અને રૂપને જણાવનારૂં મન શાંત હોય છે ત્યારે જે પરમાત્મા કેવળ સ્વસ્વરૂપવડે જણાય છે તે શુદ્ધ તથા શુદ્ધ મનમાં વાસ કરનારા ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ૨૬ યજ્ઞ કરનારાઓ સામિધેની નામે પંદર મંત્રોવડે અરણીમાં ઢંકાઇ રહેલા પ્રકાશ કરવા યોગ્ય અલૌકિક અગ્નિને જેમ તેમાંથી બહાર કાઢે છે તેમ બ્રહ્મવેત્તા પુરૂષો પ્રકૃતિ પુરૂષ મહત્તત્ત્વ અહંકાર પાચ વિષયો ત્રણ ગુણ અગિયાર ઇંદ્રિયો અને પાંચ ભૂતો રૂપી પોતાની શક્તિઓથી ઢંકાઇ ગયેલા પરમાત્માને વિચારવડે પોતાના હૃદયમાં સ્થિર કરીને તત્ત્વોમાંથી બહાર કાઢે છે ૨૭ ભગવાન માયાનો નિષેધ કરતા કૈવલ્યસુખથી અનુભવમાં આવતા સર્વ પ્રકારના નામવાળા સર્વ રૂપવાળા તથા જેની માયાના સ્વરૂપનું સત્ અથવા અસત્પણાથી નિરૂપણ થઇ શકતું નથી એવા વિશ્વરૂપ ભગવાન મને પ્રસન્ન થાઓ. જે સ્વરૂપ વચનવડે કહેવામાં આવે છે જે સ્વરૂપનો બુદ્ધિથી નિશ્ચય કરવામાં આવે છે જે સ્વરૂપ ઇંદ્રિયોથી ગ્રહણ કરવામાં આવે છે અને જે સ્વરૂપનો મનમાં સંકલ્પ કરવામાં આવે છે તે ભગવાનનું સ્વરૂપ નથી કેમ કે તે સર્વ ગુણોનું સ્વરૂપ છે અને ભગવાન તો ગુણોના પ્રલયથી તથા ઉત્પત્તિથી જાણવામાં આવે છે. ચૈતન્ય રૂપ અધિષ્ઠાન હોય તો સૃષ્ટિ અથવા તેનો પ્રલય સંભવેછે. ૨૯ જેને વિષે જગત રહેલું છે તે બ્રહ્મ છે જેમાથી જગત ઉત્પન્ન થાય છે તે બ્રહ્મ છે જે સાધનથી જગત થાય છે તે બ્રહ્મ છે જેનું જગત થાય છે તે બ્રહ્મ છે જેને સારૂ જગત થાય છે તે બ્રહ્મ છે જે કંઇ રચવામાં આવે છે તે બ્રહ્મ છે, જે કરે છે તે બ્રહ્મ છે જેને ક્રિયા કરવા માટે પ્રેરણા કરવામાં આવે છે તે બ્રહ્મ છે ક્રિયા વગેરેના સબંધો તથા બીજી વસ્તુઓ છે તે પણ બ્રહ્મ છે. બ્રહ્મ સર્વની પહેલાં પ્રસિદ્ધ છે તેથી તે સર્વનું કારણ છે પ્રથમથી અને પછીથી ઉત્પન્ન થયેલા બ્રહ્માથી લઇને સ્થાવર સુધી સવ પદાર્થોના મૂળ રૂપ બ્રહ્મ છે તેનાથી કોઇ પણ વસ્તુ ભિન્ન નથી તેમ કોઈ વસ્તુ તેની સજાતિ હોય એમ પણ નથી. ૩૦ જ્યારે ઉપર કહ્યા પ્રમાણે આખા વિશ્વનું કારણ બ્રહ્મ છે ત્યારે મીમાંસકો 'કોઈ દહાડો આવું જગત ન હતું પરંતુ આવું જ હતુ' એમ બોલીને શા માટે વિવાદ કરે? તેઓની સાથે બીજા સ્વભાવવાદીઓ પણ એક મત કેમ થાય? તત્ત્વવેત્તાઓ તેમને સમજાવે છે તોપણ તેઓ વારંવાર ભૂલ કેમ કરે છે? એવી શકા કરવી નહિ કારણ કે પરસ્પર વિવાદ કરનારા વાદીઓનો વાદ તથા એકમત થવું આ સર્વ પરમાત્માની માયા અને અવિદ્યાની શક્તિઓથી થાય છે અને જેમની માયાની શક્તિઓ તેમને વારંવાર મોહિત કરે છે તે અનંત ગુણવાળા પરબ્રહ્મને હું નમસ્કાર કરૂંછું. યોગમા અને ઉપાસનામાં પાતાળાદિકમાં ભગવાનના ચરણારવિન્દાદિકની કલ્પના કરીને ભગવાનને સાવયવ ગણેલા છે અને સાંખ્ય શાસ્ત્રમાં ભગવાનને હાથ પગ વિનાના કહીને નિરવયવ ગણેલા છે. યોગશાસ્ત્રમાં અને સાંખ્યશાસ્ત્રમાં બન્ને વિવાદનો વિષય

ભિન્ન ભિન્ન છે તોપણ તે બન્ને શાસ્ત્રનો વિધિનિષેધ એક વસ્તુમાં છે અને તે પણ ભગવાનના સ્વરૂપમાં નહિ પરંતુ ભગવાનના અવયવોમાં રહેલો છે. અસ્તિ નાસ્તિનો વિવાદ ભગવાનના અવયવોને માટે છે પરંતુ ભગવાનના સ્વરૂપને માટે નથી. ભગવાનનું સ્વરૂપ વિવાદના વિષયનુ અધિષ્ઠાન છે કારણ કે અધિષ્ઠાન વિના અવયવોની કલ્પના તેમ જ અવયવોનો નિષેધ થઇ શકતો નથી. વિધિનિષેધ બન્નેના આશ્રયરૂપ બન્નેને અનુકૂળ બન્નેથી ભિન્ન અને બન્નેમા સમાન રહેનાર જે ભગવાન તેને પરબ્રહ્મ જાણવા. ૩૨ જે અનંત ભગવાન પોતે નામ રૂપ રહિત છે તથાપિ પોતાના ચરણકમળની ભક્તિ કરનારા મનુષ્યો ઉપર અનુગ્રહ કરવા પૃથક્ પૃથક્ જન્મ ધારણ કરીને અને જુદા જુદા કર્મો કરીને નામ અને રૂપને ધારણ કરે છે તે પરબ્રહ્મ ભગવાન મને પ્રસન્ન થાઓ ૩૩ વાયુ જેમ એક છે તોપણ પુષ્પાદિકનો આશ્રય કરીને અનેક ગંધવાળો બને છે, અને જુદા જુદા રંગની રજનો આશ્રય કરીને અનેક રૂપવાળો દેખાય છે, તેમ અંતર્યામી પણ એક છે છતા જુદી જુદી ઉપાસનાના માર્ગોથી તે તે પ્રકારની અનેક વાસનાવડે અનેક દેવતાઓ રૂપે લોકોથી ભજવામાં આવે છે. તે પરમાત્મા આપણા મનોરથોને પૂર્ણ કરો ૩૪

શુકદેવજી કહે છે કે-હે કુરુવંશશ્રેષ્ઠ! ઉપર પ્રમાણે અઘમર્ષણ નામે તીર્થમાં સ્તુતિ કરાયેલા ભક્તવત્સલ ભગવાન સ્તુતિ કરતા દક્ષની સન્મુખ પ્રગટ થયા. ૩૫ ભગવાન ગરૂડ ઉપર બિરાજેલા હતા. તેમને લાંબી ને મોટી આઠ ભુજાઓ હતી ભુજાઓમાં ચક્ર શંખ તરવાર ઢાલ બાણ ધનુષ પાશ અને ગદાને ધારણ કર્યા હતાં.૩૬ પીતાંબર પહેર્યું હતું. શરીરની કાંતિ મેઘના જેવી શ્યામ હતી, મુખ તથા નેત્ર પ્રસન્ન હતાં, વનમાળાથી અંગ ઢંકાઇ ગયું હતું, શ્રીવત્સ ને કૌસ્તુભ મણિથી ઉરસ્થળ શોભી રહ્યું હતું. ૩૭ માથે મુગટ અને હાથમાં કડાં ધારણ કર્યા હતાં. કાનમાં મકરાકાર કુંડળો હતાં. કંદોરો વિંટી કડાં ઝાંઝર અને બાજુબંધથી તેઓ શોભી રહ્યા હતા. ૩૮ આ પ્રમાણે ત્રણ ભુવનના ઇશ્વરે ત્રણ લોકને મોહિત કરનારું રૂપ ધારણ કર્યું હતું. નારદ અને નંદ વગેરે પાર્ષદોથી અને દેવતાઓથી તે વિંટાયેલા હતા. સિદ્ધ ગંધર્વ અને ચારણો તેમની પાછળ ગાન કરતા હતા. ૩૯ આવું ત્રિલોકના નાથનું મહા આશ્ચર્યકારક રૂપ જોઇને પ્રજાપતિ નિર્ભય થયા અને પ્રસન્ન થઇને દંડવત્પ્રણામ કર્યો. ૪૦ ભગવાનને પોતાનો અભિપ્રાય કહેવા ગયા પરંતુ ઝરણાથી જેમ નદીઓ પૂર્ણ ભરાઇ જાય તેમ અથાગ આનંદથી ઇંદ્રિયો ભરાઇ ગઈ અને કંઈ બોલી શકાયું નહિ, પ્રણામ કરીને માત્ર ઉભાજ રહ્યા. ૪૧ સર્વ પ્રાણીઓના મનને જાણનારા ભગવાન ઉપર પ્રમાણે પ્રણામ કરીને ઉભેલા અને પ્રજાને ઇચ્છતા ભક્તિવાળા દક્ષ પ્રજાપતિને પછી નીચે પ્રમાણે કહેવા લાગ્યા.૪૨

શ્રીભગવાન બોલ્યા કે–હે પ્રચેતાઓના પુત્ર! તું તપશ્ચર્યાવડે સિદ્ધ થયો છે કારણ કે તેં પરમ શ્રદ્ધાવડે મારી ભક્તિ સંપાદન કરી છે. ૪૩ હે પ્રજાપતિ! તારૂં તપ આ જગતની વૃદ્ધિ કરનારૂં છે માટે હું તારા ઉપર પ્રસન્ન થયો છું અને પ્રાણીઓની વૃદ્ધિ થાય એ મારી ઇચ્છા છે. ૪૪ બ્રહ્મા શંકર તમે મનુઓ અને મોટા દેવો આ સર્વ પ્રાણીઓને ઉત્પન્ન કરનાર મારી વિભૂતિઓ રૂપ છો. હે બ્રહ્મન! યમાદિકની સાથે ધ્યાન કરવું એ મારૂં હૃદય છે સાંગ મંત્રનો જપ એ મારૂં હૃદય છે ક્રિયા એ મારી આકૃતિ છે. યજ્ઞો એ મારૂં મન છે અને દેવતાઓ એ મારા પ્રાણ રૂપ છે. ૪૬ આ સૃષ્ટિના આરંભમાં માત્ર હું જ એક હતો. અંદર તેમ જ

બહારના ભાગમાં બીજું કંઇ પણ ન હતું, પ્રથમ ચૈતન્ય માત્ર ઇંદ્રિયોથી જાણવામાં આવે નહિ એવું અને ચારે તરફથી નિર્દ્વંદ્વ હોય એવું મારૂં સ્વરૂપ હતું.૪૭ ત્યાર પછી અનંત ગુણવાળા મારા શરીરમાથી માયાવડે બ્રહ્માંડ ઉત્પન્ન થયુ. સર્વના આદિ અજન્મા બ્રહ્મા પ્રથમ ઉત્પન્ન થયા. ૪૮ પછી મારી શક્તિથી વૃદ્ધિ પામેલા બ્રહ્મદેવ સૃષ્ટિ કરવા તૈયાર થયા પરંતુ તે પોતાના આત્માને અશક્ત જેવો માનવા લાગ્યા. ૪૯ મેં તેમને તપશ્ચર્યા કરવાનું કહ્યું તે ઉપરથી દારૂણ તપશ્ચર્યા કરીને તપના પ્રભાવથી તમને નવ પ્રજાપતિઓને તેમણે ઉત્પન્ન કર્યા હે દક્ષ પ્રજાપતિ! આ પંચજન નામના પ્રજાપતિની અસિકની નામે પુત્રીને સ્રી તરીકે ગ્રહણ કર ૫૧ એનાથી તું આ સૃષ્ટિની ઘણી વૃદ્ધિ કરીશ.૫૨ તારા પછીની સર્વ પ્રજાઓ મારી માયાને લીધે સ્રી પુરૂષ ધર્મથી ઉત્પન્ન થશે અને મારી ભકિત કરશે. ૫૩ આ પ્રમાણે કહીને વિશ્વનું પાલન કરનાર ભગવાન શ્રીહરિ દક્ષ પ્રજાપતિના દેખતા સ્વપ્નમા મેળવેલા પદાર્થની પેઠે અંતર્ધાન થઈ ગયા.

इत्युक्त्वा मिषतस्तस्य भगवान्विश्वभावनः।
स्वप्नोपलब्धार्थ इव तत्रैवांतर्दधे हरिः ॥५८॥

इतिश्रीमद्भागवतेमहापुराणेषष्ठस्कंधे
चतुर्थोध्यायः

અધ્યાય ૫ મો.¶

દક્ષ પ્રજાપતિનો નારદને શાપ.

શ્રીશુક ઉવાચ.

तस्यां स पांचजन्यां वै विष्णुमायोपबृंहितः।
हर्यश्वसंज्ञानयुतं पुत्रानजनयद्विभुः ॥ १ ॥

શુકદેવજી કહે છે કે–ભગવાનની માયાથી વૃદ્ધિ પામેલા દક્ષ પ્રજાપતિએ પછી પંચજન પ્રજાપતિની પુત્રી અસિકનીમાં હર્યશ્વ નામે દશ હજાર પુત્રો ઉત્પન્ન કર્યા. ૧ હે રાજન! દક્ષના સર્વ પુત્રો એક આચારવાળા અને એક સ્વભાવવાળા હતા. તેમને પિતાએ પ્રજાની સૃષ્ટિ વધારવાનું કહ્યું તે ઉપરથી તેઓ પશ્ચિમ દિશામાં ગયા. ૨ ત્યાં મોટા મોટા મુનિઓ અને સિદ્ધ લોકોએ સેવેલું નારાયણ સર નામે એક તીર્થ છે, જ્યાં સિંધુ નદીનો અને સમુદ્રનો સંગમ થાય છે. ૩ તે પવિત્ર તીર્થના સ્નાન કરવાથી રોગાદિક દોષો નાશ પામે છે. તેમને પરમહંસનો ધર્મ અંગીકાર કરવાની મરજી હતી છતાં તેઓ પિતાની આજ્ઞામા બંધાયેલા હોવાથી પ્રજાની વૃદ્ધિ કરવા માટે તપ કરવા લાગ્યા. પિતાની આજ્ઞાથી પ્રજાની વૃદ્ધિ માટે તપશ્ચર્યા કરવાને તત્પર થયેલા હર્યશ્વોને દેવર્ષિ નારદે દીઠા તેથી કહ્યું કે–હે હર્યશ્વો! તમે પ્રજાના પાળક છો છતાં મૂર્ખ છો. તમે પૃથ્વીનો અંત દીઠો નથી તમે પ્રજાને કેવી રીતે ઉત્પન્ન કરશો ૬ એક પુરૂષવાળો દેશ કે જેમાથી નીકળવાનો માર્ગ જોવામાં આવતો ન હોય એવી ગુફા બહુ રૂપ ધારણ કરનારી સ્રી, વ્યભિચારિણી સ્રીનો પતિ બંને તરફ વહેનારી નદી પચીસ વસ્તુઓથી બનેલું અદ્ભુત ઘર કોઈ વેળા વિચિત્ર કથા કરતો હંસ પોતાની મેળે ફરતું તથા અસ્રા અને વજ્રોથી બનાવેલું હોય તેવું તીક્ષ્ણ ચક્ર અને પોતાના સર્વજ્ઞ પિતાની આજ્ઞા પોતાને અનુકૂળ છે કે કેમ? તે જાણ્યા વિના તમે પ્રજાને કેવી રીતે ઉત્પન્ન કરશો? ૯

શુકદેવજી કહે છે કે–નારદજીનું કહેવું સાંભળી હર્યશ્વો દેવર્ષિ નારદના કપટ ભરેલી વાણીમા પોતાની સહજ વિચારશક્તિવાળી બુદ્ધિવડે વિચાર કરવા લાગ્યા ૧૦ હર્યશ્વોએ વિચાર કર્યો કે અનાદિ ને આત્માને જન્મ આપનારૂં લિંગ શરીર છે તેને પૃથ્વી જાણવી. લિંગ શરીરને મોક્ષનાં સાધનો જાણ્યા વિના મોક્ષમાં ઉપયોગી ગણવું નહિ. તેમજ મિથ્યા

¶ આ અધ્યાયમા પુત્રોને મિથ્યા વચનો કહી નારદે અવળે માર્ગે ચઢાવ્યા તેથી દક્ષ પ્રજાપતિએ તેમને શાપ દીધો તે કથા કહેવાશે

એવાં કર્મો કરવાથી પુરૂષને શું ફળ થાય છે? સર્વના સાક્ષી પોતાનોજ આશ્રય કરનારા ગુણસંપન્ન સર્વ કરતાં શ્રેષ્ઠ એક ઇશ્વર જ આ દેહરૂપી દેશમાં રહેલા છે, તે નિત્ય મુક્ત પરમાત્માને હૃદયમાં જોયા વિના તેમજ તેમને અર્પણ ન કરવામાં આવતાં મિથ્યા કર્મો કરવાથી પુરૂષને કશું ફળ થતું નથી? પાતાળમાં ગયેલો મનુષ્ય જેમ પાછો આવતો નથી તેમ પુરૂષ ત્યાં જવાથી પણ પાછો આવતો નથી. પરબ્રહ્મ રૂપી ગુફાને જે જાણતો નથી તેને નાશવંત સ્વર્ગાદિકનાં સાધાનરૂપ કર્મો કરવાથી પણ શું ફળ થાય? ૧૩ અનેક જાતના રૂપવાળી ને ગુણવાળી પોતાની બુદ્ધિ વ્યભિચારિણી સ્ત્રી જેવી છે. જે પુરૂષ આ જગતમા તેના વિવેકને જાણતો નથી તેને કર્મ કરવાથી શુ ફળ થાય છે? ૧૪ જે જીવ વ્યભિચારિણી સ્ત્રીના પતિની પેઠે વ્યભિચારિણી બુદ્ધિના સંગથી સ્વતંત્રતા ગુમાવી તેનાથી સુખ અને દુઃખો ભોગવ્યા કરે છે તે જીવને જે જાણતો નથી તેને બુદ્ધિના અવિવેકને લીધે કરેલાં મિથ્યા કર્મોથી શું ફળ થાય? ૧૫ બને તરફ વહેનારી નદીને માયા જાણવી. તે સૃષ્ટિને ઉત્પન્ન કરે છે અને તેનો નાશ કરે છે, અને સંસારરૂપી સાગરમાં પડેલા લોકોએ નીકળવાના સ્થાનરૂપ તપ અને વિદ્યા વગેરેનો કામક્રોધાદિકથી અટકાવ કરનારી છે. આવી માયાને જાણનારા મદમત્ત પુરૂષને માયિક કર્મો કરવાથી શું ફળ થાય છે? ૧૬ કાર્ય અને કારણના સમુદાયરૂપ અધિષ્ટાતા અંતર્યામી પુરૂષ પચીસ તત્ત્વોનું અદ્ભુત આશ્રયસ્થાન છે તેને જાણ્યા વિના પુરૂષને મિથ્યા સ્વતંત્રતાથી કરેલા કર્મોથી શું ફળ થાય? ૧૭ ઇશ્વરને પ્રતિપાદન કરનારૂ શાસ્ત્ર હંસ જેમ દૂધ અને પાણીને જુદાં પાડે છે તેમ જડ અને ચૈતન્યને જુદાં પાડે છે. હંસ જેમ મધુર બોલે છે તેમ આ હંસ બંધ તથા મોક્ષનો ઉપદેશ કરે છે માટે તેવાં શાસ્ત્રનો અભ્યાસ કર્યા વિના અજ્ઞાનીને બહિર્મુખ કર્મો કરવાથી શું ફળ થાય છે? ૧૮ પોતાની મેળે ફરનારૂં તીક્ષ્ણ ચક્ર કહ્યું તે, કાળચક્ર જાણવું. તે આ જગતને ખેંચી જાય છે તીક્ષ્ણ છે તથા સ્વતંત્ર છે. જે મનુષ્ય તેને જાણતો નથી તેને આ જગતમાં વિઘ્નવાળાં કર્મો કરવાથી શું ફળ થાય છે? ૧૯ જે મનુષ્ય બીજો જન્મ આપનાર હોવાથી પિતાતુલ્ય ગણાતા શાસ્ત્રની નિવૃત્તિ માર્ગ દેખાડનારી આજ્ઞાને જાણતો ન હોય તેણે પ્રવૃત્તિ માર્ગ ઉપર વિશ્વાસ રાખીને સૃષ્ટિ રચવાનો શામાટે આરંભ કરવો જોઇએ? ૨૦ હે રાજન! આ પ્રમાણે હર્યશ્વો નિશ્ચય કરી, એક મનના થઇ નારદને પ્રદક્ષિણા કરીને જ્યાથી પાછું ફરાતું નથી એવા નિવૃત્તિ માર્ગ તરફ ગયા. ૨૧ નારદજી સ્વરબ્રહ્મમાં સ્પષ્ટ રીતે પ્રકાશતા ભગવાનના ચરણારવિંદમાં મનને ભક્તિની રીતે પરોવીને ત્રણ લોકોમાં ફરવા લાગ્યા. ૨૨ પ્રજાપતિ દક્ષે સાભળ્યું કે, 'નારદે સારા સ્વભાવવાળા મારા પુત્રોને ભ્રાંતિજનક વચનો કહી સંસારથી વિમુખ કર્યા છે તેથી તે ઉત્તમ પ્રજા શોકને પાત્ર થઇ પડી છે' એમ કહીને શોચ કરતા બળવા લાગ્યા. બ્રહ્માએ આવી દક્ષને શાંત કર્યા અને પાંચજન્ય ની પુત્રી વિષે ફરીથી સબલાશ્વ નામે હજાર પુત્રો ઉત્પન્ન કર્યા પિતાની પ્રજા સરજવારૂપી આજ્ઞા થવાથી યમ નિયમો ધારણ કરી તેઓ પોતાના વડા ભાઇઓ સિદ્ધિ પામ્યા હતા તે નારાયણસર નામે તીર્થમા ગયા. ૨૫ ત્યાં તીર્થમાં સ્નાન કરવાથી અંતઃકરણના રાગદ્વેષાદિક સ્વચ્છ થતાં તેઓ ૐકારના નામનો જપ કરતા ત્યાં જ મહા તપશ્ચર્યા કરવા લાગ્યા. ૨૬ તેઓએ કેટલાએક મહિના સુધી જળનું પાન કરીને કેટલાએક મહિનાઓ સુધી વાયુનુ ભક્ષણ કરીને મંત્રનો જપ કરતાં ભગવાનની આરાધના કરી. ૨૭ અમે મહાત્મા પુરૂષ એવા નારાયણને નમસ્કાર કરીએ છીએ.

શુદ્ધ સત્વગુણના આશ્રય રૂપ પરમહંસ ભગવાનનું ધ્યાન કરીએ છીએ. ૨૮ હે રાજેન્દ્ર! સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઇચ્છાવાળા સબલાશ્વોની પાસે વળી નારદ ગયા અને તેમણે તેઓને પ્રથમની પેઠે કહ્યું. હે દક્ષના પુત્રો! હું તમને ઉપદેશ કરૂં છું તે તમે સાંભળો. તમે ભાઇઓના ઉપર પ્રીતિ રાખનારા છો માટે તમે તમારા ભાઇઓને માર્ગે જવાની ઈચ્છા કરો. ૩૦ જે ધર્મવેત્તા ભાઇ પોતાના ભાઇઓના માર્ગને અનુસરે છે તે પુરૂષ પુણ્યની સહાયતાથી મરૂત નામે દેવતાઓની સાથે આનંદ કરે છે. ૩૧ હે રાજા! આટલું કહીને સફળ દર્શનવાળા નારદ ત્યાંથી ગયા અને સબલાશ્વો તેમના ભાઇઓના માર્ગને અનુસર્યા. આવી રીતે અત્યંત ઉત્તમ ને અંતર વૃત્તિથી મળે એવા પરબ્રહ્મના માર્ગને અનુસરનારા સબલાશ્વો ગયેલી રાત્રીઓની પેઠે કદી પાછા ફર્યાજ નહિ. ૩૩ સબલાશ્વો સંસારથી વિરાગ પામ્યા તે સમયે ઘણા ઉત્પાતો જોવામાં આવ્યા નારદે પ્રથમની પેઠે ઉંધું સમજાવીને તેઓને નિવૃત્ત કર્યા. ૩૪ એવા સમાચાર સાંભળ્યા પછી પુત્રોના શોકને લીધે દક્ષ મૂર્છિત થઈ ગયા અને નારદ ઉપર કોપી ઉઠયા દેવર્ષિ નારદની પાસે જઇ ક્રોધથી જેનો ઓઠ ફરકતો હતો એવા દક્ષ બોલ્યા કે—હે દુર્જન! સત્પુરૂષનો વેશ ધારણ કરનાર! તેં મારા સદાચારી બાળકોનું ભુંડું કર્યું કારણ કે, તેં તેઓને ભિક્ષુકનો માર્ગ બતાવ્યો છે. હે પાપી! મારા પુત્રો ઋણમાંથી મુક્ત થયા નથી, તેમ તેઓએ કર્મમાર્ગનો વિચાર પણ કર્યો નથી એટલામાં તેઓને તેં ભિક્ષુકો બનાવી દીધા, તેથી તેં તેઓના આલોકના તથા પરલોકના કલ્યાણનો નાશ કર્યો છે. ૩૭ તું નિર્દય છે સાચું ખોટું સમજાવીને બુદ્ધિમાં ફેરફાર કરનાર છે. ભગવાનના યશનો નાશ કરનાર હોવા છતાં તું ભગવાનના પાર્ષદોની વચ્ચે નિર્લજ્જ થઈને ફરે છે. તારા વિના બીજા ભગવાનના ભકતો તો નિત્ય પ્રાણીઓ ઉપર અનુગ્રહ કરવાને આતુર રહે છે પરંતુ તું તો સ્નેહને તોડનારો અને જેઓને વેર ન હોય તેઓની વચ્ચે વેર કરાવનારો છે. ૩૯ તું જો માનતો હોય કે ઉપશમથી સ્નેહ રૂપી બંધન નાશ પામે છે તો તું પોતે મિથ્યા જ્ઞાનીજ છે. તારા એવા ઉપદેશથી પુરૂષોને વૈરાગ્ય આવશે નહિ કારણ કે પુરૂષ વિષેયાનાં દુઃખોનો અનુભવ કર્યા વિના વિષયોની તીક્ષ્ણતાને જાણતો નથી અને મનુષ્યને વિષયોનાં દુઃખો ભોગવ્યાથી તેના ઉપર જેવો વૈરાગ્ય આવે છે તેવો વૈરાગ્ય બીજાઓએ ઉપદેશ કરીને સમજાવવાથી આવતો નથી. ૪૧ અમે કર્મની મર્યાદામાં રહેનારા સદાચારી ગૃહસ્થો છીએ. તેં અમારૂં અગાઉ પણ સહન થઇ શકે નહિ એવું ભુંડું કર્યું હતું.૪૩ હે પ્રજાઓનો નાશ કરનાર! તેટલાથીજ સંતોષ ન માનતાં તેં ફરીને પણ અમારૂં અશુભ કર્યું તેથી હે મૂઢ! તુ લોકમાં ભટકયા કરીશ અને કદી ઠરીને ઠામ બેસીશ નહિ. *૪૩

સત્પુરૂષોમાં માનવંતા નારદે 'અસ્તુ' એમ કહીને દક્ષના શાપને સ્વીકારી લીધો, કારણ કે સામો શાપ આપવાનુ સામર્થ્ય હોવા છતાં પણ શાપ ન આપતાં પોતે તેને સહન કરવો એટલામાં જ સજ્જનતા રહેલી છે.

प्रतिजग्राह तद्बाढं नारदः साधुसंमतः ।
एतावान्साधुवादो हि तितिक्षेतेश्वरः स्वयम् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेषष्ठस्कन्धे
पचमोध्यायः

---

* આશ્રમ ધર્મનુ યથાર્થ પાલન એજ પુરૂષનું ખરેખર કર્તવ્ય અને ધર્મ છે આપણા શાસ્ત્રોમા તેનુ પ્રતિપાલન કરવાનોજ બધે બોધ કરેલો છે અનુભવ વગર અધિકારી થવાતુ નથી તેમ ખરો વૈરાગ્ય પણ આવતો નથી, માટે દક્ષ પ્રજાપતિ આમા નારદ ઉપર ગુસ્સે થયાનુ જણાવ્યુ છે.

અધ્યાય ૬ ઠ્ઠો.‡

દક્ષની કન્યાઓની પ્રજા.

શ્રીશુક उवाच.

ततः प्रचेतसोऽसिक्न्यामनुनीतः स्वयंभुवा।
षष्टिं संजनयामास दुहितृः पितृवत्सलाः॥

શુકદેવજી કહે છે કે–ત્યાર પછી બ્રહ્માએ સમજાવેલા દક્ષ પ્રજાપતિએ નારદના ભયથી અસિકની નામે સ્ત્રીમાંથી સાઠ કન્યાઓ ઉત્પન્ન કરી, અને તે સર્વ પિતા ઉપર પ્રીતિ રાખનારી નીવડી. તેઓમાંની દશ કન્યા ધર્મને તેર કશ્યપને અને સત્તાવીસ ચંદ્રમાને આપી. અંગિરા ને કૃશાશ્વને બબ્બે આપી અને બાકીની બીજી ચાર તાર્ક્ષ્ય નામના કશ્યપને આપી. ૨ એ કન્યાઓના સંતતિની સંતતિથી ત્રણે લોકો વસાયા. કન્યાઓના છોકરાનાં નામ હું તમને હવે કહું તે સાંભળો. ૩ ભાનુ લંબા કકુભ જામિ વિશ્વા સાધ્યા મરૂદ્વતી વસુ મહુર્તા ને સંકલ્પા એ ધર્મની સ્ત્રીઓ થઇ. તેઓના પુત્રોનાં નામ સાંભળો. ૪ હે રાજા ! ભાનુને દેવઋષભ નામે પુત્ર થયો તેનો પુત્ર ઇન્દ્રસેન થયો. લંબાને વિદ્યુત નામે પુત્ર થયો અને તેનાથી સ્તનયિત્નુ નામે પુત્રો થયા. ૫ કકુભને સંકટ નામે પુત્ર થયો અને તેને કીકટ નામે પુત્ર થયો. તેનાથી પૃથ્વીના કિલ્લાઓના અભિમાની દેવો ઉત્પન્ન થયા. જામિને સ્વર્ગ નામે પુત્ર થયો તેને નંદી નામે પુત્ર થયો. ૬ વિશ્વાને વિશ્વેદેવા નામે પુત્રો થયા. આ પુત્રો પ્રજા વિનાના કહેવાય છે. સાધ્યથી સાધ્ય દેવતા નામે પુત્રો ઉત્પન્ન થયા અને તેઓને અર્થસિદ્ધિ નામે પુત્ર થયો. ૭ મરૂદ્વતી સ્ત્રીથી મરૂદ્વાન અને જયંત નામે પુત્રો થયા તેમાં જયંત વાસુદેવ ભગવાનનો અંશ હતો. તેને લોકો ઉપેન્દ્રના નામથી પણ ઓળખે છે. ૮ મુહુર્તા નામની સ્ત્રીથી મૈહુર્તિક નામે દેવો ઉત્પન્ન થયા. તેઓ પ્રાણીઓને પોતપોતાના કર્મોનાં ફળ આપે છે. ૯ સંકલ્પાને સંકલ્પ અને કામ નામે પુત્રો થયા. વસુને આઠ વસુ નામે પુત્રો થયા. વસુઓનાં નામ હું તમને હવે કહું છું, ૧૦ દ્રોણ પ્રાણ ધ્રુવ અર્ક અગ્નિ દોષ વસુ અને વિભાવસુ, એ આઠ વસુઓ કહેવાય છે તેઓમાં દ્રોણની અભિમતિ સ્ત્રીને હર્ષ શોક ભય આદિ પુત્રો થયા. ૧૧ પ્રાણને ઉર્જસ્વતી નામે સ્ત્રી હતી તેમાં સહ આયુ ને પુરોજવ નામે પુત્રો થયા. ધ્રુવને ધરણી નામે સ્ત્રી હતી તેમાથી અનેક પ્રકારના પુરો થયા. અર્કને વાસના નામે સ્ત્રી હતી તેમાંથી તર્ષ આદિક પુત્રો થયા. અગ્નિને વસોર્ધારા નામે સ્ત્રી હતી તેનાથી દ્રવિણક આદિ પુત્રો થયા. ૧૩ કૃતિકાને †સ્કંદ નામનો પુત્ર થયો અને કાર્તિકેયને વિશાખ વગેરે પુત્રો થયા. દોષ નામે વસુની શર્વરી નામે સ્ત્રી હતી તેને શિશુમાર નામે પુત્ર થયો. તે ભગવાનનો અંશ હતો. ૧૪ વસુની સ્ત્રી આંગિરસી હતી તેને શિલ્પકળા કરનારો વિશ્વકર્મા નામે પુત્ર થયો. વિશ્વકર્માથી ચાક્ષુષ મનુ નામે પુત્ર થયો અને તેના વિશ્વેદેવા ને સાધ્યદેવો થયા. ૧૫ વિભાવસુ નામે વસુને ઉષા નામે સ્ત્રી હતી તેના વ્યુષ્ટ રોચિષ અને આતપ નામે પુત્રો થયા. આતપને પંચયામ નામે પુત્ર ઉત્પન્ન થયો. જેને લીધે પ્રાણીઓ પોતપોતાના કામમાં વળગે છે. ૧૬ દક્ષના જમાઇ ભૂતની સરૂપા નામની સ્ત્રીએ કરોડો રૂદ્રોને ઉત્પન્ન કર્યા હતા. તેઓમાં રૈવત અજ ભવ ભીમ વામ ઉગ્ર વૃષાકપિ અજૈકપાદ આહર્બુધ્ન્ય બહુરૂપ ને મહાન એ અગિયાર રૂદ્રો મુખ્ય છે બીજી સ્ત્રીમાં ઉત્પન્ન થયેલા ભયંકર ભૂતો અને વિનાયકો રૂદ્રગણના પાર્ષદો ગણાય છે.

‡ આ અધ્યાયમા દક્ષથી ઉત્પન્ન થયેલી સાઠ કન્યાઓ અને તેમના વરો કહેતા અદિતિના પુત્રથી વિશ્વરૂપનો જન્મ વર્ણવાશે.

† કાર્તિકસ્વામી અગ્નિના પુત્ર છે, તેમને કૃત્તિકાએ ઉછેર્યા હતા તેથી તેના પુત્ર કહેવાય છે.

પ્રજાપતિ અંગિરાને સ્વધા અને સતી
એમ બે સ્ત્રીઓ હતી. તેમાથી સ્વધા નામે
સ્ત્રીએ પિતૃઓને ઉત્પન્ન કર્યા સતી નામની
સ્ત્રીએ અથર્વણ વેદને પુત્ર કર્યો હતો. ૧૯
દક્ષના જમાઇ કૃશાર્વે અર્ચિષ નામની ભા-
ર્યામાં ધુમ્રકેશ નામે પુત્ર ઉત્પન્ન કર્યો અને
ધિષણામા વેદશિરા દેવલ વયુન અને મનુ
નામે ચાર પુત્રો થયા હતા. ૨૦ દક્ષના જ
માઇ તાર્ક્ષ્યને વિનતા, કર્દ્રુ પતંગી ને યામિની
નામે ચાર સ્ત્રીઓ હતી. તેઓમાથી પતં-
ગીએ પક્ષીઓને ઉત્પન્ન કર્યા હતાં, યામિનીએ
તીડોને ઉત્પન્ન કર્યા હતાં. ૨૧ સુપર્ણાએ
સાક્ષાત યજ્ઞનારાયણના વાહન એવા ગરૂડને
અને સૂર્યના સારથી અરૂણને ઉત્પન્ન કર્યા ને
કદ્રુએ અનેક નાગોને ઉત્પન્ન કર્યા હતા ૨૨
કૃતિકા આદિ નક્ષત્રો ચંદ્રમાની સ્ત્રીઓ હતી.
ચંદ્ર દક્ષના શાપથી ¶ ક્ષયના રોગમાં પીડાતા
હતા તેથી તેમને કૃતિકા આદિક સ્ત્રીઓમા
સંતાન થયુ ન હતું. ૨૩ ચદ્રમાએ ફરીને
દક્ષને પ્રસન્ન કરી ક્ષય રોગમાં ખડિત થ
યેલી પોતાની કળાને પાછી મેળવી પરતુ
સંતાન થયું નહિ

હું તમને લોકોની માતા ગણાતી કશ્ય-
પની સ્ત્રીઓના કલ્યાણકારક નામો કહું તે
હવે સાંભળો. ૨૪ કશ્યપની સ્ત્રીઓમાથી
આખું જગત ઉત્પન્ન થયું છે. તેઓનાં નામ
આ પ્રમાણે છે—અદિતિ દિતિ દનુ કાષ્ઠ અરિષ્ઠા
સુરસા ઇલા મુનિ ક્રોધવશા તામ્રા સુરભિ
સરમા તથા તિમિ. તેઓમા તિમિના પુત્રો
જળજંતુ થયા. સરમાના પુત્રો હિંસક પ્રા
ણિઓ થયાં. ૨૬ સુરભિથી પાડાઓ ગાયો
ને બે ખરીવાળાં બીજાં પ્રાણીઓ ઉત્પન્ન
થયા. તામ્રાથી શકરા અને ગીધ વગેરે પ-
ક્ષીઓ થયા. મુનિથી અપ્સરાઓ ઉત્પન્ન થઇ
૨૭ હે રાજન ! ક્રોધવશાથી દંદશૂક વગેરે
સર્પો ઉત્પન્ન થયા. ઇલાથી સર્વ જાતનાં વૃક્ષો
અને સુરસાના પુત્ર યાતુધાનો થયા. ૨૮
અરિષ્ટાને ગંધર્વ નામે પુત્રો થયા, કાષ્ઠાને
એક ખરીવાળાં પશુઓ ઉત્પન્ન થયાં અને
દનુને એકસઠ પુત્રો થયા. તેઓમાંના મુખ્યનાં
નામો સાંભળો. ૨૯ દ્વિમુર્ધ્ધા શંબર અરિષ્ટ
હયગ્રીવ વિભાવસુ અયોમુખ શંકુશિરા સ્વ-
ર્ભાનુ કપિલ અરૂણ. ૩૦ પુલોમા વૃષપર્વા
એકચક્ર અનુતાપન ધુમકેશ વિરૂપાક્ષ વિપ્ર-
ચિતિ દુર્જય એ અઢાર પુત્રો મુખ્ય હતા. અને
૩૧ સ્વર્ભાનુની સુપ્રભા નામે કન્યાને નમુચિ
પરણ્યો હતો. વૃષપર્વાની શર્મિષ્ઠા નામે પુ-
ત્રીને નહુષનો પુત્ર યયાતિ પરણ્યો હતો. ૩૨
દનુના પુત્ર વૈશ્વાનરને ચાર મનોહર રૂપવાળી
કન્યાઓ થઇ હતી, તેઓનાં નામ ઉપદાનવી
હયશિરા પુલોમા અને કાલકા હતાં. ૩૩ હે
રાજન ! તેઓમાંથી ઉપદાનવીને હિરણ્યાક્ષ
પરણ્યો હતો હયશિરાને ક્રતુ પરણ્યો હતો
અને પુલોમાને અને કાલકાને પ્રજાપતિ
કશ્યપ બ્રહ્માની આજ્ઞાથી પરણ્યા હતા. તે બે
સ્ત્રીઓથી પૌલોમ અને કાલકેય નામે યુદ્ધ-
કુશળ દાનવો ઉત્પન્ન થયા હતા. ૩૫ તેઓથી
નિવાતકવચ નામે સાઠ હજાર પુત્રો થયા
હતા. તે સર્વ યજ્ઞમા વિઘ્નો કર્યા કરતા પછી
તમારા પિતામહ અર્જુન જ્યારે સ્વર્ગમાં
ગયા ત્યારે તેમણે ઇન્દ્રનં સારૂ લગાડવા પોતે
એકલાએ જ સાઠ હજાર દાનવોનો નાશ કર્યો.
૩૬ વિપ્રચિતિએ સિંહિકા નામે સ્ત્રીથી રાહુને
તથા સો કેતુને ઉત્પન્ન કર્યા હતા જેમાં રાહુ
પછવાડેથી ગ્રહપણાને પામ્યો હતો. ૩૭ હવે
જે વંશમા સાક્ષાત નારાયણ ભગવાન પોતાના
અંશવડે અવતર્યા હતા એવો અદિતિનો
વંશ અનુક્રમે કહું છું. ૩૮ વિવસ્વાન અ-
ર્યમા પૂષા ત્વષ્ટા સવિતા ભગ ધાતા વિધાતા
વરૂણ મિત્ર શક્ર અને ઉરૂક્રમ (વામન) એમ
અદિતિને બાર પુત્રો થયા હતા. ૩૯ તેઓમા

¶ ચદ્રમાને રોહિણી ઉપર અધિક પ્રેમ હોવાથી બીજીઓનો અનાદર કર્યો હતો એ વાત દક્ષના જાણવામા આવ્યાથી ચદ્રમાને શાપ દીધો હતો તથી તેને ક્ષય રોગ લાગુ પડયો હતો.

વિવસ્વાનની ભાગ્યવની સંજ્ઞા નામે સ્ત્રીએ મનુને અને યમ અને યમુના એ એક જીંડવે બે પુત્રોને જન્મ આપ્યો હતો. સંજ્ઞા ઘોડીનું રૂપ લઇને પૃથ્વી ઉપર ગઇ ત્યાં તેણે સૂર્યથી અશ્વિની નામે બે કુમારોને જન્મ આપ્યો ‡ છાયા નામે બીજી સ્ત્રીએ શનૈશ્ચરને સાવર્ણિ નામે મનુને તથા તપતી નામે કન્યાને ઉત્પન્ન કરી. જે કન્યા સંવરણ નામે વરને પરણી હતી. ૪૧ અર્યમાને માતૃકા નામે સ્ત્રી હતા તે બન્નેથી ચર્ષણિ નામે પુત્ર થયો હતો તેઓ દેહાભિમાની હતા તેથી બ્રહ્માએ તેઓને મનુષ્યની જાતિમાં નિયોજ્યા હતા.૪૨ પૂષા સંતાન વિનાનો હતો. પૂર્વે દક્ષ અને શંકરની લડાઇ થઇ ત્યારે પૂષા દક્ષ ઉપર કોપેલા શંકરને દાંત દેખાડીને હસ્યો હતો તેથી તેના દાંત તૂટી પડયા તેથી લોટ ખાઇને રહે છે ૪૩ ત્વષ્ટાને રચના નામની સ્ત્રી હતી જે દૈત્યની નાની બહેન થાય. તે બન્નેને સંનિવેશ તથા પરાક્રમી એવા વિશ્વરૂપ નામે બે પુત્રો થયા હતા. ૪૪ જ્યારે બૃહસ્પતિએ દેવતાઓ તરફથી અપમાન થવાને લીધે દેવતાઓનો ત્યાગ કર્યો ત્યારે વિશ્વરૂપ જો કે શત્રુઓનો દૌહિત્ર થતો હતો તોપણ દેવગણોએ તેને ગુરૂ કર્યો હતો ૪૫

तं वव्रिरे सुरगणा दौहित्रं द्विषतामपि ।
विमतेन परित्यक्ता गुरुणाङ्गिरसेन यत ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेषष्ठस्कंधे
षष्ठोध्यायः

અધ્યાય ૭ મો.†

દેવોનો પુરોહિત વિશ્વરૂપ.

राजोवाच

कस्य हेतोः परित्यक्ता आचार्येणात्मनः सुराः।
एतदाचक्ष्व भगवञ्छिष्याणामक्रमं गुरौ ॥

પરીક્ષિતે પૂછયું કે–હે ભગવન ! આચાર્ય બૃહસ્પતિએ પોતાના શિષ્ય દેવતાઓનો શા માટે ત્યાગ કર્યો અને શિષ્યોએ ગુરૂનો શું અપરાધ કર્યો તે હવે મને કહો.૧

શુકદેવજી કહે છે કે–હે પરીક્ષિત ! એક વાર ત્રણ લોકના અધિકારના મદને લીધે સન્માર્ગને ઉલ્લંઘન કરનાર ઇંદ્રરાજા પોતાની સભામાં સિંહાસન ઉપર બેઠેલા હતા. વાયુ દેવતાઓ વસુઓ રૂદ્રો આદિત્યો ઋભુઓ વિશ્વેદેવતાઓ સાધ્યદેવતાઓ અને અશ્વિનીકુમારો તેમની આસપાસ ઉભા હતા. સિદ્ધ ચારણ ગંધર્વ વેદ ભણનારા મુનિઓ વિદ્યાધરો અપ્સરાઓ કિન્નરો પક્ષીઓ અને સર્પો સેવા કરતાં હતાં અને માગધો મધુર રાગે ગીત ગાતા હતા. ચંદ્રમાના મંડળ જેવું મનોહર શ્વેત છત્ર તેમને માથે ધરેલું હતું, ચક્રવર્તીને ઘટતાં ચામરો અને પંખાઓવડે પવન ઢોળવામાં આવતો હતો. અર્ધાસને ઇંદ્રાણી બેઠા હતાં તેથી ઇન્દ્રની શોભામાં અધિક વધારો થયો હતો.૬ આ સમયે દેવતાઓના ને પોતાના ગુરૂ બૃહસ્પતિ સભામાં આવ્યા, પરંતુ ઇન્દ્રે ઉભા થઇને આસનાદિક આપી તેમનો સત્કાર કર્યો નહિ. ૭ દેવ તથા દાનવોથી વંદના મુનિવર બૃહસ્પતિને સભામાં આવતા જોઇ ઇન્દ્ર આસન ઉપરથી ઉભો થયો નહિ. ૮ અંગિરાના પુત્ર મહાસમર્થ બૃહસ્પતિ મનમાં સમજ્યા કે આને રાજ્ય મદનો વિકાર થવાથી અનમ્ર થયેલો જણાય છે તેથી કશું બોલ્યા વિના ત્યાંથી નીકળીને પોતાને ઘેર ગયા. ૯ ઇન્દ્ર પણ તે વખતે પોતે ગુરૂનો અપરાધ કર્યો એમ જાણીને સભા વચ્ચે પોતાની નિંદા કરતો ૧૦ બોલ્યો કે–અરેરે ! મેં અલ્પ બુદ્ધિવાળાએ મારૂં પોતાનું ભુંડું કર્યું કારણ કે મેં રાજમદને લીધે ગુરૂનો તિરસ્કાર કર્યો. ૧૧ કયો પંડિત ત્રણ લોકના અધિપતિની

‡ સંજ્ઞા સૂર્યનારાયણની પાસે પોતાની છાયા મૂકીને તેમનું તેજ નહિ ખમાવાથી ચાલી ગઇ હતી

† આ અધ્યાયમાં બૃહસ્પતિએ દેવતાઓનો ત્યાગ કર્યો, ત્યારે તેઓએ પુરોહિતની જગા ઉપર વિશ્વરૂપને નીમ્યા અને તે, દેવતાઓનું પુરોહિતપણું કરવા લાગ્યો એ કથા કહેવાશે.

લક્ષ્મીની પણ દરકાર કરે ? જે લક્ષ્મીવડે ઈંદ્ર સરખો હું અસુરપણાને પામ્યો. ૧૨ ‘ ચક્રવર્તીના આસન ઉપર બેસનારા પુરૂષે કોઇની સામે પણ ઉભા થવું જોઇએ નહિ એમ સમજનારા ધર્મની મહત્તાને જાણુતા નથી. પરંતુ તે તો કુમાર્ગ દેખાડનારા છે અને નરકના અધિકારી છે. તે લોકોના વચન ઉપર જેઆ વિશ્વાસ રાખે છે તેઓ પત્થરની નૌકાની પેઠે સંસાર સાગરમાં ડુબી મરે છે. ૧૪ હું હવે આ શાઠયનો ત્યાગ કરીને દેવતાઓના આચાર્ય અને અગાધ બુદ્ધિશાળી બૃહસ્પતિના ચરણમાં મસ્તક મૂકીને પ્રસન્ન કરીશ. ૧૫ આ પ્રમાણે ઇન્દ્ર વિચાર કરતો હતો એટલામાં ભગવાન બૃહસ્પતિ તેમના રાજમહેલમાંથી નીકળી પોતાની માયાવડે અદૃશ્ય થઇ ગયા. ૧૬ ચક્રવર્તી એવા ભગવાન ઇન્દ્રે બૃહસ્પતિની શોધ કરાવી પરંતુ ક્યાંહી તેમનો પત્તો લાગ્યો નહિ. પછી ઈંદ્ર અને દેવતાઓ અપરાધ માટે વિચાર કરવા લાગ્યા પરંતુ તેઓને શાંતિ વળી નહિ. ૧૭ તે સાંભળતા સઘળા અસુરો મદમત્ત થઇને શુક્રાચાર્યના વિચારને અનુસર્યા અને હાથમા શસ્ત્રો લઇ દેવોની સામે લઢવા ચઢી ગયા.૧૮ તે અત્યંત તીખાં બાણોનો મારો ચલાવવા લાગ્યા તેથી દેવતાઓની સાથળો હાથો વગેરે અંગો વિંધાઇ ગયાં. દેવતાઓ ઇન્દ્રને આગળ કરી બ્રહ્માની પાસે ગયા અને મસ્તક નમાવી પગે લાગ્યા. ૧૯ ભગવાન બ્રહ્મા દેવતાઓને દુઃખી થયેલા જોઇ પરમ દયાથી તેમને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૨૦

બ્રહ્મા કહે છે કે–હે દેવતાઓ ! દુઃખની વાત છે કે તમે રાજમદમા અંધ થઇ વેદ જાણુનાર તથા જિતેન્દ્રિય એવા બ્રાહ્મણોનો સત્કાર કરતા નથો. તમે બુદ્ધિવાળા છો છતાં શત્રુઓ તરફથી તમારી હાર થઇ તે તમારા અધર્મનું ફળ છે. ૨૨ હે ઇન્દ્ર ! તારા શત્રુ દૈત્યો ગુરૂનું અપમાન કરવાથી ક્ષીણ થઇ ગયા તે યાદ કર, અને હમણા તેઓ ભક્તિથી શુક્રાચાર્યની સેવા કરીને પાછા વૃદ્ધિ પામ્યા છે તે પણ જો. હમણાં તો શુક્રાચાર્યના શિષ્યો મારા સ્થાનને પણ લઇ લે એવા બળવાન્ થયા છે. ૨૩ ભૃગુ કુળના શિષ્યો કે જેઓનો ગુપ્ત વિચાર કોઇ પણ રીતે જાણી શકાતો નથી જેઓના ઉપર બ્રહ્માણોનો ભગવાનનો અને ગાયોનો અનુગ્રહ હોય તેવા અને તપસ્વી એવા ત્વષ્ટાના પુત્ર વિશ્વરૂપને ગુરૂ કર અને જો. તમે તેનો સત્કાર કરશો અને દૈત્યને માટે તે જે કંઇ પક્ષપાત કરે તેને સહન કરશો તો તે તમારાં કાર્ય કરી આપશે.

શુકદેવજી કહે છે કે–હે પરીક્ષિત રાજા ! બ્રહ્માએ દેવતાઓને આમ કહ્યું તેથી તેઓ નિર્ભય થયા અને ત્વષ્ટાના પુત્ર વિશ્વરૂપ ઋષિની પાસે જઇ તેમને આલિંગન કરી નીચે પ્રમાણે કહેવા લાગ્યા. તમારૂં કલ્યાણ થાઓ. અમે તમારે આશ્રમે અતિથિ થઇ આવ્યા છીએ હે તાત ! તમારે તમારા વડીલોનું સમયોચિત કામ કરવું જોઇએ ૨૭ સુપુત્રો પુત્રવાળા હોય તોપણ તેઓએ પિતાની સેવા કરવી એ તેમનો ધર્મ છે તો બ્રહ્મચારી પુત્રોનો તે પરમ ધર્મ હોય તેમા શું કહવુ ? ૨૮ આચાર્ય બ્રહ્માનું સ્વરૂપ છે પિતા પ્રજાપતિનું સ્વરૂપ છે ભાઇ ઇન્દ્રનુ સ્વરૂપ છે અને માતા સાક્ષાત પૃથ્વીનુ સ્વરૂપ છે. ૨૯ બેન દયાની મૂર્તિ છે અતિથિ ધર્મની મૂર્તિ છે અને સર્વ પ્રાણીઓ પરમાત્માની મૂર્તિ છે.૩૦ હે તાત ! તમારે તમારા વડીલ જનોના શત્રુઓ તરફથી થયેલા તિરસ્કાર રૂપી પીડાને દૂર કરી તેઓની આજ્ઞાને માથે ચઢાવવી જોઇએ.૩૧ તમે વેદ જાણુનાર છો ઉપાધ્યાય અને બ્રાહ્મણ છો તેથી અમે તમને ગુરૂ થવાની માગણી કરીએ છીએ જેથી તમારા તેજવડે અમે પરિશ્રમ વિના શત્રુઓને જીતી શકીએ.૩૨ તમે કહેશો કે મને ગુરૂ કર્યા છતાં હું નાનો છું અને તમે પ્રણામ કરો એમ કહેવું અહિત

નથી કેમકે કાર્ય સિદ્ધ કરવા નાનાના ચરણમાં પ્રણામ કરવા એ મહાપુરૂષો અયોગ્ય સમજતા નથી. હે બ્રાહ્મણ ! વેદોના મંત્રો વિના બીજી બાબતોમાં અવસ્થા મોટાઇનું કારણ ગણાય છે, પરંતુ વેદોના મંત્રોની બાબતોમાં તો મંત્ર આપનારો ગુરૂ મોટો ગણાય છે, પછી તે અવસ્થામાં નાનો હોય તોપણ શું. ૩૩

શુકદેવજી કહે છે કે—હે રાજન ! આ પ્રમાણે દેવતાઓએ મહાતપસ્વી વિશ્વરૂપને પુરોહિત થવાની પ્રાથના કરી એટલે વિશ્વરૂપ પ્રસન્ન થઈ કોમળ વાણીવડે તેઓને કહેવા લાગ્યો કે—હે દેવો ! ધર્મવંત પુરૂષોએ પુરોહિતત્વને ધિક્કારી કાઢેલું છે કારણ કે, તે બ્રહ્મતેજનો નાશ કરનારૂં છે છતાં તમે તે ઇચ્છયું તો તમારી શિક્ષા ગ્રહણ કરવા યોગ્ય મારા જેવો પુરૂષ તે કેમ ના પાડે મહાપુરૂષોનું કહેવું માન્ય રાખવું એ ન્યાય ગણાય છે. ૩૫ વિચાર કરીએ તો શિલ તથા ઉંચ્છ કરવું એ અકિંચન પુરૂષોનું ધન છે અને હું ઘરમાં રહીને તેથી મહાત્મા પુરૂષોનો સત્કાર કરૂં છું માટે હે અધીશ્વરો ! નિંદાપાત્ર ગણાતું અને જેનાથી દુષ્ટ બુદ્ધિવાળો મનુષ્ય પ્રસન્ન થાય એવું પુરોહિતત્વ હું કેમ કરૂં ? છતા હું તમને ના પાડતો નથી કારણ કે, તમે વડીલોએ તે માગ્યું છે ? હું તમારી માગણી મારા પ્રાણોથી અને ધનથી પૂર્ણ કરીશ. ૩૭

શુકદેવજી કહે છે કે—મહાતપસ્વી વિશ્વરૂપ તેમનું પુરોહિતપણું કરવાની પ્રતિજ્ઞા કરીને મોટો ઉદ્યમ કરવા લાગ્યો. ૩૮ સમર્થ એવા વિશ્વરૂપે શુક્રાચાર્યની વિદ્યાથી રક્ષાયેલી દૈત્યોની લક્ષ્મી શ્રીનારાયણ કવચ નામે વૈષ્ણવ વિદ્યાવડે પાછી લઈને મહેન્દ્રને આપી. ૩૯ ઉદાર બુધ્ધિવાળા વિશ્વરૂપે મહેન્દ્રને એવી વૈષ્ણવી વિદ્યા આપી કે જે વિદ્યાથી રક્ષાયેલા સમર્થ ઈન્દ્રે અસુરની સેનાનો પછી પરાજય કર્યો. ૪૦

यया गुप्तः सहस्राक्षो जिग्येऽसुरच[illegible]विभुः ।
तां प्राह स [illegible] विश्वरूप उदारधीः ॥
इतिश्रीमद्भागवतेमहा[illegible]षष्ठस्कंधे
सप्तमोऽध्यायः

અધ્યાય ૮ મો.*

વિશ્વરૂપ કથિત નારાયણ કવચ.

राजोवाच.

यया गुप्तः सहस्राक्षः सवाहान्रि[illegible]सनिकान् ।
क्रीडन्निव विनिर्जित्य त्रिलो[illegible] बुभुजे श्रियम्

પરીક્ષિત રાજાએ પૂછયુ કે—હે મહારાજ ! જે કવચથી રક્ષાયેલા ઈન્દ્રે વાહનો સહિત શત્રુના સૈનિકોને રમતની માફક હરાવીને ત્રણ લોકની લક્ષ્મીને હરી લીધી તે નારાયણ કવચ મને સંભળાવો. જેનાથી રક્ષાયેલા ઇદ્રે આતતાયી શત્રુઓને રણમાં જે પ્રમાણે હરાવ્યા હોય તે પણ વળી મને કહો.

શુકદેવજી કહે છે કે—પુરોહિત ઠરાવેલા ત્વષ્ટાના પુત્ર વિશ્વરૂપે ઇન્દ્રના પ્રશ્ન ઉપરથી તેને જે નારાયણ કવચ સંભળાવ્યું તે તમે એક મન થઈને સાંભળો વિશ્વરૂપ કહે છે કે—જ્યારે કોઇ માણસને ભયનો સમય આવ્યો હોય ત્યારે તેણે હાથ પગ ધોઇ આચમન કરી પવિત્રી ધારણ કરી ઉત્તર દિશા તરફ મુખ રાખી અષ્ટાક્ષર અને દ્વાદશાક્ષર મંત્રથી અંગન્યાસ કરી વાણીને નિયમમાં રાખી પવિત્રતાથી નારાયણ કવચ કરવું. ' ॐ नमो नारायणाय ' એ અષ્ટાક્ષર મંત્રના ૐકારાદિ અક્ષરોનો અનુક્રમે બે પગ બે ઘુટણ બે સાથળ પેટ હૃદય વક્ષસ્થળ મુખ તથા મસ્તક એ આઠ અંગમાં અક્ષરાનુક્રમે ન્યાસ કરવો, અથવા તો અવળા અનુક્રમે એટલે 'ય'થી માંડીને એક એક અક્ષરનો મસ્તકાદિક અંગોમાં ન્યાસ કરવો. ૬ પછી ' ॐनमो भगवते

* આ અધ્યાયમાં વિશ્વરૂપે ઈન્દ્રને નારાયણ કવચ કહ્યું જેથી રક્ષાયેલા ઈન્દ્રે દૈત્યોને હરાવ્યા એ કથા કહેલી છે.

વાસુદેવાય ' એ દ્વાદશાક્ષર મંત્રવડે આગળીઓમાં અને અંગુઠાના પર્વોમા ન્યાસ કરવો. મંત્રના પ્રત્યેક અક્ષરને ૐકારથી સંપુટ કરી જમણા હાથની તર્જનીથી ડાબા હાથની તર્જની સુધી આઠ આગળીઓમાં આઠ અક્ષરનો ન્યાસ કરવો અને બે અંગુઠાના ઉપરના બે પર્વમાં તથા નીચેના બે પર્વમા બાકીના ચાર અક્ષરનો ન્યાસ કરવો ૭ ૐ વિષ્ણવે નમઃ ' એ મંત્રથી અંગન્યાસ કરવો ૐકારનો હૃદયમા ન્યાસ કરવો વિકારનો મસ્તકમાં ષકારનો ભ્રકુટી વચ્ચે ણકારનો શિખામાં વેકારનો નેત્રોમાં નકારનો સર્વ સંધિઓમાં અને મકારનો ' મઃ અસ્ત્રાયફટ્' એમ કહીને સર્વ દિશાઓમાં ન્યાસ કરી દિગ્બંધન કરવું આ પ્રમાણે મંત્રવેત્તા પુરૂષે મંત્રમૂર્ત્તિ થયા પછી ધ્યાન કરવા યોગ્ય છ શક્તિઓવાળા વિદ્યા તેજ અને તપ સ્વરૂપ એવા પરમાત્માનું ધ્યાન ધરી નીચે પ્રમાણે નારાયણ કવચનો પાઠ કરવો ૧૨

ગરૂડની પીઠ ઉપર ચરણ કમળને ધારણ કરનાર આઠ સિદ્ધિઓવાળા આઠ બાહુવાળા અને તેમાં શંખ ચક્ર ઢાલ તરવાર ગદા બાણ ધનુષ અને પાશને ધારણ કરનાર શ્રી હરિ મારી સર્વ પ્રકારે રક્ષા કરો ૧૨ જળમા મત્સ્યાવતારધારી ભગવાન જળજંતુ રૂપ વરૂણના પાશથી મારી રક્ષા કરો માયવડે બટુક બનેલા વામનજી સ્થળમા મારી રક્ષા કરો. આખા વિશ્વરૂપ ત્રિવિક્રમ ભગવાન આકાશમાં મારી રક્ષા કરો. ૧૩ અસુરના મોટા મોટા અધિપતિઓના શત્રુ ભગવાન નૃસિંહ સંકટહારક રણવગડાઓમાં અને સંગ્રામ વગેરેમાં મારી રક્ષા કરો ૧૪ પોતાની દાઢવડે પાતાળમાંથી પૃથ્વીનો ઉદ્ધાર કરનાર ભગવાન યમમૂર્ત્તિ વરાહ માર્ગમાં મારી રક્ષા કરો. પરશુરામ પર્વતોના શિખરો ઉપર મારી રક્ષા કરો, અને ભરતના વડા ભાઇ શ્રીરામ તથા લક્ષ્મણ પ્રવાસમાં મારી રક્ષા કરો, ૧૫ અભિચાર વગેરે સર્વ ઉગ્ર ધર્મથી અને પ્રમાદથી નારાયણ ભગવાન મારી રક્ષા કરો નર ભગવાન ગર્વથી યોગના સ્વામી દત્તાત્રય યોગના વિનાશથી ગુણના સ્વામી કપિલદેવ કર્મનાં બંધનથી સનત્કુમાર કામદેવથી હયગ્રીવ ભગવાન દેવતાઓને પ્રણામ ન કરવા રૂપી અપરાધમાંથી દેવર્ષિઓમાં મુખ્ય નારદ ભગવાનની પૂજામાં જે કઇ વિઘ્ન નડે તેમાંથી અને કચ્છપાવતારી શ્રીહરિ સર્વ પ્રકારના નરકમાંથી મારી રક્ષા કરો ૧૭ ભગવાન ધન્વંતરી કુપથ્યમાંથી જિતેન્દ્રિય ભગવાન ઋષભદેવ કામક્રોધાદિકના ભયમાથી યજ્ઞાવતારી ભગવાન લોકાપવાદથી બળભદ્ર મનુષ્ય તરફથી થનારા ઉપદ્રવોમાંથી અને શેષનાગ ક્રોધવશ નામના સર્પગણોથી મારી રક્ષા કરો. ૧૮ ભગવાન વેદવ્યાસ અજ્ઞાનથી ભગવાન બુદ્ધ પ્રમાદવાળાં પાખંડીઓના ટોળાથી ધર્મની રક્ષા કરવા માટે અવતાર લેનાર ભગવાન કલ્કિ કાળના મળ રૂપ કલિયુગથી કેશવ ભગવાન પ્રભાતમાં ગદાવડે મારી રક્ષા કરો બંસી ધારણ કરનાર ભગવાન ગોવિંદ *સંગવકાળમાં સાંગને ધારણ કરનારા ભગવાન પૂર્વાહ્ણ કાળમાં ચક્રધારી ભગવાન વિષ્ણુ મધ્યાહ્ન કાળમાં, ૨૦ ઉગ્ર ધનુધારી મધુ દૈત્યને મારનાર ભગવાન અપરાહ્ણ કાળમાં બ્રહ્મા વિષ્ણુ અને રૂદ્ર એ ત્રણ મૂર્ત્તિવાળા ભગવાન માધવ સાયંકાળમા ઈંદ્રયોના સ્વામી ભગવાન પ્રદોષ કાળમા પદ્મનાભ ભગવાન એકલા જ અર્ધ રાત્રિ સુધી મારી રક્ષા કરો. ૨૧ શ્રીવત્સનું જેને ચિહ્ન છે એવા ભગવાન પાછલી રાત્રે તરવારધારી ભગવાન જનાર્દન મળસકામાં દામોદર ભગવાન પ્રભાતમાં અને કાળમૂર્ત્તિ ભગવાન વિશ્વેશ્વર સર્વ સંધિઓમાં મારી રક્ષા કરો ૨૨ હે પ્રલય સમયના અગ્નિ જેવી

* સવારનો ત્રણ મુહૂર્ત જેટલો જે કાળને સંગવકાળ કહેવાય છે.

તીક્ષ્ણ ધારવાળા ભગવાને મૂકેલા ચક્ર ! તું ચારે તરફ ફરીને વાયુ સહિત અગ્નિ જેમ ઘાસની ગંજીને બાળી નાખે તેમ શત્રુના સૈન્યને બાળી નાંખ. ૨૩ હે વજ્રના જેવા તીક્ષ્ણ સ્પર્શવાળા તણખાઓથી ભરેલી ગદા ! તું ભગવાનને પ્રિય છે તું કુષ્માંડ ભૈરવ યક્ષ રાક્ષસ ભૂત અને ગ્રહોનો ભુકો કરી નાંખ, તેમજ શત્રુઓના ચુરેચુરા કરી નાંખ. ૨૪ હે પાંચજન્ય શંખ ! મહામતિ શ્રીકૃષ્ણ ભગવાને ફુંકવાથી મહા ભયંકર શબ્દ કરનારો તુ ભયંકર શબ્દોથી શત્રુઓનાં હૃદયોને કંપાવતો રાક્ષસો પ્રમથો પ્રેતગણ માતૃકાગણ પિશાચ બ્રહ્મરાક્ષસ અને બીજા ઘોર દૃષ્ટિવાળાઓને નસાડી મૂક.૨૫ હે ઉતારેલી ધાર વાળી તરવાર ! તું ભગવાનના હસ્તદ્વારા પ્રેરાઇ મારા શત્રુઓના સૈન્યને કાપી નાખ. હે ચંદ્રના જેવી સો ફુદડીવાળી ઢાલ ! તું પાપી શત્રુઓની આખોને ઢાંકી દે અને દુષ્ટ નેત્રવાળાઓની પાપી દૃષ્ટિને હરી લે. ૨૬ અમને ગ્રહોથી કેતુઓથી મનુષ્યોથી સર્પોથી દાઢવાળાં પશુઓથી અને પાપોથી જે ભય ઉપજે છે તે સર્વે તથા જેઓ અમારા સુખમાં વિઘ્ન કરનાર છે, તે સર્વે ભગવાનના નામ રૂપી અસ્ત્રના કીર્તનથી તત્કાળ નાશ પામો. બૃહદ્રથંતર વગેરે સામન સ્તોત્રોથી સ્તુતિ કરાતા વેદમય અને સમર્થ એવા ગરૂડ ભગવાન સર્વ સંકટોમાંથી મારી રક્ષા કરો. વિશ્વકસેન ભગવાન પોતાના નામોથી સર્વ સંકટોમાંથી મારી રક્ષા કરો. ૨૯ શ્રીહરિના નામ રૂપ અને નાના પ્રકારનાં આયુધો સર્વ આપત્તિઓમાંથી અમારી રક્ષા કરો, ભગવાનના મુખ્ય પાર્ષદો મારી બુદ્ધિ ઇંદ્રિયો મન અને પ્રાણોની રક્ષા કરો.૩૦ આ સાકાર નિરાકાર જે કંઇ જગત છે તે સર્વ ખરેખર ભગવાનનું સ્થૂલ સ્વરૂપ છે એ સત્ય વાર્તાથી મારા સર્વ ઉપદ્રવો નાશ પામો ૩૧ ભગવાન પોતે અભેદ દૃષ્ટિવાળા મનુષ્યોને ભેદ રહિત જોવામાં આવે છે તોપણ તે પોતાની માયાવડે આભૂષણો આયુધો અને ચિહ્ન નામની શક્તિઓને ધારણ કરે છે. ૩૨ તે સત્ય પ્રમાણવડે સર્વજ્ઞ અને વ્યાપક ભગવાન શ્રીહરિ સર્વ પ્રકારના રૂપવડે સર્વત્ર અમારી રક્ષા કરો. ૩૩ નૃસિંહના નામની ગર્જનાથી લોકોના ભયનો નાશ કરનાર અને પોતાના પ્રભાવથી દિગ્ગજ ઝેર શસ્ત્ર પાણી વાયુ અગ્નિ વગેરેના પ્રભાવને મંદ કરનાર ભગવાન પ્રહ્લાદ દિશાઓમાં ખુણાઓમાં ઉંચે નીચે અંદર બહાર અને ચારે દિશાએ મારી રક્ષા કરો. ૩૪

વિશ્વરૂપ કહે છે કે—હે ઇન્દ્ર ! આ નારાયણ કવચ તમારી આગળ કહ્યુ, જે ધારણ કરવાથી તમે શ્રમ વિના અસુરોના અધિપતિઓને જીતશો. ૩૫ નારાયણ કવચને ધારણ કરનારો મનુષ્ય નેત્રથી જેની ભણી જુવે અથવા ચરણવડે જેને અડકે તે ભયમાથી છુટે છે ૩૬ નારાયણ કવચની વિદ્યાને ભણનાર પુરૂષને કોઇ દિવસ રાજાઓ તરફથી ચોર તરફથી ગ્રહાદિક તરફથી વ્યાઘ્ર આદિકે તરફથી અને બીજા કોઈ તરફથી ભય રહેતો નથી. ૩૭ પૂર્વે કોઈ એક કૌશિક ગોત્રના બ્રાહ્મણે આ વિદ્યા સિદ્ધ કરી હતી અને તેણે યોગ ધારણાથી નિર્જળ દેશમાં પોતાના દેહનો ત્યાગ કર્યો હતો. ૩૮ એકવાર ગંધર્વોનો રાજા ચિત્રરથ વિમાનમાં બેસીને આકાશ માર્ગે ફરતો ફરતો જ્યાં પેલો બ્રાહ્મણ મરી ગયો હતો તે સ્થાન ઉપર ગયો કે તરત વિમાન સાથે ઉંધે માથે નીચે પડયો. પછી તેના પૂછવાથી વાલખિલ્ય ઋષિઓ વિશ્વરૂપની વાત કહી તે ઉપરથી તેણે તેનાં હાડકાંને લઇને પ્રાચી સરસ્વતીમાં નાંખ્યાં અને તેમાં સ્નાન કરી મનમાં આશ્ચર્ય પામી પોતાના લોકમાં ગયો. ૪૯

શુકદેવજી કહે છે કે—હે પરીક્ષિત રાજન ! જે મનુષ્ય શ્રદ્ધા પૂર્વક આ નારાયણ કવચને

સાંભળે છે અથવા કંઠે કરે છે તેને સર્વ પ્રાણીઓ નમે છે અને તે સર્વ ભયમાંથી મુક્ત થાય છે. ૪૧ ઇન્દ્રે વિશ્વરૂપ પાસેથી આ નારાયણ કવચ ભણી રણમા અસુરોને જીતી લઇ ત્રણ લોકની રાજલક્ષ્મી ભોગવી હતી. ૪૨

एतां विद्यामधिगतो विश्वरूपाच्छतक्रतुः।
त्रैलोक्यलक्ष्मीं बुभुजे विनिर्जित्य मृधेऽसुरान्॥
इतिश्रीमद्भागवतेमहापुराणेषष्ठस्कंधे
अष्टमोध्यायः

અધ્યાય ૯ મો.¶

વૃત્રાસુરની ઉત્પત્તિ.

શ્રીશુક ઉવાચ.

तस्यासन्विश्वरूपस्य शिरांसि त्रीणि भारत।
सोमपीथं सुरापीथमन्नादमिति शुश्रुम॥ १॥

શુકદેવજી કહે છે કે–હે પરીક્ષિત રાજા! વિશ્વરૂપને ત્રણ માથાં હતાં. તેમાં એક સોમ પાન કરનારૂં બીજુ સુરાપાન કરનારૂ અને ત્રીજું અન્ન ખાનારૂં હતું એવું અમે સાંભળેલું છે. ૧ વિશ્વરૂપ કે જેના વડીલો દેવતાઓ હતા તેઓને યજ્ઞમા ભાગ આપવા માટે તે વિનય પૂર્વક તેમના મંત્રો ઉચા સ્વરથી બોલતો. ૨ તેનું મોસાળ દૈત્યપક્ષમા હતું તેથી યજમાન એવો તે માતાના સ્નેહને આધીન થઇ છાની રાતે દૈત્યોને યજ્ઞ ભાગ આપતો.૩ આ પ્રમાણે તેનુ ધર્મકાર્યમાં કપટ અને દેવતાઓનુ અપમાન થતુ જોઈને ઇન્દ્ર ભયભીત થયો અને તેણે ક્રોધથી તેનાં મસ્તકો છેદી નાખ્યા ૪ પછી તેના સોમપાન કરનારા માથામાથી કપિંજલ પક્ષી ઉત્પન્ન થયું સુરાપાન કરનારા માથામાથી કલવિંક પક્ષી થયું અને અન્ન ખાનારૂં જે મસ્તક હતું તેમાંથી તેતર પક્ષીઓ ઉત્પન્ન થયાં ૫ ઇન્દ્ર પોતે જો કે બ્રહ્મહત્યા મટાડવા શકિતમાન હતા તોપણ તેણે બે હાથ જોડી એક વર્ષ સુધી બ્રહ્મહત્યાને ચાર પ્રકારે પૃથ્વી પાણી વૃક્ષ અને સ્ત્રીઓને વહેંચી આપી.૬ પૃથ્વીએ મારામાં જે ખાડો પડે તે પોતાની મેળે જ પુરાઇ જાય એવા ઠરાવથી બ્રહ્મહત્યાનો ચોથો ભાગ લીધો. પૃથ્વીમાં જેટલી ખારાટ વાળી જમીન છે તે બ્રહ્મહત્યાનું સ્વરૂપ દેખાય છે. વૃક્ષોએ અમને કાપ્યા છતાં અમે પાછાં ઉગીએ એવા ઠરાવથી બ્રહ્મહત્યાનો ચોથો ભાગ લીધો, વૃક્ષોમાં જે ગુંદર હોય છે તે બ્રહ્મહત્યાનું સ્વરૂપ છે. ૮ ચોથો ભાગ સ્ત્રીઓએ લીધો તે પણ એ ઠરાવથી લીધો કે આજનન સંગે કરીને પણ ઉદરસ્થ ગર્ભને હાનિ પહોંચે નહિ, મહિને મહિને સ્ત્રીઓને રજોદર્શન થાય છે ત બ્રહ્મહત્યાનુ સ્વરૂપ છે ચોથો ભાગ પાણીએ ગ્રહણ કર્યો તે એવી શરતે કે અમોને કુવા વગેરેમાથી ઉલેચ્યા છતાં અમે જેટલાંને તેટલા જ રહીએ. જળમાં પરપોટા તથા ફીણ દેખાય છે તે બ્રહ્મહત્યાનુ સ્વરૂપ છે જે પાણીમાંથી પરપોટા તથા ફીણને બહાર કાઢી નાંખે છે તે બ્રહ્મહત્યાનું પાપ કાઢે છે એમ જાણવું. તે પછી ત્વષ્ટાદેવે પોતાનો પુત્ર મરી ગયાથી ઇન્દ્રનો શત્રુ ઉત્પન્ન કરવા માટે તું વૃદ્ધિ પામ અને શત્રુનો ઝટ નાશ કર એવા અર્થ વાળો મંત્ર બોલી અગ્નિમાં હોમ કર્યો ૧૧ તેના પ્રભાવને લીધે પ્રલય સમયે જેમ લોકોનો નાશ થાય છે તેમ દક્ષિણાગ્નિમાંથી એક ભયંકર રૂપવાળો પુરૂષ ઉભો થયો. ૧૨ તે પુરૂષે ફેંકેલું એક બાણ જેટલા હાથ દૂર જાય તેટલો રોજ રોજ ચારે તરફથી વધવા લાગ્યો. તેના શરીરનો વર્ણ બળી ગયેલા પર્વતના જેવો શ્યામ હતો. તેનું તેજ સંધ્યાકાળનાં અનેક વાદળાં જેવું ભુંખરૂં હતું. મુંછો અને ચોટલીની લટો તપ્ત ત્રાંબા જેવી હતી. આંખો મધ્યાહ્ન કાળના સૂર્ય જેવી હતી. ૧૪ તેણે અત્યંત પ્રકાશમાન ત્રણ ફળના ત્રિશૂળમાં આકાશ અને પૃથ્વીને

¶ આ અધ્યાયમા ઇન્દ્રે વિશ્વરૂપનો નાશ કર્યો ત્યારે ત્વષ્ટાએ વૃત્રાસુરને ઉત્પન્ન કર્યો અને તેનાથી દેવતાઓએ ભયભીત થઇ શ્રી હરિની સ્તુતિ કરી તે કથા કહેવાશે

પરોવ્યાં હોય એવો તે દેખાતો હતો. તે નૃત્ય કરતો ગર્જના કરતો અને ભારે પગવડે ધર ણીને ધ્રુજાવતો હતો. ૧૫ ગુફાના જેવા ભયંકર અને દાઢવાળાં મુખવડે વારંવાર બગાસાં ખાતો હતો. જાણે મુખથી આકાશને પીતો હોય જીભથી નક્ષત્રોને ચાટતો હોય અને ત્રણ ભુવનને પી જતો હોય એવો તે દેખાતો હતો. એવા અસુરને જોઈ ભયભીત થયેલા લોકો દશે દિશાએ નાસવા લાગ્યા. ૧૭ ત્વષ્ટાના પુત્ર રૂપી ગાઢ અંધારાએ સર્વ લોકોને ઢાંકી દીધા તેથી તે પાપી અને પરમ દારૂણનું વૃત્ર એવું નામ પડયું. ૧૮ સર્વે મોટા દેવતાઓ પોતપોતાના ગણો સાથે પોતપોતાનાં શસ્ત્ર અને અસ્ત્રોના સમૂહથી તેના ઉપર ચઢી જઈ તેને મારવા લાગ્યા. વૃત્રાસુર તે સર્વ શસ્ત્રોને અને અસ્ત્રોને ગળી ગયો. ૧૯ પછી મનમાં વિસ્મય પામેલા ખિન્ન થયેલા અને નિસ્તેજ થયેલા દેવતાઓ એકાગ્ર ચિત્તે અંતર્યામી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા

દેવતાઓ સ્તુતિ કરે છે કે-વાયુ આકાશ અગ્નિ જળ પૃથ્વી ત્રણ લોક બ્રહ્માદિક દેવ અને અમે ભય પામીને જેની આજ્ઞા પ્રમાણે કર્મ કરીએ છીએ અને કાળ પણ જેનાથી ડરે છે એવા દયાળુ પરમેશ્વર અમારી રક્ષા કરો. ૨૧ અહંકાર રહિત શાંત સ્વસ્વરૂપના લાભથી પૂર્ણ કામનાવાળા અને ઉપાધિ રહિત એવા પરમેશ્વરને છોડીને જે બીજાનો આશ્રય કરે છે તે મૂઢ પુરૂષ કુતરાની પૂછડી પકડીને સાગરને તરવાની ઇચ્છા કરનાર જેવો છે ૨૨ સત્યવ્રત નામના મનુ જેનાં મોટા શિંગડાંમાં પૃથ્વી રૂપી નૌકા બાંધીને ઘટતી રીતે સંકટને તરી ગયા હતા તેજ મત્સ્યાવતારી ભગવાન અમને આશ્રિતોને વૃત્રાસુરના દુઃખમાંથી છોડાવો ૨૩ પ્રલય સમયે પવનના સખત ઝપાટાઓથી ઉછળતા મોઝાના શબ્દો વડે પ્રલય પયોધિનુ જળ ભયંકર થઈ ગયું અને તે જળમાં કમળ ઉપરથી બ્રહ્મા પડી ગયા. તે એકલા હતા તોપણ જેમની સહાયતાથી સંકટ તરી ગયા તે ભગવાન સંકટમાંથી અમને તારો. ૨૪ જેમણે પોતાની માયાથી અમને ઉત્પન્ન કર્યા અને અમે જેમના અનુગ્રહથી જગતને સરજીએ છીએ તે ભગવાન અમારાથી પૂર્વે અંતર્યામીપણાથી કાર્ય કરે છે તોપણ જુદા જુદા સ્વામીપણાનું અભિમાન ધરાવનાર અમે તેમના સ્વરૂપને જાણતા નથી. ૨૫ જે ભગવાન પોતે નિત્ય છતાં યુગે યુગે દેવતાઓ ઋષિ પશુ પક્ષી અને મનુષ્યોમાં પોતાની માયાવડે નાના પ્રકારના અવતારો ધારણ કરીને શત્રુઓથી અત્યંત પીડા પામતા અમોને પોતાનાં પ્રાણી ગણીને રક્ષા કરે છે. ૨૬ તે આત્મારૂપ દેવરૂપ સર્વ સ્વરૂપ સર્વથી જુદા સર્વમાં કારણરૂપ પ્રકૃતિ અને પુરૂષરૂપ તથા શરણાગત વત્સલ ભગવાનને અમે સર્વે શરણે જઇએ છીએ. તે મહાત્મા અમારૂં ભક્તજનોનું સર્વ વાતે કલ્યાણ કરો. ૨૭

શુકદેવજી કહે છે કે-હે રાજન! આ પ્રમાણે સ્તુતિ કરતા દેવતાઓને પ્રથમ શંખ ચક્ર ગદા અને પદ્મ ધારણ કરનાર ભગવાને પોતાનાં દર્શન આપ્યાં અને પછી પશ્ચિમ દિશામાં પ્રગટ થયા. ૨૮ શ્રીવત્સ અને કૌસ્તુભમણિ વિના બીજાં સર્વ ચિહ્નો ભગવાનના જેવાં જ ધારણ કરનાર સુનંદ આદિ સોળ પાર્ષદો ભગવાનની ચારે તરફથી સેવા કરતા હતા. શ્રી ભગવાનનાં નેત્રો શરદ ઋતુના ખીલેલા કમળની પાંખડીઓ જેવાં હતાં.૨૮ હે રાજા! ભગવાનનાં દર્શન કરી તેના આનંદમાં વિહ્વળ થઇ અમે પૃથ્વી ઉપર દંડની પેઠે પડીએ વારંવાર પ્રણામ કરવા લાગ્યા. પછી ધીરે ધીરે ઉભા થઇ આ રીતે તેમની સ્તુતિ કરવા લાગ્યા.

દેવતાઓ સ્તુતિ કરે છે-હે ભગવાન! યજ્ઞ જેમનું સામર્થ્ય છે એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ. કાળરૂપ એવા આપને નમસ્કાર છે. દૈત્યોના ઉપર ચક્રનો પ્રહાર

કરનારા આપને નમસ્કાર છે.સુંદર નામવાળા આપને નમસ્કાર છે. ૩૧ હે ઈશ્વર ! તમે ત્રણ ગુણના નિયંતા છો. સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલો પ્રાકૃત મનુષ્ય તમારા ત્રણ ગુણથી પર અને નિર્ગુણ સ્વરૂપને જાણવાને સમર્થ થતો નથી. ૩૨ હે ભગવન ! હે વાસુદેવ ! હે આદિ પુરૂષ ! હે પરમ મંગળ ! હે પરમ કારૂણિક ! હે સર્વેશ્વર ! પરમહંસ સંન્યાસીઓ ઉત્તમ એવા અષ્ટાંગ યોગવડે મનને એકાગ્ર કરી આપના ભજનનો અભ્યાસ કરે છે તેથી તેમના ચિત્તનાં ગાઢ અજ્ઞાન રૂપી બારણાં ઉઘડી જાય છે અને સ્વસ્વરૂપનો તેમને સાક્ષાત્કાર થાય છે તેમને પોતાની મેળે જે સ્વસ્વરૂપના સુખનો અનુભવ થાય છે તે સુખના અનુભવરૂપી આપ છો તેથી આપને અમે નમસ્કાર કરીએ છીએ. ૩૩ તમારી આ લીલાનો પ્રકાશ જાણી શકાય નહિ એવો છે કારણ કે આધાર રહિત શરીર રહિત અને ગુણ રહિત આપ અમારી સહાયતાથી ગરજ વગર નિર્વિકાર સ્વરૂપવડે આ સગુણ વિશ્વને સૃજો છો પાળો છો અને સંહાર કરો છો. ૩૪ પ્રાકૃત પુરૂષ જેમ ઘર વગેરે બાંધી તેમા રહીને કરેલા શુભ—અશુભ કર્મના ફળ ભોગવે છે તેમ બ્રહ્મ સ્વરૂપ એવા આપ જીવ રૂપે સંસારમાં અવતાર લઇ ત્યાં કરેલા શુભાશુભ કર્મના ફળ ભોગવો છો કે આત્મારામ ઉપશમશીલ અને અખંડ ચૈતન્ય રૂપ આપ સાક્ષી રૂપ રહો છો તે કંઇ અમે જાણી શકતા નથી. ૩૫ અપાર ગુણગણવાળા આપ ભગવાનની ઉપર કહેલી બને વાત એક બીજાથી વિરૂદ્ધ પડતી નથી. આપ સ્વતંત્ર છો આપનુ માહાત્મ્ય વિચાર કરતાં પણ જણાય નહિ તેવુ છે અને પરમાત્માના સ્વરૂપને નહિ દર્શાવનારા અર્વાચીન તર્ક વિતર્ક અને વિચાર મિથ્યા પ્રમાણો અને કુતર્કોથી ભરેલાં શાસ્ત્રોવડે મલિન થયેલા અંતઃકરણમા વાસ કરી રહેલા દુરાગ્રહને લીધે વાદ કરનારા લોકોના વિવાદના વિષયરૂપ આપ નથી.વિવાદ તમારા ખરા સ્વરૂપને જણાવી શકતો નથી. કોઇ કહે છે કે, આમ કહેવું એ તો શ્રદ્ધા માત્ર છે. આપ ઇશ્વર સંસાર રહિત કેવળ આત્મસ્વરૂપ જ છો તેમાં વિદ્વાનો માયાને લાવીને વિચાર કરે છે તેથી કયી વસ્તુ ન બની શકે એવી છે? અર્થાત કર્તૃત્વાદિક સર્વ સંભવે છે અને તે પ્રમાણે કર્તૃત્વાદિક છતાં આપને વિષે વિરોધ આવતો નથી કારણ કે આપનું સ્વરૂપ એક જ છે અને આપ અદ્વૈત સનાતન મૂર્ત્તિ છો. ૩૬ હે પ્રભો જુદા જુદા જોનારાઓને દોરીનો કકડો સર્પ વગેરે જુદા જુદા આકારનો દેખાય છે તેમ સમબુદ્ધિવાળા લોકો તમને અનુગ્રહ કરનાર માને છે. ૩૭ વિષમ બુદ્ધિવાળા લોકો તમને નિગ્રહ કરનાર માને છે.

આ પ્રમાણે અનેક રૂપે ભાસતા તમે એકજ છો સર્વ વસ્તુઓમાં સત્સ્વરૂપે રહેલા છો સર્વના ઇશ્વર છો સર્વ જગતના કારણના પણ કારણ રૂપ છો અને સર્વના અંતર્યામીપણાને લીધે ષટ્ વિષયોને પ્રકાશ કરનાર છો તેથી જાણવામા આવો છો અને શ્રુતિઓ 'नेति नेति' કરીને છેવટે એક આપને જ બાકી રાખે છે. ૩૮ આપના મહિમા રૂપી અમૃત રસના સમુદ્રના બિંદુને એકવાર ચાખવાથી જેમના મનમા અખંડ સુખ સ્ફુર્યા કરે છે અને તેથી જેઓ આ લોકનું અને પર લોકનું અલ્પ અને તુચ્છ વિષયસુખ વિસરી ગયેલા છે ને જેઓ સ્વાર્થ કુશળ છે અને જેમનાં મન નિરંતર સર્વ પ્રાણીઓના પ્રિય અને મિત્ર છે. સર્વના આત્મારૂપ આપને વિષે રહેવાથી અત્યંત નિવૃત્તિ સુખને પામેલા છે એવા અમે આપને જ પોતાના પ્રિય બંધુઓ માનનારા એકાંતિક ભક્તજનો છીએ. હે મધુસૂદન ! આપના ચરણારવિંદની સેવાને કેમ છોડીએ ? કારણ કે જે સેવા કરવાથી આ સંસારમાં ફેરો પડતો નથી. ૩૯ હે ત્રણ લોકના આત્મા ! હે ત્રિવિક્રમ !

હે દુષ્ટને દંડ દેનાર ! દૈત્ય અને દાનવો જો કે આપની જ વિભૂતિઓ છે તથાપિ તેઓને ઉદ્યમ કરવાનો આ સમય નથી એમ ધારી તમે પોતાની માયાથી સુર નર પશુ મિશ્ર જાતિ અને જળચરોમાં અવતાર લઇને પૂર્વે અપરાધીઓને શિક્ષા કરેલી છે એવી રીતે હે ભગવન ! હમણાં તમારી ઇચ્છા હોય તો આપ આ વૃત્રાસુરનો પણ નાશ કરો. ૪૦ હે પિતામહ ! અમે તમારા છીએ તમને પ્રણામ કરીએ છીએ અને અમારા હૃદયમાં તમારા ચરણકમળના ધ્યાનથી ભક્તિરૂપી સાંકળ દૃઢ બંધાઇ ગયેલી છે. આપે પોતાનુ સ્વરૂપ પ્રગટ કરી અમને અંગીકાર કરેલા છે. અમારા અંતઃકરણના તાપને દયાવડે અનુરાગવાળાં સ્વચ્છ સુંદર હાસ્યથી તથા મુખમાંથી નીકળતી મધુર રસથી ભરેલી વાણીરૂપ અમૃતકળાથી સમાવવાને આપજ યોગ્ય છો. હે ભગવન ! આપ કે જે સર્વ જગતની ઉત્પત્તિ સ્થિતિ ને પ્રલયમાં નિમિત્ત રૂપ દિવ્ય માયાવડે વિનોદ કરો છો અને સર્વના ઉપાદાન કારણરૂપ હોવાથી સર્વ જીવ સમુદાયોના અંતઃકરણમાં બ્રહ્મ સ્વરૂપથી ને અંતર્યામી સ્વરૂપથી બહારના ભાગમાં પ્રધાન રૂપથી દેશ કાળ તથા દેહની અવસ્થાઓનો અનુભવ કરનાર છો. બુદ્ધિ વગેરે સર્વ પદાર્થોના સાક્ષી છો નિરાકાર છો સાક્ષાત પરબ્રહ્મ અને પરમાત્મા છો. તણખા વગેરે જેમ પૂર્ણ અગ્નિને કોઇ પણ કાર્ય જણાવવા યોગ્ય નથી તેમ અમે પણ તમારી આગળ કંઇ જણાવવાને યોગ્ય નથી. ૪૨ અમે કે જેઓ સંસારનાં અનેક દુઃખોને દૂર કરનારી આપ પરમ ગુરૂ ભગવાનના ચરણકમળની છાયાને આશ્રયે જે કામનાઓ માટે આવ્યા છીએ તે કામનાને આપ પરિપૂર્ણ કરો. ૪૩ હે ઇશ્વર ! ત્રણ લોકોને ગળી જતા વૃત્રાસુરનો હવે નાશ કરો કારણ કે, તે અમારાં તેજ અસ્ત્ર અને આયુધો સર્વ ગળી ગયો છે. શુદ્ધ હૃદયરૂપી આકાશમાં રહેનાર વગેરેના સાક્ષી સદાનંદ સ્વરૂપ શુદ્ધ અને મનોહર યશવાળા અનાદિ સત્પુરૂષોએ ગ્રહણ કરવા યોગ્ય સંસારમાં ભટકનાર વાટેમાર્ગુઓને પોતાનું શરણ મળ્યા પછી ઉત્તમ ગતિ આપનાર એવા આપ શ્રીહરિને અમે નમસ્કાર કરીએ છીએ. ૪૫

શુકદેવજી કહે છે કે–હે રાજન ! દેવતાઓએ શ્રીહરિની આ પ્રમાણે સ્તુતિ કરી તેથી પ્રસન્ન થઇ શ્રીહરિએ કહ્યું કે–હે શ્રેષ્ઠ દેવતાઓ ! હું તમારી સ્તુતિની સાથે બ્રહ્મવિદ્યાથી પ્રસન્ન થયો છું કારણ કે વિદ્યાથી પુરૂષોને ઐશ્વર્યનું જ્ઞાન થાય છે તથા મારે વિષે ભક્તિ ઉપજે છે. ૪૭ હે દેવતાઓ હું પ્રસન્ન થાઉં ત્યારે મનુષ્યોને કોઈ વસ્તુ દુર્લભ નથી તથાપિ મારે વિષે અનન્ય બુદ્ધિ રાખનારો તત્ત્વવેત્તા મારા વિના બીજી કોઇ પણ વસ્તુઓની વાંછા કરતો નથી. ૪૮ વિષયોને સત્ય જાણનારો કૃપણ પોતાના ખરા સુખને જાણતો નથી તેથી વિષયસુખની વાંછા કરે છે, માટે જો કોઇ પણ દેવ વિષયોની ઇચ્છાવાળા મનુષ્યને વિષય સુખો આપે તો તે દેવને પણ તેવો જાણવો. ૪૯ જે પોતે ખરૂ સુખ જાણનારો છે તે જેમ ઉત્તમ પ્રકારનો વૈદ્ય રોગી જે કુપથ્ય કરવાની ઇચ્છા કરતો હોય તેને કુપથ્યકારક પદાર્થ ખાવા આપતો નથી, તેમ અજ્ઞાનીને કર્મ કરવા માટે કહેતો નથી. ૫૦ હે ઇંદ્ર ! તારૂં કલ્યાણ થાઓ અને હવે ઋષિઓમાં ઉત્તમ એવા દધીચિ ઋષિની પાસે જઇ તેમની વિદ્યા વ્રત ને તપના સારભૂત દેહની માગણી કરો. ૫૧ દધીચિ મુનિ બ્રહ્મવેત્તા છે અશ્વિનીકુમારોને ઘોડાના મસ્તકવડે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરનાર ‡ અને તે બંનેને અમર

‡ દધીચિ મુનિ કર્મકાંડ અને બ્રહ્મવિદ્યામા કુશળ હોવાથી અશ્વિનીકુમારોએ તેમની પાસે જઇ કહ્યું કે; હે મહારાજ ! અમને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરો. મુનિએ

કરનાર છે. પર હે ઇંદ્ર ! અથર્વવેદ જાણનાર દધીચિ મુનિએ ભેદી શકાય નહિ એવું નારાયણ કવચ ત્વષ્ટાને આપ્યું હતું. તેણે વિશ્વરૂપને ભણાવ્યું હતું અને વિશ્વરૂપ પાસેથી તું ભણ્યો છે. ૫૩ તમે અને તેમાં પણ અશ્વિનીકુમારો તેમની પાસેથી અસ્થિની યાચના કરશે તો તે અશ્વિનીકુમારો ઉપર પ્રેમ હોવાથી તમને પોતાનાં અસ્થિ આપશે. વિશ્વકર્મા તેનું ઉત્તમ આયુધ બનાવશે. ૫૪ તે શસ્ત્રથી મારા તેજવડે વૃદ્ધિ પામીને વૃત્રાસુરના મસ્તકને તમે છેદજો. જ્યારે એ અસુરનો નાશ થાય ત્યારે તમે તેમને અસ્ત્રોને આયુધોને અને સંપત્તિઓને પાછી મેળવશો તમારૂં કલ્યાણ થાઓ. વૃત્રાસુર અમને મારી નાંખશે એવો ભય રાખશો નહિ, કારણ કે મારા ભક્તોને કોઈ મારી શકતું નથી. ૫૫

तस्मिन्विनिहते यूयं तेजोस्त्रायुधसंपदः ।
भूयः प्राप्स्यथ भद्रं वो न हिंसंति च मत्परान्॥

इतिश्रीमद्भागवतेमहापुराणेषष्टस्कंधे
नवमोध्यायः

કહ્યું કે, હું કામમાં છું, માટે હમણાં જાઓ અશ્વિની કુમારો ત્યાંથી ગયા કે, તરત ઇન્દ્રે આવી મુનિને કહ્યું કે, હે મુનિ ! તમે તેમને બ્રહ્મવિદ્યા આપશો નહિ તમે જો સાહસથી તેમને બ્રહ્મવિદ્યા ભણાવશો તો હું તમારૂં મસ્તક કાપી નાખીશ આમ કહીને ઇન્દ્રના ગયા પછી અશ્વિનીકુમારોએ જઇ બ્રહ્મવિદ્યા ભણાવવાનું કહ્યું, એટલે તેઓએ કહ્યું કે, અમે પ્રથમ તમારૂં માથું કાપીને ધડ ઉપર ઘોડાનું માથું સાધશું, તમારે તે મુખથી અમને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરવો પછી ઈન્દ્ર તે મસ્તકને છેદી નાખશે એટલે અમે તમારૂં પ્રથમનું મસ્તક સાધી દેશું અમે અમારી પોતાની ગુરૂદક્ષિણા તમને આપીશું આ સાભળીને અથર્વવેદ જાણનારા દધીચીએ તેમને કર્મવિદ્યાનો ને બ્રહ્મવિદ્યાનો અશ્વના મુખથી ઉપદેશ કર્યો હતો ઇન્દ્રે આવીને તેમના મસ્તકને કાપી નાખ્યું. અશ્વીનીકુમારે પૂર્વનું મસ્તક ધડ સાથે ત્યાર પછી સાધી દીધું

અધ્યાય ૧૦ મો.†

દધીચિનું ઔદાર્ય.

श्रीशुक उवाच

इन्द्रमेवं समादिश्य भगवान् विश्वभावनः ।
पश्यतामनिमेषाणां तत्रैवांतर्दधे हरिः ॥ १॥

શુકદેવજી કહે છે કે—વિશ્વનું પાલન કરનાર ભગવાન શ્રીહરિ આ પ્રમાણે કહી દેવતાઓના દેખતાં જ ત્યાંથી અદૃશ્ય થઈ ગયા.૧ પછી દેવતાઓએ ભગવાનના કહેવા પ્રમાણે અથર્વણ વેદ જાણનાર દધીચિ મુનિની પાસેજઈ યાચના કરી. હસતા હોય તેમ મુખ મલકાવીને તે નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૨ હે દેવતાઓ ! દેહધારીઓને મરણ સમે જે ચેતનાને હરનારૂં દુઃસહ દુઃખ થાય છે તે શું તમે જાણતા નથી ?૩ સંસારમાં જીવવાની ઇચ્છાવાળા જીવોને પોતાનો દેહ બહુ પ્રિય હોય છે, દેહને વિષ્ણુ પોતે માગવા આવે તોપણ કોઇ મનુષ્ય આપવાની હા પાડે નહિ.૪ દેવતાઓ બોલ્યા કે—હે મુનિસત્તમ ! તમારા જેવા પ્રાણીઓ ઉપર દયા કરનાર તથા યશસ્વી પુરૂષો જેમના કર્મનાં લોકો વખાણ કરે છે એવા પુરૂષો કયી વસ્તુ ત્યાગ કરી શકતા નથી ?૫ સ્વાર્થ પરાયણ લોકો પરની પીડાને જાણતા નથી. જો તેઓ પરની પીડા જાણતા હોય તો એવી માગણી કરે જ નહિ. દાતા સમર્થ અને પરની પીડાને જાણનારો હોય તો તે પણ ના પાડે નહિ ૬ દધીચિ બોલ્યા કે—તમારી પાસેથી ધર્મ સાંભળવાની ઇચ્છાથી મેં તમને ના કહી હતી પરંતુ હવે આ હું પોતે જ મારો ત્યાગ કરનારા મારા પ્રિય દેહનો ત્યાગ કરૂં છું. ૭ હે દેવો ! જે પુરૂષ પ્રાણીઓ ઉપર દયા કરીને પોતાના

† આ અધ્યાયમાં ભગવાનના કહેવા પ્રમાણે ઇન્દ્ર દધીચિ મુનિના હાડકામાંથી બનાવેલા વજ્રને લઇ દેવતાઓને સાથે વૃત્રાસુર અને બીજા અસુરોની સામે લડયા તે કથા કહેવામાં આવશે.

ક્રિયાથી દેહવડે ધર્મને અને યશને સંપાદન કરતો નથી તે પુરૂષ સ્થાવરોએ શોક કરવા યોગ્ય છે. ૮ પ્રાણીઓને દુઃખી જોઇ શોક કરવો અને મનમાં પ્રસન્ન થવું, એટલા ધર્મને મહાત્મા પુરૂષો સેવે છે. ૯ બહુજ ખેદની વાત છે કે મનુષ્ય મરી ગયા પછી કાગડા કુતરાને ઉપયોગમાં આવનારા અને જેમાંથી પોતાનો સ્વાર્થ ન સરે એવા ક્ષણ ભંગુર ધન પુત્રાદિક અને શરીરોથી પરોપકાર કરતા નથી. ૧૦

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે અથ ર્વવેદવેત્તા દધીચિએ દેવોને કહીને પછી પરબ્રહ્મ એવા ભગવાન વિષે પોતાના મનને જોડી દેહનો ત્યાગ કર્યો. ૧૧ ઇન્દ્રિયો પ્રાણ મન અને બુદ્ધિને નિયમમાં રાખી તત્ત્વ વસ્તુનું દર્શન કરનાર તથા બંધનમાંથી છુટી ગયેલા દધીચિએ સમાધિ લીધી તેથી પોતાનો દેહ પડી ગયો તે પણ જાણ્યું નહિ.૧૨ પછી ભગવાનના તેજવડે વૃદ્ધિ પામેલા અને તેજ સંપન્ન થયેલા ઇન્દ્ર ને વિશ્વકર્માએ મુનિના હાડકાંમાંથી વજ્ર બનાવી આપ્યું. તે લઇને સર્વ દેવતાઓની સાથે ઇંદ્ર ઐરાવત હાથી ઉપર ચઢયો. તે વખતે તેની અલૌકિક શોભા થઈ હતી અને મુનિઓ તેની સ્તુતિ કરી રહ્યા હતા.

હે રાજન! કોપાયમાન રૂદ્ર જેમ કામની સામે ચઢયા હતા તેમ અસુરની સેનાના સેનાપતિઓથી વિંટાયલા અને ક્રોધાયમાન થયેલા વૃત્રાસુરને કાપી નાંખવા ઇંદ્ર ત્રણ લોકને પ્રસન્ન કરતા હોય તેમ તેની સામે ચઢયા. ૧૫ પછી સત્યયુગના અંતમાં અને ત્રેતાયુગના આરંભમાં નર્મદાના તીર ઉપર દેવ અને દાનવો વચ્ચે મહા દારૂણ યુદ્ધ થયુ ૧૬ હે રાજા! રૂદ્ર વસુઓ આદિત્યો અશ્વિનીકુમારો પિતરો અગ્નિઓ વાયુઓ ઋભુ અને દેવતાઓથી વિંટાયેલા અને પોતાની માલાવડે શોભતા ઇંદ્રને વૃત્રાસુર વગેરે અસુરો જોઇ શકયા નહિ.૧૮ નમુચિ શંબર અનુર્વા દ્વિમુર્દ્ધા ઋષભ અંબર હયગ્રીવ, શંકુશિરા વિપ્રચિત્તિ અયોમુખ ૧૯ પુલોમા વૃષપર્વા પ્રહેતિ હેતિ ઉત્કલ તથા બીજા હજારો દૈત્યો દાનવો યક્ષો અને રાક્ષસોએ સુવર્ણનાં યુદ્ધાભૂષણ પહેરી મૃત્યુથી પણ ખાળી શકાય નહિ તેવી ઇન્દ્રની સેનાને આ-ગળ વધતાં અટકાવી. દુર્મદ એવા રાક્ષસો સિંહના જેવી ગર્જના કરીને ચારે દિશાઓને ગજાવવા લાગ્યા. ગદા પરિઘ બાણ મુદ્‌ગર તોમર શૂલ પરશુ ખડ્ગ તોપ ભુશુંડી વગેરે શસ્ત્રો ને અસ્ત્રોનો તેઓ દેવતાઓ ઉપર ચારે તરફથી વર્ષાદ વરસાવવા લાગ્યા. એક પછી એક બાણો પડવા લાગ્યાં. આકાશમાં મેઘવડે જેમ નક્ષત્રો ઢંકાઇ જાય તેમ ચારે તરફથી બાણોવડે ઢંકાયેલા તેઓ દેખાતા બંધ પડયા ૨૪ પરંતુ શસ્ત્રની અને અસ્ત્રની વૃષ્ટિના સમૂહો દેવતાની સેના ઉપર આવી શકયા નહિ. દેવતાઓએ હાથની લઘુતાવડે આકાશમાં તે શસ્ત્રોના ને અસ્ત્રોના કડકા કરી નાંખ્યા. આ પ્રમાણે લઢતાં લઢતાં જયારે દૈત્યોની પાસેથી સર્વ આયુધો ખુટી ગયાં ત્યારે તેઓ પર્વતોનાં શિખરો વૃક્ષો અને પત્થરો ઉપાડીને દેવની સેના ઉપર નાંખવા લાગ્યા. તેઓને દેવતાઓએ ઉરાડી નાંખ્યા. ૨૬ આ પ્રમાણે હથિઆરોથી ઝાડોથી પત્થરોથી અને અનેક પ્રકારનાં પર્વતોનાં શિખરોથી દેવતાઓની સેનાને જરા પણ ન ઘવાયેલી અને સુખાકારી સાંભળીને દૈત્યો ત્રાસ પામ્યા. ૨૭ દૈત્યોએ દેવતાઓનો નાશ કરવાને વારંવાર અનેક પ્રયત્ન કર્યા પરંતુ તે નિષ્ફળ ગયા. જેમ શૂદ્ર લોકો શ્રીકૃષ્ણને અનુકૂલ રહેનાર મહાત્માઓને અકલ્યાણ-વાળી તથા તીક્ષ્ણ વાણી કહે તોપણ તે વ્યર્થ જાય તેમ સર્વ પ્રયત્નો વ્યર્થ ગયા. ૨૮ શ્રી હરિની ભક્તિથી હીન ને યુદ્ધ કરવાનો ગર્વ જેનો નાશ થઇ ગયો હતો એવા ધીરજ

વિનાના દૈત્યો પોતાનો પ્રયાસ નિષ્ફળ ગયેલો જોઈને રણસંગ્રામનો ત્યાગ કરીને નાસી જવાનો વિચાર કરવા લાગ્યા. મનસ્વી એવો વૃત્રાસુર પોતાના અનુચરોને નાશતા જોઇને તથા ભયથી પોતાની મોટી સેનાને ભંગાણમાં પાડી નાશ ભાગભાગ કરતી જોઈને હસીને મનસ્વી લોકોને પ્રિય લાગે એવી સમયોચિત વાણીથી બોલ્યો કે હે વિપ્રચિત્તિ ! હે શંબર ! તમે નાશતા પહેલાં મારૂં કહેવું સાંભળો. ૩૧ જન્મેલા મનુષ્યોને સર્વ ઠેકાણે મરવું એ નિશ્ચય છે. જેનો ઉપાય આ જગતમાં કોઈએ શોધી કાઢયો નથી એવા મરણથી જો સ્વર્ગ અને યશ મળતો હોય તો પછી કયો પુરૂષ મરણને માગે નહિ ?૩૨ આ જગતમાં બે મૃત્યુને શાસ્ત્રમાં વખાણેલાં છે તેમાં એક યોગાભ્યાસી પ્રાણાયામ કરીને પરમાત્માના ધ્યાનથી દેહનો ત્યાગ કરે છે તે અને બીજું વીર પુરૂષ યુદ્ધમાં અગ્રણી થઇ પાછી પાની ન કરતાં વીરશય્યામાં શયન કરે છે તે બે મુખ્ય છે. આ બન્ને મૃત્યુ ક્ષત્રિયોને દુર્લભ છે ૩૩

द्वौ संमताविह मृत्यू दुरापौ यद्ब्रह्मसंधारणया जितासुः कलेवरं योगरतो विजह्याद्यदग्रणीर्वीरशयेऽनिवृत्तः ॥ ३३ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेषष्ठस्कंधे दशमोध्यायः

અધ્યાય ૧૧ મો.†

વૃત્રાસુર અને ઇન્દ્રનું યુદ્ધ.

श्रीशुक उवाच

त एवं शंसतो धर्म्यं वचः पत्युरचेतसः नैवागृह्णन् भयत्रस्ताः पलायनपरा नृप ॥१॥

શુકદેવજી કહે છે કે—હે રાજન ! વૃત્રાસુરે આવું ધર્મનું વચન કહ્યું તોપણ ભયથી ભાનવિનાના થઇ નાસતા દૈત્યોએ તે સાંભળ્યુ નહિ. તેઓ નાસતા જ રહ્યા. ૧ કાળ જેને અનુકૂળ હતો એવા દેવોએ અનાથની પેઠે નાસતી અસુરોની સેનામા ભંગાણ પાડયું. ઇંદ્રનો શત્રુ વૃત્રાસુર મનમાં સંતાપ કરવા લાગ્યો ક્રોધાવિષ્ટ થઇ ગયો અને તે સહન નહિ થવાથી દેવતાઓને આગળ વધતાં બળપૂર્વક અટકાવી દૈત્યો તરફ તિરસ્કાર બતાવતાં બોલ્યો કે નાસી જતા અને માતાની વિષ્ટારૂપ આ દૈત્યોને પાછળથી મારો છો તેમાં તમારો શો પુરૂષાર્થ ગણાશે ? તેમાં યશ કે ધર્મ કંઇ નથી. શૂરવીરનું માન રાખનારા પુરૂષોએ ભયભીત પુરૂષનો વધ કરવો એ યોગ્ય નથી તેમ સ્વર્ગ આપનારો પણ નથી હે ક્ષુદ્ર લોકો ! તમને યુદ્ધ ઉપર પ્રીતિ હોય અથવા તો તમારા હૃદયમાં ધીરજ હોય અને જો તમને સંસારી સુખોની ઇચ્છા ન હોય તો તમે એક ક્ષણ મારી આગળ ઉભા રહો ૫ મહા બળવાન તથા કોપાયમાન થયેલા વૃત્રાસુરે આમ કહી પોતાના શરીરવડે શત્રુ એવા દેવતાઓને ડરાવવા મોટી ગર્જના કરી અને તે સાંભળી સર્વ દેવો મૂર્છિત થઇ ગયા. ૬ જેમ વજ્રના મારથી પર્વતો પૃથ્વી ઉપર પડી જાય તેમ દેવતાઓ વૃત્રાસુરના નાદથી મૂર્છિત થઇ પૃથ્વી ઉપર પડી ગયા ૭ મદમત્ત થયેલા ટોળાનો નાયક હાથી જેમ પદ્મને કચરી નાંખે તેમ યુદ્ધરૂપી અખાડામાં મદમત્ત થઇને ઉભેલો ધરણીને ધ્રુજાવતો વૃત્રાસુર ત્રિશૂળને ઉગામીને આતુર થઇ ગયેલા તથા આંખો મીંચીને ઉભેલા દેવતાઓના સૈન્યને સંહારવા લાગ્યો. ૮ પોતાની સેનાને કચરી નાંખતા વૃત્રાસુરને જોઇ ઇંદ્ર અત્યંત કોપાયમાન થઇ ગયો. તેણે પોતાની ઉપર ધસી આવતા વૃત્રાસુર ઉપર મોટી ગદા ફેંકી વૃત્રાસુરે ગદાને ડાબા હાથ ઉપર રમત માત્રમાં ઝીલી લીધી ૯ વૃત્રાસુરને અત્યંત ક્રોધ ચઢયો અને ભયંકર પરાક્રમવાળા તેણે યુદ્ધમાં ગર્જના કરી ઈંદ્રના હાથીના કુંભસ્થળમાં પોતાની ગદા મારી. હે રાજન ! વૃત્રા-

† આ અધ્યાયમા ઇન્દ્રની સાથે યુદ્ધ કરતાં વૃત્રાસુરે ભક્તિ તથા જ્ઞાન ઉત્પન્ન કરે, તેવી વિચિત્ર વાતો કહી, તે કથા કહેવાશે.

સુરના આ કાર્યની પ્રશંસા કરી, ૧૦ વૃત્રાસુરની ગદા વાગવાથી ઐરાવત હાથીનું મસ્તક ભાગી ગયું અને વજ્રથી તોડી પાડેલા પર્વતની પેઠે તે ઘુમરી ખાઇ જમીન ઉપર પડયો. ઇન્દ્રની સાથે તે હરોળથી સાત ધનુષ જેટલો પાછો હઠી ગયો ઇંદ્રનું વાહન ઘવાયું તેથી તેના મનમાં ખેદ થયો વૃત્રે ફરીને તેની ઉપર ગદાનો પ્રહાર કર્યો નહિ થોડીવારે અમૃતને ઝરનારા પોતાના હાથના સ્પર્શથી ઘવાયેલા હાથીની પીડા દૂર કરી ઇન્દ્ર યુદ્ધ કરવા તેની સામે ઉભો. હે રાજેંદ્ર ! એ પ્રમાણે વજ્ર ધરનારા અને પોતાના ભાઇનો વધ કરનાર ઇંદ્રને યુદ્ધ કરવા સામે ઉભેલો જોઇ વૃત્રાસુરને તેનાં અત્યંત ક્રૂર પાપ કર્મ સાંભરી આવ્યા, તે શોક તથા મોહથી ઘેરાઇ જઇ હસીને તેને નીચે પ્રમાણે કહેવા લાગ્યો. ૧૩

વૃત્રાસુર–હે ઇન્દ્ર ! તુ કે જે બ્રહ્મહત્યા કરનારો ગુરૂહત્યા કરનારો અને મારા ભાઇની હત્યા કરનારો મારો કટ્ટો શત્રુ, જે મારી સામે આવીને ઉભો છે તે બહુ સારૂં થયું હે દુષ્ટ ! મારા ત્રિશૂળથી તારી પત્થર જેવી છાતીને ફાડી નાખી આજે હું મારા ભાઇના ઋણમાંથી મુકત થઇશ. ૧૪ સ્વર્ગની કામનાવાળો યજમાન જેમ તરવારવડે પશુના માથાને કાપી નાંખે તેમ તે વિશ્વાસઘાત કરી બ્રાહ્મણ ગુરૂ આત્મજ્ઞાનવાળા દોષરહિત અને દિશામાં રહેલા એવા મારા ભાઇનાં મસ્તકો કાપી નાખ્યાં છે. ૧૫ તું લજ્જા લક્ષ્મી દયા અને કીર્તિવનાનો છે અને તારાં પોતાનાં કર્મોને લીધે તું રાક્ષસોથી નિંદા કરવા યોગ્ય બન્યો છે. મારા ભયંકર ત્રિશૂળથી તારો આ દેહ કપાઇ જશે અને તેને અગ્નિનો સ્પર્શ પણ થશે નહિ. ૧૬ કદાપિ તને ક્રૂરને અનુસરનાર બીજા અજ્ઞાનીઓ અહીંઆ શસ્ત્રો ઉગામીને મને મારવા માંડશે, તો હું પણ ત્રિશૂળવડે તેમનાં મસ્તક કાપી નાખીને આ ગણો સહિત ભૈરવાદિકોને બળિદાન આપીશ. ૧૭ હે ઇન્દ્ર ! તું જો બળપૂર્વક વજ્રથી મારૂં મસ્તક છેદી નાખીશ તો હું કર્મના બંધનમાંથી મુકત થઇ મારા દેહનું પ્રાણીઓને બળિદાન આપીને ધીર પુરૂષોના સ્થાનમાં જઇશ. ૧૮ હું તારો શત્રુ તારી સન્મુખ ઉભો છું, મારા ઉપર તું અમોઘ વજ્રને શા માટે નાખતો નથી ? કૃપણ પુરૂષ પાસે કરેલી પ્રાર્થના જેમ વ્યર્થ જાય તેમ તારી ગદા વ્યર્થ ગઇ છે. તે પ્રમાણે વજ્ર પણ વ્યર્થ જશે. ૧૯ હે ઇન્દ્ર ! તારૂં વજ્ર ખરેખર હરિના તેજવાળું તથા દધીચિના તપના પ્રભાવવાળું છે માટે તું વિષ્ણુની પ્રેરણાથી તે શસ્ત્રવડે શત્રુનો નાશ કર. તારા મનમાં કદાપિ પરાજયની બીક રહેતી હશે પરંતુ તે ખોટી છે જ્યા આગળ શ્રીહરિ છે ત્યાં આગળ વિજય સંપતિ તથા ગુણો વાસ કરે છે. ૨૦ મારા ગુરૂ સંકર્ષણે મને કહ્યું છે તે પ્રમાણે તેમના ચરણારવિંદમાં મનને સ્થિર કરીને તારા વજ્રના વેગથી જેની વિષયવાસના નાશ પામેલી છે એવો હું મારો દેહ ત્યાગ કરીને મુનિની ગતિને પામીશ. ૨૧ ભગવાન પોતાના એકાંત બુદ્ધિવાળા ભકતોને ખરેખર સ્વર્ગની પૃથ્વીની અને પાતાળની સંપતિઓ આપતા નથી. તે સંપતિઓથી દ્વેશ ઉદ્વેગ આધિ મદ કલહ દુઃખ ને શ્રમ ઉપજે છે.

૨૨ હે ઇન્દ્ર ! અમારા સ્વામી પોતાના ભક્તના ધર્મ અર્થ અને કામ સંબંધી શ્રમનો નાશ કરે છે. તે ઉપરથી બીજાઓને દુર્લભ તથા ભક્તજનોને મળે એવી ભગવાનની કૃપા તેમના ઉપર રહે છે એમ જાણવું. હે ભગવન ! હું ફરી તમારા ચરણના એક દાસનો દાસ થાઉંછું મારૂં મન તમારા ગુણોનું સ્મરણ કરે વાણી સદગુણોનું કીર્તન કરે અને કાયા તમારી સેવા કરે એટલું જ માગી લઉં છું. તમારો વિયોગ કરાવનારા સ્વર્ગને બ્રહ્માના સ્થાનને ચક્રવર્તીપણાને પાતાળના અધિપતિપણાને અણિમાદિક સિદ્ધિઓને અથવા

મોક્ષને પણ હું ઈચ્છતો નથી. ૨૫ જેમને પાંખો આવી ન હોય એવા પક્ષીઓનાં બચ્ચાં જેમ માને જોવાને તલસી રહે અને ભૂખથી આતુર વાછડાં જેમ દૂધની વાટ જોઇ બેસી રહે તથા ખિન્ન થયેલી સ્ત્રી જેમ પરદેશ ગયેલા પતિને જોવાની ઇચ્છા કરે તેમ હે કમલનયન! મારૂં મન તમારા દર્શન કરવાને આતુર થઈ રહેલું છે ૨૬ હે નાથ! મારા પોતાના કર્મોવડે આ સંસારચક્રમા ભટકતા મને ભગવાનના ભકતોની સાથે મિત્રતા થાઓ અને તમારી માયાવડે દેહ તથા તેની પાછ ળની સેના તરીકે ગણાતા પુત્રો સ્ત્રીઓ તથા ઘર ઉપર મારૂં ચિત્ત કે જે આસકત થયેલું છે તે ફરીને આસકત ન થાઓ એવી મારી પ્રાર્થના છે. ૨૭

ममोत्तमश्लोकजनेषु सख्यं
संसारचक्रे भ्रमतः स्वकर्मभिः।
त्वन्माययाऽत्मात्मजदारगेहेष्वा-
सक्तचित्तस्य न नाथ भूयात् ॥ २७ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेषष्ठस्कंधे
एकादशोध्यायः

અધ્યાય ૧૨ મો.†

ઈંદ્રે કરેલો વૃત્રાસુરનો વધ.

ऋषिः उवाच

एवं जिहासुर्नृपदेहमाजौ मृत्युं
वरं विजयान्मन्यमानः।
शूलं प्रगृह्याभ्यपतत्सुरेंद्र यथा
महापुरुष कैटभोप्सु ॥ १ ॥

શુકદેવજી કહે છે કે—હે પરીક્ષિત રાજા! યુદ્ધમા દેહનો ત્યાગ કરવાની ઈચ્છાવાળો તથા વિજય કરતા મરણને ઉત્તમ માનનારો વૃત્રાસુર કૈટભ દૈત્ય જેમ ભગવાનની ઉપર ધસી ગયો હતો તેમ ઈંદ્રની ઉપર ત્રિશૂળ લઇને ધસ્યો. ૧ વીર એવા વૃત્રાસુરે પ્રલય સમયના અગ્નિની પેઠે ભયંકર શિખાવાળું ત્રિશૂળ ઈંદ્રની ઉપર વેગથી ફેંકયું અને ક્રોધથી ગર્જના કરીને બોલ્યો કે, હે પાપી! હવે તારૂં મૃત્યુ આવી ચુકયું જાણ. ૨ વૃત્રાસુરે ફેંકેલું તે આકાશમાં ફરતું ફરતું આવતું હતું અને ગ્રહ તથા ઉંબાડીઆંની પેઠે જોઇ શકાય નહિ એવું હતું તે જોઇને ઇંદ્ર ગભરાયો નહિ પરંતુ સો આરાવાળા વજ્રવડે વૃત્રાસુરના ત્રિશૂળને તથા સર્પ જેવા કાળા તેના એક હાથને કાપી નાખ્યો વૃત્રાસુરનો એક હાથ કપાઇ ગયો એટલે તે આવેશમાં આવી ગયો તેણે વજ્રધારી ઈંદ્રના ગાલ ઉપર ભુંગળ મારી તથા તેના ઐરાવત હાથીને પણ ઘાયલ કર્યો. ઈંદ્રના હાથમાંથી વજ્ર પડી ગયું. ૪ વૃત્રાસુરનું અતિ આશ્ચર્યકારક પરાક્રમ જોઇને સુર અસુર ચારણ તથા સિદ્ધ લોકોનો સમુદાય વૃત્રાસુરના વખાણ કરવા લાગ્યો અને ઈંદ્રનું મહા સંકટ જોઇ ધ્રુજી ગયો. ૫ શત્રુના દેખતા પોતાના હાથમાથી વજ્ર પડી ગયું તેથી ઇંદ્રે લજ્જાથી તે પાછું લીધું નહિ વૃત્રાસુરે તેને કહ્યુ કે, હે ઈંદ્ર! તું હાથમા વજ્ર લઈ તારા શત્રુનો નાશ કર, આ સમય જરાય ખેદ કરવાનો નથી. ૬ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના પાત સર્વજ્ઞ અને સનાતન એવા આદિ પુરૂષ વિના લઢવાની ઇચ્છાવાળા બીજા પરાધીન આતતાયી પુરૂષોનો સર્વ ઠેકાણે જય થતો નથી. કોઇ ઠેકાણે વિજય થાય છે તો કોઇ ઠેકાણે પરાજય પણ થાય છે. ૭ જાળમાં બંધાયેલાં પક્ષીઓની પેઠે પરાધીન થયેલા લોકપાળો સહિત આ લોકો જેના અધીનમાં રહીને જીવે છે, તે કાળ જય તથા પરાજયનું કારણ છે ૮ શરીરાદિક શક્તિ તથા માનસિક શક્તિ તેમજ ઇંદ્રિયોની શક્તિ પ્રાણ અમરપણું અને મરણ એ સર્વનું કારણ કેવળ કાળ છે. મનુષ્ય કાળને જાણતો નથી તેથી પોતાના જડ દેહને સર્વનું કારણ સમજે છે. ૯ હે ઈંદ્ર! જેમ લાકડાની પુતળી અને દોરી સંચારવાળો

† આ અધ્યાયમા અત્યંત ખિન્ન થયેલા અને પાછળથી વૃત્રાસુરે ઉત્તેજિત કરેલા ઈન્દ્રે તેનો નાશ કર્યો એ કથા કહેવારો

મૃગ તેના ચલાવનારને અધીન રહે છે, તેમ આ સર્વ પ્રાણીઓ ઇશ્વરને અધીન રહેલાં છે, ૧૯ પુરૂષ પ્રકૃતિ મહત્તત્વ અહંકાર ઈંદ્રિયો ને અંતઃકરણ સર્વ જેના અનુગ્રહ વિના આ જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા પ્રલય કરી શકતાં નથી, તેના અધીનમાં આ વિશ્વ રહેલું છે એમ સમજવું. ૧૧ આ પ્રમાણે નહિ જાણનારો--અજ્ઞાની મનુષ્ય પોતાના પરાધીન દેહને સ્વતંત્ર માને છે. ઇશ્વર પ્રાણીઓદ્વારા પ્રાણીઓને ઉત્પન્ન કરે છે અને પ્રાણીઓદ્વારા પ્રાણીઓનો નાશ કરાવે છે. ઇશ્વર સર્વ કરે છે એમ સિદ્ધ થાય છે. ૧૨ જેમ દુઃખાદિકની ઇચ્છા ન કરવા છતાં પણ પુરૂષને દુઃખાદિક થાય છે તેમ જ આયુષ્ય લક્ષ્મી કીર્તિ ઐશ્વર્ય ને પુરૂષનાં બીજાં સુખો પોતપોતાને સમયે પ્રાપ્ત થાય છે. ૧૩ યશ અપયશમા જય પરાજયમાં સુખ દુઃખમાં તથા જીવન મરણમા હર્ષ કે શોક કરવો નહિ ૧૪ સત્વ રજ તથા તમ પ્રકૃતિના ગુણો છે. આત્મા તો તેમનો સાક્ષી છે જે મનુષ્ય આત્માને જાણે છે તે હર્ષ શોકથી આતુર થતો નથી. ૧૫ હે ઇંદ્ર! હું આ સંગ્રામમા હારી ગયો છું, મારો હાથ અને શસ્ત્ર કપાઇ ગયાં છે છતાં હું તારો પ્રાણ લેવાની ઇચ્છાથી યથાશક્તિ પ્રયત્ન કરૂં છું તેના તરફ તું દૃષ્ટિ કર. ૧૬ આ યુદ્ધ એક જુગારના જેવું છે તેમા બાણ રૂપી પાસા છે વાહનરૂપી સોગટાં છે અને પ્રાણનુ તેમા પણ કરવામાં આવ્યું છે યુદ્ધ રૂપી જુગારમાં કોનો જય તથા કોનો પરાજય થશે એ જાણવામાં આવતુ નથી. ૧૭

શુકદેવજી કહે છે કે-વૃત્રાસુરનાં વચન સાંભળીને ઇંદ્રે તેને માન આપ્યું અને પછી ગર્વનો ત્યાગ કરી હાથમાં વજ્ર લઇ હસતાં હસતાં તેને કહ્યું કે, ૧૮ તું સિદ્ધ છે તથા જગતના મિત્ર આત્મા અને ઇશ્વર એવા ભગવાનનો ભક્ત છે કારણ કે તારી આવી બુદ્ધિ થઇ છે. ૧૯ તું મનુષ્યોને મોહ કરનારી ભગવાનની માયાનેતરી ગયો છે. તું આસુરી ભાવનો ત્યાગકરીને મહાપુરૂષપણાને પામ્યો છે. ૨૦ તારી પ્રકૃતિ રજોગુણી છે છતાં સર્વના આત્મારૂપ ભગવાન વાસુદેવ ઉપર દૃઢ ભક્તિ થઇ છે એ ખરેખર મોટું આશ્ચર્યજનક છે. અમૃતના સાગરમાં વિહાર કરનારા પુરૂષને નાનાં ખાબોચીયાંના પાણીનું પ્રયોજન રહેતું નથી. તેમ જેની મોક્ષના પતિ ભગવાન શ્રી હરિ ઉપર ભક્તિ છે તેને નાનાં નાનાં સુખોનું શું પ્રયોજન છે? ૨૨

શુકદેવજી કહે છે કે-હે રાજા! ધર્મ જાણવાની ઇચ્છાથી આ રીતે પરસ્પર ભાષણ કરતા મહા પરાક્રમી અને યુદ્ધમાં મુખ્ય ગણાતા એવા ઇંદ્ર તથા વૃત્રાસુર યુદ્ધ કરવા લાગ્યા ૨૩ યુદ્ધ કરતાં કરતાં શત્રુને પીડનારા વૃત્રાસુરે ગજવેલની ભયંકર ભુંગળને ડાબા હાથવતી ફેરવીને ઈંદ્ર ઉપર ફેંકી કે ૨૪ ઇન્દ્રે એકદમ સો આરાવાળા વજ્રથી તેની ભુંગળને તથા હાથીની સુંઢના જેવા ગોળાકાર તેના હાથને કાપી નાંખ્યો.૨૫ બંને હાથ મૂળમાંથી કપાઇ ગયા તેથી તેમાંથી લોહીની ધારા વહેવા માંડી. તે સમે અસુર ઇન્દ્રે પાંખો કાપી નાંખ્યા પછી આકાશમાંથી નીચે પડેલો પર્વત જેમ શોભે તેમ શોભવા લાગ્યો. દૈત્યે પોતાનો નીચલો ઓઠ પૃથ્વી ઉપર અને ઉપલો હોઠ આકાશમાં રાખીને કાયાને વધારી આકાશ જેવા ગંભીર મુખવડે સર્પના જેવી ભયંકર જીભવડે ને કાળના જેવી ભયંકર દાઢવડે ત્રણલોકને જાણે ગળી જતો હોય તેવો દેખાવ કર્યો. પગે ચાલતા મોટા પર્વતની પેઠે તે ચાલતો હતો. રસ્તે જતાં વચમા આવતા મોટા પર્વતોને ઉરાડી દેતો હતો અને બે પગવડે પૃથ્વીના ચુરેચુરા કરતો હતો. વૃત્રાસુર ઇંદ્રની પાસે જઇ તેને તેના વાહન સાથે ગળી ગયો. ૨૯ મહા બળવાન અ[illegible]પરાક્રમવાળો અજગર જેમ

દ્વીપને ગળી જાય તેમ વૃત્રાસુર ઈંદ્રને ગળી ગયો. તે જોઈને પ્રજાપતિ ને મહર્ષિઓ સાથે દેવતાઓ મનમાં ખિન્ન થયા. અસુરરાજ વૃત્રાસુરના ગળવાથી ઇંદ્ર તેના પેટમાં ગયો તોપણ મરી ગયો નહિ, કારણ કે તે નારાયણ કવચથી ને યોગમાયાના બળથી રક્ષાયેલો હતો. ૩૧ પછી મહા સમર્થ ઇંદ્ર વજ્રવડે તેના પેટને ચીરી બહાર નીકળ્યો અને તેણે બળપૂર્વક પર્વતના શિખરની પેઠે શત્રુનું મસ્તક કાપી નાંખ્યું. વૃત્રાસુરને મારવા વેગવાળા ચક્રે ચારે તરફ ફરીને તેની કાંધને વહેરવા માંડી તે ત્રણસો અને સાઠ દિવસે કપાઈને ભૂમિ ઉપર પડી. ૩૩ એ વખતે આકાશમા દેવના દુંદુભિ વાગવા લાગ્યાં અને જેમાં વૃત્રાસુરને મારવાનું વર્ણન સમાયેલું હતું એવા સ્તોત્રોથી સ્તુતિ કરતા ગંધર્વો સિદ્ધો અને મહર્ષિઓનાં મંડળો હર્ષથી પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. ૩૪ હે રાજન! તે વેળાએ વૃત્રાસુરના દેહમાંથી નીકળેલુ જીવરૂપી તેજ સર્વ લોકના દેખતાં ભગવાનમાં મળી ગયુ. ૩૫

वृत्रस्य देहान्निष्क्रान्तमात्मज्योतिररिंदम ।
पश्यतां सर्वलोकानामलोकं समपद्यत ॥३५॥

इतिश्रीमद्भागवतेमहापुराणेषष्ठस्कंधे
द्वादशोध्यायः

અધ્યાય ૧૩ મો.

ઈંદ્રને લાગેલી બ્રહ્મહત્યા.

श्रीशुक उवाच.

वृत्रे हते त्रयो लोका विना शक्रेण भूरिद ।
सपाला ह्यभवन् सद्यो विज्वरा निर्वृतेंद्रियाः॥

શુકદેવજી કહે છે કે–હે રાજન! વૃત્રાસુરનું મરણ થયા પછી ઇંદ્ર વિના બીજા ત્રણે લોક અને લોકપાળો ભય રહિત થઈ શાંતિ પામ્યા. ૧ દેવતાઓ ઋષિઓ પિતૃઓ ભૂતગણો દૈત્યો દેવતાઓના સેવકો બ્રહ્મા શંકર તથા ઇંદ્રાદિક દેવતાઓ પોત પોતાના સ્થાનમાં ગયા. ૨

પરીક્ષિત રાજાએ પૂછ્યું કે–હે મુનિ! ઈંદ્રને શાંતિ મળી નહિ તેનું કારણ સાંભળવાની હું ઇચ્છા રાખું છું કારણ કે જે ઇંદ્રથી દેવતાઓ સુખી થયા હતા તે ઈંદ્રને શાથી દુઃખ થયું? ૩

શુકદેવજી કહે છે કે–ઋષિઓ સાથે સર્વ દેવતાઓએ વૃત્રાસુરના પરાક્રમથી ખિન્ન થઈ તેનો નાશ કરવા ઈંદ્રને પ્રાર્થના કરી હતી પરંતુ ઇન્દ્રે બ્રહ્મહત્યાના ભયથી તેને મારવાની ઇચ્છા કરી ન હતી અને નીચે પ્રમાણે ઉત્તર આપ્યો હતો:–

ઈંદ્ર–મને વિશ્વરૂપનો નાશ કરવાથી બ્રહ્મહત્યા લાગી હતી તને સ્ત્રી પૃથ્વી જળ ને વૃક્ષોએ મારા પર અનુગ્રહ કરીને પોતામાં વહેંચી લીધી પરંતુ વૃત્રને મારવાથી જે બ્રહ્મહત્યા લાગે તે મારે કયાં નિવારણ કરવી.

શુકદેવજી કહે છે કે–ઋષિઓ ઈંદ્રનું કહેવું સાંભળી મહેંદ્રને આ પ્રમાણે કહેવા લાગ્યા. અમે તમને અશ્વમેધ યજ્ઞ કરાવીશું કે જેથી તમારી બ્રહ્મહત્યા દૂર થશે, તમારૂં કલ્યાણ થાઓ તમે ડરો નહિ. ૯ તમે અશ્વમેધ યજ્ઞવડે પરમાત્મા અને ઇશ્વર એવા પરમ પુરૂષ નારાયણની આરાધના કરીને બ્રહ્મહત્યા તો શું? પરંતુ આખા જગતની હિંસાના પાપમાથી પણ મુક્ત થઈ શકશો. બ્રહ્મહત્યા કરનારો પિતૃહત્યા કરનારો ગોહત્યા કરનારો માતૃહત્યા કરનારો આચાર્યની હત્યા કરનારો પાપી ચંડાલ અથવા ઢેડ, ગમે તે જાતનો પાપી જે ભગવાનના ગુણો ગાય છે તે પાપમાંથી મુક્ત થાય છે.૮ ભગવાનનું અમે કરાવેલા અશ્વમેધ નામના મહા યજ્ઞવડે તમે શ્રદ્ધાથી યજન કરશો તો બ્રાહ્મણ સાથે આ સ્થાવરજંગમ આખા જગતની હત્યા કરવાથી પણ તમને પાપ લાગશે નહિ ત્યારે

* આ અધ્યાયમા બ્રહ્મહત્યાના ભયથી ઇન્દ્રને ઘણા દિવસ સુધી સંતાપ રહ્યો અને વિષ્ણુએ તેની રક્ષા કરી એ કથા કહેવાશે.

આ દુષ્ટને શિક્ષા કરવાથી કેમ પાપ લાગે ?

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે વૃત્રાસુરને મારવાને તેમણે ઇંદ્રને ઉશ્કેર્યો તેથી તેણે માર્યો ને તરત બ્રહ્મહત્યા તેની પાછળ પડી. ૧૦ બ્રહ્મહત્યાથી ઇન્દ્રને સંતાપ થવા લાગ્યો શાંતિ વળી નહિ કારણ કે કોઈ લજ્જાશીલ પુરૂષ નિંદાપાત્ર થાય છે ત્યારે તેને બીજા ધૈર્યાદિક ગુણો રહેતા નથી.૧૧ ઇંદ્રે પોતાની પાછળ આવતી બ્રહ્મહત્યાને જોઇ. તે ચાંડાળ જેવી દેખાતી હતી, વૃદ્ધાવસ્થાથી તેનાં અંગો કંપતાં હતાં, ક્ષયરોગમાં ઘેરાઇ ગયેલી હતી તેનાં લુગડાં લોહીથી ભરેલાં હતાં.૧૨ ધોળા કેશ છુટા મૂકીને 'ઉભો રહે, ઉભો રહે' એમ બોલતી હતી. માછલાના જેવા દુર્ગંધી શ્વાસથી માર્ગને તે દુર્ગંધવાળો કરતી હતી. ઈંદ્ર આકાશમાં ગયો ત્યાં બ્રહ્મહત્યા તેની પાછળ ગઇ, ઈંદ્ર સર્વ દિશાઓમાં ગયો ત્યાં બ્રહ્મહત્યા તેની પાછળ ગઈ, આ રીતે બ્રહ્મહત્યાએ તેની પુંઠ છોડી નહિ. છેવટે ઇન્દ્ર ઇશાન ખુણામાં જઇ માન સરોવરમાં પેસી ગયો. ૧૪ ત્યાં કમળના તંતુઓમાં કોઈ જાણે નહિ તેમ ગુપ્ત રીતે હજાર વર્ષ સુધી સંતાઇ રહ્યો અને મનમાં બ્રહ્મહત્યાથી છુટકો થવા વિષે વિચાર કરવા લાગ્યો. ઇન્દ્રનો દૂત અગ્નિ હતો જે ઇન્દ્રને યજ્ઞના બળિઓ પહોંચાડતો હતો, તે પાણીમાં આવી શકતો નહિ તેથી આ વખતે ઇન્દ્રને યજ્ઞના ભાગ મળતા ન હતા. ૧૫ ઇંદ્ર જેટલાં વર્ષ કમળના નાળમા રહ્યો તેટલાં વર્ષ નહુષ રાજાએ વિદ્યા તપ યોગ અને બળના પ્રભાવથી સ્વર્ગનું રાજ્ય કર્યું સંપત્તિ તથા પ્રભુતાના મદમાં આંધળા થઇ તેમણે ઇન્દ્રાણીની માગણી કરી. ઇંદ્રાણીએ તેમને શાપ દઈ અજગરનો *અવતાર આપ્યો. ૧૬ પછી ભગવાનના ધ્યાનથી જેણે પાપનો નાશ કર્યો હતો એવો ઇન્દ્ર બ્રાહ્મણોના નિમંત્રણથી સ્વર્ગમાં ગયો. ઇન્દ્ર જ્યાં સુધી માનસરોવરમાં રહ્યો ત્યાં સુધી રૂદ્રે ને લક્ષ્મીએ ઈંદ્રની સેવા કરી તેથી નિસ્તેજ થઈ ગયેલું બ્રહ્મહત્યારૂપી પાપ ઈંદ્રનો પરાભવ કરી શક્યું નહિ. ૧૭ બ્રહ્મર્ષિઓએ આવી ઈંદ્રને જેમાં પરમાત્માનું આરાધન રહેલું છે એવા અશ્વમેધ યજ્ઞની શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે દીક્ષા આપી. ૧૮ તે બ્રહ્મવાદી બ્રાહ્મણો અશ્વમેધ યજ્ઞ કરવા લાગ્યા. ઇન્દ્રે સર્વ વેદ રૂપી પરમાત્મા યજ્ઞપુરૂષનું પૂજન કર્યું કે તરત જ હે રાજન ! સૂર્યથી જેમ ઝાકળનો નાશ થાય તેમ વૃત્રાસુરની હત્યા રૂપી પાપપુંજ નાશ પામ્યો ૨૦ મરીચિ મિશ્ર વગેરે ઋષિઓએ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કરાવેલા અશ્વમેધથી ઈંદ્ર યજ્ઞના અધિષ્ઠાતા પુરાણ પુરૂષનું યજન કરીને પાપ રહિત થયો ૨૧ ઈંદ્રનું બ્રહ્મહત્યામાંથી મુક્ત થવું અને ઈંદ્રના વિજયવાળું આ આખ્યાન સર્વ પાપોને ટાળનારૂં છે. ભગવાનના કીર્તનથી ભરેલું ભક્તિની વૃદ્ધિ કરનારૂં ભક્તોના વર્ણનવાળું ઇન્દ્રિયોને બળ આપનારૂં ધન અને યશ આપનારૂં સર્વ પાપનો છુટકારો કરનારૂં શત્રુનો પરાજય કરનારૂં મંગળકારક તથા આયુષ્ય વધારનારૂં છે. વિદ્વાનોએ નિરંતર આ આખ્યાનનો

* એક વખતે નહુષ રાજાએ ઈન્દ્રાણીને કહ્યું કે હમણા હું ઈન્દ્ર છુ, માટે તુ મારી સેવા કર ઈન્દ્રાણીએ તે વાત બૃહસ્પતિને નિવેદન કરી. બૃહસ્પતિએ ઇન્દ્રાણીને યુક્તિ બતાવી કે, તારે નહુષ રાજાને કહેવુ કે, તુ બ્રાહ્મણો પાસે પાલખી ઉપડાવી તેમા બેસીને આવે તો હુ તને સેવુ નહુષ આ માર્ગે બ્રાહ્મણના શાપને લીધે ઇન્દ્રાસન ઉપરથી ભ્રષ્ટ થશે આમ કહી બૃહસ્પતિ ગયા. પછી બીજે દિવસે નહુષે ઇન્દ્રાણી પાસે ફરી માગણી કરી કે તું મારી સેવા કરીને મને રંજન કર, એટલે ઇન્દ્રાણીએ કહ્યું કે તમે બ્રાહ્મણોએ ઉપાડેલી પાલખીમાં બેસીને આવો તો હું તમારી સેવા કરૂં. નહુષ તે પ્રમાણે અગસ્ત્ય આદિ બ્રાહ્મણો પાસે પાલખી ઉપડાવી. તેમા બેસીને ઇન્દ્રાણી પાસે જવા નિકળ્યો. રસ્તે જતા નહુષ 'ચાલ ચાલ' એમ કહીને અગસ્ત્યને પગે અરાડયો, એટલે અગસ્ત્યે શાપ દીધો કે તું સર્પ થા. એ શાપથી નહુષ રાજા સર્પ થયો હતો.

પ્રત્યેક પર્વે પર્વે પાઠ કરવો અને શ્રદ્ધાથી સાંભળવું. ૨૩

पठेयुराख्यानमिदं सदा बुधाः
शृण्वन्त्यथो पर्वणि पर्वणीन्द्रियम् ।
धन्यं यशस्यं निखिलाघमोचनं
रि[illegible]जयं स्वस्त्ययनं तथायुषम् ॥ २३ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेषष्ठस्कन्धे
त्रयोदशोध्यायः

અધ્યાય ૧૪ મો.‡

ચિત્રકેતુ રાજાને થયેલો પુત્ર શોક.

परीक्षितुवाच

रजस्तमः[illegible] ब्रह्मन् वृत्रस्य पाप्मनः
नारायणे भगवति कथमासीद्दृढा मतिः १

પરીક્ષિત રાજાએ પૂછયું કે–હે મહારાજ! વૃત્રાસુરની પ્રકૃતિ રજોગુણી હતી છતાં ભગવાન નારાયણ ઉપર તેને દૃઢભક્તિ કેમ થઇ? ૧ શુદ્ધ સત્વગુણી દેવતાઓની અને નિર્મળ અંતઃકરણવાળા ઋષિઓની ઘણું કરીને ભગવાનના ચરણવિષે ભક્તિ થતી નથી. ૨ આ જગતમા પૃથ્વીના જેટલા રજકરણ છે તેટલા જીવ કહેવાય છે તેમાથી મનુષ્યાદિક કેટલાક ધર્માચરણ કરે છે અને ધર્માચરણ કરનારાઓમા કેટલાક ઉતમ દ્વિજવર્ણો ઘણું કરીને મોક્ષની ઇચ્છા રાખે છે અને મોક્ષની ઈચ્છા રાખનારા હજારોમાં કોઇક જ ઘરબારનો ત્યાગ કરે છે ને તત્વ વસ્તુને જાણે છે. ૪ જીવન્મુકતમાંના કરોડો સિદ્ધ લોકોમા પણ હે મહામુનિ! નારાયણના ચરણમાં પરાયણ રહેનારો અને શાંત મનવાળો મનુષ્ય અરેખર કોઇક દુર્લભ છે. ૫ વૃત્રાસુર પાપી અને સર્વ લોકને સંતાપ કરાવનારો હતો છતાં ભયંકર સંગ્રામમાં શ્રી કૃષ્ણપર તેને દૃઢ ભક્તિ કેમ થઈ? ૬ હે મહારાજ! આ વિષયમાં અમને મોટો સંદેહ છે અને તે સાંભળવાની ઉત્કંઠા છે કારણ કે વૃત્રાસુરે રણસંગ્રામમાં પરાક્રમ કરી ઇંદ્રને પ્રસન્ન કર્યો હતો. ૭

સૂત કહે છે કે–હે શૌનકાદિક મુનિઓ! શ્રદ્ધાળુ પરીક્ષિત રાજાનો ઉપર પ્રમાણેનો પ્રશ્ન સાંભળી ભગવાન શુકદેવજી પરીક્ષિત રાજાની પ્રશંસા કરી નીચે પ્રમાણે બોલ્યા.

શુકદેવજી કહે છે કે–હે રાજા! વેદવ્યાસ નારદ તથા દેવલ મુનિના મુખથી મેં જે ઇતિહાસ સાંભળ્યો છે તે ઇતિહાસ હું તમને કહી બતાવીશ. તમે સાવધાન થઇને સાંભળો. ૯ હે રાજન! શૂરસેન નામના દેશમાં ચિત્રકેતુ નામનો એક ચક્રવર્તી રાજા રાજ્ય કરતો હતો જેની સર્વ કામના પૃથ્વી પૂર્ણ કરતી હતી ૧૦ તે રાજાને એક કરોડ સ્ત્રીઓ હતી, તેમ તે રાજા પણ પુત્રપ્રાપ્તિ કરવાને સમર્થ હતો તોપણ તેને તે રાણીઓથી સંતાન થયું ન હતું. ૧૧ તે રાજા રૂપ ઉદારતા અવસ્થા ઉત્તમ કુળમા જન્મ વિદ્યા ઐશ્વર્ય અને લક્ષ્મી વગેરે સર્વ ગુણોથી સંપન્ન હતો પણ તેની સ્રીઓ વાંઝણી હતી તેથી તેને ચિંતા થતી. સવ સંપત્તિઓ રૂપવતી સ્રીઓ અથવા આ પૃથ્વી એમાંની કોઇ પણ વસ્તુ તેને આનંદ આપતી ન હતી ૧૩ એક દિવસ મહાત્મા અંગિરા લોકમા ફરતા ફરતા દૈવેચ્છાથી તેને ઘેર આવી ચઢયા ૧૪ રાજા ઉઠીને ઉભો થયો અને સામે જઇ પૂજા વગેરેથી શાસ્રમાં કહ્યા પ્રમાણે ઋષિની પૂજા કરી તેમનો અતિથી સત્કાર કર્યો તથા તે ઋષિને સારી રીતે આસન ઉપર બેસાડી પોતે સાવધાન થઇ તેમની પાસે પૃથ્વી ઉપર બેસી ફરીને વિનયપૂર્વક પ્રણામ કર્યા. પછી હે મહારાજ! મહર્ષિ અંગિરા પોતાની પાસે બેઠેલા અને વિનયથી નમ્ર થયેલા રાજાનો સત્કાર પામી તેને સંબોધીને આ પ્રમાણે પૂછવા લાગ્યા. ૧૬

‡ આ અધ્યાયમા ચિત્રકેતુ રાજાએ મહાકષ્ટથી પુત્ર સપાદન કર્યો હતો, તે એકાએક મરી જવાથી અત્યંત સ્નેહને લીધે તેને અતિ શોક થયો એ કથા કહેવાશે.

અંગિર.—તમારૂં અને તમારા રાજ્યનાં અંગોનું આરોગ્ય અને કલ્યાણ થાઓ. જીવ જેમ મહતત્ત્વ વગેરે સાત મુખ્ય પ્રકૃતિઓવડે રક્ષાયેલો છે તેમ રાજા પણ પુરોહિતો વગેરે સાત પ્રકૃતિઓથી રક્ષાયેલો છે. ૧૭ રાજા પ્રકૃતિમંડળને અનુસરીને ચાલે છે તો રાજ સુખ ભોગવે છે તેમજ હે રાજન ! પ્રકૃતિ મંડળ રાજાને અનુકૂળ રહીને વર્તે તો રાજા સારો ધનવાન થાય છે. ૧૮ તમારી રાણીઓ પ્રજા મંત્રી મંડળ ચાકરનફરો વ્યાપારીઓ રાજ્યના સલાહકારો નગરવાસીઓ દેશીઓ તાબાના રાજાઓ તથા પુત્રો તમારી મરજી પ્રમાણે વર્તે છે કે ? ૧૯ તેમાં પણ એક વાત છે તે એ કે જેનું મન પોતાને વશ હોય તેને ઉપર કહેલાં સર્વે વશ રહે છે અને લોકપાળોની સાથે સર્વ લોકો આળસ રહિત થઇ તેને કર આપે છે. ૨૦ તમારૂં મન ઉદાસ લાગે છે તેનું કારણ શું છે ? શું કોઈ બીજાના કાર્યે પ્રસંગે ઉદાસ છો ? અથવા તો પોતાના કાર્ય પ્રસંગે ઉદાસ છો ? તમારી મનકામના પૂર્ણ થઇ ન હોય એવા તમે દેખાઓ છો કારણ કે તમારૂં મુખ ચિંતાથી ઉતરી ગયેલું છે ૨૧

શુકદેવજી કહે છે કે—હે રાજન ! અંગિરા સર્વજ્ઞ હતા તોપણ તેમણે આ પ્રમાણે રાજાને પૂછ્યું તે ઉપરથી પ્રજાની કામનાવાળા રાજાએ વિનયથી અવનત થઇ કહ્યું કે—હે ભગવન ! તપ જ્ઞાન અને સમાધિથી પાપ રહિત થયેલા યોગીઓ પ્રાણીઓના મનની અને બહારની કયી વાત જાણતા નથી ? ૨૩ આપ સર્વ જાણો છો તો પણ આપે મને પૂછ્યું તેથી મારી ચિંતાનુ કારણ હું કહુ તે સાંભળો મારા ચક્રવર્તી રાજ્યનુ ઐશ્વર્ય તથા સંપત્તિઓ જો કે લોકપાળોને પણ ઇચ્છવા યોગ્ય છે તથાપિ ભૂખ્યા તરશ્યા મનુષ્યને જેમ બીજા વૈભવો સુખ કરતા નથી તેમ મને વાંઝીયાને આ વૈભવો આનંદ આપતા નથી. ૨૫ મને પુત્ર ન હોવાથી હું મારા પૂર્વજોની સાથે નરકમાં પડેલો છું તેમાંથી મારી રક્ષા કરો. અમે પ્રજાવડે આ દુસ્તર નરકમાંથી તરી જઇએ એમ કરો. ૨૬

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે રાજાએ પ્રાર્થના કરી એટલે દયાળુ એવા ભગવાન અંગિરા ઋષિએ ત્વષ્ટા દેવતાનો ચરૂ રાંધી તેવડે ત્વષ્ટા દેવનું યજન કર્યું. ૨૭ પછી રાજાની રાણીઓમાં કૃતદ્યુતિ નામની જે રાણી શ્રેષ્ઠ હતી તેને યજ્ઞનો શેષ ભાગ ખાવા આપ્યો. ૨૮ પછી રાજાને કહ્યું કે—હે રાજન ! તને એક પુત્ર થશે ને તે હર્ષ અને શોક આપનારો થઇ પડશે. બ્રહ્માના પુત્ર અંગિરા પછી ત્યાંથી ચાલ્યા ગયા. ૨૯ કૃતદ્યુતિ યજ્ઞોચ્છિષ્ટ પ્રાશન કરવાથી કૃત્તિકાએ જેમ અગ્નિથી ગર્ભ ધારણ કર્યો હતો તેમ ચિત્રકેતુથી ગર્ભવતી થઇ. ૩૦ હે રાજા ! શૂરસેન દેશના રાજાથી તે સ્ત્રીને રહેલો ગર્ભ શુકલપક્ષમાં જેમ દિવસે દિવસ ચંદ્રમા વૃદ્ધિ પામે તેમ દિવસે દિવસ વધવા લાગ્યો. ૩૧ પછી પ્રસવકાળ આવ્યો એટલે એક કુમારને તેણે જન્મ આપ્યો. એ કુંવરના જન્મના સમાચાર સાંભળીને શૂરસેન દેશના લોકો પરમ આનંદ પામ્યા. પછી પ્રસન્ન થએલા રાજાએ નાહી પવિત્ર થઇ શરીર ઉપર આભૂષણો ધારણ કર્યા અને બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવી જાતકર્મ કરાવ્યું. ૩૩ બ્રાહ્મણોને સુવર્ણ રૂપુ વસ્ત્ર આભૂષણ ગામ ઘોડા હાથી તથા સાઠ કરોડ ગાયો આપી. ૩૪ ઉદાર મનના રાજાએ કુમારના ધનની યશની તથા આયુષ્યની વૃદ્ધિ થાય તે માટે મેઘની પેઠે બીજા મનુષ્યોને તેમની ઇચ્છા પ્રમાણે વસ્તુઓ આપી. ૩૫ નિર્ધન મનુષ્યનો જેમ મહા કષ્ટથી મેળવેલા ધન ઉપર નિરંતર સ્નેહ વધતો જાય છે તેમ રાજર્ષિનો મહા કષ્ટથી મેળવેલા પુત્ર ઉપર ઉત્તરોત્તર સ્નેહ વધતો ગયો. ૩૬ માતા કૃતદ્યુતિને પણ પુત્ર ઉપર મોહને લીધે ઉત્પન્ન થયેલો સ્નેહ દિને દિન

બાળક વધતો ગયો અને તેની સોકયોને પ્રજાની ઇચ્છાથી મનમાં સંતાપ થવા લાગ્યો. ૩૭ પુત્રને રમાડતા ચિત્રકેતુ રાજાની જેવી પુત્ર વાળી રાણી ઉપર પ્રીતિ થઇ હતી તેવી બીજી રાણીઓ ઉપર ન હતી. ૩૮ પેલી વાંઝણી રાણીઓ દુઃખથી અને રાજાના અનાદરથી પોતાને ધિક્કારતી ઇર્ષ્યા લાવીને નીચે પ્રમાણે સંતાપ કરતી. ૩૯ પ્રજા વિનાની પાપિણી સ્ત્રી કે જેનું પતિના ઘરમાં માન હોતું નથી તે સ્ત્રીને ધિક્કાર છે, કારણ કે સારી પ્રજા વાળી સોકયો તેનો દાસીની પેઠે તિરસ્કાર કરે છે.૪૦ દાસીઓ તો સુખી હોય છે કેમકે નિરંતર પોતાના સ્વામીની સેવા કરીને માન મેળવનારી દાસીઓને શાનો સંતાપ? આ પણે તો દાસીની દાસી પેઠે અભાગિણી છીએ. ૪૧ આ પ્રમાણે સોકયની પુત્રસંપત્તિથી બળ્યા કરતી અને રાજાને જેમની આજીવિકા અકારી થઇ પડી હતી એવી રાણીઓના મનમાં મોટો દ્વેષ ઉત્પન્ન થયો. ૪૨ દ્વેષને લીધે તેમની બુદ્ધિ નાશ પામી અને દારૂણ ચિત્તવાળી ને રાજાના વર્તનને સહન ન કરનારી તે સ્ત્રીઓએ રાજકુમારને ઝેર આપ્યું. ૪૩ કૃતદ્યુતિ સોકયોના મોટા દ્વેષભાવને જાણતી ન હતી તેથી કુમારને નિદ્રાવશ જોઇને તે સુતો છે એમ જાણીને ઘરમાં ફરવા મંડી. ૪૪ પછી બાળક ઘણી વાર થયા સુતેલો છે એમ જાણીને બુદ્ધિશાળી રાણીએ કહ્યું કે મારા બાળકને ઉઠાડીને અહીં લાવ ૪૫ પેલી ધાવ સુતેલા કુમારની પાસે જઇ જુવે છે તો તેની આંખોની કીકીયો મરી ગઇ હતી અને તે પ્રાણ ઇન્દ્રિયો ને ચેતના રહિત થઇ ગયો હતો. આ જોઇને તે ધરણી ઉપર ઢળી પડી. ૪૬ બન્ને હાથવતી જોરથી તે છાતી કુટવા લાગી. દાસીનો અત્યંત ગભરાટવાળો સ્વર સાંભળી કૃતદ્યુતિ ઉતાવળી ઉતાવળી ત્યાં ગઇ અને જુવે છે તો તેણે પણ પુત્રને મરણ પામેલો દીઠો. ૪૭ પુત્રને મરણ પામેલો જોઇ સોકયના ઉભરાથી રાણી મૂર્છિત થઇ ધરણી ઉપર ઢળી પડી. તેના માથાના કેશ વિખરાઇ ગયા અને શરીર ઉપરનાં વસ્ત્રો ખસી ગયાં. ૪૮ પછી રાજાના અંતઃપુરમાં રહેનારાં મનુષ્યો પુરૂષો અને સ્ત્રીઓ ધાવનું રડવું સાંભળી ત્યાં દોડી આવ્યા અને તેના સરખાં જ દુઃખી થઇ રડવા મંડયાં. અપરાધ કરનારી સોકયો પણ ખોટું ખોટું રડવા લાગી ૪૯ રાજા પોતાના પુત્રનું અચાનક મરણ થયું તેથી આંધળો ભીંત થઇ ગયો અને ઠેસો ખાતો પડતો અને સ્નેહાનુબંધને લીધે ઉભરાઇ ગયેલા શોકથી અત્યંત મૂર્છા ખાતો બ્રાહ્મણોની સાથે ત્યાં ગયો. ૫૦ રાજાએ આવતાં વાંત મરેલા બાળકના પગની પાસે પછાડ ખાધી. તેના મસ્તકના વાળ ને શરીર ઉપરના વસ્ત્રો વિખરાઇ ગયા. તે ઉંડા નિઃસાસા નાંખવા લાગ્યો અને અશ્રુને લીધે કંઠ રૂંધાઇ જવાથી બોલવા ગયો પણ બોલી શકયો નહિ. ૫૧

આ પ્રમાણે રાજાને અત્યંત શોકાતુર જોઇને એક જ સંતતિરૂપે બાળકને મરી ગયેલો જોઇ રાણી મનુષ્યોના તથા પ્રકૃતિ મંડળના હૃદયમાં દુઃખ ઉપજાવતી અનેક પ્રકારે વિલાપ કરવા લાગી. ૫૨ વિલાપ કરતાં કરતાં રાણીએ અંજનવાળા અશ્રુથી કુંકુમ ને ચંદનવડે ચર્ચેલાં સ્તનને ભીજવી નાંખ્યા જેમાથી વેણીઓ ખરી પડતી હતી એવા કેશોને વિખેરી નાખ્યા અને કુરરીની પેઠે રાગ રાઢીને અનેક પ્રકારે પુત્રનો વિલાપ કરવા લાગી. ૫૩ અરે વિધાતા! તું અત્યંત મૂર્ખ છે કારણ કે તારી સૃષ્ટિથી ઉલટું આચરણ તું કરે છે ઘરડાં જીવતાં છતાં તું જુવાનને ઉંચકી લે છે તેથી તારી સૃષ્ટિનો નાશ થશે. તું પ્રાણીઓને અત્યંત દુઃખ દેનારો નિરંતરનો શત્રુ છે. ૫૪ પ્રાણીઓને જો પોતપોતાના કર્મને લીધે થતાં જન્મ મરણનો યોગ્ય ક્રમ રહેતો ન હોય તો પછી

તારૂં શું કામ? તેમ તારા વિના એકલાં કર્મો કંઇ કરી શકતાં ન હોય તો પછી તે પોતે તારી સૃષ્ટિની વૃદ્ધિ કરવા માટે જે સ્નેહ પાશ બાંધેલો છે તે સ્નેહપાશને તું પોતેજ કાપી નાખે છે. આવાં પુત્રાદિકના મરણનાં દુઃખો જોઇને કોઇ પણ પુત્રાદિક ઉપર સ્નેહ કરશે નહિ ને તેથી તારી સૃષ્ટિ આગળ વધતી અટકી પડશે ૫૫ અરે પુત્ર! તારે મારો અનાથ અને રાંકનો ત્યાગ કરવો યોગ્ય ન હતો. હું તો એક તરફ રહી પરંતુ તારા આ દુઃખને લીધે સંતાપ કરતા પિતાની સામુ તો જો. તું જીવતો થઇને ઉભો થા એટલે અમે અપુત્રવાળાંથી તરી શકાય નહિ એવા ગાઢ અંધારાવાળા નરકને પરિશ્રમ વિના તરી જઇએ તું નિર્દય એવા યમની સાથે જઈશ નહિ ૫૬ હે પુત્ર! હે રાજકુમાર! ઉભો થા તારી સમાન વયના છોકરાઓ રમવા માટે તને બોલાવે છે તું ઘણીવાર થયાં સુતો છે તેથી ભૂખ્યો થયો હોઇશ. સારા સંબંધી એવાં જે અમે તેનો શોક દૂર કર ૫૭ હે પુત્ર! હવે હું ભાગ્યહીન તારા સુંદર હાસ્ય વાળા અને આનંદ ભરેલી દૃષ્ટિવાળા મુખ કમળને જોઇ શકીશ નહિ અરેરે! હું તારી મનોહર વાણી સાંભળવાની નથી. હાય હાય! જ્યાંથી પાછું ફરાતું નથી એવા પરલોકમા શું તુ ગયો? અને નિર્દય એવો યમ તને લઇ ગયો? ૫૮

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે કૃત ઘુતિ રાણી મરણ પામેલા પુત્રની અનેક વાતો સંભારી વિલાપ કરવા લાગી તે સાંભળી ચિત્રકેતુ પણ બહુ જ સંતાપ કરવા લાગ્યો. રાજા રાણી વિલાપ કરવા લાગ્યા એટલે તેમને અનુસરનારા પુરૂષોએ તથા સ્ત્રીઓએ પણ રડવા માંડયુ અને આખું નગર શોકસાગરમાં બુડી ગયુ. ૬૦ એ પ્રમાણે ચિત્રકેતુ રાજાને દુઃખી થઇ ગયેલા ભાન વિનાના થઇ ગયેલા તથા અનાથ થઇ ગયેલા જોઇ અંગિરા નારદની સાથે ત્યાં ગયા. ૬૧

एवं कश्मलमापन्नं नष्टसंज्ञमनायकम् ।
ज्ञात्वांगिरा नाम मुनिराजगाम सनारदः॥६१

इतिश्रीमद्भागवतेमहापुराणेषष्ठस्कंधे
चतुर्दशोध्यायः

અધ્યાય ૧૫ મો.¶

અંગિરા ને નારદનો રાજાને ઉપદેશ.

श्रीशुक उवाच

ऊचतुर्मृतकोपान्ते पतितं मृतकोपमम् ।
शोकाभिभूतं राजन बोधयन्तौ सदुक्तिभिः॥१

શુકદેવજી કહે છે કે—હે રાજા! અંગિરા ને નારદ શબની પાસે શબવત થઇ બેઠેલા અને શોકથી હારી ગયેલા ચિત્રકેતુ રાજાને શાસ્ત્રનાં વચનોથી ઉપદેશ કરવા લાગ્યા. ૧ હે રાજેન્દ્ર! તમે જેને માટે શોક કરો છો તેની સાથે તમારે શું સંબંધ છે? આ સૃષ્ટિમાં તમે તેના શું થાવ છો? પૂર્વજન્મમા હાલના વર્તમાન જન્મમાં અને ભવિષ્યના જન્મમાં તમારો અને આનો સંબંધ કેવો હતો? હમણા કેવો છે? અને હવે પછી કેવો સબંધ થશે? ૨ વિચાર કરતાં તો જણાય છે કે નદીના પ્રવાહના વેગથી રેણુ જેમ એકઠી થાય અને જુદી પડી જાય તેમ પ્રાણીઓ કાળના વેગથી એકઠા થાય છે અને પાછાં જુદા પડી જાય છે. ૩ તમારા મનમા એમ થતું હોય કે મારે આટલા વખત સુધી પુત્ર ન હતો અને હમણા વૃદ્ધાવસ્થામાં પુત્ર થયો હતો તે પણ મરી ગયો તેથી મને દુઃખ થાય છે, એવું માનીને દુઃખ કરવું એ પણ વ્યર્થ છે, કારણ કે જેમ બીજમાંથી કોઇ વાર બીજ ઉત્પન્ન થાય છે કોઈ વાર ઉત્પન્ન થતાં નથી અને કોઇ વાર ઉત્પન્ન થઇને નાશ પામે છે, તેમ ઈશ્વરની માયાવડે કોઈ વાર પ્રાણીઓથી પ્રાણીઓ ઉત્પન્ન થાય છે

¶ આ અધ્યાયમા અંગિરા અને નારદે ચિત્રકેતુ રાજાને તત્વનો ઉપદેશ કરીને તેનો શોક દૂર કર્યો, એ કથા કહેવાશે.

કોઇ વાર થતાં નથી અને કોઈ વાર ઉત્પન્ન થઇને નાશ પામે છે. બીજાદિકમાં જેમ જન્ય જનકનો સંબંધ નથી તેમ પ્રાણીઓમાં પિતા પુત્રનો સંબંધ પણ નથી. પૂર્વ જન્મમાં પિતા હોય તે મરણથી જુદો પડી વર્તમાન જન્મમાં પુત્રાદિકને સબંધે અવતરે છે. આમ ઈશ્વરની પ્રેરણાથી જન્મ મરણ થયા કરે છે પરંતુ વસ્તુતાએ વિચાર કરતાં તેમાનું કંઈજ નથી. ૪ મૃત્યુ એ સર્વ સાધારણ છે માટે તારે પુત્રનો શોક કરવો યોગ્ય નથી. હે રાજન! અમે તું તથા આ વર્તમાન કાળના સ્થાવર જંગમ પ્રાણીઓ જેમ જન્મની પૂર્વે ન હતા, મૃત્યુ પછી પણ નહિ હોઇએ તથા હમણાં પણ નથી, તેમજ આ જગત પણ પહેલાં ન હતું અને ભવિષ્ય કાળમાં રહેશે નહિ. માત્ર વર્તમાન કાળમાં સ્વપ્નની પેઠે ભાસે છે. ૫ કદાપિ તું કહીશ કે જગતમિથ્યા હોય તો તેની પ્રતીતિ કેમ થાય, તેમ હું આનો પિતા છું એવું અભિમાન શાથી થાય છે ? તેના ઉત્તરમાં કહેવાનું કે ઈશ્વરે પોતાની માયાદ્વારા જગત સરજેલુ છે તેથી તેની પ્રતીતિ થાય છે અને તે પ્રતીતિદ્વારા પ્રાણીઓને અભિમાન ઉપજે છે અજન્મા પરમાત્મા ઇચ્છા રહિત છે છતા બાળકની પેઠે પોતે ઉત્પન્ન કરેલા અને પરાધીન એવાં પ્રાણીઓદ્વારા પ્રાણીઓને ઉત્પન્ન કરે છે, તેમની રક્ષા કરે છે અને તેમનો સહાર કરે છે ૬ આ જન્મ મરણાદિક વ્યવહાર માત્ર દેહને છે આત્માને નથી. હે રાજા ! જેમ બીજમાંથી બીજું બીજ ઉત્પન્ન થાય છે તેમ માતા પિતાના દેહમાંથી પુત્રનો દેહ ઉત્પન્ન થાય છે અને બીજમા પૃથ્વી વગેરે તત્વો જેમ તેના તે જ રહે છે તેમ દેહમાં પણ તેનો તેજ આત્મા રહે છે. ૭ જેમ જાતિ તથા આકૃતિના વિભાગની કલ્પના એક વસ્તુમાં કરેલી છે તેમ દેહ અને દેહીના વિભાગની કલ્પના પણ અનાદિ કાળના અજ્ઞાનથી એક જ વસ્તુમાં કરેલી છે વસ્તુતાએ મિથ્યા છે. ૮

શુકદેવજી કહે છે કે–એ પ્રમાણે મુનિઓનાં વચનથી ચિત્રકેતુ રાજા આશ્વાસન પામ્યો અને અંતર પીડાથી કરમાઇ ગયેલા મુખને હાથથી લુછીને બોલ્યો કે–જ્ઞાનસંપન્ન મહાત્માઓમાં મોટા એવા તમે અહીંઆં અવધુતના વેશથી ગુપ્ત રીતે આવેલા કોણ છો ? ૧૦ ખરેખર ભગવાન ઉપર પ્રીતિ રાખનાર અને અવધુતના જેવો વેશ ધારણ કરનાર બ્રાહ્મણો મારા જેવા સામાન્ય બુદ્ધિના લોકોને ઉપદેશ કરવા ઇચ્છાનુસાર પૃથ્વી ઉપર ફરે છે. ૧૧ સનત્કુમાર નારદ ઋભુ અંગિરા દેવલ અસિત અપતાંતરતમ વ્યાસ માર્કંડેય ગૌતમ ૧૨ વસિષ્ઠ પરશુરામ કપિલ શુકદેવજી દુર્વાસા યાજ્ઞવલ્કય જાતુકર્ણ્ય આરૂણિ ૧૩ રોમશ ચ્યવન દત્તાત્રેય આસુરિ પતંજલિ વેદશિરા બોધ્ય પંચિશિરા ૧૪ હિરણ્યનાભ કૌશલ્ય શ્રુતદેવ ઋતુધ્વજ અને બીજા સિદ્ધ લોકો જ્ઞાનનો ઉપદેશ કરવા ફરે છે. ૧૫ ગાઢ અજ્ઞાનમાં ડુબી ગયેલા ગામડાનાં પશુ જેવા મને મૂઢ બુદ્ધિને તમે બંને જ્ઞાનરૂપી દિવાનો પ્રકાશ કરો. ૧૬

અંગિરા કહે છે કે–હે રાજા ! તને જ્યારે પુત્રની ઇચ્છા હતી ત્યારે તને પુત્ર આપનાર હું પોતે જ હતો. આ બ્રહ્માના પુત્ર ભગવાન નારદ ઋષિ છે. ૧૭ આ પ્રમાણે મોહ પામવાને અયોગ્ય અને હરિભકત એવા તને પુત્રના શોકથી દુસ્તર મોહમાં ડુબી ગયેલો જોઇ હે રાજન ! તારો અનુગ્રહ કરવાને અમે અહીં આવ્યા છીએ બ્રાહ્મણનો રક્ષક અને ભગવાનનો ભકત તું મોહ પામવા યોગ્ય નથી. ૧૯ હું પ્રથમ જ્યારે તારે ઘેર આવ્યો ત્યારે તને જ્ઞાન આપવાની મને અભિલાષા હતી પરંતુ તને સંસારાસકત જોઇ મેં પુત્ર આપ્યો. ૨૦ પુત્રવાળા પુરૂષોને જે સંતાપ થાય છે તે સંતાપનો હમણા તું અનુભવ કરે છે. એ પ્રમાણે સ્ત્રી ઘર ધન અને નાના પ્રકા-

રની ઐશ્વર્યની સંપત્તિઓ સંતાપકારક સમજવી.૨૧ હે શૂરસેનના રાજા! શબ્દાદિક વિષયો ચંચળ એવા રાજ્યના વૈભવો પૃથ્વી રાજ્ય સેના ભંડાર ચાકર કાર્યભારીઓ સગાં સંબંધીઓ સૌ શોક મોહ ભય તથા પીડા આપનાર છે. ગંધર્વ નગરની માફક નાશવંત છે અને સ્વપ્ન માયા તથા મનોરથના જેવાં મિથ્યા છે. ૨૩ તે પદાર્થો સત્યતા વિના દેખાય છે, કારણ કે મનથી ઉત્પન્ન થયેલાં છે. જો સત્ય હોય તો એક ક્ષણમાં ઉત્પન્ન થઇ ક્ષણમાં દેખાવાં જોઇએ પણ ક્ષણમાં દેખાતાં નથી. મનથી ઉત્પન્ન થયેલાં હોવાથી સ્વપ્નાદિકની પેઠે તે મિથ્યા છે કદાપિ તું કહીશ કે સારા નરસા પદાર્થો પુણ્ય પાપથી મળે છે એવું મીમાંસકોનું મત છે. ત્યારે મનથી ઉત્પન્ન થયેલા કેમ કહી શકાય? તેના ઉત્તરમાં કહેવાનું કે પુરૂષ કર્મની વાસનાઓથી વિષયોનું ચિંતન કરે છે તેથી મનમાંથી નાના પ્રકારનાં કર્મો ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે કર્મ પણ મનમાંથી ઉત્પન્ન થયેલાં હોવાથી કર્મોથી ઉત્પન્ન થતા પદાર્થો મનમાંથી ઉત્પન્ન થયેલા ગણાય છે. ૨૪ દેહાભિમાની જીવને પંચભૂત ઇંદ્રિયોના દેવતા રૂપ દેહ જ વિવિધ કલેશ અને સંતાપ આપનારો કહેલો છે. ૨૫ તું નિર્મળ મનથી આત્મસ્વરૂપનો વિચાર કરીને દ્વૈત પદાર્થ ઉપર થયેલો સત્યતાનો વિશ્વાસ ત્યાગ કર અને શાંતિનો આશ્રય કર. ૨૬

નારદ બોલ્યા કે—સાવધાન થઇ તું આ કલ્યાણકારિણી મંત્રવિદ્યાને મારી પાસેથી ગ્રહણ કર, કે જે મંત્રવિદ્યાને સાત રાત્રિ સુધી ધારણ કરવાથી તું ભગવાન એવા સંકર્ષણનાં દર્શન કરીશ. ૨૭ હે રાજા! શંકરાદિ પ્રાચીન મહાત્માઓ જેમના ચરણને શરણે જઇ આ ભ્રાંતિરૂપ દ્વૈતનો ત્યાગ કરી જેના સમાન અથવા અધિક કોઇ નથી એવા પરબ્રહ્મને પામ્યા છે તે શેષનાગ ભગવાનને તું પણ થોડા સમયમાં પામીશ. ૨૮

यत्पादमूलमुपसृत्य नरेंद्र पूर्वे शर्वादयो
भ्रममिमं द्वितीयं विसृज्य ।
सद्यस्तदीयमतुलानधिकं महित्वं
प्रापुर्भवानपि परं न चिरादुपैति ॥ २८ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेषष्ठस्कंधे
पंचदशोध्यायः

અધ્યાય ૧૬ મો.†

રાજાને નારદે કરેલો ઉપદેશ.

श्रीशुक उवाच.

अथ देवऋषी राजन् संपरेतं नृपात्मजम् ।
दर्शयित्वेतिहोवाच ज्ञातीनामनुशोचताम् ॥

શુકદેવજી કહે છે કે–હે પરીક્ષિત રાજા! પછી નારદજીએ મરી ગયેલા રાજકુમારને યોગબળવડે જીવતો કરી શોક કરતાં તેનાં સંબંધીઓને દેખાડી આ પ્રમાણે કહ્યું. ૧

નારદજી બોલ્યા કે–હે જીવાત્મા! તારાં માતા પિતા સગાં સંબંધીઓ અને બાંધવો તારા શોકથી અત્યંત ખિન્ન થઇ ગયાં છે તેમની તરફ તું જો. ૨ હવે તું તારા કલેવરમાં પ્રવેશ કરી મિત્રોથી વિંટાઇને બાકીનું આયુષ્ય ભોગવ, પિતાએ આપેલા વૈભવો ભોગવ તથા રાજ્યાસન ઉપર બેસ. ૩ જીવ બોલ્યો કે–હું કર્મવડે દેવતા પશુ પક્ષી ને મનુષ્યોની જાતિઓમાં હમેશ ભટક્યા કરૂં છું. આ કયા જન્મના મારાં માતા પિતા? મારા મરી જવાથી પુત્રબુદ્ધિવડે તમે શોક કરો છો ત્યારે મને કોઇ જન્મનો શત્રુ ગણીને રાજી શા માટે થતાં નથી? કારણ કે પુત્રાદિકનો સંબંધ કંઇ નિત્ય રહેનારો નથી બદલાયા કરે છે. સર્વે સર્વના અનુક્રમે પરસ્પરનાં સપિંડ સંબંધી શત્રુ તટસ્થ મિત્ર ઉદાસીન અથવા વૈરી બનેછે અને જન્મે જન્મે બદલાય છે. ૫ સુવર્ણ વગેરે વેચવાના પદાર્થો તેના તે જ વ્યાપારીઓમાં આડા અવળા

† આ અધ્યાયમાં પુત્રની વાણીથી રાજાને શોક રહિત કરી નારદે તેને શેષનાગને પ્રસન્ન કરનારી મંત્રવિદ્યાનો ઉપદેશ કર્યો એ કથા કહેવાશે.

ફર્યા કરે તેમ જીવ પણ એકનો એક અનેક જન્મમાં ભટકયા કરે છે. ૬ મનુષ્યને પશુ વગેરે જીવતા પદાર્થોનો સબંધ નિરંતર રહેતો નથી. જ્યાં સુધી જે પદાર્થની સાથે સંબંધ રહે ત્યા સુધી તેની ઉપર મમતા રહે છે પરંતુ વેચી નાખ્યા પછી તેની ઉપર મમતા રહેતી નથી. આ પ્રમાણે જીવ પિતા પુત્રના સંબંધને પામ્યા છતાં જન્મ મરણ રહિત ને 'હું ફલાણાનો પુત્ર છું' એવું અભિમાન રહેતું નથી તેને જ્યા સુધી જે દેહનો સંબંધ હોય ત્યાં સુધી મમતા રહે છે પરંતુ દેહ પડયા પછી રહેતી નથી. ૮ જીવ એક હોવાથી નિત્ય છે અવિનાશી છે જન્મ મરણ રહિત છે દેહાદિક સર્વનો આશ્રય સ્વયંપ્રકાશ છે અને પોતાની માયાના ગુણોથી પોતાને જગત રૂપે રચે છે ૯ તમે કહ્યું કે તું સંબંધીઓથી વિંટાઇને રાજ્ય કર પરંતુ જીવને કોઇ અત્યંત પ્રિય નથી તેમ કોઇ અપ્રિય નથી, કોઇ પોતાનો નથી તેમ કોઇ પારકો પણ નથી પરંતુ તે હિત અને અહિત કરનાર મિત્રાદિકની અનેક પ્રકારની સમવિષમ બુદ્ધિનો દ્રષ્ટા સાક્ષી છે તમે કહો છો કે તું વૈભવો ભોગવ પરતુ જીવાત્મા તો સુખ દુઃખને કે રાજ્યાદિકને ભોગવતો નથી, કારણ કે તે કાર્ય તથા કારણોનો સાક્ષી છે ભોકતા નથી સ્વતંત્ર છે પણ દેહાદિકને વશ નથી. ઉદાસીની માફક રહેલો તે હું પોતે છું માટે તમારે અને મારે કંઇ સંબંધ નથી તેથી તમે શોક કરશો નહિ

શુકદેવજી કહે છે કે–એ પ્રમાણે કહીને જીવ પાછો શરીરમાંથી નીકળીને ચાલ્યો ગયો એટલે તેનાં સગા સંબંધીઓએ આશ્ચર્ય પામી સ્નેહરૂપી બધનને મિથ્યા માની શોક કરવો મૂકી દીધો ૧૨ પછી તેનાં સંબંધીઓએ તેના શબને બાળીને યોગ્ય ઉત્તરક્રિયા વગેરે કર્યુ પછી શોક મોહ ભય ને પીડા આપનાર દુસ્ત્યજ સ્નેહને છોડી દીધો. ૧૩ બાળહત્યા કરનારી સ્ત્રીઓ જેઓ બાળહત્યા કરવાથી નિસ્તેજ થઇ ગઈ હતી તેઓ શરમાઇ ગઇ અને હે મહારાજા! અંગિરાનું ભાષણ સાંભળી યમુના નદીના તીર ઉપર બ્રાહ્મણોના કહ્યા પ્રમાણે બાળહત્યાનું પ્રાયશ્ચિત્ત કર્યું ૧૪ આ પ્રમાણે અંગિરા તથા નારદના ઉપદેશથી ચિત્રકેતુ રાજા જ્ઞાનસંપન્ન થયો અને હાથી જેમ તળાવમાથી બહાર નીકળે તેમ ઘરરૂપી અંધારા કુવામાંથી બહાર નીકળ્યો. ૧૫ યમુનામાં શાસ્ત્રોક્ત રીતે નાહી તર્પણ વગેરે ક્રિયાઓ કરી મૌન તથા જીતેંદ્રિય થઇ અંગિરા અને નારદને પગે પડયો. ૧૬ ભગવાન નારદે પ્રસન્ન થઇ જીતેદ્રિય અને ભકિતભાવવાળા શરણાગત રાજાને આ પ્રમાણે ઉપદેશ કર્યો:–

વાસુદેવ પ્રદ્યુમ્ન અનિરૂદ્ધ અને સંકર્ષણરૂપ આપ ભગવાનને અમે ધ્યાનપૂર્વક વાર વાર નમસ્કાર કરીએ છીએ ૧૮ અનુભવસ્વરૂપ પરમાનંદમૂર્તિ આત્મામાં આનંદ કરનાર શાંત ને જેમની દ્વૈતદૃષ્ટિ નિવૃત્તિને પામી છે એવા આપને નમસ્કાર કરીએ છીએ. ૧૯ આત્માનદના અનુભવવડે માયાથી થતા રાગ દ્વેષનો ત્યાગ કરનાર એવા આપને નમસ્કાર કરીએ છીએ. ૨૦ મનની સાથે સર્વ ઈન્દ્રિયો જેમને ન પહોંચવાથી વિરામ પામ્યા પછી જે પ્રકાશે છે જે નામ તથા રૂપરહિત છે ચૈતન્યસ્વરૂપ છે અને કાર્ય તથા કારણના પણ કારણરૂપ છે તે ભગવાન અમારી રક્ષા કરો ૨૧ જેમન વિષે આ જગત રહેલું છે જે થકી જગત ઉત્પન્ન થાય છે જેનાથી જગત નાશ પામે છે તથા જે ઘટાદિકમાં મૃતિકાદિકની માફક સર્વ વસ્તુમાં વ્યાપ્ત છે એવા આપ પરબ્રહ્મને નમસ્કાર કરીએ છીએ ૨૨ જે ઇશ્વર આકાશની પેઠે બહાર તથા અંદર વ્યાપીને રહેલા છે પ્રાણો ક્રિયાશકિતદ્વારા જેમનો સ્પર્શ કરી શકતા નથી તથા મન બુદ્ધિ આદિક ઇન્દ્રિયો જેમને

જાણી શકતી નથી તે પરમાત્માને હું નમસ્કાર કરૂં છું. ૨૩ આ દેહ ઇંદ્રિય પ્રાણ મન અને બુદ્ધિ જેમના ચૈતન્યાંશના આવેશથી જાગ્રત ને સ્વપ્ન અવસ્થામાં પોતાનું કામ કરે છે અને અગ્નિથી ન તપેલું લોઢું જેમ બાળી શકે નહિ તેમ સુશુપ્તિ ને મૂર્છા વગેરે અવસ્થામાં જેમની ચૈતન્ય શક્તિના અભાવથી દેહાદિક કામ કરી શકતાં નથી તથા જાગ્રત આદિક અવસ્થાઓમાં જે ઇશ્વર જીવની સંજ્ઞા ધારણ કરે છે તે પરમાત્માને હું નમસ્કાર કરૂં છું ૨૪ હે મહાપુરૂષ મહાવિભૂતિના પતિ એવા આપ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. હે ઉત્તમ! હે સર્વેશ્વર! સર્વે મોટા ભકતોનો સમુદાય પોતાના હાથ રૂપી કમળની કળીઓથી આપના ચરણારવિંદને સેવે છે એવા આપને હું નમસ્કાર કરૂં છું. ૨૫

શુકદેવજી કહે છે કે—હે રાજન! નારદજી શરણાગત ભક્તને ઉપર પ્રમાણે મંત્રવિદ્યાનો ઉપદેશ કરી અંગિરાની સાથે બ્રહ્માના લોકમાં ગયા. ૨૬ ચિત્રકેતુએ સાવધાન થઇ સાત દિવસ સુધી જળપાન કરી નારદે કહેલા મંત્રનો જપ કર્યો ૨૭ પછી સાતમી રાત્રીએ મંત્રના અનુષ્ઠાનથી રાજાએ અખંડિત એવું વિદ્યાધરોનું અધિપતિપણું મેળવ્યું ૨૮ પછી કેટલાએક દિવસો પછી મંત્રવિદ્યાના પ્રભાવથી પ્રકાશમાન થયેલા મનવડે રાજાને ઇચ્છાનુસાર ગતિ મળી તેથી દેવના દેવ એવા શેષનાગની પાસે ગયો ૨૯ શેષનાગનું શરીર કમળના નાળના જેવું ગૌર હતું તેમણે શરીર ઉપર કાળાં વસ્ત્ર પહેર્યાં હતાં, માથે ઝગઝગાટવાળો મુગટ ધારણ કરેલો હતો. બાહુએ બાજુબંધો પહર્યા હતા કેડે કંદોરો પહેર્યો હતો હાથમાં કડાં ધારણ કર્યાં હતાં. રાતા નેત્રવાળું પ્રસન્ન મુખ હતું અને મોટા સિદ્ધ પુરૂષોથી પરિવૃત્ત હતા. ૩૦ દર્શન કરતાં રાજાનાં સર્વ પાપ દૂર થયાં, મન સ્વચ્છ ને નિર્મળ થયું. ભક્તિની વૃદ્ધિથી નેત્રમાં સ્નેહનાં અશ્રુઓ આવ્યાં. શરીર ઉપર રોમાંચ થયાં અને તત્ત્વવેત્તા રાજાએ ભગવાન શેષનાગને શરણે જઇ આદિ પુરૂષ ભગવાનને પ્રણામ કર્યો. ૩૧ વારંવાર પ્રેમાશ્રુઓનાં બિંદુથી પરમાત્મા શ્રીહરિનાં ચરણારવિંદની પીઠરૂપ શેષનાગને અભિષેક કર્યો. પ્રેમથી સર્વ સ્તુતિના અક્ષરોનો ઉચ્ચાર અટકી ગયો. ઘણીવાર સુધી ભગવાનની સ્તુતિ કરી શકાઈ નહિ ૩૨ પછી તેને વાણી પ્રાપ્ત થઈ એટલે બુદ્ધિવડે મનને સ્થિર કરી તથા સર્વ ઇન્દ્રિયોની બાહ્ય વૃત્તિઓને નિયમમાં રાખી ભક્તિશાસ્ત્રમાં જેની આકૃતિ વર્ણવેલી છે એવા જગતના ગુરૂ ભગવાનની આ પ્રમાણે સ્તુતિ કરી. ૩૩

ચિત્રકેતુ કૃત સ્તુતિ—હે ભગવન્! આપ અજિત છો સર્વ ઉપર સમ બુદ્ધિ રાખનાર જીતેંદ્રિય પુરૂષોએ આપને જીતી લીધા છે અને આપ કે જે નિષ્કામ ભકતોને આત્મસ્વરૂપનું દર્શન આપનાર ને દયાળુ છો તેમણે ભકતોને જીતી લીધા છે. ૩૪ હે ભગવન્! જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લય થાય છે એ આપની માત્ર લીલાજ છે પ્રજાપતિઓ તમારા અંશના અંશ છે અને તેઓ જુદાં જુદાં ઐશ્વર્યના અભિમાનને લીધે અંદર અંદર વૃથા લડે છે. ૩૫ તમે મૂળ કારણ અને મહા કાર્યના અથવા તો સૂક્ષ્મ ને સ્થૂલ એવા વિશ્વના આદિમાં અંતમાં ને મધ્યમાં રહેનાર છો. ત્રણે વસ્તુથી રહિત છો. જે વસ્તુ કાર્યના આદિમા અંતમાં ને મધ્યમાં રહેલી હોય તે વસ્તુ ધ્રુવ કહેવાય છે. ૩૬ પૃથ્વી આદિક ઉત્તરોત્તર દશ દશગણાં વધારે વિસ્તારવાળાં સાત આવરણોથી બ્રહ્માંડ વિંટાયલું છે. કરોડ બ્રહ્માંડ તમારા રોમકૂપો વિષે પરમાણુની પેઠે ઉડયા કરે છે માટે તમે અનંત છો. ૩૭ વિષયની તૃષ્ણા રાખનાર નરપશુઓ આપની વિભૂતિરૂપ ઇંદ્રાદિ દેવતાઓની ઉપાસના કરે છે, પરંતુ આપની ઉપાસના કરતા નથી.

તેઓનાં સુખો હે ઈશ્વર! રાજાના મરણ પછી તેમના ચાકર નોકર વગેરે સેવકોનું સુખ જેમ ધૂળધાણી થઇ જાય તેમ દેવતાઓના નાશ પછી તેઓનાં સુખોનો નાશ થાય છે. ૩૮ હે પરમેશ્વર! જ્ઞાનસ્વરૂપ ને ગુણરહિત એવા તમારે વિષે વિષયની કામના અર્પણ કરી હોય તો તે સેકેલાં બીજની માફક બીજા દેહોને ઉત્પન્ન કરી શકતી નથી. જીવ ગુણોને લીધે સુખ તથા દુઃખ ભોગવે છે માટે કામનાવડે નિર્ગુણ ભગવાનની સેવા કરી હોય તો નિર્ગુણત્વ પ્રાપ્ત થાય છે. ૩૯ હે અજિત! નિષ્કિંચન ને આત્માનંદમાં વિહાર કરનાર શાંત મુનિઓ મોક્ષ માટે જેમની ઉપાસના કરે છે તે નિર્દોષ વૈષ્ણવ ધર્મ આપે જ્યારથી ઉપદેશ્યો ત્યારથી આપનો વિજય થઈ ચુકયો છે. ૪૦ બીજા ધર્મમાં જેમ ‘હું તું’ ‘તારૂં મારૂં’ એવી મનુષ્યોને વિષમ બુદ્ધિ થાય છે તેવી વિષમ બુદ્ધિ આ વૈષ્ણવ ધર્મમાં થતી નથી. શત્રુના મરણાદિકની કામના રૂપી વિષમ બુદ્ધિથી જે ધર્મ રચાયલો હોય છે તે રાગદ્વેષાદિકથી ભ્રષ્ટ થયેલો હોય છે તેમનાં ફળો નાશવંત હોય છે. ૪૧ અધર્મનો ઘણો ભાગ રહેલો હોય છે. પોતાનો ને પરનો દ્રોહ કરે એવો ધર્મ પાળવાથી પોતાનું ને પરનું શું કલ્યાણ થાય, તેમ કયું કાર્ય સિદ્ધ થાય. કોઇ પણ કાર્ય સિદ્ધ થતું નથી અને એ ધર્મમાં કહ્યા પ્રમાણે કાયાને અત્યંત કલેશ દેવાથી આત્મારૂપ આપને પીડા થાય છે અને પરને પીડા કરવાથી માત્ર અધર્મ થાય છે.૪૨ હે ભગવન! આપનો વિચાર પરમાર્થનો ત્યાગ કરતો નથી કારણ કે આપનો તે વિચાર વૈષ્ણવ ધર્મ વર્ણવે છે. ભગવદ્ભકતો સ્થાવર જંગમ સર્વ પ્રાણી સમૂહો ઉપર સમ બુદ્ધિ રાખીને વૈષ્ણવ ધર્મને સેવે છે. ૪૩ હે મહારાજ! આપનાં દર્શન કરવાથી મનુષ્યોના સર્વ પાપો નાશ પામે છે એમાં કંઇ આશ્ચર્ય નથી. આપના નામને એકવાર સાંભળવાથી ચંડાળ પણ સંસારમાંથી મુક્ત થાય છે.૪૪ હે ભગવન! હમણાં આપનાં દર્શનથી અમારાં મન શુદ્ધ થયાં છે. તમારા ભક્ત દેવર્ષિ નારદે જે વાત કહી હતી તે વાત મિથ્યા નથી.૪૫ હે અનંત! લોકો આ જગતમાં જે કંઇ આચરણ કરે છે તે સર્વ જગતના આત્મારૂપ જે તમે તેના જાણવામાં આવે છે. સૂર્યની પાસે ખદ્યોતને જેમ કંઈ પણ પ્રકાશ કરવા જેવું નથી તેમ મનુષ્યોના પરમ ગુરૂ એવા આપને કંઇ પણ જણાવવા જેવું નથી. ૪૬ આપ જગતની ઉત્પત્તિ સ્થિતિ ને પ્રલયના ઈશ્વર છો. કુયોગીઓ ભેદદૃષ્ટિને લીધે આપના સત્ય સ્વરૂપને જાણતા નથી એવા પરમહંસ રૂપ આપને હું નમસ્કાર કરૂં છું. ૪૭ પ્રજાપતિઓ જેમના શ્વાસની પાછળ શ્વાસ લે છે જ્ઞાનેંદ્રિયો જેમના જાણવા પછી જાણે છે અને જેમના મસ્તક ઉપર ભૂમંડળ સર્ષવના કણ જેવુ લાગે છે તે હજાર મસ્તકવાળા ભગવાન શેષને મારા નમસ્કાર છે. ૪૮

શુકદેવજી કહે છે કે—હે કુરૂકુલોત્પન્ન! ચિત્રકેતુએ આ પ્રમાણે શેષની સ્તુતિ કરી એટલે તેમણે પ્રસન્ન થઇ વિદ્યાધરના અધિપતિ ચિત્રકેતુને આ પ્રમાણે કહ્યું. ૪૯

શેષ ભગવાન બોલ્યા કે—હે રાજન! નારદે ને અંગિરાએ તને સ્વરૂપ વિષે ઉપદેશ કર્યો તે વિદ્યાથી ને મારાં દર્શનથી તું સિદ્ધ થયો છે ૫૦ સ્થાવર જંગમાત્મક જગત છે તે હું પોતે છું અને સર્વ પ્રાણીઓનો ભોકતા તથા ઉત્પાદક પણ હું છું અને વેદ તથા પરબ્રહ્મ એ બે મારી સનાતન મૂર્ત્તિઓ છે. હું ભોકતારૂપે જગતમાં વ્યાપ્ત છું લોકો ભોગ્યરૂપે મારે વિષે વ્યાપ્ત છે. કારણ રૂપે પરમાત્મા બન્નેમાં વ્યાપેલા છે અને ભગવાનમાં મારી ને જગતની કલ્પના કરવામાં આવેલી છે. ૫૨ સુતેલો પુરૂષ જેમ આખા જગતને પોતાને વિષે જુવે તથા સ્વપ્નાવસ્થામાં જાગ્રત થતાં પોતાના દેહને

શયનાવસ્થામાં રહેલો જાણે તેમ જાગ્રત સ્વપ્ન તથા સુષુપ્તિ એ ત્રણ બુદ્ધિની અવસ્થાઓ છે અને તે કેવળ મિથ્યા છે. ત્રણ અવસ્થાઓને જાણ્યા પછી તેઓના દ્રષ્ટા તેઓનાથી પર છે એમ જ જાણવું.૫૪ નિદ્રાવશ થયેલો જીવ નિદ્રાવશ થતી વખતે જેનાથી પોતાના સ્વપ્નના અજ્ઞાનને તથા અતીંદ્રિય એવા સુખને જાણે છે તે આત્મા બ્રહ્મ હું પોતે છું એમ જાણ. ૫૫ સ્વપ્નાવસ્થામાં અનુભવેલી જાગ્રદવસ્થામાં અનુભવેલી વસ્તુ પુરૂષને સ્મરણમાં રહે છે તેમ જ સુષુપ્તિ અવસ્થામાં અનુભવેલી સ્મરણમાં રહે છે. જેમ કે "હું ઘણીવાર થયાં સુતો હતો. હું કંઇ પણ જાણતો નથી" ઇત્યાદિ સુષુપ્તિકાળનું જ્ઞાન જગપ્રસિદ્ધ છે. આ પ્રમાણે ત્રણે અવસ્થાઓ સાથે જ્ઞાનનો અન્વય છે અને ત્રણે અવસ્થાઓને જ્ઞાન સાથે સંબંધ છે, પરંતુ જ્ઞાન જુદુ છે જ્ઞાન તે પરબ્રહ્મનું રૂપ છે ૫૬ પુરૂષ જો આ મારૂં બ્રહ્મસ્વરૂપ વિસરી જાય તો પોતાના સ્વરૂપથી જુદો પડી જાય છે અને જુદો પડયા પછી તેનાં સંસારમાં ઉપરા ઉપરી જન્મો અને મરણો થયા કરે છે. ૫૭ જગતમાં શાસ્ત્રજ્ઞાન ને અપરોક્ષજ્ઞાન જે જાતિમાં મળી શકે એવી મનુષ્યની જાતિમાં અવતાર લઇ જે મનુષ્ય આત્માના સ્વરૂપને જાણતો નથી તે કોઇ દિવસ શાંતિ પામતો નથી. ૫૮ પ્રવૃત્તિ માર્ગમાં ક્લેશ અને વિપરીત ફળ મળે છે એમ જાણીને તથા નિવૃતિ માર્ગમાં અભય મોક્ષ મળે છે એમ જાણીને વિવેકી પુરૂષે સંકલ્પોથી વિરામ લેવો. ૫૯ સ્ત્રી પુરૂષ સુખ સંપાદન કરવા અને દુઃખનો નાશ કરવા કર્મો કરે છે પરંતુ તે તે ક્રિયાથી દુઃખ મટતું નથી તેમ સુખનો લાભ પણ થતો નથી. ૬૦ જ્ઞાનીનો ડોળ ઘાલનાર મનુષ્યો પોતાના સુખ દુઃખની બાબતમાં ભૂલ કરે છે એમ જાણીને અને આત્માનું સૂક્ષ્મ સ્વરૂપ જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થારહિત છે. ૬૧ એમ જાણી મારા ભક્તોએ પોતાના વિવેકબળથી આલોકના અને પરલોકના વિષયોમાંથી મુક્ત થઇને જ્ઞાનથી તથા વિજ્ઞાનથી સંતોષ રાખવો.૬૨ જીવાત્મા ને પરમાત્મા એક જ છે એમ જાણવું. યોગવિદ્યામાં નિપુણ બુદ્ધિવાળા યોગીઓએ સર્વપણાથી સમજવું. ૬૩ હે ચિત્રકેતુ ! તું સાવધાન રહીને મારૂં આ કહેવું મનમાં સંભારી રાખીશ તો થોડા કાળમાં જ્ઞાન વિજ્ઞાનસંપન્ન થઇ સિદ્ધ થઈશ. ૬૪

શુકદેવજી કહે છે કે–આ પ્રમાણે જગદગુરૂ વિશ્વાત્મા શ્રીહરિ શેષ ભગવાન ચિત્રકેતુ રાજાની આશ્વાસના કરી તેના દેખતાં અંતર્ધ્યાન થઇ ગયા. ૬૫

आश्वास्य भगवानित्थं चित्रकेतु जगद्गुरुः ।
पश्यतस्तस्य विश्वात्मा ततश्चांतर्दधे हरिः॥

इतिश्रीमद्भागवतेमहापुराणेषष्ठस्कंधे
षोडशोध्यायः

અધ્યાય ૧૭ મો.†

પાર્વતીના શાપથી ચિત્રકેતુ રાક્ષસ થયો.

श्रीशुक उवाच

यतश्चांतर्हितोनंतस्तस्यै कृत्वा दिशे नमः ।
विद्याधरश्चित्रकेतुश्चचार गगनेचरः ॥ १ ॥

શુકદેવજી કહે છે કે–હે રાજા ! પછી જે દિશામાં શેષ ભગવાન અંતર્ધ્યાન થઇ ગયા હતા તે દિશાને નમસ્કાર કરીને ચિત્રકેતુ આકાશમાં ફરવા લાગ્યો.૧ તેની ઇન્દ્રિયોનું સામર્થ્ય લાખો વર્ષ સુધી ટકી રહ્યું હતું અને મુનિઓ સિદ્ધલોકો અને ચારણો તે મહાયોગીની સ્તુતિ કરતા હતા. ૨ તે મહાયોગી સર્વ સંકલ્પ પ્રમાણે વૈભવો આપનારી ઉત્તમોત્તમ પર્વતોની ગુફાઓમાં વિદ્યાધરોની સ્ત્રીઓ આગળ શ્રીહરિના યશો ગવરાવતો વિહાર કરવા લાગ્યો. ૩ એક દિ-

† આ અધ્યાયમા અમોઘ એવી મહા સિદ્ધિ મેળવીને આકાશમા ફરતા ચિત્રકેતુએ શંકરની મશ્કરી કરી તેથી ઉમાદેવીએ તેને શાપ દીધો જેથી તે વૃત્રાસુર થયો એ કથા કહેવામાં આવશે.

વસે ચિત્રકેતુ રાજા વિષ્ણુએ આપેલા ચળકતા વિમાનમાં બેસીને આકાશ માર્ગે જતો હતો એટલામાં તેણે સિદ્ધ અને ચારણોથી વિંટા યલા ભગવાન શંકરને દીઠા. ભગવાન શંકર પોતાના ખોળામાં બેઠેલાં પાર્વતીને એક હાથવતી આલિંગન કરીને મુનિની સભામાં બેઠા હતા. તે જોઇને ચિત્રકેતુ રાજા તેમની પાસે ગયો અને પાર્વતી દેવીના સાંભળતાં ખડખડાટ હસી પડયો. ૫

ચિત્રકેતુ રાજા બોલ્યો કે—આ સાક્ષાત લોકોના ગુરૂ મનુષ્યોના ધર્મના વક્તા અને સભામાં મુખ્ય આસને બેઠેલા શંકર સ્ત્રીની સાથે બેસે છે. ૬ જટાધારી તીવ્ર તપશ્ચર્યા કરનાર પરબ્રહ્મનો ઉપદેશ કરનાર તથા સભાના અધ્યક્ષ શંકર પ્રાકૃત મનુષ્યની પેઠે લજ્જા મૂકી સ્ત્રીને ખોળામાં લઈને બેઠા છે. ૭ ઘણું કરીને પ્રાકૃત મનુષ્યો પણ એકાતમા સ્ત્રીને ખોળામાં બેસાડે છે પરંતુ આમણે તો મહા વ્રતધારી થઇને મુનિઓની સભા વચ્ચે સ્ત્રીને ખોળામાં બેસાડી છે. ૮

શુકદેવજી કહે છે કે—હે રાજન! અગાધ બુદ્ધિવાળા શંકર સમર્થ હતા તોપણ તેને ઉત્તર આપ્યા વિના હસીને મૌન બેશી રહ્યા તથા સભામાં શંકરને અનુસરનાર સભાસદો પણ કંઈ જ બોલ્યા નહિ. ૯ આ પ્રમાણે ભગવાનના પ્રભાવને ન જાણનારા ચિત્રકેતુએ બહુ જ અનુચિત રીતે વચનો કહેવા માંડયા એટલે દેવી પાર્વતી રોષથી જીતેંદ્રિયના અભિમાનવાળા નિર્લજ્જ રાજા પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યાં. ૧૦

પાર્વતી બોલ્યાં કે—હમણાં લોકમાં અમારા જેવા દુષ્ટ ને નિર્લજ્જ લોકોને શિક્ષા કરનારો દંડધારી ને પ્રતિકૂળ વિચાર કરનારો શું આ ચિત્રકેતુ રાજા થયો છે? ૧૧ બ્રહ્મા ખરેખર ધર્મ જાણતા નથી પ્રજાપતિઓ ધર્મ જાણતા નથી અને નારદાદિ ધર્મ જાણતા નથી સનત્કુમાર વગેરે પણ ધર્મ જાણતા નથી કપિલદેવજી ધર્મ જાણતા નથી અને મનુ પણ ધર્મ જાણતા નથી કારણ કે જેઓ શાસ્ત્રવિરૂદ્ધ વર્તનાર શંકરને તેમ વર્તતાં અટકાવતા નથી ૧૨ પોતે નીચ ક્ષત્રિય છતાં મોટા વિદ્વાનોને મૂઢ બનાવીને બ્રહ્માદિક દેવતાઓએ પણ જેમના ચરણારવિંદ ધ્યાન કરવા યોગ્ય છે, જે પરમધર્મ મૂર્તિ છે તથા જે જગતના ગુરૂ છે તે શંકરને ઉપદેશ આપે છે આ નિર્લજ્જ ખરેખર શિક્ષાને પાત્ર છે ૧૩ પોતાના મનમાં પોતાને ઉત્તમ માનનારો ને અભિમાની આ પુરૂષ મહાત્માઓએ સેવેલાં ભગવાનના ચરણારવિંદની પાસે જવાને યોગ્ય નથી. ૧૪ હે દુષ્ટબુદ્ધિ વાળા! તું અસુરની મહા નીચ જાતિમાં અવતાર લે કે જેથી ફરીને મહાત્માઓનો અપરાધ કરે નહિ ૧૫

શુકદેવજી કહે છે કે—હે રાજા! આ પ્રમાણે ઉમાથી શાપિત થયેલો ચિત્રકેતુ વિમાનમાથી ઉતરી મસ્તક નમાવી તેમને પ્રસન્ન કરવા લાગ્યો ૧૬ હે માતાજી! તમારા શાપને હું બે હાથવડે સ્વીકારૂં છું કારણ કે દેવતાઓ મનુષ્યોને જે કહે છે તે તેમના પૂર્વજન્મના કર્મ પ્રમાણે થયા કરે છે.૧૭ આ સંસારચક્રમા અજ્ઞાનથી મોહિત થઈ ભટકતો જીવ સર્વ ઠેકાણે સદા સુખ અને દુઃખ ભોગવે છે. ૧૮ સુખ અથવા દુઃખનો આપનારો તે અથવા બીજો કોઇ નથી છતાં મૂર્ખ મનુષ્ય પોતાને તથા બીજાને પરસ્પરમાં સુખદુઃખનું કારણ માને છે. ૧૯ સંસારરૂપી ગુણોના પ્રવાહમાં શાપ અનુગ્રહ સ્વર્ગ નરક સુખ અથવા દુઃખ શું છે। ૨૦ બંધનથી રહિત એક પરમેશ્વર જ માયાથી પ્રાણીઓને સરજે છે, તેઓના બંધ મોક્ષ સુખ ને દુઃખ સરજે છે. ૨૧ સર્વ ઉપર સમદૃષ્ટિ રાખનારા ને નિરંજન એવા ઇશ્વરને કોઇ પ્રિય નથી તેમ કોઇ શત્રુ નથી, કોઇ જ્ઞાતિ નથી કોઈ સંબંધી નથી ને કોઈ પારકો અથવા પોતાનો

નથી. તેને સુખ ઉપર પ્રીતિ નથી ત્યારે પ્રીતિથી ઉત્પન્ન થતો ક્રોધ કયાથી હોય ? ૨૨ ઈશ્વરની માયાની સૃષ્ટિ રૂપ પુણ્ય પાપ કર્મ પ્રાણીઓને સુખ દુઃખ હિત અહિત બંધ મોક્ષ મરણ અને જન્મરૂપ સંસાર આપવાને સમર્થ થાય છે. ૨૩ હે સતિ ! હું શાપમાંથી છુટવા તમારી ક્ષમા માગતો નથી પરંતુ મારૂં કહેવું યોગ્ય છે છતા તમે અયોગ્ય માનો છો તે માટે હું ક્ષમા માગું છું. ૨૪

શુકદેવજી કહે છે કે-હે રાજા ! શિવ અને પાર્વતીની ક્ષમા માગી પોતાના વિમાનમાં બેસી આશ્ચર્ય પામેલાં શિવ પાર્વતીના દેખતાંજ ચિત્રકેતુ ત્યાંથી ચાલ્યો ગયો. ૨૫ ભગવાન રૂદ્રે દેવ ઋષિ દૈત્ય સિદ્ધ અને પાર્ષદોના સાંભળતાં પાર્વતીને કહ્યું કે--હે સુંદર પાર્વતી ! અદ્દભુત કર્મવાળા નિસ્પૃહ ને મહાત્મા એવા શ્રીહરિના દાસાનુદાસનું માહાત્મ્ય જોયું ?૨૭ નારાયણમાં પરાયણ રહેનાર સર્વે ભકતો સ્વર્ગમા મોક્ષમા કે નરકમાં સમાન પ્રયોજન જોનાર છે. તેઓ કદી ડરતા નથી. ૨૮ પ્રાણીઓને દેહનો સંયોગ થવાથી ઇશ્વરની માયાવડે સુખ દુઃખ સ્મૃતિ જન્મ શાપ અને અનુગ્રહ એ સર્વ કર્મથી થયા કરે છે. ૨૯ સંસારમાં પુરૂષને જે ઇષ્ટ અનિષ્ટ જેવું જણાય તે સર્વ ભેદ સ્વપ્નાવસ્થામા જીવને અવિવેકથી જેમ સુખ દુઃખાદિક થાય તથા માળામાં અવિવેકથી જેમ સર્પાદિકની ભ્રાંતિ થાય તેમ માત્ર અજ્ઞાનને લીધે થાય છે. ૩૦ વાસુદેવ ભગવાનની ભકિત કરનાર અને જ્ઞાન વૈરાગ્યનું બળ ધરાવનાર લોકોને આ જગતમાં કોઇ પણ પદાર્થ વિશેષ બુદ્ધિથી આશ્રય કરવા યોગ્ય નથી. ૩૧ હું બ્રહ્મા સનત્કુમાર નારદ બ્રહ્માના પુત્ર પ્રજાપતિઓ મુનિઓ અને દેવતાઓ ભગવાનના અંશના અંશ છીયે તોપણ જુદા જુદા અધિપતિપણાના અભિમાનને લીધે ભગવાનના અભિપ્રાયને જાણુતા નથી. ૩૨ શ્રીહરિને કોઇ પ્રિય નથી તેમ કોઇ શત્રુ નથી કોઇ પોતાનો નથી તેમ કોઇ પારકો પણ નથી. તે સર્વ પ્રાણીઓના આત્મારૂપ હોવાથી સર્વ પ્રાણીઓને પ્રિયજ છે. ૩૩ આ મહા ભાગ્યશાળી ચિત્રકેતુ ભગવાનનો પ્રિય ભકત છે. સર્વ ઠેકાણે સમાન દૃષ્ટિવાળો અને શાંત સ્વભાવનો છે અને હું પણ ભગવાનનો પ્રિય ભકત છુ, માટે તેની ઉપર મેં ક્રોધ કર્યો નથી. ૩૪ શાંત તથા સર્વ ઠેકાણે સમાન દૃષ્ટિ રાખનાર એવા ભગવાનના ભકત મહાત્મા પુરૂષો વિષે કંઇ આશ્ચર્ય પામવું નહિ. ૩૫

શુકદેવજી કહે છે કે-હે પરીક્ષિત ! શંકરનું કહેવું સાંભળી પાર્વતી શાંત થયાં અને તેમનો વિસ્મય પણ દૂર થયો. મહા ભગવદભકત ચિત્રકેતુ પાર્વતીને સામો શાપ દેવાને સમર્થ હતો તોપણ તેણે બે હાથ જોડી પાર્વતીનો શાપ મસ્તક ઉપર ચઢાવ્યો. ૩૭ રાક્ષસ જાતિમાં અવતરવા માટે શાપિત થયેલો ચિત્રકેતુ દાનવ થઇને ત્વષ્ટા દેવતાના દક્ષિણાગ્નિમાથી ઉત્પન્ન થયો અને વૃત્રના નામથી ઓળખાયો. એ જન્મમાં પણ તે જ્ઞાન અને વિજ્ઞાન સંપન્ન થયો. ૩૮ અસુરની જાતિમા વૃત્રાસુરની બુદ્ધિ ભગવાન ઉપર દૃઢ શા શા કારણથી રહી તે વિષે તમે મને જે પ્રશ્ન કર્યો હતો એ સર્વ કથા મે તમને કહી સંભળાવી. ૩૯ મહાત્મા ચિત્રકેતુ રાજાના પવિત્ર ઇતિહાસને અને વિષ્ણુના ભકતોનાં માહાત્મ્યોને સાંભળી મનુષ્ય જન્મ મરણના બંધનમાંથી છુટે છે. ૪૦ જે મનુષ્ય પ્રભાતમા ઉઠી શ્રીહરિનુ સ્મરણ કરી મૌન રહી શ્રદ્ધાપૂર્વક આ ઇતિહાસનો પાઠ કરે છે તે પરમ ગતિને પામે છે. ૪૧

य एतत्प्रातरुत्थाय श्रद्धया वाग्यतः पठेत् ।
इतिहासं हरिं स्मृत्वा स याति परमां गतिम्

इतिश्रीमद्भागवतेमहापुराणेषष्ठस्कंधे
सप्तदशोऽध्यायः

અધ્યાય ૧૮ મો.‡

દિતિના ગર્ભના ઇન્દ્રે કરેલા કકડા.

श्रीशुक उवाच

पृश्निस्तु पत्नी सवितुःसावित्रीं व्याहृतिंत्रयीम्
अग्निहोत्रं पशुं सोम चातुर्मास्यं महामखान् १

શુકદેવજી કહે છે કે–હે રાજન ! અદિતિના પાંચમા પુત્ર સવિતાની સ્ત્રી પૃશ્નિએ ગાયત્રી વ્યાહૃતિ, ત્રણ વેદ અગ્નિહોત્ર પશુયાગ સોમયાગ ચાતુર્માસ્ય અને પંચ મહા યજ્ઞોના દેવતાઓને ઉત્પન્ન કર્યા હતા. ૧ અદિતિના છઠ્ઠા પુત્ર ભગની સ્ત્રી સિદ્ધિએ મહિમા વિભુ અને પ્રભુ એ ત્રણ પુત્રોને તથા સારા વિનયવાળી અશિષ નામની એક રૂપવાન કન્યાને જન્મ આપ્યો હતો. ૨ અદિતિના સાતમા પુત્ર ધાતાની સ્ત્રી કુહુએ સાયં નામનો સિનીવાલીએ દર્શ નામનો રાકાએ પ્રાતર્ નામનો અને અનુમતિએ પૂર્ણમાસ નામનો એમ અનુક્રમે એકએક પુત્ર ઉત્પન્ન કર્યા હતા. ૩ અદિતિના આઠમા પુત્ર વિધાતાએ ક્રિયા નામની સ્ત્રી વિષે પુરીષ્ય નામના અગ્નિઓને ઉત્પન્ન કર્યા હતા અદિતિના નવમા પુત્ર વરૂણની સ્ત્રી ચર્ષણી હતી જેમાં ભૃગુ જે પ્રથમ બ્રહ્માના પુત્ર હતા તે ફરીને જન્મ્યા હતા. ૪ મહાયોગી વાલ્મીક જે રાફડામાંથી ઉત્પન્ન થયા હતા તે વરૂણના પુત્ર કહેવાય છે મિત્ર અને વરૂણે ઉર્વશીની ભાવના કરી પોતાનું સત્વ એક ઘડામાં નાખ્યુ હતું તેમાથી અગસ્ત્ય અને વસિષ્ઠ નામે બે ઋષિઓ થયા અદિતિના દશમા પુત્ર મિત્રે રેવતી નામની સ્ત્રીમાં અરિષ્ટ ઉત્સર્ગ અને પિપ્પલ નામે પુત્રોને ઉત્પન્ન કર્યા હતા. અદિતિના અગિયારમા સમર્થ પુત્ર ઇંદ્રે પૌલોમી નામની સ્ત્રીમાં જયંત ઋષભ તથા મીઢુષ નામે ત્રણ પુત્ર ઉત્પન્ન કર્યા હતા એવું અમારા સાંભળવામા આવ્યું છે.૭ અદિતિના બારમા પુત્ર ઉરૂક્રમ જેમણે માયાથી વામન રૂપ ધારણ કર્યું હતું, તેમને કીર્તિ નામની સ્ત્રીમાં બૃહચ્છોક નામે પુત્ર થયો અને તેમના સૌભગ આદિ પુત્રો થયા. ૮ વામનજીએ મહાત્મા કશ્યપની સ્ત્રી અદિતિને ઉદરે જે રીતે અવતાર લીધો હતો તે તેમનાં ચરિત્રો ગુણો અને પરાક્રમો અષ્ટમસ્કંધમા કહીશું. ૯

હવે કશ્યપથી દિતિને ઉદરે જન્મેલા દૈત્યોનો વંશ કહું તે સાંભળો. જે વંશમાં ભગવદભકત શ્રીમાન પ્રહ્લાદ તથા બલિરાજા થયેલા છે. ૧૦ દિતિને બેજ પુત્ર હતા જેમનાં નામ હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ હતા. તેમને દૈત્ય અને દાનવો પ્રણામ કરતા હતા. ૧૧ હિરણ્યકશિપુની સ્ત્રી કયાધુ જે જંભાસુરની પુત્રી હતી તેણે સંહ્લાદ અનુહ્લાદ હ્લાદ અને પ્રહ્લાદ નામે ચાર પુત્રો અને સિંહિકા નામની એક કન્યાને જન્મ આપ્યો હતો. સિંહિકાને વિપ્રચિતિ પરણ્યો હતો તેણે સિંહિકાથી રાહુ નામે પુત્રને ઉત્પન્ન કર્યો હતો. ૧૩ રાહુ સૂર્ય અને ચંદ્રની વચ્ચે બેસીને અમૃત પીતો હતો તે સમયે ભગવાને ચક્રથી તેનું મસ્તક કાપી નાખ્યું હતું. સંહ્લાદે કૃતિ નામે સ્ત્રીમાં પંચજન નામનો પુત્ર ઉત્પન્ન કર્યો હતો. ૧૪ હ્લાદની સ્ત્રી ધમનીએ વાતાપિ તથા ઇલ્વલ નામે બે પુત્રને ઉત્પન્ન કર્યા હતા, જેમાંથી ઇલ્વલે અતિથિ આવેલા અગસ્ત્ય મુનિને જમાડવા વાતાપિને ઘેટો કરી ભોજનમાં આપ્યો હતો. અનુહ્લાદને સૂર્મ્યા નામની સ્ત્રીથી બાષ્કલ ને મહિષ નામે બે પુત્રો થયા હતા. પ્રહ્લાદને વિરોચન નામનો પુત્ર થયો હતો અને વિરોચનને બલિ નામનો પુત્ર થયો હતો. ૧૬ બલિરાજાને અશના નામની સ્ત્રીથી સો પુત્રો થયા હતા. તેઓમાં સર્વથી મોટો બાણાસુર હતો. તે બલિરાજાનો અત્યંત વખાણવા યોગ્ય પ્રભાવ આગળ

‡ આ અધ્યાયમા અદિતિના ચાર પુત્રો સિવાય બીજા પુત્રોનો વંશ કહેતા વચ્ચે ઇન્દ્રે દિતિના ગર્ભમા વાયુઓના કકડા કરી નાખ્યા એ કથા કહેવામા આવશે

અષ્ટમસ્કંધમાં કહીશું. ૧૭ બાણાસુરે શંકરની આરાધના કરી તેમના ગણોમાં મુખ્ય પદવી મેળવી હતી. બાણાસુરની પાસે ભગવાન શંકર હજુ પણ તેના નગરની રક્ષા કરવા રહેલા છે. ૧૮ ઓગણપચાસ વાયુઓ દિતિના પુત્રો છે, તે સર્વ પ્રજા રહિત અને દૈત્યો હતા પરંતુ ઇન્દ્રે તે સર્વને દેવતા બનાવ્યા હતા. ૧૯

પરીક્ષિત રાજાએ પૂછ્યું કે–હે ગુરૂ! વાયુઓના ઔત્પત્તિક અસુરભાવને કેવી રીતે દૂર કરીને તેઓને ઇન્દ્રે દેવતાઓ બનાવ્યા હતા? વાયુઓએ આસુરભાવ ત્યાગ કર્યો તે શું ઠીક કર્યું હતું કે?૨૦ હે મહારાજ! આ વાત સાંભળવાની મારી સાથે આ ઋષિઓ પણ જિજ્ઞાસા રાખે છે માટે હે ભગવન! તે વાત અમને કહેવાને તમેજ યોગ્ય છો. ૨૧

સૂત કહે છે કે–હે શૌનકાદિક ઋષિઓ! આદરવાળું અને અલ્પ અક્ષરવાળું છતા ઘણા અર્થોથી ભરેલું પરીક્ષિત રાજાનું વચન સાંભળીને સર્વજ્ઞ એવા શુકદેવજીએ શાંત ચિત્તથી રાજાનો સત્કાર કરી તેને આ પ્રમાણે કહેવા માંડયું. ૨૨

શુકદેવજી કહે છે કે–વિષ્ણુએ ઇંદ્રના પક્ષમાં રહીને દિતિના પુત્રોને મારી નાખ્યા હતા, તેના શોકથી પ્રજવળી ઉઠેલા ક્રોધથી તે રાત દિવસ બળ્યા કરતી. દિતિ મનમાં વિચાર કરવા લાગી કે–૨૩ પોતાના ભાઇને હણનાર વિષય સુખોમાં આસક્ત રહેનાર ક્રૂર અને કઠણ હૃદયના પાપી ઇન્દ્રનો નાશ કરાવી હું ક્યારે સુખથી નિદ્રા કરીશ. ૨૪ રાજા કહેવાયા છતાં પણ જે દેહનું છેવટે કીડા વિષ્ઠા કે ભસ્મ એવું નામ પડે છે–અર્થાત્ શરીર સડી જાય છે, તો તેમાં કીડાઓ પડે છે, તેને કોઇ ખાઇ જાય છે, તો તે વિષ્ઠા થઇ જાય છે અને જો તેને બાળી નાંખવામાં આવે છે તો તેની રાખ થઇ જાય છે. આવા મિથ્યા દેહને માટે પ્રાણીઓનો દ્રોહ કરનારો જીવ શું પોતાનો સ્વાર્થ સમજતો નથી? કારણ કે પરનો દ્રોહ કરવાથી પ્રાણી નરકમાં પડે છે. ૨૫ દેહાદિક પદાર્થોને નિત્ય માનનારા તથા ઉદ્ધત ચિત્તવાળા ઇન્દ્રના મદનો નાશ કરનાર પુત્ર જે ઉપાયથી મને થાય એવો કોઇ ઉપાય મારે કરવો જોઇએ. આ પ્રમાણે વિચાર કરીને દિતિ નિરંતર પતિને અનુકૂળ રીતે વર્તવા લાગી. પતિના મનોભાવને જાણનારી દિતિએ સેવાથી અનુરાગથી વિવેકથી આંતર ઇંદ્રિયના નિગ્રહથી પરમ ભક્તિથી મનોહર સુંદર ભાષણોથી તથા હાસ્ય અને કટાક્ષ સાથે જોવાથી પતિના મનને વશ કરી લીધું ૨૮ કશ્યપ વિદ્વાન હતા તોપણ ચતુર સ્ત્રીને લીધે જડ બની ગયા અને તેને વશ થઇ તેમણે તેને કહ્યું કે ઠીક છે, તારો મનોરથ હું પૂર્ણ કરીશ સ્ત્રીની આગળ આ કંઇ આશ્ચર્ય જાણવું નહિ. ૨૯ પ્રજાપતિએ પૂર્વે પ્રાણીઓને રતિ વિનાના જોઇ સૃષ્ટિની વૃદ્ધિ કરવા સારૂં પોતાના અર્ધા દેહમાંથી સ્ત્રીને ઉત્પન્ન કરી હતી કે જે સ્ત્રીથી પુરૂષોની બુદ્ધિ હણાયેલી છે. ૩૦ હે તાત! સ્ત્રીએ ભગવાન કશ્યપની સેવા કરી એટલે તે પ્રસન્ન થયા અને હસીને દિતિને અભિનંદન આપતા કહેવા લાગ્યા કે–૩૧ હે વામોરૂ! વર માગ! હે નિર્દોષ સ્ત્રી! હું તારા ઉપર પ્રસન્ન થયો છું. ભર્તા સારી રીતે પ્રસન્ન થયા પછી સ્ત્રીની કયી કામના સિદ્ધ થતી નથી? સર્વ થાય છે. ૩૨ સ્ત્રીઓએ પતિને પરમ દૈવત સમજવું. લક્ષ્મીપતિ વાસુદેવ ભગવાન સર્વ પ્રાણીઓના માનસિક પતિ છે ૩૩ અને પુરૂષો ભગવાન વાસુદેવની જુદાં જુદાં નામ રૂપવાળા દેવતાઓની મૂર્તિ રૂપે પૂજા કરે છે. સ્ત્રીઓ પતિ રૂપે તેમની પૂજા કરે છે, ૩૪ એટલા માટે હે સુંદર કટિવાળી સ્ત્રી! કલ્યાણની ઇચ્છાવાળી પતિવ્રતા સ્ત્રીઓ અનન્ય ભક્તિભાવથી પરમાત્મા રૂપ પતિની સેવા કરે છે. ૩૫ હે કલ્યાણિ!

તેં આવા ભાવથી ભક્તિ પૂર્વક મારી સેવા કરી છે તેથી હુ સતી સ્ત્રીઓને દુર્લભ એવી તારી કામના પૂર્ણ કરૂં છું. ૩૬

દિતિ બોલ્યાં કે–હે મહારાજ ! તમે જો મને વર આપતા હો તો જેના પુત્રો મરી ગયા છે એવી હું એજ માગું છું કે જેણે વિષ્ણુદ્વારા મારા બે પુત્રોને મરાવી નાખ્યા છે તે ઇન્દ્રનો નાશ કરનારો તથા અમર પુત્ર મને આપો. ૩૭ કશ્યપ સ્ત્રીનું વચન સાંભળી ઉદાસ થઇ ખેદ કરવા લાગ્યા કે–અરેરે આજે મને મોટું ધર્મ સંકટ આવી લાગ્યુ. અરેરે આજે સ્ત્રીમય માયાએ મારૂં વિષયા સક્તનું મન હરી લીધું અને હવે હું કૃપણ ખચીત નરકમા પડીશ. ૩૯ પોતાના સ્વભાવ પ્રમાણે વર્તનારી સ્ત્રીનો એમા શું અપરાધ? કેવળ સ્વાર્થ સાધવામાંજ અજ્ઞાની એવા મને ધિક્કાર છે કારણ કે મેં મારી ઇન્દ્રિયોને સ્વાધીન રાખી નહિ પરંતુ છુટી મૂકી દીધી ૪૦ સ્ત્રીઓનું મુખ શરદ ઋતુના કમળ જેવું ખીલતું હોય છે, વચન કાનને અમૃતના જેવું મધુર લાગે છે અને હૃદય અસ્ત્રાની ધાર જેવુ તીક્ષ્ણ હોય છે એટલે સ્ત્રીઓનાં ચરિત્રને કોણ જાણી શકે છે? ૪૧ પોતાનો સ્વાર્થ સાધવા આત્મા જેવો પ્રિય લાગતી સ્ત્રીઓને કોઇ પણ પુરૂષ યથાર્થ રીતે પ્રિય હોતો નથી તેઓ પોતાના સ્વાર્થ માટે પતિનો પુત્રનો અને બંધુનો પણ નાશ કરે છે, અથવા તો બીજાની પાસે તેનો નાશ કરાવે છે. ૪૨ મેં તેને 'આપીશ' એમ જે પ્રતિજ્ઞા કરી છે તે મારૂં વચન મિથ્યા થવું ન જોઇએ. તેમ ઇન્દ્ર પણ મારવા યોગ્ય નથી માટે આ બાબતમાં યોગ્ય પ્રપંચ કરવો જોઇએ. ૪૩ હે રાજન ! આ પ્રમાણે વિચાર કરી ક્રોધાયમાન થયેલા તથા પોતાને ધિક્કારતા કશ્યપ મુનિએ દિતિને નીચે પ્રમાણે કહ્યું. ૪૪

કશ્યપ બોલ્યા કે–હે દિતિ ! એક વ્રત તારો મનોરથ સિદ્ધ કરનારૂં છે ને તે એક વર્ષ સુધી તું જો બરાબર રીતે પાળીશ તો ઇન્દ્રનો નાશ કરે એવો પુત્ર તને થશે અને જો તે વ્રતમાં ભંગ કરીશ તો તે ઇન્દ્રનો બંધુ થશે. ૪૫

દિતિ બોલ્યાં કે–હે મહારાજ ! હું તે વ્રત કરીશ. એ વ્રતમાં મારે જે જે નિયમો પાળવા જેવા હોય અને જે અયોગ્ય હોવાથી નિષિદ્ધ હોય અને જે વ્રતમાં વિઘ્ન કરતા ન હોય તે સર્વ નિયમો યથાર્થ રીતે મને કહો.

કશ્યપ બોલ્યા કે–કોઇ પ્રાણીઓની હિંસા કરવી નહિ, મિથ્યા ભાષણ કરવું નહિ નખ કે વાળ કાપવા નહિ, અમ ગળ વસ્તુને અડકવું નહિ ૪૭ પાણીમાં પેસીને નહાવું નહિ, ક્રોધ કરવો નહિ દુષ્ટોની સાથે ભાષણ કરવું નહિ ધોયા વિનાનું કપડું પહેરવું નહિ નિર્માલ્ય પુષ્પની માળા પહેરવી નહિ. ૪૮ ઉચ્છિષ્ટાન્ન ભદ્રકાલીને અર્પણ કરેલું નૈવેદ્ય માસવાળું અન્ન શૂદ્રે આણેલું અન્ન તથા અડકાવવાળી સ્ત્રીએ જોયેલું અન્ન ખાવું નહિ ખોબાથી પાણી પીવું નહિ ૪૯ એઠે મુખે પાણીનું આચમન લીધા વિના સાયંકાળે માથાના વાળ છુટા મૂકીને અંગ ઉપર મંગળાભૂષણ પહેર્યા વિના વાણીને નિયમમાં રાખ્યા વિના તથા વસ્ત્રથી શરીરને ઢાંકયા વિના બહાર ફરવું નહિ ૫૦ પગ ધોયા વિના સાવધપણું રાખ્યા વિના, ભીને પગે ઉત્તર દિશા તરફ માથુ રાખીને બીજા પુરૂષોની સાથે નગ્ન શરીરે તથા પ્રભાતમાં ને સાયંકાળે સુવું નહિ ૫૧ નિરંતર પ્રભાતમાં નાહી ધોઇ પવિત્ર થઇ ધોયલાં વસ્ત્રો પહેરી સર્વ મંગળકારક પદાર્થો સાથે લઇને પ્રભાતમા ભોજન કર્યા પહેલાં ગાય બ્રાહ્મણો લક્ષ્મી તથા ભગવાનની પૂજા કરવી. ૫૨ માલા ચંદન ખાવાના પદાર્થો અને ઘરેણાથી સૌભાગ્યવતી સ્ત્રીઓની પૂજા કરવી અને પતિનું પૂજન કર્યા પછી હૃદયમાં રહેલા પતિનું પરમ ભક્તિથી ધ્યાન ધરવું. ૫૩

આ પુત્ર આપનારૂં ઉત્તમ વ્રત તું જો એક વર્ષ સુધી અખંડ રીતે પાળીશ તો તને ઇન્દ્રનો નાશ કરે એવો પુત્ર અવતરશે. ૫૪

શુકદેવજી કહે છે કે—હે રાજન ! ઉદાર મનની દિતિએ કહ્યું કે—બહુ સારૂં એ પ્રમાણે કરીશ. એ પ્રમાણે ઋષિના કહેવાને માન્ય કરીને તરત વ્રત કરવાનો આરંભ કર્યો અને કશ્યપની પાસેથી ગર્ભ પણ ધારણ કર્યો.૫૫ હે રાજા ! વ્યવહાર કુશળ ઇન્દ્ર માસીનો અભિપ્રાય જાણી આશ્રમમાં રહેતાં માસીની શુશ્રૂષા કરવા લાગ્યો. તે સમયે વનમાંથી ફૂલ ફળ મૂળ લાકડાં દર્ભ પાદડાં જુવારા માટી ને જળ વગેરે લાવી આપવા લાગ્યો. હે રાજા ! વ્રતમાં બેઠેલાં દિતિની ભૂલ શોધવાની ઇચ્છાથી એ કપટી ઇંદ્ર પારધી જેમ મૃગના જેવો વેશ ધારણ કરે તેમ ગુપ્તાભિપ્રાય થઇને માસીની સેવા કરવા લાગ્યો. ૬૮ હે મહીપતિ ! ઇંદ્ર વ્રતનાં છિદ્ર શોધવા તત્પર રહેતો તથાપિ વ્રતનું છિદ્ર જોવામાં આવતું નહિ. ઇંદ્ર મોટી ચિંતામાં ડુબી ગયો અને વિચાર કરવા લાગ્યો કે, મારૂં કેવી રીતે કલ્યાણ થશે ? ૫૯ પછી કેટલાએક દિવસો વીત્યા બાદ એક દિવસે વ્રતના પરિશ્રમથી દુર્બળ પડી ગયેલાં દિતિ દૈવને લીધે અનવધાન થયાં અને આચમન લીધા વિના તથા પગ ધોયા વિના ઉચ્છિષ્ટ અવસ્થામાં જ સંધ્યાકાળે સૂઇ ગયા. ૫૦ યોગ વિદ્યા જાણનારો ઇંદ્ર તે સમયનો લાભ લઇને નિદ્રાથી બેભાન થયેલાં દિતિના પેટમાં પેસી ગયો. ૬૧ તેણે અંદર જઇને વજ્રવડે સુવર્ણના જેવા ચળકતા ગર્ભના સાત કકડા કર્યા. તે કકડાઓ રડવા લાગ્યા. તેથી ઇન્દ્રે 'રડો મા, રડો મા,' એમ કહીને ફરીને તે પ્રત્યેક કકડાઓમાંથી સાત સાત ટુકડા કર્યા. ૬૨ પછી હે રાજા ! ઇન્દ્રે કાપી નાંખેલા તે સર્વ કકડાઓ બે હાથ જોડીને ઇંદ્રને કહેલા લાગ્યા કે, હે ઇંદ્ર ! તું અમને શા માટે કાપી નાંખે છે ? અમે તારા ભાઇ મરૂત છીએ. ૬૩ ઇન્દ્રે પોતાના ઉપર સાધારણ ભાવ ધરાવનાર પોતાના પાર્ષદ પવન ગણોને કહ્યું કે, તમે મારા ભાઇ છો હવે બીહીશો નહિ. ૬૪ હે રાજા ! ભગવાનની કૃપાથી તમે જેમ અશ્વત્થામાના અસ્ત્રથી મુઆ ન હતા તેમ ઇન્દ્રે વજ્રથી કાપી નાખ્યા છતાં દિતિનો ગર્ભ મુઓ નહિ. ૬૫ મનુષ્યાદિ પુરૂષ ભગવાનનું એક વાર પૂજન કરીને તેમના સ્વરૂપને પામે છે ત્યારે આ દિતિએ તો વર્ષમાં કંઇક ઓછા દિવસ હતા ત્યાં સુધી ભગવાનની પૂજા કરી હતી એટલે તેનું ફળ તેને કેમ મળે નહિ ? ૨૬ તે ઓગણપચાસ મરૂતગણ ઇંદ્રની સાથે દેવતાઓ એટલે ઓગણપચાસ મરૂતગણ નામના દેવતાઓ ગણાયા. ઇન્દ્રે તેમને માતા તરફનો દોષ દૂર કરીને સૌમ્ય ભાવ વાળા બનાવ્યા. ૬૭ દિતિએ ઉભાં થઇ જોયું તો ઇંદ્રની સાથે રહેલા અગ્નિના જેવી કાંતિવાળા કુમારોને દીઠા. નિર્દોષ દિતિ દેવી તેથી પ્રસન્ન થયાં. ૬૮ ઇંદ્રને તે પૂછવા લાગ્યાં કે—હે તાત ! હું દેવતાઓને ભય આપે એવા પુત્રની ઇચ્છાથી આ કઠણ વ્રતથી કરતી હતી ૬૯ અને મેં એક પુત્રનો મનમાં સંકલ્પ કર્યો હતો છતાં ઓગણપચાસ પુત્રો કેમ થયા ? માટે હે પુત્ર ! તે જો તારા જાણવામાં હોય તો મને ખરેખરૂં કહી દે, અસત્ય બોલીશ નહિ. ૭૦

ઇંદ્ર બોલ્યો કે—હે માસી ! હું તમારો વ્રતારંભ જોઇ તમારી પાસે આવ્યો હતો અને ધર્મ બુદ્ધિથી નહિ પરંતુ સ્વાર્થ બુદ્ધિથી મેં સમય મળતાં તમારા ગર્ભને કાપી નાંખ્યો હતો. ૭૧ મેં તમારા ગર્ભના સાત કકડા કર્યા હતા, તેમાંથી સાત કુમારો થયા અને તેમના પ્રત્યેકના પણ વળી સાત સાત કકડા કર્યા તોપણ તેઓ મરણ પામ્યા નહિ. ૭૨ પછી એવું મોટું આશ્ચર્યજનક વૃત્તાંત જોઇને મેં નિશ્ચય કર્યો કે ભગવાનની

ધૂળનું આ કોઇ ચમત્કારિક ફળ છે. ૭૩ નિષ્કામ રહીને ભગવાનનું આરાધન કરનાર જે લોકો મોક્ષની અપેક્ષા રાખતા નથી તેઓ સ્વાર્થમાં કુશળ ગણાય છે. ૭૪ આત્મસ્વરૂપને આપનાર અને પોતાના આત્મારૂપ એવા જગદીશ્વર દેવને આરાધીને કયો જ્ઞાની પુરૂષ વિષય સુખની માગણી કરે? કારણ કે તે સુખ તો નરકમાં મળે છે.૮૫ હે માતા! હું મૂર્ખના દુર્જનપણાને તમે ક્ષમા આપો અને ગર્ભ મરતાં મરતાં બચ્યો તે બહુ સારૂં થયું. ૭૬

શુકદેવજી કહે છે કે–દિતિ ઇદ્રને શુદ્ધ અંતઃકરણથી પ્રસન્ન થયાં અને તેને જવાની રજા આપતાં તે મરૂતગણોની સાથે તેમને પ્રણામ કરીને સ્વર્ગમા ગયો. ૭૭ મરૂતગણોના મંગળકારક જન્મ વિષે તમે જે પૂછયું તે સર્વ મેં તમને કહી સંભળાવ્યું હવે ફરીને તમને હું શું કહું તે કહો ૭૮

एवं ते सर्वमाख्यातं यन्मां त्व परिपृच्छसि।
मंगलं मरुतां जन्म किं भूयः कथयामि ते ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेषष्ठस्कंधे
अष्टादशोध्याय:

અધ્યાય ૧૯ મો.†

પુંસવન વ્રતનો વિધિ.

राजोवाच

व्रतं पुंसवनं ब्रह्मन् भवता यदुदीरितम्।
तस्य वेदि मिच्छामि येन विष्णुः प्रसीदति॥

પરીક્ષિત રાજાએ પૂછયુ કે–હે મહારાજા! આપે જે પુંસવન વ્રત કહ્યું તેનો વિધિ જાણવાની હું ઇચ્છા રાખું છું, કારણ કે જે કરવાથી વિષ્ણુ પ્રસન્ન થાય છે ૧

શુકદેવજી કહે છે કે–માર્ગશીર્ષ મહી નામા શુકલપક્ષના પડવાને દિવસે સ્ત્રીએ પતિની આજ્ઞા લઇ આ સર્વ કામના પુરનારૂં વ્રત આરંભવું. ૨ વ્રતારંભની પહેલાં મરૂત ગણોની જન્મકથા સાંભળવી અને પછી બ્રાહ્મણોની આજ્ઞા લઇને વ્રતનો આરંભ કરવો. વ્રત કરનારી સ્ત્રીએ નિરંતર પ્રભાતમા ઉઠી દિશા જંગલ જઇ આવી દાતણ કરવું. પછી નાહી ધોઇ, અંગ ઉપર સૌભાગ્ય શણગાર સજી બે ધોળા વસ્ત્ર પહેરવાં અને પ્રભાતમા ભોજન કર્યાની અગાઉ લક્ષ્મીજી સાથે ભગવાનની પૂજા કરીને નમસ્કાર કરવા. ૩ હે કામનાવાળા! તમે કોઈ પણ જાતની ઇચ્છાવાળા નથી કારણ કે, તમારી પાસે જે જોઇએ તે સર્વ છે. તમને બીજા કોઇની કઇ પણ અપેક્ષા નથી એવા તમને નમસ્કાર હો. વળી મહા વિભૂતિના અને અણિમાદિક સિદ્ધિઓના નિવાસ રૂપ તમને નમસ્કાર કરૂં છુ ૪ હે ભગવન! તમે કૃપા વૈભવ તેજ મહિમા સામર્થ્ય તથા બીજા સર્વ ઈશ્વરના ગુણોથી યથાર્થ રીતે સંપન્ન છો માટે તમે જ ભગવાન અને પ્રભુ છો. ૫ હે વિષ્ણુના પત્નિ! હે મહામાયા! હે પરમેશ્વરના જેવા લક્ષણોથી સંપન્ન! હે મહા ભાગ્યવતિ લક્ષ્મીજી! તમને નમસ્કાર હો. ૬ એ મંત્ર ભણીને નમસ્કાર કરવા પછી ૐ મહા પ્રભાવ વાળા મહા વિભૂતિઓના પતિ એવા મહા પુરૂષ ભગવાનને નમસ્કાર કરૂં છું તથા મહા વિભૂતિઓની સાથે આપને બલિદાન અર્પણ કરૂં છુ. આ મંત્રથી નિત્ય આવાહન અર્ઘ પાદ્ય આચમન સ્નાન વસ્ત્ર ઉપવીત આભૂષણ ચંદન પુષ્પ ધુપ દીપ તથા નૈવેદ્ય આદિ પૂજોપચાર સાવધાનપણાથી યજમાને વિષ્ણુને અર્પણ કરવો. ૭ પછી 'ૐ नमो भगवते महापुरुषाय महाविभूतिपतये स्वाहा, ૐ મહા પુરૂષ મહાવિભૂતિઓના અધિપતિ એવા આપ ભગવાનને બલિ અર્પણ થાઓ. એ મંત્ર ભણીને બાકી રહેલા બલિમાંથી અગ્નિમાં બાર આહુતિઓ આપવી. ૮ મનુષ્યને સર્વ સંપત્તિઓની ઇચ્છા હોય તો તેણે

† આ અધ્યાયમા કશ્યપે શ્રીહરિને સંતુષ્ટ કરનારૂં જે વ્રત દિતિને કહ્યું હતુ, તે જ વ્રતનું લોકના કલ્યાણ માટે વિસ્તારથી અહીં વર્ણવવામા આવશે.

વરદાન આપનારાં તથા મનોરથ પૂરનારા એવાં લક્ષ્મી અને વિષ્ણુ બન્નેની ભક્તિથી નિત્ય પૂજા કરવી. ૯ ભક્તિથી શુદ્ધ થયેલા મનવડે શ્રીહરિને પૃથ્વી ઉપર પડી દંડવત પ્રણામ કરી દશ વાર મંત્રનો જપ કરીને નીચેના સ્તોત્રનો પાઠ કરવો. ૧૦

તમે બન્ને જગતનાં સ્વામી અને જગતનું આદિ કારણ છે. તેમાં લક્ષ્મીજી સૂક્ષ્મ પ્રકૃતિ તથા ટાળી ટળે નહિ એવી માયારૂપી શકિત છે.૧૧ તે શકિતના પરમ પુરૂષ એવા તમે સાક્ષાત અધિપતિ છો તમે સર્વ યજ્ઞમૂર્તિ રૂપ છો અને લક્ષ્મીજી યજ્ઞની ભાવનારૂપ છે તેમ લક્ષ્મીજી ક્રિયા મૂર્તિ છે અને તમે ફળના ભોકતા છો.૧૨ લક્ષ્મીજી ગુણોની વ્યકિત છે અને તમે ગુણોને પ્રગટ કરનાર છો. તમે સર્વ દેહધારીઓના આત્મા છો અને લક્ષ્મીજી શરીર ઇંદ્રિય અને અંતઃકરણ રૂપછે ભગવતિ લક્ષ્મીજી પદાર્થોનાં અને પ્રાણીઓના નામ તથા રૂપમય મૂર્તિ છે અને તમે નામરૂપના પ્રકાશક તથા આધારરૂપ છો.૧૩ જે પ્રમાણે તમે બન્ને ત્રણ લોકને વર આપનાર તથા તેના પરમ ઇશ્વર રૂપ છો તે સત્યથી મારા મોટા મનોરથો સફળ થાઓ. ૧૪ સ્તોત્રવડે વરઆપનાર શ્રીનિવાસ ભગવાનની લક્ષ્મીજી સાથે સ્તુતિ કરી નૈવેદ્યાદિક ઉપાડી લઇ ભગવાનને આચમન કરાવવું. ૧૫ પછી ભક્તિથી શુદ્ધ થયેલા મનવડે સ્તોત્રથી ભગવાનની સ્તુતિ કરવી અને હોમતા બાકી રહેલા પદાર્થને સુંઘીને ફરીથી શ્રીહરિનું પૂજન કરવું. ૧૬ સ્ત્રીએ પરમ ભક્તિથી તથા ઇશ્વર બુદ્ધિથી અનેક જાતની પ્રિય વસ્તુઓવડે પતિની સેવા કરવી અને પતિએ પણ પોતે પ્રેમાળ થઇને સ્ત્રીની નાની મોટી સર્વ સેવાનો સ્વીકાર કરવો. ૧૭ સ્ત્રી અથવા પુરૂષ એ બન્નેમાંથી જો એક પણ વ્રત કરે તો તેનું બન્નેને ફળ મળે છે. સ્ત્રી રજસ્વલા હોવાથી વા બીજા કોઇ પણ કારણથી જો વ્રત કરવાને યોગ્ય ન હોય તો પતિએ કરવું. ૧૮ વિષ્ણુનું વ્રત કરનાર પુરૂષે કોઈ પણ દિવસ વ્રતનો ભંગ કરવો નહિ અને વ્રત કરનાર પુરૂષે નિયમમાં રહીને પ્રતિદિવસ પુષ્પની માળા ચંદન બલિદાન તથા આભૂષણોથી ભક્તિપૂર્વક બ્રાહ્મણોની તથા પુત્રવતી અને સૌભાગ્યવતી સ્ત્રીઓની પૂજા કરવી તથા ભગવાન એવા વિષ્ણુની પણ પૂજા કરવી. પૂજા કર્યા પછી ભગવાનને તેમના પોતાના સ્થાનમાં પધરાવીને પછી તેમને ધરેલુ નૈવેદ્ય વ્રત કરનારાએ મનની શુદ્ધિ માટે તથા સર્વ કામનાની સિદ્ધિ માટે ખાવું. આ પ્રમાણે પૂજાની વિધિથી પતવ્રતિ સ્ત્રીએ બાર માસ અથવા અધિક માસ હોય તો તેર મહીના એમ આખા વર્ષ સુધી વ્રત કરવું અને કાર્તિક મહીનાની અમાવાસ્યાને દિવસે ઉપવાસ કરવો. ૨૧ બીજે દિવસે પ્રભાતમાં પ્રાતઃકૃત્યને આટોપી લઇ જલથી આચમન લઇ પ્રથમની પેઠે શ્રીકૃષ્ણનું પૂજન કરી પાર્વણ સ્થાલિપાકની વિધિથી પતિને દૂધમાં રાંધેલા ચરૂની ઘી સાથે અગ્નિમાં બાર આહુતિઓ આપવી. ૨૨ પછી પ્રસન્ન થયેલા બ્રાહ્મણોએ આપેલા આશીર્વાદો માથા ઉપર ચઢાવી ભક્તિથી પ્રણામ કરી બ્રાહ્મણોની આજ્ઞા લઇને ભોજન કરવું. ૨૩ આચાર્યને આગળ રાખી બંધુઓ સાથે ઉભા રહી વાણીને નિયમમાં રાખી સારી પ્રજા આપનાર તથા સૌભાગ્ય વધારનાર ચરૂનો શેષ ભાગ સ્ત્રીને ખવરાવવો. ૨૪ કોઈ પણ પુરૂષ વિષ્ણુના પુંસવન વ્રતને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કરીને આ લોકની ઇષ્ટ કામનાઓ મેળવે છે. સ્ત્રી આ વ્રત કરીને સૌભાગ્ય લક્ષ્મી પ્રજા યશ તથા ઘર મેળવે છે. ૨૫ કન્યા આ વ્રત કરી સર્વ લક્ષણસંપન્ન પતિ મેળવે છે વિધવા આ વ્રત કરીને પાપ રહિત થાય છે તથા સારી ગતિને પામે છે. જેનાં સંતાન મરી જતાં હોય એવી સ્ત્રી આ વ્રત

કરીને પનોતી થાય છે, નિર્ધન સ્ત્રી ધનવાન થાય છે. ધનવતી છતાં ભાગ્યહીન સ્ત્રી ભાગ્યશાળી થાય છે, કુરૂપી સ્ત્રી આ વ્રત કરવાથી ઉત્તમ રૂપને પામે છે, રોગી હોય તે રોગમાંથી મુક્ત થાય છે અને ઇન્દ્રિયોની સાથે હૃષ્ટપુષ્ટ દેહને પામે છે. શુભ કાર્યમાં આ આખ્યાનનો પાઠ કરે તો પિતૃઓને તથા દેવતાઓને અત્યંત તૃપ્તિ થાય છે. ૨૭ હોમ પૂર્ણ થઈ રહ્યા પછી અગ્નિદેવ લક્ષ્મીજી તથા શ્રીહરિ પ્રસન્ન થઈ યજમાનની સર્વ કામનાઓ પૂર્ણ કરે છે હે રાજા! મરૂતગણોનું પુણ્યકારક અને મોટું જીવન ચરિત્ર ને દિતિએ કરેલું મહા વ્રત આ પ્રમાણે મેં તમને કહી સંભળાવ્યું. ૨૮

तुष्टाः प्रयच्छन्ति समस्तकामान्
होमावसाने हुतभुक् श्रीर्हरिश्च ।
राजन् महन्मरुतां पुण्यं
दितेर्व्रतं चाभिहितं महत्ते ॥ २८ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेषष्ठस्कंधे
एकोनविंशतीतमोध्यायः

इतिश्री
षष्ठस्कंध समाप्त.

श्रीमद्वेदव्यासविरचित

श्रीमद्भागवत

सप्तम स्कंध

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર.



નૃસિંહ ભગવાન ને હિરણ્ય કશિપુ.

अथ

श्रीमद्भागवतभाषान्तर

सप्तमस्कंध.

અધ્યાય ૧ લો.[†]

હિરણ્યકશિપુને પ્રહ્લાદ પર આવેલો ક્રોધ.

राजोवाच—समः प्रियः सुहृद्ब्रह्मन् भूतानां भगवान् स्वयंम ।
इंद्रस्यार्थे कथं दैत्यानवधीद्विषमो यथा ॥ १ ॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું કે—હે શુકદેવજી ! ભગવાન પોતે સર્વ પ્રાણીઓને સમાન પ્રિય ને મિત્ર જેવા છે છતાં વિષમ બુદ્ધિના મનુષ્યની માફક ઇંદ્ર સારૂ દૈત્યોને તેમણે કેમ મારી નાંખ્યા ? ૧ ભગવાન પોતે પરમાનંદ સ્વરૂપ અને ગુણ રહિત છે, તેમને દેવતાઓની સાથે કંઈ કાર્ય ન હતું તેમ અસુરોની સાથે કંઇ દ્વેષ પણ ન હતો, તેમ તેમની તરફથી તેમને ભય પણ ન હતો, ૨ છતાં તેમણે અસુરોનો સંહાર કર્યો તેથી ભગવાનના ગુણો વિષે મને મોટો સંશય આવે છે જે તમેજ દૂર કરવા યોગ્ય છો. ૩

શુકદેવજી બોલ્યા કે—હે મહારાજ ! આપે શ્રીહરિનું અદ્ભુત ચરિત્ર પૂછ્યું તે ઠીક કર્યું, કારણ કે જેમાં ભગવાનની ભક્તિ વધારનારૂં ભગવદ્ભક્ત પ્રહ્લાદનું માહાત્મ્ય આવેલું છે. ૪ તથા નારદાદિક ઋષિઓ જેમના પરમ પુણ્ય ચરિત્રને ગાય છે તે શ્રીહરિની કથા હું વેદવ્યાસને નમસ્કાર કરી તમને કહી સંભળાવીશ. ૫ ભગવાન માયાથી પર છે અને નિર્ગુણ છે. નિર્ગુણ હોવાથી અજન્મા અને અજન્મા હોવાથી રાગ દ્વેષાદિકમાં કારણભૂત એવા દેહ અને ઈંદ્રિયાદિકથી રહિત છે છતાં તે માયાના ગુણોમાં પ્રવેશ કરીને દેવ તથા અસુરો વચ્ચે ચાલતાં યુદ્ધમાં મરનાર ને મારનારપણાને પ્રાપ્ત થાય છે. ૬ તેમાં તે ગુણો જો ભગવાનના પોતાના હોય તો તો ભગવાન વિષે પ્રાકૃત મનુષ્યની પેઠે વિષમપણું ઘટે પરંતુ સત્વ રજ તથા તમ એ ત્રણ ગુણો આત્માના નથી, પરંતુ માયાના છે અને તે ગુણોનો ઘટાડો અથવા વધારો એકજ વખતે થતો નથી પરંતુ કાળને લઈને થાય છે. ૭ જુદા જુદા કાળને અનુકૂળ રહેનાર ભગવાન સત્વગુણના વિજયનો સમય હોય ત્યારે દેવતાઓને ને ઋષિઓને ભજે છે, અને રજોગુણના વિજયનો સમય હોય ત્યારે યક્ષો તથા રાક્ષસોને ભજે છે. ૮ અગ્નિ એક પ્રકારનો છે તોપણ કાષ્ઠાદિકમાં અનેક પ્રકારનો દેખાય છે, જળ જેમ એક પ્રકારનું છે તોપણ જુદા જુદા રંગના પાત્રોમાં જુદા જુદા રંગનું દેખાય છે તેમજ

---

† આ અધ્યાયમાં હિરણ્યકશિપુને પ્રહ્લાદ સાથે જે વિરોધ થયો હતો તે એક [illegible]

આકાશ એક હોવા છતાં ઉપાધિને લઇ અનેક પ્રકારનું દેખાય છે તેમ ભગવાન એક રૂપ જ છે તોપણ દેવ અસુરો અને રાક્ષસો એમ અનેક રૂપે જણાય છે.દેવાદિકના દેહોથી જુદા જણાતા નથી પરંતુ વિવેકી લોકો સ્વભાવવાદ કાળવાદ તથા કર્મવાદનો નિષેધ કરી કાર્યોના દેખાવો ઉપરથી અનુમાન બાંધી પોતાને વિષે રહેલા પરમાત્માને તેવા ગણે છે.૯ પરમેશ્વર જ્યારે જીવના ઉપભોગ માટે શરીરો ઉત્પન્ન કરવાની ઇચ્છા કરે છે ત્યારે પોતાની માયાથી રજોગુણને જુદો ઉત્પન્ન કરે છે. તે જ્યારે અનેક જાતના શરીરોમાં વિહાર કરે છે ત્યારે સત્વગુણને જુદો સરજે છે અને જ્યારે સંહાર કરવાની ઇચ્છા કરે છે ત્યારે તમોગુણને જુદો ઉત્પન્ન કરે છે. ૧૦ આમ છતાં પણ પરમાત્મા કાળ પ્રધાન કે પુરૂષ એમાંથી કોઈને પણ વશ થતા નથી પરંતુ પ્રધાન અને પુરૂષને નિમિત્ત કરીને અમોઘ કાર્ય કરનાર ભગવાન પોતે પ્રધાન અને પુરૂષને સહાયક તરીકે આશ્રય આપે છે. વર્તમાન કાળને પોતે ઉત્પન્ન કરે છે ને એ કાળ, હે રાજા! જ્યારે સત્વગુણની વૃદ્ધિ હોય છે ત્યારે મહા કીર્તિવાળા અને દેવતાઓને પ્રિય એવા ભગવાન સત્વગુણી એવા દેવતાઓના સમૂહને વધારતા હોય એવા રજોગુણ તમોગુણવાળા ને દેવતાઓના શત્રુ અસુરોને સંહાર કરતા હોય એવા દેખાય છે. ૧૧ હે રાજા! પૂર્વે મહાયજ્ઞમાં પ્રશ્ન પૂછતાં યુધિષ્ઠિર રાજાને દેવર્ષિ નારદે આ વિષય ઉપર એક ઇતિહાસ કહી સંભળાવ્યો હતો. રાજસૂય નામે મહાયજ્ઞમાં ચેદી દેશનો રાજા શિશુપાળ વાસુદેવમાં સાયુજ્ય ગતિ પામ્યો, તે અતિ આશ્ચર્યજનક વાત સાંભળી પાંડુના પુત્ર યુધિષ્ઠિર રાજા મનમાં વિસ્મય પામ્યા અને યજ્ઞમાં બેઠેલા દેવર્ષિ નારદને સર્વ મુનિઓ સાભળતાં આ પ્રમાણે પૂછ્યું. ૧૪

યુધિષ્ઠિરે પૂછ્યું કે–હે નારદ! એકાંતિક ભકતોને દુર્લભ એવી પરમતત્ત્વરૂપ વાસુદેવ ભગવાનની પ્રાપ્તિ શિશુપાળને થઇ એ અતિ આશ્ચર્ય થયું છે. ૧૫ હે મુનિ! અમે તે સર્વ વાત જાણવાની ઇચ્છા રાખીએ છીએ. જ્યારે વેન રાજાને ભગવાનની નિંદા કરવાથી બ્રાહ્મણોએ નરકમાં નાખ્યો હતો ૧૬ ત્યારે દમઘોષનો પુત્ર તથા દુષ્ટ મતિવાળો દંતવકત્ર એ બન્ને બાલ્યાવસ્થાથી માંડીને શ્રીકૃષ્ણની સામે મત્સર રાખતા હતા અને અપક્ષયાદિકથી રહિત એવા પરબ્રહ્મ રૂપ વિષ્ણુની વારંવાર નિંદા કર્યા કરતા હતા છતાં તેમની જીભમા કોઢ નીકળ્યા નહિ તેમ તેઓ અધતમ નરકમાં પણ પડયા નહિ. ૧૮ સર્વ લોકના દેખતાં પરિશ્રમ વિના દુર્લભ સ્વરૂપવાળા ભગવાન વાસુદેવમા મળી ગયા તેનું શું કારણ? ૧૯ મારી બુદ્ધિ આમા વાયુથી જેમ દીપની શિખા ડોલે તેની માફક ભમે છે માટે એ અતિ અદ્ભુત વૃત્તાંતમા જે કઇ કારણ હોય તે સર્વજ્ઞ એવા આપ મને કહો. ૨૦

શુકદેવજી બોલ્યા કે–નારદ યુધિષ્ઠિર રાજાનું વચન સાંભળી પ્રસન્ન થયા અને સભાસદના સાભળતા યુધિષ્ઠિરને સંબોધન કરીને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૨૧

નારદ કહે છે કે–હે રાજા! નિંદા સ્તુતિ સત્કાર ને તિરસ્કારાદિકના ઉપયોગમા આવતું આ શરીર પ્રધાનને પ્રકૃતિના અવિવેકથી કલ્પાયેલું છે. ૨૨ હે રાજન! દેહના અભિમાનથી પ્રાણીઓને જેમ હું તથા મારૂં એવી બુદ્ધિ થાય છે તથા મારવાથી અને તીક્ષ્ણ શબ્દો કહેવાથી જેવી પીડા થાય છે તેવી પીડા ને એવી વિષમ બુદ્ધિ ઇશ્વરને થતી નથી. ૨૩ જે દેહને લઇને આ અભિમાન થાય છે તે દેહનો નાશ કરવાથી જેમ પ્રાણીઓને પોતાનો નાશ થયો જણાય છે, તેમ ઇશ્વરને થતું નથી કારણ કે તે એક અને સર્વ પ્રાણીઓના આત્મારૂપ છે તેથી

તેને અભિમાન નથી સર્વને શિક્ષા કરનાર એવા પરમેશ્વરને કયો પુરૂષ મારવાને સમર્થ છે ? ૨૪ ઇશ્વર કોઇની પણ નિંદા સાંભળી વિષમબુદ્ધિ કરતા નથી તેથી વેર શુદ્ધ ભક્તિ ભય સ્નેહ અથવા કામ એ પાચ ઉપાયો-માંથી ગમે તે એક ઉપાયવડે ઇશ્વરવિષે મનને જોડવું કે જેથી ઇશ્વર વિના બીજી કોઇ પણ વસ્તુ જોવામા આવે નહિ ૨૫ મનુષ્ય વેરના અનુસંધથી જેવો તલ્લીન થાય છે તેવો ભક્તિયોગથી થતો નથી, આવો મારો મત છે. ૨૬ શાસ્ત્રમા એક એવુ દૃષ્ટાત છે કે ભમરાએ તેના ઘરમા પૂરેલો કીડો જેમ ક્રોધ અને ભયના યોગથી ભમરાનું સ્મરણ કરતા ભમરારૂપ થઈ જાય છે ૨૭ તેમ માયાવડે મનુષ્યાવતાર લેનાર ઇશ્વર એવા ભગવાન શ્રીકૃષ્ણ ઉપર વેર રાખવાથી વારંવાર સ્મરણ રહેવાથી શિશુપાળ વગેરે પાપ રહિત થઈ ભગવાનની ગતિને પામ્યા હતા. ૨૮ ભક્તિથી ઇશ્વરમા મન રાખે તેમ કામથી દ્વેષથી ભયથી અથવા સ્નેહથી ભગ-વાનમાં મનને પરોવીને ઘણા લોકો પાપનો ત્યાગ કરી ભગવાનની ગતિને પામ્યા છે ૨૯ હે રાજન ! ગોપિકાઓ કામથી ભગવાનની ગતિને પામી હતી. કંસ ભયથી ભગવાનની ગતિને પામ્યો હતો, શિશુપાળ વગેરે રાજાઓ દ્વેષ ભાવથી ભગવાનની ગતિને પામ્યા હતા. વૃષ્ણિકુળના યાદવો સબંધથી ભગવાનની ગતિને પામ્યા હતા. તમે સ્નેહથી ભગવાનની ગતિને પામ્યા છો અને અમે ભક્તિથી ભગવાનની ગતિને પામ્યા છીએ. ૩૦ આમાં પુરૂષને પુરૂષના ઉપર કામનો સંભવ હોતો નથી પરંતુ તે વિના બીજા પ્રકારોમાંનો એક પ્રકાર પણ શ્રીહરિ વિષે વેન રાજાનો હતો, તેને લીધે તે નરકમાં પડયો હતો. મનુષ્યે કોઇ પણ ઉપાયથી શ્રીકૃષ્ણ વિષે મનને જોડવું ૩૧ હે યુધિષ્ઠિર ! તમારા માસીના પુત્ર શિશુપાળ તથા દંતવક્ત્ર પહેલાં ભગવાનના મુખ્ય પાર્ષદો હતા, તે હમણાં બ્રાહ્મણના શાપથી પોતાના સ્થાનથી ભ્રષ્ટ થયા છે ૩૨

યુધિષ્ઠિર રાજા પૂછે છે કે–હે મહારાજા ! શ્રીહરિના દાસોનો પરાભવ કરનારો એવો તે કેવો શાપ હતો ? અને તે કોણે દીધો હતો ? ભગવાનના એકાંતિક ભક્તોનો જન્મ થવો એ વાત અસંભવિત જેવી જણાય છે. વૈકુંઠપુરના નિવાસીઓ પ્રાકૃત દેહ ઇંદ્રિયો તથા પ્રાણવિનાના હોય છે. તેઓને પ્રાકૃત દેહનો સંબંધ થવારૂપી આખ્યાનથી બંધા-યેલું આ ચરિત્ર મને કહો.

નારદ કહે છે–હે યુધિષ્ઠિર ! એક વખતે બ્રહ્માના પુત્ર સનંદન વગેરે ત્રણ ભુવનમાં ફરતા ફરતા દૈવેચ્છાથી વિષ્ણુ લોકમાં ગયા. ૩૫ સનકાદિક કુમારો મરિચિ આદિ ઋષિ-ઓથી પ્રથમ ઉત્પન્ન થયા હતા, તોપણ તે છ વર્ષના બાળક જેટલા દેખાતા હતા અને નગ્ન રહેતા હતા તેથી તેઓને બાળક જાણીને દ્વારપાળોએ અંદર જતાં અટકાવ્યા. ૩૬ સનકાદિક કુમારોએ ક્રોધાયમાન થઇ તેઓને નીચે પ્રમાણે શાપ દીધો કે, તમે બન્ને રજોગુણ તથા તમોગુણથી રહિત એવા શ્રી હરિના ચરણકમળમાં વાસ કરવાને યોગ્ય નથી માટે તમે બન્ને મૂઢ બુદ્ધિવાળા મહા પાપથી ભરેલી આસુર જાતિમાં અવતાર લ્યો. ૩૭ આ પ્રમાણે શાપ થવાથી તે બન્ને જણાઓ વૈકુંઠલોકમાંથી નીચે પડતા હતા તે વેળા દયાળુ એવા તે કુમારોએ ફરીને તે બન્ને દ્વારપાળોને કહ્યુ કે તમે ત્રણ જન્મ લીધા પછી પાછા આ લોકમાં આવશો. ૩૮ શાપ થયા પછી દૈત્ય તથા દાનવોથી વંદાતા તે દિતિના પુત્રરૂપે અવતર્યા. હિરણ્યકશિપુ વડો અને હિરણ્યાક્ષ તેમાં નાનો હતો. ૩૯ શ્રીહરિએ નૃસિંહાવતાર ધારણ કરીને હિર-ણ્યકશિપુનો નાશ કર્યો અને પૃથ્વીનો ઉદ્ધાર કરતી વેળા વરાહનુ શરીર ધારણું કરીને

હિરણ્યાક્ષનો નાશ કર્યો. ૪૦ હિરણ્યકશિપુ ભગવાન જેને પ્રિય હતા એવા પ્રહ્લાદને મારવાની ઇચ્છાથી તેનો નાશ કરવા તેને અનેક જાતનાં દુઃખો આપવા લાગ્યો. ૪૧ સર્વ પ્રાણીઓના આત્મારૂપ શાંત સર્વત્ર બ્રહ્મરૂપને જોનાર અને ભગવાનના તેજથી રક્ષાયેલા પ્રહ્લાદને મારવાના ઉદ્યમો કર્યા પરંતુ તે ઉદ્યમોથી પ્રહ્લાદને મારી શકયો નહિ. પછી તે બન્ને જણ વિશ્રવા ઋષિની સ્ત્રી કેશિનીને વિષે રાવણ તથા કુંભકર્ણ નામના બે રાક્ષસો થઇ જન્મ્યા અને તેઓ સર્વ લોકોને સંતાપવા લાગ્યા.૪૩ તે સમયે પણ ભગવાને રામાવતાર ધારણ કરીને તેઓને શાપમાથી મુક્ત કરવા માટે તેઓનો નાશ કર્યો હતો. હે રાજા! રામચંદ્રના પરાક્રમને તમે માર્કંડેયના મુખથી સાભળશો, ૪૪ તે પછી તે બન્ને જણ તમારી માસીના પુત્રરૂપે ક્ષત્રિય જાતિમાં અવતર્યા હતા હમણાં શ્રીકૃષ્ણના ચક્રથી પાપરહિત થઇ શાપમાથી મુક્ત થયા છે. ૪૫ આ પ્રમાણે વેરના અનુબંધથી તીવ્ર એવા ધ્યાનથી ભગવાનના સ્વરૂપને પામી તેમના ધામના પાર્ષદો થઇ ફરી શ્રીહરિની પાસે રહ્યા છે ૪૬

યુધિષ્ઠિરે પૂછયું કે–હે ભગવન! હિરણ્યકશિપુને મહાત્મા એવા પોતાના પ્રિયપુત્ર ઉપર કેમ ક્રોધ થયો, તથા પ્રહ્લાદને ભગવાન ઉપર ચિત્તની એકાગ્રતા કયા કારણથી થઈ તે મને કહો. ૪૭

विद्वेषो दयिते पुत्रे कथमासीन्महात्मना।
ब्रूहि मे भगवन् येन प्रह्लादस्याच्युतात्मता॥

इतिश्रीमद्भागवतेमहापुराणेसप्तमस्कंधे प्रथमोऽध्यायः

અધ્યાય ૨ જો.[1]

હિરણ્યકશિપુનો ભત્રિજાઓને બોધ.

नारद उवाच

भ्रातर्येवं विनिहते हरिणा क्रोडमूर्तिना।
हिरण्यकशिपू राजन् पर्यतप्यद्रुषा शुचा॥१॥

નારદે કહ્યુ કે–હે રાજા! વરાહમૂર્તિ ભગવાને હિરણ્યાક્ષનો નાશ કર્યો તેથી હિરણ્યકશિપુ રોષ ને શોકથી પશ્ચાત્તાપ કરવા લાગ્યો ૧ ક્રોધથી વ્યાપ્ત થઇ ઓષ્ઠને દબાવી કોપાગ્નિથી ભરેલી આખે આકાશને જોવા લાગ્યો ૨ ભયંકર દાઢોવડે ને ભયંકર આખો અને ભ્રુકુટીવડે આ વખતે તેનું મુખ જોઇ શકાય તેવું ન હતું. હિરણ્યકશિપુએ ક્રોધથી સભા વચ્ચે ત્રિશૂળ ઉગામી દાનવોને કહ્યુ કે ૩ અરેરે દાનવો તથા દૈત્યો એવા હે ત્ર્યક્ષ! હે શંબર! હે વિપ્રચિત્તિ! અને હે પુલોમા! મારૂં કહેવું તમે સાભળો અને પછી તે પ્રમાણે કરો, વિલંબ–કરો નહિ. ૫ વિષ્ણુ સર્વને સમાન છે તોપણ મારા શુદ્ર શત્રુઓએ હરિની સેવા કરીને પોતાની સમાન બુદ્ધિનો ત્યાગ કરનાર તેજસ્વી છતાં માયાવડે વરાહનું રૂપ ધારણ કરનાર ભજનારાને ભજનાર અને બાળકની પેઠે અસ્થિર સ્વભાવવાળા વિષ્ણુનુ મસ્તક ત્રિશૂળવડે કાપી નાખી તેના રૂધિરથી મારો ભાઇ કે જેને રૂધિર પ્રિય હતુ તેને તૃપ્ત કરી શોકમાથી હું મુક્ત થઇશ ૮ કપટી તથા અહિત કરનારો વિષ્ણુ જેનો પ્રાણ છે એવા દેવતાઓ પછી નાશ પામશે ૯ પ્રથમ બ્રાહ્મણો તથા ક્ષત્રિયો જેમાં વધી પડયા છે એવી પૃથ્વી ઉપર તમે જાઓ અને તપશ્ચર્યા કરનાર યજ્ઞ કરનાર સ્વાધ્યાય કરનાર વ્રત કરનાર તથા દાતા લોકોનો

[1] આ અધ્યાયમા હિરણ્યકશિપુએ વિષ્ણુ ઉપર રોષ હોવાથી દાનવો દ્વારા લોકોનો નાશ કરાવીને વિષ્ણુએ મારી નાખેલા પોતાના ભાઈ હિરણ્યાક્ષના પુત્રોને તથા બીજા દૈત્ય દાનવોને ઇતિહાસોના દ્રષ્ટાંતો આપીને શાન્ત કર્યાની કથા છે.

નાશ કરો ૧૦ કારણ કે બ્રાહ્મણોની ક્રિયા એ યજ્ઞમૂર્તિ તથા ધર્મરૂપ ભગવાન વિષ્ણુનુ મૂળ છે અને તે દેવતા ઋષિ પિતૃઓ ભૂતો અને ધર્મના મુખ્ય આશ્રયરૂપ છે બ્રાહ્મણો ગાયો વેદો વર્ણ આશ્રમ અને વેદક્રિયાઓ થતી હોય તે દેશમાં જાઓ તેમને બાળી દો ને યજ્ઞમાં ઉપયોગી વૃક્ષોને કાપી નાંખો.

નારદ કહે છે કે—પોતાના રાજાની આજ્ઞાને માથે ચડાવી જેમને લોકોનો સંહાર કરવો બહુ પ્રિય હતો એવા દૈત્યો પ્રજાઓનો સંહાર કરવાને ગયા. ૧૩ તેઓએ શહેર ગામ ઉદ્યાન ખેતર વાડીઓ આશ્રમો ખાણો ખેડુતના ગામડાં રાજધાનીઓ તથા આહિર લોકોમાં સ્થાનોને બાળવા માડયાં ૧૪ કેટલાક દૈત્યોએ કોદાળીઓથી સેતુઓને કિલ્લાઓને તથા દરવાજાઓને તોડી નાંખ્યા કેટલાએક દૈત્યોએ હાથમાં પરશુ લઇ લોકોની આજીવિકા પુરી પાડનારા ઉત્તમ વૃક્ષોને કાપવા માડયા કેટલાએક હિરણ્યકશિપુના અનુચરો આ રીતે લોકોને દુ ખી કરવા લાગ્યા એટલે દેવતાઓ સ્વર્ગ લોકનો ત્યાગ કરીને કોઇ જાણે નહિ તેમ છુપી રીતે પૃથ્વી ઉપર ફરવા લાગ્યા. ૧૬ પછી દુઃખી થયેલા હિરણ્યકશિપુએ પોતાના મરી ગયેલા ભાઇને દાધાંજલી આપી તથા પ્રેતશ્રાદ્ધ વગેરે ક્રિયાઓ કરીને શકુની સંબર ધૃષ્ટ ભૂત સંતાપન વૃક્ષ કાળનાભ મહાનાભ હરીશ્મશ્રુ અને ઉત્કચને શાત કર્યા. ૧૯ હે રાજા ! તે ઉપરાંત દેશ તથા કાળને જાણુનાર હિરણ્ય કશિપુ તેની ભ્રાતા રૂષાભાનુને ને પોતાની માતા દિતિને પણ મધુર શબ્દો કહી શાત કરવા આ પ્રમાણે કહેવા લાગ્યો. ૧૯

હિરણ્યકશિપુ કહે છે કે—હે માતા ! હિરણ્યાક્ષ વીર હતો તેનો તમારે શોક કરવો નહિ; કારણ કે શૂરાઓની અને શત્રુઓની સામે નાશ થાય તે વખાણવા યોગ્ય છે તથા વીર પુરૂષોને તે પસંદ પડે છે.૨૨ હે માતા ! પ્રાણીઓ, પૂર્વજન્મનાં કર્મોથી એકઠાં મળે છે તથા પોતાનાં કર્મોથી પાછાં વિખુટાં પડે છે. તેઓ આ સંસારમાં પરબમાં પાણી પીવા માટે જેમ મનુષ્યો એકઠાં થાય તેમ એકઠાં થાય છે. ૨૧ વસ્તુતાએ દેહને માટે શોક કરવો એ વ્યર્થ છે કારણ કે આત્મા દેહાદિકથી જુદો છે. તે મારતો નથી, ઓછો થતો નથી, શુદ્ધ છે, સર્વત્ર વ્યાપક તથા સર્વજ્ઞ છે, માટે તે મરી ગયો છે દુર્બળ છે મલિન છે વિયોગી છે અજ્ઞાની છે એમ માનીને તેનો કદી શોક કરવો નહિ. આત્મા પોતાની ભૂલવડે પોતાના લિંગ શરીરમાં મિથ્યા અભિમાન રાખે છે તેથી ઉંચા નીચા દેહાદિકને ધારણ કરે છે. ૨૨ પાણીના હાલવાથી જેમ તેમાં પ્રતિબિંબરૂપે પડેલાં વૃક્ષો હાલતા દેખાય છે તેમ લિંગ શરીરના સુખ દુઃખાદિક ધર્મો આત્માવિષે હોય એમ દેખાય છે. ફેરફુદડી ફરનારાની ચોતરફ ફરતી આંખવડે જેમ પૃથ્વી ફરતી હોય એવી દેખાય છે તેમ ગુણોને લીધે લિંગશરીર પણ ફર્યા કરે છે. આત્મા પૂર્ણ છતાં ફરતો હોય જન્મ મરણ પામતો હોય એવો દેખાય છે. ૨૩ ઉપર કહ્યા પ્રમાણે મન ગુણોથી જ્યારે ભમવા માડે ત્યારે પરિપૂર્ણ એવો આત્મા મનના સમાન થઇ જાય છે. હે કલ્યાણિ ! આત્માને લિંગશરીરનો સંબંધ નથી તો પણ જાણે તેનો સંબંધ થયો હોય તેમ સૂક્ષ્મ શરીરના ધર્મો આત્મામાં જોવામાં આવે છે. ૨૪ આત્માને વિષે 'હુ દેહ છું' એવી જે ભાવના કરવી એ પોતાના સ્વરૂપનું ઉલટાપણું છે તથા પ્રિય વસ્તુનો વિયોગ અપ્રિય વસ્તુનો લાભ કર્મ અનેક ગર્ભોમાં પ્રવેશ જન્મ વિનાશ અનેક જાતનો શોક અવિવેક ચિંતા તથા સ્વરૂપનું વીસરી જવું, એ સર્વ દેહાભિમાનથી થાય છે. ૨૬ શોકના કારણ વિના વૃથા શોક કરે છે, તે વિષયમાં યમરાજા તથા શબના સંબંધીઓના સંવાદ

રૂપ એક પ્રાચીન ઇતિહાસ કહેવામાં આવે છે તે સાંભળો. ૨૭ ઉશીનર નામના દેશમા સુયજ્ઞ નામનો એક પ્રખ્યાત રાજા રાજ્ય કરતો હતો. તેને યુદ્ધમાં શત્રુઓએ મારી નાંખ્યો અને તેના સગાં સંબંધીઓ તેની ચારે તરફ બેસીને સેવા કરવા લાગ્યાં. ૨૮ યુદ્ધમાં તે રાજાનું રત્નજડીત કવચ કપાઇ પડયું આભૂષણો તથા માળા શરીર ઉપરથી ખસી ગયાં અને હૃદય બાણથી વિંધાઇ ગયું હતું તેથી તે લોહી લુહાણ થઇને પૃથ્વી ઉપર પડયો હતો. ૨૯ તેના કેશ વીખરાઇ ગયા હતા, આંખો ફુટી ગઇ હતી, ક્રોધથી ઓષ્ઠને દસ્યા હતા, મુખ ધૂળથી ભરાઇ ગયું હતું અને રણ ઉપર હાથ ને હથીયારો કપાઇ પડેલાં હતાં. ૩૦ દૈવે એવી દશામાં લાવી મૂકેલા પોતાના સ્વામી ઉશીનર દેશના રાજાને જોઇ તેની પટરાણીઓ દુખી થઇ હે નાથ ! અમે હણાયેલી છીએ, એ પ્રમાણે વારંવાર છાતી કુટતી રાજાના ચરણની પાસે પડી. ૩૧ આસુઓથી પતિના ચરણને ભીંજવવા લાગી અને માથાના કેશ તથા શેષફૂલ વગેરે જેના આભૂષણો સરી ગયા હતાં એવી સ્ત્રીઓ કરૂણાજનક રૂદન કરીને મનુષ્યોના મનમાં શોક ઉપજાવે એવા વિલાપ કરવા લાગી. ૩૨ અરેરે હે પ્રભો ! નિર્દય વિધાતાએ હમણા આપને અમારી દૃષ્ટિ આગળથી અદશ્ય કરી મૂકયા છે જેમણે પૂર્વે તમને ઉશીનર દેશના લોકોને આજીવિકા આપનારા કર્યા હતા તેમણે હમણા તેઓના શોકને વધારનાર કર્યા છે. ૩૩ હે મહીપતિ ! કૃતજ્ઞ ને અમારા અત્યંત સ્નેહી એવા તમારા વિના અમે કેવી રીતે જીવી શકીશું ? હે વીર ! તમારાં ચરણની સેવા કરનારી દાસીઓને જયા આગળ તમે જતા હો તે સ્થાને આવવા માટે આજ્ઞા કરો. ૩૪ આ પ્રમાણે રાણીઓ મરી ગયેલા પતિને લઇને વિલાપ કરતી હતી અને તેને બાળી દેવા માટે ઇચ્છતી ન હતી એટલામાં સૂર્યનારાયણ અસ્ત થયા. ૩૫ ગયેલા રાજાના સંબંધીઓનુ રડવું સાંભળીને યમરાજા પોતે બાળકનુ રૂપ લઇ ત્યાં આવ્યા અને વિલાપ કરતા લોકોને કહેવા લાગ્યા કે અરેરે આ મનુષ્યો અવસ્થામાં મારાથી મોટા છે અને જગતમાં થતાં જન્મ મરણાદિકની રીતિને જાણનાર છે તોપણ તેઓને મહા મોહ થયેલો છે. મનુષ્ય જયાંથી આવ્યો ત્યાં આગળ જાય છે અને પોતે પણ તેના સમાન મરણ ધર્મવાળો છે છતાં મનુષ્યો પ્રાણીઓનો શોક કરે છે. ૩૭ અરેરે ! તમારા કરતાં તો અમે વધારે ભાગ્યશાળી છીએ કારણ કે માતાપિતાએ અમારો ત્યાગ કર્યો છે અને અમે બાળક છીએ, તો પણ તેમનો શોક કરતા નથી. વળી અમે બળ વિનાના છીએ, તો પણ હિંસક પ્રાણીઓ અમને ખાઇ જતાં નથી કારણ કે જે ગર્ભમા રક્ષા કરે છે તેજ સર્વત્ર રક્ષા કરનાર છે. ૩૮ હે સ્ત્રીઓ ! અવિનાશી ઇશ્વર પોતાની ઇચ્છાથી આ જગતને સર્જે છે તેની રક્ષા કરે છે ને પ્રલય કરે છે. ઇશ્વરનું સ્થાવરજંગમાત્મક જગત એક રમકડું છે અને તે જગતનો સંહાર કરવામા સમર્થ છે. ૩૯ રસ્તે પડેલું છતાં ઇશ્વરે રક્ષેલું હોય તો તે જીવતું રહે છે અને ઘરમા રક્ષણ કર્યા છતા પણ ઇશ્વરે નાશ કરેલું હોય તો તે નાશ પામે છે. વનમાં નાખી દીધેલો હોય અને ધણી વિનાનો હોય તોપણ તેના ઉપર ઇશ્વરની કૃપાદૃષ્ટિ હોય તો તે જીવતો રહે છે અને ઘરમાં રક્ષા કરીને રાખેલો હોય તોપણ ઇશ્વરથી તેનો નાશ થવો સર્જ્યો હોય તો તે જીવતો નથી. ૪૦ આ જન્મમરણાદિક દેહાદિકને થાય છે. આત્માને થતાં નથી, કારણ કે સર્વ પ્રાણીઓ પોતાના લિંગશરીરે કરેલાં કર્મોવડે [illegible] ઉપર જન્મે છે તથા મરે છે. આત્મા જો કે તે જન્મમરણવાળા દેહમાં [illegible] તથાપિ

તે દેહાદિકના ધર્મોથી બંધાતો નથી, કારણ કે દેહના ધર્મોથી તે ભિન્ન છે. ૪૧ પુરૂષને આ શરીર કેવળ અવિવેકને લીધે આત્મારૂપે જણાય છે, વસ્તુતાએ જોતાં તો દ્રષ્ટા આત્માથી પાર્થિવ ઘરની પેઠે તે જુદું જોવામાં આવે છે. પાણીના પરમાણુઓથી બનેલા પરપોટાની માફક પૃથ્વીના પરમાણુઓમાંથી બનેલા ઘટાદિકની માફક અને સુવર્ણના પરમાણુઓમાંથી બનેલાં કુંડલાદિકની માફક તે ત્રણે જાતનાં પરમાણુઓમાંથી થયેલું શરીર કાળે કરીને નાશ પામે છે પરંતુ આત્મા કદી નાશ પામતો નથી. ૪૨ વળી અગ્નિ જેમ કાષ્ઠોમાં રહ્યા છતાં દાહક અને પ્રકાશક ધર્મવડે કાષ્ઠથી જુદો જણાય છે અને વાયુ જેમ દેહમાં રહ્યા છતા મુખ અને નાસિકદ્વારા ભિન્ન ભિન્ન જોવામાં આવે છે તેમ આત્મા દેહમા રહેલો છે તોપણ દેહથી બહુજ જુદોછે. આકાશ જેમ સર્વમાં રહેલુ છે છતાં કોઇમાં બંધાઇ રહેલું નથી અર્થાત્ અલિપ્ત છે તેમ આત્મા દેહ અને ઇન્દ્રિયાદિમા રહેલો હોવા છતાં દેહાદિકથી જુદો છે. દેહ ને ઇંદ્રિયાદિકના જન્મ મરણાદિકથી તે જન્મ મરણના ધર્મને પામતો નથી. લોકો જેનો શોક કરે છે તે આ સુયજ્ઞ અહીં સુતો છે, તો શા માટે કલ્પાત કરવું ? કદાપિ તે આટલા વખત સુધી સાંભળતો હતો અને તેનો ઉત્તર આપતો હતો પરંતુ હમણાં તે સાભળતો નથી અને ઉત્તર આપતો નથી માટે અમે તેને મરી ગયેલો ધારીને શોક કરીએ છીએ, અમે માનતા હો તોપણ તમારે શોક કરવો યોગ્ય નથી, કારણ કે આ શરીરમાં જે સાભળનારો તથા બોલનારો છે તે તો કોઇ દિવસ જોવામાં આવતો જ નથી. ૪૪ શરીરમાં પ્રાણ મુખ્ય તથા મોટો ગણાય છે તોપણ તે શ્રોતા અને વકતા ગણાતો નથી પરંતુ દેહ ઇન્દ્રિયોથી ભિન્ન ઇન્દ્રિયાદિકમાં પ્રકાશ કરનાર પદાર્થોનો દ્રષ્ટા જે આત્મા છે તે સાંભળનારો તથા ઉત્તર આપનારો ગણાય છે અને તે પ્રાણ ને દેહથી જુદો છે ૪૫ આત્મા દેહાદિકથી ભિન્ન છે છતાં પાંચ ભૂતો ઇંદ્રિયો તથા મનને લીધે ઉત્પન્ન થનાર નાના મોટા દેહોને ‘ હું છું ’ એમ અધ્યાસી લે છે. જ્યારે વિવેક થાય છે ત્યારે મિથ્યા જ્ઞાનનો નાશ થાય છે. ૪૬ આત્માને જ્યાં સુધી લિંગશરીરનું અભિમાન રહે ત્યા સુધી તેને કર્મો બંધનકારક થાય છે. શરીરના ધર્મો આત્મામાં જણાય અને કલેશ થાય પરંતુ લિંગદેહનું અભિમાન મટી ગયા પછી કદી તેમ થતું નથી. વિષયાદિક માયાને લીધે છે વસ્તુતાએ કંઈ પણ નથી. ૪૭ સુખ-દુઃખાદિકને સત્ય જાણવાં અને કહેવા એ ખોટો ભ્રમ છે કારણ કે જેમ મનોરથ ને સ્વપ્ન મિથ્યા છે તેમ ઇંદ્રિયજન્ય વિષયો પણ અસત્ય છે. ૪૮ વિવેકી પુરૂષો આત્માને નિત્ય અને દેહને અનિત્ય માની તેનો કદી શોક કરતા નથી. ઉપદેશ કરનાર જ્ઞાનીઓ શોક કરે છે પણ તેઓને દૃઢ જ્ઞાન નથી, તેઓ પોતાનો સ્વભાવ ફેરવી શકતા નથી. ૪૯ પ્રાણીઓના નાશ કર્તારૂપે ઇશ્વરે ઉત્પન્ન કરેલો કોઈ એક પારધી વનમાં જુદે જુદે ઠેકાણે જાળ પાથરીને પક્ષીઓને લોભાવતો પોતાનું કાર્ય કરતો હતો ૫૦ એટલામાં એક કુલિંગ પક્ષીનું જોડું તેના જોવામા આવ્યું. તે બંનેમાંથી પારધીએ એકાએક કુલિંગીને લોભાવી. ૫૧ કુલિંગી કાળના ઝપાટામા આવી જવાથી જાળની દોરીમા બંધાઇ ગઇ. કુલિંગ પોતાની સ્ત્રીને દુઃખમાં પડેલી જોઇ અત્યંત ખિન્ન થયો. ૫૨ પોતે તેને જાળમાંથી છુટી કરવાને અસમર્થ હતો તેથી સ્ત્રી ઉપરના સ્નેહને લીધે વિલાપ કરવા લાગ્યો કે-અરેરે! મારો શોક કરતી તથા દયા કરવા યોગ્ય એવી મારી સ્ત્રીને હરી જઇને હે દેવ ! તું એનું શું કરશે ? દીન સ્ત્રી રહિત થઇ પડેલા દુઃખી જીવતરવાળા મારા અર્ધ

દેહનું મારે હવે શું કારણ છે ? દેવ મને ભલે લઈ જાય. ૫૪ હું જેમને પાંખો પણ આવી નથી એવા અને માતાવિનાના બચ્ચાંનું કેવી રીતે પોષણ અને સમાધાન કરીશ? મંદભાગ્ય વાળાં મારાં બચ્ચા માળામાં તેમની માતાની વાટ જોતાં હશે. ૫૫ સ્ત્રીના વિયોગથી આતુર થઈ વિલાપ કરતો અને જેના નેત્રમાંથી અશ્રુઓ પડતા હતાં એવા કુલિંગપક્ષીને પણ પાસે છુપાઈ રહેલા અને કાળે પ્રેરેલા પારધીએ બાણ મારી વિંધી નાખ્યો. ૫૬ આ પ્રમાણે અજ્ઞાની એવા તમે પોતાના નાશને જાણતા નથી અને સો વર્ષ સુધી શોક કર્યા કરશો તોપણ તમારા રાજાને મળી પણ શકવાના નથી. ૫૭

હિરણ્યકશિપુ કહે છે કે—આ પ્રમાણે બાળક બોલતો હતો તે સાંભળીને રાજાના સર્વ સંબંધીઓ મનમા વિસ્મય પામી કહેવા લાગ્યા કે—આ જગત અનિત્ય હોઈ સ્વપ્નની માફક ઉત્પન્ન થયેલું છે આટલી વાત કહીને યમરાજા અદૃશ્ય થયા. પછી સગા સંબંધીઓએ સુયજ્ઞ રાજાની પરલોક સંબંધી જે ક્રિયાઓ કરવાની હતી તે કરી,૫૯ માટે તમે બીજાનો કે પોતાનો શોક કરો નહિ. આ પોતાનો છે આ પારકો છે એવા દુરાગ્રહ રૂપી અજ્ઞાન વિના દેહધારીઓને પોતાનો કોણ છે? તેમ પારકો પણ કોણ છે? તેમ પોતે કોણ છે? અને પર પણ કોણ છે? અર્થાત્ કોઈ નહિ—સર્વ બ્રહ્મમય છે. ૬૦ આ પ્રમાણે પુત્રની વહુ સાથે દિતિએ દૈત્ય રાજા હિરણ્ય કશિપુની વાત સાંભળી પુત્ર શોકને તજીને પરમેશ્વરમાં ચિત્તને જોડયું. ૬૧

इति दैत्यपतेर्वाक्यं दितिराकर्ण्य सस्नुषा ।
पुत्रशोकं क्षणात्त्यक्त्वा तत्त्वे चित्तमधारयत् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेसप्तमस्कंधे
द्वितियोध्यायः

અધ્યાય ૩ જો.†

હિરણ્યકશિપુને મળેલો વર.

नारद उवाच

हिरण्यकशिपू राजन्नजेयमजरामरम् ।
आत्मानमप्रतिद्वन्द्वमेकराजं व्यधित्सत ॥ १ ॥

નારદજી કહે છે કે—હે યુધિષ્ઠિર રાજા! પછી હિરણ્યકશિપુએ પોતાના દેહને અજર અમર અજીત શત્રુ રહિત અને ચક્રવર્તી રાજા કરવાની ઈચ્છા કરી. ૧ એ ઈચ્છા પૂર્ણ કરવાને તેણે મંદરાચળની ગુફામાં ઉંચા બાહુ રાખી આકાશ તરફ દૃષ્ટિ કરી અને પગના અંગુઠાથી પૃથ્વી ઉપર ઉભા રહી બહુજ કઠિન તપશ્ચર્યા કરવા માંડી. ૨ પ્રલયકાળનો સૂર્ય જેમ કિરણોથી શોભે તેમ તે પીળી જટાથી શોભવા લાગ્યો. હિરણ્યકશિપુ તપશ્ચર્યા કરવા લાગ્યો તે વખતે દેવતાઓ, જેઓ તેના ભયથી પૃથ્વી ઉપર ફરતા હતા તે પોતાના સ્થાનોમાં પાછા ગયા. તપતા દૈત્યના મસ્તકમાંથી ધુમાડાવાળો તપમય અગ્નિ ઉત્પન્ન થયો.તે આડો ઉભો ઉંચે નેનીચે એમ ચારે તરફ ફેલાઈ ત્રણે લોકને તપાવવા લાગ્યો. તેનાથી નદીઓ ને સમુદ્રો ક્ષોભ પામ્યાં દ્વીપ તથા પર્વતો સાથે પૃથ્વી ચલાયમાન થઈ આકાશમાંથી ગ્રહને તારાઓ ખરવા લાગ્યા અને દશે દિશાઓ બળવા માંડી. ૫ દેવતાઓ તે અગ્નિથી તપી જઈ સ્વર્ગ લોકનો ત્યાગ કરી બ્રહ્મલોકમાં ગયા અને બ્રહ્માને વિનતિ કરી કે—હે દેવદેવ! હે જગત્પતે! ૬ અમે દૈત્યના રાજા હિરણ્યકશિપુના તપથી બહુ જ તપી ગયા છીએ, તેથી સ્વર્ગમાં રહી શકતા નથી. હે મહારાજ! જો આપની ઈચ્છા હોય તો આ તમારી પૂજા કરનાર લોકો જ્યાં સુધી નાશ પામ્યા નથી ત્યા સુધીમાં તમે તેનો નાશ કરો.

† આ અધ્યાયમા બ્રહ્મા હિરણ્યકશિપુની તપશ્ચર્યાથી જગતને તપી ગયેલું જોઇને બહુ આશ્ચર્ય પામ્યા હિરણ્યકશિપુએ સ્તુતિ કરી અને બ્રહ્માએ તેને વરદાન આપ્યા એ કથા છે

તે મહા ભયંકર તપશ્ચર્યા કરે છે અને તેના મનનો સંકલ્પ તમારા જાણવામાં નથી એમ અમે ધારીએ છીએ ૮ હે પ્રજાપતિ! સ્થાવર જંગમાત્મક જગતને તપથી ને યોગાભ્યાસથી સર્જીને સર્વ લોકોના કરતાં શ્રેષ્ઠ એવા તમે સત્ય લોકમાં બેઠા છો. ૯ તે પ્રમાણે હું પણ તપશ્ચર્યા અને યોગ સમાધિને વધારીને મારા કાર્યને સિદ્ધ કરૂંછું આયુષ્ય જો કે અલ્પ છે અને દેહ પડી જવાનો ભય છે તોપણ કાળ અને આત્મા અવિનાશી છે માટે ઘણા અવતારોથી કાર્યને સિદ્ધ કરૂંછું મારી શક્તિથી હું દેવતાઓમાંથી દૈત્યો અને દૈત્યોમાંથી દેવતાઓ તથા પુણ્યનું પાપ અને પાપનું પુણ્ય એમ જગતને ઉલટ સુલટ કરી નાખીશ. કલ્પને અંતે કાળથી નાશ પામનાર ધ્રુવાદિકના સ્થાનનું શું પ્રયોજન છે? બ્રહ્માનું પદ મારે સંપાદન કરવું છે.૧૧ આ પ્રમાણે તમારી પદવી લેવાનો તેનો નિશ્ચય અમારા સાંભળવામાં આવ્યો છે અને તેટલા માટે તે આ તપશ્ચર્યા કરે છે માટે હે ત્રિભુવનેશ્વર! આપને જે ઉપાય કરવો હોય તે કરો. હે જગતના પતિ! તમારૂં પરમેષ્ઠી સંબંધી આસન બ્રાહ્મણોની ને ગાયોની ઉત્પત્તિ માટે કલ્યાણ માટે ઐશ્વર્ય માટે જગતના ક્ષેમ માટે ને વિજય માટે છે. ૧૩

હે રાજા! દેવતાઓએ ભગવાન બ્રહ્માને વિનતિ કરી એટલે ભૃગુ તથા દક્ષ આદિકથી વિંટાયલા બ્રહ્મા દૈત્યરાજના આશ્રમમાં ગયા. હિરણ્યકશિપુ રાફડાઓ ઘાસ તથા વાંસની ઝાડીથી ઢંકાઈ ગયો હતો અને કીડીઓ તેની ચરબી માંસ અને લોહીને ખાઈ ગઈ હતી. બ્રહ્માએ રાફડાથી તેને દીઠો નહિ વાદળમાં ઢંકાઈ ગયેલો સૂર્ય જેમ લોકોને તપાવે તેમ રાફડાથી ઢંકાયેલો તે તપથી લોકોને તપાવતો હતો એમ જાણી હંસવાહન એવા બ્રહ્મા આશ્ચર્ય પામ્યા અને બોલ્યા કે ૧૬ હે કશ્યપના પુત્ર! ઉભો થા ઉભો થા અને તારૂં કલ્યાણ થાઓ. તું તપથી સિદ્ધ થયો છે. હું વર આપનારો તારી સન્મુખ આવીને ઉભો છું માટે ઇચ્છિત વરદાન માગ. ૧૭ મેં તારા આશ્ચર્યકારક ધૈર્યને અને તારા દેહને હાડકાં માત્ર રહેલો જોયો.૧૮ પૂર્વકાળના ઋષિઓએ પણ આવું તપ કર્યું ન હતું તેમ હવે પછીના ઋષિઓ પણ આવું તપ કરશે નહિ. કયો મનુષ્ય દેવતાઓનાં સો વર્ષ સુધી પાણી કે અન્ન વગર જીવી શકે? ૧૯ હે દિતિના પુત્ર! તપમાં નિષ્ઠાવાળા તેં મનસ્વી પુરૂષોથી પણ બની શકે નહિ એવા ઉદ્યમથી મને હરાવ્યો છે,૨૦ માટે હે અસુરોત્તમ! હું તને વર આપું છું કારણ કે તને મરણ ધર્મવાળાને મારાં દર્શન નિષ્ફળ જવાં જોઇએ નહિ. ૨૧ આ પ્રમાણે બ્રહ્માએ કહી હિરણ્યકશિપુના શરીરને અમોઘ પ્રભાવવાળા કમંડળના દિવ્ય જળનું પ્રોક્ષણ કર્યું. ૨૨ કાષ્ઠમાંથી જેમ અગ્નિ નીકળે તેમ હિરણ્યકશિપુ શરીર ઇંદ્રિય તથા મનના બળવાળો સર્વ અવયવ સંપન્ન, વજ્ર જેવા દૃઢ શરીરવાળો તરૂણ અવસ્થાવાળો અને તપાવેલા સુવર્ણના જેવી કાંતિવાળો થઇ મોટા રાફડામાંથી બહાર નીકળ્યો. ૨૩ તેણે આકાશમાં રહેલા બ્રહ્મદેવને જોઇ આનંદિત થઇ પૃથ્વી ઉપર પડી પ્રણામ કર્યા. ૨૪ પછી ઉભો થઇ બે હાથ જોડીને સરળતાથી બ્રહ્મદેવને જોવા લાગ્યો. પછી જેને હર્ષનાં આંસુ આવી ગયાં હતાં જેને શરીરમાં રોમાંચ થયા હતા એવા હિરણ્યકશિપુએ આ પ્રમાણે બ્રહ્માની સ્તુતિ કરી.

હિરણ્યકશિપુ–કલ્પને અંતે ઉત્પન્ન કરેલા તમોગુણથી ઢંકાયેલા જગતના પ્રકાશક એવા તમે તમારા પોતાના તેજથી જગત પેદા કર્યું છે. ૨૬ સત્વ રજ અને તમોગુણ એવા આપ આ જગતને સરજો છો પાળો છો અને સંહારો છો. સત્વગુણ રજોગુણ ને તમોગુણના ધામ રૂપ આપ પરમેશ્વરને હું નમસ્કાર કરૂં છું. ૨૭ સર્વના આદિ કારણ

સર્વના બીજરૂપ જ્ઞાન અને વિજ્ઞાનરૂપ પ્રાણુ ઇંદ્રિયો મન અને બુદ્ધિના વિકારોથી કાર્યના આકારને પામેલા એવા આપને હું પ્રણામ કરૂં છું. ૨૮ આપ મુખ્ય પ્રાણથી સ્થાવર ને જંગમ જગતના નિયંતા હોવાથી પ્રજાઓના પતિ છો. પ્રજાઓનાં ચિત્ત ચેતના મન ને ઇંદ્રિયોના પતિ છો માટે આપ સર્વથી મોટા છો. આકાશાદિક પાંચ ભૂતો શબ્દાદિક પાંચ વિષયો તથા વાસનાઓને સરજનાર પણ આપ છો. કર્મ કરવા સંબંધી વિષયોથી ભરેલી વેદવિદ્યાથી આપ યજ્ઞોનો વિસ્તાર કરો છો. પ્રાણીઓના આત્મા ને અંતરાત્મા પણ તમે છો અનાદિ છો કાળાદિકથી અનંત છો અને દેશાદિકથી અપાર છો. ૩૦ કાળના પ્રવાહરૂપ આપ લયાદિક વિભાગોથી લોકોનાં આયુષ્યને હરો છો. આપ અવિનાશી જ્ઞાન સ્વરૂપ પરમેશ્વર જન્મરહિત ને માપરહિત છો જીવલોક કર્માદિકથી જન્માદિક ધારણ કરે છે પરંતુ તમે તેના જીવન રૂપ ને નિયંતા છો. ૩૧ કાર્ય કારણ અને સ્થાવર જંગમ આપથી કંઇ ભિન્ન નથી. સર્વ વિદ્યાઓ અને કળાઓ તમારા શરીર રૂપ છે. તમે ત્રિગુણાત્મક પ્રધાનથી પર તથા જેના ઉદરમાં બ્રહ્માંડ રહેલુ છે એવા પરબ્રહ્મરૂપ છો. ૩૨ હે વિભુ! આ સર્વ બ્રહ્માંડ આપનું શરીર છે, જે શરીરથી આપ પોતાના સ્વરૂપમા રહીને ઇંદ્રિય પ્રાણ અને મનના વિષયોને ભોગવો છો. તમે નિરૂપાધિ બ્રહ્મસ્વરૂપ તથા પુરાણ પુરૂષ છો ૩૩ હે અનંત! મન અને વચનથી જાણી શકાય નહિ એવા સ્વરૂપથી તમે આ સર્વ વિશ્વમા વ્યાપ્ત છો. તેજ વિદ્યા અને શકિતવાળા આપ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ૩૪ આપ મને ઇચ્છાનુસાર વર આપતા હો તો હે પ્રભો! આપે ઉત્પન્ન કરેલાં પ્રાણીઓથી મારૂં મૃત્યુ ન થાય. ૩૫ બહારના ભાગમાં અંદરના ભાગમા દિવસે રાત્રે તેમ જ નહિ સરજેલા એવા બીજા પદાર્થોથી પૃથ્વી ઉપર આકાશમાં મનુષ્યોથી મૃગોથી ૩૬ પ્રાણ વિનાના જડ પદાર્થોથી પ્રાણવાળાઓથી દૈત્યોથી અથવા મોટા સર્પોથી મારૂં મરણ ન થાય તેમ કરો. સર્વ પ્રાણીઓનો મને પતિ કરો. ૩૭ સર્વ લોકપાળોના ને આપના મહિમા જેવો મહિમા મને આપો તેમ તપ અને યોગના પ્રભાવવાળા પુરૂષોની અણિમાદિક સિધ્ધિઓ જે કોઇ દિવસ પણ નાશ પામતી નથી તે પણ મને આપો. ૩૮

सर्वेषां लोकपालानां महिमानं यथात्मनः ।
तपोयोगप्रभावाणां यन्न रिष्यति कर्हिचित् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेसप्तमस्कंधे तृतीयोध्यायः

અધ્યાય ૪ થો.¶

હિરણ્યકશિપુએ કરેલી દેવોને પીડા.

नारद उवाच

एवं वृतः शतधृतिर्हिरण्यकशिपोरथ ।
प्रादात्तत्तपसा प्रीतो वरांस्तस्य सुदुर्लभान् ॥

નારદ કહે છે કે—એ પ્રમાણે હિરણ્યશિપુએ વરદાન માગ્યા ને તેના તપથી પ્રસન્ન થયેલા બ્રહ્માએ દુર્લભ એવાં વરદાન તેને આપતાં કહ્યું કે—હે તાત! તું મારી પાસેથી જે વર માગે છે એ સર્વ મળવા જો કે દુર્લભ છે તો પણ હું તને તે આપું છું. ૨

પછી સફળ અનુગ્રહવાળા અને સમર્થ એવા ભગવાન બ્રહ્માની દૈત્ય રાજાએ પૂજા કરી અને પ્રજાપતિઓથી સ્તુતિ કરાતા તે ત્યાંથી પોતાના ધામમા ગયા. વર મેળવી કનકની કાયાવાળો થઇ વિશ્વનો વિજય કરનાર મહા અસુર સર્વ દિશાઓને ત્રણ લોકને દેવતાઓને અસુરોને રાજાઓને ગંધર્વોને ગરૂડોને સર્પોને સિધ્ધોને ચારણોને વિદ્યાધરોને ઋષિઓને પિતૃઓના પતિઓને મનુષ્યોને યક્ષના રાક્ષસોના તથા પિશાચોના રાજાઓને પ્રેત

¶ આ અધ્યાયમા હિરણ્યકશિપુ બ્રહ્માની પાસેથી વર મેળવી સર્વ લોકપાળોને જીતી વિષ્ણુના દ્વેષથી દેવતાઓને પીડવા લાગ્યો એ કથા કહેવાશે.

અને ભૂતના રાજાઓને તથા સર્વ પ્રાણીઓના અધિપતિઓને જીતી લઈ પોતાને વશ કરવા લાગ્યો. લોકપાળોનાં સ્થાનો તેમના તેજની સાથે હરી લઇ દેવતાના નંદન વનાદિક ઉદ્યાનોની શોભાથી શોભતા સ્વર્ગમાં તે રાજ્ય કરવા લાગ્યો. ત્રણ લોકની શોભાના સ્થાન રૂપ વિશ્વકર્માએ રચેલા તથા સર્વ સમૃદ્ધિથી ભરેલા ઈંદ્રના મહેલમાં જઇ રહ્યો. ૮ જેમાં વિદ્રુમ મણિનાં પગથીયાંવાળી મોટા મરકત મણિની ભૂમિઓ હતી જેમાં સ્ફટિક મણિની ભીંતો વૈદુર્ય મણિના થાભલાઓની હારો અને જેમા વિચિત્ર ચંદરવા બાંધેલા હતા, પદ્મ રાગ મણિના આસનો ગોઠવેલાં હતા દૂધના ફીણ જેવી તથા મોતીની માળાવાળી વસ્તુઓથી ભરપુર શય્યાઓ હતી૧૦ જ્યા આગળ શબ્દ કરતાં ઝાંઝરોથી ચારે તરફ રમઝમ કરતી ને સારા દાંતવાળી દેવાગનાઓ રત્ન જડેલી ભૂમિમા પોતાનાં મુખ જોતી હતી ૧૧ એવા મહાલયમાં મહા બળશાળી ઉદાર મનનો સર્વ લોકનો વિજય કરનાર ચક્રવર્તી દૈત્ય વિહાર કરવા લાગ્યો. દુઃખી કરેલા દેવતાઓ વગેરે તેના ચરણમા નમવા લાગ્યા. તેમની ઉપર તે મહાભયકર આજ્ઞા ચલાવવા લાગ્યો. ૧૨ હે રાજા ! ઉગ્ર ગંધવાળી મદિરા પીવાથી મત્ત રહેનાર મદને લીધે ઘુમતી રાતી આંખોવાળા અને તપ યોગ બળ અને શક્તિથી સંપન્ન હિરણ્યકશિપુની બ્રહ્મા વિષ્ણુ ને રૂદ્ર વિના સર્વ લોકપાળો સેવા કરવા લાગ્યા ૧૩ હે પાંડવ ! વિશ્વાવસુ તુંબરૂ અને હુ આદિક ઋષિઓ ઈંદ્રાસન ઉપર બેઠેલા દૈત્યરાજની સ્તુતિ કરવા લાગ્યા. ગંધર્વો, સિદ્ધ લોકો ઋષિઓ વિદ્યાધરો ને અપ્સરાઓ તેની સ્તુતિ કરવા લાગ્યાં. ૧૪ વર્ણ અને આશ્રમવાળા લોકો ઘણી દક્ષિણાઓવાળા યજ્ઞોથી તેની પૂજા કરવા લાગ્યા, પોતાના બળથી બળિદાનના ભાગોને તે ગ્રહણ કરવા લાગ્યો. ૧૫ સાત દ્વીપવાળી પૃથ્વી તેને ખેડયા વિના ફળ આપવા લાગી સ્વર્ગ સર્વ કામના પુરવા લાગ્યું. આકાશ, અનેક આશ્ચર્યનું સ્થાન થઇ પડયું. ૧૬ ક્ષાર મદિરા ઘી મધ દહીં દૂધ ને અમૃતથી ભરેલા સમુદ્રો મોજાઓવડે રત્નો આપવા લાગ્યા. નદીઓ દૂધ દહીં આપવા લાગી, ૧૭ પર્વતો ગુફાઓમાં વિહારસ્થાનો આપવા લાગ્યા,વૃક્ષો સર્વ ઋતુઓમાં ફળ ફૂલ આપવા લાગ્યાં. દૈત્યરાજા એકલો સર્વ લોકપાળોના ગુણોને ધારણ કરવા લાગ્યો. ૧૮

આ પ્રમાણે સર્વ દિશાઓનો વિજય કરી તે ચક્રવર્તી રાજા થયો હતો અને ઇચ્છા પ્રમાણે પ્રિય વિષયો ભોગવતો હતો. ઇંદ્રિયાધીન હોવાથી તૃપ્ત થતો ન હતો. ૧૯ ઐશ્વર્યના મદમાં મત્ત થઇ ગયેલા ગર્વિષ્ઠ શાસ્ત્રથી વિરૂદ્ધ રીતે વર્તનાર અને બ્રાહ્મણના શાપથી દૈત્ય એવા હિરણ્યકશિપુને એ પ્રમાણે વર્તતા તે વિષયોનો ઉપભોગ કરતાં ઘણો કાળ વીતી ગયો. ૨૦ દૈત્યના ભયંકર દંડથી લોકોને લોકપાળો ઉદ્વેગ પામ્યા અને તેમને કયાહી આશ્રય મળ્યો નહિ તેથી ભગવાનને શરણે જઇ સ્તુતિ કરવા લાગ્યા. ૨૧ જે દિશામાં સર્વના આત્મારૂપ શ્રીહરિ ઇશ્વર રહે છે અને મળ રહિત શાંત અને સંન્યાસીઓ જ્યા જઇને પાછા આવતા નથી તે દિશાને નમસ્કાર હો.૨૨ તેઓ ઇંદ્રિયોને નિયમમા રાખી નિર્મળ થઈ નિદ્રાનો વિજય કરી વાયુનું ભક્ષણ કરી બુદ્ધિને સ્થિર કરીને ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. ૨૩ તેઓ સ્તુતિ કરતા હતા એટલામાં સાધુ પુરૂષોને અભય અપનારી દિશાઓને ગજાવનારી ને મેઘના જેવી ગંભીર આકાશવાણી થઇ કે, ૨૪ હે દેવતાઓ ! તમે બીશો નહિ, પ્રાણીઓને મારૂં દર્શન થાય છે તે સર્વ કલ્યાણ સિદ્ધ કરી આપે છે. ૨૫ દૈત્યનું દુષ્ટપણું મેં જાણ્યું છે તેથી હુ તેની શાંતિ કરીશ. હમણાં તમે સમય પ્રતિક્ષા કરો. ૨૬ જે પુરૂષ દેવ-

વાઓ વેદો ગાયો બ્રાહ્મણો સાધુ પુરૂષો ધર્મ અને મારો દ્વેષ કરે છે તે નાશ પામે છે.૨૭ હિરણ્યકશિપુ વરદાનથી ઉન્મત્ત થઇ ગયો છે તોપણ તે જ્યારે વેર વિનાના શાંત અને મહાત્મા એવા પોતાના પુત્ર પ્રહ્લાદનો દ્રોહ કરશે ત્યારે હું તેને મારી નાંખીશ. ૨૮

નારદ કહે છે કે—દેવતાઓ શ્રી ભગવાનને પ્રણામ કરીને પોતાના ધામ પ્રત્યે ગયા અને ઉદ્વેગ રહિત થઇ દૈત્યને હણાયેલો માનવા લાગ્યા. ૨૯ દૈત્યોના રાજાને પછી ચાર પુત્રો થયા. તેઓમાં પ્રહ્લાદ સર્વ કરતા ગુણોમાં શ્રેષ્ઠ હતો. મહાત્માઓનો તે સેવક હતો. ૩૦ પ્રહ્લાદ બ્રાહ્મણોનો ભકત હતો સારા સ્વભાવનો હતો સત્ય પ્રતિજ્ઞાવાળો ને જીતેન્દ્રિય હતો. સર્વ પ્રાણીઓને પોતાના આત્માની માફક તે અત્યંત પ્રિય અને અત્યંત મિત્ર હતો. ૩૧ દાસની પેઠે મહાત્માઓના ચરણમાં નમતો દીન લોકો ઉપર વત્સલતા રાખતો પોતાની સમાન વયનાઓ ઉપર ભાઇની પેઠે સ્નેહ રાખતો ગુરૂ ઉપર ઈશ્વર ભાવ રાખતો વિદ્યા ધન રૂપ ને સત્કુળવાળો હતોતેમ અભિમાન રહિત હતો ૩૨ દુ ખથી ઉદ્વેગ પામતો ન હતો, આ લોકના અને પરલોકના વિષયોને મિથ્યા માનવાથી ઇચ્છા રહિત હતો ઇન્દ્રિયો પ્રાણ શરીર ને બુદ્ધિને વશ રાખતો તેની કામનાઓ શાંત રહેતી અને અસુર જાતનો હતો તોપણ મત્સર વગેરે આસુરી ભાવો રહિત હતો. ૩૩ હે રાજા ! વિદ્વાનો વારવાર તેના ગુણ ગાય છે અને તે ભગવાનના ગુણોને ગ્રહણ કરે છે. ભગવાનના ગુણો જેમ અદૃશ્ય થતા નથી તેમ પ્રહ્લાદના ગુણો પણ અદૃશ્ય થયા નથી. ૩૪ હે રાજા ! દેવતાઓ સ્વાભાવિક રીતેજ દૈત્યોના શત્રુઓ છે તોપણ સભામાં મારી કથાનો પ્રસંગ નીકળે ત્યારે પ્રહ્લાદને દૃષ્ટાંતરૂપે મૂકવામાં આવે છે. તમારા જેવા તેને દૃષ્ટાંતરૂપે મૂકે તેમાં આશ્ચર્ય શું ? ૩૫ તેના અગણિત ગુણો છે જે કહી શકાય એવા નથી. આ તો માત્ર તેનો મહિમા સૂચવવામા આવે છે. પ્રહ્લાદને ભગવાન વાસુદેવ ઉપર સ્વાભાવિકજ પ્રીતિ હતી. તે બાળક હતો ત્યારથી જ તેનું મન ભગવાનમાં એકાગ્ર રહેતું તેથી તેણે રમકડાનો ત્યાગ કરી શ્રીકૃષ્ણ ભગવાનરૂપી ભૂત જેને વળગ્યું હતું એવો તે બાળક જડની પેઠે 'આ જગત કેવું છે ?' તે જોયાજ કરતો હતો. ગોવિંદ વિષે જેનું મન રમણ કરી રહેલું હતું એવો એ બાળક બેસતાં ફરતાં ખાતા શયન કરતાં પાન કરતાં તથા બોલતા ઇન્દ્રિયાદિ વિષય સુખોનો ઉપભોગ કરતો ન હતો.૩૮ ભગવાનનું ધ્યાન કરતી વખત જેની બુદ્ધિ ક્ષોભ પામતી એવો તે કોઈવાર રડતો કોઈવાર હસતો અને વારંવાર ભગવાનનું ધ્યાન કરતાં આનંદથી ઉંચે સ્વરે ગાતો. ૩૯ કોઇ વાર કઠ ખુલ્લો મૂકી ગર્જના કરતો અને કોઇ વાર લજ્જા મૂકી નાચતો કોઇ વાર ભગવાનના ભાવવાળો થઈ ભગવાનરૂપ બની જઇને પોતે જ ભગવાન જેવી ચેષ્ટાઓ કરતો ૪૦ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થવાથી નિવૃત્તિ સુખ પામી રોમાંચિત થઇ છાનોમાનો બેસી રહેતો, સ્થિર સ્નેહના આનંદથી આખમા આસુઓ ભરાઇ આવતાં ત્યારે તે મીચીને બેશી રહેતો ૪૧ અકિંચન પુરૂષોના સંગથી મળેલી ભગવાનના ચરણારવિંદની ભક્તિથી પ્રહ્લાદ પોતાના મનને પરમ શાતિસુખ આપતો ને દુષ્ટોના સંગે દીન થયેલા મનને શાંતિ આપતો. ૪૨ હે રાજા ! મહા ભગવદ્ભક્ત અને મહાત્મા એવા તેની ઉપર હિરણ્યકશિપુ દ્વેષ કરવા લાગ્યો. ૪૩

યુધિષ્ઠિરે પૂછ્યું કે--હે નારદજી! પિતાએ શુદ્ધ અને સદ્ગુણી પુત્રનો જે દ્વેષ કર્યો હોય તે હું તમારી પાસેથી સાભળવા ઇચ્છું છું. ૪૪ પુત્ર ઉપર વાત્સલ્ય ધરાવનાર પિતાઓ વિરૂદ્ધ વર્તનારા પુત્રોને ઉપદેશ માટે ઠપકો

આપે છે પરંતુ શત્રુની માફક તેનો દ્રોહ કરતા નથી. ૪૫ વશ રહેનાર સદ્‌ગુણી ગુરૂને પ્રભુ દેવને માનનાર પ્રહ્‌લાદ જેવા પુત્રોનો પિતા કેમ દ્રોહ કરે ? હે મહારાજ ! મને આશ્ચર્ય થયેલું છે તે દૂર કરો પિતાને પુત્ર સાથે જે દ્વેષ થાય છે તે મરણ નીપજાવનારો થઈ પડે છે. ૪૬

एतत्कौतूहलं ब्रह्मन्नस्माकं विषम प्रभो ।
पितुः पुत्राय यद्द्वेषो मरणाय प्रयोजितः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेसप्तमस्कंधे
चतुर्थोऽध्यायः

અધ્યાય ૫ મો.‡

પ્રહ્‌લાદ ઉપર મારણ પ્રયોગ.

नारद उवाच

पौरोहित्याय भगवान् वृतः काव्यः किलाऽसुरैः
शण्डामर्कौ सुतौ तस्य दैत्यराजगृहान्तिके ॥१॥

નારદ કહે છે કે–અસુરોએ મહાત્મા શુક્રાચાર્યને પોતાના પુરોહિત કર્યા હતા તેના શણ્ડ ને અમર્ક નામે બે પુત્રો હિરણ્યકશિપુની પડોશમા રહેતા હતા. ૧ તે બન્ને હિરણ્યકશિપુએ મોકલેલા અને નીતિમા નિપુણ એવા પ્રહ્‌લાદને અને બીજા અસુર વિદ્યાર્થી બાળકોને દંડ નીતિ વગરે વિષયો ભણાવતા હતા. વિદ્યાર્થી મંડળમાં પ્રહ્‌લાદ ગુરૂનું કહેવું સાભળતો અને તે પ્રમાણે ભણતો હતો. 'પોતાનો અને પારકો' એવા મિથ્યા આગ્રહવાળા વિષયને મનમાં ઉતારતો જ ન હતો, ૩ હે યુધિષ્ઠિર રાજા ! એક દિવસ હિરણ્યકશિપુ પોતાના પુત્રને ખોળામાં બેસાડી પૂછવા લાગ્યો કે–હે વત્સ ! તું જે વસ્તુ સારી જાણતો હોય તે મને કહે ૪

પ્રહ્‌લાદ બોલ્યો કે–હે પિતા ! હું તથા આ મારૂં છે એવા મિથ્યા આગ્રહથી ઉદ્વિગ્ન બુદ્ધિવાળા દેહીઓ જેનો આશ્રય કરવાથી નરકમાં પડે છે, એવા ઘરરૂપી અંધારા કુવાનો ત્યાગ કરી વનમાં જઇ શ્રીહરિનો આશ્રય કરવો તે તેઓને વધારે સારો માર્ગ છે એમ હું માનું છું. ૫

નારદ કહે છે કે–પુત્રની વાણી વિષ્ણુના પક્ષમા નિષ્ઠાવાળી છે એવું સાંભળીને દૈત્યરાજ હસ્યો અને બોલ્યો કે, બાળકોની બુદ્ધિ બીજા લોકોના વિચારોથી ફરી જાય છે. ૬ આ બાળકને તેના ગુરૂના ઘરમાં બરાબર અંકુશમાં રાખવો કે જેથી વિષ્ણુ પક્ષના બ્રાહ્મણો એની બુદ્ધિમાં ફેરફાર કરે નહિ. ૭ પછી દૈત્યના પુરોહિતો પોતાને ઘેર આવેલા પ્રહ્‌લાદને બોલાવી તેનાં વખાણ કરી સામ વચનોથી તેને પૂછવા લાગ્યા કે–હે વત્સ ! તારૂં કલ્યાણ થાઓ. કોઇ પણ બાળકોની નહિ ને તારી બુદ્ધિમાં ફેરફાર કયાંથી થયો. ૯ તારી બુદ્ધિમા જે ફેરફાર થયો છે, તે બીજાથી થયો છે કે તારી જાતનો છે ? તે તારા ગુરૂ એવા જે અમે તેમને સાંભળવાની ઇચ્છા થઈ છે માટે કહી બતાવ. ૧૦ પ્રહ્‌લાદ 'આ મારો છે અને આ પર છે,' એવો દુરાગ્રહ પુરૂષોને જે માયાથી થયેલો છે અને જેમની માયાથી બુદ્ધિ મોહ પામેલી છે એવા તમો તેઓને પણ મોહ થયેલો જોવામાં આવે છે. માયાના પતિ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ૧૧ ભગવાન જ્યારે અનુકૂળ થાય છે ત્યારે પશુના સરખી બુદ્ધિ અર્થાત્ 'આ જુદો અને હું જુદો' એ પ્રમાણે ભેદને પામેલી સાંસારિક બુદ્ધિ નાશ પામે છે. ૧૨ જેમનું ચરિત્ર વર્ણવવું કઠિન છે તથા જે માર્ગમાં વેદ જાણનાર બ્રહ્માદિક દેવતાઓ પણ મુંઝાય છે ત્યાં અવિવેકી પુરૂષો પરમાત્માને પોતાનો તથા પારકો કહે છે. પરમાત્મા મારી બુદ્ધિમાં ભ્રમ ઉત્પન્ન કરે છે. ૧૩ હે બ્રહ્મન ! જેમ લોઢું ચમકપાણથી એની મેળે ફરે છે તેમ દૈવેચ્છાથી ચક્રધારી

‡ આ અધ્યાયમા ગુરૂ પાસેથી ભણેલું ત્યાગ કરીને વિષ્ણુની સ્તુતિમા પરાયણ થયેલા પોતાના પુત્રનો દૈત્યે, હાથી, સર્પ વગેરેની પાસે નાશ કરાવ્યો, પરંતુ તેનો નાશ થયો નહિ, એ કથા કહેવારો

ભગવાનની પાસે રહેલું મારૂં મન પણ પોતાની મેળે ફરે છે. ૧૪

નારદ કહે છે કે—મહા બુદ્ધિવાળા પ્રહ્લાદ બ્રાહ્મણને એટલું કહીને બોલતા બંધ પડયા. તે પછી પેલો દીન રાજસેવક ક્રોધાયમાન થઇ તેનો તિરસ્કાર કરીને બોલ્યો કે—૧૫ અરે કોઇ છે કે ? છડી આણો, આ છોકરો તો આપણો અપયશ કરનાર છે. દુષ્ટ બુદ્ધિવાળા અને કુળમાં અંગાર રૂપ પુત્રને ચોથો ઉપાય જે દંડ તેજ કરવો યોગ્ય છે ૧૬ આ બાળક દૈત્યરૂપી ચંદનના વૃક્ષોમા વડવાનળ જેવો છે કારણ કે દૈત્યોનાં મૂળને ઉખેડી નાંખવામાં કુવાડારૂપ વિષ્ણુને તે હાથારૂપે થયેલો છે ૧૭ તિરસ્કારાદિક અનેક જાતના ઉપાયોથી પહ્લાદને બીવરાવતો તે બ્રાહ્મણ ધર્મ અર્થ તથા કામના ગ્રંથો ભણાવવા લાગ્યો. ૧૮ કેટલાએક દિવસો પછી પ્રહ્લાદને સામ દામ ભેદ અને દંડના વિષયને ભણી ગયેલા જાણી માતાદ્વારા નવરાવી તથા શણગાર સજાવીને હિરણ્યકશિપુની પાસે તેડી ગયો ૧૯ પ્રહ્લાદ પિતાની પાસે જઇ તેના પગમા પડયો, એટલે હિરણ્યકશિપુ આશીર્વાદ આપી તેનો સત્કાર કરી ઘણીવાર સુધી હાથવડે તેને આલિંગન કરીને મહા સુખ પામ્યો. ૨૦ પછી હે યુધિષ્ઠિર ! તેને ખોળામાં બેસાડી તેનું મસ્તક સુંધી, તેના ઉપર અશ્રુઓનો અભિષેક કરતા કરતા પ્રફુલ્લિત મુખવાળા તે પુત્રને હિરણ્યકશિપુ આમ—પૂછવા લાગ્યો. ૨૧

હિરણ્યકશિપુ—હે તાત ! તું આટલા દિવસોમાં ગુરૂ પાસેથી જે કંઇ ઉત્તમ વિદ્યા ભણ્યો હોય તથા જે કંઇ શિખ્યો હોય તે મને કહી બતાવ. ૨૨

પ્રહ્લાદ—વિષ્ણુનું શ્રવણ કીર્તન સ્મરણ ચરણસેવન પૂજન વંદન દાસત્વ મિત્રત્વ તથા શરીરને અર્પણ કરવું, ૨૩ આ રીતે નવ પ્રકારની ભક્તિ માણસોથી કરવામાં આવે અને તે કર્યા પછી ભગવાનને દેહ અર્પણ કરવો એમ નહિ, પરંતુ પ્રથમથી જ દેહ અર્પણ કરીને સાક્ષાત ભગવાનની ભક્તિ કરવામાં આવે તો તે ઉત્તમ ભણવું છે. ૨૪ પુત્રનું એવું વચન સાંભળીને, હિરણ્યકશિપુએ, ક્રોધ કરીને ફરકતા ઓઠે, ગુરૂપુત્ર પ્રત્યે કહ્યું કે, ૨૫ અરે નીચ બ્રાહ્મણ ! તેં મારો અનાદર કરી મારા શત્રુના પક્ષમાં રહીને આ બાળકને આવી સાર વિનાની વિદ્યા કેમ શિખવી ? ૨૬ જગતમાં જેઓ દુષ્ટ, કપટી, વેશ ધારણ કરનારા અને મિથ્યા મિત્રતા દેખાડનારા હોય છે તેઓનુ પાપ પાપીઓના રોગની માફક સમય ઉપર પ્રકટ થાય છે.

શુક્રાચાર્યનો પુત્ર કહે છે—હે ઇંદ્રના શત્રુ! તમારો પુત્ર મારૂં ભણાવેલું અથવા તો બીજાનું ભણાવેલુ બોલતો નથી, પરંતુ હે રાજા ! આ તો તેની સ્વાભાવિક બુદ્ધિ છે તમે ક્રોધને નિયમમાં રાખો મને દોષ આપો નહિ. ૨૮

નારદ કહે છે કે—આ પ્રમાણે ગુરૂપુત્રે પ્રત્યુત્તર આપ્યો, એટલે અસુરે ફરી પુત્રને પૂછયું કે, હે પુત્ર! તારી આ દુષ્ટ બુદ્ધિ ગુરૂના શિખવાથી નહિ તો કયાંથી થઈ છે ? ૨૯

પ્રહ્લાદ ઘરસબંધી ચિંતા કરનાર વારંવાર ચર્વિતચર્વણ કરનાર ભોગવેલા વિષયોનો જ ઉપયોગ કરનાર અને સ્વાધીનમાં નહિ એવી ઇંદ્રિયોથી જન્મ મરણ પામનાર પુરૂષોની બુદ્ધિ પોતાની મેળે કોઇના ઉપદેશથી અથવા તો પરસ્પરની વાતોથી ભગવાનને વિષે વાસ કરતી નથી, ૩૦ વિષય વાસનાઓથી દુષ્ટ અંતઃકરણવાળા, તેવી જ વિષય વાસના વાળાઓને ગુરૂ માનનારા તથા બ્રાહ્મણાદિક નામોવાળી વેદવાણીરૂપી ઇશ્વરની દોરીમા બંધાયલા અર્થાત્ કર્મથી બંધાયલા લોકો આત્મસ્વરૂપને જાણનારાથી મેળવી શકાય એવા ભગવાનને જાણતા નથી પરંતુ આંધળાથી દોરાતા આંધળા પુરૂષો જેમ માર્ગે

ભૂલી જઈને ખાડામાં પડે તેમ ખાડામાં પડે છે, ૩૧ માટે જ્યાં સુધી અહંકારરહિત એવા મહાત્મા પુરૂષોનાં ચરણારવિંદની રજમાં સ્નાન કરતા નથી ત્યાં સુધી તેમની બુદ્ધિ ભગવાનના ચરણનો સ્પર્શ કરતી નથી અને તેને લીધે તેમને સંસારનો જન્મમરણરૂપી ફેરો ટળતો નથી ૩૨

આ પ્રમાણે કહીને પ્રહ્લાદ શાંત થયા એટલે રોષથી જેનું મન આંધળું થઈ ગયું હતું એવા હિરણ્યકશિપુએ તેમને પોતાના ખોળામાંથી પૃથ્વી ઉપર ફેંકી દીધા. ૩૩ ઈર્ષ્યા તથા ક્રોધના આવેશમાં આવી આંખો લાલચોળ કરીને તે બોલ્યો કે—અરે રાક્ષસો! આ મારવા યોગ્ય બાળકને અહીંથી દૂર લઈ જાઓ અને ઝટ તેને મારી નાંખો. ૩૪ આ અધમ મારા ભાઈનો મારનાર છે કારણ કે જે પોતાના સંબંધીઓનો ત્યાગ કરીને પોતાના કાકાને મારનાર વિષ્ણુના ચરણનું દાસની પેઠે પૂજન કરે છે; ૩૫ જેણે પાંચ વર્ષની વયમાં ત્યાગ કરી શકાય નહિ એવા માતા પિતાના સ્નેહનો ત્યાગ કર્યો છે, આવો દુષ્ટ વિષ્ણુનું શું ભલું કરશે? ૩૬ પારકો છતાં ઔષધની પેઠે જે પોતાનુ હિત કરનાર હોય તેને પોતાનો પુત્ર જાણવો અને પોતાના દેહથી ઉત્પન્ન થયેલો હોય પણ જે પોતાનું અહિત કરનારો હોય તેને રોગના જેવો અહિતકારી જાણવો જે અંગ આપણું અહિત કરનારૂં હોય તે અંગને કાપી નાંખવું, કારણ કે તેનો ત્યાગ કરવાથી બાકીનું અંગ સુખે જીવે છે ૩૭ માટે દુષ્ટ ઇંદ્રિય જેમ મુનિની શત્રુ ગણાય છે તેમ પુત્ર રૂપે અવતરેલો છોકરો આપણો શત્રુ છે, અહિતકારી હોવાથી આપણે ભોજનમાં સુવામાં અને બેસવામાં, સર્વ કાર્યમા ઝેર આપીને સર્વ ઉપાયોથી એનો નાશ કરવો ઘટે છે. ૩૮ આ પ્રમાણે રાજાએ રાક્ષસોને આજ્ઞા કરી એટલે તીક્ષ્ણ દાઢોથી ભયંકર મુખવાળા, રાતી દાઢી તથા રાતા કેશવાળા રાક્ષસો, હાથમાં ત્રિશૂળ લઈ ૩૯ ભયંકર નાદ કરવા લાગ્યા. મારો કાપો, એમ બોલવા લાગ્યા અને ત્યાં આગળ બેઠેલા પ્રહ્લાદના સર્વ મર્મ ભાગોને ત્રિશૂળોથી વિંધી નાંખવા લાગ્યા. ૪૦ પુણ્ય વિનાના પુરૂષની સત્ર ક્રિયાઓ જેમ નિષ્ફળ જાય છે તેમ કોઈથી જાણી શકાય નહિ એવા સર્વના આત્મારૂપ ભગવાન પરબ્રહ્મમાં જેનું મન જોડાયલું હતું એવા પ્રહ્લાદ ઉપર ત્રિશૂળોના પ્રહારો નિષ્ફળ ગયા. ૪૧ હે યુધિષ્ઠિર રાજા! એ પ્રયાસ નિષ્ફળ જતાં હિરણ્યકશિપુ મનમાં શંકા પામ્યો અને આગ્રહપૂર્વક તેને મારવા માટે ઉપાયો કરવા લાગ્યો. ૪૨ તેણે દિશાઓના હાથીઓથી સર્પોથી અભિચાર પ્રયોગોથી પર્વત ઉપરથી ગબડાવવાથી માયાના પ્રયોગોથી ખાડા વગેરેમાં નાંખવાથી, ઝેર આપવાથી, ઉપવાસ કરાવવાથી બરફમાં રાખવાથી પવનમાં રાખવાથી અગ્નિમાં નાંખવાથી પાણીમાં ડુબાડવાથી તેના ઉપર શિલાઓ પછાડવાથી એવા અનેક ઉપાયોથી તેનો નાશ કરવાનો ઉદ્યોગ કર્યો. હિરણ્યકશિપુ જ્યારે પાપ રહિત પુત્રને મારી શક્યો નહિ ત્યારે તેને ચિંતા થઈ અને હવે શો ઉપાય કરવો એવી ફીકર પડી. ૪૪ પોતાના મનમાં તે વિચાર કરવા લાગ્યો કે, મેં આને બહુ હલકાં વચન કહ્યાં છે તેમ મારવાના ઉપાયો પણ ઘણા કર્યા છે છતાં તે બધા અભિચારમાંથી અખોવન રહ્યો છે. ૪૫ નિરંતર મારી પાસે રહે છે અને બાળક છે તોપણ મનમાં નિર્ભય થઈ કુતરાની પુંછડીની પેઠે મારી શત્રુતાને ભૂલતો નથી. ૪૬ આ પુત્ર અગાધ પ્રભાવવાળો છે. સર્વ ઠેકાણેથી અભય છે અને અવિનાશી છે માટે ખરેખર એની સાથે વિરોધ કરવાથી મારૂં મૃત્યુ થશે. ૪૭

આ પ્રમાણે ચિંતા કરવાથી જરા મ્લાન મુખને નીચું કરી બેઠેલા હિરણ્યકશિપુને

શુક્રાચાર્યના પુત્ર શંડ તથા અમર્ક એકાંતમા આ પ્રમાણે કહેવા લાગ્યા કે–૪૮ હે નાથ! તમે એકલાએ ત્રણ જગતનો વિજય કર્યો છે, તમારી ભ્રકુટીના ભંગથી સર્વ લોકપાળો ત્રાસ પામે છે. તમારે ચિંતા કરવા જેવું અમે કંઈ જોતા નથી. તેમ તમારે પુત્રના આચરણ ઉપર ગુણ દોષનો આધાર રાખવો નહિ,૪૯ શુક્રાચાર્ય જ્યાં સુધી આવે ત્યાં સુધી આ બાળકને વરૂણના પાશોથી બાંધી કેદ રાખો, કે જેથી તે ભયભીત થઈને નાશી જાય નહિ. "પુરૂષની બુદ્ધિ અવસ્થાથી અને મોટા પુરૂષની સેવાથી સારી થાય છે."૫૦ આ પ્રમાણે ગુરૂના પુત્રોનું કહેવું સાંભળીને તેમ કરીશ, એવું કહી દૈત્યરાજ તેમને કહેવા લાગ્યો કે તમારે આ બાળકને ગૃહસ્થાશ્રમી રાજાઓના ધર્મોનો ઉપદેશ કરવો. ૫૧ પછી શંડને અમર્ક વિવેકી ને નમ્ર એવા પ્રહ્લાદને નિરંતર અનુક્રમે ધર્મનો અર્થનો ને કામનો ઉપદેશ આપવા લાગ્યા. ગુરૂઓએ પોતાને ત્રિવર્ગનો સારી રીતે ઉપદેશ કર્યો તોપણ પ્રહ્લાદને તે ઉપદેશ સારો લાગ્યો નહિ, કારણ કે રાગ દ્વેષવડે સંસારમાં વિહાર કરનાર પુરૂષોએ તે વિષયોનુ વર્ણન કરેલુ છે. ૫૨ ગુરૂઓ જ્યારે ઘરના કામકાજ માટે કહીં બહાર જતા ત્યારે સમય મળવાથી પોતાની સમાન ઉમ્મરના બાળકોને પ્રહ્લાદ બોલાવતો. ૫૩ તે બાળકોની જન્મ મરણાદિકની સ્થિતિ જાણનારો પ્રહ્લાદ તેમને બોલાવી દયાથી હસતો હોય તેમ મુખ મલકાવી ઉપદેશ કરતો. ૫૫ તે બાળકો કે જેમની બુદ્ધિ રાગ દ્વેષથી વિહાર કરનાર પુરૂષોનાં ભાષણોથી કે ચેષ્ટાથી દુષ્ટ થઈ ન હતી, તેઓ પ્રહ્લાદની મોટાઈને લીધે રમવાના સર્વ સાધનોનો ત્યાગ કરી ૫૬ પ્રહ્લાદમા મન તથા નેત્રને અર્પણ કરી હે રાજેન્દ્ર! તેની આસપાસ બેસતા અને દયાળુ સર્વના મિત્ર તથા મહા ભગવદભક્ત પ્રહ્લાદ તેમને નીચે પ્રમાણે ઉપદેશ આપતા. ૫૭

पर्युपासत राजेंद्र तन्न्यस्त ह्र्दयेक्षणाः ।
तानाह करुणो मैत्रो म [illegible]भागवतोऽसुरः ५७

इतिश्रीमद्भागवतेमहा[illegible]राणेसप्तमस्कंधे
पंचमोध्यायः

અધ્યાય ૬ ઠ્ઠો.†

વિદ્યાર્થીઓને પ્રહ્લાદનો બોધ.

प्रह्लाद उवाच.

कौमार आचरेत्प्राज्ञो धर्मान्भागवतानिह ।
दुर्लभ मानुष जन्म तदप्यध्रुवमर्थदम् ॥१॥

પ્રહ્લાદ કહેતો કે–હે બંધુઓ! મનુષ્યનો જન્મ ઈચ્છિતાર્થ આપનારો છે બુદ્ધિશાળી મનુષ્યે આલોકમા બાલ્યાવસ્થામાંથી જ વૈષ્ણવી ધર્મો પાળવા, કારણ કે મનુષ્યનો જન્મ દુર્લભ છે અને ફરી ફરીને આવતો નથી અને ક્ષણભંગુર છે ૧ ભગવાનના ચરણનું શરણ લેવું એ યોગ્ય છે કારણ કે ભગવાન સર્વ પ્રાણીઓના આત્મા હોવાથી મિત્ર છે ને પ્રિય છે. ૨ ભગવાનનુ ભજન સેવન મૂકીને જેથી આયુષ્યનો વ્યય થાય એવા વિષયસુખ માટે પ્રયાસ કરવો નહિ તે શ્રમ કરવાથી પરમ કલ્યાણરૂપ ભગવાનના ચરણની પ્રાપ્તિ થતી નથી. હે વિદ્યાર્થીઓ! વિષયોનુ સુખ દેહ પ્રાપ્ત થવાથી પ્રાણીઓને સર્વ અવતારોમા મળે છે. દુઃખ જેમ પ્રયત્ન કર્યા વિના પણ મળે છે, તેમ સુખ પણ પ્રયત્ન કર્યા વિના આવી મળે છે વિષય સુખ સારૂ શ્રમ કરવો નહિ.૪ સંસારમા અવતરીને આ દેહ જ્યાં સુધી પરિપૂર્ણ ને સમર્થ હોય ત્યા સુધી જ્ઞાની પુરૂષે કલ્યાણને માટે પ્રયત્ન કરવો. ૫ ઇદ્રિયાધીન પુરૂષનુ આયુષ્ય સો વર્ષનું કહેવાય છે તેમા અર્ધુ આયુષ્ય એટલે પચાસ વર્ષ નિષ્ફળ જાય છે કારણ કે પુરૂષ

† આ અધ્યાયમા ગુરૂના ઘરના કામે લાગતા ત્યારે પ્રહ્લાદે દૈત્યોના બાળકો ઉપર કૃપા કરીને તેઓને પરમ જ્ઞાનનો ઉપદેશ કર્યો, કે જે જ્ઞાન પોતાને નારદે આપ્યુ હતું તે કથા કહેવામા આવશે.

તેટલાં વર્ષ સુધી રાત્રે નિદ્રા રૂપી મહા મોહમાં પડીને સૂઈ રહે છે. ૬ વીસ વર્ષ બાળક અવસ્થાના અજ્ઞાનમાં અને કુમાર અવસ્થાની રમતમાં વીતી જાય છે. બાકીનાં વર્ષ વૃદ્ધાવસ્થાથી શરીર ઘેરાઇ જવાને લીધે અસમર્થપણામાં જાય છે. ૭ બાકીનાં વર્ષ ઘરની અંદર આસક્ત થયેલા પ્રમત્ત પુરૂષને કોઇથી ન પૂરી શકાય એવી તૃષ્ણાઓમાં ને બળવાન મોહમાં ચાલ્યાં જાય છે. ૮ ઇંદ્રિયાધીન પુરૂષ ઘરની અંદર આસક્ત થયેલા અને સ્નેહના મજબુત બંધને બંધાયેલા પોતાના આત્માને છોડાવી શકે છે. ૯ જેમ ધન પ્રાણ કરતાં પણ વધારે પ્રિય છે તથા ચોર સેવક અને વ્યાપારી પોતાના પ્રિય પ્રાણોનો ખર્ચ કરીને ધનને મેળવે છે, તે ધનની તૃષ્ણાનો કયો મનુષ્ય ત્યાગ કરે? જુવાન પુત્રો મનોહર પુત્રીઓ ભાઇઓ બેનો માતા પિતા સુંદર એવા ઘણા સામાનથી ભરેલા ઘર કુળપરંપરાની આજીવિકા ઢોરઢાંખર અને સેવક વર્ગને સંભારતો સ્નેહથી બંધાયેલો લોભથી જેની તૃષ્ણા પૂર્ણ થઇ નથી એવો રસને જ અધિક માનનારો અપાર મોહથી તેમાં લાગી રહેલો તથા કોશેટાનો કીડો જેમ પોતાનું ઘર બનાવતા નીકળવાનો માર્ગ રાખતો નથી તેમ નિત્ય કર્મ કર્યા કરતો પ્રાણી દયાપાત્ર સ્ત્રીના એકાંત સંગનો તથા મનોહર એવા ગુપ્ત વિચારોનો કેમ ત્યાગ કરી શકે? તેમ સબંધીઓનો તથા કાલું કાલું બોલનારા છોકરાંના સંગનો પણ કેમ ત્યાગ કરી શકે? અને કેવી રીતે વૈરાગ્ય પામે? ૧૩ મદમત્ત થયેલો મનુષ્ય કુટુંબોનું પોષણ કરવાના કામમાં ઓછા થઈ જતા આયુષ્યને ને હણાતા પુરૂષાર્થને જાણતો નથી, પરંતુ કુટુંબમાં પ્રીતિ રાખવાથી સર્વ જગોએ ત્રિવિધ તાપથી દુઃખી થયા કરે છે, તોપણ તેને દુઃખરૂપ માનતો નથી ૧૪ જેનું મન નિત્ય ધનમાં લાગી રહેલું હોય એવા ઇંદ્રિયાધીન મનુષ્ય ઉપરનું ધન હરી લેનારાને આલોકમાં તથા પરલોકમાં જે દુઃખ થાય છે તે જાણે છે તોપણ તૃષ્ણા ન છૂટવાથી પરનું ધન હરણ કરે છે ૧૫ જ્ઞાની મનુષ્ય પોતાને વિષે તથા પારકાને વિષે ભેદબુદ્ધિ રાખીને પોતાના કુટુંબનું પોષણ કરે છે. તે આત્મવિચાર કરવાને કદી સમર્થ થતો નથી, મૂઢની પેઠે અહંતા મમતામાં અટવાયા કરે છે. ૧૬ સ્ત્રીઓ કે જેઓનો સંગ કરવાથી પુત્ર પૌત્રાદિકરૂપી બેડીમાં પડાય છે, તેમની પાસે વિહાર કરવા વાંદરા જેવો રાંક થઈને રહેનારો કોઇ પણ પુરૂષ કોઇ કાળે કોઈ પણ ઠેકાણે પોતાના આત્માને છોડાવવાને સમર્થ થતો નથી. ૧૭ વિષયોમાં લાગી રહેલા દૈત્યોનો સંગ દૂર કરીને ભગવાનનું જ ભજન કરો, કારણ કે સંસારનો સંગ ત્યાગ કરનાર પુરૂષો નારાયણના ભજનને જ મોક્ષ માને છે. ૧૮ ભગવાન નારાયણને પ્રસન્ન કરનાર પુરૂષને બહુ પરિશ્રમ પડતો નથી, કારણ કે તે સર્વ પ્રાણીઓનો આત્મા છે અને આ લોકમા સર્વ ઠેકાણે પ્રસિદ્ધ છે.૧૯ સ્થાવરથી માંડી બ્રહ્મ સુધીના જીવોમાં પાંચ ભૂતથી બનેલા નિર્જીવ પદાર્થોમાં પાંચ મહાભૂતોમાં ૨૦ ત્રણ ગુણોમાં પ્રકૃતિમાં તથા મહત્તત્ત્વાદિ વિકારોમા અવિનાશી એવા પરમાત્મા ભગવાન એકજ છે. ૨૧ પરમાત્મા પોતે વસ્તુતાએ એક જ અને નામ રહિત છે તોપણ ભોકતારૂપે વ્યાપક કહેવાય છે અને યોગ્ય દેવાદિરૂપે વ્યાપ્ય કહેવાય છે.૨૨ પરમેશ્વરનું સ્વરૂપ કેવળ અનુભવ અને આનંદરૂપ છે અને તેમણે ગુણોને ઉત્પન્ન કરનારી પોતાની માયાથી પોતાના ઐશ્વર્યને અંતર્હિત કરેલું છે. ૨૩ તમે આસુરી ભાવનો ત્યાગ કરી સર્વ પ્રાણીઓ ઉપર સ્નેહ અને દયા રાખો કારણ કે દયાથી ભગવાન પ્રસન્ન થાય છે. ૨૪ આદિ અનંત ભગવાન પ્રસન્ન થાય ત્યારે કયી વસ્તુ દુર્લભ રહે છે? તોપણ ભગવાનના

ચરણની સુધાને સેવનાર અને તેમનું ગાયન કરનાર આપણને ધર્મ અર્થ અને કામનું શું પ્રયોજન છે ? કારણ કે તેઓ તો પ્રારબ્ધની ગતિથી પોતાની મેળે જ મળે છે. મોક્ષની ઇચ્છા રાખવાનું કંઇ પણ પ્રયોજન નથી. ૨૫ ધર્મ અર્થ અને કામરૂપી ત્રિવર્ગ આત્મવિદ્યા કર્મવિદ્યા તર્કવિદ્યા દંડનીતિ ને અનેક જાતની આજીવિકા આ પ્રમાણે વેદમાં નિરૂપણ કરેલા સર્વ વિષયો પોતાના અંતર્યામી ભગવાનને આત્મા અર્પણ કરવામાં સાધન રૂપ થઇ પડે તો તેમને હું સફળ માનું છું. ૨૬ દુર્લભ એવું જ્ઞાન નર સખા નારાયણે નારદને આપ્યું હતું અને તેજ અકિંચન એવા ભગવાનના એકાંતિક ભકતોના ચરણારવિંદની રજમા જે દેહધારીઓ રમે છે તેમને પણ તે જ્ઞાન પ્રાપ્ત થાય છે. ૨૭ અનુભવવાળું જ્ઞાન ને ભગવાનનો શુદ્ધ ધર્મ મેં પૂર્વે દેવતાના જેવા દર્શનવાળા નારદજી પાસેથી સાંભળ્યો હતો. ૨૮

વિદ્યાર્થીઓ બોલ્યા કે–હે પ્રહ્લાદ ! તમે અને અમે, આ બે ગુરૂના પુત્ર વિના બીજાને ગુરૂ જાણતા નથી અને આ બન્ને ગુરૂપુત્રો બાળક અવસ્થાથી જ આપણા ગુરૂ થયા છે. ૨૯ વળી તમે બાળક અવસ્થાથી અંતઃપુરમાં રહ્યા છો તેથી તમને મહાત્મા પુરૂષોનો સમાગમ દુર્લભ છે. હે શાંત ગુણવાળા ! તમને અમારા ઉપર વિશ્વાસ આવતો હોય તો અમારા સંશયને કાપો, અર્થાત્ અમારા પ્રશ્નોનો ઉત્તર આપો. ૩૦

बालस्यांतःपुरस्थस्य महत्संगो दुरन्वयः ।
छिंधि नः संशयं सौम्य स्याच्चेद्विश्रंभकारणं ॥

इतिश्रीमद्भागवतमहापुराणेसप्तमस्कंधे
षष्ठोऽध्यायः

અધ્યાય ૭ મો.†

પ્રહ્લાદે બાળકોને કરેલો ઉપદેશ.

नारद उवाच

एवं दैत्यसुतैः पृष्टो महाभागवतोऽसुरः ।
उवाच स्मयमानांस्तान् स्मरन्मदनुभाषितम् ॥

નારદ કહે છે કે–હે યુધિષ્ઠિર ! દૈત્યોના પુત્રોએ મહા ભગવદ્‌ભકત એવા પ્રહ્લાદને પ્રશ્ન કર્યો તે ઉપરથી તે મારૂં કહેલું સંભારી આશ્ચર્ય પામતા સર્વ વિદ્યાર્થીઓને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૧

પ્રહ્લાદ કહે છે કે–મારા પિતા તપશ્ચર્યા કરવા મંદરાચળ પર્વત ઉપર ગયા હતા અને દેવતાઓએ દૈત્યો સાથે યુદ્ધ કરવા મોટી તૈયારી કરી હતી ૨ અને ઇન્દ્રાદિક દેવો કહેતા હતા કે, કીડીઓ જેમ સર્પને ખાઇ જાય તેમ લોકોને દુઃખ દેનારા પાપી હિરણ્યકશિપુને તેનું પાપ ખાઇ જશે ૩ પછી દેવતાઓએ અસુરના સેનાપતિઓને મારવા માંડયા તે વખતે અસુરો દેવતાઓનો અતિ બળવાળો ઉદ્યોગ જોઇ ભય પામી સર્વ દિશાઓમાં દોડવા લાગ્યા ૪ તે સર્વે દૈત્યો સ્ત્રી પુત્ર મિત્ર સંબંધી ઘર પશુઓ અને બીજા સામાનની દરકાર નહિ કરતાં પ્રાણની રક્ષા કરવાની ઇચ્છાથી ઉતાવળા નાસવા લાગ્યા. ૫ વિજયની ઇચ્છાવાળા દેવતાઓએ રાજાની છાવણીમા લુંટ ચલાવી અને ઇંદ્રે મારી માતાને પકડી પાડી ૬ કુરરીની માફક રૂદન કરતી ને ભયથી વિહ્વલ થયેલી મારી માતાને તે લઇ જવા લાગ્યા એટલામાં દૈવેચ્છાએ નારદે માર્ગમા મારી માતાને દીઠી. ૭ તેમણે કહ્યું કે–હે દેવરાજ ! નિરપરાધી સ્ત્રીને લઇ જવી તમને યોગ્ય નથી. હે મહાભાગ ! પરસ્ત્રી અને પતિવ્રતા એવી આ સ્ત્રીને છોડી દો.

† આ અધ્યાયમા માતાના ગર્ભમા પોતાને નારદે જે ઉપદેશ કર્યો હતો તે ઉપદેશ પ્રહ્લાદે વિદ્યાર્થીઓને કહી સંભળાવ્યો તે કથા કહેવાશે.

ઇંદ્ર—હે મહારાજ ! આના ઉદરમાં દૈત્યનું અસહ્ય સત્વ છે માટે તે પ્રસૂત થાય ત્યાં સુધી અહીં રહે. મારો સ્વાર્થ સિદ્ધ થશે એટલે હું તેને છોડી તેના ગર્ભનો નાશ કર્યા પછી તેને જવા દઇશ. ૯

નારદ—આ પાપ રહિત બાળક ભગવાનનો સાક્ષાત મહા ભકત તથા મહાત્મા છે. વળી તે ભગવાનનો સેવક અને બળવાન છે તેથી તે તારાથી મરણ પામશે નહિ ૧૦

પ્રહ્લાદ કહે છે કે—આ પ્રમાણે નારદે કહ્યા પછી ઇન્દ્રે તેમના વચનને માન આપી મારી માતાને મૂકી દીધાં અને પોતે વૈષ્ણવ ઉપર પ્રીતિ હોવાથી મારી માતાની પ્રદક્ષિણા કરીને સ્વર્ગમાં ગયા ૧૧ નારદે મારી માતાને પોતાના આશ્રમમાં લઇ જઇ આસનાવાસના કરીને કહ્યુ કે—હે પુત્રી ! તારો પતિ આવે ત્યા સુધી તું આ આશ્રમમાં રહે ૧૨ મારી માતા—'ઠીક તેમ કરીશ' એવું કહીને મારા પિતા દૈત્યરાજ ભયંકર તપશ્ચર્યામાથી પાછા ફર્યા ત્યા સુધી નિર્ભય થઇને દેવર્ષિ નારદની પાસે રહ્યા. ૧૩ ગર્ભવતી તથા પતિવ્રતા એવાં મારા માતાએ પોતાના રક્ષણુ અને મોક્ષ માટે તે આશ્રમમા પરમ ભકિતથી દેવર્ષિ નારદની સેવા કરવા માંડી ૧૪ દયાળુ અને સમર્થ એવા નારદ ઋષિએ મને ઉપદેશ દેવા મારાં માતાને ધર્મનું તત્ત્વ તથા નિર્મળ જ્ઞાન એમ બન્ને આપ્યાં. ૧૫ છતા તે ધર્મતત્ત્વ અને જ્ઞાનને મારી માતા ઘણો કાળ થવાથી તથા સ્ત્રીપણાથી ભૂલી ગયાં પરંતુ ઋષિના અનુગ્રહને પાત્ર એવા મને તેની સ્મૃતિ રહેલી છે ૧૬ તમે મારા કહેવા ઉપર શ્રદ્ધા રાખશો તો તમને પણ જ્ઞાન થશે. શ્રદ્ધાથી મને જેમ તત્વજ્ઞાન પ્રાપ્ત થયું છે તેમ સ્ત્રીઓને તથા બાળકોને પણ તત્વજ્ઞાન થાય છે ૧૭ સમર્થ એવા કાળવડે જીવ જન્મે છે, જીવતો રહે છે, વૃદ્ધિ પામે છે, રૂપાતર પામે છે, ઓછો થાય છે તથા નાશ પામે છે. આ ૭ વિકારો વૃક્ષનાં અસ્તિત્વથી જેમ ફળોમાં જોવામાં આવે છે તેમ આત્માના અસ્તિત્વથી દેહને વિષે પણ જોવામાં આવે છે પરંતુ તે વિકારો આત્માને થતા નથી. ૧૮ કારણ કે આત્મા નિત્ય અને દેહ અનિત્ય છે. આત્મા ક્ષીણ થતો નથી ત્યારે દેહ ક્ષીણ થાય છે. આત્મા શુદ્ધ છે ત્યારે દેહ મળમૂત્રથી અપવિત્ર છે. આત્મા એક છે ત્યારે દેહ ઘણા છે. આત્મા દેહ ાદિકને જાણનારો છે, ત્યારે દેહ જડ છે. આત્મા દેહાદિકનો આધાર છે, ત્યારે દેહ આત્માનો આશ્રય કરનાર છે. આત્મા વિકાર રહિત છે ત્યારે દેહ વિકારવાળો છે. આત્મા સ્વયંપ્રકાશ છે ત્યારે દેહ પરપ્રકાશ્ય છે. આત્મા સર્વનું કારણ છે ત્યારે દેહ કાર્યમૂર્તિ છે. આત્મા વ્યાપક છે ત્યારે દેહ અમુક પ્રદેશમા રહેનારો છે. આત્મા સંગ રહિત છે ત્યારે દેહ સંગવાળો છે. આત્મા કોઇથી ઢંકાતો નથી ત્યારે દેહ વસ્ત્રાદિકથી ઢંકાય છે. આત્મજ્ઞાન કરાવવામાં સમર્થ એવા આત્માનાં બાર લક્ષણો છે તે ઉપરથી જ્ઞાની મનુષ્યે દેહાદિકમાં હું ને મારૂં એવી રીતે મોહથી થયેલા મિથ્યા ભાવનો ત્યાગ કરવો. ૨૦ પથ્થરમાંથી ધાતુઓને જુદી કાઢવાના ઉપાયો જાણનારા સોની જેમ અગ્નિમા તપાવવા વગેરે ઉપાયો કરીને ખાણના પથરાઓમાંથી સોનું કાઢે છે તેમ વિવેકી પુરૂષ દેહરૂપી ક્ષેત્રોમાંથી આત્મપ્રાપ્તિના ઉપાયોવડે બ્રહ્મસ્વરૂપને શોધી કાઢે છે ૨૧ માયા મહત્તત્ત્વ અહંકાર શબ્દ સ્પર્શ રૂપ રસ તથા ગંધ એ આઠ પ્રકૃતિઓ ગણાય છે અને સત્વ રજ તથા તમ એ ત્રણ માયાના ગુણો છે. તે તેનાથી જુદા નથી. અગિયાર ઇંદ્રિયો તથા પાચ ભૂત મળીને સોળ વિકાર થાય છે. આઠ પ્રકૃતિ તથા સોળ વિકાર એકઠા થતાં ચોવીસ તત્ત્વ બને છે, તે આત્મા સાક્ષીરૂપે રહેવાથી એક જ છે, આ કપિલાદિક આચાર્યો કહે છે. ૨૨ દેપ

કહેલાં ચોવીસ તત્વોનો જે સમુદાય તે દેહ કહેવાય છે અને તે દેહ જંગમ તથા સ્થાવર એવા બે ભેદવાળો છે દેહમા આત્માને શોધવો જોઇએ અને તે સારી રીતે થઇ શકે એવું કામ છે. યથા—'આ આત્મા નથી ''આ આત્મા નથી' એમ સર્વ જડ પદાર્થોનો ત્યાગ કરતા કરતા છેવટે જે ચૈતન્ય વસ્તુ રહે તેને સત્ય આત્મા જાણવો ૨૩ જેમ મણિઓ એક સૂત્રમાં પરોવાયલા છે પરંતુ સૂત્ર મણિઓથી ભિન્ન છે તેમ દેહાદિક આત્માથી ભિન્ન નથી પરંતુ આત્મા તેનાથી ભિન્ન છે. આવા વિવેકથી તથા શુદ્ધ અંતઃકરણથી જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા લયનું નિરૂપણ કરનારા વેદવાકયોનો વિચાર કરનાર ધીર પુરૂષો આત્માને શોધી કાઢે છે. ૨૪ જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ વૃત્તિ-અવસ્થાઓ બુદ્ધિની છે. તે ત્રણ વૃત્તિઓનો જેનાથી અનુભવ કરવામા આવે તેને—સર્વ સાક્ષીને સર્વથી પર આત્મા જાણવો. ૨૫ જેમ પુષ્પના ધર્મરૂપ ગંધ આવવા ઉપરથી તેના આશ્રયભૂત વાયુનું સ્વરૂપ જાણવામા આવે છે, તેમ કર્મથી ઉત્પન્ન થયેલી સત્વાદિક ત્રિગુણાત્મક બુદ્ધિની વૃત્તિઓને આત્માના ધર્મોથી રહિત જાણી તે દૂર કરી વૃત્તિઓના આશ્રયભૂત તથા જાણુ આત્માને ઓળખવો બુદ્ધિ ત્રિગુણાત્મક હોવાથી કર્મમા કર્તા હોવાથી તેનીજ તે અવસ્થાઓ છે તે આત્માની ભાસે છે પરંતુ ખરેખર જોતા તેનાથી તો જુદો અને દ્રષ્ટા છે. આ પ્રમાણે આત્મસ્વરૂપને જાણવું ૨૬ સંસારનું દ્વાર પણ બુદ્ધિ છે કારણ કે, સંસાર બુદ્ધિના ગુણોથી અને કર્મોથી રચાયલો છે તે અજ્ઞાનમૂલક હોવાથી મિથ્યા છતા પુરૂષને સ્વપ્નની પેઠે જોવામા આવે છે. ૨૭ તમારે ત્રિગુણાત્મક કર્મના બીજરૂપ અજ્ઞાનનો નાશ કરનાર તથા ત્રણ અવસ્થારૂપ બુદ્ધિના જાગ્રદાદિક પ્રવાહને શાંત કરનારા યોગને સેવવો જોઇએ. ૨૮ તેમાં પણ જે ધર્મોથી ભગવાન શ્રીહરિ ઉપર શ્રમ વિના ભક્તિ થાય ને ધર્મો હજારો ઉપાયોમાં શ્રેષ્ઠ છે એવુ દેવર્ષિ નારદે કહેલુ છે. ૨૯ ગુરૂની સેવા ભક્તિ અને મેળવેલી સર્વ વસ્તુ ભગવાનને અર્પણ કરવી સાધુઓનો તથા ભક્તોનો સંગ કરવો અને ઇશ્વરનું આરાધન કરવું ૩૦ ભગવાનની કથામાં શ્રદ્ધા રાખવી ભગવાનના ગુણોના તથા કર્મોના કીર્તન કરવા, ભગવાનના ચરણારવિંદનું ધ્યાન ધરવુ, તેની પ્રતિમાઓનાં દર્શન તથા પૂજા આદિક કરવા તે સર્વ ધર્મોના અંતરંગ સાધના છે માટે તેનાથી ભગવાનની સેવા કરવી. ૩૧ શ્રીહરિ સર્વ પ્રાણીઓમા રહેલા છે એવો વિચાર કરીને સર્વનો સત્કાર કરવો. ૩૨ જિતેંદ્રિય પુરૂષો આ પ્રમાણે ભગવાન ઉપર ભક્તિ રાખે છે અને તે ભક્તિથી તેમની પ્રીતિ સંપાદન કરે છે ૩૩ ભગવાનના કર્મો સર્વશ્રેષ્ઠ ગુણો અને લીલાવતારોથી કરેલા પરાક્રમોને સાંભળી મનમા અત્યંત આનંદ થાય શરીરમા રોમાંચ થાય અશ્રુઓથી કંઠ ગળગળો થઇ જાય સ્વર ખુલ્લો મૂકીને ગાવા માંડે શબ્દ કરવા માડે નૃત્ય કરે ૩૪ ભૂત વળગ્યું હોય તેમ કોઇ વાર હસે કોઇ વાર બૂમ પાડે કોઇ વાર ધ્યાન ધરે, કોઇ વાર મનુષ્યને પગે લાગે અને વારંવાર નિઃસાસા નાખીને હે હરિ હે જગત્પતિ ! હે નારાયણ ! એમ લજ્જા વગર બોલે ત્યારે તેને આત્મસ્વરૂપની પ્રાપ્તિ થઇ એમ જાણવુ ૩૫ આત્મસ્વરૂપનો લાભ થાય ત્યારે મનુષ્ય સર્વ બંધનોમાંથી છુટી મનથી તથા શરીરથી ભગવાનની ભાવનામય થઇને કર્મના બીજરૂપ અજ્ઞાનને તથા વાસનાઓને બાળી નાખી ભકિતયોગથી ભગવાનને પામે છે ૩૬ આ લોકમાં મનથી ભગવાનનું મનન કરવુ કારણ કે તે મલિન અંતઃકરણવાળા પ્રાણીઓના જન્મ મરણનો નાશ કરનાર છે અને તેજ પરબ્રહ્મ તથા મોક્ષનું ધામ છે, એમ સર્વ પંડિતો કહે છે.

તમે હૃદયમાં અંતર્યામી ભગવાનનું ભજન કરો. ૩૭ હે દૈત્યોના બાળકો ! શ્રીહરિની ઉપાસના કરવામાં અતિશ્રમ નથી કારણ કે તે આપણા પોતાના હૃદયમાં આકાશની પેઠે વ્યાપ્ત છે. આપણા પોતાના આત્મા છે અને સર્વ પ્રાણીઓના સખા છે, માટે તમે તેમની ઉપાસના કરો. સર્વ પ્રાણીઓની પેઠે સામાન્ય રીતે વિષયો સંપાદન કરવામાં શું ફળ છે ? વિષયોમાં ભાવ રાખવાથી પશુ જેવા થવાય છે. ૩૮ ધન સ્ત્રીઓ પશુ પુત્રાદિક ઘર પૃથ્વી હાથી ભંડાર વૈભવો તથા બીજા સર્વ પ્રકારના અર્થ ચંચળ છે ક્ષણભંગુર આયુષ્યવાળા મનુષ્યનું કંઇ હિત કરતા નથી? ૩૯ વૈદિક રીતે યજ્ઞો કરીને મેળવેલા સ્વર્ગાદિક લોકો પણ નાશવંત છે, કારણ કે તે લોકો પુણ્યના પ્રમાણમાં ઓછા વધતા સુખવાળા ઇર્ષ્યાદિક દોષોથી મલિન અને અમુક અવધિ પછી નાશ પામનારા છે માટે જેમાં કોઇ પણ જાતનું દૂષણ જોવામાં કે સાંભળવામાં આવ્યું નથી એવા એક ભગવાનના સ્વસ્વરૂપની પ્રાપ્તિ થવા માટે તેનું સેવન કરો. ૪૦ વિદ્વાનનું માન ધરાવનારો મનુષ્ય આ લોકમાં જે ફળની ઇચ્છાથી કર્મ કરે છે તે તેનાથી ઉલટું ફળ અવશ્ય મેળવે છે. ૪૧ કર્મ કરનારા પુરૂષનો વિચાર સુખ મેળવવાનો અને દુઃખમાંથી છુટવાનો હોય છે પરંતુ કર્મ કરવાથી સદા દુઃખ થાય છે અને ન કરવાથી પુરૂષ સુખમાં રહે છે ૪૨ આ લોકમાં પુરૂષ જેને માટે કામ્ય કર્મ કરીને કામનાઓની ઇચ્છા કરે છે તે દેહ પારકો ક્ષણભંગુર અને અંતે નાશ પામનારો તથા પાછો ઉત્પન્ન થનારો છે ૪૩ અહંતા મમતાના સ્થાનરૂપ દેહ પોતાનો નથી ત્યારે સંતાન સ્ત્રીઓ ઘર ધનાદિક રાજ્ય ભંડાર હાથી મંત્રીઓ ચાકર તથા સંબંધીઓ જેઓ દેહથી ભિન્ન છે અને મમતાના પાત્ર છે તે પારકા હોય એમાં શું ? ૪૪ આત્મા અવિનાશી અને આનંદનો સમુદ્ર છે. આત્માને તુચ્છ અને દેહની સાથે નાશ પામનાર અજ્ઞાનથી પુરૂષાર્થરૂપ લાગતા પુત્રાદિક અનર્થોનું પ્રયોજન નથી. ૪૫ પૂર્વ જન્મનાં કર્મોથી ગર્ભાદિક અવસ્થાઓમાં કલેશ પામતા પ્રાણીઓને આ લોકમાં પુત્રાદિકથી કેટલું સુખ મળે છે ? તે કહો. ૪૬ પ્રાણી પોતારૂપ માનેલા દેહથી કર્મો કરે છે અને કર્મોથી દેહને ધારણ કરે છે. કર્મ ને દેહ એ બન્ને અજ્ઞાન જન્ય છે ૪૭ એટલે ધર્મ અર્થ ને કામ જેને આધીન છે એવા ચેષ્ટા રહિત આત્મારૂપ શ્રીહરિને નિષ્કામે સેવો ૩૮ ભગવાન પોતે ઉત્પન્ન કરેલાં પાંચ મહાભૂતોથી રચાયલા સર્વ પ્રાણીઓના પ્રિય આત્મા અને અંતર્યામી છે. ૪૯ દેવ અસુર મનુષ્ય યક્ષ ને ગંધર્વ ભગવાનના ચરણનું ભજન કરવાથી અમારી પેઠે કલ્યાણના ભાગી થાય છે ૫૦ બ્રાહ્મણપણું દેવપણું અને ઋષિપણું સદાચાર બહુ શાસ્ત્રવેત્તાપણું તેમ દાન તપ યજ્ઞ શૌચ અને વ્રતો સર્વ ભગવાનને પ્રસન્ન કરવાને સમર્થ થતાં નથી. ભગવાન નિર્મળ ભક્તિથી પ્રસન્ન થાય છે, બાકી બાજું સર્વ નાટકરૂપ સમજવું. ૫૨ માટે સર્વને પોતાના સમાન જાણીને સર્વ પ્રાણીઓના આત્મારૂપ ભગવાનપર ભક્તિ કરો. ૫૩ દૈત્યો યક્ષો રાક્ષસો સ્ત્રીઓ શુદ્રો વ્રજવાસીઓ આહિરો પક્ષીઓ મૃગો ને બીજા પાપી જીવો ભક્તિ કરવાથી ભગવાનના સ્વરૂપને પામ્યા છે. ૫૪ આ લોકમાં ભગવાનની ભક્તિ અને 'સર્વમાં પરમાત્મા છે,' એવી જે દૃષ્ટિ તેજ પુરૂષનો મુખ્ય સ્વાર્થ જાણવો ૫૫

एतावानेव लोकेऽस्मिन् पुंसः स्वार्थः परः स्मृत
एकांतभक्तिर्गोविंदे यत्सर्वत्र तदीक्षणम् ॥५५

इतिश्रीमद्भागवतेमहापुराणेसप्तमस्कंधे
सप्तमोध्यायः

અધ્યાય ૮ મો.

નૃસિંહ ભગવાનનું પ્રાકટ્ય.

શ્રીશુક उवाच.

**अथ दैत्यसुता: सर्वे श्रुत्वा तदनुवर्णितम्।
जगृ निरवद्यत्वान्नैव गुर्वनुशिक्षितम् ॥ १ ॥**

નારદ કહે છે કે—પછી દૈત્યોના સર્વ બાળકોએ પ્રલહ્લાદની વાત સાંભળી નિર્દોષ પણાથી તેનું શિક્ષણ ગ્રહણ કરવા માંડયું, પરંતુ ગુરૂનું શિક્ષણ ગ્રહણ કર્યું નહિ ૧ આ રીતે સર્વ બાળકોની પરબ્રહ્મમા બુદ્ધિ લાગેલી જોઇને શુક્રાચાર્યના પુત્રે ભયથી તે સર્વ વાત હિરણ્યકશિપુને યથાર્થ રીતે નિવેદન કરી ૨ પુત્રની દુઃસહ અને અપ્રિય એવી વાણી સાંભળીને હિરણ્યકશિપુનું શરીર ક્રોધાવેશથા ધ્રુજવા લાગ્યું અને તેણે પુત્રનો નાશ કરવાનો નિશ્ચય કર્યો. ૩ સ્વભાવથી અત્યંત ક્રોધી એવા દૈત્ય રાજાએ, પગથી કચરેલા સર્પની પેઠે ફુફવાડા મારતા અને ક્રોધથી ભરેલી વાંકી દૃષ્ટિવડે જોઈને તિરસ્કાર કરવાને યોગ્ય નહિ એવા પ્રહ્લાદનો તીક્ષ્ણ વાણીથી તિરસ્કાર કરી વિનયથી નમ્ર થયેલા જીતેન્દ્રિય અને બે હાથ જોડીને સામે ઉભેલા તેને કહ્યું કે—હે દુષ્ટ! મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર અભિમાનીને હું યમમંદિરમા મોકલીશ. ૬ જેના કોપવાથી લોકપાળ સહિત ત્રણે લોકો કંપે તે મારી આજ્ઞાનું તું નિર્ભય થઇને કયા બળથી ઉલ્લંઘન કરે છે ? ૭

પ્રહ્લાદ—હે રાજન! પૂર્વના તથા હવે પછીના સ્થાવર જંગમ પ્રાણીઓને અને બ્રહ્માદિક દેવતાઓને જેણે વશ કરેલા છે તે ઇશ્વર મારા તથા તમારા બળરૂપ નથી, પરંતુ બીજા બળવંત પ્રાણીઓના બળરૂપ છે. ૮ તે કાળમૂર્તિ છે શરીરની તથા મનની શક્તિરૂપ છે બુદ્ધિના બળના ને ઈંદ્રિયોના સ્વામી છે, તે જ ત્રણ ગુણના સ્વામી પરમાત્મા પોતાની શક્તિવડે આ જગતને સર્જે છે પાળે છે અને તેનો નાશ કરે છે. ૯ તમે તમારા પોતાના આસુરભાવનો ત્યાગ કરો અને મનને શાંતિમા રાખો કારણ કે ન જીતેલા અને અવળે માર્ગે ચાલનાર મનના જેવો બીજો કોઈ પણ શત્રુ નથી. મનને સમતામાં રાખવું તે જ ભગવાનની સેવા છે. ૧૦ કેટલાએક લુંટારા પ્રથમ છ ઈંદ્રિય રૂપી શત્રુઓને જીત્યા વિના દશ દિશાઓને પોતે જીતી લીધેલી માને છે પરંતુ જેઓ સર્વ પ્રાણીઓ ઉપર સમતા રાખનાર સાધુ અને મનને જીતનાર જ્ઞાની છે તેને પોતાના અજ્ઞાનથી કલ્પાયલા શત્રુઓ કયાંથી હોય?

હિરણ્યકશિપુ કહે છે કે—તું બહુ બોલે છે માટે ખરેખર તને મારવાની મારી ઇચ્છા છે કારણ કે, જેઓ મરવાને તૈયાર થાય છે તેઓની વાણી અયોગ્ય હોય છે. ૧૨ તુ મારા વિના જગતનો ઇશ્વર બીજો કહે છે તે જો હોય તો તે કયાં છે? પ્રહ્લાદે કહ્યુ કે, તે સર્વ ઠેકાણે વ્યાપલો છે એટલે હિરણ્યકશિપુએ પૂછયુ કે, ત્યારે તે શા માટે તપાવેલા આ થાંભલામા દેખાતા નથી! પ્રહ્લાદે તે થાંભલાને જોઇ, નમસ્કાર કરીને કહ્યુ કે, તે થાંભલામા દેખાય છે. હિરણ્યકશિપુએ તે થાંભલામાં જોયું, પરંતુ જોવામાં ન આવવાથી બોલ્યો કે—૧૩ તું આડું અવળુ બોલ્યા કરે છે, માટે હું ધડ ઉપરથી તારા મસ્તકને કાપી નાખીશ. પછી તારૂં જે ઇષ્ટ શરણ શ્રીહરિ છે તે આજે તારી રક્ષા કરે છે કે નહિ? તે હું જોઇશ. ૧૪

નારદ—એ પ્રમાણે પુત્રને દુષ્ટ વચનોથી વારંવાર પીડતો તે ક્રોધાવેશમાં આવી ગયો અને મહા બળવાન એવા તેણે પોતાના હાથમાં તરવાર લઇ આસન ઉપરથી ઉછાળો મારીને થાંભલામાં પોતાના હાથથી મુઠીનો પ્રહાર

* આ અધ્યાયમા ઘણા ક્રોધથી પુત્રને મારી નાખનાર હિરણ્યકશિપુનો નૃસિંહજીએ સ્તંભમાંથી પ્રકટ થઇને નાશ કર્યો અને બ્રહ્માદિક દેવતાઓએ તેમની સ્તુતિ કરી એ કથા કહેવાશે.

કર્યો. ૧૫ હે રાજન ! તે જ વખતે એ થાભલામાંથી ભયંકર શબ્દ થયો. જે શબ્દથી બ્રહ્માંડરૂપી કટાહ ફુટી ગયું. તે શબ્દ સાંભળીને બ્રહ્માદિક દેવતાઓએ પોતાના લોકનો નાશ થશે એમ માન્યું. ૧૬ પરાક્રમ કરતા ને બળવડે પુત્રને મારી નાખવાની ઇચ્છાવાળા દૈત્યે અપૂર્વ અને આશ્ચર્યજનક શબ્દ સાંભળીને આમ તેમ જોયું તો સભામાં કોઇ પણ શબ્દ કરનારને દીઠો નહિ. શબ્દ સાભળીને દૈત્યના સેનાપતિઓ અતિ ભય પામ્યા.૧૭ ભગવાન શ્રીહરિ પોતાના ભકત પ્રહ્લાદે કહ્યું હતું કે ભગવાન થાંભલામાં દેખાય છે તે સત્ય કરવા, સર્વ સ્થાનમાં પોતે વ્યાપક છે તે વાત ખરી કરવા, પોતાના ભકત સનકાદિકોએ પાર્ષદ જય વિજયને શાપ દીધા પછી પશ્ચાતાપથી કહ્યું હતું કે તમે ત્રણ જન્મ પછી છુટશો તે વચન સત્ય કરવા, પોતાના પાર્ષદ હિરણ્યકશિપુએ બ્રહ્માની પાસે માગ્યું હતું કે, તમે સર્જેલા પ્રાણીઓમાંના કોઇથી મારૂં મરણ ન થાય ને મનુષ્યથી કે પશુથી ઘરની અંદર કે બહારના ભાગમાં પણ મારૂં મૃત્યુ ન થાય એ વાત ખરી કરવા, પોતાના ભકત બ્રહ્માએ હિરણ્યકશિપુને તથાસ્તુ એમ કહીને જે વર આપ્યો હતો તે ખરો પાડવા, પોતાના દાસ હિરણ્યકશિપુએ કહ્યું હતું કે આ પુત્રની સાથે વેર કરવાથી કદાપિ મારૂં મૃત્યુ પણ થાય એ વચનને સત્ય કરવા, પોતાના ભકત નારદે ઇંદ્રને કહ્યું હતું કે આ કયાધુનો ગર્ભ તારાથી મરણ પામશે નહિ તેમ સર્વથી નિર્ભય રહેશે એ વાત ખરી પાડવા, તેમ જ પોતાના ભકતોને કહે છે કે હું મારા ભકતોની રક્ષા કરૂં છું મારો ભકત કોઇ દિવસ નાશ પામતો નથી એ વાત ખરી કરવા માટે નહિ પશુ કે નહિ મનુષ્ય પરંતુ અતિ આશ્ચર્યજનક નૃસિંહનું રૂપ ધારણ કરીને ભગવાન સભા વચ્ચે થાભલામાંથી પ્રગટ થયા. ૧૮ હિરણ્યકશિપુ અદ્દભુત શબ્દ સાંભળી તે શબ્દ કોણે કર્યો હશે ? એમ ચોતરફ જોતો હતો એટલામાં થાંભલામાંથી નીકળતા નૃસિંહના સ્વરૂપને જોઇને વિચારમાં પડી ગયો કે આ પશુ નથી તેમ મનુષ્ય પણ નથી પરંતુ આશ્ચર્યની વાત છે કે આ તો મનુષ્ય અને સિંહનું મિશ્ર સ્વરૂપ છે. આ તે વિચિત્ર રૂપધારી કોણ હશે ? ૧૯

આ પ્રમાણે હિરણ્યકશિપુ વિચાર કરતો હતો એટલામા અત્યંત ભયંકર નૃસિંહનું રૂપ તેની આગળ આવીને ઉભું રહ્યું. તેમનાં નેત્ર તપાવેલા સુવર્ણ જેવાં ભયંકર હતાં, જટા ને કેશવાળીના પ્રકાશથી મુખ પ્રૌઢ દેખાતું હતું. ૨૦ દાઢો ભયંકર હતી, જીભ તરવાર જેવી ચંચલ તથા અસ્રાની ધાર જેવી તીક્ષ્ણ હતી, મુખ ભ્રુકુટીથી ભયંકર લાગતું હતું, કાન સ્થિર અને ઉંચા હતા, ફાડેલું મુખ તથા નાસિકા પર્વતની ગુફાના જેવા ભયપ્રદ લાગતાં હતાં, ગલોફાં ફાટેલાં હોવાથી ભયંકર દેખાતાં હતાં, ૨૧ મોટું શરીર આકાશમાં અડકતું હતું, ડોક ટુંકી અને જાડી હતી, છાતી વિશાળ હતી, પેટ પાતળું હતું, ચંદ્રના કિરણ જેવાં શ્વેત રૂવાંથી શરીર ઢંકાઇ ગયું હતું સેંકડો હાથ સર્વ દિશાઓમાં ફેલાઇ ગયા હતા, નખ રૂપી આયુધો શોભતાં હતાં,૨૨ ભયને લીધે કોઇ તેમની પાસે જઇ શકતું ન હતું. તેમણે પોતાના ચક્રાદિક શસ્ત્ર તથા વજ્ર વગેરે દિવ્ય શસ્રો ધારણ કર્યાં હતા, તેથી દૈત્યો અને દાનવો નાસતા હતા. આવા અલૌકિક સ્વરૂપને જોઇ હિરણ્યકશિપુ બોલ્યો કે—માયાવી ભગવાન હરિએ મારો વધ કરવાનો વિચાર કર્યો છે તથાપિ તેમના આવા ઉદ્યમથી મને ભય નથી. ૨૩ આમ બોલી તે હાથમાં ગદા લઇને ગર્જના કરતો નૃસિંહજીના ઉપર ધસ્યો. તે વખતે અગ્નિમાં પડેલા પતંગીઆની પેઠે નૃસિંહના તેજમાં પડેલો તે જોવામાં આવ્યો નહિ,અર્થાત્ નૃસિંહના તેજ

આગળ તેનું તેજ નિસ્તેજ થઈ ગયું. ૨૪ સત્ય સ્વરૂપનો પ્રકાશ કરનારા શ્રીહરિ સામે ધસેલો તમોમય દૈત્ય દેખાય નહિ તેમાં આશ્ચર્ય ન હતું, કારણ કે ભગવાન સૃષ્ટિના આરંભમાં ને પ્રલય સમયે પોતાના તેજથી અંધારાને પી ગયા હતા હિરણ્યકશિપુએ સામા જઇ ક્રોધથી મોટા વેગવાળી ગદાને ફેરવી નૃસિંહ ભગવાનને પ્રહાર કર્યો ૨૫ એટલામાં ગરૂડ જેમ સર્પને પકડે તેમ ગદા ધારણ કરેલા તેને ભગવાને પકડી લીધો. રમત કરતાં ગરૂડની ચાંચમાંથી જેમ સર્પ સરી પડે તેમ લીલા કરતા ભગવાનના હાથમાંથી હિરણ્યકશિપુ છુટી ગયો. ૨૬ હે રાજન ! હિરણ્યકશિપુએ જેમના સ્થાનો ખુંચવી લીધાં હતા એવા દેવતાઓ અને સર્વ લોકપાળો કે જેઓ વાદળમા છુપાઈને આ બધુ જોતા હતા તેઓ બહુ જ અશુભ શંકવા લાગ્યા. હવે પેલો દૈત્ય જે ભગવાનના હાથ માંથી છુટી ગયો હતો તે નૃસિંહ ભગવાન પોતાના પરાક્રમથી ડરે છે એવુ માનવા લાગ્યો. યુદ્ધમા હમેશ વિજય કરનારો તે ઢાલ તરવાર લઇ વેગથી ફરીને ભગવાનની સામે લઢવાને ધસ્યો ૨૭ શકરાના જેવા વેગવાળા ઢાલ તથા તરવારના પેચથી સામો મનુષ્ય ફાવે નહિ એવી યુક્તિઓથી ઉપર નીચે ફરતા તેને શ્રીહરિએ ભયંકર શબ્દ-વાળુ તીવ્ર અટ્ટહાસ્ય કરી મોટા વેગથી દોડીને પકડી લીધો. ૨૮ તે વેળાએ સર્પે પકડેલા ઉંદરની પેઠે ચારે તરફ પછાડા મારતો અને પકડાયાથી પરવશ થઇ બનેલો તથા ઇંદ્રના વજ્રથી જેની ચામડી કપાઇ ન હતી એવા હિરણ્યકશિપુને સભાના ઉંબ-રામા (નહિ બહાર કે અંદર) પોતાની સાથળ ઉપર (પૃથ્વી ઉપર નહિ તેમ આકાશમાં પણ નહિ) નાખીને ગરૂડ જેમ નખવતી મહા ઝેરી સર્પને ચીરી નાખે તેમ રમત માત્રમાં ભગવાને નખોવડે ચીરી નાખ્યો ૨૯ ક્રોધથી કોઇ પણ જેના સામું જોઈ શકે નહિ એવા ભયંકર નેત્રવાળા ફાડેલા મુખને જી-ભથી ચાટતા ગળામાં આતરડાની માળાવાળા નૃસિંહ ભગવાન હાથીને મારનાર સિંહની પેઠે લોહીના ખળકાથી ખરડાયેલા રાતા કેશવાળા તથા રાતા મુખવાળા થઈ ગયા. ૩૦ ભગવાને હિરણ્યકશિપુના હૃદયકમળને નખોની અણીઓથી ફાડી નાખ્યું. તેને દૂર ફેંકી દઇ તેના ઉગામેલા આયુધવાળા હજારો અનુચરોને તથા તેના બીજા હજારો પક્ષ-પાતીઓને ભુજદંડરૂપી જેની સેના છે એવા ભગવાને ચારે તરફથી નખો શસ્ત્રો અને પગની એડીના મારથી મારી નાખ્યા ૩૧ તે સમયે ભગવાનની કેશાળીથી કંપી ઉઠેલાં વાદળા આકાશમાંથી વિખરાઇ ગયા, તે-ગની દૃષ્ટિથી ગ્રહોની કાંતિ ઝાંખી પડી ગઈ નિશ્વાસના પવનથી સમુદ્રમાં ખળભળાટ થયો અને દિશાઓના હાથીઓ ભય પામી ચીસો પાડવા લાગ્યા. આકાશમા કેશાળીના આઘાતથી વિમાનો ઉંચે ઉડવા લાગ્યાં અને પગના અતિ ભારથી પૃથ્વી કંપવા લાગી. એમના વેગથી પર્વતો ઉડવા લાગ્યા અને તેજથી આકાશ તથા દિશાઓ નિસ્તેજ થઇ ગયા ૩૩ સભામાં રાજાના ઉત્તમ આસન ઉપર બેઠેલા સર્વના તેજનું હરણ કરનાર સર્વવ્યાપક જેનો કોઇ પણ શત્રુ જાણવામાં ન હતો એવા અત્યંત ક્રોધી તથા ભયંકર મુખવાળા નૃસિંહ ભગવાનની કોઇએ સેવા કરવા તેમની પાસે જવાની હિંમત કરી નહિ. ૩૪ એટલામાં ત્રણ લોકના મસ્તકની પીડા જેવા હિરણ્યકશિપુને ભગવાને યુદ્ધમાં મારી નાખ્યો એવી વાત સાંભળીને આનંદના ઉભરાથી પ્રફુલ્લિત મુખવાળી દેવાંગનાઓ અંતરિક્ષથી ભગવાનની ઉપર પુષ્પની વૃષ્ટિ કરવા લાગી. નૃસિંહ ભગવાનના દર્શન કરવા આવેલા દેવોના વિમાનોથી આકાશમાં ભીડ થઇ ગઇ. દેવતાઓના વાજીંત્ર વાગવા લાગ્યાં

૩૬ બ્રહ્મા ઇંદ્ર શંકર આદિ દેવતાઓ ઋષિઓ પિતૃઓ સિદ્ધો વિદ્યાધરો સર્પો મનુઓ પ્રજાના પતિઓ મોટા મોટા ગંધર્વો અપ્સરાઓ ચારણો યક્ષો કિંપુરૂષો વૈતાળો સિદ્ધો કિન્નરો અને સુનંદ કુમુદ વગેરે ભગવાનના સર્વે પાર્ષદો ત્યાં આવ્યા અને બે હાથ જોડીને સામે ઉભા રહ્યા. તીવ્ર તેજવાળા અને સભામા સિંહાસન ઉપર બિરાજેલા ભગવાન નૃસિંહજીની સ્તુતિ કરવા લાગ્યા. ૩૯

બ્રહ્મા સ્તુતિ કરવા લાગ્યા કે—અનંત શક્તિવાળા વિચિત્ર પરાક્રમવાળા પવિત્ર ચરિત્રવાળા અને પોતાની લીલા ને ગુણોવડે જગતની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય કરનાર અખંડ મૂર્ત્તિવાળા આપને હું નમસ્કાર કરૂંછું

શ્રીરૂદ્ર—આપના કોપનો સમય પ્રલય કાળ છે હમણા તમે એક ઘણા નાના દૈત્યને માર્યો છે. હે ભક્તવત્સલ! હવે શાત થઈ તેનો પુત્ર અને તમારો ભક્ત તમારે શરણે આવ્યો છે તેનું રક્ષણ કરો. ૪૧

ઇંદ્ર—હે પરમેશ્વર નૃસિંહ! તમે અમારૂં રક્ષણ કરીને દૈત્ય પાસેથી અમારા યજ્ઞના ભાગ અમને અપાવ્યા તથા અમારૂં ધ્યાન કરવાનું સ્થાનક એવું અમારૂં હૃદયકમળ રાક્ષસોના ભયથી ભરાઈ ગયું હતું તેને તમે રાક્ષસના ભયમાથી મુકાવી પ્રફુલ્લિત કર્યું હે નાથ! તમારી સેવા કરનાર ભક્તજનોને કાળે ગળેલું આ જગત કંઈ ગણતરીમાં નથી તેઓ મુક્તિને પણ બહુ ઉત્તમ માનતા નથી ત્યારે બીજા સુખોની ઇચ્છા શા માટે કરો?

પછી ઋષિઓ, પિતૃઓ, સિદ્ધો, વિદ્યાધરો, નાગ, પ્રજાપતિઓ, ગંધર્વો યક્ષો કિંપુરૂષો કિન્નરો ભગવાનના પાર્ષદો અને વૈતાળોએ વારા ફરતી આ પ્રમાણે સ્તુતિ કરી કે—હે આદિ પુરૂષ! તમારા પ્રભાવથી ભરપુર એવું તમારૂં ધ્યાન રૂપી તપ કે જે તપથી તમારામાં રહેલા જગતને સરજ્યું હતું તે તપ તમે અમને કહ્યુ. હે શરણાગતરક્ષક! તે તપ હમણાં રાક્ષસે ચુંથી નાંખ્યું હતું પરંતુ રક્ષણ કરવાને અવતાર ધારણ કરનાર તમે અમને તે તપ કરવા ફરીને આજ્ઞા કરી છે. ૪૩ આ અસહ્ય દૈત્ય અમારા પુત્રોએ અમને આપેલા શ્રાદ્ધને ને તીર્થમાં આપેલા તલ તથા જળને પરાણે ખાઈ જતો હતો તે દૈત્યનું આજે તમે નખવતી પેટ ચીરી નાખી તે સર્વ અમને પાછું અપાવ્યું છે. તે અખિલ ધર્મનું રક્ષણ કરનાર આપ નૃસિંહ ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ. ૪૪ હે નૃસિંહ! જે દુષ્ટ દૈત્ય યોગના તથા તપના બળથી અમારી યોગસિદ્ધ સિદ્ધિઓને હરી ગયો હતો, તે અનેક ગર્વવાળા દૈત્યને તમે નખોથી ચીરી નાંખ્યો, તે તમને અમે પ્રણામ કરીએ છીએ. ૪૫ બળથી તથા પરાક્રમથી ગર્વિષ્ઠ થઈ ગયેલા જે અજ્ઞાની દૈત્યે વિવિધ ધારણાથી મેળવેલી અમારી વિદ્યાને અટકાવી દીધી હતી, તે દૈત્યને આપે યુદ્ધમા પશુની પેઠે મારી નાખ્યો તે માયાવડે નૃસિંહનું રૂપ લેનાર આપને સદા નમસ્કાર કરીએ છીએ. ૪૬ જે પાપી દૈત્યે અમારાં રત્નોનુ તથા ઉત્તમ સ્ત્રીઓનું હરણ કર્યું હતું તે દૈત્યની છાતી ફાડી નાખીને આ સ્ત્રીઓને આનંદ આપનાર એવા આપને નમસ્કાર હો. ૪૭ હે દેવ! અમે મનુઓ તમારી આજ્ઞામાં વર્તનાર છીએ. અમારી મર્યાદા જે દૈત્યે તોડી નાંખી હતી તે દુષ્ટ દૈત્યોને તમે મારી નાંખ્યો તે ઠીક કર્યું. હે પ્રભો! અમે તમારી શી આજ્ઞા ઉઠાવીએ? અમે તમારા દાસ છીએ તમે દાસોને આજ્ઞા કરો. ૪૮ હે પરમેશ્વર! અમે પ્રજાપતિઓ છીએ અને તમે અમને પ્રજા સરજવા માટે પ્રેરેલા હતા પરંતુ જે દૈત્યના પ્રતિરોધથી અમે પ્રજાને સરજી શકયા ન હતા તે દૈત્ય તમે નખોવતી તેની છાતી ફાડી નાખવાથી ધરણી ઉપર ઢળી પડયો છે. હે સત્વમૂર્ત્તિ! તમારો આ અવતાર જગતનું

કલ્યાણ કરનારો છે. ૪૯ હે વિભુ ! અમે આપના નૃત્યકાળે નાચનાર અને ગાનાર છીએ તેઓને જે દૈત્યે પોતાના શૌર્યના તથા શક્તિના પ્રભાવથી પોતાને આધીન કર્યા હતા તે દૈત્યને આપે આ દશાએ પહોચાડયો. અવળે માર્ગે ચાલનારો મનુષ્ય સુખી થતો જ નથી. ૫૦ હે હરિ ! મહાત્માઓના મનમા ભય ઉપજાવનાર આ દૈત્યને આપે પુરો કરી નાખ્યો તે આપનાં ચરણ, કે જે સંસારનો નાશ કરનાર છે, તેને અમે શરણે આવ્યા છીએ. ૫૧ હે ચોવીસ તત્ત્વના નિયામક ! અમે મુખ્ય અનુચરો તમારા મન ગમતાં કામો કરીને તમને સેવીએ છીએ. પરંતુ હમણા આ દૈત્યે અમને પોતાના વાહક બનાવ્યા હતા. હે નૃસિંહ ! આ દૈત્યે મનુષ્યોને જે દુઃખ દીધાં હતા તે દુઃખને જાણનાર આપે તેને મારી નાખ્યો તે સારૂં કર્યું.૫૨ અમે કિંપુરૂષ છીએ અને આપ તો મહા પુરૂષ ઇશ્વર છો, માટે અમે આપની સ્તુતિ કેવી રીતે કરી શકીએ ! આ નીચ પુરૂષ હિરણ્યકશિપુ જ્યારથી મહાત્મા પુરૂષોએ તેનો ધિક્કાર કર્યો હતો ત્યારથી જ મરી ગયો હતો. ૫૩ અમે સભાઓમા તથા યજ્ઞોમા તમારી નિર્મળ કીર્તિ ગાઇને મોટી દક્ષિણાઓ મેળવતા હતા પણ આ દુર્જન નિરંતર તે અમારી પાસેથી પડાવી લેતો હતો. હે ભગવન ! આપે રોગની પેઠે તેનો નાશ કર્યો તે બહુ સારૂ કર્યું. હે ઇશ્વર! અમે કિન્નરો તમારા સેવક છીએ. આ દૈત્ય અમારી પાસે બળાત્કારે કામ કરાવતો હતો તે પાપીને, હે હરિ ! આપે મારી નાંખ્યો. હે નૃસિંહ ! હે નાથ ! આપ અમારૂં કલ્યાણ કરો. હે ભકતોને આશ્રય આપનાર ! સર્વ લોકોને સુખ આપનારૂં તમારૂં અદ્ભુત એવું આ નૃસિંહનું રૂપ અમે આજે જ દીઠુ. હે ઇશ્વર ! આપનો દાસ આ હિરણ્યકશિપુ બ્રાહ્મણોથી શાપિત થયો હતો તેનુ આપે મૃત્યુ કર્યુ, તે તેના અનુગ્રહ માટે કર્યું છે એમ અમે જાણીએ છીએ. ૫૬

अद्यैत[illegible]रिनररूपमद्भुतं ते दृष्ट
नः शरणद सर्वलोकशर्म ।
सोयं ते विधिकर ईश विप्रशप्तस्तस्येद
निधनमनुग्रहाय विद्मः ॥ ५६ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेसप्तमस्कंधे
अष्टमोध्यायः

અધ્યાય ૯ મો.†

પ્રહ્લાદે કરેલી નૃસિંહની સ્તુતિ.

नारद उवाच

एवं सुरादयः सर्वे ब्रह्मरुद्रपुरःसराः ।
नोपैतुमशकन्मन्युसंरभं सुदुरासदम् ॥ १ ॥

નારદ બોલ્યા કે–એ પ્રમાણે ક્રોધથી ઉગ્ર થયેલા અને પાસે જઇ શકાય નહિ એવા નૃસિંહની સમીપ જવા માટે બ્રહ્મા રૂદ્ર વગેરે સર્વે દેવતાઓ હિંમત કરતા ન હતા. ૧ પછી દેવતાઓએ નૃસિંહની પાસે સાક્ષાત લક્ષ્મીજીને મોકલ્યાં, પરંતુ તે નૃસિંહનું પૂર્વે જોયેલું નહિ તથા સાંભળેલું નહિ એવું અદ્ભુત રૂપ જોઇને, ત્રાસની શંકાથી પાસે ગયાં નહિ. ૨ પછી બ્રહ્માએ પોતાની પાસે ઉભેલા પ્રહ્લાદને કહ્યું કે, હે તાત ! તારા પિતા ઉપર ક્રોધાયમાન થયેલા પ્રભુની પાસે તુજ જા અને શાંત કર. એમ કહીને તેને નૃસિંહની પાસે મોકલ્યો. ૩ હે રાજા ! મહા ભગવદ્ભક્ત એવા તે બાળકે 'અસ્તુ' એમ કહી ધીરે રહીને નૃસિંહ ભગવાનના પાસે જઇ બે હાથ જોડી પૃથ્વી ઉપર પડી તેમને પ્રણામ કર્યા. શ્રી નૃસિંહે પોતાના ચરણકમળમાં પડેલા બાળકને કૃપાથી પરિપૂર્ણ અંતઃકરણે ઉઠાડી કાળરૂપી સર્પથી મનમાં ત્રાસ પામેલા લોકોને અભય આપનારો પોતાનો કર તેના મસ્તક ઉપર ફેરવ્યો. ૫

† આ અધ્યાયમા બ્રહ્માએ ભયથી પ્રહ્લાદને નૃસિંહનો કોપ શમાવવા માટે મોકલ્યો, તે નૃસિંહનો કોપ શાંત કરતો અતિ ભયંકર એવા નૃસિંહની સ્તુતિ કરવા લાગ્યો તે કથા છે.

ભગવાનના હાથના સ્પર્શથી તે સર્વ પાપમાથી મુક્ત થયો, તેને તરત બ્રહ્મસ્વરૂપનું અપરોક્ષ જ્ઞાન થયું, હૃદયમાં નિવૃત્તિ સુખ થયું, શરીર ઉપર રોમાંચ આવ્યો ને હૃદય પ્રેમથી ભરાઈ ગયુ . આખમાં પ્રેમનાં અશ્રુઓ આવી ગયા અને તે મનમાં ભગવાનના ચરણકમળનું ધ્યાન ધરવા લાગ્યો ૬ પછી જિતેંદ્રિય એવો પ્રહ્‌લાદ શ્રીહરિને નેત્ર અર્પણ કરીને એકાગ્ર મને પ્રેમથી ગળગળી વાણીએ આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો. ૭

પ્રહ્‌લાદ–બ્રહ્માદિક દેવતાઓ મુનિઓ તથા સત્વગુણમા જેમની બુદ્ધિ વિસ્તાર પામેલી છે એવા સિદ્ધ પુરૂષોના વચનોના પ્રવાહોથી તથા ઘણા ગુણોથી અદ્યાપિ સુધી આપનું આરાધન કરવાને કોઇ સમર્થ થયું નથી ત્યારે હું આસુરી બુદ્ધિનો પુરૂષ કેવી રીતે સમર્થ થાઉં? ૮ હું માનુ છું કે, ધન ઉત્તમ કુળમા જન્મ રૂપ તપ પંડિતતા ઇદ્રિયોની કુશળતા કાંતિ પ્રતાપ બળ ઉદ્યમ બુદ્ધિ અને અષ્ટાંગ યોગ પરમાત્માને પ્રસન્ન કરવા સમર્થ થતાં નથી. ભગવાન ભક્તિથી ગજેન્દ્રને પ્રસન્ન થયા હતા. ઉંચા ગુણોવાળો હોવા છતા પણ જો ભગવાનથી વિમુખ હોય તો તેના કરતાં ભગવાનને વિષે મન વચન કર્મ ધન તથા પ્રાણને અર્પણ કરનાર ચ ડાળને ઉત્તમ જાણવો. તે પોતાના કુળને પવિત્ર કરે છે અને ઘણા માનવાળો બ્રાહ્મણ પોતાને પવિત્ર કરી શકતો નથી, તો બીજાની શી વાત કરવી.૧૦ ભગવાન પોતે સ્વસ્વરૂપના લાભથી પરિપૂર્ણ છે માટે તે અજ્ઞાની મનુષ્યની પાસેથી પોતાની પૂજા ગ્રહણ કરવાની ઇચ્છા કરતા નથી પરંતુ દયાળુ છે. મનુષ્ય મુખ ઉપર તિલકાદિકની જે શોભા કરે છે તે શોભા જેમ પ્રતિબિંબને મળે છે તેમ મનુષ્ય ભગવાનની જે જે પૂજા કરે છે તે પૂજા કરનારને મળે છે. ૧૧ નીચ તથા માયાવડે સંસારમાં પડેલો હુ નિર્ભય થયા છતાં સર્વ પ્રયત્નથી બુદ્ધિને અનુસાર ઇશ્વરનો મહિમા ગાઉં કે જે મહિમા ગાવાથી સર્વ પુરૂષ પવિત્ર થાય છે. ૧૨ હે ઇશ્વર ! તમારાથી ઉદ્વેગ પામતા આ સર્વે બ્રહ્માદિક દેવતાઓ સત્વગુણના નિધિરૂપ જે તમે તેમના દાસ છે. અમારી પેઠે વેરભાવથી ભજનાર નથી. આપના મનોહર અવતારો અને અદ્‌ભુત લીલાઓ આ જગતના કલ્યાણ માટે ઐશ્વર્ય માટે તથા સુખ માટે છે ભય ઉપજાવવા માટે નથી.૧૩ તમે ક્રોધને શાંત કરો. અસુરને આપે હણ્યો હવે કે ધનું શું પ્રયોજન છે? વિંછી અથવા સર્પને મારી નાખવાથી જેમ મહાત્મા પુરૂષ પ્રસન્ન થાય છે તેમ આ રાક્ષસના નાશથી સઘળા લોકો પ્રસન્ન થયા છે અને સુખ પામેલા સર્વે લોકો તમારા ક્રોધની શાંતિની પ્રતિક્ષા કરે છે. હે નૃસિંહ ! લોકો પોતાનો ભય દૂર થવા તમારા સ્વરૂપનું સ્મરણ કરે છે માટે હવે ક્રોધને શમાવો હે અજીત ! અત્યંત ભયકર એવા જે તમે તેમનું આ રૂપ કે જે મુખ જીભ અને સૂર્યના જેવી આંખો ભ્રુકુટી તથા ઉગ્ર દાઢોથી અત્યંત ભયંકર છે ગળામાં આંતરડાની માળા છે કેશવાળી લોહીથી ખરડાયેલી છે. કાન ખીલાની પેઠે ઉભા છે, ગર્જનાથી દિશાના હાથીઓ ડરી જાય છે પણ શત્રુને નખોની અણીઓથી ફાડી નાખનાર આવા રૂપથી હું ડરતો નથી. ૧૫ હે કૃપાવત્સલ ! અસત્ય તથા ઉગ્ર એવા સંસારચક્રના દુઃખથી હું ભય પામું છું. આ સંસારચક્રમાં મને મારા પોતાના કર્મોવડે બાધીને હિંસક કુળમાં નાખ્યો છે, માટે હે શ્રેષ્ઠ ! હે સુંદર ! આપ પ્રસન્ન થઇને મોક્ષરૂપ ને શરણરૂપ તમારા ચરણની સેવામા કયારે બોલાવશો ? ૧૬ પ્રિય પદાર્થોના વિયોગથી તથા અપ્રિય પદાર્થના લાભથી થતા શોકાગ્નિવડે સર્વ અવતારોમાં હું બળ્યા કરૂં છું. આ સંસારનાં દુઃખ દૂર કરવાના જે ઉપાય છે તે પણ દુઃખદાયી છે,

હે પરમાત્મા ! હુ દેહાદિકના અભિમાનથી ભટકયા કરૂં છું મને તમારો સેવા બનાવો. ૧૭ હે નૃસિંહ ! તમારી સેવા કરનારો હું ગુણના બંધનોમાથી મુકત થઇ, તમારા ચરણારવિંદમાં રહેનાર જ્ઞાની પુરૂષોનો સગ કરીશ અને પ્રિય સંબધી પરમ દેવત એવા આપની બ્રહ્માએ ગાયેલા ચરિત્ર કથાઓને ગાવાથી શ્રમ વિના દુ ખોને તરી જઇશ ૧૮ હે નૃસિહ ! હે વિભો ! આ જગતમા દુઃખી મનુષ્યના દુ:ખનો ઉપાય જેને શ્રમ વિના લાગુ પડે એવા તમે પ્રાણીઓની ઉપેક્ષા કરી નથી ત્યા સુધી લાગુ પડે છે, પરંતુ તમે ઉપેક્ષા કરો છો ત્યારે માતા પિતા પણ બાળકનું રક્ષણ કરી શકતા નથી,ઔષધ રોગીનું રક્ષણ કરી શકતું નથી અને સમુદ્રમાં ડુબતા મનુષ્યનુ નૌકા રક્ષણ કરી શકતી નથી. ૧૯ ભિન્ન ભિન્ન સ્વભાવવાળા પૂર્વે ઉત્પન્ન થયેલા બ્રહ્માદિક અથવા ઉત્પન્ન થયેલા માતાપિતા જેને વિષે જે કારણથી જ્યારે જેનાથી જે સંબધી જેને માટે જે રીતે જેની પ્રેરણાથી અને જેને ઉત્પન્ન કરે છે તથા રૂપાંતર પમાડે છે તે સર્વ આપનુ સ્વરૂપ છે. ૨૦ કાળે ક્ષોભ પમાડેલા ગુણવાળી માયા તમારા અંશભૂત પુરૂષની કૃપાદૃષ્ટિથી કર્મ કરનારા બળવાન વેદોક્ત કર્મમય તથા અવિદ્યાએ અર્પણ કરેલા, સોળ વિકારવાળા મનને ઉત્પન્ન કરે છે સંસારમાં ચક્રરૂપ ગણતાં મનથી હે અજન્મા ! તમારા ભકત વિના બીજો કોણ તરી શકે ?૨૧ પોતાની ચૈતન્ય શકિતવડે બુદ્ધિના ગુણોનો નિત્ય વિજય કરનારા માયાને પ્રેરનાર કાર્ય તથા કારણોની શકિતને વશ કરનાર આપની માયાએ સોળ આરા વાળા સંસારકુપમાં નંખાયલો હુ શેલડીની પેઠે પીલાઉ છુ અને તમારે શરણે આવ્યો છુ,તેને તમારી પોતાની પાસે લ્યો ૨૨ હે વિભુ ! સર્વ લોકપાળોના આયુષ્ય લક્ષ્મી ને વૈભવ કે જેમને મનુષ્ય ઇચ્છે છે તે મારા જેવામા આવ્યા. જેઓ અમગ પિતાના ક્રોધાયુક્ત હાસ્યથી ઉંચી ચઢેલી ભ્રકુટીના ફરકવાને લીધે નાશ પામ્યા હતા તે અમારા પિતાને પણ તમે મારી નાખ્યો ૨૩ પ્રાણીઓના વૈભવોના પરિણામને જાણનારો હું બ્રહ્માદિકથી માંડીને સર્વ પ્રાણીઓના આયુંષ્યની, લક્ષ્મીની તથા ઇંદ્રિયોથી ભોગવાના સુખોની ઇચ્છા કરતો નથી. તેમ મોટા પરાક્રમવાળી તમારી કાળમૂર્તિથી નાશ પામતી સિદ્ધિઓને પણ ઇચ્છતો નથી. મને તમારા દાસની પાસે લઇ જાઓ. ૨૪ કાનને પ્રિય લાગનારા પરિણામે મૃગજળ જેવા સસારના વૈભવો કયા ? અને સર્વ રોગોના ઉત્પત્તિ સ્થાન રૂપ આ કલેવર કયા ? આ પ્રમાણે મનુષ્ય જાણે છે છતા દુર્લભ એવા અલ્પ સુખોથી કદી વૈરાગ્ય પામતો નથી. ૨૫ હે ઇશ ! આ અધિક તમોગુણવાળા દૈત્યના કુળમાં રજોગુણથી ઉત્પન્ન થયેલો હું કયા ? તથા તમારી દયા કયા ? તમે મારા મસ્તક ઉપર પુરૂષાર્થ આપનારો જે કર ફેરવ્યો તે બ્રહ્માના શંકરના તથા લક્ષ્મીના મસ્તક ઉપર ફેર્યો નથી ૨૬ સામાન્ય પ્રાણીની પેઠે આ બ્રહ્માદિક દેવતાઓ તથા આ અસુર એવી આપને વિષમ દૃષ્ટિ નથી. કારણ કે, તમે જગતના આત્મા અને પ્રિય છો કલ્પવૃક્ષની પેઠે તમારી સેવા કરવાથી તમારો અમારા ઉપર અનુગ્રહ થાય છે તેમાથી જે ફળ મળે છે તે સેવાના પ્રમાણમાં મળે છે માટે તેમા વિષય બુદ્ધિ કરવી નહિ. ૨૭ હે ભગવન ! તમે જેમ માગ ઉપર દયા કરી છે તેમ સસારરૂપી સર્પવાળા કુવામા પડેલા વિષયભોગની ઇચ્છાવાળા અને વિષયી પુરૂષોના પ્રસગથી વિષયાધ રૂપમા પડતા મને દેવર્ષિ નારદે પોતાનો કરીને રાખ્યો છે, તે હુ આપના સેવકની સેવા કેમ છોડું ? ૨૮ હે અનત ! આપે મારા પ્રાણની રક્ષા અને મારા પિતાનો વધ કર્યો તે પોતાના ભકત-

જનનાં અને ઋષિઓના વચન સત્ય કરવા કરેલું છે એમ હું માનુ છુ અયોગ્ય કર્મ કરવાની ઈચ્છાવાળો મારો પિતા હાથમાં તરવાર લઈને બોલ્યો કે, મારા વિના બીજો ઈશ્વર હશે તો તે તારૂં રક્ષણ કરશે નહિ તો હું તારૂં મસ્તક છેદન કરીશ.

આ સર્વ જગત રૂપ તમે એક જ છો, કારણ કે તમે જગતના આદિમા તથા અંતમા પણ અવશેષ રહો છો અને તેથી મધ્યમાં પણ તમે છો. તમે પોતાની માયાથી ગુણોના પરિણામ રૂપ આ જગતને સર્જીને તેમા પ્રવેશ કરેલો છે અને તમે માયાના ગુણોથી કોઇના રક્ષક કોઇના ભક્ષક, એમ અનેક રૂપે ભાસો છો. ૩૦ હે ઈશ્વર ! આ સદ્ અ સદ્રૂપ જગત તમારૂં રૂપ છે તમે જગત્થી ભિન્ન છો 'આ પોતાનો તથા આ પારકો,' આવી જે બુદ્ધિ તે મિથ્યા અને માયારૂપ છે જેની જેમાથી ઉત્પત્તિ જેનાથી પ્રકાશ જેમાં સ્થિતિ તથા જેમા લય થાય તે વસ્તુ તદ્રૂપ જાણવી જેમ વૃક્ષ પૃથ્વીમય બીજરૂપ છે અને તે બીજ સૂક્ષ્મ ભૂતરૂપ છે અને સૂક્ષ્મ ભૂત તે પરબ્રહ્મરૂપ છે તેમ સર્વ જગત ભૂતરૂપ છે. ભૂતો પોતાના સૂક્ષ્મ મૂર્તરૂપ છે અને સૂક્ષ્મ ભૂત પરબ્રહ્મરૂપ છે ૩૧ આ જગતને પોતાના સ્વરૂપમા મૂકીને સ્વસ્વરૂપના સુખનો અનુભવ કરનાર ચેષ્ટારહિત એવા તમે પોતે પ્રલયના જળમાં શેષશય્યા ઉપર પોઢો છો અને યોગવડે નેત્રો મિચી આત્મસ્વરૂપના પ્રકાશથી નિદ્રાનો વિજય કરી જાગ્રત સ્વપ્ન તથા સુષુપ્તિ. એ ત્રણ અવસ્થાથી ભિન્ન તુરિયાવસ્થામા રહો છો પરંતુ સુષુપ્તિમા અનુભવાતા અજ્ઞાનને તથા જાગ્રત અને સ્વપ્નમા અનુભવાતા વિષયોને જોતા પણ નથી.૩૨ તમે જે પ્રલયના જળમાં પોઢો છો અને પોતાની કાળશક્તિથી માયાના ગુણોને પ્રેરો છો તે તમારૂં આ જગત શરીર છે. જળમા શેષની શય્યામાં પોઢેલા તમે સમાધિ પૂરી કરતા એક નાના બીજમાથી જેમ વડ ઉત્પન્ન થાય તેમ લોકાત્મક મહા કમળ ઉત્પન્ન કર્યુ છે. જે તમારે વિષે ગુપ્તરહેલું હતુ કમળમાથી ઉત્પન્ન થયેલા બ્રહ્માએ આડુ અવળુ જોયું પણ કમળ વિના બીજું કંઇ દીઠુ નહિ. તેમણે પાણીમાં ઉતરી પોતાને વિષે વ્યાપેલા બીજરૂપ તમને પોતાથી બહાર છો એમ વિચારીને સો વર્ષ સુધી શોધ્યા, પરંતુ પાર મળ્યો નહિ, અંકુર ફુટ્યા પછી બીનો પત્તો કયાં લાગે. શોધતાં પણ તમે મળ્યા નહિ ત્યારે બ્રહ્માએ આશ્ચર્ય પામી લોકાત્મક કમળ ઉપર બેશી ઘણા વર્ષ સુધી તપશ્ચર્યા કરી તેથી તેમનું અંતઃકરણ શુદ્ધ થયુ. હે ઇશ ! તેમણે પૃથ્વીમાંથી જેમ સૂક્ષ્મ ગધ આવે તેમ પાચ મહા ભૂતો, ઇંદ્રિયો ને અંતઃકરણરૂપ તમને શરીરમા જ વ્યાપેલા દીઠા. ૩૫ ઉપર પ્રમાણે તપશ્ચર્યા કરવાથી હજાર મુખ પગ મસ્તક હાથ સાથળ નાક તથા નેત્રોવાળું આભરણો અને આયુધોથી ભરપુર અને લોકોવડે જેના અવયવોની રચના છે એવું માયાવી મહાપુરૂષનુ વિરાટ ભગવાનનુ સ્વરૂપ જોઇ બ્રહ્મા આનદ પામ્યા. ૩૬ આપે હયગ્રીવનો અવતાર ધારણ કરી દેવતાઓનો દ્રોહ કરનાર રજોગુણ તથા તમોગુણની મૂર્તિ રૂપ મહા બળશાળી મધુ તથા કૈટભ નામે બે દૈત્યોનો નાશ કરી બ્રહ્માને વેદ આણી આપ્યા. હે પ્રભુ ! સત્વગુણોને તમારી પ્રિય મૂર્તિ કહે છે. ૩૭ તમે મનુષ્ય પશુ પક્ષી દેવને મત્સ્યાવતાર ધારણ કરી લોકોની રક્ષા કરી તમે જગતનો દ્વેષ કરનાર પાપી લોકોનો નાશ કરો છો. યુગે યુગે ચાલ્યા આવતા ધર્મનું પાલન કરો છો પરંતુ કળિમાં ગુપ્ત રહો છો. માટે તમે ત્રિયુગના નામથી પ્રખ્યાત છો.૩૮ હે વૈકુંઠનાથ ! પાપ દૂષિત બહિર્મુખ અસ્થિર કામનાથી આતુર હર્ષ શોક ભય અને તૃષ્ણાથી આતુર એવું મારૂં

મન તમારી કથાથી પ્રસન્ન થતુ નથી. હું દીન મારી ગતિનો કેવી રીતે વિચાર કરી શકું ? ૩૯

હે અચ્યુત ! તૃપ્તિ ન પામતી જીહવા એક તરફથી મને ખેચે છે બીજી તરફથી વિષયો મને ખેંચે છે. પેટ આહાર માટે ખેંચે છે, શ્રવણેંદ્રિય મધુર શબ્દો સાંભળવા ખેંચે છે ઘ્રાણેંદ્રિય (નાસિકા) સુગંધ લેવા ચપળ એવા નેત્ર સુંદર રૂપ જોવા અને કર્મેન્દ્રિયો પોતપોતાના વિષયો તરફ મને ખેચે છે. હે મહારાજ ! હું જ કેવળ આવી દુઃખી દશાને પામ્યો છું એમ નથી, પરંતુ બીજા મનુષ્ય પણ દુઃખી છે. તેઓ સંસાર રૂપી વૈતરણી નદીમાં પડેલા છે. એક બીજાથી થતા જન્મ મરણ તથા ભક્ષણથી ડરે છે. પોતાનો સાથે કલહ વેર અને મૈત્રી કર્યા કરે છે. હે પ્રભુ ! આવા મૂઢ મનુષ્યો ઉપર કૃપા કરીને તેમને સંસારરૂપી વૈતરણીમાથી આપ પાર ઉતારો. ૪૧ કદાપિ આપ કહેશો કે, મારે એકલાએ સર્વ મનુષ્યનો કેવી રીત ઉદ્ધાર કરવો તો તેના ઉત્તરમા કહેવાનું કે હે ભગવન ! આપ આ સર્વ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરવાને સમર્થ છો, તે તમને આ સર્વ જગતનો ઉદ્ધાર કરવામાં શો શ્રમ પડવાનો છે? હે આતુર બંધુ! મૂઢ મનુષ્યો ઉપર અનુગ્રહ કરવો એમા મહત્તા છે પરંતુ તમારા ભકતજનોની સેવા કરનારનો તમે ઉદ્ધાર કરશો એમા નવાઈ નથી ? હે પરમાત્મા ! આપનાં પરાક્રમોના ગાનરૂપી મહા અમૃતમાં મારૂં મન મગ્ન છે, તેથી હું તરી શકાય નહિ એવી સંસાર રૂપી વૈતરણીથી ઉદ્વેગ પામતો નથી જેઓનું મન તમારી કથાથી વિમુખ છે ને જેઓ મિથ્યા સુખને માટે કુટુંબોનો ભાર વહ્યા કરે છે એવા મૂઢ લોકોનો હુ શોક કરૂં છુ. ૪૩ હે દેવ ! તમે કહેશો કે તુ તારે મુકિત લઇ લે બીજા મૂઢ મનુષ્યોને તત્વવેત્તા મુનિઓ ઉપદેશ આપશે. તેના ઉત્તરમા કહેવાનું કે મુનિઓ ઘણું કરીને પોતાની મુક્તિ કરવાની ઇચ્છાથી વનમાં એકાંત પ્રદેશમા તપશ્ચર્યા કરે છે બીજાનું કંઇ પણ કાર્ય કરવામાં તત્પર રહેતા નથી માટે હુ એ કૃપણ લોકોને છોડી એકલો મુકિત પામવાની ઇચ્છા રાખતો નથી. આપને કહેવાનું કારણ એ છે કે સંસારાટવીમાં ભટકતા લોકોને તમારા વિના બીજો કોઇ આશ્રય નથી. ગૃહસ્થાશ્રમમા જે સુખ છે તે તુચ્છ છે. શરીરમા ખણુજ આવવાથી બન્ને હાથે ખજવાળતા જેમ એક દુઃખ દૂર કરવા જતા બીજું દુખ ઉત્પન્ન થાય છે, તેમ જ વિષયસુખોમા એક દુઃખ દૂર કરવા જતાં બીજું દુઃખ ઉત્પન્ન થાય છે. કૃપણ લોકો બહુ દુખો ભોગવે છે તોપણ સંસારના સુખથી ધરાતા નથી, કોઇક ધીરજવાન મનુષ્ય આપની કૃપાથી તે ઇચ્છાઓને દાબે છે ૪૫ મૌન ચાદ્રાયણાદિ વ્રત શાસ્ત્ર શ્રવણ તપશ્ચર્યા વેદાધ્યયન સ્વધર્માચરણ વ્યાખ્યાન એકાત નિવાસ જપ અને સમાધિ, એ મોક્ષનાં સાધન છે, પરંતુ એ સાધનો ઘણું કરી ઈન્દ્રિયાધીન મનુષ્યોને આજીવિકામાં ઉપયોગી થઈ પડતાં નથી. દાંભિક મનુષ્યોને ઉદર પોષણ માટે ઉપયોગી થઈ પડે છે અને સમય ઉપર ઉપયોગી થતા નથી. ૪૬ બીજમાથી અંકુર અને અંકુરમાથી બીજ એમ પ્રવાહરૂપે ચાલતા તમારા કાર્ય કારણરૂપ બે સ્વરૂપ વેદે ગાયેલા છે પ્રાકૃતરૂપ રહિત જે તમે તના જ તે રૂપ છે તમારાથી ભિન્ન નથી. મથન કરવાથી જેમ અગ્નિ લાકડામા રહેલો છે તે જોવામાં આવે છે તેમ જ જીતેંદ્રિય પુરૂષો યોગાભ્યાસ અને કાર્ય કારણ બન્નેમા રહેલા તમને જુવે છે. કાર્ય–કારણ તમારા વિના બીજા પ્રધાન તથા પરમાણુ આદિથી ઉત્પન્ન થતા નથી ૪૭ વાયુ અગ્નિ પૃથ્વી આકાશ પાણી શબ્દાદિક વિષયો પ્રાણ ઇંદ્રિયો મન ચિત્ત અહંકાર સ્થૂલ તથા સૂક્ષ્મ એ

સર્વ તમે જ છો, મનથી તેમજ વચનથી જે કંઇ પ્રકાશિત થાય છે તે સર્વ તમારાથી ભિન્ન નથી. ૪૮ ગુણો ગુણવાનો મહત્તત્ત્વાદિક દેવતાઓ અને મનુષ્યો આદિક સર્વ અંતવાળા છે. તેઓ હે ઇશ્વર ! આદિ અને અંત રહિત તમારા સ્વરૂપને જાણતા નથી, એવો વિચાર કરીને બુદ્ધિશાળી પુરૂષો અધ્યયનાદિક વ્યાપારનો ત્યાગ કરી તમારી ઉપાસના કરે છે હે પૂજ્યતમ ! સર્વ કર્મો આપને અર્પણ કરવાં તેમજ આપના ચરણનુ સ્મરણ અને કથાનુ શ્રવણ એ રીતે તમારી છ અંગવાળી સેવા કર્યા વિના પરમહંસોને મળી શકે એવા ભગવાનની મનુષ્ય કેવી રીતે ભક્તિ કરી શકે અને ભક્તિ કર્યા વગર મોક્ષ પણ કયાથી મળે અને સેવા વિના ભક્તિ સિદ્ધ થાય નહિ માટે પ્રથમ તો તમારૂં દાસત્વ મને આપો ૫૦

નારદ—પ્રહ્લાદે ભકિતથી નિર્ગુણ ભગવાનના ગુણોનુ વર્ણન કર્યા પછી ક્રોધને નિયમમા રાખી પ્રસન્ન થઇને નૃસિંહ ભગવાન પ્રણામ કરતા પ્રહ્લાદને નીચે પ્રમાણે કહેવા લાગ્યા. હે અસુરશ્રેષ્ઠ ! તારૂં કલ્યાણ થાઓ હુ તારા ઉપર પ્રસન્ન થયો છું હુ મનુષ્યોના મનોરથો પૂરનારો છુ માટે તુ પણ ઇચ્છિત વર માગી લે. ૫૨ હે આયુષ્યમાન ! જે મને પ્રસન્ન કરતો નથી તેને મારૂ દર્શન દુર્લભ છે મારૂ દર્શન કરનાર કોઇ પ્રાણી ફરીને પોતાને માટે સંતાપ કરતો નથી, ૫૩ માટે કલ્યાણની કામનાવાળા મહા ભાગ્યશાળી તથા સદ્‌ગુણવાળા ધીર પુરૂષો સર્વ સુખોના સ્વામી એવા મને સર્વ પ્રકારના ભાવથી હંમેશ પ્રસન્ન કરે છે ૫૪

નારદ કહે છે કે—આ પ્રમાણે લોકોને લલચાવનારાં વરદાનોથી પ્રહ્લાદને ભગવાને બહુ લલચાવ્યો, પણ તે નિષ્કામ ભકત હતો તેથી તેણે વરદાનની ઇચ્છા કરી જ નહિ. ૫૫

एवं प्रलोभ्यमानोऽपि वरैर्लोकप्रलोभनैः
एकांतित्वाद्भगवति नैच्छत्तानसुरोत्तमः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेसप्तमस्कंधे नवमोध्यायः

અધ્યાય ૧૦ મો.‡

પ્રહ્લાદને પ્રભુ પ્રસન્ન થયા.

नारद उवाच

भक्तियोगस्य तत्सर्वमंतरायतयाऽर्भकः
मन्यमानो हृषीकेशं स्मयमान उवाच ह ॥

નારદ કહે છે કે—પ્રહ્લાદ તે સર્વ વરદાનોના સુખને ભક્તિયોગમાં અંતરાયરૂપ માની હસતો હસતો શ્રી ભગવાનને આ પ્રમાણે કહેવા લાગ્યો ૧ હું જન્મથી જ કામનાઓમા બંધાયલો છું એટલે મને કામનાઓથી લલચાવો નહિ. હું કામનાઓના સંગથી ડરૂ છુ તેથી ખિન્ન થયો છું અને મુક્તિની ઇચ્છાથી તમારે શરણે આવ્યો છુ. ૨ મારામા ભકતના લક્ષણો છે કે નહિ તે જાણવાની ઇચ્છાથી તમે મને કામનામાં પ્રેરો છો, કે જે કામનાઓ પ્રાણીને સંસારભાવના કરાવવામા બીજરૂપ છે હૃદયમા ગાઢ રૂપે રહેલી છે ૩ મારી પરીક્ષા વિના આપ દયાળુને બીજું કંઇ કારણ હોય એવું ઘટતુ નથી. જે મનુષ્ય તમારો ભકત થઇને તમારી પાસેથી વરોની આશા રાખે તેને ભકત જાણવો નહિ ૪ જે સેવક પોતાના સ્વામી પાસેથી નાના પ્રકારની વસ્તુઓની ઇચ્છા રાખે છે તેને સેવક જાણવો નહિ. તેમજ જે સ્વામી પોતાના સેવક પાસેથી સેવાની ઇચ્છા રાખીને તેને ઇષ્ટ પદાર્થો આપે છે તેને સ્વામી જાણવો નહિ ૫ હુ તો કામના રહિત છુ, તમારો ભકત છુ અને તમે કામના રહિત મારા સ્વામી છો. રાજા અને તેના સેવકની માફક આપણી વચ્ચે કામનાદિકનું પ્રયોજન નથી. ૬ આપ કહેતા હો કે, મારા સંતોષને માટે તારે કઇ પણ માગવું જોઇએ તો હે વરદ ! તમે મને મારા હૃદયમા કોઇ દિવસ કામનાનો અંકુર ફૂટે નહિ એવું વરદાન

‡ આ અધ્યાયમા ભગવાન નૃસિંહ પ્રહ્લાદ ઉપર અનુગ્રહ કરી અંતર્ધાન થયા તે તથા ત્યા પ્રસંગે રૂદ્રની ઉપર કરેલો તેમનો અનુગ્રહ વર્ણવાય છે

આપો, ૭ કારણ કે કામનાઓની ઉત્પત્તિથી ઈંદ્રિયો મન પ્રાણ આત્મા ધર્મ ધૈર્ય બુદ્ધિ લજ્જા લક્ષ્મી તેજ સ્મૃતિ અને સત્ય નાશ પામે છે.૮ મનુષ્ય જ્યારે મનથી સ્થિર થઇને સઘળી કામનાઓનો ત્યાગ કરે ત્યારે જ હે કમલનયન ! તે પરમાત્મ સ્વરૂપને જાણે છે મહાત્મા પુરૂષ પૂર્ણ ભગવાન એવા આપને નમસ્કાર કરૂ છું અદ્ભુત સિંહનુ સ્વરૂપ ધારણ કરનાર પરમાત્મા પરબ્રહ્મ રૂપી શ્રીહરિ એવા આપને મારા નમસ્કાર છે ૧૦

નૃસિંહ ભગવાન બોલ્યા કે–તમારા જેવા મારા જે નિષ્કામ ભક્તો છે તેઓ મારી પાસેથી આ લોકના તથા પરલોકના સુખોની કદી પણ આશા રાખતા નથી તુ આ એક મન્વતર સુધી રહે અને દૈત્યોના રાજાઓના વૈભવો ભોગવ. ૧૧ ભોગો ભોગવતા મને બંધન થશે એવો ભય રાખીશ નહિ તું મારી પ્રિય કથાઓનુ શ્રવણ કરજે અને સર્વ પ્રાણી ઓમા વ્યાપક એવા ઇશ્વર તથા યજ્ઞના અધિષ્ઠાતારૂપ જે હુ તેને મનમા ધારણ કરીને યજન કરજે તથા સર્વ કર્મો મને અર્પજે તું ભોગો ભોગવી ને પુણ્યનો સચય કરીને પાપનો અને કાળના વેગથી દેહનો ત્યાગ કરીને તથા દેવતાઓએ ગાયેલી મારી પવિત્ર કીર્તિને જગતમા વિસ્તારી બધનમાથી છુટો થઇ અંતે મને પામીશ ૧૩ જે મનુષ્ય તે કરેલી મારી આ સ્તુતિનો પાઠ કરશે અને સમય ઉપર તારૂં તથા મારૂ સ્મરણ કરશે તે કર્મના બધનમાથી છુટશે ૧૪

પ્રહલાદ બોલ્યો કે–હે પ્રભો ! આપ વરદાન આપનારાઓના સ્વામી છો તમારી પાસેથી હું એજ વરદાન માગુ છુ કે તમારા મહિમાને નહિ જાણનાર મારા પિતાએ ત મારી નિદા કરી ક્રોધથી ભરેલા અંતઃકરણ વાળા અને સાક્ષાત સર્વ લોકોના ગુરૂ એવા આપ પરમાત્મા ઉપર–આ તો મારા ભાઇનો નાશ કરનાર છે–એવી મિથ્યા બુદ્ધિ કરી તે મારો પિતા તમારો ભક્ત જે હું તેનો પણ દ્રોહ કરતો હતો. હે દીનવત્સલ ! જો કે તમારા કટાક્ષના પાતથી તે કદાપિ પવિત્ર થયો હશે તોપણ તે મારો પિતા દુરંત ને દુસ્તર એવા પાપમાથી પવિત્ર થાઓ. ૧૭

શ્રીનૃસિંહ ભગવાન બોલ્યા કે–હે નિર્દોષ બાળક ! કુળને પવિત્ર કરનારો તુ મહાત્મા જ્યારથી એના કુટુબમાં જન્મ્યો ત્યારથી તે પોતાની એકવીસ પેઢી સાથે પવિત્ર થયો છે ૧૮ જ્યા જ્યા શાન્ત અને સમાન દૃષ્ટિવાળા સાધુ સદાચારવાળા મારા ભક્તો અવતરે છે ત્યા ત્યા કલ્યાણ જ વર્તે છે. ૧૯ હે દૈત્યેંદ્ર ! મારી ભક્તિથી ઇચ્છા રહિત થયેલા મહાત્મા પુરૂષો પ્રાણીઓમા કોઇ પણ રીતે કોઇ પણ પ્રાણીની હિંસા કરતા નથી. કોઈને દુઃખ દેતા નથી. ૨૦ આ જગતમા જે પુરૂષો મારા ભક્ત થશે તે સર્વ ભક્તોમા તું મુખ્ય ગણાશે. ૨૧ તારો પિતા મારાં અંગોનો સ્પર્શ કરવાથી સર્વ રીતે પવિત્ર થયેલો છે, તોપણ તેના સર્વ પ્રેતકાર્યો, કે જે પુત્રોએ કરવા જોઈએ તે તું કર. હે પ્રહ્લાદ ! તારા જેવી સુપાત્ર પ્રજાથી તારો પિતા ઉત્તમ લોકમા જશે. ૨૨ પ્રેતકાર્યો કર્યા પછી તું તારા પિતાના રાજ્યાસન ઉપર બેસજે. હે તાત ! મારામાં મનને રાખી મત્ પરાયણ થઇ બ્રહ્મવાદીઓના કહેવા પ્રમાણે તુ બધા કર્મો કરજે. ૨૩

નારદ કહે છે કે–પછી ઉત્તમ બ્રાહ્મણોએ પ્રહ્લાદને રાજ્યાસન ઉપર બેસાર્યો અને તેણે ભગવાનના કહેવા પ્રમાણે પોતાના પિતાની ઉત્તર ક્રિયા કરી ૨૪ પછી નૃસિંહ ભગવાનને પ્રસન્ન મુખવાળા જોઇને દેવાદિકથી વિંટાયલા બ્રહ્મા પવિત્ર વાણીથી તેમની સ્તુતિ કરવા લાગ્યા. ૨૫

બ્રહ્મા બોલ્યા કે–હે દેવના દેવ ! હે સર્વના અધ્યક્ષ ! હે પ્રાણીઓની રક્ષા કરનાર ! હે જગતના પિતા ! જગતને સંતાપનાર

પાપી દૈત્યને તમે આજ માર્યો છે. એણે મારી પાસેથી વર મેળવ્યો હતો અને મારી સૃષ્ટિથી ન મરે એવો હતો. તપશ્ચર્યા અને યોગના બળથી મદમત્ત થઈ તે સર્વ ધર્મોનો નાશ કરતો હતો. ૨૭ એનો પુત્ર સદ્‌ગુણી અને ભગવદ્‌ભક્ત નીકળ્યો તે બહુ સારૂં થયું તમે તેને મૃત્યુના મુખમાથી બચાવ્યો તે પણ મુક્ત કર્યું તે હમણા તમને પ્રાપ્ત થયો છે તે પણ સારૂં થયું છે. ૨૮ હે ભગવન ! સર્વથી રક્ષા કરનાર તમારા આ નૃસિંહ સ્વરૂપનુ, મનુષ્ય મનને નિયમમાં રાખીને ધ્યાન કરે તો મારવાની ઈચ્છાવાળા ભયંકર મૃત્યુના ત્રાસથી પણ મુક્ત થાય ૨૯

નૃસિંહ કહે છે કે—હે પરમેષ્ટી ! તમારે દૈત્યોને આવા વરો આપવા નહિ કારણ કે, ક્રૂર સ્વભાવવાળા લોકોને વર આપવો તે તો સર્પોને અમૃત પાવા જેવું દુ ખદ છે ૩૦ નારદ કહે છે કે—હે રાજા ! આ પ્રમાણે કહીને સર્વ પ્રાણીઓના જોવામા નહિ આવતા તથા બ્રહ્માએ જેમની પૂજા કરેલી હતી એવા શ્રીહરિ ત્યાથી અંતર્ધ્યાન થઇ ગયા ૩૧ તે પછી પ્રહ્‌લાદે ભગવાનના અ શભૂત બ્રહ્મા શ કર પ્રજાપતિઓ અને દેવોની પૂજા કરીને તેઓને પ્રણામ કર્યા ૩૨ બ્રહ્માએ શુક્રાચાર્ય વગેરે મુનિઓને સાથે રાખીને પ્રહ્‌લાદને દૈત્યોનો અને દાનવોનો અધિપતિ ઠરાવ્યો. ૩૩ હે રાજન ! પછી જેઓની પૂજા કરેલી હતી એવા બ્રહ્માદિક દેવતાઓ પ્રસન્ન થઇ આશીષ આપી પોતાના સ્થાનોમા ગયા ૩૪

આ પ્રમાણે ભગવાનના પાર્ષદો જય ને વિજય સનકાદિકના શાપથી દિતિના પુત્ર થયા હતા, તેઓનો હૃદયમા વેરભાવથી વાસ કરનારા ભગવાને નાશ કર્યો હતો ૩૫ તેઓ ફરીને બ્રાહ્મણોના શાપથી રાવણ અને કુંભકર્ણ નામે રાક્ષસ થઈ જનમ્યા હતા. તે અવતારમાં રામે પરાક્રમો કરીને તે બ નેનો નાશ કર્યો હતો.૩૬ યુદ્ધમાં રામના બાણોથી વિ ધાઇ જતાં તે બંને રણભૂમિ ઉપર ઢળી પડયા હતા. ભગવાનનું મનમાં મનન કરનારા તે બંનેએ પૂર્વ જન્મની માફક એ જન્મમા પણ દેહનો ત્યાગ કર્યો હતો. ૩૭ ત્રીજા જન્મમા પૃથ્વી ઉપર શિશુપાલ અને દંતવક્ત્ર થઇ જનમ્યા હતા.તેઓ વેરભાવથી ભગવાન સામે વર્તતા હતા તેઓ તમારા દેખતા ભગવાનને વિષે સમાઈ ગયા હતા. આવી રીતે શ્રીકૃષ્ણના વેરી ઘણા રાજાઓ અંતે શ્રીકૃષ્ણરૂપ થઇને જન્મમાંથી મુક્ત થયા હતા અને ભમરીનું સ્મરણ કરતો કીડો જેમ છેવટે ભમરારૂપ થાય તેમ ભગવાનનું વેરભાવથી મનન કરતા ભગવાનના સ્વરૂપને પામ્યા હતા ભેદદૃષ્ટિ વિનાની ભગવાનની પરમ ભક્તિ કરવાથી જે પ્રમાણે ભગવાનની પ્રાપ્તિ થાય છે તે પ્રમાણે શિશુપાળ વગેરે રાજાઓ ભગવાનનુ ચિ તન કરવાથી ભગવાનના સ્વરૂપને પામ્યા છે. ૪૦ દમઘોષનો પુત્ર શિશુપાળ દ તવક્ત્ર વગેરે ભગવાનના શત્રુઓ હતા, તોપણ તેઓને ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ થઇ હતી. તે વિષે તમે મને જે પ્રશ્ન પૂછયો તે સર્વ મે તમને કહી સ ભળાવ્યુ. ૪૧ બ્રહ્મણ્યદેવ અને મહાત્મા એવા શ્રીકૃષ્ણ ભગવાનની આ પવિત્ર એવી અવતારની કથા તમને કહી સંભળાવી, જે કથામા આદિ દૈત્યોના નાશની કથા છે. ૪૨ આ ચરિત્રમા મહા ભગવદ્‌ભકત પ્રહ્‌લાદનું ચરિત્ર ભકિત જ્ઞાન વૈરાગ્ય જગતની ઉત્પતિ સ્થિતિ તથા પ્રલય કરનાર પરમેશ્વરનું યથાર્થ સ્વરૂપ તેમના ગુણો તથા કર્મોનું વર્ણન કાળને લીધે દેવ તથા દૈત્યોના સ્થાનોમાં થતો ફેરફાર, ભગવાનની પ્રાપ્તિ કરાવનારો વૈષ્ણવોનો ધર્મ તથા બ્રહ્મજ્ઞાન એ સર્વ વિષયો તમને સમજાવ્યા. જે મનુષ્ય ભગવાનનાં પરાક્રમોથી ભરેલા પવિત્ર આખ્યાનને શ્રદ્ધાથી સાભળીને તેનું કીર્તન કરે છે તે કર્મના બ ધનમાંથી છુટે છે.૪૬ જે પુરૂષ

સાવધ થઇ આદિ પુરૂષ એવા ભગવાન નૃસિંહે દૈત્યના રાજાના વધ રૂપી જે લીલા કરી છે તે તથા દૈત્યના પુત્ર અને મહાત્માઓમા વડા એવા ભગવાનના ભક્ત પ્રહ્લાદના પવિત્ર ચરિત્રને સાભળે છે અથવા તો ભણે છે તે મનુષ્ય સર્વ ઠેકાણેથી ભય રહિત એવા પરલોકમાં જાય છે. ૪૭ હે યુધિષ્ઠિર ! તમે પ્રહલાદનુ ચરિત્ર સાભળીને ખેદ કરશો નહિ, કારણ કે તમે આ મનુષ્યલોકમા ભાગ્યશાળી પુરૂષ છો. તમારા ઘરમા મનુષ્યાવતારથી ગુપ્ત રહેલા પરબ્રહ્મ શ્રીકૃષ્ણ વાસ કરે છે માટે જગતને પવિત્ર કરનાર મુનિઓ તમારે ઘેર આવે છે ૪૮ શ્રીકૃષ્ણ તમારા સંબધી મામાના પુત્ર આત્માતુલ્ય અને પૂજવા યોગ્ય છે. તમારી આજ્ઞા ઉઠાવનારા તથા તમને હિતનો ઉપદેશ આપનાર ગુરૂ સમાન શ્રીકૃષ્ણ મહાત્મા પુરૂષોએ શોધવા યોગ્ય ઉપાધિ રહિત પરમાનદના અનુભવરૂપ તથા પર બ્રહ્મ મૂર્તિ રૂપ છે શંકર તથા બ્રહ્માદિક પણ પોતાની બુદ્ધિથી ' આવુ જ રૂપ છે, ' એમ વસ્તુતાએ જેના સ્વરૂપનું વર્ણન કરી શકયા નથી તે ભગવાન તમને પોતાની મેળે પ્રસન્ન થયા છે, પણ અમે તો મૌન ભકિત તથા શાંતિથી તેમને પ્રસન્ન કરીએ છીએ ભકતોના પતિ ભગવાન અમારા ઉપર પ્રસન્ન થાઓ. ૫૦ હે રાજા ! પૂર્વે અનત માયાવાળા મય દાનવે શકરનો કીર્તિનો નાશ કર્યો હતો, તેનો ભગવાન શ્રીકૃષ્ણે પાછો વિસ્તાર કર્યો છે.

યુધિષ્ઠિરે પૂછયુ કે–હે નારદ ! મયદાનવે કયા કામમા જગત્પતિ શંકરની કીર્તિનો નાશ કર્યો હતો ? અને શ્રીકૃષ્ણે કેવી રીતે તેમની કીર્તિનો વધારો કર્યો હતો ? તે કથા હવે મને સભળાવો. ૫૨

નારદે કહ્યુ કે–શ્રીકૃષ્ણ ભગવાનથી વૃદ્ધિ પામેલા દેવતાઓએ યુદ્ધમા અસુરોને હરાવ્યા તેથી તેઓ માયાવીઓના મોટા આચાર્ય મયને શરણે ગયા. ૫૩ વ્યાપક એવા મયદાનવે તેઓને સોનાના રૂપાનાં અને લોઢાના એવા ત્રણ નગર બનાવી આપ્યાં. તે ત્રણ નગરો કયારે આવે છે ? કયારે જાય છે ? તેમા કેવી જાતની વસ્તુઓ ભરેલી છે ? તે જણાતુ ન હતુ હે રાજા ! દૈત્યોના સેનાપતિઓ પૂર્વનું વેર સભારતા ને કોઇ જાણે નહિ તેમ છુપા રહી તે નગરોવડે લોકપાળો સહિત ત્રણ લોકોનો નાશ કરતા. ૫૫ લોકપાળો સાથે સર્વે લોકો શકરની પાસે ગયા અને તેમની પ્રાર્થના કરીને કહેવા લાગ્યા કે, હે સમર્થ પ્રભુ ! ત્રણ નગરના નિવાસી દૈત્યોથી અમે નાશ પામીએ છીએ, માટે તમે તમારા ભકતોનુ રક્ષણ કરો. ૫૬ શંકરે તેમના ઉપર અનુગ્રહ કરી દેવતાઓને કહ્યુ કે ' તમે ડરશો નહિ ' પછી ધનુષમા ત્રણ બાણો સાધીને એ બાણો તે ત્રણ નગરો ઉપર મૂકયા, ૫૭ સૂર્યના મડળમાથી જેમ કિરણોનો સમૂહ નીકળે તેમ શકરના ધનુષમાથી અગ્નિના જેવા રાતા ચોળ બાણો નીકળવા લાગ્યા, જે બાણોથી ઢકાયલાં તે ત્રણે નગરો દેખાતા બંધ પડયા ૫૮ અને તે બાણોના સ્પર્શથી સર્વે નગરવાસીઓ પ્રાણ રહિત થઇને પડયા તેઓને ઉપાડી ઉપાડીને મહા યોગી મયદાનવે પોતે બનાવેલા અમૃતના કુવામા નાખ્યા ૫૯ અમૃતના સિદ્ધ રસનો સ્પર્શ થવાથી તે દૈત્યો વજ્રના જેવા દૃઢ અગવાળા અને મોટી શકિતવાળા થઇને વાદળાને ભેદી વિજળીના અગ્નિની પેઠે ઉભા થયા ૬૦ મહાદેવનો સકલ્પ ભાગી પડયો અને તે ઉદાસ થઈ ગયા ભગવાન વિષ્ણુએ એક ઉપાય રચ્યો તે એ કે ૬૧ બ્રહ્મા પોતે વાછડો થયા અને વિષ્ણુ ગાય થયા. તે બન્ને મધ્યાહ્ન સમયે ત્રણ નગરમા પ્રવેશ કરીને અમૃત રસથી ભરેલા પેલા કુવાનુ અમૃત પી ગયા. ૬૨ અસુરો જો કે ગાય અને વાછડાને જોતા હતા તોપણ તેઓએ મોહ ચઢવાથી તેમને વાર્યા નહિ. તે વાત

જાણ્યા પછી મહા યોગી મયદાનવ શોક રહિત થઇને દૈવની ગતિને સંભારતો રસના કૂપની રક્ષા કરનાર શોકાતુર દૈત્યોને નીચે પ્રમાણે કહેવા લાગ્યોઃ-પોતાનું પરનું અથવા તો બન્નેનું દૈવે જે કરવા ધારેલું હોય તેને મટાડવા દેવ દૈત્ય મનુષ્ય અથવા તો બીજો કોઇ પણ પુરૂષ સમર્થ થતો નથી ભાગ્યમાં જે હતું તે થયું પછી વિષ્ણુએ ધર્મ જ્ઞાન અને વૈરાગ્યની સમૃદ્ધિ તપ વિદ્યા તથા ક્રિયા વગેરે પોતાની શકિતઓથી શંકરને રથ સારથિ ધ્વજા ઘોડા ધનુષ કવચ ને બાણ વગેરે સંગ્રામની સર્વ સામગ્રી તૈયાર કરી આપી ૬૬ શંકરે યુદ્ધનો સર્વ સામાન સાથે લઇ રથમાં બેશી ધનુષ તથા બાણ હાથમાં લીધાં અભિજીત નામે શુભ મુહુર્તમાં ધનુષ ઉપર બાણ સાધીને હે રાજા! ભેદી શકાય નહિ એવાં ત્રણ પુરોનો નાશ કર્યો તે વખતે સ્વર્ગમાં નગારાં વાગવા લાગ્યા, આકાશમાં હજારો વિમાનોની ભીડ થઇ રહી ૬૯ દેવતાઓ ઋષિઓ પિતૃઓ અને સિદ્ધ પુરૂષો પ્રસન્ન થઇ પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા હે યુધિષ્ઠિર રાજા! આ પ્રમાણે ભગવાન શંકર દૈત્યોનાં ત્રણ નગરને બાળી બ્રહ્માદિક દેવતાઓથી સ્તુતિ કરાતા કૈલાસમાં ગયા ૭૦ પોતાની માયાવડે મનુષ્ય લોકનું અનુકરણ કરનાર જગતના ગુરૂ પરમાત્મા શ્રીહરિના જગતને પવિત્ર કરનારા આવા પરાક્રમો ઋષિઓએ ઘણા ગાયેલા છે હવે હું તમારી પાસે બીજી કયી કથા કહું તે કહો

एवंविधान्यस्य हरे स्वमायया
विडवमानस्य नृलोकमात्मनः ।
वीर्याणि गीतान्यृषिभिर्जगद्गुरो
र्लोकान् पुनानान्यपर वदामि किम् ॥७१॥

इतिश्रीमद्भागवतेमहापुराणेसप्तमस्कंधे
दशमोध्यायः

અધ્યાય ૧૧ મો.*

ચાતુર્વર્ણ્ય ધર્મ નિરૂપણ.

श्रीशुक उवाच.

श्रुत्वेहित साधु सभासभाजितं
महत्तमाग्रण्य उरुक्रमात्मनः ।
युधिष्ठिरो दैत्यपतेर्मुदा युतः
पप्रच्छ भूयस्तयन स्वयंभुवः ॥ १ ॥

શુકદેવજી કહે છે કે-હે પરીક્ષિત રાજા! મહાત્મા પુરૂષોમાં અગ્રણી અને ભગવાનમાં મન રાખનાર દૈત્યના રાજા પ્રહ્લાદનું મહા પુરૂષોની સભામાં માન પામેલું ચરિત્ર સાંભળીને પ્રસન્ન થયેલા યુધિષ્ઠિરે ફરીને બ્રહ્માના પુત્ર નારદને આ પ્રમાણે પૂછયું ૧

યુધિષ્ઠિર-હે ભગવન! હું મનુષ્યોનો સનાતન ધર્મ અને વર્ણો તથા આશ્રમોનો આચાર સાંભળવાની ઇચ્છા રાખું છું કે-જે ધર્માચારવડે પુરૂષ પરમાત્માને પામે છે ૨ આપ પ્રજાપતિ બ્રહ્માના પુત્ર છો અને તપ યોગ ને સમાધિવડે બ્રહ્માના પુત્રોમાં માનીતા ગણાઓ છો ૩ નારાયણમાં પરાયણ રહેનાર દયાવંત સદ્ગુણી તથા શાંત એવા તમારા જેવા બ્રહ્મણો ઉત્તમ ને ગુપ્ત એવા ધર્મને બહુ સારી રીતે જાણે છે

નારદ બોલ્યા કે-જે ભગવાન પોતાના અંશવડે ધર્મની સ્ત્રી મૂર્તિવિષે અવતાર લઇને બદરિકાશ્રમમાં લોકોના કલ્યાણ માટે તપશ્ચર્યા કરતા બેઠા છે તે લોકોના ધર્મને ફેલાવનાર ભગવાન નારાયણને નમસ્કાર કરીને તેમના મુખથી સાંભળેલો સનાતન ધર્મ કહું તે સાંભળો. ૬ સર્વ દેવરૂપ ભગવાન શ્રીહરિ ધર્મનું મૂળ છે અર્થાત્ ધર્મની બાબતમાં તે પ્રથમ પ્રમાણ છે. વેદ જાણનારાએ રચેલી સ્મૃતિઓ અને જેનાથી આપણું મન પ્રસન્ન થાય છે તે પણ ધર્મમાં પ્રમાણ છે.

* આ અધ્યાયમાં મનુષ્ય માત્રના સાધારણ ધર્મો તથા ચાર વર્ણોના અને સ્ત્રીઓના વિશેષ તેમજ સામાન્ય ધર્મો કહેવામાં આવે છે.

૭ સત્ય દયા તપ પવિત્રતા સહનશીલતા યોગ્યાયોગ્યનો વિચાર મનનો નિયમ બહારની ઇંદ્રિયોનો નિયમ અહિંસા બ્રહ્મચર્ય દાન સ્વાધ્યાય સરલતા ૮ સંતોષ મહાત્મા પુરૂષોની સેવા, પ્રવૃત્તિ માર્ગમાંથી ધીરે ધીરે દૂર થવું મનુષ્યોની નિષ્ફળ થતી ક્રિયાઓ ઉપર વિચાર કરવો, મિથ્યા ભાષણ ન કરવું આત્મા દેહાદિકથી ભિન્ન છે એવું અવિચ્છિન્ન જ્ઞાન અને ૯ પોતાના અન્નાદિકમાંથી ઘટતી રીતે બીજા પ્રાણીઓનો વિભાગ પાડવો, સર્વ પ્રાણીઓને અને તેમાં પણ વિશેષે કરીને મનુષ્યોને આત્મા તથા દેવરૂપ જાણવા. ૧૦ મહાત્મા પુરૂષોની ગતિરૂપ શ્રીભગવાનનું શ્રવણ કીર્તન સ્મરણ સેવા પૂજા નમસ્કાર દાસ્ય સખાભાવ તથા દેહનું સમર્પણ, ૧૧ એ ત્રીસ લક્ષણવાળો ધર્મ સર્વ મનુષ્યોને માટે સાધારણ છે હે રાજન! તે ધર્મ પાળવાથી સર્વના અંતર્યામી ભગવાન પ્રસન્ન થાય છે. ૧૨ જે જાતિમાં વેદોક્ત ગર્ભાધાનાદિક સંસ્કારો અવિચ્છિન્ન થતા હોય તે જાતિ દ્વિજ કહેવાય છે અને તે સંસ્કારો બ્રહ્માએ જેને કરવા કહેલા છે તેને જ થાય છે જે દ્વિજો જન્મથી તથા કર્મથી શુદ્ધ હોય તેઓને યજ્ઞ વેદાધ્યયન તથા દાન એ ત્રણ કર્મો અને આશ્રમમાં કરવાની ક્રિયાઓ કરવી ૧૩ તેમાં બ્રાહ્મણ વર્ણને ભણવું ભણાવવું, યજ્ઞ કરવો. અને કરાવવો તથા દાન લેવું અને આપવું, એમ છ કર્મનો અધિકાર છે છેલ્લા ત્રણ કર્મો બ્રાહ્મણોની આજીવિકા અર્થે છે એટલે ભણાવવું યજ્ઞ કરાવવો ને દાન લેવું એ ત્રણથી તેઓની આજીવિકા ચાલે છે ક્ષત્રિયને આપત્તિના સમયમાં દાન વગર ભણાવવાનો તથા યજ્ઞ કરાવવાનો અધિકાર છે. ક્ષત્રિય રાજાએ બ્રાહ્મણ વિના બીજાઓ પાસેથી કર દંડ અને જગાત વગેરે લેવું ૧૪ વાણિયાએ વ્યાપાર ને ખેતીવાડીનો ધંધો કરીને આજીવિકા ચલાવવી અને બ્રાહ્મણોને અનુકૂળ રહેવું શૂદ્રે બ્રાહ્મણ ક્ષત્રિય ને વૈશ્યની સેવા કરવી અને જે દ્વિજ વર્ણમાં પોતાનો સ્વામી હોય તેની પાસેથી પૈસા લઇને આજીવિકા ચલાવવી. ૧૫ ખેતીવાડી વગેરે અનેક જાતનો ધંધો કરવો, માગ્યા વિના આવતું ધાન્યાદિક ભિક્ષા માગવી તથા શીલ અને ઉંચ વૃત્તિ કરવી. આ રીતે બ્રાહ્મણની ચાર પ્રકારની આજીવિકા છે તેમાં ઉત્તરોત્તર ગણેલી ઉત્તમ છે ૧૬ હલકા મનુષ્યે સુખના સમયમાં ઉત્તમ આજીવિકા કરવી નહિ, તેમ જ ક્ષત્રિય વિના બીજા દ્વિજ વર્ણે સર્વ દ્વિજ વર્ણોની આજીવિકા ધારણ કરવી અને ક્ષત્રિયે પ્રતિગ્રહ વિના બીજી સર્વ આજીવિકા કરવી. ૧૭ ઋત અમૃત મૃત પ્રમૃત અથવા તો સત્યાનૃતવડે આજીવિકા કરવી કોઇ દિવસ કુતરાની વૃત્તિથી આજીવિકા કરવી નહિ. ૧૮ ખેતરમાંથી કે દુકાનમાંથી દાણા લઇ ગયા પછી પાછળ પડેલા દાણાઓ વીંણી લાવવા તે ઋત કહેવાય છે, માગ્યા વિના મળે તે અમૃત કહેવાય છે અને ખેતીવાડીના ધંધામાંથી મળે તે પ્રમૃત કહેવાય છે ૧૯ વ્યાપાર કરવો તે સત્યાનૃત કહેવાય છે, અને નીચની સેવા કરવી તે શ્વવૃત્તિ (કુતરાની વૃત્તિ) કહેવાય છે બ્રાહ્મણે તથા ક્ષત્રિયે શ્વવૃત્તિથી આજીવિકા કરવી નહિ કારણ કે બ્રાહ્મણ સર્વ વેદમય છે અને રાજા સર્વ દેવમય છે. ૨૦ મનનો નિગ્રહ ઇંદ્રિયોનો નિગ્રહ તપશ્ચર્યા પવિત્રતા સંતોષ ક્ષમા સરલતા જ્ઞાન દયા તથા ભગવાનમાં તત્પરતા એ બ્રાહ્મણનાં લક્ષણ છે ૨૧ યુદ્ધમાં ઉત્સાહ શૌર્ય ધૈર્ય તેજ દાન મનનો વિજય ક્ષમા બ્રાહ્મણનો સત્કાર પ્રસન્ન થવું ને સર્વનું રક્ષણ કરવું એ ક્ષત્રિયના લક્ષણો છે ૨૨ દેવની ગુરૂની ને ઇશ્વરની ભક્તિ કરવી ધર્મની અર્થની તથા કામની વૃદ્ધિ કરવી આસ્તિકતા રાખવી ઉદ્યમ કરવો, નિપુણતા રાખવી એ વૈશ્યનાં લક્ષણો છે. ૨૩ પોતાથી ઉત્તમ વર્ણને

પ્રણામ કરવા પવિત્રતા રાખવી, નિષ્કપટ પણાથી સ્વામીની સેવા કરવી, મંત્ર ભણ્યા વિના વૈશ્વદેવાદિક પચ મહા યજ્ઞ કરવા ચોરી ન કરવી સત્ય બોલવુ અને ગાય બ્રાહ્મણની રક્ષા કરવી એ શૂદ્રના લક્ષણ છે ૨૪ પતિની સેવા અનુકૂલ રહેવું પતિના સગા સબધીઓને અનુસરવુ અને પતિએ કરેલા નિયમો પાળવા એ ચાર પતિવ્રતા સ્ત્રીઓના લક્ષણ તથા ધર્મ છે ૨૫ સ્ત્રીએ નિત્ય નાહી ધોઇને શણગારાયેલા રહેવુ, કપાળમાં તિલક કરવુ, આભૂષણો પહેરવા, ઘરનો સરસામાન સાફ રાખવો વાસીદું વાળવું લીપવું મંડળો કરવા ૨૬ પતિવ્રતા એવી સ્ત્રીએ નાની મોટી કામનાઓથી વિન યથી જિતેદ્રિયપણાથી મધુર વાકયોથી અને પ્રીતિથી પતિની સેવા કરવી ૨૭ પોતાને જેટલું મળે તેટલા પર સતોષ રાખવો અને મળેલા પદાર્થો માટે અત્યત તૃષ્ણા રાખવી નહિ. ઘરના કામકાજમા નિપુણ રહેવું ધર્મનું જ્ઞાન સંપાદન કરવુ. જે વચન બોલવું તે પ્રિય તથા સત્ય બોલવુ, અસાવધ રહેવુ નહિ, પવિત્ર રહેવું સ્નેહાળ રહેવું અને પતિત થયેલો ન હોય એવા પતિની સેવા કરવી ૨૮ લક્ષ્મીજી જે પ્રમાણે ભગવાનની સેવા કરે છે તેમ જે સ્ત્રી પતિપરાયણ રહી પતિને ભગવાનરૂપ માનીને તેની સેવા કરે છે તે લક્ષ્મીજી જેમ વિષ્ણુની સાથે આનંદ કરે છે તેમ વિષ્ણુલોકમા વિષ્ણુરૂપ પતિની સાથે આનંદ કરે છે ૨૯ વર્ણસંકર જાતિના લોકોએ ચોરી અને પાપ ન કરવા પણ પોતાના કુળની આજીવિકા પ્રમાણે ચાલવુ. તેમ જ ચંડાળ અને ધોબી વગેરે નીચ જાતિના લોકોએ પણ પોતાના કુળની આજીવિકા પ્રમાણે વર્તવું. ૩૦ હે રાજન ! ઘણું કરીને યુગ યુગમાં મનુષ્યોનો સત્વાદિક સ્વભાવવડે જે ધર્મ બદલાય છે, તે આ લોકમા તથા પરલોકમાં કલ્યાણકર્તા છે એવું શાસ્ત્રવેત્તાઓ કહે છે. ૩૧ સત્વાદિક સ્વભાવ ઉપરથી ઠરાવવામાં આવેલી આજીવિકા પ્રમાણે વર્તતો અને પોતાના કર્મ નહિ કરનારો મનુષ્ય કર્મનાં બંધનોથી ધીરે ધીરે છુટીને નિર્ગુણપણાને પામે છે. જે ક્ષેત્રમાં વારંવાર ધાન્ય વવાતું હોય તે ક્ષેત્ર પોતાની મેળે કસ રહિત થાય છે અને તેમા ફરીને ધાન્ય ઉગતું નથી અને વાવેલું બીજ નાશ પામે છે. ૩૩ એ પ્રમાણે હે રાજા ! કામનાઓથી ભરેલું ચિત્ત કામનાઓની અત્યંત સેવાથી તૃપ્ત થઇને વૈરાગ્ય પામે છે અગ્નિ જેમ ઘી રેડવાથી શાંત પડતો નથી પરતુ જળ ધારાથી શાત થાય છે તેમ જ ચિત્ત પણ અલ્પ વિષયો ભોગવવાથી શાત પડતું નથી, પરંતુ ઘણા વિષયો ભોગવવાથી શાંત થાય છે ૩૪ મનુષ્યના વર્ણને જણાવનારૂં જે લક્ષણ કહ્યુ તે લક્ષણ જો બીજા વર્ણમા જોવામા આવે તો તેને પણ તે લક્ષણ ઉપરથી તે વર્ણનો જ જાણવો. ૩૫

यस्य यल्लक्षण प्रोक्त पुंसो वर्णाभिव्यजकम्
यदन्यत्रापि दृश्येत तत्तेनैव विनिर्दिशेत् ३५

इतिश्रीमद्भागवतेमहापुराणेसप्तमस्कधे
एकादशोध्यायः

અધ્યાય ૧૨ મો.†

વર્ણાશ્રમ ધર્મનું નિરૂપણ.

नारद उवाच

ब्रह्मचारी गुरुकुले वसन्दांतो गुरोर्हितम् ।
आचरन दासवन्नीचो गुरौ सुदृढसौहृदः ॥१॥

નારદ કહે છે કે–બ્રહ્મચારીએ ગુરૂને ઘેર રહેવું જીતેદ્રિય થઇ રહેવું ગુરૂનુ હિત કરવું દાસની પેઠે નમ્રતા સાથે રહેવું ગુરૂ ઉપર અતિ દૃઢ પ્રીતિ રાખવી ૧ સાંજે તથા સવારે ગુરૂ અગ્નિ સૂર્ય અને ઉત્તમ દેવતાઓની ઉપાસના કરવી સવારે અને સાંજે સાવધાન

† આ અધ્યાયમા બ્રહ્મચારી અને વાનપ્રસ્થના ધર્મો સાથે ચાર આશ્રમના સાધારણ ધર્મો પણ કહેવામા આવશે

રહીને ગાયત્રીનો જપ કરવો તથા મૌન રહેવુ. ૨ ગુરૂ ભણવા માટે બોલાવે ત્યારે ધ્યાનપૂર્વક વેદાધ્યયન કરવુ, ભણવાના આરંભમા તથા અંતમા મસ્તકવડે ગુરૂના ચરણમાં પ્રણામ કરવા, ૩ શાસ્ત્રમા કહ્યા પ્રમાણે મેખલા મૃગચર્મ વસ્ત્ર જટા દંડ ને કમંડલુ ધારણ કરવા અને હાથમા દર્ભની ઝુડી રાખવી ૪ પ્રભાતમા ને સાયંકાળે ભિક્ષા માગી લાવીને ગુરૂને અર્પણ કરવી. ગુરૂ આજ્ઞા કરે તો ભોજન કરવુ નહિ તો ઉપવાસ કરવો ૫ સ્વભાવ શાંત રાખવો, મિતાહાર કરવો ડહાપણથી રહેવું સર્વ ઉપર શ્રદ્ધા રાખવી, ઇંદ્રિયોનો વિજય કરવો. સ્ત્રીઓ સાથે ને સ્ત્રીજીત પુરૂષોની સાથે ઉપયોગ જેટલો વ્યવહાર રાખવો ૬ માત્ર બ્રહ્મચારીએ જ નહિ પરંતુ ગૃહસ્થ વિના બીજા સર્વ આશ્રમવાળાઓએ સ્ત્રીઓ સંબંધી વાતચિત કરવી નહિ મથન કરનારી ઇંદ્રિયો મનને બળાત્કારથી હરણ કરે છે ૭ જુવાન બ્રહ્મચારીએ તરૂણ એવી ગુરૂપત્નીના પાસે પોતાના કેશ ઓળાવવા નહિ શરીર ઉપર મર્દન સ્નાન તથા આંખમા અંજન અંજાવવું નહિ ૮ પ્રમદા તરૂણ સ્ત્રી અગ્નિ સમાન કહેવાય છે અને તરૂણ પુરૂષ ઘીના ઘડા જેવો છે. ભિક્ષાદિકના પ્રસંગમા અથવા સર્વ મનુષ્યના સમક્ષમાં ઉપયોગ જેટલો વ્યવહાર રાખવો ૯ જીવ સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર કરીને આ સર્વ દેહાદિક મિથ્યા છે એવો નિશ્ચય કરીને જ્યા સુધી સ્વતંત્ર થતો નથી ત્યા સુધી દ્વૈતભાવના એટલે 'આ પુરૂષ, આ સ્ત્રી' એવો ભેદ રહે છે વિષય ભોગવવાનો વિચાર થઇ આવે છે માટે દ્વૈતબુદ્ધિ તજી દેવી ૧૦ આ ગૃહસ્થના તથા સન્યાસીના ધર્મ સમજવા. ગૃહસ્થે ઋતુ સમયે સ્ત્રી પાસે જવુ અને ગુરૂની સેવા કરવી. ૧૧ જેઓ વ્રત ધારણ કરનાર એટલે બ્રહ્મચારી, વાનપ્રસ્થ તથા સન્યાસીઓ હોય તેઓએ આંખમા અંજન આંજવું નહિ શરીર ઉપર તેલ મર્દવું નહિ લેપન કરવુ નહિ, સ્ત્રીને અથવા સ્ત્રીના ચિત્રને જોવુ નહિ માંસ, મદિરા પુષ્પની માળા ચંદનના લેપ તથા અલંકારોનો ત્યાગ કરવો.૧૨

આ પ્રમાણે દ્વિજવર્ણે ગુરૂને ઘેર રહી પોતાની શક્તિ ને અધિકાર પ્રમાણે વેદોનો અંગોના અને ઉપનિષદોનો અભ્યાસ કરવો અને તેનો અર્થ સમજી પોતામાં શક્તિ હોય તો ગુરૂની આજ્ઞા પ્રમાણે ગુરૂને દક્ષિણા આપી પોતે ઘેર અથવા વનમા જવુ સન્યાસી થવું કે નૈષ્ઠિક બ્રહ્મચારી થઇ ગુરૂને ત્યા વસવુ. ૧૪ અગ્નિમા આત્મામા અને સર્વ પ્રાણીમાં પોતાના આશ્રયરૂપ જીવોની સાથે તેઓના નિયંતારૂપે દેખાતા પરંતુ ખરી રીતે તેમા નહિ એવા ભગવાનનુ ચિંતન કરવું. ૧૫ બ્રહ્મચારી વાનપ્રસ્થ સન્યાસી ને ગૃહસ્થ ઉપર કહ્યા પ્રમાણે વર્તતો જ્ઞેય વસ્તુને જાણ્યા પછી પરબ્રહ્મને પામે. ૧૬ હવે મુનિઓએ માન્ય કરેલા વાનપ્રસ્થના ધર્મો કહું તે સાભળો જે નિયમોને પાળવાથી મુનિઓ શ્રમ વિના મહર્લોકમા જાય છે. ૧૭ વાનપ્રસ્થે ખેડથી પાકેલુ અન્ન ખાવું નહિ, ખેડ વિના પાકેલું છતા સમય વિના પાકેલુ હોય તે પણ ખાવુ નહિ, ફલાદિ જે પદાર્થ સૂર્યથી પાકેલો હોય તે ખાવો, અથવા તો અગ્નિમાં રાંધેલુ કે પછી કાચુ અન્ન ખાવુ. ૧૮ સામા વગેરે વનધાન્યોનો શાસ્ત્રમા કહેલે સમયે ચરૂ પરોડાશ વગેરે કરીને અગ્નિમા હોમ કરવો. અન્નાદિક નવી નવી વસ્તુ મળતી જાય તેમ જુની વસ્તુનો ત્યાગ કરતા જવું. ૧૯ અગ્નિનુ રક્ષણ કરવા માટે પર્ણકુટી અથવા તો પર્વતની ગુફાનો આશ્રય કરવો અને પોતે ટાઢ વાયુ અગ્નિ વર્ષાદ સૂર્ય ને તડકાને સહન કરવો ૨૦ કેશ રૂવા નખ દાઢી તથા મૂછને સમારવા નહિ, માથે જટા રાખવી કમંડલુ મૃગચર્મ, દંડ વલ્કલ વસ્ત્ર ને અગ્નિહોત્રની વસ્તુઓ રાખવી. ૨૧ માનવ બાર

આઠ ચાર બે અથવા એક વર્ષ સુધી રહેવું, તપના કલેશથી બુદ્ધિનો નાશ ન થાય તો ઉપર કહેલા પક્ષોમાંથી ગમે તે એક પક્ષને ગ્રહણ કરવો. ૨૨ વાનપ્રસ્થ જ્યારે વ્યાધિથી અથવા વૃદ્ધાવસ્થાથી પોતાની ક્રિયા કરવાને અશક્ત થાય અને આત્મજ્ઞાનનો અભ્યાસ કરવાને પણ જ્યારે અસમર્થ થાય ત્યારે તેણે અનશન વ્રત આદરવું ૨૩ વાનપ્રસ્થ ધારણ કર્યા પહેલાં અગ્નિઓનુ પોતાના દેહમા વિસર્જન કરવુ. પછી અહંતા મમતાનો ત્યાગ કરીને યોગ્ય રીતે દેહનો દેહની ઉત્પત્તિના કારણોમા ઉત્સર્ગ કરવો. જે પ્રમાણે ઉત્પન્ન થયા હોય તે પ્રમાણે દેહનાં છિદ્રોનો આકાશમા નિઃશ્વાસોનો વાયુમા ગરમીનો તેજમા રૂધિર શ્લેષ્મ તથા રસનો પાણીમાં અને હાડકા વગેરે કઠિન પદાર્થોનો પૃથ્વીમા ઉત્સર્ગ કરવો. ૨૫ વાણીનો તથા તેના કર્મરૂપ ભાષણનો અગ્નિમા હાથ તથા તેના કર્મનો ઇંદ્રમાં પગનો અને તેના કર્મ રૂપ ગતિનો વિષ્ણુમાં ઉપસ્થનો અને તેના કર્મરૂપ રતિનો પ્રજાપતિમાં ઉત્સર્ગ કરવો. પાયુનો તથા તેના કર્મ રૂપ મળ ત્યાગનો મૃત્યુમા કર્ણેન્દ્રિયનો તથા તેના કર્મ શબ્દનો દિશાઓમાં, ત્વચાનો અને તેના કર્મ સ્પર્શનો વાયુમાં લય કરવો. ૨૭ નેત્રનો તથા તેના કર્મરૂપ રૂપનો તેજમા, જીહ્વાનો અને તેના કર્મ વરૂણનો પાણીમા અને ઘ્રાણનો તથા અશ્વિનીકુમારોનો ગંધવાળી પૃથ્વીમાં ઉત્સર્ગ કરવો. ૨૮ મનનો તથા મનોરથોનો ચદ્રમાં, બુદ્ધિનો તથા તેના વિષયોનો બ્રહ્માંમા, અહંકારનો તથા તેના કર્મોનો અહંતા મમતાપૂર્વક ક્રિયા કરાવનાર રૂદ્રમાં ચિત્ત ને ચેતનાનો ક્ષેત્રજ્ઞનો ગુણોનો અને દેવતાઓનો પરબ્રહ્મમા લય કરીને પછી ‘ હું બ્રહ્મ છું ’ એવો નિશ્ચય કરવો. ૨૯ પૃથ્વીનો પાણીમાં જળનો તેજમાં તેજનો વાયુમાં વાયુનો આકાશમા આકાશનો અહંકારમાં અહંકારનો મહત્તત્ત્વમાં મહત્તત્ત્વનો પ્રકૃતિમા અને પ્રકૃતિનો પરમાત્મામાં લય કરવો. ૩૦ આ પ્રમાણે અવશેષ રહેલા ચૈતન્ય માત્ર આત્માને પરબ્રહ્મરૂપ જાણીને અદ્વૈતરૂપ બની જવું અને કાષ્ઠ બળી ગયા પછી રહેલા નિર્ધુમ અગ્નિના જેવા થઇ વિરામવું. ૩૧

इत्यक्षरतयात्मानं चिन्मात्रमवशेषितम्।
ज्ञात्वाऽद्वयोऽथ विरमेद्दग्धयोनिरिवानलः॥
इतिश्रीमद्भागवतेमहापुराणेसप्तमस्कंधे
द्वादशोऽध्यायः

અધ્યાય ૧૩ મો.¶

સંન્યાસીના ધર્મનું નિરૂપણ.

नारद उवाच

कल्पस्त्वेवं परिव्रज्य देहमात्रावशेषितः।
ग्रामैकरात्रविधिना निरपेक्षश्चरेन्महीम् ॥१॥

નારદ કહે છે કે–ઉપર પ્રમાણે પરમાત્માનું ધ્યાન ધરી આત્મવિદ્યામા અસમર્થ હોય એવા વાનપ્રસ્થે ઉપવાસાદિક વ્રત કરવાં અને આત્મવિદ્યામા સમર્થ વાનપ્રસ્થે ઉપર પ્રમાણે પરમાત્માનુ સ્વરૂપ જાણી સંન્યાસ લઇ દેહ સિવાય સર્વ વસ્તુનો ત્યાગ કરવો. એક ગામમાં એક રાત રહેવું અને કોઇ વસ્તુની ઈચ્છા રાખ્યા વિના પૃથ્વી ઉપર ફરવું. ૧ જો વસ્ત્ર ધારણ કરવા હોય તો જેટલાથી શરીર ઢંકાય તેટલું જ વસ્ત્ર વાપરવું. સુખના સમયમાં દંડને આશ્રમાદિકના ચિન્હ વિના બીજી કોઈ પણ ત્યાગ કરેલી વસ્તુનો સંગ્રહ કરવો નહિ. સંન્યાસીએ બીજા કોઇની સંગત વગર એકલા જ ફરવું. આત્માની સાથે વિહાર કરવો કોઇનો આશ્રય કરવો નહિ, સર્વ પ્રાણીઓની સાથે મૈત્રી રાખવી, શાંતિ રાખવી, ભગવાનની સેવામાં પરાયણ રહેવું. ૩ કાર્ય ને કારણથી પર એવા અવિનાશી આત્મામા આ સર્વ જગત રહેલું છે એમ માનવું અને કાર્ય કારણરૂપ આખા જગતમાં

¶ આ અધ્યાયમા સાધક સન્યાસીના ધર્મ અને અવધુતના ઇતિહાસદ્વારા સિદ્ધ લોકોની અવસ્થાનુ વર્ણન છે.

પરબ્રહ્મરૂપ આત્મા રહેલો છે એવું માનવું. ૪ સુષુપ્તિ અવસ્થામા આત્માનું સ્વરૂપ તમોગુણથી ઢંકાયલું રહે છે અને જાગ્રત તથા સ્વપ્નાવસ્થામાં વિક્ષેપને લીધે આત્મસ્વરૂપ પ્રકાશતું નથી. માત્ર અવસ્થાઓના સંધિકાળમાં તમોગુણને વિક્ષેપ નહિ હોવાને લીધે વખતે આત્માના સ્વરૂપને થતા બંધ તથા મોક્ષ એક માયા રૂપ રહે છે. આવો વિચાર રાખનાર સન્યાસીએ આત્મારૂપ પરબ્રહ્મને સર્વત્ર વ્યાપક જોવા. ૫ અવશ્ય થનારા મૃત્યુની ઈચ્છા કરવી તેમ જ અનિશ્ચિત એવા જીવનની ઇચ્છા રાખવી નહિ પ્રાણીઓની ઉત્પત્તિ અને વિનાશ કરનાર કાળની વાટ જોવી. ૬ નાટકાદિક મિથ્યા શાસ્ત્રોનો અભ્યાસ કરવો નહિ હાથની રેખાઓ જોઈને અને નક્ષત્રો ઉપરથી શુભાશુભ ફળ જોવા વગેરેનો ધંધો કરીને આજીવિકા ચલાવવી નહિ. વિતંડાવાદ તથા ખોટા તર્કો કરવા નહિ. કોઈ પણ પક્ષનો આશ્રય કરવો નહિ ૭ ઝાઝા શિષ્યો ન કરવા ઘણા ગ્રંથો ન ભણવા સભામા વ્યાખ્યાનો ન આપવા કોઈ પણ વખતે મઠાદિક બાધવાનો આરંભ ન કરવો. શાંત રાગદ્વેષ રહિત—સમ ચિત્તવાળા મહાત્મા સન્યાસીને સંન્યાસાશ્રમના ચિન્હ રાખવાથી ઘણું કરીને ધર્મનો લાભ થતો નથી, માટે જ્યા સુધી જ્ઞાન થયુ ન હોય ત્યાં સુધી સન્યાસાશ્રમના ચિહ્નો રાખવા અને અંતઃકરણની શુદ્ધિ માટે યમ નિયમ પાળીને જ્ઞાન સંપાદન કરવા પ્રયત્ન કરવો. જ્ઞાન થયા પછી નિયમોનું પ્રયોજન રહેતું નથી. યમ નિયમ પોતાની મેળે ટળી જાયછે માટે સન્યાસાશ્રમના ચિહ્નો રાખવાં બહારના ચિહ્નો ન રાખવા. આત્માનું અનુસંધાન રાખવુ અને પોતે વિદ્વાન છતા પણ લોકોની દૃષ્ટિમા ઉન્મત્ત બાળકના જેવુ સ્વરૂપ દેખાડવુ નિપુણ છતા પોતાનું સ્વરૂપ મુંગાના જેવુ રાખવુ ૧૦ આ વિષયમાં પ્રહ્લાદ તથા અજગર વૃત્તિવાળા એક મુનિના સંવાદ રૂપ બહુ પ્રાચીન કથા છે તે સાંભળો. ૧૧

ભગવાનના ભક્ત પ્રહ્લાદ લોકોની રીતભાત જાણવાને કેટલાએક કાર્યસારીઓને લઇ લોકોમા ફરતા હતા. તેમણે કાવેરી નદીના તીર ઉપર સહ્યાદ્રિ પર્વતના શિખર આગળ એક અવધુત યોગીને સૂતેલો દીઠો. તેનુ ઉજ્જવલ તેજ પૃથ્વી ઉપર સૂવાથી ઢંકાઇ ગયું હતું. ૧૩ કર્મ આકૃત્તિ વાણી કે વર્ણાશ્રમ વગેરેનાં ચિહ્નો ઉપરથી 'આ સાધુ હશે કે નહિ હોય,' એમ કોઇ મનુષ્યો ઓળખી શકતા ન હતા ૧૪ ભગવદ્ભક્ત પ્રહ્લાદ તે યોગીને નમસ્કાર કરી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પૂજા કરી ચરણમાં મસ્તક મૂકી જ્ઞાનની ઈચ્છાથી આ પ્રમાણે પૂછવા લાગ્યા ૧૫ ઉદ્યમી અને ભોગ ભોગવનાર મનુષ્યની પેઠે તમે સ્થૂલ કાયાવાળા છો. ઉદ્યમી પુરૂષોને ધન મળે છે અને ધનવંતો આ લોકમા નાના પ્રકારના ભોગો ભોગવે છે ભોગ ભોગવનારાઓનુ શરીર બલબત સ્થલ હોય છે પરંતુ બીજાઓનું શરીર હોતું નથી. ૧૬ હે મહારાજ ! આપ ઉદ્યમ કરતા નથી પરંતુ સૂતા રહો છો ત્યારે જેનાથી ભોગ—વૈભવો મળે છે, તે ધન તો તમારી પાસે નથી. હે બ્રાહ્મણદેવ ! ભોગ ભોગવ્યા વિના પણ તમારો દેહ શાથી આવો પુષ્ટ થયો છે ? તે કારણ જો કહેવા યોગ્ય હોય તો મને કહો. ૧૭ તમે વિદ્વાન છો, સર્વ કરતા સમર્થ છો, નિપુણ બુદ્ધિવાળા છો, વિચિત્ર વાતોથી લોકોને રંજન કરનારા છો, સમ દૃષ્ટિવાળા છો અને લોકો કર્મ કરે છે તે જુવો છો છતા ઉદ્યમ ન કરતા કેમ શાન થઇ પડી રહો છો ?૧૮

નારદ કહે છે કે—દૈત્યના રાજા પ્રહ્લાદે આ પ્રમાણે મુનિને પ્રશ્ન કર્યો, એટલે તેની વાણીરૂપી અમૃતને આધીન થઇ ગયેલા મુ-

નિએ મુખ મલકાવી તેને કહ્યું કે—હે દૈત્યના રાજા! આર્ય લોકોમા માન પામેલા મનુષ્યોને આ લોકમાં પ્રવૃત્તિથી કયાં સ્થાનો મળે છે, તે સર્વ આત્મજ્ઞાનવડે તમે જાણો છો ૨૦ ભગવાન દેવ શુદ્ધ ભકિતથી તમારા હૃદયમા બિરાજે છે અને સૂર્ય જેમ અંધારાનો નાશ કરે તેમ તે ભકિતથી અજ્ઞાનનો નાશ કરે છે, તથાપિ હે રાજા ! હું સાંભળ્યા પ્રમાણે તમારા પ્રશ્નોનો ઉત્તર આપું છુ જેઓ પોતાના અંતઃકરણને શુદ્ધ કરવાની ઇચ્છા રાખતા હોય તેમણે આપની સંભાવના કરવી જોઇએ ૨૨ સંસારના જન્મ મરણ રૂપી પ્રવાહને વહેનારી તૃષ્ણા કે જે ભોગવાતી કામનાઓથી કદી તૃપ્ત થતી નથી તે તૃષ્ણાએ મારી પાસે નાના પ્રકારનાં કર્મો કરાવીને મને અનેક જન્મોમાં વારાફરતી ફેરવ્યો છે ૨૩ હું કર્મોવડે ભટકતો ભટકતો દૈવેચ્છાથી આ લોકમા મનુષ્યના દેહમા આવ્યો છુ. મનુષ્ય દેહ પુણ્ય કરવાથી સ્વર્ગ આપે છે અને પાપ કરવાથી નીચ જાતિ આપે છે પુણ્ય પાપના મિશ્રણથી મનુષ્યમાં જન્મ થાય છે અને નિવૃતિથી મોક્ષ પ્રાપ્ત થાય છે. ૨૪ સ્ત્રી પુરૂષો મનુષ્યાવતારમાં સુખ મેળવવા તથા દુઃખ દૂર કરવા અનેક ઉપાયો કરે છે, તોપણ તેઓને તેઓની ધારણાથી ઉલટું ફળ મળે છે, તે જોઇને હુ નિવૃત્તિ પામ્યો છું. ૨૫ સુખ એ આ જીવનુ સ્વરૂપ છે અને સર્વ ક્રિયાઓ બંધ પડયા પછી તે પોતાની મેળે મળે છે. ભોગો મનોરથોથી કલ્પેલા છે અને નાશવંત છે, એમ જાણીને હુ નિરૂદ્યમી બેસી રહું છું અને પ્રારબ્ધોને લીધે મળતા ભોગો ભોગવુ છુ. ૨૬ પોતાનો સુખરૂપી પુરૂષાર્થ પોતાને વિષે છે અને દ્વૈત પદાર્થ મિથ્યા છે, છતા પુરૂષ તેને વિસરી સંસારના ભયંકર પ્રવાહમા તણાય છે. ૨૭ જેમ કોઈ અજાણ્યો મનુષ્ય શેવાળથી ઢંકાયલા ખરા પાણીને છોડી પાણી પીવાની ઇચ્છાથી ઝાંઝવાના પાણી તરફ દોડે તેમ પોતાના સ્વરૂપ વિના બીજે ઠેકાણે સુખ છે એવું માનનારો અજ્ઞાની પુરૂષ ખરા સુખને છોડી વિષયો તરફ દોડે છે. ૨૮ ભાગ્યહીન પુરૂષો દૈવાધીન દેહાદિક પદાર્થોથી સુખ મેળવવાની ને દુઃખ દૂર કરવાની ઇચ્છાથી જે જે ક્રિયાઓ કરે છે તે તે નિષ્ફળ જાય છે. ૨૯ આધ્યાત્મિક આધિભૌતિક અને આધિદૈવિક દુઃખોથી કોઇ પણ દિવસ નહિ છુટનારા અને મરણધર્મવાળા પ્રાણીને મહા કષ્ટથી કોઈ વખત ધન કે સુખ મળે તોપણ તેનાથી શુ ? ૩૦ હું તો ધનવતોને પણ દુઃખી દેખું છું. તેઓ લોભીયા અને મનને વશ હોઇ ભયને લીધે રાત્રે નિદ્રા પણ કરતા નથી. તેઓ દિવસે પુત્રાદિક સૌની શંકા રાખે છે ૩૧ પ્રાણવાળાને તથા ધનવાળાને રાજાથી ચોરથી શત્રુથી પોતાના મનુષ્યોથી પશુથી પક્ષીઓથી યાચકોથી કાળથી તથા પોતાથી પણ નિત્ય ભય રહ્યા કરે છે મનુષ્યોને જેની તૃષ્ણાથી શોક મોહ ભય ક્રોધ પ્રીતિ દીનતા તથા પરિશ્રમ વગેરે થાય છે તે પ્રાણ અને ધનની તૃષ્ણાનો વિદ્વાનોએ ત્યાગ કરવો જોઇએ ૩૩ આ લોકમા મધમાખ ને અજગર એ બે પરમ ગુરૂ છે. એમના ઉપદેશથી અમે વૈરાગ્ય પામી સંતોષમા રહીએ છીએ. ૩૪ હું મધમાખ પાસેથી સર્વ વિષયોમાં વૈરાગ્ય રાખવા શિખ્યો છું. મધમાખ મહા દુઃખથી મધ એકઠુ કરે છે, તે બીજા લોકો જેમ મધમાખને ઉડાડીને છીનવી લે તેમ મનુષ્ય એક મનુષ્યે મહા કષ્ટથી ધન મેળવ્યુ હોય તે તેને મારી નાખીને હરી લે છે. ૩૫ હું કંઈ પણ કામકાજ કરતો નથી અને દૈવેચ્છાથી જે કંઇ મળે તેટલાથી સંતોષ લઈ બેઠો છું. જો મળતું નથી તો બળશાળી અજગરની માફક ઘણા દિવસ સુધી સુઈ રહું છું. ૩૬ કોઈ દિવસ થોડું તો કોઇ દિવસ વધારે, કોઇ દિવસ સ્વાદવાળું તો કોઇ દિવસ સ્વાદ

વિનાનું, કોઈ દિવસ ઘણા ગુણવાળું, તો કોઇ દિવસ ગુણ વિનાનું અન્ન ખાઇને દેહનો નિર્વાહ કરૂં છું. ૩૭ કોઈ દિવસ શ્રદ્ધાથી મળે છે, તો કોઈ દિવસ અપમાનથી મળે છે, એ પ્રમાણે મળતા અન્નને ખાઈ લઉં છું અને ભોજન કર્યા પછી દૈવેચ્છા પ્રમાણે દિવસે કે રાતે હરકોઇ સ્થાનમા પડયો રહું છું. ૩૮ પ્રારબ્ધ કર્મનો ઉપભોગ કરનારો અને જે મળે તે ઉપર સંતોષ રાખનારો હું રેશમી સુતરાઉ ચામડા ચીંથરા વલ્કલ અથવા બીજા પણ જે કંઇ વસ્ત્ર મળે તેનાથી અંગ ઢાંકું છું. ૩૯ કોઈ વખતે ઘાસ પાદડાં પત્થર કે રાખ ઉપર સુઈ રહું છું. કોઇવાર પરની ઇચ્છાથી મહેલમા પલંગ ઉપર બીછાવેલી તળાઈ ઉપર સુઉં છું ૪૦ કોઇ વેળા નાહી શરીર ઉપર ચંદનનો લેપ કરી સારાં સારાં વસ્ત્રો અને આભૂષણો પહેરી રથમા હાથી ઉપર કે ઘોડા ઉપર બેસીને ફરવા નીકળું છુ અને કોઈવાર વૃક્ષની પેઠે નાગો ફર્યા કરૂં છું ૪૧ એક એકથી ઉલટા સ્વભાવવાળા લોકોની હું નિંદા કરતો નથી હું તો માત્ર સર્વનું કલ્યાણ થાય અને સર્વની પરમાત્મામા એકતા થાય એવી ઈચ્છા રાખું છુ ૪૨ ભેદને મનોવૃત્તિમાં હોમવો, મનોવૃત્તિને પદાર્થોના વિભ્રમવાળા મનમા હોમવી, મનને અહંકારમા હોમવું, અહકારને મહત્તત્ત્વદ્વારા માયામા હોમવો અને માયાને સત્ય સ્વરૂપ જાણનારા મુનિએ સ્વસ્વરૂપના અનુભવમા હોમવી. પછી જ્ઞાની એવા મુનિએ સર્વ ક્રિયાનો ત્યાગ કરી પોતાના અનુભવ વડે સ્વસ્વરૂપમા સ્થિર થઇ શાંતિથી વિરામવુ. ૪૪ મારૂં આચરણ આ રીતે અત્યંત ગુપ્ત તથા લોક અને શાસ્ત્રથી વિરૂદ્ધ છે તોપણ આપ ભગવાનના ભકત છો તેથી મેં તમને તે વર્ણવી સંભળાવ્યુ. ૪૫

નારદ કહે છે કે–દૈત્યના રાજા પ્રહ્લાદ, મુનિનો પરમહંસને પાળવાનો આ ધર્મ સાંભળી પ્રસન્ન થયા અને તેમની પૂજા કરી પોતાને સ્થાનકે ગયા ૪૬

धर्मं पारमहंस्यं वै मुनेः श्रुत्वाऽसुरेश्वरः ।
पूजयित्वा ततः प्रीत आमंत्र्य प्रययौ गृहम् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेसप्तमस्कंधे
त्रयोदशोध्यायः

અધ્યાય ૧૪ મો.†

મુમુક્ષુના ધર્મોનું નિરૂપણ.

युधिष्ठिर उवाच

गृहस्थ एतां पदवीं विधिना येन चांजसा ।
याति देवऋषे ब्रुहि मादृशो गृहमूढधीः ॥१॥

યુધિષ્ઠિરે પૂછયુ કે–હે નારદ! મારા જેવો સંસારમા મૂઢ બુદ્ધિવાળો ગૃહસ્થ જે ઉપાયથી સન્યાસીની પદવીને એટલે મોક્ષને શ્રમ વિના જ પામે એવો ઉપાય હોય તો તે મને સંભળાવો. ૧

નારદ કહે છે કે–હે રાજા! ગૃહસ્થે સંસારમા રહીને યથોચિત સર્વ ક્રિયાઓ કરવી અને તે સર્વ સાક્ષાત શ્રીકૃષ્ણાર્પણ કરીને મહા મુનિઓની સેવા કરવી. ૨ ભગવાનના અવતારની કથાઓરૂપી અમૃતનું પાન કરવું અને શ્રદ્ધાસંપન્ન થઇ સમય પ્રમાણે શાંત સ્વભાવવાળા મહાત્માઓનો સમાગમ કરવો. ૩ સ્વપ્નમાથી જાગ્રત થઇ ઉઠેલો મનુષ્ય જેમ સ્વપ્નમા જોયેલા પુત્રાદિક ઉપરની આસકિત રાખતો નથી તેમ ગૃહસ્થે દેહ સ્ત્રી પુત્ર ચાકર નોકર આદિ જેઓ પોતાનો ત્યાગ કરનારા છે તેમનો સંગ સત્સંગદ્વારા ધીરે ધીરે તજી દેવો. ૪ વિવેકી મનુષ્યે દેહનો ને સંસારનો જેટલો ઉપયોગ હોય તેટલોજ સબધ રાખવો. મનુષ્ય લોકથી વિરકત થઇને તેની ઉપર પ્રીતિવાળાની માફક મનુષ્યાવતાર ગાળવો. ૫ માતા પિતા પુત્રો ભાઈઓ ને બીજાં સંબંધીઓ જે વાત કહે તથા જે ઇચ્છા જણાવે

† આ અધ્યાયમા ગૃહસ્થનો મોક્ષકારક પરમ ધર્મ તથા દેશ અને કાલાદિકના ભેદથી સંસારસુખ આપનારા બીજા ધર્મોનુ નિરૂપણ કરેલ છે.

તેમાં અહંભાવ રહિત થઇ અનુમોદન આપવું. ખેતીવાડીમાંથી મળેલાં અન્ન અને દૈવેચ્છાથી મળેલું જે કંઇ ધન ઇશ્વર આપે તે સર્વનો ઉપયોગ કરીને વિવેકી મનુષ્યે પોતાથી બને તે પ્રમાણે વર્તવું ૭ જેટલાથી પેટ ભરાય તેટલું જ ધાન્ય પ્રાણીનું પોતાનું છે, તેના કરતા આધકને માટે જે અભિમાન રાખવું નકામું છે. ૮ મૃગ ઉંટ ગધેડાં વાંદરાં ઉંદર સર્પો પક્ષી અને માખોને પોતાની પ્રજા જેવા ગણવા તેઓની અને પ્રજાની વચ્ચે ઝાઝું અંતર નથી. ૯ ગૃહસ્થે અતિ કષ્ટથી ધર્મ અર્થ અને કામ સંપાદન કરવા નહિ પરંતુ દેશ કાળને અનુસરીને દૈવ જેટલુ આપે તેટલુ ભોગવવું.૧૦ કુતરા પાપીઓ અને ચાડાલાદિક સુધીના પ્રાણીઓને પોતાના અન્નમાથી યોગ્ય વહેચી આપવું અને પોતાની સ્ત્રી જે પોતાની સેવા કરે છે અને જેમાં મનુષ્યોને આ મારી છે, એવું અભિમાન રહેછે તેને પણ ધર્મશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે અતિથિઓની સેવામા યોજવી. ૧૧ જેને માટે પુરૂષો પોતાના પ્રાણ પણ તજે છે અને પિતાને કે ગુરૂને પણ મારે છે તે સ્ત્રી ઉપરની મમતા જેણે છેડી તેણે ભગવાનને જીત્યા એમ જાણવુ ૧૨ જે અંતે કીડા વિષ્ઠા અથવા ભસ્મ થવાનુ છે તે તુચ્છ શરીર કયા? અને દેહના સુખો માટે જેની ઉપર પ્રીતિ થાય છે એવી સ્ત્રી કયા ? અને સર્વ વ્યાપક આત્મા કયાં ?૧૩ જે અન્નાદિક પ્રારબ્ધથી મળે તેમાંથી પંચ મહાયજ્ઞો કરી બાકીના અન્નમાંથી આજીવિકા કરવી આજીવિકા ચલાવતા જે બચે તેની ઉપર મમતા રાખવી નહિ.આ પ્રમાણે વર્તવાથી બુદ્ધિમાન મનુષ્ય પરમહંસોની ગતિને પામે છે ૧૪ પોતાની આજીવિકામાંથી જે ધન મળે તેમાથી નિત્ય દેવ ઋષિ પિતૃ મનુષ્ય અને પ્રાણીઓનુ તર્પણ કરી પોતાનુ પોષણ કરવું. આમ કરવાથી અંતર્યામીનુ પૂજન થાય છે. ૧૫ જ્યારે પોતાને અધિકાર આદિ સર્વ યજ્ઞની સામગ્રીઓ મળે ત્યારે વેદમાં કહેલા અગ્નિહોત્રાદિકના વિધિથી પ્રભુનું યજન કરવું.૧૬ સર્વ યજ્ઞોના ભોકતા ભગવાન બ્રાહ્મણોને ભોજન કરાવ્યાથી જેવા પ્રસન્ન થાય છે તેવા અગ્નિના મુખમા ઘી હોમવાથી પ્રસન્ન થતા નથી,૧૭ બ્રાહ્મણ દેવતા મનુષ્ય અને બીજાં પ્રાણીઓને દાન માન આપી તેઓમાં રહેલા અંતર્યામી ભગવાનનુ પૂજન કરો, કારણ કે અંતર્યામીનું મુખ બ્રાહ્મણો છે ૧૮ દ્વિજ વર્ણે ભાદરવાના કૃષ્ણ પક્ષમાં માતાપિતાનું શ્રાદ્ધ કરવું અને વિશેષ ધન હોય તો માતા પિતાના સંબંધીઓનું પણ કરવું.૧૯ દક્ષિણાયન ઉત્તરાયન વિષુવવૃત વ્યતીપાત ક્ષય દિવસ ચંદ્ર સૂર્યનાં ગ્રહણ શ્રવણ દ્વાદશી૨૦ વૈશાખ શુદિ ત્રીજ કાર્તિક માસની નવમી, હેમંત ઋતુ તથા શિશિર ઋતુમાં ચાર † અષ્ટકા નામની તિથિઓ માઘ સુદી સાતમ માઘ મહિનાની મઘા નક્ષત્રવાળી પૂર્ણિમા ને પ્રત્યેક માસના જેના ઉપરથી નામ પડેલાં છે એવા નક્ષત્રો હોય ત્યારે શ્રાદ્ધ કરવું. ૨૨ દ્વાદશીને દહાડે અનુરાધા શ્રવણ અથવા તો ત્રણ ઉત્તરામાથી એકનો યોગ હોય ત્યારે અથવા એકાદશીને દહાડે ત્રણ ઉત્તરામાંથી એકનો યોગ હોય અથવા જે તિથિમાં જન્મ નક્ષત્રનો કે શ્રવણ નક્ષત્રનો યોગ હોય તે દિવસે પણ શ્રાદ્ધ કરવું. ૨૩ આ સમય શ્રાદ્ધ કરવા માટે જ નહિ પરંતુ મનુષ્યોના ધર્મની વૃદ્ધિ કરવા માટે છે. મનુષ્યોએ એ સમયે સર્વ પ્રકારે પુણ્ય કરવું. આયુષ્યનું પણ તે જ સાફલ્ય છે સ્નાન જપ હોમ વ્રત દેવતા તથા બ્રાહ્મણોનું પૂજન અને પિતરો પ્રાણી ને મનુષ્યોનું તર્પણ એજ જન્મનું સાર્થક છે. ૨૫ હે રાજન! સ્ત્રીના પુત્રના અને પોતાના સંસ્કારનો સમય પ્રેતને બાળવા

† માર્ગશીર્ષ વગેરે ચાર માસની કૃષ્ણ પક્ષની સાતમ આઠમ અને નવમી અષ્ટકા તિથિઓ કહેવાય છે.

વગેરેનો સમય સાંવત્સરિક શ્રાદ્ધનો સમય અને બીજાં માંગલિક કાર્યો કરવાનો સમય હોય ત્યારે પુણ્ય કર્મ કરવાં. ૨૬ હવે ધર્માદિકમાં કલ્યાણ કરનારા દેશોના નામ કહું તે સાંભળો.જે દેશમાં સુપાત્ર મનુષ્ય મળી આવે તે દેશને મહા પવિત્ર જાણવો. ૨૭ જે દેશમા સ્થાવર જંગમ રૂપ વિશ્વ જેને વિષે છે એવા ભગવાનની મૂર્તિ હોય તે દેશને પવિત્ર જાણવો. જે દેશમાં તપ વિદ્યા અને દયાળુ બ્રાહ્મણનું કુળ રહેતુ હોય તેને પવિત્ર જાણવો. ૨૮ જે જે દેશમાં ભગવાનની પ્રતિમા હોય તે તે દેશને પુણ્યવંત જાણવા. જે જે દેશમાં પુરાણોમા પ્રસિદ્ધ ગંગા આદિક નદીઓ હોય તે તે દેશ પવિત્ર ગણાય છે ૨૯ પુષ્કરાદિક સરોવરો મહાત્માઓને રહેવાના સ્થાનો કુરૂક્ષેત્ર ગયા પ્રયાગ પુલહનો આશ્રમ વગેરે તિર્થો નૈમિષારણ્ય ફાલ્ગુન રામ સેતુ પ્રભાસ દ્વારકા કાશી મથુરા પંપા બિંદુસરોવર નારાયણાશ્રમ નંદા સીતા તથા રામનો આશ્રમ મહેંદ્ર અને મલયાદિક પર્વતો તથા ભગવાનની સ્થિર મૂર્તિવાળા દેશો અત્યંત પવિત્ર ગણાય છે. કલ્યાણની ઇચ્છા રાખનાર મનુષ્યે એ દેશોને વાર વાર સેવવા. એ દેશોમા જે જે ધર્મ કરવામા આવે તે તે પુરૂષોને હજાર ગણા કરતા પણ અધિક ફળ આપે છે ૩૩

હે રાજન! પાત્ર ઓળખનાર મોટા વિદ્વાનોએ ભગવાનને જ એક પાત્ર માનેલા છે, કારણ કે સ્થાવર જંગમાત્મક જગત્ ભગવાન રૂપ છે ૩૪ તમારા યજ્ઞમા પ્રથમ પૂજન કોનુ કરવું? તે ઉપર વિચાર ચાલતા દેવતાઓ ઋષિઓ મહાત્માઓ ને બ્રહ્માના પુત્રો વગેરે યજ્ઞમા હતા છતા શ્રીકૃષ્ણ માન્ય ગણાયા હતા બ્રહ્માંડ રૂપી એક મોટું વૃક્ષ છે તે અનેક જીવોથી ભરેલું છે પણ તેનું મૂળ ભગવાન છે તેમની પૂજા કરવાથી સર્વ જીવોની અને પોતાની તૃપ્તિ થાય છે મનુષ્ય પશુ પક્ષી ઋષિ અને દેવતા વગેરેના શરીરો પરમાત્માએ ઉત્પન્ન કર્યા છે તેમા ભગવાન જીવ રૂપે રહે છે, માટે તેમને પુરૂષ કહેવામાં આવે છે. ૩૭ હે રાજન! તેઓના—પશુ—પક્ષીઓના કરતા મનુષ્યોના શરીરોમા ભગવાન અધિક નિવાસ કરે છે માટે મનુષ્ય સુપાત્ર ગણાય છે અને તેઓમા જેમ જ્ઞાની હોય તેમ અધિક સુપાત્ર ગણાય છે. ૩૮ પૂર્વે મનુષ્યોના શરીરમા ભગવાનનુ પૂજન કરવામા આવતુ પરંતુ તે મનુષ્યોમા પરસ્પર અપમાન થવા લાગ્યા તે જોઈને વિદ્વાનોએ ત્રેતાયુગથી માંડીને ભગવાનની મૂર્તિમા પૂજન કરવા માંડયુ. ૩૯ કેટલાએક પુરૂષો મૂર્તિમાન ભગવાન છે એવો વિશ્વાસ રાખી તેમની ઉપાસના કરે છે, પરંતુ જે લોકો બીજા મનુષ્યોનો દ્વેષ કરે છે તેઓને તે મૂર્તિ ઉપાસ્યા છતા ફળ આપતી નથી. ૪૦ હે રાજેન્દ્ર! મનુષ્યોમા પણ જે બ્રાહ્મણ તપ વિદ્યા અને સંતોષવડે ભગવાનની મૂર્તિરૂપ વેદનો અભ્યાસ કરે છે તેને સુપાત્ર બ્રાહ્મણ જાણવો. ૪૧ પોતાના ચરણની રજથી ત્રણ લોકને પવિત્ર કરનાર બ્રાહ્મણો જગતના આત્મા રૂપી શ્રીકૃષ્ણ ભગવાનનુ મોટું દૈવત ગણાય છે.

नन्वस्य ब्राह्मणा राजन् कृष्णस्य जगदात्मनः।
पुनतः पादरजसा त्रिलोकीं दैवतं महत्॥४२॥

इतिश्रीमद्भागवतेमहापुराणेसप्तमस्कंधे चतुर्दशोध्यायः

અધ્યાય ૧૫ મો.[1]

વર્ણાશ્રમના ધર્મોનું નિરૂપણ.

नारद उवाच.

कर्मनिष्ठा द्विजाः केचित्तपोनिष्ठा नृपाऽपरे।
स्वाध्यायेऽन्ये प्रवचने ये केचिज्ज्ञानयोगयोः. १

નારદ કહે છે કે—હે નૃપ! બ્રાહ્મણો કેટલાક કર્મમા નિષ્ઠા રાખનારા કેટલાક તપમાં નિષ્ઠા રાખનારા કેટલાક સ્વાધ્યાયમા

1 આ અધ્યાયમા સર્વ વર્ણોની તથા આશ્રમોની રીતિ અને સંગ્રહથી ધર્મનુ લક્ષણ વર્ણવેલ છે.

નિષ્ઠા રાખનારા કેટલાક વ્યાખ્યાનમા નિષ્ઠા રાખનારા અને કેટલાક જ્ઞાનમા તથા યોગમા નિષ્ઠા રાખનારા હોય છે ૧ પિતૃ અને દેવ તાના કાર્યનાં અનંત ફળની ઇચ્છા રાખનાર પુરૂષે જ્ઞાનનિષ્ઠ પુરૂષને હવ્યો અને કવ્યો આપવાં અને જ્ઞાની મળે નહિ તો બીજા ઓને યથોચિત ભોજન કરાવવુ. ૨ ધનાઢય હોવા છતા શ્રાદ્ધમા વિશ્વેદેવના બે અને પિતૃના ત્રણ બ્રાહ્મણો જમાડવા વા બન્નેનો એકેકો બ્રાહ્મણ જમાડવો વિશેષ નહિ ૩ શ્રાદ્ધમાં વિસ્તાર કરવાથી દેશ અને સમયને ઘટતી શ્રદ્ધા વસ્તુઓ સુપાત્ર બ્રાહ્મણો અને પૂજનની સામગ્રીઓ મળી શકતી નથી. પોતાના સંબંધીને નિમંત્રણ કરતાં બીજા તેના સંબંધીઓનો કેમ ત્યાગ કરી શકાય? તેનો વિચાર કરવો પડે છે જમાઇને નિમંત્રણ કર્યું હોય તો તેના પિતા વગેરેને કેમ મૂકી શકાય ? આવા કેટલાક કારણોથી શ્રાદ્ધમા વિસ્તાર કરવો નહિ. ૪ યોગ્ય એવા દેશમા તથા કાળમા સામા વગેરે મુનિઓનાં ધાન્ય ભગવાનને અર્પણ કરી શાસ્ત્રમા કહ્યા પ્રમાણે શ્રદ્ધાથી સુપાત્રને જમાડયા હોય તો તે અક્ષય અને સર્વ કામના પૂર્ણ કરે છે. ૫ દેવતાઓ ઋષિઓ પિતરો પ્રાણીઓ પોતે ને પોતાના સંબંધીઓ સર્વને અન્નનો વિભાગ વહેંચી આપવો અને તે સર્વને ઇશ્વર સ્વરૂપ જાણવા. ૬ ધર્મનું તત્ત્વ જાણનારાએ શ્રાદ્ધમા બ્રાહ્મણોને માંસ ન જમાડવુ તેમ પોતે પણ ન જમવું. પિતૃઓને જેવી મુનિના અન્નોથી તૃપ્તિ થાય છે તેવી પશુ હિંસા કરવાથી થતી નથી ૭ મન વાણી ને કાયાથી પ્રાણીઓની હિસા ન કરવી એના જેવો સદ્ધર્મ ધર્મની ઇચ્છા રાખનારા મનુષ્યોને બીજો કોઇ નથી. ૮ કેટલાક મોટા યજ્ઞવેત્તા અને ઇચ્છા રહિત જ્ઞાની પુરૂષો જ્ઞાનથી પ્રકાશિત થયેલા મનોનિગ્રહરૂપી યજ્ઞમાં કર્મોનો હોમ કરે છે. મનનો નિગ્રહ કરવામાં કર્મો વિઘ્નકારક થઇ પડે છે માટે કર્મોનો ત્યાગ કરવો. ૯ પદાર્થોવાળા યજ્ઞોથી યજન કરવાને તૈયાર થયેલા મનુષ્યને જોઇને પ્રાણીઓ ભય પામે છે અને કહે છે કે, આ આત્મતત્ત્વને ન જાણનારો પોતાના પ્રાણનું પોષણ કરનારો નિર્દય મનુષ્ય અવશ્ય અમને મારી ન નાખે તો સારૂં. ૧૦ એટલા માટે ધર્મવેત્તા પુરૂષે દૈવેચ્છાથી મળેલા મુનિધાન્યોથી સંતોષ રાખી નિત્ય અને નૈમિત્તિક ક્રિયાઓ કરવી. વિધર્મ પરધર્મ આભાસ ઉપમા અને છલ એ પાંચ અધર્મની શાખાઓ છે તેનો ધર્મવેત્તા પુરૂષે અધર્મની પેઠે ત્યાગ કરવો. ૧૨ જે ક્રિયાને ધર્મ સમજીને આચરતા સ્વધર્મનો બાધ આવતો હોય તેને વિધર્મ જાણવો જે અન્યને ઉપદેશ કરાયલો હોય અને બીજાનો હોય તેને પરધર્મ જાણવો. જે ધર્મ પુરૂષોએ પોતાની ઇચ્છાથી ઉભો કર્યો હોય અને આશ્રમથી જુદો હોય તેને અભ્યાસ જાણવો. જે પાખંડ ધર્મ હોય તેને ઉપમા જાણવો. જે ધર્મ ઢોગી હોય અથવા ધર્મશાસ્ત્રનાં વચનોનો જુદો જ અર્થ કરીને જેમા ધર્મને માન્ય કરેલો હોય તેને છલ જાણવો. આ સર્વ મિથ્યા ધર્મ છે અને તે દુખકારક છે. ધર્મશાસ્ત્રે સ્વાભાવિક રીતે જે ધર્મ કહેલો છે, તે ધર્મ કોને શાતિ આપતો નથી ?૧૪ નિર્ધન મનુષ્યે ધર્મ કરવા અથવા પોતાની આજીવિકા કરવા ધનની ઇચ્છા કરવી નહિ નિવૃતિપરાયણ પુરૂષને અજગરની માફક નિવૃત્તિ આજીવિકા આપી રહે છે ૧૫ જે સુખી સંતોષી નિવૃત્તિ સુખ ભોગવનાર અને આત્મસ્વરૂપમાં વિહાર કરનારા પુરૂષને મળે છે તે સુખ ધનની ઇચ્છાથી તથા કામનાથી અને લોભથી આમ તેમ દોડાદોડ કરનારા પુરૂષને મળતું નથી ૧૬ જેમ પગમા પગરખાં પહેરનાર પુરૂષને કાંકરા કે કાટાવાળી ભૂમિમાં દુઃખ થતુ નથી તેમ સદા સંતોષી પુરૂષને સર્વ

દિશાઓ સુખકારી નિવડે છે ૧૭ સંતોષી મનુષ્ય જળ માત્રથી પણ શા માટે પોતાની આજીવિકા ન ચલાવી શકે ? છતાં ઇંદ્રિયના અને જીહ્‌વાના રસમાં લોલુપ થઇ તે કુતરાના જેવું આચરણ કરે છે ?૧૮ જે બ્રાહ્મણ અસંતોષી હોય તેનું તેજ વિદ્યા તપ તથા યશ ઇંદ્રિયોની લલુતાથી ભરાઇ જાય છે અને જ્ઞાન નાશ પામે છે. ૧૯ કામનો અંત ભૂખ તથા તરસ વેઠવાથી આવે છે અને ક્રોધનો અંત કોઇને પીડા કરવાથી આવે છે, પરંતુ લોભનો અંત દિગ્વિજય કરવાથી કે રાજ્ય ભોગવવાથી પણ આવતો નથી. બહુ જાણનાર અને સંશય કાપનાર ઘણા પંડિતો ને કેટલાએક સભાપતિઓ અસંતોષથી નરકમા પડયા છે. વિવિધ સંકલ્પ-વિકલ્પ કરવાથી કામને કામનાઓ ત્યાગ કરીને ક્રોધને ધનને અનર્થ રૂપ જાણીને લોભને તત્વને વિચારે આત્મવિદ્યાથી શોકને તથા મોહને મહાત્મા જનોની ઉપાસનાથી દંભને મૌનવડે યોગમા વિઘ્ન કરનાર વ્યવહારોને અને શરીરાદિકની સ્પૃહાનો ત્યાગ કરવાથી હિંસાને જીતવી.૨૩ કોઇ પણ પ્રાણીએ આપેલા દુ:ખને તેની ઉપર દયા કરીને દુઃખને સમાધિવડે દેહથી થયેલા દુઃખને યોગના બળથી સત્વ ગુણવાળા પદાર્થોના સેવનથી નિદ્રાને ૨૪ સત્વગુણથી રજોગુણ તથા તમોગુણને અને શાંતિથી દયા વગેરે સાત્વિક ગુણોને જીતવા, આ સામાન્ય ઉપાય કહ્યા પરંતુ પુરૂષ એક ગુરૂભક્તિથી એ સર્વને પરિશ્રમ વિના જીતી શકે છે. ૨૫ ભગવાન રૂપ અને જ્ઞાન રૂપી દીવાને આપનાર ગુરૂ ઉપર જે મનુષ્ય આ મનુષ્ય છે એવી મિથ્યા બુદ્ધિ કરે છે તેનો સર્વ શાસ્ત્રાભ્યાસ હાથીના સ્નાનની માફક મિથ્યા સમજવો. ૨૬ જે ગુરૂ છે એ જ સાક્ષાત્ પ્રધાન તથા પુરૂષનો ઇશ્વર અને યોગીશ્વરો જેમના ચરણોને શોધ્યા કરે છે એવા સાક્ષાત્ ભગવાન છે છતા લોક મનુષ્ય માને છે ૨૭ શાસ્ત્રમાં નિયમો પાળવા માટે જે આજ્ઞાઓ કરી છે તે છ ઇંદ્રિયોને નિયમમાં રાખવા માટે છે ઇંદ્રિયોનો વિજય કર્યા છતા જો ધ્યાન ધારણા તથા સમાધિ વગેરે સિદ્ધ થાય નહિ, તો તે સર્વ નિયમોની આજ્ઞાને કેવળ પરિશ્રમ આપનારી જાણવી. ૨૮ ખેતીવાડી વ્યાપાર વણજ વગેરે આજીવિકાઓ પુરૂષને યોગના ફળરૂપ મોક્ષ આપતી નથી પરંતુ જન્મ મરણ આપે છે દુષ્ટ મનુષ્યને વાવ કુવા ખોદાવવા વિગેરેનાં કામો પણ જન્મ મરણ જ આપે છે ૨૯ જે મનુષ્ય ચિત્તનો વિજય કરવા માટે તૈયાર થયો હોય તેણે સર્વનો સંગ ત્યાગ કરવો. સ્ત્રી પુત્રાદિક તેમજ ધન ધાન્યાદિકનો સંગ્રહ કરવો નહિ, એકલાં ફરવુ એકાંત જગ્યામાં રહેવું અને સરખી ભૂમિ ઉપર પોતાનુ સ્થિર સુખકારી અને સરખું આસન પાથરી તે ઉપર બેસીને પુરૂષે સરલ અંગથી ૐકારનો ઉચ્ચાર કરવો. ૩૧ મન જ્યાં સુધી કામનાઓનો ત્યાગ કરે ત્યા સુધી પોતાના નાકની દાડીના અગ્ર ભાગ ભાગ ઉપર દૃષ્ટિ રાખીને પૂરક કુંભક ને રેચકથી પ્રાણ ને અપાન વાયુને રોકવા. ૩૨ કામનાથી હણાયલું ને ભટકતું મન જે જે વિષયો તરફ દોડે, તે તે વિષયોમાંથી તેને પાછું વાળીને બુદ્ધિમાન મનુષ્યે તેને ધીરે ધીરે હૃદયમા રોકવું. ૩૩ યોગાભ્યાસ કરનાર સંન્યાસીનું મન થોડા કાળમા લાકડા વિનના અગ્નિની પેઠે શાંત થાય છે. ૩૪ કામાદિકથી ક્ષોભ ન પામેલું તથા જેની સર્વ વૃત્તિઓ શાંત થયલી હોય એવું મન બ્રહ્મસુખનો સ્પર્શ થવાથી કોઇ પણ દિવસે વિષય માટે ઉત્કંઠિત થતું નથી. ૩૫ જે મનુષ્ય પ્રથમ ધર્મ અર્થ અને કામની ખાણરૂપ ઘરમાંથી બહાર નીકળીને ફરી તે ધર્મ અર્થ તથા કામને સેવે છે તે લજ્જાહીન સંન્યાસીને વચન ભક્ષણ કરનારો જાણવો. જેઓ પોતાના દેહને મરણ ધર્મવાળો આત્માથી

ભિન્ન અને પરિણામે વિષ્ઠા કીડા કે રાખ રૂપ થનારો જાણે છે, તે માહેલા કેટલાએક દુષ્ટ પુરૂષો દેહને પોતાનો ગણીને બીજાઓ પાસે તેની સ્તુતિ કરાવરાવે છે ૩૭ ગૃહસ્થ થઈને ક્રિયાનો ત્યાગ કરે બ્રહ્મચારી થઇને બ્રહ્મચર્ય નો ત્યાગ કરે, તપસ્વી થઇને ગામમા વાસ કરે અને સન્યાસી થઇને ઇંદ્રિયોની લલુતા રાખે, ૩૮ એ સર્વને આશ્રમોમાં અધમ તથા આશ્રમોનુ હાસ્ય કરનાર જાણવા દૈવની માયાથી મૂઢ બનેલા લોકોની દયાવડે ઉપેક્ષા કરવી. ૩૯ મનુષ્ય જો પોતાને પરબ્રહ્મ રૂપ જાણતો હોય તો પછી અજ્ઞાનથી વાસના વિનાનો થયેલો તે કયી ઇચ્છાથી તથા કોને માટે પોતાના દેહનુ પોષણ કરે? ૪૦ પંડિતો આ શરીરને રથ ઇંદ્રિયોને તેના ઘોડાઓ ઇન્દ્રિયોના અધિપતિ મનને તે ઘોડાઓની રાશ અને શબ્દાદિક વિવિધ વિષયોને રસ્તાઓ કહે છે. બુદ્ધિને સારથી કહે છે ઇશ્વરે ઉત્પન્ન કરેલા ચિત્તને રથને બાધવાનુ મોટું બંધન કહે છે, ૪૧ દશ પ્રાણોને ધરી કહે છે અધર્મ તથા ધર્મને પૈડાં કહે છે, અહંકારી જીવ તે રથમાં આરૂઢ થાય છે ૐકારને તેનું ધનુષ કહે છે શુદ્ધ જીવને તેનું બાણ કહે છે અને પરબ્રહ્મને નિશાન કહે છે રાગ દ્વેષ લોભ શોક મોહ ભય મદ માન અપમાન અસૂયા માયા હિંસા મત્સર રજોગુણ પ્રમાદ ક્ષુધા નિદ્રા ઇત્યાદિક તેના શત્રુઓ જાણવા તેમા કોઇ વાર રજોગુણ અને તમોગુણવાળી પ્રકૃતિઓ તેમજ કોઈ વાર સત્વગુણવાળી પ્રકૃતિઓ શત્રુ થઈ પડે છે. ૪૪ જ્યા સુધી ઇન્દ્રિયાદિક રૂપી સામાનથી ભરેલો કાયા રથ પોતાને વશ હોય ત્યાં સુધી ગુરૂના ચરણની સેવાથી સજ કરેલી જ્ઞાનરૂપી તરવારને ધારણ કરી ભગવાનનો આશ્રય કરી તેના કામાદિક શત્રુનો નાશ કરવો શાંત થઇ અને સ્વસ્વરૂપના આનંદમા મગ્ન રહેવું ને દેહ રૂપી રથનો ત્યાગ કરવો. ૪૫ ભગવાનનો આશ્રય કર્યો ન હોય તો બહિર્મુખ એવા ઇન્દ્રિયો રૂપી ઘોડાઓ ને બુદ્ધિરૂપી સારથિ પ્રમત્ત થયેલા રથને આડે માર્ગે દોરી જઇ વિષયરૂપી ચોરો પાસે લઇ જાય છે ચોર લોકો ઘોડાઓ અને સારથિ સહિત રથને મૃત્યુના ભયવાળા અને ગાઢ અંધારાથી ભરેલા સંસારરૂપી મોટા કુવામા ફેંકી દે છે. ૪૬ વેદમાં કહેલાં કર્મો પ્રવૃત્ત ને નિવૃત્ત એમ બે પ્રકારના છે. મનુષ્ય પ્રવૃત્તિવાળા કર્મથી સંસારમા જન્મ મરણ પામે છે અને નિવૃત્તિવાળાં કર્મથી મોક્ષ પામે છે. ૪૭ કામ્ય અને આસક્તિવાળા હિંસાથી ભરેલા શ્યેનયાગ વગેરે અગ્નિહોત્ર દર્શ પૂર્ણમાસ ચાતુર્માસ્ય પશુયાગ સોમયાગ વિશ્વેદેવ ને બલિ કર્મો દ્રવ્યોથી બને છે, અને તે ઇષ્ટ કર્મો પ્રવૃત્તિ નામે કર્મો કહેવાય છે. દેવ મંદિરો બંધાવવા બાગબગીચા કરાવવા અને પરવો બંધાવવા આદિ કર્મો પૂર્ત કહેવાય છે.

હે રાજા! પ્રવૃત્તિવાળા કર્મ કરનારો પુરૂષ ચરૂ ને પુરોડાશ વગેરેના સૂક્ષ્મ ભાગથી બંધાયલા દેહને ધારણ કરીને ધૂમના અભિમાની દેવતા પાસે ત્યાથી કૃષ્ણપક્ષના અભિમાની દેવતા પાસે ત્યાથી દક્ષિણાયનના અભિમાની દેવતા પાસે અને ત્યાથી ચંદ્રલોકમા ગયા પછી પુણ્યોત્પન્ન ભોગનો ક્ષય થવાથી શોકાગ્નિવડે દેહનો લય થવાથી અદૃષ્ટ થઇ જાય છે અને વૃષ્ટિદ્વારા અનુક્રમે ઔષધિમા ત્યાથી લતામાં ત્યાથી અન્નમા એમ ઉત્તરોત્તર અવતરી સંસારમા આવે છે. આ પ્રમાણે પ્રવૃત્તિ કર્મનો માર્ગ પુનર્જન્મ છે ૫૧ ગર્ભાધાનાદિકથી માંડી અંત્યેષ્ટિ પર્યન્ત વૈદિક સસ્કારોથી સંસ્કાર પામેલો દ્વિજવર્ણ પ્રવૃત્તિવાળું કર્મ કરવાને અધિકારી થાય છે.

હવે પ્રવૃત્તિ કર્મ કરવાનું સ્વરૂપ સાંભળો જ્ઞાની પુરૂષો ઇન્દ્રિયોથી બનતાં ઇષ્ટ તથા પૂર્ત વગેરેને જ્ઞાનથી પ્રકાશમાન ઇન્દ્રિયોમાં હોમે છે. ૫૨ ઇન્દ્રિયોને સંકલ્પ

વિકલ્પવાળા મનમાં વિકારવાળા મનને વાણીમાં વાણીને અક્ષરોના સમૂહમાં અક્ષરના સમૂહને ૐકારમા ૐકારને બિંદુમા બિન્દુને નાદમાં નાદને પ્રાણમા અને પ્રાણને પરબ્રહ્મમા હોમે છે. ૫૩ આ પ્રમાણે નિવૃત્તિ કર્મ કરનારો પુરૂષ પ્રથમ અગ્નિની પાસે ત્યાથી દિવસના ઉત્તર અર્ધના અભિમાની પાસે ત્યાંથી શુકલ પક્ષના અભિમાની દેવતા પાસે ત્યાંથી પૂર્ણ માસના અભિમાની દેવતા પાસે ત્યાથી ઉત્તરાયણના અભિમાની દેવતાની પાસે અને ત્યાથી બ્રહ્માની પાસે જાય છે બ્રહ્મલોકના ભોગ ભોગવ્યા પછી પોતે સ્થૂલ શરીરની ઉપાધિવાળો અને વિશ્વ નામધારી થઇ રહે છે. પોતાના શરીરનો સૂક્ષ્મમા લય કરીને સૂક્ષ્મ ઉપાધિવાળો તથા તૈજસ થાય છે તે પછી સૂક્ષ્મ શરીરને કારણ શરીરમા લય કરીને કારણ શરીરની ઉપાધિવાળો પ્રાજ્ઞ થાય છે અને તે કારણ શરીરને ઉપર કહેલા વિશ્વ તૈજસ અને પ્રાજ્ઞ શરીરમા વ્યાપક એવા સાક્ષી સ્વસ્વરૂપમા લય કરીને દૃશ્ય પદાર્થોનો લય થતા શુદ્ધ આત્મા રહે છે ૫૪ આને લોક દેવયાન કહે છે આ માર્ગમા ઉપર કહેલા ક્રમ પ્રમાણે ઉત્તરોત્તરસ્વરૂપમા પ્રવેશ કરીને છેવટે પરબ્રહ્મ થવાય છે આત્મ સ્વરૂપનું ભજન કરનારો શાંત અંતઃકરણ વાળો અને આત્મામાજ વાસ કરનારો પુરૂષ આ માર્ગે જવાથી બીજાની પેઠે આ સંસારમ જન્મ ધારણ કરતો નથી. વેદાના પિતૃયાન અને દેવયાનને શાસ્ત્રરૂપી દૃષ્ટિથી જે જાણે છે તે મનુષ્ય દેહમા રહેલો હોય તોપણ મોહ પામતો નથી ૫૬ લોકોના આદિમા રહેનારો ભોગ્ય ભોક્તા ઉંચ નીચ જ્ઞાન જાણવા યોગ્ય અર્થ અપ્રકાશ ને પ્રકાશ એ સવ જ્ઞાની પોતે જ છે માટે તે કોઇ પણ વસ્તુન પોતાથી ભિન્ન જોતા નથી—મોહિત થતો નથી. ૫૭ પ્રતિબિમ્બાદિ આભાસ પદાર્થ તર્કના વિરોધને લીધે મિથ્યા છે તો પણ તેને જેમ એક વસ્તુ રૂપે માનવામાં આવે તેમ ઇન્દ્રિયોના જાણવામાં આવતો સંસાર તર્કથી સિદ્ધ થતો નથી, ખોટો છે તેથી તેને એક વસ્તુ રૂપે માનેલો છે ૫૮ પૃથ્વી વગેરે પાચ ભૂતોનું જેમાં ઐકય મા નવામા આવે છે એવો દેહાદિક સંઘાત કાર્ય કે પરિણામમાંથી કોઇ પણ જાતનો નથી. વૃક્ષોનો સંઘાત જેમ વન કહેવાય છે તેમ પંચમહાભૂતોનો સઘાત પણ દેહ કહેવાય છે કારણ કે, જો સઘાત ન હોય તો એક ભાગ ખેચવાથી સર્વ સમુદાય ખેચાય નહિ. વનમાથી એક વૃક્ષ ખેચવાને લીધે આખું વન ખેચાતું નથી, પરંતુ દેહમાં તેમ નથી દેહનો તો એક ભાગ ખેંચવાથી આખો દેહ ખેચાય છે. તેમ દેહ એ પચમહાભૂતોનું કાર્ય નથી તેમ પરિણામ પણ નથી દેહનો વિકાર અથવા પરિણામ હોય તો તે પોતાના અવયવોથી અથવા તો પરિણુત પદાર્થોથી ભિન્ન છે ? કે તેમાં મળેલો છે? તે તેનાથી અત્યંત જુદો જોવામા આવતો નથી તેમ તેમાં સર્વ રૂપથી કે અંશથી મળેલો નથી. જો આખો મળેલો છે એમ કહીએ તો એક આંગળીને પણ દેહ માનવી જોઇએ અને અંશથી મળેલો કહીએ તો તેના અંશની અને તેના અંશની કલ્પના કરવાથી અનવસ્થા દોષનો પ્રસંગ આવી પડે છે. પરિણામમાં પણ વાધા આવે છે માટે દેહાદિક મિથ્યા છે ૫૯ પચમહાભૂતો અવયવી પદાર્થો છે તેથી તે પોતાની તન્માત્રારૂપ શબ્દાદિક અવયવો વિના હોઈ શકતા નથી અને અવયવી જ્યારે મિથ્યા ઠરે છે ત્યારે છેવટે અવયવ પણ મિથ્યાજ સિદ્ધ થાય છે કારણ કે અવયવની પ્રતીતિ વિના બીજા કોઇપણ પ્રમાણથા અવયવ સિદ્ધ થઇ શકતો નથી. ૬૦ કોઇ શંકા કરે કે, અવયવીનો અભાવ થાય તોપણ આવનારી તથા નાશ પામનારી બાલ્યાદિક અવસ્થામા ‘ આ તે દેવદત્ત છે ’

એવું જે જ્ઞાન થાય છે તે થાય નહિ. મીમાંસકો કહે છે કે, 'આવિર્ભાવ તિરોભાવના ધર્મો નાશવંત છે' પરંતુ તે ધર્મવાળી વસ્તુ અવિનાશી છે, તેનો નિર્વાહ કેમ થશે? એના ઉત્તરમાં કહેવાનું કે, પરમાત્મા વિના બીજી કોઈ વસ્તુ નથી છતાં આ પદાર્થ આના જેવો છે,' આવી જે સરખાપણાની ભ્રાંતિ છે તે કેવળ અવિદ્યાને લઇને થયેલી છે. અવિદ્યા દૂર થયા પછી દ્વૈતભ્રાંતિ દૂર થાય છે. પરમાત્મા વિના બીજી સર્વ વસ્તુ મિથ્યા છે ત્યારે શાસ્ત્રમા કહેલો વિધિનિષેધ સ્વપ્નમાં આવતી જાગ્રત તથા સ્વપ્નાવસ્થાની માફક મિથ્યા છે. ૬૧ ભાવાદ્વૈત ક્રિયાદ્વૈત ને દ્રવ્યાદ્વૈતની યથાર્થ ભાવના કરનારો મનુષ્ય પોતાના આત્મસ્વરૂપના અનુભવથી જાગ્રત વગેરે ત્રણ અવસ્થાઓનો અથવા તો વસ્તુભેદ બુદ્ધિ કર્મભેદ બુદ્ધિ, આ ફળ મારા કર્મથી સિદ્ધ થયું છે માટે મારે ભોગવવા યોગ્ય છે, એવા ત્રણ સ્વપ્નનો નાશ કરે છે. ૬૨ પરબ્રહ્મ વિના બીજી સર્વ વસ્તુ મિથ્યા છે તેથી પટ ને તંતુમાં જેમ પટ મિથ્યા છે પરંતુ તંતુ સત્ય છે તેમ કાર્ય અને કારણને એક રૂપે વિચારવાં તેનું નામ ભાવાદ્વૈત કહેવાય છે. ભાવાદ્વૈતના વિચારથી વસ્તુગત ભેદબુદ્ધિ દૂર થાય છે. ૬૩ હે યુધિષ્ઠિર! મન વાણી અને કાયાથી પરબ્રહ્મને કર્મો અર્પણ કરવાં તે દ્વૈત કહેવાય છે અને તેનો વિચાર કરવાથી કર્મોમા થયેલી ભેદબુદ્ધિ નાશ પામે છે. ફલોની જુદાઈથી ક્રિયાઓમા પણ જુદાઇ જણાય છે પરંતુ તે કર્મો ઇશ્વરને અર્પણ કરવાથી તેમા ભેદ રહેતો નથી. ૬૪ પોતે પોતાની સ્ત્રી પુત્રાદિક ને બીજા સર્વ પ્રાણીઓના દેહ પંચમહાભૂતથી એક રૂપ છે તથા ભોક્તા પરમાત્માપણાથી પણ એક રૂપ છે. તેઓનો અર્થ કામ પણ એક છે એવો જે વિચાર તે દ્રવ્યાદ્વૈત કહેવાય છે. ૬૫

જે પુરૂષ શાસ્ત્રમાં જે ઉપાયથી જેની પાસેથી જયાં તથા જે દ્રવ્યથી કર્મ કરવાનો નિષેધ ન કર્યો હોય તે પુરૂષે સુખના સમયમાં તે ઉપાયથી તેની પાસેથી તે દ્રવ્યથી કર્મો કરવા બીજા ઉપયોથી કદી કરવા નહિ. ૬૬ આ તથા બીજા વેદોક્ત વર્ણાનુસારી કર્મો કરનારો ભગવાનની ભક્તિ કરનારો મનુષ્ય ઘરમાં રહેવા છતાં ભગવાનની ગતિને પામે છે. ૬૭ હે મહારાજ! તમે ભગવાનની સહાયતાથી ટાળી શકાય નહિ એવી આપત્તિઓમાથી તરીને બહાર નીકળ્યા છો, તમે ભગવાનના ચરણકમળની સેવાથી દિગ્ગજોનો પરાજય કરીને યજ્ઞો કર્યા છે ૬૮ હું પૂર્વે મહા કલ્પમા ઉપબર્હણ નામે ગંધર્વ હતો અને બીજા ગંધર્વો મને માન આપતા હતા. ૬૯ રૂપ સુકુમારતા મધુરતા તથા સુગંધીને લીધે સર્વને મારૂં સ્વરૂપ મનોહર લાગતું હું સ્ત્રીઓને અત્યંત પ્રિય લાગતો તેઓમા મુગ્ધ રહેતો અને ઘણો લંપટ હતો. ૭૦ એક વખત પ્રજાપતિઓએ દેવતાઓની સભામા શ્રીહરિની કથા ગાવા ગંધર્વોને ને અપ્સરાઓને બોલાવ્યા હતા. ૭૧ મને પણ તે નિમંત્રણ હતું તેથી સ્ત્રીમંડળની સાથે ત્યા ગયો અને ગાન કરવા લાગ્યો. પ્રજાપતિઓએ મારા અવિવેકથી મને શાપ દીધો કે, તે અમારો અપરાધ કર્યો માટે તું લક્ષ્મી રહિત થઇને શૂદ્રપણાને પ્રાપ્ત થા. ૭૨ આ પ્રમાણે મહાત્માઓનું અપમાન કરવાથી હું એકદાસને ઘેર અવતર્યો તે અવતારમાં વેદવાદી પરમહંસોની સેવાથી અને તેઓનો પ્રસંગ કરવાથી આ ત્રીજા અવતારમાં બ્રાહ્મણનો પુત્ર થઇને જનમ્યો છું. ૭૩ આ રીતે પાપનો નાશ કરનાર ગૃહસ્થાશ્રમનો ધર્મ મેં તમને કહી સંભળાવ્યો, જે ધર્મ પ્રમાણે વર્તવાથી ગૃહસ્થાશ્રમી, પરિશ્રમવિના સંન્યાસીઓની પદવીને પ્રાપ્ત કરે છે. ૭૪ મનુષ્ય લોકમા તમે ભાગ્યશાળી છો, તમારા ઘરમાં મનુષ્યાવતાર લઇ આવેલા

સાક્ષાત્ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ વાસ કરે છે. ત્રણ લોકને પવિત્ર કરનાર મુનિ લોકો તમારે ઘેર આવે છે. ૭૫ તમારા સંબંધી મામાના પુત્ર આત્મારૂપ અને પૂજા કરવા યોગ્ય આજ્ઞા પ્રમાણે વર્તનાર ને ગુરૂ રૂપ શ્રીકૃષ્ણ ભગવાન છે તે મહાત્મા પુરૂષોએ શોધવા યોગ્ય પરબ્રહ્મ છે તથા મોક્ષ સંબંધી ઉપાધિરહિત સુખના અનુભવરૂપ પણ તે જ છે ૭૬ ભગવાનનું સ્વરૂપ 'આવું છે' એમ શંકર તથા બ્રહ્માદિક દેવતાઓ પણ વર્ણન કરી શકતા નથી. ભગવદ્‌ભકતોના પતિ ભગવાન કે જેમની અમે મૌનવડે ભક્તિવડે તથા ઉપશમાદિવડે પૂજા કરીએ છીએ તે ભગવાન અમારા ઉપર પ્રસન્ન થાઓ. ૭૭

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે નારદનાં વચન સાંભળીને પ્રસન્ન થયેલા ભરત વંશમા શ્રેષ્ઠ યુધિષ્ઠિર રાજાએ પ્રેમથી વિહ્વલ થઈ પ્રથમ શ્રીકૃષ્ણની અને પછી નારદની પૂજા કરી. નારદ મુનિ શ્રીકૃષ્ણની તથા યુધિષ્ઠિરની આજ્ઞા લઇને પોતાના સ્થાન તરફ ગયા અને યુધિષ્ઠિર 'શ્રીકૃષ્ણ પરબ્રહ્મરૂપ છે,' એવુ સાંભળીને અત્યંત આશ્ચર્ય પામ્યા. ૭૯ આ પ્રમાણે મે તમને દક્ષની પુત્રીઓના વંશો કહી સંભળાવ્યા જે વંશમાથી દેવતાઓ અસુર અને મનુષ્ય વગેરે સ્થાવર જંગમ સર્વે ઉત્પન્ન થયેલા છે. ૮૦

इति दाक्षायणीनां ते पृथग्वंशाः प्रकीर्तिताः।
देवासुरमनुष्याद्या लोका यत्र चराचराः॥८०

इतिश्रीमद्भागवतेमहापुराणेसप्तमस्कंधे
पंचदशोऽध्यायः

इतिश्री
सप्तमस्कंध समाप्त.

श्रीमद्वेदव्यासविरचित

श्रीमद्भागवत

अष्टमस्कंध.

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર.



ગજેન્દ્ર મોક્ષ

The Lakshmi Art—Bombay

अथ

श्रीमद्भागवतभाषान्तर

अष्टमस्कंध.

અધ્યાય ૧ લો.[†]

વર્તમાન કલ્પના મન્વંતરો.

राजोवाच—स्वायंभुवस्येह गुरोर्वंशोयं विस्तराच्छ्रुतेः ।
यत्र विश्वसृजां सर्गो मनूनन्यान्वदस्य नः ॥ १ ॥

પરીક્ષિતે પૂછયું કે–હે ગુરૂ ! સ્વાયંભુવ મનુનો વંશ મેં આપથી વિસ્તારપૂર્વક સાંભળ્યો. એ વંશમાં પ્રજાપતિઓનો મનુઓની પુત્રીઓથી વશ ચાલ્યો છે. હવે મને બીજા મનુઓના વંશની કથાઓ સંભળાવો. ૧ મહાત્મા શ્રીહરિના જન્મો ને કર્મો કવિ લોકોએ જે જે કથા પ્રસંગમા ગાયા હોય તે કથાઓ હે બ્રહ્મન ! મને સંભળાવો. ૨ જગતનું રક્ષણ કરનાર ભગવાને ભૂતકાળના મન્વંતરમાં જે કર્મો કર્યા હોય વર્તમાન કાળના મન્વંતરમા જે કર્મો કર્યા હોય અને ભવિષ્ય કાળના મન્વતરોમાં જે કર્મો કરવાનાં હોય તે સર્વ આપ મને વિગતવાર સંભળાવો ૩

શુકદેવજી કહે છે કે–આ કલ્પમાં સ્વાયંભુવાદિ છ મનુઓ થઇ ગયા તેઓમાં પ્રથમ સ્વાયંભુવનો મન્વંતર તમને કહ્યો જે મન્વંતરમાં દેવાદિકોની ઉત્પત્તિ છે. ૪ તેમાં ધર્મનો ને જ્ઞાનનો ઉપદેશ કરવા મનુની પુત્રી આકૂતિને વિષે તથા દેવહૂતિને વિષે યજ્ઞસ્વરૂપ કપિલદેવને નામે પુત્ર થઈને પ્રભુ અવતર્યા હતા. ૫ દેવહૂતિના પુત્ર કપિલનું ચરિત્ર પૂર્વે કહ્યુ છે હવે ભગવાન યજ્ઞનારાયણે જે ચરિત્ર કર્યા હતાં તે કહું છું. ૬ શતરૂપાના પતિ સ્વાયંભુવ મનુ કામનાઓના ઉપભોગથી વિરક્ત થઇ રાજ્યનો ત્યાગ કરી તપશ્ચર્યા કરવા સ્રીની સાથે વનમાં ગયા ૭ ત્યાં સુનંદા નદીના તટ ઉપર સો વર્ષ સુધી એક પગે ઉભા રહી તપશ્ચર્યા કરી. તપ કરતાં કરતાં તે નિચે પ્રમાણે બોલવા લાગ્યા. ૮

મનુ જેનાથી જગત ચેતનાવાળું છે, જગત જેને અચેતન કરી શકતું નથી ને જગત જ્યારે સુતું હોય ત્યારે જે સાક્ષીરૂપે સદા જાગે છે એવા ઇશ્વરને કોઇ જાણતું નથી. ૯ જગતમા જે કઇ ઉત્પન્ન થયેલી વસ્તુ છે તે સર્વ ઇશ્વરથી વ્યાપ્ત છે, ઇશ્વર જેટલું આપે તેટલા ઉપર નિર્વાહ કર, પર ધનની આશા રાખ નહિ. ૧૦ તે સર્વ જુએ છે, પરંતુ એમને કોઇ દેખતું નથી; જેનું જ્ઞાન અવિનાશી છે તે સર્વ પ્રાણીઓના અંતર્યામી સર્વ સંગ રહિત ભગવાનને ભજો. ૧૧ જે પરમાત્માને આદિ અંત મધ્ય

† આ અધ્યાયમા સ્વાયંભુવ સ્વારોચિષ ઉત્તમ તથા તામસ આદિ ચાર મનુઓનુ વર્ણન કર્યું છે.

પોતાના પારકો અંદર કે બહાર કઇ ભેદ નથી અને જે જગતના આદિ અંત મધ્ય પોતાના પર અંદર અને બહાર છે ને આ વિશ્વ જેમનુ સ્વરૂપ છે તે સત્ય અને પરિપૂર્ણ પરમાત્મા છે ૧૨ પરમાત્માના અજન્મા સત્ય સ્વયપ્રકાશ પુરાણ વિકાર રહિત છે, 'આ વિશ્વ' તેમની કાયા છે અને તેના અસંખ્ય નામો છે ઈશ્વર પોતાની શક્તિ રૂપી માયાથી જગતની ઉત્પત્તિ સ્થિતિ ને પ્રલય કરે છે અને વિદ્યાથી માયાનો ત્યાગ કરી ક્રિયારહિત રહે છે. ૧૩ ઋષિઓ મોક્ષ માટે પ્રથમ કર્મો કરે છે કારણ કે કર્મ કરનારો મનુષ્ય કર્મમાથી છુટે છે. ૧૪ ભગવાન આત્મસ્વરૂપના લાભથી પરિપૂર્ણ હોવાને લીધે કર્મ કરે છે છતા તેમા બધાતા નથી અને તે માટે જેઓ ભગવાનને અનુસરે છે તે પણ બધાતા નથી ૧૫ મનુષ્યાવતારને યોગ્ય માર્ગે કર્મ કરનારા અને કર્મ કરવા છતા અહકાર રહિત કામના રહિત સર્વજ્ઞ, પરિપૂર્ણ પોતાના આચારથી લોકોને ઉપદેશ આપનાર તથા સર્વ ધર્મના પ્રવર્તાવનાર ભગવાનને હુ શરણે જાઉ છુ. ૧૬

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે સમાધિ દશામા મત્રો ને ઉપનિષદો જપતા સ્વાયભુવને સમાધિસ્થ જોઇને અસુરો ને રાક્ષસો ભૂખને લીધે ત્યા આવ્યા ૧૭ અસુરોના અને રાક્ષસોના ભક્ષણના નિશ્ચયને જાણી સર્વ વ્યાપક ભગવાન યજ્ઞ નારાયણ દેવતાઓથી વિટાઇ અસુરોનો નાશ કરી સ્વર્ગની ગાદીએ બેઠા ૧૮ બીજો અગ્નિનો પુત્ર સ્વારોચિષ નામે મનુ થયો. તેને દ્યુમાન સુષેણ ને રોચિષ્માનાદિ પુત્રો થયા એ મન્વતરમા રોચન નામે ઇદ્ર અને તુષાદિક નામે દેવતાઓ થયા ઉર્જ ને સ્તભ આદિ બ્રહ્મવાદી સપ્તર્ષિઓ થયા ૨૧ વેદશિરા નામના ઋષિની તૃષિતા નામે સ્ત્રી હતી તેનાથી વિભુ નામે ભગવાન અવતર્યા અને અઠયાસી હજાર ઋષિઓ જેઓ વ્રતધારી હતા તેઓ બાલ્યાવસ્થાથી બ્રહ્મચર્ય વ્રત ધારણ કરનાર ભગવાનની પાસેથી યમનિયમો શિખ્યા, ૨૨ પ્રિયવ્રતનો પુત્ર ઉત્તમ ત્રીજો મનુ થયો. હે રાજા ! તે સમયે તેના પુત્ર પવન સંજય તથા યજ્ઞહોત્રાદિક હતા ૨૩ વસિષ્ઠ મુનિના પ્રમદ આદિ પુત્રો સપ્તર્ષિ અને સત્ય વેદશ્રુત તથા ભદ્ર નામે દેવતાઓ થયા. સત્યજિત નામે ઈંદ્ર થયો. ૨૪ અને ધર્મની સુનૃતા નામે સ્ત્રીથી સત્યવ્રત નામે દેવતાઓની સાથે સત્યસેન નામથી પ્રખ્યાત ભગવાન અવતર્યા ૨૫ ભગવાને સત્યજિત્ નામે ઈંદ્રની મિત્રતા કરીને મિથ્યા ભાષણ કરનાર દુષ્ટ કામ કરનાર અને દુષ્ટ સ્વભાવવાળા યક્ષોના રાક્ષસોના અને પ્રાણીઓનો દ્રોહ કરનાર ક્રૂર પ્રાણીઓનો નાશ કર્યો. ૨૬ ઉત્તમનો તામસ નામે ભાઇ ચોથો મનુ થયો તેના પૃથુ ખ્યાતિ નર અને કેતુ ઈત્યાદિ દશ પુત્રો થયા. સત્યક હરિ અને વીર એ ત્રણે દેવતાઓ થયા અને ત્રિશિખા નામે ઇંદ્ર થયો તામસ મન્વંતરમાં જ્યોતિર્ધામ નામે સપ્તર્ષિઓ થયા. ૨૮ હે રાજા ! વિધૃતિના પુત્ર વૈધૃતિ નામે બીજા દેવતાઓ થયા કે જેઓએ નાશ થઈ ગયેલા વેદોને પોતાની શક્તિથી ઉદ્ધાર્યા. ૨૯ તે મન્વતરમા ભગવાન હરિમેધાની સ્ત્રી હરિણીથી હરિને નામે ઉત્પન્ન થયા હતા જેમણે ગજેંદ્રને બધનમાથી છોડાવ્યો હતો ૩૦

પરીક્ષિતે પૂછ્યું કે—હે શુકદેવજી ! શ્રીહરિએ મગરે પકડેલા ગજેંદ્રને છોડાવ્યો હતો એ અમે સાભળવાની ઈચ્છા રાખીએ છીએ ૩૧ જે જે કથામાં ઉત્તમ કીર્તિવાળા ભગવાન શ્રીહરિનુ યશોગાન હોય તે તે કથા મહા પવિત્ર ધન અને ધાન્ય આપનારી સુખકર હોય છે ૩૨

સૂત કહે છે કે—હે શૈનકાદિક ઋષિઓ ! અનશન વ્રત લઇને ગગાના તીર ઉપર

બેઠેલા પરીક્ષિત રાજાએ ઉપર પ્રમાણે શુકદેવજીને પ્રશ્ન પૂછયો એટલે મુનિઓ સાંભળતાં પરીક્ષિત રાજાના વખાણ કરીને શુકદેવજી આ પ્રમાણે કહેવા લાગ્યા.

परीक्षितैवं स तु बादरायणिः
प्रायोपविष्टेन कथासु नोदितः ।
उवाच विप्राः प्रतिनंद्य पार्थिव
मुदा मुनीनां सदसि स्म शृण्वताम् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेष्टमस्कंधे प्रथमोध्यायः

અધ્યાય ૨ જો.†

ગજેંદ્રોપાખ્યાન.

श्रीशुक उवाच

आसीद्गिरिवरोः राजंस्त्रिकुट इति विश्रुत
क्षीरोदेनावृतः श्रीमान् योजनायुतमुच्छ्रितः

શુકદેવજી કહે છે કે—હે પરીક્ષિત રાજા! ક્ષીરસાગરથી વિંટાયેલો ત્રિકુટાચળ નામે એક શોભાયમાન પર્વત છે, તે દશ હજાર યોજન ઉંચો અને પહોળાઇમાં ચારે તરફથી તેટલોજ હોઇ રૂપાનાં ત્રણ શિખરોથી સમુદ્રને દિશાઓને ને આકાશને શોભા આપતો પૃથ્વીપર ઉભો છે. ૨ તે રત્નો અને બીજી ગેરૂ આદિ ધાતુઓથી વિચિત્ર લાગતા બીજાં શિખરોથી અનેક જાતના વૃક્ષોથી લતાઓથી અને ગુચ્છાઓથી અને ઝરણોના પાણીઓના ખળખળ શબ્દોથી સર્વ દિશાઓને રમણીય બનાવે છે ચોતરફ ઉછળતી દૂધની છોળોથી રાત્રિ દિવસ તે પર્વતની તળેટીઓ ધોવાયા કરે છે, અને તે લીલા રંગના મરકત મણિઓથી પૃથ્વીને શ્યામ રંગથી શોભાવે છે. ૪ સિદ્ધ ચારણ ગંધર્વ વિદ્યાધર મહાસર્પ કિન્નર ને અપ્સરાઓ તેની ગુફામાં વિહારો કરે છે. ૫ ત્યાં કિન્નર વગેરેના ગાયનોથી ગુફાઓ ગાજી રહેતી તેને સહન ન કરી શકવાથી મોટા મોટા સિંહો બીજા કોઇ સિંહો ગર્જના કરતા હશે એવી શંકાથી સામી ગર્જનાઓ કરતા હતા. ૬ અનેક જંગલી પશુઓનાં ટોળાંઓથી તેની ગુફાઓ ભરાઇ ગઇ હતી તેથી તે શોભતો હતો. વિચિત્ર પ્રકારનાં વૃક્ષોથી ભરપૂર દેવઉદ્યાનનાં પક્ષીઓ મધુર કંઠથી ત્યાં ગાતાં હતાં. તેની નદીઓમા અને સરોવરોમાં સ્વચ્છ પાણી ભર્યા હતાં. કિનારાઓ મણિની રેણુથી શોભતા હતા, દેવતાઓની સ્ત્રીઓના સ્નાનથી નદીઓનાં તથા સરોવરોના પાણી અને પવનો સુગંધીમય થઇ રહ્યા હતા. ૮ આવા અનુપમ પર્વતના એક પ્રદેશમાં મહાત્મા ભગવાન વરૂણનું 'ઋતુમત' નામે એક વન હતું તેમા દેવાગનાઓ વિહાર કરતી હતી. ૯ તે વન નિત્ય ફૂલ ફળવાળાં દિવ્ય વૃક્ષોને લીધે અત્યંત શોભી રહેલું હતું. મંદાર પારિજાતક આસોપાલવ ચંપો ૧૦ આંબા રાયણ ફનસ આમ્ર અંબોડાઓ સોપારી નાળીએરીઓ ખજુરીઓ બીજોરીઓ ૧૧ મહુડાઓ સાગ તાલ તમાલ આસન આંબલીઓ અરીઠા ઉબરા પીપળા વડ ખાખરા ચદનો ૧૨ લીંબડા કોવિદારો સરૂઓ દેવદારૂઓ દ્રાક્ષની લતાઓ શેલડીઓ કેળો જાંબુડીઓ બોરડીઓ બેહેડાં હરડે અને આબળાના ઝાડો ૧૩ બીલીઓ કોઠ લીંબુ તથા ભીલામા વગેરેનાં વૃક્ષોથી પર્વત ઢંકાઇ ગયેલો હતો. ઉદ્યાનમાં સરોવરોમા શોભાયમાન સુવર્ણનાં કમળવાળું એક મોટું સરોવર હતું. ૧૪ તે કુમુદ ઉત્પલ કહ્લાર અને શતપત્ર જાતનાં કમળોની શોભાથી કલકલ થઇ રહ્યું હતું. મદમત્ત ભમરાઓના ગુંજારવથી ગણગણી રહ્યું હતું. મધુર સ્વરવાળાં પક્ષીઓથી ગાજી ઉઠયું હતું. ૧૫ હંસ કારંડવ ચક્રવાક સારસ જળકુકડીઓ કોયલો તથા બપૈયાઓના શબ્દોથી ગાજી રહ્યું હતું. ૧૬ માછલાં તથા કાચબાના

† આ અધ્યાયમા હાથણીઓની સાથે પાણીમા વિહાર કરતા હાથીનુ મગરથી પકડાવુ અને તેની સ્તુતિની કથા છે.

સંચારથી આમ તેમ હાલતા કમળોમાંથી પરાગ ખરી જઈને પાણીમાં પ્રસરી રહ્યો હતો. કદંબ નેતર વાળો આસોપાલવ અને વંજુલની લતાઓથી તે વિંટાયલું હતુ. ૧૭ ડોલર આસોપાલવ સરસડાઓ ઈંગોરી કુબ્જક સુવર્ણરંગી જુઇ નાગ પુન્નાગ માલતી કમળ વાસંતિક લતાઓ જલક તથા બીજાં તીર ઉપર ઉગનારાં અને નિત્ય ફલ ફૂલની સંપત્તિવાળા વૃક્ષોથી એ સરોવર સંપૂર્ણ શોભી રહેલુ હતું. ૧૯ એક દિવસ તે પર્વતના વનમા રહેનારો એક મોટો હાથી હાથણીઓની સાથે ફરતો ફરતો ઉકળાટથી તપી જવાને લીધે તેમાં નહાવા ચાલ્યો. રસ્તે જતા કાંટાવાળા ઝાડો પોલા વાસ નેતર મોટા જાળાં અને મોટા વૃક્ષોને ભાગતો તે આગળ ચાલ્યો. ૨૦ તેના મદની ગંધ આવતાને વાર સિંહો હાથીઓ વાઘો સર્પો મૃગો ગેંડાઓ મોટા સર્પો ધોળા મૃગો કાળીઆર મૃગો સરભો ચમરી ગાયો સુવર પાડાઓ રીંછ વાનરો કુતરા ને માકડા વગેરે બીકથી નાશી ત્યાથી જવા લાગ્યાં. હરણ તથા સસલા વગેરે ક્ષુદ્ર પ્રાણીઓ તે હાથીના અનુગ્રહથી બીજા વનમા નિર્ભય થઈને ફરતા હતાં. ૨૨ આવો ગજેંદ્ર મદથી તપી ગયો હતો તેથી જુવાન હાથણીઓથી પરિવૃત થઇ તેમના બચ્ચાંથી અનુસરાતો પોતાના ભારથી ચારે તરફ પર્વતને ધ્રુજાવતો મદને લેનારા ભમરાઓના ટોળાથી સેવાતો તથા મદને લીધે ઘેરાયલી આંખવાળો છેટેથી કમળની પરાગવાળા સરોવરના પવનને સુંઘીને પોતાના તૃષાતુર ટોળાની તૃષા છીપાવવા તેની સાથે સરોવરની પાસે ગયો ૨૪ સરોવરની અંદર ઉતરીને સુવર્ણના કમળ તથા ઉત્પલના પરાગથી સુવાસિત થયેલા અને અમૃતના જેવા મીઠા પાણીને પોતાની સુંઢમાં ભરી તેનાથી પોતાના શરીરને નવરાવી પોતે શ્રમ રહિત થઇ આનંદથી વિહાર કરવા લાગ્યો. તે પછી દયાળુ એવા તે ગજેન્દ્રે પોતાની સુંઢમાં પાણી ભરી તેને ઉછાળી ગૃહસ્થની પેઠે હાથણીઓને તથા બચ્ચાંઓને નવરાવીને શીતળ પાણી પાયું. ભગવાનની માયાથી મોહિત થયેલો મહા મદોન્મત્ત એવો તે મોટો હાથી ભવિષ્યમાં પોતાની ઉપર આવી પડવાનું દુઃખ જાણતો ન હતો. હે રાજા! તે ગજેન્દ્ર સરોવરમા ઉભો ઉભો હાથણીઓનાં મન મનવતો હતો, એટલામા દૈવે પ્રેરેલો કોઇ એક બળવાન મગ્ઘર ત્યાં આવીને રોષથી તેના પગને વળગી પડયો. આ પ્રમાણે તે હાથી દૈવેચ્છાથી દુઃખમા આવી પડયો. તે પછી બળવાન એવો તે ગજેંદ્ર પોતાની શક્તિ પ્રમાણે છુટવાનું મથન કરવા લાગ્યો, પરંતુ પોતે તેમાથી છુટી શકયો નહિ. ૨૭ દીન બુદ્ધિવાળી હાથણીઓ તથા બીજા હાથીઓ દુઃખથી આતુર થઇ બળવાન મગ્ઘરના વેગથી પાણીમા ખેચાતા ગજેન્દ્રને બળ કરીને બહાર કાઢવા માટે પ્રયત્ન કરવા લાગ્યા પરંતુ તેને બહાર કાઢી શકયા નહિ તે વાતાવરણને ચીરી નાખે એવી ચીસો પાડવા લાગ્યા. ૨૮ ગજેન્દ્ર મગ્ઘરને પાણીની બહાર ખેંચવા લાગ્યો અને તે તેને અંદરના ભાગમા ખેંચવા લાગ્યો. બન્ને બળવાન પ્રાણીઓને પરસ્પર યુદ્ધ કરતા કરતા એક હજાર વર્ષ વીતી ગયા, તે જોઇને દેવતાઓ આશ્ચર્ય પામ્યા. પાણીમા ખેંચાતા અને દુઃખ પામતા ગજેન્દ્રનાં લાંબે કાળે ઉત્સાહ બળ તથા ઇંદ્રિયોની શક્તિ આખરે ઓછાં થઈ ગયાં અને મગ્ઘરનો ઉત્સાહ બળ ને ઈંદ્રિયોની શક્તિમાં વધારો થયો. ૩૦ આવી રીતે દૈવેચ્છાથી પરાધીન થઇ પડેલો ગજેન્દ્ર જ્યારે પ્રાણના સંકટમાં આવી પડયો અને તેમાથી છુટવાને અસમર્થ થઇ પડયો ત્યારે તેણે ઘણી વાર સુધી વિચાર કર્યો. તેને એવો વિચાર સૂઝયો કે ૩૧ મારા સંબંધી હાથીઓ મને આ દુઃખમાંથી છોડવી શકે

એમ નથી ત્યારે બિચારી હાથણીઓ શુ છોડવી શકે ? માટે હવે વિધાતાની ફાસીમાં ઘેરાઇ ગયેલો હું બ્રહ્માદિકના આશ્રય રૂપ પરમાત્માને શરણે જાઉં. ૩૨ બળવાનને ઉગ્ર વેગવાળા અને દોડતા કાળરૂપી સર્પથી ભય પામીને શરણે આવેલા મનુષ્યની જે અનિર્વચનીય ઇશ્વર રક્ષા કરે છે અને તેમના ભયથી મૃત્યુ પણ નાશી જાય છે તે ભગવાનને શરણે જાઉં ૩૩

यः कश्चनेशो बलिनोऽन्तकोरगात्
प्रचंडवेगादभिधावतो भृशम् ।
भीत प्रपन्न परिपाति यद्भयान्मृत्युः
प्रधावत्यरणं तमीमही ॥ ३३ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेष्टमस्कंधे
द्वितीयोध्यायः

અધ્યાય ૩ જો. ‡

ગજેન્દ્ર અને મગ્ધર બેઉનો મોક્ષ.

श्रीशुक उवाच.

एवं व्यवसितो बुद्ध्या समाधाय मनो हृदि।
जजाप परम जाप्यं प्राग्जन्मन्यनुशिक्षितम्॥

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે બુદ્ધિ પૂર્વક નિશ્ચય કરી પોતાના મન સાથે સમાધાન કરીને પૂર્વ જન્મમાં શીખેલા ઉત્તમ સ્તોત્રથી ગજેન્દ્રે નીચે પ્રમાણે ભગવાનની સ્તુતિ કરવા માડી. ૧

જેમનાથી આ જગત ચૈતન્યવાળું છે, જે સર્વના દેહના કારણ રૂપે રહેલા છે, જે આદિ કારણ રૂપે પરમેશ્વર છે તે ભગવાનને નમસ્કાર કરીને અમે તેમનુ ધ્યાન કરીએ છીએ. ૨ આ જગત જેને વિષે રહેલું છે આ જગત જેમાથી ઉત્પન્ન થાય છે આ જગત જેણે કરીને ઉત્પન્ન થાય છે અને જે પોતે આ જગદ્રૂપ છે. જે કાર્ય અને કારણથી પર છે તે સ્વતઃસિદ્ધ ભગવાનને હું શરણે જાઊં છું. ૩ અનંત જ્ઞાનવાળા ને સાક્ષીરૂપ પોતાની માયાએ ઉત્પન્ન કરેલાં અને કોઇવાર દેખાતા પ્રલયે ન દેખાતા કાર્ય કારણ રૂપ આ જગતને જે જુવે છે તે સ્વયંપ્રકાશ અને ઇદ્રિયોના પ્રકાશક એવા ભગવાન મારૂં રક્ષણ કરો ૪ સર્વે લોકો લોકપાળો ને તેઓનાં કારણો કાળે કરીને નાશ પામે છે ત્યારે ગહન અને ગભિર એવું અંધારૂં થઇ રહે છે તે અંધારાના અંતમા જે વ્યાપક ભગવાન પ્રકાશ કરે છે તે મારૂં રક્ષણ કરો. ૫ લોકો જેમ અનેક આકારોથી રમત કરનાર નટના સ્વરૂપને જાણતા નથી તેમ અનેક આકારોથી લીલા કરનાર ભગવાનના સ્વરૂપને દેવતાઓ અને ઋષિઓ જાણતા નથી ત્યારે બીજો કયો જીવ તેમના સ્વરૂપને જાણવાને અથવા વર્ણવવાને શક્તિમાન થઈ શકે ? અવર્ણ્ય ચરિત્રવાળા ભગવાન મારી રક્ષા કરો. ૬ જે ભગવાનના અતિ મંગળકારક સ્વરૂપને જાણવાની ઇચ્છાવાળા મુનિઓ ને મહાત્મા પુરૂષો સર્વનો સંગ તજી સર્વ પ્રાણીઓને પોતાના આત્મા સમાન માનીને સર્વની સાથે મિત્રતા રાખીને વનમાં અખંડ એવું બ્રહ્મચર્યાદિક વ્રત પાળે છે તે ભગવાનને દોષાદિમાંનું કંઇ નથી તથા જે ભગવાન સમયાનુસાર લોકોનો સંહાર કરવા તથા લોકોને ઉત્પન્ન કરવા પોતાની માયાથી અવતારો લે છે. ૮ તે પરબ્રહ્મ ભગવાનને નમસ્કાર છે. રૂપરહિત છતા અનંત રૂપવાળા અને આશ્ચર્યકારક કર્મ કરનાર ભગવાનને નમસ્કાર છે ૯ આત્મા વિના બીજા પ્રકાશથી જોવામા નહિ આવનાર સાક્ષી રૂપ પરમાત્માને નમસ્કાર છે. મન વાણી અને વૃત્તિઓથી દૂર રહેનાર ભગવાનને નમસ્કાર છે. ૧૦ વિદ્વાનોએ શુદ્ધ સંન્યાસવડે મેળવવા યોગ્ય મોક્ષના સ્વામીને મોક્ષ સુખના અનુભવમૂર્ત્ત ભગવાનને મારા નમસ્કાર છે. શાંતમૂર્ત્તિ ઘોરમૂર્ત્તિ અને મૂઢપણાની સત્વા

‡ આ અધ્યાયમા ગજેન્દ્રે સ્તુતિ કરવાથી શ્રીહરિએ ગજેન્દ્રની પાસે આવી તેનો અને મગ્ધરનો દેવલના શ્રાપથી ઉદ્ધાર કર્યો એ કથા કહેવામા આવશે.

દિક ગુણોના ધર્મોને અનુસરનાર ભેદરહિત સમગુણવાળા જ્ઞાન ને ધનસ્વરૂપ ભગવાનને નમસ્કાર છે. ૧૨ ક્ષેત્રજ્ઞ જીવના મૂળ રૂપ સર્વના અધ્યક્ષ સાક્ષી અનાદિ કાળથી એકના એક સ્વરૂપ પૂર્ણસ્વરૂપ ને માયાના કારણરૂપ ભગવાનને નમસ્કાર છે. ૧૩ સર્વ ઇન્દ્રિયોના વિષયોને જોનાર ઇદ્રિયોની સર્વ વૃત્તિઓને જાણનાર અને પ્રતિબિંબ જેમ બિંબને જણાવે તેમ મિથ્યાભૂત અહંકારે જણાવેલા ને સર્વ પદાર્થોમાં સત્યરૂપે ભાસતા ભગવાનને નમસ્કાર છે. ૧૪ સર્વના કારણ રૂપ વિકાર રહિત સર્વ શાસ્ત્રોના તથા વેદના મહા સાગર અને મોક્ષની મૂર્તિરૂપ ઉત્તમ લોકોના આશ્રયરૂપને નમસ્કાર છે. ૧૫ ગુણ રૂપી અરણીમા રહેલા જ્ઞાનાગ્નિ સૃષ્ટિના આરંભમા ગુણોના ક્ષોભથી બહિર્વૃત્તિવાળા તથા આત્મતત્ત્વની ભાવનાથી વિધિ—નિષેધનો ત્યાગ કરનાર જ્ઞાનીઓને વિષે જે પોતાની મેળે પ્રગટ થાય છે એવા ભગવાનને નમસ્કાર છે ૧૬ મારા જેવા શરણાગત પશુને પાશમાંથી છોડાવનાર મુક્ત અપાર દયાવાળા અને દયા કરવામાં આળસ વિનાના પ્રભુને નમસ્કાર છે. પોતાના અંતર્યામી રૂપે સર્વ પ્રાણીઓના મનમા પ્રખ્યાત એવી પ્રત્યક્ દૃષ્ટિરૂપ અને માપ વિનાના એવા પરમાત્માને નમસ્કાર છે. ૧૭ દેહ પુત્ર સગા સંબધીઓ ઘર ધન ને મનુષ્યોમા આસક્તિવાળા મનુષ્યોને મળે નહિ એવા ગુણોના સંગ ત્યાગ કરનાર દેહાદિકની આસક્તિ છોડી દેનાર પુરૂષોએ પોતાના હૃદયમા ચિંતન કરતા જ્ઞાનાત્મા ભગવાનને નમસ્કાર છે. ૧૮ ધર્મ અર્થ કામ અને મોક્ષની ઇચ્છાવાળા પુરૂષો જેમની સેવા કરવાથી ઇષ્ટ ગતિને તેમજ કામનાઓને અને અવિનાશી દેહને પામે છે તે અપાર દયાળુ ભગવાન શ્રીહરિ મારો સંસારમાથી ઉદ્ધાર કરો.૧૯ જે સર્વજ્ઞ ભગવાનના એકાંતિક ભકતો કોઇ પણ વસ્તુની ઇચ્છા કરતા નથી પરંતુ ભગવાનની સેવા કરે છે અને મહા આશ્ચર્યજનક તથા મંગળકારક ચરિત્ર ગાતાં આનંદના સમુદ્રમાં મગ્ન રહે છે ૨૦ તે અવિનાશી પરબ્રહ્મ પરમેશ્વર ઇન્દ્રિયાદિકથી જણાય નહિ એવા આત્મજ્ઞાનવડે જાણવામા આવે એવા ઇન્દ્રિયાદિકથી અગોચર સૂક્ષ્મસ્વરૂપ અતિ દૂર હોય એવા જણાતા અનંતરૂપ આદિ પુરૂષ તથા પરિપૂર્ણ એવા ભગવાનની હું સ્તુતિ કરૂં છું ૨૧ જે ભગવાનની અલ્પ કળામાંથી બ્રહ્માદિક દેવતાઓ ચાર વેદો તથા સ્થાવર જંગમાત્મક લોકો નામ અને રૂપના ભેદથી રચાયલા છે તે ઇશ્વર મને વિજય આપો. ૨૨ અગ્નિમાથી વારંવાર જેમ જ્વાળાઓ નીકળે અને પાછી અગ્નિમા સમાય તથા સૂર્યનાં કિરણો જેમ વારંવાર સૂર્યમાંથી નીકળે અને પાછાં સૂર્યના તેજમાં સમાય તેમ મન ઇન્દ્રિયો અને શરીરની સૃષ્ટિઓ સ્વયંપ્રકાશ એવા આપ પરમાત્મામાથી વારંવાર ઉત્પન્ન થાય છે અને પાછી આપમા સમાય છે. ૨૩ ઇશ્વર દેવ અસુર મનુષ્ય પશુ પક્ષી સ્ત્રી પુરૂષ નપુંસક અથવા બીજુ કોઇ પણ જાતનું પ્રાણી નથી તેમજ જે ગુણ કર્મ કારણ કે કાર્ય પણ નથી પરંતુ સર્વ વસ્તુનો નિષેધ કરતાં જે બાકી રહે છે તે સર્વસ્વરૂપ ભગવાન જય પામો અને મારો ઉદ્ધાર કરવા માટે પ્રગટ થાઓ. ૨૪ હું આ સંકટમાથી છુટયા પછી જીવવાની ઇચ્છા રાખતો નથી કારણ કે અંદરના ને બહારના ભાગમા અજ્ઞાનથી વિંટાયલા આ હાથીના શરીરનું મને હવે પ્રયોજન નથી. હુ તો કાળે કરીને જેનો નાશ થતો નથી એવા આત્મસ્વરૂપને ઢાંકનાર અજ્ઞાનમાંથી છુટવાની ઇચ્છા રાખું છુ. ૨૫ અને તેમાથી મુકત થવા જગતના સ્રષ્ટા વિશ્વરૂપ વિશ્વથી જુદા વિશ્વ જેનુ ઉપકરણ છે એવા વિશ્વના આત્મા રૂપ અજન્મા ને પરમ પદ રૂપ પરબ્રહ્મને પ્રણામ કરૂં છું.

૨૬ યોગથી કર્મનો નાશ કરનાર યોગીઓ યોગાભ્યાસથી શુદ્ધ થયેલા અંતઃકરણમા જે પરમાત્માનાં દર્શન કરે છે તે યોગેશ્વર ભગવાનને હું નમસ્કાર કરૂં છુ. ૨૭ રાગાદિક અસહ્ય વેગવાળી ત્રણ શકિતઓના અધિપતિ સર્વ ઇન્દ્રિયોના વિષયરૂપે જણાતા શરણાગતનું રક્ષણ કરનાર અપાર શકિતવાળા અને દુષ્ટ ઇન્દ્રિયોવાળા પ્રાણીઓ જેમના માર્ગને પહોચી શકતા નથી એવા આપને મારા વારંવાર નમસ્કાર હો. ૨૮ લોકો જે ભગવાનની માયાવડે અભિમાનથી ઢકાયેલા પોતાના આત્માને જાણતા નથી એવા મહાત્મ્યવાળા ભગવાનનેજ હું શરણે છુ ૨૯

શુકદેવજી કહે છે કે–ગજેંદ્રે કોઇ પણ દેવનું નામ લીધા વિના સ્તુતિ કરી તોપણ દેવતાઓનું અભિમાન રાખનાર બ્રહ્માદિક દેવતાઓ જ્યારે છોડવવા આવ્યા નહિ ત્યારે સર્વ દેવતામય શ્રીહરિ પોતે સર્વ સ્વરૂપ હોવાથી ત્યાં પ્રગટ થયા ૩૦ જગતના નિવાસરૂપ ભગવાન ઉપર પ્રમાણે ગજેંદ્રને દુઃખી થતો જોઇ તથા તેણે કરેલી સ્તુતિ સાંભળીને વેદમય મોટા ગરૂડ ઉપર બિરાજી હાથમાં ચક્ર લઇ ઉતાવળા જ્યાં ગજેદ્ર હતો ત્યાં આવી પહોચ્યા ૩૧ ગજેદ્ર જેને સરોવરમા મહા બળવાળા મગ્ઘરે પકડયો હતો અને જે પીડાતો હતો તે ગરૂડ ઉપર ચક્ર ધારણ કરીને બિરાજેલા શ્રીહરિને આકાશમા પ્રગટ થયેલા જોઇ પોતાની સુઢમા કમળ લઇ તેને ઉચી કરી કષ્ટથી કહેવા લાગ્યો કે–હે નારાયણ ! હે ભગવન ! હુ તમને પ્રણામ કરૂ છુ. ૩૨ ભગવાને તેને પીડાતો જોઇ ગરૂડ ઉપરથી નીચે ઉતરી દયાથી મગ્ઘરની સાથે તેને સરોવરમાંથી બહાર ખેંચી કાઢયો અને દેવતાઓના દેખતા ચક્રવડે મગ્ઘરનું મુખ ચીરી નાખી તેને મુકાવ્યો. ૩૩

तं वीक्ष्य पीडितमजः सहसाऽवतीर्य
सग्राहमाशु सरसः कृपयोज्जहार ।
ग्राहाद्विपाटितमुखादरिणा गजेंद्रं
सपश्यतां हरिरमूमुचदुच्छ्रियाणाम् ॥३

इतिश्रीमद्भागवतेमहापुराणेऽष्टमस्कंधे तृतीयोध्याय:

અધ્યાય ૪ થો.†

ગ્રાહગજેંદ્રનો ઉદ્ધાર.

श्रीशुक उवाच

तदादेवर्षिगधर्वा ब्रह्मेशानपुरोगमा:
मुमुचुः कुसुमासारं शंसत: कर्म तद्धरे: १

શુકદેવજી કહે છે કે–બ્રહ્મા અને શંકર પ્રમુખ દેવતાઓ દેવર્ષિઓ અને ગંધર્વે ભગવાનના કર્મની પ્રશંસા કરતા દેવ પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. ૧ દેવતાનાં દુદુભિ વાગવા લાગ્યા ઋષિઓ ચારણો અને સિદ્ધ લોકો ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.૨ હૂહૂ નામે એક મોટો ગંધર્વ દેવલના શાપથી મગ્ઘર થયો હતો, તે શાપમાથી છુટીને પરમ આશ્ચર્ય આપનારૂ રૂપ ધારણ કરી ગંધર્વ થઇ ગયો ૩ પછી અવિનાશી પવિત્ર કીર્તિવાળા યશના સ્થાનરૂપ ને જેના ગુણો તથા કર્મો ગાવા યોગ્ય છે એવા પરમેશ્વરને મસ્તકવડે પ્રણામ કરીને ભગવાનના ગુણ ગાવા લાગ્યો ૪ ભગવાનની દયાનું પાત્ર અને ભગવાનની કૃપાથી પાપમાથી મુક્ત થયેલો તે ભગવાનને પ્રણામ કરીને સર્વ લોકોના દેખતા પોતાના લોકમાં ગયો ૫ ગજેન્દ્ર ભગવાનના ચરણનો સ્પર્શ કરીને અજ્ઞાનના બંધનમાથી મુકત થયો અને સ્વરૂપને પામીને ચાર ભુજાવાળો તથા પીળા વસ્ત્રવાળો થઇ ગયો. ૬ એ પૂર્વ જન્મમાં ઇન્દ્રદ્યુમ્ન નામનો પાડુ દેશનો રાજા હતો. ભગવાનના વ્રતો કરવામા તત્પર રહેતો અને દ્રાવિડ દેશમા ઉત્તમ ગણાતો. આત્મજ્ઞાનથી મલયાચળમાં આશ્રય કરી જટા ધારણ કરીને

† આ અધ્યાયમા ગ્રાહ ગંધર્વ થયો અને ગજેન્દ્રને પોતાનો પાર્ષદ કરીને ભગવાન પોતાના ધામમા ગયા, એવી કથા કહેવાશે.

ન૫શ્ચર્યા કરતો હતો, તે એક દિવસ ભગવાનના આરાધન સમયે નાહી મૌન વ્રત લઇ ભગવાનની પૂજા કરતો હતો ૮ એટલામા મોટી કીર્તિવાળા અગસ્ત્ય ઋષિ પોતાના અનેક શિષ્યોની સાથે દૈવેચ્છાથી ત્યા આવી ચઢયા. રાજાએ મુનિનું પૂજન કર્યું નહિ પરંતુ એકાંતમાં છાનોમાનો બેસી રહ્યો તે જોઇને અગસ્ત્ય ઋષિએ કોપાયમાન થઇ તેને શાપ દીધો કે—હે અસાધુ દુરાત્મા ! જડબુદ્ધિવાળો તથા બ્રાહ્મણોનુ અપમાન કરનાર તુ હાથીની પેઠે જાડી બુદ્ધિનો હોવાથી તે જાતિમાં હાથી થઇને પડ. ૧૦

શુકદેવજી કહેછે કે—હે રાજન ! અગસ્ત્ય શાપ દઇને પોતાના શિષ્યોની સાથે ત્યાંથી ગયા ઇન્દ્રદ્યુમ્ન તે દુ ખ દૈવથી આવી પડેલું જોઇ વિચારવા લાગ્યો કે—૧૧ કાળે કરીને પોતાના સ્વરૂપને વિસ્મરણ કરાવનારી હાથીની જાતિમા અવતરીશ પરંતુ હાથીના અવતારમા પણ છેવટે ભગવાનની સેવાના પ્રભાવથી મને પૂર્વ જન્મની સ્મૃતિ રહેશે. ૧૨ ભગવાન ગજેદ્રને મગરના મુખમાંથી છોડાવી તથા તેને પાર્ષદનુ સ્થાન આપી, ગરૂડ ઉપર બેસી સ્વધામ પધાર્યા અને ગ ધર્વો સિદ્ધો તથા દેવતાઓ તેમના અદ્‌ભુત કર્મનુ ગાન કરવા લાગ્યા ૧૩ હે પરીક્ષિત ! ગજેંદ્રના મોક્ષરૂપી શ્રીકૃષ્ણનુ ચરિત્ર મેં તમને કહી સભળાવ્યુ, જે ચરિત્ર સાભળનારાઓને સ્વર્ગ અને યશ આપે છે. કળિયુગનાં પાપ તથા દુષ્ટ સ્વપ્ન નાશ કરે છે. ૧૪ કલ્યાણની ઇચ્છાવાળા દ્વિજવર્ણો પ્રભાતમા ઉઠી પવિત્ર થઇને આ ચરિત્રને ગાય તો તેમના દુષ્ટ સ્વપ્ન વગેરે નાશ પામે છે. ૧૫ સર્વ પ્રાણીરૂપ સમર્થ એવા શ્રીહરિએ ગજેદ્રનો મોક્ષ કરતી વેળાએ પ્રસન્ન થઇને ગજેદ્રને આ પ્રમાણે કહ્યું ૧૬

ભગવાન કહે છે કે—તુ આ સરોવર આ પર્વત ગુફા નેતર પોલા વાંસનાં ઝાડો પારિજાતક વગેરે દેવ વૃક્ષો ૧૭ મારા અને શંકરના સ્થાનરૂપ આ શિખરો મારૂં પ્રિય સ્થાન ક્ષીરસાગર પ્રકાશમાન એવો શ્વેતદ્વીપ ૧૮ શ્રીવત્સ કૌસ્તુભમણિ વનમાલા કૌમોદકી ગદા સુદર્શન ચક્ર પાંચજન્ય શ ખ પક્ષીઓના રાજા ગરૂડ, ૧૯ મારા સૂક્ષ્મ અંશરૂપ શેષનાગ મારો આશ્રય કરનાર લક્ષ્મીદેવી બ્રહ્મા નારદ શંકર પ્રહ્‌લાદ ૨૦ મત્સ્ય કૂર્મ વરાહ વગેરે અવતારોમા કરેલાં મારાં પવિત્ર કર્મો સૂર્ય ચંદ્ર અગ્નિ ૨૧ ૐકાર સત્ય માયા ગાય બ્રાહ્મણો ભક્તિ ધર્મ ચદ્ર કશ્યપ ધર્મની સ્ત્રીઓ ૨૨ ગંગા સરસ્વતી નંદા યમુના ઐરાવત હાથી ધ્રુવ સપ્તર્ષિઓ ને પવિત્ર કીર્તિવાળા મનુષ્યો ૨૩ સર્વે મારી વિભૂતિઓ છે તેનુ જેઓ પાછલી રાત્રે ઉઠી સારી રીતે જીતેદ્રિય તથા સાવધાન થઇને સ્મરણ કરે છે તે સર્વ પાપમાથી મુક્ત થાય છે ૨૪ હે ગજેંદ્ર ! જેઓ પ્રભાતમાં જાગ્રત થઇને તે કરેલા આ સ્તોત્રથી મારી સ્તુતિ કરે છે તેઓને હુ અતકાળે નિર્મળ બુદ્ધિ આપું છું ૨૫

શુકદેવજી કહે છે કે—શ્રીહરિ આ પ્રમાણે કહી પાચજન્ય શ ખ વગાડીને દેવતાઓનાં મ ડળને પ્રસન્ન કરી ગરૂડારૂઢ થઇ વૈકુંઠ તરફ પધાર્યા ૨૬

इत्यादिश्य हृषीकेशः प्रध्माय जलजोत्तमम्
हर्षयन् विबुधानीकमारुरोह खगाधिपम् २६

इतिश्रीमद्भागवतेमहापुराणेष्टमस्कंधे
चतुर्थोध्यायः

અધ્યાય ૫ મો.

મન્વંતરોનાં વૃતાંત.

श्रीशुक उवाच

राजनुदितमेतत्ते हरेः कर्माघनाशनम् ।
गजेंद्रमोक्षणं पुण्य रैवतं त्वतर शृणु ॥१॥

* આ અધ્યયમા મન્વતરોના વૃતાત અને બ્રાહ્મણના શાપથી લક્ષ્મી રહિત થયેલા દેવતાઓએ કરેલી ભગવાનની સ્તુતિ વગેરે છે.

શુકદેવજી કહે છે કે-હે રાજન! પવિત્ર અને પાપને નાશ કરનારૂ ગજેદ્ર મોક્ષરૂપી ભગવાનનું માહાત્મ્ય મે તમને સંભળાવ્યું હવે રૈવતાદિક મન્વંતરની કથાઓ કહું તે સાંભળો. પાંચમો રૈવત નામે મન્વંતર તામસ નામના મન્વંતરનો ભાઇ થતો હતો. અર્જુન બળિ વિંધ્ય વગેરે તેના પુત્રો હતા તેમાં વિભુ નામે ઇન્દ્ર ભૂતરથ વગેરે દેવતાઓ હિરણ્યરોમા વેદશિરા ઉર્ધ્વબાહુ વગેરે સપ્તર્ષિઓ હતા. ૩ શુભ્રની સ્ત્રી વિકુંઠા નામે હતી તેના ઉદરથી ભગવાન વૈકુંઠ પોતે અંશથી વૈકુંઠ નામે ઉત્તમ દેવતાઓ સાથે અવતર્યા હતા ૪ લક્ષ્મી દેવીની પ્રાર્થનાને લીધે મનગમતુ કરવાની ઇચ્છાથી ભગવાને વૈકુંઠ નામે લોક નિર્માણ કર્યો હતો. ૫ વૈકુંઠ ભગવાનનો પ્રભાવ ને મોટી સમૃદ્ધિવાળા ગુણો તમને કહી સંભળાવ્યા. વિષ્ણુના ગુણોનુ વર્ણન કરવાની જે ઇચ્છા કરે છે, તે પૃથ્વીના રજકણો ગણવાની ઇચ્છા કરે છે એમ જાણવુ ચક્ષુનો પુત્ર ચાક્ષુષ નામે છઠો મનુ થયો તેના પુરૂ પુરૂષ અને સુદ્યુમ્ન વગેરે પુત્રો થયા ૭ મંત્રદ્યુમ્ન નામે ઇન્દ્ર થયો આપ્ય વગેરે દેવતાઓના ગણો હવિષ્માન તથા વીરક વગેરે સપ્તર્ષિઓ થયા. ૮ જગત્પતિ ભગવાન વૈરાજની સ્ત્રી સંભૂતિમા અવતર્યા અને અજીત એવું નામ લીધું ૯ ભગવાને સમુદ્રનું મંથન કરી દેવોને અમૃત પાયુ અને પાણીમા ફરતા મંદરાચલને કાચબાના સ્વરૂપથી પીઠ ઉપર ધારણ કર્યો ૧૦

પરીક્ષિત રાજાએ પૂછ્યું કે-હે મહારાજ! ભગવાને ક્ષીરસાગરને કેવી રીતે મથ્યો કોને માટે મથ્યો તથા કાચબાનું રૂપ લઇને કોને માટે પીઠ ઉપર પર્વતને ધારણ કર્યો. ૧૧ દેવતાઓને કેમ અમૃત પાયુ તથા બીજું જે કંઇ થયું હોય તે સર્વ મને કહો. ૧૨ તમે ભકતના પતિ ભગવાનનો મહિમા મને સંભળાવો છો તેથી ઘણા કાળથી તપી ગયેલું મારૂ ચિત્ત તૃપ્ત થતું નથી, અર્થાત્ ભગવાનનું ચરિત્ર વધારે સાંભળવાની ઇચ્છા થાય છે ૧૩

સૂત કહે છે કે-હે શૌનકાદિક બ્રાહ્મણો! પરીક્ષિત રાજાના પૂછવાથી શુકદેવજીએ તેમનાં વખાણ કરી પછી શ્રીહરિના પરાક્રમો કહેવાનો આરંભ કર્યો ૧૪

શુકદેવજી કહે છે કે-અસુરોએ યુદ્ધમાં જ્યારે દેવતાઓને સજ્જ કરેલાં મોટા શાસ્ત્રોથી મારવા માડયા ત્યારે તેઓ પ્રાણરહિત થઇ ધરણી ઉપર ઢળી પડયા હે રાજન! જ્યારે ઇંદ્રાદિક ત્રણ લોકો દુર્વાસાના શાપથી લક્ષ્મી રાહત થઇ ગયા અને યજ્ઞયાગાદિક ક્રિયાઓ નાશ પામી, ૧૬ ત્યારે ઇંદ્ર અને વરૂણ વગેરે દેવગણો પોતે સર્વ જોઇને વિચાર કરવા લાગ્યા પણ કંઈ નિશ્ચય કરી શકયા નહિ. પછી સર્વ દેવતાઓએ મેરૂ પર્વત ઉપર આવેલા બ્રહ્મસભામા જઈ બ્રહ્માને પ્રણામ કરી સર્વ વાર્તા નિવેદન કરી ૧૮ ભગવાન બ્રહ્માએ ઇદ્રને જોઈને દૈત્યોને સમૃદ્ધિવાળા જોઇને સ્થિર મનથી પરમાત્માનું સ્મરણ કર્યું. પછી સમર્થ એવા બ્રહ્મા પ્રસન્નવદન થઇ દેવતાઓને કહેવા લાગ્યા કે, ૨૦ હુ શંકર તમે દૈત્યાદિ મનુષ્ય પશુ પક્ષી વૃક્ષ ને પરસેવાથી ઉત્પન્ન થનારાં પ્રાણીઓ સર્વને ભગવાનના અંશના અંશોએ ઉત્પન્ન કર્યા છે તે અવિનાશી ભગવાનને અમે શરણે રહીએ છીએ. ૨૧ ભગવાનને કોઈ મારવા યોગ્ય નથી કોઇ રક્ષણ કરવા યોગ્ય નથી કોઈ ત્યાગ કરવા યોગ્ય નથી તેમ કોઇ આદર કરવા યોગ્ય પણ નથી તોપણ તે જગતની ઉત્પત્તિ સ્થિતિ ને સંહાર કરવા સત્વ રજ અને તમોગુણ ધારણ કરેછે માટે ભગવાનનું શરણ સ્વીકારવું યોગ્ય છે ૨૨ પ્રાણીઓના કલ્યાણ માટે સત્વગુણને ધારણ કરનાર ભગવાનનો હમણાં જગતની મર્યાદાનું રક્ષણ કરવાનો સમય છે માટે આપણે જગતના ગુરૂ એવા ભગવાનને શરણે જઇએ. દેવતાઓ ઉપર પ્રીતિ રાખનાર ભ-

ગવાન પોતાના ભક્ત એવા જે આપણે તેમનુ કલ્યાણ કરશે શુકદેવજી કહે છે–હે અરિદમન ! આ પ્રમાણે દેવતાઓને કહીને બ્રહ્મા તેમની સાથે લોકાલોક પછીના અજિત ભગવાનના સ્થાનમાં ગયા ૨૪ હે વ્યાપક ! ઇન્દ્રિયોને સાવધાન રાખી જેમનું સ્વરૂપ પૂર્વે સાંભળ્યા છતા જોવામા આવતું ન હતુ એવા શ્રીભગવાનના વેદવાણીથી તે આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. ૨૫

બ્રહ્મા—વિકાર રહિત સત્ય અનંત આદિપુરૂષ સર્વની બુદ્ધિના સાક્ષી ઉપાધિરહિત તર્કમા આવો નહિ એવા મનના કરતા વિશેષ વેગવાળા વાણીને અગોચર દેવતાઓમા ઉત્તમ અને સ્તુતિ કરવા યોગ્ય એવા આપને મારા પ્રણામ છે. પ્રાણ મન બુદ્ધિ ને અહંકારના જાણનાર વિષયોથી અને ઇન્દ્રિયોથી પ્રકાશતા સ્વપ્નદ્રષ્ટાની પેઠે અજ્ઞાનરહિત દેહરહિત અવિનાશી આકાશની પેઠે વ્યાપક ત્રણે યુગમાં પ્રગટ થનાર જીવનો પક્ષપાત કરનારી વિદ્યા તથા અવિદ્યાથી રહિત એવા આપ ભગવાનને શરણે અમે આવ્યા છીએ જ્ઞાનીઓ દેહાદિકને જીવનું ચક્ર કહે છે તે ચક્ર માયાથી પ્રેરાય છે તેમા મનનુ પ્રાધાન્ય છે, પંદર આરાવાળું છે ઉતાવળે ચાલનારૂં છે ત્રણ નાભિવાળું છે, વિજળીની પેઠે ચંચળ છે, આઠ પાટાવાળું છે અને ભગવાન પોતે તેની ધરીરૂપ છે, તે સત્ય પરમાત્માને અમે શરણે છીએ. જે પરમાત્મા જ્ઞાન સ્વરૂપ છે પ્રકૃતિથી પર ને અદૃશ્ય છે નિર્વિકલ્પ છે, દેશ તથા કાળના માપમા આવે નહિ એવા છે તથા જે જીવની પાસે તે ા નિય તા તરીકે રહે છે અને ધીર પુરૂષો યોગદ્વારા જેની ઉપાસના કરે છે તે ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ. ૨૯ ભગવાનની માયાને કોઈ પણ મનુષ્ય જાણી શકતું નથી વળી જેની માયાથી મોહિત થઇને મનુષ્ય આત્મસ્વરૂપ જાણતું નથી જેણે માયાના ગુણોને જિતી લીધા છે તથા જે સર્વ પદાર્થોમાં સરખી રીતે રહે છે તે પરમાત્માને અમે નમસ્કાર કરીએ છીએ. અમે દેવતાઓ અને ઋષિઓ જેમના પ્રિય એવા સત્વગુણી શરીરમાંથી સરજાયેલા છીએ છતા અમે જેમના બહાર તથા અંદર સત્તા અને પ્રકાશવડે પ્રગટ સ્વરૂપવાળા છતા સૂક્ષ્મ સ્વરૂપને જાણતા નથી ત્યારે રજોગુણ અને તમોગુણવાળા દૈત્યાદિકો કયાથી જાણે ? તે પરમાત્માને અમે પ્રણામ કરીએ છીએ. ૩૧ ભગવાને પોતે રચેલી પૃથિવી કે જેમા ચાર પ્રકારની ભૂત સૃષ્ટિ રહેલી છે તે પૃથિવી જેનુ ચરણ છે તે સ્વતંત્ર ઐશ્વર્યવાળા અખંડ સ્વરૂપ ભગવાન અમારા ઉપર પ્રસન્ન થાઓ. ૩૨ જે જળથી ત્રણ લોક ને સર્વ લોકપાળો ઉત્પન્ન થાય છે જીવે છે ને વૃદ્ધિ પામે છે તે મહા ઐશ્વર્યવાળા અખંડ સ્વરૂપ ભગવાન અમારી ઉપર પ્રસન્ન થાઓ ૩૩ દેવતાઓના અન્નરૂપ અને તેને લીધે બળ તથા આયુષ્ય આપનાર વૃક્ષોના અધિપતિ અને પ્રજાને ઉત્પન્ન કરનાર ચંદ્રમા જે ભગવાનનુ મન છે તે મહા ઐશ્વર્યવાળા ભગવાન અમારી ઉપર પ્રસન્ન થાઓ. ૩૪ ધનને ઉત્પન્ન કરનારો યજ્ઞાદિક ક્રિયા કાંડની પ્રવૃત્તિથી ઉત્પન્ન થયેલો પેટમાં રહેલા અન્નોને પચાવનારો ને સમુદ્રના જળને શોષણ કરનારો અગ્નિ જેમનુ મુખ છે તે મહા ઐશ્વર્યવાળા ભગવાન અમારી ઉપર પ્રસન્ન થાઓ ૩૫ દેવયાન નામે માર્ગના દેવતા વેદમય પરબ્રહ્મની ઉપાસનાના સ્થાનરૂપ મુક્તિના દ્વારરૂપ પવિત્ર લોકરૂપ અને કાળમૂર્તિરૂપ સુર્ય જેમના નેત્ર કહેવાય છે એવા મહા ઐશ્વર્યવાળા ભગવાન અમારી ઉપર પ્રસન્ન થાઓ. ૩૬ સ્થાવર જંગમના પ્રાણરૂપ અને ઇદ્રિય મન ને શરીરની શક્તિરૂપ વાયુ જેમના પ્રાણથી ઉત્પન્ન થયો છે અને સેવકો જેમ ચક્રવર્તીની સેવા કરે તેમ અમે જેમની સેવા કરીએ છીએ તે મહા

ઐશ્વર્યવાળા ભગવાન અમારી ઉપર પ્રસન્ન થાઓ. ૩૭ જે પુરૂષ રૂપ ભગવાનની કર્ણેન્દ્રિયમાંથી દશ દિશાઓ ઉત્પન્ન થઈ છે જેમના હૃદયમાંથી દેહનાં છિદ્રો થયેલાં છે જેમની નાભિમાંથી પ્રાણ ઇન્દ્રિય મન ને શરીરના આધાર રૂપી આકાશ થયું છે,તે મહા ઐશ્વર્યવાળા ભગવાન અમારી ઉપર પ્રસન્ન થાઓ. જેમના બળમાંથી મહેંદ્ર પ્રસાદમાથી દેવતાઓ ક્રોધમાંથી શંકર બુદ્ધિમાથી બ્રહ્મા છિદ્રોમાંથી વેદ તથા ઋષિઓ અને ઉપસ્થમાંથી પ્રજાપતિઓ થયેલા છે તે મહા ઐશ્વર્યવાળા ભગવાન અમારી ઉપર પ્રસન્ન થાઓ. ૩૯ જેમના વક્ષઃસ્થળમાથી લક્ષ્મી છાયામાંથી પિતરો સ્તનમાંથી ધર્મ પીઠમાથી અધર્મ ને જેમના મસ્તકમાંથી સ્વર્ગ અને વિહારમાંથી અપ્સરાઓ થયેલા છે તે મહા ઐશ્વર્યવાળા ભગવાન અમારી ઉપર પ્રસન્ન થાઓ. ૪૦ બ્રાહ્મણો તથા ગુપ્ત એવા વેદો, જેમના મુખમાથી ક્ષત્રિય તથા બળ જેમની ભુજાઓમાંથી વૈશ્ય તથા વ્યાપાર જેમની સાથળમાંથી અને શૂદ્ર તથા સેવા જેમના ચરણમાંથી ઉત્પન્ન થયેલાં છે એવા મહા ઐશ્વર્યવાળા ભગવાન અમારી ઉપર પ્રસન્ન થાઓ.૪૧ જેમના નીચેના ઓઠમાંથી લોભ ઉપરના ઓઠમાથી પ્રીતિ નાસિકામાંથી કાંતિ સ્પર્શમાથી અવિવેકીઓને મધુર લાગતો કામ ભ્રુકુટીમાંથી યમ અને પાપણોમાથી કાળ ઉત્પન્ન થયેલો છે તે મહા ઐશ્વર્યવાળા ભગવાન અમારી ઉપર પ્રસન્ન થાઓ. ૪૨ પાંચ મહાભૂતો કાળ કર્મ ગુણો ને ભૌતિક પ્રપંચ એ સર્વ જાણવામા આવતા નથી તેમ વિદ્વાનોનો તર્ક પણ જ્યા પહોચી શકતો નથી તે સર્વ જે ભગવાનની યોગમાયાએ રચેલાં છે તે મહા ઐશ્વર્યવાળા ભગવાન અમારી ઉપર પ્રસન્ન થાઓ.૪૩ શાંત શક્તિવાળા સ્વરૂપના આનંદના લાભથી પરિપૂર્ણ માયાએ રચેલા વિષયોમાં વૃત્તિઓથી ન બંધાતા અને વાયુના જેવી લીલા કરનાર હરિ ભગવાનને પ્રણામ હો. ૪૪ તમારે શરણે આવેલા અને તમારા મંદ હાસ્યવાળા મુખકમળને જોવાની ઇચ્છા રાખનાર અને અમારી ઇન્દ્રિયોથી જણાય એવું તમારૂં સ્વરૂપ તે આપ અમને દેખાડો. ૪૫ હે પરમાત્મા ! આપ ઇચ્છા પ્રમાણે અનેક અવતારો ધારણ કરીને અમારાથી થઇ શકે નહિ એવાં કર્મ કરો છો.૪૬ વિષયી પુરૂષોનાં અને પ્રાણીઓનાં કાર્યો ઘણાં કલેશવાળાં થોડા સારવાળાં તથા નિષ્ફળ હોય છે પરંતુ આપને અર્પણ કરેલાં કાર્યો તેવાં હોતાં નથી. ૪૭ અલ્પ અને માત્ર આભાસરૂપ કર્મ જો ઇશ્વરને અર્પણ કર્યું હોય તો તે વ્યર્થ જતું નથી, કારણ કે એ ઇશ્વર મનુષ્યને પ્રિય હિતકારક અને આત્મા રૂપ છે. જેમ ઝાડના મૂળમાં પાણીનું સિંચન કરવું તે મોટી શાખાઓને તથા નાની શાખાઓને પોષણ કરવા જેવું છે, તેમ જ ભગવાનનું આરાધન કરવું એ સર્વનું તથા પોતાનું આરાધન કરવા જેવું છે. ૪૯ આપ અનંત અતર્ક્ય કાર્ય કરનાર નિર્ગુણ ગુણોના સ્વામી અને હમણાં સત્વગુણમાં રહેલા છો તે આપને અમે પ્રણામ કરીએ છીએ. ૫૦

नमस्तुभ्यमनंताय दुर्वितर्क्यात्मकर्मणे ।
निर्गुणाय गुणेशाय सत्वस्थाय च सांप्रतम् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेष्टमस्कंधे
पंचमोध्यायः

અધ્યાય ૬ ઠ્ઠો.¶

સમુદ્રમંથનની તૈયારી.

श्रीशुक उवाच

एवं स्तुत सुरगणैर्भगवान हरिरीश्वरः ।
तेषामाविरभुद्राजन् सहस्रार्कोदयद्युतिः॥१॥

શુકદેવજી કહે છે કે—હે રાજન ! ઉપર

¶ આ અધ્યાયમા વિષ્ણુ પ્રગટ થયા દેવોએ તેમની સ્તુતિ કરી અને તેમણે આજ્ઞા કરી તેથી દૈત્યોની સાથે અમૃત મેળવવા સર્વે તૈયાર થયા, એ કથા કહેવાય છે.

પ્રમાણે દેવતાઓએ ભગવાનની સ્તુતિ કરી એટલે ઉગતા હજાર સૂર્યના જેવી કાંતિવાળા ભગવાન શ્રીહરિ તેમની સન્મુખ પ્રગટ થયા. ૧ તેમના તેજથી સર્વ દેવતાઓના નેત્રો મિચાઇ ગયાં અને તેઓ આકાશ દિશા પૃથ્વી કે પોતાના શરીરને દેખતા બંધ પડયા. ૨ ભગવાન શંકરે અને બ્રહ્માએ ભગવાનની મૂર્તિનાં તેમ છતાં દર્શન કર્યાં. તે મૂર્તિ સ્વચ્છ મરકત મણિના જેવી શ્યામ હતી, તેમનાં નેત્ર કમળના ગર્ભ જેવા રાતા હતા. ૩ તેમણે અંગ ઉપર તપાવેલા સુવર્ણના જેવુ સ્વચ્છ શોભાયમાન પીતાંબર ધારણ કર્યું હતું સર્વ અંગો પ્રસન્ન અને મનોહર હતાં મુખ અને ભ્રુકુટી સુંદર દેખતાં હતા૪ મણિઓથી જડેલા મુગટથી અને બે બાજુબંધોથી શરીર શણગારેલું હતું. કાનોમાં પહેરેલા કુંડળોથી પ્રકાશતા કપોળવડે મુખકમળની શોભા ઝળહળી ઉઠી હતી. ૫ કટિમેખલા કંદોરો કંકણ હાર નુપુર ને કૌસ્તુભ મણિના આભરણોથી શોભતા હતા, વક્ષઃસ્થળમા લક્ષ્મીને ધારણ કર્યાં હતાં અને અંગ ઉપર વનમાળા ધારણ કરી હતી. ૬ સુદર્શન વગેરે અસ્ત્રો મૂર્તિમાન થઇને જેમની ઉપાસના કરતાં હતા એવા ભગવાનના અલૌકિક સ્વરૂપના દર્શન કર્યા પછી દેવતાઓમા ઉત્તમ એવા બ્રહ્મા અને શંકર સર્વ દેવતાઓની સાથે રહી પૃથ્વી ઉપર પડી સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી પરમાત્મા ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.૭

બ્રહ્મા—જન્મ સ્થિતિ અને નાશ રહિત નિર્ગુણ અપાર મોક્ષ સુખના સાગર સૂક્ષ્મ કરતાં પણ સૂક્ષ્મ અમાપ સ્વરૂપવાળા અને મહા પ્રભાવવાળા અમે આપને વારંવાર નમસ્કાર કરીએ છીએ. ૮ હે પુરૂષોત્તમ! કલ્યાણની ઇચ્છાવાળા પુરૂષો વેદોક્ત ને તંત્રોકત રીતિથી જે સ્વરૂપની પૂજા કરે છે તે આપના વિશ્વરૂપમા અમારી સાથે ત્રણે લોકોને હું દેખુ છું. આ જગત આદિ કાળમા સ્વતંત્ર એવા તમારા સ્વરૂપમાં હતું મધ્ય કાળમા તમારા રૂપમાં હતું અને અંતકાળમાં પણ આપના સ્વરૂપમાં જ રહેશે. ઘડાનાં આદિ મધ્ય ને અંત જેમ મૃતિકા છે તેમ આ જગતનાં આદિ મધ્ય ને અંત આપ જ છો કારણ કે આપ માયાથી પર છો.૧૦ તમે તમારા સ્વાધીન રહેનારી માયાથી જગતને રચીને તેમાં ઓતપ્રોત રહો છો વિવેકી એવા શાસ્ત્રવેત્તા અને યોગ્ય પુરૂષો સૃષ્ટિ થયા પછી પણ તમને નિર્ગુણ જુવે છે કાષ્ઠો મથવાથી જેમ અગ્નિ ઉત્પન્ન થાય છે ગાયો દોહવાથી જેમ ઘી મળે છે, પૃથ્વી ખેડવાથી અન્ન પાકે છે, વ્યાપારાદિક ઉદ્યમ કરવાથી આજીવિકા મળે છે અને પૃથ્વી ખોદવાથી પાણી પ્રાપ્ત થાય છે, તેમ વિદ્વાન મનુષ્યો દેહાદિકને વિષે વિચાર કરવાથી તમારી અપૂર્વ ગતિને જાણે છે અને પછી ગુણોમા રહેલા તમારા સ્વરૂપનું વર્ણન કરે છે. ૧૨ હે પદ્મનાભ! જેમને ઘણા દિવસો થયા મળવાની ઇચ્છા હતી તે તમને પ્રત્યક્ષ પ્રકટ થયેલા જોઇ દાવાનળથી દુઃખી થયેલા હાથીઓ જેમ ગંગાના પાણીને જોઇને પ્રસન્ન થાય તેમ અમે સર્વ દેવતાઓ પરમ સુખ પામ્યા છીએ. હે અંતર્યામી! અમે સર્વે લોકપાળોને દેવતાઓ જે કારણથી તમારા ચરણને શરણે આવ્યા છીએ તે આપ ફલિભૂત કરો. આપ સર્વના સાક્ષી છો આપને બીજાઓએ બહાર અને અંદર શું જણાવવા જેવુ છે. ૧૪ હું શંકર દેવતાઓ દક્ષ વગેરે પ્રજાપતિઓ અગ્નિના સ્ફુલિંગોની માફક આપના અંશભૂત છીએ કંઇ આપનાથી ભિન્ન નથી હે ઇશ્વર! અમે અમારા કલ્યાણને શું જાણીએ ? આપ જ બ્રાહ્મણોનું અને દેવતાઓનું કલ્યાણ થાય એવો માર્ગ બતાવો. ૧૫

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે બ્રહ્માદિકોએ ભગવાનની સ્તુતિ કરી એટલે મંત્રનો ઉપદેશ કરવો જ જોઇએ, એવો અભિપ્રાય

જાણી બે હાથ જોડીને ઉભેલા જીતેંદ્રિય એવા દેવતાઓને મેઘના જેવી ગંભીર વાણીથી શ્રી ભગવાન આમ કહેવા લાગ્યા. ૧૬ તે પોતે એકલા જ સર્વ કાર્ય કરવાને સમર્થ હતા તોપણ દેવતાઓના કાર્યમાં સમુદ્રમંથન વગેરે કરવાની પોતાને ઈચ્છા હતી તેથી તેમણે કહ્યું કે—હે બ્રહ્મન ! હે શંભો ! અને હે દેવતાઓ ! તમે સર્વ સાવધાન થઈને મારૂં કહેવું સાંભળો. મારા કહેવા પ્રમાણે વર્તવાથી તમારૂં કલ્યાણ થશે ૧૮ તમે હમણા દાનવ તથા દૈત્યોની પાસે જાઓ અને તેઓની સાથે સંપ કરો અને તમારો પોતાનો અભ્યુદય થાય ત્યાં સુધી સંપ જારી રાખો. જ્યારે કોઈ મોટું કામ સાધવાનું હોય ત્યારે શત્રુઓની સાથે પણ સંપ કરવો જોઇએ. હે દેવતાઓ ! કાર્ય સિદ્ધ થાય ત્યાં સુધી સર્પ જેમ ઉંદર સાથે વર્તે તેમ વર્તવું જોઇએ. ૨૦ હમણાં ત્યાં જઈને અમૃત ઉત્પન્ન કરવા માટે તમે પ્રયત્ન કરો કે જે અમૃતના પાનથી મૃત્યુમા ઘેરાઈ ગયેલો પ્રાણી પણ અમર થાય છે. ૨૧ તમે સર્વ દેવતાઓ લતા તૃણ અને બીજી સર્વ ઔષધિઓને ક્ષીરસાગરમાં નાખી મંદરાચળને રવૈ બનાવી વાસુકી નાગને નેતરૂં બનાવી મારી સહાયતાથી સાવધાન થઇ ક્ષીરસાગરને મથવા તત્પર થાઓ. આ કાર્યમાં દૈત્યો માત્ર દુઃખજ ભોગવશે અને તમો ફળ મેળવશો. ૨૩ હે દેવતાઓ ! અસુરો જેમ કરવાની ઇચ્છા રાખતા હોય તેમ તમારે હમણાં કરવું, કારણ કે સલાહથી જેવા કામ સિદ્ધ થાય છે તેવા કામ આવેશથી સિદ્ધ થતા નથી. તમારે સમુદ્રમાંથી કાળકુટ નામે ઝેર ઉત્પન્ન થાય તેનાથી ડરવું નહિ. તેમ તે ન મળે તો તેને માટે ઈચ્છા કે ક્રોધ પણ કરવો નહિ. ૨૫

શુકદેવજી કહે છે કે—હે રાજન ! આ પ્રમાણે દેવતાઓને કહીને સ્વચ્છંદ ગતિવાળા ભગવાન પુરૂષોત્તમ તેમના દેખતાં અંતર્ધાન થયા ૨૬ પિતામહ બ્રહ્માને શંકરને નમસ્કાર કરી દેવતાઓ પોત પોતાના ધામમાં ગયા. ઇન્દ્રાદિ દેવો પછી બળિરાજાની પાસે ગયા. તે યુદ્ધને માટે તૈયાર થઇને આવ્યા ન હતા, તોપણ બલિના સેનાપતિઓ તેઓને જોઇ ક્રોધાવેશમાં આવી ગયા. તે જોઇને કીર્તિપાત્ર તથા સંધિ અને નિગ્રહ કયારે કરવો તેનો સમય જાણનાર દૈત્યરાજા બળિએ પોતાના સેનાપતિઓને શાંત પાડ્યા. ૨૮ પછી અસુરના સેનાપતિઓએ રક્ષાતા પરમ રાજ્યલક્ષ્મીવડે સેવાયલા ત્રણ લોકનો વિજય કરનાર બળિરાજાની પાસે દેવતાઓ આવ્યા ૨૯ ને મહા બુદ્ધિવાળા મહેન્દ્રે મધુર અને કોમળ વાણીવડે બળિરાજાને સમજાવીને પુરૂષોત્તમ ભગવાન પાસેથી પોતે જે જાણ્યું હતુ તે સમુદ્રમંથનાદિક સંબંધી સર્વ કહ્યું. તે વાત બળિરાજાને તથા ત્યાં બેઠેલા શંબર અરિષ્ટનેમિ આદિ દૈત્યના અધિપતિઓને અને ત્રિપુરના નિવાસી દૈત્યોને પસંદ પડી. ૩૧ પછી દેવતા અને અસુરોએ પરસ્પર પ્રેમ બાંધ્યો અને અમૃતને માટે ઉદ્યમ કરવા લાગ્યા. ૩૨ પરિઘના જેવા લાંબા હાથવાળા સમર્થ અને દુર્મદ દૈત્યો અને દેવતાઓ મંદરાચળને જમીનમાંથી ઉખેડીને ગર્જના કરતા સાગર તરફ લઈ જવા લાગ્યા. ૩૩ ઘણે દૂર સુધી તે પર્વતનો ભાર ઉપાડવાથી ઈંદ્ર બળિ વગેરે દેવ તથા દૈત્યો થાકી ગયા. શ્રમને લીધે તેને ઉપાડી શકયા નહિં તેથી પર્વતને રસ્તામાં પડતો મૂકયો. કનકાચળે નીચે પડતાં ઘણા દેવ અને દાનવોનો ચુરેચુરો કરી નાખ્યો. ૩૫ કેટલાએક હાથ સાથળ તથા કાંધ ભાગી જવાથી ઉદાસ થઇ ગયા, ત્યારે ભગવાન ગરૂડ ઉપર વિરાજમાન થઇ ત્યાં પધાર્યા, ૩૬ અને હે રાજન ! દેવો તથા દાનવોને પર્વતના પડવાથી દબાઈ ગયેલા જોઇ અમીની દૃષ્ટિથી દેવદૈત્ય બન્નેને સજીવન કર્યા. શિથિલતા ને

ધા વિનાના પ્રથમના જેવા કર્યા. ૩૭ જાણે રમત કરતા હોય તેમ એક હાથથી પર્વતને ગરૂડ ઉપર મૂકી પોતે સ્વાર થઇ દેવ તથા દૈત્યોની સાથે તેઓ સમુદ્ર તરફ ચાલ્યા. ૩૮ સમુદ્ર આવ્યો એટલે પક્ષીઓમા ઉત્તમ એવા ગરૂડે કાંધ ઉપરથી પર્વતને નીચે ઉતારીને પાણીની પાસે મૂકયો અને શ્રીહરિએ જવાની રજા આપવાથી તે પોતાના સ્થાન તરફ ગયો.

अवरोप्य गिरिं स्कंधात् सुपर्णः पततां वरः
ययौ जलांत उत्सृज्य हरिणा स विसर्जितः॥

इतिश्रीमद्भागवतेमहापुराणेष्टमस्कंधे
षष्ठोध्यायः

અધ્યાય ૭ મો.†

મહાદેવે કરેલું વિષપાન.

श्रीशुक उवाच

ते नागराजमामंत्र्य फलभोगेन वासुकिम् ।
परिवीय गिरौ तस्मिन्नेत्रमब्धिमुदान्विताः॥

શુકદેવજી કહે છે કે—પછી દેવ અને દૈત્યો તૈયાર થયા ને નાગરાજને અમૃત આપવા નો ઠરાવ કરી તેને નેતરૂં બનાવી મન્દરાચળ પર્વતની આસપાસ વિંટાળી અમૃત માટે સમુદ્રમંથન કરવા લાગ્યા. તે વેળાએ ભગવાને પ્રથમ સર્પના મુખ તરફનો ભાગ હાથમાં લીધો. દેવતાઓએ તે ભાગ ગ્રહણ કર્યો પણ દૈત્યોના આગેવાનોને તે પસંદ પડયું નહિ તેથી બોલ્યા કે, અમે વેદાધ્યયન ને શાસ્ત્રથી સંપન્ન છીએ અને જન્મ તથા કર્મથી પ્રખ્યાત છીએ તેથી સર્પના અમંગળ અંગને પકડીશું નહિ. તેઓને મૌન જોઇને ભગવાને મંદ હાસ્ય કરી દેવતાઓની સાથે મુખનો ભાગ છોડી દઇ પુંછડાનો ભાગ પકડયો. ૪ આ પ્રમાણે સ્થાનોના વિભાગો પાડયા પછી દેવો અને દૈત્યો પ્રયત્નપૂર્વક સમુદ્ર વલોવવા લાગ્યા. ૫ મંથન કરતાં કરતાં મંદરાચળ પર્વત નિરાધાર હતો તેથી બળવાન દેવ તથા દૈત્યો અત્યંત ખિન્ન થયા અને તેમના મુખની કાંતિ ઝાંખી પડી ગઇ. ૭ વિઘ્નનાયકે નાંખેલા વિઘ્નને જોઈ તે જ વખતે અપાર પરાક્રમવાળા તથા સત્ય પ્રતિજ્ઞાવાળા ભગવાને મહા અદ્ભુત એવા કચ્છપનું શરીર ધારણ કરી પાણીમા પ્રવેશ કરીને મંદર પર્વતને બહાર કાઢયો ૮ પર્વતને પાણીમાથી બહાર નીકળેલો જોઇ દેવ અને દાનવો પાછા મંથન કરવા તૈયાર થયા. મોટા દ્વીપના જેવા કાચબાના સ્વરૂપને ધારણ કરનાર ભગવાને લાખ યોજન પહોળી પીઠપર પર્વતને ધારણ કર્યો. હે રાજન ! મોટા મોટા દેવ તથા દાનવો પોતાના હાથના પરાક્રમથી તે પર્વતને કાચબાની પીઠ ઉપર ફેરવવા લાગ્યા તોપણ તેને પોતાની પીઠ ઉપર ધારણ કરનાર અપ્રમેય બળવાન કચ્છપ તેના પરિવર્તનને પોતાના અંગમા થતી ખરજને દૂર કરવાનું સાધન માનવા લાગ્યા. ૧૦ તેઓના બળને અને શારીરિક શક્તિને પ્રેરવા અજ્ઞાત સ્વરૂપવાળા વિષ્ણુએ અસુરોમાં અસુરરૂપે પ્રવેશ કર્યો, દેવતાઓમાં દેવરૂપે પ્રવેશ કર્યો અને સર્પમાં સર્પરૂપે પ્રવેશ કર્યો અને તેઓને ઉત્સાહ આપ્યો. બીજી તરફ હજાર હાથવાળા ભગવાન કે જે બીજા મોટા પર્વતના જેવા દેખાતા હતા તે પોતાના હાથથી મંદરને દબાવીને ઉપલા ભાગમાં ઉભા રહ્યા અને બ્રહ્મા શંકર ઈંદ્ર આદિક દેવતાઓ સ્તુતિ કરતા સ્વર્ગમાંથી પુષ્પ વૃષ્ટિ કરવા લાગ્યા. ૧૨ પોતાના સ્વરૂપથી નીચે કાચબાના રૂપથી દેવ દૈત્યના રૂપથી પર્વતમાં દૃઢતાના રૂપથી અને વાસુકીમાં નાગના રૂપથી શ્રીહરિએ પ્રવેશ કરી તેઓને અધિક બળવાળા કર્યા. દેવ અને દૈત્યો વેગથી સમુદ્રનું મંથન કરવા લાગ્યા. મંથન કરતાં પર્વતના હાલવાથી સમુદ્રના પાણીમાં રહેનારાં મગર વગેરે જળ

† આ અધ્યાયમા મંથન કરતા નીકળેલા ઝેરના ભયથી સર્વ લોકોએ સ્તુતિ કરવાથી મહાદેવજીએ તે પીધું એ કથા કહેવારો

ચરો ભય પામ્યાં વાસુકિ નાગરાજની ભયંકર હજારો આંખોમાંથી મુખમાંથી તથા શ્વાસમાંથી નીકળતો અગ્નિ ને ધુમાડો લાગવાથી પૌલોમ કાલેય બલિ ઇલ્વલ વગેરે અસુરો નિસ્તેજ થઇ ગયા દાવાનળથી બળી ગયેલાં દેવદારૂ જેવા તે દેખાવા લાગ્યા. ૧૪ દેવતાઓ વાસુકિના નિ.શ્વાસના અગ્નિની ઝાળ લાગવાથી નિસ્તેજ થઈ ગયા તેઓનાં વસ્ત્ર પુષ્પોની માળાઓ મ્લાન થઈ ગયાં પરંતુ ભગવાન તેઓને સહાય હતા તેથી મેઘ તેઓની ઉપર વર્ષવા લાગ્યો અને સમુદ્રના જળતરંગો સાથે આલિંગન કરનારા શીતળ પવનો વાવા લાગ્યા. ૧૫ આ રીતે દેવ તથા દૈત્યોના યૂથપતિઓ સમુદ્રનું મંથન કરવા લાગ્યા તોપણ તેમાથી જ્યારે અમૃત નીકળ્યું નહિ, ત્યારે ભગવાન પોતે પણ મંથન કરવા લાગ્યા મેઘના જેવા શ્યામ રંગના પીળા વસ્ત્ર ધારણ કરનાર કાનમાં પ્રકાશિત વિજળીના જેવાં કુંડળોવાળા મસ્તક ઉપર મુગટવાળા અને આસપાસ ફેલાઇ ગયેલા કેશવાળા કંઠમાં પુષ્પની માળાવાળા રાતાં નેત્રવાળા તથા પર્વતનો ઉદ્ધાર કરનાર ભગવાન વિજય કરનારા અને જગતને અભય આપનાર પોતાના ચાર બાહુઓથી વાસુકિ નાગને પકડી રવૈ કરેલા મંદરાચળથી સમુદ્રને મથવા લાગ્યા. આ વખતે શ્રીહરિ પણ બીજા પર્વતના જેવા શોભતા હતા ૧૭

આ પ્રમાણે સમુદ્ર મથતાં તેમાથી પ્રથમ મહા ભયંકર અને અનુપમ હાલાહલ નામનું વિષ ઉત્પન્ન થયું તેથી સમુદ્રમા રહેનારાં માછલાં મગર કાચબા વગેરે જળચરો ગભરાયાં અને તિમિ જળહાથીઓ, ગ્રાહ તથા તિમિંગલો વ્યાકુલ થઇ ગયાં, તેમજ સમુદ્ર ખળભળી ઉઠયો. ૧૮ ઉગ્ર વેગવાળું અનુપમ તથા અસહ્ય બળવાળું ઝેર ચારે તરફ ઉપર તથા નીચે ફેલાઇ ઉછળવા લાગ્યું. તે જોઇ ભય પામી લોકપાલ સહિત સર્વ પ્રજા બીજા કોઇ તરફથી શરણુ ન મળવાને લીધે સદાશિવને શરણે ગઈ. ૧૯ ત્રણ લોકના કલ્યાણ માટે પાર્વતીની સાથે તે કૈલાસ પર બેસીને તપસ્વી મુનિઓએ માન્ય કરેલું તપ કરતા હતા. મહાદેવને જોઇને સર્વ લોકો પ્રણામ કરી સ્તુતિ કરવા લાગ્યા. ૨૦

પ્રજાપતિઓ—હે દેવના દેવ! હે મહાદેવ! હે જગતના આત્મા ! આ ત્રણ લોકને બાળી નાખનાર હલાહલથી ભય પામીને અમે તમારે શરણે આવ્યા છીએ માટે અમારૂં રક્ષણ કરો. ૨૧ તમે એક જ સર્વ જગતના બંધ તથા મોક્ષના ઈશ્વર છો. શરણાગતની પીડાને હરણ કરનાર એવા તમને ગુરૂને—કુશળ પુરૂષો પૂજે છે. ૨૨ હે સ્વયપ્રકાશ વ્યાપક ભગવન ! તમે પોતાની ગુણમયી માયાવડે જ્યારે આ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય કરો છો ત્યારે તમે બ્રહ્મા વિષ્ણુ અને શંકર એવાં નામ ધારણ કરો છો. ૨૩ તમે દેવ મનુષ્ય તથા પશુ પક્ષી વગેરેને ઉત્પન્ન કરનાર છો, સર્વથી ગુહ્ય પરબ્રહ્મ છો તથા જગતના આત્મારૂપ છો. તમે અનેક પ્રકારની શક્તિઓથી જણાઓ છો માટે ઇશ્વર છો.૨૪ તમે વેદના કારણરૂપ છો. તમારા ગુણોમાંથી પ્રાણ ઈંદ્રિય ને શરીર ઉત્પન્ન થાય છે. તમે મહત્તત્ત્વ તથા અહંકારરૂપ છો. સ્વભાવ કાળ સંકલ્પ સત્ય ને ધર્મરૂપ છો. તમારે વિષે ૐકાર રહેલો છે. ૨૫ હે લોકને ઉત્પન્ન કરનાર! સર્વ દેવતારૂપ અગ્નિ તમારૂં મુખ છે પૃથ્વી તમારા ચરણકમળ છે કાળ તમારી ગતિ છે દિશાઓ તમારા કાન છે અને વરૂણદેવ તમારી જીભ છે ૨૬ આકાશ તમારી નાભિ વાયુ તમારો નિઃશ્વાસ સૂર્ય તમારાં નેત્ર પાણી તમારૂં સત્ત્વ ભૂત ભવિષ્યના સર્વ જીવનો જે આશ્રય તે તમારો અહંકાર ચંદ્રમા તમારૂં મન અને હે ભગવન ! સ્વર્ગ તમારૂ મસ્તક છે. ૨૭ હે વેદાત્મા ! સમુદ્રો તમારૂં પેટ પર્વતો તમારા શરીરનાં હાડ

સર્વ પ્રકારની ઓષધિઓ તથા લતાઓ તમારા રૂંવાં વેદો તમારા શરીરમાંની સાત ધાતુઓ ને સર્વ ધર્મ તમારૂં હૃદય છે. ૨૮ હે ઇશ્વર! તત્પુરૂષ અઘોર સદ્યોજાત વામદેવ અને ઇશાન તમારા મુખ અને પદચ્છેદ કરતાં એકસો ને આડત્રીસ મંત્રો થાય છે તે તમારા શિવ નામની સ્વયંપ્રકાશ તથા પ્રકાશમાન જે સત્ય વસ્તુ છે તે તમારી શાંતિથી ભરેલી સ્થિતિ છે ૨૯ અધર્મના તરંગો તમારી છાયા છે, જેમાથી ઉત્પત્તિ સ્થિતિ તથા લય થાય છે એવા સત્વ રજ અને તમ તમારાં ત્રણ નેત્ર છે. હે દેવ! વેદ એ તમારી નિરીક્ષા છે કારણ કે તમે સાખ્યરૂપ વેદના કર્તા વેદરૂપ અને પુરાણ પુરૂષ છો. ૩૦ હે શંકર! આપનું સ્વરૂપ પરમપ્રકાશરૂપ અને ભેદ રહિત પરબ્રહ્મ છે, જેમા સત્વ રજ તથા તમ એમાનો એક પણ ગુણ નથી અને સર્વ લોકપાળો બ્રહ્મા વિષ્ણુ અને ઇંદ્રના પણ જાણવામા આવે નહિ એવું છે ૩૧ આપ કામદેવ, દક્ષનો યજ્ઞ ત્રિપુરાસુર મૃત્યુ તથા વિષ વગેરે પ્રાણીઓનો દ્રોહ કરનાર અનેકનો નાશ કરો છો અને પ્રલય કાળમા તમે તમારા પોતાના નેત્રના અગ્નિના તણખાની શિખાથી ભસ્મ થઇ ગયેલા પોતે રચેલા જગતને જાણતા નથી એવા આપ આ જગતને દુઃખદાયી વિષનું પાન કરો, એમાં આપની પ્રશંસા કરવા જેવું કાઇ નથી. ૩૧ જેઓ આપને પાર્વતીની સાથે ફરતા જોઇને કામી કહે છે જેઓ સ્મશાનમા ફરતા જોઇને આપને ઉગ્ર તથા હિંસક કહે છે તે નિર્લજ લોકો આપની લીલાને જાણતા નથી. આત્મારામ તથા ઉપદેશ કરનાર લોકો જેમના ચરણારવિંદનુ હૃદયમા ધ્યાન ધરે છે તે તમારે વિષે કામના કેમ સંભવે? જે તપશ્ચર્યા અત્યંત શાંત છે એવા તમારે વિષે ઉગ્રપણું કે હિંસકપણું કેમ સંભવે? ૩૩ આપ સર્વ કાર્ય કારણોથી પર પરમાત્મા તથા વ્યાપક છો. બ્રહ્માદિક દેવતાઓ આપનું સ્વરૂપ જાણવાને સમર્થ નથી ત્યારે સ્તુતિ કરવાને કયાંથી સમર્થ હોય. બ્રહ્માના પુત્ર અને પૌત્રના વંશમાં ઉત્પન્ન થયેલા અમે આપની સ્તુતિ કરવા અસમર્થ છીએ એ તો સિદ્ધ જ છે, તથાપિ શક્તિ પ્રમાણે સ્તુતિ કરીએ છીએ ૩૪ હે મહેશ્વર! અમે આપના સ્વરૂપને જાણીએ છીએ આપ વિના બીજાને જાણતા નથી. અસ્ફુટ લીલા કરનાર આપની મૂર્તિ જગતના કલ્યાણ માટે જ છે.

શુકદેવજી કહે છે કે–આ પ્રમાણે સ્તુતિ કરતી પ્રજાઓનુ દુઃખ જોઇ દયાથી ગદ્ગદિત અને સર્વ પ્રાણીઓના મિત્ર ભગવાન શંકર હસીને સતીને આ પ્રમાણે કહેવા લાગ્યા. હે ભવાનિ! આ બહુ દુ:ખકારક છે ક્ષીરસમુદ્રનું મંથન કરતા તેમાથી જે કાળકુટ નામે ઝેર ઉત્પન્ન થયું છે તેથી પ્રજાઓને આ સંકટ આવી પડયુ છે. ૩૭ હમણાં પ્રજા પોતાનું રક્ષણ કરવાની ઇચ્છા કરે છે માટે મારે તેને નિર્ભય કરવી જોઇએ. દીન પ્રાણીઓનું રક્ષણ કરવુ, એટલું જ સમર્થ પુરૂષનું કામ છે. ૩૮ પ્રાણીઓ ભગવાનની માયાવડે મોહિત થઇ પરસ્પર વેર રાખી એક બીજાનો નાશ કરવાની ઇચ્છા કરે ત્યારે મહાત્મા પુરૂષો ક્ષણભંગુર જીવન આપીને પણ પ્રાણીઓની રક્ષા કરે છે. ૩૯ હે કલ્યાણિ! જે પુરૂષ બીજા ઉપર દયા કરે છે તેના ઉપર સર્વના આત્મા ભગવાન પ્રસન્ન થાય છે અને પ્રસન્ન થયા કે સ્થાવર જંગમ સહિત હું પણ પ્રસન્ન થાઉં છું માટે આ વિષ પીઉં છું, મારાથી પ્રજાઓનુ કલ્યાણ થાઓ! ૪૦

શુકદેવજી બોલ્યા કે–આ પ્રમાણે વિશ્વનું કલ્યાણ કરનાર ભગવાન શંકરે ભવાનીને સમજાવી મહા વિષ પીવા જણાવ્યું એટલે તેમનો પ્રભાવ જાણનારા પાર્વતીએ શંકરને અનુમોદન આપ્યું. ૪૧ પ્રાણીઓનું કલ્યાણ કરનાર મહાદેવ ચારે તરફ વ્યાપક હલાહલ

વિષ હાથેલીમા લઇ સર્વ પ્રાણીઓ ઉપર દયા કરી તે પી ગયા ૪૨ પાણીના ઝેરે શંકરને પોતાનું પરાક્રમ દર્શાવ્યું. શંકરના કંઠ પ્રદેશમાં કાળો ડાઘ પડયો અને તે તેમને આભૂષણરૂપ થઇ પડયો.૪૩ મહાત્મા પુરૂષો લોકોની પીડા જોઇ સંતાપ કરે છે અને તેમ કરવું, એ સત્પુરૂષને પરમ શોભા આપનારૂં ગણાય છે ૪૪ દેવના દેવ અને જગતના મનોરથ પૂર્ણ કરનાર ભગવાન શંકરનું આ ચરિત્ર જોઇને પ્રજાઓ પાર્વતી બ્રહ્મા તથા વિષ્ણુ એક સ્વરે તેમની પ્રશંસા કરવા લાગ્યા ૪૫ શંકર ઝેર પોતાના હાથમા લઇને પીતા હતા તે સમે તેમના હાથમાથી જે કંઇ પૃથ્વી ઉપર પડયું તેમાથી વીંછી સર્પ ઝેરી ઔષધિઓ તથા બીજા ઝેરી પ્રાણીઓ ઉત્પન્ન થયા. ૪૬

प्रस्कन्नं पिबत पाणेर्यत्किंचिज्जगृहुः स्म तत् ।
वृश्चिकाहिविषौषध्यो दन्दशूकाश्च ये परे ४६

इतिश्रीमद्भागवतेमहापुराणेऽष्टमस्कंधे सप्तमोध्यायः

અધ્યાય ૮ મો.

સમુદ્રમાંથી નીકળેલાં રત્નો.

श्रीशुक उवाच

पीते गरे वृषांकेण प्रीतास्तेऽमरदानवाः ।
ममन्थुस्तरसा सिन्धुं हविर्धानी ततोऽभवत ॥

શુકદેવજી કહે છે કે–હે રાજન! શંકરે ઝેરનું પાન કર્યા પછી દેવો અને દાનવો ફરીને મંથન કરવા લાગ્યા સમુદ્રને મથતાં તેમાથી કામધેનુ ઉત્પન્ન થઇ ૧ પરલોકમાં લઇ જનાર યજ્ઞમાં પવિત્ર ઘી વગેરે હવિષ્યને માટે અગ્નિહોત્રમા કામ લાગે એવી તે ગાયને વેદ જાણનારા ઋષિઓ લઇ ગયા ૨ પછી ચંદ્રમાના જેવા શ્વે ત રંગનો ઉચ્ચૈઃશ્રવા નામે એક ઘોડો નીકળ્યો. તેને લેવા માટે બળિ રાજાએ ઇચ્છા બતાવી પરંતુ ઇન્દ્રે ઇચ્છા બતાવી નહિ કારણ કે ભગવાને પ્રથમથી જ તેને શિખામણ આપી હતી કે, તારે ઘોડાની ઇચ્છા કરવી નહિ ૩ પછી ઐરાવત નામે એક મોટો હાથી નીકળ્યો, તે પોતાના શિખરો જેવા ચાર દાંતોથી પૂજ્ય એવા કૈલાસ જેવો લાગતો હતો ૪ પછી કૌસ્તુભ નામે રત્ન નીકળ્યું. તે રત્નની વક્ષસ્થળના આભૂષણ માટે ભગવાને ઇચ્છા કરી. ૫ પછી દેવલોકના આભૂષણરૂપ પારિજાતક નામે એક વૃક્ષ નીકળ્યું માગનારાઓને જેમ તમે નિરંતર તૃપ્ત કરો છો તેમ તે સ્વર્ગમાં યાચકોના મનોરથોને પૂર્ણ કરે છે. ૬ પછી સુંદર વસ્ત્રોવાળી અને કંઠમા આભૂષણવાળી અપ્સરાઓ નીકળી. અપ્સરાઓ મનોહર ચાલથી રમતથી તથા ભાવપૂર્વક જોવાથી સ્વર્ગના વાસી દેવતાઓને રમાડે છે. ૭ પછી સાક્ષાત્ ભગવાનમા પરાયણ રહેનારાં લક્ષ્મી ઉત્પન્ન થયાં, તેમણે સુદામા પર્વતની દિશામાં ઉત્પન્ન થયેલી વિજળીની પેઠે કાંતિથી સર્વ દિશાઓને ઝળહળાટ કરી મૂકી. ૮ દેવ દૈત્ય તથા મનુષ્ય વગેરે સર્વ લક્ષ્મીના સૌંદર્ય ઉદારતા તથા અવસ્થાનો મહિમા જોઇને તેમના ઉપર મોહિત થઇ ગયા અને તેમની ઇચ્છા કરવા લાગ્યા ૯ ઇન્દ્રે લક્ષ્મીજીને મોટું તથા અદ્ભુત આસન લાવી આપ્યું. દેહધારી ઉત્તમ નદીઓએ સુવર્ણના કળશોવડે પવિત્ર જળ લાવી આપ્યું. ૧૦ પૃથ્વીએ અભિષેકના કામમાં આવનારી સર્વ ઔષધિઓ આણી આપી ગયો એ પંચગવ્ય આણી આપ્યુ વસંતાદિ ઋતુઓએ પોતપોતાની ઋતુઓના ફલ ફૂલ વગેરે આણી આપ્યા ૧૧ ઋષિઓએ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે લક્ષ્માજીનં અભિષેક કર્યો, ગંધર્વોએ મધુર તથા મંગળકારક ગાયન કર્યાં. નટની સ્ત્રીઓ નૃત્ય તથા ગાયન કરવા લાગી. ૧૨

* આ અધ્યાયમા સમુદ્રમ ્ ને પ્રસંગે લક્ષ્મી વિષ્ણુને વર્યાં અસુરોએ ધ્વન્તરિની પાસેથી અમૃત હરી લીધું તથા મોહિનીના અવતાર લીધો એ કથા કહેવાશે.

મેઘમંડળ ગંભીર શબ્દવાળા મૃદંગો પણવો મુરજો, આનક શિંગડીઓ શંખો અને વીણા વગેરે તુમુલ શબ્દોવાળા વાજિત્રો વગાડવા લાગ્યાં. ૧૩ દિશાઓના હાથીઓએ તે સમયે હાથમાં કમળ ધારણ કરનાર દેવી લક્ષ્મીને જળથી ભરેલા કળશોથી અભિષેક કર્યો બ્રાહ્મણો વેદના મંત્રો ભણવા લાગ્યા. સમુદ્રે લક્ષ્મીને પીળા ઉત્તમ રેશમી વસ્ત્રો આપ્યા વરૂણે વૈજયંતી નામે માળા કે જેની સુગંધે ભમરાઓ મત્ત થઈ ગણગણાટ કરતા હતા. ૧૫ વિશ્વકર્મા પ્રજાપતિએ વિચિત્ર આભૂષણો આપ્યાં, સરસ્વતીએ હાર આપ્યો બ્રહ્માએ કમળ આપ્યું. નાગોએ કુંડળ આપ્યાં ૧૬ અને બ્રાહ્મણોએ સ્વસ્તિવાચન કર્યું પછી લક્ષ્મી ભમરાઓના ગુંજારવવાળી કમળની માળા હાથમાં લઇ લજ્જાથી હસતે મુખે ત્યાથી આગળ ચાલ્યા કપોલપર ઝુકી રહેલા કુંડલોથી તેમનુ મુખ શોભતુ હતું. ૧૭ પેટ પાતળું હતું ચંદન તથા કેસરનો લેપ કર્યો હતો. ઝાંઝરના મધુર ઝણકારા સાથે આમ તેમ ફરતા તે સુવર્ણની વેલી જેવાં શેભતા હતા ૧૮ લક્ષ્મી ગંધર્વ યક્ષ અસુર સિદ્ધ ચારણ તથા દેવતા વગેરેમા પોતાને રહેલા અવિચળ દોષ વિનાનું તથા ફેરફાર ન થાય એવા ગુણવાળુ સ્થાનક શોધતાં હતાં, પરંતુ તેવુ સ્થાન જડયુ નહિ. ૧૯ લક્ષ્મી સર્વને જોઇ પ્રત્યેકને માટે પોતાના મન સાથે વિચાર કરવા લાગ્યાં કે— કોઇ પુરૂષ (દુર્વાસા) તપસ્વી છે તેણે ક્રોધ જીત્યો નથી કોઇ (બૃહસ્પતિ) જ્ઞાની છે તેણે જગતનો સંગ છોડયો નથી, કોઇ (ઇંદ્રાદિક) સમર્થ છે, તેને બીજાનો આશ્રય છે ૨૦ કોઇ (પરશુરામાદિ) મા ધર્મ રહેલો છે તેઓ પ્રાણીઓ ઉપર પ્રીતિ રાખતા નથી કોઈ (શિબિ વગેરે) દાન કરે છે, તેઓ મુક્તને માટે કરતા નથી કોઇ (સહસ્રાર્જુન) માં પરાક્રમ છે, તે કામના વેગથી નાશ ન થાય એવો નથી. કોઇ (સનકાદિક) માયાના સંગથી દૂર રહેનાર છે, તે સમાધિમાં રહેવાથી મારો પતિ થવાને યોગ્ય નથી. ૨૧ કોઈ (માર્કંડેયાદિ) લાંબા આયુષ્યવાળા છે તે ઇદ્રિયોનુ દમન કરનાર હોવાથી શૃંગાર ઉપર પ્રીતિ વિનાનો છે. કોઇ (હિરણ્યકશિપુ આદિ) શૃંગાર ઉપર પ્રેમ ધરાવનારો છે, તેનું આયુષ્ય અધ્રુવ છે. કોઇ (શંકરાદિ) લાંબા આયુષ્યવાળો તથા શૃંગાર ઉપર પ્રેમ ધરાવનારો છે, તેની શ્મશાનમા રહેવા વગેરે ચેષ્ટા અમંગળ છે અને કોઇ (ભગવાન) સર્વ પ્રકારે મંગળ નિર્દોષ છે, તે આત્મારામ હોવાથી મારી ઇચ્છા કરતા નથી. ૨૨

આ પ્રમાણે વિચાર કર્યા પછી ભગવાન પોતાને માટે ઇચ્છા વિનાના હતા, તોપણ લક્ષ્મી તેમને વર્યા. ભગવાન નિરંતર રહેનાર ધર્મ તથા જ્ઞાનાદિક ગુણોથી અને પોતાના એક આશ્રયપણાથી ઉત્તમ હતા. સર્વ સિદ્ધિઓ તેમને વરેલી હતી તથા પોતે માયાના ગુણથી પર હતા છતાં પોતાને પ્રિય હતા. ૨૩ લક્ષ્મીજી, મદમત્ત ભ્રમરગણોના ગુંજારવોથી ગણગણી રહેલી મનોહર નવા કમળની માળાઓ ભગવાનના કંઠપ્રદેશમાં પહેરાવીને લજ્જા સાથે હસવાથી શોભતાં નેત્રવડે સર્વના નિવાસસ્થાનરૂપ ભગવાનના ઉરસ્થળને જોતાં તેમના અનુગ્રહની ઇચ્છા કરતા પાસે જઈઉભા રહ્યાં ૨૪ પછી ત્રણ લોકના માતાને ભગવાને પોતામાં અવિચલ વાસ આપ્યો જ્યા આગળ રહેલાં લક્ષ્મીજીએ દયાસહિત દૃષ્ટિ કરી પોતાની પ્રજારૂપ ત્રણ લોકનો અને તેઓના અધિપતિઓનો અભ્યુદય કર્યો ૨૫ તે સમયે શંખ તૂરી ને મૃદંગો વગેરે વાજિત્રોના અને સ્રીઓ સાથે નૃત્ય કરતા તથા ગાન કરતા ગંધર્વોનો મોટો જયઘોષ થઇ રહ્યો ૨૬ બ્રહ્મા રૂદ્ર તથા અંગિરા પ્રમુખ સર્વ પ્રજાપતિઓ પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા અને ભગવાનનું પ્રતિપાદન કરનાર સકલ વેદના મંત્રોથી ભગવાનની

સ્તુતિ કરવા લાગ્યા ૨૭ લક્ષ્મીની કૃપાદૃષ્ટિથી અને શીલ વગેરે ગુણોથી સંપન્ન એવા દેવતાઓ અને પ્રજાપતિઓ સાથે પ્રજા પરમ સુખ ભોગવવા લાગી. હે રાજા! દૈત્ય તથા દાનવો જ્યારે લક્ષ્મીજી તરફથી અનાદર પામ્યા ત્યારે તેઓ સર્વ સત્વહીન ચંચળ વૃત્તિવાળા ઉદ્યોગ વિનાના અને નિર્લજ થઇ ગયા. ૨૯ પછી સમુદ્રમાંથી કમળના જેવા નેત્રવાળી અને શોભાયમાન મદિરા નામે કન્યા ઉત્પન્ન થઇ, તેને ભગવાનની સંમતિથી દૈત્યોએ ગ્રહણ કરી. પછી હે મહારાજ! કશ્યપના પુત્રોએ અમૃતની ઇચ્છાથી સમુદ્રનુ મથન કરતાં તેમાંથી પરમ આશ્ચર્યકારક એક પુરૂષ ઉત્પન્ન થયો. તે પુરૂષના હાથ લાંબા તથા જાડા હતા કંઠ શંખના જેવો હતો નેત્ર રાતાં હતાં શરીરનો વર્ણ શ્યામ હતો અવસ્થા તરૂણ હતી અને શરીર ઉપર માળા તથા આભૂષણો ધારણ કર્યા હતા ૩૨ વસ્ત્ર પીળાં હતાં છાતી વિશાળ હતી કાનમાં મણિનાં નિર્મળ કુંડળ પહેર્યા હતાં કેશના છેડા કોમળ શ્યામ રંગના અને વાંકા હતા રૂપ મનોહર અને ગતિ સિંહના જેવી હતી. ૩૩ હાથમા અમૃત ભરેલો કળશ હતો અને ભગવાન વિષ્ણુના અંશમાથી તે ઉત્પન્ન થયો હતો. આ જગતમાં ધન્વતરિને નામે તે પ્રખ્યાત થયો તથા આયુર્વેદ જાણનાર અને યજ્ઞમાંથી ભાગ લેનાર થયો. સર્વ અસુરો અમૃતથી ભરેલા તે કળશને તથા તે પુરૂષને જોઇ સર્વ વસ્તુઓને લેવાની ઇચ્છાવાળા દૈત્યો તથા અસુરો અમૃતથી ભરેલા કળશને વેગથી હરી લઈ જવા લાગ્યા. ૩૫ અસુરો અમૃતના કુંભને લઇ જવા લાગ્યા ત્યારે દેવો ખેદ પામીને ભગવાનને શરણે ગયા. ૩૬ પોતાના દાસનું કાર્ય કરનાર ભગવાન દેવોની દીનતા તરફ દૃષ્ટિ કરીને બોલ્યા કે—હું મારી મોહિની માયાવડે દૈત્યોની વચ્ચે કલહ ઉત્પન્ન કરાવીને તમારૂં કાર્ય સાધી આપીશ. તમે ખેદ કરો નહિ. ૩૭ હે રાજન! અમૃત પીવાની ઇચ્છાવાળા અને સમાન બળવાળા દૈત્યોની વચ્ચે, હું પહેલો પીઉં, હું પહેલો પીઉં, તું નહિ. એવો કલહ થઇ પડયો. ૩૮ પછી દુર્બળ દૈત્યો મત્સરમાં આવી જઇને જેઓએ અમૃતનો કળશ લઇ લીધો હતો, એવા પ્રબળ દૈત્યોને વારંવાર અટકાવતાં બોલી ઉઠયા કે—દેવતાઓ અમૃત માટે સમાન શ્રમ કરનાર છે, તેઓને પોતાનો ભાગ મળવો જોઇએ. સત્રયાગમા જેમ સર્વને સમાન ફળ મળે છે, તેમ આ કામમાં પણ સર્વને સરખું ફળ મળવું જોઇએ એ સનાતન ધર્મ છે. ૪૦

મોહિની સ્વરૂપ.

સર્વ ઉપાયોને જાણનાર ભગવાન વિષ્ણુએ પછી આશ્ચર્યજનક તથા જેનું વર્ણન કરી શકાય નહિ એવું મોહિની રૂપ ધારણ કર્યું. ૪૧ એ સ્રીનો વર્ણ ઉત્પલના જેવો શ્યામ હતો તેના સર્વ અવયવ સુંદર હતા ને કાનમાં આભૂષણો હતા સુંદર કપોલ ને ઉન્નત નાકવડે તેનું મુખ શોભતું હતું. ૪૨ નવીન યૌવનથી ખીલેલું તેનુ શરીર કેડની ઉપરના ભાગથી જરા નમેલું હતું. પેટ પાતળું હતું, મુખનો સુગંધ લેવાને અનુરાગી થયેલા ભમરાઓના ગુંજારવથી તેનાં નેત્ર ઉદ્વિગ્ન થયેલાં હતાં. ૪૩ જેમાં મલ્લિકાનાં ફૂલ ઉઘડી રહ્યાં હતા એવા પુષ્પવેણી તેણે અંબોડામાં ઘાલી હતી. હાથમા બાજુબંધ હતા. ૪૪ નિતંબ ઝીણા સ્વચ્છ વસ્ત્રથી ઢંકાયલો હતો તેની ઉપર ધારણ કરેલી ને તેને શોભાવતી કટિમેખલાથી તેનું રૂપ સોહાતુ હતું તથા ઉત્તમ રીતે ચાલતાં ચરણમાંનાં ઝાંઝર રૂમઝુમ થઇ રહ્યાં હતાં. ૪૫ મોહિનીનું રૂપ લજ્જા સાથે મંદ મંદ હસવાથી અને ભ્રમરોના વિલાસયુક્ત ફરકવાથી દૈત્યોના મનમાં કામ ઉપજતો હતો. ૪૬

सव्रीडस्मितविक्षिप्तभ्रूविलासावलोकनैः ।
दैत्ययूथपचेतःसु काममुद्दीपयन्मुहुः ॥४६॥

इतिश्रीमद्भागवतेमहापुराणेऽष्टमस्कंधे
अष्टमोऽध्यायः

અધ્યાય ૯ મો.†

દેવોએ કરેલું અમૃતપાન.

श्रीशुक उवाच

तेऽन्योन्यतोऽसुराः पात्रं हरन्तस्त्यक्तसौहृदाः
क्षिपन्तो दस्युधर्माण आयान्तीं ददृशुः स्त्रियम्

શુકદેવજી કહે છે કે–હે રાજન ! દૈત્યો સ્નેહનો ત્યાગ કરી લુટારાઓની પેઠે એક બીજાની પાસેથી અમૃતનુ પાત્ર પડાવવા અને વાણીથી એક બીજાનો તિરસ્કાર કરવા લાગ્યા તેઓએ એક સ્ત્રીને પોતાની તરફ આવતી દીઠી. ૧ તેને જોઇને તેઓ કહેવા લાગ્યા કે, આ હો આનુ રૂપ આની કાન્તિ અને આનુ તારૂણ્ય કેવુ મોહક છે? આ પ્રમાણે બોલતા તથા કામાતુર થયેલા દૈત્યો તેની પાસે જઇને આ પ્રમાણે પૂછવા લાગ્યા. ૨ હે સ્ત્રી! તુ કોણ છે કયાથી આવે છે શું કરવાની ઇચ્છા રાખે છે? હે વામોરૂ! તું કોની પુત્રી છે તે કહે તું અમારા મનને મથી નાખે એવી છે. ૩ દેવ દૈત્ય સિદ્ધ ગંધર્વો ને લોકપાળોએ તને પૂર્વે ભોગવેલી નથી ત્યારે મનુષ્યોએ તો તુ કયાથીજ ભોગવાયેલી હોય? હે સુંદર ભ્રુકુટીવાળી! દયાળુ ઈશ્વરે પ્રાણીણીઓની સર્વ ઇંદ્રિયો તથા મનને પ્રસન્ન કરવા તને અહીં મોકલી છે કે તુ તારી મેળે અહીં આવી છે? ૫ હે માનવતી સ્ત્રી! અમે સંબંધીઓ પરસ્પર વૈર બાંધી બેઠા છીએ અને એક વસ્તુને માટે પરસ્પરમાં સ્પર્ધા કરીએ છીએ, માટે તુ અમારૂ કલ્યાણ કર અને અમારા કલહનો નિવેડો આણ. ૬ અમે સર્વ કશ્યપના પુત્રો તથા ભાઇઓ છીએ. અમૃત વહેંચી લેવાને કલહ કરીએ છીએ માટે અમારી વચ્ચે કલહ થાય નહિ તેમ અમને તું વિભાગ પાડી આપ. દૈત્યોએ આમ પ્રાર્થના કરી એટલે માયામય સ્ત્રીનું રૂપ ધારણ કરનાર ભગવાન હસીને કટાક્ષોથી દૈત્યો પ્રત્યે દૃષ્ટિ કરતા તેમને આ પ્રમાણે કહેવા લાગ્યા.

ભગવાન બોલ્યા કે–તમે કશ્યપના પુત્રો થઇને મારી પાછળ શા માટે લાગ્યા છો? બુદ્ધિશાળી પુરૂષ સ્ત્રીઓનો કોઈ પણ દિવસ વિશ્વાસ કરતો નથી. ૯ કુતરાં અને સ્ત્રીઓ જે રોજ નવું નવું શોધ્યા કરે છે તેઓની મિત્રતા ડાહ્યા માણસો અનિત્ય ગણે છે. ૧૦

શુકદેવજી કહે છે કે–તેનાં ઉપહાસ ભરેલા વચનોથી દૈત્યોના મનમાં વિશ્વાસ આવ્યો તેથી તેઓએ અભિપ્રાય પૂર્વક ગંભીર રીતે હસીને અમૃતનો કળશ તેના હાથમા આપ્યો. ૧૧ પછી શ્રીહરિ તે કળશ હાથમાં લઇ મંદ હસવાથી મોહક લાગતી વાણીથી બોલ્યા કે–હું સારૂં અથવા નરતું જે કંઇ કરૂં, તે જો તમે માન્ય રાખો તો તમને આ અમૃત યથાર્થ વહેંચી આપું. અસુરોના વડાઓ તેના પ્રભાવને જાણતા ન હતા તેથી તેનું કહેવું સાંભળીને તેમ કરીશું, એવું કહી મોહિનીના કહેવાને મળતા થયા. ૧૩ પછી તેમણે નાહી ઉપવાસ કરી હવિષ્યાન્નનો અગ્નિમા હોમ કરી ગાય બ્રાહ્મણો તથા બીજાં પ્રાણીઓને ભોજન આપી બ્રાહ્મણોની પાસે સ્વસ્તિવાચન કરાવ્યું. ૧૪ પછી પોતાની ઇચ્છા પ્રમાણે નવાં વસ્ત્રો પહેરીને તેઓ શણગરાયા અને ધૂપથી સુગંધમય કરેલી પુષ્પની માળાઓથી તથા દીવાઓથી શણગારેલી શાળામા દેવોની સાથે સર્વે પૂર્વ દિશા તરફ મુખ કરીને દર્ભાસનો ઉપર બેઠા. ૧૬ હે રાજેંદ્ર! મોહિની હાથમાં અમૃતનો કળશ લઇને રેશમી વસ્ત્રથી શોભાયમાન નિતંબના ભારવડે મંદ મંદ ચાલતી સભામાં ગઇ. તેની આખો મદથી વિહ્વળ હતી સુવર્ણનાં ઝાઝરના ઝમકારા કરતી હતી, ૧૭ ને લક્ષ્મીના જેવી દેખાતી હતી. કાનમાં સુવર્ણનાં

† આ અધ્યાયમા મોહિત થયેલા દૈત્યોએ મોહિનીને અમૃતનુ પાત્ર આપ્યા પછી મોહિનીએ તેઓને છેતરીને દેવતાઓને અમૃત પાયુ એ કથા કહેવાશે

મનોહર કુંડળો તેણે પહેરેલાં હતાં. કાન નાસિકા કપોલ તથા મુખ તેનાં શોભાયમાન હતાં. મહા મનોહર મોહિનીને જોઇને તથા તેના મંદ મંદ હસવા સાથે કટાક્ષપૂર્વક જોવાથી દેવો અને અસુરો મોહિત થઈ ગયા. ૧૮ અસુરોને અમૃત પાવું એ સર્પોને દૂધ પાવા જેવો મહા અન્યાય છે, કારણ કે તેઓ સ્વભાવથી ક્રૂર હોય છે, તેથી મોહિની રૂપ ભગવાને દૈત્યોને અમૃત આપ્યું નહિ. ૧૯ તેમણે દેવ અને દૈત્યો એ બંનેની ભિન્ન ભિન્ન પંક્તિઓ કરીને તેઓને પોત-પોતાની પંક્તિઓમા બેસાડયા. ૨૦ માન તથા મધુર વાકયોથી દૈત્યોને છેતરી હાથમાં અમૃતનો કળશ લઇને દૂર બેઠેલા દેવતાઓને મોહિની જરાને તથા મરણને હરણ કરનારૂં અમૃત પાવા લાગ્યાં ૨૧ હે રાજન ! દૈત્યોએ મોહિની સાથે પ્રથમ કરેલો પોતાનો ઠરાવ પાળ્યો અને તે સ્ત્રી ઉપર સ્નેહ બાંધનાર દૈત્યો સ્ત્રીની સાથે વિવાદ કરવો તે નિન્દિત કર્મ સમજીને છાનામાના બેસી રહ્યા. ૨૨ દૈત્યોએ તે સ્ત્રી સાથે સ્નેહ બાંધ્યો હતો તેથી તે સ્નેહનો ભંગ ન થાય તે સાચવતા હતા. તેઓ આ તો કૃપણ છે માટે ભલે થોડું થોડું પી લે તમે તો ધીરા છો માટે ક્ષણવાર ધીરા રહો, તમારૂં હમણાં થઇ રહેશે. એવાં ઘણાં માનવાચક વચનોને આધીન થઇ ગયા તેથી માઠું લાગે એવું કંઇ મોહિની પ્રત્યે બોલ્યા નહિ. ૨૩ એટલામાં રાહુ દેવતાના રૂપમાં ગુપ્ત રહીને દેવસભામાં ચંદ્ર તથા સૂર્યની વચ્ચે પેસી જઇને અમૃત પીવા લાગ્યો. તે વખતે સૂર્ય તથા ચંદ્રે તે ભગવાનને બતાવ્યો. ૨૪ રાહુ અમૃત પીતો હતો એટલામાં અત્યંત તીક્ષ્ણ ધારવાળા ચક્રથી ભગવાને તેનું મસ્તક ઉડાવી દીધું અને તેનું ધડ કે જેમા અમૃત હજી પહોંચ્યું ન હતું તે જમીન ઉપર પડ્યું. ૨૫ મસ્તક અમૃતના સ્પર્શથી અમર થઇ ગયું. તેને બ્રહ્માએ એક ગ્રહ કર્યો જે વૈર બુદ્ધિથી પર્વે પર્વે ચંદ્ર તથા સૂર્યને પીડા કરે છે. ૨૬ દેવતાઓ ઘણા ખરા અમૃત પી રહ્યા હતા એટલામાં અસુર રાજાઓના દેખતાં વિશ્વનું કલ્યાણ કરનાર ભગવાને પોતાના સ્વરૂપને ધારણ કર્યું ૨૭ અમૃત પ્રાપ્ત કરવામાં દેશ કાળ પર્વત પદાર્થ પરિશ્રમ અને વિચાર દેવ દૈત્યોનો સમાન હતો તોપણ તેઓને ફળ મળવામાં ભેદ પડયો. તેઓમાં દેવોએ ભગવાનનાં ચરણની રજના આશ્રયથી શ્રમવિના અમૃતરૂપી ફળ મેળવ્યું અને દૈત્યોએ મેળવ્યું નહિ. ૨૮ મનુષ્યો પોતાના દેહને માટે તથા પુત્રાદિકને માટે પ્રાણ ધન કર્મ મન તથા વચનથી જે કંઇ કરે તે સર્વ ભેદબુદ્ધિને લીધે વ્યર્થ જાય છે, અર્થાત્ તેનું ફળ મળતું નથી. મનુષ્યો પ્રાણ ધનાદિકથી અભેદ દૃષ્ટિથી જે કંઇ ઇશ્વરાર્પણ કર્મ કરે છે તે વૃક્ષના મૂલમા પાણી સિંચવાથી જેમ આખા ઝાડને પહોંચે તેમ ફળદાયી નીવડે છે ૨૯

यद्युज्यतेऽसुवसुकर्ममनोवचोभि-
र्देहात्मजादिषु नृभिस्तदसत् पृथक्त्वात् ।
तैरेव सद्भवति यत्क्रियतेऽपृथक्त्वात्
सर्वस्य तद्भवति मूलनिषेचनं यत् ॥ २९ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेष्टमस्कंधे
नवमोध्यायः

અધ્યાય ૧૦ મો.†

દેવાસુર યુદ્ધ.

શ્રીશુક ઉવાચ.

इतिदानवदैतेया नाविदन्नमृतं नृप ।
युक्ताः कर्मणि यत्ताश्च वासुदेवपराङ्मुखाः॥

શુકદેવજી કહે છે કે—હે રાજન ! દૈત્ય અને દાનવો સાથે કામે લાગેલા હતા તોપણ

† આ અધ્યાયમા દૈત્યોએ યુદ્ધ કરતા તેઓની માયાથી દેવતા ગભરાયા ત્યારે ભગવાન ત્યા પ્રગટ થયા એ કથા કહેવાશે.

ભગવાનથી પ્રતિકૂળ રહેતા હતા તેથી તેઓને અમૃત મળ્યું નહિ. ૧ હે રાજન ! અમૃતને ઉત્પન્ન કરી પોતાના ભક્ત દેવતાઓને તેનું પૂર્ણ પાન કરાવીને સર્વ પ્રાણીઓના દેખતાં ભગવાન ગરૂડવાહન પોતાના ધામમાં ગયા. ૨ દૈત્યો પોતાના શત્રુઓની આ પરમ સિદ્ધિ સહન કરી શકયા નહિ તે આયુધ ઉગામી દેવતાઓની સામે ચઢયા. અમૃતનું પાન કરીને વૃદ્ધિ પામેલા ભગવાનના ચરણનો આશ્રય કરનાર દેવતાઓ શસ્ત્રોથી દૈત્યોની સામે લડવા લાગ્યા.૪ સમુદ્રના તીર ઉપર બન્ને વચ્ચે રોમાંચ ઉભાં કરે એવું તુમુલ ને દારૂણ દેવાસુર નામે યુદ્ધ શરૂ થયું. ૫ રણ ઉપર શત્રુઓ ગુસ્સે થઈ સામ સામા તરવારો બાણો ને અનેક આયુધોથી એક બીજાને મારવા લાગ્યા. ૬ શંખ તુરી મૃદંગ ભેરી તથા ડમરૂનો અને ગર્જના કરતા હાથી ઘોડા રથ અને પાળાઓનો મોટો કોલાહલ થઈ રહ્યો. રણભૂમિ ઉપર રથવાળા રથવાળાઓની સાથે પાળાઓ પાળાઓની સાથે ઘોડેસ્વારો ઘોડેસ્વારોની સાથે અને હાથીવાળાઓ હાથીવાળાઓની સાથે લડવા લાગ્યા. ૮ હે રાજન ! કેટલાએક ઉંટ હાથી ગધેડા ગૌરમૃગ રીંછ દીપડા સિંહ ગીધ શકરા ચાસ મગર મચ્છ શરભ પાડા ગેંડા બળદ રોઝ શિયાલ ઉંદર સસલા મનુષ્ય બકરા કાળામૃગ હંસ સુવર તથા બીજા કેટલાએક જળચર અને કેટલાક બીજા સ્થળચર મહા ભયંકર શરીરવાળાં પ્રાણીઓ ઉપર સ્વારી કરીને લડવા આવ્યા. ૧૨ હે પાંડુપુત્ર! વિચિત્ર ધ્વજા પતાકાઓથી શ્વેત અને નિર્મળ છત્રોથી ઉંચી કિંમતના હીરાના દાંડાવાળા અને મોરપિચ્છવાળા વિંજણાઓથી ચમરોથી પવનથી ઉડતા ઉત્તરીય વસ્ત્રોથી પાઘડીઓથી ચળકતાં કવચોથી તથા આભૂષણોથી સૂર્યનાં કિરણોથી ઝળહળતાં અને સજ્જ કરેલાં શસ્ત્રોથી તથા વીર પુરૂષોની મંડળીઓથી વીર એવા દેવ તથા દાનવોની સેના જળચરોની પંક્તિઓથી જેમ સમુદ્ર શોભે તેમ શોભવા લાગી. દૈત્યોની સર્વ સેનાનો અધિપતિ વિરોચનનો પુત્ર બળિરાજા યુદ્ધમાં વૈહાયસ નામે ઉત્તમ વિમાનમાં બેઠો હતો, જે વિમાન મયદાનવે બનાવેલું હતુ, ઇચ્છા પ્રમાણે ગતિ કરી શકતું હતું અને યુદ્ધની સર્વ સામગ્રીઓથી ભરેલુ હતું.* વળી તેમાં સર્વ પ્રકારના સગવડવાળા વિભાગો હતા. વિચારમાં આવે નહિ અને વર્ણન પણ કરી શકાય નહિ એવુ ક્ષણમા દેખાતું અને ક્ષણમાં દેખાતું બંધ થાય એવું તે હતું. આવા શ્રેષ્ઠ વિમાનમા બળિ રાજા બેઠો હતો. સેનાપતિઓ તેની આસપાસ ઉભા હતા, ઉત્તમ જાતના વાળાના પંખાઓથી સેવકો તેને પવન ઢોળતા હતા. માથા ઉપર છત્ર હતું. બળિરાજા ઉદયાચળ ઉપર રહેલા ચંદ્રમાના જેવો લાગતો હતો. ૧૮ યક્ષોના અધિપતિ અસુરો પોતપોતાનાં વાહનો ઉપર બેસીને બળિ રાજાની આસપાસ ઉભા રહ્યા હતા, જેમાં નમુચિ શંબર બાણ વિપ્રચિત્તિ અયોમુખ દ્વિમૂર્ધા કાલનાભ પ્રહેતિ હેતિ ઇલ્વલ શકુનિ ભૂતસંતાપ વજ્રદંષ્ટ્ર વિરોચન હયગ્રીવ શંકુશિરા કપિલ મેઘદુંદુભિ તારક ચક્રદૃક્ શુંભ નિશુંભ જંભ ઉત્કલ અરિષ્ટ અરિષ્ટનેમિ મલ ત્રિપુરાધિપ તથા બીજા પૌલોમ કાલેય નિવાતકવચ વગેરે દૈત્યો જેઓને અમૃતમાંથી ભાગ મળ્યો ન હતો અને જેઓએ રણમાં ઘણીવાર દેવતાઓને હરાવ્યા હતા તેઓ સર્વે સિંહના જેવી ગર્જના કરતા મોટા શબ્દવાળા શંખો વગાડતા હતા. શત્રુઓને ગર્વથી મદમત્ત થઈ ગયેલા જોઇ ઇંદ્ર અત્યંત ક્રોધાયમાન થયો. ૨૪

ઇંદ્ર મદઝરતા ઐરાવત ઉપર બેઠો હતો

* દેવાસુર યુદ્ધના વખતમા લડાઇમા વિમાનોનો ઉપયોગ થતો હતો અને આર્ય સંસ્કૃતિ એટલી આગળ વધેલી હતી એમ કહેવાય.

રણુઓ ઝરતા ઉદયાચળ ઉપર બેઠેલા સૂર્યની માફક શોભતો હતો. નાના પ્રકારનાં વાહનો ધ્વજાઓ ને આયુધોવાળા દેવતાઓ અને પોતાના ગણો સાથે આવેલા વાયુ અગ્નિ અને વરૂણ વગેરે લોકપાળો ઇંદ્રની ચારે તરફ ઉભા રહ્યા હતા. ૨૬ તેઓ એક બીજા સામે ઉભા રહી પરસ્પર કટુવચનોથી તિરસ્કાર કરતા હતા. નામ લઈને સામસામે લડવા બોલાવતા હતા અને અગ્રભાગમા આવી દ્વંદ્વ યુદ્ધ કરતા હતા. તેમા ઇંદ્ર બળિરાજા સાથે લડવા લાગ્યો, કાર્તિકસ્વામી તારકાસુર સાથે વરૂણ હેતિની સાથે મિત્રદેવ પ્રહે તેની સાથે ૨૮ યમ રાજા કાળનાભની સાથે વિશ્વકર્મા મયદાનવની સાથે શંબરાસુર ત્વષ્ટાની સાથે વિરોચન સવિતાની સાથે ૨૯ નમુચિ અપરાજિતની સાથે અશ્વિનીકુમારો વૃષપર્વાની સાથે અને સૂર્ય બળિના સો પુત્રો જેમાં બાણાસુર વડો હતો તેમની સાથે લડવા લાગ્યા. ૩૦ ચંદ્ર રાહુની સાથે પવન પુલો મનની સાથે વેગવાળા દેવી ભદ્રકાળી શુંભ તથા નિશુંભની સાથે ૩૧ વૃષાકપિ જંભની સાથે વિભાવસુ મહિષાસુરની સાથે અને હે શત્રુદમન રાજા ! વાતાપિ સહિત ઇલ્વલ બ્રહ્માના પુત્રોની સાથે લડવા લાગ્યા. દુર્મર્ષ કામદેવની સાથે ઉત્કલ માતૃકાઓની સાથે બૃહસ્પતિ શુક્રાચાર્યની સાથે શનૈશ્ચર નરકાસુરની સાથે ૩૩ મરૂદ્ગણ નિવાતકવચોની સાથે વસુદેવતાઓ કાલેયોની સાથે વિશ્વેદેવતાઓ પૌલોમની સાથે અને રૂદ્રદેવતાઓ ક્રોધવશ નામના અસુરગણોની સાથે લડવા લાગ્યા. ૩૪

આ રીતે અસુરોના રાજાઓ તથા દેવતાઓના રાજાઓ સામસામા એકઠા થઇને રણભૂમિ ઉપર દ્વંદ્વયુદ્ધ કરવા લાગ્યા વિજયની ઇચ્છાવાળા તેઓ એક બીજાની સામે રહીને તિક્ષ્ણ બાણો તરવારો તથા તોમરો એક બીજાને મારવા લાગ્યા.૩૫ ભુશુંડી ચક્ર ગદા ઋષ્ટિ સાંગ પ્રાસ ફરશી ભાલા ભુંગળ મુદગર અને ભિંદિપાલોથી એક બીજાનાં અંગ પીડવા લાગ્યા. ૩૬ હાથી ઘોડાઓ રથ પાળાઓ અને સ્વાર સહિત વાહનોના અનેક તૂકડાઓ થઇ ગયા. કેટલાએકના હાથ સાથળ કાધ પગ વગેરે કપાઇ ગયા. કેટલાએકની ધ્વજા ધનુષ શરીર ઉપરનાં કવચો તથા આભૂષણોના કકડે કકડા થઇ ગયા. ૩૭ યોધાઓના પગના આઘાતથી અને રથોનાં પૈડાંના પછડાટથી રણભૂમિનો ભાગીને ભુકો થઇ ગયો ને તેમાંથી ઉડેલી ધૂળે દિશા આકાશ તથા સૂર્યને ઢાંકી દીધાં. રણભૂમિ ઉપર લોહીના રેલા વહેવાથી ઉડતી ધૂળ બંધ પડી ગઈ. ૩૮ મુગટ તથા કુંડળો વિનાના થઇ ગયેલા, ક્રોધાવિષ્ટ આંખોવાળા અને ઓષ્ઠને ડસતા ઘરેણાં તથા આયુધોવાળા મોટા બાહુઓથી અને ગોળાકાર સાથળોથી ઢંકાયેલી રણભૂમિ બહુ શોભવા લાગી. ૩૯ તે યુદ્ધમાં પોતાના માથામાં રહેલી આંખોથી પોતાની તરફ ચઢી આવતા વીરોને જોઇને, યોધાઓનાં ધડો હાથમાં રહેલાં શસ્ત્રો ઉગામતા ઉઠવા લાગ્યાં ૪૦ આ પ્રમાણે યુદ્ધમાં લડતા વીર પુરૂષોમાં બળિરાજાએ ઇંદ્રને દશ બાણ ઐરાવતને ત્રણ બાણ ઇંદ્રના ચાર ઘોડાઓને ચાર બાણ અને ઐરાવતના મહાવતને એક બાણ માર્યું. ૪૧ પોતાના તરફ આવતાં બાણો પોતાની પાસે આવે એટલામાં તો પરાક્રમ કરનાર ઇન્દ્રે હસતો હોય તેમ મુખ મલકાવીને ઉતારેલાં ભાલોડાં તેની સામે મારીને કકડેકકડા કરી નાંખ્યા. ૪૨ ઇંદ્રની આ કળા જોઇને બળિરાજા તેને સહન કરી શકયા નહિ, બળબળતી મોટા ઉંબાડીઆ જેવી શક્તિ હાથમા લઈ નાંખી પણ ઇન્દ્રે તેય કાપી નાંખી. ૪૩ બળિરાજાએ શૂલ પ્રાસ કટાર તથા ઋષ્ટિ વગેરે જે જે શસ્ત્ર હાથમાં લીધા તે સર્વે ઇન્દ્રે કાપી નાંખ્યાં ૪૪ બળિરાજાએ અદૃશ્ય રહીને પછી આસુરી માયા કરી.

દેવતાઓની સેના ઉપર એક પર્વત આકાશમાથી આવી પડયો. શત્રુની સેનાનો ભૂકો કરી નાંખતા દાવાનળથી બળતા વૃક્ષો પડવા લાગ્યાં. તિક્ષ્ણ અણીવાળાં શિખરો તથા શિલાઓ પડવા માંડી. ૪૬ મોટા સર્પો ઝેરી પ્રાણીઓ વિંછીઓ મોટા હાથીઓનું મર્દન કરનાર સિંહ વાઘ અને સૂવરો ચારે તરફથી ધસી આવ્યાં. ૪૭ હે રાજા ! હાથમાં ત્રિશૂળવાળી એક નવસ્રી સ્રી ' મારો કાપો ' એવા શબ્દ બોલતી સેંકડો રાક્ષસીઓ તથા રાક્ષસોના ગણો વચ્ચે આવી ૪૮ ગંભીર તથા તિક્ષ્ણ ગર્જના કરનાર મેઘો આકાશમાથી અંગારા વર્ષાવવા લાગ્યા અને તે પવનો માથે અથડાવાથી ગર્જના થઇ ૪૯ બળિરાજાએ ઉત્પન્ન કરેલો મહા અગ્નિ, જેને પવનની સહાય મળી હતી તે પ્રલયકાળના અગ્નિના જેવા અત્યંત ઉગ્ર સ્વરૂપે દેવતાઓની સેનાને બાળવા લાગ્યો ૫૦ પ્રચંડ પવનથી ઉછળતા મોજાવાળો અને ધુમરીઓથી ભયંકર લાગતો સમુદ્ર મર્યાદા મૂકીને ચારે તરફ રેલાતો જણાયો ૫૧

આ પ્રમાણે મોટી માયાવાળા અને જેઓની ગતિ જાણવામાં આવતી ન હતી, એવા ભયંકર દૈત્યોએ ઉપરા ઉપરી માયાઓ કરવા માડી એટલે દેવતાઓના યોધાઓ ખેદ પામ્યા. ૫૨ હે રાજન ! ઇંદ્રાદિક દેવોને પણ કંઇ ઉપાય સૂઝયો નહિ, તેઓએ શ્રી હરિનું ધ્યાન કરતા જગતનું કલ્યાણ કરનાર ભગવાન ત્યા પ્રગટ થયા ભગવાન ગરૂડની ઉપર બેઠા હતા. શરીરની ઉપર પીતાંબર ધારણ કર્યું હતું નવા કમળના જેવા નેત્ર હતાં આઠ ભુજાઓમાં આઠ આયુધો ધારણ કર્યા હતા તથા શોભાયમાન લક્ષ્મીજી કૌસ્તુભ મણિ અમૂલ્ય મુગટ તથા કુંડળો પહેર્યા હતા એવા ભગવાને દર્શન આપ્યા.૫૪ જેવા તે આવ્યા કે, તરત જાગ્રત અવસ્થા આવવાથી જેમ સ્વપ્નનો નાશ થાય તેમ ભગવાનના મહિમાથી દૈત્યોના કપટ કર્મવડે ઉત્પન્ન થયેલી માયા નાશ પામી શ્રીહરિનું સ્મરણ સર્વ આપત્તિઓમાથી છોડાવે છે ત્યારે તેનાં પ્રત્યક્ષ દર્શન છોડવે તેમાં શુ આશ્ચર્ય. ૫૫ યુદ્ધવિષે ગરૂડ ઉપર બિરાજતા ભગવાનને જોઇને સિંહ ઉપર બેઠેલા કાલનેમિ દૈત્યે ત્રિશૂળ ફેરવી માર્યું. હે રાજા ! ત્રિશૂળ ગરૂડના મસ્તક ઉપર પડતું હતું એટલામાં ત્રણ લોકના અધિપતિ વિષ્ણુએ તેને ઝીલી લઈ તેજ ત્રિશૂળથી શત્રુ કાળનેમિને તેના વાહન સાથે મારી નાંખ્યો ૫૬ પછી મહાબળવાળા માલી અને સુમાલીના માથાં ચક્રવડે કાપી નાખ્યા તેથી બન્ને રણભૂમિ ઉપર ઢળી પડયા. માલ્યવાન દૈત્યે ભગવાનની સામે ચઢી જઈ ગરૂડને ગદા મારી એટલામાં ભગવાને ચક્ર મારી ગર્જના કરતા દૈત્યનું માથું કાપી નાખ્યું. ૫૭

मालीसुमाल्यतिबलौ युधि पेततुर्यच्चक्रेण कृत्तशिरसावथ माल्यवांस्तम् ।
आहत्य तिग्मगदयाऽहनदण्डजेंद्रं तावच्छिरोऽच्छिनदरेर्नदतोऽरिणाद्यः ॥ ५७ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेष्टमस्कंधे दशमोध्यायः

અધ્યાય ૧૧ મો.‡

શુક્રાચાર્યે દૈત્યોને સજીવન કર્યા.

श्रीशुक उवाच
अथोऽसुराः प्रत्युपलब्धचेतसः परस्य पुंसः परयानुकंपया ।
जघ्नुर्भृशं शक्रसमीरणादय स्तांस्तान्‌रणे यैरभिसंहताः पुरा ॥ १ ॥

શુકદેવજી કહે છે કે–પછી પરમાત્માની કૃપાથી દેવતાઓને પાછું ભાન આવ્યું અને ઈંદ્ર પવન વગેરે દેવતાઓ જેઓએ પોતાને

‡ આ અધ્યાયમા દેવતાઓ દૈત્યોનો નાશ કરવા લાગ્યા ત્યારે નારદે દેવતાઓને તેમ કરતા અટકાવ્યા અને શુક્રાચાર્યે મરી ગયેલા દૈત્યોને સજીવન કર્યા તે કથા છે.

પૂર્વે માર્યા હતા તેમને રણભૂમિ ઉપર સારી પેઠે મારવા માંડયા. ૧ ભગવાન ઇન્દ્રે ક્રોધાયમાન થઇ બળિરાજાને મારવા વજ્ર ઉગામ્યુ ત્યારે સર્વ પ્રજાહાહાકાર કરવા લાગી વજ્રધારી ઇન્દ્રે પોતાના આગળ ઉભેલા મનસ્વી સર્વ રીતે તૈયાર થયેલા અને મહા સંગ્રામમા ઘૂમતા બળિરાજાનો તિરસ્કાર કરતાં આ પ્રમાણે કહ્યુ ૩ હે મૂઢ ! નટ જેમ માયાથી અજ્ઞાની બાળકોને હરાવી તેમનુ ધન હરી લે તેમ તું અમે કે જે માયાના અધિપતિ છીએ તેઓને માયા કરીને જીતવાની ઇચ્છા રાખે છે. ૪ જેઓ કપટથી સ્વર્ગમા ચઢવાને ઇચ્છે છે અને તેની પણ ઉપર જવાની ઇચ્છા કરે છે તે અજ્ઞાની ચોરોને હું પહેલા સ્થાનથી નીચે પાડી નાખુ છુ તે હું તારૂં દુષ્ટ માયાવીનું માથું આ સો ધારવાળા વજ્રથી કાપી નાખીશ. તારે જે સંબંધીઓને મળવું હોય તેઓની સાથે મળી લે ૬ બળિ રાજા બોલ્યો કે—કાળ જેઓના કર્મને પ્રેર્યા કરે છે એવા યુદ્ધ કરનાર સર્વ લોકોની અનુક્રમે કીર્તિ અપકીર્તિ જય પરાજય તથા મરણ થયા કરે છે ૭ જગત કાળને આધીન છે એમ વિદ્વાન લોકો કહે છે તેઓ જેમ જયથી પ્રસન્ન થતા નથી તેમ પરાજયથી શોક કરતા નથી તે વિષયમા તમે અજાણ છો. ૮ તમે મહાપુરૂષોએ શોક કરવા યોગ્ય તથા કીર્તિ આદિકમાં પોતાને કારણ માનનાર છો તેથી મર્મમાં પીડા ઉપજાવનારા તમારા વચનોને અમે સ્વીકારતા નથી. ૯

શુકદેવજી કહે છે કે—વીર લોકોનો નાશ કરનાર વીર બળિરાજાએ એ પ્રમાણે ઇદ્રનો તિરસ્કાર કરી વચનોથી તુચ્છકારી કાઢેલા ઇદ્રને કાન સુધી ખેંચીને બાણો માર્યા. સત્યવાદી શત્રુએ ઇદ્રનો તિરસ્કાર કર્યો પણ ઇદ્રે અંકુશવડે મારેલા હાથીની પેઠે તેના વચનોને સહન કર્યા નહિ. ૧૧ શત્રુનું મર્દન કરનાર ઇન્દ્રે બળિરાજાની ઉપર અમોઘ વજ્ર માર્યુ તેને લીધે પાંખો કપાઇ ગયેલા પર્વતના પેઠે વિમાન સહિત બળિરાજા પૃથ્વી ઉપર પડયો. ૧૨ બળિરાજાનો મિત્ર તથા સંબધી જંભાસુર પોતાના મિત્રને જમીન ઉપર તુટી પડેલો જોઇ મરણ પામેલા મિત્રની મિત્રતા જાળવવા ઇંદ્રની સામે ચઢી ગયો. ૧૩ મહા બળવાન જંભાસુર જે સિંહની ઉપર બેઠો હતો તેણે ઇંદ્રની સામે વેગથી ગદા ઉગામી ફેંકી તથા હાથીને પણ ઘાયલ કર્યો ૧૪ ગદાના મારની પીડાથી ઐરાવત વિહ્વળ થઇ ગયો અને પૃથ્વી ઉપર ઘુ ટણીયાભેર પડી જઈ અત્યંત દુઃખ ભોગવવા લાગ્યો. ૧૫ સારથિ માતલીએ જેમા હજાર ઘોડાઓ જોડયા હતા એવો રથ ઇંદ્રની આગળ લાવીને ઉભો રાખ્યો કે, ઇંદ્ર હાથી ઉપરથી ઉતરીને રથમાં બેઠો. ૧૬ દૈત્યશ્રેષ્ઠ જંભાસુરે સારથિના કામનાં વખાણ કરી હસીને બળતા ત્રિશૂળનો તેની ઉપર પ્રહાર કર્યો ૧૭ માતલીએ ધીરજથી તે અસહ્ય વેદનાને સહન કરી, એટલામાં ક્રોધાવિષ્ટ થયેલા ઇદ્રે વજ્ર મારીને જંભાસુરનું માથું કાપી નાખ્યુ. ૧૮ જંભાસુરના મરણની વાત નારદ ઋષિની પાસેથી સાંભળીને નમુચિ બળ તથા પાક નામના ત્રણ દૈત્યો તેની સામે ધસી ગયા તેમણે કઠોર વચનો કહીને ઇદ્રને મર્મોમા ખેદ ઉપજાવતા મેઘ જેમ પર્વતો ઉપર પાણીની વૃષ્ટિ કરે તેમ ઇદ્રની ઉપર બાણોની વૃષ્ટિ કરી. ૨૦ બળ દૈત્યે પોતાના હાથથી ઇદ્રના હજાર ઘોડાઓને રણમાં હજાર બાણો મારીને વિંધી નાખ્યા. ૨૧ પાક દૈત્યે એક વખતે જ બસો બાણો સાથે માર્યા તેથી માતલી તથા તેના રથનાં અંગો છિન્ન ભિન્ન થઇ ગયાં. તે કાર્ય રણ ઉપર આશ્ચર્યજનક થઇ પડયું. નમુચિ દૈત્યે સોનાનાં પુંછડાવાળાં પંદર બાણો મારીને ઇદ્રને વિંધી નાખ્યો અને જળથી ભરેલા મેઘની પેઠે ગર્જના કરવા લાગ્યો.૨૩ વાદળાં

જેમ વર્ષાઋતુના સૂર્યને ઢાંકી દે છે તેમ દૈત્યોએ ઇંદ્રને તેના રથ તથા સારથિની સાથે ચારે તરફથી બાણોના સમૂહથી ઢાંકી દીધો. ૨૪ આ પ્રમાણે બાણોમાં ઢંકાઇ જવાથી દેવો અને તેમના અનુચરો જ્યારે ઇંદ્રને જોઇ શક્યા નહિ ત્યારે નાયક વિનાના અને શત્રુઓએ જીતી લીધેલા દેવતાઓ સમુદ્રમાં વહાણ ભાગી જવાથી જેમ વ્યાપારીઓ અત્યંત વિહ્વળ થઇ જાય, તેમ અત્યંત વિહ્વળ થઇને ચીસો પાડવા લાગ્યા. ૨૫ ઇંદ્ર પોતાના ઘોડા રથ ધ્વજા તથા સારથિની સાથે બાણનાં પાંજરામાથી બહાર નીકળ્યો અને પોતાના તેજથી દિશાઓ આકાશ તથા પૃથ્વીને પ્રકાશમાન કરતો સૂર્ય જેમ પ્રભાતમા શોભે તેમ પોતાના તેજથી દિશાઓને તેમજ આકાશને તથા પૃથ્વીને પ્રકાશમાન કરતો શોભવા લાગ્યો ૨૬ તેણે જોયું તો પોતાની સેનાને રણભૂમિ ઉપર શત્રુઓએ દુઃખી કરેલી દીઠી. ઇંદ્રે ક્રોધથી શત્રુનો નાશ કરવા માટે વજ્રને ધારણ કર્યું ૨૭ હે રાજા! જોનારા સર્વ દૈત્યોને ભય ઉત્પન્ન કરતાં, આકરી ધારવાળાં શસ્ત્રોથી ઇંદ્રે બળ તથા પાકનું માથું કાપી નાખ્યું. ૨૮ નમુચિ, બળ તથા પાકનો નાશ થયેલો જોઇને શોક અસહનતા તથા ક્રોધમા આવી ગયો અને હે રાજા! ઇંદ્રનો નાશ કરવાની ઇચ્છાથી તે મોટો ઉદ્યમ કરવા લાગ્યો ૨૯ ઘંટા લટકાવેલું તથા સોનાથી શણગારેલું ત્રિશૂળ લઇ ક્રોધાવેશમાં આવી 'હવે તારૂં મરણ આવેલું છે,' એમ કહી ઇંદ્રનો તિરસ્કાર કરી તેણે સિંહની પેઠે ગર્જના કરીને ત્રિશૂળ ફેંક્યું. ૩૦ મહા વેગવાળું તે આકાશમા ચાલ્યું આવતું હતું એટલામા ઇન્દ્રે બાણો મારી તેના હજારો કડકા કરી નાખ્યા રોષમાં આવેલા ઇન્દ્રે તેનું માથું કાપી નાખવા તેની કાંધ ઉપર વજ્રનો ઘા કર્યો. ૩૧ ઇંદ્રે પોતામાં જેટલું બળ હતુ તેટલું વાપરીને વજ્ર માર્યું અને તે પોતે બળવાન હતું છતાં નમુચિની કાંધને છેદી શક્યું નહિ. જેણે મહા પરાક્રમી વૃત્રાસુરને કાપી નાખ્યો હતો તે વજ્ર નમુચિ દૈત્યના કાંધની ચામડી કાપી શક્યું નહિ, તે વાત મહા આશ્ચર્યજનક થઇ પડી. જેનાથી વજ્ર પાછું પડયું હતું તે શત્રુથી ઇન્દ્ર ડરવા લાગ્યો અને મનમાં વિચાર કરવા લાગ્યો કે, વિશ્વને મોહ ઉપજાવે એવું વિચિત્ર આ શું બન્યું? ૩૩ જે વજ્રે પૂર્વે પાંખોવાળા ઉડીને પોતાના ભારોથી પ્રજાનો નાશ કરવા માટે પૃથ્વી ઉપર પડતા પર્વતોની પાખો કાપી નાંખી હતી ૩૪ તથા વિશ્વકર્માના તપના સારરૂપ વૃત્રાસુરને જેનાથી ફાડી નાખ્યો હતો તેમજ સર્વ અસ્ત્રોથી કાપી શકાય નહિ એવા બળવાળા બીજાઓને પણ કાપી નાખ્યા હતા તે વજ્રને આજે મેં એક નાના અસુર ઉપર મૂક્યું તોપણ તે નિષ્ફળ થઇ પાછું પડયું માટે બ્રાહ્મણના તેજરૂપ છતા નિષ્ફળ થઇ પડેલા લાકડા જેવા તેને હું ધારણ કરીશ નહિ. ૩૬ ઇન્દ્ર ખેદ કરતો હતો, એટલામાં આકાશવાણી થઇ કે, આ દાનવને તમે સૂકાથી તેમ ભીનાથી મારી શકશો નહિ ૩૭ ભીનાથી તેમ જ સૂકાથી તેનુ મૃત્યુ નહિ થાય એવો મેં તેને વર આપ્યો છે, માટે હે ઇંદ્ર! શત્રુનો નાશ કરવા બીજો ઉપાય કરો. ૩૮ આ પ્રમાણે દૈવી વાણી સાંભળી સ્થિર મન કરી વિચાર કરતા તેને, સમુદ્રનું ફીણ ભીનુ પણ નહિ તેમ સૂકુ પણ નહિ લાગ્યું તેથી નમુચિને મારવામા તેને યોજ્યું. ૩૯ પછી સુકા નહિ તેમ ભીના નહિ તેવા સમુદ્રના ફીણથી, નમુચિના માથાને ભાગી નાખ્યું મુનિઓ સ્તુતિ કરવા લાગ્યા અને પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. ૪૦ વિશ્વાવસુ તથા પરાવસુ નામે મુખ્ય ગંધર્વો સ્તુતિ કરવા લાગ્યા. દેવતાઓના દુંદુભિ વાગ્યાં નાચનારીઓ હર્ષથી નાચવા લાગી. ૪૧ કેસરી સિંહો જેમ મૃગોને

મારી નાંખે તેમ વાયુ અગ્નિ વરૂણ વગેરે બીજા દેવતાઓ અસ્ત્રોના સમૂહોથી શત્રુઓને મારવા લાગ્યા. ૪૨ દાનવોનો નાશ થતો જોઈ બ્રહ્માએ દેવર્ષિ નારદને દેવોની પાસે મોકલ્યા અને તેમણે તથા તમોએ ભગવાનના બાહુઓનો આશ્રય કરી અમૃત મેળવ્યુ, તેમ જ સંપત્તિથી વૃદ્ધિ પામ્યા માટે હવે તમે ક્લેશ કરતા બંધ પડો. એમ કહી દેવોને વાર્યા. ૪૪

શુકદેવજી કહે છે કે—સેવકો જેના યશનુ ગાન કરતા હતા એવા દેવતાઓએ મુનિનાં વચન માન્ય રાખી ક્રોધના વેગને રોકયો ને સ્વર્ગમા સિધાવ્યા. ૪૫ રણભૂમિ ઉપર જે દૈત્યો મારતા બચી ગયા હતા તેઓ નારદના વિચાર પ્રમાણે મરી ગયેલા બળિરાજાને તથા બીજા દૈત્યોને લઇ અસ્તાચળ ઉપર ગયા. ૪૬ જેઓના અવયવો કપાઇ ગયા ન હતા, તેમ જેઓનાં અંગ સાજા હતા તેઓને શુક્રાચાર્યે સંજીવિની વિદ્યાથી જીવતા કર્યા ૪૭ શુક્રાચાર્યના સ્પર્શથી બળિરાજાની ઇંદ્રિયો સચેત થઇ તેમને પાછું ભાન આવ્યું અને તે લોકના સત્ય વ્યવહારને સારી રીતે જાણતા હતા તેથી પોતે હાર્યા તોપણ મનમાં ખિન્ન થયા નહિ. ૪૮

बलिश्चोशनसा स्पृष्टः प्रत्यापन्नेंद्रियस्मृतिः।
पराजितोऽपि नाखिद्यल्लोकतत्त्वविचक्षणः॥

इतिश्रीमद्भागवतेमहापुराणेऽष्टमस्कन्धे
एकादशोऽध्यायः

અધ્યાય ૧૨ મો.†

મોહિની પર શંકરનો મોહ.

श्रीबादरायणिरुवाच.

वृषध्वजो निशम्येदं योषिद्रूपेण दानवान्।
मोहयित्वा सुरगणान् हरिः सोममपाययत्॥

બાદરાયણી કહે છે કે—શ્રીહરિએ સ્ત્રીના રૂપથી દૈત્યોને મોહિત કરી દેવતાઓને અમૃત પાયું એવી વાત સાંભળી જ્યાં ભગવાન હતા ત્યાં તેમનું સ્વરૂપ જોવા મહાદેવ પાર્વતી સાથે નંદીશ્વર ઉપર બેસી પોતાના પાર્ષદો સાથે ગયા ૨ ભગવાને શંકરનો તથા પાર્વતીનો આદરથી સત્કાર કર્યો. શંકરે બેઠા પછી ભગવાનનો સત્કાર કર્યો અને હસીને નીચે પ્રમાણે પૂછયું. ૩

શંકર—હે દેવના દેવ! હે જગદ્ વ્યાપક! તમે સર્વ પદાર્થોના આત્મારૂપ કારણરૂપ અને ઇશ્વર છો. ૪ જગતના આદિ અંત તથા મધ્ય જેમનાથી ઉત્પન્ન થાય છે તથા અવિનાશી જે ભગવાનના આદિ અંત અને મધ્ય નથી તથા દૃશ્ય—દ્રષ્ટા અને ભોગ્ય—ભોક્તા જેનાથી ભિન્ન નથી તે સત્ય અને ચૈતન્ય ઘન પરબ્રહ્મરૂપ આપ છો ૫ મોક્ષની ઈચ્છાવાળા મુનિઓ નિષ્કામ થઇ આ લોકની અને પરલોકની આસક્તિ છોડી તમારાં ચરણારવિંદની ઉપાસના કરે છે ૬ તમે પરિપૂર્ણ સર્વ સુખરૂપ ને ગુણરહિત છો તેથી શોક રહિત અને વિકાર રહિત તથા આનંદ સ્વરૂપ છો સર્વ સ્વરૂપ છો અને સર્વથી ભિન્ન એવા પરબ્રહ્મ છો તથાપિ આ જગતની—ઉત્પત્તિ સ્થિતિ અને લય કરનાર છો. જીવોને કર્મ ફળ આપનાર છો. તમારે કોઈની અપેક્ષા નથી પરંતુ જીવોને તમારી અપેક્ષા છે માટે તમારૂં જે ઐશ્વર્ય તે ભકતોના અનુગ્રહને માટે છે પણ તમારે પોતાને માટે નથી. ૭ કુંડલ કડાના આકારમાં થયેલું સોનું તથા વિશેષ આકારવિનાનું સોનું એ બને જેમ એક છે તેમ કાર્ય—કારણરૂપ દ્વૈત તથા તેનું પરમ કારણ અદ્વૈત તમે એક જ છો. તમારામાં કોઇ પણ જાતનો વસ્તુભેદ નથી. જો કોઈ જાતનો ભેદ હોય તો તે મનુષ્યોએ તમારે વિષે અજ્ઞાનથી કલ્પેલો છે. ઉપાધિ રહિત આપના સ્વરૂપમાં ગુણોથી ભેદ કલ્પાયલો છે. વસ્તુતાએ કલ્પાયલો નથી.

† આ અધ્યાયમા શંકર મોહિનીના રૂપનો વિલાસ જોવાને ઉત્કંઠિત થતા શ્રીહરિયે તેમને મોહિત કરી શાંત પાડયા એ કથા છે

૮ વેદાંતીઓ આપને પરબ્રહ્મ ગણે છે, મીમાંસકો આપને ધર્મરૂપ ગણે છે સાંખ્ય વાળા આપને કાર્ય–કારણથી ભિન્ન પુરૂષ રૂપ માને છે પંચરાત્રને માનનારાઓ આપને નવ શક્તિવાળા પરમેશ્વર માને છે અને યોગશાસ્ત્રીઓ આપને સ્વતંત્ર તથા અવિનાશી મહાપુરૂષ માને છે ૯ હું બ્રહ્મા તથા મરીચિ ઋષિઓ કે જેઓ સત્વગુણની સૃષ્ટિ છીએ તેઓ તમે રચેલા આ જગતને યથાર્થ રીતે જાણતા નથી, ત્યારે આપને તો કયાથી જાણીએ ? હે ઇશ્વર ! જ્યારે બ્રહ્માદિક તમને જાણતા નથી ત્યારે તમારી માયાથી મોહ પામેલા અને નિરંતર રજોગુણ તથા તમોગુણથી ઉત્પન્ન થયેલા દુરાચારી દૈત્યો અને મનુષ્યો આદિ જગતને જાણે નહિ, તેમા શું આશ્ચર્ય ? ૧૦ તમે જ્ઞાનસ્વરૂપ હોવાથી સર્વના આત્મારૂપ છો તેને લીધે તમે રચેલા આ જગતની ઉત્પત્તિ સ્થિતિ ને પ્રલયને પ્રાણીઓની ભિન્ન ભિન્ન ચેષ્ટાઓને તથા જગતના બંધ અને મોક્ષને જાણો છો તથા વાયુ જેમ સ્થાવરજંગમમા તથા આકાશમાં વ્યાપ્ત છે તેમ તમે સ્થાવરજંગમમા તથા આકાશમાં વ્યાપ્ત છો તેથી સર્વને જાણો છો. ૧૧ ગુણોથી અનેક લીલા કરનાર આપના બીજા અવતારો મેં જોયા છે. હવે આપે જે મોહિની સ્વરૂપ ધારણ કર્યું તે સ્વરૂપ હું જોવાની ઇચ્છા રાખું છું. ૧૨ તમે જે રૂપવડે દૈત્યોને મોહિત કર્યા અને દેવોને અમૃત પાયું હતું, તે સ્વરૂપ જોવાની ઇચ્છાથી અમે અત્રે આવ્યા છીએ કારણ કે અમને તે સ્વરૂપ જોવાની અત્યંત ઉત્કંઠા છે. ૧૩

શુકદેવજી કહે છે કે–શંકરે ભગવાન વિષ્ણુની આમ પ્રાર્થના કરી એટલે તે ગંભીરતાથી હસીને શંકરને કહેવા લાગ્યા કે–જ્યારે દૈત્યો અમૃતનો કલશ લઇ ગયા ત્યારે દેવતાઓનાં કાર્ય કરનાર મેં, દૈત્યોને મોહિત કરવા મોહિનીનું રૂપ ધારણ કર્યું. ૧૫ જે સ્વરૂપ ન કલ્પથી ઉત્પન્ન થનારૂં ને કામીઓને બહુ પસંદ છે તે મોહિની રૂપ તમે જોવાની ઇચ્છા કરો છો તો હું તમને દેખાડીશ. ૧૬

શુકદેવજી કહે છે કે–આ પ્રમાણે કહીને ભગવાન અદૃશ્ય થઇ ગયા અને શંકર ઉમાની સાથે ચારે તરફ દૃષ્ટિ કરતા ત્યા બેસી રહ્યા. ૧૭ શંકરે ત્યા આગળ વિચિત્ર જાતનાં પુષ્પોવાળા તથા નવપલ્લવ રાતાં પત્રવાળાં વૃક્ષોનું એક ઉપવન દીઠું તે ઉપવનમાં દડાની રમત રમતી એક સુંદર સ્ત્રીને દીઠી. તે સ્ત્રીએ વસ્ત્રથી ઢંકાયલા નિતંબ ઉપર સુવર્ણની મેખલા પહેરી હતી. ૧૮ દડાને ઉંચે નીચે ટપ્પા મારતી વેળા શરીરને ઉંચું નીચું કરતી હતી, તેથી હાલતા સ્તનના તથા ઉત્તમ હારના ભારથી તેની કમ્મર લચી જતી જણાતી. ચારે તરફ તે પોતાના પગને માંડતી હતી. ૧૯ દડો જેમ દિશાઓમાં ભમતો તેમ તેની ચંચળતા પાછળ તેનાં વિશાળ નેત્ર ચંચળતા ધારણ કરતાં હતાં. કાનમાં પહેરેલા ચળકતા કુંડળોથી શોભાયમાન કપોલ તથા કાળા કેશ તેના મુખને શોભાવતા હતા ૨૦ તે શિથિલ પડી જતાં નીચેનાં વસ્ત્રને તથા છૂટી જતા ચોટલાને કેળના ગર્ભ જેવા સુંદર ડાબા હાથથી બાંધતી હતી. જમણા હાથથી દડાને ટપ્પા મારતી હતી અને પોતાની લીલાથી જગતને મોહિત કરતી હતી. ૨૧ ભગવાન શંકર મોહિનીને જોઇ દડાની રમત કરતાં કરતાં મોહિનીએ જરાક લજ્જા સાથે મંદ મંદ હસીને કટાક્ષ મારેલો હતો તેથી છેતરાઇ ગયા. મોહિનીની પોતાના પર અને પોતાની મોહિની ઉપર એમ પરસ્પર દૃષ્ટિ પડવાથી મનમા વિહ્વલ થઇ ગયા અને તેમને પોતાના શરીરનું પાસે બેઠેલા પાર્વતીનું કે પાર્ષદોનું ભાન રહ્યુ નહિ. એ સ્ત્રીના હાથમાંથી રમતાં રમતાં જ્યારે દડો દૂર જતો રહ્યો ત્યારે તે દડો લેવાની ઇચ્છાથી દોડી. મંદ

મંદ વાતા પવનથી ભગવાન શંકરના દેખતાં તેના નિતંબ ઉપરનું વસ્ત્ર કટીમેખલા સાથે ખસી ગયું. ૨૩ આ પ્રમાણે રૂપાળા મનને લલચાવનારા સુંદર કટાક્ષોવાળા અને અરધી મીચેલી આંખોના અણીઓથી પોતાના સામે જોયા કરતાં મોહિનીને જોઈને શંકર તેના ઉપર મોહિત થઇ ગયા ૨૪ તે સ્ત્રીએ શંકરના વિવેકનો નાશ કર્યો શકર કામદેવથી વિહ્વળ થઇ ગયા અને પાર્વતીના દેખતાં જ લજ્જા મૂકી તેની પાછળ પડયા ૨૫ તે નગ્ન હતી તેથી શંકરને પાસે આવતા જોઈ શરમાઇ ગઈ અને એક ઠેકાણે ઉભી ન રહેતાં હસતી હસતી વૃક્ષમા સ તાઈ ગઈ. કામને આધીન થવાથી ઇંદ્રિયોના ભાન વિનાના થઇ શંકર હાથી જેમ હાથણી પાછળ દોડે તેમ મોહિનીની પાછળ દોડ્યા ૨૭ મોટા વેગથી તેની પાછળ દોડી તેની ઇચ્છા ઉપરાત પકડી પાડી. તેનો ચોટલો પકડી લીધો અને બે હાથથી તેનુ આલિંગન કર્યુ ૨૮ હાથીએ આલિંગન કરેલી હાથણી જેમ તેમાંથી છૂટી જવા મથે તેમ ભગવાને હાથવની બાથમાં ઘાલેલાં મોહિની તેમાથી નીકળવા આમતેમ હાલવા લાગ્યાં. કેશ તેના મુખની આમપાસ વિ ટાઈ ગયા. ૨૯ કેટલીએક વાર પછી મોટા નિતંબવાળાઇશ્વરનિર્મિત માયાવી મોહિની, હે રાજા! મહાદેવના હાથમાંથી પોતાના દેહને છોડાવીને ત્યાંથી નાઠા. ૩૦

આ પ્રમાણે અદ્‌ભુત કર્મ કરનાર ભગવાન સ્ત્રીના રૂપમા આગળ અને શંકર તેમની પાછળ એમ દોડવા લાગ્યા. પૂર્વના વૈરી કામદેવે જાણે શંકરને જીતી લીધા હોય તેમ જણાતું હતું ૩૧ ગાયની પાછળ જેમ મોટો સાંઢ દોડે તેમ મોહિનીની પાછળ અમોઘ વીર્યવાળા શંકર દોડતા હતા એટલામાં તો તેમનું વીર્ય સ્ખલિત થઇ ગયું. ૩૨ પૃથ્વી ઉપર જ્યાં જ્યાં તે પડયું ત્યાં ત્યાં સોનાનાં ને રૂપાનાં ક્ષેત્રો થયાં. ૩૩ નદીઓ પર્વતો વનો ઉપવનો તથા જે જે સ્થાનમાં ઋષિયો બિરાજતા હતા ત્યાં પણ મહાદેવ એ પ્રમાણે મોહિનીની પાછળ દોડયા. ૩૪ હે રાજશ્રેષ્ઠ! વીર્ય ઝરી ગયા પછી શંકરે પોતાના મનને ભગવાનની માયાએ જડ કરી નાંખેલું જાણ્યું. તે અજ્ઞાનમાંથી પાછા નિવૃત્ત થયા. ૩૫ જગતના આત્મારૂપ તથા જેમનું પરાક્રમ જાણવામાં આવતું નથી એવા ભગવાનની માયાથી આ સર્વ થયું છે. ભગવાનનું માહાત્મ્ય જાણ્યા પછી શંકરે તે વાતને આશ્ચર્યકારક માની નહિ. ૩૬ શંકરને શાંત તથા લજ્જા રહિત થયેલા જોઈને ભગવાન પોતાનું પુરૂષ સ્વરૂપ ધારણ કરી અત્યંત પ્રસન્ન થઇ કહેવા લાગ્યા કે–હે દેવશ્રેષ્ઠ! તમે મારી સ્ત્રીરૂપ માયાથી પોતાની મેળે મોહિત થયા હતા, તોપણ પાછા પોતે જ તમારા સ્વરૂપમા આવી ગયા તે ઠીક થયું. ૩૮ અજ્ઞાનીઓથી તરી શકાય નહિ એવી અને નિત્ય નવનવા ભાવો ઉત્પન્ન કરતી મારી માયાને તમારા વિના બીજો આસક્તિ ધરાવનારો કયો પુરૂષ તરી શકે? ૩૯ સૃષ્ટિમાં કારણ રૂપ મારી કાળમૂર્તિની સાથે રહેનારી તથા કાળના પ્રભાવથી વિભાગ પ્રમાણે રજોગુણ તમોગુણ વગેરેના અ શવાળી મારી ત્રિગુણાત્મક માયા તમારો પરાજય કરશે નહિ. ૪૦

શુકદેવજી કહે છે કે–આ પ્રમાણે શ્રી વત્સના ચિહ્નવાળા ભગવાને શંકરનો સત્કાર કર્યા પછી ભગવાન શંકર તેમની આજ્ઞા લઈ પ્રદક્ષિણા કરીને પોતાના ગણો સહિત કૈલાસમા ગયા. ત્યાં મુખ્ય ઋષિઓ સાંભળતાં ભગવાન શંકર તેમની આજ્ઞા લઈ પ્રદક્ષિણા કરીને પોતાના ગણો સહિત શાંત થઇ રહ્યા. ત્યાં મુખ્ય ઋષિઓ સાંભળતાં ભગવાન શંકર પ્રેમથી પાર્વતીની આગળ ભગવાનના અંશમાંથી ઉત્પન્ન થયેલી માયાનો મહિમા કહેવા લાગ્યા. ૪૨ હે પાર્વતિ! પરમ પુરૂષરૂપ અજન્મા એવા ભગવાનની માયાનો પ્રભાવ તમે જોયો ભગવાનની વિભૂતિઓમાં શ્રેષ્ઠ તથા સ્વતંત્ર

એવો હું પણ જ્યારે માયાવડે મોહિત થયો હતો ત્યારે બીજા પરતંત્ર લોકો મોહિત થાય એમાં શું આશ્ચર્ય ? ૪૩ હું પૂર્વે હજાર વર્ષ સુધી સમાધિ કરીને તેમાથી જ્યારે ઉઠયો ત્યારે તમે મને જેમને વિષે પ્રશ્ન કર્યો હતો તે જ એ સાક્ષાત્ પુરાણ પુરૂષ ભગવાન છે, તેમના સ્વરૂપને કાળ બાધ કરી શકતો નથી અને વેદ તેમના સ્વરૂપનું નિરૂપણ કરી શકતા નથી ૪૪

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે શાર્ઙ્ગધન્વા ભગવાનનુ પરાક્રમ તમને કહી સંભળાવ્યુ, જે ભગવાને સમુદ્ર મંથન કરતી વેળા પોતાની પીઠ ઉપર મંદરાચળ પર્વતને ધારણ કર્યો હતો. ૪૫ ભગવાનના ચરિત્રનું વારંવાર કીર્તન કરનારાઓનો તથા સાંભળનારાઓનો ઉદ્યમ કોઇ દિવસ કોઇ પણ ઠેકાણે નિરર્થક થતો નથી, કારણ કે, ઉત્તમ કીર્તિવાળા ભગવાનના ગુણોનું વર્ણન સંસારના સર્વ પરિશ્રમોને દૂર કરનારૂં છે ૪૬ જે ભગવાને કપટથી સ્ત્રીનો વેશ ધારણ કરી દુષ્ટ પુરૂષોને દુર્લભ અને ભક્તિથી પ્રાપ્ત કરી શકાય એવા ભગવાનના ચરણારવિંદને શરણે રહેલા ઉત્તમ દેવતાઓને સમુદ્રમાથી કાઢેલું અમૃત પાયું હતું, તે શરણાગતની કામના પૂરનારને હું પ્રણામ કરૂં છું. ૪૭

असदविषयमङ्घ्रिं भावगम्यं प्रपन्नानमृत ममरवर्यानाशयत्सिंधुमथ्यम् ।
कपटयुवतिवेषो मोहयन्यः सुरारीस्त-स्तमहमुपसृतानां कामपूरं नतोऽस्मि ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेऽष्टमस्कंधे द्वादशोध्यायः

અધ્યાય ૧૩ મો.

મન્વન્તરોની કથાઓ.

श्रीशुक उवाच

मनुर्विवस्वतः पुत्रः श्राद्धदेव इति श्रुतः । सप्तमो वर्तमानोयस्तदपत्यानि मे शृणु॥१॥

શુકદેવજી કહે છે કે—હે રાજન ! સૂર્યનો પુત્ર અને શ્રાદ્ધદેવના નામે ખ્યાત હાલ જે સાતમો મનુ ચાલે છે તેના પુત્રોનાં નામ સાભળો ઇક્ષ્વાકુ નભગ ધૃષ્ટ શર્યાતિ નરિષ્યંત નાભાગ અને દિષ્ટ છે કરૂષ પૃષધ્ર તથા દશમો વસુમાન એમ દશ પુત્રો, વૈવસ્વત મનુના છે, તેઓ શ્રાદ્ધદેવ મનુના પુત્રો છે. ૩ આદિત્ય વસુ રૂદ્ર વિશ્વેદેવતાઓ મરૂદ્ગણ અશ્વિનીકુમારો તથા ઋભુ નામે દેવતાઓ અને તેઓનો પુરંદર નામે ઇન્દ્ર છે ૪ કશ્યપ અત્રિ વસિષ્ઠ વિશ્વામિત્ર ગૌતમ જમદગ્નિ ને ભરદ્વાજ સપ્તર્ષિઓ છે. ૫ મન્વંતરમા કશ્યપની સ્ત્રી અદિતિથી ભગવાન વિષ્ણુનો જન્મ થયો હતો. જે ભગવાન વામનરૂપ ધારણ કરનાર અદિતિના પુત્રોમા સઉથી નાના હતા. ૬ મે તમને સાત મન્વતરો સભળાવ્યા. હવે વિષ્ણુની શક્તિવાળા ભવિષ્યમા થનાર બીજા મન્વતરોની કથા કહીશ. ૭

વિશ્વકર્માની સંજ્ઞા અને છાયા નામની બે પુત્રીઓ સૂર્યની સ્ત્રીઓ હતી. હે રાજેંદ્ર ! જે વિષેની કથા મેં તમને આગળ કહી હતી. ૮ કેટલાએક કહે છે કે, સૂર્યને ત્રીજી વડવા નામે સ્ત્રી હતી તેનાથી યમ યમુના ને શ્રાદ્ધદેવ મનુ નામના ત્રણ સતાન થયા હતા. હવે છાયાના સંતાનો સાભળો સાવર્ણિ તપતી નામે કન્યા કે જે સવરણ રાજા સ્ત્રી હતી તે અને ત્રીજો શનૈશ્ચર એટલા છાયાના સતાન હતાં. વડવાના પુત્ર અશ્વિનીકુમાર હતા ૧૦ આઠમો મન્વંતર આવશે ત્યારે સાવર્ણિ નામે મનુ થશે અને નિર્મોક વિરજસ્ક નામે તેના પુત્રો થશે ૧૧ તે મન્વંતરમા સુતપા વિરજ અને અમૃતપ્રભ નામે દેવતાઓ અને તેઓમા વિરોચનનો પુત્ર બળિરાજા ઇન્દ્ર થશે ૧૨ જે બળિરાજા પોતાને ત્યાં ત્રણ પગલા પૃથ્વી માગવા આવેલા વિષ્ણુને પૃથ્વી આપી ઇન્દ્રપદનો ત્યાગ કરીને સિદ્ધિ પામશે. ભગવાને પ્રથમ એને કેદ કર્યો હતો પરંતુ

* આ અધ્યાયમા સાતમા મન્વતરથી લઇને સર્વે મન્વતરો જેઓના પ્રત્યેકના છ છ ભેદો છે તે સર્વ અનુક્રમે કહેવાય છે.

પાછળથી તેની ઉપર પ્રસન્ન થઇ સ્વર્ગ કરતાં અધિક સુખવાળા સુતલ પાતાળમાં રાખ્યો હતો, તે હમણા ત્યા ઇન્દ્રની માફક સુખમાં રહે છે. ૧૩ ગાલવ દીપ્તિમાન પરશુરામ અશ્વત્થામા કૃપાચાર્ય ઋષ્યશૃંગ તથા અમારા પિતા ભગવાન વેદવ્યાસ સાત ઋષિઓ તેમા સપ્તર્ષિઓ થશે. હે રાજા! તે મુનિઓ હમણા પોતાના યોગાભ્યાસના પ્રભાવથી પોતપોતાના આશ્રમમાં રહે છે ૧૬ ભગવાન દેવગુહ્યની સ્ત્રી સરસ્વતીથી સાર્વભૌમને નામે અવતાર લેશે અને સાતમા મન્વંતરના ઇન્દ્રની પાસેથી રાજ્ય લઇ બળિરાજાને આપશે ૧૭ નવમો મનુ વરુણનો પુત્ર દક્ષ સાવર્ણિ થશે. ભૂતકેતુ દીપ્તિકેતુ આદિ તેના પુત્રો થશે ૧૮ તેમા પાર અને મરીચિ ગર્ભ દેવતાઓ થશે. અદ્‌ભુત નામે ઇન્દ્ર અને દ્યુતિમાન્ વગેરે સપ્તર્ષિઓ થશે. ૧૯ આયુષ્માનની અંબુધારા નામે સ્ત્રીથી ભગવાનના અંશરૂપ ઋષભ તેમાં અવતાર લેશે. ભગવાને અપાવેલા ત્રણ લોકને અદ્‌ભુત નામે ઇન્દ્ર ભોગવશે. ૨૦ દશમો ઉપશ્લોકનો ઉત્તમ પુત્ર બ્રહ્મસાવર્ણિ નામે પુત્ર થશે. ભૂરિષેણ આદિ તેના હવિષ્માન સુકૃતિ સત્ય જય અને મૂર્તિ પ્રમુખ બ્રાહ્મણો સપ્તર્ષિઓ સુવાસન વિરૂદ્ધ આદિ દેવતાઓ અને શંભુ નામે ઇન્દ્ર થશે. ૨૨ સર્વત્ર વ્યાપક પ્રજાપતિને ઘેર વિસૂચિ નામે સ્ત્રીને વિષે ભગવાન વિષ્વક્સેન નામે અંશાવતાર ધારણ કરશે. શંભુ નામે ઇન્દ્રની સાથે મિત્રતા કરશે. ૨૩ આત્મજ્ઞાની ધર્મસાવર્ણિ નામે અગિયારમો મનુ થશે તેના સત્ય ધર્મ આદિ દશ પુત્રો થશે ૨૪ વિહંગમ કામગમ નિર્વાણરૂચિ નામે દેવતાઓ વૈધૃતિ નામે ઇન્દ્ર અને અરૂણાદિક સપ્તર્ષિઓ થશે. ૨૫ એ મન્વંતરમાં આર્યકની સ્ત્રી વૈધૃતાથી ભગવાનનો ધર્મસેતુ નામે અંશાવતાર થશે, તે ત્રણે લોકની રક્ષા કરશે ૨૬ હે રાજન! બારમો રૂદ્ર સાવર્ણિ નામે મનુ થશે અને દેવવાન ઉપદેવ દેવશ્રેષ્ઠ આદિ તેના પુત્રો ઋતધામા નામે ઇન્દ્ર હરિત દેવતાઓ તપોમૂર્ત તપસ્વી અગ્નિધ્રક્ આદિ સપ્તર્ષિઓ અને ભગવાન સત્યસહાની સ્ત્રી સુનૃતાને પેટે સ્વધામા નામે શ્રીહરિનો અંશાવતાર થશે, તે એ મન્વંતરનું રક્ષણ કરશે. ૨૯ તેરમો દેવસાવર્ણિ નામે જ્ઞાની મનુ ચિત્રસેન વિચિત્ર આદિ પુત્રો સુકર્મ સુત્રામ નામે દેવતાઓ દિવસ્પતિ નામે ઇન્દ્ર અને નિર્મોક તત્ત્વદર્શ આદિ સપ્તર્ષિઓ થશે. ૩૧ દેવહોત્રની સ્ત્રી બૃહતીથી યોગેશ્વર નામે ભગવાનનો અંશાવતાર થશે, ને તે દિવસ્પતિને સહાય કરશે. ૩૨ ચૌદમો મનુ ઇન્દ્રસાવર્ણિ તેના ઉરૂ ગંભીરબુદ્ધિ આદિ પુત્રો પવિત્ર ચાક્ષુષ આદિ દેવતાઓ શુચિ નામે ઇન્દ્ર અગ્નિબાહુ શુચિ શુદ્ધ તથા માગધ સપ્તર્ષિઓ થશે. ૩૪ હે મહારાજ! તે સમે સત્રાયણની વિતાના નામે સ્ત્રીથી બૃહદ્‌ભાનુ નામે ભગવાનનો અંશાવતાર થશે તે કર્મકાંડના સમુદાયનો વિસ્તાર કરશે ૩૫ ત્રણ કાળમાં થનારા આ ચૌદ મન્વંતરો તમારી આગળ કહ્યા સર્વે મનુઓ એક હજાર યુગમાં થાય છે અને ચૌદને થતાં જેટલો સમય થશે તેટલાને એક કલ્પ કહેવાશે.

राजश्चतुर्दशैतानि त्रिकालानुगतानि ते।
प्रोक्तान्येभिर्मितः कल्पो युगसाहस्रपर्ययः ३६

इतिश्रीमद्भागवतेमहापुराणेष्टमस्कंधे
त्रयोदशोध्यायः

અધ્યાય ૧૪ મો.¶

મનુઓનાં કર્મ.

राजोवाच.

मन्वन्तरेषु भगवन् यथा मन्वादयस्त्विमे।
यस्मिन् कर्माणि ये येन नियुक्तास्तद्वदस्व मे१

પરીક્ષિત રાજાએ પૂછ્યું કે—હે મહારાજ! મન્વંતરોમાં ઇન્દ્ર આદિને કોણ કર્મમાં યોજેછે, તથા કયા કયા કર્મમાં તેમને જોડેછે

¶ આ અધ્યાયમા ભગવાનને આધીન રહેનારા મનુઓના વિવિધ કાર્યો વર્ણવવામા આવ્યા છે.

અને તેઓ કેવી રીતે વર્તેછે તે કથા મને કહો.

શુકદેવજી કહે છે કે—હે રાજન ! મનુ મનુના પુત્રો સપ્તર્ષિઓ ઇંદ્ર અને દેવતાઓ સર્વે યજ્ઞાદિક અવતાર ધારણ કરનાર ભગવાનની આજ્ઞામાં રહે છે. ૨ યજ્ઞાદિક અવતારો કહ્યા તે સર્વ ભગવાનના અંશાવતાર જાણવા. મનુ આદિ ભગવાનના અંશાવતારોની આજ્ઞા પ્રમાણે જગતનો વ્યવહાર કરે છે. ૩ સપ્તર્ષિઓ ચાર યુગને અંતે નાશ પામેલા વેદસમૂહને તપવડે શોધી કાઢે છે વેદોથી સનાતન ધર્મ પ્રવરતે છે ૪ મનુઓ શ્રીહરિની પ્રેરણાથી સાવધાન થઇને પોતપોતાના સમયમાં જગતમા પ્રત્યક્ષ રીતે ધર્મ પ્રવરતાવે છે. ૫ પ્રજાનુ પાલન કરનાર મનુઓ અને તેમના પુત્રો પૌત્રો વગેરે પોતાનો મન્વંતર પૂરો થતા સુધી પૃથ્વીનું પાલન કરે છે. ૬ દેવતાઓ અને તેમની સાથે જોડાયલા બીજા યજ્ઞના ભાગને ગ્રહણ કરે છે. ઈંદ્ર ભગવાને આપેલી ત્રણ લોકના પ્રભાવવાળી લક્ષ્મીનો ઉપભોગ કરતો ત્રણ લોકનું પાલન કરવા ઇચ્છાનુસાર જગતમા જળ વરસાવે છે.૭ ભગવાન સનકાદિક સિદ્ધ લોકનું સ્વરૂપ ધારણ કરીને યુગ યુગ પ્રત્યે જ્ઞાનનો ઉપદેશ કરે છે, અને દત્તાત્રેય આદિક યોગેશ્વરનું રૂપ ધારણ કરીને કર્મ યોગનો ઉપદેશ કરે છે. ૮ પ્રજાપતિના સ્વરૂપથી સૃષ્ટિ કરે છે, રાજાઓના સ્વરૂપથી ચોરાનો નાશ કરે છે તથા ટાઢ તડકો વગેરે ગુણવાળા ભગવાન કાળ સ્વરૂપથી સર્વનો નાશ કરે છે. ૯ મનુષ્યો નામ રૂપાત્મક માયાથી મોહિત થઈ અનેક પ્રકારના શાસ્ત્રોથી ભગવાનનું નિરૂપણ કરે છે, તોપણ ભગવાન જાણવામા આવતા નથી. ૧૦ મહા કલ્પના અવાંતર કલ્પનું પ્રમાણ મે તમને સંભળાવ્યું કે જે અવાંતર કલ્પમાં ચૌદ મન્વંતરો થાય છે. ૧૧

एतत्कल्पविकल्पस्य प्रमाणं परिकीर्तितम् ।
यत्र मन्वन्तराण्याहुश्चतुर्दश पुराविद ११

इतिश्रीमद्भागवतेमहापुराणेष्टमस्कंधे
चतुर्दशोध्यायः

અધ્યાય ૧૫ મો.†

બળિએ સ્વર્ગ મેળવ્યું.

राजोवाच

बलेः पदत्रय भूमेः कस्माद्धरिरयाचत ।
भूत्वेश्वरः कृपणवल्लब्धार्थोऽपि बबन्ध तम् १

પરીક્ષિતે પૂછયું કે—હે મહારાજ ! શ્રી હરિએ પોતે ઇશ્વર છતાં કૃપણની માફક બળિરાજાની પાસે ત્રણ પગલાં પૃથ્વી શા માટે માગી પૃથ્વી મળ્યા છતાં બળિરાજાને તેમણે શા માટે બાંધ્યો ? યજ્ઞપતિ પરિપૂર્ણ છતા માગવા ગયા, અને નિરપરાધી બળિરાજાને બાંધ્યો, એ સર્વ આશ્ચર્ય જેવું હોઇ અમે જાણવાની ઇચ્છા રાખીએ છીએ. ૨

શુકદેવજી કહે છે કે—હે રાજન ! ઈંદ્રે બળિરાજાનો પરાજય કરીને તેનો નાશ કર્યો હતો. ભૃગુવંશના બ્રાહ્મણોએ પાછો સંજીવિની વિદ્યાના બળથી તેને જીવતો કર્યો હતો. મહાત્મા બળિ શિષ્ય થયો અને ભૃગુવંશના બ્રાહ્મણોને સર્વ અર્થ અર્પણ કરીને સર્વ પ્રકારે તેઓની સેવા કરવા લાગ્યો. ૩ સ્વર્ગની ઈચ્છાવાળા બળિરાજાને મહા પ્રભાવવાળા ભૃગુવંશના બ્રાહ્મણોએ પ્રસન્ન થઇ શાસ્ત્રમા કહ્યા પ્રમાણે મહાભિષેક કરી, વિશ્વજીત નામે યજ્ઞ કરાવ્યો. ૪ તેમાં હવિષ્યો વડે અગ્નિનુ પૂજન કર્યા પછી સમર્થ એવા અગ્નિમાંથી સુવર્ણના પાટાઓથી જડેલો રથ ઈન્દ્રના ઘોડાના જેવા લીલા રંગના ઘોડાઓ સિંહના ચિહ્નથી શોભતી ધ્વજા સુવર્ણથી જડેલુ દિવ્ય ધનુષ અખૂટ બાણોથી ભરેલા બે ભાથાઓ તથા દિવ્ય કવચ પ્રાપ્ત થયાં પ્રહ્લાદે કરમાય નહિ એવાં ફૂલવાળી માળા અને શુક્રાચાર્યે શંખ આપ્યો. ૫—૬ આ રીતે બ્રાહ્મણોએ બળિરાજાને યુદ્ધની સર્વ સામગ્રી મેળવી આપી અને તેને સ્વસ્તિવાચનથી આશીર્વાદ આપ્યો. પછી બળિરાજાએ બ્રા-

† આ અધ્યાયમા બલિનો વૈભવ અને તેણે કરેલા વિશ્વજીત યજ્ઞની કથા કહેવાય છે

બ્રાહ્મણોને પ્રદક્ષિણા કરી પ્રણામ કર્યા અને પ્રહ્‌લાદની આજ્ઞા માગી. ૭ મહારથી બળિરાજા પુષ્પની સુંદર માળા ધારણ કરી ધનુષ તરવાર તથા ભાથા બાંધી ભૃગુઓએ આપેલા દિવ્ય રથમા બેઠો. ૮ તેના બાહુઓ સુવર્ણના બાજુબંધથી શોભતા હતા કાનમાં ચકચકાટ કુંડળો ચળકતા હતાં અને રથમાં બેઠલો તે વેદીમાં રહેલા આહવનીય અગ્નિ જેવો લાગતો હતો પોતાના સરખાં ઐશ્વર્ય બળ તથા લક્ષ્મીવાળા જાણે દૃષ્ટિથી આકાશનુ પાન કરી જતા હોય તથા દિશાઓને બાળી દેતાં હોય તેમ ચારે તરફ રાતિચોળ દૃષ્ટિ કરતા મંડળોથી તથા મોટ મોટા દૈત્યસેનાના નાયકોથી પરિવૃત્ત મહા સમર્થ બળિરાજા અસુરની સેનાને લઇને આકાશ અને પૃથ્વી કંપાવતો ઇન્દ્રની સંપત્તિવાળી નગરી તરફ ચાલ્યો.

ઇન્દ્રની નગરી સમૃદ્ધિવાળા નંદનાદિક ઉપવનોથી અને ઉદ્યાનોથી રમણીય લાગતી હતી. તે ઉપવનો અને ઉદ્યાનોમાં પક્ષીઓનાં જોડા કલ્લોલ કરતા હતા મદમત્ત ભમરાઓ ગુંજારવ કરતા હતા. ૧૨ દેવતાઇ વૃક્ષોની શાખાઓ નવા પાદડાં ફળ અને ફૂલના ભારથી લચી ગઇ હતી જે વનોમા હંસ સારસ ચક્રવાક અને કારંડવોથી ભરપૂર એવી સરસીઓમા દેવનારીઓ દેવતાઓની સાથે જળક્રીડા કરતી હતી ૧૩ પરિખા જેવી આકાશ ગંગાથી તે નગરી પરિવૃત્ત હતી તેની આસપાસ સોનાનો કિલ્લો હતો. કિલ્લા ઉપર યુદ્ધ કરવાના મોરચાઓ તથા લડવાનાં સ્થાનકો હતાં ૧૪ નગરીમાં સર્વના ઘરનાં બારણાં સુવર્ણનાં પતરાંથી જડેલાં હતાં અને દરવાજા સ્ફટીક મણિના હતા. તેમાં મોટા રાજમાર્ગો હતા સભા ચૌટાં ને શેરીઓ અસંખ્ય વિમાનોથી ભરપૂર હતી. મણિના ચોક તથા હીરા અને પરવાળાની વેદીઓ હતી. આ રીતે એ સુંદર નગરી વિશ્વકર્માએ રચેલી હતી. ૧૬ જયા આગળ જેઓની તરૂણાવસ્થા તથા સૌંદર્ય નિરંતર એક સરખાં રહેતાં હતાં એવી નિર્મળ વસ્ત્રો ધારણ કરનારી તરૂણ સ્ત્રીઓ અગ્નિઓ જેમ પોતાની જ્વાળાઓથી શોભે તેમ કાંતિથી શોભતી હતી. ૧૭ સ્ત્રીઓના કેશપાશમાંથી નીચે પડેલાં નવીન કમળોની વેણીઓની સુગંધથી વાસિત પવન માર્ગમા વાતો હતો. ૧૮ સેનાનાં જાળીઆંમાથી નીકળતા અગરના શ્વેત અને સુગંધી ધુમાડાથી ઢંકાઇ ગયેલા માર્ગો ઉપર, દેવતાઓની પ્રમદાઓ આવજાવ કરતી હતી. ૧૯ તે નગરી મોતીનાં તોરણો મણિજડિત સેનાની ધ્વજાઓ તથા અનેક જાતની પતાકાઓ અને છજાંઓથી શોભતી હતી. મોર પરાવત તથા ભમરાઓના ગુંજારવોથી ગાજી રહેલી હતી. વિમાનમાં બેસનારા દેવોની સ્ત્રીઓનાં માંગલિક ગીતોથી મંગલમય થઇ રહી હતી. ૨૦ મૃદંગ શંખ નગારા દુંદુભિ, તાલ વીણા મુરજ ઋષ્ટિ તથા વેણુ વગેરે વાજિત્રો વાગી રહ્યાં હતાં. તેઓના શબ્દોથી તે નગરી મનોહર લાગતી હતી અને પોતાની કાંતિથી કાંતિના અધિષ્ઠાતા દેવ જેવી લાગતી હતી. અધર્મિષ્ઠ ખળ પ્રાણીઓનો દ્રોહ કરનાર શઠ માની કામી અને લોભીઆ પુરૂષો તે નગરીમાં જતા નથી, સતપુરૂષો જ્યાં જઇ શકે છે. ૨૨

દેવતાઓની રાજધાની સ્વર્ગપુરીને દૈત્યની સેનાના પતિ બળિરાજાએ સેના સહિત ચારે તરફથી ઘેરી લીધી અને મહા શબ્દ કરનારો આચાર્યે આપેલો શંખ વગાડીને ઇન્દ્રની સ્ત્રીઓના મનમાં ભય ઉત્પન્ન કર્યો. ૨૩ બળિરાજાનો પ્રયત્ન જોઈ ઇન્દ્ર દેવોની સાથે બૃહસ્પતિની પાસે ગયો અને બોલ્યો કે—હે મહારાજ ! અમારા પ્રથમના વૈરી બળિનો ઘણો મોટો ઉદ્યમ છે. હું તેને કોઇથી પણ ગાંજ્યો જાય એવો માનતો નથી.

તે મહા તેજસ્વી કેમ થયો તે કહો. કોઇ પણ મનુષ્ય કોઈ પણ રીતે તેને અટકાવવા સમર્થ નથી. મુખથી તે જાણે જગતને પી જતો હોય અને દિશાઓને ચાટી જતો હોય અને દૃષ્ટિઓથી દિશાઓને બાળી દતો હોય એવો જણાય છે બળિરાજા પ્રલયના અગ્નિની પેઠે આપણી પુરી ઉપર ચડી આવ્યો છે. ૨૬ આ મારો શત્રુ આવો દુરાધર્ષ થઈ પડયો તેનું કારણ મને કહો જેથી જેનુ શરીરબળ મનોબળ તથા ઇન્દ્રિયબળ વધ્યુ અને જેને લીધે આપણને આવો મોટો ઉદ્યમ આરંભવો પડયો તે કથા કહો ૨૭

બૃહસ્પતિ બોલ્યા કે—હે ઇન્દ્ર ! શત્રુની ઉન્નતિ થવાનું કારણ હું જાણું છું વેદવેત્તા ભૃગુઓએ તેના તેજમા વધારો કર્યો છે. ૨૮ શ્રીહરિ વિના તમારા જેવા અથવા તો તમે પોતે મનુષ્યો જેમ કાળની સામે ટકી શકતા નથી તેમ તેની સામે ટકી રહેવાને સમર્થ નથી. ૨૯ હમણા તમે સર્વે સ્વર્ગને છોડી દઇને અહીંથી જતા રહો અને શત્રુનો સમય ફરી જાય ત્યા સુધી કાળ પ્રતિક્ષા કરો હમણા બળિરાજા બ્રાહ્મણના બળથી અભ્યુદય પામ્યો છે અને તેનું પરાક્રમ પ્રકાશી નીકળ્યુ છે માટે બ્રાહ્મણોનું અપમાન કરવાથી તે પરિવાર સાથે વિનાશ પામશે. ૩૧ આ પ્રમાણે કાર્યનો વિચાર કરી જાણનાર ગુરૂની સાથે દેવતાઓએ પોતાના કાર્યનો વિચાર કર્યો. ત્યાર પછી ઇચ્છાનુસારી રૂપ ધારણ કરનાર દેવતાઓ સ્વર્ગનો ત્યાગ કરી નાશી ગયા. ૩૨ દેવતાઓ નાશી ગયા પછી વિરોચનના પુત્ર બળિરાજાએ દેવતાઓની રાજધાનીમાં રહી ત્રણે લોકો પોતાને વશ કર્યા. ૩૩ શિષ્ય ઉપર વહાલ ધરાવનાર ભૃગુઓએ વિશ્વનો વિજય કરનાર અને પોતાને અનુકૂળ રહેનાર પોતાના શિષ્ય બળિરાજાને સો અશ્વમેધ યજ્ઞ કરાવ્યા. ૩૪ યજ્ઞોના પ્રભાવથી બળિરાજા ત્રણે લોકમાં પ્રખ્યાત એવી પોતાની કીર્તિને દિશાઓમાં વિસ્તારતો ચંદ્રમાની પેઠે શોભવા લાગ્યો. ૩૫ બ્રાહ્મણોએ અપાવેલી મોટી સમૃદ્ધિવાળી રાજ્યલક્ષ્મીનો ઉપભોગ કરવા લાગ્યો અને ઉદાર મનનો તે રાજા પોતાને કૃતાર્થ માનવા લાગ્યો. ૩૬

वभुजे च श्रियं स्वृद्धां द्विजदेवोपलंभिताम् ।
कृतकृत्यमिवात्मानं मन्यमानो महामनः ॥३६॥

इतिश्रीमद्भागवतेमहापुराणेष्टमस्कंधे
पचदशोध्याय:

અધ્યાય ૧૬ મો.‡

પુત્રાર્થે પયોવ્રત કરવું.

श्रीशुक उवाच

एव पुत्रेषु नष्टेषु देवमाताऽदितिस्तदा ।
हृते त्रिविष्टपे दैत्यैः पर्यतप्यदनाथवत् ॥ १ ॥

શુકદેવજી કહે છે કે—પુત્રો નાશી ગયા પછી અને દૈત્યોએ સ્વર્ગ લઇ લીધા પછી દેવતાઓના માતા અદિતિ અનાથની પેઠે સંતાપ કરવા લાગ્યા ૧ એક વાર ભગવાન કશ્યપ ઘણા દિવસે સમાધિમાથી ઉઠી આશ્રમમા ગયા તો આનંદ ઉત્સવ રહિત જણાયો ૨ આશ્રમમા સ્ત્રીએ મુનિનો આસન આપીને સત્કાર કર્યો. આસન સ્વીકારી પોતાની ઉતરી ગયેલા મુખવાળી સ્ત્રીને તે પૂછવા લાગ્યા કે, ૩ હે કલ્યાણિ ! હમણાં જગતમાં બ્રાહ્મણોનું ધર્મનું અથવા મૃત્યુની આજ્ઞાને અનુસરનારા લોકોનુ કંઇ અકલ્યાણ તો થયું નથી ?૪ અથવા હે ગૃહિણિ ! લોકો ઘરમાં યોગ વિના પણ યોગાભ્યાસનું ફલ મેલવે એવા ઘરમા ધર્મ અર્થ અથવા કામનો નાશ તો થયો નથી ? ૫ તમે કુટુંબમાં આસક્ત રહેવાથી ઘેર આવેલા અતિથિઓનો સામે જવા અને ઉભા થવા વગેરેથી સત્કારો છો કે

‡ આ અધ્યાયમા પુત્રોના નાશી જવાથી અદિતિએ શોક કરીને પતિ કશ્યપની પાસે પ્રાર્થના કરી તે ઉપરથી કશ્યપે તેને પયોવ્રતનો ઉપદેશ કર્યો એ કથા કહેવાય છે

માન ન આપવાથી તેઓ અપૂજ્ય તો પાછા ગયા નથી? ૧૬ અતિથિઓ જેમના ઘરમાથી પાણીનો પણ સત્કાર પામ્યા વિના પાછા ફરે છે તેઓનાં ઘરને ખરેખર શિયાળની બોડ જેવાં જાણવાં ૭ હે સતી! હું પરદેશ જવાથી તેં ઉદ્વિગ્ન મનને લીધે કોઈ દિવસ સમય પ્રમાણે અગ્નિમા ઘીનો હોમ કર્યો ન હતો ?૮ બ્રાહ્મણ ને અગ્નિ સર્વ દેવના આત્મા ભગવાનના મુખરૂપ છે કારણ કે, જેઓનું પૂજન કરવાથી ગૃહસ્થો કામના પૂરનાર લોકોમાં જાય છે ૯ તારા સર્વ પુત્રો કુશળ છે? તારાં શારીરિક લક્ષણો ઉપરથી તુ ખિન્ન હોય એવું મને જણાય છે

અદિતિ બોલ્યા કે-હે મહારાજ! બ્રાહ્મણોનુ ગાયોનુ ધર્મનુ તથા લોકનુ કુશળ છે આ ઘર ધર્મ અર્થ તથા કામને ઉત્પન્ન કરનારૂ એક ઉત્તમ ક્ષેત્ર છે તેમાં ધર્માદિક ત્રિવર્ગ યથોચિત રીતે થયા કરે છે. ૧૧ હે મહારાજ! આપનું ધ્યાન કરવાથી અગ્નિ અતિથિ સેવક અથવા ઇચ્છાવાળા ભિક્ષુક લોકોને કોઈ જાતની હાનિ થઈ નથી ૧૨ હે મહારાજ! મારી માનસિક કયી ઇચ્છા પૂરી ન થાય ? પ્રજાના અધ્યક્ષ એવા તમે મને આ પ્રમાણે નિરંતર ધર્મોનો ઉપદેશ કરો છો. ૧૩ હે મરીચિના પુત્ર! સત્વ રજ અને તમોગુણવાળી તમારી આ સર્વ પ્રજા તમારા મનમાંથી તથા શરીરમાંથી ઉત્પન્ન થયેલી છે હે પ્રભો! આપ જો કે અસુરાદિક સર્વ પ્રજા ઉપર સમભાવ રાખો છો તોપણ મહાત્મા પુરૂષ પોતાના ભક્તને વધારે અનુકૂળ રહે છે અને હે નાથ! હું તમારી સેવા કરૂ છુ માટે આપ કલ્યાણનો વિચાર કરો. શત્રુઓએ અમારી રાજ્યલક્ષ્મી અને અમારૂં રાજ્ય લઇ લીધું છે. હે પ્રભો! અમારી રક્ષા કરો. ૧૫ શત્રુઓએ મને મારા સ્થાનમાંથી કહાડી મૂકી છે. હું દુ:ખસાગરમાં ડુબી ગઈ છું અને મહા બળવાન દૈત્યોએ મારા ઐશ્વર્યને લક્ષ્મીને યશને તથા સ્થાનને હરી લીધાં છે. ૧૬ હે મહાત્મા! તે સર્વ મારા પુત્રોને જે રીતે પાછાં મળે તે રીતે મારૂં કલ્યાણ કરવાનો વિચાર કરો. ૧૭

શુકદેવજી કહે છે કે-અદિતિએ પ્રાર્થના કરી એટલે કશ્યપઋષિ જાણે હસતા હોય તેમ મુખ મલકાવી કહેવા લાગ્યા કે, વિષ્ણુનુ માયાબળ કેવું પ્રબળ છે કે જેને લીધે આ જગત તેમાં બધાઇ રહેલું છે.૧૮ પાંચ ભૂતોમાથી બનેલો જડ દેહ કયા! અને પ્રકૃતિથી પર એવો ચૈતન્ય આત્મા ક્યાં! પતિ અને પુત્ર આદિ કોણ અને કોના! આ સર્વમાં મમતા બધાવી એમાં મોહ જ કારણ છે ૧૯ સર્વ પ્રાણીઓના અંત:કરણમાં રહેનાર ભગવાન જનાર્દન એવા વાસુદેવ શ્રીજગદ્‌ ગુરૂની ભક્તિ કર. દીન ઉપર દયા કરનાર ભગવાન તારા મનોરથોને પૂર્ણ કરશે, કારણ કે ભગવાનની ભક્તિ સફળ થાય છે બીજાની ભક્તિ સફળ થતી નથી.

અદિતિ-હે મહારાજ! હું જગત્પતિ ભગવાનની કયા વિધિથી ભક્તિ કરૂં કે જે વિધિ કરવાથી સત્ય સંકલ્પવાળા ભગવાન મારા મનોરથને પૂર્ણ કરે. ૨૨ હું મારા પુત્રોની સાથે પીડા પામું છું તો જે વિધિ અને સેવા કરવાથી ભગવાન મારી ઉપર પ્રસન્ન થાય એવો વિધિ મને બતાવો.

કશ્યપ-હે સ્ત્રી! મેં પ્રજાની કામનાથી આ વાત બ્રહ્માને પૂછી હતી, તે ઉપરથી ભગવાનને પ્રસન્ન કરનારૂં જે વ્રત તેમને કહ્યુ હતું તે હું તને કહું તે સાભળ ૨૪ ફાગણ મહિનાના શુકલ પક્ષમા બાર દિવસ સુધી દૂધનુ પાન કરીને પરમ ભક્તિ સાથે ભગવાન શ્રીહરિનું પૂજન કરવું. ૨૫ અમાવાસ્યાને દિવસે જો સુવરે ઉખાડેલી માટી મળે તો તે માટીનો શરીર ઉપર લેપ કરી નદીના પ્રવાહમાં સ્નાન કરવું અને તે વેળાએ આ મંત્ર ભણવો. ૨૬ હે પૃથિવિ દેવિ!

આદિ વરાહે, આ જગતની સ્થિતિ કરવાની ઇચ્છાથી તમારો રસાતળ પાતાલમાથી ઉદ્ધાર કર્યો છે, તે તમને નમસ્કાર છે અને મારા પાપનો નાશ કરો. ૨૭ સંધ્યાવંદનાદિક નિત્ય–નૈમિત્તિક આચાર આટોપી સાવધાન થઇને મૂર્તિમા પૃથ્વીમા સૂર્યમાં જળમા અગ્નિમાં અથવા ગુરૂમા ભગવાનની પૂજા કરવી ૨૮ પૂજા કરતી વેળા નીચેના મંત્રો ભણુવા મહાપુરૂષ ઐશ્વર્ય સંપન્ન સર્વ પ્રાણીઓના નિવાસરૂપ વાસુદેવ અને સાક્ષી એવા ભગવાનને હું નમસ્કાર કરૂંછું. ઇંદ્રિયાદિકથી પ્રગટ નહિ એવા સૂક્ષ્મ આદિપુરૂષ ચોવીસ તત્ત્વોને જાણનારા તથા સાખ્યના માર્ગને પ્રવર્તાવનાર એવા આપ ભગવાનને હુ પ્રણામ કરૂં છું ૩૦ બે મસ્તકવાળા ત્રણ પગવાળા ચાર શિંગડાવાળા ચાર હાથવાળા, ત્રણ વેદથી બંધાયલા કર્મના ફળનો વિસ્તાર કરનાર આપ યજ્ઞ મૂર્તિને મારા નમસ્કાર છે. શિવ રૂદ્ર શક્તિધારણ કરનાર સર્વ વિદ્યાઓના અધિપતિ અને પ્રાણીઓના પતિ ભગવાનને મારા નમસ્કાર છે હિરણ્યગર્ભ પ્રાણરૂપ જગતના આત્મારૂપ યોગના કારણ ભૂત ને યોગનું ઐશ્વર્ય તે જેમનું શરીર છે એવા આપને વારવાર મારા નમસ્કાર છે ૩૩ આદિદેવ સાક્ષીરૂપ નારાયણ ઋષિરૂપ પુરૂષસ્વરૂપ એવા આપ શ્રીહરિને વારંવાર હું નમસ્કાર કરૂ છુ મરકત મણિના જેવા શ્યામ શરીરવાળા જેને લક્ષ્મીજી પ્રાપ્ત થયાં છે એવા પીળા વસ્ત્ર ધારણ કરનાર કેશવ ભગવાનને મારા નમસ્કાર છે ૩૫ હે વરદ હે ઉત્તમ દેવ ! તમે પુરૂષોને સર્વ વર આપનાર છો, માટે ધીર પુરૂષો કલ્યાણને અર્થે તમારા ચરણની રજને સેવે છે ૩૬ દેવતાઓ ને લક્ષ્મીજી ભગવાનના ચરણકમળની સુગંધ લેવાની ઇચ્છાવાળા હોય તેમ ભગવાનને અનુસરે છે તે ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ. ૩૭

આ ઋષિપ્રણીત મંત્રોવડે ભગવાનનું આવાહન કરીને ઉપર કહેલા મંત્રો ભણી ભગવાનને શ્રદ્ધા સાથે પાદ્ય આચમન વગેરે અર્પી તેમની પૂજા કરવી ૩૮ ચંદન અને પુષ્પાદિકથી પૂજા કરીને ભગવાનને દૂધથી નવરાવવા, પછી વસ્ત્ર ઉપવીત આભૂષણો પાદ્ય આચમન ચંદન ને ધૂપથી દ્વાદશાક્ષર મંત્ર ભણીને પૂજન કરવું. ૩૯ જો ધનાદિક હોય તો ઘી તથા ગોળ સાથે દૂધપાકનું નૈવેદ્ય ભગવાનને ધરવું અને દ્વાદશાક્ષર મંત્ર ભણીને અગ્નિમા હોમ કરવો ૪૦ જે પદાર્થ ભગવાનને ધરેલો હોય તે ભગવાનના ભક્તને આપવો અથવા પોતે ખાવો ભગવાનને આચમન આપીને તેમનું પૂજન કરવું અને તે પછી તાંબૂલ ધરવુ. ૪૧ એક સો ને આઠવાર મંત્ર ભણવો સ્તુતિઓવડે ભગવાનની સ્તુતિ પ્રદક્ષિણા કરવી અને પછી ભૂમિ ઉપર પડી દંડવત્પ્રણામ કરવા ૪૨ ભગવાનના નિર્માલ્યને પોતાના મસ્તક ઉપર ધારણ કરીને તેમના સ્થાનમા પાછા પધરાવવા. ઓછામાં ઓછા બે બ્રાહ્મણોને યથાયોગ્ય દૂધપાક જમાડવો ૪૩ બ્રાહ્મણોનો સારો સત્કાર કરવો અને તેઓની આજ્ઞાથી બાકી રહેલું ભોજન પોતાના ઇષ્ટ સબંધીઓની સાથે એકઠા મળીને જમવુ અને તે રાત્રે બ્રહ્મચર્ય વ્રત પાળવુ. બીજે દિવસે પ્રભાતમાં વહેલા ઉઠી નાહીને પવિત્ર થવું અને સારી રીતે સાવધાન થઇ શાસ્ત્રમા કહેલા વિધિથી દૂધવડે ભગવાનને નવરાવીને પૂજા કરવી. આ રીતે વ્રત પૂરૂ થાય ત્યા સુધી કરવું ૪૫ પુરૂષે દૂધનું ભોજન કરી વિષ્ણુના પૂજનમાં આદર ભાવ રાખી આ પયોવ્રત કરવું. પયોવ્રત કરનાર પુરૂષે પ્રથમ કહ્યા પ્રમાણે અગ્નિમાં હોમ કરવો અને બ્રાહ્મણોને જમાડવા. ૪૬ આ પયોવ્રત કરનારે બાર દિવસ સુધી રોજ રોજ ભગવાનનુ આરાધન અગ્નિમાં હોમ ભગવાનની પૂજા તથા બ્રાહ્મણભોજન

કરાવવાં. ૪૭ પયોવ્રત કરનારાએ શુકલ પક્ષના પડવાથી માંડીને તેરશ લગી બ્રહ્મચર્ય વ્રત પાળવું, જમીન ઉપર સૂવું દિવસમાં ત્રણ વખત નહાવું, ૩૮ મિથ્યા ભાષણ કરવું નહિ, નાના મોટા ભોગ ભોગવવા નહિ પ્રાણી માત્રની હિંસા કરવી નહિ તથા ભગવાનને વિષે પરાયણ રહેવુ. ૪૯

આ પ્રમાણે વ્રત કરનારાએ તેરશને દિવસે શાસ્ત્રોક્ત વ્રતવિધિ જાણનાર બ્રાહ્મણો પાસે શાસ્ત્રોક્ત વિધિથી વ્યાપક એવા ભગવાનને પંચામૃતથી નવરાવવા પ૦ ધનનો લોભ ન રાખતા ભગવાનની મહાપૂજા કરવી શિપિવિષ્ટ નામે વિષ્ણુને માટે દૂધમા ચરૂ રાંધવો. તે તૈયાર થયેલા ચરૂવડે વ્રત કરનાર પુરૂષે પરમ પુરૂષનુ યજન કરવું. એક પુરૂષ ધરાય એટલું ને ઘણા ગુણવાળુ નૈવેદ્ય ભગવાનને ધરવું. ૫૨ જ્ઞાનવાળા આચાર્યને અને ઋત્વિજોને વસ્ત્ર આભૂષણ અને ગાયો આપી પ્રસન્ન કરવાં હે સ્ત્રી ! તારે આ વ્રતથી ભગવાનનું આરાધન કરવુ ૫૩ શક્તિ પ્રમાણે ઊંચી જાતનાં અન્નથી જે કોઇ બ્રાહ્મણો ત્યા આવેલા હોય તેમને જમાડવા. ૫૪ ગુરૂને તેમજ ઋત્વિજોને દક્ષિણા આપવી અને ત્યાં આગળ આવેલા ચંડાળ પર્યન્ત સર્વ લોકોને અન્નાદિક આપીને પ્રસન્ન કરવા ૫૫ સઘળા લોકો ગરીબ આંધળા અને રંક જમી રહ્યા પછી પોતે જમવુ. "આ પ્રમાણે ભોજન કરાવ્યાથી ભગવાન રાજી થાય છે" એમ જાણનાર પુરૂષે પોતાના કુટુંબીઓની સાથે બેસીને ભોજન કરવું ૫૬ નાચ વાજિંત્ર ગાયન સ્તુતિઓ સ્વસ્તિવાચનો તથા ભગવાનની પૂજા કરાવવી ૫૭ ભગવાનને પ્રસન્ન કરનારૂં પયોવ્રત નામે ઉત્તમ વ્રત બ્રહ્માએ મને કહ્યું હતું તે મેં તને સંભળાવ્યું. ૫૮ હે સ્ત્રી ! તુ ઈંદ્રિયોને નિયમમા રાખી, શુદ્ધ અંતઃકરણથી આ વ્રત કરીને અવિનાશી એવા ભગવાનને પ્રસન્ન કર. ૫૯

હે કલ્યાણિ ! આ વ્રત સર્વ યજ્ઞરૂપ સર્વ વ્રતરૂપ તપના સારરૂપ સર્વ પ્રકારના દાનરૂપ અને ઈશ્વરને સંતુષ્ટ કરનારૂં જાણવું ૬૦ અતીંદ્રિય ભગવાન તેથી પ્રસન્ન થાય છે, તે જ સત્ય નિયમો તે જ ઉત્તમ યમ તે જ દાન, તે જ વ્રત અને યજ્ઞ જાણવો. ૬૧ હે કલ્યાણિ ! તુ સાવધાન થઇ શ્રદ્ધાથી આ પયોવ્રત કર જે વ્રત કરવાથી ભગવાન પ્રસન્ન થઇને વરદાન આપશે, અર્થાત્ તારા સર્વ મનોરથ તેથી પૂર્ણ થશે. ૬૨

तस्मादेतद्व्रतं भद्रे प्रयता श्रद्धया चर ॥
भगवान् परितुष्टस्ते वरानाशु विधास्यति ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेष्टमस्कंधे
षोडषोऽध्यायः

અધ્યાય ૧૭ મો.†

અદિતિથી ભગવાનનું જન્મવું.

श्रीशुक उवाच

इत्युक्ता साऽदिति राजन् स्वभर्त्रा कश्यपेनवै
अन्वतिष्ठद्व्रतमिद द्वादशाहमतन्द्रिता ॥ १ ॥

શુકદેવજી કહે છે કે–હે રાજન ! પોતાના ભર્તા કશ્યપે પયોવ્રતનો ઉપદેશ કર્યો એ ઉપરથી અદિતિએ સાવધાન થઇ બાર દિવસના તે વ્રતનો આરંભ કર્યો. ૧ વ્રત કરતી વેળા બુદ્ધિને સારથી કરીને મનવડે ઇંદ્રિયો રૂપી દુષ્ટ ઘોડાઓને નિયમમા રાખી મહા પુરૂષ એવા ઈશ્વરનું ધ્યાન તેમણે કરવા માંડયુ. એકાગ્ર થયેલી વૃત્તિથી આત્મારૂપ ભગવાન વાસુદેવને મનમા સ્થિર કરીને તેમણે પયોવ્રત કર્યું તેના પ્રભાવથી પીળાં વસ્ત્ર ધારણ કરનાર ચાર ભુજાવાળા અને શંખ ચક્ર ગદા તથા પદ્મને ધારણ કરનાર ભગવાન આદિ પુરૂષ પ્રકટ થયા ૪ ચતુર્ભુજ મૂર્તિ શ્રીભગવાનનાં દર્શન કરીને અદિતિ પ્રેમથી વિહ્વળ થઇ ગયા. તેમણે આદરપૂર્વક એકદમ ઉભાં થઇ

† આ અધ્યાયમા અદિતિએ પયોવ્રત કર્યાથી શ્રીહરિ તેની કામના પૂર્ણ કરવા પુત્ર થઇ અવતર્યા એ કથા કહેવાશે

પૃથ્વી ઉપર પડી તેમને દંડવત્ પ્રણામ કર્યા. ૫ બે હાથ જોડીને સ્તુતિ કરી પરંતુ આંખો આનંદાશ્રુઓથી ભરાઇ ગઇ તેથી તેમ કરી શકયા નહિ આખા શરીર ઉપર રૂવા ઉભાં થયા. ભગવાનના દર્શન કરવાથી થયેલા મહા આનંદને લીધે તે કંપવા લાગ્યાં બોલ્યા ચાલ્યા વિના છાનામાના ઉભા રહ્યાં. ૬ અદિતિ યજ્ઞના પતિ અને જગતના પતિ શ્રી લક્ષ્મીપતિને નેત્રથી પીતાં હોય તેમ જોવા લાગ્યાં. પ્રેમવડે ગળગળી વાણીથી ધીરેથી પછી આમ બોલ્યા. ૭ અદિતિ—હે યજ્ઞના ઇશ્વર ! હે યજ્ઞપુરૂષ ! હે અચ્યુત ! હે પવિત્રચરણ ! હે પવિત્ર કીર્તિ ! હે શ્રવણ માત્રમાં મંગળ કરનાર નામવાળા ! હે શરણાંગત ! લોકોનાં પાપોનો નાશ કરવા અવતાર ધરનાર ! હે ઈશ્વર ! હે ભગવન ! અમારૂં કલ્યાણ કરો, કારણ કે તમે દીન પુરૂષોના નાથ છો. ૮ જગત્સ્વરૂપ જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા પ્રલય કરનાર પોતાની ઈચ્છાનુસાર અનંત શક્તિવાળી માયાના ગુણોને ગ્રહણ કરનાર વ્યાપક સ્વરૂપમા રહેનાર તથા નિત્ય વૃદ્ધિ પામેલા પૂર્ણ જ્ઞાનવડે જેમણે પોતાને વિષે માયાનો લય કર્યો છે એવા આપ શ્રીહરિને મારા નમસ્કાર છે હે અનંત ભગવન ! તમારા પ્રસન્ન થવાથી મનુષ્યોને બ્રહ્માના જેટલુ આયુષ્ય સુંદર શરીર અતુલ્ય લક્ષ્મી તથા સ્વર્ગ પૃથ્વી અને પાતાલનુ રાજ્ય સર્વ સિદ્ધિઓ ધર્મ અર્થ કામ તથા ઉત્તમ પ્રતિનું જ્ઞાન મળે છે, ત્યારે 'શત્રુ ઉપર વિજય' આદિ બીજા મનોરથો સિદ્ધ થાય એમા આશ્ચર્ય શુ છે ? ૧૦

શુકદેવજી કહે છે કે—હે રાજન ! અદિતિએ આ પ્રમાણે સ્તુતિ કરી એટલે ભગવાન કમળનયન જે સર્વ પ્રાણીઓના ક્ષેત્રજ્ઞ હતા ત બોલ્યા કે—હે દેવતાઓની માતા ! દૈત્યોએ તમારા પુત્રોની રાજ્યલક્ષ્મી હરી લઇ તેઓને રાજ્યથી પદભ્રષ્ટ કર્યા તેથી તમે જે ઇચ્છા રાખો છો તે હું જાણું છું. ૧૨ તમે રણમા મદોન્મત્ત એવા અસુરોને હરાવી વિજય લક્ષ્મીને પાછી મેળવનાર તમારા પુત્રોની સાથે એક સ્થાનમા રહેવાની ઇચ્છા કરો છો. ૧૩ તેમજ દુઃખી એવા તમે પોતાના ઇંદ્રાદિક પુત્રોએ યુદ્ધમાં મારી નાખેલા શત્રુઓની રડતી સ્ત્રીઓને દુઃખી જોવાને ઇચ્છો છો. ૧૪ તમે તમારા પુત્રોને સમૃદ્ધિવાળા અને યશ તથા લક્ષ્મીને પાછાં મેળવી સ્વર્ગમા વાસ કરીને રહેતા જોવાની ઇચ્છા રાખો છો. ૧૫ હે દેવિ ! હમણાં દૈત્યના સેનાપતિઓ ઘણું કરીને જીતી શકાય તેવા નથી, કારણ કે જેઓને કાળ અનુકૂળ છે એવા બ્રાહ્મણો તેમની રક્ષા કરે છે. તેઓના ઉપર પરાક્રમ કરવાથી તમને સુખ મળશે નહિ ૧૬ હે દેવિ ! તમે વ્રત કરીને મને પ્રસન્ન કર્યો તેથી મારે કોઇપણ ઉપાય શોધવો જોઈએ, કારણ કે મારૂં કરેલું પૂજન શ્રદ્ધા પ્રમાણે ફલ આપનારૂં છે તે નિષ્ફળ જવુ જોઇએ નહિ ૧૭ તમે તમારા પુત્રોની રક્ષા માટે પયોવ્રત કરીને મારી યોગ્ય પૂજા કરેલી છે, હું મારા પોતાના અંશથી કશ્યપ દ્વારા તમારો પુત્ર થઇને અવતરીશ ને તમારા પુત્રોની રક્ષા કરીશ ૧૮ તમે હુ પતિના શરીરમા આવા સ્વરૂપથી જ રહ્યો છુ એવી ભાવના કરીને દોષ વિનાના કશ્યપ પ્રજાપતિ તમારા સ્વામી છે તેમની સેવા કરો ૧૯ આ વાત તમને કોઇ પૂછે તોપણ તમારે કહેવી નહિ, કારણ કે દેવતાની વાર્તા ઘણી ગુપ્ત રહે તો જ સિદ્ધ થાય છે.

શુકદેવજી કહે કે—આટલી વાત કહીને ભગવાન અંતર્ધાન થયા બાદ અદિતિ શ્રીહરિનો દુર્લભ એવો જન્મ પોતાના ઉદરથી થશે એવો વર મેળવી કૃતાર્થ થયેલા પુરૂષની પેઠે હર્ષ પામ્યાં અને પરમ ભક્તિથી પતિની સેવા કરવા લાગ્યા ભગવાન કશ્યપ કે જેમનું જ્ઞાન અમોઘ હતું તેમણે પોતાના

શરીરમાં ભગવાન છે એમ સમાધિના બળથી જાણ્યું. પછી સાવધાન મનવાળા કશ્યપે પવન જેમ લાકડામાં અગ્નિ નાંખે તેમ તપ વડે ઘણા કાળથી જાળવી રાખેલું સત્વ અદિતિને આપ્યું અને અદિતિના ગર્ભમા સનાતન ભગવાને વાસ કર્યો. બ્રહ્મા ગુપ્ત નામોથી પછી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.

બ્રહ્મા—હે વિષ્ણુ ! હે ભગવન ! તમારો વિજય થાઓ. હે ઉરૂક્રમ તમને નમસ્કાર છે. બ્રહ્મણ્યદેવ અને ત્રણ ગુણમય આપને મારા વારંવાર નમસ્કાર છે. ૨૫ પૃશ્નિના પુત્ર, વેદમાં પ્રકાશમાન વેધારૂપ ત્રણલોકની ઉપર રહેનાર અને જીવોમા અંતર્યામીરૂપે રહેલા આપ ભગવાન વિષ્ણુને હું નમસ્કાર કરૂં છું. ૨૬ તમે જગતના આદિ મધ્ય અને અંત સ્વરૂપ છો. વેદમાં આપને અનંત શક્તિવાળા પુરૂષરૂપે વર્ણવ્યા છે. નદીનો પ્રવાહ જેમ તૃણ કાષ્ઠ વગેરે વસ્તુને ખેંચી જાય તેમ તમે કાળમૂર્તિ પોતાને વિષે રહેલા જગતને ખેંચી જાઓ છો ૨૭ તમે સ્થાવર જંગમ પ્રજાના પ્રજાપતિઓને પણ ઉત્પન્ન કરનાર છો હે દેવ ! પાણીમા ડૂબતા મનુષ્યને જેમ નાવ એક મુખ્ય આશ્રય રૂપ થાય છે, તેમ સ્વર્ગમાંથી ભ્રષ્ટ થયેલા પ્રાણીઓને તમે આશ્રય રૂપ છો. ૨૮

त्वं वै प्रजानां स्थिर जंगमानां
प्रजापतीनामसि संभविष्णुः ।
दिवौकसां देव दिवश्च्युतानां
परायणं नौरिव मज्जतोऽप्सु ॥ २८ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेष्टमस्कंधे
सप्तदशोध्यायः

અધ્યાય ૧૮ મો.*

બલિના યજ્ઞમાં વામન.

શ્રીભગવાનુવાચ

इत्थं विरिंचस्तुतकर्मवीर्यः
प्रादुर्बभूवामृतभूरदित्याम् ।
चतुर्भुज शंखगदाब्जचक्रः
पिशंगवासा नलिनायतेक्षणः ॥ १ ॥

શુકદેવ કહે છે કે—બ્રહ્માએ જેનાં કર્મ ને પરાક્રમની સ્તુતિ કરી હતી એવા જન્મ મરણ રહિત ચાર બાહુવાળા શંખ ચક્ર ગદા અને પદ્મને ધારણ કરનાર પીળાં વસ્ત્ર ધારણ કરનાર અને કમળ જેવાં વિશાળ નેત્રવાળા અદિતિના ઉદરથી ઉત્પન્ન થયેલા ભગવાનની કાંતિ મેઘના જેવી શ્યામ હતી. મકરાકાર કુંડલોની કાંતિથી તેમનું મુખ શોભાતું હતું. વક્ષઃસ્થળમાં શ્રીવત્સનું ચિન્હ હતું કડાં બાજુબંધ સુંદર મુગટ કટિમેખલા અને મનોહર ઝાંઝરોથી તે શોભાતા હતા. ૨ જેમાં ભમરાઓના મંડળ ગણગણાટ કરતાં હતાં એવી પોતાની વનમાળાવડે શોભતા કંઠમાં કૌસ્તુભ મણિ ધારણ કર્યો હતો. કશ્યપના ઘરના અંધકારનો તે નાશ કરતા હતા. ભગવાનનો જન્મ થયો ત્યારે દિશાઓ ને જળાશયો નિર્મળ થયાં, પ્રજા આનંદ પામી ઋતુઓ પોતપોતાના ગુણોથી સંપન્ન થઇ. સ્વર્ગ આકાશ પૃથ્વી દેવતાઓ ગાયો બ્રાહ્મણો વગેરે પ્રસન્ન થયા. ભાદરવા મહિનામાં શુક્લ પક્ષની શ્રવણ નક્ષત્રવાળી દ્વાદશીને દિવસે અભિજિત્ મુહુર્ત્તમાં ભગવાનનો જન્મ થયો હતો. તે સમયે નક્ષત્ર તારા વગેરે સર્વ ગ્રહો અનુકૂળ હતા. ૫ બારશને દિવસે મધ્યાહ્ન સમયે શ્રીહરિનો જન્મ થયો હતો. જે તિથિએ શ્રીહરિનો જન્મ થયો તેને વિજયા દ્વાદશી કહે છે. ૬ જન્મ સમયે શંખ દુંદુભિ

* આ અધ્યાયમા ભગવાન વામનરૂપ ધારણ કરીને બળિરાજાના યજ્ઞમા ગયા અને બળિએ તેમનો સત્કાર કરી વર માગવાનું કહ્યું એ કથા કહેવાશે.

મૃદંગ પણવ અને નગારાં વાગવા લાગ્યાં વિચિત્ર વાજિત્રોનો અને તુરીઓનો મોટો શબ્દ થયો. ૭ અપ્સરાઓ નાચવા લાગી ગંધર્વો ગાવા લાગ્યા મુનિઓ દેવતાઓ મનુઓ પિતૃઓ અગ્નિઓ સિદ્ધો વિદ્યાધરો કિંપુરૂષો કિન્નરો ચારણો યક્ષો રાક્ષસો સુપર્ણો અને મોટા મોટા સર્પો સ્તુતિ કરવા લાગ્યા.૯ દેવતાઓના અનુચરો ગાવા સ્તુતિ કરવા અને નાચવા લાગ્યા. અદિતિના આશ્રમ ઉપર પુષ્પોની વૃષ્ટિ થઇ. અદિતિ પોતાના ગર્ભમાંથી પરમ પુરૂષ ભગવાનને ઉત્પન્ન થયેલા જોઇ આનંદ પામ્યાં અને યોગમાયાથી ભગવાને દેહ ધારણ કર્યો તેથી કશ્યપ પ્રજાપતિ ‘ જય જય ’ એમ બોલવા લાગ્યા ૧૧ અવ્યક્ત ચૈતન્ય સ્વરૂપ તથા અલૈકિક ગતિવાળા ભગવાને આભૂષણો તથા આયુધો સાથે પોતાનું જે વ્યક્ત સ્વરૂપ ધારણ કર્યું તે રૂપથી ભગવાન નટની પેઠે માતપિતાના દેખતાં વામન તથા બટુક રૂપે થયા. ૧૨ મોટા ઋષિઓ તે બટુકને જોઇ પ્રસન્ન થયા અને પ્રજાપતિને આગળ કરીને તેને જાતકર્માદિક સસ્કારો કર્યા. ૧૩ તેને ઉપવીત સંસ્કાર કર્યો તે વખતે સૂર્યે ગાયત્રીનો ઉપદેશ કર્યો બૃહસ્પતિએ ઉપવીત આપ્યુ, કશ્યપે મુંજની મેખલા આપી, ૧૪ પૃથ્વીએ કાળા મૃગનું ચામડું આપ્યું ચદ્રમાએ દંડ આપ્યો, માતાએ કોપીન આપ્યું. સ્વર્ગે છત્ર આપ્યું. ૧૫ હે મહારાજ ! બ્રહ્માએ કમ ડળ આપ્યું, સપ્તર્ષિઓએ દર્ભ આપ્યા સરસ્વતીએ માળા આપી. ૧૬ યક્ષના રાજા કુબેરે ભિક્ષાપાત્ર આપ્યું અને સાક્ષાત સતી ભગવતી અંબિકાએ ભિક્ષા આપી. ૧૭

આ પ્રમાણે સર્વ તરફથી માન પામેલા બટુક ભગવાન પોતાના બ્રહ્મતેજવડે બ્રહ્માગણોથી સેવાયલી સભામાં સર્વ કરતાં અધિક શોભવા લાગ્યા. ૧૮ વામને આહિતાગ્નિને પ્રગટી, પરિસમૂહન તથા પરિસ્તરણ કરી તેનું પૂજન કરી તેમા સમિધોનો હોમ કર્યો ૧૯ ભૃગુકુળના બ્રાહ્મણો બળિરાજાને સો અશ્વમેધ યજ્ઞ કરાવે છે અને તે મહા પ્રતાપી છે એમ સાંભળીને સર્વ બળથી સંપન્ન વામનજી ડગલે ડગલે પૃથ્વીને નમાવતા યજ્ઞમાં જવા નીકળ્યા. ભૃગુકુળના બ્રાહ્મણો જેઓ બળિરાજાના ઋત્વિજો હતા તેઓ નર્મદા નદીના ભૃગુકચ્છ નામે ઉત્તર તટ ઉપર અશ્વમેધ નામે મહાયજ્ઞ તેને કરાવતા હતા, તેઓએ પાસેના ભાગમાં ઉદય પામેલા સૂર્યના જેવા વામનજીને દીઠા. ૨૧ હે રાજા ! ઋત્વિજો યજસ્થાન અને સભાસદો જેઓ વામનના તેજથી નિસ્તેજ થઇ ગયા હતા તેઓ વિચાર કરવા લાગ્યા કે યજ્ઞ જોવાની ઇચ્છાથી શું સૂર્ય અથવા અગ્નિ કે સનત્કુમાર આવે છે ? ૨૨ આ પ્રમાણે ભૃગુવંશના બ્રાહ્મણો પોતાના શિષ્ય સાથે અનેક તર્ક વિતર્ક કરતા હતા એટલામા દંડ છત્ર તથા પાણીથી ભરેલુ કમંડળ હાથમા લઇ તે યજ્ઞમંડપમાં પધાર્યા. ૨૩ મુંજની કટિમેખલા તેમણે પહેરી હતી મૃગચર્મના ઉત્તરીયને જનોઇની માફક ઓઢયુ હતું, આખા માથા ઉપર કેશ હતા અને માયાથી મનુષ્ય રૂપ થયેલા ભગવાનને યજ્ઞમંડપમા પધારેલા જોઇને ભૃગુવંશના બ્રાહ્મણો શિષ્યો ને અગ્નિઓ જેઓ તેમના તેજથી ઝાંખા પડી ગયા હતા તેઓએ ઉભા થઇને માન આપ્યું. ૨૫ રૂપાળા અને રૂપને ઘટે તેવા અવયવવાળા ભગવાન વામનજીને જોઇને બલિ પ્રસન્ન થયો અને તેમને બેસવા આસન આપ્યું ૨૬ પછી શિષ્ટાચાર પ્રમાણે અભિનદન આપીને બળિરાજાએ બે ચરણો ધોઇ સંગરહિત ને મન હરણ કરનાર ભગવાનની પૂજા કરી. ૨૭ લોકોના પાપ મટાડનાર મંગલમય ચરણાર વિંદનું જળ બળિરાજાએ પોતાના મસ્તક ઉપર ધારણ કર્યું જે કે જળ દેવના દેવ ચંદ્રમૌલિ શંકર પણ પરમ ભક્તિથી પોતાના

મસ્તક ઉપર ધારણ કરે છે ૨૮

બળિ-તમે ભલે પધાર્યા. હે બ્રહ્મન ! હું તમારૂં શું પ્રિય કરૂં ? હું આપને બ્રહ્મર્ષિઓનું સાક્ષાત્ મૂર્તિમાન તપ માનું છું. ૨૯ મારા યજ્ઞમાં આપના પધારવાથી મારા પિતૃઓ તૃપ્ત થયા, આજે મારૂં કુળ પવિત્ર થયું અને આજે મારો યજ્ઞ પૂર્ણ થયો ૩૦ હે બ્રાહ્મણપુત્ર ! આજે તમારા પધારવાથી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે મારા અગ્નિઓમાં હોમ થયો તમારાં ચરણના જળથી મારાં પાપ નાશ પામ્યાં અને મારી પૃથ્વી તમારા પગલાંથી પવિત્ર થઇ.૩૧ હે બટુક ! તમારી જે ઇચ્છા હોય તે મારી પાસે માગો તમે માગવા આવ્યા છો એમ મને જણાય છે ગાય સુવર્ણ ઉત્તમ પ્રકારનું મનોહર ઘર અન્ન-પાન કન્યા સમૃદ્ધિવાળાં ગામ ઘોડાઓ હાથીઓ અથવા રથો જે ઇચ્છામાં આવે તે માગો.

यद्यद्बटो वांछसि तत्प्रतीच्छ मे
त्वामर्थिन विप्रसुतानुतर्कये ।
गां काञ्चनं गुणवद्धाममृष्ट
तथाऽन्नपेमुत वा विप्रकन्याम् ॥
ग्रामान्समृद्धांस्तुरगान्गजान्वा
रथांस्तथार्हत्तमसप्रतीच्छ ॥ ३२ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेऽष्टमस्कंधे
अष्टादशोध्याय:

અધ્યાય ૧૯ મો.†

વામને માત્ર ત્રણ પગલાં પૃથ્વી માગી

श्रीशुक उवाच

इति वैरोचनेर्वाक्यं धर्मयुक्त ससुनृतम् ।
निशम्य भगवान्प्रीतः प्रतिनंद्येदमब्रवीत् ॥

શુકદેવજી કહે છે કે-બળિરાજાનું ધર્મ યુકત સત્ય અને મધુર વચન સાંભળી ભગવાન પ્રસન્ન થયા અને બોલ્યા કે-હે રાજા ! જેને ધર્મ કાર્યમાં ભૃગુકુળના બ્રાહ્મણો સહાય છે અને જેને પારલૌકિક કાર્યમાં વૃદ્ધ તથા શાંત ગુણવાળા પ્રહ્લાદ પિતા છે એવા તમે તેમનુ વચન સત્ય મધુર કુળને ઘટે તેવું અને યશ આપનારૂં છે. ૨ તમારા કુળમાં કોઇ પુરૂષ બળહીન તેમ રંક ઉત્પન્ન થયો નથી. પ્રથમ બ્રાહ્મણને આપવાનું કહીને પછી ના પાડનારો અથવા કૃપણ પુરૂષ પણ જન્મ્યો નથી. ૩ તમારા કુળમાં કોઈ યાચકે તીર્થમાં અથવા બીજે સ્થળે યાચના કરતાં દાન આપવામાં તેમજ યુદ્ધ કરવામાં ના કહી નથી. કૃપણ મનના રાજાઓ તમારામાં થયા નથી. આકાશમાં ચંદ્રમા શોભે તેમ તમારા કુળમા પ્રહ્લાદ શોભે છે. ૪ તમારા કુળમાં જન્મેલો હિરણ્યાક્ષ હાથમાં ગદા લઈ દિગ્વિજય કરવા એકલોજ પૃથ્વી ઉપર ફરતો હતો પરંતુ તેને કોઇ લડનારો મળ્યો ન હતો. ૫ પૃથ્વીનો ઉદ્ધાર કરતી વેળા તે સામો આવતાં વિષ્ણુએ તેને કષ્ટે જીત્યો હતો. તેમણે તેનાં પરાક્રમને સંભારીને પોતાને મહા વિજયી માન્યો નહતો. ૬ હિરણ્યકશિપુ પોતાના ભાઈનો નાશ થયો એમ જાણી ક્રોધાયમાન થયો અને વિષ્ણુનો નાશ કરવા ગયો ૭ કાળને જાણનાર માયાવી ભગવાન કાળની પેઠે હાથમાં ત્રિશૂળ લઇ આવતા હિરણ્યકશ્યપુને જોઇ વિચાર કરવા લાગ્યા કે, હવે શું કરવું ? હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાં ત્યાં મૃત્યુ જેમ પ્રાણીઓની પાછળ ફરે તેમ આ દૈત્ય મારી પાછળ ફરે છે, હવે હું બહિર્દષ્ટિ દૈત્યના હૃદયમાં પેશી જાઉં. ૮ હે અસુર રાજા ! ખિન્ન થયેલા વિષ્ણુ પોતાના સૂક્ષ્મ દેહને તેના શ્વાસમાં અદૃશ્ય કરીને દોડયા આવતા શત્રુના શરીરમાં તેના પ્રાણના છિદ્રદ્વારા પેશી ગયા. ૧૦ હિરણ્યકશિપુએ જોયું તો વિષ્ણુ જોવામાં આવ્યા નહિ, શૂરવીર હિરણ્યકશિપુ ગર્જના કરીને પૃથ્વી સ્વર્ગ દિશા આકાશ પાતાલ ને સમુદ્રોમાં વિષ્ણુને શોધવા લાગ્યો, પરંતુ કયાંહી પણ તે

† આ અધ્યાયમા શ્રીહરિએ ત્રણ પગલા પૃથ્વી માગી એટલે બળિરાજાએ તે આપવાની હા કહી, ભૃગુએ બળિરાજાને તેમ કરવાની ના કહી.

જડયા નહિ. ૧૧ જ્યારે ભગવાન જોવામાં ન આવ્યા ત્યારે તે બોલ્યો કે મેં આખું જગત શોધ્યું, પરંતુ મારા ભાઇનો નાશ કરનારો મળ્યો નહિ માટે તે ખરેખર જ્યાં ગયેલો પુરૂષ પાછો આવતો નથી, એવા સ્થાનમાં ગયો હશે. ૧૨ આ પ્રમાણે આ જગતમાં દેહધારી મનુષ્યો વૈરનો સંબંધ મરણપર્યંત રાખે છે, તેમ અજ્ઞાન દૂર થયા પહેલાં અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો અને અભિમાનથી વૃદ્ધિ પામેલો ક્રોધ તજાતો નથી. ૧૩ તમારા પિતા અને પ્રહ્લાદના પુત્ર વિરોચન જેને બ્રાહ્મણ ઉપર પ્રીતિ હતી તેની પાસે દેવતાઓએ બ્રાહ્મણનો વેશ લઇને આયુષ્ય માગ્યું હતું. વિરોચન તેઓને જાણતા હતા કે, આ બ્રાહ્મણો નથી પણ દેવતાઓ છે તોપણ તેમણે બ્રાહ્મણના વેશ ધારી દેવતાઓને આયુષ્ય આપ્યું હતું. ૧૪ ગૃહસ્થ બ્રાહ્મણોએ તથા તમારા શૂરવીર પૂર્વજોએ અને બીજા ઉત્તમ કીર્તિવાળા પુરૂષોએ આચરણ કરેલા ધર્મો તમે પાળો છો. ૧૫ માટે હે દૈત્યરાજ ! વર આપનારાઓમાં ઉત્તમ એવા આપ પાસે હું વર માગું છું, તે એ કે, મને ત્રણ પગલાં પૃથિવી આપો. ૧૬ હે રાજા ! ઉદાર અને જગતના સ્વામી એવા આપ પાસેથી બીજું કંઇ માંગવાની હું ઈચ્છા રાખતો નથી વિદ્વાન્ પોતાને ઉપયોગ જેટલી વસ્તુ ગ્રહણ કરવાથી સંતોષ પામે છે.

બલિ—હે બ્રાહ્મણ પુત્ર ! તમારી વાણી વૃદ્ધ મનુષ્યો માન્ય કરે તેવી છે પરંતુ તમો બાળક છો તેથી સ્વાર્થમાં કુશળ નથી. ૧૮ હું લોકોનો રાજા છું ને દ્વીપ આપનારો છું. મને પ્રૌઢ વાણીથી પ્રસન્ન કરીને તમે ત્રણ પગલાં પૃથિવી માંગો છો તેથી બુદ્ધિહીન અને મૂર્ખ જણાઓ છો. ૧૯ હે બટુક ! મારી પાસેથી ઇચ્છા પ્રમાણે આજીવિકા ચાલે તેટલી ભૂમિ માંગી લ્યો. ૨૦

શ્રીભગવાન—હે રાજા ! ત્રણ લોકમા જેટલા પ્રિય વિષયો છે તે સર્વ ઇન્દ્રિયાધીન મનુષ્યોને તૃપ્ત કરી શકતા નથી. જે મનુષ્ય ત્રણ પગલા પૃથ્વીથી તૃપ્ત થતો નથી તે નવ ખંડવાળો દ્વીપ મળવાથી પણ સંતુષ્ટ થતો નથી. તેને સાતદ્વીપ લેવાની ઇચ્છા થાય છે. ૨૨ પૃથુ ગય વગેરે રાજાઓ જેઓ સાતે દ્વીપોમા રાજ્ય કરતા હતા, તેઓ અર્થ અને કામનાઓની તૃષ્ણાનો પાર પામ્યા ન હતા, ૨૩ જે મનુષ્ય દૈવેચ્છાથી મળેલી વસ્તુ ઉપર સંતોષ રાખે છે તે સુખી થાય છે, પરંતુ અસંતોષી અને ઇન્દ્રિયાધીન મનુષ્ય ત્રણ લોકો મળવાથી પણ સંતોષ પામતો નથી. ૨૪ અર્થ અને કામનામાં અસંતોષ રાખવો એ જ પુરૂષને સંસારનું કારણ થઇ પડે છે અને દૈવેચ્છાથી મળેલા અન્ન ઉપર સંતોષ રાખવો એ મુક્તિ આપનારૂં છે. ૨૫ જે બ્રાહ્મણો દૈવેચ્છાથી મેળલી વસ્તુ ઉપર સંતોષ લે છે, તેમનું તેજ વધે છે, અસંતોષ રાખવાથી પાણીવડે જેમ અગ્નિ શાંત પડી જાય તેમ બ્રહ્મનેજ નાશ પામે છે. ૨૬ વરદાન આપનારાઓમાં શ્રેષ્ઠ એવા તમો પાસેથી ત્રણ પગલા પૃથ્વી હું માગું છું અને તેથી જ મારૂં કામ સિદ્ધ થશે કારણ કે પ્રયોજન જેટલા ધનથી લોકોને સુખ મળે છે.

શુકદેવજી બોલ્યા કે—વામને આ પ્રમાણે કહ્યુ એટલે બળિ હસીને બોલ્યો કે—તમારે ઇચ્છા હોય તે પ્રમાણે પ્રતિગ્રહ કરો. એમ કહી વામનને પૃથ્વીનું દાન આપવા પાણિપાત્ર હાથમાં લીધું.૨૮ શુક્રાચાર્ય જે મોટા વિદ્વાન હતા તે રાજા વિષ્ણુને ભૂમિનું દાન આપશે એમ જાણતા હતા તથા વિષ્ણુના કર્તવ્યને પણ જાણતા હતા, તેમણે નીચે પ્રમાણે કહ્યું. ૨૯ હે બળિરાજા ! આ ભગવાન વિષ્ણુ છે અને તે દેવતાઓનું કાર્ય કરવા કશ્યપથી અદિતિને વિષે અવતર્યા છે. ૩૦ તમે અનર્થ જાણ્યા વિના પૃથ્વી આપવા જે પ્રતિજ્ઞા કરી તે સારૂં કર્યું નથી. આ કાર્યથી દૈત્યોને મોટો

અન્યાય થશે. ૩૧ માયાવી બટુકનું રૂપ ધારણ કરનાર શ્રીહરિ તમારૂં સ્થાન ઐશ્વર્ય લક્ષ્મી તેજ યશ અને શાસ્ત્રાભ્યાસ સર્વ લઈ ઈન્દ્રને આપશે. ૩૨ ભગવાન વિશ્વ જેવડી કાયા કરી ત્રણ પગલાંથી પૃથ્વીને આવરી લેશે, માટે વિષ્ણુને સર્વસ્વ આપીને તમે શું કરશો ? ૩૩ ભગવાન એક પગલાથી પૃથ્વીને બીજા પગલાથી સ્વર્ગને અને મોટી કાયાથી આકાશને ભરી લેશે. ત્રીજા પગને મૂકવાનું સ્થાન રહેશે નહિ. ૩૪ તેમ તમે આપવાની પ્રતિજ્ઞા કરેલી વસ્તુ જો આપશો નહિ તો નરકમાં વાસ થશે. કદાપિ તમે આપવાની ઈચ્છા કરશો તોપણ આપવા કહેલી પૃથ્વી આપી શકશો નહિ. ૩૫ જે દાનથી આજીવિકા ભાગી પડતી હોય એવા દાનને વિદ્વાનો વખાણતા નથી કારણ કે, જગતમાં આજીવિકાવાળાથી દાન યજ્ઞ તપ અને કર્મ થઈ શકે છે. ૨૯ ધર્મ યશ અર્થ અને કામ તેમજ પોતાના સંબંધીઓ એ પાંચ માટે ધન ખરચનાર પુરૂષ આ લોકમા ને પરલોકમાં સુખી થાય છે. ૩૭ ઋગ્વેદીઓએ કહેલું એક સત્ય સાંભળો. પુરૂષે અંગીકાર કરેલી વસ્તુને પાળવી તે સત્ય કહેવાય છે અને અંગીકાર કરેલી વસ્તુની ના પાડવી તે અસત્ય કહેવાય છે. ૩૮ સત્ય દેહરૂપી વૃક્ષના ફળ ફૂલ કહેવાય છે. જો વૃક્ષ હોય તો તે થાય છે પરંતુ વૃક્ષનો નાશ થાય તો તે પણ થતાં નથી અસત્ય દેહરૂપી વૃક્ષનું મૂળ છે અર્થાત્ અસત્ય બોલવું નહિ. થોડા અસત્ય વિના સત્યની સિદ્ધિ થતી નથી. ૩૯ જેનું મૂળ ઉખડી ગયું હોય તે વૃક્ષ જેમ સુકાઈ જાય અને થોડા વખતમા ઉખડીને જમીન ઉપર ઢળી પડે તેમ અસત્ય બોલવાથી આ દેહ નાશ પામે છે, ૪૦ કોઈ પણ માગવા માટે આવે ત્યારે ‘ હા ’ એવો અક્ષર કહેવો તે ધનને દૂર લઈ જનારો છે અને ધનવાનને ખાલી કરનાર છે. યાચકને જે વસ્તુ આપવા માટે હા પાડી હોય તે વસ્તુથી પુરૂષ ખાલી થાય છે. તેમજ જે પુરૂષ સર્વ ધન ભિક્ષુકને આપી દે છે તે ભોગાદિક સુખ સંપૂર્ણ રીતે ભોગવી શકતો નથી. ૪૧ તેમ જ ‘ના’ એવો અક્ષર કહેવો એ અમુક વસ્તુ આપવાની પ્રતિજ્ઞા કર્યા પછી ફરી જવા બરોબર છે અને તે અસત્ય વચન કહેવાય છે. ધનનો વ્યય ન થવાથી તે ધનવાનને ભરપૂર રાખે છે અને બીજાના ધનને ધનવાનની તરફ ખેંચી લાવે છે. જે મનુષ્ય નિત્ય કહે છે કે મારી પાસે કંઇ પણ નથી, હું દુઃખી છું, તે અસત્ય ભાષણથી બીજાના ધનને પોતાની પાસે ખેંચી લાવે છે જે મનુષ્ય કરેલી સર્વ પ્રતિજ્ઞાની ના પાડે છે તે અકીર્તિ મેળવી જીવતા જ મુઆ જેવો ગણાય છે. ૪૨

સ્ત્રીઓની પાસે ઉપહાસની વાતમાં વિવાહમાં વર વગેરેનાં વખાણ કરવામાં આજીવિકાની રક્ષા કરવામાં પ્રાણના સંકટમાં ને ગાય તથા બ્રાહ્મણોના હિતને માટે તથા સાચું બોલવાથી કોઇનો નાશ થતો હોય ત્યારે અસત્ય બોલવું એ નિંદાપાત્ર ગણાતું નથી. ૪૩

स्त्रीषु नर्मविवाहे च वृत्त्यर्थे प्राणसंकटे ।
गोब्राह्मणार्थे हिंसायां नानृतं स्याज्जुगुप्सितम्

इतिश्रीमद्भागवतेमहापुराणेष्टमस्कंधे
एकोनविंशातितमोध्यायः

અધ્યાય ૨૦ મો. †

વામનનું વિરાટ સ્વરૂપ.

श्रीशुक उवाच

बलिरेव गृहपतिः कुलाचार्येण भाषितः ।
तूष्णींभूत्वा क्षणं राजन्नुवाचावहितो गुरुम्

શુકદેવજી કહે છે કે—હે રાજન !

† આ અધ્યાયમા અસત્યથી ભય પામેલા બળિરાજાએ ભગવાનનુ કપટ જાણ્યા છતા તેમને પૃથ્વીનુ દાન આપ્યુ અને ભગવાને પછી વિરાટ સ્વરૂપ ધારણ કર્યું એ કથા કહેવાશે

કુલાચાર્યનું કહેવું સાંભળી બળિ થોડી વાર મૌન રહ્યો પરંતુ પછી સાવધ થઇ તેમને કહેવા લાગ્યો કે–આપે જે વાત કહી તે સત્ય છે, જેથી અર્થ કામ યશ અને આજીવિકાને હાનિ પહોંચતી નથી ને એવો ગૃહસ્થોનો ધર્મ હોવો જોઇએ ૨ પરંતુ હું 'આપીશ' એમ એકવાર પ્રતિજ્ઞા કરીને પછી ધનના લોભથી પ્રહ્લાદનો પૌત્ર થઇને એક જુગારીની પેઠે આ બ્રાહ્મણને ના કહીશ નહિ. ૩ ઋષિઓ એમ કહે છે કે, અસત્યના જેવો બીજો અધર્મ નથી અને હું અસત્ય ભાષણ કરનાર મનુષ્ય વિના બીજા સર્વને ઉથાપી શકું એવો મારો મત છે ૪ હું જેવો બ્રાહ્મણને ઠગવાથી ડરૂ છું તેવો નરકથી દરિદ્રતાથી દુઃખના સમુદ્રથી રાજ્યના વિનાશથી અથવા મૃત્યુથી પણ ડરતો નથી. ૫ આ લોકમા આપણા મરણ પછી જે જે ધનાદિક વસ્તુ આપણો ત્યાગ કરે છે તે વસ્તુઓ જીવતાં બ્રાહ્મણોને આપીને પ્રસન્ન કરવામાં આવે નહિ તો પછી તેનું પ્રયોજન શું? મહાત્મા પુરૂષો ત્યાગ કરી શકાય નહિ એવો પ્રાણ પણ ત્યાગ કરીને પ્રાણીઓનું કલ્યાણ કરે છે. તેમાં દધીચિ શિબિ વગેરે રાજાઓનું દૃષ્ટાંત યુકત છે, ત્યારે મારે પૃથ્વી ધન આદિ ત્યાગ કરવામાં શા માટે આનાકાની કરવી? હે મહારાજ! યુદ્ધમાં પાછી પાની નહિ કરનાર મોટમોટા દૈત્યરાજાઓ પૃથ્વીને ભોગવતા હતા તેઓના વૈભવને કાળ ગળી ગયો પરંતુ તેઓએ પૃથ્વી ઉપર જે કીર્તિ મૂકી તે અમર છે. યુદ્ધમાં દેહનો ત્યાગ કરનાર પુરૂષો મળવા સુલભ છે પરંતુ સુપાત્ર મળતાં તેઓને શ્રદ્ધાથી ધન આપનાર પુરૂષો મળવા સુલભ નથી. ૯ દયાળુ ઉદાર પુરૂષને હરકોઇ યાચકની યાચના પૂર્ણ કરતાં દરિદ્રતા આવે તો તે પણ સારૂ મનાય છે ત્યારે આપના જેવા વેદવેત્તા બ્રાહ્મણોને દાન આપતાં દરિદ્રતા આવે તેમાં શું સારૂ કહેવાય? હું આ બ્રાહ્મણ બટુકને તેમની ઈચ્છાનુસાર દાન આપું છું. ૧૦ હે મુનિ! વેદવિધિમાં નિપુણ એવા આપ યજ્ઞો અને ક્રતુઓથી આદર સાથે જેનું યજન કરો છો એવો આ વિષ્ણુ હો કે પછી બીજો કોઇ શત્રુ હો પરંતુ હું તો એમને તેમની ઇચ્છા પ્રમાણે પૃથ્વી આપીશ. આ વિષ્ણુ મને અધર્મથી બાંધીને કેદ કરશે તોપણ હું ભયથી બ્રાહ્મણનું શરીર ધારણ કરીને આવેલા આ શત્રુને મારીશ નહિ. ૧૨ વિષ્ણુ ઉત્તમ કીર્તિવાળા હોઇને પોતાની કીર્તિનો ત્યાગ કરવાની ઇચ્છા કરત નહિ તો તે યુદ્ધમા મારો નાશ કરીને આ પૃથ્વીને હરી જાત અથવા તો મારા હાથથી મરણ પામીને તે ધરણી ઉપર ઢળી પડત.

શુકદેવજી કહે છે કે–હે રાજન! ગુરૂનાં વચન ઉપર શ્રદ્ધા વિનાના અને ગુરૂની આજ્ઞા નહિ પાળનારા મનસ્વી શિષ્યને દૈવની પ્રેરણાથી ગુરૂ શુક્રાચાર્યે શાપ દીધો કે ૧૪ અમારી ઉપેક્ષાને લીધે તું અભિમાની થઈ ગયો છે. વળી અજ્ઞાની છતા પોતાને અત્યંત પંડિત માને છે ને તેં અમારી આજ્ઞાનો ભંગ કર્યો છે માટે તું થોડા સમયમાં રાજ્ય લક્ષ્મીથી ભ્રષ્ટ થઇશ ૧૫ આ પ્રમાણે ગુરૂએ શાપ દીધો પણ તે ઉદાર રાજા પોતાના સત્ય સંકલ્પથી ચલાયમાન થયો નહિ. તેણે વામનની પૂજા કરી તેમના હાથમાં જળ આપીને તેમને પૃથ્વીનું દાન દીધું. ૧૬ બળિરાજાની સ્ત્રી વિન્ધ્યાવલિ મોતીના આભૂષણો પહેરીને ત્યા આવ્યાં અને પગ ધોવાના જળથી ભરેલી સોનાની ઝારી લાવ્યાં. બળિરાજાએ વામન ભગવાનના ચરણ ધોઈને જગતને પવિત્ર કરનારૂં તે જળ પોતાના મસ્તક ઉપર ચઢાવ્યું.૧૮ આકાશમા રહેલા અને બળિની સરલતાના તથા કાર્યનાં વખાણ કરતા દેવતાઓ ગંધર્વો વિદ્યાધરો સિદ્ધો ને ચારણો તેમની ઉપર પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા.૧૯ હજારો દુંદુભિ વારંવાર વાગવા લાગ્યાં,

ગંધર્વો કિંપુરૂષો અને કિન્નરો કહેવા લાગ્યા કે આ ઉદાર મનના બળિરાજાએ જાણવા છતાં શત્રુને ત્રણ લોક આર્પી દીધા, એ કામ તેણે ખરેખર બીજાથી બની શકે નહિ એવું કર્યું ૨૦ પછી અનંત ભગવાનનુ ત્રણ ગુણવાળું વામનરૂપ આશ્ચર્ય રીતે વધવા માડયું. તેમાં પૃથ્વી આકાશ દિશાઓ સ્વર્ગ પાતાળ સમુદ્ર પશુ પક્ષીઓ સર્વ સમાઈ ગયાં.૨૧ ઋત્વિજો આચાર્યો અને સભાસદો સાથે બળિરાજાએ મહાવિભૂતિવાળા ભગવાનની ત્રિગુણાત્મક કાયામાં પાંચ ભૂતો ઈંદ્રિયો તેના વિષયો અંતઃકરણ અને જીવ સાથે આખા ત્રિગુણાત્મક વિશ્વને દીઠું ૨૨ બળિરાજાએ વિશ્વમૂર્તિ ભગવાનના પગનાં તળીઆમાં પાતાળ બે ચરણમા પૃથ્વી પીંડીઓમાં પર્વતો ઘુંટણમાં પક્ષીઓ અને સાથળમાં પવનના ગુણો દીઠા વસ્ત્રમા સંધ્યાકાલ ગુહ્યસ્થાનમાં પ્રજાપતિઓ જંઘામા પોતાની સાથે રહેલા દૈત્યાદિકો નાભિમા આકાશ ઉદરમા સાત સમુદ્રો અને છાતીમાં નક્ષત્રોની પંક્તિ દીઠી. ૨૪ હૃદયમા ધર્મ સ્તનમાં ઋત તથા સત્ય, મનમાં ચંદ્ર, વક્ષઃસ્થલમાં તથા હાથમાં લક્ષ્મીજી અને કંઠમાં સામ ગાનો તથા સર્વ શબ્દો દીઠા ૨૫ હાથમાં ઈંદ્રાદિક દેવતાઓ કાનમા દિશાઓ, મસ્તકમા સ્વર્ગલોક, કેશમાં મેઘ, નાસિકામા વાયુ, નેત્રમા સૂર્ય, મુખમાં અગ્નિ ૨૬ વાણીમાં છંદો, જીહ્વામા વરૂણ ભ્રકુટીમાં વિધિનિષેધ, પાપણોમાં દિવસ-રાત્રિઓ લલાટમાં ક્રોધ નીચેના હોઠમાં લોભ, ૨૭ સ્પર્શમા કામ વીર્યમાં જય પીઠમાં અધર્મ, પગની ગતિમાં યજ્ઞ, છાયામાં મૃત્યુ હસવામાં માયા, રૂંવાંમાં ઔષધિઓ ૨૮ નાડીઓમાં નદી નખમાં શિલાઓ બુદ્ધિમાં બ્રહ્મા ઇન્દ્રિયોમાં દેવતા અને ઋષિયો તથા સર્વ શરીરના અવયવોમાં સ્થાવર જંગમાત્મક પ્રાણીઓ દીઠા. ૨૯ હે રાજા! સર્વાત્મા ભગવાનને વિષે સર્વ જગતને જોઈને અસુરો મોહ પામ્યા પછી અસહ્ય તેજવાળું સુદર્શન ચક્ર વિજળીના જેવા કડાકા કરતું શત્રુ નામે ધનુષ મેઘના જેવા ગંભીર સ્વરવાળો પાંચજન્ય શંખ વેગવાળી વિષ્ણુની કૌમોદકી ગદા ચંદ્રમા જેવું ખડ્ગ અખુટ બાણોથી ભરેલા ભાથાઓ તથા લોકપાલો સાથે સુનંદ પાર્ષદો ભગવાનની પાસે આવી હાજર થયા. હે રાજા! ભગવાને શોભાયમાન મુગટ, બાજુબંધ ને મકરાકાર કુંડળો ધારણ કર્યાં હતાં શ્રીવત્સ નામે રત્નથી જડેલો ઉત્તમ પ્રકારના વસ્ત્રો અને પુષ્પની વનમાળા પહેરી હતી. ભગવાન ઉરૂક્રમે એક પગલાથી બળિરાજાની પૃથ્વીને શરીરવડે આકાશને અને બીજા પગલાથી સ્વર્ગને આવરી લઈ ત્રીજુ પગલુ મુકાવા માટે બળિરાજાની પાસે પૃથ્વી રહી નહિ અને ઉરૂક્રમ ભગવાનનો ચરણ છેક જનલોક મહર્લોક અને તપલોકને ઓલંઘીને સત્ય લોકમાં જઇ પહોંચ્યો. ૩૪

पदं द्वितीयं क्रमतस्त्रिविष्टपं
न वै तृतीयाय तदीयमण्वपि ।
उरुक्रमस्यांघ्रिरुपर्युपर्यथो
महर्जनाभ्यां तपसः परं गतः ॥३४॥

इतिश्रीमद्भागवतेमहापुराणेष्टमस्कंधे
विंशोध्यायः

અધ્યાય ૨૧ મો.†

બળિરાજા બંધાયો.

राजोवाच

सत्य समीक्ष्याब्जभवो नखेंदुभिर्हत-
स्वधामद्युतिरावृतोऽभ्यगात् ।
मरीचिमिश्रा ऋषयो बृहद्व्रताः
सनन्दनाद्या नरदेव योगिनः ॥ १ ॥

શુકદેવજી કહે છે કે—હે રાજન્! ભગવાનના ચરણને સત્યલોકમાં આવેલો જોઈ બ્રહ્મા, કે જેમના લોકની કાંતિ ભગવાનના

† આ અધ્યાયમા ત્રણ પગલા પૂર્ણ ન થયાં તેથી વિષ્ણુએ બળિરાજાની કીર્તિ જગતમાં પ્રખ્યાત કરાવવા માટે તેને બાંધ્યો એ કથા કહેવાશે.

નખચંદ્રોથી ઝળાંઝળાં થતી હતી તે મરીચિ મિશ્ર વગેરે ઋષિઓ સનત્કુમારાદિ નૈષ્ટિક બ્રહ્મચારીઓ યોગીઓ વેદો યમો નિયમો તર્કો ઇતિહાસો વેદનાં છ અંગો પુરાણો તેમની સંહિતાઓ તથા યોગરૂપી પવનથી ઉદ્દીપન થયેલા જ્ઞાનાગ્નિથી જેમના કર્મરૂપી પાપો બળી ગયાં હતાં એવા બીજા મહાત્માઓ ભગવાનના ચરણની પાસે ગયા અને તેમના સ્મરણ કરવાના પ્રભાવથી જ્યાં કર્મ કરવાથી જઈ શકાય નહિ એવા બ્રહ્મલોકમા જઇને તે પવિત્ર ચરણને પ્રણામ કર્યા. પછી નાભિ કમળમાંથી ઉત્પન્ન થયેલા પવિત્ર કીર્તિવાળા બ્રહ્માએ ઉંચા કરેલા ભગવાનના તે ચરણને અર્ધ્યજલ આપીને પૂજા કરી તથા ભક્તિથી તેમની સ્તુતિ કરી ૩ હે રાજા ! ભગવાનના ચરણારવિંદ ધોવાથી પવિત્ર થયેલું બ્રહ્માના કમંડળનું પાણી આકાશમાંથી નીચે પડતી ગંગા નદીને નામે જગતમાં પ્રખ્યાત થયું અને જે ભગવાનની નિર્મળ કીર્તિના જેવી દેખાતી ગંગા નદી ત્રણ લોકના પાપનો નાશ કરે છે. ૪ આ પ્રમાણે બળિએ પૂજન કર્યા પછી પોતાની વિભૂતિને સંકેલી લેનાર પોતાના સ્વામી ભગવાન વામનજીને લોકપાળોએ તથા બ્રહ્માદિક દેવતાઓએ પોતાના અનુચરોની સાથે બળિ અર્પણ કર્યો. ૫ જળ નૈવેદ્ય પુષ્પોની માળા દિવ્ય ચંદનના લેપ સુગંધી ધૂપ દીપ શાળની ધાણી અક્ષત ફળ વગેરેથી ભગવાનનુ પૂજન કર્યું ૬ પછી જયજયકારના શબ્દોથી ભગવાનનાં પરાક્રમોને વર્ણવતા સ્તોત્રોથી નૃત્યોથી વાદિત્રોથી ગીતોથી શંખ અને દંદુભિઓના નાદોથી ઉત્સવ કરવા લાગ્યા. ૭ મન જેવા વેગવાળા રીંછના રાજા જાંબુવાને ભેરી વગાડીને સર્વ દિશાઓમાં ભગવાનના વિજય રૂપી મહોત્સવને ગજાવી મૂકયો. ૮ પછી યજ્ઞની દીક્ષામા રહેલા પોતાના રાજા બળિની આખી પૃથ્વીને ત્રણ પગલાં પૃથ્વીની કપટ યુક્ત યાચનાથી ભગવાને હરી લીધી તે જોઇને અસુરો અત્યંત ક્રોધાવેશમાં આવી ગયા અને બોલી ઉઠયા કે, ૯ આ બટુક બ્રાહ્મણ નથી પરંતુ મોટો માયાવી છે અને તે બ્રાહ્મણના રૂપમાં ગુપ્ત રહીને દેવતાઓનું કાર્ય સાધવાની ઇચ્છા રાખે છે. ૧૦ બટુકના રૂપમા રહેલા આણે ત્રણ પગલાં પૃથ્વી માગીને યજ્ઞમાં કોઇને પણ શિક્ષા નહિ કરવાની પ્રતિજ્ઞાવાળા આપણા પવિત્ર રાજાનું સર્વસ્વ લઇ લીધું છે બળિ નિત્ય સત્યવાદી છે તેમાં વળી હમણા અધુરામાં પૂરૂં યજ્ઞની દીક્ષા લઇ બેઠા છે, બ્રાહ્મણની રક્ષા કરનાર અને દયાળુ છે માટે તે મિથ્યા બોલી શકે નહિ. ૧૨ આ કપટી બટુકનો નાશ કરવો એમાં ધર્મ રહેલો છે અને તેમ કરવાથી આપણા સ્વામીની સેવા કરી ગણાશે. એવો વિચાર કરીને બળિના અનુચરોએ હથિયારો લીધા. ૧૩ તેઓ ક્રોધમા આવી જઇ હાથમાં શૂલ અને પટ્ટિશ વગેરે લઇ બળિરાજાની ઇચ્છા વિરૂદ્ધ વામનને મારવા ધસ્યા. ૧૪ હે રાજા ! દૈત્યોના સેનાપતિઓને પોતાના તરફ ચઢી આવતા જોઇ ભગવાનના પાર્ષદોએ હસી તેઓને અટકાવ્યા. ૧૫ નંદ સુનંદ જય વિજય પ્રબલ બલ કુમુદ કુમુદાક્ષ વિષ્વક્સેન ગરૂડ જયંત શ્રુતદેવ પુષ્પદંત તથા સાત્વત દશ હજાર દશ હજાર હાથીઓ જેટલા બળવાળા ભગવાનના પાર્ષદો દૈત્યની સેનાને મારવા લાગ્યા. ૧૭ અસુરોને ભગવાનના સેવકોથી હણાતા જોઈ બળિરાજા શુક્રાચાર્યનો શાપ સંભારી ક્રોધાવેશમા આવી ગયેલા અસુરોને અટકાવીને કહેવા લાગ્યા કે, ૧૮ 'હે વિપ્રચિત્તિ ! મારૂં કહેવુ સાભળો ! તમે લડશો નહિ આ સમય આપણને અનુકૂળ નથી. હે દૈત્યો ! જે કાળ સર્વ પ્રાણીઓને સુખ તથા દુઃખ આપવા સમર્થ છે તે કાળને કોઈ પણ પુરૂષ પ્રયત્ને કરીને પણ ઉલ્લંઘન કરી શકતો નથી.

૨૦ જે કાળ પ્રથમ આપણને સુખ આપતો હતો અને દેવોને દુ:ખ દેતો હતો તે આજે વિપરીત છે. ૨૧ કોઇ પણ મનુષ્ય બળથી મંત્રીઓથી બુદ્ધિથી કિલ્લાઓથી મંત્રોથી ઔષધિઓ તથા સામાદિક ઉપાયોથી કાળને ઓલંઘી શકતો નથી. ૨૨ તમને જ્યારે કાળ અનુકૂળ હતો ત્યારે તમે ભગવાનના પાર્ષદોને જીતી લીધા હતા પરંતુ હાલ તેઓ યુદ્ધમાં આપણને જીતે છે. ૨૩ જો દૈવ અનુકૂલ થશે તો આપણે તેઓને હરાવીશું માટે તમે કાળની પ્રતિક્ષા કરો. ૨૪

શુકદેવજી કહે છે કે—હે રાજા! દૈત્ય અને દાનવના સેનાપતિઓ પોતાના રાજાનું કહેવું સાંભળીને ભગવાનના પાર્ષદોથી માર ખાઇ રસાતળ પાતાળમાં પેસી ગયા. ૨૫ પછી ગરૂડે પોતાના સ્વામી વિરાટ્ ભગવાનનું કર્તવ્ય જાણીને યજ્ઞમા સોમવલ્લી ખાડવાની વરૂણની મોટી પાશથી બળિરાજાને બાંધી લીધો. ૨૬ મહા સમર્થ એવા વિષ્ણુએ અસુરના રાજા બળિને બાંધ્યો તેથી આકાશમાં પૃથ્વી ઉપર તથા સર્વ દિશાઓમાં મોટો હાહાકાર થઇ રહ્યો. ૨૭ હે રાજા! ભગવાને લક્ષ્મીભ્રષ્ટ થયા છતા સ્થિર પ્રતિજ્ઞાવાળા ઉદાર યશવાળા વરૂણની પાશથી બંધાયલા બળિરાજાને કહ્યું કે—હે અસુર! તેં મને ત્રણ પગલાં પૃથ્વી આપવાનું કહ્યું છે તો હવે ત્રીજું પગલું કયા મૂકવું તે બતાવ. ૨૯ જેટલામાં ચંદ્રમા પોતાનાં નક્ષત્રો સાથે પ્રકાશ પાડે છે અને જેટલામાં વરસાદ વર્ષે છે તેટલી આ પૃથ્વી તારી છે. ૩૦ મેં તારા દેખતાં તારી પૃથ્વીને એક પગલાથી આવરી લીધી છે. આકાશ તથા દિશાઓ શરીરથી આવર્યા છે તોપણ એક પગલું બાકી રહ્યું છે. ૩૧ જે પગલું આપવા માટે તેં પ્રતિજ્ઞા કરેલી છે તે તું આપતો નથી, તેથી તારો નરકમાં વાસ થશે, માટે તારા ગુરૂ શુક્રાચાર્યની આજ્ઞા પ્રમાણે નરકમાં જઇને વાસ કર! ૩૨ જે મનુષ્ય પ્રતિજ્ઞા કરેલી વસ્તુ યાચકને નથી આપતો તેના મનોરથો નિષ્ફળ જાય છે તેનાથી સ્વર્ગે જવાતું નથી અને તે નરકમાં પડે છે. ૩૩ ધનનું અભિમાન રાખનાર તેં હું ત્રણ પગલાં પૃથ્વી આપીશ એમ કહીને મને છેતર્યો તેથી તું નરકમાં જઇ પડીશ.

विप्रलब्धो ददामीति त्वयाहं चाढ्यमानिना
तद्व्यलीकफलं भुंक्ष्व निरयं कतिचित्समा:

इतिश्रीमद्भागवतेमहापुराणेऽष्टमस्कंधे
एकविंशोऽध्याय:

અધ્યાય ૨૨ મો.†

ભગવાન બળિના દ્વારપાળ થયા.

श्रीशुक उवाच

एवं विप्रकृतो राजन् बलिर्भगवताऽसुर: ।
भिद्यमानोऽप्यभिन्नात्मा प्रत्याहाविक्लवं वच:

શુકદેવજી કહે છે કે—હે રાજન! ભગવાને અસુરના રાજા બળિનું અપમાન કર્યું તેમ છતાં તે સત્વગુણથી જરાએ ચળ્યો નહિ અને તેણે ભગવાનને આ પ્રમાણે કહ્યું.

બળિ—હે ઉત્તમ શ્લોક! આપ મારૂં વચન મિથ્યા માનો છો પરંતુ હું તેને સત્ય કરૂં છું. મારૂં વચન મિથ્યા નહિ થાય. આપ મારા મસ્તક ઉપર ત્રીજું ચરણ મૂકો. બે પગલાંથી વિશ્વને ભરી લીધું તેથી તારૂં મસ્તક પૂરૂં પડશે નહિ એમ ધારતા નહિ, કારણ કે મારા ધનમાં તમારાં બે પગલાં રોકાયાં તેના કરતાં મારૂં મસ્તક મોટું છે. ધન કરતાં ધનવાળો મોટો હોય છે. ૨ હું જેટલો મિથ્યા ભાષણથી ડરૂં છું તેટલો નરકથી ડરતો નથી, પદ ઉપરથી ભ્રષ્ટ થવાથી ડરતો નથી પાશમાં બંધાયાથી ડરતો નથી દુસ્તર એવા દુ:ખથી ડરતો નથી તેમ તમારી

† આ અધ્યાયમા ભગવાને પ્રસન્ન થઇ બળિરાજાને વરદાનો આપી સુતલ પાતાલમાં મોકલ્યા અને તેટલી કૃપા પણ ઓછી માનીને તેના દ્વારપાળ થયા, એ કથા છે

શિક્ષાથી પણ ડરતો નથી. ૩ હું મહાત્માએ પુરૂષોને આપેલી શિક્ષાને વધારે માનું છું કારણ કે એ શિક્ષા માતા પિતા ભ્રાતા તથા સંબંધીઓ પણ આપતાં નથી. ૪ તમે અમારા પરોક્ષ રીતે મોટા ગુરૂ અને કલ્યાણ કર્તા છો, કારણ કે તમે અનેક મદોથી આંધળા થયેલા જે અમે તેઓને ઐશ્વર્યથી ભ્રષ્ટ કરીને જ્ઞાનદૃષ્ટિ આપી છે. ૫ જે ભગવાન વિષે દૃઢ એવી વૈરબુદ્ધિ રાખવાથી ઘણા અસુરો સિધ્ધિ પામ્યા છે અને આશ્ચર્યની વાત છે કે જે સિધ્ધિને મોટા યોગીઓ પામ્યા છે તેને હું પણ પામ્યો છું. ૬ અનંત ચરિત્ર કરનાર આપે મને વરૂણના પાશથી બાંધ્યો તોપણ હું લજવાતો નથી અને ખેદ પણ પામતો નથી. આપે મારા ઉપર શિક્ષારૂપી જે અનુગ્રહ કર્યો તે તમારો પૌત્ર સમજીને કર્યો છે. હું અનુગ્રહનું પાત્ર નથી. આપના માનીતા ભકતોમા ઉત્તમ પ્રકારની વાતોને પ્રકટ કરનાર તમારે વિષે તત્પર રહેનાર મારા દાદા પ્રહ્‌લાદને તમારા શત્રુ અને તેમના પિતા હિરણ્યકશિપુએ અનેક દુઃખ દીધાં ત્યારે તેમણે વિચાર કર્યો કે, આ દેહનું શું પ્રયોજન છે? એ દેહ છેવટે મારો પણ ત્યાગ કરનાર છે. સગાં સંબંધી રૂપી ચોર લોકોનું પણ શું પ્રયોજન છે? કારણ કે તેઓ ધનને હરણ કરે છે. સ્ત્રી છે તે પણ જન્મ મરણ રૂપી સંસાર ઉત્પન્ન કરનારી છે. ઘરબારો છે તેમાં રહેવાથી મનુષ્યોના આયુષ્યનો નાશ થાય છે. ૯ આ પ્રમાણે નિશ્ચય કરીને અગાધ બોધવાળા મારા પિતામહ પોતાનાં સગાં સંબંધીઓથી ભય પામી દૈત્યોના પક્ષનો નાશ કરનારાં આપનાં સર્વત્ર નિર્ભય એવાં ચરણને શરણે આવ્યા હતા. ૧૦ લક્ષ્મીથી ગર્વિષ્ઠ બુધ્ધિવાળો થયેલો મનુષ્ય કાળની પાસે રહેલા પોતાના નાશવંત જીવિતને જાણતો નથી, તે લક્ષ્મીથી આપે મને પરાંગમુખ કર્યો અને મારૂં દૈવ મને મારા શત્રુરૂપે જણાતા આપની પાસે ખેંચી લાવ્યું તે ઠીક થયું. ૧૧

શુકદેવજી કહે છે કે—હે કુરૂશ્રેષ્ઠ! આ પ્રમાણે બળિરાજા કહેતો હતો એટલામાં પૂર્ણિમાનો ચંદ્રમા ઉદય પામે તેમ ભગવાનના પ્રિય ભક્ત પ્રહ્‌લાદ ત્યાં આવ્યા. ૧૨ તેમનું શરીર દિવ્ય સૌંદર્યથી શોભતું હતું, નેત્ર, કમળ જેવાં હતાં, શરીર ઉન્નત હતું, અંગ ઉપર પીળાં વસ્ત્રો હતાં, શરીરની કાંતિ શ્યામ હતી બાહુ વિશાળ હતા. આવા મહા ભાગ્યશાળી પ્રહ્‌લાદને બળિરાજાએ દીઠા. ૧૩ પરંતુ તે વરૂણની પાશથી બંધાયલો હતો તેથી પ્રથમની પેઠે પૂજન કરી શકયો નહિ અને માત્ર મસ્તકથી તેમને નમ્યો. તે સમયે તેમની આખમાં આંસુ આવ્યાં અને નીચું મુખ કરીને ઉભા. પછી સુનંદ નંદ પાર્ષદોએ સેવાતા ભગવાનને ઉભેલા જોઈ ઉદાર મનવાળા પ્રહ્‌લાદે ભગવાનની પાસે પૃથ્વી ઉપર પડી મસ્તક નમાવીને પ્રણામ કર્યો, અને બળિ ઉપર અનુગ્રહ કરાવ્યો તે જોઈને સર્વે આનંદ પામ્યા

પ્રહ્‌લાદ—આ બળિને તમે સમૃધ્ધિવાળું ઇંદ્રનું પદ આપ્યું હતું અને હમણાં તે જ પદ પાછું લઇ લીધું તે સારૂં કર્યું. મનને મોહ કરનારી લક્ષ્મીથી તેને ભ્રષ્ટ કર્યો તે તમે તેના ઉપર મોટો અનુગ્રહ કર્યો, એમ હું માનું છું. ૧૬ વિદ્વાન પણ જે લક્ષ્મીથી મોહ પામે છે ને લક્ષ્મી જ્યાં સુધી હોય ત્યાં સુધી કયો પુરૂષ પોતાના સ્વરૂપને યથાર્થ રીતે સમજે છે? મારા પૌત્ર ઉપર અનુગ્રહ કરનારા જગતના ઈશ્વરને સર્વ લોકના સાક્ષી એવા આપ નારાયણને હું નમસ્કાર કરૂં છું.

શુકદેવજી કહે છે કે—હે રાજન! પછી હાથ જોડીને ઉભેલા પ્રહ્‌લાદના સાંભળતાં ભગવાન બ્રહ્મા ભગવાનને કહેવા લાગ્યા. ૧૮ એટલામાં પોતાના પતિ બળિરાજાને બાંધેલો જોઈ વિંધ્યાવલિ ભયથી વિહ્વલ

થઇ બે હાથ જોડી નીચું મુખ રાખી ભગવાનને પ્રણામ કરીને કહેવા લાગી કે—હે ઇશ્વર! આ ત્રણ લોક તમે પોતે રમવા માટે બનાવેલા છે, તેમાં બીજા કુબુધ્ધિ લોકો લજ્જા મૂકીને પોતાનું ધણીપણું કરવા જાય છે પરંતુ તે મિથ્યા છે. તમે ત્રણ લોકના કર્ત્તા પાલનકર્ત્તા અને સંહારકર્ત્તા છો તથા અમે સ્વતંત્ર છીએ એવો અધિકાર પણ તમે તેઓને આપ્યો છે. તેઓ તમને શું આપનાર છે? કારણ કે તમે જ સર્વના સ્વામી છો માટે બુધ્ધિવાળા મારા પતિને કૃપાવડે છૂટો કરીને તેની રક્ષા કરો ૨૦

બ્રહ્મા બોલ્યા કે—હે લોકોની રક્ષા કરનાર ઇશ! જેનું આપે સર્વસ્વ હરી લીધું છે એવા બળિને છોડી મૂકો તે શિક્ષાનું પાત્ર નથી. ૨૧ એણે તમને સર્વ પૃથ્વી તથા કર્મોથી સંપાદન કરેલા સર્વ લોકો અર્પણ કર્યા છે, તેમ જ એણે દૃઢબુધ્ધિથી તમને પોતાનું સર્વસ્વ અને દેહ પણ અર્પણ કર્યા છે. ૨૨ નિર્મળ બુધ્ધિવાળો મનુષ્ય આપના ચરણને વિષે પાણીથી અથવા તો દૂર્વાનાં અંકુરોથી પણ પ્રેમપૂર્વક પૂજા કરે છે તો તે ઉત્તમ પ્રકારની ગતિને પામે છે ત્યારે મનમાં ખેદ ન લાવતાં ત્રણ લોકનું રાજ્ય આપને આપનારો મનુષ્ય કેમ પીડા પામે? ૨૩

શ્રીભગવાન બોલ્યા કે—હું જેના ઉપર અનુગ્રહ કરૂં છુ તેની લક્ષ્મીનો નાશ કરૂં છું કારણ કે તે પુરૂપ લક્ષ્મીના મદથી ગર્વિષ્ઠ બની લોકોનું તથા મારૂં અપમાન કરે છે. ૨૪ જીવાત્મા પોતાના કર્મોથી નાના પ્રકારની જાતિમાં અવતાર લેતો કોઇ વખત મનુષ્ય અવતાર લે છે, અને તે અવતારમાં જન્મ કર્મ અવસ્થા રૂપ વિદ્યા ઐશ્વર્ય તથા ધન આદિકથી તે જીવને જો ગર્વ થાય નહિ તો તેના ઉપર મારો અનુગ્રહ ઉતરે છે. ૨૬ જે મનુષ્ય મારા ઉપર ભક્તિવાળો હોય તે અભિમાનરૂપી અકડાઇમાં કારણરૂપ અને ચારે તરફથી સર્વ કલ્યાણના શત્રુ રૂપ એવા ઉત્તમ કુળમાં જન્મ ધનવંતપણું અને મોહ પામતો નથી અને એવા ભક્તોને હું લક્ષ્મી આપું છું. જે અભક્તો ધનાદિકથી મોહ પામે છે તેમની પર અનુગ્રહ કરવાને ધન હરી લઉં છું. ૨૭ આ બળિ દાનવને દૈત્યોમાં અગ્રણી અને તેઓની કીર્તિમાં વધારો કરનારો છે તેણે મારી માયાને જીતી છે કારણ કે દુઃખી છતાં તે મુંઝાતો નથી. ૨૮ ધન રહિત અને રાજ્ય ભ્રષ્ટ થયો શત્રુઓએ તેનો તિરસ્કાર કર્યો બાંધ્યો સંબંધીજને ત્યાગ કર્યો ગુરૂએ તિરસ્કાર કર્યો શાપ દીધો તો પણ તેણે પોતાનું સત્ય છોડયું નથી. મેં છળ કરી તેને ધર્મની વાત કહી છતાં તેણે ધર્મનો ત્યાગ કર્યો નથી. ૩૦ દેવતાઓને દુર્લભ એવા મારા સ્થાનમાં તે જશે અને સાવર્ણિ નામે આઠમા મન્વન્તરમાં ઈંદ્ર થશે. ૩૧ વિશ્વકર્માએ બનાવેલા સુતલમાં રહેશે. જ્યાં રહેનારાઓને મારી કૃપાદૃષ્ટિથી આધિ વ્યાધિ શ્રમ તંદ્રા ને પરાજય આદિ દુઃખો થતાં નથી. ૩૨ હે બળિ! દેવતાઓ જેની ઇચ્છા કરે એવા સુતલમાં તું તારાં પરિજન સાથે જા અને ત્યાં તારૂં કલ્યાણ થાઓ! ૩૩ લોકપાળો તારો પરાભવ કરશે નહિ અને જે દૈત્યો તારી આજ્ઞા ઉઠાવશે નહિ તેઓને મારૂં ચક્ર કાપી નાંખશે. ૩૪ હું તારા અનુચર અને સરસામાન સાથે તારી રક્ષા કરીશ. હે વીર! તુ ત્યાં મારાં દર્શન કરીશ દૈત્ય—દાનવોના સંગથી તને જે અસુરભાવ પ્રાપ્ત થયો છે તે મારા પ્રભાવથી નાશ પામશે. ૩૬

तत्र दानवदैत्यानां संगात्ते भाव आसुरः।
दृष्ट्वा मदनुभावं वै सद्यः कुंठो विनंक्ष्यति ३६

इतिश्रीमद्भागवते महापुराणेऽष्टमस्कंधे
द्वाविंशोऽध्यायः

અધ્યાય ૨૩ મો.‡

ઇન્દ્રે વામનની સહાયતાથી સ્વર્ગ મેળવ્યું.

શ્રીશુક ઉવાચ

इत्युक्तवंतं पुरुषं पुरातनं
महानुभावोऽखिलसाधुसंमतः ।
बद्धांजलिर्बाष्पकलाकुलेक्षणो
भक्त्युत्कला गद्गदया गिरा ब्रवीत् ॥ १ ॥

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે પુરાણપુરૂષે કહ્યા પછી મોટા પ્રભાવવાળા સર્વ મહાત્માઓમાં મુખ્ય ભક્તિની ઉત્કંઠાવાળા બળિ રાજાની આંખમાં અશ્રુઓ આવ્યાં અને તે બે હાથ જોડીને ગદ્ગદ વાણીએ ભગવાનને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૧

બળિ—ઓહો આપને પ્રણામ કરવાની કેવી બલિહારી છે! આપને પ્રણામ કરવાનો આરંભ કરતાં જ આપ શરણાગત ભક્તનાં કાર્ય કરો છો. લોકપાળોએ પૂર્વે જે અનુગ્રહ મેળવ્યો ન હતો તે તમે આ અસુરને કર્યો છે. આ પ્રમાણે કહીને શ્રીહરિને શંકરને અને બ્રહ્માને પ્રણામ કરી વરૂણના પાશમાંથી છુટેલો બળિરાજા અસુરોના સાથે સુતલ નામે પાતાળમાં ગયો. આ પ્રમાણે ઇન્દ્રને સ્વર્ગ પાછું અપાવી અદિતિની કામના પૂર્ણ કરી ઉપેંદ્રરૂપે હરિ આખા જગતનું રાજ્ય કરવા લાગ્યા. ૪ પછી ભક્તિમાં મસ્ત પ્રહ્લાદ પોતાના પૌત્ર બળિને ભગવાનનો કૃપાપાત્ર જોઇ આ પ્રમાણે કહેવા લાગ્યા. ૫

પ્રહ્લાદ—વિશ્વ જેમના ચરણને નમે છે એવા તથા મહાત્મા લોકો જેમના ચરણને નમે છે એવા આપ અમારા અસુર લોકોના દ્વારપાળ થયા. આવો અનુગ્રહ બ્રહ્મા પણ મેળવતા નથી, આવો અનુગ્રહ લક્ષ્મીએ મેળવતા નથી, તેમ આવો અનુગ્રહ શંકર પણ મેળવતા નથી તો બીજા કયાંથી મેળવે! ૬ શરણ આપનાર બ્રહ્માદિક દેવતાઓ આના ચરણારવિંદના રસની સેવાથી વૈભવો ભોગવે છે, પરંતુ અમે તો તમારા ચરણની સેવાએ કરી નથી. નીચ અને ખળજાતિના છીએ, તેમની ઉપર તમે શા માટે અનુગ્રહદૃષ્ટિ કરી? ૭ તમે અપાર એવી યોગમાયાની લીલાવડે સર્વ બ્રહ્માંડને સરજનારા છો સૃષ્ટિનિર્માણ કરવામાં કુશળ છો, તમારૂં ચરિત્ર આશ્ચર્યકારક છે. તમે સર્વાત્મા તથા સમદૃષ્ટિવાળા છો, છતા ભકત ઉપર પ્રીતિ રાખો છો તેમાં તમારો વિષમ સ્વભાવ નથી, કારણ કે તમારો સ્વભાવ અતિ શાંત સરલ અને કલ્પતરૂના જેવો છે. ૮ પછી ભગવાન બોલ્યા કે—હે વત્સ! તારૂં કલ્યાણ થાઓ! તું સુતલ નામે પાતાળમા જા અને ત્યાં પૌત્રની સાથે આનંદમાં રહી સર્વને સુખ આપ. ૯ તું પાતાળમા મને નિત્ય ઉભેલો જોઇશ, મારાં દર્શન કરવાથી તને મોટો આનંદ થશે તથા તારાં સર્વ કર્મબંધનો છુટી જશે. ૧૦

શુકદેવજી કહે છે કે—પછી નિર્મળ બુદ્ધિવાળા પ્રહ્લાદે બે હાથ જોડી બળિરાજાની સાથે ઠીક છે, તેમ કરૂં છું, એમ કહીને વિષ્ણુ એવા ભગવાનની આજ્ઞાને માથે ચઢાવી. ૧૧ પછી સર્વ અસુરોની સેનાના પતિ બળિરાજા વામનને પ્રદક્ષિણા ને પ્રણામ કરી, અનુજ્ઞા લઈને પાતાળમાં ગયા. ૧૨ પછી હે રાજન! બ્રહ્મવાદીઓની સભામાં ઋત્વિજોની વચ્ચે પોતાની પાસે બેઠેલા શુક્રાચાર્યને ભગવાન નારાયણે કહ્યું કે—હે મહારાજા! તમારો શિષ્ય યજ્ઞ કરતો હતો તેમાં જે કંઈ ઉણપ રહી ગઇ હોય તે તમે પૂર્ણ કરો. કર્મમાં જે કંઇ ઉણપ રહી ગઇ હોય તે બ્રાહ્મણોની દૃષ્ટિથી પરિપૂર્ણ થાય છે.

‡ આ અધ્યાયમા બળિરાજા તેના દાદા સાથે સુતલ પાતાલમાં ગયા, એટલે વામન ભગવાનના પ્રભાવથી ઇંદ્ર સ્વર્ગનુ રાજ્ય પ્રાપ્ત કરી આનંદમાં રહેવા લાગ્યો, એ કથા કહેવારો

શુક્રાચાર્ય બોલ્યા કે–કર્મના પ્રવર્તાવનાર યજ્ઞના ઈશ્વર તથા યજ્ઞપુરૂષ એવા આપની બળિએ સર્વ પદાર્થોથી પૂજા કરી છે માટે તેના કર્મમા ઊણપ કેમ રહે ? ૧૫ મંત્ર તંત્ર દેશ કાળ પાત્ર દક્ષિણા વગેરેમા જે કંઈ ન્યૂનતા રહી ગઇ હોય તે સર્વ આપના ચરિત્રનું કીર્તન કરવાથી પૂર્ણ થાય છે. ૧૬ હે વ્યાપક ! તમે કહો છો તેથી હું તમારી આજ્ઞા પાળીશ, તમારી આજ્ઞા પાળવી એ પુરૂષોને કલ્યાણકારક છે. ૧૭

શુકદેવજી કહે છે કે–આ પ્રમાણે શુક્રાચાર્યે ભગવાનની આજ્ઞાને માન્ય કરી બ્રહ્મર્ષિઓના સાથે બળિરાજાના યજ્ઞમા જે અપૂર્ણતા હતી તે પૂર્ણ કરી ૧૮ વામનરૂપે થયેલા શ્રીહરિએ બળિરાજા પાસેથી પૃથ્વીની ભિક્ષા માગી શત્રુઓએ લીધેલુ સ્વર્ગ ઇંદ્રને પાછુ અપાવ્યું. પછી પ્રજાપતિઓના પતિ બ્રહ્મા દેવતાઓ પિતૃઓ મનુઓ દક્ષ ભૃગુ અંગિરા પ્રમુખ મુનિઓ સનત્કુમારો તથા શંકરને સાથે લઇને કશ્યપ અને અદિતિને સારૂં લગાડવા સર્વ પ્રાણીઓના કલ્યાણ માટે વામનને સર્વ લોકના તથા લોકપાળોના પતિ કર્યો. ૨૧ હે રાજન ! વેદ સર્વ દેવતા ધર્મ યશ લક્ષ્મી મંગળ વ્રત સ્વર્ગ અને મોક્ષનુ પાલન કરવામા સમર્થ એવા ઉપેંદ્ર જ્યારે સર્વના કલ્યાણ માટે તેમને નીમ્યા ત્યારે સર્વ પ્રાણીઓ આનંદ પામ્યા. ૨૩ ઇંદ્ર બ્રહ્માના અનુમોદનથી લોકપાળોની સાથે વામનને આગળ કરી દેવયાનદ્વારા તેમને સ્વર્ગમા લઇ ગયો ૨૪ વામનથી રક્ષાયલો ઈંદ્ર ત્રણ લોકનું રાજ્ય પામી નિર્ભય થઈ મોટી રાજ્યલક્ષ્મી ભોગવતો સ્વર્ગમાં આનંદ કરવા લાગ્યો. ૨૬ બ્રહ્મા શંકર સનત્કુમાર ભૃગુ વગેરે મુનિઓ પિતરો સર્વ પ્રાણીઓ તથા વિમાનચારી સિદ્ધ લોકો ભગવાનના તે આશ્ચર્યજનક મોટા કામનાં તથા અદિતિના વખાણ કરતા પોતાના સ્થાનકોમાં ગયા. ૨૭ હે કુળને હર્ષ આપનાર ! શ્રોતાઓના પાપનો નાશ કરનારૂં ભગવાનનું આ સર્વ ચરિત્ર મેં તમને કહ્યું. ૨૮ જે મનુષ્ય ભગવાનના મહિમાનો અંત જોવાની ઇચ્છા કરે છે તે મનુષ્ય પૃથ્વી ઉપરના રજકણો ગણવાનો પ્રયત્ન કરે છે. ભગવાનનો મહિમા અપાર છે. મંત્રોના દ્રષ્ટા વસિષ્ઠમુનિ કહે છે કે, જન્મનારો અથવા તો જન્મેલો મનુષ્ય ભગવાનના મહિમાના પારને કદાપિ પણ પામી શકતો નથી. જે મનુષ્ય અદ્ભુત કર્મ કરનાર દેવના દેવ શ્રીહરિના અવતારના ચરિત્રને સાંભળે છે, તે પરમ ગતિને પામે છે. ૩૦ દેવતા સંબંધી પિતૃ સંબંધી તથા મનુષ્ય સંબંધી કોઇ પણ કર્મ કરવામા આવતું હોય તે સમયે જ્યા જ્યા આ ચરિત્રનો પાઠ કરવામા આવે ત્યા ત્યા તેમનું કર્મ યથાર્થ રીતે કરેલું કહેવાય છે. ૩૧

क्रियमाणे कर्मणीदं दैवे पित्र्येऽथ मानुषे ।
यत्र यत्रानुकीर्त्येतत्तत्तेषां सुकृतं विदुः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेष्टमस्कंधे
त्रयोविंशोध्यायः

અધ્યાય ૨૪ મો.

મત્સ્યાવતારની લીલા.

भगवन् श्रोतुमिच्छामि हरेरद्भुतकर्मणः ।
अवतारकथामाद्यां मायामत्स्यावडबनम् ॥

રાજા પરીક્ષિતે પૂછયું કે–હે મહારાજ ! અદ્ભુત કર્મ કરનાર ભગવાને પ્રથમ માયાથી મત્સ્યાવતારની લીલા કરી તે અવતારકથા હું સાભળવાની ઇચ્છા રાખું છું. ૧ ભગવાને લોકમા નિંદાપાત્ર તમોગુણી અને પ્રકૃતિને લીધે દુસ્સહ એવું માછલીનું રૂપ પોતે કર્મથી બંધાયલા હોય તેમ શામાટે ધારણ કર્યું ? ૨ એ સર્વ હે મહારાજ ! આપ અમને

* આ અધ્યાયમા પ્રસંગાનુસાર ભગવાનના મત્સ્યાવતારની લીલાનુ વર્ણન કરે છે, જે મત્સ્યાવતારે મહાસાગરમા સત્યવ્રત રાજાની રક્ષા કરી હતી

યથાર્થ રીતે કહેવાને યોગ્ય છો, કારણ કે ઉત્તમ કીર્તિવાળા ભગવાનનું ચરિત્ર સર્વ લોકોને સુખકારી છે. ૩

સૂત કહે છે કે—હે શૌનક! એ રીતે પરીક્ષિતે ભગવાન શુકદેવજીને પ્રશ્ન કર્યા એટલે તેમણે–વિષ્ણુએ મત્સ્યરૂપે જે ચરિત્ર કર્યું હતું તે ચરિત્ર કહેવા માંડ્યું. ૪

શુકદેવજી કહે છે કે—હે રાજન! ગાય બ્રાહ્મણ દેવતા સત્પુરૂષ વેદ ધર્મ તથા અર્થની રક્ષા કરવાની ઇચ્છાથી ભગવાન અવતારો ધારણ કરે છે. ૫ વાયુ જેમ ઉંચા નીચા સર્વ પદાર્થોમાં ફરે છે છતાં ઉંચ નીચપણું પામતો નથી, તેમ ઇશ્વર પણ બુદ્ધિના ગુણોથી મનાયલા ઉંચા નીચા સર્વ પદાર્થોમાં અંતર્યામીપણાથી વ્યાપી રહેલા છે નિર્ગુણપણાને લીધે ઉંચા નીચાપણાને પામતા નથી. ૬ ગયા કલ્પને અંતે બ્રહ્માનો દિવસ પૂરો થવાથી નૈમિત્તિક પ્રલય થયો હતો તે પ્રલયમાં હે રાજન! ભૂર્લોક ભુવર્લોક તથા સ્વર્ગલોક એ ત્રણ લોક સમુદ્રમાં ડુબી ગયા હતા. ૭ પછી કાળે કરીને બ્રહ્માને નિદ્રા આવવાથી સુવાની ઇચ્છા થઇ તે સમયે બળવાન હયગ્રીવ નામે રાક્ષસ તેમના મુખમાંથી નીકળેલા અને તેની પાસે રહેલા વેદોને હરી ગયો હતો ૮ દૈત્યના રાજા હયગ્રીવનું અનર્થકારક ચરિત્ર જોઇ ભગવાન શ્રીહરિએ મત્સ્યાવતાર ધારણ કર્યો. સત્યવ્રત નામે એક રાજર્ષિ ભગવાનનો મોટો ભકત હતો તે જળનું પાન કરીને તપશ્ચર્યા કરતો હતો ૧૦ એ રાજા આ મહા કલ્પમાં સૂર્યના પુત્ર શ્રાદ્ધ દેવને નામે પ્રખ્યાત હતો. શ્રીહરિએ તેને મનુ બનાવ્યો હતો. ૧૧ તે રાજા એક દિવસે કૃતમાલા નામે નદીમાં બેસીને તર્પણ કરતો હતો એટલામાં તેના ખોબામાં રહેલા પાણીની અંદર એક નાની માછલી આવી. ૧૨ હે ભરતવંશી રાજા! દ્રવિડ દેશના રાજા સત્યવ્રતે પાણીની સાથે આવેલી માછલીને નદીના પાણીમાં નાખી. માછલી મહા દયાળુ રાજાને દયા ઉપજે એવી રીતે તેને કહેવા લાગી કે—હે દીનવત્સલ રાજા! હું પોતાની જાતિનો નાશ કરનાર આ જળજ તુઓથી બીહું છુ. મને દીનને આ નદીના જળમાં તું શામાટે નાખે છે? ૧૪ એ સત્યવ્રત રાજા જાણતો નહતો કે ભગવાન પ્રીતિપૂર્વક પોતાનો અનુગ્રહ કરવા મત્સ્યાવતાર ધારણ કરીને અવતર્યા છે ભગવાનને નહિ ઓળખવાથી તેણે માછલીની રક્ષા કરવાનો વિચાર કર્યો. ૧૫ રાજાએ માછલીનું વચન સાંભળી તેને પોતાના કમંડળમાં નાખી આશ્રમમાં રક્ષાર્થે આણી ૧૬ તે એક રાત્રિમાં તો કમંડળમાં વધી ગઇ અને તેમાં પાતે ન સમાવાથી રાજાને કહેવા લાગી કે—હું આ કમંડળમાં કષ્ટથી રહેવાને ખુશી નથી માટે તું મારે માટે મોટું સ્થાન કર, કે જેમાં હું સુખેથી રહું ૧૮ રાજાએ તેને કમંડળમાંથી બહાર કાઢી એક કુંડમાં નાખી ત્યાં નાખ્યા પછી તે બે ઘડીમાં ત્રણ હાથ વધી ગઇ, ૧૯ અને બોલી કે—હે રાજન! આ કુંડ મને સુખથી રહેવાને પૂરતો નથી, માટે મને કોઈ મોટું સ્થાનક આપ, કારણ કે હું તારે શરણે આવેલી છુ. ૨૦ સત્યવ્રતે તને તેમાંથી કાઢીને સરોવરમાં નાખી ત્યાં આગળ તે પોતાના શરીરથી પાણીને ઢાંકી દઇને મોટા માછલાના આકારમાં વધી ગઇ. ૨૧ અને બોલી કે—હે રાજા! મને આ જળ રહેવા જેટલું નથી, મારી રક્ષા માટે તું મને કોઇ અખુટ જળાશયમાં નાખ. ૨૨

આ પ્રમાણે મહા મત્સ્યે રાજાને કહ્યું એટલે રાજા તેને જુદા જુદા અખુટ જળાશયોમાં લઈ ગયો ત્યાં ત્યાં તે તે જળાશયના જેવડી મોટી થઇ. તેથી છેવટે તેને સમુદ્રમાં નાખી. ૨૩ રાજાએ તેને સમુદ્રમાં નાખી તે સમયે તેણે રાજાને કહ્યું કે—હે વીર! આ સમુદ્રમાં મહા બળવાળા મગર મત્સ્ય વગેરે

મને ખાઇ જશે માટે તારે મને આમાં નાંખવી તે યોગ્ય નથી ૨૪ આ રીતે મધુરી વાણી બોલીને તે મત્સ્યે રાજાને મુંઝવ્યો ત્યારે રાજાએ તેને પૂછયું કે—માછલાના રૂપથી મોહ ઉત્પન્ન કરનાર તમે કોણ છો ? ૨૫ તમે એક દિવસમા સો યોજનના સરોવરમા વ્યાપી ગયા આવુ પરાક્રમી જળચર તો મેં કોઇ પણ દિવસ દીઠુ ન હતું તમે સાક્ષાત અવિનાશી એવા માયાપતિ ભગવાન નારાયણ છો અને પ્રાણીઓના કલ્યાણને અર્થે જળચરનું રૂપ ધારણ કરી આવ્યા છો. હે પુરૂષશ્રેષ્ઠ! તમને નમસ્કાર કરૂ છું હે જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા પ્રલયના અધિપતિ! હે વિભો! તમે શરણાગત એવા જે અમે ભકતો, તેઓના મુખ્ય તથા સત્ય આશ્રયરૂપ છો ૨૮ તમારા સર્વ ક્રીડાવતારો પ્રાણીઓના કલ્યાણ માટે થયા છે,વાસ્તે તમે તમારૂં આ રૂપ જે કારણ માટે ધારણ કર્યુ હોય તે કારણ મને કહો ૨૯ હે કમલનયન! જેમ દેહાભિમાની એવા બીજા લોકોનું શરણ નિષ્ફળ જાય છે તેમ સર્વ પ્રાણીઓના સંબધી અને પ્રિય આત્મારૂપ એવા આપના ચરણનુ શરણ નિષ્ફલ જતુ નથી, કારણ કે આપે અમને ભકતોને આવું અદ્ભુત સ્વરૂપ દેખાડયુ છે ૩૦ જગતના પતિ યુગના ક્ષય વખતે મત્સ્યનું રૂપ ધારણ કરનાર પ્રલય પયોધિમા વિહાર કરવાની ઇચ્છાવાળા ખરા ભકત ઉપર પ્રીતિ રાખનાર અને મત્સ્યાવતારધારી ભગવાન રાજાનુ હિત કરવાની ઇચ્છાથી આ પ્રમાણે કહેવા લાગ્યા.

ભગવાન બોલ્યા કે—હે અરિંદમ! આ જથી માંડીને સાતમે દિવસે ભૂર્લોક ભૂવર્લોક વગેરે ત્રણ લોક પ્રલયના સમુદ્રમાં ડુબી જશે ૩૨ અને જયારે પ્રલયના પાણીમા ત્રણે લોક ડુબતા માડે ત્યારે મારી મોકલેલી એક મોટી નૌકા તમારી પાસે આવશે. તમે સર્વ ઔષધિઓ અને નાના મોટા બીજ લઇ સપ્તર્ષિઓની તથા સર્વ જીવોની સાથે તેમાં બેસજો અને ગભરાયા વિના પ્રલયને લીધે એકાકાર થયેલા અગાધ સમુદ્રમાં, ઋષિઓના તેજથી પ્રકાશ મેળવીને વિહાર કરજો ૩૫ જયારે પવનથી તે હાલકડોલક થવા માડે અને હું ફરતો ફરતો આવું ત્યારે વાસુકિ નાગથી તેને મારા શિંગડાની સાથે બાધજો ૩૬ હે રાજા! હું સપ્તર્ષિઓની સાથે તેમા બેઠેલા તમને બ્રહ્માની રાત્રિ પૂરી થશે ત્યાંસુધી મહાસાગરમા ખેંચતો ફર્યા કરીશ. ૩૭ મારો મહિમા પરબ્રહ્મના જેવો છે, તે વિષે મારી સાથે પ્રશ્નો કરવાથી મેં પ્રકાશ કરેલા પરબ્રહ્મને મારા અનુગ્રહથી તમારા હૃદયમા અપરોક્ષ રીતે ધારણ કરજો.

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે સત્યવ્રત રાજાને કહીને શ્રીહરિ ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. પછી રાજા ભગવાને જે સમય કહ્યો હતો તે સમયની રાહ જોવા લાગ્યો. ૩૯ રાજર્ષિ જેઓનાં મુખ પૂર્વ દિશા તરફ કરેલા હતા એવા પૃથ્વી ઉપર પાથરેલા દર્ભો ઉપર બેસી શ્રીહરિના ચરણનું ધ્યાન કરવા લાગ્યા. ૪૦ એમ કરતા છ દિવસ થઈ ગયા અને સાતમો દિવસ આવ્યો ત્યારે સમુદ્રે મર્યાદા મૂકી વરસાદ વરસવાથી પાણી વધી જઇ જાણે પૃથ્વીને ચોતરફથી બોળી દેવા લાગ્યો. રાજા ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરતો હતો એટલામાં તેણે નૌકાને આવતી દીઠી ઔષધિઓ તથા સર્વ જાતની વનસ્પતિઓ લઇ સપ્તર્ષિઓની સાથે તે તેમા બેઠો. પ્રસન્ન થયેલા મુનિઓ કહેવા લાગ્યા કે—હે રાજા! કેશવ ભગવાનનું ધ્યાન ધરો કે આ સંકટમાથી આપણું રક્ષણ ને કલ્યાણ કરે. ૪૩ રાજાએ ભગવાનનુ ધ્યાન કર્યુ કે, એક લાખ યોજન મોટો શિંગડાવાળો સોનાનો મચ્છ સમુદ્રમા પ્રગટ થયો. ૪૪ ભગવાને પોતાને પ્રથમ જે પ્રમાણે કહ્યુ હતું તે પ્રમાણે રાજાએ વાસુકિ નાગરૂપી દોરડાથી તેના

શિંગડાં સાથે નોકાને બાંધી અને પ્રસન્ન થયેલો તે પછી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો.

રાજા—અનાદિ કાળની અવિદ્યાથી જેમનુ આત્મજ્ઞાન નાશ પામ્યું હતું એવા લોકો અજ્ઞાનને લીધે ઉત્પન્ન થનાર આ સંસારમા જન્મ મરણરૂપી પરિશ્રમોથી આતુર થઇ જાય છે, પરંતુ જેમના અનુગ્રહથી તથા જેમના આશ્રયથી મુક્તિ પ્રાપ્ત થાય તે મુક્તિ આપનાર આપ અમારા પરમ ગુરૂ છો. ૪૬ અજ્ઞાની મનુષ્ય પોતાનાં કર્મથી બંધાયલો હોય છે તે સુખની આશાથી દુંખો વેઠીને પણ કર્મ કરે છે, પરંતુ તે સુખની ઇચ્છા રૂપી બુદ્ધિને મનુષ્ય જેમની સેવાથી કાપી નાંખે છે, તે ભગવાન અમારા ગુરૂ થઈને અમારા હૃદયમાં રહેલી દેહાભિમાનરૂપી ગાઠને કાપી નાખો. ૪૭ રૂપું જેમ અગ્નિમા તપવાથી મેલનો ત્યાગ કરી પોતાના સ્વરૂપમા આવે છે તેમ પુરૂષ ભગવાનની સેવાથી મનના મળને છોડી પોતાના સ્વરૂપને પામે છે. તે છ વિકાર રહિત અવનાશી ઇશ્વર અમારા ગુરૂના પરમ ગુરૂ થાઓ. ૪૮ બીજા દેવતાઓ ગુરૂઓ તથા સર્વ લોકો પોતે એકઠા થઇ જે ભગવાનની કૃપાના દશ હજારમા ભાગના એક અંશ જેટલી પણ કૃપા કરવાને સમર્થ નથી તે ઇશ્વરને હુ શરણે છું. ૪૯ તમે કહેશો કે મને ગુરૂ કરવાનુ શું પ્રયોજન ? તેના ઉત્તરમાં કહીશ કે, જેમ આંધળાને દોરનારો આંધળો ગુરૂ હોય છે તેમ અજ્ઞાની મનુષ્યનો મૂર્ખ ગુરૂ હોય છે, માટે અમારા પોતાના સ્વરૂપને જાણવાની ઇચ્છાવાળા અમે સર્વ ઇંદ્રિયોના પ્રકાશક તથા સૂર્ય ચન્દ્ર જેમના નેત્ર છે એવા આપને ગુરૂ કરીએ છીએ. ૫૦ સદ્ગુરૂનુ શરણ છોડી જેઓ પ્રાકૃત એટલે મૂર્ખ ગુરૂની સેવા કરે છે તે અનર્થને પામે છે, કારણ કે મનુષ્ય મનુષ્યને વિષયાદિકના જ્ઞાનનો ઉપદેશ કરે છે, ને તે જ્ઞાનથી મનુષ્ય નરકમાં પડે છે. આપ અવિનાશી અને સફળ એવા જ્ઞાનનો ઉપદેશ આપો છો. જે જ્ઞાનવડે મનુષ્ય પરિશ્રમ વિના પોતાના સ્વરૂપને જાણે છે. ૫૧ તમે સર્વ લોકના સ્નેહી પ્રિય તથા ઇશ્વર છો આત્મા ગુરૂ જ્ઞાનને ઇષ્ટસિદ્ધિરૂપ છો તથા તમે પ્રાણીમાત્રના હૃદયમા રહેલા છો, તોપણ કામનામા બંધાયલા હોવાથી મંદ બુદ્ધિવાળા મનુષ્યો આપને ઓળખતા નથી. ૫૨ હું જ્ઞાનનો ઉપદેશ લેવા પ્રાર્થના કરવા યોગ્ય અને દેવતાઓમા ઉત્તમ એવા આપને શરણે છુ હે મહારાજ! તમે પરમાર્થ વસ્તુનો પ્રકાશ કરનાર વચનોથી હૃદયની અહંકાર આદિક ગ્રંથીઓને કાપી નાખો અને પોતાના સ્વરૂપનો પ્રકાશ કરો.

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે સ્તુતિ કરતા રાજાને મત્સ્યાવતાર ધારણ કરનાર ભગવાન આદિ પુરૂષે સાગરમાં વિહાર કરતાં કરતા તત્ત્વ જ્ઞાનનો ઉપદેશ દીધો. ૫૪ તથા સાંખ્ય યોગ અને કર્મકાંડની જેમાં કથા છે તથા જેમા પોતાનુ રહસ્ય ચરિત્ર છે એવી મત્સ્યપુરાણ નામે દિવ્ય સંહિતા સંભળાવી. નૌકામા બેઠેલા સત્યવ્રત રાજાએ સપ્તર્ષિઓની સાથે ભગવાને કહેલા આત્મસ્વરૂપ સનાતન બ્રહ્મને નિશ્ચયપણાથી સાંભળ્યા. ૫૬ ગયો પ્રલય—પૂર્વનો પ્રલય પૂરો થઇ રહ્યા પછી આ મત્સ્યાવતારધારી ભગવાને વેદોનું હરણ કરનાર હયગ્રીવ નામે રાક્ષસનો નાશ કરીને જાગ્રત થયેલા બ્રહ્માને પાછા વેદો આપ્યા હતા. ૫૭ જ્ઞાન તથા વિજ્ઞાનવાળો સત્યવ્રત રાજા ભગવાનની કૃપાથી આ કલ્પમા વૈવસ્વત નામે મનુ થયો છે. ૫૮ જે મનુષ્ય રાજર્ષિ સત્યવ્રત અને માયાવડે મત્સ્યાવતારધારી ભગવાનના સંવાદરૂપ આ મોટા આખ્યાનને સાંભળે છે તે પાપમાંથી મુક્ત થાય છે ૫૯ જે મનુષ્ય નિરંતર શ્રીહરિના અવતારનું કીર્તન કરે છે તેના

સંકલ્પો સિદ્ધ થાય છે અને તે પરમ ગતિને પામે છે. ૬૦ જેમણે પ્રલય પયોધિમાં નિંદ્રા વશ થયેલા બ્રહ્માના મુખમાંથી વેદોનું હરણ કરનાર હયગ્રીવનો નાશ કરીને તેણે હરી લીધેલા વેદો પાછા આણી આપ્યા હતા તથા જેમણે સત્યવ્રત અને સપ્તર્ષિઓને પરબ્રહ્મના સ્વરૂપનો ઉપદેશ કર્યો હતો તે સર્વ જગતના કારણ તથા માયાવડે મત્સ્યનું સ્વરૂપ ધારણ કરનાર પરમેશ્વરને હું પ્રણામ કરૂં છું ૬૧

प्रलयपयसि धातुः सुप्तशक्तेर्मुखेभ्यः
श्रुतिगणमपनीतं प्रत्युपादत्त हत्वा ।
दितिजमकथयद्यो ब्रह्म सत्यव्रतानां
तमहमखिलहेतुं जिह्ममीनं नतोऽस्मि ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेष्टमस्कंधे
चतुर्विंशोऽध्यायः

इति श्री

अष्टमस्कंध समाप्त.

श्रीमद्वेदव्यासविरचित

श्रीमद्भागवत

नवमस्कंध.

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર.



ભરત ભેટ

अथ

श्रीमद्भागवतभाषान्तर

नवमस्कंध.

અધ્યાય ૧ લો.‡

ચંદ્રવંશ અને સુદ્યુમ્નની કથા.

राजोवाच--मन्वंतराणि सर्वाणि त्वयोक्तानि श्रुतानि मे।
वीर्याण्यनंतवीर्यस्य हरेस्तत्र कृतानि च ॥१॥

પરીક્ષિત રાજાએ પૂછયું કે–હે મહારાજ! આપે સર્વે મન્વંતરોમાં અપાર બળવાળા શ્રીહરિએ કરેલાં પરાક્રમો મને સાંભળ્યા. ૧ તેમા સત્યવ્રત નામે દ્રવિડ દેશનો રાજા હતો એમ આપે કહ્યુ વળી તેણે ગયા કલ્પને અંતે પરમાત્માની સેવાથી જ્ઞાન સંપાદન કર્યું હતું. ૨ સૂર્યનો પુત્ર શ્રાદ્ધદેવ નામે પછી મનુ થયો અને તેને ઇક્ષ્વાકુ આદિ પુત્રો થયા એવું કહેવાય છે. ૩ હે મહારાજ! તે ઇક્ષ્વાકુ વગેરે રાજાઓના વંશો તથા તે વંશજોનાં ચરિત્રો હવે આપ અમને કહો કારણ કે અમે તે સાંભળવાની ઇચ્છા રાખીએ છીએ. ૪ જે રાજાઓ થઇ ગયા જે રાજાઓ હવે પછી થશે અને જે રાજાઓ હમણાં રાજ્ય કરે છે, તે સર્વ પવિત્ર કીર્તિવાળા રાજાઓનાં પરાક્રમો અમને સંભળાવો.

સૂત પૈરાણિક કહે છે કે–પરીક્ષિત રાજાએ સભામાં આવો પ્રશ્ન કર્યો તેથી પરમ ધર્મવેત્તા ભગવાન શુકદેવજી બોલ્યા કે–હે પરંતપ! હુ મનુના વંશની મુખ્ય મુખ્ય કથાઓ તમને કહું છું તે સાભળો. મનુનો વંશ વિસ્તારથી કહેવા બેસીએ તો સેંકડો વર્ષોએ પણ કહી શકાય નહિ ૭ કલ્પના અંતમાં જગત ઇશ્વરરૂપ હતું કે જે પરમ પુરૂષ નાના મોટા સર્વ પ્રાણીઓના આત્મારૂપ છે તે વિના બીજું કંઇ જ નહતું. ૮ હે મહારાજ! જે ભગવાનની નાભિમાંથી સુવર્ણનો મોટો કમળકોશ ઉત્પન્ન થયો અને તે કમળના કોશમા ચાર મુખવાળા બ્રહ્મા ઉત્પન્ન થયા. ૯ બ્રહ્માના મનમાંથી મરીચિ થયા. મરીચિથી કશ્યપ થયા અને કશ્યપની સ્ત્રી અદિતિ જે દક્ષ પ્રજાપતિની પુત્રી હતી તેને વિષે સૂર્ય ઉત્પન્ન થયા ૧૦ સૂર્યની સંજ્ઞા નામે સ્ત્રીથી શ્રાદ્ધદેવ નામે મનુ થયા. હે રાજા! આત્મજ્ઞાની મનુએ શ્રદ્ધા નામે સ્ત્રી વિષે દશ પુત્રો ઉત્પન્ન કર્યા. ૧૧ વ્યાપક એવા મનુએ ઇક્ષ્વાકુ નૃગ શર્યાતિ દિષ્ટ ધૃષ્ટ કરૂષક નરિષ્યંત પૃષધ્ર નભગ તથા કવિને ઉત્પન્ન કર્યા. ૧૨ શ્રાદ્ધદેવ મનુ પૂર્વે જ્યારે સંતાન રહિત હતા

‡ આ અધ્યાયમાં વૈવસ્વતના-પુત્રના વંશમા ચન્દ્રવંશનો વિસ્તાર કહેવા માટે સુદ્યુમ્નની કથા કહેવાય છે.

ત્યારે સમર્થ એવા ભગવાન વસિષ્ઠે પ્રજા માટે મિત્રાવરૂણની ઇષ્ટિ કરાવી હતી. ૧૩ તે સમયે મનુની સ્ત્રી શ્રદ્ધા જે વ્રતના નિયમ પ્રમાણે દૂધનું પાન કરીને રહેતી હતી તેણે હોતા બ્રાહ્મણની પાસે જઇ તેમને પ્રણામ કરીને માગ્યું કે, મને પુત્રી થાય તેમ કરો. ૧૪ રાણીએ પ્રાર્થના કર્યા પછી અધ્વર્યુએ હોતાને યજ્ઞમાં હોમ કરવા કહ્યું એટલે તે જે મનુની સ્ત્રીના કહેવા પ્રમાણે સારી રીતે સાવધાન હતો તેણે હુતદ્રવ્ય લેતી વખતે વષટ્કારનો ઉચ્ચાર કરી હોમવાના કામમા ફેરફાર કર્યો. ૧૫ આ રીતે હોતાએ કરેલા ફેરફારથી મનુને ઇલા નામની એક કન્યા થઇ. કન્યાને જોઇને મનુ રાજાએ ખિન્ન થઇ ગુરૂને પૂછ્યું કે, ૧૬ હે ભગવન ! આ શું થયું ? તમારા જેવા બ્રહ્મવાદીઓની ક્રિયામાં ફેરફાર થાય, એ ઘણુંજ શોકકારક ગણાય, મંત્રોમાં આવો ફેરફાર થવો જોઇએ નહિ. ૧૭ તમે તો મંત્રો જાણનારા સાવધાન રહેનારા અને તપથી જેનાં પાપ બળી ગયાં છે એવા છો, દેવતાઓમાં જેમ અસત્ય સંભવે નહિ તેમ તમારા સંકલ્પમાં વિષમતા અસંભવિત છે, છતાં તે કેમ થઇ ? ૧૯

મનુ ભગવાનનું કહેવું સાંભળીને ભગવાન વસિષ્ઠે વિચાર કર્યો તો તેમાં હોતાએ કરેલો ફેરફાર જાણવામાં આવ્યો. સૂર્યના પુત્ર એવા તેમણે કહ્યું કે, ૧૯ તમારા હોતાના વ્યભિચારથી સંકલ્પમાં ફેરફાર થયો તોપણ હું મારા પોતાના પ્રભાવથી તમને સારા પુત્રવાળા કરીશ. ૨૦ હે રાજા ! આ પ્રમાણે નિશ્ચય કરીને મહા યશસ્વી એવા ભગવાન વસિષ્ઠ મુનિ ઇલાને પુરૂષ બનાવવાની ઇચ્છાથી આદિ પુરૂષ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. તેમની સ્તુતિ ઉપરથી ભગવાન શ્રીહરિ પોતે પ્રસન્ન થયા અને તેમને એક વર આપ્યો. તે ઉપરથી ઇલા સ્ત્રી મટીને સુદ્યુમ્ન નામે ઉત્તમ પુરૂષ થઇ ગયો. ૨૨ હે મહારાજ ! તે સુદ્યુમ્ન એકવાર મનોહર ધનુષ તથા અદ્ભુત એવાં બાણો લઇ શરીર ઉપર કવચ પહેરી સિંધુ દેશના ઘોડા ઉપર સ્વાર થયો, અને મંત્રીઓની સાથે વનમાં મૃગયા કરવા માટે ગયો અને ત્યાં તે વીર એક મૃગની પાછળ દોડતાં ઉત્તર દિશામાં જતો રહ્યો. ત્યાં જતાં તે છેક મેરૂ પર્વતની નીચેના ભાગમાં આવેલા એક વનમાં જ્યાં આગળ ભગવાન રૂદ્ર પાર્વતી સાથે વિહાર કરતા હતા ત્યાં પેસી ગયો. ૨૫ હે રાજન ! શત્રુનો નાશ કરનાર સુદ્યુમ્ન જેવો તે વનમાં પેઠો તેવો જ સ્ત્રીના રૂપમાં ફેરવાઇ ગયો. તેનો ઘોડો ઘોડી થઇ ગયો. ૨૬ તેની સાથે આવેલા તેના અનુચરો પોતાનાં પુરૂષ ચિહ્નમાં ફેરફાર થઇ ગયેલો જોઇ ખેદ પામ્યા અને વિસ્મયથી એક બીજાના મુખ સામું જોવા લાગ્યા. ૨૭

પરીક્ષિતે પૂછ્યું કે—હે ભગવન ! એ પ્રદેશમાં એવો ગુણ કેમ આવેલો હતો ? અને તે પ્રદેશને કોણે એવો કર્યો હતો ? એ પ્રશ્નનો મને ઉત્તર આપો, કારણ કે, મને આ વાતમાં પરમ આશ્ચર્ય લાગે છે. ૨૮

શુકદેવજી બોલ્યા કે—સદાચારવાળા ઋષિઓ શંકરનાં દર્શન કરવા પોતાની કાંતિથી દિશાઓને અજવાળતા તે વનમાં ગયા ત્યારે અંબિકા ઋષિઓને જોઇ લજવાઇ ગયાં કારણ કે તે સમયે તે પતિ સાથે એકાંતમાં બેઠાં હતાં. પતિના ખોળામાંથી એકદમ ઉભાં થઇ તેમણે વસ્ત્ર પહેર્યાં. ૩૦ ઋષિઓ શંકર તથા પાર્વતીના રમવાનો પ્રસંગ જોઇને ત્યાંથી પાછા ફર્યા અને નરનારાયણના આશ્રમમાં ગયા. પછી ભગવાન શંકર પાર્વતીને મન ગમતું કરવાની ઇચ્છાથી બોલ્યા કે, હવે પછી જે પુરૂષ આ સ્થાનમાં પ્રવેશ કરશે તે અવશ્ય સ્ત્રી થઇ જશે. ૩૨ તે દિવસથી પુરૂષો એ વનમાં જતા બંધ થયા. રાજકુમાર તે વનમાં જવાથી સ્ત્રી થઇ ગયો હતો તે, પોતાના અનુચરોની સાથે એક વનમાંથી બીજા વનમાં

એમ ફરવા લાગ્યો.૩૩ વનમાં ફરતો ફરતો તે બુધના આશ્રમની પાસે જઈ ચઢયો. ભગવાન બુધ, સ્ત્રીઓથી પરિવૃત્ત તે ઉત્તમ રૂપવતી પ્રમદાને પોતાના આશ્રમની પાસે શમાં આવેલી જોઈ તેની ઉપર આસક્ત થયા. તે સુંદર ભ્રકૂટીવાળી સ્ત્રી પણ ચન્દ્રમાના પુત્ર બુધ ઉપર મોહિત થઈ. પછી બુધે તેને વિષે પુરૂરવા નામે એક પુત્ર ઉત્પન્ન કર્યો. ૩૫ આ પ્રમાણે મનુનો પુત્ર સુદ્યુમ્ન સ્ત્રીત્વને પામ્યો પરંતુ તે કષ્ટમાંથી છુટવા તેણે પોતાના કુળના આચાર્ય વસિષ્ઠને પ્રસન્ન કર્યા. ૩૬ ભગવાન વસિષ્ઠ, સુદ્યુમ્નની એ દશા જોઈ ખિન્ન થયા અને તેને પુરૂષ બનાવવાની આશાથી ભગવાન શંકરની સ્તુતિ કરવા લાગ્યા.૩૭ હે રાજન ! ભગવાન શંકર તેની ઉપર પ્રસન્ન થયા ને તેનું હિત કરતા અને પોતાની વાણીને સત્ય કરતા તેને નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૩૮ તમારો વંશજ સુદ્યુમ્ન એક મહિનો પુરૂષ રહેશે અને એક મહિનો સ્ત્રી રૂપમાં રહેશે આવી વ્યવસ્થાથી તે ભલે પૃથ્વીનું રાજ્ય કરે. ૩૯ આ રીતે સુદ્યુમ્ન આચાર્યના અનુગ્રહથી ઇચ્છા પ્રમાણે પુરૂષપણું સંપાદન કરીને વ્યવસ્થા પ્રમાણે પૃથ્વીનું રાજ્ય કરવા લાગ્યો, પરંતુ પ્રજાએ તેને રાજા તરીકે માન્ય કર્યો નહિ. ૪૦ હે રાજન ! એ સુદ્યુમ્નને ઉત્કલ ગય અને વિમલ નામે ત્રણ પુત્રો થયા હતા. એ ત્રણે ધર્મ ઉપર પ્રીતિવાળા અને દક્ષિણ દેશના રાજાઓ થયા ૪૧ ઘણો કાળ ગયા પછી પ્રતિષ્ઠાનપુરનો રાજા સુદ્યુમ્ન રાજકુંવરને પૃથ્વી સોંપી વનમાં ગયો.

ततः परिणते काले प्रतिष्ठानपतिः प्रभुः ।
पुरूरवस उत्सृज्य गां पुत्राय गतो वनम् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेनवमस्कंधे
प्रथमोऽध्यायः

અધ્યાય ૨ જો.†

વૈવસ્વત મનુનો વંશ.

एवं गतेऽथ सुद्युम्ने मनुर्वैवस्वतः सुते ।
पुत्रकामस्तपस्तेपे यमुनायां शतं समाः ॥

શુકદેવજી કહે છે કે–આ રીતે પોતાનો પુત્ર સુદ્યુમ્ન વનમાં ગયા પછી વૈવસ્વત મનુએ પુત્રની કામનાથી યમુના નદીના તીર ઉપર સો વર્ષ સુધી તપ કર્યું.૧ તેમણે પુત્રની કામનાથી ભગવાનનું યજન કર્યું.તેમના પ્રભાવથી ઉત્તમ ગુણવાળા ઇક્ષ્વાકુ વગેરે દશ પુત્રો તેમને થયા. ૨ મનુનો પુત્ર પૃષધ્ર હતો તેને વસિષ્ઠે ગાયોની રક્ષા કરવા રાખ્યો. રાત્રે વીરાસનવાળો સાવધાનપણે તે ગાયોની રક્ષા કરતો હતો. એક દિવસ રાત્રે વરસાદ વરસતો હતો તે સમયે એક વાઘ ત્યાં આવ્યો. નિદ્રાવશ થયેલી ગાયો ભયભીત થઇ ઉઠી અને આમ તેમ દોડવા લાગી. ૪ વાઘે એક ગાયને પકડી, એટલે તે ભયથી આતુર થઈ બરાડા પાડવા લાગી. ગાયના બરાડા સાંભળી પૃષધ્ર ત્યાં દોડી ગયો. ૫ વેગથી તરવાર ખેંચી જેમાં તારાઓ પણ અસ્ત થયા હતા એવી અંધારી રાત્રે તે વાઘની શંકાથી અજાણતાંજ એક કપિલા ગાયનું માથું કાપી બેઠો. ૬ તરવારની અણી વાગવાથી વાઘનો એક કાન કપાઈ ગયો તેથી અત્યંત ભયભીત થઈ તે નાસી ગયો.પછી શત્રુનો નાશ કરનાર પૃષધ્રે વાઘને માર્યો છે એમ માનવા લાગ્યો પરંતુ પ્રભાત થતાં જોયું તો કપિલા ગાય મરાઇ ગયેલી જણાઇ તેથી શોક કરવા લાગ્યો. ૮ કુળના આચાર્ય વસિષ્ઠે ઇચ્છાપૂર્વક અપરાધ ન કરનાર પૃષધ્રને શાપ દીધો કે તું આ પાપી કર્મથી ક્ષત્રિય નહિ પણ શૂદ્ર થઈશ.

આ પ્રમાણે ગુરૂએ શાપ દીધો એટલે

† આ અધ્યાયમા મનુના પુત્રોમાથી બે પુત્રો વૈરાગ્યને લીધે પુત્રરહિત હતા તથા રૂષાદિક પાંચ પુત્રો પુત્રવાળા હતા. તેઓના વંશોની કથા આમાં કહેવાશે

તેણે બે હાથ જોડી તે ગ્રહણ કર્યો. પછી તે વીર પુરૂષ બ્રહ્મચર્યમા રહીને મુનિઓને પ્રિય એવું વ્રત કરવા લાગ્યો. સર્વ પ્રાણીઓના આત્મા માયાથી પર અને નિર્મળ એવા ભગવાન વાસુદેવને વિષે ભક્તિથી એકાગ્ર મન રાખવા લાગ્યો.સર્વ પ્રાણીઓની ઉપર મિત્રતા ને સમદૃષ્ટિ રાખવા લાગ્યો. ૧૧ સર્વનો સંગ ત્યાગ કરી મનને તેણે શાંત કર્યું. ઇંદ્રિયોને નિયમમાં રાખી પરિગ્રહનો ત્યાગ કર્યો. દૈવે ચ્છાથી મળતી વસ્તુવડે પોતાની આજીવિકા કરવા માંડી ૧૨ જીવાત્માને પરમાત્મામા ધારણ કરી સમાધિમાં રહેવા લાગ્યો અને જ્ઞાનવડે તૃપ્ત રહીને જડ અંધ તથા બહેરાના જેવી આકૃતિ રાખીને પૃથ્વી ઉપર ફરવા લાગ્યો. ૧૩ આવી વૃત્તિથી વર્તતો મુનિ પૃષધ્ર વનમાં ગયો અને ત્યા પ્રગટ થયેલા દાવાનળને જોઈ તેમા પોતાનો દેહ હોમી પરબ્રહ્મને પામી ગયો. ૧૪

મનુના પુ ામા સૌથી નાનો કવિ કિશોર વયથી જ પરબ્રહ્મને જાણતો હોવાથી વિષયો ઉપર નિસ્પૃહ થઈને રાજ્યનો ત્યાગ કરી ગયો. પોતાના ભાઇઓની સાથે વનમા જઇ પરમાત્માનું ધ્યાન કરતો સ્વય પ્રકાશ એવા પરબ્રહ્મને પ્રાપ્ત કરવા લાગ્યો ૧૫ મનુના પુત્ર કરૂષથી કારૂષ નામે ક્ષત્રિયો થયા. તે સર્વે ઉત્તર દિશાની રક્ષા કરનાર બ્રાહ્મણને માન આપનાર અને ધર્મ ઉપર પ્રેમવાળા થયા. ૧૬ મનુના ધૃષ્ટ પુત્રથી ધાર્ષ્ટ નામે ક્ષત્રિયો થયા. તેમાથી ઘણા તો બ્રાહ્મણ થયા. મનુનો પુત્ર નૃગ તેનો સુમતિ તેનો પુત્ર ભૂતજ્યોતિ અને તેનો પુત્ર વસુ થયો ૧૭ વસુનો પુત્ર પ્રતિક થયો, પ્રતિકનો પુત્ર ઓઘાવાન થયો. ઓઘવાનને ઓઘવાન નામે પુત્ર તથા ઓઘવતી નામે એક પુત્રી થઇ તેને સુદર્શન પરણ્યો હતો. ૧૮ મનુના પુત્ર નરિષ્યંતથી ચિત્રસેન નામે પુત્ર થયો હતો, તેને દક્ષ નામે પુત્ર થયો હતો, તેને મિઢ્વાસ નામે પુત્ર થયો હતો, તેને કુર્ચ નામે પુત્ર થયો હતો અને તેને ઇંદ્રસેન નામે પુત્ર થયો હતો. ૧૯ ઇંદ્રસેનથી વીતિહોત્ર નામે પુત્ર થયો હતો, તેને સત્યશ્રવા નામે પુત્ર થયો હતો, તેને ઉરૂશ્રવા નામે પુત્ર થયો હતો અને તેને દેવદત્ત નામે એક પુત્ર થયો હતો.૨૦ તે દેવદત્તને ત્યાં ભગવાન અગ્નિદેવ પુત્ર થઈને અવતર્યા હતા અને તેનું નામ અગ્નિવેશ્ય પડયું હતું.કન્યાથી અવતરવાને લીધે કાનીનને નામે તથા જાતૂકર્ણ્ય એવા મોટા ઋષિને નામે પ્રખ્યાત થયો. ૨૧ હે રાજન ! તેનાથી અગ્નિવેશ્યાયન નામે બ્રાહ્મણનું કુળ ઉત્પન્ન થયું. આ રીતે નરિષ્યંતનો વંશ વર્ણવાયો. હવે દિષ્ટનો વંશ કહું તે સાભળો.૨૨ મનુના પુત્ર દિષ્ટનો નાભાગ નામે એક બીજો પુત્ર હતો તે પોતાના કર્મવડે વૈશ્યપણાને પામ્યો હતો તેનો પુત્ર ભલંદન થયો અને તેનો વત્સપ્રીતિ થયો હતો ૨૩ વત્સપ્રીતિને પ્રાંશુ નામે પુત્ર હતો. તેને ખનિત્ર ખનિત્રને ચાક્ષુષ અને ચાક્ષુષને વિવિંશતિ નામે પુત્ર થયો ૨૪ વિવિંશતિને રંભ થયો અને રંભને ખનિનેત્ર નામે પુત્ર થયો કે જે ધર્મનિષ્ઠ હતો હે મહારાજ ! ખનિનેત્રને કરંધમ નામે પુત્ર થયો કે જે રાજા હતો ૨૫ તેનો પુત્ર અવિક્ષત તેનો પુત્ર ચક્રવર્તી મરૂત જેને મહાયોગી અંગિરાના પુત્ર સંવર્તે યજ્ઞ કરાવ્યો ૨૬ મરૂત રાજાનો યજ્ઞ જેવો થયો હતો તેવો યજ્ઞ બીજા કોઇ પણ રાજાનો થયો ન હતો એના યજ્ઞમાં જે કઇ પદાર્થો હતા તે સર્વે સોનાના હતા ૨૭ તેના યજ્ઞમા ઇંદ્ર સોમપાન કરી કરીને ગાંડો થઇ ગયો હતો. બ્રાહ્મણો દક્ષિણાઓથી ગાંડા થઇ ગયા હતા, પવનો પીરસનાર અને વિશ્વેદેવતાઓ સભાસદ હતા. ૨૮ મરૂતને દમ નામે પુત્ર હતો, તેનો રાજ્યવર્દ્ધન નામે પુત્ર થયો તેને સુધૃતિ નામે પુત્ર અને તેને નર નામે પુત્ર થયો. ૨૯ તેનો કેવલ નામે પુત્ર, તેનો વેગવાન

નામે પુત્ર તેનો વળી બંધુ નામે પુત્ર અને તેને તૃણબિંદુ નામે એક પુત્ર થયો હતો ૩૦ ગુણના નિવાસ રૂપ તેને અલંબુષા નામે રૂપાળી–ઉત્તમ અપ્સરા પરણી હતી તેનાથી પુત્રો તથા ઇડવિડા નામે એક કન્યા તેને થઇ હતી. ૩૧ વિશ્રવાએ પોતાના પિતા યોગેશ્વર પાસેથી ઉત્તમ વિદ્યા શિખી ઇડવિડાથી કુબેર પુલસ્ત્ય નામે એક પુત્ર ઉત્પન્ન કર્યો ૩૨ તૃણબિન્દુને વિશાળ શૂન્યબંધુ તથા ધુમ્રકેતુ નામે ત્રણ પુત્રો થયા, તેઓમા વંશધારી વિશાલ રાજાએ વૈશાલી નામે નગરી વસાવી. ૩૩ તેના પુત્રનુ નામ હેમચંદ્ર હતુ, તેને ધુમ્રાક્ષ તેને સંયમ અને સંયમથી કૃશાશ્વ તથા સહદેવજ નામે બે પુત્રો થયા. ૩૪ કૃશાશ્વથી સોમદત્ત થયો કે જે અશ્વમેધ નામે ઘણા યજ્ઞોથી સ્વર્ગના પતિ યજ્ઞનારાયણનુ યજન કરી યોગેશ્વરના આશ્રયથી મોક્ષ પામ્યો હતો. ૩૫ સોમદત્તનો પુત્ર સુમતિ ને તેનો જનમેજય થયો. એ સર્વે રાજાઓ વિશાલના વંશમા પરાક્રમી કહેવાયા ને તેઓએ તૃણબિંદુના યશને શોભાવ્યો ૩૬

सौमदत्तिस्तु सुमतिस्तत्सुतो जनमेजयः ।
एते वैशालभूपालास्तृणबिंदोर्यशोधरा ॥३६॥

इतिश्रीमद्भागवतेमहापुराणेनवमस्कन्धे द्वीतियोध्यायः

અધ્યાય ૩ જો.‡

સુકન્યા ને રૈવતનું આખ્યાન.

શ્રીશુક ઉવાચ

शर्यातिर्मानवो राजा ब्रह्मिष्ठः स बभूव ह ।
यो वा अंगिरसां सत्रे द्वितीयमह ऊचिवान् ॥

શુકદેવજી કહે છ કે–મનુના પુત્ર શર્યાતિ નામે રાજા બહુ બ્રહ્મનિષ્ઠ હતો. તેણે અંગિરસ કુળના બ્રાહ્મણોના યજ્ઞમા બીજે દિવસે કરવાનું કર્મ રચ્યુ હતું. ૧ તે રાજાને કમળ જેવાં નેત્રવાળી સુકન્યા નામે એક કન્યા હતી. એને લઇ રાજા એકવાર વનમાં ગયો હતો તે ફરતો ફરતો ચ્યવનના આશ્રમમાં ગયો.૨ સુકન્યા પોતાની સખીઓની સાથે વનમાં આમ તેમ પુષ્પ વિણવા લાગી એક રાફડાના કાણામાં પતગિયાના જેવા બે ચળકના પદાર્થો તેના જોવામાં આવ્યા. બાળક એવી સુકન્યાએ દૈવની પ્રેરણાથી અજાણે પેલા બે ચળકતા પદાર્થોને કાંટાથી વિંધી નાખ્યા એટલે તેમાંથી લોહી વહેવા માંડયું, અને તેજ વખતે સેનાના મનુષ્યોના ઝાડા અને મૂત્ર અટકી ગયા તેન પિતાએ આશ્ચર્ય પામી પોતાના અનુચરોને પૂછયું કે તમોએ ચ્યવન ઋષિનું કંઇ અકલ્યાણ તો કર્યુ નથી ? આપણામાંના કોઇએ ચ્યવન ઋષિનો અપરાધ કર્યો લાગે છે ? આ પ્રમાણે રાજા પૂછપરછ કરતો હતો એટલામા સુકન્યાએ તેને કહ્યુ કે–હે પિતાજી! મે કંઇક અપરાધ કર્યોછે અજાણતાં રાફડામાં ચળકતા બે પદાર્થોને મે વિંધી નાંખ્યા છે. પુત્રીના વચન સાંભળી શર્યાતિ રાજા રાફડો થઇ ગયેલા મુનિની પાસે ગયો અને તેમને પ્રસન્ન કર્યા. મુનિનો અભિપ્રાય જાણી પોતાની પુત્રી તેણે તેમને પરણાવી, એટલે સૈન્ય ઝાડા તથા મૂત્રના રોગમાંથી મુકત થયું. તેમની આજ્ઞા લઇને રાજા નગરમાં ગયો. ૯ સુકન્યાએ મહા ક્રોધી ચ્યવનને પ્રાપ્ત કર્યા પછી તેમના અભિપ્રાયને જાણનારી તેણે સાવધાનપણાથી અનુકૂલ રહીને ભર્તાને પ્રસન્ન કરવા માંડયા. ૧૦ કેટલોક કાળ ગયા પછી અશ્વિનીકુમારો ચ્યવનના આશ્રમમાં આવ્યા ચ્યવન મુનિએ તેમની પૂજા કરીને કહ્યુ કે–હે સમર્થ દેવવૈદ્યો ! તમે મને તરૂણાવસ્થા આપો. તમે બન્ને યજ્ઞમાં સોમના ભાગી નથી તોપણ હું તમને સોમરસનો ભાગ અપાવીશ; અને તમે મારૂં તરૂણ સ્ત્રીઓને ગમે એવુ રૂપ તથા અવસ્થા કરો. બન્ને મહા વૈદ્ય અશ્વિનીકુમારોએ પછી ચ્યવન

‡ આ અધ્યાયમા મનુના પુત્ર શર્યાતિ રાજાના વંશમા થયેલી સુકન્યાનુ આખ્યાન તથા તેનુ મોટું અને આશ્ચર્યજનક વૃતાંત કહેવામા આવશે

ઋષિને કહ્યું કે, 'તથાસ્તુ.' આપ આ સિદ્ધ લોકોએ બાંધેલા પાણીના ધરામાં સ્નાન કરો. ૧૩ આ પ્રમાણે કહીને વૃદ્ધાવસ્થાથી જેનું શરીર જર્જરિત થઇ ગયું હતું તથા જેનું પિંજર માત્ર નાડીઓથી ગુંથાયલું રહ્યું હતું, ચામડીમાં કરચલી પડવાથી તથા પળિયાં આવવાથી અપ્રિય લાગે એવું થઇ ગયું હતુ તે મુનિને સિદ્ધ હૃદમા નવરાવ્યા. થોડીવારમાં આઓને પ્રિય લાગે એવા મનોહર કમલની માળા ધારણ કરેલા કાનમાં કુંડળવાળા, દેવ સમાન રૂપવાળા અને સારાં વસ્ત્રો ધારણ કરનાર ત્રણ પુરૂષો તે સિદ્ધ જળાશયમાંથી બહાર નીકળ્યા ૧૫ હે રાજન ! સુંદર અવયવવાળી પતિવ્રતા સુકન્યાએ સૂર્યના જેવા તેજસ્વી અને સમાન રૂપવાળા ત્રણ પુરૂષોને જોઇ પોતાના પતિને ઓળખ્યા નહિ, તેથી અશ્વિનીકુમારને પોતાના પતિ દેખાડવા વિનંતિ કરી. ૧૬ તેના પતિવ્રતપણાથી પ્રસન્ન થયેલા અશ્વિનીકુમારો તેને તેનો પતિ દેખાડી આજ્ઞા લઇને વિમાનમા બેસી સ્વર્ગમા ગયા. ૧૭ ત્યાર પછી શર્યાતિ રાજા ભવિષ્યમા યજ્ઞ કરવાની ઇચ્છાથી ચ્યવન મુનિના આશ્રમમા આવ્યા. ત્યાં પોતાની પુત્રીને એક સુંદર તરૂણ પુરૂષ આગળ જોઇ પિતાને શંકા થઇ પુત્રીએ પ્રણામ કર્યા પરંતુ રાજાએ તેને આશીર્વાદ દીધો નહિ મનમાં પ્રસન્ન ન હોય તેમ તે તેને પૂછવા લાગ્યો. ૧૯ અરે દુરાચારિણી ! તેં આ શું કર્યું ? લોકો જેને નમસ્કાર કરે છે એવા મુનિને તે ઠગ્યા, કારણ કે, તું વૃદ્ધાવસ્થાથી ઘેરાયેલા અને ન ગમે એવા મુનિનો ત્યાગ કરીને આ કોની સેવા કરે છે ?૨૦ હે ઉત્તમ કુળમાં જન્મેલી ! તારી બુદ્ધિ આમ અવળી કેમ થઇ ગઇ છે ? તું લાજ શરમ મૂકી કોની સેવા કરે છે. તેં મારા કુળને દૂષણ લગાડયું અને પિતાના તથા પતિનાં એમ ઉભયકુળને નરકમા નાંખ્યા ! ૨૧

આ પ્રમાણે પિતા કહેતા હતા એટલામાં પવિત્ર હાસ્યવાળી કન્યા મંદ મંદ હસીને કહેવા લાગી કે–પિતાજી ! આ તમારા જામાતૃ ભૃગુના પુત્ર ચ્યવન મુનિ છે. આમ કહીને પોતાના પતિને તરૂણાવસ્થા તથા રૂપ કેવી રીતે પ્રાપ્ત થયાં, તે સર્વ કથા તેણે પિતાને કહી સંભળાવી. તે સાંભળી રાજા બહુજ આશ્ચર્ય પામ્યો અને અત્યંત પ્રસન્ન થયો.૨૩ ચ્યવન મુનિએ પછી રાજાની પાસે સોમયજ્ઞ કરાવી અશ્વિનીકુમારોને સોમરસનો અધિકાર નહતો, તોપણ પોતાના પરાક્રમથી તેઓને સોમરસનો ભાગ લેતા કર્યા. ૨૪ તે ઉપરથી ઇન્દ્રે કોપાયમાન થઇ ચ્યવનને મારવા વજ્ર ઉગામ્યું ચ્યવને ઇન્દ્રના હાથને વજ્રરહિત અટકાવી દીધો. પછી સર્વે દેવોએ અશ્વિનીકુમારોનો સોમરસનો ભાગ માન્ય રાખ્યો. આની પૂર્વે તે વૈદ્યો હોવાથી તેમને સોમરસની આહૂતિમાથી–ભાગમાંથી દૂર રાખેલા હતા ૨૬ શર્યાતિ રાજાને ઉત્તાનબર્હિ આનર્ત તથા ભૂરિષેણ નામે ત્રણ પુત્રો હતા. તેઓમાં આનર્તથી રેવત નામે પુત્ર થયો હતો. ૨૭ હે શત્રુદમન ! તે રાજા સમુદ્રની વચ્ચે કુશસ્થલી નામે પુરી વસાવી તેમાં રહેતો હતો અને આનર્ત આદિક દેશો ઉપર રાજ્ય કરતો હતો. ૨૮ તે રાજાને સો પુત્ર હતા. તે સર્વમાં કકુદ્મી વડો અને પરાક્રમી હતો. તે પોતાની રેવતી નામે કન્યાને લઇને 'આ કન્યાને કયા વર સાથે પરણાવવી' તે પૂછવા બ્રહ્મલોકમા બ્રહ્માની પાસે ગયો હતો. બ્રહ્મસભામા ગાયન ચાલતું હતું. પૂછવાનો સમય મળ્યો નહિ તેથી ક્ષણ વાર ત્યાં બેઠો. ૩૦ ગાયન પુરૂં થયા પછી રાજાએ આદિ પુરૂષ બ્રહ્માને પ્રણામ કરી પોતાનો અભિપ્રાય નિવેદન કર્યો. ભગવાન બ્રહ્મા હસીને તેને કહેવા લાગ્યા કે–૩૧ હે રાજા ! તેં તારા હૃદયમાં જે જે વરો ધારી રાખ્યા હતા, તે તે વરો તો કાળે કરીને નાશ પામ્યા છે અને

તેમના પુત્ર પૌત્ર અને પુત્રોનાં ગોત્રો આજે સ્મૃતિ શેષ થઇ ગયાં છે. ૩૨ પૃથ્વી ઉપર સત્યાવીશ યુગ જેટલો કાળ વીતી ગયો છે, માટે હવે તું પૃથ્વી ઉપર જેની કીર્તિ શ્રવણ કરવાથી અને ગાવાથી પવિત્ર થવાય છે, એવા પ્રાણીઓનું કલ્યાણ કરનાર ભગવાન શ્રીકૃષ્ણ પૃથ્વીનો ભાર ઉતારવા માટે પોતાના અંશરૂપ બળદેવની સાથે પૃથ્વી ઉપર અવતર્યા છે. તે મહાબળવાળા બળદેવમા દેવના દેવ શેષનો અંશ છે માટે મનુષ્યમાં રત્નરૂપ તેમની સાથે આ કન્યારત્નનાં લગ્ન કરજે. આ પ્રમાણે બ્રહ્માએ આજ્ઞા કરી એટલે રાજા બ્રહ્માને પ્રણામ કરીને પોતાના નગરમા પાછો આવ્યો. ૩૫ તેના ભાઇઓ યક્ષોના ત્રાસથી તેના નગરનો ત્યાગ કરીને દૂર દિશાઓમા નાસી ગયા હતા. રાજા નગરમા આવી બળદેવને પોતાની સર્વાંગ સુંદર કન્યા પરણાવી તપશ્ચર્યા કરવા નરનારાયણના બદરિકાશ્રમ નામે આશ્રમમાં જઈ રહ્યો. ૩૬

सुतां दत्त्वाऽनवद्यांगीं बलाय बलशालिने।
बदर्याख्यं गतो राजा तप्तु नारायणाश्रमम्॥३६

इतिश्रीमद्भागवतेमहापुराणेनवमस्कंधे
तृतीयोध्याय:

અધ્યાય ૪ થો.†

નાભાગ અને અંબરીષની કથાઓ.

श्रीशुक उवाच

नाभागो नभगापत्यं यतंत भ्रातरं कविम्।
यविष्ठं व्यभजन्दायं ब्रह्मचारिणमागतम्॥१॥

શુકદેવજી કહે છે કે–હે રાજન! મનુના પુત્ર નભગને નાભાગ નામે એક પુત્ર હતો તે ગુરૂને ઘેર ભણવા ગયો અને ત્યાં ઘણો કાળ રહ્યો. તે ઉપરથી તેના ભાઇઓએ તે નૈષ્ઠિક બ્રહ્મચારી રહેશે, એમ માની રાજ્યના ભાગ વહેંચતાં તેનો ભાગ જુદો પાડયો નહિ. આ રીતે ભાગ પાડયા પછી નાભાગ જે સૌથી નાનો અને વિદ્વાન્ હતો તે ગુરૂને ઘેરથી વિદ્યાભ્યાસ કરીને આવ્યો અને પોતાનો ભાગ માગવા લાગ્યો. ભાઇઓએ તેના ભાગમાં તેને વૃદ્ધ પિતા ચાકરી કરવા સોપ્યા. નાભાગે પોતાના ભાઇઓને પૂછયું કે, તમે મારે માટે કયો ભાગ રાખ્યો છે? તે બોલ્યા કે, તારા ભાગમાં અમે પિતાને રાખ્યા છે. નાભાગે પિતાની પાસે જઇને કહ્યું કે, હે પિતાજી! મારા મોટા ભાઇઓએ મારા ભાગમા તમને રાખ્યા છે. પિતા બોલ્યાકે–હે પુત્ર! તું મારારૂપી ભાગનો સ્વીકાર કરીશ નહિ. ૨ તથા તેઓએ ભાગ તરીકે તને મને આપ્યો છે, તો હું તને જીવિકાનો ઉપાય બતાવું તે સાંભળ હમણાં અંગિરાના કુળના બુદ્ધિશાળી બ્રાહ્મણો યજ્ઞ આરંભી બેઠા છે તેમાં હે કવિ! છઠ્ઠે છઠ્ઠે દિવસે તેઓ કર્મ કરતાં મુંઝાય છે, માટે તું તે મહાત્માઓને વિશ્વેદેવોનાં બે સૂક્ત ભણાવ, કે જેને લીધે કર્મમા તેઓ ભૂલ કરે છે તે ફરીને કરે નહિ. પોતાનું કર્મ સમાપ્ત કર્યા પછી તેઓ જ્યારે સ્વર્ગમાં જશે ત્યારે પોતાના યજ્ઞમાંથી બાકી બચેલું પોતાનું ધન તને આપશે, માટે તું તેમની પાસે જા. નાભાગે પિતાના કહેવા પ્રમાણે અંગિરાની પાસે જઈ તેમને વિશ્વેદેવતાઓનાં સૂક્તો ભણાવ્યાં. પછી પોતાની ભૂલ સુધારી યજ્ઞ પૂર્ણ કરી તેઓ યજ્ઞ અવશેષ ધન નાભાગને આપી સ્વર્ગે ગયા. ૫ નાભાગ તે લેવા ગયો, એટલામાં કોઇ એક કાળા રંગનો પુરૂષ ઉત્તર દિશામાથી તેની પાસે આવીને બોલ્યો કે, આ યજ્ઞભૂમિ ઉપર પડેલું ધન મારૂં છે. ૬ તે વખતે નાભાગ બોલ્યો કે, આ ધન ઋષિઓએ મને આપ્યું છે પેલા કાળા પુરૂષે કહ્યું કે, આપણા બન્નેના વિવાદમાં આપણે તારા પિતાને પ્રશ્ન પૂછીએ. તે પ્રમાણે નાભાગે પ્રશ્ન પૂછયો, ત્યારે તેના પિતાએ કહ્યું કે, યજ્ઞભૂમિ ઉપરનું ઉચ્છિષ્ટ ઋષિઓએ દક્ષના

† આ અધ્યાયમા મનુના પુત્ર નભગની તથા તેના પુત્ર અંબરીષ કે જેનાથી મૃત્યુ વિમુખ થયુ હતું તેની કથા કહેવામાં આવશે

યજ્ઞમાં નિર્ણય કર્યો પ્રમાણે રૂદ્રનું છે ૮ પછી નાભાગે પિતાની પાસેથી રૂદ્રની પાસે જઈ પ્રણામ કરીને કહ્યું કે, હે રૂદ્ર! મારા પિતાએ કહ્યું છે કે, યજ્ઞભૂમિ ઉપર બચેલું ધન રૂદ્રનું છે તો હે બ્રહ્મન્! હું તમને મસ્તક નમાવીને પ્રસન્ન કરૂં છું. ૯ રૂદ્ર બોલ્યા કે-હે નાભાગ! તારા પિતા ધર્મવચન બોલ્યા અને તું પણ સત્યજ બોલે છે, માટે હું તને મંત્રદ્રષ્ટાને સનાતન એવું વૈદિક પરબ્રહ્મનું જ્ઞાન આપું છું. ૧૦ મારા યજ્ઞનું ધન હું તને આપું છું તે તું ગ્રહણ કર. સત્ય ઉપર પ્રીતિ રાખનાર ભગવાન રૂદ્ર પછી અદ્દૃશ્ય થયા જે પુરૂષ સારી રીતે સાવધાન થઇ પ્રભાતમા અથવા સાયંકાળે આ ચરિત્રને સાભળે છે તે વિદ્વાન વેદવેત્તા ને આત્માના સ્વરૂપને જાણનારો થાય છે ૧૨

નાભાગથી અંબરીષ નામે એક પુણ્ય શાળી તથા મહા વૈષ્ણવ એવો પુત્ર થયો હતો બ્રાહ્મણનો શાપ કોઇ રીતે તેનો સ્પર્શ કરી શક્યો નહતો, ૧૩ પરીક્ષિત કહે છે કે-હે મહારાજ! હું એ રાજર્ષિનું ચરિત્ર સાંભળ વાની ઈચ્છા રાખું છું, કારણ કે, જે રાજર્ષિના ઉપર મૂકેલો અને પાછો હઠે નહિ એવો બ્રાહ્મણનો શાપ તેનો પરાભવ કરી શક્યો નહતો.૧૪ મહાભાગ્યશાળી અંબરીષ રાજા સાત દ્વીપવાળી પૃથ્વી અવિનાશી લક્ષ્મી અને પૃથ્વી ઉપરના અતુલ વૈભવો, જે સર્વ બીજા પુરૂષોને મળવા અતિ દુર્લભ હતા તે સંપાદન કર્યા છતા, આ સર્વ વૈભવો અંતે નાશવત છે, એમ જાણનાર અંબરીષ રાજા વૈભવોને સ્વપ્ન સમાન માનવા લાગ્યો, કારણ કે. વૈભવોને લીધે પુરૂષ મોહમા પડે છે. ૧૬ તે ભગવાન વાસુદેવ ઉપર તથા તેમના સદાચારવાળા ભક્તો ઉપર પરમ ભાવ રાખતો કે જે ભાવથી આ વિશ્વ મૃત્તિકા જેવું અતિ તુચ્છ લાગે છે. ૧૭ તેણે મનને શ્રીકૃષ્ણ પ્રભુના ચરણા રવિંદમાં લગાડ્યું હતું, વચનોને ભગવાનના ગુણોનું વર્ણન કરવામા લગાડ્યાં હતાં હાથને શ્રીહરિના મંદિરોની સેવા કરવામા લગાડ્યા હતા, કાનને કથા સાભળવામા લગાડ્યા હતા, નેત્રોને ભગવાનની મૂર્તિવાળાં મંદિરોનાં દર્શન કરવામા લગાડ્યા હતાં, અંગ-હાથનો ભગવાનના ભક્તોનાં શરીરોને સ્પર્શ કરવામાં ઉપયોગ કરતો હતો, ઘ્રાણેન્દ્રિયનો તુળસીની સુગંધ લેવામાં જિહ્વાનો ભગવાનનું નૈવેદ્ય ચાખવામાં ચરણોનો ભગવાનના ક્ષેત્રની પ્રદક્ષિણા કરવામાં મસ્તકનો ભગવાનના ચરણને પ્રણામ કરવામાં પુષ્પની માળાઓનો અને ચંદન આદિનો વિષયસુખની ઈચ્છા પૂર્ણ કરવામા ઉપયોગ કરતો હતો પવિત્ર કીર્તિવાળા ભગવદ્ભક્ત ઉપર જેમ પ્રીતિ થાય તેમ તે સર્વ કાર્ય કરતો હતો ૨૦

સર્વમાં આત્મા છે, એવો વિચાર કરનાર અંબરીષ નિરંતર પોતાના સર્વ કાર્યો ઇંદ્રિયોથી જણાય નહિ એવા, માયાથી પર ભગવાન અધિયજ્ઞને અર્પણ કરતો હતો ભગવાનના ભક્ત એવા બ્રાહ્મણોના કહ્યા પ્રમાણે પૃથ્વી ઉપર તે રાજ્ય કરતો હતો ૨૧ તેણે વસિષ્ઠ અસિત ગૌતમ વગેરે ઋષિઓ પાસે નિર્જળ પ્રદેશમા સરસ્વતી નદીના સામા પ્રવાહો ઉપર મોટી સમૃદ્ધિને લીધે અંગોવાળા તથા મોટી દક્ષિણાઓવાળા અશ્વમેધ યજ્ઞોથી જગતના કર્ત્તા યજ્ઞપતિ પરમાત્માનું યજન કર્યું હતુ. ૨૨ જેના યજ્ઞોમા સભાસદો ઋત્વજો તથા મનુષ્યો તેમજ જેઓએ ઉત્તમ વસ્ત્ર ધારણ કર્યા હતા તેઓ રૂપમા દેવતાના જેવા દેખાતા હતા. ૨૩ વળી ભગવાનના ચરિત્રને સાભળતી તથા ગાતી એવી તેમની પ્રજાઓ દેવતાઓને પ્રિય એવા સ્વર્ગ લોકને ઈચ્છતી નહતી. ૨૪ સ્વસ્વરૂપનાં દર્શનના સુખને લીધે તુચ્છ ગણી કાઢેલા અને સિદ્ધ લોકોને પણ દુર્લભ એવા વિશ્વના વિષયો હૃદયમાં ભગવાનનાં દર્શન કરનાર ભક્ત મનુષ્યોને પ્રસન્ન કરી

શકતા નહતા. ૨૫

આ પ્રમાણે રાજાએ તપવાળા ભકિતયોગથી તેમજ સ્વધર્માચરણથી શ્રીહરિને પ્રસન્ન કરતાં ધીરે ધીરે સર્વ સંગનો ત્યાગ કર્યો. સ્ત્રીઓ પુત્રો બાંધવો ઉત્તમ હાથીઓ રથ ઘોડાઓ પાયદળ, રત્નો આભરણો અને આયુધો વગેરે જેમાં ભરેલા હતાં એવા ભંડારો ઉપર તેણે મિથ્યા બુદ્ધિ કરી. ૨૭ ભગવાન શ્રીહરિએ પોતે તેના અનન્ય ભકિત ભાવથી પ્રસન્ન થઇ તેને શત્રુની સેનાને ભય આપનારૂં તથા પોતાના ભકતની રક્ષા કરનારૂં સુદર્શન નામે ચક્ર આપ્યું તેણે શ્રી કૃષ્ણની આરાધના કરવાની ઇચ્છાથી પોતાના સમાન સ્વભાવવાળી પટરાણીની સાથે એક વર્ષ સુધી દ્વાદશીનું વ્રત કર્યું જયારે તે વ્રત પૂર્ણ થયુ ત્યારે તેણે કાર્તિક માસમાં ત્રણ રાત્રિ લગી ઉપવાસ કર્યો અને યમુના નદીમાં સ્નાન કરીને મધુવનમાં શ્રીહરિનું પૂજન કરવાનો આરંભ કર્યો ૩૦ પૂજાની સર્વ સામગ્રી તૈયાર કરી મહા અભિષેકની વિધિથી ભગવાન ઉપર મનોભાવ રાખીને વસ્ત્રો આ ભૂષણો ગંધ પુષ્પ તથા નૈવેદ્ય વગેરે પૂજાની સામગ્રીથી શ્રીભગવાનનું પૂજન કર્યું મહા ભાગ્યશાળી બ્રાહ્મણો સર્વ વસ્તુઓથી પૂર્ણ હતા તોપણ ભક્તિવડે તેઓની તેણે પૂજા કરી. તે ઉપરાત રાજાએ સોનાની શિંગડીઓવાળી રૂપાની ખરીઓવાળી ઉત્તમ વસ્ત્રોથી શણગારેલી દુઝણી અને તરૂણ અવસ્થાવાળી રૂપાળી તથા વાછડાંવાળી સાઠ કરોડ ગાયો ઉત્તમોત્તમ ઉપસ્કરો સહિત ગુણવાન બ્રાહ્મણોને દાનમાં આપી. મહાગુણવાળું તથા સ્વાદિષ્ઠ ભોજન તેમને જમાડયું તથા તેઓને ઇચ્છાનુસાર વસ્તુઓ આપી. ૩૪ પૂર્ણ કામનાવાળા બ્રાહ્મણોની આજ્ઞા લઇ પારણું કરવાનો તેણે આરંભ કર્યો, એટલામાં ભગવાન દુર્વાસા ત્યાં આવ્યા. ૩૫ રાજાએ ઉભા થઇ આસન આપી બહુ ભાવથી તેમનું પૂજન કર્યું અને ચરણની પાસે બેસી ભોજન માટે પ્રાર્થના કરી. ૩૬ દુર્વાસા મુનિરાજાની પ્રાર્થના સ્વીકારી સંધ્યાવંદનાદિક નિત્ય કર્મ કરવા ગયા અને ત્યાં જઇ યમુનાના પવિત્ર જળમાં ડુબકી મારી શ્રીહરિનું ધ્યાન કરવા લાગ્યા. અહીં આખળ પારણું કરવા માટે દ્વાદશી એક ઘડીજ બાકી રહી એટલે રાજા આવી પડેલા ધર્મસંકટને લીધે બ્રાહ્મણોની સાથે વિચાર કરવા લાગ્યો કે ૩૮ હું બ્રાહ્મણનો અનાદર કરીને પારણું કરૂં તોપણ મને દોષ લાગે, તેમ બારશમાં પારણું ન કરૂં તોપણ દોષ લાગે, માટે જે કરવાથી કલ્યાણ થાય અને અધર્મ કહેવાય નહિ તેમ કરવું જોઇએ. ૩૯ હું કેવળ પાણીથી વ્રતનું પારણું કરીશ, કારણ કે બ્રાહ્મણો કહે છે જે જળનું પ્રાશન કરવું. તે ભોજન કર્યા બરાબર છે, અને તે ભોજન ન કર્યા સમાન પણ ગણાય છે. ૪૦

આ પ્રમાણે વિચાર કરી જળનુ પાન કરી મનમા શ્રીહરિનું ચિંતન કરતો કરતો તે હે કુરૂશ્રેષ્ઠ ! દુર્વાસાની વાટ જોવા લાગ્યો. ૪૧ દુર્વાસા નિત્ય કર્મ આટોપી લઇને યમુના નદી ઉપરથી પાછા આવ્યા અને રાજાએ તેમનો સત્કાર કર્યો પરંતુ તેનું કાર્ય જાણી જવાથી તે ક્રોધને લીધે કંપવા લાગ્યા. ભમર ચઢી જવાથી તેમનું મુખ વાંકું થઇ ગયું અને ઘણુ ક્ષુધાતુર થયા હતા તેથી બે હાથ જોડીને ઉભેલા રાજાને તેમણે આમ કહ્યું. લક્ષ્મીથી ઉન્મત્ત થઇ ગયેલા ભગવાનથી વિમુખ થયેલા અને રાજાનું અભિમાન રાખનાર તેં ધર્મનું ઉલ્લંઘન કર્યું છે. ૪૪ મને આગંતુક અતિથિને નિમંત્રણ કરી ભોજન કરાવ્યા વિના તેં ભોજન કર્યું તેથી હું તેને તેનું ફળ દેખાડી આપીશ. ૪૫ આમ બોલતા અને ક્રોધથી સળગી ઉઠેલા મુનિએ પોતાની જટાને ઉખેડી અંબરીષ રાજાને માટે જટામાંથી કાલાગ્નિ સમાન એક મોટી કૃત્યા ઉત્પન્ન કરી. અગ્નિની શિખાની પેઠે ઝળઝળાટ બળતી તે કૃત્યા

પોતાના હાથમાં તરવાર લઈને પગલવી પૃથ્વીને કંપાવતી રાજાની સામે ધસી ગઈ તેને જોઈને રાજા એક પગલું પણ પાછો હઠ્યો નહિ. ૪૭ મહાત્મા ભગવાને પ્રથમથી પોતાના ભક્તની રક્ષા કરવા મુકેલા સુદર્શન ચક્રે, અગ્નિ જેમ ક્રોધાયમાન સર્પને બાળી નાંખે તેમ પેલી કૃત્યાને બાળી મૂકી. ૪૮ પછી તે ચક્ર દુર્વાસાની પાછળ પડ્યું. દુર્વાસા ચક્રને પોતાની તરફ આવતું જોઈ તથા પોતાના પ્રયાસને નિષ્ફળ થયેલો જોઈ પોતાના પ્રાણની રક્ષા માટે ભય પામી ત્યાંથી દિશાઓ તરફ નાઠા. ૪૯ ઉંચી શિખાવાળો દાવાનળ જેમ સર્પની પાછળ પડે તેમ ભગવાનનું ચક્ર તેઓની પણ પાછળ પડ્યું. દુર્વાસા ચક્રને પોતાની પાછળ આવતું જોઈને મેરૂની ગુફામાં પેસવાની ઈચ્છાથી એકદમ દોડવા લાગ્યા. ૫૦

આ પ્રમાણે દુર્વાસા દિશાઓમાં આકાશમાં પૃથ્વી ઉપર ગુફાઓમાં સમુદ્રોમાં લોકોમાં લોકપાળોનાં સ્થાનોમાં અને સ્વર્ગમાં ફરી વળ્યા. દોડી દોડીને તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં સહન થઈ શકે નહિ એવું સુદર્શન ચક્રનું પાછળ આવતું જણાયું. કોઈ પણ ઠેકાણે રક્ષણ કરનાર કોઈ મળ્યું નહિ, ત્યારે ત્રાસ પામી શરણ શોધવા લાગ્યા અને ભગવાન બ્રહ્માની પાસે જઈને બોલ્યા કે—હે વિધાતા! તમે આ તેજથી મારૂં રક્ષણ કરો. ૫૨ બ્રહ્મા બોલ્યા કે—ભગવાન કાલાગ્નિ જ્યારે બે પરાર્ધ વર્ષ થઈ રહ્યા પછી પોતાની ક્રીડા પૂર્ણ થઈ રહેશે ત્યારે વિશ્વ સાથે મારા આ સ્થાનને ભ્રુકુટીના ભંગમાત્રથી બાળશે કે, તરત આ આખું વિશ્વ પણ નાશ પામશે. ૫૩ હું શંકર દક્ષ ભૃગુ પ્રમુખ દેવતાઓ તથા પ્રજાપતિઓ ભૂતપતિઓ અને ઈંદ્રાદિક પ્રમુખ અમે સર્વે તેમની આજ્ઞાને લોકનું કલ્યાણ થાય એ રીતે માથા ઉપર ધારણ કરીએ છીએ. [illegible], તમે ભગવાનના ભક્તનો દ્રોહ કર્યો તેથી હું તમારી રક્ષા કરી શકતો નથી. ૫૪

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે બ્રહ્માએ વિષ્ણુના ચક્રથી બળી રહેલા દુર્વાસાને રક્ષા કરવાની ના પાડી ત્યારે તે ભગવાન શંકરને શરણે ગયા. ૫૫ રૂદ્ર બોલ્યા કે—હે ઋષિ! જે વ્યાપક અને માયાથી પર ભગવાનને વિષે બ્રહ્મારૂપી જીવનાં શરીર આવાં તથા બીજાં હજારો બ્રહ્માંડો કે જેમાં અમો ભટક્યા કરીએ છીએ તે, ઉત્પન્ન થાય છે તથા નાશ પામે છે. તે કાળમૂર્તિ ભગવાનની આગળ અમારી શક્તિ ચાલે એવું છે જ નહિ. ૫૬ હું સનત્કુમાર નારદ બ્રહ્મા ભગવાન કપિલ અપાંતરતમ દેવલ ધર્મ આસુરી અને મરીચિ પ્રમુખ મુનિઓ તથા બીજા સિદ્ધેશ્વરો સૌ સર્વજ્ઞ છીએ તો પણ જે ભગવાનની માયાથી વિંટાયેલા તેમની માયાના સ્વરૂપને જાણતા નથી. ૫૮ વિશ્વેશ્વર ભગવાનનું શસ્ત્ર અમારાથી સહન થાય નહિ એવું છે માટે તમે ભગવાનને શરણે જાઓ, શ્રીહરિ તમારૂં રક્ષણ કરશે. ૫૯ તે સાંભળી દુર્વાસા નીરાશ થઈ ગયા અને ભગવાન શ્રીહરિ જ્યાં આગળ લક્ષ્મી સાથે બેઠા હતા ત્યાં વૈકુંઠ લોકમાં ગયા. ૬૦ ભગવાનના અસ્ત્રના અગ્નિથી બળી જતા દુર્વાસા કંપતા ભગવાનના ચરણમાં દંડવત્પ્રણામ કરીને બોલ્યા કે, હે અચ્યુત! મારી રક્ષા કરો. ૬૧ મેં તમારો પ્રભાવ ન જાણવાથી તમારા પ્રિય ભક્તોનો અપરાધ કર્યો છે, હે વિધાતા! તે અપરાધનું નિવારણ કરો, કારણ કે આપનું નામ લેવાથી નારકી મનુષ્યો પણ પાપમાંથી છુટે છે. ૬૨

શ્રીભગવાન બોલ્યા કે—હે બ્રાહ્મણ! હું ભક્તોને આધીન હોવાથી પરતંત્રના જેવો છું. મહાત્મા ભક્ત લોકોએ મારા હૃદયને વશ કરેલું છે અને મને ભક્તજનો બહુ પ્રિય લાગે છે. ૬૩ હે બ્રાહ્મણ! હું જેઓનો પરમ આશ્રય છું એવા મારા સદ્ગુણી ભક્તો વિના હું મારા શરીરની તેમ જ નિરંતર મારી

પાસે રહેનારી લક્ષ્મી માટે દરકાર કરતો નથી. ૬૪ જેઓ પોતાની સ્ત્રી ઘર-બાર પુત્ર સંબંધી પ્રાણ ધન આ લોક અને પરલોકનો ત્યાગ કરી મારે શરણે આવે છે, તેમને હું હંમેશ અભય આપું છું. ૬૫ પતિવ્રતા સ્ત્રી જેમ ઉત્તમ પતિને વશ કરે તેમ સર્વ ઠેકાણે સમદૃષ્ટિ રાખનાર અને મારામાં મનને ધારણ કરનાર સાધુ પુરૂષો ભક્તિથી મને વશ કરે છે. ૬૬ સેવાથી પરિપૂર્ણ કામનાવાળા ભક્ત લોકોને મારી સેવાવડે સાલોક્ય સાયુજ્ય સામીપ્ય અને સાર્ષ્ટિ, એ ચાર પ્રકારની ગતિ પ્રાપ્ત થાય છે તોપણ તેઓ તેમની ઇચ્છા કરતા નથી ત્યારે કાળથી નાશવંત બીજા પદાર્થોની તો ક્યાંથી જ ઇચ્છા કરે ? મહાત્મા પુરૂષો મારૂં હૃદય છે અને હું મહાત્મા પુરૂષોનું હૃદય છું. તેઓ મારા વિના બીજું કંઇ જાણતા નથી, હું તેઓના વિના બીજું કંઈ પણ જાણતો નથી. ૬૮ હે બ્રાહ્મણ ! હું તમને એક ઉપાય બતાવું તે તમે અજમાવો. તમને પોતાને જેનાથી આ દુઃખ ઉત્પન્ન થયું છે તેનીજ પાસે જાઓ. મહાત્મા પુરૂષો ઉપર ઉપયોગ કરેલી શક્તિ તેના ઉપયોગકર્તાનું અકલ્યાણ કરે છે તપ તથા વિદ્યા એ બન્ને બ્રાહ્મણોનું કલ્યાણ કરનાર છે પરંતુ તે બન્ને અવિનયી બ્રાહ્મણનું ભુંડું કરનાર છે. ૭૦ હે બ્રાહ્મણ ! તમારૂં કલ્યાણ થાઓ. તમે નાભાગના પુત્ર અંબરીષની પાસે જાઓ અને તે મહાભાગ્યશાળી રાજા આગળ ક્ષમા માંગો તેથી તમારૂં દુઃખ દૂર થશે.

ब्रह्मंस्तद्गच्छ भद्रं ते नाभागतनयं नृपम् ।
क्षमापय महाभागं ततः शांतिर्भविष्यति ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेनवमस्कंधे
चतुर्थोऽध्यायः

અધ્યાય ૫ મો.†

દુર્વાસા અંબરીષને શરણે ગયા.

श्रीशुक उवाच

एवं भगवतादिष्टो दुर्वासाश्चक्रतापितः ।
अंबरीषमुपावृत्य तत्पादौ दुःखितोऽग्रहीत् ॥

શુકદેવજી કહે છે કે—આ રીતે ભગવાને આજ્ઞા કરી, તે ઉપરથી સુદર્શન ચક્રથી તપી ગયેલા અને દુઃખી થયેલા દુર્વાસા અંબરીષ પાસે ગયા. મુનીને દુઃખી જોઈ રાજાએ ચક્રની આ પ્રમાણે સ્તુતિ કરવા માંડી. હે સર્વ અસ્ત્રનો નાશ કરનાર ! તમે આ દીન બ્રાહ્મણનું કલ્યાણ કરો તો સારૂં. ૪ તમે ધર્મરૂપ તમે અમૃતરૂપ તમે સત્યરૂપ તમે યજ્ઞરૂપ તમે સર્વ યજ્ઞના ભોક્તા તમે લોકપાળ તમે સર્વના આત્મા ને તમેજ ભગવાનનું સર્વોત્તમ દૈવત છો. હે સુદર્શન ! તમે સર્વ ધર્મના સેતુરૂપ અધર્મનિષ્ઠ અસુરોના ધુમકેતુ ત્રણે લોકનું રક્ષણ કર્તા અને શુદ્ધ તેજસ્વી મનના જેવા વેગવાળા છો અને અદ્ભુત કર્મ કરનાર છો તે તમને નમસ્કાર કરૂં છું. ૬ તમે તમારા ધર્મમય તેજથી અંધારાનો નાશ કરો છો તથા મહાત્મા સૂર્યાદિકના તેજનો પ્રકાશ કરો છો. તમારો મહિમા જાણી શકાય નહિ તેવો છે અને કાર્ય કારણરૂપ તથા ભૂત અને ભવિષ્યરૂપ આ સર્વ તમારૂં રૂપ છે. ૭ હે સુદર્શન ! ભગવાન તમને આજ્ઞા કરે ત્યારે તમે રણમાં દૈત્યો અને દાનવોની સેનામાં પ્રવેશ કરી તેઓના હાથ પગ કંઠ વગેરેને કાપી રણ ઉપર પરાક્રમ કરો છો ૮ ગદાધારી ભગવાનને જગતની રક્ષા કરવા માટે તથા ખળનો નાશ કરવા માટે સર્વ કરતા શ્રેષ્ઠ એવા તમને ઠરાવેલા છે, તેથી તમે અમારા કુળના ઉત્તમ ભાગ્યના લાભ માટે બ્રાહ્મણનું કલ્યાણ કરો. તેનો અનુગ્રહ તે અમારો

† આ અધ્યાયમાં અંબરીષ રાજાએ ભગવાનના ચક્રને પ્રસન્ન કરી દુર્વાસાની રક્ષા કરી એ કથા કહેલી છે.

કલ્યાણ છે. ૯ અમે જો, દાન કર્યું હોય યજ્ઞ કર્યો હોય સ્વધર્મ કર્યો હોય અને જો બ્રાહ્મણો અમારા કુળનું દૈવત હોય તો આ દુઃખમાંથી મુકત થજો. ૧૦ સર્વ ગુણના આશ્રયરૂપ ભગવાન સર્વ પ્રાણીઓને વિષે આત્મભાવ કરવાથી અમારા ઉપર પ્રસન્ન થયા હોય તો દુર્વાસા આ દુઃખમાંથી મુકત થજો. ૧૧

શુકદેવજી કહે છે કે—રાજા સ્તુતિ કરતો હતો એટલામા દુર્વાસાને ચારે તરફથી બાળતું ભગવાનનું સુદર્શન રાજાની પ્રાર્થનાથી શાંત થઈ ગયુ. પછી ચક્ર રૂપી અગ્નિના તાપમાંથી કુશળતા સાથે મુકત થયેલા દુર્વાસા રાજાને મોટો આશીર્વાદ આપી તેની પ્રશંસા કરી ત્યાંથી ગયા. અહો ભગવાનના ભકતોનું માહાત્મ્ય કેટલું છે! તે આજ મારા જોવા જાણવામાં આવ્યું, કારણ કે, હુ અપરાધી હતોતોપણ તમે મારૂં પરમ ક્ષેમ ઇચ્છયુ.૧૪ સત્પુરૂષો શું કરી શકતા નથી? મહાત્મા શું તજી શકતા નથી? જેઓએ ભકતકુળોમાં વડા શ્રીહરિને પોતાને આધીન કર્યા છે તે સર્વ કરે છે.પુરૂષ માત્ર જેનું નામ સાંભળવાથી નિર્મળ થાય છે, તે પવિત્ર ચરણવાળા શ્રી ભગવાનના ભકતોને કયી વસ્તુ મળવી બાકી રહે છે?૧૬ હે રાજન! તમે મહા દયાળુએ મારા ઉપર અનુગ્રહ કર્યો. તમે મારા અપરાધને ન ગણકારતાં મારી રક્ષા કરી. જેણે હજી મુનિના પાછા આવવાની ઇચ્છાથી ભોજન કર્યુ નહતું, તેણે દુર્વાસાના ચરણોનો હાથવતી સ્પર્શ કર્યો અને પ્રસન્ન થઇ જમાડયા. ૧૮ દુર્વાસાને રાજાએ આદરપૂર્વક આતિથ્ય કરનારૂં તથા સર્વ ઇચ્છા પૂર્ણ કરનારૂં ભોજન પીરસાવ્યું. ઋષિએ અંતઃકરણથી સંતુષ્ટ થઇ આદરપૂર્વક રાજાને કહ્યુ કે—હે રાજન! તમે હવે ભોજન કરો. હું તમારા વૈષ્ણવના દર્શનથી અંગસંગથી ભાષણથી તથા આત્મબુદ્ધિવડે કરેલા અતિથિસત્કારથી પ્રસન્ન થયો છું. તમે મારા ઉપર અનુગ્રહ કર્યો છે. ૨૦ તમારા આ શુદ્ધ કર્મને સ્વર્ગની સ્ત્રીઓ ગાશે તથા પૃથિવીમાં મનુષ્યો તમારી પરમ કીર્તિને વિસ્તારશે.

શુકદેવજી કહે છે કે—હે રાજન! આ રીતે રાજાને કહી પરમ સંતુષ્ટ થયેલા દુર્વાસા તેની આજ્ઞા લઇ આકાશમાર્ગે નિષ્કામ કર્મોથી મળે એવા બ્રહ્મલોકમા જતા રહ્યા. મુનિ પાછા આવ્યા ન હતા એટલામાં એક વર્ષ વીતી ગયું હતું અને રાજા એટલો વખત મુનિના દર્શન કરવાની ઇચ્છાથી જળનું પાન કરીને ભૂખ્યો બેસી રહ્યો હતો દુર્વાસા મુનિ ભોજન કરીને ગયા પછી રાજાએ બ્રાહ્મણોના ભોજનથી અતિ પવિત્ર અન્નનો ઉપયોગ કર્યો. ઋષિને પડેલું દુઃખ તેમાથી તેમને મળેલી મુકિત તથા ધૈર્ય સર્વ ભગવાનના પ્રભાવથી થયું એમ તેણે માન્યું. આવી રીતે અનેક ગુણવાળો રાજા ક્રિયાઓથી પરમાત્મા ભગવાન વાસુદેવ ઉપર ભક્તિ રાખવા લાગ્યો, ભકિતવડે બ્રહ્મલોક સુધી સર્વ ભોગોને તેણે નરકપ્રાય ગણી તુચ્છકારી કાઢયા. ૨૫ ભગવાનની ભકિત કરનાર અંબરીષ રાજા પોતાના જેવા સ્વભાવવાળા પુત્રોને રાજ્ય સોપી વનમા ગયો અને ત્યાં આત્મરૂપ વાસુદેવમા મનને સ્થિર કરી સંસારથી મુકત થઇ ગયો.૨૬ અંબરીષ રાજાનું આ પવિત્ર આખ્યાન ગાવાથી તથા સાભળવાથી માણસ મહા ભાગ્યશાળી અને સુખી થાય છે. ૨૭

इत्येतत्पुण्यमाख्यानमंबरीषस्य भूपतेः।
[illegible] ध्यायन् भक्तो भगवतो भवेत्॥

इतिश्रीम[illegible]गवतमहा[illegible]राणेनवमस्कंधे
पंचमोध्यायः

અધ્યાય ૬ ઠો.†

સૌભરીની કથા.

श्रीशुक उवाच.

विरूपः केतुमान् शम्भुरंबरीषसुतास्त्रयः ।
विरूपात्पृषदश्वोऽभूत्तत्पुत्रस्तु रथीतरः॥१॥

શુકદેવજી કહે છે કે—અંબરીષ રાજાને ત્રણ પુત્ર હતા વિરૂપ, કેતુમાન અને શંભુ તેઓમાં વિરૂપથી પૃષદશ્વ નામે પુત્ર થયો અને તેનો પુત્ર રથીતર થયો. રથીતર સંતાન વિનાનો હતો. તેણે સંતાન માટે પ્રભુની પ્રાર્થના કરવાથી અંગિરા ઋષિએ તેની સ્ત્રીને વિષે બ્રહ્મતેજવાળા કેટલાક પુત્રો ઉત્પન્ન કર્યા ૨ અંગિરાથી રથીતરના ક્ષેત્રમા જેઓ ઉત્પન્ન થયા તેઓ આંગિરસ કહેવાયા. આથી ક્ષત્રિય જાતિ સાથે બ્રાહ્મણો પણ જોડાયા. તેઓ રથીતરના ગોત્રમા ઉત્તમ ગણાયા. ૩ વૈવસ્વત મનુને એકવાર છિંક આવતા નાસિકામાંથી ઇક્ષ્વાકુ નીકળી પડયો ઇક્ષ્વાકુને સો પુત્ર હતા, તેમાં વિકુક્ષિ નિમિ ને દંડક એ ત્રણ ઉત્તમ હતા ૪ સો પુત્રોમાંથી પચ્ચીસ આર્યાવર્તમા પૂર્વ દિશા તરફ રાજ્ય કરતા હતા. પચ્ચીસ આર્યાવર્તમાં પશ્ચિમ તરફ રાજ્ય કરતા હતા ત્રણ મોટા કુમારો આર્યાવર્તની વચ્ચે રાજ્ય કરતા હતા અને બાકીના પુત્રો આર્યાવર્તના બીજા ભાગોમા રાજ્ય કરતા હતા. ઇક્ષ્વાકુ રાજાએ પોતાના પુત્ર વિકુક્ષિને અષ્ટકા શ્રાદ્ધના પદાર્થો લેવા વનમાં મોકલ્યો. હે વિકુક્ષિ! શ્રાદ્ધ માટે પવિત્ર માસ લઇ આવ અને ત્યા વાર લગાડીશ નહિ ૬ વિકુક્ષિ વનમાં ગયો અને ત્યા શ્રાદ્ધ ક્રિયાને યોગ્ય એવાં પશુ મારી થાકી ગયો. તે ભૂખ્યો થયો તેથી વિસ્મરણે તેમાંથી એક શશલું ઉડાવી ગયો. ૭ બાકીના લાવી પિતાને સોંપ્યાં. પિતાએ તે માંસને પ્રોક્ષણ કરવા ગુરૂ વસિષ્ઠને કહ્યું એટલે ગુરૂ બોલ્યા કે—આ માંસ ઉચ્છિષ્ટ છે, તે શ્રાદ્ધ કર્મમાં નિરૂપયોગી છે પુત્રનુ ભક્ષણ જાણવામાં આવ્યાથી રાજાએ ક્રોધ કરી શાસ્ત્ર વિધિનું ઉલ્લંઘન કરનાર ગણી તેને દેશમાંથી કાઢી મુકયો પછી કેટલેક દહાડે ઇક્ષ્વાકુ રાજા વેદમંત્રનો જપ કરનાર વસિષ્ઠની સાથે આત્મતત્વનો સંવાદ કરીને યોગી થયા અને પોતાનો દેહ ત્યાગ કરી પરબ્રહ્મને પામ્યા. ૧૦ પિતાના મરણ પછી વિકુક્ષિ પાછો આવી આર્યાવર્તનું રાજ્ય કરવા લાગ્યો યજ્ઞોથી શ્રીહરિનું યજન કરીને તે જગતમાં શશાદને નામે પ્રખ્યાત થયો. ૧૧ તેના પુત્રનું નામ પુરંજય હતું, તેને ઇન્દ્રવાહ તથા કુકુત્સ્થ પણ કહેતા હતા આ તેનાં ત્રણ નામ જે કર્મો ઉપરથી પડયાં તે કથા હવે હું તમને કહું તે સાભળો. ૧૨

દેવતાઓને દૈત્યો સાથે સંહાર કરનારૂં મહા યુદ્ધ થયું તેમા દેવતાઓએ દૈત્યોથી હારી જઇ શૂરવીર પુરંજયની સહાયતા માગી. તે વખતે પુરંજયે એવી માંગણી કરી કે જો ઇંદ્ર મારૂ વાહન થાય તો હું દૈત્યોનો નાશ કરૂં. એ ઉપરથી ઇંદ્રે લજવાયા છતાં તે વાત અંગીકાર કરી નહિ તોપણ દેવના દેવ, વિશ્વના આત્મા ભગવાન વિષ્ણુના કહેવાથી ઇન્દ્ર તેના વાહનરૂપ બળદ બન્યો. ૧૪ યુદ્ધ કરવાના ઇચ્છાવાળો પુરંજય કવચ ધારણ કરી દિવ્ય ધનુષ તથા બાણો લઇ સર્વ દેવતાઓની સ્તુતિ વચ્ચે પોઠિયા ઉપર ચઢી રણમાં ગયો. મહાત્મા એવા ભગવાન વિષ્ણુના તેજથી વૃદ્ધિ પામેલા પુરંજયે દેવતાઓને સાથે લઇ પશ્ચિમ દિશામા આવેલા દૈત્યોના નગરને ઘેરી લીધું ૧૬ ત્યા આગળ રાજાને દૈત્યોની સાથે રોમાંચજનક તુમુલ યુદ્ધ કર્યું. તેમાં જે દૈત્યો ચઢી આવ્યા હતા તેઓને પુરંજયે ભાલાઓ મારી યમ સદનમાં મોકલી દીધા ૧૭ આ પ્રમાણે દૈત્યો જ્યારે મરાવા માંડયા ત્યારે તેઓ પ્રલયના અગ્નિ જેવા તેના

† આ અધ્યાયમા અંબરીષનો વંશ કહીને શશાદથી મંધાતા સુધીનો ઇક્ષ્વાકુવંશ તથા સૌભરી ઋષિની કથા કહેવામા આવશે

ભયંકર બાણના મારાની આગળ ટકી શકયા નહિ. પછી રાજાએ દૈત્યના નગરને રાજલક્ષ્મી સાથે જીતી લઇ સર્વ ધન ઇન્દ્રને પાછું આપાયું. તે ઉપરથી તે ત્રણ નામે જગતમાં ઓળખાયો. પુરનો વિજય કરવાથી પુરંજય ઈંદ્રવાહ તથા તેની ખાંધ ઉપર બેસવાથી કકુત્સ્થ. ૧૯ પુરંજય રાજાને અનેના નામે એક પુત્ર હતો, તેનો પુત્ર પૃથુ નામે હતો, તેનો વિશ્વરંધિ તેનો ચંદ્ર તથા તેનો યુવનાશ્વ નામે પુત્ર થયો.૨૦ તેનો પુત્ર શાવસ્ત હતો જેણે શાવસ્તિ નામે નગરી વસાવી હતી. શાવસ્તનો પુત્ર બૃહદશ્વ તેનો પુત્ર કુવલયાશ્વ થયો. ૨૧ કુવલયાશ્વે ઉત્તંક ઋષિને રાજી કરવા માટે એકવીશ હજાર પુત્રોથી વિંટાઇને ધુંધુ નામના અસુરને મર્યો તેથી ધુંધુમારને નામે તે જગતમાં પ્રખ્યાત થયો. હે રાજન! તે રાજાના સર્વે પુત્રો ધુંધુ દૈત્યના મુખના અગ્નિથી બળી ગયા હતા. માત્ર દૃઢાશ્વ, કપિલાશ્વ તથા ભદ્રાશ્વ નામે ત્રણ પુત્રો બચ્યા હતા. તેમાં દૃઢાશ્વનો પુત્ર હર્યશ્વ અને તેનો પુત્ર નિકુંભ થયો ૨૪ નિકુંભનો બર્હણાશ્વ થયો તેનો કૃશાશ્વ અને તેનો સેનજીત થયો. સેનજીતનો પુત્ર યુવનાશ્વ હતો તે પ્રજા વિનાનો હતો નથી ખિન્ન થઇ સો સ્ત્રીઓની સાથે વનમા જતો રહ્યો હતો. ઋષિઓએ એની ઉપર દયા કરી તેની પાસે ઈષ્ટિ કરાવી. ૨૬ રાજા તરસ્યો થવાથી યજ્ઞ મંડપમાં ગયો ને બ્રાહ્મણોને નિદ્રાવશ જોઇ તેઓને પૂછયા વિના મંત્રેલું પાણી કે જે રાણીને પીવાનું હતું તે પોતે પી ગયો ૨૭ પ્રભાત થયું અને બ્રાહ્મણોએ જોયું તો કળશ ખાલી દીઠો. બ્રાહ્મણો પૂછવા લાગ્યા કે આ કામ કોણે કર્યું? પુંસવનનું પાણી કોણે પીધું?૨૮ રાજાએ તે જળનું પાન કર્યું છે એવું તેઓના જાણવામા આવ્યું એટલે તેઓ વિધિ—ઇશ્વરને પ્રણામ કરીને બોલ્યા કે,—અહો દૈવનું બળ એજ ખરૂં બળ છે. ૨૯ પછી સ્ત્રીને માટે મંત્રેલું જળ પીવાથી યુવનાશ્વ રાજાને ગર્ભ રહ્યો અને દશ મહિના થયા ત્યારે જમણા પડખાને ચીરી પુત્ર બહાર કાઢવો પડયો. તે બહુજ રડયા માંડયો એટલે બ્રાહ્મણો બોલ્યા કે—આ બાળક અત્યંત રડેછે પણ તેને કોને ધવરાવીશું. તે સાંભળીને વત્સ! રડ મા, મને ધાવજે, એમ કહીને ઈંદ્રે પોતાની અંગુઠા પાસેની આંગળી તેના મોઢામાં ઘાલી. તે ઉપરથી તે કુમારનું નામ માંધાતા પડયું. ૩૧ તેનો પિતા યુવનાશ્વ બ્રાહ્મણોની તથા દેવતાઓની કૃપાથી મરણ પામ્યો નહિ પરંતુ વનમાં તપવડે મુક્તિને પામ્યો. ૩૨ હે રાજા! ઈંદ્રે તે કુમારનું ત્રસદસ્યુ નામ પાડયું, કારણ કે જેનાથી રાવણાદિક દુષ્ટ નિશાચરો ઉદ્વેગ સાથે ત્રાસ પામતા હતા. યુવનાશ્વનો પુત્ર માંધાતા ચક્રવર્તી થયો અને ભગવાનના પ્રભાવથી સાત દ્વીપવાળી પૃથ્વી ઉપર એકલોજ રાજ્ય કરવા લાગ્યો. તે આત્મવેત્તા રાજાએ ઘણી દક્ષિણાવાળા યજ્ઞોથી સર્વ દેવતામય સર્વ સ્વરૂપ ઈંદ્રિયોથી ન જણાય એવા ભગવાન યજ્ઞ નારાયણનું યજન કર્યું ૩૫ યજ્ઞમા ઉપયોગી પદાર્થો મંત્રો વિધિ યજ્ઞ યજમાન ઋત્વિજ ધર્મદેશ ને કાળ સર્વથી તેણે ભગવાનનું યજન કર્યું. ૩૬ સૂર્ય જેટલા પ્રદેશમાં ઉદય પામે છે અને જેટલા પ્રદેશમા આથમે છે તેટલો બધો પ્રદેશ યુવનાશ્વરાજાના પુત્ર માંધાતા રાજાએ ભોગવ્યો શશબિંદુની પુત્રી બિંદુમતીને વિષે પુરૂકુત્સ, અંબરીષ અને મુચકુંદ નામે ત્રણ પુત્ર તેને થયા હતા તેમા મુચકુંદ યોગી હતો. ત્રણ ભાઈઓને પચાસ બહેનો હતી, તે સર્વે સૌભરી નામે એક મુનિને વરી હતી.સૌભરી ઋષિ યમુનાના પાણીમાં ડુબકી મારીને મહા તપશ્ચર્યા કરતા હતા. એટલામાં મત્સ્યનું સંસાર સુખ તેમના જોવામાં આવ્યું તે ઉપરથી તે સુખ ભોગવવાની તેમને ઇચ્છા થઈ. માધાતા રાજાની પાસે આવી તેમણે

કન્યાની માગણી કરી. ૪૦

માંધાતાએ કહ્યું કે, હે મહારાજ ! સ્વયંવરમાં જે કન્યા તમને પ્રસન્ન કરે તે કન્યાને તમે સુખેથી પરણો. તે સાંભળીને સૌભરીએ વિચાર કર્યો કે, "હું સ્ત્રીઓને ન ગમું એવો છું, કારણ કે ઘરડો થયો છું શરીર ઉપર કરચલી પડી છે પળીયા આવ્યાં છે ને માથું કંપે છે રાજાએ મને ના પાડી તેથી હવે હું રાજાની કન્યા તો શું પરંતુ દેવતાઓની સ્ત્રીઓને પણ મોહ થાય એવું રૂપ ધારણ કરૂં. આવો વિચાર કરીને સમર્થ સૌભરીમુનિ નવયૌવન બનીને ૪૨ રાજકન્યાઓના અંતઃપુરમાં ગયા. રાજકન્યાઓનાં ગન સૌભરી મુનિને જોઈ ગાંડાં ઘેલાં થયાં અને તેઓ પરસ્પર ભગિની સંબંધી સહજ સ્નેહનો ત્યાગ કરી મુનિને પરણવા માટે લડવા લાગી. કોઈ બોલી કે, આ મુનિ મને યોગ્ય વર છે, તને યોગ્ય નથી. ૪૪ કન્યાઓની આતુરતાથી રાજાએ નિરૂપાયે તે કન્યાઓ તેમને પરણાવીને મુનિ મોઘા મૂલની શય્યા આસન વસ્ત્ર આભૂષણ નહાવાના પદાર્થો ચંદનાદિકના લેપ ભાત ભાતનાં ભોજન તથા પુષ્પની માળાઓનો ઉપભોગ કરતા રાજકુમારીઓની સાથે અણુમોલ સમૃદ્ધિવાળા ઘરમાં રહેવા લાગ્યા. અપાર તપવડે સમૃદ્ધિથી અમૂલ્ય સામાનો, અનેક સુગંધી ઉપવનો તથા નિર્મળ જળથી ભરેલા સરોવરો તેમણે ઉત્પન્ન કર્યા. શણગારેલાં સ્ત્રી પુરૂષો તેમના ઘરમાં ફર્યા કરતા અને પક્ષીઓ ભમરાઓ તથા બંદીજનો નિત્ય ગાયન કરતા હતા. સૌભરીનું આવું ગૃહસ્થપણું જોઇને ચક્રવર્તીની લક્ષ્મીવાળા સાત દ્વીપના પતિ માંધાતા રાજાએ આશ્ચર્ય પામી, બધો ગર્વ છોડી દીધો. ૪૭ આવી રીતે ઘરમાં રહીને અનેક સુખકારી પદાર્થો ભોગવતા છતાં ઘીથી જેમ અગ્નિ તૃપ્ત થાય નહિ તેમ તે તૃપ્ત થયા નહિ. ૪૮ ઋગ્વેદીઓના આચાર્ય સૌભરી તેથી વિચાર કરવા લાગ્યા તો માંછલાંનો સંગ કરવાથી પોતાનું તપ નાશ થયેલું જણાયું. અરેરે ! હું કે જે સદાચારીને તપસ્વી હતો તેની આ દશા ! મેં જે તપ ઘણા દિવસ થયાં એકઠું કર્યું હતું તે તપ મેં જળચરના પ્રસંગથી નાશ કર્યું. ૫૦ જેઓને મોક્ષની ઇચ્છા હોય તેઓએ સર્વથા સંગ ત્યાગ કરવો જોઇએ ઈન્દ્રિયોને બહારના લૌકિક વિષયોમાં જવા દેવી નહિ જોઇએ પરંતુ એકલા એકાંતમાં અનંત એવા ભગવાન વિષે ચિત્તને જોડવું અને કોઈનો પણ પ્રસંગ પાડવો નહિ—ઇચ્છા થાય તો ભગવાનના પ્રિય ભક્તોનો પ્રસંગ પાડવો. ૫૧ હું એકલો તપસ્વી હતો તોપણ માછલાંની સાથે પ્રસંગ પડતા પચ્ચાસરૂપે થયો અને તે પચ્ચાસ સ્ત્રીઓમાંથી સો સો પુત્રો ઉત્પન્ન કરવાથી પાંચ હજાર રૂપે થયો, તોપણ હું કે જેની બુદ્ધિ માયાથી હરાયલી છે અને જે વિષયોને પુરૂષાર્થ માનું છુ તે આ લોકનાં તથા પરલોકના કાર્ય કરવારૂપી મનોરથોના પારને પામતોજ નથી. ૫૨ ઘરમાં રહેતાં સૌભરી ઋષિને કેટલેક કાળે આવો વૈરાગ આવ્યો તેથી તે સર્વ સંગનો ત્યાગ કરી વનમાં ગયા. પતિને દેવતા માનનારી તેમની સ્ત્રીઓ પાછળ ગઈ. ૫૩ આત્મજ્ઞાની મુનિએ વનમા શરીરને દુર્બળ કરનારૂં તપ કરી અગ્નિહોત્રની સાથે પોતાના આત્માને પરમાત્મામાં જોડી દીધો. હે મહારાજ ! તેમની સ્ત્રીઓ પોતાના પતિની અધ્યાત્મગતિને જોઇ શાંત પડેલા અગ્નિની પાછળ તેની જ્વાળાઓ શાંત પડે તેમ શાંત થઇને પતિના પ્રભાવથી મુક્તિને પામી.

ताः स्वपत्युर्महाराज निरीक्ष्याध्यात्मिकीं गतिम् । अन्वीयुस्तत्प्रभावे अग्निं शांतमिवार्चिषः ॥ ५६ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेनवमस्कंधे
षष्ठोऽध्यायः

અધ્યાય ૭ મો.¶

પુરૂકુત્સ અને હરિશ્ચંદ્રની કથા.

શ્રીશુક ઉવાચ

मांधातुः पुत्रप्रवरो योऽम्बरीष प्रकीर्तितः ।
[illegible]न प्रवृतो यौवनाश्वश्च तत्सुतः ॥१॥

શુકદેવજી કહે છે કે—માધાતાના મોટો પુત્ર જેને અંબરીષ નામે વર્ણવ્યો, તેને તેના દાદાએ દત્તક પુત્ર કરી લીધો હતો. તેનો પુત્ર યૌવનાશ્વ અને તેનો પુત્ર હારીત હતો. આ ત્રણે અંબરીષ યૌવનાશ્વ અને હારીત માંધાતાના ગોત્રમાં ગણાય છે. ૧ માધાતાના પુત્ર પુરૂકુત્સને સર્પોએ પોતાની બેન નર્મદા પરણાવી હતી. નર્મદા નાગરાજા વાસુકીના કહેવાથી પુરૂકુત્સને રસાતળ પાતાળમાં લઈ ગઇ ૨ વિષ્ણુની શકિતને ધારણ કરનાર પુરૂકુત્સે ત્યાં મારવા યોગ્ય ગંધર્વોનો નાશ કરી સર્પોની પાસેથી એવું વરદાન મેળવ્યું હતું કે આ આખ્યાન જેઓ સાભળશે તેઓને સર્પોનો ભય રહેશે નહિ. ૩

પુરૂકુત્સનો ત્રસદસ્યુ નામે પુત્ર થયો અને તેનો પુત્ર હર્યશ્વ તેનો પુત્ર અરૂણ અને તેનો નિબંધ થયો. ૪ તેનો સત્યવ્રત થયો તે જગતમા ત્રિશંકુને નામે ઓળખાય છે. ત્રિશંકુ ગુરૂ વસિષ્ઠના શાપથી ચાડાળતાને પામ્યો હતો. ૫ વિશ્વામિત્રના પ્રભાવથી સદેહે સ્વર્ગમાં ગયો હતો. તે અદ્યાપિ આકાશમાં દેખાય છે. જ્યારે સ્વર્ગમા ગયો ત્યારે દેવતાઓએ તેને ઉંધે મસ્તકે—પાછો પ ડયો પરંતુ વિશ્વામિત્રે તપના પ્રભાવથી તેને અધર લટકાવી રાખ્યો જે અદ્યાપિ દેખાય છે. ૬ ત્રિશંકુનો પુત્ર હરિશ્ચન્દ્ર હતો જેને માટે પક્ષી થઈ ગયેલા વિશ્વામિત્ર તથા વસિષ્ઠને ઘણાં વર્ષ સુધી યુદ્ધ થયું હતું. ૭ હરિશ્ચન્દ્રને પુત્ર નહતો, તેથી તે ખેદ કર્યા કરતો. નારદના ઉપદેશથી વરૂણને શરણે ગયો અને તેમને કહ્યું કે, હે પ્રભો! મને પુત્ર થાય તેમ કરો. ૮ મને જો વીરપુત્ર થાય તો હું તેથી તમારૂં યજન કરૂં વરૂણે કહ્યું કે, 'તથાસ્તુ' પછી રાજાને રોહિત નામે પુત્ર થયો. ૯ પુત્રનો જન્મ થયા પછી વરૂણે કહ્યું કે, આ પુત્રથી તું મારૂં યજન કર હરિશ્ચન્દ્રે ઉત્તર આપ્યો કે, જ્યારે પશુ દશ દહાડાનો થાય ત્યારે તે પવિત્ર થાય. એ ઉત્તર સાભળી વરૂણ ગયા. ૧૦ જ્યારે તે પશુ દશ દિવસનો થયો ત્યારે વરૂણે કહ્યુ કે તે પશુથી યજ્ઞ કર, એટલે તે બોલ્યો કે પશુને જ્યારે દાંત આવે ત્યારે તે પવિત્ર થાય. ૧૧ થોડા દિવસમાં બાળકને દાંત આવ્યા, એટલે વરૂણે રાજાને કહ્યું કે, હવે પશુથી મારૂં યજન કર. હરિશ્ચન્દ્રે પ્રત્યુત્તર આપ્યો કે, બાળરૂપી પશુના દાંત જ્યારે પડી જાય ત્યારે તે પવિત્ર ગણાય. ૧૨ થોડા દિવસમા પશુના દાત પડી ગ્યા, એટલે વરૂણે કહ્યું કે, મારૂં યજન કર. તે બોલ્યા કે. પશુને જ્યારે ફરીને દાત આવે ત્યારે તે પવિત્ર થાય છે. ૧૩ થોડા દિવસમા પશુને ફરીને નવા દાત આવ્યા એટલે વરૂણે કહ્યુ કે, હવે મારૂં યજન કર હરિશ્ચન્દ્ર બોલ્યો કે, હે રાજા! ક્ષત્રિય જાતિનો પશુ જ્યારે યુદ્ધ કરવાને માટે સમર્થ થાય ત્યારે પવિત્ર ગણાય છે. ૧૪

આ રીતે પુત્ર ઉપર પ્રીતિવાળા હરિશ્ચન્દ્રે પુત્રસ્નેહમાં ચિત્ત ગુથાવાથી કાળ ચુકાવી દેવા તેને જુદા જુદા સમયો કહ્યા, તે તે સમયની વરૂણ દેવતાએ રાહ જોઈ ૧૫ રોહિત પિતાનું છળ જોઇ પ્રાણની રક્ષા કરવાની ઈચ્છાથી ધનુષ લઇ વનમા નાશી ગયો. ૧૬ પાછળથી વરૂણે પિતાના ઉદરને ખીલી દીધું છે અને તેને જલદરનું દરદ થવાથી તેનું પેટ મોટું થયું છે. આમ સાંભળીને રોહિત પોતાના ગામ તરફ આવવા નીકળ્યો, એટલે ઇન્દ્રે તેને અટકાવ્યો. ૧૭ રોહિતને ઉપદેશ કર્યો કે તીર્થો અને ક્ષેત્રોમાં યાત્રા કરવા પૃથ્વી

¶ આ અધ્યાયમા માધાત ના વંશમા થયેલા પુરૂકુત્સની તથા હરિશ્ચંદ્ર રાજાની શ્રેષ્ઠ કથા કહેવામા આવશે

ઉપર પર્યટન કરવું એ પુણ્યકારક છે. રોહિત અરણ્યમાં એક વર્ષ સુધી રહ્યો. ૧૮ બીજે ત્રીજે ચોથે અને પાંચમે વર્ષે ઇન્દ્રે વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઇ વારંવાર તેની પાસે જઇ તેને પિતાના નગરમાં આવવા દીધો નહિ. ૧૯ છઠું વર્ષ રોહિતે વનમાં ને વનમા ગાળી કાઢ્યું. પછી સાતમે વર્ષે રોહિત પિતાની નગરી તરફ જવા નીકળ્યો, એટલામાં અજીગર્તની પાસેથી તેણે તેના એક પુત્ર શુનઃશેફને પોતાની વતી યજ્ઞમાં હોમવા વેચાતી લીધો. પિતાને તે આપી રોહિતે પ્રણામ કર્યા. પછી મોટી કીર્તિવાળા તથા પુરૂષોમાં પ્રખ્યાતિ પામેલા હરિશ્ચન્દ્ર રાજાએ યજ્ઞ કર્યો અને જલંદરના રોગમાંથી તે મુકત થયા. તેના યજ્ઞમાં વિશ્વામિત્ર હોતા થયા, આત્મજ્ઞાની જમદગ્નિ અધ્વર્યુ થયા વસિષ્ઠ બ્રહ્મા થયા અને અયાસ્ય ઉદ્‌ગાતા થયા. ઇન્દ્રે તે યજ્ઞમાં પ્રસન્ન થઇને હરિશ્ચંદ્રને સુવર્ણનો રથ ભેટ આપ્યો. ૨૩ શુનઃશેફનું માહાત્મ્ય આગળ કહેવામાં આવશે. હરિશ્ચંદ્ર રાજાની તથા તેની સ્ત્રીની સત્ય ધીરજ જોઇ વિશ્વામિત્ર બહુજ પ્રસન્ન થયા અને રાજાને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો. પછી રાજાએ જ્ઞાનના પ્રભાવથી પોતાના મનનો પૃથ્વીમા પૃથ્વીનો જળમાં જળનો તેજમાં તેજનો વાયુમાં વાયુનો આકાશમાં આકાશનો અહંકારમા અને અહંકારનો મહત્તત્ત્વમાં લય કર્યો અને તેને વિષે રહેલા વિષયાકારને જુદો પાડી શુદ્ધ એવી જ્ઞાન કળાનું આત્મસ્વરૂપે ધ્યાન ધરી ધ્યાન રૂપી વૃત્તિથી અજ્ઞાનને બાળી નાખ્યું. ૨૬ નિર્વાણ સુખરૂપી જ્ઞાનવડે ધ્યાનાકાર વૃત્તિનો ત્યાગ કરી હરિશ્ચંદ્ર રાજા સર્વ બંધનમાંથી છુટો થયો. કોઇથી પણ ગ્રહણ કરી શકાય નહિ એવા તથા તર્કમા પણ આવે નહિ એવા સ્વસ્વરૂપમાં લય પામ્યો. ૨૭

हित्वा तां स्वेन भावेन निर्वाणसुखसंविदा ।
अनिर्देश्याप्रतर्क्येण तस्थौ विध्वस्तबंधनः २७

इतिश्रीमद्भागवतेमहापुराणनवमस्कंधे
सप्तमोऽध्यायः

અધ્યાય ૮ મો.*

સગરના પુત્રોને કપિલનો શાપ.

श्रीशुक उवाच

हरितो रोहितसुतश्चंपस्तस्माद्विनिर्मिता ।
चंपा पुरी सुदेवोऽतो विजयो यस्य चात्मजः १

શુકદેવજી કહે છે કે—રોહિતનો પુત્ર હરિત થયો અને તેનો પુત્ર ચંપ થયો, તેણે ચંપા નામે એક નગરી વસાવી. ચંપનો પુત્ર સુદેવ તેનો વિજય, ૧ તેનો ભરૂક તેનો વૃક અને તેનો પુત્ર બાહુક થયો. તેની પાસેથી શત્રુઓએ પૃથ્વી લઈ લીધી, તેથી તે પોતાની સ્ત્રી સાથે વનમાં જતો રહ્યો. ૨ તે ઘરડો થઇને મરણ પામ્યો ત્યારે રાણી સતી થવાને તૈયાર થઇ, પરંતુ ઔર્વ ઋષિએ તેને ગર્ભવતી જાણી સતી થતા અટકાવી. ૩ તેની શોકયોએ પટરાણીને ગર્ભ હોવાથી તેને અન્નમાં ઝેર આપ્યું તોપણ તે મરી ગઇ નહિ. ઝેરની સાથે અવતર્યો તે ઉપરથી તે મહા યશસ્વી સગરને નામે પ્રખ્યાત થયો. સગર રાજા મોટો ચક્રવર્તિ હતો. એના પુત્રોએ સમુદ્ર નિર્માણ કર્યો. સગર રાજાએ ગુરૂના કહેવાથી યુદ્ધમાં તાલજંઘોને યવનોને શકોને હૈહયોને હણને તથા બર્બર લોકોને મારી નાંખ્યા. તેઓમાંથી કેટલાક વિલક્ષણ પોશાક પહેરનારા થયા, કેટલાક મુંડીયા થયા, કેટલાક દાઢી મૂછવાળા થયા, કેટલાક છુટા કેશવાળા થયા કેટલાક અર્ધ મુંડેલા થયા કેટલાક અંદરવસ્ત્ર વિનાના તો કેટલાક ઉપરના વસ્ત્ર વિનાના પોશાકવાળા થયા. તેણે ઔર્વ મુનિએ બતાવેલા ઉપાય પ્રમાણે સર્વ વેદો તથા દેવતાઓરૂપ પરમાત્મા એવા શ્રીહરિનું અશ્વમેધ યજ્ઞોથી યજન કર્યું. યજ્ઞમાં રાજાએ અશ્વ પૃથિવી ઉપર ફરવાને મૂકયો તેને ઇંદ્ર હરી ગયો. ૮ રાજાએ પોતાના પુત્રોને આજ્ઞા

* આ અધ્યાયમા રોહિતનો વંશ અને તેના વંશમા થયેલા સગર રાજાના પુત્રોને કપિલનો શાપ વગેરે કથા કહેલ છે.

કરી, તે ઉપરથી પિતાની આજ્ઞા પાળનાર સુમતિના પુત્રો ગર્વથી ઘોડાને શોધવા નીકળ્યા અને ચારે તરફથી પૃથિવી શોધવા લાગ્યા ૯

આ પ્રમાણે શોધતાં અને ખોળ કરતાં સગરના પુત્રોએ કપિલની પાસે યજ્ઞના ઘોડાને દીઠો. તે સમે સાઠ હજાર કુમારો સાથેજ બોલી ઉઠયા કે આંખો મીંચીને બેઠેલો આ મુનિ ઘોડો ચોરનાર છે, માટે એને મારો. એમ કહી હથિયાર ઉગામી તેના ઉપર ધસ્યા. મુનિએ સમાધિમાંથી નિવૃત્ત થઇ આંખો ઉઘાડી. ૧૧ ઇન્દ્રે તેઓની બુદ્ધિ હરી લીધી હતી તેમજ જેઓ મોટા પુરૂષોનો અપરાધ કરવાથી હણાયલા હતા તેઓ પોતાના શરીરના અગ્નિવડે એક ક્ષણમાં બળીને ભસ્મ થઇ ગયા. ૧૨ કેટલાક કહે છે કે—સગરના પુત્રો મુનિના કોપથી બળી ગયા, એ વાત સંભવિત નથી, કારણ કે જેનો દેહ શુદ્ધ સત્વગુણોના સ્થાનરૂપ અને જગતને પવિત્ર કરનારો હતો, એવા ભગવાન કપિલને વિષે ક્રોધમય તમોગુણ સંભવેજ નહિ કારણ કે, આકાશમા પૃથિવીની રજ સંભવતી નથી ૧૩ જેમણે આ લોકમાં સાખ્ય શાસ્ત્રરૂપી દૃઢ નૌકા ચલાવેલી છે, અને મુમુક્ષુ પુરૂષ જેનાથી તરી શકાય નહિ એવા મૃત્યુના માર્ગરૂપી સંસારસાગરને તરી જાય છે, એવા પરબ્રહ્મ રૂપ કપિલને 'આ શત્રુ છે કે આ મિત્ર છે,' આવી ભેદબુદ્ધિ થાય નહિ. સગર રાજાની કેશિની નામે સ્ત્રીથી અસમજસ નામે એક પુત્ર થયો હતો. તેનો પુત્ર અંશુમાન હતો, તે પિતામહના હિતમાં તત્પર રહેતો. ૧૫ અસમંજસ રાજા પૂર્વે યોગી હતો, તે લોકનો સંગ કરવાને લીધે યોગમાથી ભ્રષ્ટ થયો હતો, છતા તેને પૂર્વ જન્મનું સ્મરણ હતું, તે પોતાના શરીરને મેલુ ઘેલું દેખાડતો હતો. જગતમા નિન્દિત કર્મ કરતો નાતીલાઓનું ભુંડું બોલતો અને રમતા બાળકોને સરયુ નદીમાં ફેંકી દઇ લોકોને ખિન્ન કરતો. ૧૭ તે જ્યારે આવાં વર્તન ચલાવવા લાગ્યો ત્યારે પિતાએ તેનો ત્યાગ કર્યો. પછી તે યોગના પ્રભાવથી સરયુમા નાખી દીધેલાં બાળકોને જીવતાં દેખાડી ત્યાંથી ચાલ્યો ગયો. ૧૮ અયોધ્યા નગરીના સર્વ માણસો હે રાજા! બાળકોને પાછાં આવેલાં જોઈ અતિ આશ્ચર્ય પામ્યા અને રાજા બહુજ સંતાપ કરવા લાગ્યો. રાજાએ અંશુમાનને આજ્ઞા કરી કે ઘોડાની શોધખોળ કરવા તારા કાકાઓએ ખોદેલા માર્ગે જા. તે ગયો અને રાખના ઢગલાની પાસે ઘોડાને દીઠો. ૨૦ ભગવાન કપિલ મુનિને પણ ત્યા બેઠેલા જોયા ઉદાર ચરિત્રવાળો અંશુમાન મનને સ્થિર કરી બે હાથ જોડી પછી મુનિની સ્તુતિ કરવા લાગ્યો. ૨૧

અંશુમાન—બ્રહ્મા પણ આત્માથી પર એવા આપ પરમેશ્વરને સમાધિવડે પ્રત્યક્ષ અને યુક્તિઓથી અપરોક્ષ રીતે જાણતા નથી ત્યારે લોકો કે જેઓ બ્રહ્માના મન શરીર અને બુદ્ધિથી થયેલી સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલા છે તે કેમ જાણે! તેઓમાં પણ અમારા જેવા અજ્ઞાની લોકો તો જાણેજ કયાંથી. ૨૨ જે દેહધારીઓ આપની માયાથી મોહિત થયેલા બુદ્ધિને આધીન તથા બહારનું જ્ઞાન ધરાવનાર છે, તેઓ જાગૃત તથા સ્વપ્નમાં વિષયોને જુવે છે અને સુષુપ્તિ કાળમા અજ્ઞાનને જુવે છે; પરંતુ તમે તો પોતાના સ્વરૂપમાં રહેલા છો તે તમને અમે જાણતા નથી. ૨૩ આપ શુદ્ધ જ્ઞાન સ્વરૂપ છો અને સ્વભાવથી માયાના ગુણરૂપ ભેદનો તથા મોહનો નાશ કરનાર સનંદન આદિક મુનિઓએ જાણવા યોગ્ય છો. આપને હું મૂઢ કેમ જાણી શકું ?૨૪ હે ભગવન! હું આપ પુરાણ પુરૂષ ભગવાનને નમસ્કાર કરૂં છું. માયાના ગુણો, વિશ્વસૃષ્ટિ વગેરે કર્મો તથા બ્રહ્મા આદિક રૂપો આપનાં છે. આપ કાર્ય કારણથી રહિત છો. નામ અને રૂપથી રહિત

છો અને લોકોને જ્ઞાનોપદેશ કરવાને દેહને ધારણ કરો છો. ૨૫ તમારી માયાએ રચેલા આ લોકમાં કામ લોભ ઇર્ષ્યા અને મોહથી જેમનું મન ભ્રમિત થયેલું હોય એવા લોકો ઘરબાર પુત્ર સ્ત્રી વગેરેને વિષે પરમાર્થ બુદ્ધિ કરીને ભટકયા કરે છે. ૨૬ હે ભગવન! અમારો આજે તમારા દર્શન કરવાથી કામ કર્મ તથા ઇન્દ્રિયોના આશ્રયરૂપ દૃઢ મોહ નાશ પામ્યો છે. ૨૭

શુકદેવજી કહે છે કે—હે રાજન! આ પ્રમાણે તેનો પ્રભાવ અંશુમાને ગાયો એટલે ભગવાન કપિલે બુદ્ધિપૂર્વક તેની ઉપર અનુગ્રહ કરીને કહ્યું કે—હે વત્સ! આ તારા પિતામહનો—દાદાનો ઘોડો લઇને તુ જા અને તારા બળી ગયેલા કાકાઓ ગંગાના પાણીથી મુક્તિ પામશે બીજાથી નહિ. ૨૯ અંશુમાને કપિલની પ્રદક્ષિણા કરી મસ્તકવડે પ્રણામ કરી તેમને પ્રસન્ન કર્યા અને ઘોડાને દાદાની પાસે આણ્યો. સગરે બાકી રહેલો યજ્ઞ પૂર્ણ કર્યો. અંશુમાનને રાજ્ય સોંપી પોતે સ્પૃહા રહિત થઇ સર્વ બંધનમાંથી મુક્ત થઇને ઔર્વ મુનિએ દેખાડેલે માર્ગે સર્વ શ્રેષ્ઠ ગતિને પોતે પામી ગયા. ૩૧

राज्यंशुमति न्यस्य निःस्पृहो मुक्तबंधनः।
और्वोपदिष्टमार्गेण लेभे गतिमनुत्तमम्॥३१॥

इतिश्रीमद्भागवतेमहापुराणेनवमस्कंधे अष्टमोध्यायः

અધ્યાય ૯ મો.‡

ભગીરથ ગંગાને પૃથ્વીપર લાવ્યા.

श्रीशुक उवाच

अंशुमांश्च तपस्तेपे गंगानयनकाम्यया।
कालं महांतं नाशक्नोत्ततः कालेन संस्थितः॥

શુકદેવજી કહે છે કે—હે રાજન! અંશુમાન રાજાએ ગંગાને પૃથ્વી ઉપર લાવવાની ઇચ્છાથી ઘણા કાળ સુધી તપ કર્યું, પરંતુ લાવી શકાઇ નહિ. કાળે કરીને આખરે તે મરણ પામ્યો. ૧ તેનો પુત્ર દિલીપ થયો, તે પણ ફાવ્યો નહિ અને કાળને પ્રાપ્ત થયો. તેના પુત્રે મોટી તપશ્ચર્યા કરી ૨ એટલે ગંગાએ દર્શન આપ્યાં અને કહ્યું કે, હું તારા ઉપર પ્રસન્ન થઈ છું અને વરદાન આપુ છું. રાજાએ પ્રણામ કરીને પોતાનો અભિપ્રાય કહી બતાવ્યો એટલે ગંગાએ કહ્યું કે, હું પૃથ્વી ઉપર તો પડું પરંતુ કોઇ મારો વેગ ધારણ કરનારો હોવો જોઇએ, નહિ તો હું પૃથિવીને ફાડીને રસાતળ પાતાળમાં જતી રહીશ. ૪ તેમજ હે રાજન! હું પૃથિવી ઉપર આવીશ નહિ કારણ કે, લોકો મારે વિષે પોતાનું પાપ ધુવે, ત્યારે હું મારો મેલ કયાં ધોઉ! ભગીરથ બોલ્યા, સર્વ સંગનો ત્યાગ કરનાર જગતને પવિત્ર કરનાર શાંત અને બ્રહ્મના સ્વરૂપને જાણનાર મહાત્મા પુરૂષો તમારામાં નાહીને પાપનો નાશ કરશે, કારણ કે તેઓને વિષે પાપનો નાશ કરનાર શ્રીહરિ વસે છે, તેમ જ દેહધારીઓના આત્મા રૂપ શંકર તમારા વેગને ધારણ કરશે. જેમ તંતુમા વસ્ત્ર ઓતપ્રોત રહેલ છે તેમ આ જગત શંકરને વિષે ઓતપ્રોત રહેલું છે. ૭

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે ગંગાને કહી રાજાએ તપવડે શંકરને પ્રસન્ન કરવા માંડયા અને થોડા સમયમાં તે પણ પ્રસન્ન થયા ૮ ભગીરથ રાજાએ માગેલો વર તથાસ્તુ કહી આપ્યો. પછી સર્વ લોકનું હિત કરનાર શંકરે સાવધાન થઇ શ્રીહરિના ચરણથી પવિત્ર થયેલા ગંગાને પોતાના મસ્તક ઉપર ધારણ કર્યા. રાજર્ષિ ભગીરથ જ્યા આગળ પોતાના પિતૃઓના દેહ ભસ્મ થઈ ગયા હતા ત્યા આગળ જગતને પવિત્ર કરનારાં ગંગાને લઇ ગયા. ૧૦ તે એ પ્રમાણે કે ભગીરથ રાજા વાયુના જેવા વેગવાળા રથમાં બેસીને આગળ ચાલ્યા અને પછવાડે દેશોને પવિત્ર

‡ આ અધ્યાયમા જેના પૌત્ર ભગીરથ ગંગાને પૃથ્વી ઉપર લાવ્યા તે અંશુમાનનો ખટ્વાંગ સુધી વંશ વર્ણવ્યો.

કરતાં ગંગાજીએ બળીને ભસ્મ રૂપ થયેલા સગર રાજાના પુત્રોને નવરાવ્યા.૧૧ સગરના પુત્રો બ્રાહ્મણના શાપથી ભસ્મ થયા હતા ને માત્ર રાખરૂપ જ હતા તોપણ ગંગાજીના જળના સ્પર્શથી દેહની રાખદ્વારા સ્વર્ગમાં ગયા. સગરના પુત્રો કેવળ રાખ રૂપ થયેલા દેહવડે ગંગાજીનો સ્પર્શ કરીને સ્વર્ગમા ગયા તો જેઓ સદાચારી શ્રદ્ધાથી ગંગાનું સેવન કરનાર છે તેઓ સ્વર્ગમાં જાય એમાં શી નવાઇ!૧૩ ભગવાનનાં ચરણકમળમાંથી ઉત્પન્ન થયેલાં અને મુક્તિ આપનારા ગંગાજીનું માહાત્મ્ય મોટું આશ્ચર્યજનક છે. ૧૪ નિર્મળમનવાળા મુનિઓ શ્રદ્ધાથી ભગવાનમાં મન પરોવી ત્યાગ કરી શકાય નહિ એવા દેહના સંબંધનો ત્યાગ કરી ભગવાનના રૂપને પામે છે.૧૫ ભગીરથથી શ્રુત નામે એક પુત્ર ઉત્પન્ન થયો તેનો નાભ નામે પુત્ર થયો તેને સિંધુદ્વીપ અને તેનો આયુતાયુ થયો.૧૬ તેને ઋતુપર્ણ નામે પુત્ર થયો, ઋતુપર્ણ નળરાજાનો મિત્ર હતો તે નળરાજાને દ્યુતનું રહસ્ય ભણાવી તેની પાસેથી અશ્વવિદ્યા શિખ્યો હતો. ઋતુપર્ણને સર્વકામ નામે પુત્ર હતો. ૧૭ તેનો સુદાસ તેનો સૌદાસ થયો, જે મદયંતીનો પતિ હતો. કોઇ ઠેકાણે તેને મિત્રસહ તથા કલ્માષાંઘ્રિ કહે છે તે વસિષ્ઠના શાપથી રાક્ષસ થયો હતો અને પોતાના કર્મને લીધે વાંઝીઓ રહ્યો હતો ૧૮

રાજા પરીક્ષિતે પૂછ્યું કે–મહાત્મા સૌદાસ રાજાને ગુરૂનો શાપ કેમ થયો ? તે વાત જો ગુપ્ત ન હોય તો મને કહો. હું એ વાત જાણવાની ઇચ્છા રાખું છુ.૧૯

શુકદેવજી કહે છે કે–મહાત્મા સૌદાસ રાજાએ મૃગયા કરતાં કરતા એક રાક્ષસને મારી નાખ્યો ને તેના ભાઇને છોડી દીધો. તેણે ભાઇનુ વેર વાળવા સૌદાસના નગરમાં જઇ, ૨૦ રાજાએ કરેલો અપરાધ મનમાં રાખી તેને ઘેર ભોજન કરવા આવેલા વસિષ્ઠને મનુષ્યનું માંસ રાંધીને પીરસ્યું ૨૧ વસિષ્ઠે તેજ વખતે પીરસાતા પદાર્થને અ-ભક્ષ્ય જાણીને શાપ દીધો કે આ પ્રમાણે કરવાથી તું રાક્ષસ થઇશ. ૨૨ પાછળથી તે કામ રાક્ષસે કર્યું હતું એમ જાણી બાર વર્ષનો શાપનો અવધિ બાંધ્યો. રાજા હાથમાં પાણી લઇ ગુરૂને શાપ દેવા માટે તૈયાર થયો ૨૩ પરંતુ મદયંતી રાણીએ રાજાને વાર્યો. પછી દિશાઓ આકાશ પૃથ્વી અને સર્વ જગતને જીવમય જોઇ શાપના જળને તેણે પોતાના પગ ઉપર નાખ્યું તેથી પગ કાળા થઇ ગયા અને જગતમાં તે કલ્માષપાદ કહેવાયો.રાજા ઋષિના શાપથી રાક્ષસ થઇને વનમાં રહેવા લાગ્યો રાક્ષસે એક દિવસ વનમાં બ્રાહ્મણ દંપતીને દીઠાં. ક્ષુધાથી પીડાતા તેણે બ્રાહ્મણને પકડયો. બ્રાહ્મણી અકૃતાર્થની પેઠે રોતાં રોતાં બોલી કે તું રાક્ષસ નથી પણ ઇક્ષ્વાકુ કુળનો મહારથી અને મદયંતીનો પતિ છે. હે વીર! તને અધર્મ છાજતો નથી, હું સંતાનની કામનાવાળી છું ને મારો પતિ આ બ્રાહ્મણ પણ અપુત્ર છે માટે તે મને પાછો આપ. હે રાજન! પુરૂષને આ મનુષ્યદેહ સર્વ પુરૂષાર્થ આપનારો છે માટે હે વીર! દેહનો નાશ કરવો, એ સર્વ પુરૂષાર્થનો નાશ કરવા બરાબર છે. ૨૮ આ વિદ્વાન બ્રાહ્મણ છે, તપ શીલ અને ગુણ સંપન્ન છે, સર્વ પ્રાણીઓને પોતાના સમાન ગણી તેઓમાં દેહાદિકોથી ઢંકાયલા મહાપુરૂષના નામવાળા પરબ્રહ્મની આરાધના કરવાની ઇચ્છાવાળો છે. ૨૯ આ બ્રાહ્મણ પુત્ર જેમ પિતના હાથથી નાશ થવાને યોગ્ય નથી, તેમ રાજર્ષિઓમાં મુખ્ય એવા આપના હાથથી મરણ પામવાને યોગ્ય નથી. ૩૦ આ બ્રાહ્મણ સદ્ગુણી પાપરહિત વિદ્વાન તથા બ્રહ્મવાદી છે તેનો વધ કરવો તે ગોવધના જેવો છે. જો આને તમારે ખાઇ જવો હોય તો પ્રથમ મને ખાઇ જાઓ; કારણ કે હું તેના વિના શબની પેઠે એક

ક્ષણ પણ જીવી શકીશ નહિ. ૩૨

આ પ્રમાણે બ્રાહ્મણી કરુણ રૂદન કરતી અનાથની પેઠે કાલાવાલા કરતી રહી અને શાપથી સ્વસ્વરૂપને ભૂલી ગયેલો સૌદાસ, વાઘ જેમ પશુને ખાઈ જાય તેમ બ્રાહ્મણને ખાઈ ગયો. ૩૩ પોતાના પતિને રાક્ષસ ખાઈ ગયો તેથી શોક કરતા બ્રાહ્મણીએ ક્રોધાયમાન થઈ શાપ દીધો કે ૩૪ અરે પાપી! મારા પતિને તુ ખાઈ ગયો માટે જા તારૂં પણ સંગ સમે મૃત્યુ થશે ૩૫ આ રીતે રાજાને શાપ દઈ પતિલોકમાં જવા તત્પર એવી પતિવ્રતા સ્ત્રીએ પોતાના પતિનાં હાડકા પ્રજ્વલિત અગ્નિમાં નાંખી તરત સહગમન કર્યું. બાર વર્ષ પૂરાં થયા પછી રાજા શાપથી મુક્ત થયો. તે પ્રજાની ઇચ્છાવાળો થઈ રાણી પાસે ગયો પણ બ્રાહ્મણીનો શાપ યાદ કરી તેણે અટકાવ્યો.૩૭ રાજાએ પછી સ્ત્રીસુખનો ત્યાગ કર્યો. આ રીતે પોતાના કર્મથીજ તે પ્રજા રહિત રહ્યો. તેની આજ્ઞાથી વસિષ્ઠે મદયંતીને ગર્ભ રાખ્યો. ૩૮ રાણીએ સાત વર્ષ સુધી ગર્ભ ધારણ કર્યો તોપણ કંઈ અવતર્યું નહિ, ત્યારે વસિષ્ઠ મુનિએ પેટમાં પત્થર મારી પ્રસવ કરાવ્યો તેથી પુત્ર ઉત્પન્ન થયો તે અશ્મક કહેવાયો. ૩૯ અશ્મકથી મુલક નામે પુત્ર થયો પરશુરામે જ્યારે પૃથ્વીને ક્ષત્રિય રહિત કરેલી હતી ત્યારે સ્ત્રીઓએ તેને છુપાવીને રાખ્યો હતો તે ઉપરથી તે નારીકવચ કહેવાયો ક્ષત્રિય રહિત પૃથ્વીમાં તે મૂળરૂપે રહ્યા તેથી તેને મુળક પણ કહેતા. ૪૦ તેનાથી દશરથ નામે પુત્ર થયો તેનાથી એડવિડ તેનાથી વિશ્વસહ અને તેનાથી ખટવાંગ થયો હતો. ૪૧ દેવતાઓએ પ્રાર્થના કરવા ઉપરથી તે યુદ્ધમા દૈત્યોનો સંહાર કરવા ગયો હતો, પ્રસન્ન થયેલા દેવોએ વર માંગ એમ કહેતાં ખટ્વાંગે પૂછ્યું કે મારૂં આયુષ્ય કેટલું છે તે કહો દેવતાઓએ કહ્યું કે તારૂં આયુષ્ય બે ઘડી છે. આયુષ્ય બે ઘડીનું છે, એવું જાણીને તે નગરમા ગયો અને ભગવાનને વિષે પોતાના મનને ધારણ કર્યું ૪૨ તે વિચાર કરવા લાગ્યો કે–મારા કુળના દૈવતરૂપ બ્રાહ્મણો કરતાં મને પ્રાણ પુત્રો લક્ષ્મી પૃથ્વી રાજ્ય કે સ્ત્રીઓ કંઈ વધારે નથી, બાલ્યાવસ્થામાં કોઈ દિવસ મારી બુદ્ધિ અધર્મને માર્ગે ગઈ નથી અને હું આ જગતમાં કોઈ પણ વસ્તુને ઉત્તમ કીર્તિવાળા ભગવાનથી વધારે ગણતો નથી. સર્વ ઇશ્વરરૂપ છે. ૪૪ ત્રણ લોકના ઇશ્વર એવા દેવતાઓએ મને ઇચ્છાનુસાર વર આપ્યો તોપણ જેનો ભાવ પ્રાણીઓનું કલ્યાણ કરનાર ભગવાનને વિષે છે એવો હું કોઇ વર માગવાની ઇચ્છા રાખતો નથી. ૪૫ જેઓની ઇંદ્રિયો તથા બુદ્ધિ વિક્ષિપ્ત થયેલાં છે એવા દેવતાઓ પોતાના હૃદયમાં રહેલા નિરંતર પ્રિય એવા આત્માને ઓળખતા નથી ત્યારે બીજાઓ ક્યાંથી ઓળખે? ૪૬ ભગવાનની માયાએ રચેલા ગંધર્વપુર જેવા વિષયો ઉપર સ્વાભાવિક રીતે મારા મનમાં જે દૃઢતર પ્રીતિ છે તેને ભગવાનની ભાવનાથીજ ત્યાગ કરીને ભગવાનને શરણે જાઉં. ૪૭ ભગવાન નારાયણને આધીન થયેલી બુદ્ધિથી વિચાર કરી દેહાદિકના અભિમાનરૂપી અજ્ઞાનનો ત્યાગ કરી તેણે પોતાના સ્વરૂપનોજ આશ્રય કર્યો. ૪૮ વૈષ્ણવો જેને ભગવાન વાસુદેવ કરીને કહે છે તથા જે પરમ સૂક્ષ્મ અને શૂન્ય ન છતાં જેમની શૂન્યતા જેવી કલ્પના કરાયેલી છે તેને વિષે હું લીન થાઉં છું. ૪૯

यत्तद्ब्रह्म परं सूक्ष्ममशून्यं शून्यकल्पितम् ।
भगवान् वासुदेवेति य गृणंति हि सात्वताः॥४९

इतिश्रीमद्भागवतेमहापुराणेनवमस्कंधे
नवमोध्यायः

અધ્યાય ૧૦ મો.†

શ્રી રામચંદ્રજીનું ચરિત્ર.

श्रीशुक उवाच.

खट्वांगाद्दीर्घबाहुश्च रघुस्तस्मात्पृथुश्रवाः।
अजस्ततो महाराज तस्माद्दशरथोऽभवत्॥

શુકદેવજી કહેછે કે-હે રાજન ! ખટ્વાંગથી દીર્ઘબાહુ, તેનાથી રઘુ, તેનાથી અજ અને તેનાથી દશરથ નામે રાજા થયા હતા. દશરથ રાજાને ત્યાં સાક્ષાત્ પરબ્રહ્મરૂપ શ્રી હરિ દેવતાઓની પ્રાર્થનાથી પોતાના અંશના અંશમાંથી ચાર પુત્રરૂપે જન્મ્યા હતા. ૨ તેમનાં નામ રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન હતાં. તેઓમાં સીતાપતિ રામચંદ્રજીનું ચરિત્ર તત્વવેત્તા ઋષિઓએ બહુ વર્ણવેલું છે. રામચંદ્રજી પિતાને માટે રાજ્યનો ત્યાગ કરી સીતાના હાથનો સ્પર્શ પણ સહન કરી શકે નહિ એવા કમળના જેવા ચરણવડે વને વન ફરવા વનવાસ ગયા.સુગ્રીવે તથા લક્ષ્મણે તેમના માર્ગનો શ્રમ દૂર કર્યો. સૂર્પણખાનાં કાનનાક કાપી નાંખવાથી રાવણે સીતાનું હરણ કર્યું, તેથી ક્રોધને લીધે ભ્રકુટી ચઢાવી સમુદ્રને ત્રાસ આપ્યો, તેના ઉપર સેતુ બાંધી રાક્ષસોરૂપી વનને અગ્નિની પેઠે બાળીને ભસ્મ કર્યું ૪ રામચંદ્રજીએ વિશ્વામિત્રના યજ્ઞમાં લક્ષ્મણના દેખતા મારીચ વગેરે મોટા મોટા રાક્ષસોનો નાશ કર્યો હતો તેમ જે રામે સીતા સ્વયંવરના મંડપમાં આખા જગતના વીર પુરૂષોની સભામાં ત્રણસે માણસોએ આણેલા શંકરના ધનુષને લઇ સજ્જ કર્યું હતું અને પછી નાનો હાથી જેમ રમતમાત્રમાં શેરડીનો સાંઠો ભાગી નાખે તેમ ધનુષને સભા વચ્ચે ભાંગી નાંખ્યું હતું. ૬ ગુણ સ્વભાવ અવસ્થા અંગ તથા રૂપમાં પોતાની સમાન અને વક્ષ સ્થળમાં માનપૂર્વક રહેલા લક્ષ્મીજીના અવતાર રૂપ સીતાને તે પરણ્યા અને ત્યાંથી ઘેર જતા રસ્તામાં જેમણે એકવીશ વાર પૃથ્વીને નક્ષત્રિય કરી હતી એવા ભૃગુપતિ પરશુરામના દૃઢતર ગર્વને ઉતાર્યો. ૭ રામચંદ્રજી સત્ય પાશમાં બંધાઈ ગયેલા પિતાની આજ્ઞા માથે ચઢાવીને સંન્યાસી જેમ પ્રાણોનો ત્યાગ કરે તેમ રાજ્ય લક્ષ્મી સગા-સંબંધી સ્નેહી તથા નિવાસસ્થાન સર્વનો ત્યાગ કરી સીતા સાથે વનમાં ગયા હતા. ૮ કામનાવાળી બુદ્ધિથી પાસે આવેલી રાવણની બેન સૂર્પણખાનાં નાક-કાન કાપી તેને વિરૂપ કરી મૂકી અને તેના ભાઇ ખર ત્રિશિરા દૂષણ વગેરે જેમાં મુખ્ય હતા એવા ચૌદ હજાર રાક્ષસોને માર્યા અને હાથમાં અસહ્ય પરાક્રમવાળું ધનુષ લઈ વનમાં ફરવા લાગ્યા.હે રાજન ! રાવણની પાસે કોઈએ સીતાની વાત કહી એટલે જેના મનમાં કામની જાગૃતિ થયેલી હતી એવા રાવણે મારીચ નામે રાક્ષસને અદ્ભુત મૃગ બનાવીને રામના આશ્રમની પાસે મોકલ્યો. તેનું અદ્ભુત રૂપ જોઈ સીતા લલચાયાં અને તે રામને આશ્રમથી દૂર ખેંચી ગયો. શંકરે જેમ દક્ષને માર્યો હતો તેમ રામચન્દ્રે બાણથી તેને માર્યો ૧૦ રાક્ષસમાં અધમ એવો રાવણ એકલા પડેલા સીતાને પછી હરી ગયો. પ્રિયતમાથી વિખુટા પડેલા રામચંદ્રજી સ્ત્રીઓનો સંગ કરનારી દશા દર્શાવતા લક્ષ્મણની સાથે વનમાં તેમની શોધ કરવા લાગ્યા ૧૧ ફરતાં ફરતા સીતાજીની રક્ષા કરતા રાવણ સાથે લડીને મરણ પામેલો જટાયુ પક્ષી જોવામાં આવ્યો, તેને દાહનો અધિકાર ન હતો તોપણ રામે અગ્નિદાહ કર્યો. કબંધ રાક્ષસ બે બાહુ પહોળા કરીને રામને ગ્રહણ કરવા આવ્યો તેનો પણ નાશ કર્યો. પછી વાનરોની સાથે મિત્રતા કરી સીતાના સમાચાર કઢાવ્યા અપરાધી વાળીનો નાશ કર્યો, બ્રહ્મા તથા શંકર જેમના ચરણકમળની સેવા કરે છે એવા મનુષ્યાવતારી

† આ ગ્રંથમાં ખટ્વાંગનો વંશ તથા તેના વંશમાં અવતરેલા રામચંદ્રનું ચરિત્ર છે.

રામચંદ્રજી મોટા મોટા વાનરોની સેના સાથે સમુદ્રના તીર ઉપર ગયા ૧૨ રામચન્દ્રે ત્રણ રાત્રિ ઉપવાસ કરી સમુદ્રની સ્તુતિ કરી પણ તેણે માર્ગ આપ્યો નહિ એટલે તેમને ક્રોધ ચઢયો. તેમણે ક્રોધથી તેની સામુ જોયુ તેને લીધે સમુદ્રની અંદર રહેનારા મત્સ્ય અને મગર અભરાઇ ગયા અને સમુદ્ર પોતાની ગર્જનાને ગળી જઈ, મૂર્તિમાન થઇને અર્ધાદિ પૂજાનો સામાન લઈ ભગવાનના ચરણારવિંદની પાસે આવીને નીચે પ્રમાણે કહેવા લાગ્યો.

હે વ્યાપક ! જડબુદ્ધિવાળા અમે કુટસ્થ આદિ પુરૂષ તથા જગતના અધીશ્વર એવા આપને જાણી શકતા નથી. આપના સત્વ ગુણથી દેવતાઓ ઉત્પન્ન થાય છે રજોગુણથી પ્રજાપતિઓ ઉત્પન્ન થાય છે અને તમોગુણથી ભૂતપતિઓ ઉત્પન્ન થાય છે. આપ ગુણોના નિયંતા છો. ૧૪ હે વીર ! આપ આગળ પધારો. ત્રણ લોકને રોવરાવનાર અને વિશ્રવા ઋષિના મળ રૂપ રાવણને આપ મારો અને સીતાને પાછાં મેળવો. આપના યશનો વિસ્તાર કરવા મારા ઉપર સેતુ બાંધો, કે જેની પાસે આવીને દિગ્વિજય કરનારા રાજાઓ તમારી કીર્તિનું ગાન કરશે. સમુદ્રે વિનતિ કર્યા પછી વાનરોના હાથથી જેમા વૃક્ષોની શાખાઓ કંપતી હતી એવા અનેક જાતના પર્વતોના શિખરોથી સમુદ્ર ઉપર સેતુ બાંધી રામચંદ્ર સુગ્રીવ નીલ હનુમાન વગેરે પોતાની સેના સાથે જેને હનૂમાને બાળી મૂકી હતી એવી લંકાપુરીમા વિભીષણની બુદ્ધિ પ્રમાણે દાખલ થયા. ૧૬ હાથીઓનાં ટોળા જેમ તળાવડીને ડોળી નાંખે, તેમ મોટા મોટા વાનરોની સેનાએ વિહારો કોઠાઓ દરવાજાઓ, સભાઓ, કપોતપાલીઓ ડોળી નાંખી અને વેદિકાઓ ધ્વજાઓ સુવર્ણના કળશો ને ચોટાંને ખૂંદી નાંખ્યા. રાક્ષસના અધિપતિ રાવણે નિકુંભ કુંભ ધુમ્રાક્ષ દુર્મુખ સુરાતક નરાંતક ઈંદ્રજિતને પ્રહસ્તને અતિકાયને તથા વિકંપન વગેરે સર્વે અનુચરોને યુદ્ધ કરવા મોકલ્યા. કુંભકર્ણને પણ છેવટ યુદ્ધ કરવા મોકલ્યો. તે તરવાર શૂળ ધનુષ પ્રાસ ઋષ્ટિ સાગ બાણ કટારને ખડ્ગોને લીધે ખાળી શકાય નહિ એવી રાક્ષસોની સેના ઉપર રામ સુગ્રીવ લક્ષ્મણ હનુમાન ગંધમાદન નીલ અંગદ જાંબવાન પનસ વગેરે યોદ્ધાઓ સાથે ચઢયા. ૧૯ રામચંદ્રના અંગદાદિક સેનાપતિઓ હાથીઓ પાળાઓ રથીઓ અસવારો તથા બીજા યોદ્ધાથી રચાયેલી સેના સામે જઇને એકઠા થઇ ગયા. સીતાના હરણથી જેનું અકલ્યાણ થવાનું હતું એવા રાવણના હાથ નીચેના રાક્ષસોને વૃક્ષો પર્વતો ગદાઓ તથા બાણોથી તેમણે મારી નાખ્યા. ૨૦ પોતાની સેનાનો નાશ થયેલો જોઈ ક્રોધાવિષ્ટ થયેલો રાવણ રથમાં બેસી રામ ઉપર ધસી ગયો અને માતલીએ આણી આપેલા કાંતિવાળા ઇદ્રના રથમા બેઠેલા રામ ઉપર સજજ કરેલાં બાણો મૂકવા લાગ્યો. રામે તેને કહ્યું કે રાક્ષસોમા અધમ ! તેં દુષ્ટે અમારી પાછળ કુતરાની પેઠે મારી સ્ત્રી સીતાનું હરણ કર્યું માટે અલક્ષ્ય પરાક્રમવાળો કાળ જેમ દુષ્ટ કામ કરનારને ફળ આપે છે તેમ અલક્ષ્ય પરાક્રમવાળો હું લજ્જારહિત અને નિન્દ્ય કર્મ કરનાર તને તારા કર્મનું ફળ આપું છુ. આ રીતે તિરસ્કાર કરી એક બાણ રાવણ ઉપર મુકયું. તે વજ્ર જેવા બાણે રાવણના હૃદયને ચીરી નાંખ્યું. તે પોતાના દશ મુખોથી લોહી ઓકવા લાગ્યો અને કોઇ પુણ્યશાળી પુરૂષ પોતાના પુણ્યથી ખાલી થઇ રહ્યા પછી જેમ વિમાનમાથી નીચે પડે તેમ લોકોના હાહાકાર વચ્ચે તે વિમાનમાંથી નીચે તુટી પડયો. ૨૩ આ રીતે રાવણ રણભૂમિ ઉપર પડયો એટલે હજારો રાક્ષસીઓ મંદોદરીની સાથે લંકામાથી બહાર નીકળી રણભૂમિ ઉપર આવી. તેમણે રામલક્ષ્મણના

બાણોથી વિંધાઇ ગયેલા પોતાના પતિઓને જોઇ રડવા માંડયું. દયામણી થઇ ગયેલી તે પોતે પોતાના હાથથી છાતી કુટતી કહેવા લાગી કે—હે નાથ ! હે રાવણ ! અમે જીવતે મુઆઇ થઇ. શત્રુઓએ પીડેલી લંકા તમારા વિનાની થઇ ગઇ હવે અમે કોને શરણે જઇએ! આપ કામને આધીન થયા હતા તેથી સીતાના તેજના પ્રભાવને જાણતા નહતા,૨૭ તમે પરલોક સીધારતા લંકાને અને અમને વિધવા કરી તમારા દેહને ગીધ આદિ પક્ષીઓનું ભોજન બનાવ્યું અને આત્માને નરકમાં નાંખ્યો. ૨૮

શુકદેવજી કહે છે કે—વિભીષણે રામની સંમતિથી પોતાના સંબંધીઓનું પિતૃમેધના વિધિથી ઉત્તર કાર્ય કર્યું. ૨૯ ભગવાન રામચંદ્રે અશોક વાટિકામાં જઇ જોયું તો ત્યાં સીસમના વૃક્ષની નીચે સીતાને બેઠેલાં દીઠાં. સીતા પતિના વિયોગના વ્યાધિથી શરીરે દુર્બળ થઇ ગયાં હતાં. ૩૦ રામ પોતાનાં દર્શન કરવાથી જેમનું મુખકમળ આનંદથી પ્રફુલ્લ થયું હતું એવાં સીતાને જોઇ તેમના ઉપર દયાળુ બન્યા ૩૧ ભગવાન રામચંદ્ર સીતાને વિમાનમાં બેસારીને લક્ષ્મણ સુગ્રીવ તથા હનૂમાન સાથે ત્યાંથી નીકળ્યા. વિભીષણને રાક્ષસોનો અધિપતિ બનાવી લંકાનું રાજ્ય અને એક કલ્પ જેટલું આયુષ્ય આપ્યું અને પછી પોતાનું વ્રત પૂર્ણ થઇ રહેવાથી અયોધ્યા નગરી તરફ ચાલ્યા. રસ્તે લોકપાળો રામના ઉપર પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. ૩૩ બ્રહ્માદિક દેવતાઓ હર્ષથી તેમના ચરિત્રનું ગાન કરવા લાગ્યા.

આ પ્રમાણે આવતાં આવતાં રામે સાંભળ્યું કે હું જ્યારથી વનવાસ નીકળ્યો છું ત્યારથી ભરત નંદીગ્રામમાં રહી ગાયનું દૂધ તથા યવની રાબ પીયે છે. વલ્કલવસ્ત્ર પહેરે છે માથે જટા રાખી છે અને પૃથ્વી ઉપર સુવે છે. દયાળુ રામના મનમાં આથી સંતાપ થયો. ૩૫ પોતાના વડીલ ભાઇને આવ્યા સાંભળી નંદીગ્રામમાં રહેલા ભરતજી પાદુકા લઇ નગરજનો મંત્રીઓ તથા પુરોહિતોની સાથે સામા ગયા. ૩૬ ભરતજી રામની સામે જતી વેળા રાજાઓને યોગ્ય એવા છત્ર ચામર તથા બીજી નાની—મોટી વસ્તુઓ લઇને પોતાના નિવાસરૂપ નંદીગ્રામમાથી નીકળ્યા તે વેળા તેમની સાથે ગીતો તથા વાજીંત્રોના શબ્દો થતા હતા. વેદ ભણનારા બ્રાહ્મણો વારંવાર વેદ ભણતા વેદધ્વનિ કરતા હતા. સોનેરી ફુમતાની પતાકાઓ ફરફરી રહી હતી. વિચિત્ર ધ્વજાવાળા સારા ઘોડા જોડેલા અને સોનેરી સાજવાળા સુવર્ણના રથો સાથે હતા. યોદ્ધાઓએ સોનાનાં કવચ પહેર્યાં હતા. સર્વ જન સામૈયામાં સાથે હતા. ૩૯ રામચંદ્રના દર્શન કરતાં પ્રેમથી ભરતનું હૈયું ભરાઇ આવ્યું આંખમાં અશ્રુઓ આવ્યાં અને રામચંદ્રજીની આગળ પાદુકા મુકી બે હાથ જોડી ચરણમાં પડયા. ૪૦ પછી રામે લક્ષ્મણે તથા સીતાએ ભરતને આલિંગન કરી પ્રેમાશ્રુઓથી નવરાવ્યા. રામે બ્રાહ્મણોને તથા કુળના વૃદ્ધ પુરૂષોને પ્રણામ કર્યા અને પ્રજાએ રામને પ્રણામ કર્યા. ૪૧ ઉત્તર કોશલ દેશની પ્રજા રામચંદ્રને ઘણે દિવસે આવેલા જોઇ પોતાના ઉતરીય વસ્ત્રના છેડા હલાવવા લાગી, તે સમે પુષ્પોની વૃષ્ટિ થઇ ૪૨ આ રીતે મહોત્સવ થઇ રહ્યા પછી ભરતે રામચંદ્રજીની પાદુકા ઉપાડી લીધી. વિભીષણ અને સુગ્રીવે ચામર તથા પંખો લીધો હનૂમાને શ્વેત છત્ર લીધું ૪૩ શત્રુઘ્ને ધનુષ તથા ભાથા લીધા, સીતાએ તીર્થનું કમંડલ લીધું અંગદે તરવાર લીધી અને હે રાજન ! જાંબુવાને સોનાની ઢાલ લીધી. ૪૪ રામચંદ્ર સ્ત્રીઓ સાથે પુષ્પક વિમાનમાં બેઠા ત્યારે બંદીજનો સ્તુતિપાઠ ગાવા લાગ્યા. ગ્રહોની સાથે ઉદય પામેલા ચંદ્રમાની પેઠે

શોભતા રામચંદ્રજી અયોધ્યા ભણી ચાલ્યા. ભાઇઓ તરફથી સત્કાર પામેલા રામચંદ્રજી ધામધુમવાળી અયોધ્યા નગરીમાં પેઠા અને મહેલમાં જઈ પોતાની માતાને ઓરમાન માતાઓને ગુરૂજનોને મિત્રોને તથા પોતાથી મોટી ઉંમરના સંબંધીઓને પ્રણામ કરી બેઠા. તેઓએ રામનો સત્કાર કર્યો, તેમ જ સીતા અને લક્ષ્મણે સર્વને મળી યથોચિત નમન કર્યા. ૪૭ શરીર પ્રાણ સંચારથી ઉભું થાય તેમ માતાઓ પુત્રોને જોઇ ઉભી થઈ અને પુત્રોને સ્નેહથી પોતાના ખોળામાં બેસારી અશ્રુઓથી નવરાવી પોતાનો શોક તજવા લાગી. ૪૮ ત્યાર પછી વસિષ્ઠ ગુરૂએ રામના મસ્તક ઉપરથી જટા ઉતરાવી નાંખી કુળના વૃદ્ધ જનોની સાથે રહી ઇંદ્રને જેમ અભિષેક કરે તેમ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ચાર સમુદ્રના પાણીથી રામચંદ્રને રાજ્યનો અભિષેક કર્યો. ૪૯ મૂર્ધાભિષિક્ત થઇને સારાં વસ્ત્ર પહેરી પુષ્પની માળા પહેરી રામ ભાઈઓની તથા સીતાની સાથે શોભવા લાગ્યા. ૫૦ ભરતજીએ પ્રણામ કરીને પ્રસન્ન કરેલા રામે રાજ્યાસનને ગ્રહણ કર્યું અને પોતાના ધર્મમાં પરાયણ રહેલી તથા વર્ણ અને આશ્રમના ધર્મમાં વર્તતી પોતાની પ્રજાનું પિતાની પેઠે પાલન કરવા માંડયું. પ્રજા રામને પિતાતુલ્ય ગણવા લાગી. ૫૧ સર્વ પ્રાણીઓને સુખકારક ધર્મ જાણનાર રામચંદ્રના સમયમા ત્રેયાયુગ ચાલતો હતો, તોપણ તે સમય સત્યયુગના જેવો લાગતો હતો. ૫૨ વનો નદીઓ પર્વતો ખંડો દ્વીપો અને સમુદ્રો સર્વ પ્રજાની કામના પૂરતા. ૫૩ અતીન્દ્રિય એવા રામ જ્યારે રાજ્ય કરતા હતા ત્યારે આધિ વ્યાધિ જરા ગ્લાનિ દુઃખ શોક ભય અને શ્રમ કંઇ જ નહતું. જેઓ મૃત્યુને ઇચ્છતા ન હતા તેઓનું મૃત્યુ થતું ન હતું. ૫૪ રામ પોતે એક પત્નીનું વ્રત ધારણ કરનાર હતા. તેમનું ચરિત્ર રાજર્ષિના જેવું હતું, તે પવિત્ર હતા અને ગૃહસ્થાશ્રમનો ધર્મ બીજાને શીખવતા હતા. ૫૫ પતિના ભાવને જાણનારાં વિશ્વાસુ અને વિનયવાળાં સીતા પણ પ્રેમવડે, અનુકૂળતાવડે શિયળવડે, બુદ્ધિવડે તથા લજ્જાવડે પતિના મનને રંજન કરતાં હતાં. ૫૬

प्रेम्णाऽनुवृत्त्या शीलेन प्रश्रयावनता सती।
धिया ह्रिया च भावज्ञा भर्तुःसीताऽहरन्मनः॥

इतिश्रीमद्भागवतेमहापुराणेनवमस्कंधे
दशमोध्यायः

અધ્યાય ૧૧ મો.‡

રામચન્દ્રે કરેલા યજ્ઞો.

श्रीशुक उवाच.

भगवानात्मनात्मानं राम उत्तमकल्पकैः।
सर्वदेवमयं देवमीज आचार्यवान्मखैः॥

શુકદેવજી કહે છે કે—હે પરીક્ષિત રાજા! આચાર્યવાળા ભગવાન રામચન્દ્રે સર્વ દેવતામય અને પ્રકાશમાન એવા પોતાના સ્વરૂપનું ઉત્તમ પ્રકારની સામગ્રીઓથી પોતે જ યજન કર્યું. ૧ અને તેની દક્ષિણામાં હોતાને પૂર્વ દિશા બ્રહ્માને દક્ષિણ દિશા અધ્વર્યુને પશ્ચિમ દિશા સામગાન કરનારને ઉત્તર દિશા અને દિશાઓની વચ્ચે જેટલી પૃથ્વી હતી તે સર્વ પૃથ્વી 'આ આખું પૃથ્વીમંડળ નિઃસ્પૃહી બ્રાહ્મણને યોગ્ય છે' એમ માનતા નિઃસ્પૃહ રામે આચાર્યને આપી. ૩ શ્રીરામ માત્ર શરીર ઉપર પહેરેલાં આભૂષણ તથા વસ્ત્રોભેર રહ્યા, તેમ જનકસુતા પણ હાથના કંકણ ગળાનું મંગળસૂત્ર, શેષફૂલ વગેરે મંગળાભૂષણભેર જ રહ્યાં બીજું બધું આપી દીધું. બ્રાહ્મણો બ્રાહ્મણના રક્ષક રામચંદ્રનું ઉત્તમ પ્રકારનું વાત્સલ્ય જોઇ પ્રસન્ન થયા. તેઓ રામચંદ્રને રાજ્ય પાછું આપી નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૫

‡ આ અધ્યાયમાં રામે અયોધ્યામાં જે જે ક્રિયાઓ કરી તેનું વર્ણન કરવામાં આવ્યું.

ભુવનેશ્વર ! હે ભગવન ! તમે અમને શું આપ્યું નથી અર્થાત્ સર્વ આપ્યું છે. તમે અમારા હૃદયમાં પ્રવેશ કરી તમારી પોતાની પ્રભાથી અમારા અજ્ઞાનનો નાશ કરો છો. ૬ આપ બ્રાહ્મણોનું રક્ષણ કરનાર છો, અકુંઠિત બુદ્ધિવાળા છો ઉત્તમ કીર્તિવાળા છો લોકમાં શ્રેષ્ઠ છો. આપ રામચંદ્રને અમે ભાવથી નમસ્કાર કરીએ છીએ. ૭ બ્રાહ્મણો રામને નમન કરીને ગયા પછી તે શાંતિથી રાજ્ય કરવા લાગ્યા. કોઈ કોઈવાર લોકચર્ચા જોવાની ઇચ્છાથી રામચદ્ર એકલા રાત્રે કોઈ પણ જાણે નહિ તેમ નગરમાં ફરવા નીકળતા. એક વાર કોઈએ સ્ત્રીને ઉદ્દેશીને કહેલું વચન રામના સાંભળવામાં આવ્યું. ૮ તે પુરૂષ પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો કે, હું દુષ્ટ સ્વભાવથી પર ઘરમાં જઈ આવેલી અને દુરાચરણી એવી તને ઘરમાં રાખીશ નહિ, એ તો રામ જ સીતાનું પોષણ કરે, પરંતુ હું તેવી સ્ત્રીનું પોષણ કરૂં નહિ ૯ આ પ્રમાણે બહુ મુખવાળા, કોઈ પણ રીતે રાજી કરી શકાય નહિ એવા અને અજ્ઞાની લોકથી રામે સીતાનો ત્યાગ કર્યો અને સીતા વાલ્મિકીના આશ્રમમાં જઇ રહ્યાં. આશ્રમમાં ગર્ભવતી સીતાએ કુશ અને લવ નામે જોડ પુત્રને જન્મ આપ્યો. વાલ્મિકીએ તેમને જાતકર્માદિક સંસ્કારો કર્યા. ૧૧ હે રાજન ! લક્ષ્મણને અંગદ અને ચિત્રકેતુ નામે બે પુત્રો થયા. ભરતના તક્ષ અને પુષ્કર નામે પુત્રો હતા. ૧૨ શત્રુઘ્નના સુબાહુ તથા શ્રુતસેન નામે પુત્રો હતા. ભરતે દિગ્વિજયમાં કરોડો ગંધર્વોનો નાશ કર્યો હતો ૧૩ તેઓની સર્વ લક્ષ્મી લાવી રામને અર્પણ કરી હતી. તેમ જ શત્રુઘ્ને મધુના પુત્ર લવણ નામે રાક્ષસને મારી મધુવનમા મથુરા નામે પુરી વસાવી હતી. બીજી તરફ પતિએ વનવાસ કાઢેલાં સીતા પોતાના બે પુત્રો મુનિને સોપીને રામચંદ્રના ચરણનું ધ્યાન કરતા કરતાં પૃથ્વીની અંદર પેસી ગયાં. ૧૫ તે વાત સાંભળીને ભગવાન રામચંદ્રને શોક થયો, તોપણ સીતાના ગુણો સાંભરી આવવાથી તે શોકને અટકાવી શકયાં નહિ. ૧૬ સમર્થ પુરૂષોને પણ સ્ત્રી પુરૂષનો પ્રસંગ આ પ્રમાણે સર્વત્ર ત્રાસ આપનારો થઈ પડે છે, ત્યારે ઘરમાં આસક્ત ચિત્તવાળા વિષયી પુરૂષને સ્ત્રીનો વિયોગ લાગે એમાં શું?૧૭ આ રીતે સીતાએ વસુધરામા પ્રવેશ કર્યો પછી ભગવાન રામચન્દ્રે તેર હજાર વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળી અગ્નિહોત્ર કર્યો. ૧૮ પછી પોતાનું સ્મરણ કરનારાઓના હૃદયમાં દંડકારણ્યના કાંટાઓથી વિંધાઇ ગયેલાં ચરણકમળને પધરાવી રામ સ્વધામમાં પધાર્યા. ૧૯ દેવતાઓની પ્રાર્થનાથી લીલાવડે મનુષ્યાવતાર ધારણ કરનાર જેના પ્રભાવના સમાન અધિક પ્રભાવ બીજાનો નહતો એવા રામચન્દ્રે અસ્ત્રોના સમૂહોથી રાક્ષસોનો નાશ કર્યો.સમુદ્ર ઉપર સેતુ બાંધવામાં અને શત્રુઓને મારવામાં વાનરોએ તેમને સહાયતા આપી. ૨૦ દિગ્ગજેન્દ્રોના કર્ણાભરણરૂપ અને પાપનો નાશ કરનાર રામના નિર્મળ યશને ઋષિઓ હજી સુધી ગાય છે. દેવતાઓના અને રાજાઓના મુગટોથી જેમનાં ચરણકમળ સેવાય છે એવા રામચંદ્રને હું શરણે જાઉં છું. ૨૧ કોશલ દેશના લોકોએ રામનો સ્પર્શ કર્યો હતો તેમના દર્શન કર્યાં હતાં તેમની પાસે બેઠા હતા અને તેમની પાછળ ગયા હતા.૨૨ જે પુરૂષ કાનવડે રામનું ચરિત્ર સાભળે છે તે કર્મ બંધનોથી મુક્ત થાય છે. ૨૩

પરીક્ષિતે પૂછ્યું કે—ભગવાન રામચંદ્રજી કેવી રીતે આચરણ કરતા હતા ? પોતે પોતાના બંધુઓ તરફ કેવી રીતે વર્તતા હતા ? અને પ્રજા તથા નગર નિવાસીઓ રામની સાથે કેવી રીતે વર્તતા હતા ? ૨૪ શુકદેવજી બોલ્યા કે—ત્રણ લોકના નાથ રામે પોતાના બંધુઓને દિગ્વિજય કરવાની આજ્ઞા

કરી અને પોતે પોતાના ભક્તજનોને દર્શન આપવા સેવકોની સાથે જ્યારે સુગંધી પાણીથી તથા હાથીઓના મદજળનાં બિંદુઓથી છાંટેલી અને ધ્વજા પતાકાઓથી શણગારેલી નગરી જોવાને નીકળતા ત્યારે નગરી પોતાના સ્વામીને જોઇ અત્યંત મદમત્ત થઇ હોય એવી દેખાતી. ૨૬ દેવતાઓના મંદિરો દરવાજાઓ વૃક્ષો તથા રાજમહાલયોની ઉપર સુવર્ણના કળશો અને પતાકાઓ ચઢાવવામાં આવતા હતા. ૨૭ સોપારીનાં ઝાડો કેળો ઉંચી જાતનાં વસ્ત્રોની પતાકાઓ અરીસાઓ વસ્ત્રો પુષ્પોની માળાઓ તથા તોરણોથી નગરીને શણગારવામાં આવતી. રામ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં લોકો તેમની પાસે જતા અને આશીર્વાદ આપીને કહેતા કે, હે દેવ! તમે પૂર્વે વરાહાવતાર લઇને પાતાળમાંથી ઉદ્ધારેલી આ પૃથ્વીની હમણાં રક્ષા કરો. ૨૯ રામચન્દ્રજી દેશની નિરીક્ષા કરી ઘણે દિવસે પોતાની રાજધાની અયોધ્યામાં આવતા ત્યારે પોતાના અધિપતિ રામચન્દ્રને જોવાની ઇચ્છાથી સ્ત્રીઓ તથા પુરૂષો ઘરનો ત્યાગ કરી હવેલીઓ ઉપર ચઢતા અને રામચંદ્રનાં દર્શન કરી પુષ્પની વૃષ્ટિ કરતાં. આ પ્રમાણે પુરવાસીઓના સત્કારને સ્વીકારતા રામચન્દ્ર પોતાના પૂર્વજ રાજાઓએ સેવેલા રાજમહેલમાં રહેતા, જે રાજમહાલયમાં સર્વ જાતના અખુટ ભંડાર ભરેલા હતા મોંઘા મૂલની ઘણી સામગ્રીઓ ભરેલી હતી ૩૧ બારણાંના ઉમરા પરવાળાના હતા, વૈદૂર્ય મણિના સ્થભોની હારો હતી, સ્વચ્છ મરકત મણિની ભૂમિ અને સ્ફાટિક મણિની ભીંતો હતી, તેથી તે રાજમહાલય શોભતો હતો. ૩૨ તે મહાલયમાં વિચિત્ર પુષ્પોની માળાઓ લટકી રહેલી હતી, ધ્વજા પતાકાઓ ફરફર્યા કરતી હતી, ઉત્તમ જાતના વસ્ત્રો લટકાવેલાં હતાં, મણિઓની કાંતિઓનો ઝળઝળાટ પ્રકાશ થઇ રહેતો હતો, ચૈતન્યની પેઠે પ્રકાશમાન મુક્તાફળો પ્રકાશતાં હતાં. મનોહર ભોગનાં સાધનોથી મહેલો શોભતા હતા.૩૩ સુગંધી ધૂપનો અને દીપનો સુવાસ પ્રસરી રહેતો હતો, સ્ત્રી-પુરૂષો, જેઓ દેવતાના જેવાં લાગતાં હતાં, અને આભૂષણનાં પણ આભૂષણ રૂપ હતાં તેઓ તેમાં રહેતાં હતાં તેથી રાજમહાલય બહુ દીપતો હતો. ૩૪ આવા ઉત્તમ રાજમંદિરમાં આત્મામા આનંદ માનનાર અને ધીરપુરૂષોમાં ધીર એવા રામચન્દ્ર પોતાનાં પ્રીતિપાત્ર તથા પોતાને વહાલાં સીતાની સાથે નિરંતર વિહાર કરતા હતા. ૩૫ મનુષ્યો જેમના ચરણારવિંદનું ધ્યાન કરે છે એવા રામચન્દ્રે ઘણાં વર્ષ સમયાનુસાર ધર્મમાં બાધ આવે નહિ એવી રીતે વૈભવનો ઉપભોગ કર્યો. ૩૬

बुभुजे च यथाकालं कामान् धर्ममपीडयन्।
वर्षपुगान्बहून्नृणामभिध्याताङ्घ्रिपल्लवः॥३६॥
इतिश्रीमद्भागवतेमहापुराणेनवमस्कंधे
एकादशोध्यायः

અધ્યાય ૧૨ મો.¶

કુશના વંશનો વિસ્તાર.

श्रीशुक उवाच.

कुशस्य चातिथिस्तस्मान्निषधस्तत्सुतो नभः।
पुण्डरीकोथ तत्पुत्रः क्षेमधन्वाऽभवत्ततः॥१॥

શુકદેવજી કહે છે કે—કુશનો પુત્ર અતિથિ અતિથિનો નિષધ નિષધનો નભ નભનો પુંડરીક ને પુંડરીકનો ક્ષેમધન્વા થયો હતો. ૧ તેનો દેવાનિક તેનો અનિહ તેનો પારિયાત્ર તેનો પુત્ર બલસ્થલ અને તેનો વજ્રનાભ નામે પુત્ર હતો. સૂર્યના અંશથી તે ઉત્પન્ન થયો હતો ૨ તે વજ્રનાભનો ખગણ તેનો વિધૃતિ અને તેથી હિરણ્યનાભ નામે પુત્ર થયો હતો. હિરણ્યનાભ જૈમિનિ ઋષિનો શિષ્ય હતો અને યોગનો આચાર્ય હતો. તે યોગાચાર્યની પાસેથી કોશલ્ય એવા યાજ્ઞ-

¶ આ અધ્યાયમા રામના પુત્ર કુશનો વંશ કહીને ઇક્ષ્વાકુના પુત્ર શશાદનો વંશ વર્ણવાશે

વલ્કય ઋષિએ મોટો ઉદય આપનાર અને હૃદયના અજ્ઞાન રૂપ ગ્રંથિને કાપી નાંખનાર આત્મજ્ઞાન સંબંધી યોગમાર્ગ જાણ્યો હતો. ૪ હિરણ્યનાભને પુષ્પ નામે પુત્ર થયો. તેનાથી ધ્રુવસંધિ નામે પુત્ર થયો તેનો સુદર્શન નામે પુત્ર થયો તેનો અગ્નિવર્ણ તેનો શીઘ્ર અને તેનો મરૂ નામે પુત્ર થયો હતો. ૫ મરૂ યોગ સાધવા માટે કલાપ નામે ગામમાં રહ્યો હતો. કલિને અંતે નાશ થયેલા સૂર્યવંશને તે ફરી ઉત્પન્ન કરશે. ૬ તેનાથી પ્રસુશ્રુત નામે પુત્ર થયો હતો તેનો સંધિ તેનો અમર્ષણ તેનો મહસ્વાન અને તેને વિશ્વાસાહ્વ નામે પુત્ર થયો હતો. ૭ તેનાથી પ્રસેનજીત નામે પુત્ર થયો હતો તેનાથી તક્ષક અને તેનો બૃહદ્બલ બૃહદ્બલને તમારા પિતા અભિમન્યુએ રણમાં માર્યો હતો. ૮ આમ ઈક્ષ્વાકુ વંશના રાજાઓ થઇ ગયા.

ભવિષ્યમાં થનારા રાજાઓનાં નામો કહું તે હવે સાંભળો. બૃહદ્બલને બૃહદ્રણ નામે પુત્ર થશે. ૯ પછી તેને ઉરૂક્રિય નામે પુત્ર થશે અને તેનો પુત્ર વત્સવૃદ્ધ થશે. તેનાથી પ્રતિવ્યોમ, તેનાથી ભાનુ તેનાથી સેનાપતિ એવો દિવાક.૧૦ તેનાથી સહદેવ તેનાથી વીર એવો બહદશ્વ તેનાથી ભાનુમાન ભાનુમાનથી પ્રતિકાશ્વ અને તેનાથી સુપ્રતીક નામે રાજા થશે. ૧૧ તેનો પુત્ર મરૂદેવ મરૂદેવનો સુનક્ષત્ર સુનક્ષત્રનો પુષ્કર તેનો અંતરિક્ષ તેનો સુતપા અને તેનો પુત્ર અમિત્રજીત થશે. ૧૨ તેનો પુત્ર બૃહદ્રાજ તેનો બર્હિ તેનો કૃતજય તેનો રણજય અને તેનો સંજય થશે ૧૩ તેનો શાકય તેનો શુદ્ધોદન તેનો લાગલ તેનો પ્રસેનજીત અને તે પછી શુદ્રક નામે રાજા થશે.૧૪ તેનો રણક તેનાથી સુરથ ને તેનો સુમિત્ર નામે પુત્ર થશે અને સુમિત્ર રાજાથી એ વંશ સમાપ્ત થશે. આટલા બહદ્બલના વંશજ રાજાઓ છે ૧૫ ઇક્ષ્વાકુના વંશમા થયેલા શબ્દનો વંશ સુમિત્ર રાજા સુધી ચાલશે અને કલિમાં સુમિત્રરાજા થયા પછી વંશ સમાપ્ત થશે.૧૬

इक्ष्वाकूणामयं वंशः सुमित्रांतो भविष्यति ।
यतस्तं प्राप्य राजानं संस्थां प्राप्स्यति वै कलौ

इतिश्रीमद्भागवतेमहापुराणेनवमस्कंधे
त्रयोदशोऽध्यायः

અધ્યાય ૧૩ મો.†

ઇક્ષ્વાકુના પુત્ર નિમિનો વંશ.

શ્રીશુક उवाच

निमिरिक्ष्वाकुतनयो वसिष्ठमवृतर्त्विजम् ।
आरभ्य सत्रं सोऽप्याह शक्रेण प्राग्वृतोस्मि भोः

શુકદેવજી કહે છે કે–હે રાજન! ઇક્ષ્વાકુ રાજાના પુત્ર નિમિએ વસિષ્ઠને ઋત્વિજ તરીકે વરાવ્યા હતા. તેમણે યજ્ઞનો આરંભ કરી નિમિને કહ્યું કે–હે નિમિ! ઇંદ્રે મને પ્રથમ યજ્ઞમાં વરાવ્યો છે, ૧ માટે હું તેનો યજ્ઞ પૂર્ણ કરીને પાછો આવું તેટલો સમય તું યજ્ઞ બંધ રાખી મારી રાહ જોજે. નિમિ બેસી રહ્યા અર્થાત્ મુનિને કંઇ પણ ઉત્તર આપ્યો નહિ. વસિષ્ઠે ઇંદ્રનો યજ્ઞ કરવા માંડયો. ૨ નિમિ આત્મજ્ઞાની હતો તેણે મનુષ્યનું આયુષ્ય ચલાયમાન છે એમ જાણી ગુરૂ આવ્યા નહિ તેથી બીજા ઋત્વિજો પાસે યજ્ઞ કરાવી લીધો. ૩ વસિષ્ઠ ઇન્દ્રનો યજ્ઞ પૂરો કરાવી આવ્યા અને શિષ્યે કરેલો અન્યાય જોઈ શાપ દીધો કે "આ પંડિતનો ડોળ ઘાલનાર નિમિનો દેહ પડી જાઓ." ૪ તે શાપ સાંભળી નિમિએ અધર્મને માર્ગે ચાલનાર પોતાના ગુરૂને શાપ દીધો કે "તમે લોભથી ધર્મને ભુલી ગયા માટે તમારો દેહ પણ નાશ પામો. ૫

આ પ્રમાણે શાપ દીધા પછી આત્મજ્ઞાનીઓમાં કુશળ નિમિએ પોતાનો દેહ ત્યાગ કર્યો અને ભગવાન વસિષ્ઠ પણ પોતાનો દેહ

† આ અધ્યાયમા ઈક્ષ્વાકુના પુત્ર નિમિના વંશમા પ્રગટેલા જનક વગેરે મહાત્માઓ થયા તેમની કથા કહેવામા આવશે

ત્યાગ કરી ગયા. મિત્રાવરૂણે ઉર્વશીને જોઇને ઘડામાં પોતાના સત્વને નાંખ્યું હતું તેથી ફરીને તે જન્મ્યા. ૬ મહામુનિઓએ નિમિ રાજાના શબને સુગંધી વસ્તુમા રાખી મુક્યું. તેઓએ યજ્ઞ પૂર્ણ થયા પછી આવેલા દેવતાઓને કહ્યું કે તમે જો પ્રસન્ન થયા હો અને સમર્થ હો તો આને જીવતો કરો. દેવતાઓ બોલ્યા કે–તથાસ્તુ, એટલે નિમિએ જીવતા થઇને કહ્યું કે–મારે દેહનું બંધન જોઇતું નથી. ૮ શ્રીહરિને વિષે બુદ્ધિવાળા મુનિઓ જે દેહના વિયોગથી ભયભીત થઇ દેહના સંબંધની વાંછા કરતા નથી, પરંતુ શ્રીહરિના ચરણકમળનુંજ ભજન કરે છે.૯ હું પણ દુઃખ શોક તથા ભયને આપનાર દેહની ઇચ્છા કરતો નથી, કારણ કે પાણીમાં જેમ માછલાને ચારે તરફથી મૃત્યુનો ભય રહે છે, તેમ દેહને જગતમાં ચારે તરફથી મૃત્યુનો ભય રહેલો છે. દેવતાઓ બોલ્યા કે–જો એમ હોય તો દેહધારી પ્રાણીઓનાં નેત્રોમાં ભલે દેહવગર વાસ કરો અને નેત્રમાં રહેલો આંખને ઉઘાડવા તથા મીંચવારૂપ ક્રિયાથી જાણવામાં આવે. ૧૧ મહર્ષિઓએ રાજા વિના મનુષ્યોને ભય આવી પડશે એમ માની નિમિના દેહને મથ્યો એટલે તેમાંથી એક કુમાર ઉત્પન્ન થયો. ૧૨ તે જન્મવા ઉપરથી જનક કહેવાયો. મૃતદેહમાથી ઉત્પન્ન થયો તેથી વૈદેહ કહેવાયો અને શરીરનું મથન કરવાથી ઉત્પન્ન થયો તેથી મૈથિલ કહેવાયો. તે રાજાએ મિથિલા નામે નગરી વસાવી તે ઉપરથી પણ તે મૈથિલ કહેવાયો. ૧૩ હે રાજન! તેનાથી ઉદાવસુ નામે પુત્ર થયો તેનો નંદિવર્ધન તેનો સુકેતુ તેનો દેવરાત. ૧૪ તેનો બૃહદ્રથ, તેનો મહાવીર્ય, તેનો સુધૃતિ, તેનો ધૃષ્ટકેતુ, તેનો હર્યશ્વ, તેનો મરૂ ૧૫ તેનો પ્રતીપક ને તેનાથી કૃતિરથ થયો. તેનો દેવમીઢ તેનો વિશ્રુત, તેનો મહાધૃતિ, ૧૬ તેનો કૃતિરાત તેનો મહારોમા તેનો સ્વર્ણરોમા અને તેનો હ્રસ્વરોમા થયો. તેનો પુત્ર સીરધ્વજ રાજા થયો જે એક વાર યજ્ઞ માટે પૃથ્વી ખેડતો હતો એટલામાં હલના અગ્રભાગમાંથી સીતાજી ઉત્પન્ન થયાં તેથી તે સીરધ્વજ કહેવાયો.૧૮ તેનો પુત્ર કુશધ્વજ તેનો પુત્ર ધર્મધ્વજ અને ધર્મધ્વજને કૃતધ્વજ તથા મિતધ્વજ નામે બે પુત્રો હતા. ૧૯ કૃતધ્વજથી કેશિધ્વજ અને મિતધ્વજથી ખાંડિક્ય નામે પુત્ર થયો. હે રાજન! કૃતધ્વજનો પુત્ર કેશિધ્વજ આત્મજ્ઞાનમાં નિપુણ હતો૨૦ અને ખાંડિક્ય કર્મતત્ત્વમાં નિપુણ હતો. કેશિધ્વજના ભયથી તે નાશી ગયો હતો કેશિધ્વજને ભાનુમાન્ અને તેને શતદ્યુમ્ન તેને શુચિ તેનાથી સનદ્વાજ તેને ઉર્ધ્વકેતુ તેને અજ અને તેને પુરૂજિત તેને અરિષ્ટનેમિ તેને શ્રુતાયુ તેને સુપાર્શ્વક તેને ચિત્રરથ ને તેને ક્ષેમાધ નામે પુત્ર થયો. તે મિથિલ નગરીનો અધિપતિ હતો. ૨૩ ક્ષેમધિનો પુત્ર સમરથ તેનો સત્યરથ, તેનો ઉપગુરૂ અને તેનો ઉપગુપ્ત થયો. ઉપગુપ્ત અગ્નિમાંથી ઉત્પન્ન થયો હતો. ૨૪ ઉપગુપ્તનો પુત્ર વસ્વનંત, તેનો શ્રુત તેનો જય, તેનો વિજય અને તેનો ઋત થયો. ૨૫ ઋતને સુનક નામે પુત્ર ઉત્પન્ન થયો તેનો વીતહવ્ય તેનો ધૃતિ તેનો બહુલાશ્વ તેનો મહા જિતેંદ્રિય કૃતિ થયો ૨૬ મિથિલ વંશના રાજાઓ આત્મવિદ્યામાં કુશળ હતા અને યોગેશ્વર યાજ્ઞવલ્ક્યાદિકની કૃપાથી સંસારી હોવા છતાં દુઃખનાં બંધનોથી મુક્ત થયેલા હતા. ૨૭

एते वै मैथिला राजन्नात्मविद्याविशारदाः।
योगेश्वरप्रसादेन द्वन्द्वैर्मुक्ता गृहेष्वपि॥२७॥

इतिश्रीमद्भागवतेमहापुराणेनवमस्कंधे
त्रयोदशोऽध्यायः

અધ્યાય ૧૪ મો.†

પુરૂરવ અને ઉર્વશી.

श्रीशुक उवाच.

अथातः श्रूयतां राजन् वंशः सोमस्य पावनः।
यस्मिन्नैलादयो भूपाः कीर्त्यंते पुण्यकीर्त्तयः॥१

શુકદેવજી કહે છે કે—હે રાજન ! ચંદ્રમાના વંશનો વિસ્તાર કહું તે હવે સાંભળો. એમાં પુણ્યકીર્તિ પુરૂરવા વગેરે રાજાઓનાં ચરિત્રો કહેવામા આવશે. હજાર મસ્તકવાળા નારાયણના નાભિસરોવરના કમળમાંથી જન્મેલા બ્રહ્માના અત્રિ નામે પુત્ર થયા હતા, તે તેમના પિતાના જેવા હતા. અત્રિ મુનિના નેત્રમાંથી અમૃતમય ચંદ્રમા ઉત્પન્ન થયો તેને બ્રહ્માએ બ્રાહ્મણ ઔષધિ અને ગ્રહોનો અધિપતિ કર્યો.૩ ચન્દ્રે ત્રણ ભુવનને અધીન કરી રાજસૂય યજ્ઞ કર્યો અને બૃહસ્પતિની સ્ત્રી તારાને ગર્વ તથા બલાત્કારથી હરી લીધી. ૪ બૃહસ્પતિએ વારંવાર પ્રાર્થના કરી તોપણ ચંદ્રમાએ મદને લીધે તે આપી નહિ ત્યારે તારાને માટે દેવ દાનવો વચ્ચે યુદ્ધ થયું. ૫ શુક્રાચાર્યે બૃહસ્પતિની સાથે દ્વેષ હોવાથી અસુરો સાથે ચંદ્રનો પક્ષ સ્વીકાર્યો. શંકર અંગિરાની પાસે ભણ્યો હતો તેથી તે પણ સ્નેહથી સર્વ ભૂત ગણોની સાથે ગુરૂપુત્ર બૃહસ્પતિના પક્ષમાં ગયો. ૬ મહેન્દ્ર સર્વ દેવતાઓના મંડળ સાથે બૃહસ્પતિના પક્ષમાં ગયા. પછી તારાને માટે બન્ને પક્ષ વચ્ચે સંગ્રામ થયો જેમાં દેવ અને દાનવોનો નાશ થયો. બૃહસ્પતિએ બ્રહ્માને તે વાત નિવેદન કરી તે ઉપરથી બ્રહ્માએ ચન્દ્રનો તિરસ્કાર કરી બૃહસ્પતિને તારા પાછી આપવાનું કહ્યું. ચંદ્રમાએ તારા બૃહસ્પતિને પાછી આપી ત્યારે તે ગર્ભવતી હતી તેથી બૃહસ્પતિ બોલ્યા કે, દુષ્ટે! પારકાનો ગર્ભ મારા ક્ષેત્રમાંથી દૂર કર. હું સંતાનની ઈચ્છાવાળો છું તેથી તને બાળીને ભસ્મ કરતો નથી તારાએ શરમાઈ જઇ સુવર્ણના જેવી કાંતિવાળા કુમારને ગર્ભમાંથી દૂર કર્યો. તે જોઇને બૃહસ્પતિ તથા ચન્દ્ર બન્નેએ તેને લેવાની ઇચ્છા કરી ૧૦ તે બંને 'આ કુમાર મારો છે, તારો નથી' એવો વિવાદ કરવા લાગ્યા. દેવતાઓ અને ઋષિઓએ તારાને પૂછયું કે, બોલ, આ પુત્ર કોનો છે? તોપણ તારાએ શરમને લીધે કંઈ ઉત્તર આપ્યો નહિ. ૧૧ માતાની લજ્જા ઉપરથી કુમારને ક્રોધ ચઢયો અને તેણે કહ્યું કે, શા માટે ખરી વાત કહેતી નથી? તારૂં જે પાપ હોય તે ઝટ કહી દે. ૧૧ બ્રહ્માએ તારાને એકાંતમા લઇ જઇ પૂછયું ત્યારે તેણે બ્રહ્માની આગળ ધીરે ધીરે ચન્દ્રનુ નામ દીધું. પછી ચન્દ્ર તે બાળકને લઇ ગયો. ૧૩ બ્રહ્માએ કુમારની ગંભીર બુદ્ધિ ઉપરથી તેનું નામ બુધ પાડયું. બુધથી ઇલામાં પુરૂરવા નામે પુત્ર થયો; તેની કથા તમને આગળ કહી છે. પુરૂરવાનાં રૂપ ગુણ ઔદાર્ય શીલ ધન અને પરાક્રમને ઇંદ્રના ભવનમાં નારદથી ગવાતાં સાભળી ઉર્વશી મોહી પડી હતી તે મિત્રાવરૂણના શાપથી જ્યારે મનુષ્ય લોકમાં પડી ત્યારે પુરૂરવાને પુરૂષોમાં ઉત્તમ સાભળી તેની પાસે ગઇ. ૧૭ અને ધીરજ રાખી પુરૂરવાની પાસે ઉભી રહી ૧૮ ઉર્વશીને જોઈ રાજાનાં નેત્ર તૃપ્ત થયાં શરીર ઉપર રોમાંચ થયો અને મધુર વાણીથી કહેવા લાગ્યો કે હે સુંદરાંગી! તું ભલે આવી અહીં બેસ અને અમે તારૂં શું કામ કરીએ તે કહે. મારી સાથે વિલાસ કર અને આપણી વચ્ચે દંપતી સંબંધ થાઓ. ૧૯

ઉર્વશી બોલી કે—હે રાજન ! કયી સ્ત્રીનું મન ને દૃષ્ટિ તમારામાં બંધાય નહિ? રમવાની ઈચ્છાથી તમારા વક્ષઃસ્થળનો આશ્રય લીધા પછી કોઇ પણ સ્ત્રી ઉદાસીન થતી નથી. ૨૦ હે રાજન! હું તમારી પાસે

† આ અધ્યાયમા બૃહસ્પતિની સ્ત્રી તારામા ઉત્પન્ન થયેલા બુધના પુત્ર પુરૂરવાએ ઉર્વશીમા આયુ વગેરે છ પુત્રો ઉત્પન્ન કર્યા એ કથા કહેવારો

પ્રતિજ્ઞા કરૂં છું કે, આ મારા બે ઘેટા તમારે ત્યાં સંભાળમાં રાખો હું તમારી સાથે રહીશ કારણ કે જે પ્રશંસાપાત્ર હોય તે જ સ્ત્રીઓનો વર થાય છે. ૨૧ મારૂં ભોજન ઘી છે માટે હું ઘી ખાઇને રહીશ અને તમને અકાલે નગ્ન જોઇશ નહિ, ઉદાર મનના રાજાએ બહુ સારૂં એમ કરીશ એવું કહીને તેનો સ્વીકાર કર્યો. ઓહો! આવુ રૂપ! આવો ભાવ! આ તો ખરેખર મનુષ્ય લોકને મોહિત કરનાર છે કયો મનુષ્ય પોતે સામી આવેલી દેવીને સેવે નહિ? પછી ઉર્વશી સાથે પુરૂષ શ્રેષ્ઠ પુરૂરવા ચૈત્રરથ આદિ દેવતાઇ ઉપવનોમા ઇચ્છા પ્રમાણે વિહાર કરવા લાગ્યો. ૨૪ દેવનારીની સાથે રમતાં તેના મુખના સુગંધમાં લોભાયેલા પુરૂરવાએ હર્ષમાં ઘણાં વર્ષો ક્ષણની પેઠે ગાળી કાઢયાં

બીજી તરફ ઇન્દ્રે સ્વર્ગમાં ઉર્વશીને દીઠી નહિ તેથી ગંધર્વોને આજ્ઞા કરી કે ઉર્વશી વિના મારી સભા શોભતી નથી માટે તેની શોધ લઇ આવો. અર્ધ રાત્રિને સમયે ઇદ્રના સેવકો ઉર્વશીના બે ઘેટા જે ઉર્વશીએ રાજાને સોંપ્યા હતા તે લઇ ગયા. ૨૭ ઘેટાઓએ ચીસ પાડી તે સાભળીને ઉર્વશી બોલી ઉઠી કે—આ વીર પુરૂષનો ડોળ ઘાલનાર નપુંસકે મારો દ્રોહ કર્યો. હુ તેનો વિશ્વાસ રાખવાથી દુ.ખી થઇ અને આ મારા પુત્ર હરાઇ ગયા દિવસનો પુરૂષ આ રાજા રાત્રે સ્ત્રીની પેઠે ભયભીત થઈને સુઇ રહે છે ૨૯ ઉર્વશીના વાણીરૂપી બાણથી જેમ હાથી વિંધાઇ જાય તેમ રાજા વિંધાઈ ગયો. ક્રોધ કરી હાથમાં ઉઘાડી તરવાર લઇ નાગો નાગો તે અર્ધ રાત્રિએ ગંધર્વોની પાછળ પડયો. ગંધર્વો તે બન્ને ઘેટા છોડી દઇ નાઠા. તેમણે પ્રકાશવાન થઈ અજવાળું કર્યું તેથી ઉર્વશીએ ઘેટા લઇને આવતાં તેને નાગો દીઠો. પોતાનો ઠરાવ ભંગ થવાથી ઉર્વશી ત્યાંથી નાશી ગઇ. ૩૧ પુરૂરવા ઘેટા લઇ આવ્યો અને શય્યામા જોયું તો ઉર્વશીને દીઠી નહિ, ઉર્વશીને વિષે મન રાખી વિહ્વળ થઈ શોક કરતો ઉન્મત્ત પુરૂષની પેઠે તે પૃથ્વી ઉપર ફરવા લાગ્યો. ૩૨ ભટકતાં ભટકતાં એક દિવસ કુરૂક્ષેત્રમાં સરસ્વતી નદીના તીર ઉપર ઉર્વશીને તેની પાંચ સખીઓ સાથે જોઇને પુરૂરવા બોલ્યો કે—હે સુંદરિ! ઉભી રહે ઉભી રહે. મને સારી રીતે સુખ આપ્યા વિના હવે તારે જવું યોગ્ય નથી. આવ આપણે સાથે બેસી વાતો કરીએ. ૩૪ હે દેવિ! તું આ મારા મનોહર દેહને આટલે દૂર ખેંચી લાવી છે તો તેની ઉપર કૃપા કર. ૩૫

ઉર્વશી બોલી કે—હે રાજન! તું મરીશ નહિ,પુરૂષ છે માટે ધીરજ ધર તું ઇન્દ્રિયોને આધીન થઇશ નહિ. સ્ત્રીઓની મિત્રતા કોઇ પણ ઠેકાણે સ્થિર નથી અને સ્ત્રીઓનું હૃદય ક્રૂર હોઇ તે ક્ષમા વિનાની અને સાહસ ઉપર પ્રીતિ રાખનારી હોય છે. તે ક્ષુદ્ર કામને માટે પણ પતિનો અથવા ભાઇનો નાશ કરે છે ૩૭ પુરૂષનું અતિક્રમણ કરનારી સ્વતંત્ર રીતે વર્તનારી અને સ્નેહવિનાની સ્ત્રીઓ અજ્ઞાની પુરૂષોને વિશ્વાસ બેસાડી સ્વાર્થની ઈચ્છા કરે છે. મારે હવે તમને જે કહેવાનું છે તે તરફ ધ્યાન આપો હે સ્વામિનાથ! હું આ વર્ષને અંતે એક રાત્રિ આપની સાથે રહી જઇશ અને મારાથી તમને બીજાં સંતાનો થશે.૩૯

શુકદેવજી કહે છે કે—હે રાજન! પુરૂરવા ઉર્વશીની વાતથી તેને ગર્ભવતી જાણીને પોતાના નગર તરફ ગયો અને એક વર્ષ પૂરૂં થઇ રહ્યા પછી વીર પુત્રોને જન્મ આપનારી ઉર્વશીની પાસે ગયો.૪૦ તેને મળીને આનંદમાં તેની સાથે એક રાત્રિ રહ્યો. વિરહથી આતુર પુરૂરવા રાજાને ઉર્વશીએ કહ્યું કે ૪૧ તું ગંધર્વોની સ્તુતિ કરજે એટલે તેઓ મને આવવા દેશે. પુરૂરવાએ ગંધર્વોની સ્તુતિ કરી એટલે ગંધર્વોએ પ્રસન્ન થઇ તેને અગ્નિની થાળી આપી. પુરૂરવા થાળીને ઉર્વશી

માનવા લાગ્યો, પરંતુ વનમાં ફરતાં ફરતાં તેણે જાણ્યું કે આ ઉર્વશી નથી, પરંતુ અગ્નિની થાળી છે. તે ઉપરથી થાળીને વનમાં મુકી ઘેર ગયો. રાત્રે ઉર્વશીનું ધ્યાન કરવા લાગ્યો. ઉર્વશીનું ધ્યાન કરતાં ત્રેતાયુગના આરંભ વખતે તેમના મનમાં કર્મનો ઉપદેશ કરનાર ત્રણ વેદ પ્રગટ થયા. ૪૩ તે ઉપરથી પુરૂરવાએ વનમાં જ્યાં આગળ અગ્નિની થાળી મુકી હતી તે સ્થાન ઉપર જઇ જોયું તો શમીના વૃક્ષમાં પીપળો ઉગેલો દીઠો એટલે પુરૂરવાએ ઉર્વશીના લોકમાં જવાની ઇચ્છાથી પીપળાની બે અરણી કરી મંત્રથી ઉર્વશીનું ધ્યાન કરી નીચેની અરણીમા ઉર્વશીની અને ઉપરની અરણીમાં પોતાની તથા તે બન્ને વચ્ચે રહેલા લાકડાના કટકામાં જનનેન્દ્રિયની ભાવના કરી તે બન્ને અરણીને મથવા માંડી. ૪૫ તેને મથવાથી યોગ્યવસ્તુ આપનારો અગ્નિ તેમાથી ઉત્પન્ન થયો. વેદવિદ્યાની વિધિ પ્રમાણે આહવનીય ગાર્હપત્ય તથા દક્ષિણાગ્નિ એમ ત્રણ પ્રકારના અગ્નિ તેમાંથી ઉત્પન્ન થયા. પુરૂરવાએ પોતાના પુત્ર કરીને માન્યા. ૪૬ ઉર્વશીના લોકમાં જવાની ઇચ્છાવાળા રાજાએ અગ્નિથી યજ્ઞના પતિ, અતીન્દ્રિય એવા સર્વ દેવતામય શ્રીહરિનું યજન કર્યું. ૪૭ પ્રથમ સર્વ વાણીઓના બીજરૂપ ૐકાર વેદરૂપે હતો. એક નારાયણ દેવરૂપ હતા, બીજો કોઈ પણ દેવ નહતો. લૌકિકાગ્નિ અગ્નિ મનાતો હતો, તેના ત્રણ વિભાગ ન હતા અને જાતિ પણ ચાર ન હતી. શુકલ નામની એક જાતિ હતી. ૪૮ હે રાજન! ત્રેતાયુગના આરંભમાં પુરૂરવા રાજાથી ત્રણ વેદ થયા અને રાજા અગ્નિરૂપી પુત્રવડે ગંધર્વના લોકમાં ગયો. ૪૯

पुरूरवस एवासीत्त्रयी त्रेतामुखे नृप ।
अग्निना प्रजया राजा लोकं गांधर्वमेयिवान्॥४९

इतिश्रीमद्भागवतेमहापुराणेनवमस्कंधे
चतुर्दशोऽध्यायः

અધ્યાય ૧૫ મો.†

પુરૂરવાના વંશનું વર્ણન.

શ્રીશુક ઉવાચ.

ऐलस्य चोर्वशीगर्भात्षडासन्नात्मजा नृप ।
आयुः श्रुतायुः सत्यायुरयोथ विजयो जयः॥१

શુકદેવજી કહે છે કે—હે રાજન! પુરૂરવાને ઉર્વશીથી આયુ શ્રુતાયુ સત્યાયુ રય વિજય તથા જય નામે છ પુત્રો થયા હતા ૧ તેઓમાં શ્રુતાયુનો વસુમાન્ સત્યાયુનો શ્રુતંજય, જયનો અમિત તથા વિજયનો ભીમ નામે પુત્ર હતો. ભીમનો કાંચન કાંચનનો હોત્રક અને તેનો જહ્નુ નામે પુત્ર હતો જહ્નુ નામે ઋષિ ગંગાને પી ગયા હતા. જહ્નુનો પુત્ર પુરૂ, પુરૂનો પુત્ર બલાક, બલાકનો પુત્ર અજક, ૩ તેનો કુશ અને કુશના કુશાંબુ મૂર્તય વસુ તથા કુશનાભ નામે ચાર પુત્રો હતા. તેઓમાં કુશાંબુને ગાધિ નામે પુત્ર હતો.૪ તેની સત્યવતી નામે કન્યાનું ઋચિક બ્રાહ્મણે માગું કર્યું હતું. ગાધિએ ઋચિકને કન્યા સમાન ન જાણી કહ્યું કે,૫ ચંદ્રમાના જેવા ધોળા રંગના અને જેઓનો એક તરફનો કાન કાળો હોય તેવા એક હજાર ઘોડા આપો તો કન્યા તમને આપવામાં આવે. આટલું મૂલ્ય પણ આ કન્યાને માટે પૂરતુ નથી કારણ કે અમે કુશિક વંશના છીએ. ઋચિક ત્યાથી વરૂણની પાસે ગયો અને ત્યાથી ઘોડા લાવી ગાધિને આપી સત્યવતીને પરણ્યા. ૭ પછી એક વાર પોતાની સ્ત્રીએ તથા સાસુએ સંતાનની કામનાથી ઋચિક રૂષિની પ્રાર્થના કરી તે ઉપરથી રૂષિ એક ચરૂ બ્રાહ્મણના મંત્રથી અને બીજા ચરૂને ક્ષત્રિયના મંત્રથી રાધીને નહાવા માટે ગયા. ૮ સત્યવતીની માતાએ પોતાની પુત્રીનો ચરૂ ઉત્તમ માનીને

† આ અધ્યાયમા પુરૂરવા રાજાના વંશમા ગાધિ રાજા જન્મ્યા તેમના દૌહિત્રના પુત્ર પરશુરામે સહસ્રાર્જુનનો નાશ કર્યો એ કથા છે.

પુત્રીની પાસે તે ચરૂની યાચના કરી, તે ઉપરથી સત્યવતીએ માતાને તે આપ્યો, અને માનો ચરૂ પોતે ખાધો. ૯ ઋષિ નહા ઇને ઘેર આવ્યા અને ચરૂમાં અદલાબદલી થયેલી જોઇ બોલ્યા કે 'તેં ભૂંડું કર્યું' તારો પુત્ર મહા ભયંકર તથા દંડધારી થશે અને તારો ભાઇ વેદવેત્તા થશે. ૧૦ સત્યવતીએ ઋચિક ઋષિને પ્રાર્થના કરી કે, મહારાજ! એ પ્રમાણે ન થાય એમ કરો. ઋચિક બોલ્યા કે, તારો પુત્ર નહિ પણ પૌત્ર ભયંકર અને શિક્ષા કરનારો થશે. પછી ઋષિને જમદગ્નિ નામે એક પુત્ર થયો. ૧૧ જમદગ્નિની માતા કુશિક કુળની સત્યવતી મહા પવિત્ર સ્ત્રી હતી. લોકને પવિત્ર કરનારી તે કૌશિકી નામે નદી થઇ અને તેના પુત્ર જમદગ્નિ રેણુની પુત્રી રેણુકાને પરણ્યા.૧૨ ભાર્ગવ ઋષિથી રેણુકાને વસુમાન્ વગેરે પુત્રો થયા, તેઓમા જે નાનો હતો તે પરશુરામને નામે પ્રખ્યાત થયો.૧૩ વિદ્વાનો તેમને ભગવાનના અંશાવતાર તથા હૈહય કુલનો નાશ કરનાર કહે છે તથા તેમણે એકવીશ વાર પૃથ્વીને ક્ષત્રિય વિનાની કરી. પૃથ્વીના ભારભૂત દુષ્ટ ક્ષત્રિયો બ્રાહ્મણનો નાશ કરતા હતા તથા રજોગુણી અને તમોગુણી હતા ક્ષત્રિયો નાનો અપરાધ કરતા તોપણ પરશુરામ તેઓનો નાશ કરતા હતા. ૧૫

પરીક્ષિતે પૂછ્યું કે—ઇંદ્રિયોને આધિન એવા ક્ષત્રિયોએ પરશુરામનો એવો તે શો અપરાધ કર્યો હતો કે જે અપરાધથી પરશુરામે ક્ષત્રિય કુળનો નાશ કર્યો? ૧૬

શુકદેવજી કહે છે કે—હૈહય કુલના ક્ષત્રિયોનો અધિપતિ તથા ક્ષત્રિયોમાં ઉત્તમ અર્જુન નામે એક ક્ષત્રિય હતો ભગવાનના અંશાવતારરૂપ ભગવાન દત્તાત્રેયની સેવા અને આરાધના કરી તેણે હજાર હાથ મેળવ્યા હતા. શત્રુઓમાં દુરાધર્ષત્વને પ્રાપ્ત કર્યું હતું, અવ્યાહત એવું ઇંદ્રિયનું બળ લક્ષ્મી તેજ યશ તથા માન તેણે સંપાદન કર્યાં હતાં. ૧૮ જેમાં અણિમાદિક સિદ્ધિઓ રહેલી છે એવું યોગેશ્વરત્વ તથા ઐશ્વર્ય તેણે દત્તાત્રેયની કૃપાથી સંપાદન કર્યું હતું અને લોકોમાં પવનની પેઠે અટક્યા વિના સર્વત્ર ફર્યા કરતો હતો. ૧૯ સહસ્રાર્જુન કંઠમાં વૈજયંતી નામે માળા ધારણ કરી ઉત્તમ પ્રમદાઓથી વિંટાઇ રેવા નદીના પાણીમાં વિહરતો હતો. તેણે પાણીને એકઠું તથા ઉંડું કરવા ભુજાઓથી પ્રવાહને અટકાવી રાખ્યો હતો. ૨૦ રાવણ રેવા નદીના કિનારા ઉપર છાવણી નાંખીને પડયો હતો. તેની છાવણી નર્મદા નદીના પાછા વળેલા પ્રવાહના પાણીથી ભીંજાઇ ગઇ. વીરનું અભિમાન રાખનાર રાવણે અર્જુનના તે પરાક્રમને સહન કર્યું નહિ પણ તેની ટેવ ભૂલાવવા તેની સામે લડવા ગયો. ૨૧ સહસ્રાર્જુને રાવણને સ્ત્રીઓની સમક્ષ પકડી માહિષ્મતી નગરીમાં કેદ કર્યો. પાછળથી રાજાએ વાનરની પેઠે તેને છોડી મૂકયો. આવો તે રાજા પરાક્રમી હતો. ૨૨ સહસ્રાર્જુન રાજા એક દિવસ વનમાં મૃગયા કરવા ગયો અને ફરતાં ફરતાં દૈવેચ્છાથી જમદગ્નિ ઋષિના આશ્રમમાં જઇ ચઢયો. ૨૩ ત્યા તપસ્વી એવા જમદગ્નિએ સેના, મંત્રીઓ અને વાહનો સાથે રાજાનો હવિર્ધાની ગાયના પ્રભાવથી આતિથ્ય સત્કાર કર્યો. ૨૪ હૈહય કુળના શૂરવીર રાજાએ મુનિનું ઐશ્વર્ય પોતાના કરતાં અધિક જોઇ તેમના સત્કારને વખાણ્યો નહિ, પરંતુ સામું તેની કામધેનુ લેવાની ઇચ્છા કરી.૨૫ ગર્વથી પોતાના મનુષ્યોને ઋષિની કામધેનુ લેવા માટે આજ્ઞા કરી. તેના યોદ્ધાઓ વાછડા સાથે બરાડા પાડતી કામધેનુને બલાત્કારે માહિષ્મતી નગરીમાં લઇ ગયા. ૨૬ રાજા પણ આશ્રમમાંથી નીકળી પોતાના નગર તરફ રવાના થયો. પરશુરામ આશ્રમમાં આવ્યા અને રાજાની ગૌહરણરૂપી દુષ્ટતા સાભળી પાટુથી મારેલો સર્પ જેમ કોપાય-

માન થાય તેમ કોપી ઉઠયા. ૨૭ ભયંકર ફરશી ઢાલ તથા ભાથા સાથે ધનુષ લઈ સિંહ જેમ યુથપતિ હાથીની પાછળ દોડે તેમ પાછા હઠાવી શકાય નહિ એવા પરશુરામ સહસ્રાર્જુનની પાછળ દોડયા.૨૮ સહસ્રાર્જુને પોતાની નગરીમા પેસતાંજ પોતાની પાછળ વેગથી દોડયા આવતા પરશુરામને જોયા. પરશુરામે ધનુષ બાણ અને ફરશી રૂપી આયુધો ધારણ કરેલાં હતાં, શરીર ઉપર મૃગચર્મ ઓઢયું હતું અને માથે સૂર્યના જેવી પીળા રંગની જટા હતી. સહસ્રાર્જુને હાથી રથ ઘોડા પાયદલ ગદા બાણ તરવાર ઋષ્ટિ શતઘ્ની તથા સાંગો સાથે અતિ ભયંકર એવી સત્તર અક્ષૌહિણી જેટલી સેનાને લડવા મોકલી. એકલા પરશુરામે તેનો નાશ કરી નાખ્યો. ૩૦ મન અને પવનના જેવા વેગવાળા શત્રુ પક્ષનો નાશ કરતા પરશુરામ જયા જયાં ફરશીનો પ્રહાર કરતા ત્યાં ત્યા ભુજાઓ સાથળો અને સ્કંધ કપાઇ જવાથી તથા સારથિ અને વાહનો નાશ પામવાથી યોદ્ધાઓ પૃથ્વી ઉપર ઢળી પડતા. લોહીના પ્રવાહોથી જ્યાં આગળ કાદવ થયો હતો, એવી રણભૂમિ ઉપર પરશુરામના બાણોથી પોતાના સૈન્યની ઢાલો ધ્વજાઓ ધનુષ અને શરીર કપાઇ ગયા. પોતાના સૈન્યને પૃથ્વી ઉપર પડેલું જોઇ સહસ્રાર્જુન રોષથી રણભૂમિ ઉપર આવ્યો. ૩૨ તેણે પાંચસો હાથથી પાંચસે ધનુષો ઉપર બાણો ચઢાવી પરશુરામના ઉપર મુકયાં. અસ્ત્રધારીઓમાં અગ્રણી તથા એક ધનુષધારી પરશુરામે બાણો મારી એકદમ તેના બાણોને કાપી નાંખ્યાં. ૩૩ સહસ્રાર્જુન પોતાના હાથે પર્વતો અને વૃક્ષોને ઉપાડી વેગથી યુદ્ધમાં પરશુરામની સામે ફેંકવા લાગ્યો અને તેનાથી તેમને પ્રહાર કરવા લાગ્યો એટલે પરશુરામે કઠોર ધારવાળી ફરશીથી જેમ સર્પની ફેણને કાપી નાંખે તેમ જોર ભેર તેની ભુજાઓ કાપી નાંખી. ૩૪ બધા હાથો કાપી નાંખ્યા પછી પર્વતના શિખરની પેઠે સહસ્રાર્જુનના માથાને ફરશીથી કાપી નાંખ્યું અને તે તરત મરણ પામ્યો. પિતાનું મરણ થવાથી તેના દશ હજાર પુત્રો ભયને લીધે ત્યાંથી નાસી ગયા.૩૫ તે પછી શત્રુનો નાશ કરનાર પરશુરામે દુઃખી થયેલી કામધેનુને વાછડા સાથે પાછી વાળી, પોતે કરેલું વીર કર્મ પોતાના પિતા તથા ભાઈઓની આગળ વર્ણવી બતાવ્યું. જમદગ્નિ બોલ્યા કે, ૩૭ હે રામ! તેં પાપ કર્યું તેં સર્વ દેવતામય રાજાને વૃથા મારી નાંખ્યો. ૩૮ હે તાત! આપણે બ્રાહ્મણ છીએ, ક્ષમાથી પૂજાઇએ છીએ અને ક્ષમાથી લોકના ગુરૂ બ્રહ્મા પરમેષ્ઠીના પદને પામ્યા છીએ. વળી ક્ષમાથી બ્રહ્મતેજ સૂર્યના તેજની સમાન શોભે છે, તેમ ભગવાન શ્રીહરિ ક્ષમાવતોને પ્રસન્ન થાય છે. ૪૦ મૂર્ધાભિષિક્ત રાજાનો નાશ તો બ્રહ્મહત્યા કરતા પણ અધિક છે માટે હે રામ! તું ભગવાનનું સ્મરણ કરતો તીર્થ સ્થાનોમાં ફરીને પાપનો નાશ કર.૪૧

राज्ञो मूर्धाभिषिक्तस्य वधो ब्रह्मवधाद्गुरुः।
तीर्थसंसेवया चांहो जह्यंगाच्युतचेतनः ॥४१॥

इतिश्रीमद्भागवतेमहापुराणेनवमस्कंधे
पंचदशोऽध्यायः

અધ્યાય ૧૬ મો.†

સહસ્રાર્જુનના પુત્રોએ વાળેલું વેર.

श्रीशुक उवाच

पित्रोपशिक्षितो रामस्तथेति कुरुनंदन।
संवत्सरं तीर्थयात्रां चरित्वाऽऽश्रममाव्रजत्॥

શુકદેવજી કહે છે કે—હે રાજન! પિતાએ ઉપદેશ આપ્યાથી પરશુરામ 'તથાસ્તુ' કહીને એક વર્ષ સુધી તીર્થયાત્રા કરી પાછા આશ્રમમાં આવ્યા. ૧ એક વાર જ્યારે રેણુકા પાણી ભરવા ગંગાના તીર ઉપર

† આ અધ્યાયમાં સહસ્રાર્જુનના પુત્રોએ જમદગ્નિનો નાશ કર્યો, તે ઉપરથી પરશુરામે ક્ષત્રિયોનો સદતર સંહાર કર્યો એ કથા કહેવામા આવશે

ગયાં હતાં ત્યાં આગળ ચિત્રરથ નામનો ગંધર્વનો રાજા કંઠમાં કમળની માળા પહેરી અપ્સરાઓની સાથે જળક્રીડા કરતો હતો. રેણુકા તેને જોવા લાગ્યાં અને તેના ઉપર કંઈક ઇચ્છા થવાથી તે મુનિના હોમનો સમય વિસરી ગયાં ૩ પાછળથી હોમનો સમય થઈ ગયો, એમ જાણીને મુનિના શાપથી શંકાકુળ થઇ આશ્રમમાં આવ્યા અને પાણીનો કળશ ઋષિની સન્મુખ મુકી બે હાથ જોડીને ઉભાં રહ્યાં. ૪ ઋષિ પોતાની સ્ત્રીનો માનસિક વ્યભિચાર જાણી ક્રોધાયમાન થઈ બોલ્યા કે—હે પુત્રો ! આ પાપિણી સ્ત્રીનો નાશ કરો, પરંતુ પુત્રોએ પિતાની આજ્ઞા માની નહિ. ૫ પછી પિતાએ પરશુરામને આજ્ઞા કરી કે તું તારી માતાની સાથે તારા ભાઇઓનો નાશ કર એટલે તેણે ભાઈઓને માતાની સાથે મારી નાંખ્યા,કારણ કે તે મુનિ જમદગ્નિના સમાધિના તથા તપના પ્રભાવને સારી રીતે જાણતા હતા. ૬ પછી પુત્રના આજ્ઞાધારીત્વથી પ્રસન્ન થયેલા સત્યવતીના પુત્ર જમદગ્નિએ પ્રસન્ન થઈ તેને વર માગવા કહ્યું, પરશુરામે માગ્યું કે મારી મરી ગયેલી માતા અને ભાઈઓ જીવતા થાય અને આ વાત તેઓ ભુલી જાય. તે સાંભળીને 'તથાસ્તુ' એમ મુનિએ કહ્યું કે તરત જાગીને ઉઠે તેમ તે સર્વે પરિશ્રમ વગર કુશળ ઉઠયાં. પરશુરામ પિતાના તપને અને પરાક્રમને જાણુતા હતા, ૮ હે રાજન ! સહસ્રાર્જુનના જે પુત્રો પોતાના પિતાનો પરશુરામે કરેલો નાશ સંભાર્યા કરતા હતા અને પરશુરામના પરાક્રમથી હારી ગયા હતા તેથી કોઇ ઠેકાણે તેએ ને ચેન પડતું ન હતું. તેઓ વૈર વાળવા આતુર થઇ રહ્યા હતા. ૯ એકવાર પરશુરામ ભાઇઓની સાથે વનમાં ગયા તે લાગ સાધી સહસ્રાર્જુનના પુત્રો વૈર વાળવાની ઇચ્છાથી તેમના આશ્રમમાં પેઠા. ૧૦ મુનિને ભગવાન ઉત્તમ શ્લોકને વિષે બુદ્ધિ સ્થિર કરી અગ્નિશાળામાં સમાધિમાં બેઠેલા દીઠા, પાપ કરવાના નિશ્ચયવાળા હૈહયોએ મુનિને મારવા માંડયા. ૧૧ પરશુરામની દીન માતાએ અતિ દારૂણ એવા ક્ષત્રિયોને ઋષિને ન મારવા માટે પ્રાર્થના કરી તો પણ તે નીચ ક્ષત્રિયો બળાત્કારે મુનિનું મસ્તક કાપીને ચાલી ગયા. ૧૨ સતી રેણુકા દુઃખ તથા શોકથી આતુર થઇ હાથવતી છાતી અને માથું કુટવા લાગી હે રામ ! આમ ઘાંટો પાડી તે રડવા લાગી. ૧૩ દૂર રહેલા પરશુરામ પોતાની માતાનો હે રામ ! એવો આતુરના જેવો શબ્દ સાંભળી વેગથી આશ્રમમાં દોડી આવ્યા અને જોયું તો પિતાને મરણ પામેલા દીઠા. ૧૪ પિતાના મરણના દુઃખ રોષ અસહનતા પીડા તથા શોકના વેગથી પરશુરામ મોહિત થઈ ગયા અને વિલાપ કરવા લાગ્યા કે હે તાત ! આપ અમારો ત્યાગ કરીને સ્વર્ગમા પધાર્યા. ૧૫ વિલાપ કરી પિતાનો દેહ ભાઇને સોંપી રામ પોતે ફરશી લઇ ક્ષત્રિયોનો સંહાર કરવાનો વિચાર કરવા લાગ્યા.૧૬ બ્રહ્મહત્યા કરનાર રાજાથી નિસ્તેજ થયેલી માહિષ્મતી નગરીમાં જઇ નગરીની વચ્ચે સહસ્રાર્જુનના પુત્રોનાં માથાં કાપીને તેનો મોટો પર્વત કર્યો. ૧૭ ક્ષત્રિયો જ્યારે દુષ્ટાચરણ કરવા લાગ્યા ત્યારે પરશુરામે પોતાના પિતાના વધને એક કારણ ગણી બ્રાહ્મણોનો અપરાધ કરનાર લોકોને ભય આપનારી લોહીની એક ભયંકર નદી ચલાવી. ૧૮ રેણુકાએ એકવીશવાર છાતી કુટી તેથી પરશુરામે એકવીશવાર પૃથ્વીને નક્ષત્રિય કરી અને સ્યમંતપંચક નામે ક્ષેત્રમાં લોહીના નવ ધરા બન્યા. ૧૯ પરશુરામે પિતાના શત્રુઓને મારી પોતાના પિતાના મસ્તકને યજ્ઞમંડપમાં લાવી પિતાના ધડની સાથે સાંધી જીવતા કર્યા અને યજ્ઞો કરીને સર્વ દેવતામય તથા પોતાના સ્વરૂપ પરમાત્માનું યજન કર્યું. ૨૦ યજ્ઞને અંગે હોતાને પૂર્વ

દિશા બ્રહ્માને દક્ષિણ દિશા અધ્વર્યુને પશ્ચિમ દિશા ઉદ્‌ગાતાને ઉત્તર દિશા, ૨૧ બીજા બ્રાહ્મણોને ખુણાઓ કશ્યપને મધ્યભાગ, ઉપદ્રષ્ટાને આર્યાવર્ત તથા સભાસદોને બાકીનો ભાગ દાનમાં આપ્યો. ૨૨ આ રીતે દક્ષિણા આપ્યા પછી પરશુરામ બ્રહ્મનદી એવી સરસ્વતી નદીમાં અવભૃથ સ્નાન કરી સર્વ પાપમાંથી મુક્ત થઇ વાદળમાંથી છુટા થયેલા સૂર્યની પેઠે શોભવા લાગ્યા. ૨૩ પરશુરામના પિતા જમદગ્નિ સ્મરણવાળો દેહ પામી સપ્તર્ષિઓના મંડળમા સાતમા ઋષિ થયા અને પરશુરામથી સત્કાર પામ્યા. ૨૪ કમળ જેવાં નેત્રવાળા ભગવાન પરશુરામ આવતા મન્વંતરમા સપ્તર્ષિઓમાંના એક ઋષિ થશે. હમણાં તે અભિમાનનો ત્યાગ કરી શાંત બુદ્ધિથી મહેંદ્રાચળ ઉપર રહે છે અને સિદ્ધ ગંધર્વ અને ચારણો તેમનાં ચરિત્રોનું ગાન કરે છે. ૨૬ વિશ્વના આત્મા ભગવાન શ્રીહરિએ ભૃગુના કુળમાં અવતાર લઇ પૃથ્વીના ભારરૂપ ઘણા રાજાઓનો નાશ કર્યો. ૨૭ ગાધિ રાજાને ત્યાં વિશ્વામિત્ર નામે મહાતેજસ્વી પુત્ર જન્મ્યો હતો. તે જળઝળાટ બળતા અગ્નિ જેવો તેજસ્વી હતો. જેમણે તપશ્ચર્યા કરી ક્ષાત્રનો ત્યાગ કરી બ્રહ્મતેજ મેળવ્યું હતું. ૨૮ વિશ્વામિત્રને સો પુત્રો હતા તેઓમાં વચલો પુત્ર મધુચ્છંદા હતો તેથી બધા મધુછંદસ કહેવાતા હતા. ૨૯ ભૃગુના વંશમાં અજીગર્ત ઋષિનો પુત્ર શુનશેફ કે જે હરિશ્ચન્દ્રના યજ્ઞમાં પુરૂષ પશુ તરીકે વેચાયો હતો અને જે પ્રજાપતિ વગેરે દેવતાઓની સ્તુતિ કરીને વરૂણના પાશમાંથી છુટયો હતો. દેવતાના યજ્ઞમા દેવતાઓએ રક્ષા કરવાથી જે ગાધિના વંશમાં દેવરાત નામે પ્રખ્યાત થયો હતો, તે ભૃગુકુલોત્પન્ન શુનઃશેફને પોતાનો પુત્ર કરી વિશ્વમિત્રે પુત્રોને કહ્યુ કે તમારે આને મોટો ભાઇ માનવો. ૩૨ મધુચ્છંદાથી જે મોટા પુત્રો હતા તેઓએ માન્યું નહિ તેથી ક્રોધાયમાન થઇ શાપ દીધો કે તમે મ્લેચ્છ થાઓ. ૩૩ પચાસ ૢ નાના પુત્રોની સાથે રહીને મધુચ્છંદાએ ઋષિને કહ્યું કે આપ અમને જે આજ્ઞા કરશો તે અમે પાળીશું. ૩૪ પછી તેઓએ મંત્રદ્રષ્ટા શુનઃશેફને મોટો ભાઇ માન્યો અને કહ્યું કે અમે તારી પાછળ અનુસરનાર થઈશું. વિશ્વામિત્રે પુત્રોને કહ્યું કે તમે પુત્રવાળા થશો કારણ કે તમે મારૂં માન રાખી મને પુત્રવાળો કર્યો છે. ૩૫ આ વીર દેવરાત આજથી તમારા વંશનો ગણાશે. તે મારો પુત્ર છે માટે તમે તેને અનુસરજો. વિશ્વામિત્રને અષ્ટક હારીત જય અને ક્રતુમદ વગેરે બીજા પુત્રો હતા. ૩૬ વિશ્વામિત્રના અનેક પુત્રો હોવાથી કૌશિક ગોત્ર અનેક પ્રકારનું થયું અને દેવરાતને મોટો પુત્ર કરવાથી ભૃગુકુળ બીજા પ્રવરવાળું થયું. ૩૭

एवं कौशिकगोत्रं तु विश्वामित्रैः पृथग्विधम् ।
प्रवरांतरमापन्नं तद्धि चैवं प्रकल्पितम् ॥३७॥

इतिश्रीमद्भागवतेमहापुराणेनवमस्कंधे षोडशोऽध्यायः

અધ્યાય ૧૭ મો.‡

પુરૂરવાના વંશનું વર્ણન.

श्रीशुक उवाच.

यः पुरूरवसःपुत्र आयुस्तस्याभवन् सुताः ।
नहुषः क्षत्रवृद्धश्च रजी रभश्च वीर्यवान्॥१॥

શુકદેવજી કહે છે કે—હે રાજેંદ્ર! પુરૂરવાનો આયુ નામે જે પુત્ર હતો તેને નહુષ ક્ષત્રવૃદ્ધ રજિ પરાક્રમી રંભ તથા અનેના નામે પાંચ પુત્રો થયા હતા. ક્ષત્રવૃદ્ધને સુહોત્ર નામે પુત્ર હતો. સુહોત્રને કાશ્ય કુશ અને ગૃત્સમદ નામે ત્રણ પુત્રો હતા. તેઓમાં ગૃત્સમદથી શુનક થયો. શૌનક મુનિ ઋગ્વેદીઓમાં શ્રેષ્ઠ ગણાય છે. ૩ કાશ્યનો પુત્ર

‡ આ અધ્યાયમા પુરૂરવાના પુત્ર આયુના પાંચ પુત્રોમાં ક્ષત્રવૃદ્ધ વગેરે ચાર પુત્રોનો વંશ વર્ણવ્યો છે.

કાશી તેનો રાષ્ટ્ર તેનો દીર્ઘતમા અને તેનો ધન્વંતરિ થયો. ધન્વંતરિ આયુર્વેદના પ્રવર્તક યજ્ઞમાં ભાગ લેનાર ભગવાનના અંશાવતાર અને સ્મરણ કરવાથી પીડાને હરનાર કહેવાય છે. તેનો કેતુમાન્ ને તેનો ભીમરથ થયો.૫ ભીમરથનો પુત્ર દીવોદાસ હતો અને તેનો દ્યુમાન્ નામે પુત્ર હતો. દ્યુમાન્ પ્રતર્દન કહેવાતો હતો, તે જ શત્રુજિત વત્સ ઋતધ્વજ તથા કુવલાશ્વને નામે કહેવાતો હતો દ્યુમાનથી અલર્ક વગેરે પુત્રો થયા હતા. ૬ હે રાજન! છાસઠ હજાર વર્ષ સુધી અલર્ક રાજા વિના બીજા કોઇ પણ રાજાએ જુવાન રહી આ પૃથ્વીનું રાજ્ય કર્યું ન હતું ૭ અલર્કથી સંતતિ નામે પુત્ર થયો તેનાથી સુનીથ થયો તેનાથી સુકેતન થયો તેનાથી ધર્મકેતુ થયો તેનાથી સત્યકેતુ થયો હતો. ૮ તેનાથી ધૃષ્ટકેતુ થયો તેનાથી સકુમાર તેનાથી વીતિહોત્ર તેનાથી ભર્ગ અને તેનાથી ભાર્ગભૂમિ થયો હતો. ૯ આ રીતે કાશી રાજાના વંશજ રાજાઓ પોતાના પરદાદા ક્ષત્રવૃદ્ધના વંશને મળેલા છે. આયુના રંભનો પુત્ર રભસ હતો, તેનો ગંભીર હતો અને તેનો અક્રિય હતો. અક્રિયના ક્ષેત્રમાં બ્રાહ્મણો ઉત્પન્ન થયા હતા. આયુના પુત્ર અનેનાનો વંશ આ પ્રમાણેઃ– અનેનાથી શુદ્ધ શુદ્ધથી શુચિ શુચિથી ત્રિકકુદ્દ તેનાથી ધર્મસારથિ ને તેનાથી શાંતરય ઉત્પન્ન થયો હતો. તે જ્ઞાની તથા કૃતકૃત્ય હતો. રજિને અપાર બળશાળી પાંચસો પુત્રો હતા. ૧૨ દેવતાઓએ પ્રાર્થના કરવાથી રજિયે દૈત્યોનો નાશ કરી ઇંદ્રને સ્વર્ગનું રાજ્ય આપ્યું હતું. ઇન્દ્રે પ્રહ્લાદાદિક શત્રુઓથી ભય પામી રજિનો સ્પર્શ કરી તેને સ્વર્ગનું રાજ્ય પાછું આપીને પોતાનું શરીર અર્પણ કર્યું હતું. રજિના મરણ પછી ઇન્દ્રે તેના પુત્રોની પાસેથી સ્વર્ગની માંગણી કરી. રજિના પુત્રોએ સ્વર્ગ આપ્યું નહિ તેમ યજ્ઞોના ભાગો તેઓ લેવા લાગ્યા. બૃહસ્પતિ પાસે અભિચાર મંત્રથી અગ્નિમાં હોમ કરાવ્યો, કે રજિના પુત્રો ધર્મના માર્ગથી ભ્રષ્ટ થાય, એટલે ઇન્દ્રે રજિના ધર્મમાર્ગથી ભ્રષ્ટ થયેલા પુત્રોને મારી નાંખ્યા, ક્ષત્રવૃદ્ધના પૈત્ર કુશથી પ્રતિ નામે પુત્ર થયો હતો અને તેનાથી જય નામે પુત્ર થયો હતો. તેનાથી કૃતકૃતનો હર્યવન હર્યવનથી સહદેવ સહદેવથી હીન અને હીનથી જયસેન નામે પુત્ર થયો હતો. ૧૭ તેનો સંકૃતિ તેનો જય તેનો ક્ષત્રધર્મા થયો. ક્ષત્રવૃદ્ધના વંશના રાજાઓ કહ્યા અને હવે આયુના પુત્ર નહુષનો વંશ કહું તે સાંભળો. ૧૮

संकृतिस्तस्य च जयः क्षत्रधर्मा महारथः ।
क्षत्रवृद्धान्वया भूपाः शृणु वंशं च नाहुषम् १८

इतिश्रीमद्भागवतेमहापुराणेनवम स्कंधे सप्तदशोध्यायः

અધ્યાય ૧૮ મો.*

યયાતિ રાજાની કથા.

श्रीशुक उवाच.

यतिर्ययातिः संयातिरायातिर्वियतिः कृतिः ।
षडिमे नहुषस्यासन्निन्द्रियाणीव देहिनाम् १

શુકદેવજી કહે છે કે–દેહધારીઓને જેમ છ ઇન્દ્રિયો હોય તેમ નહુષ રાજાને યતિ યયાતિ સંયાતિ વિયતિ તથા કૃતિ, નામે છ પુત્રો હતા. ૧ તેઓમાં રાજ્યનું પરિણામ જાણનાર યતિએ, પિતાએ રાજ્ય આપવા માડયું તોપણ તે લેવાની ના પાડી. રાજ્યની ખટપટમાં દાખલ થયેલો પુરૂષ પોતાના સ્વરૂપને જાણતો નથી. ૨ નહુષ અમુક કાળ સુધી સ્વર્ગમા ઇન્દ્રના પદ ઉપર રહ્યો. તેણે પોતાના રાજ્યકાળમા ઇન્દ્રાણી ઉપર બળાત્કાર કરવાથી બ્રાહ્મણોએ તેને શાપ દઇ રાજ્યપદથી ભ્રષ્ટ કરી અજગરની જાતિમાં નાખ્યો. ૫છી તેનો બીજો પુત્ર યયાતિ રાજા થયો ૩ યયાતિ કે જે શુક્રાચાર્યની તથા

* આ અધ્યાયના નહુષના પુત્ર યયાતિ કે જેની જરાવસ્થા પાંચ પુત્રોમા સૌથી નાના પુત્રે લીધી તેની કથા કહેવાશે.

વૃષપર્વાની પુત્રીને પરણ્યો હતો, તે ચાર ભાઈઓને ચાર દિશાઓમા રાજ્ય કરવાની આજ્ઞા કરીને રાજા પોતે પૃથ્વીનું રાજ્ય કરવા લાગ્યો. ૪

પરીક્ષિતે પૂછયું કે—ભગવાન શુકાચાર્ય બ્રહ્મર્ષિ હતા અને યયાતિ ક્ષત્રિય હતા, તેથી ક્ષત્રિય અને બ્રાહ્મણ વચ્ચે પ્રતિલોમ વિવાહ કેમ થયો ? ૫

શુકદેવજીએ કહ્યુ કે—એક દિવસ દૈત્યના રાજા વૃષપર્વાની શર્મિષ્ઠા નામે કન્યા સખીઓ સાથ ગુરૂનાં પુત્રી દેવયાનીની સાથે જ્યા વૃક્ષઝુંડો ભરપૂર હતાં અને જ્યા સરોવરમા કિનારા ઉપર ભમરાઓ ગુંજારવ કરતા હતા એવા મધુવન નામે ઉદ્યાનમાં ફરવા ગઈ હતી. ૭ કમળ જેવાં નેત્રવાળી સર્વ કન્યાઓ કિનારા ઉપર વસ્ત્રો મૂકી તળાવમા જળક્રીડા કરવા ઉતરી હતી. ભગવાન શંકરને પાર્વતી સાથે નંદીકેશ્વર ઉપર બેસીને ત્યાંથી જતા જોઇને કન્યાઓ શરમાઇ ગઈ. એકાએક બહાર નીકળી તેઓ પોતાના વસ્ત્રો પહેરવા લાગી. ૯ તેઓમા શર્મિષ્ઠાએ અજાણતા ગુરૂ પુત્રીનું વસ્ત્ર પોતાનું ધારીને પહેરી લીધુ તેથી દેવયાની ગુસ્સે થઇ આ પ્રમાણે કહેવા લાગી. આ દાસીનું અયોગ્ય કર્મ કેવું ! યજ્ઞમા કુતરી બલિને ગ્રહણ કરે તેમ મારે પહેરવાનું વસ્ત્ર આણે કેવુ પહેરી લીધું.૧૧ બ્રાહ્મણોએ તપવડે વિશ્વ રચ્યું છે. જેઓ પરમ પ્રકાશ સ્વરૂપ પરમાત્માને અંતઃકરણમા ધારણ કરે છે જેઓએ લોકોને કલ્યાણકારી માર્ગ બતાવ્યો છે. ૧૨ દેવતાઓના પતિ લોકપાળો તથા વિશ્વના આત્મા શ્રીનિવાસ એવા ભગવાન વાસુદેવ પણ જેમની સ્તુતિ કરે છે અને સેવા કરે છે એવા બ્રાહ્મણો ઉત્તમ છે બ્રાહ્મણોમા અમે ભૃગુના વંશના છીએ અને આનો પિતા અસુર અમારો શિષ્ય છે છતાં શૂદ્ર જેમ વેદને ધારણ કરે તેમ આણે મારા વસ્ત્રો ધારણ કર્યા છે. ૧૪

આ રીતે ગુરૂપુત્રી ગાળો દેવા લાગી એટલે પગથી દબાવેલી નાગણની પેઠે રોષથી નિઃશ્વાસ નાખતી શર્મિષ્ઠાએ દાંતવતી ઓઠને દબાવી દેવયાનીને કહ્યું કે, પોતાની સ્થિતિ જાણ્યાવિના તું શું બકબકાટ કરે છે ? કુતરા જેમ પોતાના ધણીની ગરજ રાખે તેમ તું શું અમારા ઘરની ગરજ નથી રાખતી ? ૧૬ શર્મિષ્ઠાએ ઘણા કઠોર વચનોથી દેવયાનીનો તિરસ્કાર કરી ક્રોધને લીધે તેનું વસ્ત્ર હરી લઇ તેને કુવામા નાખી પોને ઘેર ગઇ તે પછી મૃગયા કરવા નીકળેલો યયાતિ રાજા પાણી પીવાની ઇચ્છાથી ફરતો ફરતો દૈવેચ્છાથી તે કુવાની પાસે આવી ચઢયો, ત્યા તેણે કુવામા દેવયાનીને દીઠી ૧૮ દયાળુ રાજાએ નગ્ન દેવયાનીને પોતાનુ ઉત્તરીય વસ્ત્ર પહેરવા આપી પોતાના હાથથી તેનો હાથ પકડી કુવામાંથી બહાર કાઢી. ૧૯ શુક્રાચાર્યની પુત્રીએ પ્રેમથી ભરેલી વાણી વડે રાજાને કહ્યુ કે, હે રાજન ! તમે મારો હાથ પકડી મને અંગીકાર કરી છે અને હવે મારો હાથ બીજો કોઇ માણસ ગ્રહણ કરશે નહિ હે વીર ! આપણ બન્નેનો આ સંબંધ પુરૂષે કરેલો નથી, પરંતુ ઇશ્વરે કરેલો છે.હું કુવામા પડી છું ત્યા આગળ તમારૂં અચાનક આવવુ થયુ, તે ઈશ્વરેચ્છાથી થયું છે. હે રાજન ! બૃહસ્પતિનો પુત્ર કચ, કે જેને મેં પૂર્વે શાપ દીધો હતો તેના શાપથી બ્રાહ્મણ મારૂં પાણિગ્રહણ કરશે નહિ. ૨૨

યયાતિ રાજાએ આ કાર્ય શાસ્ત્રથી વિરૂદ્ધ હોવાને લીધે પોતાને ગમતું ન હતું તોપણ દૈવે મેળવી આપ્યું જાણી તથા પોતાનું મન તેના ઉપર આસક્ત થયેલુ છે એમ જાણી દેવયાનીની માગણી સ્વીકારી. ૨૩ પછી તે પોતાના નગર તરફ ગયો. દેવયાનીએ રડતાં રડતા પિતાની આગળ શર્મિષ્ઠાએ કહેલાં કઠોર વચનો તથા તેણે પોતાને કુવામાં નાખી હતી તે સર્વ વાત જણાવી. શુક્રાચાર્યને ખેદ

થયો. તે ગોરપદાનો તિરસ્કાર કરતા તથા કાપોતી વૃત્તિનાં વખાણ કરતા પુત્રી સાથે નગરમાંથી બહાર નીકળ્યા. ૨૫ વૃષપર્વા શુક્રાચાર્ય દેવતાઓનો વિજય કરાવવાના અભિપ્રાયથી નગરીનો ત્યાગ કરીને જાય છે એમ જાણી પાછળ ગયો અને માર્ગ વચ્ચે પગમાં મસ્તક મુકી અટકાવ્યા શુક્રાચાર્યનો ક્રોધ અર્ધ ક્ષણ રહ્યો પછી પોતાના શિષ્ય વૃષપર્વાને કહ્યુ કે તારે મારૂં કામ હોય તો તું આ પુત્રીની મરજી સાચવ. હું એ કન્યાનો ત્યાગ કરવાને સમર્થ નથી. રાજા તથાસ્તુ કહી ઉભો રહ્યો દેવયાનીએ પોતાના મનની વાત કહી કે મારા પિતા મને જેની સાથે પરણાવે અને હું જ્યાં જાઉં ત્યા તારી પુત્રી પોતાની હજાર દાસીઓની સાથે મારી પાછળ આવે, તે વાત કબુલ છે ? જો કબુલ હોય તો હું આ નગરમા રહેવાને ખુશી છુ ૨૮ પોતાના સબંધીઓ ઉપર આવેલું સંકટ જોઇ તથા શુક્રાચાર્યના રહેવાથી પોતાના કાર્યનુ ગૌરવ સિદ્ધ થશે એમ ધારી શર્મિષ્ઠાએ દાસીની પેઠે હજાર દાસીઓની સાથે દેવયાનીની સેવા કબુલ રાખી. ૨૯ શુક્રાચાર્યે દેવયાની યયાતિ રાજાને પરણાવી તેની સેવામાં દાસી તરીકે સાથે શર્મિષ્ઠાને આપી. રાજાને કહ્યું કે તારે કોઇ પણ દિવસ શર્મિષ્ઠાને શય્યામા લેવી નહિ, ૩૦ પછી હે રાજન ! કોઇ એક દિવસ સતી શર્મિષ્ઠાએ દેવયાનીને સંતાનવાળી જોઇ ઋતુકાળમાં એકાંત પ્રદેશમાં પોતાની સખીના પતિ યયાતિનો ગર્ભાધાન માટે પ્રાર્થના કરી. રાજાની પુત્રીએ સંતાન માટે પ્રાર્થના કરી એટલે ધર્મવેત્તા યયાતિ રાજાએ રાજપુત્રીની કામના પુરવી, એ પણ એક મારો ધર્મ છે, એમ વિચારી તથા શુક્રાચાર્યે કહ્યુ હતું કે તારે શર્મિષ્ઠાની શય્યામાં શયન કરવું નહિ, તે વચન સંભારીને સમય ઉપર કામથી નહિ પણ દૈવેચ્છાથીજ મળેલા તે ઓસંગને સ્વીકાર્યો અને શર્મિષ્ઠાને ગર્ભ રહ્યો. ૩૨ દેવયાનીએ યદુને તથા તુર્વસુને જન્મ આપ્યો અને વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાએ દ્રહ્યુને અનુ તથા પુરૂને જન્મ આપ્યો. ૩૩ રાજા સાથે સંગ કરવાથી વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠાને પોતાના પતિથી ગર્ભ રહ્યો છે એમ જાણીને માનવાળી દેવયાની ક્રોધાવિષ્ઠ થઇ પિતાને ઘેર નાશી ગઇ ૩૪ યયાતિ પ્રિયાની પાછળ ગયો અને અનુકૂળ વચનોથી તેના ચરણ ચાપવા લાગ્યો. દેવયાનીને તે પસન્ન કરી શક્યો નહિ. ૩૫ શુક્રાચાર્ય ત્યા આવ્યા તેણે ક્રોધાયમાન થઇ યયાતિને કહ્યું કે જા મનુષ્યોને બેડોળ કરી નાંખનારી વૃદ્ધાવસ્થા તને આવશે. યયાતિ રાજા બોલ્યો કે—હે મહારાજ ! તમારી પુત્રીને વિષે મારી કામના હજી પૂર્ણ થઇ નથી માટે ક્ષમા કરો. શુક્રાચાર્ય બોલ્યા કે—જે પુરૂષ તારી જરા અવસ્થાને ધારણ કરે તે પુરૂષની અવસ્થા સાથે તું ભલે ઇચ્છાનુસાર તારી વૃદ્ધાવસ્થાને અદલબદલ કરજે. ૩૭ આ પ્રમાણે વૃદ્ધાવસ્થા માટે વ્યવસ્થા મેળવ્યા પછી રાજાએ યદુને કહ્યું કે—હે યદુ ! મારી વૃદ્ધાવસ્થા કે જે તારા માતામહે કરી છે તેને લે અને તારી તરૂણાવસ્થાવડે કેટલાએક વર્ષો સુધી વિષયોપભોગ કરવા દે. ૩૯

યદુ બોલ્યો કે—તરૂણાવસ્થામાં તમારા તરફથી પ્રાપ્ત થયેલી વૃદ્ધાવસ્થા ભોગવવાને હું ઇચ્છતો નથી કારણ કે પુરૂષ સંસારના સુખને જાણ્યા વિના તૃષ્ણા રહિત થતો નથી ૪૦ યયાતિ રાજાએ તુર્વસુને દ્રુહ્યુને અને અનુને જરા લેવાનું કહ્યુ પરંતુ તે સર્વ ધર્મથી જાણીતા ન હતા; તેમજ નાશવંત દેહને નિત્ય જાણતા હતા તેથી તેઓએ યયાતિને ના પાડી ૪૧ યયાતિએ અવસ્થામાં નાના છતા જ્ઞાનમાં મોટા પુત્ર નામે યદુને કહ્યું કે—હે વત્સ ! તારે મને મોટા ભાઇઓની પેઠે ના પાડવી ઘટિત નથી. ૪૨

પુરૂ બોલ્યો કે–આ સંસારમા કયો પુરૂષ પોતાના દેહને ઉત્પન્ન કરનાર પિતાના ઉપકારનો બદલો વાળી શકે છે? પિતાની કૃપા થવાથી પુરૂષ પરમાત્માના સ્વરૂપને પામે છે. ૪૩ સંસારમાં જે પુત્ર પિતાના મનની વાત માન્ય રાખે છે તેને ઉત્તમ પુત્ર જાણવો. પિતાના કહેવાથી જે કાર્ય કરે છે, તેને મધ્યમ પુત્ર જાણવો અને શ્રદ્ધા વિના કાર્ય કરે તેને અધમ પુત્ર જાણવો. પિતાના કહેવા છતાં કાર્ય કરતો નથી તેને પિતાનું નરક સમજવો. ૪૪ પુરૂએ પિતાની વૃદ્ધાવસ્થાને સ્વીકારી અને યયાતિ રાજા પુત્રની તરૂણાવસ્થાથી મનગમતી રીતે વિષયો ભોગવવા લાગ્યો. ૪૫ સાત દ્વીપના પતિ યયાતિ પોતાની પ્રજાનું પિતાની પેઠે સારી રીતે પાલન કરવા લાગ્યા અને અવ્યાહત એવી ઇન્દ્રિયોથી ઈચ્છાનુસાર વિષયોનો ઉપભોગ કરવા લાગ્યા. ૪૬ તેમની પ્રિયતમા દેવયાની મન વાણી કાયા તથા જુદા જુદા પદાર્થોથી એકાંતમા પોતાના પ્રિયતમની પરમ પ્રીતિ સંપાદન કરવા લાગી. ૪૭ વિષયોપભોગ કરતા યયાતિ રાજાએ, છેવટે આકાશમાં જેમ મેઘની પંક્તિ ચડે તેમ જે પરમાત્માને વિષે આ જગત્ રહેલું છે અને તે જગત્ સ્વપ્ન માયા અને મનોરથની પેઠે જ્યા સુધી ઇન્દ્રિયોની વૃત્તિઓની પ્રવૃત્તિ હોય છે, ત્યા સુધી નાના પ્રકારનું ભાસે છે અને નિવૃત્તિ હોય છે, ત્યારે જગત્ બ્રહ્મરૂપે ભાસે છે. સર્વ દેવતામય સર્વ વેદમય યજ્ઞ પુરૂષ શ્રીહરિનું ઘણી દક્ષિણાવાળા યજ્ઞો કરીને યજન કર્યું. ૪૯ સર્વની બુદ્ધિમા રહેનાર સૂક્ષ્મમા પણ સૂક્ષ્મ એવા તે જ ભગવાન નારાયણને હૃદયમા ધારણ કરી નિષ્કામતાથી તેમનું યજન કર્યુ ૫૦ ચક્રવર્તી યયાતિ રાજાએ એ પ્રમાણે અવળે માર્ગે ચઢી ગયેલી તથા જેમા મન છઠ્ઠું છે એવી ઇન્દ્રિયો વડે સાઠ હજાર વર્ષો સુધી કામભોગ ભોગવ્યો, તોપણ તૃપ્તિ થઇ નહિ. ૫૧

एवं वर्षसहस्राणि मनः षष्ठैर्मनः सुखम् ।
विदधानोऽपि नातृप्यत्सार्वभौमः कदिन्द्रियैः॥
इतिश्रीमद्भागवतेमहापुराणेनवमस्कंधे
अष्टदशोध्यायः

અધ્યાય ૧૯ મો.†

યયાતિને આવેલો વૈરાગ્ય.

श्रीशुक उवाच

सइत्थमाचरन्कामान् स्त्रैणोपह्नवमात्मनः ।
बुद्ध्वा प्रियायै निर्विण्णो गाथामेतामगायत॥

શુકદેવજી કહે છે કે–હે રાજન! યયાતિ રાજા કામનાઓનો ઉપભોગ કરતો હતો, ત્યારે પોતાનું સ્વરૂપ ઢંકાઈ ગયું જાણીને મનમાં ખિન્ન થયો અને પોતાની સ્રીને નીચે પ્રમાણે એક પુરાણ કથા કહેવા લાગ્યો ૧ હે ભૃગુની પુત્રી! વનમા રહેનાર ધીર પુરૂષો ગામમાં રહેનાર વિષયી પુરૂષને માટે શોચ કરે છે. મારા જેવા પૃથ્વી ઉપર રહેલા વિષયી પુરૂષનું જેમાં ચરિત્ર સમાયલું છે, એવી આ પ્રાચીન કથા તમે સાંભળો. ૨ કોઇ એક બકરો વન વિષે પોતાનુ મનગમતું શોધતો ફરતો હતો, એટલામાં તેણે પોતાના કર્મને લીધે કુવામાં પડેલી કોઇ એક બકરીને દીઠી. કામી બકરાએ બકરીનો ઉદ્ધાર કરવા માટે ઉપાય શોધ્યો અને શિંગડાની અણીવતી કુવાના બે કિનારા ઉપરની માટી ખોદી નાંખી તેને તેમાથી બહાર નીકળવાનો રસ્તો કર્યો ૪ સુંદર નિતંબવાળી બકરી કુવામાથી બહાર નીકળી તેજ બકરા ઉપર આસકત થઇ તેને વરી. તેણે વરેલા બકરાને પતિની ઇચ્છાવાળી ઘણી બકરીઓ જોવા માત્રમાં શરીરે પુષ્ટ દાઢી મૂછવાળા એવા મનોહર બકરાને જ વરી અને બકરાઓમાં ઉત્તમ એવો તે ઘણી બકરીઓની

† આ અધ્યાયમા યયાતિ રાજા બકરાના જેવુ પોતાનુ ચરિત્ર સમજાવી વિરક્ત થઇને મુક્તિ પામ્યો એ કથા કહેલામા આવી છે.

પ્રીતિમાં વધારો કરતો, તે બકરીઓની સાથે વિહાર કરવા લાગ્યો. કામદેવરૂપી ગ્રહથી ગ્રાવાને લીધે પોતાના સ્વરૂપને તે ભુલી ગયો. ૬ કેટલોક કાળ વીત્યા પછી કુવામાં પડેલી બકરીએ પતિને બીજી બકરીની સાથે રમતાં જોયો. બકરી તે સહન કરી શકી નહિ. ૭ મનમાં દુષ્ટતાવાળા અને ઉપરથી સ્નેહીનો ડોળ ઘાલનાર ક્ષણિક પ્રીતિવાળા અને વિષયોમાં આનંદ માનનાર પતિનો ત્યાગ કરી તે પોતાના પાલકની પાસે ગઇ.૮ બકરો દીન બની તેને પ્રસન્ન કરવા પાછળ ગયો રસ્તામા બેંએં શબ્દો કરવા લાગ્યો તોપણ બકરી મનાઇ નહિ ૯ એક બ્રાહ્મણ જે તે બકરીનો માલીક હતો તેણે બકરાને ખાસી કર્યો ૧૦ તેણે બીજાનું પુરૂષત્વ લીધુ ને હે કલ્યાણિ! પુરૂષત્વ મળ્યા પછી બકરો કુવામાંથી મળી આવેલી બકરી સાથે ઘણો કાળ વિષયો ભોગવવા લાગ્યો. છતા હજી સંતુષ્ટ થતો નથી.૧૧ હું પણ તેવીજ રીતે રાક અને તારા પ્રેમ પાશમાં બધાઇ ગયોછું અને તારી માયાથી મોહિત થયો છુ તેથી મારા પોતાના આનંદમય સ્વરૂપને ભૂલી ગયો છુ.૧૨ આ પૃથિવી વિષે વ્રીહિ યવ વગેરે જેટલું ધાન્ય છે જેટલું સોનું છે જેટલા ઢોર છે તથા જેટલી સ્ત્રીઓ છે તે સર્વ પદાર્થો મળે તો પણ વખતો વખત વધનારી તૃષ્ણાથી પરાભવ પામેલા પુરૂષને સંતુષ્ટ કરી શકતા નથી.૧૩ વિષયોનો ઉપભોગ કરવાથી કોઇ દિવસ કામના શાંત થતી નથી, પરંતુ અગ્નિ જેમ ઘીથી શાંત ન પડતાં વધે છે તેમ કામનાઓથી ઉપભોગ વધે છે. ૧૪ પુરૂષ જ્યારે સર્વ પ્રાણીઓ ઉપર સમદૃષ્ટિ રાખે છે ત્યારે તેને સર્વ દિશાઓ સુખમય લાગે છે. ૧૫ દુષ્ટ બુદ્ધિવાળાઓની તૃષ્ણાનો ત્યાગ થઇ શકતો નથી અને જે તૃષ્ણા મનુષ્ય જીર્ણ થયા છતાં પણ જીર્ણ થતી નથી, તે દુઃખોથી ભરપૂર તૃષ્ણાનો કલ્યાણની કામનાવાળા પુરૂષે ત્યાગ કરવો જોઇએ.૧૬ ઇંદ્રિયોનો સમુહ વિદ્વાનને પણ મોહિત કરે એવો છે ૧૭ વારંવાર વિષયોનું સેવન કરતાં મને એક હજાર વર્ષ થયાં તોપણ તૃષ્ણા મટતી નથી,૧૮ માટે હું તૃષ્ણાનો ત્યાગ કરી પરબ્રહ્મમાં મન લગાડી સુખ દુઃખ રહિત તથા અહંકાર રહિત થઇ મૃગોની સાથે વનમા ફરીશ. ૧૯ આ જગતમા જે કંઇ જોવામાં અને સાભળવામાં આવે છે તે મિથ્યા છે, એમ જાણીને તેનું ધ્યાન રાખવું નહિ, તેમ તેનું સેવન પણ કરવુ નહિ, કારણ કે તે વસ્તુઓને સંભારવાથી કે સેવન કરવાથી સંસારમાં જન્મ મરણ તથા સ્વસ્વરૂપનો નાશ થાય છે. ૨૦

આ પ્રમાણે પોતાની સ્ત્રીને કહીને ઇચ્છા રહિત યયાતિ રાજાએ પુરૂની તરૂણાવસ્થા પાછી આપી તેની પાસેથી પોતાની વૃદ્ધાવસ્થા પાછી લીધી. પછી દ્રુહ્યુને અગ્નિ ખુણાના યદુને દક્ષિણ દિશાના તુર્વસુને પશ્ચિમ દિશાના અને અનુને ઉત્તર દિશાના રાજા બનાવ્યા ૨૨ આખા ભૂમંડળના રાજ્ય ઉપર રાજાઓમા મહાશ્રેષ્ઠ એવા પુરૂને અભિષેક કરી તેના મોટા ભાઇઓને તેની સત્તામાં રાખી યયાતિ રાજા વનમાં ગયો. માળામા રહેતું પક્ષી પાંખો આવ્યા પછી જેમ માળાનો ત્યાગ કરે તેમ યયાતિ રાજાએ પણ ઘણા વર્ષો સુધી વિષયો ભોગવનાર ઇંદ્રિયોનો ત્યાગ કરી દીધો. ૨૪ પ્રખ્યાતિ પામેલા યયાતિ રાજાએ વનમા રહી સર્વ સંગનો ત્યાગ કરી આત્માના અનુભવથી ત્રણ ગુણમય લિંગ શરીરનો ત્યાગ કરી નિર્મળ અને માયાથી પર એવા પરબ્રહ્મરૂપ ભગવાનમાં પરમ શરણ એવી ગતિને મેળવી. ૨૫ સ્ત્રીપુરૂષ વચ્ચે સ્નેહને લીધે વિકળ ભાવ રહે છે તેથી રાજાએ મશ્કરીના જેવું જે કંઇ કહ્યું હતું તે સર્વ ગાથા દેવયાનીએ સાંભળી. રાજાએ પોતાને નિવૃતિ માર્ગમાં ઉત્તેજન આપ્યું હોય એમ માન્યું.

૨૬ પછી વાટમાર્ગુઓનો મેળો જેમ પાણીની પરબ ઉપર એકઠો થાય તેમ ઇશ્વરને આધીન રહેલાં સગાં સંબંધી વગેરે લોકોનો એક ઠેકાણે સંગ થાય છે તે સમર્થ એવા ભગવાનની આજ્ઞાથી થાય છે એમ જાણીને સર્વ વસ્તુ સ્વપ્ન જેવી મિથ્યા ધારીને તે ઉપરથી આસક્તિ ઉઠાડી દીધી દેવયાનીએ શ્રીકૃષ્ણને વિષે મન પરોવી છેવટ પોતાના લિંગશરીરનો ત્યાગ કર્યો. ૨૮ સર્વને ઉત્પન્ન કરનાર એવા આપ ભગવાન વાસુદેવને નમસ્કાર હો તથા સર્વ પ્રાણીઓમાં વાસ કરનાર શાંતમૂર્તિ અને પરબ્રહ્મરૂપ આપને નમસ્કાર હો.

नमस्तुभ्यं भगवते वासुदेवाय वेधसे ।
सर्वभूताधिवासाय शांताय बृहते नमः२९.

इतिश्रीमद्भागवतमहापुराणेनवमस्कंधे
एकोनविंशोऽध्यायः

અધ્યાય ૨૦ મો.†

દુષ્યંત અને શકુંતલા.

श्रीशुक उवाच.

पूरोर्वंशं प्रवक्ष्यामि यत्र जातोऽसि भारत ।
यत्र राजर्षयो वंश्या ब्रह्मवंश्याश्च जज्ञिरे ॥१॥

શુકદેવજી કહે છે કે—હે રાજન્! જે વંશમાં તમે ઉત્પન્ન થયા છો તથા જે વંશમાં કુલીન રાજર્ષિઓ તથા કુલીન બ્રાહ્મણો ઉત્પન્ન થયા છે તે પુરૂવંશની કથા સાભળો. ૧ પુરૂને જન્મેજય નામે પુત્ર હતો. તેનો પ્રચિન્વાન તેનો પ્રવીર તેનો નમસ્યુ અને તેનો ચારૂપદ નામે પુત્ર થયો. ૨ તેનો સુધ તેનો બહુગવ, તેનો સયાતિ તેનો અહંયાતિ અને તેનો રૌદ્રાશ્વ થયો. ૩ રૌદ્રાશ્વને ઘૃતાચી અપ્સરામાં ઋતેયુ કુક્ષેયુ સ્થંડિલેયુ કૃતેયુ, જલેયુ, સંતતેયુ, ધર્મેયુ, સત્યેયુ, વ્રતેયુ તથા નાનો વનેયુ નામે દશ પુત્રો થયા. જગતના આત્મારૂપ પ્રાણને જેમ દશ ઇન્દ્રિયો આધીન રહે તેમ દશ પુત્રો રૌદ્રાશ્વને આધીન રહેતા. ૫ ઋતેયુને રંતિભાર નામે પુત્ર થયો. રંતિભારને ત્રણ પુત્રો થયા. સુમતિ ધ્રુવ અને અપ્રતિરથ તેઓમાં અપ્રતિરથનો કણ્વ કણ્વનો મેધાતિથિ અને તેનાથી પ્રસ્કણ્વ વગેરે બ્રાહ્મણપુત્રો થયા. સુમતિને રૈભ્ય અને રૈભ્યને દુષ્યંત નામે પુત્ર થયો. ૭ દુષ્યંત રાજા એકવાર મૃગયા કરવા વનમાં ગયા ત્યાંથી કણ્વ ઋષિના આશ્રમમાં ગયા ત્યાં આગળ પોતાની કાંતિથી ચારે તરફના પ્રદેશને શોભાવતી લક્ષ્મીના જેવી એક કન્યા બેઠી હતી. ૮ તે દેવતાની માયા જેવી મનોહર કન્યાને જોઇ રાજા મોહી પડયો પછી કેટલાક યોદ્ધાઓથી પરિવૃત્ત કામતપ્ત દુષ્યંત રાજાએ હસીને મનોહર અવયવવાળી તે સ્ત્રીને પૂછયું કે—૧૦ હે કમલનયના! તું કોણ છે? કોની પુત્રી છે અને આ નિર્જન વનમાં શું કરે છે ૧૧ તું રાજકન્યા હોય એમ મને સ્પષ્ટ લાગે છે કારણ કે પુરૂવંશના રાજાઓનું મન કોઈ પણ દિવસ અધર્મમાં પ્રીતિ કરતું નથી.

શકુંતલા બોલી કે—હું વિશ્વામિત્રની પુત્રી છું અને મેનકાએ મને વનમાં તજી દીધી છે. ભગવાન કણ્વ તે જાણે છે. હે વીર! તમારી શી આજ્ઞા છે તે કહો? ૧૩ અહીં વિશ્રામ કરો, અમારો સત્કાર સ્વીકારો, સામો તૈયાર છે તેનું ભોજન કરો અને ઇચ્છા હોય તે પ્રમાણે વર્તો. ૧૪

દુષ્યંતે કહ્યું કે—હે સુંદર સ્ત્રી! તું કુશિક વંશમાં જન્મેલી હોવાથી તને આવું સત્કારવાળું બોલવું શોભે છે રાજાઓની કન્યાઓ પોતાની મેળે યોગ્ય પતિ શોધી લે છે.

શુકદેવજી કહે છે કે—શકુંતલાએ હા કહી એટલે દેશ તથા કાળના વિભાગને જાણનાર દુષ્યંત રાજાએ ગાંધર્વવિધિથી ધર્મ પ્રમાણે શકુંતલાની સાથે લગ્ન કર્યું. ૧૯ પછી તે રાજર્ષિ શકુંતલામાં ગર્ભાધાન કરી

† આ અધ્યાયમાં જેને કૃપાથી ચક્રવર્તી રાજ્ય મળ્યું હતું એવા પૂરૂના વંશમાં થયેલા દુષ્યંતના પુત્ર ભરતનો વંશ વર્ણવાશે

બીજે દિવસે પોતાના નગર તરફ ગયો અને શકુંતલાએ સમય થયો એટલે એક પુત્રને જન્મ આપ્યો. ૧૭ કણ્વે વનમાં કુમારને વેદોક્ત જાતકર્માદિક સર્વ સંસ્કારો કર્યા. તે મોટા સિંહોને બાંધીને તેમની સાથે રમત કરતો હતો. ૧૮ પ્રમદાઓમાં ઉત્તમ એવી શકુંતલા ભગવાનના અંશના અંશમાથી ઉત્પન્ન થયેલા મહા ભયંકર પરાક્રમી કુમારને લઇ પતિની પાસે ગઇ. ૧૯ દુષ્યંતે પોતે કરેલા લગ્ન વિસરી જવાથી સ્ત્રી તથા પુત્રનો સ્વીકાર કર્યો નહિ તે સમયે આકાશમાથી સર્વ સાભળતા એવી આકાશ વાણી થઇ કે માતા તો ખીજા જેવી છે અને પુત્ર છે તે તો પિતાનો કહેવાય છે કારણ કે જેનાથી જે ઉત્પન્ન થયું હોય તે તે રૂપ ગણાય છે હે દુષ્યંત ! તું આ પુત્રનું ભરણ પોષણ કર અને શકુંતલાનો અનાદર કર નહિ. પુત્રને માટે માતાપિતા વચ્ચે વિવાદ થાય ત્યારે ધર્મ રાજાની સભામા પિતા પુત્રને લઇ જાય છે, માતાને પુત્ર મળતો નથી. વંશ વધાર નારો પુત્ર પિતાને પુ નામના નરકમાથી તારતો હોવાથી પુત્ર કહેવાય છે.

આ પ્રમાણે કહ્યા પછી દુષ્યંતે તેને અને પુત્રને સ્વીકાર્યો ૨૨ કેટલોક કાળ ગયા પછી દુષ્યંત મરણ પામ્યો, અને ભરત ચક્રવર્તી થયો શ્રીહરિના અંશમાથી ઉત્પન્ન થયેલા તેનો મહિમા પૃથ્વી ઉપર હજી પણ ગવાય છે. ૨૩ એના જમણા હાથમાં ચક્ર ને પગમાં કમળના કોશનું ચિહ્ન હતુ તે અધિપતિ તથા સમર્થ એવા ભરત રાજાએ ગંગા અને યમુના નદીના કિનારા ઉપર સામંતેય ઋષિને પુરોહિત કરી પંચાવન અશ્વમેધ યજ્ઞોથી શ્રીહરિનું યજન કર્યુ હતુ ૨૫ તેમજ દુષ્યંતના પુત્ર ભરતે ઇઠયોતેર પવિત્ર ઘોડાઓ બાંધ્યા હતા અને બ્રાહ્મણોને ઘણું ધન આપ્યું હતું. ઉપરાંત અગ્નિચયન નામે વેદોક્ત કર્મ પણ કર્યુ હતું અને તેમાં પ્રત્યેક બ્રાહ્મણને એક એક *બદ્ધ ગાય દાનમાં આપી હતી. તેતરીસેં ઘોડા બાંધીને સર્વેને તેણે છક કરી નાંખ્યા હતા. દેવતાઓના કરતાં પણ તેના વૈભવો વધારે શ્રેષ્ઠ હતા. ભગવાનની માયાને તરી જઇ શ્રીહરિની ગતિને પામ્યો હતો. રાજાએ વૈદિક કર્મોમાં ધોળા દાંતવાળા શરીરે કાળા રંગના અને સુવર્ણથી શણગારેલા મૃગ જાતિના ચૌદ લાખ હાથીઓ દાનમા આપ્યા હતા. ૨૮ ભરત રાજાનું પરાક્રમ મહા આશ્ચર્યકારક હતું. પૂર્વના કોઇ પણ પુરૂષો બે હાથવતી સ્વર્ગમા ગયા નથી અને હવે પછીના લોકો પણ જશે નહિ. તેમજ પૂર્વના કોઇ પણ રાજાઓએ ભરત રાજાના જેવું મહા આશ્ચર્યજનક કર્મ કર્યુ નથી અને હવે પછીના રાજાઓ કરશે નહિ ૨૯ રાજાએ દિગ્વિજયમા કિરાતોનો હૂણોનો યવનોનો આંધ્રોનો ખસોનો શકોનો બ્રાહ્મણોને પીડા કરનાર રાજાઓનો તથા સર્વ મ્લેચ્છ લોકોનો સંહાર કરી નાંખ્યો હતો. ૩૦ પૂર્વે જે અસુરો દેવતાઓને જીતીને રસાતળ પાતાળનું રાજ્ય કરતા હતા અને મનુષ્યોની સાથે દેવતાઓની સ્ત્રીઓને રસાતળ પાતાળમા લઇ ગયા હતા તે ભરત રાજા પાછી લાવ્યા હતા ૩૧ આકાશ અને પૃથ્વી ભરત રાજાની સર્વ પ્રજાઓની કામના પૂરતા હતાં અને ભરત રાજાએ સર્વ દિશાઓમાં સત્યાવિશ હજાર વર્ષ સુધી આજ્ઞા ચલાવી હતી. ૩૨ એ ચક્રવર્તી રાજાએ લોકપાળ તથા દેવના જેવું ઐશ્વર્ય ચક્રવર્તીની લક્ષ્મી અને અસ્ખલિત આજ્ઞા ચલાવી હતી. પ્રાણ એ મિથ્યા છે એમ માનીને સર્વનો સંગ છેલ્લે તેણે છોડી દીધો હતો. ૩૩

હે રાજન ! ભરત રાજાને વિદર્ભ કુળની ત્રણ સ્ત્રીઓ હતી. તેઓને જે પુત્રો હતા તેમને જોઇને રાજા કહેતો હતો કે. આ

* બદ્ધ=૧૩૦૯૪. એક સંખ્યા.

પુત્રો મારા જેવા નથી તેથી આપણુને દુષ્ટ જાણી આપણો ત્યાગ કરશે, તેથી ઉત્પન્ન થતા પુત્રોનો તે નાશ કરતી હતી. ૩૪ ભરત રાજાનો વંશ નષ્ટ થવા આવ્યો એટલે સંતાન માટે મરુત દેવોનુ તેણે યજન કર્યું મરુત દેવોએ રાજાને ભરદ્વાજ નામે પુત્ર આપ્યો ભરદ્વાજની ઉત્પત્તિ વિષે એવી કથા છે કે, બૃહસ્પતિ પોતાના ભાઇ ઉતથ્યની ગર્ભવતી સ્ત્રી મમતા સાથે રમવાને તૈયાર થયો ત્યારે બીજા ગર્ભનો ઉદરમાં અવકાશ ન હોવાથી ગર્ભમા રહેલા બાળકે તિરસ્કાર પૂર્વક બૃહસ્પતિને તેમ કરતા અટકાવ્યા. બૃહસ્પતિએ ક્રોધાયમાન થઇ ગર્ભને આંધળો થા, એવો શાપ દઇ બલાત્કાર કર્યો. ગર્ભમાં રહેલો દીર્ઘતમા, બૃહસ્પતિના શાપથી આંધળો થયો પણ તેણે બૃહસ્પતિના સત્વને લાત મારીને જનનદ્વારની બહાર કાઢી નાંખ્યુ તે પૃથ્વી ઉપર પડતા તેમાંથી એક કુમાર ઉત્પન્ન થયો ૩૬ ત્યાગને ભયે મમતા બીજાના સત્વથી ઉત્પન્ન થયેલા તે બાળકના ત્યાગ કરવા તૈયાર થઇ બૃહસ્પતિ તથા તેની વચ્ચે જે પરસ્પર વાત થઇ તેનો શ્લોક એવો છે કે—જેમાથી પેલા કુમારના નામનો નિર્ણય થાય છે એ શ્લોક દેવતાઓ નીચે પ્રમાણે ગાવા લાગ્યા ૩૭ પરથી ઉત્પન્ન થયેલા પુત્રને તજી દઇને મમતા જવા લાગી, એટલે બૃહસ્પતિ બોલ્યા કે—આપણાથી ઉત્પન્ન થયેલા પુત્રનું પોષણ કર તારે તેનો ભય રાખવો નહિ. આ બીજાના વીર્યમાથી ઉત્પન્ન થયો તોપણ ક્ષેત્ર તારા પતિનુ છે. મમતા બોલી કે, હે બૃહસ્પતિ! તમે આ બાળકનુ પોષણ કરો કારણ કે તે અનીતિથી ઉત્પન્ન થયેલો છે, હુ એકલી તેનું પોષણ કરીશ નહિ આ પ્રમાણે વાતચિતમા તેઓ પરસ્પર વિવાદ કરવા લાગ્યા મમતા તથા બૃહસ્પતિ બન્ને છેવટ તેનો ત્યાગ કરીને ચાલ્યાં ગયા. સ્ત્રી તથા પુરૂષના ભાષણુ ઉપરથી ભર (પોષણુ કર) દ્વાજ (બન્નેથી ઉત્પન્ન થયેલા પુત્રનુ) આથી ભરદ્વાજ એવું નામ પડયુ ૩૮ આ ગાથાથી દેવતાઓએ મમતાને પુત્રનું પોષણુ કરવા કહ્યું, તોપણુ તેણે પોતાનો પુત્ર પારકાના વીર્યથી ઉત્પન્ન થયેલો હોવાથી તેને મિથ્યા પુત્ર માની ત્યાગ કર્યો. મરૂત દેવોએ તેનું પોષણુ કર્યું અને જ્યારે ભરતનો વંશ નાશ પામવાના વખત આવ્યો ત્યારે તેના વંશમાં એને આપ્યો ૩૯

नोद्यमाना सुरैरेव मत्वा वितथमात्मजं ।
व्यसृजन्मरुतोऽबिभ्रन् दत्तोय वितथेऽन्वये॥

इतिश्रीमद्भागवतेमहापुराणेनवमस्कंधे
विंशतितमोऽध्यायः

અધ્યાય ૨૧ મો.[¶]

રંતિદેવ અને અજમીઢનું વૃતાંત.

श्रीशुक उवाच

वितथस्य सुतो मन्युर्बृहत्क्षत्रो जयस्ततः ।
महावीर्यो नरो गर्गः सङ्कृतिस्तु नरात्मजः १

શુકદેવજી કહે છે કે—હે પરીક્ષિત રાજન! ભરત રાજાનો વંશ નિર્વંશ જતો હતો તેથી ભરદ્વાજને બ્રાહ્મણુ છતાં પણુ તણે દત્તક લીધા તેનું નામ વિતથ પડયું. વિતથને મન્યુ નામે પુત્ર હતો અને મન્યુને બૃહત્ક્ષત્ર જય મહાવીર્ય નર તથા ગર્ગ નામે પાચ પુત્રો થયા, તેઓમા નરનો સંકૃતિ થયો. ૧ સંકૃતિને ગુરૂ તથા રંતિદેવ બે પુત્રો થયા તેઓમા રંતિદેવની કીર્તિ આ લોકોમા તથા પરલોકમા ગવાય છે રંતિદેવ ઉદ્યમ વિના જે કંઇ વસ્તુ દૈવેચ્છાથી મળતી તેની ઉપર આજીવિકા ચલાવતો, પાતે ભૂખ્યો રહીને પણુ પોતાને જે મળે તે યાચકોને આપી દેતો. તેની પાસે કંઈ રહેતુ નહતું અને મોટા કુટુંબની સાથે દુઃખ પામવા છતાં ધીરજ રાખતો. ૩ એક વાર પાણી પીધા વિના

¶ આ અધ્યાયમા ભરતનો વંશ વર્ણવતા તે વંશમા જન્મેલા રંતિદેવ તથા અજમીઢનુ વૃતાંત કહ્યાય છે

અડતાળીસ દિવસો ગયા અને ઓગણપચાસમે દિવસે પ્રભાતમાં ઘી દૂધપાક કંસાર તથા જળ મળી આવ્યાં. મહાદુઃખી થયેલા કુટુંબની સાથે ક્ષુધા અને તૃષાથી પીડાતો રંતિદેવ દૈવેચ્છાથી મળેલું ભોજન કરવાની તૈયારી કરતો હતો એટલામાં એક બ્રાહ્મણ ત્યા ગયો સર્વને વિષે ભગવાનને જોનાર રંતિદેવે શ્રદ્ધાસંપન્ન થઇ અતિથિને આદર ભાવ આપી તેને ભોજન કરાવ્યું બ્રાહ્મણ ભોજન કરીને ગયો એટલે રંતિદેવ બાકી રહેલું અન્ન જમવાની તૈયારી કરતો હતો એટલામા એક બીજો શૂદ્ર અતિથિ તરીકે આવી ચઢયો. રંતિદેવે ભગવાનનું સ્મરણ કરી પોતાના ભોજનમાંથી તેને પણ ભોજન કરાવ્યું. ૭ શૂદ્ર ભોજન કરીને ગયા પછી કુતરાઓની સાથે એક ત્રીજો અતિથિ ભોજન માટે આવીને ઉભો રહ્યો અને બોલયો કે—હે રાજા! હું મારા આ પરિવાર સાથે ભૂખ્યો છુ માટે મને અન્ન આપો. ૮ તે સાભળીને રંતિદેવે ઘણા માનની સાથે તેનો આદરભાવ કરી બાકી જે કઇ અન્ન વધેલું હતું તે આપીને પેલા કુતરાને તથા કુતરાના સ્વામીને પ્રણામ કર્યા. ૯

આ પ્રમાણે સર્વ ભોજન અતિથિઓને જમાડવામા પુરૂં થયુ અને માત્ર પાણી રહ્યું તે પણ એક જણ પીએ તેટલુંજ રહ્યું હતું. રંતિદેવ પીવા જતો હતો એટલામાં એક ચાડાળ ત્યા આવી ચઢયો અને તેણે કહ્યુ કે, હે રાજન! હું નીચ જાતિનો છું મને પાણી પીવા આપો ૧૦ રંતિદેવ તે ચાડાળની ઘણા પરિશ્રમવાળી અને દયાથી ભરપૂર એવી વાણી સાભળી દયા આવવાથી ખિન્ન થયો પણ બોલ્યો કે, ૧૧ હું ઇશ્વરની પાસેથી અષ્ટ મહાસિદ્ધિવાળા ઉત્તમ ઐશ્વર્યની અથવા મોક્ષની ઈચ્છા રાખતો નથી પરંતુ સર્વ પ્રાણીઓને વિષે રહીને તેઓની પીડા ભોગવવાની ઇચ્છા રાખું છું, કે જેને લીધે સર્વ પ્રાણીઓ દુઃખરહિત થાય ૧૨ જીવવાની ઇચ્છાવાળા પ્રાણીને જીવાડવા માટે હું પાણી આપું છું તે જળદાનને લીધે મારો ભુખ—તરસનો પરિશ્રમ શરીરનો પરિશ્રમ દીનતા થાક શોક તથા દુઃખ એ સર્વ દૂર થાઓ.૧૩ સ્વભાવથી દયાળુ અને ધીર એવો રાજા પોતે તરસે મરવાને તૈયાર થયો તોપણ ચંડાળને પીવા માટે પાણી આપ્યું.૧૪ પાણી આપતી વખતે ત્રણ લોકના અધિપતિપણાના ફળની ઇચ્છાવાળાઓને ફળ આપનાર બ્રહ્માદિક દેવતાઓ જેઓ ઇશ્વરની માયાથી શૂદ્ર કુતરાના ઉપરી તથા ચાંડાળ થઈને આવ્યા હતા તેઓએ પોતાનું સ્વરૂપ રંતિદેવને દેખાડયું ૧૫ સ્પૃહા રહિત અને સર્વ સંગ રહિત એવા તે રાજાએ વાસુદેવ એવા ભગવાનને વિષે પરમ ભક્તિ હોવાથી તેઓને નમસ્કાર કર્યા પરંતુ કંઇ માગ્યું નહિ. ૧૬ રંતિદેવ મનમાં ભગવાન ઇશ્વરનું અવલંબન રાખતો ઇશ્વર વિના બીજા કોઇ પદાર્થમાં તેની બુદ્ધિ આસક્ત ન હતી, તેની ત્રિગુણાત્મક માયા સ્વપ્નની પેઠે લય પામી. ૧૭ રંતિદેવને અનુસરનાર સર્વ લોકો તેના પ્રસંગના બળથી યોગી તથા નારાયણમાં પરાયણ થયા.૧૮ મન્યુના પુત્ર ગર્ગથી શિનિ નામે પુત્ર થયો ને તેનો ગાર્ગ્ય થયો એ સર્વ ક્ષત્રિયમાથી બ્રાહ્મણ થયો. મન્યુના પુત્ર મહાવીર્યથી દુરિતક્ષય તેનાથી ત્રય્યારૂણિ કવિ ને પુષ્કરારૂણિ નામે ત્રણ પુત્રો થયા. તેઓ બ્રાહ્મણ વર્ણમાં ગણાયા. મન્યુના પુત્ર બૃહત્ક્ષત્રને હસ્તી નામે પુત્ર થયો હતો કે જેણે હસ્તીનાપુર વસાવ્યું. ૨૦ હસ્તીને અજમીઢ દ્વિમીઢ તથા પુરૂમીઢ નામે ત્રણ પુત્રો હતા. તેઓમાં અજમીઢના વંશમાં પ્રિયમેધ આદિક બ્રાહ્મણો થયા. અજમીઢથી બૃહદિષુ નામે પુત્ર થયો તેને બૃહદ્ધનુ નામે પુત્ર થયો હતો. તે પછી તેનો પુત્ર બૃહત્કાય તેનો જયદ્રથ તેનો વિશદ અને તેનો સેન-

જિત થયો. તેઓમા સેનજિતને રૂચિરાશ્વ દૃઢહનુ કાશ્વ તથા વત્સ નામે પુત્રો થયા ૨૩ તેઓમાં રૂચિરાશ્વને પાર નામે પુત્ર થયો. તેને પૃથુસેન તથા નીપ નામે બે પુત્રો થયા હતા, તેમાં નીપને સો પુત્ર થયા ૨૪ નીપ રાજાએ શુકદેવની પુત્રી કૃત્વીમાં બ્રહ્મદત્ત નામે એક પુત્ર ઉત્પન્ન કર્યા. યોગી બ્રહ્મદત્તે સરસ્વતી નામે સ્રીમા વિશ્વકસેન નામે પુત્રને ઉત્પન્ન કર્યા. ૨૫ બ્રહ્મદત્તે જૈગીષવ્યના ઉપદેશથી યોગશાસ્ત્રનો એક ગ્રથ કર્યો. વિશ્વકસેનથી ઉદક્સ્વન નામે પુત્ર થયો, તેનાથી ભલ્લાદ થયો. આ રીતે બૃહદિષુના વંશજો વર્ણવ્યા. દ્વિમીઢને યવીનર નામે પુત્ર હતો તેનાથી કૃતિમાન પુત્ર થયો તેનો સત્યધૃતિ તેનો દૃઢનેમિ તેનો સુપાર્શ્વ થયો સુપાર્શ્વથી સુમતિ, તેનાથી સન્નતિમાન અને તેનાથી કૃતિ થયો હતો કૃતિએ હિરણ્યનાભની પાસેથી યોગવિદ્યા સપાદન કરી પ્રાચ્યસામોની છ સહિતાઓ રચી પોતાના શિષ્યોને ભણાવી હતી કૃતિથી નીપ તેનાથી ઉગ્રાયુધ તેનો ક્ષેમ્ય તેનાથી સુવીર તેનાથી રિપુજય અને તેનાથી બહુરથ નામે પત્ર થયો હતા હસ્તીનો પુત્ર પુરૂમીઢ સતાન રહિત હતો અજમીઢનો નલિની નામે સ્રીથી નીલ થયો હતો નીલથી શાતિ નામે પુત્ર થયો. ૩૦ શાંતિનો સુશાતિ તેનો પુત્ર પુરૂજ તેનો અર્ક અને તેનો ભર્મ્યાશ્વ થયો ભર્મ્યાશ્વનો મુદ્ગલ યવીનર બૃહદિશુ કાપિલ્ય તથા સંજય નામે પાચ પુત્રો થયા ભર્મ્યાશ્વે પુત્રોને જોઇને કહ્યુ કે, 'આ મારા પાચ પુત્રો પાચ દેશનું રક્ષણ કરવાને સમર્થ છે. પાચ પુત્રો 'પચાલ' નામે પ્રખ્યાત થયા હતા. તેઓમા મુદ્ગલથી બ્રાહ્મણો થયા, તેમનુ ગોત્ર મૌદ્ગલ્ય કહેવાય છે ૩૩ ભર્મ્યાશ્વના પુત્ર મુદ્ગલને ત્યા બે સતાન સાથે થયા, તેમા પુત્રનું નામ દિવોદાસ હતુ અને કન્યાનુ નામ અહલ્યા હતુ. અહલ્યાથી ગૌતમે શતાનદ નામે પુત્રને ઉત્પન્ન કર્યો હતો. ૩૪ શતાનદને સત્યધૃતિ નામે પુત્ર થયો હતો, તે ધનુર્વિદ્યામા કુશળ હતો, તેનાથી શરદ્વાન્ નામે મુનિ જન્મ્યા હતા. મૃગયા કરવા વનમા ફરતા શતનુ રાજા તે જોઇને દયા આવવાથી તેને પોતાને ઘેર લાવ્યા. તેઓમા પુરૂષ હતા તે કૃપાચાર્ય અને કન્યા કૃપી હતા જે દ્રોણાચાર્યની સાથે પરણ્યા હતા.૩૬

तद्दृष्ट्वा कृपया ऽगृह्णाच्छतनुर्मृगया चरन् ।
कृपः कुमारः कन्या च द्रोणपत्न्यभवत्कृपी ॥३९॥

इतिश्रीमद्भागवतेमहापुराणेनवमस्कंधे एकविंशोध्यायः

અધ્યાય ૨૨ મો.[†]

દિવોદાસનો વંશ.

श्रीशुक उवाच.

मित्रेयुश्च दिवोदासाच्च्यवनस्तत्सुतो नृप ।
सुदासः सहदेवोऽथ सोमको जतुजन्मकृत् ॥१॥

શુકદેવજી કહે છે કે—હે રાજન ! દિવોદાસથી મિત્રેયુ તેનાથી ચ્યવન તેનો સુદાસ તેનો સહદેવ ને તેનો સોમક થયો. તેનાથી જતુ નામે પુત્ર થયો ૧ સોમકને સો પુત્રો હતા તેઓમા મોટો જંતુ હતો અને નાનો પૃષત હતો પૃષતને દ્રુપદ થયો અને દ્રુપદને દ્રૌપદી નામે કન્યા ને ધૃષ્ટદ્યુમ્ન વગેરે પુત્રો થયા ધૃષ્ટદ્યુમ્નથી ધૃષ્ટકેતુ થયો આ ભર્મ્યાશ્વ વંશમા થયેલા પંચાલ રાજાઓ કહેવાય છે. હસ્તીના પુત્ર અજમીઢને ઋક્ષ નામે એક બીજો પુત્ર હતો સવરણ નામે પુત્ર હતો, તેણે સૂર્યની કન્યા તપતીમા કુરૂ નામે પુત્ર ઉત્પન્ન કર્યો એને પરીક્ષિત સુધનુષ જહ્નુ તથા નિષધાશ્વ નામે ચાર પુત્રો થયા હતા. તેઓમા સુધનુષને સુહોત્ર તેને ચ્યવન તેને કૃતિ અને તેને ઉપરિચર વસુ થયો. ઉપરિચર વસુને બૃહદ્રથ કુશાગ્ર મત્સ્ય પ્રત્યગ્ર તથા

† આ અધ્યાયમા દિવોદાસનો વંશ વર્ણવતા જરાસધ યુધિષ્ઠિર દુર્યોધન આદિ રાજાઓની ઉત્પત્તિ કહેવામા આવશે

ચેદિપ થયા અને તેઓ ચેદિ દેશના રાજાઓ કહેવાયા. તેઓમા બૃહદ્રથથી કુશાગ્ર થયો તેનાથી ઋષભ તેનાથી સત્યહિત તેનાથી પુષ્યવાન અને તેનાથી જહ્નુ થયો. બૃહદ્રથથી બીજી સ્ત્રીમાં બે વિભાગ જન્મ્યા હતા. ૭ તે બાળકની માતાએ રસ્તા ઉપર નાખી દીધા, અને જરા નામની રાક્ષસીએ 'જીવ જીવ' એમ બોલી રમાડીને તે બન્ને ભાગને સાધ્યા તેમાથી જરાસંધ થયો. ૮ તેનાથી સહદેવ થયો તેનાથી સોમાપિ તેનાથી શ્રુતશ્રવા થયો. કુરૂનો પુત્ર પરીક્ષિત સતાન વિનાનો હતો. કુરૂના જહ્નુને સુરથ થયો ૯ તેનાથી વિદુરથ તેનાથી સાર્વભૌમ તેનાથી જયસેન તેનાથી રાધિક અને તેનાથી અયુત થયો ૧૦ તેનાથી ક્રોધન તેનાથી દેવાતિથિ તેનાથી ઋષ્ય તેનો દિલીપ અને તેનાથી પ્રતીપ નામે પરાક્રમી પુત્ર થયો. ૧૧ પ્રતીપને દેવાપિ શંતનુ ને બાહ્લીક નામે ત્રણ પુત્રો હતા. તેઓમા દેવાપિ પિતાનુ રાજ્ય તજીને વનમાં ગયો. ૧૨ શંતનુ રાજા પૂર્વે મહાભિષના નામથી પ્રખ્યાત હતો. હાથવતી જેનો તે સ્પર્શ કરતો તે તરૂણ થતા અને ઉત્તમ પ્રતિની શાંતિ મેળવતા. કર્મથી તેનુ શંતનુ નામ પડયું હતુ શંતનુ રાજાના રાજ્યમાં બાર વર્ષ સુધી વરસાદ વરસ્યો નહિ ત્યારે બ્રાહ્મણોએ રાજાને કહ્યુ કે મોટા ભાઇ જીવતા છતાં તુ રાજ્ય કરે છે તેથી તું પરિવેત્તા છે. તેનો દોષ લાગ્યો છે માટે તું દેશ અને નગરની વૃદ્ધિ માટે મોટા ભાઇને રાજ્ય આપ. ૧૫

આ પ્રમાણે બ્રાહ્મણોએ કહ્યુ એટલે શંતનુ વનમાં જઈ પ્રાર્થના કરવા લાગ્યો કે રાજ્ય રક્ષણ એ ક્ષત્રિયનો ધર્મ છે માટે તમે રાજ્યને સ્વીકારો. શંતનુના મંત્રી અશ્મરાવે દેવાપિને પાખંડી કરી રાજ્યને અયોગ્ય કરવા જે બ્રાહ્મણોને મોકલ્યા હતા, તેઓએ પાખંડ મતનો ઉપદેશ કરી દેવાપિને વેદધર્મથી ભ્રષ્ટ કર્યો તેથી તે વેદની નિંદા કરવા લાગ્યો, રાજ્યને અયોગ્ય થઇ પડયો અને શંતનુને જે દોષ લાગ્યો તે દોષ દૂર થયો કે તે જ વખતે વૃષ્ટિ થઇ અને દેવાપિ યોગવિદ્યાનો આશ્રય કરી કલાપ નામના ગામમાં રહ્યો.૧૭ કળિમા નાશ પામેલા સોમવંશની સત્યયુગના આરંભમા સ્થાપના કરશે. શંતનુના ભાઇ બાહ્લીકથી સોમદત્ત નામે પુત્ર થયો. સોમદત્તથી ભુરિ ભુરિશ્રવા અને શલ નામે ત્રણ પુત્રો થયા શંતનુને ગંગા નામે સ્ત્રીથી ભીષ્મ થયા તે આત્મજ્ઞાની સર્વ ધર્મવેત્તાઓમા શ્રેષ્ઠ વિદ્વાન તથા વીરમંડળમા અગ્રણી હતા જેમણે યુદ્ધમા પરશુરામને પ્રસન્ન કરી શંતનુ રાજાને માછીમારની કન્યા સત્યવતી નામે બીજી સ્ત્રીથી ચિત્રાગદ તથા વિચિત્રવીર્ય નામે બે પુત્રો થયા તેમા ચિત્રાગદને ગંધર્વ ચિત્રાગદે મારી નાખ્યો સત્યવતી જ્યારે પરણી ન હતી ત્યારે ભગવાન પરાશર ઋષિનો સંગ થવાથી જેને વિષે સાક્ષાત ભગવાનના અંશરૂપ વેદવ્યાસ અવતર્યા હતા, તે વેદની રક્ષા કરનાર વેદવ્યાસની પાસેથી હું આ ભાગવત સંહિતા ભણ્યો હતો. ભગવાન વેદવ્યાસે પોતાના પૈલ આદિ શિષ્યોનો ત્યાગ કરી મને શાંત ગુણવાળાને પરમ ગુહ્ય જ્ઞાન બતાવ્યું હતું. શંતનુથી ઉત્પન્ન થયેલા વિચિત્રવીર્ય રાજા ભીષ્મે સ્વયંવરમાથી બલાત્કારે આણેલી અંબિકા અને અંબાલિકા નામે બે કન્યાઓને પરણ્યા તેના ઉપર આસક્ત થવાથી ક્ષય રોગને આધીન થઈને મરણ પામ્યા. ૨૪ સત્યવતીના કહેવાથી સંતાન રહિત ભાઇના ક્ષેત્રમા વેદવ્યાસે ધૃતરાષ્ટ્ર પાંડુ અને વિદુર એમ ત્રણ પુત્ર ઉત્પન્ન કર્યા ૨૫ તેમાં ધૃતરાષ્ટ્રને ગંધારીથી સો પુત્ર થયા તેઓમાં દુર્યોધન મોટો હતો. દુઃશલા નામે કન્યા હતી. ૨૬ પાંડુને વનમા કુંતીથી ધર્મરાજા પવન તથા ઈન્દ્રથી મહારથી યુધિષ્ઠિર ભીમ

ને અર્જુન થયા. ૨૭ અને માદ્રીને અશ્વિની કુમારથી નકુળ ને સહદેવ થયા પાંચ પાંડવોથી દ્રૌપદીને વિષે પાંચ પુત્ર થયા હતા, જેઓ તમારા કાકા થાય. તેઓમા યુધિષ્ઠિરથી પ્રતિવિંધ્ય ભીમસેનથી શ્રુતસેન અર્જુનથી શ્રુતકીર્તિ નકુળથી શતાનીક અને સહદેવથી શ્રુતકર્મા થયો. યુધિષ્ઠિર વગેરે ભાઈઓને બીજી સ્ત્રીઓમા પુત્રો થયા હતા યુધિષ્ઠિર રાજાને પૌરવી નામે સ્ત્રીને વિષે દેવક થયો હતો ભીમસેનને હિડમ્બાથી ઘટોત્કચ અને કાલીથી સર્વગત નામનો પુત્ર થયો હતો સહદેવને પર્વત રાજાની વિજયાથી સુહોત્ર થયો. ૩૧ નકુળની કરેણુમતી નામે સ્ત્રી વિષે નિરમિત્ર થયો અર્જુનને ઉલુપાથી ઇરાવાન થયો હતો અને મણિપુરના રાજાની પુત્રી ચિત્રાંગદાને બભ્રુવાહન નામનો પુત્ર થયો તેના માતામહે પ્રથમથી દત્તક આપવા ઠરાવ કર્યો હતો તેથી તેને દત્તક કરી રાખ્યો. ૩૨ તમારા પિતા અભિમન્યુ સુભદ્રાને વિષે જન્મ્યા હતા. તે સર્વ અતિરથના પરાજય કરનાર અને શૂરવીર હતા. અભિમન્યુથી ઉત્તરાને વિષે તમે જન્મ્યા છો ૩૩ સર્વ કૌરવ રાજાનો નાશ થયા પછી અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રના તેજથી તમારો નાશ થયો હતો, પરંતુ શ્રીકૃષ્ણના પ્રભાવથી તમે કાળના હાથમાથી મરતા મરતા બચ્યા ૩૪ જનમેજય શ્રુતસેન ભીમસેન તથા ઉગ્રસેન નામે તમારા આ ચાર પુત્રો છે તેઓમા પરાક્રમી જનમેજય તમને તક્ષક નાગના ડશથી મરણ પામેલા જાણી ક્રોધાવિષ્ટ થઇ સર્પયાગના અગ્નિમાં સર્પોનો હોમ કરશે. આખી પૃથિવી જીતીને કાવષેય કુળમા ઉત્પન્ન થયેલા તુર નામે બ્રાહ્મણને પુરોહિત કરી અશ્વમેધ યજ્ઞો કરશે. તેનો પુત્ર શતાનીક થશે, તે યાજ્ઞવલ્કય ઋષિની પાસેથી ત્રણ વેદ ભણશે તથા ક્રિયાકાંડનું જ્ઞાન સંપાદન કરશે કૃપાચાર્યની પાસેથી અસ્ત્રજ્ઞાન સંપાદન કરશે અને શૌનક પાસેથી બ્રહ્મવિદ્યા ભણશે. ૩૮ શતાનીકને સહસ્રાનીક થશે, તેનો અશ્વમેધજ તેનો અસીમકૃષ્ણ અને તેનો નિમિચક્ર થશે. ૩૯ હસ્તીનાપુર ગંગાથી તણાઇ જતા નિમિચક્ર કૌશાંબીમા આવીને સારી રીતે વાસ કરશે નિમિચક્રથી ઉક્ત તેનાથી ચિત્રરથ તેનાથી કવિરથ તેનાથી વૃષ્ટિમાન તેનાથી સુષેણ તેનો સુનીથ તેનો નૃચક્ષુ અને તેનો સુખીનલ નામે પુત્ર થશે ૪૧ પરિપ્લવ તેથી મેધાવી તેથી સુનય તેથી નૃપંજય તેથી દૂર્વના તેનાથી તિમિ ૪૨ તેનો બૃહદ્રથ તેનો સુદાસ તેનો શતાનીક તેનાથી દુર્દમન અને તેનાથી બહીનર ૪૩ તેનાથી દંડપાણિ, તેનો નિમિ અને તેનાથી ક્ષેમક નામે એક પુત્ર થશે દેવતા ને ઋષિઓથી સત્કાર પામેલો બ્રહ્મક્ષત્રનો વંશ તમને કહ્યો તે વંશ ક્ષેમક રાજાને પામી કળિયુગમાં નાશ પામશે. હવે ભવિષ્યમા થનારા મગધ રાજાઓ સાભળો. ૪૫ જરાસંધના પુત્ર સહદેવને માર્જારી પુત્ર થશે, તેને શ્રુતશ્રવા તેને અયુતાયુ તેને નિરામિત્ર તેનો ૪૬ સુનક્ષત્ર તેના બૃહત્સેન તેને કર્મજીત તેને સૃતંજય તેને વિપ્ર, તેને શુચિ ૪૭ તેને ક્ષેમ, તેને સુવ્રત, તેને ધર્મસૂત્ર, તેને શમ, તેને દ્યુમત્સેન, તેને સુમતિ, તેને સુબલ, તેને સુનીથ, તેને સત્યજીત, તેને વિશ્વજીત અને તેને રિપુંજય નામે પુત્ર થશે એ રાજાઓ બૃહદ્રથના વંશમાં થવાના છે અને તેઓ એક હજાર વર્ષ સુધી રાજ્ય કરશે. ૪૯

सुनीथः सत्यजिच्च विश्वजिद्यद्रिपुंजयः ।
बार्हद्रथाश्च भूपाला भाव्याः साहस्रवत्सरान्॥

इतिश्रीमद्भागवतेमहापुराणेनवमस्कंधे
द्वाविंशोध्यायः

અધ્યાય ૨૩ મો.†

યયાતિ રાજાનો વંશ.

श्रीशुक उवाच

मनो समानरश्चक्षुः परोक्षश्च सुतास्त्रयः ।
समानरात्कालनरः सृंजयस्तत्सुतस्ततः॥१॥

શુકદેવજી કહે છે કે—હે રાજન! યયાતિના ચોથા પુત્ર અનુને સભાનર ચક્ષુ અને અપરોક્ષ નામે ત્રણ પુત્રો થયા હતા. તેઓમાં સભાનરથી કાલનર અને તેનાથી સૃંજય થયો. ૧ તેનાથી જનમેજય તેનો મહાશીલ ને તેનો મહામના થયો. મહામનાને ઉશીનર તથા તિતિક્ષુ નામના બે કુંવરો થયા હતા. ૨ તેઓમાં ઉશીનરને શિબિ વન શમિ તથા દક્ષ થયા અને શિબિને પણ વૃષાદર્ભ સુવીર ભદ્ર તથા કૈકય નામે ચાર કુંવરો થયા. તિતિક્ષુથી રૂશદ્રથ તેનાથી હેમ, તેનાથી સુતપા અને તેનાથી બલિ નામનો પુત્ર થયો. ૪ બલિ રાજાના ક્ષેત્રમા દીર્ઘતમા ઋષિએ અંગ વંગ કલિંગ સુહ્મ પુંડ્ર તથા અધ્ર નામના છ પુત્ર ઉત્પન્ન કર્યા હતા. ૫ પૂર્વ દિશામાં પોતાના નામ ઉપરથી અંગ વંગ વગેરે છ દેશો તેમણે નિર્માણ કર્યા. તેઓમાં અંગરાજથી ખાનપાન થયો અને તેનાથી દિવિરથ ઉત્પન્ન થયો હતો. ૬ તેનો ધર્મરથ અને તેનો ચિત્રરથ થયો હતો. તેનું બીજું નામ રોમપાદ હતું અને તે સંતાન રહિત હતો તેથી તેના મિત્ર દશરથે શાતા નામે પોતાની કન્યા તેને દત્તક આપી હતી. કન્યાને ઋષ્યશૃંગ પરણ્યા હતા. ૭ જ્યારે રોમપાદ રાજાના દેશમાં વૃષ્ટિ થઈ નહિ ત્યારે એક ગણિકા નૃત્ય ગીત વાદિત્રોના રંગ રાગ અને નાના પ્રકારના વિલાસો આલિંગનો તથા પજનો આદિકથી તે મૃગલીના પુત્ર ઋષ્યશૃંગને મોહિત કરી નગરમાં લઇ ગઈ. ૮ ઋષ્યશૃંગે સંતાન રહિત દશરથ રાજા પાસે ઇન્દ્રની ઇષ્ટિ કરાવ્યાથી રાજાને પ્રજા થઈ હતી. ઇષ્ટિના પ્રભાવથી પ્રજા રહિત દશરથ પુત્રવાળા થયા હતા. ૯ રોમપાદ રાજાથી ચતુરંગ અને તેનાથી પૃથુલાક્ષ થયો. ૧૦ પૃથુલાક્ષને બૃહદ્રથ, બૃહત્કર્મા અને બૃહદ્ભાનુ થયા. તેઓમાં બૃહદ્રથથી બૃહન્મના અને તેનાથી જયદ્રથ થયો કહેવાય છે. ૧૧ તેનો વિજય અને વિજયને સંભુતિ ગ્રીથી ધૃતિ થયો હતો. તેનો ધૃતવ્રત તેનો સત્કર્મા અને તેનો અધિરથ નામે પુત્ર થયો હતો. ૧૨ અધિરથ સંતાન રહિત હતો. એક વાર ગંગાના તીર ઉપર તે વિહાર કરતો હતો એવામાં કુંતીએ કન્યાવસ્થામાં સૂર્યનો સંગ કરવાથી ઉત્પન્ન થયેલા બાળકને પેટીમાં મૂકી નદીમાં વહેતો છોડી દીધો હતો. પેટીમાં રહેલા તે પુત્રને પોતાનો કરીને રાખ્યો. ૧૩ કર્ણ તેનું નામ પાડયું. કર્ણ રાજાને ત્યાં વૃષસેન થયો. હવે યયાતિના દ્રુહ્યુનો વંશ કહું તે સાંભળો. દ્રુહ્યુનો બભ્રુ ને તેનો સેતુ થયો. ૧૪ તેનો આરબ્ધ તેનો ગાંધાર તેનો ધર્મ તેનો ધૃત તેનો દુર્મદ તેનો પ્રચેતા અને પ્રચેતાને સો પુત્ર થયા. ૧૫ તે સર્વે પ્રચેતાઓ મ્લેચ્છોના અધિપતિ બન્યા. તેઓ ઉત્તર દિશામાં જઇને વસ્યા. યયાતિનો તુર્વસુ તેનો વહ્નિ તેનો ભાનુમાન તેનો ત્રિભાનુ તેનો ઉદાર બુદ્ધિવાળો પુત્ર કરંધમ ને તેનો મરૂત થયો. તે પુત્ર રહિત હતો, તેણે પુરૂવંશના દુષ્યંતને દત્તક લીધો. ૧૭ દુષ્યંત રાજ્યની પ્રજાથી પાછો પૌરવ વંશ ચાલ્યો. હે રાજશ્રેષ્ઠ! યયાતિ રાજાના પુત્ર યદુનો વંશ હવે સાંભળો. એ મનુષ્યોને પુણ્યદાયક અને સર્વ પાપનો નાશ કરનાર છે. મનુષ્ય યદુનો વંશ સાંભળીને સર્વ પાપમાંથી છુટે છે. યદુવંશ વિષે ભગવાન પરમાત્મા મનુષ્ય રૂપે અવતરેલા છે. યદુરાજાને સહસ્રજીત ક્રોષ્ટા નળ ને રિપુ નામે ચાર પ્રખ્યાત પુત્રો થયા હતા. તેઓમાં સહસ્રજીતને શતજીત થયો અને

† આ અધ્યાયમાં અનુનો, દ્રુહ્યુનો, તુર્વસુનો તથા યદુનો વંશ જ્યામઘ સુધી અનુક્રમે કહેવાશે.

શતજીતને મહાહય વેણુહય તથા હૈહય થયા. ૨૧ તેઓમાં હૈહયનો ધર્મ તેનો નેત્ર કુંતિ તેનો સોહંજી તેનો મહિષ્માન, તેનો ભદ્રસેનક ૨૨ અને તેને દુર્મદ તથા ધનક નામના બે પુત્રો થયા. તેમાં ધનકને કૃતવીર્ય કૃતાગ્નિ કૃતવર્મા તથા કૃતૌજા થયા. ૨૩ કૃતવીર્યને અર્જુન થયો. તે સાત દ્વીપનો મહારાજા હતો. તેણે ભગવાનના અંશાવતાર શ્રીદત્તાત્રયની પાસેથી યોગની અષ્ટ મહાસિદ્ધિ સંપાદન કરી હતી. ૨૪ કોઇ પણ રાજાઓ યજ્ઞ દાન તપશ્ચર્યા યોગાભ્યાસ શાસ્ત્રશ્રવણ પરાક્રમ અને વિજય વગેરેમાં સહસ્રાર્જુનના સરખા થશે નહિ. સહસ્રાર્જુન કે જેનું નામ લેવાથી ધનનો નાશ ન થાય, તે રાજાએ પંચ્યાસી હજાર વર્ષ અખંડ બળથી છ ઇંદ્રિયોના અખુટ વિષયો ભોગવ્યા. ૨૬ તે રાજાને પાંચ હજાર પુત્રો હતા, તેઓ માંથી રણભૂમિ ઉપર પાંચ પુત્રો બચી ગયા. જયધ્વજ સુરસેન વૃષભ મધુ અને ઉર્જિત. ૨૭ તેઓમાથી જયધ્વજને તાલજંઘ પુત્ર થયો. તેને ત્યાં સો પુત્ર જન્મ્યા. તે સર્વ ક્ષત્રિયો તાલજંઘના નામે ઓળખાતા હતા. ઔર્વ ઋષિના પ્રભાવથી સગર રાજાએ તેનો સંહાર કર્યો હતો. તાલજંઘના પુત્રોમાંથી મોટાનું વીતિહોત્ર નામ હતું. સહસ્રાર્જુનના પુત્ર મધુને સો પુત્રો હતા. તેઓમાં વૃષ્ણિ સર્વથી મોટો હતો, જેઓનાં નામ ઉપરથી કુળનું વૃષ્ણિ નામ પડયું. ૨૯ કુળમાં ઉત્પન્ન થયેલા રાજાઓ માધવ વૃષ્ણિ તથા યાદવ કહેવાય છે. યદુના ક્રોષ્ટુને વૃજિન્વાન થયો.૩૦ તેનો શ્વાહિ તેનો રુશેકુ તેનો ચિત્રરથ અને તેનો શશબિંદુ થયો. તે મહાયોગી મોટા વૈભવ ભોગવનારો તથા મહારાજા હતો. ૩૧ તે રાજાની પાસે ચૌદ મહા રત્નો હતાં. તે ચક્રવર્તી હતો. કોઈથી પણ હારે નહિ એવો હતો. મહા યશસ્વી હતો અને તેને દશ હજાર સ્ત્રીઓ હતી. ૩૨ તેઓમાં પ્રત્યેક સ્ત્રીએ એક એક લાખ પુત્રોને જન્મ આપ્યા હતા તેથી તે રાજાએ દશ લાખ સહસ્ર પુત્ર ઉત્પન્ન કર્યા હતા. તેઓમાં સાત મુખ્ય હતા. પૃથુશ્રવાને ધર્મ. તેને ઉશના નામે પુત્ર હતો, તેણે સો અશ્વમેધ યજ્ઞ કર્યા હતા. તેનો પુત્ર રુચક હતો અને તેને પાંચ પુત્રો થયા હતા. પુરુજિત્ રૂકમ રુકમેષુ પૃથુ અને જ્યામઘ પ્રજા વગરનો હતો. તેને પ્રજા માટે બીજી સ્ત્રી પરણવાની ઇચ્છા હતી. પરંતુ શૈબ્યાની બીકથી બીજી સ્ત્રી પરણી શકતો ન હતો. એક વખતે શત્રુનઃ ઘરમાંથી ભોજ્યા નામે કન્યાનું હરણ કરી તેને રથમાં બેસાડી લેઇ જતો હતો એટલામાં શૈબ્યાએ તેને રથમાં બેઠેલી જોઇને અસહિષ્ણુતાથી પતિને પૂછયું કે, ૩૬ અરે કપટી! આ સ્ત્રી કોણ છે? અને એને મારા બેસવાના રથમાં મારે ઠેકાણે કેમ બેસાડી છે? રાજાએ કહ્યું કે, તારા પુત્રની વહુ છે. શૈબ્યા મુખ મલકાવીને કહેવા લાગી કે, ૩૭ હું વાઝણી છું તેમ મારે સોકય પણ નથી તો મારા પુત્રની વહુ તે કેવી રીતે થઇ શકે? રાજાએ કહ્યુ કે—હે રાણી! તું જે પુત્રને જન્મ આપીશ તેને આ કન્યા ઉપયોગમાં આવશે. ૩૮ તે સાભળી જેઓનું બહુ જ પૂજન કર્યું હતું તે વિશ્વેદેવતાઓએ તથા પિતરોએ રાજા ઉપર દયા કરીને 'તથાસ્તુ' એમ કહ્યું. શૈબ્યા ગર્ભવતી થઇ અને તેણે સમય ઉપર એક સુંદર કુમારને જન્મ આપ્યો, તે વિદર્ભ નામે રાજા કહેવાયો અને પેલી કન્યાને પરણ્યો. ૩૯

शैब्या गर्भमधात्काले कुमारं सुषुवे शुभम्।
स विदर्भ इति प्रोक्त उपयेमे स्नुषां सतीम्॥३९

इतिश्रीमद्भागवतेमहापुराणेनवमस्कंधे
त्रयविंशोध्यायः

અધ્યાય ૨૪ મો.†

યાદવ અને વૃષ્ણિ વંશ.

श्रीशुक उवाच

तस्यां विदर्भोऽजनयत्पुत्रौ नाम्ना कुशक्रथौ।
तृतीयं रोमपादं च विदर्भकुलनंदनम् ॥१॥

શુકદેવજી કહે છે કે—વિદર્ભ દેશના રાજાએ ભોજ્યા નામે સ્ત્રીથી કુશ ક્રથ ને વિદર્ભ કુળને આનંદ આપનાર રોમપાદાદિક ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા. ૧ રોમપાદનો બભ્રુ તેનો કૃતિ તેનો ઉશિક તેનાથી ચેદિ અને તેનાથી ચૈદ્ય નામે પુત્રો થયા. ૨ ક્રથને કુંતિ થયો હતો, તેનો વૃષ્ટિ થયો તેનો નિર્વૃતિ તેનો દશાર્હ અને તેનો વ્યોમ નામે પુત્ર થયો. ૩ તેનો જીમૂત તેનો વિકૃતિ તેનો ભીમરથ તેનો નવરથ અને તેનો દશરથ થયો. તેનાથી શકુનિ તેનાથી કરંભિ તેનો દેવરાત તેનો દેવક્ષત્ર તેનો મધુ તેનો કુરૂવંશ અને તેનો અનુ નામે પુત્ર થયો. ૫ અનુને પુરૂહોત્ર થયો. તેનો આયુ અને તેનો સાત્વત થયો. તે સાત્વતથી ભજમાન ભજિ દિવ્ય વૃષ્ણિ દેવાવૃધ અંધક અને મહાભોજ નામે સાત પુત્રો થયા. તેઓમા ભજમાન રાજાને એક સ્ત્રી વિષે નિમ્લોચિ કિંકિણ અને ધૃષ્ટિ તથા બીજી સ્ત્રીથી શતાજિત સહસ્રાજિત તથા અયુતાજિત નામે ત્રણ પુત્રો થયા. સાત્વતના પુત્ર દેવાવૃધને બભ્રુ પુત્ર થયો. દેવાવૃધ તથા બભ્રુ માટે કવિઓ નીચેના બે શ્લોકો ગાય છે. ૮ દેવાવૃધને તથા બભ્રુને દૂરથી સાંભળીએ છીએ તેમ પાસે જતાં સાંભળીએ છીએ. દેવાવૃધ દેવતાઓ સમાન છે. ૯ દેવાવૃધના અને બભ્રુના ઉપદેશથી છ હજાર પાંસઠ અને આઠ પુરૂષો મોક્ષ પામ્યા. ૧૦ મહાભોજ રાજા ધર્માત્મા હતો અને તેના વંશમાં ભોજ નામે રાજાઓ થયા હતા.૧૧ સાત્વતના પુત્ર વૃષ્ણિને સુમિત્ર તેને યુધાજિત અને તેને શિનિ તથા અનમિત્ર નામે બે પુત્રો થયા હતા. તેઓમાં અનમિત્રથી નિમ્ન નામે પુત્ર થયો હતો. તેને શત્રુજિત ને પ્રસેન થયા, અને અનમિત્રને બીજો પુત્ર હતો, તેને સત્યક નામે પુત્ર થયો હતો. ૧૩ તેને યુયુધાન તેને જય તેને કુણિ અને તેને યુગંધર નામે પુત્ર થયો હતો. અનમિત્રનો ત્રીજો પુત્ર વૃષ્ણિ હતો, તેને શ્વફલ્ક તથા ચિત્રરથ નામે બે પુત્રો હતા. શ્વફલ્કથી ગાંદિની નામે સ્ત્રીમાં અક્રૂર આસંગ સારમેય મૃદુર મૃદુવિદ ગિરિ ધર્મવૃદ્ધ સુકર્મા ક્ષેત્રોપેક્ષ અરિમર્દન શત્રુઘ્ન ગંધમાદ તથા પ્રતિબાહુ નામે બાર પુત્રો થયા હતા અને સુચીરા નામે એક કન્યા હતી. તેઓમાં અક્રૂરને દેવવાન્ તથા ઉપદેવ નામે બે પુત્ર થયા હતા, તથા ચિત્રરથના પૃથુ વિદૂરથ વગેરે ઘણા પુત્રો હતા અને તેઓ વૃષ્ણિ કુળને આનંદદાયી હતા.૧૮ સાત્વતના પુત્ર અંધકને કુકુર ભજમાન શુચિ તથા કંબલબર્હિષ નામે ચાર પુત્રો થયા હતા. તેઓમાં કુકુરને વહ્નિ અને તેને વિલોમા થયો હતો. ૧૯ તેને કપોતરોમા તેને અનુ જેનો મિત્ર તુંબરૂ ગંધર્વ હતો. અનુને અંધક તેનાથી દુંદુભિ તેનાથી દરિદ્યોત અને તેનાથી પુનર્વસુ થયો. ૨૦ પુનર્વસુને આહુક ને આહુકી નામે કન્યા થઇ અને આહુક દેવક તથા ઉગ્રસેન નામે બે પુત્રો થયા. તેઓમાં દેવકને દેવવાન ઉપદેવ સુદેવ તથા દેવર્ધન નામે ચાર પુત્રો થયા હતા. તે ભાઈઓને ધૃતદેવા શાંતિદેવા ઉપદેવા શ્રીદેવા દેવરક્ષિતા સહદેવા અને દેવકી નામે સાત બેનો હતી. સાતે બેનોને વસુદેવજી પરણ્યા હતા. ૨૩ ઉગ્રસેનને કંસ સુનામા ન્યગ્રોધ કંક શંકુ સુહૂ રાષ્ટ્રપાલ સૃષ્ટિ અને તુષ્ટિમાન નામે નવ પુત્રો હતા. ૨૪ કંસા કંસવતી કંકા શૂરભૂ તથા રાષ્ટ્રપાલિકા નામે

† આ અધ્યાયમા વિદર્ભના ત્રણ પુત્રોથી ઉત્પન્ન થયેલા નાના પ્રકારના વંશો, બળદેવ તથા શ્રીકૃષ્ણ સુધી કહેવામા આવશે.

કન્યાઓ થઇ હતી. તે સર્વને વસુદેવનો નાનો ભાઈ પરણ્યો હતો. ૨૫ અક્રૂરના કાકાના પુત્ર વિદૂરથથી શૂર પુત્ર થયો હતો. તેનો ભજમાન તેનો શિનિ તેનો સ્વયંભોજ ને તેનો હૃદીક થયો. હૃદીકના દેવબાહુ શતધનુ કૃતવર્મા તથા દેવમીઢ નામે ચાર પુત્રો થયા. દેવમીઢને શૂર નામે પુત્ર થયો અને તેની સ્ત્રીનું નામ મારિષા હતું શૂરે મારિષાથી પાપરહિત વસુદેવ દેવભાગ દેવશ્રવા આનક સૃંજય શ્યામક કંક શમીક વત્સક ને વૃક નામે દશ પુત્રોને ઉત્પન્ન કર્યા. તેઓમાં જેને ત્યાં શ્રીહરિ ઉત્પન્ન થયા હતા એવા વસુદેવના જન્મ વખતે દેવતાના દુંદુભિ ગડગડયાં હતાં તેથી તે આનકદુંદુભિ કહેવાય છે. પૃથા શ્રુતદેવા શ્રુતકીર્તિ શ્રુતશ્રવા અને રાજાધિદેવી એ પાંચ દશ ભાઇઓની બેનો હતી, તેઓમાં પૃથા નામે પુત્રીને શૂર રાજાએ પોતાનો મિત્ર કુંતિ કે જે પુત્ર રહિત હતો તેને પુત્રી આપી. પૃથા કુંતિ રાજાને ત્યાં દત્તક રહેવાથી કુંતિ કહેવાઈ. ૩૧ કુંતીએ બાલ્યાવસ્થામાં સેવાથી દુર્વાસાને પ્રસન્ન કરી તેમની પાસેથી દેવહૂતી નામે વિદ્યા મેળવી હતી. વિદ્યાનાં પરાક્રમની પરીક્ષા કરવા તેણે પવિત્ર એવા સૂર્યદેવનું આવાહન કર્યું તેમને જોઇને કુંતી અત્યંત આશ્ચર્ય પામી અને બોલી કે, હે મહારાજ! મેં વિદ્યાની પરીક્ષા માટે પ્રયોગ કર્યો હતો. હે મહારાજ! મારા ઉપર ક્ષમા કરો અને જાઓ. ૩૩

સૂર્ય બોલ્યા કે–હે દેવિ! મારૂં દર્શન સફળ થવું જોઇએ માટે હે સુમધ્યમા! હું તારામાં પુત્ર ઉત્પન્ન કરીશ. તું કહીશ કે હું કન્યા છું તો હું તારી જનનેન્દ્રિયને હાનિ પહોંચે નહિ તે રીતે ગર્ભાધાન કરીશ. ૩૪ આ રીતે કહી કુંતીમાં ગર્ભાધાન કરીને સૂર્ય સ્વર્ગમાં ગયા અને બીજા સૂર્ય જેવો પ્રકાશમાન એક પુત્ર જન્મ્યો. ૩૫ કુંતીએ લોકનિંદાથી ડરીને તેને ગંગાના પાણીમાં નાંખી દીધો. તેનું નામ કર્ણ પડયું. કુંતીને તમારા પિતામહ મહાપરાક્રમી પાંડુ પરણ્યા હતા. ૩૬. વસુદેવની બીજી બેન શ્રુતદેવાને કુશદેશનો રાજા વૃદ્ધશર્મા પરણ્યો હતો. તેનાથી દંતવક્ત્ર નામે પુત્ર થયો જે પૂર્વ જન્મમાં સનકાદિક ઋષિના શાપથી દૈત્ય થયો હતો. ૩૭ વસુદેવની ત્રીજી બેન શ્રુતકીર્તિને કેકય દેશનો રાજા ધૃષ્ટકેતુ પરણ્યો હતો. તેનાથી સંતર્દન વગેરે પાંચ પુત્રો થયા અને કૈકય નામે પ્રખ્યાત થયા. વસુદેવની પાચમી બેન રાજાધિદેવીને અવંતીનો રાજા જયસેન પરણ્યો હતો. તેને વિંદ તથા અનુવિંદ નામે બે પુત્રો થયા હતા. વસુદેવની ચોથી બેન શ્રુતશ્રવાને ચેદિ દેશનો રાજા દમઘોષ પરણ્યો હતો. તેના પુત્ર શિશુપાળની ઉત્પત્તિ તમને કહી. હવે વસુદેવના ભાઇઓની સ્ત્રીઓ અને પુત્રોનાં નામો કહું તે સાભળો. વસુદેવના ભાઈ દેવભાગને કંસા નામે સ્ત્રીથી ચિત્રકેતુ ને બૃહદ્બલ થયા. ૪૦ દેવશ્રવાને કંસાવતીથી સુવીર ને ઇષુમાન્ નામે બે પુત્રો થયા. વસુદેવના ભાઇ આનકને કંકા નામે સ્ત્રીથી સત્યજિત્ તથા પુરુજિત્ નામે બે પુત્રો થયા. ૪૧ વસુદેવના ભાઈ સંજયને રાષ્ટ્રપાલી નામે સ્ત્રીથી વૃષ અને દુર્મર્ષણ વગેરે પુત્રો થયા. વસુદેવના ભાઈ શ્યામકે શૂરભૂમિ સ્ત્રીને વિષે હરિકેશ તથા હિરણ્યાક્ષ નામે બે પુત્રો ઉત્પન્ન કર્યા હતા. વસુદેવના ભાઇ વત્સે મિશ્રકેશી અપ્સરામાં વૃક આદિક પુત્રો ઉત્પન્ન કર્યા. વસુદેવના ભાઈ વૃકને દુર્વાક્ષી નામે સ્ત્રીથી તક્ષ પુષ્કર શાલ વગેરે પુત્રો થયા. ૪૯ વસુદેવના ભાઇ શમીકે સુદામિનીમાં સુમિત્ર અર્જુન પાલ વગેરે પુત્રો ઉત્પન્ન કર્યા. વસુદેવના ભાઈ કંકે કર્ણિકા નામે સ્ત્રીમાં ઋતુધામ અને જય નામે પુત્રોને ઉત્પન્ન કર્યા. ૪૪ પૌરવી રોહિણી ભદ્રા મદિરા

રોચના ઇલા ને દેવકી પ્રમુખ સાત સ્ત્રીઓ વસુદેવને હતી. ૪૫ તેઓમાં વસુદેવે રોહિણીથી બળ ગદ સારણ દુર્મદ વિપુલ ધ્રુવ ને કૃત ઉત્પન્ન કર્યા. ૪૬ પૌરવી સ્ત્રીને સુભદ્ર દુર્મદ ભદ્ર તથા ભૂત પુત્રો થયા.૪૭ મદિરાને નંદ ઉપનંદ કૃતક અને શૂર થયા. ભદ્રા નામે સ્ત્રીએ કેશી નામના કુલને આનંદ આપનાર એક પુત્રને જન્મ આપ્યો. ૪૮ રોચનાથી હસ્ત હેમાંગદ વગેરે પુત્રો ઉત્પન્ન થયા. ઇલાથી ઉરૂ વલ્કલ તથા યદુ પ્રમુખ પુત્રો થયા. ૪૯ વસુદેવે ધૃતદેવા નામે સ્ત્રીમાં વિપૃષ્ઠ નામે એક પુત્રને ઉત્પન્ન કર્યો. હે રાજન્ ! શાંતિદેવાને શ્રમ પ્રતિશ્રુત વગેરે પુત્રો ઉત્પન્ન થયા. ૫૦ ઉપદેવાને કલ્પ વર્ષ વગેરે પુત્રો થયા. શ્રીદેવાને વસુ હંસ સુવંશ આદિ છ પુત્રો થયા. ૫૧ દેવરક્ષિતા નામે સ્ત્રીએ ગદ વગેરે નવ પુત્રોને જન્મ આપ્યો. ધર્મને વસુ નામે આઠ પુત્રો થયા. તેમજ વસુદેવને સહદેવાથી પુરુ વિશ્રુત વગેરે આઠ પુત્રો થયા. દેવકીમાં વસુદેવે આઠ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. ૫૩ ઉદાર બુદ્ધિવાળા વસુદેવે દેવકીમાં કીર્તિમાન સુષેણ ભદ્રસેન ઋજુ સંમર્દન ભદ્ર તથા શેષ નામે અવતારી બલભદ્ર આદિ સાત પુત્રોને ઉત્પન્ન કર્યા. આઠમા ભગવાન શ્રીહરિ પોતે અને નવમી એક પુત્રી સુભદ્રા થઈ.

હે રાજન ! તે તમારાં દાદી થાય. જ્યારે પૃથ્વી ઉપર ધર્મનો નાશ થાય છે અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે ભગવાન શ્રી હરિ અવતાર ધારણ કરે છે. ૫૬ ભગવાન માયાના નિયંતા સંગ રહિત છે. આત્માના સાક્ષી અને સર્વત્ર વ્યાપક એવી પોતાની માયાના વિનોદ વિના જન્મો લેવાનું અથવા કર્મો કરવાનું કંઈ એમને પ્રયોજન નથી. ૫૭ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય કરવા સ્વીકાર કરેલી પરમાત્માની માયાનું આ શરીર આદિક ઉત્પન્ન કરીને તે દ્વારા ધર્માચરણ કરાવવું અને તેથી જીવનો અનુગ્રહ કરવો એ કર્તવ્ય છે જેમનું એવા શ્રવણ દર્શન જન્માદિકને અટકાવી મોક્ષ આપનાર ભગવાનને કર્માદિકથી પરતંત્રતાથી જન્મ મરણ અસંભવિત છે.૫૮ રાજાઓનું માત્ર ચિહ્ન ધારણ કરનાર અક્ષૌહિણીઓના પતિ અસુરોએ પૃથ્વીને જ્યારે દબાવી લીધી ત્યારે તેનો ભાર ઉતારવા ઉદ્યમ કરતા ભગવાન મધુસૂદને બળદેવજીની સાથે ઈંદ્રાદિક દેવતાઓ મનથી પણ ન વિચાર કરી શકે તેવાં કર્મો કર્યાં. કલિયુગમાં ઉત્પન્ન થનાર ભક્તજનોના અનુગ્રહને માટે દુઃખ શોક ને અજ્ઞાનનો નાશ કરનારો પોતાનો અત્યંત પવિત્ર યશ જગતમાં ફેલાવ્યો. ૬૧ ભક્તજનના કાનને અમૃત જેવાં લાગતાં ભગવાનનાં યશોગાત ઉત્તમ તીર્થમાંથી મનુષ્ય એક વાર કાનરૂપી અંજલિવડે આચમન કરે છે, તે કર્મની વાસનાનો નાશ કરે છે. ૬૨ ભોજ વૃષ્ણિ અંધક મધુ શૂરસેન દશાર્હક કુરૂ સંજય અને પાંડવોએ નિરંતર પ્રશંસા કરવા યોગ્ય જેમનું ચરિત્ર છે એવા ભગવાન સ્નેહભરેલા મંદ હાસ્યથી અવલોકન કરવાથી ઉદાર વાકયોથી પરાક્રમવાળી લીલાથી તથા સર્વાંગ સુંદર સ્વરૂપથી મનુષ્ય લોકને રમાડે છે. ૬૪ મકરાકાર કુંડળોથી સુંદર લાગતા કાનવડે કુંડળની પ્રભાથી શોભાયમાન દેખાતા કપોલવડે મનોહર વિલાસવાળા હાસ્યોવાળા તથા નિત્ય આનંદથી ભરેલા ભગવાનના મુખને નેત્રવડે જોતાં લોક આનંદ પામે છે. ૬૫ સર્વાંગ સુંદર શ્રીકૃષ્ણ ભગવાન પ્રથમ પૂર્ણ પુરૂષોત્તમ સ્વરૂપે અવતર્યા હતા અને પછી મનુષ્યાકૃતિ થઈને પિતાને ઘેરથી વ્રજમાં ગયા હતા. ત્યાં વ્રજવાસીઓની સર્વ કામના પૂર્ણ કરી હતી. શ્રીકૃષ્ણ શત્રુઓનો સંહાર કરીને હજારો સ્ત્રીઓની સાથે પરણ્યા અને હજારો પુત્રો

ઉત્પન્ન કર્યા. પોતાના વેદમાર્ગનો વિસ્તાર કરવા પોતેજ પોતાનું યજ્ઞોથી તેમણે યજન કર્યું ૬૬ પૃથ્વીના મોટા ભારનો નાશ કરનાર શ્રીકૃષ્ણ ભગવાન કૌરવ પાંડવો વચ્ચે ઉત્પન્ન થયેલા કલહથી દૃષ્ટિદ્વારા રાજાઓની સેનાઓનો નાશ કરી 'અર્જુનનો વિજય થયો' એવું કંઠારવથી પ્રસિદ્ધ કરી ઉદ્ધવને જ્ઞાનનો ઉપદેશ કરી પોતાના સ્વરૂપવડે સ્વધામમાં પધાર્યા હતા. ૬૭

पृथ्व्याः स वै गुरुभरं क्षपयन्कुरूणा-
मंतस्समुत्थकलिना युधि भूपचम्वः ।
दृष्ट्या विधूय विजये जयमुद्विघोष्य
प्रोच्योद्धवाय च परं समगात्स्वधाम ॥६७॥

इतिश्रीमद्भागवतेमहापुराणेनवमस्कंधे
चतुर्विंशोऽध्यायः

इति श्री

नवमस्कंध सम्पूर्ण.

श्रीमद्वेदव्यासविरचित

श्रीमद्भागवत

दशमस्कंध.

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર.



વેણુ વાદન

The Lakshmi Art—Bombay

अथ

श्रीमद्भागवतभाषान्तर

दशमस्कंध–पूर्वार्द्ध.

અધ્યાય ૧ લો.‡

કંસે કરેલો ૭ ભાણેજોનો નાશ.

राजोवाच—कथितो वंशविस्तारो भवता सोमसूर्ययोः ।
राज्ञां चोभयवंशानां चरितं परमाद्भुतम् ॥ १ ॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું કે–હે શુકદેવજી! ચંદ્રવંશ અને સુર્યવંશનો વિસ્તાર તથા તે બન્ને વંશના રાજાઓના પરમ અદ્ભુત ચરિત્ર આપે વર્ણવ્યાં; ૧ અને તેમા સ્વધર્મમા નિષ્ઠાવાળા યદુ રાજાનો વંશ તો આપે મને વિસ્તારથી સંભળાવ્યો. હવે યદુવંશમા બળદેવજીના સાથે અવતરેલા શ્રીવિષ્ણુના પરાક્રમો મને અથેતિ સંભળાવો ૨ પ્રાણીઓનુ પાલન કરનાર વિશ્વના આત્મારૂપ શ્રીભગવાને યદુ વંશમાં જન્મ લઇ જે કંઇ પરાક્રમો કર્યા હોય તે મને કહો ૩ જગતમા મુકત મુમુક્ષુ અને વિષયી એમ ત્રણ પ્રકારના પુરૂષો થાય છે તેમાનુ કોઇ ભગવાનની કથા સાંભળતાં તૃપ્ત થતુ નથી કારણ કે તૃષ્ણા રહિત મુકત પુરૂષોથી ગવાતી સંસારરૂપી રોગને દૂર કરવામા ઔષધરૂપ અને કાનને તથા મનને પ્રિય લાગે એવી પવિત્ર કીર્તિવાળા શ્રીકૃષ્ણ ભગવાનની ગુણાનુવાદથી ભરપૂર કથા હિંસક વિના બીજા કોને ન ગમે? ૪ શ્રીકૃષ્ણ અમારં કુળનુ દૈવત છે માટે અમારે તેમની કથાઓ સાંભળવી જોઇએ. મારા દાદાઓ જે શ્રીકૃષ્ણ ભગવાનરૂપી નૌકાનો આશ્રય કરીને રણસંગ્રામમાં દેવતાનો પણ પરાજય કરે એવા ભીષ્મ પિતામહ વગેરે અતિરથીરૂપી મોટા મચ્છોને લીધે દુસ્તર એવા કૌરવની સેનારૂપ સાગરને ગોષ્પાદની માફક તરી ગયા હતા. ૫ શ્રીકૃષ્ણે પાંડવોની રક્ષા કરી નથી પરંતુ તેમણે મારી પણ રક્ષા કરી છે. કૌરવ પાંડવોના વંશના બીજરૂપ મારૂ શરીર અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી બળી જતું હતું તેને ચક્રધારી ભગવાને શરણાગત એવી મારી માતાની આજીજીથી બચાવ્યું. ૬ હે વિદ્વન! ભગવાન સર્વ દેહધારીઓમાંથી અંતર્યામીરૂપે જાણનારાઓને પરમાત્મારૂપે મોક્ષ આપે છે અને બહિર્દષ્ટિવાળાઓને કાળરૂપે જન્મમરણ આપે છે માટે માયાવડે મનુષ્ય થયેલા, શ્રીકૃષ્ણ ભગવાનના પરાક્રમો મને કહો. ૭ તમે નવમસ્કંધમાં શેષાવતાર બળદેવજીને રોહિણીના પુત્ર કહ્યા તેમ બીજીવાર દેવકીના પુત્ર કહ્યા, ત્યારે હું પૂછું છું કે બીજા

‡ આ અધ્યાયમા આકાશવાણીદ્વારા દેવકીના આઠમા પુત્રથી પોતાનુ મરણ થશે, એવું સાંભળી કંસ ભય પામ્યો અને તેથી તેણે દેવકીના ૭ પુત્રો પોતાના ભાણેજોનો નાશ કર્યો એ કથા કહેવાય છે.

દેહ વિના દેવકીજી સાથે તેમનો કેવી રીતે સંબંધ થયો. ૮ ભગવાન મુકુંદ સદા નિર્ભય છે તોપણ પિતાને ઘેરથી વ્રજમાં શા માટે ગયા? સાત્વત કુળના પતિ ભગવાને સંબંધી સાથે કયા આગળ નિવાસ કર્યો? ૯ ભગવાને વ્રજમાં ને મથુરામાં રહી શાં પરાક્રમો કર્યાં? કંસ મામો હોવાથી મારવા યોગ્ય ન હતો તેમ છતાં ભગવાને શા માટે માર્યો? ૧૦ ભગવાન મનુષ્ય દેહ ધારણ કરીને યાદવોની સાથે મથુરામાં કેટલા વર્ષ રહ્યા? હે સર્વજ્ઞ! આ, ને બીજું જે કંઈ શ્રીકૃષ્ણનું ચરિત્ર હોય તે મને વિસ્તારથી સંભળાવો. ૧૨ મેં અન્ન તથા જળનો ત્યાગ કર્યો છે તો પણ તમારા મુખારવિંદમાંથી નીકળતું શ્રીહરિની કથારૂપી અમૃતપાન કરૂં છું એટલે મને અતિ દુઃખદ એવી ક્ષુધા અને પિપાસા નડતી નથી. ૧૩

સૂત કહે છે કે–હે ભૃગુપુત્ર શૌનક! વૈષ્ણવોમાં શિરોમણિ એવા ભગવાન શુકદેવજી ઉપર પ્રમાણે રાજાનો ઉત્તમ પ્રશ્ન સાંભળી પરીક્ષિત રાજાના વખાણ કરી કળિયુગના પાપને નાશ કરનારૂં શ્રીકૃષ્ણ ભગવાનનું ચરિત્ર કહેવા લાગ્યા. ૧૪ તે બોલ્યા કે–હે રાજર્ષિશ્રેષ્ઠ! તમારી બુદ્ધિએ ઉત્તમ પ્રકારનો નિશ્ચય કર્યો છે કારણ કે, ભગવાન શ્રીકૃષ્ણની કથામાં તમારી બુદ્ધિ નિષ્ઠાવાળી થઈ છે. ૧૫ શ્રીકૃષ્ણના ચરણારવિંદના અમૃતરૂપી ગંગાજી જેમ ત્રણ લોકને પવિત્ર કરે છે તેમ ભગવાનની કથા સંબંધી પ્રશ્ન વક્તાને પ્રશ્ન કરનારને તથા શ્રોતાને એમ ત્રણે પુરૂષને પવિત્ર કરે છે. ૧૬ ગર્વિષ્ઠ અને રાજાઓનું આડંબર રાખનાર સેંકડો ને હજારો દૈત્યોની સેનાઓએ ઘણા ભારથી દબાઇ ગયેલી પૃથ્વીએ ગાયનું રૂપ ધારણ કર્યું અને દયા આવે તેમ રૂદન કરતી ને ખિન્ન થતી અશ્રુઓથી ભીના મુખે બ્રહ્માને શરણે ગઈ. તેમની આગળ તેણે પોતાનું દુઃખ નિવેદન કર્યું ૧૮ બ્રહ્મા તેનું દુખ સાંભળી દેવતાઓ પૃથ્વી તથા શંકરને સાથે લઈ ક્ષીરસાગરના તીર ઉપર ગયા. ૧૯ ક્ષીરસમુદ્રના તીર ઉપર જઇ બ્રહ્માએ સમાધ ચઢાવી પુરૂષસુકતથી જગતના નાથ દેવના દેવ ને ધર્મનું રક્ષણ કરનાર પુરાણપુરૂષ ભગવાનની સ્તુતિ કરી. ૨૦ ભગવાને તેમને સમાધિમાં આકાશવાણી કહી તે સાંભળીને બ્રહ્માએ દેવતાઓને કહ્યું કે–હે દેવતાઓ! ભગવાને કહેલી વાણી મારી પાસેથી સાંભળો. ભગવાને આપણી સ્તુતિથી પૃથ્વીના દુખને ધ્યાનમા લીધુ છે, માટે ઇશ્વરના ઇશ્વર એવા ભગવાન જેટલા સમયમા પૃથ્વી ઉપર અવતાર લઇ પોતાની કાળશક્તિથી પૃથ્વીના ભારનો નાશ કરે, તેટલામા તમે અંશોથી યાદવોમા અવતાર લ્યો. ૨૨ ભગવાન વસુદેવને ઘેર અવતાર લેશે તેથી તેમને પ્રસન્ન કરવા તમારી સ્ત્રીઓ યાદવોમા સ્ત્રીઓ થઇને અવતાર લેશે. ૨૩ ભગવાનની કથારૂપ હજાર મુખવાળા અને સ્વયંપ્રકાશ એવા શેષનાગ ભગવાનનું હિત કરવાની ઈચ્છાથી ભગવાનની પહેલા અવતાર લેશે. ૨૪ અને ભગવાનની માયા જેણે જગતને મોહિત કરેલું છે તે યશોદાને પેટે પુત્રી થઇ જન્મશે. ૨૫

શુકદેવજી કહે છે કે–પ્રજાપતિઓના અધિપતિ અને વ્યાપક બ્રહ્મા દેવતાઓને આમ કહી પૃથ્વીને શાંત કરી પોતાના ધામમા ગયા. પૂર્વે શૂરસેન નામે યાદવોનો પતિ મથુરાપુરીમા રહેતો અને માથુર તથા સુરસેન નામે દેશો ઉપર રાજ્ય કરતો હતો. ૨૭ મથુરાનગરી સર્વ યાદવ રાજાઓની રાજધાની હતી. એકવાર શૂરના પુત્ર વસુદેવ મથુરાપુરીમાં દેવકીની સાથે લગ્ન કરી ઘેર જવા નીકળ્યા. ત્યારે ઉગ્રસેનનો પુત્ર કંસ પોતાની બેનને સારૂં લગાડવા ઘોડાઓની રાશો હાથમાં લઇ રથ હાંકવા લાગ્યો. વસુદેવનો રથ સોનાના સેંકડો રથોથી પરિવૃત્ત હતો.

દેવકરાજાએ પુત્રીને સાસરે વળાવતા મોટી પહેરામણીમાં સોનાની માળાવાળા ચારસો હાથીઓ પંદરસો ઘોડા અઢારસો રથ અને બસો દાસીઓ આપી હતી. ૩૨ વળામણી થતા શંખ તુરી મૃદંગ અને દુંદુભિ આદિ નગારાં વાગવા લાગ્યા.૩૩ વરવધુ બેઠા પછી રથના ઘોડાઓની રાશ પકડીને કંસ હાકવા બેઠો ત્યારે એવી આકાશવાણી સંભળાઇ કે–હે અજ્ઞાની! તું જેનો રથ હાકે છે, તેનો આઠમો ગર્ભ તો તારો નાશ કરનાર છે. ૩૪ આ પ્રમાણે આકાશવાણી સાભળી ભોજ વંશના રાજાઓને કલંક લગાડનાર પાપી ને ખળ બુદ્ધિના કંસે તરવાર લઇ બેનનો ચોટલો પકડી તેને મારવા માંડી મોટા ભાગ્યવાળા વસુદેવ નિંદ્ય ક્રૂર અને લજ્જાહીન કંસને કહેવા લાગ્યા કે—શૂરવીર પુરૂષોએ તમારા ગુણો પ્રશંસા કરવા યોગ્ય છે અને તમે ભોજ કુળના દીપક છો. તમે વિવાહના શુભ પ્રસંગમા સ્ત્રીજાતિ અને તેમા પણ બેનને મારવા તૈયાર થાઓ તે ઠીક નહિ મરણના ભયે મારતા હો તો તે ટળે તેમ નથી, કારણ કે પ્રાણીઓને તેઓના દેહની સાથેજ મરણ સરજાયેલું છે. મરણ તો છે, પરંતુ તેનો કાળ લંબાવવા મારૂં છું, એમ માનતા હો તો તે પણ મિથ્યા છે, કારણ કે આજ અથવા સો વર્ષે પણ મૃત્યુ તો અવશ્ય છેજ. આ રીતે અવશ્ય થનારા મરણમા વિલંબ કરવા પાપ કરવું એ યોગ્ય નથી.૩૮ આ દેહ પડી ગયા પછી બીજો દેહ ન હોય તો પાપ કરીને પણ દેહની રક્ષા કરવી પરંતુ તેમ નથી. દેહ પડી ગયો કે કર્મને અનુસરનારો જીવ બીજા દેહને ધારણ કરે છે. ૩૯ ચાલતો મનુષ્ય જેમ એક પગે પૃથ્વી ઉપર ઉભો રહી બીજા પગે ચાલે વા ખડમાંકડી જેમ બીજા તૃણનો આશ્રય કરી પછી પાછલો પગ ઉપાડે તેમ કર્મ ગમાં રહેલો જીવ બીજા દેહને પામ્યા બીજ પહેલા દેહનો ત્યાગ કરે છે. જોયેલા તથા સાંભળેલા દેહનો જેમાં સંસ્કાર લાગેલો હોય એવા દેહનું સ્મરણ કરનારો પુરૂષ સ્વપ્નમાં બીજા દેહને જુવે છે, પછી તેને હું છું એમ માને છે અને જાગ્રત દેહને વિસરી જાય છે, તેમ જોયેલા અને સાંભળેલા દેહોના સંસ્કારને લીધે તેવા દેહનો મનમાં મનોરથ કરતો પુરૂષ જાગ્રતમાં એવા જ દેહને જુવે છે, પછી તેને 'હું છું' એમ માને છે અને પોતાના દેહને વિસરી જાય છે. મૃત્યુ પછી કર્મવડે બીજા દેહને ધારણ કરી પૂર્વનો દેહ ત્યાગ કરે છે. ૪૧ કર્મોનાં ફળો આપવાને તૈયાર થયેલા દૈવે પ્રેરેલું અને અનેક વિકારવાળું મન દેહના વિલય વખતે માયાએ નાના પ્રકારનાં રચેલાં પાંચ મહાભૂતોમાંથી દેવતા મનુષ્ય કે પશુ પક્ષી આદિકના જે જે દેહ તરફ દોડે છે અને જે જે દેહનું અભિમાન રાખે છે તે તે દેહમાં જીવ જાય છે. મન કર્તા છે એટલે તેનો જન્મ ઘટે પરંતુ આત્મા જે અકર્તા છે તેનો જન્મ ઘટતો નથી, આત્મા મનને 'હું છું' એમ મનાવે છે, તેથી તેને મનની સાથે જન્મવું પડે છે. ૪૨ જેમ પાણીના ઘડામા ચંદ્ર કે સૂર્યનું તેજ વાયુના વેગથી કંપતું જણાય છે તેમ પોતાના સ્વરૂપના અજ્ઞાનવાળા દેહમાં જીવ પ્રવેશ કરી તેને પોતારૂપ માની લે છે. આત્મામાં દેહાદિકના અધ્યાસથી તેના દુર્બળતા આદિક ધર્મો આત્મામાં મનાય છે. દેહાદિકમાં આત્માના અધ્યાસથી આત્માના પ્રેમાસ્પદત્વ આદિક ધર્મો દેહમાં જણાય છે માટે રાજાના તથા સૂવરના દેહમાં સમભાવ હોવાથી મૃત્યુ ટાળવાનો ઉપાય વ્યર્થ છે. આવી સ્થિતિવાળો જીવ પોતાનું કલ્યાણ ઇચ્છતો હોય તો તેણે કોઇનો દ્રોહ કરવો નહિ, કારણ કે દ્રોહીને શત્રુથી તથા યમથી ભય થાય છે. ૪૪ આ તમારી નાની બેન છે, નાની વયની અને અણસમજુ છે માટે તેને દીનવત્સલ થઇ જીવિતદાન આપો. ૪૫

શુકદેવજી કહે છે કે-હે રાજન! તેમણે સામ અને ભેદથી કંસને સમજાવવા માડયો તોપણ ક્રૂર સ્વભાવનો તે સમજ્યો નહિ તે રાક્ષસી સ્વભાવનો પુરૂષ હતો. ૪૬ દેવકીનો નાશ કરવો એવો તેનો નિશ્ચય જાણી વિચાર કરીને વસુદેવજી તે વખતે પ્રાપ્ત થયેલા મૃત્યુને અટકાવવા આ પ્રમાણે વિચાર કહેવા લાગ્યા ૪૭ બુદ્ધિમાન મનુષ્યે જ્યા સુધી પોતાની બુદ્ધિનુ બળ ચાલે ત્યાં સુધી મૃત્યુ અટકાવવુ, પરંતુ જો તે અટકે નહિ તો પછી તેમા જીવનો અપરાધ ગણવો નહિ ૪૮ દેવકીને જે પુત્ર આવે તે પુત્રો કંસને આપીને દેવકીને છોડાવુ. પુત્રો આવ્યા પછી જે ભવિ થશે તે બનશે પરંતુ ત્યા સુધી દેવકી જીવતી રહેશે અથવા તેટલામા જો કંસ મરી જશે તો પછી કંઇ થશે નહિ ૪૯ મને પુત્રો થાય અને કંસ પણ મુવો ન હોય તો મારા પુત્રને હાથે આનું મરણ થાય, એમ ઉલટું કેમ ન બને? કારણ કે 'આઠમો ગર્ભ તારો નાશ કરશે' એવી વિધાતાની વાણી છે, માટે પુત્રો આપવારૂપી પ્રતિજ્ઞા કરવાથી દેવકી મરતા બચશે, અને કાલાંતરે મૃત્યુ થશે તો તેમાં કંઇ ચાલવાનું નથી મારા પુત્રના હાથથી કંસનુ મૃત્યુ થવાનુ છે તે હમણા દેવકીનો વધ થવાથી અટકી જાય તેમ પણ નથી. વનમા વૃક્ષોને તથા ગામમાં ઘરોને બાળતો અગ્નિ જેમ કોઇ વખતે પાસેના વૃક્ષોનો અને પાસેના ઘરોનો ત્યાગ કરીને દૂરનાં વૃક્ષોને તથા ઘરોને બાળે તેમા અદૃષ્ટ વિના બીજું કંઈ કારણ નથી અને તે કોઇના જાણવામાં આવતું નથી, એવી રીતે પ્રાણીઓના જન્મ મરણનુ કારણ જાણી શકાય નહિ એવુ છે." ૫૧ આ રીતે વસુદેવજી પોતાની બુદ્ધિ પહોચી ત્યા સુધી વિચાર કર્યા પછી પાપી કંસનો ઘણા માનથી સત્કાર કરવા લાગ્યા. ૫૨ મુખકમળને પ્રસન્ન રાખી હસતા હસતા લજ્જા રહિત તથા ક્રૂર એવા કંસને નીચે પ્રમાણે કહેવા લાગ્યા.

વસુદેવ-હે શાંતગુણી! આકાશવાણીએ જે ઉચ્ચાર્યું તે સત્ય માનવુ નહિ, તમારે આના ગર્ભનો ભય રાખવો નહિ કારણ કે હું બધા પુત્રો જન્મતા વાત તમને સ્વાધીન કરીશ કે જેઓનો તમને ભય લાગે છે.

શુકદેવજી કહે છે કે-વસુદેવના વચન સાભળીને કંસ બેનને મારતા અટકયો વસુદેવ પ્રસન્ન થઇને તેના વખાણ કરવા લાગ્યા ૫૫ ગાઢી પ્રસવ કાળ આવ્યો ત્યારે સર્વ દેવતારૂપ દેવકીએ આઠ પુત્રોને તથા એક કન્યાને એક એક વર્ષને અંતરે જન્મ આપ્યો ૫૬ વસુદેવ અસત્ય ભાષણ કરનાર નહતા તેમણે પોતાના વચન પ્રમાણે પ્રથમ જન્મેલા પુત્ર 'કીર્તિમાન' કંસને સ્વાધીન કર્યા ૫૭ સત્પુરૂષો શું સહન કરતા નથી? વિદ્વાનો કયી વસ્તુની અપેક્ષા રાખે છે? કુત્સ્ય પુરૂષો શું કરતા નથી? અને પરમાત્મામા મનવાળા પુરૂષો કયી વસ્તુનો ત્યાગ કરતા નથી? વસુદેવની સમતા તથા સત્ય ઉપર નિષ્ઠા જોઇ કંસ અત્યંત પ્રસન્ન થયો અને હસતા હસતા આ પ્રમાણે બોલ્યો - "આ કુમાર તો તમે પાછો લઈ જાઓ, હું એનાથી ડરતો નથી, કારણ કે તમારા બન્નેના આઠમા ગર્ભથી મારૂં મૃત્યુ છે" અસ્તુ, એમ કહી પુત્રને લઇ વસુદેવજી પાછા ફર્યા, પરંતુ દુષ્ટ અને ચંચળ મનના કંસના કહેવા ઉપર તેમને વિશ્વાસ આવ્યો નહિ કંસની શાંતિ દેવતાઓના કાર્યને અનુકુલ નથી એમ જાણી ભગવાન નારદે કંસને કહ્યુ કે, 'વ્રજમા નંદાદિક જે ગોવાળિયા છે અને તેઓની જે સ્ત્રીઓ છે, તેમ વસુદેવ આદિક વૃષ્ણિઓ અને દેવકી આદિક યાદવોની જે સ્ત્રીઓ છે તે સર્વ દેવતાઓ છે અને હે રાજન! વસુદેવ અને નંદના બાપવો સંબંધીઓ અને દેવતાઓ જે તમને અનુસરે છે તે સર્વ દેવતાઓ છે પૃથ્વી ઉપર ભારરૂપે રહેલા દૈત્યોનો નાશ કરવા તે જન્મેલા છે. ૬૪ આ

પ્રમાણે કહીને નારદજી ગયા કે કંસ યાદવોને દેવતાઓ માની અને દેવકીના ગર્ભમાથી જન્મેલા વિષ્ણુ પોતાનો નાશ કરશે એમ માની વસુદેવ ને દેવકીજીને બેડીઓ જડી બંદીખાનામા મૂકી આપ્યો. વિષ્ણુના જન્મની શંકાથી તેમને જેમ જેમ પુત્ર ઉત્પન્ન થતા ગયા તેમ તેમ મારતો ગયો ૬૮ પૃથ્વી ઉપર પ્રાણનું રક્ષણ ઇચ્છતા લોભી રાજાઓ પોતાની માતાને પિતાને ભાઈઓને અને સંબંધીઓને પણ મારી નાખે છે હુ પૂર્વે વિષ્ણુએ મારી નાખેલો કાળનેમિ નામે મહા અસુર છું અને હમણા અહીં જન્મેલો છું એમ જાણીને તે યાદવો સાથે વિરોધ રાખવા લાગ્યો ૬૮ યાદવ ભોજ અને આંધ્ર કુળના અધિપતિ ઉગ્રસેનને કેદ કરીને મહા બળવાન કંસ શૂરસેન નામના દેશ ઉપર રાજ્ય કરવા લાગ્યો ૬૯

उग्रसेन च पितर यदुभोजांधकाधिपम् ।
स्वय निगृह्य बुभुजे शूरसेनान्महाबलः॥६९॥

इतिश्रीमद्भागवतमहापुराणेदशमस्कंधे
प्रथमोऽध्यायः

અધ્યાય ૨ જો.‡

દેવકીગર્ભ–વિષ્ણુની સ્તુતિ.

श्रीशुक उवाच

प्रलंबबकचाणूरतृणावर्तमहाशनैः ।
मुष्टिकारिष्टद्विविदपूतनाकेशिधेनुकैः ॥१॥

શુકદેવજી કહે છે કે–હે પરીક્ષિત! પ્રલંબ બક ચાણુર તૃણાવર્ત અઘાસુર મુષ્ટિકાસુર અરિષ્ટાસુર દ્વિવિદ વાનર કેશી ધનુક ને બીજા બાણાસુર અને ભૌમાસુર આદિક અસુર રાજાઓની સાથે મળી બળવાન જરાસંધનો આશ્રય કરનાર કંસ યાદવોનો સંહાર કરવા લાગ્યો ૨ કંસથી પીડા પામતા યાદવો કુરૂ પાંચાલ કેકય શાલ્વ વિદર્ભ નિષધ વિદેહ તથા કોશલ દેશમાં જતા રહ્યા. ૩ કેટલાક યાદવો તેને અનુસરી તેની સેવા કરવા લાગ્યા કંસે દેવકીના છ બાળકોને મારી નાખ્યા પછી સાતમા ગર્ભમાં ભગવાન શેષ જેને અનંત કહે છે અને જે ભગવાનનો અંશ હતા તે બળદેવજી રૂપે આવ્યા. દેવકીના હર્ષમા તથા શોકમા તેમણે વધારો કર્યો ૫ વિશ્વના આત્મા ભગવાને જેમના નાથ પોતે હતા એવા યાદવોને કંસથી ઉત્પન્ન થયેલો ભય જાણી યોગમાયાને આજ્ઞા કરી કે–હે કલ્યાણિ! તુ ગોવાળિયા અને ગાયોથી શોભાયમાન એવા વ્રજમા જા. વસુદેવની સ્ત્રી રોહિણી ગોકુળમા છે ને વસુદેવની બીજી સ્ત્રીઓ કંસથી ડરીને ગુફાઓમા રહે છે ૭ દેવકીજીના ગર્ભમા મારા અંશરૂપ શેષ ભગવાન આવેલા છે, તેમને ત્યાંથી બહાર કાઢી રોહિણીના ઉદરમા મૂક ૮ હે કલ્યાણિ! હું પરિપૂર્ણરૂપથી દેવકીનો પુત્ર થઇશ અને તું નંદરાયની સ્ત્રી યશોદાના ઉદરથી જન્મ લેજે. ૯ મનુષ્યો સકામ પુરૂષોની અધિષ્ઠાત્રી અને સર્વ કામના પૂર્ણ કરનારી તને ધૂપથી દીપથી નાના પ્રકારની પૂજાની સામગ્રીથી ને બલિદાનથી પૂજશે. ૧૦ મનુષ્યો પૃથ્વી ઉપર તારા મંદિરો કરશે અને દુર્ગા ભદ્રા કાલી વિજયા વૈષ્ણવી કુમુદા ચંડિકા કૃષ્ણા માધવી કન્યકા માયા નારાયણી ઈશાની શારદા અને અંબિકા એવાં તારાં નામ પાડશે. ૧૨ તું બળદેવને ગર્ભમાંથી ખેંચી લઈશ તેથી લોકો તેમને સંકર્ષણ કરી કહેશે. તેને વળી રામ પણ કહેશે. તે અતિશય બળવાન હોવાથી બળદેવ કહેવાશે. ૧૩ ભગવાને આજ્ઞા કરેલા માયા 'અસ્તુ' એમ કહી તેમની પ્રદક્ષિણા કરી પૃથ્વી ઉપર ગઈ અને તે પ્રમાણે કર્યું. ૧૪ યોગમાયાએ ગર્ભ આકર્ષી રોહિણીના ઉદરમાં મૂક્યો. કે–અરેરે! દેવકીનો ગર્ભ ગળી ગયો, એવું નગરવાસીઓ કહેવા લાગ્યા. ૧૫ ભક્તોને

‡ આ અધ્યાયમા કંસને માર્યા દેવકીના ગર્ભમા આવેલા ભગવાનની બ્રહ્માદિક દેવતાઓએ સ્તુતિ કરી એ કથા કહેવાશે

અભય આપનાર ભગવાન વિશ્વાત્મા પરિપૂર્ણ રૂપથી વસુદેવના સત્વમાં ભરાયા. ૧૬

આ પ્રમાણે ભગવાનના તેજને ધારણ કરનાર વસુદેવ સૂર્યની માફક શોભવા લાગ્યા. પ્રાણીઓથી પાસે જઇ શકાય નહિ એવા તે અતિ પ્રચંડ થઇ જગતના મૂર્તિમાન મંગળ રૂપ અખંડ ઐશ્વર્યવાળા તથા સર્વના આત્મા રૂપ ભગવાનના અંશને વસુદેવે દેવકીમાં મૂકયા. દેવકીએ સર્વ દિશાએ જેમ ચંદ્રને ધારણ કરે તેમ અંતઃકરણથી ભગવાનને પોતાને વિષે ધારણ કર્યા ૧૮ દેવકી સર્વ જગતના નિવાસભૂત શ્રીહરિને પોતાના ઉદરમાં ધારણ કરી રહ્યાં કંસના કારાગૃહમાં કેદ હતાં તેથી ઘડામા ઢાંકેલા દીવાની પેઠે અને વિદ્યાને છુપાવનાર ખળની શુદ્ધ વિદ્યાની પેઠે બીજા લોકોને આનંદ આપતાં તે અત્યંત શોભવા લાગ્યાં.૧૯ કંસ પોતાના દેહની કાંતિથી કારાગૃહને શોભાવતાં ઉદરમાં ભગવાનને ધારણ કરનારાં અને મંદ મંદ હસતાં દેવકીને જોઇ મનમાં વિચારવા લાગ્યો કે મારા પ્રાણને હરનારો ગર્ભ આના ઉદરમાં આવ્યો જણાય છે, કારણ કે દેવકી પૂર્વે આવી તેજસ્વી ન હતી ૨૦ હવે મારે શું કરવું ? કામ સાધનારો પુરૂષ કાર્ય સાધવા પોતાના પરાક્રમનો નાશ કરતો નથી. આ સ્ત્રી છે, વળી મારી બહેન છે અને અધુરામાં પુરૂં ગર્ભવતી છે, તેથી એનો નાશ કરવો એ યશનો લક્ષ્મીનો અને આયુષ્યનો નાશ કરવા જેવુ છે.૨૧ જે પુરૂષ અત્યંત ક્રૂરતાથી વર્તે તેને મૂર્ખ જાણવો. મનુષ્યો તેને ધિક્કારે છે અને આવા દેહાભિમાની લોકો મરી ગયા પછી નરકમાં પડે છે. ૨૨ પોતે દેવકીનો નાશ કરવાને સમર્થ હતો છતાં આવા વિચારથી અટકયો અને શ્રીહરિની સાથે વૈરાનુબંધ કરનારો તે બાળકના જન્મની રાહ જોવા લાગ્યો. બેસતાં સૂતાં ઉભા રહેતાં જમતાં તથા પૃથ્વી ઉપર ફરતાં ભગવાનનુ ચિંતન કરતો આખા જગતને ભગવાનરૂપ જોવા લાગ્યો.૨૪ પછી બ્રહ્મા અને શંકર નારદાદિક મુનિઓ તેમના પાર્ષદો અને દેવતાઓ ભગવાનની પાસે આવી આ પ્રમાણે ગર્ભસ્તુતિ કરવા લાગ્યા ૨૫

દેવતાઓ—આપ સત્ય સંકલ્પવાળા છો સત્યથી પ્રાપ્ત થનાર છો ત્રણે કાળમાં સત્યરૂપ છો પાંચ ભૂતોને ઉત્પન્ન કરનાર છો, પાંચ ભૂતોમા રહેલા છો પાચ ભૂતોનો નાશ થવા છતાં અવશેષ રહો છો અને વાણી તથા સમદૃષ્ટિને પ્રવર્તાવનાર છો. અમે આપને શરણે આવ્યા છીએ. ૨૬ સંસારરૂપી એક વૃક્ષ છે તેને એક આશ્રય છે સુખ દુ.ખ ફળ છે સત્વ રજ અને તમ ત્રણ મૂળ છે, ધર્મ અર્થ કામ તથા મોક્ષ એ ચાર રસ છે, પાચ જ્ઞાનેન્દ્રિયો જાણવાના સાધન છે. રાગ દ્વેષ ક્ષુધા પિપાસા લોભ તથા મોહ છ સ્વભાવ છે, સાત ધાતુ છાલ છે. પાંચભૂતો મન બુદ્ધિ તથા અહંકાર શાખાઓ છે, નવ ઇન્દ્રિયોનાં દ્વાર છિદ્રો છે, દશ પ્રાણ પાદડાંરૂપ છે. અને તેમાં જીવ તથા ઇશ્વર બે પક્ષીઓ રહે છે. ૨૭ વૃક્ષરૂપી કાર્યની ઉત્પત્તિ તમારાથી થઇ છે અને તેનો લય પણ તમારે વિષે થાય છે તેની રક્ષા તમે કરો છો. આખુ બ્રહ્માંડ તમારાથી ભિન્ન નથી. તમારી માયાથી જેમનું જ્ઞાન નષ્ટ થયેલું છે તેઓ તમને નાના આકારના ગણે છે પરંતુ વિવેકીઓ તમને નાના પ્રકારના માનતા નથી. ૨૮ જ્ઞાનસ્વરૂપને સર્વના આત્મારૂપ આપ સ્થાવર જંગમાત્મક જગતના કલ્યાણ માટે સત્વગુણયુક્ત ને સત્પુરૂષોને સુખકારી અને ખળ પુરૂષોને દુઃખકારી રૂપો ધારણ કરોછો. ૨૯ હે કમલનયન ! સર્વ જીવના નિવાસસ્થાનરૂપ આપમાં કેટલાક પુરૂષો સમાધિદ્વારા મનને યોજી મોટા પુરૂષોને માન્ય તમારી ચરણકમળરૂપી નૈકાવડે સંસાર સાગરને તરી જાય છે. ૩૦ હે સ્વયંપ્રકાશ ! સર્વ પ્રાણીઓ પર પ્રીતિ રાખનાર

વિવેકી પુરૂષો દુસ્તર એવા ભવસાગરને તરી જઈ તમારા ચરણારવિંદરૂપી નૌકાને અહીં જ મૂકી જાય છે. આપ ભક્તો ઉપર પૂર્ણ અનુગ્રહ કરનાર છો પરંતુ હે કમળનયન ! જે લોકો અમે મુક્ત છીએ એવુ અભિમાન રાખનાર છે અને તમારામા ભક્તિ ન કરવાથી અપવિત્ર બુદ્ધિવાળા હોય છે તેઓ ઘણા ઘણા જન્મના તપથી ઉત્તમ કુળ તથા શાસ્ત્રશ્રવણ વગેરે શુભ સાધન મેળવે છે, તોપણ તમારા ચરણનો અનાદર કરવાથી પાછા નીચે પડે છે ૩૨ હે માધવ! જેઓએ તમારી ઉપર સ્નેહ બાંધેલો છે અને તમારા ભક્ત છે તેઓ ભ્રષ્ટ થતા નથી. હે પ્રભો! તમારાથી રક્ષાયેલા મનુષ્ય નિર્ભય થઇ વિઘ્ન કરનારાઓને તરી જાય છે તમે જગતની રક્ષા કરતી વેળા શુભ કર્મનાં ફળ આપનારૂં શુદ્ધ અને સત્વગુણી શરીર ધારણ કરો છો. શરીર ધારણ કરીને મનુષ્યો વેદાધ્યયનથી કર્મના યોગથી તપથી ને સમાધિથી તમારૂ પૂજન કરે છે. હે મહારાજ! આપનું સત્વગુણી શરીર જો અવતાર ધરે નહિ તો અજ્ઞાનને તેને લીધે થયેલા ભેદને મટાડનારૂં વિશેષ જ્ઞાન થાય નહિ. બુદ્ધિ આદિક પદાર્થો જેનાછે તથા જેના અધિષ્ઠાનથી પ્રકાશે છે તે પરિપૂર્ણ અને સર્વના સાક્ષી ભગવાન બુદ્ધિ આદિકના પ્રકાશથી આપના સ્વરૂપનુ અનુમાન થાય છે, તાત્પર્ય કે તમારા શુદ્ધ સત્વગુણી શરીરની સેવા કરવાથી અંતઃકરણ તદાકાર થાય છે અને તેમ થવાને લીધે તમારી કૃપાથી તમારા સ્વરૂપનાં પ્રત્યક્ષ દર્શન થાય છે. ૩૫ જેમના માર્ગનું અનુમાન થાય છે એવા સર્વના સાક્ષીરૂપ આપના નામ અને રૂપ મન અને વાણીથી અગોચર છે તેને લીધે ગુણો ઉપરથી જન્મો ઉપરથી તથા કર્મો ઉપરથી નિરૂપણ થઇ શકે એવાં નથી. હે દેવ! ઉપાસકો ઉપાસનામાં તમારાં પ્રત્યક્ષ દર્શન કરે છે. ૩૬ જે પુરૂષ તમારા મંગળકારક નામો અને રૂપનું વર્ણન સાંભળે છે ગાય છે સંભારે છે અને વિચારે છે ને દેવપૂજાદિક ક્રિયામાં તમારા ચરણારવિંદમાં મન રાખે છે તે ફરીને જન્મતો નથી. ૩૭ હે વિષ્ણુ! આપના ચરણરૂપ પૃથ્વીનો ભાર આપ ઇશ્વરના જન્મવડે ઉતરે છે; આપના નાજુક તથા સુંદર ચરણોથી અંકિત થયેલી પૃથ્વીને તમે દયા પાત્ર કરેલાં સ્વર્ગને અમે જોઈશું. ૩૮ હે નિત્યમુક્ત ઇશ્વર! તમે અજન્મા છો છતાં પ્રાણીઓનાં દુઃખ ટાળવા જન્મ ધારણ કરો છો, તેમાં લીલા વિના બીજું કારણ હોય એવું અમે ધારતા નથી. તમે તો શું પરંતુ જીવને પણ જન્મ સ્થિતિ ને મરણ છે અને તે આપના સ્વરૂપના અજ્ઞાનથી છે. ૩૯ હે ઇશ્વર! તમે મત્સ્ય કચ્છ વરાહ હંસ રાજા બ્રાહ્મણ તથા દેવતાઓમાં અવતાર ધારણ કરી પૂર્વે અમારૂં તથા ત્રણ જગતનું રક્ષણ કર્યું હતું. તમે પૃથ્વીનો ભાર ઉતારો. હે યદૂત્તમ! અમે બીજું આપને શું આપીએ ? માત્ર એજ કે વંદન કરીએ. ૪૦ હે દેવકિ! પરમ પુરૂષ ભગવાન અમારૂં કલ્યાણ કરવા સર્વ અંગોથી તમારા ઉદરમાં વસ્યા છે. પુત્રને મારવાને તૈયાર થઇ રહેલા કંસથી ભય પામશો નહિ, તમારા પુત્ર યાદવોનું રક્ષણ કરશે. ૪૧

શુકદેવજી કહે છે કે-ભગવાનનું સ્વરૂપ અમુકના જેવું છે એમ કહી શકાય જ નહિ; એવા પરમ પુરૂષ ભગવાનની સ્તુતિ કરી દેવતાઓ બ્રહ્મા અને શિવને આગળ કરી પછી ત્યાંથી સ્વર્ગમાં ચાલ્યા ગયા. ૪૨

इत्यभिष्टूय पुरुषं यद्रूपमनिदं यथा।
ब्रह्मेशानौ पुरोधाय देवाः प्रतिययुर्दिवम् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणे दशमस्कंधे
द्वितीयोध्यायः

અધ્યાય ૩ જો.†

જન્મ અને ગોકુળ ગમન.

શ્રીશુક ઉવાચ.

અથ સર્વગુણોપેતઃ કાલઃ પરમશોભનઃ ।
યર્હ્યેવાઽજનજન્મર્ક્ષં શાંતર્ક્ષગ્રહતારકમ્ ॥૧॥

શુકદેવજી કહે છે કે–હે રાજન ! પછી પરમ શોભાયમાન અને સર્વ ગુણસંપન્ન પ્રસવ સમય થયો, ચંદ્ર રોહિણી નક્ષત્રમા ગયો નક્ષત્ર ગ્રહને અનુકૂળ થયા, દિશાઓ સ્વચ્છ થઇ, આકાશ નિર્મળ થયું અને નિર્મળ નક્ષત્રનાં મંડળ ઉગ્યાં. નગર ગામ તથા દેશમાં મંગળ વર્તાઇ રહ્યુ નદીઓના પાણી નિર્મળ થયાં કમળોની શોભા ખીલી રહી, વનમાં પુષ્પોના ગુચ્છમાં પક્ષીઓ તથા ભમરા કલ્લોલ કરવા લાગ્યા, શીતળ સુગંધી વાયુ વાવા લાગ્યો, બ્રાહ્મણોના શાંત અગ્નિઓ પ્રજ્વલિત થયા, અસુરોના દ્રોહી એવા મહાત્મા પુરૂષોનાં મન પ્રસન્ન થયાં, સ્વર્ગમાં દુંદુભિઓ વાગવા માંડયા કિન્નર ને ગંધર્વો ગાન કરવા લાગ્યા, સિદ્ધ ચારણો સ્તુતિ કરવા લાગ્યા, વિદ્યાધરીઓ અપ્સરાઓની સાથે નૃત્ય કરવા લાગી મુનિઓને દેવતાઓ આનંદથી પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા, મેઘો સમુદ્રની પછવાડે ધીરે ધીરે ગર્જના કરવા લાગ્યા. ચારે તરફ અંધારૂં છવાઇ ગયું અને મધ્ય રાત્રીનો સમય થયો ત્યારે પૂર્વ દિશામાં જેમ સંપૂર્ણ કળાવાળો ચંદ્રમા ઉદય પામે તેમ, સર્વના અંતર્યામી ભગવાન વિષ્ણુ દેવકીથી જન્મ્યા. ૮ વસુદેવજીએ અદ્દભુત સ્વરૂપવાળા બાળકને જોયો તેનાં નેત્ર કમળ જેવાં હતાં. ચાર હાથ હતા, અને તેમાં શંખ ચક્ર ગદા અને પદ્મ હતાં. શરીર ઉપર શ્રીવત્સનું ચિહ્ન હતું, કંઠમાં કૌસ્તુભમણિ હતો, શરીરની કાંતિ મેઘના જેવી શામ હતી. ઉત્તમ વગર શણગારે તે બાળક પ્રસૂતિ ગૃહના શણગાર જેવું લાગતું હતું. ભગવાનને પોતાના પુત્ર થઇ જન્મેલા જોઇને વસુદેવનાં નેત્રો આશ્ચર્યથી ઉઘડી ગયાં. શ્રીકૃષ્ણના અવતારના ઉત્સવના આનંદમા તેમણે બ્રાહ્મણોને દશ હજાર ગાયો આપવાનો સંકલ્પ કર્યો ૧૧ પોતાના દેહની કાંતિથી સુવાવડના ઘરને પ્રકાશમાન કરતાં પુત્રને પરમ પુરૂષ ધારી ભગવાનના પ્રભાવને જાણનાર શુદ્ધ બુદ્ધિવાળા વસુદેવ નિર્ભય થઇ બે હાથ જોડી આ પ્રમાણે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. ૧૨

વસુદેવ–આપ પ્રકૃતિથી પર છો, અનુભવ ને આનંદસ્વરૂપ અને સર્વની બુદ્ધિના સાક્ષી છો, એવુ અમારા જાણવામાં છે. ૧૩ તમે આ ત્રિગુણાત્મક જગતને સર્જીને તેમાં રહેતા નથી, તોપણ તેમા રહેતા જણાઓ છો. ૧૪ મહત્તત્ત્વ અહંકાર તન્માત્રાઓ છુટા રહીને કાર્ય કરી શકતા નથી પરંતુ સોળ વિકારો એટલે પાંચ મહાભૂતો અને અગિયાર ઇંદ્રિયોની સાથે મળીને આ બ્રહ્માંડને ઉત્પન્ન કરે છે. ઉત્પન્ન થયા પછી આપ તેમા રહેતા હો એવું દેખાય છે. પણ તેમ નથી કારણરૂપે પ્રથમથી જ આપ તેમાં રહો છો તેથી સર્જેલાં કાર્યોમા તેઓનો પાછળથી પ્રવેશ થયો નથી. તેમ જ આપનો પણ પાછળથી પ્રવેશ થતો નથી. રૂપાદિથી અનુમાનમાં આવતી ઇંદ્રિયોથી જાણુવામા આવતા પદાર્થોની સાથે તમે રહેલા છો છતાં તે કાર્યોની સાથે જાણવામા આવતા નથી. તમે સવસ્વરૂપ છો સર્વના આત્મારૂપ વ્યાપક અને પરમાર્થરૂપ વસ્તુ છો. આપ માપ વિનાના હોવાથી આપનાસ્વરૂપને બહિરંતરાદિક ભેદ નથી. તમારો કાર્યમાં કેમ પ્રવેશ ઘટે ? ૧૭ જે મનુષ્ય આત્માના દૃશ્ય દેહાદિક પદાર્થો આત્માથી જુદી રીતે સત્તાવાળા પદાર્થો હોવાનું માને તેને મૂર્ખ જાણવો,

† આ અધ્યાયમા ભગવાન પ્રગટ થયા, તેમની માતા પિતાએ સ્તુતિ કરી અને પછી તેમના કહેવાથી વસુદેવ ગોકુળમા લઇ ગયા એ કથા કહેવાશે

કારણ કે, તે દૃશ્ય દેહાદિક પદાર્થોમાં વિચાર કરતાં નામ વિના બીજું કંઈપણ સિદ્ધ થઇ શકતું નથી. મિથ્યા ઠરેલા પદાર્થને સત્ય ગણીને જે ગ્રહણ કરે તે પુરૂષને મૂર્ખ જાણવો.૧૮ આ જગતની ઉત્પત્તિ સ્થિતિ ને લય તમારાથી થાય છે, છતા તમે ગુણ ક્રિયા અને વિકાર રહિત હોવાથી બ્રહ્મ અને નિર્ગુણ હોવાથી ઈશ્વર રૂપ છો. તમારે વિષે ઉત્પત્તિ આદિકના કર્તૃત્વ માટે વિરોધ આવતો નથી. ગુણોજ સૃષ્ટિની રચના કરે છે તોપણ તમારો આશ્રય તેને હોવો જોઇએ. સેવકોએ કરેલા કામનુ કર્તૃત્વ રાજાને લાગે છે, તેમ ગુણોએ કરેલાં કાર્યોનો તમારે વિષે આરોપ કરવામા આવે છે. ૧૯ તમે માયાવડે ત્રણ લોકની રક્ષા કરવા સત્વગુણથી શ્વેત વર્ણ ધારણ કરો છો અને લોકોનો પ્રલય કરવા તમોગુણથી કૃષ્ણ વર્ણને ધારણ કરો છો. ૨૦ હે વિભુ ! તમે આ જગતની રક્ષા કરવા મારે ત્યાં જન્મ્યા છો અને તમે રાજાઓનું નામ ધારણ કરનાર કરોડો અસુરોના યૂથપતિઓએ આમતેમ લઇ જવાતી સેનાઓનો નાશ કરો છો. ૨૧ મારા ઘરમા તમારો જન્મ થવાનો છે એવું સાંભળી કંસે તમારા મોટા ભાઇઓનો નાશ કર્યો અને દાસીઓથી તમારો જન્મ થયો સાંભળીને હમણાં તે મારવાને આવતો હશે.

શુકદેવજી કહે છે કે–પુત્રને મહાપુરૂષના લક્ષણોવાળો જોઇને કંસથી ભય પામેલા તથા પવિત્ર હાસ્યવાળા દેવકી ભગવાનની સ્તુતિ કરતાં બોલ્યા કે–અપ્રકટ કારણરૂપ મહાન ચૈતન્યવાળું ગુણરહિત વિકારરહિત સત્તામાત્ર વિશેષરહિત ને ક્રિયારહિત જે સ્વરૂપ વેદો વર્ણવે છે, તે તમે બુદ્ધિ આદિક ઇંદ્રિયોને પ્રકાશ કરનાર સાક્ષાત્ વિષ્ણુ છો. ૨૪ બ્રહ્માના બે પરાર્ધ વર્ષ પૂરા થયા પછી સર્વ લોકોનો નાશ થાય છે. પંચ મહાભૂતો તન્માત્રાઓમાં લીન થાય છે, તન્માત્રાઓ પ્રધાનમાં લય થાય છે અને કાલના વેગથી પ્રધાનને જાણનાર માત્ર આપજ એક અવશેષ રહો છો. ૨૫ નિમેષથી માંડીને વર્ષ સુધીનો કાળ કે જેની આવૃત્તિથી જગતની આવૃત્તિઓ થાય છે, તે તમારી લીલારૂપ નિર્ભય સ્થાન રૂપ આપ ઇશ્વરને શરણે હું આવી છું. ૨૬ હે આદિ પુરૂષ ! મનુષ્ય મૃત્યુરૂપી સર્પથી ડરીને સર્વ લોકમાં ફરી વળે તોપણ તેને આપ સિવાય બીજું નિર્ભયસ્થાન મળતુ નથી. દૈવેચ્છાથી તમારા ચરણકમળને પ્રાપ્ત થઇને શાંતિથી નિદ્રા કરનારથી મૃત્યુ પણ દૂર નાસી જાય છે. ૨૭ તમે ઉગ્રસેનના દુષ્ટ પુત્ર કંસથી ભયભીત થયેલા અમારી રક્ષા કરો, ભક્તજનોને જાણનાર અને તેઓના ત્રાસનો નાશ કરનાર ધ્યાન કરવા યોગ્ય ઇશ્વરસ્વરૂપને ચર્મચક્ષુ વાળા લોકોની આગળ પ્રગટ કરશો નહિ ૧૮ હે મધુસૂદન ! કંસ તમારો જન્મ થયો છે તે ન જાણે તો સારૂં, કારણ કે હું અધીર બુદ્ધિવાળી તમારે માટે કંસથી ડરૂં છું. ૨૯ માટે હે વિશ્વાત્મા ! તમે તમારૂં આ અલૌકિક સ્વરૂપ, કે જે સ્વરૂપ ચાર ભુજાવાળું તથા ભુજાઓમાં ધરેલાં શંખ ચક્ર ગદા ને કમળની શોભાથી શોભાયમાન છે તેને પાછુ સંકેલી લ્યો. ૩૦ જગત કે જે હમણાં દેખાય છે તેને પરમ પુરૂષ એવા આપ પ્રલય સમયે પોતાના શરીરમાં વગર સંકોચે સમાવી લ્યો છો, તેમ તમે મારા ગર્ભમાં રહ્યા હતા આ વાત જો લોકોની આગળ કરી હોય તો તેઓ હસી કાઢે ૩૧

ભગવાન બોલ્યા કે–હે સતિ ! સ્વાયંભુવ મન્વંતરમાં તમે જ્યારે પૃશ્નિ હતાં ત્યારે આ મારા પિતા સુતપા નામે પ્રજાપતિ હતા ૩૨ પછી બ્રહ્માએ પ્રજા ઉત્પન્ન કરવા જ્યારે તમને આજ્ઞા કરી ત્યારે તમે બન્નેએ ઇંદ્રિયોને નિયમમાં રાખીને મોટું તપ કર્યું ૩૩ વરસાદ વાયુ તડકો તાઢ અને ઉષ્ણતા વગેરે કાળના ગુણોને સહન કર્યા અને પ્રાણાયામ

કરીને મનના દોષ દૂર કર્યા. ૩૪ નીચે ખરી પડેલાં પાંદડાંનો આહાર કર્યો અને મારી પાસેથી કામનાઓ મેળવવા માટે શાંત ચિત્તથી બહુ આરાધન કર્યું મારી ઉપર મન રાખી પરમ દુષ્કર ને તીવ્ર એવું તપ કરતાં કરતાં તમને દેવતાનાં બાર હજાર વર્ષ વીતિ ગયાં.૩૬ પછી નિત્ય તપ શ્રદ્ધા ને ભક્તિથી હૃદયમાં જેની ભાવના કરી હતી એવો હું વરદરાજ તમારા ઉપર પ્રસન્ન થયો અને તમને વર આપવા તમારી આગળ પ્રગટ થઇ મેં કહ્યું કે, વર માગો. તમે મારા જેવો પુત્ર માગ્યો. તમે સાંસારિક સુખ ભોગવ્યું ન હતું, તેમ તમને સંતાન પણ ન હતું તેથી તમે માયામાં મોહિત થઇને મારી પાસેથી મોક્ષ માગ્યો ન હતો. પુત્રની પ્રાર્થના કરી હતી. ૩૯ તમને વર આપી હું ગયો કે, મારા જેવો પુત્ર થવાનું વરદાન મેળવીને જેમનો મનોરથ પૂર્ણ થયો હતો એવાં તમે સાસારિક વૈભવો ભોગવવા લાગ્યાં. ૪૦ પછી જગતમા શીલ ઉદારતા તથા ગુણમાં મારા જેવો બીજો કોઇ પણ પુરૂષ મારા જોવામાં આવ્યો નહિ તેથી હું તમારો પુત્ર થઇને અવતર્યો અને લોકમા પૃશ્નિગર્ભને નામે પ્રખ્યાત થયો ૪૧ ફરીને તમે બન્ને અદિતી તથા કશ્યપ થયા ત્યારે હું તમારાથી જન્મ્યો હતો અને ઉપેન્દ્રને નામે પ્રખ્યાત થયો. ૪૧ ફરીને તમે બન્ને અદિતિ તથા કશ્યપ થયાં ત્યારે હું તમારાથી જન્મ્યો હતો અને ઉપેન્દ્રને નામે પ્રખ્યાત થયો હતો. શરીરે ઠીંગણો હતો તેથી લોકો મને વામન પણ કહેતા હતા ૪૨ ત્રીજા અવતારમાં હું ફરીને તમારા બન્નેથી પુત્રરૂપે હાલ અવતર્યો છું. હે સતિ! આ વાત મેં ખરી કહી છે ૪૩ તમને પૂર્વ જન્મનું સ્મરણ થવા મેં સારૂં સ્વરૂપ તમને દેખાડયુ કેમકે હું સ્વરૂપ ન દેખાડતાં મનુષ્યનો દેહ દેખાડું તો તમને સ્વરૂપનું જ્ઞાન થાય નહિ ૪૪ તમે પુત્રભાવથી તથા બ્રહ્મભાવથી મારી ઉપર સ્નેહ રાખી મારૂં મનન કરશો તો પરમ ગતિને પામશો. ૪૫ વળી તમે કંસથી બીહીતાં હો તો મને ગોકુળ અને યશોદાના ગર્ભથી ઉત્પન્ન થયેલી મારી માયાને અહીં ફેર બદલ કરો. ૪૬

શુકદેવજી કહે છે કે–આ પ્રમાણે કહીને શ્રીહરિ માતપિતાના દેખતાં એક પ્રાકૃત બાળક બની ગયા. ૪૭ પછી ભગવાનની પ્રેરણાથી વસુદેવ તેમને લઇને ગોકુળ જવાને તૈયાર થયા. ગોકુળમા નંદરાયની સ્ત્રીએ અજા એવી યોગમાયાને જન્મ આપ્યો હતો. ૪૮ યોગમાયાએ, દ્વારપાળોની વસ્તુનું જ્ઞાન થવામાં ઉપયોગી એવી સર્વ ઈંદ્રિયોની વૃત્તિઓને હરવાથી તેઓને ઘારણ આવ્યું અને નગરવાસીઓ નિદ્રાવશ થઇ ગયા. જેવા વસુદેવ ભગવાનને ઉપાડીને ચાલ્યા કે સૂર્યથી જેમ અંધારૂં નાશ પામે તેમ લોઢાની સાંકળોથી બંધ કરેલા મથુરાનગરીના દરવાજા જે હાથથી ઉઘાડી શકાય નહિ એવા હતા તે પોતાની મેળે ઉઘડી ગયા. મંદ મંદ ગાજતો મેઘ ઝરમર ઝરમર વરસવા લાગ્યો અને શેષનાગ ભગવાન ઉપર પડતા પાણીને પોતાની ફેણોથી નિવારતા પાછળ પાછળ જવા લાગ્યા. ૫૦ તે સમયે વારંવાર વરસાદ વર્ષતો હતો. યમુનામાં પૂર આવેલું હતું પાણીના વેગને લીધે ઉછળતા મોજાથી નદીમાં ફીણ ચઢેલું હતું સેંકડો ભયંકર ધૂમરીઓ વળતી હતી છતાં સમુદ્રે જેમ શ્રામચંદ્રને માર્ગ આપ્યો હતો તેમ યમુનાએ વસુદેવને માર્ગ આપ્યો. ૫૧ તે યમુના ઉતરી નંદના વ્રજમાં ગયા અને ત્યાં સર્વ ગોવાળીઆઓને નિદ્રાવશ જોઈ યશોદાની શય્યામાં પોતાના પુત્રને મૂકયો અને તેની પુત્રીને લઇ પાછા ફર્યા પર પુત્રીને દેવકીની શય્યામાં મૂકી પગમાં લોઢાંની બેડી પહેરી પહેલાની માફક કેદી થઇને બેઠા. ૫૩ નંદરાયનાં સ્ત્રી યશોદાએ બાળક અવતર્યું એટલું પણ

જાણ્યું હતું પરંતુ પ્રસવના પરિશ્રમથી થાકી ગયેલા અને યોગમાયાને લીધે ભાનવિનાના થયેલાં યશોદાએ પોતાને પુત્ર કે પુત્રી અવતરી છે તે પણ જાણ્યું ન હતું. ૫૪

यशोदा नंदपत्नी च जातं परमबुध्यत ।
न तल्लिंग परिश्रांता निद्रयापगतस्मृतिः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
तृतीयोध्यायः

અધ્યાય ૪ થો.†

કંસે બાળકો મારવા માંડયાં.

श्रीशुक उवाच

बहिरंतःपुरद्वारः सर्वाः पूर्ववदावृताः ॥
ततो बालध्वनिं श्रुत्वा गृहपालाःसमुत्थिताः

શુકદેવજી કહે છે કે—હે રાજન ! વસુદેવના આવ્યા પછી બહારના ને અંતઃપુરનાં બારણાં પ્રથમની પેઠે બંધ થઈ ગયાં. પુત્રી રૂપે અવતરેલી માયા ઉંવા ઉંવાં એમ રોવા લાગી. બાળકનું રોવું સાંભળી કારાગૃહના રક્ષકો જાગૃત થયા. ૧ તેઓએ કંસની પાસે જઈ દેવકીના આઠમા ગર્ભના પ્રસવની વાત તેને વિદિત કરી. કંસ એ ગર્ભના જન્મ માટે હંમેશ ઉદ્વિગ્ન મનથી વાટ જોયા કરતો હતો. ૨ કંસ આઠમા ગર્ભનો પ્રસવ થયો એવી વાત સાંભળતાં વાંત આ મારો કાળ છે એવું જાણી વિહ્વળ થઈને શય્યામાંથી ઉભો થયો અને છુટા વાળની સાથે રસ્તામાં ઠેસો ખાતો ખાતો દેવકીના પ્રસૂતિગૃહ તરફ ગયો ૩ એટલે વાત્સલ્યથી દીન એવાં દેવકીજીએ કરગરી તેને કહ્યું કે, હે ભલું કરનાર ભાઈ ! તું આને જીવતી રાખીશ તો હું આ (કન્યા) તારા પુત્રને પરણાવીશ. તારે આ સ્ત્રીને મારવી ઘટિત નથી. ૪ હે ભાઈ ! તેં દૈવની પ્રેરણાથી મારા અગ્નિ જેવા તેજસ્વી ઘણા પુત્રો મારી નાંખ્યા છે હવે આ પુત્રી તું મને આપ. ૫ હે કંસ ! હું તારી નાની બહેન છું, પુત્ર વિનાની છું માટે મને અભાગિણીને આ એક છેલ્લી પ્રજા આપવી ઘટિત છે. ૬

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે પોતાની પુત્રીને છાતીસરખી ચાંપી મહા દીનની પેઠે રૂદન કરતાં દેવકીજીએ, કંસની આગળ પ્રાર્થના કરી પરંતુ દુષ્ટ કંસે તેમનો તિરસ્કાર કરી તેમના હાથમાથી પેલી પુત્રીને ખેંચી લીધી. ૭ પછી સ્વાર્થને લીધે સ્નેહ તોડનાર કંસે તરતની જન્મેલી પોતાની બહેનની પુત્રીના બંને પગ ઝાલીને એક મોટી શિલા સાથે પછાડવા ઉપાડી. ૮ વિષ્ણુની નાની બહેન માયા કંસના હાથમાંથી વછુટી આકાશમાં ગઈ અને ત્યાં આયુધવાળા આઠ હાથવાળી તે સર્વના જોવામાં આવી. ૯ તે દિવ્યમાળાથી વસ્ત્રોથી ચંદનના લેપોથી તથા રત્નોનાં આભૂષણોથી અલંકૃત હતી. તેણે પોતાની આઠ ભુજાઓમાં ધનુષ ત્રિશૂળ બાણ ઢાલ તરવાર શંખ ચક્ર ને ગદા એમ આઠ આયુધો ધારણ કર્યાં હતાં. ૧૦ સિદ્ધ ચારણ ગંધર્વ અપ્સરાઓ કિન્નર ને સર્પો તેને ઘણાં બળિદાનો અર્પણ કરી તેની સ્તુતિ કરતાં હતાં. દેવીએ કંસને કહ્યું કે—હે મૂર્ખ ! મને મારવાથી તારૂં શું વળશે ? તારો નાશ કરનાર પૂર્વનો શત્રુ તો કોઈક ઠેકાણે જન્મી ચુકયો છે. તું દીન લોકોને વૃથા મારતો નહિ. ૧૨ પછી તે ભગવતી યોગમાયા પૃથ્વી ઉપર જુદાં જુદાં સ્થાનકોમાં જુદાં જુદાં નામથી વાસ કરીને રહ્યાં. ૧૩ કંસ યોગમાયાનું કહેવું સાંભળી પરમ આશ્ચર્ય પામ્યો; અને દેવકી તથા વસુદેવને કારાગારમાંથી છોડી વિવેકથી કહેવા લાગ્યો કે, ૧૪ અરેરે ! રાક્ષસ જેમ પોતાનાં બાળકનો નાશ કરે, તેમ મેં પાપીએ તમારા ઘણા પુત્રોને મારી નાંખ્યા. ૧૫ હું નિર્દય છું કે મેં સંબંધીઓનો ત્યાગ કર્યો. હું મહા દુષ્ટ છું અને બ્રહ્મહત્યા કરનારની માફક જીવતાં જ

† આ અધ્યાયમાં કંસે જે તે બાળકોને મારવા માંડયા, એ કથા કહેવામાં આવશે.

સુવેલો છું. હવે હું કયા લોકમાં જઇશ ! ૧૬ કેવળ મનુષ્ય જ જુઠું બોલે છે એમ નથી, પરંતુ દેવતાઓ પણ અસત્ય બોલે છે કારણ કે, મેં પાપીએ દેવતાઓનાં વચન ઉપર વિશ્વાસ રાખી બહેનના પુત્રોને મારી નાખ્યા. ૧૭ તમારા પુત્રોએ પ્રારબ્ધ કર્મ ભોગવ્યાં તેમા કોઇનો દોષ નથી, તમે તેમનો શોક કરશો નહિ, કારણ કે પ્રાણીઓ દૈવાધીન છે, તેઓ સદા એક ઠેકાણે સાથે રહેતાં નથી. ૧૮ પૃથ્વીમાંથી પૃથ્વીના વિકાર રૂપ ઘડા કુંડા વગેરે પદાર્થો થાય છે અને પાછાં તેમા ભળે છે, તેથી જેમ પૃથ્વીમાં ફેરફાર થતો નથી, તેમ દેહ જન્મે છે અને મરી જાય છે, પરંતુ તેમાં રહેલા આત્મામા ફેરફાર થતો નથી, તે તો એક સ્વરૂપ જ રહે છે ૧૯ જે મનુષ્ય આવું સમજતો નથી તેને આત્મામાં દેહબુદ્ધિ અને ભેદબુદ્ધિ થાય છે અને ભેદબુદ્ધિને લીધે પુત્ર સ્ત્રી આદિકના દેહની સાથે સંયોગ અને વિયોગ થાય છે. સંસાર મટતો નથી અને સુખ દુઃખ થયા કરે છે ૨૦ હે બહેન! મે તમારા પુત્રોને મારી નાખ્યા તોપણ તમે તેમનો શોક કરો નહિ, કારણ કે સર્વ કોઈ પરાધીન થઇ પોતાના કરેલા કર્મને ભોગવે છે ૨૧ દેહાભિમાની મનુષ્ય જયા સુધી હુ મરૂં છું તથા હુ મારૂ છું એવુ માને છે ત્યા સુધી દેહાભિમાની અજ્ઞાની મનુષ્ય પ્રાયશ્ચિત્તનો અધિકારી છે તેને વિધિનિષેધ બાધ કરે છે. ૨૨ તમે મારા દુષ્ટપણાની ક્ષમા કરો, મહાત્મા પુરૂષો દીન ઉપર પ્રેમાળ હોય છે, એમ કહીને કંસે રૂદન કરતાં કરતાં બેન તથા બનેવીના બે પગનો હાથવતી સ્પર્શ કર્યો ૨૩ કન્યાની વાણી ઉપર વિશ્વાસ રાખી દેવકી તથા વસુદેવને બેડીમાથી છુટાં કર્યા તેમને પોતાનો સ્નેહભાવ દેખાડયો. ૨૪ પછી જેનો રોષ શાંત પડયો હતો એવા દેવકીએ પશ્ચાત્તાપ કરતા ભાઇને તેના અપરાધની ક્ષમા કરી. વસુદેવે પણ રોષરહિત થઈ હસીને તેને કહ્યું કે–હે કંસ! તમે જેમ કહો છો તેમજ છે, દેહધારીઓને અજ્ઞાનથી અહંકાર બુદ્ધિ થાય છે અને અહંકાર બુદ્ધિથી આ પોતાનો અને આ પારકો એવી ભેદબુદ્ધિથી ઉપજે છે. ૨૬ શોક હર્ષ ભય દ્વેષ લોભ ને મદવાળા, તેમ જ ભેદદૃષ્ટિવાળા લોકો ભગવાન પોતે જ પદાર્થોથી પદાર્થોનો નાશ કરે છે, એવું જાણતા નથી પરંતુ પરસ્પરમાં માર ખાનાર અને મારનાર હોવાનુ માને છે. ૨૭

શુકદેવજી બોલ્યા કે–આ પ્રમાણે પ્રસન્ન થયેલાં દેવકી અને વસુદેવે ખરા અંતઃકરણથી કંસની સાથે વાતચિત કરી અને તે પછી બન્નેની આજ્ઞા લઇ કંસ પોતાને ઘેર ગયો. ૨૮ બીજે દિવસે કંસે મંત્રીઓને પોતાને ઘેર બોલાવી યોગમાયાએ જણાવેલી વાર્તા કહી. રાજાનું કહેવું સાંભળી દેવતાઓના શત્રુ દૈત્યો કે જેઓ બહુ બુદ્ધિશાળી ન હતા તેઓ દેવતાઓ ઉપર ક્રોધ કરી કંસને કહેવા લાગ્યા કે–૩૦ હે રાજન! જો યોગમાયાનું કહેવું સત્ય હોય તો અમે પુર અને ગામડા વગેરેમા દશ દિવસની અંદરના તથા દશ દિવસ કરતા વધારે દહાડાના બાળકોને આજે મારી નાખીએ ૩૧ દેવતાઓ કે જેઓ રણસંગ્રામમાં ઉતરવાને ડરે છે તે આવા ઉદ્યમથી શું કરી નાખશે ? કારણ કે તમારા ધનુષની દોરીનો ટંકારવ સાભળીને તેઓ નિરંતર ઉદ્વેગ કર્યા કરે છે. ૩૨ તમે જ્યારે બાણોથી દેવતાઓને મારવા માંડો છો ત્યારે તેઓ જીવવાની ઇચ્છાથી રણભૂમિનો ત્યાગ કરી નાશી જાય છે. ૩૩ કેટલાક દેવતાઓ હાથમાથી શસ્ત્ર નીચે મૂકી દીન થઇ તમને હાથ જોડે છે અને કેટલાક જેમની શિખા છુટી ગયેલી હોય એવા અમે તમારાથી ડરીએ છીએ એમ કહે છે ૩૪ જેઓ શસ્ત્ર અને અસ્ત્રને વિસરી ગયા હોય જેઓ

રથ વિનાના હોય, જેઓ ભયથી ઘેરાઈ ગયા હોય, જેઓ બીજાની સાથે લડાઈમા ઉતરેલા હોય, જેઓ નાશી જતા હોય, જેમનાં ધનુષ્ય ભાગી ગયા હોય અને જેઓ યુદ્ધ કરતા ન હોય તેવાને તમે મારતા નથી. ૩૫ નિર્ભય સ્થાનમા શૂરવીર તથા યુદ્ધ વિના બીજા પ્રસંગમા મિથ્યા બડાઈ કરનાર દેવતાઓથી એકાંતમાં નિવાસ કરતા હરિથી અથવા વનમા વસતા શંકરથી શું થવાનુ છે? ૩૬ અલ્પ પરાક્રમવાળા ઇંદ્રથી કે નિત્ય તપશ્ચર્યા કરતા બ્રહ્માથી પણ શુ થવાનું છે? દેવતાઓ આપણા શત્રુઓ હોવાથી તેઓથી આપણે બેદરકાર રહેવું નહિ હવે તમે દેવતાનું મૂળ ઉખેડી નાંખવાના કામમાં અમને સેવકોને લગાડો. ૩૭ જેમ શરીરમા થયેલા રોગની ઉપેક્ષા કરી હોય તો તે જામી ગયા પછી ઉપાય કર્યા છતા મટતો નથી ને ઇંદ્રિયોના સમુદાયને છુટો મૂકયો હોય તો તે જેમ વશ થતો નથી તેમ શત્રુ પોતાનું બળ સાચવી મોટો થઇ પડે તો પછી તેને ચલાયમાન કરી શકાતો નથી. દેવતાઓનું મૂળ વિષ્ણુ છે. વિષ્ણુ જ્યા સનાતન ધર્મ હોય ત્યા રહે છે, અને તે સનાતન ધર્મનું મૂળ વેદ ગાય બ્રહ્મણ તપ યજ્ઞ ને દક્ષિણાઓ ગણાય છે ૩૯ હે રાજન! સર્વ ઉપાયોથી વેદ ભણનાર, તપસ્વી તથા યજ્ઞ કરનાર બ્રહ્મણોને અને યજ્ઞમાં ઉપયોગી એવી ગાયોને અમે મારીએ, ૪૦ બ્રાહ્મણો ગાયો વેદ તપ સત્ય ઇંદ્રિયોનો નિગ્રહ મનની શાંતિ શ્રદ્ધા દયા તિતિક્ષા અને યજ્ઞો શ્રીહરિના શરીરરૂપ છે ૪૧ વિષ્ણુ સર્વ દેવતાઓના અધ્યક્ષ છે, અસુરના શત્રુ છે ગુહાવાસ કરનાર છે અને સર્વ દેવતાઓ બ્રહ્મા તથા શંકર વિષ્ણુનુ મૂળ છે માટે ઋષિઓનો નાશ કરવો એ તેના નાશનો ઉપાય છે. ૪૨

શુકદેવજી કહે છે કે—દુષ્ટ બુદ્ધિવાળા અને કાળની ફાસીમા ફસેલા અસુર કંસે ઉપર પ્રમાણે દુષ્ટ મંત્રીઓની સાથે વિચાર કરીને બ્રહ્મહત્યામાં પોતાનું હિત માન્યું. ૪૩ બીજાનો નાશ કરવામાં પ્રીતિ ધરાવનારો તથા ઇચ્છાનુસાર રૂપ ધારણ કરનારો તે દૈત્યોને દિશાઓમાં રહેતા મહાત્મા—સત્પુરૂષોનો નાશ કરવાની આજ્ઞા કરીને પોતાને ઘેર ગયો ૪૪ દૈત્યો કે જેઓ રજોગુણી હતા, તમોગુણથી મૂઢ બુદ્ધિવાળા હતા તથા જેઓનું મોત આવી પહોંચ્યું હતું, તેઓ મહાત્મા પુરૂષોની સાથે દ્વેષ કરવા લાગ્યા. ૪૫ મહાત્મા પુરૂષોનો કરેલો અપરાધ પુરૂષોનો કરેલો અપરાધ પુરૂષના આયુષ્યનો લક્ષ્મીનો યશનો ધર્મનો પુણ્ય લોકોનો સુખોનો તથા સર્વ કલ્યાણોનો નાશ કરે છે.

आयुः श्रियं यशो धर्मं लोकानशिष एव च ।
हंति श्रेयांसि सर्वाणि पुंसो महदतिक्रमः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
चतुर्थोध्यायः

અધ્યાય ૫ મો.†

શ્રીકૃષ્ણ જન્મ મહોત્સવ.

श्रीशुक उवाच

नंदः स्वात्मज उत्पन्ने जाताह्लादो महामनाः ।
आहूय विप्रान्वेदज्ञान्स्नातः शुचिरलंकृतः ॥

શુકદેવજી કહે છે કે—હે રાજન! પોતાને ત્યાં પુત્રનો જન્મ થવાથી ઉદાર મનના નંદ પ્રસન્ન થયા અને નહાઇ પવિત્ર થઈ શરીર ઉપર વિધવિધપ્રકારના આભૂષણો પહેરીને ભવિષ્ય જાણનાર બ્રાહ્મણોને બોલાવી તેમની પાસે સ્વસ્તિવાચન કરાવીને પુત્રનું જાત કર્મ કરાવ્યુ અને વિધિ પ્રમાણે પિતૃઓ તથા દેવતાઓનું યથાવિધિ પૂજન કરાવ્યું. બ્રહ્મણોને શણગારેલી બે લાખ ગાયો આપી અને જેમાં રત્નો ખોસેલાં હતાં તથા જેની

† આ અધ્યાયમા નંદે પુત્રનુ જાતકર્મ તથા મહોત્સવ કર્યો અને મથુરામા જઇ વસુદેવને મળી આનંદ અનુભવ્યો, એ કથા કહેવામા આવશે.

ઉપર કીનખાબ ઢાંકેલો હતો, એવા તલના સાત પર્વતો આપ્યા. ૪ કાલથી પૃથ્વી વગેરે પદાર્થ શુદ્ધ થાય છે નહાવાથી દેહાદિક શુદ્ધ થાય છે ધોવાથી અપવિત્ર પદાર્થો શુદ્ધ થાય છે સંસ્કારોથી ગર્ભાદિક શુદ્ધ થાય છે, તપથી ઇંદ્રિયાદિક શુદ્ધ થાય છે યજન કરવાથી બ્રાહ્મણાદિક શુદ્ધ થાય છે, દાનથી ધન શુદ્ધ થાય છે સંતોષથી મન શુદ્ધ થાય છે અને બ્રહ્મવિદ્યાથી પ્રાણ અને આત્મા શુદ્ધ થાય છે બ્રાહ્મણો સૂત માગધ ને બંદીજનો આશીર્વાદનાં મંગળ વચનો ઉચ્ચારવા લાગ્યા, ગવૈયા ગાવા લાગ્યા, ભેરી તથા દુંદુભિ વારંવાર વાગવા લાગ્યાં. ૫ વ્રજના બારણાં આંગણાં તથા અંદરના ઓરડા સર્વ જને વાળીને સ્વચ્છ કર્યા. ચારે તરફ પાણી છાંટયાં જાતજાતની ધ્વજા પતાકાઓ અને માળાઓ રસ્તે લટકાવી અને વસ્ત્રનાં તથા પાદડાના તોરણો ઠેકઠેકાણે બાંધી દીધાં. ૬ ગાયોને બળદને તથા નાના નાના વાછડાને તેલ અને હળદર ચોપડી નાના પ્રકારના રંગ મોરપિચ્છની માળાઓ રંગબેરંગી વસ્ત્રો અને સુવર્ણની માળાઓથી શણગારી દીધાં. ૭ ગોવાળિયા મોઘાં મૂલ્યનાં વસ્ત્ર આભૂષણ જામા અને પાઘડીઓ પહેરીને અલંકૃત થઇને હાથમા ભેટો લઇ નંદજીને ઘેર ગયા. ૮ ગોપીઓ યશોદાને ત્યા પુત્રનો જન્મ થયો સાભળીને પ્રસન્ન થઇ. વસ્ત્ર, આભૂષણ તથા અંજન આદિકથી અલંકૃત થઇ ૯ પરાગથી જેમનાં મુખકમળ ઉપર શોભા થઇ રહી હતી એવી ગોપીઓ ભેટો લઇને ઉતાવળી ઉતાવળી નંદને ઘેર જવા લાગી ૧૦ નંદજીને ઘેર જતી ગોપિકાઓએ કાનમા મણિજડિત કુંડળો પહેર્યાં હતાં, રંગબેરંગી વસ્ત્રો પહેર્યા હતાં હાથમા કંકણ પહેર્યા હતાં, કેશપાશમાં ગુંથેલી વેણીઓમાથી રસ્તા ઉપર પુષ્પો વેરાતાં હતાં કાનમા પહેરેલાં કુંડળોથી તથા કંઠમાના હારથી ગોપિકાઓ બહુ શોભતી હતી. ૧૧ ગોપીઓ નંદજીને ઘેર જઇને બાળકને, 'હે ઇશ્વર ! આ બાળકનું ચિરકાળ રક્ષણ કરો,' એવા આશીર્વાદ દેવા લાગી તથા હળદર તેલ અને પાણીથી એક બીજાને ભિંજવતી ગીત ગાવા લાગી. ૧૨ વિશ્વના ઇશ્વર ને અનંત એવા શ્રીકૃષ્ણ નંદરાયના વ્રજમાં પધાર્યા, તે સમયના મહોત્સવમાં જાત જાતનાં વાજિત્રો વાગવા લાગ્યા. ગોવાળિયા પ્રસન્ન થઇને એક બીજાને દહીં દૂધ ઘી ને પાણી છાટવા લાગ્યા. એક બીજાને માંખણ ચોપડવા લાગ્યા અને એક બીજા પર દહીં ઉછાળવા લાગ્યા. ૧૪ ઉદાર મનના નંદજીએ સૂત માગધ બંદીજન તથા બીજા જેઓ વિદ્યોપજીવી હતા તેઓને, વસ્ત્ર આભૂષણ ગાયો અને ધન આપ્યાં ૧૫ આટલાથી તેઓ અટકયા નહિ પરંતુ તેમણે વિષ્ણુની આરાધના માટે તથા પોતાના પુત્રના ભલા માટે જુદી જુદી વસ્તુઓથી સર્વનો યથોચિત સત્કાર કર્યો ૧૬ નંદજીને ગોવાળિયાઓએ માનેલાં રોહિણી અલૌકિક વસ્ત્રો પુષ્પની માળા ને કંઠના આભૂષણો પહેરી મહોત્સવમા ફરતાં હતાં. ગોકુળમાં શ્રીભગવાન પધાર્યા ત્યારથી નંદનું ગોકુળ સંપત્તિવાળું થયું શ્રીહરિના વાસથી સર્વ પ્રિયત્વ દિ ગુણોથી લક્ષ્મીનું વિહારસ્થાન થયુ ૧૮ ઉત્સવ કર્યા પછી નંદજી ગોકુળની રક્ષા કરવા ગોવાળિયાઓને કહીને કંસનો વાર્ષિક કર આપવા મથુરા ગયા. ૧૯ વસુદેવ પોતાના પરમ મિત્ર નંદજીને આવ્યા જાણી તથા તેમણે રાજાને વાર્ષિક કર આપ્યો તે સાભળીને ઉતારા ઉપર મળવા ગયા. ૨૦ જેમ દેહ પોતાના પ્રાણને જોઇ ઉભો થાય, તેમ નંદજી પોતાના પરમ મિત્ર વસુદેવને જોઇ ઉભા થયા અને પ્રેમથી વિહ્વળ બની ગયેલા નંદ વસુદેવને ભેટી પડયા પછી પોતાના બન્ને પુત્રોમાં જેનો જીવ હતો એવા વસુદેવ સુખથી બેઠા અને આદર ભાવથી

નંદની ખબર પૂછી નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૨૨ ઘરડા થયેલા પ્રજાની આશા જેમણે મૂકી દીધી હતી એવા તમારે ત્યા પુત્ર જન્મ્યો તે બહુ સારૂં થયું. ૨૩ આ સંસારચક્રમાં આમ તેમ ફરતા તમે આજે પુત્ર પામ્યા તે પુનર્જન્મના જેવું થયું, કારણ કે સ્નેહીઓનું દર્શન દુર્લભ છે. ૨૪ પાણીના પ્રવાહથી તણાતાં ઘાસ લાકડા વગેરે જેમ સાથે રહેતા નથી તેમ હે મિત્ર! વિચિત્ર કર્મો કરનાર સ્નેહી જનોનો સમુદાય એક ઠેકાણે સ્થીર રહેતો નથી. કર્મ પ્રમાણે છુટા છવાયાં થઇ જાય છે. તમે હમણા જ્યા આગળ સંબંધીઓની સાથે રહો છો તે મોટું વન ઢોર ઢાખરને હિતકારી આરોગ્યવાળું તથા પાણી વનસ્પતિ અને લતાઓવાળું છે. ૨૬ મારો પુત્ર જે તેની માતાની સાથે તમારા વ્રજમાં રહે છે અને તમને પિતા રૂપ માને છે તેને તમે બન્ને લાડ લડાવો છો. ૨૭ પુરૂષના ધર્મ અર્થ તથા કામ પોતાના સંબધીઓને ઉપયોગમાં આવે તો તે સફળ કહેવાય છે, પરંતુ તેથી સબધીઓમાં પરસ્પર કલેશ ઉઠે તો તે ત્રિવર્ગ નિરથક જાણવો. ૨૮

નંદ—કંસે દેવકીના ઘણા પુત્રો જન્મતાજ મારી નાખ્યા, માત્ર એક નાની કન્યા બચી ગઇ તો તે પણ સ્વર્ગમા જતી રહી. મનુષ્યના સુખનો આધાર દૈવાધીન છે મનુષ્યનો અદૃષ્ટ ઉપરજ મુખ્ય આધાર છે.પોતાના સુખ દુઃખનુ કારણ અદૃષ્ટ છે એમ જે મનુષ્ય જાણે છે તે મુઝાતો નથી. ૩૦ વસુદેવ બોલ્યા કે—તમે પ્રતિવર્ષનો વાર્ષિક કર રાજાને આપ્યો અને વળી અમને પણ મળ્યા માટે હવે તમારા ગામમા જાઓ. અહીયાં ઘણા દિવસ રહેવા જેવું નથી, કારણ કે ગોકુળમાં ઉત્પાતો થશે એમ જણાય છે. ૩૧ આ પ્રમાણે વસુદેવે નંદાદિક ગોવાળીયાઓને કહ્યું એટલે તેઓ વસુદેવની આજ્ઞા લઈ ગાડાં જોડી ગોકુળ ગયા. ૩૨

इति नन्दादयो गोपाः प्रोक्तास्ते शौरिणा ययुः। अनोभिरनडुद्युक्तैस्तमनुज्ञाप्य गोकुलम् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कन्धे पंचमोऽध्यायः

અધ્યાય ૬ ઠ્ઠો.¶

પૂતના માસીનો વધ.

શ્રીશુક ઉવાચ.

नंदः पथि वचः शौरेर्न मृषेति विचिंतयन्। हरिं जगाम शरणमुत्पातागमशंकितः ॥१॥

શુકદેવજી કહે છે કે—હે પરીક્ષિત! નંદ રસ્તામા વસુદેવનું વચન મિથ્યા ન હોય એવો વિચાર કરી ઉત્પાત થવાની શંકાથી હરિનું ધ્યાન ધરવા લાગ્યા. ૧ કંસે મોકલેલી બાળકોનો નાશ કરનારી ભયંકર પૂતના ગામડા અને વ્રજ આદિકમાં બાળકોનો નાશ કરતી જ્યાં ત્યાં ફરવા લાગી. ૨ નિત્ય કર્મોમાં રાક્ષસોનો નાશ કરનાર ભક્તોના ભર્ત્તા ભગવાનનાં ચરિત્રોનું શ્રવણ મનન આદિક ન હોય ત્યાં રાક્ષસીઓ પોતાનું કામ કરી શકે છે. કંસની પ્રેરેલી પૂતના ઇચ્છામાં આવે ત્યાં ફરતી તે નાનાં બાળકને મારતી એક દિવસ ફરતી ફરતી ગોકુળમાં ગઈ માયાથી સુંદર સ્ત્રી રૂપ બની ને વ્રજમાં પેઠી. તેના કેશપાશમા માલતીના પુષ્પ હતાં, અંગ ઉન્નત હતાં કેડ પાતળી હતી તેણે ઉત્તમ વસ્ત્રો પહેર્યા હતાં, કાનમાં ઝુલતાં આભૂષણોની કાંતિથી તેનું મુખ શોભી રહ્યું હતું. મંદ હાસ્યથી ને કટાક્ષથી વ્રજવાસીઓના મનને હરણ કરતી હતી. તેણે હાથમાં કમળ લીધું હતું તેથી ગોપિકાઓએ તેને પોતાના પતિને જોવા આવેલી લક્ષ્મી માની તેને લીધે કોઇ કંઈ જ બોલી નહિ. ૬ છોકરાંને

¶ આ અધ્યાયમા વસુદેવના કહેવાથી નંદમાર્ગમાં મરી ગયેલી રાક્ષસીને જોઇ તથા તેના મરણની વાત સાંભળી આશ્ચર્ય પામ્યા, એ કથા કહેવાશે.

શોધતી અને બાળકોનો નાશ કરતી તે નંદરાયના ઘરમાં ગઈ. દૈવેચ્છાથી શય્યા ઉપર સૂનેલા કૃષ્ણને જોયા. અસત્પુરૂષના કાળરૂપ મહા તેજ ગુપ્ત હોવાથી રાખમા ભારેલા અગ્નિ જેવા તે હતા ૭ સ્થાવર જંગમના આત્મારૂપ શ્રીકૃષ્ણે પૂતનાને ઓળખી આંખો મીંચી. મૂર્ખ મનુષ્ય જેમ સર્પને રજ્જુ સમજીને ઉપાડી લે તેમ તેણે કાળમૂર્તિ અનંતને શય્યામાથી પોતાના ખોળામા લીધા. ૮ મીયાનથી ઢંકાયલી તરવારની પેઠે અંદર અતિ તીક્ષ્ણ મનની અને ઉપરથી માતા જેવી કોમળ પૂતનાને પોતાના ઘરમાં જોઇ તથા તેના ઉત્તમ રૂપને જોઇ યશોદા અને રોહિણી મોહ પામ્યા બંને ઉભાં ઉભાં તેને જોવા લાગ્યા. ૯ પૂતનાએ ભગવાનને પોતાના ખોળામાં લીધા અને ભયંકર તથા પચે નહિ એવા ઝેરથી ભરેલું સ્તન મુખમા આપ્યું. રોષમા આવી ગયેલા ભગવાન બે હાથથી સ્તનને દબાવી ધાવવા લાગ્યા. ૧૦ પૂતનાના સર્વ અંગોના મર્મભાગોમા પીડા થવા લાગી. 'મૂકી દે, મૂકી દે, હવે બસ' એમ તે બોલવા લાગી. તેની આંખો ફાટી ગઇ. શરીર ઉપર પરસેવો થયો અને પગ તથા હાથ પછાડવા લાગી ૧૧ પૂતનાના રડવાથી પર્વત સાથે પૃથ્વી અને ગ્રહો સાથે આકાશ ચલાયમાન થવા લાગ્યું. રસાતળ પાતાળમા અને દિશાઓમા પડઘા પડવા માંડયા. વજ્ર પડવાની બીકથી મનુષ્યો ધરણી ઉપર ઢળી પડયાં. ૧૨ સ્તનમા પીડા થવાથી આખરે તે મરણ પામી અને રાક્ષસી રૂપ ધારણ કરી મોઢું ફાડી હાથ પગ અને માથાના કેશને ફેલાવી વજ્રથી મારેલા વૃત્રાસુરની પેઠે ઢળી પડી. ૧૩ પૂતનાના દેહે પડતા પડતા છ ગાઉની અંદરના વૃક્ષોને ભાંગી ભુકો કરી નાંખ્યા. આ વાત મહા આશ્ચર્યજનક થઇ પડી. ૧૪ પૂતનાના મુખમા ભયંકર દાઢો હતી નાક પર્વતની ગુફા જેવું હતુ સ્તનો પર્વત ઉપરથી પડેલી મોટી શિલા જેવડાં હતા, માથાના કેશ રાતા રંગના હતા, આંખો અંધારી વાવના જેવી ઉંડી હતી, નિતંબ નદીના કિનારા જેવા ભયંકર હતા. હાથ પગ તથા સાથળ લાંબા અને પેટ પાણી વિનાના ધરો જેવું હતું. પૂતનાનું શરીર ભયંકર હતુ ગોવાળિયા ને ગોપિકાઓનાં હૃદય કાન અને મસ્તક પૂતનાની મરણ ચીસ સાંભળી ફુટી ગયા તેઓ ભયંકર કલેવરને જોઇને ત્રાસ પામ્યાં. ૧૭ પછી ગભરાટમાં પડેલી ગોપીઓએ તેની છાની ઉપર રમતા ભગવાનને ઉપાડી લીધા. ૧૮ ગોપીઓએ યશોદા રોહિણીની સાથે બાળકની ઉપર ગાયનું પુંછડું ફેરવ્યું તેની ચારે તરફથી રક્ષા કરી. ૧૯ ગોમૂત્રથી નવરાવી ફરીથી ગાયના પગની રજ અને ગાયનું છાણ શરીર ઉપર ચોપડયુ. તે પછી શુદ્ધ જળથી નવરાવી બાર અંગોની ભગવાનના નામો લઇને રક્ષા કરી. ૨૦ પછી ગોપીઓએ જળનું આચમન લઇ દેહમા પ્રથમ અંગન્યાસ તથા કરન્યાસ કરી બાળકના અંગમાં બીજન્યાસ કર્યા ૨૧ અજન્મા ભગવાન તારા પગની મણિમાન પ્રભુ તારા ઘુંટણની યજ્ઞ પુરૂષ સાથળની, અચ્યુત કંઠની, હયગ્રીવ પેટની કેશવ હૃદયની ઇશ્વર વક્ષ સ્થળની ઇંદ્ર કંઠની વિષ્ણુ ભુજાની ઉરૂક્રમ મુખની અને પરમેશ્વર મસ્તકની રક્ષા કરો ૨૨ ચક્રધારી ભગવાન તારી આગળ રહો ગદાધારી ભગવાન તારી પાછળ રહો, ધનુર્ધર મધુસૂદન અને ખડગધારી અજન્મા તારા બે પડખા ઉપર રહો, શંખધારી ભગવાન તારા ચારે ખુણામા રહો. તાર્ક્ષ્ય નીચે રહો હલધર સર્વ ઠેકાણે રહો. ૨૩ હૃષીકેશ ઇંદ્રિઓની રક્ષા કરો અને યોગેશ્વર મનની રક્ષા કરો શ્વેત દ્વીપના પતિ ચિત્તની રક્ષા કરો અને યોગેશ્વર મનની રક્ષા કરો. ૨૪ પૃશ્નિગર્ભ તારી બુદ્ધિની રક્ષા કરો, પરમાત્મા

તારા અહંકારની રક્ષા કરો, રમતાં ગોવિંદ તારૂં રક્ષણ કરો, સુતાં માધવ તારૂં રક્ષણ કરો, ૨૫ વૈકુંઠ ગમનમાં રક્ષણ કરો, બેસતાં લક્ષ્મીપતિ તારૂં રક્ષણ કરો અને ભોજન કરતાં સર્વ દુષ્ટોને ભય આપનાર યજ્ઞભોક્તા તારૂં રક્ષણ કરો. ૨૬ ડાકણો રાક્ષસીઓ કુષ્માણ્ડો બાળગ્રહો ભૂત પ્રેત પિશાચ યક્ષ રાક્ષસ વિનાયક ૨૭ કોટરા રેવતી જ્યેષ્ઠા પૂતના માતૃકા દેવીઓ દેહ પ્રાણ ને ઇંદ્રિયોનો દ્રોહ કરનાર ઉન્માદ અને અપસ્માર સ્વપ્નમાં દીઠેલા મોટા ઉત્પાતો તથા વૃદ્ધ અને બાળકોના ગ્રહો જેઓ વિષ્ણુનું નામ લેવાથી ડરે છે, તેઓ નાશ પામો. ૨૯

શુકદેવજી કહે છે કે—ગોપિકાઓએ બાળકની રક્ષા કર્યા પછી યશોદાએ તેને ધવરાવી સુવાડી દીધો. ૩૦ મથુરાથી વ્રજમાં આવેલા નંદાદિક ગોવાળિયાઓ પૂતનાના વિકરાળ શરીરને જોઇ આશ્ચર્ય પામ્યા. ૩૧ તે કહેવા લાગ્યા કે—વસુદેવજી ખરેખર ઋષિ અથવા યોગેશ્વર છે કારણ કે તેમણે જે ઉત્પાત માટે આપણને કહ્યું હતું તે ઉત્પાત થયો. ૩૨ આમ વાતચીત કરીને ગોવાળિયાઓએ પૂતનાના શરીરને કાપી તેના સર્વ અવયવોને દૂર ફેંકી દીધા. તેના શરીરને લાકડામાં બાળી દીધું. ૩૩ શ્રીકૃષ્ણે ઉપભોગ કરવાથી જેનાં પાપો નાશ પામ્યા હતા એવી પૂતનાનો દેહ ભડભડાટ બળવા માંડ્યો, એટલે તેમાંથી અગરૂ ચંદનના જેવી સુગંધી નીકળી. ૩૪

આ પ્રમાણે બાળકોને મારતી અને રૂધિરનું પાન કરતી પૂતના શ્રીહરિના મુખમાં સ્તન આપી સદ્‌ગતિને પામી. ૩૫ ત્યારે શ્રદ્ધા અને ભક્તિથી પરમાત્મા શ્રી કૃષ્ણને ભજનાર સદ્‌ગતિ પામે એમાં શું આશ્ચર્ય ? ગાયો ગોપિકાઓ વત્સહરણની લીલામાં ભગવાનની માતાઓ થવાથી સદ્‌ગતિ પામી હતી. ૩૬ ભક્તોના હૃદયમાં રહેનાર અને લોકો જેને વંદન કરે છે એવા મનુષ્યોથી વંદાતા ચરણોવડે ભગવાને જેનાં અંગને દબાવીને પયપાન કર્યું હતું તે ભગવાનની માતાની ગતિને પામી ત્યારે ગાયો તથા ગોપીઓ કે જેઓના સ્તનનું દૂધ ભગવાન પીતા હતા તેઓને સદ્‌ગતિ મળે એમાં શું આશ્ચર્ય ? હે રાજન ! મોક્ષાદિક સર્વ વસ્તુ આપનાર ભગવાને પુત્ર સ્નેહથી ઝરતાં જેમનાં દૂધ પીધાં હતાં તે નિરંતર શ્રીકૃષ્ણ ઉપર પુત્રદૃષ્ટિ રાખતી ગોપીઓને અજ્ઞાનથી ઉત્પન્ન થનારો સંસાર ફરીને આવ્યો નહિ. વ્રજવાસીઓ શબના ધુમાડાની સુગંધથી આ શું ? એમ બોલતા વ્રજમાં ગયા. ૪૧ ગોવાળિયાઓએ પૂતનાના આવવા વગેરેથી માંડીને મરણ સુધીની વાત કહી, તે સાંભળી તેઓ આશ્ચર્ય પામ્યા. ૪૨ ઉદાર બુદ્ધિવાળા નંદ જાણે ફરી જીવતા થયા હોય એવા પુત્રને જોઇ તેનું મસ્તક સુંઘી પરમ આનંદ પામ્યા. ૪૩ જે મનુષ્ય પૂતનાને મોક્ષ આપનારૂપી શ્રીકૃષ્ણ ભગવાનનું આ ચરિત્ર શ્રદ્ધાથી સાંભળે છે, તે શ્રીકૃષ્ણની ગતિ પામે છે. ૪૪

य एतत्पूतनामोक्षं कृष्णस्यार्भकमद्भुतम् ।
शृणुयाच्छ्रद्धया मर्त्यो गोविन्दे लभते रतिम् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे षष्ठोऽध्यायः

અધ્યાય ૭ મો.‡

માતાને કરાવેલું વિશ્વદર્શન.

श्रीशुक उवाच

येन येनावतारेण भगवान हरिरीश्वरः ।
करोति कर्णरम्याणि मनोज्ञानि च नः प्रभो

પરીક્ષિત રાજાએ પૂછ્યું કે—હે શુકદેવજી ! ભગવાન અવતાર લઇને જે જે ચરિત્રો કરે છે તે અમને મનને હરણ કરે એવાં પ્રિય લાગે છે ૧ ચરિત્રો સાંભળવાથી પુરૂષની

‡ આ અધ્યાયમા શ્રીકૃષ્ણે તૃણાવર્ત માર્યો અને માતાને વિશ્વદર્શન કરાવ્યુ એ કથા કહેવાય છે.

દિલગીરી અને તેને લીધે થતી નાના પ્રકારની તૃષ્ણા નાશ પામે છે, અંતઃકરણ શુદ્ધ થાય છે અને શ્રીહરિ ઉપર ભક્તિ થાય છે. તેમના દાસની મિત્રતા થાય છે. તમારે મારા ઉપર જો અનુગ્રહ કરવો હોય તો તમે મને શ્રીહરિનું ચરિત્ર સંભળાવો. ૨ મનુષ્ય લોકમાં અવતાર લઈ મનુષ્યના જેવું આચરણ કરનાર શ્રીકૃષ્ણનું જે અદ્‌ભુત ચરિત્ર હોય તે મને સંભળાવો. ૩

શુકદેવજી કહે છે કે—હે રાજન ! બાળકના અંગપરિવર્તન નિમિત્તના અભિષેકનો મહોત્સવ હતો અને તે દિવસે જન્મ નક્ષત્રનો પણ યોગ હતો. મહોત્સવમાં યશોદાએ સર્વ સ્ત્રીઓની સાથે ગીત વાદિત્ર વગાડતાં સ્વસ્તિવાચનની શોભા સાથે પુત્રને અભિષેક કર્યો. ૪ તેને નવરાવી વસ્ત્રો માળાઓ પહેરાવ્યાં. પ્રિય વસ્તુઓ તથા ગાયો દાન કરી જેમનો સત્કાર કરવામાં આવ્યો હતો એવા બ્રાહ્મણો પાસે આશીર્વાદ દેવરાવ્યો એટલામાં ભગવાનની આંખમા નિદ્રા ભરાયાથી યશોદાએ એક ગાડાની નીચે ઝોળીમાં સુવાડયા. યસોદાનું મન અંગ પરિવર્તનના ઉત્સવમાં હતું અને પોતાને ત્યાં આવતાં વ્રજવાસીઓનો આદર સત્કાર કરવામા તે ગુંથાયલા હતાં તેથી પુત્રનું રડવું તેમણે સાભળ્યુ નહિ. ભગવાને ધાવવાને રડતાં પોતાના પગ ઉચા કર્યા. ૬ ગાડાની નીચે સુતેલા તેમના સુકુમાર પગ વાગવાથી ગાડું ઉંધુ પડી ગયું અને તેમાં નાના પ્રકારના રસથી ભરેલા વાસણો હતાં તે ભાગીને ભુકો થઈ ગયાં. પૈડાં ધરી અને ધોસરૂં ભાંગી ગયું. યશોદા અંગપરિવર્તનની ક્રિયા માટે આવેલી સ્ત્રીઓ તથા નંદાદિક ગોવાળિયા આ અદ્‌ભુત દેખાવ જોઇ ગભરાયા અને કહેવા લાગ્યા કે આ ગાડું પોતાની મેળે કેમ ઉધું પડી ગયુ ? કૌતુહલથી તેઓ ગાડાને ચોતરફથી નિરખવા લાગ્યા. ત્યા રમતા બાળકોએ જેમના મનમાં નિશ્ચય થયો ન હતો એવા ગોવાળિયાઓ અને ગોપીઓને કહ્યું કે આ બાળકે રડતાં રડતાં પાટુ મારીને ગાડાને ઉંધું નાંખ્યું તેમાં જરા પણ સંશય નથી. ગોવાળિયાઓએ બાળકોનું કહેવું ન માન્યું, કારણ કે તેઓ શ્રીકૃષ્ણના અમાપ બળને જાણતા ન હતા. ૧૦ યશોદા શંકાથી રડતાં બાળકને પોતાના ખોળામાં લઈ બ્રાહ્મણોની પાસે વેદના મંત્રોથી સ્વસ્તિવાચન કરાવવાને ધવરાવવા લાગ્યાં ૧૧ બળશાળી ગોવાળિયાઓએ સામાન સાથે ઉંધા પડી ગયેલા ગાડાને પ્રથમની પેઠે ઉભું કર્યું. બ્રાહ્મણોએ ગ્રહાદિકનો હોમ કરી દહીં અક્ષત દર્ભ ને જળથી ગ્રહોનું પૂજન કર્યું. ૧૨ જેઓ અસુયા અસત્ય ભાષણ દંભ ઇર્ષ્યા હિંસા ને અભિમાન વિનાના છે તેઓના આશીર્વાદો નિષ્ફળ જતા નથી. ૧૩ આવો વિચાર કરી સાવધાન મને નંદરાયે ઉત્તમ બ્રાહ્મણોની પાસે સામવેદ ઋગ્વેદ તથા યજુર્વેદના મંત્રોથી સંસ્કારવાળાં કરેલાં અને જેમાં પવિત્ર ઔષધિઓ નાખી હતી એવા જળથી પુત્રને અભિષેક કરાવી સ્વસ્તિવાચન કરાવ્યું. પછી અગ્નિમા ગ્રહોનો હોમ કરી બ્રાહ્મણોને ભોજન કરાવ્યું. પુત્રના કલ્યાણ માટે વસ્ત્ર માળા અને સુવર્ણની માળાવાળી શણગારેલી ગાયો દાનમા આપી અને બ્રાહ્મણોએ આશીર્વાદ દીધો. ૧૧ જે બ્રાહ્મણો વેદના મંત્રો જાણનાર છે, તેઓએ આપેલા આશીર્વાદો કોઈ દિવસ નિષ્ફળ જતા નથી. ૧૭

એક દિવસ યશોદા પુત્રને ખોળામાં લઈને રમાડતાં હતાં એટલામાં તેને પુત્રનો મોટા પર્વતના શિખર જેટલો ભાર લાગ્યો. પોતે ભાર સહન કરી શકયા નહિ. ૧૮ તેથી આશ્ચર્ય પામી તેને ભૂમિ ઉપર બેસાડી દીધો. પછી મનમાં પરમાત્માનું ધ્યાન કરી ઘરના કામકાજમાં વળગ્યાં. ૧૯ કંસનો સાથી અને કંસે મોકલેલો તૃણાવર્ત નામે

દૈત્ય વંટોળિયા વાયુને રૂપે ત્યાં આવી જમીન ઉપર બેઠેલા ભગવાનને આકાશમાં લઇ ગયો.૨૦ વંટોળિયા વાયુએ આખા ગોકુળને ધૂળથી ઢાંકી દીધું. લોકોનાં નેત્રોને મીંચાવી દીધાં અને મહાભયંકર શબ્દથી દિશાઓને તથા ખુણાઓને ગજાવી મૂકયા. ૨૧ બે ઘડી સુધી આખું ગોકુળ ધૂળથી અને અંધારાથી ઘેરાયલું રહ્યું. યશોદાએ આવીને જોયું તો જ્યાં પોતે પુત્રને મૂકયો હતો ત્યા તેને દીઠો નહિ. તૃણાવર્તે ઉડાડેલી રેણુથી દુઃખી થઇ ગયેલાં અને ગભરાટમા પડી ગયેલાં કોઇ પણ મનુષ્ય પોતાને કે પરને જોઇ શકતાં ન હતાં.૨૩ તીક્ષ્ણ વંટોળિયો વાયુ વાવાથી ચારે તરફ ધૂળનો વરસાદ વરસતો હતો તેને લીધે યશોદા શોધવા લાગ્યાંપણ પુત્ર હાથ આવ્યો નહિ. અતિ દયા ઉપજે તે રીતે પુત્રને સંભારતાં તે રોવા લાગ્યા. જેનું વાછડુ ગયું હોય એવી ગાયની પેઠે તે ધરણી ઉપર ઢળી પડયાં. ૨૪ પવન શાંત પડવાથી ધૂળની વૃષ્ટિનો વેગ બંધ પડયો એટલે ત્યાં ઉભેલી ગોપિકાઓ યશોદાનું રડવું સાંભળી અત્યંત સંતાપ કરવા લાગી. આંખમાંથી પડતાં અશ્રુઓથી તેમનાં મુખ ભીંજાઇ ગયાં નંદપુત્રને નહિ જોવાથી તેઓ પણ રડવા લાગી. વંટોળિયા પવનનું રૂપ ધારણ કરનાર તૃણાવર્ત દૈત્ય કે જે શ્રીકૃષ્ણને ઉપાડીને આકાશમાં ગયો હતો તે ભગવાનનો ઘણો ભાર લાગવાથી આગળ જઈ શકયો નહિ. ૨૬ ઘણો ભાર લાગવાથી તૃણાવર્ત કાયર થઇ ગયો ભગવાન તેને ગળે બાઝી પડયા, તેથી તૃણાવર્ત તેમનો ત્યાગ કરી શકયો નહિ ૨૭ એટલામાં ભગવાને ગળુ પકડવાથી તે ગુંગળાવા લાગ્યો. તેની બે આંખો નીકળી પડી, સાદ ફાટી ગયો અને બાળકની સાથે પ્રાણ રહિત થઇને વ્રજમાં પડયો. ૨૮ તે ભયંકર દૈત્ય આકાશમાથી એક મોટી શિલા ઉપર પડયો અને શંકરના બાણથી વિંધાઇ ગયેલા ત્રિપુરાસુરના જેમ ચુરેચુરા થઇ ગયા હતા, તેમ તૃણાવર્તના અવયવો ભાગી ગયા, ત્યાં એકઠી મળીને રડતી સ્ત્રીઓએ તેને દીઠો. ૨૯ શ્રીકૃષ્ણ ભગવાન કે જેને રાક્ષસ આકાશમાં લઇ ગયો હતો છતાં જે કુશળ અને મૃત્યુના મુખમાંથી મુકત થઇ તે રાક્ષસની છાતી ઉપર લાંબા થઇ સુતા હતા તેમને ગોપીઓએ તેડી લીધા ને માતાને સોંપ્યા. નંદાદિક ગોવાળિયા અને યશોદાદિક ગોપીઓ ફરીને નષ્ટપ્રાય પુત્રને પામી આનંદિત થઈ. તેઓ બોલી કે ૩૦ અહો આને રાક્ષસે મારી નાંખ્યો હતો તોપણ જીવતો થયો એ અત્યંત આશ્ચર્ય જેવું છે. ધર્મનો જય છે. હિંસા કરનાર ખળ પોતાના પાપથીજ માર્યો જાય છે. સત્પુરૂષ પોતાના સ્વભાવને લીધે ભયમાંથી મુકત થાય છે. મેં ભગવાનનું કેવું પૂજન કર્યું હશે ? તેમ જળાશયો ખોદાવ્યાં હશે ? કયા યજ્ઞો કર્યા હશે ? કયાં દાન કર્યાં હશે ? અથવા પ્રાણીઓ ઉપર કેવી દયા કરી હશે ? કે જેના પ્રભાવથી પોતાના સંબંધીઓને આ આવી મળ્યો. નંદજી ગોકુળમાં ઘણા અદભુત બનાવ જોઈ આશ્ચર્ય પામ્યા અને વસુદેવનાં વચનને સત્ય માનવા લાગ્યા. ૩૩

એકવાર સ્નેહમાં તન્મય થઇ યશોદાજી ખોળામાં કૃષ્ણને લઈ ધવરાવવા લાગ્યાં. હે રાજન ! યશોદાજી ઘણું કરીને ધાવી રહેલા બાળકના મધુર મંદ હાસ્યવાળા મુખને હાથવતી રમાડવા લાગ્યાં એટલામાં તેણે બગાસું ખાધું તો તેના મુખમાં આકાશ સ્વર્ગ પૃથ્વી તારામંડળ દિશાઓ સૂર્ય ચંદ્રમા અગ્નિ વાયુ સમુદ્રો દ્વીપ પર્વતો નદીઓ વન તથા સર્વ સ્થાવર જંગમ પ્રાણીઓ જોવામાં આવ્યાં હે રાજન ! પુત્રના મુખમાં બ્રહ્માંડ જોઇને યશોદાને એકાએક ધ્રુજારી છુટી અને અત્યંત આશ્ચર્ય પામી આંખો મીંચી દીધી. ૨૭

सा वीक्ष्य वि[illegible] सहसा राजन् संजातवेपथुः
संमील्य मृगशावाक्षी नेत्रे आसीत्सुविस्मिता

इतिश्रीमद्भागवते म[illegible]पुराणे दशमस्कंधे
सप्तमो[illegible]ः

અધ્યાય ૮ મો.†

નામકરણ સંસ્કાર.

શ્રીશુક ઉવાચ.

गर्गः पुरोहितो राजन् यदूनां सुमहातपाः ।
व्रजं जगाम नन्दस्य वसुदेवप्रणोदितः ॥ १ ॥

શુકદેવજી કહે છે કે—હે રાજન ! યાદવોના પુરોહિત ગર્ગ મહા તપસ્વી હતા તે વસુદેવની પ્રેરણાથી ગોકુળ ગયા. ૧ ગર્ગાચાર્યને જોઇને નંદ પ્રસન્ન થયા ને બે હાથ જોડી પ્રણામ કરી અર્ઘપાદ્ય આપ્યાં. પછી નંદજી મધુર વાણીથી બોલ્યા કે—હે મહારાજ ! આપ સર્વ વાતે સંપૂર્ણ છો, આપનું અમે શું પ્રિય કરીએ ? ૩ આપના જેવા મહાપુરૂષોનું ફરવું મંદ બુદ્ધિવાળા ગૃહસ્થાશ્રમીઓના કલ્યાણ માટે હોય છે, પોતાના સ્વાર્થને માટે હોતું નથી. ૪ આપે જ્યાં ઇન્દ્રિયો પણ પહોંચી શકતી નથી એવું સાક્ષાત્ જ્યોતિઃશાસ્ત્ર રચેલું છે કે જે જ્યોતિષ શાસ્ત્રથી પુરૂષ ભૂત અને ભવિષ્યનું ફળ જાણે છે. ૫ આપ જ્યોતિષ શાસ્ત્રના રચનાર ને વેદવેત્તા છો તેથી આ બન્ને બાળકને સંસ્કાર કરવાને યોગ્ય છો. હું તમારો ગુરૂ નથી એમ કહેતા નહિ, કારણ કે બ્રાહ્મણ તો જન્મથીજ સર્વનો ગુરૂ ગણાય છે.

ગર્ગાચાર્ય બોલ્યા કે—હું યાદવોનો આચાર્ય છું અને પૃથ્વી ઉપર તેમના પુરોહિત તરીકે પ્રખ્યાત છું માટે હું જો તમારા પુત્રને સંસ્કાર કરીશ તો કંસ—આ દેવકીનો પુત્ર છે એવું માનશે ૭ પાપ બુદ્ધિવાળો કંસ તમારે અને વસુદેવને મિત્રતા છે તેનો વિચાર કરશે અને દેવકીની પુત્રીએ કહેલું વચન સંભારી દેવકીનો આઠમો ગર્ભ સ્ત્રી થવો જોઇએ નહિ એવો વિચાર કરશે, તેથી તે તમારા પુત્રોનો નાશ કરે તો તે અશુભ થયું ગણાશે. નંદે કહ્યું કે જો એમ હોયતો તમે વ્રજમાં એકાંતે લોકો જાણે નહિ તેમ સ્વસ્તિવાચન પૂર્વક દ્વિજ જાતના સંસ્કાર કરો. ૧૦

શુકદેવજી કહે છે કે—પોતાને જે વાત કર્તવ્ય હતી તેને માટે નંદે પ્રાર્થના કરી એટલે તેમણે એકાંતમાં જઇ શ્રીકૃષ્ણને બળદેવને નામકરણ સંસ્કાર કર્યો. રોહિણીના પુત્ર પોતાના ગુણોથી સંબંધીઓને રંજન કરશે માટે તે "રામ" કહેવાશે. અધિક બળ હોવાથી 'બળદેવ' કહેવાશે અને યાદવો, જેઓ છુટા છવાયા થઇ ગયા છે તેઓને એકત્ર કરશે અને તેઓમાં એક્ય કરશે તેથી સંકર્ષણ એમ પણ કહેવાશે. ૧૨ યુગે યુગે અવતાર ધરનાર તમારા પુત્રના શરીરના શ્વેત રક્ત તથા પીત એવા ત્રણ વર્ણ છે. તેમાંથી હમણાં તે કૃષ્ણવર્ણ અવતર્યા છે તેથી શ્રીકૃષ્ણ કહેવાશે. ૧૩ પૂર્વે કોઈ એકવાર તમારો શુભ લક્ષણવાળો પુત્ર વસુદેવને ત્યાં અવતર્યો હતો તેથી જ્ઞાનીઓ તેને 'વાસુદેવ' પણ કહેશે. ૧૪ તમારા પુત્રના ગુણ તથા કર્મોને અનુસરતાં ઘણાં નામ અને રૂપો છે તે સર્વ હું જાણું છું પરંતુ મનુષ્યો જાણતાં નથી. ૧૫ ગોવાળિયો તથા ગોકુળને આનંદ આપનાર આ બાળક તમારૂં કલ્યાણ કરશે અને તમે પરિશ્રમ વિના સર્વ સંકટોને તરી જશો. ૧૬ હે વ્રજરાય ! પૂર્વે જ્યારે રાજા ન હતો ત્યારે ચોર લોકોથી પીડાતા સત્પુરૂષોની તેમણે રક્ષા કરી હતી, ૧૭ માટે જે મહાભાગ્યશાળી મનુષ્યો આના ઉપરપ્રીતિ રાખશે તેમનો અસુરો જેમ વિષ્ણુના પક્ષવાળાઓનો પરાભવ કરી શકતા નથી તેમ શત્રુઓ પરાભવ કરી શકશે નહિ, ૧૮ માટે હે નંદ ! તમારો આ પુત્ર, ગુણ લક્ષ્મી કીર્તિ ને પ્રભાવમાં નારાયણના જેવો થશે, તમે સાવધાન રહી તેની રક્ષા કરજો.

† અધ્યાયમા ભગવાનના નામકરણ સંસ્કાર બાળાવસ્થાની ક્રીડા માટી ખાતા મુખ ફડાવ્યુ ત્યારે વિશ્વરૂપ દેખાડયુ, વગેરે કહેવાશે

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે શ્રી-કૃષ્ણ સંબંધી ભવિષ્ય કહી ગર્ગાચાર્ય ગયા તે બાદ નંદરાયે પોતાના સર્વ મનોરથો પૂર્ણ માન્યા. ૨૦ કેટલોક કાળ વીત્યા પછી બળદેવ ને કૃષ્ણ ગોકુળમાં રિંખતા રિંખતા રમવા લાગ્યા. ૨૧ બન્ને બાળકો પગમાં પહેરેલી ઝાંઝરીઓની ઘુઘરીઓના શબ્દથી મનોહર લાગે તેમ પોતાના બન્ને પગને ઘસડતા વ્રજના કાદવમાં ઉતાવળા રિંખતા, ઘુઘરીઓના શબ્દથી મનમાં પ્રસન્ન થતા અને જતા આવતા લોકોની પાછળ ત્રણ ચાર પગલાં જઇ અણુસમજુ તથા ભયભીતની પેઠે પાછા પોતાની માતાની પાસે દોડી જતા હતા. ૨૨ તેમની માતા કે જેમને હર્ષથી પાનો ચઢતો તે ચંદનના લેપથી સુંદર બાળકોને હાથવતી છાતી સરખા ચાંપતી ધવરાવતી અને ધાવતી વેળા મંદ હાસ્ય તથા થોડા દાંતવાળા મુખને જોઇ પ્રસન્ન થતી. ૨૩ જ્યારે તેમની સુકુમાર અવસ્થાની લીલાઓ સ્ત્રીઓને જોવા જેવી થતી ત્યારે તે બન્ને બાળકો વ્રજમાં વાછડાંનાં પુંછડાં પકડી ઉભા રહેવા લાગ્યા અને વાછડાં તેમને આમ તેમ ઘસડી જતાં. તે લીલા ગોપીઓ ઘરનાં કામકાજ છોડીને જોતી. હસતી ને પ્રસન્ન થતી. ૨૪ રમતીઆળ અને અત્યંત ચપળ એવા તેમને શિંગડાં વાળાં પશુઓથી અગ્નિથી દાઢવાળાં પ્રાણીથી હથિયારથી પાણીથી પક્ષીથી અને કાંટા ઓથી સાચવવા તેમની માતાઓ ઘરમાં કામ પણ કરતી નહિ તેમના મનની સ્થિતિ અત્યંત ચંચળ રહેતી. ૨૫ હે રાજર્ષિ! થોડા કાળમાં બળદેવ અને શ્રીકૃષ્ણ ગોકુળમાં ઘુંટણ ઘસડયા વિના પગે ચાલીને રમવા લાગ્યા. ૨૬ શ્રીકૃષ્ણ બળદેવ તથા પોતાની સમાન અવસ્થાના વ્રજના બાળક મિત્રોની સાથે ગોપીઓને આનંદ ઉપજે એવી રીતે વિહાર કરવા લાગ્યા. ૨૭ વ્રજની ગોપીઓ શ્રીકૃષ્ણની મનોહર લાગે એવી બાલ્યાવસ્થા જોઇ કોઈ સમયે સર્વ એકઠી મળી યશોદાના સાંભળતાં કહેતી કે— ૨૮ હે યશોદા! અમારૂં મન જ્યારે ઘરના કામમાં હોય છે ત્યારે તમારો પુત્ર સમય વગર વાછડાં છોડી મૂકે છે અને તેને લઢીએ છીએ ત્યારે હસે છે. ચોરીથી દહીં દૂધ લઇને ખાઇ જાય છે; ખાઇને વાનરોને વહેંચી આપે છે અને જો વાનર ધરાઇ રહેવાથી ખાતા નથી તો પોતે ઢોળી નાંખે છે ‘ દૂધ દહીં સંતાડી રાખીએ પણ શું, કારણ કે વસ્તુ જડતી નથી ત્યારે ચીઢાઈ નિદ્રાવશ બાળકોને રોવરાવી નાશી જાય છે. કોઇ વસ્તુ હાથમાં ન આવે તેમ ઉંચી મૂકીએ છીએ તો તે પાટલા ઢાળી તેની ઉપર ખાંડણિયા વગેરે મૂકી લેછે કોઇ વસ્તુ વાસણમાં મૂકીને, સિંકે મૂકીએ છીએ તો તે લેવા જાણી જોઇને તે વાસણમાં છિદ્ર પાડે છે. જો વસ્તુઓ અંધારામાં રાખીએ છીએ તો સર્વ વસ્તુઓને દેખાનડાર મણિઓ પોતાના અંગ ઉપર ધારણ કરીને આવે છે કે જેથી સર્વ પદાર્થ જોવામાં આવે જ્યારે ચોરી કરતાં દેખીએ છીએ, ત્યારે અરે ચોર! એમ કહીને બોલાવીએ છીએ, તો કહે છે કે, ‘ ચોર તો તું, હું તો ઘરનો ધણી છું, ’ ઘરમાં ઝાડે ફરી જાય છે મૂતરી જાય છે અને ચોરીથી પોતાનું કામ કર્યા પછી તમારી પાસે ચોખ્ખો હોય તેમ ઉભો રહે છે. ભય ભરેલાં નેત્રવાળા ભગવાનના મુખ તરફ જોઈ ગોપીઓએ યશોદાની આગળ સર્વ વાત નિવેદન કરતી તે સાંભળીને યશોદાજી હસી પડતાં, પરંતુ પુત્રને ઠપકો આપવાની હિંમત કરતાં નહિ. ૩૧ કોઇ વાર રમતાં બળદેવાદિ ગોવાળિયાના છોકરાઓએ યશો-દાને કહ્યું કે, શ્રીકૃષ્ણે માટી ખાધી છે. ૩૨ તે ઉપરથી શ્રીકૃષ્ણનું હિત ઇચ્છતાં યશોદા હાથવતી તેમને પકડી ભયથી ચક-ળવકળ જોતાં શ્રીકૃષ્ણને કહેવા લાગ્યાં કે,

તેં છાનામાંના શા માટે ખાધી ? શ્રીકૃષ્ણ બોલ્યા કે—મેં માટી ખાધી નથી. એટલે યશોદા બોલ્યાં કે,—આ તારા મિત્રો કહે છે અને આ તારો મોટો ભાઈ પણ કહે છે. ૩૪ શ્રીકૃષ્ણે કહ્યું કે—હે માતુશ્રી ! મે માટી ખાધી નથી; તે સર્વ છોકરા જુઠું બોલે છે, જો તેઓ ખરૂં કહેતા હોય તો તમે મારૂં મુખ જુઓ. ૩૫ યશોદાજી બોલ્યાં કે, જો એમ હોય તો ઉઘાડ. યશોદાએ આમ કહ્યું કે, ક્રીડા માટે બાળક થયેલા અને અખંડ ઐશ્વર્યવાળા ભગવાન શ્રીહરિએ પોતાનું મુખ ઉઘાડયું. યશોદાએ મુખમાં સ્થાવર જંગમાત્મક જગત આકાશ દિશાઓ પર્વતો દ્વીપો સમુદ્રો ભૂગોળ પ્રવાહવાળો વાયુ વિજળી ચંદ્રમા તારા સ્વર્ગલોક જળ તેજ વાયુ આકાશ ઇંદ્રિયોના દેવતાઓ ઇંદ્રિયો શબ્દાદિક તન્માત્રાઓ ત્રણ ગુણ જીવ કાળ સ્વભાવ કર્મ કર્મના સંસ્કારરૂપ અંતઃકરણ અને તેથી થતાં જુદા જુદાં શરીરો તથા પોતાની સાથે આખા વ્રજને જોયું. આ જોઇને યશોદાજી ગભરાયાં અને વિચાર કરવા લાગ્યાં કે, આ તે શુ સ્વપ્ન હશે ? ના, સ્વપ્ન તો નથી ત્યારે શું ઇશ્વરી માયા હશે ? ના, માયા પણ નહિ કારણ કે, માયા હોય તો બીજાઓ કેમ દેખતા નથી ? ત્યારે શું આરીસામાં જેમ મુખ ઉલટું દેખાય છે તેમ મારી બુદ્ધિને મોહ થયો હશે ? ના એમ પણ નથી, કારણ કે એમ હોય તો શ્રીકૃષ્ણ પોતે અંદર ન દેખાવા જોઇએ, પરંતુ આતો તે દેખાય છે. જગત્ પણ બહાર તથા અંદર એક રૂપે દેખાવું ન જોઇએ પણ તેય દેખાય છે માટે આમાં સ્વપ્નાદિક કંઇ કારણ નથી પરંતુ એ તો મારા પુત્રનું જન્મની સાથે કોઇ ઐશ્વર્ય છે. ૪૦ છેવટે છેલ્લા પક્ષનો આશ્રય કરી આ ઇશ્વર છે એવો નિશ્ચય કરી યશોદા બોલ્યાં કે, આ જગત જે ચિત્ત મન કર્મ અને વાણીવડે જાણવામા આવતું નથી તે જગત જેને આધારે રહેલું છે જેનાવડે અને જેથી પ્રગટ થાય છે તે પરમાત્માના કોઈથી પણ જાણી શકાય નહિ તેવા ચરણને હું પ્રણામ કરૂંછું. ૪૧ હું યશોદા છું, આ મારો પતિ છે, આ મારો પુત્ર છે, હું નંદરાયના સર્વ ધનની ધણિયાણી તથા તેની સ્ત્રી છું અને ગાયોનાં ટોળાની સાથે ગોપીઓ તથા ગોવાળિયાઓ મારા છે, એવું જેની માયાથી સમજાય છે તે ઇશ્વર મારી ગતિ થાઓ. ૪૨ યશોદાને પરમાત્મ તત્ત્વનું જ્ઞાન થયું કે, વ્યાપક એવા પરમેશ્વરે પુત્રના સ્નેહ કરાવનારી માયા ફેલાવી એટલે યશોદાની સ્મૃતિ પાછી નાશ પામી અને તે પોતાના પુત્રને ખોળામાં બેસાડી પ્રથમની માફક હૃદયમાં વૃદ્ધિ પામેલા સ્નેહથી રમાડવા લાગ્યાં ૪૪ કર્મકાંડરૂપ વેદો જેને ઇંદ્રિયાદિક રૂપે વર્ણવે છે ઉપનિષદો જેને બ્રહ્મરૂપે વર્ણવે છે સાંખ્ય જેને પુરૂષરૂપે વર્ણવે છે યોગ્યશાસ્ત્ર જેને પરમાત્મારૂપે વર્ણવે છે અને ભંકતો જેને ભગવાનરૂપે વર્ણવે છે તે સાક્ષાત્ શ્રીહરિને યશોદાએ પાછા પોતાના પુત્ર માન્યા. ૪૫

પરિક્ષિત રાજાએ પૂછયું કે—હે મહારાજ ! નંદે એવું શું પુણ્ય કર્યું હતું કે, ભગવાન તેમને ત્યા અવતર્યા ? મહાભાગ્યશાળી યશોદાએ એવું શું પુણ્ય કર્યું હતું કે, શ્રીહરિએ તેમના સ્તનનુ પાન કર્યું ? ૪૬ લોકોના પાપોનો નાસ કરનાર કૃષ્ણનાં ઉદાર બાળચરિત્ર જેને કવિઓ અદ્યાપિ ગાય છે તેનો અનુભવ તેમનાં ખરાં માત પિતાને થયો નહિ ને નંદ યશોદાને થયો, તેનું શું કારણ ? ૪૭

શુકદેવજી બોલ્યા કે—હે રાજન ! આઠ વસુઓમાં મોટો દ્રોણ નામે એક વસુ હતો, તેને તેની સ્ત્રી સાથે ગાયોની રક્ષા કરવા બ્રહ્માએ મોકલ્યો હતો તેણે આજ્ઞા માથે ચડાવી બ્રહ્માને કહ્યુ કે, પૃથ્વી ઉપર અમારો જન્મ

થાય ત્યાં વિશ્વના ઈશ્વર એવા મહાદેવ શ્રી હરિ ઉપર અમારી બન્નેની પરમ ભક્તિ થાઓ, એવું અમે માંગીએ છીએ કારણ કે, ભક્તિથી મનુષ્ય દુર્ગતિને તરી જાય છે. ૪૯ અસ્તુ, તમારી ભગવાન ઉપર પરમ ભક્તિ થશે. એમ કહી કીર્તિવાળો દ્રોણ વ્રજમાં નંદ નામે ગોપ થયો અને તેની સ્ત્રી ધરા યશોદા થઇને અવતરી. ૫૦ હે રાજા ! તેને લીધે ગોવાળિયા તથા ગોપીઓને શ્રીકૃષ્ણ ઉપર જો કે ભક્તિ હતી તોપણ નંદ અને યશોદાને પુત્ર થયેલા ભગવાન ઉપર વધારે ભક્તિ હતી. ૫૧ વ્યાપક એવા શ્રીકૃષ્ણે બ્રહ્માની આજ્ઞા પ્રમાણે બળદેવજી સાથે વ્રજમા રહીને પુત્રને છાજે એવી બાળલીલાથી ગોપ ગોપીઓને લ્હાવો લેવરાવી પ્રસન્ન કર્યાં.

कृष्णो ब्राह्मण आदेशं सत्यं कर्तुं व्रजे विभुः
सहरामो वसंश्चक्रे तेषां प्रीतिं स्वलीलया ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
अष्टमोध्यायः

અધ્યાય ૯ મો.*

શ્રીકૃષ્ણનું બંધાવું.

श्रीशुक उवाच.

एकदा गृहदासीषु यशोदा नंदगेहिनी ।
कर्मांतरनियुक्तासु निर्ममंथ स्वयं दधि ॥१॥

શુકદેવજી કહે છે કે–એક દિવસ દાસીઓ બીજા કામમા રોકાયેલી હતી તેથી યશોદા પોતે દહીં વલોવવા લાગ્યાં ૧ દહીં વલોવતાં ભગવાનના બાળચરિત્રો સંભારી તેનાં ગીત ગાવા લાગ્યાં ૨ યશોદાએ રેશમી વસ્ત્ર અને કુંડળ પહેર્યાં હતાં, શરીર આમ તેમ ડોલવાથી હાલતું હતુ, નેતરું ખેંચવાના પરિશ્રમથી હાથનાં કડા અને કુંડળો હાલતા હતા મુખ ઉપર પરસેવો થયો હતો અને કેશપાશમાંથી માલતીનાં પુષ્પો ખરી પડતાં હતાં ૩, એટલામાં શ્રીહરિ ધાવવાની ઇચ્છાથી દધિમંથન કરતાં માતાની પાસે આવ્યા અને રવૈને પકડી તેમને દહીં વલોવતાં અટકાવ્યાં. ૪ યશોદા ભગવાનને ખોળામાં લઇ ધવરાવવા અને તેમનું મંદ મંદ હસતું મુખ જોવા લાગ્યાં. દેવતા ઉપર ઉનું કરવા મૂકેલું દૂધ એટલામાં ઉભરાઇ જવા લાગ્યું તેથી તેમને મૂકી ઉતાવળાં ઉઠી દોડયાં. ૫ શ્રી કૃષ્ણને ક્રોધ ચઢયો અને દાંતવતી ફરકતા રાતા ઓષ્ઠને ડસી અશ્રુઓ લાવી દહીંની ગોળીને પત્થર મારી ફોડી નાખી પછી ઘરમાં જઇ એકાંતમાં ઉભા રહી, માખણ ખાવા લાગ્યા. ૬ ઉનું થયેલું દૂધ ઉતારી યશોદા પાછાં ફર્યાં અને દહીંનું વાસણ ભાંગેલું જોઇને આ કામ એનુંજ છે, એમ કહી હસ્યાં અને આસપાસ જોવા લાગ્યાં તો તે જણાયા નહિ. ૭ ઘરની અંદર જઇને જોયું તો શ્રીકૃષ્ણ ખાંડણિયાને ઉંધો પાડી તેની ઉપર ઉભા હતા અને શિંકેથી માખણ લઇને ઇચ્છા પ્રમાણે વાનરાંને ખવરાવતા હતા, ચોરી કરવાથી નેત્ર ચકળવકળ થતાં હતાં, તેમને જોઇ ધીરે ધીરે પાસે ગયાં. શ્રીકૃષ્ણ યશોદાને હાથમાં લાકડી લઇને આવતાં જોઇ ખાંડણીયા ઉપરથી નીચે ઉતરી બીનેલાની પેઠે નાઠા. યોગીઓનું તપશ્ચર્યાવડે તદાકાર થયેલું મન પણ જેને પહોંચી શકતું નથી, એવા ભગવાનને પકડવા યશોદા પાછળ દોડયાં તોપણ પકડાયા નહિ. ૯ યશોદા ભારે શરીરને લીધે વચ્ચે વચ્ચે અટકી પડતાં હતાં અને ઉતાવળે દોડવાથી છુટી પડેલા કેશપાશમાંથી પુષ્પો વેરાતાં હતાં. છેવટે શ્રીકૃષ્ણને તેમણે પકડી પાડયા. ૧૦ અપરાધી શ્રીકૃષ્ણ રડવા લાગ્યા અને બે હાથથી આંખો ચોળી ભયથી વિહ્વળ નેત્રવડે સામું જોવા લાગ્યા. યશોદા તેમને હાથવતી પકડીને લડવા લાગ્યાં. ૧૧ પુત્રને

* આ અધ્યાયમા દૂધ ઉતારવા જતા યશોદા તે ઉતારવા ગયા અને પાછા આવ્યા ત્યાં ગોળીને ફુટેલી જોઈ શ્રીકૃષ્ણે એમ કર્યું એવું માની તેમને નેતરાથી બાંધ્યા એ કથા કહેવાને

બીહી ગયેલો જોઇ પુત્ર ઉપર પ્રીતિવાળાં યશોદા હાથમાંથી લાકડી મૂકી દઇ નેતરાથી બાંધવા લાગ્યાં કારણ કે તે ભગવાનનાં પરાક્રમને જાણતાં ન હતાં. ૧૨ જેની અંદર બહાર આગળ તેમજ પાછળ કંઇ નથી, જે જગતની અંદર બહાર આગળ અને પાછળ રહેલા છે તથા જે જગદ્રૂપ છે તે મનુષ્યના દેહવાળા અતીંદ્રિય ભગવાનને યશોદાજીએ પોતાના પુત્ર જાણી પ્રાકૃત મનુષ્યની પેઠે ઉખળની સાથે બાંધ્યા. ૧૪ પોતાના અપરાધી બાળકને બાંધતા નેતરૂ બે આંગળ ટુંકું પડયું ત્યારે યશોદાએ તેની સાથે બીજું સંધાડયું. ૧૫ તો તે પણ બે આંગળ ટુંકું પડયું, તેની સાથે ત્રીજું સાંધ્યું તે પણ બે આંગળ નાનું પડયું. આ પ્રમાણે ઘણાં સંધાડયાં પણ તે સર્વ ટુંકાં પડયાં. યશોદાએ પોતાના ઘરનાં સર્વ નેતરાં એક બીજાની પાસે મંગાવી સાંધ્યાં તોપણ નાનાં પડયાં ત્યારે હસતી ગોપિકાઓની વચ્ચે હસતાં યશોદા આશ્ચર્ય પામ્યાં.૧૭ પોતાને માટે પરિશ્રમ કરતાં માતાના શરીર ઉપર પરસેવો વળી ગયો અને તે થાકી ગયાં. માતાને પરિશ્રમ થયેલો જોઇ શ્રીકૃષ્ણ કૃપાથી બંધાઇ ગયા. ૧૮ જેના આધીનમાં શિવ બ્રહ્માદિકની સાથે વિશ્વ રહેલું છે, એવા શ્રી કૃષ્ણે સ્વતંત્ર છતાં પણ આ પ્રમાણે પોતાનું ભક્તાધીનપણું દર્શાવ્યું.૧૯ બ્રહ્માએ શંકરે તથા અંગનો આશ્રય કરનારાં લક્ષ્મીએ ભગવાનનો પ્રસાદ મેળવ્યો ન હતો મુક્તિ આપનાર ભગવાનની પાશથી યશોદાએ તેમના કરતાં વિચિત્ર પ્રસાદ મેળવ્યો હતો. યશોદાના પુત્ર શ્રીકૃષ્ણ ભગવાન આ લોકમાં ભક્તિવાળાઓને જેવું સુખ આપે છે તેવું દેહાભિમાની તપસ્વીઓને અને અભિમાન રહિત આત્મરૂપ જ્ઞાનીઓને પણ મળતું નથી ૨૧ પછી શ્રીકૃષ્ણ જ્યારે માતાના ઘરના કામકાજમાં ગુથાયાં ત્યારે યમલાર્જુનનાં ઝાડ દીઠા, જે પૂર્વ જન્મમાં ગુહ્યક અને કુબેરના પુત્ર હતા. તેઓ નલકૂબર તથા મણિગ્રીવને નામે ઓળખાતા હતા, લક્ષ્મીવાળા હતા અને ગર્વથી નારદનો શાપ પામી વૃક્ષ થયા હતા. ૨૩

पुरा नारदशापेन वृक्षतां प्रापितौ मदात् ।
नलकूबरमणिग्रीवाविति ख्यातौ श्रियान्वितौ

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
नवमोध्यायः

અધ્યાય ૧૦ મો.[†]

યમલાર્જુનનો મોક્ષ.

राजोवाच

कथ्यतां भगवन्नेतत्तयोः शापस्य कारणम् ।
यत्तद्विगर्हितं कर्म येन वा देवर्षेस्तमः ॥१॥

પરીક્ષિતે પૂછયું કે–હે મહારાજ ! નલકૂબર અને મણિગ્રીવને શાપ થવાનું શું કારણ તે કહો? તેઓએ એવું તે શું નિંદિત કર્મ કર્યું હતું કે જેથી દેવર્ષિ નારદ જેવાએ તેમને શાપ દીધો ?

શુકદેવજી કહે છે કે–હે રાજન ! મદિરાનું પાન કરી મદથી રાતી ને ઘૂમતી આંખવાળા મદથી ઉન્મત થઇ ગયેલા અને રૂદ્રના અનુચર થઇને ગર્વિષ્ઠ બની ગયેલા કુબેરના પુત્રો મંદાકિનીના તીર ઉપર કૈલાસની રમણીય વાડીમાં ફરતા હતા, તેમની પાછળ સ્ત્રીઓ ગીત ગાતી હતી. ૩ ઉંચ વર્ણના તે બન્ને ગુહ્યકો કમળોની વનમાળા પહેરી ગંગાજીના પ્રવાહમાં પેશી હાથીઓ જેમ હાથણીઓની સાથે વિહાર કરે છે તેમ તરૂણ સ્ત્રીઓની સાથે વિહાર કરવા લાગ્યા ૪ હે રાજન ! એટલામાં દૈવેચ્છાથી નારદ ત્યાં ગયા, તેમણે તે બન્નેને જોઇને જાણ્યું કે, આ બન્ને મદમત્ત થઇ ગયા છે ૫ સ્ત્રીઓ

[†] આ અધ્યાયમાં યમલાર્જુન નામના ઝાડની વચમાંથી નીકળતા બન્ને પડી ગયા ને તેમાંથી નિકળેલા દેવતાઓએ ભગવાનની સ્તુતિ કરી એ કથા કહેવામાં આવશે

નારદને જોઇ લજવાઈ શાપથી ડરી શરમાઇ ગઇ, પરંતુ તેઓ શરમાયા નહિ ૬ મદિરા પીને ગાંડા થઈ ગયેલા અને લક્ષ્મીના મદથી આંધળા દેવકુમારોને જોઇ નારદે તેમને શાપ દીધો. ૭

નારદ–પ્રિય વિષયોને સેવનાર પુરૂષને લક્ષ્મીના મદ વિના કુલીનતાથી કે વિદ્વત્તા આદિકથી થયેલો બીજો કોઇ પણ પ્રકારનો મદ અથવા રજોગુણનું કાર્ય બુદ્ધિને ભ્રષ્ટ કરતું નથી. માત્ર લક્ષ્મીના મદમા સ્ત્રીઓનુ જુગારનું તથા મદિરાપાનનું વ્યસન રહેલું છે. ૮ લક્ષ્મીના મદને લીધે આ ક્ષણભંગુર દેહને અજર ને અમર માનનાર ઈંદ્રિયાધીન લોકો નિર્દય થઇને પશુઓની હિંસા કરે છે. ૯ આ દેહ નરદેવ અથવા તો ભૂદેવ કહેવાયા છતાં છેવટે સડી જાય છે, ખવાઈ જાય છે વિષ્ઠારૂપ થઇ જાય છે અને બાળી નાંખવામાં આવે તો રાખ થઈ જાય છે. નાશવંત દેહને માટે પ્રાણીઓનો દ્રોહ કરનાર પોતાનો સ્વાર્થ માત્ર સમજે છે પણ પ્રાણીનો દ્રોહ કરવાથી નરક પ્રાપ્ત થાય છે. આ દેહ આપણો તો છે જ નહિ પરંતુ પારકો છે. ત્યારે શું તે અન્નદાતાનો છે? અથવા પિતાનો છે? અથવા માતાનો છે? શું દત્તક લેનારનો છે? શું બળવાનનો છે? શું દાસ તરીકે વેચાતો લેનારનો છે? અગ્નિમાં બળી જતો હોવાથી શું અગ્નિનો છે? અથવા કુતરાં ખાય છે તેથી શુ તેમનો છે? ના તે કોઇનો નથી. ૧૧ સાધારણ રીતે સર્વનો ગણાતો આ દેહ અવ્યક્તથી ઉત્પન્ન થાય છે અને અવ્યક્તમાં મળી જાય છે. તેને પોતાનો માનીને મૂર્ખ મનુષ્ય પ્રાણીઓનો નાશ કરે છે? ૧૨ લક્ષ્મીના મદથી આંધળા થયેલા મૂઢ પુરૂષને દરિદ્રતા એ તેનો ઉપાય છે દરિદ્ર પુરૂષ પ્રાણીઓને પોતાના જેવા જુવે છે તેથી તેઓનો દ્રોહ કરતો નથી ૧૩ સર્વ જીવોને સમાન પીડા થાય છે. કંટકનું દુઃખ સમજનાર માણસ બીજા પ્રાણીને પણ તેવી પીડા કરતો નથી, તે પ્રમાણે જેને કાંટો ન વાગ્યો હોય એવો પ્રાણી દુઃખની વાત કરે એ અસંભવિત જ છે. ૧૪ પુરૂષ દરિદ્ર થયા પછી સર્વ પ્રકારના મદમાંથી મુક્ત થાય છે, અભિમાન રહિત થાય છે અને જો દૈવેચ્છાથી કષ્ટ પામે તો તેને મહા તપરૂપ સમજવુ. ૧૫ વળી દરિદ્રી જે નિત્ય અન્નની આશા રાખીને બેઠો હોય તેનું શરીર ક્ષુધાથી દુર્બળ થઇ જાય છે, તેની પછવાડે ઈંદ્રિયો નિર્બળ થાય છે અને તેથી હિંસા પણ બંધ પડે છે ૧૬ ધીરે ધીરે દરિદ્રી પુરૂષને પણ સમદૃષ્ટિવાળા મહાત્મા પુરૂષોના ઉપદેશથી તૃષ્ણાનો અભાવ થાય છે. દરિદ્ર પુરૂષ થોડા સમયમાં શુદ્ધ થાય છે. ૧૭ સમદૃષ્ટિવાળા ને ભગવાનના ચરણનું શરણ ઇચ્છનાર મહાત્મા પુરૂષોને ઉપેક્ષા કરવા યોગ્ય ધનના અભિમાની દુષ્ટોના આશ્રય કરનાર દુષ્ટ શ્રીમંતોનું શું પ્રયોજન છે? તેઓ દરિદ્રો ઉપર પ્રીતિ રાખે છે આ કુબેરના પુત્રો જેઓ મદિરા પીને ગાંડા થયેલા છે, લક્ષ્મીના મદમાં આંધળા છે, લંપટ છે તથા અજીતેંદ્રિય છે તેઓના અજ્ઞાન જન્ય મદનો હું નાશ કરૂં છું ૧૯ અજ્ઞાનમાં ડુબી ગયેલા લોકપાલના પુત્રો છતાં પોતે ઘણા ઉન્મત્ત હતા તેથી પોતાને ઓળખતા નથી. ૨૦ આ સ્થાવર જાતિમાં જન્મવાને યોગ્ય છે જેથી ફરીને આ પ્રમાણે વર્તે નહિ. વૃક્ષના અવતારમાં અવતર્યા છતાં મારી કૃપાથી તેઓને પૂર્વ જન્મની સ્મૃતિ રહેશે અને દેવતાઓનાં સો વર્ષ પુરા થયા પછી ભગવાનનાં દર્શન કરી ફરી દેવતાઓ થશે અને મારા અનુગ્રહથી શ્રીકૃષ્ણની ભક્તિને પ્રાપ્ત થશે. ૨૨

શુકદેવજી કહે છે કે–દેવર્ષિ નારદ તેમને શાપ દઇ નારાયણાશ્રમમાં ગયા અને નલકુબર તથા મણિગ્રીવ યમલાર્જુનનાં વૃક્ષો

થયા. ૨૩ વૈષ્ણવોમાં ઉત્તમ એવા નારદનું વચન સત્ય કરવા જ્યાં યમલાર્જુનનાં વૃક્ષો હતાં ત્યાં ભગવાન ગયા; ૨૪ અને વિચાર કરવા લાગ્યા કે નારદ મને પ્રિય છે, તેમ આ કુબેરના પુત્રો છે માટે નારદે જે પ્રમાણે ભવિષ્ય ભાખેલું છે તે પ્રમાણે હું કરૂં. ૨૫ આવો વિચાર કરી ભગવાન યમલાર્જુનના વૃક્ષોની વચ્ચે થઇને નીકળ્યા ભગવાન નીકળ્યા કે ખાડણીઓ ભરાયો અને ભગવાને પેટે બાંધેલા નેતરાથી ખાડણીઆને જોરથી ખેંચવા માંડયો. બન્ને વૃક્ષોના મૂળીયા તેથી ઉખડી ગયાં. ભગવાનના મહાબળથી તે વૃક્ષની શાખાઓ ડાળીઓ તથા કુંપળો કંપવા લાગી અને કડડડ શબ્દ કરી તે પૃથ્વી ઉપર ઢળી પડયાં. ૨૭ તેમાથી મૂર્તિમાન અગ્નિની પેઠે શરીરની પરમ કાંતિથી દિશાઓમા પ્રકાશ કરતા, બે સિદ્ધ પુરૂષો બહાર નીકળ્યા. રજોગુણ રહિત બન્ને દેવતાઓ હાથ જોડી સર્વ લોકના સ્વામી શ્રીકૃષ્ણ ભગવાનને પ્રણામ કરીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. ૨૮

નલકુબર ને મણિગ્રીવ–હે કૃષ્ણ! તમે સર્વના આદિપુરૂષ છો, માયાથી પર અને સ્થૂલ સૂક્ષ્મરૂપ આ જગત તમારૂં રૂપ છે, એમ બ્રહ્મવેત્તાઓ જાણે છે.૨૯ સર્વ પ્રાણીઓના દેહ પ્રાણ અહંકાર અને ઇંદ્રિયોના તમે ઇશ્વર છો, તમે કાળમૂર્તિ ભગવાન વિષ્ણુ અને અવિનાશી ઇશ્વર છો; ૩૦ તમે મહત્તત્વ તમે સત્વ રજ અને તમરૂપ સાક્ષાત પ્રકૃતિ રૂપ અને સર્વના અધ્યક્ષ પુરૂષ અને સર્વના શરીરોના વિકારને જાણનાર છો ૩૧ ઇંદ્રિયોથી ગ્રહણ કરવામા આવતા પ્રકૃતિના પદાર્થોથી તમે ગ્રહણ થતા નથી અને જીવાદિકની પહેલા સ્વત સિદ્ધ છો માટે દેહાદિકવાળો કયો પુરૂષ તમને જાણી શકે ? ૩૨ વાસુદેવ વેધારૂપ અને ભગવાન એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ. પોતે પ્રકાશ કરેલા ગુણોથી જેના મહિમા ઢંકાઇ ગયેલો છે એવા આપ બ્રહ્મને અમે નમસ્કાર કરીએ છીએ. ૩૩ આપ સર્વના શરીરમાં રહ્યા છતાં શરીર રહિત છો ને તમારા અવતારો દેહધારીઓમાં ઘટે નહિ એવા તથા જેના તુલ્ય અને જેનાથી અધિક કોઇ પણ ન હોય એવાં પરાક્રમો ઉપરથી જાણવામાં આવો છો. ૩૪ સર્વ સુખોના સ્વામી એવા આપ હમણાં સર્વ લોકના કલ્યાણ માટે તથા મોક્ષ માટે પોતાના અંશની સાથે અવતરેલા છો. ૩૫ હે કલ્યાણરૂપ ! આપ વાસુદેવ શાંત ગુણવાળ તથા યાદવોના પતિ છો.તેમને અમે વારવાર પ્રણામ કરીએ છીએ ૩૬ હે પ્રભુ! અમને તમારા દાસાનુદાસને આજ્ઞા કરો. અમને નારદના અનુગ્રહથી આપનાં દર્શન થયાં ૩૭ અમારી વાણી આપના ગુણનું વર્ણન કરવામા અમારા કાન આપની થા સાભળવામાં અમારા હાથ આપની સેવા કરવામા અમારૂં મન આપના ચરણનું સ્મરણ કરવામા અમારૂં મસ્તક આપના નિવાસરૂપ જગતને પ્રણામ કરવામા અને અમારી દૃષ્ટિ આપના દેહરૂપ મહાત્મા પુરૂષોનાં દર્શન કરવામા સર્વદા તત્પર રહો. ૩૮

શુકદેવજી કહે છે કે–નેતરાથી ખાંડણીએ બંધાયેલા ભગવાન ગોકુલેશ્વર તેઓની સ્તુતિ સાભળીને હસ્યા ને બોલ્યા કે–દયાળુ નારદજીએ લક્ષ્મીના મદથી આંધળા થયેલા તમારી ઉપર જે અનુગ્રહ કર્યો હતો તે મારા જાણવામાં હતો. ૪૦ સૂર્યના દર્શનથી જેમ પુરૂષના નેત્રને બંધન રહેતું નથી તેમ સર્વત્ર સમદૃષ્ટિવાળા અને નિરંતર મારે વિષે મનને જોડનાર મહાત્મા પુરષોના દર્શનથી પુરૂષને બંધન રહેતું નથી ૪૧ હે નલકુબર! તમે બન્ને મારા ઉપર ભક્તિ રાખીને તમારા સ્થાનમાં જાઓ. તમને બન્નેને ગમનો અને સંસારને ટાળનારો ઉત્તમ પ્રતિનો ભક્તિભાવ થયો છે. એ પ્રમાણે જેને કહેલું હતું એવા

નલકુબર અને મણિગ્રીવ ઉખળ સાથે બાંધેલા ભગવાનને પ્રદક્ષિણા કરી તેમની આજ્ઞા લઇ ઉત્તર દિશામાં ગયા ૪૩

इत्युक्तौ तौ परिक्रम्य प्रणम्य च पुनः पुनः ।
बद्धोलूखलमामंत्र्य जग्मतुर्दिशमुत्तराम्४३

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
दशमोध्यायः

અધ્યાય ૧૧ મો.†

વત્સાસુર અને બકાસુર હનન.

श्रीशुक उवाच

गोपा नंदादयः श्रुत्वा द्रुमयोः पततो रवम्।
तत्राजग्मुः कुरुश्रेष्ठ निर्घातभयशंकिताः॥१॥

શુકદેવજી કહે છે કે–હે રાજન ! ઝાડ પડયાં તે સાભળીને, નંદ દિક ગોવાળિયાઓ વજ્ર પડવાના ભયથી શંકિત થઇ ત્યાં દોડી ગયા, ૧ અને જોયું તો યમલાર્જુનનાં વૃક્ષોને ભૂમિ ઉપર પડેલાં જોયાં. તે પડવામાં ઉખળને ખેંચતા શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ કારણરૂપે જોવામાં આવ્યા, તોપણ ગોવાળિયા તે કોણે પાડયાં હશે ? અને કેમ આ આશ્ચર્યજનક ઉત્પાત થયો હશે ? એવો વિચાર કરતાં ગભરાટમાં પડી ગયા ૩ ત્યાં રમતા છોકરાઓએ કહ્યું કે, આ વૃક્ષોની વચ્ચે રહેલા શ્રીકૃષ્ણે દોરી ખેંચવાથી ઉખળું આડું થઇ ગયું અને તેમાથી બે પુરૂષોને નીકળતા અમે જોયા. ૪ બાળક એ વૃક્ષોને ઉખેડી નાંખે એ અસંભવિત છે એમ ધારી કેટલાકે માન્યું નહિ અને કેટલાકના મનમાં સંદેહ રહી ગયો. ૫ નેતરે બાંધેલા અને ઉખળને ખેંચતા પુત્રને જોઇ નંદ હસી પડયા. તેમણે પુત્રને ઉંચકી લઈ બંધન મુક્ત કર્યો ગોપગોપીઓ મને ઓળખશે એમ ધારીને ભગવાન નવનવી બાળચેષ્ટાઓ કરવા લાગ્યા. કોઇ વાર ગોપિકાઓ ભગવાનને તાળીઓ વગાડીને ઉત્સાહ આપતી ત્યારે બાળકની માફક તે નાચતા કોઈવાર તેઓને અધીન ભગવાન કાષ્ઠના યંત્રની પેઠે ગાયન કરતા. ૭ કોઇવાર ગોપિકાઓની આજ્ઞાથી બાજઠ પાલી પવાલાં ને પાદુકાઓને આણી આપતા અને પોતાના ભક્તજનોને આનંદ આપતા તથા હાથોને ઉંચા નીચા કરતા. ૮ જગતમા ભગવાનનું ઐશ્વર્ય જાણનારાઓને પોતાનું ભક્તાધિનપણું દર્શાવતા આવી બાળચેષ્ટાથી વ્રજને તે આનંદ ઉપજાવતા હતા. ૯

એક વખત ફળ લ્યોરે ફળ એવો પોકાર સાંભળી શ્રીકૃષ્ણ જે સર્વ ફળના દાતા હતા તે ફળ લેવા દાણા લઇ વેચનારીની પાસે ગયા. ફળ વેચનારીએ શ્રીકૃષ્ણના ખોળામાંથી દાણા લઈ તેમનો ખોળો ફળથી ભરી આપ્યો. શ્રીકૃષ્ણે તેનાં ફળનો ટોપલો રત્નોથી ભરી આપ્યો. ૧૧ શ્રીકૃષ્ણ ભગવાન કે જેમણે યમલાર્જુનના વૃક્ષો પાડી નાંખ્યા હતાં તે નદીના તીર ઉપર રમવા ગયા. યશોદા માંડેથી બોલાવવા ગયા ને કહ્યુ કે આજે તારૂં જન્મ નક્ષત્ર છે માટે નાહીને શુદ્ધ થા. બ્રાહ્મણોને ગાયોનું દાન આપ. માતાઓએ નવરાવી ધોવરાવીને શણગારેલા તારા મિત્રોને જો. તું પણ તેઓની પેઠે નાહીને જમી લે અને અલંકૃત થઇ રમ. આ રીતે શ્રીકૃષ્ણને ને બળરામને કહ્યું તોપણ તેઓ રમતના પ્રસંગથી આવ્યા નહિ ત્યારે રોહિણીએ પુત્ર ઉપર વત્સલતા ધરાવનારાં યશોદાને મોકલ્યાં. ૧૪ પુત્રના સ્નેહથી જેને પાનો ચઢતો હતો એવાં યશોદા બાળકોની સાથે રમતા શ્રીકૃષ્ણને બળદેવજીની સાથે સાદ પાડીને બોલાવવા લાગ્યાં. ૧૫ હે કૃષ્ણ ! હે તાત ! અહીં આવ, અને મને ધાવ, રમવું બંધ કર. હે પુત્ર ! તને ભૂખ લાગી હશે અને રમતથી તું થાકી ગયો હોઇશ. ૧૬ હે બળદેવ ! તું ભાઇ સાથે ઝટ ઘેર આવ તું સવારમાં જ જમ્યો હતો હવે તારે જમવાનો

† આ અધ્યાયમાં બાળકોની સાથે વાછડા ચરાવતા ભગવાને વત્સાસુર અને બકાસુરનું હનન કર્યું તે કથા કહેવાય છે

સમય થયો છે. ૧૭ હે દશાર્હ કુલોત્પન્ન! નંદરાયજી, જમવાને તારી વાટ જોઇને બેઠા છે, માટે ચાલ અને અમને રાજી કર. હે બાળકો! તમે તમારે ઘેર જાઓ ૧૮ સ્નેહાધીન બુદ્ધિવાળાં યશોદા આ પ્રમાણે સર્વના મુગટરૂપ શ્રીકૃષ્ણને પોતાના પુત્ર માની હાથે પકડી બળદેવજી સાથે પોતાને ઘેર લઇ ગયા અને ઉત્સવ કર્યો. ૧૯

શુકદેવજી કહે છે કે-નંદાદિક ગોવાળિયા વ્રજમા મોટા ઉત્પાતોનો અનુભવ થવાથી વ્રજના હિતકાર્ય માટે વિચાર કરવા લાગ્યા. ૨૦ ત્યાં જ્ઞાનમાં તથા વયમાં વડો ઉપનંદ નામે એક ગોવાળિયો હતો, દેશ કાળના તત્વને તે જાણનો હતો. શ્રીકૃષ્ણ અને બળદેવનું તે હિત કરનારો હતો ૨૧ તેણે કહ્યું કે આપણે ગોકુળનું હિત ચાહાતા હોઇએ તો અહીંથી નીકળી જવું જોઇએ. કારણ કે અહીંઆ બાળકોનો નાશ કરનાર મહા ઉત્પાતો થાય છે. ૨૨ બાળહત્યા કરનારી રાક્ષસીના હાથમાંથી છોકરાં બચ્યાં તેમ શ્રીહરિના અનુગ્રહથી તેના ઉપર ગાડું પડયું ન હતુ. ૨૩ ચક્રવાતાસુર દૈત્ય તેને પક્ષીઓના વિહારસ્થાન રૂપ આકાશમા લઇ ગયો હતા અને ત્યાથી તે શિલા ઉપર પડયો ત્યારે દેવતાઓએ જ તેની રક્ષા કરી હતી. આ બાળક અથવા તો બીજા કોઇ પણ બાળક બે વૃક્ષોની વચ્ચે પેસીને મુવા નહિ, ત્યારે પણ ભગવાને તેમની રક્ષા કરી માટે અનર્થકારી ઉત્પાતો જેટલામાં આપણા વ્રજનો નાશ ન કરે તેટલામાં આપણે બાળકોને લઇને સેનક સાથે અહીંથી કોઈક બીજી દૂર જગ્યાએ જઇએ. ૨૬ વૃંદાવન નામનુ એક મોટુ વન છે, તે પશુઓને માટે હિતકારી છે, અને રહેવા યોગ્ય છે, વળી ત્યાં પવિત્ર ભૂમિઓ અને ઘાસ છે આપણે ત્યા ચાલો ગાડા જોડો વિલંબ કરો નહિ અને ગાયોના ધણી ભલે આગળ ચાલ્યા જાય, પરંતુ આ સર્વ જો તમને ગમતું હોય તો કરજો. ૨૮ સર્વ ગોવાળિયા એકમત થઈ ઘણું સારૂં કહેવા લાગ્યા. પોતપોતાના ગાડાં જોડી તેમા સરસામાન ભરી ચાલ્યા. ઘરડાઓને બાળકોને સ્ત્રીઓને તથા સરસામાનને ગાડાં ભરી સાવધાન થઇ હાથમા ધનુષો લઇ ગાયોનાં ટોળાંને આગળ કરી ચારે તરફથી શગો વગાડતા તથા તુરીઓના મોટા શબ્દો કરતા ગોવાળિયા પોતાના પુરોહિતની સાથે વૃંદાવન તરફ ગયા. સુંદર વસ્ત્રવાળી કુંકુમોથી શોભાયમાન ગોપીઓ રથમાં બેસી શ્રીકૃષ્ણની લીલા ગાતી જવા લાગી. ૩૨ યશોદા અને રોહિણી એક ગાડામાં બેઠાં હતાં તે, શ્રીકૃષ્ણ તથા બળદેવની વાતો સાંભળવામાં ઉત્કંઠા ધરાવનારાં બન્ને શ્રીકૃષ્ણ તથા બળદેવથી શોભતા હતાં. ૩૩ ગોવાળિયાઓએ સર્વ કામમાં સુખ આપનારાં વૃંદાવનમાં જઈ ગાડાંને ઉભાં રાખી વ્રજનો અર્ધચંદ્રાકાર આવાસ ગોઠવ્યો. ૩૪ હે રાજન! વૃંદાવન ગોવર્ધન તથા યમુનાના કિનારાઓને જોઇને બળદેવજી તથા શ્રીકૃષ્ણને અત્યંત આનંદ થયો. ૩૫ ત્યાં પણ ઉપર કહ્યા પ્રમાણે બાળચેષ્ટાઓથી તથા મધુર વાક્યોથી વ્રજવાસીઓની પ્રીતિ સંપાદન કરતા બળદેવજી તથા શ્રીહરિ યોગ્ય સમયે વાછડા ચારવા જવા લાગ્યા ૩૬ વાછડા ચરાવવા જતા વેળા રમવાના ઘણાં સાધનો સાથે રાખતા અને બીજાં બાળકોની સાથે વ્રજથી થોડે દૂર વાછડાં ચરાવવા જતા. ૩૭ વાછડાં પોતપોતાની મેળે વ્રજમાં ચર્યા કરતાં અને તેઓ તથા બળદેવ કોઇ કોઇવાર વાંસળી વગાડતા બીલાંને આંમળા વગેરેને ગોફણમાં ઘાલી ફેંકતા, કોઇ વાર નાચતા કોઈ વાર છોકરાઓ ધાબળા ઓઢી બળદ બનતા તો તેમની સાથે તેઓ પણ બળદ થઇને રમતા, ગર્જના કરતા પરસ્પર લડતા અને હંસ મયૂર વગેરે પક્ષીઓના શબ્દોનું અનુકરણ કરતા હતા પ્રાકૃત છોકરાઓની માફક તેઓ

વ્રજમાં આમ નાના પ્રકારના વિહાર કરતા હતા

એકવાર ભગવાન અને બળદેવ મિત્રોની સાથે યમુનાના તીર ઉપર વાછડાં ચારતા હતા તેવામાં કોઇક દૈત્ય તેમને મારવાની ઇચ્છાથી ત્યાં આવ્યો. ૪૦ વાછડાંનું રૂપ લઇ વાછડાના ટોળામાં પેસી ગયો દૈત્યને જોઇ ભગવાને બળદેવને દેખાડયો અને ધીરે ધીરે અજાણ્યાની પેઠે તેની પાસે જઇ તેના પાછલા પગ પકડી માથા ઉપર ફેરવી જોરથી મોટા ઝાડના થડ સાથે અફાળ્યો. તેના પ્રહારથી બીજા ઝાડો એક બીજાને અથડાઇ પડયાં અને મોટી કાયાવાળો દૈત્ય પણ જમીન ઉપર તુટી પડયો દૈત્યને જોઇ આશ્ચર્ય પામેલા બાળકો બહુ સારૂં થયું ! ઠીક થયું ! એમ કહેવા લાગ્યા અને પ્રસન્ન થયેલા દેવતાઓ ઉંચેથી પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. સર્વ લોકના પાલનહાર વાછડાંના પાલક થઇ શિરામણ લઇ વાછડાંને ચારતા ચારતા વનમાં ફરવા લાગ્યા. ગોપ બાળકો પોતપોતાના વાછડાંનાં ટોળાંને પાણી પાવા એક જળાશય તરફ ગયા અને પાણી પાઇ પોતે પણ પીવા લાગ્યા. ૪૫ બાળકોએ વજ્રથી કપાઇને પર્વતનું શિખર પડેલું હોય એવું એક મોટું પ્રાણી ત્યાં પડેલું જોયું. તે બગલાનું રૂપ ધારણ કરનાર બકાસુર હતો. બળવાન બકાસુર એકાએક આવીને તીખી ચાંચવડે શ્રીકૃષ્ણને ગળી ગયો. ૪૭ મોટા બકાસુરે તમને ગળેલા જોઇ રામાદિક બાળકો પ્રાણ વિનાની ઇંદ્રિયોની પેઠે બેભાન થઇ ગયા. નંદજીના પુત્ર જે બ્રહ્માના પણ પિતા હતા તેમણે બકાસુરના તાળવાના મૂળને અગ્નિની પેઠે બાળવા માંડયું એટલે બકાસુર ભગવાનને સાજા સારા બહાર ઓકી કાઢી ચાંચવતી ફરીને મારવા લાગ્યો. ૪૯ સત્પુરૂષોના પતિ અને દેવતાઓને આનંદ આપનાર ભગવાને પોતાની ઉપર ધસી આવતા કંસના મિત્ર બકાસુરની ચાંચના બે ભાગને હાથવતી પકડી બાળકોના દેખતાં રમત માત્રમાંજ પાનની પેઠે ચીરી નાંખ્યો. ૫૦ દેવતાઓ બકાસુરના મારનાર ભગવાનને નંદન વનનાં પુષ્પોથી વધાવવા લાગ્યા નગારાં, શંખો અને સ્તોત્રોથી સ્તવવા લાગ્યા ગોવાળિયાના બાળકો આશ્ચર્ય પામ્યા. ૫૧ ઇંદ્રિયો પ્રાણને મળીને સુખ પામે તેમ રામ વગેરે ગોપ પુત્રો બકાસુરના મુખમાંથી મુક્ત થયેલા અને પોતાના સ્થાન ઉપર આવેલા શ્રીકૃષ્ણ ભગવાનને આલિંગન કરી આનંદ પામ્યા, અને વાછડાંને એકઠાં કરી વ્રજમાં આવી તે વાત સર્વને કહી ૫૨ ગોવાળિયા તથા ગોપીઓ તે સાંભળી બહુજ આશ્ચર્ય પામ્યાં અને અત્યંત પ્રેમથી પરલોક જઈ આવેલાને જુવે તેમ ઉત્કંઠાથી જોવા લાગ્યા. ૫૩ આ બાળકને ઘણી ઘાતો ગઇ પરંતુ જેઓ ઘાત કરવા આવ્યા તેજ માર્યા ગયા ૫૪ ભયંકર દેખાવના તેઓ આ બાળક ઉપર ચઢી આવે છે છતાં પરાભવ કરી શકતા નથી. મારવાની ઇચ્છાથી પાસે આવી અગ્નિમાં પડતા પતંગિયાની પેઠે નાશ પામે છે.૫૫ વેદ જાણનાર બ્રાહ્મણોની વાણી કોઇ દિવસ મિથ્યા થતી નથી ભગવાન ગર્ગાચાર્ય જે કહી ગયા હતા તે સર્વનો આપણને અનુભવ થયો. ૫૬ આ પ્રમાણે બળદેવ તથા શ્રીકૃષ્ણની કથા કરતા અને વિહાર કરતા નંદાદિક ગોવાળિયાઓએ સંસારની વેદના જાણી નહિ ૫૭ સંતાઇ જવું સેતુ બાંધવા વાનરાની પેઠે કુદવું વગેરે બાળક્રીડાઓ કરીને શ્રીકૃષ્ણ તથા બળદેવજી વનમાં બાલ્યાવસ્થા ગાળવા લાગ્યા. ૫૮

एवं विहारैः कौमारैः कौमारं जहतुर्व्रजे ।
निलायनैः सेतुबन्धैर्मर्कटोत्प्लवनादिभिः॥५८॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
एकादशोध्यायः

અધ્યાય ૧૨ મો.¶

અઘાસુર હનન.

श्रीशुक उवाच.

[illegible]ाशाय मनोदधद्व्रजात्
प्रात:समुत्थाय वयस्यवत्सपान् ।
प्रबोधयन् शृंगरवेण चारुणा
विनिर्गतो वत्सपुरस्सरो हरिः ॥ १ ॥

શુકદેવજી કહે છે કે–હે રાજન ! એક વાર વનમાં ભોજન કરવાને. વિચાર કરી ભગવાન પ્રભાતમાં ઉઠયા અને શિંગડીના મધુર સ્વરથી મિત્ર ગોવાળિયાઓને જાગ્રત કરી વાછડાંનું ટોળું લઈ વ્રજમાંથી બહાર નીકળ્યા. તેમની સાથે તેમના મિત્ર બાળકો પણ મજાની શિંકીઓ ગેડીઓ શિંગડીઓ તથા વાંસળીઓ લઈ પોતપોતાનાં વાછડાંને આગળ કરી તેમની સાથે આનંદથી બહાર નીકળ્યા. ૨ પોતાનાં વાછડાંને શ્રીકૃષ્ણનાં અસંખ્યાત વાછડાંની સાથે એકઠાં કરી વનમાં ચારતા તેઓ ઠેક ઠેકાણે બાળલીલા કરવા લાગ્યા. તેઓ કાચ ચણોઠી મણિ તથા સુવર્ણથી અલંકૃત હતા તોપણ ફળ પાદડા પુષ્પો મોરપિંછ અને ધાતુઓથી પોત પોતાના શરીરોને શણગારતા હતા. ૪ એક બીજાની શિંકી ગેડી વગેરે ચોરી લેતા અને જાણવામાં આવતુ એટલે દૂરથી ફેંકી દેતા. પાસે ઉભા હોય તે હસીને દૂરથી તે જેનું હોય તેને પાછું આપતા કોઈવાર જો શ્રીકૃષ્ણ વનની શોભા જોવા માટે દૂર જતા તો–હું પહેલો એમ બોલી તેમને અડકીને રમતા હતા. ૬ કોઇ વાંસળીઓ વગાડતા કોઇ શિંગડીઓ વગાડતા કોઇ ભમરાના જેવો ગુંજારવ કરતા કોઈ કોયલોના ચાળા પાડતાં કુહુકુહુ એમ ટોકાઓ કરતા ૭ કોઇ પક્ષીઓની છાયા સાથે દોડતા કોઇ હંસોની સાથે ચાલતા કોઈ મયૂરોની સામે નૃત્ય કરતા ૮ કોઇ ઝાડ ઉપરના વાનરોનાં નીચે લટકતાં પુછડાંને ખેંચતા કોઈ તેઓની સાથે વૃક્ષો ઉપર બેસતા કેટલાક તેઓની સાથે આંખ મોંના ચાળા કરતા કેટલાક વૃક્ષો ઉપરથી કુદતા કેટલાક જળાશયમાં દેડકાની સાથે રમતા અને કેટલાક પોતાના પડઘા સાથે જોરથી બોલતા હતા. ૧૦

આ પ્રમાણે વિવેકી જનોને બ્રહ્મરૂપ સુખરૂપ તથા અનુભવરૂપ જણાતા, ભકતોને પરમ દૈવતરૂપ અને માયાનો આશ્રય કરનારાઓને પુત્રરૂપ જણાતા ભગવાનની સાથે અમાપ પુણ્ય કરનાર ગોવાળિયા વિહાર કરતા હતા. ઘણા જન્મોમાં દુઃખ વેઠી મનને વશ કરનાર યોગીઓને જેના ચરણની રજ મળવી દુર્લભ છે તે ભગવાને પોતે વ્રજવાસીઓને પ્રત્યક્ષ દર્શન આપ્યા એટલે તેમના ભાગ્યનાં જેટલા વખાણ કરીએ તેટલાં થોડાં છે શ્રીકૃષ્ણની તથા વ્રજના ગોપ કુમારોની રમતો ચાલતી હતી એટલામાં બાળકોની આનંદ ભરેલી રમતોને અદેખાઇથી નહિ જોઇ શકતો અઘાસુર નામે એક મોટો દૈત્ય ત્યા ગયો. દેવતાઓએ જો કે અમૃત પીધું હતું તોપણ તેઓ જીવવાની ઇચ્છાથી અઘાસુરના મરણની રાહ જોતા હતા, ૧૩ કંસે મોકલેલો બકાસુરનો તથા પૂતનાનો નાનો ભાઈ અઘાસુર શ્રીકૃષ્ણ પ્રમુખ ગોપબાળકોને જોઈ વિચાર કરવા લાગ્યો કે–આ મારી બેન તથા ભાઇનો નાશ કરનાર છે, માટે હું બળદેવ સાથે આ કૃષ્ણને તેની સેના સાથે મારી નાંખું. ૧૪ જયારે આ સર્વ બાળકોને મારા સહોદરનાં તિલાંજલિરૂપ કરીશ ત્યારે વ્રજવાસીઓ મુવા જેવા થઇ પડશે કારણ પ્રાણ નીકળી ગયા પછી દેહની શી ચિંતા છે? પ્રાણીઓનુ પરમ દૈવત પ્રાણ છે. ૧૫ પછી અઘાસુર અજગરનું રૂપ ધારણ કરી

¶ આ અધ્યાયમા અજગરના રૂપને ધારણ કરીને વાછડા તથા ગોવાળિયાઓને ગળી ગયેલા અઘાસુરને કોપાયમાન થયેલા ભગવાને બાળી નાખ્યો એ કથા કહેવાશે

શ્રીકૃષ્ણને તેમના મિત્રો સાથે ગળવાને માર્ગ વચ્ચે સુતો. તેનું શરીર એક યોજન લાંબું અને મોટા પર્વતના જેવું જાડું હતું. જોનારાઓને આશ્ચર્યકારક લાગતુ હતું, ગુફાના જેવું તેનુ મુખ ફાડેલું હતું. નીચલો ઓઠ ધરણી ઉપર હતો ને ઉપલો વાદળાને અડકેલો હતો. બન્ને ગલોફા ગુફાના જેવાં હતાં, દાઢો પર્વતના શિખર જેવી હતી, મુખની અંદરનો ભાગ અંધારા જેવો દેખાતો હતો, જીભ લાંબી હતી, શ્વાસ તીક્ષ્ણ પવનના જેવો હતો અને આંખો દાવાનળના જેવી રાતી હતી. ગોપકુમારો ઉપર વર્ણવેલા અજગરને જોઇ રમતથી તેના પહોળા મુખની એવી ઉત્પ્રેક્ષા કરવા લાગ્યા કે–હે મિત્રો ! આપણી સામે જે વસ્તુ છે તે પ્રાણીના જેવી દેખાય છે કે નહિ? અને તે આપણને ગળવા ફાડેલા અજગરના મોં જેવી છે કે નહિ? ૧૯ સૂર્યનાં કિરણથી રાતું થયેલું વાદળું ખરેખર ઉપલા ઓઠ જેવું લાગે છે અને તેની પ્રતિછાયાથી રાતો જણાતો નીચલો પ્રદેશ નીચલા ઓઠ જેવો દેખાય છે ૨૦ પર્વતની ડાબી તથા જમણી બન્ને ગુફાઓ ગલોફાંની બરોબરી કરે છે. પર્વતની શ્રેણિઓ અજગરની દાઢો જેવી છે, ૨૧ લાંબો અને પહોળો માર્ગ જીભના જેવો દેખાય છે અને શિખરોની અંદર જે અંધારૂં છે તે મોંની અંદરના ભાગ જેવું છે ૨૨ દાવાનળના જેવો ઉનો તથા તીક્ષ્ણ પવન શ્વાસના જેવો છે, દાવાનળમાં બળી ગયેલાં જીવ–જંતુઓની દુર્ગંધ આવે છે તે માંસના જેવી છે ૨૩ આ શુ આપણને ગળી જાશે? કદાચ ગળી જશે તો બગલાની પેઠે શ્રીકૃષ્ણના હાથથી એક ક્ષણમાં માર્યોજ જશે. શ્રીકૃષ્ણના મનોહર મુખને નિહાળતા બાળકો તાળીઓ પાડતા પાડતા અંદર ગયા.૨૪ અજાણ્યા બાળકોની ખોટી વાતો સાંભળી સાચાનું ખોટું થાય એવો વિચાર કરીને–આ રાક્ષસ છે એમ જાણીને સર્વ પ્રાણીઓના અંતઃકરણમાં રહેનાર ભગવાન શ્રીકૃષ્ણે પોતાના મિત્રોને અટકાવવાનો વિચાર કર્યો તેટલામાં તો તે બાળકો વાછડાંની સાથે અસુરના ગળા સુધી પહોંચી ગયા પરંતુ તે તેઓને ગળી ગયો નહિ કારણ કે, પોતાના સહોદરને મારનારનું સ્મરણ કરતો તે ભાઇના શત્રુ શ્રીકૃષ્ણના પ્રવેશની વાટ જોતો હતો. ૨૬ પછી સર્વ પ્રાણીઓને અભય આપનાર શ્રીકૃષ્ણ દૈત્યના મુખમાં પેઠેલા ગોપકુમારો જઠરાગ્નિના ગ્રાસરૂપ થઇ જશે, એમ ધારી દયાથી ખિન્ન થઇ વિચાર કરવા લાગ્યા કે, હવે શું કરવું? આ ખળ જીવતો ન રહે અને આ બાળકોનો નાશ ન થાય, આ બે કાર્ય કેવી રીતે કરવા? વિચાર કરતાં તેમને ઉત્તમ ઉપાય સૂઝી આવ્યો તેથી સર્વજ્ઞ ભગવાન તેના મુખમાં પેસી ગયા. તે સમયે વાદળાં પાછળ ગુપ્ત ઉભેલા દેવતાઓ ભયથી ત્રાહ્ય ત્રાહ્ય પોકારવા અને અઘાસુરના સંબંધી કંસાદિક રાક્ષસો જય ઉચ્ચારવા લાગ્યા. ૨૯ અવિનાશી એવા ભગવાન શ્રીકૃષ્ણ દેવતાઓનો હાહાકાર સાંભળી બાળકો તથા વાછડાંની સાથે પોતાને ભાંગીને ભુકો કરી નાંખવાની ઇચ્છાવાળા અઘાસુરના ગળામાં જઇને વધવા લાગ્યા. ભગવાનના વધવાથી અજગરનું ગળું રૂંધાઇ ગયું, તેની આંખો નીકળી પડી, તે આમ તેમ તરફડિયાં મારવા લાગ્યો અને શરીરમાં રૂંધાઇ ગયેલો પવન પૂર્ણ ભરાઇ જવાથી તેનું બ્રહ્મરંધ્ર ફાડીને બહાર નીકળ્યો. પવનની સાથે તેની સર્વ ઇંદ્રિયો બહાર નીકળી પડી. ભગવાન મરણ પામેલા ગોપકુમારોને તથા વાછડાંને પોતાની અમૃત દૃષ્ટિથી જીવતાં કરી તેઓની સાથે અઘાસુરના મુખમાંથી પછી બહાર નીકળ્યા. અઘાસુર મરી ગયો. તેના જાડા શરીરમાંથી એક મહા આશ્ચર્યજનક તેજ બહાર નીકળ્યું. તે પોતાના પ્રકાશથી દશ દિશાઓને પ્રકાશિત કરતું હતું.

તો ભગવાન બહાર નીકળવાની વાટ જોઇને આકાશમાં ઉભું રહ્યું જેવા ભગવાન બહાર નીકળ્યા કે તરત સર્વ દેવતાઓના દેખતાં તે ભગવાનમાં પેસી ગયું.૩૩ પછી દેવતાઓએ અત્યંત પ્રસન્ન થઇને પુષ્પથી અપ્સરાઓએ નૃત્યથી ગાનારાઓએ ગાયનથી વાદિત્ર-વાળાઓએ વાજીત્રથી, બ્રહ્માએ સ્તુતિથી અને પાર્ષદોએ 'જય જય' શબ્દથી પોતાનું કાર્ય કરનાર ભગવાનની જય ઘોષણા કરી. અદ્ભુત સ્તોત્ર સારાં વાદિત્ર ગાયન અને 'જય જય' એવા અનેક ઉત્સવ સમયના માંગલિક શબ્દો પોતાના ધામની પાસે સાંભળી બ્રહ્મા ત્યાં આવ્યા અને શ્રીષ્ણનો મહિમા જોઇને આશ્ચર્ય પામ્યા. હે રાજન ! વૃંદાવનમાં સૂકાઇ ગયેલું એ અદ્ભુત અજગરનું ચામડું ઘણા કાળ સુધી વ્રજવાસી ઓને રમવાની એક ગુફા રૂપ થઇ પડયું. ૩૬ પોતાને મૃત્યુથી બચાવ્યા અને અઘાસુરને સંસારથી મુક્ત કર્યો શ્રીકૃષ્ણે કૌમાર અવસ્થામા કરેલું આ પરાક્રમ જોઇને આશ્ચર્ય પામેલા ગોપ બાળકોએ ભગવાનની પૌગણ્ડાવસ્થામા એક વર્ષ પછી વ્રજમા કહ્યું કે-આજે શ્રીકૃષ્ણે અમને મૃત્યુના મુખમાંથી બચાવીને બળવાન અઘાસુરને માર્યો. ૩૭ માયાવડે મનુષ્યના બાળકરૂપ થયેલા કાર્ય તથા કારણના પણ આદિ કારણ ભગવાન શ્રીકૃષ્ણના સ્પર્શથી પાપ ધોવાતાં અઘાસુર દુર્જનોને દુર્લભ એવા ભગવાનના સ્વરૂપને પામ્યો. ૩૮ જેના અંગની મૂર્તિનું એકવાર ધ્યાન ધરવાથી મનોમયી મૂર્તિએ પ્રહ્લાદાદિકને મુક્તિ આપી હતી ત્યારે નિત્ય આત્મસુખના અનુભવથી સર્વ ઠેકાણે માયાનો નાશ કરનાર ભગવાન પોતે જ અઘાસુરના શરીરમા પેઠા તેને મુક્તિ મળે તેમા શું આશ્ચર્ય ? ૩૯

સૂત કહે છે કે-હે શૌનકાદિક બ્રાહ્મણો! આ રીતે પોતાની રક્ષા કરનાર ભગવાનનું ચરિત્ર સાભળીને તેમાં જ જેનું ચિત્ત લાગી રહેલું હતું એવા પરીક્ષિત રાજા ફરી ફરીને શુકદેવજીને આ પ્રમાણે પૂછવા લાગ્યા. ૪૦ હે મહારાજ ! ભગવાને જે કાર્ય કૌમારાવસ્થામા કર્યું હતું તે કાર્યની વાર્તા બાળકોએ ભગવાનની પૌગણ્ડ વસ્થામાં શી રીતે કહી? પૂર્વકાળમાં કરેલું કામ તે પછીના કાળમાં કરેલું કેમ ગણાય? હે મહાયોગી ! હે ગુરો! તે કથા મને સ ભળાવો મને તેમાં થોડું આશ્ચર્ય લાગે છે ! આ શ્રીહરિની માયા જણાય છે નહિ તો કદી એમ બને નહિ. હે ગુરૂ ! અમે ક્ષત્રિયો છીએ તોપણ ભાગ્યશાળી છીએ કારણ કે તમારા મુખથી શ્રીકૃષ્ણ ભગવાનની કથારૂપી પવિત્ર અમૃતનું વારંવાર અમે પાન કરીએ છીએ. ૪૩ આ પ્રમાણે પરીક્ષિત રાજાએ પશ્ન કરીને ભગવાનનું સ્મરણ આપતાં શુકદેવજીની સર્વ ઈંદ્રિયો ભગવાનમાં લીન થઇ ગઇ પરંતુ મહા કષ્ટથી ઈંદ્રિયોની વૃત્તિઓને ઠેકાણે લાવી શુકદેવજી પરીક્ષિતને આગળની કથા કહેવા લાગ્યા. ૪૪

इत्थं स्म पृष्टः स तु बादरायणि
स्तत्स्मारितानन्तहृताखिलेंद्रियः ।
कृच्छ्रात्पुनर्लब्धबहिर्दृशिः शनैः
प्रत्याह तं भागवतोत्तमोत्तम ॥४४॥
इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
द्वादशोध्यायः

અધ્યાય ૧૩ મો.†

બ્રહ્માની માયામાં શ્રીકૃષ્ણ.

શ્રીશુक उवाच

साधु पृष्टं महाराज त्वया भागवतोत्तम ।
यन्नूतनयसीशस्य शृण्वन्नपि कथां मुहुः ॥१॥

શુકદેવજી કહેછે કે-હે મહાભાગ્યશાળી!

† આ અધ્યાયમા બ્રહ્માએ માયા કરીને ગોપકુમારોનુ તથા વાછડાનુ હરણ કર્યું તે ઉપરથી ભગવાને સર્વ સ્વરૂપ થઈ એક વર્ષ સુધી લીલા કરી એ કથા કહેવામા આવે છે

તમે બહુ સારો પ્રશ્ન કર્યો. તમે ભગવાનની કથા વારંવાર સાંભળ્યા છતાં જાણે નવીન હોય એવા પ્રશ્ન કરો છો. ૧ સ્ત્રીઓની વાતો પ્રિય લાગવાથી જેમ ક્ષણે ક્ષણે તે નવી કરવી એવો પુરૂષોનો સ્વભાવ હોય છે તેમ ભગવાનની કથાઓ રસદ લાગે તેમ ક્ષણે ક્ષણે તમે નવી કરાવો છો. ભગવાનની કથામાથી સાર ગ્રહણ કરવો એ ભગવાનને વિષે જેની વાણી શ્રવણ તથા મન આસક્ત હોય એવા મહાપુરૂષોનો સ્વભાવ છે. ૨ હું તમને ગુપ્ત છતાં તે કહું છું. ગુરૂઓ ગુપ્ત વાર્તા પોતાને પ્રિય શિષ્યને જ કહે છે. ૩ ઉપર કહ્યા પ્રમાણે વાછડાંને તથા ગોપકુમારોને મૃત્યુ રૂપી અઘાસુરના મુખમાથી ઉગારી યમુનાના તીર ઉપર લાવ્યા પછી ભગવાને તેઓને કહ્યું કે, હે મિત્રો ! આ યમુનાનો કિનારો રમણીય અને રમવાને બહુ યોગ્ય છે. તેના ઉપર કોમળ અને નિર્મળ રેત પથરાયેલી છે અને ઉઘડી ગયેલાં કમળોની શોભા છે. ભમરા અને પક્ષીઓના શબ્દોથી રમણીય વૃક્ષો છે ૫ આપણે ભૂખથી અકળાઇ ગયા છીએ માટે આવો અહીં ભોજન કરીએ અને વાછડાં પાણી પીને આપણી પાસે ભલે ચરે. ગોપકુમારો ભગવાનનાં વચનને માન્ય રાખી વાછડાંને પાણી પાઇ, લીલા ઘાસ વાળી જમીનમાં છુટાં મૂકી દઇ ભોજનની પોટલીઓ જમીન ઉપર મૂકી આનંદથી ભગવાનની સાથે જમવા બેઠા. ૭ ભગવાનની સાથે જમવા બેઠેલા પ્રફુલ્લિત નેત્રવાળા સર્વે ગોપકુમારો શ્રીકૃષ્ણ ભગવાનની ચારે તરફ કુંડાળુ વળી તેમની સામે મુખ કરીને બેઠા જેમ કમળની કળીની આસપાસ રહેલાં કમળનાં પાંદડાં શોભે તેમ વનમાં ભગવાનની ચારે તરફ પંક્તિ થઇને બેઠેલા વ્રજકુમારો શોભતા હતા. ૮ કેટલાક બાળકો પુષ્પની પાંખડીઓનાં કેટલાક નવાં પાંદડાંનાં, કેટલાક છાલનાં અને કેટલાક પથ્થરોનાં પાત્ર બનાવી ભોજન કરવા બેઠા. ૯ સર્વે પરસ્પ પોતપોતાના ભોજનની મીઠાસ વખાણતા હસતા અને હસાવતા આનંદથી ભગવાનની સાથે ભોજન કરવા લાગ્યા. બાલક્રીડા કરતા ભગવાન યજ્ઞભોક્તા હતા છતાં આશ્ચર્યકારક રીતે સ્વર્ગવાસીઓના દેખતાં ગોપકુમારોની સાથે ભોજન કરવા લાગ્યા તેમણે પોતાની બગલમાં વીણા ધારણ કરી હતી, શિંગડી તથા છડી પડખે રાખેલા હતા, ડાબા હાથમાં દહીં ભાતનો કોળિયો લીધો હતો ફળનાં અથાણાંને આંગળીઓમાં ઘાલ્યાં હતાં, મિત્રોને ઉપહાસનાં વચનો કહી કહીને હસાવતા હતા. ૧૧

આ પ્રમાણે શ્રીકૃષ્ણમાં જેમનું મન આસક્ત હતું એવા ગોવાળિયા ભોજન કરતા હતા, એટલામાં વાછડાં ઘાસ ખાવાના લોભથી અંદરના વનમાં દૂર ચાલ્યાં ગયા. ૧૨ વાછડાને વનમા દૂર ગયેલાં જોઇને ગોવાળિયા ભયભીત થયા તે જોઇને ભયના પણ ભયરૂપ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું કે–મિત્રો ! ભોજન બંધ કરશો નહિ. હું તમારાં વાછડાંને અહીં લાવું છુ. ૧૩ શ્રીકૃષ્ણ ભગવાન હાથમા રહેલા કોળિયા સાથે પર્વતો ગુફાઓ વૃક્ષોની કુંજો અને મોટી ગુફાઓમાં સર્વના વાછડાં શોધવા ગયા. ૧૪ હે રાજન ! બ્રહ્મા કે જે પૂર્વે ભગવાનથી અઘાસુરનો મોક્ષ થયેલો જોઇ પરમ આશ્ચર્ય પામી આકાશમાં ઉભા હતા તે માયાથી બાળક બનેલા ભગવાનનો બીજો પણ મહિમા જોવા પૃથ્વી ઉપર ઉતર્યા, અને એક તરફથી વાછડાને અને બીજી તરફથી ગોપ બાળકોને લઇ અંતર્ધાન થઇ ગયા ૧૫ શ્રીકૃષ્ણને વાછડાંની શોધ કરવા છતાં પણ કયાંહી જોવામાં ન આવતાં પાછા યમુનાના કિનારા ઉપર ગયા તો ત્યાં ગોપ બાળકો જોવામાં આવ્યા નહિ. શ્રીકૃષ્ણ વનમાં બંનેને ચારે તરફ

શોધવા લાગ્યા. ૧૬ વિશ્વવેત્તા ભગવાને વનમાં વાછડાંને તેમ જ વડ નીચે ગોપને દીઠા નહિ એટલે તરત સમજી ગયા કે, આ સર્વ બ્રહ્માએ કર્યું હશે. ૧૭ પછી વિશ્વકર્તા શ્રીકૃષ્ણ ભગવાને ગોપકુમારોની અને વાછડાંની માતાઓને તથા બ્રહ્માને પ્રસન્ન કરવા માટે પોતાની માયાએ ગોપકુમારો અને વાછડાં બનાવ્યા. ૧૮ ગોપ પુત્રોના અને વાછડાંના જેટલા નાનાં શરીર હતા તેમના હાથ પગ વગેરે અવયવો જેવા હતા તેમની લાકડી શિંગડી વેણું પાદડાં શિંકી આભૂષણો તથા વસ્ત્રો જેવાં હતાં તેમ તેમનો સ્વભાવ ગુણ નામ આકૃતિ અને અવસ્થા જેવી હતી તથા તેમની રમત–ગમત જેવી હતી, તેના જેવા સર્વરૂપ ધારણ કર્યા અને આ જગત વિષ્ણુમય છે એવી વાણી જાણે અર્થરૂપે પ્રત્યક્ષ થઇ હોય તેમ સર્વ સ્વરૂપ થયેલા અજન્મા ભગવાન બહુરૂપ બન્યા. ૧૯ પછી સંધ્યાકાળે ભગવાન પોતે પોતાના રૂપમાંથી થયેલા ગોવાળિયાઓ સાથે પોતાના રૂપ વાછડાંને બનાવી પોતાનારૂપ વિહારોથી ક્રીડા કરતા કરતા વ્રજમા પધાર્યા ૨૦ અને હે રાજન ! તે તે વાછડાંને જુદાં જુદાં લઇ જઇને તે તે ગોષ્ઠમાં પેસાડી, તે તે ગોપના બાળકરૂપે થયેલા ભગવાન તે તે ગોપના ઘરમા ગયા ૨૧ એટલામાં તો વેણુંનો નાદ સાંભળીને તેઓની માતાઓ ઉતાવળી ઉઠીને સામી આવી અને પરબ્રહ્મને પોતાના પુત્ર માની વહાલથી તેમને તેડી લઇ સારી પેઠે છાતી સરસા ચાંપી આનંદ પામી. ૨૨ હે રાજન ! નિયમિત ક્રીડા કરીને સાયંકાળે આવી પહોચેલા પોતાનાં ચરિત્રોએ સર્વને આનંદ આપતા શ્રીકૃષ્ણને મર્દન કરવું નવરાવવા શરીરે ચદનાદિકના લેપ કરવા, ઘરેણાં પહેરાવવા, રક્ષાતિલક કરવા, જમાડવા વગેરે ક્રિયાઓથી તે લાડ લડાવવા લાગી ૨૩ જેમ ગોપીઓને મોહ થયો હતો તેમજ ગાયોને મોહ થયો હતો, વનમાંથી તે ઉતાવળી ઉતાવળી કોઢમાં આવી હિંસારાથી વાછડાંને ધવરાવવા અને વાર વાર ચાટવા લાગી. ૨૪

આ રીતે ગાયોને તથા ગોપીઓને શ્રીકૃષ્ણ વિષે પૂર્વની પેઠે સંપૂર્ણ રીતે માતૃભાવ હતો, પરંતુ પૂર્વે સ્નેહ સ્વાભાવિક હતો, ત્યારે હમણાં માયાકૃત વધારે સ્નેહ જોવામાં જાણવામાં આવે છે. ગાયો અને ગોપીઓને ભગવાનનો પુત્રભાવ પ્રથમના જેવો લાગતો પરંતુ હમણાં જે પુત્રભાવ હતો તે માયાકૃત હતો. ૨૫ વ્રજવાસીઓને પૂર્વે પોતાના પુત્રો કરતા પણ શ્રીકૃષ્ણ ઉપર અપૂર્વ પ્રીતિ હતી, તેવી જ પ્રીતિ હમણાં તેમને પોતાના પુત્રો ઉપર એક વર્ષ સુધી રોજ રોજ વધતી રહી. તે પોતાની સીમા મૂકીને પણ આગળ ચાલી શ્રીકૃષ્ણ પોતે ગોવાળિયા થઇને વાછડાં તથા ગોવાળિયાઓના મિષથી પોતે પોતાનું રક્ષણ કરતા. એક વર્ષ સુધી વનમાં તેમજ ગોષ્ઠમા રમ્યા. ૨૭ એક દિવસ જ્યારે વર્ષ પૂરૂં થવાને પાચ–છ રાત્રિઓ બાકી હતી, ત્યારે અજન્મા ભગવાન બળદેવજીની સાથે વાછડાને ચરાવતા વનમાં ગયા. ૨૮ તે વખતે છેટે ગોવર્દ્ધન પર્વત ઉપર ગાયો ચરતી હતી, તેઓએ વ્રજની નજીક વાછડાં ચરતા જોયા. ૨૮ વાછડાંને જોઇને ગાયોનું ટોળું સ્નેહને અધીન થઇ ગયું, શરીરનું ભાન ભુલી ગયા. ગોવાળિયાઓને તથા દુર્ગમ માર્ગને ઉલ્લંઘન કરી બે પગે ઉછળતી પુંછડાંને કાંધ ઉપર રાખી મુખ અને કમ્મક ઉંચી કરી, 'હંભા હંભા ' કરતી દોડી. વાત્સલ્યથી ગાયોના આઉમાંથી દૂધ ઝરતું હતું. ૩૦ વાછડાંવાળી ગાયો કે જેઓ દોડતી હતી, તેઓ પર્વતની નીચેના ભાગમાં તેમને મળી ધવરાવવા લાગી અને જાણે તેઓને ગળી જશે તેમ જીભવતી ચાટવા લાગી. ૩૧ ગોવાળિયા-

ઓએ ગાયોનાં ટોળાંને અટકાવવા શ્રમ લીધો પરંતુ તે નિષ્ફળ ગયો તેથી તેઓને ઘણો ક્રોધ ચઢયો. તેઓ કઠિન માર્ગેથી નીચે ઉતરીને ગાયોની પાસે આવ્યા તો વાછડાંની સાથે ઉભેલા પુત્રોને દીઠા. ૩૨ પુત્રોને જોવાથી ગોવાળિયાઓનું અતઃકરણ પ્રેમરસમાં ડુબી ગયું અને તેઓ લજ્જા તથા ક્રોધ ચઢવાથી મારવા આવ્યા હતા તોપણ તેમનો ક્રોધ શાંત થઈ ગયો, અને પુત્રો ઉપર પ્રીતિ ધરાવનાર તેઓ હાથવતી છોકરાઓને તેડી આલિંગન કરવા લાગ્યા. તેઓનાં મસ્તક સુંઘી પરમ આનંદ પામ્યા. ૩૩ પછી પુત્રનું આલિંગન કરીને અત્યંત સુખ પામેલા ગોવાળિયા ત્યાં પાછા આવ્યા. બાળકો સાંભરી આવવાથી તેઓની આંખમાં ઝળઝળિયા આવી ગયા. ૩૪ પુત્રોએ ધાવવું છોડી દીધા છતાં પણ પોતાના પુત્રો ઉપર વ્રજનો ક્ષણે ક્ષણ અતિશય પ્રેમ વધતો જોઇને તેનું કારણ ન જાણવામાં આવ્યાથી બળદેવજી એવો વિચાર કરવા લાગ્યા કે—૩૫ પોતાની સાથે આખા વ્રજનો સર્વના આત્મારૂપ વાસુદેવ ભગવાન ઉપર પૂર્વે જેવો પ્રેમ હતો, તેવો પ્રેમ હમણાં પોતાના પુત્રો ઉપર વાધેલો લાગે છે આ તે કયી માયા હશે ! કયાથી આવી હશે ! આને દેવતાઓની, મનુષ્યોની કે અસુરોની માયા જાણવી કે કેમ ? અને તે માયા કરવાનું શું કારણ હશે ? પરંતુ અહીં બીજાની માયાનો સંભવ નથી કારણ કે મને પણ મોહ થયો છે, તે બીજાની માયા હોય, તો મને મોહ થાય નહિ. માટે ઘણું કરીને મારા સ્વામીની જ માયા હશે ૩૭

આ રીતે વિચાર કરીને બળદેવજીએ જ્ઞાનદૃષ્ટિથી જોયું તો મિત્રોની સાથે સર્વ વાછડાંને શ્રીકૃષ્ણરૂપ દીઠાં. ૩૮ તેમણે શ્રી કૃષ્ણ ભગવાનને પૂછયું કે, આપણે જે વાછડાંનું પાલન કરીએ છીએ, તેઓ ઋષિઓના અંશો છે, અને ગોવાળિયાઓ દેવતાઓના અંશ છે, એટલું હું જાણું છું; પરંતુ હમણાં તેમ નથી કિંતુ આ જુદા જુદામાં એક તમેજ જોવામાં આવો છો માટે તમે સર્વ વિવેચન કરીને આ સર્વ કેવી રીતે થયું ? તે મને કહો. આ રીતે બળદેવજીએ પૂછયું એટલે ભગવાને ટુંકામાં બનેલી સર્વ વાત કહીને બળદેવને સમજાવ્યા ૩૯ એટલામાં બ્રહ્મા પોતાના માપ પ્રમાણે એક ત્રુટિ જેટલો કાળ થયો કે ત્યાં આવ્યા, તો ભગવાનને પોતાના સેવકોની સાથે પ્રથમની માફક જ એક વર્ષ સુધી ક્રીડા કરતા જોયા. ૪૦ બ્રહ્મા વિચારમાં પડી ગયા કે, ગોકુળમાં જેટલા બાળકો છે તે સર્વ બાળકો વાછડાંની સાથે મારી માયારૂપી શય્યામાં સૂતેલા છે અને તેઓ હજી ઉઠયા નથી. ૪૧ તેટલામાં મારી માયાવડે મોહિત થયેલા બીજા આ તેટલા બાળકો અને વાછડાં વિષ્ણુની સાથે એક વર્ષ થયાં બાળલીલા કર્યા કરે છે તે શું ? ૪૨ તેઓ અહીં કયાંથી આવ્યા હશે ! બ્રહ્માએ ઘણીવાર તે ભેદને માટે વિચાર કર્યો, પરંતુ તેઓમાં કયાં સાચાં અને કયાં ખોટાં, તે કોઈ પણ રીતે સમજાયું નહિ. ૪૩ વિશ્વને મોહ ઉપજાવનાર અને મોહ રહિત વિષ્ણુને પોતાની માયાથી મોહ ઉપજાવવા જતાં બ્રહ્મા પોતે જ મોહ પામ્યા. ૪૪ અંધારી રાત્રિમાં જેમ પતંગિયાનું તેજ પોતાનો જુદો પ્રકાશ કરી શકતું નથી પણ તે પ્રકાશમાં લય થાય છે, તેમ મોટા માયાવીની ઉપર માયા કરવાને જો જાય તો માયા મોટા પુરૂષને તે કંઇ કરી શકતી નથી, પરંતુ ઉલટી પોતાનાં સામર્થ્યનો નાશ કરે છે. ૪૫ બ્રહ્મા ત્યાં ઉભા ઉભા જોતા હતા, તેટલામાં સર્વ વત્સપાલકો મેઘના જેવા શ્યામ રંગના અને પીળા રેશમી વસ્ત્રોવાળા જોવામાં આવ્યા. તેઓ ચાર ભુજાવાળા હતા, તેઓએ હાથમાં શંખ ચક્ર ગદા અને પદ્મ ધારણ કર્યાં હતાં.

માથે મુગટ, કાનમાં કુંડળ અને કંઠમાં પુષ્પની માળા તથા વનમાળાઓ ધારણ કરી હતી. ૪૭ શ્રીવત્સ બાજુબંધ રત્નજડિત શંખના જેવા ત્રિધારાં કંકણો હાથમાં ધારણ કર્યા હતા, નુપુરોથી કડાંથી કટિસૂત્રોથી તથા વિંટીઓથી તે શોભતા હતા. ૪૮ મોટા પુણ્યવંતોએ અર્પણ કરેલી તુલસીની કોમળ અને નવીન માળાઓથી પગથી લઇને છેક મસ્તક સુધી સર્વ અંગે ભરેલા હતા. ૪૯ ચાંદનીના જેવાં સ્વચ્છ મંદહાસ્ય રૂપી સત્વગુણથી અને રતાશવાળાં કટાક્ષો વડે જોવારૂપી રજોગુણથી પોતાના ભક્તોના મનોરથને જાણે સરજતા હોય તથા પાળતા હોય એવા દેખાતા હતા. ૫૦ બ્રહ્મ થી માંડીને સ્તંભપર્યંત સર્વ સ્થાવર–જંગમ પ્રાણી દેહધારી થઇ નૃત્ય તથા ગાયનો વગેરે અનેક પૂજાઓથી તેમની જુદી જુદી સેવા કરતા હતા ૫૧ અણિમાદિક સિદ્ધિઓ, માયા વગેરે વિભૂતિઓ અને મહાત્તત્વાદિક ચોવિશ તત્વોથી તેઓ પ્રત્યેક પૂર્ણ હતા. ૫૨ કાલ સ્વભાવ સંસ્કાર કામ કર્મ તથા ગુણાદિક પદાર્થો દેહધારી થઇ તે પ્રત્યેકની સેવા કરતા હતા અને ભગવાનના મહિમા આગળ તે અણિમાદિકનો મહિમા ઝાંખો પડી જતો હતો ૫૩ તે સર્વ સત્ય જ્ઞાન અનંત આનંદ માત્ર તથા એકરસ મૂર્તિવાળા હતા, અને આત્મજ્ઞાનરૂપી દૃષ્ટિવાળાઓથી પણ તેઓનું જાણવામા આવે નહિ એવું મોટું માહાત્મ્ય હતુ ૫૪

બ્રહ્માએ એક વખત સર્વને પરબ્રહ્મરૂપ જોયા, કે જે પરબ્રહ્મના પ્રકાશથી આ સચરાચર સર્વ જગત્ પ્રકાશે છે. ૫૫ પછી જેની અગિયાર ઈંદ્રિયો જડ બની ગઈ હતી એવા બ્રહ્મદેવ અત્યંત આશ્ચર્યથી હંસ ઉપર ચડી વ્રજની નજીક રહેલા દેવોની પાસે ચાર મુખવાળી પુતળીના પેઠે જડ જેવ થઇ ગયા. ૫૬ આ રીતે તર્કમા આવે નહિ એવા અસાધારણ મહિમાવાળા સ્વયંપ્રકાશના સુખવાળા પ્રકૃતિથી પર અને જડ પદાર્થોનો ત્યાગ કરતાં અવશેષ રહે તે બ્રહ્મ આમ પ્રતિપાદન કરતી ઉપનિષદની શ્રુતિઓ જેમાં પ્રમાણ છે એવા પરમાત્માના સ્વરૂપમાં ‘ આ શુ ’ એ રીતે બ્રહ્મા મોહ પામ્યા અને પછી તે સ્વરૂપને જોવાને અસમર્થ થયા. શ્રીકૃષ્ણ ભગવાને પોતાની માયારૂપી પડદાને ખેંચી લીધો. ૫૭ પછી બ્રહ્મા મરી જઇ ઉઠલાની પેઠે ઉઠયા અને ઇંદ્રિયોની વૃત્તિઓને પ્રાપ્ત કરી આંખો ઉઘાડી જોયું તો ભગવાનની સાથે નીચે પ્રમાણે મંડળ જોવામાં આવ્યું. ૫૮ બ્રહ્માએ તરત દિશાઓમા દૃષ્ટિ કરી તો મનુષ્યોની આજીવિકાવાળાં વૃક્ષોથી ભરપૂર અને ચારે તરફ સુખકારી વૃન્દાવન નામે એક વન દીઠુ ૫૯ વૃન્દાવનમાં સ્વાભાવિક વૈરવાળા મનુષ્યો તથા સિંહાદિક પરસ્પર મિત્રભાવથી રહેતાં હતાં તથા ભગવાનના નિવાસથી ક્રોધ લોભ વગેરે નાશી ગયાં હતા. ૬૦ વૃન્દાવનમાં ગોવાળિયાના બાળકપણાનું નાટક કરતા અદ્વય પરબ્રહ્મ અનંત અગાધ જ્ઞાનવાળા છતાં પ્રથમની પેઠે વાછડાંને તથા મિત્રોને ચારે તરફ શોધતા અને જેના હાથમા દહ્યોદનનો કોળિયો હતો એવા શ્રીકૃષ્ણ ભગવાનને બ્રહ્માએ એકલા દીઠા. ૬૧ ભગવાનને જોઇને બ્રહ્માએ પોતાના સ્થાનક ઉપરથી નીચે ઉતરી, સુવર્ણના દંડની પઠે શરીરને પૃથ્વી ઉપર પાડી ચાર મુગટની અણીવતી ભગવાનનાં બે ચરણનો સ્પર્શ કરી નમન કર્યું ને હર્ષનાં અશ્રુઓરૂપી ઉત્તમ જળવડે ચરણારવિંદમાં અભિષેક કર્યો ૬૨ પૂર્વે જોયેલા ભગવાનના મહિમાને વારંવાર સંભારી, ઉઠી ઉઠીને ભગવાનનાં ચરણમા ઘણી વાર સુધી દંડવત્ પ્રણામ કર્યા. ૬૩ પછી ઉભા થઇ આંખનાં અશ્રુઓ લુછી ભગવાનની સામું જોઇ, બે હાથ જોડી વિવેકવાળા ભગવાન બ્રહ્માએ

સાવધ થઇ ધ્રુજતાં ધ્રુજતાં ગળગળી વાણી-એ સ્તુતિ કરવા માંડી. ૬૪

शनैरथोत्थाय विमृज्य लोचने
मुकुंदमुद्वीक्ष्य विनम्रकंधरः ।
कृतांजलिः प्रश्रयवान् समाहितः
सवेपथुर्गद्गदयैलतेलया ॥ ६४ ॥

इतिश्रीम॰ ागवतेमहापुराणेदशमस्कंधे त्रयोदशोध्यायः

અધ્યાય ૧૪ મો.‡

બ્રહ્માકૃત શ્રીકૃષ્ણની સ્તુતિ.

ब्रह्मोवाच

नौमीड्य तेऽभ्रवपुषे तडिदंबराय
गुंजावतंसपरिपिच्छलसन्मुखाय ।
वन्यस्रजे कवलवेत्रविषाणवेणुलक्ष्म-
श्रिये मृदुपदे पशुपांगजाय ॥ १ ॥

બ્રહ્મા–હે સ્તુતિ કરવા યોગ્ય ! મેઘ જેવા શ્યામ શરીરવાળા ચનોઠીના કાનનાં આભૂષણથી તારપીંછના મુગટથી જેનું મુખ શોભાયમાન છે એવા વનની માળા ધારણ કરનાર દહીંભાતના કોળિયાના છડીના શીંગડીના તથા વેણુના ચિહ્નથી શોભતા અને કોમળ ચરણવાળા એવા ગોપ કુમાર આપ શ્રીભગવાનને હું પ્રણામ કરૂં છું ૧ હે દેવ ! મારી ઉપર અનુગ્રહ કરનાર અને ભકતોની ઈચ્છા પ્રમાણે શરીર ધારણ કરનાર આપનું આ શરીર પાંચ ભૂતનું બનેલું નથી પરંતુ શુદ્ધ સત્ત્વગુણી છે. તેના મહિમાને કોઈ જાણવાને સમર્થ નથી, સાક્ષાત્ આત્મસુખના અનુભવરૂપ આપના સ્વરૂપને કોઇ મનથી જાણી શકતું નથી. ? ૨ જેઓ જ્ઞાનમાં પ્રયાસ કરવો છોડી દઇ મહાત્મા પુરૂષોએ કહેલી આપની વાર્તાને શ્રવણ કરી પોતાને ઠેકાણે બેઠાં બેઠાં તે કથાનો મન,વાણી ને કાયાથી સત્કાર કરતાં જીવન ગાળે છે, તેઓએ હે અજિત ! ઘણું કરીને તમને ત્રણ લોકમાં જીતેલા છે હે વિભો ! કલ્યાણને વરસાવનારી તમારી ભક્તિનો ત્યાગ કરી જેઓ કેવળ જ્ઞાન મેળવવા કલેશ કરે છે, તેઓને જાડાં શાળનાં ફોતરાં ખાંડનારાઓને જેમ પરિશ્રમ વિના કઇ મળનું નથી તેમ છેવટે તેઓને કલેશ મળે તે વિના બીજું કશું ફળ મળતું નથી. ૪ હે ભગવન્ ! પૂર્વે ઘણા યોગીઓ આ લોકમાં યોગાભ્યાસથી જ્ઞાન મળવાને લીધે પોતાનાં સર્વ કર્મો તથા ચેષ્ટાઓ તમને અર્પણ કરી સંપાદન કરેલી અને તમારી કથા સાંભળવાથી પાસે આવેલી ભક્તિવડે જ્ઞાન પ્રાપ્ત કરીને હે અચ્યુત ! તમારી પરમ ગતિને પામ્યા હતા. ૫ તમારૂં નિર્ગુણ સગુણ સ્વરૂપ જાણવું દુર્ઘટ છે તથાપિ ઇન્દ્રિયોનો નિગ્રહ કરનાર પુરૂષો વિશેષ આકારથી રહિત અને આત્માકાર થયેલા અન્તઃકરણથી સ્વયંપ્રકાશપણે પરંતુ આપના સગુણ સ્વરૂપનું પરિપૂર્ણ જ્ઞાન થતું નથી, કેમકે તેના ગુણો અચિન્ત્ય અને અનેક છે ૬ જે મહા નિપુણ લોકોએ ઘણા જન્મોથી પૃથ્વીનાં રજકણો આકાશના હિમની કણીઓ તથા નક્ષત્રાદિકનાં કિરણોનાં પરમાણુઓ ગણી કાઢેલાં હોય તેઓ પણ ગુણના અધિષ્ઠાતા એવા આપના ગુણોની ગણના કરવાને સમર્થ થતા નથી. આપ જગતના હિતને માટે અનેક ગુણો પ્રગટ કરતા અવતારો ધારણ કરો છો. ૭ ‘ઇશ્વર કયારે કૃપા કરશે’ ? એમ તમારી કૃપાની વાટ જોતો પુરૂષ કરેલાં કર્મનાં ફળને ભોગવ્યા કરે છે તથા મન વાણી અને કાયાથી આપને નમસ્કાર કરતાં જીવન ગાળે છે, તેને મુક્તિ સ્થાનનો અધિકારી જાણવો. હે ઈશ ! મારી હલકાઇ તરફ દૃષ્ટિ કરતા નહિ. માયાવીઓને માયા કરનાર આપ આદ્ય પરમાત્માને વિષે પણ માયા વિસ્તારીને મેં મારો પોતાનો વૈભવ જોવાની ઈચ્છા કરી, પરંતુ

‡ આ અધ્યાયમા અદ્ભુત વ્રત જોઇ તેનો નિશ્ચય કરવાને અસમર્થ થયેલા વિધાતાએ તેમની સ્તુતિ કરી એ કથા કહેવામા આવે છે

અગ્નિની પાસે તેની જ્વાળાની માફક આપની પાસે હું શી ગણતરીમાં છું હે અચ્યુત! હું રજોગુણથી ઉત્પન્ન થયો છું. 'જગતનો કર્તા છું' એવા ગર્વરૂપી અહંકારથી આંખે આંધળો થઇ ગયો છું, અજ્ઞાની હોવાથી તમારાથી જુદો ઇશ્વર હોવાનું અભિમાન રાખું છું, મારી ઉપર ક્ષમા કરો અને બ્રહ્મા બીજે ઠેકાણે જોકે પ્રભુપણાથી રહે છે તોપણ 'હું નાથને લીધે નાથવાન્ છું,' એમ આપે વિચારીને મારા ઉપર દયા કરવી ઘટે છે. પ્રકૃતિ મહત્તત્વ અહંકાર આકાશ વાયુ અગ્નિ જળ તથા પૃથ્વીથી પરિવૃત્ત બ્રહ્માડમાં સાત વેંતની કાયાવાળો હું કયાં? અને આવા અનંત બ્રહ્માંડરૂપી પરમાણુઓને ઉડવા માટે જેના રોમકુપ જાળિયાં જેવાં છે એવા આપનો મહિમા કયાં? માટે આ તુચ્છ દાસ ઉપર દયા કરવી એ તમને ઘટિત છે. ૧૧ હે અતીંદ્રિય! ગર્ભમાં રહેલો બાળક પોતાના પગ ઉછાળે તેથી માતાનો અપરાધ કર્યો ગણાતો નથી, તેમ કાર્ય—કારણ શબ્દથી કહેવામાં આવતું આ જગત આપના ઉદરની જરા પણ બહાર નથી. હું તમારા ઉદરમાં આવી ગયો તેથી મારો અપરાધ તમારે ક્ષમા કરવો જોઇએ. ૧૨ હે ઇશ્વર! જગતના પ્રલય સમયે જ્યારે મહાસાગર એકઠા મળી જાય છે ત્યારે નારાયણની નાભીના નાળમાંથી બ્રહ્મા પ્રગટ થાય છે.

હે ઇશ્વર! હું શું તમારાથી ઉત્પન્ન થયો નથી? ૧૩ તમે નારાયણ છો કારણ કે (નાર) એટલે જીવોનો સમૂહ અને (અયન) એટલે આશ્રય, તે નારાયણ કહેવાય છે. આપ સર્વ પ્રાણીઓના આત્મા હોવાથી નારાયણ છો કારણ કે (નાર) એટલે જીવોનો સમૂહ; અને (અયન) એટલે પ્રવર્તવું, જેનાથી થાય તે નારાયણ. આપ પણ સર્વ પ્રાણીઓના પ્રવર્તક હોવાથી નારાયણ છો. કારણ કે, (નાર) જીવ સમુદાય અને અયન એટલે જાણનાર. આપ સર્વ લોકના સાક્ષી હોવાથી નારાયણ છો. વળી (નાર) એટલે નરના શરીરમાં ઉત્પન્ન થયેલું પાણી અને તેમાં (અયન) એટલે આશ્રય એવો પ્રસિદ્ધ અર્થ સ્વીકારીએ, તોપણ આપ નરના શરીરમાંથી ઉત્પન્ન થયેલા પાણીમાં શયન કરવાથી નારાયણ છો, વિચાર કરતાં તો તે સાચું નથી, પરંતુ તમારી માયા છે. ૧૪ હે ભગવન્! જગતના આશ્રયરૂપ તમારૂં પાણીમાં રહેલું સ્વરૂપ જો સત્ય હોય તો મેં કમળના નાળના માર્ગદ્વારા તેમાં પ્રવેશ કરી સો વર્ષ સુધી શોધ્યા કર્યું તોપણ તે મારા જોવામાં આવ્યું નહિ. હૃદયમાં મેં દીઠું નહિ અને તપશ્ચર્યા કર્યા પછી ફરીને જોવામાં આવ્યું? આમાં આપની માયા લાગે છે. આપની મૂર્તિને કોઇ પણ દેશનો પરિચ્છેદ નથી.૧૫ જો જળાદિક પ્રપંચ સત્ય હોય તો તમને તેનો પરિચ્છેદ લાગે પરંતુ તે તો સર્વ માયાનો ખેલ છે એવું તમે દેખાડી આપ્યું. તમે આ જ અવતારમા બહારના ભાગમાં દેખાતો આ સર્વ પ્રપંચ તમારી માતાને તમારા વિષે દેખાડીને, તમારૂં માયાવીપણું સ્પષ્ટ રીતે દેખાડી આપ્યું છે.૧૬ તમારા ઉદરમાં જેવું જગત્ દેખાયું હતું તે પ્રમાણે સર્વ બહાર ભાસે છે આ સર્વ જગત તમારા સ્વરૂપની સાથે તમારે વિષે જોવામાં આવે છે, માયા વિના તે જોવામા આવતું નથી. જગત્ પ્રતિબિંબ રૂપે જોવામાં આવતું હોય તો તે ઉલટું દેખાવું જોઇએ, તેમ આપ અરીસાને ઠેકાણે હો તો આપને વિષે આપનું દેખાવું સંભવે નહિ માટે આ સર્વ જગત્ મિથ્યા સિદ્ધ થાય છે ૧૭ આપે હમણાં આ સર્વ જગતનું મિથ્યાપણું મને દેખાડયું છે. આપ પ્રથમ એક હતા, પછી આપ વ્રજના સર્વ મિત્રો તથા વાછડાં રૂપ બન્યા અને પછી તે સર્વ ગોવાળિયાઓ ચતુર્ભુજવાળા થઇ ગયા. સર્વ તત્ત્વ સાથે હું તેમની સેવા કરતો હતો

અને તે પછી તમે તેટલાં જ જગતોરૂપ થયા હતા, માટે આ સર્વ માયિક હોવાથી મિથ્યા છે. અને માપમાં આવે નહિ એવા એક પર બ્રહ્મ જ અવશેષ રહે છે. ૧૮ તમે પ્રકૃતિમાં રહ્યા છતાં સ્વતંત્રતાથી માયાનો વિસ્તાર કરી આપના સ્વરૂપને ન જાણનાર લોકોને સૃષ્ટિના સમયમાં બ્રહ્મારૂપે રક્ષણના સમયમાં તમારા વિષ્ણુરૂપે અને પ્રલય કાળમાં રૂદ્રરૂપે ભાસો છો ૧૯ હે પ્રભો! તમે જન્મ રહિત છો છતાં દુષ્ટોના દુર્મદનો નાશ કરવા અને સત્પુરૂષોનો અનુગ્રહ કરવા દેવતાઓ ઋષિઓ મનુષ્યો પશુ–પક્ષીઓ અને જળચરોમાં અવતાર લ્યો છો. હે વ્યાપક! આપ યોગમાયાનો વિસ્તાર કરીને કયા કેવી રીતે કેટલા વખત સુધી અને ક્યારે વિહાર કરશો, તે આપની લીલાને કયો મનુષ્ય જાણે છે? ૨૧ આ સમસ્ત જગત કે જે મિથ્યા છે પ્રતિભાસ વિનાનું ને દુઃખી છે તે નિત્ય સુખ ને જ્ઞાન સ્વરૂપ જેનો દેહ છે એવા આપ અનંતથી ઉત્પન્ન થયા છતાં પાછું લય પામે છે. અધિષ્ઠાનભૂત આપના ગુણોને લીધે નિત્ય સુખ તે જ્ઞાનમય હોય એવું ભાસે છે. ૨૨ સત્ય તો આપ એક જ છો, આપ આત્મા છો, જે વસ્તુ દૃશ્ય હોય તે સત્ય હોતી નથી. આત્મા દૃશ્ય નથી તેથી સત્ય છે. વિકારી હોય તે પણ અસત્ય હોય છે. આપમા જન્માદિક વિકારો નથી સર્વથી પહેલા તમારી સત્તા હતી તેથી તમે જગતના સર્વની પહેલા સનાતન છો પૂર્ણ છો તેથી વૃદ્ધિ પામતા નથી. નિરંતર સુખ સ્વરૂપ છો તેથી આપમાં ફેરફાર થતો નથી. અક્ષર છો તેથી આપનો નાશ નથી. અમૃત છો તેથી આપનો નાશ થતો નથી. અનંત તથા અદ્વૈત છો તેથી દેશ ને કાળ આપનો પરિચ્છેદ કરી શકતા નથી. સ્વયંપ્રકાશ છો તેથી આપને મેળવવા બીજું કોઈ પણ સાધન નથી. ઉપાધિથી રહિત છો તેથી આપથી કોઇ વસ્તુ કાઢી શકાય તેવી નથી. નિરંજન છો તેથી તમારામાં કોઈ વસ્તુનો સંસ્કાર નથી. આત્માના પણ આત્મારૂપ આપને જે લોકો ગુરૂ રૂપી સૂર્યની પાસેથી મળેલા જ્ઞાનરૂપી ઉત્તમ નેત્રવડે પોતાના સ્વરૂપ રૂપ જુએ છે તેઓ સંસારરૂપી મિથ્યા સમુદ્રને તરી જાય છે.૨૪ જેઓ પોતાના આત્માને આત્મારૂપે જાણતા નથી તેમને આત્માના અજ્ઞાનને લીધે પ્રપંચ ભાસે છે. આત્માના સ્વરૂપનું જ્ઞાન થવાથી તે લય પામે છે. જેમ રજ્જુ દોરી ને રજ્જુરૂપે ન જાણવાથી તેમાં સર્પનો ભાસ થાય છે પરંતુ તેને ઓળખ્યા પછી તે નાશ પામે છે. ૨૫ સંસારમાં બંધ ને મોક્ષ અજ્ઞાનથી છે સત્ય જ્ઞાનરૂપ પરમાત્માથી ભિન્ન નથી. જેમ સૂર્યમાં રાત્રિ દિવસ કંઇ પણ નથી તેમ અખંડ અનુભવ મૂર્તિ કેવળ ને શુદ્ધ આત્મારૂપ આપમાં કંઇ નથી. તમે જે આત્મા છો તેને દેહાદિક માનીને દેહાદિકને આત્મા માનીને આ દેહમાં રહેલા આ; તમાને બહાર શોધવો એ ખોટું છે. અજ્ઞાની જનોની એ અજ્ઞાનતા છે! ઘરમાંની વસ્તુને બહાર શોધવી નકામી છે. ૨૭ હે અનંત! મહાત્મા પુરૂષો જડ પદાર્થનો ત્યાગ કરી દેહમાં આત્મારૂપ આપની શોધ કરે છે, આત્મા છતાં તેનું જ્ઞાન થવાથી મુક્ત થવાય છે તે વિના મુક્તિ થતી નથી. ૨૮ હે દેવ! આપનાં ચરણારવિંદની કૃપાથી જો અનુગ્રહ કરવામા આવે છે તો આપના મહિમાનું ભાન થાય છે, પરંતુ કૃપા રૂપ વિના કોઇ મનુષ્ય ચિરકાલ સુધી જડ ભાગનો ત્યાગ કરી તમને શોધ્યા કરે તથાપિ તમારા મહિમાને જાણતો નથી. ૨૯ હે નાથ! આ જન્મમાં અથવા પશુ પક્ષીના જન્મમાં મારૂં એવું સદ્ભાગ્ય કયાંથી કે જે ભાગ્યથી હું એકલો તમારા ભકતોમાંનો કોઇ પણ થઈને તમારા ચરણપલ્લવનું સેવન કરૂં.૩૦ વ્રજની ગાયો તથા ગોપીઓ ભાગ્યશાળી છે, કારણ

કે તમે વાછડાં તથા પુત્રોરૂપે જેમનાં અમૃતના જેવાં મોઠાં દૂધ પાંઓ છો કે જે તમને પ્રસન્ન કરવા યજ્ઞો પણ સમર્થ થયા નથી.૩૧ નંદ અને બીજા વ્રજવાસીઓનાં ભાગ્ય મોટાં છે, કારણ કે સનાતન એવા પરમાનંદ પૂર્ણ સ્વરૂપ તમે તેમના મિત્ર થયા છો. એમના ભાગ્યનો મહિમા એક તરફ રહો પરંતુ દશ ઇન્દ્રિયો મન બુદ્ધિ ને અહંકારના અધિષ્ઠાતા રૂદ્રાદિક અમે તેર દેવતાઓ પણ ભાગ્યશાળી છીએ, કારણ કે વ્રજવાસીઓનાં ઇન્દ્રિયોરૂપી પ્યાલાવડે આપના ચરણારવિંદરૂપી મીઠા આસવને અમે પીએ છીએ. અમે પ્રત્યેક ઇંદ્રિયોના અભિમાની છીએ સૌન્દર્ય અને સુગંધના એક એક ભાગનું સેવન કરવાથી કૃતાર્થ છીએ તો સર્વ ઇન્દ્રિયોથી કીર્તિ આદિનું સેવન કરનાર વ્રજવાસીઓના ભાગ્યમા શી મણા ? ૩૩ મનુષ્ય લોકમાં તેમાં પણ અરણ્યમાં અને ગોકુળમાં જો જન્મ થાય તો તેનાં મહાભાગ્ય સમજવાં અદ્યાપિ જેનાં ચરણની રજને વેદ શોધ્યા કરે છે એવા ભગવાન મુકુંદ જેમનું જીવન છે એવા વ્રજવાસીઓમાંથી કેટલાકના ચરણની રજનો માથે અભિષેક કરીએ છીએ. ૩૪ હે દેવ! વ્રજવાસીઓને આપ કોઈ વખતે સર્વ ફળરૂપ આપના સ્વરૂપ વિના બીજું અધિક ફળ શું આપશો ? એવા વિચારમાં ફર્યા કરતું મારૂં મન મુંઝાય છે. આપ ધારતા હો કે 'હું મારૂં સ્વરૂપ આપીને તેઓના ઋણમાંથી મુક્ત થઇશ.' પણ તે ધારણા મિથ્યા છે, કારણ કે ભક્તના જેવો ઉત્તમ વેશ ધારણ કરીને આવેલી પૂતના પણ મોક્ષ પામી, ત્યારે જેમના ઘર ધન સંબંધી મિત્ર પુત્ર પ્રાણ ને અંતઃકરણ આપને અર્પાએલા છે એવા વ્રજવાસીને મોટું ફળ મળવું જોઇએ. ૩૫ હે શ્રીકૃષ્ણ ! મનુષ્યો જ્યાં સુધી તમારી ભક્તિ કરતા નથી ત્યાં સુધી રાગાદિક તેમને નડે છે, ઘર કારાગૃહરૂપ થઇ પડે છે અને પગની બેડીરૂપ થઇ પડે છે.૩૬ તમે પ્રપંચ રહિત છો તોપણ જગતમાં શરણાગત મનુષ્યોને આનંદ આપવા પ્રપંચનું ડોળ કરો છો. ૩૭ હે પ્રભો ! આપના સ્વરૂપને જાણતા હોય તે જાણે મારે વિશેષ કહેવાનું પ્રયોજન નથી, માત્ર એટલુંજ કે મારા મન વચન ને કાયા આપના મહિમાને પહોંચી શકતાં નથી. ૩૮હે કૃષ્ણ ! મને સત્યલોકમાં જવાની આજ્ઞા આપો. સર્વના દ્રષ્ટા એવા તમે આ જગતના નાથ છો તે તમને સર્વસ્વ અર્પણ કરવામાં આવે છે. ૩૯ હે શ્રીકૃષ્ણ ! દેવતા બ્રાહ્મણ તથા પશુઓ રૂપી સમુદ્રને વૃદ્ધિ કરનાર ચંદ્ર હે પાખંડ ધર્મરૂપી અંધારાનો નાશ કરનાર સૂર્ય ચંદ્ર ! હે સર્વને પૂજવા યોગ્ય ! હે ભગવન્ ! હું તમને નમસ્કાર કરૂં છું. ૪૦

શુકદેવજી કહે છે કે—હે ઇશ ! સમર્થ ઇષ્ટદેવ પરમાત્માની સ્તુતિ અને પ્રદક્ષિણા ને ચરણમાં પ્રણામ કરી બ્રહ્મા પોતાના લોકમાં ગયા. ૪૧ શ્રીકૃષ્ણ બ્રહ્માની સંમતિ લઈ યમુનાના તીર ઉપર જ્યા પોતાના મિત્રો પ્રથમની પેઠે બેઠા હતા ત્યાં આગળ પ્રથમની પેઠે વનમાં ઉભેલાં વાછડાંને હાંકીને ગયા, ૪૨ આ વાતની વચ્ચે પોતાના પ્રાણનાથ વિના એક વર્ષ વીતિ ગયું હતું, તો પણ હે રાજન! શ્રીકૃષ્ણની માયાથી મોહિત થયેલા બાલકોએ જણ્યું નહિ. ૪૩ ભગવાનની માયાથી મોહિત લોકો આ જગતમાં શું શું ભુલી જતા નથી ? જેની માયાથી મોહિત થયેલું જગત વારંવાર પોતાના સ્વરૂપને ભુલી જાય છે. પેલા મિત્ર ગોપકુમારો શ્રીકૃષ્ણ ભગવાનને જોઈ કહેવા લાગ્યા કે—તમે ઝટ આવ્યા તે ઠીક થયું. ભલે આવ્યા, અમે હજી એક કોળીઓ પણ જમ્યા નથી આવો અને અહીં બેસીને જમો. પછી શ્રીકૃષ્ણ હસતાં હસતાં બાળકોની સાથે ભોજન કરીને તેઓને અજગરનું ચામડું દેખાડતાં વનમાંથી વ્રજ તરફ પાછા ફર્યા.૪૬

ભગવાને મોરપિંછ ફુલો તથા વનની ધાતુઓથી પોતાનું શરીર વિચિત્ર રીતે શણગાર્યું હતું, ઉત્તમ વેણુના તથા શિંગડીના શબ્દોથી આનંદે તે ગાન કરતા હતા વાછડાંને તેમનાં નામો લઈને બોલાવતા ગોપ બાળકો તેમની પવિત્ર કીર્તિનું વારંવાર ગાન કરતા હતા. ભગવાન પોતાની મૂર્તિનાં દર્શન આપીને ગોપિકાઓના નેત્રોને આનંદ આપતા વ્રજમાં ગયા. ૪૭ વ્રજમાં ગયા પછી બાળકોએ કહ્યું કે, આજે યશોદા અને નન્દના પુત્ર શ્રીકૃષ્ણે એક મોટા સર્પનો નાશ કરીને એનાથી અમારી રક્ષા કરી હતી. ૪૮

પરીક્ષિતે પૂછ્યું કે—હે બ્રહ્મન્! વ્રજવાસીઓને જેવો પ્રેમ પોતાથી ઉત્પન્ન થયેલાં બાળકો ઉપર હતો તેવો જ પ્રેમ બીજાના પુત્ર શ્રીકૃષ્ણ ઉપર કેવી રીતે રહેતો તે કહો. શુકદેવજી તેમના પ્રશ્નનો ઉત્તર આપતાં બોલ્યા કે—હે રાજન! સર્વે પ્રાણીઓને પોતાનો આત્મા પ્રિય હોય છે, અને છોકરાં ધન વગેરે પદાર્થો આત્માના પ્રિયત્વને લીધે પ્રિય લાગે છે. ૫૦ હે રાજેંદ્ર! પ્રાણીઓને જેવો આત્મા ઉપર સ્નેહ હોય છે તેવો મમતાવાળાં પુત્ર ધન ઘર વગેરે પદાર્થો ઉપર હોતો નથી. ૫૧ જેઓ દેહને આત્મા કહેનાર છે તે પુરૂષોને જેવો પોતાનો દેહ પ્રિય હોય તેવા જ દેહની પાછળ રહેલાં પુત્ર ધન સ્ત્રી વગેરે પ્રિય હોતાં નથી પર વિવેકી પુરૂષને આ દેહ મારો છે, એવી મમતા હોય તોપણ તેને દેહ આત્માના જેવો પ્રિય લાગતો નથી, [illegible] આ દેહ પડી જ[illegible] તૈયાર હોય તોપણ તેને જીવવા[illegible] આશા રહે છે. ૫૩ સર્વે દેહધારીઓને પોતાનો આત્મા પ્રિય હોય છે અને તે આત્માને માટે આ સ્થાવર—જંગમ આખું જગત પ્રિય હોય છે. ૫૪ તમે શ્રીકૃષ્ણને સર્વ પ્રાણીઓના આત્મારૂપ જાણો, તે જગતનું હિત કરવા માયાવડે અવતર્યા છે અને દેહધારીઓના જેવા ભાસે છે. ૫૫ શ્રીકૃષ્ણ ભગવાન કેવળ પ્રાણીઓના આત્મા છે એમ નથી પરંતુ તે તો જડ પદાર્થના પણ આત્મા છે. વસ્તુત. એ સર્વ જગતનું કારણ શ્રીકૃષ્ણ છે એવું જાણનાર પુરૂષોને સર્વ સ્થાવર જંગમ જગત્ ભગવદ્રૂપ ભાસે છે. જગતમાં કોઈ પણ વસ્તુ ભગવાનથી ભિન્ન નથી ૫૬ સર્વ વસ્તુઓના પરમાર્થ સ્વરૂપ તરફ જોતાં, સર્વ પોતપોતાના કારણમાં રહેલી છે, અને તેના કારણરૂપ ભગવાન શ્રીકૃષ્ણ પોતે છે. તેમના વિનાની કોઈ વસ્તુ નથી. જે મહાત્માઓ ભગવાનના પવિત્ર યશવાળા અને મોટા પુરૂષોના સ્થાનરૂપ ચરણારવિંદરૂપી નૌકાનો આશ્રય કરે છે તેઓને સંસારસિંધુ ગોષ્પાદ જેવડો થઈ પડે છે, પરમ પદના સ્થાનકરૂપ થઈ પડે છે અને વિપત્તિઓના સ્થાન રૂપ પુનર્જન્મ આવતો નથી. ૫૮ શ્રીકૃષ્ણે બાલ્યાવસ્થામાં કરેલું ચરિત્ર બાળકોએ વ્રજમાં પૌગંડાવસ્થામાં કેમ કહ્યું, તે સંબંધી તમે મને અત્રે જે પ્રશ્ન પૂછ્યો હતો, એ સર્વ મેં તમને કહી બતાવ્યું. ૫૯ ભગવાને મિત્રોની માગે કરેલું બાળચરિત્ર અઘાસુર વિનાશ લીલા ઘાસ ઉપર કરેલું ભોજન જડ પ્રપંચથી જાદું શુદ્ધ સત્ત્વગુણવાળું દેખાડેલું સ્વરૂપ તથા બ્રહ્માએ કરેલી સ્તુતિ વગેરે સાંભળનાર અને ગાનાર સર્વ અર્થોને પામે છે. ૬૦ શ્રીકૃષ્ણ ભગવાને પાજ બાંધવી અને વાનરોની ઠેકડા કુદવા વગેરે બાળવિહારો કરી વ્રજમાં બાલ્યાવસ્થા ગાળી. ૬૧

एवं विहारैः कौमारैः कौमारं जहतुर्व्रजे ।
निलायनैः सेतुबंधैर्मर्कटोत्प्लवनादिभिः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
चतुर्दशोऽध्यायः

અધ્યાય ૧૫ મો.†

વૃંદાવન વિહાર.

श्रीशुक उवाच

ततश्च पौगण्डवयः श्रितौ व्रजे
बभूवतुस्तौ पशुपालसम्मतौ ।
गाश्चारयंतौ सखिभिः समं पदै
र्वृंदावनं पुण्यमतीव चक्रतुः ॥ १ ॥

શુકદેવજી કહે છે કે—પછી પૌગંડાવસ્થામાં આવેલા બન્ને ભાઇઓ વ્રજમાં ગાયો ચરાવવા જવા લાગ્યા. તેઓ મિત્રોની સાથે ગાયો ચારતા વૃન્દાવનમાં ફરતા હતા. એટલામાં એક વાર શ્રીકૃષ્ણને વનવિહાર કરવાની ઇચ્છા થવાથી પોતાના યશનું ગાન કરનાર ગોવાળિયાઓ અને બળદેવજીની સાથે મોરલી વગાડતા ગાયોને આગળ કરી પુષ્પોથી ભરપુર અને ઢોર ઢાંખરને હિતકારી એવા વૃન્દાવનમાં ગયા. ૨ વૃન્દાવન મનોહર ગુંજારવ કરતા ભમરાઓથી તથા શબ્દો કરતાં પશુ પક્ષીઓથી ભરપુર હતું અને મહાપુરૂષોના મન જેવા સ્વચ્છ જળથી ભરેલા તળાવોનાં કમળોના સુગંધી પવનવાળું હતું. વનને જોઇને ભગવાને વિહાર કરવાની ઇચ્છા કરી. ૩ ત્યાં ઠેકઠેકાણે વૃક્ષોની ડાળીઓ નવ પલ્લવની રમણીતા સાથે ફળ ફૂલના મોટા ભારથી નમીને શ્રીકૃષ્ણના બન્ને ચરણનો સ્પર્શ કરતી હતી, વૃક્ષોને જોઇને આદિ પુરૂષ એવા ભગવાન આનંદથી મંદ મંદ હસતા હોય તેમ બળદેવજીને કહેવા લાગ્યા કે—આ વૃક્ષો પોતાને જે પાપોથી વૃક્ષપણું પ્રાપ્ત થયું છે તે પાપોનો નાશ કરવા ડાળાઓરૂપી હાથમાં ફૂલ ફળ વગેરે પદાર્થો લઇ દેવતાઓએ પૂજેલાં તમારા ચરણકમળનું પૂજન કરે છે. હે આદિપુરૂષ ! ભમરાઓ સર્વ લોકને પવિત્ર કરનાર તમારા યશનું ગાન કરતા તમારી સેવા કરે છે. આ આપના ભકતોમાં મુખ્ય એવા મુનિગણો હશે કારણ કે પોતાના દૈવતરૂપ અને મનુષ્યના રૂપમાં તમને સુના મૂકતા નથી. ૬ મયૂરો પોતાને ઘેર આવેલા જે તમે તેમની આગળ નાચે છે. હરિણીઓ ગોપિકાઓની પેઠે આનંદથી તમને પ્રસન્ન કરે છે અને કોયલોનાં ટોળાં ટૌકા કરી તમને પ્રસન્ન કરે છે. આ સ્થળના વનવાસીઓ ભાગ્યશાળી છે, કારણ કે પોતાને ઘેર આવેલાનો સત્કાર કરવો એ મોટા પુરૂષોનો ધર્મ છે. ૭ આજે તમારાં ચરણનો સ્પર્શ કરનારી આ પૃથ્વી ઘાસ તથા લતાઓ ભાગ્યશાળી છે. તમારા નખનો સ્પર્શ કરનાર વૃક્ષો અને વલ્લીઓ ભાગ્યશાળી છે.તમારી દયાભાવવાળી દૃષ્ટિથી નદી પર્વતો પક્ષીઓ પશુઓ ને ગોપીઓ લક્ષ્મી જેની ઇચ્છા કરે છે એવા તમારા વક્ષઃસ્થલનો લાભ લઇને ભાગ્યશાળી થયાં છે.

શુકદેવજી કહે છે કે—પુષ્પથી સુંદરને રમણીય વૃન્દાવનને જોઇ પ્રસન્ન થયેલા શ્રીકૃષ્ણ પર્વત આગળ યમુનાના તીર ઉપર ગાયો ચારતા ગોપ બાળકની સાથે બેઠા. ૯ ગોવાળિયા જેમનું યશોગાન કરતા હતા એવા માળાધારી શ્રીકૃષ્ણ જ્યારે ભમરાઓ મદમાં આંધળા બનીને ગુંજારવ કરતા ત્યારે પોતે પણ બળદેવજીની સાથે ગાતા, કોઇ વાર કલહંસોના કલરવની પાછળ મનોહર શબ્દ કરતા અને કોઇવાર ગોપોને હસાવવા મોરની સામે નાચતા ૧૧ કોઇવાર ગાયો અને ગોપને મનોહર લાગે એવી અને મેઘના જેવી ગંભીર વાણીથી વનમાં છેટે નીકળી ગયેલી ગાયોને નામો લઇને પ્રેમથી બોલાવતા. ૧૨ કોઇવાર ચકોર ક્રૌંચ ચક્રવાક ભારદ્વાજ અને મોરના શબ્દોની પાછળ તેના જેવા શબ્દો કરતા અને વાઘ તથા

† આ અધ્યાયમાં ગાયોની રક્ષા ધેનુકાસુરનો નાશ કાલીય નાગના ઝેરથી ગોપ બાળકનું રક્ષણ તથા અઘાસુરના મુખમાં પ્રવેશ કરવાથી, તૃષા ખિન્ન થયેલા મિત્રોને શ્રીકૃષ્ણે તાડના પાકેલા ફલ ખવરાવ્યા એ કથા કહેવામાં આવશે

સિંહને જોઇને પશુઓ નાસવા માંડતાં, ત્યારે પોતે પણ ભયભીત હોય તેમ નાસભાગ કરતા. ૧૩ કોઈવાર બળદેવજી થાકી જઇ ગોપ લોકના ખોળામાં સૂતા ત્યારે શ્રીકૃષ્ણ પોતાના જેષ્ટા ભાઈને ચંપી કરતા હતા ૧૪ એક બીજાના હાથ ઝાલીને ઉભેલા બન્ને ભાઈઓ, કોઇ ઠેકાણે નાચતા કોઇ ઠેકાણે ગાતા કોઈ ઠેકાણે કૂદતા અને કોઈવાર પરસ્પર લડતા તે જોઇને ગોપલોક હસતા. ૧૫ કોઇવાર મલ્લયુદ્ધના પરિશ્રમથી થાકી જઈ ઝાડની નીચે પાદડાની શય્યામા ગોપ બાળના ખોળામા માથું મૂકીને સુતા હતા. ૧૬ કેટલાક મહાત્માના ચરણોની ચંપી કરતા કેટલાએક નિદોષ ગોપ બાળકો પંખાથી તેમને પવન ઢોળતા ૧૭ અને હે મહારાજ ! સ્નેહથી જેમનું મન પિંગળી ગયેલું હતું એવા બીજા કેટલાક ધીરે ધીરે ભગવાનને ગમે તેવાં મનોહર ગીત ગાતા હતા. ૧૮ સ્વસ્વરૂપને ગુપ્ત રાખતા વચ્ચે વચ્ચે ઇશ્વરની લીલાઓ દેખાડતા ચરિત્રોથી ગોપ બાળકના પુત્રપણાનું અનુકરણ કરતા ભગવાન કે જેમના ચરણકમળને લક્ષ્મીજી લડાવતાં હતાં તે ગામડિયાની પેઠે રમતા હતા. ૧૯ શ્રીનાદા નામે એક ગોપ શ્રીકૃષ્ણનો તથા બળદેવનો પરમ મિત્ર હતો, તે અને બીજા સુબળ સ્તોક કૃષ્ણ વગેરે ગોપ પ્રેમથી આમ કહેવા લાગ્યા. ૨૦ હે રામ ! અહીંથી થોડે છેટે તાડથી ભરપુર એક વન છે. ૨૧ ત્યાં તાડ ફળ છે અને નવાં પડયા કરે છે, પરંતુ ધેનુકાસુર કોઇને તે ખાવા દેતો નથી. ૨૨ તે મહા પરાક્રમી છે અને ગધેડાનું રૂપ લઈ ત્યા ફરે છે. પોતાના જેવા બળવાન બીજા ગધેડા સાથે તે ત્યાં રહે છે. મનુષ્યો તો મનુષ્યોનો આહાર કરનાર તે દૈત્યથી ડરીને ત્યા જતા નથી પણ પશુઓએ અને પક્ષીઓએ પણ તે વનને તજી દીધું છે. ૨૪ અમે કોઈવાર એ ફળો ખાધાં નથી. તેની સુગંધી ચારે તરફ આવે છે ૨૫ અમારૂં મન તે ફળો ખાવામાં લલચાયું છે માટે તે અમને લાવી આપો. અમને તેની ઇચ્છા છે: પરંતુ જો તમને ગમતું હોય તો એમ કરજો. ૨૬ મિત્રોનું વચન સાભળી તેઓનું હિત કરવાની ઇચ્છાથી શ્રીકૃષ્ણને બલદેવ હસીને ગોપને તાડ વનમા લઈ ગયા. બલદેવ તેમાં પેસીને બે હાથથી તાડોને કંપાવવા લાગ્યા અને મદમત્ત હાથીની પેઠે બળથી તાડનાં ફળો પાડવા મંડયા. ૨૮ પડતાં ફળોનો શબ્દ સાભળી ગર્દભ દૈત્ય પર્વતની સાથે પૃથ્વીને કંપાવતો ત્યાં દોડી આવ્યો. ૨૯ વેગથી આવીને બળદેવની છાતીમાં પાછલા પગની પાટુ મારી ભુંકતો ભુંકતો તે ચારે તરફ ફરવા લાગ્યો. ક્રોધાયમાન થયેલો તે પાછો આવી પીઠ કરીને ઉભો રહ્યો અને હે રાજન ! તેણે ક્રોધથી બળદેવ તરફ બે પાછલા પગની પાટુ ફેંકી, ૩૧ બળદેવે એક હાથથી તેના બે પાછલા પગ પકડી માથા ઉપર ફેરવ્યો અને પ્રાણ રહિત થયેલા તેને તાડના ઝાડ સાથે અફાળ્યો. ૩૨ એ પ્રહારથી મોટી ઘટાવાળો તાડ ધ્રુજી ગયો, અને પોતાની જોડના તાડને કંપાવતો જમીન ઉપર તૂટી પડયો. તેણે બીજાને ભાંગી નાખ્યો અને તેણે ત્રીજાને ભાંગી પાડયો. ૩૩ બળદેવજીએ રમતમાં ફેંકેલા ગધેડાના શરીરના પ્રહારથી પડી જતા તાડોના આઘાતથી સઘળા તાડો જાણે મોટા પવનથી કંપી ઉઠયા હોય તેમ કંપવા લાગ્યા. ૩૪ તંતુમાં જેમ વસ્ત્ર ઓતપ્રોત રહેલું છે તેમ અનંત અને જગતના ઇશ્વર બળદેવને વિષે આ જગત ઓતપ્રોત રહેલું છે. ૩૫ ધેનુકાસુર મરી ગયા પછી તેની જાતના બીજા જે ગધેડાઓ હતા તે સર્વે ક્રોધ કરી શ્રીકૃષ્ણ તથા બળદેવ ઉપર ધસી આવ્યા. બળદેવ અને શ્રીકૃષ્ણ ગધેડાઓ જેમ પોતાની

(ગો) પ્રેમી આવતા ગયા તેમ તેઓને રમત માત્રમા પાછલા પગે પકડી તાડના વૃક્ષો સાથે પછાડતા ગયા ૩૭ આ રીતે મરી ગયેલા દૈત્યોના દેહથી તાડના શિખર પાન અને ફળોથી ભરપૂર બનાયેલી ભૂમિ વાદળાથી ઘેરાઇ ગયેલા આકાશની પેઠે શોભવા લાગી. ૩૮ શ્રીકૃષ્ણ તથા બળદેવનું આ મહા આશ્ચર્યજનક કાર્ય જોઇ દેવતાઓ તથા ગંધર્વો વગેરે પુષ્પોની વૃષ્ટિ કરવા વિવિધ વાજિંત્રો વગાડવા અને સ્તુતિ કરવા લાગ્યા. ૩૯ ધેનુકાસુરના મરણથી નિર્ભય થયેલા મનુષ્યો તાડના વનમા નિર્ભય થઇ ફળો ખાવા લાગ્યા. ૪૦ જેમનું ચરિત્ર શ્રવણ કરવાને અને ગાવાને યોગ્ય છે એવા કમળ જેવા નેત્રવાળા ભગવાન શ્રીકૃષ્ણ પોતાના દાસ ગોપ બાળથી ગવાતા બળદેવની સાથે વ્રજમાં પધાર્યા. ૪૧ ગાયોના ચરણની રજથી ધુસર થયેલા કેશમાં શ્રીકૃષ્ણે માથે મોરપિંછ અને પુષ્પો ઘાલ્યાં હતાં. તેમનાં નેત્ર મનોહર લાગતાં હતાં. પોતે મધુર હાસ્ય કરતા હતા વેણુ વગાડતા હતા અને ગોપ તેમની કીર્તિનું ગાન કરતા. આવા વ્રજમાં પધારતા ભગવાનને જોવાની ઉત્કંઠાથી ગોપીઓ એકઠી થતી. ૪૨ નેત્રરૂપી ભમરાઓવડે શ્રીકૃષ્ણના મુખના સૌન્દર્ય રૂપી મધનું પાન કરીને દિવસે થયેલા વિરહજન્ય તાપને શમાવતી અને લજ્જા યુક્ત હાસ્યથી તથા વિનય ભર્યા [illegible]ગાનથી, શ્રીકૃષ્ણનો સત્કાર કરતી. તેમના સત્કાર ગ્રહણ કરી શ્રીકૃષ્ણ વ્રજમા આવતા. ૪૩ પુત્ર ઉપર વહાલ ધરાવનાર યશોદા અને રોહિણી સમયાનુસાર બન્ને પુત્રોની મરજી પ્રમાણે ઉત્તમ પ્રકારની સેવા કરતા. બન્ને કુમારોને નવરાવી, મર્દન કરાવી રસ્તાનો થાક ઉતરાવી, કંઠમાં પુષ્પની માળા તથા શરીરે ચન્દનનો લેપ કરીને, શણગારતા માતાએ લાડપૂર્વક પોરસેલું સ્વાદિષ્ઠ ભોજન જમી તેઓ શય્યામાં સુખેથી સુઇ જતા. આ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણ રોજ વૃન્દાવનમા ફરતા. એકવાર હે રાજન! શ્રીકૃષ્ણ બળદેવ વિના મિત્રોની સાથે યમુનાના તીર ઉપર ગયા. ૪૭ ઉનાળાના તાપથી તપી ગયેલી ગાયો અને ગોપ બાળો તૃષાથી આતુર થઇને, યમુનાનું ઝેરથી બગડી ગયેલું પાણી પાધું. ૪૮ હે રાજન! દૈવથી બુદ્ધિહીન થયેલા તે ગોપ તથા ગાયો ઝેરવાળું પાણી પી જળ આગળ પ્રાણરહિત થઇને પડયા. તેઓને પ્રાણરહિત થયેલા જોઇ યોગેશ્વરના પણ ઇશ્વર એવા શ્રીકૃષ્ણે અમૃતને વરસાવનારી દૃષ્ટિથી પોતે જેના નાથ છે એવા ગોપ બાળકને અને ગાયોને જીવતી કરી. ૫૦ ભગવાનની અમી ભરેલી દૃષ્ટિ પડતાં તેઓને ભાન આવ્યું એટલે તેઓ ઉભા થયા અને અત્યંત આશ્ચર્ય પામી એક બીજાની સામું જોવા લાગ્યા. ૫૧ હે રાજન! પોતે ઝેર પીને મરી ગયા છતાં પાછા જીવતા થયા તે માટે શ્રીકૃષ્ણ ભગવાનની અનુગ્રહ દૃષ્ટિ ઇચ્છવા લાગ્યા. ૫૨

अन्वमंसत तद्राजन् गोविंदानुग्रहेक्षितम् ।
पीत्वा विषं परेतस्य पुनरुत्थानमात्मनः॥१॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे पंचदशोध्यायः

અધ્યાય ૧૬ મો.[1]

કાલીય નાગનું દમન.

श्रीशुक उवाच

विलोकय दूषितां कृष्णां कृष्णः कृष्णाहिना विभुः
तस्या विशुद्धिमन्विच्छन् सर्वं तमुदवासयत्॥१॥

શુકદેવજી કહે છે કે—હે રાજન! શ્રી કૃષ્ણ ભગવાને કાલીય નાગથી યમુનાને શુદ્ધ કરવા માટે સર્પને ત્યાથી બહાર કાઢી મૂકયો. ૧ પરીક્ષિતે પૂછયું કે—ભગવાને યમુનાના

[1] આ અધ્યાયમા કાલીય નાગને નાથ્યો અને નાગણીએ સ્તુતિ કરવાથી ભગવાને તેની ઉપર અનુગ્રહ કર્યો, એ કથા કહેવામા આવશે

ઉંડા પાણીમાં તેને કેમ શિક્ષા કરી તથા તે સ્થળચર સર્પ ઘણા યુગ થયાં યમુના નદીમાં કેમ રહેતો હતો? તે કથા મને કહો. ૨ હે બ્રહ્મન્! સમર્થ તથા સ્વછંદે વર્તનાર ભગવાનના ગોપાળ રૂપે કરેલાં ચરિત્ર રૂપી અમૃતનું પાન કરતાં હું તૃપ્ત થતો નથી. ૩

શુકદેવજી કહે છે કે—યમુનામાં કાલીય નાગનો એક ધરો હતો તેમાં ઝેર રૂપી અગ્નિથી પાણી ઉકળ્યા કરતું અને તેની ઉપર ઉડતાં પક્ષીઓ પણ તેમાં પડતા હતાં. તેના તીર ઉપર સ્થાવર જંગમ કોઇ પદાર્થ કે પ્રાણી રહી શકતાં નહિ. તેના ઝેરી પાણીના મોજા સાથે અથડાયેલા ઝેરી પવનનો સ્પર્શ થતાં તો મરી જતા. ખળ પુરૂષોને શિક્ષા કરવા અવતાર ધારણ કરનાર શ્રી કૃષ્ણ ભગવાન કાલીય નાગને અત્યંત વેગવાળા ઝેરથી બળવાળો જાણી તેનાથી યમુના ઝેરી થયેલી જોઇને, એક મોટા ઉંચા કદંબના ઝાડ ઉપર ચઢી બે હાથે ખભા ઠોકી પાણીમાં પડતુ મૂકયુ મહાપુરૂષના પતન વેગથી ક્ષોભ પામેલો ઝેરવાળો જલસમૂહ ચારે તરફ ઉંચો ઉછળ્યો ઝેરી પાણીના ભયંકર મોજા ઉછળવા માંડયાં અને તે ચારે તરફ દોડતાં હોય તેમ સો સો ધનુષ જેટલા ભાગમાં ફેલાઇ ગયાં. અનંત બળવાળા ભગવાનના પડવાથી આમ થયું. ધરોમાં મોટા હાથીના જેવા પરાક્રમી ભગવાન તરવા લાગ્યા. તેમની ભુજારૂપી દંડથી ઉછળતા પાણીનો શબ્દ સાંભળીને તથા પોતાના ધરાનો પરાભવ થતો જોઇને કાલીય ત્યાં આવ્યો. ૮ સુકુમાર અંગવાળા મેઘના જેવા શ્યામ રંગના શ્રીવત્સને ધારણ કરનાર પીતાંબરધારી મનોહર મુખવાળા નિર્ભય પાણીમાં વિહાર કરતા અને કમળના ગર્ભ જેવા ચરણવાળા શ્રીકૃષ્ણને, કાલીય નાગે રોષથી મર્મ ભાગમાં કરડી શરીરે વીંટી નાંખ્યો. ૯ શ્રીકૃષ્ણને વિષેજ જેમણે પોતાના દેહ સંબંધીઓ ધન તથા સ્ત્રીઓનું સુખ અર્પણ કર્યું હતું એવા તેમના પ્રિય મિત્ર ગોપ શ્રીકૃષ્ણને ચેષ્ટા રહિત જડ થયેલા જોઇને અત્યંત દુઃખ શોક તથા ભયથી દિગમૂઢ થઇને ઢળી પડયા. ૧૦ ગાયો બળદો અને વાછડીઓ અત્યંત ખિન્ન થઇ રડવા લાગી શ્રીકૃષ્ણની તરફ નજર કરી ભયભીત થઇ વ્રજમાં ભય સુચવનાર અતિ દારૂણ એવા પૃથ્વી ઉપર આકાશમાં અને પોતાના શરીરમા એમ ત્રણ પ્રકારના ઉત્પાતો થવા માડયા. ૧૨ ઉત્પાતોને જોઈ નંદાદિક ગોપ ભયથી વિહ્વલ થઈ ગયા. શ્રીકૃષ્ણ બળદેવ વિના એકલા ગાયો ચરાવવા ગયા એમ જાણી હે રાજન! ભગવાનના સ્વરૂપને નહિ જાણનાર નંદાદિક દુષ્ટ નિમિત્તોથી ભગવાનને મરણ પામેલા જાણી જેમાં પ્રાણ તથા મન હતાં એવા તે સર્વે દુઃખ શોક અને ભયથી વિહ્વળ થઈ ગયા શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કરવાની ઇચ્છાથી ગોકુળમાંથી નીકળ્યા. તેમને કાયર થઈ ગયેલા જોઈને ભગવાન બળદેવ જે પોતાના નાના ભાઇનો પ્રભાવ જાણતા હતા તે હસ્યા. ૧૬ શ્રીકૃષ્ણને શોધતાં વ્રજવાસીઓ ભગવાનને ઓળખાવનારાં પગલાંએ સૂચવેલે માર્ગે થઇ યમુનાના તીર ઉપર ગયા. ૧૭ ભગવાનની શોધ કરતાં માર્ગમાં ગાયોનાં પગલાં વચ્ચે તથા બીજાં પગલાં વચ્ચે કમળ યવ અંકુશ વ્રજ અને ધ્વજાવાળા ભગવાનનાં પગલાં જોતા યમુનાના તીર ઉપર પહોચ્યા. ૧૮ કાલીયના ધરોમા ભગવાન શ્રીકૃષ્ણને સર્પના શરીરથી વીંટાએલા અને ચેષ્ટા રહિત જોઈ તથા યમુનાના તીર ઉપર ગોપને તથા ચારે તરફ ઉભેલા પશુઓને શોકાર્ત રડતાં જોઈ આતુર થયેલા વ્રજવાસીઓ વધારે ખેદ કરવા લાગ્યા. ભગવાન એવા અનંત ઉપર પ્રીતિ ધરાવતી ગોપીઓ પોતાના પ્રિયતમને સર્પ ગળી ગયો ત્યારે ભગવાનની પ્રીતિને તેમના મંદ મંદ હસવાને

તથા ભાષણને સંભારવા લાગી મનમા દુઃખથી અત્યંત બળવા માંડી અને પ્રાણ-નાથ વિનાના થઈ પડેલા ત્રણ લોકને શૂન્ય જોવા લાગી. ૨૦ યશોદા પુત્રની પાછળ યમુનામાં પડવાને તૈયાર થયાં, તેમને તેમના જેટલાજ દુઃખવાળી ગોપીઓ પડતાં અટકાવીને રોવા મંડી. તે વ્રજપ્રિય શ્રીકૃષ્ણની કથાઓ કહેતી અને મુખની સામે દૃષ્ટિ કરીને નિશ્ચેષ્ટ થઇ ગઇ. ૨૧ શ્રીકૃષ્ણ જ જેમના પ્રાણ હતા એવા નંદાદિક ગોપને તે ધરામાં પડતા જોઇને શ્રીકૃષ્ણના પ્રભાવને જાણનાર ભગવાન બળદેવે અટકાવ્યા. ૨૨ મનુષ્યની રીતિને અનુસરનાર શ્રીકૃષ્ણ ભગવાન ઉપર વર્ણવ્યા પ્રમાણે પોતાના ગોકુળની પોતાના વિના બીજી કોઇ પણ ગતિ નથી, એમ ધારી તથા પોતાને માટે સ્ત્રી ને બાળકોની સાથે ગોકુળને અતિ દુઃખી નિહાળી સ્તબ્ધ થઇ ઉભા રહ્યા. પછી સર્પના બંધનમાંથી છૂટા થયા. ૨૩ ભગવાનનું શરીર વધવા માંડયાથી સાપે પોતાના આંટા ઉકેલી નાંખ્યા. અને ક્રોધ કરી ફેણોને ઉંચી કરીને ફુંફવાડા મારતો તેમની સામે ઉભો રહ્યો. તેના નાકના છિદ્રમાં ઝેર આવી રહ્યું હતું. ધગધગતી તેની આંખો સ્થિર હતી, અને મુખ વિકરાળ બન્યું હતું. ૨૪ બે શિખાવાળી જીભથી ગલોફાંને ચાટતો ઉભો હતો. તેની દૃષ્ટિ અતિ ભયંકર ઝેરરૂપી અગ્નિથી ભરેલી હતી. ક્રીડા કરતા ભગવાન ગરૂડની પેઠે તેની આસપાસ ફરતા હતા અને તે લાગ જોતો આસપાસ ફરતો હતો.

આ પ્રમાણે ફરવાથી નિર્બળ થઇ પડેલા અને ઉંચી ફેણોવાળા સર્પને નમાવીને આદિ પુરૂષ ભગવાન તેની ઉપર ચઢી ગયા. ભગવાનના ચરણારવિંદ તેના મસ્તક મણિઓના સ્પર્શથી અત્યંત રાતાં જણાવા લાગ્યાં અને અખિલ કળાના આદિ ગુરૂ ભગવાન તેની ઉપર નાચવા લાગ્યા. ભગવાનને નાચવાને તૈયાર થયેલા જોઇને તેમના ભક્ત એવા ગંધર્વ સિદ્ધ દેવ ચારણ ને અપ્સરાઓ મૃદંગ પ્રણવ આનક વગેરે વાજિંત્રોથી સૂર પુરાવા લાગ્યાં. ૨૭ હે રાજન! જેને સો મસ્તકો હતા એવો કાલીય નાગ આયુષ્ય ક્ષીણ થયા છતાં પણ પાણીમાં ફરતો હતો તેનું જે જે મસ્તક નમતું ન હતું તે તે મસ્તકને ખળ લોકોને શિક્ષા કરનાર ભગવાન પગના જોરે નમાવતા હતા, તે મુખમાથી ને નાકમાથી લોહી ઓકતો મહા દુઃખ પામતો હતો. ૨૮ દુઃખી થયેલો તે આંખોમાંથી ઝેર અને ક્રોધ વમતો મોટા પુંફવાડા મારતો હતો. તેના મસ્તકમાંથી જે જે માથું ઊંચુ થતુ હતું, તે તે મસ્તકને ભગવાન નમાવી મદરહિત કરતા હતા. દેવતાઓએ પુષ્પોથી પૂજેલા ભગવાન સાક્ષાત પુરાણ પુરૂષ જેવા ગોપના જોવામા આવ્યા હતા. ૨૯ શ્રીકૃષ્ણના વિચિત્ર નૃત્યથી જેની ફણારૂપી છત્ર તૂટી ગયું હતું, તથા જેનું શરીર ભાગ્યું હતું, એવો તે મુખથી પુષ્કળ લોહી ઓકતો હતો, શ્રીકૃષ્ણને સ્થાવર—જંગમના ગુરૂ પુરાણપુરૂષ તથા નારાયણ રૂપ જાણીને મનવડે તે તેમને શરણે ગયો. જેના ઉદરમા આખું વિશ્વ છે એવા કૃષ્ણના ઘણા ભારથી પીડાયેલો તથા ભગવાનના પદ પ્રહારથી જેની ફેણોરૂપી છત્રો ભાગી ગયા હતાં એવા કાલીય નાગને જોઈ નાગણો આતુર થઈ ગઇ, તેમનાં વસ્ત્રો આભૂષણો તથા અમ્બોડા છૂટી ગયા, નાગપત્નીઓ આદિ પુરૂષ ભગવાનને શરણે જઇ બે હાથ જોડી પોતાના પુત્રોને ભગવાનની આગળ મૂકી પતિનો પાતકમાંથી છૂટકો કરાવવાની ઈચ્છાથી દંડવત્પ્રણામ કરીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગી ૩૨

નાગણો—હે પ્રભો! આપે આ અપરાધીને શિક્ષા કરી તે ઘટતું કર્યું, કારણ કે શત્રુ તથા પુત્રોના ઉપર સમાન દૃષ્ટિવાળા

આપનો અવતાર ખળ લોકોને શિક્ષા કરવા છે. તમે કર્મનાં ફળ ઉપર દૃષ્ટિ કરી અપ રાખીને શિક્ષા કરો છો. ૩૩ આપે અમારા પતિને શિક્ષા કરી તે પણ અમારા ઉપર અનુગ્રહ કર્યો છે. તમારી શિક્ષા દુષ્ટોનાં પાતકોનો નાશ કરનારી છે આને જેને લીધે સર્પનો અવતાર આવ્યો છે તે પાપ તમારા ક્રોધથી દૂર થયું માટે તમારા ક્રોધને પણ અમે અનુગ્રહ રૂપ માનીએ છીએ.૩૪ અભિમાન રહિત આ નાગે પોતે સર્વને માન આપીને એવું તે પૂર્વે શું તપ કર્યું હશે અથવા સર્વ પ્રાણીઓના ઉપર દયા રાખી એવો તે કયો ધર્મ પૂર્વે કર્યો હશે કે જેથી સર્વને જીવાડનાર આપ તેની ઉપર પ્રસન્ન થયા. ૩૫ હે દેવ! તમારા ચરણની રજના સ્પર્શનો અધિકાર થયો તેમાં શો પ્રભાવ હશે? તે અમે જાણતાં નથી, જે ચરણરજની ઇચ્છાથી લક્ષ્મીજીએ વ્રત ધારણ કરી સર્વ કામનાઓને તજી ઘણા કાળ સુધી તપ કર્યું હતું. ૩૬ ભગવાનના ચરણની રજને શરણે ગયેલા લોકો સ્વર્ગની રાજની બ્રહ્માના સ્થાનની પાતાળના અધિપતિની યોગ સિદ્ધિઓની અથવા મોક્ષની ઇચ્છા કરતી નથી. ૩૭ હે નાથ! બીજાઓને દુર્લભ એવી ભગવાનના ચરણની જે રજ તમોગુણથી ઉત્પન્ન થયેલા ક્રોધાવશ આને મળી તે સંસારરૂપી વમળમા ભટકતો દેહધારી જો ચરણરજની સેવા કરવાની ઇચ્છા કરે છે તો તેને ઇચ્છાનુસાર સંપત્તિ મળે છે. અચિંત્ય ગુણોથી ભરપુર પુરૂષરૂપ મહાત્મા પાંચ મહાભૂતના આશ્રયરૂપ સર્વના આદિમાં રહેલા તથા સર્વના કારણરૂપ તમને અમે નમસ્કાર કરીએ છીએ. ૩૯ જ્ઞાન તથા વિજ્ઞાનના ભંડાર પરબ્રહ્મ અનંત શક્તિવાળા ગુણરહિત વિકારરહિત તથા પ્રકૃતિના પ્રવર્તક એવા આપને નમસ્કાર છે. ૪૦ કાળમૂર્તિ કાળની શક્તિના આશ્રય સૃષ્ટિ વગેરે કાળના અવયવોના સાક્ષી વિશ્વસ્વરૂપ વિશ્વના દ્રષ્ટા વિશ્વના કર્તા તથા વિશ્વના કારણ ભૂત આપને નમસ્કાર છે. ૪૧ પાંચ ભૂતો શબ્દાદિક તન્માત્રાઓ ઇંદ્રિયો પ્રાણ મન બુદ્ધિ ને અંતઃકરણરૂપ ત્રિગુણાત્મક અભિમાનથી પોતાના અંશરૂપ જીવોના અનુભવને ઢાંકનાર આપને નમસ્કાર છે. ૪૨ અનંત સૂક્ષ્મ સ્વરૂપ કુટસ્થ સર્વજ્ઞ અનેક પ્રકારના વાદોને અનુસરનાર તથા અભિધાન અભિધેય શક્તિવડે અનેક રૂપે જાણવામાં આવતા આપ પરમાત્માને અમે પ્રણામ કરીએ છીએ. ૪૩ ઇંદ્રિયોના ઇંદ્રિયરૂપ સ્વતંત્ર જ્ઞાનવાળા વેદરૂપી નિઃશ્વાસવાળા પ્રવૃત્તિ તથા નિવૃત્તિ માર્ગનું પ્રતિપાદન કરનાર વેદમૂર્ત્તિ આપને નમસ્કાર છે. ૪૪ શુદ્ધ સત્ત્વમાં પ્રકાશ કરનાર અને ઉપાસકોનું પાલન કરનાર શ્રીકૃષ્ણ બળભદ્ર પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધરૂપી આપને પ્રણામ છે. ૪૫ અંતઃકરણોના પ્રકાશ કરનાર ગુણોથી પોતાના સ્વરૂપને ઢાંકનાર ચિત્તાદિકની વૃત્તિઓ ઉપરથી જાણવામાં આવતા ચિત્તાદિકના દ્રષ્ટા અને ઇંદ્રિયાદિકથી અગોચર એવા આપને અમારા નમસ્કાર છે. અતકર્ય મહિમાવાળા સર્વ કાર્યોની ઉત્પત્તિ ને પ્રકાશ ઉપરથી જાણવામાં આવતા ઇંદ્રિયોને પ્રવર્તાવનાર આત્મારામ એવા આપને હે હૃષીકેશ! અમારા નમસ્કાર હો. ૪૭ સ્થૂલ સૂક્ષ્મની ગતિ જાણનાર સર્વના અધિષ્ઠાતા સર્વનો નિષેધ કરતાં અવશેષ રહેનાર અધ્યાસ તથા અપવાદ સાક્ષી અને આ વિશ્વના અધ્યાસ તથા અપવાદના વિદ્યા અને અવિદ્યાવડે કારણરૂપ એવા આપને નમસ્કાર છે. ૪૮ હે પ્રભો! તમે ક્રિયા રહિત છો તોપણ કાળશક્તિને ધારણ કરી ગુણોદ્વારા જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા લય કરો છો અને અમોઘ લીલાવાળા તમે દૃષ્ટિથી સંસ્કારરૂપે રહેલા તે સ્વભાવોને જાગ્રત કરતા વિહાર કરો છો. ૪૯ ત્રણ લોકમાં શાંત અશાંત

તથા મૂઢ એવા ત્રણ જાતનાં શરીરો અર્થાત્ સત્વગુણી રજોગુણી તથા તમોગુણી જે જે શરીરો છે તે સઘળાં તમારાં છે, તોપણ હમણાં મહાત્માઓની રક્ષા કરવા રહેલા અને મહાત્માઓના ધર્મની રક્ષા કરવા ઉદ્યમ કરતા એવા આપને શાંત શરીરો પ્રિય છે. ૫૦ પોતાની પ્રજાએ કરેલો અપરાધ રાજાએ એક વાર સહન કરવો જોઇએ માટે હે શાંતાત્મા ! તમારા સ્વરૂપને નહિ જાણનાર ઉપર ક્ષમા કરવી જોઇએ. ૧૫ હે ભગવન ! આ સર્પ પ્રાણનો ત્યાગ કરે છે. સત્પુરૂષોએ શૌચ કરવા યોગ્ય અમે સ્ત્રીઓ છીએ તેમને પતિરૂપી પ્રાણ આપો. ૫૨ તમારો જે આજ્ઞા હોય તે તે તમારી આ દાસીઓને કરો, કારણ કે શ્રદ્ધાથી તમારી આજ્ઞા પાળનારો મનુષ્ય સર્વ ભયમાંથી છુટે છે. ૫૩

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે નાગણોએ ભગવાનની સ્તુતિ કરી તેથી ભગવાને મૂર્છિત થયેલા અને પ્રહારથી જેની ફેણો ભાંગી ગઇ હતી એવા કાલીયને છોડી દીધો. ૫૪ પછી તે ધીરે ધીરે ઇંદ્રિયોના જ્ઞાન સાથે સતેજ થયો તે મહા કષ્ટથી શ્વાસ લેતો બે હાથ જોડીને ધીરે ધીરે શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો કે હે નાથ ! અમે જન્મથી જ ખળ તમોગુણી તથા ક્રોધવાળા છીએ. લોકોને જે મિથ્યા આગ્રહ બંધાય છે તે સ્વભાવ કહેવાય છે અને તે કદી તજી શકાતો નથી. ૫૬ ગુણોથી જેમાં નાના પ્રકારની સૃષ્ટિ થાય છે એવા આ વિશ્વને તમે જુદા જુદા સ્વજાન [illegible] કારત્તાળું કરો છો. ૫૭ હે ભગવન ! સૃષ્ટિમા અમે જન્મથી જ ક્રોધી છીએ. તમારી માયાથી મોહિત થયેલા અમે પોતે ત્યાગ થઇ શકે નહિ એવી તમારી માયાને કેવી રીતે તજીએ ? ૫૮ માયા તજવામાં જગદીશ્વર અને સર્વજ્ઞ એવા આપ જ કારણ છો માટે અમને અનુગ્રહ અથવા તો નિગ્રહ જે કરવો ઘટે તે કરો. ૫૯

શુકદેવજી કહે છે કે—હે રાજન ! કાર્ય કરવા મનુષ્ય અવતાર ધરનાર ભગવાન, નાગનું વચન સાંભળી બોલ્યા કે—હે સર્પ ! તારે અહીં રહેવું નહિ. તું તારા સંબંધીઓ છોકરાં તથા સ્ત્રીઓ સાથે સમુદ્રમાં જઇને વસ. યમુનાના જળનો ઉપભોગ તો બળદ ગાયો ને મનુષ્યો કરે છે. આ કથા અગ્નિ જે મનુષ્ય સવાર સાંજ સંભારશે અને ગાશે તેને તારાથી ભય થશે નહિ. ૬૧ જે મનુષ્ય મારા વિહાર ધરોમાં નાહી પાણીથી પિતૃઓને તૃપ્ત કરશે તથા ઉપવાસ કરીને મારૂં સ્મરણ કરશે તે સર્વ પાપમાંથી મુક્ત થશે. તેં જે ગરૂડના ભયથી રમણક નામે દ્વીપનો ત્યાગ કરીને અહીં વાસ કર્યો હતો તે દ્વીપમાં જા ત્યાં હવે મારા ચરણથી લાંછિત થયેલા તને ગરૂડ રગડશે નહિ.

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે અદ્ભુત કર્મ કરનાર શ્રીકૃષ્ણ ભગવાને કહ્યાથી નાગણોએ હર્ષમાં આવી દિવ્ય વસ્ત્રોથી પુષ્પોની માળાઓથી આદરપૂર્વક ગરૂડધ્વજ એવા ભગવાનની પૂજા કરી. ભગવાને જેને જવાની આજ્ઞા કરેલી હતી એવો કાલીય નાગ પ્રસન્ન થઇ ભગવાનની પ્રદક્ષિણા કરી, સ્ત્રી સંબંધીઓ તથા સંતાન સાથે સમુદ્રના રમણક નામે દ્વીપમાં ગયો. ક્રીડાથી મનુષ્યનું રૂપ ધારણ કરનાર ભગવાનના અનુગ્રહથી તે સમયે યમુના વિષ રહિત થઇ અને તેનું જળ અમૃતના જેવું બન્યું. ૬૭

तदैव सामृतजला यमुना निर्विषाऽभवत् ।
अनुग्रहाद्भगवतः क्रीडामानुषरूपिणः ॥६७॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
षोडषोऽध्यायः

અધ્યાય ૧૭ મો.¶

દાવાનળ-પાન.

राजोवाच.

नागालयं रमणकं कस्मात्तत्याज कालियः।
कृतं किं वा सुपर्णस्य तेनैकेनासमंजसं॥

પરીક્ષિત રાજાએ પૂછયું કે-હે શુકદેવજી! કાલીય નાગે રમણક નામે દ્વીપનો કેમ ત્યાગ કર્યો હતો અને એકલા કાલીય નાગે ગરૂડનું વળી શું અપ્રિય કર્યું હતું કે તેને નાસવું પડયું, તે કથા મને કહો. ૧

શુકદેવજી કહે છે કે-હે રાજન! પૂર્વે સર્પોને આધીન રહેનારાં મનુષ્યોએ સર્પની પીડા દૂર કરવા મહિને મહિને બાલ આપવાનું ઠરાવ્યું હતું, અને તે બલિ વૃક્ષના મૂળમાં મૂકવામાં આવતું હતું. ૨ સર્પો પોતાની રક્ષા કરવા પર્વે પર્વે પોતપોતાના બલિમાંથી ગરૂડને ભાગ આપતા હતા. પરંતુ ઝેર તથા બળના મદથી કદ્રુનો પુત્ર કાલીય નાગ ગરૂડનો તિરસ્કાર કરી બળિદાન લેવા લાગ્યો. ૪ હે રાજન! ગરૂડ કોપી ઉઠયા અને તેનો નાશ કરવા માટે વેગથી તેની સામે ગયા. ગરૂડને વેગથી ધસી આવતા જોઇ વિષરૂપી આયુધવાળો નાગ પોતાની અનેક ફેણો ઉંચી કરી સામે થયો અને દાંતરૂપી આયુધવાળો તથા ભયંકર જીભવાળો તે ગરૂડને કરડયો. ૫ ભગવાનના વાહનરૂપ પ્રચંડ વેગવાળા તથા ઉગ્ર પરાક્રમ કરનાર ગરૂડે ક્રોધથી તેને દૂર ખસેડયો. ૬ અને સોના જેવી કાંતિવાળી પોતાની ડાબી પાંખવતી પ્રહાર કર્યો. કાલીય નાગ ગરૂડની પાંખના પ્રહારથી અત્યંત વિહ્વળ થઇ ગયો. પછી ગરૂડથી પેસી શકાય નહિ એવા ઊંડા કાલીંદીના ધરામાં આવી પેસી ગયો. ૮

પૂર્વે એક દિવસ ભૂખ્યા થયેલા ગરૂડ સૌભરી મુનિના વાર્યા છતાં પણ બલાત્કારથી પોતાના ઇષ્ટ ભક્ષ્ય એક મોટા ધરામાંથી મચ્છને ઉપાડી ગયા. માછલાંનો અધિપતિ મરણ પામતાં તેમને દુઃખી થતાં જોઇ બીજાં માછલાંનું કલ્યાણ કરવાની ઇચ્છાથી સૌભરીએ કહ્યું કે-ગરૂડ અહીં આવીને માછલાં ખાઇ જાય છે તેથી હવે જો તે અહીં આવશે તો મરી જશે. આ શાપ કાલીય નાગ જાણતો હતો; બીજો કોઇ સર્પ જાણતો ન હતો. તેથી તે તેમાં આવી રહ્યો જે શ્રીકૃષ્ણે કાઢી મૂકયો. ૧૨ કાલીયને ધરામાંથી બહાર કાઢયા પછી દિવ્ય પુષ્પની માળા ગંધ વસ્ત્ર તથા મણિઓના લુમખાં અને સુવર્ણથી ભરપુર શ્રીકૃષ્ણ બહાર નીકળ્યા. પ્રાણ પ્રાપ્ત કરીને ઈંદ્રિયો જેમ ઉભી થાય તેમ સર્વે વ્રજવાસીજનો ઉભા થઇ આનંદમાં ડુબી ગયા અને પ્રેમથી શ્રીકૃષ્ણને ભેટી પડયા. ૧૪ હે રાજા! યશોદા રોહિણી નંદરાય ગોપીઓ તથા ગોવાળિયા સર્વ ભગવાનને મળીને સંજ્ઞા પામ્યાં. તેઓના મનોરથ પૂર્ણ થયા. ૧૫ બળદેવજી કે જે ભગવાનના પ્રભાવને જાણતા હતા તે ભગવાનને આલિંગન કરીને હસ્યા અને યમુનાના તીરનાં વૃક્ષો નવપલ્લવ થયાં. ગાયો બળદો અને વાછડાં પરમ આનંદ પામ્યાં. ૧૬ બ્રાહ્મણ ગુરૂઓએ સ્ત્રી સહિત આવી નંદને કહ્યું કે-તમારા પુત્રને કાલીય નાગ ગળી ગયો હતો તેમાંથી તે મુક્ત થયો તે બહુ સારૂં થયું. ૧૭ હવે તમે શ્રીકૃષ્ણ ભગવાન સર્પના મુખમાંથી છુટયા, તે નિમિત્ત બ્રાહ્મણોને દાન આપો. નંદજીએ પ્રસન્ન થઇ બ્રાહ્મણોને ગાયો તથા સુવર્ણ આપ્યું. ૧૮ મહા ભાગ્યવતી સતી યશોદા કે જેનો પુત્ર ફરીને જીવતો થયો હતો, તેમણે પુત્રને છાતી સરખો ચાંપી ખોળામાં બેસારી હરખનાં આંસુ પાડયાં. ૧૯ હે રાજેન્દ્ર! ભૂખ અને તરસથી તથા

¶ આ અધ્યાયમાં ભગવાને કાલીય નાગને તેના સ્થાન ઉપર મોકલ્યો અને પોતાને માટે થયેલા દુઃખમાથી થાકી જઇને નિદ્રાવશ થયેલા પોતાના સંબંધીઓની દાવાનળમાંથી રક્ષા કરી, એ કથા કહેવાશે.

દિવસના શ્રમથી થાકી ગયેલાં વ્રજવાસીઓએ તે રાત્રી યમુનાના તીર ઉપર કાઢી. ૨૦ ગ્રીષ્મ ઋતુ હોવાથી અર્ધ રાત્રે વનમાં દાવાનલ સળગી ઉઠયો. નિદ્રાવશ થયેલા વ્રજવાસીના સમૂહને ચારે તરફથી ઘેરી લઇને બાળવા લાગ્યો. ૨૧ સર્વે ગભરાટમાં પડી ગયા અને માયાવડે મનુષ્યાવતાર ધારણ કરનાર શ્રીકૃષ્ણને શરણે ગયા. ૨૨ હે કૃષ્ણ! આ મહા ભયંકર અગ્નિ અમને તમારા ભક્તોને બાળે છે. ૨૩ હે પ્રભુ! તમારા સંબંધી એવા જે અમે તેમની તમે કાલાગ્નિથી રક્ષા કરો. અમે મૃત્યુથી ડરતા નથી પરંતુ સર્વ ઠેકાણે નિર્ભય એવા તમારા ચરણનો ત્યાગ કરી શકતા નથી માટે તમારે શરણે આવ્યા છીએ. ૨૪ ભક્તજનોની વિહૂવલતા જોઇ જગદીશ્વર અનંત શક્તિવાળા ભગવાન મહા ભયંકર દાવાનલનું પાન કરી ગયા. ૨૫

इत्थं स्वजनवैक्लव्यं निरीक्ष्य जगदीश्वरः ।
तमग्निमपिबत्तीव्रमनंतोऽनंतशक्तिधृक् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
सप्तदशोऽध्यायः

અધ્યાય ૧૮ મો.†

પ્રલંબ રાક્ષસનો નાશ.

श्रीशुक उवाच.

अथ कृष्णः परिवृतो ज्ञातिभिर्मुदितात्मभिः ।
अ॰ गायमानो न्यविशद्व्रज गोकुलमंडितम् ॥

શુકદેવજી કહે છે કે—પ્રસન્ન મનથી પોતાની સ્તુતિ કરતા ગોવાળિયા સાથે ગાયોને લઇને શોભાયમાન એવા તે વ્રજમાં આવ્યા. વ્રજમાં ગોપાલનરૂપી કપટ માયાથી વિહાર કરતા રામ—કૃષ્ણને ગ્રીષ્મ ઋતુ પ્રાપ્ત થઇ. આ ઋતુ દેહધારીઓને બહુ પ્રિય લાગતી નથી. ૨ ગ્રીષ્મ ઋતુ વૃંદાવનમાં ગુણોથી વસંત ઋતુના જેવી લાગતી હતી, વૃંદાવનમાં શ્રીકૃષ્ણ ભગવાન બળદેવજીની સાથે રમતા હતા. જે વૃંદાવનમાં ઝરણાંના શબ્દોથી તમરાંના શબ્દો ઢંકાઇ જતા ને નિરંતર ઝરણાંનાં પાણીના છાંટાથી ભીંજાઇ ગયેલાં વૃક્ષોની ઘટાઓથી તે શોભી રહેતું. ૪ જ્યાં આગળ અતિ હરિયાળી જમીનમાં રહેતા વનવાસીઓને કહ્લાર કંજ તથા ઉત્પલના પરાગને હરનાર અને નદી તથા સરોવરનાં ઝરણાંનાં તરંગ સાથે અથડાયલા પવનથી ઉનાળામાં અગ્નિ તથા સૂર્યનો તાપ લાગતો નથી. ૫ જ્યાં અગાધ જળથી ભરેલી નદીઓના તીરો સાથે અથડાતા મોજાંઓથી કિનારાઓ સાથે ચારે તરફથી પૃથ્વીનો સીમાડો ભીંજાતો તેથી સૂર્યનાં ઉગ્ર કિરણો પૃથ્વીની ભીનાશને તથા લિલોતરીને હરતાં ન હતાં. ૬ પુષ્પોથી ભરપુર શોભાયમાન વનમાં વિચિત્ર જાતનાં પશુઓ તથા પક્ષીઓ ગાતાં. મયૂર અને ભમરાઓ ગુંજારવ કરતા કોયલો અને સારસો કુજતાં એવા અનુપમ વનમાં શ્રીકૃષ્ણ ભગવાન બળદેવજીની સાથે ગાયોનાં ટોળાં તથા ગોપ સાથે બંસી વગાડતા વિહાર કરતા હતા. ૮ બળદેવ શ્રીકૃષ્ણ વગેરે ગોપ બાળકો મોરપિચ્છ ગુચ્છાઓ પુષ્પની માળાઓ અને ગેરૂ વગેરે ધાતુઓના શણગાર સજી નાચતા યુદ્ધ કરતા અને ગાતા હતા ૯ જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન નાચતા ત્યારે કેટલાક ગોવાળિયા ગાતા કેટલાક વાંસળીઓ તાળીઓ ને શિંગડીઓ વગાડતા અને કેટલાક તેમનાં વખાણ કરતા હતા. નટો જેમ નટનાં વખાણ કરે તેમ ગોવાળિયાની જાતિમાં ગુપ્ત રહેલા ગોપવેશ ધારી દેવતાઓ શ્રીકૃષ્ણ તથા બળદેવજીનાં વખાણ કરતા. ૧૧ કાકપક્ષવાળા તે ભાઇઓ વૃંદાવનમાં નાના પ્રકારનાં મલયુદ્ધના દાવપેચ રમતા હતા. જ્યારે ગોપ બાળ નાચતા

† આ અધ્યાયમાં ગ્રીષ્મ ઋતુમાં ભગવાને લીલા કરતાં બળદેવ પાસે પ્રલંબનો નાશ કરાવ્યો, એ કથા કહેવાશે

ત્યારે હે મહારાજ! શ્રીકૃષ્ણ તથા બળદેવ પોતે ગાતા બંસી બજાવતા અને સારૂં થાય છે, સારૂં થાય છે, એમ કહીને તેમનાં વખાણ કરતા. ૧૩ કોઇવાર બીલાંથી કોઈ વાર કોઠાંથી, કોઈવાર આમળાંની મુંઠીઓથી કોઇવાર અડકવાના દાવથી કોઇવાર આંખમિચામણીના દાવથી અને કોઇવાર પશુપક્ષીઓના જેવી ચેષ્ટા કરીને તેઓ રમતા હતા. ૧૪ દેડકાની પેઠે કૂદવાથી, કોઇવાર અનેક પ્રકારે હાંસી ઠઠ્ઠાઓ કરવાથી કોઈવાર હીંચકા ખાવાથી ને કોઇવાર રાજાના જેવી રમતો કરવાથી થાકી જતા. ૧૫

આ રીતે બન્ને ભાઇઓ ગોવાળિયાની સાથે લોકમાં પ્રસિદ્ધ એવી રમતોથી વૃન્દાવનમાં રમતા હતા તથા નદીઓ પર્વતોની ગુફાઓ કુંજો વનો અને સરોવરમાં મહાલતા. વૃન્દાવનમાં ગોવાળિયાની સાથે તેઓ ગાયો ચારતા હતા એવામાં પ્રલંબ નામનો અસુર તેમનું હરણ કરવા ગોવાળિયાનું રૂપ ધારણ કરીને ત્યાં આવ્યો. ૧૭ શ્રીકૃષ્ણ ભગવાન જે સર્વજ્ઞ હતા તે તેનુ કપટ જાણી ગયા પણ તેનો નાશ કરવાનો વિચાર કરી તેને માટે કંઇ બોલ્યા નહિ. જુદી જુદી રમતો જાણનાર શ્રીકૃષ્ણ ભગવાને ગોપને બોલાવી કહ્યું કે—હે મિત્રો! આપણે બે ભાગમાં વહેંચાઇને ઘટતી રીતે રમીએ. ૧૯ રમવાનો નિશ્ચય થયા પછી ગોપ બાળે રામને તથા શ્રીકૃષ્ણજીને ભીરૂ કર્યા અને કેટલાક ગોવાળિયા શ્રીકૃષ્ણના પક્ષમાં રહ્યા તથા બીજા કેટલાક બળદેવજીના પક્ષમાં ગયા. ૨૦ તેઓ એક બીજાને ઉંચકવાની રમત રમવા મંડયા. જિતનાર ઉપર તે બેસતા અને અનેક હારેલાઓ તેઓને ઉચકી જતા હતા. ૨૧ એક બીજાને ઉંચકતા અને એક બીજાની ઉપર બેસતા તથા ગાયોનાં વૃંદને ચારતા શ્રીકૃષ્ણ આદિ ગોપ ભાંડીરક નામે વડ પાસે ગયા. ૨૨ જ્યારે બળદેવના પક્ષના શ્રીદામા વૃષભ્ વગેરે રમતમાં જિતતા ત્યારે શ્રીકૃષ્ણાદિક તેઓને ઉંચકતા. ૨૩ શ્રીકૃષ્ણ ભગવાને હારી જવાથી શ્રીદામાને ઉપાડયો, ભદ્રસેને વૃષભને ઉપાડયો, અને પ્રલંબાસુરે રોહિણીના પુત્ર બળદેવને ઉંચકયા. ૨૪ બળદેવને ઉપાડી પ્રલંબાસુરે વિચાર કર્યો કે શ્રીકૃષ્ણ મહાબળવાન છે તેથી તેમની દૃષ્ટિ ચુકવી ઉતાવળો ઉતાવળો ઉતારવાના સ્થાનકથી આગળ જાઉં. ૨૫ આગળ જતાં તે દૈત્યે મોટા પર્વતના જેવા ભારવાળા બળદેવજીને ઉપાંડયા તેથી તેનો વેબ અટકી ગયો અને તેણે પોતાનું રાક્ષસ શરીર ધારણ કર્યું. તેણે કાનમાં સોનાનાં કુંડળો પહેર્યાં હતાં તેથી ચંદ્રમાને ધારણ કરનાર અને વિજળીના ઝબકારાવાળા મેઘના જેવો તે શોભતો હતો. ૨૬ ચળકતી આંખોવાળું ભમરોની સાથે લાગેલી ઉગ્ર દાઢોવાળું બળતી શિખા જેવા પીળા કેશવાળું, કડાં મુગટ ને કુંડળોની કાંતિથી શોભતું ને વેગથી આકાશમાં દોડતું તેનું શરીર જોઇ બળદેવજી ત્રાસ પામ્યા. ૨૭ પોતાના સ્વરૂપનું ભાન આવતાં નિર્ભય થઇ ઇન્દ્રે જેમ વજ્રના વેગથી પર્વતને પ્રહાર કર્યો હતો તેમ પોતાના સાથને મૂકી આકાશ માર્ગે પોતાને હરી જતા રાક્ષસના માથામાં તેમણે પ્રહાર કર્યો. પ્રહાર કરતાં અસુરનું મસ્તક ફાટી ગયું, ને બેભાન થઇ ઇન્દ્રના વજ્રના મારથી જેમ પર્વત ધરણી ઉપર ઢળી પડે તેમ મોટી ચીસ પાડી પ્રાણ રહિત થઇ પૃથ્વી ઉપર ઢળી પડયો. ૨૯ બળદેવજીએ પ્રલંબાસુરનો નાશ કર્યો તે જોઇને ગોપ બાળ બહુ આશ્ચર્ય પામ્યા અને બહુ સારૂં કર્યું, એમ કહેવા લાગ્યા. ૩૦ પ્રેમવડે વિહ્વલ ચિત્તવાળા ગોવાળિયા મરણ પામી જાણે પાછા સજીવન થયા હોય તેમ તથા વખાણને પાત્ર બળદેવજીને ભેટી આશીર્વાદ આપવા લાગ્યા. ૩૧ પ્રલંબાસુરને

માયાથી દેવતાઓ પરમ સુખી થયા અને તેઓએ બળદેવની ઉપર પુષ્પોની વૃષ્ટિ કરી.

पापे प्रलंब निहते देवाः परमनिर्वृताः ।
अभ्यवर्षन्बलं माल्यैः शशंसुः साधुसाध्विति ॥

इतिश्रीमद्भागवतमहापुराणेदशमस्कंधे अष्टादशोध्यायः

અધ્યાય ૧૯ મો.‡

ગાયો ને ગોપનું દવથી રક્ષણ.

श्रीशुक उवाच

क्रीडासक्तेषु गोपेषु तद्गावो दूरचारिणीः ।
स्वैरं चरन्त्यो विविशुः क्रंदंत्यो दावतर्षिता ॥

શુકદેવજી કહે છે કે—ગોપ બાળ રમતમા આસક્ત હતા એટલામાં બીજી તરફ તેમની ગાયો ઇચ્છાનુસાર ચરતી હતી તે દૂર નીકળી ગઇ. એક વનમાંથી બીજા વનમાં અને બીજા વનમાંથી ત્રીજામાં થઇ ચીસો પાડતી મુંજના ગાઢા વનમાં ગઇ. ૨ આણી તરફ શ્રીકૃષ્ણ બળદેવ વગેરે ગોપ પોતાનાં ઢોરને ન જોવાથી સંતાપ કરવા લાગ્યા અને શોધતાં કયાંહી પત્તો લાગ્યો નહિ. ૩ સર્વે આજીવિકાનાં સાધન ભૂત ઢોરો ખોવાઇ જવાથી ગભરાયા અને ગાયોની ખરીઓ તથા દાંતોથી કરડાયલા ઘાસો ઉપરથી તથા પગલાં ઉપરથી માર્ગ શોધતા શોધતા જવા લાગ્યા. ૪ રસ્તામાં ગોપ કે જેઓ પોતાની ગાયોનાં વૃંદની શોધ કરતા હતા તેઓ થાકી ગયા અને તરસ્યા થયા એટલામાં તેઓને મુંજના વનમાં ભૂલું પડેલું ચીસો પાડતુ, ગાયોનું ટોળું મળી આવ્યું. તેઓએ ત્યાંથી તેને વ્રજ તરફ પાછું વાળ્યું ભગવાન મેઘની ગર્જના જેવી ગંભીર વાણીથી ગાયોનાં નામ લઇ તેમને બોલાવવા લાગ્યા, એટલે ગાયો પોતપોતાનાં નામોના શબ્દો સાંભળી આનંદથી સામો ઉત્તર દેવા લાગી. વ્રજવાસીઓ મુંજના વનમાં હતા, એટલામા દૈવેચ્છાથી વનવાસીઓનો સંહાર કરનાર દાવાનલ ચારે તરફથી સળગી ઉઠયો અને પવનના જોરથી વધીને સુકાં તેમજ લીલાં સ્થાવર તથા જંગમ સર્વનો સંહાર કરવા લાગ્યો. ૭ ગોપ બાળ તથા ગાયો આ રીતે ચારે તરફથી ફરી વળતા દાવાનળને જોઇને ભય પામ્યાં અને સંસારના ભયથી પીડાયલા લોકો જેમ ઇશ્વરને શરણે જઇને તેમની સ્તુતિ કરે તેમ તેઓ બળદેવની સાથે રહેલા શ્રીકૃષ્ણને શરણે જઇ તેમની સ્તુતિ કરવા લાગ્યા. ૮ હે મહાવીર કૃષ્ણ ! દાવાનલમાં બળતા અમે તમારે શરણે આવ્યા છીએ તમે અમારૂં રક્ષણ કરવાને યોગ્ય છો. ૯ હે કૃષ્ણ ! અમે તમારા બાંધવો છીએ. તેથી દુઃખ પામવાને યોગ્ય નથી અને અમે તમારી સેવામાં પરાયણ છીએ. ૧૦

શુકદેવજી કહે છે કે—ભગવાન શ્રીહરિ પોતાના સંબંધી ગોપ બાળકનું દીનતા ભરેલું વચન સાંભળી બોલ્યા કે, તમો ડરો નહિ, તમારી આંખો મિંચી જાઓ. ૧૧ 'તથાસ્તુ,' એમ કહીને તેઓ આંખો મિંચી ગયા એટલે યોગીઓના ઇશ્વર ભગવાન કૃષ્ણ મુખદ્વારા ભયંકર અગ્નિને પી ગયા અને પોતાના ભક્ત એવા તેઓને કષ્ટમાથી મુક્ત કર્યા. ૧૨ ભાંડીર વડની આગળ જઇ થોડી વાર પછી ગોપ પોતાની આંખો ઉઘાડીને જુવે છે તો ભગવાને પોતાને તથા ગયોને દાવાનલમાંથી મુક્ત કરેલાં અને ભાડીર વડની પાસે લાવી મૂકેલાં જોયાં. ૧૩ યોગમાયાના પ્રભાવવાળું ભગવાનનું યોગબળ જોઇ તથા દાવાનળમાથી પોતાને મુક્ત થયેલા જોઇ ગોપ ભગવાનને દેવતા માનવા લાગ્યા. ૧૪ પછી તેઓથી સ્તુતિ કરાતા ભગવાન સાંયકાળે ગાયોને પાછી વાળી બંસીનો નાદ કરતા બળદેવની સાથે ગોકુળમાં ગયા. ૧૫ ગોપીઓ કે જેઓને ભગ-

‡ આ અધ્યાયમા ભગવાને મુંજારણ્યમા દાવાનલનુ પાન કરી ગોવાળિયાની તથા ગાયોની રક્ષા કરી, એ કથા કહેવાય છે.

વાન વિના એક ક્ષણ પણ સો યુગના જેવી જતી હતી તેઓને ભગવાનના દર્શનથી મોટો આનંદ થયો. ૧૯

गोपीनां परमानंद आसीद्गोविंददर्शने ।
क्षणं युगशतमिव यासां येन विनाऽभवत् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
एकोनविंशतितमोऽध्यायः

અધ્યાય ૨૦ મો.*

ઋતુ વર્ણન-વર્ષા અને શરદ.

श्रीशुक उवाच.

तयोस्तदद्भुतं कर्म दावाग्नेर्मोक्षमात्मनः ।
गोपाः स्त्रीभ्यः समाचख्युः प्रलंबवधमेव च ॥

શુકદેવજી કહે છે કે-હે રાજન! ગોપ બાળો વ્રજમાં જઇ પોતાનું દાવાનલમાંથી રક્ષણ તથા પ્રલંબાસુરનો વધ બંને, શ્રીકૃષ્ણ તથા બળદેવજીનાં અદ્ભુત કર્મ વૃદ્ધ ગોપ તથા ગોપીઓને કહ્યાં. ૧ વૃદ્ધ ગોપ અને ગોપિકાઓ તે સાંભળીને આશ્ચર્ય પામ્યાં ને માનવા લાગ્યાં કે, શ્રીકૃષ્ણ અને બળદેવ વ્રજમાં આવેલા મોટા દેવતાઓ છે. ગ્રીષ્મ ઋતુ જતાં સર્વ પ્રાણીઓને આનંદ ઉત્પન્ન કરનારી અને જીવન આપનારી વર્ષા ઋતુ આવી. સૂર્ય તથા ચંદ્રના મંડળમાં કુંડાળાં દેખાવા લાગ્યાં. આકાશમાં ગડગડાટ થવા માંડયો. ૩ ગર્જના તથા વિજળીવાળા શ્યામ મેઘ ગોરંભાયા, તથા જેમાં સ્પષ્ટ પ્રકાશ દેખાતો નહતો એવું આકાશ ત્રણે ગુણોથી ઢંકાયલા અને તેને લીધે સ્વસ્વરૂપનો સ્પષ્ટ પ્રકાશ ન કરતા જીવના સ્વરૂપ જેવું ભાસવા લાગ્યું. ૪ રાજા પ્રજાની પાસેથી કર લે છે અને સમય ઉપર તે જેમ પાછો આપે છે તેમ જ સૂર્યે પણ આઠ મહિના સુધી પૃથ્વી પાસેથી જે લીધું હતું તે જળરૂપી ધન સમય આવ્યે વૃષ્ટિરૂપે આપવા માંડયું. દયાળુ પુરૂષો જેમ દુઃખી મનુષ્યને જોઇને મુંજતા તેને સુખી કરવા પોતાના જીવનનો ત્યાગ કરે તેમ મેઘ વિજળી રૂપી નેત્રોથી જગતને દુઃખી જોઇ વાયુથી કંપતા પોતાના જીવનનો ત્યાગ કરવા લાગ્યા. ૬ કામના માટે તપશ્ચર્યા કરનારનું શરીર જે તપે દુર્બળ થઇ જાય છે તે તપના ફળને મેળવીને પુષ્ટ થાય તેમ તડકાથી શુષ્ક થઇ ગયેલી પૃથ્વી પાણીથી પુષ્ટ થઇ. ૭ કળિયુગમાં જેમ પાપને લીધે પાખંડી ધર્મો પ્રકાશ કરે છે પરંતુ વેદ ધર્મો પ્રકાશતા નથી, તેમ વર્ષાઋતુમાં સાયંકાળે અંધારાથી પતંગિયાં દેખાવા લાગ્યાં અને આકાશમાંના તારા દેખાતા બંધ થયા. મૌન બેશી રહેલા શિષ્યો પોતાનું નિત્ય કર્મ કરી રહ્યા પછી આચાર્યનો શબ્દ સાંભળી જેમ ભણવા માંડે તેમ દેડકા મેઘનો શબ્દ સાંભળીને બોલવા લાગ્યા. ૯ ઇંદ્રિયાધીન મનુષ્યનો દેહ તથા સંપત્તિઓ જેમ આડે માર્ગે જાય તેમ વર્ષાઋતુને લીધે નાની નદીઓ પાણીને લીધે આડે માર્ગે વહેવા માંડી. ૧૦ રાજાઓની સેના જેમ અનેક જાતના રંગવાળી હોય તેમ પૃથ્વી ઘાસથી લીલી અને ઇંદ્રગોપને લીધે રાતા રંગવાળી તથા બીલાડીના ટોપથી છાયાવાળી થઇ. ૧૧ ક્ષેત્રધાન્યોની સંપત્તિ ખેડુતોને આનંદ આપવા લાગી અને સારૂં નરતું દૈવાધીન છે, એમ જાણનાર ધનવંત વૈશ્યો જેઓએ ધાન્યનો સંગ્રહ કરી રાખ્યો હતો તેઓને સંતાપ ઉપજાવવા લાગી. ૧૨ મનુષ્ય શ્રીકૃષ્ણની સેવાથી જેમ મનોહર સ્વરૂપને ધારણ કરે તેમ જળ તથા સ્થળવાસી સર્વ પ્રાણીઓએ નવા પાણીના સેવનથી મનોહર રૂપ ધારણ કર્યું. ૧૩ કાચા યોગીનું વાસનાવાળું ચિત્ત વિષયો સાથે જોડાઇ ક્ષોભ પામે તેમ પવનથી ઉછળતા મોજાંવાળો સમુદ્ર નદીઓની સાથે મળીને ગાજવા લાગ્યો. ૧૪ ભગવાનમાં મન લગા-

* આ અધ્યાયમાં વર્ષા અને શરદ ઋતુના વર્ણનથી ગોપ તથા બળદેવજી સાથે ભગવાનની લીલાનું વર્ણન છે

નાર લોકો દુઃખોથી પીડાતા છતાં જેમ ખિન્ન થતા નથી તેમ પર્વતો વરસાદની ધારાઓથી હણાયા છતાં વ્યથા પામતા ન હતા. ૧૫ બ્રાહ્મણોથી નિત્ય ભણવામાં ન આવતા વેદો, જેમ કાળ જતાં સંદેહવાળા થઇ પડે તેમ ઘાસથી ઢંકાઇ ગયેલા તથા જેની ઉપર લોકોની આવજાવ થતી બંધ પડી હતી એવા માર્ગો સંદેહવાળા થઇ પડયા. ૧૬ ક્ષણિક પ્રીતિવાળી સ્ત્રીઓ જેમ ગુણવાન સાથે સ્થિરતા કરીને રહેતી નથી, તેમ ચંચળ વિજળીઓ સર્વ લોકના બંધુ રૂપ મેઘોની સાથે સ્થિરતા કરીને રહેતી ન હતી. ૧૭ ગુણોથી સેળભેળવાળા આ જગતમાં જેમ આત્મા નિર્ગુણ છતાં પ્રકાશે છે તેમ ગર્જના કરતા આકાશમાં ઇદ્રનું ધનુષ દોરી વિનાનું હતું તોપણ શોભવા લાગ્યું. ૧૮ પોતાના પ્રકાશથી આવેલા અહંકારથી ઢંકાયલો જીવ શોભે નહિ તેમ ચંદ્રથી પ્રકાશ પામતાં મેઘ મંડળે ઢંકાયલો ચંદ્ર શોભતો ન હતો. ૧૯ ઘરમા બળી જળી રહેલા અને ખિન્ન થયેલા લોકો ભગવાનના ભક્તનો સમાગમ કરી પ્રસન્ન થાય છે અને તેઓનો સત્કાર કરે છે, તેમ ઉનાળાના તાપથી તપી ગયેલા અને ખિન્ન થઇ ગયેલા મયૂરો વર્ષા ઋતુના આવવાથી આનંદ પામી ટૌકા કરીને મેઘોને અભિવંદન આંપવા લાગ્યા. ૨૦ તપશ્ચર્યા કરવાથી પ્રથમ શરીરમાં દુર્બળ થઈ ગયેલા પુરૂષો સંસારનાં વિષય સુખો ભોગવ્યા પછી જેમ તાજા થાય છે તેમ ઉનાળામાં સુકાઇને ખાખ થયેલાં વૃક્ષો પોતાનાં મૂળોવડે પાણી પીને નવ પલ્લવ થઈ ગયાં. ૨૧ ઘરો અનેક ભયંકર કર્મોથી ભરપુર છે છતાં વિષયની ઇચ્છાવાળાં સંસારી પુરૂષો જેમ તેવાં ઘરોમા રહે છે. સારસ પક્ષીઓ કાદવથી ભરેલા કિનારાવાળા સરોવરમાં રહેવા લાગ્યા. ૨૨ કલિયુગમાં પાખંડીઓના મિથ્યા વાદોથી જેમ વેદના માર્ગો છિન્ન ભિન્ન થઇ જાય છે તેમ વરસાદ વરસવા માંડવાથી જળના પુરોથી માર્ગો તૂટી ગયા. ૨૩ બ્રાહ્મણ પુરોહિતોથી પ્રેરાયલા રાજાઓ સમયે સમયે જેમ પોતાની પ્રજાને પરમ સુખ આપે છે તેમ વાયુઓથી પ્રેરાયલા મેઘો સમયે સમયે પ્રાણીઓને અમૃતના જેવું મીઠું પાણી અપવા લાગ્યા. ૨૪

આ પ્રમાણે સમૃદ્ધિવાળાં અને જેમાં ખજુર અને જાબૂ પાકેલા હતા એવાં વનમાં શ્રીકૃષ્ણ ગોપ સાથે દાખલ થયા.૨૫ બૌલાના ભારથી ધીરે ધીરે ચાલતી અને જેમના આંચળોમાથી દૂધ ઝરતું હતું એવી ગાયો ભગવાને પ્રેમથી બોલાવ્યાથી ઉતાવળી ઉતાવળી ચાલવા માડી. ૨૬ ભગવાન પ્રસન્ન થયેલી ભીલડીઓને, રસને ઝરતી વનરાજીઓને પર્વતમાથી પડતી જળધારાઓને તથા પાસે રહેલી ગુફાઓને નિહાળતા તથા મેઘની ગર્જનાઓ સાંભળતા હતા ૨૭ કોઈ વાર જયારે વરસાદ વરસતો ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ વૃક્ષોની ઘટા નીચે અથવા ગુફામાં પેસીને કંદ તથા મૂળનું ભોજન કરી રમતા હતા. ૨૮ કોઈવાર શ્રીકૃષ્ણ નદીના તીર પાસે આણેલું દધ્યોદન બળદેવજી સાથે જમાડવા યોગ્ય ગોપની સાથે શિલા ઉપર બેસીને જમતા. ૨૯ ચરીને ધરાઈ ગયેલ તથા લીલી હરિયાળી જમીન ઉપર બેસી આંખો મિંચીને વાગોળતી ગાયો ને વાછડાં તથા બૌલાના ભારથી શ્રમિત થયેલી અને ધરાઈ રહેવાથી લીલી હરિયાળી જમીન ઉપર આંખો મિંચીને બેઠેલી ભેંસોને જોઇને અને પોતાની શક્તિથી વૃદ્ધિ પામેલી સર્વ પ્રાણીઓને હર્ષ આપનારી વર્ષાઋતુની શોભાને જોઈ જોઈને તેની પ્રશંસા કરતા. શ્રીકૃષ્ણ તથા બળદેવજીને વ્રજમાં આ પ્રમાણે મોજ કરતાં કરતાં શરદ્ ઋતુ આવી.

આકાશ વાદળાં વિનાનું સ્વચ્છ થઈ ગયું, પાણી નિર્મળ થયું અને પવન શાંત

વાવા લાગ્યો. ૩૨ યોગથી ભ્રષ્ટ થયેલાનું ચિત્ત યોગાભ્યાસ કરવાથી જેમ ફરીને નિર્મળ થાય તેમ કમળોને ઉત્પન્ન કરનારી શરદ ઋતુવડે જળ પાછાં સ્વચ્છ થયાં. ૩૩ ભગવાનની ભક્તિ જેમ બ્રહ્મચારીના ગુરૂને માટે પાણી ભરી લાવવું ભિક્ષા માંગવી વગેરે કષ્ટને હરી લે તેમ શરદ્ ઋતુએ વાદળાં હરી લીધાં. ભગવાનની ભક્તિ જેમ ગૃહસ્થાશ્રમીઓની ઘણાં છોકરાંની સાંકળને હરી લે, તેમ શરદ્ ઋતુએ વરસાદના ભયથી એકઠા મળીને એક ઠેકાણે ભરાઈ રહેતાં પાણીના સાંકળરૂપી ભયને હરી લીધો. ભગવાનની ભક્તિ જેમ વાનપ્રસ્થોની મલીનતા હરે, તેમ શરદ્ ઋતુએ પૃથ્વીના કાદવને હરી લીધો. ભગવાનની ભક્તિ જેમ સંન્યાસીઓની કામાદિક વાસનાનો મેલ હરે, તેમ શરદ્ ઋતુએ પાણીના મળનો નાશ કર્યો. ૩૪ ત્રણ પ્રકારની એષણાનો ત્યાગ કરનાર શાંત મુનિઓ પાપરહિત થઈને જેમ શોભે તેમ વાદળાં પોતાનું સર્વસ્વ વરસી શ્વેત રંગનાં થઈ શોભવા લાગ્યાં. ૩૫ જ્ઞાનીઓ સમય ઉપર જેમ પોતાનુ જ્ઞાન અધિકારીને આપે અને અનધિકારીને ન આપે, તેમ પર્વતો પોતાનું મધુર જળ કોઈ ઠેકાણે આપતા હતા અને કોઈ ઠેકાણે આપતા ન હતા. કુટુંબમાં બંધાઈ ગયેલા મૂઢ મનુષ્યો જેમ પ્રતિ દિવસ ક્ષય થતા આયુષ્યને જાણતા નથી, તેમ ઓછા પાણીમા રહેનારા જળચર પ્રતિ દિવસ ખૂટી જતા પાણીને જાણતાં ન હતાં ૩૭ દરિદ્રી તથા અજિતેંદ્રિય મનુષ્યો સંસારના તાપને પામે તેમ જળચર શરદના સૂર્યના તાપને પામવા લાગ્યા. ૩૮ જ્ઞાની લોકો જેમ દ્રવ્ય આદિક અનિત્ય પદાર્થો ઉપરથી ધીરે ધીરે મમતા છોડી દે, તેમ નદીના પ્રદેશો ધીરે ધીરે કાદવનો ત્યાગ કરવા લાગ્યા અને જ્ઞાની લોકો જેમ ધીરે ધીરે શરીરાદિક અનાત્મ પદાર્થો ઉપરની અહંતા મમતા છોડી દે, તેમ લતાઓ પણ ધીરે ધીરે કચાશનો ત્યાગ કરવા લાગી. ૩૯ અંતઃકરણ ઉપરામ પામવા પછી સર્વ ક્રિયાનો ત્યાગ કરનાર મુનિ જેમ વેદાધ્યયન બંધ કરીને બેસે, તેમ સમુદ્રનાં પાણી સ્થિર થયાં અને સમુદ્ર ગાજવું બંધ કરી મૌન રહ્યો. ૪૦ યોગીઓ ઈંદ્રિયોદ્વાર ચાલ્યા જતા જ્ઞાનને ઈંદ્રિયોના રોધથી અટકાવી રાખે તેમ ખેડુત લોકો અનેક માર્ગે ચાલ્યાં જતાં પાણીને કયારાઓ પૂરવા માટે દૃઢ બંધો બાંધીને અટકાવવા લાગ્યા. ૪૧ જ્ઞાન જેમ દેહાભિમાનથી થયેલા તાપને હરી લે અને ભગવાન જેમ વ્રજની સ્ત્રીઓના તાપને હરી લે તેમ ચંદ્રમાએ શરદ્ ઋતુના સૂર્યનાં કિરણોથી લાગતા તાપને હરણ કર્યો. ૪૨ શુદ્ધ સત્વગુણી અને વેદના અર્થો જાણનારૂં ચિત્ત, જેમ પ્રસન્ન રહે તેમ વાદળાં વિનાનું તથા શરદ્ ઋતુના નિર્મળ તારાવાળું આકાશ સ્વચ્છ થયું. ૪૩ યાદવોના પતિ ભગવાન શ્રીકૃષ્ણ જેમ યાદવોના મંડળથી શોભતા હતા તેમ આકાશમાં તારાઓના મંડળથી ચંદ્રમા શોભવા લાગ્યો. ૪૪ મનુષ્યો ઉપવનના સમશીતોષ્ણ પવનનું આલિંગન કરીને દિવસના તાપનો ત્યાગ કરવા લાગ્યા પરંતુ જેમનાં મન શ્રીકૃષ્ણે હરણ કર્યાં હતાં એવી ગોપીઓ બળવા લાગી. ૪૫ ઇશ્વરના આરાધાન માટે કરવામાં આવતી ક્રિયાઓ આરાધન કરનારને તેમની ઇચ્છા ન છતાં પણ ફળ આપે છે તેમ શરદ્ ઋતુમાં ગાયો મૃગલીઓ પક્ષીની માદાઓ તથા સ્ત્રીઓ આધાન પામવા લાગી. રાજાના ઉદયથી ચોર વિના બીજા સર્વ લોકો જેમ નિર્ભય થાય તેમ સૂર્યના ઉદયથી કુમુદ વિના બીજાં સર્વ કમળો પ્રફુલ્લિત થયાં. પાકેલાં ધાન્યોથી ભરપુર થયેલી પૃથ્વી નગરોમાં તથા ગામોમાં નવીન ધાન્ય માટે કરવામાં આવતા વૈદિક યજ્ઞોથી તથા ઈંદ્રિયોના

આનંદો માટે કરવામાં આવતા લૌકિક મહોત્સવોથી શોભવા લાગી.૪૮ મંત્ર તથા યોગથી સિદ્ધ થયેલા પુરૂષો આયુષ્યના બંધનથી રૂંધાઇ રહેલા હોય છે, તેઓ સમય આવતાં જેમ દેવાદિકના નવા દેહને પામે છે તેમ વર્ષાઋતુથી રોકાઈ રહેલા વ્યાપારીઓ સન્યાસીઓ રાજાઓ તથા બ્રહ્મચારીઓ શરદ ઋતુ બેસતાં બહાર નીકળી પોતપોતાનું કામ સાધવા લાગ્યા. વ્યાપારીઓ વ્યાપાર ખેડવા સન્યાસીઓ ઇચ્છાનુસાર તીર્થયાત્રા કરવા રાજાઓ દિગ્વિજય કરવા અને સ્નાતકો વેદાધ્યયન કરવા જવા લાગ્યા. ૪૯

वणिङ्मुनि- पस्नाता निर्गम्यार्थान् प्रपेदिरे।
वर्षरुद्धा यथा सिद्धाः स्वपिंडान् काल आगते

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
विंशोऽध्यायः

અધ્યાય ૨૧ મો.‡

શ્રીકૃષ્ણના બંસીનાદનું વર્ણન.

श्रीशुक उवाच

इत्थं शरत्स्वच्छजलं पद्माकरसुगंधिना ॥
न्यविशद्वायुना वातं सगोगोपालकोऽच्युतः

શુકદેવજી કહે કે—હે રાજન ! શરદ ઋતુથી નિર્જળ જળવાળા અને કમળની સુગંધથી મઘમઘતા પવનથી વ્યાપ્ત વૃંદાવનમાં ભગવાન ગાયો અને ગોપ સાથે ગયા. ૧ વૃંદાવનમાં સરોવર નદીઓ ને વૃક્ષો ફુલવાળી વનરાજીમાં મદમત્ત થઈને ગુંજારવ કરતા ભમરો અને પક્ષીઓના કલરવોથી ગાજી રહ્યાં હતાં. ભગવાને ગોપ તથા ગાયોની સાથે આવી ગાયો ચારતાં વેણુનાદ કર્યો. ૨ આનંદ ઉત્પન્ન કરનાર તે નાદ સાંભળી કેટલીક વ્રજની સ્ત્રીઓ પરોક્ષે સખીઓ આગળ તેનું આ પ્રમાણે વર્ણન કરવા લાગી. ગોપીઓ શ્રીકૃષ્ણના ચરિત્રનું સ્મરણ કરતી વેણુ ગીતનું વર્ણન કરવા લાગી પણ આનંદના વેગથી મન વિક્ષિપ્ત થવાને લીધે વેણુગીતનું વર્ણન કરી શકી નહિ. ૪ શ્રીકૃષ્ણે મોરપીંછનો મુગટ કાનમાં કેરણનાં પુષ્પો, શરીરે સુવર્ણના જેવું પીળા રંગનું રેશમી વસ્ત્ર તથા કંઠમાં વૈજયંતી માળા ધારણ કરી હતી અને મોટા નટનાં જેવા શરીરને ધારણ કરનાર પોતાના અધરામૃતથી બંસીમાં પવન પુરતા હતા.ગોપ જેની કીર્તિ ગાતા હતા એવા ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ચરણથી મનોહર લાગતા વનમાં પધાર્યા અને વેણુનાદ કર્યો. ૫ સર્વ પ્રાણીઓનાં મનને હરણ કરે એવો વેણુનાદ સાંભળી વ્રજની સ્ત્રીઓ તેનું વર્ણન કરવા અને પદે પદે ભગવાનનું ચિંતન કરવા લાગી. ૬

ગોપિકાઓ માંહોમાંહે બોલી કે—સખીઓ, ! મિત્રોની સાથે પશુઓને વનમાં ચરવા લઇ જતા બળદેવ અને શ્રીકૃષ્ણનું બંસી બજાવતું તથા સ્નેહનાં કટાક્ષોવાળું મુખ જેઓએ જોયું છે તેઓએ નેત્રોનું ફળ મેળવ્યું છે. કારણ કે, શ્રીમુખનાં દર્શન કરવાં એજ આંખોવાળાની આંખોનું ફળ છે, તે વિના બીજું કંઇ પણ ફળ નથી. ૭ વચ્ચે વચ્ચે લટકાવેલાં આંબાનાં કોમળ પાંદડાં મયૂરપિચ્છ પુષ્પના ગુચ્છ ઉત્પલ તથા કમળની માળાવાળા અને કાળાં તથા પીળાં વસ્ત્રથી વિચિત્ર લાગતા અને કોઇવાર ગાયન કરતા બળદેવજી તથા શ્રીકૃષ્ણ રંગભૂમિ ઉપર ગાતા તથા વિચિત્ર વેશ ધારણ કરતા મોટા નટો જેમ નટોની સભામાં શોભે, તેમ ગોપની સભામાં શોભતા હતા. ૮ આ વેણુએ તે એવું શું પુણ્ય કર્યું હશે, કે તે ગોપીઓને જ સંપૂર્ણ રીતે ભોગવવા યોગ્ય ભગવાનના અધરામૃતને રસ બાકી ન રહે તેમ ભોગવે છે, તેને જોઇને પોતાના પયથી ઉછેરનારી માતા સમાન નદીઓ ઉઘડી રહેલાં

‡ આ અધ્યાયમા શ્રીહરિએ શરદ ઋતુને લીધે રમણીય દેખાતા વૃંદાવનમાં પધારીને વેણુનો મધુર નાદ કર્યો તે સાંભળીને ગોપીઓએ વર્ણન કર્યું તે કથા કહેવામા આવશે.

કમળવનના મિષથી રોમાંચિત થયેલી હોય એવી દેખાય છે અને જેના વંશમાં આ બંસી ઉત્પન્ન થઇ છે તે વાંસ પણ પોતાના વંશમા ભગવાનનાં ભકતને ઉત્પન્ન થયેલો જોઇને તે કુળના વૃદ્ધ પુરૂષો રોમાંચિત થઇ જેમ આનંદાશ્રુઓ પાડે તેમ પ્રફુલ્લિત થઇને રસની ધારારૂપી અશ્રુઓ પાડે છે હે સખિ! વૃન્દાવન પૃથ્વીની કીર્તિમાં વધારો કરે છે, કારણ કે વૃન્દાવને ભગવાનના ચરણકમળથી શોભા સંપાદન કરી છે. વૃન્દાવનમાં મયૂરો ભગવાનની બંસીનો નાદ સાભળી તેને ગર્જનાવાળો નવો શ્યામ મેઘ માની નાચે છે, મયૂરનાં નૃત્યને જોઇને પર્વતના શિખરો ઉપર રહેતાં પ્રાણીઓ પોતાનું સર્વ કામકાજ ત્યાગ કરે છે. હે સખિઓ! આ હરિણીઓ મૂઢ બુદ્ધિવાળી છતાં ભાગ્યશાળી છે, કારણ કે તેઓ વેણુ સાંભળી સ્નેહપૂર્વક દ્રષ્ટિદ્વારા વિચિત્ર વેષધારી નંદરાયના પુત્રનું સન્માન કરે છે અને તે પણ પોતાના પતિ કાળિયાર મૃગોની સાથે રહીને સન્માન પામે છે. ૧૧ ગોપીઓ સ્ત્રીઓને આનંદ આપે એવા રૂપ-વાળા તથા સુંદર વેષવાળા શ્રીકૃષ્ણ ભગવાનને જોઇને તથા તેમણે વગાડેલી વેણુનો નાદ સાંભળીને વિમાનમાં બેઠેલી દેવાંગનાઓ પતિના ખોળામા બેઠા છતા અધીરી પડી મોહિત થાય છે અને તેમના કેશપાશમાથી પુષ્પો ખરવા માડે છે ૧૨ ગાયો ભગવાનના મુખમાથી નીકળેલા બંસીગીતરૂપી અમૃતનું ઉંચા કરેલા કાનરૂપી પડીઆથી પાન કરે છે અને હર્ષાશ્રુથી ક્રિયાઓ ભૂલી જાય છે. ધાવતા વાછડા બંસીનાદ સાભળીને ધાવવું છોડી દઈ એમ ને એમ સ્થિર ઉભાં રહે છે, ગાયો ને વાછડા પોતાની દૃષ્ટિદ્વારા ભગવાનનું આલિંગન કરી સંતોષ પામે છે. ૧૩ વનના પક્ષીઓ ઘણું કરીને મુનિઓ હશે કારણ કે મુનિઓ શ્રીકૃષ્ણ ભગવાનનું જેમ દર્શન થાય તેમ વેદોકત કર્મના ફળનો ત્યાગ કરીને વેદરૂપી વૃક્ષની શાખાઓનો આશ્રય કરે છે અને તેમાં મનોહરરૂપે રહેલાં કર્મો કરીને સુખી થતા શ્રીકૃષ્ણ ભગવાન સંબંધી પવિત્ર ચરિત્રને સાંભળે છે, તેમ પક્ષીઓ ફૂલ ફળની આશા તજી દઇને મનોહર પલ્લવવાળાં વૃક્ષોની શાખાઓ ઉપર આંખો મીચી બીજી ત્રીજી વાતો કરવી બંધ કરી બંસીનો નાદ સાંભળે છે. ૧૪ ચેતનવાળાં પ્રાણીઓની વાત તો રહી, પરંતુ ઘુમરીઓ ઉપરથી જણાતા મોહને લીધે જેઓનો વેગ તૂટી જાય છે એવી નદીઓ પણ વેણુનો નાદ સાંભળી પોતાની તરંગરૂપી ભુજાઓથી ભગવાનના ચરણમાં કમળ અર્પણ કરે છે. તરંગોરૂપી હાથથી આલિંગન કરીને તેમના ચરણ ઢંકાઇ જાય તે પ્રમાણે કરે છે. ૧૫ તડકામાં બળદેવજી તથા ગોપની સાથે વ્રજમાં ગાયો ચારતા અને બંસી બજાવતા પોતાના મિત્ર શ્રીકૃષ્ણને જોઇને મેઘ પ્રેમથી તેમની આગળ પ્રગટ થાય છે, તેમના ઉપર પુષ્પોની અંજ-લિની પેઠે પાણીના છાંટા નાખે છે ને પોતાના શરીરવડે તેમના મસ્તક ઉપર છાયા કરે છે. ૧૬ હે સખિઓ! આપણા કરતાં તો આ પુલિંદ સ્ત્રીઓ ભાગ્યશાળી કે જેઓ ભગ-વાનને જોવાથી ઉત્પન્ન થયેલા તાપનું તેમના ચરણ ઉપરના અને તૃણને લાગેલા ચંદનને પોતાને મુખે અને છાતીએ લગાડીને શમન કરે છે. ૧૭ ગોવર્ધન પર્વત ભગવાનનો પુરો ભકત જણાય છે, કારણ કે તે બળદેવ અને ભગવાનનાં ચરણનો સ્પર્શ થતાં તૃણાદિકના અંકુરો બહાર નીકળી આવવાના મિષથી રોમાચિત થયો હોય એવો દેખાય છે. પાણી ઘાસ ગુફાઓ કંદો તથા મૂળોવડે ગાયો તથા ગોપ સહિત સર્વે એમનો સત્કાર કરે છે. ૧૮ માથા ઉપર ગાયોનાં ગાળીઆં વીંટવાથી અને કાંધ ઉપર પાશને રાખવાથી મોટા ગોપની શોભા ધારણ કરનાર બળદેવ અને શ્રીકૃષ્ણ જ્યારે તેમની સાથે વૃન્દાવ-

નમાં ગાયો ચારતા વેણુનો મનોહર નાદ કરે છે, ત્યારે વેણુના મોહક સ્વરોવડે જંગમ પ્રાણીઓ સ્થાવરની પેઠે સ્થિર થઇ જાય છે અને વૃક્ષાદિક સ્થાવર રોમાંચિત થઇ જંગમનો ધર્મ ધારણ કરે છે. ૧૯ વૃન્દાવનમાં ફરતા ભગવાનની જે જે લીલાઓ થતા તે સર્વ લીલાઓનું વર્ણન કરતી ગોપીઓ આખરે ભગવાનરૂપ થઇ જતી હતી. ૨૦

एवं विधा भगवतो या वृन्दावनचारिणः।
जयंत्यो मिथो गोप्यः क्रीडास्तन्मयतांययुः॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे एकविंशोऽध्यायः

અધ્યાય ૨૨ મો.†

ગોપી—વસ્ત્રાહરણ.

श्रीशुक उवाच

हेमंते प्रथमे मासि नंदव्रजकुमारिकाः।
चेरुर्हविष्यं भुंजानाः कात्यायन्यर्चनव्रतम्१

શુકદેવજી કહે છે કે—હેમંત ઋતુના પહેલા—માર્ગશીર્ષ મહીનામાં નંદના વ્રજની કુમારિકાઓ હવિષ્યાન્ન ખાઇ કાત્યાયની વ્રત કરીને સૌભાગ્ય ઇચ્છતી હતી.૧ હે રાજન! તે નિત્ય યમુનાના જળમાં નાહી અરૂણોદય થયા પછી વેળુની દેવતા કરતી અને સુગંધી ચંદન ફૂલ બલિ ધૂપ નાના પ્રકારનાં નૈવેદ્યો અર્પી નવાં પાંદડાં ફલ તથા ચોખાથી પૂજન કરતી હતી. ૩ પૂજન કરતાં બોલતી કે, હે કાત્યાયનિ! હે મહામાયા ! નંદરાયના પુત્ર શ્રીકૃષ્ણ અમારા પતિ થજો. આ મંત્રનો તે પ્રત્યેક કુમારિકાઓ જપ કરતી અને કાત્યાયનીનું વ્રત કરતી. ૪ કુમારિકાઓએ શ્રીકૃષ્ણમાં મન રાખી નંદરાયના પુત્ર શ્રી કૃષ્ણ અમારા પતિ થાઓ, એવી આશાથી એક માસ સુધી વ્રત કર્યું. ૫ કુમારિકાઓ પ્રભાતમાં ઉઠી એક બીજીને બોલાવતી ને એક બીજી એક બીજાના હાથ ઝાલીને ઉંચા સ્વરથી શ્રીકૃષ્ણનાં ગીત ગાતી. યમુના ઉપર નહાવા જતી અને ત્યાં કાત્યાયનીનું પૂજન કરતી.૬ એક વાર કુમારિકાઓ નહાવા આવી અને પ્રથમની પેઠે યમુનાના તીર ઉપર વસ્ત્રો ઉતારી શ્રીકૃષ્ણની લીલાઓ ગાતી હર્ષભેર પાણીમાં ઉતરી. ૭ ભગવાન યોગેશ્વરોના પણ ઈશ્વર એવા શ્રીકૃષ્ણ તેમનો અભિપ્રાય જાણી તેમનાં કર્મની સિદ્ધિ કરવા મિત્રો સાથે ત્યાં ગયા ૮ અને તેમનાં વસ્ત્રો લઇ બાળકો સાથે હસતા હસતા કદંબના ઝાડ ઉપર ચઢી ગયા. પછી હસીને તે બોલ્યા કે—હે અબળાઓ! તમે અહીં આવી પોત પોતાનાં વસ્ત્રો લઇ જાઓ, હું તમને ખરૂં કહું છું મશ્કરી કરતો નથી, કારણ કે તમે વ્રત કરીને થાકી ગયેલાં છો. ૧૦ હમણાં તો શું પણ પૂર્વે પણ હું અસત્ય બોલતો નથી, તે આ મારા મિત્રો જાણે છે માટે તમે એકે એકે અથવા તો સઘળી સાથે આવીને તમારાં વસ્ત્રો લઇ જાઓ. ૧૧

શુકદેવજી કહે છે કે—ભગવાને કરેલી મશ્કરીથી પ્રેમરસમાં ડુબી ગયેલી ગોપકુમારિકાઓ એક બીજાની સામું જોઇ હસવા લાગી, પરંતુ પાણીમાથી બહાર નીકળી નહિ. ૧૨ ભગવાન ઉપહાસ કરવા લાગ્યા. તે મર્મથી મોહિત થયેલી અને પાણીમાં કંઠ સુધી ડુબેલી અને ટાઢથી ધ્રુજતી હતી. તેઓમાંની મુગ્ધ કુમારિકાઓ ભગવાનને કહેવા લાગી કે, હે કૃષ્ણ ! આવો અન્યાય કરો નહિ. અમે જાણીએ છીએ કે તમે નંદરાયના પુત્ર અને ઉત્તમ છો. અમને વસ્ત્રો આપો. અમે ટાઢથી ધ્રુજીએ છીએ. ૧૪ પછી પ્રૌઢ કુમારિકાઓ બોલી કે, હે સુંદર વર ! અમે તમારી દાસીઓ છીએ, અને તમારી આજ્ઞા ઉઠાવવાને તૈયાર છીએ. અમારાં વસ્ત્રો અમને આપી દો નહિ તો અમે જઇને આ વાત કંસને કહીશું. ૧૫

† આ અધ્યાયમા ભગવાન વસ્ત્રહરણની લીલાવડે ગોપકન્યાઓને વરદાન આપીને યજ્ઞશાળાની પાસે ગયા, એ કથા કહેવામાં આવશે

ભગવાન બોલ્યા કે—તમે જો મારી દાસી હો અને મારી આજ્ઞાને પાળતી હો તો અહીં આવીને તમારાં વસ્ત્રો લઇ જાઓ. ૧૬ ટાઢથી ધ્રુજતી અને શ્રમથી થાકી ગયેલી કન્યાઓ સ્વસ્તિકવાળી જળાશયમાંથી બહાર નીકળી. ૧૭ તેમના શુદ્ધ ભાવથી પ્રસન્ન થયેલા નંદપુત્ર વસ્ત્રોને પોતાના ખભા ઉપર રાખી બોલ્યા કે, ૧૮ તમે વ્રતધારી છો છતાં નગ્ન થઇ જળમાં નહાયાં તે વરૂણનો અપરાધ કર્યો માટે હવે તમે તે અપરાધની ક્ષમા માટે માથા ઉપર બે હાથ રાખી પ્રણામ કરીને તમારાં વસ્ત્રો લઇ લ્યો. ૧૯

શુકદેવજી કહે છે કે—કૃષ્ણનું આ વચન સાંભળીને વ્રજકુમારિકાઓએ નવસ્ત્રાં નહાવાથી વ્રતમાં ભંગ થયો એમ માની વ્રત પૂર્ણ કરવાની ઈચ્છાથી સંપૂર્ણ કર્મોના ફળભૂત સાક્ષાત ભગવાનને વાંકી વળીને નમસ્કાર કર્યા, કારણ કે ભગવાન દોષને ટાળનાર છે. ૨૦ દયાળુ એવા ભગવાન દેવકીનંદન ગોપકન્યાઓને એ પ્રમાણે પ્રણામ કરતી જોઈને પ્રસન્ન થયા અને તેમનાં વસ્ત્રો પાછાં આપી દીધાં. ભગવાને જો કે ગોપકન્યાઓનાં વસ્ત્રો હરીને તેઓને સારી પેઠે છેતરી હતી, તેઓની લજ્જા લુંટી હતી તેઓની મશ્કરી કરી હતી તેઓને રમકડાંની પેઠે રમાડી હતી, અને તેઓનાં વસ્ત્રો હરી લીધાં હતાં તોપણ પ્રિય એવા શ્રીકૃષ્ણના સમાગમથી આનંદ પામેલી ગોપીઓએ ભગવાનના ઉપર દોષદૃષ્ટિ કરી ન હતી. પછી પોતાના પ્રિયતમના સમાગમથી વશ થઇ ગયેલી ગોપિકાઓએ વસ્ત્રો પહેરી લીધાં અને મન જણાઇ જવાથી ત્યાંથી એક ડગલું પણ આગળ ખસી શકી નહિ. તે ભગવાનની સામે લજ્જાથી ટગર ટગર જોવા લાગી. ૨૩ પોતાના ચરણસ્પર્શની ઇચ્છાથી કાત્યાયનીનું વ્રત કરનારીઓના મનનો સંકલ્પ જાણીને ભગવાન નંદપુત્રે કહ્યું કે, ૨૪ મારી સેવા કરવી એ તમારો સંકલ્પ તમે ન કહ્યા છતાં પણ મારા જાણવામાં આવ્યો છે અને હું તેને અનુમોદન આપું છું. ૨૫ મારા ઉપર મન રાખનારાઓની ઇચ્છા મારાથીજ પૂર્ણ થઇ શાંત થાય છે; પરંતુ તે જેમ બળી ગયેલું અથવા તો રાંધેલું અન્ન ફરીને બીજ તરીકે વાવવાને કામ લાગતું નથી તેમ તે બીજા વિષયભોગને માટે ઈચ્છા ઉત્પન્ન કરતું નથી. ૨૬ તમે વ્રજમાં જાઓ તમારા મનોરથ પૂર્ણ થયા છે. તમે મારી સાથે શરદ રાત્રિઓમાં રમશો, કારણ કે મારા ચરણસ્પર્શ માટે કાત્યાયનીનું વ્રત તમે કર્યું છે. ૨૭

શુકદેવજી કહે છે કે—ભગવાને આજ્ઞા કર્યાથી તેઓ પોતાની કામનાઓ પ્રાપ્ત કરી ચરણારવિંદનું ધ્યાન કરતી વ્રજમાં ગઇ. ૨૮ પછી ભગવાન દેવકીપુત્ર શ્રીકૃષ્ણ ગોપ સાથે પોતાના મોટા ભાઈ બળદેવને લઇ ગાયો ચારતા વૃંદાવનથી દૂર નીકળી ગયા. ૨૯ રસ્તામાં તીક્ષ્ણ તાપવાળા સૂર્યના તડકામાં પોતાની છાયાવડે તેમના ઉપર છત્રરૂપ થઈ રહેલાં વૃક્ષોને જોઇ ભગવાને ગોપને કહ્યું કે, હે સ્તોક ! હે અંશુ ! હે શ્રીદામા ! આ કેવળ પરોપકાર માટે જીવતાં વૃક્ષોના તરફ જુઓ તેઓ વાયુ વરસાદ સખત તડકો અને ટાઢ સહન કરી આપણી પીડા મટાડે છે. યાચકો જેમ કોઈ સજ્જન પુરૂષની પાસેથી નિરાશ થઇ જતા નથી તેમ વૃક્ષોની પાસેથી નિરાશ થઇને જતા નથી. અહો ધન્ય છે, આ વૃક્ષોનાં જીવતરને કે જેઓનો જન્મ સર્વ પ્રાણીઓનાં જીવનરૂપ થઈ પડયો છે. ૩૩ આ વૃક્ષો, પાંદડાં ફૂલ ફળ છાયા મૂળ છાલ લાકડાં સુગંધ ગુંદર લાખ ઠળિયા તથા અંકુરોથી પ્રાણીઓની કામના પૂર્ણ કરે છે. ૩૪ સંસારમાં પ્રાણથી ધનથી બુદ્ધિથી ને વાણીથી પ્રાણીઓનું કલ્યાણ કરવું એજ દેહધારીઓના દેહનું સાફલ્ય જાણવું. ૩૫ આ પ્રમાણે વૃક્ષોનાં વખાણ કરતા કરતા

ફળ ફૂલ ને પાંદડાંના જથ્થાઓથી જેઓની શાખાઓ નમી ગઇ હતી, એવાં વૃક્ષોની ઘટા વચ્ચે થઈ યમુનાના તીર ઉપર ગયા. ૩૬ ત્યાં ગાયોને સ્વચ્છ શીતળ તથા સુખકારક પાણી પાયું ને ગોપે પણ ધરાઈને પાણી પીધું. ૩૭ પછી નદીના ઉપવનમાં ઇચ્છાનુસાર ગાયો ચરાવતા તેઓ ભૂખથી અકળાયા તેથી શ્રીકૃષ્ણ તથા બળદેવ પાસે જઇ નીચે પ્રમાણે કહેવા લાગ્યા ૩૮

तस्मा उपवने कामं चारयन्तः पशून्नृप ।
कृष्णरामा वागम्य क्षुधार्ता इदमब्रुवन् ॥३८॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे द्वाविंशोध्यायः

અધ્યાય ૨૩ મો.[†]

યજ્ઞના અન્નની માગણી.

गोपा ऊचुः

राम राम महावीर्य कृष्ण दुष्टनिबर्हण ।
एषा वै बाधते क्षुन्नस्तच्छान्ति कर्तुमर्हथः ॥

ગોવાળિયા કહે છે કે—હે બળદેવજી! હે શ્રીકૃષ્ણ! ક્ષુધા અમને પીડે છે માટે તમારે શાંતિ આપવી જોઇએ ૧ ગોપબાળે દેવકીનંદને વિનતિ કરી એટલે બ્રાહ્મણની સ્ત્રીઓ ઉપર અનુગ્રહ કરવા શ્રીકૃષ્ણ નીચે પ્રમાણે બોલ્યા—હે ગોપ લોકો! વેદ જાણનાર બ્રાહ્મણો સ્વર્ગ મેળવવાની ઇચ્છાથી આંગિરસ નામે યજ્ઞ કરે છે તે દેવયજ્ઞના સ્થળે મારી આજ્ઞાથી તમે જાઓ અને ભાઇનું તથા મારૂં નામ દઇ બ્રાહ્મણોની પાસેથી અન્ન માગી લાવો. ૪ ભગવાને આજ્ઞા કરવાથી ગોવાળિયા યજ્ઞભૂમિમા ગયા ને બે હાથ જોડી, બ્રાહ્મણોને દંડવત્પ્રણામ કરીને બોલ્યા કે ૫ હે ભૂમિદેવતાઓ! અમે શ્રી કૃષ્ણની આજ્ઞાથી તથા બળદેવના પ્રેરણાથી તમારી પાસે આવ્યા છીએ. અમે જાતે ગોપ છીએ, ૬ ભગવાન શ્રીકૃષ્ણ તથા બળદેવ અહીંથી થોડે દૂર ગાયો ચારવા આવ્યા છે, તેઓ ભૂખ્યા થવાથી તમારી પાસે અન્નની ઇચ્છા કરે છે, માટે તમને શ્રદ્ધા હોય તો યાચકરૂપે આવેલા તે બંને માટે અમને અન્ન આપો. ૭ હે બ્રાહ્મણો! દીક્ષાથી માંડીને અગ્નિષ્ટોમીય નામે પશુ મરાય તે પહેલાં યજ્ઞમા દીક્ષા લેનારનું અન્ન ખાવાથી દોષ લાગે છે તેમ સૌત્રામણી નામે યજ્ઞમા દીક્ષા લેનારનું અન્ન ખાવાથી દોષ લાગે છે, પરંતુ પશુ મરાયા પછી બીજી સંસ્થાઓમાં અથવા બીજા યજ્ઞમા દીક્ષિતનું અન્ન ખાનારો દૂષિત થતો નથી. ૮ ગોપે કરેલી ભગવાનની માગણી બ્રાહ્મણોએ સાંભળ્યા છતાં કંઇ ધ્યાન આપ્યું નહિ. એ બ્રાહ્મણો ક્ષુદ્ર આશાથી મોટા કર્મ કરતા હતા અને મૂર્ખ છતાં જ્ઞાનીનું ડોળ રાખતા હતા. ૯ દેશ કાળ જુદા જુદા પદાર્થો મંત્ર તંત્ર ઋત્વિજો અગ્નિઓ દેવતાઓ યજમાન યજ્ઞ તથા ધર્મ એ સવ જે ભગવાન રૂપ છે તે સાક્ષાત અતીંદ્રિય એવા ભગવાન શ્રીકૃષ્ણને મનુષ્ય માનીને પોતાની મોટાઇ માનનારા તે દુષ્ટ બુદ્ધિવાળાએ ભગવાનને પરબ્રહ્મ માન્યા નહિ. ૧૧ તેમ તેઓને હા પણ પાડી નહિ, તેમ ના પણ પાડી નહિ, એટલે ગોપ નિરાશ થઇને શ્રીકૃષ્ણ તથા બળદેવજી પાસે ગયા અને બન્યા પ્રમાણે કહ્યું. ૧૨ જગદીશ્વર એવા ભગવાન ગોપ બાળકનું કહેવું સાંભળી હસ્યા ને તેઓને ફરી—ના પાડી તો શું થયું, ના પણ પાડે—એમ લૌકિક રીતિ દેખાડી, કહેવા લાગ્યા કે—મિત્રો! તમે બ્રાહ્મણોની સ્ત્રીઓને કહો કે, શ્રીકૃષ્ણ પોતાના ભાઇ બળદેવ સાથે આવ્યા છે, એટલે બુદ્ધિથી મારે વિષે નિષ્ઠા રાખનારી બ્રાહ્મણની સ્ત્રીઓ તમને ઇચ્છા પ્રમાણે અન્ન આપશે. ૧૪ ગોપ યજ્ઞ મંડપની પાસે ઉભી કરેલી પત્નિશાળામા ગયા અને સ્ત્રીઓને પ્રણામ કરીને

[†] આ અધ્યાયમા ભગવાને ગોપ પાસે અન્નની માગણી કરાવ્યાથી બ્રાહ્મણોની સ્ત્રીઓએ તે આપ્યુ અને બ્રાહ્મણોને પશ્ચાત્તાપથયો એ કથા કહેવારો

વિવેકથી નીચે પ્રમાણે બોલ્યા. ૧૫ તમને નમસ્કાર છે. તમે અમારાં વચન સાંભળો. અહીંથી થોડે દૂર ગાયો ચરાવતા શ્રીકૃષ્ણે અમને તમારી પાસે મોકલ્યા છે. શ્રીકૃષ્ણ ગોપ તથા બળદેવજી સાથે ગાયો ચરાવતા ચરાવતા દૂર નીકળી જવાથી ભૂખ્યા થયા છે માટે તેમને ખાવાને અન્ન આપો. ૧૭ ભગવાનને આવેલા સાભળી નિત્ય તેમનાં દર્શન કરવા ઉત્કંઠા ધરાવનારી અને તેમની કથાથી જેમનુ મન આસક્તિ પામેલું હતુ એવી વિપ્રસ્ત્રીઓ ભગવાનની પાસે જવાનો સમારંભ કરવા માડી. ઘણા ગુણવાળું ભક્ષ્ય ભોજ્ય લેહ્ય તથા ચોષ્ય એમ ચાર પ્રકારનું અન્ન લઇ નદીઓ જેમ સમુદ્ર તરફ જાય, તેમ તેઓ ભગવાન તરફ જવા માંડી. પતિ ભાઈ સગાં સંબંધી તથા પુત્રોએ અટકાવી તોપણ ઘણા દિવસ થયાં ભગવાનની લીલા સાંભળીને ભગવાનમાં જેમનું અંતઃકરણ લાગી રહ્યું હતું એવી તે ભગવાનની પાસે જવા માટે નીકળી. તે સ્ત્રીઓએ અશોકનાં નવાં પાંદડાંથી શોભાયમાન યમુના નદીના ઉપવનમાં ગોપ પરિવૃત્ત બળદેવ સાથે ફરતા શ્રીકૃષ્ણને દીઠા ૨૧ તે શરીરે શ્યામ હતા. તેમણે સુવર્ણના જેવાં પીળાં વસ્ત્રો પહેર્યાં હતાં. પુષ્પો મયૂરપિચ્છો ધાતુઓ અને નવા અંકુરો ધારણ કરીને નટના જેવો વેશ ધર્યો હતો. મિત્રના ખભા ઉપર હાથ મૂકયો હતો અને બીજા હાથથી કમળ ફેરવતા હતા. કાનમાં કમળનાં પુષ્પો ખોસેલાં હતાં, માથાના વાળની લટો મુખકમળ ઉપર ઝુકી રહી હતી તથા મંદ મંદ હસતા હતા. ૨૨ ભગવાનના ગુણોને ઘણીવાર સાંભળી જેના ઉપર અંતઃકરણથી આસક્ત થયેલી બ્રાહ્મણની સ્ત્રીઓએ નેત્રો દ્વારા તેમને અંતઃકરણમાં ઉતારી ઘણીવાર ધ્યાન ધર્યું અને પછી અહંકારની વૃત્તિઓ જેમ સુષુપ્તિના સાક્ષી આત્માને મળીને સર્વ તાપનો ત્યાગ કરે તેમ તેઓએ પોતાના તાપને શમાવ્યો. સર્વની બુદ્ધિના સાક્ષી ભગવાન તેઓને સર્વ આશાઓનો ત્યાગ કરી માત્ર પોતાનાં દર્શન કરવાની ઇચ્છાથી જ આવેલી જાણી હસીને બોલ્યા કે, તમે ભલે આવી બેસો, અમે તમારું શું પ્રિય કરીએ? તમે કોઇના અટકાવ્યે ન ગણકારતાં અમારાં દર્શન કરવાની ઇચ્છાથી આવી એ તમને ઘટે છે. તમે પોતાના સ્વાર્થનો વિચાર કરનાર ને વિવેકી છો તેથી આત્મા તથા પ્રિય એવો જે હું તેની ઉપર યથાર્થ રીતે સાક્ષાત્ ફલાનુસંધાન રહિત તથા ભેદરહિત ભક્તિ કરો છો. ૨૬ પ્રાણ બુદ્ધિ મન સંબંધી દેહ સ્ત્રી પુત્ર તથા ધન વગેરે પદાર્થો જે આત્માના સંબંધથી પ્રિય લાગે છે તે આત્માથી વધારે પ્રિય બીજો કોણ છે? ૨૭ તમે કૃતાર્થ થયાં. હવે તમે યજ્ઞના સ્થાન ઉપર જાઓ, તમારા ગૃહસ્થાશ્રમવાળા બ્રાહ્મણપતિઓ તમારી સહાયતાથી પોતાનો યજ્ઞ પૂરો કરશે. ૨૮

સ્ત્રીઓ બોલી કે—હે મહારાજ! આપને ઘેર જાઓ એવું ક્રૂર વચન કહેવું યોગ્ય નથી. તમે મારો ભક્ત કોઇ પણ નાશ પામતો નથી એવી તમારી પોતાની પ્રતિજ્ઞા સત્ય કરો. અમે સર્વ સંબંધીઓનો ત્યાગ કરી તમે પગવતી દૂર ફેંકી નાંખેલી તુળસીની માળાઓને દાસીરૂપે માથા ઉપર ધારણ કરવા તમારા ચરણની પાસે આવ્યાં છીએ. ૨૯ માતાપિતા પુત્રો ભાઇ કુટુંબી તથા સ્નેહીઓ હવે અમને રાખશે નહિ ત્યારે બીજાઓ કેમ રાખે! માટે હે, કામક્રોધાદિકનો નાશ કરનાર ભગવન! અમે તમારા ચરણમાં પડયાં છીએ. આપથી બીજી કોઇ પણ ગતિ ન થાય તે પ્રમાણે અમારો અનુગ્રહ કરો. ૩૦

ભગવાન બોલ્યા કે—માત્ર આવવાથી પતિ માતાપિતા ભાઇ પુત્ર વગેરે તથા બીજા લોકો તમારા ઉપર દોષારોપ કરશે નહિ અને

દેવતાઓને પ્રત્યક્ષ દેખાડીને આ દેવતાઓ પણ મારી આજ્ઞાથી તમે પવિત્ર છો એમ સંમતિ આપે છે.૩૧ આ લોકમાં મનુષ્યોનો પરસ્પર અંગસંગ કંઇ પ્રીતિ કે અનુરાગ કરાવતો નથી માટે તમે મારામાં મન લગાડવાથી થોડા વખતમાં મુકિતને પ્રાપ્ત થશો.

શુકદેવજી કહે છે કે–પછી બ્રાહ્મણોની સ્રીઓ યજ્ઞના સ્થાનક ઉપર ગઇ અને બ્રાહ્મણોએ દોષદૃષ્ટિ ન કરતાં તેમની સાથે રહીને યજ્ઞ પૂરો કર્યો.૩૩ જ્યારે સર્વ સ્રીઓ ભોજનનાં ભાણું ભરીને ભગવાનની પાસે ગઇ ત્યારે એક સ્રીને તેના પતિએ પકડીને પૂરી મૂકી, તે સ્રીએ ભગવાનના સ્વરૂપને સાંભળ્યા પ્રમાણે હૃદયમાં ધ્યાન ધરી કર્મથી બંધાયલા દેહનો ત્યાગ કર્યો તેથી તે ભગવાનને પામી ગઇ. ભગવાન ચાર પ્રકારના અન્નથી ગોપને જમાડી પોતે જમ્યા. ૩૫ લીલાવડે મનુષ્યનું શરીર ધારણ કરનાર મનુષ્ય લોકની પેઠે આચરણ કરનાર અને રૂપ વાણી તથા કાર્યોથી ગાયોને ગોપને અને ગોપીઓને રમાડતા ભગવાન વ્રજમાં રમતા હતા. ૩૬ મનુષ્યનું નાટક કરનાર બ્રાહ્મણો જગતના ઈશ્વર એવા શ્રીકૃષ્ણ તથા બળદેવની યાચનાનું આપણે અમાન કર્યું તેથી અપરાધી છીએ, એમ વિચારીને પશ્ચાતાપ કરવા લાગ્યા. પોતાની સ્રીઓની ભગવાન શ્રીકૃષ્ણમાં અલૌકિક ભકિત જોઇને તથા પોતાને ભકિતહીન જોઇને પશ્ચાતાપ કરતા નીચે પ્રમાણે સંતાપ કરવા લાગ્યા. ૩૮ આપણા ત્રણ પ્રકારના જન્મને આપણી વિદ્યાને આપણા બ્રહ્મચર્ય વ્રતને આપણા જ્ઞાનને આપણા કુળને અને આપણા ક્રિયાકાંડ કૌશલ્યને ધિક્કાર છે. કારણ કે આપણે ભગવાનથી વિમુખ છીએ. ૩૯ ભગવાનની માયા યોગીઓને પણ મોહ ઉપજાવનારી છે, કારણ કે આપણે બ્રાહ્મણો મનુષ્યોના ગુરૂ છીએ. ૪૦ આપણા સ્વાર્થમાં ભમીએ છીએ. સ્રીઓને પણ જગતના ગુરૂ શ્રીકૃષ્ણ ઉપર અપાર ભાવ છે, જે ભાવે કરીને તેઓએ સંસારરૂપી મૃત્યુ પાશ કાપી નાંખ્યો છે.૪૧ સ્રીઓને ઉપનયન સંસ્કાર ગુરૂના ઘરમાં નિવાસ તપશ્ચર્યા આત્મવિચાર પવિત્રતા સંધ્યાવંદનાદિક ઉત્તમ પવિત્ર ક્રિયાઓ કંઇ નથી. ૪૨ તો પણ તેમની યોગેશ્વરના ઈશ્વર શ્રીકૃષ્ણમાં દૃઢ ભકિત થઇ અને આપણે ઉપનયનાદિ સંસ્કારવાળા છીએ છતાં આપણી ભગવાન ઉપર દૃઢ ભકિત થઇ નહિ. આપણે સ્વાર્થથી મૂઢ અને ગૃહ કામકાજથી વ્યાકુળ છીએ. આપણને સત્પુરૂષોની ગતિ રૂપ પરમાત્માએ ગોપનાં વાકયોદ્વારા સ્વસ્વરૂપનું સ્મરણ અપાવ્યું છતાં સમજી શકયા નહિ. ૪૪ પૂર્ણ કામનાવાળા અને મોક્ષાદિક પુરૂષાર્થોના સ્વામી પરમેશ્વરને સ્વરૂપનું જ્ઞાન આપવા વિના બીજું તેના આધીન રહેનાર જે આપણે તેમનું શું પ્રયોજન ? ઈશ્વરની એક લીલા હતી. ૪૫ લક્ષ્મી બીજા સર્વનો ત્યાગ કરીને તથા પોતાના મંગલાદિક ગુણોનો ત્યાગ કરીને નિરંતર જે ભગવાનને ચરણનો સ્પર્શ કરવાની આશાથી ભજે છે, તે ભગવાન યાચના કરે એ વાત બીજા મનુષ્યોને મોહિત કરનારી છે. ૪૬ દેશ કાળ પદાર્થો મંત્ર તંત્ર ઋત્વિજો અગ્નિઓ દેવતાઓ યજમાન યજ્ઞ અને ધર્મ એ સર્વ જે રૂપ છે તે યોગેશ્વરના પણ ઇશ્વર એવા ભગવાન વિષ્ણુ યદુવંશમાં અવતર્યા એમ સાંભળ્યું છે છતાં આપણે ઓળખ્યા નહિ. આપણે ભાગ્યશાળી છીએ કારણ કે આપણી સ્રીઓ ભક્તિવાળી છે અને જે સ્રીઓની ભક્તિને લીધે આપણી બુદ્ધિ ભગવાનમાં નિશ્ચળ થઇ, ૪૯ માટે જેની માયાથી મોહિત થઇને આપણે કર્મમાર્ગમાં ભટકીએ છીએ તે અખંડ જ્ઞાનવાળા શ્રીકૃષ્ણ ભગવાનને નમસ્કાર હો. ૫૦ આદિ પુરૂષ પોતાની માયાથી સ્વસ્વરૂપને ભૂલી ગયેલા

અને તેથી પ્રભાવને નહિ જાણનાર જે આપણે તેમના અપરાધને ક્ષમા કરશે.૫૧ શ્રીકૃષ્ણનો અપરાધ કરનાર બ્રાહ્મણોને પછી શ્રીકૃષ્ણનાં તથા બળદેવનાં દર્શન કરવાની ઇચ્છા થઈ પરંતુ તેઓ કંસના ભયને લીધે ગયા નહિ.

इति स्वाधमं स्मृत्य कृष्णे ते कृतहेलनाः ।
दिदृक्षवोऽप्यच्युतयोः कंसाद्भीता न चाचलन्

इतिश्रीमद्भागवतेमहापुराणे दशमस्कंधे
त्रयोविंशोऽध्यायः

અધ્યાય ૨૪ મો.†

ઈંદ્રયાગનું ખંડન.

श्रीशुक उवाच

भगवानपि तत्रैव बलदेवेन संयुतः ।
अपश्यन्निवसन् गोपानिन्द्रयागकृतोद्यमान् १

શુકદેવજી કહે છે કે—ભગવાન બળદેવની સાથે વ્રજમાં રહેતા હતા તેવામાં ગોપ લોકને ઈંદ્રયાગ કરવાનો ઉદ્યમ કરતા જોયા. ૧ સર્વના આત્મા અને સર્વ વસ્તુના જોનાર ભગવાન, 'તેઓ ઈંદ્રયાગ કરે છે,' એમ જાણતા હતા તોપણ વિનયથી નમ્ર થઇ નંદ વગેરે વૃદ્ધોને પૂછવા લાગ્યા કે, હે પિતાજી ! તમે જે ધામધુમ કરો છો તે શું છે ? જો તે યજ્ઞ માટે ધામધુમ હોય તો તે યજ્ઞનું શું ફળ છે ? કયા દેવતાને ઉદ્દેશીને યજ્ઞ કરો છો ? અને કયો અધિકારી છે ? કયા ઉપાયે યજ્ઞ થાય છે ? તે મને કહો. ૩ હે પિતાજી ! મને તે વાત સાંભળવાની ઇચ્છા છે માટે મને કહો, નંદે તેમને કંઇ ઉત્તર આપ્યો નહિ, એટલે ભગવાન બોલ્યા કે, આ લોકમાં સર્વને આત્મારૂપે જોનાર મહાત્મા પુરૂષોનું કોઇ પણ કામ છાનું હોતું નથી.૪ જેમને મિત્ર શત્રુ અને ઉદાસીન કોઇ પણ નથી તેવાને 'આ પોતાનો અને આ પારકો' આવી ભેદ બુદ્ધિ થતી નથી. ગુપ્ત કાર્યની સલાહ લેતાં ઉદાસીનને શત્રુની પેઠે ત્યાગ કરવો જોઇએ, પરંતુ મિત્રનો ત્યાગ કરવો યોગ્ય નથી. કારણ કે, મિત્ર તો પોતાનાં સમાન ગણાય છે. ૫ મિત્રોની સાથે કાર્યનો વિચાર કરીને તેના સ્વરૂપને સમજવું અને પછી કાર્ય કરવું; પરંતુ ગાડરિયા પ્રવાહની માફક કરવું નહિ. આ લોકમાં કેટલાંક મનુષ્યો સમજીને કાર્ય કરે છે અને કેટલાંક વગર સમજે કરે છે; તેમાં સમજીને કરનારને જેવું ફળ મળે છે, તેવું સમજ્યા વિના કાર્ય કરનારને મળતું નથી. ૬ તમે જે ક્રિયા કરો છો તે ક્રિયા શું શાસ્ત્ર રીતિ પ્રમાણે કરો છો ? અથવા લૌકિક રીતિ પ્રમાણે કરો છો ? અને આમાં તમે શું વિચાર કર્યો છે ? તે હું તમને પૂછું છું, મને સારી રીતે ઉત્તર આપો. ૭

નંદ—આ ચાલ પરંપરાના આચાર પ્રમાણે કરવામાં આવે છે. ભગવાન ઈન્દ્ર એ મેઘનું રૂપ છે અને આ સઘળા મેઘો તેમની પોતાની મૂર્તિઓ છે. મેઘો પ્રાણીઓને પોષણ કરનારૂં તથા જીવાડનારૂં પાણી વરસાવે છે. ૮ હે ભાઇ ! અમે તથા બીજા મનુષ્યો પાણી વરસાવનાર મેઘોના અધિપતિ ઈંદ્રનું પાણીથી ઉત્પન્ન થયેલા પદાર્થોથી યજન કરીએ છીએ. ૯ તે પદાર્થોના શેષ ભાગ ઉપર ધર્મ અર્થ તથા કામને પોતાની આજીવિકા કરે છે. લોકો ખેતીવાડી ઉપર જીવે છે તેમને ઈંદ્રની સાથે શું લાગે વળગે છે ? પરંતુ તેમ નથી. પુરૂષો જાત મહેનતથી માત્ર પુરૂષાર્થ કરે છે ખરા, પરંતુ તેનું ફળ ઈંદ્ર આપે છે તેથી ખેતીવાડી ફળે છે. ૧૦ માટે જે મનુષ્ય પરંપરાથી ઉતરી આવેલા આ ધર્મનો કામનાથી લોભથી અથવા દ્વેષથી ત્યાગ કરે છે તે સુખ પામતો નથી. ૧૧

શુકદેવજી કહે છે કે—નંદનું તથા વ્રજવાસીઓનું કહેવું સાંભળી શ્રીકૃષ્ણ ઈંદ્રની ઉપર દ્વેષ કરી બોલ્યા કે; પ્રાણી પોતાનાં કર્મવડે ઉત્પન્ન થાય છે અને કર્મવડે નાશ

† આ અધ્યાયમાં ભગવાને ઘણા કારણોથી ઈન્દ્રનો યજ્ઞ બંધ કરાવી યજ્ઞનું ખંડન કરી ગોવર્ધન પર્વતનું પૂજન કરાવ્યું એ કથા કહેવાશે.

પામે છે. સુખ દુઃખ ભય અને કલ્યાણ કર્મથી થાય છે. કેટલીવાર કર્મને દૂર મૂકીને માનીએ કે કર્મથી અલીપ્ત એવો કોઇ એક ઇશ્વર છે અને તે કર્મ કરનારાઓને ફળ આપે છે પણ કર્મ ન કરનારને ફળ આપતો નથી તેથી તે કર્મ ન કરનારાઓનો સ્વામી થઇ શકતો નથી, પણ કર્મને આધીન રહે છે.૧૪ કર્મથી ફળની સિદ્ધિ છે માટે કર્મને આધીન રહેલો ઈશ્વર બકરીના ગળાના આંચળની માફક નિરર્થક છે, તેથી ઈંદ્રનું શું પ્રયોજન છે? પોતપોતાના કર્મ પ્રમાણે વર્તનારાં પ્રાણીઓ પૂર્વજન્મના સંસ્કાર પ્રમાણે કર્મ કરે છે, અને સ્વભાવ પ્રમાણે કરેલાં કર્મને મિથ્યા કરવા ઇંદ્ર પણ શક્તિમાન નથી.૧૫ મનુષ્ય પોતાના પૂર્વજન્મના સંસ્કારને આધીન છે અને પૂર્વજન્મના સંસ્કાર પ્રમાણે વર્તે છે. દેવતા અસુર તથા મનુષ્ય સહિત આ સર્વ વિશ્વ પૂર્વજન્મના સંસ્કારને આધીન છે, વળી કર્મની પ્રવૃત્તિ સંસ્કારને આધીન છે તેમાં અંતર્યામીની કંઇ જરૂર નથી. ૧૬ પ્રાણી કર્મથી ઉંચા નીચા દેહને પામે છે અને કર્મથી તેનો ત્યાગ કરે છે માટે કર્મ શત્રુ મિત્ર ઉદાસીન ગુરૂ અથવા ઇશ્વર છે માટે દેવતાઓ તો કર્મનું અંગ છે તેથી પૂર્વ સંસ્કારને આધીન રહી પોતાનાં વર્ણાશ્રમાનુસાર કર્મ કરનાર કર્મની પૂજા કરવી જોઇએ. મનુષ્ય જેનાથી પરિશ્રમ વિના પોતાની આજીવિકા ચલાવે તે જ તેનું દૈવત ગણાય છે. ૧૮ જે મનુષ્ય એમાંથી એકના ઉપર આજીવિકા કરી બીજાની સેવા કરે છે તે સુખ પામતો નથી. ૧૯ બ્રાહ્મણે વેદાધ્યયન કરી ક્ષત્રિયે પૃથ્વીની રક્ષા કરીને વૈશ્યે વ્યાપાર કરીને અને શૂદ્રે ત્રણ વર્ણની સેવા કરીને આજીવિકા કરવી. વૈશ્યની ચાર પ્રકારની આજીવિકા છે, ખેતીવાડી વ્યાપાર, અને બંધો તેમાં આપણે નિરંતર ગાયોની સેવા કરનાર છીએ. ૨૧ સત્વ રજ અને તમ ત્રણ ગુણથી જગતની ઉત્પત્તિ સ્થિતિ ને પ્રલય થાય છે, તેમાં રજોગુણવડે વિશ્વ પરસ્પર અનેક રૂપે ઉત્પન્ન થાય છે. ૨૨ રજોગુણથી પ્રેરાયલા મેઘ ચારે તરફ જે પાણી વરસે છે તે પાણીથી પ્રજા પોતાની આજીવિકા ચલાવે છે, તેમાં ઈંદ્ર શું કરશે? ૨૩ ઈંદ્રાદિકની સત્તા હોય તોપણ આપણને યોગ-ક્ષેમ માટે ઈન્દ્રાદિક દેવતાઓની જરૂર નથી, કારણ કે આપણને દેશ નગર ગામ અથવા ઘર તેમાંનું કંઈ પણ નથી પરંતુ હે તાત! આપણે તો વનવાસી છીએ અને વનમાં તથા પર્વતમાં રહીએ છીએ. ૨૪ માટે ગાયોનો બ્રાહ્મણોનો તથા પર્વતોનો યજ્ઞ આરંભવો જોઇએ. ઇંદ્રના યજ્ઞ માટે જે સામગ્રીઓ તૈયાર કરી છે તેનાથી આ યજ્ઞ કરો. ૨૫ દૂધપાકથી માંડીને મગની દાળ સુધી જાતજાતનાં ભોજનો તૈયાર કરો અને ગાયોનું દૂધ એકઠું કરો. ૨૬ વેદ જાણનાર બ્રાહ્મણો દ્વારા અગ્નિમા સારી રીતે હોમ કરાવો અને બ્રાહ્મણોને ઘણી જાતનું અન્ન ગાયો તથા દક્ષિણા આપો. ૨૭ કુતરાં ચાંડાળ અને પાપીઓ પર્યંત સર્વને યથોચિત અન્ન આપો, ગાયોને ઘાસ નાંખો. ગોવર્દ્ધન પર્વતને બલિ અર્પણ કરો, ૨૮ સર્વે શરીર ઉપર ચંદનના લેપ કરી સારાં વસ્ત્રો પહેરી અલંકૃત થાઓ. ગાયો બ્રાહ્મણ અગ્નિ તથા પર્વતોની પ્રદક્ષિણા કરો. ૨૯ હે તાત! મારો આવો વિચાર છે, તે જો તમને ગમતું હોય તો કરો. આવો યજ્ઞ મને ગાયોને બ્રાહ્મણોને તથા પર્વતોને પ્રિય છે. ૩૦

શુકદેવજી કહે છે કે-કાલાત્મા ભગવાન શ્રીકૃષ્ણે ઈંદ્રનો ગર્વ હરવાની ઇચ્છાથી જે વાત કહી તે સાભળી નંદાદિક ગોપલોકે ગ્રહણ કરી અને ભગવાને જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે સર્વ કરવા માંડ્યું. બ્રાહ્મણોદ્વારા સ્વસ્તિવાચન કરાવી ઈંદ્રયાગની સામગ્રીવડે પર્વતો બ્રાહ્મણો વગેરે સર્વને આદરપૂર્વક



गोवर्धन धारण

બલિ આપ્યા, ગાયોને ઘાસ નાખ્યું અને સર્વેએ પર્વતની પ્રદક્ષિણા કરી. પછી શણગારેલી અને ભગવાનનાં પરાક્રમોને ગાતી ગોપિકાઓએ તથા ગોપોએ બળદ જોડેલા ગાડામાં બેસી ગોવર્ધન પર્વતની પ્રદક્ષિણા કરી અને બ્રાહ્મણોના આશીર્વાદ લીધા ૩૪ શ્રીકૃષ્ણ ગોપને વિશ્વાસ આવે તેવું બીજું મોટું સ્વરૂપ ધારણ કરીને 'હું પર્વત છું' એમ બોલતા બલિ લેવા લાગ્યા ૩૫ વ્રજવાસીઓની સાથે શ્રીકૃષ્ણ ભગવાને સર્વેને કહ્યું કે, જુઓ આ પર્વતે મૂર્તિમાન થઇને આપણા ઉપર અનુગ્રહ કર્યો. આ ગિરિરાજ પોતાનું અપમાન કરનાર પ્રાણીઓનો સર્પ વિંછી વગેરે ઇચ્છાનુસાર રૂપ ધારણ કરીને નાશ કરે છે, માટે આપણે આપણા તથા ગાયોના કલ્યાણ માટે તેમને નમસ્કાર કરવા. આમ કહેતા શ્રીકૃષ્ણ વ્રજવાસીઓની સાથે પોતાના સ્વરૂપને નમસ્કાર કર્યો. શ્રીકૃષ્ણના કહેવાથી ગોપ પર્વત ગાયો અને બ્રાહ્મણોનો યજ્ઞ કરીને શ્રીકૃષ્ણની સાથે વ્રજમાં ગયા. ૩૮

इत्यद्रिगोद्विजमखं वासुदेवप्रणोदिताः ।
यथाविधाय ते गोपाः सहकृष्णा व्रजं ययुः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
चतुर्विंशोऽध्यायः

અધ્યાય ૨૫ મો.†

ગોવર્ધન ધારણ.

श्रीशुक उवाच.

इंद्रस्तदात्मनः पूजां विज्ञाय विहतां नृप ।
गोपेभ्यः कृष्णनाथेभ्यो नंदादिभ्यश्चुकोप सः

શુકદેવજી કહે છે કે-હે રાજન! પોતાની પૂજાનો લોપ થયો તેથી ઇંદ્ર, શ્રીકૃષ્ણ જેના નાથ હતા એવા નંદાદિક ગોપ ઉપર કોપ્યો. ૧ કોપી ઉઠેલા ઇન્દ્રે પ્રલય કરનાર મેઘોના સંવર્તક નામે ગણને વ્રજ ઉપર મૂશળધાર વરસવા આજ્ઞા કરી અને 'હું ઈશ્વર છું' એવું અભિમાન રાખનાર ઇન્દ્રે પોતાના ગણોને કહ્યું કે, વનમાં રહેનાર ગોપ લક્ષ્મીનો બહુ મદ રાખે છે. તેઓ કૃષ્ણ નામે મનુષ્યનો આશ્રય કરીને દેવતાઓનું અપમાન કરે છે. મનુષ્યો જેમ આત્મજ્ઞાન આપનારી બ્રહ્મવિદ્યાનો ત્યાગ કરી તારવાને અસમર્થ નૌકાનું નામ માત્ર ધરાવનાર કર્મક યજ્ઞોથી જેમ સંસારસિંધુ તરવાની ઇચ્છા કરે તેમ આ ગોપલોક પણ વાચાળ મૂર્ખ ગર્વિષ્ઠ અજ્ઞાની તથા પોતાને પંડિત માનનાર કૃષ્ણ નામે મનુષ્યનો આશ્રય કરી મારૂં અપ્રિય કરવા તૈયાર થયા છે. લક્ષ્મીથી ગર્વિષ્ઠ થયેલા અને કૃષ્ણે ચઢાવેલા ગોપનો લક્ષ્મીનો મદ ઉતારો અને પશુનો સંહાર કરી નાંખો. ૬ હું ઐરાવત ઉપર ચઢી મહા પરાક્રમી પવનના ગણોની સાથે વ્રજનો નાશ કરવાની ઇચ્છાથી તમારી પછવાડે આવું છું. ૭

શુકદેવજી કહે છે કે-આ પ્રમાણે ઇંદ્રે આજ્ઞા કરી એટલે મેઘો પોતાના બંધ છુટા મૂકીને વેગથી જળધારાઓવડે ગોકુળને પીડવા મંડયા. ૮ વીજળીઓથી પ્રકાશતા તે ભયંકર કાટકા કરવા લાગ્યા અને તીક્ષ્ણ એવા પવનના ગણોથી પ્રેરાયેલા આકાશમાંથી વ્રજ ઉપર મોટા કરા વર્ષાવવા લાગ્યા. ૯ વાદળાં ઉપરા ઉપરી ચડી મુશળધારાથી વરસવા લાગ્યાં. પાણીના ઓઘથી ડુબી ગયેલી પૃથ્વીમાં ઉંચી નીચી જમીન દેખાતી બંધ થઇ. ૧૦ ઘણા વરસાદને લીધે અને અત્યંત પવનને લીધે કંપતાં તથા ટાઢથી ધ્રુજતાં પશુ ગોપ તથા ગોપીઓ ભગવાનને શરણે ગયાં. ૧૧ વરસાદથી પીડા પામતાં તેઓ પોતાનાં માથાં તથા છોકરાંને ઢાંકી દઈ કંપતાં ભગવાનના ચરણની પાસે જઇને ઉભાં રહ્યાં અને બોલ્યાં કે; ૧૨ હે કૃષ્ણ! આપે કોપાયમાન થયેલા ઇંદ્રથી અમારી રક્ષા કરવી જોઇએ. ૧૩

† આ અધ્યાયમાં ઇન્દ્રની આજ્ઞાથી વરસાદે વ્રજ ઉપર હેલી કરી ત્યારે શ્રીકૃષ્ણે ગોપ ને ગાયોનું ગોવર્ધન ધારણ કરી રક્ષણ કર્યું એ કથા કહેવાય છે.

મોટા કરા પડવાથી વ્રજ પીડિત થયું તે જોઇ શ્રીકૃષ્ણ ભગવાને માન્યું કે, કોપમાન થયેલા ઇન્દ્રે આ કર્યું છે. ૧૪ આપણે ઇંદ્રના યજ્ઞનો ભંગ કર્યો તેથી તે આપણો નાશ કરવા ઋતુ વિના ભયંકર વરસાદ અને મોટા કરાઓ વરસાવે છે.૧૫ હું મારી શક્તિથી તેનો સારી રીતે ઉપાય કરીશ અને તેનું લોકપાલપણાનું અભિમાન ઉતારીશ દેવતાઓના લક્ષ્મીના મદરૂપી અંધારાને હરણ કરીશ સત્વગુણવાળા દેવતાઓને 'અમે ઇશ્વર છીએ' એવું અભિમાન થવું ઘટે નહિ, છતાં અભિમાન થાય ત્યારે તેઓના અભિમાનને ઉતારવું. ૧૭ મારે શરણે આવેલું હું જેનો સ્વામી છું તથા મેં જેને અંગીકાર કરેલું છે એવા વ્રજની હું યોગબળથી રક્ષા કરીશ, કારણ કે શરણાગતનું રક્ષણ કરવું, એ મારો ધર્મ છે. ૧૮ બાલક જેમ રમત માત્રમાં શિલીંધ્ર ઉપાડી લે તેમ શ્રીકૃષ્ણે રમત માત્રમાં એક હાથ ઉપર ગોવર્ધન ઉપાડી લીધો ૧૯ ભગવાને ગોપલોકને કહ્યું કે, હે તાત ! તમે સર્વે ગાયોના વૃંદ સાથે સાવકાશ આ પર્વતના પોલાણમા પેસી જાઓ. ૨૦ મારા હાથમાંથી પર્વત પડવાનો તમારે ભય રાખવો નહિ, ટાઢ કિંવા વરસાદનો ભય પણ રાખવો નહિ, કારણ કે મેં તેઓથી તમારૂં રક્ષણ કર્યું છે. ૨૧ ભગવાને તેઓને ધીરજ આપી એટલે સર્વ વ્રજવાસીઓ ગાયો ગાડા ચાકરો અને પુરોહિતોની સાથે પર્વતના પોલાણમાં પેઠયા. ૨૨ વ્રજવાસીઓ ભૂખ–તરસની પીડાનો તથા સુખની ઇચ્છાનો ત્યાગ કરી શ્રીકૃષ્ણની સામું જોઇને બેસી રહ્યા. શ્રીકૃષ્ણે સાત દિવસ લગી પર્વતને ટચલી આંગળી ઉપર ધરી રાખ્યો અને એક પગલું પણ ખસ્યા નહિ. ૨૩ ભગવાનના યોગબળના સામર્થ્યને જોઇ ઇન્દ્ર આશ્ચર્ય પામ્યો, તેનો ગર્વ ઉતરી ગયો ને તે પોતાના વિચારમા નિષ્ફળ થયો. પછી તેણે મેઘોને અટકાવ્યા.

૨૪ પછી આકાશ વાદળાં રહિત થયું, સૂર્યનો ઉદય થયો અને દારૂણ પવન ફુંકતો હતો તે તથા વરસાદ બંધ પડયો તે જોઇ ગોવર્ધનધારી ભગવાને ગોપલોકને કહ્યું કે–૨૫ "હે ગોપ લોકો ! હવે ભય નથી. સ્ત્રીઓ ધન તથા સામાન સાથે બહાર નીકળો, કારણ કે પવન અને વરસાદ બંધ પડયાં છે. નદીઓનાં પાણી ઉતરી ગયાં છે. ૨૬ સ્ત્રીઓ બાળકો તથા વૃદ્ધો એમ સર્વે ગોપલોક પોતપોતાની ગાયોનાં વૃંદ લઇ સરસામાન ધીરે ધીરે ગુફાઓની બહાર લઈ ગયા. ૨૭ ભગવાને પવન તથા વરસાદ બંધ પડવાથી સર્વ પ્રાણીઓ દેખતાં રમત માત્રમાં તેને ઠેકાણે મૂકી દીધો. ૨૮ અત્યંત પ્રસન્ન થયેલા વ્રજવાસીઓ પ્રેમના આવેશથી શ્રીકૃષ્ણને ભેટી પડયા અને તેમનો સત્કાર કર્યો ગોપીઓએ સ્નેહ ભરી રીતે હર્ષથી દહીં અક્ષત અને જળથી ભગવાને વધાવ્યા તથા સ્નેહ ભેર આશીર્વાદ આપ્યા. ૨૯ યશોદા રોહિણી નન્દરાય અને બળવાળાઓમાં શ્રેષ્ઠ એવા બળદેવ સ્નેહથી આકળા થઈ શ્રીકૃષ્ણને ભેટી આશીર્વાદ આપવા લાગ્યા. ૩૦ આકાશમાં દેવતાઓ સાધ્યો સિદ્ધ ગંધર્વો ને ચારણો પ્રસન્ન થઇને સ્તુતિ કરવા લાગ્યા. ૩૧ સ્વર્ગમા દેવતાઓએ વગાડેલા શંખો અને દુંદુભિના નાદ થયા તથા હે રાજન ! તુંબરૂ વગેરે ગંધર્વોના પતિઓ ગાવા લાગ્યા ૩૨ પોતાની ઉપર પ્રીતિવાળા ગોવાળિયા સાથે શ્રીકૃષ્ણ બળદેવને લઇ વ્રજમાં પધાર્યા અને સ્નેહથી હૃદયમાં વસી રહે એવા ગોપીઓ હર્ષમા આવી શ્રીકૃષ્ણનાં કાર્યોને ગાતી વ્રજમાં ગઈ ૩૩

ततोऽनुरक्तैः पशुभिः परिश्रितो राजन्
स गोष्ठं सबलोऽव्रजद्धरिः ।
तथाविधान्यस्य कृतानि गोपिका
गायंत्य ईयुर्मुदिता हृदिस्पृशः ॥ ३३ ॥

इतिश्रीमद्भागवतमहापुराणदशमस्कंधे
पंचविंशोऽध्यायः

અધ્યાય ૨૬ મો.‡

બાળ ચરિત્ર વર્ણન.

श्रीशुक उवाच

एवं विधानि कर्माणि गोपाः कृष्णस्य वीक्ष्य ते
अतद्वीर्यविदः प्रोचुः समभ्येत्य सुविस्मिताः १

શુકદેવજી કહે છે કે—ભગવાનનાં કર્મો જોઇ તેમના પરાક્રમોથી અજાણ્યા એવા ગોપલોક આશ્ચર્ય પામ્યા નંદરાયની પાસે જઇ કહેવા લાગ્યા કે—તમારા બાળકનાં આ કર્મો અત્યંત આશ્ચર્યજનક છે. ગોપલોકમાં તે પોતનો જન્મ ધારણ કરવાને યોગ્ય છે ? ૨ જે સાત વર્ષના બાળકે મોટો હાથી જેમ સુંઢવડે કમળને ધારણ કરે તેમ એક હાથે રમત માત્રમાં મોટા પર્વતને ધારણ કર્યો. ૩ કાળ જેમ આયુષ્યને પી જાય તેમ આંખો મિંચીને સુતેલો બાળક પુતનાને તેના પ્રાણોની સાથે પી ગયો ૪ ત્રણ મહિનાનો બાળક એકવાર ગાડાની નીચે સુતો હતો તે વેળાએ પગ ઉંચા ઉછાળીને રડતાં રડતાં ગાડાને પાટુ મારી તેથી ગાડું ઉંધું પડી ગયું. ૫ વળી બાળક એક વર્ષની અવસ્થાનો થયા પછી એક દિવસ બેઠો હતો એટલામા દૈત્ય તેને આકાશમાર્ગે હરી ગયો. તેણે ગળું પકડીને તૃણાવર્તને મારી નાંખ્યો. ૬ એકવાર માખણની ચોરી કરતાં માતાએ ઉખળની સાથે બાંધ્યો ત્યારે તેણે બે વૃક્ષોની વચ્ચે જઇ તે પાડી નાખ્યાં હતાં. ૭ એકવાર ભગવાન બાળકો સાથે બળદેવજી સહિત વનમાં વાછડાં ચારતા હતા એટલામાં બકાસુર મારવાની ઈચ્છાથી ગયો ભગવાને બે હાથવતી તેનું મુખ ચીરી નાંખ્યું. ૮ એકવાર એક દૈત્ય વાછડાંનું રૂપ લઇને વાછડાંમાં પેસી ગયો તેને ભગવાને મારીને તેના શબથી રમત કરતાં કરતાં ઝાડો પાડી નાખ્યાં. ૯ પ[illegible] એકવાર બળદેવની સાથે ભગવાને ગર્દભાસુરને અને તેના ભાઈઓને મારીને પાકે ફળવાળા તાડના વનને નિર્ભય કર્યું. [illegible] પછી એકવાર બળભદ્ર પાસે ઉગ્ર એવા [illegible]લબાસુરનો નાશ કરાવી વ્રજનાં ઢોર ઢાં[illegible]રોની અને ગોવાળિયાઓની દાવાનળમાં રક્ષા કરી. ૧૧ એક આ બાળકે મહા [illegible] સર્પ કાલીયને નાથીને પરાણે ધરામાં કાઢી મૂકી યમુના નદીનું જળ નિર્વિષ ક[illegible] ૧૨ હે નન્દ ! સર્વ વ્રજવાસીઓનો સ્વાભાવિક રીતે તમારા આ પુત્ર ઉપર અતિ [illegible] છે અને તમારા પુત્રનો અમારા ઉપર [illegible]ભાવિક સ્નેહ છે. અન્યોન્યમાં સ્વાભા[illegible] ગાઢ સ્નેહ બંધાયો છે તેનું કારણ શું ? તે સર્વના આત્મા હશે ? સાત વર્ષનો બા[illegible] કયાં ? અને એક મોટા પર્વતને ઉપાડ[illegible] કયા ? આ ઉપરથી અમને તમારા પુત્ર ચરિત્ર અદ્ભુત લાગે છે. ૧૪

નંદ—હે ગોપ ! ગર્ગાચાર્યે આ બાળ[illegible] ઉદ્દેશીને મને જે કહ્યું છે તે હું તમને કહું સાંભળો, અને તમારી શંકાઓ દૂર ક[illegible] ૧૫ ગર્ગાચાર્યે મને કહ્યું છે કે— યુગે યુ[illegible] અવતારો ધારણ કરનાર તમારા આ બા[illegible]કના શ્વેત રાતો અને પીળો એવા ત્રણ વ[illegible] છે તેમા હમણાં તેમણે કૃષ્ણ વર્ણ ધાર[illegible] કર્યો છે. ૧૬ પૂર્વે તમારો આ પુત્ર કોઇ વ[illegible] વસુદેવને ત્યાં જન્મ્યો હતો, તેથી વિદ્વા[illegible] તેને શ્રીમાન વાસુદેવ કહે છે. ૧૭ તમા[illegible] પુત્રના ગુણ તથા કર્મને અનુસરતાં ઘ[illegible] નામો અને રૂપો છે, તે સર્વ હું જાણું [illegible] મનુષ્યો તે કંઇ જાણતાં નથી. ૧૮ [illegible] અને ગોકુળને આનંદ આપનાર આ બા[illegible] તમારૂં કલ્યાણ કરશે અને તમે આ બા[illegible]કથી પરિશ્રમવિના સર્વ સંકટો તરી જશે ૧૯ પૂર્વે જયારે જગતમાં કોઇ પણ રાજા હતો, ત્યારે આપણે ચોરોથી પીડા પામ

‡ આ અધ્યાયમા શ્રીકૃષ્ણના અદ્ભુત કર્મો જોઇ આશ્ચર્ય પામેલા ગોપ આગળ નંદે શ્રીકૃષ્ણનુ ઐશ્વર્ય વર્ણવ્યું તે કથા કહેવાય છે.

અત્પુરૂષોની રક્ષા કરી હતી અને આનાથી રક્ષાતા તે લોકોએ બળમાં વધીને ચોરોનો પરાજય કર્યો હતા. ૨૦ જે મહાભાગ્યશાળી મનુષ્યો આ ભગવાન ઉપર પ્રીતિ રાખે છે તે અસુરો જેમ વિષ્ણુના પક્ષવાળાનો પરાજય કરી શકતા નથી, તેમ તેઓનો શત્રુઓ પરાજય કરી શકતા નથી. ૨૧ લક્ષ્મી કીર્તિ પ્રભાવ વગેરે ગુણોથી તમારો આ પુત્ર નારાયણના જેવો છે. તેનાં કર્મો ઉપર તમારે આશ્ચર્ય પામવું નહિ. ૨૨ ગર્ગાચાર્ય પોતે મને કહીને પોતાને ઘેર ગયા ત્યારથી હું ઉત્તમ કાર્ય કરનાર કૃષ્ણને નારાયણનો અંશ માનું છું. ૨૩ નંદરાયે ગર્ગાચાર્યનાં વચનો કહ્યાં તે સાંભળીને જેઓએ અપાર પરાક્રમવાળા શ્રીકૃષ્ણનો પ્રભાવ જોયેલો અને સાંભળેલો હતો એવા વ્રજવાસીઓ પ્રસન્ન થયા, તેઓનું આશ્ચર્ય દૂર થયું, અને તેઓએ નંદનો તથા શ્રીકૃષ્ણનો સત્કાર કર્યો. ૨૪ યજ્ઞનો ભંગ થવાથી થયેલા રોષને લીધે ઇન્દ્ર જળની વૃષ્ટિ કરવા લાગ્યો અને વીજળી, કરાઓ અને તીક્ષ્ણ પવનથી ગોપ પશુઓ તથા સ્ત્રીઓ જેમાં પીડાતાં હતાં એવા ગોકુળને પોતાને શરણે આવેલું જોઇ દયાળુ ભગવાને મહત્તા પ્રગટ કરતાં, બાળક છોકરો જેમ એક હાથથી શિલીંધ્ર ઉખેડીને હાથમાં લઇ લે, તેમ રમત કરતાં એક હાથે ગોવર્ધન પર્વતને જમીનમાંથી ઉખેડી ધરી રાખ્યો, અને ગોકુળની રક્ષા કરી. મહેંદ્રનો મદ ઉતારનાર ગાયોના ઇન્દ્ર અમારા ઉપર પ્રસન્ન થાઓ. ૨૫

देवे वर्षति यज्ञविप्लवरुषा वज्राश्मवर्षानिलैः
सीदत्पालपशुस्त्रिआत्मशरणं
दृष्ट्वाऽनुकम्प्युत्स्मयन् ।
उत्पाट्यैककरेण शैलमबलो
लीलोच्छिलींध्र यथा
बिभ्रद्गोष्ठमपान्महेन्द्रमदभित्प्रीयान्न
इंद्रो गवाम् ॥ २५ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणे दशमस्कंधे
षड्विंशोध्यायः

અધ્યાય ૨૭ મો.*

શ્રીકૃષ્ણ અભિનંદન.

શ્રીશુક ઉવાચ.

गोवर्धने धृते शैले आसाराद्रक्षिते व्रजे ।
गोलोकादाव्रजत्कृष्णं सुरभिः शक्र एव च ॥

શુકદેવજી કહે છે કે—હે રાજન ! શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વતને ધારણ કરી વરસાદથી વ્રજની રક્ષા કરી તેથી કામધેનુને ઇંદ્ર ગોલોકમાંથી શ્રીકૃષ્ણની પાસે એકાંતમાં આવ્યાં અને ઇંદ્રે ભગવાન સૂર્ય જેવા તેજસ્વી મુકટથી તેમના ચરણનો સ્પર્શ કર્યો. અપાર તેજવાળા શ્રીકૃષ્ણનો પ્રભાવ જોવાથી હુ ત્રણ લોકનો ઈશ્વર છું, એવો જેનો મદ ઉતરી ગયો હતો એવા ઇન્દ્રે બે હાથ જોડી આ પ્રમાણે સ્તુતિ કરી. હે મહારાજ ! તમારૂં સ્વરૂપ શુદ્ધ સત્વગુણી શાંત તપોમય અને રજોગુણ તથા તમોગુણથી રહિત છે. સંસારપ્રવાહ માયાસ્વરૂપ છે અને અજ્ઞાનને લીધે વળગે છે; તેનો સબંધ તમને નથી. ૩ હે ઇશ ! જ્યારે અજ્ઞાન અને તેથી ઉત્પન્ન થનાર દેહનો સંબંધ નથી ત્યારે બીજા દેહને ઉત્પન્ન કરનાર દેહના સંબંધથી થનાર તથા અજ્ઞાનીને સૂચવનાર લોભાદિક તમારે વિષે કયાંથી સંભવે ? આપ પરમાત્મા ધર્મના રક્ષણ માટે અને ખળ પુરૂષના નિગ્રહ માટે દંડ ધારણ કરો છો. ૫ તમે જગતના પિતા ગુરૂ અધિપતિ અને ટાળી શકાય નહિ એવા કાળમૂર્તિ છો. તમો પોતાની ઇચ્છાનુસાર અવતાર ધારણ કરી હાથમાં દંડ લઈ જગતના ઇશ્વરત્વનું અભિમાન રાખનારના મદનો નાશ કરો છો. ૬ મારા જેવા અજ્ઞાનીઓ જગતના ઈશ્વરનું અભિમાન રાખનાર છે, તેઓ ભયના સમયમાં નિર્ભય રહેનાર આપનાં દર્શન કરીને અભિમાનનો ત્યાગ કરે છે ગર્વરહિત થઇને મહાત્મા પુરૂષનો માર્ગ

* આ અધ્યાયમા શ્રીકૃષ્ણનો પ્રભાવ જોઇ કામધેનુ તથા ઇંદ્રે અભિષેક મહોત્સવ કર્યો તે કથા કહેવાશે.

સેવે છે. તમારી લીલા ખળ લોકોને શિક્ષા કરનારી છે. ૭ હે પ્રભો ! તમે ઐશ્વર્યના મદમાં ડુબી ગયેલા તમારા પ્રતાપને ન જાણનાર અને તમારો અપરાધ કરનાર ઉપર અનુગ્રહ કરવાને યોગ્ય છો હે ઇશ્વર ! હું પ્રાર્થના કરૂં છું કે, મારી દુષ્ટ બુદ્ધિ નાશ કરો.૮ હે અતીંદ્રિય પૃથ્વી ઉપર પોતે ભારરૂપ ને મોટો ભાર ઉત્પન્ન કરનાર દૈત્યોના સેનાપતિઓનો નાશ કરવા ને તમારાં ચરણને સેવનારાઓના કલ્યાણ માટે તમારો અવતાર છે ૯ તમને મહાત્મા અને પુરૂષરૂપ ભગવાનને નમસ્કાર કરૂં છું. વાસુદેવ શ્રીકૃષ્ણ ને સાત્વતકુળના પતિ. એવા તમને નમસ્કાર છે. ૧૦ સ્વેચ્છાથી શરીર ધારણ કરનાર શુદ્ધ જ્ઞાન સ્વરૂપ સર્વ રૂપ સર્વના કારણરૂપ અને સર્વ પ્રાણીઓના આત્મારૂપ આપને નમસ્કાર છે. ૧૧ હે ભગવન ! તમે મારા યજ્ઞનો ભગ કર્યો પછી માની તથા મહા ક્રોધી એવા મેં વરસાદ અને વાયુવડે વ્રજનો નાશ કરવા આ પ્રયત્ન કર્યો હતો. ૧૨ પરંતુ હે ઇશ્વર ! તમે મારા અભિમાનનો તથા ઉદ્યમનો નાશ કરી મારા ઉપર અનુગ્રહ કર્યો. હું ગુરૂરૂપ આત્મારૂપ અને ઇશ્વર રૂપ જે તમે તમને શરણે છું. ૧૩

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે ઇન્દ્રે શ્રીકૃષ્ણ ભગવાનની સ્તુતિ કરી, એટલે ભગવાને હસતાં હસતાં મેઘના જેવી ગંભીર વાણીથી ઇન્દ્રને હે ઇન્દ્ર ! દેવતાઓની રાજ્ય લક્ષ્મીથી મત્ત થઇ પ્રજાઓ અને તમને નિત્ય મારૂં સ્મરણ રહે તે માટે મેં યજ્ઞનો ભંગ કર્યો હતો. ૧૫ ઐશ્વર્ય તથા લક્ષ્મીના મદમાં આંધળો થયેલો પુરૂષ હાથમાં દંડ ધારણ કરનાર મને દેખતો નથી. હું જેનો અનુગ્રહ કરવાની ઇચ્છા કરૂં છું તેને સંપત્તિઓથી ભ્રષ્ટ કરૂં છું. ૧૬ હે ઇંદ્ર ! હવે તમે સ્વર્ગમાં જાઓ, તમારૂં કલ્યાણ થાઓ. તમારે અભિમાન મૂકીને પોતપોતાના અધિકાર ઉપર સાવધાનતાથી રહેવું અને મારી આજ્ઞા પાળવી. ૧૭

શુકદેવજી કહે છે કે—હે સજ્જન ! પછી ઉદાર મનવાળી કામધેનુ પોતાનાં સંતાનો સાથે ગોપ રૂપી શ્રીકૃષ્ણ ભગવાનને પ્રણામ કરી તેમની આજ્ઞાથી તેમને કહેવા લાગી કે, હે અચ્યુત ! લોકોના પતિ એવા તમોથી અમે અનાથ છીએ ૧૯ હે જગત્પતિ ! તમે અમારૂં પરમ દૈવત છો. તમે અમારા ઇંદ્ર છો. હે મહારાજ ! ગાય બ્રાહ્મણ દેવતાઓ તથા ભગવદ્ભકતોના કલ્યાણ માટે તમે ઇંદ્ર થાઓ. ૨૦ બ્રહ્માની આજ્ઞાથી અમે તમને અમારા પદ ઉપર અભિષેક કરીએ છીએ. હે વિશ્વાત્મા ! તમે ભૂમિનો ભાર ઉતારવા અવતર્યા છો ૨૧ આ પ્રમાણે શ્રીકૃષ્ણની આજ્ઞા માગીને સુરભિએ પોતાના દૂધથી ભગવાનને અભિષેક કર્યો તથા ઇન્દ્રે દેવર્ષિઓની સાથે રહીને દેવતાઓની માતાઓની પ્રેરણાથી ઐરાવત હાથીની સુંઢોથી આણેલા આકાશ ગંગાના પાણીથી ભગવાનને અભિષેક કર્યો અને તેમનું ગોવિંદ એવું નામ પાડયું. ત્યાં આવેલા તુંબરૂ નારદ ગંધર્વ વિદ્યાધર સિદ્ધ અને ચારણાદિ લોકોનો મળ નાશ કરનાર ભગવાનના યશને ગાવા લાગ્યા અને હર્ષમાં આવેલી દેવાંગનાઓ નાચવા લાગી. ૨૪ મોટા મોટા દેવતાઓ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા અને તેની ઉપર અદ્ભુત રીતે પુષ્પોની વૃષ્ટિ કરી. ત્રણે લોકો પરમ સુખ પામ્યા અને તે વખતે ગાયોએ દૂધથી પૃથ્વીને ભીંજવી દીધી. ૨૫ નાના પ્રકારના રસસમૂહોની નદીઓ વહેવા માંડી, વૃક્ષોમાંથી મધ ઝરવા માંડયું, ઔષધિઓ ખેડયા વિના થવા માંડી, પર્વતો તેજસ્વી મણિઓને ધારણ કરવા લાગ્યા અને ૨૬ હે કુરૂનંદન ! સ્વાભાવિક રીતે જે પ્રાણીઓ ક્રૂર હતાં તે શ્રીકૃષ્ણને અભિષેક કર્યા પછી વૈર વિનાનાં

થઈ ગયાં. ૨૭

कृष्णेमिचिक्र एतानि सत्यानि कुरुनंदन।
नि राज्यमवंस्तात क्रूराण्यपि निसर्गतः २७

इतिश्रीमद्भागवतमहापुराणेदशमस्कंधे
सप्तविंशोऽध्यायः

અધ્યાય ૨૮ મો.‡

પુત્રે પિતાનુ કરેલું રક્ષણ.

श्रीशुक उवाच

एकादश्यां निराहारः समभ्यर्च्य जनार्दनम्।
स्नातु नंदस्तु कालिंद्यां द्वादश्यां जलमाविशत्

શુકદેવજી કહે છે કે–હે રાજન! એકાદશીને દિવસે નિરાહાર રહીને નારાયણનું પૂજન કર્યું અને બારસને દહાડે વહેલા ઉઠીને નંદ નહાવા માટે યમુનાના જળમાં ઉતર્યા. ૧ નંદરાય અસુરી વેળા હોવાથી અસુર લોકોને આવવાનો સમય છે એવું નહિ જાણતાં શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે પાછલી રાત્રે પાણીમાં નહાવા માટે ઉતર્યા એટલામાં વરૂણનો સેવક એક દૈત્ય તેમને વરૂણદેવની પાસે લઇ ગયો. ૨ ગોવાળિયાઓ નાહીને આડું અવળુ જોતા નંદરાય દૃષ્ટિએ પડયા નહિ એટલે હે કૃષ્ણ! એ પ્રમાણે બુમો પાડવા લાગ્યા કે ભગવાન શ્રીકૃષ્ણ ત્યાં આવ્યા અને તેમણે ગોપલોક પાસેથી પોતાના પિતાને વરૂણદેવ હરી ગયા છે એવું સાંભળીને હે રાજન! પોતાના ભક્તોને અભય આપનાર સમર્થ ભગવાન વરૂણની પાસે ગયા. ૩ વરૂણદેવે શ્રીકૃષ્ણને આવ્યા જોઇ મોટી સામગ્રીથી તેમની પૂજા કરી તેમનાં દર્શનથી જેને આનંદ થયો હતો એવા વરૂણદેવે ભગવાનને કહ્યું કે–આજ મારો જન્મ સફળ થયો.આજે મને સર્વ સંપત્તિઓ મળી અને હે ભગવન! તમારા ચરણની સેવા કરનાર અમે આજે સંસારના પારને પામ્યા. ૫ બ્રહ્મ અને પરમાત્મા સ્વરૂપ આપને હું નમસ્કાર કરૂં છું, કે જેમાં લોકની સૃષ્ટિની કામના કરનારી માયા સાંભળવામાં આવતી નથી.૬ હું શાસ્ત્રથી અજાણ્યો મૂર્ખ તથા કાર્ય ન જાણનારો છું, તેથી તમારા પિતાને અહીં લાવ્યો છું આપે મારા ઉપર ક્ષમા કરવી જોઇએ ૭ હે કૃષ્ણ! તમારે મારા ઉપર અનુગ્રહ કરવો જોઇએ હે ગોવિંદ! આ તમારા પિતા રહ્યા તેમને લઇ જાઓ ૮

શુકદેવજી કહે છે કે–વરૂણદેવે લોકપાલના ઇશ્વર શ્રીકૃષ્ણને પ્રસન્ન કર્યા પછી શ્રીકૃષ્ણ પોતાના સબંધીઓને આનંદ આપતા પોતાના પિતા નંદરાયને લઇને યમુનાના તીર ઉપર આવ્યા. નંદ ઇંદ્રિયોથી જાણી કે જોઇ શકાય નહિ એવા લોકપાલ વરૂણદેવના ઐશ્વર્યને જોઇને તથા તેઓએ શ્રીકૃષ્ણને કરેલા પ્રણામથી આશ્ચર્ય પામ્યા. તેમણે પોતાના બંધુજનને આ વાત કહી. પછી ગોપ શ્રીકૃષ્ણને ઇશ્વર માની ઉત્સાહથી વિચાર કરવા લાગ્યા કે, ભગવાન શ્રીકૃષ્ણ આપણને પોતાનુ સૂક્ષ્મ સ્વરૂપ દેખાડશે. ૧૧ સર્વના સંકલ્પને જાણી જનાર ભગવાન પોતે પોતાના ભક્ત ગોપના મનનો સંકલ્પ જાણી તેઓનો સંકલ્પ સિદ્ધ કરવા કૃપાથી નીચે પ્રમાણે વિચાર કરવા લાગ્યા.૧૨ આ લોકમાં દેહાદિકની અંદર અહંબુદ્ધિ થાય છે, તેથી તૃષ્ણા વધે છે અને તેથી કરેલાં કર્મો પ્રમાણે ઉંચી નીચી જાતિમાં અવતાર ધારણ કરતો મનુષ્ય પોતાની ગતિને જાણતો નથી ૧૩ વિચાર કરીને મહા દયાળુ ભગવાન શ્રીકૃષ્ણે ગોવાળિયાઓને પ્રકૃતિથી પર એવું પોતાનું બ્રહ્મસ્વરૂપ દેખાડયું અને પછી વૈકુંઠ લોક દેખાડયો. ૧૪ સત્ય જ્ઞાનસ્વરૂપ અનંત સ્વયંપ્રકાશ તથા નિરંતર સિદ્ધ એવું પોતાનું બ્રહ્મસ્વરૂપ તેમને પ્રથમ દેખાડયું. જે સ્વરૂપને સમાધિનિષ્ઠ જ્ઞાનીઓ જડ પદાર્થોનો ત્યાગ કર્યા પછી જુવે છે. ૧૫ શ્રી

‡ આ અધ્યાયમા ભગવાન, વરૂણ લોકમાથી નંદને પાછા લાવ્યા અને ગોવાળિયાઓને વૈકુંઠ લોકનાં દર્શન કરાવ્યા, એ કથા કહેવામા આવશે.

કૃષ્ણે બ્રહ્મરૂપી ધરોમાં લઇ જવાયેલા તેમાં ડુબેલા અને તેમાંથી બહાર કાઢેલા ગોપ મંડળે બ્રહ્મ લોક દીઠો, જ્યાં આગળ પૂર્વે અક્રૂર ગયા હતા ૧૬ નંદાદિક ગોપ વૈકુંઠ લોકને જોઇ સ્તુતિ કરાતા શ્રીકૃષ્ણ ભગવાનને જોઇ પરમ આનંદથી નિવૃત્તિ સુખ પામ્યા તથા પરમ આશ્ચર્ય પામ્યા. ૧૭

नंदादयस्तु तद्दृष्ट्वा परमानंदनिर्वृताः ।
कृष्णं च तत्र छंदोभिस्तूयमानं सुविविस्मताः

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
अष्टविंशोध्यायः

અધ્યાય ૨૯ મો.¶

વૃંદાવનમાં રાસ

શ્રીશુક ઉવાચ.

भगवानपि ता रात्रीः शरदोत्फुल्लमल्लिकाः ।
वीक्ष्य रंतुं मनश्चक्रे योगमायामुपाश्रितः ॥१॥

શુકદેવજી કહે છે કે—રાજન ! શરદ્ ઋતુથી પ્રફુલ્લિત મલ્લિકાવાળી તથા જેમાં રમવાની પોતે પ્રતિજ્ઞા કરી હતી એવી રાત્રીઓ આવેલી જોઇને ભગવાને યોગમાયાનો આશ્રય કરી રાસ રમવાની ઇચ્છા કરી. ઘણા કાળે મળેલો પતિ જેમ પોતાની પ્રિયાના મુખને કેસરથી રંગે તેમ પૂર્વ દિશાના મુખને સુખકારી કિરણોવડે રાતું ચોળ કરતો તથા લોકોના તાપને શાંત કરતો ચંદ્રમા ભગવાનને પ્રસન્ન કરવાને ઉદય પામ્યો. ૨ સંપૂર્ણ મંડળવાળા લક્ષ્મીજીના મુખની કાંતિ જેવા તથા નવા કેસરના જેવા રાતા રંગના ચંદ્રમાને જોઇને અને તેનાં કોમળ કિરણોથી રંગાયેલાં વનને જોઇ સ્ત્રીઓના મનને હરણ કરે તેવું મધુર ગાયન શ્રીકૃષ્ણે ગાવા માંડયું. આ ભગવાનનું કામને વધારનારૂં મનોહર ગીત સાભળીને જેમનાં મન હરાઇ ગયાં હતાં એવી વ્રજાંગનાઓ એક બીજી એક બીજીનાં તૈયારી જાણે નહિ, તેમ તૈયાર થઇ, ઉતાવળી ભગવાન પાસે વનમાં ગઈ. વ્રજનારીઓનાં કુંડળો વેગને લીધે હાલતાં હતા. ૪ કેટલીક સ્ત્રીઓ ગાયો દોહતી હતી, તે અધુરૂં મૂકીને ઉત્કંઠાથી ત્યાં ગઇ કેટલીક દૂધ ઉંનું કરવા મૂકયું હતું તેને ઉતાર્યા વિના ત્યાં ગઇ કેટલીક ચુલા ઉપર કંસાર ચઢ વ્યો હતો તે નીચે ઉતાર્યા વિના ત્યાં ગઈ, કેટલીક પીરસતી હતી તે અધુરૂં મૂકીને કેટલીક છોકરાંને ધવરાવતી હતી તે અધુરૂં મૂકીને કેટલીક પતિની સેવા કરતી હતી તે પડતી મૂકીને કેટલીક જમવું છોડી દઇને કેટલીક લીંપવું અધુરૂં મૂકીને કેટલીક શરીરને સ્વચ્છ કરતી હતી તે અધુરૂં મૂકીને કેટલીક આંખો આંજતી હતી તે અધૂરી રાખીને અને કેટલીક ઉતાવળને લીધે વસ્ત્રો અને આભૂષણો અવળાં પહેરી લઇને શ્રીકૃષ્ણની પાસે ગઇ. ૭ પતિઓએ, પિતાએ, ભાઇઓએ તથા કુટુંબીઓએ વારી તોપણ શ્રીકૃષ્ણે જેનું મન હરી લીધું હતું એવી ગોપિકાઓ પાછી વળી નહિ. ૮ કેટલીક ગોપીઓ જેઓ ઘર બહાર નીકળી શકી નહિ, તે પરમ ભક્તિ ભાવવાળી ગોપીઓ ઘરમાંજ રહી આંખો મિંચીને શ્રીકૃષ્ણનું ધ્યાન ધરી રહી. ૯ ગોપીઓએ પરમાત્મા શ્રીકૃષ્ણને જાર બુદ્ધિથી ધ્યાન કરીને પ્રાપ્ત કર્યા તોપણ જેમનું પુણ્ય પાપરૂપી બંધનથી છુટી ગયું હતું એવી તેમણે પોતાના ત્રિગુણાત્મક દેહનો ત્યાગ કર્યો. સહન થઇ શકે નહિ એવા પ્રિયતમ શ્રીકૃષ્ણના વિરહનો તીવ્ર તાપ ભોગવવાથી તેમનાં પાપ નાશ પામ્યાં હતાં અને શ્રીકૃષ્ણનું ધ્યાન ધરવાથી મળેલાં તેમના આલિંગનને લીધે જે પરમ સુખ મળ્યું હતું તેથી તેમનાં પુણ્યબંધન છુટી ગયાંહતાં.

પરીક્ષિતે પૂછયુ કે—હે મુનિ ! ગોપીઓ શ્રીકૃષ્ણને કેવળ કામના કરવા યોગ્ય જાણતી હતી પરંતુ પરબ્રહ્મરૂપે જાણતી ન હતી, વિષ-

¶ આ અધ્યાયમા રાસ રમવા ગોપીઓની સાથે ભગવાનના ઉત્તર તથા પ્રત્યુત્તરની અને રાસના અંતરમા ભગવાન અંતર્ધાન થવાની કથા કહેવાશે.

ક્ષમાં આસક્ત બુદ્ધિવાળી ગોપીઓને ગુણનો પ્રવાહરૂપ સંસાર કેવી રીતે ટળી ગયો ? પતિ પુત્રાદિક વસ્તુ બ્રહ્મરૂપ છે તોપણ તેમને બ્રહ્મરૂપ ન જાણવાથી તેને ભજનારને મોક્ષ મળતો નથી. શ્રીકૃષ્ણ સાક્ષાત પરબ્રહ્મ છે, તોપણ તેમને પરબ્રહ્મરૂપ ન જાણવાથી ગોપીઓનો મોક્ષ થવો ન જોઈએ. ૧૨

શુકદેવજી બોલ્યા કે–મેં તમને આગળ કહ્યું છે કે–શિશુપાળ ભગવાનનો દ્વેષ કરતો હતો તોપણ મુક્તિ પામ્યો હતો, ભગવાનના પ્રિયજનો હમેશ મુક્તિ પામે છે અવિનાશી તથા અપ્રમેય ભગવાન ગુણોના નિયંતા છે, નિર્ગુણ છે અને ભગવાનનો અવતાર મનુષ્યોના કલ્યાણ માટે છે. ૧૪ જેઓ ભગવાન શ્રીહરિ ઉપર નિત્ય કામ ક્રોધ ભય સ્નેહ એકતા ને ભક્તિ રાખે છે તે ભગવાનરૂપ થઇ જાય છે ૧૫ અજન્મા અને યોગેશ્વરના પણ ઇશ્વર એવા ભગવાનમાં તમારે આ કામ માટે આશ્ચર્ય પામવું નહિ, કારણ કે તેમનાથી સ્થાવર પણ મુક્તિ પામે છે. વ્રજની સ્ત્રીઓને પોતાની પાસે આવેલી જોઇ વક્તાઓમાં શ્રેષ્ઠ ભગવાન વાક્‌વિલાસોથી તેમને મોહ ઉપજાવતા બોલ્યા કે–હે ગોપીઓ ! તમે ભલે આવી.હું તમારૂં શું પ્રિય કરૂં? વ્રજ તો કુશળ છે? અહીં આવવાનું કારણ મને કહો આ રાત્રી મહાભયંકર અને ભયંકર પ્રાણીઓથી ભરેલી છે. હે સ્ત્રીઓ ! તમે વ્રજમાં પાછી જાઓ સ્ત્રીઓએ અહીં ઉભું રહેવું યોગ્ય નથી તમારાં માતા પિતા પુત્રો ભાઇઓ અને પતિ તમને ઘરમાં ન દેખવાથી શોધવા માંડશે,માટે તમે સંબંધીઓને ભય ઉપજાવો નહિ. ૨૦ વૃન્દાવન જોવા આવ્યાં હો તો પુષ્પોથી પ્રફુલ્લિત થયેલું ચંદ્રનાં કિરણોથી ગૌર લાગતું અને યમુનાના પવનની લહેરોથી આમ તેમ ડોલતાં વૃક્ષોનાં પાંદડાથી શોભતું વન તમે જોયું. ૨૧ હે સતીઓ ! તમે પાછી વ્રજમા જાઓ, વિલંબ કરો નહિ. પતિની સેવા કરો અને વાછડાં તથા છોકરાં ટળવળતાં હશે તેમની સંભાળ લો. ૨૨ મારા સ્નેહને લીધે બંધાયલી તમે મારા ઉપર થયેલા સ્નેહથી અહીં આવી હો તો તે પણ તમને ઘટિત નથી, કારણ કે પ્રાણીઓ મારા ઉપર પ્રીતિ કરે છે ૨૩ હે સ્ત્રીઓ ! નિષ્કપટપણાથી પતિનું તથા પતિના બંધુઓનું સેવન કરવું અને છોકરાં ઉછેરવાં, એ સ્ત્રીઓનો મુખ્ય ધર્મ છે. ૨૪ પરલોકની ઈચ્છાવાળી સ્ત્રીઓએ દુષ્ટ સ્વભાવના ભાગ્યહીન ઘરડા મૂર્ખ રોગી અને નિર્ધન પતિનો પણ ત્યાગ કરવો ઘટિત નથી. ૨૫ કુલીન સ્ત્રીઓને પર પુરૂષ યશનો નાશ કરનાર તુચ્છ દુઃખકારક ભયંકર અને સર્વત્ર નિંદિત છે. ૨૬ મારી લીલા સાંભળવાથી મારાં દર્શન કરવાથી મારૂં ધ્યાન ધરવાથી તથા મારૂં કીર્તન કરવાથી મારામાં જેવો ભાવ રહે તેવો ભાવ અંગસંગથી રહેતો નથી માટે ઘેર જાઓ.

શુકદેવજી કહે છે કે–ભગવાનનું અપ્રિય ભાષણ સાંભળી ગોપીઓ ખિન્ન થઇ. તેમના સંકલ્પો ભાગી ગયા, અને તેઓ ચિંતામાં પડી ગઇ. શોકના નિઃશ્વાસથી જેમના રાતા ઓષ્ઠ સૂકાતા હતા એવાં મુખને નાચાં કરી પગના અંગુઠાથી ભોંય ખોતરતી આંસુથી હૃદયના લેપને ધોતી અને ઘણા દુઃખ ભારથી દબાયલી ગોપીઓ મૌન થઈ ગઇ. ૨૯ શ્રીકૃષ્ણ ઉપર અનુરાગવાળી તથા ભગવાનનો સમાગમ કરવા સાંસારિક સુખો ત્યાગ કરી આવેલી ગોપીઓ આંખો લુછી નાંખી શ્રીકૃષ્ણ કે જે શત્રુની પેઠે બોલતા હતા તેમના પ્રત્યે પ્રણય કોપથી ગળગળી વાણીથી કહેવા લાગી કે–હે પ્રભુ ! આપે કઠોર વચન કહેવાં યોગ્ય નથી; કારણ કે, અમે સર્વ વિષયોનો ત્યાગ કરી તમારા ચરણનું સેવન કરીએ છીએ. હે સ્વતંત્ર ! તમે અમારો ત્યાગ કરો નહિ. આદિ પુરૂષ જેમ મુમુક્ષુ પુરૂષોની સેવા કરે તેમ તમે અમારી સેવા કરો. હે ભગવન !

પતિ પુત્ર અને સંબંધીઓની સેવા કરવી એ સ્ત્રીઓનો મુખ્ય ધર્મ છે, એવું તમે કહ્યું તે સર્વ તમારી સેવાથી સિદ્ધ થશે, કારણ કે સર્વ ઉપદેશો ઇશ્વરની સેવાને નિરૂપણ કરે છે.સર્વ પ્રાણીઓના ભગવાન આત્મા હોવાથી ઈશ્વર પ્રિય તથા બંધુ છે તમે જો ધર્મનો ઉપદેશ કરો અને અમે ધર્મજિજ્ઞાસાવાળી હોઇએ તો ધર્મવેત્તાએ જે વાત કહી છે તે યોગ્ય ગણાય, પરંતુ તમે ધર્મના ઉપદેશક નથી, સર્વના આત્મા છો અને અમે ધર્મની જિજ્ઞાસાવાળી નથી, પણ ધર્મના ફળરૂપ આપની સેવા કરવાને ઇચ્છીએ છીએ, માટે તમારૂં કહેવું યુક્ત નથી અથવા તમે કહ્યું કે, પતિ આદિકની સેવા કરવી તે તમારો ધર્મ છે પરંતુ તે ધર્મ તમારી સેવાથી સિદ્ધ થશે, કારણ કે પતિ પુત્રાદિક સર્વનું અધિષ્ઠાન આત્મા છે, અને આત્મા આપ ઇશ્વર છો. અધિનષ્ઠાનરૂપ આપના વિના પતિ પુત્રાદિક કોઇપણ નથી માટે આપની સેવાથી સર્વની સેવા થશે. ૩૨ શાસ્ત્રમા કુશળ પુરૂષો પોતાના આત્મારૂપ અને નિત્ય પ્રિય એવા આપને વિષે પ્રીતિ રાખે છે તેમને પીડાકારક પતિ પુત્રાદિનું શું પ્રયોજન છે? હે પરમેશ્વર! અમારા ઉપર કૃપા કરો હે કમળનયન! ઘણા દિવસથી તમારે વિષે બાંધેલી અમારી આશાનો ભંગ ન થાઓ ૩૩ આપે અમને ઘેર જવા કહ્યું પણ અમારાથી તેમ થઇ શકશે નહિ. અમારૂં ચિત્ત અને કામકાજમાં લાગેલા હાથને પણ તમે હરી લીધા છે; તેમ અમારા પગ તમારા ચરણ આગળથી એક ડગલું પણ આગળ ખસી શકતા નથી. અમે વ્રજમા કેવી રીતે જઇએ? અને ત્યાં જઈને શું કરીએ? ૩૪ હે શ્રીકૃષ્ણ! તમારા ઇક્ષણથી અને મનોહર ગાયનથી ઉપજેલા ઉત્સાહને વારો. ૩૫ મુનિલોકો ઉપર પ્રીતિવાળા આપના ચરણકમળ કે જેની સેવાનો સમય લક્ષ્મીને પણ કોઇકવાર મળ્યો હશે, તે ચરણારવિંદનો અમે જ્યારથી સ્પર્શ કર્યો ત્યારથી ઉત્તેજાયેલી કહીએ છીએ કે, અમને તુચ્છ સંસાર ગમતો નથી. ૩૬ જે લક્ષ્મીના કૃપાકટાક્ષને માટે દેવતાઓ પરિશ્રમ કરે છે તે લક્ષ્મીજી આપના વક્ષસ્થળમાં નિઃસપત્ન સ્થાન મેળવીને પણ, તુલસીની તમારાં ચરણકમળની રજ કે જેને ભક્તજનો સેવે છે, તેની સેવા કરવાની ઇચ્છા કરે છે, તેને અમે પણ તમારાં ચરણની રજને શરણે આવ્યાં છીએ. ૩૭ મને ઘરબારનો ત્યાગ કરી તમારી ઉપાસના કરવાની આશાથી તમારાં ચરણને શરણે આવેલાં છીએ. તમારા મંદ હાસ્યથી ઉપજેલા ઉત્સાહથી અંતઃકરણમાં તપી ગયેલાં અમોને તમો તજો નહિ. ૩૮ હે નાથ! તમારૂં કુંડળોથી શોભાયમાન અધરામૃતવાળું મુખ જોઇને અભય આપનાર તમારા બે બાહુઓ જોઇને તથા લક્ષ્મીના એક વિહારસ્થાનરૂપ તમારૂં વક્ષઃસ્થળ જોઇને અમે તમારાં વેચાણ થયાં.૩૯ હે શ્રીકૃષ્ણ! તમારાં મધુર પદવાળા અને મૂર્છનાવાળા ગાયનને સાંભળી તથા ત્રણ લોકમાં મનોહર એવા તમારા રૂપને જોઈ મોહિત થયેલી કયી સ્ત્રી ભક્ત ન થાય? જેમનું સંગીત સાંભળીને તથા જેમનું રૂપ જોઇને ગાયો પક્ષીઓ વૃક્ષો તથા મૃગો ઉભાં થઇ જાય છે. ૪૦ આદિપુરૂષ નારાયણ જેમ દેવલોકની રક્ષા કરે છે, તેમ આપ વ્રજના ભયને અને પીડાને હરવા જન્મ્યા છો. !

શુકદેવજી કહે છે કે—આવાં તેમનાં દીન વચન સાંભળીને યોગેશ્વરોના. ઈશ્વર એવા ભગવાન શ્રીકૃષ્ણ હસીને આત્મારામ છતાં દયાથી તેમને આનંદ આપવા લાગ્યા. એકઠી થયેલી અને શ્રીકૃષ્ણનાં દર્શનથી જેમનાં મુખ પ્રફુલ્લિતં થયાં હતાં એવી વ્રજની સ્ત્રીઓથી વિંટળાયલા જેમનું હાસ્ય તથા દાંત ડોલરની કળીઓ જેવા કાંતિમાન હતા એવા ભગવાન ચન્દ્રમાની પેઠે શોભવા લાગ્યા.૪૩

મેંડકે સ્ત્રીઓનાં ટોળાંના અધિપતિ શ્રીકૃષ્ણ કંઠમાં વૈજયંતી માળા ધારણ કરી ઉંચે સ્વરે ગાતા અને વનને શોભાવતા ચારે તરફ ફરવા લાગ્યા. સ્ત્રીઓ તેમના યશનું ગાન કરવા લાગી. ૪૪ ભગવાન ગોપીઓની સાથે ફરતા ફરતા શીતળ વેળુવાળા યમુનાના તીરઉપર ગયા અને નદીના તરંગોથી આનંદ પામતા કુમુદોની સુગંધવાળા વાયુમાં રમવા લાગ્યા. ૪૫ હાથ લાંબા કરવા ભેટવું હાસ્યનાં વચનો કહેવાં, જોવું ને હસવું વગેરેથી તેમના ઉત્સાહને વધારતા ભગવાન રમવા લાગ્યા. ૪૬ મહાત્મા તથા માની એવા શ્રીકૃષ્ણ ભગવાનથી સન્માન પામી ગોપીઓ પૃથ્વી ઉપર પોતાને સર્વ સ્ત્રીઓ કરતાં ઉત્તમ માનવા લાગી. ૪૭ બ્રહ્માને તથા રૂદ્રને પણ વશ કરનાર ભગવાન તેમના મદને તથા અભિમાનને જોઇ ત્યાંથી એકદમ અંતર્ધાન થઇ ગયા. ૪૮

तासां तत्सौभगमदं वीक्ष्यमानं च केशवः ।
प्रशमाय प्रसादाय तत्रैवांतरधीयत ॥ ४८ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
एकोनत्रिंशोऽध्यायः

અધ્યાય ૩૦ મો.†

શ્રીકૃષ્ણને શોધતી ગોપીઓ.

श्रीशुक उवाच

अंतर्हिते भगवति सहसैव व्रजांगनाः ।
अतप्यंस्तमचक्षाणा करिण्य इव यूथपम् १

શુકદેવજી કહે છે કે–ભગવાન અંતર્ધાન થયા કે તરત હાથણીઓ જેમ હાથીને નહિ જોવાથી ખેદ પામે તેમ ગોપીઓ ભગવાનને નહિ જોવાથી શોક કરવા લાગી૧ ભગવાનની ગતિ સ્નેહ મંદ મંદ હસવું લીલાનું જોવું મધુર ભાષણ તથા બીજા વિલાસોથી જેમનાં મન આકર્ષાએલાં હતાં એવી અને તેને લીધે ભગવદ્રૂપ થયેલી તેમણે ભગવાનની લીલાઓ કરવા માંડી. ૨ પોતાને પ્રિય શ્રી કૃષ્ણનું ચાલવું મંદ મંદ હસવું જોવું અને ભાષણ વગેરેમાં તન્મય થઈ ગયેલી ભગવાનની પેઠે ચેષ્ટા કરતી ભગવદ્રૂપ ગોપીઓ 'હું કૃષ્ણ છું' એમ પરસ્પર કહેવા લાગી. ૩ ગોપીઓ એકઠી મળીને ઉંચા સ્વરથી ભગવાનનાં ગીત ગાવા, ઉન્મત્તની પેઠે એક વનમાથી બીજા વનમાં તેમને શોધવા તથા આકાશની પેઠે સર્વ પદાર્થોની અંદર અને બહાર રહેલા ભગવાનના સમાચાર વૃક્ષોને પૂછવા લાગી. ૪

હે પિંપળા ! પ્રેમપૂર્વક હસવાથી તથા જોવાથી અમારાં ચિત્તને ચોરીનેનાસી ગયેલા કૃષ્ણને તમે દીઠા છે ? ૫ હે પુન્નાગ ! હે ચંપક ! માનવતી સ્ત્રીઓના માનને હરણ કરનાર મંદહાસ્યવાળા શ્રીકૃષ્ણ અહીં તમારી પાસેથી નીકળ્યા ?૬ હે તુલસી ! ભ્રમરોની સાથે તને ધારણ કરનાર તથા તને અત્યંત પ્રિય શ્રીકૃષ્ણ જોવામાં આવ્યા છે? હે મલ્લિકા ! તમે ભગવાનને દીઠા ? અને માધવ તમને હાથના સ્પર્શથી પ્રસન્ન કરતા અહીંથી ગયા ? ૮ હે આંબા ! તથા બીજાં પરોપકાર માટે જન્મ ધરનાર યમુનાના તીર ઉપર ઉગેલાં વૃક્ષો ! અમને ભાન વિનાનાને શ્રીકૃષ્ણનો માર્ગ બતાવો. ૯ હે પૃથ્વી ! તેં કયું તપ કર્યું છે કે ભગવાનનાં ચરણનો સ્પર્શ થવાથી તેને આનંદ થાય છે. આ આનંદ હમણાં ભગવાનના ચરણનો સ્પર્શ થવાથી થયો છે, અથવા વામનાવતારમા ભગવાને પૃથ્વી ભરતી વેળા ચરણ મૂકવાથી થયો છે, અથવા વરાહવતાર ધારી ભગવાનના શરીરના આલિંગનથી થયો છે ?૧૦ હે મૃગલી ! પોતાના અવયવોથી નેત્રને આનંદ આપતા ભગવાન પ્રિયતમા સાથે અહીં તમારી પાસે આવ્યા હતા ? કેસરથી રંગાયેલી શ્રીકૃષ્ણે પહેરેલી ડોલરની માળાની સુગંધ આવે છે. ૧૧ હે

† આ અધ્યાયમાં ઉન્મત્તની પેઠે નિયમ વિના વને વન ફરતી વિરહથી તપેલી ગોપીઓ ભગવાનને શોધવા લાગી, તે કથા કહેવામાં આવે છે.

વૃક્ષો ! એક હાથ પ્રિયતમાના ખભા ઉપર રાખી બીજા હાથમાં કમલ લઇ અહીં ફરતા તથા મદથી આંધળા થઇ ગયેલા તુલસીના ભમરાઓ જેમની પાછળ ઉડયા કરે છે, એવા ભગવાન સ્નેહદૃષ્ટિ કરતા શું તમારા પ્રણામને સ્વીકારે છે ? ૧૨ હે સખીઓ ! આ લતાઓ શ્રીકૃષ્ણને અવશ્ય મળેલી હોવી જોઇએ, કારણ કે પોતાના પતિ વનસ્પતિના બાહુને આલિંગેલી છે છતાં પણ ભગવાનના નખનો સ્પર્શ થવાથી રોમાંચિત લાગે છે, માટે તેમને શ્રીકૃષ્ણનો સમાગમ થયો લાગે છે. ૧૩

શુકદેવજી કહે છે કે—શ્રીકૃષ્ણ ભગવાનને શોધતાં વિહ્વલ થયેલી ગોપીઓ ઉન્મત્તની પેઠે બોલતી ભગવાનમય થઇ ગઇ, અને ભગવાનની લીલાઓનું અનુકરણ કરવા લાગી. ૧૪ શ્રીકૃષ્ણરૂપ થયેલી ગોપી પૂતનારૂપ ગોપીને ધાવવા મંડી. બાળકરૂપ થઇને પારણે પોઢેલી એક ગોપીએ ગાડારૂપ થયેલી બીજી ગોપીને પાટુ મારી. ૧૫ કોઇ ગોપી દૈત્યરૂપ થઇ ભગવાનની બાળક અવસ્થાની ભાવનાવાળી બીજી ગોપીને હરી ગઇ. કોઇ ગોપી ઘુઘરીઓના ખણખણાટ સાથે પોતાના બે પગે રિંખવા લાગી. ૧૬ કોઇ ગોપીઓ શ્રીકૃષ્ણ તથા બળદેવરૂપ થઇ અને કેટલીક ગોપીઓ ગોવાળિયારૂપ થઈ, એક ગોપીએ વાછડાનું રૂપ લેનારી ગોપીને મારી અને એક ગોપીએ બગલારૂપ થયેલી બીજી ગોપીને મારી. ૧૭ કોઇએ શ્રીકૃષ્ણની પેઠે દૂર ગયેલી ગાયોને બોલાવી શ્રીકૃષ્ણનું અનુકરણ કર્યું અને વેણુ વગાડી વિહાર કરવા લાગી, તે ગોપીની બીજી ગોપીઓ 'બહુ સારૂં, ઠીક થયું ' એમ પ્રશંસા કરવા લાગી. ૧૮ કોઇ બીજી ગોપીના ઉપર પોતાનો હાથ મૂકીને ભગવાનમાં જેનું મન લાગ્યું હતું એવી ચાલતી ચાલતી બોલી કે—'હું કૃષ્ણ છું ' મારી મનોહર ચાલ જુઓ ! !૧૯ એક ગોપી તમે વાયુ તથા વરસાદથી ડરશો નહિ મેં તમારૂં તેનાથી રક્ષણ કર્યું છે, એમ કહીને પ્રયત્નપૂર્વક એક હાથવતી પોતાના વસ્ત્રને ઉંચું કરવા લાગી. ૨૦ એક ગોપી બીજી ગોપીના ઉપર ચઢી પગવતી તેનું મસ્તક દબાવી બીજી ગોપીને કહે છે કે—' અરે દુષ્ટ સર્પ ! અહીંથી જા. હું ખળ લોકોને શિક્ષા કરવા અવતર્યો છું. ૨૧ તેઓમાં બીજી ગોપી બોલી કે—' હે ગોપ ! આ ભયંકર દાવાનળ જુઓ, તમે તમારી આંખો ઝટ મિંચી દો. હું તમારૂં પરિશ્રમ વિના કલ્યાણ કરીશ. ૨૨ ત્યાં આગળ એક ગોપીએ કોઇ એક પાતળાં અંગવાળી ગોપીને માળાથી ખાંડણીઆ સાથે બાંધી અને મનોહર દૃષ્ટિવાળી તથા ભયભીત થયેલી તે ભયનું અનુકરણ કરવા લાગી. ૨૩ વૃંદાવનની લતાઓને તથા વૃક્ષોને શ્રીકૃષ્ણના સમાચાર પૂછતી ગોપીઓએ વનના પ્રદેશમાં પરમાત્મા શ્રીકૃષ્ણનાં પગલાં દીઠાં. ૨૪ ગોપીઓ તેથી પરસ્પર કહેવા લાગી કે—ધ્વજા કમળ વજ્ર અંકુશ તથા યવ આદિ રેખાનાં ચિહ્નો ઉપરથી આ પગલાં શ્રીકૃષ્ણનાં જણાય છે. ૨૫ પરસ્પર આમ કહ્યા પછી તે ભગવાનનાં પગલાં ઉપરથી ભગવાનના માર્ગને શોધતી આગળ ગઈ કે ભગવાનનાં પગલાં બીજાંનાં પગલાંની સાથે સેળભેળ થયેલાં દીઠાં. તે જોઇ ગોપીઓ આતુર થઇને બોલી કે—અરે હાથણી જેમ હાથીની સાથે જાય તેમ નંદરાયના પુત્રની સાથે જનારી અને ભગવાનના ખભા ઉપર પોતાનું કાંડું મૂકનાર ગોપીનાં આ પગલાં હશે. ૨૭ આ ગોપીએ ભગવાન શ્રીહરિની ખરેખર આરાધના કરેલી હોવી જોઇએ; કારણ કે પ્રસન્ન થયેલા ગોવિંદ આપણો ત્યાગ કરી તેને એકાંતમાં લઇ ગયા છે. ૨૮ હે સખીઓ ! ભગવાનના ચરણકમળની રજ કેટલી પવિત્ર કે જે ચરણકમળની રજને બ્રહ્મા શંકર તથા લક્ષ્મી

મસ્તક ઉપર ધારણ કરે છે, આપણે જો આ રજમાં ન્હાઈએ તો જેમ બ્રહ્માદિકને ભગવાન મળ્યા તેમ આપણને પણ મળે. ૨૯ જે ગોપી એકલી ભગવાનને એકાંતમાં લઈ ગઈ તેને ધન્ય છે. સર્વ ગોપીઓના સમભાગરૂપ શ્રીકૃષ્ણના અધરામૃતનું પાન કરે છે, તે ગોપીનાં આ પગલાં ભગવાનનાં પગલાંની સાથે મળેલાં છે, તે અમારા અંતઃકરણમાં ઘણો ક્ષોભ ઉપજાવે છે. ૩૦ આગળ જઈ પેલી ગોપીનાં પગલાં ન દેખાવાથી પરસ્પર કહે છે કે-અહીં પેલી સ્ત્રીનાં પગલાં જોવામાં આવતાં નથી. અંકુરોથી તેનાં મનોહર ચરણના તળીયાં તળવાઈ જતાં શ્રીકૃષ્ણે તેને ખભા ઉપર બેસારી હશે. ૩૧ અહીં ભગવાને તેને માટે પુષ્પ ચુંટેલાં જણાય છે. ફૂલ ચુંટવા પગના કણ ઉપર ઉભા રહેવાથી તે અધુરાં પડેલાં છે. ૩૨ અહીં ભગવાને તેના કેશ ગુંથેલા છે કારણ કે, શ્રીકૃષ્ણ પોતાની પ્રિયાના કેશમાં પુષ્પોને ગુંથતા અહીં અવશ્ય બેઠેલા હોવા જોઈએ.

શુકદેવજી કહે છે કે-ભગવાન પોતાથી પ્રસન્ન થનારા પોતામાં રમનારા અને સ્ત્રીઓથી લલચાય નહિ એવા હતા તોપણ પુરૂષોની દીનતા તથા સ્ત્રીઓની દુષ્ટતા દર્શાવવા તેની સાથે રમતા હતા. ૩૪ જે ગોપીને તે લઇ ગયા તે વિના બીજી ગોપીઓ ઉપર કહ્યા પ્રમાણે એક બીજીને ભગવાનના પગલા બતાવતી વનમાં ફરતી. ૩૫ ભગવાન જેને એકાંતમાં લઇ ગયા હતા તે બીજી ગોપીઓ કામનાવાળી છતાં તેમનો ત્યાગ કરીને આ પ્રિય શ્રીકૃષ્ણ મને અનુકૂલ રહે છે, એવો વિચાર કરીને સર્વ સ્ત્રીઓમાં પોતાને ઉત્તમ માનવા લાગી. ૩૬ વનના પ્રદેશમાં આગળ જઈને તે ગર્વિષ્ઠ સ્ત્રીએ શ્રીકૃષ્ણને કહ્યું કે-હું ચાલી શકતી નથી, જ્યાં આગળ તમારી રૂચિ હોય ત્યાં આગળ મને લઈ જાઓ. ૩૭ આ પ્રમાણે કહ્યું એટલે શ્રીકૃષ્ણે તેને કહ્યું કે-મારા ખભા ઉપર બેસ. પછી પેલી સ્ત્રી જેવી શ્રીકૃષ્ણના ખભા ઉપર બેસવા ગઈ કે શ્રીકૃષ્ણ અંતર્ધાન થઇ ગયા, અને તે પશ્ચાત્તાપ કરવા લાગી કે-હે નાથ! હે રમણ! તમે કયાં છો? તમારી દાસીને દર્શન આપો ૩૯

શુકદેવજી કહે છે કે-ભગવાનના માર્ગની શોધ કરતી બીજી ગોપીઓ વનમાં ફરતી ફરતી આવતી હતી.તેઓએ પાસેના ભાગમાં પ્રિય વિરહથી ગભરાયેલી અને દુઃખી થયેલી પોતાની સખીને દીઠી ૪૦ તેણે ભગવાન પાસેથી પોતાને મળેલુ માન તથા દુષ્ટતાથી થયેલું અપમાન કહ્યુ તે સાંભળીને ગોપીઓ આશ્ચર્ય પામી. ૪૧ ચંદ્રમાનુ અજવાળું હતું ત્યાં સુધી વનમા આગળ ગઇ અને અંધારૂં જોઇ પાછી વળી ૪૨ ગોપીઓનાં મન ભગવાનમાં લાગી રહેલાં હતાં, તેઓ ભગવાનની લીલા સંબંધી વાતો કરતી ભગવદ્રૂપ થઇ ગઇ. ભગવાનની પેઠે ચેષ્ટા કરતી અને ભગવાનના ગુણોને ગાતી તેથી તેઓ પોતાનાં ઘરબાર સંભારતી ન હતી ૪૩ શ્રીકૃષ્ણનુ ધ્યાન કરતી ગોપીઓ યમુના નદીના તીર ઉપર આવી અને શ્રીકૃષ્ણના આગમનની આશાથી સર્વે એકઠી થઇને બેઠી.

पुनः पुलिनमागत्य कालिंद्याः कृष्णभावनाः।
समवेता जगु कृष्ण तदागमनकांक्षिताः॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे त्रिंशोध्यायः

અધ્યાય ૩૧ મો.†

ગોપીઓનું વિલપન.

गोपिका ऊचुः

जयति तेऽधिक जन्मना व्रजः
श्रयत इंदिरा शश्वदत्र हि ।
दयित दृश्यतां दिक्षु तावका
स्त्वयि धृतासवस्त्वां विचिन्वते ॥१॥

ગોપીઓ તમારા જન્મથી વ્રજનો

† આ અધ્યાયમા નિરાશ થઈ યમુના તટ ઉપર આવેલી ગોપીઓ ભગવાનને યાદ કરી જે વિલપન કરવા લાગી તે કથા કહેવાય છે

અધિક વિજય થયો છે, અને તેને લીધે અહીં લક્ષ્મીજી નિત્ય વાસ કરી વ્રજને શોભા આપે છે. વ્રજ આનંદમા છે, ત્યારે જેઓએ તમારે માટે પ્રાણ ધારણ કરેલા છે એવી તમારી ગોપીઓ તમને દિશાઓમાં શોધતી ફરે છે, માટે આપ તેમને દર્શન દ્યો હે વરદ! શરદ્ ઋતુના સરોવરમાં ઉત્પન્ન થયેલાં કમળના ગર્ભની શોભાને હરણ કરનાર નેત્રવડે તમે અમને અણમોલ દાસીઓને મારોછો તે શું તમે વધ કરતા નથી? શસ્ત્રથી કરેલો વધ વધ, કહેવાય અને દૃષ્ટિથી કરેલો વધ પણ વધ જ કહેવાય, માટે દૃષ્ટિવડે હરી લીધેલા અમારા પ્રાણ પાછા અમને આપવા તમે દર્શન આપો. ૨ હે નાથ! ઝેરી પાણીના ભયથી અઘાસુરથી વંટોળીઆ વાયુથી વીજળીઓ ને અગ્નિથી અરિષ્ટાસુરથી વ્યોમાસુરથી તથા બીજા પણ સર્વ પ્રકારના ભયથી તમે વારવાર ઉગર્યા અને હમણાં અમારી ઉપેક્ષા કેમ કરો છો? ૩ હે મિત્ર! તમે કંઈ યશોદાપુત્ર નથી, પરંતુ તમે તો સર્વ પ્રાણીઓની બુદ્ધિના સાક્ષી છો. તમે બ્રહ્માની પ્રાર્થના ઉપરથી વિશ્વની રક્ષા કરવા યાદવના કુળમાં અવતર્યા છો. ૪ તમારો હસ્તકમળ સંસારના ભયમાંથી તમારાં ચરણને શરણે આવનારને અભય આપનારો મનોરથો પૂરનારો તથા લક્ષ્મીનો કર ગ્રહણ કરનાર હોવાથી અમારા મસ્તક ઉપર ધરો ૫ હે વ્રજવાસીઓની પીડા હરનાર! અમે તમારી દાસીઓ છીએ, તેઓને ભજો અને તેમા પણ પ્રથમ તો અમને તમારૂં મનોહર મુખકમળ દેખાડો. ૬ તમારૂં ચરણ પ્રણામ કરનાર પ્રાણીઓના પાપને હરનાર દયાથી પશુઓની પાછળ જનારૂં સૌભાગ્યથી લક્ષ્મીના નિવાસરૂપ તથા પરાક્રમવડે કાલીય નાગની ફેણ ઉપર મૂકેલું, તે ચરણકમલ અમારા અંગ ઉપર મૂકો અને અમારા ઉત્તાપને દૂર કરો. ૭ સુંદર વાક્યોવાળી તથા વિદ્વાનના મનને રૂચે એવી તમારી મધુર વાણીથી મોહ પામતી આ દાસીઓને દર્શનથી જીવાડો. ૮ તમારી કથા અમૃત રૂપ છે, સંતાપ પામેલાઓને નવું જીવન આપનારછે. બ્રહ્મવેત્તા બ્રહ્માદિક પણ દેવતાઓના અમૃતને તુચ્છ ગણીને તમારી કથારૂપી અમૃતનું વખાણ કરે છે. તમારી કથારૂપી અમૃત કામ તથા કર્મનો નાશ કરનાર છે ત્યારે દેવતાઓનું અમૃત કામ તથા કર્મને વધારનારૂં છે. તમારી કથારૂપી અમૃત શ્રવણથી કલ્યાણ કરે છે અને દેવતાઓનું અમૃત યજ્ઞયાગાદિક કરીએ ત્યારે મળે છે. તમારી કથારૂપી અમૃત શાંત છે અને દેવતાઓનું અમૃત માદક છે. આવા તમારી કથારૂપી અમૃતને જેઓ પૃથિવી ઉપર વિસ્તારથી ગાય છે, તેઓને અમે પુણ્યશાળી માનીએ છીએ. જેઓ કેવળ મારી કથારૂપી અમૃતનાં વખાણ કરે છે, તે પણ મહા ભાગ્યશાળી છે, ત્યારે જેઓ તમારાં દર્શન કરે છે, તેઓ ભાગ્યશાળી હોય તેમાં શું આશ્ચર્ય, માટે હે કૃષ્ણ! આપ દર્શન આપો એવી અમારી પાર્થના છે. ૯ તમારૂં હસવું પ્રેમનું જોવું, ધ્યાનમાં સુખકારક વિહાર અને હૃદયમાં લાગી રહેલી એકાંતની સંકેત વાર્તાઓ સાભરતા અમારા મનને ક્ષોભ થાય છે, માટે તમારી કથાનું શ્રવણ સુખકારી છે, તોપણ તેથી અમારૂં મન શાંત થતું નથી, ૧૦ તમે જ્યારે પશુઓને ચારવા વ્રજમાંથી વૃંદાવનમાં પધારો છો ત્યારે તમારાં કમળ જેવા કોમળ ચરણો કાંકરીઓ ઘાસ તથા અંકુરોથી ક્લેશ પામતા હશે, એમ ધારી અમને ચિંતા થાય છે. ૧૧ આજે કાળા કેશથી વિંટાયલા અને ગાયોનાં ચરણની રજ ઉડવાથી ધુસરા થયેલા ભમરોથી ઘેરાયલા અને પરાગથી ધુસરા થયેલા કમળ જેવા મુખને ધારણ કરતા આપનું મનોહર મુખ દેખાડી અમારા મનમાં વારંવાર દર્શનભાવ ઉત્પન્ન

થાવ છો. ૧૨ હે રમણ! તમે હવે કપટને દૂર કરી પ્રણામ કરનારાઓની કામના પૂરનારૂં, બ્રહ્માએ પૂજેલું પૃથ્વીના શણગારરૂપ આપત્તિ સમયે ધ્યાન કરવાથી આપત્તિ દૂર કરનાર અને સેવાસમયે સુખકારી તમારૂં ચરણકમળ અમારા ઉત્તાપની શાંતિ માટે અમારાં હૃદય ઉપર ધરો. ૧૩ શેકનો નાશ કરનાર સ્વરવાળી વાંસળીએ મનોહર રીતે ચુંબિત તથા મનુષ્યોને ચક્રવર્તીનાં સર્વ સુખો ભુલાવી દેનારૂં અધરામૃત પાઓ.૧૪ તમે જ્યારે દિવસે વનમાં ફરો છો ત્યારે તમારાં દર્શન ન થવાથી અમને ત્રુટી જેટલો સમય પણ એક યુગ જેટલો થઇ પડે છે, અને સાયંકાળે પાછું તમારૂં વાંકડીઆ કેશ વાળું સુંદર મુખ જોઇએ છીએ ત્યારે અમને વચ્ચે પાંપણો નડવાથી તમારો વિરહ થાય છે માટે નેત્રોના ઉપર પાંપણો કરનાર બ્રહ્મા ખરેખર મૂર્ખ છે. તમારો વિયોગ એક નિમેષ માત્ર પણ સહન થાય નહિ એવો છે. ૧૫ હે અચ્યુત! અમે પતિ પુત્ર સંબંધીઓ ભાઇઓ વગેરેનું ઉલ્લંઘન કરી તમારી પાસે આવ્યાં છીએ. તમારા ગીત ઉપર મોહિત થયાં છીએ અને તમે અમારા આવવાના કારણને જાણો છો. રાત્રિને વખતે તમારા વિના બીજો કયો પુરૂષ સ્ત્રીઓનો ત્યાગ કરે ?૧૬ એકાંતમાં થયેલી સંકેતની વાતચીત તેથી થયેલો કામનો ઉદય તમારૂં હસતું મુખકમળ પ્રેમપૂર્વક જોવું અને લક્ષ્મીના સ્થાનરૂપ તમારૂં મોટું ઉરસ્થળ સર્વ તરફ નજર કરીને અમને વારંવાર અત્યંત ઇચ્છા થાય છે અને અમારૂં મન મોહ પામે છે.૧૭ હે કૃષ્ણ! આપનું પ્રાકટ્ય વ્રજવાસી અને વનવાસીઓનાં દુઃખ હરનારૂં છે, જગતનું પરમ મંગળ કરનારૂં છે, માટે ભક્તોના દોષનો જે નાશ કરે છે તે અત્યંત ગુપ્ત ઔષધ તમે જ જાણો છો. ૧૮ હે પ્રિય! અમે તમારા ચરણકમળને અમારા કઠણ હૃદય ઉપર ધીરેથી ધારણ કરીએ છીએ. તે ચરણવડે તમે વનમાં ફરો છો તે વેળા તે ઝીણી ઝીણી કાંકરીઓથી શું પીડા પામતું નહિ હોય એવા વિચારથી તમે જેમનું જીવન છો, એવી જે અમે તેઓની બુદ્ધિ મુંઝાય છે. ૧૯

यत्ते सुजात चरणांबुरुहं स्तनेषु
भीताः शनैः प्रिय दधीमहा कर्कशेषु।
तेनाटवीमटसि तद्व्यथते न किंस्वित
कूर्पादिभिर्भ्रमति धीर्भवदायुषा नः॥
इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
एकत्रिंशोऽध्यायः

અધ્યાય ૩૨ મો.‡

શ્રીકૃષ્ણે આપેલું દર્શન.

श्रीशुक उवाच

इति गोप्यः प्रगायंत्यः प्रलपंत्यश्च चित्रधाः।
रुरुदुः सुस्वरं राजन् कृष्णदर्शनलालसाः॥

શુકદેવજી કહે છે કે–હે રાજન! શ્રી કૃષ્ણના દર્શનની લાલસાથી ઉપર પ્રમાણે ગાતી તથા અનેક રીતે વિલાપ કરતી ગોપીઓ રાગ કાઢીને રડવા લાગી. પીતાંબર તથા પુષ્પની માળા ધારણ કરનાર સાક્ષાત્ કામના પણ કામ શ્રીકૃષ્ણ હસતે મુખે ગોપીઓની વચ્ચે પ્રગટ થયા. ૨ શ્રી ષ્ણને જોઇને પ્રીતિથી પ્રફુલ્લિત દૃષ્ટિવાળી ઓ પ્રાણને જોઇને જેમ ઈંદ્રિયો સચેત થાય તેમ ઉભી થઇ. ૩ ગોપીઓમાંથી કોઇક ગોપીએ પ્રીતિથી ભગવાનનો હસ્ત પોતાની અંજલિવડે હર્ષથી ગ્રહણ કર્યો. કોઇએ ચંદનવડે શોભાયમાન ભગવાનના હાથને પોતાના ખભા ઉપર મૂકયો. ૪ કોઇએ ભગવાનનું ચાવેલું પાન પોતાના હાથમાં લઇ લીધું, તપી ગયેલી કોઇ ગોપીએ ભગવાનનાં ચરણકમળ તળાંસવા માંડયાં. ૫ પ્રણયકોપને

‡ આ અધ્યાયમા ગોપીઓના વિરહવચનો સાભળી જેમનુ હૃદય પીગળી ગયું હતુ એવા શ્રીકૃષ્ણે પ્રગટ થઇ તેઓને શાંત કરી, એ કથા કહેવાશે.

લીધે ગોપી દાંતવતી અધર ડસી ભ્રમર ચઢાવી જાણે પ્રહાર કરતી હોય તેમ શ્રીકૃષ્ણને જોવા લાગી. ૬ અનિમેષ આંખોથી ભગવાનને જોતી કોઈ મુખારવિંદને સારી પેઠે જોવા છતાં પણ સત્પુરૂષો જેમ તેમના ચરણને સેવતાં તૃપ્ત ન થાય તેમ તૃપ્ત થતી ન હતી. ૭ શ્રીકૃષ્ણને નેત્રરૂપી છિદ્રવડે પોતાનાં હૃદયમાં ધારણ કરી રોમાંચિત થયેલી કોઇ આલિંગન કરી આંખો મિંચીને યોગીની પેઠે આનંદમાં મગ્ન થઈ ગઈ.

આ પ્રમાણે શ્રીકૃષ્ણનાં દર્શન કરવાથી થયેલા આનંદવડે પરમ સુખ પામેલી સર્વ ગોપીઓએ સંસારી મનુષ્યો જેમ બ્રહ્મવેત્તાને પામીને સંતાપનો ત્યાગ કરે અથવા વિશ્વ અને તૈજસ જીવ સુષુપ્તિના સાક્ષી પરમાત્માને પામીને તાપનો ત્યાગ કરે તેમ વિરહના તાપનો ત્યાગ કર્યો. ૯ હે રાજન! તે સમે શોક રહિત થયેલી ગોપીઓથી પરિવૃત્ત ભગવાન જેમ સત્વાદિક શક્તિઓથી શોભે તેમ શોભવા લાગ્યા. ૧૦ ભગવાન તેમને સાથે લઇને યમુનાના તીર ઉપર ગયા. ઉઘડી ગયેલા ડોલર તથા મંદારના પુષ્પોની સુગંધીવાળા પવનોથી ત્યાં ભ્રમરો ઉડતા હતા. ૧૧ શરદ્ ચંદ્રનાં કિરણોના સમુદાયથી રાત્રીનું અંધારૂં નાશ પામ્યું હતું, યમુના તટ સુંદર દેખાતો હતો અને ચંચળ તરંગોએ તટ ઉપર કોમળ રેતી પાથરી દીધી હતી. ૧૨ કર્મકાડમાં પરમાત્માનાં દર્શન ન થવાથી શ્રુતિ તે કામનાઓથી અપૂર્ણ જેવી થઈ પડે છે, પરંતુ શ્રુતિઓ જ્ઞાનકાંડમાં પરમાત્માના દર્શન કરી તેના આનંદથી પરિપૂર્ણ થઇ કામનાનો ત્યાગ કરે છે, તેમ ગોપીઓ ભગવાનનાં દર્શન ન થવાથી આતુર થઇ હતી, તેમણે દર્શન કરી આનંદને લીધે હૃદયના સર્વ તાપને મૂકી દીધો. પૂર્ણ કામનાવાળી થયા છતાં ગોપીઓએ અંતર્યામી ભગવાનને પોતાની ચુંદડીઓનું આસન કરી બેસાર્યા. ગોપીઓએ માન આપેલા ગોપીઓની વચ્ચે બેઠેલા ત્રણ લોકની શોભાના એક સ્થાનરૂપ શરીરને ધારણ કરનાર ભગવાન યોગેશ્વરના અંતઃકરણમાં આસન કરતા હતા, તે આ આસન ઉપર બેઠા. પછી ગોપીઓ હાસ્ય તથા લીલા સાથે જોવાથી વિલાસ કરતી ભ્રુકુટીવડે અને ખોળામાં લીધેલાં ચરણ તથા હાથને ચાંપવાવડે, કામને ઉદ્દીપન કરનાર ભગવાનનો સત્કાર કરી વાર્તા પ્રસંગ નીકળતાં જરાક કોપ કરીને ભગવાનને પૂછવા લાગી. ૧૫ હે નાથ! કેટલાક ભજનારાઓને ભજે છે અને કેટલાક ભજનાર તથા ન ભજનાર બંનેને ભજતા નથી માટે તમે અમોને ભક્તિનો પ્રભાવ કહો. ૧૬

ભગવાન કહે છે કે—હે સખીઓ! જેઓ ઉપકાર પ્રત્યુપકારરૂપે પરસ્પરને ભજે છે, તેઓ બીજાને ભજતા નથી, પરંતુ પોતાને ભજે છે, કારણ કે તેઓનું ભજન કેવળ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવામાં ઉદ્યમરૂપ હોય છે, તેમને તેમાં પ્રીતિ હોતી નથી તેમ સુખ પણ હોતું નથી. ગાય ભેંસની સેવાની માફક સ્વાર્થ માટે સેવા હોવાથી તેમાં ધર્મ પણ હોતો નથી. ૧૭ જેઓ ન ભજનારને ભજે છે તેઓના બે પ્રકાર છે. એક દયાળુ અને બીજા માતા પિતાની પેઠે વાત્સલ્યથી દયાળુ થઇ રહેનાર. ભજનારાઓમાં નિર્દોષ ધર્મ રહેલો છે અને સ્નેહાળ થઇને ભજનારાઓમાં પ્રીતિ રહેલી છે. જેઓ ભજનારને ભજતા નથી, ત્યારે ન ભજનારાઓને કયાંથી ભજે? આ રીતે ભક્તના ચાર પ્રકાર છે. એક આત્મારામ બીજા પૂર્ણકામ ત્રીજા અકૃતજ્ઞ તથા ચોથા ગુરૂદ્રોહી છે. ૧૯ હે સખીયો! હું તેઓમાંનો એક પણ નથી, હું તો પરમ દયાળુ તથા તમારો પરમ મિત્ર છું, કારણ કે—હું ભજન કરનારાઓનું ધ્યાન નિત્ય રહેવા ભજનારાઓને ભજતો નથી. હે અબ-

ગોપીઓ ! નિર્ધન મનુષ્ય જેમ પોતાને મળેલું ધન નાશ પામતાં તેની ચિંતાથી વ્યાપ્ત થઈ ભૂખ તરસ કંઇ જોતો નથી. તેનું ધ્યાન ધનમાં જ રહે છે, તેવી રીતે યોગ્યાયોગ્ય ન જોવાથી લોકનો ધર્માધર્મ ન જોવાથી વેદનો તથા સ્નેહનો વિચાર ન કરવાથી સંબંધીનો મારે માટે ત્યાગ કરનારીઓ જે તમે, તેમને નિત્ય મારૂં ધ્યાન રહેવા હું અંતર્ધાન થઇ ગયો હતો; પરંતુ તમે જે પ્રેમનાં વચનોથી ભાવ પ્રદર્શિત કર્યો તે હું સાંભળતો હતો. કૈતવ કરનાર એવો જે હું તેના ઉપર તમારે દોષારોપ કરવો નહિ, એ વાત તો એક તરફ રહી પરંતુ ખરી વાત કહું તે સાંભળો, તમે મારી સાથે રહો. તમે કરેલા ઉપકારનો હું દેવતાઓના આયુષ્યવડે બદલો વાળી શકુ તેમ નથી. તમે ઘરરૂપી અભેદ્ય સાકળને સમુળગી તોડી નાખી મારી સેવા કરો છો. તમારા ઉત્તમ કાર્યનો બદલો તમારા પોતાના ઉત્તમ કાર્યથી વળી ગયો છે અને તમારા પોતાના ઉપકારથી હું ઋણમુકત થયો નથી.

न पारयेऽहं निरवद्यसंयुजां
स्वसाधुकृत्यं विबुधायुषापि वः ।
या माऽभजन दुर्जरगेहशृंखलाः
संवृश्च्य तद्वः प्रतियातु साधुना ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कधे
द्वात्रिंशोध्याय.

અધ્યાય ૩૩ મો.

ગોપીઓ સાથે જળક્રીડા.

श्रीशुक उवाच.

इत्थं भगवतो गोप्य श्रुत्वा वाचः सुपेशलाः ।
जहुर्विरहजं तापं तदगोपाचिताशिषः ॥ १ ॥

શુકદેવજી કહે છે કે–હે રાજન ! ભગવાનની સુકોમળ વાણી સાંભળી ભગવાનના હાથ પગ વગેરે અંગસંગથી જેમના મનોરથ પૂર્ણ થયા હતા એવી ગોપીઓએ વિરહજન્ય તાપનો ત્યાગ કર્યો. પછી પોતાને અનુસરનારી પ્રસન્ન થયેલી અને એક બીજાના હાથ ઝાલીને ઉભી રહેલી ગોપીઓની સાથે ભગવાને રાસ ક્રીડાનો આરંભ કર્યો. ૨ ગોપીઓ મંડળાકારમાં ગોઠવાઇ યોગેશ્વર એવા શ્રીકૃષ્ણ ભગવાને યોગના પ્રભાવથી બબ્બે ગોપીઓની વચ્ચે પ્રવેશ કરીને રમવા માંડ્યું. સર્વ ગોપીઓ ભગવાન પોતાની પાસે છે એમ માનવા લાગી. ગોપીઓના મંડળથી શોભાયમાન રાસક્રીડા શરૂ થઇ. તેઓનાં ચિત્ત ઉત્સાહથી આકર્ષાયાં. સ્ત્રીઓ સહિત દેવતાઓનાં વિમાનોથી આકાશમાં છવાઈ રહ્યાં. ૪ દુંદુભિને નગારાં વાગવા માંડયાં. આકાશમાથી પુષ્પવૃષ્ટિ થઇ ગંધર્વો સ્ત્રીઓની સાથે ગાવા લાગ્યા. ૫ રાસમંડળમા શ્રીકૃષ્ણની સાથે સ્ત્રીઓનાં કડાંનો ઝાંઝરીઓનો ને ઘુઘરીઓનો ઘોષ થઇ રહ્યો ૬ ગોપીઓના મંડળમા રહેલા દેવકીપુત્ર શ્રીકૃષ્ણ સુવર્ણ અને મણિની વચ્ચે રહેલા મહાનીલ મણિની માફક શોભવા લાગ્યા ૭ પગ મૂકવા હાથ હલાવવા મંદ મંદ હસવા સાથે ભ્રૃકુટીના વિલાસો કરવા ભાગી પડે તેમ કેડોને વાકી વાળવી કુંડળોનું હાલવું, મુખ ઉપર પરસેવો વળી જવો, અંબોડાના તથા કટિમેખલાના બંધો છુટા પડી જવા વગેરે ચેષ્ટાઓથી શોભતી અને શ્રીકૃષ્ણના યશ ગાતી ગોપીઓ મેઘમંડલમાં જેમ વીજળીઓ શોભે તેમ અનેક રૂપે થયેલા શ્રીકૃષ્ણની વચ્ચે શોભવા લાગી. ૮ નાચતી અને રાગોથી મધુર કંઠવાળી રતિ ઉપર પ્રીતિવાળી અને ભગવાનના અંગોના સ્પર્શથી પ્રસન્ન થયેલા ગોપીઓ ઉંચા સ્વરથી ગાવા લાગી. ગીતથી આખું વિશ્વ ધ્વનિત ગયું. ગોપીઓ પોતાના સ્વરોની જાતિ ભગવાનના સ્વરોની સાથે મળી નહિ તેથી ધ્રુવ તાલ કરીને પોતાના સ્વરને ઉંચા કરવા લાગી.

* આ અધ્યાયમા ગોપીના મંડળની મધ્યમા રહેલા ભગવાને જળક્રીડા તથા વન ક્રીડા કરે છે તે કથા કહેવારો.

ભગવાને પ્રસન્ન થઇને તથા સાધુ સાધુ એમ કહીને સત્કાર કર્યો અને તેને ઘણું માન આપ્યું. ૧૦ રાસ રમવાથી થાકી ગયેલી અને જેનાં આભૂષણ અને વેણીનાં પુષ્પ શિથિલ થઇ ગયાં હતાં એવી ગોપીઓએ પોતાના હાથની બાજુએ ઉભેલા ભગવાનનો ખભો ઝાલી લીધો. ૧૧ કોઇ ગોપી કમળના જેવી સુગંધીવાળા ચંદનથી ચર્ચાએલા અને પોતાના ખભા ઉપર રહેલા શ્રીકૃષ્ણના હાથને સુંઘીને રોમાંચિત થઇ. ૧૨ કોઇ નાચવાથી ચલાયમાન થતાં કુંડળોની કાંતિથી શોભા પામતા ગંડસ્થળ શ્રીકૃષ્ણના ગંડસ્થળ સાથે લગાડતી હતી અને ભગવાન તેણે ચાવેલું પાન ચાવતા હતા. કોઈ નાચતી હતી, ગાતી હતી અને ઝાંઝરીઓ તથા કટિમેખલાઓના ઝણઝણાટ કરતી હતી. ગોપીએ થાકી જવાથી પાસે ઉભેલા શ્રીકૃષ્ણના કલ્યાણકારી હસ્તકમળને પોતાના સ્કંધ ઉપર મૂકયો.૧૪ આ રીતે ભગવાને જેમના કંઠમાં હાથ નાખેલા હતા એવી ગોપીઓ ભગવાનનો મહિમા ગાતી વિહાર કરવા લાગી. ૧૫ ગોપીઓ રાસમંડળમાં ભગવાનની સાથે નાચવા લાગી તેમના હાથના કંકણો તથા પગનાં ઝાંઝરોના શબ્દો વાદિત્રનું કામ કરતા અને તેમના કાનમાં પહેરેલાં કુંડળો ગાલ ઉપર આવી રહેલા કેશો અને પરસેવાથી તેમનાં મુખ શોભતાં હતાં. માથાના કેશમાંથી પુષ્પ ખરતાં તે જાણે તાલથી સંતુષ્ટ થયેલા કેશો પુષ્પની વૃષ્ટિ કરતા હોય એવા દેખાતા હતા ૧૬ ગોપીઓ જેમ ભગવાનની સાથે નૃત્ય કરતી તથા વિહાર કરતી હતી તેમ લક્ષ્મીપતિ ભગવાન બાળક જેમ પોતાના પ્રતિબિંબની સાથે ગમ્મત કરે તેમ આલિંગન હસ્તસ્પર્શ સ્નેહભર્યું જોવું ઉત્તમ પ્રકારના વિલાસો તથા હસવા વગેરેથી વ્રજની સુંદરીઓ સાથે વિહાર કરવા લાગ્યા. ૧૭ ભગવાનના અંગસંગના આનંદથી વિહ્વળ ઇન્દ્રિયવાળી અને જેમની માળા તથા આભરણો ફાટી તૂટી ગયાં હતાં એવી ગોપીઓ પોતાના શિથિલ કેશ અને ચુંદડીઓને સંકોરવા લાગી. આભરણ સ્થાન ઉપરથી ખસી ગયાં. ૧૮ શ્રીકૃષ્ણ ભગવાનની રાસક્રીડા જોઇને દેવતાઓની સ્ત્રીઓ મોહ પામી અને ચંદ્રમા પોતાના ગ્રહ–નક્ષત્ર વગેરે મંડળ સાથે અતિ આશ્ચર્ય પામ્યો.૧૯ ભગવાનં પોતે આત્મારામ હતા, તોપણ જેટલી વ્રજની નારીઓ હતી તેટલાં પોતાનાં સ્વરૂપ કરીને તેમની સાથે લીલા કરતા હતા. ૨૦ ભગવાન અતિ વિહારથી શ્રમિત થઇ ગયેલી વ્રજનારીઓના મુખને પોતાના પરમ કલ્યાણકારી હાથવડે લુછતા હતા. ૨૧ ચળકતાં સુવર્ણનાં કુંડલની તથા કેશની કપોળ ઉપર પડતી કાંતિથી તથા અમૃત ભરેલા હસવાથી અને જોવાથી ભગવાનને માન આપતી અને ભગવાનના નખના સ્પર્શથી પરમ સુખ પામતી ગોપીઓ ભગવાનનાં પુણ્યકર્મો ગાતી હતી.૨૨ નદીઓના અને પર્વતોના તટને તોડી પાડતો હાથી જેમ હાથણીઓની સાથે પોતાનો શ્રમ દૂર કરવા પાણીમાં પ્રવેશ કરે, તેમ લોક અને વેદની મર્યાદાનું ઉલ્લંઘન કરનાર થાકી ગયેલા ભગવાન ગોપીઓની સાથે પોતાનો શ્રમ દૂર કરવા પાણીમાં ઉતર્યા. માળાના ભ્રમરો ગંધર્વપતિઓની પેઠે ગાવા લાગ્યા. ૨૩ તરૂણ ગોપીઓ અત્યંત હસતી ચારે તરફથી પાણી ઉછાળતી ભગવાનને અભિષેક કરવા લાગી. તેમના તરફ દૃષ્ટિ કરતા દેવતાઓ પુષ્પની વૃષ્ટિ સાથે સ્તુતિ કરવા લાગ્યા અને ભગવાન પોતે આત્મારામ છતાં મોટા હાથીની માફક જળક્રીડા કરવા લાગ્યા. ૨૪ જળક્રીડા કર્યા પછી મદ ઝરતો હાથી જેમ હાથણીઓની સાથે વનમાં વિહાર કરે, તેમ ભમરાઓ તથા સ્ત્રીઓનાં વૃંદથી પરિવૃત ભગવાન જળના અને સ્થળનાં પુષ્પોની મહ-

મઘતા પવનથી જેની દિશાઓ સુગંધીવાળી થઇ હતી, એવા યમુનાના ઉપવનમાં વિહાર કરવા લાગ્યા. ૨૫ સત્ય કામ ગોપીઓ જેમની ઉપર પ્રસન્ન હતી એવા ભગવાન ચંદ્રમાના કિરણોથી શોભી રહેલી રાત્રીઓમાં રાસ રમ્યા. ૨૬

પરીક્ષિતે પૂછ્યું કે-હે મુનિ! ભગવાન જગદીશ્વર ધર્મની સ્થાપના કરવા અને અધર્મનો નાશ કરવા આ જગતમાં બળદેવ સાથે અવતર્યા, તે ધર્મની મર્યાદાઓના કહેનાર કરનાર તથા રક્ષા કરનાર ભગવાને પરસ્ત્રીઓ સાથે આ શો અધર્મ કર્યો? હે મુનિ! ભગવાન યદુપતિ પૂર્ણ કામ હતા, તેમણે કરેલું આ અધર્મરૂપ કામ આવું નિંદાપાત્ર હોઇ કેમ પ્રશસ્ય કહેવાય. ૨૯

શુકદેવજી કહે છે કે-બ્રહ્મા ઇંદ્ર ચંદ્ર વિશ્વામિત્ર વગેરે સમર્થ પુરૂષોનાં ધર્મોલ્લંઘન તથા સાહસકર્મો આપણા જાણવામાં છે, પરંતુ અગ્નિને સર્વ વસ્તુ ખાવાથી જેમ દોષ લાગતો નથી તેમ મહા પુરૂષોને અધર્માચરણનો કે સાહસ કર્મનો દોષ લાગતો નથી. ૩૦ † દેહાદિકને આધીન રહેનાર પ્રાકૃત મનુષ્યે કદી મનથી પણ અધર્મ અથવા સાહસકર્મ કરવુ નહિ. શંકરે જેમ ઝેર પીધું હતું તેમ બીજો કોઇ મૂર્ખતાથી ઝેર પીએ તો મરી જાય. ૩૧ સદાચારનું પ્રમાણ શાસ્ત્રમાં છે તે નિરર્થક નથી, કારણ કે મહાત્મા પુરૂષોનું વચન પ્રમાણ છે, તે પ્રમાણે આચરવું જોઇએ. તેઓનું આચરણ તો કોઇકવાર પ્રમાણરૂપ ગણાય છે તેથી જે આચરણ તેમનાં પોતાનાં વચનોને અનુકૂળ હોય તેવાં આચરણ પ્રમાણે બુદ્ધિમાન પુરૂષે વર્તવું. ૩૨ દેહાભિમાન વિનાના મહાત્માઓને આ લોકમાં શુભ કર્મ કરવાથી કંઇ લાભ થતો નથી, તેમ અશુભ કર્મ કરવાથી કંઇ અનર્થ પણ થતો નથી. કોઇ કહે કે તેઓ શા માટે સાહસ કર્મ કરતા હશે? તેનો ઉત્તર એ કે અહંકાર વિના તે લોકો માત્ર પ્રારબ્ધ કર્મ કરવા કોઇવાર અનર્થ કરે છે. ૩૩ મહાત્મા પુરૂષોને પુણ્યપાપનો સંબંધ નથી ત્યારે પશુ પક્ષી મનુષ્ય ને દેવતાઓ વગેરે પોતાને આધીન રહેનાર સર્વ પ્રાણીઓના નિયંતા ભગવાન શ્રીકૃષ્ણને પુણ્ય પાપનો સંબંધ ક્યાંથી હોય? ૩૪ જે ભગવાનના ચરણારવિંદની રજના સેવનથી તૃપ્ત થયેલા તથા યોગના પ્રભાવથી જેમનાં સર્વ કર્મબંધનો તૂટી ગયા હતાં એવા મુનિઓ પાપ પુણ્યના બંધનમાં ન બંધાતાં પોતાની ઇચ્છા પ્રમાણે ફરે છે, પોતાની ઇચ્છા પ્રમાણે અવતાર ધારણ કરનાર ભગવાનને ક્યાથી બંધન હોય? ૩૫ જે ભગવાન ગોપીઓના તેઓના પતિઓના અને સર્વે પ્રાણીઓના અંતર્યામી અને બુદ્ધિ આદિના સાક્ષી છે તે ભગવાન લીલા કરવા માટે લોકમાં દેહ ધારણ કરે છે. તે પ્રાકૃત મનુષ્ય જેવા નથી કે જેથી તેમને દોષ લાગે. ૩૬ ભગવાન પ્રાણીઓને અનુગ્રહ કરવા મનુષ્યનો દેહ ધારણ કરી લીલાઓ કરે છે. ૩૭ હે રાજન! વ્રજવાસીઓ ભગવાનની માયાથી મોહિત થયા હતા તેથી તેઓએ શ્રીકૃષ્ણ ઉપર દ્વેષ કર્યો નહિ. ૩૮ ભગવાનની પ્રીતિપાત્ર ગોપીઓ ત્યા જવા માટે ઇચ્છતી ન હતી, તોપણ ભગવાનની આજ્ઞાથી બે ઘડી રાત્રી રહી ત્યારે પોતપોતને ઘેર ગઇ. ૩૯ વ્રજની નારીઓ સાથે શ્રીકૃષ્ણ ભગવાને કરેલી રાસક્રીડા જે ધીર મનુષ્ય શ્રદ્ધાથી સાંભળે છે અથવા તેનું વર્ણન કરે છે તે ભગવાનમાં પરમ ભક્તિ સંપાદન કરી કામનો પરાજય કરે છે. ૪૦

विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः
श्रद्धान्वितोऽनुशृणुयादथ वर्णयेद्यः ।
भक्तिं परां भगवति प्रतिलभ्य कामं
हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ॥४०॥
इतिश्रीमद्भागवतमहापुराणे दशमस्कंधे
त्रयोत्रिंशोऽध्यायः ॥

† આ રાસલીલાની અર્થ પરપક્ષને યુક્ત કથન નથી.

અધ્યાય ૩૪ મો.†

અજગરે પકડેલા નંદ.

श्रीशुक उवाच.

एकदा देवयात्रायां गोपाला जातकौतुकाः।
अनोभिरनडुद्युक्तैः प्रययुस्तेऽम्बिकावनम् ॥१॥

શુકદેવજી કહે છે કે—એક વાર ગોપલોક દેવતાની યાત્રા કરવાને ગાડામાં બેસીને અંબિકાવનમાં ગયા. ૧ હે રાજન ! ત્યાં સરસ્વતી નદીમાં નાહી પશુપતિ શંકરનું તથા અંબિકાનું ભક્તિ પૂર્વક તેમણે પૂજન કર્યું ૨ દેવતા અમારા ઉપર પ્રસન્ન થાઓ ! એમ કહીને સર્વ ગોપ લોકે આદર સાથે બ્રાહ્મણોને ગાયો સુવર્ણ વસ્ત્ર મધ અને મધુર અન્ન વગેરે આપ્યું. નંદ સુનંદ વગેરે ભાગ્યશાળી વ્રજવાસી ગોપલોક જળપાન કરી યમુના ઉપર રહ્યા. ૪ એક ઘણો જ ભૂખ્યો અજગર દૈવેચ્છાથી તે રાત્રે વનમાં આવ્યો અને ત્યાં સૂતેલા નંદને પકડયા. ૫ સર્પથી ગળાતા નંદ ચીસો પાડી બોલ્યા કે—હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! આ મોટો સર્પ મને ગળી જાય છે. હે તાત ! મને શરણાગતને છોડાવો. ૬ નંદની ચીસ સાંભળી ગોપ લોક એકાએક ઉઠયા અને નંદને સર્પે ગળેલા જોઇ ગભરાયા. ધગધગતાં લાકડાં તેને મારવા લાગ્યા. ૭ તેમણે દઝાડયા છતાં સર્પે નંદને મૂકયા નહિ એટલામાં સાત્વતના પતિ ભગવાને આવી તેને પોતાનો ચરણ અરકાડયો. ભગવાનના ચરણનો સ્પર્શ થયો કે તરત પાપમાંથી મુક્ત થઇ તે સર્પનું શરીર ત્યાગ કરી વિદ્યાધરના રૂપને પામ્યો. ૯ સુવર્ણની માળાવાળો ઝળહળતા શરીરવાળો તે પછી પ્રણામ કરીને અતીન્દ્રિય ભગવાનની સામે ઉભો એટલે ભગવાને પૂછયું કે—૧૦ તું કોણ છે ? અને નિંદિત ગતિને કેમ પામ્યો હતો ? ૧૧

† આ અધ્યાયમા શ્રીકૃષ્ણે નંદજીને અજગરથી અને સુદર્શન વિદ્યાધરને બ્રાહ્મણના શાપથી મુકાવ્યા તથા શંખચૂડનો વધ કર્યો એ કથા કહેવારો.

અજગરે કહ્યું કે—હું સુદર્શન નામે એક વિદ્યાધર હતો. મારી સંપત્તિ તથા રૂપ સારાં હતાં અને વિમાનમાં બેસી દિશાઓમાં ફરતો હતો. ૧૩ એકવાર મેં રૂપના અભિમાનથી અંગિરા કુળના કુરૂપ ઋષિઓનું ઉપહાસ્ય કર્યું તેથી ઋષિઓએ મારા પાતકોને લીધે મને અજગરની જાતિમાં અવતાર આપ્યો. દયાળુ પુરૂષો કે જેઓએ મને શાપ દીધો તેમણે અનુગ્રહ પણ કર્યો કે જે શાપને લીધે લોકના ગુરૂ એવા આપે ચરણવતી મારો સ્પર્શ કર્યો અને મારૂં પાપ નાશ પામ્યું. ૧૪ આપના ચરણના સ્પર્શથી શાપથી મુક્ત થયેલો હું, સંસારથી ભય પામેલ શરણાગત લોકોના ભય નાશ કરનાર આપની આજ્ઞા માગું છું. ૧૫ હે ઈશ્વર ! મને આજ્ઞા આપો. ૧૬ હે અચ્યુત ! તમારૂં દર્શન થવાથી બ્રાહ્મણોના શાપમાંથી હું મુક્ત થયો છું, જેમનું નામ લેનારો પુરૂષ સર્વ શ્રોતાઓને તથા પોતાને પવિત્ર કરે છે તે આપના ચરણનો સ્પર્શ થવાથી હું પવિત્ર થયો છું. ૧૭

શુકદેવજી કહે છે કે—પછી દશાર્હકુલોત્પન્ન શ્રીકૃષ્ણની આજ્ઞા લઇ તેમને પ્રદક્ષિણા ને પ્રણામ કરી સુદર્શન સ્વર્ગમાં ગયો અને નંદ દુઃખમાંથી મુક્ત થયા. ૧૮ વ્રજવાસીઓ શ્રીકૃષ્ણ ભગવાનનો પ્રભાવ જોઇ આશ્ચર્ય પામ્યા અને યમુનાતટ ઉપર પોતાનો નિયમ પૂર્ણ કરી તેમની કથા કરતા વ્રજમાં ગયા. ૧૯ એકવાર અદ્ભુત પરાક્રમવાળા શ્રીકૃષ્ણ ને બળદેવ રાતે વનમાં રમતા હતા એટલામાં પ્રેમથી બાંધાયલી ગોપીઓ મનોહર લાગે તેવાં તેમનાં ચરિત્રો ગાવા લાગી. બન્નેએ શણગાર ધર્યો હતો, શરીર ઉપર અગર ચંદનનો લેપ કર્યો હતો, કંઠમાં માળાઓ પહેરી હતી તથા શરીર ઉપર નિર્મળ વસ્ત્રો પહેર્યાં હતાં. ૨૧ સમય પ્રદોષ કાળનો હોઇ ચંદ્રમા અને તારામંડળ

[illegible] પામ્યું હતું. મલ્લિકાની સુગંધથી મદમત્ત ભ્રમરો ગુંજારવ કરતા હતા અને કુમુદનો સુગંધી પવન વાતો હતો. આવા પ્રદેશમાં તેઓ સ્વરોનાં મંડળોની મૂર્ચ્છના પૂરતા સર્વ પ્રાણીઓનાં મન અને કાનને આનંદ ઉપજાવનારૂં ગીત ગાવા લાગ્યા. ગોપીઓ તેમનું ગીત સાંભળી મૂર્છિત થઇ ગઇ અને માથેથી છેડા ખસી ગયા તથા કેશપાશમાંથી પુષ્પો ખરી પડયાં, તેનું ભાન રહ્યું નહિ. પ્રમત્ત પુરૂષની પેઠે બન્ને ભાઇઓ ઇચ્છાનુસાર ગાતા અને વિહાર કરતા હતા ત્યાં શંખચૂડ નામે કુબેરનો એક અનુચર આવ્યો. ૨૫ હે રાજન ! તેમના દેખતાં સ્ત્રીઓને યક્ષ ઉત્તર દિશામાં લઇ જવા લાગ્યો. ૨૬ વાઘે પકડેલી ગાયો જેમ ચીસો પાડે તેમ, હે શ્રીકૃષ્ણ ! હે બળભદ્ર ! એમ ચીસો પાડતી ગોપીઓને સાંભળી બન્ને ભાઇ યક્ષની પાછળ દોડયા. ૨૭ અભય વચન બોલતા તેઓ હાથમાં સાગનાં ઝાડ લઇ પૂર વેગથી દોડી નીચ યક્ષને પહોંચી ગયા. ૨૮ યક્ષ કાલ તથા મૃત્યુના જેવા તેમને આવી પહોંચેલા જોઇ ખેદ પામ્યો અને જીવવાની ઇચ્છાથી સ્ત્રીઓનો ત્યાગ કરીને નાઠો. ૨૯ બળભદ્ર સ્ત્રીઓની રક્ષા કરવા ઉભા રહ્યા અને શ્રીકૃષ્ણ જયાં જયાં તે યક્ષ ગયો ત્યાં ત્યાં તેના મસ્તકનો મણિ હરી લેવા પાછળ પાછળ ગયા. ૩૦ નજીકમાં હોય તેમ તેને પહોંચી જઇ વ્યાપક ભગવાને મુઠ્ઠીથી તે દુરાત્માના મસ્તકની સાથે મણિને હરી લીધો. ૩૧ શંખચૂડને મારી મણિ લઇ સર્વ સ્ત્રીઓના દેખતાં પ્રીતિપૂર્વક પોતાના મોટા ભાઇને તેમણે તે આપી દીધો. ૩૨

शंखचूडं नि[illegible]त्यवं [illegible] भास्वरम्।
अग्रजाय ऽददत् प्रीत्या पश्यतीनां च योषिताम् ॥ ३२ ॥

इतिश्रीम[illegible]ागवते मह[illegible] [illegible]ाणे दशमस्कंधे
चतुस्त्रिंशोऽध्यायः

અધ્યાય ૩૫ મો.‡

ગોપીકૃત લીલાગાન.

શ્રીશુક ઉવાચ

गोप्यः कृष्णे वनं याते तमनुद्रुतचेतसः।
कृष्णलीलाःप्रगायंत्यो निन्युर्दुःखेन वासरान्॥

શુકદેવજી કહે છે કે—ભગવાન જ્યારે ગાયો ચારવા વનમાં જતા ત્યારે તેમની પાછળ જેમનું મન ભમ્યા કરતું હતું એવી ગોપીઓ તેમની લીલાનું ગાન કરી દિવસો કાઢતી હતી ૧ ચંચળ ભ્રુકુટીવાળા ભગવાન ડાબા ખભા ઉપર ડાબો ગાલ રાખી સાત સ્વરનાં છિદ્રો ઉપર કોમળ આંગળીઓ ફેરવી અધર ઉપર રાખેલી વાંસળીને જ્યારે વગાડતા ત્યારે દેવતાઓની સ્ત્રીઓ પણ તે સ્વર સાંભળીને આશ્ચર્ય પામતી હતી તેઓનાં મન મોહિત થઇ જતાં તેઓને, ભાન રહેતું નહિ. ૩ હે સ્ત્રીઓ ! જેમનું ઉજ્જવલ હાસ્ય હારના જેવું છે જેમના વક્ષઃસ્થળમાં લક્ષ્મી વીજળીની પેઠે ચંચળ છતાં સ્થિર રહે છે તથા જે દુઃખી લોકોને સુખ આપે છે તે ભગવાન જ્યારે બંસી બજાવે છે ત્યારે વ્રજના બળદો, મૃગો અને ગાયો દાંતમાં લીધેલા કવલને એમના એમ રહેવા દેઇ જેમ ચિત્રમાં આલેખેલી હોય તેમ સ્તબ્ધ થઇ જાય છે કોઇવાર મયૂરનાં પિછાં ગેરૂ વગેરે ધાતુઓ તથા પલ્લવો શરીર ઉપર ધારણ કરી મલ્લનું અનુકરણ કરતા કૃષ્ણચંદ્ર બળભદ્ર, ગોપ સાથે વાંસળીના સૂરથી ગાયોને બોલાવતા ત્યારે નદીઓના પ્રવાહ બંધ પડી જતાં હતા. પવને આપેલી ભગવાનનાં ચરણારવિંદની રજને લેવાની તે ઇચ્છા કરે છે પરંતુ અમારી પેઠે તેઓનું પુણ્ય ઓછું હોવાથી તેઓ તરંગરૂપી ભુજાઓ હલાવે છે

‡ આ અધ્યાયમા ભગવાન ગાયો ચારવા વનમાં જતા ત્યારે ગોપીઓ યુગલગીત (બબ્બે શ્લોકના એકેક જોડકાવાળું) ગાઇને દિવસો કાઢતી, એ કથા કહેવાશે.

અને પાણી સ્થિર થઇ જાય છે. ગોપીઓ નેત્રનાં અશ્રુઓ રોકી રાખે છે. અનુચરોએ જેમનું પરાક્રમ વર્ણવ્યું છે એવા નારાયણની પેઠે સ્થિર વૈભવવાળા અને વનમાં ફરતા કૃષ્ણચંદ્ર જ્યારે વાંસળીથી પર્વતનાં શિખરો ઉપર ચરતી ગાયોને બોલાવતા હતા ત્યારે ભારથી જેમની શાખાઓ નમી ગયેલી હતી એવી અને પ્રેમથી જેમનાં શરીર રોમાંચ થયેલાં હતાં એવી ફલફૂલથી ભરેલી લતાઓ, પોતાને વિષે રહેલા વિષ્ણુને સૂચવતી હોય તેમ મેઘની ધારાઓ વરસાવતી હતી. તે પ્રમાણે તેમના પતિને પણ આનંદ થતો. મનોહર તિલકવાળા ભગવાન વનમાળામાં અલૌકિક ગંધવાળી તુલસીના ગંધથી મત્ત થઈ ગયેલા ભ્રમરને અનુકૂળ લાગે તેમ ઉચે સ્વરે ગાયેલા ગીતને આદર આપતા જ્યારે બંસી બજાવતા ત્યારે સરોવરમાં રહેનાર સારસ હંસ વગેરે પક્ષીઓનાં મન ભગવાનના ગીતથી મોહિત થતાં અને તેઓ શ્રીહરિની પાસે આવી મનને નિયમમા રાખી આંખો મીંચી મૌન ધારણ કરી શ્રીકૃષ્ણની ઉપાસના કરતાં. હે વ્રજાંગના ! બળદેવની સાથે કાનના આભૂષણોથી વિલાસવાળા પર્વતના શિખરો ઉપર ફરતા પ્રસન્ન થયેલા અને બીજાઓને પ્રસન્ન કરતા શ્રીકૃષ્ણ જ્યારે બંસીના સ્વરથી જગતને પૂરે છે ત્યારે મેઘ ભગવાનને ઉલ્લંઘન કરવાથી અપરાધ લાગશે એમ જાણીને આગળ જતો નથી તેમ મોટી ગર્જના કરતો નથી. ઉભો રહીને વાસળીના સ્વરની પાછળ ધીરે ધીરે ગર્જના કરતો અને જગતની પીડા હરનાર હોવાથી પોતાના મિત્ર એવા શ્રી કૃષ્ણપર છાયાથી છત્ર કરીને ઝીણા ઝીણા જળબિંદુરૂપી પુષ્પોની વૃષ્ટિ કરતો. ગોપની અનેક રમતોમાં કુશળ એવો તમારો પુત્ર શ્રીકૃષ્ણ પોતાના ધોળા રાતા ઓઠમાં વાંસળી લઇને વેણુરૂપી વાજીત્રમાં પોતે ઉપજાવી કાઢેલી સ્વરની જાતોને અનેક રીતે વગાડીને દેખાડતા ત્યારે ઈન્દ્ર શંકર તથા બ્રહ્મા આદિ દેવતાઓ મંદ મધ્યમ તથા ઉંચો સ્વર જે દિશામાંથી આવતો તે દિશાઓપ્રતિ મન લગાડતા અને વિદ્વાન છતાં ગાયનનો ભેદ ન જાણવાથી મુંઝાતા. ધ્વજ, વજ્ર કમળ તથા અંકુશનાં વિચિત્ર ચિહ્નોવાળા પોતાના ચરણરૂપી કમળનાં પત્રથી વ્રજભૂમિની પીડાને શમાવતા તથા મોટા હાથી જેવી ચાલવાળા ભગવાન જ્યારે વેણુ વગાડતા ચાલે છે ત્યારે વિલાસપૂર્વક જોવાથી અમે વૃક્ષની ગતિને પામીએ છીએ, અર્થાત્ જડ થઇ જઇએ છીએ તથા અમને ભાન રહેતું નથી. ૧૭ મણિની માળાને પહેનાર કોઇવાર મણિઓથી ગાયોની ગણતરી કરતા તથા પોતાને ગમતી સુગંધવાળી તુળસીની માળાવાળા ભગવાન પોતાના દાસના ખભા ઉપર હાથ મૂકી ગાય છે, ત્યારે વાંસળીના સૂરથી હરાયલા ચિત્તવાળી મૃગલીઓની માફક ઘરની આશા છોડી અનેક ગુણોના સમુદ્રરૂપ ભગવાનની પાસે જઇને તેમને અનુસરે છે. ૧૯ ગોપીઓને આનંદ આપવા ડોલરના પુષ્પોની માળાથી કૌતક વેશ ધારણ કરનાર ગોપ અને ગાયોનાં ટોળાંવાળા સ્નેહીઓને આનંદ આપનાર નંદકુમાર જ્યારે યમુનાજીમાં વિહાર કરે છે, ત્યારે મલયાચલનો પવન પોતાના સ્પર્શથી ભગવાનને આનંદ આપતો મંદ મંદ અને અનુકૂળ રીતે વાય છે તથા ગંધર્વોનાં વૃંદ બંદીજનોની માફક સ્તુતિ કરે છે. ગોવર્ધન પર્વતને ધારણ કરી વ્રજની તથા ગાયોની રક્ષા કરનાર પરિશ્રમ વાળી કાંતિથી નેત્રોને આનંદ આપનાર ખરીથી ઉડતી ધૂળથી ધુસરી થયેલી માળાવાળા અને ગોપ જેમની કીર્તિને ગાય છે એવા તથા ભક્તોના મનોરથો પૂર્ણ કરવાની ઇચ્છાથી દેવકીના ઉદરથી ઉત્પન્ન થયેલા કૃષ્ણચંદ્ર સાયંકાળે સંપૂર્ણ વાંસળી વગાડતા

વ્રજમાં આવે છે ત્યારે બ્રહ્માદિક દેવતાઓ ભગવાનના ચરણમાં પ્રણામ કરે છે. ૨૩ મદવાળાં નેત્રવાળા પોતાના સ્નેહીજનોને માન આપનાર વનમાળા ધારણ કરનાર પાકેલાં બોર જેવા પાંડુવર્ણના મુખવાળા સુવર્ણનાં કુંડળોની શોભાથી કોમળ ગંડસ્થળને શોભાવતા હાથીના જેવી ચાલવાળા તથા પ્રસન્ન મુખવાળા યાદવોના પતિ ભગવાન ચંદ્રમાની પેઠે સાયંકાળે વ્રજમાં ગાયોની પેઠે રહેલા જે આપણે તેમના આખા દિવસના તાપને શમાવતા વ્રજમાં આવે છે ત્યારે તેમનો વિરહ કેવી રીતે સહેવાય હે રાજન! ભગવાનમાં જેમનું જીવન તથા મન હતું એવી વ્રજસ્ત્રીઓ દિવસે શ્રીકૃષ્ણની લીલાને ગાતી અને વખત કાઢતી હતી ૨૬

एवं व्रजस्त्रियो राजन् कृष्णलीलानुगायती:।
रेमिरेऽहस्सु तच्चितास्तन्मनस्का महोदया:॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
पंचत्रिंशोऽध्याय:

અધ્યાય ૩૬ મો.¶

મથુરાંથી આવેલું તેડું.

श्रीशुक उवाच.

अथ तर्ह्यागतो गोष्ठमरिष्टो वृषभासुर:।
महीं महाककुत्काय: कंपयन् खुरविक्षताम्॥

શુકદેવજી કહે છે કે—હે રાજન! પછી અરિષ્ટ નામે એક અસુર બળદનું રૂપ લઇને વ્રજમાં આવ્યો. તેની ખુંધ તથા કાયા ઘણી જ મોટી હતી. ખરીવડે ખોદી નાંખેલી પૃથ્વીને તે કંપાવતો હતો. ૧ કઠોર શબ્દો કરતો પગથી પૃથ્વી ઉખેડી નાખતો હતો. પુંછડું ઉંચું કરી શિંગડાંના અગ્રભાગથી નદીઓના તટોને તોડી પાડતો, ૨ ને સ્થિર દૃષ્ટિ કરીને ઉભો રહેલો હતો. જેનો કઠોર અવાજ સાંભળી ભયથી ગાયો તથા મનુષ્યો થથરી ગયાં હતાં તે પર્વત જેવો લાગતો હતો. મેઘમ ડળો જેની ખાંધ ઉપર વિશ્રામ કરતાં હતાં ૪ તે તીક્ષ્ણ શિંગડાંવાળા બળદને જોઇ ગોપીઓ તથા ગોપ ભય પામ્યા. પશુઓ ગોકુળનો ત્યાગ કરી નાસવા લાગ્યા. ૫ એ હાથ જોડી તે સર્વે હે કૃષ્ણ! હે કૃષ્ણ! એમ બોલતા ભગવાનને શરણે ગયા. ભગવાને ગોકુળવાસીઓને ભયથી નાસતાં જોઇ વૃષભાસુરને બોલાવ્યો અને કહ્યું કે, હે દુષ્ટ! આ ગોપ અને પશુઓને ડરાવવાથી તારૂં શું વળવાનું છે? ૭ હું તારા જેવા દુષ્ટ અને દુરાત્માના બળના ગર્વને હણનારો છું. હાથથી ખભો ઠોકી હાથની તાળીના શબ્દથી અરિષ્ટાસુરને કોપાયમાન કર્યો અને પછી ભગવાન પોતાના મિત્રના ખભા ઉપર પોતાનો હાથ મૂકી અરિષ્ટાસુરની સામે ઉભા રહ્યા. ભગવાને કોપાવેલો અરિષ્ટાસુર ખરીથી પૃથ્વીને ઉખેડતો પુંછડું ઉંચું કરી આમતેમ ફરવા લાગ્યો અને કોપાયમાન થઇ શ્રીકૃષ્ણની સામે દોડયો. ૯ તે અસુરની આંખો લોહીના જેવી રાતીચોળ અને સ્થિર થઇ ગઇ અને તે આડું અવળું જોઇ શિંગડાંની અણીઓ આગળ રાખી ઇન્દ્રે મૂકેલા વજ્રની માફક ભગવાનની સામે દોડયો. હાથી જેમ સામા હાથીને પાછો હઠાવે, તેમ ભગવાને તેનાં શિંગડાં ઝાલી અઢાર પગલા પાછળ હઠાવ્યો, ૧૧ તેને જમીન ઉપર પછાડયો કે, સર્વ અંગથી ઢીલો પડી હાંફવા લાગ્યો. ક્રોધથી આતુર થઇ ગયો અને પાછો ઉઠી ભગવાન ઉપર ધસી ગયો. ૧૨ ભગવાને સામે આવતા દૈત્યનાં શિંગડાં ઝાલી તેને ભૂમિ ઉપર નાંખી દીધો અને પગથી દબાવી નીચોવી નાંખ્યો. તેના માથામાંથી શિંગડું ખેંચી કાઢી તેનાથી માર્યો કે તે ધરણી ઉપર ઢળી પડયો. ૧૩ મુખમાંથી લોહી ઓકી તે પગ પછાડવા લાગ્યો, આંખો ફાટી ગઇ અને મહાકષ્ટ પામી યમલોકમા ગયો. દેવતાઓ

¶ આ અધ્યાયમા ભગવાને અરિષ્ટાસુરને માર્યો પછી નારદના કહેવાથી કંસે કૃષ્ણ બળદેવને મથુરામા તેડી લાવવા અક્રૂરને ગોકુળ મોકલ્યા એ કથા કહેવાય છે.

ભગવાનને ફૂલથી વધાવવા અને સ્તુતિ કરવા લાગ્યા. બળદનું રૂપ ધારણ કરનાર દૈત્યોનો નાશ કરી ગોપ જેમની સ્તુતિ કરતા હતા તથા ગોપીઓનાં નેત્રોને આનંદ આપનાર એવા ભગવાન કૃષ્ણ બળદેવ સાથે વ્રજમાં ગયા. ૧૫ અદ્‌ભુત કર્મ કરનાર શ્રીકૃષ્ણે અરિષ્ટાસુરનો નાશ કર્યા પછી દેવતા જેવા જ્ઞાની નારદ મુનિએ કંસની પાસે જઈ કહ્યું કે, દેવકીની પુત્રી જે થઈ હતી તે યશોદાની પુત્રી હતી તથા શ્રીકૃષ્ણ દેવકીના પુત્ર છે અને બળરામ રોહિણીના પુત્ર છે. વસુદેવે ભયને લીધે તે બન્નેને પોતાના મિત્ર નંદને ત્યાં મૂકયા હતા જે બન્નેએ તારા સેવકોનો નાશ કર્યો છે. ૧૭ કંસ આ ભેદ સાંભળી ક્રોધથી તપી ગયો અને વસુદેવનો નાશ કરવાની ઈચ્છાથી તરવાર હાથમાં લઈ ઉભો થયો. એટલે નારદે વસુદેવને મારીશ તો તેના પુત્રો નાસી જશે, માટે હમણા વસુદેવને મારવા નહિ, એવી ગુપ્ત સલાહ આપી તેને અટકાવ્યો. કંસે વસુદેવના પુત્રોને પોતાના મૃત્યુરૂપ માની વસુદેવને તથા દેવકીને કેદ કર્યા. ૧૯ દેવર્ષિ નારદના ગયા પછી કંસે કેશી દૈત્યને બોલાવીને તારે કૃષ્ણનો તથા બળદેવનો નાશ કરવો એવી આજ્ઞા કરીને ગોકુળ તરફ મોકલ્યો. ૨૦ પછી મુષ્ટિક ચાણુર શલ તોશલ આદિ મલ્લોને મંત્રીઓને તથા હાથીઓના માવતોને બોલાવીને કંસે કહ્યું કે–૨૧ હે વીર ચાણુર તથા મુષ્ટિક! મારૂં કહેવું સાભળો. નંદના વ્રજમાં વસુદેવના પુત્ર બળદેવ તથા કૃષ્ણ રહે છે, તેમનાથી મારૂં મરણ નિશ્ચય થવાનું છે માટે તે અહીં આવે કે તમારે મલ્લની રમતથી તેમનો નાશ કરવો. ૨૨ અખાડાની આસપાસ અનેક જાતના માંચડા બંધાવો, અને નગરનાં તથા દેશનાં સર્વ મનુષ્યો ઇચ્છા પ્રમાણે થતાં મલ્લયુદ્ધને ભલે જુઓ. ૨૪ તારે અખાડાનાં બારણાં ઉપર કુવલયાપીડને રાખવો અને તે દ્વારા મારા શત્રુઓનો નાશ કરવો. ૨૫ આ સર્વ ઠાઠમાઠ ધનુર્યાગના એક ભાગ તરીકે કરવો. ધનુર્યાગ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે ચૌદશને દહાડે આરંભો અને વર આપનાર ભગવાન શંકર માટે પવિત્ર પશુઓનો વધ કરો. ૨૬ આ રીતે સેવકોને આજ્ઞા કરી સ્વાર્થના સિદ્ધાંતને જાણનારો કંસ યાદવોમાં વડા એવા શ્રીઅક્રૂરને બોલાવી, પોતાના હાથવતી તેમનો હાથ ઝાલી કહેવા લાગ્યો કે, હે અક્રૂર! તમે મારે માટે આદરથી મિત્રને કરવા યોગ્ય કામ કરો, કારણ કે ભોજ અને વૃષ્ણી વંશના લોકોમાં તમારા વિના બીજો કોઇ પણ મારૂં વધારે હિત કરનારો નથી. ૨૮ હે શાંત ગુણી! ઇંદ્ર મહા સમર્થ હતો, તોપણ તેણે વિષ્ણુની સહાયતાથી જેમ પોતાનો સ્વાર્થ સાધ્યો હતો, તેમ તમે પણ મોટા કાર્યમાં સાધનરૂપ છો તેથી તમારો આશ્રય કર્યો છે. ૨૯ તમને કામ સોંપવું છે કે, તમે આ નંદના વ્રજમાં જાઓ અને ત્યાં વસુદેવના બે પુત્રો રહે છે તેમને રથમાં બેસારીને અહીં લઈ આવો વિલંબ કરો નહિ. ૩૦ વિષ્ણુનો આશ્રય કરનાર દેવતાઓએ એ બેને હાથે મારૂં મરણ નિશ્ચય નિર્માણ કર્યું છે માટે ભેટોની સાથે આવતા નિંદાદિક ગોવાળિયાઓની સાથે તે બન્નેને અહીં તેડી લાવો. ૩૧ તે બન્નેને અહીં તેડી લાવશો કે, હું તેઓને કાળના જેવા હાથીથી મરાવી નંખાવીશ. તેમાંથી જો બચી ગયા તો વીજળીના જેવા પ્રચંડ મલ્લોની પાસે મરાવી નંખાવીશ. ૩૨ તે બન્નેને મારી નાંખ્યા પછી દુ:ખી થયેલા વસુદેવ આદિક તેમના સંબંધીઓને તથા વૃષ્ણિભોજ અને દશાર્હ કુળના મારાથી વિરૂદ્ધ વર્તનારાઓને મારી નાંખીશ. ૩૩ ઘરડા છતાં રાજ્યની ઇચ્છાવાળા મારા પિતા ઉગ્રસેનને મારી નાંખીશ, તેના ભાઇ દેવકને મારી નાખીશ, અને મારા બીજા જે શત્રુઓ હશે, તેમને પણ મારી

નાખીશ. ૩૪ આ પૃથ્વી શત્રુ વિનાની કરીશ. જરાસંધ મારો સસરો થાય છે, દ્વિવિદ વાનર મારો મિત્ર થાય છે. ૩૫ શંબર નરક અને બાણાસુર ઉપર સ્નેહ બાંધી બેઠા છે, તેઓની સહાયતાથી હું દેવતાઓના પક્ષના રાજાઓનો નાશ કરી આ પૃથ્વીનું રાજ્ય કરીશ. ૩૬ આ સર્વ કારણ જાણી તમે રામકૃષ્ણને ધનુર્યાગ જોવાના મિષથી તથા મથુરાપુરીની શોભા જોવાના મિષથી ઝટ અહીં તેડી લાવો. ૩૭ અક્રૂર બોલ્યા કે—હે રાજન ! તમારો વિચાર સારો છે અને તે તમારા મરણને ટાળનારો છે, કાર્યની સિદ્ધિ અને અસિદ્ધિમાં સમભાવથી રહેવું, કારણકે ફળ આપનાર દૈવ છે. ૩૮ દૈવ મનોરથોને તોડી પાડે છે તોપણ મનુષ્ય પોતાના મનમાં મોટા મોટા મનોરથો કરે છે, અને તે હર્ષ તથા શોક પામે છે, તોપણ હું તમારી આજ્ઞા પ્રમાણે કરીશ. આ પ્રમાણે અક્રૂરને આજ્ઞા કરી મંત્રીઓને રજા આપીને કંસ પોતાના અંતઃપુરમાં ગયા અને અક્રૂર તેમને ઘેર ગયા.

एवमादिश्य चाणूर मन्त्रिणश्च विसृज्य सः ।
प्रविवेश गृहं कंसस्तथाऽक्रूरः स्वमालयम् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे षट्त्रिंशोध्यायः

અધ્યાય ૩૭ મો.‡

કેશી વ્યોમાસુર વધ.

श्रीशुक उवाच

केशी तु कंसप्रहितः खुरैर्महीं
महाहया निर्जरयन् मनोजवः ।
सटावधूताभ्रविमानसंकुलं
कुर्वन्नभो हेषितभीषिताखिलः ॥

શુકદેવજી કહે છે કે—હે રાજન ! પછી કંસે મોકલેલો કેશી મોટા ઘોડાનું રૂપ લઈને ખરીઓથી પૃથ્વીને ખોદતો કેશવાળીથી આડાં અવળાં ખશેડી નાંખેલાં વાદળાંથી તથા વિમાનોથી આકાશને ભરપુર કરતો હણહણાટથી સર્વને ત્રાસ આપતો અને નંદરાયના વ્રજને કંપાવતો મનના જેવા વેગથી વ્રજમાં આવ્યો. ૧ તેનાં નેત્ર વિશાળ હતાં, મુખ ભયંકર હતું, ગળું મોટું હતું શરીર કાળા મેઘના જેવું શ્યામ હતું. કંસનું હિત કરવાની ઇચ્છાથી પૃથ્વી કંપાવતો તે વ્રજમાં આવ્યો. ઉપર કહ્યા પ્રમાણે પોતાના હણહણાટથી વ્રજને ત્રાસ આપતા કેશવાળીથી મેઘમંડળ ચલાયમાન કરતા અને યુદ્ધમાં પોતાને શોધતા દૈત્યને ભગવાને સામા ઉભા રહીને બોલાવ્યો, સિંહની પેઠે તેણે ગર્જના કરી ૨ તે શ્રીકૃષ્ણને જોઇને જાણે મુખથી આકાશનું પાન કરતો હોય, તેમ મુખ ફાડી શ્રીકૃષ્ણની સામું જોઇ દોડયો અને અતિ ક્રોધાવિષ્ટ થયેલા બીજાઓથી હરાવી શકાય નહિ તેવા પ્રચંડ વેગવાળા દૈત્યે કમળ જેવા નેત્રવાળા ભગવાનને પાટુ મારી. ૩ ભગવાને તેના પાદપ્રહારને નિષ્ફળ કરી પાછલા પગ પકડી ક્રોધથી તેને સારી રીતે ફેરવ્યો અને પછી ગરૂડ જેમ સર્પને દૂર ફેંકીને ઉભો રહે, તેમ દૈત્યને તિરસ્કારપૂર્વક સો ધનુષ છેટે ફેંકી દઇ ઉભા રહ્યા. ૪ ભાન આવ્યું એટલે કેશી ફરીને ઉભો થયો અને ક્રોધથી મુખ ફાડી વેગથી ભગવાનની સામે દોડયો. કૃષ્ણે એક હાથ તેના મુખમાં ખોસી દીધો. કેશીએ દાંતથી હાથને દબાવ્યો, કે ધગધગતા લોઢાનો સ્પર્શ કરવાથી જેમ દાંત પડી જાય તેમ ભગવાનના હાથનો સ્પર્શ થવાથી તેના દાંત પડી ગયા, જેમ જળોદર વધે તેમ તેના દેહમાં ગયેલો ભગવાનનો હાથ વધવા માંડયો. શ્રીકૃષ્ણનો હાથ વધવાથી તેનો શ્વાસ રૂંધાઇ ગયો, શરીરે પરસેવો વળી ગયો અને તે પગ અફાળવા લાગ્યો, આંખો ફરી ગઇ, અને પ્રાણ રહિત થઇને પૃથ્વી ઉપર પડયો. ૭ પછી મોટી ભુજાવાળા શ્રીકૃષ્ણે પ્રાણરહિત થયેલા અને

‡ આ અધ્યાયમા ભગવાને કેશી દૈત્યનો નાશ કર્યો પછી નારદે ભાવી સમયના કર્મો કહીને તેમની સ્તુતિ કરી અને પછી વ્યોમાસુરનો નાશ કર્યો એ કથા કહેવામા આવશે

લાકડીના જેવા તેના દેહમાંથી પોતાનો હાથ ખેંચી લીધો.પ્રયત્ન વિના શત્રુનો નાશ કરવા છતાં ભગવાનને ગર્વ થયો નહિ. આશ્ચર્ય પામેલા દેવતાઓ ભગવાનને પુષ્પની વૃષ્ટિથી વધાવવા લાગ્યા તથા તેમની સ્તુતિ કરવા લાગ્યા. ૮ પછી વૈષ્ણવોમાં શ્રેષ્ઠ એવા નારદજીએ ઉત્તમ કામ કરનાર શ્રીકૃષ્ણ ભગવાનની પાસે જઇને એકાંતમાં તેમને નીચે પ્રમાણે કહ્યું. ૯

નારદ–હે કૃષ્ણ ! તમે સર્વ પ્રાણીઓના આત્મારૂપ છો, એક છો, કાષ્ઠોમાં અગ્નિની પેઠે ગુપ્ત રહેલા છો, જાણવામાં આવતા નથી, બુદ્ધિમાં રહેલા છો, બુદ્ધિના સાક્ષી છો. મહાપુરૂષ છો તથા સર્વના ઇશ્વર છો. ૧૧ તમે પોતે પોતાનો આશ્રય કરી પૂર્વે માયાવડે સત્વાદિક ગુણો ઉત્પન્ન કર્યા હતા અને સત્ય સંકલ્પવાળા તમે ઈશ્વર, ગુણોથી આ જગતને સરજો છો પાળો છો તથા સંહારો છો. ૧૨ આપ વર્તમાનમાં રાજાના રૂપમાં રહેલા દૈત્યો પ્રમથો તથા રાક્ષસોનો નાશ કરવા અને ધર્મની મર્યાદાનું પરિપાલન કરવા અવતરેલા છો. ૧૩ તમે ઘોડાના ઘાટના દૈત્યને રમત માત્રમાં માર્યો,તે કામ યોગ્ય કર્યું, જે દૈત્યના હણહણાટથી બીનેલા દેવતાઓ સ્વર્ગ છોડીને નાસી ગયા હતા. ૧૪ હે વિભુ ! તમે આવતે પરમ દિવસે ચાણુર મુષ્ટિકાદિ બીજા મલ્લોને હાથીને અને કંસને મારશો, તે પણ હું જોઇશ. ૧૫ પછી હે જગત્પતિ પ્રભુ ! તમે પંચજન કાલયવન મુર તથા નરકાસુરનો નાશ કરશો. પારિજાતકનું હરણ કરશો ઈંદ્રનો પરાજય કરશો પરાક્રમરૂપી ઉત્તમ ગુણથી યોગ્ય કન્યાઓને પરણશો. ૧૬ દ્વારકામાં નૃગ રાજાને તેના મહા પાપમાંથી મુક્ત કરશો. જાંબવતીની સાથે સ્યમંતક મણિને લાવશો, બ્રાહ્મણને તેનો મરી ગયેલો પુત્ર યમપુરીમાંથી પાછો લાવી આપશો. ૧૮ પૌંડ્રક વાસુદેવનો નાશ કરશો, તે પછી કાશીપુરીને બાળી દંતવક્ત્રનો નાશ કરશો અને ધર્મ રાજાના રાજસૂય યજ્ઞમાં શિશુપાળને મારશો. ૧૯ આપ દ્વારકામાં રહીને આ કરશો, વળી પૃથિવી ઉપર કવિઓને ગાવા યોગ્ય પરાક્રમો તે ગણાશે. ૨૦ કાળરૂપી આપ આ પૃથિવીનો ભાર ઉતારવાની ઇચ્છાથી અર્જુનના સારથિ થઇને અક્ષૌહિણીઓનો નાશ કરશો. ૨૧ શુદ્ધ જ્ઞાનઘન સ્વરૂપમાં રહેવાથી જેમની સર્વ કામના પૂર્ણ થઇ છે એવા, સફળ કામનાવાળા તથા પોતાની ચૈતન્ય શક્તિથી જેમને વિષે માયાનાં કાર્યરૂપ સંસારનો પ્રવાહ નિત્ય શાંત થયો છે એવા ગુણવાળા આપ ભગવાનને અમે શરણે આવીએ છીએ. તમે ઈશ્વર છો સ્વતંત્ર છો પોતાની માયાથી સર્વ વિશેષોના કરનાર છો, હમણાં લીલા કરવાને મનુષ્યનો દેહ તમે ધારણ કર્યો છે અને મોટા યાદવો વૃષ્ણિઓ અને સાત્વતોમાં મુખ્ય એવા તમને હું પ્રણામ કરૂં છું. ૨૩

શુકદેવજી કહે છે કે–યાદવોના પતિ ભગવાનને પ્રણામ કરી, તેમની આજ્ઞા લઇ તેમના દર્શનથી પ્રસન્ન થયેલા મહા વૈષ્ણવ નારદ ત્યાંથી ગયા. ૨૪ વ્રજને સુખ આપનાર ભગવાન શ્રીકૃષ્ણ યુદ્ધમાં કેશી દૈત્યનો નાશ કરી પ્રસન્ન થયેલા ગોપ સાથે પશુઓનું પાલન કરવા લાગ્યા. ૨૫ એક વાર ગોપલોકો પર્વતનાં શિખરો ઉપર ઢોર ચારતા હતા. ૨૬ હે રાજન ! તેમાં કેટલાક ગોવાળિયા ચોર થયા હતા, કેટલાક ઘેટાંના રક્ષક થયા હતા અને કેટલાક ઘેટાં થયા હતા અને તેઓ નિર્ભય થઇને રમતા હતા. ૨૭ એટલામાં મોટી માયાવાળો મયદાનવનો પુત્ર વ્યોમાસુર ગોવાળિયાનો વેશ ધરી ત્યાં ગયો અને ઘણીવાર ચોર થઇને ઘેટાં બનેલા ગોવાળિયાઓ હરી ગયો. ૨૮ મહા અસુર વારંવાર ગોપને હરી પર્વતની ગુફામાં નાખીને મોટી શિલાથી ગુફાનાં દ્વારને બંધ કરતો હતો.આમ હરી જતાં કેવળ ચાર પાંચ

જ ગોપ બાકી રહ્યા. ૨૯ સત્વગુણી પુરૂષોને આશ્રય આપનાર ભગવાને આ તેનું કામ જાણી સિંહ જેમ વરુને પકડી પાડે, તેમ ગોપને હરી જતા દૈત્યને બળથી પકડી પાડયો. ૩૦ ભગવાને પકડવાથી આતુર થયેલા બળવાન રાક્ષસે મોટા પર્વત જેવડું સ્વરૂપ ધારણ કરીને તેમાંથી છૂટી જવાની અડમથલ કરી તોપણ છુટાયું નહિ પછી ભગવાને બે હાથવતી તેને પકડીને પૃથ્વી ઉપર પછાડયો અને સ્વર્ગના દેવતાઓના દેખતાં પશુની પેઠે માર મારીને મારી નાખ્યો. ૩૨ તે ગુફાના ઢાંકણને તોડી નાખી ગોવાળિયાઓને દુઃખમાંથી બહાર કાઢી દેવતાઓ તથા ગોવાળિયાઓથી સ્તુતિ કરાતા ભગવાન વ્રજમાં પધાર્યા. ૩૩

गुहापिधानं निर्भिद्य गोपान्निःसार्य कृच्छ्रतः ।
स्तूयमानः सुरैर्गोपैः प्रविवेश स्वगोकुलम् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
सप्तत्रिंशोऽध्यायः

અધ્યાય ૩૮ મો.‡

અક્રૂરનું ગોકુળ ગમન.

श्रीशुक उवाच

अक्रूरोपि च तां रात्रिं मधुपुर्यां महामतिः ।
उषित्वा रथमास्थाय प्रययौ नंदगोकुलम् ॥

શુકદેવજી કહે છે કે—મહાબુદ્ધિશાળી અક્રૂર તે રાત મથુરામાં રહી બીજે દિવસે રથમાં બેસી ગોકુળ જવા નીકળ્યા. માર્ગમા ચાલતાં શ્રીકૃષ્ણ ઉપર પરમ ભક્તિમાન થઇ અક્રૂર આ પ્રમાણે વિચાર કરવા લાગ્યા. ૨ મેં તે એવું શું પુણ્ય કર્યું હશે ? અથવા કયું મોટું તપ કર્યું હશે ? અથવા મેં યોગ્ય પુરૂષને એવું તે શું દાન આપ્યું હશે ? કે જેથી આજ હું ભગવાનનાં દર્શન કરીશ. શૂદ્રની જાતિમાં જન્મેલા પુરૂષને જેમ વેદાધ્યયન દુર્લભ છે, તેમ વિષયમાં લીન મને પણ પરબ્રહ્મનાં દર્શન દુર્લભ છે. હું અધમ છું, તોપણ મને ભગવાનનાં દર્શન થશે, કારણ કે નદીથી તણાતો કોઇ જીવ કોઈ વેળા તરી જાય છે. ૫ આજે આ પ્રમાણે ભગવાનનાં દર્શન કરવા નીકળવાથી મારૂં સર્વ પાપ નાશ પામ્યું, મારો જન્મ સફળ થયો, કારણ કે હુ યોગીઓએ ધ્યાન કરવા યોગ્ય ભગવાનનાં ચરણારવિંદને નમસ્કાર કરીશ ૬ કંસે મારા ઉપર અનુગ્રહ કર્યો, કારણ કે તેણે મને તેડવા મોકલ્યો હુ અવતારી શ્રીહરિનાં ચરણકમળનાં દર્શન કરીશ. જે ભગવાનનાં ચરણના નખમંડળની કાંતિથી પૂર્વ કાળના મહાત્માઓ દુસ્તર સંસાર તરી ગયા છે. ૭ બ્રહ્મા શંકર વગેરે દેવતાઓ લક્ષ્મી તથા ભક્તજનની સાથે મુનિઓ જે ચરણની પૂજા કરે છે જે ચરણ પોતાના દાસોના સાથે ગાયો ચારવા વનમાં ફરે છે અને જે ચરણ ગોપીઓના ચંદનથી રંગાયેલુ રહે છે, ૮ તેમ મનોહર ગાલ તથા નાસિકાવાળું મંદ મંદ હસવા સાથે જોનાર રાતા નેત્રરૂપી કમળવાળું અને વાંકડીયા વાળવાળું મુખ હું ખરેખર જોઇશ; કારણ કે હરણો મને જમણે પડખે ઉતરે છે ૯ પૃથ્વીનો ભાર ઉતારવા પોતાની ઇચ્છાથી મનુષ્યાવતાર ધારણ કરનાર અને સર્વ સૌંદર્યના નિવાસસ્થાનરૂપ વિષ્ણુના મને દર્શન થશે. ભગવાનનાં દર્શન થાય તો શ્રમવિના નેત્રનું ફળ મળ્યું ગણાય ૧૦ ભગવાન કાર્ય અને કારણના ક્ષણમાત્ર કર્તા છે તોપણ અહંકાર રહિત છે. પોતાની ચૈતન્યશક્તિથી તેમને નિર્દ્વંદ્વ સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર થયો છે તેથી તેમના પોતાના સ્વસ્વરૂપના અજ્ઞાનની તથા ભેદ અને તેથી થતા અહંકાર આદિ ભ્રમ નાશ પામે છે; તોપણ પોતાની દૃષ્ટિ પડવાથી પોતાની માયાએ પોતાને વિષે પ્રાણ ઇંદ્રિયો તથા બુદ્ધિની સાથે રચેલા જીવો ભગવાનને વૃન્દાવનનાં વૃક્ષોની ઘટામાં તથા ગોપીઓના ઘરમાં

‡ આ અધ્યાયમા અક્રૂર માર્ગમા જેવો વિચાર કરીને વ્રજમા ગયા તેવા શ્રીકૃષ્ણે તથા બળદેવ તેમનો સત્કાર કર્યો, એ કથા કહેવાશે

આસક્ત થયેલા જુવે છે. ૧૧ જે ભગવાનના સર્વ લોકનાં પાપને ટાળનાર તથા મહા મંગળકારક ગુણ કર્મ અને જન્મને ગાનારી વાણી આ જગતને જીવાડે છે સુખમય કરે છે અને પવિત્ર કરે છે, પરંતુ ભગવાનના ગુણ કર્મ અને જન્મને ન ગાનારી વાણી અલંકારવાળી હોય તોપણ વસ્ત્ર તથા પુષ્પમાળાથી શણગારેલા શબની પેઠે અમંગળ મનાય છે. ૧૨ ભગવાન પોતે કરેલી ધર્મની તથા વર્ણાશ્રમની મર્યાદાનુ પાલન કરનાર ઇન્દ્રાદિક દેવોનું કલ્યાણ કરવા માટે સાત્વતવંશમાં અવતર્યા છે, અને ઇશ્વર પોતાનો મહિમા વિસ્તારતા વ્રજમાં રહેલા છે, દેવતાઓ તેમનાં મંગળકારક ચરિત્રો ગાય છે. ૧૩ તે મહાત્માઓની ગતિરૂપ ગુરૂરૂપ તથા ત્રણલોકમાં સુંદર નેત્રવાળા આનંદ આપનાર અને લક્ષ્મીને રૂચિકારક ઉત્તમરૂપ ધારણ કરનાર ભગવાનને હું જોઇશ અને તેથી આજે મારૂં ભાગ્ય ફળશે ૧૪ દર્શન કર્યા પછી રથમાંથી નીચે ઉતરીશ કે, પ્રધાન પુરૂષ એવા રામ–કૃષ્ણનાં ચરણ કે જે ચરણનું યોગીઓ સ્વસ્વરૂપના લાભ માટે બુદ્ધિથી ધ્યાન ધરે છે, તે ભગવાનનાં ચરણને હું આજે સાક્ષાત્ નમસ્કાર કરીશ અને પછી એ બન્નેની સાથે રહેલા તેમના મિત્ર ગોપને પ્રણામ કરીશ. ૧૫ વ્યાપક ભગવાન પોતાનાં ચરણારવિંદમાં પડેલા જે હું તેના મસ્તક ઉપર તે વખતે કાલરૂપી સર્પના વેગથી ખિન્ન થયેલા અને શરણની ઇચ્છાવાળા મનુષ્યોને અભય આપનારા પોતાનાં હાથ મૂકશે. ૧૬ વામનાવતારમાં જેમાં પાણી મૂકીને, બલિ ઇન્દ્ર થયો હતો તમ ઇન્દ્ર પણ જે હસ્તકમળની સેવાથી ત્રણ લોકના જેવા સુગંધવાળા હાથના સ્પર્શથી વ્રજની નારીઓનો પરિશ્રમ મટાડયો હતો, તે હસ્ત મારા મસ્તક ઉપર ધરશે. ૧૭ હું કંસનો મોકલેલો દૂત છું તોપણ મારી ઉપર શત્રુબુદ્ધિ કરશે નહિ. કારણ કે તેઓ વિશ્વના જાણનાર છે અને અંતર્યામી હોવાથી નિર્મળ જ્ઞાનથી બધું જાણે છે. હું કંસને ઉપર ઉપરથી પરંતુ શ્રીકૃષ્ણને અંતઃકરણથી અનુસરૂં છું, ૧૮ હું ભગવાનના ચરણની પાસે હાથ જોડીને ઉભો રહીશ, ત્યારે ભગવાન મંદહાસ્યથી ને કોમળદૃષ્ટિથી મારી સામું જોશે કે તરત મારાં સર્વ પાતક નાશ પામશે, મારી શંકાઓ પણ દૂર થશે અને મહા આનંદ પામીશ. ૧૯ ભગવાન વિના જેને બીજું કોઇ દૈવત નથી, તથા પોતાના અત્યંત સ્નેહી અને સંબંધી ભગવાન પોતાના મોટા હાથથી ભેટશે તે મારો દેહ અત્યંત પવિત્ર થશે. આ દેહને થયેલું કર્મબંધન મટશે.૨૦ હું ભગવાનને ભેટી હાથ જોડી પ્રણામ કરીને ઉભો રહીશ, કે પવિત્ર કીર્તિવાળા ભગવાન મને બોલાવશે, ત્યારે મારો જન્મ સફળ થશે. ભગવાન જેનો આદર કરે નહિ તેના જન્મને ધિક્કાર છે. ૨૨ શ્રીકૃષ્ણને કોઇ પ્રિય નથી, કોઇ અપ્રિય નથી, કોઇ શત્રુ નથી કોઇ શત્રુતા કરવા યોગ્ય નથી, તેમ કોઇ ઉપેક્ષા કરવા યોગ્ય નથી, તોપણ કલ્પદ્રુમ જેમ પોતાના આશ્રિતોના મનોરથો પૂર્ણ કરે છે, તેમ ભગવાન ભક્તોને ભજે છે. ૨૨ હું જ્યારે હાથ જોડી પ્રણામ કરીને ઉભો રહીશ, ત્યારે યદુશ્રેષ્ઠ બળભદ્ર હસતાં હસતાં હાથવતી મને ભેટશે અને પછી મને ઘરમાં લઇ જશે. ત્યાં સર્વ સંબંધીઓ મારો સત્કાર કરશે અને બળભદ્ર પોતાના સંબંધીઓની વચ્ચે કંસના કાર્ય માટે મને પ્રશ્ન કરશે. ૨૩

શુકદેવજી કહે છે કે—હે રાજન ! શ્રીકૃષ્ણનું ચિંતન કરતા કરતા અક્રૂર ગોકુળમાં પધાર્યા. ત્યારે સૂર્ય અસ્તાચળ ઉપર ગયો. ૨૪ અક્રૂર જેવા વ્રજમાં પેઠા કે, તેમણે સર્વ લોકપાળો જેમના ચરણની રજને પોતાના મુગટ ઉપર ધારણ કરે છે એવા ભગવાનનાં

પૃથ્વીના આભરણરૂપ પગલાં વ્રજમાં પડેલાં જોયાં. કમળ યવ અંકુશ વગેરે ચિહ્નોથી તે યુક્ત જણાતાં હતાં. ૨૫ પગલાં જોઇને આનંદ થવાથી અક્રુરને મોટો સંભ્રમ થયો, પ્રેમથી રોમાંચ થયા, અશ્રુઓનાં ટીપાં આવવાથી આંખ વ્યાકુળ થઇ ગઇ અને તે, આ ભગવાનનાં ચરણની દુર્લભ રજ છે એમ કહી રથમાંથી નીચે ઉતરીને તેમાં આળોટયા.૨૬ કંસના સંદેશાથી માંડી ભગવાનના શરીરનાં દર્શન તથા તેમની પવિત્ર કીર્તિનું શ્રવણ વગેરે અક્રૂરનો જે પુરૂષાર્થ વર્ણવ્યો, તે પુરૂષાર્થ દેહધારી પ્રાણીઓ દંભ ભય તથા શોકનો ત્યાગ કરીને સંપાદન કરે, તેટલું મનુષ્ય જન્મનું ફળ છે. ૨૭ અક્રૂરે વ્રજમાં આગળ જતાં શ્રીકૃષ્ણ તથા બળદેવને ગાયો દોહવાના સ્થાનકમાં ઉભેલા દીઠા. શ્રીકૃષ્ણે પીતાંબર પહેર્યું હતું અને બળભદ્રે શ્યામ વસ્ત્ર પહેર્યું હતું. બંનેનાં નેત્ર શરદ્ ઋતુના કમળ જેવાં હતાં, ૨૮ તે બન્ને કિશોર વયના હતા, શ્રીકૃષ્ણ શ્યામ વર્ણના હતા, અને બળદેવજી ગૌર વર્ણના હતા, બન્ને સૌદર્યના નિવાસસ્થાનરૂપ હતા, બન્નેની ભુજાઓ વિશાળ હતી, મુખ મનોહર હતું, ૨૯ તે મહાત્માઓ ધ્વજ વજ્ર અંકુશ અને કમળનાં ચિહ્નવાળાં ચરણોવડે, વ્રજને શોભાવતા હતા, દયાપૂર્વક મંદ મંદ હસતા હતા અને આસપાસ દૃષ્ટિ કરતા હતા. ૩૦ તેમની રમત ઉદાર તથા મનોહર હતી, તેઓએ કંઠમાં માળા તથા વનમાળા ધારણ કરી હતી, નાહીને શરીર ઉપર પવિત્ર અને સુગંધી ચંદનનો લેપ કર્યો હતો, શુદ્ધ વસ્ત્ર પહેર્યાં હતા. ૩૧ તે બન્ને મુખ્ય પુરૂષ 'આદિ પુરૂષ જગતના હેતુરૂપ તથા જગતના પતિરૂપ હતા અને જગતના કલ્યાણ માટે સંપૂર્ણ અંશવડે બળભદ્ર તથા શ્રીકૃષ્ણ અવતરેલા હતા. ૩૨ મરકત મણિનો અને રૂપાનો પર્વત જેમ સોનાથી સંયુક્ત થઇ દિશાઓને પ્રકાશવાળી કરે તેમ તે બન્ને પોતાની કાંતિથી દિશાઓને પ્રકાશમાન કરતા હતા. ૩૩ સ્નેહથી વિહ્વળ થઇ ગયેલા અક્રૂરે રથમાંથી નીચે ઉતરી બળદેવ તથા શ્રીકૃષ્ણનાં ચરણમાં સાષ્ટાંગદંડવત્પ્રણામ કર્યા. ૩૪ ભગવાનનાં દર્શનના આનંદને લીધે અક્રૂરજીને આંસુ આવ્યાં, તે બોલવા ગયા, પણ હું અક્રૂર પ્રણામ કરૂં છું, એટલુંજ બોલી શકયા. ૩૫ પ્રણામ કરનાર ઉપર વત્સલ ભાવ રાખનાર અને પ્રસન્ન થયેલા ભગવાને તેમના મનની વાત જાણી લીધી અને ચક્રના ચિહ્નવાળા હાથથી પોતાની પાસે ખેંચી ભેટી પડયા. ૩૬ ઉદાર મનવાળા બળદેવ પોતાને પ્રણામ કરતા અક્રૂરને ભેટયા અને પોતાના હાથે હાથ અક્રૂરનો હાથ ઝાલી શ્રીકૃષ્ણ સાથે તેમને પોતાને ઘેર તેડી ગયા. ૩૭ 'ભલે પધાર્યા' વગેરે કહી કુશળ પ્રશ્ન પૂછી તેમને ઉત્તમ આસન આપ્યું. શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે તેમનાં ચરણ ધોઇને તેમની મધુપર્કથી પૂજા કરી. ૩૮ પછી અતિથિ એવા અક્રૂરને બળદ આપી તેમના પગ ચાંપ્યા. અક્રૂર પરિશ્રમથી મુક્ત થયા એટલે બળદેવે આદરથી તથા શ્રદ્ધાથી તેમને ઘણા રસવાળું અને પવિત્ર ભોજન જમવા આપ્યું, ૩૯ અક્રૂરે ભોજન કર્યા પછી પરમ ધર્મ જાણનાર બળદેવે પ્રીતિથી મુખવાસ ચંદન તથા પુષ્પ આપી તેમને પ્રસન્ન કર્યા. ૪૦ અક્રૂરનો સારી રીતે સત્કાર કર્યા પછી નંદે પૂછયું કે હે અક્રૂર ! નિર્દય કંસ જીવે છે, ત્યાં સુધી કસાઇના હાથ તળે રહેલા ઘેટાઓની પેઠે તમે મહા ચિંતામાં રહેતા હશો ? ૪૧ ખલ તથા પોતાની ઇંદ્રિયોને તૃપ્ત કરનાર કંસે રૂદન કરતી બેનના પુત્રોને મારી નાખ્યા. તમે પ્રજા છો માટે તમારૂં જીવન દુર્લભ છે કુશળતાનો વિચાર જ શું કરીએ ? ૪૨ નંદે મધુર વાણીથી અક્રૂરનો સત્કાર કર્યો અને અક્રૂરે નંદના પ્રશ્નોના ઉત્તરો આપવાં

માર્ગનો પરિશ્રમ દૂર કર્યો. ૪૩

इत्थं सूनृतया वाचा नंदेन सुसभाजितः।
अक्रूरः परिपृष्टेन जहावध्वपरिश्रमम् ॥४३॥
इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
अष्टात्रिंशोध्याय.

અધ્યાય ૩૯ મો.

ગોપીઓનો વિલાપ.

श्रीशुक उवाच.

सुखोपविष्टःपर्यंके रामकृष्णोरुमानितः।
लेभे मनोरथान् सर्वान् पथि यान् स चकार ह॥

શુકદેવજી કહે છે કે—હે રાજન! બળભદ્રે ને શ્રીકૃષ્ણે જેનો સત્કાર કર્યો હતો એવા અક્રૂરે રસ્તામા જે જે મનોરથો કર્યા હતા તે સર્વ સિદ્ધ થયા. ૧ લક્ષ્મીના નિવાસરૂપ ભગવાન જ્યારે પ્રસન્ન થાય છે ત્યારે કયી વસ્તુ દુર્લભ રહે છે? હે રાજન! ભગવાનપરાયણ ભક્તો કોઈ પણ વસ્તુની ઇચ્છા કરતા નથી. ૨ ભગવાન દેવકીપુત્રે વાળુ કર્યા પછી કંસ પોતાના સંબંધીઓની સાથે કેવી રીતે વર્તે છે? તે તથા તેનાં બીજાં કર્તવ્ય વિષે પ્રશ્નો પૂછવા લાગ્યા. ૩

ભગવાને પૂછ્યું કે—હે શાંતગુણિ અક્રૂર! તમારૂં પધારવુ કેમ થયું છે? આપણા સપિંડો સંબંધીઓ તથા બંધુઓ સુખી અને ખુશી છે. કુળમાં અંગારા રૂપ મારો મામો કહેવાતો કંસ જીવે છે ત્યાં સુધી સંબંધી તેમ પ્રજાના કુશળ સમાચાર શા પૂછવા? મારાં માત-પિતાને ઘણું દુઃખ સહન કરવું પડ્યું છે. મારે માટે કંસે તેમના પુત્રોનો નાશ કર્યો અને તેમને કેદ કર્યા. મને તમારા દર્શનની ઘણા દિવસથી ઇચ્છા હતી, તે આજ પૂર્ણ થઈ. આપનુ અહીં પધારવું શા કારણથી થયું છે તે કહો. ૭ આ પ્રમાણે ભગવાને પૂછ્યું એટલે અક્રૂરે વિસ્તારથી સર્વ કહેવા માંડ્યું. કંસે યાદવો સાથે કરેલું વેર વસુદેવને મારવા કરેલો ઉદ્યમ ૮ ધનુર્યાગ માટે પોતે આણેલા સમાચાર પોતાને જે કામ માટે દૂતરૂપે મોકલ્યા હતા તે તથા નારદે કંસની આગળ શ્રીકૃષ્ણનો જન્મ વસુદેવથી થયો છે એવી જે વાત કહી હતી તે સર્વ હકીકત કહી. ૯ પછી શત્રુનો નાશ કરનાર શ્રીકૃષ્ણ તથા બળભદ્ર અક્રૂરનું વચન સાંભળી હસ્યા અને નંદજીને કંસ રાજાની આજ્ઞા કહી. ૧૦ ગોપલોકને આજ્ઞા કરી કે તમે સર્વ પ્રકારનું ગોરસ સાથે લઇ ચ્યો, ભેટો લઈ લ્યો અને ગાડાં જોડો. ૧૧ આપણે સો આવતા કાલે મથુરા જઇશું, કંસને ગોરસ અર્પણ કરીશું અને મોટા પર્વત ઉપર થતા ધનુર્યાગનાં દર્શન કરીશું. આપણા દેશનાં મનુષ્યો પણ ત્યાં જાય છે. નંદરાયે વ્રજમાં કોટવાળ પાસે ઢંઢેરો ફેરવાવ્યો. ગોપીઓ ઢંઢેરો સાંભળી અને અક્રૂર બળભદ્ર તથા શ્રીકૃષ્ણને મથુરા લઇ જવા આવ્યા છે એમ સાંભળીને અત્યંત ઉદાસ થઈ. ૧૩ આ સંતાપથી હૃદયના ઉના નિઃશ્વાસને લીધે કેટલીક ગોપીના મુખની કાંતિ કરમાઇ ગઈ કેટલીક સ્ત્રીઓના વસ્ત્રો હાથનાં કંકણ ને કેશપાશ ઢીલા પડી ગયા. ૧૪ કેટલીક ગોપીઓની ઇંદ્રિયોની વૃત્તિઓ ભગવાનનું ધ્યાન કરવાથી શાંત પડી અને જાણે મુક્ત હોય તેમ તેઓને પોતાના દેહનું ભાન રહ્યું નહિ. ૧૫ કેટલીક ગોપીઓ, પ્રેમપૂર્વક મંદ હાસ્યથી બોલેલી અને હૃદયમાં ખુંચી રહેલી વિચિત્ર પદવાળી ભગવાનની વાતોને સંભારતી મૂર્છિત થઇ ગઈ. ૧૬ પછી ભગવાનની મનોહર ગતિ તેમનાં કાર્ય સ્નેહ ભરેલું મંદ હાસ્ય પ્રેમેક્ષણ શોકને દૂર કરનારાં ઉપહાસનાં વચનો તથા સર્વ મોટાં ચરિત્રોને સંભારતી અને ભગવાનની ક્ષણેક વિયોગ થવાના ભયથી કાયર ગોપીઓ ટોળેટોળાં મળી ભગવાનમાં પરાયણ થઈ. આ પ્રમાણે વિલાપ કરવા લાગી. ૧૯

* આ અધ્યાયમા ભગવાન મથુરા જતાં ગોપીઓએ વિલાપ કર્યો એ કથા કહેવાશે.

ગોપીઓ–વિધાતા તને પણ દયા નથી? દેહધારીને મિત્રતા તથા સ્નેહના ગાઢ સંબંધથી જોડી જેમણે સુખ ભોગવ્યાં ન હોય તે પહેલાં તેમને નિષ્કારણ વિખુટાં પાડે છે માટે તારી રમત એક બાળકના જેવી છે. ૧૯ તું કાળાકેશ વાળું સુંદર કપોળથી શોભતું ઉંચી નાસિકાવાળું, શોકશામક હાસ્યથી મનોહર ભગવાનનું મુખ અમને દેખાડીને તે પાછું અદૃશ્ય કરે છે, તુ ક્રૂર છે કારણ કે આવું કામ બીજા કોઇથી થાય જ નહિ તું અક્રૂર એવા બીજા નામથી અહીં આવ્યો છે. અમે તેં આપેલાં નેત્રોદ્વારા ભગવાનના એક અંગમાં તારી સર્વ સૃષ્ટિના નિર્માણની નિપુણતા નિહાળતી હતી પણ તું આ ગોપીઓ મારૂં સર્વ રહસ્ય સમજી ગઈ એવી ઇર્ષ્યાથી જાણે અજ્ઞાનીની પેઠે અમારાં નેત્રરૂપી શ્રીકૃષ્ણને હરી લેવાને તૈયાર થયો છે. ૨૧ ઘર કુટુંબ પુત્ર ને પતિનો ત્યાગ કરી અમે શ્રીકૃષ્ણનુ દાસ્ય અંગીકાર કર્યું અને તેમના વિલાસાદિક માટે આપણે આતુર રહીએ તોપણ ક્ષણભંગુર પ્રીતિવાળા હોવાથી નવી નવી વસ્તુ ઉપર પ્રીતિ રાખનાર શ્રીકૃષ્ણ આપણી તરફ જોતા નથી ૨૨ મથુરા નગરીની સ્ત્રીઓને આજનું પ્રભાત ખરેખર મંગળમય થશે અને તેમના સર્વ મનોરથો સિદ્ધ થશે કારણ કે ત્યાંની સ્ત્રીઓ મથુરા નગરીમાં પધારેલા વ્રજપતિ શ્રી કૃષ્ણને લીધે પ્રકાશતા મંદ હાસ્યરૂપી આસવવાળાં મુખનું પાન કરશે. હે સ્ત્રીઓ! ભગવાન તેમનાં માતપિતાને આધીન રહેશે તોપણ મથુરાની સ્ત્રીઓનાં મધના જેવાં મીઠાં ભાષણોથી તેમનું મન વશ થઇ જશે અને તે સ્ત્રીઓનાં લજ્જા યુક્ત મંદ હાસ્યોથી તથા વિલાસોથી ભમી જઇ આપણી ગ્રામ્ય સ્ત્રીઓની પાસે ઇચ્છા કરશે નહિ. ૨૪ આજે મથુરામાં દાશાર્હ ભોજ અંધક વૃષ્ણિ ને સાત્વત કુળના યાદવોની દૃષ્ટિને અવશ્ય મહોત્સવ થશે, કારણ કે તેઓ આજે લક્ષ્મીને પ્રિય અને ગુણોના સ્થાનરૂપ શ્રીકૃષ્ણનાં પુણ્ય દર્શન કરશે. ૨૫ આવા નિર્દય પુરૂષનું અક્રૂર નામ પડવું જોઇએ નહિ, કારણ કે આ તો ઘણો ક્રૂર છે, આપણને શાંત કર્યા વિના અતિપ્રિય એવા શ્રી કૃષ્ણને રસ્તાને પેલે પાર લઇ જાય ૨૬ અરે કઠિન મનના કૃષ્ણ તો રથમાં પણ બેઠા છકી ગયેલા ગોપ તેમની પાછળ ગાડામાં બેસીને ઉતાવળ કરે છે અને આ ઘરડા તેઓના અન્યાયને અટકાવતા નથી. આજ આપણું દૈવ પ્રતિકૂળ છે. ૨૭ આપણે સર્વ એકઠી થઈ ભગવાનની પાસે જઇ તેમને અટકાવીએ. કુળના વડીલો અને બાંધવો શું કરશે? આપણે ભગવાનનો સંગ અધક્ષણ પણ ત્યાગ કરી શકતા ન હતાં, તે ભગવાનની સાથે દૈવે આપણો વિયોગ પડાવીને આપણા મન દુઃખી કર્યાં છે તો આપણને મૃત્યુની બીક શાની છે. ૨૮ હે ગોપીઓ! રાસક્રીડામા જે ભગવાનનું સ્નેહાળ મંદ મંદ હસવું મધુર ગુપ્ત વાતો વિલાસેક્ષણ ભેટવું વગેરે મળવાથી ઘણી રાત્રીઓ એક ક્ષણ સમાન કાઢી હતી, તે ભગવાન વિના આપણે કેવી રીતે રહીશું. ૨૯ દુઃખની વાત તો રહી પરંતુ સાયંકાળે ગાયોની ખરીઓથી ઉડની ધૂળને લીધે જેમના કેશ તથા માળા ભરાઈ જતાં એવા બળભદ્રના મિત્ર શ્રીકૃષ્ણ ગોપ સાથે વેણુ વગાડતા વગાડતા વ્રજમાં આવતા અને મંદ મંદ હાસ્યપૂર્વક કટાક્ષવડે જોવાથી આપણા મનને હરી લેતા, તે ભગવાન વિના આપણે કેમ જીવી શકીશુ? ૩૦

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે બોલતી, વિરહથી અત્યંત આતુર થઇ ગયેલી અને શ્રીકૃષ્ણમાં જેમનું મન લાગી રહ્યું હતુ એવી ગોપીઓ લાજ મૂકીને હે ગોવિંદ! હે માધવ! એમ વિલાપ કરવા લાગી. ૩૨

સ્ત્રીઓ રડતી હતી એટલામાં સૂર્યનો ઉદય થયો અને અક્રૂરે સ્નાન સંધ્યાદિક નિત્ય કર્મથી પરવારી સ્ત્રીઓના રૂદન તરફ લક્ષ આપ્યા વિના રથ ચલાવ્યો. ૩૩ નંદાદિક ગોપલોક ભેટો તથા ગોરસ લઈને ગાડામાં બેસી તેમના પાછળ ચાલ્યા. ગોપીઓ શ્રીકૃષ્ણની પાછળ જવા લાગી ત્યારે શ્રી કૃષ્ણે તેમને સામુ જોઇને પ્રસન્ન કરી. ભગવાનનો પ્રત્યુત્તર મળવાની આશાથી તેઓ ઉભી રહી ૩૪ પોતાના પ્રસ્થાન વખતે ગોપીઓને સંતાપ પામતી જોઇ યદૂત્તમ શ્રીકૃષ્ણે 'હું પાછો આવીશ' એવાં પ્રીતિ ભરેલાં વચનો દૂતદ્વારા કહેવરાવીને તેમને પાછી વાળી ૩૫ ભગવાનના રથની ધ્વજા અને ઉડતી ધૂળ જયાં સુધી દેખાઇ ત્યાં સુધી ગોપીઓ ચિત્રમાં આલેખેલી પુતળીઓની પેઠે ઉભી રહી. ૩૬ ભગવાન પાછા આવશે નહિ એમ નિરાશ થઈ તે વ્રજમાં ગઇ અને ભગવાનની લીલા ગાઇને દિવસ રાત્રિ આનંદમાં ગાળવા લાગી. ૩૭ હે રાજન! ભગવાન શ્રીકૃષ્ણ બળદેવ તથા અક્રૂરની સાથે વાયુ જેવા વેગવાળા રથમાં બેસીને યમુના ઉપર ગયા. ૩૮ શ્રીકૃષ્ણ બળદેવ સાથે નાહી મણિના જેવા સ્વચ્છ પાણીનું પાન કરી વૃક્ષની છાયા નીચે બેઠા. ૩૯ અક્રૂર તે બન્નેને રથ ઉપર બેસાડી યમુના ઉપર ગયા અને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સ્નાન કર્યું. ૪૦ પાણીમા ડુબકી મારીને ગાયત્રી મંત્રનો જપ કરવા લાગ્યા, એટલામાં અક્રૂરે બળભદ્ર તથા શ્રીકૃષ્ણ બન્નેને પાણીમાં દીઠા. ૪૧ તેમના મનમા વિચાર આવ્યો કે વસુદેવના પુત્રો રથમા બેઠા છે તે અહીં કયાંથી આવ્યા? તે રથમા હશે નહિ, અક્રૂરે પાણી બહાર નિકળીને જોયું તો બન્ને ભાઈઓને પ્રથમની પેઠે બેઠેલા દીઠા. તેમને વિચાર થયો કે ત્યારે મેં પાણીમાં દીઠા તે શું? એમ વિચાર કરીને પાણીમાં ડુબકી મારી કે ૪૩ ફરીને પાણીમાં તેમણે હજાર મસ્તકવાળા શેષનાં દર્શન કર્યાં. સિદ્ધ ચારણ ગંધર્વ અને અસુરો પોતાનાં મસ્તકો નમાવીને રાત્રિ દિવસ તેમની સ્તુતિ કરતા હતા, તેમનાં હજાર મસ્તકો ઉપર ફણાના મુગટો શોભી રહેલા હતા, તેમણે શ્યામ વસ્ત્ર પહેર્યાં હતાં અને શરીર કમળના નાળ જેવું ગોર હતું, તેથી શિખરોવડે ધોળા દેખાતા હિમાચળની પેઠે શોભતા હતા. ૪૫ શેષ નાગના ખોળામાં ભગવાન પોઢયા હતા, શરીરનો વર્ણ મેઘના જેવા શ્યામ રંગનો હતો તેમણે પીળુ રેશમી વસ્ત્ર પહેર્યું હતું ને ચાર ભુજાઓ હતી, તેમની શાંત મૂર્તિ અને નેત્ર કમળ જેવાં રાતાં હતાં. મુખ પ્રસન્ન તથા મનોહર હતું, હસવું તથા જોવું મનોહર હતું, નાસિકા તથા ભ્રકુટી ઉન્નત હતી. અને કાન સુંદર હતા. કપોળ સુકુમાર હતા, ઓઠ રાતા હતા, ૪૭ ભુજાઓ લાંબી અને જાડી હતી, ખભા ઉંચા ઉરૂસ્થળમાં લક્ષ્મીજી બિરાજતાં હતાં, કંઠ શંખાકાર હતો, નાભિ ગોળ અને ઉંડી હતી, પિંપળાના પાન જેવા પેટ ઉપર વાટા હતા. ૪૮ કેડ તથા નિતંબ પ્રદેશ મોટા હતા. પહોંચાના આકારની બે સાથળો હતી, બે મનોહર ઘુંટણ હતા, તેની નીચે બે સુંદર પીંડીઓ હતી. ૪૯ તેમનાં ચરણારવિંદ ઉંચી ઘુંટીથી તથા રાતા નખોની કાંતિથી ભરપુર થઇ રહ્યા હતા, ને આંગળીઓ તથા અંગુઠારૂપી પાંદડાંથી શોભતા હતા. ૫૦ ઘણા મોટા મૂલના મણિઓથી જડેલા મુગટો કડાં કટિસૂત્રો ઉપરાંત બાજુબંધો, હાર, ઝાંઝર અને કુંડળોથી શોભતા હતા. તેમણે ચાર ભુજાઓમાં શંખ ચક્ર, ગદા અને પદ્મ ધારણ કર્યાં હતાં, તેમના વક્ષઃસ્થળમાં શ્રીવત્સ અને કૌસ્તુભ મણિ શોભતો હતો, કંઠમાં વનમાળા હતી. ૫૨ સુનંદ નંદ વગેરે પાર્ષદો સનકાદિક મુનિઓ બ્રહ્મા, રૂદ્ર વગેરે દેવાધિપતિઓ,

મરીચિ વગેરે નવ મુનિઓ પ્રહ્લાદ નારદ ઉપરિચર, વસુ વગેરે મોટા વૈષ્ણવો ભાવવાળાં વચનોથી ભગવાનની સ્તુતિ કરતા હતા. ૫૪ લક્ષ્મી પુષ્ટિ સરસ્વતી કાંતિ કીર્તિ તુષ્ટિ ઇલા ઉર્જા વિદ્યા અવિદ્યા શક્તિ માયા વગેરે શક્તિઓ તેમની સેવા કરતી હતી. ૫૫ પરમ ભક્તિવાળા અક્રૂર આવા ભગવાનનાં દર્શન કરીને ઘણાજ પ્રસન્ન થયા, તેમના શરીરમાં રોમાંચ થયો અને અલૌકિક ભક્તિથી તેમનું અંતઃકરણ તથા નેત્ર ભીંજાઈ ગયાં. ૫૬ તોપણ અક્રૂરજી ધીરજ ધરીને સાવધાન થયા અને બે હાથ જોડી ભગવાનને પ્રણામ કરીને ગળગળી વાણીથી ધીરે ધીરે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.

गिरा गद्गदयाऽस्तौषात् सत्वमालंब्य सात्वतः।
प्रणम्य मुर्ध्नाऽवहितः कृतांजलिपुटः शनैः॥५७॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
एकोनचत्वारिंशोध्यायः

અધ્યાય ૪૦ મો.†

અક્રૂરકૃત શ્રીકૃષ્ણ સ્તુતિ.

अक्रूर उवाच.

नतोऽस्म्यहं त्वाखिलहेतुहेतुं
नारायणं पुरुषमाद्यमव्ययम् ।
यन्नाभिजातादरविंदकोशा-
द्ब्रह्माविरासीद्यत एव लोकः ॥१॥

અક્રૂર—સર્વ કારણના કારણ આદિ પુરૂષ અને અવિનાશી એવા આપ નારાયણને હું નમસ્કાર કરૂં છું. જેમની નાભિમાંથી ઉત્પન્ન થયેલા કમળકોશમાંથી બ્રહ્મા પ્રગટ થયા હતા અને તેમાંથી આ જગત ઉત્પન્ન થયું છે. ૧ પૃથ્વી, પાણી, તેજ વાયુ, આકાશ. અહંકાર, મહત્તત્વ માયા પુરૂષ, મન, ઇંદ્રિયો, ઇંદ્રિયોના સર્વ વિષયો સર્વ દેવતાઓ જે કંઇ સર્વે જગતના કારણરૂપ છે, તે સર્વે આપણા અંગમાંથી ઉત્પન્ન થયેલું છે. ૨ જડતાને લીધે પ્રત્યક્ષાદિકથી જાણવામાં આવતા માયા વગેરે પદાર્થો સર્વના આત્મારૂપ આપના સ્વરૂપને જાણતા નથી. બ્રહ્મા પણ માયાના ગુણોથી મુક્ત નથી તેથી માયાના ગુણોથી પર એવા આપના સ્વરૂપને જાણતા નથી. પણ આપને જાણવાના ઘણા માર્ગો છે. મહાત્મા યોગીઓ ગોલોકના ઇંદ્ર-તથા દેવતાઓના સાક્ષીરૂપ સર્વના અંતર્યામી તથા નિયંતા એવા આપને સેવે છે. ૪ કેટલાક કર્મકાંડી વિસ્તારવાળા યજ્ઞો કરી ઇન્દ્ર વરૂણ અગ્નિ વગેરે આદિ દેવતાઓનાં નામથી તમારૂં પૂજન કરે છે. ૫ કેટલાક જ્ઞાની સર્વ કર્મોનો ત્યાગ કરી જ્ઞાનયજ્ઞવડે જ્ઞાનમૂર્તિ એવા આપનું યજન કરે છે. ૬ કેટલાક દીક્ષાથી સંસ્કાર પામેલા પુરૂષો પંચરાત્રમાં કહેલા વિધિથી વાસુદેવ સંકર્ષણ પ્રદ્યુમ્ન ને અનિરૂદ્ધ રૂપધારી આપને ભજે છે. ૭ હે ભગવન ! કેટલાક શંકરે ભિન્ન ભિન્ન આચાર્યોરૂપે કહેલા પાશુપતાદિક માર્ગોથી આપનું ભજન કરે છે. ૮ બીજા દેવતાઓના ભક્તો તેઓની બુદ્ધિ જો કે બીજાઓમાં આસક્ત હોય છે, તોપણ સર્વ ખરી રીતે જોતા આપનું યજન કરે છે. ૯ જેમ પર્વતમાંથી ઉત્પન્ન થયેલી નદીઓ વરસાદના પાણીથી ભરાઇને વહેવા માંડે ત્યારે ચોતરફથી સમુદ્રને જઇ મળે છે તેમ બધા માર્ગો પરિણામે તમારામાં પરિણામ પામે છે. ૧૦ સત્વ રજ અને તમ એ તમારી માયાના ગુણો છે અને બ્રહ્માથી માંડી સ્થાવર સુધી સર્વ જીવો તે ગુણોમાં વસી રહેલા પ્રકૃતિમાં અને પ્રકૃતિ આપમાં પરોવાયલી છે ૧૧ જેમની બુદ્ધિ ગુણોથી વ્યાપ્ત થયેલી નથી, એવા સર્વના આત્મારૂપ સર્વની બુદ્ધિઓના સાક્ષી આપને હું નમસ્કાર કરૂં છું. અવિદ્યાએ નિર્માણ કરેલો ગુણરૂપ સંસારનો પ્રવાહ દેવના, મનુષ્ય તથા પશુ—પક્ષીઓના

† આ અધ્યાયમાં અક્રૂરે શ્રીકૃષ્ણને પરમેશ્વર માની પ્રણામ કર્યા અને ભક્તિથી સગુણ નિર્ગુણ ભેદથી તેમની સ્તુતિ કરી એ કથા કહેવાશે.

શરીરોને આત્મારૂપ માને છે, તેમને જન્મ–મરણ થયા કરે છે ૧૨ અગ્નિ આપનુ મુખ, પૃથ્વી આપનાં ચરણ, સૂર્ય આપનાં નેત્ર આકાશ આપની નાભિ, દિશાઓ આપના કાન, સ્વર્ગલોક આપનું મસ્તક દેવતાઓ આપના હાથ, સમુદ્રો આપનું પેટ અને વાયુ આપના પ્રાણ તથા બળ કલ્પાયેલાં છે. ૧૩ વૃક્ષો તથા ઓષધિઓ આપનાં રૂંવા છે, મેઘ આપના કેશ પર્વતો હાડકા રાત્રિ અને દિવસ નિમેષ પ્રજાપતિ ઈંદ્રિય અને વૃષ્ટિ સત્વ છે. ઘણા જીવોથી વ્યાપ્ત થયેલા લોકપાલ સહિત લોકો મનની વૃત્તિથી જાણવામાં આવતા આપના સ્વરૂપમાં કલ્પાયેલા છે, પાણીમા રહેલા સૂક્ષ્મ જીવ જંતુઓ અને ઉબરાના ફળમાં રહેલા જીવ જેમ ફર્યા કરે તેમ આપના સ્વરૂપમાં એક બીજાની વાતને ન જાણતાં બ્રહ્માંડો ફર્યા કરે છે ૧૫ આપ વિહાર કરવા માટે જે જે રૂપો ધારણ કરો છો, તે તે રૂપોથી લોકો શોકરહિત થઈ હર્ષથી તમારા યશને ગાય છે. ૧૬ પ્રલય કાળના સમુદ્રમાં ફરનાર અને કારણ માટે મત્સ્યાવતારી આપને હું નમસ્કાર કરૂં છું. મધુ કૈટભનો નાશ કરનાર હયગ્રીવરૂપ આપને નમસ્કાર છે. ૧૭ મન્દરાચળને ધારણ કરનાર મોટા કચ્છપાવતારી આપને નમસ્કાર છે. પૃથ્વીનો ઉદ્ધાર કરવા જળવિહારી બનેલા વરાહરૂપ ભગવાનને નમસ્કાર છે. ૧૮ આશ્ચર્યજનક નૃસિંહ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ત્રણ પગલામા પૃથ્વીને માપનાર આપ વામનને નમસ્કાર છે. ગર્વિષ્ઠ થયેલા ક્ષત્રિય રૂપી વનને કાપનાર પરશુરામ એવા આપને નમસ્કાર છે. રાવણનો નાશ કરનાર રામચંદ્રરૂપ આપને નમસ્કાર છે. ૨૦ વાસુદેવરૂપ સંકર્ષણરૂપ પ્રદ્યુમ્નરૂપ અનિરૂદ્ધરૂપ અને ભક્તોના અધિપતિ એવા આપને નમસ્કાર છે. ૨૧ દૈત્ય અને દાનવોને મોહ પમાડનાર શુદ્ધ બુદ્ધરૂપ આપને નમસ્કાર છે. મ્લેચ્છરૂપ ક્ષત્રિયોનો સંહાર કરનાર કલ્કિરૂપ આપને નમસ્કાર છે. જીવલોક તમારી માયાવડે મોહિત છે, તે 'હું અને આ મારૂં' એવો મિથ્યા આગ્રહ કરી કર્મના માર્ગમાં ભટક્યા કરે છે. ૨૩ હું મૂર્ખ આ દેહ પુત્ર ઘર સ્ત્રી ધન અને સ્વજન વગેરે સ્વપ્ન જેવા મિથ્યા પદાર્થોને સત્ય માનીને સંસારમાં ભટક્યા કરૂં છું. ૨૪ અનિત્ય એવા કર્મના ફળને નિત્ય માનનાર અનાત્મા દેહને આત્મા માનનાર દુઃખરૂપ ઘરબાર વગેરેને સુખરૂપ માનનાર સુખ દુઃખમાં જ રમનાર અને અજ્ઞાનથી ભરેલો હું તૃણાવૃત્ત કૂપનો ત્યાગ કરી ઝાંઝવાંના પાણી તરફ દોડતો હું આપને છોડી દેહાદિક મિથ્યા વસ્તુ તરફ દોડુ છું. ૨૬ કામ તથા કર્મથી પરાજય પામેલા જે મારા મનને બળવાન ઈંદ્રિયો વિષયો તરફ ઘસડી જાય છે, તે મનને કૃપણ બુદ્ધિવાળો હું રોકી શકતો નથી. ૨૭ તે હું હે ઈશ્વર! દુરાત્માઓને દુર્લભ એવા તમારા ચરણને શરણે આવ્યો છું અને તે તમારો અનુગ્રહ છે, એમ માનુ છું. પુરૂષનો જ્યારે મોક્ષ થવાનો હોય ત્યારે જ સત્પુરૂષોની સેવાથી તમારી ભક્તિ કરવાની મતિ થાય છે. ૨૮ વિજ્ઞાન મૂર્તિ સર્વ જ્ઞાનના કારણ રૂપ પુરૂષને સુખદુઃખાદિક આપનાર કાળ કર્મ સ્વભાવાદિકના નિયંતા અને અનંત શક્તિવાળા આપ પરબ્રહ્મને મારા નમસ્કાર છે. ૨૯ સર્વ પ્રાણીઓના નિવાસસ્થાનરૂપ વાસુદેવ એવા તમને મારા નમસ્કાર છે. હે પ્રભો! મને શરણાગતને આપ પાળો. ૩૦

नमस्ते वासुदेवाय सर्वभूतक्षयाय च ॥
षीकेश नमस्तुभ्यं प्रपन्नं पाहि मां प्रभो ॥

इतिश्रीमद्भागवतेमहापुराणे दशमस्कंधे
चत्वारिंशोऽध्यायः

અધ્યાય ૪૧ મો.¶

મથુરાંમાં શ્રીકૃષ્ણ.

શ્રીશુક ઉવાચ.

स्तुवतस्तस्य भगवान् दर्शयित्वा जले वपुः।
भूयः समाहरत् कृष्णो नटो नाट्यमिवात्मनः १

શુકદેવજી કહે છે કે—અક્રૂરને પાણીમાં પોતાનું સ્વરૂપ દેખાડીને નટ જેમ નાટકને સંકેલી લે તેમ ભગવાને પોતાનું સ્વરૂપ પાછું ખેંચી લીધું. અક્રૂર ભગવાનનું સ્વરૂપ અંતર્ધાન થયું તે જોઈ, પાણીમાંથી બહાર નીકળ્યા અને આવશ્યક કર્મ કરી આશ્ચર્ય પામતા રથ પાસે આવ્યા. ૨ શ્રીકૃષ્ણે અક્રૂરને પૂછ્યું કે. તમે કંઈ આશ્ચર્ય જોયું હોય એમ લાગે છે. અક્રૂર બોલ્યા કે જગતમાં પૃથ્વી ઉપર આકાશમાં અથવા પાણીમાં જેટલા આશ્ચર્ય જનક પદાર્થો છે તે સર્વ આપમાં છે, તમારા દર્શન કરવાથી મેં શું નથી જોયું? ૪ હે ભગવાન! તમારામાં સર્વ આશ્ચર્યો રહેલાં છે તે તમને હું પ્રત્યક્ષ જોઉં છું હવે પૃથ્વીપર આકાશમાં કે પાણીમાં મારી નહિ જોયેલી કયી વસ્તુ અદ્ભુત હોય. ૫ આમ કહી અક્રૂર રથ હાંકવા લાગ્યા અને સાયંકાળે બળભદ્ર અને શ્રીકૃષ્ણને મથુરામાં પહોંચાડી દીધા ૬ હે રાજન! માર્ગમા ઠેક ઠેકાણે એકઠા થયેલા ગામના લોકો વસુદેવના પુત્રોને જોઇ પ્રસન્ન થયા અને તેમને એક દૃષ્ટિથી જોવા લાગ્યા, શ્રીકૃષ્ણ બળભદ્ર મથુરામાં પહોંચ્યા ત્યાર ગોરા વ્રજવાસી આગળથી ઉપવનમાં આવી તેમની વાટ જોતા ઉભા. ભગવાન જગદીશ્વર શ્રીકૃષ્ણ તેમને મળી પોતાના હાથથી અક્રૂરનો હાથ ઝાલી મુખ મલકાવી બોલ્યા કે આપ વાહનો સાથે આગળથી મથુરાપુરીમા જઈને ઘેર જાઓ અને અમે અહીં ઉતારો કરીને પછી નગરને જોઈશું. ૧૦ અક્રૂર કહે છે કે હે પ્રભુ! હું તમારા બન્ને વિના મથુરાંમાં જઈશ નહિ. તમારે મારો ત્યાગ કરવો નહિ. ૧૧ ચાલો, આપણે સાથે ઘેર જઈએ. હે જિતેન્દ્રિય! મોટાભાઈ ગોવાળિયા તથા સંબંધીઓના સાથે અતિ પ્રેમપાત્ર તમે અમને સનાથ કરો ૧૨ જે ચરણથી પિતરો અગ્નિઓ તથા દેવતાઓ પવિત્ર થાય છે તે ચરણની રજથી અમારાં ગૃહસ્થાશ્રમીઓનાં ઘરોને પવિત્ર કરો. ૧૩ બળિરાજા તમારાં બન્ને ચરણોને પખાળીને ઇન્દ્ર થયો હતો. તેણે અતુલ ઐશ્વર્ય સંપાદન કર્યું હતું તથા એકાન્તિક ભક્તોની ગતિ મેળવી હતી. ૧૪ તમારા ચરણનું જળ ગંગારૂપે ત્રણ લોકને પવિત્ર કરે છે શંકરે તે જળ મસ્તક ઉપર ધારણ કર્યું છે અને સગર રાજાના પુત્રો તેમાં સ્નાન કરીને સ્વર્ગમાં ગયા છે જેના ગુણોનું શ્રવણ તથા કીર્તન પવિત્ર છે એવા તમને નમસ્કાર છે ૧૬ યાદવોનો દ્રોહ કરનાર કંસનો નાશ કરીને પછી હું મોટા ભાઈની સાથે તમારે ઘેર આવીશ અને સંબંધીઓને આનંદ આપીશ એમ ભગવાને કહ્યું. ૧૭

શુકદેવજી કહે છે કે—ભગવાને આમ કહ્યું, તેથી અક્રૂર ઉદાસ થયા મથુરામાં જઈ કંસને સર્વ વાત નિવેદન કરીને પોતાને ઘેર ગયા. ૧૮ શ્રીકૃષ્ણ ભગવાન પાછલે પહોરે ગોપ બળદેવની સાથે નગરી જોવા નીકળ્યા. પુરીને ચારે તરફથી જોતા જોતા તે ચાલ્યા. નગરીના દરવાજા સ્ફાટિક મણિના અને ઘણા ઉંચા હતા તેના મોટાં કમાડ તથા છજાં સોનાના હતાં, તેમા કોઠારો તથા ઘોડારો ત્રાંબાની અને લોઢાની હતી. ફરતી ખાઈને લીધે પુરી દુર્ગમ બની હતી ઉદ્યાનોથી તથા મનોહર ઉપવનોથી નગરીની શોભા વધી હતી. સુવર્ણથી ઝળહળતાં ચૌટાં હવેલીઓ નજરબાગો અનેક જાતના ધંધાદારીઓની એક સાથે આવેલી દુકાનો તથા મંદિરોથી તે શોભી રહી હતી. વૈદૂર્ય હીરા સ્ફાટિક

¶ આ અધ્યાયમા ભગવાને મથુરામા પેસતા રંગારીને માર્યો અને સુદામા માળી ઉપર તથા દરજી ઉપર પ્રસન્ન થઇ તેમને વર આપ્યા, તે કથા કહેવારો

નીલમ પથ્થવાળાં મોતી તથા હરિયાળા મણિઓથી છાજલીઓ કિનારીઓ જાળિયોનાં છિદ્રો તથા ભૂમિઓ જડેલી અને બાંધેલી હતી. તેની ઉપર બેઠેલાં કબુતરો તથા મોરોના નાદથી તે ગાજી રહી હતી. રાજમાર્ગ શેરીઓ બજારો સામાન્ય માર્ગો અને ચૌટામાં પાણી છાંટેલા હતાં તેના ઉપર પુષ્પ જુવારા શાળ તથા શાળની ધાણીઓ વેરેલા હતી. ૨૨ પ્રત્યેક ઘરના બારણાના બન્ને ભાગ ઉપર પાણીના ભરેલા ઘડાઓ મૂકેલા હતા તેની ઉપર દહીં અને ચંદન છાંટેલુ હતું. ઘડાના મુખમા નવપલ્લવ તથા પુષ્પો ખોસેલાં હતા અને તેની ઉપર દીવાઓની હારો ગોઠવી દીધી હતી તથા બન્ને ભાગ ઉપર ફળોની લુમ સાથે કેળો અને સોપારીનાં ઝાડો ઉભાં કરી દીધાં હતા ધ્વજા પતાકાઓ બારણાના બન્ને ભાગ ઉપર ફરફરી રહ્યાં હતાં ૨૩ વસુદેવના બન્ને પુત્રો પોતાના મિત્રોની સાથે આવી શોભાવાળી મથુરાનગરીમાં રાજમાર્ગે થઇને દાખલ થયા. હે રાજન! તેમને જોવા માટે ઉત્કંઠિત નગરની સ્ત્રીઓ ઉતાવળી ઉતાવળી આવીને એકઠી મળી અને કેટલીક ઉત્કંઠાવાળી અગાસીએ ચઢી ૨૪ કેટલીક વસ્ત્રો તથા ઘરેણા અવળાં પહેરીને છજે ગઇ કેટલીક બે ઘરેણાંમાંથી એક ઘરેણુ વિસરી ગઇ કેટલીક ભોજન કરતી કાન ઉપર એક એક પત્ર. મૂકીને ગઇ; કેટલીક બીજી આખ આંજ્યા વિના ગઇ. ૨૫ કેટલીક ભોજન કરતી તે પડતું મૂકીને કેટલીક શરીર ઉપર તેલનું મર્દન કરતી તે પડતું મૂકીને કેટલીક સુતી હતી તે બહાર લોકોનો શબ્દ સાંભળી ઉઠીને અને કેટલીક માતાઓ છોકરાંને ધવરાવતી છોકરાંને પડતા મૂકીને તે જોવા ગઇ. ૨૬ મદમત્ત મહા હસ્તીના જેવા પરાક્રમી તથા લક્ષ્મીને વિલાસ કરવા યોગ્ય દેહવડે લોકોનાં નેત્રને આનંદ આપતા શ્રીકૃષ્ણે વિલાસપૂર્વક હાસ્યથી મથુરા નગરીની સ્ત્રીઓનાં મન હરી લીધાં. ૨૭ મથુરાની સ્ત્રીઓનું મન ભગવાનની પાછળ લાગેલું હતું, તેમાં વળી ભગવાનના મંદમંદ હસવા રૂપી અમૃતનું સિંચન થવાથી તેઓ સત્કાર પામી, તેમનાં અંગમાં રોમાંચ થયો અને તેમણે નેત્રોદ્વારા ભગવાનને હૃદયમાં ધારણ કર્યા ૨૮ હવેલીની અગાસીઓ ઉપર ચઢેલી અને પ્રેમથી પ્રફુલ્લિત મુખકમળવાળી સ્ત્રીઓ બળદેવની તથા શ્રીકૃષ્ણની ઉપર પુષ્પોની વૃષ્ટિ કરવા લાગી.૨૯ પ્રસન્ન થયેલા બ્રાહ્મણો ઠેકઠેકાણે જળનાં પાત્રો સાથે દહીં અક્ષત પુષ્પની માળા ચંદન તથા ઉપહારોથી તેમને સત્કાર કરતા હતા.૩૦ નગરવાસીઓ કહેતા હતા કે, અહો ગોપીઓએ એવું શું તપ કર્યું હશે કે જે સ્ત્રીઓ મનુષ્ય લોકમાં મહોત્સવરૂપ આ બંને ભાઇઓને જોતી હતી. ૩૧ પછી એક ધોબી મળ્યો, તેને ભગવાને ધોએલાં અત્યુત્તમ વસ્ત્રો આપવા કહ્યું. ૩૨ અમે બન્ને ઉત્તમ વસ્ત્ર પહેરવાને યોગ્ય છીએ માટે અમને યોગ્ય વસ્ત્રો આપ. વસ્ત્ર આપવાથી તારૂં પરમ કલ્યાણ થશે. ૩૩ સર્વ રીતે પૂર્ણ કામનાવાળા ભગવાને ધોબીની પ્રાર્થના કરી, તોપણ તે રાજાનો ધોબી હોવાથી છકી ગયો હતો તેથી ક્રોધ કરી તિરસ્કારથી બોલ્યો કે, અરે ઉચ્છૃંખલો! તમે પર્વતો ઉપર અને વનોમાં રહેનાર નિરંતર શું આવા લુગડાં પહેરો છો! કે જેથી તમે રાજાના પદાર્થોની ઇચ્છા કરો છો? અહીંથી ચાલ્યા જાઓ. તમારે જો જીવવાની ઇચ્છા હોય તો ફરીથી આવી માગણી કરશો નહિ, કારણ કે રાજાના સેવકો અભિમાની પુરૂષને કેદ કરીને તેનું ધન લુંટી તેનો નાશ કરે છે.

આ પ્રમાણે ધોબી તેમને ધમકાવતો હતો એટલામાં ભગવાન શ્રીકૃષ્ણ કોપાયમાન થઇ હાથના અગ્રભાગથી ધોબીની કાયા ઉપરથી મસ્તક નીચે પાડ્યું. ૩૭ તરતજ

તેઓ સર્વે નોકરો લુગડાંના ગાંસડા મૂકીને નાસી ગયા ને ભગવાને તે વસ્ત્રો લઇ લીધાં. પછી શ્રીકૃષ્ણે તથા બળદેવજીએ પોતાને ગમતાં વસ્ત્રો પહેરી કેટલાંક વસ્ત્રો નાખી દીધા ને બાકીનાં ગોપલોક માટે લઇ લીધા. ૩૯ પછી એક દરજીએ પ્રસન્ન થઇ જાત જાતના રંગવાળાં વસ્ત્રાથી તથા ઘરેણાંથી તેમને શણગાર્યા. ૪૦ અનેક જાતના વેશોથી શ્રીકૃષ્ણ તથા બળદેવ પર્વ વખતે શણગારેલા હાથીના કાળા અને ધોળા બચ્ચાની પેઠે શોભવા લાગ્યા. ભગવાને પ્રસન્ન થઇ દરજીને પોતાનુ સારૂપ્ય, જગતમા ઉત્તમ પ્રતિની સુલક્ષ્મી બળ ઐશ્વર્ય સ્મૃતિ તથા ઇંદ્રિયોની શક્તિ આપી. ૪૨ પછી બન્ને ભાઇ સુદામા નામે માળીને ઘેર ગયા. માળીએ તેઓને જોઇ ઉભા થઇ મસ્તક નમાવી પ્રણામ કર્યા. ૪૩ અને તેમને આસન અને પગ ધોવાનું પાણી આણી આપ્યું. પુષ્પની માળા તાંબુલ ચંદન વગેરે પૂજાની સામગ્રીઓથી પૂજા કરી કહ્યુ કે હે પ્રભો ! તમે આજ અમારા જન્મને સાર્થક કર્યો, અમારા કુળને પવિત્ર કર્યું અને તમારા બેના આવવાથી અમારા પિતૃઓ દેવતાઓ તથા ઋષિઓ પ્રસન્ન થયા. ૪૫ તમે બન્ને આ વિશ્વનું પરમ કારણ છો અને જગતના કલ્યાણ માટે તથા રક્ષણ માટે જગતમાં અવતર્યા છો, સર્વના સ્નેહી તથા જગતના આત્મારૂપ છો, તેથી તમને બન્નેને વિષમ દૃષ્ટિ નથી. ૪૭ હવે તમે આ સેવકને આજ્ઞા કરો કે હું તમારૂં શું પ્રિય કરૂં ? આપ તરફથી જે આજ્ઞા કરવામાં આવે એ જ પુરૂષના ઉપર મોટો અનુગ્રહ છે. ૪૮ હે રાજેંદ્ર ! આ પ્રમાણે બોલતા સુદામા માળીએ તેમનો અભિપ્રાય જાણ્યા પછી પ્રસન્ન થઇ સારા તથા સુગંધી ફૂલોની બનાવેલી માળાઓ બન્નેને અર્પણ કરી. ૪૯ માળાઓથી શ્રીકૃષ્ણ તથા બળદેવે ઓપ સાથે અલંકૃત થઇ પોતાને પ્રણામ કરતા સુદામાને વર આપ્યો. ૫૦ સુદામા માળીએ બન્ને ભાઇઓની પાસેથી સર્વના આત્મારૂપ પરમેશ્વરમાં અચલ ભક્તિ માગી તથા તેમના ભક્તોની સાથે પ્રીતિ માગી અને સર્વ પ્રાણીઓ ઉપર ઉત્તમ પ્રતિની દયા માગી. ૫૧ માળીના માગવા પ્રમાણે વર આપીને વંશમાં વૃદ્ધિ પામનારી લક્ષ્મી બળ આયુષ્ય યશ તથા કાંતિ આપીને બળદેવજી સાથે શ્રીકૃષ્ણ ત્યાંથી આગળ વધ્યા.

इति तस्मै वरं दत्त्वा श्रियं चान्वयवर्धिनीम् ।
बलमायुर्यशः कांतिं निर्जगाम सहाग्रजः॥५२

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे एकचत्वारिंशोऽध्यायः

અધ્યાય ૪૨ મો.†

કુબ્જાને રૂપાળી કરી.

श्रीशुक उवाच.

अथ व्रजन् राजपथेन माधवः
स्त्रियं गृहीतांगविलेपभाजनाम् ।
विलोक्य कुब्जां युवतीं वराननां
पप्रच्छ यांतीं प्रहसनरसप्रदः ॥ १ ॥

શુકદેવજી કહે છે કે—હે રાજન ! ભગવાને રાજમાર્ગમાં જતાં એક સુંદર મુખવાળી તરૂણ સ્ત્રી દીઠી. તે કુબડી હતી અને તેણે હાથમાં શરીર ઉપર લેપ કરવાના ચંદનનું પાત્ર લીધુ હતું. ભગવાને હસીને તેને પૂછ્યું કે—હે સ્ત્રી ! તું કોણ છે ? અને આ ચંદન કોના શરીર ઉપર ચોપડવા લઇ જાય છે તે મને કહે અને તે ઉત્તમ ચંદન અમને આપ ચંદન આપવાથી તારૂં કલ્યાણ થાશે. ૨ કુબ્જા બોલી કે—હે સુંદર વર ! હું કંસની દાસી છું. મારૂં નામ ત્રિવક્રા છે અને અંગરાગ તૈયાર કરવાના કામમા કંસે મને રાખેલી છે મારૂં ઘસેલું ચંદન ભોજરાજને

† આ અધ્યાયમા ભગવાને કુબ્જાને સરખી કરી ધનુષ ભાગ્યુ, ધનુષના રક્ષકોનો નાશ કર્યો, કંસને અપશુકન દેખાયા ને અખાડામા તોફાન થયુ, તે કથા કહેવામા આવશે

બહુ પ્રિય લાગે છે તમારા વિના બીજો કયો પુરૂષ તે ચંદનને યોગ્ય છે ? ૩

શુકદેવજી કહે છે કે-ભગવાનનું રૂપ સુકુમારતા રસિકતા હસવું બોલવું વગેરે જોઈને પરવશ થયેલી કુબ્જાએ બન્ને ભાઈઓને ચંદન આપ્યું. ૪ તે બન્ને ભાઈ ઓએ પીળા તથા રાતા રંગનો અંગરાગ નાભિથી ઉપરના અંગે લગાડી દીધો. ૫ પછી પ્રસન્ન થયેલા ભગવાને ત્રણ ઠેકાણેથી વાંકી કુબ્જાને પોતાના દર્શનનું ફળ દેખાડવા સરખી કરવાનો વિચાર કર્યો ૬ ભગવાને પોતાના પગવતી તેની બે એડી દબાવી, હાથની બે આગળીઓન ઉંચી કરીને તેના વતી દાઢી પકડીને શરીર ઉંચુ કર્યું. ખેંચવાથી તેનું અંગ પાંસરૂં તથા સરખું થઇ ગયું અને તે ભગવાનના સ્પર્શથી તરત ઉત્તમ સુંદરી થઇ રહી. ૮ રૂપ ગુણ તથા ઐાદાર્યવાળી તે શ્રીકૃષ્ણના વસ્ત્રના છેડો ખેંચીને હસતાં હસતાં બોલી. ચાલો આપણે ઘેર જઈએ. હું તમારો ત્યાગ કરી શકતી નથી. તમે મારા મનને મથી નાખ્યું છે. તમે મારા ઉપર પ્રસન્ન થાઓ. ૧૦ કુબ્જાએ બળદેવના દેખતા શ્રીકૃષ્ણની પ્રાર્થના કરી એટલે ભગવાને ગોપના મુખ તરફ નજર કરી કહ્યું. ૧૧ અમે વટેમાર્ગુ ઘર વિનાના છીએ તેમનો તું પરમ આશ્રય છે. હું મારૂં કામ સિદ્ધ કરીન તારે ઘેર આવીશ. ૧૨ પ્રિય વાણીથી તેને વિદાય કરી શ્રીકૃષ્ણ રસ્તામાં જતા હતા એટલામાં વેપારીઓએ અનેક જાતની ભેટોથી તાંબુલોથી પુષ્પની માળા તથા ચંદનથી ભગવાનની તેમના મોટા ભાઇની સાથે પૂજા કરી ૧૩ જે સ્ત્રીઓ ભગવાનને જોતી હતી તે સ્ત્રીઓ ભગવાનનાં દર્શન કરવાથી ઉત્પન્ન થયેલા મોહને લીધે પોતાના દેહને ભૂલી ગઇ. વસ્ત્રો, કેશકલાપ તથા કંકણો સરી ગયાં અને તે ચિત્રમાં આલેખેલી હોય તેમ સ્તબ્ધ થઇ ગઇ. ૧૪ ભગવાન નગરવાસીઓને ધનુષ મૂકવાનું ઠેકાણું પૂછતા પૂછતા ત્યાં ગયા અને ત્યાં આશ્ચર્યકારક ઇંદ્રધનુષ્ય દીઠું. ઘણા પુરૂષો તેની રક્ષા કરતા હતા, તેની પૂજા કરેલી હતી. લોકોના વારવા છતાં શ્રીકૃષ્ણે આપ મતથી ધનુષને લીધું ૧૬ અને મનુષ્યોના દેખતાં ડાબા હાથે ઉપાડેલા તેને રમત કરતાં કરતાં મદોન્મત્ત હાથી જેમ શેલડીના સાંઠાને ભાંગી નાંખે તેમ ખેંચીને વચ્ચેના ભાગમાંથી ભાગી નાંખ્યું. ધનુષ ભાગતાં તેમાથી થયેલા શબ્દે સ્વર્ગ આકાશ પૃથ્વી અને દિશાઓ પુરી દીધી. તે શબ્દ સાંભળી કંસ ભયભીત થઇ ગયો. ૧૮ ધનુષ્યનું રક્ષણ કરનાર કંસના માણસો ક્રોધમાં આવી ગયા અને આવેશથી શ્રી કૃષ્ણને પકડવાની ઇચ્છાથી પકડો પકડો એમ બોલતા તેમની આસપાસ વિંટાઇ વળ્યા. ૧૯ ભગવાન અને બળદેવજી રક્ષકોનો દુષ્ટ અભિપ્રાય જાણીને તેમની ઉપર ક્રોધે ભરાયા અને ધનુષના બે કડકા લઇ તેઓને મારવા લાગ્યા. ૨૦ કંસે મોકલેલાં બીજાં સૈન્યનો પણ નાશ કરી ધનુષશાળાનાં બારણાંની બહાર નીકળી બન્ને ભાઈઓ ઇચ્છા પ્રમાણે નગરીની સંપત્તિ જોઈને મનમાં પ્રસન્ન થતા ફરવા લાગ્યા.૨૧ નગરીના લોકો તેમનું અદ્ભુત પરાક્રમ તેજ દહતા તથા સ્વરૂપ જોઈ તેમને ઉત્તમ દેવતા માનવા લાગ્યા. ૨૨

આ પ્રમાણે તેઓ ઇચ્છા પ્રમાણે નગરમાં ફરતા હતા એટલામાં સાયંકાળ થયો. શ્રીકૃષ્ણ ને બળદેવ ગોપથી વિંટાઇને પુરમાંથી પોતાના ઉતારા ઉપર ગયા. ભગવાન વ્રજમાંથી મથુરામાં પધાર્યા તે સમયે વિરહાતુર ગોપીઓએ મથુરામાં જે જે બનાવો બનવા સાટે કલ્પના કરી હતી, તે સર્વ કલ્પનાઓ, લક્ષ્મીજી પોતાને ભજનારા બીજાઓને ત્યાગ કરીને જેને વિષે વાસ

કરે છે તે ભગવાનના શરીરની અનુપમ શોભાને જોનારાં મથુરાવાસી લોકોના સંબંધમાં બની. પછી શ્રીકૃષ્ણ ભગવાન તથા બળદેવ પોતાના પગ ધોઈ દૂધવાળું ભોજન કરી કંસની કર્તવ્યતાને જાણી ત્યાં સુખેથી સૂઈ રહ્યા. ૨૫ દુષ્ટ બુદ્ધિવાળો કંસ ધનુષનો ભંગ, રક્ષકોનો તથા પોતાની સેનાનો નાશ અને શ્રીકૃષ્ણ તથા બળદેવનું અદ્ભુત પરાક્રમ સાંભળીને મનથી ભય પામ્યો. ઉંઘ તેનો ત્યાગ કરી ગઇ અને સ્વપ્નમાં તથા જાગ્રત અવસ્થામાં તે મૃત્યુને સૂચવનારાં દુષ્ટ સ્વપ્ન જોવા લાગ્યો. ૨૭ કંસ સ્વપ્નમાં મસ્તક વગરનું પોતાનું પ્રતિબિંબ તેમજ પુરૂષના અભાવે નેત્રમાં ચંદ્ર તથા પ્રતિચ્છાયામાં છિદ્ર જોવા લાગ્યો, હાથથી કાનને બંધ કરતાં જે ઉંડો શબ્દ સંભળાય છે તે પણ સંભળાતો બંધ થયો. વૃક્ષોને સોનાનાં જોતો હતો. ધૂળમાં અને માટીમાં પોતાનાં પગલાં દેખતો ન હતો. ૨૯ સ્વપ્નમાં શબનું આલિંગન કરતો, ગધેડા ઉપર સ્વારી કરતો ઝેર ખાતો જાસુદના ફુલની માળા પહેરી શરીર ઉપર તેલ ચોળી નાગો નાગો એકલો જતો હોય એવું જોવા લાગ્યો. ૩૦ નિદ્રામા તથા જાગ્રદવસ્થામાં આવાં તથા બીજાં કેટલાંક ચિહ્નો જોઈને મરણથી ત્રાસ પામેલો કંસ ચિંતાથી નિદ્રા કરતો નહિ. ૩૧ રાત્રી અતીત થઈ પ્રભાત થયું, સૂર્ય ઉદય થયો કંસે મલ્લ ક્રીડાનો મહોત્સવ કરાવવાનો આરંભ કર્યો. ૩૨ પુરૂષોએ અખાડાની પૂજા કરી તુરીઓ તથા ભેરીઓ વાગવા માંડી, પુષ્પની માળાઓ પતાકાઓ તથા વસ્ત્રનાં તોરણોથી માંચડાને શણગાર્યા. ૩૩ બ્રાહ્મણ અને ક્ષત્રિય આદિ નગરના લોકો તથા દેશના લોકો માંચડા ઉપર બેઠા તથા રાજાઓ પણ પોતાને અનુકૂળ પડે તેમ આસનો માંડીને બેઠા. કંસના કાર્યકારીઓ સાથે માંડળિક રાજાઓની વચ્ચે ઉદાસ મનથી રાજમંચ ઉપર બેઠો. ૩૫ તુરીઓ વાગવા માડી અને મલ્લોની તાલીઓના શબ્દો તુરીઓના શબ્દોની તુમુલ થઇને સંભળાવા લાગ્યા અને શણગારેલા ગર્વિષ્ઠ મલ્લો પોતાના આચાર્યોની સાથે રંગમંડપમાં હાજર થયા. ૩૭ કંસે બોલાવેલા નંદાદિક ગોપ કંસને ઉપહાર અર્પણ કરીને એક મંચ ઉપર બેઠા. ૩૮

नंदगोपादयो गोपा भोजराजसमा मा: ।
निवेदितोपायनास्ते एकस्मिन्मञ्च आविशन्॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कन्धे
द्विचत्वारिंशोऽध्याय:

અધ્યાય ૪૩ મો.‡

કુવલયાપીડનો નાશ.

श्रीशुक उवाच

अथ कृष्णश्च रामश्च कृतशौचौ परंतप ।
मल्लदुंदुभिनिर्घोषं श्रुत्वा द्रष्टुमुपेयतु: ॥१॥

શુકદેવજી કહે છે કે–હે પરંતપ! પછી શ્રીકૃષ્ણ તથા બળદેવજી વિચાર કરવા લાગ્યા કે આપણે પહેલે દિવસે ધનુષને ભાગી નાખવા વગેરે કામો કરીને ઐશ્વર્ય દર્શાવ્યા છતા તે આપણા માતાપિતાને છોડતો નથી, આપણો નાશ કરવાની ઇચ્છા કરે છે માટે મામો છતાં તેનો નાશ કરવામાં આપણને કશો દોષ લાગવાનો નથી, આવો વિચાર કરી અપરાધ રહિત થયેલા તેઓ બને મલ્લનાં દુંદુભિ ને નગારાંનો શબ્દ સાંભળી તે જોવા રંગમંડપમાં ગયા ૧ અખાડાના બારણા આગળ માવતે ઉભો રાખેલો કુવલયાપીડ તેમને નડયો. શ્રીકૃષ્ણે કચ્છ કસી મસ્તકના કેશ સમેટી મેઘના જેવી ગંભીર વાણીથી માવતને કહ્યું. માવત! અમને અંદર જવા માર્ગ આપ વચ્ચેથી ખસી જા વાર લગાડ નહિ. તું જો અમને અંદર જવા દઇશ નહિ

‡ આ અધ્યાયમાં શ્રીકૃષ્ણ તથા બળદેવજી કુવલયાપીડનો નાશ કરીને અખાડામાં ગયા તે કથા કહેવાશે.

તો હું આજે તને તારા હાથીની સાથે યમ પુરીમાં મોકલાવીશ. ૪ શ્રીકૃષ્ણ તરફથી તિરસ્કાર પામેલા માવતે કોપ કરી કાળ મૃત્યુ તથા તેના નિયંતા યમના સરખા કોપાયમાન થયેલા હાથીને શ્રીકૃષ્ણ ઉપર છોડી મૂક્યો. ૫ હાથીએ શ્રીકૃષ્ણ તરફ દોડી સુંઢવતી તેમને પકડી પાડયા શ્રીકૃષ્ણ તેની સુંઢમાંથી છટકી ગયા, તેને મુક્કી મારીને તેના ચાર પગ વચ્ચે છુપાઈ ગયા ભગવાન શ્રીકૃષ્ણને દીઠા નહિ એટલે ઘ્રાણેંદ્રિયથી જાણનારો હાથી કોપાયમાન થઇ ગયો અને તેણે ફરીને શ્રીકૃષ્ણને સુંઢવતી પકડી પાડયા પરંતુ શ્રીકૃષ્ણ બળ કરીને તેની સુંઢમાંથી નીકળી ગયા ૭ ગરૂડ જેમ રમત કરતો સર્પને ખેંચે તેમ ભગવાને બળવાળા હાથીને પુંછડું પકડીને રમત કરતા કરતાં પચીસ ધનુષ દૂર ઘસડી નાંખ્યો કોઇ બાળક વાછડાનું પુંછડુ પકડીને ઉભો હોય તે ડાબા જમણા ફરતા વાછડાને લીધે ડાબો જમણો ફર્યા કરે તેમ ડાબી તથા જમણી તરફ ફરતા હાથીને લીધે શ્રીકૃષ્ણ પણ ડાબી જમણી બાજુ ફરવા લાગ્યા. ૯ તે પછી શ્રી કૃષ્ણ હાથીના સામા આવી તેને એક ધક્કો મારીને નાઠા અને પગલે પગલે તેને અડી અડીને જમીન ઉપર પાડવા લાગ્યા. ૧૦ દોડતા ભગવાન રમત કરતા કરતા ભૂમિ ઉપર પડીને ઉભા થતા હતા, હાથી ભગવાનને પૃથ્વી ઉપર પડેલા જોઇ ક્રોધે ભરાઇ બે દાંતોથી પૃથ્વી ઉપર પ્રહાર કરતો હતો. ૧૧ આમ કરવાથી તેનું શરીરબળ નાશ પામ્યું કે તે મહાહસ્તી શ્રીકૃષ્ણના ઉપર અત્યંત કોપી ઉઠયો અને મોટા માવતોની પ્રેરણાથી રોષમાં આવીને મારવા ધસ્યો ૧૨ હાથીને પોતાના ઉપર ચઢી આવતો જોઇ ભગવાન મધુસૂદન શ્રીકૃષ્ણે હાથવતી તેની સુંઢને પકડી તેને જમીન ઉપર નાંખી દીધો. ૧૩ પછી સિંહની પેઠે રમત કરતાં કરતાં જમીન ઉપર પડેલા તે હાથીને પગથી દબાવીને તેનો દાંત ઉખેડી લીધો અને તેનાવતી શ્રી હરિએ હાથીને અને માવતેને ઠાર કર્યા. ૧૪ તે પછી મરી ગયેલા હાથીને પડતો મૂકી તેનો તેનો દાંત હાથમાં લઇ અખાડા તરફ ગયા શ્રીકૃષ્ણે હાથીના દાંતને પોતાના ખભા ઉપર રાખ્યો. તેમનું શરીર હાથીના મદના તથા લોહીના છાંટાથી રંગાયલું હતું અને મુખકમળ ઉપર પરસેવાના મોતીઓ બાઝી ગયા હતા. ૧૫

હે રાજન! શ્રીકૃષ્ણ અને બળદેવજી મોટા હાથીના દંતો રૂપી ઉત્તમ આયુધ હાથમાં લઇ કેટલાક ગોપલોકથી વિંટાઇને મલ્લના અખાડામાં દાખલ થયા. ૧૬ મલ્લોને વજ્રના જેવા મનુષ્યોને ઉત્તમ પુરૂષ રૂપ સ્ત્રીઓને દેહધારી કામદેવ રૂપ ગોપને પોતાના કુટુંબી રૂપ દુષ્ટ રાજાઓને શિક્ષક રૂપ પોતાના માતપિતાને બાળક રૂપ કંસને મૃત્યુ રૂપ અજ્ઞાનીઓને લોહીથી ખરડાયેલા વિરાટ્ રૂપ યોગીઓને પરમ તત્ત્વ રૂપ અને યાદવોને પરમ દૈવત રૂપ જણાતા શ્રીકૃષ્ણ ભગવાન પોતાના મોટા ભાઈની સાથે અખાડામાં દાખલ થયા. ૧૭ કંસ મનસ્વી હતો તોપણ તે કુવલયાપીડ હાથી મરી ગયો તેથી તેમને દુર્જય માનવા લાગ્યો અને અત્યંત ખિન્ન થયો. ૧૮ મલ્લના અખાડામાં આવેલા મોટી ભુજાવાળા વિચિત્ર પ્રકારના વેશ આભરણ પુષ્પની માળાઓ અને વસ્ત્રધારી તે બે નટના જેવા શોભતા હતા. કાંતિથી જોનારાઓનાં મન હરણ કરતા હતા. ૧૯ તેમને જોઇને માંચડા ઉપર બેઠેલા રાજાઓનાં નગરવાસી લોકોનાં અને દેશવાસી લોકોનાં મુખ તથા નેત્ર હર્ષના આવેશથી પ્રફુલ્લિત થઇ ગયાં અને તેઓ જાણે ધરાયાજ ન હોય તેમ નેત્રોથી તેમનાં મુખ નિહાળવા લાગ્યા. ૨૦ લોકો નેત્રથી જાણે પાન કરતા હોય

જીભથી જાણે ચાટતા હોય, નાસિકાથી જાણે સુંઘતા હોય અને બાહુઓથી જાણે આલિંગન કરતા હોય તેમ આકળા દેખાવા લાગ્યા. ૨૧ ભગવાનનાં રૂપ ગુણ માધુર્ય તથા પ્રૌઢ તાએ જાણે તેમને સ્મરણ આપેલું હોય, તેમ તેઓ જોવા પ્રમાણે અને સાંભળવા પ્રમાણે પરસ્પર શ્રીકૃષ્ણનાં પરાક્રમની વાતો કરવા લાગ્યા. ૨૨ ભગવાન નારાયણના અંશમાંથી વસુદેવને ઘેર અવતર્યા. ૨૩ શ્રી કૃષ્ણ દેવકીથી ઉત્પન્ન થયા અને ગોકુળ જઇ નંદરાયના ઘરમાં છાની રીતે મોટા થયા.૨૪ એમણે પૂતના તૃણાવર્ત યમલાર્જુનનાં વૃક્ષો શંખચૂડ કેશી ધેનુકાસુર તથા તેના સરખા બીજા દૈત્યોને ઠાર કર્યા. ૨૫ શ્રીકૃષ્ણે ગોપ સાથે ગાયોને દાવાનલમાંથી બચાવી કાલીય નાગને નાથ્યો અને ઇન્દ્રનો મદ ઉતાર્યો.૨૬ એમણે સાત દિવસ સુધી એક હાથે ગોવર્ધન પર્વતને તોળી રાખ્યો હતો, વરસાદ પવન તથા તડકાથી ગોકુળનું રક્ષણ કર્યું હતું.૨૭ જેમાં નિત્ય આનંદ સાથે જોવું અને હસવું રહેલું છે, એવા ભગવાનના મુખને જોઇને ગોપીઓ પરિશ્રમ રહિત આનંદમા પોતાના અનેક દુઃખોને વીસરી જતી. મહા પુરૂષો કહે છે કે–શ્રીકૃષ્ણે રક્ષાયલો યદુવંશ બહુજ પ્રખ્યાતિ પામશે અને લક્ષ્મી યશ તથા મહત્તાને પામશે ૨૯ કમળ જેવા નેત્રવાળા બળભદ્ર આમના મોટા ભાઇ થાય છે, જેમણે પ્રલંબાસુર વત્સાસુર તથા બકાસુર માર્યા છે. ૩૦ લોકો વાતો કરતા હતા અને તુરીઓના અવાજો થતા હતા, તે સમયે ચાણૂર મલ્લે શ્રીકૃષ્ણ અને બળદેવને બોલાવી કહ્યું કે–હે નંદના પુત્ર! હે બળભદ્ર! તમે બન્ને શૂરવીરોમાં માન પામેલા છો અને મલ્લયુદ્ધ કરવામાં કુશળ છો, એવું સાંભળીને રાજાએ તમારૂં મલ્લયુદ્ધ જોવાને તમને અહીં બોલાવ્યા છે. ૩૨ જે પ્રજા મનથી કર્મથી તથા વાણીથી રાજાને પ્રસન્ન કરે છે, તે સુખ ભો ગવે છે અને જે એથી વિરૂદ્ધ ચાલે છે તે દુઃખી થાય છે. ૩૩ ગાયો તથા વાછડાનું પાલન કરનાર ગોપ વનમાં આનંદમાં રહે છે તથા મલ્લયુદ્ધની રમતો કરતાં ગાયો ચારે છે; ૩૪ માટે તમે તથા અમે રાજાને ગમતું કરીએ. રાજા સર્વ પ્રાણીમય હોય છે માટે રાજા પ્રસન્ન થવાથી સર્વ પ્રાણીઓ આપણા ઉપર પ્રસન્ન થાય છે. ૩૫ મલ્લયુદ્ધ પોતાને પ્રિય છે એમ માની ચાણૂરના વચનને અભિનંદન આપી શ્રીકૃષ્ણ દેશ તથા કાળને અનુકૂળ વચન બોલ્યા.૩૬ તમે તથા વનમાં ફરનાર અમે કંસ રાજાની પ્રજા છીએ; માટે આપણે તેમનું નિરંતર પ્રિય કરવું જોઇએ, અને તેવું કામ કરવાની રાજા તરફથી જો આજ્ઞા મળે તો આપણા ઉપર તેમનો મોટો અનુગ્રહ થયો ગણાય. અમે બાળક છીએ, માટે અમારા જેવા બળવાળાઓની સાથે યુદ્ધ કરશું. મલ્લયુદ્ધ ઘટતી રીતે થવું જોઈએ અને મલ્લસભાના સભાસદોને અધર્મનો સ્પર્શ થવો જોઇએ નહિ ૩૮ ચાણુર બોલ્યો કે–તું બાળક નથી તેમ કિશોર પણ નથી પરંતુ મહા બળવાન છે. તેં હજાર હાથીનું બળ ધરાવનાર હાથીને રમત માત્રમાં મારી નાખ્યો છે, તેમ બળભદ્ર પણ બળવાન છે, ૩૯ માટે તમારે બન્નેએ બળવાનોની સાથે લડવું જોઈએ અને તેમાં અન્યાય ગણાશે નહિ, માટે હે કૃષ્ણ! તું મારી સાથે લડ અને મુષ્ટિક બળભદ્રની સાથે લડે. ૪૦

तस्माद्भवद्भ्यां बलिभिर्योद्धव्यं नानयोऽत्र वै
मयि विक्रम वार्ष्णेय बलेन सह मुष्टिकः॥४०

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
त्रिचत्वारिंशोध्यायः

અધ્યાય ૪૪ મો.†

મામા કંસનો વધ.

શ્રીશુક ઉવાચ

**એવં ચર્ચિતસંકલ્પો ભગવાન્ મધુસૂદનઃ ।
આસસાદાથ ચાણૂરં મુષ્ટિકં રોહિણીસુતઃ ॥**

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે વાતચીત કરી ઠરાવ કર્યા પછી મધુદૈત્યને મારનાર શ્રીકૃષ્ણ ચાણુરની સાથે અને બળભદ્ર મુષ્ટિકની સાથે મલ્લયુદ્ધ કરવા લાગ્યા એક બીજાને જીતવાની ઇચ્છાથી પરસ્પરના પગને આંટી ભરાવી તેઓ એક બીજાને બલાત્કારથી ખેંચવા લાગ્યા. ૨ તેઓ અરત્નીની સાથે અરત્નીઓ માથા સાથે માથું અને છાતી સાથે છાતી લઢાવવા લાગ્યા ૩ પકડીને ચારે તરફ ફેરવવું ધક્કા મારવા બાથમાં લેવું જમીન ઉપર પાડવું છોડી દઇને અન્યોન્ય સામે પાછું હઠી જવું વગેરે મલ્લયુદ્ધની ક્રિયાઓથી એક બીજાને ચિત આપવાને મથવા લાગ્યા. ૪ બે પગને એકઠા વાળીને જમીન ઉપર પડેલ હોય તેને ત્યાંથી ખસેડવો, હાથવતી ઉંચકીને લઇ જવો, કંઠાદિક સ્થાનમાં વળગી રહેલાને શરીરથી અળગો કરવો, પગ વગેરે અવયવોને ગોળાકાર કરવા વગેરે ક્રિયાઓથી એક બીજા પર વિજયની ઇચ્છાથી એક બીજાના શરીરને મહેનત આપવા લાગ્યા. ૫ મલ્લયુદ્ધ જોવાને એકઠી મળેલી સર્વ સ્ત્રીઓ તે સબળ તથા નિર્બળનું યુદ્ધ જોઇને દયા સાથે ટોળેટોળાં મળીને પરસ્પર નીચે પ્રમાણે વાતો કરવા લાગી. ૬

સ્ત્રીઓ—અહો! રાજાના સભાસદોનો આ મોટો અધર્મ છે. કારણકે જે સભાસદો રાજાના દેખતાં સબળ અને નિર્બળનુ યુદ્ધ માન્ય કરે છે ૭ જેમનાં સર્વ અંગો વજ્રના જેવા દૃઢ છે, એવા મોટા પર્વતના જેવા આ બે મલ્લો કયાં અને જેમને તરૂણાવસ્થા પ્રાપ્ત થઇ નથી એવા અતિ સુકુમાર શરીરવાળા કિશોર વયના આ બે બાળકો કયાં? સભાને ધર્મ ઉલ્લંઘનનો દોષ લાગશે. જ્યાં અધર્મનો માર્ગ ચાલતો હોય ત્યાં આગળ પુરૂષે કોઇ પણ દિવસ રહેવું નહિ. ૯ સભાસદોને કેવા કેવા દોષ લાગે છે, એ જાણનાર બુદ્ધિમાન પુરૂષે સભામાં આવવું જોઇએ નહિ; કારણ કે જાણવા છતાં ન બોલનારો અને હું જાણતો નથી એમ કહીને અજ્ઞાન દેખાડનારો પુરૂષ પાપનો ભાગી થાય છે. ૧૦ શત્રુની ચારે તરફ દોડતા શ્રીકૃષ્ણનું મુખકમળ પાણીથી ભીંજાયલા કમળના કોશની માફક પરસેવાથી ભીંજાઇ ગયેલું છે તેના તરફ જુઓ! દૃષ્ટિ તો કરો. ૧૧ બળભદ્રનાં જરા રાતાં નેત્રવાળા મુખ તરફ કેમ જોતા નથી? તે મુષ્ટિકના પ્રત્યે ક્રોધાવિષ્ટ થયું છે અને હાસ્યના આવેશથી શોભી રહેલું છે. ૧૨ વ્રજની ભૂમિ પુણ્યશાળી છે કારણ કે, મનુષ્યના દેહમાં ગુપ્ત રીતે રહેલા વનની વિચિત્ર માળા ધારણ કરનાર શંકર તથા લક્ષ્મી જેમના ચરણની પૂજા કરે છે એવા પુરાણપુરૂષ આ શ્રીકૃષ્ણ અને બળદેવજી સાથે ગાયો ચારતા, વાંસળી વગાડતા તથા અનેક લીલાઓ કરતા વ્રજ ભૂમિમાં ફરતા હતા. ૧૩ ગોપીઓએ તે એવું કયું તપ કર્યું હશે કે તેઓ રૂપના પણ સારરૂપ જેના સમાન અથવા તો અધિક કોઇ પણ નથી એવા સ્વાભાવિક નિરંતર નવા લાગતાં યશ લક્ષ્મી તથા ઐશ્વર્યનાં એકાંત સ્થાનરૂપ તથા બીજાને મળે નહિ તેવા રૂપને નેત્રોથી જોવા પામે છે. ૧૪ ભગવાનમા ચિત્ત રાખવાથી સર્વ વસ્તુ પ્રાપ્ત થઇ માનનારી તેઓ ભાગ્યશાળી છે, કારણ કે ભગવાન ઉપર અનુરકત મનવાળી ગોપીઓ ગાયો દોહતાં અનાજ ખાંડતાં છાશ કરતાં લીંપતાં હીંચતાં છોકરાં રમાડતાં પાણી છાંટતાં વાસીદું વાળતાં અળગળે સાદે

† આ અધ્યાયમા મલ્લોનો તથા કંસાદિકનો કૃષ્ણે વધ કર્યો, કંસની સ્ત્રીઓનું આશ્વાસન કર્યું અને માતા પિતાનુ દર્શન કર્યું એ કથા કહેવાશે.

ભગવાનના ગુણ ગાતી હતી. ૧૫ શ્રીકૃષ્ણ પ્રભાતમાં ગાયોની સાથે વ્રજમાંથી વનમાં પધારતા અને સાયંકાળે ગાયોની સાથે વેણુ વગાડતા પાછા વ્રજમાં આવતા. વાંસળીનો શબ્દ સાંભળી મહા પુણ્યશાળી ગોપીઓ ઘરમાંથી નીકળી રસ્તા ઉપર આવી શ્રી કૃષ્ણનાં દર્શન કરતી. ૧૬ સ્ત્રીઓ વાતચીત કરતી હતી એટલામાં યોગેશ્વર શ્રીકૃષ્ણ ભગવાને શત્રુને મારવાનો વિચાર કર્યો. ૧૭ સ્ત્રીઓની ગભરાટવાળી વાણી સાંભળી વસુદેવ તથા દેવકીજી પુત્રના સ્નેહને લીધે શોકાતુર થઇ ગયાં અને પોતાના પુત્રોના બળથી અજાણ હોવાને લીધે સંતાપ કરવા લાગ્યાં.૧૮ બીજી તરફ શ્રીકૃષ્ણ અને ચાણુર તથા બળભદ્ર અને મુષ્ટિક ઘટતી રીતે જાત જાતની મલ્લયુદ્ધની વિધિઓથી પરસ્પર લડવા મંડયા. ૧૯ વજ્રના પ્રહાર જેવા ભગવાનના શરીરના તીક્ષ્ણ પ્રહારથી ચાણુરનાં સર્વ અંગ ભાંગવા માંડયાં તેથી વારંવાર તે ઉદાસ થયો. ક્રોધાયમાન થયેલા ચાણુરે બે હાથની મુઠ્ઠિઓ વાળીને શકરાના જેવા વેગથી ઉછળીને શ્રીકૃષ્ણની છાતીમાં પ્રહાર કર્યો.૨૧ માળાના મારથી જેમ હાથી હાલે ચાલે નહિ તેમ તેની મુઠીના મારથી ભગવાન કંપાયમાન થયા નહિ, પણ ત્યાં ઉભા રહ્યા અને ચાણુરના બે હાથ પકડીને તેને ઘણી વાર સુધી ફેરવ્યો અને તેના જીવનો નાશ કરી જોરથી પૃથ્વી ઉપર પછાડયો તથા તેનો શણગાર વાળ તથા પુષ્પની માળા વીખરાઇ ગયાં અને તે ઇંદ્રની ધ્વજાની પેઠે જમીન ઉપર તૂટી પડયો. તે પ્રમાણે મુષ્ટિકે પ્રથમ બળદેવને પોતાની મુષ્ટિ મારી કે મહા બળવાન બળભદ્રે તેને સજ્જડ તમાચો માર્યો. મુષ્ટિક તમ્મર ખાઇ નીચે પડયો. તેની પીડાથી મુખમાંથી લોહી પડયું અને પછી પવનના મહારથી જેમ ઝાડ જમીન ઉપર પડી જાય તેમ પ્રાણ રહિત થઇ જમીન ઉપર પડયો. કુટ નામે બીજો મલ્લ લડવા ઉઠયો પણ મહા શૂરવીર બળભદ્રે રમત કરતાં કરતાં ડાબા હાથની મુક્કી મારીને તિરસ્કારપૂર્વક તેને પણ મારી નાંખ્યો. ૨૬ શ્રીકૃષ્ણે પાટુ મારીને શલનું માથું ફોડી નાંખ્યું અને તોશલકના શરીરનાં બે ફાડચાં કરી નાંખ્યાં, તેથી તે જમીન ઉપર તૂટી પડયો. ૨૭ ચાણુર મુષ્ટિક કુટ શલ અને તોશલક મુવા પછી બાકી રહેલા સર્વ મલ્લો ભયથી નાશી ગયા. ૨૮ જેમના પગમાં નુપૂરો ઝણઝણાટ કરતાં હતાં એવા શ્રીકૃષ્ણ અને બળભદ્ર પોતાના મિત્ર ગોપને અખાડામાં ખેંચી તેઓની સાથે આનંદભેર તુર્ગાઓના નાદોની સાથે નૃત્ય કરતા રમવા લાગ્યા ૨૯ શ્રીકૃષ્ણના અને બળભદ્રના આ કામથી સર્વ મનુષ્યો પ્રસન્ન થયાં અને મહાત્મા બ્રાહ્મણો સાધુ સાધુ એમ બોલવા લાગ્યા. ૩૦ મલ્લો મરાયા અને બાકીના નાશી ગયા પછી ભોજરાજ કંસે પોતાનાં વાજાં બંધ કરાવ્યાં અને કહ્યું કે– વસુદેવના પુત્રોને નગરમાથી બહાર કાઢો, ગોપ લોકનું ધન હરી લ્યો અને નંદને કેદ કરો. ૩૨ દુષ્ટ બુદ્ધિવાળા અને ઘણાંજ નીચ વસુદેવને મારી નાખો ઉગ્રસેન કે જે પોતાના સેવકવર્ગ સાથે શત્રુ પક્ષને મળતો રહે છે તેને પણ મારી નાખો કંસ આમ બોલવા લાગ્યો એટલે અવિનાશી શ્રીકૃષ્ણ કોપી ઉઠયા અને ઉંચા માચડા ઉપર ચઢી ગયા. ૩૪ પોતાના મૃત્યુરૂપ શ્રીકૃષ્ણને આવતા જોઇ મનસ્વી કંસે એકદમ આસન ઉપરથી ઉઠી ઢાલ તરવાર હાથમા લીધા. અસહ્ય તથા ઉગ્ર તેજવાળો ગરૂડ જેમ સર્પને પકડી લે તેમ અસહ્ય તથા ઉગ્ર તેજવાળા શ્રીકૃષ્ણે આકાશમાં ડાબી તથા જમણી તરફ ઉડતા શકરાની પેઠે હાથમા તરવાર લઇને આમતેમ ઘૂમતા કંસને પકડી લીધો. ૩૬ તેના કેશ પકડી માથા ઉપરથી મુગટ પાડી નાંખી કંસને ઉંચા માંચડા ઉપરથી અખાડા

કામાં નીચે નાંખી તેની ઉપર આખા વિશ્વના આશ્રય રૂપ તથા સ્વતંત્ર એવા ભગવાન પોતે પડયા. ૩૭ જગતના દેખતાં સિંહ જેમ હાથીને ઘસડે તેમ મરી ગયેલા કંસને ભગવાન જમીન ઉપર ઘસડવા લાગ્યા. હે નરેંદ્ર! તે સમયે સર્વ મનુષ્યોએ મોટો હાહાકાર ને પોકાર કર્યો. ૩૮ કંસ નિત્ય ખાતાં પીતાં બોલતાં ચાલતાં અને શ્વાસ લેતાં ખિન્ન બુદ્ધિથી પોતાની સંમુખ ભગવાનને દેખતો તેથી બીજાને મળે નહિ એવો મોક્ષ પામ્યો. ૩૯ કંસના કંક ન્યગ્રોધક વગેરે આઠ ભાઈઓ વૈર વાળવા દોડી આવ્યા ૪૦ તેઓને તૈયાર થઈ વેગથી આવતા જોઈને સિંહ જેમ પશુઓનો નાશ કરે તેમ બળદેવે પરિઘ ઉગામી તેમને મારી નાંખ્યા ૪૧ આકાશમાં દુંદુભિ વાગ્યાં. શ્રીકૃષ્ણના વિભૂતિરૂપ બ્રહ્મા અને શંકર વગેરે દેવતાઓએ પુષ્પોની વૃષ્ટિ કરી. તેમની સ્ત્રીઓ પતિના મરણથી દુઃખી થઈ આંખમાંથી અશ્રુઓ પાડતી માથા કૂટતી ત્યાં આગળ આવી ૪૩ વીરશય્યામાં સુતેલા પોતાના પતિનો શોક કરતાં બહુ વિલાપ કરવા લાગી. હા અનાથવત્સલ! તમારા મરણથી ઘર તથા પ્રજા સાથે અમારો પણ નાશ થયો. ૪૫ હે પુરૂષશ્રેષ્ઠ! પતિ એવા જે તમે તેમનાથી આ નગરી વિયોગ પામી તે માટે તેમાં ઉત્સવ મંગળ થતાં નથી અને વિધવાની પેઠે તે શોભતી નથી. ૪૬ તમે નિરપરાધી પ્રાણીઓનો ભયંકર દ્રોહ કર્યો તેથી તમારી આ દુર્દશા થઈ. પ્રાણીઓનો દ્રોહ કરનારો પુરૂષ કદી કલ્યાણ પામતો નથી. ૪૭ શ્રીકૃષ્ણ જગતમાં સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ પાલન અને નાશ કરનારા છે તેમનો દ્રોહ કરનારો પુરૂષ કોઈ પણ દિવસ સુખ પામતોજ નથી.

શુકદેવજી કહે છે કે–પછી લોકનું કલ્યાણ કરનાર ભગવાને રાણીઓનું આશ્વાસન કરીને જે લૌકિક રીત હતી તે સર્વ કરાવી. ૪૯ પછી માતા પિતાને કેદમાંથી મુક્ત કરાવી શ્રીકૃષ્ણ તથા બળદેવે તેમના ચરણનો સ્પર્શ કરી પ્રણામ કર્યા. ૫૦ દેવકી તથા વસુદેવ શ્રીકૃષ્ણ તથા બળદેવને જગદીશ્વર માની શંકાથી પ્રણામ કરનાર પુત્રોને ભેટયાં નહિ પરંતુ નમ્યાં. ૫૧

देवकी वसुदेवश्च विज्ञाय जगदीश्वरौ ।
कृतसंवन्दनौ पुत्रौ सस्वजाते न शङ्कितौ ॥

इति श्रीमद्भागवते महापुराणे दशमस्कन्धे
चतुश्चत्वारिंशोऽध्यायः

અધ્યાય ૪૫ મો.‡

ઉગ્રસેનને અભિષેક.

श्रीशुक उवाच

पितरावुपलब्धार्थौ विदित्वा पुरुषोत्तमः ।
माभूदिति निजां मायां ततान जनमोहिनीम् ॥

શુકદેવજી કહે છે કે–હે રાજન! માતપિતાને સાંસારિક સુખ ભોગવ્યા પહેલાં મારા સ્વરૂપનું જ્ઞાન થયું તે જ્ઞાન હું પ્રસન્ન થાઉં તો પછી થવું દુર્લભ નથી, પરંતુ મારે વિષે પુત્ર તરીકે પ્રેમ થવો દુર્લભ છે, માટે હમણાં મારા સ્વરૂપનું જ્ઞાન થાય એ યુક્ત નહિ, આવો વિચાર કરીને શ્રીકૃષ્ણ ભગવાને માત પિતા ઉપર મનુષ્યોને મોહિત કરનારી માયા વિસ્તારી. ૧ પછી સાત્વત વંશમાં શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણ મોટા ભાઈ સાથે માતપિતાની પાસે જઈ સ્નેહથી નમતા હે માજી! હે પિતાજી! એમ આદરપૂર્વક બોલતા બન્નેને પ્રસન્ન કરવા લાગ્યા. હે પિતાજી! તમે અમો પુત્રોની નિત્ય ઉત્કંઠા રાખતા પરંતુ અમારા તરફથી તમોને બાલ્યાવસ્થાનાં, પૌગંડાવસ્થાનાં તથા કિશોર અવસ્થાનાં સુખો કોઈ દિવસ મળ્યાં નહિ. ૩ ભાગ્યહીન એવા અમોને તમારી પાસે રહેવાનું મળ્યું નહિ, તેમ પિતાના ઘરમાં રહેલાં બાળકો લાડમાં ઉછરતાં જે આનંદ ભોગવે છે, તે આનંદ પણ અમે ભોગવ્યો નહિ. ૪ જે દેહથી ધર્મ અર્થ

‡ આ અધ્યાયમાં ભગવાને માતપિતાને શાંત કરી ઉગ્રસેનને રાજ્યાભિષેક કર્યો, એ કથા કહેવાશે.

કામ મોક્ષ આદિ ચારે પુરૂષાર્થ સિદ્ધ થાય છે એ દેહ જેનાથી ઉત્પન્ન થાય છે અને જે તેનું પોષણ કરે છે તે માતપિતાનો બદલો મનુષ્ય સેંકડો વર્ષે પણ વાળી શકતો નથી. ૫ જે પુત્ર શરીરે અને નાણે સમર્થ હોવા છતાં માતપિતાનું પોષણ કરતો નથી તેને યમરાજા તેનુંજ માંસ ખવરાવે છે. ૬ પુરૂષ સમર્થ હોવા છતાં માતાનું પતિવ્રતા સ્ત્રીનું, બાળક પુત્રનું ગુરૂનું અને આશ્રિત બ્રાહ્મણનુ પોષણ કરે નહિ તો તેને જીવતાં મુવો સમજવો. ૭ અમે અસમર્થ હતા અને કંસથી નિરંતર ડરતા હતા તેથી આટલા દિવસ વ્યર્થ ગયા ૮ હે પિતાજી! કંસથી દુઃખી થઈ ગયેલા તથા પરાધીન એવા અમે તમારી સેવા કરી શક્યા નથી માટે તમારે અમારા ઉપર ક્ષમા રાખવી ૯

શુકદેવજી કહે છે કે—માયાથી મનુષ્યરૂપે થયેલા વિશ્વના આત્મારૂપ શ્રીહરિની વાણી સાંભળી વસુદેવ ને દેવકી મોહિત થયા અને તેમને ખોળામા બેસાડી પરમ આનંદ પામ્યા. હે રાજન! સ્નેહરૂપ પાશથી બંધાયેલા તે અશ્રુ ધારાથી પુત્રોને નવરાવતા વાત્સલ્યથી મોહ પામ્યા અને ગળા સુધી આંસુ ભરાઇ જવાથી કંઇ પણ બોલ્યા નહિ.૧૧ ભગવાને ઉપર કહ્યા પ્રમાણે આશ્વાસન કરી ઉગ્રસેનને યાદવોના રાજા બનાવ્યા, ૧૨ અને કહ્યું કે હે મહારાજ! અમને તથા પ્રજાને તમે આજ્ઞા કરો. યયાતિના શાપને લીધે યાદવોએ રાજ્યાસન ઉપર બેસવું યોગ્ય નથી, તેથી આપ રાજ્યાસન ઉપર બિરાજો. ૧૩ હું સેવક તમારી પાસે હાજર રહીશ. દેવતાઓ વગેરે તમને નમીને બળિદાન આપશે તો પછી બીજા રાજાઓ આપે તેમા શું આશ્ચર્ય? ૧૪ માતામહને રાજ્યાસન ઉપર બેસારી જગત કર્ત્તા શ્રીકૃષ્ણ યાદવો વૃષ્ણિઓ અંધકો મધુ દાશાર્હ તથા કુકુર વગેરે પોતાના જે સંબંધીઓ કંસના ભયથી નાશી ગયા હતા તે સર્વને તેડાવ્યા અને સત્કાર સાથે તેઓની જગાઓ આપી નાણાથી સંતુષ્ટ કરીને પોતપોતાના ઘરમા વસાવ્યા. ૧૬ યાદવોએ શ્રીકૃષ્ણ તથા બળભદ્રના હાથ નીચે પોતાના મનોરથો પ્રાપ્ત કર્યા અને સર્વ કામનાઓ પૂર્ણ કરી, શ્રીકૃષ્ણ તથા બળદેવના પ્રભાવથી નિસ્તાપ થઇ તેઓ આનંદ મંગળ કરવા લાગ્યા ૧૭ આનંદ મંગળમાં રહેતા તેઓ શોભાયમાન શ્રીકૃષ્ણના આનંદી મુખકમળને વારવાર જોઈ બહુજ પ્રસન્ન થતા. નગરમાં ભગવાનના મુખકમળના અમૃતનું પાન કરતા વૃદ્ધ પુરૂષો તરૂણ અને બળવાન થયા. ભગવાન દેવકી પુત્ર શ્રીકૃષ્ણ અને બળભદ્ર નંદરાયની પાસે જઇ તેમને ભેટીને નીચે પ્રમાણે કહેવા લાગ્યા હે પિતાજી! સ્નેહવાળા તમે બન્નેએ અમારૂ પોષણ કર્યું તથા લાડ લડાવ્યા છે માતપિતાને પુત્રોના ઉપર પોતાના દેહ કરતા પણ વધારે પ્રીતિ હોય છે. ૨૧ પુત્રોનું પોષણ અને રક્ષણ કરવા અસમર્થ એવા સંબંધીઓએ ત્યાગ કરેલા બાળકોનું જેઓ પોતાના પુત્રની પેઠે પોષણ કરે છે તેઓને જ પિતા અને માતા સમજવાં. ૨૨ હે પિતાજી! તમે વ્રજમા જાઓ અમે દુઃખી થઇ પડેલા સંબંધીઓને સુખની સગવડ કરી આપીને, સ્નેહથી દુઃખી થઈ પડેલા તમો સંબંધીઓની સંભાળ લેવાને આવીશું. ૨૩

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે શ્રીકૃષ્ણ ભગવાને નંદ અને ગોપલોકનું આશ્વાસન કરી તેઓને શસ્ત્ર અલંકાર તથા ધાતુઓનાં વાસણો આદિ આપી સમજાવી પાછા મોકલ્યા. નંદે શ્રીકૃષ્ણના વચન સાંભળી તેમને આલિંગન કરી સ્નેહથી ગદગદ થઈ અશ્રુઓથી નેત્રો ભરતા ગોપની સાથે વ્રજમાં ગયા. ૨૫ હે રાજન! શૂરના પુત્ર વસુદેવે પોતાના પુત્રોને બ્રાહ્મણોની પાસે શાસ્ત્રવિધિથી દ્વિજ સંસ્કાર કરાવ્યા. ૨૬ બ્રાહ્મણોની પૂજા

કરીને તેમને સોનાની માળાવાળી શણગારેલી વાછડાંવાળી તથા રેશમી વસ્ત્ર ઓઢાડેલી ગાયો અને તે ઉપર સુવર્ણ દક્ષિણાઓ આપી. ૨૭ વસુદેવે શ્રીકૃષ્ણ તથા બળદેવના જન્મ નક્ષત્રને દિવસે જે ગાયો આપવાનો સંકલ્પ કર્યો હતો તે સંભારી કંસે અધર્મથી હરી લીધેલી ગાયો બ્રાહ્મણોને આપી. ૨૮ સદાચારવાળા તે કુમારોએ ઉપનયન સંસ્કાર પામી દ્વિજ થઇ યદુકુળના આચાર્ય ગર્ગાચાર્યની પાસેથી ગાયત્રી મંત્ર લીધો. ૨૯ સર્વ વિદ્યાના ઉત્પત્તિ સ્થાન સર્વજ્ઞ અને જગતના ઈશ્વર છતા મનુષ્યની ચેષ્ટાથી સ્વતઃસિદ્ધ નિર્મળ જ્ઞાનને ઢાંકતા તેઓ ગુરૂગૃહવાસ કરવાની ઇચ્છાથી સાંદીપની નામે ગુરૂને ત્યા ભણવા ગયા અને યોગ્ય રીતે જિતેંદ્રિય એવા તે ગુરૂની શુદ્ધ સેવા કરવાનું બીજાઓને શીખવતા પોતે આદરપૂર્વક ભક્તિથી દેવતાની પેઠે સેવા કરવા લાગ્યા.૩૨

સાંદીપની ગુરૂએ તેઓની શુદ્ધ ભાવવાળી બુદ્ધિ હોવાથી પ્રસન્ન થઇ છ અંગો સહિત વેદ ઉપનિષદો સહિત શાસ્ત્રો તેમને ભણાવ્યા. ૩૩ મંત્ર અને દેવતાના જ્ઞાન સાથે ધનુર્વેદ, ધર્મશાસ્ત્ર,મીમાંસાશાસ્ત્ર,તર્કશાસ્ત્ર તથા સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ ને સમાશ્રય એ છ પ્રકારની રાજનીતિ શીખવી ૩૪ હે રાજન! સર્વ વિદ્યાઓના પ્રવર્તક મહાત્માઓમાં શ્રેષ્ઠ તે બંને ગુરૂના એક વાર કહેવાથી જ સર્વ વિદ્યા શીખી ગયા. જિતેંદ્રિયપણાથી રહેલા તેઓ ૧ ગીત. ૨ વાદ્ય. ૩ નૃત્ય. ૪ નાટ્ય. ૫ આલેખ્ય. ૬ વિશેષકચ્છેદ્ય (કાગળોનાં ઝાડ અને ચાદલા કાતરવા તે) ૭ ચોખાના તથા પુષ્પાના ત્રિકોણાકાર ષટ્કોણાકાર.(સાથીઆ પૂરવા તે) ૮ પુષ્પાસ્તરણ. ૯ દશનવસનાંગરાગ. ૧૦ મણિભૂમિકાકર્મ. ૧૧ શયનરચન. ૧૨ ઉદકવાદ્ય તથા ઉદકઘાત. ૧૩ ચિત્રયોગ. ૧૪ માલ્યગ્રથનવિકલ્પ. ૧૫ શેખરાપીડયોજન. ૧૬ નેપથ્યયોગ. ૧૭ કર્ણપત્રભંગ. ૧૮ સુગંધયુક્તિ. ૧૯ ભૂષણયોજના. ૨૦ ઐન્દ્રજાલ. ૨૧ કૌચુમારપ્રયોગ. ૨૨ હસ્તલાઘવ. ૨૩ ચિત્રશાકાપૂપભક્ષ્યવિકાર. ૨૪ પાનકરસરાગાસવયોજના ૨૫ સૂચીવાયકકર્મ. ૨૬ સૂત્રક્રીડા. ૨૭ વીણાડમરૂવાદ્ય ૨૮ પ્રહેલિકા ૨૯ પ્રતિમાળા. ૩૦ દુર્વાચકપ્રયોગ. ૩૧ પુસ્તકવાચક. ૩૨ નાટકાખ્યાયિકાદર્શન. ૩૩ કાવ્ય સમસ્યા પૂરણ. ૩૪ પટિકાવેત્રવાનવિકલ્પ. ૩૫ તર્કુકર્મ ૩૬ તક્ષણ. ૩૭ વાસ્તુવિદ્યા. ૩૮ રૂપ્યરત્ન પરીક્ષા. ૩૯ ધાતુવાદ ૪૦ મણિરાગજ્ઞાન. ૪૧ આકરજ્ઞાન. ૪૨ વૃક્ષાયુર્વેદયોગ. ૪૩ મેષકુકકુટલાવકયુદ્ધ ૪૪ શુકસારિકા પ્રલાપ. ૪૫ ઉત્સાદન ૪૬ કેસમાર્જનકૌશલ ૪૭ અક્ષરમુષ્ટિકથન ૪૮ મ્લેચ્છિતકુતર્કવિકલ્પ. ૪૯ દેશભાષાજ્ઞાન ૫૦ પુષ્પશકટિકાનિર્માણ ૫૧ યંત્રમાતૃકા. ૫૨ માનસિકાવ્યક્રિયા. ૫૩ સંપાદ્ય ૫૪ અભિધાનકોશ. ૫૫ છંદોજ્ઞાન. ૫૬ ક્રિયાવિકલ્પ. ૫૭ છલિતક યોગ. ૫૮ વસ્ત્રગોપન. ૫૯ દ્યુતવિશેષ. ૬૦ આકર્ષક્રીડા. ૬૧ બાળક્રીડનક. ૬૨ વૈનાયકી. ૬૩ વૈજયિની. ૬૪ વ્યાયામિકી. આદિ ચોસઠ કળાઓ ભણ્યા પછી તેમણે ગુરૂને ગુરૂદક્ષિણા માગવા પ્રાર્થના કરી. ૩૬ સાંદીપની ગુરૂએ બંને શિષ્યનો અદ્ભુત મહિમા જોઇને તથા તેઓની અમાનુષિક બુદ્ધિ જોઇ પોતાના સ્ત્રી સાથે વિચાર કર્યા પછી પ્રભાસના મહાસાગરમાં પોતાનો બાળક પુત્ર ડુબીને મરી ગયો હતો તેને પાછો આણી આપવાનો વર માગ્યો. ૩૭ 'તથાસ્તુ' એમ કહી અગાધ પરાક્રમી તે રથમાં બેસી પ્રભાસમાં જઇ મહાસાગરના તીર ઉપર ગયા. સમુદ્રે તેમને આવ્યા જાણી પૂજન કર્યું. ૩૮ પછી ભગવાને સમુદ્રને કહ્યુ કે, તું અમારો ગુરૂપુત્ર અમને પાછો આપ, કારણ કે તું મોટા તરંગોવડે તેને અંદર ઘસડી ગયેલો છે. ૩૯

સમુદ્ર બોલ્યો કે—હે કૃષ્ણ! હું બ્રાહ્મણના પુત્રને હરી ગયો નથી, પરંતુ પંચજન નામે

એક મોટો દૈત્ય પાણીની અંદર ફર્યા કરે છે, અને તે શંખરૂપી દૈત્ય બ્રાહ્મણના પુત્રને હરી ગયો છે. તે સાંભળી સમર્થ શ્રીકૃષ્ણે પાણીમાં પેસી દૈત્યને મારીને જોયું તો તેના પેટમાં ગુરૂના પુત્રને દીઠો નહિ. ૪૧ શ્રીકૃષ્ણ તેના શરીરમાંથી ઉત્પન્ન થયેલો શંખ લઇ તીર ઉપર આવ્યા અને ત્યાંથી બળદેવ સાથે યમરાજાની સંયમનીમાં જઇ શંખ વગાડ્યો. શંખનો નાદ સાંભળીને પ્રજાને નિયમમાં રાખનાર યમરાજા આવ્યા ને તે બંનેનો ભક્તિપૂર્વક સત્કાર કર્યો. સર્વ પ્રાણીઓના અંતઃકરણમાં વાસ કરનાર શ્રીકૃષ્ણ ભગવાનને કહેવા લાગ્યા કે, હે કૃષ્ણ! અમે આપ બંનેનું શું પ્રિય કરીએ? ૪૪

શ્રીકૃષ્ણ બોલ્યા કે–હે મહારાજ! તમે પોતાનાં કર્મને આધીન રહેલા અમારા ગુરૂના પુત્રને અહીં લાવ્યા તેને મારી આજ્ઞાને આધીન થઇ પાછો આપી દ્યો તથાસ્તુ, એમ કહી તેણે ગુરૂપુત્ર આણી આપ્યો. તે લઇને શ્રીકૃષ્ણ તથા બળદેવે પોતાના ગુરૂને આપી તેમને ફરી વર માગો એમ કહ્યું. ૪૬

ગુરૂ બોલ્યા કે–હે વત્સ! તમે ગુરૂદક્ષિણા સારી રીતે આપી છે. તમારા જેવાનો જે ગુરૂ હોય તેની કામના પૂર્ણ થાય છે? ૪૭ તમે બંને હવે તમારે ઘેર જાઓ તમારી પવિત્ર કીર્તિ વિસ્તાર પામો અને આ લોકના તથા પરલોકમાં તમારાં વેદાધ્યયન એક પ્રહર પણ વ્યર્થ જાઓ નહિ, તેમ નિત્ય બન્યા કરો. ૪૮ ગુરૂએ આજ્ઞા કર્યા પછી તે વાયુના જેવા વેગવાળા રથમાં બેસી મેઘના જેવી ગર્જના કરતા પોતાના નગરમાં આવ્યા ૪૯ સર્વ પ્રજા ઘણા દિવસ થયા શ્રીકૃષ્ણ બળદેવને જોતી ન હતી તેમને જોઇને નાશ થયેલું ધન જાણે પાછું મળ્યું હોય તેમ પ્રસન્ન થઇ. ૫૦

समनं च प्रजाः सर्वा दृष्ट्वा रामजनार्दनौ।
अप श्यन्त्यो बह्वहानि नष्टलब्धधना इव ॥५०॥

इतिश्रीमद्भागवतेमहापुराणे दशमस्कंधे
पंचचत्वारिंशोऽध्यायः

અધ્યાય ૪૬ મો.*

વ્રજવાસીઓનેં આશ્વાસન.

श्रीशुक उवाच

वृष्णीनां प्रवरो मंत्री कृष्णस्य दयितः सखा।
शिष्यो बृहस्पतेः साक्षादुद्धवो बुद्धिसत्तमः॥

શુકદેવજી કહે છે કે–હે રાજન! વૃષ્ણિઓમાં પ્રવર શ્રીકૃષ્ણના પ્રિય મિત્ર તથા મંત્રી સાક્ષાત્ બૃહસ્પતિના શિષ્ય ઉદ્ધવજી હતા. શરણાગતની પીડાને હરનાર શ્રીહરિ એકવાર પોતાના હાથથી તેમનો હાથ ઝાલી એકાંતમાં તેમને કહેવા લાગ્યા.૨ હે ઉદ્ધવ! તમે વ્રજમાં જાઓ, મારા માતા પિતાને પ્રસન્ન કરો અને મારા સંદેશાથી ગોપીઓની મારા વિરહથી થયેલી માનસિક પીડા દૂર કરો. ૩ ગોપીઓના મન મારામા છે, તેમના પ્રાણ અહીં છે, તેઓએ મારે માટે પુત્ર અને પતિનો ત્યાગ કર્યો છે અને મારે માટે આ લોકનાં તથા પરલોકનાં સુખ પણ ત્યાગ કર્યા છે, તેમને હું અનંત સુખ આપું છું. ૪ હું દૂર છું તેથી હે ઉદ્ધવજી! તેઓ મારૂં સ્મરણ કરતી હશે અને મારા વિયોગથી મને મળવાની ઉત્કંઠાથી વિહ્વળ થઇ મૂર્છિત થતી હશે. ૫ મારામાં પ્રાણ ધારણ કરનારી ગોપીઓને મેં કહ્યું છે કે 'હું આવીશ' તેથી તેઓ ઘણું કરીને મહાકષ્ટથી જીવતી હશે. ૬

શુકદેવજી કહે છે કે–આ પ્રમાણે શ્રીકૃષ્ણે કહ્યાથી ઉદ્ધવ સંદેશો લઇ રથમાં બેસી ગોકુળ ગયા. સૂર્યાસ્ત સમે વ્રજમાં પહોંચ્યા. નગરમાં પ્રવેશ કરતાં ઢોરોની ખરીઓની ધૂળથી ઉદ્ધવનો રથ ઢંકાઇ ગયો. ૮ વાછડાં તરફ દોડતી ઓના ભારવાળી ગાયોને લીધે ગોકુળ ગાજી રહ્યું હતું. ૯ ગાયોનાં ધોળાં વાછડાંથી વ્રજ શોભી રહ્યું હતું. દહોવાના શબ્દોથી તથા મૂકી દે મૂક નહિ વાછડાંને

* આ અધ્યાયમાં શ્રીકૃષ્ણે ઉદ્ધવને વ્રજ મોકલી ગોપીઓ તથા નંદનું આશ્વાસન કરાવ્યું, એ કથા કહેવાઇ

લઈ આવ બાંધી દે અમુક વસ્તુ લાવ આ લે, વગેરે શબ્દોથી અને વાંસલીઓના સૂરોથી તે ગાજી રહ્યું હતું. ૧૦ બળભદ્ર તથા શ્રીકૃષ્ણનાં ચરિત્રો ગાતી ગોપીઓથી તથા ગોપથી તે દીપી નીકળ્યું હતું ૧૧ અગ્નિ સૂર્ય અતિથિ ગાય બ્રાહ્મણ પિતૃઓ તથા દેવતાઓનાં જેમાં પૂજન થતાં હતાં તથા જેમાં ધૂપો દીવાઓ અને પુષ્પો દૃષ્ટિએ પડતાં હતાં એવાં ગોપનાં ઘરોથી વ્રજ મનોહર દેખાતું હતું. ૧૨ વ્રજમા ચારે તરફ વનો પુષ્પાવાળા થઇ રહ્યાં હતાં, પક્ષીઓ તથા ભમરોના ટોળાં ગુંજારવ કરતા હતાં અને કમળના કોશો હંસ તથા કારંડવોથી ભરપૂર હતા ૧૩ નંદ શ્રીકૃષ્ણના પ્રિય સેવક ઉદ્ધવને, ભેટીને પ્રસન્ન થયા અને તેમને શ્રીકૃષ્ણ ગણી સત્કાર કર્યો. ૧૪ ઉત્તમ પ્રકારનું ભોજન કરીને શય્યા ઉપર સુખથી બેઠેલા અને ચરણચંપી વગેરેથી પરિશ્રમ વિનાના થયેલા ઉદ્ધવને, નદરાય પૂછવા લાગ્યાઃ—હે ઉદ્ધવ ! અમારા મિત્ર વસુદેવ દુઃખમાંથી મુક્ત થઇ પોતાના બાળબચ્ચાં તથા સગા સ્નેહીઓની સાથે સુખી છે ? ૧૬ કંસ તેના અનુચરો સહિત પાપથી મરણ પામ્યો તે નિરંતર ધર્મશીલ અને સદ્‌ગુણી યાદવોનો દ્વેષ કરતો હતો. ૧૭ શ્રીકૃષ્ણ અમને માતપિતાને સંબંધીઓને મિત્રને પોતે જેના ધણી છે એવા વ્રજને ગાયોને વૃંદાવનને તથા ગોવર્ધનને સંભારે છે ? ૧૮ જ્યારે પોતાના સગાં સ્નેહી જનોને એકવાર મળવા માટે આવશે ત્યારે અમે સુન્દર નાસિકાવાળું તથા મંદ હાસ્યવાળું તેમનું સુખ જોઇશું. ૧૯ દાવાનળથી વંટોળીઆ પવનથી વરસાદથી વૃષભાસુરથી કાલીય નાગથી તથા નિરૂપાય એવાં મૃત્યુઓથી અમારી રક્ષા કરી છે. ૨૯ હે ઉદ્ધવ ! તેમનાં પરાક્રમો તેમના વ્યવસાય હસવું તથા ભાષણ અમને નિત્ય સાંભરે છે. ત્યારે અમારાં સર્વ કામકાજ શિથિલ પડી જાય છે. ૨૧ શ્રીકૃષ્ણના ચરણથી શોભાયમાન નદીઓ પર્વતો વનના પ્રદેશો તથા વિહાર સ્થાનકો જોતા અમારૂં મન શ્રીકૃષ્ણરૂપ થઇ જાય છે. ૨૨ ગર્ગાચાર્યના કહેવા પ્રમાણે શ્રીકૃષ્ણ તથા બળભદ્ર અહીં પૃથ્વી ઉપર દેવતાઓનું કામ કરવા કોઇ મોટા દેવતાજ આવતરેલા છે ૨૩ દશ હજાર હાથીના જેવા બળવાન કંસને બે મલ્લોને તથા કુવલયાપીડને સિંહ જેમ રમત માત્રમાં પશુઓને મારી નાંખે તેમ તેમણે મારી નાંખ્યા. ૨૪ હાથી જેમ લાકડી ભાંગી નાંખે, તેમ શ્રીકૃષ્ણે ત્રણ તાલ જેવડાં લાંબાં ને ઘણા મજબુત ધનુષના કટકા કરી નાખ્યા. એક હાથે સાત દિવસ સુધી ગોવર્ધન તોળી રાખ્યો. ૨૫ પ્રલંબાસુર ધેનુકાસુર અરિષ્ટ તૃણાવર્ત બકાસુર વગેરે દૈત્યોને તથા દેવોને જીતનાર દૈત્યોને રમત માત્રમાં મારી નાખ્યા, ૨૭ શ્રીકૃષ્ણનાં પરાક્રમોને સંભારી સંભારીને શ્રીકૃષ્ણમાં જેમની બુધ્ધિ હતી એવા નંદજી અત્યંત ઉત્કંઠિત થઇ પ્રેમના ઉમળકાથી મૌન રહ્યા. ૨૭ પુત્રના વર્ણવાતા ચરિત્રો સાંભળી અશ્રુ પાડવા લાગ્યાં તથા સ્નેહને લીધે તેમને પાનો ચઢયો. ૨૮ ભગવાન શ્રીકૃષ્ણ ઉપર નંદની તથા યશોદાની પરમ પ્રીતિ જોઇ ઉદ્ધવ આનંદથી આ પ્રમાણે કહેવા લાગ્યા. ૨૯

ઉદ્ધવજી કહે છે કે—તમે સર્વના ગુરૂ એવા નારાયણ ઉપર આવી બુદ્ધિ રાખો છો તેથી તમે આ લોકમાં પ્રસંશાપાત્ર છો. ૩૦ શ્રીકૃષ્ણ ને બળભદ્ર જગતનાં નિમિત્ત કારણ તથા ઉપાદાન કારણ છે, પુરૂષ તથા પ્રકૃતિ છે ને શરીરમાં પ્રવેશ કરી અનેક ઉપાધિવાળા જીવના નિયંતા છે, કારણ કે તે પુરાણપુરૂષ છે. ૩૧ પ્રાણ જતાં પોતાનું શુદ્ધ મન ક્ષણવાર માણસ તેઓમાં રાખે તો તે કર્મની વાસનાથી છુટી બ્રહ્મરૂપ તથા શુદ્ધ સૂર્યરૂપ થઇને પરમ ગતિને પામે છે. ૩૨

તમે સર્વના આત્મારૂપ કારણરૂપ તથા જગતનું કલ્યાણ કરવા મનુષ્ય દેહ ધારણ કરનાર ભગવાન ઉપર સર્વદા ભાવ રાખો. હવે તમારે બંનેને બીજું કયું સુકાર્ય કરવાનું બાકી છે? ૩૩ યાદવોના પતિ શ્રીકૃષ્ણ થોડા સમયમાં વ્રજમાં પધારશે અને તમારૂં પ્રિય કરશે. ૩૪ શ્રીકૃષ્ણે અખાડાની વચ્ચે સર્વ યાદવોના શત્રુરૂપ કંસને મારી તમને મળીને જે કહ્યું હતું તે સત્ય છે. ૩૫ તમે ખેદ કરશો નહિ, થોડા સમયમાં શ્રીકૃષ્ણનાં તમને દર્શન થશે કારણ કે તેઓ કાષ્ટમાં અગ્નિની પેઠે સર્વ પ્રાણીઓના હૃદયમાં રહેલા છે. ૩૬ તમારા મનમાં શંકા આવતી હોય કે તે પોતાના માતપિતાને છોડીને કેમ આવશે? પરંતુ તેવી શંકા લાવશો નહિ કારણ કે, માન રહિત શ્રીકૃષ્ણને કોઇ પ્રિય નથી તેમ કોઇ શત્રુએ નથી કોઇ ઉત્તમ નથી, તેમ કોઇ અધમ પણ નથી અથવા સર્વ પ્રાણીઓ ઉપર સમભાવ રાખનાર શ્રીકૃષ્ણને કોઇ અસમાન પણ નથી તેમ તેમને માતા પિતા સ્ત્રી પુત્રાદિક પોતાનો પારકો દેહ અથવા જન્મ એમાનું કાંઇ પણ નથી. ૩૮ તેમને કર્મ નથી તથાપિ તે લોકમા ક્રીડા કરવા અને સત્પુરૂષોની રક્ષા કરવા ઉત્તમ મધ્યમ તથા મિશ્ર જાતિમા અવતાર લે છે અજન્મા ભગવાન નિર્ગુણ છે છતા સત્વ રજ અને તમ એ ત્રણ ગુણોને સેવે છે અને તે દ્વારા ક્રીડા કરતા જગતના ઉત્પત્તિ સ્થિતિ ને પ્રલય કરે છે. ૪૦ મનુષ્યને ફરતી દૃષ્ટિથી જેમ પૃથ્વી ફરતી દેખાય છે અને કર્મ કરનારના ચિત્તમા રહેલો આત્મા તેના અધ્યાસથી જેમ પોતે જ કર્મ કરતો હોય તેમ જણાય છે તેમ આ સૃષ્ટિ વગેરે સર્વ જો કે માયામય છે તોપણ તે જાણે પરમાત્મા કરતા હોય તેમ જણાય છે. ૪૧ શ્રીકૃષ્ણ તમારા પુત્ર નથી પરંતુ સર્વના પુત્ર છે તથા સર્વના આત્મા પિતા માતા ને ઇશ્વર પણ છે. ૪૨ જોયેલી સાંભળેલી ભૂત ભવિષ્ય વર્તમાન સ્થાવર જંગમ નાની મોટી વસ્તુ ભગવાન વિનાની તથા ભગવાનથી જુદી નથી સર્વ સ્વરૂપ ભગવાનજ છે ૪૩

શુકદેવજી કહે છે કે—હે રાજન! નંદ તથા ભગવાનના અનુચર ઉદ્ધવ બન્નેને આ પ્રમાણે સમજાવી સૂઇ ગયા. પ્રભાત થયું ગોપીઓ ઉઠી છાશ કરવા મંડી. ૪૪ ગોપીઓ કડાવાળાં તથા ફૂલના ગજરાવાળા હાથોથી નેતરાં ખેંચતાં તેથી નિતંબ તથા હાર હાલતા કપોળના ભાગ કુંડળોથી શોભી રહેના મુખ કેશરોથી રાતા હતાં તથા આભૂષણોના મણિઓ દીવાઓની શિખાથી ઝળઝળાટ દીપતા. ૪૫ ભગવાનના ગુણનુ વાદ ગાતી તેમના ગીતનો ધ્વનિ દધિમંથનના શબ્દ સાથે મિશ્રિત થઇ આકાશ સુધી પહોંચનો જે શબ્દ દિશાઓના અમંગળનો નાશ કરતો હતો. ૪૬ સૂર્ય નારાયણનો ઉદય થતા નંદના બારણામાં રથને ઉભેલો જોઇ ગોપીઓ પરસ્પર પૂછવા લાગી કે આ રથ કોનો છે?૪૭ કંસનું કામ સાધનારો અક્રૂર કે જે શ્રીકૃષ્ણને અહીંથી મથુરાપુરીમાં લઈ ગયો હતો તે શું પાછો આવ્યો છે? ૪૮ કંસનો નાશ કરીને અહીં શા માટે આવ્યો હશે? એ કંસ મરી ગયો તેની ઉત્તરક્રિયામા આપણા માસના પિંડો આપવા ધારતો હશે? આ પ્રમાણે સ્ત્રીઓ પરસ્પર વાતો કરતી હતી. એટલામા ઉદ્ધવ યમુના નદી ઉપર નિત્યકર્મ કરીને ઘેર આવ્યા.

किं साधयिष्यत्यस्माभिर्भर्तुः प्रीतस्य निष्कृतिम्।
इति स्त्रीणां वदन्तीनामुद्धवोऽगात् कृताह्निकः॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
षट्चत्वारिंशोऽध्याय.

અધ્યાય ૪૭ મો.[†]

ઉદ્ધવે ગોપીઓને આપેલું આશ્વાસન.

श्रीशुक उवाच

तं वीक्ष्य कृष्णानुचरं व्रजस्त्रियः
प्रलंबबाहुं नवकंजलोचनम् ।
पीतांबरं पुष्करमालिनं
लसन्मुखारविंदं मणिमृष्टकुंडलम् ॥१॥

શુકદેવજી કહે છે કે–હે રાજન! વિશાળ બાહુવાળા નવ કમળ જેવા નેત્રવાળા પીતાંબરધારી કમળની માળાવાળા શોભિતા મુખકમળવાળા તથા ચળકતા કુંડળવાળા શ્રીકૃષ્ણના ભક્ત ઉદ્ધવને જોઇ.વ્રજની સ્ત્રીઓ આ દેખાવડો તથા ભગવાનના જેવા વેશવાળો અને ઘરેણાવાળો કોણ હશે? ક્યાંથી આવ્યો હશે? અને કોના સેવક હશે? આમ બોલતી તથા મનોહર હાસ્ય કરતી સર્વ ગોપીઓ, ભગવાનના ચરણારવિંદના દાસ એવા ઉદ્ધવને વિંટાઇ વળી ૨ આ તો લક્ષ્મીપતિનો સંદેશો લાવનાર ઉદ્ધવજી છે, એમ જાણ્યા પછી ગોપીઓએ વિનયપૂર્વક પ્રણામ કરી લજ્જા સહિત મધુર વચને તેમને બોલાવી તેમનો સત્કાર કર્યો આસન ઉપર બેઠેલા ઉદ્ધવને એકાંત જોઇ તેઓ પૂછવા લાગી કે, તમે યદુપતિના સેવક આવ્યા છો, તેને અમે જાણીએ છીએ.ભગવાને પોતાના માતપિતાને પ્રસન્ન કરવાની ઇચ્છાથી તમને અહીં મોકલ્યા છે ૪ તે વિના બીજું કોઇ તેમને સંભારવા યોગ્ય આ વ્રજમાં હોય એવું જાણવામા નથી મુનિને પણ માતપિતા વગેરે સંબંધીઓના ઉપર જે સ્નેહાનુબંધ હોય છે, તે તેનાથી પણ ત્યાગ થઇ શકતો નથી. ૫ પુરૂષો માતપિતા વિના બીજાઓની સાથે મૈત્રી કરે છે તે સ્વાર્થ માટે હોય છે અને તે સ્વાર્થ પૂરો થતા સુધી રહે છે. ભમરા પુષ્પોની મૈત્રી કરે છે તે સ્વાર્થને લીધે હોય છે ૬ પ્રજા જેમ અશક્ત રાજાનો ત્યાગ કરે છે, વિદ્યા ભણી રહેલા વિદ્યાર્થીઓ જેમ ગુરૂનો ત્યાગ કરે છે, ઋત્વિજો જેમ દક્ષિણા લીધા પછી યજમાનનો ત્યાગ કરે છે; ૭ પક્ષીઓ જેમ ફળ વિનાનાં વૃક્ષોનો ત્યાગ કરે છે, અતિથિઓ જેમ જમીને ઘરનો ત્યાગ કરે છે, મૃગો જેમ બળી ગયેલાં વનનો ત્યાગ કરે છે તેમ ભગવાને અહીં ઉછરી હવે અમારો ત્યાગ કર્યો છે.

શુકદેવજી કહે છે કે–શ્રીકૃષ્ણના ભક્ત ઉદ્ધવજી વ્રજમા પધાર્યા ત્યારે શ્રીકૃષ્ણ ઉપર જેમના મન અને વાણી હતી એવી ગોપીઓ લોકલજ્જા મૂકી તેમને આ પ્રમાણે પૂછવા લાગી. શ્રીકૃષ્ણે કિશોરાવસ્થામા તથા બાલ્યાવસ્થામા જે જે ચરિત્રો કર્યા તે બધાં ચરિત્રો સંભારી સંભારીને તે ગાવા લાગી તથા લજ્જા મૂકીને રડવા મંડી. ૧૦ કોઈ ગોપી ભમરાને જોઇ શ્રીકૃષ્ણનું ધ્યાન કરતી તેને કૃષ્ણે મોકલેલો દૂત સમજી ઉદ્ધવજીના મિષથી આમ પૂછવા લાગી –

ગોપી–હે ભમરા! મારી શોકયના ચંદન વાળી મૂછોવડે મારા ચરણને અડકતો નહિ. જેનો તું આવો દૂત છે એવા મધુપતિ શ્રી કૃષ્ણ ભલે યાદવોની સભામાં હાસ્યપાત્ર થઇ પડેલાં માનવંતી સ્ત્રીઓનાં માનને પાત્ર થાય. ૧૨ તારા જેવાજ સ્વાર્થી શ્રીકૃષ્ણે પુષ્પની પેઠે અમને એકવાર મોહ ઉપજાવનારૂં પોતાનું ગાન સંભળાવી અમારો ત્યાગ કર્યો છે લક્ષ્મીજી તેમના ચરણકમળની કેમ સેવા કરે છે; એમ હોય કે–ભગવાનની મિથ્યા વાતોથી તેમનું મન ભોળવાઈ ગયું હોય, તેથી સેવા કરે, પરંતુ અમે એવી ભોળી નથી.૧૩ ભમરા! અમો ઘર વિનાની સ્ત્રીઓ આગળ તું વારંવાર યાદવોના પતિ શ્રી કૃષ્ણની લલિત લીલાઓ શા માટે યાદ કરે છે? અમે તેનો ઘણીવાર અનુભવ કર્યો છે, માટે તું તેમની સખીઓની આગળ જઈ ગા, કારણ કે, તેઓ તેમનું વાંછિત પૂર્ણ કરશે.

† આ અધ્યાયમા ભગવાનની આજ્ઞાથી ગોપીઓને ઉદ્ધવે આશ્વાસન આપ્યું, એ કથા કહેવારો

કપટપૂર્વક મનોહર હાસ્ય કરનાર તથા ભ્રુકુટિના ચાળા કરનાર ભગવાનને પૃથ્વી ઉપર સ્વર્ગમા કે પાતાળમા એવુ કોણ છે કે જે તેમને દુર્લભ હોય ? સાક્ષાત લક્ષ્મીજી તેમના ચરણની રજ સેવે છે,પરંતુ તારે તેની આગળ એક વાત કહેવી કે જે દીન ઉપર દયા કરે છે, તે જ મોટી કીર્તિવાળો કહેવાય છે. ૧૫ તુ અમારા ચરણમા મસ્તક મૂક નહિ. શ્રીકૃષ્ણની પાસેથી સર્વ શિખીને દૂતના કાર્યને બોલવા યોગ્ય મધુર શબ્દોથી પ્રાર્થના કરે છે તે તારી પ્રાર્થનાની કુશળતાને અમે જાણીએ છીએ.અમે તમને પોતાને માટે પુત્રનો પતિનો તથા પરલોકનો ત્યાગ કર્યા છતાં ચંચળ મનના શ્રીકૃષ્ણે અમારો ત્યાગ કર્યો, તો હવે તેમની સાથે શુ સમાધાન કરવુ ?૧૬ શ્રીકૃષ્ણે રામાવતારમા પારધિની માફક ક્રૂર થઇ વાનરરાજ વાલિનો વધ કર્યા હતો. સ્ત્રીજીત થઇ પોતાની ઉપર આસકત થયેલી સૂર્પનખાને વિરૂપ કરી હતી વામનાવતારમાં કાગડાની પેઠે બલિનું બળિદાન ખાઇ પાછળથી તેને બાંધ્યો હતો, માટે શ્રીકૃષ્ણની મિત્રાઇ કરવાની અમને કંઇ જરૂર નથી. ૧૭ આ જગતમા ઘણા લોકો શ્રીકૃષ્ણના ચરિત્રરૂપી અમૃતપાન કરવાથી રાગદ્વેષ રહિત થાય છે તથા મૃતપ્રાય થઇ જાય છે. પોતાના ઘરના ગરીબ કુટુંબનો ત્યાગ કરે છે અને પોતે ગરીબ તથા મરવા જેવા થઇને ભાગ વિનાના પક્ષીઓની પેઠે આહાર માટે ભિક્ષા માગતા ફર્યા કરે છે. તેઓ કૃષ્ણકથાઓ કદી તજી શકાતા નથી અમે ગોપીઓ ભોળપણને લીધે કપટી કૃષ્ણના વચન ઉપર વિશ્વાસ રાખ્યો તેથી વારંવાર ભગવાનના વિરહની પીડા ભોગવીએ છીએ. હે દૂત ! તેમના વિના બીજી વાત કહે. ૧૯ તુ પાછો અહીં આવ્યો તે તને શું અમારા પ્રિયતમે મોકલ્યો છે ? હે ભમરા ! તુ અમને માનવા યોગ્ય છે માટે માગી લે, તારી શી ઇચ્છા છે ? હે શઠગુણી દૂત ! તું અમને સતીઓને શા માટે શ્રીકૃષ્ણની પાસે લઇ જવાની ઇચ્છા રાખે છે ? શ્રીકૃષ્ણ એકલા રહી શકે એવા નથી. તેમની સાથે નિરંતર લક્ષ્મી રહે છે અને તે વળી તેમના વક્ષઃસ્થળમાજ રહે છે. ૨૦ શ્રીકૃષ્ણ હમણા ગુરૂને ઘેરથી આવીને મથુરામાં રહ્યા છે તે પિતાના ઘરોને તથા પોતાના મિત્રને સંભારે છે ? કોઈ દિવસ તે અમો દાસીઓની વાત કરે છે ? અગરૂના જેવો સુગંધીવાળો પોતાનો હાથ અમારા મસ્તક ઉપર તે ક્યારે મૂકશે ! ૨૧

આ પ્રમાણે ગોપીઓનું બોલવું સાંભળી ઉદ્ધવ શ્રીકૃષ્ણના દર્શનની લાલસાવાળી ગોપીઓને ભગવાનના સંદેશાઓથી શાંત કરતા નીચે પ્રમાણે કહેવા લાગ્યા—તમે પૂર્ણ મનોરથવાળી તથા લોકમા સત્કારવાળી થઇ ચૂકી છો, કારણ કે તમોએ ભગવાન વાસુદેવમા મન અર્પણ કર્યું છે. ૨૩ દાન વ્રત તપ હોમ જપ વેદાધ્યયન નિયમો તથા બીજા પણ અનેક કલ્યાણનાં સાધનોથી ભગવાનની ભકિત કરવામા આવે છે ૨૪ તમોએ મહા કીર્તિવાળા ભગવાનની મુનિઓને દુર્લભ એવી સર્વોત્તમ ભકિત કરી છે ૨૫ તમે પુત્રો પતિઓ શરીરો સંબંધીઓ તથા ઘરોનો ત્યાગ કરી શ્રીકૃષ્ણ નામે પરમ પુરૂષને વરી તે બહુ સારૂં કર્યું. ૨૬ તમને ભગવાનના વિયોગથી એકાંતિક ભકિતનો લાભ થયો છે. તમે ભગવાનનું ભકિતસુખ મને દેખાડીને મારા ઉપર મોટો અનુગ્રહ કર્યો છે ૨૭ હવે તમને સુખ આપનારા તમારા પ્રિયતમનો સંદેશો કહું તે સાંભળો હુ તમારા પ્રિયતમનું રહસ્યકામ કરનારો છુ તેથી સંદેશો લઇને આવ્યો છું.

ભગવાને કહાવ્યું છે કે—હે ગોપીઓ ! તમોને કોઇ સમય સર્વથા મારો વિયોગ રહેશે નહિ. આકાશ વાયુ અગ્નિ જળ તથા પૃથ્વી એ પાચ મહાભૂતો જેમ સ્થાવરજંગમ સર્વ પદાર્થોમા રહેલા છે, તેમ હુ મન પ્રાણ

પાંચભૂતો ઇંદ્રિયો તથા ગણોમા અધિષ્ઠાનરૂપે રહેલો છું. હું પોતે મારી પોતાની માયાના પ્રભાવથી મારા પોતામાં પાચભૂતો ઇદ્રિયો તથા ગુણોરૂપે આત્માને ભૂતાદિ રૂપ થતાં દોષ લાગતો નથી, કારણ કે તે શુદ્ધ ગુણોની સાથે નહિ ભળનાર ગુણથી ભિન્ન અને જ્ઞાન રૂપ છે છતાં વિશ્વ તૈજસ અને પ્રાજ્ઞરૂપ જે જણાય છે તે માયાના કાર્યરૂપ મનની જાગ્રત સ્વપ્ન તથા સુષુપ્તિ નામે વૃત્તિઓથી જણાય છે. ૩૧ જાગ્રત થયેલો પુરૂષ જેમ સ્વપ્નને મિથ્યા માને છે તેમ વિવેકી પુરૂષ શબ્દાદિક ઇંદ્રિયોના વિષયોને પણ મિથ્યા માને છે. તે વિષયોનું મનથી ચિતન કરતા ઇંદ્રિયોને પ્રાપ્ત થવાય છે, માટે સાવધાન થઈ મનને રોકવું જોઇએ. ૩૨ વેદ અષ્ટાગ યોગ આત્માનાત્માનો જેમા વિવેક છે એવું સાખ્યશાસ્ત્ર સંન્યાસ સ્વધર્મ ઇંદ્રિયદમન તથા સત્ય સર્વનુ તાત્પર્ય એ વિવેકીઓ મનનો નિરોધ ગણે છે. નદીઓ સમુદ્રને મળે છે તેમ જ સર્વ સાધનોનું પરિણાન મનના નિરોધમા સમાઈ જાય છે. ૩૩ તમારો પ્રિય હું તમારી દૃષ્ટિથી દૂર રહું છું તેનું કારણ તમને મારૂં ધ્યાન કરવાની ઇચ્છાથી તથા તમારૂં મન મારી પાસે લાવવા માટે છે. ૩૪ સ્ત્રીઓનું મન જેવું દૂર રહેલા પતિમાં આતુર રહે છે, તેવું પોતાની પાસે–દૃષ્ટિ આગળ રહેલા પતિમા ઘેલું રહેતું નથી. ૩૫ તમે સર્વ વૃત્તિઓથી છુટું થયેલું મમાસકત મન મારે વિષે રાખીને નિરંતર મારૂં સ્મરણ કરશો તો થોડાજ સમયમાં મને પામશો. ૩૬ હુ વૃંદાવનમા જે રાત્રે રમતો હતો તે રાત્રે જે સ્ત્રીઓ પોતાના પતિઓના અટકાવવાથી મારી સાથે રાસ રમી શકી ન હતી તે પુણ્યશાળી સ્ત્રીઓ મારા પરાક્રમનું ધ્યાન કરવાથી મને પામી હતી.

ભગવાને કહેવરાવેલો સંદેશો સાભળીને પ્રસન્ન થયેલી તથા ભગવાનના સંદેશાથી જેમને સ્મરણ આવ્યું હતું એવી ગોપીઓ ઉદ્ધવને નીચે પ્રમાણે કહેવા લાગી. યાદવોના શત્રુ તથા દુ ખ દેનાર કંસને તેના સેવકોની સાથે શ્રીકૃષ્ણે માર્યા એ ઘણુ સારૂં કર્યું. હમણાં જેમના સર્વ મનોરથો પૂર્ણ થયા છે એવા સબંધીઓની સાથે શ્રીકૃષ્ણ આનંદમા વર્તે છે તે પણ ઘણુ સારૂં થયુ છે ૩૯ હે સૌમ્ય! સ્નેહ તથા લજ્જાવાળા હાસ્ય કરી તથા ઉદારદૃષ્ટિ કરી અમોએ પૂજેલા શ્રીકૃષ્ણે અમારા ઉપર જે પ્રીતિ કરવી જોઇએ તેવી પ્રીતિ મથુરાવાસી સ્ત્રીઓની ઉપર કરે છે કે કેમ ? ૪૦ રતિના વિવિધ પ્રકારો જાણનાર સુદર સ્ત્રીઓને પ્રિય તથા ઉત્તમ સ્ત્રીઓના વાકગોથી અને વિલાસોથી સત્કાર પામેલા શ્રીકૃષ્ણ સ્ત્રીઓ ઉપર શા માટે આસક્ત થાય નહિ ? ૪૧ હે સૌમ્ય ! ભગવાન શ્રીકૃષ્ણ નગરની નારીઓની સભામા યથેષ્ઠ વાર્તા કરતાં કોઇ પ્રસગે અમો અસંસ્કારી સ્ત્રીઓને સભારે છે ? ૪૨ કુમુદ કુંદપુષ્પ તથા ચંદ્રથી શોભાયમાન વૃન્દાવનમાં પગમાં પહેરેલાં ઝાંઝરના ઝણકારથી ગાજી રહેલી રાસમંડળીમા ભગવાન અમારી સાથે જે રાત્રીએ રમ્યા હતા અને અમે તેમની મનોહર લીલાની સ્તુતિ કરી હતી તે રાત્રીઓને ભગવાન કોઇવાર સભારે છે ? ૪૩ શ્રીકૃષ્ણે અમને તજીને શોકાતુર કરી તે શોકથી અમે તપી ગયા છીએ. ઇન્દ્ર જેમ જળની વૃષ્ટિથી વનને સજીવન કરે તેમ શ્રીકૃષ્ણ પોતાના શરીરવતી સ્પર્શ કરીને અમને સજીવન કરવા માટે કોઇ વાર અહીં પધારશે ? તેમને રાજ્ય મળ્યું શત્રુઓ નાશ પામ્યા સર્વ સંબંધીઓનો મેળાપ થયો અને રાજકન્યાઓને પરણી ગૃહસ્થાશ્રમી થયા, હવે શ્રીકૃષ્ણ અહી શા માટે આવે. મહાત્મા શ્રીકૃષ્ણને અશિક્ષિત સ્ત્રીઓનું હવે શું કામ છે ? કારણ કે તેમના મનોરથ પૂર્ણ થયા છે, તેમની રતિ કામના પૂર્ણ થઇ છે. ૪૬ આશા ન રાખવી

એ ઉત્તમ સુખ છે. શ્રીકૃષ્ણની અમે આશા રાખતાંજ નથી. ૪૭ ભગવાન પોતે ઇચ્છા વિનાના છતાં લક્ષ્મી તેમના અંગમાંથી કોઇ દિવસ ખસતા નથી એવા ઉત્તમ કીર્તિવાળા ભગવાનની રહસ્ય વાતોનો કોણ ત્યાગ કરી શકે ? ૪૮ હે ઉદ્ધવ ! શ્રીકૃષ્ણ બળદેવની સાથે રહીને જે જે સ્થાને ફર્યા હતા, તે નદીઓ પર્વતો વનના પ્રદેશો ગાયો અને વાસળીઓના નાદો અમને વારંવાર નંદરાયના કુંવર સંભારી આપે છે અને અમે પણ તેમના લક્ષ્મીના નિવાસરૂપ પગલાં જોઈ જોઇને તેમને હંમેશ યાદ કર્યા કરીએ છીએ. ૫૦ અમે શ્રીકૃષ્ણને કેમ વિસારી શકીએ ? તેમણે મનોહર ચાલથી ઉદાર હાસ્યથી રમતપૂર્વક દૃષ્ટિ કરવાથી તથા મધુર ભાષણો કરીને અમારી બુદ્ધિને હરી લીધી છે. ૫૧ હે નાથ ! તમે દુઃખરૂપી સમુદ્રમાં ડૂબેલા વ્રજનો તેમાંથી ઉદ્ધાર કરો. ૫૨

શુકદેવજી કહે છે કે—શ્રીકૃષ્ણના સંદેશાથી જેમનો વિરહતાપ શમી ગયો હતો એવી ગોપીઓએ શ્રીકૃષ્ણને પરમાત્મા અતીન્દ્રિય અને પોતાના આત્મારૂપ જાણીને ઉદ્ધવજીનો સત્કાર કર્યો. ૫૩ ઉદ્ધવ ગોપીઓનો વિરહજન્યશોક મટાડતા તથા ભગવાનની લીલારૂપ કથાનું ગાન કરતા કેટલાક મહીના સુધી વ્રજમાં રહ્યા અને ગોકુલને આનંદ આપ્યો. ૫૪ ઉદ્ધવ જેટલા દિવસ વ્રજમાં રહ્યા તેટલા દિવસ, શ્રીકૃષ્ણની કથાઓથી વ્રજવાસીઓને એક ક્ષણની માફક વીત્યા. ૫૫ નદી વન પર્વત ગુફાઓ તથા પુષ્પવાળા વૃક્ષોને જોતા શ્રીહરિના દાસ ઉદ્ધવ વ્રજવાસીઓને શ્રીકૃષ્ણ સંભારી આપતા વ્રજમા સુખથી ફર્યા; ૫૬ ગોપીઓનું મન શ્રીકૃષ્ણના આવેશથી વિહ્વળ જોઇ તે પ્રસન્ન થયા અને તેઓને પ્રણામ કરવાની ઇચ્છાથી નીચે પ્રમાણે કહેવા લાગ્યાઃ—પૃથ્વી ઉપર આ ગોપીઓ સફળ જન્મવાળી છે, કારણ કે સંસારના ભયથી ડરતા મુનિઓ તથા અમ સર્વના આત્મારૂપ શ્રીકૃષ્ણમા જે ભક્તિ કરવાની ઇચ્છા અમે રાખીએ છીએ તે ભક્તિ ગોપીઓએ શ્રીકૃષ્ણમા દૃઢતા સાથે કરેલી છે ભગવાનની કથામા જો પ્રીતિ બધાય તો પછી બ્રાહ્મણના ચોકલ સાવિત્ર તથા યાજ્ઞિક એવા ત્રણ જન્મનુ શુ પ્રયોજન છે ? વનમા ફરનારી તથા દૂષિત ગોપીઓ કયા ? અને પરમાત્મા શ્રીકૃષ્ણમા તેઓનો દૃઢ ભાવ કયા ? ભગવાન પોતાન ભજનાર અજ્ઞાની મનુષ્યને ભજે છે અને ખાધેલું અમૃત જેમ હિત કરે તેમ ભગવાન તેમનું પ્રત્યક્ષ કલ્યાણ કરે છે પૂર્ણ મનોરથ વાળી ગોપીઓને ભગવાનની જે પ્રીતિ ઉત્પન્ન થઇ હતી, તેવી પ્રીતિ નિરંતર વક્ષઃસ્થળમાં રહેનારા અને ભગવાન ઉપર નિરંતર પ્રીતિ રાખનારા લક્ષ્મીને ન હતી કમળના જેવી સુગંધીવાળી અને દેવાંગનાઓના ઉપર ભગવાનને પણ ન હતી, તો પછી બીજી સ્ત્રીઓ ઉપર કયાથી હોય? ગોપીઓ ત્યાગ કરી શકાય નહિ તેવા પોતાના કુટુંબીઓનો ત્યાગ કરીને તથા ધર્મમાર્ગનો ત્યાગ કરી શ્રુતિઓથી શોધવા યોગ્ય એવી ભગવાનની પદવીને પામી ગઇ. ગોપીઓના ચરણની ધૂળનું સેવન કરનાર ગુચ્છા લતા તથા ઔષધિઓમાથી કોઇપણ જાતમા હું જન્મું તો ઠીક ૬૧ ગોપીઓએ અને લક્ષ્મીજીએ પૂજેલુ તથા પૂર્ણ કામના વાળા બ્રહ્માદિક દેવોએ અને યોગેશ્વરોએ હૃદયમા પૂજેલું શ્રીકૃષ્ણ ભગવાનનું પદ પૂજી પોતાના તાપનો ત્યાગ કર્યો હતો ને ગોપીઓનાં ચરણની રજનું સેવન કરનાર ગુચ્છ લતા તથા વનસ્પતિની કોઇ પણ જાતમાં હું જન્મું તો ઠીક. ૬૨ વ્રજની સ્ત્રીઓ કે જેઓએ ઉંચે સ્વરે ગાયેલી શ્રીહરિની કથા ત્રણ ભુવનને પવિત્ર કરે છે તે સ્ત્રીઓના ચરણની રજને હું વારંવાર મસ્તક ઉપર ધારણ કરૂં છું

શુકદેવજી કહે છે કે—પછી ગોપીઓની યશોદાની તથા નંદની આજ્ઞા લઇ ગોપ

લોકની રજા માગીને જવાને તૈયાર થયેલા ઉદ્ધવ રથમાં બેઠા. ૬૪ તે જેવા બહાર નીકળ્યા કે નંદાદિક ગોપ નાના પ્રકારની ભેટો લઈ તેમને મળ્યા અને સ્નેહથી બોલ્યા કે, અમારી મનોવૃત્તિઓ શ્રીકૃષ્ણના ચરણારવિંદમાં રહેજો, વાણી ભગવાનના નામ લેવામાં રહેજો ! કાયા તેમને પ્રણામ કરવા વગેરે કાર્યમા રહેજો. ૬૬ અમે ઇશ્વરેચ્છાથી કર્મવડે હરકોઇ જાતિમા જન્મીએ ત્યાં સદાચારોથી તથા દાનોથી અમારી બુદ્ધિ શ્રીકૃષ્ણ ભગવાનને વિષે રહો. ૬૭ હે નરાધિપ ! શ્રીકૃષ્ણની ભક્તિ દર્શાવી ગોપલોકે ઉદ્ધવનો સત્કાર કર્યો અને ઉદ્ધવજી શ્રીકૃષ્ણે રક્ષેલી મથુરાં તરફ ગયા. શ્રીકૃષ્ણને પ્રણામ કરી વ્રજવાસીઓની ભક્તિના ઉભરાની વાત કહી અને પછી શ્રીકૃષ્ણને વસુદેવને બળભદ્રને તથા રાજાને વ્રજમાથી મળેલી ભેટો દેખાડી. ૬૯

कृष्णाय प्रणिपत्याह भक्त्युद्रेक व्रजौकसाम्॥
वसुदेवाय रामाय राज्ञे चोपायनान्यदात्॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
सप्तचत्वारिंशोध्याय:

અધ્યાય ૪૮ મો.‡

કુબ્જા અને શ્રીકૃષ્ણ.

अक्रूर उवाच.

अथ विज्ञाय भगवान् सर्वात्मा सर्वदर्शन: ।
सैरंध्र्या: कामतप्ताया: प्रियमिच्छ- गृहं ययौ।

શુકદેવજી કહે છે કે—હે રાજન ! પછી સર્વના આત્મારૂપ તથા સર્વજ્ઞ એવા ભગવાન કુબ્જાને આપેલુ વચન સંભારી તેને પ્રસન્ન કરવા તેને ઘેર ગયા ૧ કુબ્જાનું ઘર અમૂલ્ય વસ્તુઓથી ભરપુર હતું વળી તેમાં સુંદર ચિત્રો હતાં મોતીના માળાઓ પતાકાઓ ચંદરવા શય્યા વગેરે ઉત્તમ સામગ્રીઓ ધૂપ દીપ પુષ્પની માળાઓ ચંદન વગેરે સામગ્રીઓ હતી ૨ તે ઘરમાં ભગવાનને પધારેલા જોઇ મોટા સંભ્રમમાં પડી ગયેલી કુબ્જા આસન ઉપરથી ઉઠીને સખીઓની સાથે શ્રીકૃષ્ણને મળી અને ઉત્તમ આસનાદિકથી ભગવાનનો સત્કાર કર્યો. ઉદ્ધવજીનો પણ યોગ્યતા પૂર્વક સત્કાર કર્યો. ઉદ્ધવ આસનનો સ્પર્શ કરી પૃથ્વી ઉપર બેઠા અને લોકચરિત્રોને અનુસરતા શ્રીકૃષ્ણ ભગવાન મોટી ગાદીવાળા આસન ઉપર બેઠા. કુબ્જા સ્નાન ચંદન કસ્તૂરી આદિ લેપથી વસ્ત્રથી આભૂષણોથી પુષ્પની માળાઓથી ચંદનથી તાંબુલથી તથા અમૃતના જેવા પીવાના માદક પદાર્થો સાથે શરીર શણગારી તથા સુગંધી કરીને લીલાપૂર્વક મંદ મંદ હસતી અને વિલાસપૂર્વક જોતી શ્રીકૃષ્ણની પાસે આવી. ૫ શ્રીકૃષ્ણ ભગવાનના ચરણને તળાંસવા લાગી અને ભગવાનના ચરણના સ્પર્શથી શાંત થઇ ૭ ગોપીની પેઠે શ્રીકૃષ્ણ ઉપર એક નિષ્ઠાવાળી કુબ્જાએ માત્ર ચંદન અર્પણ કરીને બીજાને મળે નહિ એવા મોક્ષના નાથ શ્રીકૃષ્ણને મેળવીને આ પ્રમાણે માગ્યું. હે પ્રિયતમ ! તમે કેટલાક દિવસો સુધી અહીં રહો. હે કમળનયન ! હું તમારો સંગ છોડી શકતી નથી. ૯ તે પછી માન આપનાર સર્વના ઇશ્વર અને કુબ્જાએ પૂજેલા ભગવાન શ્રીકૃષ્ણ તેને વર આપીને તથા આભૂષણાદિકથી તેનો સત્કાર કરીને ઉદ્ધવને ઘેર ગયા. ૧૦ જે મનુષ્ય સર્વ ઇશ્વરોના પણ ઇશ્વર અને ઘણા કષ્ટથી સેવાય એવા ભગવાનને પ્રસન્ન કરીને વિષયસુખ ઇચ્છે છે તેને દુષ્ટ બુદ્ધિવાળો જાણવો, કારણ કે વિષયસુખ તુચ્છ છે. ૧૧ પછી શ્રીકૃષ્ણ બળભદ્ર અને ઉદ્ધવજી સાથે અક્રૂરનું હિત કરવાની ઇચ્છાથી તથા તેમની પાસે કંઇક કામ કરાવવાની ઇચ્છાથી ત્યા ગયા. અક્રૂર મનુષ્યોમાં ઉત્તમોત્તમ એવા પોતાના સંબંધીઓને દૂરથી આવતા જોઇને ઉભા થયા અને આ

‡ આ અધ્યાયમા ભગવાને કુબ્જાનુ મન મનાવી અક્રૂરને ઘેર જઈ તેમને હસ્તિનાપુર જવાની આજ્ઞા કરી, એ કથા કહેવાશે

પધાર્યા, એમ કહી તથા સત્કાર કરીને પ્રસન્ન થયા. ૧૩ શ્રીકૃષ્ણને તથા બળભદ્રને પગે લાગ્યા કે તે ત્રણેએ તેમને સામા પ્રણામ કર્યા.અક્રૂરે પછી આસન ઉપર બેઠેલા તેમની શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પૂજા કરી. ૧૪ હે રાજન! તેમનાં ધોયેલા ચરણનું પાણી પોતાના મસ્તક ઉપર ચઢાવ્યુ અને પછી પૂજન દિવ્ય વસ્ત્રો ચંદન પુષ્પની માળાઓ તથા ઉત્તમ આભૂષણોથી ભગવાનની પૂજા કરી મસ્તકવડે પ્રણામ કરી તેમના બન્ને ચરણ પોતાના ખોળામા લઇને વિનયથી નમ્ર એવા અક્રૂર પગચંપી કરવા લાગ્યા અને શ્રીકૃષ્ણ તથા બળભદ્રને કહેવા લાગ્યા કે–તમે કંસને તેના અનુચરો સાથે માર્યા તે સારૂં કર્યું તમારા કુળને દુઃખમાથી બચાવી સુખી કર્યુ તે પણ સારૂં થયું. તમે જગતના કારણરૂપ પ્રધાન પુરૂષ તથા જગતરૂપ છો. તમારા વિના કાર્ય ને કારણ કઈ પણ નથી. હે બ્રહ્મન! તમે તમારી પોતાની રજોગુણ વગેરે શક્તિઓથી બનાવેલા આ વિશ્વમાં પ્રવેશ કર્યો હોય એવા દેખાવ છો અને જોવામા આવતા તથા સાંભળવામાં આવતા પદાર્થોરૂપ આપ અનેક પ્રકારના જણાવ છો.૧૯ પૃથિવી વગેરે પાંચ મહાભૂતો રૂપાંતરમાં પોતાને દર્શાવનારા સ્થાવર જંગમોમાં કારણરૂપે રહેલા છો, તોપણ જેમ અનેકરૂપે દેખાય તેમ તમે એક આત્મા અને સ્વતંત્ર છો છતાં કાર્યરૂપ પદાર્થોમાં નાના પ્રકારના દેખાવ છો. ૨૦ તમે તમારી પોતાની શક્તિરૂપ રજોગુણ સત્વગુણ અને તમોગુણથી આ જગતને સરજો છો, પાળો છો અને સંહાર કરો છો છતા તે ગુણોથી અથવા કર્મોથી બંધાતા નથી. જ્ઞાન સ્વરૂપ આપને વિષે બંધનકારક અવિદ્યા કોઇ દિવસ સંભવે નહિ.૨૧ વિચાર કરતા જીવને પણ સાક્ષાત જન્મ તથા તેથી થતો ભેદ નથી, કારણ કે દેહાદિક ઉપાધિનો કોઇ પણ રીતે નિર્ણય થઇ શકતો નથી. હું ખાંડણીઆથી બંધાયો અને યમુનામાંથી મુક્ત થયો માટે મને બંધન તથા મુક્તિ બન્ને છે, પરંતુ તે વાત મિથ્યા છે, કારણ કે તમે અવિદ્યારહિત છો માટે તમને બંધન નથી અને જ્યારે બંધન નથી ત્યારે તમારો કયી વસ્તુમાંથી મોક્ષ હોય? કોઇ પણ વસ્તુમાથી હોય નહિ, અર્થાત તમને બધ અને મોક્ષ કંઇ પણ નથી, છતાં અમને તમારામા જે બંધ તથા મોક્ષ જણાય છે તે અમારૂ અજ્ઞાન છે. તમે જગતના કલ્યાણ માટે કહેલો પ્રાચીન વેદમાર્ગ જ્યારે જ્યારે દુષ્ટ પાખંડી માર્ગોથી પરાભવ પામેછે ત્યારે ત્યારે સત્વગુણની મૂર્તિ તમે ધારણ કરોછો. આપ હમણા દૈત્યની અક્ષૌહિણીસેનાઓ નાશ કરી પૃથ્વીનો ભાર ઉતારવા યદુકુળનો યશ વિસ્તારવા બળદેવજી સાથે વસુદેવના ઘરમા જન્મ્યા છો. ૨૪ હે ઇશ્વર! આજે અમારા ઘર ધન્ય છે, કારણ કે દેવતા પિતરો ભૂત મનુષ્ય અને દેવતારૂપ જે આપ તેમના ચરણ અમારે ત્યાં પડયા. આપ જગદ્ગુરૂ અમારા ઘરોમાં પધાર્યા, ૨૫ તેથી કયો વિવેકી મનુષ્ય ભક્ત ઉપર પ્રીતિ રાખનાર સત્યવાદી સંબધી અને કૃતજ્ઞ એવા આપના વિના બીજાને શરણે જાય? આપ ભક્તને ઉત્તમ સંબંધીઓ તથા સર્વ કામનાઓ આપો છો અને જેનો વધારો તથા ઘટાડો થતો નથી એવું પોતાનું સ્વરૂપ દેખાડો છો. ૨૬ હે જનાર્દન! દેવતાઓ તથા યોગેશ્વરો જેમના સ્વરૂપને મહાકષ્ટથી પામે છે એવા આપે પ્રસન્ન થઇ અમને પ્રત્યક્ષ દર્શન આપ્યાં તે ઘણું સારૂં કર્યું. તમારી માયા કે જે અમને પુત્ર સ્ત્રી ધન સંબંધી ઘર અને દેહાદિકમાં મોહ ઉત્પન્ન કરાવનારી છે તેને દૂર કરો. ૨૭

શુકદેવજી કહે છે કે–અક્રૂરજીએ શ્રીકૃષ્ણ ભગવાનનું પૂજન કરી સ્તુતિ કરી. શ્રીકૃષ્ણ મોહ ઉપજાવતા હોય તેમ મંદ મંદ હસીને બોલ્યા કે–તમે અમારા ગુરૂ કાકા તથા પ્રશંસા કરવા યોગ્ય સંબંધી છો, અમે

રક્ષણ કરવા યોગ્ય પોષણ કરવા યોગ્ય અને દયા કરવા યોગ્ય તમારી પ્રજા છીએ. ૨૯ કલ્યાણની ઇચ્છાવાળા પુરૂષોએ આપના જેવા મહાભાગ્યશાળી તથા મહાત્મા પુરૂષોને સેવવા જોઇએ. દેવતાઓ સ્વાર્થી હોય છે પરંતુ મહાત્મા પુરૂષો સ્વાર્થી હોતા નથી. પાણી તીર્થ નથી તેમ માટીની ને શિલાની મૂર્ત્તિઓ દેવતા પણ નથી કિંતુ સાધુ પુરૂષ છે તે તીર્થ અને દેવતારૂપ છે. તેઓ લાંબે દિવસે પવિત્રકરે છે. મહાત્મા પુરૂષો દર્શન કરવાથી પવિત્ર કરે છે. આપ અમારા વડીલ છો પાંડવોનું હિત કરવા અને તેઓની સ્થિતિ કેવી છે તે જાણવા હસ્તિનાપુર જઇ આવો. પિતાના મરણ પછી દુઃખી થઇ પડેલાં બાળકોને માતાની સાથે ધૃતરાષ્ટ્ર રાજા પોતાના નગરમાં લાવ્યા છે અને તેઓ હસ્તિનાપુરમાં રહે છે એમ અમે સાંભળ્યું છે. ૩૩ ધૃતરાષ્ટ્ર દુષ્ટ પુત્રને વશ થયો છે અને મનનો પણ રાંક છે તેથી ભાઇના પુત્રો ઉપર સમદૃષ્ટિ રાખતો નથી. તમે હમણા હસ્તિનાપુર જઇને તેનુ સારૂં અથવા નઠારૂં જે વર્તન હોય તેની તપાસ કરી આવો. પછી તે સર્વ ધ્યાનમાં લઇને સંબંધીઓનું જે પ્રમાણે કલ્યાણ થાય તે પ્રમાણે આપણે યોજના કરીશું. અક્રૂરને આવી આજ્ઞા કરીને પરમાત્મા એવા શ્રીકૃષ્ણ ભગવાન બળભદ્ર તથા ઉદ્ધવજીની સાથે ત્યાંથી પોતાને ઘેર ગયા.

इत्यक्रूरं समादिश्य भगवान् हरिरीश्वरः ।
संकर्षणोद्धवाभ्यां वै ततः स्वभवनं ययौ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
अष्टचत्वारिंशोध्यायः

અધ્યાય ૪૯ મો.¶

હસ્તિનાપુરની હકીકત.

श्रीशुक उवाच

स गत्वा हास्तिनपुरं पौरवेंद्रयशोऽंकितं ।
ददर्श तत्रांबिकेयं स भीष्मं विदुरं पृथाम् ॥

શુકદેવજી કહે છે કે—હે રાજન! અક્રૂર પુરૂવંશના રાજાઓએ બંધાવેલા દેવતાઓનાં તથા બ્રાહ્મણોનાં મંદિરોથી શોભાયમાન હસ્તિનાપુર ગયા અને ધૃતરાષ્ટ્ર ભીષ્મ વિદુર તથા કુંતાને મળ્યા. ૧ સોમદત્ત બાહ્લિકને દ્રોણાચાર્યને કૃપાચાર્યને કર્ણને દુર્યોધનને અશ્વત્થામાને પાડવોને અને બીજા સંબંધીઓને મળ્યા. ૨ અક્રુરને સર્વ સંબંધીઓએ વાતો તથા કુશળ પ્રશ્ન પૂછયા, અક્રૂરે તેઓને કુશળ પૂછયું. ૩ દુષ્ટ પ્રજાવાળા થોડી ધીરજવાળા કર્ણ આદિ પુરૂષોની ઇચ્છા પ્રમાણે વર્તતા ધૃતરાષ્ટ્રે રાજાની વર્તણુક જાણવાની ઇચ્છાથી અક્રૂર ત્યાં કેટલાક મહીના રહ્યા. ૪ પાડવોના પ્રભાવને શસ્ત્રની નિપુણતાને બળને શૌર્યને વિવેકાદિક સદ્ગુણોને તથા પ્રજાના પ્રેમને સહન ન કરવાથી ધૃતરાષ્ટ્રના પુત્રોએ જે કામ કરવા માંડ્યું હતું તે તથા અન્નમાં ઝેર આપ્યું હતું તે વગેરે સર્વ કામ કુંતાએ અને વિદુરે અક્રૂરને જણાવ્યું. ૬ અક્રુર પાસે જઈને પોતાની જન્મભૂમિ સંભારી જેમની આંખમાં અશ્રુ આવી ગયા હતાં એવા કુંતાજી પૂછવા લાગ્યાં કે—હે ભાઈ! મારાં માતપિતા મારા ભાઇઓ મારી બ્હેનો ભત્રીજા કુટુંબની સ્રીઓ તથા મારી સખીઓ મને સંભારે છે? ૮ મારા ભત્રીજા શરણાગતનું રક્ષણ કરનાર શ્રીકૃષ્ણ તથા કમળ જેવાં નેત્રવાળા બળદેવજી મને ફોઇના પુત્રોને સંભારે છે? ૯ વરૂની વચ્ચે જેમ હરિણી શોક કરે તેમ શત્રુઓની વચ્ચે શોક કરતી મને તથા

¶ આ અધ્યાયમા અક્રૂર હસ્તિનાપુર જઇ, પોતાના પુત્રો અને ભાઇના પુત્રો ઉપર ધૃતરાષ્ટ્રની ભિન્ન દૃષ્ટિ જોઈ મથુરામા આવ્યા, એ કથા કહેવાશે.

બાપ વગરના આ પુત્રે ને શ્રીકૃષ્ણ જ ધીરજ આપશે. કાળના તથા સંસારના બંધનથી ડરતાં મનુષ્યોને મુક્ત કરનાર ઇશ્વરનાં ચરણારવિંદ વિના બીજું કોઇ મારે શરણ નથી. ૧૨ ધર્માત્મા જીવના મિત્ર તથા અણિમાદિક યુક્ત જ્ઞાનસ્વરૂપ શ્રીકૃષ્ણને અમે શરણે છીએ.

આ રીતે પોતાનાં સગાં સંબંધીઓને તથા જગદીશ્વર એવા શ્રીકૃષ્ણને સંભારીને તમારી પ્રપિતામહી દુઃખને લીધે રડી પડયાં. કુંતાને સુખે સુખી થનાર અને દુઃખે દુઃખી થનાર વિદુરે તથા અક્રૂરે તેમના પુત્રોની ઉત્પત્તિના કારણભૂત ધર્મ પવન ઇંદ્ર વગેરેનાં નામો તથા કર્મો કહી શાંત કર્યાં. અક્રૂર મથુરાં જવાને તૈયાર થયા ત્યારે તેમણે પુત્ર ઉપર લાડ લડાવનારા અને વિષમ દૃષ્ટિવાળા ધૃતરાષ્ટ્ર રાજાની પાસે જઇ સંબંધીઓએ સ્નેહથી જે સંદેશો કહ્યો હતો તે સર્વ સંબંધીઓની વચ્ચે ધૃતરાષ્ટ્ર રાજાને કહ્યો.

હે વિચિત્રવીર્યના પુત્ર! તમારા ભાઈ પાંડુ રાજા મરી ગયા પછી હમણાં તમે રાજ્યાસન ઉપર બેઠા છો, પરંતુ ધર્મથી પૃથ્વીનું પાલન કરશો સદાચારથી પ્રજાને રંજન કરશો અને પોતાના સંબંધી વર્ગોમાં સમતાથી વર્તશો તો કલ્યાણ અને કીર્તિને પામશો. ૧૮ એથી વિરૂધ્ધ આચરણ કરશો તો જગતમાં નિંદાપાત્ર થઇ નરકમાં પડશો. તમે પોતાના પુત્રો ઉપર અને પાંડવો ઉપર સમભાવથી વર્તો. ૧૯ આ જગતમાં કોઈની સાથે નિત્ય સહવાસ કદી પણ રહેતો નથી, પોતાના દેહની સાથે સહવાસ રહેતો નથી તો પછી સ્ત્રી પુત્ર ઘર બાગની સાથે સહવાસ રહે નહિ તેમાં શું? ૨૦ જીવ એકલો જન્મે છે એકલો જ નાશ પામે છે એકલો જ પુણ્ય ભોગવે છે અને એકલોજ પાપ ભોગવે છે.૨૧ માછલા જેમ માછલાંના જીવનરૂપ પાણીને લઇ જાય તેમ અલ્પબુદ્ધિવાળા મનુષ્યોએ અધર્મ કરીને એકઠા કરેલા ધનને તેના પુત્રાદિકો અમારૂં પોષણ કરવું જોઇએ એવું બહાનું કાઢીને હરી જાય છે. મનુષ્ય જેમને પોતાનાં ગણીને અધર્મથી પોષણ કરે છે તે પ્રાણો ધન તથા પુત્રાદિક પરિવાર મૂર્ખનો સુખ ભોગવ્યા પહેલાં ત્યાગ કરે છે. ૨૩ તેઓએ છોડી દીધેલો સ્વાર્થમાં મૂર્ખ થયેલો પોતાના કાર્યમાં નિષ્ફળ થયેલો તથા સ્વધર્મમાં વિમુખ થયેલો પુરૂષ પોતે કરેલું પાપ લઈ નરકમાં પડે છે. ૨૪ હે રાજન! સ્વપ્ન માયા તથા મનોરથના જેવા આ લોકને મિથ્યા જાણી બુદ્ધિથી મનને વશ કરી શાંત થઈ સમદૃષ્ટિ રાખો. ૨૫

ધૃતરાષ્ટ્ર—હે અક્રૂર! આપ કલ્યાણમય વાણી બોલો છો. મનુષ્ય જેમ અમૃતના પાનથી ધરાય નહિ તેમ હું તમારી નીતિમય વાણીથી ધરાતો નથી. ૨૬ તોપણ હે સૌમ્ય! તમારી સત્ય વાણી સુદામા પર્વતની વિજળીની પેઠે પુત્રપ્રેમથી વિષમ થઇ પડેલા મારા હૃદયમાં સ્થિર રહેતી નથી. પૃથ્વીનો ભાર ઉતારવા યદુના કુળમાં જન્મેલા ઇશ્વરની ધારણાને કયો પુરૂષ મિથ્યા કરવાને સમર્થ છે? ૨૮ ભગવાન પોતાની જાણી શકાય નહિ એવી માયાવડે આ જગતને સર્જીને તેમા પ્રવેશ કરે છે અને કર્મનાં ફળોને વિવેકપૂર્વક આપે છે, તે જાણી શકાય નહિ એવી પોતાની લીલાથી ઉત્પન્ન કરેલાં સંસાર ચક્રને ગતિ આપનાર આપ પરમેશ્વરને હું નમસ્કાર કરૂં છું.

અક્રૂર ધૃતરાષ્ટ્ર રાજાનો અભિપ્રાય જાણી સંબંધીઓનો અનુજ્ઞા લઇ પછી મથુરા આવ્યા ૨૦ અને હે રાજન! શ્રીકૃષ્ણે ધૃતરાષ્ટ્રની વર્તણુંક જોવા પોતાને પાંડવોની પાસે મોકલ્યા હતા તે ધૃતરાષ્ટ્ર રાજાનું વર્તન બળભદ્ર તથા શ્રીકૃષ્ણની આગળ કહી બતાવ્યું.

शशांस रामकृष्णाभ्यां धृतराष्ट्रविचेष्टितम्।
पांडवान् प्रति कौरव्य यदर्थं प्रेषितः स्वयम्॥

इतिश्रीमद्भागवतमहापुराणे दशमस्कंधे
एकोनपञ्चाशत्तमोऽध्यायः



अथ

श्रीमद्भागवतभाषान्तर

दशमस्कंध–उत्तरार्द्ध.

અધ્યાય ૫૦ મો.‡

દ્વારકાંગમન.

श्रीशुक उवाच– अस्तिः प्राप्तिश्च कंसस्य महिष्यौ भरतर्षभ।
मृते भर्तरि दुःखार्ते ईयतुःस्म पितुर्गृहान् ॥

શુકદેવજી કહે છે કે–હે ભરતર્ષભ! કંસની અસ્તિ તથા પ્રાપ્તિ નામે બે રાણીઓ પતિના મરણ પછી દુઃખથી ખિન્ન થઇ પોતાના પિતાને ઘેર ગઇ. તેમણે જરાસંધને પોતાના વૈધવ્યનું સર્વ કારણ કહી સંભળાવ્યું. ૨ જરાસંધ એ અશુભ વૃત્ત સાંભળી શોક તથા અસહનતાથી વ્યાકુળ થઇ ગયો અને તેણે પૃથ્વી યાદવ વિનાની કરવા મોટો ઉદ્યમ આરંભ્યો. ૩ તેણે ત્રેવીસ અક્ષૌહિણી સેના સાથે યાદવોની રાજધાની મથુરાને ચારે દિશાથી ઘેરી લીધી. ૪ મહાસાગર જેમ મર્યાદા મૂકી દે તેમ જરાસંધના મર્યાદારહિત સૈન્યને તથા તેણે ઘેરી લીધેલી મથુરાને અને ભયથી ગાભરાઇ ગયેલા પોતાના સંબંધીઓને જોઇ હિત માટે મનુષ્યમા અવતાર લેનાર શ્રીકૃષ્ણ દેશકાળ અનુકૂળ આવે તેમ પોતાના અવતારનુ પ્રયોજન વિચારવા લાગ્યા–જરાસંધને જતો કરી તેના સૈન્યનો નાશ કરવો? કે સૈન્યને જતું કરીને જરાસંધને મારવો? અથવા બન્નેનો નાશ કરવો? એવો વિચાર કરવા લાગ્યા. છેવટ એવા વિચાર ઉપર આવ્યા કે જેની અંદર યોદ્ધાઓ ઘોડાઓ રથો તથા હાથીઓ અક્ષૌહિણીની સંખ્યામાં છે એવું પોતાનું સર્વ સૈન્ય જરાસંધે આણેલું છે અને તે પૃથ્વી ઉપર ભારરૂપે છે માટે તેનો નાશ કરૂં. જરાસંધનો નાશ ન કરવો કારણ કે તે જીવતો હશે તો ફરી પણ સેના લાવવા પ્રયત્ન કરશે અને તેમ કરવાથી પૃથ્વીનો ભાર ઉતારવારૂપી કાર્ય થશે. વળી પૃથ્વીનો ભાર ઉતારવા મહાત્મા પુરૂષોની રક્ષા કરવા અને દુષ્ટોને મારવા મારો જન્મ છે. ૯ આ ઉપરાત બીજા અવતારો ધર્મની રક્ષા કરવા અને કોઇ વાર ઉત્પન્ન થયેલા અધર્મનો નાશ કરવા ધારણ કરૂં છું. તે વિચારકરતા હતા એટલામાં દૈવેચ્છાથી સૂર્યની કાંતિ જેવા બે રથ સારથિ તથા આયુધની સર્વ સામગ્રી આકાશમાંથી ઉતરી આવી. દિવ્ય આયુધો જોઇને શ્રીકૃષ્ણે બળભદ્રને કહ્યું કે તમારાથી રક્ષણ

‡ આ અધ્યાયમા જરાસંધથી ભય પામી સમુદ્રમા કિલ્લો બંધાવી કૃષ્ણ પોતાના સંબંધીઓને ત્યાં લઇ ગયા એ કથા કહેવામા આવશે

આમતા યાદવોને મહા દુઃખ આવી પડયું છે માટે આ રથ અને દેવતાઈ આયુધો ધારણ કરીને ૧૩ સંબંધીઓનો દુઃખમાંથી ઉદ્ધાર કરો. આપણો જન્મ પૃથ્વીનો ભાર ઉતારવા અને મહાત્માઓને સુખ આપવા છે.૧૪ તમે પૃથ્વીના ત્રેવીશ અક્ષૌહિણીરૂપ ભારને ઉતારો. વિચાર કરીને શ્રી કૃષ્ણ તથા બળભદ્ર બન્ને પોતાના આયુધો લઈ રથમાં બેસી સેનાથી વિંટાઇને નગરીમાંથી બહાર નીકળ્યા અને દારૂક જેમનો સારથિ હતો એવા કૃષ્ણે શંખ વગાડયો.૧૬ શંખનો નાદ સાભળી શત્રુના સૈન્યના હૃદયોમાં ત્રાસ અને કંપ થયો. જરાસંઘ તેમને જોઇને બોલ્યો કે–હે કૃષ્ણ ! તું બાળક તથા એકલો છે તેથી હું તારી સાથે લડવાની ઇચ્છા રાખતો નથી. તું વ્રજમાં છુપો રહ્યો હતો માટે તું અહીંથી ચાલ્યો જા હું તારી સાથે લડીશ નહિ. ૧૮ હે બળભદ્ર ! તને જો શ્રદ્ધા હોય તો તું મારી સાથે ધીરજ રાખીને લડ અને મારા બાણોથી કપાઇ પડેલા દેહનો ત્યાગ કરીને સ્વર્ગમાં જા અથવા મારો નાશ કર. ૧૯

શ્રીકૃષ્ણ–શૂરવીર પુરૂષો કહી બતાવતા નથી પરંતુ કરી દેખાડે છે. હે રાજા ! જે આતુર થઇ ગયો હોય અને મરવાને તૈયાર હોય તેનાં વચન અમે માન્ય કરતા નથી ૨૦ પછી વાયુ વાદળાંથી જેમ સૂર્યને અને ધૂળથી અગ્નિને ઢાંકે, તેમ જરાપુત્ર જરાસંધે બળવાળી મોટી સેનાના સમૂહથી સેના વાહનો ધ્વજાઓ ઘોડાઓ અને સારથિઓ સાથે કૃષ્ણ અને બળભદ્રને ઘેરી લીધા. ૨૧ મથુરામાં અગાસીઓમાં હવેલીઓ ઉપર તથા દરવાજા ઉપર ચઢીને બેઠેલી સ્ત્રીઓએ ભગવાનના ગરૂડના ચિહ્નવાળા રથને તથા બળભદ્રના તાડના ચિહ્નવાળા રથને યુદ્ધમાં જોયા નહિ. તેઓ શોકથી આતુર થઈને મુંઝાઇ ગઇ.શત્રુના સૈન્યરૂપી મેઘમંડળમાંથી બાણોરૂપી ભયંકર વૃષ્ટિથી પોતાના સૈન્યને પીડાતું જોઇને ભગવાને દેવ તથા દૈત્યોમાં માન પામેલા પોતાના શાર્ઙ્ગ નામે ઉત્તમ ધનુષનો ટંકારવ કર્યો, ૨૩ ભગવાન ઉપરાઉપરી ભાથામાંથી બાણ લેવા લાગ્યા ને ધનુષની પણછ ઉપર ચઢાવવા લાગ્યા તથા ધનુષની દોરી ખેંચીને સજેલાં અનેક બાણો છોડી રથ હાથી ઘોડા તથા પાળાઓને મારવા લાગ્યા. તેમનું ધનુષ ચક્રાકાર ફરતાં ઓયણાં જેવુ લાગતું હતું. ૨૪ જેમનાં કુમ્ભસ્થળો ભેદાઈ ગયા હતાં એવા અનેક હાથીઓ બાણોથી જેમનાં ગળાં કપાઇ ગયાં હતાં એવા અનેક ઘોડા તથા જેમના ઘોડા ધ્વજા સારથિ અને નાયકો નાશ પામ્યા હતા એવા અનેક રથો તેમજ જેમના હાથ સાથળ વગેરે અંગ કપાઇ ગયાં હતાં એવા પાળા યુદ્ધમા રણભૂમિપર પડવા લાગ્યા.૨૫ અપાર તેજવાળા તથા મુશળથી મદોન્મત્ત શત્રુઓનો નાશ કરતા બળભદ્રે શત્રુઓનો સંહાર કરતાં મનુષ્ય હાથી અને ઘોડાનાં શરીરોને કાપી તેમના લોહીની નદીઓ ચલાવી. તેમા હાથ રૂપી સર્પો મનુષ્યોનાં મસ્તકો રૂપી કાચબા મરણ પામેલા હાથીઓના શરીરોરૂપી દ્વીપ ઘોડાઓરૂપી મગ્ગર હાથ તથા સાથળ રૂપી માછલાં મનુષ્યોના કેશ રૂપી શેવાળ ધનુષ રૂપી મોજા આયુધો રૂપી ગુચ્છો અને ઢાલ રૂપી ચકરીઓથી ભયંકર દેખાતી હતી. ઉત્તમ પ્રકારના મણિઓ તથા આભૂષણો રૂપાં પત્થરો અને કાકરા હતા. બીકણોને ભય ઉત્પન્ન કરનારી તથા ધીર પુરૂષોને હર્ષ આપનારી શ્રીકૃષ્ણે તથા બળભદ્રે સમુદ્રની પેઠે ભયંકર અગમ્ય અને અપાર એવા જરાસંધે પાળેલા સૈન્યનો સંહાર કરી નાખ્યો. જગદીશ્વર એવા તેમની એ રમત હતી.૨૯ અનંત ગુણવાળા ભગવાન પોતાની લીલાથી ત્રણ લોકને ઉત્પન્ન કરે છે પાળે છે તથા સંહારે છે. ભગવાને શત્રુ

પક્ષને શિક્ષા કરી તોપણ તે મનુષ્યનું અનુકરણ કરે છે તેથી તેમનું ચરિત્ર વર્ણવ્યું. ૩૦ રણમાં જેનો રથ ભાગી ગયો હતો, જે જે સેનાનો નાશ થયો હતો અને જેના પ્રાણ સુરક્ષિત હતા એવા બળવાળા જરાસંધ રાજાને, સિંહ જેમ બળદને પકડી પાડે તેમ બળરામે બળથી પકડી પાડયો. ૩૧ ઘણા શત્રુઓને મારનાર જરાસંધને વરૂણ તથા મનુષ્યોના પાશથી બાંધવા માડયો તેની પાસે બીજાં કાર્ય કરાવવાની ઇચ્છાથી શ્રીકૃષ્ણે બળભદ્રને વાર્યો. જગતના સ્વામી એવા શ્રીકૃષ્ણે તથા બળદેવે તેને છોડી દીધો તેથી વીર પુરૂષોમા માનીતો જરાસંધ તપશ્ચર્યા કરવાનો વિચાર કરી વનમાં જતો હતો એટલામાં બીજા રાજાઓએ ધર્મના તથા લૌકિક નીતિનાં વચનો કહી અટકાવ્યો અને કહ્યું કે, તમે મહાવીર પુરૂષ છો, યાદવોએ તમારો પરાજય કર્યો છે તે તમારા પૂર્વ જન્મનાં કર્મોથી થયો છે. ૩૪ તે સાંભળી સર્વ સેના નાશ પામતાં કૃષ્ણે જવા દીધેલો જરાસંધ ખિન્ન થઈને મગધ દેશ તરફ જતો રહ્યો. ૩૫ શ્રીકૃષ્ણ પોતાની સેનાનો નાશ ન થવા દેતાં શત્રુની સેનારૂપી સમુદ્રની પાર ગયા. દેવતાઓએ તેમની ઉપર પુષ્પ વૃષ્ટિ કરી. ૩૬ ભય દૂર થતાં પ્રસન્ન થયેલા સૂત માગધ ને બંદીજન મથુરાના લોકોની સાથે ભગવાનનો વિજય ગાવા લાગ્યા. ૩૭ તે જ્યારે મથુરામાં પેઠા ત્યારે શંખ દુંદુભિ તુરી વીણા વેણુ અને વાજીંત્ર વાગ્યાં. મથુરાના માર્ગો ઉપર પાણી છાંટવામાં આવ્યાં, સર્વેએ આનંદથી નગરને શણગાર્યું વેદોના ધ્વનિથી તે ગાજી રહ્યું. નગરમાં તોરણો બાંધવામાં આવ્યાં, ૩૯ સ્ત્રીઓ દહીં અક્ષત ને જુવારાઓથી સત્કાર કરવા લાગી. પ્રેમથી પ્રફુલ્લિત થયેલાં નેત્રોવડે સ્નેહ સાથે ભગવાનને જોવા લાગી. ૪૦ આવા ઉત્સવમાં વિજયી શ્રીકૃષ્ણે નગરીમાં આવી રણભૂમિ ઉપર શૂરાઓનાં આભૂષણો રૂપી અપાર ધન પડયું હતું તે સર્વ યદુરાજાને આપ્યું. ૪૧ જરાસંધ રાજાએ શ્રીકૃષ્ણની રક્ષાતળે રહેલા યાદવોની સાથે તેટલી અક્ષૌહિણી સેના લાવી સત્તર વાર યુદ્ધ કર્યું હતું. ૪૨ યાદવોએ ભગવાનના પ્રભાવથી વારંવાર તેના સૈન્યને મારી નાખ્યું. પોતાના સૈન્યનો નાશ થયાથી શત્રુઓએ છોડી દેતાં જરાસંધ પાછો જતો રહેતો હતો. ૪૩ જરાસંધ અરાઢમી વારના સંગ્રામમાં આવવાનો હતો એટલામાં નારદે મોકલેલો કાલયવન યાદવોની દૃષ્ટિએ પડયો. તેના જેવો જગતમાં બીજો કોઇ યોદ્ધો ન હતો. તેણે યાદવોને પોતાના જેવા બળવાન સાંભળી ત્રણ કરોડ મ્લેચ્છો સાથે આવી મથુરા નગરીને ઘેરો ઘાલ્યો. ૪૫ કાલયવનને જોઇને બળભદ્રની સહાયતાવાળા શ્રીકૃષ્ણ વિચાર કરવા લાગ્યા કે અરે ! યાદવોને બન્ને તરફથી મહા સંકટ આવી પડ્યું. ૪૬ મહા બળવાન યવને મથુરાંને ચારે તરફથી ઘેરી લીધું છે અને જે કાળ જાય છે તેમાં જરાસંધ પણ ચઢી આવશે. આપણે બે કાલયવનની સાથે યુદ્ધ કરીશું તેટલામાં જો જરાસંધ આવ્યો તો તે યાદવોને મારી નાંખશે અથવા કેદ કરી પોતાના નગરમાં લઇ જશે. ૪૮ આપણે હમણાં મનુષ્યોથી જઇ શકાય નહિ એવો એક કિલ્લો બંધાવી તેમાં આપણા સંબંધીઓને રાખી પછી કાલયવનનો નાશ કરીએ. ૪૯ આવો વિચાર કરી શ્રીકૃષ્ણે સમુદ્રમાં બાર યોજનનું સર્વ રીતે અદ્ભુત એક નગર તે જ વખતે બંધાવ્યું. ૫૦ એ નગરી (દ્વારકા) માં વિશ્વકર્માનું વ્યાવહારિક જ્ઞાન તથા કારીગરી સંબંધી કુશળતા જોવામાં આવે છે. નગરનાં ઘરોની બાંધણી સારા રાજમાર્ગો સામાન્ય માર્ગો તથા આંગણાં હતાં. ૫૧ તેમાં દેવતાઇ વૃક્ષો તથા લતાવાળાં ઉદ્યાન ને વિચિત્ર ઉપવનો હતાં. આકાશને અડકતાં

સુવર્ણનાં શિખરોવાળી હવેલીઓ સ્ફાટિક મણિઓની અગાસીઓ તથા સુંદર દરવાજા હતા. અશ્વશાળા અન્નશાળા વગેરે જગ્યાઓ રૂપાની અને પીળા લોઢની કરેલી હતી, તેની ઉપર સુવર્ણના કળશો ચઢાવી શોભાયમાન કર્યા હતા મરકત મણિના તળવાળા ઘણા હતા અને તેની ઉપર સુવર્ણના રંગવાળા કળશો ચઢવેલા હતા. ૫૩ દેવતાઓના મંદિરોની તથા અગાસીઓની તેમા રચના હતી ચારે વર્ણના મનુષ્યો તેમાં વસતાં હતા યદુરાજાના મહાલયોથી શોભી રહેલું હતું. ૫૪ ઇન્દ્રે શ્રીહરિને માટે સુધર્મા સભા તથા પારિજાતક નામનુ દિવ્ય વૃક્ષ મોકલ્યું હતું જેથી ત્યા રહેનાર મનુષ્ય ભૂખ તરસ વગેરે દેહના ધર્માથી બંધાતા ન હતાં ૫૫ વરૂણ દેવતાએ મનના જેવા વેગવાળા ધોળા અને કાળા કાનવાળા ઘોડાઓ ભેટ મોકલ્યા હતા. કુબેરે પોતાની વિભૂતિ રૂપ આઠ ભંડારો મોકલ્યા હતા. ૫૬ ભગવાને દેવોને પોત પોતાના અધિકારની સિદ્ધિ માટે જે જે ઐશ્વર્ય આપ્યું હતું તે સર્વ ભગવાન પૃથ્વી ઉપર પધાર્યાથી તેમણે તેમને પાછું અર્પણ કર્યુ હતું. ૫૭ આવી સર્વ સૌંદર્યવાળી દ્વારકા નગરીમા શ્રીહરિ કૃષ્ણ પોતાના યોગના પ્રભાવથી મથુરાના સર્વ મનુષ્યોને લઇ ગયા અને પછી પ્રજાનું પાલન કરનાર બળભદ્રને તમારે અહીં રહીને યાદવ પ્રજાનું રક્ષણ કરવું અને હુ હવે અહીંથી બહાર જાઉં છુ, એમ કહી તેમની અનુમતિ લઇને કમળની માળાવાળા શ્રી કૃષ્ણ આયુધ વગર મથુરા નગરીમાંથી બહાર નીકળ્યા. ૫૮

तत्र योगप्रभावेन नीत्वा सर्वजनं हरिः ।
प्रजापालेन रामेण कृष्णः समनुमन्त्रितः ।
निर्जगाम पुरद्वारात् पद्ममाली निरायुधः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणे दशमस्कंधे पंचदशोऽध्यायः

અધ્યાય ૫૧ મો.†

કાળયવનનું બળી જવું.

श्रीशुक उवाच

तं विलोक्य विनिष्क्रांतमुज्जिहानमिवोडुपम्।
दर्शनीयतमं श्यामं पीतकौशेयवाससम् ॥

શુકદેવજી કહે છે કે-દર્શનીય શ્યામ પીળા રેશમી વસ્ત્રવાળા વક્ષઃસ્થળમા શ્રીવત્સના ચિહ્નવાળા કૌસ્તુભ મણિવાળા જાડા તથા લાંબા ચાર હાથવાળા કમળ જેવાં નેત્રવાળા અને મંદ મંદ હાસ્ય કરતા તથા ચળકતા મકરાકૃતિ સુંદર કુંડળો યુકત તથા મુખકમળવાળા ભગવાન શ્રીકૃષ્ણને ઉગતા ચંદ્રમાની પેઠે બહાર નીકળેલા જોઇ કાલયવન વિચાર કરવા લાગ્યો કે શ્રીવત્સનાં ચિહ્નવાળો ચાર હાથવાળો કમળના જેવાં નેત્રવાળો વનમાળા પહેરનાર અને અતિ તેજસ્વી આ પુરૂષ નારદે કહેલા લક્ષણોવાળો વસુદેવનો પુત્ર જ હોવો જોઇએ કૃષ્ણ હથિયાર વિનાનો અને પગપાળો ચાલ્યો જાય છે માટે હું આયુધ વિના પગપાળો ચાલી એના સાથે યુદ્ધ કરૂં * આવો વિચાર કરી પેલી તરફ મુખ કરી દોડતા તથા યોગીઓને પણ દુર્લભ એવા ભગવાનને પકડવાની ઇચ્છાથી કાલયવન તેમનો પાછળ દોડયો ૬ શ્રીકૃષ્ણ પગલે પગલે જાણે પોતે તેના હાથથી ઝલાઇ જશે તેમ કરતા તેને દૂર આવેલી પર્વતની એક ગુફામા લઇ ગયા. તે બોલ્યો કે તું યદુના કુળમાં જન્મેલો છે, ને તારે નાસવુ જોઇએ નહિ, એમ તિરસ્કાર

† આ અધ્યાયમા મુચુકુન્દની દૃષ્ટિથી કાલયવન બળીને ભસ્મ થઇ ગયો એ કથા કહેવામા આવશે

* અન્યત્ર એવી કથા છે કે ગાર્ગ્યમુનિને તેના શાળાઓએ ષંઢ કહેવાથી યાદવાએ તેની મશ્કરી કરી હતી, તેથી ક્રોધી મુનિએ શંકરને તપથી પ્રસન્ન કરીને યાદવાને હરાવે તેવો પુત્ર મને થાઓ એવો વર માગ્યો શંકરે તે વર આપ્યો પછી કોઇ યવન રાજા પુત્રરહિત હતો, તેણે પોતાની સ્ત્રીમા પુત્ર ઉત્પન્ન કર્યો તે કાલયવન થયો

કરતો તેમની પાછળ દોડયો પણ પકડી શકયો નહિ.૮ તિરસ્કાર કર્યા છતા ભગવાન પર્વતની ગુફામાં પેઠા એટલે કાલયવન પણ પાછળ ગયો. ત્યા તેણે એક બીજા પુરૂષને સુતેલો દીઠો. ૯ આ કૃષ્ણ મને આટલે દૂર લાવી મહાત્માની પેઠે અહીં સુતો છે, એમ ધારી નિદ્રાવશ પુરૂષને તેણે લાત મારી ૧૦ ઘણો સમય થયો નિદ્રાવશ થયેલો તે પુરુષ ઉઠયો ને નેત્ર ઉઘાડી તેની સામું જોયું. ક્રોધાયમાન થયેલા મુચુકુદ રાજાની તેની ઉપર દૃષ્ટિ પડતાજ તત્ક્ષણે તેના નેત્રમાથી ઉત્પન્ન થયેલા અગ્નિવડે કાલયવન બળીને ભસ્મ થઇ ગયો. ૧૨

પરિક્ષીતે પૂછયું કે–હે મુનિરાજ ! યવનનો નાશ કરનાર તે પુરૂષનું નામ શું ? તે કોના વંશમાં જનમ્યો હતો. તેનું પરાક્રમ કેવું હતું ? ગુફામા શા માટે સૂતા હતા ? અને તેમનો પ્રભાવ કેવો હતો ? ૧૩

શુકદેવજી કહે છે કે–ઇક્ષ્વાકુ રાજાના વંશમાં તે અવતર્યા હતા, માધાતા રાજાના પુત્ર હતા, મહાત્મા હતા, બ્રાહ્મણોના ભક્ત હતા સત્ય પ્રતિજ્ઞાવાળા હતા અને મુચુકુંદ નામે જગતમા પ્રખ્યાત હતા.અસુરોથી ત્રાસ પામેલા ઇંદ્રાદિક દેવતાઓએ પોતાની રક્ષા માટે માગણી કરવાથી તેમણે ઘણા દિવસો સુધી દેવતાઓની રક્ષા કરી હતી.દેવતાઓએ પોતાના રક્ષક કાર્તિકસ્વામીને મેળવ્યા પછી મુચુકુંદને કહ્યુ કે, હે રાજન ! તમે હવે અમારી રક્ષા કરવારૂપી કષ્ટમાંથી વિશ્રાંતિ લ્યો. ૧૬ મનુષ્ય લોકમાં શત્રુરહિત રાજ્ય હતું તે તજી અમારી રક્ષા કરતા તમે સર્વ સુખ ત્યાગ કર્યા હતા ૧૭ તમારા સમયના પુત્રો પટરાણીઓ કાર્યભારીઓ મંત્રીઓ અને પ્રજા કાળને આધીન થવાથી નાશ પામ્યાં છે. હમણાં તો સર્વ નવું જ છે ૧૮ ગોવાળ જેમ રમત કરતાં ઢોરને આડાંઅવળાં ફેરવે તેમ બળવાનોમાં બળવાન સમર્થ તથા અવિનાશી ભગવાન રમત કરતાં પોતાની પ્રજાને આમ તેમ ફેરવ્યા કરે છે. ૧૯ તમારૂં કલ્યાણ થાઓ. તમે હવે એક મોક્ષવિના જે વરની ઇચ્છા હોય તે વર અમારી પાસેથી માગી લ્યો, કારણ કે મોક્ષના અધિપતિ તો એક અવિનાશી વિષ્ણુજ છે ૨૦ દેવતાઓએ આમ કહ્યુ, એટલે મહા યશસ્વી મુચુકુંદ રાજા પરિશ્રમથી થાકી ગયા હતા તેમણે દેવતાઓને પ્રણામ કરી તેમની પાસેથી નિદ્રા માગી લીધી; ૨૧ અને સાથે માગ્યું કે હે ઉત્તમ દેવતાઓ ! જે કોઇ મારી નિદ્રાનો ભંગ કરે તે બળીને ભસ્મ થાય એવો વર આપો. દેવતાઓએ કહ્યું કે, "તથાસ્તુ." પછી મુચુકુદ દેવતાઓએ આપેલી નિદ્રા સ્વીકારી ગુફામાં જઇને સૂતા. ૨૨ દેવતાઓએ તેમને કહ્યું હતું કે, જે મૂર્ખ મનુષ્ય તમને સૂઈ રહેલાને જગાડશે તે તમારી દૃષ્ટિ પડતાંજ બળીને ભસ્મ થઇ જશે. કાલયવનને ભસ્મ કરાવ્યા પછી સાત્વત કુળમાં શ્રેષ્ઠ એવા શ્રીકૃષ્ણ ભગવાને, બુદ્ધિશાળી મુચુકુંદને પોતાનું દર્શન આપ્યું. ૨૪ શ્યામ અંગવાળા પીળા રેશમી વસ્ત્રવાળા વક્ષઃસ્થળમાં શ્રીવત્સના ચિહ્નવાળા કંઠમાં કૌસ્તુભમણિથી શોભતા ચાર ભુજાવાળા વૈજયંતી નામે માયાવડે શોભતા મનોહર પ્રસન્ન મુખવાળા ચળકતા મકરાકાર કુંડળોવાળા મનુષ્યોને જોવા યોગ્ય પ્રેમ તથા મંદ મંદ હાસ્ય પૂર્વક જોતા મનોહર અવસ્થાવાળા મદમત્ત સિંહના જેવા ઉદાર પરાક્રમવાળા ભગવાનનાં દર્શન કરીને મહા બુદ્ધિશાળી મુચુંકુંદ તેમના તેજથી અંજાઇ ગયો. તેમને શંકા થઇ અને પછી પ્રતાપને લીધે જેને પૂછી શકાય નહિ એવા શ્રીકૃષ્ણને મુચુકુંદે પૂછ્યું કે–કમળનાં પત્ર જેવા કોમળ ચરણોથી વિષમ અને ભયંકર એવા વનમાં આપ ફરો છો અને ફરતાં ફરતાં અહીં આવ્યા છો તે આપ કોણ છો ? ૨૯ તમે શું તેજસ્વી લોકોનું તેજ

છો ? અથવા અગ્નિદેવ છો ? અથવા સૂર્ય ચંદ્ર મહેન્દ્ર કે લોકપાળ છો ? ૩૦ હે દેવ ! દીવો જેમ પોતાના પ્રભાવથી અંધકારનો નાશ કરે તેમ તમે તમારા તેજથી ગુફાના અંધારાનો નાશ કર્યો છે, બ્રહ્મા વિષ્ણુ અને મહેશ એ ત્રણે દેવતાઓમાં તમને ઉત્તમ દેવ માનું છું. ૩૧ હે પુરૂષોત્તમ ! તમને જો યોગ્ય લાગતું હોય તો તમારો જન્મ કર્મ ને ગોત્ર કહો. ૩૨ અમો ઇક્ષ્વાકુ વંશમા ઉત્પન્ન થયા છીએ જાતિના ક્ષત્રિય છીએ અને હુ માધાતાનો પુત્ર મુચુકુંદના નામથી ઓળખાઉં છું. ૩૩ ઘણા કાળના ઉજાગરાથી થાકેલો નિદ્રાને માટે આ નિર્જન ગુફામાં નિરાંતે સૂતો હતો એટલામા કોઇએ પાટુ મારીને મને જગાડયો. ૩૪ તે જગાડનારો ખરેખર પોતાના પાપથી બળીને ભસ્મ થયો. શત્રુના બળનો નાશ કરનાર આપના અસહ્ય તેજને લીધે, નિસ્તેજ થયેલા અમે તમને ઘણીવાર સુધી જોઇ શકતા નથી. તમે દેહધારીઓને પૂજવા યોગ્ય છો. ૩૬

શુકદેવજી કહે છે કે—આ રીતે રાજા મુચુકુંદે લોકનું કલ્યાણ કરનાર ભગવાનની સાથે ભાષણ કર્યા પછી ભગવાન મેઘના જેવી ગંભીર વાણીથી હસતા હસતા તેને આ પ્રમાણે કહેવા લાગ્યા. ૩૭

ભગવાને કહ્યું કે—હે રાજન ! મારા જન્મો કર્મો તથા નામો હજારો હજાર છે, તે અપાર હોવાથી મારાથી કહી શકાય તેમ નથી. ૩૮ કોઇ પુરૂષ કદાચિત્ ઘણા જન્મોએ પૃથ્વીના રજકણ ગણી શકે પરંતુ મારા ગુણ કર્મ નામ તથા જન્મને ગણી શકે નહિ. ૩૯ ઋષિઓ ત્રણ કાળમા થનાર મારા જન્મોને તથા કર્મોને ગણ્યા કરે છે તોપણ તેના પારને પામતા નથી. ૪૦ હું તમને મારા જન્મો તથા કર્મો કહું તે સાંભળો. પૂર્વે ધર્મની રક્ષા માટે અને પૃથ્વી ઉપર ભારરૂપ અસુરોનો નાશ કરવા બ્રહ્માએ પ્રાર્થના કરવા ઉપરથી હું યદુના વંશમાં વસુદેવજીને ઘેર જન્મ્યો છું અને વસુદેવનો પુત્ર થાઉં છું. મને લોકો વાસુદેવને નામે ઓળખે છે. ૪૨ હે રાજન ! મેં કાલનેમિને કંસને તથા પ્રલંબાસુર વગેરે મહાત્માઓના શત્રુઓને માર્યા છે તમારા તીક્ષ્ણ તેજથી હમણાં આ કાલયવનને બાળી નખાવ્યો છે ૪૩ તમે પૂર્વે મારી ભક્તવત્સલની ઘણી પ્રાર્થના કરી હતી તે ઉપરથી હું તમારો અનુગ્રહ કરવા આ ગુફામા આવ્યો છું. ૪૪ હે રાજર્ષિ ! તમે વર માગો હું તમને સર્વ કામનાઓ આપીશ, કારણ કે મારે શરણે આવેલો કોઇ પણ પુરૂષ ફરીને શોક પામતો નથી. ૪૫ ભગવાને આ પ્રમાણે મુચુકુંદને કહ્યું એટલે તે આનંદથી ગર્ગમુનિના વચન સંભારી, આ નારાયણ દેવ છે એમ જાણી તેમને પ્રણામ કરીને સ્તુતિ કરવા લાગ્યો. ૪૬

મુચુકુંદ—હે ઈશ્વર ! તમારી માયાથી મોહ પામેલા અને તમારા ખરા સ્વરૂપને ન જાણનાર આ સ્ત્રીઓ તથા પુરૂષો રૂપી સર્વે લોકો તમને ભજતાં નથી, પરન્તુ પરસ્પર દુર્લભ સુખની ઇચ્છાથી દુઃખોની જેમાંથી ઉત્પત્તિ છે એવાં ઘરોમાં બંધાય છે. ૪૭ જીવને આ કર્મભૂમિમા કોઇ પણ રીતે મળે નહિ એવો તથા સંપૂર્ણ અવયવવાળો મનુષ્ય પ્રયત્ન વિના કોઈ પણ રીતે મેળવ્યા છતાં વિષયોમા પ્રીતિ હોવાથી પશુ જેમ ઘાસથી લોભાઇને અંધારા કુવામા પડે તેમ વિષયોની વાછાથી મનુષ્ય ઘરરૂપી અધાર કુવામાં પડે છે તેથી તમારાં ચરણારવિંદની સેવા કરતો નથી. મારો આ કાળ વ્યર્થ ગયો છે કારણ કે હું રાજ્યલક્ષ્મીથી મહા મદોન્મત રહેતો હતો. 'પૃથ્વીનો સ્વામી છું' એવું અભિમાન રાખતો હતો. આત્મામા દેહબુદ્ધિ રાખતો અને ચિંતાથી પુત્ર સ્ત્રી અને પૃથ્વી ઉપર આસક્તિ રાખતો હતો. મૃતિકાના કલેવરમાં 'હુ રાજા છું' એવું દૃઢ અભિમાન રાખનાર તથા રથ

હાથી ઘોડા પાળા અને સેનાપતિઓથી વિંટળાઈને તમારી દરકાર કર્યા વગર પૃથ્વી ઉપર ફર્યા કરતો હતો અને ઘણો મદોન્મત રહેતો હતો. ૫૦ 'આ કામ આવી રીતે કરવું, આ કામ આવી રીતે ન કરવું,' આવા મનોરથની પરંપરાથી અત્યંત પ્રમત્ત થઇ ગયેલા મનોરથો નાશ પામ્યા છતા વિષયોની લાલસાવાળા અને વિષયો મળ્યા છતા પણ તેઓમા અત્યંત તૃષ્ણા રાખનાર મનુષ્યને સાવધાન રહેનાર આપ કાળમૂર્તિ સર્પ જેમ ઉંદરને પકડી લે તેમ પકડી લ્યો છો. ૫૧ પ્રથમ રાજા નામ ધારી દેહ સોનાના રથોમા બેસીને અથવા હાથી ઉપર ચઢીને ફરે છે અને તે જ દેહને પાછો વાળી શકાય નહિ એવા કાલના હાથમાં આવવાથી છેવટે કોઈ ખાઇ જાય છે. તે સ્થિતિમા તે વિષ્ટાનું નામ ધરાવે છે, પડી રહે છે તો તે કીડાનું નામ ધરાવે છે અને બાળી દેવામાં આવે છે તો તે રાખનુ નામ ધરાવે છે.૫૨ જેને સર્વ દિશાઓ જીતીને કોઇની સાથે યુદ્ધ કરવાનું રહ્યુ હોય નહિ તથા જે ઉત્તમ સિંહાસન ઉપર બેઠો હોય તથા સર્વે રાજાઓ એકઠી વખતે જેમના સમાન હોય તથા જેને પ્રણામ કરતા હોય તે પુરૂષ પણ જ્યાં આ ગળ સંસાર સુખ રહેલું હોય એવા ઘરમાં મદારીના મર્કટ માફક નાચ્યા કરે છે ૫૩ પ્રથમ મનુષ્ય રાજ્યાદિકની ઈચ્છાથી સર્વ વૈભવોનો ત્યાગ કરી નીચે સૂવું, બ્રહ્મચર્ય વ્રત પાળવું, વગેરે તપશ્ચર્યામાં નિષ્ઠા રાખીને કર્મો કરે છે તથા પોતાની પાસે જે વસ્તુઓ હોય તે આપી દે છે અને તે કર્મનાં ફળરૂપ રાજ્યને મેળવે છે તથાપિ પુન હું આવતા જન્મમાં ચક્રવર્તી થાઉં એવી આશા વધવાથી તે સુખ ભોગવી શકતો નથી. ૫૪ હે પરમેશ્વર ! જ્યારે સંસારમા ભટકતા મનુષ્યનો તમારા અનુગ્રહથી સંસારમાંથી છુટકો થાય છે ત્યારે તેને સત્સંગ થાય છે અને જ્યારે સત્પુરૂષનો સમાગમ થાય છે ત્યારે મહાત્માઓની ગતિરૂપ તથા કાર્ય અને કારણના ઇશ્વર એવા આપ વિષે ભક્તિ થાય છે. ૫૫ હે સમર્થ ઇશ્વર ! મને તો દૈવેચ્છાથી રાજ્યનો સંબધ છુટી ગયો છે અને તેથી આપનો મારા ઉપર અનુગ્રહ થયો છે, એમ માનું છું. એકાંતવાસ કરવા સર્વનો ત્યાગ કરીને વનમાં જવાની ઇચ્છાવાળા મહાત્મા ચક્રવર્તી રાજાઓ પણ એ અનુગ્રહની ઇચ્છા કરે છે. ૫૬ હે વ્યાપક પરમેશ્વર ! અકિંચન પુરૂષોએ પ્રાર્થના કરવા યોગ્ય તમારા ચરણની સેવા વિના હું બીજો કોઇ પણ વર માગતો નથી, કારણ કે, હે હરિ ! મોક્ષ આપનાર આપની આરાધના કરીને કયો વિવેકી પુરૂષ આત્માને બંધનકારક વર ઇચ્છે ? ૫૭ હે ઇશ્વર ! રજોગુણ, તમોગુણ અને સત્વગુણથી બંધાયેલા અને ઐશ્વર્ય શત્રુનો નાશ વગેરે સર્વ સુખોનો ત્યાગ કરીને નિરંજન નિર્ગુણ એક જ્ઞાનસ્વરૂપ એવા આપ પરમ પુરૂષને હું શરણે આવ્યો છું. હે પરમાત્મા આ સંસારમાં હું ઘણા દહાડા થયા કર્મોનાં ફળોથી પીડા પામું છું. કર્મોની વાસનાથી બળ્યા કરૂં છું, છ ઇન્દ્રિયરૂપી મારા શત્રુઓ તૃષ્ણારહિત થતા નથી તેમ કોઇ પણ રીતે મને શાંતિ વળતી નથી એવો હું નિર્ભય સત્ય તથા શોકરહિત તમારા ચરણારવિંદને શરણે આવ્યો છું માટે હે ઇશ ! મને શરણાગતને પાળો. ૫૮

ભગવાન બોલ્યા કે—હે ચક્રવર્તિ ! તારી બુદ્ધિ નિર્મળ તથા તેજસ્વી છે કારણ કે, મે તને વરોથી લોભાવ્યા છતાં તારી બુદ્ધિ કામનાઓથી ડગી નથી. ૬૦ મેં તને વરોથી લોભાવ્યો હતો તે તને સાવધ કરવા લોભાવ્યો હતો, એમ જાણવું કારણ કે મારા ભકતોની બુદ્ધિ કોઇ પણ દિવસ સુખોથી ભેદ પામતી નથી, અર્થાત્ સુખો ઉપર આસક્ત થતી નથી. ૬૧ જેઓ મારા ભક્ત નથી તેઓ

પ્રાણાયામાદિકથી મારા વિષે મનને યોજે છે તથાપિ જેની વાસના તીક્ષ્ણ થઇ નથી તેનું મન પુનઃ પુનઃ વિષયોમા આસક્ત થયેલુ રહે છે. ૬૨ તું મારી ઉપર મન રાખીને ઇચ્છા પ્રમાણે પૃથ્વી ઉપર ફર ને તને નિત્ય મારે વિષે અવિનાશી ઇશ્વરની ભક્તિ થાઓ ૬૩ તેં ક્ષત્રિય ધર્મમાં રહી મૃગયા આદિક કરીને ઘણા જીવોને માર્યા છે, તો તું સાવધાન થઇ મારો આશ્રય કરીને તપથી તે પાપનો નાશ કર. ૬૪ તું આવતા જન્મમા સર્વ પ્રાણીઓનો મિત્ર એક બ્રાહ્મણ થઇને મારા અદ્વૈત સ્વરૂપને પામીશ. ૬૫

जन्मन्यनंतर राजन् सर्वभूतसुहृत्तमः ।
भूत्वा द्विजवरस्त्वं वै मामुपैष्यसि केवलम् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
एकपचासतमोध्याय:

અધ્યાય પર મો.†

રુકિમણીનો સંદેશ.

श्रीशुक उवाच

इत्थं सानुगृहीतोंग कृष्णेनेक्ष्वाकुनंदनः ।
तं परिक्रम्य सनम्य निश्चक्राम गुहामुखात्॥

શુકદેવજી કહે છે કે–હે રાજન ! આ પ્રમાણે શ્રીકૃષ્ણે જેના ઉપર અનુગ્રહ કર્યો હતો એવા ઇક્ષ્વાકુ વંશના પુત્ર રાજા મુચુકુંદ શ્રીકૃષ્ણને પ્રદક્ષિણા કરીને તથા પ્રણામ કરીને, ગુફાના દ્વારમાથી બહાર નીકળ્યા, ૧ મનુષ્યોને પશુઓને તથા વનસ્પતિઓને નાના કદના જોઇને કલિયુગ આવ્યો એમ માની તે ઉત્તર દિશામા ચાલ્યા ગયા તપમા શ્રદ્ધાવાળા ધીર સર્વસંગ રહિત તથા સંશય રહિત થયેલા રાજા મુચુકુંદ શ્રીકૃષ્ણમાં મન રાખીને ગંધમાદન પર્વત ઉપર ગયા. ૩ ત્યા આગળ નર નારાયણ ભગવાનના નિવાસરૂપ બદ્રિકાશ્રમમાં જઈને સર્વ સુખ દુઃખ સહન કરનારા શાન્ત થયેલા રાજા મુચુકુંદ તપવડે શ્રીહરિની આરાધના કરવા લાગ્યા. ૪ પછી શ્રીકૃષ્ણ ભગવાન મુચુકુંદની પાસેથી યવનોએ ઘેરેલી મથુરા નગરીમા પાછા આવી યવનની સેનાને મારી નાખી તેનું ધન દ્વારિકા પહોંચાડવાની તૈયારી કરવા લાગ્યા ૫ મનુષ્યો તે ધન ગાડામા ભરીને લઇ જવા લાગ્યા. જરાસંધ ત્રેવીસ અક્ષૌહિણી સેના લઇને મથુરા ઉપર ચઢી આવ્યો. ૬ શ્રીકૃષ્ણ ને બળદેવ તેના સેનાનો વેગ જોઇ મનુષ્યની ચેષ્ટાથી ઉતાવળા ઉતાવળા ત્યાં ગયા. ૭ તે બન્ને ભાઈઓ નિર્ભય હતા તોપણ ઘણા જ બીકણ પુરૂષની પેઠે પેલું પુષ્કળ ધન માર્ગમાં પડયું મૂકીને કમળના પત્ર જેવા ચરણવડે ઘણા યોજન ચાલી ગયા. બળવાન્ જરાસંધ તેમને નાસતા જોઈ હસવા લાગ્યો. જરાસંધ તેમના બળનુ પ્રમાણ જાણતો ન હતો તેથી રથની સેનાઓ સાથે તેઓની પાછળ દોડયો. ૯ બન્ને ભાઇઓ ઘણે દૂર સુધી ગયા. એક પ્રવર્ષણ નામે પર્વત ઉપર ચઢી ગયા. ત્યાં ભગવાન મેઘ નિત્ય વર્ષે છે ૧૦ તેઓને પર્વતમા છુપાઈ ગયા જોઈ તેમની શોધ કર્યા છતા જ્યારે તેમનુ સ્થાન મળ્યું નહિ ત્યારે તે પર્વતની ચારે તરફ લાકડા મૂકી અગ્નિથી તેણે પર્વતને સળગાવી દીધો. પર્વતના શિખરો સળગવા લાગ્યા એટલે તે બન્ને ભાઇઓ અગિયાર યોજન ઉંચા પર્વત ઉપરથી કુદી જ્યાં આગળ જરાસંધે ઘેરો ઘાલ્યો ન હતો તેવા પ્રદેશમાં જઇ પડયા ૧૨ શત્રુ તથા તેના મનુષ્યો જાણે નહિ તેમ તે બન્ને યાદવોત્તમો, સમુદ્રથી વિંટલાયેલી પોતાની નગરીમા પાછા આવ્યા ૧૬ જરાસંધ પણ શ્રીકૃષ્ણ તથા બળભદ્ર બળી ગયા હશે એમ જાણી પોતાની મોટી સેનાને લઈને મગધ દેશ તરફ ગયો. ૧૪ આનર્ત દેશના રાજા રૈવતે બ્રહ્માની આજ્ઞાથી પોતાની પુત્રી

† આ અધ્યાયમા શ્રીકૃષ્ણ જાણે ભયભીત થયા હોય તેમ દ્વારિકાપુરીમા ગયા અને ત્યા આગળ એક બ્રાહ્મણે રૂકિમણીનો સંદેશો આપ્યો એ કથા કહેવામા આવશે.

રેવતી બળભદ્રને પરણાવી હતી. ૧૫ શ્રીકૃષ્ણ ભગવાન લક્ષ્મીના અંશરૂપ ભીષ્મક રાજાની પુત્રી શ્રીમતી શ્રીરુકિમણીને સ્વયંવરમા પરણ્યા હતા. ૧૬ ગરૂડ જેમ દેવોને હરાવી પોતાના ભાગ રૂપ અમૃત લઇ જાય છે, તેમ શ્રીકૃષ્ણ શિશુપાલ પક્ષના શાલ્વ વગેરે રાજાઓને હરાવી સર્વ લોકોના દેખતાં રાક્ષસ વિધિથી ભીષ્મક રાજાની કમળ જેવા નેત્રવાળી તથા મનોહર મુખવાળી રુકિમણીને પરણ્યા હતા. ૧૭

પરિક્ષીત રાજાએ પૂછયું કે—ભગવાન મનોહર મુખવાળી ભીષ્મક રાજાની કન્યા રુકિમણીને પરણ્યા એ કથા મેં સાંભળી છે. હે મહારાજ! શ્રીકૃષ્ણે માગધ શાલ્વ વગેરે રાજાઓને હરાવી જે પ્રમાણે એ કન્યાનું હરણ કર્યું હોય તે પ્રમાણે હું તે ચરિત સાંભળવાની ઇચ્છા રાખું છું. લોકના પાપ નાશ કરનારી મધુરી અને નિત્ય નવી લાગતી શ્રીકૃષ્ણની કથાને સાભળનારો કયો શાસ્ત્રજ્ઞ તૃપ્ત થાય છે? ૨૦

શુકદેવજી કહે છે કે—હે રાજન! વિદર્ભ દેશમા ભીષ્મક નામે એક રાજા રાજ્ય કરતો હતો. તેને પાંચ પુત્રો ને એક રૂપાળી કન્યા હતી. ૨૧ સર્વ પુત્રોમા મોટો રુકિમ નામે પુત્ર હતો.બીજા રુકમરથ રુકમબાહૂ રુકમકેશ ને રુકમમાલી નામે ચાર પુત્રો હતા એમની બેનનું નામ રુકિમણી હતુ ૨૨ ભગવાનના રૂપ પરાક્રમ ગુણ તથા લક્ષ્મીની વાત સાભળી રુકિમણીએ શ્રીકૃષ્ણને પોતાના પતિ માન્યા હતા. શ્રીકૃષ્ણે પણ બુદ્ધિ લક્ષણ ઉદારતા રૂપ સ્વભાવ તથા સદ્‌ગુણવાળા રુકિમણીને પોતાને યોગ્ય ભાર્યા જાણી તેમને પરણવાનો વિચાર કર્યો હતો.૨૪ સબંધીઓ રુકિમણીનું લગ્ન શ્રીકૃષ્ણ સાથે કરવાને ખુશી હતાં, પણ શ્રીકૃષ્ણના શત્રુ રુકિમએ ના પાડવાથી શિશુપાલની સાથે વિવાહ કરવામાં આવ્યો.૨૫ રુકિમણી મનમાં અત્યંત ખિન્ન થયાં. તેમણે એક વિશ્વાસુ બ્રાહ્મણને સંદેશા પત્ર આપી શ્રીકૃષ્ણની પાસે મોકલ્યો. ૨૬ તે બ્રાહ્મણ રુકિમણીનો સંદેશો લઇ દ્વારકામાં શ્રીકૃષ્ણના રાજમહેલમાં ગયો. તેણે અંદર જઇ સુવર્ણના સિંહાસન ઉપર બેઠેલા આદિ પુરૂષ ભગવાનને નમન કર્યું. ૨૭ બ્રાહ્મણનું રક્ષણ કરનાર શ્રીકૃષ્ણે તેને સુવર્ણના આસન ઉપરથી ઉઠીને પોતાની પાસે બેસાડયો અને દેવતાઓ જેમ પોતાની પૂજા કરે તેમ શ્રીકૃષ્ણે તે બ્રાહ્મણની પૂજા કરી. ૨૮ પછી ભોજન કરી પરિશ્રમ રહિત થઇ તે બેઠો ત્યારે શ્રીકૃષ્ણ તેની પાસે જઇ હાથવતી તેના ચરણને સ્પર્શ કરી શાંતિથી આ પ્રમાણે પૂછવા લાગ્યા. ૨૯

શ્રીકૃષ્ણ—હે બ્રાહ્મણ! તમે તમારા વૃદ્ધ પુરૂષોએ માન્ય કરેલો ધર્મ પૂર્ણ સંતોષ રાખીને બહુ કષ્ટ ભોગવ્યા વિના નિત્ય પાળો છો? બ્રાહ્મણ પોતાના ધર્મથી ભ્રષ્ટ ન થતાં જે કંઇ મળે તેટલા ઉપર જ સંતોષ રાખી વર્તે તો તે ધર્મ તેની સર્વ કામના પૂર્ણ કરે છે. ઇંદ્ર અસંતોષી હોય તો નિરંતર એક ઠેકાણે ન રહેતા સર્વ લોકોમાં દોડયા કરે છે. અકિંચન છતા સંતોષી મનુષ્ય સર્વ શરીરોમા પીડા રહિત થઇને સુખથી સૂવે છે. ૩૨ જે બ્રાહ્મણો પોતાને મળે તેટલાથી સંતોષ રાખે જે સદ્‌ગુણશાળી હોય જે સર્વ પ્રાણીઓના અતિ પ્રીતિપાત્ર હોય અહંકાર વિનાના હોય અને શાંત હોય તેઓને હું વારંવાર મસ્તકથી નમસ્કાર કરૂં છું. ૩૩ તમે જે રાજાની પ્રજા છો તે રાજાથી તમારૂં કુશળ છે કે? જે રાજાના દેશમાં રક્ષા કરાતી પ્રજા સુખમા રહે છે તે રાજા મને પ્રિય લાગે છે. તમે આ મહાસાગરને તરીને જે ઇચ્છાથી અહીં આવ્યા હો તે સર્વ હવે મને કહો, અમે તમારૂં શું કાર્ય કરીએ? ૩૬ લીલા કરવા માટે દેહ ધારણ કરનાર શ્રીકૃષ્ણે બ્રાહ્મણને આ પ્રમાણે પૂછયું ત્યારે તેણે શ્રી

ષ્ણુની પાસે રુકિમણીના સંદેશારૂપી સર્વ ર્તા વિસ્તારથી કહી. રુકિમણીએ પોતે કાંતમાં એક પત્રિકા શ્રીકૃષ્ણુની ઉપર મોકલાવી હતી, તે શ્રીકૃષ્ણુની આજ્ઞાથી ઉઘેડીને પેલો બ્રાહ્મણ વાંચવા લાગ્યો. રુકિમણીએ ભગવાન ઉપર તેમા નીચે પ્રમાણે લખ્યું હતું:—

હે ત્રણુલોકમાં સુંદર ! શ્રોતાજનોના હૃદયમાં પ્રવેશ કરી તાપને હરનાર તમારા ગુણો સાંભળી તથા નેત્રવાળાઓના નેત્રોને સંપૂર્ણ કામનાની પ્રાપ્તિ કરાવનાર તમારૂ રૂપ જોઇને હે પ્રભુ ! મારૂં મન તમારા ઉપર આસક્ત થયું છે. ૩૭ હે મુકુંદ ! હે નૃસિંહ ! કુળ શીલ રૂપ વિદ્યા અવસ્થા ધન તથા પ્રભાવથી પોતાની સમાન અને મર્ત્યલોકમાં લોકોના મનને હરનાર આપને ધૈર્યવાળી ઉંચા કુળવાળી અને મોટા ગુણુવાળી કયી કન્યા વરે નહિ? ૩૮ હે વ્યાપક ! હું આપને ખરેખર સ્વામી તરીકે વરી ચુકી છું અને આપને મારો આત્મા અર્પણ કર્યો છે માટે આપ અંત્ર પધારી મને તમારી ભાર્યા તરીકે લઇ જાઓ. હે કમલનયન ! શિયાળ જેમ સિંહના ભાગને ન અડકે તેમ વીર પુરૂષોના ભાગરૂપ જે હું તેમને શિશુપાલ આવીને ન અડકે તેમ ઝટ કરો. ૩૯ મે જો વાવ કુવા વગેરે નવાણો ખોદાવીને યજ્ઞોમા હોમ કરીને દાનો દઇને નિયમો પાળીને વ્રતો કરીને દેવતા બ્રાહ્મણ અને ગુરૂના પૂજનાદિક કરીને પરમેશ્વર એવા ભગવાનની આરાધના કરી હોય તો ભગવાન અહીં આવીને ભલે મારૂં પાણિગ્રહણ કરો પરંતુ શિશુપાલ વગેરે બીજાઓ મારૂં પાણિગ્રહણ કરો નહિ. ૪૦ મારાં સંબંધીઓએ તો મને શિશુપાળ વેરે પરણાવવા ધારી છે પરંતુ હે અજીત ! વિવાહને આગલે દિવસે તમે સેનાપતિઓ સાથે છાનામાના વિદર્ભ દેશમાં આવજો અને શિશુપાલ તથા જરાસંધના સૈન્યને પરાક્રમથી મારી નાખીને પરાક્રમ એજ જેનું મૂલ્ય છે એવી જે હું તેને રાક્ષસવિધિથી પરણુજો. તમને કદાચ શંકા થાય કે તું અંતઃપુરમાં રહેનારીછે માટે તારાં સંબંધીઓને માર્યા વિના હુ તને કેવી રીતે પરણી શકું ? તેનો ઉપાય હું તમને કહું તે સાંભળો. અમારા કુળમાં વિવાહને આગલે દિવસે કુળદેવીનું પૂજન કરવાનો પ્રથા છે અને વધુ થનારી કન્યા ગામ બહાર પાર્વતીનાં દર્શન તથા પૂજન કરવા જાય છે. ૪૨ હે કમળનયન ! શંકરની પેઠે બીજા મહાત્માઓ પોતાનુ અજ્ઞાન ટાળવા જેમના ચરણુકમળની રજમાં નહાવાની ઇચ્છા કરે એવા આપનો પ્રસાદ જો મને મળશે નહિ તો હું મારા પ્રાણોને વ્રતથી દુર્બળ કરી તેઓનો ત્યાગ કરીશ અને તેમ કરતાં સેંકડો જન્મોએ મારા ઉપર તમારી કૃપા થશે. ૪૩

બ્રાહ્મણ કહે છે કે—હે યદુદેવ ! હું આ પ્રમાણે આ ગુપ્ત સંદેશો લાવ્યો છું. હવે વિચાર કરી જે કઇ કરવા જેવું હોય તે આપ કરજો. ૪૪

इत्येते गुह्यसंदेशा यदुदेव मयाहृताः ।
विमृश्य कर्तु यच्चात्र क्रियतां तदनतरम् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
द्विपञ्चाशत्तमोऽध्यायः

અધ્યાય ૫૩ મો.‡

રુકિમણીનું હરણ.

श्रीशुक उवाच

वैदर्भ्याः स तु संदेशं निशम्य यदुनंदनः ।
प्रगृह्य पाणिना पाणिं प्रहसन्निदमब्रवीत् ॥

શુકદેવજી કહે છે કે—હે રાજન ! યદુવંશી શ્રીકૃષ્ણ રુકિમણીનો સંદેશો સાંભળી પોતાના હાથથી બ્રાહ્મણનો હાથ ઝાલી હસતા હસતા તેને નીચે પ્રમાણે કહેવા લાગ્યા.

શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા કે—હે મહારાજ ! રુકિમણીને મારે માટે જેમ આટલો બધો

‡ આ અધ્યાયમા આશ્ચર્યકારક કર્મ કરનાર શ્રીકૃષ્ણે રુકિમણીનુ હરણ કર્યું, તે કથા કહેવાશે.

પ્રેમ છે તેમ મારૂં મન પણ તેની ઉપર આસક્ત છે. મને રાત્રે નિંદ્રા પણ આવતી નથી. હું જાણું છું કે રુક્મિએ દ્વેષને લીધે મારો વિવાહ અટકાવ્યો છે ૨ કાષ્ઠોને મથન કરી તેમાંથી જેમ અગ્નિ કાઢવામાં આવે તેમ હું યુદ્ધમાં રાજાઓનો નાશ કરીને મારે આધારે રહેલી રુક્મિણીને પરણીશ. ૩

શુકદેવજી કહે છે કે–મધુદૈત્યને મારનાર શ્રીકૃષ્ણે રુક્મિણીના વિવાહનું મુહૂર્ત લક્ષમાં રાખી સારથિને કહ્યું કે–હે દારૂક ! રથ તૈયાર કર. શૈબ્ય સુગ્રીવ મેઘપુષ્પ અને બલાહક ઘોડાઓ જોડેલો રથ લાવી દારૂક ભગવાનની આગળ આવી ઉભો રહ્યો. ૫ શ્રીકૃષ્ણ રથમાં બેઠા અને બ્રાહ્મણને પણ સાથે બેસાડી એક રાતમાં વૈદર્ભ પુરમા પહોચ્યા. ૬ કુંડિનનગરનો રાજા ભીષ્મક પુત્ર વાત્સલ્યને લીધે તેને આધીન હતો. કન્યા શિશુપાલને પરણાવવા નગરને શણગારવાની તૈયારીઓ કરી હતી. તેણે પિતૃઓ દેવતાઓ ગણપતિ વગેરેની પૂજાનો આરંભ કર્યો હતો. નગરના મોટા નાના રસ્તાઓને અને ચૌટાંને વાળીને સાફ કરાવરાવ્યાં હતાં. પાણી છંટાવ્યા હતાં જાતજાતની ધ્વજાઓ પતાકાઓ તથા તોરણોથી નગરને શણગારી દીધું હતું. નગરીમાં સ્ત્રી પુરૂષો પુષ્પની માળાઓ ચંદનાદિકના લેપો પુષ્પો ઘરેણાં તથા નિર્મળ વસ્ત્રો પહેરી સજ થયાં હતાં. શોભાયમાન ઘરોને અગરના ધૂપથી સુવાસિત કર્યા. હે રાજન ! ભીષ્મકે પિતૃઓને દેવતાઓને અને બ્રાહ્મણોને પૂજી તેઓને જમાડયા ને સ્વસ્તિવાચન કરાવરાવ્યું. ૧૦ સુંદર દાંતવાળી કન્યાને મંગળ સ્નાન કરાવી ઉત્તમ આભૂષણો પહેરાવી તથા નવાં વસ્ત્રો ઓઢાડી શણગારી તેને પણ સ્વસ્તિવાચન કરાવરાવ્યું. બ્રાહ્મણોએ ઋગ્વેદ યજુર્વેદ તથા સામવેદના મંત્રોથી કન્યાની રક્ષા કરી અને અથર્વવેદ જાણનાર પુરોહિતે ગ્રહશાંતિનો હોમ કર્યો. ૧૨ શાસ્ત્રવિધિ જાણનારાઓમાં કુશળ ભીષ્મકે બ્રાહ્મણોને સોનું રૂપું વસ્ત્ર ગોળ સાથે મેળવેલા તલ અને ગાયો આપી. ૧૩ ચેદીદેશના રાજા દમઘોષે પણ પોતાના પુત્ર શિશુપાલના અભ્યુદયને માટે બ્રાહ્મણો પાસે ઉપર પ્રમાણે વિવાહોચિત સંસ્કાર કરાવરાવ્યા. ૧૪ પછી મદ ઝરતા અને સોનાની માળાવાળા હાથીઓની સેનાઓ રથ પાળા અને ઘોડેસ્વારોથી ભરપુર સેનાઓ સાથે શિશુપાલ કુંડિનપુરમાં આવ્યો. ૧૫ વિદર્ભદેશના રાજાએ તેની સામે જઈ સત્કાર કર્યો ને ખાસ તૈયાર કરેલા ઉતારામાં ઉતારો આપ્યો. ૧૬ જાનમાં શાલ્વ જરાસંધ દંતવક્ત્ર વિદૂરથ પૌણ્ડ આદિ રાજાઓ હતા. ૧૭ શ્રીકૃષ્ણ ને બલદેવના દ્વેષી શિશુપાળને કન્યા પરણાવવા તેઓ તૈયાર હતા. શ્રીકૃષ્ણ બળભદ્ર વગેરે યાદવો સાથે અહીં આવીને કન્યાનું હરણ કરે તો આપણે એકઠા થઈ તેમની સામે લડવું એવો તેમનો નિશ્ચય હતો. સર્વ રાજાઓ સેના અને વાહનો સાથે આવ્યા હતા. ૧૯ શત્રુ રાજાઓએ આ રીતે કરેલો ઉદ્યમ જોઇ શ્રીકૃષ્ણ એકલા કન્યાનું હરણ કરવા ગયા છે એવું જાણી બળભદ્રને કલહ થવાની શંકા થઇ ૨૦ તેથી હાથી ઘોડા રથ અને પાળાવાળી મોટી સેના સાથે તે એકાએક કુંડિનપુર તરફ ચાલ્યા. ૨૧

ભીષ્મક રાજાની પુત્રી રુક્મિણી જે શ્રીકૃષ્ણ ભગવાનના આગમનની રાહ જોતાં હતાં તે બ્રાહ્મણ પાછો આવ્યો નહિ તેથી ચિંતા કરવા લાગ્યાં. મારા મંદભાગિણીના વિવાહને માત્ર એકજ રાત્રી આડે રહેલી છે છતાં કમલનયન શ્રીકૃષ્ણ આવ્યા નહિ. ન આવવાનું શું કારણ હશે ? હું તે જાણતી નથી. મારો સંદેશો લઈ જનારો બ્રાહ્મણ પણ હજી પાછો આવ્યો નહિ. ૨૩ નિર્દોષ મનના શ્રીકૃષ્ણે મારી સાથે પરણવા પ્રથમ તૈયારીઓ કરવાથી બ્રાહ્મણને આવવા દીધો નહિ હોય; પરંતુ આવતી વેળા મારે વિષે કંઇક દોષ

જોઈ મારૂં પાણિગ્રહણ કરવા તૈયારી કર્યા છતાં આવ્યા નહિ હોય. ૨૪ મને અભાગિણીને વિધાતા શંકર અથવા તેમના સ્ત્રી સતી પાર્વતી દેવી અનુકૂળ નથી તેથી શ્રીકૃષ્ણ આવતા માર્ગમા રોકાઇ ગયા હશે. ૨૫ આ રીતે વિચાર કરતા તથા ભગવાને જેના મનને હરણ કર્યુ હતુ એવા તથા શ્રીકૃષ્ણને હજી આવવાનો સમય થયો નથી એમ ધારતા રુકિમણી ગમગીન થઇ ગયાં. ૨૬ એ પ્રમાણે રુકિમણી શ્રીકૃષ્ણની વાટ જોતા હતાં એટલામાં તો તેમના ડાબા અંગો ફરકવા માડયાં. ૨૭ શ્રીકૃષ્ણે મોકલેલો બ્રાહ્મણ પાછો આવ્યો અને અંત પુરમા જઈ રાજપુત્રીને મળ્યો ૨૮ પવિત્ર હાસ્યવાળાં રુકિમણી સર્વ લક્ષણ જાણનારા હતા, તે ધીરે ધીરે ચાલ્યા આવતા અને પ્રસન્ન મુખવાળા બ્રાહ્મણને જોઇ કામ સિદ્ધ થયુ છે એવુ જાણી મંદ મંદ હસતા તેને પૂછવા લાગ્યા. ૨૯ તેણે ભગવાનના આગમન સંબંધી તથા તેમણે પરણવાને આપેલું વચન કહી સંભળાવ્યુ ૩૦ રુકિમણી ભગવાનને આવેલા જાણી પ્રસન્ન થયા બ્રાહ્મણને વધામણીમા આપવા જેવી બીજી કોઇ પણ વસ્તુ ન જોવાથી પ્રણામ કર્યા. ૩૧ પોતાની પુત્રીના વિવાહ હોવાના ઉત્સાહથી શ્રીકૃષ્ણ તથા બળભદ્રને આવ્યા સાભળી ભીષ્મક પૂજાઓની સામગ્રીઓ લઇ તથા વાજીંત્ર સાથે શ્રીકૃષ્ણની સામે ગયા. ૩૨ તેઓને મધુપર્ક સ્વચ્છ વસ્ત્રો તથા મનમાનતી ભેટો વિધિપૂર્વક અર્પણ કરીને સત્કાર કર્યો. ૩૩ તેઓને સેના સાથે શોભાયમાન ઉતારામા ઉતરીને મહા બુદ્ધિવાળા ભીષ્મક રાજાએ તેમની પરિવાર સાથે પરોણા ચાકરી કરી. ૩૪ એ જ પ્રમાણે બીજા એકઠા મળેલા રાજાઓની તેઓનાં બળ પરાક્રમ અવસ્થા તથા ધનના પ્રમાણમાં સર્વ ઈચ્છાઓ પૂરી. ૩૫ વિદર્ભપુર વાસીઓ શ્રીકૃષ્ણને આવ્યા સાભળી તેમના ઉતારા પર ગયા અને કહેવા લાગ્યા કે, રુકિમણી ખરેખર તમારા પત્ની થવાને યોગ્ય છે બીજી કોઇ યોગ્ય નથી. નિર્દોષ દેહવાળા શ્રીકૃષ્ણ રુકિમણીના પતિ થવાને યોગ્ય છે. ૩૭ આપણું જો કંઇ પણ પુણ્ય હોય અને તેનાથી ત્રણ લોકના કર્તા જો પ્રસન્ન થયા હોય તો શ્રીકૃષ્ણ રુકિમણીનું પાણિગ્રહણ કરજો. ૩૮ આ પ્રમાણે પ્રેમના આવેશમાં બંધાયલા નગરવાસી લોકો બોલતા હતા એટલામાં રુકિમણી યોદ્ધાઓની સાથે અંત.પુરમાથી નીકળી અંબિકાના મંદિર તરફ જવા લાગ્યા. આ વખતે રુકિમણી ભગવાનના ચરણારવિંદનુ ધ્યાન કરતા કરતા પાર્વતીના ચરણકમલના દર્શન કરવા પગે ચાલીને જવા લાગ્યાં. રુકિમણીએ મૌન ધારણ કર્યુ હતુ માતાઓ સખીઓ તેમની સાથે હતી રાજાના સિપાઇઓ સવ શસ્ત્રો સજી આયુધો ઉંચા રાખી તેમની રક્ષા કરતા હતા અને આગળ મૃદંગ શંખ પણવ તુરી તથા ભેર વાગતા હતાં. ૪૧ વારાંગનાઓ નાના પ્રકારની ભેટો તથા બળિદાનો લઇને સાથે ચાલતી હતી. પુષ્પની માળા ચંદન વસ્ત્ર અને આભરણોથી શણગારેલી બ્રાહ્મણોની સ્ત્રીઓ સાથે હતી. ગવયાઓ વાજિંત્ર વગાડનારાઓ સુતો માગધો અને બંદીજનો કન્યાની સાથે ગાતા તથા સ્તુતિ કરતા જતા હતા. ૪૩ દેવીના મંદિર પાસે જઇ હાથ પગ ધોઇ જળનું આચમન કરી શુદ્ધ તથા શાંત થઇ અંબિકાના મંદિરમાં પેઠાં. વિધિ જાણનારી વૃદ્ધ બ્રાહ્મણીઓએ શંકર તથા પાર્વતીના ચરણમા તેમને પગે લગાડી નીચેનો મંત્ર બોલાવ્યો. ૪૫ "હે અંબિકા દેવી! પોતાના સંતાનો સાથે રહેલાં અને પરમ મંગળમય એવાં આપને હું પ્રણામ કરૂં છું. શ્રીકૃષ્ણ ભગવાન મારા પતિ થાઓ. આ મંત્ર ભણી કન્યાએ જળ ચંદન અક્ષત ધૂપ વસ્ત્ર પુષ્પની માળા ફૂલ આભરણ નાના પ્રકારના ઉપહારો બળિદાનો તથા

દીપદાનોથી દેવીની પૂજા કરી. ૪૭ પછી સૌભાગ્યવતી બ્રાહ્મણીઓએ તે પદાર્થોથી તથા મીઠું પુડા તાબુલ કંઠસૂત્ર ફળ અને શેલડીઓથી દેવની પૂજા કરી ૪૮ સ્ત્રીઓએ રુક્મિણીને શેષ ચાપીને આશીર્વાદ દીધો. બ્રાહ્મણની સ્ત્રીઓને તથા દેવીને પ્રણામ કરી શેષ લીધી. ૪૯ મૌનવ્રત છોડી રત્નજડિત વીંટીથી શોભતા હાથવડે દાસીનો હાથ ઝાલી રુક્મિણી દેવીના મંદિરમાથી બહાર નીકળ્યા. દેવતાની માયાની પેઠે વીરલોકને તે મોહ ઉપજાવતાં હતાં. કેડ પાતળી અને મનોહર હતી. કુંડળની શોભાથી મુખ શોભતું હતું ખીલતી યુવાવસ્થા હતી. નિતંબ ઉપર રત્ન જડિત્ર કટિમેખલા હતી મુખ ઉપર આવી રહેલા કેશોથી ઢકાએલા નેત્રો ચંચળ હતા. ૫૧ મુખ ઉપર સ્વચ્છ તથા મંદ મંદ હાસ્ય તરી રહ્યું હતુ, રાતા નીચલા હોઠની કાંતિથી દાંતરૂપી મોગરાના ફૂલો રાતાચોળ થઇ ગયા હતા ઝણઝણાટ કરતા સુંદર ઝાંઝરોથી શોભાયમાન ચરણવડે હંસની પેઠે તે ચાલતાં હતાં ૫૨ રુક્મિણીને જોઇ ત્યાં આગળ જે વીર પુરૂષો અને યશસ્વી લોકો એકઠા મળ્યા હતા તે સર્વે ચકિત થઇ ગયા. ૫૩ મનોહર ચાલના લટકાથી પોતાની શોભા ભગવાનને દેખાડતાં રુક્મિણીને જોઇને તે સર્વ રાજાઓ તેમના ઉદાર હસવાને તથા લજ્જાને જોવાથી ભાનવિનાના થઇ ગયા. તેઓએ હાથમાંથી અસ્ત્રો નીચે નાંખી દીધા અને મૂઢ થઇ હાથી રથ તથા ઘોડાઓ ઉપરથી નીચે પડી ગયા. ૫૪ રુક્મિણી પોતાના ચરણકમળને ધીરે ધીરે ઉપાડતાં હતાં અને ભગવાન કયારે આવે એમ રાહ જોતાં હતાં. ડાબા હાથના નખોથી મુખ આગળ આવી રહેલા કેશને ઉંચા કરીને લજવાતા લજવાતાં કટાક્ષવડે એકઠા મળેલા રાજાઓને જોતાં શ્રીકૃષ્ણ તેમની નજરે પડયા. ૫૫ પછી રાજપુત્રી રુક્મિણી રથ ઉપર ચઢતાં હતાં એટલામાં શ્રીકૃષ્ણે સર્વ શત્રુઓ દેખતાં સિંહ જેમ શિયાળો વચ્ચેથી પોતાનો ભાગ લે તેમ રુક્મિણીનું હરણ કરી ગરૂડના ચિહ્નવાળા પોતાના રથમા બેસાડયાં અને સર્વ રાજાઓના મંડળનો પરાજય કરી શ્રીકૃષ્ણ બળભદ્ર પ્રમુખ યાદવોની સાથે, દ્વારકા તરફ જવા લાગ્યા. ૫૬ જરાસંધના વંશના બીજા અભિમાની રાજાઓ યશનો ક્ષય કરનાર પોતાના પરાજયને સહન કરી શકયા નહિ તેથી બોલી ઉઠયા કે—અરે! મૃગો જેમ કેસરી સિંહના યશને હરી લે તેમ ગોવાળીએ આપણા યશને હરી લીધો ત્યારે આપણને ધિક્કાર છે. ૫૭

> न मानिनः स्वाभिभव यशःक्षयं
> परे जरासधवशा न सेहिरे ।
> अहो धिगस्मान् यश आत्तधन्वना
> गोपैर्हृत केसरिणां मृगैरिव ॥५७॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
त्रिपचाशत्तमोध्यायः

અધ્યાય ૫૪ મો.†

દ્વારકામાં વિવાહ.

श्रीशुक उवाच.

इति सर्वे सुसरब्धा वाहनारुह्य दंशिताः ।
स्वैःस्वैर्बलैः परिक्रांता अन्वीयुधृतकार्मुकाः॥

શુકદેવજી કહે છે કે—સર્વે રાજાઓ ક્રોધાવેશમા આવી જવાથી કવચ પહેરી ધનુષો ધારણ કરી પોતાના વાહનો ઉપર બેસીને પોતપોતાનાં સૈન્યો સાથે ભગવાનની પાછળ દોડયા. ૧ હે રાજન! તેમને ચઢી આવતા જોઈ યાદવોની સેનાના નાયકો ટંકારવ કરી તેમની સામે તૈયાર થઇ ગયા. ઘોડા હાથી તથા રથ ઉપર બેસવામાં નિપુણ રાજાઓ વાદળા જેમ પર્વતો ઉપર વૃષ્ટિ કરે તેમ યાદવો ઉપર બાણોની વૃષ્ટિ કરવા

† આ અધ્યાયમા ભગવાને શત્રુ પક્ષના રાજાઓને જીતી રુક્મિણીના ભાઇને વિરૂપ કરી દ્વારકા જઈ વિવાહ કર્યો, તે કથા કહેવાશે.

લાગ્યા. રુકિમણી પોતાના પતિના સૈન્યને બાણોની વૃષ્ટિથી ઢંકાયેલું જોઇ ભયથી વિહ્વલ નેત્રવડે લજ્જા સાથે ભગવાનના મુખ સામું જોવા લાગ્યા. ભગવાને કહ્યું કે—તમે ગભરાઇ જશો નહિ. મારા સંબંધીઓને હાથે હમણાંજ આ શત્રુઓનું સૈન્ય નાશ પામશે. ૫ ગદ સંકર્ષણ વગેરે વીર પુરૂષો સામે લડતા રાજાઓના પરાક્રમને સહન ન કરતા શત્રુઓના ઘોડા હાથી અને સૈનિકો મારવા માંડયા. ૬ રથમા બેસનાર ઘોડેસ્વારો તથા હાથી ઉપર સ્વારી કરનારાઓના કુંડળ મુગટવાળા માથાં પૃથ્વી ઉપર પડવા લાગ્યા. તરવાર ગદા અને ધનુષવાળા હાથો પોચાઓ સાથળો ચરણો ઘોડાઓ ખચ્ચરો હાથીઓ ઊંટો ગધેડા અને મનુષ્યોના માથા પૃથ્વી ઉપર પડવા લાગ્યાં. ૮ વૃષ્ણિ કુલના યોદ્ધાઓ વિજયની ઇચ્છાથી સામા પક્ષવાળા રાજાઓના સૈન્યનો સંહાર કરવા લાગ્યા. જરાસંધ વગેરે રાજાઓ રણમાથી નાસવા લાગ્યા. ૯ અને શિશુપાલની પાસે જઇ ન પરણ્યા છતા જાણે પોતાની સ્ત્રીનું હરણ થયું હોય તેમ આતુર થઇ ગયેલા અને નિસ્તેજ અને નિરૂત્સાહ જેના મુખમા શોષ પડતો હતો એવા તેને કહેવા લાગ્યા કે, ૧૦ તું માનસિક દુઃખનો ત્યાગ કર. દેહધારીઓનું સારૂં અથવા માઠું થવું એ કર્માધીન છે. જેમ પુતળી નચાવનારની ઇચ્છા પ્રમાણે નાચે તેમ મનુષ્ય ઇશ્વરને આધીન રહી તેમની ઇચ્છા પ્રમાણે સુખદુ:ખમા નાચે છે. ૧૨ હુ શ્રીકૃષ્ણની સાથે ત્રેવીસ અક્ષૌહિણી સેના સાથે લડતાં સત્તરવાર હાર્યો હતો, પણ અઢારમી વાર જીત્યો હતો. ૧૩ હવે પ્રેરેલા કાળે આ જગતનો પરાજય કરેલો છે એમ જાણીને હુ કોઇ દિવસ શોક કરતો નથી, તેમ હર્ષ પણ પામતો નથી. હમણાં યાદવોએ નાની સેનાથી આપણો પરાજય કર્યો છે પરંતુ તેથી શું. ૧૫ શત્રુઓ પોતાનો સમય અનુકૂળ હોવાથી જીત્યા છે અને જ્યારે આપણો સમય અનુકળ હશે ત્યારે આપણે જીતીશું. ૧૬

આ પ્રમાણે મિત્રોએ આશ્વાસન આપવાથી શિશુપાલ પોતાના અનુચરો સાથે નગરમાં ગયો અને મરતા બાકી રહેલા રાજાઓ પોતપોતાને નગરે ગયા. ૧૭ શ્રીકૃષ્ણનો શત્રુ બળવાન રુકિમ બેનનો રાક્ષસવિવાહ થયો તે જોઇને અક્ષૌહિણી સેના સાથે શ્રી કૃષ્ણની પાછળ પડયો. ૧૮ મહાદ્વષી રુકિમ મોટા ક્રોધમા આવી ગયો હતો. તેણે બખ્તર પહેર્યું હતું, હાથમા ધનુષ લીધું હતું, સર્વ રાજાઓના સાભળતા તે પ્રતિજ્ઞા કરી બોલ્યો કે—હું યુદ્ધમા શ્રીકૃષ્ણને માર્યા વિના અને રુકિમણીને પાછી લાવ્યા વિના કુણ્ડિનપુરમાં પ્રવેશ કરીશ નહિ. આ રીતે કહીને રથમા બેસી તેણે સારથીને કહ્યું કે, જયા શ્રીકૃષ્ણ હોય ત્યાં ઘોડાઓને હંકાર, કારણ કે મારે ને શ્રીકૃષ્ણને યુદ્ધ કરવાનુ છે. ૨૧ આજે હું તીક્ષ્ણ બાણોથી દુષ્ટ બુદ્ધિવાળા ગોવાળિયાના પરાક્રમના મદને ઉતારીશ; કારણ કે તે મારી બેનને હરી ગયો છે. ૨૨ ઇશ્વર એવા શ્રીકૃષ્ણના સ્વરૂપથી અજાણ્યો રુકિમ પછી એકલો જ રથમા બેસી શ્રીકૃષ્ણની પાછળ ગયો, અને ઉભો રહે ! ઉભો રહે ! એમ કહી બોલાવવા લાગ્યો. બહુ જ મજબુત ધનુષને ખેંચી શ્રીકૃષ્ણને ત્રણ બાણ મારી તેણે કહ્યું કે યદુના કુળને કલંક લગાડનાર ક્ષણવાર અહીં ઉભો રહે ! ૨૪ કાગડો જેમ બળિ લઇ નાસે તેમ તું મારી બેનને હરીને કયાં જાય છે ? આજે કપટથી લડનારો અને માયાવી એવો જે તું તેનો હું મદ ઉતારીશ. ૨૫ તારે મારૂં કહ્યું માનવું હોય તો તું મારાં બાણોથી મરણ પામીને પૃથ્વી ઉપર ઢળી પડયો નથી તે પહેલાં કન્યાને છોડી નાસી જા. શ્રીકૃષ્ણે કંઇ પણ બોલ્યા વિના તેના ધનુષના કડકા કરી છ બાણ માર્યા. ૨૬ આઠ બાણ ચાર

ઘોડાઓને માર્યા, બે સારથિને માર્યા ને ત્રણ ધ્વજાને માર્યા. રુકિમએ બીજું ધનુષ લઇ શ્રીકૃષ્ણને પાંચ બાણુ માર્યા. ૨૭ તે બાણોના સમૂહથી જેમને માર પડયો હતો એવા શ્રીકૃષ્ણે તેનું ધનુષ કાપી નાખ્યું, એટલે તેણે ત્રીજુ લીધું. તેને પણ અવિનાશી શ્રીકૃષ્ણે ભાગી નાખ્યું. ૨૮ રુકિમએ પરિઘ પટ્ટિશ શૂળ ઢાલ તલવાર શક્તિ અને તોમર આદિ જે જે હથિયાર શ્રીકૃષ્ણને મારવા લીધા તે સર્વ શ્રીકૃષ્ણે સપાટાબંધ ભાગી નાખ્યાં પછી રુકિમ કોપી ઉઠયો અને હાથમા તલવાર લઈ શ્રીકૃષ્ણને મારવાની ઇચ્છાથી પતંગીઉ જેમ અગ્નિ ઉપર જાય તેમ શ્રી કૃષ્ણની સામે ગયો. ૩૦ રુકિમ જેવો શ્રીકૃષ્ણની ઉપર ધસી ગયો કે તરત તેમણે બાણો તથા ઢાલના અને તલવારના કડકા કરી નાંખ્યા, અને તલવાર લઈ તેને મારવા તૈયારી કરવા મંડયા. ૩૧ ભાઇને મારવાનો ઉદ્યોગ જોઇ રુકિમણી ભયથી વિહ્વળ થઇ ગયાં અને કૃષ્ણના ચરણમાં પડી દયા ઉપજે તેમ કહેવા લાગ્યાં કે—હે યોગેશ્વર ! તમે મારા ભાઇને મારવા યોગ્ય નથી.

શુકદેવજી કહે છે કે—હે રાજન ! પછી ત્રાસથી જેમના અંગો કંપતા હતા શોકથી મુખ સુકાઇ જવાને લીધે જેમનો કંઠ રૂંધાઈ ગયો હતો અને ગભરાટથી જેમણે પહેરેલી સુવર્ણની માળા સરી પડી હતી એવાં રુકિમણીએ ભગવાનના બે હાથ ઝાલી લીધા ત્યારે દયાળુ શ્રીકૃષ્ણ તેને મારતા અટકયા શ્રીકૃષ્ણે દુષ્ટ કર્મ કરનાર રુકિમને વસ્રથી બાંધી તેની દાઢી તથા માથાના કેશ કાપી વિરૂપ બનાવ્યો, એટલામાં બીજી તરફ યદુવંશના યોદ્ધાઓએ હાથીઓ જેમ કમલિનીને કચરી નાખે છે, તેમ શત્રુઓના સૈન્યને કચરી નાંખ્યું. ૩૫ પછી બળભદ્રે શ્રીકૃષ્ણની પાસે જઈ જોયું તો રુકિમને કેદ કરેલો અને મૃતમાય જોયો, દયાળુ એવા બળભદ્રે તેને બંધનમાંથી છુટો કરી શ્રીકૃષ્ણને કહ્યું કે—હે કૃષ્ણ ! તમે આ બહુ ખોટું કામ કર્યું, કારણ કે આમાં આપણી નિંદા થશે, સંબંધીઓની દાઢી અને કેશ ઉતારીને વિરૂપ કરવા તે સંબંધીઓના વધ સમાન છે.૩૭ શ્રીકૃષ્ણને આમ કહીને રુકિમણીને તે કહેવા લાગ્યા કે—હે સુસ્વભાવવાળાં ! ભાઇને વિરૂપ કરી નાખ્યો તેની ચિન્તાથી તમે અમારા ઉપર માઠું લગાડશો નહિ. કર્મ વિના સુખ દુઃખ આપનારો બીજો કોઈ નથી, કારણ કે મનુષ્ય પોતાનાં કર્મોનાં ફળ ભોગવે છે. ૩૮ રુકિમણીને આમ કહીને ભગવાનને કહેવા લાગ્યા કે સંબંધીએ કદાચ દેહાત શિક્ષાયોગ્ય અપરાધ કર્યો હોય તોપણ તે મારવા યોગ્ય નથી તેનો માત્ર ત્યાગ કરવો; કારણ કે તે પોતાના અપરાધથી હણાયો છે, તેને ફરીને શા માટે મારવો ?૩૯ પ્રજાપતિએ ક્ષત્રિયોનો ધર્મ એવો નિર્માણ કર્યો છે કે ભાઇ પણ ભાઇનો નાશ કરે છે. ક્ષત્રિય ધર્મ મહા ભયંકર છે. ૪૦ પછી ફરીને શ્રીકૃષ્ણને કહેવા લાગ્યા કે લક્ષ્મીના મદથી આધળા અભિમાની લોકો રાજ્યને પૃથ્વીને ધનને સ્રીને માનને અથવા તેજને માટે સંબધીઓનું અપમાન કરે છે ખરા પરંતુ આપાણુ તે કામ નથી.૪૧ રુકિમણીના તરફ જોઈને બોલ્યા કે સર્વ પ્રાણીઓનું ભુંડું ઇચ્છનાર તમારા દુષ્ટ ભાઈઓનું તમે અજ્ઞાનીની પેઠે નિરંતર ભલું ઇચ્છો છો. ૪૨ દેહને આત્મા કરીને માનનારાં મનુષ્યોને આ મિત્ર આ શત્રુ આ ઉદાસીન એમ અંતઃકરણમાં મોહ થાય છે, તેમાં ઇશ્વરની માયા જ કારણ છે સર્વે પ્રાણીઓમાં આત્મા એક જ ઉત્તમ અને શુદ્ધ છે ચંદ્ર એક છતાં પાણીમાં બહુ રૂપે જોવામાં આવે છે અને આકાશ એક છતાં ઘટાદિક ઉપાધિથી જેમ ભિન્ન ભિન્ન જોવામા આવે છે તેમ અવિવેકી પુરૂષો દેહાદિક ઉપાધિથી આત્માને અનેક પ્રકારનો જાણે છે. ૪૪ આદિ તથા

અંતવાળો અધિભૂત અધ્યાત્મ તથા અધિદૈવ રૂપ આ દેહ અવિદ્યાથી આત્મામાં કલ્પાયેલો છે. આત્માને જન્મ મરણ આપ્યા કરે છે ૪૫ હે સતિ! આત્મા માત્ર સત્ય છે અને તેના વિના બીજા સર્વ પદાર્થો મિથ્યા છે તેને બીજા પદાર્થોની સાથે સંયોગ કે વિયોગ કંઇ પણ નથી. દૃષ્ટિ તથા રૂપ પ્રકાશ્ય અને પ્રકાશક રૂપે રહેલા છે. તેની પ્રસિદ્ધિ જેમ સૂર્યથી થાય અને તૈજસ હોવાથી તે બન્ને એક જ છે, તેમ ગોલક ઇંદ્રિયો તથા તેમના દેવતાઓ ભિન્ન છે તેની પ્રતીતિ આત્માથી થાય છે. આત્મા સર્વના કારણરૂપ અને કાર્યરૂપ છે માટે તે આત્માથી ભિન્ન નથી. ૪૬ વધવું અને ઘટવું જેમ ચંદ્રમાની કળાઓનું થાય છે પરંતુ ચંદ્રમાનું થતું નથી તેમ જ જન્માદિક વિકારો દેહને છે, આત્માને નથી. અમાવાસ્યાને દિવસે કળાઓનો ક્ષય થવાથી જેમ ચંદ્રનો ક્ષય થયો ગણાય છે તેમ દેહનો ક્ષય થયાથી આત્માનો ક્ષય થયો કહેવાય છે. ૪૭ નિદ્રાવશ પુરૂષ જેમ સ્વપ્નમાં સર્વ પદાર્થો મિથ્યા છતા ભોકતાના યોગ્ય વિષયોને અને તેના ફળરૂપ સુખને ભોગવે છે તેમ અજ્ઞાની મનુષ્ય સર્વ પદાર્થો મિથ્યા છતા સંસારનો અનુભવ કરે છે. ૪૮ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો મનને શોષણ કરનારો તથા મોહ કરનારો શોક તત્વજ્ઞાનવડે દૂર કરીને શાંત રહેવું.

શુકદેવજી કહે છે કે–મહાત્મા બળભદ્રે રુકિમણીને શાંત કર્યા તેમણે માનસિક શોક છોડી બુદ્ધિથી પોતાના મનનું સમાધાન કર્યું. ૫૦ પ્રાણ માત્ર જેના બચી ગયા હતા શત્રુએ જેને દયાથી છોડી દીધો હતો પોતાના મનોરથમાં જે નિષ્ફળ ગયો હતો, પોતાના વિરૂપીકરણનું સ્મરણ જેને થતું તથા જેના બળ અને કાંતિ હણાઇ ગયા હતા, એવા રુકિમએ પ્રથમ સર્વ રાજાઓના સાંભળતા પ્રતિજ્ઞા કરી હતી કે દુષ્ટ બુદ્ધિવાળા શ્રી કૃષ્ણને માર્યા વિના તથા રુકિમણીને પાછી લીધા વિના હું કુંડિનનગરમાં પેસીશ નહિ તેને લીધે પોતે જ્યા આગળ વિરૂપ થઇને હાર્યો હતો ત્યાં આગળ રોષથી ભોજકટક નામે નગર વસાવીને રહ્યો. ૫૨ હે રાજન! શ્રીકૃષ્ણ સર્વ રાજાઓને હરાવી રુકિમણીને દ્વારકામાં લાવી શાસ્ત્રવિધિથી પરણ્યા. ૫૩ દ્વારિકામા યદુપતિ શ્રીકૃષ્ણ વિષે અનન્ય ભાવવાળા મનુષ્યોને બારણે બારણે મહોત્સવો થયા. ૫૪ પ્રસન્ન થયેલા આ પુરૂષ ચળકતા મણિઓના કુંડળો તથા જાતજાતના વસ્ત્રો પહેરી પરણવા બેઠેલાં વધૂ–વરને ભેટ આપવા લાગ્યા. ૧૫ દ્વારિકાપુરી ઉભા કરેલા ઇંદ્રધ્વજોથી વિચિત્ર પુષ્પોથી વસ્ત્રોથી રત્નોથી તોરણોથી પ્રત્યેક બારણા ઉપર કરેલા માંગલિક ચિહ્નોથી પાણીના ઘડાઓથી અગરૂના ધૂપોથી તથા દીવાઓથી શોભી રહી ૫૬ નિમંત્રણ કરેલા પ્રિય રાજાઓના મદ ઝરતા હાથીઓના મદથી માર્ગો ભીંજાઇ ગયા હતા અને બારણામા ઉભા કરેલા કેળનાં અને સોપારીના ઝાડોથી પુરી શોભી રહી હતી. ૫૭ આનંદ ઉત્સાહમા દોડધામ કરતા લોકોમા કુરૂ સૃંજય કૈકેય વિદર્ભ યદુ અને કુંતી દેશના રાજાઓ એક બીજાને મળીને આનંદ પામતા હતા. રાજાઓ અને રાજકન્યાઓ ચારે તરફથા ગવાતુ રુકિમણીહરણ સાંભળી અત્યંત આશ્ચર્ય પામતા હતા. ૫૯ આ રીતે લક્ષ્મીના પતિ શ્રીકૃષ્ણને લક્ષ્મીના અંશરૂપ શ્રીરુકિમણી સાથે જોડાયા જોઇ દ્વારિકાવાસી લોકોને મોટો આનંદ થયો. ૬૦

द्वारकायामभूद्राजन् महामोदः पुरौकसाम्।
रुक्मिण्या रमयोपेतं दृष्ट्वा कृष्णं श्रियः पतिम्॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
चतुःपञ्चाशत्तमोऽध्यायः

અધ્યાય ૫૫ મો.¶

શંબરાસુરનો નાશ.

શ્રીશુક ઉવાચ.

कामस्तु वासुदेवांशो दग्धः प्राग्रुद्रमन्युना।
देहोपपत्तये भूयस्तमेव प्रत्यपद्यत ॥ १ ॥

શુકદેવજી કહે છે કે–હે રાજન ! વાસુદેવનો અંશ ગણાતો કામદેવ પ્રથમ રૂદ્રના ક્રોધાનલથી બળીને ભસ્મ થઇ ગયો હતો, તે પાછો દેહ ધારણ કરવા ભગવાનનેજ આશ્રયે ગયો, કામદેવ ભગવાનથી રુક્મિણીને પેટ અવતર્યો અને તેનું પ્રદ્યુમ્ન એવું નામ પડયું. તે સર્વ રીતે પોતાના પિતા જેવો હતો પ્રદ્યુમ્નને કામદેવનો શત્રુ તથા ઇચ્છાનુસાર રૂપ ધારણ કરનાર શંબરાસુર પોતાનો શત્રુ જાણી દશ દિવસની અંદર સૂતિકાગૃહમાંથી હરી ગયો. તેને સમુદ્રમા નાખી ઘેર ચાલ્યો ગયો. ૩ સમુદ્રમાં કોઇ બળવાન મત્સ્ય તેને ગળી ગયો માછીમારોએ જાળવડે બીજા માછલાં સાથે તેને પણ જાળમા પકડી લીધો. પછી શંબરાસુરને ભેટ કર્યો. શંબરાસુરના રસોઇઆએ તેને રસોડામા લઇ જઇ છરીથી કાપવા માડયો, તો તેના પેટમાથી એક બાળક નીકળ્યો. રસોઇઆએ માયાવતી નામે શંબરાસુરની દાસીને તે બાળક આપ્યો. માયાવતીને તે બાળક જોતા મનમા શંકા થઇ કે, આ કોણ હશે ? એટલામા નારદે આવી તેને બાળકનુ સ્વરૂપ તેની ઉત્પત્તિ માછલાના પેટમાં તે કેવી રીતે આવ્યો ઇત્યાદિ સર્વ વાત કહી ૬ માયાવતી કામની સ્ત્રી રતિ હતી અને શંકરના કોપાનલથી બળી ગયેલા પોતાના પતિના પુનર્જન્મની રાહ જોતી હતી. શંબરાસુરે તેને પાકશાળામા દાળભાત કરવાના કામ ઉપર નીમી હતી. તેણે બાળકને કામદેવ જાણી સ્નેહ બાંધ્યો.૮ પ્રદ્યુમ્ન થોડા સમયમાં જુવાન થયો અને પોતા પ્રતિ દૃષ્ટિ કરનારી સ્ત્રીઓને મોહ ઉપજાવવા લાગ્યો.૯ કમલના પત્ર જેવા વિશાળ નેત્રવાળા લાંબા હાથવાળા તથા મનુષ્ય લોકમાં મનોહર એવા પતિને રતિ લજ્જા તથા હાસ્ય સાથે ઉંચી કરેલી ભ્રકુટીથી જોવા લાગી. ૧૦ શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ને તેને કહ્યુ કે, હે માતા! તમારી બુદ્ધિ વિપરીત થઇ લાગે છે. તમે માતાપણું ભૂલી જઇને સ્ત્રીની પેઠે કેમ વર્તો છો? રતિ બોલી કે–હે નાથ! તમે નારાયણ એવા શ્રી કૃષ્ણના પુત્ર છો અને શંબરાસુર તમને શ્રી કૃષ્ણના ઘરમાંથી હરી લાવ્યો છે. હું તમારી અધિકારવાળી પૂર્વ જન્મની સ્ત્રી રતિ છું અને તમે મારા પતિ કામદેવ છો.૧૨ તમને હજી દશ દિવસ પણ થયા નહતા, તેટલામાં શંબરાસુરે સમુદ્રમા નાખી દેતાં એક મોટો મત્સ્ય ગળી ગયો હતો. તેનુ પેટ ચીરતાં હે પ્રભુ ! તમે નીકળ્યા છો.૧૩ તમે પરાભવ કરી શકાય નહિ એવા તેમ દુર્જય અને સેંકડો માયાને જાણનાર તમારા પોતાના શત્રુ શંબરાસુરને મોહન આદિક માયાથી મારો. ૧૪ પ્રજા રહિત થઇ પડેલા પુત્રના સ્નેહથી વ્યાકુળ થયેલાં તમારા માતુશ્રી બિચારાં ગાયની પેઠે આતુર રહેતાં શોક કરે છે. ૧૫

શુકદેવજી કહે છે કે–હે રાજન! માયાવતીએ મહાત્મા પ્રદ્યુમ્નને સર્વ માયાનો નાશ કરનારી મહામાયા શીખવી. ૧૬ પ્રદ્યુમ્ને શંબરાસુરની પાસે જઇ અસહ્ય તિરસ્કારોથી કલેશ ઉત્પન્ન કર્યો અને લડવા બોલાવ્યો.૧૭ દુષ્ટ વચનોથી તિરસ્કારી કાઢેલો શંબરાસુ[ર] પગથી કચરેલા સર્પની પેઠે ક્રોધે ચઢ્યો અને ક્રોધથી તેની આંખો લાલચોળ થઇ ગઇ તથા હાથમાં ગદા લઇ તે બહાર નીકળ્યો. ૧૮ ગદાને વેગથી ફેરવી મહાત્મા પ્રદ્યુમ્ન ઉપર ફેંકી. સામેની ગદા સાથે અથડાવાથી તેવો ભયંકર શબ્દ થયો. એ ભયંકર વજ્રના

¶ આ અધ્યાયમા શ્રીકૃષ્ણથી પ્રદ્યુમ્નનો જન્મ શંબરાસુરે કરેલું તેનુ હરણ અને તેનો નાશ કરી પ્રદ્યુમ્નનુ દ્વારકા ગમન એ કથા કહેવાશે

જેવા શબ્દથી દિશાઓ ગાજી. પ્રદ્યુમ્ને ક્રોધ કરીને પોતાની ઉપર આવતી ગદાને મોટી ગદાથી પાછી હઠાવવાને શત્રુ શંબરાસુર ઉપર સામી પોતાની ગદા ફેંકી. ઉંચે આકાશમાં રહેલો શંબરાસુર મયદાવનની આસુરી માયાનો આશ્રય કરી પ્રદ્યુમ્નના ઉપર અસ્ત્રોની વૃષ્ટિ કરવા મંડયો ૨૧ અસ્ત્રોની વૃષ્ટિથી બહારથી પ્રદ્યુમ્ન પીડાવા લાગ્યો અને તેણે શંબરાસુર ઉપર સર્વ માયાનો નાશ કરનારી સત્વગુણી મહા વિદ્યાનો પ્રયોગ કર્યો ૨૨ શંબરાસુરે તેની ઉપર યક્ષ ગંધર્વ પિશાચ સર્પ તથા રાક્ષસોની સેંકડો માયાઓનો પ્રયોગ કર્યો. શ્રીકૃષ્ણના પુત્રે તે માયાઓનો નાશ કર્યો, ૨૩ અને પછી બળથી સજ કરેલી તરવારનો ફટકો મારીને મુગટવાળું કુંડલવાળું તથા રાતી દાઢી અને મુછોવાળું શંબરાસુરનું માથું ધડ ઉપરથી છૂટું કરી નાંખ્યું. ૨૪ આ સમયે સ્તુતિ કરતા દેવતાઓએ પ્રદ્યુમ્નના ઉપર પુષ્પની વૃષ્ટિ કરવા માંડી અને આકાશચારિણી સ્ત્રી રતિ પ્રદ્યુમ્નને ઉપાડી આકાશ માર્ગે દ્વારિકા લઇ ગઇ.૨૪ મેઘ જેમ વીજળી સાથે પ્રવેશ કરે તેમ પ્રદ્યુમ્ન સ્ત્રી સાથે આકાશ માર્ગે સેંકડો સ્ત્રીઓથી ભરપુર શ્રીકૃષ્ણના અંત પુરમાં પેઠો. ૨૬ મેઘના જેવા શ્યામ પીળા રંગનાં રેશમી વસ્ત્ર ધારણ કરનાર વિશાળ બાહુવાળા રાતી આંખોવાળા મંદમંદ હસતા મનોહર મુખવાળા કાળા અને વાંકડીયા વાળથી મનોહર લાગતા પ્રદ્યુમ્નને જોઇ સ્ત્રીઓ શ્રી કૃષ્ણ માની લજવાઈ અને જ્યા ત્યા છુપાઇ ગઇ. ધીરે ધીરે શરીરની ભિન્નાકૃતિ ઉપરથી આ તો એ નહિ, એવો નિશ્ચય કરી પ્રસન્ન થતી તથા આશ્ચર્ય પામતી અંત પુરની સ્ત્રીઓ સ્ત્રીરત્ન એવી રતિ સાથે રહેલા પ્રદ્યુમ્નની પાસે ગઇ. સ્ત્રીઓમા ત્યા આગળ મધુર ભાષણ કરનાર અને કામકટાક્ષવાળા રુક્મિણીના સ્તનમાથી દૂધની સેરો છુટી તેમને પોતાનો ખોવાઇ ગયેલો પુત્ર સાંભરી આવ્યો ૩૦ તે વિચાર કરવા લાગ્યાં કે કમળ જેવા નેત્રવાળો આ પુત્ર મારો હશે ? કોનો પુત્ર હશે ? આને કોણે ઉદરમાં ધારણ કર્યો હશે ? અને આ પુત્રે આ સ્ત્રીને કેવી રીતે મેળવી હશે ? ૩૧ મારા પુત્રને પણ કોઇ સુવાવડના ઘરમાંથી હરી ગયું હતું અને તે ખોવાઇ ગયો છે. જો તે જીવતો હોય તો તેની અવસ્થા અને રૂપ આના જેવું હોય. ૩૨ આ કુમારે શ્રીકૃષ્ણના જેવી આકૃતિ તેમના જેવા અવયવો તેમના જેવી ગતિ તેમના જેવો સ્વર તેમના જેવુ હસવું અને તેમના જેવું જોવું વગેરે કેવી રીતે મેળવ્યુ હશે ? ૩૩ મે જેને મારા ગર્ભમાં ધારણ કર્યો હતો તેજ આ કુમાર હશે. મને એની ઉપર અધિક પ્રીતિ થાય છે અને મારો ડાબો હાથ ફરકે છે. ૩૪

આ પ્રમાણે રુક્મિણી વિચાર કરતા હતાં એટલામા શ્રીકૃષ્ણ વસુદેવ તથા દેવકી સાથે ત્યા આગળ પધાર્યા ૩૫ ભગવાન્ એ વાત જાણતા હતા તોપણ બોલ્યા વિના ઉભા રહ્યા. નારદે આવીને શંબરાસુરે કરેલા હરણ વગેરેની સર્વ વાતો કહી. ૩૬ મહાઆશ્ચર્ય-જનક વાત સાભળીને શ્રીકૃષ્ણના અંત પુરમાં રહેનારી સ્ત્રીઓ ઘણા દિવસ થયા ખોવાઇ ગયેલા પુત્રને જાણે મરી ગયા પછી પાછો સજીવન થઇને આવ્યો હોય તેમ માની, સત્કાર કરવા લાગી, ૩૭ અને દેવકી વસુદેવ શ્રીકૃષ્ણ બળભદ્ર તથા સ્ત્રીઓ તેને ભેટીને આનન્દ પામ્યા. ૩૮ દ્વારકાવાસી લોકો ખોવાઇ ગયેલા પ્રદ્યુમ્નને પાછો મળેલો સાભળી કહેવા લાગ્યા કે, અહો ! આ બાળક પાછો નવે અવતાર આવ્યો હોય તેમ આવ્યો, તે બહુ સારૂ થયુ. ૩૯ શ્રીકૃષ્ણના જેવા રૂપને લીધે આ પોતાના પતિ શ્રીકૃષ્ણ છે, એવો જેમને ભાવ થયો હતો એવી પ્રદ્યુમ્નની માતાઓ એકાંતમાં તેની ઉપર ૯૯

પ્રીતિ કરી વારંવાર જોતી અને ભજતી તેમા આશ્ચર્ય ન હતું, કારણ કે સ્મરણ કરતાં જ મનને ક્ષોભ પમાડનાર અને તેમાં વળી શ્રી કૃષ્ણના પુત્ર થઇ અવતરેલા કામદેવ પ્રત્યક્ષ જોવામાં આવે ત્યારે એમ થવું જોઇએ. જ્યારે કામની માતાઓને ક્ષોભ થતો ત્યારે બીજી સ્ત્રીઓને ક્ષોભ થાય એમા શું આશ્ચર્ય!

यं वै मुहुः पितृसरूपनिजेशभावास्तन्मातरो
यदभजन् रहरूढभावाः ।
चित्रं न तत्खलु रमास्पदबिंबबिंबे
कामे स्मरेक्षिविषयं किमुतान्यनार्यः ॥४०॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
पञ्चाशत्तमोध्याय॑

અધ્યાય ૫૬ મો.

સત્યભામા પરિણય.

श्रीशुक उवाच

सत्राजितः स्वतनयां कृष्णाय कृतकिल्बिषः ।
स्यमंतकेन मणिना स्वयमुद्यम्य दत्तवान् ॥

શુકદેવજી કહે છે કે–સત્રાજિત્ નામે યાદવે શ્રીકૃષ્ણનો અપરાધ કર્યો હતો તેથી પ્રત્યુપકાર કરી પોતાની પુત્રી સત્યભામા સ્યમંતક મણિની સાથે શ્રીકૃષ્ણને પરણાવી. પરીક્ષિતે પૂછ્યું કે–હે મહારાજ! સત્રાજિતે શ્રીકૃષ્ણનો શો અપરાધ કર્યો હતો? તેમને સ્યમંતક મણિ કયાથી મળ્યો હતો? અને તેણે શ્રીકૃષ્ણને શા માટે તે કન્યા પરણાવી હતી? ૨

શુકદેવજી કહે છે કે–સત્રાજિત યાદવ સૂર્યનો ભક્ત હતો. સૂર્ય તેના ઇશ્વર તેમજ પરમ મિત્ર હતા. તેમણે પ્રસન્ન થઇને સત્રાજિતને સ્યમંતક નામનો મણિ આપ્યો હતો. જ્યારે સત્રાજિત્ મણિ કંઠમા પહેરી સૂર્યની પેઠે પ્રકાશતો દ્વારકામાં ગયો ત્યારે લોકોએ મણિના ઉજ્વળ તેજથી તેને ઓળખ્યો પણ નહિ.૪ તેને જોઇને દૂરથીજ તેના તેજથી મનુષ્યોની દૃષ્ટિ અંજાઇ ગઇ અને સૂર્ય આવે છે કે શું? એવી શંકાથી શ્રીકૃષ્ણ ભગવાન પણ ચોપટ રમતા હતા તે ચમકયા. તેમની પાસે બેઠેલા મિત્રે કહ્યું કે–હે નારાયણ! તમને નમસ્કાર છે. ૬ હે જગત્પતિ! આ પ્રચંડ કિરણવાળા સૂર્ય નારાયણ તમારા દર્શન કરવાની ઇચ્છાથી કિરણના સમુદાયવડે મનુષ્યોનાં નેત્રને નિસ્તેજ કરતા અહીં આવે છે. ત્રણ લોકમાં મોટા મોટા દેવતાઓ પણ તમારો માર્ગ શોધ્યા કરે છે અને હે પ્રભુ! તમને હમણાં યાદવોમાં ગુપ્ત રહેલા જાણીને સૂર્યદેવ તમારા દર્શન કરવા આવ્યા છે. ૮

શુકદેવજી કહે છે કે–મૂર્ખોનું બોલવું સાંભળી કમળ જેવાં નેત્રવાળા શ્રીકૃષ્ણ હસીને બોલ્યા કે, એ સૂર્ય નથી પરંતુ સ્યમંતક મણિથી પ્રકાશમાન દેખાતો સત્રાજિત્ છે.૯ સત્રાજિતે જેમાં મંગળ મહોત્સવ કરેલો હતો એવા પોતાના શોભાયમાન ઘરમાં પેસી બ્રાહ્મણોદ્વારા મણિનું સ્થાપન કરાવ્યું. ૧૦ હે પ્રભો! મણિ નિત્ય આઠ ભાર સુવર્ણ ઉત્પન્ન કરતો હતો. જ્યાં તે મણિ પૂજાતો ત્યા કાળ મહામારી અમંગળ અને આધિ વ્યાધિ જેવું કંઇ અશુભ થતું નહિ, તેમ ત્યાં આગળ માયાવી પુરુષો રહેતા નહિ. ૧૧

શ્રીકૃષ્ણે યદુરાજને માટે એક વાર આ મણિની માગણી કરી હતી, પરંતુ અર્થના અર્થી સત્રાજિતે શ્રીકૃષ્ણની યાચનાના ભંગનો વિચાર ન કરતા મણિ આપ્યો ન હતો. ૧૨ સત્રાજિતનો ભાઇ પ્રસેન એક દિવસ મોટી કાંતિવાળો મણિ કંઠમાં પહેરી ઘોડા ઉપર બેસી વનમાં મૃગયા કરવા ગયો હતો ત્યા એક કેસરી સિંહે તેને મારી નાખ્યો હતો. જાંબવાન નામે રીંછે મણિ લેવાની ઇચ્છાથી સિંહને મારી નાખ્યો. ૧૪

* આ અધ્યાયમા ભગવાને પોતાની ઉપર મિથ્યા અપવાદ આવતા સ્યમંતક લાવી આપ્યો ને જાંબવાનની અને સત્રાજિતની કન્યાઓને પરણ્યા એ કથા કહેવામા આવશે

તેણે મણિને ગુફામાનાં છોકરાને રમવા માટે રમકડા તરીકે આપ્યો. સત્રાજિત્ પ્રસેનને ન જોવાથી સંતાપ કરવા લાગ્યો. ૧૫ મારો ભાઇ ગળામાં મણિ પહેરી વનમા ગયો હતો તેને કૃષ્ણે ત્યાં મારી નાખ્યો હશે. આ વાત સાંભળીને લોકો એક બીજાના કાનમા તરેહવાર વાતો કરવા લાગ્યા ૧૬ શ્રીકૃષ્ણ તે સાંભળીને પોતાને લાગેલી અપકીર્તિ દૂર કરવા નગરના મનુષ્યોની સાથે પ્રસેનની શોધ કરવા ગયા. ૧૭ વનમાં શોધ કરતા પ્રસેનને તથા તેના ઘોડાને કેસરીએ મારી નાખેલો જોયો. લોકોએ પછી કેસરીને પણ એક રીંછે મારી નાંખેલો દીઠો. પછી શ્રીકૃષ્ણ ભગવાન અંધારાવાળી રીંછના રાજા જાંબવાનની ભયંકર ગુફા જોઇ સર્વ પ્રજાને બહાર બેસાડી એકલા ગુફાની અંદર ગયા ૧૯ ગુફામા ઉત્તમ સ્યમંતક મણિને રમકડા રૂપે જોઇ બાળકની પાસે ઉભા રહ્યા. છોકરાની સંભાળ લેનારે કૃષ્ણને જોઇ બીકણની પેઠે ચીસ પાડી તે સાભળીને મહા બળવાન્ જાંબવાન ક્રોધાયમાન થઇ તેમની સામે થયા. ૨૧ કોપાયમાન થયેલા જાબવાન્ કે જે ભગવાનના પ્રભાવને જાણતા ન હતા તે પોતાના સ્વામીને પ્રાકૃત પુરૂષ માની તેમની સાથે યુદ્ધ કરવા લાગ્યા માસ માટે જેમ બે શકરાઓ તુમુલ યુદ્ધ કરે તેમ વિજયની ઇચ્છાવાળા તે આયુધો, પથરા વૃક્ષો તથા મુષ્ટિઓથી મહા ભયંકર દ્વંદ્વ યુદ્ધ કરવા લાગ્યા. ૨૩ વજ્રના પ્રહાર જેવી કઠિન એક બીજાની મુષ્ટિયોથી રાત્રિ દિવસ ઉપરાઉપરી અઠ્ઠાવીશ દિવસ સુધી દ્વંદ્વ યુદ્ધ ચાલ્યુ.૨૪ યુદ્ધમા શ્રીકૃષ્ણની મુષ્ટિના મારથી જાંબવાનના અંગના સર્વ બંધનો શિથિલ થઇ ગયાં, બળ ક્ષીણ થયુ, શરીર ઉપર પરસેવો આવ્યો અને તે અત્યંત શિથિલ થઇ જઇ શ્રીકૃષ્ણ પ્રત્યે બોલ્યો કે—હું આપને સર્વ પ્રાણીઓના પ્રાણ ઇન્દ્રિયબળ હૃદયબળ તથા શારીરિક બળરૂપ જાણું છું. ૨૬ તમે પ્રજાપતિઓના સરજનાર સર્વ કાર્યોના ઉપાદાન કારણ રૂપ જગતને વશ કરનારાઓને પણ વશ કરનાર કાળમૂર્તિ ઇશ્વર તથા સર્વ જીવોના શુદ્ધ આત્મા છો ૨૭ આપ મારા ઇન્દ્રદેવ રામચંદ્ર છો કે જે આપના જરા પ્રદીપ્ત થયેલ ક્રોધવાળાં કટાક્ષોના તાપથી જેમા મત્સ્ય તથા મોટા મગ્ગરો તડફડતા હતા એવા મહાસાગરે તમને માગ આપ્યો હતો, તેમ તેની ઉપર પોતાની કીર્તિરૂપ સેતુ તમે બાધ્યો હતો. લંકા બળી ગઇ હતી અને રાવણનાં માથા બાણથી કપાઇ પડયાં હતા. ૨૮

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે રીંછના રાજા જાબવાને ભગવાનને ઓળખ્યા પછી ભગવાન દેવકીના પુત્ર અને કમળ જેવાં નેત્રવાળા શ્રીકૃષ્ણે પોતાનો કલ્યાણકારી હાથ તેના અંગ ઉપર ફેરવી પરમ કૃપાવડે પ્રેમ ભરપુર ગંભીર વાણીથી તેને કહ્યું કે—હે રીંછના રાજા ! મારા ઉપર મણિ ચોરવાનો મિથ્યા આરોપ આવ્યો છે તે આ મણિથી ટાળવા સારૂં હુ તારી ગુફામા આવ્યો છુ ૩૧ શ્રીકૃષ્ણે આમ કહ્યુ એટલે જાંબવાને શ્રીકૃષ્ણનો સત્કાર કરી મણિની સાથે જાંબવતી નામે કન્યા પરણાવી અહીં ગુફાની બહાર બેઠેલા લોકો ગુફામા પેઠેલા શ્રીકૃષ્ણ ભગવાનને બહાર નીકળ્યા ન જોઈને બાર દિવસ સુધી વાટ જોઇ પાછા દ્વારકામા ગયા ૩૩ શ્રીકૃષ્ણ ગુફામાંથી હજી બહાર નીકળ્યા નથી, એવું સાભળીને દેવી દેવકી રુકિમણી અને સગાં સંબંધી શોક કરવા લાગ્યા દ્વારકા નગરીમા રહેનાર ખેદ કરતા સત્રાજિતને ગાળો દેવા લાગ્યા અને શ્રીકૃષ્ણને પાછા મેળવવા મહામાયા દુર્ગાની ઉપાસના કરવા મંડયાં. ૩૫ દેવી દુર્ગાની ઉપાસના કરવાથી દેવીએ આશીર્વાદ આપ્યો કે-તમે શ્રીકૃષ્ણને પામશો. આશીર્વાદથી શ્રીકૃષ્ણ ભગવાન પોતાનું કામ સિદ્ધ કરીને સ્ત્રી સાથે આનંદ આપતા પ્રકટ

થયા. ૩૬ કોઇ મરણ પામીને જાણે પાછો આવ્યો હોય તેમ પાછા આવેલા તથા કંઠમા મણિ ધારણ કરનાર કૃષ્ણને સ્ત્રી સાથે જોઇને સર્વેને આનંદ થયો. ૩૭ શ્રીકૃષ્ણ ભગવાને સભામા રાજાની સમક્ષ સત્રાજિતને બોલાવી મણિ મળવાની વાત કહી. સત્રાજિત શરમાઇ ગયો અને મણિ લઇ નીચું મુખ કરી પોતાના પાપનો પશ્ચાત્તાપ કરતો ઘેર ગયો. ૩૯ બળીઆ સાથે કલેશ કરવાથી ગભરાઇ ગયેલો સત્રાજિત અપરાધ પર વિચાર કરવા લાગ્યો કે હુ મારો અપરાધ કેવી રીતે ટાળુ? ભગવાન મારી ઉપર શી રીતે પ્રસન્ન થાય? મારૂં કલ્યાણ શું કરવાથી થાય? હું કે જે ટુંકી દૃષ્ટિવાળો ક્ષુદ્ર મૂર્ખ અને ધનનો લોભી છુ, તેને લોકો કેવી રીતે અપવાદ ન આપે? સ્ત્રીઓમા રત્નરૂપ મારી પુત્રી સત્યભામા તથા મણિ શ્રીકૃષ્ણને આપુ, તે વિના બીજી કોઇ રીતે તે અપરાધનુ નિવારણ થશે નહિ.

આ પ્રમાણે બુદ્ધિથી વિચાર કરીને સત્રાજિતે પોતે સત્યભામા તથા મણિ ભગવાન શ્રીકૃષ્ણને આપ્યા ૪૩ જેને માટે ઘણા પુરૂષો માગણી કરતા હતા એવા, શીલરૂપ ઉદારતા તથા ગુણથી ભરેલાં સત્યભામાને શ્રીકૃષ્ણ શાસ્ત્રોક્ત વિધિથી પરણ્યા અને પરણ્યા પછી, સત્રાજિતને કહ્યુ કે, અમે તમારો મણિ રાખતા નથી, તે મણિ તમે સૂર્યના ભક્ત છો માટે ભલે તમારી પાસે રાખો, અમે તો તે મણિના ફળને ભોગવનાર છીએ.

भगवानाह न मणि प्रतीच्छामो वय नृप ।
तवास्तां देवभक्तस्य वय च फलभागिन: ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
षट्पचाशतमोध्यायः

અધ્યાય ૫૭ મો.*

મણિ ચોરવાનો આરોપ.

શ્રીશુક ઉવાચ.

विज्ञातार्थोऽपि गोविंदो दग्धानाकर्ण्य पांडवान्
कुंतीं च कुल्यकरणे सहरामो ययौ कुरून् ॥

શુકદેવજી કહે છે કે–શ્રીકૃષ્ણ પાડવો બળી ગયા નથી, તે સર્વ વાત જાણતા હતા, તોપણ કુંતાજીને લાક્ષાભવનમાં બળી ગયાં સાભળી કુલાચાર પ્રમાણે બળદેવજી સાથે હસ્તિનાપુર ખરખરો કરવા ગયા. ભીષ્મપિતામહ કૃપાચાર્ય વિદુર ગાંધારી ને દ્રોણાચાર્યને મળી તેમના જેવીજ સમદુઃખતા બતાવવા લાગ્યા ૨ શ્રીકૃષ્ણ દ્વારકામા નહિ હોવાથી અક્રૂર તથા કૃતવર્માએ શતધન્વાને કહ્યું કે, તુ શા માટે મણિ લેતો નથી? ૩ સત્રાજિતે આપણને કન્યારત્ન આપવાની પ્રતિજ્ઞા કરી આપણો તિરસ્કાર કરી તે શ્રીકૃષ્ણને આપી, માટે તે શા માટે પ્રસેનની પાસે જાય નહિ? આ રીતે તેમણે શતધન્વાની બુદ્ધિને ફેરવી નાખી તેથી જેનુ જીવન નાશ પામ્યું હતું એવા પાપી ક્રૂર શતધન્વાએ સત્રાજિતને સુતેલો મારી નાખ્યો. સ્ત્રીઓ અનાથની પેઠે ચીસો પાડતી તથા રૂદન કરતી રહી અને કસાઇ જેમ પશુઓને રહેંસી નાખે તેમ સત્રાજિતને રહેંસી નાખી મણિ લઇને ત્યાથી નાસી ગયો. ૯ સત્યભામા પોતાના પિતાને મારી નાખેલા જોઇ શોક કરવા લાગ્યા. હવે હું મરી ગઇ એમ બોલતા બોલતાં ઢળી પડયા મરેલા પિતાને તેલની કઢાઇમાં નાખી સતાપ પામેલા સત્યભામા હસ્તિનાપુર ગયા અને ત્યા સર્વ વાત જાણનાર શ્રીકૃષ્ણની આગળ પોતાના પિતાના મરણની વાત કહી.

હે રાજન! તે વાત સાંભળી શ્રીકૃષ્ણ

* આ અધ્યાયમા શતધન્વાને મારવાથી પોતાને મણિ ચોરી લેવાનો ફરીને જે અપયશ લાગ્યો હતો તે અક્રૂરની પાસેથી મણિ મગાવીને શ્રીકૃષ્ણે દૂર કર્યો એ કથા કહેવાશે

તથા બળભદ્ર ઇશ્વર હતા તોપણ મનુષ્યાવતારને અનુસરી અરેરે ! આપણા ઉપર મહા દુઃખ આવી પડયું એમ કહી આંસુ ભરેલી આંખે વિલાપ કરવા મંડયા. ૯ શ્રી કૃષ્ણ સત્યભામા તથા બળદેવજીની સાથે હસ્તિનાપુરથી દ્વારકા જઇ શતધન્વાને મારવાની તથા તેની પાસેથી મણિ લેવાની તૈયારી કરવા લાગ્યા. શતધન્વા શ્રીકૃષ્ણથી ભય પામ્યો અને તેણે પ્રાણની રક્ષા માટે કૃતવર્માનો સહાય માગી શ્રીકૃષ્ણ તથા બળભદ્ર ઇશ્વર છે તેમનો હું અપરાધ કરીશ નહિ કંસ તેઓનો દ્વેષ કરવાથી રાજ્યરહિત થઇ પોતાના સેવકો સાથે મરણ પામ્યો અને રાજલક્ષ્મીથી ભ્રષ્ટ થયો. જરાસંધ સત્તર યુદ્ધમાં રથ વિનાનો થઈ રણમાંથી પાછો ગયો. ૧૩ કૃતવર્માએ સહાય કરવા ના પાડી એટલે તેણે અક્રૂરને સહાય આપવા યાચના કરી. તેમણે કહ્યું કે, સમર્થ એવા શ્રીકૃષ્ણ તથા બળભદ્રના બળને જાણનારો કયો પુરૂષ તેમની સાથે વિરોધ કરે? ૧૪ જે ભગવાન જગતને પોતાની લીલાવડે સરજેછે પાળે છે અને અંતે સંહારે છે, તથા જે વિશ્વસ્રષ્ટાની ચેષ્ટાને તેની માયાવડે મોહિત થયેલા મનુષ્યો જાણતા નથી ૧૫ સાત વર્ષની વયમા બાળક છોકરો જેમ રમત માત્રમા શિલીંધ્ર ઉપાડી લે તેમ એક હાથે ગોવર્દ્ધન પર્વત જેમણે તોળી રાખ્યો હતો, તે અદ્ભુત કર્મ કરનાર અનંત જગતના આદિકારણ અવિનાશી અને સર્વના આત્મારૂપ ભગવાન શ્રીકૃષ્ણને હું નમસ્કાર કરૂં છું '૧૭ અક્રૂરે આ પ્રમાણે કહી સહાય કરવાની ના પાડી, એટલે શતધન્વા અક્રૂરને તે મણિ સોંપી સો યોજન ચાલનાર ઘોડા ઉપર બેસીને ત્યાથી નાશી ગયા. શ્રીકૃષ્ણ તથા બળભદ્ર ગરૂડના ચિહ્નવાળી ધ્વજા જેના ઉપર ચઢાવી હતી એવા રથમા બેસી મોટા વેગવાળા ઘોડા જોડી પોતાના સસરાને મારનાર શતધન્વાની પાછળ પડયા. ૧૯ મિથિલાના ઉપવનમા ઘોડો પડી ગયો તેને છોડી ભયભીત થયેલો શતધન્વા રોષથી પગપાળો થઇ દોડવા લાગ્યો. શ્રીકૃષ્ણ પગપાળા થઇ તેની પાછળ દોડયા. પગપાળા દોડતા ભગવાને તીક્ષ્ણ ચક્ર મારી શતધન્વાનું માથું કાપી નાખ્યું. તેના બન્ને વસ્ત્રોમા મણિ શોધ્યો પરંતુ મળ્યો નહિ ત્યારે શ્રીકૃષ્ણ પોતાના વડીલ બંધુની પાસે આવી બોલ્યા કે, 'શતધન્વાને વૃથા માર્યો! તેની પાસે મણિ નથી ' ૨૨ બળભદ્રના મનમા શંકા આવી કે, શ્રીકૃષ્ણે મણિ લઇ લીધો છે, અને મને છેતરવા ના પાડે છે! પોતાનો રોષ બહાર ન બતાવતા તેમણે શ્રીકૃષ્ણને કહ્યુ કે–'શતધન્વાએ મણિ કોઇ પુરૂષને ત્યા અનામત મૂકયો હશે, માટે તમે દ્વારકા જાઓ અને તેની શોધ કરો. હું તો મારા અતિ પ્રિય મિત્ર વિદેહ રાજાને મળવાની ઇચ્છા રાખુ છુ. પછી બળભદ્ર ત્યાથી મિથિલા ગયા. ૨૪ મૈથિલ રાજા બળદેવને આવ્યા જોઇ આસન ઉપરથી ઉભા થયા ને પ્રસન્ન થઇ વિધિ પ્રમાણે પૂજા કરી. વ્યાપક એવા બળભદ્ર કેટલાક વર્ષ તે નગરીમા રહ્યા. ત્યા જનકે ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનને રાખ્યો હતો તે યોગ્ય સમય મળવાથી બળવાન બળભદ્રની પાસેથી ગદા યુદ્ધ શીખ્યો. ૨૬ બીજી તરફ પ્રિયાનુ હિત કરનાર વ્યાપક એવા શ્રીકૃષ્ણ ભગવાને દ્વારકામા જઇ શતધન્વાને મારી નાખવાની તથા મણિ ન મળવાની વાત સર્વને કહી.૨૭ શ્રીકૃષ્ણે મરણ પામેલા સસરાની પરલોક સંબંધી ઉત્તર ક્રિયાઓ તેનાં સંબંધીઓને સાથે રાખીને કરાવી શતધન્વાને ઉશ્કેરણી કરનાર અક્રૂર તથા કૃતવર્મા શતધન્વાનો નાશ સાભળીને ભયથી પલાયન કરી ગયા. અક્રૂર દ્વારકામાથી નાશી ગયાથી પ્રજાને શરીર મન ને દેવતા સંબંધી કેટલાક સંતાપ થવા લાગ્યા. આમ કેટલાક મુનિઓ પોતે પૂર્વે કહેલું કહે છે.

શ્રીકૃષ્ણનું માહાત્મ્ય તેઓ ભૂલી જાય છે મુનિઓનો જેમા વાસ છે એવા શ્રી કૃષ્ણ ભગવાન જ્યાં આગળ હોય ત્યાં ઉત્પાતોનાં દર્શન સંભવતાજ નથી કેટલાક મુનિઓ કહે છે કે અક્રૂર દ્વારકામાથી નાશી ગયા પછી દ્વારકાના વૃદ્ધ લોકો કહેવા લાગ્યા કે, ઇંદ્ર વૃષ્ટિ કરતો ન હતો, ત્યારે કાશીના રાજાએ કાશીમાં રહેલા શ્વફલ્ક યાદવને પોતાની ગાદિની નામે પુત્રી આપી તેથી ત્યા વરસાદ થયો. ૩૨ તેના પુત્ર અક્રૂર પણ તેના જેવા જ પ્રતાપી હતા માટે તે જ્યા જ્યા હોય ત્યા ઇંદ્ર વૃષ્ટિ કરતો અને ઉત્પાતો કે અકાળ મૃત્યુ થતા નહિ ૩૩ આવુ સાભળી તથા આમા આટલુ કારણ છે એમ ન માનતા, મણિને પણ કારણ માની ભગવાને અક્રૂરને બોલાવી સત્કાર કર્યો તેમની સાથે કેટલીક વાતો કરી, સર્વના ચિત્તને જાણનાર શ્રીકૃષ્ણે મુખ મલકાવી અક્રૂરને કહ્યુ કે–હે દાનપતિ! શતધન્વાએ સ્યમંતક નામે શોભાયમાન મણિ તમારી પાસે રાખેલો છે, એ વાત પ્રથમથી અમારા જાણવામા છે, ૩૪ પરંતુ સત્રાજિત્ પુત્ર રહિત છે તેથી જલદાન તથા પિંડદાન આપીને તેનુ બાકી રહેલું ઋણ ફેડતા જે મિલકત બાકી રહે, તેના સ્વામી તેની દીકરીના દીકરાઓ ગણાય, એવો ધર્મશાસ્ત્રનો મત છે તોપણ તે મણિ તમારા વિના બીજાઓથી રાખી શકાય તેવો નથી, માટે તમારી પાસે ભલે રહ્યો કારણ કે તમે સદાચારવાળા છો. પરંતુ મણિના વિષયમા મારા મોટા ભાઈને યથાર્થ વિશ્વાસ આવતો નથી, અર્થાત્ તે મણિ મારી પાસે છે, એવી તેમને શંકા છે, માટે હે મહાભાગ્યશાળી! અમને તે મણિ દેખાડો અમે અમારા બંધુઓને શાંત કરો તમે મણિના સંબંધમાં ના કહી શકો તેમ નથી; કારણ કે હમણા સુવર્ણની વેદીવાળા તમારા યજ્ઞો અવિચ્છિન્ન ચાલુ છે ૩૯ આ પ્રમાણે સામના વચનોથી પૂછ્યું એટલે શ્વફલ્કના પુત્ર અક્રૂરે સૂર્યના જેવી કાંતિવાળો મણિ શ્રીકૃષ્ણને આપ્યો ૪૦ શ્રીકૃષ્ણે સ્યમંતક મણિ સર્વને દેખાડી, તેનાથી પોતાના કલંકને ટાળી, અક્રૂરને સોંપ્યો.૪૧ જે મનુષ્ય ઈશ્વર એવા શ્રીકૃષ્ણ ભગવાનનું પાપ હરણ કરનારૂં પરાક્રમવાળુ અને મંગળકારી આખ્યાન ભણે છે સાભળે છે અથવા સંભારે છે, તે અપયશને તથા તેના કારણરૂપ પાપને તજી શાંત થાય છે. ૪૨

> यस्त्वेतद्भगवत ईश्वरस्य विष्णो-
> र्वीर्याढ्यं वृजिनहरं सुमङ्गलं च ।
> आख्यानं पठति शृणोत्यनुस्मरेद्वा
> दुष्कीर्तिं दुरितमपोह्य याति शांतिम् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
सप्तपचाशतमोऽध्यायः

અધ્યાય ૫૮ મો.†

કાલિંદી આદિનું પાણિગ્રહણ.

શ્રીશુક उवाच.

> एकदा पांडवान् द्रष्टुं प्रतीतान् पुरुषोत्तमः ।
> इन्द्रप्रस्थं गतः श्रीमान् युयुधानादिभिर्वृतः ॥

શુકદેવજી કહે છે કે–હે રાજન! એક દિવસ પુરૂષોમા ઉત્તમ શ્રીકૃષ્ણ લાક્ષાભવનમા બળી ગયા પછી દ્રુપદ રાજાને ઘેર સર્વના જોવામા આવેલા પાંડવોને મળવા યુયુધાન વગેરે સાથે ગયા ૧ જગતના ઇશ્વર શ્રીકૃષ્ણને આવેલા જોઇ પ્રાણને આવેલો જોઈ જેમ ઇંદ્રિયો સચેત થાય તેમ પાંડવો એકાએક ઉભા થયા અને શ્રીકૃષ્ણ ભગવાને ભેટયા. પછી આલિંગનથી જેમના પાપ નાશ થયાં હતા એવા પાંડવો શ્રીકૃષ્ણનુ પ્રેમ અને મંદ હાસ્યવાળું મુખ નિહાળી આનંદ પામ્યા. ૩ શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર અને ભીમના ચરણમાં વંદન કરી અર્જુનને ભેટ્યા અને નકુલ તથા

† આ અધ્યાયમા ભગવાને કાલિંદી, મિત્રવિંદા સત્યા ભદ્રા અને લક્ષ્મણા એ પાંચ સ્ત્રીઓનુ પાણિગ્રહણ કર્યું એ કથા કહેવારા

સહદેવે શ્રીકૃષ્ણને પ્રણામ કર્યો ૪ શ્રીકૃષ્ણ ઉત્તમ આસન ઉપર બેઠા અને પરણેલા પવિત્ર ચરિત્રવાળાં દ્રૌપદી જરા શરમાતાં શરમાતા ધીરે ધીરે શ્રીકૃષ્ણને પગે પડયા.૫ પાંડવોએ સાત્યકિ યાદવની પૂજા કરી ને તેને પ્રણામ કર્યા તથા તે યાદવ પણ આસન ઉપર બેઠા. તેમ બીજાઓનો પણ પાંડવોએ સત્કાર કર્યો.૬ શ્રીકૃષ્ણે કુંતાજીની પાસે જઈ પ્રણામ કર્યા અને અતિ સ્નેહને લીધે અશ્રુ ભરેલી દૃષ્ટિથી શ્રીકૃષ્ણને ભેટયા શ્રીકૃષ્ણે ફોઇ કુંતાજીને તથા તેમના વધૂને કુશળ સમાચાર પૂછયા. કુંતાજીએ શ્રીકૃષ્ણને પોતાના ભાઇઓના કુશળ સમાચાર પૂછયા ૭ પછી પ્રેમને લીધે જેમનો કંઠ રૂંધાઈ ગયો હતો તથા જેમનાં નેત્રોમા આસુ આવી ગયા હતા એવા કુંતાજી ઘણાક કલેશોને સંભારતા જેમના દર્શનથી સર્વ કલેશોનો નાશ થાય એવા શ્રીકૃષ્ણ ભગવાનને કહેવા લાગ્યા કે—હે પ્રભો! તમે અમને સંભારીને જ્યારે મારા ભાઇને અમારી સંભાળ લેવા મોકલ્યા ત્યારે અમે કુશળ હતા, અને હમણા અમારી આ દશા છે.૯ આપ આખા વિશ્વના સ્નેહી અને આત્મા છો. આપને પોતાનુ કે પારકુ નથી, આપ સ્મરણ કરનારાઓના હૃદયમા રહી તેમના સંતાપ હરો છો. ૧૦

યુધિષ્ઠિર—હે અધિપતિ! યોગેશ્વરોને પણ જેમના દર્શન દુર્લભ છે એવા આપના અમને દર્શન થયા, તે અમે શું પુણ્ય કર્યુ હશે, યુધિષ્ઠિર રાજાએ શ્રીકૃષ્ણને ચાર મહિના રહેવા પ્રાર્થના કરી વ્યાપક શ્રીકૃષ્ણ ઈંદ્રપ્રસ્થના રહેવાસીઓના નેત્રોને આનંદ ઉપજાવતા સુખથી ત્યા રહ્યા. એક વાર અર્જુન વાનરની ધ્વજાવાળા રથમા બેસી ગાંડીવ ધનુષ તથા અક્ષય બાણથી ભરેલા બે ભાથા લઇ શ્રીકૃષ્ણની સાથે સિંહો અને મૃગોથી ભરપુર વનમાં મૃગયા કરવા ગયા. ૧૪ ત્યા બાણોથી વાઘો સૂવરો મહિષો રૂરૂઓ શરભો રોઝ ગેંડા હરણો શશલાનો સંહાર કર્યો. ૧૫ પર્વને દિવસે પશુઓને માણસો યુધિષ્ઠિર રાજા પાસે લઇ ગયા અને તૃષાથી આતુર થયેલા તથા થાકી ગયેલા અર્જુન શ્રીકૃષ્ણની સાથે યમુના નદીના તીર ઉપર પાણી પીવા ગયા. ૧૬ શ્રીકૃષ્ણે તથા અર્જુને નિર્મળ જળનુ આચમન કરી જળપાન કર્યુ. બન્નેએ મનોહર દેખાવવાળી એક કન્યાને યમુનાના તીર ઉપર ફરતા દીઠી. ૧૭ તેની તપાસ કરવા શ્રીકૃષ્ણે અર્જુનને મોકલ્યો. અર્જુને સુંદર નિતંબવાળી સારા દાંતવાળી અને સુંદર મુખવાળી, પ્રમદાની પાસે જઇ તેને પૂછયુ કે—હે સ્રી! તું કોણ છે? કોની પુત્રી છે? કયાથી આવી છે? અને શુ કરવા ધારે છે? હુ માનું છુ કે, તુ પતિની ઈચ્છાવાળી છે માટે મને સવ કહે? ૧૯

યમુના—હુ સૂર્ય દેવની પુત્રી છું તેજસ્વી અને વર આપનાર શ્રીવિષ્ણુને પતિ તરીકે ઇચ્છુ છુ અને તે માટે તપશ્ચર્યા કરૂં છું.૨૦ હે વીર પુરૂષ! હુ લક્ષ્મીના નિવાસરૂપ વિષ્ણુ વિના બીજા પતિને વરવાને ઇચ્છતી નથી. નિરાધારના આધાર ભગવાન શ્રીકૃષ્ણ મારા ઉપર પ્રસન્ન થાઓ.૨૧ મારૂ નામ કાલિન્દી છે અને મારા પિતાએ આ યમુના જળમા મને ઘર કરી આપ્યું છે તેમા હુ ભગવાનના દર્શન થતા સુધી રહેનાર છુ. ૨૨

શુકદેવજી કહે છે કે—અર્જુને શ્રીકૃષ્ણને તે વાત કહી એટલે સર્વ જાણનાર ભગવાન તેને રથમા બેસાડી ધર્મરાજાની પાસે ગયા. ૨૩ ત્યા પાંડવોએ શ્રીકૃષ્ણની પાસે પોતાનું નગર સુંદર બનાવવા માટે પ્રાર્થના કરી. શ્રીકૃષ્ણે વિશ્વકર્મા પાસે નગરને અલૌકિક કરાવી આપ્યું. ૨૪ ભગવાન પાંડવોનું હિત કરવાની ઇચ્છાથી ત્યા રહેતા હતા ત્યારે અગ્નિને ભક્ષણમા ખાંડવ વન આપવા અર્જુનના સારથિ થયા. ૨૫ અગ્નિએ પ્રસન્ન થઇ અર્જુનને ધનુષ બાણ શ્વેત અશ્વ રથ અક્ષય

ગાથા તથા અસ્ત્રધારીઓથી ભેદી શકાય નહિ તેવું સુંદર કવચ આપ્યું ૨૬ અગ્નિની જ્વાળામાથી મય દાનવને મુક્ત કર્યો અને પોતાના મિત્ર અર્જુનને સભા આપી, કે જે સભામાં દુર્યોધનને જળમા સ્થળની તથા સ્થળમાં જળની ભ્રાંતિ થઇ હતી. સર્વ વ્યવસ્થા કર્યા પછી યુધિષ્ઠિરે જેમને જવાની રજા આપી હતી તથા સબંધીઓએ જેમને અનુમોદન આપ્યુ હતું એવા શ્રીકૃષ્ણ સાત્યકિ વગેરે યાદવો સાથે દ્વારકામા આવ્યા ૨૮ શ્રીકૃષ્ણ સંબંધીઓને પરમ આનંદ આપતા તેઓનુ પરમ મંગળ કરતા ઉત્તમ ઋતુમાં તથા ઉત્તમ નક્ષત્રમા કાલિન્દીને પરણ્યા. ૨૯ અવંતીના રાજા વિંદ અને અનુવિંદ દુર્યોધનને આધીન અને અનુકૂલ રહેતા. તેમણે પોતાની બેન મિત્રવિંદા સ્વયંવરમાં શ્રીકૃષ્ણને પરણુતા અટકાવી હતી ૩૦ શ્રીકૃષ્ણે પોતાની ફોઈ રાજાધિદેવીની પુત્રી મિત્રવિન્દાનું સર્વ રાજાઓના દેખતા બલાત્કારથી હરણ કર્યું ૩૧ કોશલ દેશનો રાજા નગ્નજિત ઘણો ધાર્મિક હતો. તેને સત્યા નામે એક કન્યા હતી. તે કન્યાનું નામ નાગ્નજિતી હતું. રાજાઓ તીક્ષ્ણ શિંગડાવાળા પકડી શકાય નહિ એવા વીર પુરૂષોની ગંધ સહન ન કરનાર અને ઉગ્ર સ્વભાવના સાત સાંઢ જીત્યા વિના નાગ્નજિતી નામે કન્યાને પરણી શકતા ન હતા. ૩૩ સાત્વત કુળના પતિ ભગવાન શ્રીકૃષ્ણ સાંઢને જીતનારાથી મેળવી શકાય એવી કન્યાને પરણવા મોટી સેના લઇને કૌશલપુર ગયા શ્રીકૃષ્ણને જોઇ રાજા પ્રસન્ન થયો ને તેણે ઉભા થઇ આસન આપી સર્વ પૂજનના પદાર્થોથી પૂજા કરી. શ્રીકૃષ્ણે તેનો સામો સત્કાર કર્યો. ૩૫ રાજકન્યા પોતાને મનગમતા વર શ્રીકૃષ્ણને આવ્યા જોઇ તેમની ઉપર આસક્ત થઇને કહેવા લાગી કે, મેં ઘણાં વ્રતો કરીને જો ભગવાનનું ધ્યાન કર્યું હોય તો આ પતિ મળજો અને મારા સઘળા મનોરથોને સફળ કરજો. ૩૬ લક્ષ્મી બ્રહ્મા શંકર અને લોકપાલો જેમનાં ચરણારવિંદની રજને પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે તથા જે પોતે ધર્મની મર્યાદાનું રક્ષણ કરવા સમય ઉપર લીલાવડે અવતારો ધારણ કરે છે, તે ભગવાન મારી ઉપર પ્રસન્ન થાઓ રાજાએ ભગવાનની પૂજા કર્યા પછી કહ્યું કે, હે નારાયણ! તમે આત્માના આનંદથી પરિપૂર્ણ છો તેમનું હું શું પ્રિય કરૂં ? ૩૮

શુકદેવજી કહે છે કે-હે કુરૂનંદન! પ્રસન્ન થયેલા ભગવાને આસનનો સ્વીકાર કરી મંદ હસીને ગંભીર વાણીથી કહ્યું કે-હે રાજન! ધર્મમા વર્તનારો ક્ષત્રિય બીજાની આગળ યાચના કરે તે યોગ્ય નથી તોપણ હુ તમારી સાથે સબંધ બાધવાની ઈચ્છાથી તમારી કન્યાની યાચના કરૂં છું અમે કંઇ કન્યાનુ મૂલ્ય આપનાર નથી ૪૦ રાજાએ કહ્યું કે, અમે તમારા કરતાં બીજો કયો વર ધારી રાખ્યો હોય ? કારણ કે ગુણના નિવાસ રૂપ આપમા લક્ષ્મીજી નિરંતર વાસ કરેછે. હે સાત્વતોત્તમ! અમે પુરૂષોના પરાક્રમોની પરીક્ષા માટે એક ઠરાવ કર્યો છે. ૪૨ તે એ છે કે આ સાત બળદ વગર કેળવાયેલા છે, તેમને જે નાથે તેને કન્યા આપવી. આ બળદોએ ઘણાક રાજકુમારોના ગાત્ર ભાગી નાંખ્યા છે અને તેથી તેઓ નાસી ગયા છે. ૪૩ હે યદુનંદન! તમે જો બળદોને નાથો તો હુ મારી પુત્રી તમને પરણવું. ૪૪

શુકદેવજી કહે છે કે-શ્રીકૃષ્ણે કચ્છ વાળી પોતાના સાત સ્વરૂપ કરી બળદોને રમત માત્રમા પકડી લીધા ૪૫ જેઓનો ગર્વ તથા શક્તિ નાશ પામ્યાં હતાં એવા બળદોને નાથી બાળક જેમ લાકડાના બળદોને ખેંચે તેમ શ્રીકૃષ્ણ રમત માત્રમાં તેમને ખેંચવા લાગ્યા. નગ્નજિત રાજા આશ્ચર્ય પામ્યો ને તેણે પ્રસન્ન થઇ પોતાની પુત્રી શ્રીકૃષ્ણને પરણાવી.

ભગવાને પોતાને યોગ્ય એવી તે સ્ત્રી સાથે શાસ્ત્રવિધિથી લગ્ન કર્યું ૪૭ રાજાની રાણી પોતાની પુત્રીને યોગ્ય પતિ શ્રીકૃષ્ણ મળ્યા તેથી પરમ આનંદ પામી અને નગરમા મહોત્સવ થઈ રહ્યો. શંખ ભેરી આનકો આદિ વાગવા લાગ્યા, ગાયનો ગવાવા માંડયા બ્રાહ્મણોના આશીર્વાદો અપાવા લાગ્યા સ્ત્રી પુરૂષો સારાં વસ્ત્રો તથા પુષ્પોની માળાઓ પહેરી આનંદમા ફરવા લાગ્યા નગ્નજિત રાજાએ કન્યાને પહેરામણીમા દશ હજાર ગાયો સારા વસ્ત્રવાળી ત્રણ હજાર દાસીઓ નવ હજાર હાથીઓ હાથીઓ કરતાં સો ગણા રથો રથોના કરતા સોગણા ઘોડાઓ અને ઘોડાઓના કરતા સો ગણા સેવકો આપ્યા વાત્સલ્યથી જેનું હૃદય ગદગદ હતું એવા નગ્નજિત રાજાએ પુત્રી અને જમાઈ બન્નેને રથમાં બેસાડી મોટી સેના સાથે દ્વારકા તરફ વળાવ્યા ૫૨ તે વાત સાભળીને યાદવોએ તથા બળદોએ પ્રથમથી જેમનુ બળ ભાગી નાંખ્યું હતું એવા ઇર્ષ્યાળુ રાજાઓએ કન્યાને લઈ રસ્તામા ચાલ્યા જતા શ્રીકૃષ્ણને રોકયા ૫૩ તેઓ બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા એટલે શ્રીકૃષ્ણનું હિત કરનાર અર્જુને સિંહ જેમ નાના મૃગોનો નાશ કરે તેમ ગાંડીવ ધનુષથી તેમનો નાશ કર્યો. ૫૪ યાદવોમા શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ પહેરામણી લઇ સત્યાની સાથે દ્વારકા જઇ આનંદમા રહેવા લાગ્યા. ૫૫ ફોઇની પુત્રી કેકય દેશમા જન્મેલી અને સંતર્દન વગેરે ભાઇઓએ આપેલી ભદ્રા નામની કન્યાને તે બાદ પરણ્યા. ગરૂડ જેમ અમૃતને હરી લાવ્યા હતા, તેમ ભગવાન શ્રીકૃષ્ણ એકલા ભદ્ર દેશના રાજાની ઉત્તમ લક્ષણોવાળી પુત્રી લક્ષ્મણાને સ્વયંવરમાથી હરી લાવ્યા આવી રીતે બીજી હજારો રાણીઓ શ્રીકૃષ્ણને થઇ.જે રૂપવતી રાણીઓને શ્રીકૃષ્ણ નરકાસુરને મારીને તેના કેદખાના માંથી છોડાવી લાવ્યા હતા. ૫૮

अन्याश्चैवंविधा भार्याः कृष्णस्यासन् सहस्रशः। भौमं हत्वा तन्निरोधादाहृताश्चारुदर्शनाः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे अष्टपंचाशत्तमोऽध्यायः

અધ્યાય ૫૯ મો.‡

નરકાસુર હનન.

राजोवाच

यथा हतो भगवता भौमो येन च ताः स्त्रियः निरुद्धा एतदाचक्ष्व विक्रमं शार्ङ्गधन्वनः १

પરીક્ષિતે પૂછ્યુ કે–આઓને કેદ કરનાર નરકાસુરને ભગવાન શ્રીકૃષ્ણે શા કારણથી માર્યો ? તથા ભગવાનનુ પરાક્રમ કેવું હતું તે કથા કહો ? ૧

શુકદેવજી બોલ્યા કે–ઇંદ્રનુ છત્ર દેવમાતા અદિતિના કુંડલો તથા મેરુપર્વત ઉપર આવેલુ ઇન્દ્રનુ મણિગિરિ નામે સ્થાન નરકાસુર લઈ ગયો હતો તેથી ઇન્દ્રે સત્યભામાને ઘેર જઈ નરકાસુરના સર્વ અપરાધો ભગવાનને કહ્યા સત્યભામા સાથે ગરૂડ ઉપર બેસી તે નરકાસુરના પ્રાગ્જ્યોતિષ નગરમા ગયા. ૨ પર્વતના તથા શસ્ત્રના કિલ્લાઓથી તથા આસપાસ આવી રહેલા પાણી અગ્નિ તથા પવનથી ત્યા જઈ શકાતુ ન હતું, મુર દૈત્યની ભયંકર જાળથી નગર રક્ષાએલું હતુ. ૩ ભગવાને ત્યા જઈ ગદાથી પર્વતના કિલ્લા ફોડયા, અને બાણોથી હથિઆરોના કિલ્લાઓને ચક્રથી અગ્નિ પાણી તથા વાયુને તરવારથી પાશાને શંખના નાદથી યંત્રોને અને વીર પુરુષોનાં હૃદયોને તથા ગદાથી મુખ્ય કિલ્લાને તોડી પાડયો. પ્રલય સમયે થતા વજ્રના કડાકા જેવો શંખનો ભયંકર શબ્દ સાભળી પાંચ માથાવાળો મુર નગરની આસપાસ આવેલી ખાઇના પાણીમાં સૂતો હતો તે જાગી ઉઠયો ૬ મહાભયંકર દૃષ્ટિ

‡ આ અધ્યાયમા શ્રીકૃષ્ણ નરકાસુરનો વધ કરી, હરી લાવેલી હજારો કન્યાઓની સાથે પરણ્યા તથા સ્વર્ગમાથી પારિજાતક લાઇ લાવ્યા એ કથા કહેવાશે

કરનાર ભયંકર મુર દૈત્યે પ્રલય સમયના સૂર્ય જેવા તેજસ્વી ત્રિશૂલને ઉગામી જાણે પાંચે મુખોથી ત્રણે લોકને ગળી જતો હોય તેમ મુખો ફાડી સર્પ જેમ ગરૂડની તરફ દોડે તેમ શ્રીકૃષ્ણની તરફ દોડયો ૭ તેણે જોરથી ત્રિશૂલને ફેરવી ગરૂડના ઉપર નાખ્યુ અને પાચ મુખોથી મોટી ગર્જના કરી તેના મોટા નાદે સ્વર્ગ પૃથિવી દિશાઓ અને આકાશ ધમધમ્યા.શ્રીકૃષ્ણે ગરૂડ ઉપર આવતા ત્રિશૂલના બે બાણો મારીને ત્રણ કડકા કરી નાખ્યા અને તે દૈત્યના મોઢાં ઉપર બાણો માર્યા, દૈત્યે ક્રોધ કરી શ્રીકૃષ્ણ ઉપર ગદા ફેંકી. ૯ ગદા પોતાની ઉપર આવતી હતી એટલામાં શ્રીકૃષ્ણે સામી ગદા મારી તેની ગદાના કકડા કરી નાખ્યા મુર દૈત્ય હાથ ઉંચા કરી શ્રીકૃષ્ણની સામે દોડયો એટલે શ્રીકૃષ્ણે ચક્રથી રમત માત્રમા તેના પાંચ માથા કાપી નાખ્યા. દૈત્ય પ્રાણરહિત થઇ ઇન્દ્રના વજ્રવડે કપાયેલાં શિખરોવાળા પર્વતની માફક નીચે ટુટી પડયો મુરના મરણ પછી પિતાના મૃત્યુથી દુઃખી તેના પુત્રો પિતાનું વેર વાળવા તૈયાર થયા. ૧૧ તામ્ર અંતરિક્ષ શ્રવણ વિભાવસુ વસુ નભસ્વાન્ તથા અરુણ નરકાસુરની પ્રેરણાથી સેનાપતિને આગળ કરી લઢવા નીકળ્યા. ૧૨ ક્રોધને લીધે ભયંકર દૈત્યો યુદ્ધભૂમિ ઉપર આવી ભગવાન ઉપર બાણ તરવાર ગદા સાંગ ઋષ્ટિ તથા ત્રિશૂલનો મારો ચલાવવા લાગ્યા. અમોઘ પરાક્રમવાળા ભગવાને બાણો મારી દૈત્યોના શસ્ત્રોના કડકા કરી નાખ્યા, ૧૩ પીઠ પ્રમુખ દૈત્યોના માથા સાથળ, હાથ પગ તથા કવચો કાપી તેમને યમલોકમા રવાના કરી દીધા. પૃથ્વીપુત્ર નરકાસુર સેનાપતિઓને ભગવાનના ચક્ર તથા બાણોથી નાશ પામેલા જોઇ ક્રોધાવેશમાં આવી ગયો સમુદ્રમાથી ઉત્પન્ન થયેલા મદ ઝરતા હાથીઓની સેના સાથે નગરમાંથી બહાર નીકળી જોયું તો સૂર્યના ઉપર વિજળી સાથે જેમ મેઘ બેઠો હોય તેમ ગરૂડ ઉપર સત્યભામા સાથે બેઠેલા શ્રીકૃષ્ણને દીઠા. તેણે શતઘ્ની નામે શસ્ત્ર તેમની ઉપર ફેંકયુ. બીજા સર્વ યોદ્ધાઓ એકેક વખતે શ્રીકૃષ્ણને શસ્ત્રોથી મારવા લાગ્યા. ૧૫ ભગવાન પીછાંવાળા બાણોથી ભોમાસુરના સૈન્યના હાથ પગ તથા શરીર કાપવા લાગ્યા. હાથી તથા ઘોડાઓનો સંહાર થઇ ગયો. ૧૬ યોદ્ધાઓએ જે શસ્ત્રાસ્ત્રો ફેંકયા હતાં તે એકેકના શ્રીકૃષ્ણે ત્રણ ત્રણ તીક્ષ્ણ બાણોથી કડકા કરી નાંખ્યા. પાંખોથી હાથીઓનો સંહાર કરતા ગરૂડ ઉપર તે બેઠા હતા. ચાંચથી પાંખોથી અને નખોથી મારવા માંડેલા હાથીઓ ત્રાસથી દૈત્યના નગરમાં પેસી ગયા અને એકલા નરકાસુરે યુદ્ધ કરવા માંડયું. નરકાસુર ગરૂડે દુઃખી કરેલા પોતાના સૈન્યને નાસતું જોઇ જેમણે વજ્ર અટકાવી રાખ્યું હતું એવી શક્તિ ગરુડને મારી શક્તિનો માર પડયા છતા ગરુડ બાણ વાગવાથી જેમ હાથી કંપે નહિ તેમ કંપ્યો નહિ, એટલે નરકાસુરે શ્રીકૃષ્ણને મારવા ત્રિશૂળ લીધુ, પરંતુ તેનો ઉદ્યમ વ્યર્થ ગયો કારણ કે તેણે ત્રિશૂળ માર્યા પહેલાજ શ્રીકૃષ્ણે અસ્રાની ધાર જેવું તીક્ષ્ણ ચક્ર મારી હાથીના ઉપર બેઠેલા તેનુ માથું કાપી નાંખ્યું ૨૧ કર્ણપત્ર તથા મનોહર મુગટવાળુ પૃથ્વી ઉપર પડેલુ માથું પ્રકાશતુ હતુ દૈત્યો હાહાકાર કરવા મંડયા અને ઋષિઓ તથા દેવતાઓ બહુ રૂડું થયું એમ કહી શ્રીકૃષ્ણ ઉપર પુષ્પની વૃષ્ટિ કરતા સ્તુતિ કરવા લાગ્યા. ૨૨ પૃથ્વીદેવીએ શ્રીકૃષ્ણની પાસે જઇ તપાવેલા સુવર્ણમાં જડેલા ચળકતા રત્નવાળાં બે કુંડળો વૈજયંતી માળા સાથે વનમાળા વરૂણનું છત્ર તથા મણિ ભગવાનને અર્પણ કર્યા. ૨૩ હે રાજન! પૃથ્વીએ બે હાથ જોડી પ્રણામ કરી ભક્તિમાં બુદ્ધિ રાખી દેવોએ પૂજેલા શ્રીવિશ્વપતિ

ભગવાનની સ્તુતિ કરવા માંડી ૨૪

પૃથ્વી-હે દેવના દેવ ! હે ઈશ્વર ! હું આપને નમસ્કાર કરૂં છું. હે પરમાત્મા ! ભકતોની ઇચ્છા પ્રમાણે અવતાર ધારણ કરનાર આપને મારા નમસ્કાર છે જેમની નાભીમા કમળ છે એવા અને કમળની માળા ધારણ કરનાર આપને નમસ્કાર છે. કમળ જેવા નેત્રવાળા કમળ જેવા ચરણવાળા ભગવાન વાસુદેવ અને વિષ્ણુરૂપ પુરુષરૂપ આદિ બીજરૂપ તથા પૂર્ણ જ્ઞાનરૂપ આપને મારા નમસ્કાર છે ૨૭ અજન્મા જગતને ઉત્પન્ન કરનાર પરબ્રહ્મ અને અનંત શક્તિ વાળા હે કાર્ય તથા કારણના આત્મા ! તમને મારા નમસ્કાર છે ૨૮ હે પ્રભુ ! તમે જ્યારે જગતને સરજવાની ઇચ્છા કરો છો ત્યારે વૃદ્ધિ પામેલા રજોગુણને ધારણ કરો છો, જ્યારે જગતનો નાશ કરવાની ઇચ્છા કરો છો, ત્યારે ભયંકર તમોગુણને ધારણ કરોછો હે જગત્પતિ ! કાલ પ્રધાન તથા પુરુષ એવા તમારા બે રૂપ છે, પરંતુ તમે તેનાથી પણ પર છો. હું પાણી તેજ પવન આકાશ શબ્દ દિક પાંચ તન્માત્રાઓ દેવતાઓ મન ઇન્દ્રિયો અહંકાર મહત્તત્ત્વ એમ સર્વ સ્થાવર જંગમ જગત્ આપ પરમાત્મામા છે,અર્થાત્ આપના સ્વરૂપ વિના બીજુ સવ મિથ્યા છે ૩૦ નરકાસુરનો પુત્ર ભગદત્ત તમારાથી ડરે છે, તેને હું તમારાં ચરણારવિંદની પાસે લાવી છુ માટે આપ તેનુ રક્ષણ કરો અને સર્વ પાપનો નાશ કરનારો તમારો હાથ તેના મસ્તક ઉપર મૂકો. ૩૧

શુકદેવજી કહે છે કે-પૃથિવીએ આ રીતે ભગવાનની સ્તુતિ કર્યા પછી ભગવાન તેને અભય વચન આપી સર્વ સંપત્તિઓથી ભરેલા નરકાસુરના ઘરમા ગયા. ૩૨ ત્યા ભૌમાસુરે રાજાઓને હરાવી આણેલી સોળ હજાર અને એકસો કન્યા ભગવાને દીઠી. ૩૩ મનુષ્યોમા વીર એવા શ્રીકૃષ્ણને જોઇ સ્ત્રીઓ મોહિત થઇ. દૈવે મેળવી આપેલા મનગમતા પતિને વરી. ૩૪ આ શ્રીકૃષ્ણ મારા પતિ થાઓ દૈવ અમને અનુકૂળ થાઓ. એમ સર્વ કન્યાઓએ ભાવથી શ્રીકૃષ્ણમાં મન આરોપ્યું. પછી સુંદર તથા સ્વચ્છ વસ્ત્રવાળી સ્ત્રીઓને પાલખીઓમા બેસાડી દ્વારકા મોકલી દીધી. ભંડારો રથ ઘોડા અને ઘણું ધન લીધું. ઐરાવતના કુળમાં ઉત્પન્ન થયેલા ચાર દાંત વાળા વેગવાળા અને ધોળા ચોસઠ હાથીઓ શ્રીકૃષ્ણે દ્વારકા મોકલાવ્યા ૩૭ સત્યભામા સાથે ઇંદ્રને ત્યા જઇ અદિતિને કુંડળો અપાવ્યા, ઇન્દ્રે ઇંદ્રાણી સાથે શ્રીકૃષ્ણ અને સત્યભામાની પૂજા કરી. ૩૮ સત્યભામાની પ્રેરણાથી પારિજાતકને ગરૂડ ઉપર મૂકી ઇંદ્ર સહિત સવ દેવતાઓને જીતી શ્રીકૃષ્ણ તે દ્વારકા લઈ આવ્યા. ૩૯ સત્યભામાના ઉપવનમા પારિજાતક રોપ્યું તેની સુગંધમાં તથા રસમા મગ્ન થયેલા ભ્રમરો સ્વર્ગમાથી તેની પાછળ આવ્યા. ૪૦ ઇન્દ્રે પોતાના મુગટની અણીઓથી શ્રીકૃષ્ણના ચરણનો સ્પર્શ કરી કાર્ય સાધવા પ્રણામ કરી પ્રાર્થના કરી હતી અને તે કાર્ય સિદ્ધ થયા પછી વિરોધ કર્યો હતો. દેવતાઓને ઘણો ક્રોધ હોય છે ! ધિક્કાર છે ધનવંતપણાને. ૪૧ પછી ભગવાન જેટલી સ્ત્રીઓ હતી તેટલાં રૂપ ધારણ કરી જુદા જુદા ઘરોમાં શાસ્ત્ર વિધિથી એક મુહૂર્તમા તમને પરણ્યા. ૪૨ અતર્ક્ય કર્મ કરનાર શ્રીકૃષ્ણ જેમની સમાન તેમ અધિક કોઇ પણ ઘર ન હતાં એવા તેમના ઘરોમા રહી સ્વસ્વરૂપાનંદમા પરિપૂર્ણ હોવા છતા પ્રાકૃત મનુષ્યની પેઠે ગૃહસ્થાશ્રમના ધર્મો પાળતા લક્ષ્મીના અંશરૂપ તેમની સાથે વિહાર કરવા લાગ્યા. બ્રહ્માદિક દેવતાઓ જેમના માર્ગને જાણતા નથી એવા લક્ષ્મીપતિને પોતાના પતિ તરીકે પ્રાપ્ત કરી નિત્ય વૃદ્ધિ પામતા આનંદવડે સ્ત્રીઓ ભગવાનની સેવા કરવા લાગી. ૪૪ ભગવાનની

પ્રત્યેક સ્ત્રીઓ પાસે સેંકડો દાસીઓ હતી, તોપણ ઉભાં થઈને સામું જવું આસન આપવું ઉત્તમ પ્રકારનું પૂજન કરવું પગ ધોવા પાનનો બીડી આપવી પગ ચાંપવા પંખાનો પવન નાખવો ચંદન વગેરે આપવા પુષ્પો આપવાં વાળ ઓળવા નવરાવવા જમાડવા વગેરે સેવાઓ અને દાસ્ય કરતી હતી ૪૫

प्रत्युद्गमासनवरार्हणपादशौच
तांबूलविश्रमणवीजनगंधमाल्यैः ।
केशप्रसारशयनस्नपनोपहार्यैर्दासीशता
अपि विभोर्विदधु स्म दास्यम् ।।४५।।

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
एकोनशष्टीतमोऽध्याय.

અધ્યાય ૬૦ મો.‡

રુકિમણીનું રૂશણુ.

श्रीशुक उवाच

कर्हिचित्सुखमासीन स्वतल्पस्थ जगद्गुरुम्
पतिं पर्यचरद्भैष्मी व्यजनेन सखीजनैः ॥ १ ॥

શુકદેવજી કહે છે કે—એકવાર સખીઓ સાથે રુકિમણી પર્યંક ઉપર બેઠેલા જગદ્ગુરૂ શ્રીકૃષ્ણને વ્યજન કરતાં હતા તેવામા ભગવાન પોતાની લીલાથી આ જગતને સર્જે છે પાળે છે અને સંહારે છે, તે ઈશ્વર પોતાની ધર્મમર્યાદાનુ રક્ષણ કરવા યાદવોમા અવતર્યા છે ૨ રુકિમણીનુ વિલાસભવન જેમાં શોભાયમાન મોતીની માળાઓ લટકતી હતી એવી છતોવાળા મણિઓરૂપી દીવાઓથી શોભી રહેલા માલતીની માળાઓની અને પુષ્પોની સુગંધ લેવા માટે આવેલા ભમરાઓના ગુંજારવથી ગાજતા જાળીઓમાંથી અંદર આવેલા ચંદ્રનાં ઉજ્જવલ કિરણોથી શોભતા ઉપવનોમાં વાવેલાં પારિજાતકના પુષ્પથી સુગંધીદાર પવનોથી અને જાળીઓનાં છિદ્રમાંથી અંદર આવેલા અગરૂના ધૂપોથી મઘમઘી રહેલા વિલાસભવનમાં પલંગ ઉપર દૂધના ફીણ જેવા ધોળા અને ઉત્તમ એવા ગાદલા ઉપર આનંદથી પોઢેલા જગતના ઈશ્વર પોતાના પતિ શ્રીકૃષ્ણની સેવા કરતા હતાં. સખીના હાથમાંથી રત્નની દાંડીવાળો પંખો લઈ ભગવાનને પવન ઢોળતા હતાં ૭ મણિનાં વલયના ઝમકારા કરતા રુકિમણીના હાથ આગળીઓ વિંટીઓ કડાં આદિ આભરણો મનોહર લાગતાં હતાં ૮ લીલાવડે અવતાર ધારણ કરનાર શ્રીકૃષ્ણને યોગ્ય જેમને શ્રીકૃષ્ણ વિના બીજો આશ્રય ન હતો તથા કેશકુંડળથી ચારે દિશાઓમા શોભાયમાન એવા જેમના મુખમાં મંદ હાસ્યરૂપી અમૃત હતું એવા મૂર્તિમાન્ લક્ષ્મીરૂપ રુકિમણીને જોઈ શ્રીકૃષ્ણ પ્રસન્ન થઈ મંદ મંદ હસતા તેમને કહેવા લાગ્યા કે—હે રાજપુત્રી! લોકપાળોના જેવા વૈભવવાળા મોટા પ્રભાવવાળા રૂપ ઉદારતા અને બળથી વૃદ્ધિ પામેલા શ્રીમન્ત રાજાઓ તમને ઇચ્છતા હતા, ૧૦ તમારા ભાઈએ તથા પિતાએ તમને એવા મોટા રાજાને દીધા હતાં છતાં તમે કામથી મદોન્મત્ત થઈ ગયેલા શિશુપાળ વગેરે અર્થીઓ આવ્યા હતા તેઓને મૂકી અમે જે તમારા સમાન નથી તેમને તમે કેમ પરણ્યાં? અમે ઘણું કરીને જરાસંધ વગેરે રાજાઓથી ડરી સમુદ્રને શરણે આવેલા છીએ. બળવાનોની સાથે વૈર કરનાર છીએ અને રાજ્યાસન રહિત છીએ, તેઓને તમે કેમ પરણ્યા? જેમની રીતભાત જાણવામાં આવેલી નથી એવા તથા લૌકિક માર્ગથી વિરૂદ્ધ માર્ગે જનાર પુરુષોને પાલે પડેલી સ્ત્રીઓ ઘણું કરી દુ:ખી થાય છે ૧૩ અમે નિષ્કિંચન છીએ નિરંતર તેવા જ મનુષ્યને પ્રિય છીએ માટે ધનાઢ્ય પુરુષો અમને સેવતા નથી. જેમનાં ધન જન્મ ઐશ્વર્ય જાતિ તથા ભવિષ્યકાલની સ્થિતિ સમાન હોય તેમનો વિવાહ અને

‡ આ અધ્યાયમા ભગવાને પ્રેમકલહમા હાસ્યના વચનો કહીને રુકિમણીને ખિન્ન કરી એ કથા કહેવામાં આવશે

મૈત્રી યોગ્ય ગણાય છે. ઉત્તમ અને મધ્યમનો વિવાહ કે મૈત્રી કોઈપણ દિવસ યોગ્ય ગણાતા નથી ૧૫ હે વૈદર્ભિ ! તમે વૃથા વખાણેલા ગુણો વિનાના જે અમે તેઓને કેમ પરણ્યા ? તમે પોતાને યોગ્ય કોઇ ઉત્તમ ક્ષત્રિયને પરણો, કે જેને લીધે તમે આલોકના તથા પરલોકના સુખ પામો. ૧૭ શિશુપાલ શાલ્વ જરાસંધ તથા દંતવક્ત્ર વગેરે રાજાઓ ને તમારો મોટો ભાઇ રુક્મી મારો દ્વેષ કરે છે. ૧૮ બળના મદથી આંધળા બની ગયેલા અભિમાની લોકોનો મદ ઉતારવા હે કલ્યાણિ ! તે દુષ્ટોના મદનો નાશ કરીને હું તમને હરી લાવ્યો.૧૯ અમે ઉદાસીન છીએ સ્ત્રી સંતાન અથવા ધનની ઇચ્છાવાળા નથી અમે દેહ અને ઘરની ઇચ્છારહિત છીએ, માટે દિવા વગેરેની પેઠે માત્ર સાક્ષીરૂપે રહેલા છીએ અને ક્રિયા કરતા નથી પણ સ્વસ્વરૂપના લાભથી પરિપૂર્ણ રહીએ છીએ ૨૦

શુકદેવજી કહે છે કે–હે રાજન ! ભગવાન પોતાથી જુદા ન પડતા પોતાની પાસે રહેતા હતા તેથી રુકિમણી ‘ શ્રીકૃષ્ણને હું જ બહુ પ્રિય છું ’ એવું માનતા હતા; તેમનો ગર્વ ઉતારવા ઉપર પ્રમાણે કહીને શ્રીકૃષ્ણ માન રહ્યા.ત્રણ લોકના સ્વામી અને પોતાને પ્રિય ભગવાનનું કદી સાંભળેલું નહિ એવું અપ્રિય વચન સાંભળી રુકિમણી કંપ્યા અને રડતા રડતા અપાર ચિંતા કરવા લાગ્યા ૨૨ નખની રાતી કાંતિથી રાતા થયેલા કોમળ ચરણના નખવડે પૃથ્વી ખોતરવા લાગ્યા, દુઃખને લીધે બોલી પણ ન શકવાથી નીચુ મુખ કરીને બેસી રહ્યા. ૨૩ ભગવાનના અપ્રિય વચન સાંભળવાથી દુઃખ ભય અને શોકને લીધે બુદ્ધિહીન થયેલાં રુકિમણીના હાથમાંથી વ્યંજન પડી ગયો. કંકણો સરી પડયા અને વાયુથી હણાયેલી કેળ જેમ જમીન ઉપર ઢળી પડે તેમ રુકિમણીનો દેહ છૂટે કેશે એકાએક મૂર્છિત થઇ જમીન ઉપર ઢળી પડયો. ૨૪ હાસ્યની ગંભીરતાથી અજાણ્યાં રુકિમણીના પ્રેમબંધનને જોઇ દયાળુ એવા શ્રીકૃષ્ણ ભગવાને દયા કરી. ૨૫ પલંગ ઉપરથી ઝટ નીચે ઉતરીને ઉઠાડવું આલિંગન કરવું વગેરે ચાર ક્રિયા માટે ચાર ભુજાવાળા ભગવાન શ્રીકૃષ્ણે રુકિમણીને ઉઠાડી તેમના કેશ સમા કર્યા હાથથી તેમનું મુખ લુંછવા મંડયું ૨૬ હે રાજન ! આંસુથી ભીના નેત્રને લુછી પોતાનો આશ્રય કરનાર રુકિમણીને આશ્વાસન આપી ઉપહાસની ગંભીરતા ન જાણનારા તથા ઉપહાસને યોગ્ય નહિ એવા તથા મશ્કરીની ગંભીરતાથી જેમનું ચિત્ત ભમતું હતું એવા રુકિમણીને શાંત કર્યા હે રુકિમણી ! તમારે મારા ઉપર રીસ ચઢાવવી નહિ. તમે મારો આશ્રય કર્યો છે એ વાત હું જાણું છું, છતા તમારા વચન સાંભળવાની ઇચ્છાથી મે મશ્કરી કરી હતી. પ્રેમના આવેશથી ફરકતા હોઠવાળું અને મનોહર દેખાતી ભમરોવાળું તમારૂં મુખ જોવા મે ઉપહાસ કર્યું હતું પ્રિયાની સાથે ઉપહાસના વચનોથી ગાળવામાં આવતો કાળજ ગૃહસ્થોને મોટા લાભરૂપ ગણાય છે.

શુકદેવજી કહે છે કે–હે રાજન ! ભગવાને શાંત પાડેલા રુકિમણીએ ઉપહાસના વચનો જાણીને પતિ પોતાનો ત્યાગ કરશે એવો ભય છોડી દીધો, ૩૨ લજ્જા સાથે હસવાથી તથા મનોહર સ્નેહ ભરેલાં કટાક્ષોથી ભગવાનના મુખને જોતા રુકિમણી પુરૂષોમાં ઉત્તમ એવા શ્રીકૃષ્ણને કહેવા લાગ્યાં કે–તમે કહ્યુ કે ‘ અમને અસમાનોને તમે શા માટે પરણ્યાં એ વાત ખરી છે હું આપ વ્યાપક ભગવાનના સમાન નથી કારણ કે, પોતાનાં સ્વસ્વરૂપાનંદમાં જ મગ્ન રહેનાર અને બ્રહ્માદિક દેવતાઓના અધિપતિ એવા આપ કયાં ? અને અજ્ઞાનીઓ જેમના ચરણનું સેવન કરે છે એવી ગુણમય પ્રકૃતિરૂપ હું કયાં ? ૩૪ આપે કહ્યુ કે, અમે રાજાઓના

ભયથી સમુદ્રને શરણે ગયેલા છીએ. તે વાત ખોટી નથી, કારણ કે શબ્દાદિક વિષયોરૂપી રાજાઓના ભયથી જાણે સમુદ્રની પેઠે વિષયોથી ક્ષોભ ન પામનાર હૃદયમા તમે ચૈતન્યઘન આત્મારૂપે નિશ્ચયપણાથી પ્રકાશો છો અમે બળવાનોની સાથે દ્વેષ કર્યો છે તે પણ સત્ય છે કારણ કે તમે દુષ્ટ ઇન્દ્રિયોના શત્રુ છો અમે રાજ્યાસનનો ત્યાગ કરનાર છીએ, કારણ કે, અજ્ઞાનથી ભરપુર રાજ્યાસનનો સેવકોએ ત્યાગ કરેલો છે ત્યારે તમે ત્યાગ કરો તેમા શું ? ૩૫ અમે અજાણી રીતભાતવાળા છીએ તે પણ ખરૂં કારણ કે આપના ચરણકમલના રસને સેવનાર મુનિઓની રીતભાત મનુષ્યાકારમા રહેલા પશુઓથી જાણી શકાતી નથી, અમારો માર્ગ લોકના માર્ગથી વિરૂદ્ધ છે, એ પણ ખરૂ કારણ કે તમને અનુસરનારાઓનો માર્ગ લોકમાર્ગથી વિલક્ષણ છે ! વળી તમે કહ્યુ કે, અમે નિષ્કિંચન છીએ, તે પણ ખરૂ કારણ કે આપના વિના જગતમા બીજુ કંઇ નથી, માટે આપ નિષ્કિંચન છો, અમે નિષ્કિચન જનોને પ્રિય છીએ તથા તેઓ અમને પ્રિય તે પણ ખોટું નથી કારણ કે દેહાભિમાન રહિત બ્રહ્માદિકને આપ પ્રિય છો અને તેઓ તમને પ્રિય છે. ધન અધ લોકો અમને ભજતા નથી તે પણ ખરૂ, કારણ કે ધન અંધ અને ઇદ્રિયોનુ પોષણ કરનાર લોકો તમને ભજતા નથી. વળી આપે કહ્યુ કે ઉત્તમ તથા અધમનો વિવાહ કે મિત્રના થવી અયોગ્ય છે, એ પણ સત્ય છે કારણ કે આપ સર્વ પુરૂષાર્થરૂપ તથા પરમાનંદરૂપ છો, તેથી બુદ્ધિમાન પુરુષો સર્વ જંજાલને છોડી દે છે. આપની સાથે સેવ્ય સેવક સંબંધ યોગ્ય છે પરંતુ પરસ્પર પ્રેમબંધનમા બધાયેલા અને તેનં સુખદુઃખ ભોગવનારાં સ્ત્રી પુરુષને તમારો સંબંધ યોગ્ય નથી. મને ભિક્ષુકો વખાણે છે, તે પણ અનૃત નથી કારણ કે જગતને અભય આપનાર ભિક્ષુકો તમારા પ્રભાવનાં વખાણ કરે છે. તમે અમને વૃથા પરણ્યાં છો એ તેમ છતા સત્ય નથી કારણ કે જેને લીધે સર્વ પ્રિય લાગે છે તે જગતના આત્મસ્વરૂપ આપજ છો. તમે ટૂંકી દૃષ્ટિને લીધે તે વાત જાણ્યા વિના મને પરણ્યાં છો, એ અસંભવિત છે કારણ કે, બીજાઓ તો શું પરંતુ આપની ભ્રુકૂટીથી પ્રેરાતા કાળના વેગથી જેઓનાં સુખ નાશ પામ્યા છે એવા બ્રહ્મા રુદ્ર તથા ઇંદ્રનો ત્યાગ કરીને હું તમને પરણી છું. હે શ્રીકૃષ્ણ ! હે ઇશ્વર ! સિંહ જેમ ગર્જનાથી પશુઓને નસાડી પોતાનો બલિ લઇ જાય તેમ તમે શાર્ઙ્ગ ધનુષના ટંકારવથી જરાસંધ આદિ રાજાઓને નસાડી પોતાના ભાગરૂપ મને હરી લાવ્યા છો, માટે તમે તે રાજાઓના ભયથી સમુદ્રને શરણે જવાનુ જે કહો છો, તે—યુક્ત નથી ૪૦ જેઓ અમારો આશ્રય કરે છે, તેઓ દુઃખી થાય છે તે ખરૂં નથી, કારણ કે રાજાઓના શિરોમણિ જેવા અંગ પૃથુ ભરત યયાતિ તથા ગય વગેરે રાજાઓ આપનું ભજન કરવાની ઇચ્છાથી પોતાનું રાજ્ય છોડી વનમાં ગયા હતા જેઓ આ લોકમાં તમારે આશ્રયે રહેલા હોય તેઓ શું પીડાય છે ? ૪૧ બીજા કોઇ ઉત્તમ ક્ષત્રિયને પરણો એ અયોગ્ય છે, કારણ કે ગુણોના સ્થાનરૂપ આપના ચરણકમળનો સુગંધ લોકોને મોક્ષ આપનારો છે. મહાત્માઓ કહે એમ છે તથા તેમાં લક્ષ્મીનો નિવાસ છે, તેને સુંઘ્યા પછી તેનો અનાદર કરી મરણ ધર્મવાળી તથા પોતાના સ્વાર્થમા કુશળ દૃષ્ટિવાળી કયી સ્ત્રી નિત્ય ભયવાળા બીજા પતિને પરણે. તમે સર્વ રીતે યોગ્ય જગતના અધિપતિ આત્મારૂપ આ લોકમા તથા પરલોકમા કામના પૂરનાર હોવાથી આપને હુ પરણી છું અને પ્રાર્થના કરૂં છું કે, સંસારનો—અત આણનાર આપનાં ચરણો સેવા કરનારાને અંગીકાર કરે છે, તે તમારા ચરણારવિંદ સંસારમાં ભટકતી

એવો જે હુ તેને સદા શરણરૂપ થજો ૪૩ તમે જે રાજાઓ બતાવ્યા, તે ઓઓના ઘરમાં ગધેડાની પેઠે ભાર ઉપાડે છે.બળદોની પેઠે કામ કર્યા કરે કુતરાઓની પેઠે અપમાન પામે બિલાડાની પેઠે કૃપણતા દર્શાવ્યા કરે છે. તે હિંસા કરે અને ચાકરોની પેઠે નિત્ય પરવશ રહે એવા છે, તે રાજાઓ તે અભાગિણી સ્ત્રીઓના પતિઓ થાઓ.જેમણે શંકર અને બ્રહ્માની સભાઓમાં ગવાયેલી આપની કથાઓ સાંભળી ન હોય, જે સ્ત્રીએ તમારા ચરણારવિંદના રસની સુગધ લીધી ન હોય તે મૂખ સ્ત્રી ચામડી દાઢી મુછ રૂવા નખ તથા વાળથી મઢેલા અને જેની અંદર માસ હાડકાં લોહી કીડા કફ પિત્ત તથા વાયુ ભરેલા છે તેવા પુરુષને પોતાનો પતિ માની સેવે છે ૪૫ હે કમલનયન ! સ્વસ્વરૂપમાં મગ્ન રહો તથા મારે વિષે પણ અત્યત પ્રિય દૃષ્ટિ કરતા રહો, એવા આપનાં ચરણારવિદમા મારી પ્રેમભક્તિ થાઓ. તમારા ચરણમા પ્રેમ થવો, એ જ મનુષ્યને મોટો લાભ છે. તમે મારી અત્યંત અપેક્ષા રાખતા નથી તોપણ જ્યારે આ સૃષ્ટિની વૃદ્ધિ કરવા રજોગુણ ધારણ કરીને અત્યંત ઉત્કંઠાથી મારી સામુ જુઓ છો ત્યારે મને આનદ થાય છે. હુ કહું છુ કે, આપની મારા ઉપર પરમ દયા છે. ૪૬ હે મધુસૂદન ! આપે કહ્યુ કે, તુ કોઇ બીજા રાજા સાથે પ્રીતિ કર તે તમારૂં વચન હુ સત્ય માનૂં છુ કારણ કે કાશી રાજાની ત્રણ પુત્રીઓમાથી અબાને જેમ શાલ્વ ઉપર પ્રીતિ થઈ હતી, તેમ કન્યાઓને કોઇ વાર પ્રીતિ થાય છે.

ભગવાન કહે છે કે–હે રાજપુત્રિ ! અમે તમારી પાસેથી આવા વચન સાભળવાની ઇચ્છાથી ઉપહાસ કર્યુ હતું. તમે જે પ્રત્યુત્તરો આપ્યા તે યોગ્ય છે ૪૯ હે ભામિનિ ! તમે જે જે મનોરથની ઇચ્છા કરો છો તે સર્વ મનોરથો મારે વિષે અનન્ય ભક્તિ કરનારને પોતાની મેળે સિદ્ધ થાય છે. છેવટે તે મોક્ષરૂપે પરિણામ પામે છે. તમારો પતિ પ્રેમ તથા પતિવ્રતાપણું જાળવવામા જે ચલાયમાન કર્યા છતા તમારી બુદ્ધિ મારા ઉપરથી બીજાની તરફ ખેંચાવી જોઇએ. નહિ મનોરથોવાળા જે પુરુષો દાપત્ય સુખ માટે વ્રત તથા તપશ્ચર્યા કરી મને મોક્ષના અધિપતિને ભજે છે, તેઓ મારી માયામા મોહ પામેલા છે પર હે માનિનિ ! જેઓ મોક્ષ તથા સપત્તિઓનો પતિ એવો જે હું તેને પ્રસન્ન કરીને સપત્તિઓને ઇચ્છે છે, પરંતુ તેના પતિને ઇચ્છતા નથી, તેમને હીનભાગી સમજવા, કારણ કે મનુષ્યોને વિષયના સુખો તો નરકમા પણ મળે છે અને વિષયોમા આસક્તિ હોવાથી સહજમાં નરક મળે છે ૫૩ સસારમાથી મુક્ત કરનારી મારી સેવા તમે ઘણીવાર કરી તે બહુ યુક્ત કર્યું કારણ કે સેવા ખળ પુરૂષો કરી શકતા નથી. અભાગિણી, ઇન્દ્રિયોનુ પોષણ કરનારી કપટ કરનારીઓ કોઈ દિવસ સેવા કરી શકતી નથી ૫૪ મારા ઘરમા ઘણી સ્ત્રીઓ છે પરન્તુ તમારા જેવી સ્નેહવાળી સ્ત્રીને હુ કયાહી જોતો નથી. વિવાહ વખતે આવેલા રાજાઓનો અનાદર કરી મારી ઉત્તમ કીર્તિ સાભળવા ઉપરથી બ્રાહ્મણને ગુપ્ત સંદેશો આપીને તમે મારી પાસે મોકલ્યો હતો.૫૫ અમે તમને દુખ દીધુ છે તમારા ભાઇને યુદ્ધમા હરાવી વિરૂપ કર્યો હતો, અનિરૂદ્ધના વિવાહના ઉત્સવમાં દ્યુતની સભા વચ્ચે તેને મારી નાંખ્યો હતો. તે સમયે તમે અમારા વિયોગના ભયને લીધે ઉત્પન્ન થયેલું દુઃખ સહન કર્યું હતું, પરન્તુ તમે કંઇ જ બોલ્યાં ન હતા આવા કાર્યોને લીધે તમે અમને વશ કર્યા છે. ૫૬ તમે મને મેળવવા માટે દૂતને સમાચાર આપીને મારી પાસે મોકલ્યો હતો. મેં આવતા વિલંબ કર્યો તે ઉપરથી તમે આ જગતને શૂન્ય માનીને બીજાને યોગ્ય નહિ એવું તમારું શરીર

ત્યાગ કરવાની ઇચ્છા કરી હતી, તે કર્મ તમારાથી થઈ શકે તેમ નથી, તેથી અમે તમને અભિનંદન આપીએ છીએ. ૫૭ જગતના ઈશ્વર ભગવાન જો કે સ્વરૂપના આનંદમાં મગ્ન હતા, તોપણ મનુષ્ય લોકનુ અનુકરણ કરતા ઉપહાસ્યની વાતો કરી રૂકિમણીની સાથે વિનોદ કરતા હતા. લોકના ગુરૂ વ્યાપક શ્રીહરિ બીજી સ્ત્રીઓના ઘરમાં પણ ગૃહસ્થની માફક ગૃહસ્થાશ્રમના ધર્મો પાળતા હતા. ૫૯

तथाऽन्यासामपि विभुर्गृहेषु गृहवानिव ।
आस्थितो गृहमेधीयान् धर्मांल्लोकगुरुर्हरिः

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे षष्टितमोऽध्यायः

અધ્યાય ૬૧ મો.†

શ્રીકૃષ્ણનો પરિવાર.

श्रीशुक उवाच.

एकैकशस्ताः कृष्णस्य पुत्रान् दश दशाबलाः
अजीजनन्ननवमान पितुः सर्वात्मसम्पदाः ॥१॥

શુકદેવજી કહે છે કે -શ્રીકૃષ્ણની સોળ હજાર એકસો અને આઠ સ્ત્રીઓએ પ્રત્યેકે દશ દશ પુત્રોને જન્મ આપ્યો હતો અને તે સર્વ શારીરિક સંપત્તિમા પિતાથી લગારે ઉતરતા ન હતા. ૧ શ્રીકૃષ્ણને ઘરમા બેસી રહેતા જોઈ સ્ત્રીઓ પોતાના ઉપર બહુ પ્રીતિવાળા માનતી,કારણ કે તેઓ ભગવાનના સ્વરૂપને જાણતી ન હતી ભગવાનનું કમલના કોશ જેવું મુખ લાબા હાથ વિશાલ નેત્ર પ્રેમપૂર્વક હસવુ અને મધુર ભાષણો વગેરેથી મોહ પામેલી સ્ત્રીઓ પોતાના અનેક વિલાસોથી ભગવાનના મનને હરણ કરી શકતી ન હતી ૩ સોળ હજાર એકસો ને આઠ સ્ત્રીઓ મધુર હસવા સાથે મનોહર દૃષ્ટિથી જોઇને સૂચવેલા અભિપ્રાયથી મનોહર ભ્રુકુટી મંડળોથી દર્શાવેલા વિચારોમાં કુશળ એવા ભગવાનની ઇંદ્રિયોને મથન કરી શકતી નહિ. ૪ બ્રહ્માદિક દેવો જેમના માર્ગને જાણતા નથી એવા લક્ષ્મીપતિને ઉપર કહ્યા પ્રમાણે પોતાના પતિ તરીકે પ્રાપ્ત કરી તેઓ નિરંતર વૃદ્ધિ પામતી પ્રીતિથી સંસારસુખ ભોગવતી. ભગવાનની પ્રત્યેક સ્ત્રીઓ પાસે સેંકડો દાસીઓ હતી તોપણ તેઓ પોતે ઉઠી શ્રીકૃષ્ણની સામા જવું તેમને આસન આપવું ઉત્તમ પ્રકારે પૂજન કરવું પગ ધોવા પાનની બીડીઓ આપવી પગચાંપવા પવન ઢોળવા કેશ સમારવા વગેરે કિંકરીનું કામ કરતી ૬ ભગવાનની દશ દશ પુત્રોવાળી સ્ત્રીઓમા આઠ પટ્ટરાણીઓ હતી. તેઓમાં રૂકિમણીને પ્રદ્યુમ્ન ચારૂદેષ્ણ સુદેષ્ણ ચારૂદેહ સુચારૂ ચારૂગુપ્ત ભદ્રચારૂ ચારૂચંદ્ર વિચારૂ અને ચારૂ નામે દશ પુત્રો થયા હતા. ભાનુ સુભાનુ સ્વર્ભાનુ પ્રભાનુ ભાનુમાન ચંદ્રભાનુ બૃહદ્ભાનુ અતિભાનુ શ્રીભાનુ તથા પ્રતિભાનુ નામે દશ સત્યભામાના પુત્રો હતા. સાંબ સુમિત્ર પુરૂજીત સહસ્રજિત વિજય ચિત્રકેતુ વસુમાન દ્રવિડ અને કેતુ જાંબુવતીને; વીર ચંદ્ર અશ્વસેન ચિત્રગુ વેગવાન વૃષ આમશંકુ વસુ તથા કુંતિ નાગ્નજિતિને, શ્રુતકવિ વૃષ વીર સુબાહુ ભદ્ર એકલ શાંતિ દર્શ પૂર્ણમાસ તથા સોમક કાલિંદીને; પ્રઘોષ ગાત્રવાન સિંહ બલ પ્રબલ ઉર્ધ્વગ મહાશક્તિ સહ ઓજ તથા અપરાજિત લક્ષ્મણાને;૧૫ વૃક હર્ષ અનિલ ગૃધ્ર વર્ધ્ધન અન્નાદ મહાશ પાવન વહ્નિ તથા ક્ષુધિ મિત્રવિંદાને; ૧૬ સંગ્રામજિત બૃહત્સેન શૂર પ્રહરણ અરિજીત જય સુભદ્ર વામ આયુ તથા સત્યક નામે ભદ્રાને દશ પુત્ર થયા હતા ભગવાને સોળ હજાર એકસો સ્ત્રીઓમાથી રોહિણીમાં દીપ્તિમાન અને તામ્રતપ્તાદિ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. ભોજકટ નામે નગરમાં રૂકમીની પુત્રી રૂકમવતીને પ્રદ્યુમ્ન પરણ્યા હતા, તેનાથી મહા

† આ અધ્યાયમા ભગવાનના પુત્રોની પૌત્રોની કથાઓ અને અનિરૂદ્ધના વિવાહમા બળભદ્રે કરેલા પરાક્રમની કથા કહેવાશે

બળવાન અનિરૂદ્ધ થયો હતો. શ્રીકૃષ્ણના બીજા પુત્રોના પુત્રો તથા પૌત્રો મળી ઘણા પુત્રો હતા. શ્રીકૃષ્ણના પુત્રોની માતાઓ સોલ હજાર એકસો ને આઠ હતી. તેઓને પણ ઘણી સંતતિ થઇ હતી. ૧૯

પરીક્ષિતે પૂછ્યું કે–રૂકમી યુદ્ધમાં શ્રી કૃષ્ણથી હારેલો હોવાને લીધે તેમને મારવાનો લાગ શોધતો હતો. તેણે શત્રુ શ્રી કૃષ્ણના પુત્રને પોતાની પુત્રી કેમ આપી? શત્રુઓમાં પરસ્પર કેવી રીતે વહેવાઇ સંબંધ થયો તે મને કહો ? ૨૦ યોગીઓ ભૂત ભવિષ્ય વર્તમાન ઇંદ્રિયોથી અગમ્ય વસ્તુ દૂરની વસ્તુ અથવા અંતરાયવાળી વસ્તુને જાણે છે, અને તમે પણ યોગી છો ૨૧

શુકદેવજી કહે છે કે-રૂકમવતી સ્વયંવરમાં સાક્ષાત મૂર્તિમાન કામદેવના અવતાર રૂપ પ્રદ્યુમ્નને પરણી હતી અને પ્રદ્યુમ્ને એક રથવડે સ્વયંવરમાં એકઠા મળેલા રાજાઓ દેખતાં તેનું હરણ કર્યું હતું. રૂકમીને શ્રીકૃષ્ણની સાથે વૈર સાંભરતું હતું તોપણ તેણે પોતાની બેનને સારૂં લગાડવા પોતાના ભાણેજને કન્યા આપી હતી. ૨૩ રૂક્મિણીની પુત્રી ચારૂમતીને બળવાન કૃતવર્માનો પુત્ર પરણ્યો હતો ૨૪ શ્રીકૃષ્ણની સાથે વૈર બાંધ્યા છતાં અને વેરી સાથે વિવાહનો સંબંધ કરવો, એ અયોગ્ય હોવા છતાં સ્નેહના પાશમાં બંધાયેલા રૂક્મિએ પોતાની બેનને સારૂં લગાડવાની ઇચ્છાથી ભાણેજને અનિરૂદ્ધને પોતાની પૌત્રી રોચના આપી હતી ૨૫ અનિરૂદ્ધના વિવાહમાં રૂક્મિણી બળભદ્ર શ્રીકૃષ્ણ તથા કુમારોમાં સાંબ પ્રદ્યુમ્ન વગેરે સંબંધીઓ એકઠા થઇ ભોજકટ ગયા હતા. વિવાહની ક્રિયા પૂર્ણ થયા પછી અભિમાની અંગ કલિંગ આદિ રાજાઓએ રૂક્મિને કહ્યું કે તું જુગાર રમાં બળભદ્રનો પરાજય કર ૨૭ હે રૂક્મિ! બળભદ્ર જુગાર રમી જાણતા નથી તોપણ તેમને તે રમવાનું મોટું વ્યસન છે. પછી બળભદ્રને બોલાવી જુગાર રમવા બેસાડયા. બળભદ્રે તે પ્રસંગે સો હજાર તથા દશ હજારની સરતો લગાવી. તેમાં રૂક્મિ જીત્યો એટલે કલિંગ દેશનો રાજા દાંત દેખાડીને બળભદ્રને હસવા લાગ્યો, બળભદ્રે તે સહન કર્યું નહિ. ૨૯ રૂકમીએ એક લાખની સરત લગાવી, તેમાં બળભદ્ર જીત્યા તોપણ કપટથી રૂક્મિએ કહ્યું કે–હું જીત્યો ૩૦ સમુદ્ર જેમ ક્ષોભ પામે તેમ ક્રોધથી ક્ષોભ પામેલા અને જેનાં નેત્રો લાલ થયા હતા એવા બળભદ્રે મમતે ચઢી દશક્રોડની સરત કરી. ૩૧ તે રમતમાં ધર્મ પ્રમાણે બળભદ્ર જીત્યા તો પણ રૂક્મિએ કહ્યું કે 'હું જીત્યો છું.' ૩૨ તે વખતે આકાશવાણી થઇ કે બળભદ્ર ધર્મ પ્રમાણે જીત્યા છે અને રૂક્મિ ખોટું બોલે છે. ૩૩ જેનો કાળ ખૂટી ગયો હતો એવા રૂક્મિએ રાજાઓની ઉશ્કેરણીથી આકાશવાણીનો અનાદર કરી હસતા હસતા બળભદ્રને કહ્યું કે–૩૪ તમે વનમાં ફરનાર ગોવાળિયા પાસાની રમતમાં શું સમજો. રાજાએ પાસાઓથી તથા બાણોથી રમી જાણે તમારા જેવા પાસાઓથી કે બાણોથી રમી જાણતા નથી. ૩૫

આ પ્રમાણે રૂક્મિએ તિરસ્કાર કરતાં અને રાજાઓએ ઉપહાસ્ય કરતાં બળભદ્રે ક્રોધાવેશમાં તે માંગલિક સભામાં મુશળ ઉપાડી રૂક્મિને મારી નાખ્યો. ૩૬ કલિંગ દેશનો રાજા નાઠો પરંતુ તેને દશમે પગલે પકડી, જે દાંતો દેખાડીને તે હસ્યો હતો તે પાડી નાખ્યા ૩૭ બીજા રાજાઓ બળભદ્રના મુશળના મારથી દુઃખી થઇ ગયા. તેઓના હાથ પગ તથા માથા ફુટી ગયા અને તેઓ ભય પામી નાસી ગયા. ૩૮ શ્રીકૃષ્ણ પોતાનો સાળો રૂક્મિ મરી ગયા છતાં રૂક્મિણી અને બળભદ્રની સાથે સ્નેહનો ભંગ થવાના ભયથી સારૂં કે નરતું કંઇ પણ બોલ્યા નહિ. ૩૯ મધુસૂદનના આશ્રયથી જેમના અર્થો સિદ્ધ

થયા હતા એવી સ્ત્રીઓ અને દશાર્હો પછી અનિરૂદ્ધ અને સૂર્યાવધુને રથમા બેસાડી ભોજકટથી કુશસ્થળી ગયા ૪૦

ततोऽनिरुद्धं सह सूर्यया वरं
रथं समारोप्य ययुः कुशस्थलीम् ।
रामादयो भोजकटाद्दशार्हाः
सिद्धा-खिलार्था मधुसूदनाश्रयाः ॥४०॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे एकषष्टितमोध्याय.

અધ્યાય ૬૨ મો.‡

ઉષા અને અનિરુદ્ધની કથા.

राजोवाच

बाणस्य तनयामूषामुपयेमे यदूत्तमः ।
तत्र युद्धमभूद्घोर हरिशंकरयोर्महत् ॥
एतत्सर्वं महायोगिन्समाख्यातु त्वमर्हसि ॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું કે—હે મહા-યોગી ! બાણાસુરની પુત્રી ઉષાને યદુઓમા શ્રેષ્ઠ અનિરૂદ્ધ પરણ્યા ત્યારે શ્રીકૃષ્ણ અને શંકર વચ્ચે જે ભયંકર યુદ્ધ થયુ હતુ, તે સર્વ આપ મને કહી સંભળાવો

શુકદેવજી બોલ્યા કે—બળિરાજાને સો પુત્ર હતા તેમા બાણાસુર સૌથી મોટો હતો. બળિરાજાએ વામન રૂપ થયેલા શ્રીહરિને પૃથ્વીનું દાન આપ્યું હતુ ૨ તેમને બાણાસુર નામે ઔરસ પુત્ર હતો તે શિવ ભક્તિમાં પરાયણ રહેતો તે લોકોમાં માન્ય ઉદાર બુદ્ધિ-શાળી સત્યપ્રતિજ્ઞાવાળો તથા દૃઢ નિયમવાળો હતો ૩ બાણાસુર શોણિતપુરમા રાજ્ય કરતો હતો અને દેવતાઓ શિવની કૃપાથી તેની સેવા કરતા હતા. તેણે હજાર હાથથી વાદિત્ર વગાડી તાડવ નૃત્યથી શંકરને પ્રસન્ન કર્યા હતા ૪ પ્રાણીઓના ઈશ્વર શરણાગતવત્સલ ભગવાન શંકરે તેને વર માગવા કહ્યું ત્યારે તેણે માગ્યું કે, આપે મારા નગરના રક્ષક થઈ રહેવું. ૫ પછી પરાક્રમના મદથી બાણાસુરે સૂર્યના જેવા ચળકતા મુગટવડે ભગવાન શંકરના ચરણકમળનો સ્પર્શ કરી કહ્યું કે—હે મહાદેવ ! લોકોના ગુરૂ, ઈશ્વર અને જેમની કામનાપૂર્ણ થયેલી નથી એવાની કામના પૂર્ણ કરનાર કલ્પવૃક્ષ સમાન તમને હું નમસ્કાર કરૂ છુ.૭ તમે મને હજાર હાથ આપ્યા પરન્તુ તે મને ભારભૂત થઈ પડયા છે, કારણ કે ત્રણ લોકમાં તમારા વિના બીજો કોઇ મારી સાથે લઢે એવો નથી.૮ હે આદિ પુરૂષ ! મારા હાથ ચળવળે છે અને હું લઢવાની ઇચ્છાથી પર્વતોનો ભાગીને ભૂકો કરૂં છુ દિગ્ગજોની સાથે લઢવા ગયો તો તેઓ ભય પામી નાશી ગયા. ૯ ભગવાન શંકર ક્રોધે ભરાઇને બોલ્યા કે, હે મૂઢ ! જ્યારે તારી ધ્વજા ભાગશે ત્યારે તને મારા જેવા પુરૂષની સાથે ગર્વ ઉતારનારૂં યુદ્ધ કરવું પડશે. દુષ્ટબુદ્ધિવાળો બાણાસુર પ્રસન્ન થઇ ઘેર ગયો પોતાના પરાક્રમનો નાશ કરનાર શંકરના વચનની પછી રાહ જોવા લાગ્યો ૧૧ એને ઉષા નામે એક પુત્રી હતી. તેણે પૂર્વે દીઠેલા નહિ તેમ સાભળેલા પણ નહિ એવા અનિરૂદ્ધની સાથે સ્વપ્નમા વિવાહ કર્યો. ૧૨ પછી અનિરૂદ્ધને ન જોતાં 'હે કાંત ! કયા છો ?' એમ બોલતી વિહ્વલ સખીઓની વચ્ચે ઉઠીને ઉભી થઈ. ૧૩ બાણના મંત્રી કુભાંડની પુત્રી ચિત્રલેખા જે તેની સખી હતી તેણે આશ્ચર્યથી તેને પૂછ્યું કે, તું કોને શોધે છે? તારો શો મનોરથ છે? હે રાજકુંવરી ! હજી સુધી તારૂં પાણિગ્રહણ થયેલું નથી. ૧૫

ઉષા—શ્યામ રંગના કમળના જેવાં નેત્રવાળા પીળા વસ્ત્રવાળા મોટા હાથવાળા અને સ્ત્રીઓના હૃદયમાં રહેલા કોઇ એક પુરૂષને મે સ્વપ્નમાં દીઠો. ૧૬ તે પ્રથમ મને પોતાનું અધરામૃત પાઇ પછી તેને માટે ઇચ્છા કરતી એવી મને દુઃખના સમુદ્રમા નાંખી કયાંહી

‡ અધ્યાયમા હજાર હાથવાળા બાણાસુર અનિરૂદ્ધને પોતાની પુત્રી ઉષા સાથે પરણવાના અપરાધથી બાધીને કેદ કર્યો, એ કહેવામા આવશે.

જતો રહ્યો, તેને હું શોધું છુ. ૧૭

ચિત્રલેખા—હું તારા દુ ખને દૂર કરીશ અને તે પુરૂષ જો ત્રણ લોકમા કાંહી હશે તો તને લાવી આપીશ. ચિત્રલેખાએ એક વસ્ત્ર ઉપર દેવતા ગંધર્વ સિદ્ધ ચારણ નાગ દૈત્ય વિદ્યાધર યક્ષ તથા મનુષ્યો ચતરી દેખાડયા ૧૯ તેણે મનુષ્યોમા વૃષ્ણિઓને, શૂરને, વસુદેવને, બળભદ્રને, શ્રીકૃષ્ણને તથા પ્રદ્યુમ્નને ઓળખ્યા. તે સર્વેને જોઇને ઉષા શરમાઇ ગઇ પછી અનિરૂદ્ધને આલેખેલો જોઇને ઉષા લજ્જાથી નીચુ મસ્તક કરી ' તે આ, તે આ, એવું બોલી ૨૧ યોગવિદ્યા જાણનારી ચિત્રલેખા તેને શ્રીકૃષ્ણનો પૌત્ર સમજી આકાશ માર્ગે દ્વારકા ગઇ ત્યાં ઉત્તમ પલ ગ ઉપર સૂતેલા અનિરૂદ્ધને યોગવિદ્યાવડે ઉપાડી શોણિતપુરમા રહેલી ઉષાને લાવી બતાવ્યો. ૨૩ ઉષા અનિરૂદ્ધને જોઇ ખુશ થઇ અને પુરૂષોથી જોઇ શકાય નહિ એવા પોતાના મહેલમા વિલાસ કરવા લાગી. ૨૪ અમૂલ્ય વસ્ત્રો માળાઓ ચ દનના લેપ ધૂપ દીવાઓ આસનો આસવ વગેરેનું પાન ભોજન ભક્ષ્ય મધુર વચનો અને સેવા વડે અંત પુરમા રહેલા અનિરૂદ્ધની સ્નેહપાત્ર ઉષા નિર તર સેવા કરવા લાગી અને ઉષાએ મોહિત કરેલા અનિરુદ્ધે દિવસોના દિવસ વહી ગયા તે કઇ પણ જાણ્યુ નહિ. આ પ્રમાણે યદુવીરે ભોગવાતી અને આનંદમા રહેતી ઉષાને છાનાં રાખી શકાય નહિ એવાં ભોગનાં ચિહ્નો ઉપરથી દ્વારપાળોએ બ્રહ્મચર્ય વ્રતથી ભ્રષ્ટ થયેલી જોઇ. ૨૭ દ્વારપાળોએ રાજાની પાસે જઇ તે જાહેર કર્યું તમારી કુ વારી પુત્રીના કુળને કલંક લગાડે તેવા આચરણ અમારા જોવામાં આવ્યાં છે. ૨૮ હે પ્રભુ ! અમે અંત પુરની રક્ષા કરીએ છીએ અને કોઇ પણ પુરૂષ તેને જોઇ શકે તેમ નથી તથાપિ કેમ દૂષણ આવ્યું તે સમજાતું નથી. પુત્રીના દૂષણની વાત સાભળી બાણાસુરના મનમાં સંતાપ થયો. ત્યાં જઇ જોતા તેણે અનિરૂદ્ધને દીઠો. ૩૦ ત્રણે લોકમાં એક જ સુંદર રૂપ વાળા શ્યામ રંગના પીળાં વસ્ત્ર ધારણ કરનાર કમળ જેવા નેત્રવાળા મોટા બાહુવાળા કુંડળોની કાતિથી માથાના કેશોની કાંતિથી તથા મંદ હાસ્યવાળા મનોહર મુખના અનિરુદ્ધ સંપૂર્ણ રીતે મોહમયી પ્રિયા સાથે બાજી રમતા હતા. મલ્લિકાનાં પુષ્પોની માળાને વક્ષ સ્થળમાં ધારણ કરેલી હતી અને ઉષાની સામે બેઠા હતા, તેમને જોઇને બાણાસુર આશ્ચર્ય પામ્યો. શસ્ત્ર ધારણ કરનાર અને યોદ્ધાઓથી વિંટાયેલા બાણાસુરને અંત પુરમા દાખલ થયેલો જોઈ દંડ ધારણ કરનાર કાળની પેઠે અનિરુદ્ધ તેને મારવાની ઈચ્છાથી લોઢાની ભુ ગળ ઉપાડી તેની સામે થયો. પોતાને પકડવા ચારે તરફ ફરતા યોદ્ધાઓને ભુંડના ટોળાનો અધિપતિ જેમ પોતાને પકડવા માટે ચારે તરફ ફરતા કુતરાને મારે તેમ મારવા લાગ્યા, એટલે જેમના માથા અને હાથ કપાઇ ગયા હતા એવા બાણાસુરના યોદ્ધાઓ માર ખાતા બાના ભયને લીધે કન્યાના અ ત પુરમાથી બહાર નીકળી નાસી ગયા. ૩૪ સેનાને મારતા અનિરૂદ્ધને બળવાન બાણાસુરે પકડી લીધો અને ક્રોધ કરીને નાગપાશોથી બાંધી કેદ કર્યો. ઉષા અનિરૂદ્ધને બ ધાયેલો જોઈ શોક તથા ખેદથી અત્ય ત વિહ્‌વળ થઇ ગઇ અને તેની આખમા અશ્રુ ભરાઇ આવ્યા. ૩૫

त नागपाशैर्बलिनदनो बली घ्नतं
स्वसैन्य कुपितो बबंध ह ।
ऊषा भृश शोकविषादविह्वला बद्ध
मिशम्याश्रुकलक्ष्यरौदिषीत् ॥ ३६ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
द्विषष्टितमोध्यायः

અધ્યાય ૬૩ મો.‡

શ્રીકૃષ્ણ અને બાણનું યુદ્ધ

श्रीशुक उवाच

अपश्यतां चानिरुद्धं तद्बन्धूनां च भारत ।
चत्वारो वार्षिका मासा व्यतीयुरनुशोचताम् ॥

શુકદેવજી કહે છે કે–હે રાજન ! અનિરૂદ્ધને ન જોતા તેનાં સગાને શોક કરતા વર્ષાઋતુના ચાર માસ વીતી ગયા નારદને મુખેથી અનિરૂદ્ધ કેદ થયાના સમાચાર તથા તેણે કરેલું કર્મ સાભળી શ્રીકૃષ્ણ જેમના દેવતા છે એવા વૃષ્ણિકુળના યોદ્ધાઓ શોણિતપુર ગયા શ્રીકૃષ્ણ તથા બળભદ્રને અનુસરનાર પ્રદ્યુમ્ન સાત્યકિ ગદ સાંબ સારણ નંદ ઉપનંદ તથા ભદ્ર યાદવોએ બાર અક્ષૌહિણી સેનાથી બાણાસુરના નગરને ઘેરી લીધુ નગરના ઉપવનો કિલ્લાઓ કોઠાઓ અને દરવાજા ભાગવા માડયા તે જોઇને ક્રોધાવિષ્ટ થયેલો બાણાસુર તેના જેટલી સેના લઇ લઢવા નીકળ્યો. બાણાસુરને ભગવાન શંકર પોતાના પુત્રો તથા પાર્ષદો સાથે નિંદકેશ્વર ઉપર બેસી મદદ કરવા આવ્યા ને બળભદ્ર તથા શ્રીકૃષ્ણની સાથે લઢવા લાગ્યા શ્રીકૃષ્ણ તથા શંકર વચ્ચે અને પ્રદ્યુમ્ન તથા કાર્તિકસ્વામી વચ્ચે રૂંવા ઉભા થાય એવું તુમુલ યુદ્ધ થયું. ૭ કુંભાડ અને કુપકર્ણ બળભદ્રની સાથે બાણાસુરનો પુત્ર સાબની સાથે અને બાણાસુર સાત્યકિ સાથે લઢવા લાગ્યો. બ્રહ્માદિક દેવતાઓના અધિપતિઓ મુનિઓ સિદ્ધ ચારણ ગંધર્વ અપ્સરાઓ અને યક્ષો વિમાનોમાં બેસી યુદ્ધ જોવા આવ્યા. ૯ શ્રીકૃષ્ણે શાર્ઙ્ગ ધનુષમાંથી તીક્ષ્ણ અણીવાળા બાણો મારી ભૂત પ્રમથ યક્ષ ડાકણો રાક્ષસો વેતાળ વિનાયક પ્રેત માતૃગણ પિશાચ કુષ્માંડ તથા બ્રહ્મરાક્ષસ આદિ શંકરના સેવકોને નસાડયા. પિનાક નામે ધનુષધારી શંકરે શ્રીકૃષ્ણના ઉપર અસ્ત્રો નાખવા માડયા, પરંતુ શ્રીકૃષ્ણ આશ્ચર્ય ન પામતાં સામાં અસ્ત્રો મારી તેમના અસ્ત્રોને શમાવવા લાગ્યા. ૧૨ બ્રહ્માસ્ત્રની સામે બ્રહ્માસ્ત્ર, વાયવ્યાસ્ત્રની સામે પર્વતાસ્ત્ર, અગ્ન્યાસ્ત્રની સામે પર્જન્યાસ્ત્ર અને પાશુપતાસ્ત્રની સામે નારાયણાસ્ત્ર મૂકયું. ૧૩ પછી જાભણાસ્ત્રથી બગાસાં ખાતા શંકરને મોહિત કરી બીજી તરફથી શ્રીકૃષ્ણે તરવાર ગદા અને બાણોવડે બાણાસુરની સેનાને મારી નાખી. ૧૪ પ્રદ્યુમ્નનાં બાણોના સમૂહથી કાર્તિકસ્વામી ચારે તરફથી પીડાવા લાગ્યા અને ગાત્રોમાથી લોહીએ નીગળતા મયૂરની સાથે રણભૂમિ છોડીને નાસી ગયા. કુંભાડ ને કુપકર્ણ બળભદ્રના મુશળના મારથી પડી ગયા જ્યારે તે બન્ને નાયકો મરાયા ત્યારે નાયક વિનાની સેના નાસભાગ કરવા લાગી ૧૬ સેનામા ભંગાણ પડેલું જોઈ બાણાસુર અતિ ક્રોધ પામ્યો અને સાત્યકિને પડતો મૂકી રથમા બેસી યુદ્ધમા શ્રીકૃષ્ણની સામે દોડયો. ૧૬ રણમાં મદમત્ત બાણાસુરે પાંચસો ધનુષ ખેંચી એક એક ધનુષમાં બબ્બે બાણ સાધ્યા. ૧૮ શ્રીકૃષ્ણ ભગવાને તે કાપી નાંખ્યા અને તેના સારથિને રથને તથા ઘોડાઓને મારીને શંખ નાદ કર્યો. ૧૯ બાણાસુરની માતા કોટરા પુત્રના પ્રાણની રક્ષા કરવા માથાના કેશ છુટા મુકી નાગી નાગી શ્રીકૃષ્ણની આગળ આવી ઉભી રહી. ૨૦ શ્રીકૃષ્ણ નગ્ન સ્ત્રીને ન જોતાં અવળું મુખ કરી ઉભા રહ્યા એટલામાં જેના રથ તથા ધનુષ ભાગી નાશ પામ્યાં હતાં એવો બાણાસુર નગરમાં પેસી ગયો. ૨૧ શ્રીકૃષ્ણે ભૂતગણને નસાડી મૂકયા પછી ત્રણ માથા વાળો અને ત્રણ પગવાળો શિવનો તાવ જાણે દશે દિશાઓને બાળતો હોય તેમ શ્રીકૃષ્ણની સામે ધસી આવ્યો. ભગવાને તેને જોઇને તેની સામે શીતજ્વરને મૂકયો. શિવનો તાવ

‡ આ અધ્યાયમા બાણાસુર તથા યાદવા વચ્ચે યુધ્ધ થતા બાણાસુરના હાથ કાપનાર શ્રીકૃષ્ણની સર્વે સ્તુતિ કરી એ કથા કહેવામા આવશે.

અને વિષ્ણુનો તાવ પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. ૨૩ વિષ્ણુના તાવે મહેશ્વરના તાવને બળથી પીડવા માડયો તથા શિવનો તાવ ચીસો પાડવા લાગ્યો. ભયભીત થઇ જઇને શરણની ઇચ્છા કરતો તે બીજે ઠેકાણે ન મળવાથી શરણાર્થી એવો બે હાથ જોડીને શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યો. ૨૪

શિવનો તાવ—હે અનંત શક્તિવાળા ! પરમાત્મા સર્વના આત્મા જ્ઞાનસ્વરૂપ શુદ્ધ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને સંહાર કરવામાં કારણભૂત તથા વેદથી જાણવામા આવો એવા આપ અત્યંત શાંતરૂપ પરબ્રહ્મને હું પ્રણામ કરૂં છું. ૨૫ કાળ ફળ આપવા માટે તૈયાર થયેલું કર્મ કર્મનો સંસ્કાર જીવ પાચ વિષયો શરીર પ્રાણ અહંકાર અગિયાર ઈંદ્રિયો પાચ મહાભૂતો એ સોળનો સમુદાય લિંગદેહ તથા દેહથી કર્મ અને કર્મથી દેહ એ પ્રમાણે જે પ્રવાહ ચાલે છે તે તમારી માયારૂપ છે. તેનો નિષેધ કરતા અવધિભૂત રહેલા આપને હુ શરણે આવ્યો છુ. તમે ઉપાધિથી મુક્ત છો, છતા લીલાવડે સ્વીકારેલા અનેક અવતારોથી દેવતાઓ સાધુઓ તથા વર્ણાશ્રમોની મર્યાદાઓનુ રક્ષણ કરો છો અને હિંસા કરનાર દુષ્ટ લોકોનો સંહાર કરો છો. તમારો જન્મ પૃથ્વીનો ભાર ઉતારવા માટે છે. ૨૭ આપે ઉત્પન્ન કરેલા મહા ભયંકર અને અસહ્ય એવા ટાઢીઆ તાવથી હું પીડાઉં છું. પ્રાણીઓ આશામા બંધાઇ જ્યાં સુધી આપના ચરણને સેવતા નથી ત્યા સુધી સંતાપ પામે છે ૨૮

ભગવાન કહે છે કે—હે ત્રણ માથાંવાળા તાવ ! હું તારા ઉપર પ્રસન્ન થયો છુ. તને મારા તાવનો ભય દૂર થાઓ. જે મનુષ્ય આપણા આ સંવાદનુ સ્મરણ કરશે, તેને તારાથી ભય થશે નહિ. ૨૯

શુકદેવજી કહે છે કે—આ રીતે ભગવાને કહ્યા પછી શંકરનો તાવ ભગવાનની આજ્ઞા માથે ચઢાવી તમને પ્રણામ કરી પોતાના સ્થાન ઉપર ગયો, બાણાસુર ભગવાનની સામે યુદ્ધ કરવા રથમા બેસીને આવ્યો ૩૦ ઘણા આયુધો ધારી બાણાસુર હજાર હાથથી ભગવાન ઉપર બાણની વૃષ્ટિ કરવા લાગ્યો. ૩૧ પછી ભગવાને વારંવાર બાણોથી વૃષ્ટિ કરતા બાણાસુરના હાથ અસ્રા જેવી ધારવાળા ચક્રથી કાપી નાખ્યા.૩૨ બાણાસુરના હાથ કાપવા માડયા ત્યારે શંકરે શ્રીકૃષ્ણની પાસે જઇ ચક્રધારી ભગવાનને નીચે પ્રમાણે કહ્યું. ૩૩

શંકરે કહ્યુ કે—આપ શબ્દ બ્રહ્મમા ગુહ્ય અને મોટો પ્રકાશ કરનાર પરબ્રહ્મ છો. શુદ્ધ બુદ્ધિવાળા પુરૂષો આપને આકાશની પેઠે નિર્ગુણ કહે છે તમારા નિર્ગુણ સ્વરૂપનુ જ્ઞાન તો રહ્યુ, પરંતુ તમે લીલાવડે ગ્રહણ કરેલા વિરાટ સ્વરૂપને પણ પ્રાણી જાણતો નથી. વિરાટ સ્વરૂપમા આકાશ નાભિ અગ્નિ મુખ જળ વીર્ય સ્વર્ગ મસ્તક દિશાઓ કાન પૃથ્વી ચરણ ચંદ્ર મન સૂર્ય દૃષ્ટિઓ હું અહંકાર સમુદ્ર પેટ ઈંદ્રાદિક લોકપાલો ભુજાઓ ઔષધિઓ રુવા મેઘ કેશ બ્રહ્મા બુદ્ધિ પ્રજાપતિ જનનેન્દ્રિય અને ધર્મ હૃદયરૂપ છે બ્રહ્માંડ રૂપે કલ્પાયેલા તમે મહા પુરૂષ છો ૩૬ ધર્મની રક્ષા અને જગતના કલ્યાણ માટે તમારો અવતાર થાય છે અને અમે આપથી રક્ષાતા સર્વ લોકની રક્ષા કરીએ છીએ. ૩૭ પરબ્રહ્મરૂપ સજાતીય ભેદ રહિત આદિ પુરૂષ શુદ્ધ સ્વયંપ્રકાશ એક સ્વરૂપ સર્વના કારણરૂપ આપ કારણ રહિત છો, છતાં સર્વ વિષયોને પ્રકાશ કરવા માટે માયાવડે પ્રત્યેક દેહમા તે તે દેહ પ્રમાણે જીવરૂપે પ્રતીત થાઓ છો. ૩૮ જેમ પોતાથી ઉત્પન્ન થયેલા મેઘની છાયાથી ઢંકાયેલો સૂર્ય મેઘને અને મેઘથી ઢકાયેલા ઘટાદિક પદાર્થોને દેખાડે છે, તેમ સ્વયપ્રકાશ તમે જીવોની ઈચ્છાએ પોતાના કાર્યરૂપ અહંકારથી ઢંકાયેલા

દેખાઓ છો, છતા ઉપાધિ રૂપે સત્વાદિક ગુણોને અને તેનાથી ઢંકાયેલા જીવોને પ્રકાશ કરો છો, સર્વના સાક્ષી એવા આપને બાધ નથી. ૩૯ આપની માયાથી મોહિત થઇને પુત્ર સ્ત્રી ઘર વગેરેમાં મનુષ્યો દુઃખના સમુદ્રરૂપ સંસારમાં ઉંચ નીચ અવતાર લે છે. ૪૦ ઇંદ્રિયાધીન પુરૂષ મનુષ્ય દેહને પામી આપના ચરણનુ ભજન કરતો નથી, તે પોતાને ઠગનારો છે એમ જાણવુ જે પુરૂષ જડ અપ્રિય તથા અનીશ્વર એવાં પુત્ર સ્ત્રી ઘર વગેરેને માટે ચેતન્ય પ્રિય અને ઇશ્વરરૂપ આપનો અનાદર કરે છે તે અમૃત છોડીને ઝેર પીએ છે. ૪૨ હુ બ્રહ્મા દેવતાઓ મુનિઓ સંપૂર્ણ ભાવથી ચૈતન્ય પ્રિય અને સમર્થ એવા આપને ભજીએ છીએ. ૪૩ આપ જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા પ્રલયના કારણરૂપ છો. સમદૃષ્ટિવાળા છો શાતરૂપ છો સર્વના હિતૈષી છો આત્મારૂપ છો અને ઇશ્વરરૂપ છો સજાતીય ભેદ રહિત છો જગતના તથા જીવોના અધિષ્ઠાનરૂપ છો. આપ ઇશ્વરને અમે સંસારમાથી મુક્ત થવા ભજીએ છીએ ૪૪ હે દેવ! બાણાસુર મને પ્રિય છે, મે તેને અભય આપ્યુ છે માટે આપે જેમ પ્રહલાદ ઉપર કૃપા કરી હતી તેમ આનો ઉપર પણ કૃપા કરો.

ભગવાને કહ્યુ કે—આપ જેમ કહો છો તેમ હુ તમને પ્રિય કરીશ આપના વિચારને હુ અનુમોદક આપુ છુ ૪૬ બલિનો પુત્ર બાણાસુર મારે મારવા યોગ્ય નથી કારણ કે મેં પ્રહલાદને વર આપ્યો છે કે, તમારા વંશજને હુ મારીશ નહિ ૪૭ આનો ગર્વ ઉતારવા મેં તેના હાથ કાપ્યા છે અને પૃથ્વી ઉપર ભાર રૂપ સૈન્યનો નાશ કર્યો છે. ચાર હાથ બાકી રહ્યા છે તે રહેશે અને આપના પાર્ષદોમાં મુખ્ય ગણાશે. ૪૯

શુકદેવજી કહે છે કે—આ રીતે બાણાસુર અભય મેળવી શ્રીકૃષ્ણને મસ્તકથી પ્રણામ કરી પોતાની પુત્રી ઉષા સાથે અનિરૂદ્ધને રથમા બેસાડી દ્વારકાં આવ્યા. અક્ષૌહિણી સેનાથી વિંટાયેલા તથા ઉત્તમ વસ્ત્ર અને આભૂષણોથી શણગારેલા અનિરૂદ્ધને સ્ત્રી સાથે આગળ કરી શંકરની અનુમતિ લઈ શ્રીકૃષ્ણ પધાર્યા તેથી નગરના લોકો સંબંધીઓ અને ત્રૈવર્ણિક લોકોએ શ્રીકૃષ્ણ ભગવાનનુ સન્માન કર્યું અને શ્રીકૃષ્ણ શંખ નગારા તથા દુદુભિના નાદ સાથે જેને તોરણો અને ધ્વજાથી શણગારી હતી અને જેના રાજમાર્ગોમાં પાણી છાટયાં હતાં એવી પોતાની રાજધાનીમા પેઠા ૫૨ જે મનુષ્ય પ્રભાતમાં ઉઠી શ્રીકૃષ્ણે શંકર સાથે કરેલું યુદ્ધ તથા શ્રીકૃષ્ણનો વિજય ગાય છે તેનો કદી પરાજય થતો નથી. ૫૩

य एवं कृष्णविजयं शंकरेण च संयुगम्।
संस्मरेत् प्रातरुत्थाय न तस्य स्यात् पराजयः॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
त्रिषष्टितमोध्यायः

અધ્યાય ૬૪ મો.*

નૃગનો ઉદ્ધાર.

શ્રીશુક ઉવાચ.

एकदोपवनं राजन् जग्मुर्यदुकुमारकाः।
विहर्तुं सांबप्रद्युम्नचारुभानुगदादयः॥१॥

શુકદેવજી કહે છે કે—હે રાજન! એક દિવસ સાબ પ્રદ્યુમ્ન ચારૂ ભાનુ તથા ગદ આદિ કુવરો ઉપવનમા રમવા ગયા.૧ ઘણીવાર રમી તરસ્યા થયાથી આગળ પાણી શોધવા લાગ્યા પાણી વિનાના એક કુવામાં તેમણે અદ્દભુત પ્રાણી દીઠું. ૨ તે મોટા કરચલાને જોઇ યદુકુમારો આશ્ચર્ય પામ્યા. દયા આવવાથી તેને બહાર કાઢવાનો પ્રયત્ન કરવા ગયા કુવામાના તેને ચામડાનાં અને સુતરનાં દોરડા બાધી કાઢવા લાગ્યા, પણ ખેંચી

* આ અધ્યાયમા શ્રીકૃષ્ણે નૃગ રાજાને શાપ મુક્ત કરી બ્રાહ્મણનુ ધન હરણ કરનારના દોષ ગણાવી રાજાઓને શીખામણ આપી, એ કથા કહેવામા આવશે.

શકયા નહિ, તેઓએ ઉત્કંઠાપૂર્વક શ્રીકૃષ્ણને તે વાત કહી ૪ જગતની રક્ષા કરનાર અને કમલ જેવા નેત્રવાળા શ્રીકૃષ્ણે તેને જોઈને રમત માત્રમા ડાબા હાથથી બહાર કાઢયો. ૫ ભગવાનના હાથનો સ્પર્શ થતા જ તેણે રૂપ બદલ્યું અને તપાવેલા સુવર્ણ જેવી જળઝળાટ કાંતિવાળો તથા આભૂષણો વસ્ત્ર તથા માળાવાળો દેવ થઇ ગયો ૬ ભગવાન તેનું કારણ જાણતા હતા તોપણ મનુષ્યોમા તે વાત પ્રખ્યાત કરવા તેને પૂછયું કે, હે મહા ભાગ્યશાળી! તુ ઉત્તમ રૂપવાળો કોણ છે? હું તને ખરેખર ઉત્તમ દેવ માનુ છુ, ૭ હે વિનયવાન! તુ આ દશાને અયોગ્ય છે, છતાં કયા કર્મથી આ દશાને પામ્યો? તે વાત અમે જાણવાની ઇચ્છા રાખીએ છીએ, માટે તમે તે વાત અમને કહેવાને યોગ્ય હોય તો કહો. ૮

શ્રીકૃષ્ણે આ પ્રમાણે પૂછયુ, એટલે તેણે સૂર્યના જેવી કાંતિવાળો મુગટ નમાવી તેમને પ્રણામ કરી આ પ્રમાણે કહેવા માંડયુ હે પ્રભુ! હું નૃગ નામે રાજા છુ અને ઇક્ષ્વાકુનો પુત્ર છુ. દાતાઓના નામ બોલાતા મારૂં નામ તમારા કાન ઉપર પણ આવ્યું હશે. ૧૦ સર્વ પ્રાણીઓની બુધ્ધિના સાક્ષી તથા જેમના જ્ઞાનને કાળ બાધ થઇ શકતો નથી એવા આપને કયી બાબત અજાણી છે ૧૧ પૃથ્વી ઉપર જેટલી રેતીના કણ છે આકાશમા જેટલા તારા છે અને વરસાદની જેટલી ધારાઓ છે, તેટલી ગાયો મેં દાનમા આપી હતી. ૧૨ મે દુઝણી તરૂણ શીલ રૂપ તથા ગુણસંપન્ન કપિલ રંગની સોનાના શિંગડાંવાળી રૂપાની ખરીવાળી વસ્ત્ર તથા માળાઓથી શણગારેલી ગાયો વાછડાં સાથે આપી હતી, ૧૩ અને તે પણ ઉત્તમ ગુણ વાળા ઉત્તમ સ્વભાવવાળા નિષ્કપટ આચરણ વાળા તપથી પ્રખ્યાત વેદ ભણનાર તથા જેમના કુટુંબ દુઃખી થતા હતાં એવા સુપાત્ર બ્રાહ્મણોને દાન આપ્યા હતાં. ૧૪ ગાયો પૃથ્વી સુવર્ણ ઘર ઘોડાઓ હાથીઓ દાસી સહિત કન્યાઓ તલ રૂપું શય્યા વસ્ત્ર રત્ન સરસામાન તથા રથના દાન કર્યા હતાં, યજ્ઞો કર્યા હતા, નવાણો ખોદાવ્યા હતા.૧૫ એક વાર કોઈ સારા બ્રાહ્મણની ગાય ભૂલી પડી મારી ગાયોના ટોળામા મળી ગઇ અને મેં અજાણતા તે ગાય બ્રાહ્મણને આપી દીધી. પેલો બ્રાહ્મણ તેને લઈ જતો હતો એટલામાં ગાયનો પહેલો માલીક બોલ્યો કે, આ ગાય તો મારી છે, એટલે પ્રતિગ્રહકર્ત્તા બોલ્યો કે, આ ગાય મારી છે અને તે નૃગરાજાએ મને આપી છે. ૧૭ પછી ગાયને માટે વિવાદ કરતા અને સ્વાર્થી બ્રાહ્મણો મારી નિંદા કરતા કહેવા લાગ્યા કે, તમે મને ગાય આપી છે કે કોને? બીજો બોલ્યો કે, તમે મારી ગાય ચોરી લીધી છે, તે સાંભળીને હું ગભરાઇ ગયો ૧૮ ધર્મસંકટમા આવી પડવાથી બ્રાહ્મણોને હું સમજાવવા લાગ્યો કે, તમારા માથી એક જણ આ ગાય બીજાને આપી ઘો. જે આ ગાય બીજાને આપી દેશે તેને હું એક લાખ ઉંચી જાતની ગાયો આપીશ. ૧૯ હુ તમારો દાસ છુ અને તે ગાયની બાબતમા અજાણ્યો છુ, માટે મારા ઉપર તમે બન્ને અનુગ્રહ કરો અને અપવિત્ર નરકમા પડવા રૂપ કષ્ટમાથી મને બચાવો. ગાયોનો ધણી બોલ્યો કે, હે રાજન! હુ દાન લેવા ઇચ્છતો નથી, એમ કહીને તે ચાલ્યો ગયો અને પ્રતિગ્રહકર્ત્તા પણ હું આ ગાય વિના એક લાખ અને દશ હજાર બીજી ગાયોને લેવાની ઇચ્છા રાખતો નથી એમ કહી ત્યાંથી ચાલ્યો ગયો ૨૧ પછી હું મરી ગયો, એટલે મને યમદૂતો યમપુરીમાં લઇ ગયા યમરાજાએ મને પૂછયુ કે, હે રાજન! તુ પ્રથમ પાપ ભોગવીશ કે પુણ્ય? તારા દાનનો ધર્મનો અને તેથી મળવાના તેજસ્વી લોકોનો હું પાર દેખતો નથી, મેં કહ્યું કે,

હે દેવ ! હું પહેલા પાપ ભોગવીશ; એટલે યમરાજાએ કહ્યું કે, જા, અધમ જનાવરની જાતિમાં પડી અવતાર લે. હે પ્રભો! નીચે પડતા મેં મારા શરીરને કરચલારૂપે ફેરવાઈ ગયેલું દીઠું. કરચલાનો અવતાર આવ્યા છતા પણ હે કેશવ! બ્રાહ્મણોની પૂજા કરનાર અને ઉદાર એવા તમારાં દર્શનની ઇચ્છા રાખનાર મને આગળનાં પુણ્યના પ્રતાપે કરી પૂર્વ જન્મની સ્મૃતિ ગઇ નહિ. હે વિભુ ! આપ, યોગેશ્વરોએ ઉપનિષદ્રૂપી દૃષ્ટિથી નિર્મળ હૃદયમાં વિચારવા યોગ્ય છો અને ઇંદ્રિયો આપને પહોચી શકતી નથી. આપ પરમાત્માએ મને કેમ દર્શન આપ્યા? જેનો સંસાર માંથી છુટકો થવાનો હોય તેને તમારા દર્શન થાય છે. ઘણા પાપોથી મંદ બુદ્ધિવાળો હું આપના દર્શન થયાં એ આશ્ચર્યકારક સમજુ છું. હે કૃષ્ણ! હે પ્રભુ! મને દેવલોકમાજવાની આજ્ઞા આપો તથા હું હરકોઇ જગ્યાએ રહેતો હોઉં ત્યા મારૂં ચિત્ત તમારા ચરણમાં રહે એવી કૃપા કરો. સર્વને ઉત્પન્ન કરનાર બ્રહ્મસ્વરૂપ અનંતશકિતવાળા સદા સર્વ પ્રાણીઓના આશ્રયરૂપ કર્મોના ફળ આપનાર યોગપતિ શ્રીકૃષ્ણ તમને મારા નમસ્કાર છે.

આ પ્રમાણે કહી તેમની પ્રદક્ષિણા કરી પોતાના મસ્તકથી તેમના ચરણનો ફરી સ્પર્શ કરીને નૃગરાજા સર્વ લોકોના દેખતા શ્રી કૃષ્ણની આજ્ઞા લઇ ઉત્તમ વિમાનમાં બેઠો ૩૦ બ્રાહ્મણોને માન આપનાર ધર્માત્મા શ્રી કૃષ્ણ ભગવાને રાજાઓને ઉપદેશ આપવા માટે પોતાના પુત્રો વગેરેને પછી નીચે પ્રમાણે કહ્યુ. ૩૧ જુઓ બ્રાહ્મણનું થોડુંક ધન ખાધુ હોય તોપણ તે અગ્નિ જેવા તેજસ્વી પુરૂષનેય પચતું નથી; ત્યારે પોતાને મિથ્યા સમર્થ માનનાર રાજાઓને કેમ પચે? ૩૨ હું હલાહલને ઝેર ગણુતો નથી કારણ કે તેના ઉપાય છે પણ બ્રાહ્મણના ધનને ઝેર માનું છું, કારણ કે તેનો પૃથિવીમાં ઉપાય નથી. ૩૦ ઝેર ખાનારને એકલાનેજ મારે છે અને અગ્નિ અડકનારને બાળે છે, ઝેર ઔષધિથી ઉતરે છે અને અગ્નિ પાણીથી શાંત પડે છે, પરંતુ બ્રાહ્મણોના ધનરૂપી અરણીમાંથી ઉત્પન્ન થયેલો પાપરૂપી અગ્નિ કુળનો સમૂળગો નાશ કરે છે ૩૪ બ્રાહ્મણનું ધન બ્રાહ્મણની રજા વિના ખાધું હોય તો તે ત્રણ પહેડીને નરકમ નાંખે છે અને બલાત્કાર કરીને અથવા રાજબળ વાપરીને બળથી ખાધું હોય તો દશ થઇ ગયેલી અને દશ થનારી પહેડીઓને નરકમા નાંખે છે. રાજલક્ષ્મીથી અંધ મૂર્ખ રાજાઓ બ્રાહ્મણના ધનની ઈચ્છા કરે છે, તે પોતાના નાશને જાણુતા નથી અને અંતે નરકમાં પડે છે. જે રાજાઓ અને રાજાઓના આશ્રિતો નિરંકુશ થઇ બ્રાહ્મણોની આજીવિકા હરી લે છે, તે ઉદાર સ્વભાવવાળા કુટુંબવાળા આજીવિકા વિનાના થઇ રડતા બ્રાહ્મણોનાં આસુના ટીપા જેટલાં રજકણને ભીંજાવે તેટલા વર્ષો તે રાજાઓ કુંભિપાક નામે નરકોમા રહે છે. જે મનુષ્ય પોતે આપેલી અથવા બીજાએ આપેલી બ્રાહ્મણની આજીવિકા હરી લે તે સાઠ હજાર વર્ષ સુધી નરકમાં કીડો થઇ રહે છે. ૩૯ મને બ્રાહ્મણનું ધન મળશો નહિ, કારણ કે જે ધનની લાલચથી અલ્પ આયુષ્યવાળા તથા હારી ગયેલા રાજાઓ રાજ્યથી ભ્રષ્ટ થઇ ઉદ્વેગ આપનાર સર્પ થઇ પડે છે. ૪૦ બ્રાહ્મણ અપરાધ કરે તોપણ તેનો નાશ કરવો નહિ. વળી તે મારે અથવા ઘણી ગાળો ભાંડે તોપણ તમે સદાય તેમને પ્રણામ કરજો. ૪૧ હું સાવધાન થઇને જે પ્રમાણે વખતો વખત બ્રાહ્મણોને પ્રણામ કરૂં છું તેમ તમે પણ કરજો. જે આથી ઉલટી રીતે વર્તશે તે મારી શિક્ષાને પાત્ર થશે. ૪૨ નૃગરાજા ગાય બ્રાહ્મણની છે એવું જાણુતો ન હતો, છતાં હરણ કરેલી બ્રાહ્મણની ગાયે જેમ અજાણ્યા નૃગરાજાને નરકમાં નાંખ્યો હતો તેમ હરણ કરેલું બ્રાહ્મણનું ધન પણ

હરણ કરનારને નરકમા નાખે છે. ૪૩ દ્વાર કાવાસીઓને આ કથા સમ્ભળાવીને સર્વ લોકોને પવિત્ર કરનાર શ્રીકૃષ્ણ પોતાના મહેલમાં પધાર્યા.

एवं विश्राव्य भगवान् मुकुंदो द्वारकौकसः ।
पावनः सर्वलोकानां विवेश निजमंदिरम् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
चतुःषष्टितमोऽध्यायः

અધ્યાય ૬૫ મો.

ગોપીઓ અને બળભદ્ર.

श्रीशुक उवाच

बलभद्रः कुरुश्रेष्ठ भगवान् रथमास्थितः ।
सुहृद्दिदृक्षुरुत्कंठः प्रययौ नंदगोकुलम् ॥१॥

શુકદેવજી કહે છે કે—હે રાજન ! સંબંધીઓને મળવાની ઈચ્છાથી બળભદ્ર રથમા બેસી એકવાર નંદરાયના ગોકુળમા ગયા. ઘણા કાળથી ઉત્કંઠિત થયેલાં વ્રજ જનોએ તેમને આશીર્વાદ આપી તેમનો સત્કાર કર્યો, અને કહ્યું કે, હે દાશાર્હ ! જગતના ઇશ્વર એવા તમે તથા તમારા નાના ભાઈ ઘણા કાળ સુધી અમારૂં પાલન કરજો બળદેવને ખોળામા બેસાડી આલિંગન કરી નંદ યશોદા તેમને અશ્રુઓથી નવરાવવા લાગ્યા બળભદ્ર વૃદ્ધ ગોપને પગે લાગ્યા અને નાની અવસ્થાવાળા તેમને પગે લાગ્યા. પછી અવસ્થા મિત્રતા અને પોતાના સબંધ પ્રમાણે આવેલા ગોપને હરીમળી વિશ્રાંતિ લીધા પછી, સુખમા બેઠેલા બળરામને ચારે તરફથી આવેલા ગોપોએ ગદ્‌ગદ્ કંઠે—તેમના સબંધીઓના કુશળ પ્રશ્ન પૂછયા અને કમળપત્રના જેવાં નેત્રવાળા શ્રીકૃષ્ણને પામવા માટે સર્વ વિષયોને તજનાર તેમને બળભદ્રે સામો કુશળ પ્રશ્ન પૂછયો ૬ ગોપે બળભદ્રને પૂછયુ કે, હે રામ ! આપણા બાંધવો કુશળ છે ? અાં તથા પુત્રોવાળા તમે અમને કોઇ દિવસ સંભારો છો ? પાપી કંસને માર્યો એ ઠીક કર્યુ અને સંબંધી વર્ગને દુ:ખમાથી મુક્ત કર્યા એ પણ ઠીક કર્યુ. શત્રુઓને જિતી તમે આ દુર્ગનો આશ્રય કર્યો છે. ૮ બળભદ્રના દર્શન કરવામા આદરવાળી ગોપીઓ હસતી હસતી તેમને પૂછવા લાગી કે નગરનારીઓના પ્રિયતમ એવા શ્રીકૃષ્ણ સુખી છે? કોઈ દિવસ બાંધવોને તથા માતાપિતાને સંભારે છે ? શ્રીકૃષ્ણ ભગવાન યશોદાને મળવા એકવાર અહીં આવશે ? અમારી સેવાને સંભારે છે ? ૧૦ અમે માતા પિતા ભાઈઓ પતિ પુત્રો બેનો અને ત્યાગ કરી શકાય નહિ એવા બીજા સબંધીઓને પણ જેમને માટે તજ્યા હતા તે અમારો ત્યાગ કરી ચાલ્યા ગયા છતા અમારો તેમના ઉપરનો અનુરાગ જતો નથી અમને આશ્ચર્ય લાગે છે કે, નિપુણ એવી મથુરા નગરીની નારીઓ કૃતઘ્ન તથા અસ્થિર ચિત્તવાળા શ્રીકૃષ્ણના વચનોને કેમ સ્વીકારતી હશે ? અમને તો જણાય છે કે વિચિત્ર કથાઓ કરનાર શ્રીકૃષ્ણના મનોહર મંદ હાસ્યપૂર્વક કટાક્ષો લાગવાથી વૃદ્ધિ પામેલા કામને લીધે આતુર થયેલી તે સ્વીકારતી હશે. ૧૩ બીજી ગોપી બોલી—આપણને તેમની વાતો કરવાનુ શુ પ્રયોજન છે ? જેમ આપણા વિના તેમનો સમય ચાલ્યો જાય છે તેમ તેમના વિના આપણો સમય પણ ચાલ્યો જાય છે આપણો કાળ દુ:ખમા જાય છે ત્યારે તેમનો આનંદમા જતો હશે. ૧૪ શ્રીકૃષ્ણનું હસવું બોલવુ મધુર ઈક્ષણ તેમની ચાલ તથા તેમનું પ્રેમપૂર્વક આલિંગન એ સર્વ સંભારી ગોપીઓ રડી ગઇ. રીસામણા મનામણા કરવાના કામમા કુશળ બળભદ્રજી હૃદયને ગમતા શ્રીકૃષ્ણના સંદેશાઓ કહી ગોપીઓને શાંત કરવા લાગ્યા ૧૬ ચૈત્ર તથા વૈશાખ એમ બે મહિના ત્યા રહ્યા. શ્રીકૃષ્ણે રાસક્રીડા કરી તે સમયે જે ગોપીઓ બાળક હતી

* આ અધ્યાયમા ગોકુલમા પધારેલા બલભદ્રે ગોપીઓના સાથે રમતા નદથી યમુનાને ખેચ્યા, એ કથા કહેલ છે.

તથા જેઓનો જન્મ થયો નહતો, એવી બાળ ગોપીઓની સાથે બળભદ્ર ચૈત્ર અને વૈશાખની આનંદકારી રાત્રીઓમાં રાસ રમ્યા. ચંદ્રની કળાઓથી ઉજ્વળ થયેલા અને કુમુદોની સુગંધથી મઘમઘતા પવનોવડે રમણીય યમુનાના તીર ઉપર સ્ત્રીઓના મંડળ સાથે રાસ રમ્યા. ૧૮ વરૂણ દેવતાએ મોકલેલી વારૂણી નામે મદિરા વૃક્ષના કોટરમાથી નીચે પડી પોતાની સુગંધથી આખા વનમાં સુગંધ ફેલાવતી હતી. ૧૯ વાયુએ પ્રસારેલી મદિરાની સુગંધ શોધતા બળભદ્ર ત્યા ગયા અને તેમણે સ્ત્રીઓની સાથે તે પીધી ૨૦ સ્ત્રીઓ જેમના ચરિત્રોને ગાતી હતી એવા બળભદ્ર મદિરામત્ત અને મદથી વિહ્વલ થઈને વનોમા ફરવા લાગ્યા. બળભદ્રે કંઠમા વૈજયંતી માળા પહેરી હતી કાનમા કુંડળ પહેર્યા હતા, મદમત્ત થયા હતા, જેમના હસતા મુખારવિંદ ઉપર પરસેવારૂપી હિમ શોભી રહેલું હતું એવા સમથ બળભદ્રે જળક્રીડા કરવા યમુનાજીને બોલાવ્યા. તેમને મદિરામત્ત જાણી તેમના વાકયનો અનાદર કરી તે આવ્યા નહિ તેથી બળભદ્રે ક્રોધ કરીને હલના અગ્ર ભાગથી યમુનાને પોતાની પાસે ખેચ્યા અને કહ્યુ કે મારા બોલાવ્યા છતા તું મારૂ અપમાન કરીને આવી નહિ માટે હળના અગ્ર ભાગથી તારા સ્વચ્છંદચારિણીના સેકડો ભાગ કરી નાખીશ. જેમનો તિરસ્કાર કરવામા આવ્યો હતો એવા યમુના ચકિત તથા ભયભીત થઇ તેમના ચરણમા પડીને બોલ્યા કે—હે રામ! જેમના મૂળ રૂપે આ પૃથ્વીને તોળી રાખી છે એવા આપના પરાક્રમને હુ જાણુતી નથી હે જગતના આત્મા! હુ તમારા સ્વરૂપને જાણુતી નથી, તેથી તમારે શરણે આવેલી જે હું તેને મુકત કરવી જોઈએ. ૨૭ યમુનાજીએ પ્રાર્થના કરી એટલે ભગવાન બળભદ્રે તેમને છોડી દીધા અને પછી હાથી જેમ હાથણીઓની સાથે વિહાર કરે તેમ બળભદ્ર સ્ત્રીઓની સાથે જળવિહાર કરવા લાગ્યા.૨૮ પોતાની ઇચ્છા પ્રમાણે વિહાર કર્યા પછી બળભદ્ર પાણીમાથી બહાર નીકળ્યા કે લક્ષ્મીજીએ તેમને શ્યામ વસ્ત્ર મોંઘા મૂલનાં આભૂષણો તથા સુંદર માળાઓ આપી.બળદેવ તે શ્યામ વસ્ત્રો પહેરીને તથા સોનાની માળા કંઠમા ઘાલીને જેમણે શરીર ઉપર ચંદનનું લેપન કર્યું હતું એવા તે ઈદ્રના હાથીની પેઠે શોભવા લાગ્યા બળભદ્રે જે ઠેકાણે એંચ્યાં હતા ત્યાં હજી પણ અનંત પરાક્રમવાળાં ભગવાનના પરાક્રમને સૂચવતાં હોય તેમ યમુના વાંકા ચુકા વહે છે. આ રીતે વ્રજમાં વિહાર કરતા અને ગોપીઓના વિલાસોથી જેમનુ ચિત્ત હરાયું હતું, એવા બળભદ્રને ઘણી રાત્રિઓ કયાં ગઈ તે જણાયું નહિ.

एव सर्वा निशा याता एकेव रमतो व्रजे ।
रामस्याक्षिप्तचित्तस्य माधुर्यैर्व्रजयोषिताम्॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
पचषष्टितमोऽध्यायः

અધ્યાય ૬૬ મો.¶

મિથ્યા વાસુદેવનો નાશ.

श्रीशुक उवाच.

नंदव्रजं गते रामे करूषाधिपतिर्नृप ।
वासुदेवोहमित्यज्ञो दूतं कृष्णाय प्राहिणोत्॥

શુકદેવજી કહે છે કે—બળભદ્ર નંદરાયના વ્રજમાં ગયા તે સમયે—હું વાસુદેવ છું, એવું માનતા ને મનાવતા કરૂષ દેશના રાજા પોંડ્રક વાસુદેવે મૂર્ખતાથી ભગવાન શ્રીકૃષ્ણની હજુરમા એક દૂત મોકલીકહાવ્યું કે જગતનો પતિ ભગવાન વાસુદેવ છું ને તમે ખોટા છો. બાળકોએ છકાવી મૂકેલો મૂર્ખ પોંડ્રક પોતાને વિષ્ણુ માનતો ને મનાવતો હતો. ૨ બાળકો જેમ રમતમાં

¶ આ અધ્યાયમા શ્રીકૃષ્ણે કાશીમા જઇ પૌંડ્રક વાસુદેવનો તથા તેના મિત્રનો નાશ કર્યો, એ કથા કહેવાશે

મૂર્ખ બાળકને રાજા ઠરાવે તેમ મૂર્ખાએ વિષ્ણુ બનાવેલા પૌંડ્રક રાજાએ દ્વારકામા વસતા અચિંત્ય મહિમાવાળા શ્રીકૃષ્ણને આમ કહેવરાવ્યું ૩ દ્વારકા જઈ દૂતે સભામા બેઠેલા કમળની પાખડી જેવા નેત્રવાળા શ્રી કૃષ્ણ પ્રભુને પૌંડ્રક રાજાનો સંદેશો કહ્યો ૪ પ્રાણીઓ ઉપર દયા કરવા પૃથ્વી ઉપર હું એક વાસુદેવ અવતર્યો છું બીજો નથી માટે તું મિથ્યા મમત્વ મૂકી દે. હે યાદવ ! તું મૂર્ખતાથી જે અમારા ચિહ્નો ધારણ કરે છે, તે ચિહ્નોનો ત્યાગ કરીને અમારે શરણે આવ નહિ તો મારી સાથે યુદ્ધ કર. ૬

શુકદેવજી કહે છે કે—અલ્પ બુદ્ધિવાળા પૌંડ્રકનું તેવું કહેવું સાભળીને ઉગ્રસેન વગેરે સભાસદો ખડખડાટ હસી પડયા ૭ પરિહાસની વાત થઇ રહ્યા પછી ભગવાને દૂતને કહ્યુ કે તારા રાજાને કહેજે કે—મૂર્ખ ! જે ચિહ્નોથી તું બકે છે તે હું ઉતરાવીશ ૮ તારૂં મુખ ઢાકી મરણ પામી તુ રણભૂમિ ઉપર પડીશ કુતરા તારા શબને ચુથશે. ૯ શ્રીકૃષ્ણે સંદેશો કહાવ્યો તે સર્વ દૂતે રાજા પૌંડ્રકને પહોચાડયો. શ્રીકૃષ્ણ પછી રથમા બેસી કાશી ગયા. ૧૦ મહારથી પૌંડ્રક બે અક્ષૌહિણી સૈન્ય સાથે નગરમાથી બહાર નીકળ્યો. ૧૧ તેનો મિત્ર કાશી રાજા તેનો પક્ષ કરીને ત્રણ અક્ષૌહિણી સેના સાથે તેની પાછળ મદદ કરવાને આવ્યો. ૧૨ તેણે શંખ ચક્ર તરવાર શાર્ઙ્ગ અને શ્રીવત્સ વગેરે ચિહ્નો ધારણ કર્યાં હતા, કંઠમા કૌસ્તુભ મણિ ધારણ કર્યો હતો, તે વનમાળાથી અલંકૃત હતો. ૧૩ પીળા રેશમી વસ્ત્રો અને ધ્વજામાં ગરૂડનું ચિહ્ન રાખ્યું હતું, તેનો મુગટ અને આભરણો અમૂલ્ય હતા, કાનમાં મકરાકાર કુંડળો હતા ૧૪ રંગભૂમિ ઉપર આવેલા નટની પેઠે પોતાના જેવો કૃત્રિમ વેશ ધારણ કરનાર પૌંડ્રકને જોઇને શ્રીકૃષ્ણ હસ્યા. ૧૫ શત્રુઓ ત્રિશૂળો ગદાઓ પરિઘો સાગો ઋષ્ટિઓ પ્રાસ તોમરો તરવારો પટ્ટિશો ને બાણોથી શ્રીકૃષ્ણને મારવા લાગ્યા. ૧૬ પ્રલય કાળે અગ્નિ જેમ જુદી જુદી પ્રજાનો નાશ કરે તેમ શ્રીકૃષ્ણે પૌંડ્રક તથા કાશી રાજના હાથી ઘોડા રથ અને પાયદળ સૈન્યનો ગદા તરવાર ચક્ર તથા બાણોથી સંહાર કરી નાખ્યો ૧૭ ચક્રથી કપાયેલા રથ ઘોડા હાથી મનુષ્ય ખચ્ચરો તથા ઉંટોથી ભરપૂર વીર પુરૂષોને આનંદ આપનારૂં યુદ્ધસ્થાન રૂદ્રને વિહાર કરવાના સ્થાનકની પેઠે ભયંકર થઇ પડયુ ૧૮ યુદ્ધ કરતા કરતા શ્રીકૃષ્ણે પૌંડ્રકને કહ્યુ કે—તે દૂતની મારફતે મને જે કહાવ્યું હતું તે પ્રમાણે હુ તારા ઉપર શસ્ત્રો નાખું છુ ૧૯ તેં જે મારૂ મિથ્યા નામ ધારણ કર્યું છે તે હું આજે છોડાવીશ અને જો હુ વઢવાની ઇચ્છા ધરાવતો હોઉ તો આજે તારે શરણે આવીશ. ૨૦ તિરસ્કાર કરી તીક્ષ્ણ બાણો મારી પૌંડ્રકને રથ વિનાનો કરીને ઇંદ્ર જેમ વજ્ર મારી પર્વતના શિખરને તોડી નાખે તેમ ભગવાને ચક્રવડે પૌંડ્રકનુ માથુ કાપી નાખ્યું. ૨૧ બાણોથી કાશીરાજનુ મસ્તક કાપી નાખી વાયુ જેમ કમળકોશને ભૂમિ ઉપર પાડી નાખે તેમ ભગવાને તેના મસ્તકને પાડી નાખ્યું. ૨૨ મત્સરવાળા પૌંડ્રકને તેના મિત્ર સાથે મારી નાખી સિદ્ધ લોકો જેમની કથારૂપી અમૃતનું ગાન કરે છે, એવા શ્રીકૃષ્ણ પછી દ્વારકા પધાર્યા નિરંતર ભગવાનનું ધ્યાન કરવાથી જેનાં સર્વ બંધનો નાશ પામ્યા હતાં એવો તથા નિત્ય ભગવાનનું સ્વરૂપ ધારણ કરનાર પૌંડ્રક વાસુદેવ ભગવાનના રૂપમા મળી ગયો. ૨૪ તેનુ માથું કુંડળની સાથે રાજદ્વારમાં જઇ પડયું તે જોઇને લોકો સંશયમા પડી ગયા. ૨૫ આ તો કાશીરાજનું મસ્તક છે એમ જાણી તેની રાણીઓ પુત્રો બાંધવો અને નગરવાસી જનો, હે નાથ ! હે નાથ ! એમ કહી કહીને વિલાપ કરવા લાગ્યાં.

૨૬ તેના પુત્ર સુદક્ષિણે પિતાની ઉત્તરક્રિયા કરી નિશ્ચય કર્યો કે પિતાના મારનારનો નાશ કરીને હું ઋણમાંથી મુકત થાઉં ૨૭ આવો નિશ્ચય કરી સુદક્ષિણ ઉપાધ્યાય સાથે શ્રીશંકરની આરાધના કરવા લાગ્યો. ૨૮ ભગવાન કાશીવિશ્વનાથ તેની ઉપર પ્રસન્ન થયા અને તેને વર માગવા કહ્યુ સુદક્ષિણે પિતાને મારનારનો નાશ કરવાનો ઉપાય જે પોતાને ઇષ્ટ હતો તે માગ્યો ૨૯ શંકરે કહ્યુ કે-તું બ્રાહ્મણોની સાથે રહી ઋત્વિજની પેઠે કાર્ય કરનાર દક્ષિણાગ્નિનુ અભિચાર (મારણ) નામે પ્રયોગથી પૂજન કર કે જેથી અગ્નિદેવ પ્રમથ ગણોની સાથે તારી ઇચ્છા પૂર્ણ કરે. તે પ્રયોગ બ્રાહ્મણોનુ અપમાન કરનાર ઉપર ચાલશે બીજા ઉપર ચાલશે નહિ પછી વ્રત ધારી સુદક્ષિણે શ્રીકૃષ્ણને મારવા અભિચાર પ્રયોગનો આરંભ કર્યો અભિચારનો વિધિ કરવા માંડતા મહા ભયંકર તપાવેલા તાંબા જેવી શિખા દાઢી તથા મુંછવાળો નેત્રમાંથી અંગાર ઉછાળતો અગ્નિ પ્રકટ થયો તેનુ મુખ ભયંકર દાઢ અત્યંત તીક્ષ્ણ ભ્રુકુટીરૂપી દંડવડે બીહામણુ દેખાતું મુખને દેખાવે વિકરાળ લાગતો હતો. ત્રિશુલને ફેરવતો તે ભૂતોની સાથે તાલ જેવા બે પગવડે પૃથ્વીને કંપાવતો અને દશ દિશાને બાળતો દ્વારકા તરફ દોડયો અભિચારના અગ્નિને આવતો જોઇ વનમાં દાવાનલ લાગતા જેમ મૃગો ત્રાસ પામે તેમ દ્વારકાવાસી લોકો ત્રાસ પામવા લાગ્યાં, ૩૫ ભયથી આતુર થઈ બાજી રમતા શ્રીકૃષ્ણની પાસે જઇને તેઓએ કહ્યુ કે-હે ઈશ્વર! નગરને બાળતા અગ્નિથી અમારૂ રક્ષણ કરો! મનુષ્યોનો ગભરાટ જોઇ તથા લોકોને ભયમાં જોઇ શરણાગત રક્ષક શ્રી કૃષ્ણે હસીને કહ્યુ કે-તમે ડરો નહિ. હું તમારી રક્ષા કરીશ. સર્વના અંતર તથા બહારના સાક્ષી શ્રીકૃષ્ણે તે કૃત્યાને ઓળખી તેનો નાશ કરવા સુદર્શન ચક્રને આજ્ઞા કરી. ૩૮ કરોડ સૂર્યના જેવી કાંતિવાળા બળતા પ્રલય કાળના અગ્નિ જેવી કાંતિવાળા તેજથી આકાશ દિશાઓ સ્વર્ગ અને પૃથ્વીને પ્રકાશમાન કરતા ચક્રે અગ્નિને પીડવા માંડયો. ૩૯ ચક્રધારી ભગવાનના ચક્રના બળથી કૃત્યાનલનું મુખ ભાગી ગયું અને સુદક્ષિણે મૂકેલા અભિચારના અગ્નિએ પાછા વળી કાશીમાં જઇ ઋત્વિજ સાથે સુદક્ષિણને બાળીને ભસ્મ કર્યો ૪૦ સુદર્શન તેની પાછળ કાશી ગયું અને તેણે પણ ઓટલાઓ સભાઓ ઘરો બજારો દરવાજાઓ અગાશીઓ કોઠારો ધનના ભંડારો હાથીની શાળાઓ ઘોડાઓની શાળાઓ રથની શાળાઓ તથા અન્નની શાળાઓને બાળી નાંખી. ૪૧ કાશીને બાળીને સુદર્શન ચક્ર ઉત્તમ કર્મ કરનાર શ્રીકૃષ્ણ ભગવાનની પાસે પાછું આવ્યુ. જે મનુષ્ય સાવધાન થઇ શ્રીકૃષ્ણનાં પરાક્રમ કોઈને સંભળાવે તથા સાંભળે તે સર્વ પાપમાંથી મુકત થાય છે.

य एत श्रावयेन्मर्त्य उत्तमश्लोकविक्रमम् ।
समाहितो वा शृणुयात्सर्वपापैः प्रमुच्यते ॥
इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
षट्षष्टितमोध्यायः

અધ્યાય ૬૭ મો.†

દ્વિવિદવાનર ને બળદેવજી.

राजोवाच

भूयोऽहं श्रोतुमिच्छामि रामस्याद्भुतकर्मणः
अनंतस्याप्रमेयस्य यदन्यत्कृतवान्प्रभुः ॥ १ ॥

પરીક્ષિતે પૂછયું કે-સમર્થ એવા બળભદ્રે બીજાં જે કર્મ કર્યાં હોય તે અદ્ભુત કર્મ ચરિત્રો હું ફરીને સાંભળવા ઇચ્છું છું માટે કહો. ૧

શુકદેવજીએ કહ્યુ કે-દ્વિવિદ નામે એક મોટો પરાક્રમી વાનર હતો. તે નરકાસુરનો મિત્ર હતો, સુગ્રીવનો મંત્રી અને મૈન્દનો

† આ અધ્યાયમાં રૈવતાચલ પર્વતમાં વિહાર કરતા બળભદ્રે દ્વિવિદ વાનરને માર્યો એ કથા કહેવાશે.

ભાઇ થતો તે નરકાસુરનું વેર લેવા નગરોનો નાશ કરવા વખતો વખત નગર ગામડા વગેરેમા આગ મૂકીને બાળતો ફરતો હતો. કોઇ વાર મોટા પર્વતોને ઉપાડીને તેનાથી દેશોને ભાગી ભૂકો કરી નાખતો અને જયા આગળ તેના મિત્રને મારનાર શ્રીકૃષ્ણ રહેતા હતા તે દેશને વધારે દુઃખ આપતો હતો. ૪ દશ હજાર હાથીના જેવો બળવાન તે કોઇ વાર સમુદ્રમાં ઉભા રહી બે હાથથી તેનુ પાણી ઉછાળી તેનાથી કિનારા ઉપરના દેશોને બોળી દેતો. ૫ મુખ્ય મુખ્ય ઋષિઓના આશ્રમોનાં મોટા વૃક્ષોને ભાગી નાખી તે નરક તથા મૂતરવડે યજ્ઞના અગ્નિઓને અભડાવતો. કોઇ વાર ગર્વિષ્ટ એવો તે ભમરી જેમ કીડાને દરમા પૂરી દે તેમ પુરૂષોને તથા સ્ત્રીઓને પર્વતોની ગુફામા ગોંધી દઈ તેના દ્વારને મોટી શિલાઓથી બંધ કરી દેતો. ૭ સર્વ કુલીન સ્ત્રીઓને દૂષિત કરતો તે એકવાર સુલલિત ગીત સાભળીને રૈવતાચલ ઉપર આવ્યો. ૮ ત્યા કમળની માળા ધારણ કરનાર સર્વાંગે સુંદર યદુપતિ બળભદ્રને સ્ત્રીઓનાં ટોળામા ઉભેલા જોયા ૯ તે વારૂણી મદિરા પીને ગાન કરતા હતા તેમનાં નેત્રો મદથી વિહ્વળ થઇ ગયા હતા અને મદમસ્ત હાથીની પેઠે ઉન્મત્ત થયેલા હતા. ૧૦ દ્વિવિદ વૃક્ષની ઉપર ચઢી પોતાનું શરીર દેખાડીને ખીખી હસવા લાગ્યો ૧૧ તરુણ સ્ત્રીઓ કે જેઓ સ્વભાવિક રીતે ચપળ અને હસમુખી હતી તેઓ વાનરની નિર્લજતા જોઇ હસવા લાગી. ૧૨ વાનર બળભદ્રના દેખતાં તેઓને દાત દેખાડીને ભ્રુકુટીના મરોડોથી તથા સન્મુખ ધસી આવવા વગેરેથી તે સ્ત્રીઓનો અનાદર કરવા લાગ્યો. ૧૩ બળદેવે ક્રોધ કરીને તેને પત્થર માર્યો પરંતુ પત્થરને ચૂકાવી મદિરાના કલશને ઉપાડી તે નાશી ગયો, બળદેવજીના કોપમાં વધારો કરી હસતો હસતો તેમનું અપમાન કરતો અને નિર્લજ્જ થઇ મદિરાના કલશને હલાવતો બળદેવનું અપમાન કરી સ્ત્રીઓનાં લુગડાં તાણવા લાગ્યો આ રીતે વાનરના અવિનયને જોઇ તથા તેણે રંજાડેલા દેશોને જોઇને બળદેવ કોપી ઉઠયા અને તેમણે શત્રુનો નાશ કરવાની ઇચ્છાથી હલ તથા મુશલ હાથમાં લીધા. દ્વિવિદ વાનર હાથવતી સાગના ઝાડને ઉપાડી, વેગથી બળદેવજી સામે ધસ્યો ને બળદેવજીના માથા ઉપર ઝાડનો પ્રહાર કર્યો. બળદેવે માથા ઉપર પડતા ઝાડને ઝીલી લાધુ અને તેને સામુ માથા ઉપર મુશલ માર્યું, મારથી તેનુ મસ્તક ભાગી ગયું અને ગેરૂથી જેમ પર્વત શોભે તેમ લોહીની ધારાથી દ્વિવિદ શોભવા લાગ્યો દ્વિવિદ મુશલના પ્રહારને ન ગણગારતા બળથી ફરીને બીજું ઝાડ ઉખેડી તેના પાદડા પાડી નાખી તેનાથી બળભદ્રને માર્યા બળભદ્રે ક્રોધમા આવી જઇ ઝાડના સેંકડો કડકા કરી નાખ્યા, દ્વિવિદ રોષ કરી બીજા ઝાડથી બળદેવજીને મારવા મંડયો. બળભદ્રે તેના પણ કડકા કરી નાખ્યા ૨૧

આ પ્રમાણે જેમ વૃક્ષોના કડકા થતા ગયા, તેમ તેમ બીજા વૃક્ષને ખેંચીને ભગવાનની સાથે લઢતાં લઢતા તે વાનરે આખું વન ઝાડ વિનાનુ કરી નાખ્યુ. ૨૨ ઝાડ ખુટી ગયા પછી તે રોષમા આવી બળદેવજીના ઉપર શિલાની વૃષ્ટિ કરવા લાગ્યો. બળદેવજીએ તે સર્વ શિલાઓનો રમતમાં ભૂકો કરી નાખ્યો ૨૩ પછી વાનરરાજા દ્વિવિદે તાડના જેવા બે હાથની મુઠીઓવાળી બળભદ્રની પાસે જઈ તેમની છાતીમા મારી ૨૪ યાદવોમા ઈન્દ્ર જેવા બળદેવે ક્રોધ કરી મુશલ તથા હળને તજી દઇ તેની હાસડી ઉપર બે હાથની મુઠીઓ વાળી જોરથી મારી. તે લોહી ઓકતો ધરણી ઉપર ઢળી પડયો. વાયુવડે જેમ વહાણ કંપે તેમ દ્વિવિદ પડવાથી પાણીથી ભરેલા ઝરણા સાથે તથા વનસ્પ-

તેઓ સાથે તે પર્વત કંપી ઉઠયો, આકાશમા પુષ્પની વૃષ્ટિ કરનાર દેવતાઓ સિદ્ધો અને મુનીંદ્રો જય જયના ઉચ્ચાર કરવા લાગ્યા. જગતને દુઃખ દેનાર દ્વિવિદ વાનરને મારી મનુષ્યોથી સ્તુતિ કરાતા ભગવાન બળદેવજી પછી નગરમા ગયા. ૨૮

एवं निहत्य द्विविदं जगद्व्यतिकरावहम् ॥
संस्तूयमानो भगवाञ्जनैः स्वपुरमाविशत् ॥
इतिश्रीमद्भागवतेमहापुराणदशमस्कंधे
सप्तषष्टितमोध्यायः

અધ્યાય ૬૮ મો.†

લક્ષ્મણા હરણ.

श्रीशुक उवाच

दुर्योधनसुतां राजलक्ष्मणां समितिंजयः ।
स्वयंवरस्थामहरत् सांबो जांबवतीसुतः ॥

શુકદેવજી કહે છે કે—હે રાજન ! યુધ્ધમાં વિજયી જાંબુવતીનો પુત્ર સાંબ દુર્યોધનની પુત્રી લક્ષ્મણાને સ્વયંવરમાંથી હરી લાવ્યો. તે ઉપરથી કૌરવો કહેવા લાગ્યા કે—આ છોકરો અવિનયી છે કારણ કે, તે આપણો તિરસ્કાર કરી કામના રહિત કન્યાને હરી ગયો. ૨ આ અવિનયી કુમારને કેદ કરો. યાદવો આપણને શું કરવાના છે. તેઓ આપણી કૃપાથી વૃદ્ધિ પામેલી અને આપણે આપેલી ભૂમિને ભોગવે છે જો યાદવો ચઢી આવશે તો પ્રાણાયામવડે સ્વાધિન કરેલા ઇંદ્રિયોની પેઠે શાન્ત પડી જશે પછી ભીષ્મ પિતાની આજ્ઞાથી કર્ણ શલ્ય ભૂરિશ્રવા યજ્ઞકેતુ અને દુર્યોધન સાંબને બાંધવાની તૈયારી કરવા લાગ્યા. મહારથી સાંબ કે જે એકલો હતો તે પાછળ આવતા કૌરવોને જોઇ ધનુષ હાથમા લઇને સિંહની પેઠે તેઓની સામે ઉભો રહ્યો. ૬ સાંબને પકડવાની ઇચ્છાવાળા ધનુર્ધારીઓ 'ઉભો રહે, ઉભો રહે' એમ કહી તેને બોલાવવા લાગ્યા. કર્ણ જેમાં અગ્રણી હતો એવા યોદ્ધાઓ સાંબ ઉપર બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા. નાના મૃગો જેમ સિંહનો અનાદર કરે તેમ કૌરવોએ બાણોથી વિંધી નાખેલા યાદવોને આનંદ આપનાર શ્રી કૃષ્ણના અલૌકિક પુત્ર સાંબે પ્રહાર સહન કર્યો નહિ. ધનુષ લઇ તથા તેનો ટંકાર કરીને વીર એવા સાંબે એક જ વખતે જુદાં જુદાં બાણો મારી કર્ણ આદિ રથીઓને વિંધી નાખ્યા.૯ ચાર ચાર બાણોથી ચાર ઘોડાઓ એક એક બાણથી સારથિ તથા એક એક બાણથી રથીઓને ઘાયલ કર્યા. તેના બળનાં બધા મહારથીઓએ વખાણ કર્યા. ૧૦ પછી તે છએ રથીઓએ સાંબને રથ રહિત કર્યો, ચાર રથીઓએ ચાર ઘોડાઓનો નાશ કર્યો, એકે સારથિને માર્યો અને એકે ધનુષને કાપી નાખ્યું. ૧૧ પરિશ્રમથી યુધ્ધમાં તેને રથ વિનાનો કરી વિજય મેળવનાર કૌરવો તે કુમારને બાંધી તેને તથા પોતાની કન્યાને લઇ હસ્તિનાપુર આવ્યા. ૧૨

નારદજીના કહેવાથી આ વાત સાંભળી યાદવોને ક્રોધ ચઢયો અને તેઓ ઉગ્રસેનની આજ્ઞાથી કૌરવો ઉપર ચઢાઇ કરવાને તત્પર થયા. ૧૩ કલિયુગની અસરનો નાશ કરનાર બળભદ્ર કૌરવો અને યાદવો વચ્ચે કલેશ થયેલો જોવાને ખુશી ન હતા તેથી તેમણે તૈયાર થયેલા યાદવોને સમજાવ્યા. સૂર્યના જેવા તેજસ્વી રથમા બેસી ગ્રહો સહિત ચંદ્રની પેઠે કુળના વડા પુરૂષો તથા બ્રાહ્મણો સાથે તે હસ્તિનાપુર ગયા. ૧૫ ત્યાંના ઉપવનમા ઉતર્યા અને ધૃતરાષ્ટ્રને પોતાના આવવાના સમાચાર જણાવવા ઉધ્ધવને મોકલ્યા. ઉધ્ધવે ધૃતરાષ્ટ્રને ભીષ્મ દ્રોણ બાહ્લિક તથા દુર્યોધનને લૌકિક રીતિ પ્રમાણે પ્રણામ કરી બળભદ્ર આવ્યા છે, એવા સમાચાર કહ્યા. ૧૭ તેઓ પોતાના અતિ સ્નેહી બળભદ્રને આવ્યા સાંભળી ખુશ

† આ અધ્યાયના દુર્યોધનની પુત્રી લક્ષ્મણાનું જાંબવતીના પુત્ર સાંબે હરણ કર્યું અને બળદેવજી તેની વાર લઇ લઢયા, એ કથા કહેવાય છે.

થયા અને ઉધ્ધવનો સત્કાર કરી હાથમા માંગલિક ભેટો લઇ બળભદ્રની પાસે ગયા. ૧૮ તેમને મળી ઘટતી રીતે બળદ તથા અર્ઘ આપ્યો અને તેઓમા જેઓ તેમના પ્રભાવને જાણતા હતા તેઓ મસ્તકવડે બળભદ્રજીને નમ્યા. ૧૯ પછી પરસ્પરમા એક બીજાના સંબધીઓનું કુશળ તથા આરોગ્ય પૂછ્યું અને સર્વ બાંધવોનું કુશળ સમાચાર કહી બળભદ્ર આ પ્રમાણે બોલ્યા.

બળભદ્ર—રાજાના રાજા ઉગ્રસેન તમને આજ્ઞા કરે છે, તે તમે સાવધાનતાથી સાભળી તેનો અમલ કરો, વિલબ લગાડો નહિ ઉગ્રસેન તમને કહેવરાવે છે કે તમે ઘણા જણાઓએ એકઠા મળીને શાતગુણી એક બાળકને અધર્મથી જીતી કેદ કર્યો છે, પરંતુ હુ સંબંધીઓમા ઐકય રહે એવી ઇચ્છાથી તમને આ સલાહ આપું છુ, અર્થાત હવે તમે તે કુમારને મૂકી દ્યો. ૨૨

શુકદેવજી કહે છે કે—પ્રભાવ ઉત્સાહ તથા બળને લીધે ઉધ્ધત તથા પોતાની શક્તિને ન એવું છાજતુ બળભદ્રનું વચન સાભળીને કોપાયમાન થયેલા કૌરવો પછી બોલ્યા કે—અહો ! કાળની ગતિ અનુલ્લઘનીય છે, જેને લીધે આ મોટું આશ્ચર્ય થયું છે, તે એ કે એક બીચારૂ પામર મુગટથી સેવાયલા માથા ઉપર ચઢી બેસવાની ઇચ્છા કરે છે. ૨૪ યાદવો જયારથી વૈવાહિક સંબધથી આપણી સાથે બધાયા છે ત્યારથી સુવું બેસવુ તથા જમવુ વગેરે કાર્ય આપણી સાથે કરવા લાગ્યા છે, અને આપણે તેઓને રાજ્યાસન આપીને આપણા જેવાજ બનાવી દીધા છે. ૨૫ વળી આપણી બેદરકારીને લીધે યાદવો ચામર, રાજચિહ્‌ન છત્ર મુગટ રાજ્યાસન તથા શય્યાનો ઉપયોગ કરે છે. ૨૬ સર્પને પાયેલુ દૂધ જેમ પાનારનું જ અકલ્યાણ કરે તેમ આપણે યાદવોને આપેલાં રાજચિહ્‌નો આજે આપણાં, શત્રુભૂત થઇ પડયાં છે, માટે હવે તે ખુંચાવી લેવા યોગ્ય છે. જે યાદવો આપણી દયાથી વૃધ્ધિ પામેલા છે તેઓ જ આજે નિર્લજ્જ થઇને આપણને આજ્ઞા કરે છે. ૨૭ પરતુ બકરૂં જેમ સિંહે ગળેલી વસ્તુને લઇ શકે નહિ, તેમ ભીષ્મ દ્રોણ અર્જુન વગેરે કુરૂઓએ ન આપેલી વસ્તુ ઇંદ્ર પણ લઇ શકે નહિ. ૨૮

શુકદેવજી કહે છે કે—હે રાજન ! ઉંચા કુળમા થયેલા જન્મથી બંધુઓથી તથા લક્ષ્મીથી મદોન્મત્ત અસભ્ય લોકો બળભદ્રને ઉપર કહ્યા પ્રમાણે દુષ્ટ વચન સંભળાવી હસ્તિનાપુરમા ગયા. ૨૯ કૌરવોના દુષ્ટ સ્વભાવ તરફ જોઇ તથા તેમના અવાચ્ય વચન સાભળી કોપના આવેશમા આવેલા તથા તેને લીધે જેમની સામે દૃષ્ટિ પણ કરી શકાય નહિ એવા બળભદ્ર હસીને કહેવા લાગ્યા કે—અનેક મદોથી ઉધ્ધત થઇ ગયેલા દુષ્ટ પુરૂષો શાન્તિની ઇચ્છા કરતા નથી, માટે પશુઓને જેમ ધોકાનો માર શાંત કરે છે, તેમ તેમને પણ શિક્ષા કરવી યોગ્ય છે ક્રોધના આવેશમા યાદવોને તથા ક્રોધ પામેલા શ્રીકૃષ્ણને શાત કરી કૌરવ તથા યાદવો વચ્ચે સલાહ સપ રહે એવી ઇચ્છાથી હું અહીં આવ્યો છુ ૩૨ મદ બુધ્ધિવાળા લડાઇ ઉપર પ્રીતિવાળા ખળ તથા અભિમાની કૌરવો મારૂ અપમાન કરી વારંવાર ન બોલવાના વચનો બોલે છે ૩૩ ભોજ વૃષ્ણિ તથા અધક કુળના રાજાઓના રાજા ઉગ્રસેન કે જેની આજ્ઞામા ઇદ્ર આદિક લોકપાળો રહેલા છે તે તેઓના રૂનથી રાજા નથી. ૩૪ જેમણે દેવતાઓની સુધર્મા સભા પોતાને સ્વાધીન કરી છે અને જે સ્વર્ગમાથી પારિજાતક લાવીને તેનો ઉપભોગ કરે છે તે શ્રીકૃષ્ણ રાજ્યાસન ઉપર બેસવાને યોગ્ય નથી ? તેઓ કેવી વાતો કરે છે ! ૩૫ સર્વ જગતની મહારાણી સાક્ષાત લક્ષ્મી જેમનાં ચરણાર-

વિંદને સેવે છે તે લક્ષ્મીના પતિ રાજાઓના ચિહ્નનો ધારણ કરવા યોગ્ય નથી ? ૩૬ તીર્થોની ઉપાસના કરનાર યોગીઓના તીર્થરૂપ જેમના ચરણારવિંદની રજને સર્વ લોકપાળો પોતાના ઉત્તમ મુગટોવડે ધારણ કરે છે તથા બ્રહ્મા શંકર અને હુ જેમના અંશના અંશ રૂપ છીએ તથા જેમના ચરણની રજને ચિરકાળ થયા મસ્તક ઉપર ધારણ કરીએ છીએ તે ભગવાનને રાજ્યાસન કેમ ઘટે ? ૩૦ યાદવો કૌરવોએ આપેલી પૃથ્વીના ભોગ ભોગવે છે. મત્તોની પેઠે ઐશ્વર્યના મદથી મુગ્ધ અને અભિમાની લોકોની અસંબદ્ધ તથા કઠોર વાણી શિક્ષા કરવાને સમર્થ હોય એવો કયો મનુષ્ય સહન કરે ? ૩૯ હું આજે પૃથ્વીને કૌરવ વિનાની કરી નાખીશ ત્રણ જગતને બાળતા હોય તેમ ક્રોધાવેશમા આવેલા બળભદ્ર હળ લઇ ઉભા થયા, ૪૦ ને તેના આગલા ભાગથી હસ્તિનાપુરને ઉખેડીને ગંગામા નાખવા ખેંચવા લાગ્યા. ૪૧ બળદેવે ખેંચાતું હસ્તિનાપુર નૌકાની પેઠે ડોલવા માંડયું અને યમુનામા પડવા તૈયાર થયું તે જોઈ કૌરવો ભય પામ્યા. જીવવાની ઈચ્છાથી તેઓ પોતાનાં કુટુંબ સાથે લક્ષ્મણાને અને સાંબને આગળ કરી બે હાથ જોડી બળભદ્રને શરણે ગયા.

કૌરવો—હે પ્રભુ ! તમારા પ્રભાવને અમે જાણતા નથી માટે અમારો અપરાધ ક્ષમા કરવો જોઇએ. ૪૪ આ જગતની ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયના કર્તા તમે છો અને તમને કોઇ આધાર નથી. હે ઈશ્વર ! આ સર્વ લોકોથી રમત કરનાર આપના આ લોકો વિવિધ રમકડા રૂપ છે, એવું જ્ઞાની પુરૂષો કહે છે. ૪૫ હે અનંત ! તમે આ ભૂમંડળને મસ્તક ઉપર ધારણ કરો છો તથા પ્રલય સમયે જગતનો પોતાના સ્વરૂપમાં લય કરી છેવટ અદ્વિતીય એવા આપ બાકી રહો છો, અને શેષનાગ ઉપર શયન કરો છો. ૪૬ હે ભગવાન ! આપ જગતની સ્થિતિ તથા પાલન કરવામા તત્પર થઈ સત્વગુણને ધારણ કરો છો, તે આપનો કોપ દ્વેષને લીધે અથવા મત્સરને લીધે હોતો નથી પરંતુ સર્વ લોકોને શિખામણ આપવારૂપ હોયછે.તમને નમસ્કાર હો. અમે તમારે શરણે આવ્યા છીએ. ૪૮

શુકદેવજી કહે છે કે—આ રીતે ખિન્ન થઇ શરણે આવેલા તથા જેમનુ નગર કંપી રહ્યુ હતું એવા કૌરવોએ બળભદ્રને પ્રસન્ન કર્યા અને તેમણે પણ પ્રસન્ન થઈ 'તમે ડરશો નહિ' એવું તેમને અભયદાન આપ્યુ. પછી પુત્રી ઉપર સ્નેહવાળા દુર્યોધને સાઠ વર્ષના બારસો હાથીઓ દશ હજાર ઘોડા તથા સૂર્યના જેવા ઝળાંઝળા થતા સોનાના તેજસ્વી છ હજાર રથ તથા જેમના કંઠમા આભૂષણ પહેરાવેલાં હતા એવી એક હજાર દાસીઓ પુત્રીને પહેરામણીમાં આપી. યાદવ વંશમાં શ્રેષ્ઠ ભગવાન બળભદ્ર તે સર્વ સ્વીકારી પુત્રને વહુ સાથે સંબંધીઓ તરફથી માન મેળવીને દ્વારકા આવ્યા. મુખ્ય મુખ્ય યાદવોની સભા વચ્ચે પોતાને કૌરવો સાથે જે કરવું પડયું હતું તે સર્વ કહી સંભળાવ્યું. ૫૩ હજી સુધી દક્ષિણ દિશા તરફ ઉંચું અને ગંગા તરફ ખાડત થયેલું હસ્તિનાપુર બળભદ્રનું પરાક્રમ સૂચવતું દૃષ્ટિએ પડે છે. ૫૪

अद्यापि च पुर ह्येतत्सूचयद्रामविक्रमम्
समुन्नतं दक्षिणतो गंगायामनुदृश्यते ॥६८॥
इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
अष्टषष्टितमोऽध्यायः

અધ્યાય ૬૯ મો.†

શ્રીકૃષ્ણની વ્યાપકતા.

श्रीशुक उवाच.

नरकं निहतं श्रुत्वा तथोद्वाहं च योषिताम्।
कृष्णेनैकेन बह्वीनां तद्दिदृक्षुःस्म नारदः ॥

શુકદેવજી કહે છે કે—નરકાસુરને શ્રી

† આ અધ્યાયમા નારદજી શ્રીકૃષ્ણની પ્રત્યેક મહેલમા હાજરી જોઈ આશ્ચર્ય પામ્યા એ કથા કહેવારો.

કૃષ્ણે માર્યો એવું સાંભળીને અને તેમણે ઘણી સ્ત્રીઓ સાથે વિવાહ કરેલો છે, એવું જાણીને નારદજીને તે જોવાની ઈચ્છા થઇ. તે વિચાર કરવા લાગ્યા કે શ્રીકૃષ્ણ એકલા એક દેહથી એકજ વખતે બધા મહેલોમાં સોળ હજાર સ્ત્રીઓ સાથે પરણ્યા એ વાત આશ્ચર્યકારક છે. ૨ શ્રીકૃષ્ણનો વૈભવ જોવાને ઉત્કંઠિત થયેલા નારદ દ્વારકા જોવા આવ્યા તે પુષ્પવાળાં ઉપવનો ને ઉદ્યાનોમાં ગણુગણાટ કરી રહેલા ભમરાઓના અને પક્ષીઓના નાદથી ગાજી રહી હતી. ૩ ઉઘડેલાં શ્યામ કમળ અંભોજ કહ્‌લાર કુમુદ તથા ઉત્પલોથી ભરપુર તળાવોમા હંસ અને સારસો ઉંચા સ્વરોથી કલરવ કરી રહ્યાં હતા. ૪ સ્ફટિકના રૂપાના મોટા મરકત મણિઓના સોનાના અને રત્નના સામાનોવાળા નવ લાખ મહેલો તેમાં આવી રહેલા હતા. ૫ મોટા રાજમાર્ગો સામાન્યમાર્ગો ચોટા બજારો શાળાઓ સભાઓ ને મંદિરોથી તે નગરી શોભી રહી હતી. રસ્તાઓ ગલીઓ અને ડેલીઓમાં પાણીના છંટકાવ કરેલા હતા, ઉડતી ધ્વજા પતાકાઓથી કયાંહી તડકો પડતો ન હતો. ૬ તેમાં સર્વ લોકપાળોએ સેવેલું સોળ હજાર સ્ત્રીઓના મહેલોથી શોભી રહેલું મનોહર શ્રીકૃષ્ણનું અંત:પુર હતુ વિશ્વકર્માએ શિલ્પ શાસ્ત્રનું તેમાં સંપૂર્ણ ચાતુર્ય દર્શાવ્યું હતું. શ્રીકૃષ્ણની સ્ત્રીઓના મહેલોમાં એક મનોહર મહેલ કે જે લક્ષ્મીજીનો મહેલ હતો તેમા નારદજી પેઠા. વૈકુર્ય મણિની કુંભીઓવાળા પરવાળાના થાંભલાઓવાળો તે મહેલ હતો. ઇંદ્રનીલ મણિની ભીંતો તથા નિત્ય કાંતિવાળી ઇંદ્રનીલ મણિની ભૂમિઓથી તે શોભી રહેલો હતો. ૯ મોતીઓની માળાઓ જેમાં લટકતી હતી એવા ચંદરવાઓથી ઉત્તમ મણિઓથી જડેલા દાંતનાં આસનોથી તથા પલંગોથી તે મહેલ શોભી રહેલો હતો. ૧૦ સુંદર વસ્ત્રોવાળી દાસીઓથી અને જામા પાઘડીઓ સારાં વસ્ત્રો અને મણિનાં કુંડળોવાળા કંચુકીઓથી તે મહેલ રક્ષાતો હતો ૧૧ રત્નના દીવાઓથી મહેલની અંદર અંધારાનું નામ પણ ન હતું અને અગરૂના ધુપો કરવામાં આવતા હતા, તે જાળીઆમાથી બહાર નીકળતા તેને જોઈ મેઘમંડળ ધારી છાજલીઓ ઉપર બેઠેલા મયૂરો કેકારવ કરતા હતા તેમાં ગુણ રૂપ તથા અવસ્થાવાળી અને સુંદર વસ્ત્રાભૂષણવાળી હજારો દાસીઓ છતા પણ લક્ષ્મીજી પોતે આખો દહાડો સોનાની દાંડીવાળા ચમર અને પંખાથી શ્રીકૃષ્ણને પવન ઢોળ્યા કરતાં હતા. ૧૩ નારદને જોઈને ધર્મિષ્ઠ તથા પુરૂષોમા શ્રેષ્ઠ શ્રીકૃષ્ણ રૂકિમણીના પલંગ ઉપરથી ઉતર્યા ને મુગટવાળા મસ્તકથી નારદના ચરણમા પ્રણામ કરી તેમને પોતાના આસન ઉપર બેસાડયા. ૧૪ સત્પુરૂષોના પતિ તથા જેમનું ચરણામૃત તીર્થરૂપ છે, એવા શ્રીકૃષ્ણે પોતે જગતના ગુરૂ છતાં નારદના ચરણ ધોઇ તે જળને મસ્તક ઉપર ધારણ કર્યું. શ્રીકૃષ્ણનું જે 'બ્રહ્મણ્યદેવ' એવું ગુણાનુસારી નામ છે તે નામને યોગ્ય કાર્ય કર્યું.૧૫ નરના મિત્ર અને પુરાણમુનિ નારાયણ ભગવાને શાસ્ત્રમાં કહેલી રીત પ્રમાણે દેવર્ષિવર્ય નારદનુ પૂજન કરી અમૃતના જેવી મધુર અને થોડી વાણીથી નારદ સાથે વાતચિત કરીને તેમને કહ્યું કે—હે મુનિ ! બોલો, અમે આપનું શું પ્રિય કરીએ? ૧૬ નારદ બોલ્યા કે—હે વ્યાપક! આપ સર્વ મનુષ્યો સાથે મિત્રતા રાખો છો અને ખળ લોકોને શિક્ષા કરો છો તેમાં કઇ આશ્ચર્ય નથી આપ જગતના કલ્યાણ માટે તથા સ્થિતિ અને પાલન માટે ઇચ્છાનુસાર અવતાર ધરો છો એ અમે સારી રીતે સમજીએ છીએ. ૧૮ હે મહારાજ ! મેં આપનાં બંને ચરણારવિંદનાં દર્શન કર્યાં, જે ચરણારવિંદનુ અગાધ જ્ઞાનવાળા બ્રહ્માદિક દેવતાઓ હૃદ-

યમાં ધ્યાન કર્યા કરે છે, જે જનોને મુકિત આપનારાં છે તથા સંસારરૂપી કુવામાં પડેલા મનુષ્યને બહાર નીકળવા આધારરૂપ છે, તે આપના ચરણારવિંદનું હું ધ્યાન કરતો ત્રણ લોકમાં ફરૂં છું માટે આપનું મને સ્મરણ રહે એવી રીતે આપ મારા ઉપર અનુગ્રહ કરો. ૧૮ પછી નારદ ત્યાંથી ઉઠી યોગેશ્વર એવા શ્રીકૃષ્ણની માયા જોવા બીજી સ્ત્રીને મહેલે ગયા.૧૯ ત્યા પણ શ્રીકૃષ્ણને પોતાની પ્રિયાની તથા ઉદ્ધવની સાથે પાસાઓ રમતા જોયા. શ્રીકૃષ્ણે પરમ ભકિતથી ઉભા થઇ સામા જઇ આસન વગેરે આપી તેમનોસત્કાર કર્યો. ૨૦ પોતે અજાણ્યા હોય તેમ નારદને પૂછવા લાગ્યા કે આપ કયારે પધાર્યા છો ? આપ પૂર્ણોનું અમે અપૂર્ણ શુ શું કાર્ય કરીએ ?૨૧ તથાપિ હે મહારાજ ! અમને કાર્યની આજ્ઞા કરો અને અમારા આ જન્મને સફળ કરો. નારદ આશ્ચર્ય પામીને બોલ્યા ચાલ્યા વિના ત્યાંથી ઉઠી બીજે ઘેર ગયા. ૨૨ ત્યાં પણ શ્રીકૃષ્ણને પોતાના બાળકો સાથે રમતા જોયા. ત્યાંથી બીજે ઘેર ગયા તો ત્યાં શ્રીકૃષ્ણને નહાવાની તૈયારી કરતા દીઠા. કોઇ ઘરમા શ્રીકૃષ્ણને અગ્નિહોત્રો કરતા;૨૩ પંચ મહાયજ્ઞો કરતા કોઇ ઘરમા બ્રાહ્મણોને જમાડતા અને જમતા ૨૪ કોઈ ઘરમાં ઢાલ તરવારવડે પટ્ટાઓ ખેલતા, કોઈ ઘરમા હાથી ઘોડા અને રથમાં બેસીને શ્રીકૃષ્ણને ફરવા જતા, કોઇ ઘરમાં પલગ ઉપર પોઢેલા અને બંદીજનોથી સ્તુતિ કરતા ૨૬ કોઈ ઘરમાં ઉદ્ધવ વગેરેની સાથે વિચાર કરતા કોઇ ઘરમાં જળક્રીડા કરતા, વળી કોઇ ઠેકાણે બ્રાહ્મણોને ગાયોનું દાન આપતા અને કોઇ મહેલમા મંગળકારક ઇતિહાસ તથા પુરાણ સાભળતા, ૨૮ કોઇ ઠેકાણે હસવા જેવી વાતો કરતા, કોઇ ઠેકાણે ધમ કરતા અને કોઈ ઠેકાણે અર્થ તથા કામનાઓનો ઉપભોગ કરતા, ૨૯ કોઇ સ્થળે એકલા બેસી પરમાત્માનું ધ્યાન કરતા, કોઈ ઠેકાણે પૂજાની સામગ્રીથી ગુરૂઓની સેવા કરતા, કોઇ સ્થળે સંધિ વિગ્રહના વિચાર કરતા, કોઈની સાથે વિગ્રહ કરતા અને કોઇ ઠેકાણે બળભદ્રની સાથે સત્પુરૂષોના કલ્યાણનો વિચાર કરતા તેમજ કોઇ ઠેકાણે પુત્રોને અને પુત્રીઓને પરણાવતા અને વરને પહેરામણીઓ આપતા, કોઇ સ્થળે પોતાની પુત્રીઓને સાસરે મોકલવાની ગોઠવણ કરતા, કોઇ સ્થળે ઉત્તમ પ્રકારના યજ્ઞોથી દેવતાઓનું યજન કરતા, કોઇ સ્થળે વાવ કુવા બાગ બગીચા તથા મઠ આદિ બંધાવી ધર્મ ક્રિયાઓ કરતા અને કોઇ સ્થળે સિંધુ દેશના ઘોડા ઉપર ચઢી મૃગયાની તૈયારી કરતા જોયા. મનુષ્યાવતાર ધારણ કરનાર શ્રીકૃષ્ણ ભગવાનની યોગમાયાનો ઉદય જોઇ નારદ હસતા હોય તેમ મુખ મલકાવી બોલ્યા કે—હે યોગેશ્વર ! માયાવી પુરૂષોથી જાણવામાં આવે નહિ એવી તમારી યોગમાયાઓ આપના ચરણની સેવાથી મારા જાણવામાં આવી. અમે તેને જાણીએ છીએ પરંતુ આપના પરમાર્થ સ્વરૂપને જાણતા નથી. ૩૮ હે દેવ ! મને આજ્ઞા કરો કે હું ત્રણ લોકને પવિત્ર કરનારી તમારી લીલાનું ગાયન કરતો કરતો સર્વત્ર ફરૂં. ૩૯

ભગવાન બોલ્યા કે—હે મહારાજ ! હું ધર્મનો ઉપદેશ કરનાર આચરણ કરનાર તથા તેને અનુમોદન આપનાર છું અને આ લોકોને તેનો ઉપદેશ કરવા આ લોકમાં રહેલો છું. ૪૦ આ રીતે ગૃહસ્થોના પવિત્ર તથા સમૃદ્ધિવાળા ધર્મો આચરતા શ્રીકૃષ્ણને સર્વ મહેલમાં જોયા. ૪૧ અનંત પરાક્રમવાળા શ્રીકૃષ્ણની યોગમાયાનો પ્રભાવ જોઇને જેમને કૌતુક થયું હતું એવા નારદ આશ્ચર્ય પામ્યા. ૪૨ ધર્મ અર્થ અને કામ ઉપર શ્રદ્ધા રાખનાર શ્રીકૃષ્ણે પૂજેલા નારદ પ્રસન્ન થયા અને ભગવાનનું સ્મરણ કરતા ત્યાંથી

વીણા વહાતા વહાતા ગયા. આ પ્રમાણે મનુષ્યના જેવું આચરણ કરતા સર્વના કલ્યાણ માટે અવતારો ધારણ કરનાર ભગવાન નારાયણ સોળ હજાર ઉત્તમ સ્ત્રીઓની દૃષ્ટિઓથી તથા હસવાથી પ્રસન્ન રહી તેઓની સાથે વિલાસ કરતા હતા. ૪૪ જગતની ઉત્પત્તિ સ્થિતિ ને પ્રલયના કારણભૂત શ્રી હરિએ જે જે અસાધારણ કાર્યો કર્યા તે સર્વ જેઓ ગાય છે, સાભળે છે અને મનન કરે છે તેમને મોક્ષકારી ભક્તિ ઉત્પન્ન થાય છે. ૪૫

यानीह विश्वविलयोद्भववृत्तिहेतुः ।
कर्माण्यनन्यविषयाणि हरिश्चकार ॥
यस्त्वंग गायति शृणोत्यनुमोदते वा ।
भक्तिर्भवेद्भगवति ह्यपवर्गमार्गे ॥ ४५ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
अगणोतरमोध्यायः

અધ્યાય ૭૦ મો.‡

જરાસંધના બંદીવાનો.

श्रीशुक उवाच

अथोषस्युपवृत्तायां कुक्कुटान् कूजतोऽशपन् ।
गृहीतकंठ्यः पतिभिर्माधव्यो विरहातुराः ॥

શુકદેવજી કહે છે કે-હે રાજન! ભગવાને આલિંગન કરાયેલી સ્ત્રીઓ ઉષાકાળ વખતે કુકડાઓને બોલતા સાભળી શ્રીકૃષ્ણના વિરહને લીધે આતુર થઇ તેમને શાપ દેવા લાગી.૧ પારિજાતકના સુગંધીદાર પવનોથી આનંદ પામી ભમરાઓ ગણગણાટ કરવા લાગ્યા અને તેથી જાગેલાં પક્ષીઓ બંદીજનોની પેઠે શ્રીકૃષ્ણને જાગ્રત કરતા હોય તેમ મનોહર શબ્દો કરવા લાગ્યા. પ્રભાતની એ ઘડી અતિ રમણીય હતી, પરંતુ લક્ષ્મીને વિયોગને લીધે તે પણ અકારી લાગતી હતી. શ્રીકૃષ્ણ બ્રાહ્મ મુહૂર્તમા ઉઠી પાણીનો સ્પર્શ કરી સર્વ ઇંદ્રિયો પ્રસન્ન થયા પછી માયાથી પર એક સ્વયંપ્રકાશ ઉપાધિ રહિત અવિનાશી પોતાની સ્થિતિથી નિત્ય માયાને દૂર કરનાર આ જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા પ્રલય કરનારી પોતાની શક્તિઓથી જેમની વિદ્યમાનતા તથા આનંદ સ્વરૂપ જાણવામાં આવે છે એવા પરબ્રહ્મ નામના પોતાના સ્વરૂપનુ જ ધ્યાન કરવા લાગ્યા. નિર્મળ જળથી નાહી વસ્ત્ર પહેરી વિધિ પ્રમાણે સંધ્યા વન્દનાદિક ક્રિયા કરી અગ્નિને હોમ દ્રવ્ય આપી મોન રહી ગાયત્રીનો જપ કરવા લાગ્યા ૬ આત્મજ્ઞાની શ્રીકૃષ્ણ ભગવાને ઉદય પામતા સૂર્યનુ ઉપસ્થાન કરી પોતાની કળા રૂપ દેવતા ઋષિઓ અને પિતૃઓને તૃપ્ત કર્યા તથા બ્રાહ્મણોની અને વૃદ્ધ પુરૂષોની પૂજા કરી. ૭ તેમણે પ્રત્યેક ઘરમાં સુવર્ણની શિંગડીઓવાળી અને રૂપાની ખરીઓવાળી સુશીલ મોતીની માળાવાળી દુઝણી એકવેતરી વાછડાવાળી સારા વસ્ત્રવાળી તેરહજાર અને ચોર્યાશી ગાયો રેશમી વસ્ત્ર મૃગચર્મ અને તલની સાથે દાનમાં પ્રત્યેક દિવસે જેમ આપતા હતા તે પ્રમાણે આપી. પોતાની વિભૂતિ રૂપ ગાય બ્રાહ્મણ દેવતાઓ ગુરૂઓ તથા સર્વ પ્રાણીઓને નમસ્કાર કરી મંગળ કારક મનુષ્ય લોકના આભૂષણરૂપ પોતાના શરીરને શણગાર્યું. ૧૧ ઘીમા અને તે પછી અરીસામા મુખ જોઇને ગાયો બળદો બ્રાહ્મણો તથા દેવતાઓના દર્શન કરીને નગરના તથા અંત:પુરમાં રહેનાર સર્વ જાતિના લોકોની કામનાઓ પ્રમાણે તેઓને સર્વ વસ્તુઓ અપાવી તથા કાર્યભારી મંડળને તેમની ઇચ્છાઓ પ્રમાણે સંતોષી તેઓને માન આપ્યું. માળા તાંબૂલ અને ચંદન ઋષિઓ અને બ્રાહ્મણોને આપ્યા પછી મિત્રોને મંત્રીઓને અને સ્ત્રીઓને વિભાગ પાડી પોતે તેનો ઉપભોગ કર્યો.૧૩ દારૂક સારથિ સુગ્રીવ વગેરે ઘોડાઓ જોડેલા પરમ આશ્ચર્યજનક રથને લાવી, બે હાથ જોડી શ્રીકૃષ્ણની આગળ

‡ આ અધ્યાયમા શ્રીકૃષ્ણના આહ્નિકની કથા તથા દૂત અને નારદજીએ કહેલા કાર્ય વિષે વિચાર વગેરેની કથા છે

હાજર થયો. દારૂકનો હાથ ઝાલી સાત્યકિ તથા ઉદ્ધવ સાથે શ્રીકૃષ્ણ સૂર્ય જેમ ઉદયાચળ ઉપર ચઢે તેમ રથમા બેઠા. યાદવોની સાથે સુધર્મા નામે સભામાં પેઠા, અને જયા ગયેલા પુરૂષને ભૂખ તરસ વગેરે છ ઊર્મિઓ બાધ કરતી નથી ત્યાં જઇ આસન ઉપર બેઠા, ને પોતાની કાંતિથી દિશાઓને પ્રકાશિત કરવા લાગ્યા, તેથી આકાશમાં તારાગણો સાથે ચંદ્રમાની શોભા પામ્યા. સભામા પરિહાસકો અનેક જાતના હાસ્યરસોથી ભગવાનને રીઝવવા લાગ્યા. ૧૯ સૂત માગધ અને બંદીજનો મૃદંગ વીણા મુરજ વેણુ તાલ અને શંખના શબ્દો કરી શ્રીકૃષ્ણને પ્રસન્ન કરતા રસભર નાચવા લાગ્યા સભામા બેસીને કેટલાક વેદવેત્તા બ્રાહ્મણો પૂર્વના રાજાઓની કથાઓ કરવા લાગ્યા ૨૧ એટલામાં એક નવીન પુરૂષ આવ્યો અને પ્રતિહારીએ શ્રીકૃષ્ણને તેના સમાચાર કહ્યા એટલે શ્રીકૃષ્ણે તેને સભામા લાવવાનું કહ્યુ પ્રતિહારીએ તેને અંદર દાખલ કર્યો તેણે બે હાથ જોડી પરમાત્મા શ્રીકૃષ્ણને નમસ્કાર કરી જરાસંધે રાજાઓને કેદ કર્યા હતા તે નિવેદન કરવા માડયુ.૨૩ હે શ્રીકૃષ્ણ! જે રાજાઓ જરાસંધના દિગ્વિજય વખતે તેને નમ્યા ન હતા, તે વીશ હજાર રાજાઓને તેણે ગિરિવ્રજમા કેદ કર્યા છે. તે રાજાઓ તમને નીચે પ્રમાણે સંદેશો કહાવે છે. ૨૪

રાજાઓની પ્રાર્થના—હે કૃષ્ણ! અમે ભેદદૃષ્ટિવાળા છીએ સંસારથી ડરીએ છીએ અને તમારે શરણે છીએ.૨૫ શાસ્ત્ર નિષિદ્ધ કર્મમાં પરાયણ હોય એવો મનુષ્ય તમે કહેલા પૂજનરૂપી કર્મમા અસાવધ રહે તો બળવાન કાળ તેના જીવનની આશાને તોડી નાંખે છે, આપ કાળમૂર્તિને નમસ્કાર છે ૨૬ હે ઈશ! જગતના સ્વામી એવા આપ મહાત્મા પુરૂષોની રક્ષા કરવા અંશથી જગતમાં જન્મ ધરો છો છતા કોઈ પ્રાકૃત મનુષ્ય તમારી આજ્ઞા ઉલ્લંઘન કરે તો તે મનુષ્ય પોતે કરેલાં કર્મને અવશ્ય ભોગવે છે, એમ કહેવાય છે. ૨૭ રાજાઓ સંબંધી સુખ વિષયાધીન હોવાથી સ્વપ્નના સુખ સમાન નાશવંત છે અને નિરંતર ભયથી ભરેલા શબ તુલ્ય શરીરથી સ્ત્રીપુત્રાદિકની ચિંતા અમો કરીએ છીએ. અમે આ દશાની પૂર્વે નિષ્કામ થઇ તમારો આશ્રય કર્યો નહિ, કારણ કે નિષ્કામ પુરૂષોને મળી શકે એવું સ્વતઃસિદ્ધ સુખ તજી તમારી માયાવડે આ લોકમાં અત્યંત દીન થઇ અમે દુઃખ ભોગવીએ છીએ. જેમનાં ચરણારવિંદ પ્રણામ કરનારાઓના શોકને ટાળનારાં છે એવા આપ અમને જરાસંધના બંધનમાંથી છોડાવો. જરાસંધ એક છે છતાં દશ હજાર હાથીઓનું બળ તેનામા છે,સિંહ જેમ ઘેટાંને રોકી રાખે તેમ તેણે અમને કેદ કરેલા છે ૨૯ હે અજિત! આપે રણસંગ્રામમા સત્તરવાર જરાસંધને નસાડયો તોપણ અઢારમી વારના યુદ્ધમાં અનંત પરાક્રમવાળા છતાં મનુષ્યની લીલા કરનાર આપને એક વાર જીતીને તે ગર્વિષ્ઠ થઈ ગયો છે અને તમારી પ્રજા જે અમે તેમને પીડે છે.૩૦ જરાસંધે કેદ કરેલા આપનાં દર્શનની ઇચ્છા રાખનાર તથા આપનાં ચરણને શરણે આવેલા રાજાઓ આ પ્રમાણે વિનતિ કરે છે. આપ તે રાજાઓનું કલ્યાણ કરો. ૩૧

શુકદેવજી કહે છે કે—રાજાઓનો દૂત આમ કહેતો હતો એવામા પીળી જટાવાળા અને મહાકાતિવાળા દેવર્ષિ નારદ સૂર્યની પેઠે ત્યા પ્રગટ થયા. ૩૨ મુનિનાં દર્શન કરી સર્વ લોકના ઈશ્વર શ્રીકૃષ્ણ ભગવાન સભાસદો તથા સેવકોની સાથે ઉભા થયા અને મુનિને નમસ્કાર કર્યા. ૩૩ મુનિએ આસન સ્વીકાર્યા પછી શાસ્ત્રોક્ત વિધિથી તેમનો સત્કાર કરી શ્રદ્ધાથી તેમનું પૂજન કરતા મધુર વચનોવડે તે બોલ્યા કે—હમણાં ત્રણે

લોકો નિર્ણય છે? આપ ત્રણે લોકમાં ફરો છો તેથી અમને લોકોનું વૃત્તાંત જાણવાનો મોટો લાભ મળે છે ઇશ્વરે નિર્માણ કરેલા આ લોકોનું આપને કંઈ પણ વૃત્ત અજાણ્યું નથી માટે પાંડવોનું શું કર્તવ્ય છે તે અમે તમને પૂછીએ છીએ. ૩૬

નારદ કહે છે કે-હે વ્યાપક ભગવાન ! આપ વિશ્વસ્રષ્ટા બ્રહ્માને પણ મોહ ઉપજાવનાર છો, પોતાની શક્તિઓથી સર્વ પ્રાણીઓમાં અંતર્યામી રૂપે રહેલા અને કાષ્ઠમાં રહેલા અગ્નિની માફક ગુપ્ત પ્રકાશવાળા આપની જાણી શકાય નહિ એવી માયા મેં ઘણીવાર જોયેલી છે, માટે મને તમારા પ્રશ્નમા આશ્ચર્ય લાગતું નથી.૩૭ આ જગત મિથ્યા છે છતા તમારી માયાને લીધે સત્ય ભાસે છે. જગતને માયાથી સરજતા તથા નાશ કરનાર આપનું કર્તવ્ય કોઈ જાણી શકતું નથી, તે આપ કે જે સ્વરૂપથી વિચારમાં આવો નહિ એવા છો, તે આપને હું પ્રણામ કરૂં છુ. આ સંસારમાં જન્મ મરણ પામ્યા કરતાં અને અનર્થ કર નાર આ શરીરમાંથી કેવી રીતે છૂટવું ? તેને ન જાણનાર જીવનું અજ્ઞાનરૂપી અંધારૂં દૂર કરવા તમે લીલાવડે અવતારો ધારણ કરી જ્ઞાન આપો છો તે આપને હું શરણે રહેલો છું. ૩૯ હે મહારાજ ! તમે સર્વજ્ઞ છો છતા મનુષ્ય લોકનું અનુકરણ કરનાર આપને ભક્ત અને સંબંધી યુધિષ્ઠિર રાજાએ જે કાર્ય કરવાની ઇચ્છા રાખી છે તે કહુ છું ૪૦ હે દેવ ! યુધિષ્ઠિર રાજા રાજસૂય નામે યજ્ઞ કરી આપનું પૂજન કરવા ઇચ્છે છે. આપે તે કામમાં અનુમોદન આપવું, એટલું જ નહિ પરન્તુ ત્યાં આવવુ ; કારણ કે તે મોટા યજ્ઞમાં દેવતાઓ તથા મહાકીર્તિવાળા રાજાઓ તમારાં દર્શન કરવાની ઇચ્છાથી આવશે. ૪૨ હે પરમેશ્વર ! આપ ચૈતન્યઘન રૂપ પરબ્રહ્મના ચરિત્રને સાભળવાથી ગાવાથી અને ધ્યાન ધરવાથી ચાંડાળો પણ પવિત્ર થાય છે, ત્યારે આપનાં દર્શન કરનાર તથા શ્રીઅંગનો સ્પર્શ કરનાર લોકો પવિત્ર થાય એમા શુ આશ્ચર્ય ? જે આપનો નિર્મળ યશ દિશાઓમા આભૂષણ રૂપ છે તથા સ્વર્ગ પૃથ્વી અને પાતાળ ઉપર પથરાયેલો છે તે જગતને પવિત્ર કરે છે તેમ સ્વર્ગમાં મંદાકિની નામનું પાતાળમાં ભોગવતી નામનું અને આ લોકમા ગંગા નામે ગવાતું આપના ચરણારવિંદનુ જળ આખા વિશ્વને પવિત્ર કરે છે. ૪૪

શુકદેવજી કહે છે કે-આ પ્રમાણે નારદે કહ્યા પછી પોતાના પક્ષના યાદવોએ જરાસંધનો નાશ કરવાની ઇચ્છાથી યુધિષ્ઠિરના યજ્ઞમા જવાની વાત સ્વીકારી નહિ તે ઉપરથી શ્રીકૃષ્ણ જરા હસીને મધુરી વાણીથી પોતાના સેવક ઉદ્ધવને કહેવા લાગ્યા કે-૪૫ તમે અમારા સંબંધીઓમા ગુહ્ય વિચારોથી સાધવા યોગ્ય બાબતમા પરિણામ જાણનાર છો અને તેને લીધે અમારી દૃષ્ટિ રૂપ છો માટે આ કામમા જેમ કરવું યોગ્ય લાગે તેમ કરવાનુ કહો. તમારી વાત ઉપર અમે શ્રદ્ધા રાખીએ છીએ ૪૬ આ રીતે પોતાના સ્વામી શ્રીકૃષ્ણ સર્વજ્ઞ હતા તોપણ તેમણે અણસમજુની પેઠે ઉદ્ધવને પૂછ્યું એટલે ઉદ્ધવ તેમની આજ્ઞા માથે ચઢાવી નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૪૭

इत्युपामात्रितो भर्त्रा सर्वज्ञेनापि मुग्धवत् ।
निदेशं शिरसाधाय उद्धवः प्रत्यभाषत ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे सप्ततितमोध्यायः

અધ્યાય ૭૧ મો.*

ઇન્દ્રપ્રસ્થ ગમન.

श्रीशुक उवाच.

इत्युदीरितमाकर्ण्य देवर्षेरुद्धवोऽब्रवीत् ।
सभ्यानां मतमाज्ञाय कृष्णस्य च महामतिः ॥

શુકદેવજી કહે છે કે-હે રાજન ! શ્રી

* આ અધ્યાયમા ઉદ્ધવના વિચાર પ્રમાણે શ્રીકૃષ્ણ ઇન્દ્રપ્રસ્થ ગયા, તેથી પાંડવોને આનંદ થયો, એ કથા કહેવાશે

કૃષ્ણે કહેલું વચન સાંભળી રાજસૂયમા જવું એવો નારદનો મત રાજાઓનું રક્ષણ કરવું એવો સભાસદોનો મત તથા રાજાઓની રક્ષા કરવી અને રાજસૂય યજ્ઞમાં જવું એવો શ્રીકૃષ્ણનો વિચાર જાણી ઉદ્ધવજી બોલ્યા કે-હે દેવદેવ ! તમારે નારદે કહ્યુ તે પ્રમાણે રાજસૂય યજ્ઞ કરતા તમારા સંબંધી યુધિષ્ઠિરને સહાયતા કરવી જોઇએ તેમ જ શરણાગત રાજાઓની રક્ષા કરવી જોઈએ. હે પ્રભુ ! દિશાઓનો વિજય કરનાર રાજાએ રાજસૂય યજ્ઞ કરવો જોઈએ તેથી એની મેળે જરાસંધનો પરાજય થશે. બંને કાર્યો કરવા યોગ્ય છે.૩ હે ગોવિંદ ! એમ કરવાથી આપણું મોટું કામ સિદ્ધ થશે અને કેદ કરેલા રાજાઓને મુક્ત કરવાથી તમારો જગતમાં યશ ગવાશે. જરાસંધ બળમાં દશ હજાર હાથીના જેવો બળવાન છે અને બીજા બળવાનોથી સહન થાય એવો નથી માત્ર તેના જેવા બળવાળો ભીમસેન તેને પહોચી વળે તેમ છે. ૫ જીતવામાં તેને દ્વંદ્વ યુદ્ધમાં જીતવો યોગ્ય છે, પરંતુ તે સેંકડો અક્ષૌહિણી સેના લઈ આવે તેમ તેની સાથે યુદ્ધ કરવું નહિ. દ્વંદ્વ યુદ્ધનો ઉપાય એ છે કે, તે રાજા બ્રાહ્મણોનો પરમ ભક્ત છે અને બ્રાહ્મણો તેની પાસે યાચના કરે તો તે કોઇ દિવસ તેઓને ના પાડતો નથી. ૬ ભીમસેન બ્રાહ્મણનો વેશ ધારણ કરી તેની પાસે જઈને દ્વંદ્વ યુદ્ધ માગે. ભીમસેન તે યુદ્ધમાં જરાસંધને .તમારી સમક્ષ મારશે એમાં સંદેહ નથી. આપ ઇશ્વર નિરાકાર અને કાળમૂર્તિ છો. આપ આ જગતની ઉત્પત્તિ તથા સંહાર કરો છો બ્રહ્મા અને રૂદ્ર તો તેમા એક નિમિત્ત માત્ર છે.૮ હે દેવ ! ગોપીઓ જેમ શંખચૂડનો નાશ તથા તેમાથી થયેલી પોતાની મુક્તિ અને આપનાં ચરિત્ર શર્વત્ર ગાય છે, શરણાગત દુઃખી લોકો ગજેંદ્ર મોક્ષરૂપી આપના પવિત્ર કર્મને વખાણે છે મુનિઓ રાવણથી સીતાને મુક્ત કરવા રૂપી તથા તેના નાશરૂપી આપના પવિત્ર ચરિત્રને વર્ણવે છે, કંસના નાશરૂપી તથા ને દુષ્ટના હાથમાંથી માતપિતાને મુક્ત કરવા રૂપી આપના ચરિત્રને અમે ગાઇએ છીએ તેમ જરાસંઘે કિલ્લામાં પૂરેલા રાજાઓની રાણીઓ પોતાનાં બાળકોને રમાડતી વખતે તમારાં ચરિત્રને ગાશે. પોતાનાં બાળકોને ધીરજ આપશે કે શ્રીકૃષ્ણ જરાસંધ રાજાનો વધ કરશે અને તમારા પિતાઓને બંધનમાંથી મુક્ત કરશે. હે શ્રીકૃષ્ણ ! જરાસંધનો નાશ ઘણું કામ સિદ્ધ કરી આપનારો થઈ પડશે તેમ ઘણું કરીને જરાસંધનાં પાપ ભરાઇ રહેવાથી અને રાજાઓના પુણ્યનો ઉદય સમય પાસે આવવાથી તમને તે વિજયપ્રદ નીવડશે. ૧૦

શુકદેવજી કહે છે કે-હે રાજન ! સર્વ પ્રકારે સુખાકારી તથા ઉત્તમ પ્રકારની યુક્તિઓથી ભરપુર ઉદ્ધવનું વચન સાંભળી નારદે ઉગ્રસેન વગેરે વૃદ્ધોએ તથા શ્રીકૃષ્ણે તેમનાં વખાણ કર્યા.૧૧ પછી વ્યાપક શ્રીકૃષ્ણ ભગવાને વસુદેવ વગેરે વડીલજનોની અનુમતિ લઇ ઇંદ્રપ્રસ્થ જવા દારૂક તથા જૈત્ર વગેરે સેવકોને આજ્ઞા કરી.૧૨ પુત્રો દાસ દાસીની સાથે સ્ત્રીઓને દ્વારકાથી ઇંદ્રપ્રસ્થ રવાના કરાવી, શ્રીકૃષ્ણ બલભદ્રની અને ઉગ્રસેનની આજ્ઞા લઇ ગરૂડનાં ચિહ્નવાળી ધ્વજાવાળા રથમાં બિરાજ્યા. શ્રીકૃષ્ણ રથ હાથી પાળાઓ ઘોડેસ્વારો અને સેનાપતિઓ સાથે ભયંકર દેખાતી સેનાની સાથે મૃદંગ શંખ ભેરી આનક અને તતુડાંના શબ્દોથી દિશાઓને ગજાવતા ચાલ્યા. ૧૪ શ્રીકૃષ્ણની સ્ત્રીઓ ઉત્તમ પ્રકારનાં આભૂષણો વસ્ત્રો અને માળાઓ પહેરી શરીરે ચંદનો લગાવી પોતાના પુત્રો સાથે પાલખીઓમાં અને ઘોડા જોડેલા રથોમાં બેસી ઢાલ તરવારવાળા સિપાઇઓ સાથે શ્રીકૃષ્ણની પાછળ જવા

લાગી. ૧૫ શણગારેલી પોતાના મનુષ્યોની સ્ત્રીઓ તથા વારાંગનાઓ પણ ખજુરીના પાંદડાંના તંબુઓ ધાબળા તથા વસ્ત્રો વગેરે સર્વ સામાન મોટા ગાડામાં ભરી મનુષ્યના ઉંટનાં બળદના પાડાનાં ખચ્ચરના તથા ગધેડાના વાહનો ઉપર ન ખાવી અને હાથીઓ ઉપર બેસી ચારે તરફથી શ્રીકૃષ્ણની પાછળ જવા લાગી. ક્ષોભ પામેલાં માછલાથી તથા મોજાંથી જેમ મહાસાગર શોભે તેમ દિવસે મોટા કોલાહલથી ગાજી રહેલુ ધ્વજા છત્ર ચામર ઉત્તમ આયુદ્ધ આભૂષણો મુગટ તથા કવચ ઉપર સૂર્યના કિરણો પડવાથી ઝળઝળાટ થઇ રહેલું સૈન્ય શોભવા લાગ્યું. શ્રીકૃષ્ણે જેમનો સત્કાર કરેલો હતો, જેમની તેમણે પૂજા કરી હતી અને ભગવાનના દર્શનથી જેમની ઇદ્રિયો આનંદિત થઇ હતી એવા નારદ ભગવાનનો નિશ્ચય જોઇ તેમને પ્રણામ કરી હૃદયમા તેમનુ ચિંતન કરતા કરતા આકાશ માર્ગે ચાલ્યા ગયા. ૧૮ શ્રી કૃષ્ણ મધુર વાણીથી રાજાઓના દૂતને પ્રસન્ન કરીને બોલ્યા કે–હે દૂત! તું જઇને રાજાઓને કહેજે કે તમે ડરશો નહિ, તમારૂ કલ્યાણ થશે. હું જરાસંધનો બીજા પાસે નાશ કરાવીશ. ૧૯ ભગવાને આમ કહ્યા પછી દૂતે રાજાઓની પાસે જઈ તેઓને એ વાત કહી અને દુઃખમાથી મુક્ત થવાની ઇચ્છાવાળા રાજાઓ શ્રીકૃષ્ણના દર્શનની રાહ જોવા લાગ્યા. ભગવાન શ્રીકૃષ્ણ આનત સૌવીર તથા મરૂ દેશને ઉલ્લંઘી કુરૂક્ષેત્ર પર્વતો નદીઓ પુરો ગામો અને ખાણોને માર્ગે ચાલ્યા. શ્રીકૃષ્ણ દૃષદ્વતી તથા સરસ્વતી નદી ઉતરી પંચાળ અને મત્સ્ય દેશ ઓળંગી ઈંદ્રપ્રસ્થમા આવી પહોચ્યા.૨૨ જેમના દર્શન મનુષ્યોને દુર્લભ છે એવા શ્રીકૃષ્ણને આવ્યા સાભળી યુધિષ્ઠિર રાજા પ્રસન્ન થયા અને ઉપાધ્યાય સાથે તેમની સામે સામૈયું લઇ ગયા. ૨૩ ઇંદ્રિયો જેમ આદર સાથે પ્રાણને મળે તેમ યુધિષ્ઠિર ગીતના વાજીંત્રના અને વેદના મોટા શબ્દો સાથે તેમને જઇ મળ્યા.૨૪ શ્રી કૃષ્ણને જોઇ યુધિષ્ઠિર રાજાનું હૃદય સ્નેહથી ભરાઈ આવ્યું. ઘણે દહાડે દીઠેલા શ્રીકૃષ્ણને વારવાર આલિંગન કર્યાં. લક્ષ્મીજીનાં નિર્મળ મંદિરરૂપ શ્રીકૃષ્ણના શ્રીઅંગને ભેટવાથી જેમના પાપ નાશ પામ્યાં હતા એવા યુધિષ્ઠિર રાજાની આખમાં અશ્રુ આવ્યાં. શરીરનાં રૂંવાં ઉભાં થયાં તે બીજું લૌકિક કાય કરવાનું વિસરી ગયા અને પરમ આનંદમા મગ્ન થયા. ૨૬ પ્રેમના આવેશથી જેમની ઇંદ્રિયો વ્યાકુળ થઈ ગઇ હતી એવા ભીમસેન હસતા હસતા પોતાના મામાના પુત્રને ભેટી પરમ સુખ પામ્યા. પ્રેમને લીધે જેમના નેત્રમા અશ્રુ ભરાઈ આવ્યાં હતાં એવા અર્જુને નકુલે તથા સહદેવે હર્ષથી અતિ પ્રિય શ્રીકૃષ્ણને આલિગન કર્યું. ૨૭ અર્જુન શ્રીકૃષ્ણને ભેટ્યા અને નકુલ તથા સહદેવે પ્રણામ કર્યા શ્રીકૃષ્ણે યથોચિત રીતે બ્રાહ્મણોને નમસ્કાર કર્યા. ૨૮ કુરૂ સૃજય કૈકય સૂત માગધ ગંધર્વ બંદીજનો તથા ઉપમંત્રીઓ ને માન આપ્યું. ૨૯ મૃદંગ શંખ ઢોલ વીણા પણવ અને સરણાઇઓ વાગવા માડી. બ્રાહ્મણો શ્રીકૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા અને નટ નાચવા લાગ્યા. ૩૦ પવિત્ર કીર્તિવાળા અને પુરૂષોના મસ્તકના મણિરૂપ શ્રીકૃષ્ણ ભગવાન શણગારેલા નગરમાં પધાર્યા. આ વખતે સંબધીએ તેમને ઘેરી લીધા અને સૂત માગધ વગેરે તેમની સ્તુતિ કરવા લાગ્યા. ૩૧ માર્ગો હાથીના સુગંધી મદજળથી છંટાયેલા હતા. સોનાના તોરણો મંગળ ઘટો તથા નાહી સ્વચ્છ થઇ નવાં વસ્ત્રો આભુષણો પુષ્પની માળાઓ અને ચંદનના લેપો કરીને અલંકૃત થયેલા પુરૂષો તથા સ્ત્રીઓથી તે નગર શોભી રહ્યું. ૩૨ ઝળઝળાટ બળતા દીવાઓ બળિદાનો પ્રત્યેક ઘરનાં જાળિયામાંથી નિકળતા સુગંધી ધૂપો અને

શોભતી પતાકાઓથી મનોહર તથા રૂપાનાં મોટાં શિખરોવાળાં અને જેની ઉપર સુવર્ણના કળશો મૂકેલા હતા એવા ઘરોથી શોભી રહેલું ઇંદ્રપ્રસ્થ નગર ને જોવા લાગ્યા. ૩૩ મનુષ્યનાં નેત્રને આનંદ આપનાર શ્રી કૃષ્ણ ભગવાનને નગરમાં આવ્યા સાંભળી તરૂણ સ્ત્રીઓ ઘરનાં કામકાજ પડતાં મૂકી તથા શય્યામાં સુતેલા પતિને છોડી રાજમાર્ગ ઉપર જતા શ્રીકૃષ્ણને નિહાળવા સારાએ ગઇ ઉત્સાહને લીધે તેઓના માથાના અંબોડા છુટી ગયા ને વસ્ત્રો ખસી ગયાં ૩૪ હવે સ્ત્રીઓની અગાસીઓ ઉપર ચઢેલી સ્ત્રીઓ, હાથી ઘોડા રથ અને પાળાઓથી ભરપુર રસ્તા ઉપર શ્રીકૃષ્ણને અને તેમની સ્ત્રીઓને જોઇ તેમની ઉપર પુષ્પની વૃષ્ટિ કરી ઉત્સાહ પૂર્વક ઇક્ષણથી તેઓની આગતા સ્વાગતા કરવા લાગી. ૩૫ સ્ત્રીઓએ રસ્તામા ચંદ્રમાની સાથે તારાઓની પેઠે ભગવાનની સાથે રહેલી તેમની સ્ત્રીઓને જોઇને પરસ્પર કહેવા માંડયું કે—આ સ્ત્રીઓએ એવા તે શાં પુણ્યો કર્યાં હશે કે પુરૂષોમાં શ્રેષ્ઠ એવા શ્રી કૃષ્ણ તેમનાં નેત્રને આનંદ આપે છે. ૩૬ પાપરહિત નગરવાસીઓ તથા મંડળી રૂપે વ્યાપાર ખેડનાર મુખ્ય વ્યાપારીઓ હાથમાં મંગળકારક પદાર્થો લઇ ઠેક ઠેકાણે શ્રીકૃષ્ણને મળી તેમનો સત્કાર કરવા લાગ્યા. ૩૭ શ્રી કૃષ્ણ ભગવાન અંતઃપુરની આગળ આવી પહોંચ્યા, ત્યારે પ્રીતિથી પ્રફુલ્લિત નેત્રવાળા અંતઃપુરના કંચુકિયોએ આદરપૂર્વક સામા જઇ શ્રીકૃષ્ણનો સત્કાર કર્યો અને તેમને રાજમહાલયમા પધરાવ્યા. ત્રણ લોકના ઇશ્વર પોતાના ભત્રીજા શ્રીકૃષ્ણને જોઈને કુંતાજી પ્રસન્ન થયાં અને વહુ સાથે આસન ઉપરથી ઉભાં થઈ તેમને ભેટયાં ૩૯ યુધિષ્ઠિર આદરભાવ સાથે દેવના પણ મહાદેવ એવા શ્રી કૃષ્ણને ઘરમાં લાવીને આનંદમાં એવા તો વિહ્વળ થઇ ગયા કે પૂજા કરવાની રીતિને પણ ભૂલી ગયા ૪૦ શ્રીકૃષ્ણ પોતાના ફોઇને તથા વડીલોની સ્ત્રીઓને પગે લાગ્યા અને દ્રૌપદી તથા સુભદ્રા શ્રીકૃષ્ણને પગે લાગ્યાં. ૪૧ પછી સાસુના કહેવાથી દ્રૌપદીએ શ્રી કૃષ્ણની પટ્ટરાણી રૂક્મિણી સત્યા ભદ્રા જાંબવતી કાલિંદી મિત્રવિંદા શૈબ્યા સતી નાગ્નજીતી તથા બીજી પણ જે સાથે હતી તે સર્વને વસ્ત્ર માળા તથા આભૂષણ વગેરેથી પૂજા કરી. ૪૩ યુધિષ્ઠિર રાજાએ શ્રીકૃષ્ણને તેમની સેનાને સેવકોને મંત્રીઓને તથા સ્ત્રીઓને નિરંતર નવા નવાં લાગે એવાં સુખોથી પરોણાગત કરીને પોતાના નગરમાં રાખ્યાં ૪૪ અર્જુન સાથે રહેતા શ્રી કૃષ્ણે અર્જુનને સહાય આપી અગ્નિને ખાંડવ વનથી તૃપ્ત કરાવ્યો જેમણે યુધિષ્ઠિર રાજાને દિવ્ય સભા કરી આપી હતી, તે મયદાનવને અગ્નિથી મુક્ત કરાવ્યો ૪૫ તે શ્રીકૃષ્ણ ભગવાન યુધિષ્ઠિર રાજાને સારૂ લગાડવા ઇંદ્રપ્રસ્થમાં રહ્યા. અર્જુનની સાથે રથમા બેસી યોદ્ધાઓ સાથે વિહાર કરવા લાગ્યા. ૪૬

उवास कतिचिन्मासान् राज्ञः प्रियचिकीर्षया
विहरन् रथमारुह्य फाल्गुनेन भटैर्वृतः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
सप्ततितमोध्यायः

અધ્યાય ૭૨ મો.*

ભીમ જરાસંધનું યુદ્ધ.

श्रीशुक उवाच

एकदा तु सभामध्य आस्थितो मुनिभिर्वृतः ।
ब्राह्मणैः क्षत्रियैर्वैश्यैर्भ्रातृभिश्च युधिष्ठिरः ॥

શુકદેવજી કહે છે કે—એકવાર મુનિઓ બ્રાહ્મણો ક્ષત્રિયો વૈશ્યો ભાઇઓ આચાર્યો કુળના વૃદ્ધ પુરૂષો જ્ઞાતિજનો સંબંધીઓ તથા વેવાઇ વગેરે સાથે યુધિષ્ઠિર રાજસભામાં

* આ અધ્યાયમા યુધિષ્ઠિરે પોતાનુ કાર્ય વિદિત કર્યું ને પછી શ્રીકૃષ્ણે જરાસંધને ભીમસેન પાસે મરાવી નાખ્યો, એ કથા કહેવામા આવશે.

બેઠા હતા તેમણે સર્વ સાભળતાં શ્રીકૃષ્ણને બોલાવી કહ્યુ કે, હે પ્રભુ ! હુ રાજસુય યજ્ઞથી આપની વિભૂતિરૂપ દેવતાઓનુ યજન કરીશ માટે આપ અમારૂ કાર્ય પૂર્ણ કરજો. ૩ જે પવિત્ર પુરૂષો નિરતર પાપનો નાશ કરનારી આપની પાદુકાઓને પૂજે છે મનથી તેનુ ધ્યાન ધરે છે અને વાણીથી તેના યશ ગાય છે તે પુરૂષો સસારથી મુક્ત થાય છે. જો તેઓ સુખની ઇચ્છા કરે છે તો તે પણ મળે છે, પરતુ બીજા ચક્રવર્તીઓ તે સુખ પામતા નથી. ૪ હે વિભો ! જે કેટલાક કુરૂ તથા સૃંજય વશના રાજાઓ કર્મનિષ્ઠ હોવાથી ભગવાનની ભક્તિને ઉત્તમ માનતા નથી તેમનો મોહ દૂર કરવા જેઓ તમારી ભકિત કરે છે તથા જેઓ તમારી ભક્તિ કરતા નથી તે બન્ને રાજાઓની સ્થિતિ એઓને દેખાડો અને એકઠા મળેલા લોકો યજ્ઞમા આપના ચરણારવિંદની સેવાનો પ્રતાપ વિલોકો. ૫ તમે સર્વના આત્મા છો સમદૃષ્ટિવાળા છો સ્વસ્વરૂપના સુખનો અનુભવ કરનાર અને પરબ્રહ્મરૂપ છે. આપને આ મારૂ અને આ પારકુ એવો ભેદ નથી છતા કલ્પવૃક્ષ જેમ સેવા કરનારાઓને સેવાના પ્રમાણમા ફળ આપે છે તેમ આપ આપની સેવા કરનારાઓને સેવાના પ્રમાણમા કૃપા રૂપી ફળ આપો છો

ભગવાન બોલ્યા કે—હે રાજન ! તમે યુક્ત વિચાર કર્યો છે જે કર્મ કરવાથી તમારી કલ્યાણકારી કીર્તિ ત્રણ લોકમા પ્રખ્યાત થશે ૭ હે પ્રભો ! ઋષિઓ પિતરો દેવતાઓ સબધીઓ તથા સવ પ્રાણીઓને રાજસૂય યજ્ઞ ઇષ્ટ છે ૮ તમે સર્વ રાજાઓને જીતી પૃથ્વીને વશ કરી યજ્ઞની સર્વ સામગ્રીઓ તૈયાર કરીને મહાયજ્ઞ કરો ૯ તમારા ભાઇઓ લોકપાલના અશમાથી ઉત્પન્ન થયેલા છે અને જે હુ અજ્ઞાનીઓથી જીતાઉ નહિ એવો છુ, તેને તમે જ્ઞાનીએ જીની લીધો છે. જગતમાં મને પરાયણ રહેનારને તેજવડે યશવડે લક્ષ્મીવડે વિભૂતિએવડે કોઇ દેવતા પરાભવ પમાડી શકતો નથી.

શુકદેવજી કહે છે કે—ભગવાનનું વચન સાભળી યુધિષ્ઠર પ્રસન્ન થયા, તેમનું મુખ પ્રફુલ્લિત થઈ ગયું અને તેમણે વિષ્ણુના તેજથી વૃદ્ધિ પામેલા પોતાના ભાઇઓને દિગ્વિજય કરવાને મોકલ્યા. ૧૨ સહદેવને સૃંજયો સાથે દક્ષિણ દિશામાં, નકુળને પશ્ચિમ દિશામાં, અર્જુનને ઉત્તર દિશામાં અને ભીમસેનને મત્સ્ય, કેકય અને મદ્રરાજાની સાથે પૂર્વ દિશામા દિગ્વિજય કરવા મોકલવામા આવ્યો. ૧૩ તેઓ રાજાઓને હરાવીને તે દિશાઓમાથી ઘણું ધન લાવ્યા ને તે યજ્ઞ કરનાર ધર્મરાજાને આપ્યું. ૧૪ ધર્મરાજા જરાસધને અજિત જાણી વિચાર કરવા લાગ્યા કે—શ્રીહરિએ ઉદ્ધવજીએ પોતાને જે ઉપાય કહ્યો હતો તે ઉપાય આજે ધર્મ રાજાને કહ્યો ૧૫ ભીમસેન અર્જુન તથા શ્રીકૃષ્ણ એ ત્રણે બ્રાહ્મણનો વેશ લઇ બૃહદ્રથના પુત્ર જરાસંધના ગિરિવ્રજમાં ગયા. ૧૬ ક્ષત્રિયો બ્રાહ્મણનો વેશ લઇ અતિથિ સત્કારને યોગ્ય મધ્યાહ્નને સમે ગૃહસ્થ એવા જરાસંધને ઘેર ગયા અને તેની આગળ યાચના કરી. ૧૭ અમે દૂરથી આવેલા અતિથિઓ છીએ, અમે જે વસ્તુની ઇચ્છા કરીએ તે વસ્તુ અમને આપો, તારૂં કલ્યાણ થશે. ૧૮ સહનશીળ પુરૂષો શું સહન કરી શકતા નથી ? દુર્જનોને શું અકાર્ય છે ? ઉદાર મનુષ્યો શુ નથી આપતા અને સમદૃષ્ટિવાળાઓને કોણ પારકો છે ? ૧૯ જે પુરૂષ પોતે સમર્થ છતા અનિત્ય શરીર વડે સત્પુરૂષોએ ગાવા યોગ્ય અવિચળ યશ સંપાદન કરતો નથી તેને નિંદાપાત્ર તથા દુષ્ટ જાણવો ૨૦ હરિશ્ચન્દ્ર, રંતિદેવ, ઉચ્છવૃત્તિ, શિબિ, બળિ, પારધી હોલો વગેરે ઘણાં દેહીઓ નાશવંત દેહવડે અમર

થઈ ગયાં છે. ‡

શુકદેવજી કહે છે કે—હે રાજન ! તેઓના સ્વરો ઉપરથી આકારો ઉપરથી ધનુષની દોરીના આંટણવાળા કાંડાં ઉપરથી તે ક્ષત્રિયો છે એમ જાણી પૂર્વે કોઈ ઠેકાણે જોવામાં આવેલા તે ક્ષત્રિયોને ઓળખી જરાસંધ વિચાર કરવા લાગ્યો કે—આ લોકો ક્ષત્રિયો છે અને તેઓએ બ્રાહ્મણનો વેશ લીધેલો છે તેઓ મારી પાસે યાચના કરે તો હું તેમને મારો ત્યાગ કરી શકાય નહિ એવો આત્મા પણ આપું. ૨૩ ઇંદ્રને રાજ્ય આપવાની ઇચ્છાથી વિષ્ણુએ વામન બ્રાહ્મણનું રૂપ લઈને બળિરાજાને રાજ્યથી ભ્રષ્ટ કર્યો હતા, બલિની નિર્દોષ કીર્તિ જગતમા ફેલાયેલી સંભળાય છે. બળિરાજા વિષ્ણુને જાણતો હતો અને શુક્રાચાર્યે તેને વાર્યો તોપણ બ્રાહ્મણ રૂપ વામનને પૃથ્વીનું દાન તેણે આપ્યું શરીરી મોટો યશ સંપાદન કરે નહિ તો દેહનું કંઈ પ્રયોજન નથી ઉદાર બુદ્ધિવાળા જરાસંધે શ્રીકૃષ્ણ અર્જુન તથા ભીમસેનને કહ્યુ કે, હે બ્રાહ્મણો ! તમારી ઇચ્છા હોય તે માગો હું તમને મારૂં મસ્તક પણ આપીશ કૃષ્ણ બોલ્યા કે—હે રાજેન્દ્ર ! જો તમે અમારી કામના પૂર્ણ કરવા માગતા હો તો અમને દ્વંદ્વ યુદ્ધ આપો અમે ક્ષત્રિય છીએ. અન્નની ઇચ્છાથી આવ્યા નથી ૨૮ આ કુંતાનો પુત્ર અને હું તમારો શત્રુ છું. ૨૯

શુકદેવજી કહે છે કે—જરાસધ ખડખડાટ હસ્યો અને બોલ્યો કે, હે મૂર્ખ ! હું તમને તમારી ઇચ્છા પ્રમાણે દ્વંદ્વ યુદ્ધ આપીશ. ૩૦ હે કૃષ્ણ ! તુ બીકણ અને યુદ્ધમાં વિકળ છે તું મથુરાને છોડી સમુદ્રને શરણે ગયો છે, માટે તારી સાથે હુ યુદ્ધ કરીશ નહિ. ૩૧ અર્જુન અવસ્થામા મારી સમાન નથી, ઘણો બળવાન્ નથી તેમ શરીરથી મારા જેવો દૃઢ નથી, માટે અર્જુન યોગ્ય નથી અને ભીમસેન મારા જેવો બળવાન્ છે, માટે હું તેની સાથે લઢીશ. ૩૨ જરાસધે ભીમને એક મોટી ગદા આપી બીજી ગદા પોતે હાથમા લઈ નગરીમાંથી બહાર નિકળ્યો. ૩૩ રણસગ્રામમાં મદોન્મત્ત એવા તે બન્ને વીર પુરૂષો અખાડામાં પરસ્પર એકઠા થઈ વજ્રના જેવી ગદાઓવડે એક બીજાને પ્રહાર કરવા લાગ્યા ૩૪ રંગભૂમિ ઉપર જેમ બે નટ પટા ખેલતા હોય તેમ વિચિત્ર પ્રકારના મડળોમાં ડાબી તથા જમણી તરફ ફરતા તે બન્ને યોદ્ધાઓનું યુદ્ધ થવા માંડયું. ૩૫ પરસ્પર યુદ્ધ કરતા બે હાથીઓના દાંતના જેમ કડાકા થાય તેમ પરસ્પર અથડાતી ગદાના ભયંકર શબ્દ થવા લાગ્યા ૩૬ યુદ્ધ કરતા અને ક્રોધમાં આવી ગયેલા બે હાથીઓનાં શરીર સાથે અથડાવાથી જેમ આકડાની શાખાઓ ઉડી પડે તેમ હાથના જોરથી એક બીજા ઉપર ફેંકવામા આવતી ગદાઓ એક બીજાના ખભા કેડ પગ હાથ સાથળ તથા હાંસડીમાં અથડાઈને ભૂકો થઇ જતી હતી ૩૭ ગદાઓ ભાગી જતા તે બન્ને મહા પુરૂષો ક્રોધાવેશમા આવી ગયા અને લોઢાના જેવી કઠિન પોતાની મુઠિયોથી એક બીજાનાં શરીરને તાડવા લાગ્યા. આ વેળાએ બે હાથીની પેઠે તે બન્ને એક બીજાને મારતા હતા, તેમાથી જે શબ્દ ઉત્પન્ન થતો હતો તે શબ્દ વજ્રના શબ્દ જેવો ભયંકર તથા ઉગ્ર થતો હતો ૩૮ અભ્યાસ, બળ તથા પ્રભાવમા સમાન અને આટલું યુદ્ધ કરવા છતા પણ જેમનું બળ ક્ષીણ થયું ન હતું એવા ભીમ અને જરાસધની વચ્ચે ઘણું યુદ્ધ થયું. ૩૯ તે બન્નેને દિવસે યુદ્ધ કરતા

‡ હરિશ્ચંદ્રે સત્યને માટે પોતાના દેહની દરકાર કરી ન હતી રતિદેવે ઘણા કાળે મળેલું ખાવાનું અતિથિને આપી દીધુ હતુ શિબિ રાજાએ હોલાને બચાવવા પોતાનુ માસ આપ્યુ હતુ અને બલિએ વામનની યાચના પોતાના આત્મ ભોગે પુરી પાડી હતી

અને રાત્રે મિત્રની પેઠે રહેતાં સત્યાવિશ દિવસો થયા ૪૦ તે પછી હે રાજન ! એક વાર ભીમે મામાના પુત્ર શ્રીકૃષ્ણને કહ્યું કે, 'હે માધવ ! હું જરાસંધને યુદ્ધમાં જીતવાને સમર્થ નથી.' ૪૧ શ્રીકૃષ્ણ ભગવાન જાણતા હતા કે, જરાસંધ જન્મ્યો ત્યારે બે ફાડીયા રૂપે જન્મ્યો હતો અને તેનું મરણ પણ બે ફાડિયાં કરવાથી થશે, તેમ જરાએ તેનાં બે ફાડીયાને સાંધીને તેને જીવાડયો છે. આ ઉપરથી શ્રીકૃષ્ણ પોતાના તેજથી ભીમના બળમાં વધારો કરતા વિચાર કરવા લાગ્યા કે, આનાં ફાડિયાં કેવી રીતે કરવાં ? ૪૨ અમોઘ જ્ઞાનવાળા શ્રીકૃષ્ણ શત્રુના નાશનો ઉપાય વિચારી હાથમાં ઝાડની ડાળી લઇ હું જેમ આ ડાળીને ફાડી નાખું તેમ તું આને બે પગ વચ્ચેથી ફાડી નાખજે, એવી સંજ્ઞાથી શત્રુને મારવાનો ઉપાય દેખાડયો. ૪૩ તે સંકેત જાણી મહા બળવાન તથા યોદ્ધાઓમા ઉત્તમ એવા ભીમસેને જરાસંધને બે પગે પકડીને પૃથ્વી ઉપર પટકયો, ૪૪ અને પોતાના પગવતી તેનો એક પગ દબાવી બીજા પગને બે હાથથી ઝાલી મોટો હાથી જેમ ઝાડની ડાળીને ચીરી નાખે, તેમ તેને ગુદાના ભાગથી ચીરી નાખ્યો ૪૫ અને જેમા એક પગ, એક સાથળ, એક સ્તન, એક ખભો એક હાથ, એક નેત્ર, એક ભ્રુકુટી, અને એક એક કાન હતો એવાં બન્ને ફાડિયા પ્રજાની દૃષ્ટિએ પડયાં મગધ દેશના રાજા જરાસંધ મરણ પામ્યો થી હાહાકાર થઈ રહ્યો શ્રીકૃષ્ણ તથા અર્જુને ભીમસેનને ભેટી તેનો સત્કાર કર્યો ૪૭ પછી પ્રાણીઓનું કલ્યાણ કરનાર અપ્રમાણ સ્વરૂપવાળા તથા નાથ એવા શ્રીકૃષ્ણ ભગવાને જરાસંધના પુત્ર સહદેવને મગધ દેશના રાજ્યાસન ઉપર બેસાડયો અને જરાસંધે રાજાઓને કેદ કર્યા હતા તેઓને બંધન મુક્ત કર્યા.

अभ्यषिञ्चदमेयात्मा मगधानां पतिं प्रभुः ।
मोचयामास राजन्यान् संरुद्धा मागधेन ये

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
द्विसप्ततितमोऽध्यायः

અધ્યાય ૭૩ મો.†

બંધી રાજાઓની મુકિત.

श्रीशुक उवाच.

अयुते द्वे शतान्यष्टौ लीलया युधि निर्जिताः
ते निर्गता गिरिद्रोण्यां मलिना मलवाससः

શુકદેવજી કહે છે કે—હે રાજન ! જરાસંધે યુદ્ધમાં રમત કરતાં હરાવેલા અને કેદ કરેલા વીશ હજાર અને આઠસો રાજાઓ પર્વતની ગુફામાંથી બહાર નિકળ્યા. ઘણા દિવસ કેદ રહેવાથી તેઓનાં વસ્ત્રો પણ મેલાં થઇ ગયાં હતાં ભૂખથી દુર્બળ થઇ ગયા હતા, કેદમાં પડવાથી મુખ સુકાઈ ઉતરી ગયાં હતાં તેઓએ મેઘના જેવા શ્યામ રંગના અને પીળાં રેશમી વસ્ત્ર ધારણ કરનાર શ્રીવત્સના ચિહ્નવાળા, ચાર ભુજાવાળા, કમળના ગર્ભ જેવા રાતા નેત્રોવાળા, મનોહર મુખવાળા, પ્રકાશમાન કુંડળવાળા તથા હાથમા શંખ, ચક્ર, ગદા અને કમળને ધારણ કરનાર મુગટ હાર કડાં કંદોરા અને બાજુબંધથી શોભતા કૌસ્તુભ મણિથી શોભતા કંઠવાળા વનમાળાવાળા શ્રીકૃષ્ણનાં દર્શન કર્યાં અને પછી જાણે નેત્રવડે પાન કરતા હોય, નાસિકાથી સુંઘતા હોય બે બાહુઓથી આલિંગન કરતા હોય એવા આતુર જણુવા લાગ્યા. ગર્વરહિત તે રાજાઓ શ્રીહરિના ચરણમા મસ્તક નમાવી પ્રણામ કરવા લાગ્યા ૬ શ્રીકૃષ્ણના દર્શન કરવાથી જે આનંદ થયો તેથી તેઓનો કેદમાં રહે-

† આ અધ્યાયમા શ્રીકૃષ્ણ રાજાઓને કેદમાથી છુટા કરાવી તેઓને વૈભવો સાથે પોતપોતાના દેશમા મોકલી પોતે ઇન્દ્રપ્રસ્થ આવ્યા, એ કથા કહેવામા આવશે.

વાથી થયેલો શ્રમ દૂર થયો અને તે બે હાથ જોડીને શ્રીકૃષ્ણની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા.

રાજાઓ–હે દેવના દેવ! હે કૃષ્ણ! સંસારથી ખિન્ન થયેલા અને તમારે શરણે આવેલા જે અમો તેમનું તમે રક્ષણ કરો ૮ હે મધુસૂદન! અમે જરાસંધના ઉપર દોષારોપ કરતા નથી, કારણ કે રાજાઓને રાજ્યથી ભ્રષ્ટ થવું એ તમારો અનુગ્રહ છે.૯ રાજ્યના ઐશ્વર્યથી ચઢી જઈ તમારી માયાથી મોહ પામી નાશવંત સંપત્તિઓને અવિચળ માનવાથી હરકોઈ રાજા કલ્યાણને પામતો નથી બાળકો જેમ ઝાંઝવાના જળને જળાશય માને,તેમ અજ્ઞાની પુરૂષો વિકારવાળી માયાને ખરી વસ્તુ કહે છે ૧૧ અમે પૂર્વે લક્ષ્મીના મદમાં આંધળા થઇ ગયા હતા. આ પૃથ્વીને જીતી લેવાની ઇચ્છાથ એક બીજાનો દ્વેષ કરતા હતા અને દુર્મદથી ભરેલા તથા મહા ક્રૂર અમે આગળ માથા ઉપર ઝુમી રહેલા મૃત્યુરૂપ આપને નગણકરતા નિર્દયપણ થી પોતાની પ્રજાના નાશ કરતા હતા ૧૨ હે શ્રીકૃષ્ણ! તમારા ગંભીર વેગવાળા અનંત પરાક્રમી અને તમારી મૂર્તિરૂપ કાળે અમને લક્ષ્મીથી ચલાયમાન કર્યા છે, તથી અમે ગર્વરહિત થઇ તમારા ચરણનુ સ્મરણ કરીએ છીએ ૧૩ અમે નિરંતર નાશ પામતા અને રોગોના ક્ષેત્રરૂપ દેહવડે ભોગવવા યોગ્ય તથા ઝાંઝવાના પાણી જેવા રાજ્યને અથવા કાનને ગમે એવા તથા મરી ગયા પછી સ્વર્ગમાં ભોગવવા યોગ્ય કર્મના ફળે ન પણ ભોગવવાની ઇચ્છા રાખતા નથી. ૧૪ જગતમાં જન્મ મરણ પામતા એવા જે અમે તેઓને એવો ઉપાય બતાવો કે જેથી આપના ચરણકમળના નિરંતર સ્મૃતિ રહ્યા કરે. ૧૫ શ્રીકૃષ્ણ વાસુદેવ શ્રીહરિ પરમાત્મા પ્રણામ કરનારાઓના ક્લેશના નાશ કરનાર ભગવાનને અમારા પ્રણામ છે.

શુકદેવજી કહે છે કે-હે તાત! બંધનમાંથી મુક્ત થયેલા રાજાઓએ સ્તુતિ કરાતા ભગવાન દયાળુ તથા શરણાગત વત્સલ હતા, તેમણે મધુર વાણીથી તેમને કહ્યું કે–હે રાજાઓ! તમે ઇચ્છા રાખો છો તે પ્રમાણે જગતનો ઇશ્વર તથા આત્મારૂપ જે હું તેમાં તમારી દૃઢ ભક્તિ થાઓ તમે સત્યવાદી છો. અને તમારા વિચાર ઉત્તમ છે. લક્ષ્મીને ઐશ્વર્યના મદથી સ્વેચ્છાચાર થાય છે. ૧૯ સહસ્રાર્જુન નહુષ વેન રાવણ નરકાસુર તથા બીજા દેવ દૈત્યે ને રાજાઓ લક્ષ્મીના મદને લીધે રાજ્યાસનથી ભ્રષ્ટ થયા છે. ૨૦ તમે દેહાદિક જન્મ ધરનાર પદાર્થે ને નાશવંત સમજી ધર્મથી પ્રજાનું રક્ષણે કરો અને યજ્ઞથી મારૂ પૂજન કરો. તમે પુત્ર–પૌત્રાદિક વંશના વિસ્તાર કરતા સુખ દુઃખ અને લાભ હાનિ જેમ જેમ આવતા જાય તેમ તેમ તેને ભોગવતા મારામાં મન રાખી સંસારમાં રહજો. ૨૨ દેહાદિ ઉપર ઉદાસીન થઇ આત્માના સુખમાં આનંદ માનશો. ધર્મના નિયમ ધારણ કરશો અને મારી ઉપર મનને રાખીને રહેશો તો પરબ્રહ્મને પામશો ૨૩

શુકદેવજી કહે છે કે–આ રીતે રાજાઓને આજ્ઞા કરી ત્રણ લોકના ઇશ્વર એવા શ્રીકૃષ્ણે રાજાઓને નવરાવવા પુરૂષોને તથા સ્ત્રીઓને આજ્ઞા કરી ૨૪ પછી સહદેવની પાસે ઘટતા વસ્ત્રો ઘરેણા પુષ્પોની માળાઓ અને ચંદનના લેપોથી તેમની પૂજા કરાવી. ૨૫ તે રાજાઓને ઉત્તમ અન્નો જમાડી અને યોગ્ય એવા જાત જાતનાં તાંબુલ આદિ વૈભવો ભોગવવા સત્કાર કર્યો. ચળકતાં કુંડળવાળા તથા મહા દુઃખમાંથી મુક્ત થયેલા તેઓ શરદઋતુમાં જેમ તારાઓ શોભે તેમ શોભવા લાગ્યા. ઘોડાઓ જોડેલા મણિ અને સોનાથી મઢેલા રથોમાં બેસાડી શ્રીકૃષ્ણે તેમને સ્વદેશ મોકલ્યા. મહાત્મા

શ્રીકૃષ્ણે કષ્ટમાંથી મુક્ત કરેલા રાજાઓ જગત્પતિ તેમના ચરિત્રોનું ગાન કરતા કરતા પોતપોતાને દેશ ગયા ૨૯ ત્યાં આગળ તેમણે શ્રીકૃષ્ણનું ચરિત્ર પોતાના કાર્યભારી મંડળી આગળ કહી બતાવ્યું તથા શ્રીકૃષ્ણે જે પ્રમાણે આજ્ઞા કરી હતી તે પ્રમાણે કરવા લાગ્યા. ૩૦ શ્રીકૃષ્ણ ભગવાન ભીમસેન પાસે જરાસંધનો નાશ કરાવી સહદેવથી સત્કાર પામી ભીમ અર્જુન સાથે ઈંદ્રપ્રસ્થ આવવા નિકળ્યા ૩૧ શત્રુનો વિજય કરીને ઈંદ્રપ્રસ્થમાં આવ્યા કે તેઓએ પોતાના સંબંધીઓને ખુશી કરવા શંખ વગાડયો. ૩૨ ઈંદ્રપ્રસ્થના વાસી પ્રસન્ન થયા યુધિષ્ઠિર રાજાના મનોરથ સિદ્ધ થયા અને તેઓએ માન્યું કે જરાસંધ મરણ પામ્યો ૩૩ ભીમ અર્જુન તથા શ્રીકૃષ્ણે યુધિષ્ઠિર રાજાને પ્રણામ કરી પોતે ત્યાં જે કાર્ય કર્યું હતું તે સર્વ કહી સંભળાવ્યું ૩૪ યુધિષ્ઠિર શ્રીકૃષ્ણે પોતાના ઉપર કરેલા અનુગ્રહ સંભારી પ્રીતિથી આનંદના અશ્રુ પાડતા કંઈ પણ બોલ્યા નહિ ૩૫

निशम्य धर्मराजस्तत् केशवेनानुकंपितम् ।
आनंदाश्रुकलां मुंचन् प्रेम्णा नोवाच किंचन॥

इतिश्रीमद्भागवतमहापुराणदशमस्कंधे त्रिसप्ततिमोऽध्यायः

અધ્યાય ૭૪ મો.†

શિશુપાળ વધ.

श्रीशुक उवाच

एवं युधिष्ठिरो राजा जरासंधवधं विभोः ।
कृष्णस्य चानुभावं तं श्रुत्वा प्रीतस्तमब्रवीत्

શુકદેવજી કહે છે કે—હે રાજન! જરાસંધનો નાશ થયો તે વૃત્ત સાંભળી તથા મહા સમર્થ શ્રીકૃષ્ણનો પ્રભાવ અને તેમનું પોતાની આજ્ઞા પાળવાપણું સાંભળી ધર્મરાજ પ્રસન્ન થયા અને બોલ્યા કે જેઓ ત્રણ લોકના ગુરૂ છે અને જેઓ લોકપાળો છે તે આપની આજ્ઞા મેળવી પોતાના મસ્તક ઉપર ઉઠાવે છે ૨ આપ કમલનયન શ્રીકૃષ્ણ રાજાનું માન ધરાવનાર જે અમો દીન છીએ તેઓની આજ્ઞા ઉઠાવો છો તે અત્યંત અઘટિત છે. ૩ સૂર્યના ઉગવા તથા આથમવા રૂપી કર્મ કરવાથી તેના તેજમાં વધારો કે ઘટાડો થતો નથી. તેમ આપ અદ્વિતીય પરમાત્મા અને પરબ્રહ્મ મૂર્તિ છો, તેમનું આવાં કર્મો કરવાથી તેજ વધતું નથી તેમ ઘટતું પણ નથી. ૪ હે અજીત! અજ્ઞાનીઓને જેમ પોતાના શરીરને 'આ મારૂં,' 'આ હું' તથા 'આ તારૂં, આ તું' એવી નાના પ્રકારની બુદ્ધિ થાય છે તે પ્રમાણે તમારા ભક્તોને થતી નથી, ત્યારે તમને તો થાય જ કયાંથી? ૫

શુકદેવજી કહે છે કે—આ રીતે કહ્યા પછી યુધિષ્ઠિર રાજાએ યજ્ઞ કરવાનો સમય થયો ત્યારે શ્રીકૃષ્ણની સંમતિથી વેદવિદ્યામાં કુશળ યોગ્ય બ્રાહ્મણોને ઋત્વિજમાં વરાવ્યા. વેદવ્યાસ ભરદ્વાજ સુમંતુ ગૌતમ અસિત વસિષ્ઠ ચ્યવન કણ્વ મૈત્રેય કવષ ત્રિત ૭ વિશ્વામિત્ર વામદેવ સુમતિ જૈમિની ક્રતુ પૈલ પરાશર ગર્ગ વૈશંપાયન ૮ અથર્વા કશ્યપ ધૌમ્ય ભૃગુપુત્ર પરશુરામ આસુરિ વીતિહોત્ર મધુચ્છંદા વીરસેન અકૃતવ્રણ વગેરે મુનિઓને વરાવ્યા. ૯ બીજા પણ નિમંત્રણ કરેલા દ્રોણાચાર્ય ભીષ્મ કૃપાચાર્ય પુત્રો સાથે ધૃતરાષ્ટ્ર મહા બુદ્ધિશાળી વિદુર ૧૦ બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શૂદ્ર જાતિના લોકો સર્વ રાજાઓ અને તેમના કાર્યભારીઓ યજ્ઞ જોવાની ઇચ્છાથી આવ્યા. ૧૧ બ્રાહ્મણોએ યજ્ઞ ભૂમિને સુવર્ણના હળથી ખેડી શાસ્ત્ર પ્રમાણે ત્યાં યુધિષ્ઠિરને દીક્ષા આપી ૧૨ પૂર્વે વરૂણના યજ્ઞમાં જેમ સુવર્ણનો સામાન હતો. બ્રહ્મા તથા શંકર

† આ અધ્યાયમાં યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો તેમાં પ્રથમ પૂજાના પ્રસંગમાં શ્રીકૃષ્ણે શિશુપાલનો વધ કર્યો એ કથા કહેવાશે.

સાથે ઈંદ્રાદિક લોકપાલો તેમના ગણો સિદ્ધ પુરૂષો ગંધર્વો વિદ્યાધરો સર્પો મુનિઓ યક્ષો રાક્ષસો પક્ષીઓ કિન્નરો ચારણો રાજાઓ તથા રાજાઓની સર્વ રાણીઓ યુધિષ્ઠિર રાજાના રાજસૂય યજ્ઞમા ભેગાં થયા હતા. રામને જેમ યજ્ઞ કરાવ્યો હતો, તેમ દેવતા જેવી કાંતિવાળા વિપ્રો મહારા યુધિષ્ઠિરને શાસ્ત્ર વિધિ પ્રમાણે રાજસૂય યજ્ઞ કરાવવા લાગ્યા. ૧૬ સોમરસ કાઢવાને દિવસે યુધિષ્ટિરે સાવધાન થઈને મહા ભાગ્યવાળા ઋત્વિજોના તથા સભાપતિઓની પૂજા કરવાનો આરંભ કર્યો. ૧૭ સભાસદોમા પ્રથમ પૂજાને યોગ્ય કોણ છે? એવો પ્રશ્ન થયો, પરંતુ ઘણા પૂજા કરવા યોગ્ય હતા તેથી પ્રથમ કોની પૂજા કરવી યોગ્ય છે? તેનો નિર્ણય થયો નહિ ત્યારે સહદેવ બોલ્યા કે, ૧૮ યાદવોના પતિ શ્રીકૃષ્ણ ભગવાન પૂજાને યોગ્ય છે, કારણ કે સર્વ દેવતાઓ, દેશ, અગ્નિ આહુતિ મંત્રો તથા સાંખ્ય અને યોગ જેમનાં રૂપ છે એવા શ્રીકૃષ્ણ એક અદ્વિતીય બ્રહ્મ છે તથા જે આખા જગતનુ મૂળ છે, તે પોતાને આધારે રહેલા છે, તે શ્રીકૃષ્ણ પોતે આ જગતને ઉત્પન્ન કરે છે, પાળે છે તથા તેનો નાશ કરે છે. ૨૧ પ્રાણી જેની કૃપાદૃષ્ટિથી વિવિધ પ્રકારનાં કર્મો કરતો ધર્માદિક પુરૂષાર્થ સંપાદન કરે છે. ૨૨ તે મહાત્મા શ્રીકૃષ્ણનું પ્રથમ પૂજન કરો કે જેથી સર્વ પ્રાણીઓનુ અને પોતાનું પૂજન કર્યું કહેવાય. ૨૩ જે પુરૂષ અનંત ફળથી ઇચ્છા રાખતો હોય, તેણે સર્વ પ્રાણીઓના આત્મા ભેદ બુદ્ધિનો નાશ કરનાર શાંત અને પરિપૂર્ણ એવા શ્રીકૃષ્ણને જ પૂજવા જોઇએ.

શુકદેવજી કહે છે કે–સહદેવ કે જેભગવાનનો પ્રભાવ જાણતા હતા, તે આમ કહી મૌન થયા અને સર્વે સાધુ સાધુ કહી વખાણ કરવા લાગ્યા. ૨૫ રાજા યુધિષ્ઠિર બ્રાહ્મણોનું કહેવુ સાભળીને તથા સભાસદોનું હાર્દ સમજીને પ્રસન્ન થયા, અને તેમણે પ્રમથી વિહ્વળ થઇ શ્રીકૃષ્ણનુ પૂજન કર્યું. ૨૬ શ્રીકૃષ્ણના બે ચરણને પાણીથી પખાળ્યા અને લોકને પવિત્ર કરનારૂં તે પાણી સ્ત્રીઓ ચાકરો મંત્રીઓ અને કુટુંબીઓની સાથે યુધિષ્ઠિર રાજાએ પોતે હર્ષથી પોતાના મસ્તક ઉપર ચડાવ્યું ૨૭ પીળાં રેશમી વસ્ત્રોની તથા ઉંચી કીમ્મતનાં આભૂષણોથી શ્રીકૃષ્ણની પૂજા કરીને યુધિષ્ઠિર રાજા તેમના મુખ સામું જોવા ગયા પરંતુ આંખમાં અશ્રુઓ આવી જવાથી તેમને જોઈ શકયા નહિ ૨૮

આ પ્રમાણે શ્રીકૃષ્ણનુ પૂજન થતાં સર્વે હાથ જોડીને નમસ્કાર છે. જય પામો એમ કહી તેમને પ્રણામ કરવા લાગ્યા અને આકાશમાથી પુષ્પની વૃષ્ટિ થઇ ૨૯ શ્રીકૃષ્ણના ગુણનુ વર્ણન સાભળી શિશુપાલ બળી ગયો ક્રોધાવિષ્ટ થયેલો તે આસન ઉપરથી ઉઠી હાથ ઉંચો કરી શ્રીકૃષ્ણની તીક્ષ્ણ વચનોથી આ પ્રમાણે નિંદા કરવા લાગ્યો. ૩૦ કાળ અતુલ નીય છે તે ખરૂં કારણ કે મૂર્ખોનાં વચનોથી ઘરડાઓની બુદ્ધિમાં પણ વિપર્યય થાય છે ૩૧ તમે સર્વ સભાપતિઓ સુપાત્ર કોણ છે તે જાણનાર છો, માટે શ્રીકૃષ્ણ પૂજાપાત્ર છે એવાં મૂર્ખોનાં વચન માનો નહિ. ૩૨ તપ વિદ્યા અને નિયમવાળા જ્ઞાનને લીધે પાતક વિનાના બ્રહ્મનિષ્ઠ લોકપાળોએ પૂજેલા તથા સભાપતિ એવા મહર્ષિઓને મૂકી કુળને કલંક લગાડનાર એક ગોવાળિયો કાગડો જેમ પુરોડાશને યોગ્ય નથી તેમ આ પૂજાને યોગ્ય નથી વર્ણ આશ્રમ તથા કુળથી બાહ્ય સર્વ ધર્મનો બહિષ્કૃત સ્વચ્છંદી અને ગુણહીન પૂજાને યોગ્ય કેમ ગણાય? યયાતિએ જેના કુળને શાપ દીધેલો છે, સત્પુરૂષોએ જેના કુળને બહિષ્કૃત કરેલું છે, જે નિરંતર

મદિરાપાન કરે છે તે પતને યોગ્ય કેમ ગણાય ? ૩૬ સ્લેચ્છોએ બ્રહ્માદિઓએ સેવાના દેશો તજી દઈને બ્રહ્મોજ નિના સમુદ્રના કિલ્લાના આશ્રય કર્યો છે અને તે ચોર લોકો પ્રજાને દુઃખ આપે છે ૩૭ ઇત્યાદિ અમંગળ વાક્યો પુણ્ય રહિત થએલા શિશુપાલ બોલ્યો પરંતુ સિંહ જેમ શિયાળના વચનને કંઇ પણ ઉત્તર આપે નહિ તેમ શ્રીકૃષ્ણે તેને કંઈ ઉત્તર આપ્યો નહિ ૩૮ ભગવાનના દુઃસહ નિંદા સાંભળી સભાસદો રોષથી શિશુપાલને ગાળો દેતા દેતા બહાર નિકળ્યા ૩૯ ભક્ત મનુષ્ય ભગવાનની અથવા તો તેના ભક્તની નિંદા સાંભળીને ત્યાંથી ચાલ્યો ન જાય તો તે પણ પુણ્ય રહિત થઇને નરકમાં પડે છે ૪૦ ભગવાનની નિંદા સાંભળીને પાંડુના પુત્રો મત્સ્યો, કેકયો તથા સૃંજયો ક્રોધ પામ્યા. આયુધો ઉગામીને શિશુપાલના નાશ કરવાની ઇચ્છાથી ઉભા થયા કે ૪૧ હે ભરતવંશી રાજા ! શિશુપાલે ગભરાયા વિના, સભા વચ્ચે શ્રીકૃષ્ણના પક્ષના રાજાઓના તિરસ્કાર કરી હથિઆર લીધાં ૪૨ શ્રીકૃષ્ણ ભગવાને ઉભા થઈ પોતાના પક્ષના લોકોને અટકાવી પોતે જ ક્રોધથી ચઢી આવતા શત્રુનું મસ્તક ચક્રવડે કાપી નાખ્યું. ૪૩ શિશુપાલ મરણ પામતાં મોટો કોલાહલ મચી રહ્યો. તેને અનુસરનાર રાજાઓ જીવવાની ઈચ્છાથી નાશી ગયા. ૪૪ આકાશમાંથી પડતા ઉલ્કા જેમ પૃથ્વીમાં પેસી જાય તેમ સર્વ પ્રાણીઓના દેખતાં શિશુપાલના દેહમાંથી નીકળેલું તેજ શ્રીકૃષ્ણને વિષે લય પામ્યું ૪૫ ત્રણ જન્મમાં ઉત્તરોત્તર થયેલા વૈરને લીધે આવેશવાળી બુદ્ધિમાં શિશુપાલ શ્રીકૃષ્ણનું ધ્યાન કરતો તેમના મય થઇ ગયો હતો. આ સંસારમાં જન્મનું કારણ ભાવના છે ૪૬

ચક્રવર્તી યુધિષ્ઠિર રાજાએ ઋત્વિજોને તથા સભાપતિઓને ઘણી દક્ષિણાઓ આપી અને સર્વ આગન્તુકોનો સત્કાર કરી શાસ્ત્ર પ્રમાણે અવભૃથ સ્નાન કર્યું ૪૭ યોગેશ્વરોના ઇશ્વર શ્રીકૃષ્ણ યુધિષ્ઠિર પાસે યજ્ઞ કરાવી સંબંધીઓની ઇચ્છાથી કેટલાક મહિના ત્યાં રહ્યા ૪૮ યુધિષ્ઠિરની ઇચ્છા ન છતાં તેમની રજા લઈ સ્ત્રીઓ તથા મંત્રીઓ સાથે ભગવાન દ્વારકા ગયા ૪૯ યુધિષ્ઠિર રાજસૂય યજ્ઞના અવભૃથ સ્થાન કરીને બ્રાહ્મણ તથા ક્ષત્રિયોના સભા વચ્ચે ઇંદ્રની પેઠે શોભવા લાગ્યા. ૫૧ યુધિષ્ઠિરે જેમનો સત્કાર કર્યો હતો એવા દેવતાઓ મનુષ્યો તથા આકાશચારી પ્રથમ ગણો શ્રીકૃષ્ણનાં તથા યજ્ઞનાં વખાણ કરતા પોતપોતાને સ્થાનકે ગયા. ૫૨ પાપી કલિના અંશરૂપ અને કુરૂ રાજાના યોગરૂપ દુર્યોધન વિના બીજા સર્વ યુધિષ્ઠિરની અભ્યુદયવાળી લક્ષ્મી જોઇને પ્રસન્ન થયા દુર્યોધન તે ઉજ્જવળ લક્ષ્મીને સહન કરી શક્યો નહિ રાજાઓને બંધનમાંથી મુક્ત કર્યા, શિશુપાલનો નાશ કર્યો અને યુધિષ્ઠિરને યજ્ઞ કરાવ્યો, વગેરે શ્રીકૃષ્ણનાં ચરિત્ર જે મનુષ્ય ગાય છે તે સર્વ પાપમાંથી મુક્ત થાય છે.

य इदं कीर्त्तयेद्विष्णोःकर्मचैद्यवधादिकम् ।
राजमोक्ष वितानं च सर्वपापैः प्रमुच्यते ॥४४

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे चतुःसप्ततितमोऽध्यायः

અધ્યાય ૭૫ મો.¶

દુર્યોધનને થયેલો ભ્રમ.

राजोवाच

अजातशत्रोस्तं दृष्ट्वा राजसूयमहोदयम् ।
सर्वे मुमुदिरे ब्रह्मन् नृदेवा ये समागताः ॥१

પરીક્ષિતે પૂછયું કે–હે મહારાજ ! યુધિષ્ઠિર રાજાના યજ્ઞમાં આવેલા મનુષ્યો

¶ આ અધ્યાયમાં યજ્ઞના અવભૃથ સ્નાનને ન સહન કરવાથી તથા જળમાં સ્થળનો અને સ્થળમાં જળનો ભ્રમ થવાથી દુર્યોધન માનભંગ થયો, એ કથા કહેવામાં આવે છે

દેવતાઓ રાજાઓ તથા ઋષિઓ રાજસૂયનો મહોત્સવ જોઈ પ્રસન્ન થયા તેઓમાં એક દુર્યોધન જ પ્રસન્ન થયો નહિ. એ રીતે મેં તમારી પાસેથી સાંભળ્યું છે તેમા જે કારણ હોય તે મને કહો. ૩

શુકદેવજી કહે છે કે–તમારા દાદા મહાત્મા યુધિષ્ઠિર રાજાના રાજસૂય યજ્ઞમા તેમના સંબંધીઓ પ્રેમ બંધનને લીધે કામ કાજ કરતા હતા ભીમસેન રસોડાના સહદેવ પૂજાના કામ ઉપર નકુળ સર્વ સામગ્રી એકઠી કરવાના કામપર અને અર્જુન ગુરૂની સેવા કરવાના કામ ઉપર અધ્યક્ષ નિમાયા હતા શ્રીકૃષ્ણ મહાત્મા પુરૂષોના ચરણ ધોવાના કામ ઉપર નિમાયા હતા. દ્રૌપદી પીરસવાના કામમા ઉદાર મનનો કર્ણ દાનના કામમાં અધ્યક્ષ નિમાયો હતો. હે રાજેન્દ્ર! સાત્યકિ વિકર્ણ કૃતવર્મા વગેરે બાહ્લિકના પુત્ર ભૂરિ વગેરે તથા સંતર્દન વગેરે પણ જુદા જુદા કામના અધ્યક્ષ થયા હતા. યુધિષ્ઠિર રાજાનું હિત કરવા માટે તેઓ પોતપોતાના કામોમા લાગી ગયા હતા ૭ ઋત્વિજ, સભાસદ તથા સ્નેહી સંબંધીઓની મધુર વાણીથી અને આભૂષણોથી પૂજા કર્યા પછી અને શિશુપાલ શ્રીકૃષ્ણના ચરણમાં ગતિ પામ્યા પછી સૌએ ગંગામાં અવભૃથ સ્નાન કર્યું ૮ એ અવભૃથના ઉત્સવમાં મૃદંગ શંખ પણવ દુંદુભિ આનક તથા ગોમુખ વગેરે વિચિત્ર વાજા વાગવા લાગ્યા.૯ પ્રસન્ન થયેલી વારાંગનાઓ નાચવા અને ગવૈયા ગાવા લાગ્યા, તેઓનો તથા વીણા વેણુ અને તાળીઓનો મોટો શબ્દ આકાશ સુધી જઈ પહોંચ્યો. રાજાઓ સુવર્ણની માળાઓ પહેરી વિચિત્ર ધ્વજાઓ વિચિત્ર પતાકાવાળા હાથીઓ રથો શણગારેલા ઘોડેસ્વારો તથા પાળાઓ એમ ચતુરંગિણી સેના સાથે ગામ બહાર નિકળ્યા ૧૧ સેનાથી ધરણી ધ્રુજાવતા યદુ સૃંજય કાંબોજ કુરૂ કેકય તથા કોશલ વંશના ક્ષત્રિયો યજમાનને આગળ કરી અવભૃથ સ્નાન કરવા નગરમાંથી નિકળ્યા ૧૨ સભાસદો ઋત્વિજો તથા મોટા મોટા બ્રાહ્મણો વેદના ધ્વનિ કરતા કરતા નિકળ્યા દેવર્ષિઓ પિતૃઓ અને ગંધર્વો પુષ્પની વૃષ્ટિ કરતાં સ્તુતિ કરવા લાગ્યા ચંદનાદિક સુગંધી પદાર્થો પુષ્પની માળાઓ આભૂષણો અને વસ્ત્રોવાળાં પુરૂષો તથા સ્ત્રીઓ અને જાતજાતના રસો જેવા કે દૂધ દહીં વગેરેથી એક બીજાને નવરાવી નહાવા લાગ્યાં ૧૪ તેલ ગોરસ સુગંધી પાણી હલદર તથા કેસરેથી પુરૂષોએ મર્દેલી વારાંગનાઓ પુરૂષોને તે તે વસ્તુઓ સામી લગાડવી શરૂ કરવા લાગી ૧૫ આ ઉત્સવ નિહાળવા જેમ દેવાંગનાઓ ઉત્તમ વિમાનોમા બેસી આકાશ માર્ગે નિકળી હતી, તેમ રાજાઓની રાણીઓ પણ સિપાઈઓની રક્ષા નીચે તે નિહાળવા બહાર નિકળી હતી મામાના પુત્રો તથા મિત્રો તેઓને અનેક જાતના રસોથી ભીંજવતા હતા અને લજ્જા સાથે હસવાથી પ્રફુલ્લિત મુખવાળી તે શોભતી હતી ૧૬ રાણીઓના કેશપાશ છુટી ગયા હતા, તેમાંથી પુષ્પો ખરી પડતા હતા અને દીયરોએ તથા મિત્રોએ પાણી અને રસો છાંટવાથી તેઓની ચુંદડીઓ ભીંજાઈને શરીર સાથે ચોંટી ગઈ હતી, તેથી તે રાણીઓના ગાત્ર સ્પષ્ટ દેખાતાં હતાં રાજાઓની રાણીઓ પોતાના દીયેર તથા મિત્રોને ચામડાની પીચકારીઓથી પાણી ઉડાડી ભીંજવતી હતી મનોહર વિહારોથી કામીઓના મનમા ક્ષોભ ઉત્પન્ન કરતી હતી. ઉત્તમ ઘોડાવાળા તથા સુવર્ણની માળાઓવાળા રથમાં બેઠેલા ચક્રવર્તી યુધિષ્ઠિર રાજા મૂર્તિમાન રાજસૂય જેમ ક્રિયાઓથી શોભે, તેમ રાણીઓ સાથે શોભતા હતા. ૧૮ ઋત્વિજોએ પત્ની સંયાજ નામે કર્મ તથા અવભૃથ નામે કર્મોથી આચમન પર્યંત કર્મ કરાવી તેમને દ્રૌપદી સાથે ગંગાજીમાં સ્નાન

કરાવ્યું. ૧૯ મનુષ્યોનાં દુંદુભિ સાથે દેવતાઓના દુંદુભિ વાગ્યાં અને દેવ, ઋષિ પિતૃ તથા મનુષ્યો પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. ૨૦ મૃગ તથા આશ્રમમા મનુષ્યો નહાવા લાગ્યા નદી પાણી પણ તે વખતે સ્નાન કરવાથી પાપ મુક્ત થયા. ૨૧ રાજાએ બે અખંડ વસ્ત્ર પહેરી ઋત્વિજો સભાપતિઓ તથા બ્રાહ્મણ વગેરેનો આભૂષણ વસ્ત્રથી સત્કાર કર્યો. ૨૨ નારાયણનો આશ્રય કરનાર રાજાઓ મિત્રો,સ્નેહીઓ તથા બીજા લોકોનો સત્કાર કર્યો મણિના કુંડળો પુષ્પની માળાઓ, પાઘડીઓ, ઉપવસ્ત્રો તથા મોંઘા મૂલના હારો પહેરી દેવતા જેવી કાંતિવાળા તે સર્વ શોભતા હતા. જેઓના મુખ કુંડળો તથા મુખ આગળ આવી ગયેલા કેશને લીધે શોભતા હતા એવી સ્ત્રીઓ સુવર્ણની કટિમેખલાવડે શોભતી હતી ૨૪ તે મહા યજ્ઞમા આવેલા દેવર્ષિઓ પિતૃઓ ભૂતો લોકપાળો તેમના અનુચરો ઉત્તમ સ્વભાવના ઋત્વિજો વેદ જાણનાર સભાસદો બ્રહ્મણો ક્ષત્રિયો વશ્યો શૂદ્રો તથા રાજાઓ એકઠા મળ્યા હતા તે સર્વે યુધિષ્ઠર રાજાથી સત્કાર પામી તેમની આજ્ઞા લઈ ગયા ૨૬ અમૃતનું પાન કરતા જેમ મનુષ્ય ધરાય નહિ, તેમ રજાઓ અને શ્રીકૃષ્ણના ભક્ત એવા યુધિષ્ઠિર રાજાના રાજસૂય યજ્ઞના મહોત્સવનાં વખાણ કરતા લોકો ધરાયા નહિ ૨૭ યુધિષ્ઠિર કે જે પોતાના સંબંધીઓનો ત્યાગ કરવાને અશક્ત હતા, તેમણે સ્નેહીઓ સંબંધીઓ બાંધવો તથા શ્રીકૃષ્ણને બહુ દિવસ ત્યાં રાખ્યા ૨૮ શ્રીકૃષ્ણ ભગવાન યુધિષ્ઠિરનું હિત કરવા સાંબ વગેરેને દ્વારકાંમા મોકલી ત્યાં રહ્યા ૨૦ ધર્મના પુત્ર યુધિષ્ઠિર રાજા શ્રીકૃષ્ણવડે મનોરથરૂપી દુસ્તર મહાસાગરને તરી શાંત થયા ૩૦ એક દિવસ શ્રીકૃષ્ણમા અંતઃકરણ રાખનાર યુધિષ્ઠિર રાજાના અંતઃપુરમા મોટી લક્ષ્મીને જોઇ તથા તેમના રાજસૂયનો મહિમા જોઇ દુર્યોધન મનમાં સંતાપ કરવા લાગ્યો. ૩૧ જે અંતઃપુરમાં મય નામે દૈત્યે બનાવેલી રાજાઓની દેશાધિપતિઓની તથા દેવાધિપતિઓની નાના પ્રકારની વિભૂતિઓ શોભી રહી હતી તે વિભૂતિઓની સર્વ સેવા કરતાં હતાં. દ્રૌપદીમાં મન લલચાવાથી દુર્યોધન મનમાં સંતાપ કરવા લાગ્યો. જે અંતઃપુરમાં નિતંબના ભારથી ધીરે ધીરે પગલાં ભરતી પગનાં ઝાંઝરોના ઝમકારા કરવાથી શોભાયમાન ચરણોવાળી સુંદર કેડવાળી, સુંદર મુખવાળી ચાલતા કુંડળો તથા કેશોવાળી, શ્રીકૃષ્ણની હજારો સ્ત્રીઓ આમ તેમ ફરતી હતી તેઓને જોઇને દુર્યોધનના મનમાં સંતાપ થવા લાગ્યો. ૩૩ કોઇ એક દિવસે મયદાનવે બનાવેલી સભામાં ભાઈઓ સંબંધીઓ અને પોતાના નેત્ર જેવા શ્રીકૃષ્ણ ભગવાન સાથે ચક્રવર્તી યુધિષ્ઠિર રાજા ઇંદ્રની પેઠે સુવર્ણના સિંહાસન ઉપર બેઠા હતા. ચક્રવર્તીની લક્ષ્મીથી શોભતા અને બંદીજનોથી સ્તવાતા તે બેઠા હતા અભિમાની દુર્યોધન મુગટ તથા પુષ્પની માળા પહેરી હાથમા તરવાર લઇ ભાઇઓ સાથે દ્વારપાળોનો તિરસ્કાર કરી સભામાં આવ્યો. ૩૬ મયદાનવની બનાવેલી સભા લોકોને ભ્રમ કરતી હતી.તેણે મયદાનવની માય થી મોહિત થઇ સભામા સ્થળને જળ છે એમ જાણી ભ્રાંતિથી પોતાનાં વસ્ત્ર ઉંચા લીધાં અને જળને ભ્રાંતિથી સ્થળરૂપ માનીને આગળ જતાં તેમા પડયો. તે પાણીમાં પડયો ત્યારે યુધિષ્ઠિરે વાર્યા છતાં પણ શ્રીકૃષ્ણની સંમતિથી ભીમસેન સ્ત્રીઓ તથા બીજા રાજાઓ હસવા લાગ્યા. ૩૮ તેથી દુર્યોધન લજાઇ ગયો, નીચુ મુખ કરી ક્રોધથી બળી ઉઠયો, અને છાનોમાનો ચાલ્યો ગયો. સત્પુરૂષો આ બનાવ જોઈને હાહાકાર કરવા લાગ્યા, યુધિષ્ઠિર રાજા ઉદાસ થઇ ગયા, અને જેમની

દ્રષ્ટિથી દુર્યોધનનું ઉપહાસ્ય થયું હતું એવા શ્રીકૃષ્ણ ભગવાન પૃથ્વીનો ભાર ઉતારવાની ઇચ્છાથી બોલ્યા વિના મૌન બેસી રહ્યા તમે મને યુધિષ્ઠિર રાજાના રાજસૂય મહાયજ્ઞમાં દુર્યોધનની દુષ્ટતા વિષે પૂછયું હતું, તે તમને મેં આ પ્રમાણે કહી સંભળાવ્યું.

एतत्तेऽभिहितं राजन् यत्पृष्टोहमिह त्वया ।
सुयोधनस्य दौरात्म्यं राजसूये महाक्रतौ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे पचसप्ततितमोऽध्यायः

અધ્યાય ૭૬ મો.†

દ્યુમાનને પ્રદ્યુમ્ન વચ્ચે લડાઇ.

श्रीशुक उवाच.

अथान्यदपि कृष्णस्य शृणु कर्माद्भुत नृप ।
क्रीडानरशरीरस्य यथा सौभपतिर्हतः ॥१॥

શુકદેવજી કહે છે કે–હે રાજન! ક્રીડા કરવા મનુષ્ય દેહ ધારણ કરનાર શ્રીકૃષ્ણે શાલ્વને મારવાનું બીજુ અદ્દભુત કામ કર્યું તેમણે શાલ્વને માર્યો તે સંબંધી કથા હવે સાંભળો. ૧ શિશુપાલનો મિત્ર શાલ્વ રૂકમણિના વિવાહમાં આવ્યો હતો યાદવોએ તેને તથા જરાસંધ વગેરે રાજાઓને યુદ્ધમાં હરાવ્યા હતા. ૨ શાલ્વે સર્વ રાજાઓ સાંભળતાં પ્રતિજ્ઞા કરી હતી કે, હું આ પૃથ્વીમાં યાદવનું બીજ રહેવા દઇશ નહિ. આવી પ્રતિજ્ઞા કરી શાલ્વે શંકરની આરાધના કરી અને તેમ કરતાં માત્ર ધૂળની મુઠી ફાકી રહેવા લાગ્યો. ૪ ભગવાન પાર્વતીપતિ પ્રસન્ન થાય તેવા છે તોપણ તે ભગવાનનો દ્વેષી હોવાથી તેને વર આપવો નહિ એમ જાણી શરણાગત શાલ્વને એક વર્ષને અંતે પ્રસન્ન થયા અને તેને વરદાન માગવા કહ્યું. ૫ શાલ્વે દેવતા અસુર મનુષ્ય ગંધર્વ નાગ તથા રાક્ષસોથી નાશ કરી શકાય નહિ તેવું ઇચ્છા પ્રમાણે આકાશચારી તથા યાદવોને ત્રાસ આપે એવું વિમાન માંગ્યુ. ૬ 'તથાસ્તુ,' કહીને શત્રુના પુરનો નાશ કરનાર શંકરે આજ્ઞા કરી તેથી તેણે સૌભ નામે લોઢાનુ વિમાન શાલ્વને આપ્યુ. ૭ ઇચ્છાચારી બીજાંથી પહોચી શકાય નહિ તેવા અંધારાથી ભરેલા વિમાનને મયદાનવ પાસેથી મેળવી શાલ્વ યાદવોએ કરેલા વરને સંભારી દ્વારકાપુરી ઉપર ચઢી ગયો ૮ મોટી સેનાથી દ્વારકાપુરીને ઘેરી લઈ તેનાં સર્વ ઉપવનો વણસાડયા ૯ નગરના દરવાજા ઘરનાં બારણાં મહેલો, ઉંચા ઉંચા માળો, ભીંનો તથા વિહાર સ્થાનો ભાગ્યાં અને વિમાનમાંથી શસ્ત્રોની વૃષ્ટિ કરવા માંડી ૧૦ શિલાઓ વૃક્ષો વજ્ર સર્પો અને કરાઓ ફેકવા માંડયા. ભયંકર વંટોળીઓ વાયુ વાવા લાગ્યો, દિશાઓ ધળની ભરાઇ ગઈ. ૧૧ શાલ્વે દ્વારકાપુરીને દુઃખ દેવા માંડયું તેથી હે રાજા ! ત્રિપુરાસુરે પીડેલી પૃથ્વીની પેઠે તે સુખ પામી નહિ. ૧૨ મહાકીર્તિવાળો પ્રદ્યુમ્ન પ્રજાને દુઃખી થતી જોઇ રથમાં બેસીને નગર બહાર નીકળ્યો ૧૩ સાત્યકી ચારૂદેષ્ણ અક્રૂર તેમના ભાઇઓ, કૃતવર્મા વિંદ ગદ શુક સારણ તથા બીજા મોટા ધનુર્ધારી મહારથીઓના અધિપતિ કવચ પહેરીને રથ હાથી ઘોડા તથા પાયદળો લઈ નગરની બહાર નિકળ્યા. ૧૪ દૈત્યોને દેવતાઓની સાથે ભયંકર યુદ્ધ થયું હતું, તેવું શાલ્વ યાદવોની વચ્ચે રોમાચ ઉભાં કરનારૂં યુદ્ધ શરૂ થયું. ૧૬ સૂર્ય જેમ અંધારાનો નાશ કરે તેમ પ્રદ્યુમ્ને દિવ્ય શસ્ત્રોથી શાલ્વની માયાનો નાશ કર્યો. ૧૭ સુવર્ણના પુંખવાળાં, લોઢાનાં ફણાવાળાં અને નમેલી અણીઓવાળાં પચીસ બાણો મારી પ્રદ્યુમ્ને શાલ્વના સેનાપતિને વિંધી નાંખ્યો ૧૮ સો બાણ શાલ્વને માર્યા એક બાણ તેના પ્રત્યેક યોદ્ધાને માર્યુ દશ દશ બાણ સારથિઓને

† આ અધ્યાયમા યાદવો અને શાલ્વ વચ્ચે મહાયુદ્ધ થતા દ્યુમાનની ગદા વગવાથી પ્રદ્યુમ્ને યુદ્ધમાથી પલાયન કર્યું એ કથા કહેવામા આવશે

માર્યા અને ત્રણ બાણો વાહનોને માર્યા. ૧૯ મહાત્મા પ્રદ્યુમ્નનું આ મહા આશ્ચર્યજનક કામ જોઇ પોતાની તથા શત્રુની સેનાના સર્વ યોદ્ધાઓ તેનાં વખાણ કરવા લાગ્યા. ૨૦ શાલ્વનું મયદાનવે કરેલું માયાવી વિમાન કોઇવાર ઘણા રૂપમાં દેખાતું હતુ કોઇવાર એક રૂપમા દેખાતું ન હતુ તે વિમાન કેવુ છે એ શત્રુઓ જાણી શકતા ન હતા. ૨૧ તે એક ઠેકાણે ઉભુ રહેતું ન હતું, પણ કોઇવાર પૃથ્વી ઉપર તો કોઇવાર આકાશમાં પર્વત ઉપર કોઇવાર પાણીમાં દેખાતુ હતુ. તે એક ઠેકાણે ઉભુ ન રહેતાં આમ તેમ ફર્યા કરતું હતુ ૨૨ શાલ્વ વિમાન તથા યોદ્ધાઓ સાથે જ્યા જ્યા દેખાતો ત્યા ત્યા યાદવોનાં સેનાપતિઓ બાણો મારતા ૨૩ યાદવોએ મારેલા અગ્નિ તથા સૂર્ય જેવા ધગધગતા અને સર્પના પેઠે ત્રાસ આપનારા બાણોથી વિમાન તથા સેના પીડાતા માંડી તેથી શાલ્વ ગભરાયો ૨૪ આલોક તથા પરલોકના સુખની ઇચ્છાવાળા શૂર યાદવો શાલ્વના સેનાપતિઓના અનંત શસ્ત્રો વાગવાથી પીડાતા હોવા છતા રણભૂમિમા ઉભા હતા ૨૫ પ્રથમ બાણો મારીને શાલ્વના મંત્રીને પ્રદ્યુમ્ને દુઃખી કર્યો હતો તેનુ નામ દ્યુમાન હતુ, તે બળવાન દૈત્યે સામા આવી પ્રદ્યુમ્નને મોટી ગદા મારી શત્રુને પીડા કરનાર પ્રદ્યુમ્નનુ વક્ષઃસ્થળ ફાડી નાખ્યું, યુદ્ધના ધર્મને જાણનારો દારૂકનો પુત્ર તેને રણમાંથી દૂર લઇ ગયો ૨૭ બે ઘડીએ ભાન આવ્યુ એટલે પ્રદ્યુમ્ને સારથિને કહ્યું કે—હે સારથિ! તુ મને યુદ્ધમાથી દૂર લઇ ગયો, એ બહુજ અયોગ્ય કર્યું! ૨૮ નપુંસક મનના સારથિએ જેને કલંક લગાડયું છે એવા મારા વિના યાદવના કુળમા બીજો કોઇ રણમાંથી નાશી ગયો હશે નહિ ૨૯ હું યુદ્ધમાથી નાશી ગયો તે હવે મારા પિતા શ્રીકૃષ્ણ તથા બળભદ્ર મળીને પૂછશે ત્યારે હું તેઓને મારી યોગ્યતા પ્રમાણે શું કહીશ? ૩૦ મારા ભાઈઓની સ્ત્રીઓ હસતી મને સ્પષ્ટ પૂછશે કે, દીયેરજી! બીજાઓની સાથે લડતાં તમે રણમા કેમ મંદ પડી ગયા તે કહો ૩૧ સારથિ બોલ્યો કે—હે સમર્થ! મેં મારો ધર્મ સમજી આ કામ કર્યું છે. શાસ્ત્રમા કહ્યુ છે કે—રથમાં બેસનારને સંકટ આવે ત્યારે સારથિએ તેની રક્ષા કરવી. સારથિને સંકટ પડે ત્યારે રથમા બેસનારાએ તેની રક્ષા કરવી જોઇએ ૩૨ શત્રુએ આપને ગદા મારી દુઃખી કર્યા અને આપ મૂર્છિત થયા ત્યારે હું આપને રણભૂમિથી દૂર લઈ ગયો. ૩૩

एतद्विदित्वा तु भवान् मयाऽपोवाहितो रणात्
उपसृष्टः परेणेति मूर्छितो गदया हतः ॥३४॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
षट्सप्ततितमोऽध्यायः

અધ્યાય ૭૭ મો.[1]

શાલ્વનો નાશ.

श्रीशुक उवाच

स उपस्पृश्य सलिलं दंशितो धृतकार्मुकः।
नय मां द्युमतः पार्श्वं वीरस्येत्याह सारथिम् ॥

શુકદેવજી કહે છે કે—પ્રદ્યુમ્ને જળનું આચમન લઇ ધનુષ લીધુ ને કવચ પહેરી સારથિને કહ્યુ કે મને દ્યુમાનની સામે લઈ જાઓ. સારથી પ્રદ્યુમ્નને દ્યુમાનની સામે લઈ ગયો ત્યાં દ્યુમાનને પોતાના સૈન્યનો નાશ કરતો જોઇ પ્રદ્યુમ્ને હસતા હસતાં આઠ બાણો મૂકી તેને વિંધી નાખ્યો. ૨ ચાર બાણો ચાર ઘોડાઓને એક બાણ સારથિને બે બાણ ધનુષ અને ધ્વજાને કાપી નાખવા તથા એક બાણ દ્યુમાનનું મસ્તક કાપવાને મૂકયું ૩ ગદ સાત્યકી અને સાંબ વગેરે

[1] અધ્યાયમા ભગવાને અનેક માયા જાણનાર શાલ્વને માર્યો તથા તેના વિમાનના કકડા કરી નાખ્યા એ કથા કહેવામા આવશે.

યાદવો શાલ્વના સૈન્યને મારવા લાગ્યા જેઓનાં માથાં કપાઇ ગયાં હતાં એવા સૌભ વિમાનમાં બેઠેલા દૈત્યો સમુદ્રમાં તૂટી પડયા. યાદવોના અને શાલ્વના યોદ્ધાઓને પરસ્પરનો નાશ કરતાં સત્યાવીસ રાત્રિ સુધી ભયંકર યુદ્ધ ચાલ્યું. ધર્મના પુત્ર યુધિષ્ઠિરે નિમંત્રણ કરવાથી શ્રીકૃષ્ણ ઇંદ્રપ્રસ્થ ગયા હતા તે રાજસૂય યજ્ઞ પૂર્ણ થયા પછી અને શિશુપાલ મરણ પામ્યા પછી ૬ કુરૂવંશના વૃદ્ધોની મુનિઓની તથા પુત્રો સાથે કુંતાજીની આજ્ઞા લઇ અતિ ભયંકર શકુનો જોતા દ્વારકા આવ્યા. ૭ રસ્તે મન સાથે તે કહેવા લાગ્યા કે હું બળદેવ સાથે અહીં આવ્યો તેટલામાં શિશુપાલના પક્ષના રાજાઓ ખરેખર મારી પુરીનો નાશ કરતા હશે ૮ આવા વિચારમાં દ્વારકા પાસે આવી પહોંચ્યા ત્યાં સૌભ નામે વિમાનને શાલ્વ રાજાને તથા શાલ્વ તરફથી પોતાના પક્ષના યોદ્ધાઓનો નાશ થતો જોઇને નગરીની રક્ષા કરવા બળભદ્રને મોકલીને શ્રીકૃષ્ણે દારૂક સારથિને કહ્યું કે તારે લગારે ગભરાવું નહિ કારણ કે શાલ્વરાજા માયાવી છે તું મારો રથ તેની પાસે ઝટ લઇ જા ૧૦ ભગવાન શ્રીકૃષ્ણે આજ્ઞા કરી કે દારૂકે રથ ઉપર બેસીને એવો હાંકવા માડયો અને પોતાના તથા પરાયા બન્ને પક્ષના લોકોએ ભગવાનની ધ્વજામાં રહેલા ગરૂડને આવતા દીઠા. ૧૧ જેના ઘણા ખરા સેનાપતિઓ મરી ગયા હતા, એવા શાલ્વ રાજાએ યુદ્ધમાં ભગવાનને જોઇ તેમના સારથિ ઉપર ભયંકર શબ્દ કરતી સાંગ ફેંકી ૧૨ તે વેગથી આકાશ માર્ગે દિશાઓમાં પ્રકાશ કરતી ચાલી તેની સામે બાણો મારી શ્રીકૃષ્ણે કટકા કરી નાખ્યા ૧૩ સોળ બાણોથી શાલ્વને વિંધી નાખ્યો અને સૂર્ય જેમ પોતાનાં કિરણો સાથે આકાશમાં ફરે તેમ આકાશમાં ફરતા વિમાનને બાણોથી વિંધી નાખ્યું.૧૪ શાલ્વ રાજાએ શ્રીકૃષ્ણનો ડાબો હાથ કે જેમાં શાર્ઙ્ગ ધનુષ હતુ, તે વિંધી નાખ્યો ૧૫ પ્રહારને લીધે શ્રીકૃષ્ણના હાથમાથી શાર્ઙ્ગ પડી ગયું. જેઓ યુદ્ધ જોતા હતા તે સૌ લોકો હાહાકાર કરવા લાગ્યા શાલ્વ મોટી ગર્જના કરી શ્રીકૃષ્ણને આ પ્રમાણે કહેવા લાગ્યો. ૧૬

અમારી નજર આગળ મારા મિત્રની તથા તારા ભાઈઓને તુ હરી ગયો તે રાજસૂય યજ્ઞની સભામા મારા મિત્રને પ્રમતાવસ્થમા મારી નાખ્યો, માટે તુ જો મારી આગળ ભો રહેતો હું આજે અજીતનુ અભિમાન રાખનાર તને મારીને એવા સ્થાનમા મોકલી દઉ કે જયા જરાથી પછું અવાતુ નથી!

શ્રીભગવાન બોલ્યા કે—તું વૃથા અભિમાન કરે છે, તારો કાળ આવ્યો છે, તેને તું દેખતા નથી. શૂરવીર પુરૂષો પરાક્રમ કરી દેખાડે છે બોલતા નથી ૧૯ શ્રીકૃષ્ણે વેગવાળી ગદા શાલ્વને મારી તેથી તે નાચે પડી ગયો અને લોહી ઓકવા લાગ્યો ૨૦ ગદા પાછી વળ્યા પછી તે અદૃશ્ય થયો અને થોડીક વારે એક પુરૂષે આવી શ્રીકૃષ્ણને પ્રણામ કરી મને દેવકીજીએ મોકલ્યો છે એમ કહી બોલ્યો કે—હે કૃષ્ણ! હે કૃષ્ણ! કસાઈ જેમ પશુને બાંધીને લઇ જાય તેમ શાલ્વરાજા તમારા પિતાને બાંધીને લઇ જાય છે ૧૨ દયાળુ એવા શ્રીકૃષ્ણ આવી અશુભ વાત સાંભળી શોકાતુર થઇ ગયા, એક પ્રાકૃત મનુષ્યની માફક કહેવા લાગ્યા કે દેવ તથા દૈત્યેથી જીતાય નહિ એવા તેમ ગભરાય નહિ તેવા મારા ભાઇ બળદેવને જીતી શાલ્વ મારા પિતાને કેમ લઇ ગયો હશે! અથવા તો દૈવ બળવાન છે! ૨૪ શ્રીકૃષ્ણ આમ કહેતા હતા એટલામાં સૌભના રાજા શાલ્વ આવી પહોંચ્યો અને બનાવટી વસુદેવને લાવી શ્રીકૃષ્ણને કહેવા લાગ્યો કે તને ઉત્પન્ન કરનારો આ તારો પિતા જેને

માટે તું જીવે છે, તેનો તારા દેખતાં હું નાશ કરીશ. તારામાં જો શક્તિ હોય તો તેની રક્ષા કર ૨૬ શ્રીકૃષ્ણનો તિરસ્કાર કરી માયાવી શાલ્વ તરવારથી વસુદેવનું મસ્તક કાપી હાથમાં લઇને આકાશમાં વિમાનપર ચઢી બેઠો. ૨૭ શ્રીકૃષ્ણ સ્વતઃ સિદ્ધ જ્ઞાન વાળા હતા, તોપણ મનુષ્યોના સંબંધથી બે ઘડી માનુષિક સ્વભાવમાં લીન થઈ ગયા. મહા પ્રભાવવાળા શ્રીકૃષ્ણે જાણ્યું કે મયદાનવે કરેલી આ આસુરી માયા છે, ને તે શાલ્વે ચલાવી છે, ૨૮ જાગ્રત થયેલો પુરૂષ જેમ સ્વપ્નની વાતને ખોટી માને તેમ રણ ઉપર દૂતને દીઠો નહિ પિતાના કલેવરને પણ દીઠું નહિ માત્ર આકાશમાં ફરનારા અને સૌભ વિમાનમાં બેઠેલા શાલ્વને દીઠો તેથી તને મારવાની તૈયારી કરી. કેટલાક પૂર્વ પરની વાતનું અનુસંધાન ન રાખનાર ઋષિઓ કહે છે કે તેનો તેઓ પોતેજ વિચાર કરતા નથી. ૩૦ શોક મોહ સ્નેહ અથવા ભય કે જે અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે તે કયાં? અને અખંડ જ્ઞાન વિજ્ઞાન તથા ઐશ્વર્ય જેમને વિષે છે, એવા શ્રીકૃષ્ણ કયાં? ૩૧ સત્પુરૂષો જેમના ચરણની સેવાથી વૃદ્ધિ પામેલી આત્મવિદ્યાના પ્રભાવથી અનાદિ કાળના દેહમાં થયેલી આત્મબુદ્ધિને મટાડે છે અને અનંત તથા સમર્થ એવા પરમાત્માને પામે છે, તે સર્વ કરતાં શ્રેષ્ઠ તથા સત્પુરૂષની ગતિરૂપ ભગવાનને મોહ કયાંથી થાય? ૩૨ સત્ય પરાક્રમવાળા શ્રીકૃષ્ણે બળથી ઘણાં શસ્ત્રોવડે મારતા શાલ્વને સામાં બાણોના પ્રહારથી વિંધી નાંખીને કવચ ધનુષ તથા માથાના મણિને એચી ગદાથી શત્રુના વિમાનના કડકા કરી નાંખ્યા. ૩૩ શ્રીકૃષ્ણે હાથે કરીને ફેંકેલી ગદાના મારથી વિમાનના હજારો કડકા થઇ તે પાણીમાં પડી ગયા, એટલે તેનો ત્યાગ કરી ગદા ઉગામી શાલ્વ પૃથ્વી ઉપર ઉભો રહ્યો અને શ્રીકૃષ્ણના સામે ચઢી આવ્યો. ૩૪ શ્રીકૃષ્ણે સામા આવતા શાલ્વનો ગદાવાળો હાથ ભાલાથી કાપી નાંખી તેનો નાશ કરવા પ્રલય કાળના સૂર્ય જેવું અદ્ભુત ચક્ર હાથમાં લીધું ઉદયાચળના સૂર્ય જેવા તે શોભતા હતા ૩૫ ઇન્દ્રે જેમ વજ્રથી વૃત્રાસુરનું મસ્તક કાપી નાંખ્યું હતું, તેમ તેમણે ચક્રે કરી માયા કરનાર શાલ્વનું મુગટ અને કુંડળ સહિત માથું કાપી નાખ્યું. લોકો હહાકાર કરવા લાગ્યા. ૩૬ પાપી શાલ્વ મરી જતાં અને સૌભ વિમાનના કડકા થતાં આકાશમાં દેવતાઓના દુંદુભિ વાગ્યાં અને મિત્રોનુ વૈર વાળવા દંતવક્ત્ર ક્રોધથી ચઢી આવ્યો ૩૭

नेदुर्दुन्दुभयो राजन् दिवि देवगणारिताः ।
सखीनामपचितिं कुर्वन्दंतवक्रोरुषाऽभ्ययात्॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
सप्तसप्ततितमोऽध्याय.

અધ્યાય ૭૮ મો.‡

દંતવક્ત્રનો નાશ.

श्रीशुक उवाच.

शिशुपालस्य शाल्वस्य पौंड्रकस्यापि दुर्मतिः।
परलोकगतानां च कुर्वन् पारोक्ष्यसौहृदम् ॥

શુકદેવજી કહે છે કે—હે મહારાજ! મરણ પામેલા શિશુપાલ શાલ્વ અને પોંડ્રકનો પરોક્ષમાં સ્નેહ દર્શાવતો મહા બળવાન દંતવક્ત્ર ક્રોધને લીધે એકલો પગપ્યાદો બે પગે પૃથ્વીને કંપાવતો રણમાં શ્રીકૃષ્ણની દ્રષ્ટિએ પડયો. શ્રીકૃષ્ણે તેને આવતો જોઈ ગદા લઈ રથમાંથી નીચે ઉતરીને કિનારો જેમ સમુદ્રને અટકાવે તેમ તેને અટકાવ્યો. ૩ મદમત્ત દંતવક્ત્રે ગદા ઉગામી શ્રીકૃષ્ણને કહ્યું કે આજે તું મારી દ્રષ્ટિએ ચઢયો તે સારૂં થયું. ૪ હે કૃષ્ણ! તુ મારા મામાનો પુત્ર

‡ આ અધ્યાયમાં શ્રીકૃષ્ણ દંતવક્ત્ર તથા વિદૂરથને મારીને દ્વારકામાં રહ્યા અને બળભદ્રે સૈમહર્ષણનો નાશ કર્યો, એ કથા કહેવામાં આવશે.

આવ છે અને મારા મિત્રનો દ્રોહ કરી મને મારી નાખવાની ઇચ્છા રાખે છે માટે હે મૂર્ખ ! હું આ વજ્ર જેવી ગદાથી તારો નાશ કરીશ. ૫ જેમ શરીરમાં થયેલા રોગનો નાશ કર્યા પછી પુરૂષ શાંત થાય છે તેમ મિત્ર ઉપર પ્રીતિવાળો હું ભાઇ થઇને શત્રુ રૂપે વર્તે તેનો નાશ કરી મારા મિત્રોના ઋણમાંથી મુક્ત થઇશ. ૬ છડીઓથી જેમ હાથીને મારે તેમ વચનોથી શ્રીકૃષ્ણને પીડી માથામાં ગદા મારી તેણે સિંહ ગર્જના કરી. ગદાથી માર્યા છતાં ભગવાન ચલાયમાન થયા નહિ, પરંતુ તેમણે દંતવક્રની છાતીમાં ગદા મારી. ૮ તેનું હૃદય ફાટી ગયું અને મુખમાંથી લોહી ઓકતો વાળ હાથ અને ચરણોને પૃથ્વી ઉપર ફેલાવી તે પ્રાણ રહિત થઇ પડયો. ૯ શિશુપાલનું તેજ ભગવાનમાં લય થયું હતું, તેમ દંતવક્રનું સૂક્ષ્મ તેજ પણ સર્વના દેખતાં આશ્ચર્ય ઉપજાવતું શ્રી કૃષ્ણમાં પેસી ગયું ૧૦ ભાઇના મરણથી થયેલા શોકથી વ્યાપ્ત થયેલો દંતવક્રનો ભાઈ વિદુરથ ઢાલ તરવાર લઈ નિઃશ્વાસ નાંખતો તેમનો નાશ કરવાની ઇચ્છાથી ચઢી આવ્યો. ૧૧ ભગવાને તીક્ષ્ણ ધારવાળા ચક્રે તેનું મસ્તક કાપી નાખ્યું ૧૨

આ પ્રમાણે સૌભનો શાલ્વનો દંતવક્રનો તેના ભાઇનો તથા બીજા શત્રુઓનો નાશ કરી દેવતા તથા મનુષ્યોથી સ્તુતિ કરાતા ૧૩ મુનિઓ સિદ્ધો ગંધર્વો વિદ્યાધરો સર્પો અપ્સરાઓ પિતરો યક્ષો કિન્નરો અને ચાર ણોથી જેમનો વિજય ગવાતો હતો તથા જેમના ઉપર પુષ્પની વૃષ્ટિ થતી હતી એવા યાદવોની સાથે ભગવાન દ્વારકાપુરી પધાર્યા. ૧૫ યોગાચાર્ય તથા જગતના ઇશ્વર તે નિત્ય વિજય કરે છે તથાપિ પશુઓના જેવી દૃષ્ટિવાળા અર્થાત અજ્ઞાની લોકો તેમને હાર્યા એમ જાણે છે. ૧૬ કૌરવો પાડવોની સાથે યુદ્ધ કરવાની તૈયારી કરે છે એવું સાંભળી મધ્યસ્થ રહેનાર બળદેવજી તીર્થયાત્રા કરવાનું તર્પણ કરી દ્વારકામાંથી નીકળી ગયા. ૧૭ પ્રભાસમાં નાહી દેવતા ઋષિઓ તથા પિતૃઓનું તર્પણ કરી બ્રાહ્મણો સાથે સરસ્વતી નદીના સામા પ્રવાહે ચાલ્યા. ૧૮ પૃથુદક, બિન્દુસર, ત્રિતકુપ, સુદર્શન, વિશાલ બ્રહ્મતીર્થ પ્રાચી એવી સરસ્વતી નદી તથા ગંગા અને યમુના નદી ઉપર થઈ બીજાં તીર્થોમાં ગયા. ત્યાંથી નૈમિષારણ્યમાં ગયા જ્યાં ઋષિઓ યજ્ઞ કરવા બેઠા હતા. ૨૦ બળદેવજીને ઓળખી ઘણા કાળ થયાં યજ્ઞ કરનાર મુનિઓ ઘટતી રીતે સામા ઉભા થઇ અભિનંદન આપી પ્રણામ કરી તેમનો સત્કાર કરવા લાગ્યા. ૨૧ પરિવાર સાથે સત્કાર પામેલા તથા જેમણે આસન સ્વીકાર કર્યું હતું એવા બળદેવે વેદવ્યાસના શિષ્ય રોમહર્ષણને એક ઉંચા આસન ઉપર બેઠેલો દીઠો. ૨૨ તે બળદેવના સામો ઉભો થયો નહિ નમ તેણે તેના આગળ નમ્રતા દેખાડી નહિ તેમ તેમને નમસ્કાર પણ કર્યા નહિ તેને જોઇને બળદેવ કોપ્યા, ૨૩ તે બોલ્યા કે, આ પ્રતિલોમ જાતિનો સૂત બ્રાહ્મણો કરતા તેમ જ ધર્મની રક્ષા કરનાર અમો કરતાં ઉંચા આસન ઉપર કેમ બેઠો છે ? આને મારી નાખવો જોઇએ. ૨૪ મહાત્મા વેદવ્યાસના શિષ્ય થઈ તેમની પાસે ઇતિહાસ પુરાણ વગેરે ઘણાં શાસ્ત્રો તથા ધર્મશાસ્ત્રો ભણી આમ કેમ વર્તે છે, ઇન્દ્રયાધીન વિવેકહીન પંડિતનું માન ધરાવનાર અને નટની પેઠે વેશ ધરનાર મનને ન જિતનાર રૂપને શાસ્ત્રાભ્યાસ ગુણકારી થતો નથી. ૨૬ મેં આ લોકમાં અધર્મનો નાશ કરવા અવતાર ધારણ કર્યો છે માટે ધર્મ ઢોંગીઓને મારે મારવા જોઇએ. તેઓ પાપી હોય છે, ૨૮ બલદેવ જો કે દુષ્ટનો નાશ કરવાથી અટકયા હતા તોપણ ભાવીને લીધે હાથમાના દર્ભની શલાકાથી સૂતને

મારી નાખ્યા ૧૮ સર્વ મુનિઓ મનમા ખિન્ન થઇ હાહાકાર કરવા લાગ્યા કે હે પ્રભો ! તમે અધર્મ કર્યો. ૨૯-હે યદુનંદન ! જ્યાં સુધી આ યજ્ઞ પુરો થાય ત્યા સુધી અમે સૂતને બ્રહ્માસન આપ્યું હતું તથા ગ્લાનિ થાય નહિ તેવુ આયુષ્ય આપ્યું હતું ૩૦ તમે અજાણતાં બ્રહ્મહત્યા જેવું કર્મ કર્યું. આપ યોગેશ્વર છો તેથી જો કે આપને વેદવચન નિયામક નથી, તોપણ હે લોકોને પવિત્ર કરનાર ! તમે પોતાની મેળે બ્રહ્મહત્યાનુ પ્રાયશ્ચિત કરશો તો લોકો તે પ્રમાણે વર્તશે. ૩૨

બળદેવજી બોલ્યા કે- હું લોકોને ધર્મ મર્યાદામાં રાખવાની ઈચ્છાથી આ બ્રહ્મહત્યાનુ પ્રાયશ્ચિત કરીશ. મુખ્ય વિધિમા જેટલો નિયમ હોય તેટલો મને કહો ૩૩ રોમહર્ષણનું લાબુ આયુષ્ય બળ તથા ઇન્દ્રિયોનુ સામર્થ્ય કરવા જેમ ઈચ્છા હોય તેમ મને કહો હુ યોગમાયાથી તે પ્રમાણે કરી આપુ હે બળરામ ! તમારા અસ્ત્રની બળની અને મૃત્યુની જે રીતે સત્યતા રહે તથા અમારૂં આપેલુ વચન પણ જે પ્રમાણે સત્ય થાય તે પ્રમાણે તમે કરો ૩૫

બળદેવજી બોલ્યા કે—પિતા પુત્રરૂપે ઉત્પન્ન થાય છે એવી વેદની આજ્ઞા છે, આનો ઉગ્રશ્રવા તમને પુરાણ સંભળાવશે અને તે લાંબા આયુષ્યવાળો સમર્થ ઇંદ્રિયોવાળો તથા શરીરબળ સંપન્ન થશે. ૩૬ હે મુનિવરો! તમારી શું ઈચ્છા છે ? તે મને કહો, એટલે હું તે પ્રમાણે કરૂં તથા હે જ્ઞાનીઓ ! હું આ બ્રહ્મહત્યાનુ પ્રાયશ્ચિત જાણતો નથી, માટે તમે તેના પ્રાયશ્ચિતનો નિર્ણય બતાવો.

ઋષિઓ બોલ્યા કે—ઇલ્વલનો પુત્ર બલ્વલ નામે એક દૈત્ય હતો તે પ્રત્યેક પર્વે અમારા યજ્ઞને વિઘ્ન કરતો ૩૮ હે દાશાર્હ ! એ પાપી અપવિત્ર વસ્તુઓ તથા માંસની વૃષ્ટિ કરતોતેને તમે મારી નાખો, એ અમારી મોટી સેવા થઇ ગણાશે ૩૯ તમે સાવધ રહી બાર મહિના સુધી ભારતવર્ષની પ્રદક્ષિણા કરી તીર્થોમાં સ્નાન કરશો એટલે શુદ્ધ થશો.

ततश्च भारतं वर्षं परीत्य सुसमाहितः।
चरित्वा द्वादश मासांस्तीर्थस्नायी विशुद्ध्यसे॥

इतिश्रीमद्भागवतमहापुराणेदशमस्कधे
अष्टसप्ततितमोऽध्यायः

અધ્યાય ૭૯ મો.‡

બળરામ તીર્થાટને ગયા.

श्रीशुक उवाच.

ततः पर्वण्युपावृत्ते प्रचण्डः पांसुवर्षणः।
भीमो वायुरभूद्राजन् पूयगन्धस्तु सर्वशः॥

શુકદેવજી કહે છે કે—હે રાજન ! પછી પર્વ આવ્યું ત્યારે ધૂળને વરસાવતો મહા ભયંકર પ્રચંડ વાયુ વાવા લાગ્યો. ૧ અને અને બલ્વલે પ્રેરેલી અપવિત્ર વસ્તુની યજ્ઞશાળામા વૃષ્ટિ થવા માંડી, તે બળદેવની દૃષ્ટિએ પડી. મોટા દેહવાળાની ધગધગતા તત્રાના જેવી મુછો અને શિખવાળા તથા દાઢો અને ભ્રમરોવડે ભયંકર મુખવાળા તેને જોઇને બળદેવે શત્રુના સૈન્યનો સંહાર કરનાર પોતાના મુશળનું તથા દૈત્યનો નાશ કરનાર પોતાના હળનું સ્મરણ કર્યું કે તે હાજર થયાં. ૪ કોપાયમાન થયેલા બળદેવે હળની અણીથી આકાશચારી બલ્વલને ખેંચી બ્રાહ્મણના દ્રોહી દૈત્યના માથામાં મુશળ માર્યું ૫ દૈત્યનું લલાટ ફાટી ગયુ અને વજ્રથી તોડી પાડેલો પર્વત જેમ ગેરૂ વગેરે ધાતુઓથી રાતો થઇ જાય તેમ લોહીથી રાતો ચોળ થઇ ગયેલો ભયંકર ચીસો પાડતો તથા મુખમાંથી લોહી ઓકતો દૈત્ય ધરણી ઉપર ઢળી પડયો. ૬ મહા ભાગ્યવાળા મુનિઓએ બળદેવની સ્તુતિ કરી તેમને સત્ય આશીર્વાદો દઇ

‡ આ અધ્યાયમા બળદેવે બ્રાહ્મણોને પ્રસન્ન કરવા બલ્વલને માર્યો અને તીર્થ સ્નાનાદિક કરી સૂતની બ્રહ્મહત્યાનુ પ્રાયશ્ચિત કર્યું, એ કથા કહેવાશે.

દેવતાઓ જેમ ઈંદ્રને અભિષેક કરે તેમ તેમને પણ અભિષેક કર્યો મુનિઓએ કરમાય નહિ એવી વૈજયંતી માળા બે દિવ્ય સુંદર વસ્ત્રો તથા ઉત્તમ આભૂષણો આપ્યાં. મુનિઓની આજ્ઞાથી બળદેવજી બ્રાહ્મણો સાથે કૌશિકી નદી ઉપર જઇ ત્યાં નહાઈ જેમાંથી સરયૂ નદીનો પ્રવાહ નીકળતો હતો એવા સરોવર ઉપર ગયા. ૯ સરયૂ નદીના પ્રવાહે પ્રયાગ તીર્થમાં જઈ નહાયા અને દેવતા પિતૃ તથા મનુષ્યોને તર્પણથી તૃપ્ત કરી પુલહાશ્રમ ગયા. ૧૦ ગોમતી ગડકી તથા વિપાસા નદીમાં નહાઇ શોણ નદમાં નહાયા ત્યાંથી ગયામાં જઈ પિતૃઓનુ તર્પણ કરી, ગંગા-સાગરમાં નહાયા. ૧૧ મહેન્દ્રાદ્રિ ઉપર ચઢી પરશુરામના દર્શન કરી ત્યાંથી સપ્ત ગોદાવરી વેણા પંપા અને ભીમરથી નદીમાં નહાયા. ૧૨ કાર્તિકસ્વામીનાં દર્શન કરીને બળદેવજી શંકરના નિવાસસ્થાન શ્રીશૈલ પર્વત ઉપર ચઢયા. ત્યાંથી દ્રવિડ દેશમાં મહા પુણ્યપ્રદ વેંકટેશ્વરનાં દર્શન કરી. ૧૩ કામકોષ્ણી તથા કાંચી ગયા ત્યાંથી કાવેરી ને મહાનદી ઉપર થઇ શ્રીરંગ નામે પવિત્ર તીર્થમા ગયા. ૧૪ શ્રીહરિના ક્ષેત્રરૂપ ઋષભાચળ ઉપર ચઢયા, ત્યાંથી મથુરા થઇ પાપને હરનાર સમુદ્ર સેતુ ઉપર ગયા ૧૫ બળભદ્રે બ્રાહ્મણોને દશ હજાર ગાયો દાનમા આપી અને ત્યાંથી કૃતમાલ તામ્રપર્ણી, અને મલય પર્વત કુલાચળ ઉપર ગયા. ૧૬ આગળ બેઠેલા અગસ્ત્ય મુનિને નમસ્કાર કરી અભિનંદન આપ્યું અને તેમણે આશીર્વાદ આપ્યા. બ-ળદેવજી તેમની આજ્ઞા લઇ દક્ષિણ સમુદ્ર ગયા. કન્યા નામે દુર્ગાદેવીનાં દર્શન કર્યાં. ૧૭ અનંતપુર પંચાપ્સરસ નામે ઉત્તમ સરોવર કે જેમાં વિષ્ણુ રહેલા છે, તેમાં નહાઇને દશ હજાર ગાયોનુ દાન કર્યું ૧૮ બળદેવ કેરલ અને ત્રિગર્ત દેશમાં જઈ ગોકર્ણ નામે શંકરના ક્ષેત્રમાં ગયા. આર્યા દ્વૈપાયનીના દર્શન કરી બળદેવ શુર્પારક ક્ષેત્રમાં ગયા, ત્યાંથી તાપી પયોષ્ણી તથા નિર્વિન્ધ્યા નામે નદીમા નહાઇ દંડકારણ્યમાં પ્રવેશ કરી રેવા નદી ઉપર ગયા; જયાં આગળ માહિષ્મતી નામે નગરી છે. ત્યાથી મનુતીર્થમાં સ્નાન કરી પાછા પ્રભાસમાં આવ્યા. ત્યાં બ્રાહ્મણોના કહેવાથી કૌરવ પાંડવોની લડાઇમાં ક્ષત્રિયોનો નાશ સાંભળી શ્રીકૃષ્ણે પૃથ્વીનો ભાર હર્યો એમ બળદેવે માન્યુ ૨૨ ભીમ તથા દુર્યોધન, ગદા યુદ્ધ કરતા હતા તેઓને વારવા બળદેવજી કુરૂક્ષેત્ર ગયા. ૨૩ યુધિષ્ઠિર નકુળ સહદેવ શ્રીકૃષ્ણ તથા અર્જુન બળદેવને જોઇને તેમને પ્રણામ કરીને તે કેમ આવ્યા, એમ ધારી કંઈ બોલ્યા નહિ ક્રોધાયમાન થયેલા, વિજયની ઇચ્છાથી હાથમાં ગદા લઈને વિચિત્ર મંડળોમાં ફરતા ભીમ તથા દુર્યોધનને બળદેવે કહ્યું કે તમે બન્ને સમાન બળવાળા છો, તેમા મારા માનવા પ્રમાણે એક પણ બળમાં અધિક નથી એક શિક્ષામાં અધિક છો માટે સમાન બળવાળા તમારા બેમાંથી એકનો જય અથવા પરાજય થાય, એમ હું માનતો નથી તેથી આ નિષ્ફળ રણસંગ્રામ બંધ રાખો.

શુકદેવજી કહે છે કે—હે રાજન ! એક બીજાના દુષ્ટ કર્તવ્યો સંભારતા અને જે-ઓની વચ્ચે દૃઢ વૈર બંધાયેલું હતું, એવા તે બન્નેએ ગણ્યુગાર્યું નહિ ૨૮ બળદેવ દૈવાધીન વાત છે એવું કહીને દ્વારકા ગયા અને ત્યાં પ્રસન્ન થયેલા ઉગ્રસેનાદિક સંબંધીઓને મળ્યા. ૨૯ યજ્ઞમૂર્તિ તથા જેમનું સ્વરૂપ સર્વ કલેશ રહિત હતું, એવા બળદેવ પાછા નૈમિષારણ્ય ગયા અને ત્યાં બ્રાહ્મણોએ આનંદથી તેમને સર્વ યજ્ઞોથી શ્રીહ-રિનુ યજન કરાવ્યું. ૩૦ સમર્થ એવા તેમણે ઋષિઓને આત્મજ્ઞાનનો ઉપદેશ કર્યો કે જે જ્ઞાનથી મનુષ્યો આત્મારૂપ અધિષ્ઠાનમા

પરિણામે છે, ને આ જગતમાં આત્મા વ્યાપક છે, ૩૧ યજ્ઞ કર્યા પછી અવભૃથ સ્નાન કરી જ્ઞાતિ સંબંધી તથા મિત્રોની સાથે સારાં વસ્ત્રો પહેરી બળદેવજી ચંદ્ર જેમ ચંદ્રિકાથી શોભે તેમ પોતાની સ્ત્રીથી શોભવા લાગ્યા.૩૨ મહા બળશાળી અપાર પ્રમાણમાં આવે નહિ એવા અને માયાથી મનુષ્યરૂપે થયેલા બળદેવજીનાં આવાં ચરિત્રો છે. ૩૩ જે પુરૂષ અનંત તથા અદ્ભુત કામો કરનાર બળદેવજીનાં કર્મોને સાયંકાળે તથા પ્રભાત સમયે સાંભરે છે તે વિષ્ણુને અત્યંત પ્રિય થાય છે.

योऽनुस्मरेत रामस्य कर्माण्यद्भुतकर्मण: ।
सायंप्रातरनंतस्य विष्णोः स दयिता भवेत् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे एकोनाशीतितमोध्याय:

અધ્યાય ૮૦ મો.†

સુદામાજીનું ચરિત્ર.

राजोवाच.

भगवन्यानि चान्यानि मुकुंदस्य महात्मन: ।
वीर्याण्यनतवीर्यस्य श्रोतुमिच्छामहे प्रभो ॥

પરીક્ષિત રાજાએ પૂછ્યું કે-હે મહારાજ! અપાર પરાક્રમવાળા મહાત્મા શ્રીકૃષ્ણનાં બીજા પણ જે પરાક્રમ હોય તે અમને સંભળાવો. ભગવાનની કથા સાંભળીને તેના સારને જાણનાર કયો પુરૂષ તેમની કથાઓથી તૃપ્ત થાય છે? ૨ જે વાણીથી મનુષ્ય ભગવાનના ગુણ ગાય તે જ વાણી જેથી સ્થાવર જંગમમા રહેનાર ભગવાનની સેવા થાય તે જ હાથ જેથી તેમનું સ્મરણ થાય તેજ મન જેથી પવિત્ર કથાઓ સાંભળવામાં આવે તે જ કાન જેથી તેમની સ્થાવર જંગમ મૂર્તિને પ્રણામ થાય તે જ મસ્તક જેથી દર્શન થાય તે જ નેત્ર અને જેથી તેમના ભકતોના ચરણોદકનું નિરંતર સેવન થાય તે જ અંગો જાણવાં, તે વિના સર્વ નિરૂપયોગી જાણવું.

સૂત પૌરાણિકે કહ્યું કે-હે શૌનક! પરીક્ષિતે આમ પૂછ્યું એટલે જેમનું મન શ્રીકૃષ્ણ ભગવાનમાં નિમગ્ન થયું હતું એવા શુકદેવજી નીચે પ્રમાણે બોલ્યા.૫ કોઈ એક દીન બ્રાહ્મણ શ્રીકૃષ્ણનો બાળ મિત્ર હતો, તે વેદવેત્તા વિષયો તરફ વૈરાગ્ય વૃત્તિવાળો શાંત અંતઃકરણનો જીતેંદ્રિય હમેશ્છાથી જે મળે તે ઉપર નિર્વાહ કરનાર અને ગૃહસ્થાશ્રમી હતો. તે બ્રાહ્મણ જીર્ણ વસ્ત્રો પહેરતો તેની સ્ત્રી જુનાં વસ્ત્રો પહેરતી તથા ભૂખથી તેઓ દુર્બળ રહેતાં. એક દિવસ દરિદ્ર અને કષ્ટથી દુઃખી થતી સ્ત્રીએ ધ્રુજતાં ધ્રુજતાં પતિની પાસે જઈ તેને વિનંતિ કરી કે-હે મહારાજ! લક્ષ્મીના પતિ શ્રીકૃષ્ણ તમારા મિત્ર બ્રાહ્મણોને માન આપનાર શરણાગતનું રક્ષણ કરનાર અને યાદવોમાં ઉત્તમ છે. તે સત્પુરૂષોના આશ્રયરૂપ શ્રીકૃષ્ણની પાસે તમે જાઓ. શ્રીકૃષ્ણની પાસે જશો તો તે તમારા દુઃખી થતા કુટુંબને માટે ધન આપશે.૧૦ હમણાં તે દ્વારકામાં રહે છે અને જેઓ પોતાના ચરણનું સ્મરણ કરે તેઓને પોતાનું સ્વરૂપ દેખાડે છે. તે ભોજ વૃષ્ણિ ને અંધકના અધિપતિ હોઈ તમારો સત્કાર કરશે. તેમના અંગીકારથી ભોજ વૃષ્ણિ અને અંધક કુળના રાજાઓ તમને ધન આપશે. હમણાં જગત્ગુરૂ ભગવાન પોતાને અર્થો તથા વિષયભોગ પ્રિય નથી તોપણ સેવે છે, તથા સેવા કરનારને આપે છે. ૧૧ સ્ત્રીએ કોમળતાથી ઘણીવાર સુધી પ્રાર્થના કરી ત્યારે શ્રીકૃષ્ણનાં દર્શન એ જ મોટો લાભ છે.૧૨ એવો વિચાર કરી દ્વારકા જવાનો તેમણે વિચાર કર્યો અને પછી સ્ત્રીને કહ્યું કે-હે કલ્યાણિ! ઘરમાં કંઈ ભેટ આપવા જેવી વસ્તુ છે? હોય તો લાવ. ૧૩ તે બ્રાહ્મણીએ ચાર મુઠી પૌંઆ માગી લાવી લુગડાના કડકામાં બાંધી પતિને

† આ અધ્યાયમા શ્રીકૃષ્ણે સુદામા નામના બ્રાહ્મણની પૂજા કરીને તેનો સત્કાર કર્યો એ કથા કહેવાય છે

આવ્યા. ૧૪ તે પૌંઆ લેઇ શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન કરવાનો વિચાર કરતો કરતો તે દ્વારકાં ગયો. ૧૫ સ્વધર્મ પાળનાર તથા બીજા કોઇથી જઈ શકાય નહિ એવા અંધક તથા વૃષ્ણિ કુળના યાદવોના મહોલ્લાની વચ્ચે એક મનોહર મહેલ હતો, તેની ત્રણ ચોકી તથા ત્રણ માંડવી વટાવી તે અંદર ગયો. ત્યાં બ્રહ્માનંદના સુખમાં લીન હોય એવો તેને આનંદ થયો. શ્રીકૃષ્ણ ભગવાન કે જે પોતાની સ્ત્રી સાથે બિરાજેલા હતા તે દૂરથી તેને આવતો જોઈ ઉઠીને ઉભા થયા અને તેની સામે જઇ પ્રેમથી બે હાથે આલિંગન આપ્યું. પોતાના પ્રિયમિત્ર બ્રહ્મર્ષિના શરીરનો સ્પર્શ થવાથી શ્રીકૃષ્ણ ભગવાન અત્યંત સુખ પામ્યા. પ્રેમને લીધે તેમના નેત્રમાં પાણી આવ્યાં. મિત્ર બ્રાહ્મણને પર્યંક ઉપર બેસાડી તેના પૂજનની સામગ્રી પોતાના હાથે લાવી તેના પગ ધોયા અને પોતે જો કે લોકપાવન હતા તોપણ તેમણે બ્રાહ્મણના ચરણનું જળ પોતાના મસ્તક ઉપર ચઢાવ્યું અને દિવ્ય ગંધ ચંદન અગરૂ તથા કુંકુમનો લેપ કર્યો. ધૂપ દીપ અને માળાથી તેની પ્રેમ પૂર્વક પૂજા કરી, તાંબુલ અને ગાય અર્પણ કરી 'ભલે પધાર્યા,' એમ કહી સત્કાર કર્યો.

આ જીર્ણ વસ્ત્રવાળા, મલીન શરીરવાળા દુર્બળ તથા જેના આખા શરીરમાં નાડીઓ તરી આવી હતી એવા સુદામાને શ્રીકૃષ્ણનાં સ્ત્રી લક્ષ્મી પોતે ચામર લઇને પવન ઢોળવા લાગ્યાં. ૨૩ નિર્મળ કીર્તિવાળા શ્રીકૃષ્ણે તેમનો પ્રીતિથી સત્કાર કર્યો તે જોઈને અંતઃપુરનાં સર્વ મનુષ્યો આશ્ચર્ય પામ્યાં. ૨૪ તેઓ મન સાથે કહેવા લાગ્યાં કે, આ ધન વિનાના દુર્બળ નિંદાપાત્ર નિસ્તેજ અને મલિન ભિક્ષુકે આ લોકમાં એવું તે શું પુણ્ય કર્યું હશે કે જે પુણ્યના પ્રભાવથી ત્રણ લોકના ગુરૂ તથા લક્ષ્મીના નિવાસરૂપ શ્રીકૃષ્ણ ભગવાને તેનો સત્કાર કર્યો અને પલંગ ઉપર બેઠેલાં લક્ષ્મીજીનો પણ અનાદર કરી જ્યેષ્ઠ બંધુને આલિંગન કરે તેમ આલિંગન કર્યું. બંને એક બીજાનો હાથ ઝાલી પોતે આગળ ગુરૂને ઘેર સાથે રહેતા તે સંબંધી રસભેર વાતો કરવા લાગ્યા. ૨૭

શ્રીભગવાને પૂછયું કે—હે મહારાજ! તમે ગુરૂદક્ષિણા આપી ગુરૂને ઘેરથી ગયા પછી શાસ્ત્રમાં કહેલી રીતે યોગ્ય સ્ત્રીને પરણ્યા છો કે નહિ હે વિદ્વાન! હું ધારૂં છું કે, તમારૂં મન ઘણું કરીને ઘરમાં પણ આસક્ત થતું નહિ હોય? તેમ તમને ધન ઉપર અત્યંત રૂચિ નહિ હોય ૨૯ ઈશ્વરની માયાથી રચાયેલી વિષયવાસનાઓનો ત્યાગ કરનાર કેટલાક પુરૂષો તથા કામનાઓનો ત્યાગ કરનાર કેટલાક પુરૂષો કામનાઓથી પરાભવ નહિ પામતા માત્ર લોક મર્યાદાના રક્ષણ માટે હું જેમ કાર્ય કરૂ છુ તેમ કાર્યો કરે છે. આપણે ગુરૂને ઘેર રહેતા તે તમને સાંભરે છે? ગુરૂગૃહમાં રહેવાથી આત્માનું તત્ત્વ જાણી દ્વિજ લોકો સંસાર તરી જાય છે. ૩૧ હે મિત્ર! જેનાથી જન્મ થાય છે તે પિતા આલોકમાં પહેલો દ્વિજ વર્ણમે ઉપનયન સંસ્કાર આપી વેદ ભણાવે તે બીજો આશ્રમવાળાઓને બ્રહ્મવિદ્યા ભણાવે તે ત્રીજો પિતા ગણાય છે. આ ત્રણ ગુરૂમાં પહેલો પૂજ્ય બીજો સારી પેઠે પૂજ્ય અને ત્રીજો તો સાક્ષાત્ ઈશ્વર રૂપ ગણાય છે. ૩૨ આ સંસારમાં વર્ણાશ્રમવાળાઓમાં જે પુરૂષો જ્ઞાન આપનાર ગુરૂના ઉપદેશથી શ્રમવિના સંસારરૂપી સમુદ્રને તરી જાય છે, તેઓ વ્યવહાર કુશળ છે. ૩૨ હું કે જે સર્વ પ્રાણીઓમાં આત્મારૂપે રહેલો છું તે ગુરૂની સેવાથી જેવો સંતુષ્ટ થાઉં તેવો યજ્ઞ બ્રહ્મચર્ય વાનપ્રસ્થ કે સંન્યાસીના ધર્મથી પ્રસન્ન થાઉં નહિ. ૩૪ આપણે ગુરૂગૃહમા રહેતા ત્યારે એકવાર ગુરૂ પત્નીએ આપણને લાકડાં લેવા મોકલ્યા હતા, તે સમયે દૈવગતિથી જે

થયું તે તમને સાંભરે છે કે ? ૩૫ આપણે લાકડાં લેવા વનમાં ગયા હુતા ત્યાં ઋતુવિના પવનનું તોફાન થઇ આવી વરસાદ વરસવા માંડયો તથા મોટી ગર્જનાઓ થઈ. ૩૬ થેડી વારમાં સૂર્ય અસ્ત પામ્યો દિશાઓ અંધારાથી ભરાઇ ગઇ અને સર્વ જળમય થઇ ગયું, જેથી ઉંચા નીચા સ્થળ જણાતાં બંધ થયાં. પાણી પાણી થઈ રહેલા વનમાં પવન તથા પાણીથી પીડાતા દિશાઓને નહિ દેખાતા અને આતુર બની ગયેલા આપણે એક બીજાના હાથ ઝાલી લાંકડાંની ભારીઓ ઉપાડી આડાઅવળા અથડાયા ૩૮ સૂર્યોદય થયો કે ગુરૂ સાન્દીપનિ આપણને શોધવા આવ્યા તેમણે આતુર થયેલા આપણને દીઠા ૩૯ આપણને જોઇ તે બોલ્યા કે પુત્રો ! આ દેહ કે જે પ્રાણીઓને બહુ પ્રિય છે તેની પણ તમે દરકાર ન કરતાં મારી સેવા કરવામાં મન રાખ્યું ૪૦ દેહ કે જેમાંથી પુરૂષાર્થ મળી શકે છે તે દેહ શુદ્ધ ભાવથી ગુરૂને અર્પણ કરવો એટલો જ ઉત્તમ શિષ્યોનો ગુરૂપ્રત્યે ધર્મ છે. ૪૧ હે ઉત્તમ શિષ્યો ! હું તમારી અનુવૃત્તિથી પ્રસન્ન થયો છું તમારા મનોરથો સફળ થાઓ. મારી પાસેથી ભણેલા વેદો આ લોકમાં તથા પરલોકમાં તમને ફળો ૪૨ આપણે ગુરૂગૃહમાં વાસ કરતા હતા તેવામાં આવા અનેક પ્રકારના બનાવ બન્યા હતા, તે તમને સાંભરે છે ? ગુરૂના અનુગ્રહથી પુરૂષ શાંતિને મેળવે છે.

સુદામા બોલ્યા કે–અમે જેઓને સત્ય સંકલ્પવાળા આપની સાથે ગુરૂને ઘેર રહેવુ થયુ હતું તેઓને કયી વસ્તુ દુર્લભ છે ? ૪૪ હે વિભુ ! કલ્યાણ કરનાર વેદરૂપ જે પરબ્રહ્મ તે જેની મૂર્ત્તિ છે એવા આપ ગુરૂને ઘેર રહ્યા તે મનુષ્યલીલાનું માત્ર અનુકરણજ હતું. ૪૫

यस्य छंदोमयं ब्रह्म देह आवपनं विभो ।
श्रेयसा तस्य गुरुषु वासोऽत्यंतविडम्बनम् ॥

इतिश्रीमद्भागवते महापुराणे दशमस्कन्धे
अशीतितमोऽध्यायः

અધ્યાય ૮૧ મો.*

સુદામા ચરિત્ર–વૈભવ દાન.

શ્રીશુક ઉવાચ.

स इत्थं द्विजमुख्येन सह संकथयन् हरिः ।
सर्वभूतमनोभिज्ञः स्मयमान उवाच तम् ॥

શુકદેવજી કહે છે કે–આ પ્રમાણે સુદામા સાથે વાતો કરતા શ્રીકૃષ્ણ જે સર્વ પ્રાણીઓના મનને જાણતા હુતા તે મિત્ર પોતાને ભેટ કરવા પૌંઆ લાવ્યો છે પણ આપતાં શરમાય છે એ પણ જાણતા હતા. સત્પુરૂષના શરણ તથા બ્રાહ્મણોને માન આપનાર તે પ્રેમ દૃષ્ટિથી તેને નિહાળતા અને મ્હોં મલકાવતા તેના પ્રતિ બોલ્યા કે તમે મારે માટે તમારે ઘેરથી શી ભેટ લાવ્યા છો ? ભક્તો પ્રેમથી થોડુ અર્પણ કરે તે હું ઘણું કરીને માનું છું અને અભક્તો ઘણું લાવે તોપણ હું તેથી પ્રસન્ન થતો નથી. ૩ શાંત બુદ્ધિવાળો પુરૂષ ભક્તિપૂર્વક મને પત્ર પુષ્પ ફળ કે જળ ચઢાવે તે હું ભક્તિથી અર્પણ કરેલું હોવાથી સ્વીકારી લઉં છું. ૪

શુકદેવજી બોલ્યા કે–હે રાજન ! ભગવાને કહ્યું તોપણ સુદામા નીચું મુખ કરીને બેસી રહ્યા, પરંતુ લક્ષ્મીના પતિ શ્રીભગવાનને એક પસલી પૌંઆ આપ્યા નહિ ૫ સર્વ પ્રાણીઓના અંતઃકરણના સાક્ષી સાક્ષાત ભગવાને આગમનનું કારણ જાણીને વિચાર કર્યો કે–આ મારો મિત્ર પૂર્વે લક્ષ્મીની ઇચ્છાથી મને ભજતો ન હતો. પરંતુ હમણાં તે પોતાના સ્ત્રીને રાજી કરવા મારી પાસે આવ્યો છે, માટે દેવતાઓને દુર્લભ એવી સંપત્તિઓ હું એને આપું. આવો વિચાર કરી લુગડાંના કડકામાં બાંધેલા પૌંઆ લેઇને 'આ શું છે ?' એમ કહી તે છોડીને તેમાંથી ભગવાને થોડાક લીધા અને કહ્યું

* આ અધ્યાયમા ભગવાને સુદામાના પૌંઆ ખાઈ તેમને ઇંદ્રને પણ દુર્લભ એવો વૈભવ આપ્યો એ કથા કહેવામા આવશે.

કેઃ-હે મિત્ર આ તો હું બહુ જ પ્રસન્ન થાઉં એવી વસ્તુ તમે નજર કરી છે. હું આખા જગતને આત્મા છું તેને આ પૌંઆ તૃપ્ત કરો. એક મુઠી તેમણે ખાધા અને જેવી બીજી મુઠી ભરવા ગયા કે, લક્ષ્મીજીએ તેમનો હાથ પકડી લીધો અને કહ્યું કે-હે જગદાત્મા ! તમે તૃપ્ત થાઓ, તે તમારા ભકતને આ લોકમાં અથવા પરલોકમાં સર્વ સંપત્તિઓની પ્રાપ્તિ માટે પૂર્ણ છે. બીજી મુઠી ભરીને શું મને પણ તેમને સ્વાધીન કરવી છે? એમ કહી રૂકિમણીએ તે પોટલી લેઈ લીધી. પછી ભગવાનના ઘરમાં તે રાત્રી સુદામા રહ્યા અને ખાનપાન કરી જાણે પોતે સ્વર્ગમાં આવ્યા હોય, તેવું સુખ પામ્યા. ૧૨ સૂર્યોદય થતાં જગતના રક્ષક સ્વરૂપાનંદથી પૂર્ણ ભગવાન પ્રણામ કરી તેમને વળાવવા ગયા વિનયનાં વચનોથી તેમને પ્રસન્ન કર્યા અને તે રાજી થતા ગયા. ૧૩ શ્રીકૃષ્ણ પાસેથી તેમને કંઈ ધન મળ્યું નહિ, તેમ કંઇ માગ્યું પણ નહિ પરંતુ શ્રીકૃષ્ણનાં દર્શનથી શાંતિ પામેલા સુદામાએ જતાં જતાં વિચાર્યું કે, અહો! બ્રહ્મણ્યદેવ ભગવાનનું બ્રાહ્મણપણું મારા અનુભવમાં આવ્યું. વક્ષઃસ્થળમાં લક્ષ્મીને ધરનાર ભગવાને, હું કે જે એક મહા દરિદ્ર છું તેનું આલિંગન કર્યું. હું દરિદ્ર તથા નીચ ક્યાં! અને લક્ષ્મીના વિનાસરૂપ ભગવાન ક્યાં! તેમણે મને કેવળ બ્રાહ્મણ જાતિનો જાણી મારૂં આલિંગન કર્યું, ને બેસવાના પર્યંક ઉપર પોતાના બંધુની પેઠે મને બેસાડયો અને રસ્તાનો પરિશ્રમ ઉતારવા રાણીએ ચામર લઈ મને પવન ઢાળ્યો. દેવના તથા બ્રાહ્મણોના દેવ ભગવાને મારી સેવા કરી તથા ચરણો તળાંસી એક દેવતાની પેઠે પૂજા કરી. ભગવાનના ચરણનું પૂજન તો પુરૂષોને સ્વર્ગનું મોક્ષનું પરલોકનું તથા પૃથ્વી ઉપરની સર્વ સંપત્તિઓનું કારણ છે તથાપિ આ નિર્ધન બ્રાહ્મણને ધન મળશે તો તે બહુ જ ગર્વિષ્ઠ થઇ જશે અને મારૂં સ્મરણ કરશે નહિ એમ ધારીને દયાળુ ભગવાને થોડું પણ ધન મને આપ્યું નહિ. આમ વિચાર કરતા કરતા તે પોતાને ઘેર આવ્યા, તો ત્યાં સૂર્ય, અગ્નિ તથા ચંદ્રમા જેવો ઝગઝગાટ મારતા મહેલોથી ચારે તરફથી વિંટાયલું જણાયું. વિચિત્ર ઉપવનોમા અને વાડીઓમાં પક્ષીઓ મધુર શબ્દો કરી રહ્યાં હતાં. જળાશયોમાં કુમુદ અંભોજ કહ્લાર તથા ઉત્પલ પ્રફુલ્લિત થઈ રહ્યાં હતાં. ૨૨ શણગારેલા પુરૂષો તથા નારીઓ આમ તેમ ફરતી હતી. આ શું હશે આ સ્થાન કોનું હશે? અહીં આમ કેમ થઇ ગયું હશે! એમ તે વિચાર કરતા હતા, એટલામાં દિવ્ય કાંતિવાળા પુરૂષો અને સ્ત્રીઓ મધુર ગાયનોથી તથા વાજીંત્રાથી તેમને માન આપવા આવ્યાં.૨૪ પતિને આવેલા જોઇ લક્ષ્મી જેવાં તેમનાં સ્ત્રી પ્રસન્ન થઈ અને આદર સાથે બહાર નીકળ્યાં ૧૫ પતિને જોઇ પ્રેમ તથા ઉત્કંઠાથી તેમની આંખમાં અશ્રુઓ ભરાઈ આવ્યાં અને તેમણે આંખો મિંચી દૃઢ ભાવ સાથે પતિના ચરણમાં પડી અંતઃકરણથી આલિંગન કર્યું ૨૬ વિમાનમા બેસનારી દેવાંગનાની ઝાકઝમાળ દાસીઓની વચ્ચે દીપી રહેલી પોતાની સ્ત્રીને જોઇ સુદામા આશ્ચર્ય પામ્યા ૨૭ સ્ત્રીની સાથે પ્રસન્ન થતા પોતાના ઘરમાં ગયા. તે ઘર મણિના સ્તમ્ભોવાળું ઇંદ્રના ભવન જેવુ હતું. ૨૮ તેમાં દૂધના ફીણ જેવી શ્વેત શય્યાઓ હાથી દાતના તથા સોનાના સામાનવાળા પલંગો અને સોનાની દાંડીવાળા ચામર તથા વિંઝણાઓ હતા. ૨૯ સુવર્ણનાં આસનો તથા કોમળ પાથરણાં ચંદરવાઓમાં મોતીની માળાઓ વગેરે હતું ૩૦ સ્વચ્છ સ્ફટિકોની ભિંતોમાં તથા મરકત મણિની ભૂમિઓમાં રત્નના દીવાઓ પ્રકાશી રહ્યા હતા. ભિંતો ઉપર

ઓએ આલેખેલી હતી. ૩૧ સર્વ સંપતિઓની સમૃદ્ધિ જોઇ તેનું કારણ જાણવામાં ન આવતાં સ્થિર થઇને વિચાર કરવા લાગ્યા કે આ મારી સમૃદ્ધિ કયાંથી આવી ? ૩૨ હું દુર્ભાગ્ય તથા દરિદ્રી હતો તેને આવી સમૃદ્ધિ મળવાનું કારણ મહાલક્ષ્મીવાળા યદુપતિ શ્રીભગવાનની કૃપાદૃષ્ટિ વિના બીજું કંઇ કારણ નથી ૩૩ સમુદ્રને પૂરનારો ઉદાર મેઘ જેમ કોઇ કોઇ વખતે ઘણી વૃષ્ટિને થોડી માની પોતે શરમાતો હોય તેમ ખેડુતોની સમક્ષ વર્ષતો નથી, પરંતુ રાત્રે ખેડુત નિદ્રા વશ થયા પછી વરસીને ખેતરને પાણીથી ભરી દે છે, તેમ મારા મિત્ર અને દાશાર્હોમાં શ્રેષ્ઠ સંપૂર્ણ કામનાવાળા શ્રીકૃષ્ણ પણ ભકતને આપવા યોગ્ય ઇંદ્રાદિકના પદને પણ તુચ્છ ગણે છે. તેમના ભજનને મોટું ગણી તેની સમક્ષ ન બોલતાં ઇન્દ્રાદિકનું પદ આપે છે. ૩૪ ભગવાન પોતે ઘણું આપ્યા છતા તેને થોડું માને છે અને ભકતે થોડું કર્યું હોય તેને ઘણું માને છે, મેં આપેલી પૌઆની એક મુઠીને મહાત્મા ભગવાને પ્રીતિથી ગ્રહણ કરી. ૩૫ માટે મને પ્રત્યેક જન્મમા ભગવાનની સાથે સંબંધ સેવકપણું હજો; મોટા પ્રભાવવાળા અને ગુણના ભંડારરૂપ શ્રીકૃષ્ણની સાથે જોડાતા તેમના ભકતો સાથે નિકટનો પ્રસંગ પડજો ૩૬ ધનવાનાને ધનના મદથી નીચ અવતારો આવે છે, તે જોઇને અજન્મા ભગવાન પોતાના અવિવેકી ભકતને વિચિત્ર સંપત્તિ રાજ્ય અથવા વિભૂતિઓ આપતા નથી, પરંતુ દૃઢ ભકિત આપે છે. હું ભકિતહીન છું, તેથી આ સંપત્તિનું સુખ પ્રાપ્ત થયું, માટે હવે હું તેમની ભકિતને માગું. આવો નિશ્ચય કરી તેઓ ભગવાનના અત્યંત ભકત થયા. તે બ્રાહ્મણ વિષયોનો ત્યાગ કરવા ધીરે ધીરે અભ્યાસ કરવા લાગ્યો. આસકિત રહિત થઇ વિષયોનો ઉપભોગ કરવા લાગ્યો. ૩૮ દેવોના દેવ તથા યજ્ઞોના અધિપતિ શ્રીકૃષ્ણને બ્રાહ્મણો ઇષ્ટ દેવ રૂપ છે, તેમને બ્રાહ્મણો કરતાં બીજું કોઇ પણ વધારે નથી ૩૯ ભગવાનનો મિત્ર બ્રાહ્મણ ભગવાનને પોતાના ભકતોથી અજિજીત થતા જોઇ તેમનું ધ્યાન કરવા લાગ્યો અને તેના વેગથી દેહાભિમાન રહિત થઇ અંને સત્પુરૂષોની ગતિરૂપ તેમના ધામને પામ્યો. ૪૦ બ્રાહ્મણનું તથા વેદનું રક્ષણ કરનાર ભગવાનના બ્રહ્મણ્યપણાની જે મનુષ્ય કથા સાંભળે છે તે ભગવાનની ભકિત સંપાદન કરી કર્મના બંધનથી છૂટે છે.

एतद्ब्रह्मण्यदेवस्य श्रुत्वा ब्रह्मण्यतां नरः ।
लब्धभावो भगवति कर्मबंधाद्विमुच्यते ४१

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
एकाशीतितमोध्यायः

અધ્યાય ૮૨ મો.¶

ધર્મક્ષેત્રમાં રાજવંશીઓ.

श्रीशुक उवाच

अथैकदा द्वारवत्यां वसतो रामकृष्णयोः ।
सूर्योपरागः सुमहानासीत्कल्पक्षये यथा ॥

શુકદેવજી કહે છે કે–હે રાજન ! શ્રીકૃષ્ણ તથા બળદેવજી દ્વારકામાં રહેતા હતા તે સમયે પ્રલય કાલના જેવું ભયંકર સૂર્યગ્રહણ થયું. ૧ હે રાજન ! જ્યોતિષિઓના કહેવાથી સૂર્યગ્રહણ થશે એમ જાણી ધર્મ કરવાની ઇચ્છાથી સર્વ દેશના લોકો સૂર્યગ્રહણ થયા પૂર્વે કુરૂક્ષેત્રમાં ગયા. કુરૂક્ષેત્ર તે જ કે જ્યા આગળ શસ્ત્રધારીઓમાં ઉત્તમ એવા પરશુરામે પૃથ્વીને નિઃક્ષત્રિય કરી રાજાઓના શોણિતના મોટા ધરો ભર્યા હતા તથા જ્યાં ભગવાન પરશુરામે પાપથી અલિપ્ત છતાં ધર્મની મર્યાદાનો ઉપદેશ કરવા બીજા પ્રાકૃત મનુષ્યની પેઠે પાપનો નાશ કરવા યજ્ઞો કર્યા હતા. ૪ આ મોટી

¶ આ અધ્યાયમા સૂર્યગ્રહણ સમયે કુરૂક્ષેત્રમાં આવેલા રાજાઓ યાદવોને જોઇને પ્રીતિથી માંહોમાંહે વાતો કરવા લાગ્યા એ કથા કહેવામા આવશે.

તીર્થયાત્રા માટે ભરતખંડની પ્રજા અક્રૂર વસુદેવ ઉગ્રસેન ગદ, પ્રદ્યુમ્ન તથા સાંબ આદિ યાદવો ત્યાં આગળ એકઠા થયા હતા. અનિરૂદ્ધને કૃતવર્માએ બે યાદવો, સુચન્દ્ર, શુક તથા સારણ સાથે દ્વારકાની રક્ષા કરવા રાખ્યા હતા. દેવના વિમાન જેવા રથો પાણીનાં મોજાપેરે ચાલનારા ઘોડા ગાજના અને કાળા રંગના મેઘ જેવા હાથીઓ તથા વિદ્યાધર જેવી કાંતિવાળા મનુષ્યો સાથે યાદવો કુરૂક્ષેત્રમાં એકઠા થતા હતા મહા તેજસ્વી તથા કંઠમાં સુવર્ણની માળાવાળા યાદવો રસ્તામાં શોભતા હતા. તેમણે દિવ્ય પુષ્પની માળાઓ પહેરી હતી, ઉંચી જાતનાં વસ્ત્રો પહેર્યાં હતાં, શરીરોપર દિવ્ય કવચો ધારણ કર્યાં હતાં અને સ્ત્રીઓની સાથે જતાં રસ્તામાં દેવતાએ.ની માફક શોભતા હતા. એ લોકોએ સાવધાન મનથી કુરૂક્ષેત્રના પવિત્ર તીર્થમાં સ્નાન કરી ઉપવાસ કર્યો અને પછી બ્રાહ્મણોને વસ્ત્ર પુષ્પની તથા સુવર્ણની માળાથી શણગારેલી ગાયોનાં દાન આપ્યાં. યાદવોએ પરશુરામના ધરોમાં શાસ્ત્રવિધિથી સ્નાન કરી અમને ભગવાનની ભક્તિ હજો, એ પ્રમાણે સંકલ્પ કરી ઉત્તમ બ્રાહ્મણોને ઉત્તમ અન્નનાં દાન આપ્યાં અને શ્રીકૃષ્ણને ઇષ્ટદેવ માનનાર યાદવો બ્રાહ્મણોની આજ્ઞા લઇ જમ્યા અને શીતળ છાયાવાળાં ઝાડો તળે બેઠા. ૧૧ યાદવોએ ત્યાં મત્સ્ય, ઉશીનર, કોસલ, વિદર્ભ. કુરૂ અને સંજય વંશના રાજાઓને દીઠા. ૧૨ કાંબોજ કેકય, મદ્ર કુંતી, આનર્ત અને કેરલ દેશના રાજાઓને પોતાના તથા પરપક્ષના સેંકડો રાજાઓને લોકોને નંદાદિક ગોવાળિયાઓને અને ચિરકાળથી વિખુટા પડેલા શ્રીકૃષ્ણને મળવા આતુર ગોપિકાઓને પણ દીઠી ૧૪ સર્વે લોકો એક બીજાને મળવાથી હર્ષના વેગમાં આવી ગયા હતા. તેઓનાં હૃદયો તથા મુખકમળ પ્રફુલ્લિત પ્રસન્ન લાગતાં હતાં તેઓનાં નેત્રમાંથી પ્રેમાશ્રુ નીકળતાં હતાં તે સર્વે લોકો એક બીજાને દૃઢ આલિંગન આપતા હતા. ૧૫ બીજી તરફ એક બીજાને જોઈ સ્ત્રીઓની આંખમાં હર્ષનાં અશ્રુ ભરાઈ આવ્યાં. પ્રીતિ ભર્યા હાસ્યથી નિર્મળ કટાક્ષ દૃષ્ટિવડે એક બીજાની સામું જોઈને તે આનંદ પામ્યાં.પછી જેઓને નાની અવસ્થાવાળાઓ પગે લાગતા હતા એવા પ્રૌઢ અવસ્થાવાળા લોકો વૃદ્ધ વયના લોકોને પગે લગ્યા અને સ્વાગત તથા કુશળ પ્રશ્ન પૂછીને, પરસ્પર શ્રીકૃષ્ણની વાતો કરવા લાગ્યા ૧૭ કુંતાજી ભાઇઓ બેનો તેઓના પુત્રો માતપિતા. ભાઇઓની સ્ત્રીઓ તથા ભગવાનને મળી તેમની સાથે આનંદની વાતો કરી શોક મુક્ત થયા ૧૮ તે કહેવા લાગ્યાં કે—હે વસુદેવ ! હે ભાઈ ! હું મારા આત્માને કૃતકૃત્ય માનતી નથી કારણ કે તમે સમર્થ છો છતાં આપત્તિવેળા મારી સંભાળ લેતા નથી ૧૯ પરતુ તેમાં તમારો દોષ નથી, કારણ કે જેને દૈવ પ્રતિકૂલ હોય તે સંબંધીવાળો હોય તોપણ તેને સબંધી જ્ઞાતિ પુત્રો ભાઇઓ અને માતપિતા સહાય કરી શકતાં નથી.

વસુદેવ બોલ્યા કે—હે બેન ! તમે અમારા ઉપર દોષ મૂકો નહિ કારણ કે મનુષ્યો તો દૈવનાં રમકડાં છે ઇશ્વિરને વશ છે અને ઇશ્વિર જગતમાં કાર્ય કરે છે અથવા બીજા પાસે કરાવે છે ૨૧ અમે સૌ કંસના ભયથી જુદી દિશામાં નાશી ગયાં હતાં તે હમણાં સ્થિર થઇ ગામમાં વસવા લાગ્યા છીએ.

શુકદેવજી કહે છે કે—વસુદેવ અને ઉગ્રસેન આદિ યાદવોએ સત્કાર કરેલા રાજાઓ ભગવાનનાં દર્શન કરી પરમ સંતોષ પામ્યા. હે રાજેંદ્ર ! ભીષ્મ દ્રોણ ધૃતરાષ્ટ્ર ગાંધારી તેના પુત્રો સ્ત્રીઓ સહિત પાંડવો કુંતા સંજય વિદુર કૃપાચાર્ય કુંતિભોજ વિરાટ ભિષ્મક નગ્નજીત પુરૂજીત દ્રુપદ શલ્ય

ધૃષ્ટકેતુ કાશીરાજા દમઘોષ વિશાલાક્ષ મિથિલાનો રાજા ભદ્રદેશનો રાજા કેકય દેશનો રાજા યુધામન્યુ સુશર્મા બાહ્લિક વગેરે રાજાઓ તેમના પુત્રો તથા યુધિષ્ઠિરાનુસારી રાજાઓ ત્યાં આવ્યા હતા, તેઓ શ્રીકૃષ્ણ ભગવાનના લક્ષ્મીના નિવાસરૂપ શરીરને તથા તેમની રાણીઓને જોઇને આશ્ચર્ય પામ્યા બળભદ્ર અને શ્રીકૃષ્ણે જેઓનો સત્કાર કર્યો હતો એવા રાજાઓ યાદવોનાં વખાણ કરતા બોલ્યા કે, અહો પૃથ્વીના મનુષ્યોમા તમારો જન્મ સફળ છે, કારણ કે યોગીઓને પણ જેમનાં દર્શન દુર્લભ છે, એવા શ્રીકૃષ્ણ ભગવાનનાં તમે વારંવાર દર્શન કરો છો ૨૯ વેદોએ ગાયેલી જેમની કીર્તિ જગતને પવિત્ર કરે છે, જેમના ચરણપ્રક્ષાલનનુ જળ ગંગાજી રૂપે છે, તથા જેમનાં વચનરૂપી વેદો જગતને પવિત્ર કરે છે તેમ કાળની ગતિથી શકિતરહિત થયેલી પૃથ્વિ જેમના ચરણારવિંદના સ્પર્શથી ઉત્તમ શકિત ધારણ કરી અમારી સર્વ કામનાઓ પૂર્ણ કરે છે તે ભગવાનની સાથે દર્શન સ્પર્શ ગમન ભાષણ શય્યા આસન ભોજન વિવાહ તથા સપિણ્ડત્વ સંબંધથી તમે જોડાયેલા છો તેથી તમે જો કે નરકના માર્ગરૂપ ઘરમા વસો છો છતા તમારા ઘરમાં સ્વર્ગ અને મોક્ષની તૃષ્ણા ટાળનાર વિષ્ણુ પોતે રહ્યા છે તેથી તમારો જન્મ સફળ છે

શુકદેવજી કહે છે કે–ગાડામાં વસ્તુઓ ભરી આવેલા નંદાદિક ગોવાળિયા શ્રીકૃષ્ણ પ્રમુખ યાદવોને આવ્યા જાણી તેમને મળવા ગયા. નંદરાયને જોઇને ઘણા દિવસથી દર્શન કરવા આતુર થઇ રહેલા યાદવો શરીરો જેમ પ્રાણને જોઈને હર્ષ પામે તેમ નંદરાયને જોઇ ઉભા થયા અને તેમને દૃઢ આલિંગન કર્યું. વસુદેવ પ્રેમથી વિહ્વળ થઇ ગયા. કંસે દીધેલાં દુઃખો તથા ગોકુળમાં નંદને ત્યાં પોતે શ્રીકૃષ્ણને મૂકયા હતા તે સંભારવા લાગ્યા નંદરાયને આલિંગન કરી તે બહુ પ્રસન્ન થયા. ૩૪ શ્રીકૃષ્ણ તથા બળભદ્ર માતપિતા નંદ તથા યશોદાનું આલિંગન કરીને અને તેમને પ્રણામ કરીને બોલવા ગયા પરંતુ પ્રેમથી ગળામાં અશ્રુ આવ્યાં, તેથી કંઇ પણ બોલી શકયા નહિ. ૩૫ મહા ભાગ્યશાળી નંદરાય તથા યશોદા બન્ને પોતાના ખોળામાં પુત્રોને બેસાડી બે હાથથી તેમને છાતી સાથે ચાંપી તેમના મુખ સામું જોઈ પ્રસન્ન થયાં ૩૬ રોહિણી તથા દેવકી યશોદાને મળી મૈત્રી સંભારી આંખમાંથી આંસુ પાડી ગળગળા સ્વરે કહેવા લાગ્યાં કે ૩૭ હે વ્રજરાણી! તમારી અવિચ્છિન્ન મૈત્રીને કોણ વિસરી જાય? ઇન્દ્રના સ્થાનનું ઐશ્વર્ય મળે તોપણ આ લોકમાં મૈત્રીનો બદલો વાળી શકાતો નથી. ૩૮ અમોએ માતપિતાને ન જોનાર આ બાળકો બે આંખો જેમ પાંપણોને સોપવામાં આવે તેમ તમને સોંપ્યા હતા અને તેઓ પણ તમારી પાસે લાડ, અભ્યુદય પોષણ તથા પાલન પામી નિર્ભય રહ્યા હતા. સત્પુરૂષોને આ પોતાનું અને આ પારકું એવી વિષમબુદ્ધિ હોતી નથી. જેમનાં દર્શન કરતી વેળા નેત્રોની વચ્ચે આવતી પાંપણોના બનાવનારાને ગોપીઓ ગાળો ભાંડતી. ગોપીઓએ ઘણે દિવસે પોતાના પ્રિયતમ શ્રીકૃષ્ણને મળી દૃષ્ટિદ્વારા તેમને પોતાના હૃદયમાં ધારણ કર્યા અને પછી સારી રીતે આલિંગન કરી સર્વ ગોપિકાઓ નિત્ય સમાધિ ચઢાવનારાઓને પણ મળે નહિ, એવા શ્રીકૃષ્ણ ભગવાનના તાદાત્મ્યને પામી ગઈ. શ્રીકૃષ્ણના તાદાત્મ્યભાવને પામેલી ગોપીઓને એકાંતમાં મળી આલિંગન કરી કુશળ પ્રશ્ન પૂછીને હસતા હસતા તે નીચે પ્રમાણે કહેવા લાગ્યાઃ–

શ્રીભગવાન બોલ્યા કે–હે પ્રિય સખિઓ! અમે સબંધીઓનાં કાર્ય કરવાની ઇચ્છાથી

ગયા હતા અને ત્યાં શત્રુ પક્ષનો નાશ કરવામાં ચિત્ત લાગવાથી ઘણા દિવસ થયા રોકાઈ રહેલા છીએ. તમે અમને સંભારો છો ? ૪૨ આ કર્યો ઉપકાર જાણતા નથી. આવી થોડીક શંકાથી તમને શું અમારા ઉપર ક્રોધ ચઢયો છે ? તમે જાણોછો કે કાળ પ્રાણીઓને એકઠાં કરે છે અને કાળ જ તેમને પાછાં જુદાં પાડે છે. વાયુ જેમ વાદળાંના સમૂહને રૂને તથા ધૂળને એકઠાં કરી પાછાં જુદાં પાડી દે છે તેમ કાળ પ્રાણીઓને એકઠાં કરીને પાછાં જુદાં પાડીનાખે છે. ૪૪ ભકિત પ્રાણીઓને મુકિત આપવાને સમર્થ છે માટે તમને મારી પ્રાપ્તિ કરાવનારો મારા ઉપર ભાવ થયો તે ઘણું સારૂં થયું છે. ૪૫ જેમ આકાશ પાણી પૃથ્વી વાયુ તથા તેજ એ પાંચ ભૂતો ઘટ શરાવ વગેરે પદાર્થોના આદિમાં અંતમાં અંદર અને બહારના ભાગમાં રહેલાં છે તેમ હું પણ સર્વ પદાર્થોના આદિ અંત અભ્યંતર તથા બહારના ભાગમાં રહેલો છું. ૪૬ જરાયુજ અંડજ સ્વેદજ અને ઉદ્ભિજ્જ એ ચાર પ્રકારનાં પ્રાણીઓ ભૌતિકપણાને લીધે પોતાના કારણરૂપ પાંચ ભૂતોમાં રહેલાં છે પરંતુ ભોક્તારૂપ આત્મામાં રહેલાં નથી કારણ કે આત્મા પ્રાણીઓમાં ભોકતાપણાથી વ્યાપ્ત છે પરંતુ કારણપણાથી વ્યાપ્ત નથી. ભૂતો, ભૌતિક પદાર્થો ભોગ્ય વસ્તુઓ તથા ભોકતા પરિપૂર્ણ જે હું તેને વિષે દેખાય છે તે તો માત્ર ભ્રાંતિથી દેખાય છે એમ જાણવું. ૪૭ આ પ્રમાણે શ્રીકૃષ્ણે સ્વસ્વરૂપના ઉદ્દેશથી સમજાવેલી ગોપીઓનું લિંગ શરીર છૂટી ગયું અને તેઓ શ્રીભગવાનને પામી. તેઓ બોલી કે—હે પદ્મનાભ ! અમે ઘરમાં રહીએ તોપણ અમારા મનમાં અગાધ જ્ઞાનવાળા યોગેશ્વરોએ હૃદયમાં ચિંતવવા યોગ્ય તથા સંસારમાં પડેલાઓને અવલંબનરૂપ આપનું પદારવિંદ પરમ શરણ હોજો. ૪૯

आहुश्च ते नलिननाभप[illegible]रविंदं
योगेश्वरैर्हृदि विचिन्त्यमगाधबोधैः ।
संसारकूपपतितोत्तरणावलंब
गेहंजुषामपि मनस्युदियात्सदा नः ॥४९॥

इतिश्रीमद्भागवतेम[illegible]पुराणेदशमस्कंधे
द्वाशीतमोध्यायः

અધ્યાય ૮૩ મો.‡

વૈવાહિક વાર્તા વિનોદ.

શ્રીશુક ઉવાચ.

तथाऽनुगृह्य भगवान गोपीनां स गुरुर्गतिः ।
युधिष्ठिरमथाऽपृच्छत्सर्वांश्च [illegible] ॥

શુકદેવજી કહે છે કે—ગુરૂ તથા ગતિરૂપ શ્રીકૃષ્ણ ભગવાને ઉપર કહ્યા પ્રમાણે ગોપીઓ ઉપર અનુગ્રહ કરી યુધિષ્ઠિર તથા બીજા સર્વ સંબંધીઓને કુશળ પૂછ્યું. ૧ લોકના નાથ શ્રીકૃષ્ણે પ્રશ્ન કરવાથી તેમના ચરણનાં દર્શન કરવાથી નિષ્પાપ થયેલા સંબંધી લોકો આનંદથી નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૨ હે પ્રભુ ! પ્રાણીઓને જન્મ આપનારી અવિદ્યાને ટાળનાર આપના ચરણારવિંદનું વૃત્ત કોઈવાર મહાત્માઓના મુખથી સાંભળવામાં આવે છે. તેને જે લોકો કાનરૂપી પડીઆથી પીએ છે, તેઓનું અમંગળ થતું નથી. ૩ આપ બુદ્ધિકૃત ત્રણ અવસ્થા રહિત છો પરમાનંદના સમૂહરૂપ છો અખંડ જ્ઞાનરૂપ છો અપરિચ્છિન્ન જ્ઞાન મૂર્તિ છો કાળના વેગથી નાશ પામતા વેદોનું રક્ષણ કરવા યોગમાયાથી મનુષ્યાવતાર ધારણ કરનાર છો અને પરમહંસોના શરણરૂપ છો માટે અમે દેહ તથા તેના અંગના ઘરબારનો ત્યાગ કરી આપને નમસ્કાર કરીએ છીએ. ૪

‡ આ અધ્યાયમા સ્ત્રીઓએ કરેલા ભગવાનની કથાના ઉત્સવમા ભગવાનની સ્ત્રીઓએ પોતપોતાના વિવાહની વાત દ્રૌપદીની કહી સંભળાવી એ કથા કહેવામાં આવશે.

શુકદેવજી કહે છે કે—આ રીતે તેઓ ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા અને બીજી તરફ યાદવોની તથા કૌરવોની સ્ત્રીઓ એકઠી મળીને ત્રણ લોકોએ ગાયેલી ભગવાનની કથાનું પરસ્પર વર્ણન કરવા લાગી. સ્ત્રીઓની વાતો હું તમારી આગળ કહું તે હવે સાંભળો. સ્ત્રીમંડળ એકઠું મળ્યું હતું તેમાં પાંડવોની પટરાણી દ્રૌપદી શ્રીકૃષ્ણની પટરાણીઓને પૂછવા લાગ્યાં કે હે રૂક્મિણી! હે ભદ્રા! હે જાંબવતિ! હે નાગ્નજિતિ! હે સત્યભામા! હે કાલિન્દિ! હે શૈબ્યા! હે રોહિણી! હે લક્ષ્મણા! તથા હે શ્રીકૃષ્ણની સ્ત્રીઓ! પોતાની માયાથી મનુષ્યનું અનુકરણ કરનાર શ્રીકૃષ્ણ ભગવાન પોતે તમને કેવી રીતે પરણ્યા તે કથા અમને કહો. ૭ આ ઉપરથી પ્રથમ રૂક્મિણી બોલ્યાં કે મને શિશુપાલની સાથે પરણાવવા રાજાઓ ધનુષ સજ્જ કરી તત્પર થયા હતા એટલામાં અજિત યોદ્ધાઓ જેમના ચરણની રજને માથે ચઢાવે છે એવા ભગવાન શ્રીકૃષ્ણ જેમ બકરાના અને ઘેટાના ટોળાંમાંથી પોતાનો ભાગ લઇ જાય તેમ તેઓ મને હરી ગયા હતા. તે શ્રીનિવાસના ચરણનું પૂજન મને પ્રાપ્ત થજો. ૮

સત્યભામા બોલ્યા કે—ભાઇના વધથી સંતાપ કરતા મારા પિતાએ શ્રીકૃષ્ણ ઉપર મણિ ચોરવાનો આરોપ મૂક્યો હતો. તે ટાળવા ભગવાન જાંબુવાનને હરાવી મણિ લાવ્યા અને મારા પિતાને આપવા માંડ્યો, ત્યારે મારા પિતાએ મિથ્યા આરોપ મૂકવા રૂપી અપરાધથી ભય પામી મારૂં વાગ્દાન જો કે બીજા સાથે થઇ ચૂક્યુ હતું, છતાં ત્યાંથી ટાળીને મને શ્રીકૃષ્ણ સાથે પરણાવી. ૯ જાંબવતી બોલ્યાં કે મારા પિતાએ તેમના ઇષ્ટદેવ તથા સ્વામી રામચંદ્ર છે તે જાણવાથી તેમની સાથે સત્યાવિશ દિવસ સુધી યુદ્ધ કર્યું. પછી આ તો સાક્ષાત્ રામચંદ્ર છે એવી પરીક્ષા થવાથી, તેમના પગમાં પડીને પૂજન રૂપે મણિની સાથે શ્રીકૃષ્ણને મારૂં દાન કર્યું હતું, તે શ્રીકૃષ્ણની હું દાસી છું. ૧૦ કાલિંદી બોલ્યાં કે શ્રીકૃષ્ણ ભગવાન મને પોતાના ચરણના સ્પર્શની ઇચ્છાથી તપશ્ચર્યા કરતી જાણી પોતાના મિત્ર અર્જુન સાથે મારી પાસે આવી મારૂં પાણિગ્રહણ કર્યું તે ભગવાનના ઘરમાં વાસીદું વાળનારી હું દાસી છું. ૧૧ ભદ્રા બોલ્યાં કે લક્ષ્મીના નિવાસરૂપ ભગવાને સ્વયંવરમાં આવી રાજાઓને તથા અપકાર કરતા મારા ભાઇઓને જિતી લીધા અને સિંહ જેમ કુતરાના ટોળામાંથી પોતાનો ભાગ લઈ જાય, તેમ મને સ્વયંવરમાં જિતીને દ્વારકા લઈ ગયા, તે ભગવાનના ચરણ ધોવાનું કામ પ્રત્યેક જન્મમાં મને મળજો. ૧૨ નાગ્નજિતી બોલ્યાં કે મારા પિતાએ રાજાઓના બળની પરીક્ષા કરવા મહા બળ તથા પરાક્રમવાળા અત્યંત તીક્ષ્ણ શિંગડાવાળા તથા પુરૂષોના દુર્મદને ઉતારનાર સાત સાંઢ રાખ્યા હતા તેઓને બાળકો જેમ બકરીના બચ્ચાને બાંધી લે તેમ દુષ્ટોને દમન કરતા ભગવાને રમતાં રમતાં બાંધી લીધા. ૧૩ અને પછી મને પરણીને માર્ગમાં આડા પડેલા રાજાઓને જિતી લઇ મારા પિતાએ આપેલી દાસીઓ તથા ચાર અંગવાળી સેના સાથે તે મને દ્વારકામાં લઇ ગયા, એ ભગવાનનું મને દાસ્ય પ્રાપ્ત થજો. ૧૪ મિત્રવિંદા બોલ્યાં કે હે દ્રૌપદિ! મારા પિતાએ ભગવાનમાં જેનું ચિત્ત હતું એવી મને મામાના પુત્ર શ્રીકૃષ્ણને બોલાવી એક અક્ષૌહિણી સેના તથા સખીઓની સાથે પોતે જાતે અર્પણ કરી હતી ૧૫ કર્મોવડે સંસારમાં ભટકતી જે હું તેને પ્રત્યેક જન્મમાં શ્રીભગવાનના ચરણનો સ્પર્શ મળજો કારણકે મનુષ્યાવતારનો તેજ પુરૂષાર્થ છે. ૧૬ લક્ષ્મણાએ કહ્યું કે વારંવાર નારદના ગાયનથી ભગવાનના.

કીર્તિ સાંભળવામાં આવતાં લક્ષ્મીજી લોકપાલોનો ત્યાગ કરી જેમને વર્યાં છે, તેનો વિચાર કરીને મારૂં મન શ્રીભગવાનમાં આસક્ત થયું ૧૭ પછી પુત્રી ઉપર પ્રીતિ વાળા બૃહત્સેને મારા પિતાએ મારો અભિપ્રાય જાણી શ્રીકૃષ્ણને લાવવા ઉપાય કર્યો અને હે દ્રૌપદિ ! તમારા સ્વયંવરમાં જેમ અર્જુનને કન્યાદાન આપવાની ઇચ્છાથી મત્સ્યવેધ કરવાનું પણ રાખ્યું હતું તેમ મારા વિવાહમાં પણ મત્સ્યવેધનું કઠિન પણ રાખવામાં આવ્યું હતું, પરંતુ તમારા સ્વયંવરમાં જે મત્સ્ય ટાંગવામાં આવ્યો હતો તે બહારના ભાગમાં ટાંગવામાં આવેલો હતો તેથી થાંભલા પ્રતિ ઉંચી દૃષ્ટિ કરવાથી તે જોવામાં આવતો હતો પરંતુ મારા સ્વયંવરમાં જે મત્સ્ય લટકાવવામાં આવ્યો તે બહારના ભાગમાં ટાંગેલો ને થાંભલા પાસે કળશના પાણીમાં જ દેખાતો રાખેલો હતો તેથી નીચે દૃષ્ટિ રાખવી પડતી હતી. શ્રીકૃષ્ણ વિના બીજા કોઇથી તે વિંધી શકાય તેમ ન હતું. ૧૯ આ વાત સાંભળીને સર્વ પ્રકારનાં અસ્ત્રના તથા શસ્ત્રના તત્ત્વને જાણનાર હજારો રાજાઓ પોતે પોતાના ઉપાધ્યાયોની સાથે સર્વ દેશથી મારા પિતાના પુરમાં આવ્યા. ૨૦ મારા પિતાએ સર્વ રાજાઓનો તેમનાં પરાક્રમ પ્રમાણે તથા અવસ્થા પ્રમાણે સત્કાર કર્યો. પછી તેમણે સભામાં મત્સ્યવેધ કરવા ધનુષ અને બાણ લીધાં, પરંતુ સર્વનાં મન મારામાં હતાં, તેથી તેઓ મત્સ્યવેધ કરી શક્યા નહિ. ૨૧ કેટલાકે ધનુષબાણ લેઇ નીચે મૂકી દીધાં. કેટલાક ધનુષ ઉપર પણછ ચઢાવી નહિ. કેટલાક કાંડા સુધી ધનુષ્ય ખેંચી પડી ગયા. ૨૧ જરાસંધ અંબષ્ટ શિશુપાળ ભીમ દુર્યોધન તથા કર્ણ આદિ વીર પુરૂષોએ પણછ ચઢાવી ધનુષને સજ્જ કર્યાં પરંતુ તેઓ કોઇ મત્સ્યની સ્થિતિ જાણી શક્યા નહિ ૨૩ અર્જુને પાણીમાં મત્સ્યનો આભાસ જોઇને તેનું સ્થાન જાણી બાણ માર્યું. તે બાણ મત્સ્યને વાગ્યું પરંતુ તેથી તે મત્સ્ય વિંધાયો નહિ. ૨૪ આ રીતે અભિમાની ક્ષત્રિયો માનભંગ થવાથી પાછા હઠી ગયા, એટલે શ્રીકૃષ્ણે ધનુષ લઇ તેની ઉપર રમતાં રમતાં બાણ ચડાવી મધ્યાહ્ન કાળે અભિજીત મુહુર્તમાં પાણીમાં મત્સ્યને જોઈ બાણવતી તેને વિંધી નીચે પાડયો. ૨૬ પૃથ્વી ઉપર તથા સ્વર્ગમાં દુંદુભિ દેવનગારાં વાગવા લાગ્યાં, જય જય શબ્દો થવા લાગ્યા ને હર્ષથી વિહ્વલ થયેલા દેવતાઓ પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. ૨૭ પછી હું નવાં અને ઉંચી જાતનાં રેશમી વસ્ત્રો પહેરી ચોટલામાં પુષ્પ ગુંથી શરમાતી શરમાતી હસતે મુખે રત્નોની માળા હાથમાં લેઇને ઝાંઝરના ઝમકાર કરતી ચરણથી ધીરે ધીરે ચાલતી સભા મંડપમા ગઈ. ૨૮ પછી મનથી શ્રીકૃષ્ણ ઉપર આસક્ત થયેલી કુંતલોથી શોભતું અને કુંડળોની કાંતિવાળા ગાલવાળું મુખ ઉંચું કરીને, હાસ્યસહિત કટાક્ષોથી ચારે તરફ બેઠેલા રાજાઓના તરફ દૃષ્ટિ કરવા લાગી. મેં અનુરક્ત હૃદયથી શ્રી કૃષ્ણના કંઠમાં વરમાળ પહેરાવી. ૨૯ મૃદંગ પટહ શંખ ભેરી આનક આદિ વાજીંત્ર વાગ્યાં નટ તથા નટીઓ નાચવા લાગ્યાં. હે દ્રૌપદિ ! આ રીતે હું શ્રીકૃષ્ણને વરી કે કામદેવથી પરવશ થઇ ગયેલા મોટમોટા રાજાઓ શ્રીકૃષ્ણ સામે સ્પર્દ્ધા કરવા લાગ્યા અને તે કાર્ય સહન કરી શક્યા નહિ, એટલામાં ચાર ઉત્તમ ઘોડા જોડેલા રથમાં બેસાડી બે હાથથી મને ઘેરી શાર્ઙ્ગ ધનુષ તથા બાણ લઈ શ્રીકૃષ્ણ ભગવાન ચાલ્યા ગયા. ૩૩ કેટલાક રાજાઓ ધનુષ ઉગામી શ્રીકૃષ્ણને અટકાવવા કુતરા જેમ સિંહની પાછળ દોડે તેમ ભગવાનની પાછળ દોડયા અને કેટલાક રાજાઓ પ્રથમથી આગળ જઇને માર્ગમાં સજ્જ થઇને

બેઠેલા હતા. ૩૪ રાજાઓમાંથી કેટલાકના હાથ પગ તથા ગળાં શાર્ઙ્ગ ધનુષમાંથી નીકળેલા બાણોના સમૂહથી કપાઇ ગયાં, તેથી ધરણી ઉપર ઢળી પડયા અને કેટલાક રણભૂમિનો ત્યાગ કરી નાશી ગયા. પછી સૂર્ય જેમ અસ્તાચળ ઉપર જાય, તેમ શ્રીકૃષ્ણ શણગારેલી પૃથ્વી ઉપર તથા સ્વર્ગમાં પ્રશંસાપાત્ર સૂર્યને ઢાંકી દેનારાં ધ્વજા પટો અને વિચિત્ર તોરણોવાળી પોતાની નગરીમાં પધાર્યા. ૩૬ મારા પિતાએ મોંઘા મૂલનાં વસ્ત્રો અલંકારો શય્યાઓ આસનો તથા બીજા ઉપસ્કરોથી મિત્રોનો સંબંધીઓનો અને બાંધવોનો સત્કાર કર્યો. ૩૭ મારા પિતાએ ભક્તિને લીધે તેમને દાસીઓ સર્વ પ્રકારની સંપત્તિઓ રથો ઘોડા તથા સર્વોત્તમ આયુધો આપ્યાં. ૩૮ અમે આઠ પટરાણીઓ સર્વ સંગની નિવૃત્તિથી તથા તપના પ્રભાવથી આત્મારામ એવા શ્રીકૃષ્ણના ઘરની ગૃહરાણીઓ છીએ. ૩૯

સોળ હજાર એકસો ને આઠ સ્ત્રીઓ પછી સાથે બોલી કે-નરકાસુરે દિગ્વિજયમાં જીતી લીધેલી અમે રાજકન્યાઓ છીએ અને નરકાસુરે અમને કેદ કરેલી હતી તે જાણી ભગવાને સંસારમાંથી મુક્ત કરનાર પોતાના ચરણારવિંદનું સ્મરણ કરતી જે અમે તેમને મુક્ત કરી પોતે પૂર્ણ કામ હોવા છતાં યુદ્ધમાં નરકાસુરનો તથા તેના પરિવારનો નાશ કરી અમોને પરણ્યા છે. ચક્રવર્તીત્વને, ઇન્દ્રની પદવીને બન્ને પ્રકારના વૈભવને અણિમાદિક સિદ્ધિઓને બ્રહ્માની પદવીને સાલોકયાદિક મુક્તિઓને તથા કૈવલ્ય મોક્ષને ઇચ્છતી નથી, પરંતુ શ્રીકૃષ્ણના ચરણની રજને માથા ઉપર ધારણ કરવાની ઇચ્છા રાખીએ છીએ. ૪૨ મહાત્મા છતાં ગાયોને ચરાવનાર શ્રીકૃષ્ણ ભગવાનના ચરણની રજની ગોપીઓ અને લતાઓ જેમ ઇચ્છા રાખે તેમ અમે ઇચ્છા રાખીએ છીએ.

व्रजस्त्रियो यद्वांछंति पुलिंद्यस्तृणवीरुधः ।
गावश्चारयतो गोपाः पादस्पर्शं महात्मनः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
त्र्यशीतितमोध्यायः

અધ્યાય ૮૪ મો.†

વસુદેવજીનો યજ્ઞ.

श्रीशुक उवाच

श्रुत्वा पृथा सुबलपुत्र्यथ याज्ञसेनी
माधव्यथ क्षितिपपत्न्य उत स्वगोप्यः ।
कृष्णेऽखिलात्मनि हरौ प्रणयानुबंध
सर्वा विसिस्म्युरलमश्रुकलाकुलाक्ष्यः ॥१॥

શુકદેવજી કહે છે કે-હે રાજન! કુન્તી ગાંધારી દ્રૌપદી સુભદ્રા વગેરે રાણીઓ તથા ગોપીકાઓ ઉપર કહ્યા પ્રમાણે શ્રીકૃષ્ણની રાણીઓની સર્વના આત્મા શ્રીકૃષ્ણ ઉપર સ્નેહબંધનની વાત સાંભળી બહુ આશ્ચર્ય પામી અને સર્વ સ્ત્રીઓનાં નેત્ર અશ્રુઓથી વ્યાકુળ થયાં. ૧ સ્ત્રીઓ સ્ત્રીઓની સાથે અને પુરૂષો પુરૂષોની સાથે વાતો કરતા હતા એટલામાં શ્રીકૃષ્ણ તથા બળદેવનાં દર્શન કરવાની ઇચ્છાથી કુરૂક્ષેત્રમાં વેદવ્યાસ નારદ ચ્યવન દેવલ અસિત વિશ્વામિત્ર શતાનંદ ભરદ્વાજ ગૌતમ વગેરે શિષ્યો સાથે મહાત્મા પરશુરામ વસિષ્ઠ ગાલવ ભૃગુ પુલસ્ત્ય કશ્યપ અત્રી માર્કંડેય બૃહસ્પતિ દ્વિત ત્રિત એકત બ્રહ્માના પુત્ર અંગિરા અગસ્ત્ય યાજ્ઞવલ્કય તથા વામદેવાદિ ઋષિઓ આવ્યા. ૫ જગત જેઓને નમે છે એવા ઋષિઓને જોઇ પાંડવો શ્રીકૃષ્ણ બળભદ્ર તથા રાજાઓ ઉભા થઇ તેમને નમ્યા. ૬ સર્વ લોકોએ તેમ બળદેવ સાથે શ્રીકૃષ્ણે સ્વાગત આસન પાદ્ય અર્ઘ્ય પુષ્પ ધૂપ તથા ચંદનોથી તેમની પૂજા કરી. ૭ ધર્મનું રક્ષણ કરવા દેહ ધારણ કરનાર

† આ અધ્યાયમા મુનિઓના સમાગમની વસુદેવના યજ્ઞના ઉત્સાહની તથા સંબંધીઓને બાંધી ઘેર વળાવવાની કથા કહેવાય છે.

શ્રીકૃષ્ણ સર્વને બોલતા અટકાવી સર્વ સાંભળતાં ઋષિઓને આમ કહેવા લાગ્યા. ૮

ભગવાન બોલ્યા કે-દેવતાઓને દુર્લભ એવું યોગેશ્વરોનું દર્શન થયું તેથી અમારો જન્મ સફળ થયો અને જન્મ ધારણ કરવાનું અમને ફળ મળ્યું. ૯ તીર્થસ્નાનાદિકને તપ કરનાર અને મૂર્તિને દેવરૂપ માનનાર મનુષ્યોને આપનાં દર્શન સ્પર્શ પ્રશ્ન નમસ્કાર તથા ચરણપૂજનાદિકની પ્રાપ્તિ ક્યાંથી હોય? તીર્થો પાણીરૂપ છે એમ નથી તથા દેવતાઓ પણ મૂર્તિઓ છે એમ નથી, પરંતુ તેઓમા દેવત છે અને સેવા કરવાથી તે ઘણે કાળે પ્રસન્ન થાય છે, પરંતુ મહાત્મા લોકો દર્શનથી પવિત્ર કરે છે. ૧૧ અગ્નિ સૂર્ય ચંદ્ર તારા પૃથ્વી જળ આકાશ વાયુ વાણી તથા મન તેમની ઉપાસના કરી હોય તોપણ ભેદબુદ્ધિ કરાવનારાં હોવાથી અજ્ઞાનને ટાળતાં નથી. જ્ઞાની મહાત્માઓ ભેદબુદ્ધિને ટાળનાર છે તેથી ક્ષણ પણ સેવા કરવાથી અજ્ઞાનને ટાળે છે. ૧૨ જે મનુષ્ય વાત પિત્ત અને કફથી ભરેલા આ શરીરને આત્મા માને છે, સ્ત્રી પુત્ર વગેરે ઉપર પોતાના છે એવી બુદ્ધિ રાખે છે, મૂર્તિને પૂજ્ય માને છે અને પાણીને તીર્થરૂપે સ્વીકારે છે પરંતુ તત્વવેત્તાઓનો આત્મા પૂજ્ય અને પવિત્ર માનતો નથી તે મનુષ્ય અજ્ઞાન છે.

શુકદેવજી કહે છે કે—મોટી બુદ્ધિવાળા શ્રીકૃષ્ણ ભગવાનનું આવું દુરન્વયવાળું વચન સાંભળી બ્રાહ્મણો મૌન રહ્યા. ૧૪ શ્રી કૃષ્ણ ભગવાનની પ્રભુતા વિષે મુનિઓએ ઘણીવાર વિચાર કર્યો. પછી હસતાં હસતાં જગદ્ગુરૂ શ્રીકૃષ્ણને નીચે પ્રમાણે કહેવા લાગ્યા. તમે જે હીનતા દર્શાવી તે લોકની મર્યાદા સાચવવા માટે છે. તત્વવેત્તાઓમાં ઉત્તમ એવા અમે તથા પ્રજાપતિઓના અધિપતિઓ આપની માયાથી મોહ પામેલા છે અને આપ તો માયાના અધિપતિ છો છતાં મનુષ્યની ચેષ્ટાથી મોહ પામેલા પ્રાકૃત મનુષ્યના જેવું આચરણ કરો છો, આપની લીલા અતકર્ય છે. ૧૬ ક્રિયા રહિત અને એક હોઇ પૃથિવી જેમ એક અને ક્રિયારહિત છતાં ઘટાદિક વિકારોથી ઘણાં નામ રૂપવાળી ગણાય છે તેમ તમે પોતાનામાંથી આ જગતને ઉત્પન્ન કરો છો, પાળો છો તથા તેનો સંહાર કરો છે. આપ પરિપૂર્ણ છતાં જન્મ ધારણ કરવા રૂપી વ્યાપકનું ચરિત્ર અનુકરણીય છે. ૧૭ આપ નિરંજનરૂપ છતાં ભક્ત લોકોનું રક્ષણ કરવા તથા ખળ પુરૂષોને શિક્ષા કરવા પોતાની લીલાથી શુદ્ધ સત્વગુણી અવતાર ધારણ કરો છો. વેદમાર્ગનું રક્ષણ કરો છો, આપ ચાર વર્ણ અને ચાર આશ્રમોના આશ્રયરૂપ પરમ પુરૂષ છો. ૧૮ વેદ તમારૂં શુદ્ધ અને અંતરંગ રૂપ છે, કારણ કે જેમાંથી તપ સ્વાધ્યાય તથા સંયમોથી કાર્ય કારણરૂપ તથા તેનાથી ભિન્ન પરબ્રહ્મ જાણવામાં આવે છે ૧૯ વેદ પ્રવર્તાવનાર બ્રાહ્મણોનું કુળ જે વેદમાંથી જણાતા આપને જાણવામાં સાધનરૂપ છે તેને આપ પૂજો તેથી બ્રહ્મણ્ય લોકમાં મુખ્ય ગણાવ છો. ૨૦ સત્પુરૂષોની ગતિરૂપ આપનો સમાગમ થવાથી આજે અમારો જન્મ અમારી વિદ્યા અમારૂં તપ અને અમારૂં જ્ઞાન સફળ થયાં છે. કારણ કે આપ કલ્યાણોના અવધિરૂપ છો. ૨૧ અખંડ જ્ઞાનવાળા પોતાની માયાવડે ગુઢ મહિમાવાળા અને પરમાત્મા એવા આપને અમે પ્રણામ કરીએ છીએ. ૨૨ આ રાજાઓ તથા યાદવો માયાથી ઢંકાયેલા ઇશ્વર પરમાત્મા તથા કાળમૂર્તિ એવા આપને ઓળખતા નથી. ૨૩ નિદ્રાવશ થયેલો પુરૂષ સ્વપ્નાવસ્થાના વિષયોને સત્ય માની પોતાને નામ માત્રથી તથા મનથી જણાયેલા સિંહાદિકના રૂપને જાણે છે પરંતુ તેથી રહિત પોતાના બીજા જાગ્રદવસ્થાના સ્વરૂપને જાણતો નથી, તેમ જાગ્રદવસ્થામાં નામ માત્ર

અને મનથી જણાતા જાગ્રદવસ્થાના વિષયોમાં ઇંદ્રિયોની પ્રવૃત્તિરૂપી માયાથી જેનું મન ભ્રમિત હોય એવો પુરૂષ વિવેકનો નાશ થવાથી તમારા પરમાર્થ સ્વરૂપને જાણતો નથી. પાપનો ક્ષય કરનાર ગંગાજીના આશ્રયરૂપ તથા પરિપક્વ યોગવાળા પુરૂષોએ હૃદયમાં ધારણ કરેલાં આપના ચરણારવિંદને પુણ્યના યોગથી અમે પ્રાપ્ત કર્યું. ભક્તિથી જેમનુ લિંગશરીર નાશ પામ્યું હતુ, એવા લોકો આપની પરમ ગતિ પામ્યા. આપ હવે ભકતોનો અનુગ્રહ કરો. ૨૬

શુકદેવજી કહે છે કે—હે રાજર્ષિ ! સ્તુતિ કરી મુનિઓ શ્રીકૃષ્ણની ધૃતરાષ્ટ્રની તથા યુધિષ્ઠિરની આજ્ઞા લઇ પોતપોતાના આશ્રમે ગયા. વસુદેવ મુનિઓને પોતપોતાના આશ્રમ તરફ જતા જોઈ તેમની પાસે આવ્યા અને પ્રણામ કરી આ પ્રમાણે બોલ્યા:—હે ઋષિઓ! સર્વ દેવતાઓના નિવાસરૂપ આપ લોકોને હું પ્રણામ કરૂં છું. આપ મારી વિનંતી સાંભળો અને જે કર્મો કરવાથી કર્મોનો નાશ થાય એવો ઉપાય અમને બતાવો. પછી નારદજી બોલ્યા કે વસુદેવ પોતાના કલ્યાણનું સાધન જાણવાની ઇચ્છાથી શ્રીકૃષ્ણને પોતાના પુત્ર માનીને તેમને પૂછતા આપણને પ્રશ્ન કરે છે એ આશ્ચર્યની વાત છે. આ જગતમાં જે પાસે હોય તે અનાદરનું કારણ થઇ પડે છે. ગંગાના તીર ઉપર રહેનારો મનુષ્ય ગંગાજળને મૂકી બીજા તીર્થમાં જાય છે ૩૧ સૂર્ય કોઈથી ઢંકાતો નથી છતાં લોકો વાદળાં હિમ તથા રાહુથી તેને ઢંકાયેલો માને છે, તેમ જેમનો અનુભવ કાળથી જગતની ઉત્પત્તિથી વયાદિકથી પોતાથી પરથી અથવા રૂપાન્તરાદિક થવાથી નાશ પામતો નથી તે અદ્વિતીય તથા અખણ્ડ જ્ઞાનવાળા કલેશ કર્મ સુખ દુઃખ ગુણાતીત શ્રીકૃષ્ણને ઓળખતા નથી.

શુકદેવજી કહે છે કે—હે રાજન ! મુનિઓ, અને રાજાઓ, શ્રીકૃષ્ણ તથા બળરામના સાંભળતાં તે પછી નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૩૪ સર્વ યજ્ઞોના ઈશ્વર વિષ્ણુનું શ્રદ્ધાપૂર્વક યજન કરવું એ જ સર્વ કર્મમાં ઉત્તમ અને કર્મથી કર્મ ટાળવાનો ઉપાય છે. ૩૫ વિદ્વાનોએ શાસ્ત્ર દૃષ્ટિથી ચિત્તના ઉપશમનો ઉપાય મોક્ષનો ઉપાય તથા ધીરે ધીરે અન્તઃકરણને શુદ્ધ કરનાર સુગમ સ્વધર્મ એજ દર્શાવેલો છે. ૩૬ ન્યાયથી સમ્પાદન કરેલા ધનવડે શ્રદ્ધાપૂર્વક ઇશ્વરનું યજન કરવું એ ગૃહસ્થાશ્રમીઓનો પરમ કલ્યાણકારી ધર્મ છે. ૩૭ હે વસુદેવ ! વિવેકી પુરૂષે ધનના ફળરૂપ યજ્ઞો તથા દાનો કરી ધનની ઇચ્છાનો ત્યાગ કરવો અને જગતને નાશવંત સમજી પોતાની પ્રતિષ્ઠાની તથા સ્વર્ગાદિક લોકની તૃષ્ણા છોડી દેવી. ૩૮ ધીર પુરૂષો સર્વ ઇચ્છાનો ત્યાગ કરી તપોવનમાં જાય છે. હે વસુદેવ ! દેવ ઋષિ તથા પિતૃનું ઋણ લઈ દ્વિજવર્ણ જન્મે છે માટે યજ્ઞ કરી દેવના ઋણને વેદાધ્યયન કરીને ઋષિઓના ઋણને તથા પુત્રોત્પત્તિ કરી પિતૃઓના ઋણને મટાડયા વિના સંસારનો ત્યાગ કરનારો પુરૂષ મોક્ષે જતો નથી. તમે તો હમણાં ઋષિના અને પિતૃના એમ બે ઋણમાંથી મુક્ત થયા છો. હવે યજ્ઞોવડે દેવતાઓનું ઋણ નાશ કરી ઋણમુક્ત થઇ ઘરમાંથી ચાલી નીકળો. ૪૦ હે વસુદેવ ! તમે જગતના ઈશ્વર વિષ્ણુને અવશ્ય પરમ ભક્તિથી પૂજ્યા છે કારણ કે વિષ્ણુ તમારે ઘેર પુત્ર થઈને અવતર્યા છે.

શુકદેવજી કહે છે કે—મોટા મનવાળા વસુદેવે મુનિઓનું કહેવું સાંભળી તેમને સાષ્ટાંગ પ્રણામ કરી ઋત્વિજોનું કાર્ય કરવા વરણમાં વરાવ્યા. ૪૨ ધર્મ પ્રમાણે વરણમાં વરાવેલા ઋષિઓ કુરૂક્ષેત્રમાં ઉત્તમ સામગ્રીવાળા યજ્ઞોથી ધર્માત્મા વસુદેવનો યજન કરાવવા લાગ્યા. ૪૩ વસુદેવે યજ્ઞની દીક્ષા

લીધી તે વખતે યાદવોએ તથા બીજા રાજાઓએ નહાઈ સારાં વસ્ત્રો પહેર્યાં. કંઠમાં કમળની માળાઓ પહેરી શણગાર ધારણ કર્યા. ૪૪ વસુદેવની સ્ત્રીઓએ ચન્દનાદિકના લેપ કર્યા કંઠમાં આભૂષણ અને સારાં વસ્ત્રો પહેર્યાં પૂજાની સામગ્રીઓ લેઇ તેઓ દીક્ષાશાળામાં ગઇ. ૪૫ મૃદંગ પટહ શંખ ભેરી તથા આનક વગેરે વાદિત્ર વાગ્યાં, નટ તથા વારાંગનાઓ નાચવા લાગી સૂત તથા માગધો સ્તુતિ કરવા લાગ્યા મીઠા સ્વરવાળી ગન્ધર્વની સ્ત્રીઓ પોતાના પતિઓની સાથે ગાયન કરવા લાગી. ૪૬ ઋત્વિજોએ તારાઓ સાથે ચન્દ્રને અભિષેક થાય તેમ વસુદેવને નેત્રમાં અંજન અંજાવી શરીરે માખણનો લેપ કરાવી અઢાર સ્ત્રીઓ સાથે અભિષેક કર્યો. ૪૭ દીક્ષા લીધેલા અને જેમણે મૃગચર્મ ઓઢ્યું હતું એવા વસુદેવ ઉત્તમ વસ્ત્રો કંકણો હાર ઝાંઝરો તથા કુંડળોથી અલંકૃત સ્ત્રીઓ સાથે શોભતા હતા. ૪૮ ઋત્વિજો તથા સભ્યો જેમ ઇન્દ્રના યજ્ઞમા શોભતા હતા તેમ વસુદેવના યજ્ઞમા ઋત્વિજો તથા સભાસદો શોભતા હતા. તેઓએ રત્નો તથા રેશમી વસ્ત્રો પહેર્યાં હતાં ૪૯ તે સમયે સર્વ જીવોના સ્વામી શ્રીકૃષ્ણ તથા બળદેવજી પોતપોતાના બંધુઓ પુત્રો સ્ત્રીઓ અને પોતાની વિભુતિઓથી શોભતા હતા. ૫૦ વસુદેવજીએ પ્રત્યેક યજ્ઞમાં શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે અગ્નિહોત્રાદિ રૂપે રહેલા પ્રકૃતિ વિકૃતિ યજ્ઞોથી દ્રવ્ય મંત્ર તથા કર્મોના ઈશ્વર એવા વિષ્ણુનુ યજન કર્યું ૫૧ દાન સમય થયો કે શાસ્ત્રમા કહેલા વિધિ પ્રમાણે ઋત્વિજોને શણગારેલી ગાયો પૃથ્વી અને દક્ષિણાઓ આપી. ૫૨ પત્ની-સંયાજ તથા અવભૃથ સ્નાન કરાવી મહર્ષિઓ અને બ્રાહ્મણો યજમાનને આગળ કરીને પરશુરામના હ્રદમાં નહાયા. ૫૩ વસુદેવ તથા તેમની સ્ત્રીઓએ સ્નાન કરી આભૂષણો તથા ઉત્તમ વસ્ત્રો પહેર્યાં. બન્દીજનોને અલંકારો અને વસ્ત્રો આપ્યાં તથા સર્વ વર્ણો તથા સર્વ પ્રાણીઓને અન્નથી સંતોષ્યા. બંધુઓ તેમની સ્ત્રીઓ તેમના પુત્રો સભાસદો ઋત્વિજો દેવના ગણો મનુષ્યો ભૂતો પિતૃઓ ચારણો વિદર્ભ, કોશલ કુરૂ કાશી કેકય તથા સૃંજય વંશના ક્ષત્રિય રાજાઓ વગેરે સર્વનો સત્કાર કર્યો. તે લોકો આજ્ઞા લઈ યજ્ઞની પ્રશંસા કરતા પોતાને ઘેર ગયા. ૫૬ ધૃતરાષ્ટ્ર વિદુર ભીષ્મ દ્રોણ કુન્તી યુધિષ્ઠિર ભીમ અર્જુન નકુલ સહદેવ નારદ વ્યાસ મિત્રો સંબંધીઓ અને બાંધવો જેઓનાં મન સ્નેહથી આર્દ્ર થઇ ગયા હતાં તેઓ પોતાના સંબંધી યાદવોનુ આલિંગન કરી સ્વદેશ ગયા. શ્રીકૃષ્ણ બળદેવ તથા ઉગ્રસેનાદિક યાદવોએ સત્કારેલા અને બાંધવો ઉપર પ્રીતિવાળા નંદરાય ગોવાળિયાઓની સાથે કેટલાક દિવસ ત્યાં રહ્યા, ૫૯ પરિશ્રમ વિના મનોરથરૂપી મહાસાગરનો પાર પામવાથી પ્રસન્ન થયેલા તથા સબંધીઓથી પરિવૃત વસુદેવે એક દિવસ નંદરાયને કહ્યું કે—ભાઈ! ઇશ્વરે મનુષ્યોના ઉપર સ્નેહપાશ નાખેલો છે તેને શૂરવીર લોકો તથા યોગીઓ પણ દૂર કરી શકતા નથી, હે નંદજી! તમે સત્પુરૂષોએ અમારી સાથે મૈત્રી કરી, પરંતુ અમે તમે કરેલા ઉપકારને જાણનાર નથી. તમે કરેલી મૈત્રી પ્રત્યુપકાર વિનાની છે તથાપિ તે કોઇ દિવસ ઘટશે નહિ. પ્રથમ અમે અશકત હતા તેથી તમારૂં કંઇ સારૂં કરી શકયા ન હતા પરંતુ અમે લક્ષ્મીના મદમા આધળા થયા છીએ, સન્મુખ ઉભેલા મહાત્માઓને દેખતા નથી. ૬૩ જે પુરૂષોને કુશળની ઇચ્છા હોય તેને રાજલક્ષ્મી પ્રાપ્ત થશો નહિ, કારણ કે રાજલક્ષ્મીથી આંધળો થયેલો પુરૂષ પોતાના આશ્રિતોને તથા બંધુઓને દેખતો નથી. ૬૪

શુકદેવજી કહે છે કે—હે રાજન! સ્નેહથી

વિહ્વળ થયેલા વસુદેવના નેત્રમાં અશ્રુ આવી ગયાં અને તે નંદરાયે કરેલો ઉપકાર સંભારી ગદગદ થઈ ગયા. નંદ વસુદેવને પ્રસન્ન કરતાં શ્રીકૃષ્ણ તથા બળદેવના પ્રેમને લીધે આજ કાલ કરતાં કરતાં ત્યાં ત્રણ મહિના સુધી રહ્યા. પછી અમૂલ્ય આભરણ રેશમી વસ્ત્ર તથા અનેક જાતની મોઘા મૂલની સામગ્રીથી નંદરાયની ઈચ્છા પરિપૂર્ણ કરી અને તે વસુદેવ ઉગ્રસેન શ્રીકૃષ્ણ ઉદ્ધવ તથા બળભદ્ર આદિક યાદવોએ આપેલી ભેટો લઇને સંબંધીઓની સાથે ત્યાંથી ગયા. યાદવોએ તેમને પહોંચાડવા મોટું સૈન્ય મોકલ્યું. ૬૮ ગોવાળિયા તથા ગોપીઓ શ્રીકૃષ્ણ ભગવાનના ચરણારવિંદમાં લગાડેલા મનને પાછું વાળી શકતા ન હતાં. ધીરજ ધરી તે મથુરાં ગયાં. ૬૯ સર્વ સંબંધીઓ ગયા પછી શ્રી કૃષ્ણને ઇષ્ટદેવ માનનાર યાદવો વર્ષાઋતુ આવી એટલે દ્વારકા ગયા. ૭૦ અને તેઓએ ત્યાં તીર્થયાત્રામા યદુદેવ વસુદેવના યજ્ઞનો મહોત્સવ તથા સંબંધીઓનો સમાગમ જે જે કંઇ થયું હતું તે સર્વ પ્રસિદ્ધ કર્યું

जनेभ्यः कदर्यां चक्रर्यदुदेवमहोत्सवम् ।
यदासीत्तीर्थयात्रामां सुहृत्सन्दर्शनादिकम् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
चतुरशीतीतमोध्याय.

અધ્યાય ૮૫ મો.‡

દેવકી પ્રસાદન.

श्रीबादरायणि उवाच:

अथैकदात्मजौ प्राप्तौ कृतपादभिवदनौ ।
वसुदेवोभिनंद्याह प्रीत्या संकर्षणाच्युतौ ॥

શુકદેવજી કહે છે કે—એક વાર શ્રીકૃષ્ણ અને બળભદ્રે પિતાની પાસે આવી તેમના ચરણમાં પ્રણામ કર્યા. વસુદેવે શ્રીકૃષ્ણ તથા બળભદ્ર આશીર્વાદ દીધો. પછી મુનિઓનું પુત્રોના પ્રભાવને સૂચવનારૂં વચન સાંભળી પુત્રોના પરાક્રમને માટે વિશ્વાસવાળા વસુદેવે પુત્રોને નીચે પ્રમાણે કહ્યું. ૨

વસુદેવ કહે છે કે—હે કૃષ્ણ! તમે જગતના કારણ પ્રધાનપુરુષ છો અને પુરૂષના ઇશ્વર છો. આ જગતની જેમાં જેણે જેનાથી જેથી જેના સંબંધી જેને માટે જે જે પ્રમાણે તથા જ્યારે સ્થિતિ તથા પાલન કરવામાં આવે તે સર્વરૂપ ભોગ્ય તથા ભોક્તાઓના નિયંતા સાક્ષાત તમે છો. ૪ તમે અજન્મા, તમે પોતે અનેક પ્રકારના જગતમાં પોતાના સ્વરૂપથી પ્રવેશ કરો છો અને ક્રિયાશકિત તથા જ્ઞાનશકિતરૂપ થઈ તેનું પોષણ કરો છો તથા તેને ધારણ કરો છો. ૫ જગતના કારણરૂપ પ્રાણાદિકની જે શકિતઓ છે તે તમારી છે, ચેષ્ટા કરનાર પ્રાણાદિકના પદાર્થો પરતંત્ર જડ તથા ચેષ્ટાવાળા છે. તૃષ્ણા વગેરેમાં ચલનશકિત છે તે જેમ વાયુની શકિતવડે છે જે વેગ દેખાય છે તે પુરૂષની શકિતથી દેખાય છે, તેમ સર્વ પદાર્થોની ક્રિયા પણ તમારી શકિતને લીધે થાય છે. ૬ ચદ્રની કાંતિ અગ્નિનુ તેજ સૂર્યની પ્રભા નક્ષત્ર તથા વીજળીઓની સ્ફુરણસત્તા પર્વતોની સ્થિરતા તથા પૃથિવીની આધારતા તથા ગંધ ગુણ એ સર્વ વસ્તુતાએ આપછે.. હે ઇશ્વર! જળ તેમાં રહેલી તૃપ્ત કરવાની શક્તિ જિવાડવાની શક્તિ તથા તેનો રસ એ સર્વ આપ છો વાયુ અને તેમાં ઓજ સહ બળ ચેષ્ટા તથા ગતિ તે સર્વ આપ છો ૮ દિશા દિશાઓનો અવકાશ આકાશ પરા વાણી પશ્યન્તી વાણુ મધ્યમા વાણી તથા સ્પષ્ટ અક્ષરરૂપે આકૃતિઓ કહેનારી વૈખરી વાણીરૂપ આપ છો. ઇંદ્રિયોમાં વિષય પ્રકાશ કરવાની શક્તિ ઇંદ્રિયોના તેમ અધિષ્ઠાન શક્તિ બુદ્ધિની નિશ્ચય શક્તિ તથા અંતઃકરણની ઉત્તમ અનુસંધાન શક્તિ પણ આપ

‡ આ અધ્યાયમા પિતાની અને માતાની પ્રાર્થના ઉપરથી શ્રીકૃષ્ણે તથા બળદેવે પિતાને જ્ઞાન અને માતાને મરી ગયેલા પુત્રો પાછા લાવી આપ્યા એ કથા કહેવામા આવશે

છો. પંચ ભૂતોનું આદિ કારણ તામસાહંકાર ઇંદ્રિયોનું કારણ રાજસાહંકાર ઇંદ્રિયોના દેવતાઓનું કારણ સાત્વિકાહંકાર તથા જીવને સંસાર મળવાનું પ્રધાન કારણ આપ છો. ૧૧ જેમ વિનાશી ઘટ તથા કુંડલાદિક પદાર્થોમાં મૃતિકા તથા સુવર્ણ વગેરે પદાર્થ નાશ પામતો નથી તેમ ઉપર કહેલા વિનાશી પદાર્થોમાં અવિનાશી પદાર્થ આપ છો સત્વ ગુણ રજોગુણ અને તમોગુણ એ ત્રણ ગુણો તથા તેમના પરિણામ રૂપ મહતત્વ આદિક પદાર્થો સાક્ષાત્ આપ પરબ્રહ્મનેવિષે યોગ માયાથી કલ્પાયેલા છે. ૧૩ જ્યારે માયાવડે તમારે વિષે એ પદાર્થો કલ્પાય છે ત્યારે તમારામાં તેઓની પ્રતીતિ થાય છે અને તમે તેઓમાં કારણરૂપે અનુગત રહો છો. પરંતુ જ્યારે આ કલ્પના કરવામાં આવતી નથી ત્યારે નિર્વિકલ્પક એવા એક આપ બાકી રહો છો.૧૪ આપ સર્વના આત્મા છો ગુણોના પ્રવાહરૂપ સંસારમાં આપની સૂક્ષ્મ ગતિને નહિ જાણનાર લોકો દેહાભિમાનથી કરેલાં કર્મોને લીધે સંસારમાં જન્મ મરણ પામ્યા કરે છે. ૧૫ હું મનુષ્યલોકમાં દૈવેચ્છાથી દુર્લભ તથા કર્મ કરવાને સમર્થ એવો દેહ પામ્યા છતાં તમારી માયાથી સ્વાર્થ સાધવામાં પ્રમાદ રાખું છું, પ્રમાદમાંને પ્રમાદમાં મારી અવસ્થા ચાલી ગઇ આ ક્ષણભંગુર દેહમાં હું છું એવા સ્નેહપાશથી તથા દેહથી થયેલા પુત્રાદિકમાં આ મારા પુત્રો એવા સ્નેહપાશથી આપ સર્વ જગતને બાંધી લો છો. ૧૭ તમે બે કંઇ અમારા પુત્રો નથી પરંતુ સાક્ષાત પ્રકૃતિ અને પુરૂષના ઇશ્વર છો અમે પૃથ્વીના ભારભૂત ક્ષત્રિય લોકોને નાશ કરવા અવતર્યા છો. ૧૮ હે પ્રભો ! હું શરણાગતોના સાંસારિક ભયને મટાડનાર આપના ચરણારવિંદને શરણે આવ્યો છું. મેં આટલી વિષયની તૃષ્ણા રાખી તે થકી મેં તૃષ્ણાથી મને શરીરમાં આત્મબુદ્ધિ અને આપ ઇશ્વરમાં પુત્રબુદ્ધિ થયેલી છે. આપે સૂતિકાગૃહમાં અમને કહ્યું હતું કે તમે જ્યારે સુતપા તથા પૃશ્નિ હતાં અને પછી કશ્યપ અમે અદિતિ હતાં, તથા હમણાં વસુદેવ અને દેવકી છો. ત્યારે હું યુગે યુગે અજન્મા હોવા છતાં સ્વધર્મની રક્ષા કરવા તમારે ત્યાં જન્મ્યો હતો અને જન્મ્યો છું. તમે અજન્મા છતાં આકાશની માફક અસંગ રહીને અનેક અવતાર ધારણ કરો છો તથા તેનો ત્યાગ કરો છો, આપ સર્વ વ્યાપકની વિભૂતિરૂપમાયાને કોણ જાણે છે ?

શુકદેવજી કહે છે કે–યાદવોમાં ઉત્તમ એવા શ્રીકૃષ્ણ ભગવાન ઉપર પ્રમાણે પિતાનું વચન સાંભળી વિનયથી નમ્રતા દર્શાવીને હસતાં હસતાં મધુર વાણીથી તેમને નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૨૧

ભગવાને કહ્યું કે–હે પિતાજી ! અમે તમારા પુત્રો છીએ તેના સંબંધમાં તમે તત્વના સમુદાયનુ નિરૂપણ કર્યું તે તમારા વચનને અમે માનીએ છીએ ૨૨ હું તમે બળદેવજી દ્વારકાવાસીઓ તથા સ્થાવર જંગમ જગત સર્વને તમારે એવાં જાણવાં અર્થાંત સર્વમાં બ્રહ્મભાવ રાખવો.૨૩ આકાશ વાયુ તેજ પાણી અને પૃથ્વી એ મહાભૂતો પોતાથી થયેલા ઘટાદિક પદાર્થોમાં જેમ અનેક રૂપે જોવામાં આવે છે તથા ઉપાધિ પ્રમાણે આવિર્ભાવ અને તિરોભાવ પામે છે, પરતુ તેમ આત્મા પોતે સરજેલા ગુણોને ઉત્પન્ન કરેલા દેહોમાં અનેક પ્રકારે દેખાય છે તથા ઉપાધિ પ્રમાણે આવિર્ભાવ અને તિરોભાવ પામે છે, પરંતુ વાસ્તવિક રીતે તેમ નથી. એક છતાં અનેક પ્રકારે સ્વયંપ્રકાશ છતાં દૃશ્યરૂપે નિત્ય છતાં અનિત્યરૂપે ભિન્ન છતાં અભિન્નરૂપે નિર્ગુણ છતાં સગુણરૂપે અને વ્યાપક છતાં પરિછિન્નરૂપે જેણાય છે. ૨૫

શુકદેવજી કહે છે કે–હે રાજન ! એ

પ્રમાણે ભગવાને કહેલાં વચન સાંભળી વસુદેવ પ્રસન્ન થયા, તેમની ભેદદૃષ્ટિ ટળી ગઇ અને મૌન રહ્યા. ૨૬ હે કુરૂશ્રેષ્ઠ! સર્વ દેવતારૂપ દેવકી ત્યાં હતાં તે પોતાના બન્ને પુત્રો ગુરૂના મરી ગયેલા પુત્રને લાવ્યા હતા, એવું સાંભળી બહુ આશ્ચર્ય પામ્યાં. કંસે મારી નાખેલા પોતાના પુત્રોને સંભારી તે રડવા લાગ્યા અને શ્રીકૃષ્ણ તથા બળભદ્રને નીચે પ્રમાણે દીનતાથી કહેવા લાગ્યાં ૨૮ હે પ્રમાણમાં આવો નહિ એવા સ્વરૂપવાળા બળદેવ! હે યોગેશ્વરોના ઇશ્વર શ્રીકૃષ્ણ! તમે બન્ને પ્રજાપતિઓના પણ ઇશ્વર તથા આદિ પુરૂષ છો એમ હું જાણુ છુ. ૨૯ કાળે કરીને જ્યારે સત્વગુણનો નાશ થયો ત્યારે રાજાઓ શાસ્ત્રનું ઉલ્લંઘન કરી વર્તવા લાગ્યા અને પૃથિવી ઉપર ભાર જેવા થવા લાગ્યા ત્યારે રાજાઓનો સંહાર કરવા તમે હમણાં મારાથી ઉત્પન્ન થયા છો.૩૦ જેમના અંશના અંશરૂપ માયાના ગુણના લેશથી જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય થાય છે તે આપને હું શરણે છું. ૩૧ ગુરૂએ ઘણા કાળથી મરી ગયેલા પુત્રને આણી આપવા આજ્ઞા કરી તેથી તમે તેમના પુત્રને યમલોકમાંથી આણી ગુરૂને આપ્યો તે રીતે યોગેશ્વરોના ઇશ્વર એવા તમે મારી ઇચ્છાને પૂર્ણ કરો અને કંસે મારી નાખેલા મારા પુત્રોને તમારા ભાઇઓને આણી આપો. ૩૩

શુકદેવજી કહે છે કે–માતાએ પ્રેરણા કરી એટલે બળદેવ તથા શ્રીકૃષ્ણ યોગમાયાના આશ્રયથી પાતાળમાં ગયા. જગતના આત્મા દૈવતરૂપ અને પોતાના અત્યંત ઇષ્ટ દેવરૂપ તે બન્ને ભાઇઓને જોઇને તેમના દર્શનથી બળિરાજાનું અંતઃકરણ ભરાઇ ગયું. પરિવાર સાથે ઉભા થઇ શ્રીકૃષ્ણ ને બળદેવને પગે લાગ્યા અને ઉત્તમ આસન લાવી આપ્યું શ્રીકૃષ્ણ તથા બળદેવજી આનંદથી બેઠા પછી બળિરાજાએ તેમના ચરણારવિંદને ધોઇને બ્રહ્મા સુધી સર્વને પવિત્ર કરનારૂં જળ પોતાના મસ્તક ઉપર ચઢાવ્યું. ૩૬ પછી ઉત્તમોત્તમ વસ્ત્ર આભરણ લેપન તામ્બુલ દીપ અમૃતભોજન વગેરે વિભૂતિઓથી તથા પોતાનો વંશ ધન અને દેહના સમર્પણથી તેમની પૂજા કરી. ૩૭ બળિરાજા પ્રેમથી ભગવાનના ચરણારવિંદમાં પ્રણામ કરવા લાગ્યા, તેમનાં નેત્ર આનંદાશ્રુથી ભરાઇ ગયાં, શરીર રોમાંચ થયું અને ગદગદ વાણીથી નીચે પ્રમાણે બોલ્યા.

બળિરાજા–આપ મહાશેષરૂપને હું નમસ્કાર કરૂ છુ, જગતના વિધાતા સાંખ્ય તથા યોગનો વિસ્તાર કરનાર પરમાત્મા પરબ્રહ્મરૂપ આપ શ્રીકૃષ્ણને મારા નમસ્કાર હો ૩૯ પ્રાણીઓને આપનું દર્શન દુર્લભ છે છતાં કેટલાકને સુલભ છે, કારણ કે તમે રજોગુણી તથા તમોગુણી સ્વભાવવાળા અમને દૈવેચ્છાથી દર્શન આપ્યું છે.૪૦ આપ દૈત્યોને દાનવોને ગંધર્વોને સિદ્ધોને વિદ્યાધરોને ચારણોને યક્ષોને રાક્ષસોને પિશાચોને ભૂતોને પ્રમથ ગણના પતિઓને અમોને અમારા જેવા બીજાઓને તથા સાક્ષાત શુદ્ધ સત્વગુણી અને વેદમૂર્તિ એવા આપની સાથે વૈર રાખનાર લોકોને પણ દર્શન આપો છો, માટે આપનું દર્શન કેવળ દુર્લભ છે એમ કહી શકાય નહિ. ૪૨ કેટલાક વૈરભાવથી કેટલાક ભક્તિભાવથી અને કેટલાક કામનાથી, જેમ તમારા સ્વરૂપને પામ્યા છે તેમ સત્વગુણી અને પાસે રહેનારા દેવાદિ તમને પામ્યા નથી. ૪૩ હે યોગેશ્વરોના ઇશ્વર! યોગેશ્વરો પણ તમારી યોગમાયાને ઘણું કરીને 'આ તે આવી જ છે' એમ જાણતા નથી ત્યારે અમે તો કયાંથી જાણીએ? ૪૪ અમારા ઉપર એવો અનુગ્રહ કરો કે જે અનુગ્રહથી નિષ્કામ પુરૂષોએ શોધવા યોગ્ય આપના ચરણારવિંદરૂપી આશ્રયથી જુદા જ ઘરરૂપી ઉંડા કુવામાંથી બહાર નીકળી

વૃક્ષોની નીચે પોતાની મેળે ખરી પડેલાં ફળાદિકના ભક્ષણથી શાંત થઇને એકલો અથવા તો સર્વના મિત્રરૂપ મહાત્માઓની સાથે ફરૂં. ૪૫ હે પ્રભો! મને આજ્ઞા કરો અને અમને પાપમાંથી મુકત કરો કારણ કે આજ્ઞાને શ્રદ્ધાથી પાળનારો પુરૂષ વિધિનિષેધના બંધનમાંથી મુકત થાય છે. ૪૬

શ્રીકૃષ્ણ બોલ્યા—સ્વાયંભુવ મન્વંતરમાં મરિચિને ઉર્ણા નામે એક સ્ત્રી હતી, તેને છ પુત્રો થયા હતા. તે દેવતા હતા. તેઓ બ્રહ્માને કામાસકત જોઇને હસ્યા. ૪૭ તેથી અસુર ભાવને પામી હિરણ્યકશિપુના પુત્રો થયા હતા. યોગમાયા તેમને લઇ ગયાં ને તેઓ દેવકીના ઉદરથી જન્મ્યા. તેઓનો કંસે નાશ કર્યો. પોતાના પુત્રોનો અમારી માતા દેવકી શોક કરે છે. તે છ પુત્રો તમારી પાસે છે માટે અમે માતાનો શોક ટાળવા તેમને લેવા આવ્યા છીએ. સંતાપ રહિત થઇ તેઓ દેવલોકમાં જશે. સ્મર ઉદ્ગીથ પરિષ્વંગ પતંગ ક્ષુદ્રભૃત અને ઘૃણી છએ જણુ મારી કૃપાથી દેવલોક અને મોક્ષ પામશે. ૫૧

શુકદેવે કહ્યું કે—બળિરાજાએ જેમનો સત્કાર કર્યો હતો એવા શ્રીકૃષ્ણ તથા બળદેવજી ઉપર પ્રમાણે કહી પોતાના છ બંધુઓને લઇ દ્વારકા આવ્યા. પુત્રોને જોઇને દેવકીને અતિ આનંદ થયો. તેમણે પુત્રોને આલિંગન કરી ખોળામા બેસાડયા તથા વારંવાર તેઓના મસ્તક સુંઘ્યા. ૫૩ જેના વડે સૃષ્ટિ પ્રવર્તે છે એવા વિષ્ણુની માયાવડે મોહિત થયેલાં અને પુત્રોના સ્પર્શથી આનંદ મગ્ન થયેલા દેવકીએ તેમને પોષ્યા. શ્રીકૃષ્ણે ધાવતાં ધાવતાં બાકી રહેલું અમૃતતુલ્ય દૂધ પીવાથી તથા નારાયણના અંગના સ્પર્શથી આત્મજ્ઞાન મેળવનારા તે છએ જણાઓ શ્રીકૃષ્ણ ભગવાનને દેવકીને વસુદેવને તથા બળદેવજીને પ્રણામ કરી સર્વ લોકોના દેખતાં દેવલોકમાં ગયા. મરણ પામેલાઓનું પાછું આવવું તથા તેઓનું પાછું સ્વર્ગમાં જવું જોઇને આશ્ચર્ય પામેલાં દેવકીજીએ આ સર્વ શ્રીકૃષ્ણ ભગવાનની માયા છે એવું માન્યું. ૫૭ અનંત શકિતવાળા પરમાત્મા શ્રીકૃષ્ણનાં આવાં અદ્ભુત અસંખ્ય પરાક્રમ છે. ૫૮

સૂત બોલ્યા કે—હે શૌનક! શુકદેવે વર્ણવેલાં પાપો ટાળક ને ભકતોના કાનને આભૂષણરૂપ શ્રીકૃષ્ણ ભગવાનના ચરિત્રને જે મનુષ્ય સાંભળે અથવા બીજાને સંભળાવે તે નિર્ભય સ્થાનને પ્રાપ્ત થાય છે. ૫૯

य इदमनुशृणोति श्रावयेद्वा मुरारे-
श्चरितमनन्तकीर्तेर्वर्णितं व्यासपुत्रैः ।
जगदघभिदलं तद्भक्तसत्कर्णपूरं
भगवति कृतचित्तो याति तत्क्षेमधाम ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
पंचाशीतितमोऽध्यायः

અધ્યાય ૮૬ મો.†

राजोवाच.

સુભદ્રા હરણ.

ब्रह्मन्वेदितुमिच्छामः स्वसारं रामकृष्णयोः
यथोपयेमे विजयो या ममासीत्पितामही ॥

પરીક્ષિત રાજાએ પૂછયુ કે—બળદેવ તથા શ્રીકૃષ્ણનાં બેન સુભદ્રા જે મારાં માતામહી થતાં હતા તેમને અર્જુન કેવી રીતે પરણ્યા તે કથા કહો.

શુકદેવજી બોલ્યા કે—અર્જુન તીર્થયાત્રા કરવા પૃથિવી ઉપર ફરતા ફરતા પ્રભાસ ગયા ત્યાં તેમણે સાંભળ્યું કે, વસુદેવની પુત્રી સુભદ્રાનો બળદેવ દુર્યોધનની સાથે સંબંધ કરશે પરંતુ બીજાઓ વિરૂદ્ધ છે. અર્જુન તે કન્યા મેળવવાની ઇચ્છાથી ત્રિદંડી સન્યાસી થઇ દ્વારકા ગયા. ૩ સ્વાર્થ સાધવા ત્યાં ચોમાસાના ચાર મહિના રહ્યા. આસ્નાના

† આ અધ્યાયમા અર્જુને સુભદ્રાનું હરણ કર્યું તથા શ્રીકૃષ્ણે મિથિલા નગરીમા જઇને રાજા અને બ્રાહ્મણોને પ્રસન્ન કર્યા, એ કથા કહેવામા આવશે.

લોકો તથા બળદેવ પણ તેમનો સત્કાર કરવા લાગ્યા. ૪ એકવાર બળદેવ અર્જુનને નિમંત્રણ કરી પોતાને ઘેર લાવ્યા ને શ્રદ્ધાપૂર્વક ભિક્ષા આપી અર્જુન ભોજન કરે એટલામાં વીર પુરૂષોનાં મન હરણ કરનારી કન્યા સુભદ્રા અર્જુનની દૃષ્ટિએ પડી. તેને જોઇને પ્રેમથી અર્જુનનાં નેત્ર પ્રફુલ્લિત થયાં અને રતિની ઇચ્છાથી સ્તબ્ધ થયેલું અર્જુનનું મન તેની પર આસક્ત થયું. ૧૬ સુભદ્રા પણ સ્ત્રીઓનાં મનને હરણ કરે એવા રૂપાળા અર્જુનને જોઇ તેની ઉપર આસક્ત થઈ. તેના મુખ સામુ જોઈ લજવાતી લજવાતી હસવા લાગી અને તેને હૃદયમાં ધારણ કરી નેત્રથી એક ટશે નિહાળવા લાગી. ૭ અર્જુન તેનું ધ્યાન કરવા લાગ્યા અને તેનું હરણ કરવાનો લાગ જોવા લાગ્યા. તેનું મન કામદેવથી ભ્રમિત થવાને લીધે તેને સુખ મળતું ન હતું ૮ સુભદ્રા દેવતાની મોટી યાત્રા પ્રસંગે રથમાં બેસી નગરની બહાર ફરવા ગયાં અર્જુન સુભદ્રાનાં માતપિતાની અને શ્રીકૃષ્ણની સંમતિથી તેને હરી ગયા. ૯ તેમને આગળ જતાં અટકાવવા યોદ્ધાઓ તેમની પાછળ ગયા. રથમાં બેઠેલા અર્જુને બાણોના મારથી તેમને નસાડી સિંહ જેમ પોતાનો ભાગ લઈ જાય તેમ સંબંધીઓની વચ્ચેથી સુભદ્રાને લઇ ગયા. ૧૦ આથી મહા સમુદ્ર જેમ પૂર્ણિમાને દહાડે ક્ષોભ પામે તેમ બળદેવજી ક્ષોભ પામ્યા; પરંતુ શ્રીકૃષ્ણે અને સંબંધીઓએ તેમને શાંત કર્યા. ૧૧ પછી બળદેવે વહુવરને મોઘા મૂલની સામગ્રી હાથી રથ અને દાસદાસી આદિ પહેરામણી આપી.

શુકદેવજી કહે છે કે-શ્રુતદેવ નામે એક બ્રાહ્મણ હતો.ભગવાનની ભક્તિથી તે પોતાને કૃતાર્થ માનતો શાંત રહેતો, વિદ્વાન હતો તથા વિષયો ઉપર વૈરાગ્ય રાખતો હતો, ૧૩ તે ગૃહસ્થ બ્રાહ્મણ વિદેહ મિથિલા નગરીમા રહેતો અને ઉદ્યમ વિના પોતાને મળેલા અન્નાદિક આહાર ઉપર આજીવિકા ચલાવતો. ૧૪ તેને દૈવયોગથી નિર્વાહ જેટલું અન્ન મળતું પરંતુ અધિક મળતું નહિ. તે તેટલા ઉપર સંતોષ રાખીને યથોચિત ક્રિયાઓ કરતો. ૧૫ હે રાજન ! તે દેશનો જનક વંશમાં ઉત્પન્ન થયેલો બહુલાશ્વ નામે રાજા એ પ્રમાણે અહંકાર રહિત તથા ભગવદ્ભક્ત હતો. એ બન્ને શ્રીકૃષ્ણને પ્રિય હતા શ્રીકૃષ્ણ પ્રસન્ન થવાથી દારૂક નામે સારથિએ આણેલા રથમાં બિરાજી મુનિઓની સાથે વિદેહ ગયા ૧૭ તેમની સાથે નારદ વામદેવ અત્રિ વેદવ્યાસ પરશુરામ અસિત અરૂણી હું બૃહસ્પતિ કણ્વ મૈત્રેય અને ચ્યવનાદિ મુનિઓ હતા. ભગવાન વિદેહ જતાં, જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં નગરના અને દેશના લોકો અર્ઘ્ય લઇ તેમની સામે આવ્યા અને ગ્રહોની સાથે ઉગેલા સૂર્યને માન આપે તેમ મુનિઓની સાથે આવેલા શ્રીકૃષ્ણને માન આપવા લાગ્યા. ૧૯ આનર્ત જાંગલ કંક મત્સ્ય પાંચાલ કુન્તિ મધુ કેકય કોશલ અને ઋણના પુરૂષો તથા સ્ત્રીઓ, સ્નેહ ભરેલાં દૃષ્ટિવાળા ભગવાનના મુખારવિન્દને જોવા લાગ્યા. ૨૦ દર્શનથી જેમની અજ્ઞાન દૃષ્ટિ નાશ પામી હતી એવા લોકોને અભય તથા તત્ત્વજ્ઞાન આપતા દિશાઓમાં પ્રસરી રહેલી અશુભને ટાળનારી તથા દેવો અને મનુષ્યોએ ગાયેલી પોતાની કીર્તિને સાંભળતા ભગવાન વિદેહ પધાર્યા. ૨૧ નગરના તથા દેશના લોકો ભગવાનને તથા પૂર્વે સાંભળેલા મુનિઓને જોઇ લોકોનાં મુખ અને અન્તઃકરણ પ્રફુલ્લિત થતા તે લોકો અંજલિ મસ્તકે જોડે તેઓને પગે લાગ્યા. ૨૩ જગતના ગુરૂ શ્રીકૃષ્ણ ભગવાન પોતાનો અનુગ્રહ કરવા અહીં પધાર્યા એમ માનતો બહુલાશ્વ શ્રુતદેવે બે હાથ જોડી ભગવાનને પ્રણામ

સહિત આતિથ્ય સત્કાર માટે નિમંત્રણ કર્યું ૨૪ ભગવાન તેમને પ્રસન્ન રાખવા બે રૂપ કરી બ્રાહ્મણોની સાથે એક જ સમયે તે બન્નેને ઘેર ગયા. બહુલાશ્વ અને શ્રુતદેવના જાણવામાં આ વાત આવી નહિ ૨૬ વૃદ્ધિ પામેલી ભક્તિથી હૃદયમાં અત્યન્ત પ્રસન્ન થયેલા પ્રેમનાં આંસુથી ભિંનાં નેત્રવાળા ઉદાર વૃત્તિના બહુલાશ્વે પોતાને ઘેર આવેલા નીચ પુરૂષોના સાંભળવામાં આવે નહિ એવા ઉત્તમ આસનો ઉપર સુખથી બેઠેલા મહાત્મા પુરૂષોને પ્રણામ કરી ચરણ પખાળી લોકને પવિત્ર કરનાર ચરણામૃતને પોતાના કુટુંબ સહિત માથે ચઢાવ્યું અને પછી ગંધ પુષ્પ વસ્ત્ર આભૂષણો ધૂપ દીપ અર્ધ્ય ગાય તથા બળદ અર્પણ કરી પૂજા કરી ૨૯ તે મહાત્માઓને ભોજનથી તૃપ્ત કરી મધુર વાણીથી પ્રસન્ન કરતો તથા શ્રીકૃષ્ણના ચર ણારવિંદને પોતાના ખોળામા લઇને ચાપતો બહુલાશ્વ નીચે પ્રમાણે પૂછવા લાગ્યો.

બહુલાશ્વ બોલ્યો કે—હે વિભો! આપ સર્વ પ્રાણીઓને ચેતના આપનાર છો, સર્વના સાક્ષી છો અને સ્વયંપ્રકાશ છો, આપના ચરણારવિંદનું સ્મરણ કરનાર અમને દર્શન આપ્યાં. ૩૧ આપે કહ્યું હતું કે મારા સત્ય ભક્ત કરતાં મને શેષનાગ અથવા લક્ષ્મીજી પણ વિશેષ પ્રિય નથી, આપના વચનને સત્ય કરવા આપે અમને દર્શન આપ્યાં. ૩૨ આવાં વચન જાણનારો કયો પુરૂષ આપના ચરણા રવિંદનો ત્યાગ કરે? આપ નિષ્કિંચન તથા શાંત મુનિઓને સ્વસ્વરૂપ આપો છો આપે યદુવંશમાં અવતાર ધારણ કરી જગતમાં જન્મ મરણના બંધનમાં રહેલાં મનુષ્યોને સંસારમાંથી મુક્ત કરવા ત્રણ લોકમાં પાપનો નાશ કરનારી કીર્તિ વિસ્તારેલી છે. આપ અખંડ જ્ઞાનવાળા છો તથા શાંતિ ભરેલું તપ કરનાર નારાયણ છો. નારાયણ ભગવાનને હું પ્રણામ કરૂં છું. હે વ્યાપક! આપ આ બ્રાહ્મણોની સાથે કેટલાક દિવસ અમારા ઘરમાં રહો અને આપના ચરણની રજથી નિમિ રાજાના કુળને આભારી કરો.

શુકદેવજી કહે છે કે—રાજાએ પ્રાર્થના કરવાથી ભગવાન આ પુરૂષોનું કલ્યાણ કરવા ત્યાં રહ્યા. ૩૭ શ્રુતદેવ પોતાને ઘેર આવેલા શ્રીકૃષ્ણ ભગવાનને તથા મુનિઓને રાજાની પેઠે પ્રણામ કરી બહુ પ્રસન્ન થયો અને પોતાનું વસ્ત્ર હલાવી તેમની આગળ નાચવા લાગ્યો. ૩૮ પોતે આણી રાખેલા તૃણના આસન ઉપર બાજઠ ઉપર તથા સાદડીઓ ઉપર તેઓને બેસાડયા અને સ્વાગતવચનથી સત્કાર કરી પોતાની સ્ત્રી સાથે હર્ષથી ચરણ ધોયા. ૩૯ મહાભાગ્યશાળી તથા જેમના સર્વ મનોરથ પૂર્ણ થયા હતા એવા બ્રાહ્મણે બહુ ખુશ થઇ ચરણામૃતથી પોતાના શરીરને તથા પોતાના કુટુંબને નવરાવ્યું ૪૦ પછી ફળ પૂજનની સામગ્રી જળ સુગંધી મૃત્તિકા તુલસી દર્ભ કમળ સદ્ગુણના વૃદ્ધિ કરનારૂં અન્ન વગેરે પૂજોપચારથી મહાત્માઓની સરભરા કરી ૪૧ તે બ્રાહ્મણ મનમા વિચાર કરવા લાગ્યો કે હું તો ઘરરૂપી ઉંડા ખાડમાં પડેલો છુ છતા સર્વ તીર્થોના સ્થાન રૂપ જેમના ચરણની રજ છે એવા શ્રીકૃષ્ણ તથા તેમનો જેમને વિષે નિવાસ છે એવા બ્રાહ્મણો સાથે મને કયા પુણ્યથી પ્રસંગ મળ્યો. ૪૨ બ્રાહ્મણે જેમનો અતિથિસત્કાર કર્યો હતો એવા તથા સુખથી બેઠેલા તેમની પાસે પોતાના સ્વજન તથા સંતાનો સાથે બેસી ભગવાનના ચરણ ચાંપતો તે નીચે પ્રમાણે બોલ્યો. ૪૩

શ્રુતદેવ—આપ કે જે પરમ પુરૂષ છો તે આજ અમને મળ્યા એમ નથી; પરંતુ આપે જ્યારથી પોતાની શક્તિરૂપ સત્વાદિક ગુણથી આ જગતને સરજીને તેમાં પોતાની સત્તાથી પ્રવેશ કર્યો હતો ત્યારથી અમને મળ્યા છો, આપનાં પ્રત્યક્ષ દર્શન આજે થયાં. ૪૪ નિદ્રા-

વશ થયેલો પુરૂષ જેમ પોતાની અવિદ્યાને લીધે મનવડે સ્વપ્નાવસ્થાનો બીજો દેહ ઉત્પન્ન કરી તેમાં પેઠો હોય તેવો ભાસે તેમ આપ પણ આ જગતને સરજી જાણે તેમાં પેઠા હો તેવા લગો છો ૪૫ તમારૂં શ્રવણ કરનારાં કીર્તન કરનારાં, પૂજન કરનારાં તથા તમારી કથા કરનારા મનુષ્યોને તમે હૃદયમાં દર્શન આપો છો, આપે મને પ્રત્યક્ષ દર્શન આપ્યું માટે હું મારાં અહોભાગ્ય સમજુ છું. ૪૬ તમો સર્વ પ્રાણીઓના હૃદયના રહ્યા છો, કર્મથી વિક્ષેપ પામેલી બુદ્ધિવાળાઓ અહંકારાદિકથી આપને જાણી શકતા નથી તમે જાણવામાં ન આવો તેવા છો, તોપણ ગુણાનુવાદ કરનારાઓની પાસે વસો છો ૪૭ આપ દેહાદિકના અભિમાનથી રહિત પુરૂષોને મોક્ષ આપનાર દેહાદિકનું અભિમાન ધરાવનાર જીવને પોતાના તરફથી સંસારમાં જન્મમરણ આપનાર છો. મહતત્વાદિક કાર્ય તથા તેના કારણરૂપ માયાના આપ નિયન્તા છો.મયાવીપણાથી બીજાઓના જ્ઞાનને અટકાવનાર આપને મારા પ્રણામ છે ૪૮ પરમેશ્વર અમને તમારા દાસને આજ્ઞા કરો કે અમે તમારૂ શું પ્રિય કરીએ? આપનાં પ્રત્યક્ષ દર્શન થાય છે ત્યારે મનુષ્યોના કલેશનો નાશ થાય છે ૪૯

શુકદેવજી કહે છે કે–શ્રુતદેવનાં વચન સાંભળી ભકતોના કષ્ટો હરનાર ભગવાને પોતાના હાથે તેનો હાથ ઝાલી હસીને કહ્યુ કે આ મુનિઓ તમારા ઉપર અનુગ્રહ કરવા આવ્યા છે, બ્રાહ્મણો પોતાનાં ચરણોની રજથી લોકોને પવિત્ર કરતા મારી સાથે પૃથિવી ઉપર ફરે છે ૫૧ દેવતાઓ ક્ષેત્રો તથા તીર્થો દર્શનથી સ્પર્શથી તથા પૂજનથી ઘણે કાળે પવિત્ર કરે છે પણ બ્રહ્મણો તો તરત પવિત્ર કરે છે, કારણ કે દેવાદિકમાં પવિત્ર કરવાની જે શક્તિ છે, તે મહાત્મા પુરૂષોની દૃષ્ટિમાં છે. ૫૨ જગતમાં સર્વ પ્રાણીઓમાં બ્રાહ્મણ જન્મથી જ ઉત્તમ છે તેમાં પણ જે બ્રાહ્મણ તપ વિદ્યા સંતોષ તથા મારી ઉપાસનાથી સમ્પન્ન હોય તે બ્રહ્મણની તો વાતજ કરવી નહિ. ૫૩ મારૂં ચતુર્ભુજ સ્વરૂપ મને બ્રાહ્મણ કરતાં અધિક પ્રિય નથી, બ્રાહ્મણ સર્વ વેદસ્વરૂપ છે અને હું સર્વ દેવતાસ્વરૂપ છું. પ્રમેય દેવતાઓની સિદ્ધિ પ્રમાણને અધીન છે અને તે પ્રમાણ વેદ છે. વેદસ્વરૂપ બ્રાહ્મણો મારા સ્વરૂપ કરતાં મને અધિક પ્રિય છે. ૫૪ ગુણમાં દોષનો આરોપ કરનાર તથા મૂર્તિ આદિમાં પૂજ્યબુદ્ધિ ધરાવનાર દુષ્ટ બુદ્ધિવાળા લોકો ઉપર પ્રમાણે ન સમજવાથી ગુરૂરૂપ અને મારા સ્વરૂપ બ્રાહ્મણનું અપમાન કરે છે. ૫૫ સ્થાવર જંગમાત્મક જગત તથા તેના કારણરૂપ મહત્તત્વાદિક પદાર્થો ભગવાનનું સ્વરૂપ છે એમ બ્રાહ્મણ સર્વ ઠેકાણે બ્રહ્મદૃષ્ટિ કરીને જાણે છે. ૫૬ મારા ઉપર વિશ્વાસ રાખી તમે આ બ્રાહ્મણોની પૂજા કરો તેમ કરશો ત્યારે મારૂં સાક્ષાત્ પૂજન કર્યું ગણાશે નહિ તો ઘણા વૈભવોથી મારૂં પૂજન કર્યા છતા તે સફળ ગણાશે નહિ.

શુકદેવજી કહે છે કે–ભગવાને આજ્ઞા કરી કે, શ્રુતદેવ શ્રીકૃષ્ણ સહિત બ્રહ્મણોની આરાધના પૂજા કરી સદ્ગતિ પામ્યો. ૫૮ ભકતો ઉપર પ્રીતિ રાખનાર ભગવાન મિથિલામા રહી પોતાના ભક્ત એવા બ્રાહ્મણને તથા રાજાને સન્માર્ગનો ઉપદેશ કરી ફરી દ્વારકા પધાર્યા ૫૯

एवं स्वभक्तया राजन् भगवान् भक्तभक्तिमान्
उषित्वादिश्य सन्मार्गं पुनर्द्वारवतीमगात् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
षडशीतितमोध्यायः

અધ્યાય ૮૭ મો.*

શ્રુતિ પણ બ્રહ્મપરજ છે.

परीक्षिदुवाच

ब्रह्मन् ब्रह्मण्यनिर्देश्ये निर्गुणे गुणवृत्तयः।
कथं चरन्ति श्रुतयः साक्षात्सदसतः परे ॥१॥

પરીક્ષિત રાજાએ પૂછયું કે—હે બ્રહ્મન ! સાક્ષાત્સદસતપર અનિર્દેશ્ય અને નિર્ગુણ એવા બ્રહ્મમાં શ્રુતિયો કે જે ગુણ વૃત્તિવાળી છે તે કેવી રીતે પ્રવર્તે છે? તે હવે આપ મને સમજાવો.

શુકદેવજીએ ઉત્તર આપ્યો કે—હે રાજન! ચાર પુરૂષાર્થો પ્રાપ્ત કરવા અને તે ભોગવવા માટે ભગવાને જીવોને બુદ્ધિ. ઇંદ્રિય, મન અને પ્રાણ આદિ આપેલાં છે. આપણા પૂર્વે થઇ ગયેલા પૂર્વજોએ ધારણ કરેલા વેદના ઉપનિષદ વિભાગરૂપી જે બ્રહ્મજ્ઞાન આપનારી શ્રુતિયો છે તેને જે માણુસો શ્રદ્ધાથી જાણે ને ધારણ કરે છે તેમનું પરમ કલ્યાણ થાય છે. આ પ્રસંગને લગતી ભગવાન નારાયણ અને મહર્ષિ નારદ વચ્ચે થયેલા સંવાદરૂપી નારાયણાન્વિત એક પ્રાચીન ગાથા હું તમને કહું તે હવે સાંભળો. આ કલ્પના પ્રારંભ કાળથી ભારતવર્ષના લોકોના કલ્યાણ માટે ધર્મ, જ્ઞાન અને શમવાળું તપ આચરતા ભગવાન નારાયણ ઋષિ જયા રહેલા છે એવા નારાયણાશ્રમ બદ્રિકાશ્રમ પ્રતિ એકવાર ભગવાન નારદજી ત્રણે લોક ફરતા ફરતા તેમને મળવાને માટે ગયા. ૬ અને કલાપગ્રામના રહેવાસીઓ સાથે ત્યાં બિરાજેલા ભગવાન નારાયણ ઋષિને તેમણે તમે હમણાં જેવો મને પ્રશ્ન પૂછયો તેવોજ પ્રશ્ન પૂછયો. નારાયણ ઋષિએ પછી નમસ્કાર કરીને બેઠેલા નારદજીને સર્વ ઋષિમંડળ સાંભળતા પૂર્વે જનલોકમાં સનકાદિક ઋષિઓ વચ્ચે બ્રહ્મ સંબંધી જે વાદવિવાદ થયો હતો તે કહેવા માંડયો ૮

ભગવાન નારાયણ બોલ્યા કે—હે નારદ! બ્રહ્માના માનસપુત્રો કે જે બ્રહ્મચારીઓ હતા તેમણે પૂર્વે જન લોકમાં બ્રહ્મવાદ સંબંધી લંબાણ ઊહાપોહ કર્યો હતો એ બ્રહ્મવાદ તે બ્રહ્મસત્ર કહેવાય છે અને તમે શ્વેત દ્વીપના સ્વામીને મળવાને ત્યાં ગયેલા હોવાથી તેમાં સામેલ થયા હતા. સર્વ શ્રુતિયોનું બ્રહ્મમાંજ તાત્પર્ય વૃત્તિથી પરિણામ દર્શાવેલું છે, એવો પ્રશ્નજ ત્યાં તે સમયે ચર્ચવામાં આવ્યો હતો. અભ્યાસમાં તપમાં અને શીલમાં, તેમજ પોતાનામાં પારકામાં અને શત્રુમાં જેમની તુલ્યવૃત્તિ હતી એવા એ ચાર સનકાદિક સમાન હતા, તેમ છતાં બ્રહ્મવાદ કરવાને માટે તેમાંનો એક જણ વકતા અને બીજા શ્રોતા બન્યા હતા. આમ કરી તેમણે બ્રહ્મવાદ ચલાવ્યો હતો. એક સનંદન, જે વક્તા બન્યા હતા તે પછી બીજા સનંદનોને સંબોધી બોલ્યા હતા કે—હે શ્રોતાઓ ! પોતે ઉત્પન્ન કરેલી સૃષ્ટિને પોતાનામાંજ પાછી સમેટી લઇ સર્વ શકિતઓની સાથે બ્રહ્મ જે યોગ નિદ્રાનો આશ્રય કરી પોઢી ગયા હતા તેમને કલ્પ પૂરો થતાંજ નિઃશ્વાસથી ઉત્પન્ન થયેલી શ્રુતિયો બંદીજનો જેમ સુતેલા રાજાને તેના પરાક્રમોના શ્લોકો બોલીને જગાડે તેમ પરબ્રહ્મની પોતાની ઋચાઓથી જાગ્રત કરવા લાગી.

શ્રુતિયો બોલી કે—જીવોને મોહિત કરવા માટે સત્વાદિક ગુણોને ધારણ કરનારી અવિદ્યા વારવાર તમારૂં માહાત્મ્ય જોઇ કહેવા લાગી કે—હે ઇશ્વર ! તમે કોઇથી સ્તવવા જેવા નથી માટે તમારો જય થાઓ. અમે શ્રુતિયો અનંત એવા આપનુંજ જુદી જુદી રીતે પ્રતિપાદન કરીએ છીએ. ૧૪ ઇંદ્ર અને અગ્નિની સ્તુતિના જે મંત્રો છે તે પણ હે ઇશ ! પરમાર્થભૂત આપનેજ પ્રતિપાદન કરે છે, કારણ કે ઇન્દ્ર અને અગ્નિ એ

* આ અધ્યાયમા શ્રુતિયો પણ પરબ્રહ્મનેજ પ્રતિપાદન કરનારી છે, એવી કથા કહેવામા આવે છે.

આપનાથી જુદા નથી, અન તેઓના મંત્રોનુ જેમને સ્ફુરણ થએલું એવા મંત્રદ્રષ્ટા ઋષિ ઓની કલ્પના અનેવાણીના પ્રેરક પણ આપજ છો. જેમ ઘડો ભાગી જઇને પાછો મૃતિકારૂપ થઈ જાય છે તેમ આ વિશ્વ પણ પ્રલયાંતે લય પામી આપરૂપ બની રહે છે એટલે ગમે ત્યાં મૂકેલો પગ એકંદરે પૃથ્વી ઉપરજ મૂકેલો કહેવાય તેમ ગમે તે નામે કરેલી સ્તુતિ પણ આપનીજ સ્તુતિ ગણાય છે. અમારી વાણીના વિષયરૂપ આપજ છો એમ જણાવતી શ્રુતિયો કહે છે કે–ત્રિગુણાત્મક માયારૂપી મૃગલીને નચાવનાર તમે આ વિશ્વના કારણ રૂપ છો એમ કહીને ચિંતકજનો લોકોનાં પાપ નિવારણ કરાવે છે. ત્યારે તેઓ કે જે રાગદ્વેષ અને કાળધર્મનો ત્યાગ કરી માત્ર આપમાંજ તલ્લીન રહે છે તેમના દુઃખનો નાશ થાય અને અખંડ આનંદનો અનુભવ મેળવે એમાં શું વિસ્મય થવા જેવું છે? અર્થાત્ કંઇજ નહિ. મહત્તત્વાદિ પણ આપને લીધેજ સૃષ્ટિની ઉત્પત્તિ કરવાને સમર્થ થાય છે. આ પ્રમાણે આપ જેની ઉત્પત્તિનું કારણ છો એવા લોકો જો આપની ભક્તિ કરતા નથી તો તેઓને આ લોક કે પર લોકનું કલ્યાણ પ્રાપ્ત થતું નથી એટલુંજ નહિ પરંતુ ચામડાની ધમણની માફક ચાલતો તેમનો શ્વાસ અર્થાત્ જીવવુ એ પણ નિર્થકજ છે હે અનંત! ઋષિવંશમાં જન્મેલા છતા જેઓ જાડી બુદ્ધિના હોય છે તેઓ ઉદરમા પરબ્રહ્મને ભજે છે અને આરૂણિના વંશજો હૃદયમા પરબ્રહ્મને જુએ છે પરંતુ પરબ્રહ્મ છે તે તો વિશ્વમા સર્વત્ર ઓતપ્રોત ભરેલું છે. જે માણસો ઉદરથી માંડીને બ્રહ્મરંધ્ર સુધી ભરેલા ભગવાનનુ ધ્યાન કરે છે તેમને તો કદાપિ પણ કૃતાંતના મુખમાં જઇ પડવું પડતુંજ નથી, અર્થાત્ તેમને પછી મૃત્યુનો તો ભયજ રહેતો નથી. પોતે ઉત્પન્ન કરેલી પ્રાણીઓના જાતિઓમાં ઉપાદાન કારણે કરી તમો પ્રથમથી રહેલા હોવા છતાં જાણે તેમના વિવિધ દેહોને ઉપજાવ્યા પછી તેમાં પેઠેલા હો તેવા લાગો છો. પ્રાણીઓના દેહમાં રહેલા હોવા છતાં લાકડાના અગ્નની માફક આપ પોતેજ બનાવેલાં દેહોમાં વિવિધ આકૃતિવાળા લાગો છો પરંતુ વસ્તુતાએ વિચાર કરતાં તો આપ નિરાકાર સમભાવવાળા અને ભક્તિને યોગ્ય છો. કેટલાંક શ્રુતિઓ પોતાના કર્મથી પ્રાપ્ત થયેલા દેહમાં રહેલા પુરૂષને કર્મ ફળને ભોગવવા માટે તે અવતાર પામેલા પરબ્રહ્મના સ્વરૂપ રૂપ ગણે છે અને તેથી કરીને તત્વ જાણનાર વિવેકી પુરૂષો એમ માન છે કે તત્વથી વિચાર કરતાં દેહમાં રહેલો પુરૂષજ પરબ્રહ્મ છે અને જો તેના ચરણારવિંદનો આશ્રય કરવામાં આવે તો તે મોક્ષ આપે છે. ૨૦

કેટલીક શ્રુતિયો તો ભક્તિ છે એજ ખરેખરૂં મોક્ષનું સાધન છે એમ કહે છે. અને તેમ કરતાં તેમાં કહેલું છે કે–હે ઇશ્વર! ન કળી શકાય એવા આત્મતત્વના જ્ઞાનોપદેશને માટે ધારણ કરેલા તમારા અવતારના ચરિતરૂપી મોટા અમૃતના સાગરમાં સ્નાન કરીને જેમણે સંસારના પરિશ્રમને તજેલો છે એવા પુરૂષો તો તમારી ભક્તિરૂપ ચરણ સરોજના હંસરૂપ ભક્તોને પામ્યા પછી તેમાં એવા તલ્લીન થઈ જાય છે કે તેમને અપવર્ગની પણ ઇચ્છા રહેતી નથી. ૨૧ હે પ્રભો! તમારી સેવાને અનુરૂપ આ શરીર આત્મા, મિત્ર અને પ્રિયજનની માફક સ્વાધીન હોવા છતાં પણ જેઓ તમારી ભક્તિમાં પ્રીતિ ન કરતા નઠારાં શરીર ધારણ કરીને તેની મોજમાં પોતાનો નાશ કરે છે, અર્થાત્ તમારી ભક્તિને યોગ્ય શરીર પ્રાપ્ત થયા છતાં પણ જેઓ તમારી સેવામાં તેનો ઉપયોગ નહિ કરતાં મોજમઝા ભોગવવામાં તેનો ઉપયોગ કરે છે, તેઓ આત્મ હત્યારા જેવાજ રહી પરંપરા જન્માવલી-

ઓમાં ક્રીડા કરે છે. પ્રાણાદિને જીતીને મુનિઓ હૃદયમાં તમને ઉપાસવાથી તેમજ તમારો તત્ત્વતઃવિચાર કરવાથી શત્રુઓ અને સર્પના જેવા લાંબા ભુજદંડથી ભીડાએલી ગોપીઓ કામથી જે તત્ત્વને પામી તેજ આપના ચરણારવિંદની ઉપાસનાના તત્ત્વને ધારણ કરનારી અમે શ્રુતિયો તમારા સ્વરૂપને જોઇએ છીએ. ૨૩ તમે સર્વથી પહેલાં ઉત્પન્ન થયેલા છો અને બ્રહ્મા, દેવ, દાનવ, મનુષ્ય વગેરે તમારી પછી ઉત્પન્ન થયેલાં છે. વળી જ્યારે પ્રલય થાય છે ત્યારે તે સર્વના લય પછી તમે શેષનાગ ઉપર પોઢો છો, અને એકલા તમેજ તે સમયે વિદ્યમાન રહો છો, એટલે પામર એવા બીજા માણસો આપને ક્યાંથી જાણે? અર્થાત્ આપનું સ્વરૂપ દુર્વિજ્ઞેય છે, માટે આપને પામવા ઇચ્છનારાઓને વાસ્તે સુગમમાં સુગમ માર્ગ આપની ભકિત કરવી એજ છે.

હે ભગવંન ! વૈશેષિક મતવાળાઓ કહે છે કે પૂર્વે જગત હતુંજ નહિ, તેની પાછળથી ઉત્પત્તિ થયેલી છે. અર્થાત્ તેઓ જગતનો પ્રાગભાવ માનેછે, યોગ મતવાળાઓ પતાંજલિ આદિ *કહે છે કે પહેલાં જીવમાં બ્રહ્મત્વ હોતું નથી પરંતુ યોગદ્વારા બ્રહ્મત્વનો આવિર્ભાવ થાય છે; નૈયાયિકો કહે છે કે ઇંદ્રિયો, મન, વિષયો, શરીર અને જ્ઞાન ઇત્યાદિ એકત્રીસ પ્રકારના દુઃખમાથી છૂટવુ તેજ મોક્ષ કહેવાય; સાંખ્ય મતવાળાઓ કપિલાદિક કહે છે કે–મહાકાય અને ઘટાદિકના આકાશ વચ્ચે જેટલું અંતરછે તેટલુ જ જીવાત્મા અને પરમાત્મા વચ્ચે અંતર છે, મીમાંસકો કહે છે કે બીજું કંઇજ નહિ પરંતુ કર્મ છે એજ પ્રાણીને ફળદાયક છે. પરબ્રહ્મના સ્વરૂપના અજ્ઞાનને લીધે તેઓ તેને ત્રિગુણાત્મક કહે છે પરંતુ તે યુક્ત નથી, કારણ કે જ્ઞાન ઘન પરબ્રહ્મમાં અજ્ઞાન સંભવતુંજ નથી. ૨૫ મનના સંબંધથી ત્રિગુણાત્મક જગત પુરૂષ લગી મિથ્યા છે તોપણ પરબ્રહ્મના અધિષ્ઠાનને લીધે કંકણ કુંડળ વગેરે અલંકારો સુવર્ણરૂપ મનાય છે તેમ આત્મજ્ઞાનીઓથી પમેશ્વરના આશ્રયને લીધે જગત સત્ય મનાય છે, પરમેશ્વરના અધિષ્ઠાન રહિત જગત સત્ય કહેવાય નહિ ૨૬ હે ભગવન! તમે સર્વના નિવાસ સ્થાનરૂપ છો તેથી તમારી ભકિત કરનારાઓ મૃત્યુને તરી જાય છે. ભકિત રહિત વિદ્વાનોને તમારી વાણી બાંધી લે છે. જ્ઞાનીઓને ભ્રાંતિ રહેતી હોવાથી બ્રહ્મ પરોક્ષ રહે છે પરંતુ ભકતજનોને તો અપરોક્ષ જ્ઞાનનો લાભ થઇ તેઓ મુક્તિ પામે છે. હે પ્રભો! તમે જ્ઞાન સિદ્ધ હોવાથી બીજાઓની ઇંદ્રિયોના પ્રેરક હોવા છતાં ઇન્દ્રિય રહિત છો. સેવકો જેમ પોતાની આઓ સાથે સ્વામીને ભજે તેમ ઇંદ્રાદિક દેવતાઓ અવિદ્યાને લઇ તમને બલિઆપે છે. સામંત રાજા જેમ ખેડુતનો આપેલો ફળભાગ ભોગવે તેમ દેવતાઓ વગેરે પણ તમારા ભયને લીધે નિયમિત કાર્ય કરે છે. આપની સત્તાને લીધેજ અગ્નિ બળે છે ઇંદ્ર વૃષ્ટિ કરે છે અને મૃત્ય પોતાનું કામ કરે જાય છે. ૨૮ હે પ્રભો! તમે માયાથી પર હોવા છતા તેના પ્રવર્તક થઇ જ્યારે તેની સાથે વિહાર કરો છો ત્યારે કર્મ જેમને લાગેલાં છે એવાં શરીરો અને ભૂતમય સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. આપ આકાશની માફક સર્વત્ર વ્યાપી રહેલા હોવાથી તેમનામાં રહો છો એટલે તમને તેમા પારકું કે પોતાનું એવો ભેદ રહેતો નથી. જો અવિદ્યા એક હોય તો જીવ પણ એક હોવો જોઇએ અને જો અવિદ્યા અનેક હોય તો જીવો પણ અનંત હોવા જોઇએ. વળી જો તેઓ ઇશ્વરના અંશ હોય તો એકની મુકિત સાથે સર્વની મુકિત થવી જોઇએ પણ તેમ થતું નથી, તેમજ જો જીવને સર્વવ્યાપક અને અનંત માનીએ તો બ્રહ્મમાં અને તેમાં કંઈ ભેદ

રહેતો નથી એટલે બ્રહ્મના સ્વરૂપને માટે જે અને તે વગર બીજું કંઈપણ કહી શકાય નહિ અને ઘણાઓની વ્યવસ્થા પણ થાય નહિ, માટે મનુષ્યે તમારી ભકિત કરવી એજ મુકિતનો સારો ને સુલભ માર્ગ છે.ઉપાધિને લીધે જીવો જન્મ મરણ પામે છે અને પ્રકૃતિ તથા પુરૂષ છે તે અજન્મા રૂપ છે. જેમ એકલા પાણીથી તેમજ એકલા વાયુથી પરપોટા થતા નથી તેમ એકલા પુરૂષથી કિંવા એકલી પ્રકૃતિથી કશું થતું નથી.પ્રકૃતિ પુરૂષ બેના સંયોગથી જીવ ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે ઉત્પન્ન થયેલા જીવો પોતાના કર્મ પ્રમાણે સંસારમાં ફરે છે અને જ્યારે ભકિતના પ્રવાહમાં પડી સાગરરૂપ પરબ્રહ્મને પામે છે ત્યારે તેમાં મળી જાય છે. માયાને લીધે જીવો સંસારમાં જન્મે છે અને જન્મ્યા પછી કર્મ કરવાને લીધે એક પછી એક જન્મ થાય એવાં તેનાં બંધન ઉત્પન્ન કરે છે. એ સંસાર ભ્રમણમાંથી મુકત થવાને માટે વિવેકી પુરૂષો પુરૂષોત્તમ એવા આપની ભકિતનેજ શરણે આવે છે.હે ઇશ્વર ! સંસારથી મુકત થવાને ઇચ્છનારાઓએ સદ્ગુરૂનો આશ્રય કરવો જોઇએ, તેમ નહિ કરતાં જેઓ પોતાની મેળે યોગાદિકથી યત્ન કરવા જાય છે તેઓ વણિક જેમ નાવિકનો આશ્રમ નહિ લેવાથી સમુદ્રમાં દુઃખી થાય છે તેમ આ સંસાર સાગરમા અત્યંત દુઃખી થાય છે. હે પ્રભો ! તમારી ભકિત કરનારાઓને તમારા સ્વરૂપમાં લગની લાગ્યા પછી આ સંસારમાંનું કંઇ પણ સુખરૂપ લાગતુ નથી સંસારનું સુખ પરિણામે દુઃખકારક હોવ.થી તમારા ભકતજનો તેમાં આસકત થતા નથી અને જેઓને તે દુઃખમાથી મુકત થવુ છે તેમને માટે આપને પામવાનો સારામા સારો માર્ગ તો એજ છે કે તેમણે આપની ભક્તિ કરવી ૩૪ સત્સંગથી તત્ત્વજ્ઞાન દૃઢ થાય છે માટે સત્સંગ કરવાને ઋષિયો તીર્થોમાં અને પવિત્ર આશ્રમોમાં ફરે છે, સંસારનો સંગ રાખતા નથી. જેને એકવાર પણ ભકિતનો રસ લાગે છે તે આ દુઃખમય અને પુરૂષના સારને હરનાર માયાનો આશ્રય કરતો નથી.

સાંખ્ય, યોગ અને મીમાંસા એ ત્રણ દર્શન સત્કાર્ય વાદી છે. તેમાં છેલ્લું દર્શન કર્મને પ્રતિપાદન કરનારૂં હોઇ સત્યમાંથી ઉત્પન્ન થયેલા જગતને પણ સત્ય કહે છે, કારણ કે સોનામાંથી બનાવેલા કુંડળાદિ અલંકારો સુવર્ણજ હોય છે બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલું જગત બ્રહ્મરૂપ હોવું જોઈએ, જો એમ ન હોય તો જીવ બ્રહ્મથી ભિન્ન ગણાય અને દ્વૈત સિદ્ધ થાય, પરંતુ તેમ નથી. ઉપાદાનથી ઉત્પન્ન થયેલું કાર્ય પણ કારણથી જુદું હોય છે. સુવર્ણમાંથી ઉપાદાન કારણે ઉત્પન્ન થયેલાં કુંડળો સુવર્ણરૂપ હોય છે, પરંતુ ઘટસ્ફોટના કારણ રૂપ જે મુદ્ગર તેનું કાર્ય જે સ્ફોટ તે મુદ્ગરરૂપ હોતું નથી; તેમજ અંધારામાં પડેલી દોરી જે સર્પના ભ્રમરૂપી ઉપાદાન કારણરૂપ બને છે તે સર્પ હોતી નથી, તેમ બ્રહ્મથી ઉત્પન્ન થયેલું હોવા છતાં પણ આ જગત બ્રહ્મરૂપ નથી પરંતુ નાશવંત અને મિથ્યા છે.અજ્ઞાન અને ભ્રમ એજ તેનું કારણ છે અને અજ્ઞાન તેમજ ભ્રમ બેઉ અસત્ય હોવાથી તેમના કાર્યરૂપ આ જગત પણ અસત્યજ છે, એવું સ્પષ્ટ કરતા શ્રુતિયો ગાય છે કે—વૈરાગ્ય અને ભક્તિથી અનભિજ્ઞ અને કર્મમાં આસકત પુરૂષોને વેદની કર્મપર વાણી કર્મના બંધનમાં નાખે છે પણ જેઓ સંસારથી અળગા થયેલા છે અને આપની ભકિતમાં તલ્લીન રહે છે તેમને વેદવાણી પણ મોહિત કરતી નથી. ૩૬ જેમ સોનાનાં કડાં કુંડળ, પોંચી વગેરે અનેક નામો માત્ર કલ્પિત છે અને માટીનાં કુંભ, કોડીઉં વગેરે પાત્ર પણ કલ્પિત છે તેમ આ વિશ્વ અને તેને લગતો બધો પ્રપંચ નામ માત્ર કલ્પિતજ છે, કારણ કે, તે આદિમાં

અંતમાં અને વચલા ભાગમાં હોતો નથી પરંતુ આપના આશ્રયથી સત્યરૂપ ભાસે છે. કડાં કુંડળ અને કુંભ કોડીયાં, જેમાં પરિણામે સોનું અને માટીજ વિદ્યમાન રહે છે તેમ આ વિશ્વરૂપી મોટો નામધેય પ્રપંચ પણ પરિણામે માત્ર એક બ્રહ્મ સ્વરૂપજ રહે છે, અને તેને જેઓ સત્ય કહે છે તે અજ્ઞાનીઓ છે. હે ઇશ! માયાથી મોહ પામી માયાનું આલિંગન કરતાં બ્રહ્મમાંથી જીવ સ્વરૂપ ઉત્પન્ન થાય છે અને એ જીવસ્વરૂપને પછી દેહ અને ઇંદ્રિયાદિકની પ્રીતિ બંધાઇ કર્મ પ્રાપ્ત થાય છે. કર્મને વશ થયેલો તે પછી આ જગતમાં એક પછી એક નાના પ્રકારની જાતિઓમાં જન્મ્યા અને મર્યા કરે છે આપ પરબ્રહ્મ તો માયાથી લિપ્ત થતા નથી અને સર્પ જેમ કાંચળીનો ત્યાગ કરે તેમ તમો માયાનો ત્યાગ કરો છો અને અણિમાદિક સિદ્ધિઓની પૂર્ણતામાં પોતાના એક સ્વરૂપમાં સ્થિત થઇને રહો છો. ૩૮ સર્વ સંગનો ત્યાગ કરી સંન્યાસી થવા છતા પણ જેઓ પોતાની વાસનાઓને તજતા નથી તેમને જેમ કંઠમાં મણિવાળો માણસ કોઈ જાતના ભ્રમને લીધે તેને જોઇ શકતો નથી, તેમ આપ જડતા નથી એટલુંજ નહિ પરંતુ તે દંભીઓને આ લોકમાં અને પર લોકમાં કયાંહી સુખ મળતું નથી. સંન્યાસી હોવાથી ભાવના છતાં તેઓ આ લોકમાં યથેચ્છ ભોગાદિનો અનુભવ કરી શકતા નથી અને મનમાં મુંઝાયા કરે છે. વળી મરણાંતે પરલોકમાં તેમને એ દંભના પાતકને લીધે માત્ર નરકજ પ્રાપ્ત થાય છે. જેમને આપના સ્વરૂપનું જ્ઞાન થાય છે તેઓ કર્મથી પ્રાપ્ત થયેલાં પુણ્ય પાપને ગણતા નથી અને દેહાભિમાનવાળી પ્રવૃત્તિ નિવૃત્તિ કરાવનારી વિધિનિષેધની શાસ્ત્રીય ખટપટ પણ તેમને નડતી નથી. જેમને ખરેખરૂ તત્વ સમજાયું છે તેમને કર્મ આદિ કશું પ્રત્યવાયરૂપ થતું નથી અને તેઓ તમારી કથા વાર્તામાં તલ્લીન રહી પરમ સુખકારક એવી મુક્તિને પામે છે. હે ઇશ! દેવતાઓ અને બ્રહ્માદિક પણ તમારી અકળ કળાને પહોંચી શકતા નથી. આપનો મહિમા અથાગ અને અપાર છે. મોટા મોટાં બ્રહ્માંડો તમારા સ્વરૂપમાં ફર્યા કરે છે તે પણ કોઇ જાણી શકતું નથી. શ્રુતિયો કહે છે કે, અમારી જુદી જુદી કળાઓ અને વિધિ નિષેધ વગેરે વચનોની ચાતુરીઓ પણ હે ભગવન! અનંત શક્તિવાળા આપનોજ મહિમા ગાય છે અને આપના પરબ્રહ્મ સ્વરૂપનેજ પ્રતિપાદન કરે છે, કે જે પરબ્રહ્મ સ્વરૂપની અમે હંમેશ સ્તુતિ કરીએ છીએ.

શ્રીભગવાન—હે નારદ! સનંદન ઋષિએ વર્ણવેલી શ્રુતિયોની સ્તુતિરૂપ આત્મજ્ઞાનની વાર્તા સંભળીને આનંદ પામેલા તથા સિદ્ધ મનોરથ થયેલા એવા તે ઋષિઓએ સનંદનની પછી પૂજા કરી. સનકાદિક ઋષિયોએ આ પ્રમાણે સર્વ શ્રુતિયો અને પુરાણોના રહસ્યનો સાર કાઢેલો છે મનુષ્યની કામનાઓનો નાશ કરનાર આ તત્વજ્ઞાનને ધારણ કરીને હવે તમે ઇચ્છામાં આવે તે પ્રમાણે પૃથ્વી ઉપર ફરો.

શુકદેવજી બોલ્યા કે—હે રાજન! ભગવાન નારાયણે આપેલા આ ઉપદેશને મનમાં ઠસાવી બ્રહ્મચારી એવા નારદે કહ્યું કે—પ્રાણીઓને મુક્તિ આપવા માટે અવતાર ધારણ કરનાર શ્રીકૃષ્ણને મારા નમસ્કાર હો. પછી સર્વને નમસ્કાર કરી નારદ મારા પિતા વેદવ્યાસના આશ્રમ પ્રતિ ગયા. વ્યાસજીએ તેમને આદરમાન આપીને બેસાડયા, પછી તેમણે જે તત્વજ્ઞાન ત્યાં સાંભળ્યું હતું તે વિસ્તારથી તેમને કહી સંભળાવ્યું. હે રાજન! તમે મને પ્રશ્ન કર્યો હતો કે શ્રુતિયો પરબ્રહ્મમાં કેવી રીતે પ્રવૃત થાય છે, તે આ પ્રમાણે મેં તેમને યથાર્થ કહ્યું, તેમ છતાં તેનો સમન્વય હવે તમને અર્થ સહિત કહું તે સાંભળો. સર્વ

જગતને પોતામાં સમાવનાર, જગતની ઉત્પત્તિ સ્થિતિ અને નાશ કરનાર પ્રકૃતિ અને પુરૂષના ઉપાદાન કારણરૂપ, બ્રહ્માંડ ઉત્પન્ન કરીને જીવોને તેમાં યથાર્થ ભોગ ભોગવાવનાર છતાં તેમનાથી જુદા રહેલા એવા ભગવાન પરબ્રહ્મ સ્વરૂપને શ્રીહરિને પ્રાણી માત્રે હમેશ સ્તવવા, સેવા કરવી અને તેમના ઉપાસનમાં તત્પર રહેવું.

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे सप्ताशीतितमोध्याय.

અધ્યાય ८८ મો.‡

વિષ્ણુભક્તનો મોક્ષ

राजो उवाचः

देवासुरमनुष्येषु ये भजन्त्यशिवं शिवम् ।
प्रायस्ते धनिनो भोजा न तु लक्ष्म्याः पतिंहरिम्

પરીક્ષિતે પૂછયું કે—દેવતાઓ, અસુરો ને મનુષ્યોમાં જેઓ ભોગનો તિરસ્કાર કરનાર શંકરને ભજે છે તેઓ ધન તથા વૈભવ પામે છે. અને જેઓ વિષ્ણુને ભજે છે તેઓ ધનવંત વૈભવી થતા નથી તેનું કારણ અમને કહો. શિવ તથા વિષ્ણુ નિર્ધનતા ને ધનવંતની વિરૂદ્ધ સ્વભાવના છે તેમને ભજનારની સ્થિતિ વિરૂદ્ધ થાય,અર્થાત્ શિવને ભજનાર ધનાઢય અને વિષ્ણુને ભજનાર નિર્ધન થાય છે એનું શું કારણ ?

શુકદેવજી કહે છે કે—માયારૂપી ઉપાધિને લીધે નિત્ય ગુણોથી પરિવૃત્ત અને શિવ બ્રહ્મા તથા ઇંદ્ર એ ત્રણ સ્વરૂપ જેમના છે એવા ઇશ અહંકાર વૈકારિક, તૈજસ તથા તામસ એમ ત્રણ પ્રકારના છે ૩ અહંકારમાથી ઇન્દ્રિયો તથા પાંચ ભૂતોરૂપી વિકાર ઉત્પન્ન થાય છે ત્રિવિધ અહંકાર બ્રહ્મા વિષ્ણુ તથા શિવમાં રહેલો છે.બ્રહ્મામાં રજોગુણનો વિષ્ણુમાં સત્વગુણનો અને શિવમાં તમોગુણનો અંશ વધારે રહેલો છે. જે પુરૂષ જે દેવને ભજે તે પુરૂષ તે દેવના ગુણાનુરૂપ વિભૂતિઓને પામે છે. ४ વિષ્ણુને ભજવાથી સત્વગુણી વિભૂતિઓનો લાભ થાય છે, તોપણ તે નિર્ગુણ છે સાક્ષાત પ્રકૃતિથી પર છે અને સર્વના દ્રષ્ટા તથા સાક્ષી છે તેથી ભક્ત હંમેશ નિર્ગુણ થાય છે ૫ તમારા દાદા યુધિષ્ઠિર રાજાએ અશ્વમેધ યજ્ઞ પૂર્ણ થયા પછી શ્રીકૃષ્ણ આગળ ધર્મનું શ્રવણ કરતાં તેમને આવોજ પ્રશ્ન કર્યો હતો. ૬ મનુષ્યોનું કલ્યાણ કરવા યદુકુળમાં ઉત્પન્ન થયેલા શ્રીકૃષ્ણે શ્રવણ કરવાની ઇચ્છાવાળા યુધિષ્ઠિર રાજાને પ્રસન્ન થઈ નીચે પ્રમાણે ઉત્તર આપ્યો હતો. ૭

ભગવાન બોલ્યા કે—મારો જે ભક્ત વિષયોનો ત્યાગ કરવાની ઇચ્છા કરતો હોય, પરન્તુ વિષયોની પ્રબળતાથી તેનો ત્યાગ કરી શકાતો ન હોય, તેમ ભોગ ભોગવતાં પણ મુંઝાતો હોય, તે ભકતોના ઉપર અનુગ્રહ કરવા હું ધીરે ધીરે તેમનું ધન હરી લઉં છું અને પછી નિર્ધન થઇ પડેલા તથા બહુ દુઃખી થઈ પડેલા મનુષ્યનો તેનાં સંબંધીઓ ત્યાગ કરે છે. ८ તે આગ્રહથી ધન માટે ફરીને ઉદ્યોગ કરે છે, પરન્તુ મારા અનુગ્રહથી તે નિષ્ફળ થાય છે, ને પરમ વૈરાગ્ય પામે છે. મારા ભકતોની સાથે મિત્રતા કરતા હું તેમની ઉપર અનુગ્રહ કરૂં છું. ૯ મારા અનુગ્રહમાં તેમને ચૈતન્ય માત્ર સત્ય અનંત તથા સુક્ષ્મ પરબ્રહ્મનો લાભ થાય છે, મારી ઉપાસના બહુ કઠિન હોવાથી લોકો બીજા દેવને ભજે છે. ૧૦ દેવતાઓ જેઓ પ્રસન્ન થનાર છે, તેઓની ઉપાસના કરી મનુષ્યો રાજ્યલક્ષ્મી સંપાદન કરીને ઉદ્ધત તથા મદોન્મત્ત બને છે અને વૈભવ આપના રાઓને વિસરી જઇ તેઓનું અપમાન કરેછે.

શુકદેવજી કહે છે કે—હે રાજન ! બ્રહ્મા વિષ્ણુ અને મહેશ શાપ દેવા તથા અનુગ્રહ

‡ આ અધ્યાયમા વિષ્ણુ ભક્તને મોક્ષ અને અન્ય દેવના ભક્તને ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે એમ કહ્યુ છે

કરવા સમર્થ છે. તેઓમાં બ્રહ્મા તથા મહેશ શાપ દે છે અને પ્રસન્ન પણ થાય છે; વિષ્ણુ ભગવાન શાપ દેતા નથી, તેમ પ્રસન્ન પણ થતા નથી. ૧૨ શંકર વૃકાસુરને વર આપી પોતેજ સંકટમાં આવી પડયા હતા. ૧૩ શકુનિના પુત્ર દુરાત્મા વૃકાસુરે નારદને જોઈ પૂછયું કે, હે નારદ ! ત્રણ દેવતાઓમાં ઝટ પ્રસન્ન થાય એવો કયો દેવતા છે? ૧૪ નારદ બોલ્યા કે શંકરની આરાધના કર, કારણ કે તે અલ્પ ગુણથી ઝટ પ્રસન્ન થાય છે, અને અલ્પ દોષથી કોપે છે, માટે તેમની સેવાથી કાર્યસિદ્ધિ ઝટ થશે. ૧૫ રાવણ તથા બાણાસુર બંદીજનની પેઠે શંકરની સ્તુતિ કરતા હતા. તેમને શંકરે મહા ઐશ્વર્ય આપ્યું હતું અને પરિણામે તેમનો નાશ પણ થયો હતો. ૧૬ નારદે આમ કહ્યા પછી વૃકાસુર કેદાર જઇ તપશ્ચર્યા કરવા લાગ્યો. શંકરને પ્રસન્ન કરવા તેણે પોતાના શરીરમાંથી માંસ કાપી કાપીને મહાદેવના મુખરૂપ અગ્નિમાં હોમવા માંડયું. ૧૭ એમ કરતાં સાત દિવસ વ્યતીત થઇ ગયા તોપણ શંકરે દર્શન આપ્યું નહિ એટલે વૃકાસુરે ખિન્ન થઇ તીર્થમાં નહાવાથી ભીના કેશવાળું મસ્તક કાપવાનો વિચાર કર્યો. ૧૮ દયાળુ શંકર અગ્નિમાંથી દેહધારી અગ્નિની પેઠે બહાર નીકળ્યા અને બે હાથે વૃકાસુરના હાથ પકડી તેને તેમ કરતાં અટકાવ્યો. મહાદેવનો સ્પર્શ થતાં વૃકાસુરનો દેહ પાછો સારો થઇ ગયો. ૧૯ શંકરે તેને કહ્યું કે હે ભક્ત ! વર માગ, તારે જે જોઇતું હશે તે હું આપીશ. હું પાણીના અભિષેકથી મારા શરણાગતો ઉપર પ્રસન્ન થાઉં છું. તું દેહને આ પ્રમાણે કેમ પીડે છે. ૨૦ વૃકાસુરે શંકરની પાસેથી લોકોને ત્રાસ આપે એવો વર માગતાં કહ્યુ કે—હું જના માથા ઉપર હાથ મૂકું તે મરી જાય એવો મને વર આપો. ૨૧ આ વચન સાંભળી શંકર જાણે ખિન્ન થયા હોય તેમ હસીને સર્પને જેમ દૂધપાન કરાવે, તેમ 'તથાસ્તુ' એમ કહી ચાલ્યા ગયા. ૨૨ વર મળ્યા પછી પાર્વતીનું હરણ કરવાની ઇચ્છાવાળો તે વરદાનની પરીક્ષા કરવા શંકરના મસ્તક ઉપર હાથ મૂકવા તૈયાર થયો, તે જોઇને શંકર પોતાના કાર્યથી પોતે જ ભયભીત થયા અને દૈત્ય પાછળ પડતાં ધ્રુજતા ધ્રુજતા સ્વર્ગ તથા પૃથ્વીના અંત સુધી ગયા ઉત્તરાદિ દિશાઓમાં ગયા પરંતુ કોઈ ઠેકાણે તેમને આશ્રય મળ્યો નહિ. મોટા દેવતાઓએ બહુ વિચાર કર્યો પરંતુ ઉપાય જાણવામાં આવ્યો નહિ તેથી મૌન રહ્યા. ભગવાન શંકર અંધારાથી રહિત એવા મહા પ્રકાશવાળા શ્વેતદ્વીપ તરફ ગયા ત્યાં સર્વને અભય આપનાર સંન્યાસીઓની પરમ ગતિરૂપ સાક્ષાત્ નારાયણ રહે છે તથા જ્યાં જવાથી ફરી સંસારમાં જન્મ મરણ થતાં નથી. તે શ્વેતદ્વીપના પતિ તથા કષ્ટ હરનાર ભગવાન નારાયણ શંકરનું દુઃખ જોઇ દૂરથી બટુક રૂપ ધારણ કરી વૃકાસુરની સામે ગયા ૨૭ બટુકે કટિમેખલા ધારણ કરી માથે મૃગચર્મ ઓઢયું, હાથમાં દંડ, કમંડળ અને દર્ભ ધારણ કર્યાં. કંઠમાં માળા પહેરી અને અગ્નિના જેવા તેજસ્વી જણાતા તેમણે દૈત્યને પ્રણામ કરી નીચે પ્રમાણે પૂછયું.

ભગવાન બોલ્યા કે—હે શકુનિના પુત્ર ! તું ખરેખર થાકી ગયેલો જણાય છે. તું કેટલે દૂરથી આવ્યો છે ? થોડી વાર વિશ્રાંતિ લે, કારણ કે, દેહ પુરૂષના સર્વ મનોરથો પૂરનારો છે માટે તેને બહુ પરિશ્રમ આપવો યોગ્ય નથી. ૨૯ હે વ્યાપક ! તમારૂં કર્તવ્ય અમારે સાંભળવા જેવું હોય તો કહો કારણ કે બીજાઓના સંમતિ લેવાથી તથા સહાયતા લેવાથી પોતાના સ્વાર્થો મનુષ્ય સિદ્ધ કરે છે.

આ પ્રમાણે અમૃત જેવાં વચનથી ભગવાને વૃકાસુરને પૂછયુ, એટલે પરિશ્રમ રહિત થયેલા તેણે જે પ્રમાણે કર્યું હતુ તે

સર્વ બટુકના રૂપમાં રહેલા નારાયણને કહી સંભળાવ્યું ૩૧ જો તારા કહેવા પ્રમાણે શંકરે કહ્યુ હોય તો અમે શંકરનું વચન માનતા નથી, કારણ કે શંકર દક્ષના શાપથી પિશાચપણાને પામેલા છે અને પ્રેત તથા પિશાચોના રાજા છે. ૩૨ તમને જગદ્‌ગુરૂ શંકરનાં વચનો ઉપર વિશ્વાસ હોય તો તમારા પોતાના મસ્તક ઉપર હાથ મૂકીને એમના વચનની પરીક્ષા કરો. ૩૩ હે દાનવોમાં ઉત્તમ ! જો કોઈ પણ રીતે શંકરનું વચન મિથ્યા થાય તો તમે મિથ્યાવાદી શંકરને મારી નાખજો, કારણ કે જેથી તે ફરીને મિથ્યા ભાષણ કરે નહિ ૩૪

શુકદેવજી કહે છે કે-ભગવાનનાં વચનોથી વૃકાસુરની મતિ ફરી ગઇ અને તેણે પોતાનો હાથ પોતાના મસ્તક ઉપર મૂકયો ૩૫ માથે હાથ મૂકતાં જાણે વજ્રાઘાત થયો હોય તેમ તેનું માથુ ફાટી ગયું. તે મરી ગયો અને દેવતાઓ સ્વર્ગમાં જય, જય, નમો નમઃ એમ બોલવા લાગ્યા ૩૬ વૃકાસુર મરણ પામતાં દેવતા ઋષિઓ પક્ષીઓ અને ગંધર્વોએ પુષ્પની વૃષ્ટિ કરી વિષ્ણુએ શંકરને સંકટમાંથી મુક્ત કર્યા પછી શંકરની પાસે આવી તેમને કહ્યું કે-હે મહાદેવ ! તે પાપી પોતાના પાપથી મરી ગયો કોઈ જીવ બીજાનો અપરાધ કરે તો તેનું કલ્યાણ થતુ નથી ત્યારે ઇશ્વર એવા આપનો અપરાધ કરવાથી તેનુ કેમ કલ્યાણ થાય. વાણીને મનથી પહોચી શકાય નહિ તેવી શક્તિઓના સાગર માયાથી પર ભગવાને શંકરને સંકટમાંથી મુક્ત કર્યા, તે કથા જે મનુષ્ય કોઇને સંભળાવે અથવા પોતે સાંભળે તે જન્મમરણથી છુટે છે. ૪૦

य एवगव्याकृतशक्त्युदन्वत:
परस्य साक्षात्परमात्मनो हरे: ।
गिरित्रमोक्षं कथयंच्छ्रृणोति
वा बिमुच्यते संसृतिभिस्तथाऽरिभि:

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
अ[illegible]ध्याय:

અધ્યાય ૮૯ મો.†

વિષ્ણુનું માહાત્મ્ય.

શ્રીશુક ઉવાચ

सरस्वत्यास्तटे राजन् ऋषय: सत्रामासत ।
वितर्क: समभुत्तेषां त्रिष्वधीशेषु को महान्॥

શુકદેવજી કહે છે કે-હે રાજન ! સરસ્વતીના તીર ઉપર ઋષિઓ યજ્ઞ કરતા હતા તેવામાં એવો વિચાર થયો કે, ત્રણ દેવતાઓમાં મોટો કોણ આનો નિર્ણય કરાવવા તેઓએ બ્રહ્માના પુત્ર ભૃગુ ઋષિને મોકલ્યા. ભૃગુ પ્રથમ બ્રહ્માની પાસે ગયા. ૨ ત્યાં બ્રહ્માની મહત્તાની પરીક્ષા કરવા ભૃગુ બ્રહ્માને નમ્યા નહિ, તેમ તેમની સ્તુતિ પણ કરી નહિ. તેજથી પ્રકાશતા બ્રહ્મા ગુસ્સે થયા અને પોતાના કોપને, 'ભૃગુ મારો પુત્ર છે' એમ જાણીને શાંત કર્યો. અગ્નિને શાંત કરવામા જેમ અગ્નિથી ઉત્પન્ન થયેલું પાણી ઉપયોગી થઇ પડે તેમ બ્રહ્માનો ક્રોધ શાંત થવામાં ભૃગુનું પુત્રપણું ઉપયોગી થયું. ૪ ભૃગુ ઋષિ ત્યાંથી કૈલાસ પર્વત ઉપર ગયા. ત્યાં શંકરે ઉભા થઇ તેમને ભેટવાની તૈયારી કરી. ૫ ભૃગુએ કહ્યું કે તું અવળે માર્ગે ચાલનારો છે, તે સાંભળી શંકર કોપી ઉઠયા અને ભયંકર નેત્રવાળા હાથમાં ત્રિશૂળ લઈ ભૃગુનો નાશ કરવાની તૈયારી કરવા લાગ્યા ૬ પાર્વતીએ શંકરના ચરણમાં પડી તેમને શાંત કર્યા. ભૃગુ ઋષિ જેમાં વિષ્ણુ રહેતા હતા, એવા વૈકુંઠલોકમાં ગયા ૭ વિષ્ણુ લક્ષ્મીના ખોળામાં મસ્તક મૂકીને સુતા હતા. ભૃગુએ ત્યાં જઇ તેમની છાતીમાં જોરથી પાટુ મારી. સત્પુરૂષોના શરણરૂપ શ્રીવિષ્ણુ જાગ્રત થયા અને શય્યા ઉપરથી ઉતરી ભૃગુના ચરણમાં પ્રણામ કરી બોલ્યા કે, હે મહારાજ ! તમે ભલે પધાર્યા,

† આ અધ્યાયમા દેવતાઓમા સર્વેથી મોટા કોણ ? આવો સંદેહ પડતા ભૃગુએ પરીક્ષા કરીને ઋષિઓને કહ્યું કે, વિષ્ણુ મોટા છે.

આ આસન ઉપર બિરાજો તમારૂં આગમન મારા જાણવામાં ન હતું. આપે અમારી ઉપર ક્ષમા રાખવી જોઈએ. હે તાત ! તમારા ચરણ ઘણા સુકોમળ છે તે મારી છાતીએ વાગવાથી દુખતા હશે, એમ કહી ભગવાન ભૃગુના ચરણ ચાંપવા લાગ્યા. ૧૦ આપના ચરણ જે તીર્થોને પણ પવિત્ર કરનાર છે, તેનાથી મને મારા વિષે રહેલા લોકોને તથા લોકપાળોને પવિત્ર કરો. ૧૧ હું લક્ષ્મીનું અવિચળ સ્થાન થયો, આપના ચરણના પ્રહારથી મારાં પાતક નાશ પામ્યાં અને હવે તેને લીધે મારી છાતીમાં લક્ષ્મી નિત્ય વાસ કરશે.

શુકદેવજી કહે છે કે—વિષ્ણુએ આમ કહ્યું કે, ભૃગુ ભગવાનની ગંભીર વાણીથી શાન્તિ પામ્યા, મૌન થઇને બેઠા, ભક્તિથી ઉત્કંઠિત થઈ ગયા અને આંખમા અશ્રુ આવી ગયાં. પછી બ્રહ્મવાદી મુનિઓના યજ્ઞ માં ગયા અને જે કંઈ બન્યું હતું તે સર્વ મુનિઓને કહી સંભળાવ્યું. ૧૪ તે સાંભળી આશ્ચર્ય પામેલા મુનિઓએ વિષ્ણુને મોટા દેવ માન્યા. વિષ્ણુથી સર્વને શાંતિ તથા અભય મળે છે. ૧૫ સાક્ષાત ધર્મ અપરોક્ષ જ્ઞાન વૈરાગ્ય, આઠ પ્રકારની સિદ્ધિઓ તથા અંતઃકરણના મળનો નાશ કરનાર યશ જેને વિષે રહેલો છે એવા ભગવાન વિષ્ણુ સર્વ દેવ કરતાં ઉત્તમ છે એમ તેમણે માન્યું. ૧૬ સર્વને અભય આપનાર શાંત અભિમાનરહિત સાધુઓના તથા મુનિઓના પરમ આશ્રયરૂપ શ્રી વિષ્ણુ ભગવાનજ છે તે વિષ્ણુને સર્વ શ્રેષ્ઠ માન્યા ૧૭ સત્વગુણ જેમની પ્રિયમૂર્તિ છે, બ્રાહ્મણો જેમના ઇષ્ટ દેવ છે તથા શાંત અને નિપુણ બુદ્ધિવાળા નિષ્કામ લોકો જેમને ભજે છે તે વિષ્ણુને દેવોએ સર્વોત્તમ માન્યા. ૧૮ રાક્ષસો અસુરો તથા દેવો વિષ્ણુની માયાએ મોહિત છે અને તે વિષ્ણુની ત્રણ પ્રકારની મૂર્તિઓ રૂપ છે, તોપણ તેઓમાં સત્વગુણ વિષ્ણુને પ્રાપ્ત કરવાનું સાધન છે ૧૯ આ રીતે મનુષ્યોનો સંશય ટાળવા નિશ્ચય કરી સરસ્વતીના તટ ઉપર બેઠેલા બ્રાહ્મણોએ શ્રીવિષ્ણુ ભગવાનના ચરણારવિંદની સેવા કરી તેથી તેઓ ભગવાનના સ્વરૂપને પામ્યા. ૨૦

સૂત કહે છે કે—હે શૌનક ! શુકદેવને મુખે અમૃત જેવી સંસારનો ભય ટાળનારી તથા વર્ણન કરવા યોગ્ય શ્રીવિષ્ણુની કીર્તિ, સંસારરૂપી માર્ગમાં ભ્રમણ કરનારો જે પુરૂષ કાનરૂપી પડીઆઓથી વારંવાર પીએ છે તે સંસારના પરિશ્રમમાંથી છટે છે. ૨૧ એક દિવસ દ્વારકામાં કોઈ બ્રાહ્મણનો પુત્ર જન્મતાંજ મરી ગયો. ૨૨ તેથી આતુર થયેલો તથા રંક મનનો બ્રાહ્મણ પુત્રના શબને લઇ રાજ મહેલના બારણા ઉપર મૂકી વિલાપ કરતો આ પ્રણાણે કહેવા લાગ્યો બ્રાહ્મણોનો દ્વેષ કરનાર લોભી વિષયલંપટ તથા શઠબુદ્ધિવાળા નીચ ક્ષત્રિયોનાં કુકર્મને લીધે મારો પુત્ર મરી ગયો ૨૪ હિંસાને વિહાર માનનાર અજિતેંદ્રિય તથા દુષ્ટ સ્વભાવના રાજાને ભજનારી પ્રજા પીડાય છે દરિદ્રી રહે છે તથા નિત્ય દુઃખી થાય છે. ૨૫ આ પ્રમાણે બ્રાહ્મણે મરી ગયેલા બાળકને લાવી ગાથા ગાઈ બીજીવાર અવતરીને મરી ગયેલા પુત્રને રાજદ્વારમાં લાવી ઉપર પ્રમાણે ગાથા ગાઈ અને ત્રીજીવાર અવતરીને મરી ગયેલા પુત્રને રાજદ્વારમા લાવી ઉપર પ્રમાણે ગાથા ગાઈ ૨૬ એક દિવસ અર્જુન શ્રીકૃષ્ણની પાસે બેઠા હતા એટલામા તેનો નવમો પુત્ર મરણ પામતા તેને લઈ રાજમહેલની દેવડી ઉપર તે બ્રાહ્મણ આવ્યો અને પ્રથમની પેઠે વિલાપ કરતો ક્ષત્રિય સંબંધી ગાથા ગાવા લાગ્યો, તે સાંભળી અર્જુને પૂછ્યું કે—હે બ્રાહ્મણ ! તારા ગામમાં શું કોઈ ધનુર્ધારી ક્ષત્રિય નથી ? સ્ત્રી તથા પુત્રોમાં આસક્ત

આવવો યજ્ઞમા ભોજન કરવા એકઠા મળેલા બ્રાહ્મણોના જેવા છે જે ક્ષત્રિયોના જીવતાં બ્રાહ્મણો શોક કરે તે ક્ષત્રિયોને વેશધારી નટ લોકો જેવા જાણવા ૨૯ હે મહારાજ! તમે આ પુરૂષ અને જણુ રંક છો, માટે હુ તમારા પુત્રેનું રક્ષણ કરીશ હં જો મારી પ્રતિજ્ઞાને સત્ય કરૂં નહિ તો હુ અગ્નિમા પ્રવેશ કરીશ.

બ્રાહ્મણ—બળભદ્ર શ્રીકૃષ્ણ ધનુર્ધારી ઓમા ઉત્તમ પ્રદ્યુમ્ન તથા અપ્રતિરથ અનિરૂદ્ધ પણ મારા પુત્રોનું રક્ષણ કરી શકયા નથી. ૩૧ જે કાર્ય જગતના ઇશ્વરો કરવાને અસમર્થ છે તે કામ કરવાની તું ઇચ્છા કરે છે? કદાચ ઈચ્છા કરે છે તોપણ અમે તારી વાત ઉપર વિશ્વાસ રાખતા નથી.

અર્જુન—હે બ્રાહ્મણ! હુ બળભદ્ર, કૃષ્ણ, પ્રદ્યુમ્ન કે અનિરૂદ્ધ નથી, હું અર્જુન છુ. જેનું ગાંડીવ ધનુષ્ય પ્રખ્યાત છે.૩૩ શંકરને સંતોષ આપનાર મારા પરાક્રમનું અપમાન કર નહિ મારા પરાક્રમથી શંકર પ્રસન્ન થયા હતા. હૂં યુદ્ધમા મૃત્યુને હરાવી તારા પુત્રોને લાવી આપીશ

શુકદેવજી કહે છે કે—હે રાજન! અર્જુને વિશ્વાસ આપ્યા પછી તેનાં પરાક્રમોને સાંભળતો અને પ્રસન્ન થતો તે ત્યાથી ઘેર ગયો. ૩૫ પછી પોતાની સ્રીને પ્રસવનો સમય પાસે આવ્યો ત્યારે બ્રાહ્મણે અર્જુનને કહ્યું કે,—તમે મારી પ્રજાનુ મૃત્યુથી રક્ષણ કરો, અર્જુને પવિત્ર જળનુ આચમન લઇ શ્રીકૃષ્ણને બ્રાહ્મણોની ઉપેક્ષા કરનાર જાણી તેમને નમસ્કાર કરી દિવ્ય અસ્રોનું સ્મરણ કર્યું અને પ્રત્યંચા ચઢાવેલુ ગાંડીવ ધનુષ્ય હાથમાં લીધું. ૩૭ અર્જુન બ્રાહ્મણને ઘેર ગયે અને નાના પ્રકારનાં વસ્રો સાથે બાણોને સાંધીને તેનાથી સુવાવડીના પ્રસવગૃહની ઉપર અને નીચે, સર્વ વિભાગોને રક્ષા આપી ચારે તરફથી બાણોનું એક પાંજરૂં બનાવ્યું. ૩૮ બ્રાહ્મણીને એક પુત્ર અવતર્યો. તે રડવા માંડયો અને તરત શરીર સાથે આકાશ માર્ગે ગયો તે જોવામાં પણ આવ્યો નહિ. ૩૯ બ્રાહ્મણ શ્રીકૃષ્ણની પાસે અર્જુનની નિંદા કરતો ગયો અને બોલ્યો કે,—મારી મૂર્ખતા જુઓ કે, મેં નપુંસક પુરૂષના મિથ્યા ભાષણ ઉપર વિશ્વાસ રાખ્યો. ૪૦ પ્રદ્યુમ્ન અનિરૂદ્ધ બળભદ્ર તથા આપ પણ જેનુ રક્ષણ કરી શકયા નહિ તેનું બીજો કોણ રક્ષણ કરી શકે? ૪૧ મિથ્યા ભાષણ કરનાર અર્જુનને ધિક્કાર છે, તેમ પોતાનાં વખાણ કરનાર અર્જુનના ધનુષને પણ ધિક્કાર છે, કારણ કે જે અર્જુન દૈવે નાશ કરેલી વસ્તુને મૂર્ખતાથી પાછી આણવાની ઇચ્છા કરે છે. ૪૨ તે ગાળો દેવા લાગ્યો એટલે અર્જુન પોતાની વિદ્યાનો ઉપયોગ કરીને સંયમની પુરીમાં ગયો, કે જ્યાં ભગવાન યમરાજા રહે છે. ૪૩ યમપુરીમાં શોધ કરતાં બ્રાહ્મણનો પુત્ર જોવામાં આવ્યો નહિ એટલે અર્જુન શસ્રો ઉગામી ઇંદ્ર અગ્નિ નિર્ઋત સોમ વાયુ તથા વરૂણની પુરીમાં ગયો. ત્યાં જોવામાં ન આવતાં બીજાં સ્થાનોમાં ગયો પરન્તુ કોઇ સ્થાનમાં બ્રાહ્મણનો પુત્ર મળ્યો નહિ, એટલે પોતાની પ્રતિજ્ઞા મિથ્યા થઇ જાણી અર્જુને અગ્નિમાં પ્રવેશ કરવાનો આરંભ કર્યો શ્રીકૃષ્ણે આવી અટકાવ્યો, અને તેમ કરવાની ના પાડી કહ્યું. ૪૫ હું તને બ્રાહ્મણનો પુત્ર દેખાડું તું પોતે તારૂં અપમાન કર મા. જે મનુષ્યો આપણી કીર્તિને પૃથ્વી ઉપર સ્થિર સ્થાપશે. ૪૬ ભગવાન અર્જુન સાથે પોતાના દિવ્ય રથમાં બેસી પશ્ચિમ દિશા તરફ ગયા. ૪૭ શ્રીકૃષ્ણ તથા અર્જુન સાત દ્વીપ સાત સમુદ્ર સાત પર્વત અને લોકાલોક પર્વતને ઓળંગી ગાઢા અંધારાવાળા પ્રદેશમાં દાખલ થયા ૪૮ હે રાજન! તેઓ અંધારામાં પેઠા કે શૈબ્ય સુગ્રીવ મેઘપુષ્પ તથા બલાહક નામે દિવ્ય

ઘોડાઓ આગળ ચાલતા અટકી પડયા. ૪૯ મહાયોગેશ્વરોના ઈશ્વર ભગવાને હજારો સૂર્ય જેવા પોતાના ચક્રને આગળ ચાલતું કર્યું. ૫૦ ભગવાનનું સુદર્શન ચક્ર મોટા તેજથી પ્રકૃતિના પરિણામરૂપ મહા ભયંકર અંધકારનો નાશ કરતું કરતું ધનુષ્યથી છૂટેલું રામનું બાણ જેમ શત્રુની સેનામાં પ્રવેશ કરે તેમ મન જેવા વેગથી આગળ ચાલવા માંડયું. ૫૧ ચક્રે કરેલા માર્ગની સામે અંધારાથી અત્યંત દૂર પાર વિનાનું તથા ચારે તરફ ફેલાયેલું ઉજ્વળ તેજ જોવામાં આવ્યુ. તે જોઇને અર્જુનની આંખો અંજાઇ ગઇ, તે પોતાની બન્ને આંખો મીંચી ગયા. તેજને ઓલગી આગળ પવનથી ઉછળતા મોટા મોજાવાળા પાણીમાં પેઠા ત્યાં એક અદ્દભુત પ્રકાશવાળું મંદિર દૃષ્ટિએ પડયું. તેમાં ઝળઝળાટ પ્રકાશ થઇ રહ્યો હતો અને હજારો મણિના થાંભલાઓથી દીપી રહેલું હતું. ૫૩ તેમા ભગવાન શેષનાગ રહેતા હતા તે મહાભયંકર તથા અદ્દભુત દેખાતા હતા. માથા ઉપરની હજારો ફેણોમાં મણિઓની કાંતિ હતી. તેઓને બે હજાર ભયંકર નેત્રો હતાં અને તે શ્વેતપર્વતના જેવા દેખાતા હતા કંઠ તથા જીભ શ્યામ હતા. શેષનાગના શરીર ઉપર પોઢેલા શ્રીપુરૂષોત્તમ ભગવાન ત્યાં જોવામા આવ્યા. મહા પ્રભાવ વાળા વ્યાપક પુરૂષોત્તમ ભગવાનની કાંતિ મેઘ જેવી હતી, તેમનું મુખ પ્રસન્ન હતું. નેત્ર સુંદર તથા લાંબા હતા. ૫૫ તેમનો કેશસમૂહ અનેક મોટા મણિઓવાળા મુગટ અને કુંડળની કાંતિથી ઝળકતો હતો, આઠ ભુજાઓ હતી, કંઠમાં કૌસ્તુભમણિ પહેરેલો હતો. ૫૬ સુનંદ, નંદ પ્રમુખ પાર્ષદો, દેહધારી ચક્રાદિક આયુધો પુષ્ટિ લક્ષ્મી કીર્તિ માયા તથા આઠ સિદ્ધિઓ તેમની સેવા કરતાં હતાં. શેષશાયી ભગવાનનાં દર્શન કરવાથી ભયભીત થયેલા અર્જુન તથા શ્રીકૃષ્ણ સર્વ મહાત્માઓના પતિ તથા પોતાના સ્વરૂપભૂત વ્યાપક ભગવાનને પ્રણામ કરી બે હાથ જોડી ઉભા રહ્યા તેઓને ઇશ્વરના પણ ઈશ્વર એવા ભગવાને ગંભીર વાણીથી કહ્યું કે મેં તમારાં દર્શનની ઈચ્છાથી બ્રાહ્મણોના કુમારોને અહીં આણ્યા છે. તમો બન્ને પૃથ્વીનો ભાર ઉતારવા તથા ધર્મનું રક્ષણ કરવા મારા અંશથી જન્મેલા છો. પૃથ્વીના ભારભૂત દૈત્યોને મારવાનું કાર્ય પૂર્ણ કરી ઝટ મારી પાસે આવો. ૫૯ તમે નારાયણના અવતારરૂપ છો જગતની સ્થિતિ તથા મર્યાદા રાખવા ધર્મનું આચરણ કરજો.

શુકદેવજી કહે છે કે—વ્યાપક પૂર્ણ પુરૂષોત્તમ ભગવાને ઉપર પ્રમાણે આજ્ઞા કરી કે શ્રીકૃષ્ણ તથા અર્જુને પ્રસન્ન થઇ તેમની આજ્ઞા માથે ચડાવી બ્રાહ્મણના પુત્રોને લઇ જે માર્ગે આવ્યા હતા તે માર્ગે થઇ દ્વારકાપુરી આવ્યા અને બ્રાહ્મણને પ્રથમના જેવા રૂપવાળા તથા અવસ્થાવાળા પુત્રો આપ્યા. ૬૨ વિષ્ણુનું ધામ જોઇને અર્જુન પરમ આશ્ચર્ય પામ્યો અને તેણે માન્યું કે પુરૂષનો જે કંઈ પુરૂષાર્થ હોય તે સર્વ ઈશ્વરની કૃપાથી હોય છે. ૬૩ આ લોકમાં એવાં અનેક પરાક્રમો દેખાડતા શ્રીકૃષ્ણ ભગવાને સંસારી વિષયો ભોગવતા અત્યુત્તમ યજ્ઞો કર્યા અને ઈંદ્રની પેઠે બ્રાહ્મણાદિક પ્રજાઓના સર્વ મનોરથો પૂર્ણ કર્યા અધર્મિષ્ઠ રાજાઓનો નાશ કરીને તથા અર્જુનાદિકોની પાસે નાશ કરાવીને યુધિષ્ઠિરાદિક ધાર્મિક રાજાઓદ્વારા પરિશ્રમ વિના ધર્મની પ્રવૃત્તિ કરાવી. ૬૬

हत्वा नृपानधर्मिष्ठान् घातयित्वार्जुनादिभिः
अंजसा वर्त्तयामास धर्मं धर्मसुतादिभिः ६६

इतिश्रीमद्भागवतेमहापुराणेदशमस्कंधे
नवाशीतितमोध्यायः

અધ્યાય ૯૦ મો.*

શ્રીકૃષ્ણલીલા સમન્વય.

શ્રીશુક ઉવાચ

सुखं स्वपुर्यां निवसन् द्वारकायां श्रियः पतिः
सर्वसंपत्समृद्धायां जुष्टायां वृष्णिपुंगवैः ॥१॥

* આ અધ્યાયમા શ્રીકૃષ્ણ ભગવાને કરેલી લીલાઓનો સમન્વય કરી યદુવંશીઓની વિપુલતા બતાવી છે.

શુકદેવજી કહે છે કે–સંપત્તિઓથી તથા યાદવોથી સેવાતી દ્વારકાપુરીમાં લક્ષ્મી પતિ શ્રીકૃષ્ણ સુખથી રહેતા હતા. ૧ તેમાં નવયૌવનથી દીપી રહેલી વીજળી જેવી કાંતિવાળી તથા ઉત્તમ વેશ ધારણ કરનારી સ્ત્રીઓ હવેલીઓમાં નિત્ય દડાઓ રમતી. દ્વારકાના માર્ગો મદ ઝરતા મોટા હાથીઓથી શણગારેલા યોદ્ધાઓથી તપાવેલા સુવર્ણથી ઉજ્વલ રથોથી સુંદર બાગબગીચાઓથી પુષ્પિત થયલા ફૂલઝાડોની પંક્તિઓમાં પેસતા ભમરાઓથી અને પક્ષીઓથી ચારે તરફ ગણુગણી રહેલી હતી. ૪ દ્વારકા નગરીમાં સોળ હજાર એકસો ને આઠ સ્ત્રીઓના પતિ શ્રીકૃષ્ણ ભગવાન તેટલાં વિચિત્ર રૂપ ધારણ કરી મહા સમૃદ્ધિવાળાં સ્ત્રીઓનાં ઘરોમાં રહેતા હતા સુંદર ઘરોમાં નિર્મળ જળાશયોનાં જળજ ઉઘડી ગયલાં ઉત્પલ કહ્લાર, કુમુદ તથા કમળોના સુગંધથી વાસિત થયલાં હતાં અને તેમાં પક્ષીઓનાં ટોળા કલરવ કરી રહ્યાં હતાં. ૬ શ્રીકૃષ્ણ ભગવાન કે જે મહા વૈભવવાળા હતા, તે સરસીઓના જળમાં પ્રવેશ કરીને વિહાર કરતા અને ભગવાનનું શ્રીઅંગ આલિંગન કરતી સ્ત્રીઓના કેસર લેપથી રંગાતું હતું ૭ પ્રેમથી મૃદંગ પણવ આનક અને વીણા વગાડતા ગંધર્વ લોકો તથા સૂત માગધ અને બંદીજનો ભગવાનનું સ્તવન કરતા હતા. ૮ સ્ત્રીઓ હાસ્ય કરતી શ્રીકૃષ્ણ ભગવાનને પિચકારીઓમાં રંગ ભરી ભરીને ભીંજવતી હતી અને શ્રીકૃષ્ણ સામા તેઓને પિચકારીઓથી ભીંજવતા હતા, કુબેર જેમ યક્ષણીઓની સાથે વિહાર કરે તેમ શ્રીકૃષ્ણ તેમની સાથે વિહાર કરતા હતા. ૯ ભગવાનને ભીંજવતી સ્ત્રીઓનાં વસ્ત્રો ભીંજાઇ જવાથી, તેમનાં સાથળ તથા અંગ સ્પષ્ટ દેખાતાં હતાં, સ્ત્રીઓ પીચકારીઓથી પોતાની રક્ષા કરવાની ઇચ્છાથી ભગવાનનું આલિંગન કરતી તે વખતે આતુર થઇ જતી, આનંદથી તેમનાં મુખ શોભી રહેતાં ને તેઓના મોટા કેશકલાપમાંથી પુષ્પો ખરતાં ૧૦ ભગવાને કંઠમાં પહેરેલી માળા સ્ત્રીઓના સ્તન પરના લેપ લાગવાથી રંગાઇ ગઇ હતી. શ્રીકૃષ્ણ વિહારની ઇચ્છાથી કેશના બંધનને હલાવતા હતા, સ્ત્રીઓને ભીંજવતા હતા, અને હાથણીઓથી વિંટાયેલા મહા હાથીની પેઠે વિહાર કરતા હતા, ૧૧ નટ, નૃત્ય કરનારી સ્ત્રીઓ તથા ગીત અને વાજીંત્રથી આજીવિકા કરનારાઓને શ્રીકૃષ્ણ ભગવાન ક્રીડાનાં આભૂષણો તથા વસ્ત્રો આપતા હતા, તેમ ભગવાનની સ્ત્રીઓ પણ આપતી હતી. ૧૨ વિહાર કરતા શ્રીકૃષ્ણ ભગવાનની ગતિ ભાષણ મામક ઉપહાસ્યનાં વચનો અને આલિંગનથી સ્ત્રીઓની બુદ્ધિ મોહિત થતી હતી. ૧૩ ભગવાનનું મનન કરનારી અને ભગવાનમાં જેમની બુદ્ધિ લાગી રહી હતી એવી પટરાણીઓ ઉન્મત્ત તથા જડની પેઠે જે જે વચનો બોલતી તે તે વચનો હું તમને કહું છું તે સાંભળો. ૧૪

પટરાણીઓ–હે ટીટોડી! જગતમાં ગુપ્ત બોધવાળા શ્રીકૃષ્ણ રાત્રીમાં પોઢયા છે તેમની નિદ્રામાં તું વિલાપ કરીને ભંગ કરે છે અને નિદ્રા કરતી નથી, તે અયોગ્ય છે. હે સખી! તારૂં મન અમારી પેઠે કમળનયન એવા શ્રીકૃષ્ણ ભગવાનના ઉદાર હાસ્ય તથા લીલાપૂર્વક જોવાથી મોહિત છે કે તું દયા આવે તેમ રડે છે? અથવા દાસીપણાને પામેલી અમે જેમ શ્રીકૃષ્ણના ચરણે સેવાયેલી માળાને અમારા કેશપાશ ઉપર ધારણ કરવાની ઇચ્છા રાખીએ છીએ, તેમ તું પણ ઇચ્છે છે? ૧૬ હે સમુદ્ર! તું ઉંઘ નહિ આવવાથી અને ઉજાગરો થવાને લીધે નિરંતર ચીસો પાડે છે? અથવા અમને જેવી દશા પ્રાપ્ત થઇ છે તેવી દશા તને પણ પ્રાપ્ત થઇ છે. શ્રીહરિએ અમારાં કેસરાદિકના લાંછને ગ્રહણ કર્યા છે તેમ શ્રીકૃષ્ણે તારાં લક્ષ્મી તથા કૌસ્તુભાદિક લાંછનો ગ્રહણ કર્યા છે. ૧૭ હે ચંદ્ર! તું

મોટા ક્ષય રોગમાં આવી જવાથી ક્ષીણ થઈ ગયો છે, તેથી કિરણોવડે શું અંધારાને મટાડતો નથી, અથવા શું તું અમારી પેઠે ભગવાનની ગુપ્ત વાર્તાઓ સંભારીને ચિંતામાં ડુબી જવાથી અંધારાને મટાડતો નથી? અમારી પેઠે તારી ગો (કાંતિ) પણ સ્થિર થઈ ગઈ જણાય છે. ૧૯ હે મલયગિરિના પવન! અમે તારૂં શું અપ્રિય કર્યું છે કે જેથી તું ભગવાનનાં કટાક્ષોથી કોરાઈ ગયેલાં અમારાં હૃદયમાં કામને ઉત્પન્ન કરે છે. ૧૯ હે મેઘ! તારામાં તાપ હરણ કરવાનો ગુણ છે તેથી તું ભગવાનને ખરેખર પ્રિય છે અને તેથી તું પ્રેમથી બંધાઈ અમારી માફક ભગવાનનું ધ્યાન ધરે છે. ઉત્કંઠાથી જ્યારે તારૂં હૃદય ભરાય ત્યારે તું શ્રીકૃષ્ણને સંભારીને અમારી પેઠે અશ્રુની ધારાઓ પાડે છે, શ્રીકૃષ્ણની સાથે શા માટે મિત્રતા કરી? ભગવાનને પ્રસંગ દુઃખદાયી થઈ પડે એવો છે. ૨૦ હે કોયલ! તું મરી ગયેલાંને પણ જીવાડે, એવી કોમળ વાણીથી શ્રીકૃષ્ણનાં પદ ગાય છે, તેથી આજે હું તારૂં શું પ્રિય કરૂં? ૨૧ હે ગિરિ! તું પણ હાલતો નથી તેમ બોલતો પણ નથી, માટે તું કોઈ મહા વિષયનો વિચાર કરતો હોય તેમ જણાય છે. શું તું પણ અમારી પેઠે શ્રીકૃષ્ણનાં ચરણારવિંદને પોતાની ઉપર ધારણ કરવાની ઇચ્છા રાખે છે. જો એવી તારી ઇચ્છા હશે, તો તારી અમારા જેવી સ્થિતિ થશે. ૨૨ હે નદીઓ! અમે જેમ શ્રીકૃષ્ણ ભગવાનનાં કૃપાકટાક્ષ ન મળવાથી હૃદયશૂન્ય થઈ ઘણી દુર્બળ થયેલી છીએ તેમ તમે હમણાં મેઘદ્વારા મહાસાગરનું પાણી ન મળવાથી બહુ દુર્બળ થયેલી ને કમળની શોભાથી રહિત થએલી વેણીના જેવી પાતળા પ્રવાહવાળી ભાસો છો. હે હંસ! અહીં બેસ, દૂધ પી અને અમારી સાથે શ્રીકૃષ્ણની વાત કર. ભગવાન કુશળ છે? ક્ષણિક સ્નેહવાળા શ્રીકૃષ્ણે પૂર્વે અમને જે કહ્યું હતું તે તને સંભારે છે? હે દૂત! શ્રીકૃષ્ણ અમને બોલાવતા હોય તો તેમને અહીં તેડી લાવ, પરંતુ લક્ષ્મી અમને છેતરીને એકલીજ ભગવાનને સેવે છે, માટે લક્ષ્મી વિના એકલા શ્રીકૃષ્ણ ભગવાનને અહીં બોલાવી લાવ. લક્ષ્મી એક નિષ્ઠાવાળી છે માટે તેમનો કેમ ત્યાગ થાય એમ ધારતો નહિ, અમે પણ એક નિષ્ઠાવાળી છીએ.

શુકદેવજી કહે છે કે—યોગેશ્વરોના ઈશ્વર શ્રીકૃષ્ણ ઉપર આવી રીતનો પ્રેમ કરવાથી ભગવાનની સ્ત્રીઓ પરમ ગતિ પામી. ૨૫ યોગેશ્વરના ઇશ્વર મહા કીર્તિવાળા ભગવાનની કથાઓ સાંભળવાથી તેમના મહિમાવાળાં ગીતો ગાવાથી પણ તે સ્ત્રીઓનાં મનને બળાત્કારે આકર્ષણ કરે છે, ત્યારે જે સ્ત્રીઓ ભગવાનનાં સાક્ષાત્ દર્શન કરે તેઓનાં મન હરણ કરે, તેમાં આશ્ચર્ય શું? ૨૬ જે સ્ત્રીઓ જગતના ગુરૂ શ્રીકૃષ્ણ ભગવાનની પતિબુદ્ધિથી પ્રેમપૂર્વક ચરણ ચાંપવા વગેરે સેવા કરતી હતી તેઓનાં તપનું કેટલું વર્ણન કરીએ? ૨૭ આ રીતે વેદોક્ત ધર્મ પાળતા તથા સત્પુરૂષોના શરણરૂપ શ્રીકૃષ્ણે ઘર ધર્મ અર્થ તથા કામનું સ્થાન છે. ૨૮ ગૃહસ્થાશ્રમીઓના ઉત્તમ ધર્મને પાળતા શ્રીકૃષ્ણને સોળ હજાર એકસો ને આઠ સ્ત્રીઓ હતી. હે સજ્જન! સ્ત્રીઓમાં રત્ન જેવી સોળ હજાર સ્ત્રીઓમાં રુક્મિણી આદિ જે આઠ પટરાણીઓ પ્રથમ કહી તેઓના પુત્રોનાં નામો પણ અનુક્રમે કહેલાં છે. ૩૦ સત્ય સંકલ્પવાળા ભગવાને પોતાની જેટલી સ્ત્રીઓ હતી, તે પ્રત્યેક સ્ત્રીઓમાં દશ દશ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. ૩૧ મહા પરાક્રમી પુત્રોમાં અઢાર પુત્રો ઉદાર, યશસ્વી તથા મહારથી હતા. તેમનાં નામ આ પ્રમાણેઃ— ૩૨ પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ, દિપ્તિમાન, ભાનુ, સાંબ, મધુ, બૃહદ્દભાનુ, ચિત્રભાનુ, વૃક, અરૂણ, પુષ્કર, વેદબાહુ, શ્રુતદેવ સુનંદન, ચિત્રબાહુ, રૂક્મિણીના પુત્ર પ્રદ્યુમ્ન પોતાના પિતાની પેઠે સર્વોત્તમ હતા.

૩૫ મહારથી પ્રદ્યુમ્ન રૂકિમની પુત્રીને પર-
ણ્યા હતા, તેમને દશ હજાર હાથીના જેવા
બળવાળો અનિરૂદ્ધ થયો હતો ૩૬ દૌહિત્ર
અનિરૂદ્ધ રૂકિમની પૌત્રીને પરણ્યા હતા,
તેમનો પુત્ર વજ્રનાભ થયો જે મુશલમાંથી
બચી અવશેષ રહ્યો હતો વજ્રનાભને પ્રતિ-
બાહુ થયો હતો. ૪૮ શ્રીકૃષ્ણના કુળમાં
ધનહીન, થોડી પ્રજાવાળા, અલ્પ આયુષ્ય
વાળા, અલ્પ પરાક્રમવાળા ને બ્રાહ્મણોનું
અપમાન કરે એવા પુરૂષો જન્મ્યા ન હતા.
૩૯ પ્રખ્યાત ચરિત્રવાળા યદુ વંશમા
જન્મેલા પુરૂષોની ગણત્રી લાખો વર્ષે પણ
કરી શકાય તેમ નથી. ૪૦ યદુ વંશમા
ઘણા કુમારો હતા યદુકુમારોને ભણાવવા
માટે ત્રણ કરોડ આઠ હજાર ને આઠ સો
ઉપાધ્યાયો રાખ્યા હતા. દ્વારકામા ઉગ્રસેન
અસંખ્ય યાદવો સાથે રહેતા હતા, મહાત્મા
યાદવોની કોણ ગણત્રી કરી શકે ! ૪૨
દેવતા અને અસુરોના યુદ્ધ વખતે જે દૈત્યો
મરણ પામ્યા હતા તેઓ દૈત્યોનો નાશ
કરવા ભગવાનની આજ્ઞાથી યદુકુળમાં દેવ
તાઓ થઈ અવતર્યા હતા અને હે રાજન !
તેઓનાં એકસો ને એક કુળ હતાં. ૪૪ સર્વે
યાદવોને શ્રીકૃષ્ણદેવ પ્રભુરૂપે માન્ય હતા
અને જે શ્રીકૃષ્ણને અનુસરતા હતા તે સર્વે
યાદવો સંપત્તિવાળા હતા. ૪૫ યાદવોને
સુતાં, બેસતાં, ફરતા, બોલતાં, રમતાં,
નહાતાં તથા બીજાં કાર્ય કરતાં પોતાના
શરીરનું ભાન રહેતું નહિ. ૪૬ ભગવાનનાં
ચરણ ધોવાના જલરૂપ ગંગાજી સર્વોત્તમ
તીર્થરૂપ હતાં, પરંતુ યાદવકુળમાં ભગવાનની
કીર્તિરૂપ તીર્થ જ્યારથી ઉત્પન્ન થયું હતું
ત્યારથી ગંગાજીના માનમાં ન્યૂનતા થઇ
હતી. શ્રીકૃષ્ણના શત્રુઓ તથા સ્નેહીઓ
તેમના સ્વરૂપને પામ્યા હતા, એમાં કંઈ
પણ આશ્ચર્ય નહતું. જેમને માટે બ્રહ્માદિક
દેવતાઓ પ્રયત્ન કરે એવાં લક્ષ્મી શ્રીકૃષ્ણની
પાસે રહેતાં તેમાં પણ આશ્ચર્ય નથી. તેમનું
નામ સાંભળવાથી અથવા બોલવાથી અમં
ગળનો નાશ થાય છે અને ધર્મ તેમણે
ઋષિમંડળમાં ચલાવ્યો હતો તથા સુદર્શન
ચક્ર ધારણ કરનાર કાળરૂપી ભગવાને પૃથ્વિનો
ભાર ઉતાર્યો હતો, એમાં કઇ આશ્ચર્ય નથી.
૪૭ જીવોના નિવાસસ્થાન દેવકીના પુત્ર
કહેવાતા છતા અજન્મા, ઇચ્છા માત્રથી સર્વ
અધર્મનો નાશ કરવાને સમર્થ પોતાની
ભુજાઓથી અધર્મનો નાશ કરનારા યાદવોના
અગ્રણિઓની સભાના પતિ સ્થાવરજંગમ
પ્રાણીઓનાં પાતકનો નાશ કરનાર મંદ
નંદ હસતાં શ્રીમુખવડે વ્રજની અને નગરની
નારીઓના અંતઃકરણમાં કામદેવને જાગ્રત
કરનાર અને બ્રહ્માનંદનો અનુભવ કરાવનાર
શ્રીકૃષ્ણ ભગવાનનો જય હો. ૪૮ વેદમાર્ગની
રક્ષા કરવા લીલાવડે અવતારો ધારણ કરનાર
યાદવોમાં ઉત્તમ એવા ભગવાનનાં આવાં
ચરિત્રો મનુષ્યના કર્મ બંધનને છેદનાર છે,
ભગવાનના ચરણની સેવા કરવાની ઇચ્છાવાળા
પુરૂષોએ આવાં ચરિત્રો સાંભળવાં જોઈએ.
શ્રીકૃષ્ણની રસિક કથા સાંભળવાથી કીર્તન
કરવાથી ભક્તિવડે કાળના પ્રબળ વેગની જ્યાં
ગતિ નથી એવા શ્રીભગવાનના ધામને પમાય
છે, રાજાઓ પણ એવી ભક્તિ કરવા નગરનો
ત્યાગ કરીને વનમા ચાલ્યા જાય છે. ૫૦

मर्त्यस्तयाऽनुसवमेधितया
मुकुंदश्रीमत्कथाश्रवणकीर्त्तनचिंतयेति ।
तद्धामदुस्तरकृतांतज ापवर्ग
ग्रामाद्वनं क्षितिभुजोपि ययुर्यदर्थाः ॥
इतिश्रीमद्भागवतेमहापुराणे दशमस्कंधे
नवतितमोध्यायः

इतिश्री दशमस्कंध सम्पूर्ण.

श्रीमद्वेदव्यासविरचित

श्रीमद्भागवत

एकादशस्कंध.

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર.



યોગેશ્વરો અને યજ્ઞ

अथ

श्रीमद्भागवतभाषान्तर

एकादशस्कंध.

અધ્યાય ૧ લો.†

યાદવોને થયેલો શાપ.

श्रीबादरायणिरुवाच-कृत्वा दैत्यवधं कृष्णः सरामो यदुभिर्वृतः ।
भुवोऽवतारयद्भारं जविष्ठं जनयन्कलिम् ॥ १॥

શુકદેવજી કહે છે કે-શ્રીકૃષ્ણે બળદેવ અને યાદવો સાથે દૈત્યોનો નાશ કર્યા પછી કૌરવ પાંડવો વચ્ચે મહા કલેશ ઉપજાવી પૃથ્વીનો ભાર ઉતાર્યો. ૧ દુર્યોધનાદિકે દ્યુત રમાડી અપમાની દ્રૌપદીના કેશ ખેંચી તથા લાક્ષાભવનમાં બાળી નાંખવા વગેરે દુષ્ટ કર્મો કરી પાંડવોને કોપાવ્યા. પાંડવોને નિમિત્ત કરી બન્ને પક્ષને સહાયતા કરવા આવેલા રાજાઓને એક બીજાને હાથે મરાવી નાંખી શ્રીકૃષ્ણે પૃથ્વીનો ભાર ઉતાર્યો. ૨ શ્રીકૃષ્ણ ભગવાન પોતાની ભુજાથી રક્ષા કરાયેલા યાદવોદ્વારા પૃથ્વીને ભારરૂપ રાજાઓની સેનાઓનો સંહાર કરાવીને વિચાર કરવા લાગ્યા કે, લોક દૃષ્ટિમાં પૃથ્વીનો ભાર ઉતાર્યો ગણાય પરંતુ હજી તે બરાબર ઉતર્યો નથી. કારણ કે હજી કોઇથી સહન થાય નહિ તેવું યાદવોનું કુળ રહ્યું છે. મારા વિના બીજાથી તેનો નાશ કરી શકાય તેમ પણ નથી. ૩ મારો આશ્રય હોવાથી યદુકુળનો કોઇથી પણ પરાભવ થઇ શકે તેમ નથી. હાથી, ઘોડા, રથ વગેરે મોટા વૈભવોને લીધે તેઓ નિત્ય ઉન્મત્ત થઇને ફરે છે, માટે સંહાર કર્યા વિના ચાલે તેમ નથી. વાંસના વનમાં જેમ અગ્નિ સળગે તેમ યાદવોના કુળમાં કલેશ કરાવું. એટલે મને શાંતિ થશે. પછી હું મારા ધામમાં જઇશ. ૪ હે રાજન! સત્ય સંકલ્પવાળા શ્રીકૃષ્ણ ભગવાને આવો નિશ્ચય કરી બ્રાહ્મણોના શાપના મિષથી પોતાના કુળનો સંહાર કર્યો. જેમના કરતાં લોકોમાં વધારે શોભા નહતી તથા જેમના સંબંધથી લોકોને શોભા મળતી, એવા પોતાના શરીરથી મનુષ્યોનાં નેત્રોને મોહિત કરી પોતાની વાણીથી ભગવાનની વાણીનું સ્મરણ કરનારાઓના મનને મોહિત કરી તથા પૃથિવી ઉપર પડેલાં પગલાં ઉપરથી શ્રીકૃષ્ણના ચરણોને જોનારાની બીજા સ્થાનમાં જવા આવવા વગેરે શરીરચેષ્ટાને રોકી અનેક

---

† આ અધ્યાયમા ઋષિઓના શાપથી ઉત્પન્ન થયેલા મુશાળથી યદુવંશનો નાશ થયો તે કથા કહેલી છે.

ચરિત્રો કર્યા તથા ભવિષ્યકાળમાં ભાવિક લોકો પરિશ્રમ વિના સંસારસાગરને તરશે, એમ માની કવિ લોકોએ ઉત્તમ શ્લોકોમા રચેલી પોતાની કીર્તિને પૃથ્વી ઉપર ફેલાવી શ્રીકૃષ્ણ સ્વધામમા પધાર્યા. ૭

પરીક્ષિત રાજાએ પૂછયું કે—યાદવો બ્રાહ્મણોને માન આપનાર ઉદાર નિત્ય વૃદ્ધ પુરૂષોની સેવા કરનાર અને શ્રીકૃષ્ણ ઉપર આસક્ત હતા, છતાં તેઓને બ્રાહ્મણોનો શાપ કેમ થયો ? ૮ હે બ્રાહ્મણોત્તમ ! જે કારણથી શાપ થયો હોય, તથા યાદવો સ પથી જોડા યેલા હતા તેઓમાં પરસ્પર ભેદ કેમ પડયો એ સર્વ હકીકત મને કહો ૯

શુકદેવજી કહે છે કે—શ્રીકૃષ્ણ સર્વ કરતાં સુ દર દેહને ધારણ કરતા હતા છતા વિષ યોથી વિમુખ રહી પૃથિવી ઉપર શુભ કર્મ કરતા હતા. જે જે શુભ કર્મ કરતા તે તે પૂર્ણકામનાવાળા થઇને કરતા હતા. પોતાને ઘરમા રહેવાનું કંઇ પ્રયોજન ન હતુ છતા ઘરમા રહેનારાંઓને કર્મ કેમ કરવા તે શીખવવા ઘરમા રહેતા હતા. કર્મો કરવાનુ પોતાને પ્રયોજન ન હતું, છતા પ્રાણીઓને બહુ ફળ આપનારી પોતાની કીર્તિનો વિસ્તાર કરવા કર્મ કરતા હતા. ભગવાને વિચાર કર્યો કે પૃથ્વીનો ભાર ઉતાર્યો પરંતુ યાદવ રૂપી ભાર ઉતારવાનુ કામ રહેલુ છે, માટે તેમનો સંહાર કરવો જોઇએ.૧૦ આ જગતમા કેટલાક અશ્વમેધાદિક કર્મો પુણ્ય આપે છે, કેટલાક પુત્રાદિકના લાલનપાલન આદિક કર્મો સુખ આપે છે અને કેટલાક પ્રાયશ્ચિત્તાદિક કર્મો પાપ હરે છે. પરંતુ કાલાત્મા શ્રીકૃષ્ણ ભગવાન વસુદેવના ઘરમા રહીને જે કર્મો કરતા તે કીર્તન કરનારાઓને પુણ્ય આપનારા અત્યંત મંગળમય તથા પ્રાણીઓના કલિમલનો નાશ કરનાર હતા તેમણે બ્રાહ્મણોને પિંડારા નામે સ્થાનમા જવાનુ કહ્યુ તેથી વિશ્વામિત્ર, અસિત, કણ્વ, દુર્વાસા ભૃગુ અંગિરા કશ્યપ વામદેવ, અત્રિ વસિષ્ઠ તથા નારદ વગેરે મુનિઓ ત્યાં જઈને રહ્યા. યાદવના કુમારોએ જાંબવતીના પુત્ર સાંબને સ્ત્રીનો વેશ પહેરાવી લીધો અને રમતાં રમતાં ઋષિઓની પાસે જઇ અવિનયી છતાં વિનયીનો ડોળ ઘાલી ઋષિમુનિઓના ચરણનો સ્પર્શ કરી પૂછયું કે—હે અમોઘ જ્ઞાનવાળા બ્રાહ્મણો ! આ કાળાં નેત્રવાળી ગર્ભવતી સ્ત્રી પુત્રની કામનાવાળી છે, તે તમને પ્રશ્ન કરવાની ઇચ્છા રાખે છે પરંતુ પૂછતાં શરમાય છે માટે અમારી મારફતે પુછાવે છે કે તેને પુત્ર આવશે કે પુત્રી ? હે રાજન ! આ પ્રમાણે પૂછવાથી મુનિઓ કોપી ઉઠયા અને બોલ્યા કે—મૂર્ખો ! આ સ્ત્રી એક મુશળને જન્મ આપશે અને તે તમારા કુળનો નાશ કરશે. ૧૬ યદુકુમારો ભયભીત થઇ ગયા સાંબનુ પેટ છોડીને જોયું તો તેમાં લોઢાનું મુશળ જોવામાં આવ્યું. ૧૭ અરે આપણે આ શું કર્યું ? મનુષ્યો આપણને શું કહેશે ? આવા વિચારથી વિહ્વળ થઇ મુશળને લઇ ઘેર ગયા. ૧૮ જેમનાં મુખ ઉતરી ગયેલાં હતા એવા યાદવકુમારો મુશળ લઇને યાદવોની સભામા ગયા અને સર્વની સમક્ષ ઉગ્રસેન રાજાને બધી વાત કહી હે રાજન ! બ્રાહ્મણનો અમોઘ શાપ સાભળી તથા મુશલને જોઈ દ્વારકાના લોક આશ્ચર્ય પામ્યા.૨૦ યાદવોના રાજા ઉગ્રસેને શ્રીકૃષ્ણની સલાહ લીધા વિના મુશલને ઘસાવી નાખ્યું. નાની કરચ રહી તે સમુદ્રમા નંખાવી દીધી.૨૧ તે કરચ કોઈ મત્સ્ય ગળી ગયો અને મુશલને ઘસતાં જે કાટ નીકળ્યો તે પાણીમા તણાતો તણાતો સમુદ્રને કાંઠે લાગી ગયો, તેમાંથી પાન ઉગી માછીમારો માછલાં પકડવા સમુદ્રમાં ઉતર્યા હતા, તેઓએ જાળ નાંખી તેમાં પેલો મત્સ્ય આવ્યો. તેને ચીરતાં પેટમાથી લોઢાની કણી નીકળી, માછીએ તેનું પોતાના બાણનું ભાલોડુ બનાવ્યું.૨૩

ભગવાન પોતે તે સર્વ વાત જાણતા હતા, તેમ તે શાપને ટાળવાને સમર્થ હતા તોપણ બ્રાહ્મણોના શાપને ફેરવવાની ઇચ્છા કરી નહિ. કાળસ્વરૂપ ભગવાને તે વાતને બનવા દીધી. ૨૪

:ગવાનજ્ઞાતસર્વાર્થ ईश्वरोऽपि तदन्यथा ।
कर्तुं नैच्छद्विप्रशापं कालरूपस्त्वमोदत ॥२४॥
इतिश्रीम॰ ॰गवतेमहापुराणेकादशस्कंधे
प्रथमोध्याय:

અધ્યાય ૨ જો.‡

નારદે કહેલા ભગવદ્ધર્મો.

श्रीशुक उवाच:
गोविंदभूजगुप्तायां द्वारवत्यां कुरूद्वह ।
अवात्सीन्नारदोऽभीक्ष्ण कृष्णोपासनलालस:

શુકદેવજી કહે છે કે-હે રાજન ! દક્ષનો શાપ થવાથી નારદ એક ઠેકાણે રહી શકતા ન હતા, તોપણ શ્રીકૃષ્ણ ભગવાનની ભુજાથી રક્ષાયેલી દ્વારકાપુરીમાં રહેવા લાગ્યા. કારણ કે ત્યાં શાપનું બળ ચાલતું ન હતુ. નારદ શ્રીકૃષ્ણની ઉપાસના માટે નિત્ય ત્યાં રહેતા હતા. ૧ ચારે તરફથી મૃત્યુવડે ઘેરાયેલો કયો ઇંદ્રિયોવાન પુરૂષ મોટા મોટા દેવતાઓએ સેવવા યોગ્ય શ્રીકૃષ્ણ ભગવાનના ચરણારવિંદને સેવે નહિ ? ૨ ભગવદ્ભક્ત દેવર્ષિ નારદ મુનિ એકવાર પોતાને ઘેર આવ્યા ત્યારે વસુદેવે સત્કાર કર્યો ને પ્રણામ કરીને આ પ્રમાણે પૂછ્યું કે-હે ભગવન ! માતાપિતાનું આગમન જેમ પુત્રોનુ કલ્યાણ કરે છે, અને શ્રીહરિ ભગવાનનો માર્ગ દર્શાવનાર મહાત્માઓનું આગમન છે તે જેમ કૃપણ લોકોનું કલ્યાણ કરે છે, તેમ ભગવત્સ્વરૂપનું આગમન સર્વ પ્રાણીઓનું કલ્યાણ કરનારૂં છે. ૪ દેવતાઓ પણ મોટા પુરૂષોના સમાન નથી, કારણ કે દેવતાઓનું ચરિત્ર પ્રાણીઓને કોઈવાર સુખકારક તો કોઇ વાર દુઃખકારક થઈ પડે છે. દેવતાઓ વૃષ્ટિ કરે છે તેથી પ્રાણીઓ સુખી થાય છે, અને અતિવૃષ્ટિ કરે છે તો દુઃખી થાય છે. તમારા જેવા નિર્મળ મનના તથા ભગવાનના ઉપર નિષ્ઠા રાખનાર સાધુ પુરૂષોનાં ચરિત્રો સદા સુખકારક છે. ૫ દેવતાઓ સુખ આપે છે તોપણ ભજનને અનુસારે સુખ આપે છે, મહાત્મા પુરૂષો તેમ કરતા નથી. જેઓ દેવતાઓને જે પ્રમાણે ભજે છે તેઓને તે પ્રમાણે ફળ આપે છે; પુરૂષ જેવાં કર્મ કરે છે તેવાં ફળ થાય છે; દેવતાઓ માત્ર કર્મને સહાય કરનાર છે, મહાત્માઓ તેવા નથી. તેઓ તો દીન ઉપર દયા રાખનાર છે. ૬ હે મહારાજ ! અમે આપના આગમનથી પવિત્ર થયા છીએ, તથાપિ આપને ભગવાનના ધર્મો વિષે પ્રશ્ન કરીએ છીએ. એ ધર્મો સાંભળવાથી મનુષ્ય સર્વ ભયમાંથી મુક્ત થાય છે. ૭ મેં પૂર્વે દેવની માયાથી મોહિત થઇ પૃથ્વી ઉપર મુક્તિ આપનાર ભગવાનને પ્રજા માટે ભજ્યા હતા. ૮ હે સુવ્રત ! અમે ચારે તરફ ભયથી ભરેલા અને અનેક દુઃખોથી ભરપૂર સંસારમાંથી પરિશ્રમ વિના મુક્તિ પામીએ એવો ઉપદેશ કરો.

શુકદેવજી કહે છે કે-આ રીતે બુદ્ધિશાળી વસુદેવે પ્રશ્ન કર્યો તેથી ભગવાનના ગુણોનો પ્રસંગ નિકળતાં, તેમના ગુણોનું સ્મરણ લાવી નારદજીએ પ્રસન્ન થઇ વસુદેવને આ પ્રમાણે કહ્યુ. હે યાદવોમા શ્રેષ્ઠ તમે સર્વને પવિત્ર કરનાર ભગવાનના ધર્મો પૂછો છો, એ તમારો વ્યવસાવ ઉત્તમ છે. ૧૧ ભગવાનના ધર્મો સાંભળવાથી પાઠ કરવાથી, આદર આપવાથી તથા તેમાં સંમતિ આપવાથી વિશ્વનો દ્રોહ કરનાર પણ સદા પવિત્ર થાય છે ૧૨ આજે તમે પરમ કલ્યાણકારી તથા જેમનું ચરિત્ર સાંભળવાથી કે ગાવાથી પુણ્ય થાય એવા ભગવાન નારાયણ મને સંભારી આપ્યા, એ મારા ઉપર મોટો

‡ આ અધ્યાયમા વસુદેવના પૂછવાથી નારદે નિમિરાજા તથા યોગેશ્વરોના સંવાદરૂપે ભગવદ્ધર્મો કહ્યા.

ઉપકાર કર્યો છે. ૧૩ ભગવાનના ધર્મોનો નિર્ણય કરવા ઋષભ દેવના પુત્રોને વિદેહ રાજાનો સંવાદ કહું તે હવે સાંભળો. ૧૪ સ્વાયંભુવ મનુને પ્રિયવ્રત નામે એકપુત્ર હતો, તેને આગ્નિધ્ર તેને નાભિરાજ અને તેને ઋષભદેવ નામે પુત્ર હતા. ૧૫ એ ભગવાનના પરમભક્ત સર્વથી મોટા હતા જેમના નામ ઉપરથી અજનાભ ખંડ 'ભરતખંડ' એવા નામે પ્રખ્યાત થયો છે. ૧૭ ભરત પૃથ્વીના વૈભવો ભોગવી તેનો ત્યાગ કરી ત્રણ જન્મે મુક્તિ પામ્યા ૧૮ નવાણું પુત્રોના નવ પુત્રો ભરતખંડના નવ પેટા ભાગમાં રાજ્ય કરતા હતા અને એકાશી પુત્રો કર્મ માર્ગી બ્રાહ્મણો થયા હતા. ૧૯ કવિ હરિ અંતરિક્ષ પ્રબુદ્ધ પિપ્પલાયન આવિર્હોત્ર દ્રુમિલ ચમસ તથા કરભાજન મહા ભાગ્યશાળી મોટા યોગેશ્વરો પરમાર્થ વસ્તુને નિરૂપણ કરતા આત્મજ્ઞાનના અભ્યાસમાં પરિશ્રમ કરતા દિગંબરો હતા તથા અધ્યાત્મ વિદ્યામાં પણ કુશળ હતા. ૨૧ તેઓ કાર્ય–કારણરૂપ જગતને ભગવદ્રૂપ જોતા તથા ભગવાનના રૂપને પોતારૂપ જોતા ને પૃથ્વી ઉપર ફરતા. ૨૨ તેઓ ઇચ્છાનુસાર ગતિવાળા અને કોઇ પણ વસ્તુ ઉપર આસક્તિ ન રાખનાર યોગીઓ દેવતાઓ સિદ્ધો સાધ્યો ગંધર્વો યક્ષો અસુરો કિન્નરો નાગો મુનિઓ ચારણો ભૂતનાથ વિદ્યાધરો દ્વિજો તથા લોકોમા પોતાની ઇચ્છા પ્રમાણે ફરતા. એ યોગીઓ એક દિવસ ભરતખંડમા નિમિ રાજાનો યજ્ઞ ઋષિઓ વિધ પ્રમાણે કરતા હતા ત્યાં ગયા. ૨૪ હે રાજન! યજમાન, અગ્નિઓ તથા બ્રાહ્મણો સૂર્યના જેવા તેજસ્વી વૈષ્ણવોને જોઇ ઉભા થયા. ૨૫ વિદેહ રાજા તેઓને નારાયણ પરાયણ જોઇ પ્રસન્ન થયા. યોગીઓને આસન ઉપર બેસાડી તેમની ઘટતી પૂજા કરી. ૨૬ પોતાની કાંતિથી પ્રકાશી રહેલા બ્રહ્માના પુત્રો જેવા નવ યોગેશ્વરોને નિમિ રાજાએ વિનયથી નમ્ર થઇ પછી નીચે પ્રમાણે પૂછ્યું.

નિમિ—હું આપને સાક્ષાત ભગવાન વિષ્ણુના પાર્ષદો માનું છું, કારણ કે ભગવાનના પાર્ષદો લોકોને પવિત્ર કરવા સર્વ ઠેકાણે ફરે છે. ૨૮ દેહધારી જીવોને મનુષ્ય દેહ જો કે ક્ષણભંગુર છે તોપણ મોક્ષનું સાધન હોવાથી દુર્લભ છે. તેમાં પણ ભગવાનના ભકતોનું દર્શન વિશેષ દુર્લભ છે. જગતમાં સર્વોત્તમ કલ્યાણકારી વસ્તુ કયી છે, તે હું આપને પૂછું છું. આ સંસારમાં મનુષ્યોને અર્ધ ક્ષણ પણ સત્સંગ થવો તે એક ભંડાર જેવુ છે. ૩૦ જો ભગવદ્ધર્મો અમારે સાંભળવા જેવા હોય તો તે અમને કહો, કારણ કે જે ધર્મોથી પ્રસન્ન થયેલા ભગવાન પોતાના ભકતોને પોતાનું સ્વરૂપ અર્પણ કરે છે. ૩૧

નારદ બોલ્યા કે—નિમિ રાજાએ ઉપર પ્રમાણે પ્રશ્ન કર્યો એટલે મહાત્મા યોગેશ્વરોએ સભાસદોનો ઋત્વિજોનો તથા રાજાનો પ્રીતિથી સત્કાર કરી આ પ્રમાણે કહેવા માંડયું. આ સંસારમાં ભગવાનના ચરણારવિંદની સેવા કરવી, એ જ સર્વ પ્રકારના ભયને ટાળનારને કલ્યાણકારી ધર્મ છે, ઉપાસના કરવાથી દેહાદિક મિથ્યા પદાર્થોમાં હું અને મારૂં એવું અભિમાન રાખવાથી નિત્ય ખિન્ન રહેતા પુરૂષને સંસારનો સર્વ ભયનાશ પમાડે છે. ૩૩ મનુ યાજ્ઞવલ્કય આદિદ્વારા વર્ણાશ્રમના ધર્મો કહાવી અજ્ઞાની પુરૂષોને પરિશ્રમ વિના આત્મજ્ઞાન થવા ભગવાને પોતે શ્રીમુખથી જે ઉપાયો કહ્યા છે તેને ભગવત્સંબંધી ધર્મો જાણવા. ૩૪ યોગાદિકમાં જેમ મનુષ્યને વિઘ્ન નડે તેમ ભગવદ્ધર્મમાં કોઈ પણ દિવસ વિઘ્નો નડતાં નથી. શ્રુતિ આ બંને દ્વિજવર્ગનાં નેત્રો ગણાય છે. તેમાંથી એકને ન જાણતો હોય તે કાણો અને બંનેને ન જાણતો હોય તે આંધળો ગણાય છે. અ ધર્મો અતિ કરવામાં જેમ મુશકેલી દુઃખ પડે છે, તેમ ભાગ

બદ્ધર્મમાં ગતિ કરનારો બન્ને નેત્રો મિંચીને ગતિ કરે એટલે આંધળો જેમ એક પગલું મૂકી આગળ બીજું પગલું માંડે તેમ કોઈ કોઈ કર્મો છોડી દઈ કોઈ કોઈ કર્મો કરે છે, તોપણ તે ફળથી રહિત થતો નથી. ૩૫ શાસ્ત્રોક્ત કર્મો ભગવાનને અર્પણ કરવાં, એવો કંઈ નિયમ નથી, પરંતુ મનથી વાણીથી કર્મથી ઈંદ્રિયોથી બુદ્ધિથી અહંકારથી તથા અધ્યાસથી માનેલા મમત્વના સ્વભાવથી, જે કંઈ કર્મ કરવામાં આવે તે સર્વ પરમાત્માને અર્પણ કરવાં. અજ્ઞાનથી ભય ઉત્પન્ન થાય છે અને જ્ઞાનથી તે નાશ પામે છે તોપછી ઈશ્વરના ભજનનું શું પ્રયોજન ? જ્ઞાનસંપાદન કરવું કે જેથી અજ્ઞાનકાલ્પિત ભ્રમ દૂર થાય એવી કોઈ શંકા કરે પરંતુ તે યુક્ત નથી. ભગવાનની માયાથી અભય ઉત્પન્ન થાય છે માટે બુદ્ધિશાળી મનુષ્યે ભગવાનનું ભજન કરવું યોગ્ય છે. દેવાદિકના અભિમાનથી ભય ઉત્પન્ન થાય છે અને તે દેહના અહંકારથી થાય છે અને અહંકાર સ્વસ્વરૂપના અજ્ઞાનથી ઉપજે છે, તેમાં માયાનો દોષ નથી. મનુષ્ય જ્યારે પરમાત્માથી વિમુખ થાય છે ત્યારે ભગવાનની માયાથી સ્વસ્વરૂપને ભુલી જાય છે અને તેને હું દેહ છું, હું દુઃખી છું, હું સુખી છું, એવો ભ્રમ થાય છે. આવી દ્વૈતબુદ્ધિ થવાથી મનુષ્યને ભય ઉપજે છે. આ પ્રમાણે લૌકિક માયા પ્રસિદ્ધ છે. બુદ્ધિશાળી મનુષ્યે ગુરૂ ઉપર ઈશ્વરબુદ્ધિ તથા આત્મબુદ્ધિ કરી એકાંત ભક્તિથી માયાના નિયંતા પરમાત્માની ભક્તિ કરવી. ૩૭ ચિત્ત વિષયોથી વિક્ષિપ્ત હોય તો ભગવાનની એકાંતિક ભક્તિ થઈ શકે નહિ અને એકાંતિક ભક્તિ થઈ શકે નહિ તો અભય મળે નહિ. વિષયો એ ખરી વસ્તુ નથી, કિંતુ મનનો વિલાસ માત્ર છે, માટે મનને નિયમમાં રાખી ભજન કરવાથી અભય પ્રાપ્ત થાય છે. દ્વૈતપ્રપંચ જો કે મિથ્યા છે તોપણ સ્વપ્ન તથા મનોરથની પેઠે ચિંતન કરનારના મનમાં પ્રતીત થાય છે. જ્ઞાની પુરૂષે કર્મોના સંકલ્પ વિકલ્પ કરનાર મનને રોકવાથી ભગવાનપર અનન્ય ભક્તિ ઉપજે છે. અનન્ય ભક્તિથી ભજન કરતાં અભય પ્રાપ્ત થાય છે. ૩૮ ભગવાનના મહા કલ્યાણકારક અવતારો કર્મો તથા અવતારના અર્થવાળાં નામો જગતમાં પ્રસિદ્ધ છે, ભક્તે તેનું લજ્જા અને સ્પૃહા છોડીને શ્રવણ તથા ગાયન કરતા જગતમાં ફરવું. ૩૯ ભગવાનના નામનાં તથા કર્મનાં કીર્તન કરવાથી જેમનું હૃદય ગળી જાય છે એવા ભક્તો દાંભિકની પેઠે લોકોને દેખાડવા નહિ, પરંતુ અનુરક્ત પુરૂષની પેઠે પરાધીન થઈ ભગવાન ભક્તની આગળ હારી ગયા છે; એમ ધારી હસે છે; કોઇવાર ઘણા દિવસ સુધી ભગવાને પોતાની ઉપેક્ષા કરી છે, એમ ધારીને રડે છે, કોઇવાર અત્યંત ઉત્કંઠિત થઈ ચીસો પાડે છે; કોઇવાર મોટા હર્ષથી ગાય છે અને કોઇ વાર જય જય શબ્દો બોલી નાચે છે. ૪૦ ભગવદ્ ભક્તે આકાશ વાયુ અગ્નિ જળ પૃથ્વી નક્ષત્રાદિક તેજ પ્રાણીઓ દિશાઓ વૃક્ષાદિક નદીઓ સમુદ્રો તથા જે કંઈ પદાર્થ છે તે સર્વ ભગવાનના સ્વરૂપ જેવા ભાસે છે, એમ માનીને અનન્ય ભાવથી તે સર્વને પ્રણામ કરે છે. ૪૧ આ ગતિ તો આરૂઢ યોગીઓને ઘણે જન્મે પ્રાપ્ત થાય છે. ભોજન કરતાં પ્રત્યેક કોળીએ તોશું પરંતુ પ્રત્યેક કણે જેમ આનંદ ઉપજે પોષણ તથા ક્ષુધાની નિવૃત્તિ થાય છે તેમ ભગવાનને ભજનારા પુરૂષને ભજન કરતાં પ્રેમલક્ષણા ભક્તિ પ્રેમપાત્ર ભગવત્સ્વરૂપની સ્ફુર્તિ તથા ઘર પર વૈરાગ્ય આવે છે. ઘણા કોળિયા જમવાથી જેમ સુખાદિકમાં વૃદ્ધિ થાય છે તેમ ઘણું ભજન કરવાથી ભક્તિ વગેરેમાં વૃદ્ધિ થઈ પરમ ભક્તિનો લાભ મળે છે. ૪૨ અવિચ્છિન્નભાવથી ભગવાનનાં ચરણનું ભજન કરનાર વૈષ્ણવને ભક્તિ

જ્ઞાન તથા વૈરાગ્ય થાય ત્યારે પરમ શાંતિને પામે છે. ૪૩

નિમિ રાજાએ પૂછ્યું કે—હે મહારાજ! હવે મને વૈષ્ણવનું સ્વરૂપ કહો. વૈષ્ણવ કયા ધર્મમાં નિષ્ઠા રાખે, વૈષ્ણવનો કેવો સ્વભાવ હોય, મનુષ્યોમા વૈષ્ણવ કેવુ આચરણ કરે કેવી રીતે બોલે અને કયાં ચિહ્નો ધારણ કરે ? ૪૪

હરિ યોગેશ્વરે કહ્યું કે—હું ચૈતન્યરૂપ પરબ્રહ્મરૂપ સર્વ પદાર્થોમાં વ્યાપક છું, તેમ સર્વ પદાર્થો મારા પરબ્રહ્મસ્વરૂપમાં અધ્યાસરૂપે વ્યાપ્ત છે, એમ જે જાણે તેને ઉત્તમ વૈષ્ણવ જાણવો. ૪૫ જે મનુષ્ય ઇશ્વર ઉપર પ્રેમ ઇશ્વરના ભક્તો સાથે મૈત્રી મૂર્ખા ઉપર કૃપા તથા શત્રુઓ તરફ ઉપેક્ષા રાખે તેને મધ્યમ વૈષ્ણવ જાણવો. તે પહેલા કરતાં ભેદબુદ્ધિવાળો ગણાય છે. ૪૬ જે મનુષ્ય શ્રદ્ધા રાખીને મૂર્તિમાં ભગવાનની પૂજા કરે પરંતુ ભગવાનના ભક્તોની પૂજા કરે નહિ તેમ બીજાઓની પૂજા કરે નહિ, તેને પ્રાકૃત વૈષ્ણવ જાણવો. ૪૭ ઉત્તમ વૈષ્ણવ ભગવાનમાં ચિત્ત લાગેલું હોવાથી વિષયને ગ્રહણ કરતો નથી અને ઇંદ્રિયોથી વિષયોનું ગ્રહણ થઈ જાય તો જગતને ભગવાનની માયારૂપ માની પ્રતિકૂળ વિષયોનો દ્વેષ કરતો નથી, તેમ અનુકૂળ વિષયોથી પ્રસન્ન થતો નથી, તેને ઉત્તમ વૈષ્ણવ જાણવો. ૪૮ જે પુરૂષ ભગવાનનું અવિચ્છિન્ન સ્મરણ રહેવાથી દેહના ધર્મરૂપ જન્મ મરણ પ્રાણના ધર્મરૂપ ક્ષુધા તૃષા મનના ધર્મરૂપ ભય બુદ્ધિના ધર્મરૂપ તૃષ્ણા ઇંદ્રિયોના ધર્મરૂપ પરિશ્રમ વગેરે સાંસારિક ધર્મોથી મુંઝાય નહિ તેને ઉત્તમ વૈષ્ણવ જાણવો. ૪૯ જેના ચિત્તમાં કામ કર્મ અથવા વાસનાના બીજની ઉત્પતિ ન હોય તથા જેને ભગવાનનો આશ્રય હોય તેને ઉત્તમ વૈષ્ણવ જાણવો. ૫૦ જે પુરૂષને ઉંચા કુળમાં જન્મ થવાનો તપ આદિક કર્મનો વર્ણનો આશ્રમનો કે જાતનો અહંકાર નથી, તે પુરૂષ ભગવાનને પ્રિય છે. ૫૧ જે પુરૂષને ધનમાં પોતાનું કે પારકું એવો ભેદ નથી, તેમ દેહમાં હું અને બીજો એવો ભેદ નથી તથા જે સર્વ પ્રાણીઓ ઉપર સમદૃષ્ટિ રાખે છે અને શાંત રહે છે, તેને ઉત્તમ વૈષ્ણવ જાણવો. ૫૨ જે પુરૂષ ત્રણ લોકના વૈભવ માટે ભગવાનમાં મન રાખનાર દેવાદિકોને દુર્લભ હોવાથી શોધ કરવા યોગ્ય એવા ભગવાનના ચરણારવિંદના ધ્યાનમાંથી લવ તથા અર્ધ નિમેષ અળગો થતો નથી તેને ઉત્તમ વૈષ્ણવ જાણવો. ૫૩ તૃષ્ણાથી તાપ પામતો હોય તો પણ ભગવાનના ચરણારવિંદમાંથી ભ્રષ્ટ થવાય છે પરન્તુ ભગવત્સેવાનું સુખ મળવાથી તૃષ્ણાનો તાપ થતો નથી. ચંદ્રનો ઉદય થયા પછી જેમ સૂર્યનો તાપ રહેતો નથી, તેમ ભગવાનના પતિત પાવન ચરણની આંગળીઓમાં રહેલા નખરૂપ મણિઓની ચંદ્રિકાથી ભક્તના હૃદયનો તૃષ્ણાદિક તાપ શમે છે. પરાધીન દશામાં જેમનું નામ લેવાથી પાપ પુંજનો નાશ થાય છે તથા પ્રેમરજ્જુવડે જેમના ચરણ કમળ બંધાઈ ગયાં છે એવા ભગવાન જેના હૃદયથી દૂર ખસતા ન હોય તે પુરૂષને ઉત્તમ વૈષ્ણવ જાણવો.

विसृजति हृदयं न यस्य साक्षा-
द्धरिरवशाभिहितोप्यघौघनाशः ।
प्रणयरशनया धृताङ्घ्रिपद्मः
स भवति भागवतप्रधान उक्तः ॥५५॥

इतिश्रीमद्भागवतेमहापुराणएकादशस्कंधे
द्वितीयोध्यायः

અધ્યાય ૩ જો.†

માયા અને બ્રહ્મ.

राजो उवाचः

परस्य विष्णोरीशस्य मायिनामपि मोहिनीम्
मायां वेदितुमिच्छामो भगवतो ब्रुवंतु नः

રાજાએ વળી પૂછ્યું કે—હે મહારાજ ! ભગવાન વિષ્ણુની માયા કે જે માયાવીઓને મોહ ઉપજાવનારી છે, તે અમે જાણવા ઇચ્છીએ છીએ, માટે આપ તેનું સ્વરૂપ અમને કહો. ૧ સંસારના તાપથી તપ્ત થયેલો એવો હું શ્રીહરિની કથારૂપી અમૃત વાણી તથા જે સંસારના તાપને ટાળનાર ઔષધરૂપ છે, તે કથા સાંભળતાં તૃપ્ત થતો નથી ૨

અંતરીક્ષ—હે રાજન! પોતાના અંશરૂપ જીવોને ભોગ અને મોક્ષ આપવા સર્વના આદિ કારણરૂપ આત્મારૂપ ભગવાન પોતે સર્જેલાં પાંચ મહાભૂતોમાંથી ઉત્તમ તથા કનિષ્ઠ જાતના શરીરો ઉત્પન્ન કરે છે. ૩ જીવોના ઉપકાર માટે પાંચ ભૂતોમાંથી રચેલા શરીરોમાં અંતર્યામી રૂપે ભગવાન પ્રવેશ કરીને મનથી તથા દશ ઇંદ્રિયોથી વિષયોનો વિભાગ પાડીને વિષયોનો જીવોને ભોગ કરાવે છે. ૪ ઇંદ્રિયોદ્વારા જીવ વિષયોનો ઉપભોગ કરે છે અને શરીરને પોતાનું માની તેની ઉપર આસક્ત રહે છે. ૫ કર્મેન્દ્રિયોથી કર્મો કરી કર્મનાં સુખ દુઃખરૂપ ફળ ભોગવતો જીવ આ સંસારમાં ભટકયા કરે છે, ઘણાં દુઃખ આપનારી કર્મની ગતિ પામતો તથા પરતંત્ર એવો તે જગતનો પ્રલય થતા સુધી જન્મ મરણના ફેરામાં ફરે છે. પ્રલય સમયે આદિ અને અંતથી રહિત એવો કાળ સ્થૂલ સૂક્ષ્માત્મક જગતને ઈશ્વર પ્રતિ લઇ જાય છે. ૮ પૃથ્વી ઉપર સો વર્ષ સુધી મહા ભયંકર અનાવૃષ્ટિ થાય છે. મહા પ્રચંડ સૂર્ય ત્રણે લોકને તપાવે છે. ૯ શેષનાગના મુખનો અગ્નિ પાતાળમાંથી ઉંચી શિખાવાળો થઇ બળવા માંડે છે અને વાયુની પ્રેરણાથી ચારે તરફ વધી જાય છે ૧૦ પ્રલયના મેઘનો સમૂહ હાથીની સુંઢ જેવી ધારાઓથી સો વર્ષ સુધી વરસે છે તેથી બ્રહ્માંડ જળમાં ડુબી જાય છે ૧૧ બ્રહ્મા પોતાના બ્રહ્માંડરૂપ શરીરનો ત્યાગ કરી કાષ્ઠરહિત થયેલો અગ્નિ જેમ પોતાના સૂક્ષ્મ રૂપમાં પ્રવેશ કરે તેમ સૂક્ષ્મ સ્વરૂપ પરબ્રહ્મમાં પ્રવેશ કરે છે ૧૨ વાયુ પૃથ્વીનો ગંધ હરી લેઇ જળરૂપ થાય છે, વાયુ જળનો રસ હરી લેઇ તેજરૂપ થાય છે ૧૩ પછી પ્રલયકાળનું તેજ રૂપને હરણ કરી વાયુમાં લય પામે છે અને આકાશ વાયુનો ગ્રાસ કરી આકાશમય થઇ રહે ૧૪ કાળ આકાશના શબ્દ ગુણને હરી તામસ અહંકારમાં લય પામે છે, તેમ ઇંદ્રિયો અને બુદ્ધિ રાજસ અહંકારમાં મનના તથા ઇંદ્રિયોના દેવો સાત્વિક અહંકારમાં અહંકાર પોતાના ત્રણ પ્રકારના કાર્યોની સાથે મહત્તત્વ પ્રકૃતિમાં લય પામે છે. ૧૫ ઉત્પતિ સ્થિતિ તથા આ પ્રમાણે ત્રણ ગુણવાળી માયાનું અમે વર્ણન કર્યું, હવે બીજુ શું સાંભળવાની ઇચ્છા છે તે આપ કહો ? ૧૬

નિમિ કહે છે કે—હે મહર્ષિ ! શરીરમાં અભિમાન ધરનાર પુરૂષો મનને વશ ન કરનાર પુરૂષોથી ન તરી શકાશ એવી માયાને જે ઉપાયથી પરિશ્રમ વિના તરી જતા હોય તે અમને કહો ૧૭

પ્રબુદ્ધ યોગેશ્વર—ભક્તિ વિના બીજો કોઇ પણ ઉપાય માયાને તરવામાં ઉપયોગી નથી, ભક્તિનું સ્વરૂપ તથા તેનાં સાધનો કહું તે સાંભળો મનુષ્યો દુઃખ ટાળવા તથા સુખ મેળવવા કર્મો કરવા છતા તેમની ધારણાથી વિરૂધ્ધ ફળ ભોગવે છે, ૧૮ ધનાદિક કર્મ કરીને મેળવ્યા છતા સુખ મળતું નથી, માટે દુઃખથી મળે એવાં અને પોતાનું મરણ

† આ અધ્યાયમા માયા બ્રહ્મ તથા કર્મ વગેરે પ્રશ્નોનો ઊહાપોહ કરવામા આવ્યો છે.

નિપજાવનારા ધન ઘર સંતાન સગાં સંબંધીઓ તથા પશુઓ, જેઓ નાશવંત છે તેઓને મેળવવાથી શું સુખ? કર્મથી સંપાદન કરેલું આ લોકનું સુખ તથા આ લોક જેમ નાશવંત છે, તેમ કર્મથી મેળવેલું પરલોકનું સુખ તથા પરલોક પણ નાશવંત છે. રાજાઓ જેમ સમાન રાજાઓ સાથે સ્પર્દ્ધા કરે તથા અધિક ઉપર ઇર્ષ્યા કરે તેમ ભવિષ્યમાં સુખ નાશ પામશે એવો તેમને ભય રાખે છે, તેમ સ્વર્ગાદિક લોક પણ સ્પર્દ્ધા, ઈર્ષ્યાના ભયવાળા છે, ૨૦ કલ્યાણ કેમ થાય, તે જાણવાની ઈચ્છાવાળા પુરૂષે વેદમાં નિપુણ હોવાથી સંશય ટાળનારા તથા અપરોક્ષાનુભવ કરવાથી શિષ્યોના મનમાં પોતાનો ઉપદેશ દૃઢ રીતે બેસાડનાર અને અગાધ શાંતિવાળા ગુરૂને શરણે જવું. ૨૧ ગુરૂ ઉપર આત્મભાવની અને ઇષ્ટદેવની ભાવના કરી નિષ્કપટ ભક્તિથી તેમની પાસે ભગવદ્ધર્મો શિખવા, જે ધર્મથી આત્મારૂપ તથા ભક્તોને પોતાનુ સ્વરૂપ આપનાર ભગવાન પ્રસન્ન થાય છે ૨૨ સર્વ વિષયો ઉપર વૈરાગ્ય સાધુ પુરૂષોનો સમાગમ પોતાનાથી હીન પ્રાણી ઉપર દયા સમાનની સાથે મિત્રતા ઉત્તમોની આગળ નમ્રતા૨૩ માટી અને જળ વગેરેથી શરીરની પવિત્રતા સરલતા આદિથી મનની પવિત્રતા સ્વધર્મનું આચરણ ક્ષમા વૃથા ભાષણનો ત્યાગ વેદપાઠવગેરે સરલતા ઋતુ સમયે સ્ત્રી સમાગમ બ્રહ્મચર્ય પ્રાણીમાત્રનો અદ્રોહ, સુખદુઃખ અને ટાઢ તડકાથી હર્ષ શોક રહિત થતાં શીખવુ. ૨૪ સર્વ પદાર્થોમા સત તથા ચિતરૂપે આત્મા રહેલો છે, એવો વિચાર કરતા શીખવું. ઇશ્વર સર્વમાં નિયંતારૂપે રહેલા છે, એકાંતમા રહેવાની ટેવ પાડવી, ઘર આદિનું અભિમાન તજવું એકાત સ્થળમાં પડેલા ચીથરા અથવા શુદ્ધ વલ્કલ વસ્ત્ર પહેરવાં અને જે કઇં મળે તે ઉપર સંતોષ લેવો. ૨૫ ભગવાનનું પ્રતિપાદન કરનારાં શાસ્ત્રો ઉપર શ્રદ્ધા રાખવી, બીજાં શાસ્ત્રોની નિંદા કરવી નહિ, પ્રાણાયામથી મનને દંડ આપવો, મૌનથી વાણીને દંડ આપવો, અનુદ્યમથી ક્રીડાને દંડ તથા અયોગ્ય ભાષણ કરવાની અંતઃકરણ તથા ઈન્દ્રિયોને નિગ્રહ કરવાની ટેવ પાડવી. ૨૬ શ્રીહરિના જન્મ કર્મ તથા ગુણો સાંભળવા તેનું કીર્તન કરવું, ધ્યાન ધરવું તથા ઈશ્વર નિમિત્તે સર્વ કર્મ કરવાં. ૨૭ યજ્ઞ, દાન, તપ, જપ, સદાચાર ગંધ પુષ્પાદિ પ્રિય પદાર્થો અને સ્ત્રી, પુત્ર, ઘર તથા પ્રાણ ઇશ્વરને અર્પણ કરવાં.૨૮ કૃષ્ણચંદ્ર જેઓના આત્મા તથા સ્વામી છે, એવા મનુષ્યો ઉપર સ્નેહ કરવો, સ્થાવર જંગમની સેવા કરવી, મનુષ્યો વિષે સ્વધર્મનિષ્ઠ મનુષ્યોની વિશેષ સેવા કરવી અને તે કરતાં પણ વૈષ્ણવ જનની અધિક સેવા કરવી. ૨૯ પરત્પરમાં ઇશ્વરના પવિત્ર યશની કથા કરવી, યશોવર્ણનથી મન રંજન કરવું, પરસ્પર સુખની તથા દુઃખની નિવૃત્તિ કરવી. પાપ પુંજનો નાશ કરનાર તેમનુ સ્મરણ કરતાં તથા એક બીજાને પુનઃ પુનઃ સ્મરણ કરાવતાં ભકતોના શરીરમાં સાધન ભક્તિથી પ્રેમલક્ષણાભક્તિ ઉત્પન્ન થાય છે અને તે ભક્તિથી ભકતોના શરીરમા રોમાંચ થાય છે. ૩૧ અલૌકિક વૈષ્ણવ કોઇવાર હસે છે, કોઇવાર પ્રસન્ન થાય છે, કોઇવાર પરસ્પર વાતો કરે છે કોઇવાર નાચે છે, કોઇવાર ગાય છે કોઇવાર કૃષ્ણની લીલાનું અનુકરણ કરે છે, અને કોઇવાર તદાકારતાથી શાંત થઈ મૌન રહે છે ૩૨ ભગવાનના ધર્મો શીખતો તથા નારાયણમાં પરાયણ રહેતો પુરૂષ તેમના ધર્મોથી ઉત્પન્ન થયેલી ભક્તિના પ્રભાવથી દુસ્તર એવી માયાને પરિશ્રમવિના તરી જાય છે.

નિમિ—નારાયણ પરાયણ પુરૂષ પરિશ્રમ

વિના ભગવાનની માયાને તરી જાય છે એમ તમે કહ્યું તો હવે તમારે નારાયણ પરમાત્માનું સ્વરૂપ અમને કહેવું જોઇએ, કારણ કે તમે બ્રહ્મવેત્તા છો. ૩૪

પિપ્પલાયન યોગેશ્વર બોલ્યા કે-હે રાજન ! જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા પ્રલયના કારણભૂત છતા જે પોતે કારણ રહિત છે તથા જે જાગ્રત સ્વપ્ન તથા સુષુપ્તિ વગેરે અવસ્થાઓમાં વ્યાપક છે અને દેહ, ઇંદ્રિયો, પ્રાણ અને મન જેમનાચૈતન્યથી તથા ક્રિયામાં પ્રવૃત્તિ કરે છે તે પરબ્રહ્મને પર આત્મા જાણવા. ૩૫ સ્ફુલિંગ વગેરે અગ્નિના અંશ ગણાય છે તે જેમ અગ્નિને પ્રકાશ કરી શકતા નથી તેમ મન વગેરેની વૃત્તિઓ જડ છે, તેઓમાં આત્માનો પ્રકાશ દેખાય છે તે વૃત્તિઓનો પ્રકાશક છે પરંતુ વૃત્તિઓ તેને પ્રકાશતી સ્વયંપ્રમાણભૂત વેદવાણીરૂપ છે તેથી આત્મતત્ત્વને કહેતા નથી, પણ જાણે તેના આત્મતત્વ કહેવાતું હોય તેમ લાગે છે. વેદો કહે છે કે મન આદિ જેટલા જ્ઞાનવાળા પદાર્થો છે તે આત્મતત્ત્વને પહોંચી શકતા નથી ? એ ઉપરથી એમ સમજવું નહિ કે વેદો બ્રહ્મનું નિરૂપણ કરતા નથી

શ્રુતિઓ કહે છે કે-જે સ્થૂલ છે તે બ્રહ્મ નથી જે સૂક્ષ્મ છે તે બ્રહ્મ નથી, જે વાણીથી બોલાય છે તે બ્રહ્મ નથી. આ વચનોથી વેદે જે નિષેધ કર્યો છે તે નિષેધનો જે અવધિ તે બ્રહ્મ જાણવો. જો અવધિ ન હોય તો નિષેધ પણ સિદ્ધ થઇ શકે નહિ ૩૬ પરબ્રહ્મ પોતે એક હતા અને પાછળથી સત્વ રજ અને તમરૂપે થયા અને તેને ત્રણ પ્રકારના પ્રધાન કહે છે તથા તેને ક્રિયાશક્તિને લીધે સૂત્ર અને જ્ઞાન શક્તિને લીધે મહત્તત્ત્વ કહે છે. જીવના ઉપાધિરૂપ અહંકાર તેને કહે છે. પછી ઇંદ્રિયોના ઇંદ્રિયો, વિષયો તથા વિષયોના પ્રકાશરૂપ પરબ્રહ્મ ભાસે છે. બ્રહ્મ સર્વ સ્વરૂપથી પોતે ભાસે છે, બ્રહ્મને પોતાની સિદ્ધિ માટે બીજા કોઇ પ્રમાણની આવશ્યકતા રહેતી નથી કોઇ પણ પ્રમાણ પહોંચી શકતું નથી, બ્રહ્મ નથી એવી શંકા કરવી નહિ. ૩૭ આત્મા જન્મતો નથી માટે તે 'છે' એમ કહેવાય નહિ. વધવું, ફેરફાર થવું ઘટવું અને મરવું, આદિ છ વિકારો આત્મામાં નથી તે દેહ ધર્મો છે અને આત્મા તો તે દૈહિક વિકારોના સમયનો દ્રષ્ટા છે તેને વિકાર સંભવતો નથી. સર્વ દેશમા તથા સર્વ કાળમાં અખંડ રીતે ચાલ્યુ આવતુ જે જ્ઞાન તેજ આત્મા ગણાય છે કાળી વસ્તુનુ જ્ઞાન થવું અને પીળી વસ્તુનું જ્ઞાન નાશ પામવું; એમાં જ્ઞાનનો નાશ થાય છે એમ જાણવું નહિ, કારણ કે જ્ઞાન એક જ છે, ઇંદ્રિયોના બળથી અનેક પ્રકારનું કલ્પાયેલું હોવાથી અનેક આકારવાળી વૃત્તિઓ ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, પરંતુ જ્ઞાન તો અખંડ છે ૩૮ જરાયુજ, અંડજ, સ્વેદજ તથા ઉદ્ભિજ્જ શરીરો બદલાયા કરે છે પરંતુ તેઓમાં રહેલો પ્રાણ સર્વ શરીરોમાં જીવની પાછળ જઇને વસે છે, તેમ અવસ્થા ભેદે કરીને બદલાયા કરતા દેહોમા આત્મા પણ એકનો એક જ રહે છે, બ્રહ્મ જો કે સર્વ સ્વરૂપ છે, તોપણ વિકારો તેનો લેશ પણ સ્પર્શ કરતા નથી. આત્મા જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિ અવસ્થાઓમા નિર્વિકાર રહે છે, જાગ્રતમાં ઇંદ્રિયો કાર્ય કરે છે અને સ્વપ્નાવસ્થામા જાગ્રદવસ્થાના સંસ્કારવાળો અહંકાર લય થાય છે, તેથી લિંગ શરીરની ઉપાધિ રહેતી નથી; તેને લીધે વિકારરહિત શુદ્ધ આત્માનો નીચેની શ્રુતિ ઉપરથી અનુભવ થાય છે, હું સુખમાં સુતો હતો, મેં કંઈ પણ જાણ્યું નહિ. આવી સ્મૃતિ ઉપરથી સિદ્ધ થાય છે કે, સુષુપ્તિ અવસ્થામાં સુખને જાણનારો તથા અજ્ઞાનને જાણનારો

આત્મા છે અને જે સ્મૃતિ થાય છે તે અનુભવપૂર્વક થાય છે જે વસ્તુ અનુભવમા આવી ન હોય, તે વસ્તુનું સ્મરણ થાય નહિ. ૩૯ સુષુપ્તિ અવસ્થામા આત્માનો અનુભવ થયા છતાં પાછો જન્મમરણ રૂપી સંસાર આવે છે; તેનું કારણ એટલુ જ છે કે તે સમયે અવિદ્યા તથા તેના સસ્કારો રહે છે ધન, પુત્ર, પ્રતિષ્ઠા વગેરેનો ત્યાગ કરી કેવળ શ્રીહરિના ચરણની ઇચ્છા કરવાની જે ભક્તિ ઉત્પન્ન થાય છે તે ભક્તિથી જ્યારે ચિત્તના અવિદ્યાથી તથા ગુણ કર્મ વગેરેથી થયેલા સસ્કારરૂપી મળ નાશ પામે છે ત્યારે ચિત્ત શુદ્ધિ થયા પછી આત્મતત્ત્વનુ અપરોક્ષ જ્ઞાન થાય છે સૂર્યના પ્રકાશ સ્વતસિધ્ધ છે, તોપણ તે અનિર્મળ દૃષ્ટિવાળાને દેખાતો નથી. આત્મા સ્વત સિધ્ધ છે, તોપણ નિર્મળ મનના લોકોને જોવામા આવે છે મલિન અંતઃકરણવાળાથી જણાતો નથી ચિત્તની શુધ્ધિથી આત્માનો અપરોક્ષ અનુભવ કરવો, અપરોક્ષાનુભવ વિના સંસારની અત્યત નિવૃત્તિ થતી નથી

નિમિ—હે મહારાજ ! તમે ભક્તિ કહી તે કર્મયોગને આધીન છે, તથા અમને કર્મયોગ કહો, કે જે કર્મયોગવડે પુરૂષ સંસ્કારવાળો થઇ આ જન્મમા કર્મોનો ત્યાગ કરીને કર્મોની નિવૃત્તિ મળે તેવા આત્મજ્ઞાનને પામે ૪૧ પૂર્વે એક વખતે સનકાદિક મુનિઓ મારા પિતા ઇક્ષ્વાકુની પાસે આવ્યા તે સમયે મેં તેમની પાસે તેઓને આવો પ્રશ્ન પૂછયો હતો બ્રહ્માના પુત્રોએ મને તેનો ઉત્તર આપ્યો ન હતો, તેનું શું કારણ ? ૪૨

આવિર્હોત્ર યોગેશ્વરે કહ્યુ કે—વેદમાં જે વિધિ છે તે કર્મ કહેવાય છે. જે કરવા માટે નિષેધ કર્યો હોય તે અકર્મ કહેવાય છે અને જેકરવા છતા ન કરવું તે વિકર્મ કહેવાય છે કર્મ અકર્મ તથા વિકર્મ એ ત્રણે લૈકિક વસ્તુથી જાણવામાં આવતાં નથી, પરંતુ વેદની શ્રુતિઓ ઉપરથી જાણવામાં આવે છે, વેદ સાક્ષાત ઈશ્વરનું સ્વરૂપ છે કારણ કે ઇશ્વરથી ઉત્પન્ન થયેલા છે, તેથી મોટા વિદ્વાનો પણ તેમાં મુંઝાય છે. પુરૂષના વાકયનો અર્થ વક્તાના અભિપ્રાયથી જણાય છે, પરંતુ ઈશ્વરી વાકયમાં પૂર્વાપરનો વિચાર કરવાથી તાત્પર્ય જાણી શકાય છે, માટે મહા વિદ્વાનો કર્માદિકના વિષયમાં મુંઝાય છે સનકાદિક ઋષિઓએ તમને બાળક ધારી તે સમયે તમારા પ્રશ્નનો ઉત્તર આપ્યો ન હતો. ૪૩ વેદમાં પરોક્ષવાદ છે ગુપ્ત રહેલા વિષયને ગુપ્ત રાખવા બીજી રીતે કહેવામા આવે, તે પરોક્ષવાદ કહેવાય. વેદમાં કર્મો ત્યાગના અર્થના છે, માટે વેદને પરોક્ષવાદરૂપ કહેલો છે. પિતા પોતાના પુત્રનેઔષધ આપતાં મિઠાઇ આપવાની લાલચ આપે છે અને છેવટે કદી તે આપે છે, પરંતુ તેમાં મિષ્ટતા એ તાત્પર્ય હોતુ નથી, રોગોપશાંતિ કરવાજ તાત્પર્ય હોય છે; 'स्वर्गकामो यजेत' વગેરે શ્રુતિઓનું તાત્પર્ય સ્વર્ગાદિકમાં નથી પરતુ યજમાનને કર્મબધનમાંથી છૂટો કરવામાં છે ૪૪ આથી એમ સમજવું નહિ કે વૈદિત કર્મો ત્યાગ કરવાં અજ્ઞાની મનુષ્ય કર્મના ફળ ઉપર આસક્તિ રાખ્યા વિના વેદોક્ત કર્મ કરી તે ઇશ્વરાર્પણ કરે છે, તે નિષ્કામ સિધ્ધિને પામે છે. વેદમાં વિવિધ ફળો શા માટે કહ્યાં હશે ! એવી કોઇને શકા થાય પરતુ તે શંકા નિર્મૂળ છે. વેદમાં જે ફળશ્રુતિ કહેલી છે તેનું તાત્પર્ય પ્રલોભન છે માટે કર્મ કરવા તો નિષ્કામ કરવાં સકામ નહિ એ તેનો ફલિતાર્થ છે. કર્મ કરવાં, પરંતુ સ્વર્ગાદિકની ઇચ્છા રાખવી નહિ. એટલે નૈષ્કર્મ્યથી સિધ્ધિ છે. ૪૬ જીવ જો કે પરબ્રહ્મરૂપ છે, તોપણ તે માયાના બંધનમાં બંધાયેલો છે. તેમ પોતાના અહંકારરૂપી હૃદયબધનને તોડવાની ઇચ્છા હોય

હોય તો તેણે વેદોક્ત તથા તંત્રોક્ત રીતે શ્રીહરિનું પૂજન કરવું. આચાર્યની કૃપા સંપાદન કરી તેમની પાસેથી પૂજનપ્રકાર શીખવો તથા ભગવાનની જે મૂર્તિ પોતાને પ્રિય હોય, તેની પૂજા કરવી. ૪૮ સ્નાનાદિક કરી પવિત્ર થવું, મૂર્તિની સન્મુખ બેસી પ્રણામ કરી તથા ભૂતશુદ્ધિ આદિ કરી દેહની શુદ્ધિ કરવી. પછી ન્યાસો કરીને પોતાના દેહની રક્ષા કરી જે કંઇ પૂજોપચાર મળી આવે તેનાથી સેવા કરવી. ૪૯ જેમ મૂર્તિ વગેરેમાં પૂજા કરી હોય તેમ હૃદયમાં પણ શ્રીહરિની પૂજા કરવી, અને તે જેવી જેવી સામગ્રી મળે તે પ્રમાણે કરવી. પુષ્પ વગેરે પૂજાની સામગ્રીને જીવજંતુ કાઢી સાફ કરવી પૃથ્વીને લીંપી શુધ્ધ કરવી, મનને અંત્યગ્રરૂપે રાખવું અને મૂર્તિ ઉપરથી ચંદનાદિક ઉતારી પૂજા કરવી. આસનનું જળથી પ્રોક્ષણ કરી પાદ્ય, અર્ઘ્ય અને આચમનીય એ ત્રણ પાત્ર તૈયાર કરી હૃદયમાં પૂજેલા ભગવાનનું મૂર્તિમાં આરોપણ કરવું. હૃદય, શિર શિખા કવચ, નેત્ર તથા અસ્ત્રના મંત્રોથી દેવતાના શરીરમાં ન્યાસ કરી મૂળ મંત્રોથી પૂજા કરવી. મૂળ મંત્રો ભણી હૃદયાદિક અંગ, ચક્રાદિક ઉપાંગ તથા પાર્ષદો સાથે મૂર્તિનું પૂજન કરવું. પાદ્ય અર્ઘ્ય આચમનીય મધુપર્ક આચમન સ્નાન વસ્ત્ર આભૂષણ ચંદન પુષ્પ, અક્ષત, માલા ધૂપ દીપ અને નૈવેદ્યોથી વિધિપૂર્વક પૂજન કરી સ્તત્રોથી સ્તુતિ કરવી આત્મા ભગવદ્રૂપ છે એવું ધ્યાન કરતાં માનવું પછી નિર્માલ્ય પુષ્પાદિક મસ્તક ઉપર ચઢાવી પૂજેલી મૂર્તિને પાછી પધરાવી સેવાકર્મ સમાપ્ત કરવું. ૫૪ આ પ્રમાણે જે પુરૂષ અગ્નિ સૂર્ય પાણી વગેરેમાં અતિથિમાં અને પોતાના હૃદયમાં ઇશ્વરનું પૂજન કરે છે તે મુક્ત થાય છે. ૫૫

एवमग्न्यर्कतोयादावतिथौ हृदये च यः ।
यजतीश्वरमात्मानमचिरान्मुच्यते हि सः ॥
इतिश्रीमद्भागवतेमहापुराणेएकादशस्कंधे
तृतीयोऽध्यायः

અધ્યાય ૪ થો.†

ભગવાનની લીલાઓ.

राजो उवाच.

यानि यानीह कर्माणि यैर्यैः स्वच्छंदजन्मभिः
चक्रे करोति कर्त्ता वा हरिस्तानि ब्रुवन्तु नः

નિમિએ પૂછયું કે–હે યોગેશ્વર ભગવન ! ભગવાનની મૂર્તિનું પૂજન કરવા તેમના અવતારો જાણવા જોઇએ. સ્તુતિ કરવા તેમના ગુણ અને કર્મ જાણવાં જોઇએ; માટે જે જે અવતારોથી તેમણે જે જે કર્મો કર્યા હોય તે સર્વ અમને હવે વિસ્તારથી કહો.

દ્રુમિલ યોગેશ્વર બોલ્યા કે–ભગવાનના ગુણો અનંત છે. જે પુરૂષ તે ગણવાની ઇચ્છા કરે તેને મૂર્ખ જાણવો. કોઇ મહાબુધ્ધિશાળી પુરૂષ પૃથ્વીના રજકણોને ગણે તો તે ઘણે કાળે ગણી શકાય પરંતુ ભગવાનના ગુણો ગણી શકાય નહિ. તમારા પ્રશ્ન પ્રમાણે સર્વ અવતારોની કથા કહી શકાય તેમ નથી, પરંતુ કેટલાક અવતારોની કથાઓ કહીશું. ૨ આદિદેવ નારાયણ પોતે રચેલા પંચમહાભૂતવડે બ્રહ્માંડરૂપી દેહ બનાવી જ્યારે લીલા કરવાને તેમાં પ્રવેશ્યા ત્યારે તે 'પુરૂષ' નામ પામ્યા. એ પહેલો અવતાર કહેવાય છે. ૩ આ લોકની જે રચના થઇ છે, તે પુરૂષનો દેહ ગણાય છે, તેમ જીવની જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો પોત પોતાના વિષયોમાં પ્રવર્તે છે. આદિપુરૂષને સ્વતઃસિધ્ધ જ્ઞાન છે. એ પ્રભુથી જીવોના દેહની શક્તિઓ તથા ઇંદ્રિયોની શક્તિઓ થઇ તેમ સત્વગુણથી તથા તમોગુણથી જગતની

† આ અધ્યાયમા દ્રુમિલ યોગેશ્વર ભગવાનની અવતાર લીલાઓ વર્ણવાય છે.

ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલય થાય છે. ૪ જગતની રચના કરવા રજોગુણમાંથી બ્રહ્મા રક્ષા કરવા માટે સત્વગુણમાંથી વિષ્ણુ કે જે યજ્ઞફળ આપનારા અને દ્વિજ લોકોના તથા તેઓના ધર્મના પાલક છે, તથા પ્રલય કરવા માટે તમોગુણમાંથી રૂદ્ર થયા, જેનાથી ઉત્પન્ન થયેલા બ્રહ્મા વિષ્ણુ અને રૂદ્ર જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલય કર્મ કરે છે તે આદિ પુરૂષ છે. ધર્મની સ્ત્રી તથા દક્ષની પુત્રી મૂર્તિમાં નર—નારાયણ નામે એક અવતાર થયો હતો, તે મહર્ષિ ભગવાન કે જેમના ચરણને ઋષિઓ સેવે છે, તેમણે આત્મસ્વરૂપને જણાવનાર કર્મોનો નારદાદિકને ઉપદેશ કર્યો હતો, એ ભગવાન અદ્યાપિ એવાં જ કર્મ કરે છે. ૬ એકવાર નર—નારાયણનું તપ જોઇને આ મારૂં ઈંદ્રાસન લઈ લેવાની ઇચ્છા કરે છે, એવી ઇંદ્રને શંકા થઇ અને તેણે તપનો ભંગ કરવા કામદેવને વસંતાદિક પરિવાર સાથે મોકલ્યો. કામદેવ ભગવાનના મહિમાથી અજાણ્યો હતો તે અપ્સરાઓનો સમૂહ, વસંત તથા મંદવાયુ સાથે આશ્રમમાં જઇને સ્ત્રીઓનાં કટાક્ષરૂપી બાણોથી તેમને વિંધવા લાગ્યો. ૭ ભગવાન નારાયણ જાણતા હતા કે, આ પ્રપંચ ઈન્દ્રે કર્યો છે, છતાં ભગવાને અભિમાન રહિત થઇ શાપના ભયથી ધ્રૂજતા તે લોકો પ્રત્યે હસીને કહ્યું કે,—હે કામદેવ! હે દેવાંગનાઓ! તમે ડરશો નહિ. અમારી પાસેથી તમને અતિથિ સત્કાર મળશે. અભય આપનાર ભગવાનનું વચન સાંભળી તે બોલ્યાં કે—હે પ્રભો! આપ માયાથી પર છો નિર્વિકાર છો, ઘણા આત્મારામ તથા ધીર પુરૂષો આપના ચરણારવિંદમાં પ્રણામ કરે છે, આપ વિષે આવી દયાળુતા તથા આવું જતેંદ્રિયપણું હોય એમાં કંઈ આશ્ચર્ય નથી. ૯ તમારી સેવા કરનાર લોકો દેવોના સ્થાનને ઉલ્લંઘી ઉત્તમ સ્થાનમાં જાય છે. દેવતાઓ તેઓને ઘણાં વિઘ્નો કરે છે પરંતુ આપની સેવા ન કરનાર લોકો યજ્ઞમાં દેવતાઓને તેમના ભાગરૂપ બલિ આપ્યા કરે છે, દેવતાઓ તેમને કંઇ પણ વિઘ્ન કરતા નથી. તમારા ભક્તોને વિઘ્ન કરે છે, છતાં તમે તેઓના રક્ષક હોવાથી ભક્તજનો વિઘ્નનાં મસ્તક ઉપર પગ મૂકે છે. ૧૦ અમે ક્ષુધા તૃષા ટાઢ તડકો વરસાદ પવન જિહ્વાનો રસ લઈએ છીએ, તેઓનું ઉલ્લંઘન કરીને જે પુરૂષો નિષ્ફળ ક્રોધને વશ થાય છે, તેઓ અપાર સમુદ્રોને તરી ગાયની ખરી જેવડા ખાબોચીઆમાં ડુબી જાય છે. ક્રોધથી શાપાદિક આપીને પોતાના ઉત્તમ તપનો બીજા વૃથા નાશ કરે છે. ૧૧ દેવતાઓ સ્તુતિ કરતા હતા એટલામાં ભગવાને તેઓનો ગર્વ ઉતારવાને સેવા કરતી, શણગારેલી તથા અત્યંત રૂપવતી સ્ત્રીઓ પોતાના યોગબળથી ઉત્પન્ન કરી દેખાડી. ૧૨ દેવતાઓ દેહધારી મૂર્તિમતી લક્ષ્મીના જેવી સ્ત્રીઓને જોઇ મોહિત થયા. દેવતાઓના સ્વામી ભગવાન નારાયણે પોતાને નમેલા દેવતાઓને હસીને કહ્યું કે—આમાંથી તમે એક સ્ત્રીને માગી લ્યો. કદાપિ તમને એમ લાગતું હોય કે, અમે તુચ્છ કયાં અને આ ઉત્તમ સ્ત્રીઓ કયાં! તો આમાં જે સ્ત્રી તમારા જેવી રૂપવાળી અને સ્વર્ગના આભૂષણરૂપ હોય, તેવી ઉર્વશીને માગી લ્યો. ૧૪ તે સાંભળી દેવતાઓના બંદીજનો 'તથાસ્તુ' એમ કહી ભગવાન નારાયણની આજ્ઞા માથે ચઢાવી તેમને નમસ્કાર કરી અપ્સરાઓમાં શ્રેષ્ઠ એવી ઉર્વશીને લઇ સ્વર્ગમાં ગયા. ૧૫ ઈંદ્રની સભામાં આવી નમસ્કાર કરી સર્વે દેવો સાંભળતાં તેમણે નારાયણના પરાક્રમની સ્તુતિ કરી તે સાંભળી ઈંદ્ર આશ્ચર્ય પામ્યો. ૧૬ ભગવાને હંસાવતાર ધારણ કરી સનકાદિકને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો હતો. દત્તાત્રેય, સનકાદિક તથા અમારા પિતા ઋષભદેવજીરૂપે શ્રીવિષ્ણુ જગતનું કલ્યાણ

કરવા અંશવડે અવતર્યા હતા અને તેઓએ આત્મવિદ્યાનો ઉપદેશ કર્યો હતો. વિષ્ણુએ હયગ્રીવનો અવતાર ધારણ કરી મધુ દૈત્યને મારી શ્રુતિઓ ઉદ્ધારી હતી. ૧૭ ભગવાને મત્સ્યાવતાર ધારણ કરી પ્રલયમાં મનુની પૃથ્વીની તથા ઔષધિઓની રક્ષા કરી હતી. વરાહ અવતાર ધારણ કરી જળમાંથી પૃથ્વીને બહાર કાઢતાં હિરણ્યાક્ષ દૈત્યને માર્યો હતો, અમૃતમથનમાં કચ્છપાવતાર ધારણ કરી પીઠ ઉપર પર્વત ધારણ કર્યો હતો. જેમણે પીડાને લીધે શરણે આવેલા ગજેંદ્રને છોડાવ્યો હતો, તે પણ શ્રીહરિ ભગવાનનો અવતાર હતો. ૧૮ બાલખિલ્ય નામે તપસ્વી ઋષિઓ કશ્યપ માટે સમિધ લેવાને ગયા હતા, ત્યાં ગાયના પગલાના ખાબોચીઆમાં ડુબી ગયા અને ઇંદ્રે ઉપહાસ કર્યું. ભગવાને તેઓને કષ્ટમાંથી છોડાવ્યા. વૃત્રાસુરનો નાશ કરવાથી ઇંદ્રને બ્રહ્મહત્યા લાગી હતી તેને તેમાંથી ભગવાને મુક્ત કર્યો હતો. દૈત્યોને ત્યાંથી દેવતાઓની અનાથ સ્ત્રીઓને છોડાવી હતી. નૃસિંહાવતાર ધારણ કરી જગતને અભય આપવા હિરણ્યકશિપુનો નાશ કર્યો હતો. સર્વ મન્વંતરોમાં દેવ તથા દૈત્યોની વચ્ચે થયેલા સંગ્રામમાં પોતાના અવતારોથી દેવતાઓને માટે દૈત્યોનો સંહાર કરી લોકોનું રક્ષણ કર્યું હતું. ભગવાને માયાના મિષથી વામન અવતાર ધારણ કરી બળિરાજા પાસેથી ત્રણ પગલાંમાં પૃથ્વીને ભરી લીધી હતી. હૈહય નામે ક્ષત્રિય કુળનો નાશ કરવા ભૃગુ કુલમાંથી અગ્નિ ઉત્પન્ન થયો હોય તેમ પરશુરામ અવતાર ધરી પૃથ્વીને નિઃક્ષત્રિય કરી હતી. રામાવતાર ધારણ કરીને સમુદ્ર ઉપર સેતુ બાંધ્યો તથા લંકાની સાથે રાવણનો નાશ કર્યો. ભગવાનના અવતારોમાં લોકોનાં પાપને હરનાર કીર્તિવાળા સીતાપતિ રામ વિજયી છે. ૨૧ પૃથ્વીનો ભાર ઉતારવા ભગવાન જન્મે છે. યાદવકુળમાં બળદેવ તથા શ્રીકૃષ્ણ નામે અવતારો ધારણ કરી દેવતાઓથી થઇ શકે નહિ તેવાં ઉત્તમ કાર્ય કરશે, અને કલિના અંતમાં કલ્કિ અવતાર ધારણ કરી શૂદ્ર જાતિના રાજાઓનો નાશ કરશે. ૨૨ હે રાજન ! જગતના પતિ તથા ઉત્તમ કીર્તિવાળા ભગવાનમાં આવાં ઘણાં કર્મો અને ઘણા જન્મોને મહાત્માઓએ વર્ણવ્યા છે. ૨૩

एवं विधानि कर्माणि ‿ न्मौनि च जगत्‌ तः ।
भूरीणि [illegible]रियशसो [illegible]र्णितानि महाभुज ॥

इतिश्रीमद्भागवतेमहा[illegible]राणेएकादशस्कंध
चतुर्थोध्याय:

અધ્યાય ૫ મો.*

શ્રીહરિની પૂજાનો વિધિ.

राजा [illegible]च

भगवंत हरिं प्रायो न [illegible] त्मा: ।
तेषामशांतकामानां का नि[illegible]ांथाजितात्मनाम्

નિમિએ પૂછ્યું કે—હે બ્રહ્મવેત્તાઓ ! તમે કહ્યુ કે, ભગવાનના ભક્તો વિઘ્નના મસ્તક ઉપર પગ દઇ પરમ ગતિને પામે છે, પરંતુ અભક્તોને વિઘ્નો થાય છે, તેથી હું પૂછું છું કે, પરાધીન મનવાળા અને તેને લીધે જેઓની તૃષ્ણા શાંત થઇ નથી એવા જે લોકો ભગવાનની ભક્તિ કરતા નથી તેઓની શી ગતિ થતી હશે ? ૧

ચમસ યોગેશ્વર બોલ્યા કે—આદિ પુરૂષ એવા શ્રીનારાયણનાં મુખ હાથ સાથળ અને ચરણમાંથી અનુક્રમે બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય તથા શૂદ્રો ઉત્પન્ન થાય છે. સત્વગુણથી બ્રાહ્મણ સત્વ તથા રજથી ક્ષત્રિયો રજ અને તમથી વૈશ્ય અને એકલા તમથી શૂદ્રની ઉત્પત્તિ થાય છે, મુખાદિકમાંથી અનુક્રમે બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ તથા સંન્યાસ એ ચાર આશ્રમો થયા છે. ૨

* આ અધ્યાયમાં ભક્તિ રહિત લોકોની કેવી ગતિ થાય છે તથા યુગે યુગે પૂજા કેવી રીતે કરવી તેનું વર્ણન કરાય છે.

તેમાં જે લોકો પોતાને ઉત્પન્ન કરનાર શ્રી ભગવાનને ભજતા નથી તથા જેઓ જાણવા છતાં અપમાન કરે છે તે કૃતઘ્ની પુરૂષો વર્ણ અને આશ્રમ રૂપી સ્થાનમાંથી ભ્રષ્ટ થઈ નરકમા પડે છે ૩ જે ભગવાનની કથા સાંભળતા નથી તથા કીર્તન કરતા નથી, એવા લોકો સ્ત્રીઓ અને શૂદ્રાદિકો તેઓના ઉપર તમારા જેવા મહાત્માઓએ કૃપા કરવી જોઇએ. ૪ બ્રાહ્મણો ક્ષત્રિયો અને વૈશ્યો ઉપનયન સંસ્કારથી તથા વેદાધ્યયનથી ભગવાનના ભજનના અધિકારી થાય છે, પણ વેદમાં કરેલી ફળશ્રુતિનાં વચનોથી મોહ પામી ભગવાનને ભજતા નથી; માત્ર કર્મો કરવામાં આસક્ત રહે છે, તે અર્ધદગ્ધ લોકો ઉપેક્ષા કરવા યોગ્ય છે. ૫ કેવી રીતે કર્મ કરવાથી કર્મ બંધન કારક થઇ પડે નહિ તેથી અજાણ્યા ઉદ્ધતપણાથી વિદ્વાનોને નહિ પૂછનાર, મૂર્ખો છતાં પંડિતનું અભિમાન રાખનારા, અર્ધદગ્ધ લોકો વેદમાં કહેલા ફળોને દર્શાવનારાં વચનોથી ઉત્કંઠિત થઇ આપણે અપ્સરાઓ સાથે વિહાર કરીશું એવી ઇચ્છા કરે છે. ૬ કર્મનિષ્ઠ લોકો રજો ગુણને લીધે મોટા સંકલ્પવાળા મોટી તૃષ્ણાવાળા સર્પના જેવા ક્રૂર ઢોંગી અભિમાની પાપ કરનાર અને ભગવાનના ભકતોની નિંદા કરનાર હોય છે. ૭ તેઓ વૃધ્ધોની સેવા કરતા નથી પરંતુ સ્ત્રીઓની સેવા કરે છે અને જેમાં મિથ્યા સુખ રહેલું છે એવાં ઘરોમાં રહીને આજે હું આટલું કમાયો, મારી અમુક ધારણા પાર પડશે, મારી પાસે આટલું ધન છે અને હવે આટલું થશે, વગેરે સુખોની વાતો એક બીજાની સાથે કર્યા કરે છે. યજ્ઞોમાં પૂર્ણ દક્ષિણા કે અન્નદાન આપતા નથી; પરંતુ કમાઇ માટે અથવા યશને માટે યજ્ઞ કરે છે અને હિંસા કરવામાં કેટલું પાપ છે તે ન જાણનાર માત્ર પોતાનું પેટ ભરવા પશુઓની હિંસા કરે છે. ૮ સંપત્તિ ઐશ્વર્ય ઉંચા કુળમાં જન્મ વિદ્યા દાન રૂપ બળ તથા કર્મ એમાંથી કોઈ વસ્તુવડે અથવા સર્વ વસ્તુવડે અભિમાન થાય છે, તેથી આંધળા થયેલા ખળ લોકો શ્રીહરિનું તથા શ્રીહરિના ભકતોનું અપમાન કરે છે.

આ પ્રમાણે વર્તવાથી મૂર્ખ લોકો વેદનું રહસ્ય સ્ફુટ હોવા છતાં જાણતા નથી. આત્મત્વથી તથા ઇશ્વરત્વથી સર્વ દેહધારીઓમાં રહેલા હોવા છતાં તે આકાશની પેઠે અલેપ રહે છે; સર્વના આત્મા હોવાથી પરમપ્રિય પુરૂષાર્થ રૂપ છે અને વેદમાં તેનું ગાન કરેલું છે શ્રીહરિનું કર્મનિષ્ટ લોકો શ્રવણ કરતા નથી અને વેદનું તાત્પર્ય સર્વથી નિવૃત્ત થવું એ છે, તે સાંસારિક ભાવના પુરાવા અને મદિરાપાનની ઇચ્છા પુરી કરવાને વેદને પ્રવૃત્તિ નિરૂપક કહે છે. ૧૦ (હોમ અવશેષ રહેલું માસ ખાવું, સૌત્રામણિ યજ્ઞમાં મદિરાપાન કરવું, એમ વેદમાં લખ્યુ છે તે પ્રવૃત્તિ માટે લખ્યું નથી, પરંતુ તેનો ત્યાગ એ કાર્ય છે. માંસભક્ષણ તથા મદિરાપાન માટે શાસ્ત્રમાં લખેલું છે તે વાકય વિધિવાકયરૂપ નથી. બીજા કોઈ પણ પ્રમાણથી જે ક્રિયા અપ્રાપ્ત હોય તેને પ્રાપ્ત કરવાનાં જે વાકયહોય તે અપૂર્વ વિધિવાકય કહેવાય છે. જેમ કે ' स्वर्गकामो यजेत ' સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો, એમાં સ્વર્ગ આપનારો યજ્ઞ વેદ વચન વિના બીજા કોઇ પણ પ્રમાણથી કરવો જોઈએ એવો વિધિ નથી, પરંતુ સ્વર્ગ આપનાર યજ્ઞને માટે વેદનાં વચનો છે, માટે તે અપૂર્વ વિધિ વાકય છે. બીજા ગૌણ ઉપચારને લોકો વેદના વચનથી સ્વીકારતા નથી, પરંતુ પોતાની રૂચિથી તેમાં પ્રવૃત્તિ કરે છે, એ અપૂર્વ વિધિ નથી તેમ નિયમ વિધિ પણ નથી. એક પક્ષમાં અપ્રાપ્ત વિષયને પ્રાપ્ત કરનારો વિધિ નિયમ વિધિ કહેવાય છે. જેમકે તે ડાંગર ખાંડે છે. તેને ફોતરાં વિનાની કરવાના ઘણા ઉપાયો છે

માટે જ્યારે તેને છડયા વિના બીજા ઉપાયથી ફોતરાં વિનાની કરશે, ત્યારે તેને છડવું અપ્રાપ્ત થશે. અપ્રાપ્ત બાબતને આ વિધિ પ્રાપ્ત કરે છે. ડાંગરને ફોતરાં વિનાની કરવી હોય તો તેને છડવી એ નિયમ વાક્ય કહેવાય છે. સંસાર પ્રિય હોવાથી પ્રાપ્ત છે, કોઇ પક્ષમાં અપ્રાપ્ત નથી, તેમ તેને માટે નિયમવાક્ય નથી અને પરિસંખ્યા વાકયે નથી. બંને વિષયોની એક સાથે પ્રાપ્તિ થતી હોય ત્યારે જેમાં બેમાંથી એકની નિવૃત્તિ કરવી એવું તાત્પર્ય હોય તેને પરિસંખ્યા વિધિ કહે છે. જેમકે પાંચ નખવાળાં પશુ ભક્ષ્ય છે. પશુઓનું ભક્ષણ કરવું નહિ અને ભક્ષણ કરવું હોય તો પાંચ નખવાળા વિના બીજાનું ભક્ષણ કરવું નહિ. માસભક્ષણ કરવું તો યજ્ઞમા કરવું અને મદિરાપાન કરવુ તો સૌત્રામણિ યજ્ઞમા કરવું. વળી પરિસંખ્યા વિધિમાં ત્રણ દોષ આવે છે, સ્વાર્થત્યાગ, પરાર્થકલ્પના અને પ્રાપ્તબાધ. પોતાનો અર્થ ઉડી જવો તે સ્વાર્થત્યાગ કહેવાય છે. પરાર્થ કલ્પના એટલે બીજા અર્થની કલ્પના કરવી તે પરાર્થકલ્પના કહેવાય છે. સ્વાભાવિક રીતે પ્રાપ્ત હોય તેમાં વાંધો આવે ત્યારે પ્રાપ્તબાધ નામનો દોષ થાય છે. માંસભક્ષણ અને મદિરાપાનમાં પણ એ ત્રણ દોષ આવે છે.

આ પ્રમાણે પરિસંખ્યામાં પણ ત્રણ દોષ આવે છે તેથી પરિસંખ્યા વિધિ પણ થઇ શકતો નથી માટે હોમવાથી અવશેષ રહેલું માંસ ન ખાય, સૌત્રામણિમાં મદિરાપાન ન કરે તો દોષ લાગે એવી આજ્ઞાવાળાં તે વાકયો નથી; પરંતુ તેનું તાત્પર્ય પ્રાપ્ત થયેલી વસ્તુને તજવી એમાં છે. મનુષ્ય નિત્ય માંસભક્ષણ કરતો હોય તેને દેવયજ્ઞમાં માંસ ભક્ષણ કરવું, પરંતુ નિત્ય કરવુ નહિ, અને જે નિત્ય મદિરાપાન કરતો હોય તેણે નિત્ય નહિ પરંતુ સૌત્રામણિ યજ્ઞમાં મદિરા પીવી એમ તાત્પર્ય છે) આ રીતે સંસારમાં, માસભક્ષણ તથા મદિરાપાન આદિકના મનોરથોથી વ્યાકુળ થયેલા પુરૂષો પોતાને પ્રિય આત્માના સ્વરૂપનું શ્રવણ કરતા નથી. ૧૧ ધર્મ કરવો એ જ ધનનું ફળ છે ધર્મથી પરોક્ષ જ્ઞાન થાય છે. ધનને અજ્ઞાની લોકો દેહાદિકના કામમાં ખરચી નાખે છે પરંતુ મહાભયંકર મૃત્યુને દેખતા નથી. ૧૨ યજ્ઞમાં મદિરાપાન વગેરે કરવાની આજ્ઞા છે, તેનુ તાત્પર્ય વ્યસનમાં નથી. મદિરાનું પાન કરવું એટલે મદિરાને સુંઘવી, દેવને ઉદ્દેશીને કરવામાં આવતી હિંસા ગણાતી નથી માટે વેદમાં જે ઉદ્દેશથી કહ્યુ છે તે શુદ્ધ ધર્મને કર્મકાંડીઓ જાણતા નથી. ધર્મના સ્વરૂપને ન જાણતાં સ્વચ્છંદે રડનાર અમે સત્પુરૂષ છીએ એવું અભિમાન રાખનાર તથા શંકા વિનાના જે કર્મઠ લોકો આપણા મનોરથો સિદ્ધ થશે, એવો વિશ્વાસ રાખી પશુઓની હિંસા કરે છે, તે લોકો પાપી છે. શાસ્ત્રમાં માસ શબ્દનો એવો અર્થ કર્યો છે કે—માં એટલે મને સઃ એટલે હું જેનું માંસ ખાઉં છુ તે પરલોકમાં મને ખાશે. આવો માસ શબ્દનો અથ ધર્મશાસ્ત્રમાં કરેલો છે. ૧૪ પરકાયામા રહેલા ભગવાન શ્રીહરિ જે પોતાના આત્મારૂપ છે, તેનો દ્વેષ કરનાર તથા શબ સમાન આ દેહ ઉપર તથા સ્ત્રી પુત્રાદિક પરિવાર ઉપર સ્નેહ કરનાર લોકો નરકમાં પડે છે. અજ્ઞાનીઓ અને તત્ત્વજ્ઞાનીઓ પોતાની મેળે સંસાર તરી જાય છે, અર્ધદગ્ધ પુરૂષો ધર્મ, અર્થ તથા કામને મુખ્ય માનનાર હોય છે અને તે એક ક્ષણ પણ શાંતિ ભોગવતા નથી. તેઓ સ્વસ્વરૂપને ન જાણવાથી સંસારમાં જન્મ મરણ લે છે. ૧૬ આત્મહત્યા કરનાર શાતિ રહિત, કર્મમા જ્ઞાનસ્વરૂપ માનનાર તથા જેમના મનોરથો કાળે કરીને નાશ પામનાર છે એવા લોકો પોતાનું કર્તવ્ય કર્મ કર્યા વિના મરણ પામે છે. ૧૭ ભગવાનથી વિમુખ રહેનાર લોકો પોતાના

પરિશ્રમથી મેળવેલા ઘર સંતાન સંબંધીઓ તથા ધનને પોતાની ઈચ્છા ન હોવા છતાં ત્યાગ કરી નીચ જાતિમાં પડે છે. ૧૮

નિમિએ પૂછ્યું કે—આપે કહ્યું જે સર્વનો ત્યાગ કરી ભગવાનની ભક્તિ કરવી, ભગવાન કયા કાળમાં કેવા વર્ણવાળા કેવા આકારવાળા કયા નામથી અને કિયા વિધિથી લોકોમાં પૂજાય છે તે મને કહો. ૧૯

કરભાજન નામે યોગેશ્વર બોલ્યા કે—સત્ય ત્રેતા દ્વાપર તથા કલિ એ ચાર યુગ છે; તે તે યુગોમાં ભગવાન વિવિધ વિધિથી પૂજાય છે. ૨૦ સત્યયુગમાં શ્વેત ચાર ભુજાવાળા જટા વલ્કલ વસ્ત્ર કૃષ્ણમૃગનું ચર્મ જનોઇ માળા દંડ તથા કમંડળ ધારણ કરીને બ્રહ્મચારી વેશે રહે છે ૨૧ એ યુગમાં મનુષ્યો શાંત વૈરરહિત સર્વના મિત્ર તથા સમદૃષ્ટિવાળા હોય છે, અને તેઓ ધ્યાનથી શમથી તથા જતેંદ્રિય રહી ભગવાનનું પૂજન કરે છે ૨૨ હંસ, સુપર્ણ, વૈકુંઠ, ધર્મ યોગેશ્વર, મનુ, ઈશ્વર, પુરૂષ, અવ્યક્ત તથા પરમાત્મા એવાં તેમનાં નામો હોય છે ૨૩ ત્રેતાયુગમાં ભગવાન રાતા રંગના ચાર ભુજાવાળા ત્રેવડી કટિમેખલાવાળા સુવર્ણ જેવા કેશવાળા, બ્રહ્મવાદી હોય છે અને તેઓ ત્રણ વેદમાં કહેલાં કર્મોવડે સર્વ દેવતામય ભગવાન શ્રીહરિનું યજન કરે છે ૨૫ એ યુગમાં વિષ્ણુ યજ્ઞ પૃશ્નિગર્ભ સર્વદેવ ઉરૂક્રમ વૃષાકપિ જયંત અને ઉરૂગાય એવા તેમના નામો ગવાય છે ૨૬ દ્વાપર યુગમા શ્યામવર્ણના પીળા વસ્ત્રધારી ચક્રાદિક આયુધવાળા તથા શ્રીવત્સ વગેરે ચિહ્નોથી અને કૌસ્તુભ આદિક બાહ્ય ચિહ્નોથી સુશોભિત હોય છે.૨૮ એ યુગમા મનુષ્યો ઇશ્વરને જાણવાની ઈચ્છાવાળાં ચક્રવર્તીનાં છત્ર ચામરાદિક ચિહ્નોવાળા ભગવાનની વેદમાર્ગથી તથા તંત્રમાર્ગથી પૂજા કરે છે. ૨૮ વાસુદેવ પ્રદ્યુમ્ન અનિરૂદ્ધ, નારાયણ ઋષિ પુરૂષ મહાત્મા, વિશ્વેશ્વર વિશ્વ તથા સર્વ ભૂતાત્મા એવાં નામોથી, લોકો દ્વાપર યુગમાં ભગવાનની સ્તુતિ કરે છે. કલિયુગમાં અનેક તંત્ર માર્ગના વિધિથી ભગવાનની પૂજા કરવામાં આવે છે, રંગ શ્યામ છતાં કાંતિથી ચળકતાં કૌસ્તુભાદિક ઉપાંગો, અસ્ત્રો તથા પાર્ષદો સાથે રહેલા શ્રીભગવાનનું બુદ્ધિમંત પુરૂષો જેમાં કીર્તન મુખ્ય છે એવા યજ્ઞોથી યજન કરે છે. ૩૨ હે મહાપુરૂષ ! આપનાં ચરણારવિંદ જે ધ્યાન કરવા યોગ્ય છે ઇંદ્રિયો તથા કુટુંબાદિકથી થતા તિરસ્કારને દૂર કરનાર છે મનોરથો પૂરનાર છે ગંગાદિક તીર્થોના આશ્રયરૂપ છે બ્રહ્મા તથા શંકરે સ્તુતિ કરાયેલાં છે, શરણે જનારાઓને સુખકારક છે ભક્તોની પીડા હરનાર તથા સંસારરૂપી સમુદ્ર તરવામાં નૌકાસમાન છે. ૩૩ હે મહાપુરૂષ ! આપ ત્યાગ કરી શકાય નહિ તેવી તથા દેવતાઓએ ઇચ્છેલી એવી રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરી પિતાના વચનથી ધર્મોની રક્ષા કરવા રામરૂપે વનમાં ગયા હતા અને સીતાજીએ ઇચ્છેલા માયાવી મૃગની પાછળ તેને મારવા ગયા હતા તે આપનાં ચરણારવિંદને હું પ્રણામ કરૂં છું ૩૪ આ પ્રમાણે યુગનાં મનુષ્યો યુગ યુગને ઘટતાં નામ રૂપોથી સર્વ પદાર્થોના સ્વામી એવા ભગવાનની પૂજા કરે છે. ૩૫ ગુણજ્ઞ અને સારગ્રાહી મહાત્મા પુરૂષો ચારે યુગના કરતાં કલિયુગનાં વખાણ કરે છે કારણ કે સત્યયુગમાં ધ્યાનથી જે ફળ થાય છે, ત્રેતાયુગમાં યજ્ઞ કરવાથી જે ફળ થાય, દ્વાપરમાં પૂજન કરવાથી જે ફળ થાય તે ફળ કલિયુગમાં માત્ર કીર્તન કરવાથી થાય છે. ૩૬ સંસારમાં ભટકતાં પ્રાણીઓને શ્રીહરિનાં કીર્તન વિના બીજો લાભ નથી. ભગવાનનાં કીર્તન કરવાથી પરમ શાંતિ મળે છે તથા જન્મ મરણ ટળે છે ૩૭ ત્રેતા દ્વાપર અને કલિયુગનાં મનુષ્યો કલિયુગમાં પોતાનો જન્મ થાય એવી ઇચ્છા

કરે છે. કલિયુગમાં કોઇ ઠેકાણે નારાયણના પરમ ભકતો થશે. ૩૮ અને તેમાં દ્રવિડ દેશ કે જ્યાં આગળ તામ્રપર્ણી, કૃતમાલા પયસ્વિની મહાપવિત્ર કાવેરી તથા મહાનદી પ્રતીચી છે તેમાં નારાયણના ભકતો ઘણા થશે. જે મનુષ્યો તેના નિર્મળ જળનુ પાન કરશે તેઓ ઘણાખરા નિર્મળ અંતઃકરણવાળા ભગવાનના ભકતો થશે જે મનુષ્ય ભેદબુદ્ધિનો ત્યાગ કરીને સર્વ ઈશ્વર રૂપ છે એવા ભાવથી શરણાગતોનું રક્ષણ કરનાર ભગવાનને શરણે જાય છે, તે મનુષ્ય દેવતા ઋષિઓ અને પિતૃઓના ઋણમાંથી મુક્ત થાય છે, પોતાથી ઉતરતા વર્ણનો મનુષ્ય નિર્ધન થવાથી કરજ આપી શકતો ન હોય તો લેણદારે તેની પાસે કામ કરાવવું એવી ધર્મશાસ્ત્રની મર્યાદા છે. ભેદબુદ્ધિ રાખનાર અભક્ત મનુષ્ય દેવતા ઋષિ અને પિતૃ એ ત્રણેનો ઋણી છે, માટે તેને પંચ મહાયજ્ઞ કરવા પડે છે. જ્ઞાનીને તેમાંનું કંઇ નથી, તેને કર્મો કરવાં પડતાં નથી, તેમ પાપની નિવૃત્તિ માટે પ્રાયશ્ચિત કરવું પડતું નથી. ૪૧ જે મનુષ્ય દેહાદિકનું અભિમાન તજી ભગવાનના ચરણારવિંદને ભજે છે તેની પાપમાંથી નિવૃત્તિ થાય છે. કદાપિ પ્રમાદથી પાપ થઇ જાય તો ભક્તના હૃદયમાં બિરાજેલા ભગવાન સર્વ પાપનો નાશ કરે છે.

નારદજી બોલ્યા કે-મિથિલા નગરીના અધિપતિ નિમિરાજા તથા તેમના ઉપાધ્યાયો આ પ્રમાણે ભગવત ધર્મો સાંભળી પ્રસન્ન થયા અને જયંતીના પુત્ર નવ યોગેશ્વરોની પૂજા કરી. ૪૩ પછી સર્વ લોકો દેખતાં યોગેશ્વરો અંતર્ધાન થઇ ગયા. નિમિરાજા તે પ્રમાણે વર્તી પરમ ગતિને પામ્યા. ૪૪ તમે આ ભાગવત ધર્મોને શ્રદ્ધાથી સાંભળી સાવધાન થઈ વૈરાગ્યથી વર્તશો તો મુક્તિ પામશો. ૪૫ તમને શાસ્ત્રની મર્યાદા કહી પરંતુ તમારા બન્નેના સ્ત્રી-પુરૂષના યશથી આખું જગત્ ભરાયેલું છે, કારણ કે તમારા પુત્ર થઇને પ્રભુ અવતર્યા છે. ૪૬ તમે દર્શન આલિંગન ભાષણ શયન આસન તથા ભોજનથી શ્રીકૃષ્ણ ઉપર પુત્રસ્નેહ રાખી અંતઃકરણને પવિત્ર કર્યું છે ૪૭ તમે માત્ર પુત્રના લાલનથી ભગવત્સંબંધી સર્વ ધર્મો સિદ્ધ કર્યા છે પરંતુ શિશુપાલ પૌંડ્રક તથા શાલ્વ વગેરે રાજાઓ દર્શન આસન વગેરેમાં વૈરભાવથી ભગવાનનું ચિંતન કરતા હતા તોપણ બુદ્ધિની વૃત્તિ ભગવાનની ગતિમાં વિલાસમા તથા કટાક્ષ વગેરેમાં તદ્રૂપ રહેવાથી તેઓ સર્વ સારૂપ્ય ગતિને પામ્યા છે, જેઓની બુદ્ધિની વૃત્તિ ભગવાનમા સ્નેહથી તદાકાર થઇ હોય તેઓનો તો પછી વાત જ શી કરવી ? ૪૮ તમે સર્વના આત્મા, ઇશ્વર સર્વથી પર ગૂઢ ઐશ્વર્યવાળા માયાથી પર અને અવિનાશી એવા શ્રીભગવાનમાં પુત્ર બુદ્ધિ કરશો નહિ. ૪૯ પૃથ્વી ઉપર ભારરૂપ અસુર રાજાઓનો નાશ કરવા અને સત્પુરૂષોનું રક્ષણ કરવા અવતાર લેનાર ભગવાનનો યશ મુક્તિ માટે જગતમાં ફેલાવવામાં આવે છે ૫૦ શુકદેવજી બોલ્યા કે-આ કથા સાંભળી મહાભાગ્યશાળી વસુદેવ આશ્ચર્ય પામ્યા. મહા ભાગ્યશાળી વસુદેવે અને દેવકીએ પોતાનો મોહ છોડી દીધો. ૫૧ જે મનુષ્ય સાવધાન થઇ આ ઇતિહાસનો પાઠ કરે છે તે જીવન મુક્તિ પામે છે.

इतिहासमिमं पुण्यं धारयेद्यः समाहितः ।
स विधूयेह शामलं ब्रह्मभूयाय कल्पते ॥

इतिश्रीमद्भागवते महापुराणएकादशस्कंधे पंचमोऽध्यायः

અધ્યાય ૬ ઠો.‡

સ્વધામ જવાનું નિમંત્રણ.

શ્રીશુક उवाच

**अथ ब्रह्मात्मजैर्देवैः प्रजेशैरावृतोभ्यगात् ।
भवश्च भूतभव्येशो ययौ भूतगणैर्वृतः ॥१॥**

શુકદેવજી કહે છે કે—પછી સનકાદિક દેવતાઓ તથા પ્રજાપતિઓ સાથે બ્રહ્મા, ભૂતોના ગણો સાથે ભૂત ભવિષ્યના સ્વામી શંકર, પવનના ગણો સાથે મહારાજ ઈંદ્ર આદિત્યો વસુઓ અશ્વિનીકુમારો ઋભુઓ અંગિરા રૂદ્રો વિશ્વેદેવતાઓ સાધ્યદેવતાઓ ગંધર્વો અપ્સરાઓ નાગો સિદ્ધો ચારણો ગુહ્યકો ઋષિઓ પિતરો વિદ્યાધરો અને કિન્નરો સર્વ લોકો શ્રીકૃષ્ણના દર્શન કરવા માટે દ્વારકા આવ્યા. મનુષ્યોના મનને રંજન કરનાર ભગવાને સર્વ લોકોનાં પાતકને નાશ કરનારો યશ લોકોમા વિસ્તાર્યો દેવતાઓએ મહા સમૃદ્ધિથી ભરપુર તથા ઝળઝળાટ પ્રકાશી રહેલી દ્વારકાપુરીમા અદ્ભુત સ્વરૂપવાળા શ્રીકૃષ્ણના દર્શન કર્યા તેઓનાં નેત્રોને તેમ કરતા તૃપ્તિ થઇ નહિ. પછી દેવતાઓ સ્વર્ગના ઉપવનના પુષ્પોથી શ્રીકૃષ્ણ ભગવાનની વિચિત્ર પદ તથા અર્થવાળી વાણીવડે નાચે પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. ૬

દેવતાઓ—હે નાથ ! હે પ્રભો ! કર્મરૂપી મોટા પાશમાંથી છૂટવાની ઇચ્છાવાળા પુરૂષો ભાવપૂર્વક આપના ચરણારવિંદને ચિંતવે છે, આપનાં ચરણારવિંદને અમે બુદ્ધિ ઈંદ્રિયો પ્રાણ મન તથા વચનથી સાષ્ટાંગ પ્રણામ કરીએ છીએ. ૭ હે અજિત ! માયાના ગુણોમાં નિયંતાપણાથી રહેલા આપ મનથી વિચારમા આવવું કઠિન થઇ પડે એવા જગતને ત્રિગુણાત્મક માયાથી રચો છો, પાળો છો અને પ્રલય કરો છો, છતાં કર્મોથી આપ લેપાતા નથી. આપ આવરણ વિના આત્મસુખમાં વિહાર કરનાર રાગાદિક દોષથી રહિત છો. ૮ આપ કર્મો કરવા છતાં આત્મારામરૂપે રહો છો માટે મુમુક્ષુ લોકો આપના ચરણારવિંદનું ધ્યાન ધરે છે. સત્વગુણની વૃદ્ધિવાળા સત્પુરૂષોને આપનો યશ સાંભળી તે ઉપર શ્રદ્ધા થવાથી જેવી અંતઃકરણની શુદ્ધિ થાય છે તેવી શુદ્ધિ શાસ્ત્રશ્રવણ કરવાથી વેદાધ્યયનથી દાનથી તપથી તથા કર્મો કરવાથી થતી નથી. આપ આત્મારામ છો છતા પરમ પવિત્ર યશનો જગતમાં વિસ્તાર કરવા કર્મો કરો છો. ૯ લોકો કોમળ હૃદયમાં જે ચરણનું ચિંતન કરે છે. ભક્તજનો જગતમાં સર્વ ઐશ્વર્ય મેળવવા વાસુદેવાદિ ચાર વ્યૂહમાં આપની મૂર્તિની પૂજા કરે છે, કેટલાક ધીર પુરૂષો વૈકુંઠ લોકમાં જવા ત્રણે કાળે આપની સેવા કરે છે, યજ્ઞ કરનારાઓ વેદોક્ત વિધિથી વેદમાં કહેલા ઈંદ્રાદિક દેવતારૂપે અગ્નિમા આપનું ચિંતન કરે છે, યોગીઓ સિદ્ધિઓની ઇચ્છાથી મનોનિગ્રહરૂપી યોગવડે આપનું મનન કરે છે તથા જિજ્ઞાસુ વૈષ્ણવો આપની સેવા કરે છે તે આપના ચરણારવિંદ જે અમારી અશુભ વાસનાનો નાશ કરવામાં અગ્નિરૂપ છે તે અમારૂં કલ્યાણ કરો. મુનિ ભક્ત ધીર ભક્ત યજ્ઞ કરનાર યોગી તથા મહા વૈષ્ણવો એ છમાં તમને વૈષ્ણવો ઉપર લક્ષ્મી કરતાં અધિક પ્રીતિ છે. હું જે વક્ષસ્થળમાં છું તેમાં વનમાળા વાસી છતાં વાસ કરે છે, એવી રીતે ભગવતી લક્ષ્મીજી સોકયની વનમાળા સાથે ઈર્ષ્યા કરે છે, છતાં વનમાળા ભકતજનોએ મને અર્પણ કરી છે એમ ધારી ભકત લોકોએ વનમાળાથી કરેલી પૂજાને આપ સ્વીકારો છો, આપનાં ચરણ સદા અમારી દુર્વાસનાઓને બાળી ભસ્મ કરો. ૧૨ હે ઈશ્વર ! બળિરાજાને બાંધતાં બીજું પગલું

‡ આ અધ્યાયમા બ્રહ્માદિકે સ્તુતિ કરી સ્વધામમા પધારવા વિનતિ કર્યા પછી ઉદ્ધવજીએ પોતાને સ્વધામમા લઇ જવા પ્રાર્થના કરી, એ કથા કહેવામા આવશે.

ભરતાં સત્ય લોકસુધી પહોચેલ આપના ચરણુ ત્રણ ધારાથી પડતી ગંગાનદીને આધારરૂપ થાય છે વળી જેણે દેવતાની સેનાને ભય આપી સ્વર્ગમાં રોકી છે અને દૈત્યની સેનાને ભય આપી પાતાળમા રોકી રાખી છે, તે આપનાં ચરણારવિંદ અમારા પાપને દૂર કરો. કાળના તથા પ્રકૃતિ પુરૂષના નિયંતા પૂર્ણ પુરૂષોત્તમ તથા દ્વેષાદિકને લીધે પરસ્પર પીડા પામતા બ્રહ્માદિક પ્રાણીઓ નાથેલા બળદોની પેઠે જેમને આધીન છે એવા આપના ચરણારવિંદ અમારૂં કલ્યાણ કરો.૧૪ તમે આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલયના કર્તા છો, કારણ કે તમે પ્રકૃતિ, પુરૂષ તથા મહત્તત્વના નિયંતા છો. શિયાળો, ઉનાળો તથા ચોમાસુ એવા ત્રણ ભાગવાળો અને ગંભીર વેગવાળો કાળ આપનુ સ્વરૂપ છે, તેથી આપ ઉત્તમ પુરૂષ છો ૧૫ અમોઘ શક્તિવાળા પુરૂષે તમારી પાસેથી શકિત મેળવી માયા સાથે રહી જગતના એક બીજ સમાન મહત્તત્વને ઉત્પન્ન કર્યુ છે અને તે મહત્તત્વે તમારી પાસેથી શકિત સંપાદન કરી, માયા સાથે રહીને બહારથી આઠ આવરણવાળા અને પ્રકાશમાન એવા વિશાળ બ્રહ્માડને બનાવ્યું છે ૧૬ આપ સ્થાવર તથા જંગમાત્મક જગતના અધિપતિ છો. આપની માયાવડે ઇંદ્રિયોની વૃત્તિઓએ અર્પણ કરેલા વિષયોને આપ સેવો છો, છતા તેનાથી આપ મોહિત થતા નથી. બીજા પુરૂષો પોતે વિષયોનું સેવન છોડી દે, છતાં તે એના મનમા વિષયોની વાસના રહી જાય છે. મંદ મંદ હાસ્ય સહિત કિંચિત્ ભાવ દેખાડનારી મનોહર લાગતા ભ્રૂમડળોએ મોકલેલા કામના ગુપ્ત વિચારો કરવામા ચતુર સોળ હજાર એક સો ને આઠ સ્ત્રીઓ કામને હઠાવી દેનારાં એવાં કામકળાના સાધનોથી આપના મનને મથન કરી શકી ન હતી. ૧૮ આપની કથારૂપી અમૃતની નદીઓ તથા આપના ચરણ ધોવાના પવિત્ર જળરૂપી ગંગાદિક તીર્થ, નહાવાવડે પવિત્ર કરે છે. આશ્રમમાં રહેલા લોકો ભક્તિથી તે તીર્થોને સેવે છે ૧૯ હે રાજન્ ! આકાશમા રહેલા બ્રહ્માએ દેવતાઓની તથા શંકરની સાથે શ્રીકૃષ્ણુની સ્તુતિ કરી તેમને પ્રણામ કરીને કહ્યું કે, ૨૦ હે સર્વના આત્મા ! અમે પૃથ્વીનો ભાર ઉતારવા તમને વિનતિ કરી હતી, તથા તે પ્રમાણે આપે કર્યું.૨૧ આપે સત્ય પ્રતિજ્ઞાવાળા પુરૂષોમા ધર્મને સ્થાપન કર્યો અને સર્વ લોકોના પાપનો નાશ કર્યો. ૨૨ યદુના વંશમા અવતાર લઇ ઉત્તમ શરીર ધારણ કર્યુ અને તમે જગતના હિત માટે ઉત્તમ ચરિતવાળા કર્મો કર્યા. ૨૩ હે ઇશ્વર ! કલિયુગમાં સત્પુરૂષો તમારાં ચરિતો સાભળવાથી તથા ગાવાથી સંસારસાગરને તરશે.૨૪ યદુવંશમા આપને એક સો ને પચીસ વર્ષ થઈ ગયા, તેટલામા તો આપે સર્વ કાર્ય કર્યા. ૨૫ હવે દેવતાઓના કાર્યોમા કોઈ કાર્ય બાકી રહેલુ નથી આપનું કુળ બ્રાહ્મણના શાપથી નાશ થયા જેવુ છે ૨૬ માટે હે વૈકુંઠનાથ ! આપની ઇચ્છા હોય તો સ્વધામમા પધારો અને તમારા સેવક લોકપાળોનું અને લોકોનુ રક્ષણ કરો. ૨૭

ભગવાન્ બોલ્યા કે–હે દેવોના ઇશ્વર ! આપ જે કહો છો, તેમ મે ધાર્યુ છે. મે સર્વ કાર્ય કરી પૃથ્વીનો ભાર ઉતાર્યો છે. ૨૮ હવે યાદવનુ કુળ બાકી રહ્યુ છે, જે શરીરબળથી, પરાક્રમથી તથા લક્ષ્મીથી ઉદ્ધત ને લોકોનો સંહાર કરે તેવું છે તેને કિનારો જેમ મહાસાગરને રોકી રાખે, તેમ મે અટકાવી રાખ્યું છે.૨૯ હું જો ગર્વિષ્ઠ યાદવના કુળનો સંહાર કર્યા વિના સ્વધામમા જઈશ તો યાદવો સર્વ લોકોનો નાશ કરશે ૩૦ માટે મે હમણા બ્રાહ્મણના શાપદ્વારા યદુકુળનો નાશ કરવાનો આરંભ કર્યો છે. હે નિર્દોષ બ્રહ્મા ! યદુકુળનો સંહાર થયા પછી સ્વધામમા જતા હું તમારા

લોકમાં આવીશ. ૩૧

શુકદેવજી કહે છે કે—ભગવાનને પ્રણામ કરી સર્વ દેવતાઓની સાથે બ્રહ્માના ત્યાંથી ગયા પછી દ્વારકામાં મોટા ઉત્પાતો થવા લાગ્યા, તે જોઇ ઘરડા યાદવો એકઠા થયા ને બોલ્યા કે આ મોટા ઉત્પાતો ચારે તરફથી થાય છે, તેમ આપણા કુળને બ્રાહ્મણોનો શાપ થયો છે, જે ટાળ્યો ટળે તેવો નથી. ૩૩-૩૪ જીવવાની ઇચ્છા જેને હોય તેણે અહીં આગળ રહેવું જોઇએ નહિ.માટે આજે ચાલો આપણે મહાપવિત્ર એવા પ્રભાસ ક્ષેત્રમાં જઇએ ૩૫ જેમ દક્ષના શાપથી ક્ષયરોગમાં પડેલા ચંદ્રને પ્રભાસમાં નહાવાથી તે રોગ મટી જઇને તેની કળાઓની વૃદ્ધિ થઇ હતી, ૩૬ તેમ આપણે પણ પ્રભાસમાં સ્નાન કરી પિતૃ તથા દેવતાઓનું તર્પણ કરી અનેક ગુણ-વાળાં અન્નોથી બ્રાહ્મણોને જમાડી તથા સુપાત્રરૂપી ક્ષેત્રોમાં શ્રદ્ધાથી દાનો કરી સર્વ દુઃખો તરી જઇશું. ૩૮

શુકદેવજી કહે છે—આ રીતે ભગવાને સલાહ આપી, એટલે યાદવોએ પ્રભાસ જવાની તૈયારી કરી. ૩૯ પવિત્ર એવી દ્વારિકામા થતા ભયંકર ઉત્પાતો જોઇ નિત્ય ભગવાનને અનુસરનાર ઉદ્ધવ જગતના અધિપતિઓના ઇશ્વર એવા શ્રીકૃષ્ણને એકાંતમાં મળી બે હાથ જોડી નીચે પ્રમાણે પૂછવા લાગ્યાઃ—

હે ઇશ્વર ! આપ આ યદુકુળનો સંહાર કરી ખરેખર મનુષ્ય લોકોનો ત્યાગ કરશો. આપ ઇશ્વર, બ્રાહ્મણના શાપને ટાળવા સમર્થ છો, છતાં આપે તે ટાળ્યો નહિ. હે નાથ ! આપ મને સ્વધામમાં લઇ જાઓ. ૪૩ હે શ્રીકૃષ્ણ ! મનુષ્યોને પરમ મંગલકારક તથા કાનને અમૃતતુલ્ય લાગે એવું આપનું ચરિત્ર એકવાર સાંભળ્યું હોય તો મનુષ્ય બીજી સર્વ વસ્તુની તૃષ્ણાનો ત્યાગ કરે છે.૪૪ અમોએ સુવા,બેસવા, ફરવા, ઉભા રહેવા, નહાવા, રમત ગમત અને ભોજન વગેરેમાં, સર્વ સમયે આપની સેવા કરી છે. અમે ભક્ત લોકો પરમ પ્રિય આત્મસ્વરૂપ આપનો કેવી રીતે ત્યાગ કરીએ ? ૪૫ હું તમારી પ્રાર્થના કરૂં છું, તે કંઇ માયાના ભયથી કરતો નથી. પરંતુ આપના વિયોગથી ડરીને કરૂં છું. આપે ભોગવેલાં માલા,ચંદન,વસ્ત્ર તથા અલંકારો ધારણ કરનારા તથા આપનુ ઉચ્છિષ્ટ ખાનારા અમે દાસજનો આપની માયાને તરી જઇશું. ૪૬ વાયુનું ભક્ષણ કરનારા,તપશ્ચર્યાનો પરિશ્રમ કરનારા, શાંત અને નિર્મળ મનના તથા બ્રહ્મચર્ય પાળનારા સંન્યાસીઓ બ્રહ્મચર્યાદિકના ક્લેશ ભોગવી બ્રહ્મ ભાવને પામે છે, પરન્તુ કર્મ-માર્ગમા ભટકનાર અમે આપના ભકતોની સાથે આપનાં ચરિત્રોના યશ ગાઈ દુસ્તર એવા સંસારસાગરને તરી જઇશું. આપનાં પરાક્રમો, ભાષણો, ગતિ, ઉત્તમ પ્રકારનું મંદહાસ્ય, અવલોકન તથા ઉપહાસ જે મનુષ્ય લોકના અનુકરણરૂપ છે, તેનું સ્મરણ તથા કીર્તન કરવાથી અમે તરી જઈશું. ૪૯ આ પ્રમાણે ઉદ્ધવે વિનતિ કરી એટલે દેવકી-પુત્ર ભગવાને પોતાને પ્રિય એવા ઉદ્ધવને સમજાવ્યા. ૫૦

एवं विज्ञापितो राजन् भगवान् देवकीसुतः।
एकांतिनं प्रियं भृत्यमुद्धवं समभाषत ॥५०॥

इतिश्रीमद्भागवतेमहापुराणेएकादशस्कंधे षष्ठोध्यायः

અધ્યાય ૭ મો.‡

ગુરૂઓનું માહાત્મ્ય.

श्रीभगवानुवाच:

यदात्थ मां महाभाग तच्चिकीर्षितमेव मे ।
ब्रह्मा भवो लोकपालाः स्वर्वासं
मेऽभिकांक्षिणः ॥ १ ॥

ભગવાન્ કહે છે કે—હે ઉદ્ધવ ! તમે

‡ આ અધ્યાયમા ઉદ્ધવને આત્મજ્ઞાન કરવા, અવધૂતના ઇતિહાસમા કહેલા ગુરૂઓમાથી આઠ ગુરૂનુ ભગવાન વર્ણન કરેછે.

જેમ કહો છો તેમ જ હું કરીશ. બ્રહ્મા, શંકર તથા દેવતાઓ મારો વૈકુંઠમાં વાસ થાય એવું ઇચ્છે છે. બ્રહ્માની પ્રાર્થનાથી હું જે કાર્ય કરવા બળદેવની સાથે આ લોકમાં આવ્યો છું, તે સર્વ કાર્ય મેં પૂર્ણ કર્યું છે. ૨ યાદવકુળ પરસ્પર કલેશ કરીને નાશ પામશે અને આજથી સાતમે દિવસે સમુદ્ર દ્વારિકાં બોળી દેશે. ૩ હે ઉદ્ધવ ! હું મર્ત્યલોકનો ત્યાગ કરીશ, તે વખતે કલિ મર્ત્યલોકને પોતાની સત્તામાં લઈ દુઃખી કરશે અને લોકોનું સર્વ મંગળ વિનાશ પામશે. ૪ હે ઉદ્ધવ ! હું આ પૃથ્વીને તજી દઉં, તે પછી તમારે અહીં રહેવું નહિ. કળિયુગમા લોકોની અધર્મ ઉપર રુચિ થશે. ૫ તમે બંધુઓ ઉપર અને સ્વજનો ઉપરના સ્નેહનો ત્યાગ કરી, સર્વત્ર સમદૃષ્ટિ રાખી પૃથ્વી ઉપર ફરજો. ૬ મન, વાણી, નેત્ર તથા શ્રવણાદિક ઇંદ્રિયોથી જાણવામાં આવતું આ જગત્ માયામય અને મનોમય તેમ જ ક્ષણભંગુર છે. ૭ વિક્ષિપ્ત મનવાળા પુરૂષને ભ્રાંતિ દેખાય છે અને તેમાં ગુણ તથા દોષ રહેલા છે, માટે ગુણ અને દોષરૂપ ભેદ મિથ્યા છે તથા સર્વમાં સમ દૃષ્ટિ રાખવી વેદ પોતે જ જો કે વિધિનિષેધ પ્રતિપાદન કરે છે તેથી વેદ ભેદની સત્યતા વર્ણવે છે, પરંતુ વાસ્તવિક રીતે તો જેની બુદ્ધિમાં ગુણ તથા દોષ હોય છે તેને કર્મ, અકર્મ તથા વિકર્મરૂપ વિધિ નિષેધરૂપી ભેદ છે. ઇન્દ્રિયોના સમૂહ અને ચિત્તને વશ કરી મારાથી જગત રચાયેલું છે અને તમે પોતે હુ જે પરબ્રહ્મ ઇશ્વર છું તે રૂપ જ છો ૯ હું આવી દૃષ્ટિ કરી કર્મ કરીશ નહિ તો દેવતાઓ મને વિઘ્ન કરશે, એવી શંકા કરશો નહિ; તમે વેદના તાત્પર્યના અર્થનો અનુભવ કરીને આત્માના અનુભવથી સંતુષ્ટ રહ્યા સર્વ દવતાઓના આત્મારૂપ થયો, તો તમને કંઇ પણ વિઘ્નો નડશે નહિ. ૧૦ જ્ઞાનીએ યથેચ્છાચરણ કરવાં, કારણ કે બાળક સંકલ્પ વિકલ્પથી રહિત છતાં કેટલાંક કાર્યો કરે છે અને કેટલાંક કાર્ય તે કરતું નથી; તેમ ગુણ દોષના વિચાર રહિત જ્ઞાની પુરૂષ પૂર્વના સંસ્કારથી નિષિદ્ધ કર્મોમાં દોષ ગણી કરતો નથી તેમજ વેદોક્ત કર્મ કરે છે તેમાં પણ ગુણ જાણીને કરે છે તેમ નથી, પરંતુ પોતાની ઇચ્છાથી કરે છે. ૧૧ જ્ઞાન અને વિજ્ઞાનનો નિશ્ચય કરનારાં સર્વ પ્રાણીઓ ઉપર સ્નેહ રાખનાર શાંત અને જગતને મારારૂપ જોતો પુરૂષ, ફરીને જન્મ-મરણ પામતો નથી. ૧૨

શુકદેવજી કહે છે કે-હે રાજન્ ! આ રીતે ભગવાને આજ્ઞા કરી, એટલે મહાવૈષ્ણવ ઉદ્ધવે પ્રણામ કરી તત્ત્વ જાણવાની ઇચ્છાથી કહ્યું કે; હે યોગ જાણનારાઓમાં ઉત્તમ ! આપે મારા કલ્યાણ માટે મને જે ત્યાગ કરવા સંન્યાસનો ઉપદેશ કર્યો, તે આપની મારા ઉપર કૃપા છે, પરંતુ મારા અધિકારનો વિચાર કરીને કહ્યું નથી. આરોગ્ય માટે સર્વસ્વનું દાન કરવામાં આવે છે, દાન કર્યા પછી ગૃહાદિક કંઇ પાછું લઈ શકાતું નથી. મારા જેવાથી આવો ત્યાગ થઇ શકે નહિ ૧૪ જેમનું ચિત્ત કામનામાં લાગ્યું હોય, તે પુરૂષો તેનો ત્યાગ કરી શકતા નથી. તેમાં પણ જેઓ આપના અભક્ત નથી, તેઓથી તો સર્વથા ત્યાગ થઇ શકતો નથી, ૧૫ આપે મને સર્વ ત્યાગ કરવા ઉપદેશ કર્યો, પરંતુ હું મૂઢ બુદ્ધિને લીધે તમારી માયાએ રચેલા દેહ તથા પુત્રાદિક ઉપર 'આ મારૂં અને આ હું' એવી મમતારૂપી બુદ્ધિમાં ડૂબી ગયેલો છુ. હું આપે કહેલા વિષયને જે પ્રમાણે પરિશ્રમ વિના સમજી શકું, તે પ્રમાણે આપ મને ઉપદેશ કરો. હે ઇશ્વર ! સત્ય તથ સ્વયંપ્રકાશ એવા આત્માનો ઉપદેશ, દેવતાઓમાં આપ વિના બીજો કોઇ પણ કરે એમ નથી. બ્રહ્માદિ સર્વ પ્રાણીઓની બુદ્ધિ તમારી માયાથી મોહિત છે,

તેથી તેઓ વિષયોને ભજે છે. ૧૬ કેટલાક સેવા કર્યા છતા ફળ આપતાં ઉંચા હાથ કરે છે, કેટલાક અજાણ્યા જ છે, કેટલાક રક્ષણ કરવાને અસમર્થ છે, તથા કેટલાક સ્નાનક ભ્રષ્ટ થયા છે, પરંતુ આપ નિર્દોષ, સર્વત્ર અવિનાશી, સર્વજ્ઞ રક્ષા કરવામા સમર્થ તથા દેશ, કાલાદિકથી અબધ્ય અને વૈકુંઠ લોકમા વસનરા છો. એવા નરના સખા અને નારાયણ એવા આપને વિષયોથી ખિન્ન થઈ રહેલો અને દુઃખોથી તપી રહેલો હું ભજું છુ ૧૮

ભગવાન્-હે ઉદ્ધવ ! જગતમા લોકતત્વની પરીક્ષ કરનાર મનુષ્યો ઘણું કરીને પોતે જ પોતાને વિષયવાસનામાંથી બહાર લઇ જાય છે ગુરૂના ઉપદેશની કંઇ પણ અપેક્ષા રાખતા નથી પણ પોતાની મેળે જ જ્ઞાન પ્રાપ્ત કરે છે ૧૯ જીવ પશુ વગેરેના શરીરમા હિત તથા અહિત જાણવા મનુષ્ય પોતે જ પોતાનો ગુરૂ થાય છે અને તેના દેહમાં વિશેષે કરીને પોતાનું હિતાહિત જાણવાને ગુરૂ થઇ શકે છે પશુ કરતાં મનુષ્યના શરીરમા પ્રત્યક્ષ તથા અનુમાન ઉપરથી પોતાનુ હિત જાણવાની શક્તિ વધારે છે ૨૦ પશુઓ કરતા મનુષ્યોમા જ્ઞાનાદિક શક્તિઓ વિશેષ હોય છે તેથી સાંખ્ય અને યોગ વિદ્યામા નિપુણ પુરૂષોએ દેહમા સર્વ શક્તિ સપન્ન આત્મા પ્રત્યક્ષ છે, એવો નિશ્ચય કર્યો છે ૨૧ એક બે ત્રણ અને ચાર પગવાળા અને પગ વિનાના શરીરો રચાયેલાં છે, તેમાં બે પગવાળુ મનુષ્યનું શરીર મને પ્રિય છે ૨૨ માનવ દેહમા વિવેકી પુરૂષો અહંકારાદિ દૃશ્ય પદાર્થોથી ભિન્ન એવા મન, હેતુ તથા અનુમાનાદિથી સાક્ષાત્કાર કરે છે. બુદ્ધિ આદિક જડ પદાર્થોનો પ્રકાશ આત્મપ્રકાશ વગર સભવતો નથી દૃશ્ય વસ્તુને જે પ્રકાશ આપે છે, તેને સ્વયપ્રકાશ આત્મા કહે છે. બુદ્ધિ આદિક પદાર્થો સ્વતંત્ર કર્તાથી પ્રેરાય છે. હથિયારો સુતારને આધીન રહી કામ કરે, તેમ બુદ્ધિ આદિક દૃશ્ય પદાર્થોને જે સ્વતંત્રતાથી પ્રેરે છે, તે આત્મા છે, એવું અનુમાન કરી સાવધાન રહેનાર પુરૂષો મનુષ્યના શરીરમાં મને શોધે છે ૨૩ પોતાની મેળે વિચાર કરવાથી પણ જ્ઞાન થાય છે દત્તાત્રેય તથા મહાતેજસ્વી યદુરાજાના સંવાદરૂપી એક પુરાણ ઇતિહાસ આનું ઉદાહરણ છે ૨૪ અવધૂત મહા વિદ્વાન ને તરૂણ અવસ્થાવાળા દત્તાત્રેય જગતમા ફર્યા કરે છે. તેમને જોઇને ધર્મવેત્તા યદુરાજાએ એકવાર નીચે પ્રમાણે પૂછ્યું હતું ૨૫

યદુરાજા—હે મહારાજ ! તમે કંઇ કામ કરતા નથી, છતા આપની સર્વ લોકોથી વિલક્ષણ અને નિપુણ બુદ્ધિ કેમ છે ? આપ વિદ્વાન છતાં બુદ્ધિનો આશ્રય નહિ કરતાં બાળકની પેઠે જગતમાં ફરોછો. મનુષ્યો ઘણું કરીને ધર્મ અર્થ કામ અને આત્માના વિચારમાં પ્રવૃત્તિ કરે છે ૨૭ તમે સમર્થ છો, વિવેકી છો, કાર્ય કુશળ છો, રૂપાળા છો મધુર વાણી બોલનારા છો, છતાં જડ ઉન્મત્ત અને પિશાચની પેઠે ફરો છો અને કંઇ ઇચ્છતા નથી ૨૮ લોકો કામ અને લોભરૂપી દાવાનળથી બળ્યા કરે છે, છતાં તમે ગંગાજળમા ઉભેલા હાથીની પેઠે શાંત રહો છો અને કશો સતાપ કરતા નથી, આવો મહા આનંદ તમને કયાથી મળ્યો ? ૨૯ હે બ્રાહ્મણ ! તમે વિષયના ભોગથી તથા સ્ત્રી પુત્રાદિકથી રહિત, કેવળ આત્મસ્વરૂપમાં મગ્ન છો. આપને આવો આનંદ કેમ રહે છે ? તે મને કહો ? ૩૦

બ્રાહ્મણોને માનનારા, ઉત્તમ બુદ્ધિવાળા યદુ રાજાએ સન્માનપૂર્વક પૂછ્યું, એટલે દત્તાત્રેયે પ્રીતિથી નમેલા યદુરાજાને કહ્યું કે—

હે રાજન ! મે બુદ્ધિથી સ્વીકારેલા કેટલાક ગુરૂઓ છે. તેમની શીખથી હું આ

સંસારમાં મુક્ત થઇને ફરૂં છું. ૩૨ પૃથ્વી વાયુ આકાશ જળ અગ્નિ ચંદ્ર સૂર્ય કપોત અજગર સમુદ્ર પતંગ ભમરી હાથી મધ ઉતારનારો પારધી હરિણ માછલું પિંગલા વેશ્યા ટીટોડી બાળક છોકરી લુહાર સર્પ કરોળિયો અને ભમરો, એ ચોવીશ મારા ગુરૂઓ છે તેમનાં આચરણો ઉપરથી મેં મારે માટે ઉપદેશો ગ્રહણ કર્યા છે ૩૫ મેં જેમની પાસેથી શિખામણ લીધી છે તથા જે પ્રમાણે તે લીધી છે તે કહુ તે સાંભળો ૩૬ પ્રાણીઓ પૃથ્વીને પગ વતી દબાવે છે, તોપણ પૃથ્વી ચલયમાન થતી નથી તેમ દૈવને વશ પ્રાણીઓ દુઃખ દેતાં ધીર પુરૂષે, તે દૈવને આધીન છે એમ જાણવું અને પોતાના નિયમથી ચલાયમાન થવું નહિ આ ગુણ હું પૃથ્વી પાસેથી શીખ્યો છું ૩૦ ઝાડ ઝરડાં વગેરેને ઉત્પન્ન કરવાની પર્વતની સઘળી ક્રિયાઓ સદા પરોપકાર માટે જ છે, તેમ પર્વતનો જન્મ પણ પરોપકાર માટે જ છે, સાધુ પુરૂષે પોતાની સર્વ ક્રિયાઓ ને જન્મ પરોપકારને માટે માનવો. ઝાડમાંથી હું એ ગુણ શીખ્યો છું. ઝાડ નિરંતર પરાધીન રહે છે. લોકો તેને કાપી લઈ જાય છે, તોપણ તે બોલતું નથી, તેમ મહાત્મા પુરૂષે પણ પરાધીન રહેવું. બીજા મારી નાખે અથવા ઘસડી જાય તો પણ તે સહન કરવું. ૩૮ વાયુ બે પ્રકારનો છે તેમા પ્રાણરૂપ અને બહાર ફરનાર વાયુ પાસેથી હું શીખ્યો છું કે, આહાર મળવાથી પ્રાણ સંતોષ પામે છે, પરંતુ રૂપ, રસાદિક ઇંદ્રિયોના વિષયોની અપેક્ષા રાખતો નથી, તેમ યોગીએ આહારના લાભથી જ સંતોષ માનવો. તેમાં સારા કે નરતા આહારની અથવા વિષયોની ઇચ્છા રાખવી નહિ. આહાર ન કરવાથી મન વિકલ થાય, અને તેથી જ્ઞાનનો નાશ થાય, માટે દેહનો નિર્વાહ કરવા આહારને ગ્રહણ કરવો. સારા આહારની કે વિષયોની ઇચ્છા રાખવાથી વાણી અને મન વિક્ષેપ પામે છે, માટે જ્ઞાનનો નાશ ન થાય, તેમ વાણી અને મન વિક્ષેપ ન પામે, તેવી રીતે આહાર કરવો. ૩૯ વાયુ જેમ વનમાં પ્રસન્ન થતો નથી અને અગ્નિમાં ખિન્ન થતો નથી, તેમ ગુણ દોષરહિત બુદ્ધિ શાળી યોગીએ ટાઢ તડકો વગેરે અનેક ધર્મવાળા વિષયોમા અનુકૂલ વિષયો હોય ત્યારે પ્રસન્ન થવુ નહિ અને પ્રતિકૂલ હોય ત્યારે ખિન્ન થવું નહિ. ૪૦ વાયુ જેમ સુગંધી દુર્ગંધી જણાય પરંતુ વસ્તુતાએ સુગંધી તેમ દુર્ગંધી કંઈ પણ હોતે નથી, તેમ આત્મા પૃથ્વીના વિકારરૂપ દેહમા રહેલો હાવાથી જન્મ-મરણવાળો લાગે છે, પરંતુ વસ્તુતાએ જન્મ મરણવાળો નથી. ૪૧ આકાશ નામના ગુરૂ પાસેથી હું આ ગુણ શીખ્યો છું તે જેમ સર્વત્ર વ્યાપક છે, છતાં તેને કોઇ વસ્તુનો સંગ નથી ને કોઇ પદાર્થ તેનું માપ કરતો નથી, તેમ યોગીએ દેહમા રહ્યા છતા બ્રહ્મસ્વરૂપની ભાવના કરી પોતાનો આત્મા સ્થાવર જંગમોમાં અનુગત છે અને તે મણિઓમા સૂત્રની પેઠે નહિ, પરંતુ સર્વ અંશમા વ્યાપ્ત છે, એમ જાણી દેહાદિકના સંગથી રહિત પદાર્થથી તેનો પરિચ્છેદ થઈ શકતો નથી, એમ વિચાર કરવો તથા વાયુએ પ્રેરેલા અને ક્ષણમાં નાશ થનાર તથા ક્ષણમા આવનાર મેઘપટલ અથવા રજ વગેરે પદાર્થોનો જેમ આકાશને સ્પર્શ થતો નથી, તેમ કાળે સર્જેલા પૃથ્વી જળ તથા તેજમય દેહાદિક પદાર્થો, જે ક્ષણમાં ઉત્પન્ન થાય છે, અને ક્ષણમાં નાશ પામે છે, તે આત્માનો સ્પર્શ કરી શકતા નથી, એમ યોગીએ જાણવું ૪૩ જળ નામે ગુરૂ પાસેથી મેં નીચે પ્રમાણે શીખ લીધી છે. પાણી જેમ સ્વચ્છ સ્વભાવથી સ્નિગ્ધ મધુરભાષી મનુષ્યોને પવિત્ર કરનારુ છે; તેમ યોગીએ પણ સ્વચ્છ સ્વભાવથી સ્નિગ્ધ મધુરભાષી મનુષ્યોને

પવિત્ર થવાના તીર્થરૂપ દર્શન તથા સ્પર્શ કરવાથી બીજાઓને પવિત્ર કરવા જોઇએ. અગ્નિ જેમ તેજસ્વી પ્રતાપથી પ્રકાશમાન કોઈથી પણ તિરસ્કારી શકાય નહિ તેવો ઉદરરૂપી એક પાત્રવાળો અને સર્વ વસ્તુનું ભક્ષણ કરવા છતાં નિર્દોષ રહે છે, તેમ યોગીએ જ્ઞાનથી અતિ તેજસ્વી, તપથી પ્રકાશમાન, તિરસ્કાર કરી શકાય નહિ તેવા તથા પેટ વિના બીજું પાત્ર ન રાખનારા રૂપે રહેવું જોઇએ અને તે પ્રમાણે સર્વ વસ્તુનું ભક્ષણ કરવા છતાં યોગી દોષભાગી થતો નથી અગ્નિ જેમ ગુપ્ત રહે છે, કોઇ ઠેકાણે સ્પષ્ટ રહે છે. વળી તે કલ્યાણની ઇચ્છાવાળાઓએ ઉપાસના કરવા યોગ્ય અને બળી આપનારાઓનાં ભૂત તથા ભવિષ્ય કાળનાં પાપોને બાળીને ભસ્મ કરનાર છે અને સર્વ ઠેકાણે બીજાની ઇચ્છાથી ભોજન કરનાર છે, તેમ યોગીએ પણ કોઇ ઠેકાણે છાનુ, કોઇ ઠેકાણે ચાસન તથા કોઇ ઠેકાણે કલ્યાણની ઇચ્છા વાળાઓએ ઉપાસના કરવા યોગ્ય થઇ રહેવું. અન્ન જમાડનારાઓનાં ભૂત અને ભવિષ્ય કાળનાં પાપોને બાળી નાંખતા અને બીજાઓની ઇચ્છાથી સર્વ ઠેકાણે ભોજન કરી લેવું. અગ્નિ જેમ કાષ્ઠના જેવો વાંકો તથા ટૂંકો જણાય છે પરંતુ વસ્તુતાએ તેવો નથી, તેમ આત્મા અવિદ્યાથી સર્જાયલા ઉચ નીચ દેહમાં રહેવાથી ઉચ નીચ જણાય, પરંતુ તેવો નથી, એમ યોગીએ જાણવું. ચંદ્રમા પાસેથી હું શુકલ પક્ષમાં વધવું, કૃષ્ણ પક્ષમાં ઘટવું વગેરે વધઘટની કળા શીખ્યો છું. જન્મથી મરણ સુધીના છ વિકારો દેહને છે, આત્માને નથી, એમ યોગીએ જાણવું. ૪૮ અગ્નિની જ્વાળાઓ જેમ નાશ પામે છે અને નવી નવી થાય છે પરંતુ તે જેમ આપણે જાણતા નથી તેમ પ્રવાહની પેઠે અવિચ્છિન્ન વેગવાળા કાળથી આત્માની પાછળ લાગેલાં શરીરો નાશ પામે છે અને નવાં થાય છે, પરંતુ આપણે જાણતા નથી; માટે યોગીએ દેહને ક્ષણભંગુર જાણી વૈરાગ્ય રાખવો. ૪૯ સૂર્ય જેમ આઠ મહિના પોતાનાં કિરણોવડે પૃથ્વીમાંથી જળ ચૂસી લે છે અને વર્ષાઋતુમાં પાછું આપે છે, પરન્તુ તેમાં ગ્રહણ વા ત્યાગ કરવાનું અભિમાન રાખતો નથી તેમ યોગીએ ઇન્દ્રિયોને ઉપયોગી વસ્તુઓ સ્વીકારવી અને કોઇ યાચે તો આપી દેવી. સૂર્ય જેમ આકાશમાં પોતાના સ્વરૂપમાં રહે છે ત્યાં એકરૂપ છે, પરંતુ પાણીનાં કુંડાં વગેરેની ઉપાધિઓમાં પ્રતિબિંબરૂપે રહે છે ત્યારે સ્થૂલ બુદ્ધિવાળાઓને જુદો જુદો દેખાય છે, તેમ આત્મા એક સ્વરૂપ છે છતાં દેહાદિકની ઉપાધિઓમા સ્થૂલ બુદ્ધિવાળાઓને જુદો જુદો દેખાય છે; વસ્તુતાએ એકરૂપ હોય છે, એમ યોગીઓએ જાણવું. ૫૧ હું કપોત પાસેથી નીચે પ્રમાણે શીખ્યો છું. કોઇ પણ પુરૂષે કોઇ પણ ઠેકાણે અતિ પ્રીતિ કે લાલન પાલન વગેરેની અત્યંત આસક્તિ રાખવી નહિ પુરૂષ જો અત્યાસક્તિ રાખે તો તેની માફક સંતાપ પામે છે. કોઇ એક કપોત વનમાં ઝાડ ઉપર સ્ત્રીની સાથે કેટલાંક વર્ષ સુખી રહ્યો હતો ૫૩ સ્નેહથી એક હૃદયવાળાં ગૃહસ્થાશ્રમી એવાં તેમણે અન્યોન્ય દૃષ્ટિ સાથે દૃષ્ટિ, અંગ સાથે અંગ અને બુદ્ધિ સાથે બુદ્ધિ જોડી દીધી હતી. ૫૪ તે બન્ને જણાં વિશ્વાસથી સૂવું બેસવું ફરવું ઉભાં રહેવું વાતો કરવી રમત કરવી તથા ખાવું વગેરે ક્રિયાઓ એક રૂપે જ કરતાં હતાં. કપોતી પતિને સંતોષ આપી પ્રિય બની હતી. તે જે જે વસ્તુને માગતી હતી, તે તે કપોત દુઃખ સહન કરીને પણ લાવી આપતો. ૫૬ કપોતીને પ્રથમ ગર્ભ રહ્યો અને વિઆવાનો સમય થયો. તેણે માળામાં ઈંડાં જે પાણીથી ભરેલાં હતાં, તેઓમાં ભગવાનની અચિંત્ય શક્તિવાળી માયાવડે સમય

થયો કે, અવયવો વગેરે થયાં અને કુમળા શરીરવાળા બચ્ચાં ઉપર વાલ ધરાવનરૂં તે જોડું પ્રસન્ન થઇને તેમનું લાલન પાલન ને પોષણ કરવા લાગ્યું. તેમનું મધુર ભાષણ સાંભળવા લાગ્યું. તેમજ બચ્ચાંના મધુર શબ્દોથી આનંદ પામવા લાગ્યું. ૫૯ બચ્ચાંનાં કોમળ પીછાંથી, કલકલ શબ્દોથી, નિર્દોષ ગમતથી તથા પોતાની સામા આવવાથી તેઓ પ્રસન્ન થતાં. ૬૦ તે સ્ત્રી પુરૂષનું હૃદય સ્નેહથી બંધાઇ ગયું. તેઓ વિષ્ણુની માયાવડે મોહ પામેલાં હતા તેથી બચ્ચાનું પોષણ કરતાં હતાં. ૬૧ એક દિવસ તે બચ્ચાને માટે ચારો લેવા વનમાં ગયાં ચારાની ઇચ્છાથી તે બંને ઘણીવાર ભટકયા. દરમિયાન એક પારધી વનમાં ફરતો ફરતો બચ્ચાંના માળા પાસે આવ્યો. જાળ નાખી બચ્ચાંને તેણે પકડી લીધાં. એટલામાં માબાપ ચારો લઇ માળા તરફ આવ્યા. ૬૪ કપોતી બચ્ચાંને જાળમાં સપડાઈ ગયેલાં અને ચીસો પાડતાં જોઇને અત્યંત ખિન્ન થઇ રડતી રડતી તે બચ્ચાં તરફ દોડી. ૬૫ નિત્યના સ્નેહપાશથી બંધાયલી તથા ભગવાનની માયાવડે દીન તે બચ્ચાને બંધાયેલા જોયા છતાં પણ જાળમાં પડી બધાઇ ગઈ. પ્રાણ કરતાં પણ વિશેષ પ્રિય બચ્ચાંને તથા પોતાને યોગ્ય એવી સ્ત્રીને જાળમાં પડેલા જોઇ કપોત બહુજ દુઃખી થઇને વિલાપ કરવા લાગ્યો. ૬૭ અરેરે! મારો નાશ થઇ ગયો, હું અલ્પ પુણ્યવાળો તથા દુષ્ટ બુદ્ધિવાળો છું. હજી મારી તૃષ્ણાઓ તૃપ્ત થઈ નથી. મનોરથો પૂર્ણ થયા નથી, એટલામાં ધર્મ, અર્થ અને કામના ધામરૂપ મારૂ ઘર ભાગી ગયું. ૬૮ મને અનુકૂલ રહેનારી આ સ્ત્રી મને ઉજડ ઘરમાં રઝળાવી બચ્ચાં સાથે સ્વર્ગમાં જાય છે. ૬૯ મારૂં જીવન ખારૂં થઇ ગયું, બચ્ચાં મરી ગયાં ને હવે આ સુના ઘરમાં મારે શા માટે જીવવાની ઇચ્છા કરવી જોઇએ? ૭૦ આ પ્રમાણે વિલાપ કરતો તે ઉપર કહ્યા પ્રમાણે પેલાં બચ્ચાંને અને પોતાની સ્ત્રીને જાળમાં ફસાયેલા, કાળના મુખના કોળીઆરૂપ થઇ પડેલાં અને તરફડતાં જોઇ પોતે જાળમાં જઇ પડયો. ૭૧ તેમને મેળવી ક્રૂર પારધીનું કામ પૂર્ણ થઇ ગયું અને તે પોતાને ઘેર ગયો. ૭૨ જે ચંચળ ચિત્તવાળો કુટુંબી મનુષ્ય સુખ-દુઃખાદિક દ્વંદ્વ પદાર્થોમાં આસક્ત થઈ, કુટુંબનું પોષણ કરે છે, તે મનુષ્ય કપોતની પેઠે પોતાના પરિવાર સાથે દુઃખી થાય છે. ૭૩ ઘરમા થયેલી આસક્તિ પશુ પક્ષીઓને પણ અનર્થકારી થઇ પડે છે. મુક્તિના ઉઘાડા બારણાવાળા મનુષ્યના અવતારને પામીને, પંખીનાં પેઠે ઘરની જંજાળમા બંધાઇ રહે, તે મનુષ્યને તત્ત્વજ્ઞો મૂર્ખ કહે છે. ૭૪

यः प्राप्य मानुषं लोकं मुक्तिद्वारमपावृतम्
गृहेषु खगवत्सक्तस्तमारूढच्युतं विदुः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणएकादशस्कंधे सप्तमोध्यायः

અધ્યાય ૮ મો.[†]

દત્તાત્રેયના ગુરૂઓ.

ब्राह्मण उवाच.

सुखमैंद्रियकं राजन् स्वर्गे नरक एव च ।
देहिनां तद्यथा दुःखं तस्मान्नेच्छेत तद्बुधः ॥

બ્રાહ્મણે કહ્યું-હે રાજન્! ઉદ્યમ કર્યા વિના પ્રારબ્ધના બળથી જેમ દુઃખ પોતાની મેળે જ આવે છે, તેમ સ્વર્ગમાં તથા નરકમાં જ્યાં હોઇએ ત્યાં ઇન્દ્રિય સંબંધી સુખ પણ પોતાની મેળે જ પ્રાપ્ત થાય છે માટે જ્ઞાની પુરૂષે સુખ માટે પ્રયત્ન કરવો નહિ ૧ અજગર જેમ ઉદ્યમ કર્યા કારણ્યા વિના પ્રારબ્ધથી જે કંઇ મળે તેનો ઉપર રહે છે, તેમ યોગીએ સારૂં-નરતું જે

† આ અધ્યાયમા દત્તાત્રેયે અજગરાદિ નવ ગુરૂઓ પાસેથી ઉપદેશ લીધો હતો, તે કથા કહેવામા આવશે.

કઈ મળે, તેની ઉપર આજીવિકા કરવી. ૨ ખાવાનુ ના મળે તો પણ ઉદ્યોગ કરવો નહિ, પ્રારબ્ધ ઉપર આસ્થા રાખી અજગરની પેઠે સૂઇ રહેવું. ૩ ઈન્દ્રિયેનુ, મનનુ તથા શરીરનું બળ હોય તોપણ દેહથી કંઈ કરવુ નહિ, આત્મપ્રાપ્તિરૂપી સ્વાર્થમા લક્ષ રાખવું અને ઈન્દ્રિયો સર્વે સપૂર્ણ હોય તોપણ કંઇ વ્યાપાર કરવો નહિ ૪ (૨) સ્થિર જળથી ભરલો મહાસાગર જેમ ઉપરથી પ્રસન્ન દેખાય છે અને અંદર ગંભીર હોય છે, જેના પારને કોઇ પહોંચી શકતું નથી, કારણ તે અનત અને અપાર છે, તેમ યોગીએ ઉપરથી પ્રસન્ન રહેવું, અંદર ગભીરતા રાખવી, કોઈ પણ તળસ્પર્શ કરી શકે નહિ કે અતિક્રમ કરી શકે એવા થવુ નહિ. સ્વસ્વરૂપના આવિર્ભાવને લીધે કાળથી દેશથી તથા અવધિથી થતા કાર્યને આધીન થવું અને રાગ દ્વેષાદિકનો ત્યાગ કરી નિર્વિકાર રહેવુ. ૫ સમુદ્ર જેમ વર્ષાઋતુમા ઘણી નદીઓ મળવાથી વધી જતો નથી, ઉનાળામા સુકાઈ જતો નથી, તેમ યોગીએ નારાયણ ઉપર ભાવ રાખવો સંપૂર્ણ વૈભવો મળે તોપણુ રાજી થવું નહિ, તેમ ન મળે તો ખિન્ન પણ થવુ નહિ ૬ રૂપ ઉપર મોહ થવાથી કેવુ દુઃખ ઉપજે છે, તે હું પતગીઆ પાસે શીખ્યો છુ. (૩) પતગ જેમ અગ્નિનું રૂપ જોઈ તેમા પડે છે, તેમ ઇન્દ્રિયાધીન પુરૂષ કરેછે. ૮ માયાએ રચેલા સ્ત્રી સુવર્ણ આભૂષણ તથા વસ્ત્રાદિક પદાર્થો ઉપર, ઉપભોગની બુદ્ધિથી અતઃકરણપૂર્વક આશાવાળો થાય છે અને પછી પતંગની માફક મોહથી આધળો થઇ નાશ પામે છે, માટે યોગીએ માયારચિત પદાર્થોની ઇચ્છા રાખવી નહિ ૮ (૪) મધુકર કેમ સુગંધના લોભથી કમળમા પેસે છે, ને સાયકાળે તે બીડાઇ જતા કેદ થાય છે, તેમ યોગી પણ ઉત્તમોત્તમ પદાર્થોના લોભથી ગૃહસ્થના ઘરનો આશ્રય કરતાં બધાઈ જાય છે, માટે યોગીએ ગૃહસ્થોને દુઃખ ન આપતાં દેહ ટકી રહે તેટલા અન્નથી સંતુષ્ટ રહી મધુકરની પેઠે લોભમાં પડવું નહિ જેમ ભ્રમર નાનાં મોટાં પુષ્પોમાંથી સાર સાર ગ્રહણ કરે છે, તેમ યોગીએ પણ નાનાં–મોટાં શાસ્ત્રોમાંથી સાર ગ્રહણ કરવો. (૫) મધમાખી મધનો સંગ્રહ કરે છે તેથી તેને જેમ મરવું પડે છે, તેમ યોગી પણ જો અન્નાદિનો સગ્રહ કરી રાખે તો મરવું પડે છે યોગીએ જેટલું હાથમાં રહી શકે તેટલું જ લેવું, વધારે નહિ. અન્ન ભરી રાખવા માટે માત્ર પેટરૂપી એક પાત્ર રાખવું, પરંતુ મધમાખીની પેઠે સંગ્રહકર્તા થવુ નહિ ૧૧ સન્યાસીએ સાયંકાળ માટે તથા આવતી કાલ માટે અન્નાદિકનો સંગ્રહ કરવો નહિ. જો સંગ્રહ કરે તો તે પોતાનો નાશ કરે છે. ૧૨ (૬) હાથી, પોતાને પકડનારાઓએ જેમ લાકડાની હાથણી કરીને સામી ઉભી રાખી હોય, તેને મેળવવાના લોભથી તેની પાસે જતાં વચ્ચે ઢાંકી રાખેલા કુવામા પડી બંધાય છે, તેમ પુરૂષ પણ સ્ત્રીના અંગનો સ્પર્શ કરવા જતા બંધાય છે, માટે યોગીએ લાકડાની પુતળીનો પણ સ્પર્શ કરવો નહિ અને તે પણ હાથથી તો શું, પરંતુ પગથી પણ સ્પર્શ કરવો નહિ. ૧૩ બુદ્ધિશાળી યોગીએ પોતાનો નાશ કરનારી સ્ત્રીનો કોઈ પણ દિવસ સંગ કરવો નહિ હાથણીનો સંગ કરનાર હાથીની માફક સ્ત્રીના સાથી પુરૂષનો બળવાન્ પુરૂષો નાશ કરે છે. ૧૪ (૭) મધમાખીઓએ ઘણા દુઃખથી એકઠું કરી રાખેલુ મધ જેમ પારધી લઇ જાય છે, તેમ લોભીએ સંકટ વેઠીને સગ્રહ કરી રાખેલું ધન દાનમાં અથવા ઉપભોગમાં આવતુ નથી; પરંતુ બીજા લોકો ભોગવે છે. ૧૫ ઝાડના કોટરમા તથા બીજા સ્થાનમાં મધના પુડા હોય તેને પારધી લોકો જાણે છે, તેમ લોભી

મનુષ્યથી ગુપ્ત સ્થાનમાં રખાયેલા ધનને બીજા લોકો જાણે છે, માટે યોગીએ સંગ્રહ કરવો નહિ. મધમાખીઓ ઘણા કષ્ટથી મધ એકઠું કરી તેને ભોગવતી નથી એટલામાં તો પારધીઓ તેનું અપહરણ કરે છે ગૃહસ્થો બહુ બહુ સંકટો વેઠી સુખોની ઇચ્છા કરે છે. ૧૬ (૮) વનમાં ફરનારૂં હરિણ જેમ પારધીના ગાયનથી મોહિત થઇ મરણ પામે છે, તેમ વનમાં ફરનારો સંન્યાસી પણ ગાયન સાંભળે તો તેની ઉપર મોહિત થઇ ભ્રષ્ટ થાય છે, માટે સંન્યાસીએ કોઇ પણ દિવસ ગાયન સાંભળવું નહિ. ૧૭ હરિણીના પુત્ર ઋષ્યશૃંગ ઋષિ વેશ્યાઓના સંગમાં વિષયોથી ભરેલાં નૃત્યો, વાદિત્રો અને ગાયનોથી વેશ્યાઓને અધીન થઇ પરવશ પડયા હતા, માટે યોગીએ ગાયન સાંભળવું નહિ. ૧૮ (૯) માછલું જીહ્વા રસના લોભથી આંકડી ગળીને તેનાથી પકડાઇ જીભના સ્વાદથી મરણ પામે છે. ૧૯ વિદ્વાન મનુષ્યો આહારનો ત્યાગ કરવાથી ઝટ ઇન્દ્રિયોને વશ કરી શકે છે, પરન્તુ જીહ્વાને વશ કરી શકતા નથી; કારણ કે અન્નનો ત્યાગ કરવાથી જીભનો લોભ વધે છે ૨૦ બીજી ઇન્દ્રિયોને જીત્યા છતા જીહવા ઇન્દ્રિયને જિતી ન હોય તો પુરૂષ જિતેન્દ્રિય કહેવાતો નથી. જીભ જીતાઈ તો સર્વ ઇન્દ્રિયો જતાઈ જાણવી, માટે યોગીએ રસની ઇચ્છાનો ત્યાગ કરી ઔષધની પેઠે અન્ન ખાવું. ૨૧ હે રાજન ! પૂર્વે વિદેહ નગરમાં પિંગલા નામે એક વેશ્યા રહેતી હતી, તેની પાસેથી હું નિરાશા શીખ્યો હતો. ૨૨ પિંગળા એકવાર પુરૂષને પોતાના મંદિરમાં લઇ જવા શણગાર ધારણ કરી બારણામાં બેઠી. ૨૪ તે માર્ગે જતા ધનાઢય પુરૂષોને જોઇને આ મને ધન આપશે તથા મારી સાથે રાત્રિ રહેશે એમ માનતી, પણ પુરૂષો પાછા જતા. પછી સંકેત વૃત્તિથી આજીવિકા કરનારી વેશ્યા વિચાર કરવા લાગી કે બીજો કોઇ ધનાઢય પુરૂષ વિશેષ ધન આપનારો મારી પાસે આવશે. ૨૫ આવી દુષ્ટ આશાથી તેની નિદ્રા ઉડી ગઇ અને મોડા સુધી બેસીજ રહી. આ પ્રમાણે આશામાં મધ્ય રાત્રિ વીતી ગઇ. ધનની આશાથી તેનું મન દીન થઇ ગયું મુખમાં શોષ પડયો અને મહા ખેદ થયો. હવે આ ધંધો ત્યાગ કરવો એ સારૂં નથી એવો વિચાર તેને અંચો નિરાશ થયેલી એવી તે બોલી કે પુરૂષોને જે નિર્વેદ બુદ્ધિ થાય છે તે આશારૂપી પાશોને કાપી નાંખવામાં તરવાર જેવી છે. ૨૮ જયાં સુધી નિર્વેદ ઉત્પન્ન થતો નથી, ત્યાં સુધી પુરૂષ દેહના બંધનનો ત્યાગ કરવાની ઇચ્છા કરતો નથી. જેમ વિજ્ઞાન રહિત અવિવેકી મનુષ્ય મમતાનો ત્યાગ કરી શકતો નથી પરંતુ વિવેક થયા પછી તેનો ત્યાગ કરે છે. તેમ હું અવિવેકી હોવાથી મનને આધીન છું, મારા મોહનો વિસ્તાર મોટો છે. જે મોહને લીધે હું મૂર્ખ હલકા પુરૂષની ઇચ્છા રાખું છું. ૩૦ અપરોક્ષ, અંતર્યામી નિત્ય ધન આપનાર તથા આનંદ આપનાર ઇશ્વરનો ત્યાગ કરી કામના ન પુરનાર પરંતુ દુઃખ શોક મોહ વગેરે આપનાર હલકા પુરૂષને હું ઇચ્છું છું. ૩૧ અરેરે! હું કામી લોભી તથા શોક કરવા યોગ્ય પુરૂષને મારૂ શરીર વેચી તેની પાસેથી રતિની તથા ધનની ઇચ્છા રાખું છું અને દુષ્ટ વૃત્તિરૂપી અતિ નીચ ધંધાથી અંતઃકરણને વૃથા સંતાપમાં નાખું છું. ૩૨ પુરૂષનુ શરીર એક ઘર છે, જેમા વળીઓ અને પાટડીઓ, ટેકા વગેરે હાડકાનાં બનેલાં છે તેની અંદર વિષ્ઠા તથા મૂત્ર ભરેલું છે; જેની ઉપરનો ભાગ ચામડાથી રૂંવાથી તથા નખોથી મઢેલો છે. આવા પુરૂષને મારા વિના બીજી કયી સ્ત્રી સેવે. ૩૩ આ મહાજ્ઞાની વિદેહ રાજાની નગરીમા હું જ એક મંદ બુદ્ધિવાળી અને દુષ્ટ છું, કારણ કે હુંજ

સ્વસ્વરૂપને આપનાર તથા અંતર્યામી એવા અવિનાશી પરમાત્માનો ત્યાગ કરી ભોગની ઈચ્છા કરૂં છું. ૩૪ ઇશ્વર જ પ્રાણીઓના મિત્ર તથા પરમ આત્મારૂપ છે, માટે હું મનથી તેમને વેચાતા લઈ હવે લક્ષ્મીની પેઠે તેમની સાથે જ વિહાર કરૂં. ૩૫ વિષયો આપનાર પુરૂષો તથા દેવતાઓ આદિ તથા અંતવાળા છે, તેઓએ મારૂં ભાર્યાનું શું હિત કર્યું? માટે આ લોક તથા પરલોકમાં ઇશ્વર વિના બીજું કોઇ પણ સેવા કરવા યોગ્ય નથી. ૩૬ પૂર્વ જન્મના કોઇ શુભ કર્મને લીધે આજે ભગવાન વિષ્ણુ મારા ઉપર પ્રસન્ન થયા છે, કારણ કે આ દુઃખકારક આશા ઉપર આજ મને સુખકારી એવો વૈરાગ્ય ઉત્પન્ન થયો છે. મારૂં ભાગ્ય મંદ હોત તો મને વૈરાગ્ય આપનાર કલેશો થાત નહિ. જે વૈરાગ્યને લીધે પુરૂષ ઘર બાર વગેરે સર્વ પરિવારનો ત્યાગ કરીને શાંતિ પામે છે. વૈરાગ્ય આપવારૂપી મારા ઉપર ઇશ્વરનો જે ઉપકાર થયો છે, તે હું આજ માથે ચઢાવું છુ મનુષ્યોમા રહેલી દુષ્ટ વાસનાઓનો ત્યાગ કરી હું ઇશ્વરને શરણે જાઉં છું. ૩૯ હવે હું સંતોષ રાખીશ અને જે કંઈ મળશે તેથી આજીવિકા ચલાવીશ. ૪૦ સંસારરૂપી કુવામાં પડેલા વિષયોથી અંધ અને કાળરૂપી સર્પથી ડસાએલા જીવનું ભગવાન વિના બીજું કોણ રક્ષણ કરે?૪૧ રક્ષાની આશાથી હું હરિને ભજીશ નહિ, કારણ કે જીવ જ્યારે જગતને કાળરૂપી સર્પથી ડસાએલું જુવે છે અને તેનાથી સાવધાન થઇ આ લોકના અને પરલોકના ભોગથી વૈરાગ્ય પામે છે ત્યારે પોતાનું રક્ષણ કરવાને સમર્થ થાય છે, માટે હું તો કેવળ પ્રેમથી જ ભગવાનને ભજીશ ૪૨ આ પ્રમાણે નિશ્ચય કરીને જારની આશાથી ઉત્પન્ન થયેલી દુષ્ટતા તજી તે શાંત થઇ શય્યામાં સૂની આ વાત-માંથી મેં જે સાર ગ્રહણ કર્યો તે એજ કે આશા રાખવી એ મોટું દુઃખ છે અને નિરાશા મોટું સુખ છે, કારણ કે પિંગલા જારની આશા છોડી દીધાથી સુખે સુતી હતી. ૪૪

आशा हि परमं दुःखं नैराश्यं परमं सुखम् ।
यथा सञ्छिद्य कांताशां सुखं सुष्वाप पिंगला

इतिश्रीमद्भागवतेमहापुराणएकादशस्कंधे अष्टमोध्याय:

અધ્યાય ૯ મો.*

દત્તાત્રયના ગુરૂઓ.

ब्राह्मण उवाच

परिग्रहो हि दुःखाय यद्यत्प्रियतमं नृणाम् ।
अनन्तं सुखमाप्नोति तद्विद्वान्यस्त्वकिंचनः १

બ્રાહ્મણ બોલ્યો કે—એક ટીટોડો ચાંચમાં માંસ લઇને ઉડતો હતો, એટલામાં બીજા ટીટોડા તેને મારવા દોડયા. તેથી તે માંસનો ત્યાગ કરીને સુખ પામ્યો. હું ટીટોડાની શિક્ષા શિખ્યો કે, પ્રિય વસ્તુઓ હોય તેનો સ્વીકાર કરવો એ દુઃખદાયી છે, એમ જાણીને જે પુરૂષ પોતાના કુટુંબાદિકનો તથા સર્વ વસ્તુઓનો ત્યાગ કરે છે તે પુરૂષ અનન્ત સુખ પામે છે. બાળકને જેમ માન કે અપમાન હોતુ નથી, તેમજ ઘરબારવાળા અને છોકરાંવાળાને જે ચિન્તા હોય છે, તે ચિન્તા પણ હોતી નથી તેમ મને પણ માન કે અપમાન નથી તથા ચિન્તા પણ નથી. હું મારી પોતાની સાથે જ રમું છું અને મારી પોતાની ઉપર પ્રીતિ રાખી બાળકની પેઠે જગતમાં ફર્યા કરૂં છું. ૩ જે મૂર્ખ તથા ઉદ્યમ રહિત બાળક હોય તે બે જ પુરૂષોને ચિંતાથી મુક્ત અને પરમાનંદમાં નિમગ્ન જાણવા. ૪ કોઇ ગામમાં એક ગૃહસ્થને ઘેર કુંવારી કન્યા હતી, તેને ઘેર મૂકી, ગૃહસ્થ તથા બીજાં મનુષ્યો બહાર ગયાં તેટલામાં વેશવાળ કરવા વર તરફના લોકો પરોણા તરીકે આવ્યા. કન્યાએ તેમની પરોણાચાકરી

* આ અધ્યાયમા દત્તાત્રેયે બીજા ગુરૂઓ પાસે જે જ્ઞાન લીધા તેની કથા છે.

કરી. ૫ તેમને માટે એકાંતમાં શાળ ખાંડવા માંડી પણ કંકણુ ખરખડે તેથી હું પોતે શાળ ખાંડવા બેઠું છું, એ ઠીક ગણાય નહિ, એવો વિચાર કરીને કન્યાએ બન્ને હાથ માંથી વધારાનાં કંકણુ કાઢી નાંખ્યાં ૭ આમ કરીને ખાંડવા માંડતાં પેલાં બબ્બે કંકણુ પણુ ખડખડવા માંડયાં ત્યારે તેણે એક કંકણુ પણુ કાઢી નાંખ્યું, એટલે શબ્દ થયો નહિ. ૮ હે યદુરાજા ! હું લોકોનું તત્વ જાણુવાની ઇચ્છાથી લોકોમા ફરૂં છું. તેથી મેં તેની પાસેથી એ ઉપદેશ ગ્રહણ કર્યો કેઃ-ઘણુાંની સાથે રહેવાથી કલેશ થાય છે, અને બે જણુ સાથે રહેવાથી વાતચિત થાય છે, માટે યોગીએ કુંવારી કન્યાનાં કંકણુની પેઠે એકલા જ રહેવું કે, જેથી ખટપટ થાય નહિ. ૧૦ કોઇ એક લુહાર બાણુ ઘડવા બેઠો હતો. બાણુને ઘડવામાં તેનું ચિત્ત એવુ લાગી ગયું કે, તે સમયે તેની પાસેથી રાજાની સ્વારી વાજતે ગાજતે નિકળી, પરંતુ તેણે એક તારતાથી રાજાને દીઠો નહિ તેમ જેનુ ચિત્ત બ્રહ્માકાર થઇ ગયુ હોય તે બહારના પદાર્થોને તેમજ સુખ દુઃખાદિકને જાણુતો નથી. આસન જિતવાથી શ્વાસનો વિજય કરી શકાય છે અને શ્વાસને જિતવાથી મન સ્થિર થાયછે. ક્ષણુમાત્ર નિશ્ચળ થયા પછી વિષયોની વાસનાથી મનમાં વિક્ષેપ થવાનો ભય રહે છે, અથવા સુષુપ્તિ માં જેમ મનનો લય થાય છે તેમ મનનો લય થવાનો ભય રહે છે, માટે દૃઢ વૈરાગ્યથી મનમાં વિક્ષેપ થવા દેવો નહિ, આળસ મૂકી યોગથી મનને પરમાનંદ સ્વરૂપ પરમાત્મામાં જોડી દેવું. મન પરમાત્મામાં સ્થિર થાય છે એટલે એની મેળે ધીરે ધીરે વિષયોની વાસનાનો ત્યાગ થાય છે, તથા મનને વિક્ષેપ ઉત્પન્ન કરનાર રજોગુણુ તથા તમોગુણુનો સત્વગુણુની વૃદ્ધિથી નાશ કરી ગુણુના કાર્યરહિત કેવળ મુક્ત સ્થિતિને પમાય છે, વૃત્તિરહિત મન બ્રહ્મસ્વરૂપે રહે છે. તેને 'અસંપ્રજ્ઞાત' સમાધિ કહે છે. સર્પ જેમ એકલો ફરે છે, એક ઠેકાણે નિવાસ કરતો નથી, સાવધ રહે છે, એકાંતમાં વાસ કરે છે, તેની ગતિ ઉપરથી તે ઝેરી છે કે ઝેર રહિત એ જણાતું નથી, તે કોઇને પોતાની સાથે રાખતો નથી અને થોડું બોલે છે, તેમ યોગીએ પણુ એકલા ફરવું, પોતાનું નિવાસસ્થાન એક ઠેકાણે રાખવું નહિ, સાવધ રહેવું, એકાંતમાં રહેવું, પોતાની વર્તણુક બીજાઓને જાણુવા દેવી નહિ, તેમ કોઇને પોતાની સાથે રાખવો નહિ અને થોડું બોલવું. ૧૪ સર્પ જેમ પોતાને માટે દર કરતો નથી પરંતુ કોઇ બીજાના દરમાં પેસીને સુખેથી રહે છે, તેમ યોગીએ પોતાને માટે ઘર ન કરતાં બીજાઓએ બાંધેલાં ઘરમાં રહીને પોતાનું આયુષ્ય ગાળવું. કારણુ કે ઘર બાંધવું, એ મહાદુઃખદાયી છે, અને દેહ નાશવંત હોવાથી નિષ્ફળ છે. ૧૫ કરોળિયો જેમ મુખમાંથી લાળ કાઢી જાળ બાંધે છે અને તેની સાથે રમીને પાછો પોતે ગળી જાય છે, તેમાં તેને બીજા કોઈ સાધનની જરૂર પડતી નથી, તેમ પરમાત્મા આ જગતને પોતામાંથી ઉત્પન્ન કરીને તેની સાથે વિહાર કરી પાછા ગળી જાય છે, તેમા બીજા કોઈ પણુ સાધનની જરૂર પડતી નથી. ભગવાન પોતાની માયાથી પૂર્વે સર્જેલા જગતનો પ્રલય કરતી વેળા કાળની શક્તિરૂપ માયાથી પાછો સંહાર કરીને સજાતીય, વિજાતીય તથા સ્વગત ભેદરહિત સર્વના અધિષ્ઠાનરૂપ થઇ રહે છે. તે સમયે પોતાના પ્રભાવરૂપ કાળ અને જગતના કારણુરૂપ સત્વાદિક સર્વ શક્તિઓને પ્રધાનમા લઇ જાય છે, ત્યારે પ્રધાન તથા પુરૂષના ઇશ્વર આદિ પુરૂષ બ્રહ્મા અને બીજા મુક્ત જીવોના પ્રાપ્ય નિર્વિષય અનુભવ સ્વરૂપ આનંદના સમૂહરૂપ મોક્ષ કહેવાતા

નિરૂપાધિક સ્વરૂપે રહે છે પરમાત્મા પોતાના પ્રભાવરૂપી કાળથી ત્રિગુણાત્મક માયાને વિકારવાળી કરી તેથાથી મહત્તત્ત્વ ઉત્પન્ન કરે છે. મહત્તત્ત્વ ત્રણ ગુણના કાર્યરૂપ છે. પછી ભગવાન અહંકારથી અનેક પ્રકારના જગતને ઉત્પન્ન કરે છે, જેમાથી જીવોની ઉત્પત્તિ થાય છે એવા સમષ્ટિરૂપ મહત્તત્ત્વમાં આ જગત્ ઓતપ્રોત રહેલું છે. મહત્તત્ત્વને શાસ્ત્રમાં સૂત્ર કહ્યુ છે. ભમરી કીડાને પકડી પોતાના દરમાં રાખી મૂકે છે તેથી ભમરીના ભયથી તેનુ ધ્યાન કરતો કરતો તે તેની સમાન થઇ જાય છે, તેમ પ્રાણી બુદ્ધિપૂર્વક સ્નેહથી દ્વેષભાવથી અથવા ભયથી જે જે વસ્તુમાં મનને એકાગ્ર કરે છે, તે તે વસ્તુરૂપ પોતે થઇ જાય છે કીડો જ્યારે ભમરીનું ધ્યાન કરવાથી પોતાના દેહનો ત્યાગ કરી ભમરીરૂપ બની જાય છે ત્યારે પ્રાણી ભગવાનનુ ધ્યાન કરવાથી બીજા દેહથી ભગવાનના સ્વરૂપને પામે, તેમાં શું આશ્ચર્ય?

આ રીતે મેં ચોવીસ ગુરૂઓની પાસેથી જુદો જુદો બોધ લીધો છે. મારા દેહમાથી મેં જે બોધ લીધો છે, તે હવે સાભળો. આ દેહ પણ મારો એક ગુરૂ છે, કારણ કે તેણે મને વૈરાગ્ય અને વિવેક શીખવ્યા છે દેહ જન્મ મરણવાળો છે. પીડાકારક હોવાથી મને તેના ઉપર વૈરાગ્ય આવ્યોછે તત્ત્વોનો વિચાર કરતા શિખ્યો તોપણ તેની ઉપર આસક્તિ રાખતો નથી, તેનાથી દૂર રહી દેહ મારો નથી એમ માનુ છુ કારણ કે મરી ગયા પછી તે કાગડા કુતરા અથવા અગ્નિને આધીન થનારો છે. ૨૫ મનુષ્ય મોટા પરિશ્રમથી જેમા માત્ર સુખ જોવામા આવે છે એવુ ધન એકઠું કરી જે દેહને રાજી રાખવાની ઇચ્છાથી સ્ત્રી પુત્ર ધન પશુ ચાકર ઘર અને સગાં સબંધીઓના વર્ગો વધારે છે તથા પોષણ કરે છે તે દેહ આયુષ્ય પૂરૂં થતા નાશ પામે છે, માટે દેહમા માત્ર દુઃખ રૂપી જ ફલ રહ્યુ છે દેહ પડયા પછી દુઃખનો છેડો આવતો નથી. ઝાડ જેમ બીજને ઉત્પન્ન કરીને નાશ પામે છે તેમ દેહ પુરૂષને માટે બીજા દેહના બીજ રૂપી કર્મો સર્જીને નાશ પામે છે ૨૬ ઘણી શોકયો જેમ ઘર ધણીને ખેચે તેમ દેહાભિમાની પુરૂષને એક તરફથી જીભ સ્વાદ માટે બીજી તરફથી તૃષા પાણી માટે ત્રીજી તરફથી ચામડી સુવાળા પદાર્થનો સ્પર્શ કરવા માટે ચોથી તરફથી નાસિકેન્દ્રિય સુગંધ માટે પાંચમી તરફથી કાન ગાન માટે અને છઠી તરફથી ચંચળ નેત્રો રૂપ માટે અને બીજી કર્મેન્દ્રિયો દેહને પોતપોતાના વિષયો માટે ખેંચી જાય છે, દેહમાં અનંત કષ્ટો છે, તેથી મને તેની ઉપર વૈરાગ્ય આવ્યો છે. ૨૭ મનુષ્યનો દેહ બહુ દુર્લભ છે. પરમાત્માએ પોતાની શક્તિરૂપી માયાવડે વૃક્ષો પેટથી ચાલનાર સર્પાદિક પશુ પક્ષી માછલાં અને બીજા નાના પ્રકારના શરીરો ઉત્પન્ન કર્યા છે પરંતુ તેમા કોઇની પણ બુદ્ધિ પરમાત્માને અપરોક્ષ કરવામાં સમથ ન થઇ તેથી પરમાત્મા સંતોષ પામ્યા નહિ અને ફરીને સૃષ્ટિ ઉત્પન્ન કરીને સાક્ષાત્કાર કરવામાં સમર્થ મનુષ્ય દેહને સર્જીને પ્રસન્ન થયા; માટે મનુષ્યદેહ અતિ દુર્લભ છે, તેને પામીને ઇશ્વર ઉપર નિષ્ઠા રાખવી જોઇયે. ૨૮ ઘણા જન્મોની અંતે મનુષ્યદેહ મળે છે મનુષ્યદેહ નાશવંત છતાં જે પુરૂષાર્થ આપે છે તે દૈવેચ્છાથી સંપાદન કરી પુરૂષે તે દેહ જ્યાં સુધી પડે નહિ ત્યા સુધી કલ્યાણ માટે પ્રયત્ન કરવો વિષયનું સુખ પશુઓને પણ મળે છે, માટે તેનો ભાવવ્યર્થ છે. ૨૯ આ રીતે મેં ઘણા ગુરૂઓ પાસેથી ઉપદેશ ગ્રહણ કર્યા તે ઉપરથી મનમાં વૈરાગ્ય અને જ્ઞાનરૂપી દીવો થયો છે તેથી હું સર્વ પ્રકારે કામ કરવાને સમર્થ છુ સર્વનો સંગ છોડી હું અહંકારરહિત થઇ પૃથ્વી ઉપર ફરૂં છું.

૩૦ જ્ઞાન આપનાર એકજ ગુરૂ કરવો જોઇયે, તોપણ જ્ઞાન સંપાદન કર્યા પછી પોતાની બુદ્ધિવડે ઉપદેશને અનુકૂલ બીજાં દૃષ્ટાંતો લઈએ નહિ તો ગુરૂ પાસેથી મેળવેલું જ્ઞાન સ્થિર થાય નહિ, માટે મેં ઘણા ગુરૂઓ કર્યા છે બ્રહ્મ એક સ્વરૂપ જ છે, તેનું ઋષિઓ ઘણે પ્રકારે વર્ણન કરે છે કેટલાક કહે છે કે તે પ્રપંચ રહિત છે, કેટલાક કહે છે કે તે પ્રપંચવાળા છે અને બીજા કેટલાક વળી તેમનું જુદા જ પ્રકારથી વર્ણન કરે છે. પરમાત્મા વિષે અસંભાવના તથા વિપરીત ભાવના દૂર કરવી બુદ્ધિ પ્રમાણે ઘણા દૃષ્ટાંત લેવા જોઇયે. ૩૧

ભગવાન—યદુ રાજાના વંદનથી તથા પ્રાર્થનાથી ગંભીર બુદ્ધિવાળા ગુરૂ દત્તાત્રેય ઉપર પ્રમાણે ઉપદેશ કર્યા પછી, યદુ રાજાની રજાલઇ પ્રસન્ન થઇ ગયા. દત્તાત્રેય ભગવાનનાં વચન સાંભળી સર્વ સંગનો તેમણે ત્યાગ કરી માત્ર પરમાત્મામાં ચિત્ત ચોટાડયું હતું આપણા કુળમાં આવા મહાત્મા થઇ ગયા તેથી આપણે ભાગ્યશાળી છીએ ૩૩

अवधूतवचः श्रुत्वा पूर्वेषां नः स पूर्वजः ।
सर्वसङ्गविनिर्मुक्तः समचित्तो बभूव ह ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेएकादशस्कंधे नवमोध्यायः

અધ્યાય ૧૦ મો. ‡

આત્મા નિર્લેપ છે.

श्रीभगवानुवाच

मयोदितेष्ववहितः स्वधर्मेषु मदाश्रयः ।
वर्णाश्रमकुलाचारमकामात्मा समाचरेत् ॥

ભગવાન બોલ્યા કે—મેં શાસ્ત્રોમાં કહેલા ધર્મોમાં સાવધાન રહીને, મારો આશ્રય કરીને, તે ધર્મોમાં વિરોધ આવે નહિ તેમ વર્ણના તથા આશ્રમના ધર્મ ને આચારો પાળ્યા છે. ૧ શુદ્ધ અંતઃકરણવાળા પુરૂષે વિષયોમાં જેમનું મન લાગી રહેલું છે એવા દેહધારીઓ વિષયોને સત્ય માનીને જે જે કાર્યોનો આરંભ કરે છે તે તે કાર્યોમાં વિપરીત ફળ મેળવે છે, તે જોયા કરવાં. કે જેને લીધે નિષ્કામપણું પ્રાપ્ત થાય ઇન્દ્રિયોથી જે જે વિષયો જાણવામાં આવે, તે તે વિષયો મિથ્યા છે, કારણ કે તે અનેક પ્રકારના હોય છે. બધા પદાર્થો નાશવંત છે. મનથી ઉત્પન્ન થતા સ્વપ્નો અને મનોરથો અનેક પ્રકારનાં હોવાથી મિથ્યા છે, એમ માનવાથીજ માત્ર નિષ્કામત્વ પ્રાપ્ત થાય છે. ભક્તિમાં પરાયણ રહેનાર પુરૂષે સકામ કર્મો ત્યાગ કરવાં અને નિષ્કામ નિત્ય તથા નૈમિત્તિક કર્મો કરવાં. આત્મતત્ત્વમાં પ્રવૃત્તિ થયા પછી નિત્ય અહિંસા આદિક નિયમો પાળવા અને આત્મજ્ઞાનમાં વિરોધ આવે નહિ તેમ સ્નાનાદિક આચારો કરવા. શાંત ગુણવાળા ગુરૂની સેવા કરનાર પુરૂષે સરળ રહેવું મત્સરનો ત્યાગ કરવો આળસનો ત્યાગ કરવો સ્ત્રી પુત્રાદિક ઉપર મમતા રાખવી નહિ ગુરૂ ઉપર પ્રેમ રાખવો, સત્ય વસ્તુ જાણવાની ઇચ્છા રાખવી કોઇની ઇર્ષ્યા કરવી નહિ. વ્યર્થ બોલવું નહિ. ૬ સ્ત્રી સંતાન ઘર ક્ષેત્ર કુટુંબી તથા ધન વગેરેમાં ઉદાસીન રહેવું. સર્વ શરીરમાં આત્મા એક હોવાથી સર્વને પોતાનાં સ્ત્રી પુત્રાદિકથી જે સુખ મળે તે મને જ મળે છે, એવો વિચાર કરીને સ્ત્રી પુત્રાદિક તરફ ઉદાસીન રહેવું. ૭ કાષ્ઠથી અગ્નિ જુદો છે તેમ સ્થૂલ તથા સૂક્ષ્મ એવા દૃશ્ય દેહથી તેનો દ્રષ્ટા પણ જુદો જ છે. જડ એવા સ્થૂલ તથા સૂક્ષ્મ દેહથી તેને જણાવનારો સ્વયંપ્રકાશ આત્મા ભિન્ન છે. આત્માને દેહાદિકથી જુદો જાણવો, કારણ કે એમ માનવાથી સ્ત્રી પુત્રાદિક ઉપરની મમતા મટીને વૈરાગ્ય આવે છે. ૮ લાકડાની અંદર રહેલો અગ્નિ લાકડાને લીધેજ નાશ પામે છે, ઉત્પન્ન થાય છે નાનો મોટો દેખાય છે, આ

‡ આ અધ્યાયમાં દેહવાળા આત્માને સંસાર લાગે છે ઈત્યાદિ આધ્યાત્મિક વિચારની કથા કહેવાશે.

અનેક પ્રકારનો લાગે છે, પરંતુ તે સર્વ ભેદો તેના પોતાથી થયેલા નથી તેમ દેહની અંદર રહેલો આત્મા દેહને લીધે અનિત્યતા આદિક દેહના ગુણોને અનુભવે છે, પરંતુ તેના પોતાના તે ગુણો નથી. આત્મા નિત્ય અનાદિ મુક્ત તથા એક છે, ત્યારે દેહ નાશવંત ઉત્પન્ન થયેલો બદ્ધ અને અનેક રૂપવાળો છે. આત્મા દેહથી જુદો છે. અગ્નિને કાષ્ઠની સાથે સંબંધ હોવાથી કાષ્ઠના ધર્મો પ્રાપ્ત થાય છે પરંતુ આત્મા અસંગ હોવાથી તેને કદાપિ પણ દેહના ધર્મો સાથે મમતાનો સંબંધ ઘટતો નથી. આ સ્થૂલ-સૂક્ષ્મ દેહ ઇશ્વરને આધીન રહેનાર માયાના ગુણોથી થયેલો છે. દેહ ઉપર 'હુંપદને લીધે' જીવને સંસાર થયેલો છે જે આત્મવિદ્યાથી એટલે સ્વરૂપના જ્ઞાનથી ટળી જાય છે. માટે કર્મ કારણના સમુદાયરૂપ દેહમાં રહેલા નિર્વિશેષ તથા પર એવા આત્માને જાણવાની ઇચ્છા રાખવી તેને સારી રીતે જાણીને દેહાદિકમાં થયેલી સત્ય બુદ્ધિનો સ્થૂલ સૂક્ષ્મ વસ્તુના વિચારથી ત્યાગ કરવો. ઉપનિષદમાં ગુરૂને નીચલી અરણી કહેલી છે અને શિષ્યને ઉપરની અરણી કહેલી છે, તે અને ઉપદેશરૂપી મધ્યને મથન કરવાના કાષ્ઠમાંથી બ્રહ્મવિદ્યારૂપી અગ્નિ ઉત્પન્ન થાય છે, તે પરમ સુખ આપે છે. ૧૨ કુશળ ગુરૂએ શિષ્યને અર્પણ કરેલી અને કુશળ શિષ્યે સંપાદન કરેલી બ્રહ્મવિદ્યા અત્યંત પવિત્ર છે. બ્રહ્મવિદ્યા ગુણોના કાર્યરૂપ સંસારનો તથા જેઓમાંથી ઉત્પન્ન થયેલું જગત જીવને સંસારમાં જન્મમરણ અપાવે છે, તે ગુણોને બાળી નાખીને લાકડા વિનાના અગ્નિની પેઠે પોતે શાંત થઇ જાય છે. કાર્ય, કારણ અને વિદ્યાનો અંતરાય ન રહેવાથી જીવ પરિણામે પરમાનન્દરૂપ થઇ જાય છે. ૧૩ આત્મા સ્વયંપ્રકાશ જ્ઞાનસ્વરૂપ નિત્ય અને એક સ્વરૂપ છે તથા કર્તા ભોક્તા આદિ ધર્મો દેહરૂપી ઉપાધિને લીધે આત્માને પ્રાપ્ત થાય છે. આત્મા વિના સર્વ પદાર્થો નાશવંત અને માયાવી છે, માટે સર્વ વસ્તુ ઉપર વિરક્ત થઇને આત્મજ્ઞાન સંપાદન કરવાથી મુક્તિ મળે છે આ પ્રમાણે શ્રુતિનો સમન્વય કરીને સર્વ પદાર્થોનો નિર્ણય થયેલો છે, પરન્તુ તે મતમાં મીમાંસકોના મત પ્રમાણે વિરોધ આવે છે 'હું છું' એવી પ્રતીતિ ઉપરથી જાણવામાં આવતો આત્મા પ્રત્યેક શરીરમાં ભિન્ન હોઇ તે તે કર્મોનો કર્તા અને સુખ દુઃખોનો ભોક્તા છે. તેના સ્વરૂપ જેવો બીજો કોઈ નિર્વિકાર પરમાત્મા નથી ભોગ ભોગવવાનાં સ્થાનો એટલે સ્વર્ગાદિક લોકો, ભોગનો સમય, ભોગોના ઉપાયો તથા તે ભોગનાં સાધનરૂપ કર્મો દેખાડનારો વેદ અથવા ભોગભોક્તા આત્મા જો અનિત્ય હોય તો વૈરાગ્ય ઉત્પન્ન થાય પરન્તુ તે સર્વ નિત્ય છે, વૈરાગ્યની જરૂર નથી. સર્વ ભોગ્ય પદાર્થો નાશવંત હોય અથવા માયામય હોય, તે પણ વૈરાગ્યનો સંભવ છે પુષ્પ ચંદન વગેરે ભોગ્ય પદાર્થોની સ્થિતિ પ્રવાહરૂપે નિત્ય તથા સત્ય છે માટે વૈરાગ્ય થવો સહેલ નથી. જગતને જે સ્થિતિમાં આપણે જોઇએ છીએ તેવું જગત કોઇ દિવસ ન હતું. ના, તે તો નિત્ય તેવી જ સ્થિતિમાં છે માટે જગતનો કર્તા કોઈ પણ નથી, તેમ આત્માને જે નિત્ય જ્ઞાનસ્વરૂપ કહેવામાં આવે છે તે મિથ્યા છે. આત્મા નિત્ય જ્ઞાનસ્વરૂપ નથી, પરન્તુ તેનામાં અનેક જ્ઞાનો બદલાયા કરે છે. આત્માને એક ક્ષણે ઘટનું અને બીજી ક્ષણે પટનું જ્ઞાન થાય છે, એમ ક્ષણે ક્ષણે અનેક વસ્તુઓને લીધે આત્મામાં નવું નવું જ્ઞાન થાય છે, આત્મા નિત્ય જ્ઞાનરૂપ નથી તેમાં અનેક જ્ઞાનોનાં પરિણામો થયા કરે છે. અનેક જ્ઞાનના પરિણામવાળો આત્મા અનિત્ય થતો નથી, કારણ કે જ્ઞાનરૂપી વિકાર તેના નિત્યપણાને બાધકારક નથી. મુક્તિમાં આત્મા

ઇન્દ્રિયાદિકથી રહિત થવાને લીધે તેમા જ્ઞાનનાં પરિણામો રહેતા નથી મુક્તિ પુરૂષાર્થ રૂપ નથી એટલા માટે પ્રવૃત્તિ કલ્યાણુ કારક ગણાય છે.૧૫ હે ઉદ્ધવ ! પ્રવૃત્તિમાર્ગને સ્વીકારીએ પણ તે અનર્થનું કારણ છે કેમ કે મીમાંસકોના મત પ્રમાણે સર્વ પ્રાણીઓને દેહના સંબંધથી વર્ષ તથા માસ આદિક કાળના અવયવો પ્રમાણે જન્મ મરણાદિક થયા કરે છે. ૧૬ મીમાંસાના મતે કર્મોના કર્તા અને સુખ દુઃખના ભોક્તા જીવને પરતંત્રપણું છે. પરતંત્ર પુરૂષને પુરૂષાર્થ પ્રાપ્ત થતો નથી. ૧૭ કર્મનિપુણ વિદ્વાનોને સુખ અને મૂર્ખોને દુઃખજ થાય એવો કંઇ નિયમ નથી, કારણ કે બધે ઠેકાણે વિદ્વાનો સુખી જોવામાં આવતા નથી, તેમ બધે ઠેકાણે મૂર્ખોને સુખ ભોગવતા દેખતા નથી. અમે કર્મથી સુખી છીએ, એવો મીમાંસકોનો મિથ્યા અહંકાર છે. ૧૮ તેઓ સુખની પ્રાપ્તિ અને દુઃખની નિવૃત્તિ જાણે છે એમ માનીએ પણ તેઓ એવો ઉપાય તો જાણતા જ નથી કે જેથી મૃત્યુનો પરાભવ થાય. ૧૯ જયા સુધી મૃત્યુ છે ત્યા સુધી જીવને ધન અને ભોગ સુખ આનંદ દે મળતાં નથી મરણોન્મુખ મનુષ્યને ભોજનો પુષ્પની માળા અને ચંદનના લેપ આનંદ આપતા નથી તેમ જેને માથે મૃત્યુ ફરતું હોય તેને ધન તથા વૈભવો સુખકારક લાગતા નથી. ૨૦ આ લોકમા જેમ દુઃખ છે, તેમ પરલોકમાં પણ દુઃખ છે. સ્વર્ગાદિક લોકમાં સુખની સાથે સ્પર્દ્ધા છે, પરના ગુણોમા દોષારોપ થાય છે, પરને મળતાં સુખો પોતાને મળ્યાં નહિ, તે સંબંધી દુઃખો થાય છે. પરલોક આલોકની માફક ઘણા દુઃખોથી ભરેલો છે. ખેતી સફળ થવામાં જેમ ઘણાં વિઘ્નો આવે છે, તેમ યજ્ઞાદિકથી મેળવવા યોગ્ય સ્વર્ગાદિકમાં કર્મમાં સ્ખલન આદિ વિઘ્નો નડે છે. માટે સ્વર્ગાદિક લોક નિષ્ફળ છે. વિઘ્નો નડે નહિ તેમ પુરૂષ યજ્ઞો કરે અને સ્વર્ગ મેળવે તો ત્યા તે કેવી રીતે જાય, તે સાભળો. ૨૨ યજ્ઞ કરનારો મનુષ્ય આલોકમાં યજ્ઞોથી દેવતાઓનું યજન કરી સ્વર્ગલોકમાં જાય છે. ત્યાં દેવતાની પેઠે પોતે મેળવેલા વૈભવો ભોગવે છે. ૨૩ સુંદર વેશ ધારણ કરી પુણ્યને લીધે સર્વ ભોગથી સંપન્ન એવા સુંદર વિમાનમાં બેસી અપ્સરાઓની સાથે વિહાર કરે છે અને ગંધર્વો તેના યશ ગાય છે. ૨૪ ઘુઘરીના સમૂહથી શોભતા તથા ઇચ્છાનુસાર જનારા વિમાનમાં બેસીને સ્ત્રીઓની સાથે દેવતાઓના ઉપવનમાં વિહાર કરે છે અને આનંદમાં ડુબી જાય છે. પુણ્ય ક્ષીણ થયા પછી પાછો, મૃત્યુ લોક મળશે એમ જાણતો નથી. ૨૫ જયાં સુધી પોતાનાં પુણ્ય હોય ત્યાં સુધી સ્વર્ગલોકમાં રહે છે. પ્રવૃત્તિ બે પ્રકારની છે, તેમાં શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે કામ્ય કર્મ કરવાં તે પહેલી અને શાસ્ત્ર વિધિને ઉલ્લંઘન કરી અધર્મને માર્ગે ચાલવું તે બીજી છે. નીચ પુરૂષના સંગથી અથવા ઇન્દ્રિયોને આધીન થવાથી અધર્મ માર્ગમા પ્રીતિવાળો વિષયપરાયણ કૃપણ લાલચુ સ્ત્રીલંપટ અને પ્રાણીઓની હિંસા કરનારો પુરૂષ સંસારના સુખોની લાલસાથી શાસ્ત્રોક્ત વિધિનો ત્યાગ કરી પશુઓને મારી તેનાથી ભૂત પ્રેત આદિ તમોગુણી દેવગણોનું યજન કરી પરતંત્રપણે નરકમાં પડી સ્થાવર જાતિમાં અવતાર લે છે. મનુષ્ય પરિણામે દુઃખ આપનારાં કર્મો કરી પાછો દેહ ધારણ કરે છે. દેહમાં મરણ ધર્મવાળા પ્રાણીને કદી સુખ પ્રાપ્ત થતું નથી. ૨૯ લોકો તથા લોકપાળો જેઓ એક કલ્પ સુધી જીવે છે, તેઓને પણ કાળનો ભય રહે છે; બે પરાર્દ્ધ સુધી જેનું આયુષ્ય છે એવા બ્રહ્માને પણ તેનો ભય રહે છે, માટે પ્રવૃત્તિ માર્ગ અનર્થનું કારણ છે અને નિવૃત્તિ માર્ગહિત કર છે. ૩૦ આથી સિદ્ધ થાય છે કે આત્મા

કર્મ કરતો નથી, પરંતુ ઈન્દ્રિયો કરે છે. આત્મા ઈન્દ્રિયોને પ્રેરે છે, એમ પણ જાણવું નહિ, કેમકે સત્વાદિક ગુણો ઈન્દ્રિયોને પ્રેરે છે, આત્મા પ્રેરતો નથી. આત્મા ભોકતા છે, એવો વિચાર પણ ખોટો છે, કારણ કે ઈંદ્રિયાદિકની ઉપાધીમાં અહંકાર થવાથી આત્મામાં કર્મફળોનું ભોકતાપણું જોવામાં આવે છે, પરંતુ તે ઉપાધિને લીધે વાસ્તવિક નથી ૩૧ આત્મા અનેક છે એવો મત પણ ખોટો છે, કારણ કે જયા સુધી અહંકારાદિક કર્મો રૂપી ઉપાધિ હોય ત્યાં સુધી આત્મામાં અનેકપણું રહે છે અને જ્યાં સુધી તે દેખાય છે ત્યાં સુધી આત્માને પરતંત્રપણું અને કાળનો ભય લાગે છે. જેઓ દેહાભિમાનથી થતાં કર્મોને માને છે, તેઓ લોકોના અનિત્યપણાને લીધે શોકાતુર થઈ મોહ પામે છે. ૩૩ સ્વર્ગાદિક અનિત્ય છે એમ નથી પરંતુ તે માયાવી હોવાથી મિથ્યા છે. માયાને જ્યારે ક્ષોભ થાય છે ત્યારે સ્વરૂપને કાળ જીવ વેદ લોક સ્વભાવ તથા ધર્મ, એમ ઘણા પદાર્થો રૂપ અર્થાત્ તે પદાર્થોની બ્રહ્મમાં કલ્પના થાય છે, પરંતુ ખરી રીતે જોતા કોઈ પદાર્થ તેનાથી ભિન્ન નથી. મીમાંસકો કહે છે કે પ્રવૃત્તિ યોગ્ય છે, ને મત ખોટો છે અને નિવૃત્તિ જ મુક્તિનું કારણ હોવાથી કલ્યાણકારી છે

ઉદ્ધવજી–હે પ્રભુ! આપે કહ્યું કે આત્મા એક છે, તેને ગુણોનાં કાર્યરૂપ દેહના સંબંધથી સંસારમાં જન્મમરણ આવે છે અને પોતાના સ્વરૂપના જ્ઞાનથી મુકિત પ્રાપ્ત થાય છે. પરંતુ હું પૂછું છું કે દેહાદિકનો અત્યંત નાશ થયા પછી મુકિત મળે છે કે દેહાદિક છતાં પણ મુકિત મળે છે? દેહાદિકનો અત્યંત નાશ થયા પછી મુકિત મળની હોય તો જ્ઞાનનાં સાધનભૂત દેહાદિકનો અત્યંત નાશ થતાં જ્ઞાનને આધીન રહેલી મુકિત કેમ મળે? દેહાદિક હોવા છતા મુકિત મળતી હોય તો આત્મા તેના કર્મોમા તથા સુખોમાં બંધાયા વિના કેમ રહે? દેહાદિક છતાં તે આકાશની પેઠે આવરણ રહિત રહે છે, માટે દેહાદિકનાં કર્મોમાં બંધાતો નથી, તો પછી ચૈતન્યઘન આત્મા જ્યારે ગુણોના આવરણથી રહિત છે, ત્યારે શા માટે બંધાયો છે કે જેથી તેને મુકિતની અપેક્ષા રહ્યા કરે. દેહાદિક છતા તેની ઉપર અહંભાવ રાખવાથી આત્મા બંધાય છે અને અહંભાવનો ત્યાગ કરવાથી મુકિત મેળવે છે એમ કહો તો તેવા પુરૂષને કેમ ઓળખાવા? દેહાદિકમાં બંધાયેલો પુરૂષ કેવી રીતે વિહાર કરે? કેમ ભોગ ભોગવે? કયી વસ્તુનો ત્યાગ કરે? સૂવે કેમ બેસે કેમ તથા ચાલે કેમ અને કેમ જાણવામાં આવે? ૩૬ આ વિના બીજી મને એક ભ્રાંતિ છે તે એ છે કે, આત્મા એક જ છે તે દેહાદિકના અનાદિ કાળથી થયેલા સંબંધને લીધે બંધાયલો છે અને પછી તે મુક્તિ પામે છે. મુકિતની ઉત્પત્તિ સિદ્ધ થશે તેથી તેનું અનિત્યપણું પ્રાપ્ત થશે માટે આત્મા નિત્યમુકત છે, પરંતુ તેમાં મને એક ભ્રમ છે તે એ કે આત્મા એક છે તો એક સમયમાં નિત્યમુકત તથા નિત્યબદ્ધ કેમ હોઇ શકે? તે હવે મને સમજાવો.

एतदच्युत मे ब्रूहि प्रश्नं प्रश्नविदां वर ।
नित्यमुक्तो नित्यबद्ध एक एवेति मे भ्रमः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणएकादशस्कन्धे
दशमोऽध्यायः

અધ્યાય ૧૧ મો.‡

ભક્તિનું સ્વરૂપ.

श्रीभगवानुवाच

बद्धो मुक्त इति व्याख्या गुणतो मे न वस्तुतः
गुणस्य मायामूलत्वान्न मे मोक्षो न बंधनम् ॥

ભગવાન કહે છે કે–હે ઉદ્ધવ! આત્મા એક છે, ત્યારે એક સમે નિત્યમુક્ત અને નિત્યબદ્ધ કેમ હોઇ શકે એવો તમને ભ્રમ છે,

‡ આ અધ્યાયમા ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર ઉદ્ધવને ભક્તિનું સ્વરૂપ સમજાવ્યું તે કથા છે

તે વાસ્તવિક છે કે માત્ર પ્રતીતિ રૂપજ છે ? તમારો ભ્રમ પ્રતીતિ માત્ર છે વાસ્તવિક નથી. આત્મા માટે નિત્ય બંધાયલો અને નિત્યમુક્ત એવો જે વ્યવહાર કરવામાં આવે છે, તે સત્વાદિક ગુણરૂપી ઉપાધિને લીધે છે, વાસ્તવિક નથી, કારણ કે, ઉપાધિરૂપ સત્વાદિક ગુણો માયાથી ઉત્પન્ન થયેલા છે. જે પદાર્થો અજ્ઞાનથી કલ્પાયલા હોય તે રજ્જુસર્પવત્ મિથ્યા હોય છે ભગવત સ્વરૂપમા બંધ કે મોક્ષ કંઇ પણ નથી. ૧ જેમ આત્માને ગુણ રૂપ બંધ કે મોક્ષ નથી, તેમ જીવને પણ બધ મોક્ષાદિ કંઇ નથી. જીવ અજ્ઞાનને લીધે ઉપાધિને અધીન રહે છે તેથી તેને બધન અને મોક્ષની પ્રતીતિ થાય છે. સ્વપ્ન જેમ બુદ્ધિથી કલ્પાયલું છે તેમ શોક મોહ સુખ દુખ તથા જન્મમરણાદિક સંસાર પણ માયાવડે કલ્પાયલો છે વાસ્તવિક નથી. ૨ હે ઉદ્ધવ! દેહધારીઓને મોક્ષ આપનારી બ્રહ્મવિદ્યા અને બધન કરનારી અવિદ્યા બંને અનાદિ કાળની શક્તિઓ છે, અને તે પણ માયા જન્ય છે જ્યાં સુધી અજ્ઞાન છે ત્યા સુધી જીવને બધન છે અને જ્ઞાન થયું કે મોક્ષ સ્ફુરે છે. બધ મોક્ષમાં બધ અનાદિ છે ત્યારે મોક્ષ નિત્ય છે ૩ જીવને બધન મોક્ષ કઇ નથી, કારણ કે તે આત્મ-સ્વરૂપ છે બ્રહ્મના અંશરૂપ જીવને અજ્ઞાનથી બધન અને જ્ઞાનથી મુક્તિ મળે છે, જ્યારે જીવ આત્મા એક હોય ત્યારે એકના બધનથી સર્વને બંધન અને એકના મોક્ષથી સર્વને મોક્ષ હોવો જોઇએ. ચંદ્રમા એક છે તો પણ જળાદિકની ઉપાધિને લીધે તેનાં બિબ અને પ્રતિબિંબ અનેક પડે છે અને પાણીને થતા કંપાદિક પ્રતિબિંબને હલાવે છે છતા ચદ્રને હલાવતા નથી તેમ પ્રતિબિંબો ઉપાધિના ભેદ વડે પરસ્પર ભિન્ન હોય છે, તેથી પાણીથી ભરેલા ઘડામાં જે ઘડો ફૂટી જાય તેનું પ્રતિબિંબ મુખ્ય બિંબમાં મળી જઇને તેની સાથે એક થઇ જાય છે, પણ બીજા ઘડાનાં પ્રતિબિંબો તેની સાથે એક થતાં નથી. તેમ આત્મા એક છે તોપણ અવિદ્યારૂપી ઉપાધિને લીધે જીવ થઇ ભેદ પામે છે. અવિદ્યાને તેને લીધે બંધન મોક્ષ અને સુખ દુ:ખ વગેરે ભેદ જણાય છે. જીવો અવિદ્યાના ભેદને લીધે પરસ્પર ભિન્ન છે તેથી અવિદ્યાનો નાશ થતાં જીવ બ્રહ્મ એકતા પામે છે. જીવને બંધનાદિ થાય તેથી ઇશ્વરને કંઇ લાગતું નથી, માટે એક જીવને મોક્ષ મળે એટલે સર્વનો મોક્ષ થતો નથી એમ જાણવું. બદ્ધ તથા મુક્તની વચ્ચે એક ભેદ છે અને બીજો જીવ જીવની વચ્ચે એક ભેદ છે. આ બે પ્રકારના ભેદ છે તેમા જીવ અને ઇશ્વરનો આ રીતે ભેદ છે છતા તે એક જ ધર્મવાળા શરીરમાં રહે છે. જીવનો ધર્મ શોક અને ઇશ્વરનો ધર્મ આનદ છે. જીવ નિયમ્યરૂપે અને ઇશ્વર નિયંતારૂપે તેમાં રહે છે. ૫ પક્ષીઓ જે માળો કરીને રહે છે તે જેમ ઝાડથી ભિન્ન છે, તેમ શરીરરૂપી વૃક્ષમાં હૃદયરૂપી માળો કરીને જીવ રહે છે, છતાં બ્રહ્મથી ભિન્ન નથી. તે બન્ને ચૈતન્યરૂપ છે અને સાથે રહેવાથી તથા એકજ વિચારના હોવાથી એક બીજાના મિત્ર છે, તે અનિર્વચનીય માયાવડે એકજ વૃક્ષમા માળો કરી રહે છે. માયાનું સ્વરૂપ કોઇના જાણવામાં આવતું નથી, તેથી તેને અનિર્વચનીય કહી છે. જીવરૂપી પક્ષી શરીરરૂપી વૃક્ષનાં ફળો ભોગવતું નથી, છતાં પોતાના આનદમા મગ્ન રહે છે અને જ્ઞાનાદિક શક્તિવડે અધિક બળવાન્ થાય છે. ૬ ઇશ્વર જીવના કરતા વધારે પ્રબળ છે. તે કર્મના ફળો ભોગવતો નથી. તેમ પોતાને જાણે છે અને જીવને પણ જાણે છે. કર્મનાં ફળોનો ભોક્તા જીવ છે, તે પોતાને જાણતો નથી, તેમ ઇશ્વરને પણ જાણતો નથી, માટે અવિદ્યાવાન જીવ અનાદિ કાળથી બંધાયલો છે અને પરબ્રહ્મરૂપી ઇશ્વર મુક્ત છે. માયામાં

આવરણનો અને આશ્રયીને મોહ ઉપજાવવાનો અદ્ભુત ગુણ છે. ૭ સ્વપ્નમાંથી ઉઠેલો જીવ સ્મરણમાં આવતા સ્વપ્નાવસ્થાના સુખ દુ:ખથી રહિત હોય છે એટલે સ્વપ્નના દેહ સાથે તેનેસંબંધ નથી. તેમ જ્ઞાન પ્રાપ્ત થવાથી મુક્તિ પામેલો જીવ સંસ્કારરૂપે માત્ર દેહમાં રહેલો હોય છે તોપણ દેહનાં સુખ દુ:ખને માનતો નથી. દેહમાં રહેલો જ નથી તથા સ્વપ્નાવસ્થામાં સ્વપ્નના દેહમાં રહેલો જીવ વાસ્તવિક રીતે દેહમા રહેલો નથી. જેમ તે પોતાને દેહમાં રહેલો માને છે તેમ અજ્ઞાની જીવ પણ દેહનાં સુખદુ:ખાદિક પોતાનાં માનવાથી દેહમા રહેલો હોય એમ જાણે છે. ઇંદ્રિયો વિષયોનું ગ્રહણ કર્યા છતાં રાગદ્વેષરહિત જ્ઞાની જીવ અહંકાર કરતો નથી, પરંતુ ઇંદ્રિયોજ વિષયોનું ગ્રહણ કરે છે એમ માને છે. અજ્ઞાની પુરૂષ પૂર્વ જન્મના કર્મને અધીન રહેનાર શરીરમા રહીને, ઇંદ્રિયો કર્મો કરે છે છતાં તે હું કરૂં છું એવો અહંકાર રાખવાથી બંધાય છે. જ્ઞાની પુરૂષો સુખ દુ:ખ રહિત થઇ દેહમા રહે છે અને અજ્ઞાની જીવ સુખ દુ:ખ સહિત તથા અભિમાની થઇને દેહમા રહે છે ૧૦ ઇંદ્રિયોના કર્મો સાથે મને કંઇ પણ સબંધ નથી, છતાં તે મને વૃથા બાધ કરે છે, એવો વિચાર કરી વિરક્ત માણસ હરવું ફરવુ નહાવું ધોવું જોવું, અડકવું સુંઘવુ જમવુ તથા સાંભળવુ વગેરે ક્રિયાઓમા ઇંદ્રિયોને પ્રવર્તવા દે છે અને પોતે સાક્ષીરૂપે રહે છે. આકાશ જેમ સર્વમાં રહ્યા છતા કોઇ ઠેકાણે બંધાતું નથી, સૂર્ય જેમ જળમાં પ્રતિબિંબરૂપે રહ્યા છતાં તેથી બંધાતો નથી. વૈરાગ્યને લીધે તીક્ષ્ણ થયેલી બ્રહ્મવિદ્યાથી જેના સંશયો મટી ગયેલા છે એવો જ્ઞાની જાગ્રત થયેલો જેમ સ્વપ્નમાંથી નિવૃત્ત પામે તેમ દેહાદિક પ્રપંચથી નિવૃત્તિ થાય છે તેના પ્રાણની વૃત્તિઓ, ઇંદ્રિયોની વૃત્તિઓ મનની વૃત્તિઓ અને બુદ્ધિની વૃત્તિઓ સંકલ્પ રહિત હોઇ દેહમા રહ્યા છતા દેહાદિકના ગુણોથી રહિત છે. તમને બદ્ધ તથા મુક્ત પુરૂષનો ભેદ જે પોતાનાથી જાણવામાં આવે તે મેં સમજાવ્યો. દુર્જનો અથવા બીજાઓ દેહને પીડે અથવા દૈવેચ્છાથી કોઇ સ્થળે દેહનું કોઇ પૂજન કરે, તે ક્રિયાઓથી જે વિકાર પામે નહિ તેને મુક્ત જાણવો અને જે વિકાર પામે તેને બદ્ધ જાણવો. ૧૫ ગુણ તથા દોષ રહિત સર્વત્ર સમદૃષ્ટિવાળો માણસ સારૂં કરનારા કે નરતું કરનારા તેમજ સારૂં કહેનારા કે નિંદા કરનારાની વાણીથી મુગ્ધ થતો નથી, તેમ ક્રોધ કરતો નથી તેને મુક્ત જાણવો ૧૬ કંઇ સારૂં નહિ કરનારો તથા કંઇ નરતું નહિ કરનારો, સારૂ નરતું નહિ બોલનારો, તેમ તેનો વિચાર પણ નહિ કરનારો માણસ મનથી આત્માનંદમાં મગ્ન રહી જડની પેઠે પૃથ્વી ઉપર ફર્યા કરે તેને મુક્ત સમજવો અને બીજાને બદ્ધ જાણવો. મુક્ત પુરૂષના જે લક્ષણો કહ્યાં તે મુમુક્ષુ પુરૂષના સાધન સમજવા. ૧૭ ઉચી ગયેલી ગાયને ફરીને દૂધ આવશે એવી આશા રાખનાર પુરૂષનો બધો પરિશ્રમ જેમ નિષ્ફળ જાય છે તેમ જે પુરૂષ વેદમાં સારી રીતે અભ્યાસ કરી પરબ્રહ્મને જાણવાનો ભયથી પરિશ્રમ કરતો નથી તે[illegible] બીજો પરિશ્રમ નિષ્ફળ જાય છે. ૧૮ હે [illegible]! જે ઉચી ગયેલી ગાયને વેશ્યા સ્ત્રીને ક્ષણે ક્ષણે દુ:ખ આપનાર દેહને આ લોક અને પરલોકના સાધનથી ભ્રષ્ટ થયેલા પુત્રને અપયશ અને પાપના કારણભૂત ધનને તથા હરિનુ વર્ણન નહિ કરનારી વાણીને ભજે છે તે મહા દુ:ખી થાય છે. ૧૯ જે વાણીમાં આ જગતની ઉત્પત્તિ સ્થિતિ તથા પ્રલય રૂપી પવિત્ર કર્મનું અથવા લીલાવડે ધારણ કરેલા અવતારોમા લોકપ્રિય અવતારોનું વર્ણન ન હોય તેવી વાણીને જ્ઞાની પુરૂષે

ભજતો નથી, એવો વિચાર કરી આત્મામાં દેહાદિકનો ભ્રમ તજી તથા સર્વ ઠેકાણે વ્યાપક શ્રી સ્વરૂપ વિષે શુદ્ધ મનને અર્પણ કરીને વિરામ પામવું. ૨૧ પરબ્રહ્મમાં જો આ પ્રમાણે મનને દૃઢ રીતે ધારણ કરી શકતા નહોતો, સર્વ કર્મો અપેક્ષા રહિત થઈને કરો, અને તે પછી બ્રહ્મને અર્પણ કરો ૨૨ શ્રદ્ધાળુ પુરૂષ કલ્યાણકારી તથા લોકોને પવિત્ર કરનારી હરિકથા સાંભળે, જન્મો અને કર્મોનું વારંવાર સ્મરણ કરે તથા અનુકરણ કરે, ધર્મ અર્થ તથા કામ પ્રભુ પ્રીતિને અર્થે સેવે અને મનવશ રાખી રહે તે પુરૂષને સનાતન રૂપ ઉપર નિશ્ચળ ભક્તિ થાય છે મહાત્મા પુરૂષના સંગથી મળેલી ભક્તિવડે ઉપાસના કરે અને સંત પુરૂષોએ દેખાડેલા પરમ પદને ભજે તે માણસને મુક્તિ મળે છે.

ઉદ્ધવ-હે પ્રભુ! પોતપોતાની બુદ્ધિથી કલ્પી કાઢેલા ઘણા સાધુઓ છે, પરંતુ તમે કેવા લક્ષણવાળા પુરૂષને સાધુ માનો છો? ભક્તિ પણ ઘણી જાતની છે. તમે કેવી ભક્તિથી પ્રસન્ન થઓ છો? મહાત્મા લોકો કેવી ભક્તિનો આદર કરે છે? ૨૮ આ વાત અતિ ગુહ્ય છે, માટે હું જે તમને પ્રણામ કરૂં છું અને તમારા ઉપર પ્રેમ રાખી શરણે આવેલો છું, તેને આપ કહો હે ભગવન! તમે પરબ્રહ્મ છો આકાશની પેઠે સર્વથી અપગ છો, પ્રકૃતિથી પર છો ઇચ્છા પ્રમાણે શરીર ધારણ કરનાર છો. અને ભક્તની ઇચ્છાથી અવતર્યા છો માટે મારા પ્રશ્નનો ઉત્તર આપો

ભગવાન બોલ્યા કે-સાધુ પુરૂષમાં નીચે પ્રમાણે બત્રીસ લક્ષણો હોય છે પારકા દુઃખને ન સહન કરનાર સર્વ પ્રાણીઓનો દ્રોહ ન કરનાર ક્ષમાવંત સત્યવાદી ઇર્ષ્યાદિકથી રહિત સુખ દુઃખમાં સમાન, શક્તિ પ્રમાણે ઉપકાર કરનાર, વિષયોથી અક્ષોભ્ય મનવાળો ઇંદ્રિયોનો જય કરનાર, કોમળ મનવાળો સદાચારી, પરિગ્રહ રહિત લૌકિક સુખને માટે કંઈ પણ પ્રયત્ન નહિ કરનાર મિતાહારી શાંત સ્વધર્મમાં દૃઢ બુદ્ધિવાળો માત્ર મારો જ આશ્રય કરનાર આત્મતત્વનું મનન કરનાર સાવધાન વિકાર રહિત દુઃખ વખતે ધીરજ ધરનાર, ક્ષુધા તૃષા શોક મોહ જરા અને મૃત્યુને પોતામાં નહિ માનનાર માનની ઇચ્છા રહિત બીજાઓને માન આપનાર ઉપદેશ કરવામાં પ્રવીણ કોઈને નહિ ઠગનાર દયાથી સર્વ કાર્ય કરનાર તથા બહુજ વિવેકી હોય તેને સાધુ પુરૂષ જાણવો વેદ મારૂ સ્વરૂપ છે અને તેમા ઉપદેશેલા ધર્મોથી અંતઃકરણની શુદ્ધિ થાય છે એમ જાણવા છતાં તેને પ્રભુના ધ્યાનમાં વિક્ષેપ કરનાર ધારીને તજે ને ભજે તેને ઉત્તમ સાધુ જાણવો. ૩૨ દેશ કાલાદિકના માપથી રહિત સર્વનો આત્મા સચ્ચિદાનંદ હું તેને જાણીને અથવા મનન આદિકથી સારી રીતે ભક્તિથી ભજે તેઓને ઉત્તમ ભક્તો જાણવા. ૩૩ મારી મૂર્તિઓના તથા ભક્તોના દર્શન કરવા સ્પર્શ કરવો તથા પૂજન કરવુ સેવા કરવી સ્તુતિ કરવી સરલતાથી રહેવુ ગુણ અને કર્મોનાં વખાણ કરવા તથા હે ઉદ્ધવ! મારી કથા સાંભળવાની શ્રદ્ધા રાખવી, મારૂ ધ્યાન ધરવુ, જે કંઈ મળે તે મને અર્પણ કરવુ. મારા જન્મ તથા કર્મનુ વર્ણન કરવું, જન્માષ્ટમી આદિક ઉત્સવો પાળવા ગીત નૃત્ય તથા વાજા વગાડવા અને મંદિરના ઉત્સવ કરવો. ૩૬ વર્ષમા જે જે પર્વો આવે તે કરવા, યાત્રાએ જવુ તથા નૈવેદ્યો કરવા વેદની અથવા તંત્રની દીક્ષા ગ્રહણ કરીને વ્રત ધારણ કરવાં. ૩૭ મારી મૂર્તિઓમાં શ્રદ્ધા રાખવી તથા મારે માટે ફૂલના ને ફળના ઉપવનો કરવા, વિહારસ્થાનો બાંધવામાં તથા નગર અને મંદિર બાંધવાની શક્તિ હોય તો પોતે અને શક્તિ ન હોય તો બીજાઓની સાથે તે બંધાવવા. ૩૮ વાસીદુ વાળવુ લીંપવું પાણી છાંટવું મંડળો પૂરવા વગેરે કર્મોથી સેવા

કરવી. ૩૯ અભિમાન દંભ રાખવો નહિ, કરેલું કામ કહેવું નહિ મને અર્પણ કરેલા સ્થાવર પદાર્થો ઉપયોગમાં લેવા નહિ દેવતાઓને અર્પણ કરેલા પદાર્થો ઉપયોગમાં લેવા નહિ.૪૦ જે વસ્તુ પોતાને બહુ ગમતી હોય તથા જે વસ્તુ પોતાને પ્રિય હોય તે મને નિવેદન કરવી. ૪૧ હે ઉદ્ધવ! સૂર્ય, અગ્નિ બ્રાહ્મણ ગાય વૈષ્ણવ હૃદયાકાશ પવન પાણી પૃથિવી, આત્મા તથા સર્વે પ્રાણીઓને મારી પૂજાનાં સ્થાન જાણવાં. વેદમાં કહેલાં સૂક્તોથી સૂર્યમાં બળિવડે અગ્નિમાં આતિથ્ય સત્કારથી ઉત્તમ બ્રાહ્મણમાં અને હે ઉદ્ધવ! ઘાસ વગેરેથી ગાયોમાં મારૂં નૈવેદ્ય કરવું. ૪૩ બંધુની પેઠે સત્કાર કરીને વૈષ્ણવોમા ધ્યાનનિષ્ઠાથી હૃદયાકાશમાં પ્રાણદૃષ્ટિથી વાયુમાં અને જળાદિક વસ્તુઓથી તર્પણ કરીને જળમાં મારૂં પૂજન કરવું. ૪૪ ગુપ્ત મંત્રો વડે પૃથ્વીમાં, જુદા જુદા ભોગો આપીને આત્મામાં અને સર્વ પ્રાણીઓમા હું ક્ષેત્રજ્ઞ રૂપે રહેલો છું એમ ગણી સમદૃષ્ટિ રાખવાથી મારૂં સર્વમા પૂજન કરવું. શંખ ચક્ર ગદા અને પદ્મ ધારણ કરનારા ચાર ભુજાવાળા તથા શાંત એવા મારા સ્વરૂપનું ધ્યાન કરવુ જીતેંદ્રિય રહેવુ અને વિધિ પ્રમાણે પૂજન કરવું. ૪૬ યજન કરીને તથા વાવ કુવા વગેરે ખોદાવીને ઉપર કહ્યા પ્રમાણે મારૂં પૂજન કરે તેને ઉત્તમ ભક્તિ ઉત્પન્ન થાય છે ઉત્તમ ભક્તિવાળા સાધુ પુરૂષની સેવાથી મારૂં જ્ઞાન થાય છે ૪૭ સત્સંગથી થતા ભક્તિયોગ વિના સંસાર તરવાનો બીજો કોઇ પણ ઉત્તમ ઉપાય નથી. હું સત્પુરૂષોનો આશ્રય છું, માટે સત્પુરૂષોના સમાગમ કરવાથી મારી પ્રાપ્તિ થાય છે ૪૮ હે ઉદ્ધવ! હુ તમને અત્યંત રહસ્ય તથા સર્વથી ઉત્તમ એવો આ માર્ગ બતાવું છુ, કારણ કે તમે મારા દાસ સબંધી તથા મિત્ર છો ૪૯

अथैतत्परमं गुह्यं शृण्वतो यदुनन्दन ।
सुगोप्यमपि वक्ष्यामि त्वं मे भृत्यः सुहृत्सखा॥

इतिश्रीमद्भागवतेमहापुराणएकादशस्कंधे एकादशोध्यायः

અધ્યાય ૧૨ મો.‡

સત્સંગનું માહાત્મ્ય.

श्रीभगवानुवाच:

न रोधयति मां योगो न सांख्यं धर्म एव च।
न स्वाध्यायस्तपस्त्यागो नेष्टपूर्तं न दक्षिणा॥

ભગવાન કહે છે કે—હે ઉદ્ધવ! સર્વ સંગોને ટાળનારો સત્સંગ જે પ્રમાણે મને વશ કરે છે, તે પ્રમાણે યોગ તત્ત્વવિચાર ધર્મ વેદાધ્યયન, સંન્યાસ, યજ્ઞ, વાવ, કુવા વગેરે નવાણો ખોદાવવાં, દક્ષિણા વ્રત દેવપૂજા મંત્રો તીર્થો નિયમો અને યમો મને વશ કરતા નથી. દૈત્યો રાક્ષસો પશુઓ પક્ષીઓ ગંધર્વો અપ્સરાઓ સિદ્ધ ચારણો યક્ષો વિદ્યાધરો મનુષ્યોમાં વૈશ્યો શૂદ્રો સ્ત્રીઓ તથા ચાંડાલો કે જેઓ રજોગુણી તથા તમોગુણી હોય છે તેઓ પણ તે તે યુગમાં સત્સંગથી મને પામ્યા છે વૃત્રાસુર પ્રહ્લાદ વૃષપર્વા બલિ બાણાસુર, મય વિભીષણ સુગ્રીવ, હનુમાન, જાબવાન, ગજેંદ્ર, જટાયુ તુલાધાર ધર્મવ્યાધ, કુબ્જા ગોપીઓ બ્રાહ્મણોની સ્ત્રીઓ તથા બીજા ઘણા સત્સંગથી મને પામ્યા છે. ૬ તેઓ વેદ ભણ્યા ન હતા ભણવા માટે મહાત્માઓની સેવા કરી ન હતી, તેમ તપ પણ કર્યું ન હતું, તોપણ સત્સંગથી મને પામ્યા હતા. ૭ યોગથી તત્ત્વ વિચારથી દાનથી વ્રતથી તપથી યજ્ઞથી વ્યાખ્યાનથી, વેદાધ્યયથી તથા સન્યાસથી પ્રયત્ન કરવા છતા મને જેઓ પ્રાપ્ત થતા નથી, તેઓ ગોપીઓ ગાયો વૃક્ષો મૃગો નાગો તથા બીજા જીવો સત્સંગથી ઉત્પન્ન થયેલી ભક્તિવડે પરિશ્રમ વગર મને પ્રાપ્ત થયેલા છે. ૯ અક્રૂરને અને બળદેવ સાથે મથુરા તેડી ગયા ત્યારે જેઓનું ચિત્ત દૃઢભાવથી મારામાં આસક્ત હતું એવી ગોપીઓ વિરહ દુઃખમાં બુડી ગઇ હતી અને મારા વિના કોઇ

‡ આ અધ્યાયમા સત્સંગનુ માહાત્મ્ય અને કર્મની વ્યવસ્થા કહેવાય છે

પણ કોઈ વસ્તુ તેઓએ સુખકારી દીઠી નહિ. હે ઉદ્ધવ! વૃન્દાવનમાં ફરતો ફરતો હું તેમની સાથે રહેવાથી ગોપીઓ જે રાત્રીઓને ક્ષણની પેઠે ગાળતી હતી, તે રાત્રીઓ મારો વિયોગ થવાથી તેમને એક કલ્પના જેવી મોટી થઈ પડી.૧૧ યોગીઓને જેમ પોતાનું નામ તથા રૂપ જાણવામાં આવતાં નથી તેમ ગોપીઓ પતિ પુત્રાદિકનું પોતાના દેહનું આલોકનું તથા પરલોકનું ભાન ભૂલી ગઇ હતી. સમુદ્રને જેમ નદીઓ મળી જાય છે, તેમ તે મારા સ્વરૂપમાં લીન થઇ ગઇ હતી. મારી ઉપર પ્રીતિ રાખનારી અબળાઓ મારા સ્વરૂપથી અજાણી હતી તોપણ તેઓ સત્સંગથી મને પામી ગઈ ૧૩ તમે શ્રુતિ સ્મૃતિ વિધિ નિષેધ કર્મ સાભળવા યોગ્ય તથા સાભળેલું સર્વનો ત્યાગ કરી સર્વ પ્રાણીઓમા એક આત્મારૂપ જે હું તેને એવા ભાવથી શરણે આવો અને મને પ્રાપ્ત થઇને સંસારના સર્વ ભયમાથી મુક્ત થાઓ.

ઉદ્ધવજી–હે યોગેશ્વરોના ઇશ્વર! આપે કહ્યુ કે, સ્વધર્મમા સાવધાન રહી કર્મ કરવુ અને વળી કહો છે કે, સર્વ કર્મનો ત્યાગ કરી મારે શરણે આવવું, તો પછી કર્તા–ભોક્તાપણું આત્મામાં છે કે નહિ? તથા કર્મ કરવાં કે તજવા એવો મારા મનમા સશય છે તે દૂર કરો.

ભગવાન–ઇશ્વર પોતાની માયાવડે પ્રપંચરૂપે ભાસે છે અને તે પ્રપંચના અધ્યાસથી જીવલોકોને અનાદિ કાળની અવિદ્યાથી કર્તાપણું તથા ભોક્તાપણુ આવે છે તેને લઇને જીવને વિધિ–નિષેધનો અધિકાર પ્રાપ્ત થાય છે. અતઃકરણની શુદ્ધિ માટે કર્મ કરવાં એમ મેં કહ્યુ અંત કરણ શુદ્ધ થયા પછી જે કર્મો ભકિતમાં વિક્ષેપ કરનારા ન હોય તે કરવાં અને વિક્ષેપકારક કર્મોનો ત્યાગ કરવો. ૬૭ વિશ્વાસથી મારૂં ભજન કરવું જ્ઞાન પ્રાપ્ત થયા પછી કર્તવ્ય રહેતું નથી. સર્વ વિષયનું યથાર્થ જ્ઞાન થવા ઇશ્વરથી જીવને જન્મ મરણ આપનારો પ્રપંચ કેવી રીતે ઉત્પન્ન થાય છે તે હવે કહું છું. અપરોક્ષ પરમેશ્વર શરીરમાં રહેલાં આધારાદિક ચક્રોમાં નાદરૂપે જન્મ્યા હોય એવા લાગે છે. નાદવાળા પ્રાણરૂપે આધાર ચક્રમાં પ્રવેશ કરે છે ત્યારે પરવાણીરૂપ કહેવાય છે. આધાર ચક્રમાં અખંડ તથા અસ્કુટ નાદ થયા કરે તે પરા વાણી કહેવાય છે. તે નાદાત્મક બ્રહ્મ મણીપૂર ચક્રમાં આવે ત્યારે પશ્યંતી કહેવાય છે આમાં ઉચ્ચારણ કર્યા પહેલાં મનથી જ વર્ણોનાં સૂક્ષ્મ સ્વરૂપ સમજાય છે. પછી નાદાત્મક બ્રહ્મ વિશુદ્ધિ ચક્રમાં જઇ મધ્યમા વાણી કહેવાય છે. એ વાણી પશ્યંતી ઉપર અને વૈખરી નીચે રહેલી છે માટે મધ્યમા કહેવાય છે. મધ્યમા વાણી મુખમાં આવે ત્યારે અત્યંત સ્થૂલ હોવાથી વૈખરી કહેવાય છે. હ્રસ્વ દીર્ઘ વગેરે માત્રાઓ ઉદાત્તાદિક સ્વરો તથા અકારાદિક વર્ણ વૈખરી વાણીનું સ્વરૂપ છે. તે વેદ તથા તેની શાખારૂપે મોટા વિસ્તારવાળા છે.૧૭ અગ્નિ જેમ આકાશમાં અસ્કુટ ઉષ્ણતારૂપે રહે છે, પણ કાષ્ઠને મથતાં વાયુની સહાયતાથી તણખારૂપે ઉત્પન્ન થાય છે ને બીજા પદાર્થોથી વધે છે, તેમ હુ પરા પશ્યંતી મધ્યમા અને વૈખરી, એ ચાર વાણીઓથી પ્રકાશું છું. ૧૮ અતિસૂક્ષ્મ સ્થૂલ તથા મહાસ્થૂલ એમ ચાર પ્રકારની વાણી મારૂં સ્વરૂપ છે, તેમ હાથની વૃત્તિરૂપ ગ્રહણ ચરણની વૃત્તિરૂપ ગમન પાયુ તથા ઉપસ્થની વૃત્તિરૂપ વિસર્ગ નાસિકાની વૃત્તિરૂપ ગંધ જિહ્વાની વૃત્તિરૂપ રસ નેત્રની વૃત્તિરૂપ દર્શન ત્વચાનાં વૃત્તિરૂપ સ્પર્શ કાનની વૃત્તિરૂપ શ્રવણ મનની વૃત્તિરૂપ સંકલ્પ, બુદ્ધિ તથા ચિત્તની વૃત્તિરૂપ વિજ્ઞાન, અહંકારની વૃત્તિરૂપ અભિમાન ધ્યાનની વૃતિરૂપ સમષ્ટિ પ્રાણ તથા સત્વ રજ અને તમના વિકારરૂપ આધિદૈવાદિક સંસાર અતિસૂક્ષ્મ જાણે શુદ્ધ

तथा अतिस्थूल एम चार रूपे प्रगट थाय छे. आ संसार माराथी भिन्न नथी. ईश्वर प्रथम भिन्न भिन्न रूपे प्रगट थया न हता, परंतु एकज रूपे हता. ईश्वर कामने लीधे माया-शक्तिने भेटया तेथी इंद्रियादिकरूपे घणा प्रकारना लागे छे. ईश्वर त्रणे गुणोना आ श्रयरूप लोकात्मक कमळना बीज रूप छे. बीज क्षेत्रने प्राप्त थतां अनेक रूपे थाय तेम लोकात्मक कमळना बीजरूप भगवान काळ-गतिथी मायानो आश्रय करीने सर्व प्रपं-चरूपे थाय छे.२० जगत मायानी जाळ जेवुं छे, माटे ते परमात्माथी भिन्न नथी परंतु ईश्वरमां रहेलुं छे. तातणामां ओतप्रोत रहेलुं वस्त्र जेम तंतुओथी भिन्न नथी तेम विश्व सर्व प्रकारे ईश्वरमां ओतप्रोत रहेलुं होई तेनाथी भिन्न नथी. ते समष्टि तथा व्यष्टि रूप अने अविद्याने लीधे आत्मामां अध्यास रूप थयेलुं प्रपंचरूपी वृक्ष जीवने कर्तारूपी अने भोक्तारूपी संसार आपे छे आत्मानुं सत्य अने प्रपंचनुं मिथ्यापणुं ज्यारे सम थाय त्यारे कर्मादिकनो त्याग करवो अनादि काळनुं संसाररूपी वृक्ष फूल तथा फळने भोगवे ने मोक्षने उत्पन्न करे छे कर्मने तथा तेनां फळोने उत्पन्न करे छे २१ संसारवृक्षना बे मूळ पुण्य अने पाप तेना अनेक मूळ वासनाओ त्रण थड गुणरूपी पांच स्कंध भूत छे, अगियार शाखाओ इन्द्रियो त्रण छाल वात पित कफ सुख तथा दुःख बे फळरूप छे. ए वृक्षमांथी पांच रस शब्दादिक उत्पन्न थाय छे. बे पक्षीओ जीव तथा ईश्वर तेनी पर बेठा छे सूर्यना मंडळ सुधी ते उंचुं छे. तेने जन्म मरणरूपी संसार नथी. २२ तेने बे फळो लागेला छे तेमांथी एक दुःखरूपी फळने त्यां रहेनार गृध्र पक्षीओरूपी कामी गृहस्थो भोगवे छे, बीजां सुखरूपी फळने वनना हंस पक्षीओ परमहंस लोको भोगवे छे. आ प्रमाणे मायावडे अनेकरूपे भासता परमात्माने गुरुओद्वारा जेओ जाणे छे तेओ वेदना खरा अर्थने जाणे छे. २३ गुरुनी उपासना करवाथी उत्पन्न थती भक्तिवडे ब्रह्मविद्यारूपी कुवाडो तैयार करवो अने तेथी सावधान तथा धैर्यवान थई लिंग शरीरने कापी नांखी परमात्माने पामवो अने पछी सर्व साधननो त्याग करवो. २४

> एवं गुरूपासनयैव भक्त्या
> विद्याकुठारेण शितेन धीरः ।
> विवृश्चयजीवाशयमप्रमत्तः
> सपद्यचात्मानमथत्यजास्त्रम ॥ २४ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेएकादशस्कंधे
द्वादशोध्यायः

अध्याय १३ मो.†

सत्वथी विद्या उदय.

श्रीभगवानुवाच.

> सत्व रजस्तम इति गुणा बुद्धेर्न चात्मनः ।
> सत्वेनान्यतमो दन्यात्सत्व स[ा]त्वन चैव हि ॥

भगवान कहे छे के—ज्यां सुधी तप आदि गुण वृत्तिओ प्रतिबंधक होय त्यां सुधी ब्रह्मविद्या प्राप्त थती नथी, माटे वृत्ति-ओनी निवृत्ति करी ब्रह्मविद्याने उत्पन्न करवी आत्मानुं स्वरूप होवाथी निवृत्ति न थता विद्यानी उत्पत्ति थाय नहि सत्व रज अने तम ए आत्माना धर्म नथी परंतु प्रकृतिना धर्मो छे सत्वगुणनी वृद्धि करी तेनाथी रजोगुणनी तथा तमोगुणनी वृत्ति ओनो नाश करवो अने उपशमरूपी सत्व-गुणवडे सत्य तथा दयादिरूप सत्वगुणनो विजय करवो. १ सत्वगुणथी पुरुषने भक्ति-रूपी सर्वोत्तम धर्म प्राप्त थाय छे, ने ते रजो-गुणनो अने तमोगुणनो नाश करे छे ते गुणो नाश थया के रागद्वेषादिक रजोगुणथी अने आळसादिक तमोगुणथी उत्पन्न थतो अधर्म

---

† आ अध्यायमा सत्वगुणनी वृद्धिथी विद्यानो उदय तथा हंसना इतिहासथी चितने अने गुणोने भिन्न पाडवानी कथा कहेवाय छे

નાશ પામે છે ઠ શાસ્ત્ર પાણી લોકો દેશ કાળ કર્મ જન્મ ધ્યાન મંત્ર તથા સંસ્કાર એ દશ કારણો છે. ૪ વિદ્વાનો જેનાં વખાણ કરે અને સાત્વિક જેની નિંદા કરે તેને તામસ અને જેની સ્તુતિ કે નિંદા કંઇ પણ ન થાય તેને રજોગુણી પદાર્થ જાણવો ૫ સત્વગુણની વૃદ્ધિ માટે તેમાંથી સાત્વિક પદાર્થ સેવવો. નિવૃત્તિ શાસ્ત્રો સત્વગુણી છે માટે તેનું પઠન પાઠન કરવું. પ્રવૃત્તિ શાસ્ત્રો રજોગુણી છે, અને પાખંડી શાસ્ત્રો તમોગુણી છે માટે તેનું પઠનપાઠન કરવું નહિ. તીર્થોનાં જળો સાત્વિક છે તેનું સેવન કરવું પરંતુ સુગંધી જળ રજોગુણી છે અને મદિરા વગેરેનાં જળ તમોગુણી છે તેથી તેનું સેવન કરવું નહિ. નિવૃત્તિવાળા ભગવાનના ભક્તજનો સત્વગુણી કહેવાય છે, પ્રવૃત્તિવાળા રજોગુણી અને દુરાચારી તમોગુણી લોકોનો સંગ કરવો નહિ. એકાંત પ્રદેશ સત્વગુણી છે તેથી તેમાં વાસ કરવો, રજોગુણી રાજમાર્ગોનું અને તમોગુણી જુગારના માર્ગોનું સેવન કરવું નહિ. સત્વગુણી નિત્ય કર્મ કરવાં તેમજ વૈષ્ણવ અથવા શૈવ દીક્ષા લેવી, પરંતુ રજોગુણી દીક્ષા લેવી નહિ તથા તમોગુણી દીક્ષા લેવી નહિ. સાત્વિક વિષ્ણુનું ધ્યાન કરવું, રજોગુણી કામિનીઓનું તથા તમોગુણી શત્રુઓનું ધ્યાન કરવું નહિ. સાત્વિક ૐકારાદિક મંત્રોનો જપ કરવો રજોગુણી કામ્ય મંત્રોનો અને તમોગુણી ક્ષુદ્ર મંત્રોનો જપ કરવો નહિ. સત્વગુણી મનને શુદ્ધ કરનાર સંસ્કારો લેવા, પરંતુ અત્યંત રજોગુણી દેહ સંસ્કારો તથા તમોગુણી એવા માંસાદિકના સંસ્કારો પડવા દેવા નહિ. આ પ્રમાણે વર્તવાથી સત્વગુણની વૃદ્ધિ થાય છે તેથી ભક્તિરૂપી ધર્મનો લાભ થાય છે અને તે ભક્તિથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. મહા વાક્યના શ્રવણથી જ્ઞાન ઉત્પન્ન થાય તેમ નથી. આત્માને અપરોક્ષ તથા સ્થૂલ અને સૂક્ષ્મ દેહના કારણરૂપી ગુણો તજવા સુધીનું જ્ઞાન ભક્તિથી થાય છે. ગુણોનો ક્ષોભ થવાથી દેહ ઉત્પન્ન થયેલો છે. દેહ પોતે પોતાના આશ્રયરૂપ ગુણોનો પોતાથી ઉત્પન્ન થયેલી વિદ્યાવડે નાશ કરી શકે અને પોતે કેવી રીતે દેહમાંથી ઉપશમ પામે? એ શંકાનો ઉત્તર સહજ છે. વાંસ પરસ્પર ઘસાવાથી ઉત્પન્ન થયેલો અગ્નિ જેમ વાંસને બાળી શાંત પડે છે, તેમ દેહ પોતાથી ઉત્પન્ન થયેલી વિદ્યાવડે ગુણોને બાળી શાંત થઇ જાય છે.

ઉદ્ધવ–હે શ્રીકૃષ્ણ! મરણ ધર્મવાળા પુરૂષો જાણે છે કે, વિષયોનું સેવન આપત્તિનું કારણ થઇ પડે છે છતાં તે વિષયોને ભોગવે છે તેનું કારણ શું? ભગવાન કહે છે કે–વિવેકહીન મનુષ્યને દેહાદિકમાં મિથ્યાબુદ્ધિ થવાને લીધે મનમાં એવો સંકલ્પ વિકલ્પ થાય છે કે હું આ પ્રમાણે ભોગ ભોગવીશ. આવા વિકલ્પવાળા સંકલ્પો રજોગુણી મનમાં વારવાર થયા કરે છે, ફલાણો પુરૂષ કેવો ધનવાન છે? તેનો કેવો વૈભવ છે? આવી રીતે વિષયોનું ધ્યાન થવાથી દુષ્ટબુદ્ધિવાળા પુરૂષને ઉત્કટ તૃષ્ણા થાય છે, આવી ઉત્કટ તૃષ્ણા ઉત્પન્ન થતાં કામને અધીન થઇ રહેલો ઇંદ્રિયાધીન રજોગુણના વેગથી મુગ્ધ થઇ ગયેલો પુરૂષ જુવે છે કે કર્મો પરિણામે દુઃખકારક છે છતા તે કર્મો કરે છે. ૧૧ વિવેકી પુરૂષનું મન કોઇવાર રજોગુણથી અને તમોગુણથી વિક્ષેપ પામે તોપણ તે સાવધાન થઇ મનને નિયમમાં રાખે છે અને વિષયો તરફ દોષદૃષ્ટિ કરે છે પરંતુ તેમાં બધાતો નથી, અર્થાત્ તેના ઉપર આસ્થાબુદ્ધિ કરતો નથી. ૧૨ વિષયો તરફ દોષદૃષ્ટિ કરતાં મન રોકી શકાય નહિ તો તેને રોકવા નીચે પ્રમાણે ઉપાય કરવો. આળસનો ત્યાગ કરી સવારમાં મધ્યાહ્નને તથા સાયંકાળે આસનનો વિજય કરવો, પ્રાણાયામ કરવો અને સાવધાનપણે ધીરે ધીરે મારામાં મન લગા-

સ્વું.૧૩ વિષયોમાંથી મનને ખેંચી સાક્ષાત મારા સ્વરૂપમાં લગાડવું, આ પ્રમાણે સનકાદિકોએ કહ્યું છે. ૧૪

ઉદ્ધવ–હે કેશવ! આપે સનકાદિક કે જેઓ ઘણાજ વૃદ્ધ છે, તેઓને યોગનો ઉપદેશ કર્યો હોય તે સર્વ હું જાણવા ઇચ્છું છું. ૧૫ ભગવાન બોલ્યા કે–સનકાદિક ઋષિઓ બ્રહ્માના મનમાંથી ઉત્પન્ન થયા હતા. તેઓ પોતાના પિતાને યોગની જાણી શકાય નહિ તેવી વાર્ત્તા પૂછવા લાગ્યા. ૧૬

સનકાદિકે પૂછ્યું કે–હે પ્રભુ! ચિત્ત સ્વાભાવિક રીતે રાગાદિકને લીધે વિષયોમાં પ્રવેશ કરે છે માટે વિષયોને તજવાની ઇચ્છાવાળા મુમુક્ષુ પુરૂષે તે કેમ તજવા?

ભગવાન–સનકાદિકોના પૂછવાથી મહા દેહવાળા અને જગતને ઉત્પન્ન કરનાર બ્રહ્મા વિચાર કરવા લાગ્યા. પરંતુ તેમની બુદ્ધિ કામમાં રોકાયલી હતી, તેથી પ્રશ્નના કારણને સમજી શકયા નહિ.૧૮ બ્રહ્મા પ્રશ્નનું કારણ તથા ઉત્તર જાણવાની ઇચ્છાથી મારૂં ધ્યાન કરવા લાગ્યા તે વખતે હું હંસનું રૂપ ધારણ કરી બ્રહ્માની પાસે ગયો. ૧૯ મને જોઈ સનકાદિકોએ બ્રહ્માને આગળ કરીને મારી પાસે આવી મારા ચરણમાં પ્રણામ કર્યા અને પૂછ્યું કે તમે કોણ છો?૨૦ તત્વ જાણવાની ઇચ્છાવાળા મુનિઓએ પૂછ્યું કે મેં તેઓને જે કહ્યું હતું તે તમે સાંભળો ૨૧ તમે આત્માને ઉદ્દેશીને પૂછો છો કે આત્માની ઉપાધિરૂપ સમૂહને ઉદ્દેશીને પૂછો છો? જો તમે આત્માને ઉદ્દેશીને પૂછતા હો તો વસ્તુતાએ આત્મા ભિન્ન ભિન્ન નથી, પરંતુ એક જ છે માટે તમે પૂછ્યું કે તમે કોણ છો, એ પ્રશ્ન ઘણામાંથી એકનો જ નિશ્ચય કરનારો છે તેથી અઘટિત છે. ઉત્તર દાતાએ કોનો આશ્રય કરી ઉતર આપવો? આત્મામાં જાતિ અથવા ગુણાદિક વિશેષ હોય તેનો પણ આશ્રય કરીને ઉત્તર આપું. હું અમુક જાતિનો છું અથવા અમુક ગુણવાળો છું પરંતુ આત્મામાં કોઈ જાતિ કે કોઇ ગુણાદિક નથી માટે હું કોના આધારે તમને ઉત્તર આપું? ૨૨ તમે જો આત્માના ઉપાધિરૂપ ભૂત સમૂહને ઉદ્દેશીને પૂછતા હો તો દેવ તથા મનુષ્ય વગેરેનાં શરીરો કારણરૂપ પાંચભૌતિકપણાને લીધે એક બીજાથી જુદા નથી. તેમ તેનાં પરમ કારણ પણ પરસ્પર જુદાં નથી, માટે તમારો પ્રશ્ન જે તમે કોણ છો? એ વ્યર્થ તથા ખોટો છે. ૨૩ મન વચન દૃષ્ટિ તથા ઇંદ્રિયોથી જે વસ્તુ જાણવામાં આવે તે હું પોતે છું. કોઈ પણ વસ્તુ મારાથી ભિન્ન નથી, એ રીતે તમે તત્વનો વિચાર કરીને સમજો.૨૪ મન વિષયોમાં પ્રવેશ કરે છે, અને વિષયો મનમાં પ્રવેશ કરે છે. પરંતુ તે બંને વસ્તુ મારારૂપ જીવને અધ્યાસને લીધે ઉપાધિરૂપ થઈ પડેલી છે, જીવનું ખરૂં સ્વરૂપ નથી. ૨૫ વિષયોના સંસ્કારને લીધે વિષયોમાં પ્રવેશ કરતું મન તથા વાસનાવડે મનમાંથી ઉઠતા વિષયો બ્રહ્મરૂપ થઈ ત્યાગ કરવા. ૨૬ જીવ જાગ્રતાદિક અવસ્થાવાળો છે તે પરબ્રહ્મ સ્વરૂપ કેમ થઇ શકે? ના, જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ ત્રણ અવસ્થાઓ બુદ્ધિની વૃત્તિઓ છે અને તે સ્વાભાવિક નથી, પરંતુ સત્વ રજ અને તમથી ઉત્પન્ન થયેલી છે. જીવ ત્રણે અવસ્થાઓથી વિલક્ષણ છે અને તે તેનો સાક્ષી છે. ૨૭ આત્મામાં બુદ્ધિનો અધ્યાસ થવાથી હું જાગું છું હું સુતો હતો, એવું લાગે છે, પરંતુ વસ્તુતઃ અવસ્થાઓ બુધ્ધિની છે આત્માની નથી. જીવ પોતે સાક્ષીરૂપે રહી મિથ્યાભૂત બુધ્ધિના અધ્યાસનો ત્યાગ કરે ત્યારે વિષયો મનથી અને મન વિષયોથી જુદું પડે. ૨૮ મિથ્યા અધ્યાસ થવાનું તથા બંધન થવાનું કારણ અહંકાર છે. અહંકાર આનંદાદિકનું આવરણ કરી અનર્થકારક થઇ પડે છે. સર્વ સંસાર દુઃખમય છે, એમ

જાણી ઉદાસીન થઈ જવું અને ત્રણે અવસ્થાથી ભિન્ન ચોથી અવસ્થામાં રહી જન્મના અધ્યાસનો તથા ભોગની ચિંતાનો ત્યાગ કરવો. ૨૯ પુરૂષની ભેદદૃષ્ટિ નિવૃત્ત થાય નહિ ત્યાં સુધી તે પુરૂષ કર્માદિમાં કુશળ છતાં સ્વપ્નમાં રહેલો મનુષ્ય જેમ પોતાને જાગતો માનવા છતાં સ્વપ્ન વિના બીજું કંઇ દેખતો નથી, તેમ અજ્ઞાનીને કર્મમાં યથાર્થ રીતે કુશળ જાણવો નહિ. ૩૦ વર્ણ આશ્રમ તથા તે સંબંધી કર્માદિકની ભેદબુદ્ધિ વેદે પ્રતિપાદન કરેલી છે, તે કેમ ટળે ? ના, તેમ નથી, કેમકે દેહાદિક પદાર્થો મિથ્યા છે. તેને લઇને થયેલા વર્ણ તથા આશ્રમના ભેદ, સ્વર્ગાદિક ફળો તથા ફળને આપનારા કર્મો મિથ્યા છે. જીવ જ્યારે સ્વપ્નાવસ્થાને જુવે છે ત્યારે તેને સ્વપ્નના દેહાદિક પદાર્થો મિથ્યા જણાય છે, તેથી તેણે કરેલા ભેદો ફળો અને કર્મો મિથ્યા જણાય છે. અજ્ઞાની મનુષ્યને વૈદિક કર્મો બાધ કરે છે પરંતુ જ્ઞાનીને બાધ કરતાં નથી. ૩૧ જે જાગ્રત અવસ્થામાં સર્વ ઇન્દ્રિયોમાં જેઓની ક્ષણે ક્ષણે સ્થિતિ બદલાય છે, એવા બહારના દેહાદિક પદાર્થોને ભોગવે છે તથા જે સ્વપ્નાવસ્થામાં મનમાથી જ ઉત્પન્ન થયેલા, જાગ્રત અવસ્થામાં જોયેલા અને જેઓની સ્થિતિ ક્ષણે ક્ષણે બદલાયા કરે છે, એવા વાસનામય દેહાદિક પદાર્થોને ભોગવે છે તથા જે સુષુપ્તિમાં તે સર્વ પદાર્થોનો ઉપસંહાર કરે છે, તે પુરૂષ એક જ છે ભિન્ન નથી, કારણ કે, તે ત્રણે અવસ્થાઓનો દ્રષ્ટા છે. જાગ્રદવસ્થા ની દ્રષ્ટા સર્વ ઇન્દ્રિયો છે, સ્વપ્નાવસ્થાનું દ્રષ્ટા મન છે અને સુષુપ્તિ અવસ્થાની દ્રષ્ટા સ્વપ્નના સર્વ સંસ્કારવાળી બુદ્ધિ છે; છતાં તે સર્વ ઇંદ્રિયોનો મનનો અને બુદ્ધિનો નિયંતા એક આત્મા છે, માટે આત્મા એ સર્વ અવસ્થાનો દ્રષ્ટા છે. શાસ્ત્રમાં જાગ્રતનો દ્રષ્ટા વિશ્વ, સ્વપ્નનો દ્રષ્ટા તેજસ અને સુષુપ્તિનો દ્રષ્ટા પ્રાજ્ઞ કહેલો છે, પરંતુ તે સર્વ નામ માત્રજ જુદા છે. દ્રષ્ટા પુરૂષ એકજ છે અને તે સર્વના અનુભવની વાત છે. જે હું સ્વપ્ન જોતો હતો તે ત્યાર પછી કંઇ જાણતો ન હતો અને તેજ હું હમણાં જાગું છું, એવી માણસને સ્મૃતિ થાય છે. વિશ્વાદિકનો આત્મામાં અવ્યવહાર કરવો. જુદી જુદી અવસ્થારૂપી ઉપાધિને લીધે આત્મા પોતે એક સ્વરૂપ છે. ૩૨ મનની જે ત્રણ અવસ્થાઓ કહી, તે ગુણોથી થાય છે અને માયાને લીધે જ તે કલ્પી કાઢેલી છે. તમે આત્માના સ્વરૂપનો નિશ્ચય કરો તથા અનુમાનોથી અને સદ્ગુરૂના ઉપદેશથી સર્વ સંશયના નિવાસરૂપ અહંકારનો નાશ કરી મને ભજો ૩૩ હવે જ્ઞાનરૂપી ખડ્ગને સજ કરવાનો ઉપાય દર્શાવું તે સાભળો. આ જગત ભ્રાંતિરૂપ છે, કારણ કે, મનના વિલાસરૂપે દેખાય છે તથા નાશ પામે છે. સ્વપ્ન એ મનનો વિલાસ છે, તે દેખાય છે ને નાશ પામે છે, જગત્ ભ્રાંતિરૂપ છે, કારણ કે તે ચંચળ છે. જે અત્યંત ચંચળ હોય તે ભ્રાંતિરૂપ હોયજ જેમ અલાત ચક્ર અત્યંત ચંચળ હોઇ ભ્રાંતિરૂપ છે, તેમ ઘણા પ્રકારના જગતની પરબ્રહ્મમાં ભ્રાંતિ છે ભ્રાંતિના અધિષ્ઠાનરૂપે બ્રહ્માડ ઘણા પ્રકારનું ભાસે છે, પરંતુ વિચાર કરતાં ગુણના પરિણામે કરીને થયેલો અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ એ ત્રણ પ્રકારનો ભેદ માયારૂપ છે. ૩૪ દૃશ્ય પદાર્થમાંથી દૃષ્ટિને ખેંચી લઇને સ્વસ્વરૂપનો અનુભવ કરવો અને તેને સ્થિર કરવા તૃષ્ણા રહિત થઇ મૌન રહેવું. મન, વાણી અને કાયાવડે કંઇ પણ ચેષ્ટા કરવી નહિ. દેહધારીને દ્વૈત દૃષ્ટિ મટતી નથી માટે ફરીને સંસારમાં જન્મમરણ થાય છે. આહારાદિ જે જે સંસારિક અવશ્ય કાર્યો હોય, તેમાં દ્વૈતદૃષ્ટિ કરવામા આવે છે, પરંતુ જે વસ્તુ અરૂચિથી અને મિથ્યા દૃષ્ટિથી ત્યાગ કરી છે, તે વસ્તુ પાછી મો

ઉપજાવી શકતી નથી. જીવન્મુક્ત પુરૂષને દેહ પડયા સુધી સંસ્કારને લીધે દ્વૈત ભાસે છે; પરન્તુ તે ભાસ તેને મોહ ઉપજાવી શકતો નથી. મદિરાથી મત્તને ભાન રહિત પુરૂષ જેમ શરીરપર વસ્ત્ર છે કે નહિ તે જાણતો નથી, તેમ જીવન્મુક્ત જ્ઞાની પુરૂષને પણ વિનાશી દેહ આસન ઉપર બેસે ઉભો થાય બહાર જાય અને પાછો આવે, તેનું ભાન રહેતું નથી, કેમકે પોતાના સ્વરૂપને તે જાણતો નથી આ દેહ પાલન કર્યા છતા મરે છે, માટે જીવન્મુક્ત પુરૂષ પરપોટા જેવી કાયાનું રક્ષણ કરતો નથી દેહના રક્ષણની કઇ પણ જરૂર નથી. પ્રારબ્ધવશ દેહ પોતાને ઉત્પન્ન કરનારૂ કર્મ જયાસુધી હોય ત્યાંસુધી પ્રાણ તથા ઇંદ્રિયો સાથે રહે છે, પરંતુ તેની ઉપર લગારે આસક્તિ રાખતો નથી કારણ કે સમાધિયોગને સંપાદન કરનાર યોગીઓએ પરમાર્થ વસ્તુ જાણેલી હોવાથી સ્વપ્ન સમાન દેહમાં તે આસક્ત થતા નથી. સાંખ્ય તથા યોગ માર્ગનુ જે રહસ્ય હતુ તે મેં તમને સંભળાવ્યુ. હુ વિષ્ણુ છુ અને તમને જ્ઞાનનો તથા ધર્મનો ઉપદેશ કરવા જન્મેલો છું યોગ, અને સાંખ્યથી જાણવામાં આવતો ધર્મ, પાળવામા આવતો ધર્મ, પ્રભાવ લક્ષ્મી કીર્તિ તથા જિતેન્દ્રિયપણુ એ સર્વ સાધનોથી જે વસ્તુ પ્રાપ્ત કરવા યોગ્ય છે તેજ હું છુ હું નિર્ગુણ છુ, મને કોઇ જાતની અપેક્ષા નથી. સર્વના બંધુ આત્મા પ્રિય અને ઇશ્વર હુ છું મારે વિષે સમદૃષ્ટિ, અસંગ આદિક સર્વ ગુણો રહેલા છે, માટે તમારે મારી ઉપર દૃઢ વિશ્વાસ રાખવો ૪૦ હે ઉદ્ધવ! સનકાદિક મુનિઓએ પરમ ભક્તિથી મારો સત્કાર અને સ્તોત્રોવડે સ્તુતિ કરી ત્યાર પછી હું મારા ધામમા પાછો ગયો ૪૨

तैरहं पूजितः सम्यक् संस्तुतः परमर्षिभिः ।
प्रत्येयाय स्वकं धाम पश्यतः परमेष्ठिनः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणएकादशस्कंधे त्रयोदशोऽध्यायः

અધ્યાય ૧૪ મો.*

ભક્તિ ને ધ્યાનયોગ.

उद्धव उवाच

वदन्ति कृष्ण श्रेयांसि बहूनि ब्रह्मवादिनः ।
तेषां विकल्पप्राधान्यमुताहो एकमुख्यता ॥

ઉદ્ધવે પૂછયું કે—હે શ્રીકૃષ્ણ! વેદ જાણનારાઓ ઘણાં સાધનો બતાવે છે, પણ તેમા સર્વ સાધનોને મુખ્ય જાણવાં કે અમુકને મુખ્ય જાણવું. આપે કહ્યું કે નિષ્કામ ભક્તિ યોગજ ઉત્તમ સાધન હોવાથી સર્વ ઉપરથી આસક્તિ ઉઠાડી આપને વિષે મન પ્રવેશ કરે એમ કરવું, પણ બીજાઓ બીજું બતાવે છે, માટે હુ પૂછુ છું કે, કેટલાં સાધનો ફળ આપવામા મુખ્ય છે અને કેટલાં ગૌણ છે? પ્રત્યેક સાધનો ફળદાયી હોય તો તે સર્વ શું સમાન ફળ આપે છે? કે ઓછાંવત્તાં તે હે કૃષ્ણ! મને સમજાવો.

ભગવાન—ભક્તિ સર્વ કરતાં શ્રેષ્ઠ ફળ આપતી હોવાથી તે સર્વોત્તમ છે અને બીજાં સાધનો લોકોએ પોતપોતાની બુધ્ધિ પ્રમાણે અજ્ઞાનથી કલ્પી કાઢેલાં છે. પ્રલય સમયે નાશ પામેલી વેદ વાણી મેં પૂર્વે બ્રહ્માને સંભળાવી હતી. તેમા મારૂં મનન કરાવનારો ધર્મ છે, તે વેદાત્મક વાણી બ્રહ્માએ મનુને શીખવી હતી. તેમની પાસેથી ભૃગુ વગેરે બ્રહ્મર્ષિઓ શીખ્યા હતા. ૪ પ્રજાપતિઓની પાસેથી તેમના પુત્ર દેવતાઓ દાનવો યક્ષો મનુષ્યો સિદ્ધો વિદ્યાધરો ચારણો કિંદેવો કિન્નરો નાગો રાક્ષસો અને કિંપુરૂષાદિકો શીખ્યા હતા. તેઓની પ્રકૃતિઓ સત્વગુણ રજોગુણ અને તમોગુણવાળી હોવાથી ઘણા પ્રકારની છે. વાસનાઓને લીધે પ્રાણીઓમાં જુદાં જુદાં શરીરો તથા ભિન્ન ભિન્ન બુધ્ધિ આવે છે. સર્વ લોકોએ પોતપોતાની બુદ્ધિને અનુસાર

* આ અધ્યાયમા ભક્તિ ઉત્તમ સાધન હોવાથી તેનુ વર્ણન કરવામા તથા તે સાથે ધ્યાનયોગનું નિરૂપણ થાય છે

વેદના અર્થો કર્યા છે. ૭ કેટલાક મનુષ્યોની બુદ્ધિ સ્વભાવના વૈચિત્ર્યને લીધે ભિન્ન પ્રકારની હોય છે. કેટલાક મનુષ્યો ભણેલા ન હોવા છતાં ઉપદેશની પરંપરાને લીધે બુદ્ધિમા ભેદ હોય છે અને કેટલાકની બુધ્ધિ વેદવિરૂધ્ધ પાખંડ મતને માને છે. ૮ હે ઉદ્ધવ! મારી માયાવડે મોહિત પુરૂષો કર્મો અને ઇચ્છા પ્રમાણે નાના પ્રકારનાં કલ્યાણનાં સાધનો માને છે. ૯ મીમાંસકો ધર્મને સાહિત્ય શાસ્ત્રીઓ યશને, વાત્સાયનાદિક કામને, યોગશાસ્ત્રીઓ સત્ય દમ અને શમને રાજનીતિજ્ઞો ઐશ્વર્યને, ચાર્વાક ભોગને તથા બીજા યજ્ઞ તપ દાન વ્રત નિયમ તથા યમને પુરૂષાર્થ માને છે. એમને કમ કર વાથી જે લોકો મળે છે તે આદિ અને અંતવાળા, પરિણામે દુઃખદાયી, તુચ્છ આનંદવાળા અને શોકથી ભરપુર હોય છે, માટે ભક્તિ સર્વ કરતાં શ્રેષ્ઠ છે. મારે વિષે ચિત્ત રાખનાર તથા બીજા સર્વ વિષ યોની તૃષ્ણા રહિત પુરૂષને મારાપર આનન્દ સ્વરૂપની સ્ફુરણાથી જે સુખ મળે છે, તે સુખ વિષયોમાં લાગી રહેલા પુરૂષોને નથી મળતું. ૧૨ બીજાઓને જ્યારે અવધિ-વાળું સુખ મળે છે, ત્યારે મારા ભક્તને સંપૂર્ણ સુખ મળે છે. કોઇ વસ્તુની દરકાર ન કરનારા, આંતરિંદ્રિયોનો નિગ્રહ કરનાર શાંત સમદૃષ્ટિવાળા અને મારા ધ્યાનવડે સંતોષ રાખનાર પુરૂષને સર્વ દિશાઓ સુખકારી થાય છે ૧૩ભગવાનમાં મન અર્પણ કરનારા ભક્તજનો મારા વિના ઇન્દ્રના આસનને, ચક્રવર્તિપણાને, પાતાલના રાજ્યને પોતાની સિદ્ધિઓને અથવા મુક્તિને, કોઇ પણ પદાર્થને ઇચ્છતા નથી ૧૪ હે ઉદ્ધવ! મને આપ જેવા પ્રિય લાગો છો તેવા બ્રહ્મા મારા પુત્ર છતાં પણ પ્રિય લાગતા નથી. લક્ષ્મી પત્ની છતાં પણ મને પ્રિય લાગતાં નથી, તેમ મને મારૂં શરીર પણ પ્રિય લાગતું નથી. ૧૫ હું તૃષ્ણા રહિત શાંત વૈર રહિત અને સમદૃષ્ટિવાળા મારા ભક્તના ચરણની રજવડે મારા આત્માને પવિત્ર કરૂં એવી ઇચ્છા રાખુ છું. ૧૬ કોઇ વસ્તુનો સંગ્રહ કરનાર મારા ઉપર પ્રીતિ રાખનાર શાંત, નિરભિમાની સર્વ જીવો ઉપર પ્રેમ રાખનાર તથા વિષયોએ જેમના મનનો સ્પર્શ કર્યો નથી એવા ભકતો મને પ્રસન્ન કરે છે, તેઓ નિષ્કામ સુખને જાણે છે, મારો પ્રાકૃત ભકત પણ કૃત કૃત્ય છે. ઇન્દ્રિયાધીન પ્રાકૃત ભકતને પોતાના તરફ ખેંચે છે તોપણ તે સમર્થ ભકિતવડે પરાભવ પામતો નથી. ૧૮ હે ઉદ્ધવ! અગ્નિ જેમ કાષ્ઠને બાળી ભસ્મ કરે તેમ મારી ભક્તિ પાપને બાળે છે. ભક્તિ જેમ મને વશ કરે છે, તેમ સાંખ્ય વેદાધ્યયન, તપ અથવા દાન મને વશ કરી શકતાં નથી. ૨૦ સર્વમા પ્રિય આત્મારૂપ હું શ્રદ્ધાથી કરેલી ભક્તિવડે સત્પુરૂષને વશ થાઉં છું. મારી ભકિત, ચંડાળોને જાતિદો-ષમાંથી મુકત કરે છે. ૨૧ સત્ય અને દયાવાળો ધર્મ તથા તપવાળી વિદ્યા મારી ભકિતથી રહિત ચિત્તને પવિત્ર કરતાં નથી. ૨૨ જ્યાંસુધી રૂવાં ઉભાં થાય નહિ. ચિત્ત પીગળી જાય નહિ તથા આનંદાશ્રુનાં ટીપાં પડે નહિ, ત્યાં સુધી ભકિત જાણવામાં આવે નહિ.ભકિત વિના અંતઃકરણ શુધ્ધ થતું નથી. જે પુરૂષની વાણી ગળગળી થઇ જઈ મન પીગળી જાય છે. તે લજ્જા મૂકીને કોઇવાર રડે. હસે, ઉંચા સ્વરથી ગાય અને નાચે છે તેને મારો ભકત જાણવો.તે મારો ભકિતવાળો પુરૂષ જગતને પવિત્ર કરે છે. ૨૪ સુવર્ણ જેમ તપાવવાથી મળનો ત્યાગ કરે છે તેમ ચિત્ત મારી ભકિતના કર્મની વાસનાઓના ત્યાગથી પવિત્ર થાય છે. ૨૫ મારી કથાઓ સાંભળવાથી તથા વર્ણન કરવાથી જેમ ચિત્ત સ્વચ્છ થતું જાય, તેમ સૂક્ષ્મ વસ્તુરૂપ પર-બ્રહ્મ જાણવામાં આવે છે. જેમ અંજન

આંજવાથી નેત્ર નિર્મળ થતાં જાય છે, અને ઝીણી વસ્તુ દેખાય છે,તેમ મનુષ્ય વિષયોનું ચિંતન કર્યા કરે તેનું ચિત્ત વિષયોમાં લીન થતું જાય છે, મારૂં સ્મરણ કરનારનું ચિત્ત મારે વિષે લાગી રહેછે. બીજાં સાધનો તથા બીજાં ફળો સ્વપ્નની તથા મનોરથની માફક મિથ્યા છે, માટે તેનો ત્યાગ કરી મારા ભજનથી શુદ્ધ કરેલા ચિત્તને મારામાં સ્થિર કરવું સ્ત્રીઓનો તથા તેના સંગીઓનો ત્યાગ કરી આત્મસ્વરૂપમાં નિષ્ઠ થવું, નિર્ભય એકાંત સ્થળમાં બેસી મારૂં ધ્યાન કરવું, સ્ત્રીઓના સંગથી તથા તેઓના સંગીના સંગથી પુરૂષને જેવું બંધન તથા ક્લેશ થાય છે, તેવુ બંધન કે તેવો ક્લેશ બીજાનો સંગ કરવાથી થતો નથી, માટે કામનાઓનો ત્યાગ કરવો. ૩૦

ઉદ્ધવ—હે કમલનયન ! મને તમારા હાસ્યથી પુરૂષાર્થનો લાભ થયો, પરંતુ મુમુક્ષુ પુરૂષે આપનુ કેવી રીતે ધ્યાન કરવુ ? તથા તમારા કેવા સ્વરૂપનું ધ્યાન કરવું ? તે મને વર્ણવીને કહો ?

ભગવાન—બહુ ઉંચા નહિ તેમ બહુ નીચા પણ નહિ, પરંતુ સમ એવા દર્ભાસન ઉપર પોતાને અનુકૂળ પડે તેમ બેસવુ, ચિત્તની સ્થિરતા માટે દૃષ્ટિને નાકની દાંડી ઉપર રાખવી અને હાથને ખોળામાં મૂકી પૂરક, કુંભક તથા રેચકના ક્રમથી અથવા તેથી ઉલટા ક્રમથી પ્રાણના માર્ગને શુદ્ધ કરવો, અને ઇન્દ્રિયોને વિષયોમાં જતી અટકાવવી. પ્રાણાયમ બે પ્રકારનાં છે, એક સગર્ભ અને અને બીજું ગર્ભરહિત. જેમાં ૐકાર હોય તે સગર્ભ. ૐકાર મૂળાધાર ચક્રથી માંડીને બ્રહ્મરંધના છેડા સુધી કમળના તંતુની પેઠે સૂક્ષ્મ તથા અવિચ્છિન્ન છે. તેને પ્રાણદ્વારા મનનાં પ્રગટ કરી ઘંટાના ઘંટારવ જેવો ઉદાત્ત નાદ સ્થિર કરવો. અને પ્રભાતે મધ્યાહ્નને અને સાયંકાળે દશવાર ૐકાર સાથે પ્રાણાયામ કરવું. એક મહીનામાં પ્રાણવાયુ વશ થાય છે. ૩૫ કેવા સ્વરૂપનું ધ્યાન કરવું તે હવે સાંભળો. હૃદય કમળ શરીરમાં ઉંચા નાળવાળું નીચા મુખનું અને કેળના પોટાની પેઠે બીડાયેલું છે. નીચા નાળવાળું મુખવાળું ઉઘડેલું આઠ પાંખડીવાળું તથા કળીવાળું તેને કલ્પવું. કળીમાં સૂર્ય ચંદ્ર તથા અગ્નિનું ઉત્તરોત્તર ચિંતન કરવું. ઉપર રહેલા અગ્નિ વિષે નીચે કહ્યા પ્રમાણે ધ્યાનમાં શુભ્ર નિરંજન એવા મારા સ્વરૂપનું ધ્યાન ધરવું. ૩૭ સરલ અવયવવાળું શાંત સુંદર મુખવાળું લાંબા અને સુંદર હાથવાળું અત્યંત મનોહર કંઠવાળું સુંદર કપોલવાળું સ્વચ્છ તથા મંદ મંદ હસતું હોય એવું મકરાકાર કુંડળોવડે શોભતું, સુવર્ણના જેવાં પીળાં વસ્ત્ર ધારણ કરનારૂં, મેઘના જેવું શ્યામ વક્ષઃસ્થળમાં જમણી બાજુ શ્રીવત્સ અને ડાબી બાજુ લક્ષ્મીને ધારણ કરનારૂં, શંખ, ચક્ર, ગદા અને પદ્મવાળુ વનમાળાથી વિભૂષિત ઝાંઝરોથી શોભિતા ચરણવાળું, કૌસ્તુભની કાંતિવાળું, તેજસ્વી મુગટવાળું, કડા, કટિમેખલા તથા બાજુબંધથી અલંકૃત સર્વાંગસુંદર, હૃદયને ગમે તેવું, પ્રસન્ન મુખ અને નેત્રવાળુ તથા અત્યંત કોમળ એવું મારૂં રૂપ ચિંતવવું મારા સર્વ અંગોમાં મન રાખી ધીર પુરૂષે ઉપર કહ્યા પ્રમાણે મનવડે ઇન્દ્રિયોને વિષયોમાંથી ખેંચી લઇ બુધ્ધિ રૂપી સારથીવડે મનને મારા સ્વરૂપ તરફ ખેંચી જવું. હવે કેવા સ્વરૂપથી મિશ્ર સ્વરૂપનું ધ્યાન કરવું તે સાંભળો. પ્રથમ સર્વ અંગોમાં વ્યાપ્ત ચિત્તને એક એક અંગમાં જોડતા જવું અને બીજાં અંગોનું ધ્યાન છોડવું. પ્રત્યેક અંગનું ધ્યાન કરતાં છેવટે મંદ હસતા મુખનું ધ્યાન કરવું અને તેમાં મનને ઘણીવાર રોકવું. ચિત્ત મારામાં જ્યારે ઘણીવાર સુધી સ્થિર થાય ત્યારે સર્વના કારણરૂપ મારા સ્વરૂપમાં લગાડવું.

પછી કોઈ પણ વસ્તુનું ધ્યાન કરવું નહિ અર્થાત ધ્યાતા અને ધ્યેય એ બન્ને વસ્તુનો ત્યાગ કરવો. સમાધિ પર્યંત ધ્યાન કરનારો પુરૂષ મને પછી પોતાના અંતરમાં દેખે છે અને તેજમાં જેમ તેજ દેખાય, તેમ સર્વાત્મક એવા મારા સ્વરૂપમાં પોતાને જોડાયેલો જુવે છે ૪૫ અત્યંત તીવ્ર ધ્યાનથી મનનું સમાધાન કરતાં યોગીનો અધિભૂત અધિદેવ અધ્યાત્મરૂપ દૃશ્ય દ્રષ્ટા તથા દર્શરૂપ ભ્રમ લય થાય છે.

ध्यानेनेत्थं सुतीव्रेण युंजतो योगिनो मनः।
संयास्यत्याशु निर्वाण द्रव्यज्ञानाक्रियाभ्रमः॥

इतिश्रीमद्भागवतेमहापुराणएकादशस्कंधे
चतुर्दशोध्यायः

અધ્યાય ૧૫ મો.‡

સિદ્ધિઓની લાલચ.

श्रीभगवानुवाच

जितेंद्रियस्य युक्तस्य जितश्वासस्य योगिनः।
मयि धारयतश्चेत उपतिष्ठन्ति सिद्धयः ॥

ભગવાન કહે છે કે—ઇંદ્રિયો અને શ્વાસને જિતનાર સ્થિર ચિત્તવાળા તથા મારામાં ચિત્તને ધારણ કરનાર યોગીને અવશ્ય સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

ઉદ્ધવે પૂછ્યું કે—હે શ્રીકૃષ્ણ! કેવી ધારણા કરવાથી સિદ્ધિ પ્રાપ્ત થાય? ને તે માટે કેવી ધારણા કરવી? અને સિદ્ધિઓ કેવી રીતે પ્રાપ્ત થાય છે? તે કેટલી છે? આપ સિદ્ધિઓના આપનાર છો માટે તે કહો.

ભગવાન—યોગવિદ્યામાં પારંગત પુરૂષોએ સિદ્ધિઓ તથા ધારણાઓ અઢાર કહેલી છે. આઠ સિદ્ધિઓ મારે વિષે રહેલી છે, અને બીજી દશ સત્વગુણની વૃદ્ધિથી પ્રાપ્ત થાય છે. ૩ અણિમા, મોટા શરીરમાંથી અત્યંત નાનું શરીર કરવું, મહિમા, નાના શરીરમાંથી મોટું શરીર કરવું, લઘીમા ભારે શરીરમાંથી હલકું શરીર કરવું, પ્રાપ્તિ, સર્વ પ્રાણીઓની ઇંદ્રિયો સાથે તે તે ઇંદ્રિયોના અધિષ્ઠાતા દેવરૂપે સંબંધ કરવો, પ્રાકાશ્ય આલોકના તથા પરલોકના સર્વ વિષયોપભોગ જોવાની શકિત, ઇશિતા ઇશ્વરમાં માયાની અને જીવમાં માયાના અંશોની પ્રેરણા શકિત વશિતા વિષયોના ભોગમાં અસંગ, અને પ્રાકામ્ય જે જે સુખની ઇચ્છા થાય તે તે સુખ મળવું. હે ઉદ્ધવ! આ સિદ્ધિઓ મારામાં સ્વાભાવિક રીતેજ રહેલી છે. સત્વગુણની વૃદ્ધિથી મળતી દશ સિદ્ધિઓનાં નામ આ પ્રમાણે છેઃ—અનુર્મિત્વ શરીરમાં ક્ષુધા પિપાસાનો અભાવ, દૂરશ્રવણ છેટેની વાતો સાંભળી, દૂરદર્શન છેટેના પદાર્થોને જોવા, મનોજવ જ્યાં મન જાય ત્યાં જવું, કામરૂપ ધાર્યા પ્રમાણે રૂપ લેવું, પરકાય પ્રવેશ પરકા શરીરમાં પ્રવેશ, સ્વચ્છંદ મૃત્યુ પોતાની ઇચ્છા પ્રમાણે મરણ, દેવસહક્રીડાનુદર્શન દેવો અપ્સરાઓની સાથે ક્રીડા કરે છે તે જોવી, યથાસંકલ્પસિદ્ધિ સંકલ્પ પ્રમાણે સિદ્ધિ તથા અપ્રતિહતાજ્ઞા સર્વત્ર આજ્ઞાનું પાલન. આ સિદ્ધિઓ સત્વગુણની વૃદ્ધિથી પ્રાપ્ત થાય છે ૭ બીજી પાંચ ક્ષુદ્ર સિદ્ધિઓનાં નામઃ-ત્રિકાળનું જ્ઞાતાપણું, શીત તથા ઉષ્ણાદિકથી અપરાજ્ય, પારકાના ચિત્તને જાણવાપણું, અગ્નિ સૂર્ય, જળ કે વિષ આદિકના બળને રોકી રાખવું તથા સર્વત્ર હારવું નહિ તે. ૮ યોગથી સિદ્ધ થતી સિદ્ધિઓમાં મેં તમને મુખ્ય મુખ્ય સિદ્ધિઓ કહી હવે ધારણાર્થી જે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે તે સાંભળો. ૯ જે પુરૂષ મનને તન્માત્રાનું રૂપ ઠરાવી શબ્દ સ્પર્શ રૂપ રસ અને ગંધરૂપ ગણી ભૂતસૂક્ષ્મનો એટલે તન્માત્રાના ઉપાધિરૂપ મારા શરીરમા ધારણ કરે છે તે સૂક્ષ્મ ભૂતનો ઉપાસક પુરૂષ મારી અણિમાદિક સિદ્ધિઓને પામે છે જે પુરૂષ મનને જ્ઞાન શકિતરૂપ મહત્તત્વનો આકાર

‡ આ અધ્યાયમાં ધ્યાનમાં આવતી સિદ્ધિઓનું વર્ણન છે.

માની તેમને મહત્તત્ત્વરૂપી ઉપાધિવાળા મારા પરમ રૂપમાં ધારણ કરે છે તે પુરૂષ મહિમા નામે સિધ્ધિને પામે છે. આકાશાદિક પાંચ ભૂતરૂપી ઉપાધિવાળા મારા સ્વરૂપમાં મનને ધારણ કરનારો પુરૂષ ભૂતોની મહત્તા-રૂપી મહિમા સિધ્ધિને પામે છે. પૃથ્વી જળ તેજ તથા વાયુ એ ચાર ભૂતના પરમાણુ રૂપી ઉપાધિવાળા મારા સ્વરૂપમાં જે પુરૂષ મન રાખે તે જેમા પરમાણુરૂપ થવાય છે એવી લઘીમા નામે સિદ્ધિને પામે છે.૧૨ જે પુરૂષ સાત્વિક અહંકારરૂપી ઉપાધિવાળા મારા સ્વરૂપમા સંપૂર્ણ રીતે મન યોજે તેને જેમાં સર્વની ઇંદ્રિયોના દેવતાઓ છે એવી પ્રાપ્તિ સિધ્ધિ પ્રાપ્ત થાય છે મારે વિષે મન રાખવાથી સર્વ સિદ્ધિ મળે છે. મનને ક્રિયા-શકિતવાળું મહત્તત્વ માનો તેને ક્રિયાશ કિતવાળા મહત્તત્ત્વરૂપી મારા સ્વરૂપમાં ધારણ કરે તે અપ્રકટ જન્મવાળો જે હુ તેની સર્વશ્રેષ્ઠ એવી પ્રાકાશ્ય સિદ્ધિ પામે છે ૧૪ જે પુરૂષ ત્રિગુણાત્મક માયાના અધિપતિ તથા કાળમૂર્તિ એવા વિષ્ણુ વિષે મનને યોજે છે તે ઇશિના સિદ્ધિને પામે છે, જે સિદ્ધિથી જીવોમા માયાના અંશોની પ્રેરણા કરી શકાય છે અને ઇશ્વરના માયાની પ્રેરણા કરી શકાય છે. ૧૫ વિ… હિરણ્યગર્ભ તથા કારણરૂપ ઉપાધિથી ર…ચોથું નારાયણ નામે તત્વ છે, જેમા ન…ણ એશ્વર્ય ધર્મ યશ લક્ષ્મી જ્ઞાન તથા વૈરાગ્ય વગેરે રહેલા છે, તેમાં મન રાખનારો તથા મારો ધર્મ પાળ નારો યોગી વશિના સિદ્ધિ મેળવે છે. ૧૬ નિર્ગુણ તથા પરબ્રહ્મરૂપ જે હુ તેમાં મન રાખનાર યોગી પર…દરૂપી પ્રાકામ્ય-સિદ્ધિ મેળવે છે, શ્વેત દ્રીપના પતિ સત્વ-ગુણમય તથા ધર્મમય મ…નામાં મન રાખ-નારો યોગી અનુર્મિત્વ સિદ્ધિને પામે છે ૧૯ સમષ્ટિ પ્રાણરૂપ મારા સ્વરૂપાનંદનું સ્મરણ કરનારો આકાશ જ્ઞાત. થઈ દૂરશ્રવણ સિદ્ધિને પામે છે, દૂરના પ્રાણીઓની વાણી તે સાંભળી શકે છે. ૧૯ સૂર્યમાં નેત્રને અને નેત્રમાં સૂર્યને જોડી દઇ તે બંનેના સંયોગમાં મારૂં ધ્યાન કરનારો યોગી દૂરદર્શન સિદ્ધિ પ્રાપ્ત કરે છે એમાં વિશ્વના પદાર્થો તેને જણાય છે. મનને શરીરને તથા તેને અનુસરનારા વાયુને મારા સ્વરૂપમાં જોડી દઇ ધારણા કરવાથી મનોજવ સિદ્ધિ પ્રાપ્ત થાય છે, મન જ્યાં જાય ત્યાં તેનું શરીર પણ જઇ શકે છે. ૨૧ અચિંત્ય શકિતવાળો તથા અનેક પ્રકારનો હું તેમાં મનની ધારણાના પ્રભાવથી જ્યારે મનને ઉપાદાન કારણરૂપ કરી જે જે રૂપે થવાની ઈચ્છા યોગી કરે તે તે મન ગમતા રૂપને આપું છે. સિધ્ધ યોગીને પરની કાયામાં પ્રવેશ કરવો હોય ત્યારે જેના કાયામાં પ્રવેશ કરવો હોય તેવી કાયામાં પોતાના આત્માનું ચિંતન કરી પોતાના સ્થૂલ દેહનો ત્યાગ કરી લિંગ શરીરરૂપી ઉપાધિ સાથે ભ્રમર જેમ એક ફૂલમાંથી બીજા ફૂલમાં જાય તેમ વાયુરૂપી માર્ગવડે પરકાયામાં પેસી શકાય છે ગુદાના છિદ્રને દબાવી પ્રાણરૂપી ઉપાધિવાળા આત્માને અનુક્રમે હૃદય છાતી કંઠ તથા મસ્તક સુધી ચઢાવી બ્રહ્મરંધ્રરૂપી દ્વારવડે મનને બીજી કાયામાં લઇ જાય અને પછી પોતાના સ્થૂલ કાયાનો ત્યાગ કરે તેને પરકાયપ્રવેશ સિદ્ધિ મળે છે. સ્વચ્છંદ મૃત્યુ કે જેમાં પોતાની ઇચ્છા પ્રમાણે મરાય છે, તે સિદ્ધિ પણ ઉપર કહેલી ધારણાના પ્રભા-વથી મળે છે તે સિધ્ધિમાં પ્રાણરૂપ ઉપાધિ વાળા આત્માને અનુક્રમે હૃદય છાતી કંઠ તથા મસ્તક ઉપર ચઢાવી બ્રહ્મરંધ્રના દ્વારથી મનવડે પરબ્રહ્મમાં લઈ જવો અને પછી દેહનો ત્યાગ કરવો. ૨૪ મારી મૂર્તિમાં રહેલા સત્વગુણની ભાવના કરનારને દેવક્રીડા દર્શન નામે સિધ્ધિ મળે છે, જેમાં સત્વગુણના અંશરૂપ દેવાંગનાઓ વિમાન લઇ આવે છે. ૨૫ મારો ભકત યોગી હું કે જે સત્ય સંકલ્પ

સ્પવાળો છું તેમાં મનની ધારણા કરી યોગી જ્યારે જેવો સંકલ્પ કરે ત્યારે તેવું ફળ પામવા રૂપી યથા સંકલ્પસિદ્ધિ પ્રાપ્ત થાય છે સર્વનો નિયંતા તથા સ્વતંત્ર તથા વ્યાપ્ત એવો જે હું તેમાં મનની ધારણા કરવાથી મારા સ્વભાવને પામે તે પુરૂષ અપ્રતિહતાજ્ઞા સિદ્ધિ મેળવે છે. જેને લીધે મારી આજ્ઞા જેમ કોઇ ઠેકાણે ભંગ થતી નથી તેમ તેની આજ્ઞા કોઇ ઠેકાણે કદી વ્યર્થ જતી નથી મારી ભકિતથી શુદ્ધ અંતઃકરણવાળો તથા ધારણા જાણનારો યોગી ઇશ્વરમાં મન યોજે તો ત્રણ કાળની વસ્તુ જેથી જણાય એવી જન્મ–મરણને જણાવનારી ત્રિકાળજ્ઞત્વ સિદ્ધિ મેળવે છે પરચિત્તાદ્યભિજ્ઞતા નામે સિદ્ધિ ધારણાથી મળે છે. ૨૮ જે મનુષ્યનું ચિત્ત યોગથી પરિશ્રાંત થયેલું હોય તે યોગીના યોગમય શરીરને જેમ પાણીથી જળચરોને હાનિ પહોંચતી નથી તેમ અગ્નિ સૂર્ય જળ વગેરે પદાર્થોથી હાનિ પહોંચતી નથી, અર્થાત્ તે પ્રતિષ્ટંભ સિદ્ધિને પામે છે અપદ્ધદ્ધ સિદ્ધિ પણ તેને મળે છે ૨૯ જે યોગી શ્રીવત્સથી તથા અસ્ત્રોથી અલંકૃત ભગવાનના અવતારોનું ધ્વજા છત્ર તથા ચામર સાથેજ ધ્યાન કરે તેને અપરાજય સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ૩૦

આ રીતે યોગની ધારણાઓથી મારી ઉપાસના કરનાર યોગીને સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. ૩૧ જિતેંદ્રિય પ્રાણ અને મનને દમન કરીને તેનો પરાજય કરનાર મુનિને વશિતા સિદ્ધિના પ્રકરણમા કહેલી એક ધારણા કરવાથી સર્વ સિદ્ધિઓ મળે છે, છતા તેની ઇચ્છા કરવી નહિ, કારણ કે ઉત્તમ પ્રકારનો યોગ સાધવાથી મને મેળવવા ઇચ્છતા યોગીને સિદ્ધિઓથી કાળના કાળ વહી જાય છે. માટે સિદ્ધિઓ વિઘ્નરૂપ છે ૩૩ પુરૂષે નિષ્કામ રહી ઇશ્વરના ઉપાધિ રહિત એવા સ્વરૂપની ધારણા કરવી. સકામ ધારણાઓનો ત્યાગ કરવો આ જગતમાં જન્મ ઓષધિ તપ તથા મંત્રોથી જેટલી સિદ્ધિઓ મળે છે તે સર્વ યોગથી અલૌકિક રીતે મળે છે. તે વસ્તુ બીજા કોઇ સાધનથી મળતી નથી. ૩૪ હું સર્વ સિદ્ધિઓનો જ નહિ પરંતુ મોક્ષના જ્ઞાનનો જ્ઞાનના સાધનભૂત ધર્મનો અને ધર્મોપદેશ કરનાર વેદવેત્તાઓનો પ પાલક અને પ્રભુ છું. સિદ્ધિઓ કરતા મને પ્રાપ્ત કરવો એ ઉત્તમ છે ૩૫ હું સર્વ પ્રાણીઓનો આત્મા અને અંતર્યામી છું, પરન્તુ તેથી પરિચ્છિન્ન થઇ જતો નથી, કારણ કે હું, બહાર પણ છું ને અંદર છુ. અંદર તથા બહાર રહેવાથી મને કોઇ જાતનું આવરણ નડતું નથી હું અંદર તથા બહાર કેવી રીતે રહેલો છું તે રહસ્ય હવે સાંભળો. જરાયુજ સ્વેદજ અંડજ તથા ઉદ્ભિજ્જ, એ ચારમાં જેમ પાંચ મહાભૂતો અંદર રહેલા છે અને બહાર પણ રહેલાં છે, તેમ હું પોતે સર્વ પ્રાણીઓની અંદર તેમ બહાર પણ રહેલો છું. હું પોતે સર્વ પ્રાણીઓની અંદર વ્યાપક છું અને બહાર પણ વ્યાપક છું, તેથી હું પ્રભુ કહેવાઉં છું.

अहमात्मांतरा बाह्योऽनावृतः सर्वदेहिनां ।
यथा भूतानि भूतेषु बहिरन्तनः तथा ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेएकादशस्कंधे पंचदशोऽध्यायः

અધ્યાય ૧૬ મો.‡

ભગવાનની વિભૂતિઓ.

उद्धव उवाचः

त्वं ब्रह्म परम साक्षादनाथतमपावृतम ।
सर्वेषामपि भावानां त्राणस्थित्यप्ययोद्भवः ॥

ઉદ્ધવે પૂછયુ કે–હે કૃષ્ણ! હેમહારાજ! આદિ અને અંતરહિત સ્વતંત્ર સર્વે પદાર્થોના ઉત્પત્તિ સ્થિતિ અને નાશ કરનાર આપ સાક્ષાત પરબ્રહ્મરૂપ છો ૧ હે ભગવન!

‡ આ અધ્યાયમા જ્ઞાન બળ તથા પ્રભાવાદિ વડે ભગવાનના આવિર્ભાવથી વિભૂતિઓનું વર્ણન છે.

મનને નહિ જિતનાર પુરૂષો નાના મોટા સર્વ પદાર્થોમાં રહેલા આપને જાણતા નથી, પરંતુ બ્રાહ્મણો યથાર્થ રીતે નાના મોટા સર્વ પદાર્થોમાં રહેલા આપને જાણી આપનીજ ઉપાસના કરે છે.જેમ પંચ મહાભૂતો કેટલાંક શરીરમા ગુણને વ્યતિરિક્ત રૂપે રહે છે અને કેટલાંકમાં કોઇ કોઇ ગુણોથી થોડાં રહે છે તેમ આપ કયા કયા પદાર્થોગાં અધિક અને કયા કયા પદાર્થોમાં ન્યૂન રહેલા છો ? તથા મહર્ષિઓ જે પદાર્થોમાં ભકિતપૂર્વક આપની ઉપાસના કરવાથી સિદ્ધિઓ મેળવે છે તે તે પદાર્થોનાં નામ મને કહો. ૩ આપ સર્વ પ્રાણીઓના આત્મારૂપ છો તથા આપ સર્વને વિષે ગુપ્ત રહેલા છો છતા તમારી માયાવડે મોહિત થયેલા પ્રાણીઓ સર્વના દ્રષ્ટા આપને દેખતા નથી. પૃથ્વીમાં સ્વર્ગમા પાતાળમાં તથા દિશાઓમાં આપની શકિતથી જોડાયલી જે શકિતઓ છે તે મને સંભળાવો.

ભગવાન—હે ઉધ્ધવ ! કુરૂક્ષેત્રમાં શત્રુઓની સાથે યુધ્ધ કરવા માટે ઇચ્છતા અર્જુને મને આવોજ પ્રશ્ન પૂછયો હતો રાજ્ય માટે પોતાની જ્ઞાતિનો નાશ કરવો એ નિંદિત કર્મ તથા અધર્મરૂપ છે એમ જાણી હું મારીશ અને આ લોકો મરણ પામશે, એવી અર્જુનને પ્રાકૃત બુદ્ધિ ઉત્પન્ન થઈ હતી, તેથી તે અટકી પડયો હતો ૭ રણભૂમિ ઉપર પુરૂષમા વાઘ જેવા શૂરવીર અર્જુને મેં ઉપ કર્યો હતો, તમે મને જેવો પ્રશ્ન કરો છો તેવોજ અર્જુને કર્યો હતો. ૮ હે ઉધ્ધવ ! હું તમારા પ્રશ્નનો ઉત્તર આપું છુ. સર્વ પ્રાણીઓનો આત્મા મિત્ર તથા ઇશ્વર તેમજ સર્વ પ્રાણીરૂપ અને તેઓની ઉત્પત્તિ સ્થિતિ તથા પ્રલય કર્તા હું છું.૯ ગતિવાળાઓમાં ગતિરૂપ વશ કરનારાઓમાં કાળમૂર્તિ ત્રણ ગુણોમા સામ્યાવસ્થારૂપ પ્રકૃતિ હું છું.૧૦યોમાં સ્વાભાવિક ગુણરૂપ ગુણવાળા પદાર્થોમાં ક્રિયા શકિત પ્રધાનરૂપ મહતત્વ—મોટા પદાર્થોમાં મહત્તત્વ મારૂં સ્વરૂપ છે સૂક્ષ્મ વસ્તુઓમાં હું જીવરૂપ દુર્જય પદાર્થોમાં હું મનવેદોનો ભણાવનાર બ્રહ્મા, મંત્રોમાં ત્રણ અક્ષરવાળો ૐકાર અક્ષરોમાં અકાર, છંદોમાં ગાયત્રીને સર્વ દેવતાઓમાં હું ઇંદ્ર છું. વસુઓમાં હું નીલલોહિત બ્રહ્મર્ષિઓમાં હું ભૃગુ રાજર્ષિઓમાં હું મનુ દેવર્ષિઓમાં હું નારદ ગાયોમાં હું કામધેનુ ૧૪ સિધ્ધેશ્વરોમાં હું કપિલદેવ પક્ષીઓમાં ગરૂડ પ્રજાપતિઓમાં હું દક્ષ પિતૃઓમાં હું અર્યમા, ૧૫ દૈત્યોમાં હું પ્રહ્‌લાદ નક્ષત્ર તથા ઓષધિઓનો સ્વામી હું ચંદ્રમા યક્ષ તથા રાક્ષસોનો સ્વામી હું કુબેર ૧૬ ઉત્તમ હાથીઓમાં હું એરાવત જળ જંતુઓમાં હું વરણ તપાવનાર તથા પ્રકાશ કરનારાઓમાં હું સૂર્ય મનુષ્યોમાં હું રાજા. ૧૭ ઘોડાઓમાં હું ઉચ્ચૈઃશ્રવા ધાતુઓમાં હું સુવર્ણ અને શિક્ષા કરનારાઓમાં હું યમ સર્પોમાં હું વાસુકી અનંત શીંગડાંવાળાં અને દાઢવાળાં પ્રાણીઓમાં હું સિદ્ધ આશ્રમોમાં હું સંન્યાસાશ્રમ અને વર્ણોમાં હું બ્રાહ્મણ તીર્થ તથા પ્રવાહોમાં હું ગંગા સ્થિર જળાશયોમાં હું સમુદ્ર આયુધોમાં હું ધનુષ ધનુર્ધારીઓમાં હું શંકર નિવાસસ્થાનોમાં હું મેરૂ દુર્ગમ સ્થાનોમાં હું હિમાલય વનસ્પતિઓમાં હું પીપળો ઓષધિઓમાં હું જવ. ૨૧ પુરોહિતોમાં હુ વસિષ્ટ વેદાર્થમાં નિષ્ઠાવાળાઓમા હું બૃહસ્પતિ સર્વ સેનાપતિઓમા હું કાર્તિકસ્વામી શુભ માર્ગને પ્રવર્તાવનારાઓમાં હુ બ્રહ્મા ૨૨ યજ્ઞોમાં હું બ્રહ્મયજ્ઞ વ્રતોમાં હુ અહિંસા શુદ્ધ પદાર્થોમાં વાયુ અગ્નિ સૂર્ય જળ અને બ્રાહ્મણોનાં વચનરૂપ હુ છુ. ૨૩ યોગનાં આઠ અંગોમાં હું સમાધિરૂપ વિજયેચ્છુઓમાં હું ગુપ્ત વિચાર ડહાપણોમા હું બ્રહ્મવિદ્યા અખ્યાતિ અન્યથખ્યાતિ,અસત્ખ્યાતિ,શૂન્યખ્યાતિ તથા અનિર્વચનીય ખ્યાતિનો વાદ કરનાઓમાં હું

વિકલ્પવાદ, ૨૪ સ્ત્રીઓમાં હું શતરૂપા, પુરૂષોમાં હું સ્વાયંભુવ, મુનિઓમાં હું નારાયણ, બ્રહ્મચારીઓમાં હું સનત્કુમાર; ૨૫ ધર્મોમાં હુ પ્રદાન, નિર્ભય સ્થાનોમાં હું પ્રિય વચન તથા મૌન, સ્ત્રી પુરૂષોના જોડામાં હું પ્રજાપતિ, ૨૬ સાવધ રહેનારાઓમાં હું વર્ષાકાળ ને ઋતુઓમાં હુ વસંત છું મહિના ઓમાં માર્ગશીર્ષ, નક્ષત્રાદિકો હું અભિજિત ૨૭ યુગોમાં હું સત્યયુગ, ધીર પુરૂષોમાં દેવલ તથા અસિત, વેદના વિભાગ કરનારાઓમાં હુ વેદવ્યાસ અને વિદ્વાનોમાં શુક્રાચાર્ય છું. ૨૮ ઉત્પત્તિ પ્રલય પ્રાણીઓનું આવા ગમન વિદ્યા અને અવિદ્યા જાણનારાઓમાં હું વાસુદેવ, વૈષ્ણવોમાં હું તમારૂં સ્વરૂપ કિંપુરૂષોમાં હું હનુમાન, વિદ્યાધરોમા હું સુદર્શન, રત્નોમાં હું મણિ, સુંદર પદાર્થોમાં હું કમળકોશ, દર્ભમાં હું કુશ અને હવિષ્ય પદાર્થોમાં હું ગાયનું દૂધ છું ઉદ્યોગીઓની હું સંપત્તિ, દ્યૂત રમનારાઓમાં જુગાર સહનશીલ પુરૂષોમાં હું તિતિક્ષા, ધૈર્યવાળા ઓમાં હું ધીરજ, ૩૧ બળવાનોની હું ઇન્દ્રિયશક્તિ ને વૈષ્ણવોએ ભક્તિપુરઃસર કરેલું કર્મ પણ હુંજ છું. ભક્તોએ પૂજવા યોગ્ય વાસુદેવ સંકર્ષણ પ્રદ્યુમ્ન અનિરૂદ્ધ નારાયણ વરાહ નૃસિંહ તથા બ્રહ્મા એ નવ મૂર્તિઓમાં હુ વાસુદેવ મૂર્તિ રૂપ છું ૩૨ ગંધર્વોમાં વિશ્વાવસુ અપ્સરાઓમાં હુ પૂર્વચિત્તિ પર્વતોમાં હું સ્થૈર્યરૂપ પૃથ્વીમાં હું અવિકૃત ગંધરૂપ, ૩૩ જળમાં હું મધુર રસ, તેજસ્વીઓમા હુ અગ્નિરૂપ સૂર્ય, ચંદ્ર તથા તારાઓમા હુ કાંતિરૂપ, આકાશમા હુ શબ્દ, બ્રાહ્મણોનો સત્કાર કરનારાઓમાં હુ બલિ, વીરપુરૂષોમા હુ અર્જુન અને પદાર્થોની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલયરૂપ પણ હુંજ છું. ચાલવું ભાષણ કરવું મળત્યાગ કરવો ગ્રહણ કરવું પ્રસન્ન થવું અડકવુ સ્વાદ લેવો સાંભળવુ સુંઘવુ તથા જોવું ઇત્યાદિ દશ

ઇદ્રિયોના ધર્મો છે તેમાં જોનાર હું છું. સર્વ ઈંદ્રિયોની વિષય ગ્રહણ કરનારી શક્તિ પણ હું છું. ૩૬ પૃથ્વી જળ તેજ વાયુ આકાશ તથા તેની તન્માત્રાઓ અહંકાર મહત્તત્ત્વ પંચ મહાભૂતો પુરૂષ પ્રકૃતિ રજોગુણ સત્વગુણ તમોગુણ તથા તેઓથી ભિન્ન પરબ્રહ્મ એ સર્વ હુંજ છું. ૩૭ હું તે તત્ત્વોની ગણના તેઓનુ જ્ઞાન તથા તેઓનો નિશ્ચય છું. હું જીવ તથા ઇશ્વરરૂપ છું, ગુણ અને ગુણીરૂપ છું, ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞરૂપ છું, સર્વસ્વરૂપ છું, મારા વિના કોઇ પદાર્થ કોઈ ઠેકાણે નથી. ૩૮ હું કાળે કરી પરમાણુએ ની ગણતરી કરીશ પરંતુ તે પ્રમાણે કરોડો બ્રહ્માંડને સરજતો હું તેની વિભૂતિઓની ગણતરી થશે નહિ જેમાં જેમાં તેજ સંપત્તિ કીર્તિ ઐશ્વર્ય લજ્જા દાન સૌંદર્ય ભાગ્ય બળ સહનશક્તિ તથા વિજ્ઞાન છે, તે પદાર્થ મારી વિભૂતિરૂપ છે. સર્વ વિભૂતિઓ મેં તમને કહી. વિભૂતિઓ મનના વિકારરૂપ છે અને જેમ આકાશપુષ્પ શશશૃંગ માત્ર બોલાય છે તેમ તે બોલવા માત્ર છે. ૪૧ વાણી મન પ્રાણ અને ઇન્દ્રિયોને નિયમમાં રાખીને બુદ્ધિનો સત્વગુણ સંપન્ન બુદ્ધિથી નિગ્રહ કરવો કે જેથી ફરીને જન્મ મરણ આવે નહિ. જે બુદ્ધિથી અને વાણીથી મનને નિયમમાં રાખતો નથી તે વ્રત તપ અને જ્ઞાન, કાચા ઘડામાં ભરેલા પાણીની પેઠે ગુમાવે છે ૪૩ મારા ભક્તિવાળી બુદ્ધિથી મન વચન તથા ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો કે જેથી કૃતાર્થ થવાય

तन्मान्मनोवचःप्राणान्नियच्छेन्मत्परायणः ।
मद्भक्तियुक्तया बुद्ध्या ततः परिसमाप्यते
इतिश्रीमद्भागवतेमहापुराणेएकादशस्कंधे
षोडशोध्यायः

અધ્યાય ૧૭ મો.

બ્રહ્મચાર્યાદિક ધર્મો.

उद्धव उवाच

**यस्त्वयाभिहित: पूर्वं धर्मस्त्वद्भक्तिलक्षण:
वर्णाश्रमाचारवतां सर्वेषां द्विपदामपि ॥१॥**

ઉધ્ધવે પૂછયું કે–હે શ્રીકૃષ્ણ ! આપે ધર્મરૂપી કર્મ ભક્તિનું તથા મોક્ષનું સાધન કહ્યું, પરંતુ ધર્મ અને કર્મ કરનારાઓને તેનું ફળ મળે એવો નિયમ જણાવ્યો નહિ માંટે વર્ણોનો અને આશ્રમોનો આચાર પાળનાર મનુષ્યોને સ્વધર્મ પાળવાથી તમારી ઉપર ભક્તિ થાય તેવું કહો ? સંપ્રદાયદ્વારા તે જણાતું નથી, કારણ કે આપે હંસાવતાર ધારણ કરી પૂર્વે ઉત્તમ તથા સુખકારક ધર્મ બ્રહ્માને સંભળાવ્યો હતો પૂર્વે ઉપદેશ કરેલો ધર્મ ઘણો લાંબો કાળ જવાથી હમણાં મનુષ્ય લોકમાં રહ્યો નથી.૪ હે અચ્યુત ! મનુષ્ય લોકની વાત તો રહી પરંતુ બ્રહ્મલોક કે જ્યાં વેદો મૂર્તિમાન છે ત્યાં પણ આપ વિના કોઇ ધર્મનો વક્તા પાળનાર અને રક્ષણ કરનાર નથી. આપ આ મૃત્યુ લોકનો ત્યાગ કરી સ્વધામ જશો ત્યારે નાશ થયેલા ધર્મનો કોણ ઉપદેશ કરશે ? ૬ તમારી ભક્તિના સાધનરૂપ ધર્મ કેવી રીતે પાળવો તે મને યથાસ્થિત કહો ?

શુકદેવજી બોલ્યા કે–હે પરીક્ષિત રાજન ! પોતાના સેવકોમાં મુખ્ય ઉદ્ધવે આમ પૂછતા શ્રીકૃષ્ણ સંતુષ્ટ થઈ મનુષ્યોના કલ્યાણ માટે સનાતન ધર્મ તેમને સમજાવવા લાગ્યા. હે ઉદ્ધવ ! વર્ણ અને આશ્રમ ધર્મ પાળનારા તથા બ્રાહ્મણ ધર્મથી રહિત મનુષ્યોને ભક્તિ થવા તમે પૂછોછો, તે તમારો પ્રશ્ન યોગ્ય છે તમારા પ્રશ્નનો ઉત્તર હવે સાભળો. ૯ પૂર્વે સત્ય યુગમા મનુષ્યનો હંસા નામે એક વર્ણ હતો ૐકાર જ વેદરૂપ હતો. ધર્મરૂપ ધારણ કરનારો માત્ર હું જ હતો, તપમાં નિષ્ઠા રાખનાર તથા પાપરહિત લોકો મારી ઉપાસના કરતા. પ્રજા જન્મથી જ કૃતકૃત્ય હતી, એ યુગને કૃતયુગ કહેતા. પછી જુદા જુદા ધર્મો ત્રેતાયુગમાં આરંભાયા. હે ઉધ્ધવ ! તેમાં મારા હૃદયમાંથી નિઃશ્વાસરૂપે ત્રણ વેદ ઉત્પન્ન થયા. તેમાંથી હોતા ઉદ્ગાતા અને અધ્વર્યુવાળો મારા સ્વરૂપ યજ્ઞ પણ થયો. ૧૨ મારા વિરાટ્ સ્વરૂપનાં મુખ બાહુ સાથળ તથા પગમાંથી અનુક્રમે બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય તથા શૂદ્ર ચાર વર્ણ થયા. જેઓ પોતપોતાના આચારથી જુદા જુદા છે. ૧૩ માથામાંથી ગૃહસ્થાશ્રમ હૃદયમાંથી બ્રહ્મચર્યાશ્રમ વક્ષ સ્થળમાંથી વાનપ્રસ્થાશ્રમ. મનુષ્યોના સ્વભાવો પોતાની જન્મભૂમિ જેવા થયા, એટલે કે ઉત્તમ અંગમાંથી ઉત્તમ સ્વભાવવાળા અને નીચ અંગમાંથી નીચ સ્વભાવવાળા થયા. ૧૫ શમ દમ તપ પવિત્રતા સંતોષ ક્ષમા સરળતા ભક્તિ દયા તથા સત્ય બ્રાહ્મણ જાતિનાં ગણાય છે. તેજ બળ ધૈર્ય શૌર્ય સહનશીલતા ઉદારતા ઉદ્યમ સ્થિરતા બ્રાહ્મણો તરફ માનદૃષ્ટિ અને ઐશ્વર્ય એ ક્ષત્રિયોનો સ્વભાવ ગણાય છે. આસ્તિકતા દાન નિષ્ઠા નિષ્કપટપણું બ્રાહ્મણોની સેવા તથા અસંતોષ વૈશ્યોનો સ્વભાવ છે ૧૮ બ્રાહ્મણો ગાયો તથા દેવોની નિષ્કપટ સેવા કરતાં જે કંઇ મળે તેથી સંતોષ રાખવો એ શૂદ્રનો ધર્મ છે ૧૯ અપવિત્રતા મિથ્યા ભાષણ ચોરી નાસ્તિકતા નિરર્થક કજીઓ કામ ક્રોધ તૃષ્ણા, એ ચાર વર્ણથી બહારના લોકોનો સ્વભાવ છે. ૨૦ અહિંસા સત્ય ચોરી ન કરવી કામ ક્રોધ ને લોભથી રહિતપણું, પ્રાણીઓનું હિત કરવાનો પ્રયત્ન, એ સર્વ વર્ણનો સામાન્ય ધર્મ છે. ૨૧ ચાર આશ્રમોમાં બ્રહ્મચર્ય આશ્રમના ધર્મો નીચે પ્રમાણે છે.

બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય જાતિના લોકોએ ગર્ભાધાન સંસ્કારથી માંડીને અનુક્રમે પ્રાપ્ત ઉપનયન સંસ્કાર જે બીજો જન્મ

કહેવાય છે તે થયા. પછી ગુરૂને ઘેર રહેવું અને ગુરૂની આજ્ઞા પ્રમાણે વેદ ભણવો. ૨૨ મેખલા મૃગચર્મ દંડ માળા જનોઈ કમંડલુ અને દર્ભ રાખવાં. કેશ વધારવા પરન્તુ તેમાં તેલ નાંખવું નહિ દાંત તથા વસ્ત્રોને ધોઇને સ્વચ્છ રાખવા તથા આસનને રંગવું નહિ ૨૩ સ્નાન ભોજન હોમ અને તપ કરતાં તથા મળ—મૂત્ર ત્યાગ કરતાં મૌન રહેવું, નખ ઉતરાવવા નહિ, પવિત્ર તથા સાવધાન થઈ અગ્નિ આચાર્ય સૂર્ય ગાય બ્રાહ્મણ ગુરૂ વૃધ્ધ તથા દેવોની ઉપાસના કરવી, મૌન રહીને ગાયત્રીનો જપ કરવો, પ્રાતઃસંધ્યાની તથા સાયંકાળની સંધ્યા કરવી. આચાર્યને પ્રભુરૂપ જાણવો, કોઇ દિવસ તેનું અપમાન કરવું નહિ તથા તેના ગુણમાં દોષનો આરોપ કરવો નહિ કારણ કે, તે સર્વ દેવરૂપ ગણાય છે. ૨૭ સવારે ભિક્ષા માગી લાવી અને બીજું જે કંઇ મળે તે ગુરૂને અર્પણ કરવું. ગુરૂ આજ્ઞા કરે તો જિતેન્દ્રિય એવા શિષ્યે તેનો ઉપયોગ કરવો. ૨૮ ગુરૂની સેવા કરનાર શિષ્યે દાસની પેઠે તેની પાસે બેસવું ગુરૂ જાય ત્યારે પાછળ જવું ગુરૂ સુવે ત્યારે સુવું ગુરૂ બેસે તો બેસવું તેને પરિશ્રમ થયો હોયતો પગ ચાંપવા અને બે હાથ જોડી તેની હજુરમાં હાજર રહેવું. સર્વ ભોગનો ત્યાગ કરી વિદ્યા પુરી થાય ત્યાં સુધી બ્રહ્મચર્ય પાળતા ગુરૂને ઘેર રહેવું. વળી નૈષ્ઠિક બ્રહ્મચારીને મહર્લોકમાં અને ત્યાંથી બ્રહ્મલોકમાં જવાની ઇચ્છા હોય તો જીવતા સુધી બ્રહ્મચર્યનો નિયમ પાળવો અને વિશેષ ભણવા અથવા ત્રણે વિદ્યા માટે ગુરૂદક્ષિણા આપવા પોતાનો દેહ ગુરૂને અર્પણ કરવો. ૩૦ બ્રહ્મતેજવાળા અને પાપરહિત નૈષ્ઠિક બ્રહ્મચારીએ ભેદ બુધ્ધિનો ત્યાગ કરી અગ્નિ ગુરૂ પોતાનું શરીર તથા સર્વ પ્રાણીઓમાં બ્રહ્મસ્વરૂપની ઉપાસના કરવી. ૩૧ બ્રહ્મચારીએ વાનપ્રસ્થ અથવા સંન્યાસીએ સ્ત્રીઓનાં દર્શન સ્પર્શ ભાષણ તથા હાસ્ય કરવાનો ત્યાગ કરવો. શૌચ આચમન સ્નાન સંધ્યોપાસના સરળતા તીર્થસેવન મંત્ર જપ ન અડકવા જેવી વસ્તુનો ત્યાગ સર્વ પદાર્થોમાં મારી ભાવના મનનો નિગ્રહ વાણીનો નિગ્રહ અને કાયાનો નિગ્રહાદિ સર્વે આશ્રમના સાધારણ ધર્મો છે. ૩૪ નૈષ્ઠિક બ્રહ્મચારીનું વ્રત ધારણ કરવાથી અગ્નિની પેઠે બ્રાહ્મણ પ્રકાશે છે અને જો નિષ્કામ હોય તો તેનું પાપ તીવ્ર તપથી બળી જઇ તે મારો ભક્ત થાય છે ગૃહસ્થાશ્રમમાં જવાની ઇચ્છા હોય તો ગુરૂ પાસે વેદાભ્યાસ કરી ગુરૂદક્ષિણા આપી, બ્રહ્મચર્ય વ્રત પૂર્ણ કરવા સમાવર્તન કરવુ. ૩૬ જો વિષય ભોગવવાની ઇચ્છા હોય તો ગૃહસ્થાશ્રમ ધારણ કરવો. અંતઃકરણ શુદ્ધ કરવાની ઇચ્છા હોય તો વનમાં જવું અથવા શુદ્ધ અંતઃકરણ હોય અને પોતે બ્રાહ્મણ હોય તો તેણે સંન્યાસ લેવો. મારા ભકતને આશ્રમ ગ્રહણ કરવાની જરૂર નથી. અભકતને આશ્રમની જરૂર છે અને તેણે પૂર્વના આશ્રમથી પછીના આશ્રમમાં જવું. પરંતુ પછીના આશ્રમથી પૂર્વના આશ્રમમા જવું નહિ ૩૭ જેને ગૃહસ્થાશ્રમની ઇચ્છા હોય તેણે પોતાની જાતિની સારા કુળની અને લક્ષણવડે ઉત્તમ અવસ્થામાં પોતાનાથી નાની સ્ત્રીને પરણવું. કામનાથી બીજી જાતિની કન્યાને પરણવું હોય તો પોતાની જાતિની કન્યા પરણ્યા પછી અનુક્રમે કન્યાઓ પરણવી. બ્રાહ્મણ જાતિની કન્યાને પરણ્યા પછી ક્ષત્રિયની વૈશ્ય જાતિની અને શૂદ્રની કન્યાને પરણવું. ક્ષત્રિયે ક્ષત્રિય જાતિની કન્યા પરણ્યા પછી વૈશ્યની અને શૂદ્રની કન્યાને પરણવું, વૈશ્યે વૈશ્ય જાતિની પરણ્યા પછી શૂદ્રની કન્યાને પરણવું અને શૂદ્રે માત્ર પોતાની જાતિની જ કન્યાને પરણવું, પરંતુ ઉતરતા વર્ણે ઉત્તમ વર્ણની કન્યા પરણવી નહિ યજન કરવું વેદાધ્યયન કરવું અને દાન આપવું, એ

દ્વિજ જાતિના અર્થાત્ બ્રાહ્મણ ક્ષત્રિય તથા વૈશ્યના ધર્મ છે. દાન લેવું વેદ ભણાવવો યજ્ઞ કરાવવો, એ બ્રાહ્મણની આજીવિકા છે. ૩૯ પ્રતિગ્રહ કરવાથી તપનો તેજનો અને યશનો નાશ થાય છે. બ્રાહ્મણે યજ્ઞ કરાવીને અથવા વેદાધ્યયન કરાવીને પોતાની આજીવિકા ચલાવવી, અને યજ્ઞ કરાવવામાં તથા વેદ ભણાવવામાં દોષ જણાય તો શિલોચ્છ વૃત્તિની આજીવિકા કરવી. ૪૦ બ્રાહ્મણે આજીવિકા માટે યથેચ્છ રીતે વર્તવું નહિ, કારણ કે બ્રાહ્મણનો દેહ સંસારના સુખભોગ માટે નથી, પણ જીવતા સુધી કષ્ટો ભોગવી તથા તપશ્ચર્યા કરી મૃત્યુ પછી પરલોકમાં અનંત સુખ ભોગવવા માટે છે. ૪૧ શિલોંચ્છ વૃત્તિથી સંતોષ માનનારો અતિથિની સેવારૂપી નિર્દોષ મહાધર્મને સેવનારો ઘરમાં રહ્યા છતાં તે ઉપર આસક્તિ ન રાખતાં મારી ઉપર આસક્તિ રાખનારો પુરૂષ મુક્તિ પામે છે. ૪૨ બ્રાહ્મણ તથા મારો ભક્ત દુઃખી થતો હોય તેને જેઓ મુક્ત કરે છે તેઓને નૌકા જેમ મહાસાગર પાર ઉતારે તેમ હું થોડા કાળમા આપત્તિઓ માંથી ઉધ્ધારૂં છુ. ૪૩ પિતા જેમ પોતાના સંતાનોને દુઃખ મુક્ત કરે તેમ રાજાએ પોતાની પ્રજાને સુખી કરવી. હાથી જેમ બીજા હાથીઓને કલણમાથી કાઢે અને પોતે પણ બહાર નિકળે, તેમ ધીર રાજાએ પ્રજાને દુઃખમાંથી બહાર કાઢી પોતે પણ દુઃખમાથી બહાર નિકળવુ. ૪૪ આવો રાજા આ લોકમાં સર્વ પાપનો નાશ કરી સૂર્યના જેવા તેજસ્વી વિમાનમાં બેસી ઇન્દ્રની સાથે આનંદ ભોગવે છે. ૪૫ જો બ્રાહ્મણ આજીવિકાથી કલેશ પામતો હોય તો તેણે વૈશ્યની વૃત્તિથી આપત્તિ તરવી વિશેષ આપત્તિ આવી હોય તો શસ્ત્ર બાંધી ક્ષત્રિયની વૃત્તિથી રહેવું; પરંતુ કોઇ પણ દિવસ શ્વવૃત્તિથી એટલે શ્વાસત્વથી રહેવુ નહિ. ૪૬ ક્ષત્રિય આજીવિકા વિના બહુજ કલેશ પામતો હોય તો તેણે વૈશ્યની વૃત્તિથી અને અધિક આપત્તિમાં પડયો હોય તો મૃગયાની વૃત્તિથી આપત્તિ જીતવી, અથવા બ્રાહ્મણની વૃત્તિથી રહેવું પણ શ્વવૃત્તિથી આજીવિકા કરવી નહિ. ૪૭ વૈશ્ય આજીવિકા વિના દુઃખી થતો હોય તો તેણે શૂદ્રની વૃત્તિની તથા શૂદ્ર આજીવિકા વિના દુઃખી થતો હોય તો તેણે પ્રતિલોમ જાતિથી આજીવિકા જેવી વૃત્તિથી ગુજરાન ચલાવવું. આ જે જે આજીવિકા કહી છે તે તે બ્રાહ્મણાદિકોએ સંકટના સમયમાં કરવી. કષ્ટ મુક્ત થયા પછી નિન્દિત કર્મથી આજીવિકા કરવી નહિ. ૪૮ પોતાના વૈભવ પ્રમાણે વેદાધ્યયન બ્રહ્મયજ્ઞ કરી ઋષિઓનું યજન કરવું, સ્વાહાથી પિતૃઓનુ યજન કરવું યજ્ઞાદિકથી દેવતાઓનુ યજન કરવું, બળિદાનોથી ભૂતોનું યજન કરવું અને અન્ન તથા જલાદિકથી મનુષ્યનું યજન કરવું. ૪૯ યજન નિત્ય કરવું અને શક્તિ હોય તો પુષ્કળ ધનથી પોતાના પોષ્યવર્ગને દુઃખ પડે નહિ તેમ યજ્ઞો કરવા. ૫૦ ગૃહસ્થે કુટુંબ ઉપર આસક્તિ રાખવી નહિ, ઇશ્વરના ભજનમાં પ્રમાદ કરવો નહિ સ્વર્ગાદિકના સુખને પણ આલોકના સુખની પેઠે નાશવંત જાણવાં. ૫૧ પુત્ર સ્ત્રી હિતૈષી અને સબંધીઓનો સમાગમ વટેમાર્ગુના મેળાપ જેવો જાણવો; નિદ્રા જતા જેમ સ્વપ્ન જાય છે તેમ દેહ જતા તે સર્વે જતાં રહે છે પર જે ગૃહસ્થ આવો વિચાર કરે છે તે તેઓથી છુટો રહે છે. ઘરમાં પરોણાની પેઠે રહે છે ને કશી અહંતાં મમતા રાખતો નથી તેમજ ઘરબારથી બધાતો નથી. ૫૩ ગૃહસ્થે ગૃહસ્થાશ્રમના કર્મોથી મારૂં ભજન કરતા ઘરમાં રહેવું અથવા વાનપ્રસ્થ થવું. પ્રજા હોય તો ગૃહસ્થાશ્રમમાંથી સંન્યાસાશ્રમ લેવો. આસક્તિવાળો પુત્રની તથા ધનની ઇચ્છથી આતુર સ્ત્રી વશ અને કૃપણ હોય તે હુ તથા મારૂં માની ઘરમાં બંધાય

છે. મારાં માતપિતા ઘરડાં છે સ્ત્રી અને છોકરાં નાનાં છે સંતાન અનાથ દીન તથા દુઃખી છે ને તે મારા વિના કેવી રીતે જીવશે? એવી ચિંતાથી જેનું ચિત્ત વિક્ષિપ્ત હોય એવો ગૃહસ્થ વિષયોથી તૃપ્ત થતો નથી અને રાત્રિ દિવસ તેનું ધ્યાન કર્યા કરે છે. મરણ પછી તે તમોગુણી સ્થાવરાદિકની જાતિમા જન્મે છે. ૫૮

एवं गृहाशयाक्षिप्तहृदयो मूढधीरयम् ॥
अतृप्तस्तानुध्यायन् मृतोऽधं विशते तमः ॥
इतिश्रीमद्भागवतेमहापुराणेएकादशस्कधे सप्तदशोध्यायः

અધ્યાય ૧૮ મો.†

સંન્યાસના ધર્મ ને વ્રત.

श्रीभगवानुवाच.

वनं विविक्षुः पुत्रेषु भार्यां न्यस्य सहैव वा ।
वन एव वसेच्छांतस्तृतीयं भागमायुष ॥१॥

ભગવાન કહે છે કે–વાનપ્રસ્થાશ્રમમાં રહેવા ઇચ્છતા ગૃહસ્થે પુત્રોને તેની માતા સોંપીને અથવા સાથે લઇને વનમાં જવું આયુષ્યનો ત્રીજો ભાગ એટલે પંચોતેર વર્ષ સુધી શાંતપણે વનમાં રહેવું. પંચોતેર વર્ષ પછી ઇંદ્રિયો ક્ષીણ થાય છે તેથી સંન્યાસ લેવામાં હરકત નથી ૧ વાનપ્રસ્થે વનમાં ઉત્પન્ન થતાં કંદ મૂળ તથા ફળોથી ગુજરાન કરવું. વલ્કલ વસ્ત્ર છાલ પાંદડાં ને મૃગચર્મ પહેરવાં. ૨ વાળ રૂવાં નખ અને દાઢી ઉત રાવવાં નહિ, શરીર ઉપર મેલ રહેવા દેવો, સવારે બપોરે અને સાંજે પાણીમાં નહાવું અને મેદાનમાં જમીન ઉપર સુવું ૩ ઉનાળામાં પંચાગ્નિ તાપવો, ચોમાસામાં ઉઘાડા ભાગમાં બેસી વરસાદને ઝીલી અભ્રાવકાશ નામે વ્રત કરવું. શિયાળામાં ગળા સુધી પાણીમાં રહી ઉદકવાસ નમે વ્રત કરવું. ૪ અગ્નિથી પાકેલું ખાવું અથવા કાળે કરી પાકેલાં ફળાદિક ખાવાં. ખાંડણીથી અથવા પથ્થરથી કુટીને ખાવું અથવા દાંત રૂપી મુસલથી વાટીને ખાવું એટલે દાંતથી ચાવીને ખાવું. ૫ આજીવિકાનાં સાધન પોતે મેળવવાં અને દેશ કાળ તથા બળને જાણનાર વાનપ્રસ્થે નવું અન્ન આવે ત્યારે જુનું કાઢી નાખવું. ૬ વનમાં ઉત્પન્ન થયેલાં ધાન્યાદિ કોથી વાનપ્રસ્થે આગ્રહાયણ આદિક યજ્ઞોમાં ચરૂ પુરોડાશ વગેરેનો હોમ કરવો. વેદમાં કહેલા પશુઓથી મારૂં યજન કરવું નહિ ૭ વાનપ્રસ્થે અગ્નિહોત્ર દર્શ પૌર્ણમાસ્ય અને ચાતુર્માસ યજ્ઞો ગૃહસ્થની પેઠે કરવા. તપ કરવાથી શરીરમાં નાડીરૂપે રહેલો વાનપ્રસ્થ તપોમય જે હું તેનું આરાધન કરી મહલોકમાં જાય છે અને ત્યાથી મને પામે છે. જે મનુષ્ય મહાકષ્ટથી કરેલા મોટાં કલ્યાણ કારક તપનો ક્ષુદ્ર સુખને માટે ઉપયોગ કરે છે તે મનુષ્ય કરતા બીજો કોણ મૂર્ખ હોય? ૧૦ જીવતા સુધી જે આમ કરે છે તેનો મોક્ષ થાય છે પણ પંચોતેર વર્ષ પૂરાં થઇ ગયા પછી વૈરાગ્ય આવે તોપણ સંન્યાસ લેવાનો અધિકાર છે, પરંતુ પંચોતેર વર્ષની પહેલાં વૃદ્ધાવસ્થાથી પોતાના નિયમો પાળવાને અશકત હોય અને શરીર કંપતું હોય તો તેણે અગ્નિનો પોતાને વિષે આરોપ કરી અગ્નિહોત્ર તજી મારામાં ચિત્ત આરોપી અગ્નિમાં પ્રવેશ કરવો ૧૧ કર્મનાં ફળરૂપ અને પરિણામે નરકસમ દુઃખદાયી સર્વ લોકો ઉપર વૈરાગ્ય થાય કે અગ્નિહોત્ર તજી સંન્યાસ લેવો. સંન્યાસ લેતાં અષ્ટકા શ્રાદ્ધ કરીને પ્રાજાપત્ય ઇષ્ટિથી મારૂં યજન કરવું. સર્વ ધન ઋત્વિજોને આપી અગ્નિઓનો પોતામાં આરોપ કરવો અને સર્વ તૃષ્ણાનો ત્યાગ કરી સંન્યાસ લેવો. બ્રાહ્મણ સંન્યાસ લે ત્યારે દેવતાઓ આ અમારાં સ્થાનોને ઉલ્લંઘન કરીને પરબ્રહ્મને પામશે એવા ભયને લીધે સ્ત્રીઓ વગેરેમાં પ્રવેશ કરી તે દ્વારા

† આ અધ્યાયમા સન્યાસીના ધર્મ અને વનમાં વસતાં કરવાના વ્રત કહેલા છે.

વિઘ્ન કરે છે, સંન્યાસ લેતી વખતે આ વગેરેના ખેદ તરફ દૃષ્ટિ કરવી નહિ ૧૪ મુનિએ વસ્ત્ર રાખવું હોય તો ગુહ્ય ઢંકાય તેટલુંજ રાખવું. દંડ અને પાત્ર વિના બીજી કોઇ વસ્તુ રાખવી નહિ. ૧૫ પૃથ્વી ઉપર જોઇને પગ મૂકવો પાણીને વસ્ત્રથી ગળીને પીવું વાણી સત્યથી પવિત્ર થયેલી બોલવી અને મનમાં વિચાર કરતાં જે સારૂં લાગે તે કરવું. ૧૬ મૌનવ્રત લેવું એ વાણીનો, સકામ કર્મ કરવાં નહિ એ દેહનો અને પ્રાણાયામ કરવો એ ચિત્તનો દંડ છે. ત્રણ દંડ જેને હોય તે દંડી સંન્યાસી કહેવાય છે ૧૭ બ્રાહ્મણાદિક ચાર વર્ણોમાંથી નિંદિત અને પતિત લોકોનો ત્યાગ કરી બીજાઓના ઘરની ભિક્ષા લેવી ઉત્તમોત્તમની મળે ત્યાં સુધી કનિષ્ઠોની ભિક્ષા લેવી નહિ. સંન્યાસીએ પ્રથમ મનમાં ન ધારેલાં સાત ઘેર ભિક્ષા માગવા જવું અને ત્યાંથી જે મળે તેટલાથી સંતોષ પામવો. ૧૮ ભિક્ષા માગી લાવી ગામ બહાર જલાશય ઉપર જવું, ત્યાં આચમન લઇ જળવડે અન્નને પ્રોક્ષણાદિક કરીને શુધ્ધ કરવું અને જેટલું આણ્યું હોય તેટલું અન્ન મૌન રહીને ખાવું જો કોઇ માગવા આવે તો તેને થોડુંક આપવુ અને બાકી રહે તે પોતે ખાવું ૧૯ પૃથ્વી ઉપર એકલા ફરવું કોઈનો સંગ કરવો નહિ. ઈંદ્રિયોને નિયમમાં રાખવી આત્મામાં વિલાસ કરવો સંતોષ રાખવો સર્વ ઠેકાણે આત્મા એક છે એવા જ્ઞાનથી સમદૃષ્ટિ રાખવી. ૨૦ નિર્જન તથા નિર્ભય સ્થાનમાં વાસ કરવો ભકિતથી અંતઃકરણ શુધ્ધ રાખવું. સંન્યાસીએ બ્રહ્મ સાથે અભેદ બુધ્ધિથી આત્માનું ચિંતન કરવું. ૨૧ જ્ઞાન ઉપર નિષ્ઠા રાખી પોતાને થતાં બંધનનો તથા મોક્ષનો વિચાર કરવો. ઈંદ્રિયોનો વિક્ષેપ એ બંધ છે અને ઈંદ્રિયોનો નિગ્રહ એ મોક્ષ છે. ૨૨ સંન્યાસીએ છ ઈંદ્રિયોને નિયમમાં રાખી મનમાં ભાવના થાય તે કરવું ક્ષુલ્લક કામનાઓથી દૂર રહેવું. ૨૩ ભિક્ષા માટે નગર ગામ તથા સંઘોમાં જવું અને નિત્ય પવિત્ર દેશ નદીઓ પર્વતો વન અને આશ્રમવાળી પૃથ્વી ઉપર એકલા ફરવું. ૨૪ વાનપ્રસ્થોના આશ્રમમાંથી ભિક્ષા માગી લાવવી, કારણ કે વાનપ્રસ્થોનું અન્ન શિલોંચ્છવૃત્તિથી આણેલુ હોયછે. તે ખાવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે અને તેનાથી પુરૂષ મોહરહિત થઇને પંચભૂતના શરીરથી મુકત થાયછે. ૨૫ આ જગતમાં જે પદાર્થો છે તે સાચા નથી સર્વનાશવંત છે માટે આ લોકમા અને પરલોકમાં આસકિત ન રાખતાં તે લોકનાં સુખો સારૂં કર્મોથી વિરામવું. ૨૬ મમતાના સ્થાનરૂપ જગત મન વાણી તથા પ્રાણથી સંયુકત એવો અહંકારના સ્થાનરૂપ દેહ તથા સર્વ સુખ સર્વમાં છે એવો જે ભાસ થાય છે તે માયાથી થાય છે. સ્વપ્નમાં સુખનો અને દુઃખનો ભાસ જેમ મિથ્યા છે તેમ એ પણ મિથ્યા છે. દૃષ્ટાંતોથી તેનો ત્યાગ કરી આત્મામાં નિષ્ઠા રાખી મિથ્યા પદાર્થોને તજવા. ૨૭ બહારના પદાર્થો ઉપર વૈરાગ્ય પામી મોક્ષની ઈચ્છા ન રાખનારો ભકત હોય તેણે દંડાદિકનાં ચિહ્નવાળા આશ્રમ ધર્મો રહેવા દેઇ પોતાથી પાળી શકાય તેટલા આશ્રમ ધર્મો પાળવા શાસ્ત્રના દાસ થઇને રહેવું નહિ. ૨૮ વિવેકી બાળકની પેઠે માન અપમાનનો વિવેક ન રાખતાં ફરવું કુશળ છતાં ફળની ઈચ્છા ન રાખતાં જડની પેઠે ફરવું વિદ્વાન છતાં ઉન્મતની પેઠે લોકોને પ્રસન્ન ન કરતાં મરજીમાં આવે તેમ બોલવું. વેદાર્થ ઉપર ભકિતભાવ છતાં લોકોનો સંગ ન થાય તે માટે બળદની પેઠે અનિયમિત રીતે વર્તવું. ૨૯ કર્મકાંડ સંબંધી વાદ ઉપર પ્રીતિ રાખવી નહિ પાંખડી થવું નહિ, વેદ વિરૂદ્ધ મિથ્યા તર્કો કરવા નહિ તેમ શુષ્ક વાદ વિવાદોમાં પડવું નહિ. મનુષ્યથી ઉદ્વેગ રાખવો નહિ. કોઇને ખિન્ન

કરવું નહિ પરનાં દુષ્ટ વચનો સહન કરવાં કોઇનું અપમાન કરવું નહિ અને પશુની માફક દેહને માટે કોઇ સાથે વેર કરવું નહિ. ૩૧ ચંદ્ર જેમ પાણીનાં જુદાં જુદાં પાત્રોમાં એક રૂપે રહે છે. તેમ પરમાત્મા પોતામાં તેમજ જુદાં જુદાં પ્રાણીઓમાં એકરૂપે રહેલા છે માટે આત્મસ્વરૂપે તેમ દેહદૃષ્ટિએ વેર રાખવું નહિ. સઘળાં શરીરો કારણરૂપે એક જ છે. ૩૨ કોઇ વાર સમય ઉપર ખાવાનું મળે નહિ તોય ત્યાગી પુરૂષે ખેદ કરવો નહિ લાભ અથવા અલાભ બન્ને દૈવને આધીન છે. ૩૩ આહાર માટે પ્રયત્ન કરવો કારણ કે પરમહંસે પણ પ્રાણ ધારણ કરવો. પ્રાણ હોય તો તત્વજ્ઞાન થાય અને તત્વજ્ઞાન થાય તો મોક્ષ મળે. ૩૪ દૈવેચ્છાથી સારૂ અથવા તો નરતું જેવું અન્ન મળે તેવું ખાઈ લેવું વસ્ત્ર શય્યા વગેરે જે જે વસ્તુઓ દૈવેચ્છાથી મળે તે પરમહંસે ગ્રહણ કરવી ૩૫ પવિત્રતા સ્નાન આચમન ને નિયમો પ્રેરણાથી કરવા નહિ. કામના પૂર્વક પવિત્રતા સ્નાન આચમન તથા નિયમો વગેરે પાળવાથી જ્ઞાનનિષ્ઠામાં અંતરાય પડે છે. ૩૬ જ્ઞાનીએ પણ શાસ્ત્રનાં વચનને આધીન રહેવું જોઇએ. વિધિ વચનને વશ રહેવું કશી ભેદ દૃષ્ટિ રાખવી નહિ એવો વિભેદ મારા જ્ઞાનથી નાશ પામે છે જો કે દેહ પડતા સુધી કોઇ કોઇવાર ભેદ દૃષ્ટિ જોવામાં આવે છે, તોપણ તે મિથ્યા છે. દેહ પડયા પછી જ્ઞાની બ્રહ્મ રૂપ થાય છે વિરક્ત અને પરોક્ષ જ્ઞાનવાળાને સંન્યાસના ધર્મો કેમ પાળવા તે સાંભળો. જે પુરૂષને પરિણામે દુઃખકારક એવા વિષયો ઉપર વૈરાગ્ય થાય તથા જેણે ધર્મ જાણ્યા ન હોય તેણે ધૈર્ય રાખી બ્રહ્મનિષ્ઠ સદ્ગુરૂ પાસે જવું. ૩૮ પરબ્રહ્મરૂપ જે હું તેનુ જ્ઞાન થાય ત્યાં સુધી ભક્તજનને શ્રદ્ધા સંપન્ન થઇ કોઇની ઇર્ષ્યા ન કરતાં ગુરૂ ઉપર મારી બુદ્ધિ કરી સેવા કરવી. ૩૯ જેણે છ ઇંદ્રિયોનો સમૂહ જિત્યો ન હોય, જેનો બુદ્ધિરૂપી સારથિ પ્રચંડ હોય તથા જે જ્ઞાન ને વૈરાગ્ય વિનાનો હોય તે સંન્યાસી દંડ ઉપર આજીવિકા કરે છે. ૪૦ જેના મનના રાગદ્વેષાદિક નાશ પામ્યા નથી એવો ધર્મનું ઉલ્લંઘન કરનાર દેવતાઓને પોતાને અને હૃદયમાં રહેલા મને છેતરે છે, તે આલોક તથા પરલોકથી ભ્રષ્ટ થાય છે ૪૧ શાંતિ તથા અહિંસા સંન્યાસીના મુખ્ય ધર્મ છે. આચાર્યની સેવા કરવી એ બ્રહ્મચારીનો મુખ્ય ધર્મ છે. ૪૨ બ્રહ્મચર્ય તપ શૌચ સંતોષ અને પ્રાણીના મૈત્રી એ ગૃહસ્થના ધર્મ છે. મારી ઉપાસના કરવી એ સર્વ આશ્રમવાળાઓનો ધર્મ છે. ૪૩ જે મનુષ્ય વર્ણાશ્રમના ધર્મો પાળી નિત્ય મારૂં ભજન કરે તે સ્ત્રી પુત્રાદિક ઉપર પ્રીતિ રાખે નહિ અને સર્વ પ્રાણીઓમાં હું રહેલો છું એમ જાણે તે થોડા સમયમા મને પામે છે. ૪૪ હે ઉદ્ધવ! મારી અખંડ ભક્તિને લીધે સર્વ લોકના મહેશ્વરરૂપ સર્વ જગતની ઉત્પત્તિ સ્થિતિને પ્રલય કરનાર અને વેદને ઉત્પન્ન કરનાર પણ મને પામે છે ૪૫ વર્ણ તથા આશ્રમના ધર્મ પાળવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે. મારૂં સ્વરૂપ જાણવામા આવે ત્યારે જ્ઞાન તથા વિજ્ઞાનસંપન્ન થઇને ભક્ત મારી પાસે આવે છે. વર્ણ તથા આશ્રમવાળાઓને માટે આચારસંપન્ન ધર્મ છે. મારી ભક્તિ સાથે મિશ્ર કરવામાં આવે તો કલ્યાણકારક થઇ પડે છે. ૪૭ સ્વધર્મોમા પરાયણ મારો ભક્ત મને કેવી રીતે પામે તે તમે મને પૂછયું તે ઉપરથી સ્વધર્મનિષ્ઠ મારો ભક્ત મને કેવી રીતે પામે છે, તે મેં તમને કહ્યુ. ૪૮

एतत्तेऽभिहित साधो भवान् पृच्छति यच्च माम्।
यथा स्वधर्मसंयुक्तो भक्तो मां समियात्परम्॥

इतिश्रीमद्भागवतेमहापुराणएकादशस्कंधे
अष्टादशोध्याय:

અધ્યાય ૧૯ મો.‡

વિદ્વત્સંન્યાસ-જ્ઞાનત્યાગ.

भगवानुउवाच

यो विद्याश्रुतसपन्न आत्मवाञ्ञानुमानिक: ।
मायामात्रमिद ज्ञात्वा ज्ञान च मयि सन्यसेत्॥

ભગવાન બોલ્યા કે—અંધારા વગેરેથી આપણને દિશાદિકનો ભ્રમ થાય છે તે મિથ્યા હોવા છતા અમુક પૂર્વ દિશા અને અમુક ઉત્તર દિશા એવો પ્રત્યક્ષ અનુભવ થાય નહિ ત્યાં સુધી ભ્રમ ટળતો નથી, તેમ દેહાદિક તર્કથી મિથ્યા હોવા છતા અપરોક્ષ જ્ઞાન થતા સુધી અભ્યાસ કરવો અનુભવ થતાં શાસ્ત્ર શ્રુત આત્મજ્ઞાનીને દેહાદિક પ્રપંચો રહિત પુરૂષે મારામા દ્વૈત તથા તેની નિવૃત્તિના સાધનો માયારૂપ છે એમ જાણી ત્યાગ કરવો આને વિદ્વત્સંન્યાસ કહે છે. જ્ઞાની પુરૂષને અપેક્ષિત ફળરૂપ તેનાં સાધનરૂપ સ્વર્ગરૂપ તથા મોક્ષરૂપ હુ છું; મારા વિના બીજો કોઇ પણ પદાર્થ નથી ૨ જ્ઞાન તથા વિજ્ઞાનથી સિદ્ધ થયેલા પુરૂષો મારા સ્થાનને જાણે છે અને જ્ઞાની પુરૂષ જ્ઞાનવડે મને ધારણ કરે છે, માટે મને પ્રિય છે. ૩ જે ફળ જ્ઞાનના લેશથી થાય છે, તે ફળ તપ તીર્થ જપદાન અથવા બીજા પવિત્ર પદાર્થોથી પ્રાપ્ત થતું નથી. તમે આત્મારૂપ મને જ્ઞાનની સીમા સુધી જાણી લઇ જ્ઞાન તથા વિજ્ઞાન સપન્ન થઇ મારૂ ભજન કરો અને બીજુ સર્વ તજો. ૫ હુ સર્વ યજ્ઞોનો પતિ અને આત્મા છુ. જ્ઞાન તથા વિજ્ઞાનરૂપ યજ્ઞથી યજન કરી મુનિઓ મને પામે છે. ૬ હે ઉદ્ધવ ! તમારામા જે ત્રણ પ્રકારનો વિકાર રહેલો છે તે માયારૂપ છે, સત્ય નથી, કારણ કે, દોરીમાં સર્પ દેખાય છે તે આદિ અને અંતમાં નથી. મધ્ય સમયમાં તે દેખાય છે તેમ દેહ પણ મધ્ય કાળમા દેખાય છે, આદિ અને અંત કાળમાં નથી, માટે વિકારરૂપ દેહાદિકને જન્માદિક થાય છે, તેના અધિષ્ઠાનરૂપને થતો નથી. સર્પાદિક મિથ્યા પદાર્થના આદિ અંતમાં જે દોરડી હોય તે જ મધ્યમાં પણ હોય છે. તેમ દેહાદિક મિથ્યા પદાર્થના આદિ અંતમાં પણ બ્રહ્મ છે, તે જ મધ્યમાં હોય છે દેહાદિક હોતા નથી, માટે આપ નિર્વિકાર પરબ્રહ્મરૂપ છો. ૭

ઉદ્ધવ—હે વિશ્વેશ્વર ! વૈરાગ્ય તથાવિજ્ઞાનવાળું શુદ્ધ જ્ઞાન વિસ્તાર પામે તેમ કહો. બ્રહ્માદિક મહાપુરૂષો જેની શોધ કરે છે એવો તમારો ભક્તિયોગ મને સંભળાવો. ૮ હે ઈશ્વર ! સંસારરૂપી ભયંકર માર્ગમાં આધ્યાત્મિક ત્રણ તાપથી આકુળ થયેલા અને તમ મનુષ્યને અમૃતરૂપ તમારા ચરણારવિંદ વિના બીજું શરણ નથી. મનુષ્ય સંસારરૂપી અંધારા કુવામાં પડેલો છે તેને કાળરૂપી સર્પે ડસેલો છે, છતા તે ક્ષુદ્ર સુખની ઇચ્છા રાખે છે, માટે કૃપા કરી તેનો ઉદ્ધાર કરો અને મોક્ષ આપનાર ઉત્તમ વચનો કહી તેના મનના સંતાપને શાંત કરો. ૧૦

ભગવાન કહે છે કે—પૂર્વે યુધિષ્ઠિરે ધર્મનિષ્ઠ લોકોમા ઉત્તમ એવા ભીષ્મપિતામહને અમારા સર્વના સાંભળતાં આ પ્રશ્ન કર્યો હતો. ૧૧ યુદ્ધ થઇ ગયા પછી સંબંધીઓના મરણથી વિહ્વળ ધર્મરાજાએ ઘણા ધર્મો સાભળી છેવટે મોક્ષ ધર્મો પૂછયા હતા. ૧૨ ભીષ્મે કહેલા તે સર્વ ધર્મો હુ તમને કહીશ, જે ધર્મોમાં જ્ઞાન વૈરાગ્ય વિજ્ઞાન શ્રદ્ધા તથા ભક્તિ છે. ૧૩ પુરૂષ પ્રકૃતિ મહત્તત્વ અહંકાર શબ્દ સ્પર્શ રૂપ રસગંધ ઈંદ્રિયો પાંચ મહાભૂતો અને ત્રણ ગુણ આદિ તત્વો બ્રહ્મથી માડીને સ્થાવર પર્યંત સર્વ પદાર્થોમાં રહેલાં છે. કાર્ય—કારણરૂપ જગત પરબ્રહ્મરૂપ છે એવો વિચાર કરવામાં આવે એ જ જ્ઞાન છે. ૧૪ જ્ઞાનના સમયમાં એકથી વ્યાપ્ત જેમ સર્વ પદાર્થો જોવામાં આવ્યા હોય તે જોવામાં

‡ આ અધ્યાયમા જ્ઞાન પણ પરબ્રહ્મની પ્રતીતિ થયા પછી જરૂરનુ નથી, તે દર્શાવે છે.

ન આવતાં જે એક બ્રહ્મથી સર્વ પદાર્થો વ્યાપ્ત છે, તે એકજ બ્રહ્મ સ્વરૂપ જોવામાં આવે, એ જ ખરૂં વિજ્ઞાન છે. દિશાદિકની જે ભ્રાંતિ છે તે અપરોક્ષ છે છતાં દિશા આદિકનું જ્ઞાન પરોક્ષ છે માટે ભ્રાંતિ ટળતી નથી. આ સંસારની ભ્રાંતિ અપરોક્ષ છે ને બ્રહ્મજ્ઞાન પરોક્ષ છે પરોક્ષજ્ઞાનવાળો પુરૂષ જગતને બ્રહ્મરૂપ જાણતો હોય તે જગતની સત્તાને બ્રહ્મથી કંઇક ભિન્ન ગણે અને અપરોક્ષ જ્ઞાનવાળો જીવન્મુક્ત પુરૂષ સંસ્કારને લીધે અવશેષ રહેલા જગતને મિથ્યા માને છે. એ ઉપરથી પરોક્ષ જ્ઞાનને જ જ્ઞાન કહે છે અને અપરોક્ષ જ્ઞાનને વિજ્ઞાન કહે છે. મીમાંસકોના મત પ્રમાણે આ જગત કોઇ દિવસ આવું ન હતું. જગત આવું ને આવું જ ચાલ્યું આવે છે, એમ માનીએ તો પદાર્થોનું એકે કારણ ઠરશે નહિ, તેમ મિથ્યા પણ ઠરશે નહિ જગતના પદાર્થો ઉત્પત્તિ સ્થિતિ અને લયવાળા છે કારણ કે તેઓ અવયવવાળા છે. જે જે અવયવવાળું હોય તે ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયવાળું હોય છે. ઘટ અવયવવાળો હોવાથી ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલયવાળો છે આ અનુમાનથી પદાર્થો ઉત્પત્તિધર્મવાળા છે. ઉત્પત્તિમા તથા રૂપાંતરની પ્રાપ્તિમા જે વસ્તુ કાર્યમા કારણરૂપે જોડાયેલી હોય અને મધ્ય ભાગમાં જે વસ્તુ કાર્યમા આશ્રયરૂપે જોડાયલી રહે તથા તે ઘટાદિક કાર્યોના નાશ થતા જે વસ્તુ બાકી રહે, તે વસ્તુને સત્ય જાણવી. જ્ઞાન વિજ્ઞાનનું આજ ખરેખરૂં સ્વરૂપ છે.

શાસ્ત્રમાં ચાર પ્રકારનાં પ્રમાણ છે તે શ્રુતિ પ્રત્યક્ષ ઐતિહ્ય અને અનુમાન કહેવાય છે. વસ્ત્ર આદિક તંતુથી પૃથક જોવામાં આવતાં નથી, તેમ ચૈતન્યથી બીજુ પૃથક જણાતું નથી, આ પ્રત્યક્ષ પ્રમણ કહેવાય છે. આ જગત મિથ્યા છે એ લોકપ્રસિદ્ધ ઐતિહ્ય પ્રમાણ છે. જગત મિથ્યા છે, કારણ કે તે દેખાય છે. જે જે પદાર્થો દૃષ્ટિગોચર હોય તે મિથ્યા હોય. જેમ છીપમાં ભ્રાંતિરૂપે જણાતું રજત દૃશ્ય અને મિથ્યા છે, અનુમાન પ્રમાણ છે. આ ચારે પ્રમાણોથી જગત મિથ્યા ઠરે છે માટે તે સર્વમાં ઓતપ્રોત રહેલા સત્ય આત્મારૂપી તત્વને જોનારો પુરૂષ મિથ્યા વસ્તુથી વૈરાગ્ય પામે છે. ૧૭ બ્રહ્મલોક પર્યંત જે અદૃષ્ટ સુખ છે તે કર્મના ફળરૂપ હોવાથી દુઃખરૂપ અને નાશવંત છે ૧૮ હે ઉદ્ધવ! મેં તમને પ્રથમ ભક્તિયોગ કહ્યો હતો અને તમારી તે ઉપર પ્રીતિ છે તેથી ફરીને મારી ભક્તિ કેવી રીતે કરવી તેનાં સાધનો બતાવું છું ૧૯ જેને મારી ભક્તિ સંપાદન કરવાની ઇચ્છા હોય તેણે મારી કથારૂપી અમૃત પીવું કથા શ્રવણ કર્યા પછી નિત્ય મારૂં કીર્તન કરવું મારી પૂજામા અત્યંત પ્રીતિ રાખવી અને સ્તોત્રોથી મારી સ્તુતિ કરવી. ૨૦ મારી સેવામા આદર રાખવો, સર્વ અંગોથી મને પ્રણામ કરવા. મારા ભક્તોનો સત્કાર કરવો, અને સવ પ્રાણીઓ ઉપર દયા રાખવી ૨૧ લૈકિક વ્યવહાર કરવો વાણીથી ગુણો ગાવાને તે મને અર્પણ કરવું તથા સર્વ કામનાનો ત્યાગ કરવો. ૨૨ ધનના ભોગનો અને સુખનો ત્યાગ કરવો યજ્ઞ દાન હોમ જપ તપ જે કંઇ કરવું તે મારે માટે કરવું ૨૩ કર્મ મને અર્પણ કરનાર મનુષ્યોને મારી ઉપર ભક્તિ થાય છે. તેને બીજો પદાર્થ મેળવવાનો રહેતો નથી. ૨૪ જ્યારે શાંત તથા સત્વગુણ વૃદ્ધિ પામે છે ત્યારે ચિત્ત આત્મામા લગાડવામા આવે છે તો પછી ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ઐશ્વર્ય પોતાની મેળે મળે છે ૨૫ ચિત્ત જ્યારે ઇંદ્રિયોના સંગથી દેહ તથા ઘર વગેરે મિથ્યા પદાર્થો ઉપર મમતા કરી આડું અવળું દોડે છે ત્યારે તે મહા રજોગુણી મિથ્યા પદાર્થો ઉપર નિષ્ઠા રાખનારૂં થઈ જાય છે અને તેને અધર્મ અજ્ઞાન સંસારની આસક્તિ અને દરિદ્રતા પ્રાપ્ત થાય છે. ૨૬

જે ઉપાયોથી મારી ભકિત થાય તેને ધર્મ જાણવો. વિશ્વ ઇશ્વર રૂપ છે અનેવિષયો ઉ-પર આસકિત ન રાખવી તેને વૈરાગ્ય કહે છે તથા અણિમાદિક સિદ્ધિઓ પણ ઐશ્વર્ય છે.

ઉદ્ધવે પૂછયું કે—હે ભગવન કૃષ્ણ ! આપે ધર્માદિકના લક્ષણો કહ્યાં ત્યારે યમ કેટલા પ્રકારનો છે ? નિયમ કેટલા પ્રકારનો છે ? શમ એટલે શુ ? દમ એટલે શુ ? તિતિક્ષા શું ધીરજ કોને કહેવી ? ૨૮ દાન શુ ? તપ શુ ? શૌર્ય સત્ય ઋત ને ત્યાગ એટલે શુ ? ઉત્તમોત્તમ ધન કોને કહેવુ ? યમ શુ ? દક્ષિણા શું ? ૨૯ પુરૂષનુ બળ શુ ? લાભ શું ? વિદ્યા શું ? ઉત્તમ આભૂષણ શુ ? સુખ શું ? દુઃખ શુ ? ૩૦ પંડિત અને મૂર્ખ કોણ ? ઉત્તમ માર્ગ શું ? નઠારો માર્ગ શું? સ્વર્ગ શું ? નરક શુ ? ઘર શુ ?૩૧ ધનાઢય ને દરિદ્ર કોણ ? કૃપણ અને સ્વતંત્ર કોણ ? ઇત્યાદિ મારા પ્રશ્નનો ઉત્તર આપો અને તેથી વિરૂદ્ધ અશમાદિકનું સ્વરૂપ સમજાવો.

ભગવાન—અહિંસા સત્ય અસ્તેય અસંગ લજ્જા પરિગ્રહાદિકનો ત્યાગ આસ્તિકપણું બ્રહ્મચર્ય મૌન સ્થિરતા ક્ષમા ને અભય એ બાર યમો છે ૩૩ પવિત્રતા જપ તપ હોમ શ્રદ્ધા અતિથિનો સત્કાર પૂજન તીર્થયાત્રા પરનું કલ્યાણ કરવા માટે ઉદ્યોગ સંતોષ તથા આચાર્યની સેવા એ બાર નિયમો છે ૩૪ નિયમ સહિત બાર યમો સકામ અને નિષ્કામ બન્ને કર્મ કોને ઉપયોગી છે સકામ પુરૂષો જો નિયમો પાળે તો તમની કામના પૂર્ણ થાય અને મુમુક્ષુજને પાળે તો તેઓને મોક્ષ મળે છે ૩૫ બુદ્ધિનો મારવિષે નિષ્ઠા તે શમ, ઇંદ્રિયોનો નિગ્રહ કરવો તે દમ, દુઃખ સહન કરવુ તે તિતિક્ષા, જીભ તથા ઉપસ્થ ઇંદ્રિયને નિયમમા રાખવા તે ધૈર્ય જાણવું. ૩૬ પ્રાણીઓને પીડા ન કરવી તે દાન ને ચાન્દ્રાયણાદિક કરવા તે નહિ પરંતુ ભોગ ઉપરથી આસકિત ઉઠાડી દેવી તે તપ જાણવુ. પરાક્રમ કરવું તે શૌર્ય નહિ પણ વાસના-ઓને અટકાવવી તે શૌર્ય, સત્ય બોલવું તે સત્ય નહિ પરંતુ બ્રહ્મનો વિચાર કરવો તે સત્ય જાણવું. ૩૭ એકલું સત્ય બોલવું તે ઋત નહિ પરંતુ સત્યની સાથે પ્રિય બોલવું તે ઋત જાણવું, એમ વિદ્વાનો કહે છે. શરી-રાદિકનાં મળનો ત્યાગ કરવો તે શૌચ નહિ પરંતુ કર્મોનાં ફલો ઉપર આસકિત ન રાખવી તે શૌચ જાણવું. કોઇ પણ વસ્તુનો ત્યાગ કરવો તે ત્યાગ નહિ પરંતુ સંન્યાસ તે ત્યાગ જાણવો. ૩૮ પશુ આદિક ધન નહિ પણ ધર્મને જ ધન સમજવું. ક્રિયાને ઉદ્દેશી કર વામા આવે તે યજ્ઞ નહિ પરંતુ મને ઉદ્દેશીને કરવામાં આવે તે યજ્ઞ, સુવર્ણ વગેરે આપવાં તે દક્ષિણા નહિ પરંતુ જ્ઞાનનો ઉપદેશ તે દક્ષિણા જાણવી. શત્રુઓને તાબે કરવા તે બળ નહિ પરંતુ જીતી શકાય નહિ એવા મનરૂપી શત્રુને તાબે કરવો તે બળ જાણવું. ભાગ્ય ભગ નહિ પરંતુ મારા સંબંધે ઐશ્વર્યાદિક ગુણને ભગરૂપ જાણવા. પુત્રાદિકનો લાભ તે લાભ નહિ પરંતુ ભકિતનો લાભ તે લાભ, શાસ્ત્રનો અભ્યાસ તે વિદ્યા નહિ પરંતુ આત્મામાં ભાસતા ભેદનો બાધ તે વિદ્યા. શરમાવું એ લજ્જા નહિ પરંતુ દુષ્ટ કર્મો ત્યાગ કરવાનો વિચાર તે લજ્જા જાણવી. ૪૦ કંકણ અને મુગટતે આભૂષણ નહિ, પરંતુ તૃષ્ણાદિકથી રહિતપણું તે આભૂષણ જાણવું વૈભવ ભોગવવા એ સુખ નહિ પરંતુ સુખ અને દુઃખ બન્નેનો ત્યાગ તે સુખ જાણવું. શાસ્ત્રાદિક જાણનાર પંડિત નહિ પરંતુ બંધ અને મોક્ષ જાણે તે પંડિત.૪૧ શાસ્ત્ર વગેરે ભણેલો ન હોય તે મૂર્ખ નહિપ-રંતુ જેને દેહાદિક વસ્તુ ઉપર અહંતા મમતા હોય તે મૂર્ખ જાણવો. કંટક રહિત માર્ગ નહિ પરંતુ મારી પ્રાપ્તિ કરાવનારો નિવૃત્તિ માર્ગ તે ખરો માર્ગ જાણવો. જેમાં ચિત્તને વિક્ષેપ થાય તેને અયુક્ત માર્ગજાણવો.ઇંદ્રા-

દિકના લોકને સ્વર્ગ નહિ પરતું સત્વગુણના ઉદયને સ્વર્ગ સમજવું. કુંભીપાક નરક નહિ પરંતુ તમોગુણની વૃદ્ધિનરક, ભાઇ છે તે બધુ નહિ પરંતુ ગુરૂને બધુ જાણવો. ઘરને ઘર નહિ પરંતુ શરીરને ઘર જાણવું ધનવંતને ધનાઢય નહિ પરંતુ ગુણવાનને ધનાઢય જાણવો. ૪૩ નિર્ધનને દરિદ્ર નહિ પણ અસંતોષીને દરિદ્ર જાણવો. કૃપણને કૃપણ નહિ પરંતુ ઈંદ્રિયાધીનને કૃપણ, રાજાને સ્વતંત્ર નહિ પરંતુ વિષયાસકત બુદ્ધિવાળો ન હોય તેને સ્વતંત્ર અને જેની બુદ્ધિ વિષયમાં આસકિતવાળી હોય તેને પરતંત્ર જાણવો. શસ દમ વગેરેથી ઉલટાં અશમ અદમ વગેરેનાં સ્વરૂપો છે. ૪૪ હે ઉદ્ધવ! તમે જે પ્રશ્નો પૂછયા હતા તે મેં તમને સંભળાવ્યા. ગુણ તથા દોષનાં લક્ષણોનું વર્ણન કરવાનું શું પ્રયોજન છે? ગુણ તથા દોષની દૃષ્ટિ કરવી તે દોષ રૂપ છે અને ગુણ તથા દોષ કંઇ પણ ન જોવું તે ગુણ છે.

एत उद्धवे ते प्रश्नाःसर्वे साधु निरूपिताः
किं वर्णितेन बहुना लक्षणं गुणदोषयोः ।
गुणदोषदृशिर्दोषो गुणस्तूभयवर्जितः ४६

इतिश्रीमद्भागवतेमहापुराणएकादशस्कंधे एकोनविंशतीतमोऽध्यायः

અધ્યાય ૨૦ મો.*

કર્મ ભકિત અને જ્ઞાન.

उद्धव उवाच:

विधिश्च प्रतिषेधश्च निगमो हीश्वरस्य ते ।
अवेक्षतेरविंदाक्ष गुणं दोषं च कर्मणाम् ॥

ઉદ્ધવ–હે શ્રીકૃષ્ણ! ગુણ અને દોષ ઉપર દૃષ્ટિ કરવી એ જ દોષ છે અને ગુણ તથા દોષ ન જોતાં ઉદાસીન ભાવથી રહેવું તે પણ ગુણ ગણાય છે. અમુક કાર્ય કરવું ને અમુક કાર્ય કરવું નહિ, એવો વિધિનિષેધ આપની આજ્ઞારૂપ ગણાય છે, તેમાં જે કર્મો કરવા યોગ્ય હોય તેથી પુણ્ય અને જે કર્મો કરવાનો નિષેધ હોય તે કરવાથી દોષ લાગે છે. ૧ અમુક વર્ણ ઉત્તમ અને અમુક વર્ણ અધમ અમુક આશ્રમ ઉત્તમ અને અમુક આશ્રમ અધમ એવા વર્ણ આશ્રમમાં પણ ગુણ–દોષ રહેલા છે જાતિઓમાં પણ અધમ જાતિના લોકોથી ઉચ્ચ વર્ણના પુરૂષથી નીચ વર્ણની સ્ત્રીઓમા જ સંતાન ઉત્પન્ન થાય છે તે ઉત્તમ સંતાન ગણાય છે. પ્રતિલોમ અને અનુલોમ પ્રજામા તેઓ ગણાય છે તેમ દ્રવ્ય દેશ અવસ્થા અને કાળમાં પણ ગુણ ને દોષ રહેલા છે સ્વર્ગમાં તથા નરકમાં પુણ્યનુ ફળ સ્વર્ગ અને પાપનુ ફળ નરક છે ગુણમાં અને દોષમાં ભેદદૃષ્ટિ ન હોત તો વિધિનિષેધ વાકયો થાત નહિ અને તે ન હોત તો મનુષ્યનું કલ્યાણ થાત નહિ માટે વિધિનિષેધવાકય હોવા જોઇએ. ૩ હે ઇશ્વર! દેવતાઓને તથા મનુષ્યોને વેદ જાણવામાં ન આવવાથી સ્વર્ગ નરક સંબંધી ગુણ દોષમાં ભેદદૃષ્ટિ થઇ છે, તે પોતાથી થઇ નથી પરંતુ વેદથી થઇ છે અને તે ભેદદૃષ્ટિ ન કરવી, એમ કહે છે માટે મારી ભ્રાંતિ ટાળો. ૫

ભગવાન–હે ઉદ્ધવ! મેં મનુષ્યોના કલ્યાણ માટે વેદમાં બ્રહ્મકાંડ કર્મકાંડ તથા દેવકાંડ એમ ત્રણ કાંડમા જ્ઞાન નિષ્કામ કર્મ તથા ભકિત એમ ત્રણ ઉપાયો બનાવ્યા છે. આ ઉપાયો વિના બીજો કોઇ પણ ઉપાય કોઇ ઠેકાણે નથી. ૬ કર્મના ફળોને દુઃખકારક જાણી કર્મોમાં પ્રીતિ ન રાખનાર અને ફળોનાં સાધનરૂપ કર્મોનો ત્યાગ કરનાર પુરૂષોને આ લોકમાં જ્ઞાનરૂપ ઉપાય સિદ્ધિ આપે છે કર્મોનાં ફળને દુઃખરૂપ નહિ જાણતાં તેની ઉપર પ્રીતિવળા પુરૂષોને નિષ્કામ કર્મ સિદ્ધિ આપે છે; અને જે દૈવેચ્છાથી મારી કથામાં પ્રીતિ રાખનો હોય બહુ વૈરાગ્યવાળો ન હોય, તેમ બહુ આસક્તિવાળો

* આ અધ્યાયમા ભકિત જ્ઞાન તથા કર્મ એ ત્રણે ઉપાયો અધિકારોના વિવેક સહિત કહેવાશે.

પણ ન હોય તેને મારી ભક્તિ સિદ્ધિ આપે છે. આનું તાત્પર્ય એ છે કે સકામ કર્મ કરનાર પુરૂષે વેદોક્ત વિધિનિષેધનાં વચનો સંપૂર્ણ પાળવાં જોઇએ. નિષ્કામ કર્મ કરનાર પુરૂષે યથાશક્તિ પાળવાં જોઇએ, જ્ઞાન તથા ભક્તિના અધિકારીએ નિષ્કામ કર્મ કરવાં જોઈએ; પરંતુ જ્ઞાન અથવા ભક્તિથી સંપૂર્ણ હોય તેઓને તે પાળવાની જરૂર નથી. મનુષ્યને વૈરાગ્ય આવે નહિ અથવા મારી કથા વગેરે સાંભળવામા શ્રદ્ધા થાય નહિ ત્યાં સુધી નિત્ય નૈમિત્તિક કર્મો કરવા ૯ હે ઉદ્ધવ! મનુષ્ય પોતાના ધર્મમા રહી નિષ્કામપણે યજ્ઞોથી યજન કરે તો તે સ્વગ કે નરકમા એકેમાં જાય નહિ સ્વધર્મને ઉલ્લંઘન કરવાથી અને શાસ્ત્રનિષિદ્ધ કર્મો કરવાથી સ્વર્ગમા જાય નહિ. ૧૦ સ્વધર્મમા રહેનારો અને નિષિદ્ધ વસ્તુનો ત્યાગ કરનારો પુરૂષ દૈવવ શથી વિશુદ્ધ જ્ઞાન મેળવે છે, અથવા મારી ભક્તિ પામે છે. ૧૧ મનુષ્યદેહ જ્ઞાન તથા ભક્તિના સાધનરૂપ હોવાથી સર્વના દેહ કરતાં ઉત્તમ છે જેમ નારકી જીવ મનુષ્યના દેહની ઈચ્છા કરે છે, તેમ દેવતાઓ મનુષ્યના દેહની વાંછા કરે છે મનુષ્યનો દેહ જ્ઞાન તથા ભક્તિના સાધનરૂપ છે, દેવનો કે નારકીનો દેહ જ્ઞાન તથા ભક્તિનું સાધન નથી. ૧૨ કુશળ પુરૂષે સ્વગ મળે તેવાં કર્મો કરવાં નહિ, તેમ મનુષ્યદેહ મળે તેવાં કર્મો કરવાની પણ ઈચ્છા કરવી નહિ, કારણ કે દેહમા આસક્તિ થવાથી મનુષ્ય પોતાનું કર્તવ્ય ભૂલી જાય છે. ૧૩ પુરૂષે સાવધાન થઈ આ કલેવર અર્થસિદ્ધ આપનારૂં છે તો પણ નાશવંત છે, એમ જાણી ઉપર કહ્યા પ્રમાણે દેહને જ્ઞાનના તથા ભક્તિના સધન રૂપ જાણનાર પુરૂષે મૃત્યુની અગાઉ મુક્તિ માટે પ્રયત્ન કરવો જોઇએ. ૧૪ યમની પેઠે નિર્દય પુરૂષો ઝાડને કાપવા માંડે ત્યારે ઝાડ ઉપર રહેતું પક્ષી પોતાનો માળો મૂકી ઉડી જાય છે. ૧૫ તેમ દિવસ અને રાત્રિ આયુષ્યને કાપવા માંડે તે જોઇ જે ભયથી કંપે છે દેહ ઉપર આસક્તિ રાખે નહિ અને પરબ્રહ્મને ઓળખી જીવનાદિકની તૃષ્ણાનો ત્યાગ કરે તે શાંતિ પામે છે. મનુષ્યના દેહરૂપી ઉત્તમ નૌકા છે, તે સર્વ ફળ આપનાર છે, તે દૃઢ અને કોટી ઉપાયોથી મળે નહિ તેવી હોવા છતાં દૈવેચ્છાથી મળે છે, તેમાં ગુરૂરૂપી કર્ણધાર છે ને તે અનુકૂલ પવનરૂપી નાવીથી ચાલે છે. આ નૌકાથી જે પુરૂષ ભવસાગરને તરતો નથી તેને આત્મહત્યા કરનારો જાણવો ૧૭ વિરાગ રહિત પુરૂષને કર્મ જ્ઞાન તથા ભક્તિનું સાધન થઇ પડે છે. હવે વિરક્ત પુરૂષને જ્ઞાન યોગ અને જ્ઞાન મળ્યા પહેલા શુ કરવું ને શુ તજવુ તે કહે છે. જ્યારે યોગીને કર્મોમાં દુઃખો જોવાથી ઉદ્વેગ થાય અને તેનાં ફળો ઉપર વૈરાગ્ય આવે ત્યારે તેણે જીતેદ્રિય થઈ આત્માનો વારંવાર અભ્યાસ કરવો અને મન જે પ્રમાણે સ્થિર થાય તે પ્રમાણે તેને સ્થિર કરવું. ૧૮ મનને જ્યારે સ્થિર કરવા માંડયું હોય ત્યારે તે ભમવા માંડે અને ચચળ થઇ પડે તો યોગીએ સાવધાન થઈ તેને અનુકૂળ કરી આધીન લેવું ૧૯ પ્રાણાયામ કરનાર અને ઇન્દ્રિયોને વશ કરનાર પુરૂષે મનના વેગને રોકવો નહિ, તેમ તેની ઉપેક્ષા પણ કરવી નહિ, પરતુ તેની ઉપર ધ્યાન આપવું. જે ઘોડાને કેળવવો હોય તે ઘોડો પોતાના અભિપ્રાયને જાણીને ચાલે તો ઠીક, એવી ઇચ્છા કરતો સ્વાર પ્રથમ તે ઘોડો પોતે ચાલે તેમ ચાલવા દે છે અને પછી તેની લગામ પકડી તેની પાછળ વારંવાર ચાલે છે, પરંતુ તેને છુટો મૂકતો નથી તેમ મનને વશ કરવા

ઇચ્છિતા યોગીએ પ્રથમ મનને તેની ઇચ્છા પ્રમાણે વર્તવા દેવુ, પરંતુ તેની તરફ ઉપેક્ષા ન કરતાં સત્વગુણથી ભરપુર બુદ્ધિવડે વશ

કરવું. મન વશ થાય તે ઉત્તમ ઉપાય સમજવો. ૨૧ મહત્તત્ત્વથી દેહ સુધી સર્વ પદાર્થોનો વિચાર કરી પ્રકૃતિ વગેરેના ક્રમથી દેહની ઉત્પત્તિ થાય છે તથા પૃથ્વી આદિકના ક્રમથી નાશ થાય છે. વારવાર વિચાર કરવો અને તે જ્યાં સુધી મન વશ થાય ત્યાં સુધી કરવો. ૨૨ જ્યારે ઉત્પત્તિ તથા વિનાશવાળા પદાર્થોમાં આત્મા એજ અવધિ છે અને આત્માનુ યથાર્થ જ્ઞાન ન થવાથી દેહાત્માના અવિવેકને લીધે સંસારમાં અવતરવું પડે છે એવો વિચાર આવવાથી પુરૂષને સંસાર ઉપર અભાવ થાય છે, ગુરૂએ ઉપદેશ કરેલા પદાર્થને વિચાર કરવાથી મન દેહાદિકના અભિમાનનો ત્યાગ થાય છે. ૨૩ યમાદિક પાળતાં યોગમાર્ગેથી જીવ તથા ઇશ્વરને દર્શાવનારી બ્રહ્મવિદ્યાથી મારી સેવાથી અથવા ગુરૂની સેવાથી મન પરમાત્માનું સ્મરણ કરવા સમર્થ થાય છે, બીજા કોઇ ઉપાયોથી પરમાત્માનું સ્મરણ કરવાને સમર્થ થતુ નથી ૨૪ પ્રમાદથી કંઇક પાપ કર્મ થાય તો યોગીએ જ્ઞાનના અભ્યાસથી અથવા ભક્તનાં નામો લેવાથી પાપને ટાળવું પરંતુ કોઈ દિવસ તેણે ચાન્દ્રાયણ વગેરે પ્રાયશ્ચિત્ત કરવાં નહિ. ૨૫ નિત્ય નૈમિત્તિક કર્મ અંતઃકરણને શુદ્ધ કરનાર છે તેથી ગુણરૂપ છે, અને હિંસાદિક કર્મ અંતઃકરણને મલીન કરનારાં હોવાથી દોષરૂપ છે, દોષને પ્રાયશ્ચિત મટાડે છે માટે તે ગુણરૂપ છે, વેદ વિધિનિષેધ વાકયોથી કહે છે માટે પ્રાયશ્ચિત વિના યોગ અને ભક્તિ કેમ પાપ નિવારે, એમ કહેવું એ અજ્ઞાનમૂલક છે કારણ કે પોતપોતાના અધિકારમાં રહેવું, તે ગુણ છે, કર્મો ઉત્પત્તિથી અશુદ્ધ છે એટલે સ્વાભાવિક રીતે પ્રાપ્ત થતાં કર્મો તજાવવા વેદે વિધિનિષેધદ્વારા કર્મોનો સંકોચ કર્યો છે. તાત્પર્ય એ કે, પુરૂષની મલીનતા પ્રકૃતિથી ભિન્ન નથી. કારણ કે સ્વાભાવિક વૃત્તિથી પુરૂષ મલિન છે, માટે સર્વ કર્મોથી નિવૃત્તિ થવી જોઇએ, તે એકાએક થઈ શકતી નથી, માટે વેદ વિધિનિષેધથી સ્વાભાવિક પ્રવૃત્તિનો સંકોચ કરી નિવૃત્તિ માર્ગ પ્રવર્તાવે છે. વેદ પ્રવૃત્તિ માર્ગને દર્શાવનારો નથી માટે યોગીને સ્વાભાવિક પ્રવૃત્તિ હોતી નથી. હવે ભક્તિયોગ કહું તે સાંભળો. જેને મારી કથા ઉપર શ્રદ્ધા હોય, જેને સર્વ કર્મો ઉપર ખેદ હોય અને કર્મો દુઃખદાયી છે એમ જાણ્યા છતા તેનો ત્યાગ કરવાને સમર્થ ન હોય તેણે શ્રદ્ધાળુ થવું, પરમાત્માની ભક્તિથી સર્વ સિદ્ધિ થશે એવો દૃઢ નિશ્ચય કરવો, પરિણામે દુઃખદાયી એવા સર્વ વિષયોને ભોગવવા પરંતુ તેની નિંદા કરવી અને પ્રસન્ન થઇ મારી ભક્તિ કરવી. ભક્તિયોગથી નિરંતર મારૂં ભજન કરનારના હૃદયમાં હું વાસ કરૂં છું તેથી સર્વે કામનાઓ નાશ પામે છે. ૨૯ સર્વના આત્મારૂપ હું તેના દર્શન થતાં પુરૂષના હૃદયમાં રહેલો અહંકાર ટળી જાય છે. તેના સર્વ સંશયો મટી જાય છે અને કર્મો નાશ પામે છે ભક્તિવાળા તથા મત્પરાયણ ચિત્તવાળા યોગીને, આ લોકમાં જ્ઞાન અને કલ્યાણનું સાધન નથી, માત્ર ભક્તિ કલ્યાણનું સાધન નથી. જે વસ્તુ જ્ઞાનથી તથા વૈરાગ્યથી મળે જે વસ્તુ યોગથી દાનધર્મથી તથા બીજાં કલ્યાણકારક સાધનોથી મળે તે સર્વ મારો ભકત ઇચ્છા કરે તો વિના પરિશ્રમે મળે. સ્વર્ગ મોક્ષ તથા મારા ધામને પણ તે મેળવે છે, મારા ભકતો ઇચ્છા રાખતા નથી તેઓ માત્ર ભક્તિની ઇચ્છા રાખે છે. મરણ રહિત મોક્ષ આપ્યા છતાં તેની ઇચ્છા કરતા નથી ૩૪ કોઇ વસ્તુની ઈચ્છા ન રાખવી તે જ ઉત્તમોત્તમ છે, માટે યાચના ન કરનાર અને પ્રાર્થના કરાવનારાં કારણોથી રહિત નિષ્કામ પુરૂષને મારી ભક્તિ પ્રાપ્ત થાય છે. ૩૫ મારા અનન્ય ભકત સમચિત્તવાળા તથા બુદ્ધિથી પણ પર એવા

ઇશ્વરને પામેલા મહાત્મા પુરૂષોને વેદોક્ત કર્મ કરવાથી પુણ્ય થતું નથી, અને નિષિધ્ધ અયોગ્ય કર્મો કરવાથી પાપ લાગતું નથી. ૩૬જેઓ મેં ઉપદેશેલા ઉપાયો કરે છે તેઓ કાળ તથા માયાદિકથી અબાધિત મારા લોકને પામે છે અને પરબ્રહ્મને જાણે છે ૩૭

एवमेतन्मयोद्दिष्टाननुतिष्ठन्ति म पथः ।
क्षेमं विन्दन्ति मत्स्थान यद्ब्रह्म परमं विदुः ३७

इतिश्रीमद्भागवतेमहापुराणएकादशस्कंधे विंशोध्यायः

અધ્યાય ૨૧ મો.‡

દ્રવ્યદેશાદિના ગુણદોષ.

શ્રીભગવાનુવાચ

य एतान्मत्पथो हित्वा भक्तिज्ञानक्रियात्मकान्
क्षुद्रान्कामांश्चकै: प्राणैर्जुषत: ससरन्ति ते ॥

ભગવાન બોલ્યા કે—ગુણ દોષની વ્યવસ્થા માટે જ્ઞાન ભક્તિ અને કર્મ ત્રણ વાત કહી તેમા જ્ઞાન અને ભક્તિયા નિદ્ધ ત્રૈકોને ગુણ–દોષ બાધ કરતા નથી. જ્ઞાન અને ભક્તિન સાધક લે કોએ પ્રથમ નિષ્કામ કર્મના નિષ્ઠા રાખવી અને યથાશક્તિ નિત્ય નનિત્તિક કર્મ કરવાં. કર્મ અંતઃકરણને શુદ્ધ કરે છે તેથી ગુણરૂપ કહેવાય છે અને ન કરવાં તથા નિષિદ્ધ કર્મ કરવા, એ અંતઃકરણને મલીન કરનારા હોવાથી દોષરૂપ ગણાય છે દોષને ટાળનાર પ્રાયશ્ચિત ગુણરૂપ છે. અંતઃકરણ શુદ્ધ થવાથી જ્ઞાનમાં નિષ્ઠા રાખનારાઓને જ્ઞાનનો અભ્યાસ પરિપૂર્ણ થઇ શકે છે જ્ઞાનના અભ્યાસથી વિરૂધ્ધ દોષરૂપ તથા ભક્તિમાં નિષ્ઠા રાખનારાઓને શ્રવણ કીર્તનાદિક ભક્તિ ગુણરૂપ ગણાય છે અને ભક્તિ વિરૂધ્ધ સર્વ દોષરૂપ છે જેઓ ભક્તિ જ્ઞાન તથા નિષ્કામ કર્મનો ત્યાગ કરી નાશવંત જીવન વડે તુચ્છ વિષયો સેવે છે, તેઓને સર્વ ગુણ દોષ બાધ કરે છે. તેઓ સંસારમાં જન્મ મરણ પામે છે. એકનાં એકજ કર્મો કેટલાકને ગુણ રૂપ અને કેટલાકને દોષરૂપ થઇ પડે છે. અગ્નિથી કેટલાક તપે છે અને કેટલાક તપેલા નથી એમ કહેવું અસંભવિત છે, કારણ કે પોતપોતાના અધિકારમાં રહેવું એ ગુણ છે અને તેથી ઉલટું તે દોષ છે ગુણ દોષનો નિશ્ચય આપે કરેલો છે. જગતમા અમુક પદાર્થો સમાન છે તોપણ તેમાં અમુક પદાર્થ શુધ્ધ અમુક અશુધ્ધ એમ મનુ આદિક રૂપે અવતરીને કલ્પના કરેલી છે શુધ્ધ કર્મથી ધર્મ અને અશુધ્ધ કર્મથી અધર્મ થાય છે. આ વ્યવસ્થા ધર્મને માટે કરેલી છે અને વ્યવહાર ચલાવવા વસ્તુઓમાં ગુણદોષની કલ્પના છે રાજાને સુતક આદિક હોય તો પણ તે રાજસભામાં ન્યાયનું કામ કરી શકે છે શરીરના નિર્વાહ માટે મેં શુભ અને અશુભની વ્યવસ્થા કરેલી છે જ્યારે આપત્તિ હોય ત્યારે અભક્ષ્યનું ભક્ષણ કરવાથી પાપ લાગતુ નથી, પરંતુ બીજી વખતે અભક્ષ્ય ભક્ષણ કરવાથી પાપ લાગે છે મેં આ સર્વ કલ્પનાઓ કર્મરૂપી ભાર ઉપાડનારા સંસારીઓને માટે કરેલી છે. શુધ્ધિ અશુધ્ધિ વેદોક્ત નથી, કારણ કે સ્થાવરથી લઇ બ્રહ્મા સુધી સર્વના શરીરમાં ઉપાદાન કારણ પૃથ્વી જળ તેજ વાયુ ને આકાશ પાંચ ભૂતો રહેલાં છે. આત્મા સર્વનાં એક છે, માટે વસ્તુનાએ કોઇમાં શુધ્ધતા કે અશુધ્ધતા નથી પ્રાણીઓના સ્વાર્થના સિધ્ધિ માટે એટલે પ્રવૃત્તિનો સંકોચ કરી તે દ્વારા ધર્માદિક પુરૂષાર્થ પ્રાપ્ત કરાવવાને વર્ણોનાં તથા આશ્રમાદિકનાં રૂપો કલ્પેલાં છે. ૯ દેશ ને કાળ આદિક હાથથી ગ્રહણ થઇ શકે નહિ તેવી વસ્તુઓ તથા હાથથી ગ્રહણ થઇ શકે તેવી વસ્તુઓ સમાન છે, તોપણ અનિયમિત રીતે ચાલતી પ્રવૃત્તિનો સંકોચ કરવા વેદ અને ધર્મ શાસ્ત્રદ્વારા તેઓમાં ગુણ દોષ ઠરાવ્યા

‡ આ અધ્યાયમા નિષ્કામ કર્મ જ્ઞાન અને ભક્તિમા અનધિકારી સકામ કર્મ કરનારાઓને માટે દ્રવ્ય દેશ આદિકના ગુણ–દોષ કહેલા છે

છે. ૭ ગુણ દોષનું શોધન થયા પછી તેનું મૂળ શુદ્ધિ છે માટે તેનું વિવેચન સાંભળો. દોષોમાં જે દેશ મૃગ વિનાનો હોય તે દેશ અપવિત્ર ગણાય છે અને તેમાં જે દેશ બ્રાહ્મણો ઉપર શ્રદ્ધા રહિત હોય તે અપવિત્ર ગણાય છે. મૃગનો વાસ છતાં અંગ બંગ અને કાલિંગાદિક દેશ કીકટ દેશ જેમાં માર્ગો મલિન હોય તેવા દેશ જેમાં મ્લેચ્છો રહેતા હોય અને ઉખર દેશો અપવિત્ર ગણાય છે. તે દેશોમાં સત્પુરૂષ મળે તો તેને પવિત્ર જાણવા. ૮ જે કાળમાં દ્રવ્યની સંપત્તિ મળે તે કાળ દ્રવ્યોથી કરવામાં આવતા કર્મો કરવામાં પવિત્ર ગણાય છે. પૂર્વાહ્નદિક કાળ સત્કર્મ કરવાને યોગ્ય હોવાથી પવિત્ર છે જે કાળમાં દ્રવ્ય ન મળવામા સત્કર્મ અટકી પડતું હોય અથવા દેશભંગ થવા વગેરેથી સત્કર્મ અટકી પડતુ હોય તે કાળને અપવિત્ર જાણવો અને સુતકાદિકનો કાળ કર્મ કરવાને અયોગ્ય છે માટે તે અપવિત્ર છે. ૯ દેશની ને કાળની શુદ્ધિ અને અશુદ્ધિ કહી હવે દ્રવ્યોની શુદ્ધિ તથા અશુદ્ધિ સાંભળો. દ્રવ્યની શુદ્ધિ અશુદ્ધિ દ્રવ્યથી તથા વચનથી થાય છે. વસ્ત્રાદિક પદાર્થો પાણી વગેરેથી શુદ્ધ થાય છે અને મૂત્રાદિકથી અપવિત્ર થાય છે. વચનથી થતી શુદ્ધિ જેમકે અમુક પદાર્થને સદેહ પડતાં બ્રાહ્મણો કહે કે, અમુક વસ્તુ શુદ્ધ છે તો તન શુદ્ધ જાણવી અને અમુક પદાર્થ અશુદ્ધ છે, તો તેને અશુદ્ધ જાણવી. દ્રવ્યના શુદ્ધિ અશુદ્ધિ સંસ્કારથી પણ થાય છે. જેમ પુષ્પાદિક વસ્તુ જળ છાંટવાથી શુદ્ધ અને સુઘવાથી અશુદ્ધ થાય છે,તેમ દ્રવ્યની શુદ્ધિ અશુદ્ધિ કાળથી પણ થાય છે. જેમ ચોમાસામાં વરસેલુ પાણી ત્રણ દિવસ અપવિત્ર અને ત્રણ દિવસ પછી પવિત્ર ગણાય છે. દ્રવ્યની શુદ્ધિ અશુદ્ધિ તેના જથાના ઓછા વત્તાપણાંથી પણ ગણાય છે. તળાવમા તેમ નદીમાં જે પાણી હોય તેને ચંડાળ અટકી ગયો હોય, તો પણ તે પવિત્ર ગણાય છે અને ગોળામાં કે કોઈ વાસણમાં ભરેલાં પાણીને ચંડાળ અડકી ગયો હોય તો તે અપવિત્ર ગણાય છે ૧૦ દ્રવ્યની શુદ્ધિ અશુદ્ધિ તેની શક્તિ અશક્તિ ઉપરથી પણ ગણાય છે. સૂર્ય ગ્રહણનુ અન્ન અથવા સૂતકનું અન્ન મહાત્મા પુરૂષને માટે અશુદ્ધ અને સામાન્યને માટે શુદ્ધ ગણાય છે દ્રવ્યની શુદ્ધિ તથા અશુદ્ધિ તેના જ્ઞાન ઉપરથી છે જેમ પુત્રનો જન્મ થયા પછી દશ દિવસો વીતી ગયા પછી જાણવામાં આવે તો જન્માશૌચ લાગે છે તેમ સમૃદ્ધિ ઉપરથી પણ દ્રવ્યની શુદ્ધિ–અશુદ્ધિ માનવામા આવે છે ધાન્ય, કાષ્ઠ, હાથીદાંત વગેરે ઘી રસ સુવર્ણાદિક ચામડાં કષાય તથા ઈંટની કાળથી વાયુથી અગ્નિથી માટીથી જળથી તથા બીજા પદાર્થોથી પણ શુદ્ધિ થાય છે, કેટલાક પદાર્થોની બે ચાર પદાર્થો એકઠા હોવાથી શુદ્ધિ થાય છે અને કોઈ ઠેકાણે એક પદાર્થથી શુદ્ધિ થાય છે. કાગડા અને ચંડાળના સ્પર્શમાં તારતમ્ય હોવાથી તથા દેશ કાળ અવસ્થા વગેરે ને અનુસરી શુદ્ધિ થાય છે, આસન પાત્ર વા વસ્ત્રાદિક કોઈ પણ પદાર્થને અપવિત્ર પદાર્થનો સ્પર્શ થયો હોય તો તેને છોલવાથી ખારાં કે ખાટા પાણીથી લાગેલો દોષ અથવા ગંધ ટળી જાય અને પદાર્થ પાછો પ્રથમની સ્થિતિમા આવે તટલું તેને શુદ્ધ કરે છે, સ્તાન દાન તપ બાલ્યાદિક અવસ્થાઓ શક્તિ ઉપનયન આદિક સસ્કારો સધ્યાવદન વગેરે કરવાથી તે તે કાર્યને અનુસરતી ક્રિયાથી શુદ્ધિ થાય છે શુદ્ધિ વ્યવહાર માટે નથી પરંતુ શાસ્ત્રોકત કર્મો માટે છે બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્યે શુદ્ધ થઇને વૈદિક કર્મો કરવાં. ૧૪ મંત્રને ગુરૂના મુખમાથી યથાર્થ રીતે જાણવો એ મંત્રની શુદ્ધિ છે. કર્મો ઇશ્વરને અર્પણ કરવાં તે કર્મની શુદ્ધિ છે. દેશ કાળ

દ્રવ્ય કર્તા મંત્ર તથા કર્મ એ છ પદાર્થો જો શુદ્ધ હોય તો તેઓથી અધર્મ થાય છે. ૧૫ ગુણ—દોષનો વિભાગ ખરો એમ માનવું નહિ કારણ કે, કોઇક વખતે શાસ્ત્રબળથી ગુણ દોષરૂપ થઈ પડે છે અને કોઇકિ વાર દોષ ગુણરૂપ થઈ પડે છે. આપત્કાળમા દાન લેવું એ ગુણરૂપ છે પરંતુ તે વિના સુખના સમયમા દાન લેવું એ દોષરૂપ ગણાય છે. છતા સન્યાસ લેતા તેનો ત્યાગ ગુણરૂપ છે. ગુણનો તથા દોષનો એક પદર્થમાં નિયમ કર્યો તે ગુણ અને દોષના વિભાગને નિશ્ચ્યા ઠરાવે છે ગુણ—દોષ કોઈવાર દોષરૂપ ગણાતા ગુણરૂપ ગણાય છે. જેમ સુરાપાન વગેરે કર્મ પવિત્રને પતિત કરે છે પરંતુ જાતિથી કે કર્મથી પતિત થયેલા લોકોને પતિત કરતું નથી સંગ એ સંન્યાસીન દોષરૂપ છે, પરંતુ ગૃહસ્થને અવશ્ય કરવો જોઇએ તેથી દોષરૂપ ગણાતો નથી. જે મનુષ્ય પ્રથમથી ધરતી ઉપર સૂતો હોય તે મનુષ્યને નીચે પડવાપણુ નથી તેમ જે મનુષ્ય પ્રથમથી દોષિત હોય તે દોષનો ભાગી થતો નથી ૧૭ સર્વ વિચારથી સિદ્ધ થાય છ કે ગુણ—દોષને પ્રતિપાદન કરનારા શાસ્ત્રવચન મનુષ્ય જેમ નિવૃત્તિને પામતો જાય છે, તેમ બંધનમાથી છોડતાં જાય છે નિવૃત્તિ ધર્મ મનુષ્યોનું કલ્યાણ કરે છે અને તેના શોક, મોહ અને ભયનો નાશ કરે છે. ૧૮ વિષયોમા ઉત્કૃષ્ટતાનો અધ્યાસ થવાથી મનુષ્યોને તેની સાથે સંગ થાય છે, સંગથી કામના થાય છે અને કામના થવા પછી કામનાવાળી વસ્તુઓમા અડચણ કરનારા પદાર્થો સાથે કલહ થાય છે. ૧૯ કલહથી અતિ ભયંકર ક્રોધ ઉપજે છે ક્રોધથી સંમોહ ઉત્પન્ન થાય અને સંમોહ બુધ્ધિમાં ભેદ કરે છે. કાર્ય અકાર્યની સ્મૃતિ રહિત થયેલો પુરૂષ શુન્ય જેવો લાગે છે તે પુરૂષ મૂર્છિત જેવા થઇ પડે છે તથા મરી ગયેલા જેવો લાગે છે. તેના પુરૂષાર્થનો નાશ થાય છે. ૨૧ વિષયના અભિનિવેશથી તે પોતાને તેમ પરને જાણતો નથી, વૃક્ષની પેઠે મૂર્છિત અવસ્થામાં જીવન ગાળે છે અને મિથ્યા શ્વાસ લે છે ૨૨ પ્રવૃત્તિના કરનારાઓને સ્વર્ગાદિક ફળ મળે છે, એમ વેદમાં કહ્યુ માટે તેને પુરૂષાર્થની હાનિ થતી નથી કારણ કે સ્વર્ગાદિક મેળવવાં એ જ પરમ પુરૂષાર્થ એવો વેદનો અભિપ્રાય નથી પરંતુ બહિર્મુખ મનુષ્યોને મોક્ષનો ઉપદેશ કરવાની ઈચ્છાથી અવાંતર ફળોમાં રૂચિ ઉત્પન્ન કરાવવી, એ વેદનું તાત્પર્ય છે. બાળકના રોગની શાંતિ કરવા ઓસડ પાતાં રૂચિ ઉત્પન્ન કરાવવા ખાંડ આપવાનું પ્રલોભન દેખાડાય છે, તેમ વેદનો ફલશ્રુતિ અજ્ઞાનીનું પ્રલોભન છે ૨૩ કર્મકાંડમાં મોક્ષનું નામ પણ સાંભળવામાં આવતું નથી તેનું શું કારણ હશે ? વિષયો, પ્રાણો અને પુત્રાદિક સ્વજનો જેઓ પરિણામે દુઃખદાયી છે, તેઓમાં મનુષ્યો જન્મથી અંતઃકરણપૂર્વક આસક્તિ ધરાવે છે, તેઓ પોતાના સ્વાર્થને જાણતા નથી અને દેવતા વગેરેના અવતારોમાં ફરી વૃક્ષાદિકના અવતારો ધારણ કરે છે. અજ્ઞાની જીવને વેદ તે વિષયો ને પ્રાણાદિકોમાં શા માટે જોડે ? જો વેદ પ્રવૃત્તિમાર્ગનો ઉપદેશ કરે તો તેની આપ્તતામા બાધ આવે માટે વેદ નિવૃત્તિમાર્ગનો ઉપદેશ કરે છે વેદનો અભિપ્રાય આમ છે; પરંતુ કેટલાક મંદ બુદ્ધિવાળા લોક વેદના અભિપ્રાયને સમજ્યા વિના ઉપરથી સારાં લાગતા પરંતુ અંદરથી સાર વિનાનાં વેદોક્ત ફલોને પરમ પુરૂષાર્થરૂપ કહે છે વેદના રહસ્યને જાણનાર વેદવ્યાસાદિક તેને પરમ પુરૂષાર્થ કહેતા નથી ૨૬ કામનાવાળા કૃપણ, લોભી, પુષ્પ જેવાં સારાં દેખાતાં નિઃસાર ફળોને ફળરૂપ જાણનારા અગ્નિથી કરવામાં આવતા યજ્ઞોના અભિનિવેશથી વિવેક વિનાના અને જેઓને પરિણામે ધૂમ-

માર્ગ જ મળે છે, તે લોકો આત્મતત્ત્વને જાણતા નથી. ૨૭ હે ઉદ્ધવ ! જેમને કર્મ એ પશુહિંસાનાં સાધનો છે એવા કર્મકાંડી લોકો બીજી વસ્તુને જોઈજ શકતા નથી. તે લોકો પોતાના હૃદયમા રહેલા આત્માના સ્વરૂપભૂત જે હું, જેમાંથી આ જગત ઉત્પન્ન થાય છે તેને જાણતા નથી ૨૮ માંસભક્ષણ કરવામા અને તેને માટે હિંસા કરવામા જો પ્રીતિ હોય તો તે યજ્ઞમા જ કરવુ, એવી આજ્ઞા આપતાં વેદમા પરિસંખ્યા વિધિ કહ્યો છે પરંતુ અવશ્ય હિંસા કરવી, એવો નિયમ વિધિ કહ્યો નથી વેદનો ગંભીર વિચાર છે પરંતુ વિષયાસક્ત અને હિંસાને વિહારરૂપ માનનાર લોકો પોતાના સુખની ઇચ્છાથી પશુઓની હિંસા કરીને યજ્ઞોવડે પિતૃઓનુ અને ભૂતપતિઓનું યજન કરે છે. જે લોકો પશુઓની હિંસા કરે છે તેમને મરી ગયા પછી યજ્ઞમાં મારેલા પશુઓ પરલોકમાં જઈને મારે છે હિંસા કરવાનો જે વિધિ છે તે નિયમવિધિ નહિ પણ પરિસંખ્યા વિધિ છે. મનોરથો કરતો વણિક સમુદ્ર ઉલ્લંઘન કરી મુડી ગુમાવી બેસે તેમ કર્મકાડી મનુષ્યો કાનને સારાં લાગે એવાં અને સ્વપ્ન સમાન આલોકના તથા પરલોકનાં સુખનો હૃદયમાં સંકલ્પ કરી ધનનો નાશ કરે છે. ૩૧ રજોગુણ સત્વગુણ તથા તમોગુણની બુદ્ધિવાળા લોકો પોતાના જેવા ગુણવાળા ઇંદ્રાદિક દેવતાઓની તથા બીજાઓની ઉપાસના કરે છે, તે પ્રમાણે મારી ઉપાસના કરતા નથી. ૩૨ એ લોકો એવો વિચાર કરે છે કે, આ લોકમાં દેવતાઓનું પૂજન કરી સ્વર્ગમાં સુખો ભોગવ્યા પછી આ મૃત્યુલોકમાં મોટા કુળવાન તથા મોટા સંપત્તિવાળા થઇશું. ૩૩ વેદની વાણીથી જેમનાં મન વિક્ષિપ્ત થયાં હોય તે પુરૂષો માની અને અત્યંત સ્તબ્ધ થાય છે, તેઓને મારી વાત ગમતી નથી. ૩૪ કર્મકાંડ બ્રહ્મકાંડ તથા ઉપાસનાકાંડ એમ ત્રણ કાંડો છે, તે સર્વમાં જીવ સંસારી નથી પરંતુ બ્રહ્મસ્વરૂપ છે, તે એ લોકો જાણતા નથી, કારણ કે વેદના મંત્રો પરોક્ષ વાદવાળા છે અને મને પણ પરોક્ષવાદ રૂચે છે. આત્મવિદ્યાના અધિકારીઓ શુદ્ધ અંતઃકરણવાળા હોય છે માટે તેઓએ આત્મવિદ્યા ભણવી જોઇએ, બીજા અધિકારીઓએ જાણવી યોગ્ય નથી, કારણ કે આત્મવિદ્યામાં પ્રવૃત્તિ કરવાથી લોકો કર્મ ત્યાગ કરે અને તેથી ભ્રષ્ટ થઈ જાય માટે વેદમાં પરોક્ષવાદ રાખ્યો છે. ૩૫ જૈમિની વગેરે વેદ જાણવાનું અભિમાન રાખે છે તોપણ મારા વિના બીજો કોઇ વેદને અથવા તેના અર્થને જાણતો નથી. શબ્દબ્રહ્મનું સ્વરૂપ જાણવુ અથવા તેનો સંપૂર્ણ અર્થ સમજવો કઠિન છે. પરા પશ્યંતિ અને મધ્યમા એ શબ્દ બ્રહ્મનું સૂક્ષ્મ સ્વરૂપ છે. તે દેશથી તેમજ કાળથી અપરિચ્છિન્ન છે, તેનો અર્થ જાણવો તે કઠિન છે, કારણ કે તે ગંભીર અને સમુદ્રની પેઠે અપાર છે. ૩૬ વિદ્વાનોથી જ જાણવામાં આવે એવું શબ્દબ્રહ્મનુ સૂક્ષ્મ તત્વસ્વરૂપ આવું છે. હું અંતર્યામી છું, અંતર્યામી છતાં વ્યાપક છું વ્યાપક છતાં નિર્વિકારી છું અને અનંતશકિતવાળો નિયંતા પણ છું. મારા સ્વરૂપવડે શબ્દબ્રહ્મ અધિષ્ઠિત છે કમળના નાળની અંદર દૃષ્ટિ કરતા અંદરના તંતુઓ જોવામાં આવે છે તેમ સર્વ પ્રાણીઓમાં શબ્દબ્રહ્મ નાદરૂપે સાંભળવામાં આવે છે. તે સૂક્ષ્મ સ્વરૂપમાંથી વૈખરી નામે સ્થૂલ સ્વરૂપ લે છે કરોળીઓ જેમ મુખમાથી લાળનાં તંતુઓ બહાર કાઢે છે તેમ પ્રાણરૂપ ઉપાધિવાળા હિરણ્યગર્ભ ભગવાન સ્વરૂપવડે અમૃતમય હોઈ સૂક્ષ્મ નાદરૂપ ઉપાદાન કારણને લીધે અક્ષરોનો સંકલ્પ કરનારા મનરૂપ નિમિત્ત કારણથી પોતાના હૃદયમાંથી મુખદ્વારા વૈખરી વાણી પ્રગટ કરેછે હૃદયમાં રહેલા સૂક્ષ્મ ૐકારમાંથી છાતી તથા કંઠના સંગથી

સ્પષ્ટ જાણવામાં આવતા સ્પર્શ સ્વર ઉષ્મા તથા અંતઃસ્થથી વિચિત્ર લૌકિક અને વૈદિક ભાષાઓથી વિસ્તારવાળી ઉત્તરોત્તર ચાર અક્ષરોથી વધતા જતા છદોથી ભરપુર અનંત અને પાર રહિત વૈખરી વાણી હિરણ્યગર્ભ સર્જેછે હિરણ્યગર્ભ પોતે કરોળી આની પેઠે તેને સંકેલી પણ લે છે. ગાયત્રી ઉષ્ણિક અનુષ્ટુપ બૃહતિ પંકિત ત્રિષ્ટુપ જગતી અતિજગતી શકરી અતિશકરી અષ્ટિ અત્યષ્ટિ વિરાટ અતિવિરાટ આદિક છદો ઉત્તરોત્તર ચારચાર અક્ષરે વધે છે ચોવીસ અક્ષરનો ગાયત્રી છદ અઠયાવીશ અક્ષરનો ઉષ્ણિક છદ અને એ સર્વનું સ્વરૂપ વૈખરી વાણી છે. ૪૧ શબ્દબ્રહ્મનું સ્વરૂપ જેમ સ્વરૂપથી જાણવામાં આવતું નથી, તેમ તેનો અર્થ પણ જાણવામાં આવતો નથી, વૈખરી વાણી રૂપ વેદ કર્મકાંડમા વિધિ વાકયોથી શું વિધાન કરે છે, ઉપાસના કાંડમાં મંત્રોથી શું દર્શાવે છે અને બ્રહ્મકાંડમા કોનો નિષેધ કરે છે? વેદના તાત્પર્યને જગતમાં મારા વિના બીજો કોઇ પણ જાણતો નથી. વેદો યજ્ઞનું સ્વરૂપ દર્શાવી મારૂં વિધાન કરે છે દેવતાનું રૂપ દર્શાવી મારા સ્વરૂપને વર્ણવે છે તથા અનુવાદ કરી મારા વિવર્તરૂપ આકાશાદિક પ્રપંચનો નિષેધ કરે છે વેદનો આટલો અર્થ છે પરમેશ્વર પરમાર્થરૂપ છે અને જે ભેદ છે તે માયા કલ્પિત છે. મારા સ્વરૂપનો અનુવાદ કરી તથા માયિક વસ્તુનો નિષેધ કરી પોતાના વ્યાપાર બધ કરે છે. જેમ અંકુરમાનો રસ શાખા પ્રશાખાઓમા જાય તેમ હૃદયમા ૐકારનો જે અર્થ હોય તે જ વેદનો અર્થ જાણવો. ૪૩

एतावान् सर्ववेदार्थःशब्द आस्थाय मां भिदाम्
मायामात्रमनुद्यांते प्रतिषिद्धय प्रसीदति ४३

इतिश्रीमद्भागवतेमहापुराणेएकादशस्कंधे
एकोनविंशोध्यायः

અધ્યાય ૨૨ મો.‡

તત્વજ્ઞાન ને જન્મમરણ.

उद्धव उवाच

कति तत्त्वानि विश्वेश संख्यातान्यृषिभिः प्रभो
नवैकादश पंच त्रीण्यात्थ त्वमिह शुश्रुम १

ઉદ્ધવે પૂછયું કે—વેદ પ્રવૃત્તિપર નથી પરંતુ નિવૃત્તિપર છે એમ આપે સમજાવ્યું પરંતુ તેના નિવૃત્તિપરત્વને માન્ય કરતાં વાંધા આવેછે. કેટલાક વિદ્વાનો તત્વોની સંખ્યાનો વિવાદ કરેછે. કેટલાક બહારના પદાર્થોના સત્ય માટે તથા મિથ્યાપણા માટે વિવાદ કરે છે, કેટલાક આત્માના એકત્વ માટે અને અનેકત્વ માટે વિવાદ કરે છે, એમાં ખરૂં શું? હે પ્રભો! ઋષિઓએ શાસ્ત્રોમા તત્વોની કેટલી સંખ્યા કહી છે? આપે નવ અગિયાર પાંચ અને ત્રણ તત્વો સાથે અઠયાવીસ તત્ત્વ કહ્યાં. કેટલાક કહે છે કે છવીસ તત્વો અને કેટલાક પચીસ તત્વો કહેછે કેટલાક સાત કેટલાક નવ કેટલાક છ કેટલાક ચાર કેટલાક અગીઆર કેટલાક સત્તર કેટલાક સોળ અને કેટલાક તેર તત્વો પણ કહેછે ઋષિઓએ જે ઇચ્છાથી તત્વોના ભેદ વર્ણવેલા છે તે આપ મને સંભળાવો.

ભગવાન—તત્વ માટે જે ગણના ને યુક્તિઓ કહી તે મારી માયાનો અંગીકાર કરીને કહી. તે કરનાર પુરૂષોને કોઇ વાત દુર્ઘટ નથી. ૪ તુ જે પ્રમાણે કહે છે તે પ્રમાણે નથી પરંતુ આ પ્રમાણે છ. તત્વોનાં મૂળ કારણનો બ્રાહ્મણો વિવાદ કરે છે, પરંતુ તેઓમાં ઉલ્લંઘન કરી શકાય નહિ એવાં સત્વાદિક અંતઃકરણની વૃત્તિરૂપે પરિણામ પામેલી મારી શકિતઓ કારણ છે. સત્વાદિક શક્તિઓના ક્ષોભને લીધે વાદવિવાદ કરનારાઓના વિષયરૂપ પ્રપંચ ઉભો થયો છે, તે જ્યારે

‡ આ અધ્યાયમા તત્વોની સંખ્યાનો વિરોધ પરિહાર અને પ્રકૃતિ તથા પુરૂષનો વિવેક તેમજ જન્મમરણનો પ્રકાર કહેવાય છે

ક્રમ ક્રમ પ્રાપ્ત થાય ત્યારે ટળે. પ્રપંચના નાશની પાછળ વાદવિવાદ શાંત પડે છે. ૬ તત્વોનો એક બીજામાં અંતર્ભાવ થાય માટે વકતાની ઇચ્છા પ્રમાણે તત્વોની ન્યુનાધિક સંખ્યા કહી છે. ૭ માટીમાં જેમ તેના કાર્ય રૂપ ઘટાદિક પદાર્થોનો અંતર્ભાવ થાય તેમ એક કારણભૂત તત્વમાં તેના કાર્યરૂપ બીજાં તત્વોનો સમાવેશ થાય છે. ઘડામાં જેમ માટીનો સમાવેશ થાય તેમ કાર્યરૂપ તત્વમાં કારણરૂપ તત્વોનો સમાવેશ થાય છે ૮ તત્વોના કાર્ય કારણ વિષે તથા સંખ્યાવિષે વિવાદ કરનારાઓનું મુખ ચાલે છે અને તે સર્વમાં યુકિતઓ રહેલી હોય છે. ૯ જડ તત્વોની સંખ્યાના ભેદનું કારણ કહ્યું પણ જીવ તથા ઈશ્વર જે બન્ને ચૈતન્ય છે તેનો ભેદ તથા અભેદ માનવાને કારણો છે. જીવ અનાદિ કાળથી અવિદ્યાવાળો હોઇ પોતાની મેળે પોતાના સ્વરૂપને જાણી શકતો નથી માટે તેને જ્ઞાન આપનાર સર્વજ્ઞ ઇશ્વર તેનાથી ભિન્ન હોવા જોઇએ જેઓ જીવ તથા ઇશ્વરને ભિન્ન માને છે, તેઓના મતે ચોવીસ તત્વો અને પચ્ચીસમો જીવ છે છવ્વીસમો ઇશ્વર છે. ૧૦ જેઓ માને છે કે જીવ તથા ઈશ્વર બન્ને ચૈતન્યરૂપ હોવાથી અણુ માત્રે એક મેકથી ભિન્ન નથી માટે તેમના ભિન્નત્વની કલ્પના વ્યર્થ છે. પચ્ચીસ તત્વો છે અને ઇશ્વરની કૃપાથી મળનારૂં જ્ઞાન સત્વગુણની વૃત્તિ હોવાથી તેનો જડમાં અંતર્ભાવ કરવામાં આવે છે. ૧૧ ત્રણ ગુણોની સમાન અવસ્થા તે પ્રકૃતિનું સ્વરૂપ છે માટે ઉત્પત્તિ સ્થિતિ તથા પ્રલયના કારણરૂપ રજ સત્વ અને તમ એ ત્રણ પ્રકૃતિના ભેદ છે આત્માના નથી. જીવ અકર્તા હોવાથી સૃષ્ટિના આદિ કારણરૂપ ગુણોનો આશ્રય તેને ઘટતો નથી. સત્વ ગુણમય જ્ઞાન જીવનો ધર્મ નથી પરંતુ પ્રકૃતિનો ધર્મ છે. રજોગુણની વૃત્તિ ધર્મ છે અને અજ્ઞાન તમોગુણની વૃત્તિ છે. તેનો પ્રકૃતિમાં અંતર્ભાવ થાય છે; તેથી ભિન્ન તત્વ નથી. સ્વભાવ મહત્તત્વનું સ્વરૂપ હોવાથી તેનો પણ પ્રકૃતિમાં અંતર્ભાવ છે અને કાળ ઇશ્વરનું સ્વરૂપ છે, માટે કાળ અને સ્વભાવ પૃથક મનાતાં નથી અઠયાવીસ તત્વોમાં ઉપર કહેલાં પચીશ તત્વો પણ સમાયછે. ૧૩ પુરૂષ પ્રકૃતિ મહતત્વ અહંકાર આકાશ વાયુ તેજ પાણી અને પૃથ્વી એ નવ તત્વો કહ્યાં છે. ૧૪ શ્રોત્ર ત્વચા ચક્ષુ ઘ્રાણ અને જીહ્વા એ પાંચ જ્ઞાનેન્દ્રિયો વાણી હાથ ઉપસ્થ પાયુ ને પગ એ પાંચ કર્મેન્દ્રિયો, જ્ઞાનાત્મક અને ક્રિયાત્મક મન, ૧૫ શબ્દ સ્પર્શ રૂપ રસ અને ગંધ એ પાંચ વિષયો તથા ત્રણ ગુણો એ અઠયાવીસ તત્વો છે, તેમાં ગતિ ભાષણ વીર્યોત્સર્ગ મલોત્સર્ગ તથા શિલ્પ એ પાંચ કર્મેન્દ્રિયોનાં કાય છે, માટે તત્વોમાં તેની ગણના નથી ૧૬ મહત્તત્વથી માંડીને પૃથ્વી સુધી સાત કારણતત્વો અને શ્રોત્રથી ગંધ સુધી સોળ વિકારોરૂપી તત્વનું રૂપ ધારણ કરનારી પ્રકૃતિ સર્વ પદાર્થોનું ઉપાદાન કારણ છે. જગતની ઉત્પત્તિ વગેરેમાં સત્વાદિક ગુણો વડે દેહાદિકનો આકાર ધારણ કરે છે; અને અવ્યકત અપરિણામી તથા નિમિત્તભૂત પુરૂષ કેવળ જોયા કરે છે માટે તે પરિણામ પામનારી પ્રકૃતિથી ભિન્ન છે. ૧૭ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા મહત્તત્વ આદિક વિકારી પદાર્થ પુરૂષની દૃષ્ટિવડે શકિત સંપાદન કરી એકઠા થાય છે અને પ્રકૃતિના બળથી બ્રહ્માંડને ઉત્પન્ન કરે છે. તત્વોએ એકઠા મળી દેહાદિકનાં કાર્યો કર્યાં છે તેનો તેમા અંતર્ભાવ થાય છે. માટે તેઓને જુદા તત્વરૂપ ગણેલાં નથી. ૧૮ કેટલાક સાત તત્વો માને છે, તેમાં આકાશાદિક પાંચ ભૂતો દ્રષ્ટા જીવ તથા દ્રષ્ટા અને દૃશ્યના આધારભૂત ઇશ્વર એ સાત તત્વો છે. એમા પ્રકૃતિ મહત્વ અને અહંકારના કારણરૂપ ત્રણ તત્વનો આકાશા-

દિકમાં અંતર્ભાવ કર્યો છે. તે સાત તત્વોથી દેહ ઇન્દ્રિયો તથા પ્રાણો આદિક સર્વ કાર્યોની ઉત્પત્તિ થાય છે. ૧૯ કેટલાંક છ તત્વો માને છે. તેમાં પાંચ ભૂત અને એક આત્મા એમ છ તત્વો છે. તે મતમાં પરમાત્મા પોતાનાથી ઉત્પન્ન થયેલાં ભૂતોમાં જગતને સર્જીને રહે છે માટે સર્વ ભૌતિક પદાર્થોનો ભૂતોમાં અને જીવનો પરમાત્મામાં અંતર્ભાવ થાય છે. ૨૦ કેટલાક ચાર તત્વ માને છે એમાં આત્મા અને આત્માથી ઉત્પન્ન થયેલાં તેજ પાણી અને પૃથ્વી ચાર તત્વ છે અને તે તત્વોથી જગતની ઉત્પત્તિ મનાય છે, માટે સર્વ કાર્યોનો તેમા અંતર્ભાવ માનેલો છે. ૨૧ કેટલાક સત્તર તત્વો માને છે તેમા પાંચ મહાભૂતો પાંચ શબ્દાદિક તન્માત્રાઓ પાંચ ઇંદ્રિયો મન તથા પરમાત્મા ગણાય છે. ૨૨ કેટલાક સોળ માને છે. તેઓના મતમાં આત્માને મન છે. કેટલાક તેર માને છે તેમાં પાચ મહાભૂત પાંચ ઇંદ્રિયો મન જીવ તથા પરમાત્માને ગણવામાં આવે છે. ૨૩ કેટલાક અગીઆર માને છે તેમાં પાંચ મહાભૂતો પાંચ ઇદ્રિયો અને આત્મા ગણાય છે. કેટલાક નવ માને છે, તેમાં પ્રકૃતિ મહત્તત્ત્વ અહંકાર પાચ મહાભૂતો તથા આત્મા ગણવામાં આવે છે. ૨૪ ઋષિઓએ તત્વોની જે જુદી જુદી સંખ્યાઓ કહી તે પ્રકૃતિથી પુરૂષ ભિન્ન છે, એમ બતાવવાને કહેલી છે. સર્વમાં યુક્તિઓ રહેલી છે વિદ્વાનોની કયી બાબત ઘટિત ન હોય, કારણ કે સર્વ બાબતોમાં યુક્તિઓ ઘટાવેલી હોય છે. ૨૫

ઉદ્ધવ–હે શ્રીકૃષ્ણ ! પ્રકૃતિ જડરૂપ છે અને પુરૂષ ચૈતન્યરૂપ છે. તે સ્વભાવથી જ ભિન્ન છે, તો અન્યોન્યનો ત્યાગ કરતાં તે બન્નેનું જ્ઞાન થતું નથી તેથી, તે બંનેનો ભેદ પણ જોવામા આવતો નથી પ્રકૃતિના કાર્ય. રૂપ દેહમાં આત્માની પ્રતીતિ અને આત્માને લીધે દેહની પ્રતીતિ થાય છે 'હું છું' એવો બંનેનો અભેદ પ્રતીત થાય છે, તેથી દેહનો અને આત્માનો ભેદ નથી. ૨૬ હે સર્વજ્ઞ ! મને આ મોટો સંદેહ છે, તે યુક્તિવાળાં વચનોથી તમારે મટાડવો જોઇએ. કારણ કે, આ સંસારમાં જીવોને તમારી કૃપાથી જ જ્ઞાન મળે છે અને અજ્ઞાન માયાથી થાય છે. તમારી માયાની ગતિને તમે જાણો છો, બીજો કોઇ પણ જાણતો નથી. ૨૮

ભગવાન–હે ઉદ્ધવ! દેહને આત્મા વચ્ચે મોટો ભેદ છે, કારણ કે ગુણોના ક્ષોભથી થયેલો દેહાદિક સમુદાય વિકારવાળો છે અને આત્મા વિકાર રહિત છે. ૨૯ ગુણમયી માયા ગુણોથી અનેક ભેદોને તથા ભેદના જ્ઞાનોને ઉત્પન્ન કરે છે. દેહાદિક સમુદાય અનેક વિકારવાળો છે તોપણ સ્થૂલ માર્ગે તેના ત્રણ ભેદ છે. અધ્યાત્મ અધિભૂત અને અધિદૈવ ૩૦ શરીરમાં ચક્ષુ અધ્યાત્મ છે, તેમા રહેલો રૂપ નામે ગુણ અધિભૂત છે અને ચક્ષુના ગોલકમા રહેલો સૂર્યનો અંશ અધિદૈવ છે જો ચક્ષુ ન હોય તો રૂપ જણાતું નથી, અને રૂપ ન [illegible]ાય તો ચક્ષુની પણ સિદ્ધિ નથી ચક્ષુની પ્રવૃત્તિ ન હોય તો તેનો અધિષ્ઠાતા દેવ પણ સિદ્ધ થાય નહિ, તેમ અધિષ્ઠાતા દેવ ન હોય તો ચક્ષુની પ્રવૃત્તિ પણ સિદ્ધ થાય નહિ અને ચક્ષુની પ્રવૃત્તિ ન હોય તો રૂપનુ જ્ઞાન થાય નહિ.

આ પ્રમાણે અધ્યાત્મ અધિભૂત અને અધિદૈવની સિદ્ધિ એક બીજાના આશ્રયથી થાય છે. આત્મા આકાશમાં રહેલા સૂર્યની માફક બીજા કોઇની અપેક્ષા વગર પોતાની મેળે પ્રકાશે છે માટે અધ્યાત્માદિકના સમુદાયરૂપ દેહ અને આત્મા વચ્ચે મોટું અંતર છે. અધ્યાત્માદિક આત્મામાંથી ઉત્પન્ન થયાં છે માટે તે ભિન્ન ભિન્ન છે પણ આત્મા કોઇથી ઉત્પન્ન થયો નથી તે તો સર્વનું આદિ કારણ અને એકરૂપ છે, તેથી અને દેહની વચ્ચે ઘણું અંતર છે. આત્મા સ્વતઃસિદ્ધ જ્ઞાનવડે

અધ્યાત્માદિકને જાણે છે પરંતુ અધ્યાત્માદિકઆત્માને જાણતાં નથી. દેહ અને આત્મા વચ્ચે મોટું અંતર છે. જેમ નેત્રમાં અધ્યાત્માદિક વસ્તુઓ છે તેમ ત્વચા સ્પર્શ અને વાયુ શ્રવણ શબ્દ અને દિશાઓ જીહ્વા રસ તથા વરૂણ નાસિકા ગંધ અને અશ્વિનીકુમાર ચિત્ત ચેતયિતવ્ય અને વાસુદેવ, મન મંતવ્ય અને ચંદ્ર, બુદ્ધિ બોધવ્ય અને બ્રહ્મા અહંકાર અહંકર્તવ્ય અને રૂદ્ર એ બધા ભેદજ જાણવા. ૩૧ દેહાદિકનો અહંકાર મટે ત્યારે આત્માનું જ્ઞાન થાય છે. કારણ કે સાત્વિક રાજસ અને તામસ એ ત્રણ પ્રકારનો અહંકાર છે અહંકાર ગુણોને ક્ષોભ કરનાર કાળરૂપી નિમિત કારણ વડે પ્રધાનમાંથી ઉત્પન્ન થયેલાં મહતત્વમાંથી વિકારરૂપે ઉત્પન્ન થાય છે અને તેજ અધિદૈવ અધ્યાત્મ તથા અધિભૂતરૂપ મોહમય દેહાદિક વિકલ્પને ઉપજાવે છે. ૩૨ અહંકાર તથા તેને લીધે ઉત્પન્ન થયેલો દેહાદિકનો વિકલ્પ આત્માના સ્વરૂપને ન જાણવાથી થાય છે. આત્માનું જ્ઞાન થાય એટલે અહંકાર અને દેહાદિકની વિકલ્પ બુદ્ધિ નિવૃત્ત થાય છે. કેટલાક અહંકાર તથા દેહાદિકના વિકલ્પને માને છે અને કેટલાક મિથ્યા પણ ગણે છે સર્વ વિવાદો આત્માના અજ્ઞાનથી થયેલા છે, વસ્તુતાએ સત્ય નથી. એક બીજાની યુક્તિથી એક બીજાના મતનું ખંડન કરાય છે, તેથી દેહાદિકનું મોહમયપણુ સિદ્ધ થાય છે. જ્યારે અહંકાર અને દેહાદિક વિકલ્પો મિથ્યા છે ત્યારે તેને ટાળવાનો ઉપાય શા માટે કરવો? એવી શંકા કરવી યોગ્ય નથી. અહંકારને દેહાદિકના વિકલ્પ મિથ્યા છે તોપણ જે લોકો આત્મારૂપ મારા સ્વરૂપથી બહિર્મુખ હોય તેઓનો ભેદ મટતો નથી, નિત્ય જણાય છે માટે તેની નિવૃત્તિ કરવા મારા સ્વરૂપના જ્ઞાનની સર્વને આવશ્યકતા છે.

ઉદ્ધવ—તમારાથી વિમુખ બુદ્ધિવાળા પુરૂષો પોતાનાં કરેલાં કર્મોથી ઉત્તમ તથા અધમ દેહને ધારણ કરે છે, તે બાબત અજ્ઞાનીઓના જાણવામાં આવતી નથી. માટે મને કહો. ઘણું કરીને તમારી માયાથી મોહિત થયેલા લોકો જગતમાં તે જાણતા નથી. આત્મા વ્યાપક છે, તે એક દેહમાંથી બીજા દેહમાં જાય છે અને નિત્ય છે છતાં તેને જન્મ—મરણ કેમ આવે છે તે સમજાવો.

શ્રી ભગવાન બોલ્યા કે—હે ઉદ્ધવ! લિંગ શરીરના અધ્યાસથી સંસાર સંભવે છે. પાંચ ઈંદ્રિયોથી જોડાયેલું કર્મમય મન દેહમાં ફરે છે અને આત્મા તેનાથી ભિન્ન છતાં તેને અનુસરે છે. ૩૬ મનને પૂર્વ દેહનો વિયોગ અને આગામી દેહનો સંયોગ કેવી રીતે થાય છે તે સાભળો. કર્મોના તંત્રમાં રહેનારૂં મન કર્મોએ પ્રાપ્ત કરેલા આલોકના તથા પરલોકના વિષયોનું ધ્યાન કરે છે. વિષયોમાં લીન થઈ જાય છે તથા પૂર્વના વિષયોમાથી નીકળી જાય છે, મનના સ્મૃતિ તેથી પૂર્વાપરનું અનુસંધાન ભુલી જાય છે. ૩૭ કર્માદિકવડે પ્રાપ્ત કરેલા બીજા દેહમાં અત્યંત અભિમાન થવાથી દેહ જો ઉત્તમ હોય તો આનન્દાદિક અને અધમ હોય તો શોક મોહ આદિ થાય છે. કોઈ પણ કારણોથી મનને પહેલા દેહની વિસ્મૃતિ થાય છે, તેને મરણ કહે છે આત્મા દેહની માફક નાશ પામતો નથી ૩૮ હે ભક્તશિરોમણિ ઉદ્ધવ! મનને બીજા દેહના અભિમાન થાય છે એટલે તેના ઉપર અહંકાર આવે છે અને તેને લીધે હું દેહ છું, એવા ભાવથી જીવ પોતાના આત્માને દેહ માને તેજ આત્માનો જન્મ કહેવાય છે ૩૯ સ્વપ્ન પછી બીજું સ્વપ્ન આવે અને એક મનોરથ પછી બીજો મનોરથ થાય ત્યારે વર્તમાન સ્વપ્નમાં અથવા મનોરથમાંનું મન જેમ પૂર્વના સ્વપ્નને ને મનોરથને સંભારતું નથી, પૂર્વનું સ્વપ્ન કે મનોરથ વિસરી જતા મનના

અધ્યાસને લીધે આત્મા અપૂર્વ છે તોપણ તેને જાણે નવો જ થયો હોય એમ લાગે છે. મન પૂર્વ દેહને વિસરી જાય છે અને તેને બીજા દેહનું સ્મરણ થાય છે. મનને પૂર્વદેહ ઉપરથી અભિમાન ઉતરી જાય છે અને બીજા નવા દેહ ઉપર અભિમાન ચઢે છે મનના અધ્યાસને લીધે આત્મા પોતે પૂર્વ સિદ્ધ છતાં તેને નવો જન્મેલો લાગે છે ૪૦ મનને બીજા દેહમાં અભિમાન થવારૂપી ઉત્પત્તિથી મનના અધ્યાસને લીધે આત્માને ઉત્તમપણું મધ્યમપણું તથા અધમપણું મિથ્યા હોવા છતાં ભાસે છે. દેહના સંબંધથી બહારના તથા અંદરના સુખાદિક વિષયોને તે જુએ છે. સ્વપ્નમાં જેમ મિથ્યા મનના અભિમાનથી દેહ ઉત્પન્ન થાય છે અને આત્મા તેને જુએ છે, દેહના સંબંધમાં બહારનાં તથા અંદરનાં વિષયાદિક સુખ ભોગવે છે. દુષ્ટ પુત્રનો પિતા જેમ પુત્રના શત્રુને પોતાનો શત્રુ માને છે અને તેના મિત્રને પોતાનો મિત્ર માને છે, તેમ આત્મા પણ મનના અભિમાનથી મનની સાથે સંબંધવાળા દેહાદિક પદાર્થોને પોતાના માને છે ૪૧ હે ઉદ્ધવ ! મેં લોક પ્રસિદ્ધ જન્મ મરણની વિગત કહી. હવે તમને વૈરાગ્ય માટે સૂક્ષ્મ જન્મ–મરણો કહું તે સાંભળો. જેનો વેગ જોવામા કે જાણવામા આવતો નથી એવા કાળને લીધે શરીરો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, કાળની સૂક્ષ્મતાને લીધે તે જોવામાં આવતું નથી ૪૨ કાળ જેમ પરિણામ વગેરેથી દીવાની જ્વાળાઓને ક્ષણે ક્ષણે બદલે છે, મતિ વગેરેથી પાણીના પ્રવાહોને બદલે છે અને રૂપાદિકથી વૃક્ષોનાં ફળોની દશાઓને બદલાવે છે, તેમ શરીરોની અવસ્થાઓ તેજ બળ કામ તથા ચાતુર્ય આદિક પણ ક્ષણે ક્ષણે બદલાય છે. જગત ક્ષણે ક્ષણે ઉત્પત્તિ તથા વિનાશ પામે છે; કારણ કે તે અવસ્થાઓના ભેદવાળું છે. જે કંઇ અવસ્થાઓવાળું હોય તે સર્વ ક્ષણે ક્ષણે ઉત્પત્તિ તથા વિનાશ પામે છે. જ્વાળા આદિક પદાર્થો અવસ્થાના ભેદવાળા હોવાથી ક્ષણે ક્ષણે ઉત્પત્તિ તથા વિનાશ પામે છે. અનુમાનથી જગતની ક્ષણે ક્ષણે ઉત્પત્તિ તથા વિનાશ થાય છે. ૪૩ જ્વાળાઓ ક્ષણે ક્ષણે બદલાય છે તોપણ તે જ આ દીવો છે કે જે દીવો થોડીકવાર પહેલાં મેં જોયો હતો એમ ભાસે છે. વળી પાણી પણ ક્ષણે ક્ષણે બદલાય છે તોપણ તે જ આ પાણી છે કે જે મેં ઘણા દિવસ પહેલાં જોયું હતું એવી ભ્રાંતિ થાય છે, શરીરો ક્ષણે ક્ષણે બદલાય છે અને નવાં શરીરો ઉપજે છે, તોપણ તે આ પુરૂષ છે કે જેને પહેલાં મેં જોયો હતો એવી અવિવેકી પુરૂષોને ભ્રાંતિ થાય છે.૪૪ દેહના અધ્યાસવાળાને કર્મો તથા જન્મ મરણો થયા કરે છે, બીજાઓને થતા નથી, કારણ કે એક પુરૂષ જે ઘડાને ઘડો માને તેને બીજો ઘડો નહિ એમ માને, એ વાત અસંભવિત નહિ તો બીજું શું ? આવી તમારા મનમાં શંકા થશે, પણ તેનો ઉત્તર એ છે કે દેહના અધ્યાસવાળો પુરૂષ બીજ રૂપ કર્મથી જન્મતો નથી તેમ મરણ પણ પામતો નથી; ભ્રાંતિને લીધે જન્મતો હોય તેમ ભાસે છે અને અમર છતા મરતો હોય એમ લાગે છે. મહાભૂત અગ્નિ પ્રલયકાળ પર્યંત એકનો એક જ રહે છે, તોપણ કાષ્ઠનો યોગ થવાથી તે જાણે જન્મતો હોય અને કાષ્ઠનો વિયોગ થવાથી જાણે નાશ પામતો હોય એમ લાગે છે. ૪૫ ઉદરમાં પ્રવેશ થવો, વૃદ્ધિ થવી જન્મવું બાલ્યાવસ્થા કુમારપણું તરૂણાવસ્થા આધેડપણું વૃદ્ધાવસ્થા તથા મરણ એ નવ દેહની અવસ્થાઓ છે. ૪૬ દેહની અનોરથમય નાની મોટી અવસ્થાઓ દેહના અવિવેકને લીધે કોઇ કોઇ વાર જીવ પોતાની માની લે છે અને કોઇ કોઇવાર ઇશ્વરનો અનુગ્રહ થવાથી અવસ્થાવાળા દેહનો દ્રષ્ટા

અવસ્થાવાળો ન હોય એવા વિવેકથી તે અવસ્થાઓનો ત્યાગ કરે છે ૪૭ પોતાના જન્મ વખતે તથા મરણ વખતે મૂર્છા આવવાથી જીવ પોતાના દેહના જન્મ તથા મરણને જાણતો નથી, પરંતુ પોતાના પિતાનો દેહ મરી જાય છે, ને ઉપરથી પોતાનો દેહ પણ પડશે એમ વિચારવું અને પોતાને ત્યાં પુત્રનો જન્મ થયો તેમ પોતાનો જન્મ થશે એવું જે જન્મ—મરણનો દ્રષ્ટા છે તેને જન્મ મરણ થતાં લાગતું નથી.૪૮ બીજથી ઝાડના જન્મને તથા પાકી જવાથી મરણને જાણનારો દ્રષ્ટા તે ઝાડથી ભિન્ન છે. દેહના જન્મ મરણને જાણનારો દ્રષ્ટા દેહથી જુદો છે ૪૯ દેહાદિકથી આત્મા જુદો છે તેનો વિવેક કરવો, પણ તેનું વિવેચન ન કરનાર અને વિષયોથી મૂઢ અવિવેકી પુરૂષ સંસારમાં જન્મ મરણ પામે છે કર્મોવડે અથડાતો જીવ સત્વગુણના સંગથી ઋષિઓનો તથા દેવોનો અવતાર લે છે; રજોગુણના સંગથી અસુરનો તથા મનુષ્યનો અવતાર પ્રાપ્ત કરે છે તમોગુણના સંગથી ભૂતોનો તથા પશુપક્ષીઓનો અવતાર પામે છે. ૫૧ નૃત્ય તથા ગાયન કરતા મનુષ્યને જોનાર પુરૂષ જેમ તાલ સ્વરાદિકનું તથા તેમના સંગીતનું અનુકરણ કરે તેમ બુદ્ધિના ગુણો જોનારો અકર્તા પોતામા તે સર્વ માની લે છે, દૃશ્યના ધર્મો દ્રષ્ટામાં ભાસે છે તે દેખાડયું અને હવે ઉપાધિના ધર્મ ઉપહિતમાં દેખાડું છું. પાણીમાં પ્રતિબિંબરૂપે પડેલાં વૃક્ષો પાણીના હાલવાથી જાણે હાલતાં હોય તેવા દેખાય છે, તેમ અંતઃકરણને જન્મ મરણાદિક થવાથી તેમાં પ્રતિબિંબરૂપે પડેલા આત્માને જન્મ મરણ થતાં હોય તેમ લાગે છે, આહ્કના ગુણ આત્મામાં કેવી રીતે ભાસે તે સાંભળો. ફેરકુદડી ફરનાર મનુષ્યની આંખોને જેમ પૃથ્વી ફરતી હોય એવી ભાસે છે તેમ આનંદાદિક આત્માના ગુણો છે તે વિષયોના ગુણો હોય તેવા ભાસે છે. ૫૩ હે ઉદ્ધવ! મનુષ્યને સ્વપ્નમાં તથા મનોરથમાં જે જે વિષયોનો અનુભવ થાય છે તે મિથ્યા છે, આત્માને સંસારનો જે અનુભવ થાય છે તે પણ મિથ્યા છે. ૫૪ સ્વપ્ન મિથ્યા છે તોપણ તે અવસ્થામાં વિષયોનું ચિંતન કરતા પુરૂષને જેમ દુઃખો થાય છે તેમ સંસાર મિથ્યા છતાં વિષયોનું ચિંતન કરનારા પુરૂષને અજ્ઞાન અવસ્થથી થતા જન્મ મરણાદિક ટળતાં નથી, વારંવાર થયા કરે છે માટે અજ્ઞાનનો નાશ કરવો જોઇએ તમે ક્ષુદ્ર ઇદ્રિયોથી વિષયોનો ઉપભોગ કરો નહિ પરંતુ સંસારની ભ્રાંતિ આત્માના અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી માનો દુષ્ટ પુરૂષો તિરસ્કાર કરે અપમાન કરે મશ્કરી કરે ઇર્ષ્યા કરે મરે કેદ કરે આજીવિકા તોડી નાખે તેમ બીજા ઉપાયોથી પોતાને બ્રહ્મનિષ્ઠ માથી ભ્રષ્ટ કરે અને તેને લીધે પોતે બહુ જ કષ્ટમાં આવી પડે તોપણ મુકિતને ઇચ્છનારા પુરૂષે પોતે પ્રયત્નથી પોતાનો ઉદ્ધાર કરવો. ૫૮

ઉદ્ધવ—હે ઉત્તમ વકતા! આપે કહ્યું તે હું યથાર્થ રીતે સમજી શકું તેમ ફરીને કહો. દુષ્ટ લોકો આપણો તિરસ્કાર કરે તે હું દુઃસહ માનું છું. ૫૯ તમારા ધર્મમાં પરાયણ રહેનારા અને તમારા ચરણનું શરણ લેનારા શાત પુરૂષો વિના વિદ્વાનો આવા અપરાધ સહન કરી શકેજ નહિ, કારણ કે સ્વભાવ બળવાન છે. ૬૦

विदुषामपि विश्वात्मन् प्रकृतिर्हि बलीयसी।
ऋत त्वद्धर्मनिरताञ्छातांस्ते चरणालयान्॥

इतिश्रीमद्भागवतेमहापुराणेएकादशस्कंधे
द्वाविंशोध्याय:

અધ્યાય ૨૩ મો.†

માનાપમાનની સહિષ્ણુતા.

श्रीबादरायणिरुवाच.

स एवमाशंसित उद्धवेन
भागवतमुख्येन दाशार्हमुख्यः ।
स भाजयन भृत्यवचो मुकुंद
स्तमाबभासे श्रवर्णायवीय ॥ १ ॥

શુકદેવજી કહે છે કે—હે પરીક્ષિત! પરમ ભગવદ્ભક્ત ઉદ્ધવે શ્રીકૃષ્ણ ભગવાનની પ્રાર્થના કરી એટલે જેમનાં પરાક્રમ સાંભળવા યોગ્ય છે એવા તેમણે ઉદ્ધવજીનાં વચનનો નીચે પ્રમાણે જવાબ આપ્યો.

ભગવાન્—હે ઉદ્ધવ! દુર્જનોનાં દુષ્ટ વચનોથી ભેદાઇ ગયેલાં અંતઃકરણને શાંત કરવા સમર્થ એવો કોઇ મહાત્મા પુરૂષ આ જગતમાં નથ. ૨ મર્મસ્થળમાં વાગેલાં અત્યંત તીક્ષ્ણ વચનરૂપી બાણોથી જેવી પીડા થાય છે તેવી પીડા મર્મભાગોને વિંધીને અંદર પેશી ગયેલાં બાણોથી પણ થતી નથી. ૩ હે ઉદ્ધવ! એક મહાપુણ્યકારક પુરાણ ઇતિહાસ હું કહું તે સાવધાન થઇને સાંભળો. ૪ દુષ્ટ પુરૂષોથી પરાભવ પામી કોઈ એક ભિક્ષુકે પોતાના પૂર્વજન્મનાં કર્મોનો વિપાક સંભારી આની ઉપર એક ગીત ગાયેલુ છે ૫ માળવા દેશમા એક મોટો શ્રીમંત બ્રાહ્મણ રહેતો હતો. તે ખેતીવાડી તથા વ્યાપાર કરી આજીવિકા કરતો હતો. તે કદર્ય કામી લોભી તથા મહા ક્રોધી હતો. ૬ તે પોતાના ધર્મરહિત ઘરમાં અતિથિઓનો વચનોથી પણ સત્કાર કરતો નહિ તેમ પોતાના દેહને પણ સંતોષતો નહિ ૭ તેના વર્તનથી મુંઝાએલા પુત્રો બાંધવો સ્ત્રી પુત્રીઓ અને ચાકર વર્ગ તેની નિંદા કરતા યક્ષની પેઠે ધનનો સંગ્રહ કરનાર આ લોક તથા પરલોકથી ભ્રષ્ટ ધર્મથી તથા સુખથી રહિત એના ઉપર પાંચ મહા યજ્ઞના દેવતાઓ કોપી ઉઠયા. ૯ દેવતાઓનું અપમાન કરવાથી તેનું પૂર્વ જન્મનું પુણ્ય નાશ પામ્યું તેથી પરિશ્રમે સંપાદન કરેલું ધન નાશ પામ્યું. ૧૦ હે ઉદ્ધવ! તેનું કેટલુંક ધન જ્ઞાતિજનો લઇ ગયા, કેટલુંક ચોર ચોરી ગયા કેટલુંક દૈવી આપત્તિથી આગ વગેરેમા નાશ પામ્યુ, કેટલુંક ધન કાળે કરીને નાશ પામ્યું, કેટલુંક મનુષ્યો લેઇ ગયા અને કેટલુંક ધન રાજાએ લઇ લીધું. ૧૧ ધન નાશ પામતાં તે ધર્મથી તથા સુખથી રહિત થઇ ગયો અને કુટુંબીઓએ તેનો ત્યાગ કર્યો તેથી તે આખરે ચિંતામાં પડયો. ધનને માટે તે મનોરથ વાળા ઘણા વિચાર કરવા લાગ્યો, નિર્ધન થઇ પડવાથી ખેદ કરતાં આખરે તેને વૈરાગ્ય ઉત્પન્ન થયો. ૧૩ તે પોતાના મનમા કહેવા લાગ્યો કે અરેરે! મેં બહુ જ ભુંડું કર્યું કારણ કે, મેં મારા આત્માને વૃથા દુઃખ દીધું. મેં ધનને માટે ઘણો પરિશ્રમ કર્યો પરંતુ તે ધર્મ માટે અથવા સુખ માટે ઉપયોગમાં આવ્યું નહિ. ૧૪ ઘણું કરીને કદર્ય પુરૂષોને ધન કદી પણ સુખકારક નીવડતું નથી. તે ધન જીવતા સુધી દેહને અને મનને સંતાપ અને મરી ગયા પછી નરક આપે છે ૧૫ શ્વેત કોઢ જેમ સુંદર રૂપનો નાશ કરે છે તેમ થોડો પણ લોભ હોય તો તે યશસ્વીઓના યશનો તથા ગુણીજનોના પ્રશંસાપાત્ર ગુણોનો નાશ કરે છે. ૧૬ ધનને મેળવતાં અને મેળવેલા ધનને વધારતાં રક્ષણ કરતાં વાપરતાં તેનો નાશ થતાં તથા ઉપભોગ કરતા મનુષ્યોને પરિશ્રમ ત્રાસ ચિંતા તથા ભ્રમ થાય છે. ૧૭ ચોરી હિંસા મિથ્યાભાષણ દંભ કામ ક્રોધ વિસ્મય મદ ભેદબુદ્ધિ વૈર અવિશ્વાસ સ્પર્ધા સ્ત્રીઓનું વ્યસન જુગારનું વ્યસન મદિરાપાન વગેરે અનર્થો મનુષ્યોને

† આ અધ્યાયમાં ભિક્ષુગીતને અનુસાર મનનો નિગ્રહ કરી લોક તિરસ્કાર સહન કરવા સંબંધી કથા કહેવાય છે

ધનમાંથી થાય છે, માટે કલ્યાણની ઇચ્છા વાળા પુરૂષે ધન નામે અનર્થનો ત્યાગ કરવો. ૧૯ ભાઈઓ સ્ત્રીઓ માત પિતા તથા સંબંધીઓ સ્નેહથી એકમેક થઈને રહેલાં હોય છે. તેઓ સર્વે એક દમડીને માટે શત્રુ થઇ પડે છે. ૨૦ સંબંધીઓ થોડા ધન માટે એક બીજાની સ્પર્ધા કરવા માંડે છે મહા ક્રોધમાં આવી જાય છે અને એક બીજાના સ્નેહને પણ ભૂલી જાય છે અને વખતે એક બીજાનો નાશ પણ કરે છે. જેઓ દેવતાઓથી પણ ઈચ્છાતા એવા મનુષ્યના જન્મને પામી તેમાં બ્રાહ્મણના ઉત્તમ દેહને પામીને મનુષ્યપણાનો તથા બ્રાહ્મણપણાનો અનાદર કરી પોતાના સ્વાર્થનો નાશ કરે છે, તે અશુભ ગતિ પામે છે. ૨૨ સ્વર્ગના તથા મોક્ષના દ્વારરૂપ આ લોકને પામી કયો મનુષ્ય અનર્થના ધામરૂપ ધન ઉપર આસક્તિ કરે ?૨૩ જે મનુષ્ય દેવતા ઋષિઓ પિતૃઓ પ્રાણીઓ જ્ઞાતિજનો તથા બંધુઓ જેઓ પોતાના ધનના ભાગી છે તેઓને તથા પોતાને અન્નાદિક આપીને સંતોખતો નથી, પરંતુ યક્ષની પેઠે ધનને સંગ્રહી રાખે છે તે નરકમાં પડે છે. ૨૪ હું ધનની વ્યર્થ તૃષ્ણાથી પ્રમત્ત થઇ પડયો હતો તે મારૂં ધન અવસ્થા તથા બળ જેથી કુશળ પુરૂષો સંસારને તરી જાય છે તે સર્વ નાશ પામ્યાં હવે હું વૃદ્ધ શું કરૂં ?૨૫ ધનની ઇચ્છા કરવી તે નિષ્ફળ છે છતાં વિવેકી પુરૂષો વારંવાર ધનની વ્યર્થ તૃષ્ણાથી દુઃખી થાય છે, ઇશ્વરની માયાથી આ લોક ખરેખર અત્યંત મોહ પામેલો છે. ૨૬ મૃત્યુ મનુષ્યને ગળી જાય છે માટે મનુષ્યને ધનનું ધન આપનારા યક્ષોનું સુખોનું સુખ આપનારાઓનું અને ફરીને જન્મ આપનારાં કર્મોનું કંઇ પ્રયોજન નથી. ૨૭ ભગવાન મારી ઉપર પ્રસન્ન થયા હોય તેમ લાગે છે, કારણ કે જેણે મને આ દશામાં નાખ્યો અને આ ખેદ મને સંસારસાગર તરવા નૌકારૂપ થઇ પડયો. ૨૮ હવે જો મારૂં આયુષ્ય બાકી હશે તો હું મારા ધર્માદિક સ્વાર્થમાં સાવધાન રહીશ. મારા સ્વરૂપમાં સંતોષ રાખીશ અને તપવડે મારા દેહનો લય કરીશ. ૨૯ ત્રણ ભુવનના દેવતાઓ મને અનુમોદન આપજો. ખટ્વાંગ રાજા એક મુહુર્તમાં બ્રહ્મલોક પામ્યા હતા, તો મને હજી ઘણો સમય છે. ૩૦

ભગવાન–હે ઉદ્ધવ! તે બ્રાહ્મણ આવો નિશ્ચય કરી અહંતા મમતાનો ત્યાગ કરી શાંત થઈ અને સંન્યાસી બન્યો ૩૧ જેણે મન ઇન્દ્રિયો તથા પ્રાણને વશ કર્યા હતાં એવો તે પૃથ્વી ઉપર ફરવા લાગ્યો. તેણે સર્વ આસક્તિ છોડી દીધી અને પોતાની ઉત્તમતા કોઈ પણ ઠેકાણે ન દેખાડતાં ભિક્ષા માગવા નગર અને ગામોમાં ફરવા લાગ્યો. ૩૨ હે ઉદ્ધવ! એને જોઇને કેટલાક નીચ લોકો તિરસ્કાર કરી દુઃખ દેવા લાગ્યા. ૩૩ કેટલાક તેની પાસેથી ત્રિદંડને કેટલાક પાત્રને કેટલાક કમંડળને કેટલાક પાટલાને કેટલાક માળાને કેટલાક કંથાને અને કેટલાક ચીંથરાને લઇ લેતા અને તે પાછાં આપતા નહિ. ૩૪ તે નગર કે ગામમાંથી ભિક્ષા લાવી નદીના તીર ઉપર ખાતો અને ત્યાં પણ મહાપાપી લોકો તેને પજવતા. ૩૫ ભિક્ષુક મૌન રહેતો, લોકો પરાણે બોલાવતા અને બોલતો નહિ તો કેટલાક મારતા કેટલાક કઠોર શબ્દોથી તિરસ્કાર કરી કહેતા કે ચોર છે, કેટલાક આને બાંધો બાંધો એમ બોલી બાધતા અને કેટલાક ધર્મ ઢોંગ કરનારો તથા લોકોને ઠગનારો છે આમ કહીને તેનું અપમાન તથા નિંદા કરતા હતા. ૩૭ કેટલાક કહેતા હતા કે આ નિર્ધન છે અને પોતાના સંબંધીઓએ તેનો ત્યાગ કર્યો છે, તેથી તેણે આજીવિકા ગ્રહણ કરી છે. મોટા પર્વતની પેઠે આ બળવાન અને દૃઢ છે. કેટલાક કહેતા હતા કે બગલાની પેઠે પોતાનો

દૃઢ નિશ્ચય કરી મૌન રહી પોતાનું કામ કાઢી લે છે. કેટલાક તેની મશ્કરી કરતા ૩૯ કેટલાક તેને રમકડાના પક્ષાની પેઠે બાંધી મુકતા. આ રીતે ભૌતિક દુઃખ દૈવિક તથા દૈહિક દુઃખ જેમ પોતાના ઉપર પડતું તેમ તે દુઃખને અવસ્ય ભોગવવા યોગ્ય ગણતો. ૪૧ ધર્મમાંથી ભ્રષ્ટ કરવાને દુઃખ આપતા અધમ લોકો પરાભવ કરવા છતાં સત્વગુણી ધીરજ ધારણ કરી સ્વધર્મમાં રહી નીચેની ગાથા ગાતો. ૪૨ ભિક્ષુક બ્રાહ્મણ ગાતો કે આ લોકો દેવતાઓ આત્મા ગ્રહ કર્મ અથવા કાળ મને સુખ દુઃખ આપનારાં નથી સુખ દુઃખનું કારણ મન છે જે મન આ સંસારરૂપી ચક્રને ફેરવ્યા કરે છે. અતિ બળવાન મન ગુણોની વૃત્તિઓને ઉત્પન્ન કરે અને તે ગુણોથી સાત્વિક રાજસ તથા તામસ એમ જુદાં જુદાં કર્મો થાય છે. કર્મોથી સત્વગુણી રજોગુણી અને તમોગુણી અવતારો થાય છે.૪૪ ઈશ્વર ક્રિયા કરતા મનની સાથે નિયંતારૂપે રહે છે છતાં તે ક્રિયાના સંગથી રહિત અને જ્ઞાન મૂર્તિ છે અને જીવના નિયંતા છે તે કેવળ અખંડ જ્ઞાનવડે સર્વ જેયા કરે છે અને હું પોતાને વિષે સંસારને દેખાડનાર મનને પોતારૂપ માની વિષયોનો ઉપભોગ કરૂં છું અને વિષયોના સંગથી બંધાઈ ગયો છુ, અર્થાત્ અવિદ્યાને લીધે મનના અધ્યાસથી જીવને સંસાર છે, પરંતુ તે કંઇ સ્વતઃ નથી, કારણ કે અવિદ્યા રહિત ઇશ્વરને સંસાર નથી અને અવિદ્યાવાળા જીવને સંસાર છે, ૪૫ દાન સ્વધર્મ નિયમ યમ વ્રત તથા બીજાં ઉત્તમ કર્મો સર્વનું ફળ મનનો નિગ્રહ કરવો એ છે. મનનો નિગ્રહ એ સમાધિ છે. જેનું મન શાંત તથા વશ હોય તેને દાનાદિક કરવાનુ પ્રયોજન નથી. જેનુ મન વશ ન થવાથી ચંચળ રહે તેને દાનાદિક કરવાનુ પણ કંઇ ફળ નથી ૪૭ ઇંદ્રિયોનો વિજય થાય તેમાં વધારે ફળ રહેલું નથી, કારણ કે દેવતાઓ મનને વશ છે, પરંતુ મન કોઇને વશ નથી. મન બળવાનના કરતાં બળવાન અને ભયંકર દેવ છે માટે મનને વશ કરે તે દેવનો દેવ છે. ૪૮ તે જીતી શકાય નહિ તેવા અસહ્ય વેગળા અને મર્મ ભાગમાં પીડા કરનારા દુર્જય મનને કેટલાક મૂઢ લોકો જીત્યા વિના સંસારમાં મનુષ્યોની સાથે મિથ્યા કલેશ કરે છે અને મનુષ્યોમાં મિત્રો ઉદાસીનો તથા શત્રુઓ કરે છે. ૪૯ દેહ જે મનથી કલ્પી કાઢેલો છે, તેને અધમ બુદ્ધિ પામર લોકો અહંતા મમતાથી પોતાનો માનીને આ હું તથા આ પર એવા ભ્રમથી છેડા વિનાના સંસાર સિંધુમાં ભટકયા કરે છે.૫૦ વિચાર કરતાં લોકો દેવતાઓ આત્મા ગ્રહ કર્મ કે કાળ એ કોઇ સુખદુઃખનાં દાતા નથી; માત્ર મનજ સુખ દુઃખનું કારણ છે. મનુષ્યને સુખ દુઃખનું કારણ હોય તો તેમાં આત્માને શું ? કંઇ નહિ. કારણ કે સુખ દુઃખનો ભોકતા કે સુખ દુઃખનો કર્તા આત્મા નથી. એક શરીર બીજા શરીરને દુઃખ આપી સુખી થાય તો તેમા સુખદુઃખ શરીરોને થાય આત્માને નહિ કારણ કે આત્મા નિરાકાર અને ક્રિયા રહિત છે. તે કોઇ વસ્તુનો ભોકતા કે કર્તા નથી અને શરીરનાં સુખ દુઃખનો તે અનુભવ કરતો હોય તોપણ સર્વ શરીરમા એક હોવાથી કોના ઉપર કોપ કરે. કોઈ વાર પોતાનાજ દાંતથી પોતાની જીભ કચરાઈ જાય તો કોના ઉપર મનુષ્યે કોપ કરવો જો દેવતાઓ દુઃખનું કારણ હોય તો તેમાં આત્માને શું? એક પુરૂષના હાથે બીજા પુરૂષને માર પડે અને બીજાના હાથે ઘાત થાય એમાં વિકારી એવા હાથના દેવતા ઇંદ્ર અને મોંઢાના દેવતા અગ્નિને કલેશ થયો તેમાં આત્મને શું લાગે વળગે, કંઇ પણ નહિ, અને વિચાર કરતાં તો દેવતાઓને કલેશ સાથે કંઇ સંબંધ નથી.

દેવતાઓ સર્વના દેહમાં એકના એક હોય માટે તેઓના ઉપર ક્રોધ કરવો, તે ઉચિત નથી. તેમ વળી પોતાના શરીરમાં એક અંગ બીજા અંગને પ્રહાર કરે તેમાં કોનો દોષ ? પર સુખ દુઃખ આદિક પરિણામ આત્માને થાય છે એમ ધારી જો આત્મા સુખદુઃખનું કારણ છે, એમ માનીએ તો સુખદુઃખ એ સ્વભાવ ઠરે અને જ્યારે તે સ્વભાવ ઠર્યો ત્યારે બીજાથી તે કંઇ થયું નથી, કે જેના ઉપર કોપ થાય. આત્માથી ભિન્ન વસ્તુ કોઈ નથી અને જો હોય તો તેને મિથ્યા જાણવી. જ્યારે આત્મા વિના બીજી વસ્તુ મિથ્યા છે ત્યારે સુખ કે દુઃખ અને તેનાં નિમિત્તો મિથ્યા છે, માટે શા માટે કોપ કરવો ? ૫૩ જો ગ્રહોને સુખ દુઃખના કારણ માનતા હો તો તેમાં આત્માને શું લાગે વળગે ? ગ્રહોનો સંબંધ જન્મધારી દેહને છે. ગ્રહો કંઇ જન્મતા નથી, પણ જો જન્મનારને બારમી કે આઠમી વગેરે રાશિમાં હોય તો તેઓ જન્મધારી દેહને સુખદુઃખ આપે છે. જન્મ રહિત આત્માને સુખદુઃખ આપતા નથી ગ્રહોની પરસ્પર દૃષ્ટિ પડવાથી ગ્રહની પીડા થાય માટે ગ્રહોની ક્રૂર દૃષ્ટિ આકાશચારી ગ્રહો ઉપર પડે છે, પરંતુ ઘરના ખુણામા રહેલા ઉપર પડતી નથી તેથી ગ્રહોની પીડા ગ્રહોને થાય છે, ગ્રહોથી જુદો પુરૂષ કોના ઉપર કોપ કરે ? ૫૪ કર્મો જો સુખ દુઃખના કારણ હોય તો તેમાં પણ આત્માને શુ ? કારણ કે આત્માને કર્મની સાથે સંબંધ નથી, કેમ કે જે વસ્તુમાં જડતા કે ચેતનત્વ હોય તે વસ્તુથી કર્મની ઉત્પત્તિ સંભવે છે. કર્મ કરવામાં વિકારીપણું અને પોતાનું હિત જાણનારપણું આ બન્ને ધર્મો હોવા જોઇએ. જડ હોય તે વિકારી હોય અને ચેતન્યવાળો હોય તે હિતાહિત જાણનારો હોય, દેહવિકારી હોવાથી કર્મ કર્તા ઠરશે, પરંતુ તે જડ છે, એટલે તેને કશી પણ સંજ્ઞા નથી તેથી તે કર્મકર્તા ઠરતો નથી; તેમ આત્માહિત જાણનાર છે, પરંતુ વિકારી નથી, તેથી તે પણ કર્મકર્તા ઠરતો નથી. કર્મો સુખદુઃખના કારણરૂપ છે તેમ સિદ્ધ થતું નથી માટે પુરૂષે કોના ઉપર ક્રોધ કરવો ? ૫૫ કાળ જો સુખ દુઃખનું કારણ હોય તો તેમાં આત્માને શું ? કંઇ જ નહિ. આ કાળ એ આત્માનો એક અંશ મનાય છે માટે ઝાળનો તાપ જેમ અગ્નિને લાગે નહિ અને હિમની શીતળતા જેમ હિમને લાગે નહિ તેમ કાળ કે જે આત્માનો એક અંશ છે, તેનાથી થતાં સુખ દુઃખ આત્માને પીડા કરી શકે નહિ. આત્મા સર્વ વસ્તુથી ભિન્ન છે, માટે તેને સુખદુઃખ કંઇ પણ નથી માટે કોણે કોના ઉપર કોપ કરવો ? ૫૬ લોકો અને દેવતાઓ છ સુખ દુઃખનાં કારણો ઉપરાંત બીજા આત્માને સુખ દુઃખનાં કારણો છે, આત્માને કોઇ કાળે કોઇ દેશમાં કોઇ રીતે સુખ દુઃખનો સંબંધ નથી, કારણ કે તે પ્રકૃતિથી પર છે. સુખ થવું દુઃખ થવું એ સર્વ મિથ્યા પ્રપંચને લીધે થાય છે, આમ જે જાણે છે તે મનુષ્ય નાના પ્રકારના ભૌતિક પદાર્થોથી ભય પામતો નથી. ૫૭ પ્રાચીન કાળના મહર્ષિઓએ આશ્રય કરેલી બ્રહ્મનિષ્ઠાથી જે મનુષ્ય ભાવના કરે કે હું મુકુંદ ભગવાનના ચરણની સેવાથી તરીશ તે મનુષ્ય આ ભિક્ષુકની પેઠે મારી ગતિ પામે છે. ૫૮

ભગવાન–નિર્ધન થવાથી તે ઉદાસીન થયો ને તેથી તેનો પરિશ્રમ દૂર થયો. સન્યાસ લઈ મૌન રહી તત્વનું ચિંતન કરતો પૃથ્વી ઉપર ફરવા લાગ્યો અને માર્ગમાં લોકોએ બહુ દુઃખ દીધા છતા ડગ્યા વિના આમ ગાવા લાગ્યો. ૫૯ આ સંસારમાં સુખ દુઃખ આપનાર ભ્રમ વિના બીજું કંઇએ નથી મિત્ર ઉદાસીન અને શત્રુરૂપ સંસાર ભ્રમને લીધે ઉત્પન્ન થાય છે. ૬૦ હે ઉદ્ધવ ! તમે મારામાં સર્વ ભાવથી બુદ્ધિને પરોવી

મનનો નિગ્રહ કરો, કારણ કે મનનો નિગ્રહ એજ યોગનો સંગ્રહ છે. ૬૧ જે મનુષ્ય ભિક્ષુકે ગાયેલી આ બ્રહ્મનિષ્ઠા ધારણ કરે છે બીજાને સંભળાવે છે અને પોતે અનુભવે છે, તે સંસારના સુખદુઃખથી મુકત થાય છે.

य एतां भिक्षुणा गीतां ब्रह्मनिष्ठां समाहितः।
धारयन् श्रावयन् शृण्वन् द्वंद्वैर्नैवाभिभूयते ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेएकादशस्कंधे त्रयोविंशोध्यायः

અધ્યાય ૨૪ મો.‡

ઉત્પત્તિ ને લય— સાંખ્યમત.

श्रीभगवानुवाच

अथ ते सम्प्रवक्ष्यामि सांख्यं पूर्वैर्विनिश्चितम्।
यद्विज्ञाय पुमान् सद्यो जह्याद्वैकल्पिकं भ्रमम्॥

ભગવાન્ બોલ્યા કે—હવે હું કપિલાદિક પૂર્વાચાર્યોએ નિશ્ચય કરીને કહેલું સાંખ્ય શાસ્ત્ર કહીશ. જે જાણવાથી પુરૂષ સુખ દુઃખાદિકનો તથા ભ્રાંતિનો ત્યાગ કરે છે. ૧ પ્રલયમાં તથા સત્યયુગમાં કે જેમાં લોકો બ્રહ્મવિદ્યામાં નિપુણ હતા તેમાં દ્રષ્ટા તથા દૃશ્ય, એ સર્વ બ્રહ્મમાં લીન હતું. કોઇ પણ જાતનો ભેદ ન હતો. બીજા સમયમા લોકો જ્યારે બ્રહ્મવિદ્યામાં કુશળ થાય છે ત્યારે તેઓને ભેદ રહેતો નથી. ૨ આરંભમા ભેદ રહિત તથા સત્યસ્વરૂપ વ્યાપક એવુ એક બ્રહ્મજ હતું. માયાના ફળરૂપ અજ્ઞાનને લીધે દ્રષ્ટા તથા દૃશ્ય એમ બે રૂપે થયું. ૩ તે દ્રષ્ટા તથા દૃશ્ય એવા બે પદાર્થોમાં એક દૃશ્ય તે, તે કાર્ય કારણરૂપ પ્રકૃતિ છે અને બીજો જે દ્રષ્ટા તે પુરૂષ કહેવાય છે. ૪ પરમેશ્વરે જીવોના અદૃષ્ટને લીધે પ્રકૃતિનો ક્ષોભ કર્યા, એટલે તેમાંથી સત્વ રજ અને તમ ત્રણ ગુણો થયા. ૫ તેમાંથી મહત્તત્વ થયુ, તે જ્ઞાનશક્તિ ને ક્રિયાશક્તિ એમ બે પ્રકારનું છે. મહત્તત્વ વિકાર પામતાં તેઓમાંથી જીવોને ભ્રાંતિ કરાવનારો અહંકાર ઉત્પન્ન થાય છે. ૬ અહંકાર વૈકારિક તૈજસ અને તામસ એવા ત્રણ પ્રકારનો છે. તેઓમાં વૈકારિક અહંકારમાંથી ઇંદ્રિયોના દેવતાઓ તથા મન, તૈજસ અને અહંકારમાંથી ઇન્દ્રિયો અને તામસ અહંકારમાંથી શબ્દ સ્પર્શ રૂપ રસ અને ગંધ એ પાચ તન્માત્રાઓ ઉત્પન્ન થઈ અહંકાર ચિદાભાસથી વ્યાપ્ત છે, ચિત્ તથા અચિત્ એમ બંને રૂપ છે. ૭ પાંચ મહાભૂતોનો આવરણ એવો સ્વભાવ છે, તેઓની ઉત્પત્તિ તામસ અહંકારથી થાય છે. ઇન્દ્રિયોનો પ્રવૃત્તિ કરવી એ સ્વભાવ છે, માટે તેઓની ઉત્પત્તિ, રાજસ અહંકારથી છે અને દેવોનો તથા મનનો સ્વભાવ પ્રકાશ છે; તેઓની ઉત્પત્તિ સાત્વિક અહંકારથી થાય છે. ૮ સર્વે પદાર્થો મારી પ્રેરણાથી એકઠા મળ્યા અને પોતામાં શક્તિનો આવિર્ભાવ થયો કે તેઓએ મારૂં અંતર્યામીનું ઉત્તમ સ્થાનરૂપ એવું એક ઇંડું ઉત્પન્ન કર્યું. ૯ તે ઇંડાંમાં હું નારાયણનું રૂપ ધારણ કરીને રહ્યો અને મારી નાભિમાથી સર્વ લોકના કારણ રૂપી વિશ્વ કમળ ઉત્પન્ન થયું કમળમાથી બ્રહ્મા ઉત્પન્ન થયા. રજોગુણી તથા જગતના કારણરૂપ બ્રહ્માએ મારા અનુગ્રહથી તપ કરી લોકપાળો સાથે ભુર્લોક ભુવર્લોક સ્વર્ગલોક એમ ત્રણ લોક રચ્યા. ૧૧ તેઓમા સ્વર્ગલોક દેવતાઓનું સ્થાન ભુવર્લોક ભુતાદિકનું સ્થાન ભુર્લોક મનુષ્યનું સ્થાન અને જ્ઞાનીઓનું એ ત્રણ લોકની ઉપર પરબ્રહ્મરૂપ સ્થાન થયું. ૧૨ અસુરો તથા નાગોને સમર્થ એવા બ્રહ્માએ પૃથ્વી નીચે પાતાળમાં સ્થાન રચ્યું. ત્રિગુણાત્મક કર્મ કરનારાઓની સર્વ ગતિ ત્રણ લોકમાં થાય છે, ઉપરના લોકમાં થતી નથી. ૧૩ યોગ તપશ્ચર્યા અને સંન્યાસાશ્રમ સેવવાથી મહર્લોક જનલોક તપલોક અને

‡ આ અધ્યાયમા સાખ્ય દ્વારા આત્માથી સર્વ પદાર્થોની ઉત્પત્તિ તથા તેમા સર્વનો લય થાય છે એ કથા કહેવાશે

સત્યલોકની ગતિ છે. ભક્તિ કરનારાને વૈકુંઠ લોક પ્રતિગતિ છે. હું જે કાળસ્વરૂપ તથા કર્મના ફળોનો આપનાર છું, તેની શક્તિથી જગત્ કર્મોમાં જોડાયેલું રહે છે. સંસારના ગુણપ્રવાહમાં સત્યલોક સુધી ઉત્તમ છે અને સ્થાવર સુધી નીચ ગતિ છે સર્વ ગતિઓ ચંચળ છે માત્ર વૈકુંઠલોક સ્થિર છે. ૧૫ નાનો મોટો પાતળો જાડો જે જ પદાર્થ ઉત્પન્ન થાય છે તે પ્રકૃતિથી તથા પુરૂષથી વ્યાપ્ત હોય છે. ૧૬ જે પદાર્થ જેના આ દિમાં તથા અંતમાં હોય તે તેના મધ્યમાં હોય છે, જેમ ઘડાની પૂર્વે માટી હતી અને તે ફૂટી ગયા પછી પણ માટી રહે છે, તેમ મધ્ય ભાગમા એટલે ઘડાની અવસ્થામાં પણ વસ્તુતાએ તે માટી રૂપજ થઈ રહે છે સુવર્ણના આભૂષણોમા આદિ અંતમાં સુવર્ણ હોય છે અને મધ્યમાં પણ વસ્તુતાએ સુવર્ણ હોય છે. વિકાર એટલે ઘડા ઘરેણાં વગેરે જે કંઇ પદાર્થો જોવામાં આવે છે એ વ્યવહાર છે, પરંતુ તેમાં ખરી વસ્તુ સોનું મૃતિકા વગેરે હોય છે. જગત વિકારરૂપ છે અને તે વ્યવહાર માટે છે, વસ્તુતાએ એક બ્રહ્મ સત્ય છે.૧૭ મહતત્વાદિક પોતપોતાના કાર્ય પ્રત્યે આદિ અંતરૂપ છે માટે ખરાં હોવાં જોઇએ એમ ધારવું નહિ, કારણ કે મહતત્વાદિક કારણ અહંકારાદિક કાર્યોને ઉત્પન્ન કરીને આત્માને લીધે ઉત્પન્ન કરે છે. જેમ પિંડો ઘડો ઉત્પન્ન કરે છે તે માટીને લીધે છે, પરંતુ માટી વિના નહિજ માટે આત્મા સત્ય છે. ઘડાના આદિ તથા અંત કહેવા માટીને સત્ય કહેવી પડે, પરંતુ તેથી માટી કંઇ વસ્તુતાએ સત્ય નથી. મહતત્વાદિકને તેના કાર્યોમાં આદિ અંતમાં સત્ય કહેવાં પડે છે. તે માત્ર તેના કારણરૂપે દર્શાવવા છે, પરંતુ તેથી તે કંઈ નિત્ય ઠરતાં નથી શ્રુતિએ જે જે પદાર્થોની સત્યતા કહી છે તે પરમ કારણ પરબ્રહ્મની સત્યતા કહેવાની ઇચ્છાથી છે.૧૮ કાર્યના ઉપાદાન કારણરૂપ પ્રકૃતિ પ્રકૃતિનો અધિષ્ઠાતા પુરૂષ તથા ગુણોનો ક્ષોભ કરી કાર્યોને પ્રગટ કરનારો કાળ ત્રણે મારૂં પોતાનું સ્વરૂપ છે. પ્રકૃતિ એ મારી શક્તિ છે અને પુરૂષ તથા કાળ એ મારી અવસ્થાઓ છે. ૧૯ જીવોને નાના પ્રકારના ભોગો આપવા ઉત્પન્ન થયેલી સૃષ્ટિ સ્થિતિ સુધી પિતાને પુત્રરૂપે અવિચ્છિન્ન ચાલ્યા કરે છે; તે સ્થિતિ પરમાત્માની દૃષ્ટિ રહે ત્યાં સુધી ટકી રહે છે ૨૦ જેમાં લોકોની અનેક વાર સૃષ્ટિ તથા અનેક વાર પ્રલય થાય છે એવું બ્રહ્માંડ મારી મૂર્તિરૂપ કાળના સપાટામા આવવા માડે છે, ત્યારે લોકોની સાથે વિનાશ રૂપી વિભાગને પામવા માડે છે, અર્થાત્ પાચ ભૂતો પૃથક થવા માડે છે. ૨૧ શરીર અન્નમાં લય પામે છે અન્ન બીજમાં, બીજ પૃથ્વીમાં, પૃથ્વી ગંધમા, ગંધ પાણીમાં પાણી પોતાના ગુણ રૂપ રસમાં રસ તેજમાં તેજ રૂપમાં રૂપ વાયુમાં વાયુ સ્પર્શમાં અને સ્પર્શ આકાશમાં લય પામે છે આકાશ શબ્દમાં ઇંદ્રિયો પોતાને પ્રવર્તાવનાર દેવોમાં અને હે સૌમ્ય ! દેવો પોતાના નિયન્તા વૈકારિક મનમાં લય પામે છે, શબ્દ અહંકારમાં અને સર્વ જગતને મોહિત કરવામાં સમર્થ અહંકાર મહતત્વમાં લય પામે છે. ૨૫ જ્ઞાનશક્તિ તથા ક્રિયાશક્તિવાળું મહતત્વ પોતાના કારણરૂપ ગુણોમાં ગુણો માયામા અને માયા કાળને આધીનછે તેથી વૃત્તિ રહિત થયેલા કાળમાં લય પામે છે. કાળનો માયાને ચલાવનાર પુરૂષમાં લય થાય છે, પુરૂષ પોતાની પ્રકૃતિમાં લય થઇને પૂર્ણ સ્વરૂપે આત્મામાં રહે છે અને આત્મા ઉપાધિરહિત છે, માટે કોઈમાં પણ લય ન થતાં પોતાના સ્વરૂપમાં રહે છે. જગતની સૃષ્ટિવડે તથા પ્રલયવડે આત્મા અધિષ્ઠાન રૂપે તથા અવધિ રૂપે રહે છે. ૨૭ સૂર્યોદય થતાં જેમ અંધારૂં રહે નહિ તેમ ઉપર કહ્યા પ્રમાણે હૃદયમાં વિચાર કરનારા

પુરૂષને મનમાં ભેદવાળો ભ્રમ રહેતો નથી. ૨૮ ભુત અને ભવિષ્યને જાણનારા એવા મેં સંશયરૂપી ગાઠને તોડી નાંખનારો આ સાંખ્યશાસ્ત્રનો વિચાર બીજી રીતે પ્રલયનું નિરૂપણ કરી અને ત્રીજી રીતે સૃષ્ટિનું નિરૂપણ કરી તમને કહી સંભળાવ્યો.

एष सांख्यविधिः प्रोक्तः संशयग्रंथिभेदनः। प्रतिलोमानुलोमाभ्यां परावरदृशा मया ॥

इतिश्रीमद्भागवतेमहापुराणएकादशस्कंधे चतुर्विंशोध्यायः

અધ્યાય ૨૫ મો.*

નિર્ગુણ બ્રહ્મ

શ્રીભગવાનુવાચ.

गुणानामसमिश्राणां पुमान् येन यथा भवेत् तन्मे पुरुषवर्येदमुपधारय शंसतः ॥ १ ॥

ભગવાન બોલ્યા કે—હે ઉદ્ધવ! પ્રકૃતિ ને પુરૂષ ભિન્ન ભિન્ન છે. એમ જાણવા છતા જ્યાં સુધી વિશેષ પ્રયત્નવડે ત્રણ ગુણની વૃત્તિઓ જીતાઈ ન હોય, ત્યા સુધી સુખ દુઃખ મટતાં નથી, માટે તે ગુણોની વૃત્તિઓને જીતવાનો ઉપાય જાણવો. ગુણોની વૃત્તિઓ જીતવાનો ઉપાય મારું જ્ઞાન છે. જુદા જુદા ગુણોમાંથી જે ગુણવડે પુરૂષ જેવો થાય છે, તે પણ હવે કહું છું. શમ દમ તિતિક્ષા વિવેક સ્વધર્મમા નિષ્ઠા સત્ય દયા સ્મૃતિ સંતોષ સ્વભાવ અનિચ્છા શ્રદ્ધા લજ્જા દાન સરળતા વિનય વગેરે તથા પોતાના આત્માના સ્વરૂપ ઉપર પ્રીતિ એ સત્વગુણની વૃત્તિઓ છે ૨ સ્વર્ગાદિકની ઇચ્છા યજ્ઞાદિક વ્યાપાર મદ અસંતોષ ગર્વ ધનાદિકની ઇચ્છાથી દેવાદિકની પ્રાર્થના ભેદબુદ્ધિ વિષયભોગ મદથી યુદ્ધાદિકનો આવેશ પોતાની સ્તુતિ ઉપર પ્રીતિ ઉપહાસ પરાક્રમને પ્રસિદ્ધ કરવાની ઇચ્છા બલાત્કારે ઉદ્યમ કરવો એ રજોગુણની વૃત્તિઓ છે. ૩ ક્રોધ લોભ મિથ્યા ભાષણ હિંસા યાચના દંભ શ્રમ કલહ શોક મોહ દુઃખ દીનતા આલસ્ય આશા ભય અને મૂર્ખત્વ એ તમોગુણની વૃત્તિઓ છે.૪ સત્વગુણની રજોગુણની અને તમોગુણની વૃત્તિઓ આમ છે હવે તે ત્રણે ગુણોની વૃત્તિઓ કહું તે સાંભળો ૫ હે ઉદ્ધવ! આ હું અને આ વસ્તુ મારી છે, એવી બુદ્ધિ થાય તેને ગુણોનો સન્નિપાત જાણવો. મન શબ્દાદિક વિષયો ઇંદ્રિયો તથા પ્રાણોથી જે વ્યવહાર થાય તેને સન્નિપાત કહે છે. ૬ પુરૂષ જ્યારે ધર્મમાં અર્થમા અને કામમાં તલ્લીન થાય ત્યારે તેને ગુણોનો સન્નિપાત જાણવો અને તે શ્રદ્ધા રતિ તથા ધનને આપે છે ૭ પુરૂષ જ્યારે પ્રવૃત્તિવાળા ધર્મ ઉપર નિષ્ઠા રાખે ગૃહસ્થાશ્રમ ઉપર પ્રીતિ રાખે અને નિત્ય નૈમિત્તિક ધર્મો ઉપર પ્રીતિ રાખે ત્યારે ગુણોનો સન્નિપાત થાય છે. ૮ શમ દમાદિક ગુણો ઉપરથી પુરૂષ સત્વગુણી છે એમ જાણવાનું કામાદિક વૃત્તિઓ ઉપરથી રજોગુણી અને ક્રોધાદિક ઉપરથી તમોગુણી છે એમ જાણવું. ૯ પુરૂષ જ્યારે અપેક્ષા વિનાનો થઇ પોતાનાં નિત્ય નૈમિત્તિક કર્મો કરી અને ભજે ત્યારે તેને સત્વગુણી જાણવો. ૧૦ સુખોની આશા રાખી મને સકામ કર્મોથી ભજે તેને રજોગુણી જાણવો અને કોઈની હિંસા કરીને મને ભજે ત્યારે તેને તમોગુણી જાણવો. ૧૧ સત્વ રજ તથા તમ એ ત્રણ ગુણો મારા નથી, પરંતુ જીવના છે. ગુણો પાંચ મહાભૂતોના કાર્યરૂપ ચિત્તમાથી ઉત્પન્ન થાય છે અને તેમાં આસક્ત થનારો જીવ બંધાય છે. હું ગુણોનો નિયંતા અને સૃષ્ટિનો કર્તા છું તો પણ ગુણોમાં બંધાતો નથી નિત્ય મુકત છું સર્વ કરતાં ઉત્તમ છું અને સર્વને સેવવા યોગ્ય છું. ૧૨ જ્યારે પ્રકાશમાન સ્વચ્છ તથા શાંત સત્વગુણ બીજા બે ગુણોનો પરાજય કરે છે ત્યારે સુખ ધર્મ જ્ઞાન અને શમાદિક યુકત થાય છે.૧૩ સંગ

* આ અધ્યાયમા આત્માની નિર્ગુણતા સિદ્ધ કરવા ચિતમાથી ઉત્પન્ન થયેલી સત્વાદિક વૃતિઓની કથા કહેવાય છે

ફશાવનારો લોભબુદ્ધિમાં કારણરૂપ તથા પ્રવૃત્તિના સ્વભાવવાળો રજોગુણ જ્યારે બીજા બે ગુણોનો પરાજય કરે ત્યારે પુરૂષ દુઃખ કર્મ યશ તથા લક્ષ્મીથી પૂર્ણ થાય છે વિવેકથી ભ્રષ્ટ કરનારો આવરણરૂપ અને ઉદ્યમમાં વિઘ્ન કરનારો તમોગુણ જ્યારે બીજા બે ગુણોને હરાવે ત્યારે પુરૂષ શોક મોહ નિદ્રા હિંસા અને આશાથી યુકત થાય છે. ૧૫ ચિત્ત પ્રસન્ન થાય ઈંદ્રિયો નિવૃત્તિ પામે દેહમાં અભય થાય અને મન સંગ વિનાનું થાય ત્યારે મારી પ્રાપ્તિના સ્થાનરૂપ સત્વગુણ વધ્યો એમ જાણવુ.૧૬ પુરૂષ જ્યારે ક્રિયાથી વિકાર પામી વિક્ષેપમાં પડે છે ત્યારે તેને ઉપરામ મળતો નથી કર્મેન્દ્રિયોમાં વિકાર વધી મન ભમ્યા કરે ત્યારે રજોગુણ વધ્યો એમ જાણવુ ચિદાભાસને ગ્રહણ કરવામાં અસમર્થ ચિત્ત લય પામે, સંકલ્પરૂપ મન લીન થાય અને અજ્ઞાન ઉત્પન્ન થાય તથા મનમાં ખેદ થાય ત્યારે તમોગુણની વૃધ્ધિ થઇ એમ જાણવું. ૧૮ હે ઉધ્ધવ ! જ્યારે સત્વગુણનો વધારો થાય ત્યારે દેવતાઓનું રજોગુણનો વધારો થાય ત્યારે અસુરોનું અને તમોગુણનો વધારો થાય ત્યારે રાક્ષસોનું બળ વધે છે. ૧૯ સત્વગુણથી જાગ્રત અવસ્થા રજોગુણથી સ્વપ્નાવસ્થા અને તમોગુણથી સુષુપ્તિ અવસ્થા આવે છે તે ત્રણે અવસ્થાઓમા વ્યાપ્ત ચોથું તત્વ આત્મા છે. ૨૦ બ્રહ્મવેત્તા લોકો સત્વગુણથી ઉપર ઉપરના લોકોમા જાય છે, તમોગુણથી સ્થાવર સુધીના નીચા નીચા અવતારોને પામે છે અને રજોગુણથી પાછો મનુષ્યનો અવતાર પામે છે ૨૧ સત્વગુણની વૃધ્ધિમાં મરેલાં મનુષ્યો સ્વર્ગમાં રજોગુણની વૃધ્ધિથી મરણ પામેલા નરલોકમાં તમોગુણની વૃધ્ધિ થઇ હોય ત્યારે મરણ પામેલાં મનુષ્યો નરકમા પડે છે અને નિર્ગુણ મનુષ્ય મને પામે છે. ૨૨ પોતાનું કર્મ મારી પ્રીતિ મેળવવા માટે અથવા હાસભાવથી કર્યું હોય તેને સાત્વિક કર્મ જાણવું. ફળનો સંકલ્પ કરી જે કર્મ કર્યું હોય તે રજોગુણી જાણવું, જેમાં હિંસા ઘણી આવતી હોય તે તથા જે દંભ અને મત્સરાદિકવાળું હોય તે તમોગુણી જાણવું. ૨૩ આત્મા દેહાદિકથી જુદો છે એમ જાણવું, તેને સાત્વિક જ્ઞાન જાણવું, આત્મા દેહાદિકથી જુદો નથી એમ જાણવું, તેને રજોગુણી જ્ઞાન સમજવું અને જે બાળક તથા મુંગાના જેવું પ્રાકૃત જ્ઞાન હોય તેને તમોગુણી જ્ઞાન જાણવું તથા મારા સ્વરૂપના જ્ઞાનને નિર્ગુણ જ્ઞાન જાણવું. ૨૪ વનમાં વાસ કરવો તે, સત્વગુણી ગામમાં વસવું તે, રજોગુણી જુગારખાનામા રહેવું તે તમોગુણી અને મંદિરમા રહેવું તે નિર્ગુણી જીવન ગણાય છે. ૨૫ જે ફળમાં આસક્ત ન થઇને કર્મો કરે તેને સત્વગુણી જે બહુ આસક્તિથી આંધળો થઇને કર્મ કરે છે તેને રજોગુણી જે પૂર્વાપરના પ્રસંગો ભૂલી જઇને કર્મ કરે છે, તેને તમોગુણી અને જે મારો આશ્રય ગ્રહણ કરીને નિરહંકારીપણાથી કર્મ કરે છે તેને નિર્ગુણી કર્ત્તા જાણવો. ૨૬ વેદાંતશાસ્ત્ર ઉપર શ્રદ્ધા તે સાત્વિકી, કર્મ ઉપર શ્રદ્ધા તે રાજસી અધર્મને ધર્મ માની તેની ઉપર જે શ્રદ્ધા તેને તામસી અને મારી સેવામા જે શ્રદ્ધા તે નિર્ગુણી શ્રદ્ધા જાણવી. ૨૭ જે આહાર પરિણામે હિતકારી હોય પવિત્ર હોય અને પરિશ્રમ વિના પોતાની મેળે મળી આવે તેને સાત્વિક ને જે આહાર ઈંદ્રિયોને રૂચિકારક હોય કડવો ખાટો તથા ખારો હોય, તેને રાજસ, જે આહાર દીનતાથી મળ્યો હોય અને અશુધ્ધ હોય, તેને તામસી તથા જે આહાર મને નિવેદન કરવામાં આવ્યો હોય, તેને નિર્ગુણી જાણવો ૨૮ આત્મા સર્વથી જુદો છે એમ જાણીને જે આનંદ થાય તેને સાત્વિક વિષયો સેવન કરતાં જે આનંદ થાય

તેને રાજસ મોહથી તથા દીનતાથી જે આનંદ થાય, તેને તમોગુણી અને શુદ્ધ બ્રહ્મના જ્ઞાનથી જે આનંદ થાય તેને નિર્ગુણ આનંદ જાણવો.૨૯ આહારાદિક સર્વ પદાર્થો વનાદિક સ્થાનો સુખાદિક ફળો કાળ જ્ઞાન કર્મ કર્તા શ્રદ્ધા જાગ્રદાદિક અવસ્થા દેવતા આદિક આકૃતિઓ તથા સ્વર્ગાદિકની પ્રાપ્તિ રૂપ નિષ્ઠા ત્રણ ગુણવાળાં છે. ૩૦ ઉપર કહ્યા તેટલા પદાર્થો નહિ પરંતુ પુરૂષ અને પ્રકૃતિમય જે જે પદાર્થો છે, જે પદાર્થો સાંભળવામાં આવે છે અને જે જે પદાર્થો બુદ્ધિથી વિચારવામાં આવે છે તે સર્વ બધા ત્રણ ગુણવાળા છે. ૩૧ જીવને ગુણો તથા કર્મોમાં બંધાવાથી ઉપર કહેલા અવતારો છે. જે જીવ ઉપર કહેલા ગુણો તથા કર્મોને જીતે છે.૩૨ તેઓ ભક્તિના સંબંધથી મારે વિષે નિષ્ઠાવાળા થઈ મોક્ષ પામે છે, માટે જ્ઞાન તથા વિજ્ઞાનને આપનાર દેહને પ્રાપ્ત કરી વિવેકી જનોએ ગુણોનો સંગ છોડી ભજન કરવું, વિદ્વાન મનુષ્યે ઇંદ્રિયોને જીતી સર્વનો સંગ ત્યાગ કરી તથા સાવધાન થઈ ભજન કરવુ. ૩૪ શાસ્ત્રનું ચિંતન કરનાર મુનિએ સત્વગુણની સેવા કરી તેનાથી રજોગુણનો તથા તમોગુણનો પરાજય કરવો અને ઉપશમરૂપ સત્વગુણ ધારણ કરી શાંત બુદ્ધિવાળા પુરૂષે સત્વગુણનો વિજય કરવો કે જેથી વિક્ષેપ ઉપજે નહિ. ૩૫ ગુણોથી છુટો થયેલો જીવ જીવરૂપ લિંગ શરીરમાંથી તથા ચિત્તમા ઉત્પન્ન થતા ગુણોમાથી છુટો થઇ મારા બ્રહ્મસ્વરૂપવડે પરિપૂર્ણ રહે છે, તેથી બ્હારના વિષયોનો ઉપભોગ કરતો નથી, તેમ મનથી તે સંચરતો પણ નથી.

जीवो जीवविनिर्मुक्तो गुणैश्चाशयसंभवैः ।
मयैव ब्रह्मणा पुर्णो न बहिर्नांतरश्चरेत् ॥३६॥

इतिश्रीमद्भागवतेमहापुराणएकादशस्कंधे
पंचविंशोऽध्यायः

અધ્યાય ૨૬ મો.‡

સત્સંગમાં શાંતિ છે.

श्रीभगवानुवाच

**मल्लक्षणमिमं कायं लब्ध्वा मद्धर्म आस्थितः
आनंद परमात्मानमात्मस्थं समुपैति माम १**

ભગવાન બોલ્યા કે—જેથી મારૂં સ્વરૂપ જાણવામાં આવે મનુષ્ય દેહને પામી ભક્તિ રૂપી ધર્મમાં રહે તે આત્મામાં નિયંતારૂપે રહેલા મને પામે છે. ૧ જ્ઞાનનિષ્ઠાના પ્રભાવથી ગુણમય લિંગ શરીરથી મુકત પુરૂષ મિથ્યા પ્રતીત થતાં અને માયારૂપ ગુણોમાં રહેતાં સંગને પામતો નથી. ૨ જ્ઞાની પુરૂષે પોષણ કરનાર રૂપ પુરૂષોનો કોઇ દિવસ સંગ કરવો નહિ, કારણ કે ઘણા તો શું પણ એક દુષ્ટને અનુસરનારો પુરૂષ પણ આંધળાની પાછળ હીંડનારો જેમ ખાડામાં પડે તેમ અંધતમ નામે નરકમાં પડે છે. ૩ યશસ્વી પુરૂરવા ચક્રવર્તી રાજા હતો, તે ઉર્વશીના વિરહથી મુઝાઇ ઉદાસ થયો અને પોતાનો ત્યાગ કરીને નાશી જતી ઉર્વશીની પાછળ દોડયો બહાવરો બની હે સ્ત્રી ! ઉભી રહે એમ વિલાપ કરતો તેની પાછળ દોડયો. ૫ મનુષ્ય લોકમાં ઉર્વશી પાસે રહેતી હતી ત્યારે ક્ષુલ્લક એવા વિષયો ભોગવતાં તે ધરાયો નહિ. ઉર્વશીએ પોતાનું અંતઃકરણ વશ કરેલું હોવાથી તે વર્ષમાંની કેટલી રાત્રિઓ વટી ગઇ છે અને હવે કેટલી રાત્રિઓ આવવાની છે તે પણ જાણતો ન હતો. ૬ પછી ઉર્વશીના લોકમાં જઇ વૈભવો ભોગવ્યા. રાજાને છેવટ વૈરાગ્ય આવવાથી તેણે કહ્યું કે મારા મોહનો વિસ્તાર કેવો ! ઉર્વશીએ મારા કંઠનું આલિંગન કરતાં મારૂં મન કામથી મલિન થઇ ગયું તેથી દિવસો અને રાત્રિઓ વહી ગયાં તે પણ મારા જાણવામાં આવ્યું

‡ આ અધ્યાયમા દુષ્ટના સંગથી યોગાભ્યાસમાં વિક્ષેપ થાય છે અને સાધુઓના સંગથી યોગાભ્યાસ પ્રાપ્ત થાય છે એની દ્રષ્ટાંતની કથા છે.

નહિ. ઉર્વશીથી મુગ્ધ થયેલા મેં સુર્યોદય ને સુર્યાસ્તને પણ જાણ્યા નહિ અને વર્ષો વીતી ગયાં તે પણ મારા જાણવામાં આવ્યું નહિ. ૮ મારા મનને મોહ થયો તેથી મેં રાજાના મસ્તક મણિ અને ચક્રવર્તીરૂપ મારા દેહને સ્ત્રીઓનો ક્રીડામૃગ બનાવ્યો હતો. ૯ રાજ્ય સાથે મારા ચક્રવર્તી દેહનો એક તણખલાની પેઠે ત્યાગ કરી દોડી જતી સ્ત્રીની પાછળ હું દોડયો હતો. ૧૦ તેમા પ્રભાવ બળ તથા ઐશ્વર્ય કયાંથી રહે? જેનું મન સ્ત્રીઓએ વશ કર્યું હોય તે મનુષ્યને વિદ્યાથી તપથી સંન્યાસથી શાસ્ત્ર શ્રવણથી એકાંતમાં વાસ કરવાથી કે મૌનથી કશું ફળ કદાપિ થતું જ નથી. ૧૨ સ્વાર્થનો અજાણ અને મૂર્ખ છતાં પંડિતનું અભિમાન રાખનાર મને ધિક્કાર છે, કારણ કે, મેં રાજા થઇ સ્ત્રીથી હાર ખાધી. ૧૩ મેં ઉર્વશીના અધરામૃતનું ઘણા વર્ષો સુધી પાન કર્યું તોપણ આહુતિથી જેમ અગ્નિ તૃપ્ત થાય નહિ તેમ મારી કામના તૃપ્ત થઈ નહિ. ૧૪ સ્ત્રીએ હરી લીધેલા ચિત્તને આત્મારામ એવા ભગવાન વિના બીજો કયો પુરૂષ છોડાવી શકે દેવીએ મધુર વચનોથી મને દુષ્ટ બુદ્ધિને સમજાવ્યો તોપણ ઇંદ્રિયોને આધીન થયેલો હુ મહા મોહથી દૂર ખસ્યો નહિ. ૧૬ ઉર્વશીના ઉપર દોષ મૂકું છું તે મિથ્યા છે. ઉર્વશીએ મારૂં કઈ અશુભ કર્યું નથી, પરંતુ હું મારા અજીતેન્દ્રિયપણાથી મોહ પામ્યો છું. રજ્જુના સ્વરૂપને ન જાણુનાર જેમ તેમાં સર્પ દેખે, તેમ મલિન દુર્ગંધી વગેરેથી ભરેલો અને અપવિત્ર એવો સ્ત્રીનો દેહ મેં મોહક માન્યો. સ્ત્રીઓના દેહમાં ઉત્તમ ગુણોનો અધ્યાસ અજ્ઞાનથી થયેલો છે. ૧૮ આ દેહમાં મમતા પણ માયાવડે કલ્પાયેલી છે. માતા પિતા દેહને ઉત્પન્ન કરે છે તેથી તે તેમનો છે? સ્ત્રી ભોગવે છે તેથી શું દેહ સ્ત્રીનો છે? સ્વામી દેહનું પાલન કરે માટે તે શું સ્વામીનો છે? દેહ છેવટે અગ્નિમાં હોમવામાં આવે છે, માટે શું અગ્નિનો છે? અથવા દેહને છેવટે કુતરા અને ગીધ પક્ષીઓ ખાઇ જાય છે, તેથી શું દેહ કુતરાંનો કે ગીધ પક્ષીનો છે? દેહના સુખ દુઃખનો ભોકતા આત્મા છે માટે શું ઈષ્ટ મિત્રોનો છે? નો, તે કોઇનો નથી. ૧૯ તે અપવિત્ર અને તુચ્છ પરિણામવાળા કલેવર વિષે મનોહર સુંદર નાકવાળું તથા મંદ મંદ હસતું સ્ત્રીનું મુખ જોઈને તેની ઉપર પુરૂષ બંધાય છે. ૨૦ ત્વચા માંસ રૂધિર નસો મેદ મજ્જા તથા અસ્થિથી ભરેલા દેહવિષે વિહાર કરનાર પુરૂષો વચ્ચે અને વિષ્ઠા મૂત્ર તથા પરૂમાં વિહાર કરનાર કીડાઓ વચ્ચે શું અંતર છે? ૨૧ વિવેકી પુરૂષે સ્ત્રીઓનો જેમ અંગથી સંગ કરવો નહિ તેમ સ્ત્રીલંપટ પુરૂષોનો દર્શનાદિકથી પણ સંગ કરવો નહિ, કારણ કે વિષયોના તથા ઇન્દ્રિયોના સંગથી મન ક્ષોભ પામે છે. જે વસ્તુ જોવામાં કે સાંભળવામાં આવી ન હોય તે વસ્તુની ઇચ્છા થતી નથી માટે ઈંદ્રિયોને વિષયો તરફ જતી અટકાવનાર પુરૂષનું મન સ્થિર થઈને શાંત થાય છે. ૨૩ વિવેકી પુરૂષે સ્ત્રીઓનો તથા સ્ત્રીઓના સંગીઓનો સંગ કરવો નહિ કેમકે ઇંદ્રિયો વિશ્વાસ કરવા યોગ્ય નથી.

હે ઉદ્ધવ! પછી પુરૂરવા ઉર્વશીના લોકનો ત્યાગ કરી પરમાત્માને પોતાના સ્વરૂપમાં જાણી જ્ઞાનથી મોહરહિત થઈ ઉપરામ પામ્યો. બુદ્ધિશાળી પુરૂષે નીચ લોકોનો સંગ છોડી સત્પુરૂષોનો સંગ કરવો, કારણ કે સત્પુરૂષો વચનોથી પોતાનો સંગ કરનારના મનની આસકિતને તજે છે. ૨૬ સત્સંગ તીર્થોના અને દેવતાઓના કરતા ચઢે છે. જે લોકો અપેક્ષારહિત છે મારામાં ચિત્ત રાખે છે મને પ્રણામ કરે છે, સમદૃષ્ટિવાળા છે અહંતા મમતાથી રહિત છે, સુખ દુઃખાદિકથી રહિત છે તથા કોઈ પણ જાતનો પરિગ્રહ કરતા નથી તેઓને સત્પુરૂષો જાણવા.

૨૭ ભાગ્યશાળી પુરૂષોમાં નિત્ય મારી કથાઓ ચાલે છે. એ હિતકારી કથાઓ શ્રવણ કરનાર મનુષ્યોના પાપને ટાળે છે. ૨૮ મને પરાયણ જેઓ શ્રદ્ધાથી તે કથાઓ સાંભળે છે અને ગાય છે તેઓને ભકિત ઉપજે છે. જે પુરૂષને અનંત ગુણવાળા આનંદ તથા અનુભવરૂપ પરબ્રહ્મની ભકિતનો લાભ થાય છે, તે મહાત્મા પુરૂષને કંઇ પણ અલભ્ય રહેતું નથી. ૩૦ અગ્નિદેવની સેવા કરનાર પુરૂષની જેમ ટાઢભય અને અંધારૂં ત્રણેનો નાશ થાય છે, તેમ સાધુ પુરૂષોની સેવા કરનારની કર્મમાં જડતા આગામી જન્મનો ભય અને તેના મૂળરૂપ અજ્ઞાન સર્વ દૂર થાય છે.૩૧ પાણીમાં ડબકાં ખાતા પુરૂષોને જેમ નૌકા પરમ આશ્રય છે, તેમ સંસારરૂપી સાગરમાંથી બહાર નિકળવા ઈચ્છતા પુરૂષોને શાંત એવા બ્રહ્મવેત્તા પુરૂષો પરમ ગતિરૂપ છે. ૩૨ જેમ પ્રાણીઓને જીવનરૂપ અન્ન રક્ષણ છે, જેમ દુઃખીઓનું હું શરણ છું તથા મનુષ્યોને મરણ પછી જેમ ધર્મરૂપી ધન છે, તેમ સંસારરૂપી સમુદ્રમાં પડવાથી ભયાર્ત સત્પુરૂષો રક્ષણ કરનાર છે. ૩૩ સૂર્ય ઉદય પામે છે ત્યારે ચક્ષુરિન્દ્રિયને સતેજ કરે છે પરંતુ સત્પુરૂષો સગુણ તથા નિર્ગુણ જ્ઞાનરૂપી ઘણી આંખો મનુષ્યને આપે છે, માટે સત્પુરૂષો દેવતા તથા બાધવરૂપ છે સત્પુરૂષો આત્મારૂપ તથા મારારૂપ પણ છે. જ્ઞાન થયા પછી પુરૂરવાએ ઉર્વશીના લોકની ઈચ્છાનો ત્યાગ કર્યો અને સર્વ વસ્તુનો સંગ છોડી આત્મામાં આનંદ માની પૃથ્વી ઉપર ફરવા માંડ્યું. ૩૫

वैतसेनस्ततोप्येवमुर्वश्या लोकनिस्पृहः ।
मुक्तसंगो महीमेतामात्मारामश्चचार ह ३६

इतिश्रीमद्भागवतेमहापुराणेएकादशस्कंधे षड्विंशोध्यायः

અધ્યાય ૨૭ મો.‡

ભગવાનની પૂજાનો વિધિ.

उद्धवउवाच

क्रियायोगं समाचक्ष्व भवदाराधनं प्रभो ।
यस्मात्त्वां य यथार्चंति सात्वता सात्वतर्षभ ॥

ઉદ્ધવે પૂછ્યુ કે—હે પ્રભુ ! ભક્ત લોકો જે માટે તમારૂ પૂજન કરે છે, તે, તેનું કારણ તેનો વિધિ તથા પૂજા કરવાનો પ્રકાર વગેરે મને કહો ૧ નારદ વેદવ્યાસ તથા અંગિરાના પુત્ર બૃહસ્પતિ આપની પૂજા મનુષ્યોનું ઉત્તમોત્તમ કલ્યાણ કરે છે, એવુ વારવાર કહે છે ૨ બ્રહ્માએ તમારા મુખકમળથી સાભળેલો પૂજાનો વિધિ ભૃગુ પ્રમુખ પુત્રોને કહ્યો હતો ને શકરે દેવી પાર્વતીને કહ્યો હતો તેજ આપ મને કહો. સર્વ વર્ણોને આશ્રમોને સ્રીઓને તથા શૂદ્રોને માટે એ વિધિ કલ્યાણ કારક છે. હે વિશ્વના ઇશ્વરના પણ ઇશ્વર ! મને પ્રેમી ભક્તને તે કર્મના બંધનને તોડી નાંખનારો પૂજાનો વિધિ કહો.

ભગવાન બોલ્યા કે—હે ઉદ્ધવ ! કર્મકાંડરૂપી ભગવાનની પૂજાનો વિધિ અનંત છે, તે કહેવા માડું તો તેનો પાર પણ આવે નહિ, માટે સંક્ષેપમા કહી બતાવુ છું. ૬ વૈદિક તાત્રિક તથા મિશ્ર એમ ત્રણ પ્રકારે મારી પૂજા થાય છે તે ત્રણમાંથી જે વિધિ સારો લાગે તેથી મારૂં પૂજન કરવું. પુરૂષ જ્યારે વેદમાં કહેલા વિધિ પ્રમાણે દ્વિજ થાય છે ત્યારે ભક્તિથી તથા શ્રદ્ધાથી મારી પૂજા કરે છે. મનુષ્યે ભક્તિસપન્ન થઇ ગુરૂરૂપ જે હું તેની નિષ્કપટપણાથી પૂજાના પદાર્થોવડે મૂર્તિમાં પૃથિવીમાં અગ્નિમાં સૂર્યમાં પાણીમાં હૃદયમાં અથવા બ્રાહ્મણ કલ્પનામા મારી પૂજા કરવી. ૯ પૂજા કરનાર પુરૂષે પ્રથમ અંગોની શુદ્ધિ માટે નહાવું. વૈદિક તથા તાંત્રિક મત્રો ભણી માટી વગેરે લઇ હાથ પગ તથા

‡ આ અધ્યાયમા ચિત્તને શુદ્ધ કરનારી સર્વે ફળોના કારણરૂપ પૂજનો પ્રકાર કહેવામાં આવે છે.

અંગોને શુદ્ધ કરી નહાવું. ૧૦ ઇશ્વરમાં સંકલ્પ કરનાર પુરૂષે વેદમાં સંધ્યોપાસનાદિક કર્મો અવશ્ય કરવાં. તે કર્મો કરવાં અને તેની સાથે કર્મોનાં બંધનનો નાશ કરનારી પૂજા કરવી ૧૧ દેવતાની પ્રતિમા શિલાની કાષ્ઠની ધાતુની માટીની ચંદનાદિકની ચિત્રની રેતીની મણિની તથા માનસિક, એમ આઠ પ્રકારની છે, તેમાંથી હૃદયમાં પૂજા કરવી હોય તો માનસિક મૂર્તિની પૂજા કરવી. ૧૨ સ્થિર ને ચળ બે પ્રકારની મારી મૂર્તિઓ છે, તેમાં પ્રાણપ્રતિષ્ઠા કરવી. હે ઉદ્ધવ ! સ્થિરમૂર્તિની પૂજા કરવી હોય તો તેનું આવાહન તથા વિસર્જન કરવાં તેમાં પણ શાલિગ્રામ માટે નહિ રેતીની મૂર્તિઓમાં આવાહનાદિક કરવા અને બીજી મૂર્તિઓમાં ન કરે તોપણ ચાલે. પૃથ્વીમાં પૂજા કરવી હોય તો આવાહન વિસર્જન બન્ને કરવાં. માટીની અને ચિત્ર વિના બીજી મૂર્તિઓને નવરાવવી અને મૃત્તિકા આદિકની મૂર્તિઓને સ્નાનને ઠેકાણે માર્જન કરવું. ૧૪ ભક્તે અત્યંત શોભાયમાન પદાર્થોવડે મારી મૂર્તિ વગેરેમાં પૂજા કરવી અને નિષ્કામ ભક્તે જેવા મળે તેવા પદાર્થોથી પૂજા કરવી. જ્યાં ચંદનાદિક પદાર્થો મળતા ન હોય ત્યાં પૂજાના પદાર્થોની ભાવના કરીને તેમ કરવું. હૃદયમાં પૂજા કરવી હોય તો મનોમય પૂજા કરવી. ૧૫ હે ઉદ્ધવ ! સ્નાન તથા આભૂષણોની ઇચ્છા હોય તો ધાતુ વગેરેની મૂર્તિ કરવી. પૃથ્વી ઉપર પૂજા કરવી હોય તો જુદાં જુદાં સ્થાનોમા અંગ તથા પ્રધાન દેવતાઓની મંત્રોથી સ્થાપના કરવી અગ્નિમાં પૂજા કરવી હોય તો અગ્નિમાં હવિ હોમવું. ૧૬ સૂર્યની પૂજા કરવી હોય તો ઉપસ્થાન તથા અર્ઘ્યાદિકથી કરવી, પાણીમાં કરવી હોય તો તર્પણ વગેરેથી કરવી. ભક્તજન શ્રદ્ધાથી મને પાણી અર્પણ કરે તોપણ પ્રિય લાગે છે. ૧૭ ભક્તિહીન મનુષ્ય ગંધ ધૂપ પુષ્પ દીપ અને અન્નાદિક પદાર્થો અર્પણ કરે તોપણ મને પસંદ પડતા નથી. પૂજા કરનારાએ નાહીને શુદ્ધ થવું, સર્વ સામગ્રીઓ એકઠી કરી પાસે રાખવી, પૂર્વ દિશા તરફ મુખ રહે એવા દર્ભોનું આસન પાથરી પૂર્વ દિશા તરફ મુખ કરી બેસવું અને પૂજાનો આરંભ કરવો. જો સ્થિર મૂર્તિની પૂજા કરવી હોય તો મૂર્તિની સન્મુખ બેસવું અને પછી પૂજાનો આરંભ કરવો. ૧૮ આરંભમાં ગુરૂ આદિ વડીલ જનને પ્રણામ કરવા પછી ન્યાસ કરીને મૂર્તિ ઉપરથી નિર્માલ્ય વગેરે ઉતારી હાથવતે તેને સ્વચ્છ કરવી. પાણીથી ભરેલા કુંભને તથા પ્રોક્ષણ પાત્રને ચંદન પુષ્પાદિકથી સંસ્કાર કરવો. ૨૦ પ્રોક્ષણ પાત્રના પાણીથી પૂજાના સ્થાનને તેમજ પદાર્થોને તથા પોતાના શરીરને પ્રોક્ષણ કરી પાદ્ય, અર્ઘ્ય અને આચમન માટે તૈયાર કરેલાં ત્રણ પાત્રો ભરવાં. પાદ્યના પાત્રમાં સામો ધ્રો કમળ તથા માટી અર્ઘ્યના પાત્રમાં ગંધ પુષ્પ અક્ષત યવ, દર્ભના અગ્રભાગ, તલ, સર્ષવ અને ધ્રો તથા આચમનના પાત્રમાં જાઈ, લવિંગ તથા કંકોલ રાખવાં. ૨૧ આચાર્યે પાદ્યના પાત્રને હૃદયના મંત્રથી અર્ઘ્યપાત્રને મસ્તકના મંત્રથી તથા આચમનીય પાત્રને શિખાના મંત્રથી મંત્રી ગાયત્રીવડે અભિમંત્રણ કરવું ૨૨ કોઠામાં રહેલા વાયુથી દેહનું શોષણ કરી આધારચક્રમાં રહેલા અગ્નિથી બાળી નાંખી, લલાટમાં રહેલા ચંદ્રમાના અમૃતથી ભીંજવીને અમૃતમય કરવું. પછી દેહના હૃદયકમળમાં રહેલી નારાયણની મૂર્તિનું ધ્યાન ધરવું જે મૂર્તિનું ધ્યાન સિદ્ધ લોકો પ્રણવના અકાર ઉકાર મકાર તથા બિંદુની પછી અનુરણનાત્મક નાદના છ દમાં કરે છે. ૨૩ ઘર જેમ દીપ પ્રભાથી શોભે તેમ પોતાના સ્વરૂપની ભાવનાથી ચિંતવેલી મૂર્તિ દેહમાં વ્યાપી જાય, એટલે માનસિક પૂજાના ઉપ-

ચારેથી પૂજા કરવી અને તન્મય થઈ જવું. મૂર્તિ આદિકમાં તેનું આવાહન કરી અંગન્યાસ વગેરે કરીને પૂજન કરવું. ૨૪ ધર્માદિક આઠથી તથા નવ શક્તિઓથી આસન ગોઠવવું. ધર્મ જ્ઞાન વૈરાગ્ય અને ઐશ્વર્યથી, આસનના ચાર ખુણાઓ પર પાયા કલ્પવા, અધર્મ અજ્ઞાન અવૈરાગ્ય અને અનૈશ્વર્ય એ પૂર્વાદિક દિશાઓમાં આસનોનાં ઈસ ઉપળાં વગેરે અવયવો કલ્પવા. ત્રણ ગુણોને તેની પાટી કલ્પવી અને તેની પૂર્વાદિક દિશાઓમાં તથા મધ્યભાગમાં વિમલા ઉત્કર્ષણી જ્ઞાતા ક્રિયા યોગા પ્રહ્વી સત્યા ઈશાના તથા અનુગ્રહા નામની નવ શકિતઓની કલ્પના કરવી. આસન ઉપર આઠ દલવાળા તથા ઉજ્જવળ કમળની કલ્પના કરવી વેદ ને તંત્રમાં કહેલા ભોગ અને મોક્ષના લાભ માટે પાદ્ય આચમન તથા અર્ઘ આદિક ઉપચારો અર્પણ કરવા. ૨૬ સુદર્શન પાંચજન્ય ગદા ખડગ બાણ ધનુષ હલ મુસલ કૌસ્તુભ માળા તથા શ્રીવત્સની પૂજા કરવી. સુદર્શનાદિક આઠ દિશામાં અને કૌસ્તુભાદિક ત્રણ આભૂષણોની વક્ષઃસ્થળમાં પૂજા કરવી. ૨૭ નંદ સુનંદ ગરૂડ પ્રચંડ ચંડ મહાબળ બળ કુમુદેક્ષણાદિ પાર્ષદોની આઠ દિશામાં ગરૂડની સંમુખ પૂજા કરવી. ૨૮ અર્ધ્યાદિકથી ચાર ખુણાઓમાં દુર્ગા વિનાયક વ્યાસ અને વિશ્વક્સેનની વામભાગમાં ગુરૂઓની અને પૂર્વાદિક દિશાઓમાં ઇન્દ્રાદિક ચાર લોકપાલોની પૂજા ભગવાનની સંમુખ કરવી ૨૯ વૈભવ હોય તો ચંદન અગર વાળો કપુર તથા કેસરથી સુવાસિત કરેલા જળવડે ભગવાનને નવરાવવા. ૩૦ સુવર્ણ ધર્મ અનુવાક મહાપુરૂષવિદ્યા પુરૂષસુક્ત નીરાજન અને રૌહિણ વગેરે સામ મંત્રો ભણવા. ૩૧ મંત્રોથી નવરાવ્યા પછી પ્રેમપૂર્વક વસ્ત્ર ઉપવીત આભૂષણ માળા તથા સુગંધી ચંદનાદિકનો લેપ કરી શ્રદ્ધાથી પાદ્ય આચમન ગંધ પુષ્પ અક્ષત ધૂપ દીપ તથા નૈવદ્યો અર્પણ કરવાં. ૩૩ સંપત્તિ હોય તો ગોળ દુધપાક ઘી પુરી લાડુ કંસાર દહિં અને દાળનું નૈવદ્ય ધરવું. ૩૪ અભ્યંગ મર્દન અરીસો દાતણ પંચામૃતનું નાવણ ભક્ષ્ય ભોજ્ય ધરવાં તથા ગાયન નૃત્ય વગેરે કરવાં, ધન હોય તો નિત્યે એ પ્રમાણે કરવું. ૩૫ ફળની ઇચ્છાવાળાએ અગ્નિમાં પૂજા કરવી.

શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે મેખલા ગર્ત તથા વેદી સાથે કુંડ કરી અગ્નિ પધરાવી તે પ્રજ્જવલિત થાય એટલે એકઠો કરવો. ૩૬ દર્ભવડે પરિસ્તરણ કરી ચારે તરફ પ્રોક્ષણ કરવું. વ્યાહુતિઓ ભણીને સમિધ નાખવારૂપી અન્વાધાન કરવું અગ્નિના ઉત્તર ભાગમાં સર્વ સામગ્રીઓ મૂકી પ્રોક્ષણીથી પ્રોક્ષણ કરી અગ્નિમાં મારૂં ધ્યાન કરવું. ૩૭ તપાવેલા સુવર્ણ સમાન કાંતિવાળા શંખ ચક્ર ગદા અને કમળથી શોભાયમાન ચાર બાહુવાળા શાંત સ્વરૂપ પીળાં વસ્ત્ર ધારણ કરનાર ચળકાટ મારતા મુગટ કડાં કંદોરા અને બાજુબંધથી શોભતા વક્ષઃસ્થળમાં શ્રીવત્સને ધારણ કરનાર કંઠમાં કૌસ્તુભ મણિ ધારણ કરનાર તથા વનમાળાવાળા રૂપનું ધ્યાન કરતાં લાકડાં અગ્નિમાં નાંખવાં, ઘીની ધારાવાડી કરીને બે આધાર તથા બે આજ્ય ભાગ અષ્ટાક્ષર મંત્રવડે તથા પુરૂષ સુકતવડે પ્રત્યેક ઋચાઓએ આહુતિ લઇને ધર્માદિક દેવતાઓને ઉદ્દેશી અનુક્રમે સ્વાહા જેના અંતમાં હોય એવાં નામોથી હવિ હોમવું. સ્વિષ્ટકૃત હોમ કરીને પછી અગ્નિમાં રહેલા અંતર્યામી ભગવાનનું પૂજન અને નમસ્કાર કરીને પાર્ષદોને બળિદાન આપવું. નારાયણ સ્વરૂપ પરબ્રહ્મનું સ્મરણ કરી મૂળ મંત્રનો જપ કરવો. ૪૨ ભગવાન ભોજન કરી રહ્યા એવું ધ્યાન કરી તેમને આચમન કરાવી ઉચ્છિષ્ટ હોય તે વિશ્વક્સેનને અર્પણ કરવાની કલ્પના કરી, પછી પોતે ભોજન

કરવું. સુગંધી તામ્બુલ વગેરે મુખવાસ અર્પણ કરને પુષ્પાંજલિથી પૂજન કરવું ૪૩ ગાતાં સ્તુતિ કરતાં નાચતાં મારા કર્મોનો પોતાને વિષે આવિર્ભાવ કરતાં તથા કથાઓ સાંભળતાં અને સંભળાવતાં વ્યગ્રપણાને દૂર કરી પ્રતિ દિવસ બે ઘડી અવકાશ લેવો, અર્થાત્ બે ઘડી વ્યગ્રપણાનો ત્યાગ કરી ગીતાદિકનો પાઠકરવો. પુરાણોકત સ્તોત્રોથી કે ભાષાનાં ભજનોથી સ્તુતિ કરી, હે ભગવન! પ્રસન્ન થાઓ. એમ કહીને દંડવત પ્રણામ કરવા ચરણમાં મસ્તક મૂકી કહેવું કે, હે ઈશ્વર! હું મૃત્યરૂપી મગ્ધર વાળા સંસારસાગરથી ભય પામી તમારે શરણે આવ્યો છું, મારૂં રક્ષણ કરો. ૪૬ આ પ્રમાણે પ્રાર્થના કરી મેં આપેલું મારૂં નિર્માલ્ય મસ્તક ઉપર ચઢાવી જો મારૂં વિસર્જન કરવાનું હોય તો પ્રતિમામાં જે જ્યોતિઃસ્વરૂપનું આવાહન કર્યું હોય તેનું પાછું હૃદયમાં રહેલા જ્યોતિમાં વિસર્જન કરવું. ૪૭ જ્યારે મૂર્તિ ઉપર શ્રદ્ધા ઉત્પન્ન થાય ત્યારે મારી પૂજા કરવી કારણ કે, સર્વના આત્મારૂપ હું સર્વ પદાર્થોમાં સર્વ પ્રાણીઓમાં રહેલો છું ૪૮ વૈદિક અને તાંત્રિક પૂજનના વિધિઓથી જે પુરૂષ મારી પૂજા કરે છે તે પુરૂષ આ લોકમાં તથા પરલોકમાં મારી પાસેથી ઈચ્છાનુસાર સિદ્ધિ મેળવે છે. ૪૯ સમથ પુરૂષે મારી મૂર્તિનું સ્થાપન કરી એક સુંદર મંદિર બંધાવવું તથા નિત્યની પૂજાઓમાં પર્વણીના દિવસોમાં લોકોના મોટા મેળાઓમાં તથા વસંતાદિકના ઉત્સવોમાં ઉપયોગી થઈ પડે તેવી સુંદર વાડીઓ તથા ક્ષેત્રો મને અર્પણ કરવાં. ૫૦ પર્વના દિવસોમાં તથા પ્રતિ દિવસ પૂજા ભોગ વગેરે ચાલુ રહેવા ક્ષેત્રો, દુકાનો ગામડા અને નગરો મંદિરમાં અર્પણ વગેરે કરવાં. મારી પ્રતિષ્ઠા કરવાથી ચક્રવર્તી થવાય છે. મંદિરમાં ક્ષેત્રાદિક આપવાથી ત્રણ લોકનું રાજ્ય પૂજાદિક કરવાથી મારા સમાન થવાય છે. ૫૨ જે પુરૂષ નિષ્કામ ભક્તિયોગથી મારી પૂજા કરે છે તે મને પામે છે. ૫૩ જે મનુષ્ય દેવતા અને બ્રાહ્મણને પોતે આપેલી અથવા બીજાઓએ આપેલી આજીવિકા હરી લે તે એક લાખ વર્ષ સુધી નરકમાં રહે છે. ૫૪ આવાં કર્મોનું જે ફળ મળે તે કર્તાને, સહાય કરનારને પ્રેરણા કરનારને તથા અનુમોદન આપનારાને મૃત્યુ પછી પરલોકમાં મળે છે. કારણ કે, તે સર્વે કર્મના ભાગી છે. જેણે વિશેષ સત્કર્મ કર્યું હોય તેને તેનું ફળ અધિક મળે છે. ૫૫

कर्तुश्च सारथेर्हेतोरनुमोदितुरेव च ।
कर्मणां भागिनः प्रेत्य भूयो भूयसि तत्फलं ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेएकादशस्कंधे सप्तविंशोध्यायः

અધ્યાય ૨૮ મો.†

જ્ઞાનયોગનો મહિમા.

श्रीभगवानुवाचः

परस्वभावकर्माणि न प्रशंसेन गर्हयेत् ।
विश्वमेकात्मकं पश्यन् प्रकृत्या पुरुषेण च ॥

ભગવાન બોલ્યા કે—હે ઉદ્ધવ! આ વિશ્વ પ્રકૃતિ ને પુરૂષરૂપે છે, એમ જાણીને પુરૂષે બીજાના શાંત અથવા ઘોર સ્વભાવનાં વખાણ કે નિંદા કરવી નહિ અને બીજાનાં શાંત અથવા ઘોર કર્મોનાં વખાણ કે નિંદા પણ કરવી નહિ ૧ જે મનુષ્ય બીજાના સ્વભાવનાં અને કર્તવ્યનાં વખાણ અને નિંદા કરે તે દ્વૈતનો અભિમાની હોવાથી સ્વાર્થથી ભ્રષ્ટ થાય છે. ૨ જેમ ઇન્દ્રિયો નિદ્રાથી પરાજય પામે ત્યારે દેહમાં રહેલો જીવ મનવડે સ્વપ્નરૂપ માયાને જુવે છે અને મનનો લય થયા પછી બેભાન થઇ મૃત્યુને અથવા સુષુપ્તિને પામે છે, તેમ ભેદબુદ્ધિ પુરૂષ પ્રથમ વિક્ષેપને અને પછી લયને પામે છે. જાગ્રદવસ્થાનો અભિમાની વિશ્વાત્મા જેમ સુષુપ્તિ

† આ અધ્યાયમાં જ્ઞાનયોગના મહિમાનું સંક્ષેપથી વર્ણન કરેલું છે.

અવસ્થાના અભિમાની પ્રાજ્ઞના સંબંધને લીધે ભોગ ભ્રષ્ટ થાય છે, તેમ આત્મા અનાત્મ વસ્તુના સંબંધથી સ્વસ્વરૂપમાંથી દૂર થાય છે. દ્વૈત વસ્તુ મિથ્યા છે માટે સારૂં શું, અને નરતું શું, તેમ કેટલું સુખ, અને કેટલું દુઃખ, કંઇ નહિ, કારણ કે, વાણીથી જે કઇ બોલાય મનથી જે કંઇ વિચારમાં આવે અને ઇન્દ્રિયોથી જે કંઇ જોવામાં તથા જાણવામાં આવે તે સર્વ મિથ્યા છે ૪ જેમ રજ્જુમાં દેખાતા સર્પ વગેરે પદાર્થો વસ્તુતાએ ખોટા છે છતાં ભય વગેરે આપે છે, તેમ દેહાદિક પદાર્થો પણ મિથ્યા છે. તેઓ જ્યાં સુધી લય પામ્યા નથી ત્યાં સુધી ભય ઉપજાવે છે. વિશ્વ સર્જાય છે અને જે સર્જે છે જે રક્ષાય છે અને જે રક્ષે છે, જે સંહારે છે જે સંહાર કરે છે. તે સર્વ આત્મા છે આ જગતના આત્મા ઇશ્વર અને પ્રભુ છે ૬ જગતનો એવો કોઇ પણ પદાર્થ નથી, કે જે સર્વથી જુદા એવા પરમાત્માથી જુદો નિરૂપણ કરવામાં આવ્યો હોય. સર્વ પદાર્થો પરમાત્માથી વ્યાપ્ત છે, છતા અધ્યાત્મ અધિદૈવ અને અધિભૂત એમ ત્રણ પ્રકારની પ્રતીતિ થાય છે તેનું કેમ ? આમ કોઇને શંકા થાય તેના ઉત્તરમાં કહેવાનું કે તે પ્રતીતિ નિર્મૂળ છે, એમ નિશ્ચય કરેલો છે અધ્યાત્માદિક ત્રણ પ્રકારનું ગુણમય જગત આત્મામાં હોય, એવું જે ભાસે છે તે માયાને લીધે ભાસે છે ૭ જે પુરૂષ મેં કહેલા અજ્ઞાનની તથા વિજ્ઞાનની કુશળતાને જાણે છે તે પુરૂષ કોઇની નિંદા કરતો નથી, તેમ કોઇની સ્તુતિ કરતો નથી, પરંતુ સૂર્ય સમાન થઈ લોકમાં ફરે છે. ૮ જ્ઞાની પુરૂષે ઘટાદિક પદાર્થોને પ્રત્યક્ષ પ્રમાણથી આદિ અંતવાળા જાણી પૃથ્વી આદિક સાવયવ પદાર્થોને અનુમાનવડે આદિ અંતવાળા જાણીને, આકાશ આદિક પદાર્થોને વેદવડે આદિ અંતવાળા જાણી અને બીજા પદાર્થોને પોતાના અનુભવવડે આદિ અંતવાળા જાણી જે આદિ અને અંતવાળું હોય તે મિથ્યા હોય એવું નિશ્ચય કરી સર્વ સંગનો ત્યાગ કરી આલોકમાં ફરવું. ૯

ઉદ્ધવ—હે ઇશ્વર ! તમે કહ્યું કે, આત્મા સ્વયંપ્રકાશ છે અને દેહાદિક દ્વૈત પદાર્થ જડ છે ત્યારે સંસારની પ્રતીતિ કેમ ઘટે ? આત્મા સ્વયંપ્રકાશ અને ચૈતન્ય છે તેમાં સંસારની પ્રતીતિ ઘટતી નથી તેમાં દેહાદિક જડ છે, તેમાં પણ સંસારની પ્રતીતિ ઘટતી નથી; સંસાર પ્રત્યક્ષ દેખાય છે માટે સંસાર કોનો છે ? ૧૦ આત્મા અવિનાશી, રાગાદિક ગુણરહિત પુણ્યપાપરહિત સ્વયં પ્રકાશ તથા માયારહિત અને જડ છે. આત્મા અગ્નિસમાન છે અને દેહ કાષ્ઠના જેવો છે, તેમાં શાને સંસાર કહેવો તે કહો. ૧૧

ભગવાન—આત્માને અજ્ઞાનને લીધે જ્યાં સુધી દેહ ઇંદ્રિયો પ્રાણની સાથે સંબંધ રાખે ત્યાં સુધી તે મિથ્યા છતાં સત્ય લાગે છે. ૧૨ વિષયોનું ધ્યાન કરતા પુરૂષને સ્વપ્નાવસ્થામાં વિષયો મિથ્યા છતાં તેનાથી જેમ અનર્થ થાય છે, તેમ વિષયોનું ચિંતન કરનાર પુરૂષને સર્વ પદાર્થો મિથ્યા છતાં સંસાર ટળતો નથી. ૧૩ નિદ્રાવશ મનુષ્યને જેમ સ્વપ્ન ઘણા અનર્થો કરે છે, પરંતુ જાગ્રત થયેલાને મોહ કરી શકતા નથી તેમ દેહાદિક મિથ્યા પદાર્થો અજ્ઞાનીને અનર્થો કરે છે પણ જ્ઞાનીને મોહ ઉપજાવી શકતા નથી. ૧૪ શોક હર્ષ ભય ક્રોધ લોભ મોહ સ્પૃહા તથા જન્મ અને મરણ અહંકારને લીધે થાય છે. આત્માને તે જોવામાં કે જાણવામાં આવતાં નથી જો તે આત્માના ધર્મ હોય તો સુષુપ્તિ સમાધિ વગેરેમાં દેખાવા જોઇએ. આત્માને સુષુપ્તિ અવસ્થામાં ' હું સુખી છું ' એવી પ્રતીતિ થાય છે, પરંતુ ચૈતન્ય સુખી છે એવી પ્રતીતિ થતી નથી. સુખાદિક કૃશત્વાદિકની પેઠે દૃશ્ય પદાર્થો તેઓને પણ દ્રષ્ટા

આત્માના ધર્મ સંભવતા નથી ૧૫ જ્યારે અહંકારને સંસાર છે ત્યારે મુક્તિ અહંકારને થવી જોઇએ અને મુક્તિમાં અહંકારની સ્થિતિ માનવાનો પ્રસંગ આવે નહિ ત્યારે, અહંકાર આત્માથી ભિન્ન નથી પરંતુ આત્મામાં તેની કલ્પના છે. તેની નિવૃત્તિ થાય કે આત્માની મુક્તિમાં સ્થિતિ થાય છે? આત્મા દેહમાં રહેનારો જીવ છે તે દેહ ઇંદ્રિયો પ્રાણ તથા મનનું અભિમાન ધરાવે છે ગુણ અને કર્મ તેની મૂર્તિઓ છે અને સ્થૂલ, મહતત્ત્વ અને અહંકારાદિક નામોથી સંસારમાં ઘણી રીતે બોલાય છે. તે ઈશ્વરને આધીન રહીને સંસારમાં ભટકે છે મન વચન પ્રાણ શરીર તથા કર્મ મિથ્યા છે છતાં દેવાદિકના દેહરૂપે ઇંદ્રજાળની પઠે અનેક રૂપે ભાસે છે, ગુરૂની ઉપાસનારૂપી જ્ઞાનરૂપી તરવારવડે તેને કાપી નાંખી તૃષ્ણારહિત થઇ વિવેકી પુરૂષ સંસારમાં ફરે છે. ૧૭ જ્ઞાનને વિવેક જાણવો અને તે વિવેક વેદ સ્વધર્મ પોતાનો અનુભવ ગુરૂનો ઉપદેશ તથા તર્કથી થાય છે. આદિમાંને અંતમાં જે છે તે જ મધ્યમાં છે અને તે વસ્તુ જગતને પ્રકાશ આપનાર તથા કારણરૂપ બ્રહ્મ છે જગત તેનું રૂપ છે, તેનાથી ભિન્ન નથી, નિશ્ચયપૂર્વક વિવેક થવો તે જ્ઞાન કહેવાય છે. કુંડલાદિકના આકારમાં ન આવેલું સુવર્ણ આદિમાં અને અંતમાં હોય છે, મધ્ય ભાગમાં કુંડલાદિક નામો વ્યવહારમાં આવે છે, તેમ જગતના આદિમાં તથા અંતમાં હું છું, તે મધ્યમાં અનેક નામોથી વ્યવહારમાં બોલાઉં છું ૧૯ જાગ્રત આદિ ત્રણ અવસ્થાવાળું મન તેના કારણરૂપ ગુણો ગુણોના કાર્યરૂપ ઇંદ્રિયો, દેવતાઓ અને પાંચભૂત આખું વિશ્વ જ્ઞાનના અન્વયથી પ્રકાશે છે અને જે જ્ઞાન વિશ્વના અભાવમાં તથા સમાધિ આદિકમાં પ્રકાશે છે, તેજ તુરીય તત્ત્વરૂપ જ્ઞાનને સત્ય જાણવું. ૨૦ જે કાર્ય ઉત્પત્તિ પહેલાં ન હોય તથા નાશ પછી પણ ન હોય, તે કાર્ય મધ્યમાં પણ પોતાના કારણથી જુદું હોતું નથી, કિંતુ વ્યવહારમાં નામ રૂપવાળું છે જે કાર્યને જે કારણે પ્રકાશ કર્યું હોય તે કાર્ય કારણરૂપ છે, આવો મારો વિચાર છે જેમ ઘટાદિક કાર્યો તથા પ્રકાશ્ય પદાર્થો પોતાનાં કારણ તથા પ્રકાશક મૃત્તિકાથી ભિન્ન નથી, તેમ જગત જે કાર્ય અને પ્રકાશ્ય છે તે પણ કારણ અને પ્રકાશક પરબ્રહ્મથી ભિન્ન નથી. ૨૧ વિકારના સમૂહરૂપ જગત જે પૂર્વે ન હતું તે પાછળથી રજોગુણદ્વારા બ્રહ્મના કાર્યરૂપે થયું અને બ્રહ્મવડે પ્રકાશે છે. બ્રહ્મ પોતે સ્વતઃસિદ્ધ છે તથા વિશ્વને પ્રકાશ કરનારૂં છે માટે પરબ્રહ્મ ઇંદ્રિયો તન્માત્રાઓ મન દેવતાઓ તથા પાંચભૂતો વગેરે વિચિત્ર પ્રકારે ભાસે છે. ૨૨

પરબ્રહ્મ વિવેકના સાધનરૂપ વેદાદિકથી દેહાદિક અનિત્ય પદાર્થોના નિરાસથી તથા કુશળ ગુરૂથી આત્મસ્વરૂપના સન્દેહને ટાળી આત્મસ્વરૂપના આનન્દથી સંતુષ્ટ થઇ સર્વ ઇંદ્રિયોનો સંગ તજવો. ૨૩ દેહાદિક અનાત્મ પદાર્થોનો નીચે પ્રમાણે નિરાસ કરવોઃ—' દેહ આત્મા નથી ' કારણ કે, તે પૃથ્વીનો વિકાર છે જે જે પૃથ્વીનો વિકાર હોય તે તે આત્મા નથી, ઘડો પાર્થિવ હોઇ આત્મા નથી. ઇંદ્રિયો ઇંદ્રિયોના દેવતા પ્રાણ, બુદ્ધિ ચિત્ત અહંકાર આત્મા નથી, કારણ કે, અન્નને આધારે તે રહેલાં છે. જે જે અન્નને આધારે રહેતું હોય તે તે આત્મા હોય નહિ. શરીર અન્નને આધારે રહે છે માટે આત્મા નથી, તેમ પૃથ્વી પાણી તેજ વાયુ આકાશ શબ્દાદિક અને પ્રકૃતિ પણ આત્મા નથી, કારણ કે, તેઓ જડ છે. જે જે પદાર્થો જડ હોય તે આત્મા ન હોય. ઘડો જડ છે, માટે આત્મા નથી. ૨૪ વિવેકજ્ઞાન થાય ત્યારે પુરૂષ મુક્ત થાય અને મુક્તને ઇન્દ્રિયોથી ગુણ અથવા દોષ કંઇ લાગતો

નથી. જે પુરૂષ મારા સ્વરૂપને યથાર્થ રીતે જાણે તેને વિષયલંપટ ઇન્દ્રિયો આધીન રહે છે તેથી તેને અનુકૂળ ઇન્દ્રિયોથી કોઈ જાતનો ગુણ થતો નથી. ઈન્દ્રિયોના વિક્ષેપથી કોઇ જાતની હાનિ નથી. જેમ વાદળાં ચઢી આવવાથી અથવા વિખરાઇ જવાથી સૂર્યને લાભ અથવા હાનિ થતી નથી. ૨૫ આકાશ જેમ વાયુના શોષણ ગુણથી અગ્નિના દાહક ગુણથી પાણીના ભીના ગુણથી પૃથ્વીના ધુસરાપણાંરૂપી ગુણથી અથવા ઋતુના શીતો ષ્ણાદિક ગુણોથી લેપાતું નથી તેમ અહંકારથી પર એવા પરબ્રહ્મનું સ્વરૂપ સંસારમાં કારણભૂત સત્વ રજ અથવા તમો ગુણના મેલથી મલિન થતું નથી.૨૬ મુક્ત પુરૂષની પેઠે અપૂર્ણ જ્ઞાનવાળા મનુષ્યે ઇચ્છાનુસાર વર્તવું નહિ પણ જ્યાં સુધી મારા દૃઢ ભકિતયોગવડે મનના મેલરૂપ વિષયોમાંથી પ્રાતિ દૂર થાય નહિ ત્યાં સુધી માયાએ ઉત્પન્ન કરેલા વિષયોનો સંગ કરવો નહિ. ૨૭ જે રોગની યથાર્થ રીતે ચિકિત્સા થઈ ન હોય તે રોગ પાછો વારંવાર ફાટી નિકળી મનુષ્યોને દુઃખ આપે છે. મનના રાગાદિક તથા તેના મૂળરૂપ કર્મો જ્યાં સુધી નાશ પામ્યાં ન હોય ત્યાં સુધી વારંવાર અપૂર્ણ જ્ઞાનવાળા યોગીને પુત્રાદિકમા આસકિતવાળુ મન યોગ ભ્રષ્ટ કરે છે. ૨૮ અપૂર્ણ યોગ જ્ઞાનવાળા યોગીઓ દેવતાઓએ ઇર્ષ્યાથી પ્રેરલા સંબંધીઓના તથા શિષ્યાદિકોનાં વિઘ્નો કરવાથી યોગ ભ્રષ્ટ થયા હોય તેઓ પણ પૂર્વ જન્મના અભ્યાસ બળથી બીજા જન્મમાં યોગમાર્ગમાં જોડાય છે, પરંતુ કર્મમાર્ગમાં જોડાતા નથી. ૨૯ કર્મમાર્ગમાં જોડાવું ને દેહનો ધર્મ છે પૂર્વજન્મના પ્રારબ્ધ સંસ્કારથી દેહ મરણ સુધી ભોજનાદિક કર્મો કરે છે અને કર્મોથી પુષ્ટિ આદિક વિકાર પામે છે. આત્મસ્વરૂપના અનુભવને લીધે તૃષ્ણા રહિત જ્ઞાની દેહમાં રહ્યા છતાં હર્ષ શોક આદિકથી સંસાર પામતો નથી. ૩૦ જ્ઞાની દેહને દેખતો નથી ત્યારે તેને દેહના કર્મોથી વિકાર થવાની શંકા કેમ થાય આત્મામાં જેની બુદ્ધિ રહેલી છે એવો જ્ઞાની સ્વભાવ પ્રમાણે કોઇ પણ ક્રિયા કરતાં દેહને જાણતો નથી. ૩૧ જ્ઞાની દેહને ક્રિયાને બિલકુલ જાણે જ નહિ તે વાત અસંભવિત છે. જ્ઞાની જો કે બહિર્મુખ ઇંદ્રિયોના વિષયોને જુવે છે તોપણ આત્માથી ભિન્ન કોઈ તેને સત્ય માનતો નથી; અનુમાનથી વિષયો મિથ્યા છે. વિષયો મિથ્યા છે કારણ કે અનેક પ્રકારના છે. જે પદાર્થો અનેક પ્રકારના હોય તે મિથ્યા હોય જેમ સ્વપ્ન અનેક પ્રકારનાં છે માટે મિથ્યા છે અનુમાનથી વિષયો મિથ્યા છે. જાગ્રત થયેલો પુરૂષ જાગ્યા પછી સંસ્કારથી જાણવામાં આવતા અને પાછા વિસ્મરણ થતા સ્વપ્નના વિષયો મિથ્યા માને છે, તેમ જ્ઞાની પુરૂષ સંસ્કારથી જાણવામાં આવતા અને મિથ્યા જણાતા વિષયોને સત્ય માનતો નથી. ૩૨ બદ્ધાવસ્થામાં આત્માનો ત્યાગ કરવાથી અને મુકતાવસ્થામાં ત્યાગ કરવાથી આત્મામાં વિકારી ઠરે છે. જેમ શાળને ખાંડી તેનો ત્યાગ કરી ચોખારૂપે ગ્રહણ કરવાથી વિકારીપણું આવે તેમ અહીં વિકારીપણુ આવશે હે ઉદ્ધવ! બદ્ધાવસ્થામાં ગુણોથાં તથા કર્મોથી વિચિત્ર એવા અજ્ઞાનના કાર્યરૂપ દેહાદિકનું આત્મામાં અધ્યાસને લીધે એકપણું માનેલુ છે, એકપણું જ્ઞાનવડે મુકતાવસ્થામાં ફરીને મટી જાય છે અને આત્મા કોઇ રૂપથી ગ્રહણ થઇ શકતો નથી, કોઇ પણ રૂપથી તે મુકાતો નથી. મુકિત ક્રિયાનુ ફળ હોઈ આત્માને વિકાર થતો નથી, પરંતુ અજ્ઞાનથી આત્મામાં કલ્પેલા પદાર્થોની નિવૃત્તિ મુકિતનું સ્વરૂપ છે. બંધ મોક્ષ આત્માને નથી, તેમ વિકાર પણ નથી. ૩૩ સૂર્યનો ઉદય જેમ નેત્રોના અંધકારને ટાળે પરંતુ પ્રથમથી સિદ્ધ એવા

ઘટાદિક પદાર્થને ટાળતો નથી, તેમ સંસાર જાળ કાપવામાં ઉત્તમ એવી આત્મવિદ્યા પણ પુરૂષની બુદ્ધિનો મોહ મટાડતી નથી, પરંતુ આત્મામાં આત્મારામની ભકિત જ મટાડે છે, અને આત્મા પછી પોતાના સ્વરૂપમાં રહે છે. એ અપરોક્ષ હોવાથી નિત્ય છે, તેને કંઈ પ્રાપ્ત કરવો પડે તેમ નથી. આત્મામાં અજ્ઞાન નથી કે તેમાં વિકાર થાય. તે સ્વયંજ્યોતિ અને જન્મ રહિત હોવાથી અજ છે. તેમા જ્ઞાનના સંસ્કારની જરૂર નથી તે અપ્રમેય છે દેશ કાળ આદિકથી માપમા આવતો નથી, અસ્તિત્વ વૃદ્ધિ ફેરફાર ઘટાડો અથવા વિનાશ વગેરે વિકારો પણ તેને થતા નથી, તે મહાવિભૂતિ કહેવાય છે અને સ્વયંપ્રકાશ હોવાથી સર્વાનુભૂતિ કહેવાય છે. તેના વિના બીજો કોઇ પદાર્થ ન હોવાથી તે એક અને અદ્વય કહેવાય છે આત્મા વાણીથી કે ઇંદ્રિયોથી જાણવામા આવતો નથી, પરંતુ તેની પ્રેરણાથી વાણી અને ઇંદ્રિયો પોતાનાં કાર્ય કરે છે. ૩૫ આત્મા સર્વથી અભિન્ન છે છતાં તેમાં જે ભેદદૃષ્ટિ થાય છે તે સર્વ મનની ભ્રાંતિ જાણવી. જેમ રૂપાની ભ્રાંતિનો આશ્રય છીપ છે તે વિના બીજું કંઇ નથી, તેમ ભેદના ભ્રમનો આશ્રય આત્મા જ છે. ૩૬ નામ રૂપથી ગ્રહણ થતું પંચભૂતાત્મક દ્વૈત સત્ય છે અને પરબ્રહ્મ નિરૂપણ કરનારાં વેદાંતવાકય યજમાનનું ઈશ્વરરૂપે વર્ણન કરે છે. તત્વવેત્તા પુરૂષો તે માનતા નથી, કારણ કે જે પ્રતીતિ થાય છે તે મિથ્યા છે, દ્વૈત વસ્તુ નામ રૂપવાળી હોવાથી દૃશ્ય હોવાથી અને પંચભૂતાત્મક હોવાથી સ્વપ્નની પેઠે મિથ્યા છે, વગેરે અનુમાનોથી તથા વેદની શ્રુતિઓથી દ્વૈતમાં બાધ આવે છે. વેદાંતવાકયોને યજ્ઞાદિકનાં વિધિવાકયો સાથે કંઈ સંબંધ નથી અને યજમાન કર્તા ભોકતા ને ઇંદ્રિયોવાળો છે, વેદાંતનાં વાકયો જે અકર્તા અભોકતા વગેરે ગુણવાળા આત્માનું પ્રતિપાદન કરનારા છે તે યજમાનમા કોઇ રીતે ઘટતાં નથી. મેં તમને આ પ્રમાણે જ્ઞાનયોગનું તથા તેનાં અંગોનું વિવેચન સંભળાવ્યું હવે જ્ઞાનયોગમાં નિષ્ઠા રાખનારાઓને આવતાં વિઘ્નો અટકાવવાના ઉપાય કહું તે સાંભળો. યોગાભ્યાસ કરવા છતા જેનો યોગ પરિપૂર્ણ થયો ન હોય તેવા યોગીની કાયા ઉત્પન્ન થયેલા રોગાદિક વિઘ્નોથી પરાભવ પામે નહિ તે માટે આ ઉપાયો કરવા. ૩૮ ચંદ્ર સૂર્ય દિકની ધારણાથી તાપ તથા ટાઢ વગેરે વિઘ્નો દૂર કરવાં, વાયુની ધારણાથી વાયુ આદિક રોગો દૂર કરવા, તપ મંત્ર અને ઔષધિવડે દુષ્ટ ગ્રહોને તથા સર્પાદિકના ભયને ટાળવા. ૩૯ મારૂં ધ્યાન કરી તથા કીર્તનાદિક કરી કામ ક્રોધાદિકને દૂર કરવા અને મોટા યોગેશ્વરોના ચરણ સેવી દંભાદિકતા તથા અભિમાનાદિકને દૂર કરવાં. ૪૦ કેટલાક યોગીઓ જે ઉપાયોથી દેહને અજર રોગાદિકથી રહિત કરી સ્થિર જુવાનીવાળા થઇ જ્ઞાનનિષ્ઠાને પડતી મૂકી સિદ્ધિઓને માટે યોગાભ્યાસ કરે છે ૪૧ કુશળ પુરૂષોને તે યોગ્ય નથી, કારણ કે શરીરને માટે પરિશ્રમ કરવો એ વ્યર્થ છે. ઝાડનું ફળ જેમ નાશવંત છે તેમ દેહ નાશવંત છે અને આત્મા વનસ્પતિની પેઠે અવિનાશી છે ૪૨ યોગાભ્યાસ કરનાર પુરૂષની કાયા પ્રાણાયામ કરતાં તેના પ્રભાવથી મહા સમર્થ થાય તોપણ મારા ઉપર નિષ્ઠા રાખનાર બુદ્ધિશાળી યોગીએ સમાધી તજી દેહની સિદ્ધિ ઉપર શ્રદ્ધા રાખવી નહિ આત્મસુખનો અનુભવી મારો આશ્રય કરી સ્પૃહારહિત થઇ યોગાભ્યાસ કરે તેને વિઘ્નો યોગમા અડચણ કરતાં નથી ને તે પોતાના કાર્યમા સિદ્ધ થાય છે. સર્વ વિઘ્નોનું મૂળ સ્પૃહા છે સ્પૃહા મારો આશ્રય કરનારાથી દૂર થાય છે મારા ચરણનો આશ્રય કરનારો યોગી વિઘ્નોવડે દુઃખી ન થતાં

આત્માનંદથી પરિપૂર્ણ થાય છે. ૪૪

योगचर्यामिमां योगी विचरन् मदृपपाश्रयः ।
नांतरायैर्विहन्येत निःस्पृहः स्वसुखानुभूः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणएकादशस्कंधे
अष्टविंशोध्यायः

અધ્યાય ૨૯ મો.‡

ભક્તિયોગનો બોધ

उद्धव उवाच

सुदुस्तरामिमां मन्ये योगचर्यामनात्मनः ।
यथांजसापुमान् सिद्धयेत्तन्मे ब्रूह्यजसाऽच्युत॥

ઉદ્ધવે પૂછ્યુ કે—હે કૃષ્ણ ! જેનું મન વશ ન હોય, તેને યોગાભ્યાસ કરવો કઠિન પડે છે, માટે જેથી પરિશ્રમ વિના સિદ્ધિ મળે એવો માર્ગ બતાવો. ૧ હે કમળનયન ! મનને વશ કરનાર યોગીઓ બહુ પરિશ્રમ કરે છે પરન્તુ મન વશ ન થવાથી નિગ્રહ કરતાં આખરે ઉદાસ થાય છે. ૨ હે કૃષ્ણ ! સારાસાર વિચાર કુશળ પુરૂષો સર્વ આનંદને પૂર્ણ કરનાર આપના ચરણારવિંદને સેવે છે, અને જેઓ યોગથી ને કર્મથી અભિમાની થઈ તેમ કરતા નથી, તેઓ માયાથી પરાભવ પામે છે ૩ ભકતો તમારી કૃપાથી કૃતાર્થ થાય છે. જેઓને તમારા વિના બીજું શરણુ નથી એવા લોકોને તમે પોતે વશ થઈ રહો છો. બ્રહ્માદિક દેવતાઓ જેમનાં ચરણમા પોતાના મુગટ મૂકે છે એવા આપે રામાવતારમા વાનરો સાથે મિત્રતા કરી. ૪ આશ્રિતોને પુરૂષાર્થ આપનાર સર્વ પ્રાણીઓના આત્મા હોવાથી તમે પ્રિય છો. ઇશ્વર હોવાથી ભજવા યોગ્ય છો આપનો ત્યાગ કરી ઐશ્વર્ય તથા મોક્ષને માટે બીજા દેવતાઓને અથવા ધન જ્ઞાન વગેરે સાધનોને કોણ સેવે ? તમે બલિ અને પ્રહ્લાદ ઉપર ઉપકાર કર્યો તથા ભકતોને ઉપકાર કર્યો તેને જે જાણે તે કદી બીજાને સેવતો નથી. તમારી સેવા કરતાં તમે સ્વર્ગાદિક સુખ આપો તોપણ કયો પુરૂષ તે સુખને ભોગવે, કારણ કે. સ્વર્ગાદિક સુખો વિષયભોગ માટે અને તમારૂં વિસ્મરણ કરાવવાને છે. અમે તમારાં ચરણની રજનું સેવન કરનારને ધર્માદિક સાધનો કર્યા વિના પણ કયી વસ્તુ મળે નહિ, સર્વ વસ્તુ મળે છે. આપ બહાર આચાર્યથી અને અંદર અંતર્યામીપણાથી સર્વ પ્રાણીઓની વાસનાનો નાશ કરો છો. તેઓને પોતાનું સ્વરૂપ દેખાડો છો અને કરેલા ઉપકારને સંભારતા તથા પરમ આનંદમાં આવી ગયેલા તે બ્રહ્માના આયુષ્ય જેટલા કાળથી પણ આપના ઉપકારનો બદલો વાળી શકાતો નથી. ઉદ્ધવે ઉપર પ્રમાણે પૂછ્યું, એટલે જગત સાથે ક્રીડા કરતા અને સત્વ, રજ તથા તમોગુણરૂપી શક્તિઓથી બ્રહ્મા વિષ્ણુ અને મહેશરૂપી ત્રણ મૂર્તિને ધારણ કરતા સર્વ લોકના સ્વામી શ્રીકૃષ્ણ ભગવાન હાસ્ય કરી આ પ્રમાણે કહેવા લાગ્યા.

શ્રીકૃષ્ણ—હે ઉદ્ધવ ! હું તમને મારા સર્વ ધર્મો કહુ છું, કે જે શ્રદ્ધાથી પાળનારો મનુષ્ય બીજા ઉપાયોથી તરી શકાય નહિ તેવા સંસારને તરી જાય છે. ૮ મારૂં સ્મરણ કરતા સર્વ કર્મો મારે માટે જ કરવાં અને ધીરે ધીરે ચિત્તને મારી ઉપર લગાડી મારા ધર્મો ઉપર પ્રીતિ રાખવી. ૯ મારા ભકતોએ અને મહાત્માઓએ પવિત્ર દેશોમાં નિવાસ કરવો દેવો અસુરોને મનુષ્યોમાં ઉત્પન્ન થયેલા મારા ભકતોનાં ચરણોને અનુસરવું. ૧૦ પોતે ભકતોની સાથે નૃત્ય અને ગીત—ગાતા પર્વણીને દિવસે યાત્રાઓ અને મહોત્સવો કરવા. ૧૧ નિર્મળ અંતઃકરણના ભકતે સર્વ પ્રાણીઓમાં અને પોતામાં મને જ વ્યાપી રહેલો જોવો. હુ આકાશની પેઠે અસંગ હોવાથી સર્વમાં રહ્યા છતાં આવરણરહિત છું અને બહાર તથા અંદર પરિપૂર્ણરૂપે રહેલો છું. ૧૨ મારા કહેવા પ્રમાણે

‡ આ અધ્યાયમા ભક્તિયોગનુ વિસ્તારથી કરેલુ વર્ણન સંક્ષેપથી કરીને સમજાવ્યુ છે

જે જ્ઞાનનો આશ્રય કરી તથા સર્વ પ્રાણીઓને મારારૂપ માની સર્વનો સત્કાર કરે છે, તેને હું પંડિત માનું છું. ૧૩ બ્રાહ્મણમાં અને ઢેડમાં, ચોરમાં અને દાતામાં, સૂર્યમાં અને તણખામાં તથા શાંતમાં અને ક્રૂરમાં સમ દૃષ્ટિ અર્થાત્ સર્વને બ્રહ્મરૂપે જુએ તેને પંડિત જાણવો. ૧૪ સર્વ મનુષ્યમાં મારી ભાવના કરે તેને સમાન સાથે સ્પર્ધા, ચઢિયાતા સાથે ઇર્ષ્યા, હલકા ઉપર તિરસ્કાર આવતો નથી. ઉપહાસ કરનાર મિત્રોને દેહાભિમાનથી તથા 'અમુક ઉત્તમ છે, અમુક નીચ છે' એવા વિચારોને તથા તેથી થતી લજ્જાનો ત્યાગ કરીને કુતરાં, ચંડાળ, બળદ અને ગધેડાં સુધી સર્વ પ્રાણીઓને પૃથ્વી ઉપર પડીને દંડવત્ પ્રણામ કરવા. ૧૬ જ્યાં સુધી સર્વ પ્રાણીઓમાં મારી ભાવના ઉત્પન્ન થાય નહિ ત્યાં સુધી ઉપર પ્રમાણે વાણી, મન તથા કાયાની વૃત્તિઓથી મારી ઉપાસના કરવી. ૧૭ ઉપાસનાથી મનુષ્યને આખું જગત બ્રહ્મરૂપ ભાસે છે ઇશ્વરબુદ્ધિ થવાથી બ્રહ્મવિદ્યા પ્રાપ્ત થાય છે, ને તેનો લાભ મળવાથી સર્વ સંશય ટળી આખું જગત બ્રહ્મરૂપ દેખાય છે. સર્વ ક્રિયાથી ઉપરામ પામવું. મન વાણી અને કાયાની વૃત્તિઓથી સર્વ પ્રાણીઓ ઉપર ભાવ રાખવો. હે ઉધ્ધવ! આવાં નિષ્કામ કર્મો કરતાં તેમાં ભૂલ થઈ જાય તોપણ કંઇ હાનિ થતી નથી, કારણ કે, નિર્ગુણ અને નિષ્કામ ધર્મ ઉત્તમ છે, ભય તથા શોકાદિકથી થતો પરિશ્રમ નિરર્થક છે, પણ જો માયાથી પર જે હું તેને અર્પણ કરવામાં આવે તો ધર્મરૂપ ગણાય છે. મને ઉદ્દેશીને કરવામાં આવતી ક્રિયામાં વિઘ્ન આવતું નથી ૨૧ મિથ્યા તથા પરિણામે નાશવંત મનુષ્ય દેહવડે જન્મમા સત્ય તથા અવિનાશી ઇશ્વર સ્વરૂપને પામવું એ બુદ્ધિમાનોની બુદ્ધિ અને વિવેકવશ છે. ૨૨ મેં બ્રહ્મજ્ઞાનનો સંપૂર્ણ સંગ્રહ જે દેવતાઓને દુર્લભ છે તે તમને કહી સંભળાવ્યો. અત્યંત સ્પષ્ટ જ્ઞાન તમારી આગળ કહ્યું. પુરૂષ સંશય રહિત થઇ સંસારના બંધનમાંથી છૂટે છે. ૨૪ જ્ઞાનના વિષયોને જાણવા તો રહ્યા પરંતુ જે તારા અને મારા પ્રશ્નોત્તર રૂપી આખ્યાનને પણ વિચારે બીજાને સંભળાવે અને સાંભળે તે પણ વેદના રહસ્યરૂપી સનાતન બ્રહ્મને પામેછે જે મારા ભક્તોને આ જ્ઞાન સંભળાવે, તે બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરનારને હું મારૂં પોતાનું સ્વરૂપ આપું છું. ૨૬ જે અત્યંત પવિત્ર તથા બીજાઓને પવિત્ર કરનારા આ આખ્યાનનો પાઠ કરે તે જ્ઞાનરૂપી દીવાથી મારૂં સ્વરૂપ બીજાને દર્શાવી પવિત્ર થાય છે. જે સાવધાન થઇ શ્રદ્ધાથી સાંભળે તે પરમ ભક્તિ પ્રાપ્ત કરીને કર્મોથી બંધાતો નથી. ૨૮ હે ઉદ્ધવ! તમે પરબ્રહ્મને યથાર્થ રીતે સમજ્યા? અને તમારા મનમાં ઉત્પન્ન થયેલો મોહ તથા શોક નાશ પામ્યા? ૨૯ તમારે આ જ્ઞાન દાંભિકને નાસ્તિકને શૂદ્રને શઠને સેવા ન કરનારને અભક્તને અને ઉદ્ધતને આપવું નહિ. ૩૦ સર્વ દોષોથી રહિત બ્રાહ્મણોને માન આપનાર પ્રિય સદ્ગુણી તથા પવિત્ર મનુષ્યને આ જ્ઞાન આપવું, તેમજ સ્ત્રીઓને અને શૂદ્રોને ભક્તિ હોય તો આપવું. ૩૧ જેમ અત્યંત મધુર એવું અમૃત પીધા પછી બીજું કંઇ પીવાનું બાકી રહેતું નથી, તેમ આ જાણ્યુ એટલે બીજું કંઇ જાણવાનુ બાકી રહેતુ નથી હે ઉદ્ધવ! બીજા જાણવા યોગ્ય સાધનો ઘણાં છે, પરંતુ તે અભક્તોને માટે છે, તમે તો મારા ભક્ત છો. તમને જ્ઞાન કર્મ યોગ સંસારિક વ્યવસાય, વ્યાપાર તથા રાજનીતિ વગેરેથી મનુષ્યોને ધમ અર્થ કામ તથા મોક્ષરૂપી જે પુરૂષાર્થો પ્રાપ્ત થાય છે તે હું પોતે છું. તમે મારૂં શરણ ગ્રહણ કરો મનુષ્ય જ્યારે સર્વ કર્મો ત્યાગ કરી પોતાનો આત્મા મને અર્પણ કરે છે ત્યારે મને તેનું પરમ

કલ્યાણ કરવાની ઇચ્છા થાય છે.

શુકદેવજી કહે છે કે—આ પ્રમાણે ભગવાને જેને યોગ માર્ગ દેખાડયો હતો એવા ઉદ્ધવ શ્રીકૃષ્ણનું વચન સાંભળી બે હાથ જોડીને ઉભા થયા અશ્રુઓથી તેમની આંખો ભરાઇ ગઇ. આનંદના આવેશથી કંઠ રૂંધાઇ ગયો, ને કંઇ પણ બોલી શકયા નહિ ૩૫ હે રાજન! સ્નેહથી ક્ષુભિત ચિત્તને સ્થિર કરી પોતાને કૃતાર્થ માનતા ઉદ્ધવ ભગવાનના ચરણારવિંદનો સ્પર્શ કરીને નીચે પ્રમાણે કહેવા લાગ્યા.

ઉદ્ધવ—હે કૃષ્ણ! મેં જે મોહરૂપી અંધકારનો આશ્રય કર્યો હતો તે તમારા સમાગમથી નાશ પામ્યોકે જે મનુષ્ય અગ્નિ પાસે બેઠેલો હોય તેને ટાઢ અંધારૂં તથા ભય નડતાં નથી. આપે મને પૂર્વે જ્ઞાનરૂપી દીપ આપેલો પરંતુ માય એ તે હરી લીધો હતો તે આપ દયાળુએ મને ફરીને પાછો આપ્યો. જે મનુષ્ય આપે કરેલા અનુગ્રહને જાણનારો હોય તે આપનાં ચરણનું શરણ છોડીને બીજા કોઇને શરણે જતો નથી. ૩૮ આપે સૃષ્ટિની વૃદ્ધિ કરવા પોતાની માયાવડે દાશાર્હ વૃષ્ણિ અંધક તથા સાત્વત આદિ કુળો ઉપર સ્નેહરૂપી દૃઢ પાશ નાખી સ્નેહપાશને આત્મજ્ઞાનથી હમણા કાપી નાખી છે. ૩૯ આપનાં ચરણારવિંદ ઉપર જે પ્રમાણે જીવન્મુક્ત દશામા મારી અખંડ ભક્તિ રહે, તે પ્રમાણે મને શરણાગતને ઉપદેશ કરો

ભગવાન—હે ઉદ્ધવ! તમે મારી આજ્ઞાથી બદરિકાશ્રમમા જાઓ ત્યા મારા ચરણમાથી પ્રગટ થયેલા અલકનદામા સ્નાન કરીને પવિત્ર થાઓ ૪૧ તમારા સર્વ પાતકો અલકનદાના દર્શનનથી નાશ પામશે. તમે ત્યા વલ્કલ વસ્ત્રો પહેરજો વનમા ઉત્પન્ન થનાં કદમૂળનો આહાર કરજો અને સર્વ સુખોની ઈચ્છાનો ત્યગ કરજો. ૪૨ સુખ દુઃખ તાઢ તડકો સહન કરજો, શાંત સ્વભાવ રાખજો, ઇન્દ્રિયોને નિયમમાં રાખજો, મનને શમાદિથી સ્થિર કરીને જ્ઞાન અને વિજ્ઞાન યુક્ત થઈને શાંત રહેજો. ૪૩ આ જે બ્રહ્મવિદ્યા શીખ્યા છો તેનું એકાંતમાં મનન કરજો, વાણી તથા ચિત્તને વશ રાખી મારા ધર્મો ઉપર વિશ્વાસ રાખજો, તમે ત્રિગુણાત્મક ગતિઓને ઉલ્લંઘન કરી જરૂર મને પામશો.

શુકદેવજી કહે છે કે—સંસારને હરનારી બુદ્ધિવાળા ભગવાને આજ્ઞા કર્યા પછી ઉદ્ધવ પોતે સુખ દુઃખથી રહિત હતા, તોપણ ત્યાથી નીકળતાં તેમનું હૃદય ભરાઈ ગયું. તેમણે ભગવાનની પ્રદક્ષિણા કરી ચરણમાં મસ્તક મૂકી અશ્રુઓથી તેમને ભીંજવી દીધા. ૪૫ સ્નેહના વિયોગથી ઉદ્ધવ કાયર થઇ ગયા. વિહ્વળ થઇ જવાથી ભગવાનનો ત્યાગ કરી શકયા નહિ. શ્રીકૃષ્ણ ભગવાને આપેલી પાદુકા મસ્તક ઉપર લેઇ વારંવાર નમસ્કાર કરી શ્રીકૃષ્ણના આગ્રહને લીધે ત્યાંથી ચાલ્યા. ૪૬ ભગવાનને અંતઃકરણમાં ધારણ કરીને મહા વૈષ્ણવ એવા ઉધ્ધવ બદરિકાશ્રમ ગયા. જગતના મુખ્ય બંધુ શ્રીકૃષ્ણે જેમ ઉપદેશ કર્યો હતો, તેમ ધારણા રાખી શ્રીભગવાનની ગતિને પામ્યા. ૪૭ યોગેશ્વરો જેમનાં ચરણને સેવે એવા શ્રીકૃષ્ણે ભક્તિ માર્ગની સાથે એકતા કરી ઉધ્ધવને આ જ્ઞાનરૂપી અમૃત આપ્યુ તેને જાણે તે મુક્ત થાય છે. જે ભગવાને નિવૃત્તિવાળા પુરૂષોનો સાંસારિક ભય ટાળવા પુષ્પમાંથી સાર કાઢે, તેમ વેદના સારરૂપ 'જ્ઞાન વિજ્ઞાન' નામે અમૃત કાઢયું હતું, તથા પ્રવૃત્તિ શીલ પુરૂષોનો સંસાર દૂર કરવા ભ્રમર પુષ્પમાંથી સાર કાઢે, તેમ સમુદ્રના સારરૂપી અમૃત કાઢયું હતું; તે બન્ને અમૃત જેમણે ભકતોને પાયાં હતાં તે શ્રીકૃષ્ણ નામે આદિ પુરૂષોત્તમ ભગવાનને

હું પ્રણામ કરું છું ૪૯

भवभयमपहंतुं ज्ञानविज्ञानसारं
निगमकृदुपजह्रे भृंगवद्वेदसारम् ।
अमृतमुदधितश्चाऽपाययद्भृत्यवर्गान्
पुरुषमृषभमाद्यं कृष्णसंज्ञं नतोऽस्मि ॥

इति [illegible]तेमहापुराणएकादशस्कंधे
एकोनत्रिंशोऽध्यायः

અધ્યાય ૩૦ મો.*

યાદવોનો નાશ.

राजोवाच.

ततो महाभागवत उद्धवे निर्गते वनम् ।
द्वारवत्यां किमकरोद्भगवान् भूतभावनः ॥

પરીક્ષિતે પૂછયું કે-ઉદ્ધવ વનમાં ગયા પછી પ્રાણીઓના નિયંતા ભગવાને દ્વારકામાં શું કર્યું હતું ? ૧ બ્રાહ્મણોના શાપથી પોતાનું કુળ નાશ પામ્યા પછી શ્રીકૃષ્ણ ભગવાને સર્વ પ્રાણીઓના નેત્રને પ્રિય પોતાના શરીરનો કેવી રીતે ત્યાગ કર્યો ? ૨ સ્ત્રીઓ જેમના રૂપમાં લાગેલાં નેત્રોને પાછાં ખેંચી શકતી નથી, જે કાને થઇ સત્પુરૂષોના હૃદયમાં પેઠા પછી પાછું નીકળતું નથી અને જે કવિની વાણીને મધુરતા આપે છે, તેનું કેમ વર્ણન થાય ? મહાભારતના યુદ્ધ પ્રસંગે અર્જુનના રથ ઉપર બેઠેલા શ્રીકૃષ્ણનાં દર્શન કરી યોદ્ધાઓ સમાનરૂપને પામ્યા તે રૂપનો શ્રીકૃષ્ણે કેવી રીતે ત્યાગ કર્યો હતો ? ૩

શુકદેવજી-શ્રીકૃષ્ણ ભગવાને સ્વર્ગમાં સૂર્યના મંડળમાં પૃથ્વી ઉપર ભૂકંપ વગેરે તથા આકાશમાં દૂરથી દિશાઓનો દાહ થવા વગેરે મહા ઉત્પાતો જોઇને સુધર્મા સભામાં બેઠેલા યાદવોને કહ્યું કે-દ્વારકામાં ઉત્પાતો થાય છે, તે મૃત્યુની સૂચના કરે છે, માટે આપણે હવે અહીં રહેવું ઠીક નથી ૫ સ્ત્રીઓ બાળકો અને વૃદ્ધોએ અહીંથી શંખોદ્ધાર જાને આપણે પ્રભાસમાં જ્યાં આગળ સરસ્વતી નદી પશ્ચિમ સમુદ્ર તરફ વહે છે, ત્યાં જવું અને નાહી ઉપવાસ કરી પવિત્ર થઇને સ્નાન ચંદનાદિક અને અર્ઘ્યાદિકથી દેવતાઓનું પૂજન કરવું ૭ આપણે બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવીને તેમને ગાય પૃથ્વી સુવર્ણ વસ્ત્ર હાથી ઘોડા રથ અને ઘરનાં દાન આપી સત્કાર કરવો. ૮ અશુભ ટાળનાર તથા ઉત્તમ પ્રતિનું કલ્યાણ કરનાર દેવતાઓ બ્રાહ્મણો તથા ગાયોની પૂજા, એ પ્રાણીઓને ઉત્તમ સ્થિતિ આપે છે ૯ સર્વ વૃદ્ધ યાદવો ભગવાનનું આવું વચન સાભળી તેમ કરવા તૈયાર થયા. વહાણોમાં ચઢી સાગર ઉતરી તેઓ પ્રભાસ ગયા. યાદવોના દેવ શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું તેમ સર્વે યાદવોએ પ્રભાસમાં પરમ ભક્તિથી સર્વ કલ્યાણ થાય તેવાં દાનાદિક પુણ્ય કર્મ કર્યાં. ૧૧ ભાવીએ જેમની બુદ્ધિમાં ભ્રમ કર્યો હતો એવા યાદવોએ પ્રભાસ ક્ષેત્રમાં મૈરેય નામે મદિરા પીધી. એ મદિરા પીવાથી મનુષ્યોની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે. ૧૨ ભગવાનની માયાથી મૂઢ યાદવો મદિરા પી મદમત્ત થયા ને તેઓની વચ્ચે મોટો કલહ ઉત્પન્ન થયો. ૧૩ ક્રોધના આવેશમાં કેફથી ઉદ્ધત શસ્ત્રધારી યાદવો સમુદ્રના તીર ઉપર હાથમાં ધનુષ તરવાર ભાલા ગદા તોમર તથ ઋષ્ટિઓથી પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. ૧૪ જેઓની ઉપર પતાકાઓ ફરકતી હતી એવા રથો હાથીઓ વાહનો ગધેડાં ઉંટ બળદ પાડા મનુષ્યો તથા ખચ્ચરો ઉપર બેસી મદમત્ત યાદવો હાથીઓ જેમ હાથીઓને મારે તેમ સામસામે બાણો ચલાવવા લાગ્યા. ૧૫ પ્રદ્યુમ્ન અને સાંબ અક્રૂર કૃતવર્મા અનિરુદ્ધ અને સાત્યકિ સુભદ્ર અને સંગ્રામજિત શ્રીકૃષ્ણનો ભાઈ ગદ તથા તેનો પુત્ર અને સુમિત્ર તથા સુરથ, સર્વે દારૂણ સ્વભાવવાળા યાદવો પરસ્પર યુદ્ધ

* આ અધ્યાયમાં મુસલવાળા શાપને લીધે પોતાના ધામમાં જવાની ઇચ્છા કરતા શ્રીકૃષ્ણ ભગવાને પોતાના કુળનો સંહાર કર્યો, એ કથા કહેવાય છે.

કરવા લાગ્યા. ૧૯ નિશઠ ઉલ્મુક સહઅજિત્ શતજિત્ તથા ભાનુ વગેરે ભગવાનની માયાથી મોહિત થઈ આંધળા ભીંત બની ગયા. એક બીજાની સાથે એક બીજાને મારવા લાગ્યા દાશાર્હ વૃષ્ણિ અંધક ભોજ સાત્વત મધુ વિસર્જન કુકુર તથા કુંતિકુળના રાજાઓ અર્બુદ તથા શૂરસેન દેશના યાદવો પોતપોતાપણું ભૂલી જઇને યુદ્ધ કરવા લાગ્યા પુત્રો પિતા સાથે ભાઈઓ ભાઇઓની સાથે ભાણેજો મામાઓની સાથે દુહિતરો વડુવાઓની સાથે ભત્રીજાઓ કાકાઓની સાથે મિત્રો મિત્રોની સાથે સ્નેહીઓ સ્નેહીઓની સાથે અને કુટુંબી કુટુંબીની સાથે લઢવા લાગ્યા એટલુ જ નહિ પણ મૂઢ બની એકબીજાને મારવા લાગ્યા. લડતા લડતા બાણો ખૂટી ગયાં ધનુષો ભાગી ગયાં અને શસ્ત્રો ટોચાઈ ગયાં. સમુદ્રના તીર ઉપર ઉગેલી પાનને ખેંચી કાઢી તેઓ લડવા લાગ્યા. લોઢાની સાંગ જેવી થઇ પડી અને યાદવો પાનોથી લઢવા લાગ્યા. શ્રીકૃષ્ણ વારવા ગયા ત્યારે તેઓ સામા તેમને મારવા માડયા.૨૧ હે રાજા ! યાદવો શ્રીકૃષ્ણને તથા બળભદ્રને પોતાના શત્રુ ગણી તેઓને મારવાનો વિચાર કરી શસ્ત્રો લઇને તેઓની ઉપર પડયા હે કુરૂનંદન ! શ્રીકૃષ્ણ તથા બળદેવ ક્રોધ કરી પાનો લઇ યુદ્ધમાં ફરવા લાગ્યા યાદવોનો નાશ કરવા લાગ્યા. ૨૩ બ્રાહ્મણોના શાપથી મોહ પામેલા અને શ્રીકૃષ્ણ ભગવાનની માયાવડે મૂઢ યાદવોની એક બીજા સાથે સ્પર્ધાથી થયેલા ક્રોધે વનમા વાસના ઘસારાથી ઉત્પન્ન થયેલો અગ્નિ જેમ વનને બાળીને ભસ્મ કરે તેમ સર્વ યાદવોનો સંહાર કર્યો. ૨૪ પોતાના સંબંધી એવા યાદવો નાશ પામ્યા પછી બાકી રહેલાઓએ માન્યું શ્રીકૃષ્ણ ભગવાને હવે પૃથ્વીનો ભાર ઉતાર્યો. ૨૫ બળભદ્રે સમુદ્રના તીર ઉપર યોગાભ્યાસથી પરમાત્માનું ધ્યાન કરી પોતાના સ્વરૂપને પરબ્રહ્મમાં જોડી દેહનો ત્યાગ કર્યો. ૨૬ ભગવાન દેવકીપુત્ર શ્રીકૃષ્ણ બળભદ્રનુ નિર્વાણ જોઈ પીંપળા આગળ જઈ પૃથ્વી ઉપર બેઠા. ૨૭ શ્રીકૃષ્ણે અત્યંત શોભાયમાન ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કર્યું. તે સ્વરૂપ ધુમાડા વિનાના અગ્નિની પેઠે પોતાની કાંતિથી દિશાઓને તિમિર રહિત કરતું હતું. શરીરનો રંગ મેઘ જેવો શ્યામ હતો, શરીર ઉપર બે રેશમી વસ્ત્ર હતાં અને તે પરમ મંગલમય લાગતું હતું. સુંદર હાસ્યવાળું કાળા કેશોથી મુખકમળ શોભી રહેલુ હતું, નેત્રો મનોહર અને કાનમાં મકરાકાર કુંડળો હતાં. કટિમેખલા જનોઇ કિરીટ કડાં બાજુબંધ હાર ઝાંઝર વિંટીઓ ને કૌસ્તુભ મણિથી તે શોભી રહ્યા હતા ૩૧ વનમાળાથી અલંકૃત તેઓ મૂર્તિમાન થઈ રહેલાં એમના આયુધોથી પરિવૃત્ત હતા. જમણા સાથળ ઉપર કમળના જેવો રાતો ડાબો પગ ચઢાવી બેઠા હતા. ૩૨ જરા નામે પારધી જેણે મુસલ ઘસાતાં બાકી રહેલી કરચમાંથી બાણનું ફળ બનાવ્યું હતું તેણે મૃગના મુખ જેવા ભગવાનના ચરણને મૃગ સમજીને તે તીર માર્યો પણ પછી ચાર ભુજાવાળા ભગવાનને જોઇને ભય પામેલો તે પાસે આવી મસ્તક નમાવી દૈત્યના શત્રુ શ્રીકૃષ્ણ ભગવાનનાં ચરણમા પડયો અને બોલ્યો કે હે મધુસૂદન ! મેં પાપીએ અજાણ્યે આ કામ કર્યું છે. આપે મને ક્ષમા આપવી જોઇએ. હે પ્રભુ ! જેમનું સ્મરણ મનુષ્યોના અજ્ઞાનરૂપી અંધારાનો નાશ કરનારૂં છે, તે આપનો મેં અપરાધ કર્યો છે. હે પ્રભુ ! પારધી એવા હું પાપી અપરાધીને મારી નાંખો. કે જેથી ફરીને મહાત્માનો અપરાધ થાય નહિ. ૩૭ આપની માયાએ કરેલી રચનાને બ્રહ્મા રૂદ્રાદિક બ્રહ્માના પુત્રો તથા વાણીના અધ્યક્ષો જાણતા નથી. આપને બ્રાહ્મણોનો શાપ લાગવાથી આમ થયું એમ આપની માયાથી અંધ એવા અમે કેમ કહીએ? ગમે તેમ થયું

હોય, પરંતુ આપ હવે મને અપરાધીને દંડ દ્યો, ભગવાન બોલ્યા કે તું ડર નહિ, ઉભો થા. આ કાર્ય મેં મારી ઈચ્છાથી કર્યું છે. તું મારી આજ્ઞાથી પુણ્યકર્તાઓના સ્થાનમાં અર્થાત્ સ્વર્ગમાં જા. ૩૯

શુકદેવજી કહે છે કે–જેમણે સત્વગુણી મૂર્તિ પ્રથમથી અંતર્હિત કરી હતી અને નવું શરીર ધારણ કર્યું હતું એવા શ્રીકૃષ્ણે આમ આજ્ઞા કરી કે તે ત્રણ પ્રદક્ષિણા ને પ્રણામ કરી સ્વર્ગમાં ગયો ૪૦ એટલામાં ભગવાન ક્યાં હશે ? એમ શોધ કરતો દારૂક સારથિ વાયુમાં વ્યાપેલા તુળસીના સુવાસને આધારે ત્યાં આવ્યો. ૪૧ સરસ્વતી નદીના તીર ઉપર પિંપળાના મૂળને અઢેલીને બેઠેલા અને ઝળઝળાટ કાંતિવાળાં આયુધોથી વિંટાયલા શ્રીકૃષ્ણ ભગવાનને દીઠા. દારૂકનું મન સ્નેહથી ભરાઇ ગયું, નેત્રમાં અશ્રુઓ આવી ગયાં અને તે રથમાથી નીચે ઉતરી ચરણમાં પડયો. ૪૨ હે પ્રભુ ! આપના ચરણારવિંદ મારા જોવામાં આવ્યા નહિ, તેથી રાત્રે જેમ ચંદ્રમા અસ્ત થયા પછી દૃષ્ટિ વિલુપ્ત થઈ તિમિરમાંનાશ પામે તેમ મારી દૃષ્ટિ અંધારાથીછવાઇ ગઇ છે. હું અમુક દિશા કયી તે પણ વિસરી ગયો છુ અને મને કંઇ સુઝ પડતી નથી, હું ગભરાઇ ગયો છું. દારૂક આમ કહેતો હતો તેટલામાં ગરૂડના ચિહ્નવાળો ભગવાનનોરથ દારૂકના દેખતાંઘોડાઓ અને ધ્વજાઓની સાથે આકાશમાં ઉડી ગયો. ૪૪ તે રથની પછવાડે વિષ્ણુનાં દિવ્ય આયુધો પણ ગયાં. એ સર્વે જોઇને સારથિ આશ્ચર્ય પામ્યો. શ્રીકૃષ્ણે કહ્યું કે–હે સારથિ ! તું હવે દ્વારકા જા, અને ત્યાં મારામારી કરવાથી સંબંધીઓના મરણની બળભદ્રના નિર્વાણની અને મારી આ દશાની વાત સંબંધીઓને કહે. ૪૬ તેઓને કહેજે કે, તમારે તથા તમારા બંધુઓએ હવે દ્વારકામાં રહેવું નહિ. મેં ત્યાગ કરેલી દ્વારકાપુરીને સમુદ્ર બોળી દેશે, ૪૭ માટે સર્વ પોતપોતાના પરિવાર અને માતપિતાને લેઈ અર્જુનની રક્ષા તળે ઈંદ્રપ્રસ્થમાં જજો. ૪૮ હે સારથિ ! તું મારા ધર્મનો આશ્રય કરી આ સર્વ મારી માયાની રચના છે એમ જાણી જ્ઞાનમાં નિષ્ઠા રાખજે. સર્વ વસ્તુ તરફ નિઃસ્પૃહ થઈ શોકનો ત્યાગ કરી શાંતિ પામજે ૪૯ દારૂક સારથિ ખેદ પામ્યો અને ભગવાન શ્રીકૃષ્ણને પ્રદક્ષિણાઓ તથા પ્રણામ કરી તેમના ચરણો પોતાનાં મસ્તકને લગાડી દ્વારકા ગયો

इत्युक्तस्तं परिक्रम्य नमस्कृत्य पुनः पुनः ।
तत्पादौ शीर्ष्ण्युपाधाय दुर्मनाः प्रययौ पुरीम्

इतिश्रीमद्भागवतेमहापुराणेएकादशस्कंधे
त्रिंशोऽध्यायः

અધ્યાય ૩૧ મો.‡

સ્વધામ ગમન.

श्रीशुक्र उवाच

अथ तत्रागमद्ब्रह्मा भवान्या च समं भवः ।
महेन्द्रप्रमुखा देवा मुनयः सप्रजेश्वराः ॥१॥

શુકદેવજી કહે છે કે–બ્રહ્મા શંકર ઈંદ્રાદિક દેવતા મુનિઓ પ્રજાપતિઓ પિતૃઓ ગંધર્વો સિદ્ધો વિદ્યાધરો નાગો ચારણો યક્ષો રાક્ષસો કિન્નરો અપ્સરાઓ અને મૈત્રેયાદિક બ્રાહ્મણો શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વધામ ગમન સાભળી જોવા આવ્યા હે રાજન ! ભગવાનના જન્મો અને કર્મોનું વર્ણન કરતા વિમાનોની હારોથી આકાશને સંકીર્ણ કરતા, ભક્તિ પૂર્વક તે પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. વ્યાપક શ્રીકૃષ્ણ ભગવાન બ્રહ્માને તથા પોતાની વિભૂતિરૂપ ઈંદ્રાદિક દેવોને જોઈ પોતાને તેમના લોકમાં લેઈ જવા માટે આવ્યા છે, એમ જાણી સમાધિ કરતા હોય તેમ આત્માને પરબ્રહ્મમા જોડી નેત્ર મિંચી રહ્યા. સ્વચ્છંદ મૃત્યુવાળા યોગીઓ જેમ અગ્નિની ધારણાથી

‡ આ અધ્યાયમા ભગવાન પોતાના ધામમા પધાર્યા અને વસુદેવાદિક તેમની પાછળ ગયા એ કથા કહેવાય છે

પોતાના દેહને બાળીને પરલોકમાં જાય, તેમ શ્રીકૃષ્ણે આખા જગતમાં સુંદર શરીરને અગ્નિથી બાળ્યું નહિ, પરંતુ ધ્યાન કરના રાઓના મંગળકરક શરીરવડે પોતાના લોકમાં ગયા જો તે પોતાના દેહને યોગા ગ્નિથી બાળી નાખત તો તેમાં રહેલું જગત બળીને ભસ્મ થાત, અને શરીરનું ધ્યાન તથા ધારણા કરનારાઓને ફરી તેનું દર્શન કે ફળની પ્રાપ્તિ થાત નહિ ૬ ભગવાન જ્યારે સમાધિ ચઢાવી બેઠા ત્યારે સ્વર્ગમાં દુંદુભિ વાગ્યા, આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઈ અને પૃથ્વી ઉપરથી સત્ય ધર્મ ધૈર્ય કાંતિ તથા લક્ષ્મી જતા રહ્યાં. ૭ બ્રહ્માદિક દેવતાઓ પોતાના ધામમાં પધારતા શ્રીકૃષ્ણને જોઇ શક્યા નહિ, તેથી અત્યંત આશ્ચર્ય પામ્યા. ૮ વિજળી આકાશમાં મેઘમંડળને ઉલ્લંઘી આગળ જતા લોકોના જોવામા આવતી નથી પરંતુ દૂરદર્શી એવા માત્ર દેવતાઓના જોવામાં આવે છે તેમ પૃથ્વીના મંડળને છોડી પોતાના ધામમા જતા ભગવાનની ગતિ દેવતાઓના જોવામા આવી નહિ માત્ર ભગવદ્ ભક્તોનાજ જોવામાં આવી બ્રહ્મા રૂદ્ર વગેરે દેવતાઓ ભગવાનની ગતિને જોઇ આશ્ચર્ય પામી તેની પ્રશંસા કરતા ત્યાંથી પછી પોતપોતાના લોકમાં ગયા. ૧૦

હે પરીક્ષિત! નટ જેમ વિકાર રહિત થઇ જન્માદિકનાં અનેક ચરિત્રો કરે તેમ માયાથી પર એવા પરમાત્માએ યાદવોમાં આવિર્ભાવ તિરોભાવાદિકની ચેષ્ટા કરી તેનું અનુકરણ કર્યું. ભગવાન પોતે જગતને સર્જી તેમા અંતર્યામીપણાથી પ્રવેશ કરી વિહાર કરી છેવટે તેનો સંહાર કરી પોતાના મહિમાવડે આખા જગતથી ઉપ રામ પામે છે ૧૧ ભગવાને પારધિથી પોતાના દેહનું રક્ષણ કેમ કર્યું નહિ? એવી અનાસ્થાની કલ્પના કરવા નહિ, કારણ કે યમ તેમના ગુરૂપુત્રને પોતાના લોકમાં લઇ ગયા હતા તેને શ્રીકૃષ્ણ સદેહે ત્યાંથી પાછો લાવ્યા હતા, બ્રહ્મ અસ્ત્રથી બળી ગયેલા તમને જીવાડયા હતા, બાણાસુરના સંગ્રામમાં કાળના કાળરૂપ શંકરને હરાવ્યા હતા અને પારધિને તેના દેહસહિત સ્વર્ગમાં મોકલ્યો હતો તે કે જે શરણાગતોનું રક્ષણ કરનાર પોતાના શરીરની રક્ષા કરવાને અસમર્થ ન હતા. ૧૨ તે કેટલોક કાળ પૃથ્વી ઉપર કેમ ન રહ્યા, એમ ધારવું નહિ, કારણ કે ભગવાન સર્વ શક્તિ ધારણ કરનાર તથા સર્વ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરવાને સ્વતંત્ર છે. યાદવોનું અનુકરણ કરવા પોતાના શરીરને પૃથ્વી ઉપર રાખવાની ઇચ્છા કરી નહિ. મનુષ્ય શરીરનું શું પ્રયોજન છે? કંઇ નહિ. આત્મનિષ્ઠ લોકોને દિવ્ય ગતિ દેખાડવા પોતાના શરીરને પૃથ્વી પર રાખવાની ઇચ્છા તેમણે કરી નહિ. હું જો મારા શરીરને અવિચળ રાખીશ તો આત્મનિષ્ટ પુરૂષો દિવ્યગતિનો અનાદર કરી શરીરને અવિચળ રાખી અહીં વિહાર કરવાનો પ્રયત્ન કરશે, માટે શ્રીકૃષ્ણે પોતાના શરીરને અહીં રાખ્યું નહિ. ૧૩ જે પ્રભાતમાં ઉઠી સાવધાન થઇ ભક્તથી શ્રીકૃષ્ણની ગતિનું વર્ણન કરે તે સર્વ કરતાં ઉત્તમ ગતિ પામે છે ૧૪ શ્રીકૃષ્ણથી વિખુટો પડેલો દારૂક દ્વારકા ગયો અને વસુદેવ તથા ઉગ્રસેનના ચરણમા પડી, અશ્રુઓથી તે ભીંજવી દીધાં. ૧૫ તેઓની આગળ બધા યાદવોના મરણની વાત કહી. તે સાંભળી સર્વે ઉદ્વેગ પામ્યા, અને તે શોકથી મૂર્છિત થઇ ગયા. શ્રીકૃષ્ણના વિયોગથી વિહ્વલ લોકો માથાં કુટતા જ્યાં યાદવો પ્રાણરહિત થઇ પડયા હતા ત્યાં ગયા. દેવકી, રોહિણી અને વસુદેવ શ્રીકૃષ્ણ તથા બળદેવને ન જોવાથી ભાન રહિત થયાં ભગવાનના વિરહથી આતુર થઇ તેમણે પ્રાણ તજ્યા અને સ્ત્રીઓએ પતિઓને આલિંગન કરી

ચિતામાં પ્રવેશ કર્યો. બળભદ્રની સ્ત્રીઓએ તેમના દેહને વસુદેવની સ્ત્રીઓએ વસુદેવના અને ભગવાનના પુત્રોની સ્ત્રીઓએ તેમના પતિને આલિંગન કરી ચિતામાં પ્રવેશ કર્યો. શ્રીકૃષ્ણની સ્ત્રીઓએ શ્રીકૃષ્ણમય થઈ અગ્નિમાં પ્રવેશ કર્યો ૨૦ અર્જુને પ્રિયમિત્ર શ્રીકૃષ્ણના વિયોગથી ખિન્ન થઇ કુરૂક્ષેત્રમાં કહેલાં ગીતાનાં ઉત્તમ વચનો સંભારી ચિત્તને શાંત કર્યું. ૨૧ મરણ પામેલા નિર્વંશ બંધુઓની શાસ્ત્રોકત વિધિ પ્રમાણે પિંડ ઉદકદાનથી તેણે ઉત્તરક્રિયા કરાવી. ૨૨ શ્રી કૃષ્ણે ત્યાગ કરેલી દ્વારકાને સમુદ્રે ભગવાનનું એક ઉત્તમ મંદિર મૂકીને બુડાડી દીધી ૨૩ એ મંદિરનું સ્મરણ કરવાથી સર્વ પાપનો નાશ થાય છે અને સર્વ મંગળોમાં તે મંગળમય છે. તે મંદિરમાં ભગવાન નિત્ય વાસ કરે છે. ૨૪ અર્જુન સ્ત્રીઓ બાળકો ઘરડાં અને મરતાં બાકી રહેલાં સર્વને ઇન્દ્રપ્રસ્થ લેઈ જઈને રાખ્યાં અને વજ્રનાભને રાજ્યાભિષેક કર્યો ૨૫ તમારા દાદા પાંડવો અર્જુનની પાસેથી પોતાના સંબંધીઓનો નાશ સાંભળી તમને રાજ્યાભિષેક કરી ગાદીના ધણી કરી તે સર્વે મહામાર્ગે ગયા. ૨૬ દેવના દેવ ભગવાનનાં કર્મો અને જન્મોને જે શ્રદ્ધાથી ગાય છે તે સર્વ પાપોથી મુકત થાય છે. ૨૭ આ પ્રમાણે ભગવાનના કલ્યાણકારી અને મનોહર એવા અવતારનાં પરાક્રમો તથા બાળચરિત્રો સાંભળ્યાં હોય તેને જેઓ ગાય છે, તેઓ પરમહંસની ગતિરૂપ શ્રીકૃષ્ણની ભકિત પામે છે ૨૮

इत्थं हरेर्भगवतो रुचिरावतार
वीर्याणि बालचरितानि च शंतमानि ।
अन्यत्र चेह च श्रुतानि गृणन् मनुष्यो
भक्तिं परां परमहंसगतौ लभेत ॥ २८ ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेएकादशस्कंधे
एकत्रिंशोऽध्यायः

इति श्री

एका दशा स्कंध समाप्त.

श्रीमद्वेदव्यासविरचित

श्रीमद्भागवत

द्वादशस्कंध

શુદ્ધ ગુજરાતી ભાષાન્તર.



अथ

श्रीमद्भागवतभाषान्तर

द्वादशस्कंध.

અધ્યાય ૧ લો.†

મૌર્યવંશ વર્ણન.

राजोवाच-स्वधामानुगते कृष्णे यदुवंशविभूषणे ।
कस्य वंशोऽभवत्पृथ्व्यामेतदाचक्ष्व मे मुने ॥ १ ॥

પરીક્ષિતે પૂછયુ કે-હે મુનિ! યદુવંશમાં આભૂષણરૂપ શ્રીકૃષ્ણ ભગવાન સ્વધામમાં પધાર્યા પછી પૃથ્વી કોને તાબે ગઈ તે કથા મને કહો?

શુકદેવજી બોલ્યા કે-નવમ સ્કંધમા ચંદ્રવંશની શાખામાં જરાસંધનો વંશ વર્ણવ્યો છે તેમા બૃહદ્રથનો પુત્ર જરાસંધ અને તેનો સહદેવ થયો. સહદેવથી માર્જારિ તેનો શ્રુતશ્રવા ને રિપુંજય સુધી વીશ રાજાના નામો ગણાવ્યા છે તેમાં છેલ્લો રિપુંજય અથવા પુરંજય રાજા થશે, તેનો મંત્રી શુનક રાજાનો નાશ કરી પોતાના પુત્ર પ્રદ્યોતને રાજ્યાસન ઉપર બેસાડશે તેનો પાલક તેનો વિશાખયૂપ, તેનો રાજક, અને તેનો નંદિવર્ધન થશે એ પાંચ રાજાઓ પ્રદ્યોતને નામે ઓળખાશે તે રાજાઓ એકસો ને આડત્રીશ વર્ષ સુધી રાજ્ય કરશે. ૪ પછી શિશુનાગ રાજા થશે. શિશુનાગનો કાકવર્ણ થશે. તેનો પુત્ર ક્ષેમધર્મા તેનો ક્ષેત્રજ્ઞ તેનો વિધિસાર, તેનો અજાતશત્રુ, તેનો દર્ભક અને તેનો અજય થશે ૬ અજયનો નંદિવર્ધન અને તેનો મહાનંદી થશે. એ દશ રાજાઓ શિશુનાગ કહેવાશે અને તેઓ કળિયુગમાં ત્રણસોને આઠ વર્ષ સુધી રાજ્ય કરશે. હે રાજન! પછી મહાનંદીનો નંદ થશે, તે શૂદ્ર સ્રીના ઉદરથી ઉત્પન્ન થશે, મહાબળવાન્ ને મહાપદ્મ ધનનો પતિ થઇ ક્ષત્રિયોનો નાશ કરશે. પછી સર્વ રાજાઓ શૂદ્ર જેવા અધર્મી થશે નંદરાજા પૃથ્વી ઉપર એકછત્રે રાજ્ય કરશે, કોઇ પણ તેની આજ્ઞા ઉલ્લંઘન કરશે નહિ. મહાપદ્મ જેટલા ધનનો સ્વામી થશે અને પરશુરામની પેઠે સર્વ ક્ષત્રિયોનો સંહાર કરી પૃથ્વીનું રાજ્ય ભોગવશે, ૧૦ તેને સુમાલ્ય આદિ આઠ પુત્રો થશે. જે રાજાઓ સો વર્ષ સુધી રાજ્ય કરશે. ૧૧ કોઈ એક બ્રાહ્મણ વિશ્વાસ પામેલા તે નવે નંદોને ઉખાડી નાંખશે. તેઓના નાશ પછી કળિમાં મૌર્યવંશના રાજાઓ પૃથ્વી ઉપર રાજ્ય કરશે ૧૨

† આ અધ્યાયમાં કલિયુગના પ્રભાવે મલિન થયેલો મગધ દેશના રાજાનો વંશ વર્ણવાય છે

ચાણુક્ય માર્યોમાંથી ચંદ્રગુપ્તને રાજ્યાભિષેક કરશે ચંદ્રગુપ્તનો વરિસાર, અને તેનો અશોકવર્ધન ૧૩ તેનો સુયશા તેનો સંગત, તેનો શાલિશુક, તેનો સોમશર્મા, તેનો શતધન્વા, તેનો બૃહદ્રથ થશે મૌર્ય નામના દશ રાજાઓ કલિયુગમા એકસો ને સાડત્રીશ વર્ષ પૃથ્વીનુ રાજ્ય કરશે મૌર્ય વંશના છેલ્લા રાજા બૃહદ્રથનો સેનાપતિ પુષ્પમિત્ર રાજાનો નાશ કરી પોતે રાજ્ય કરશે તેનો અગ્નિમિત્ર તેનો સુજ્યેષ્ટ થશે. તેનો વસુમિત્ર તેનો ભદ્રક તેનો પુલિંદ તેનો ઘોષ તેનો વજ્રમિત્ર તેનો ભાગવત અને તેનો દેવભૂતિ પુત્ર થશે શુંગના નામથી પ્રસિદ્ધ તે દશ રાજાઓ એક સો ને બાર વર્ષસુધી રાજ્ય કરશે ૧૮ હે રાજન! પૃથ્વી થોડા ગુણવાળા 'કણ્વ' નામે પ્રસિદ્ધ રાજાઓના હાથમા જશે. શુંગ વંશમા ઉત્પન્ન થયેલા વ્યભિચારી દેવભૂતિને, તેનો કણ્વ જાતિનો બુદ્ધિશાળી મંત્રી વસુદેવ મારી નાંખીને પોતે ગાદીએ બેસશે તેનો ભૂમિત્ર તેનો નારાયણ થશે કણ્વ વંશના ચાર રાજાઓ કળિયુગમા ત્રણસેં ને પીસ્તાળીસ વર્ષ પૃથ્વીનુ રાજ્ય કરશે ૨૧ કણ્વ વંશના છેલ્લા સુશર્માને તેનો બળી નામે આંધ્ર જાતનો શૂદ્ર અને દુર્ગમા સેવક મારી નાખી કેટલાક સમય સુધી પૃથ્વી ભોગવશે ૨૨ તેનો ભાઈ કૃષ્ણ રાજા થશે તેનો શ્રીશાતકર્ણુ તેનો પૌર્ણમાસ, ૨૩ તેનો લંબોદર, તેનો વિકલ, તેનો મેઘસ્વાતિ, તેનો અટમાન, ૨૪ તેનો અનિષ્ટકર્મા જેનુ બીજુ નામ હલેય તેનો તલક, તેનો પુરીષભીરૂ, તેનો સુનંદન, ૨૫ તેનો ચકોર અને તેના વંશમા નવમો શિવસ્વાતિ રાજા થશે તેનો ગોમતિ ને તેનો પુરીમાન્ થશે ૨૬ તેનો વેદશિરા, તેનો શિવસ્કંદ તેનો યજ્ઞશ્રી તેનો વિજય તેનો ચંદ્રવિજ્ઞ અને તેનો સલોમધિ થશે ૨૭ બળિથી માંડીને સલોમધિ સુધીના ત્રીશ રાજાઓ ચારસો ને છપ્પન વર્ષ રાજ્ય કરશે ૨૮ અવભૂતિ નગરીમા તે પછી આહેર જાતના સાત રાજા થશે. ગર્દભિના નામે પ્રખ્યાત દશ રાજાઓ થશે. તે પછી કંકના વંશના સોળ લોભી રાજાઓ થશે. ૨૯ પછી આઠ યવન રાજાઓ થશે. ચૌદ તુર્ક જાતિના રાજાઓ થશે ફરીને દશ ગરૂડ જાતિના રાજાઓ થશે અને અગિયાર મૌન જાતિના રાજાઓ થશે ૩૦ મૌન જાતિના રાજાઓ બાદ કરતા આહેરાદિ પાસેઠ રાજાઓ એક હજાર અને નવાણું વર્ષ રાજ્ય કરશે; માન રાજાઓ ત્રણસે વર્ષ રાજ્ય કરશે. તેમનો નાશ થયા પછી કિલકિલા નગરીમાં ભુતનંદ નામે રાજા થશે પછી વંગિગિરી રાજા થશે તેનો ભાઇ શિશુનંદિ પછી યશોનંદિ અને પ્રવીરક રાજા થશે એ એક સો ને છ વર્ષ રાજ્ય કરશે. ૩૩ ભૂતનંદાદિકના બાહ્લિક નામે તેર પુત્ર થશે, પછી પુષ્પમિત્ર રાજા થશે, તેનો પુત્ર દુર્મિત્ર રાજા થશે. ૩૪ બાહ્લિકોમાથી સાત આંધ્ર દેશના સાત કોશલ દેશના મૈદુર દેશના અને નિષધ દેશના રાજાઓ થશે અને તે રાજાઓ દેશના નામે પ્રખ્યાત થશે. તે જુદા જુદા ખંડના અધિપતિઓ થશે ૩૫ માગધ વંશમાં વિશ્વસ્ફુર્જી રાજા થશે, જેનું પુરંજય એવું બીજુ નામ પડશે તે રાજા પછી બીજો પુરંજય દુષ્ટ બુદ્ધિવાળો થશે તે બ્રાહ્મણાદિક પ્રજાને ભ્રષ્ટ કરીને પુલિંદ યદુ અને મદ્રક નામે મ્લેચ્છ રાજ્ય કરશે અને સર્વ પ્રજાને બ્રાહ્મણ ક્ષત્રિય તથા વૈશ્ય જાતિથી ભ્રષ્ટ કરશે. તે મહા બળવાન અને દુષ્ટ બુદ્ધિવાળો રાજા ક્ષત્રિયોનો નાશ કરીને પદ્માવતી નગરીમાં રહી, હરિદ્વારથી પ્રયાગ સુધી પૃથ્વીનું રાજ્ય કરશે ૩૭ સોરઠ અવંતી આભીર શૂદ્ર અર્બુદ અને માળવા દેશોમાં દ્વિજ વર્ણ ઉપનયન સંસ્કારનો ત્યાગ કરી વ્રાત્ય થશે અને રાજાઓ શૂદ્રો થઇ જશે. ૩૮ સિંધુ

નદીના કિનારા ઉપર ચંદ્રભાગા ઉપર કૌન્તી ઉપર અને કાશ્મીર દેશમા શૂદ્રો, સંસ્કારથી ભ્રષ્ટ થયેલા ચંડાળો મ્લેચ્છો અને બ્રહ્મતેજથી રહિત દ્વિજલોકો રાજ્ય કરશે હે રાજન! તેઓ ઘણું કરીને મ્લેચ્છના જેવા થશે અધર્મ કરશે મિથ્યા ભાષણ કરશે, થોડું આપશે, અત્યંત ક્રોધાવિષ્ટ રહેશે. ૪૦ સ્ત્રીની બાળકની ગાયની અને બ્રાહ્મણની હત્યા કરશે. પરસ્ત્રી અને પરધનને હરણ કરવામા તત્પર રહેશે, ઉદય અને અસ્ત પામ્યા કરશે, થોડી ધીરજવાળા અને થોડા આયુષ્યવાળા થશે. ૪૧ ગર્ભાધાનાદિક સંસ્કારથી હીન કોઇ પણ જાતની ધર્મક્રિયા રહિત રજોગુણ અને તમોગુણથી યુકત રાજાનુ નામ ધારણ કરશે અને મ્લેચ્છ રાજાઓ ધનાદિકનુ હરણ કરી પ્રજાને પીડશે ૪૨ તે રાજાઓના દેશમા રહેનારા લોકો તેના સ્વભાવ અને આચાર વાળા થશે, પરસ્પર લઢી તથા પીડા પામી નાશ પામશે ૪૩

तन्नाथास्ते जनपदास्तच्छीलाचारवादिन ।
अन्योन्यतो राजभिश्च क्षयं यास्यंति पीडिताः॥

इतिश्रीमद्भागवतेमहापुराणेद्वादशस्कंधे प्रथमोऽध्याय:

અધ્યાય ૨ જો.†

ભગવાનનો કલ્કિ અવતાર.

श्रीशुक उवाच

ततश्चानुदिनं धर्मः सत्यं शौचं क्षमा दया ।
कालेन बलिना राजन्नङ्क्ष्यत्यायुर्बलं स्मृतिः ॥

શુકદેવજી કહે છે કે–હે રાજન! બળવાન એવા કાળના પ્રભાવથી દિવસે દિવસે ધર્મ સત્ય પવિત્રતા ક્ષમા દયા આયુષ્ય બળ અને સ્મૃતિ ઓછી થઈ જશે કળિમાં જેમની પાસે ધન હશે તે કુલીન સદાચારી અને ગુણી ગણાશે જે બળવાન હશે તે ધર્મનિષ્ઠ અને ન્યાયી ગણાશે ૨ સ્ત્રી અને પુરૂષના સંબંધમાં પ્રીતિજ કારણરૂપ થશે. ઉત્તમ કુળ અને ગોત્રાદિક નિઃસાર ગણાશે. લેવડ દેવડમા કપટ થશે, બ્રાહ્મણપણામા માત્ર જનોઇ રહેશે આશ્રમોને ઓળખવામા તથા પરસ્પર માન આપવામા તેના દંડ તથા મૃગચર્મ વગેરે ચિહ્નો કારણરૂપ થઇ પડશે સદાચાર કારણરૂપ ગણાશે નહિ ન્યાયાધીશને લાંચ આપશે નહિ તે હાર પામશે, બહુ બોલશે તે પંડિત ગણાશે ૪ નિર્ધન મનુષ્ય દુર્જન કહેવાશે ઢોંગજ સજ્જનતામા ગણાશે પરણવામા ક્રિયા નહિ પરંતુ સ્ત્રીને ગ્રહણ કરવી તે ક્રિયા કહેવાશે નહાવુ એજ શણગાર ગણાશે ૫ જે જળાશય દૂર હશે તે તીર્થ ગણાશે, માતાપિતા તીર્થ ગણાશે નહિ વાળને તેલ નાખીને સાફ રાખવા એજ શોભા ગણાશે વિદ્યા શોભા ગણાશે નહિ. પેટ ભરવુ એજ પુરૂષાર્થ ગણાશે પરોપકાર પુરૂષાર્થ ગણાશે નહિ, ધનીજ સત્યવાદી ગણાશે, સત્યવાદી નહિ ૬ કુટુંબનુ પોષણ કરવું એજ ચતુરાઈ ગણાશે ધર્માચરણ કીર્તિને માટે કરવામા આવશે દુષ્ટ પ્રજાઓથી પૃથ્વીનું મંડળ ઘેરાઈ જશે ત્યારે બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય અને શૂદ્રોમા જે બળવાન હશે તે રાજા થશે અને લોભી નિર્દય અને ચોરના જેવી વૃત્તિના નીચ રાજાઓ સ્ત્રીઓનુ અને ધનનું હરણ કરવા માંડશે, પ્રજા વનમા નાશી જશે તથા શાક મૂળ માંસ મધ ફળ ફૂલ ઉપર જીવશે દુકાળથી તથા રાજાઓના કરોથી પીડાતી પ્રજા ટાઢથી તડકાથી વરસાદથી અને ઝાકળથી દુઃખી થઈ નાશ પામશે.૧૦ ભૂખ તરસ રોગ સંતાપ તથા ચિંતાથી લોકો દુઃખી થશે કળિયુગમા મોટામા મોટું આયુષ્ય વીશ કે ત્રીશ વર્ષનુ થશે. ૧૧ કળિના દોષથી શરીર ઠીંગણા થઈ જશે, વર્ણો તથા આશ્રમવાળા મનુષ્યોનો વેદોક્ત ધર્મ નાશ પામશે ૧૨ પાખંડી ધર્મો વૃદ્ધિ

† આ અધ્યાયમા કળિના દોષ વધી ગયા પછી ભગવાનનો કલ્કિ અવતાર થશે તેમા અધર્મિષ્ઠ લોકોનો નાશ કરશે અને સત્યયુગ આરંભાશે

પામશે, રાજાઓ ઘણુ કરીને ચેર જેવા થઇ જશે. મનુષ્યો ચોરી મિથ્યા ભાષણ વૃથા હિંસા વગેરે પ્રકારે આજીવિકા કરશે ૧૩ ચારે વર્ણો શૂદ્ર જેવા થઇ જશે, ગાયો બકરી જેવડી થશે. આશ્રમોમાં માત્ર ગૃહસ્થાશ્રમ રહેશે. સબધીઓમા વહુવાઇ પાસેના સંબંધી કહેવાશે. ૧૪ ઓષધિઓ સૂક્ષ્મ થઇ જશે,વૃક્ષોમા ખીજડા માત્ર રહેશે વરસાદમા વિજળીઓ જોવામા આવશે, ઘરો વેદના ધ્વનિથી તથા ધર્મ કર્મથી રહિત થશે

આ પ્રમાણે તીક્ષ્ણ ધર્મવાળો કળિયુગ ઘણો ખરો વીતી ગયા પછી ભગવાન ધર્મની રક્ષા કરવા સત્વગુણથી અવતાર ધારણ કરશે સ્થાવર જંગમના ગુરૂ અને સર્વના આત્મા રૂપ વિષ્ણુનો જન્મ સાધુ પુરૂષોના ધર્મનુ રક્ષણ કરવા માટે અને કર્મના બધન તે ડવાને થશે. ૧૭ શંભલ ગામમાં વિષ્ણુયશા નામે એક ઉત્તમ અને મહાત્મા બ્રાહ્મણને ઘેર તે કલ્કિ નામે પ્રકટ થશે ૧૮ આઠ સિદ્ધિઓ વાળા તથા અનુપમ કાંતિવાળા કલ્કિ ભગવાન અતિ ઉતાવળા વેગવાળા અને નીચ લોકોને દમન કરનાર ઘોડા ઉપર બેસી પૃથ્વી ઉપર ફરી રાજાના વેશમાં રહેલા ચોરોને મારશે ૨૦ ચોર લોકો નાશ પામ્યા પછી નગરના તથા દેશના લોકોને ભગવાનના અગમા લગાડેલા ચંદનાદિકના પવિત્ર સુગધવાળા વાયુનો સ્પર્શ થશે, તેથી તે લોકોના મન નિર્મળ થશે ૨૧ સત્વગુણી ભગવાન વાસુદેવ તેઓના હૃદયમા રહેશે તેથી તેમની પ્રજા દૃઢ બધાવાળી થશે ૨૨ ભગવાન કલ્કિ જ્યારે અવતાર ધારણ કરશે ત્યારે સત્યયુગનો આરભ થશે અને સત્વગુણી પ્રજાની ઉત્પત્તિ થશે ૨૩ જ્યારે ચદ્ર સૂર્ય અને બૃહસ્પતિ એ ત્રણે એકઠા પુષ્પ નક્ષત્રમા આવશે ત્યારે સત્યયુગનો આરભ થશે ૨૪ ચદ્રવશી તથા સૂર્યવશી જે રાજાઓ કહ્યા છે અને જે ભવિષ્યમા થશે તેમના ચરિત્રો કહ્યા ૨૫ તમારા જન્મથી લઇને નંદરાજાને અભિષેક થયો તેટલા સમયમાં પંદરસો અને દશ વર્ષ જેટલો કાળ ગયો. સપ્તર્ષિઓની વચ્ચે જે બે તારાઓ દેખાય છે તેની વચ્ચે દક્ષિણ દિશા તરફ સમ પ્રદેશમાં રહેલું જે નક્ષત્ર જોવામા આવે છે તે નક્ષત્ર સાથે સપ્તર્ષિઓ જોડાઇને રહેલા છે અને તેઓ સો વર્ષ સુધી જોડાઈ રહેશે સપ્તર્ષિઓ તમારા જન્મ સમયે મઘા નક્ષત્રમાં હતા અને હમણા તેમાજ છે. વિષ્ણુનો શુદ્ધ સત્વગુણી દેહ જ્યારે વૈકુઠ લોકમા ગયો ત્યારે કળિયુગે આ લોકમાં પ્રવેશ કર્યો ને લોકોનું મન પાપ તરફ વળ્યુ ૨૮ ભગવાન પોતાનાં ચરણકમળવડે પૃથ્વીનો સ્પર્શ કરતા તેટલામાં કળિયુગ આ પૃથ્વી ઉપર આવી ગયો હતો, પરતુ પરાભવ કરી શકતો ન હતો ૩૦ સપ્તર્ષિઓ મઘા નક્ષત્રને ભોગવવા લાગ્યા ત્યારથી દેવતાઓના બારસો વર્ષ જેવડો કળિયુગ પ્રવર્ત્યો છે. ૩૧ જ્યારે સપ્તર્ષિઓ મઘામાથી પૂર્વાષાઢા નક્ષત્રમા જશે, ત્યારે નદરાજાના રાજ્ય સુધી કળિયુગની વૃદ્ધિ થશે ૩૨ પ્રાચીન કાળને જાણનારા વિદ્વાનો કહે છે કે, ભગવાન જે દિવસે સ્વધામ પધાર્યા તે દિવસથી કળિયુગ આવ્યો એમ જાણવુ ૩૩ દેવોનાં એક હજાર અને બસો વર્ષ કળિયુગનુ પ્રમાણ છે તે વીતી ગયા પછી પાછો સત્યયુગનો આરભ થશે લોકોના મન આત્માને જાણવા માટે સમર્થ થશે તે ઉપરથી સત્યયુગનો આરભ થયો જાણવામા આવશે ૩૪ પૃથ્વી ઉપર મનુના વશની જે પ્રમાણે સ્થિતિ છે તે પ્રમાણે પ્રત્યેક યુગમા બ્રાહ્મણો ક્ષત્રિયો, વૈશ્યો અને શદ્રોની સ્થિતિ થાય છે ૩૫ હમણાં નામ માત્ર અવશેષ રહેલા અને જેમની વાતો રહી ગઇ છે એવા મહાત્મા પુરૂષોની કીર્તિ પૃથ્વી છે. ૩૬ શંતનુનો ભાઈ દેવાપિ અને ઇક્ષ્વાકુ વશમાં ઉત્પન્ન

થયેલો સૂર્યવંશી મરૂ, એ બે રાજાઓ યોગના બળથી હજી કલાપ ગામમાં રહે છે. ૩૭ તે કળિયુગને અંતે ભગવાનની આજ્ઞાથી પાછા અહીં આવી, પ્રથમની પેઠે વર્ણોના તથા આશ્રમોના ધર્મોનો વિસ્તાર કરશે ૩૮ સત્યયુગ દ્વાપરયુગ ત્રેતાયુગ, અને કળિયુગ, એમ ચાર યુગો છે અને તે ચાર યુગ, ઉપર કહેલા ક્રમ પ્રમાણે પૃથ્વી ઉપર સર્વ પ્રાણીઓને વિષે વાસ કરે છે ૩૯ મેં જે રાજાઓ કહ્યા તે પૃથ્વી માટે પ્રાણ દાન કરી મરણ પામ્યા છે. ૪૦ જે શરીરનું રાજા નામ હોય છે તેનું પણ મૃત્યુ પછી રાખ નામ પડે છે. નાશવંત દેહને માટે પ્રાણીઓનો દ્રોહ કરનારાનો કશો સ્વાર્થ સિદ્ધ થતો નથી માત્ર દ્રોહ કરવાથી નરક મળે છે પૃથ્વીને મારા પૂર્વજ પુરૂષોએ કેવી રીતે પાળી હતી? અને તે મારી પાસે મારા પુત્રની પાસે, મારા પૌત્રની પાસે તથા મારા વંશજોની પાસે કેવી રીતે રહેશે પૃથ્વીને મમતાથી રાખનાર અને અગ્નિ તેજ તથા જળમય કાયાને અહંતાથી પોતાની માનનાર રાજાઓ છેવટ નાશ પામ્યા છે હે રાજન! જે રાજાઓ પોતાના બળથી પૃથ્વીને ભોગવતા હતા તે કાળે કરીને માત્ર કથારૂપ અવશેષ થઇ ગયા છે.

ये ये भूपतयो राजन् भुंजते भुवमोजसा ।
लालेन ते कृताः सर्वे कथामात्राः कथासु च॥

इतिश्रीमद्भागवतेमहापुराणेएकादशस्कंधे द्वितीयोऽध्यायः

અધ્યાય ૩ જો.‡

કલિના દોષો.

श्रीशुक उवाच

दृष्ट्वात्मनि जये व्यग्रान् नृपान् हसति भूरियम्
अहो मां विजिगीषति मृत्यो क्रीडनका नृपाः

શુકદેવજી કહે છે કે—પૃથ્વી પોતાને જીતવા તત્પર થયેલા રાજાઓને જોઇ હસે છે કે અહો! કાળના રમકડા જેવા રાજાઓ કેવી ઇચ્છા કરે છે ૧ વિદ્વાન રાજાઓનો પણ આવો મનોરથ નિષ્ફળ જાય છે. ૫૨ પોટા જેવા દેહ ઉપર અત્યંત વિશ્વાસુ રાજાઓ મનમા વિચાર કરે છે કે—અમે પ્રથમ છ ઇંદ્રિયોને જીતી મંત્રીઓને હરાવીશુ, પછી કંટકરૂપ શત્રુઓને હરાવીને એ રાજાના મંત્રીઓ નગરવાસીઓ વિશ્વાસુઓ તથા હાથીઓને તાબે કરીશું.૩ છેલ્લે સમુદ્ર પર્યંત પૃથ્વીને તાબે કરીશુ તેઓનું હૃદય વિજયની આશા ભરેલું હોવાથી પોતાની પાસે ઉભેલા કાળને દેખતા નથી ૪ કેટલાક સમુદ્ર પર્યંત રહેલી જે હું તેને જીતી બળાત્કારથી સમુદ્ર પારના દેશોમા જાય છે; ઇંદ્રિયોનો વિજય કરવાથી આ ફળ મળે છે. પણ તે કંઇ ગણતરીમાં નથી. ઇંદ્રિયોના વિજયનું ફળ મોક્ષ છે. ૫ મનુઓ તથા મનુના પુત્રો મારો ત્યાગ કરીને જેમ આવ્યા તેમ પાછા ગયા છે, મારે માટે પિતા તથા પુત્રો વચ્ચે અને ભાઇ ભાઇ વચ્ચે પણ કલેશ થાય છે જે દુષ્ટોનું ચિત્ત રાજ્યમાં બંધાઇ ગયું હોય તેઓ કહે છે કે—આ પૃથ્વી મારી છે તારી નથી. આવુ બોલનાર રાજાઓ સ્પર્ધા કરી મારે માટે એક બીજાને મારી નાખે છે અને પોતે પણ અંતે મરી જાય છે. પૃથુરાજા પુરૂરવા ગાધિ નહુષ ભરત અર્જુન માધાતા સગર રામ ખટ્વાંગ ધુંધુહા રઘુ ૯ તૃણબિંદુ યયાતિ શર્યાતિ શંતનુ ગય ભગીરથ કુવલયાશ્વ કકુત્સ્થ નૈષધ નૃગ, ૧૦ હિરણ્યકશિપુ વૃત્રાસુર રાવણ નમુચિ શંબર ભૌમાસુર હિરણ્યાક્ષ તારકાસુર તથા બીજા શકિતવાળા દૈત્યો અને રાજાઓ સર્વ વસ્તુને જાણનાર શૂરા સર્વનો વિજય કરનારા તથા અજીત હતા ૧૨ મરણ ધર્મવાળા લોકો મારી ઉપર ઘણી મોટી મમતા બાંધી બેઠા હતા. તેઓને કાળે માત્ર કથા રૂપે બાકી

‡ આ અધ્યાયમા રાજાઓની અહંભાવના અને લોકોની અધર્મમા પ્રવૃત્તિનું વર્ણન કરવામા આવેછે.

રાખ્યા છે અને તેઓ પોતાના મનોરથોમાં નિષ્ફળ નીવડયા છે. ૧૩ હે રાજન ! યશનો વિસ્તાર કરીને મરણ પામેલા મહાબળશાળી રાજાઓની કથાઓ મેં તમારી આગળ કહી, તે વિજ્ઞાન અને વૈરાગ્યની ઇચ્છાથી કહી છે. એ કથાઓ માત્ર વાણીના વિલાસરૂપ હોઈ પરમાર્થરૂપ નથી ૧૪ ઉત્તમ કીર્તિવાળા શ્રી કૃષ્ણના અકલ્યાણનો નાશ કરનાર જે ગુણાનુવાદો વારવાર ગાવામા આવે છે તેજ પુરૂષાર્થ સમજવો અને શ્રીકૃષ્ણ ઉપર નિર્મળ ભક્તિની ઇચ્છા રાખનાર પુરૂષે નિત્ય તે વારવાર શ્રવણ કરવો ૧૫

પરીક્ષિત-હે મુનિ ! કળિકાળના લોકોએ વૃદ્ધિ પામેલા કળિયુગના દોષોને કેવી રીતે ટાળવા ? યુગો યુગ યુગના ધર્મો તથા પ્રલયના અને કલ્પના પ્રમાણો મહાત્મા અને ઇશ્વર એવા કાળમૂર્તિ શ્રીવિષ્ણુની ગતિરૂપ છે માટે મને તે કહો ૧૭

શુકદેવજી બોલ્યા કે—હે રાજન ! સત્યયુગમા ચાર પગવાળો ધર્મ હતો ત્યારે મનુષ્યો તેને ધારણ કરતા સત્ય દયા તપ અને દાન એ ચાર વ્યાપક એવા ધર્મના પગ છે ૧૮ સત્યયુગમા લોકો સંતોષી દયાળુ સર્વ પ્રાણીઓના મિત્ર શાંત અંતરિન્દ્રિયનો નિગ્રહ કરનાર દુઃખાદિક સહન કરનાર આત્મારામ સમદૃષ્ટિવાળા તથા આત્મજ્ઞાનના અભ્યાસી હોય છે ત્રેતાયુગમા મિથ્યા ભાષણ હિંસા અસંતોષ તથા કલેશ, એ ચાર અધર્મથી ધર્મનો ચોથો ભાગ નાશ પામે છે ૨૦ ત્રેતાયુગમા ઘણા લોકો ક્રિયામાં ને તપમા નિષ્ઠાવાળા હોય છે, બહુ હિંસા કરનાર હોતા નથી, ધર્મ અર્થ અને કામને સેવનાર હોય છે. વેદાધ્યયનમા કુશળ હોય છે અને વર્ણોમા બ્રાહ્મણ ઉત્તમ ગણાય છે. ૨૧ દ્વાપરયુગમા હિંસા અસંતોષ મિથ્યા ભાષણ તથા દ્વેષ એ ચાર અધર્મથી તપ દયા સત્ય અને દાન એ ચાર ધર્મના પગ ભાગે છે. ૨૨ દ્વાપરયુગમાં લોકો યશસ્વી મહાગૃહસ્થ સ્વાધ્યાયમાં કુશળ ધનવાન કુટુંબી તથા આનંદી હોય છે અને વર્ણોમાં બ્રાહ્મણો તથા ક્ષત્રિયો ઉત્તમ ગણાય છે.૨૩ કળિયુગમાં અધર્મોના વૃદ્ધિ પામતા પાયાઓવડે ધર્મનો એક ચતુર્થાંશ બાકી રહે છે અને તે પણ છેવટે ક્ષીણ થઇ જાય છે. ૨૪ કળિયુગમાં લોકો લોભી દુરાચારી નિર્દય વેરી ભાગ્યહીન તથા તૃષ્ણાવાળા હોય છે. વર્ણોમા શૂદ્રો તથા દાસ લોકો રહે છે ૨૫ સત્વ રજ તથા તમ ત્રણ ગુણો પુરૂષોમાં જોવામા આવે છે અને તે ગુણો કાળની પ્રેરણાથી ચિત્તમા ફર્યા કરે છે મન બુદ્ધિ અને ઇંદ્રિયો સત્વગુણમાં હોય ત્યારે સત્યયુગ જાણવો, કારણ કે તેને લીધે જ્ઞાન તથા તપમાં રૂચિ રહે છે. ૨૭ જયારે પ્રાણીઓને સકામ કર્મો ઉપર પ્રેમ થાય ત્યારે રજો ગુણની વૃત્તિવાળો ત્રેતાયુગ આવ્યો એમ જાણવુ. જ્યારે લોભ અસંતોષ માન દંભ મત્સર ને સકામ કર્મોમાં પ્રીતિ થાય ત્યારે રજોગુણ અને તમોગુણ જેમા મુખ્ય છે, એવો દ્વાપરયુગ આવ્યો જાણવુ ૨૯ જયારે કપટ મિથ્યા ભાષણ આલસ્ય નિદ્રા હિંસા દુઃખ શોક મોહ ભય અને દીનતા આવવા માંડે ત્યારે તમોગુણ જેમાં મુખ્ય છે એવો કળિયુગ આવ્યો જાણવું. ૩૦ કળિયુગના લોકો ક્ષુદ્રદૃષ્ટિવાળા અલ્પભાગ્યવાળા ઘણું ખાનારા વિષયલંપટ તથા દીન થઇ જઈ સ્ત્રીઓ પોતાની ઇચ્છાનુસાર વર્તનારી થાય છે ૩૧ દેશોમા ચોરનો વધારો થશે, વેદો પાખંડીઓથી દૂષિત થશે, રાજાઓ પ્રજાનુ કલ્યાણ કરશે નહિ અને બ્રાહ્મણો સ્વાર્થ પરાયણ થશે ૩૨ બ્રહ્મચારીઓ સદાચારહીન અને પવિત્રતા રહિત થશે, ગૃહસ્થો ભિક્ષા ન આપતા પોતે ભિક્ષા માગશે, તપસ્વી લોકો વનનો ત્યાગ કરી ગામમા રહેશે અને સંન્યાસીઓ ધનના લાલચુ થઇ જશે. સ્ત્રીઓ

નીચી ઘણું ખાનારી, બે શરમ, કઠોર શબ્દો બોલનારી, કપટી અને સાહસિક થશે. ૩૪ કપટી નીચ વ્યાપારીઓ વ્યાપાર કરશે. લોકો આપત્કાળ નહિ આવ્યા છતા સત્પુરૂષોએ તુચ્છ ગણેલી આજીવિકાને સારી માનશે. ૩૫ ચાકરો શેઠ શ્રેષ્ઠ છતા નિર્ધન હશે તો ત્યાગ કરશે. શેઠ પોતાના કુળનો ચાકર જો દુ:ખી સ્થિતિમાં આવી પડશે તો તેનો ત્યાગ કરશે અને ઉચી ગયેલી ગાયોનો ત્યાગ કરશે. ૩૬ કળિયુગમા લોકો પિતા ભાઈ મિત્ર સંબંધીઓ અને નાતીલાઓનો ત્યાગ કરીને ધન સ્નેહજ રાખશે સ્ત્રીઓને આધીન લોકો, સાળાઓ તથા સાળીઓ સાથે સલાહ કરશે. ૩૭ તપસ્વીઓના જેવા વેશથી આજીવિકા કરનાર શૂદ્રો દાનાદિકનો પ્રતિગ્રહ કરશે. ૩૮ પૃથ્વીને નિરન્ન જોઇ ઉદાસ રહેશે, દુકાળ અને રાજાના કરોથી પીડા પામશે તથા અનાવૃષ્ટિના ભયથી આતુર થઇ જશે. ૩૯ કળિયુગમા લોકો વસ્ત્ર અન્ન-પાન શયન સ્નાન તથા આભૂષણો રહતિ થઇ પડશે. પિશાચના જેવા ભયકર દેખાવના થશે. ૪૯ કળિયુગમાં લોકો એક કોડી જેટલા ધનને માટે લઢીને સ્નેહનો ત્યાગ કરશે, પોતાના વહાલા જીવનો ત્યાગ કરશે તથા પોતાના સબધીઓનો નાશ કરશે. ૪૧ મનુષ્યો વૃદ્ધ—માતપિતાની રક્ષા કરશે નહિ અને સ્વાર્થી માતપિતા સર્વ વિષયોમાં કુશળ એવા પોતાના પુત્રોથી રક્ષા કરશે નહિ. ૪૨ હે રાજન ! જગતના પરમ ગુરૂ તથા ત્રણ લોકના અધિપતિ જેમનાં ચરણારવિંદને નમે છે એવા ભગવાન્ અચ્યુતની પાખંડથી ભિન્ન મનવાળા મનુષ્યો ઘણું કરીને કળિયુગમાં પૂજા કરશે નહિ. ૪૩ પુરૂષ મરણ સમયે આતુર દશામાં પડી ઠેસ ખાતી વેળા અથવા પરાધીન દશામા ભગવાનનું નામ લે તો તે કર્મરૂપી બધનમાથી છૂટો થઈ ઉત્તમ ગતિને પામે છે. કળિયુગમાં લોકો આવી ઉત્તમ ગતિ આપનાર ભગવાનની પૂજા કરશે નહિ. ૪૪

ભગવાન પુરૂષોત્તમ મનમા વાસ કરવાથી કળિયુગને લીધે થયેલા અને દ્રવ્ય દેશ તથા ચિત્તથી ઉત્પન્ન થયેલા મનુષ્યોના સર્વ દોષો હરે છે. ૪૫ ભગવાનનું નામ સાભળવાથી કીર્તન કરવાથી પૂજા કરવાથી અથવા આદર આપવાથી મનુષ્યોના હૃદયમા રહેલા ભગવાન મનુષ્યોનાં દશ હજાર જન્મના પાપને ટાળે છે. ૪૬ સુવર્ણમા રહેલો અગ્નિ ધાતુના સબધથી થયેલી કાળાશ વગેરે દોષને ટાળે છે. ૪૭ ભગવાન શ્રીહરિ હૃદયમા રહેવાથી અંતરાત્મા અત્યંત શુદ્ધ થાય છે, ઉપાસના તપ પ્રાણાયામ, મૈત્રી તીર્થસ્નાન વ્રત દાન ને જપ કરવાથી અંતર અત્યંત શુદ્ધ થતું નથી ૪૮ તમે મરવાની તૈયારીમાં છો તેથી તમે સાવધાન થઈ ભગવાનને હૃદયમાં ધારણ કરો, કારણ કે જેથી તરીને પરમ ગતિ પામો. ૪૯ મરવાની તૈયારીમા જે હોય તેણે ભગવાન પરમેશ્વરનું ધ્યાન કરવું. એટલે સર્વના આત્મા અને સર્વના આશ્રય એવા ભગવાન તેને પોતાનું સ્વરૂપ આપે હે રાજન ! દોષના ભડારરૂપ કળિયુગમા એક મોટો ગુણ છે તે એ છે કે શ્રીકૃષ્ણનુ કીર્તન કરવાથી મનુષ્ય સર્વ બંધનોમાથી છૂટો થઇ પરમ પદને પામે છે. ૫૧ સત્યયુગમા વિષ્ણુનું ધ્યાન કરવાથી જે ફળ થાય છે, અને ત્રેતાયુગમા યજ્ઞોવડે યજન કરવાથી જે ફળ થાય છે, તે જ ફળ કળિયુગમા શ્રીહરિનુ કીર્તન કરવાથી પ્રાપ્ત થાય છે. ૫૨

कृते यद्ध्यायतो विष्णु त्रेतायां यजतो मखैः।
द्वापरे परिचर्यायां कलौ तद्धरिकीर्तनात् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेद्वादशस्कंधे
तृतीयोध्यायः

અધ્યાય ૪ થો.‡

જુદા જુદા પ્રલયો.

श्रीशुक उवाच

कालस्ते परमाण्वादिर्द्विपरार्द्धावधिर्नृप ।
कथितो युगमान च शृणु कल्पलयावपि ॥ ॥

શુકદેવજી કહે છે કે–હે રાજન ! મે તમને પરમાણુથી માડીને બે પરાર્ધ સુધીનો કાળ કહ્યો તથા યુગોનુ માન પણ કહ્યુ હવે કલ્પના તથા લયના પ્રમાણ કહુ છુ તે સાભળો ચાર હજાર યુગ તે બ્રહ્માનો દિવસ અને કલ્પ કહેવાય છે. કલ્પમા ચૌદ મનુઓ થાય છે ૨ કલ્પને અતે પ્રલય થાય છે, તે બ્રહ્માની રાત્રિ કહેવાય છે ત્રણ લોકનો રાત્રિમા લય થાય છે ૩ એ નૈમિત્તિક પ્રલય કહેવાય છે, કારણ કે તેમા ભગવાન નારાયણ આખા જગતને ગ્રહણ કરી શેષનાગ ઉપર પોઢે છે, બ્રહ્મા નારાયણસ્વરૂપ લઇ નિદ્રા કરે છે બ્રહ્માના નિદ્રારૂપ નિમિત્તથી થતો પ્રલય નૈમિત્તિક કહેવાય છે ૪ જ્યારે બ્રહ્માના પરાર્દ્ધ વર્ષ વીતી જાય ત્યારે મહત્તત્વ અહકાર ને પાચ તન્માત્રાઓ લય પામે છે ૫ તે પ્રાકૃતિક પ્રલય કહેવાય છે, જે પ્રલયમાં નાશનુ કારણ પ્રાપ્ત થવાથી પ્રકૃતિઓ તથા તેના કાર્યરૂપ બ્રહ્માંડસમૂહ લય પામે છે ૬ પ્રાકૃતિક પ્રલય થતા સો વર્ષ સુધી પૃથ્વી ઉપર વરસાદ વરસતો નથી. અન્નનો નાશ થવાથી ભૂખી પ્રજા એક બીજાને ખાવા ધાય છે કાળવડે પીડા પામી તે નાશ પામે છે, પછી પ્રલય સમયનો સૂર્ય સમુદ્રના દેહના અને પૃથ્વીના સર્વ રસને ચૂસી લે છે સકર્ષણના મુખમાથી ઉત્પન્ન થયેલો પ્રલયનો અગ્નિ પવનના વેગથી વધી જઇને પૃથ્વીના ઉજડ થઇ ગયેલા પાતાલાદિ વિભાગોને બળી નાખે છે, અગ્નિ સૂર્યની શિખાઓથી ઉપરના ભાગમા નીચેના ભાગમાં અને ચોતરફ બળતુ બ્રહ્માડ બળેલા છાણાના જેવું થઇ જાય છે પ્રલય કાળનો મહાપ્રચડ પવન સો વર્ષ કરતાં કંઇક વિશેષ વર્ષો સુધી વહાઇ આકાશ ધૂળથી ધુસર થઇ જશે. અનેક રગનાં મેઘમંડળો સો વર્ષ સુધી પાણી વરસાવે છે, બ્રહ્માંડરૂપી ગુફામાં રહેલુ જગત પાણીમય થાય છે. સવ જગત પાણીમાં ડુબી પાણી પૃથ્વીના ગધ ગુણને હરી લે છે, પૃથ્વીનો ગુણ પાણીમા લય પામતા પૃથ્વીનો નાશ થાય છે ૧૪ તે પછી પાણીના રસ ગુણને તેજ લે છે ને પાણી તેજમા લય પામે છે તે પછી તેજના રૂપ ગુણને વાયુ ગળી જતા રૂપરહિત થયેલું તેજ વાયુમા લય પામે છે. પછી વાયુના સ્પર્શ ગુણને આકાશ ગળી જતાં, વાયુ ગુણરહિત થવાથી આકાશમા ભળે છે, આકાશના શબ્દ ગુણને તામસાહકાર ગળી જતા આકાશ પણ તામસાહકારમા લય પામી ઇંદ્રિયોને અને તેઓની વૃત્તિઓને રાજસાહકાર ગળી જતા ઇન્દ્રિયોના દેવતાઓને સાત્વિકાહકાર પોતામા લય કરે છે. સાત્વિક રાજસ અને તામસ એ ત્રણ પ્રકારના અહંકારને મહત્તત્વ ગળી જતાં મહત્તત્વને સત્વાદિક ગુણો ગળી જાય છે. કાળે પ્રેરેલો પ્રધાન તે ત્રણે ગુણોને ગળી જતાં ત્રણે ગુણો પ્રકૃતિમાં મળી જાય છે. ૧૮ પ્રધાનને કાળના દિવસ રાત્રિરૂપ અવયવોને લીધે પરિણામાદિક વિકાર થતો નથી, કારણ કે તે આદિ મધ્ય અને અત રહિત છે વળી તે અવ્યક્ત એટલે અસ્તિત્વ વિકારોથી રહિત છે તેથી જોવામા પણ આવતો નથી તે ક્ષય વૃદ્ધિરહિત અવિનાશી અને સર્વનું કારણ છે.૧૯ પ્રધાનમા વાણી મન સત્વગુણ રજોગુણ તમોગુણ મહત્તત્વાદિક વિકાર પ્રાણ બુદ્ધિ ઇંદ્રિયો તથા તેના દેવતાઓ તેમજ લોકરૂપી રચના એ સર્વ વિભાગરૂપે રહેતા નથી. ૨૦ જેને વિષે જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ ત્રણ અવ-

‡ આ અધ્યાયમા નૈમિત્તિક પ્રાકૃતિક આત્યતિક નિત્ય એમ ચાર પ્રકારના પ્રલયોની કથા [illegible] આવ છે.

સ્થાઓ તથા આકાશ જળ ભૂમિ વાયુ અગ્નિ અને સૂર્ય એ છેજ નહિ. જે પ્રધાન ઈંદ્રિયો રહિત હોવાથી સુષુપ્તિના જેવું તર્કમા આવે નહિ તેવું હોવાથી શન્ય લાગે છે, પણ શૂન્ય નથી, તે તત્વને વિદ્વાનો જગતનું મૂળ તત્વ કહે છે. ૨૧ જ્યારે પુરૂષ અને પ્રકૃતિની સત્વાદિક શકિતઓ કાળના યોગથી પરાજય પામી લય થાય છે ત્યારે પ્રાકૃતિક લય થાય છે ૨૨ ત્રીજા આત્યંતિક પ્રલયનું એટલે મોક્ષનું સ્વરૂપ આમ છે મોક્ષ બ્રહ્મ જ્ઞાનવડે પ્રપચના પ્રલય જેવો ગણાય છે. પ્રપંચ આત્માની પેઠે નિત્ય હોય તો તેનો લય થાય નહિ, પરંતુ જ્ઞાનરૂપ પરબ્રહ્મથી જુદો પ્રપંચ નથી હે રાજન! બુદ્ધિ ઈંદ્રિયોને તેના વિષયો અનુક્રમે ગ્રાહક તેના સાધનો અને ગ્રાહ્યરૂપે ગણાય છે, અધિષ્ઠાનરૂપ એક જ્ઞાન તે આકારે જોવામા આવે છે. તેઓ જ્ઞાનથી પૃથક સત્તા ધરાવતા નથી, દોરીમાં પ્રતીત થતો સર્પ જેમ દૃશ્યતાને લીધે કારણથી ભિન્ન નથી, પણ આદિ તથા અંતવાળો હોવાથી મિથ્યા છે, તેમ જ્ઞાનમાં પ્રતીત થયેલો બુદ્ધિ આદિક પ્રપંચ દૃશ્યતાને લીધે કારણથી જુદો નહિ હોવાથી અને આદિ અંતવાળો હોવાથી મિથ્યા છે. ૨૩ પ્રપંચ પરબ્રહ્મથી અભિન્ન છે. જેમ દીવો નેત્ર અને રૂપ એ ત્રણે પોતાના કારણરૂપ તેજથી જુદા નથી, તેમ બુદ્ધિ ઇંદ્રિયો અને વિષયો કારણ-રૂપ પરબ્રહ્મથી ભિન્ન નથી. સર્પ ભાસવાનું કારણ રજ્જુ ભિન્ન છે. પરંતુ તેમા દેખાતો સર્પ રજ્જુ વિના સંભવતો નથી; તેમ પ્રપંચથી પરબ્રહ્મ ભિન્ન છે, પરંતુ પ્રપંચ પરબ્રહ્મથી ભિન્ન નથી. જ્યારે બુદ્ધિ મિથ્યા ઠરી ત્યારે તેની અવસ્થાઓનુ મિથ્યાપણુ સ્વતઃ સિદ્ધ થયું. બુદ્ધિની જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓ છે, અવ-સ્થાઓના અભિમાનને લીધે આત્માને વિષે વિશ્વ તૈજસ અને જ્ઞાનપણું માત્ર કલ્પિત છે ૨૫ મેઘ આકાશમાં ઉત્પન્ન થાય અને એકાદ વાર નાશ પામે છે, તેમ અવયવવાળું અને ઉત્પત્તિ તથા નાશવાળું જગત સૃષ્ટિ વેળા પરબ્રહ્મવિષે ઉત્પન્ન થાય છે અને પ્રલય વેળા તેને વિષે નાશ પામે છે. ઘટ અવયવી અને આદિ અંતવાળો હોવાથી નાશ પામે છે, તેમ મૃતિકા નાશ પામતી નથી વિશ્વ અવયવી અને આદિ અંતવાળું હોવાથી નાશ પામે છે પરબ્રહ્મ નાશ પામતા નથી માટે તે સત્ય છે ૨૬ હે રાજન! સઘળા અવયવી પદાર્થોના કારણરૂપ મૃત્તિકાદિક સત્ય છે, જેમ તંતુઓ વસ્ત્ર ન હોય તોપણ હોય છે તેમ ઘટાદિદ અવયવોના અભાવે પણ મૃત્તિકાદિક ન હોય આથી સિદ્ધ થાય છે કે, બ્રહ્મ વિના જગતની પ્રતીતિ નથી, પરંતુ જગત વિના બ્રહ્મની પ્રતીતિ છે; તેથી બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા છે જ્યારે કોઈ કાર્ય નથી, ત્યારે બ્રહ્મનું કારણપણુ કેમ સંભવે? આનો ઉત્તર એકે કાર્ય કારણરૂપે ગુણ ગુણીરૂપે, વિશેષણ વિશેષ્યરૂપે અને વ્યાપ્ય વ્યાપક આદિરૂપે જે કંઈ જણાય છે તે સર્વ બ્રહ્મરૂપ છે સર્વમા અન્યોન્યાશ્રય દોષ આવે છે. કાર્ય કારણ ગુણ ગુણી વિશેષણ વિશેષ્ય અને વ્યાપ્ય વ્યાપકતા વગેરે એક બીજાને સિદ્ધ કરે છે, પરંતુ તેઓમા એક વિના બીજાની સિદ્ધિ થતી નથી. બ્રહ્મમા કારણપણું વગેરે ધર્મો આરોપિત છે, પરંતુ વાસ્તવિક રીતે નથી. જે જે વસ્તુ એક બીજાની અપેક્ષા રાખતી હોય તે આદિ અંતવાળી હોય અને આદિ અંતવાળી હોય તે મિથ્યા હોય, માટે કારણ આદિ ધર્મો મિથ્યા છે. જે જે દૃશ્ય પદાર્થો સ્વપ્નની પેઠે સામાન્ય તથા વિશેષ્યરૂપ હોય છે અને એક બીજાના આશ્રયથી સિદ્ધ થાય છે.

આ પ્રમાણે અનેક કારણોથી પ્રપંચનું મિથ્યાપણું સાધ્યુ. પ્રપંચ સ્પષ્ટ છે તો તેનું

આત્માની પેઠે સત્યપણું કેમ નહિ ? વિકારરૂપ પ્રપંચ જો કે પ્રકાશે છે તોપણ આત્માના પ્રકાશ વિના તેનું નિરૂપણ થઇ શકતું નથી. જો પ્રત્યગાત્મા વિના નિરૂપણ કરી શકાય તેમ હોય તો પ્રપંચ ચિદ્રૂપ એવા આત્મા સરખો સ્વયંપ્રકાશ ગણાય, આત્માની પેઠે એકરૂપ ગણાય. આત્મામા જીવ અને બ્રહ્મરૂપે ભેદ જોવામા આવે છે તોપણ તે ઘટાકાશ અને મહાકાશના ભેદ જેવો છે. આકાશમા રહેલા સૂર્ય અને પાણીમાના પ્રતિબિંબના ભેદ જેવો છે. તથા તે બહાર અને અંદર રહેલા પ્રાણવાયુના ભેદ જેવો છે. ઘટાકાશ પરિચ્છિન્ન છે અને મહાકાશ અપરિચ્છિન્ન છે, તોપણ તે બન્ને વચ્ચે ઉપાધિ શિવાય કશો ભેદ નથી. જીવ પરિચ્છિન્ન છે અને બ્રહ્મ અપરિચ્છિન્ન છે, તેમાં ભેદ નથી. પાણીમાં સૂર્ય કંપાદિક વિકારવાળો છે અને આકાશમા, વિકારથી રહિત છે, છતાં તે બન્ને વચ્ચે જેમ ખરો ભેદ નથી, તેમ જીવ વિકારવાળો છે અને બ્રહ્મ વિકાર રહિત છે, તોપણ તે બન્ને વચ્ચે ભેદ નથી, બહારના વાયુની અને પ્રાણવાયુની ક્રિયાઓ ભિન્ન ભિન્ન છે, તોપણ તે બન્ને વચ્ચે જેમ ભેદ નથી તેમ જીવની ક્રિયાઓ અને બ્રહ્મની ક્રિયાઓ ભિન્ન છે, તો પણ તે બન્નેમા ભેદ નથી. ઉપાધિથી થયેલો ભેદ સ્વરૂપની એકતાનો બાધ કરી શકતો નથી, એટલે ઉપાધિને લીધે મૂળ સ્વરૂપમાં ભેદ મનાતો નથી. ૩૦ પ્રપંચને બ્રહ્મનો આધાર છે જેમ સુવર્ણ વ્યવહાર માર્ગે કડાં કુંડળ વગેરે અનેક આભૂષણોને રૂપે લોકોની દૃષ્ટિએ પડે છે, તેમ અધોક્ષજ ભગવાનનું અહંકારોપાધિવાળા લોકોએ વ્યવહારમાં લૌકિક વચનોવડે અને વૈદિક વચનોવડે અનેક પ્રકારે વર્ણન કર્યું છે સુવર્ણ ઇંદ્રિયથી જોવામા આવે છે અને અધોક્ષજ ભગવાન ઇંદ્રિયથી જાણવામા આવતા નથી, આટલો જ માત્ર આ બન્ને વચ્ચે ભેદ છે. ૩૧ તમને શંકા થશે કે, અહંકાર બ્રહ્મસ્વરૂપનાં દર્શનમા આવરણ રૂપ થઇને ભેદવ્યવહારમા કારણરૂપ કેમ થઇ શકે ? કારણ કે, બ્રહ્મ એ અહંકારનું કારણ છે, માટે તે પોતાના કારણના જ્ઞાનમા આવરણ થાય તે વાત અસંભવિત છે. તેને આવરણકર્ત્તા ગણીએ તો પછી તેનો પ્રકાશ થવો અસંભવિત થઇ પડે. સૂર્યથી ઉત્પન્ન થયેલા અને સૂર્યથી પ્રકાશ પામનારા મેઘ સૂર્યના અંશરૂપ ચક્ષુ ઇંદ્રિયને પોતાના સ્વરૂપરૂપ સૂર્યનાં દર્શન કરવામા અડચણ કરનાર થઇ પડે છે, તેમ બ્રહ્મના કાર્યરૂપ અને બ્રહ્મવડે પ્રકાશ પામેલો અહંકાર બ્રહ્મના અંશરૂપ જીવને બ્રહ્મનાં દર્શન કરવામાં પ્રતિબંધક થઇ પડે છે. ૩૨ અહંકારનો નાશ થાય કે બ્રહ્મસ્વરૂપનું દર્શન થાય છે, જ્યારે સૂર્યથી ઉત્પન્ન થયેલો મેઘ નાશ પામે ત્યારે ચક્ષુરિંદ્રિય જેમ પોતાના સ્વરૂપભુત સૂર્યનું અવલોકન કરે તેમ બ્રહ્મથી ઉત્પન્ન થયેલો અને પોતાના સ્વરૂપના દર્શનમા પ્રતિબંધરૂપ થઇ પડેલો અહંકાર જ્યારે વિવેકથી નાશ પામે છે, ત્યારે જીવ પોતાના સ્વરૂપભૂત પરબ્રહ્મનું દર્શન કરે છે. હે રાજન ! જીવ જ્યારે વિચારરૂપી શસ્ત્રવડે પોતાની માયાના અહંકારરૂપ બંધને કાપી નાખી પરિપૂર્ણ આત્મરૂપનો અનુભવ કરે છે ત્યારે તેને આત્યંતિક મોક્ષ પ્રાપ્ત થાય છે. કેટલાક સૂક્ષ્મ વસ્તુને જાણનાર વિવેકી 'બ્રહ્માદિક સર્વ પ્રાણીઓની પ્રતિક્ષણે ઉત્પત્તિ તથા પ્રલય કર્યાનું કહે છે. ૩૫ જેમ પરિણામ પામનારા નદીના પ્રવાહો અને દીવાઓની શિખાઓ વગેરેની ઉંચી નીચી અવસ્થાઓ ક્ષણે ક્ષણે ફેરફાર થાય છે, તેમ તેઓની ઉત્પત્તિ અને વિનાશ દર્શાવી આપે છે, તેમ કાળરૂપ પ્રવાહના વેગથી ફેરફાર પામનાર દેહની જે જે અવસ્થાઓ થાય છે, તે દેહના ક્ષણે ક્ષણે થતા ઉત્પત્તિ અને

વિનાશ સૂચવવામા કારણરૂપ થઇ પડે છે. ૩૬ જ્યારે આ પ્રમાણે ક્ષણે ક્ષણે અવસ્થાઓ બદલાય છે ત્યારે તે કેમ જણાતી નથી તેનો ઉત્તર એ કે જેને આદિ ને અંત નથી એવા પરમેશ્વરરૂપ કાળના યોગથી આકાશમાં ગતિ કરનાર ચંદ્રાદિકની અવસ્થાઓ જેમ જણાતી નથી, તેમ કાળના યોગથી દેહની ક્ષણે ક્ષણે થનારી અવસ્થાઓ પણ જણાતી નથી. જેમ ચંદ્રાદિકનાં એક દેશમાંથી બીજા દેશમાં ક્ષણે ક્ષણે આવાગમન વગેરેથી તેની મધ્યમ અવસ્થાની કલ્પના કરી શકાય છે, તેમ દેહાદિકની બાલ્ય વૃદ્ધ વગેરે અવસ્થાઓ ઉપરથી તેની મધ્ય અવસ્થાની પણ કલ્પના કરી શકાય છે. ૩૭ નિત્ય નૈમિત્તિક પ્રાકૃતિક અને આત્યંતિક એમ ચાર પ્રકારના પ્રલય છે. હે રાજન ! કાળની ગતિ વિચિત્ર છે ૩૮ સર્વના અંતર્યામી અને જગતકર્તા ભગવાન નારાયણની લીલારૂપ કથા મેં તમને કહી સંભળાવી એનો વિસ્તાર કરવાને બ્રહ્મદેવ પણ સમર્થ નથી ૩૯ અનેક પ્રકારના દુઃખ દાવાનળથી પીડાતા અને દુસ્તર સંસારને તરવા ઇચ્છનારને ભગવાન પુરૂષોત્તમની લીલારૂપ કથામૃતના રસ વગર બીજું કંઈ સાધન નથી.૪૦ પૂર્વે અવિનાશી એવા નરનારાયણ ઋષિએ શ્રીમદ ભાગવત પુરાણ સંહિતા નારદને કહી હતી અને નારદે વ્યાસને કહી હતી. ૪૧ વેદવ્યાસે સંતુષ્ટ થઈ આ શ્રીમદ્ભાગવત સંહિતા પછી મને કહી હતી. ૪૨ અને હે કુરૂશ્રેષ્ઠ ! નૈમિષારણ્યમા ઘણા કાળે સમાપ્ત થનારા યજ્ઞની સભામા શૌનકાદિક ઋષિઓના પૂછવાથી સૂતપુરાણિકે ઋષિઓને સંભળાવી હતી

एतां वक्ष्यत्यसौ सूत ऋषिभ्यो नैमिषालये ।
दीर्घसत्रे कुरुश्रेष्ठ सपृष्टः शौनकादिभिः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेद्वादशस्कंधे चतुर्थोध्यायः

અધ્યાય ૫ મો.*

મરણ ભયનું વારણ-જ્ઞાન.

શ્રીશુક उवाच.

अत्रानुवर्ण्यतेऽभीक्ष्णं विश्वात्मा भगवान् हरिः
यस्य प्रसादजो ब्रह्मा रुद्रः क्रोधसमुद्भवः १

શુકદેવજી બોલ્યા કે-હે રાજન ! શ્રીમદ્ભાગવતમા ભગવાન શ્રીહરિના ચરિત્રો વર્ણવેલા છે, ભગવાનના રજોગુણની વૃત્તિરૂપ હર્ષમાંથી જગતને ઉત્પન્ન કરનાર બ્રહ્મા થયેલા છે અને તેમના ક્રોધમાથી જગતનો સંહાર કરનાર રૂદ્ર ઉત્પન્ન થયેલા છે ૧ તુ પણ આ ભાગવતના શ્રવણથી કૃતાર્થ થયો છે, માટે હુ મરીશ એવી પાશવ બુદ્ધિનો ત્યાગ કર, કારણ કે, જેમ દેહ પૂર્વે ન હતો અને હમણા ઉત્પન્ન થયો છે તથા હવે પછી તે નાશ પામશે, તેમ તું પૂર્વે કોઇ દિવસ ઉત્પન્ન થયો ન હતો અને હમણાં પણ થયો નથી, હવે પછી પણ તારો નાશ થશે નહિ. ૨ હે રાજન ! જેમ બીજ અંકુરરૂપે ઉત્પન્ન થાય છે અને તે અંકુર ફરીને બીજ રૂપે ઉત્પન્ન થાય છે, તેમ દેહ પણ પુત્ર પૌત્રાદિક રૂપે ઉત્પન્ન થાય છે, પરંતુ તારી તેમ પ્રમાણે ઉત્પત્તિ થતી નથી. જેમ અગ્નિ કાષ્ઠમા વ્યાપક હોય ત્યારે પણ વસ્તુતાએ ભિન્ન છે તેમ તું પણ દેહમા વ્યાપીને રહેલો હોવા છતા વસ્તુતાએ દેહથી ભિન્ન છે. આત્માની ઉત્પતિ નથી ૩ જન્માદિક આત્માના ધર્મો નહિ પણ દેહના ધર્મો છે, જેમ સ્વપ્નમા દેહનો શિરચ્છેદ થતો આત્મા જુએ છે તેમ જાગ્રદવસ્થામા પોતાના દેહના જન્માદિક વિકાર પોતે જુએ છે, પુત્રાદિકોનો જન્મ અને પિતા વગેરેનું મરણ જોવાથી પોતાને એ પ્રમાણે જન્મ મરણ છે, એમ અનુમાન કરાય છે, તથા બીજા વૃદ્ધિ વગેરે વિકારોને પોતાના

* આ અધ્યાયમા પરબ્રહ્મના સ્વરૂપનો ઉપદેશ કરી પરિક્ષીત રાજાનો મરણ ભય દૂર કરવાની કથા કહેવામા આવશે

અનુભવથી જુએ છે અને તે વિકારો દેહના અધ્યાસથી પોતાને છે એમ માને છે એ સર્વ ભ્રમ છે, કારણ કે જન્મ મરણનો દ્રષ્ટા આત્મા તેનાથી ભિન્ન છે, માટે તે જન્મ મરણ રહિત છે ૪ આત્માને દેહોપાધિને લીધે જન્માદિક સંસારનો ભ્રમ છે, એ ઉપાધિની નિવૃતિ થતા આત્મા મુક્ત છે. ઘડો ફૂટી જતા તેમાનુ આકાશ જેમ પૂર્વના મહાકાશરૂપ થાય છે તેમ તત્વજ્ઞાનથી દેહને લય થયો કે જીવ બ્રહ્મરૂપ થાય છે આત્માના દેહને ગુણોને તથા કર્મોને ઉત્પન્ન કરે છે અને તે મનને માયા સર્જે છે પછી માયા વગેરે ઉપાધિ સમુદાયવડે જીવને જન્મમરણાદિક સંસાર પ્રાપ્ત થાય છે. ૬ ઉપાધિનો નાશ થયા પછી જીવનું જીવપણું નાશ પામે છે તથા તેની મુક્તિ થાય છે, જ્યા સુધી તેલ કોડિયું વાટ અને અગ્નિનો સંયોગ હોય ત્યા સુધી દીવાનું દીવાપણું રહે છે, તેમ જ્યા સુધી કર્મ પાત્ર મન પવન દેહ અને અગ્નિનો સંયોગ અને ચૈતન્યનો અધ્યાસ હોય ત્યા સુધી દીવા સમાન સંસારનો ભાસ થાય છે રજોગુણ સત્વગુણ અને તમોગુણની વૃત્તિવડે તે ઉત્પન્ન થાય છે, સ્થિર રહે છે અને નાશ પામે છે ૭ દીવો ઠરી ગયા પછી જેમ પંચ મહાભૂતરૂપ તેજનો નાશ થતો નથી, તેમ સંસારનો નાશ થયા છતા પણ સ્વયં પ્રકાશ સ્થૂલ સૂક્ષ્મ જુદા જુદા અને આકાશ સમાન આધારરૂપ આત્મા નાશ પામતો નથી તેથી તે અનંત તથા ઉપમા રહિત છે ૮ તમે પોતેજ શ્રીવાસુદેવના ચિંતનથી દ્રષ્ટા દૃશ્યના અન્વય વ્યતિરેકની યુક્તિવાળી બુદ્ધિવડે દેહાદિકની ઉપાધિમા રહેલા આત્માનો વિચાર કરો ૯ વિચાર કરવાથી બ્રાહ્મણના વચનવડે પ્રેરાયેલો તક્ષક નાગ તમને બાળશે નહિ, કારણ કે મૃત્યુના મૃત્યુરૂપ પરબ્રહ્મને મૃત્યુના કારણો બાળી શકતા નથી ૧૦ હું જ પરબ્રહ્મરૂપ છુ અને પરબ્રહ્મ તે હું પોતેજ છું, એવો વિચાર કરીને નિરૂપાધિક પરબ્રહ્મમા આત્માને સ્થાપન કરીને ઐક્યરૂપે તમે જોશો તો ઝેરી મુખવડે તમારા ચરણને ડંખ દેનાર તક્ષક નાગને તમારા પોતાના શરીરને અને જગતને આત્માથી જુદું જોશો નહિ ૧૨ હે તાત! તમે મને વિશ્વના આત્મા એવા ભગવાનની લીલા કહેવાનું કહ્યુ હતું તે સર્વનો ઉત્તર મેં તમને યથાસ્થિત આપ્યો, હવે તમે બીજું શું સાભળવાની ઇચ્છા રાખો છો તે કહો. ? ૧૩

एतत्ते कथितं तात यथात्मा पृष्टवान्नृप ।
हरेर्विश्वात्मश्चेष्टां किं भूयः श्रोतुमिच्छसि ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेद्वादशस्कंधे पंचमोध्यायः

અધ્યાય ૬ ઠ્ઠો.‡

પરીક્ષિતનો મોક્ષ

सुत उवाच.

एतन्निशम्या मुनिनाभिहितं परीक्षिद्व्यासात्मजेन निखिलात्मदृशा समेन ।
तत्पादपद्ममुपसृत्य नतेन मूर्ध्ना बद्धाञ्जलिस्तमिदमाह स विष्णुरातः ॥ १ ॥

સૂત પુરાણિક કહે છે કે–હે શૌનકાદિક ઋષિઓ! સર્વમા આત્મદૃષ્ટિ કરનાર અને સમબુદ્ધિવાળા શ્રીશુકદેવ મુનિએ કહેલો આ ઉપદેશ સાંભળી વિષ્ણુએ જેનું રક્ષણ કર્યું હતુ એવો પરીક્ષિત રાજા મુનિનાં ચરણકમળમા પડી પોતાનુ મસ્તક નમાવી બે હાથ જોડી નીચે પ્રમાણે પૂછવા લાગ્યો.–૧

પરીક્ષિત–આપે દયાળુએ મને આદિ અને અંતરહિત સાક્ષાત શ્રીહરિનો મહિમા સંભળાવ્યો, તેથી હું કૃતાર્થ થયો અને તમે મારા ઉપર અનુગ્રહ કર્યો. ૨ શ્રીહરિમાં મન રાખનાર આપ મહાત્માઓ સંસારના તાપથી તપી રહેલા અજ્ઞાની પ્રાણીઓ ઉપર

‡ આ અધ્યાયમા પરીક્ષિતનો મોક્ષ તેના પુત્રે કરેલો સર્પયાગ અને વેદ તથા શાસ્ત્રના વિભાગ ઉપર વેદનો વિસ્તાર કહેવામા આવશે.

જે અનુગ્રહ કરો છો તે હું અતિ આશ્ચર્ય-જનક વાત માનતો નથી. ૩ અમે આપની પાસેથી શ્રીમદ્ ભાગવત નામે સંહિતા સાંભળી જેમા શ્રીહરિનું વર્ણન કરવામાં આવ્યું છે.૪ હે મહારાજ! આપે દર્શાવેલા અભય બ્રહ્મનિર્વાણમાં હું સ્થિત થયો છું. તેથી હવે તક્ષક ડંશના મૃત્યુથી ડરતો નથી. મને આજ્ઞા આપો એટલે હું મારી વાણીને ચાલતી બંધ કરૂં અને વાસનાથી છુટું થયેલું મારૂં ચિત્ત ભગવાનમાં લગાડી મારો પ્રાણ ત્યાગ કરૂ. ૬ જ્ઞાન તથા વિજ્ઞાનની નિષ્ઠાથી મારૂં અજ્ઞાન નાશ પામ્યું છે અને આપે પરમ કલ્યાણકારક શ્રીહરિનુ સ્વરૂપ પણ મને દર્શાવ્યું છે. ૭

સુત કહે છે કે–આ પ્રમાણે કહીને રાજાએ જેમની પૂજા કરી હતી એવા ભગવાન શ્રીશુકદેવજી સંન્યાસીઓ સાથે ત્યાથી ગયા. ૮ શુકદેવજીના ગયા પછી સંસારથી મુક્ત થયેલા અને નિસ્સંગ એવા રાજર્ષિ પરીક્ષિત ગંગા નદીના તીર ઉપર જઈ પૂર્વ દિશા તરફની અણીઓવાળા દર્ભોના આસન ઉપર ઉત્તર દિશા તરફ મુખ કરીને બેઠા, અને બુદ્ધિવડે મનને પરમાત્મામાં ધારણ કરીને ધ્યાન કરવા લાગ્યા તથા વૃક્ષની પેઠે લીનપ્રાણ થઈ ગયા. તક્ષક નાગ પરીક્ષિત રાજાનો નાશ કરવા જતો હતો, તેણે માર્ગમા કશ્યપ બ્રાહ્મણને સામે આવતો દીઠો. ૧૧ તે વિષની ચિકિત્સા કરીને પરીક્ષિતને જીવાડી ધન મેળવવા ત્યા જતો હતો. પરીક્ષા માટે તક્ષક નાગે એક વડના ઝાડને ડંખ દીધો કે, તે ઝાડ બળીને ભસ્મ થઈ ગયું. પછી એ ઝાડને પેલા બ્રાહ્મણે અંકુરાદિકના ક્રમે કરીને સજીવન કર્યું. તે જોઈ તક્ષકે જાણ્યું કે, આ તો મારા મહિમાનો નાશ કરે એવો છે, તેથી તેણે તે ઝેર ઉતારનારા બ્રાહ્મણને ઈચ્છાનુસાર ધન આપી પાછો વાળ્યો અને પોતે ગંગા ઉપર જઇ રાજા પરીક્ષિતને કરડ્યો. ૧૨ પરીક્ષિત રાજા તે પહેલાં જ બ્રહ્મરૂપ થઈને બેઠા હતા, તેથી તક્ષકનું આવવું નિરર્થક ગયુ. તક્ષકે જેવો ડંખ માર્યો કે સર્વ પ્રાણીઓના દેખતાં રાજર્ષિ પરિક્ષિતનો દેહ સર્પના ઝેરથી બળી ગયો. ૧૩ પૃથ્વી ઉપર આકાશમાં અને સર્વ દિશાઓમાં હાહાકાર થઈ રહ્યો. દેવતાઓ અસુરો અને મનુષ્યો વગેરે સર્વ લોકો આશ્ચર્ય પામ્યા. ૧૪ દેવતાઓનાં દુંદુભિઓ વાગવા લાગ્યા, ગંધર્વો તથા અપ્સરા ગાવા લાગી, પુષ્પોની વૃષ્ટિ થઇ અને વિદ્વાનો 'બહુ સારૂ થયું, બહુ સારૂં થયુ' એમ કહેવા લાગ્યા. ૧૫ જનમેજય રાજા પોતાને તક્ષક કરડ્યો તે સાભળીને ક્રોધથી બ્રાહ્મણોને એકઠા કરી યજ્ઞમાં નાગોને હોમવા તૈયાર થયા. ૧૬ આ સર્પયાગમા મહાપ્રચંડ અગ્નિ મોટા મોટા નાગોને બળતા જોઈને તક્ષક ભયથી ઉદ્વિગ્ન થઇ ગયો અને ઈંદ્રને શરણે ગયો. ૧૭ પરીક્ષિતનો પુત્ર જનમેજય યજ્ઞમા તક્ષકને ન જોવાથી બ્રાહ્મણોને કહેવા લાગ્યો કે નાગોમા અધમ એવો તક્ષક શા માટે યજ્ઞમા આવીને પડતો નથી? ૧૮ બ્રાહ્મણોએ ઉત્તર આપ્યો કે, હે રાજેંદ્ર! ઈંદ્ર પોતાને શરણે આવેલા તક્ષકની રક્ષા કરે છે અને તેમણે હોમાગ્નિમા પડતા તેને અટકાવ્યો છે, જનમેજય ઋત્વિજોને કહેવા લાગ્યા કે, જ્યારે ઇંદ્રે તેને પડતા અટકાવ્યો છે ત્યારે તમે ઇંદ્ર સાથે તેને અગ્નિમાં શા માટે હોમતા નથી? ૨૦ એ સાભળી બ્રાહ્મણોએ 'હે તક્ષક! મરૂતગણના સ્વામી ઇંદ્રની સાથે તુ અહીં આવી પડ' એવા પ્રૈષ્ય મંત્રોથી ઇંદ્ર સહિત તક્ષકને યજ્ઞમા બોલાવ્યો. ૨૧ બ્રાહ્મણોએ કહેલા આક્ષેપનાં વચનોથી ઇંદ્ર પોતાના સ્થાનથી વિમાન સહિત તક્ષકની સાથે ચલાયમાન થયો. ૨૨ વિમાન અને તક્ષક સાથે ઈન્દ્રને નીચે પડતો જોઇ અંગિરાના પુત્ર બૃહસ્પતિએ જનમેજય રાજાને કહ્યું કે, હે રાજન! તમારે તક્ષક નાગનો

નાશ કરવો નહિ. એણે અમૃત પીધું છે. તમારા પિતાનો તેણે નાશ કર્યો છે. તેને માટે તમારે તેની ઉપર ક્રોધ કરવો નહિ, કારણ કે પ્રાણીને જીવન મરણ તથા પરલોકની ગતિ માત્ર પોતાના કર્મોથી મળે છે. કર્મ વિના સુખદુઃખ આપનાર બીજું કોઇ નથી. ૨૫ સર્પ ચોર અગ્નિ વિજળી ક્ષુધા તૃષા અને વ્યાધિ વગેરેથી પ્રાણીઓ મરણ પામે છે, તે પોતાનાં પ્રારબ્ધ કર્મને લીધે જ હોય છે, ૨૬ માટે યજ્ઞ બંધ રાખો. ઘણા સર્પો બળી ગયા છે, બૃહસ્પતિએ આમ કહ્યું એટલે જનમેજયે મહર્ષિનાં વચનને માન આપી તથાસ્તુ એમ કહી સર્પયજ્ઞ બંધ કરીને બૃહસ્પતિનું પૂજન કર્યું. ૨૮ બ્રાહ્મણે ક્રોધ કરીને પરીક્ષિત રાજાનો નાશ કર્યો અને પરીક્ષિતના પુત્રે કોપ કરીને સર્પોનો નાશ કર્યો. આમ વિદ્વાનોને પણ મોહ થયો તેમાં મોટું આશ્ચર્ય નથી, કારણ કે વિષ્ણુની માયા અતર્ક્ય છે તે ટળે તેમ નથી. માયાવડે વિષ્ણુના અંશરૂપ પ્રાણીઓ બીજા પ્રાણીઓ ઉપર ક્રોધાદિક વૃત્તિઓને લીધે મોહ પામે છે. ૨૯ માયા આત્મવિચાર વિના બીજી જગાએ નિર્ભય રહે છે. જ્યા આત્મવાદીઓ વારંવાર આત્માનો વિચાર કરે છે, ત્યા માયારૂપી ઢોંગ બુદ્ધિમા દાખલ થયો છે એમ જણાય છે, અને તે કોઇ રીતે નિર્ભય થઇને ત્યા રહી શકતી નથી. આત્મવિચાર આગળ માયાના આશ્રયવાળો વાદ તથા સંકલ્પ વૃત્તિવાળું મન રહેતું નથી. ૩૦ જ્યાં ઇંદ્રિયો સાથે કર્મ નથી અને તે બંનેથી સાધ્ય એવું કલ્યાણરૂપ ફળ નથી, તેમજ કર્મ ઇંદ્રિયોનો સમુદાય ફળ અને તે ત્રણેથી યુક્ત એવો અહંકારાત્મક જીવ પણ નથી, જ્યાં બાધ્ય બાધકનો નિષેધ છે એવા પરબ્રહ્મમાં વિવેકી પુરુષે અહંકારાદિક ઉર્મિઓનો ત્યાગ કરીને વિહાર કરવો. આત્મા વિના બીજી વસ્તુ ઉપર પ્રેમ ન કરનાર અને નેતિ નેતિ એવાં નિગમ વાક્યવડે આત્મા બીજી સર્વ વસ્તુનો ત્યાગ કરવાની ઇચ્છાવાળા ભક્તજનો અનાત્મ પદાર્થોનો નિષેધ કરતાં છેવટે આત્મસ્વરૂપને પરમ પદ કહે છે. દેહાદિક ઉપર થયેલા અહંકારનો ત્યાગ કરીને એકાગ્ર ચિત્તવાળા મુમુક્ષુ પુરૂષોએ જે સ્વરૂપનું હૃદયમાં ધ્યાન કરીને જેનો યથાર્થ નિશ્ચય કર્યો છે. ૩૨ જે પુરૂષને દેહ અને ઘર ઉપર હું અને મારૂં એવું અભિમાન ન હોય તે વિષ્ણુના પરમપદને પામે છે ૩૩ બીજાનાં દુષ્ટ ભાષણો સહન કરે છે. પોતાનું કોઇ અપમાન કરે તોપણ તેનું અપમાન કરે નહિ અને આ દેહ ઉપર અભિમાન રાખી કોઇની સાથે વૈર કરે નહિ, તે પુરૂષ તેવાં આચરણોથી પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે. ૩૪ જેના ચરણકમળના ધ્યાનથી હું આ ભાગવત નામની સંહિતા ભણ્યો છું તે અકુંઠિત બુદ્ધિવાળા ભગવાન શ્રીકૃષ્ણને નમસ્કાર કરૂ છુ. ૩૫

શૌનક—હે શાંતગુણી સુત ! વેદના આચાર્ય અને વ્યાસના શિષ્ય એવા મહાત્મા પૈલ આદિક ઋષિઓએ વેદના કેટલા વિભાગ કર્યા છે, તે મને કહો. ૩૬

સૂત પૌરાણિક કહે છે કે—હે શૌનક ! સમાધિ ચઢાવીને ભગવાનના ધ્યાનમા બેઠેલા પરમેષ્ટી બ્રહ્માના હૃદયાકાશમાંથી પ્રથમ નાદ ઉત્પન્ન થયો, કાનમા આંગળી ઘાલી બહારની વૃત્તિ બંધ કરવામા આવે ત્યારે તે આપણા સાંભળવામા આવે છે. યોગીઓ નાદબ્રહ્મની ઉપાસનાથી અધિભૂત અધ્યાત્મ અને અધિદૈવ મળનો નાશ કરી મોક્ષ પામે છે. ૩૮ નાદમાંથી અ ઉ અને મ, એમ ત્રણ માત્રાવાળો ૐકાર ઉત્પન્ન થાય છે, ૐકારની ઉત્પત્તિ સ્પષ્ટ જાણવામાં આવતી નથી, જે સ્વતઃ હૃદયમાં પ્રકાશ પામે છે અને જે પરમાત્માને જણાવનારી તેની મૂર્તિ છે. ૩૯ અસ્પષ્ટ ૐકારનું શ્રવણ તે પરમાત્મા છે.

તેને જીવ સાંભળે છે, ના તેમ નથી કાનને બંધ કર્યા પછી કર્ણેન્દ્રિયની શ્રવણ વૃત્તિ બંધ પડે છે. પરમાત્મા ઓંકારનું શ્રવણ કરે છે પરંતુ તે જીવ કે જેનું જ્ઞાન ઇદ્રિયાધીન છે તે શ્રવણ કરી શકતો નથી. શ્રવણ પરમાત્માદ્વારા થાય છે, ઇન્દ્રિયોનો સમુદાય લય થયા છતા આત્મા જ્ઞાનવાન છે, કારણ કે નિદ્રાધીન મનુષ્ય શબ્દને સાંભળી જાગ્રત થાય છે, ત્યારે ઇન્દ્રિયો લીન થવાથી જીવને સાભળતો નથી, ઓંકાર તેજ પરમાત્માનો વાચક છે. હૃદયાકાશમાથી ઉત્પન્ન થયેલા ઓંકારથી વૈખરી વાણી ઉત્પન્ન થાય છે. ૪૦ તે પોતાના આશ્રયરૂપ પરમાત્મા પરબ્રહ્મનો વાચક અને સર્વ મંત્રોનુ સૂક્ષ્મરૂપ છે, કારણ કે તે વિકાર રહિત વેદોનું સનાતન બીજ છે. ૪૧ હે શૌનક! તે અ ઉ અને મ ત્રણ અક્ષરો છે. આ ત્રણ વર્ણોએ અનુક્રમે સત્ત્વ રજ અને તમ ત્રણ ગુણો ઋગ્વેદ યજુર્વેદ અને સામવેદ ત્રણ નામ ભૂર્લોક ભુવર્લોક અને સ્વર્ગલોક ત્રણ અર્થ તથા જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ, ત્રણ વૃત્તિ ધારણ કરી છે ૪૨ ભગવાન બ્રહ્માદેવે અ, ઉ અને મ વર્ણોમાથી ય, ર, લ, વ, અંત:સ્થ શ, ષ, સ, ઉષ્મા. અ થી લઇને ઔ સુધી સ્વર ક થી માંડીને મ સુધીના સ્પર્શ અને હ્રસ્વ તથા દીર્ઘ વગેરે અક્ષર ઉત્પન્ન કર્યા. ૪૩ બ્રહ્માએ અધ્વર્યુ વગેરે ચાર ઋત્વિજોથી કરવા યોગ્ય કર્મોનો ઉપદેશ કરવાની ઇચ્છાથી ચાર મુખે અક્ષર શાસ્ત્રમાંથી ભૂર્ભુવ: સ્વ: એ ત્રણ વ્યાહૃતિઓ અને ઓંકાર સાથે ચાર વેદો ઉત્પન્ન કર્યા. ૪૪ ચારે વેદો પોતાના વેદાધ્યયનમા કુશળ એવા મરીચિમિશ્ર વગેરે પુત્રોને ભણાવ્યા. પછી ધર્મોપદેષ્ટા ઋષિઓએ વેદો પોતાના પુત્રોને ભણાવ્યા. ૪૫ નિયમ પાળનારા શિષ્યોની પરંપરાથી ચારે યુગોમાં અને દ્વાપરયુગને અંતે મહર્ષિઓએ તેના વિભાગ કર્યા. ૪૬ બ્રહ્મર્ષિઓએ કાળના બળથી વીતતાં સર્વ મનુષ્યોને ક્ષીણ આયુષ્યવાળા બળહીન અને બુદ્ધિહીન થતાં જોઇને વેદના વિભાગ કર્યા. ૪૭ વૈવસ્વત મન્વંતરમાં બ્રહ્મા શંકર વગેરે લોકપાળોએ ધર્મની રક્ષા કરવા લોકનું રક્ષણ કરનાર ભગવાનની પ્રાર્થના કરી, તે ઉપરથી સમર્થ એવા ભગવાન માયાના અંશવડે પરાશરથી સત્યવતીમાં અવતર્યા અને તેમણે વેદના ચાર ભાગ કર્યા. ૪૯ જેમ મણિના ઢગલાઓમાંથી માણિક્યાદિક મણિઓને જુદા કાઢી તેના વિભાગ પાડવામા આવે તેમ મંત્રોના સમુદાયરૂપ વેદમાંથી જુદા મંત્રો કાઢીને ઋગ્વેદ યજુર્વેદ સામવેદ અને અથર્વવેદ એવી ચાર સંહિતાઓ કરી. ૫૦ હે શૌનક! મહાબુદ્ધિવાળા અને વ્યાપક વ્યાસે ચાર શિષ્યોને બોલાવી તે સંહિતાઓમાંથી એક એકને એકએક એમ બધી સંહિતાઓ ભણાવી. પૈલને બહવૃચા નામે ઋગ્વેદની સંહિતા ભણાવી. ૫૨ જૈમાનીને સામવેદની છંદોગ નામે સંહિતા ભણાવી, સુમંતુને 'અથર્વાગિરસી નામે અથર્વણની સંહિતા ભણાવી. ૫૩ હે શૌનક! પૈલ મુનિએ ઇંદ્રપ્રમિતિ તથા બાષ્કલ નામે બે શિષ્યોને પોતાની સંહિતાના ચાર વિભાગ કરીને બોધ્ય યાજ્ઞવલ્કય પરાશર તથા અગ્નિમિત્રને ભણાવ્યા. ઇન્દ્રપ્રમિતિએ માંડૂકયને પોતાની સંહિતા ભણાવી. ૫૬ માંડૂકયના પુત્ર શાકલ્યે પોતાની સંહિતાના પાંચ વિભાગ કરી વાત્સ્ય મુદ્‌ગલ, શાલીય, ખોખલ્ય તથા શિશિરને ભણાવ્યા. ૫૭ શાકલ્યના શિષ્ય જાતૂકર્ણ્યે પોતાની સંહિતાના ત્રણ વિભાગ કર્યા અને વૈદિક પદાર્થોના વ્યાખ્યાનરૂપ ચોથો ભાગ અલગ કરીને બલાક પૈજ વૈતાલ અને વિરજને ભણાવ્યો. ૫૮ બાષ્કલના પુત્ર બાષ્કલિએ ઉપર કહેલી શાખાઓમાંથી 'બાલખિલ્ય, સંહિતા રચી, તેણે બાલાયનિ, ભજ્ય તથા કાસારને

ભણાવ્યા. ૫૯ ઋગ્વેદની સંહિતાઓ ઉપર કહેલા ઋષિઓ ભણ્યા હતા. વેદના વિસ્તારને સાંભળીને મનુષ્ય સર્વ પાપમાંથી છૂટે છે ૬૦ વૈશંપાયનના શિષ્યો યજુર્વેદ ભણ્યા હતા. તે ઉપરથી અધ્વર્યુ કહેવાતા. તેઓએ પોતાના ગુરૂને લાગેલું બ્રહ્મહત્યા રૂપી પાતક મટાડનારૂં વ્રત કર્યું હતું, તે ઉપરથી તેઓ ચરક કહેવાયા. ૬૧ બ્રહ્મહત્યાનું પ્રાયશ્ચિત્ત કરાવતાં વૈશંપાયનના શિષ્ય યાજ્ઞવલ્કયે ગુરૂને કહ્યું કે, 'હે મહારાજ! આ થોડા બળવાળા શિષ્યો વ્રત કરશે, તેથી શું સિદ્ધ થશે? આ અતિશય કઠણ પ્રાયશ્ચિત્ત હું એકલો કરીશ. ૬૨ આમ ગુરૂને કહેતાં ગુરૂ બોલ્યા કે, 'તું બ્રાહ્મણોનું અપમાન કરનારો છે માટે મારે તારૂં કામ નથી. મારી પાસે તું જે કંઈ ભણ્યો હોય તે મને પાછું આપ અને અહીંથી ચાલ્યો જા.' ૬૩ દેવરાતના પુત્ર યાજ્ઞવલ્કય યજુર્વેદના મંત્રોને ઓકી ત્યાંથી ચાલ્યા ગયા. પછી મુનિઓએ યજુર્વેદના મંત્રો પડેલા દીઠા ૬૪ તે વીણી લેવાની ઇચ્છાથી મુનિઓએ તેતર થઈ યજુર્વેદના મંત્ર સમુદાયને વીણી લીધો અને તેમાથી અતિ મનોહર એવી 'તૈત્તિરીય નામની યજુર્વેદની શાખા બનાવી. યાજ્ઞવલ્કયે ગુરૂ પાસે પણ ન હોય તેવા વેદો મેળવવા ભગવાન સવિતાદેવની સ્તુતિ કરી. હે સૂર્યદેવ! આપ આદિત્ય ભગવાનને હુ નમસ્કાર કરૂં છું. જરાયુજ અંડજ વગેરે ચાર પ્રકારનાં પ્રાણીઓના સમૂહરૂપ આખા વિશ્વના હૃદયમાં આત્મસ્વરૂપે અને બહારના ભાગમાં ક્ષણ લવ અને નિમેષથી વૃદ્ધિ પામેલા વર્ષોના સમુદાયરૂપી કાળરૂપે રહેલા છો, છતાં આકાશની પેઠે ઉપાધિના આવરણમા નથી. આપ એકલા જ પ્રતિવર્ષે પાણીનું શોષણ કરી વરસાદથી આ લોકનો નિર્વાહ ચલાવો છો. ૬૭ વેદવિધિથી ત્રણે સમયે સ્તુતિ કરતા ભક્તોના સર્વે પાપો દુ:ખો તથા અજ્ઞાનને બાળનાર, હે સૂર્ય! તમારૂં મંડળ નિત્ય તપે છે, તેની સંમુખ અમે ધ્યાન કરીએ છીએ. ૬૮ તમે સર્વમાં અંતર્યામી આત્મા છો, તમે પોતાના આશ્રયરૂપ સ્થાવર જંગમાત્મક જીવના જડ મનને, ઇન્દ્રિયોને અને પ્રાણને પ્રેરણા કરો છો, તમને નમસ્કાર છે. ૬૯ હે સૂર્ય! અતિ ભયંકર મુખવાળા અંધકાર નામે ગ્રહે ગળી લીધેલા અને મરણ પામેલાની પેઠે અચેતન આ લોકને જોઈને દૃષ્ટિથી તેઓને ઉઠાડી નિરંતર કલ્યાણ કરનાર એવા સ્વધર્મરૂપ પરમાત્માની ઉપાસનામાં પ્રવૃત્ત કરો છો. રાજાની પેઠે દુષ્ટ લોકોને ભય ઉત્પન્ન કરો છો. ૭૦ ઈંદ્રાદિક દશ દિગ્પાળો પોતપોતાના સ્થાનમાં રહી કમળના કોશ અંજલિઓવડે આપને અર્ઘ આપે છે, આપ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ૭૧ આપ આવા છો માટે બીજાઓએ યથાર્થ રીતે ન જાણેલા સારવાળા યજુર્વેદના મંત્રો જાણવાની ઇચ્છાથી હુ આપના ચરણકમળની સેવા કરૂં છું.

સૂત કહે છે કે—આ પ્રમાણે સ્તુતિથી પ્રસન્ન થયેલા સૂર્યનારાયણે ઘોડાનું રૂપ ધારણ કરી યાજ્ઞવલ્કય મુનિને આયાતયામ યજુર્વેદના મંત્રો શીખવ્યા. યાજ્ઞવલ્કયે તેમાં પંદર શાખાઓ કરી. વાજસનેયી* નામે શાખા કાણ્વ માધ્યંદિન વગેરે ઋષિઓ ભણ્યા. ૭૪ સામવેદનું ગાન કરનાર જૈમિનીને સુમંતુ નામે પુત્ર વતો, તેનો સુન્વાન હતો. બન્નેને જૈમિનીએ એક એક સંહિતા ભણાવી. ૭૫ જૈમિનીને સુકર્મા નામે શિષ્ય હતો. તેણે સામવેદરૂપી વૃક્ષની એક હજાર સંહિતાઓ રચી હજાર શાખાઓ કરી. ૭૬ સુકર્મા પાસેથી કૌશલ્ય હિરણ્યનાભ, પૌષ્યંજી અને બ્રહ્મવેત્તાઓમાં ઉત્તમ આવંત્યે તેનો અભ્યાસ કર્યો. ૭૭ પૌષ્યંજીને અને આવં-

* કેશાવલી 'વાજ' કહેવાય છે તે ઉપરથી 'વાજસનેયી' શાખા કહેવાઇ

ત્મને સામનું ગાન કરનાર, પાંચસે શિષ્યો હતા. તેઓએ તેના વિભાગ કરી શિષ્યોને ભણાવ્યા. તે સર્વ ઉત્તરવાસી હતા, પણ કાળના યોગથી પૂર્વ દિશાના રહેનાર કહેવાયા. ૭૮ લૌગાક્ષિ, માંગલિ, કુલ્ય, કુશીદ અને કુક્ષિ. પૌષ્યંજીના શિષ્ય હતા. તેઓએ સો સો સંહિતાઓ ગ્રહણ કરી. ૭૯ હિરણ્યનાભના કૃત શિષ્યે ચોવીસ સહિતાઓ પોતાના શિષ્યોને ભણાવી અને બીજી સંહિતાઓ જ્ઞાની આવંત્ય ઋષિએ પોતાના શિષ્યોને ભણાવી. ૮૦

कृतो हिरण्यनाभस्य चतुर्विंशतिसंहिताः ।
शिष्यउचे स्वशिष्येभ्यःशेषा आन्वत्य आत्मवान्

इतिश्रीमद्भागवतेमहापुराणेद्वादशस्कधे
षष्ठोध्यायः

અધ્યાય ૭ મો.†

અથર્વ અને પુરાણો.

सुत उवाचः

अथर्ववित्सुमन्तुश्च शिष्यमध्यापयत्स्वकाम् ।
संहितां सोऽपि पथ्याय वेददर्शाय चोक्तवान् ॥

સૂત કહે છે કે–હે શૌનક ! અથર્વવેદ જાણનાર સમંતુ ઋષિએ પોતાની સંહિતા કબંધને ભણાવી, કબંધે તેના બે વિભાગ કરી એક પથ્યક અને બીજી વેદદર્શકને ભણાવી. ૧ વેદદર્શીએ પોતાની સહિતાની ચાર શાખાઓ કરીને શૌકલાનિ બ્રહ્મબલિ મોદોષ અને પિપ્પલાયનિને ભણાવી. હે શૌનક ! કુમુદ શુકન અને જાજલિ, ત્રણને પથ્યે પોતાની સંહિતાના ત્રણ વિભાગ કરીને ભણાવ્યા, તે ઉપરથી તેઓ અથર્વવેત્તા કહેવાયા. શુકનના બભ્રુ અને સૈંધવાયન બે શિષ્ય હતા, તેઓ બે સંહિતા ભણ્યા હતા. સૈંધવાયન વગેરેના વાવર્ણ્યાદિક તથા નક્ષત્રકલ્પ શાંતિકલ્પ કશ્યપ ને આંગિરસ આદિ શિષ્યો હતા. એ અથર્વવેદના આચાર્ય હતા. હે શૌનક ! ત્ર્ય્યારૂણિ કશ્યપ સાવર્ણિ અકૃતવ્રણ વૈશંપાયન અને હારીત છ પુરાણના આચાર્યો હતા. ૫ પ્રથમ વેદવ્યાસે પુરાણની છ સંહિતાઓ કરીને મારા પિતા રોમહર્ષણને ભણાવી. વ્યાસના શિષ્ય મારાં પિતાના મુખથી ત્ર્ય્યારૂણિ આદિ શિષ્યોએ એક એક સંહિતાનું અધ્યયન કર્યું અને સર્વનો શિષ્ય હું તે છએ સંહિતાઓ ભણ્યો. ૬ કશ્યપ હું વાસર્ણિ અને પરશુરામનો શિષ્ય અકૃતવ્રણ અમે ચારે જણાઓ વ્યાસના શિષ્યની પાસે પુરાણ સંહિતાઓ ભણ્યા છીએ. ૭ શૌનક ! બ્રહ્મર્ષિઓએ વેદ તથા શાસ્ત્રોને અનુસરી પુરાણના લક્ષણો બાંધ્યાં છે, તે તમે શ્રવણ કરો. ૮ આ વિશ્વનો સર્ગ વિસર્ગ વૃત્તિ રક્ષા મન્વંતર વંશ વંશજોનું ચરિત્ર સંસ્થા હેતુ અને અપાશ્રય એવાં દશ લક્ષણો જેમાં હોય તેને વિદ્વાનો પુરાણ કહે છે. કેટલાક આચાર્ય કહે છે કે–સર્ગ વિસર્ગ વંશ વંશાનુચરિત અને મન્વંતર એ પાંચ લક્ષણયુકત હોય તે પુરાણ કહેવાય. એક મહાપુરાણ અને બીજું અલ્પ પુરાણ એવી વ્યવસ્થા છે. જેમાં દશે લક્ષણો હોય તે મહાપુરાણ અને જેમાં પાંચ લક્ષણો હોય તે ઉપપુરાણ કહેવાય છે. ૧૦ હે શૌનક ! પ્રકૃતિના ગુણોનો ક્ષોભ થવાથી તેમાંથી મહતત્વની મહતત્વથી ત્રણ પ્રકારના અહંકારની તેનાથી શબ્દાદિ તન્માત્રાની ઇન્દ્રિયોની તેના દેવતાઓની અને પંચમહાભૂતની સૃષ્ટિ થાય તે સર્ગ કહેવાય છે. ૧૧ ઇશ્વરે સૃષ્ટિનું સામર્થ્ય જેને આપેલું છે એવા મહતત્વાદિકમાંથી ઉત્પન્ન થતો પૂર્વ જન્મની વાસનાવાળી તથા એક બીજમાંથી બીજું બીજ ઉત્પન્ન થાય તેમ પ્રવાહરૂપે ઉત્તરોત્તર વધતો કાર્યરૂપ ચરાચર પ્રાણીઓનો સમુદાય તે વિસર્ગ કહેવાય છે. ૧૨ પ્રાણીઓની સામાન્ય રીતે સ્થાવર અને જંગમ પ્રાણીઓ આજીવિકા છે, શાસ્ત્રનાં વચનોથી જે જે

† આ અધ્યાયમા અથર્વ વેદ અને પુરાણના વિભાગ તથા લક્ષણ કહેવાય છે.

આજીવિકા હોય તે તે તેની વૃત્તિ કહેવાય છે પ્રત્યેક યુગમાં પશુ પક્ષી મનુષ્ય ઋષિ તથા દેવતાઓમા ભગવાનના અવતારો ધારણ કરી લીલા કરે છે જે અવતારોથી અધર્મીઓનો નાશ થાય, તે જગતની રક્ષા કહેવાય છે. મનુઓ દેવતાઓ મનુના પુત્રો ઇન્દ્ર સપ્તર્ષિઓ અને શ્રીહરિના અંશાવતારો છ વર્ગો પોતપોતાના અધિકાર પ્રમાણે વર્તે ત્યારે મન્વંતર કહેવાય છે. ૧૫ બ્રહ્માથી ઉત્પન્ન થયેલા રાજાની ભૂત ભવિષ્ય અને વર્તમાન કાળની સંતતિને વંશ કહેવામાં આવે છે. રાજાનાં શુદ્ધ ચરિત્રને વંશાનુચરિત્ર કહે છે. ૧૬ આ વિશ્વનો નૈમિત્તિક પ્રાકૃતિક નિત્ય અને આત્યંતિક એમ ચાર પ્રકારનો માયાના સબંધથી સ્વાભાવિક રીતે પ્રલય થાય તેને વિદ્વાનો સંસ્થા કહે છે ૧૭ ચૈતન્યને મુખ્ય માનનારા કેટલાક અવિદ્યાને લીધે કર્મ કરનાર જીવને અનુશાયી કહે છે, અને ઉપાધિને મુખ્ય માનનાર કેટલાક અવ્યાકૃત કહે છે, અવિદ્યાથી મોહિત થઈ કર્મ કરનારો જીવ વિશ્વની ઉત્પત્તિ થવામા કારણરૂપ હોવાથી તેનો હેતુ આ પ્રમાણે છે જાગ્રત સ્વપ્ન તથા સુષુપ્તિ એ ત્રણ અવસ્થામાં જીવરૂપે રહેનાર અને માયાસ્વરૂપ વિશ્વ તૈજસ અને પ્રાજ્ઞરૂપ વૃત્તિમાં તથા સમાધિ ઉપર જેનો અભાવ છે તેને આશ્રય કહે છે. ૧૯ મૃતિકા જેમ પોતાના કાર્યરૂપ ઘટાદિક પદાર્થોમા વ્યાપક છે છતા તેનાથી ભિન્ન છે, તેમ ગર્ભાધાનથી માંડી મરણ સુધી દેહની અવસ્થાઓમાં અધિષ્ઠાનરૂપે બ્રહ્મ અનુસ્યુત છે અને તેનાથી ભિન્ન પણ છે. સર્વ નામ રૂપોમાં સત્તારૂપે બ્રહ્મ છે. પુરાણના દશ લક્ષણોનું વ્યાખ્યાન કર્યું હવે તેનું પ્રયોજન કહીશું. પુરૂષનું મન જ્યારે રજોગુણ સત્વગુણ અને તમોગુણની વૃત્તિરૂપ સંસારને સમજી તેનો ત્યાગ કરી વિરામ પામે અથવા યોગબળથી વિરામ પામે ત્યારે આત્મજ્ઞાન થાય છે સંસારરૂપી અવિદ્યાથી તે પોતાની મેળે નિવૃત્ત થતું નથી. લક્ષણોથી જણાતાં મહાપુરાણ તથા ઉપપુરાણ અઢાર છે તેમનાં નામઃ— પદ્મપુરાણ, વિષ્ણુપુરાણ, શિવપુરાણ, લિંગપુરાણ ગરૂડપુરાણ, નારદીયપુરાણ, ભાગવત પુરાણ, અગ્નિપુરાણ, સ્કંદપુરાણ, ભવિષ્યપુરાણ, બ્રહ્મવૈવર્તપુરાણ, માર્કંડેય પુરાણ, વામનપુરાણ, વરાહપુરાણ, મત્સ્ય પુરાણ, કુર્મપુરાણ અને બ્રહ્માંડપુરાણ વેદવ્યાસે અને તેમના શિષ્યોએ તથા શિષ્યોના શિષ્યોએ તેનો વિસ્તાર કર્યો છે, જે મનુષ્ય આ આખ્યાન બીજાને સંભળાવે અથવા સાંભળે તેના બ્રહ્મતેજમાં વધારો થાય છે.

ब्रह्मन्निद समाख्यात शाखाप्रणयन मुनेः ।
शिष्यशिष्यप्रशिष्याणां ब्रह्मतेजोविवर्द्धनम् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेद्वादशस्कधे
सप्तमोध्याय:

અધ્યાય ૮ મો.¶

માર્કંડમુનિનું આખ્યાન.

श्रीशौनक उवाच.

सूत जीव चिरंसाधो वद नो वदतांवर ।
तमस्यपारे भ्रमतां नृणां त्व पारदर्शन: ॥

શૌનકે પૂછ્યું કે હે સુત! તમે ઘણો કાળ જીવો હે વદતાવર! અપાર સંસારમા મનુષ્યાને તમે પાર પહોચાડનાર છો માટે અમારા પ્રશ્નનો ઉત્તર આપો. ૧ મૃકણ્ડના પુત્ર માર્કણ્ડેય ઋષિને લોકો ચિર જીવી કહે છે, ત્યારે જે આખા જગતને નાશ કરે છે એવા કલ્પમા માર્કણ્ડેય જીવતા રહે છે? તે તો અમારા કુળમાં આ કલ્પમાંજ ઉત્પન્ન થયા છે, કારણ કે તે હમણાં ભૃગુકુળમાં ઉત્તમ ગણાય છે. ભૃગુકુળના આરંભ પછી આજ સુધીમાં કોઇ પણ જાતનો લય થયો નથી, માટે તે પ્રલય થતાં અવશેષ રહેલા કેવી

¶ આ અધ્યાયમા માર્કંડેયે કરેલી તપશ્ચર્યા કામાદિકના મોહમાથી મુક્ત થવુ અને તેમણે કરેલી નારાયણની સ્તુતિની કથા છે

રીતે માની શકાય ?૩ માર્કણ્ડેય મુનિ પ્રલય સમયે સમુદ્રમાં એકલા ફરતા હતા. એટલામાં વડના પત્રમાં તેમણે એક અદ્ભુત બાળકને દીઠું. તે પ્રલયમાં વડ વગેરે કેવી રીતે રહી શકે ?૪ હે સુત ! અમને સંદેહ છે અને તેનો ઉત્તર સાભળવાની ઉત્કંઠા છે. તમે મહાયોગી છો એટલું જ નહિ, પરંતુ પુરાણોના જાણુ છો, માટે અમારા સંશય દૂર કરો. ૫

સૂત કહે છે કે–હે મહાઋષિ ! તમે આ પ્રશ્ન કર્યો તે લોકોની ભ્રાંતિ ટાળનારો છે. જે કથામાં કળિયુગના મળનો નાશ કરનારી નારાયણની કથા છે ૬ માર્કણ્ડેય પિતાની પાસેથી અનુક્રમે ગર્ભાધાનથી માંડી ઉપનયન સુધીના સંસ્કારો પ્રાપ્ત કરી વેદ ભણ્યા હતા. પછી ધર્મની રીત પ્રમાણે તપ અને સ્વાધ્યાયમાં પરાયણ રહેવા લાગ્યા. ૭ તે નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળવા લાગ્યા, માથે જટા શરીર ઉપર વલ્કલ વસ્ત્ર હાથમાં કમણ્ડલ તથા દંડ કંઠમાં ઉપવીત કેડે કટિમેખલા, પીઠ ઉપર ચર્મ હાથમાં માળા તથા દર્ભની ઝુડી ધારણ કરી ફરતા. ધર્મની વૃદ્ધિ માટે શાંત રહી સવારે તથા સાયંકાળે અગ્નિમાં સૂર્યમા ગુરૂમાં બ્રાહ્મણમાં તથા શરીરમાં ભગવાનનુ પૂજન કરતા. સાંજે તથા સવારે ભિક્ષા માગી લાવી ગુરૂને આપતા અને ગુરૂની આજ્ઞા મળતાં મૌન રહી એકવાર ભોજન કરતા. તથા ગુરૂની આજ્ઞા ન મળે તો ઉપવાસ કરતા માર્કણ્ડેય એક લાખ વર્ષ સુધી સ્વાધ્યાયમાં તત્પર રહી ભગવાનનું આરાધન કરી મહા દુર્જય એવા મૃત્યુને જીત્યા હતા. માર્કણ્ડેયે મૃત્યુનો પરાજય કર્યો હતો તેથી બ્રહ્મા ભૃગુ શંકર દક્ષ બ્રહ્માના પુત્રો મનુષ્ય દેવ પિતૃઓ તથા સર્વ પ્રાણીઓ અત્યંત આશ્ચર્ય પામ્યાં. ૧૨ તપ સ્વાધ્યાય અને જીતેંદ્રિયપણાથી નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળતા મારકંડેય રાગાદિક દોષથી રહિત થયેલ મનવડે ભગવાનનું ધ્યાન કરતા હતા. ૧૩ મહાયોગથી ચિત્તને વશ કરી ભગવાનનું ધ્યાન કરતાં માર્કંડેયને છ મન્વંતર જેટલો મોટો કાળ વ્યતીત થયો. સાતમા મન્વંતરમાં તેમના તપની વાત જાણી તેનાથી ભય પામેલા ઇન્દ્રદેવે તપમાં વિઘ્ન કરવાનો આરંભ કર્યો. ૧૫ ઇંદ્રે મુનિને તપમાંથી ભ્રષ્ટ કરવા ગંધર્વો અપ્સરાઓ કામદેવ વસંતઋતુ મલયાચળનો પવન લોભ તથા મદનને તેમના આશ્રમમાં મોકલ્યાં. ૧૬ હિમાચળના ઉત્તર પ્રદેશમાં જ્યાં પુષ્પભદ્રા નદી તથા ચિત્રશીલા હતી, ત્યાં તેના આશ્રમમાં ગયા ૧૭ માર્કંડેયના પવિત્ર આશ્રમમાં વૃક્ષો તથા લતાઓનો સમૂહ હતો. પવિત્ર બ્રહ્મણોનાં મંડળોથી ભરપૂર હતુ તથા જ્યાં પવિત્ર અને નિર્મળ જળાશયો હતાં. મદોન્મત્ત ભમરાઓ ગુંજારવ કરતા હતા, મદમત કોકિલાઓ કુહુ કુહુ કરતી હતી, મદમત્ત મયૂરો નટની પેઠે નાચતા હતા તથા પક્ષીઓનાં ટોળાંથી તે ભરપૂર હતું આશ્રમમાં હિમનાં બિંદુઓ લઇને આવતો પુષ્પોની સુગંધીવાળો અને કામની વૃદ્ધિ કરનારો પવન વાતો હતો ૨૦ સાયંકાળે ચંદ્રમાના ઉદયવાળી વસંત ઋતુ પ્રકટ થઈ, કોમળ પાદડાવાળાં અને ગુચ્છાવાળાં ઝાડોનાં અને લતાઓના ઝુંડો પરસ્પર મળી ગયા. ૨૧ આવા આશ્રમમાં ધનુષ તથા બાણધારી કામદેવ ગાયન કરતા અને નૃત્ય કરતા ગંધર્વો તથા અપ્સરાઓની સાથે આવીને દાખલ થયા. ૨૨ ઇન્દ્રના સેવકોએ અગ્નિમા હોમ કરી ધ્યાનથી નેત્રો મીંચી દેહધારી અગ્નિની પેઠે અસહ્ય તેજવાળા માર્કંડેયને દીઠા. ૨૩ સ્ત્રીઓ તેમની આગળ નાચવા લાગી, ગંધર્વો ગાવા લાગ્યા તથા મૃદંગ વીણા અને ઝાંઝ લઇ વગાડવા લાગ્યા. ૨૪ કામે પોતાના ધનુષમાં શોષણ દીપન સંમોહન તાપન તથા ઉન્માદન પાંચ મુખવાળું અસ્ત્ર સાંધ્યું. વસંત લોભ તથા બીજા

ઇન્દ્રના સેવકો માર્કંડેયના મનને કંપાવવા લાગ્યા. જેની કમ્મર સ્તનના ભારથી લચી ગઇ હતી, એવી પુંજીકસ્થલી નામે અપ્સરા દડાથી રમવા લાગી. તેના કેશમાંથી પુષ્પ ખરવા લાગ્યાં. ચારે તરફ દૃષ્ટિ કરતી અને ટપ્પો મારી દડાને કૂદાવતાં તેની કટિમેખલા તૂટી અને તેના શરીર ઉપરથી વસ્ત્ર ખશી ગયું. કામદેવે માર્કંડેયને પોતાને વશ થયેલા જાણીને તેમની ઉપર બાણનો પ્રહાર કર્યો; પરંતુ ભાગ્ય હીનનો ઉદ્યમ નિષ્ફળ જાય તેમ કામદેવનો પરિશ્રમ નિષ્ફળ ગયો. મુનિનું અશુભ કરતાં સર્વ લોકો માર્કંડેયના તેજથી બળવા લાગ્યા. બાળકો જેમ સર્પને જગાડી નાશી જાય, તેમ તેઓ ત્યાંથી નાસી ગયા. ૨૯ હે શૌનક ! ઇન્દ્રના અનુચરોએ પરાભવ કર્યા છતા માર્કંડેયને ક્રોધ ચઢયો નહિ, એ વાત મહાત્મા પુરૂષના સંબંધમાં આશ્ચર્યકારક જાણવી નહિ. ૩૦ કામદેવને તેના ગણ સાથે નિસ્તેજ થયેલો જોઇ તથા પોતાના અનુચરો પાસેથી બ્રહ્મર્ષિ માર્કંડેયનો પ્રભાવ સાંભળી ઇન્દ્રને આશ્ચર્ય લાગ્યું. પછી ઉપર કહેવા પ્રમાણે તપશ્ચર્યા સ્વાધ્યાય અને જિતેદ્રિયપણાથી મનને વશ કરનાર માર્કંડેય ઉપર અનુગ્રહ કરવા ભગવાન નારાયણ ત્યાં પ્રગટ થયા. ૩૨ કંઠમાં ત્રેવડું જનોઇ હાથમાં કમંડલુ વાંસનો દંડ, કમળકાકડીની માળા, જીવની રક્ષા માટે તેઓને દૂર કરવા સારૂ સાવરણી દર્ભની પુળી તથા વેદ ધારણ કર્યા હતા; શરીરનો વર્ણ શ્વેત તથા શ્યામ હતો, નેત્ર કમળના જેવાં ચાર ભુજાઓ ને શરીર ઉપર મૃગચર્મ ઓઢયું હતું. હાથમાં પવિત્રિઓ પહેરી હતી, તે સાક્ષાત્‌ તપોમય લાગતા હતા. પ્રકાશતી વિજળી જેવી પીળી કાંતિવાળા ને શરીરે ઉંચા હતા, દેવોએ પૂજેલા તથા વિષ્ણુના અવતારરૂપ હતા. નર અને નારાયણ ભગવાનનાં દર્શન કરી મુનિએ આદરથી ઉભા થઇ તેમને દંડવત્‌ કર્યા. ૩૫ નર નારાયણનાં દર્શનના આનંદથી માર્કંડેયનો દેહ ઇંદ્રિયો અને મન શાંતિ પામ્યાં, શરીર ઉપર હર્ષથી રોમાંચ થયાં અને નેત્રો આંસુથી ભરાઇ જવાથી નર નારાયણનાં દર્શન કરી શકયા નહિ. ૩૬ પછી માર્કંડેય ઉભા થઇ બે હાથ જોડી સરળ થઈ ઉત્કંઠાથી તેમનું આલિંગન કરતા હોય તેમ ગળગળા સ્વરથી નર–નારાયણને ‘ નમસ્કાર છે નમસ્કાર છે,’ એમ બોલ્યા. ૩૭ પછી બન્નેને આસન આણી આપીને તેઓનાં ચરણ પખાળીને અર્ઘ્ય ચંદન ધૂપ તથા પુષ્પોવડે તેઓની પૂજા કરી. ૩૯ પછી કૃપા કરવાને તૈયાર થયેલા મહાત્મા મુનિ નર નારાયણ સારી રીતે શાંત થઇ આસન ઉપર બેઠા, માર્કંડેયે ફરીને તેઓના ચરણમાં પ્રણામ કરીને નીચે પ્રમાણે સ્તુતિ કરી.

માર્કંડેય કૃત સ્તુતિ–હે પરમાત્મા ! જેમની પ્રેરણાથી પ્રાણીઓનો બ્રહ્માનો શંકરનો તથા મારો પ્રાણ નિત્ય ચાલ્યા કરે છે અને તેની પાછળ વાણી મન તથા ઇંદ્રિયો ચાલે છે, આપની કેવી રીતે સ્તુતિ કરી કરી શકું ? તમારા વિના બીજું કોઇ પણ સ્વતંત્ર નથી તથા તમે ચલાવતા પ્રાણાદિકવડે સ્તુતિ કરનારાઓના આત્માના પણ બંધુરૂપ છો. ૪૦ જગતની રક્ષા કરવા જેમ અનેક અવતારો તમે ધારણ કરો છો, તેમ તમે આ બન્ને મૂર્તિઓ જગતની રક્ષા કરવા દુઃખ ટાળવા તથા મોક્ષ આપવા ધારણ કરેલી છે; જેમ પાલન તમારૂં કામ છે તેમ ઉત્પત્તિ તથા લય પણ તમારૂં કામ છે. કરોળીઓ જેમ મુખમાંથી લાળ કાઢીને પાછી સંકેલી લેછે, તેમ તમે વિશ્વને ઉત્પન્ન કરી પાછું ગળી જાઓ છો. ૪૧ રક્ષા કરનાર અને સ્થાવર જંગમના ઈશ્વર એવા આપનાં ચરણનું મૂળ કે જેનો આશ્રય કરનારાને કર્મ, ગુણ તથા કાળના પાશ લાગી શકતા

નથી. અને વેદના તાત્પર્યને જાણનાર મુનિઓ જેને હમેશ વેદના મંત્રોથી સ્તવે છે. અને ધ્યાન કરે છે, તે આપના ચરણને હું વંદન કરુ છું. હે ઇશ્વર! જેના માથા ઉપર કાળ ફર્યા કરે છે, એવા લોકોને મોક્ષરૂપી આપના ચરણના લાભ વિના બીજું નિર્ભય સ્થાન હોય એમ અમે જાણતા નથી. જેનું જીવન બે પરાર્ધ વર્ષ સુધી રહે છે, તે બ્રહ્મા પણ આપની ભ્રુકુટીના પાતરૂપી કાળથી ડરે છે તો તેણે રચેલાં પ્રાણીઓ ડરે તેમાં શું? માટે સ્વરૂપનું આવરણ કરનાર નિષ્ફળ તુચ્છ નાશવત અને અસત્ય હોવાથી સ્વરૂપથી ભિન્ન ન દેખાતા દેહાદિકના ભજનનો ત્યાગ કરી સત્ય જ્ઞાનસ્વરૂપ જીવના નિયંતા તથા સર્વથી જુદા એવા આપના ચરણને હું સેવું છું પુરૂષ જો આપની સેવા કરે તો મનોવાંચ્છિત પામે છે. ૪૪ હે ઇશ! હે જીવના બંધુ! જગતની ઉત્પતિ સ્થિતિ તથા પ્રલયના કારણરૂપ સત્વગુણ રજોગુણ તથા તમે ગુણ તમારી માયાએ રચેલા છે અને ગુણમય શરીરરૂપી લીલાઓ તમે ધારણ કરો છો તેઓમાં સત્વગુણમય શરીરની જે લીલા તેજ મનુષ્યોને શાંતિ આપનાર છે. તેનાથી દુઃખ મોહ તથા ભય ઉત્પન્ન થતા નથી. ૪૫ સત્વગુણી મૂર્તિ કલ્યાણકારી છે, માટે હે પ્રભો! કુશળ પુરૂષો આ લોકમાં તમારી શુદ્ધ અને સત્વગુણી નારાયણ નામની મૂર્તિને તથા તમારા ભકતોના મનમાં વાસ કરનારી શુદ્ધ સત્વગુણી નરમૂર્તિને ભજે છે; કારણ કે સત્વગુણી મૂર્તિનું ભજન કરવાથી વૈકુંઠ લોક અને તેના પણ અભય એવું આત્મસુખ મળે છે. ૪૬ હે ભગવન! આપ પુરૂષરૂપ વ્યાપક વિશ્વમૂર્તિ વિશ્વના ગુરૂ પરમ દૈવત શુદ્ધમૂર્તિ વાણીના નિયંતા ને વેદના પ્રવર્તક છો, નરમા ઉત્તમ એવા આપને હું નમસ્કાર કરૂં છું ૪૭ ઇંદ્રિયોના માર્ગોવડે વિક્ષિપ્ત બુદ્ધિવાળો અને માયાવડે

જેની બુદ્ધિ આવૃત્ત હોય એવો પુરૂષ પોતાની ઇંદ્રિયોમાં પ્રાણોમાં હૃદયમાં અને પદાર્થોમાં નિયંતારૂપે રહેલા આપને જાણતો નથી, બ્રહ્મા પોતે પ્રથમ અજ્ઞાની હતા તેમને સર્વના ગુરૂ આપની પાસેથી વેદનો અભ્યાસ કર્યા પછીજ આપના સ્વરૂપનું જ્ઞાન થયું હતું. ૪૮ તમારા ગુપ્ત સ્વરૂપને દર્શાવનારૂં તમારા સ્વરૂપનું જ્ઞાન વેદમા છે. બ્રહ્માદિક વિદ્વાનો વેદ મૂકી સાંખ્ય યોગાદિકથી પ્રયત્ન કરતાં તમારા સ્વરૂપમાં મોહ પામ્યા છે, આપનો સ્વભાવ સાંખ્ય વગેરે શાસ્ત્રના ભિન્ન ભિન્ન વાદોને અનુસરતો છે, કારણ કે આપના સ્વરૂપનું જ્ઞાન દેહાદિક સંઘાતથી ઢંકાયલું છે, માટે આપ મહા પુરૂષને હું નમસ્કાર કરૂ છું.

यद्दर्शनं निगम आत्मरहः प्रकाशं
मुह्यन्ति यत्र कवयोऽजपरा यतंतः।
तं सर्ववादविषयप्रतिरूपशीलं
वंदे महापुरुषमात्मनिगूढबोधम् ॥४९॥

इतिश्रीमद्भागवतेमहापुराणद्वादशस्कंधे अष्टमोध्यायः

અધ્યાય ૯ મો.‡

માર્કણ્ડેયને પ્રત્યક્ષ દર્શન.

सुत उवाच.

सस्तुतो भगवानित्थं मार्कंडेयेन धीमता।
नारायणो नरसखः प्रीत आह भृगूद्वहम् ॥१॥

સૂત કહે છે કે—હે ઋષિઓ! માર્કંડેયે ઉપર કહ્યા પ્રમાણે ભગવાનની સ્તુતિ કરી પછી નરના સખા નારાયણે પ્રસન્ન થઇ ભૃગુ વંશમાં શ્રેષ્ઠ માર્કંડેયને કહ્યુ કે, તમે ચિત્તને એકાગ્ર કરીને મારી અખંડ ભકિત કરી તથા તપશ્ચર્યા વેદાધ્યયન અને સંયમ રાખ્યો તેથી તમે સિદ્ધ થયા છો ૨ હે ઋષિ! તમારા નૈષ્ઠિક બ્રહ્મચર્યવડે અમે તમારી ઉપર પ્રસન્ન

‡ આ અધ્યાયમા ભગવાનની માયા જોવાની ઇચ્છાવાળા માર્કંડેય મુનિને પ્રલય સમુદ્રમા વારવાર ડુબતા તથા બહાર નિકળતા સાત્વિક સ્વરૂપ ધારણ કરનારા ભગવાનના માયાવી બાળક સ્વરૂપના દર્શન થયા તે કથા કહેવાશે.

થયા છીએ, માટે વર આપનારાઓમાં શ્રેષ્ઠ એવા બ્રહ્માની પાસે તમે ઇચ્છાનુસાર વર માગી લ્યો અને તમારૂં કલ્યાણ થાઓ. ૩ માર્કંડેય બોલ્યા કે—હે દેવેંદ્ર! આપે મને વરનુ પ્રલોભન બતાવ્યું તેટલાથીજ તમારો વિજય છે. આપે દર્શન આપ્યાં તેટલાથી મને વર મળી ચૂકયો. ૪ બ્રહ્માદિક દેવતાઓ યોગાભ્યાસ કરી સિદ્ધ થયેલા મનવડે તમારા ચરણારવિંદના દર્શનથી કૃતાર્થ થાય છે, ને મને આપ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થયા તો પછી બીજો કયો વર મારે જોઇએ. હે કમળનેત્ર! માયાથી બ્રહ્માદિ લોકપાળો સાથે મનુષ્યો વસ્તુમાં ભેદ જુએ છે, તે માયાને હું પ્રત્યક્ષ જોવાની ઈચ્છા રાખું છું. ૬

સૂત—હે શૌનક મુનિ! માર્કંડેયે સ્તુતિ કરી નર નારાયણની ઇચ્છા પ્રમાણે પૂજા કરી. ભગવાન નારાયણ તથાસ્તુ કહી મંદ મંદ હસતા બદરિકાશ્રમમા ગયા. મુનિ તે વિષયનું ધ્યાન કરતા પોતાના આશ્રમમાં રહ્યા અને અગ્નિ સૂર્ય ચંદ્ર પાણી પૃથ્વી વાયુ આકાશ અને આત્મા, વસ્તુઓમાં તથા સર્વ ઠેકાણે શ્રીહરિનું ધ્યાન કરતા માનસિક ઉપચારોથી તેમની પૂજા કરી. કોઇવાર આનંદપ્રવાહમાં મગ્ન થઇ શ્રીહરિની પૂજા કરવી પણ વિસરી જવા લાગ્યા ૯ એકવાર મુનિ પુષ્પભદ્રાના તીર ઉપર સંધ્યાકાળે બેસી સાયં સંધ્યા કરતા હતા એટલામા મહા પ્રચંડ પવન વહાવા માંડયો. ૧૦ તે મહા પ્રચંડ શબ્દ કરતા પવનની પાછળ મહા ભયંકર મેઘમંડળો ચઢી આવ્યાં, વિજળીઓ સાથે મોટી ગર્જનાઓ થવા માંડી અને થાંભલાઓના જેવી જાડી વર્ષાદની ધારાઓ જોરથી વર્ષવા લાગી. ૧૧ વાયુના વેગથી ઉછળતા તરંગોથી તટનો નાશ કરતા ભયંકર સમુદ્રો ગર્જના કરતા પૃથ્વીના તળને બુડાડતા જોવામા આવ્યા. સ્વર્ગ તથા પાતાળમા ફેલાઇ ગયેલા પાણીથી સૂર્યનાં પ્રચંડ કિરણોવડે તથા વિજળીઓવડે જગત અંદર અને બહારના ભાગમાં ત્રાસ પામી ગયું. પૃથ્વી પાણીમાં ડુબી ગઇ તે જોઇને માર્કંડેય મુનિ ખિન્ન થયા. ૧૩ આ પ્રમાણે માર્કંડેય મુનિના દેખતાં પાણીથી રસાતળ ભરાઈ ગયુ. મહા પ્રચંડ વાયુના વેગથી પાણી ઉછળવા લાગ્યું તરંગોથી ભયંકર દેખાતા સાગરે દ્વીપ ખંડ અને પર્વતોની સાથે પૃથ્વી ઢાંકી દીધી. ૧૪ પૃથ્વી આકાશ સ્વર્ગ નક્ષત્ર ગણ તથા દિશાઓ સાથે ત્રણે લોક પાણીમાં બૂડી ગયા, તેમાં માત્ર એક મહા મુનિ માર્કંડેય બાકી રહ્યા. તે મહા મુનિ પોતાની જટા છુટી મૂકીને આંધળા અને ગાંડાની પેઠે ભટકવા લાગ્યા. ૧૫ સમુદ્રના જીવ અને મોટા મચ્છો તેમને દુઃખ દેવા લાગ્યા, પાણીના તરંગો શરીર ઉપર અથડાવા લાગ્યા, ક્ષુધાથી તથા તૃષાથી અત્યંત ખિન્ન અને ચારે તરફ ભટકી ભટકીને પરિશ્રમથી તે થાકી ગયા. ગાઢ અંધારામાં આવી પડયા અને તેમને આકાશનું કે પૃથ્વીનું ભાન રહ્યું નહિ ૧૬ કોઈ ઠેકાણે પાણીની મોટી ઘુમરીમાં તે પડતા હતા. કોઈ ઠેકાણે તરંગોનો માર પડતો હતો કોઇ ઠેકાણે એક બીજાનો નાશ કરતાં જળચર પ્રાણીઓ મુનિને કરડતાં હતાં ૧૭ કોઇવાર શોક, કોઈવાર મોહ, કોઇવાર દુઃખ કોઇવાર સુખ, કોઈવાર ભય તો કોઇવાર મૃત્યુની દશા આવતી અને વચ્ચે વ્યાધિ વગેરેથી પીડાતા હતા. ૧૮ વિષ્ણુની માયામાં ઘેરાઈ ગયેલા અને પ્રલયના સમુદ્રમાં આમ તેમ ફરતા માર્કણ્ડેય મુનિને એક શંકુ જેટલાં વર્ષો તેમાં વીતી ગયા. ૧૯ પ્રલયના સમુદ્રમાં ફરતાં એકવાર પૃથ્વીના ઉંચા પ્રદેશ ઉપર ફળોથી તથા લીલાં પાંદડાંથી શોભતો એક નાનો વડ મુનિની દૃષ્ટિએ પડયો. તેના ઇશાન ખુણાની શાખાના પાંદડા ઉપર એક બાળક તેમની નજરે પડયો. તે પોતાની કાંતિથી

અંધારાને નાશ કરતો હતો. ૨૧ તેના શરીરનો રંગ ઇંદ્રનીલ મણિ જેવો શ્યામળ હતો, મુખકમળ મનોહર હતું, કંઠ શંખની પેઠે ત્રણ આવળીવાળો હતો, છાતી પહોળી નાસિકા ઉંચી અને ભ્રકુટીનો મરોડ મનોહર હતો. ૨૨ શ્વાસથી ઉડતા કેશ શોભાયમાન દેખાતા હતા. અંદરના ભાગમાં શંખની પેઠે ગોળાકાર સુંદર કાનમાં દાડમનાં ફૂલ હતાં, પરવાળાના જેવા રાતા ઓઠની કાંતિથી અમૃત જેવું સ્વચ્છ મંદ હાસ્ય રતાશ ભરેલું હતું. ૨૩ નેત્રના છેડા કમળના ગર્ભ જેવા કોમળ હતા, મનને પ્રિય લાગે તેવું મનોહર. શ્વાસને લીધે હાલતા ઉદરપર પડેલી ત્રિવલિઓથી ઉંડી નાભી ચંચળતા વાળી હતી, ૨૪ અને મનોહર આંગળાંવાળા બે હાથવતી તે પોતાનો ચરણ ધાવતો હતો બાળકને જોઇ માર્કંડેય આશ્ચર્ય પામ્યા ૨૫ તેનાં દર્શનથી પરિશ્રમ રહિત થયા અને હર્ષથી હૃદય તથા નેત્ર પ્રફુલ્લિત થયાં. આ અદ્ભુત વસ્તુ જોવાથી શંકા થઇ તેથી રોમાંચ થયાં. પછી ભયથી તે બાળકને જોવા તેની પાસે ગયા. ૨૬ તેના નિઃશ્વાસની સાથે મુનિ મચ્છરની પેઠે તેના શરીરમાં પેસી ગયા અને તેમાં પણ તેમણે સર્વ જગત પ્રલયની પૂર્વે જેવી સ્થિતિમાં હતું તેવી સ્થિતિમાં જોયું, તેથી મોહ પામ્યા. ૨૭ તેના શરીરમાં આકાશ સ્વર્ગ પૃથ્વી, તારાઓનો સમુદાય, પર્વતો, સમુદ્રો, દ્વીપો, ખંડો, દિશાઓ, દૈત્યો, વન, દેશ, નદીઓ, નગરો, ખાણો, ગામો, આશ્રમો વર્ણો, વર્ણાશ્રમની આજીવિકાઓ, પંચમહાભુત, તેનાથી ઉત્પન્ન થયેલા પદાર્થો, અનેક યુગો તથા કલ્પની કલ્પના કરાવનારો કાળ અને બીજું જે કંઈ વ્યવહારનું કારણ છે તે સર્વ સત્ય વસ્તુની સત્તાથી સત્યના જેવું ભાસે છે તે જોયું. ૨૯ આ જોતાં હિમાલય તેની ઉપર વહેતી પુષ્પવહા નદી અને તીર ઉપર પોતાનો આશ્રમ તથા તેમાંના ઋષિઓ પણ જોયા. માર્કણ્ડેય એ સર્વ જુએ છે એટલામાં તો બાળકના નિઃશ્વાસથી શરીરની બહાર નિકળી પડયા અને પાછા સમુદ્રમાં પડયા. ૩૦ ત્યાં પૃથ્વીના એક ઢોળાવવાળા પ્રદેશ ઉપર વડ દીઠો અને તેના પાંદડા ઉપર એક બાળકને સૂતેલો દીઠો. તેણે પ્રેમપૂર્ણ અમૃત જેવું મંદહાસ્ય કરી તેમની સામું જોયું. ૩૧ પછી અત્યંત મુંઝાયેલા માર્કણ્ડેય પોતાના હૃદયમાં વાસ કરનાર ભગવાન રૂપ તેના દર્શન કરી પાસે ગયા કે, તરત યોગેશ્વર અને અંતર્યામી ભગવાન ભાગ્યહીન મનુષ્યના ઉદ્યમની પેઠે ત્યાંથી અંતર્ધાન થઇ ગયા. ૩૩ હે શૌનક! ભગવાનના અદૃશ્ય થવા પછી વડ પાણી તથા જગતનો પ્રલય પણ અદૃશ્ય થયો અને માર્કણ્ડેય પ્રથમની માફક પોતાના આશ્રમમાં આવી રહ્યા. ૩૪

तमन्वथ वटो ब्रह्मन् सलिलं लोकमप्लव. ।
तिरोधायि क्षणाद्स्य स्वाश्रमे पूर्ववत् स्थितः॥

इतिश्रीमद्भागवतेमहापुराणेद्वादशस्कंधे नवमोऽध्यायः

અધ્યાય ૧૦ મો.*

શંકર અને માર્કંડેય.

सूत उवाच.

स एवमनुभूयेदं नारायणविनिर्मितं ।
वैभवं योगमायायास्तमेव शरणं ययौ ॥ ॥

સૂત પુરાણિક બોલ્યા કે–હે શૌનક! ભગવાને રચેલો યોગમાયાનો પ્રભાવ જોઇ ભગવાનને જ શરણે જઇને તે પછી નીચે પ્રમાણે કહેવા લાગ્યા. ૧

માર્કણ્ડેય–હે હરિ! હું શરણાગતને અભય આપનાર આપના ચરણને શરણે આવ્યો છું. વિદ્વાનો જ્ઞાનના જેવી લાગતી આપની માયાવડે મોહ પામે છે. ૨

* આ અધ્યાયમા શંકરે પ્રગટ થઈ માર્કંડેયને વર આપ્યો અને સત્કાર કર્યો એ કથા કહેવારો

સૂત–હે મુનિઓ! એટલામાં ભગવાન શંકર ઉમા અને ગણ સાથે, પોઠીઆ ઉપર બેસી, ફરતા ત્યાં આવ્યા. તેમણે સમાધિ ચઢાવી બેઠેલા માર્કણ્ડેય મુનિને દીઠા ૩ પાર્વતીએ ઋષિને જોઇ શંકરને પૂછ્યું કે–હે મહારાજ! જ્યારે વાયુ વહાતો ન હોય ત્યારે સમુદ્રનું પાણી અને મગરમચ્છ વગેરેનો સમુદાય શાંત પડી જાય છે, તેમ આ બ્રાહ્મણનો દેહ ઇન્દ્રિયો અને મન નિશ્ચળ થઇ ગયાં છે તેની તરફ દૃષ્ટિ કરો અને એના તપને સફળ કરો! આપ સિદ્ધિ આપનાર છો. ૫

શંકર–અવિનાશી પુરૂષોત્તમ ભગવાનની પરમ ભક્તિનો લાભ થવાથી મહર્ષિ કોઇ પણ સુખની અથવા મોક્ષની ઇચ્છા કરતા નથી ૬ હે ભવાનિ! આપણે આ મહાત્મા પુરૂષની સાથે વાત કરીએ, કારણ કે મનુષ્યોને મહાત્માઓનો સમાગમ દુર્લભ કહેવાય છે સર્વ પ્રાણીઓના સ્વામિ અને ભક્ત કુળના પતિ ભગવાન શંકર, ઉમાને આમ કહી માર્કણ્ડેયની પાસે આવ્યા. ૮ પરંતુ માર્કણ્ડેય સર્વ વૃત્તિઓને રૂંધી સમાધિમા બેઠા હતા તેથી જગતના આત્મરૂપ તથા વિશ્વના ઈશ્વર શંકર પાર્વતીના આગમનને તેમણે જાણ્યું નહિ, કારણ કે તે પોતાના દેહને તેમજ વિશ્વને વિસરી જઇ ઈશ્વરનિષ્ઠ થયેલા હતા. ભગવાન શંકર, યોગમાયાવડે વાયુ જેમ છિદ્રમા પેસે તેમ માર્કંડેય મુનિના હૃદયાકાશમાં પેઠા. ૧૦ માર્કણ્ડેયમુનિ પોતાના હૃદયમાં અકસ્માત પ્રગટ થયેલા પીળી જટાવાળા, ત્રણ નેત્રવાળા, દશ ભુજાવાળા, ઉન્નત શરીરવાળા, ઉગતા સૂર્ય જેવા તેજસ્વી, વાઘાંબર ધારણ કરનાર ત્રિશૂળ ધનુષ્ય બાણ તરવાર ઢાલ રૂદ્રાક્ષમાળા ડમરૂ કમાલ તથા ફરસી ધારણ કરનાર શ્રીશંકરનાં દર્શન કરીને 'આ શું! અને કેવી રીતે થયું!' એમ આશ્ચર્ય પામ્યા. મુનિ સમાધિ ઉતારી નેત્રો ઉઘાડીને જોવા લાગ્યા તો ત્રણ લોકના ગુરૂ ભગવાન શંકરને તેમના ગણોની તથા ઉમાની સાથે દીઠા. મુનિએ રૂદ્રને પ્રણામ કર્યા અને સ્વાગત વચનથી આસનથી પાદ્યથી અર્ઘ્યથી ચંદનથી પુષ્પની માળાથી ધૂપથી તથા દીપ અને નૈવેદ્યથી શ્રીશંકરની ઉમાની અને તેમના ગણોની પૂજા કરી કહ્યું કે, હે વ્યાપક પરમેશ્વર! આપ પોતાના પ્રભાવથી પૂર્ણ કામનાવાળા છો અને આપનાવડે આ જગત સુખી છે. આપનુ અમે શું કાર્ય કરીએ? તે કહો. ૧૬ કલ્યાણકારી, શાંતમૂર્તિ સત્વગુણના અધિષ્ઠાતા પરમ સુખ આપનાર આપને નમસ્કાર કરૂં છું. રજોગુણ તથા તમોગુણને સેવ્યા છતાં શાંત પ્રકૃતિવાળા આપને હું નમસ્કાર કરૂં છું. આ પ્રમાણે માર્કંડેયે સ્તુતિ કરી કે પ્રસન્ન અંતઃકરણવાળા આદિદેવ શંકર, સત્પુરૂષોના શરણરૂપ તેમની ઉપર પ્રસન્ન થયા અને નીચે પ્રમાણે બોલ્યા.

શંકર–અમારી પાસેથી તમારે ઇચ્છા હોય તે વર માગો, કારણ કે બ્રહ્મા, વિષ્ણુ અને હું ત્રણે વર આપનારાઓના સ્વામી છીએ. અમારૂં દર્શન લોકોને સફળ થાય છે અને અમારાં દર્શનથી મનુષ્ય મોક્ષ પામે છે ૧૯ જે બ્રાહ્મણો સદ્ગુણી શાંત ગુણવાળા સંગરહિત પ્રાણીઓની ઉપર દયા રાખનાર અમારા એકાંત ભક્ત વૈર રહિત તથા સમદૃષ્ટિવાળા છે, તેઓને લોકો સહિત લોકપાળો નમે છે પૂજે છે તથા સેવે છે ભગવાન બ્રહ્મા તથા સર્વના ઈશ્વર શ્રીવિષ્ણુ પોતે પણ સેવે છે. સમદૃષ્ટિવાળા બ્રાહ્મણો મારે વિષે વિષ્ણુમાં, બ્રહ્મામાં પોતાને વિષે તથા લોકોમાં ભેદદૃષ્ટિ રાખતા નથી, માટે અમે તમને ભજીએ છીએ તીર્થો તાર્થોજ કે ચેતન રહિત દેવતાઓની મૂર્તિઓ દેવતાઓ છે પરંતુ તીર્થો તથા દેવતાઓ ઘણે કાળે પવિત્ર કરે છે. ૨૩ જેઓ ચિત્તની એકાગ્ર

તપશ્ચર્યા સ્વાધ્યાય તથા સંયમથી અમારા વેદમય સ્વરૂપને ધારણ કરે છે. અમે પ્રભુ આપને નમસ્કાર કરીએ છીએ. ૨૪ મહા પાપીઓ ને ચાંડાલો તમારાં ચરિત્ર સાંભળ્યાથી તથા દર્શન કરવાથી પવિત્ર થાય છે ત્યારે તમારી સાથે સંભાષણ કરવાથી અમે પવિત્ર થઈએ એમા શું આશ્ચર્ય !

સૂત કહે છે—આ પ્રમાણે ચંદ્રશેખર શંકરનું ધર્મના રહસ્યથી ભરપુર કાનને અમૃત સમાન વચન સાંભળી માર્કણ્ડેય પ્રસન્ન થયા. ૨૬ વિષ્ણુની માયાએ ઘણા કાળ સુધી ભમાવેલા અને અત્યંત મુંઝવણમાં પડેલા માર્કણ્ડેયનો દુઃખસમુદાય શંકરની વાણીરૂપી અમૃતવડે નાશ પામ્યો અને તે નીચે પ્રમાણે કહેવા લાગ્યા ૨૭ અહો ! ઈશ્વરની લીલા મનુષ્યોના વિચારમાં આવે નહિ તેવી છે. લોકપાળો લીલાને લીધે પોતાની સત્તામાં રહેલાં પ્રાણીઓને નમે છે તથા વખાણે છે ૨૮ ધર્મના વક્તાઓ પ્રાણીઓને ધર્મ ગ્રહણ કરાવવા ધર્માચરણ કરે છે. કોઇ ધર્માચરણ કરતો હોય તને અનુમોદન આપે છે તથા ધર્મનાં વખાણ કરે છે. ૨૯ નટ વેશ ધારણ કરી પોતાના ચાકર વર્ગને પ્રણામ કરે છે તેથી જેમ તેના મહિમાને દૂષણ લાગતું નથી તેમ આપ પોતાની માયાના વૃત્તિઓ વડે બીજાને પ્રણામ કરો, તેથી આપના મહિમાને હાનિ નથી. ૩૦ સ્વપ્નને જોનારો પુરૂષ જેમ અનેક શરીર ઉત્પન્ન કરી તેમાં પ્રવેશ કરી ઇંદ્રિયોથી કરવામાં આવતી ક્રિયાઓ જાણે પોતેજ કરતો હોય તેમ કરે એ પ્રમાણે આપ પણ મનવડે જગતને સરજી તેમાં પોતાના સ્વરૂપથી પ્રવેશ કરી ગુણોથી કરવામાં આવતા હોવા છતાં ક્રિયાના કર્તા હો, એવા દેખાવ છો. ત્રણ ગુણવાળા છતાં ગુણોના નિયંતા, સ્વરૂપ અદ્વિતીય શુદ્ધસ્વરૂપ અને બ્રહ્મમૂર્તિ એવા આપને હું નમસ્કાર કરૂં છું. ૩૨ હે વ્યાપક ! તમારાં સર્વ શ્રેષ્ઠ દર્શન કરતાં બીજો કયો વર માગું ? કારણ કે આપનાં દર્શન કરવાથી પુરૂષ પૂર્ણ કામનાવાળો થાય છે ૩૩ હું સર્વ કામનાથી પૂર્ણ અને ભક્તોની કામનાને પુરનાર આપ પાસેથી એક વર માગું છું, તે એ કે—ભગવાન ઉપર ભગવાનના ભક્તો ઉપર તથા આપ ઉપર મારી અવિચળ ભક્તિ રહો.

સૂત—આ પ્રમાણે માર્કણ્ડેય મુનિએ પૂજેલા અને કોમળ વાણીથી સ્તવેલા ભગવાન શંકરે પાર્વતીની અનુમતિથી માર્કંડેયને કહ્યું ૩૫ હે મહર્ષિ ! તમારી સર્વ કામના પરિપૂર્ણ થાઓ. કલ્પ સુધી તમારી કીર્તિ પવિત્ર થાઓ તથા તમે અજર અને અમર રહો. ૩૬ હે બ્રાહ્મણ ! તમને બ્રહ્મતેજવાળાને ભૂત ભવિષ્ય અને વર્તમાનકાળની વસ્તુનું જ્ઞાન વૈરાગ્યવાળું વિજ્ઞાન તથા પુરાણનું આચાર્યત્વ પ્રાપ્ત થશે. ૩૭

સૂત કહે છે કે—મુનિને વર આપી શંકર, મુનિએ કરેલાં તપશ્ચર્યાદિક કાર્યો તથા અનુભવેલો માયાનો પ્રભાવ પાર્વતીને કહી ત્યાંથી ગયા ૩૮ ભૃગુવંશમાં ઉત્તમ માર્કંડેય મહાયોગના મહિમાને પ્રાપ્ત કરીને શ્રીહરિની એકાંતિક ભક્તિને પામ્યા. સાક્ષાત પોતાના શરીરથી જગતમાં તે ફરે છે. ૩૯ બુદ્ધિમાન માર્કંડેય મુનિનું આ ચરિત્ર તમને વર્ણવી બતાવ્યું. ૪૦ અમારા કુળમાં ઉત્પન્ન થયેલા માર્કણ્ડેય મુનિનું વૃદ્ધ લોકો સાત કલ્પનું આયુષ્ય કહે છે, તે વાતમાં તમારા કહેવા પ્રમાણે વિરોધ આવતો નથી. માર્કંડેય મુનિએ અનુભવેલા ભગવાનની માયાના અનેક કલ્પરૂપ વૈભવ ભગવાનની ઈચ્છાથી ફક્ત તેમને અકસ્માત દૃષ્ટિએ પડતા હતા. પરંતુ તે પ્રમાણે સર્વની દૃષ્ટિએ પડયા નથી. મનુષ્યની ઉત્પત્તિ તથા વિનાશ થાય છે તે ભગવાનની માયા જ છે એમ ન સમજનાર કેટલાક લોકો કહે છે કે, દેવતાના માપ પ્રમાણે બે હજાર યુગ થયા પછી વારંવાર

ઉત્પત્તિ તથા પ્રલય થાય છે. વિદ્વાનો કહે છે કે માર્કંડેય મુનિ માયાવી, બાળકના શ્વાસોચ્છવાસમાં સાત વાર તેના ઉદરમાંથી બહાર નિકળ્યા હતા અને સાત વાર પાછા અંદર ગયા હતા, તેથી એક ક્ષણમાં સાત કલ્પ થયા હતા. આ મતમાં કોઇ રીતે વિરોધ આવતો નથી. ૪૧ હે શૌનક ! ભગવાનની માયાના વૈભવવાળુ માર્કંડેયનું ચરિત્ર જે કોઇ કોઈને સંભળાવે અથવા સાંભળે તેને કર્મવાસનારૂપી સંસાર પ્રાપ્ત થતો નથી.

> य एवमेतद्भृगुवर्य वर्णितं
> रथांगपाणेरनुभावभावितम् ।
> संश्रावयेत् संशृणुयादुताबुभौ
> तयोर्न कर्माशयसंसृतिर्भवेत् ॥४२॥

इतिश्रीमद्भागवतेमहापुराणेद्वादशस्कंधे दशमोध्यायः

અધ્યાય ૧૧ મો.†

મહાજનનું વર્ણન.

श्रीशौनक उवाच

अथेममर्थं पृच्छामो भवंतं बहुवित्तमम ।
समस्ततंत्रराद्धांते भवान् भागवततत्त्ववित् ॥

શૌનકે પૂછયું કે—હે સૂત ! તમે બહુ શ્રુતોમાં શ્રેષ્ઠ છો, તમને અમે એક પ્રશ્ન પૂછીએ છીએ, કારણ કે તમે સર્વ તંત્રશાસ્ત્રોના સિદ્ધાંતને અને ભગવાનના તત્વને જાણનાર છો. ૧ નિરાકાર ભગવાનની પૂજા કરવામાં તાંત્રિક લોકો પાદાદિક અંગો ગરૂડાદિક ઉપાંગો ચક્રાદિક આયુધો તથા કૌસ્તુભાદિક આભૂષણો કેમ કલ્પે છે અને તે કયા તત્વોથી કલ્પે છે તે કહો, કારણ કે જે પૂજનની કુશળતાને લીધે મનુષ્ય અમર થાય છે. ૩

સૂત બોલ્યા કે—હે મુનિઓ ! ગુરૂઓને પ્રણામ કરી વિષ્ણુની વિરાટ આદિક વિભૂતિઓ હું તમને કહીશ. જે વિભૂતિઓ બ્રહ્માદિક આચાર્યોએ વેદોમાં તથા તંત્રોમાં વર્ણવી છે. ૪ ભગવાન નિરાકાર છે, તોપણ તેમનાં અંગાદિકનાં કલ્પના પૃથિવી વગેરે લોકવડે કરવામાં આવેલી છે. માયા સૂત્ર મહત્તત્વ અહંકાર તથા પાંચ તન્માત્રાઓમાંથી અગિયાર ઇંદ્રિયો અને પાંચ ભૂતમય બ્રહ્માંડ ઉત્પન્ન થયેલું છે, ચેતનરૂપી અધિષ્ઠાનવાળા બ્રહ્માંડમાં પૃથ્વી વગેરે સર્વ લોકો જોવામાં આવે છે. ૫ બ્રહ્માંડની ઇશ્વરમાં કલ્પના કરી તેથી તેને ઇશ્વરના દેહરૂપ માનવામાં આવે છે, પૃથ્વીને તેના ચરણરૂપ માનવામાં આવે છે, સ્વર્ગને મસ્તકરૂપ આકાશને નાભિરૂપ સૂર્યને નેત્રરૂપ વાયુને નાસિકારૂપ દિશાઓને કાનરૂપ પ્રજાપતિને ઉપસ્થરૂપ મૃત્યુને પાયુરૂપ લોકપાળોને હાથરૂપ ચંદ્રને મનરૂપ યમને ભ્રુકુટીરૂપ લાજને ઉપરના ઓઠરૂપ લોભને નિચલા ઓઠરૂપ ચંદ્રિકાને દાંતરૂપ ભ્રાન્તિને હાસ્યરૂપ વૃક્ષોને રૂવાંરૂપ તથા વાદળાંને કેશરૂપ માનવામાં આવે છે. ૮ બ્રહ્માંડરૂપ પરમાત્માના શરીરનું ધૂપ દીપ વગેરેથી પૂજન થઇ શકે નહિ તેમ તેનું સામટું ધ્યાન થઇ શકે નહિ માટે ધાતુ વગેરેની મૂર્તિમાં પરમાત્માના દેહની તથા અવયવોની કલ્પના કરી તેનું પૂજન તથા ધ્યાન કરવામાં આવે છે. બ્રહ્માંડરૂપી પુરૂષનું જેવું માપ છે તથા તેની જેવી સ્થિતિ છે તેવું માપ તથા તેવી સ્થિતિ નાની મૂર્તિમાં માનવામાં આવે છે. ૯ અજન્મા પરમાત્માની મૂર્તિ જે કૌસ્તુભ મણિ ધારણ કરે છે, તે શુદ્ધ ચૈતન્યને ધારણ કરે છે અને વ્યાપક પરમેશ્વર વક્ષઃસ્થળમાં જે શ્રીવત્સનું ચિહ્‌ન ધારણ કરે છે, તે શુદ્ધ ચૈતન્યની વ્યાપક પ્રભાથી થયેલા જીવને ધારણ કરે છે. ૧૦ વનમાળાને ધારણ કરે છે, તે પોતાના નાના પ્રકારના ગુણવાળી માયાને ધારણ કરે છે. પીતાંબર વેદ અને ઉપવીત તે ૐકારને ધારણ કરે છે એમ જાણવું. ૧૧ પરમાત્માએ સાંખ્ય તથા યોગ

† આ અધ્યાયમાં મહા પુરુષનું વર્ણન કરવામા આવે છે.

બે મકરાકાર કુંડળો અને બ્રહ્મલોકરૂપી સર્વ લોકોને અભય આપનારો મુગટ છે તે જેની ઉપર બિરાજે છે તથા જેને પ્રધાનરૂપ અનંત નામનું આસન કહે છે તે ધર્મ જ્ઞાન વૈરાગ્ય વગેરે શકિતયુકત કમળને સત્વગુણ કહે છે. ૧૩ તેઓ મનનું સામર્થ્ય ઇંદ્રિયોનું સામર્થ્ય અને દેહનું બળ સામર્થ્યથી યુક્ત મુખ્ય તત્વ જે પ્રાણ તે રૂપી ગદાને ધારણ કરે છે, પાણીના તત્વરૂપી ઉત્તમ શંખને ધારણ કરે છે, તેજના તત્વરૂપી સુદર્શન ચક્રને ધારણ કરે છે આકાશના તત્વરૂપ કાળા રંગના ખડગને ધારણ કરે છે, અંધ કારરૂપી ઢાલ કાળરૂપી શાર્ઙ્ગ ધનુષ અને બાણો રાખવા માટે કર્મમય ભાથો ધારણ કરે છે ૧૫ ઇંદ્રિયોને ભગવાનનાં બાણો ક્રિયાયુકત મનને રથ પાંચ તન્માત્રાઓને તે રથનું બહારનું રૂપ અને ભગવાને ધારણ કરેલી મુદ્રાઓવડે વરદ અભય વગેરે રૂપો ધારણ કરે છે મુદ્રાઓવડે ભાવના કરીને ભગવાનની પૂજા કરવી. ૧૬ દેવપૂજાના સ્થાનમાં સૂર્યમંડળનો અથવા અગ્નિકુંડની ભાવના કરવી. ગુરૂએ આપેલી મંત્રની દીક્ષામાં પોતાના પૂજ્યપણાની ભાવના કરી વિષ્ણુની પૂજા કરવી. પાપોને નાશ કરવા એવી ભાવના કરવી. ૧૭ ભગવાને હાથમાં જે ક્રીડાકમળ ધારણ કર્યું છે, તે છ ઐશ્વર્યો છે. ભગવાને ધર્મરૂપી ચામરને અને કીર્તિરૂપી પંખાને ધારણ કર્યો છે. ૧૮ તાપનો નાશ કરનારૂં તથા સર્વ ઠેકાણેથી નિર્ભય એવું વૈકુંઠ સ્થાન ભગવાનનું ઘર છે, ઋક યજુષ અને સામ ત્રણ વેદ ભગવાનનું વાહન છે. ૧૯ આત્મસ્વરૂપની સાથે ચિદ્રૂપનો અભેદ હોવાને લીધે લક્ષ્મી એ આત્મસ્વરૂપ શ્રીહરિની અવિચળ શકિત છે. પંચરાત્ર વગેરે આગમમાં પ્રસિદ્ધ વિશ્વકસેન ભગવાનના પાર્ષદોના અધિપતિ છે અને અણિમાદિક સિદ્ધિરૂપ આઠ ગુણો શ્રીહરિના નંદાદિક આઠ દ્વારપાલ છે. ૨૦ હે શૌનક! વાસુદેવ સંકર્ષણ પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ ચાર મૂર્તિરૂપે ભગવાન નારાયણ પોતે છે, માટે ભગવાન તે મૂર્તિરૂપે ઉપાસના કરવા યોગ્ય છે, એમ કહેવાય છે. ૨૧ ભગવાન વિશ્વ તૈજસ પ્રાજ્ઞ અને તુરીય નામે કહેવાય છે, તેમાં પહેલી જાગ્રદાવસ્થારૂપ વિષયો ઉપરથી બીજી સ્વપ્નાવસ્થારૂપ મન ઉપરથી ત્રીજી સુષુપ્તિરૂપ અજ્ઞાન અવસ્થા ઉપરથી અને ચોથી આ ઉપરની ત્રણે અવસ્થાના સાક્ષીપણાથી ભાવના કરવામાં આવે છે. ભગવાન અંગ ઉપાંગ આયુધ અને આભૂષણોથી યુક્ત છતાં વાસુદેવાદિક ચારમૂર્તિવાળા વિશ્વ તૈજસ વગેરે ચાર સ્વરૂપોને ધારણ કરે છે, તેમાં જીવપણું ગણાતું નથી, કારણ કે શ્રીહરિ સર્વના નિયંતા છે. ૨૩ ભગવાન વેદના પ્રવર્તક છે સ્વયંપ્રકાશ છે અને પોતાના પ્રભાવથી પરિપૂર્ણ છે તે પોતાની માયાવડે જગતને ઉત્પન્ન કરે છે, પાળે છે અને સંહારે છે. તે અપરિચ્છિન્ન જ્ઞાનવાળા છે તોપણ શાસ્ત્રમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર નામથી ભિન્ન ભિન્ન સ્વરૂપ હોય તેવું વર્ણન છે, વસ્તુતાએ ભિન્ન નથી. ભક્તિમાં પરાયણ એવા પુરૂષો અંતઃકરણમાં આત્મસ્વરૂપને પ્રાપ્ત કરે છે. ૨૪ ગોપીઓના મંડળે અને નારદાદિક ભકતોએ જેની પવિત્ર કીર્તિનું ગાન કરેલું છે એવા હે ગોવિંદ! અમારૂં ભક્ત જનોનું રક્ષણ કરો! જે પુરૂષ પ્રભાતે ઉઠી, સ્નાનાદિકથી શુદ્ધ થઇ ભગવાનમાં ચિત્ત રાખી આ મહાપુરૂષનાં લક્ષણોનું ધ્યાન કરે તે હૃદયમાં વાસ કરનાર પરબ્રહ્મને જાણે છે. ૨૬

શૌનકે. પૂછ્યું કે—હે સુતપુરાણીક હે ઇતિહાસજ્ઞ! શુકદેવજીને શ્રવણ કરતા પરીક્ષિત રાજાને પંચમ સ્કંધમાં સૂર્ય સંબંધી ઋષિ ગન્ધર્વ અપ્સરા, નાગ યક્ષ રાક્ષસ અને દેવ, એ પ્રમાણે સાત સાતનો

ગણુ પ્રત્યેક મહીનામાં બદલાય છે, એમ કહ્યું હતું; ૨૭ માટે તે પ્રત્યેકના અધિપતિ સૂર્યોના નામોની સાથે તે તે ઋષિ વગેરેનાં નામો તથા કર્મો અમને કહો, કારણુ કે અમે સૂર્ય સ્વરૂપ શ્રીહરિના ગણોને સાંભળવાની ઇચ્છા રાખીએ છીએ.

સૂત—હે શૌનક! પ્રાણીઓના આત્મા રૂપ વિષ્ણુ અનાદિ માયાએ નિર્માણ કરેલા અને લોકોનો વ્યવહાર ચલાવનાર સૂર્યના રાયણુ સર્વ લોકોમાં ફરે છે. ૨૮ સર્વ લોકોના આત્મારૂપ અને સૃષ્ટિના આદિ કર્તા તથા આત્મારૂપ શ્રીહરિ પોતે સૂર્યનારાયણુની મૂર્તિ છે. ૨૯ સૂર્યસ્વરૂપ શ્રીવિષ્ણુ સર્વ વેદમાં કહેલી ક્રિયાઓનું મૂળરૂપ છે, માટે કેટલાક ઋષિઓ તે ક્રિયાઓની ઉપાધિને લીધે અનેક પ્રકારથી શ્રીવિષ્ણુનું વર્ણન કરે છે. ૩૦ શ્રીહરિ માયાને લીધે નીચે પ્રમાણે નવ પ્રકારના છે. પ્રાતઃ મધ્યાહ્ન વગેરે કાળ ઉંચો નાચો વગેરે દેશ અનુષ્ઠાન બ્રાહ્મણુ વગેરે કર્તા શ્રુચ વગેરે સાધન યજ્ઞ આદિક ક્રિયા વેદના મંત્રો વ્રીહિ વગેરે દ્રવ્યો અને સ્વર્ગ વગેરે ફળો એ બધું નવ પ્રકારનું છે. તે કાળરૂપ ધારણુ કરનાર ભગવાન સૂર્ય લોકના વ્યવહારને માટે બાર ગણોને સાથે લઇ ચૈત્ર આદિક મહીનામાં ફરે છે. ૩૨ ધાતા નામે સૂર્ય પુલસ્ત્ય નામે ઋષિ તુંબરૂ ગંધર્વ કૃતસ્થલી અપ્સરા વાસુકી નાગ રથકૃત યક્ષ અને હેતી રાક્ષસ સાથે પોતપોતાનુ કાર્ય કરતા ચૈત્ર માસમાં ભ્રમણુ કરે છે. ૩૩ અર્યમા સૂર્ય પુલહ ઋષિ નારદ ગંધર્વ પુંજીકસ્થલી અપ્સરા કચ્છનીર નાગ અથોજા યક્ષ અને પ્રહેતિ રાક્ષસ સાથે વૈશાખ માસમાં; મિત્ર સૂર્ય અત્રિ ઋષિ હાહા ગંધર્વ મેનકા અપ્સરા તક્ષક નાગ રથસ્વન યક્ષ અને પૌરૂષેય રાક્ષસ જ્યેષ્ઠ માસમાં; વરૂણુ સૂર્ય વસિષ્ઠ ઋષિ હુહુ ગંધર્વ રંભા અપ્સરા શુક્રશુક નાગ સહજન્ય યક્ષ અને ચિત્રસ્વન રાક્ષસ આષાઢ માસમાં; ઈંદ્ર સૂર્ય અંગિરાઋષિ વિશ્વાવસુ ગંધર્વ પ્રમ્લોચા અપ્સરા એલાપત્ર નાગ શ્રોતા યક્ષ અને વર્ય રાક્ષસ શ્રાવણુ માસમાં; ૩૭ વિવસ્વાન સૂર્ય ભૃગુ ઋષિ ઉગ્રસેન ગંધર્વ અનુમ્લોચા અપ્સરા શંખપાલ નાગ આસારણુ યક્ષ અને વ્યાઘ્ર રાક્ષસ ભાદરવા માસમાં ભ્રમણુ કરે છે. ૩૮ પૂષા સૂર્ય ગૌતમ ઋષિ સુષેણુ ગંધર્વ ઘૃતાચી અપ્સરા ધનંજય નાગ સુરૂચિ યક્ષ અને વાત રાક્ષસ માઘ માસમાં ભ્રમણુ કરે છે ૩૯ પર્જન્ય નામે સૂર્ય ભરદ્વાજ ઋષિ વિશ્વ ગંધર્વ સેનજીત અપ્સરા ઐરાવત નાગ કૃતુ યક્ષ અને વર્ચા રાક્ષસ ફાગણુ માસમા ભ્રમણુ કરે છે ૪૦ અંશ નામે સૂર્ય કશ્યપ ઋષિ ઋતસેન ગંધર્વ ઉર્વશી અપ્સરા મહાશંખ નાગ તાર્ક્ષ્ય યક્ષ અને વિદ્યુચ્છત્રુ રાક્ષસ માર્ગશીર્ષ માસમા ભ્રમણુ કરે છે ૪૧ ભગ સૂર્ય આયુર ઋષિ અરિષ્ટનેમી ગંધર્વ પૂર્વચિત્તિ અપ્સરા કર્કોટક નાગ ઉર્ણુ યક્ષ અને સ્ફૂર્જ રાક્ષસ પોષ માસમાં,૪૨ ત્વષ્ટા સૂર્ય જમદગ્નિ ઋષિ ધૃતરાષ્ટ્ર ગંધર્વ તિલોત્તમા અપ્સરા કંબલ નાગ શતજીત યક્ષ અને બ્રહ્મોપેત રાક્ષસ આશ્વિન માસમા,૪૩ વિષ્ણુ સૂર્ય વિશ્વામિત્ર ઋષિ સૂર્યવર્ચા ગંધર્વ રંભા અપ્સરા અશ્વતર નાગ સત્યજીત યક્ષ અને મખાપેત રાક્ષસ કાર્તિક માસમાં ફરે છે ૪૪ હે શૌનક! ભગવાન સૂર્યનારાયણુની વિભૂતિઓને પ્રતિ દિવસ સવારે ને સાંજે જે ગાય તઓનાં પાતક ટળે છે. સૂર્ય નારાયણુ પોતાના ગંધર્વાદિક ગણોની સાથે બાર માસમાં ચારે તરફ ફરતા મનુષ્યોને આલોકમાં અને પરલોકમાં સદ્બુદ્ધિ આપે છે. ૪૬ ઋષિઓ તે સૂર્યોને પ્રકાશનાર ઋગ્વેદ યજુર્વેદ અને સામવેદના મંત્રોથી સ્તુતિ સ્તવે છે, ગંધર્વ તેમના ગુણુ ગાય છે, અપ્સરાઓ તેમની આગળ નચે છે. ૪૭ નાગો તેમના રથોને મજબુત બાંધે

છે યક્ષો તેમના રથને જોડી તૈયાર કરે છે, અને રાક્ષસો ઠેલે છે. ૪૮ સાઠ હજાર બાલખિલ્ય બ્રહ્મર્ષિઓ સૂર્યના સામું મુખ રાખી સ્તુતિના મંત્રોવડે વ્યાપક એવા સૂર્યની સ્તુતિ કરે છે. ૪૯ હે શૌનક ! આદિ અંત રહિત અને અજન્મા ભગવાન શ્રીહરિ પ્રત્યેક કલ્પમાં પોતાના સ્વરૂપના વિભાગો પાડી લોકોનું રક્ષણ કરે છે.

एष ह्यनादिनिधनो भगवान् हरिरीश्वरः ।
कल्पे कल्पे स्वमात्मानं व्यूह्य लोकानवत्यजः ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेद्वादशस्कंधे
द्वादशोध्यायः

અધ્યાય ૧૨ મો.¶

શ્રીમદ્ ભાગવતની અનુક્રમણિકા.

सुत उवाच

नमो धर्माय महते नमः कृष्णाय वेधसे ।
ब्राह्मणेभ्यो नमस्कृत्य धर्मान्वक्ष्ये सनातनान् ॥

સૂતપૌરાણિક કહે છે કે—હે શૌનક ! શ્રીહરિની ભક્તિરૂપી મહાધર્મવાળા કૃષ્ણને નમસ્કાર છે, જગતના કર્તા શ્રીકૃષ્ણને ને ગુરૂ વેદવ્યાસને પણ નમસ્કાર છે, બ્રાહ્મણોને નમસ્કાર કરી આ પુરાણમાં કહેલા સનાતન ધર્મોનું વર્ણન કરૂં છું. હે બ્રાહ્મણો ! તમે મને જે પ્રશ્ન કર્યો હતો, તેના ઉત્તરમા મનુષ્યોમાં પુરૂષાર્થને આપવા યોગ્ય એવું શ્રીવિષ્ણુનું અદ્ભુત ચરિત્ર તમને મેં કહી સંભળાવ્યું ૨ શ્રીમદ્ ભાગવતમાં સર્વના પાપને હરનાર ભક્તોનું રક્ષણ કરનાર સર્વેન્દ્રિયના ઇશ્વર તથા ષડ‌ૈશ્વર્યસંપન્ન નારાયણનું વર્ણન કર્યું છે. ૩ આ પુરાણમાં જેમનાથી જગતની ઉત્પત્તિ તથા જેમને વિષે તેનો લય છે એવા નિર્ગુણ પરબ્રહ્મનું અપરોક્ષ જ્ઞાન તથા તેને પ્રકાશ કરનાર સાધનો બતાવેલાં છે. આમાં સાધ્ય સાધનરૂપ ભક્તિયોગ અને તેનાથી થનારો વૈરાગ્ય છે.

પ્રથમસ્કંધમાં પરીક્ષિત રાજાનું જન્માદિક ઉપાખ્યાન, તેની પ્રસ્તાવના માટે નારદનું ઉપાખ્યાન પછી બ્રાહ્મણના શાપથી રાજર્ષિ પરીક્ષિતે કરેલું આસન વ્રત બ્રાહ્મણોમાં ઉત્તમ શુકદેવ અને પરીક્ષિત રાજાનો સંવાદ છે. ૬ દ્વિતીયસ્કંધમાં યોગધારણાવડે ઉપરના લોકોની ગતિ, નારદનો તથા બ્રહ્માનો સંવાદ, અવતારોનું વર્ણન અને મહતત્વાદિકના અનુક્રમે પ્રધાનના કાર્યરૂપ વિરાટ પુરૂષની ઉત્પત્તિ છે. ૭ તૃતીયસ્કંધમાં વિદુર ઉદ્ધવનો સંવાદ પુરાણની સંહિતાવિષે પ્રશ્નો પ્રલય સમયે મહાપુરૂષની સ્થિતિ. ૮ પ્રકૃતિથી થતો ગુણક્ષોભ મહતત્ત્વ અહંકાર અને પાંચ મહાભૂતો, સાત વિકૃતિઓ તેની ઉત્પત્તિ અને વિકારોની ઉત્પત્તિ છે, અને જેને વિષે વિરાટ ભગવાન વ્યાપી રહેલા છે એવા બ્રહ્માંડની તેમનાથી ઉત્પત્તિ કહેલી છે. ૯ પછી સ્થૂલ અને સૂક્ષ્મ કાળનું સ્વરૂપ કમળની ઉત્પત્તિ સમુદ્રમાંથી પૃથ્વીનો ઉદ્ધાર, હિરણ્યાક્ષના નાશનું વૃતાંત, ૧૦ દેવ પશુ પક્ષી મનુષ્ય ઇત્યાદિ ની ઉત્પત્તિ તથા રૂદ્રની સૃષ્ટિ વર્ણવેલી છે. પછી અર્ધનારીશ્વરની ઉત્પત્તિ, જેના અર્ધ ભાગમાંથી સ્વાયંભુવ મનુ અને અર્ધ ભાગમાંથી શતરૂપા નામે સ્ત્રી જે સ્ત્રીઓની આદિ પ્રકૃતિરૂપ ગણાય છે તે, કર્દમ પ્રજાપતિની ઉત્પત્તિ, મહાત્મા કપિલ મુનિનો અવતાર તથા મહાબુદ્ધિમાન કપિલની સાથે દેવહુતિને થયેલો સંવાદ વગેરે છે. ચતુર્થ સ્કંધમાં મરીચિ આદિ નવ બ્રાહ્મણોની ઉત્પત્તિની કથા ધર્મનીસ્ત્રીઓના વંશનો વિસ્તાર, દક્ષ પ્રજાપતિના યજ્ઞનો ધ્વંસ.ધ્રુવનું ચરિત્ર, પૃથુરાજાનુ ચરિત્ર, પ્રાચીનબર્હિષ રાજાનું ચરિત્ર અને નારદ સાથે થયેલો તેમનો સંવાદ છે. હે બ્રાહ્મણો ! પંચમસ્કંધમાં પ્રિયવ્રત રાજાનું ચરિત્ર, નાભિ રાજાનું ચરિત્ર, ઋષભ દેવનું ચરિત્ર, અને તે પછી ભરતનું ચરિત્ર વર્ણવેલુ

¶ આ અધ્યાયમા પ્રથમ સ્કંધ સુધી વર્ણવેલ મુખ્ય મુખ્ય સર્વ વિષયોનો અનુક્રમ કહેલ છે

છે. દ્વીપો સમુદ્રો પર્વતો ખંડો અને નદીઓનું વર્ણન છે, જ્યોતિશ્ચક્રની સ્થિતિ અને પાતાલોની તથા નરકોની સ્થિતિનું વર્ણન છે. ષષ્ઠ સ્કંધમાં પ્રચેતાઓથી દક્ષની ઉત્પત્તિ તેમની કન્યાઓથી દેવતા દૈત્ય મનુષ્ય પશુ વૃક્ષ અને પક્ષી વગેરેની ઉત્પત્તિ ૧૭ અને વૃત્રાસુરના જન્મનું તથા મરણનું વર્ણન કરેલું છે. સપ્તમસ્કંધમાં દિતિના પુત્ર હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપનું મરણ, મહાત્મા પ્રહ્લદનું ચરિત્ર છે. ૧૮ અષ્ટમ સ્કંધમાં મન્વન્તરોનું વર્ણન, ગજેન્દ્ર મોક્ષ તથા મન્વન્તરોમાં વિષ્ણુના અવતારો અને હયગ્રીવાદિક અવતારો છે. ૧૯ કુર્માવતાર, મત્સ્યાવતાર, નરસિંહાવતાર અને વામનાવતાર પણ છે. દેવતાઓને અમૃત અપાવવા જગત્પતિ ભગવાને કરાવેલું સમુદ્રમથન તથા દેવતા અને અસુરો વચ્ચે થયેલું યુદ્ધ છે નવમસ્કંધમાં રાજાઓના વંશનું વર્ણન, ઇક્ષ્વાકુ રાજાનો જન્મ તેનો વંશ તથા મહાત્મા સુદ્યુમ્નનું ચરિત્રનું છે. ૨૧ ઇલા ઉપાખ્યાન છે, તારા ઉપાખ્યાન છે. સૂર્યના વંશનું વર્ણન અને શશાદ તથા મૃગ રાજાનું વૃત્તાંત છે ૨૨ સુકન્યાનું ઉપાખ્યાન શર્યાતિ ચરિત્ર, કકુત્સ્થનું ખટ્વાંગ રાજાનું, માંધાતાનું સૌભરીનું અને સગરરાજાનું ચરિત્ર છે. ૨૩ કોશલ દેશના રાજા શ્રીરામચંદ્રનું ચરિત્ર, નિમિ રાજાએ કરેલો દેહત્યાગ, જનક રાજાના વંશમા રાજાઓની ઉત્પત્તિ, ૨૪ ભગુકુળમાં શ્રેષ્ઠ પરશુરામે કરેલી નક્ષત્રી પૃથ્વી સોમવંશના ઐલ રાજાનું ચરિત્ર, યયાતિ રાજાનું ચરિત્ર, નહુષ રાજાનું ચરિત્ર ૨૫ દુષ્યંત રાજાના પુત્ર ભરતનું, શતનુ રાજાનું અને તેના પુત્ર ભીષ્મનું ચરિત્ર છે. પછી યયાતિના વડા પુત્ર યદુ રાજાનો વંશ. ૨૬ જે યદુના વંશમાં સાક્ષાત્ જગદીશ્વર શ્રીકૃષ્ણ ભગવાન અવતરેલા હતા. વસુદેવના ઘરમાં જન્મ લઈને ગોકુળમાં નન્દરાયજીને ઘેર ઉછર્યા તે છે. ૨૭ દશમસ્કંધમાં દૈત્યના દ્વેષી શ્રીકૃષ્ણનાં અપાર ચરિત્રો છે જેમાંથી મુખ્ય ચરિત્ર હું કહું છું. પૂતનાના પ્રાણ સાથે દુગ્ધપાન કર્યું, બાળક અવસ્થામાં પાટુ મારી ગાડાને ઉંધું નાંખી દીધું, ૨૮ તૃણાવર્ત દૈત્યનો નાશ કર્યો, બકાસુર અને વત્સાસુરનો તથા મિત્રોની સાથે ધેનકાસુરનો અને પ્રલમ્બાસુરનો વધ, ૨૯ ચારે તરફથી સળગી ઉઠેલા દાવાનળમાંથી ગોવાળીઆઓનું રક્ષણ, કાલીય નાગનું દમન અજગરના મુખમાંથી નન્દરાયજીનો ઉદ્ધાર, યમ–નિયમ આદિક વ્રતોથી ભગવાન શ્રીકૃષ્ણ પ્રસન્ન થયા તે, ગોપકન્યાઓનાં કાત્યાયની વ્રતનું વર્ણન, બ્રાહ્મણની સ્ત્રીઓ ઉપર કરેલો પ્રસાદ, બ્રાહ્મણોએ કરેલો પશ્ચાત્તાપ, ૩૧ ગોવર્દ્ધન પર્વતને ટચલી આંગળી ઉપર ધારણ કર્યો તે, ઈંદ્રે તથા કામધેનુએ અભિષેક કર્યો તે, શરદૃઋતુની રાત્રિઓમાં રાસક્રીડા, ૩૨ દુષ્ટ બુદ્ધિવાળા શંખચૂડ દૈત્યના અરિષ્ટાસુરનો અને કેશિનો વધ, અક્રૂર ગોકુળમાં પધાર્યા અને પછી શ્રીકૃષ્ણ તથા બલભદ્ર મથુરામાં ગયા તે, વ્રજમાં ગોપીઓએ શ્રીકૃષ્ણના વિરહથી વિલાપ કર્યો તે, શ્રીકૃષ્ણ તથા બળદેવજીએ કરેલું મથુરાવલોકન, કુવલયાપીડ હાથી અને મુષ્ટિક ચાણૂર તથા કંસ આદિ દૈત્યોનો વધ, ૩૪ પછી સાંદિપની ગુરૂના મરી ગયેલા પુત્રને પાછો આણ્યો તે, ઉદ્ધવ અને બળરામની સાથે મથુરામાં રહીને યાદવનું જે જે હિત કર્યું હતું તેનું વર્ણન, જરાસંધે આણેલી મોટી સેનાનો નાશ, કાલયવનનો નાશ, અને દ્વારકા નિર્માણ, ૩૫–૩૬ રૂકમણી હરણ, સ્વર્ગમાંથી પારિજાતક લાવવું, તથા સુધર્મા સભા લાવવી ૩૭ ઓખાના હરણ સમયે યુદ્ધમાં મહાદેવને બગાસાં ઉત્પન્ન કરવાં, બાણાસુરના બાહુઓ કાપવા, પ્રાગ્જ્યોતિષ નગરીના અધિપતિ ભૌમાસુરનો નાશ, સોલ હજાર

અને એકસો રાજકન્યાઓનું હરણ. ૩૮ શિશુપાલ, પૌંડ્રક શલ્વ અને દુર્મતિ દંતવક્ત્રનો વધ તથા શંબરાસુર, દ્વિવિદ, પીઠ, મુર, પંચજન વગેરે દૈત્યોનો પ્રભાવ તેઓનો નાશ, કાશીપુરીનો દાહ, પાંડવોને કારણરૂપ કરી તેઓને હાથે પૃથ્વીનો ભાર ઉતારવો તે છે એકાદશ સ્કંધમાં બ્રાહ્મણોના શાપના મિષથી પોતાના કુળનો સંહાર, ઉદ્ધવ તથા શ્રીકૃષ્ણ વચ્ચે સંવાદ, ૪૦ આત્મજ્ઞાન વર્ણ તથા આશ્રમના ધર્મો યોગના સામર્થ્યથી શ્રીકૃષ્ણનું મનુષ્યપણાંમાંથી અદૃશ્ય થવું તે, અને દ્વાદશસ્કંધમાં યુગનાં લક્ષણો, યુગને અનુસરનારી વૃત્તિઓ, કળિયુગમાં મનુષ્યોની દુર્દશા, ચાર પ્રકારના પ્રલય, તેમજ પ્રાકૃતિક નૈમિત્તિક અને નિત્ય એમ ત્રણ પ્રકારની ઉત્પત્તિ, ૪૩ બુદ્ધિશાળી રાજર્ષિ પરીક્ષિત રાજાએ કરેલો દેહ ત્યાગ, શ્રીવ્યાસે કરેલો વેદની શાખાઓનો વિસ્તાર, માર્કણ્ડેય મુનિની ઉત્તમ કથા, પૂજામાં ભગવાનના અંગાદિકની કલ્પના અને જગતના આત્મારૂપ સૂર્યનારાયણનો વ્યૂહ છે. ૪૪ તમે મને જે પ્રશ્ન કર્યા તે વિષે મેં તમને કહ્યું તથા આ ગ્રંથમાં ભગવાનનાં લીલાવડે કરેલાં અવતારનાં ચરિત્રો કહ્યાં. ૪૫ દરેક દશામાં 'હરયે નમઃ' એમ ઉંચા સ્વરથી બોલે છે, ૪૬ તે સર્વ પાતકમાંથી મુક્ત થાય છે. સૂર્ય પર્વતની ગુફાના અંધારાનો નાશ કરે અને વાયુ મેઘમંડળને તોડી નાંખી નિર્મૂળ કરે તેમ ભગવાનનું કીર્તન કરવાથી અથવા પ્રભાવનું શ્રવણ કરવાથી કીર્તન કરનારા અથવા શ્રવણ કરનારા પુરૂષના હૃદયમાં પ્રવેશ કરી તેનાં સર્વ દુઃખોનો નાશ કરે છે. ૪૭ જે વાણીથી ભગવાનની કથા કરવામાં આવતી નથી જે વાણી દુષ્ટ લોકોની કથા કહેવાય છે, તે વાણી અસત્ય તથા વ્યર્થ જાણવી અને જે વાણીમાં ભગવાનના ગુણોનો ઉદય થયો હોય, તેને સત્ય, મંગળકારક તથા પુણ્યકારક જાણવી. ૪૮ પવિત્ર કીર્તિવાળા ભગવાનના યશનું વર્ણન હોય તેજ વચન મનોહર મધુર અને ક્ષણે ક્ષણે નવું નવું થઈ પડે છે અને મનને આનંદ આપે છે, તેજ વચન મનુષ્યોના શોકરૂપી સમુદ્રને શોષણ કર્તા થઈ પડે છે. ૪૯ જેમાં ચિત્રવિચિત્ર ઝડઝમકવાળાં પદો હોય પરંતુ જગતને પવિત્ર કરનાર શ્રીહરિના યશનું વર્ણન ન હોય તે કવિતા કે પદ કાગડાઓ જેવા દુષ્ટ પુરૂષોને પ્રિય લાગે છે, તે કવિતા કે પદને પરમહંસ સેવતા નથી. જ્યાં પરમાત્મા રહે ત્યાં નિર્મળ ભક્તજનો રહે છે. ૫૦ જે ગ્રંથમાં સંબંધ ન છતાં પ્રત્યેક શ્લોકમાં ભગવાન અનંતના યશવડે અલંકૃત નામો હોય, તે વાણીનો પ્રયોગ એટલે ગ્રંથ ગણાય છે અને તે મનુષ્યોનાં પાપોનો નાશ કરે છે. મહાત્મા પુરૂષો ભગવાનનાં નામો સાંભળે છે, શ્રોતાને સંભળાવે છે અને પોતે આનંદથી ગાય છે. ૫૧ કર્મોનો નાશ કરનારૂં જ્ઞાન જો ભગવાનની ભકિત રહિત હોય તો તે શોભતું નથી. તે જ્ઞાનદ્વારા ભગવાનનો સાક્ષાત્કાર થતો નથી. કર્મ સાધતી વખતે તથા તેના ફળોની પ્રાપ્તિ સમયે દુઃખનું કારણ થઇ પડે છે. ૫૨ વર્ણ તથા આશ્રમ કરવાથી કીર્તિ તથા લક્ષ્મી મળે છે પરંતુ શ્રીહરિના ગુણાનુવાદ ગાવાથી તથા શ્રવણ કરવાથી લક્ષ્મીપતિ ભગવાનના ચરણારવિંદનું કોઈ પણ દહાડો વિસ્મરણ થતું નથી. ૫૩ શ્રી કૃષ્ણના ચરણારવિંદનું સ્મરણ પાપોનો નાશ કરે છે, શાંતિ આપે છે, અંતઃકરણની શુદ્ધિ કરે છે. પરમાત્મા પર ભક્તિ ઉપજાવે છે અને વૈરાગ્ય તથા વિજ્ઞાનવાળું જ્ઞાન આપે છે. ૫૪ તમે ભગવાનની અખંડ ભક્તિ કરનાર હોવાથી ખરેખર મહા ભાગ્યશાળી છો, કારણ કે તમે સર્વના નિયંતા સર્વના અંતર્યામી સર્વના ઉપાસ્ય તથા જે વિના બીજો દેવ નથી એવા નારાયણ

ભગવાનને નિત્ય હૃદયમાં ધારણ કરી તેમનું અખંડભાવથી નિત્ય ભજન કરો છો. પૂર્વે ગંગાના તીર ઉપર અનશન વ્રત લઈને બેઠેલા પરીક્ષિત રાજાની સભામાં ઋષિઓના સાંભળતાં મહર્ષિ શુકાચાર્યના મુખારવિંદથી મેં જે આત્મતત્વ સાંભળ્યું હતું તે આત્મતત્વ તમે મને આજ સ્મરણ કરાવ્યું. જેમનાં અનેક કર્મો વર્ણન કરવાને યોગ્ય છે એવા વાસુદેવ ભગવાનનું સર્વ પાપનાશક માહાત્મ્ય તમને મેં કહી સંભળાવ્યું. જે ભક્તિમાન પુરૂષ બીજા વિષયોમાં ધ્યાન ન આપતાં નિત્ય નિયમથી એક પ્રહર કે ક્ષણભર તમારી માફક ભગવાનનાં ચરિત્રોનુ શ્રવણ કરે છે કે બીજાને સંભળાવે છે તે પુરૂષ સ્નાનાદિકની પેઠે પોતાના એક દેહને માત્ર પવિત્ર કરતો નથી, પરંતુ આત્માને પણ પવિત્ર કરે છે. ૫૮ જે મનુષ્ય એકાદશીને દિવસે અથવા દ્વાદશીને દિવસે ભાગવતનુ શ્રવણ કરે તેનું આયુષ્ય વૃદ્ધિ પામે છે અને જે ઉપવાસ કરી સાંભળે છે તે પાપરહિત થાય છે. ૫૯ જે પુરૂષ પુષ્કળ ક્ષેત્રમાં, મથુરામાં અથવા દ્વારકામા ઉપવાસ કરી જિતેંદ્રિય થઈ આ સંહિતાનો પાઠ કરે, તે સંસારના ભયમાંથી મુક્ત થાય છે. ૬૦ આ પુરાણના વક્તા તથા શ્રોતાના સર્વ મનોરથો દેવતાઓ મુનિઓ સિદ્ધો પિતૃઓ તથા મનુ વગેરે રાજાઓ પૂરે છે ૬૧ બ્રાહ્મણો ઋગ્વેદ યજુર્વેદ અને સામવેદ ભણીને અનુક્રમે મધની નદીઓ ઘીની નદીઓ અને દૂધની નદીઓ તરફ જાય છે. તેના દાનનું ફળ સંપાદન કરે છે તે ફળ આ ભાગવત સંહિતાના પાઠથી પામે છે. ૬૨ હે બ્રાહ્મણો ! જે પુરૂષ જિતેંદ્રિય રહી આ પુરાણનો સંહિતાનો અભ્યાસ કરે તે ભાગવત શાસ્ત્રમા કહેલા પરમ પદને પામે છે. ૬૩ ભાગવત પુરાણ ભણવાથી બ્રાહ્મણને વિદ્યા ક્ષત્રિયને સમુદ્રની મેખલાવાળી પૃથ્વીનું રાજ્ય, વૈશ્યને આ પુરાણ ભણવાથી કુબેરના જેવી સંપત્તિ મળે છે, અને શૂદ્ર સર્વ પાતકમાંથી મુકત થાય છે. ૬૪ બીજાં શાસ્ત્રોમાં કળિયુગના અનેક દોષોનો નાશ કરનાર સર્વના નિયંતા શ્રીહરિનાં ચરિત્રો વારંવાર ગાયેલાં નથી, પરંતુ ભાગવત શાસ્ત્રમાં કથા પ્રસંગે પદે પદે અશેષમૂર્તિ શ્રીહરિનું વર્ણન કરેલું છે. જગતની ઉત્પત્તિ સ્થિતિ ને સંહાર જેમની શક્તિ છે, બ્રહ્મા ઇંદ્ર ને શંકર વગેરે દેવતાઓ જેમની સ્તુતિ કરે છે તથા જે જન્મમરણ રહિત હોવાથી અંતર્હિત છે એવા ભગવાન અચ્યુતને અમારા નમસ્કાર છે. જેમણે વૃદ્ધિ પમાડેલી પ્રકૃતિ પુરૂષ મહત્તત્વ અહંકાર અને પાંચ તન્માત્રાઓ આદિ નવ શક્તિઓથી પોતાના સ્વરૂપમાં સ્થાવર જંગમાત્મક જગત રાખે છે એવા જ્ઞાનમૂર્તિ સનાતન અને દેવોમાં ઉત્તમ ભગવાનને અમારા નમસ્કાર છે. ૬૭ જેમનું ચિત્ત આત્માનંદમાં નિમગ્ન હોવાથી કોઈ પણ વિષયમાં જતુ નથી, તેમની આત્મસુખે કરીને પ્રાપ્ત કરેલી દૃઢતા ભગવાનની મનોહર અને સુંદર લીલાએ હરી લીધી હતી તેથી જેમણે સર્વ લોકો ઉપર કૃપા કરી પાપનો નાશ કરનારૂં અને પરમ અર્થને પ્રકાશ કરનારૂં શ્રીમદ્ભાગવત પુરાણ રચ્યું હતુ, તે વ્યાસ પુત્ર શુકદેવજીને પણ અમારા નમસ્કાર છે. ૬૮

स्वसुखनिभृतचेतास्तद्व्युदस्तान्यभावो
ऽप्यजितरुचिरलीलाकृष्टसारस्तदीयम् ।
व्यतनुत कृपया यस्तत्त्वदीपं पुराणं
तमखिलवृजिनघ्नं व्याससूनुं नतोऽस्मि ॥

इतिश्रीमद्भागवतेमहापुराणेद्वादशस्कंधे
द्वादशोऽध्यायः

અધ્યાય ૧૩ મો.‡

પુરાણોની ગતણરી.

સુત ઉવાચઃ

यं ब्रह्मा[illegible]रुतःस्तुन्वन्ति दिव्यैःस्तवै।
वेदैः सांगपदक्रमोपनिषदैर्गायन्ति य सामगाः-
ध्यानावस्थिततद्गतेन मनसा पश्यंति य योगिनो
यस्यान्त न विदुःसुरा[illegible]गणा देवाय तैस्मनमः॥

સૂત બોલ્યા કે–બ્રહ્મા વરુણ ઇંદ્ર તથા પવન નામના દેવતાઓ જેમની દિવ્ય સ્તોત્રોથી તથા અંગ પદ ક્રમ અને ઉપનિષદો સાથ રહેલા વેદોથી હમેશ સ્તુતિ કરે છે, સામવેદ જાણનારાઓ જેમની સ્તુતિ કરે છે. યોગીઓ ધ્યાનથી નિશ્ચલ થયેલા અને ધ્યાનમાં રહેલા મનવડે જેમને જુએ છે, દેવ તથા દૈત્યોનો સમૂહ જેમના અંતને જાણતો નથી, તે દેવને નમસ્કાર છે ૧ સમુદ્ર મંથનમાં પીઠ ઉપર ફરતા મોટા મંદરાચળના પત્થરોની અણીઓનો શરીરમાં ઘસારો થવાની જેમને નિદ્રા આવતી હતી, એવા કચ્છપ અવતાર ધારણ કરનાર ભગવાનના શ્વાસના પવનો, કે જે ગવનોની અલ્પ અનુવૃત્તિથી મહાસાગરનું પાણી ભરતીના તરંગોએ હાલ્યા કરે છે તે નિઃશ્વાસના પવનો તમારી રક્ષા કરો. ૨ પુરાણોની સંખ્યા ગણતરી, વિષય, દાન, દાનનું માહાત્મ્ય તથા પાઠ વગેરેનુ માહાત્મ્ય કહું તે સાંભળો. ૩

બ્રહ્મપુરાણ દશ હજાર શ્લોકનું પદ્મપુરાણ પંચાવન હજાર શ્લોકનું વિષ્ણુ પુરાણ ત્રેવીસ હજાર શ્લોકનું શિવપુરાણ ચોવીમ હજાર શ્લોકનું. ૪ શ્રીમદ્ભાગવતપુરાણ અઢાર હજાર શ્લોકનુ નારદપુરાણ પચીસ હજાર શ્લોકનું માર્કંડેય પુરાણ નવ હજાર શ્લોકનું અગ્નિપુરાણ પંદર હજાર અને ચારશો શ્લોકનું છે ૫ ભવિષ્યપુરાણ ચૌદ હજાર અને પાંચસો શ્લોકનું બ્રહ્મવૈવર્તપુરાણ અઢાર હજાર, લિંગપુરાણ અગીઆર હજાર, ૬ વરાહપુરાણ ચોવીસ હજાર, સ્કંધપુરાણ એકાદશ હજાર અને એકસો શ્લોકનું, વામનપુરાણ દશ હજાર, કૂર્મપુરાણ સત્તર હજાર, મત્સ્યપુરાણ ચૌદ હજાર ગરૂડપુરાણ ઓગણીશ હજાર અને બ્રહ્માંડપુરાણ બાર હજાર શ્લોકનું છે. ૮ પુરાણોના એકંદર શ્લોકોની સંખ્યા ચાર લાખ જેટલી થાય છે. શ્રીમદ્ભાગવતમા અઢાર હજાર શ્લોકો છે. ૯ શ્રી નારાયણના નાભિકમળમાં બિરાજેલા અને સંસારથી ભય પામેલા બ્રહ્માની આગળ ભગવાને કરૂણાકરી શ્રીમદ્ભાગવત કહ્યું હતું. આ પુરાણના આરંભમાં, મધ્યમાં અને અંતમાં વૈરાગ્યનાં આખ્યાનો છે આ પુરાણ ભગવાન શ્રીહરિની લીલાઓની કથારૂપી અમૃતવડે મહાત્માઓને તથા દેવતાઓને પ્રસન્ન કરે છે. ૧૧ સર્વ ઉપનિષદોના સાર રૂપ અને ઇશ્વર તથા જીવની એકતાથી જાણી શકાય એવા અદ્વિતીય પરબ્રહ્મનું વર્ણન અને તેનું ફળ મોક્ષ છે ૧૨ જે પુરૂષ ભાદરવા મહીનાની પુનેમને દહાડે સુવર્ણના સિંહાસન સાથે શ્રીમદ્ભાગવતનું દાન કરે તે પુરૂષ પરમ ગતિ પામે છે. ૧૩ અમૃતના સિંધુરૂપ શ્રીમદ્ભાગવત સાંભળવામાં આવ્યું ન હોય ત્યાં સુધી મહાત્માઓના મંડળમાં બીજાં પુરાણો શોભે છે. ૧૪ શ્રીમદ્ભાગવતને સર્વ ઉપનિષદોના સારરૂપ માનેલું છે અને જે મનુષ્ય શ્રીમદ્ભાગવતના રસરૂપી અમૃતથી તૃપ્ત થયો હોય તેને કોઇ દિવસ બીજા ગ્રંથ ઉપર પ્રેમ થતો નથી. નદીઓમાં જેમ ગંગા સર્વ કરતા ઉત્તમ છે, દેવતાઓમાં જેમ વિષ્ણુ સર્વ કરતાં ઉત્તમ છે અને વૈષ્ણવોમા જેમ શંકર સર્વ કરતાં ઉત્તમ છે, તેમ પુરાણોમાં શ્રીમદ્ભાગવત સર્વ કરતાં ઉત્તમ છે. ૧૬ હે બ્રાહ્મણો! સર્વ ક્ષેત્રોમાં જેમ કાશી ઉત્તમ છે, તેમ સર્વ પુરાણોમાં શ્રીમદ્ભાગવત

‡ આ અધ્યાયમા પુરાણોની પરિગણનાને શ્રીમદ્ભાગવતના દાનનું માહાત્મ્ય કહેવામાં આવે છે.

ઉત્તમ છે ૧૭ શ્રીમદ્ભાગવત પુરાણ જે નિર્મળ તથા વૈષ્ણવોને પ્રિય છે, જેમાં પરમ હંસોએ પ્રાપ્ત કરવા યોગ નિર્દોષ જ્ઞાનમૂર્તિ પરબ્રહ્મનું નિરૂપણ છે, શ્રીમદ્ભાગવતમાં જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિનું વર્ણન કરી સર્વ કર્મોનો ઉપરામ દર્શાવેલો છે તેથી મનુષ્ય શ્રીમદ્ભાગવતને ભક્તિથી સાંભળે તેનો પાઠ કરે અને તેનો વિચાર કરવામાં તત્પર રહે તે મોક્ષ પામે છે. ૧૮ જે પરમાત્માએ દયા કરી આ અતુલ જ્ઞાનના દીવારૂપ શ્રીમદ્ભાગવત પ્રથમ બ્રહ્માને ભણાવ્યું પછી બ્રહ્માએ નારદ મુનિને સંભળાવ્યું નારદે શ્રીવેદવ્યાસ આગળ પ્રગટ કર્યું, અને વ્યાસે યોગીઓના ઇંદ્ર શુકદેવને ભણાવ્યું. શુકદેવજીએ પરીક્ષિત રાજા આગળ તેનું પરાયણ કર્યું શુદ્ધ, નિર્મળ શોક રહિત સત્યમૂર્તિ અને મોક્ષ સ્વરૂપ પરબ્રહ્મનું આપણે ધ્યાન કરવું જોઈએ. મોક્ષની ઇચ્છાવાળા બ્રહ્માની પાસે ત્યાંથી જેમણે શ્રીમદ્ભાગવત કહ્યું હતું, તે સર્વના સાક્ષી ભગવાન વાસુદેવને પ્રણામ છે યોગીઓના ઇંદ્ર અને પરબ્રહ્મરૂપ શુકદેવજીને નમસ્કાર છે. જેમણે સંસારરૂપી સર્પથી કરડાયેલા પરીક્ષિત રાજાને મુક્ત કર્યા હતા. હે પ્રભુ! અમને પ્રત્યેક જન્મમાં આપનાં ચરણારવિંદ ઉપર ભક્તિ થાય તેમ કરો. આપ જગતના સ્વામી છો. ૨૨ જેમના નામનું કીર્તન સર્વ પાપોનો નાશ કરે છે તથા જેમને કરેલા પ્રણામ દુઃખને શાંત કરે છે તે પરમાત્મા શ્રીહરિને આપણા નમસ્કાર છે. ૨૩

नामसंकीर्तनं यस्य सर्वपापप्रणाशनम् ।
प्रणामो दुःखशमनस्तं नमामि हरिं परम् ॥

इतिश्रीमद्भागवतेमहापुराणे द्वादशस्कंधे
त्रयोदशोऽध्यायः

इति श्री

द्वादश स्कंध समाप्त.